

H.Adlard sc

H. H. THAKOR SAHIB WAGHAJI.

MORVI.

॥ श्री ॥

मोरबीना श्रीमंत ठाकोर साहेब वाघजी.

मारा उपरना आप नामदारना घणाज घाडा प्रेमनी चीरकाळ यादगीरी राखवाना हेतुथी हुं आ पुस्तक आप साहेबने नम्रता पूर्वक अर्पण करुं छुं.

त्री. मो. शा.

પ્રસ્તાવના.

શારીર અને વૈદકશાસ્ત્ર—નામનો ગ્રંથ બહાર પડેછે તેની લખવાની શરૂઆત મેં આજથી દશ બાર વર્ષ ઉપર કરી હતી. મારો પ્રથમ વિચાર આ ગ્રંથમાં હાલ જેટલા ભાગ મૂકાયા છે તેટલા તૈયાર કરવાનો નહોતો; તેથી શરૂઆતમાં કેટલોક ઇંદ્રીય વિજ્ઞાન શાસ્ત્રનો ભાગ તથા વ્યાધિ અને ઔષધોપચારનો ભાગ લખવામાં આવેલો. તેના છૂટક છૂટક વિષયો વિજ્ઞાન વિલાસમાં આજ દશ બાર વર્ષથી આવ્યા કરેછે. કેટલાક વિષયો બુદ્ધિપ્રકાશમાં પણ મૂકેલાછે. પ્રથમ ઉપર આપેલા વિષયોનું એક લઘુ પુસ્તક કરવાનો મારો વિચાર હતો, પણ જેમ વખત જતો ગયો અને વિષય વધતા ગયા એટલે આવું એક સમુદાય વિષયનું પુસ્તક કરવાનો વિચાર થયો. આ વિચાર પાર પાડવામાં એક મોટી મુશ્કેલી આવી પડી. તે એકે વિષયોની સમજુતી માટે ચિત્રોની અવશ્યકતા પૂરી પાડવી જોઇએ. તે મેળવવામાં એટલી અડચણ આવી પડી કે પુસ્તક છપાવવાનો કેટલોક કાળ વીતી ગયો અને તેટલા માટે નહીં છપાવવું એવો પણ એક વખત વિચાર થયો. પણ કેટલાક મિત્રોની ઉશ્કેરણીથી તે વિચાર ફેરવ્યો; અને જોઇતાં ચિત્રો વિલાયતથી મળી આવ્યાં. પુસ્તકમાં આપેલાં થોડાં ચિત્ર ડાકતર બરજોરજીની ચોપડી માંહેનાં છે, પણ મોટો જથો તો વિલાયતથી મંગાવેલામાંનોછે. વિલાયતથી આવતાં કેટલાંક ચિત્રને વિલંબ લાગી તેટલા માટે તે ચિત્રો પાછળથી પ્રથક પૃષ્ટોમાં દાખલ કરવાં પડ્યાંછે, આવાં ૨૨ ચિત્રછે. તે સિવાય ૧૧૪ ચિત્ર નિયમસર વિષયાનુક્રમે ગોઠવવામાં આવ્યાંછે. એ રીતે એકંદર ૧૩૬ આકૃતિ પુસ્તકમાં દાખલ કરવામાં આવીછે. દરેક ચિત્રનો તેની બાજુપર ખુલાસો પણ આપ્યોછે.

ગૂજરાતી ભાષામાં વૈદક સંબંધી પુસ્તક મારા ધારવા પ્રમાણે ઘણાં નથી. અંગ્રેજી ઢબને અનુસરીને બનાવેલાં પુસ્તક ડાક્ટર બરજોરજી તથા ડાક્ટર પેસ્તનજીનાંછે. તે પુસ્તકમાં વ્યાધિ અને ઔષધ એ બે બાબતનો વિચાર કરેલોછે. ડાક્ટર બરજોરજીના પુસ્તકમાં શારીરની માહીતી પણ આપીછે. પરંતુ શસ્ત્ર વિદ્યા, પ્રસવ વિદ્યા વગેરે બાબતોનાં જુદાં પુસ્તક જાણવામાં નથી. તેમાં વળી આ વખતે આ પુસ્તકમાં વૈદક સંબંધી જુદા જુદા દશ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યોછે. ગૂજરાતી ભાષામાં આવા પુસ્તકની જરૂર છેકે નહીં એ સવાલ પેહેલો ઉઠેછે. કારણ એક તરફથી હાલમાં અંગ્રેજીમાં વૈદક સંબંધી પુષ્કળ કેળવણી અપાયછે. બીજી તરફ આપણા અસલના દેશી વૈદક સંબંધી ગ્રંથો સંસ્કૃત ભાષામાંછે, તેનાપર વિશેષ અવલોકન તથા વિચાર થતો નથી. આપણી ગુજરાતી ભાષાની ખાતર અને હજારો અંગ્રેજી અને સંસ્કૃત નહિ જાણનારા લોક તથા વૈદોના જ્ઞાનની ખાતર આવા ગ્રંથની ખોટછે. તે આ પુસ્તકથી કેટલેક દરજે પૂરી પડશે. એકજ પુસ્તકમાં દશ ભાગ મૂકવાથી બધા વિષયોનું સાધારણ જ્ઞાન તેમાંથી મળી શકશે અને તેને માટે જુદાં જુદાં પુસ્તકો શોધવાં અને ખરીદ કરવાં નહીં પડે.

એકજ પુસ્તકમાં દશ વિષયનો સમાવેશ કરવાથી દરેક વિષયપર લંબાણથી અને બહુ વિસ્તારથી નહીં લખી શકાય એતો ઉઘાડુંજ છે, કેમકે તેમ કરવા જતાં પુસ્તકનું કદ હદ ઊપરાંત જતું રહે. જો કે દરેક વિષયનો બહુ વિસ્તાર નથી કર્યો તથાપિ દરેક પ્રકરણમાં કોઇપણ અગત્યનો ભાગ ન રહી જાય એવી કોશીશ કરવામાં આવી છે.

શારીરના ભાગમાં શરીરના જુદા જુદા મુખ્ય ભાગ તથા અવયવોનું વર્ણન કરવામાં આવ્યુંછે. તેમનાં સ્થળ, રચના અને બીજા ભાગ સાથેના સંબંધનું ધ્યાન આપ્યું છે. આ ધ્યાન કેવળ અંગ્રેજી શરીર શાસ્ત્રને અનુસરીને કરેલું છે. દેશી વૈદકનું શરીર શાસ્ત્ર બહુજ અપૂર્ણ અવસ્થામાંછે. અંગ્રેજીમાં શરીરના ભિન્નભિન્ન ભાગના તંતુ, સ્નાયુ, ધમની, શીરા, મગજ વગેરેનાં નામ લાટીન ભાષામાં આપેલાં હોયછે. તે સાધારણ વાંચનાર તથા વૈદને નીરૂપયોગી છે. તેટલા માટે આ પુસ્તકમાં દાખલ કરેલાં નથી.

ઇંદ્રીય વિજ્ઞાન શાસ્ત્રનો ભાગ શારીરના ભાગને લાગુ છે. અર્થાત્ તેમાં જુદાજુદા અવયવ, રસ, કાર્યની ઉત્પત્તિ, ઉપયોગ અને રચના આપવામાં આવ્યાં છે. આ ભાગ સાધારણ લોક અને વૈદકશાસ્ત્ર સાથે સંબંધ નહીં ધરાવનારને પણ બહુ મનોરંજક થઈ પડશે, એવી આશા છે.

અંગ્રેજી ઔષધના પ્રકરણમાં મુખ્ય દવા, તેમાંથી બનતી ઉપદવા, તેમની બનાવટ, તેમના ગુણદોષ અને માત્રા તથા ઉપયોગ આપવામાં આવ્યાં છે. મુખ્ય નામ પહેલું લ્યાટીન ભાષામાં આવેલું છે. કેમકે અંગ્રેજી દવાનાં સર્વ નામ લ્યાટીનમાં હોય છે. ઔષધની બાટલીઓ ઉપર લ્યાટીન નામ હોયછે, તેમજ દાકતરો દવા પણ લ્યાટીન ભાષામાંજ લખેછે. તેટલા માટે પ્રથમ લ્યાટીન નામ આપ્યા બાદ અંગ્રેજી નામ આપવામાં આવ્યું છે, અને ત્યાર પછી બની શક્યું તે ઠેકાણે ગૂજરાતી નામ પણ આપવામાં આવ્યાં છે. સર્વ દવાઓને ગૂજરાતી અક્ષર અનુક્રમવાર ગોઠવવામાં આવીછે એટલે જેનો ખપ પડે તે સહેલાઇથી મળી આવશે.

દેશી દવાઓમાં સાધારણ વપરાતી સર્વ કાષ્ટ ઔષધિ દાખલ કરી છે; કેટલીએક ધાતુઓ અને ખનીજ પદાર્થનો પણ સમાવેશ કર્યો છે. દેશી ઔષધિમાં ધાતુ અને તેની ભષ્મ અને માત્રા બહુજ વપરાય છે, પણ તે સર્વને આ પુસ્તકમાં લેવા દુરસ્ત ધાર્યું નથી. કારણ કે તેમની બનાવટ તથા કાર્યોપદેશ માટે એક મત નથી. માટે જેટલી આ પુસ્તકમાં દાખલ કરીછે તેમાંની કેટલીક વિશે મને અનુભવ છે તથા તેમાંની કોઇપણ અપકારકારક નથી; હું ખાત્રીથી માનુંછું કે દેશી ઔષધિમાં કેટલીક ઉત્તમ અસરકારી ઔષધિ કાષ્ટ અને ધાતુ બેઉની બનેલી છે; પણ તેમને માટે અનુભવ લેવાય તથા બનાવટ કરી ઉપયોગ કરી શકાય તેવાં સાધનો નથી. અંગ્રેજી ઔષધિનો બહુ પ્રચાર, તેની મોંઘાઈ, તે મેળવવાની સહેલાઈ તથા સેંકડો ધર્માદા દવાખાનાંને લીધે દેશી ઔષધિને ઘણે દરજ્જે અણઘટતો ધક્કો અને અપમાન પહોંચેલાં છે. રાજકીય આશ્રય સિવાય

જેમ બીજા હુનરોને તોટો ખમવા પડેછે તેમાં દેશીવૈદક પણ છે. દેશી વૈદોમાં ધનવંતરી, ચારક વગેરે મહા પુરૂષો થઈ ગયા પણ કાળની ગતિ ન્યારીછે !!

દેશી દવાનું ગૂજરાતી પ્રાકૃત નામ આપ્યા પછી તેનાં સંસ્કૃત, મરાઠી, અને બીજાં નામ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. દેશી દવાઓના ગુણ, દોષ, માત્રા, બનાવટ, અને ઊપયોગનું વર્ણન કર્યું છે. દેશી વૈદકનું પ્રકરણ ઘણું અપૂર્ણ છે એમ હું સારી રીતે જાણુંછું, અને આ પુસ્તકની બીજી આવૃતિનો પ્રસંગ આવશે તો આ ખોટ પૂરી પાડવાની આશા રાખુંછું.

વ્યાધિ પ્રકરણમાં અંગ્રેજી રિવાજ પ્રમાણે વિષયોનો અનુક્રમ રાખી તેમની વ્યાખ્યા, ચિન્હ, કારણ, નિદાન, અને ઔષધોપચાર લખવામાં આવેલાં છે. ઔષધોપચારમાં અંગ્રેજી દવા તેમજ દેશી ઔષધ બની શકે ત્યાં આપેલાં છે.

શસ્ત્રવિદ્યાના વિષયોમાં અંગ્રેજી અનુક્રમ પ્રમાણે વિષયો ગોઠવેલા છે; અને તેમના ઇલાજ, મલમપટી, અને શસ્ત્રક્રિયા લખીછે. શસ્ત્રક્રિયામાં દેશી શાસ્ત્ર ઘણું પશ્ચાત છે અગર ઘણી ઊતરતી દશામાં છે, એમ કહેવાને કાંઈ હરકત નથી. જેવી રીતે દુનિઆ ફરતી રહે છે, અને કાળની ગતિ ચાલુ રહે છે તેવી રીતે ઘણા હુનરો અને શાસ્ત્રોની કૌશલ્યતામાં ફેરફાર થયા કરેછે. આપણું પુરાણ, આપણો વેદ, આપણું વૈદકશાસ્ત્ર હજારો વર્ષ પહેલાં લખાયાં તે આજસુધી અચળ છે. તેમાં ફેરફાર થયો નથી, તેથી બહુજ પછાત પડી ગયું તેમાં નવાઈ નથી.

વિષનું પ્રકરણ જાદું લખવામા આવ્યુંછે. તેમાં વિષનાં ચિન્હ અને ઉપાય આપ્યા છે. વિષવાળા જખ્મ તથા અકસ્માત અને શ્વાસાવરોધથી થતા મૃત્યુનો પણ સમાવેશ કર્યો છે.

સ્ત્રિઓના ખાસ રોગ અને તેમના ઉપચાર જૂદા પ્રકરણમાં લખવા દુરસ્ત ધાર્યું છે. આપણા દેશની રૂઢી અને ઓરતોના અજ્ઞાનપણાને લીધે તેમનાં દરદ ઓળખવાં તથા તેનો ઇલાજ કરવો બહુજ કઠણછે. ઓરતોને બેસુમાર અડચણ અને વેદના વેઠવી પડેછે. તેનો ખરો ખ્યાલ થોડાનેજ હશે. કેટલીક ન્યાતોમાં સ્ત્રીને તુચ્છ ગણી કાઢેલી તથા કેટલીકથી સાસુ સસરાની શરમને લીધે ઔષધ થઈ શકતું નથી. ઇશ્વર કૃપાથી આવી રૂઢી તૂટે અથવા તો સ્ત્રીઓ દાક્તરની પદવીએ પહોંચે તોજ આ મુશ્કેલીઓનો અંત આવે.

પ્રસવ પ્રકરણ જાદું ઘણાં ચિત્રો સહિત દાખલ કર્યુંછે. ચિત્રો શિવાય આ વિષય સમજવો બહુજ કઠિણછે. શરીરની દરેક બાબતનો વિચાર કરતાં, દરેક પરમાણુંની ઉત્પતિ, સ્થિતિ, અને ક્ષયનો ખ્યાલ લાવતાં, અને તેમાં વળી પ્રસવને સમયે કેવી યુક્તિ અને રચના કુદરતે કામે લગાડીછે તેનું મનન કરતાં પરમેશ્વરના અથાગ ડહાપણ આગળ આદમીની હાલના જમાનાની કળા કૌશલ્યતા માત્ર તુચ્છ થઈ પડેછે.

છેલો વિષય સાર્વજનિક આરોગ્યતાનો છે. જો આ વિષય બીજાની સાથે સરખાવતાં નાનો અને આ પુસ્તકને છેવાડે મૂકવામાં આવ્યોછે તથાપિ તેનો ઉપયોગ સર્વોપરી છે. આજ કાલ આ બાબત ઉપર બહુ લક્ષ અપાયછે. દેશ દેશમાંતેની ખામી સમજાઈ છે. રોગની ઉત્પતિ સમજાઈ તેનાં કારણોનો યોગ્ય બંદોબસ્ત કરવામાં આવેતો આદમીને આટલી પીડા ભોગવવી પડે નહિ. આશા છે કે આ કાળમાં જે ઈલાજો લેવામા આવે છે તેથી દેશ દેશની તનદુરસ્તીમાં ફાયદો થશે અને આવતી પ્રજાને જાસ્તી સુખ મળશે.

આ પુસ્તકમાં સરળ અને સહેલી ગૂજરાતી ભાષા વાપરવામાં આવીછે. સંસ્કૃતના શાસ્ત્રોક્ત કઠણ શબ્દો બાદ કરવાની કોશીશ કરીછે,કારણ કે પુસ્તકનો ઘણો ભાગ અંગ્રેજી વૈદકશાસ્ત્રના ધોરણને અનુસરતો લખવામાં આવેલ છે. તેથી નહીં ચાલે તેવી જગાએ સંસ્કૃતને બદલે અંગ્રેજી શબ્દોજ રાખવા દુરસ્ત ધાર્યું છે. કેમકે તેને ઘણા ખરા વૈદક સંબંધી જ્ઞાન ધરાવનાર સમજી શકે.

આ પુસ્તક તૈયાર કરવામાં જૂદા જૂદા અંગ્રેજી અને દેશી પુસ્તકોનો લાભ લેવામાં આવ્યો છે. મારા મીત્ર વૈદ ગવરીશંકર રતનજી તરફથી દેશી ઔષધિ તથા બીજા વિષયો લખવામાં અમૂલ્ય મદદ મળીછે. આખું પુસ્તક હાથે લખવાનો પરિશ્રમ મારા પરમ મિત્ર મગનલાલ ભાઈશંકરે લીધોછે. કોશ તૈયાર કરવામાં, પ્રુફ સુધારવામાં અને પુસ્તકની ગોઠવણી કરવામાં ભાઈ હરિવલભ મોરલીધરદાસ તરફથી બહુજ મદદ મળી છે. એ સર્વ ગૃહસ્થોનો ઉપકાર માનુંછું.

ઘણાં અગત્યનાં કામોમાં એકજ વખતે મન રોકાવાથી આવું ઉપયોગી પુસ્તક છપાવવા પાછળ જેટલો વખત રોકાવો જોઇએ તેટલો મારાથી રોકી શકાયો નથી. તેમ તેનાં પ્રુફશીટ સુધારવામાં જેટલી કાળજી રાખવી જોઇએ તેટલી રાખી શકાઈ નથી, તેથી ઘણે ઠેકાણે ભૂલો રહી ગઈ હશે તેને માટે હું આશા રાખુંછું કે સુજ્ઞ વાંચનાર દરગુજર કરશે.

આ પુસ્તક છાપી તૈયાર કરેવામાં છાપખાનાના મેનેજર અને તેના માણસોએ ઘણીજ મેહેનત લીધીછે, કેમકે તેમણે આવડું મોટું પુસ્તક મને લગભગ બે માસમાં છાપી આપેલુંછે તેથી હું તેમનો ઘણો આભારી થયોછું.

મોરબીના ઠાકોર સાહેબ શ્રી વાઘજીની સાથે મારો ઘણો નિકટનો સંબંધ હોવાથી તેમને આ પુસ્તક પ્રેમ પૂર્વક અર્પણ કરૂંછું એટલુંજ નહીં પણ તેની યાદગીરી દાખલ તેઓ સાહેબની છબી વિલાયતમાં તૈયાર કરાવી આ પુસ્તકના ગ્રાહકોને ભેટ કરૂ છઉં.

अनुक्रमणिका.

ભાગ ૧ લો.

શારીર.

વિષય.	પૃષ્ટ.
શારીર	૧
હાડપિંજર	૨
કરોડ-કણો	૪
મસ્તકની તુંબડી	૬
ચહેરાનાં અસ્થિ	૮
દાંત	૯
ગરદનનું અસ્થિ	૧૧
છાતિનાં અસ્થિ	૧૧
હાથ અને ખભાના અસ્થિ ...	૧૨
નિતંબ અને પગનાં અસ્થિ ...	૧૪
કાર્ટિલેજ—કુર્ચા	૧૬
સાંધા.	૧૬
સ્નાયુ	૧૭
સંયોજક	૨૦
ચરબી	૨૧
રસપડ	૨૧
શ્લેષ્મ પડ	૨૧
સ્તન	૨૨
શરીરની પોલ...	૨૨
મગજનું દોર-કરોડ રજ્જુ ...	૨૪
છાતીની ખખોલ	૨૫
રક્તાશય	૨૬
ફેફસાં	૨૭
શ્વાસ નળી	૨૭
પેટ-ઉદર	૨૮
ખોરાક માર્ગ	૨૯
અન્નનળ	૩૦
હોજરી	૩૧
કલેજુ	૩૪
પીત્તો	૩૫
પ્લીહા	૩૫
પાક્રિયાઝ	૩૫
મૂત્રપિંડ	૩૫
બસ્તિ	૩૬
મૂત્રાશય	૩૭
મૂત્ર માર્ગ	૩૮
પ્રોસ્ટેટ ગ્લાંડ...	૩૮
વિર્યાશય	૩૮
ઉત્પત્ત્યવયવ	૩૯
વૃષણ	૩૯

ભાગ ૨ જો.

ઇંદ્રિય વિજ્ઞાનશાસ્ત્ર.

રક્ત	૪૧
રુધિરાભિસરણ	૪૬
શ્વાસોશ્વાસ	૫૩
પ્રાણીની ગરમી	૬૧
ખોરાક અને તેનો ઉપયોગ ...	૬૫
પાચન ક્રિયા	૭૦
જ્ઞાન તથા ગતિ તંતુઓ... ...	૮૩
જ્ઞાનેંદ્રી	૯૦
નાકેંદ્રી	૯૧
નેત્ર...	૯૨
શ્રવણેંદ્રી (કાન)	૧૦૦
જીભ-સ્વાદ ઇંદ્રી	૧૦૩
જીવન ગતિ	૧૦૩
શોષણ ક્રિયા	૧૦૭
રસોત્પાદક ક્રિયા	૧૧૦
ત્વચા-ચામડી...	૧૧૩
મૂત્રપિંડ અને પેશાબ	૧૧૭
વપણ અને વિર્ય	૧૧૮
કંઠ...	૧૧૯

ભાગ ૩ જો.

ઇંગ્રેજી ઔષધિ.

ઇંગ્રેજી દવાઓની મુખ્ય પ્રકારની બનાવટ	૧૨૩
ઇંગ્રેજી તોલનું કોષ્ટક	૧૨૯
મેડીકલ રીતનું કોષ્ટક	૧૩૦
ઇંગ્રેજી દવા	૧૩૧
ઇંગ્રેજી દવાઓના ગુણ અને તેમના ઉપયોગપ્રમાણે તેમના વર્ગ.	૨૩૧

ભાગ ૪ થો.

દેશી ઔષધિ.

દેશી દવાઓ નામેનારૂપમાંઆપાયછે.	૨૩૫
દેશી ઔષધ	૨૩૬

ભાગ ૫ મો.

વ્યાધિ પ્રકરણ.

જ્વર	૨૯૭
સાદો તાવ	૨૯૮
ટાઈફોઈડ ફીવર	૨૯૯
ટાઈફસ ફીવર	૩૦૨
ઉલટતો તાવ...	૩૦૩

ટાઢીઆ તાવ... ...૩૦૪
જીર્ણ જ્વર—જુનો તાવ ...૩૧૨
સતત્ જ્વર, પિત્તજ્વર... ... ૩૧૩
ફુટી નીકળતા તાવ. ૩૧૭
શીળી... ... ... ૩૨૦
ગૌથીતળા. ૩૨૨
ઓરી... ... ... ૩૨૫
અછબડા... ... ... ૩૨૭
રંગીલુ ૩૨૭
સંધિ વા ૩૨૮
જુનો સંધિવા ૩૩૦
પગનો નજલો, ગંડીઓવા. ... ૩૩૫
પાંડુરોગ ૩૪૦
સ્કરવી ૩૪૧
સ્ક્રોફ્યુલા ૩૪૩
વાતરક્ત-પત્ત ૩૪૪
રતવા-વિસર્પ ૩૪૭
જળોદર—જળંદર. ૩૫૦
મોઢાનાં દરદ ૩૫૮
થુલીપો ૩૬૦
મોઢાની સળો ૩૬૦
ગાલપચોરીયાં ... .૩૬૧
ગળું આવી જવું, ચોરીઆનો વરમ. ૩૬૧
અન્નાશયનું ક્ષત-ચાંદુ ૩૬૩
અજીર્ણ ... .૩૬૪
મળાવરોધ—કબજીઅત... ...૩૭૦
ઝાડો, પીચોટી, આંમોઈ ...૩૭૩
મરડો ૩૭૭
ચૂંક, આંકડી, પેટમાં દુખવું ...૩૮૧
કૃમિ—જીવડા... ... ...૩૮૪
અરૂચિ ૩૮૭
ઉલટી ૩૮૮
હીકા—હેડકી ૩૮૯
કોગળીઊં, મહામારી, ટુંટીઉ, ...૩૯૦
કલેજુ અથવા યકૃતની બ્યાધિ ...૩૯૭
કલેજામાં રક્તનો જમાવ. ...૩૯૭
કલેજાનીતીક્ષ્ણવરમ—મુઝારાનીગાંઠ. ૩૯૮
કલેજાનું દીર્ઘ દરદ—મુઝારાનીગાંઠ...૪૦૦
યકૃત સંકોચ... ... ...૪૦૩
પિત્તની પથરી અથવા કાંકરી ...૪૦૪
કમળો. ૪૦૫
બરોળની વૃદ્ધિ ૪૦૮
પેટના અંતરાવરણનો વરમ. ...૪૦૯
મૂત્ર પરીક્ષા. ૪૧૦
મૂત્રપિન્ડ અથવા ગુરદાનો વરમ...૪૧૪
ગુરદાનો દીર્ઘ વરમ. ૪૧૮
પેશાબમાં ધાતુનું જવું... ...૪૨૦
મધુપ્રમેહ. ૪૨૨
બહુ મૂત્ર. ૪૨૪
છાતીની પરીક્ષા. ૪૨૪
રક્તાશયના બ્યાધિ. ૪૩૦
રક્તાશય વૃદ્ધિ અને વિસ્તૃત્વ. ...૪૩૧
રક્તાશયનાં પડદાનો બ્યાધિ ...૪૩૨
છાતીનો ધબકારો અથવા થડકો...૪૩૫
સળેખમ ૪૩૬
પીનસ ૪૩૭
નાકમાં મસો ૪૩૮
સસણી—વરાધ. ૪૩૯
જુની ખાંસી.જુનો દમ,જુનીસસણી.૪૪૨
ફેફસાનો વરમ. ૪૪૫
ફેફસાના પડનો વરમ ૪૫૦
ક્ષય—ખય ૪૫૩
હાંફણ—શ્વાસ, દમ. ૪૬૩
મોટી ઉધરસ, કુકડીયા ખાંસી. ...૪૬૭
મગજના બ્યાધિ ૪૬૯
મગજનો વરમ. મગજનો સનેપાત. ૪૬૯
મગજ ઉપર લોહીનું ચઢી જવું. ...૪૭૧
લુ લાગવી. ૪૭૪
શરીરનું રહી જવું ૪૭૪
પક્ષઘાત. ૪૭૫
ઉરૂસ્તંભ. ૪૭૯
અર્દિત વાયુ. અડદીયો વાયુ. ...૪૮૧
હીસ્ટીરીયાનો વાયુ ૪૮૨
ધાતુના ઝેરથી શરીર રહી જવું. ...૪૮૨
કંપવા... ... ...૪૮૩
માથું દુખવું ૪૮૩
ચસકા-વા ૪૮૭
અપસ્માર, વાઈ, ફેફરૂ ૪૮૮
કોરિયા. ૪૯૧
આંચકી ... .૪૯૩
હીસ્ટીરીયા ૪૯૫
દીવાનાપણું, ઉન્માદ ૪૯૭
દારૂથી થતાં દરદ ૫૦૨
લચ્ચા રોગ ૫૦૬
ઢાંભા, ચકામાં, ચામઠાં ૫૦૭
શીળસ ૫૦૮
કખવા ... .૫૦૯
ખરજવું ૫૧૦
ઝામરો ૫૧૨
વિસ્ફોટક ૫૧૨
અળાઈ—ખુરટ ૫૧૩
લુખસ ૫૧૪
વિચર્ચિકા ૫૧૫
કરોળીઆ ૫૧૬
ખીલ ૫૧૬
મસા ૫૧૭

રસોળીયો વા ૫૧૮
શ્લીપદ ૫૧૮
દાદર, ગજકરણ, દરાજ ...૫૧૯
ખસ-કોહ ૫૨૧
રાફી ... .૫૨૨
જુ... ... .૫૨૩
વાળો ૫૨૪

ભાગ ૬ ઠો.

શસ્ત્ર વિદ્યા.

વરમ-દાહ ૫૨૫
ગડ... ... ...૫૨૮
રક્તસ્ત્રાવ-લોહીનું નીકળવું ...૫૨૯
રક્તનળીના જખ્મથી રક્તસ્ત્રાવ...૫૩૮
ચાંદાં... ... ...૧૪૧
ગુમડું... ... ...૫૪૪
પાઠું ૫૪૫
પાઇમ્યા અથવા સેપટીસીમ્યા ...૫૪૫
બળવું-દાઝવું... ... ...૫૪૬
ગ્રંથી ૫૪૮
હડકવા ૫૫૩
ધનુર્સ્તંભ ધનુરવા-ચમક ...૫૫૫
ધક્કો ૫૫૮
મુંઢમાર-ચોટ... ... ...૫૫૯
જખ્મ ૫૬૦
લચક ૫૬૦
અસ્થિ ભંગ ૫૬૪
નીચલા જડબાનું ભાગવું ...૫૬૭
પાંસળીનું ભાગવું ૫૬૭
હાંસડીનું ભાગવું ૫૬૮
ભુજાસ્થિનું ભંજન ૫૬૯
હાથની કળાઈનું ભાગવું ... ૫૭૦
હાથના પંજાનું ભાગવું... ...૫૭૦
પાદભંજન-પગનું ભાગવું ...૫૭૧
સંધિ સ્થળાંતર ૫૭૩
મગજ તથા ખોપરીની જફા ...૫૭૯
ખોપરીનું ભંજન અથવા ફુટવું ..૫૮૩
અસ્થિ વરણ... ... ...૫૮૪
અસ્થિઘાત ૫૮૫
બરડાનીકરોડ અથવાકણાના વ્યાધિ૫૮૭
બરડાના દોરડાની ઈજા... ...૫૮૯
સાંધાના વ્યાધિ ૫૯૦
સારણ ગાંઠ ૫૯૩
સારણનો ફાંસો ૫૯૫
આંતરડાની અડચણને લીધે ઝાડાનું બંધ થવું ... ૫૯૭
સફરાનાં દરદ ૬૦૦
ભગંદર ૬૦૨
આમણ ૬૦૩
હરસ-અર્શ ૬૦૪
ગળાના જખ્મ ૬૧૦
વાયુ માર્ગમાં બાહ્ય પદાર્થ ...૬૧૦
વાયુ નળીનો છેદ ૬૧૧
છાતીના જખ્મ ૬૧૨
છાતી ફોડવાની રીત ૬૧૩
પેટના જખ્મ ૬૧૪
ચાંદી-ટાંકી ૬૧૫
ગરમી-ઉપદંશની વિક્રયા. ...૬૨૦
બાળ ઉપદંશ... ... ...૬૨૮
ધુમટાનો સંકોચ ૬૩૦
ધુંમટાનો ઉર્ધ્વ સંકોચ... ...૬૩૦
વૃષણની વૃદ્ધિ ૬૩૧
પરમો-પ્રમેહ... ... ...૬૩૫
મૂત્રગાંઠ, મૂત્રમાર્ગ સંકોચ ...૬૪૦
મૂત્રાવરોધ ૬૪૩
મૂત્રનો અંતર્યામ સ્ત્રાવ ૬૪૫
પેશાબનું ગડ તથા નાસુર ...૬૪૫
પ્રોસ્ટેટની વૃદ્ધિ ૬૪૬
મૂત્રાશયનો વરમ ૬૪૭
મૂત્રાશ્મરી અગર પેશાબની પથરી. ૬૪૭
મૂત્રાશયની અશ્મરી ૬૫૦
અશ્મરી ભંજન ૬૫૫
દાંતના વ્યાધિ ૬૫૮
નેત્રવ્યાધિ ૬૬૨
આંખ આવવી ૬૬૨
વેલ ૬૬૫
વાવલુ ૬૬૬
તાપોડીઆં અથવા ખીલ ...૬૬૬
આંખનું ચાંદુ અથવા ફૂલ ...૬૬૮
કૃષ્ણમંડળનો વરમ ૬૬૯
ફુલું ૬૬૯
કોનિયાની સ્વેત પરીત્રિ ...૬૭૦
આંખનો ડઈઓ ૬૭૧
કનીનીકાનો વરમ ૬૭૧
મોતીયો ૬૭૩
ઝાંમર ૬૭૭
આંખનું કણું... ... ...૬૭૯
પરવાળાં ૬૭૯
નાકસુર અથવા નાસુર ...૬૮૦
આંજણી ૬૮૦
કાનના વ્યાધિ ૬૮૧

ભાગ ૭ મો.

વિષ પ્રકરણ.

સોમલ અને હરતાલ ... ૬૮૫
એન્ટીમની ૬૮૭

રસકપૂર ૬૮૭
તાંબાનુંઝેર ૬૮૮
વનસ્પતિવિષ ૬૮૮
ઝેરકચોલું ૬૮૯
હાઇડ્રોસ્યાનીક આસિડ ...૬૯૦
ડીજીટેલીસ ૬૯૦
દારૂ, ઇથર, કલોરોફોર્મ... ...૬૯૧
ભાંગ-ગાંજો ૬૯૧
કાકમારી, બેહેડાં, કણેર. .. ૬૯૨
વછનાગ ૬૯૩
તમાકુ ૬૯૩
અફીણ ૬૯૩
ધંતુરો ૬૯૫
વિષવાળા જખ્મ ૬૯૬
શ્વાસાવરોધ ૬૯૮

ભાગ ૮ મો.

સ્ત્રીરોગપ્રકરણ.

સ્ત્રીરોગ ૭૦૧
યોનીરોગ ... .૭૦૨
યોનીમુખગ્રંથી... ... ...૭૦૩
યોનીમુખવરમ... ... ...૭૦૩
બાળકપ્રદર ૭૦૪
ક્યાનસર અથવાઅર્બુદ ૭૦૪
ગુદાસ્થિશુળ ... .૭૦૫
મુત્રમાર્ગનાવ્યાધિ ૭૦૫
મુત્રમાર્ગનો દાહ અથવા વરમ ...૭૦૫
અસ્મરી અથવાપથરી... ...૭૦૬
યોનીમાર્ગનાવ્યાધિ ૭૦૬
યોનીહર્ષ-સ્પર્ષાસહ્યયોની ૭૦૭
યોનીનોતિક્ષણુવરમ અથવા દાહ...૭૦૭
યોનીપ્રદર ૭૦૮
યોનીભ્રંશ ૭૦૯
ગુહ્યાંત પ્રદેશદાહ ૭૦૯
મક્કલ ૭૧૦
આર્તવવિકાર... ... ...૭૧૧
પીડિતાર્તવ ૭૧૩
અતિઆર્તવ... ... ...૭૧૪
ગર્ભાશયપ્રદર ૭૧૫
કમળકંદનાં ક્ષત અને છાલાં ...૭૧૭
ગર્ભાશયઅર્બુદ... ... ...૭૧૮
ગર્ભાશયગ્રંથી... ... ...૭૧૯
ગર્ભાશય અર્શ ૭૨૦
ગર્ભાશયસ્થળાંતર ૭૨૧
ગર્ભાશયભ્રંશ... ... ...૭૨૧
ગર્ભાશય વક્ર... ... ..૭૨૨
ગર્ભાશય વિવૃત ૭૨૪
સ્ત્રીઅંડનાવ્યાધિ ૭૨૪

ભાગ ૯ મો.

પ્રસવપ્રકરણ.


બસ્તી (પલ્વીસ) ૭૨૯
સ્ત્રીના ગુહ્યઅંતરાવયવ... ...૭૩૦
ગર્ભાધાન પ્રકરણ ૭૩૫
ગર્ભાધાનની મુદત ૭૩૯
છોડ ૭૪૦
ગર્ભપાત ૭૪૧
પ્રસવ ૭૪૪
પ્રસવયુક્તિ ... .૭૪૫
સ્વભાવિક પ્રસવકાર્યોપદેશ ...૭૫૨
પ્રસવ બાદ મા તથા બચ્ચાની માવજત ૭૫૫
જન્મેલુ બાળક ૭૬૩
અસ્વભાવિક પ્રસવ ૭૬૬
નાળનું નીકળી આવવું... ...૭૭૮
પ્રસવને લગતીશસ્ત્રક્રિયા... ...૭૭૮
અપૂર્ણગર્ભ પ્રસવ કરાવવાનીરીત...૭૮૩
ગર્ભને ફેરવવાની રીત ૭૮૫
ઉદરાવદારણ ગર્ભપ્રસવ... ...૭૯૦
શિરભેદન ૭૯૧
પ્રસવતે લગતી કેટલીક ભાંજગડ...૭૯૩
આંચકી ૭૯૮
ગર્ભાશયનું ફાટવું ૮૦૦
ગભાશયનું બેવડ થવું ૮૦૧
ફલેગમેસ્યા ડોલન્સ ૮૦૨
સુતિકા સન્નીપાત. ૮૦૪
,, જ્વર ૮૦૪

ભાગ ૧૦ મો.

સાર્વજનિક આરોગ્ય.

શરીર આરોગ્યતા ૮૦૭
હવા-વાયુ ૮૧૦
પાણી ૮૧૧
પાણીના પરીક્ષા ૮૨૨
પાણીનું પ્રથક્કરણ. ૮૧૫
ખોરાક ૮૨૫
પરચુરણ સુચનાઓ ૮૩૫
સાંસર્ગિક અથવા ચેપી રોગ અને તેનો પ્રતિબંધ ...૮૩૮
સૂચીપત્ર ૮૪૧

આકૃતિ क.



I. હાડપિંજર.
Fr=લલાટાસ્થિ.
Pa=પાર્શ્વ અસ્થિ.
Oc=પશ્ચિમાસ્થિ.
Na=નાક અસ્થિ.
Mn=હડપચી.

Cl=હાંસડી.

H=ભુજાસ્થિ.

Ra=રેડીયસ.

U=અલ્ના.

Cp=હાથનુ કાંડુ.

Mc=પંજાના અસ્થિ.

D=આંગળીયો.

St=સ્ટરનમ—ઉરોસ્થિ.

R=પાંસળા.

Il=ઇલ્યમ.

Pb=પ્યુબીસ.

S=સેક્રમ, ત્રીકઅસ્થિ.

Cx=કોક્સીક્ષ.

Is=ઇસ્કયમ.

F=ફીમર=જાંગઅસ્થિ.

Fb=ફીબ્યુલા.

Tb=ટીબ્યા

T=ટારસસ=ઘુંટણી.

Mt=પગનો પંજો.

D=પગનાં આંગળાં.

II. ખોપરીનો ઉભા અર્ધભાગ.
આગળના અક્ષર શીવાય—

Eth=એથમોઇડ અસ્થિ.

Vo=વોમર અસ્થિ.

Bo=પશ્ચિમ અસ્થિનો ભાગ.

OF=પશ્ચિમ અસ્થિનું મોટું છીદ્ર.

III. જમણી ખભાની ઢાલ.

An=એક્રોમ્યન પ્રોસેસ.

Gl=ગ્લેનોઇડ કાવીટી.

IV. હાથનાં કાંડાના આઠ અસ્થિ.

V. છાતીના પિંજરનો આગળનો દેખાવ.

VI. બસ્તી (પેલ્વીસ)નો દેખાવ.

Sm=સેક્રમ.

Am=આસેટાબ્યુલમ.

VII. પગની ઘુટણીનાં અસ્થિ.

शारीर अने वैदक शास्त्र.

भाग १ लो.

શારીર.

(બોડી.)

શરીરની રચના, તેના જુદા જુદા અવયવ, તથા તેમના ધર્મની માહિતી વૈદ્યને જરૂરની છે. શરીરનો બારીકીથી વિચાર કરીએતો મોટો ગ્રંથ થાય, પણ અહીં ફકત શરીરના મોટા વિભાગો, તેમની સ્થિતિ અને ઉપયોગનો ખ્યાલ આપવાની જરૂર છે, કારણ કે તેટલું બયાન વ્યાધિ સમજવામાં અવશ્યનું છે.

પૃથ્વી ઉપર અનેક પ્રકારનાં પ્રાણીઓ જોવામાં આવેછે અને તેમની જાતિ અસંખ્ય છે, તથાપિ બીજાં શાસ્ત્રોની માફક પ્રાણી વિદ્યાના વિદ્વાનોએ તેમના કેટલાક વર્ગ પાડ્યાછે. તે વર્ગ તેમના શરીરના બાંધા ઉપરથી પાડવામાં આવ્યાછે. હલકામાં હલકા પ્રાણીની રચના જોતાં તે એક જીવંત પરમાણુની હોયછે. પાણી આદિ પદાર્થોમાં સુક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં અસંખ્ય જીવંત પરમાણુ જણાયછે. કુદરતે સૃષ્ટિના રચનામાં જે અથાગ શક્તિ અને ડહાપણ ખરચ્યાં છે તેમાં પ્રાણીઓની એક પછી એક ચઢતી પંક્તિની ગોઠવણ કરી છે. તેમાં મનુષ્યની શારીર રચના અતિશય ગહન, અને વિચાર, વાચા, તથા વિવેકબુદ્ધિની બાબતમાં સર્વોત્કૃષ્ટ છે. જુદાં જુદાં પ્રાણીઓને તેમની પ્રત્યેકની જરૂર પ્રમાણે જુદી જુદી ઇંદ્રિયો તથા અવયવો ન્યુનાધિકપણે બક્ષેલાંછે.

માણસના શરીરનું વજન સરાસરી ૧૪૦ થી ૧૫૦ રતલ હોયછે. શરીરના બાંધામાં હાડપિંજર, માંસ એટલે સ્નાયુ, ચરબી, લોહી, તથા અંતરવયવ આવેછે. તેમાંના દરેકનું વજન નીચે આપેલા પ્રમાણમાં હોયછે.

	રતલ.
સ્નાયુ અને તેમના બંધન ...	૬૮
હાડપિંજર	૨૪
ત્વચા	૧૦½
ચરબી	૨૮
ભેજું	૩
છાતી અને ઉદરના અવયવ ...	૧૩½

તેમાં લોહીનું વજન આપેલું નથી. કુલ લોહી શરીરના વજનનો ૧૩ મો ભાગ હોય છે. એટલે ડોઢસો રતલ વજનના આદમીમાં સુમારે ૧૨ રતલ લોહી હોયછે. શરીર ખોલતાં કેટલુંક લોહી વહી જાય છે, તોપણ તેનો કેટલોક ભાગ કેશ વાહિનીઓમાં રહી જાયછે અને બધું લોહી બહાર નીકળતું નથી. શરીરનો નક્કર ભાગ ૮૮ રતલ હોયછે અને પ્રવાહી પાણીનો ભાગ ૬૬ રતલ થાયછે.

હાડપિંજર.

(સ્કેલીટન)

શરીરનો મુખ્ય આધાર હાડપિંજર ઉપરછે. હાડપિંજરને લીધે શરીરને આકાર, દ્દઢતા તથા ચલન શક્તિ મળેછે. શરીરના ધ્રતર વિભાગો સર્વ તેને વળગી રહ્યાછે. મસ્તક અને છાતીની પોલમાં મગજ અને હૃદય વગેરેનું તેનાથી રક્ષણ થાય છે. માંસના લોચા તેના વિવિધ ભાગોપર વળગી રહી તેને તરેહવાર ગતિ આપેછે, અને તેનાથી શારીરિક અને વ્યવહારિક કાર્ય થાય છે.


શરીરમાંના હાડપિંજરનાં કુલ અસ્થિની સંખ્યા નીચે પ્રમાણે છે.

મસ્તકની ખોપરીનાં અસ્થિ	૮
ચહેરાનાં ... ,, ...	૧૪
ડોકમાંનું ... ,, ...	૧
કરોડનાં ... ,, ...	૨૬
ઉરોસ્થિ	૧
પાંસળીનાં ... ,, ...	૨૪
બંને હાથનાં તથા ખભાનાં મળી	૬૪
બંને પગનાં તથા થાપાનાં મળી	૬૨
	૨૦૦

ઉપરનાં કુલ ૨૦૦ અસ્થિ ઉપરાત બીજા બત્રીશ દાંત હોયછે તથા દરેક કાનની અંદર નાનાં નાનાં ત્રણ અસ્થિ હોયછે. તે સર્વે મળી શરીરમાં એકંદર ૨૩૮ અસ્થિ છે.

હાડપિંજર જોતાં તેનાં જુદાં જુદાં હાડકાં નાનાં મોટાં અને ભિન્ન ભિન્ન આકારના માલૂમ પડેછે. કેટલાંક અસ્થિ, જેમકે હાથપગનાં લાંબાં હોય છે, કેટલાંક ચપટાં હોય છે, જેમકે મસ્તક વગેરેનાં, કેટલાંક હાડકાં ટૂંકાં હોયછે. તેનું ઉદાહરણ આંગળાંના હાડકાં છે; અને બીજા કેટલાંક હાડકાં, જેમકે થાપા વગેરેનાં, અનિયમિત આકારનાં હોયછે. એ રીતે લાંબાં, ટૂંકાં, ચપટાં અને બેડોળ એવા ચાર ભાગ અસ્થિના પાડવામાં આવ્યા છે.

આકૃતિ ૧. હાડપિંજર.



a' થી *a* કરોડ.
b ભુજાઅસ્થિ.
c કોણી.
d મણિ બંધસ્થિ (રેડીયસ).
e કર્પૂરાસ્થિ (અલ્ના).
f હાથના કાંડાના આઠ અસ્થિ.
g આગળાં.
h જંઘા અસ્થિનુ માથુ.
i જાંગ અસ્થિ.
k ધુટણનો સાંધો અને ઢાંકણી.
m પગના નળાનુ અસ્થિ (ટીબ્યા).
n ,, ની બહારનુ અસ્થિ (ફીબ્યુલા).
o પગની ધુટીના હાડકાં.
p પગની પાનીના હાડકાં.
v પાસળાં.
x ઉરોસ્થિ.
s નિતંબ અસ્થિ.
w ત્રીક અસ્થિ.
y હાંસડી.

દરેક અસ્થિની રચના તપાસવાથી માલુમ પડે છે કે તેનો બાહ્ય ભાગ કઠણ નક્કર દાંત જેવો છે અને તેનો અંતરભાગ પોચો પોલો વાદળી જેવો હોય છે. એકાદ લાંબા અસ્થિના ઉભા બે વિભાગ કરવામાં આવે તો આ રચના સ્પષ્ટ દેખાય છે. દરેક લાંબા અસ્થિની મધ્યમાં પોલ હોય છે. ચપટા, ટુંકા અને બેડોળ અસ્થિમાં આવી પોલ હોતી નથી. અસ્થિને કાપતાં તે પર બારીક છીદ્રો માલુમ પડે છે. અસ્થિમાં રસ તથા રક્ત નળીઓને વેહેવા માટેના રસ્તા દર્શક આ છિદ્રો છે.

દરેક અસ્થિ જ્યાં સંધાએલું હોય છે ત્યાં તેને કૂર્ચાનું આવરણ હોય છે. બાકીના સર્વે ભાગમાં સકળ અસ્થિની સપાટી ઉપર લપેટેલું એક દઢ પડ હોય છે તેને **અસ્થિ બાહ્યાવરણુ** કહેછે. બાહ્યાવરણ શ્વેત તંતુમય છે. તેમાં અસ્થિની સપાટીના પોષણ માટે રક્ત નળીઓ પથરાએલી રહે છે. જો ઈજા અને જખમને લીધે બાહ્યાવરણુનો કાંઈ ભાગ ઉખડી જાય તો અસ્થિનો તેટલો ભાગ મરણ પામે છે. દરેક લાંબા અસ્થિની મધ્ય પોલમાં નરમ રાતો માવો રહેછે અને તે પોલની અંદરના ભાગ પર બીજુ આવ-રણ હોય છે તેને **અસ્થિ અંતરાવરણુ** કહેછે. તે માહેલી રક્ત નળીઓને લીધે અસ્થિના

અંદરના ભાગનું પોષણ થાય છે. દરેક અસ્થિની સપાટી ઉપર એક અથવા વધારે મોટાં છિદ્રો હોય છે તે વાટે અસ્થિના પોષણ માટે ધમનિ અંદર પ્રવેશ કરે છે. પક્ષીઓના અસ્થિની પોલમાં હવા ભરેલી હોય છે તેથી તે હલકાં રહેછે, અને સેહેલાઇથી ઉડે છે. પ્રત્યેક અસ્થિને તપાસી જોતાં તેનો કોઈ ભાગ લીસો, કોઇ ભાગ ખડબચડો, કોઈ ઠેકાણે ધાર, અણી, ટેકરો, ખાડો, સરળતા, વક્રતા, જાડાઈ, પાતળાઈ, અને એવા પુષ્કળ ફેરફાર માલૂમ પડે છે. તે સર્વે પ્રત્યેકના ઉપયોગને અનુસરીને હોય છે. તેમના પર શરીરના સર્વે સ્નાયુ ઉત્પન્ન થાય છે અને વળગેલા રહેછે.

શરીર શાસ્ત્રમાં આ પ્રત્યેક બાબતનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેછે, પણ આ ઠેકાણે તેમ કરવાની અગત્ય જણાતી નથી.

ગર્ભાવસ્થામાં અસ્થિની શરૂઆત કૂર્ચા જેવી હોય છે અને એ કાર્ટિલેજમાંથી પછી અસ્થિ ઉત્પન્ન થાય છે. જન્મ થાય ત્યારે પણ કાર્ટિલેજમાંથી અસ્થિ થવાનો ક્રમ જારી રહેછે અને મોટી ઉમર સુધી પોહોંચે છે. લાંબા અસ્થિના છેડા તેમના વચલા ભાગથી મૂળમાં જુદા હોય છે તે પાછળથી જોડાઈ જાય છે અને એ ક્રમ કેટલેક દરજે ઉમર પ્રમાણે થયા કરે છે. તેથી બચ્ચાંની ઉમરનો નિશ્ચય કરવામાં આ બાબત ઉપયોગી થઈ પડે છે.

રસાયણી રીતે જોતાં અસ્થિમાં બે પદાર્થ છે, એક સકરણ પદાર્થ જીલાટીન જેવા છે અને બીજો ખનીજ પદાર્થ છે. સુમારે $\frac{1}{3}$ ભાગ સકરણ પદાર્થનો છે અને $\frac{2}{3}$ ખનિજ પદાર્થના છે. સકરણ પદાર્થથી અસ્થિને બરડતા મળે છે અને અસ્થિને ખુલી હવામાં બાળવાથી તે બળી જાય છે અને ક્ષારનો ભાગ રહેછે. ખનિજ પદાર્થથી અસ્થિને કઠણ પણું તથા બળ પ્રાપ્ત થાય છે અને અસ્થિને તેજાબ (હાઇડ્રોક્લોરિક આસિડ) માં બોળવાથી તેનો ખનિજ ભાગ ઓગળી જાય છે અને સકરણ ચીકણો પદાર્થ રહે છે. ખનિજ પદાર્થમાં મુખ્ય ભાગ ચૂનાના ક્ષારનો હોયછે. તેમાં સુમારે $\frac{4}{5}$ ભાગ ફાસ્ફેટઆવ લાઇમના હોય છે અને $\frac{1}{5}$ બીજા ક્ષાર હોય છે. જ્યારે અસ્થિમાં ખનિજ પદાર્થ થોડો હોય ત્યારે તે નરમ રહેછે અને વળી જાય છે. તેથી "રિકેટસ" નામનો રોગ પેદા થાય છે. બચપણમાં સકરણ ભાગ અને ક્ષારના ભાગ સરખા હોય છે. યુવાવસ્થામાં ક્ષારના $\frac{2}{3}$ તથા સકરણ ભાગનો $\frac{1}{3}$ હોય છે અને ઘડપણમાં સકરણ ભાગ ઘણો થોડો અને ક્ષારનો ભાગ પુષ્કળ હોય છે. તેથી એ અવસ્થામાં હાડકાં વિશેષ બટકણ હોયછે.

કરોડ-કણો.


(સ્પાઇનલ કલમ.)

કરોડ એ શરીર તથા હાડપિંજરનો મુખ્ય અને મધ્ય ભાગ છે. ગર્ભની અંદર કરોડનો ભાગ પ્રથમ ઉત્પન્ન થાયછે. મસ્તક અને અવયવ તેને અવલંબીને ગોઠવાયલાં છે.

આકૃતિ ख.

કરોડની પાછળનો

દેખાવ.




કોક્સીક્ષ.

આકૃતિ ग.

કરોડની બાજુનો

દેખાવ.




કરોડવાળાં અને કરોડ વિનાનાં એવા પ્રાણી માત્રના બે મોટા વિભાગછે, તેમાં કરોડવાળાં પ્રાણી ઊંચી પંક્તિનાં છે.

કરોડના મુખ્ય પાંચ ભાગ છે. **૧ ગરદન; ૨ પીઠ; ૩ કમ્મર; ૪ ત્રીક (સેક્રમ), ૫ ગુદાસ્થિ.**


એક ઉપર એક એવા કેટલાંક નહાના અનિયમિત આકારનાં અસ્થિથી કરોડનો ભાગ બનેલોછે. તે દરેક અસ્થિને મણકો કહેછે. મણકાનો અગ્ર ભાગ જાડો અને ચપટો હોય છે. તે કાર્ટિલેજના સાધનથી પરસ્પર જોડાયેલો રહે છે. તેનો પાછળનો ભાગ કમાનના આકારનો હોય છે અને તેની વચમાં મોટું છિદ્ર હોય છે. જ્યારે સર્વે મણકા સંધાઇને કરોડ બનેછે ત્યારે છિદ્રનો રસ્તો કરોડ રજ્જુને રહેવાની પોલ થઈ રહેછે. કમાનની પાછળ ટોચ હોયછે, તે ટોચ પીઠપર હાથ ફેરવતાં લાગેછે. કમાન અને અગ્ર ભાગના સંયોગ પાસે ઉપર તળે પગાં હોય છે તેથી મણકા એક એકની સાથે સંધાય છે.

આકૃતિ ૨. કરોડ.



કરોડના ગરદનના ભાગમાં આવા સાત મણકા હોયછે, પીઠના ભાગમાં બાર અને કમ્મરના ભાગમાં પાંચ હોયછે. સેક્રમ અને ગુદાસ્થિના અનુક્રમે મૂળ ચાર અને પાંચ વિભાગ હોયછે, પણ તે સંધાઈ જઈ પાછળથી તેનું એકેક સમ્બંધાસ્થિ થાયછે. દરેક ભાગના હાડકાનો વિચાર કરતાં તેમના આકારમાં કેટલોક તફાવત માલૂમ પડેછે અને તેથી તે ઓળખી શકાયછે.

આકૃતિ ૩. કરોડનો મણકો.



કરોડના એક મણકાનો દેખાવ.

a તેનો અગ્ર ભાગ.

b કરોડરજ્જુ માટે છીદ્ર.

બરડાની આખી કરોડ સીધી નથી પણ વાંકીછે. આગળથી જોઇયે તો ગરદન અને કમરનો ભાગ બાહ્યગોળ દેખાયછે તથા પીઠ અને સેક્રમનો ભાગ અંતરગોળ માલૂમ પડેછે. કરોડની બંને બાજુએ મણકાના વચમાં માર્ગ રહેવાથી છિદ્ર હોયછે, તેમાંથી કરોડ રજ્જુના તંતુઓ બહાર આવેછે. પીઠના દરેક અસ્થિની બંને બાજૂએ એકેક પાંસળી જોડાયલી હોયછે. કરોડ પુષ્કળ ગતિવાળી છે. તેને લીધે શરીર આગળ પાછળ અને બાજુએ વળી શકેછે. ગરદનના પહેલા બે મણકાનો આકાર ઇતર કરતાં જુદો હોયછે. બીજા મણકાના અગ્ર ભાગમાં એક દાંતો હોયછે તેની સાથે પહેલો મણકો સંધાય છે અને તે ગોળ ફરેછે. પહેલો મણકો મસ્તકની ખોપરી સાથે જોડાય છે અને તેથી મસ્તક ઘણી છૂટથી ફરી શકેછે. સેક્રમ અને ગુદાસ્થિનું વર્ણન પ્રસવ પ્રકરણમાં આપેલું છે.

મસ્તકની તૂંબડી.

(સ્કલ.)

મસ્તકની તૂંબડીમાં ખોપરી અને ચહેરો એ બંનેનો સમાવેશ થાયછે. ખોપરીનાં આઠ હાડકાંછે.

- ૧ પશ્ચિમાસ્થિ એટલે પાછળનું હાડકું (આક્સીપીટલ).
- ૧ પૂર્વાસ્થિ એટલે લલાટ અગર કપાળનું હાડકું (ફ્રંટલબોન).
- ૨ પાર્શ્વાસ્થિ એટલે ખોપરીના પડખાનાં અસ્થિ, જમણું અને ડાબું એવાં બે છે (પરાયેટલબોન).
- ૨ લમણાના અસ્થિ, દરેક બાજુનું એક (ટેમપરલબોન).
- ૧ સ્ફેનોઇડ અસ્થિ.
- ૧ એથમોઇડ અસ્થિ.

એ પ્રમાણે ખોપરીનો દાબડો આઠ હાડકાંના મેળાપથી બનેલોછે અને ખોપરીની અંદર મગજ રહેછે. ખોપરીની અંદરનો ભાગ જોતાં તે ખાડાખૈયાવાળો જણાયછે અને તેમાં મગજની કરચોળી, રક્તનળીઓ તથા તંતુઓ બેસતાં આવેછે. તેના સંબંધમાં નાનાં મોટાં ઘણાં છિદ્રછે. તે વાટે રકતનળીઓ અને તંતુઓ આવાગમન કરે છે. પાછળ પશ્ચિમાસ્થિમાં એક મોટું બાકોરૂં છે તે વાટે કરોડ રજ્જુ કરોડની પોલમાં ઉતરેછે. ખોપરીની અંદર તળીએ દરેક બાજૂએ ત્રણ આસન છે તેને અગ્ર, મધ્ય અને પશ્ચાત્ આસન કહેછે. અગ્ર આસન ઉંચુંછે અને બીજાં અનુક્રમે નીચાંછે. અગ્ર અને મધ્ય આસનમાં મગજ રહેછે અને પશ્ચાત્ આસનમાં "સેરીબેલમ" રહે છે.

બહારથી તપાસતાં ખોપરીનો ઉર્ધ્વ ભાગ લીસો માલૂમ પડે છે તથા જુદાં જુદાં અસ્થિ જોડાયા પછી તેના સાંધા દૃષ્ટિએ પડેછે. દરેક અસ્થિની કોર કરવતના જેવી દાંતા વાળી હોય છે અને દાંતા સામસામે એક બીજાની વચમાં બેસવાથી ઘણોજ મજબુત અચળ સાંધો થાય છે. આવા સાંધાને ભોળા લોકો વિધાતાએ લખેલા અક્ષર

માને છે. તેનો અધો ભાગ ખડબચડો હોય છે તે પર પુષ્કળ છિદ્ર જોવામાં આવે છે. તે ધમની પ્રવેશ તથા શિરા અને મગજ તંતુને નીકળવા માટે હોય છે.

લલાટ અસ્થિ—લલાટ અસ્થિના મૂળ બે કકડા હોય છે, પણ તે બંને જોડાઈ જઈ તેનું એક અસ્થિ થાય છે. તે નીચે ચેહેરા, આંખ અને નાક સાથે સંબંધ ધરાવે છે અને ઉપર તે બંને પાર્શ્વ અસ્થિ સાથે સંધાય છે.

બંને પાર્શ્વઅસ્થિ—આ અસ્થિઓ ચોરસ હોય છે, તે મસ્તકની ટોચે એક એક સાથે સંધાય છે. પાછળ પશ્ચિમાઅસ્થિ સાથે, આગળ લલાટઅસ્થિ સાથે, અને નીચે લમણાના અસ્થિ સાથે તેઓ સંધાય છે. તેમના દરેકના બાહ્ય ભાગમાં એક ઉંચવટો હોય છે તે મસ્તકની દરેક બાજુએ ટેકરા જેવો લાગે છે. તેમની અંદર ધમનીને રહેવા માટે ચાસ જેવી ગટર હોય છે. તે અંદરથી અંતર્ગોળ અને બહારથી બાહ્ય ગોળ હોય છે તેને ચાર કિનારા અને ચાર ખૂણા હોય છે.

પશ્ચિમાસ્થિ—આ અસ્થિ મસ્તકના પાછળના ભાગમાં છે. તેના બાહ્ય ભાગમાં કેટલીક રેખા સ્નાયુને અવલંબન કરવાની છે, અને એક ટેકરો છે તે બોચીના ઉપરના ભાગમાં લાગે છે. તેના અંદરના ભાગમાં સાથીઆના આકારની રેખાઓ છે, તેમાં લોહીની નળી વહે છે. તેનો નીચલો છેડો સ્ફેનોઇડ અને કરોડના પહેલા મણકા સાથે જોડાય છે અને તે ગળાના ઉપલા ભાગમાં આવેલો છે. તે છેડામાં મોટું બાકોરૂં છે તેમાંથી કરોડરજ્જુ કરોડની પોલમાં જાય છે. ઉપર પાર્શ્વાસ્થિ સાથે તથા બાજુએ લમણાના અસ્થિ સાથે પશ્ચિમાસ્થિ સંધાય છે. બંને પાર્શ્વાસ્થિને પશ્ચિમાસ્થિના સંયોગને ઠેકાણે બચપણમાં અસ્થિની અપૂર્ણતાને લીધે એક છિદ્ર હોય છે તેને **પશ્ચિમ બ્રહ્મરંધ્ર** કહે છે. તેમજ તે બંને અસ્થિના લલાટ અસ્થિના સંયોગ સ્થળે એક બીજુ છીદ્ર હોય છે તેને **પૂર્વ બ્રહ્મરંધ્ર** કહે છે. બચપણમાં બેઉ બ્રહ્મરંધ્ર મગજમાં ફરતા લોહીને લીધે થડકે છે, પશ્ચિમ બ્રહ્મરંધ્ર ત્રિકોણાકાર હોય છે અને પૂર્વ બ્રહ્મરંધ્ર ચોરસ હોય છે. બાળક થોડા વરસનું થાય તેટલામાં તે બેઉ છિદ્ર પૂરાઈ જાય છે.

લમણાનું દરેક અસ્થિ:—આ અસ્થિ બેડોળ આકારનું હોય છે. કાનની ઇંદ્રીના અવયવો આ અસ્થિમાં હોય છે. તેમાં કેટલાંક છિદ્ર છે. તે વાટે રક્ત નળીઓ તથા તંતુઓ આવાગમન કરે છે.

સ્ફેનોઇડ અસ્થિ:—આ અસ્થિ ખોપરીના તળીઆના વચલા ભાગમાં આવે છે. તેને પડખે પાંખો જેવા ફાંટા હોય છે. પશ્ચિમઅસ્થિ, લલાટ, પાર્શ્વાસ્થિ, એથમોઇડ અને લમણાના અસ્થિ સાથે તે સંધાય છે.

એથમોઇડ અસ્થિ:—આ અસ્થિ સ્ફેનોઇડના અગ્ર ભાગમાં છે અને નાકના ઉપલા ભાગમાં આવેલું છે. ઘ્રાણેંદ્રિયના તંતુ તેમાં થઇને નાકમાં ઉતરે છે. આ અસ્થિ **નાહાનું, હલકુ, અને પોલું હોય છે.**

ચહેરાનાં અસ્થિ.

ચહેરાનાં ૧૪ અસ્થિ છે.

નાકનાં અસ્થિ	૨
ઉપલા જડબાનાં અસ્થિ...	૨
લાક્રીમલ અસ્થિ	૨
ગાલનાં અસ્થિ ... (મેલરબોન્સ)	૨
તાળવાનાં અસ્થિ	૨
નીચેના "ટરબીનેટેડ" (ઇનફીરીયર ટરબીનેટેડ)	૨
વોમર અસ્થિ	૧
નીચેના જડબાનું અસ્થિ	૧
	૧૪

નાકનાં અસ્થિ:—નાકમાં બે નાનાં હાડકાં છે. તે નાકના ઉપલા ભાગમાં આવેલા છે અને ઉપલા જડબા તથા લલાટાસ્થિ સાથે જોડાયેલાં છે. નાકની દાંડી તેની બનેલી છે અને નાકનો નીચેનો ભાગ કાર્ટિલેજનો બનેલો છે.

ઉપલા જડબાનાં અસ્થિ:—એ બે છે અને તે એક બીજા સાથે મધ્ય રેખામાં જોડાય છે. તેનો ઉપરનો ભાગ આંખના ઘરના તળીઆમાં આવે છે. તે બંને વચ્ચે માર્ગ રહેછે તે નસકોરાંનો રસ્તો છે. એથમોઈડ, વોમર તથા થોડા કાર્ટિલેજના સાધનથી બંને નસકોરાંની વચમાં પડદો થઈ રહેછે. દરેક જડબાની નીચે દાંતને રહેવાને આઠ ઘર હોય છે.

દરેક અસ્થિ પોલું ને હલકું હોયછે. તેની પોલાણમાં કોઈ વાર રસ ભરાઇ રહેવાથી અગર ગ્રંથી થવાથી દરદ ઉત્પન્ન થાયછે. જડબાં એક બીજા સાથે સંધાવાથી મોઢા માંહિલા કઠણ તાળવાનો કેટલોક અગ્ર ભાગ બંધાયછે.

લાક્રીમલ અસ્થિ:—એ નાનાં નાજુક બે અસ્થિ ઉપલા જડબાની નજીક આંખના અંદરને ખૂણે એકેક છે. આંખનું પાણી સ્વભાવિક નાકમાં વહેછે તે માટે એક નળ આંખના અંદરને ખૂણેથી નાકમાં ઉતરેછે તેમાં આ બંને અસ્થિ ભાગ લેછે.

ગાલનાં અસ્થિ:—આ અસ્થિ એકેક બાજુએ એકેક છે. આંખની નીચે દરેક ગાલ ઉપર તે ઊંચું આવેલું માલૂમ પડેછે. ઊપલા જડબા તથા લમણાના અસ્થિ સાથે તે સંધાય છે.

તાળવનાં અસ્થિ:—આ અસ્થિ બેછે, ઊપલા જડબામાંથી તાળવાના ફાંટા નીકળેછે તેની પાછળ તાળવાનાં અસ્થિ સંધાય છે. કઠણ તાળવામાં આ અસ્થિ તથા જડબાના ફાંટા આવેછે.

નીચેનું ટરબીનેટેડ અસ્થિ:—આ અસ્થિ દરેક નાકમાં એકેક આવેલુંછે. તે શિવાય મધ્ય અને ઊપલું ટરબીનેટેડ અસ્થિ એથમોઇડના સંબંધમાં છે. એ સર્વે અસ્થિ

નાકની પોલમાં આવેછે. દરેક નસકોરાની અંદર તે છાજલીની માફક રહેછે અને તેથી દરેક નસકોરાના **ઉપલો, મધ્ય** અને **નીચેનો** એવા ત્રણ ભાગ પડેછે.

વોમરઃ—આ અસ્થિ નાકના પડદામાં આવેલુંછે. તે ઉપર સ્ફેનોઇડ તથા નીચે તાળવાનાં અસ્થિ સાથે સંધાયલુંછે.

નીચેના જડબાનું અસ્થિઃ—આ અસ્થિ ઘોડાના નાળના આકારનુંછે. તેના આગલા ભાગને હડપચી કહેછે. તેમાં સોળ દાંતનાં ઘર હોયછે. પાછળના ભાગમાં તેનો એક ફાંટો ઉપર ચઢેછે અને તે લમણાના અસ્થિ સાથે સંધાયછે. આ સાંધો કાનની આગળછે અને જડબું હાલવાથી તે ભાગ હાલેછે. પાછળની અણીને જડબાનો ખૂણો કહેછે.

આંખનાં ઘર—(ઓર્બિટ) આ દરેક ઘર શંકુ આકારે હોય છે. તેમાં ઘણાં છિદ્ર અને ચીરા છે. તે વાટે તંતુ, સ્નાયુ તથા રક્તવાહિની આવે જાય છે. તેની ભમ્મર તથા નીચેની કોરમાં એકેક છિદ્ર હોય છે. તેને બહારને ખૂણે એક ખાડો હોય છે તેમાં અશ્રુપિંડ (પેશી) રહે છે. ચેહેરા તથા મસ્તકનાં ઘણાંક અસ્થિ તેના સંબંધમાં છે.

નાકની પોલ—નાકમાં એક પડદો હોય છે અને તેથી તેના બે રસ્તા થાય છે. તેને નસકોરાં કહે છે. તેની બહાર બે બાકોરાં હોયછે, તેમ બીજાં બે બાકોરાં અંદર ગળામાં હોય છે. પાછળનાં નસકોરાં આગળના કરતાં મોટાં હોય છે. દરેક બાજુના નાકના "ટરબીનેટેડ"અસ્થિને લીધે તેના ત્રણ વિભાગ પડેછે. નાકની પોલ તાળવા તથા ખોપરીનીવચમાંછે.

દાંત.

આદમીને દાંત બે વખતે ફૂટેછે. પ્રથમ બચપણમાં એક વખત દાંત આવેછે અને તે પડી ગયા પછી બીજા આવેછે. બચપણમાં દાંત આવેછે તેને **દૂધીઆ દાંત** કહે છે. તેની સંખ્યા વીસ હોયછે. તે પડ્યા પછી જે દાંત આવેછે તે આખર સુધી રહેછે. જો આ માહેનો કોઈ દાંત પડેતો તેને ઠેકાણે બીજો ફૂટતો નથી. એને **જાથુના દાંત** કહે છે. તેની સંખ્યા બત્રીસછે. આ દાંત એક સરખા હોતા નથી. તેમ તેમના આકારમાં અને તેમનાં કાર્યમાં કેટલોક તફાવત હોયછે. તે પ્રમાણે તેના ચાર વર્ગ કરવામાં આવ્યાછે. તેમને **કાપનારા, કૂતરીઆ, બે ખૂણીયા** અને **દાઢ** કહેછે. દરેક જડબામાં દરેક વર્ગના દાંત દૂધીઆ અને જાથુના નીચે પ્રમાણે હોયછે.

		કાપનારા	કૂતરીઆ	બે ખૂણીઆ	દાઢ	
દૂધીઆ	ઉપલું જડબું	૪	૨	,,	૪	૨૦
	નીચલું જડબું	૪	૨	,,	૪	
જાથુના	ઉપલું જડબું	૪	૨	૪	૬	૩૨
	નીચલું જડબું	૪	૨	૪	૬	

દરેક દાંતનો જે ભાગ બહાર જોવામાં આવેછે તેને દાંતનું મથાળું કહેછે અને જેટલો ભાગ અંદર જડબામાં સજડ બેઠોછે તેને દાંતનું મૂળ કહેછે.

કાપનારા દાંત એકક જડબામાં આગળના ભાગમાં ચાર હોયછે. ઉપરના દાંત. નીચેના કરતાં જરા લાંબા અને આગળ પડતા હોયછે. તે સૌથી પ્રથમ ફૂટેછે. તેને મથાળાને છેડે ધાર હોયછે અને તેનું મૂળ લાંબું અણીદાર હોયછે. તે કાપવા, ફાડવા અથવા ચીરવાના કામમા આવેછે. તેમને લીધે ઉચ્ચાર શુદ્ધ થાયછે.

તેમની દરેક બાજુએ એકેક જરા વધારે લાંબો અણીદાર દાંત હોયછે તેને કૂતરિયો દાંત કહે છે, કારણ કે કૂતરાં આદિ માંસ ભક્ષણ કરનાર જનાવરોમાં આ દાંત ઘણા મોહોટા અને ઉપયોગી થઈ પડે છે. તે પણ ફાડવા ચીરવાના કામમાં આવે છે. તેનું મથાળુ ટોચવાળું હોય છે અને મૂળ એકજ લાંબુ હોય છે. તેમને પડએ દરેક બાજુએ બે ખૂણીયા બે દાંત જાયુના હોય છે. બચ્ચાંના દૂધીઆ દાંતમાં આ બિલકુલ હોતા નથી. તેમનો ઉપયોગ ઘણે દરજે દાઢને મળતો હોયછે. તેમને મથાળે બે અણીદાર ખૂણા હોય છે અને તેમનું મૂળ એક હોય છે અને કોઈવાર બે હોય છે.

દાઢ જાયુ દાંતમાં બાર હોય છે અને બચ્ચાંને આઠ હોય છે. દાઢના સાધનથી ખોરાક ચવાઇને નરમ લોંદા જેવો થઈ જાય છે. વનસ્પતિ ખાનારાં પ્રાણીઓમાં દાઢની વિશેષ જરૂર હોય છે, અને તેથી તેવા પ્રાણીઓમાં તે મોહોટી હોયછે. પહેલી દાઢ મોટી અને છેલ્લી નાની હોય છે. તેમનું મથાળું ચોરસ હોય છે અને તેપર ચાર પાંચ ખૂણીઆ હોય છે, અને તેમનાં મૂળ એકથી ત્રણ હોય છે.

દૂધીયા દાંત બાળકને છઠ્ઠે સાતમે મહિનેથી ફૂટવા માંડે છે અને તે બે અઢી વરસનું થાય તેટલામાં બધા દાંત ફૂટી રહે છે. કોઇને આપેલી મુદત કરતાં મોડા ફૂટે છે અને જવલેજ તેથી વહેલા ફૂટે છે. પાંચ છ વરસની ઉમરે દૂધીઆ દાંત પડવા માંડેછે અને જાયુના દાંતની શરૂઆત થાય છે. સુમારે અઢારથી વીસ અગર પચીસ વરસની ઉમરે બધા દાંત ફૂટી રહે છે. છેલ્લી દાઢ અઢાર વીસ વરસની ઉમરે ડહાપણ આવે ત્યારે ફૂટે છે તેથી અંગ્રેજીમાં તેને ડહાપણનો દાંત કહે છે.

દાંતના ફૂટવા ઉપર આદમીના ઉમર વિષે અડસટો બાંધી શકાય છે. તેમને ફુટવાનો વખત નીચે પ્રમાણે છે.

દુધીઆ દાંત.		જાયુના દાંત.	
વચલા કાપનારા દાંત.	૬ થી ૮ મહીને ફુટેછે.	પહેલી દાઢ	૫ થી ૭ વરસે ફુટેછે.
બાજુના ,, ,,	૮ ,, ૧૦ ,, ,,	વચલાકાપનારાદાંત	૬ ,, ૮ ,, ,,
આગલી દાઢ ...	૧૨ ,, ૧૪ ,, ,,	બાજુના ,, ,,	૭ ,, ૯ ,, ,,
કતરીઆ દાંત ...	૧૪ ,, ૨૦ ,, ,,	આગલા ખૂણીઆવાળા દાંત.	૮ ,, ૧૦ ,, ,,
પાછલી દાઢ ...	૨૦ ,, ૨૮ ,, ,,	પાછલા	૯ ,, ૧૧ ,, ,,
		કુતરીયા દાંત	૧૧ ,, ૧૨ ,, ,,
		બીજી દાઢ	૧૨ ,, ૧૪ ,, ,,
		ત્રીજી દાઢ	૧૭ ,, ૨૫ ,, ,,

દરેક દાંતને કાપી જોતાં તેની અંદર પોલ માલૂમ પડેછે. આ પોલ દરેક દાંતના આકારની હોયછે અને તેમાં નરમ માવા જેવો પદાર્થ ભરેલોછે. દાંતની મધ્યમાં છેક તેના મૂળની ટોચ સૂધી આ પોલ પહોંચેછે અને મૂળના છેડા ઉપર બારીક છિદ્ર હોય છે, તે વાટે દાંતના પોષણ તથા ચૈતન્ય માટે રક્તનળી અને તંતુઓ એ પોલમાં પ્રવેશ કરેછે. દાંતના ખુલ્લા ભાગપર સફેત કઠણ પદાર્થનો થરછે, તેમાં સ્પર્શ જ્ઞાન નથી. તેની અંદરનો ભાગ હાથીદાંત જેવો સૂક્ષ્મ નળીવાળો હોયછે, તેમાં સ્પર્શ જ્ઞાન હોયછે. દાંતમાં દરદ થાયછે તથા દાંત સડીને આ ભાગને બ્યાધિ પહોચેછે ત્યારે વેદના થાયછે. જ્યારે બ્યાધિ દાંતની પોલ સૂધી પહોંચેછે ત્યારે અતિશય પીડા થાયછે.

ગરદનનું અસ્થિ.


(હાઇયોઇડ બોન.)

ગરદનના આગલા અને ઉપલા ભાગમાં અર્દ્ધગોળ શીંગડાના આકારનું એક નાનું હાડકું છે તેની સાથે જીભના ઘણા સ્નાયુ તથા બીજા સ્નાયુ સંબંધ ધરાવેછે.

છાતીનાં અસ્થિ.

છાતીની દરેક બાજુએ બાર પાંસળી હોયછે. પાછળ મધ્યમાં કરોડ આવેછે અને આગળ મધ્યમાં એક હાડકું છે તેને **સીનાનું** હાડકુ અથવા **ઉરોસ્થિ** કહેછે. એ સુમારે પાંચ ઈંચ લાંબુંછે. મૂળમાં તેના ઘણા કડકા હોયછે, પણ પાછળથી તે જોડાઇ જઇને માત્ર બે અગર ત્રણ કડકા રહેછે. તે ઉપરના છેડાથી હેઠળના છેડા સૂધી સાંકડું થતું જાયછે. તેનો આકાર તરવારને મળતો આવેછે. તેનો હેઠળનો અણીદાર છેડો થોડો હાલેછે તેને **સીપીનું** હાડકું કહેછે. સીનાના હાડકાના દરેક બાજુએ સાત ખાંચા હોયછે ત્યાં પાંસળીના કાર્ટિલેજનો સંયોગ થાયછે.

આકૃતિ ૪. છાતીનું પિંજર.



1 ઉરોસ્થિનો પહેલો કડકો.
2 પહેલી પાંસળી તથા સીનાનો સાંધો.
3 હાંસડીનો સાંધો.
4 સીનાનો બીજો ભાગ.
5 સીપી.
6 પાંસળીનો પાછલો ભાગ.
10 પાંસળાના કૂર્ચા.
12 પહેલી પાંસળી.
15 અગ્યારમી પાંસળી.
16 બારમી પાંસળી.

પાંસળી એકંદર ચોવીસ હોયછે. બાર બાર પાંસળી એકેક બાજુએ છે. તે વાંકી ગોળ કમાનના આકારની હોયછે. પહેલી પાંસળી પહોળી હોયછે તેનાથી અનુક્રમે બારમી પાંસળી સુધી દરેક પહોળાઇમાં કમી થતી જાયછે. દરેક પાંસળી પાછળ કરોડના પીઠના ભાગના દરેક મણકા સાથે જોડાયછે અને આગળ તે કાર્ટિલેજને મળેછે.

કાર્ટિલેજ સીનાના હાડકાની સાથે મળેછે. પહેલી સાત પાંસળી આ રીતે ઉરોસ્થિ સાથે મળેછે. તેની નીચેની ત્રણ પાંસળી સાતમા કાર્ટિલેજને મળેછે. છેવટની બે પાંસળીના આગલા છેડા કશાને મળતા નથી. પેટના સ્નાયુની વચમાં માત્ર તે પાંસળીઓ રહેછે. દરેક પાંસળી ચપટી હોયછે અને તેની નીચેની ધારપર ખાડ હોય છે, તેમાં રકત નળીઓ તથા તંતુઓ રહેછે. પાંસળીઓ કેટલેક દરજ્જે સ્થિતિસ્થાપક છે અને તેમનો આ ગુણ શ્વાસોશ્વાસની કૃતિમાં ઘણો મદદ કર્તા થઈ પડેછે.

છાતીનું હાડપિંજર ઉપરથી સાંકડું અને નીચેથી પહોળું હોયછે. તેની અંદર બે ફેફસાં, રકતાશય, તથા તેમની મોટી રકત નળીઓ રહેછે.

હાથ અને ખભાનાં અસ્થિ.

બંને હાથ ઉપલા અવયવ કહેવાયછે અને બંને પગ નીચેના અવયવ કહેવાયછે. ખભાનાં હાડકાં બે છે, ૧ ગળાની હાંસડી. ૨ ખભાનીઢાલ (સ્કાપ્યુલા). એ શિવાય હાથનાં હાડકાં નીચે પ્રમાણે છે.

૧ ભુજાસ્થિ (હ્યુમરસ).
૨ હાથની કડાઇનાં અસ્થિ.
 ૧ રેડીયસ ૧ અલ્ના.
૮ હાથના કાંડાનાં અસ્થિ.
૫ હાથની હથેળીનાં અસ્થિ.
૨ અંગૂઠાનાં અસ્થિ.
૧૨ ચાર આંગળાંનાં અસ્થિ.

આ પ્રમાણે એક ખભા અને હાથનાં મળીને બત્રીશ હાડકાં હોયછે અને બેઉ બાજુનાં મળી ચોસઠ હાડકાં થાય છે.

હાંસડીનું હાડકું:—આ હાડકું છાતીના ઉપલા ભાગમાં ડોક અને છાતીની વચ્ચે આવેલું છે. છાતી ખુલ્લી હોય તો હાડકું બંને બાજુએ સ્પષ્ટ જણાય છે. તેનો એક છેડો ઉરોસ્થિ સાથે મળે છે તથા બીજો છેડો કલકાસ્થિ સાથે મળેછે. તેનો આકાર "ડ" અક્ષર જેવો હોય છે. તેને ખભાની કુંચી ગણવામાં આવે છે. તે હાલે છે તેથી ખભાને સારી પેઠે ગતિ મળે છે. આ હાંસડી કેટલીકવાર ખભાપર પડવાથી ભાગી જાય છે. ગરદનના, ખભાના અને છાતીના સ્નાયુ તેને વળગેલા હોય છે.

ખભાની ઢાલનું હાડકું (કલ્કાસ્થિ):—ત્રિકોણાકાર હોયછે અને તે ખભાના પાછળ અને ઉપરના ભાગમાં આવેલું છે. તે પાંસળીઓ ઉપર રહે છે તથા કેટલાક સ્નાયુથી ઢંકાયેલુંછે. તે ઘણી છૂટથી હાલે છે. તેનો ખૂણો પાછળ આઠમી પાંસળી સુધી પહોંચેછે. તેની એક

કોર બગલની પાછળની બાજુએ છે, બીજી કોર કરોડ પાસે છે અને ત્રીજી કોર ઉપર ખભાને અનુસરે છે. તેની ઉપરના બે ખૂણા છે તેમાં ઉપરનો અંદરનો ખૂણો કરોડ પાસે છે તથા ઉપરના બહારના ખૂણામાં છાછરો ખાડો છે ત્યાં ભુજાસ્થિ સંધાય છે. તેની પાછળની સપાટીના ઉપરના ભાગમાંથી એક ધાર ફુટે છે તે હાથ મૂકવાથી સ્પષ્ટ જણાય છે. તે ધાર બહારની તરફ વધી છતરની માફક ખભા ઉપર આવી રહેછે. તેને "એક્રોમીયન" કહે છે.

ભુજાસ્થિઃ—ખભાથી કોણી સુધી લાંબુ છે, તેને બે છેડા છે અને તેના વચલા ભાગને ડાંડી કહે છે. ઉપરનો છેડો ગોળ દડા જેવો હોય છે તેને "ભુજાસ્થિનું માથું" કહેછે. તે ઢાલની સાથે જોડાઇને ખભાનો સાંધો થાયછે. તેની નીચેના ભાગને ભુજાસ્થિની ગ્રીવા કહે છે. ડાંડીનો ભાગ કેટલેક દરજ્જે ગોળ હોય છે અને તેને ઝાંખી ત્રણ ધાર હોય છે. તેનો નીચલો છેડો થોડો ચપટો હોય છે. છેડાનો ભાગ કોણીના સાંધામાં આવે છે, અને કડાઇનાં બંને અસ્થિ તે સાથે જોડાય છે. તેની બંને બાજુએ કોર છે તેમાંથી હાથના પંજાના ઘણાક સ્નાયુ નીકળે છે. તેની આગળ એક નાનો ખાડો છે ને પાછળ ઊંડો ખાડોછે. ઊપલે તથા નીચલે છેડે અને દાંડી ઉપર સ્નાયુના સંબંધની ઘણી બારીક નિશાનીઓ છે.

હાથની કડાઇનાંઃ—બે અસ્થિ છે. એક બાહરની બાજુ રહે છે તેને મણિ બંધાસ્થિ (**રેડીયસ**) અને બીજું અંદરની બાજુએ રહે છે તેને કર્પૂરાસ્થિ (**અલ્ના**) કહે છે. બંનેના છેડા ઊપર અને નીચે એક બીજા સાથે જોડાયલા છે, પણ વચમાં તેમની વચ્ચે ગાળો રહે છે. તેઓ બંને કોણીથી હાથના કાંડા સુધી લાંબા છે.

મણિબંધાસ્થિઃ—ઉપરને છેડે પાતળું છે તેને મથાળું કહેછે. તે ભુજાસ્થિ સાથે તથા કર્પૂરાસ્થિ સાથે સંધાય છે. આ સાંધો ગોળ ફરેછે અને તેથી હાથનું કાંડું ઊંધુ ચતું થઇ શકે છે. તેની દાંડીને ત્રણ ધાર અને ત્રણ સપાટી હોય છે. તેનો નીચલો છેડો મોટો અને જાડો હોય છે. તે કાંડાંમાં સંધાય છે. **કર્પૂરાસ્થિ** ઉપરને છેડે જાડું હોય છે. ઉપલા છેડાનો આકાર ઉઘાડી ચાંચ જેવો હોયછે. ખુલ્લી ચાંચની વચમાં ભુજા અસ્થિનો સાંધો મળેછે. કોણીની પાછળનો ટેકરો એ આ અસ્થિનો છે. તેની દાંડીને ત્રણ ધાર અને ત્રણ સપાટી હોય છે. તેનો નીચેનો છેડો પાતળો હોય છે તે કાંડાં સૂધી પહોંચે છે, પણ કાંડાના સંધિમાં મળેલો હોતો નથી. આ બંને અસ્થિના વચ્ચેના ગાળામાં એક પડદો છે. બંને અસ્થિની દાંડી તથા છેડાઓને પુષ્કળ સ્નાયુ લાગેલા છે. તેથી કાંડું અને હાથ તથા આંગળાં હાલે છે.

કાંડાં અથવા પોહોંચાના નાનાં નાનાં આઠ હાડકાં છે. તેમના જુદા જુદા નામની અત્રે જરૂર નથી. એ હાડકાંની બે હાર છે. ઉપરની હારમાં ચાર હાડકાં છે તે રેડીયસની સાથે સંધાય છે. નીચેની હારમાં ચાર હાડકાં છે તે હથેળીના હાડકાં જોડે સંધાય છે. એ બે હાર એક બીજા સાથે વળગેલી છે. હાડકાંઓનો આકાર અનિયમીત છે.

હથેળીનાં પાંચ હાડકાં છે. તેમાંથી એક અંગૂઠાની સાથે છે અને બાકીનાં ચાર આંગળાંઓની સાથે છે. તેમના ઉપલા છેડા ગોળ હોય છે તે કાંડાનાં હાડકાં સાથે મળે છે અને એક એક સાથે જોડાય છે. તેમના નીચલા છેડા ખાડાવાળા હોય છે, અને આંગળીઓ તથા અંગૂઠા સાથે મળે છે. નીચે તેમની વચ્ચે અંતર છે તેથી હથેળી પોહોળી અને સાંકડી થઈ શકેછે.

અંગુઠામાં માત્ર બે હાડકાં હોય છે અને દરેક **આંગળીનાં** ત્રણ હાડકાં હોય છે. તેમાં નીચલું હાડકું સૌથી મોટું અને ઉપરનું ટેરવાનું હાડકું સૌથી નાનું હોય છે. આંગળાં વળેછે, ખુલે છે, અને ભેગાં થાય છે, તેમજ જુદાં પડે છે. તેમને અંગૂઠો મદદ કરે છે. તેમના ચલન વલનથી ખાવા પીવા તથા બીજા કામમાં જે સુગમતા પડેછે તેની આગળ કૃત્રિમ કાંટા, ચમચા અને સળીઓ કશા હિસાબમાં નથી.

નિતંબ અને પગનાં અસ્થિ.

નિતંબ અને પગનાં અસ્થિ એકંદર દરેક બાજુએ નીચે પ્રમાણે ૩૧ હોયછે.

૧ નિતંબનું હાડકું
૧ જાંગનું અસ્થિ
૧ ઘુંટણની ઢાંકણી
૨ પગના નળાનાં હાડકાં
૭ પગની ઘુંટીનાં અસ્થિ
૫ પગની પાટલીનાં ,,
૨ પગના અંગૂઠાનાં ,,
૧૨ પગનાં આંગળાંનાં ,,


૩૧

હાથના કરતાં પગમાં એક હાડકું કમીછે, પણ તેમના ઉપર આખા શરીરનો બોજો આવવાથી હાથના કરતાં પગનાં હાડકાં મજબુત અને મોટાં છે.

નિતંબાસ્થિ—નિતંબનું મોટું બેડોળ હાડકું દરેક બાજુએ એકેક છે. તે બંને આગળ એક એક સાથે સંધાયછે અને પાછળ કરોડના **ત્રીકઅસ્થિ** જોડે સંધાયછે. તેઓના સંયોગથી બસ્તીપિંજર બનેછે. બસ્તિપિંજરમાં ગુદા, મૂત્રાશય, અને સ્ત્રીઓના **ઉપજીવિક** અવયવો રહેછે. નાનપણમાં નિતંબાસ્થિના ત્રણ કકડા હોય છે, તેનું સંધાઈને મોટપણમાં એક અસ્થિ થાયછે. એનો ઉપલો મોટો પાંખ જેવો ભાગછે તેને "ઇલ્યમ" કહે છે. તેનો આગળ પાતળો ભાગ છે તે સામેના નિતંબાસ્થિ સાથે સંધાયછે તેને "પ્યુબીસ" કહેછે અને પાછળ તથા નીચેનો ભાગ જેના ઉપર બેસાયછે તેને "ઇસ્કીયમ" કહેછે. બહારની બાજુએ ત્રણે વિભાગ જોડાયછે તે ઠેકાણે ઊંડો ખાડોછે તેને "આસેટાબ્યુલમ" કહેછે, તેમાં જંઘાસ્થિ સંધાય છે. અગ્ર ભાગમાં બંને "પ્યુબીસ" જોડાયછે તેની નીચે કમાન જેવો આકાર થાયછે તેને "પ્યુબીસની કમાન" કહે છે. એ કમાનની દરેક બાજુ પ્યુબીસ અને ઇસ્ક્યમ વચ્ચે એક મોટું છિદ્ર હોયછે, તેને "ઓબટ્યુરેટર ફોરામેન" કહે છે. અંદરની બાજુએ એક ઉપડેલી **રેખા** છે તે બસ્તિના આગમનદ્વાર પર આવે છે. બંને નિતંબાસ્થિ પર બહાર સ્નાયુના મોટા લોચા આવેલા છે. પુરૂષના કરતાં સ્ત્રીનાં નિતંબાસ્થિ પોહોળાં અને ફેલાતાં રહે છે. **બસ્તિનું વર્ણન સ્ત્રીરોગ સાથે આપેલું છે.**

આકૃતિ ૫. જાંગઅસ્થિ.

જાંગનું અસ્થિ—એ હાડકું શરીરમાં સૌથી મોટું, લાંબુ, અને મજબૂતછે. તેનો ઉપલો છેડો ગોળછે તેને "માથું" કહે છે. નિતંબાસ્થિનાં "આસેટાબ્યુલમ" સાથે તે જોડાઇને થાપાના સાંધા થાયછે. તેના માથાની નીચે ગ્રીવાછે. જંઘાસ્થિની દાંડીની સાથે સીધી લીટીમાં માથું નથી, પણ તેનો પહોળો ખૂણો થાયછે. ગ્રીવા અને દાંડીની વચ્ચે મોટો ટેકરોછે તેને "ટ્રોકાંટર" કહેછે. તે થાપાની બહારની બાજુએ હાથને લાગેછે. દાંડીનો ભાગ ઉપર સાંકડો અને નીચે પહોળો હોય છે. તેને ત્રણ રેખા અને ત્રણ સપાટી હોય છે. તે ઉપર મોટા મોટા સ્નાયુના લોચા વળગેલાછે. નીચેનો છેડો ફાટીને બે ભાગ થાયછે તે પગનાં હાડકાં સાથે ઘુંટણને ઠેકાણે સંધાયછે.



એ બેઉ અસ્થિના સાંધાની આગળ એક નાનું હાડકું છે તેને **ઘુંટણની ઢાંકણી** કહેછે તે પગ લાંબો હોય ત્યારે છૂટી હાલેછે.

હાથની કડાઈમાં બે હાડકાં છે તેમ **પગમાં** પણ બે હાડકાંછે. એક અંદરનું હાડકું તે મોટું, જાડું, અને મજબૂતછે, અને બીજું બહારનું હાડકું તે પાતળું, લાંબું, અને હલકુંછે.

અંદરના જાડા હાડકા(ટીબ્યા)ને બે છેડા તથા વચલી દાંડીછે. ઉપરનો છેડો મોટો પહોળોછે તેને માથું કહેછે. તેની ઉપરની સપાટીના બે વિભાગ છે તેની સાથે જાંગનું અસ્થિ સંધાયછે. તેના અગ્ર ભાગમાં ખડબચડો ઊંચવટો છે, ત્યાં ઢાંકણી ઉપરનું બંધન ચોંટે છે. દાંડીનો ભાગ અંદર અને આગળના ભાગમાં ફક્ત ચામડીથી ઢંકાયલો છે, અને તેની કોર અગર ધાર સ્પષ્ટ જણાયછે તેને **પગનો નળો** કહેછે. દાંડીના ત્રણ કોરને ત્રણ સપાટીછે. તેપર સ્નાયુ વળગી રહેછે. પ્રાછળનો ભાગ પગની પિંડીના સ્નાયુના લોચાથી ઢંકાયલોછે. નીચેનો છેડો બહારનાં હાડકાં સાથે સંધાયછે અને પગના કાંડાના સાંધામાં જોડાયછે.

બહારનું હાડકું(ફીબ્યુલા) પાતળું અને નાજુક છે, તેનો ઉપલો છેડો અંદરના હાડકાના માથા સાથે જોડાયછે, પણ ઘુંટણના સાંધામાં સામેલ હોતો નથી. તેની દાંડી બહુ

પાતળી હોયછે. તે સ્નાયુથી તદન ઢંકાયેલી રહેછે. તેનો નીચલો છેડો અંદરના અસ્થિ સાથે સંધાયછે. અંદર અને બહારના બેઉ અસ્થિના છેડા સંધાઇને દરેક બાજુએ થોડા નાચે વધેછે. તે દરેક ઘુંટીના સાંધાની અંદર અને બહાર ઉપડેલા સ્પષ્ટ જણાય છે, તેને અંદર અને બહારની ઘુંટણી કહેછે. તે બંને ઘુંટણી વચ્ચેનો માર્ગ કમાન જેવો થઈ રહે છે, તેમાં પગનું હાડકું આવી પગની ઘુંટી અગર કાંડાનો સાંધો થાય છે.

પગની ઘુંટીનાં નાનાં મોટાં સાત હાડકાં છે. હાથના કાંડાનાં નાનાં આ ૮ હાડકાં હોયછે. પણ પગનાં હાડકાં મોટાં અને મજબૂતછે. એક મોટું એડીનું હાડકુંછે અને તે શિવાય બીજાં છ હાડકાં છે. એડીના હાડકાં સાથે પગની પિંડીના સ્નાયુનું જાડું દોરડું ચોંટે છે.

પગની પાટલીનાં હાડકાં હથેળીની માફક પાંચ છે. અંગૂઠાનાં બે હાડકાં હોય છે અને બાકી દરેક આંગળાંમાં ત્રણ છે. પણ તે હાથનાં આંગળાંની માફક છૂટાં હાલતાં નથી. એડી અને પગની પાટલીના હાડકાં નાચેથી એવાં બંધાયેલાંછે કે પાટલી કમાનના આકારમાં રહેછે અને શરીરનો બોજો ઝીલેછે.

કાર્ટિલેજ-કૂર્ચા.


કાર્ટિલેજ એ કોમળ હાડ અગર અર્દ્ધ હાડ કઠણ સ્થિતિસ્થાપક, બરડ અને જાડા રબર જેવા સફેત રંગનો પદાર્થછે. તે હાડકા જેવા સખ્ત અને કઠણ નથી, પણ તેનામાં હાડકા જેવા બીજા ઘણા ગુણછે એટલુંજ નહિ, પણ શરૂઆતમાં ગર્ભમાં પ્રથમ કાર્ટિલેજ પેદા થાયછે અને પછી તેમાંથી અસ્થિ નીપજેછે. જન્મ વખત કેટલાંક અસ્થિના છેડા વગેરે કાર્ટિલેજના હોયછે તેમાંથી અસ્થિ પાકેછે. વળી કેટલાંક કાર્ટિલેજ હોયછે તેમનું ઘડપણમાં અસ્થિ થઈ જાયછે, એટલે તેમનો પાસે પાસેનો સંબંધ, ગુણ અને ઉપયોગ જોવામાં આવેછે. કાન, નાક, પાંપણ, સાંધાઓ, પાંસળીઓ ઈત્યાદિ ઠેકાણે કાર્ટિલેજ જોવામાં આવેછે. કાર્ટિલેજને કૂર્ચા કહેછે.

સાંધા.

(જોઈન્ટ)

બે હાડકાં સામસામે મળવાથી સાંધો થાય છે. સાંધા જુદી જુદી તરેહના હોયછે. કેટલાક સાંધા બિલકુલ હાલતા નથી તેને સજડ અથવા ગતિ રહિત સાંધા કહેછે. અને કેટલાક સાંધા હાલેછે તેને ગતિવાળા સાંધા કહેછે.

અ. ગતિરહિત સાંધાનાં ઉદાહરણ—ખોપરીનાં તથા કેટલાક ચેહેરાનાં હાડકામાં મળી આવેછે. બેઉ અસ્થિની વચ્ચે બંધન અગર સાંધનારો કોઈ પદાર્થ નહિ છતાં તેઓ એકમેકની સાથે જોડાઈ જાયછે અને તેમાં લેશ માત્ર પણ ગતિ રહેતી નથી.



હાથના કાંડા તથા આં-
ગળીયો અને અંગૂઠાના
સાંધાના બંધનો.

બ. ગતિવાળા સાંધા શરીરમાં ઘણાછે તેમાં કેટલાક માત્ર થોડાજ હાલી શકેછે અને કેટલાક સાંધામાં પુષ્કળ ગતિ હોયછે. ૧. થોડી ગતિવાળા સાંધાનો દાખલો કરોડના સાંધાઓમાં મળી આવેછે. કરોડનાં હાડકાં ઉપરાછાપરી ગોઠવાયલાં છે. તેમની વચમાં કાર્ટિલેજનો નરમ સ્થિતિસ્થાપક પદાર્થ હોયછે તેથી કરોડ ઉપર બોજો આવેછે, તોપણ બીન હરકતે સહન થાયછે. તેને લીધે કરોડ વાંકી અને સીધી થાયછે. પણ કરોડનાં હાડકાં એક બીજા ઉપર ફરી શકતાં નથી. ૨. કરોડનાં પહેલાં બે અસ્થિનો સાંધો પુષ્કળ ગતિવાળો છે. તે સાંધો **ગરગડીના** જેવો છે. તેથી પહેલું અસ્થિ મસ્તકની સાથે બીજા અસ્થિના ખીલાની આસપાસ ગોળ ફરી શકેછે. ખભા તથા થાપાના સાંધા પણ આ પ્રમાણે ફરી શકેછે. ૩. ત્રીજા પ્રકારના સાંધા **મજાગરાની** માફક હાલેછે. કોણી અને ઘુંટણ મજાગરાની ચાલનાં ખરાં ઉદાહરણ છે. કાંડું અને ઘુંટી પણ તેજ રીતે હાલેછે, તોપણ આજુબાજુએ તે બેઉ સાંધા થોડા હાલી શકેછે.

જેટલા સાંધા એવી રીતે પુષ્કળ ગતિવાળા છે તેમની રચના પણ તે પ્રમાણે ગતિ મળવાને અનુકૂળ હોયછે. બંને બાજુનાં સામ સામેનાં હાડકામાં એકનો છેડો જરા ખાડાવાળો તો બીજાનો છેડો જરા ગોળ હોયછે, તેથી એક બીજામાં તે બરોબર બેશી શકેછે. તે બંનેના છેડા ઉપર કાર્ટિલેજનો એક થર હોય છે. કાર્ટિલેજ સ્થિતિસ્થાપક હોવાથી સાંધાનો ધક્કામાંથી બચાવ થાયછે. બંને અસ્થિને જોડી રાખવા માટે એક અગર વધારે બંધન હોયછે. સાંધાની અંદર ચોમેર એક રસોત્પાદક પડનું આચ્છાદન હોયછે તેને **સ્નિગ્ધઆવરણ** કહેછે. સ્નિગ્ધઆવરણમાંથી તેલ જેવો ચીકણો પીળો રસ નીકળેછે તેને **સ્નિગ્ધરસ** કહેછે. સાંચાઓમાં જેમ તેલની જરૂર પડેછે તેમ સાંધાના ચલનને માટે આ રસની જરૂર છે.

સાંધાનાં હાડકાંને એકત્ર રાખવા માટે બંધન હોય છે તેને **સંધિબંધન** કહેછે. જે જે સાંધાને જેવી જેવી જરૂર હોય તે પ્રમાણે તેની આસ પાસ તેટલાં બંધન હોયછે. આ બંધન શ્વેત તંતુનાં હોયછે. કેટલાક સાંધા, જેમકે ખભા અને થાપાને ગોળ થેલી જેવા બંધન હોયછે. કેટલાકને ચાપડા અગર પટાની મિસાલે બંધન આગળ પાછળ અને બાજુપર હોયછે. બંધન સિવાય આસ પાસના સ્નાયુ અને સ્નાયુબંધન પણ સાંધાને મજબૂતી આપેછે.

સ્નાયુ.

(મસલ્સ)

ફક્ત હાડપિંજરનો દેખાવ જોઇએ તો બીહામણો અને કંટાળા ભરેલો લાગેછે, પણ તે પર જ્યારે અવયવો, માંસ, ચરબી, સંયોજક, ત્વચા વગેરેની ગોઠવણ થાયછે ત્યારે સુશોભિત શરીર થાયછે. હાડપિંજર એ માત્ર એક ચોકઠું છે, પણ ચોકઠાને ગતિમાં મૂકવાને જેમ પટા, દોરી, રસી વગેરેની જરૂર હોયછે, તેમ આ હાડપિંજરને ઠેકાણે ઠેકાણે લગાડેલા સ્નાયુછે, તે વડે શરીરનું વિવિધ પ્રકારે ચલનવલન થઇ શકેછે. ચાલવું, ખાવું,

હાથ હલાવવો, આંખ ફેરવવી, બોલવું, ઇત્યાદિ જે જે કાર્ય થાયછે તેમાં સ્નાયુનો ખપ પડેછે. કેટલેક ઠેકાણે સ્નાયુઓ સાંધા અને પેટના અવયવ વગેરેનું રક્ષણ કર્તાછે.

સ્નાયુ એ માંસના લોચા છે. સ્નાયુ નાના, મોટા, લાંબા, ટૂંકા, ગોળ, પહોળા-પથરાયલા, ચોરસ, ત્રિકોણાકાર વગેરે ભિન્ન ભિન્ન આકારનાછે. જેવો જેનો ખપ તેવો તેનો આકાર અને જાડાઈ વગેરે હોયછે.

સ્નાયુ બે પ્રકારના છે, જે સ્નાયુ માણસની ઇચ્છાને અનુસરીને કામ કરે છે તેને **"સ્વેચ્છિ સ્નાયુ"** કહેછે. હાથ, પગ, પેટ, પીઠ, તથા ચેહેરાના સ્નાયુ મરજી પ્રમાણે ચાલે છે. તે રાતા રંગના માંસના લોચા હોયછે. આ સ્નાયુને સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં તે પર આડા પટા દેખાયછે. સ્નાયુ માંસની ઉભી રેસાની જૂડીઓના બનેલા માલૂમ પડેછે.

આ રેસાઓ તથા તેની જૂડીઓ સંયોજકથી ભેગી રહેછે અને તેમના સ્નાયુ થાય છે. દરેક સૂક્ષ્મ રેસા ઉપર પટા હોયછે. દરેક સ્નાયુ અસ્થિના એક ભાગમાંથી ઉત્પન્ન થાયછે અને તેજ અગર બીજા અસ્થિને વળગી રહેછે. તે દરેકને **ઉત્પત્તિ** તથા **અવલંબન સ્થાન** કહેછે. ઘણા ખરા સ્નાયુ છેડા ઉપર રાતા માંસ જેવા નહિ હોતાં સફેત ચીકણા મજબૂત દોરડા જેવા હોયછે, અને તે દોરડા વતી અસ્થિને મજબુત પકડી રાખેછે. તેને **સ્નાયુબંધન** કહે છે. સ્નાયુબંધન ઘણાં જોરાવર હોય છે અને તે એવાંતો જોરથી ચોંટી રહેછે કે કેટલીકવાર હાડકું ભાગેછે પણ તે છૂટાં પડતાં નથી. હાથ પગનાં આંગળાં હલાવતાં જે દોરી જેવાં લાગેછે તે સ્નાયુ બંધન સમજવાં. જ્યાં સ્નાયુ બંધન વળગી રહેછે તે ભાગને સ્નાયુ હલાવેછે.


બીજા પ્રકારના સ્નાયુની ગતિનો આધાર આપણી ઇચ્છાપર હોતો નથી તેને **"નિરીચ્છક સ્નાયુ"** કહેછે. આંતરડાં, ગર્ભાશય, મુત્રાશય, રક્તનળી, હોજરી વગેરેમાં જે સ્નાયુ છે તેમનું કાર્ય આપણી મરજીને આધીન નહી રહેતાં તેમના સ્વાભાવિક નિયમ પ્રમાણે ચાલેછે. આ સ્નાયુ **સ્વેઇચ્છિક સ્નાયુ** જેવા રાતા અને કદાવર હોતા નથી. તેઓ ઘણું કરીને એક પડની માફક પથરાયેલા હોય છે. તેઓ પણ રેસાનાજ બનેલા હોયછે. પણ સ્વેચ્છિક સ્નાયુ માફક તેમના રેસાપર પટા હોતા નથી, અને તેમને સ્નાયુ બંધનની પણ જરૂર હોતી નથી.

સ્નાયુનો ખાસ ગુણ **સંકોચાવાનો** છે અને તેમના સંકોચાવાથી ગતિઉત્પન્ન થાયછે. જડબાના સ્નાયુ સંકોચાવાથી જડબાં હાલેછે અને તેથી ખોરાક ચવાયછે. ભુજાના સ્નાયુ સંકોચાવાથી હાથ વળેછે. પગના સ્નાયુના સંકોચનથી પગ ચાલેછે. ઘણે ઠેકાણે વિરૂદ્ધ પક્ષના સ્નાયુ હોયછે. એક સ્નાયુવડે આંખ મીચાયછે અને બીજા સ્નાયુથી તે ઉઘડેછે. કેટલાક સ્નાયુથી હાથની મૂઠી વળેછે અને તેના વિરૂદ્ધના સ્નાયુથી મૂઠી ઉઘડેછે અને એ પ્રમાણે ઘણાક કામને વિષે સમજવું. શરીરના સ્નાયુ જ્યાં સૂધી ચૈતન્યછે ત્યાં સુધી કામે લાગેલાજ રહેછે. સૂતાં, બેસતાં, ઉભા રહેતાં, કેટલાંક સ્નાયુઓ કામે લાગેલાજ હોય છે.

શરીરમાં સ્નાયુની સંખ્યા ઘણીછે. સુમારે પાંચસે ઉપર. સ્નાયુ છે. સ્થળ, કાર્ય,

આકાર ઇત્યાદિ કારણને અનુસરીને પ્રત્યેક સ્નાયુનાં નામ પાડવામાં આવ્યાંછે અને તે નામ ઘણું કરીને લ્યાટિન ભાષામાં છે.

આકૃતિ ૬. પીઠની સ્નાયુનો દેખાવ.



આ આકૃતિમાં બોચી, ખભા, અને પીઠની સ્નાયુના જુદાજુદા થર બતાવ્યાછે એક સ્થળેથી નીકળી બીજે સ્થળે સ્નાયુ વળગે છે તે જોવામાં આવેછે.

મુખ્ય સ્નાયુઃ— મસ્તક અને કપાળપર સ્નાયુઓ છે તેના સંકોચનથી તે ચામડીની કરચલી વળે છે. આંખને ઉઘાડવા બીડવાના સ્નાયુ જુદાછે. ચહેરા ઉપર કેટલાક સ્નાયુછે તેનાથી હાસ્ય,ગુસ્સો,દિલગીરી, વગેરે મનોવિકાર બતાવી શકાય છે. નીચલા જડબાને ચાવવા તથા બોલવા માટે નીચે ઉપર કરવા સારૂ વિરૂદ્ધ સ્નાયુનાં જોડાં હોય છે. જીભને હલાવવા, બોલવા, બહાર કાઢવા, તથા અંદર ખેંચવાના જુદાજુદા સ્નાયુ હોયછે. આંખનો ડોળો ઉપર, નીચે, બહાર, અંદર ફેરવવામાં છ સ્નાયુ કામે લાગેલાછે. મનુષ્યનો કાન ફરતો નથી, પણ જાનવરનો તેમના મોટા સ્નાયુને લીધે ઘણી ચપળતાથી હાલે છે. મસ્તકને ફરવા અને ઊંચું નીચું થવાના સ્નાયુ, તેની બંને બાજુએ તથા પાછળ વળગેલા છે.

ભુજાને ઉભો થવાના સ્નાયુ ખભા ઉપર લાગેલા છે. તેને નીચો પાડવાના સ્નાયુ કાંખમાં થઇને ભુજાને વળગેલા રહે છે. કોણીને વાળવાના સ્નાયુ મોટા દડા જેવા ભુજાના આગલા ભાગમાં દેખાય છે, અને કોણી નીચી કરવાના સ્નાયુ ભુજાની પાછળ છે. તે કોણીની અણીને વળગેલા છે. હાથના કાંડાના સ્નાયુથી કાંડું ઉઘું ચતું થાય છે. પણ તેનો મુખ્ય જથો આંગળાંને પહોંચે છે. કાંડાના અગ્રભાગમાં જે સ્નાયુ છે તે વડે અંગૂઠો અને આંગળાં વળે છે તથા કાંડાની પાછળના ભાગના સ્નાયુથી આંગળાં અને અંગૂઠો ઉઘડે છે.

છાતી ઉપરની સ્નાયુ ભુજાને વળગેછે તેનાથી હાથ છાતી ઉપર લવાયછે. પાંસળાં વચ્ચેના સ્નાયુ શ્વાસોશ્વાસમાં મદદ કરેછે. પેટના સ્નાયુથી અંદરના ભાગોનું રક્ષણ થાય

છે તથા તે સંકોચાવાથી અંદરના અવયવો ઉપર દબાણ થાયછે, અને ઝાડોપેશાબ ઉલટી કરવામાં તે મદદ કરતા થઈ પડેછે.

વાંસામાં બોચી ઉપર જે સ્નાયુઓ છે તે મસ્તકને પાછળ ખેંચેછે અને પીઠપર જે સ્નાયુનો થરછે, તે શરીરને ટટાર ઉભુ રાખવામાં તથા આગળ ઢળતું શરીર હોય, તેને ઊભું કરવાના ઉપયોગમાં આવેછે.

પેટુમાં થઈને જે સ્નાયુ જંઘાસ્થિને વળગેલાછે તેથી જાંગ પેટપર વળેછે, અને નિતંબ આદિના જે પાછળ સ્નાયુ છે તેથી જાંગ પાછી લાંબી થાયછે. જાંગની પાછળના લાંબા સ્નાયુ જે ઘુંટણની પાછળ દોરડા જેવા લાગેછે અને પગનાં બંને અસ્થિના માથાને વળગેલાછે, તેને લીધે પગને જાંગ ઉપર વાળી શકાયછે. જાંગના અગ્ર ભાગમાં સ્નાયુનો મોટો જથોછે, તે ઘુંટણની ઢાંકણીપર થઈને પગના નળાને વળગેછે. તેનાથી પગ પાછો લાંબો થાયછે.

પગની પિંડી ઉપર જે માંસનો લોચોછે અને જેનું જાડું સ્નાયુ બંધન એડીને લાગેલુંછે, તેનાથી પગ અને પગની પાટલી વળેછે. ઉભા રહેવામાં તે સ્નાયુ મદદ કરેછે. તેની નીચેના કેટલાક સ્નાયુ એડીને પડખે થઈ પગ તળીએથી આંગળાં સૂધી પહોંચેછે, તેથી પાની અને આંગળાં વળેછે. પગના અગ્ર અને બહારના ભાગમાં બંને અસ્થિ વચ્ચે જે સ્નાયુ છે, તે ઘુંટીની આગળથી પગનાં આંગળાંને પહોંચે છે. તેથી પાટલી આગળ વળેછે અને આંગળાં લાંબાં થાયછે.

છાતી અને પેટની વચ્ચે જે પડદો છે તે સ્નાયુમય છે. તેને ઉરૂદરપટલ કહેછે. તેનો આકાર ઘુમટના જેવોછે. પાછળની બાજુએ તે કરોડને લાગેછે, અને આગળ તથા બાજુએ પાંસળીઓની નીચલી કોરને ચોટેલો છે. કરોડ ઉપર તેના બે લાંબા સ્નાયુ બંધન લાગેલાંછે. પડદાની ઉપરની બાજુએ બંને ફેફસાં તથા રકતાશય છે અને તેની નીચેની બાજુએ કલેજું, અન્નાશય, પ્લીહા, તથા આંતરડાં છે.

શ્વાસ લેવામાં આ પડદો મદદ કરેછે. શ્વાસ લેતી વખત પડદો નીચે ઉતરેછે અને મૂકતી વખતે ઊંચો ચડેછે. કરાંજતી વખતે તે ખેંચાઈને નીચે ઉતરેછે, તેનાથી પેટમાંહેલા અવયવો ઉપર દબાણ થાયછે, તેથી ઝાડો, પેશાબ, અને ઉલટી કરવામાં તે મદદ કરેછે.

એ પડદામાં ત્રણ મોટાં છિદ્રછે. તે માંહેલા એકમાંથી મોટી ધમનિ છાતીમાંથી પેટમાં ઉતરેછે. બીજા છિદ્રમાંથી અન્ન નળ નીચે જાયછે, અને ત્રીજામાંથી મોટી શિરા પેટમાંથી છાતીમાં ચઢેછે.

સંયોજક.

(કનેકટીવ ટીશ્યુ.)

શરીરના ભિન્ન ભિન્ન ભાગો, અસ્થિ, તેનાં આવરણ, સ્નાયુ, રક્તવાહિની, મજ્જાતંતુ, ત્વચા, ઈત્યાદિ એક એક ઉપર ચોપડીનાં પાનાંની માફક છૂટાં ન પડતાં તેઓ એક બીજા સાથે નિકટ સંબંધમાં જોડાયલાં છે. આ જોડનાર પદાર્થને " સંયોજક " કહે છે.

આ દ્રવ્ય આખા શરીરમાં ફરી વળે છે. તે સૂક્ષ્મ તાંતણા અને પરમાણુનો બનેલો છે.

ચરબી.

(ફાટ)

ચરબી શરીરના ઘણા ભાગમાં હોય છે. તે ઘણુંકરીને સંયોજકની સાથે જોવામાં આવે છે. સંયોજકમાં પીળા રંગના લોચા ચરબીના હોય છે. ચરબી કાર્બોન અને હૈડ્રોજનની બને છે. કેટલાક માણસના શરીરમાં ચરબીનો મોટો જથ્થો હોય છે. શરીરને બરાબર કસરત ન હોય તો ચરબીમાં વધારો થાય છે.

રસપડ.

(સીરસ મેંબ્રેન)

શરીર માંહેના કેટલાક અવયવોને એક ચળકતા અને ઘણાજ લીસા પડનું આચ્છાદન હોય છે. આ પડ શ્વેત તંતુનું અને ઓછી વત્તી જાડાઇનું હોય છે. આ પડ ઘણું કરી બેવડું હોય છે. તેનું એક પડ તે અવયવને ઢાંકેછે અને બીજું પડ તેની આસપાસના ભાગ ઉપર ફરી વળે છે. આ બે પડની વચમાં પોલ રહેછે. તેમનાં સામસામેનાં પૃષ્ટ રસથી હમેશાં ભીનાં રહે છે. રસ એ પડમાંથીજ પેદા થાય છે. આ પડને રસપડ કહે છે. તેનો હેતુ એવો હોય છે કે તે અવયવને હાલવા દેવા છતાં તેનું ઘર્ષણ થવા દેવું નહિ.

મગજ, રક્તાશય, ફેફસાં, તથા પેટના અવયવોને આવું રસ પડ હોય છે.

શ્લેષ્મ પડ.

(મ્યુકસ મેંબ્રેન.)

શરીરના બાહ્ય ભાગપર જેમ ત્વચા છે તેમ અંદરના ભાગ ઉપર નાજુક પ્રકારની ત્વચા હોય છે તેને શ્લેષ્માવરણ અથવા શ્લેષ્મપડ કહે છે. આંખ, નાક, મોઢું, ગળુ, વાયુનળ, અન્નનળ, અન્નાશય, આંતરડાં, મૂત્રાશય, મૂત્રમાર્ગ, યોની. ગર્ભસ્થાન, તથા બીજી કેટલીક નળીઓનું અંતર આચ્છાદન શ્લેષ્મપડનું હોય છે. આ પડમાંથી હમેશાં પાતળો ચીકણો રસ નીકળે છે તેથી તેની સપાટી હમેશાં ભીની રહે છે. એ રસને "શ્લેષ્મ" કહે છે. એ પડ લીસુ હોય છે. તેમાં કેટલાક પ્રકારના સૂક્ષ્મ પિંડ હોય છે. તેમાંથી વિવિધ પ્રકારના રસ પેદા થાય છે. જુદા જુદા ભાગો ઊપર આ પરમાણુંના આકાર જુદા જુદા હોય છે, તેથી તેના શ્લેષ્મ રસમાં ફેર પડે છે એટલુંજ નહિ, પણ તેનાથી બીજાં કાર્ય થતાં હોય એમ પણ માલૂમ પડે છે.

સ્તન.

(બ્રેસ્ટ)

સ્તન અથવા ધાઇ છે. પ્રફુલ્લિત પૂર્ણ અવસ્થાને પહોચેલું સ્તન માત્ર સ્ત્રીઓ- માં જોવામાં આવેછે. પુરૂષ અને બચ્ચાંમાં તે માત્ર બીજ રૂપીછે. તે સુમારે ચોથી પાંસળી ઉપર આવેલુંછે.

સ્ત્રીની યુવાવસ્થાને વખતે તે પ્રફુલ્લિત થાયછે. સુમારે અગીઆર બાર વરસથી તે મોટું થવા માંડેછે અને પંદર સોળ વરસની ઉમરે તે નારંગીના કદ જેવડું થાય છે. તે ચરબીના લોચા જેવું પોચું લાગેછે. તેના શિખર ઉપર કાળા રંગની ડીંટડી હોયછે અને ડીંટડીની આસપાસ સુમારે એક ઈંચ વ્યાસનું રાતું ચક્કર હોયછે. હમેલની વખતે તેમાં કેટલાક ફેરફાર થાયછે. તે કઠણ થાયછે. તેનું કદ વધેછે. તેનું ચક્કર કાળો રંગ ધારણ કરેછે અને તેપર ગુલાબી દાણા દેખાયછે. સ્તનપર ફુલેલાં શિરાઓ જણાયછે અને ડીંટડીને દાબતાં કાંઇ ચીકણો દૂધ જેવો પદાર્થ નીકળેછે. હમેલની વખતે થાયછે એ- ટલુંજ નહિ, પણ દરેક દસ્તાનની વખતે સ્તનમાં જુજ ફેરફાર થાયછે. કોઇવાર ગર્ભ- સ્થાન અગર સ્ત્રીઅંડના વ્યાધિને લીધે પણ આવા ફેરફાર થાયછે. બચ્ચું જન્મ્યા પછી સ્તન દૂધથી ભરેલું અગર ખાલી હોય તે પ્રમાણે દૃઢ અગર નરમ લાગેછે, અને તેના ઉપર **શ્વેત રેખાઓ** જોવામાં આવેછે. આવી શ્વેત રેખાઓ બચ્ચાં થયેલ સ્ત્રીના પેટપર જો- વામાં આવેછે. ઉપત્વચા ફાટવાના સબબથી તે રેખાઓ થાયછે. સ્તનનું કદ આ રીતે સ્વભાવિક નાનું મોટું થાયછે. વળી સ્ત્રીઓમાં તેનું કદ ન્યૂનાધિક જોવામાં આવે છે.


સ્તનની રચના જોઇયે તો તે કેટલીક જુમખાદાર નળીઓની બનેલીછે. થુંક પેદા કરનાર પિંડના જેવીજ તેની રચનાછે. એ નળીઓના કેટલાક ભાગ અને વિભાગ થઈ છેવટ તેમના છેડા પરપોટા જેવા હોયછે. તેમની આસપાસ રક્ત નળીઓની જાળ હોય છે, તેમાંથી દૂધ પેદા થઇને આ નળીઓમાં વહેછે. નળીઓ પંદરથી વીસ હોયછે. તે જેમ જેમ ડીંટડી તરફ આવેછે, તેમ તેમ ઠેકાણે ઠેકાણે તે પહોળી થઈ રહેછે. આ પ- હોળા ભાગોમાંની હોજ માફક દૂધ ભરાઈ રહેછે. તે નળીઓ પાછી બારીક થઇ પોતાના જુદા જુદા મોઢેથી ડીંટડી ઉપર આવી રહેછે અને તેમાંથી બચ્ચું દૂધ ચસેછે. એ દૂધની નળીઓ ચરબીના લોચામાં રહેછે અને સ્તનનો મોટો ભાગ ચરબીનો બનેલો છે.

શરીરની પોલ.

શરીરની મોટી પોલ ત્રણછે. **ખોપરીની, છાતીની,** અને **પેટની** એ ત્રણે પોલ મોટી ગણાયછે. પેડુ અગર બસ્તિનો ભાગ પેટમાં આવી જાય છે.

ખોપરીની—અંદર મગજ અથવા ભેજુછે. શરીરનું સર્વોપરી અવયવ ભેજુંછે. ભેજું ઘણું નાજુક છે તેથી તેના રક્ષણને માટે મજબૂત અને ચોતરફથી બંધ એવી ખોપરીની પોલછે. તે પોલમાં મગજ બરાબર બેસતું આવેલું છે. મગજની સપાટીને અનુસરતી ખોપરીની જમીનછે. ખોપરીમાં મગજને માટે ત્રણ આચ્છાદન છે. એક જાડું મજબૂત


ભેજાના તળીયાનો દેખાવ.



1 ભેજાના વિભાગની ફાટ.
2 ભેજાના અગ્ર લોચા.
3 નાકઇંદ્રીની તંતુ.
5 અગ્ર અને મધ્ય લોચાની વચલી ફાટ.
7 દ્રષ્ટી તંતુઓનો સંયોગ.
9 ત્રીજી તંતુ,
11 ચોથી તંતુ.
13 પાંચમી તંતુ.
15 છઠી તંતુ.
16 પોન્સ વારોલી.
17 ચહેરાની તંતુ.
18 ભેજાનો મધ્ય લોચો.
19 શ્રવણ તંતુ.
21 "ગ્લાસોફારીંજીયલ" તંતુ.
23 "ન્યુમોગ્યાસ્ટ્રીક" તંતુ.
28 સેરીબેલમ.
31 ભેજાનો પશ્ચાત લોચો.

પડ ખોપરીની અંદર ચોમેર લાગેલું છે તેને **"બાહ્યપડ"** (ડ્યુરામેટર) કહેછે. તેનો એક ફાંટો ભેજાના બે ભાગના વચમાં ઉતરેછે. મગજમાંથી જે લોહી ફરીને પાછું જાયછે તેને માટે આ પડમાં નળી જેવા માર્ગ હોયછે. બીજું પડછે તેને **મધ્યાવરણ** (આરકનોઇડ) કહે છે. તે બેવડુંછે અને તેની પોલમાં પ્રવાહીછે. તેને **ભેજાનુ પ્રવાહી** કહેછે. તે કેવળ પાણી જેવું નિર્મળ હોયછે અને તેમાં ક્ચિત ક્ષારનો ભાગ હોયછે. ત્રીજું પડ મગજને લાગેલું હોયછે તેને **અંતરપડ** (પાયામીટર) કહેછે. મગજના પોષણ માટે તેમાં રક્ત નળીયોની જાળ પથરાયછે.

આકૃતિ ૭. **મગજ અને કરોડરજ્જુ**



મગજનું વર્ણન કરવામાં તેના ચાર ભાગ કરવામાં આવેછે. મગજનો મોટો ભાગ ઉપર આવેલોછે તેને "મોટું ભેજું" (સેરીબ્રમ) કહેછે. તેનો એક બીજો વિભાગ પશ્ચિમ અસ્થિ ઉપર રહેછે. તે મહાછિદ્રની પાછળ હોયછે, તેને નાનું ભેજું (સેરીબેલમ) કહેછે. કરોડના દોરડાના સંબંધનો મગજનો થોડો ભાગછે તેને "મેડ્યુલા ઓબ્લોંગેટા" કહેછે. તેની તથા નાના અને મોટા ભેજા વચ્ચે જે ભાગછે તેને "પૉન્સવારોલી" કહેછે.

મોટા ભેજાના બે ભાગ છે. તે એકેક બાજુએ સરખા હોયછે, તેને **અર્દ્ધગોળ** કહેછે. તે બંને વચ્ચે બાહ્યપડનો એક પડદો રહેછે. તે બંને અર્દ્ધગોળની સપાટી ઉપર કરચલી પડેલીછે. તે બંને અર્દ્ધગોળને જોડનાર એક જુદો ભાગ તેને તળીએછે. દરેક અર્દ્ધગોળની મધ્યમાં એક પોલછે તેની અંદર અત્યંત ઉપયોગી વિભાગોમાં રહેછે. તેની અંદર બે ઢેરા છે. તેમનાપર સ્પર્શ અને ગતિનો આધારછે. ભેજાની સપાટી ઉપર કરચલી અથવા ગુંછળાં પડેલાંછે. બચ્ચું જન્મે તે વખતે ભેજાની સપાટી સાદી અને કરચલીની અસર માત્ર હોયછે. પણ જેમ ઉમર વધે તેમ આ કરચલી ઊંડી અને વિશેષ થાયછે. મગજને તળીએથી બાર તંતુઓ નીકળેછે. તે નાક, આંખ, કાન, જીભ, ચહેરો વગેરે ભાગો ઉપર ફેલાઈ જાયછે. ભેજાને કાપી જોતાં માલૂમ પડછે કે તે બે પ્રકારના પદાર્થનું બનેલુંછે. સપાટી ઉપર સુમારે અડધો ઇંચ ઉંડો ભૂરા રંગનો પદાર્થ જોવામાં આવેછે અને તેની અંદર શ્વેત રંગનો પદાર્થ હોયછે. કરચલીનો મુખ્ય ભાગ ભૂરા પદાર્થનો બનેલોછે.

નાનું ભેજું પશ્ચિમ અસ્થિના નીચલા ભાગમાં આવેલુંછે. તે નાનું નારંગી જેવડું હોયછે. તેના પણ બે ભાગછે. તેના ઉપર કરચલી હોયછે,તે સીધી પાતળી હોયછે અને ઊંડી હોતી નથી. તેને કાપતાં અંદર ઝાડના જેવો દેખાવ નજરે પડેછે.

કરોડના દોરાના સંબંધનો જે સુમાર એક ઇંચ લાંબો મગજનો ભાગ તેને **"મેડયુલા ઓબ્લૉંગેટા"** કહેછે. તેના અગ્ર ભાગમાં દોરામાંથી આવતા તાંતણા સીધા નહિ જતાં આડા ફંટાઇને એકમેકથી વિરૂદ્ધ સામસામેની દિશામાં જાયછે, એટલે જમણી તરફના તાંતણા ભેજાની ડાબી તરફ જાયછે, અને ડાબી બાજુના તાંતણા ભેજાની જમણી તરફ જાયછે.

"પૉન્સવારોલી" નો ભાગ તેની ઉપરછે. મોટું ભેજું, નાનું ભેજું અને મેડ્યુલા એ સર્વેને સાંધનારો ભાગ આ છે.

ભેજાનું એકંદર વજન સુમારે ત્રણ રતલ થાય છે. વિશેષ બુદ્ધિવાળાનું ભેજું વજનમાં જાસ્તી હોયછે અને મૂર્ખ તથા ગાંડા આદમીનું ભેજુ વજનમાં હલકું હોય છે. સુમારે ત્રીસ વરસની ઉમર પર્યંત ભેજાનું વજન વધતું જાયછે. હાથી અને મગર એ બે પ્રચંડ જાનવર શિવાય બાકી સર્વ પ્રાણી કરતાં મનુષ્યનું ભેજું વજનમાં ભારે હોયછે.

આદમીની અકલ અગર બુદ્ધિનો આધાર મોટા ભેજા ઉપર છે, તેમાં પણ તેની કરચલી ઉપર વિશેષ આધાર જણાયછે. જે વિશેષ બુદ્ધિશાળી હોય તેના ભેજાની કરચલી મોટી ઊંડી ગુંછળાદાર હોયછે. દરેક બાજુની પોલમાં બે ઢેરા હોયછે તેના ઉપર ગતિ અને સ્પર્શનો આધારછે. સ્મરણ શક્તિ, શ્રવણ, દૃષ્ટિ, અને નાસિકા ઇંદ્રીનો આધાર પણ ભેજા ઉપરછે. શ્વાસ ચાલવાના તથા રક્તાશયને ચાલવાના તંતુ પણ મગજ સાથે સંબંધ ધરાવેછે. આદમી સર્વ પ્રાણીઓપર રાજધાની ભોગવેછે તે આ ભેજાની સહાયતાને લીધે છે.

મગજનું દોર—કરોડરજ્જુ.

મગજને જે ત્રણ પડ છે તેજ પડ મગજના દોરને છે અને કરોડની પોલમાંતે જારી રહે છે.

ભેજાનું દોર ,કરોડની પોલમાં રહેછે.તેને કરોડનું દોરડું અગર કરોડરજ્જુ પણ કહે છે. તે સુમારે અઢાર ઇંચ લાંબું હોયછે અને તે મસ્તકથી કમ્મર સુધી પહોચેછે. તેનો નીચલો છેડો માત્ર તંતુના ગુંછળાંનો છે. તેની આગળ અને પાછળ મધ્યમાં ઉભો ખાડો હોય છે તેથી તેના બે વિભાગ થાય છે. દરેક ભાગમાંથી એક આગળ અને એક પાછળ એવા બે તંતુ નીકળેછે. તે કરોડના અસ્થિની વચમાં છિદ્ર હોય છે તેમાંથી કરોડની પોલમાંથી બહાર પડેછે. બહાર નીકળી બેઉ તંતુ જોડાઇને એકત્ર થાયછે. કરોડમાંથી આ પ્રમાણે તંતુના એકત્રીસ જોડા નીકળેછે. તેમાં ગરદનના ભાગમાંથી આઠ, બરડામાંથી બાર, કમરમાંથી પાંચ, ત્રીક અસ્થિમાંથી પાંચ, અને ગુદા અસ્થિમાંથી એક એ રીતે એકત્રીસ તંતુઓ થાય છે. ગરદનમાંથી નીકળે છે તે હાથ અને ગરદનને પૂરી પડે


છે. બરડામાંથી નીકળે છે તે છાતીપર તથા પીઠપર વેંચાય છે. કમરમાંથી નીકળે છે તે કમરના ભાગમાં, પેટ, પેડુ અને પગના અગ્રભાગમા છેક આંગળાંસુધી પહોચે છે. ત્રીક અસ્થિ તથા ગુદા અસ્થિમાંથી નીકળેછે તે તંતુ પેડુ, નિતંબ તથા પગના પશ્ચાત ભાગમાં છેક આંગળાં સુધી ફેલાય છે.

તંતુની ગ્રંથી—(સીંપથેટીક ગાંગ્લ્યા)ની બે હારો કરોડના અગ્ર ભાગમાં છે. તે ગરદનથી છેક ગુદાસ્થિ સુધી પહોચે છે. તે શિવાય તંતુ ગ્રંથી મગજ અને કોઈ કોઈ બીજા અવયવોમાં પણ હોય છે. તેના તંતુઓ મગજ અને દોરના તંતુઓનો મેળાપ કરે છે. રક્તાશય, રક્તનળીયો, આંતરડાં, કલેજું, મૂત્રપીંડ, મૂત્રાશય, વગેરે અંદરના અવયવોમાં આ તંતુ-ગ્રંથીમાંથી નીકળેલા તંતુઓ વેંચાય છે.

છાતીની બખોલ.

છાતીની બખોલમાં રક્તાશય, તેના સબંધની મોટી રક્ત વાહિની અને બે ફેફસાં છે. તે શિવાય અન્નનળ છાતીમાં થઇને પેટમાં ઉતરે છે. શ્વાસ નળનો થોડો ભાગ ઉરમાં છે, અને બચપણમાં "થાઇમ્સ" નામનો એક પિંડ હોય છે તે મોટી ઉમરે સૂકાઈ જાયછે.

આકૃતિ ૮. **છાતીની બખોલમાં રક્તાશય તથા ફેફસાં**



1થી10સુધી પાંસળીયોછે.
vc ઉર્ધ્વ બ્રહત શીરા
ao એયોર્ટા ધમનિ
ru જમણી જવનિકા
lv ડાબી જવનિકા
rau જમણી કર્ણિકા
lau ડાબી કર્ણિકા

આ આકૃતિમાં છાતીની અંદર બંને બાજુ એકેક ફેફસુ તથા તેમની વચમાં રક્તાશય માલમ પડેછે. રક્તાશયની હદ ત્રીજીથી છઠી પાંસળી પર્યંત જણાય છે. તે વિશેષ ડાબી બાજુ તથા થોડું જમણી તરફ જણાય છે.

છાતીની બખોલ ઉપરથી સાંકડી અને નીચેથી પહોળી છે. આગળના કરતાં

તેની પાછળની ઊંડાઈ વધારે છે, કારણ કે છાતી અને પેટ વચ્ચેનો પડદો પાછળની તરફ વધારે ઢળતો છે. તેની પાછળ કરોડ, બાજુ પાંસળાં, અને આગળ કૂર્ચાં તથા **ઉરોસ્થિ** છે. પાંસળાંઓની મધ્ય જગા સ્નાયુથી ભરેલી છે. તેના ઉપરના ભાગમાંથી અન્નનળ, શ્વાસ નળી તથા શિરા અંદર આવે છે; અને કેટલાક સ્નાયુ તથા ધમની ઉપર જાય છે. નીચલા ભાગમાં પડદો છે તેનાથી છાતી અને પેટની બખોલ જુદી પડે છે. તેને "ઉદરપટલ" કહે છે. તેનો આકાર ઘુમટની માફકછે અને તે છાતી તરફ બાહ્યગોળ છે. તેમાં થઇને મોટી ધમનિ તથા અન્નનળ પેટમાં ઉતરે છે તથા મોટી શિરા છાતીમાં ચઢે છે.

રક્તાશય.

રક્તાશય, દિલ -હૃદય અથવા **અંતઃકરણની** માંસમય થેલી છાતીની બખોલમાં બે ફેફસાંની વચમાં ડાબી તરફ વાંકી મૂકાયલી છે. ડાબા ત્રીજા પાંસળાથી છઠ્ઠા પાંસળા સુધી તેની લંબાઈ ૫ ઇંચ છે. તેનો ઉપરનો જાડો છેડો ઉરોસ્થિ અને ત્રીજા પાંસળાના સંયોગની પાછળ છે અને તેનો નાચલો અણીદાર છેડો ઉરોસ્થિની ડાબી તરફ એક ઇંચ છે. પાંચમા અને છઠ્ઠા પાંસળાની વચ્ચેની જગાએ રક્તાશયનો ધબકારો માલૂમ પડેછે. તેનું ઉપલું પૃષ્ઠ બાહ્ય ગોળ છે, અને તેની નીચેનું પૃષ્ઠ સપાટ છે તથા ઉદરપટલને લાગેલું છે. રક્તાશયનું વજન સુમારે દશ ઔંસ છે. રક્તાશયની બે બાજુછે, એક ડાબી ને એક જમણી. દરેક બાજુના બે વિભાગ છે, એક ઉપરનો ખંડ જેને **કર્ણિકા** કહેછે, તથા બીજો નીચેનો ખંડ જેને **જવનિકા** કહેછે. તે બંને ખંડની વચમાં એક છિદ્ર હોયછે. તે છિદ્રને પડદા હોય છે. તે નીચલા ખંડ તરફ ઉઘડે છે અને બંધ થાયછે. ડાબી બાજુના છિદ્રને બે પડદા હોયછે તેને **દ્વયંકુશ પડદા** કહેછે તથા જમણી તરફના છિદ્રને ત્રણ પડદા હોયછે તેને **ત્રયંકુશ પડદા** કહેછે. ઉપલા ખંડની અંદરની બાજુ લીસી સપાટ હોય છે તથા નીચલા ખંડની અંદરની બાજુ ખડબચડી હોય છે. તેમાં માંસની રેખાઓ હોય છે. તેમની તથા દ્વયંકુશ અને ત્રયંકુશ છિદ્રના પડદાના સંબંધમાં ઝીણાં બંધન હોયછે. તેને લીધે એ પડદાઓ બંધ થાય છે તથા ઉઘડે છે.

રક્તાશયના ચારે ખંડને મોટી રક્તવાહિની સાથે સંબંધ હોય છે. જમણા ઉપરના ખંડ સાથે શરીરની ઉપલી અને નીચેની એવી બે મોટી શિરા જોડાય છે. જમણા નીચલા ખંડમાંથી મોટી ધમની નીકળીને તેના બે વિભાગ થઇ બંને ફેફસાંમાં જાયછે. ડાબા ઉપલા ખંડમાં ફેફસાંમાંથી ત્રણ ચાર શિરા વહેછે અને ડાબા નીચલા ખંડમાંથી એક મોટી ધમનિ નીકળેછે તેની શાખાઓ થઈ આખા શરીરમાં ફેલાયછે. દરેક ધમનિના મોઢાપર અર્દ્ધચંદ્રાકાર પડદા હોયછે તે ધમનિ તરફ ઉઘડેછે અને નીચલા ખંડ તરફ બંધ થાયછે.

રક્તાશય છાતીની અંદર એક દૃઢ રસ પડની થેલીમાં વીંટાયલુ છે, તેને રક્તાશયનું **બાહ્ય પટલ** કહેછે. બીજું નાજુક રસ પડ તેની અંદરની બાજુએ આચ્છાદન કરેછે.

ફેફસાં.

(ફુપ્ફુસ).

છાતીમાં જમણું અને ડાબું એવાં બે ફેફસાં છે. ડાબા કરતાં જમણું ફેફસું જરા મોટું હોય છે. ડાબું ફેફસું જમણા કરતાં વધારે લાંબું છે. ફેફસું શ્વાશ નળની શાખાઓનું બનેલું છે અને તે હવાથી ભરેલું હોય છે. તેમાં લોહી સાફ થાયછે. તેનો ગુણ વાદળી જેવા સ્થિતિસ્થાપક છે. તેથી તે દબાય છે અને ફરી ફૂલે છે. તેને હાથ વતી દાબીએ તો પરપોટા ફૂટે તેવા અવાજ થાય છે.

ફેફસાંનો ઉપલો છેડો સાંકડો છે અને નીચેનો છેડો છે તે ઉદરપટલ ઉપર રહેલો છે. ફેફસાંની અંદરની બાજુએ મધ્યમાં શ્વાસ નળ તથા ધમનિ પ્રવેશ કરેછે અને શિરા નીકળેછે, તેને દરેક **ફેફસાંનું મૂળ** કહેછે. ફેફસાંની બહારની બાજુ બાહ્યગોળ છાતીને મળતી હોયછે. તેની પાછળની કોરે ગોળ હોયછે, અને આગળની કોર ધાર જેવી હોયછે. બેઉ ફેફશાંનું વજન ૨૬ રતલનું હોયછે. દરેક ફેફસાંને એક રસ પડનું આચ્છાદન હોયછે. આ રસ પડ ફેફસાનું આચ્છાદન કરેછે એટલુંજ નહિ, પણ બેવડું થઇને પાંસળાની અંદરની મેર પણ આચ્છાદન કરે છે. આ રીતે તેનું એક પડ ફેફસાં ઉપર હોય છે તેમ બીજું પાંસળાંપર હોય છે.

પીઠના બીજા મણકા સામે શ્વાસનળીના બે ભાગ થાય છે. જમણો ભાગ દેઢ ઈંચ લાંબો હોયછે તે જમણા ફેફસામાં જાયછે, અને ડાબો ભાગ બે ઈંચ લાંબો હોય છે તે ડાબા ફેફસામાં જાય છે. તેના ભાગ અને વિભાગો થઈ છેવટની બારીક શાખા ઉપર સૂક્ષ્મ પરપોટી થઈ રહેછે તેને વાયુકોષ કહે છે. ત્યાં હવા અને રક્ત એક એકના સંબંધમાં આવી લોહી શુદ્ધ થાયછે. લોહીને સાફ થવા આવી કરોડો પરપોટી હોયછે. આવી રચનાથી થોડા પ્રદેશમાં લોહીને સાફ થવા ઘણી જગો મળેછે. આકૃતિ ૧૫ જુવો.

શ્વાસનળી.

(વિંડપાઇપ.)

નાકનાં નસકોરાંથી ફેફસાં સૂધીના રસ્તાને વાયુ માર્ગ કહેછે, નાકમાં થઈ હવા ગળાના પાછલા ભાગમાંથી સ્વર નળીમાં થઇ શ્વાસ નળીમાંથી ફેફસામાં જાયછે. હવાને ફેફસામાં જવા સારૂ આવો લાંબો રસ્તો લેવો પડેછે તે એટલા કારણથી કે તે માર્ગમાં હવા ગરમ થઇને ફેફસાંમાં પહોંચી શકે.

સ્વર નળીનું બ્યાન બીજે ઠેકાણે કંઠના વિષયમાં આપ્યું છે તે જોવું. સ્વર અને શ્વાસનળી એ એકજ માર્ગછે, પણ ઉપરનો ભાગ રચનામાં થોડો જુદો પડેછે અને તેનું કર્તવ્ય સ્વર ઉત્પન્ન કરવાનુંછે તેટલા માટે માત્ર તેને સ્વરનળી નામ આપવું પડેછે.

શ્વાસનળીની લંબાઈ સુમારે ચાર ઇંચછે. કરોડની ગરદનના પાંચમા મણકાથી પીઠના બીજા મણકા સૂધી જઈ તેના બે વિભાગ થાયછે. કૂર્ચાની ચપટી કડીઓ સુમારે

પંદરથી વીશ હોયછે તે ઉપરાઉપરી આવી શ્વાસનળી બનેછે. પાછળ શ્વાસનળીના એક તૃતીયાંસ વ્યાસમાં આ કડીઓ પહોચતી નથી, અર્થાત કડીઓ પૂર્ણ ગોળ નથી. પાછળથી શ્વાસનળી અન્ન નળને વળગેલીછે. કડીઓ એક બીજા સાથે શ્વેતતંતુથી બંધાયછે. પાછલા ભાગમાં સ્નાયુ હોયછે, અને શ્વાસનળીની અંદર શ્લેષ્માવરણ હોય છે. આકૃતિ ૧૫.


પેટ—ઉદર.

(આબ્ડોમેન.)

પેટની બખોલ મોટામાં મોટીછે. તેની પાછળના ભાગમાં કરોડ અને બાજુયે ઉપરના ભાગમાં નીચલાં પાંસળાં છે. તેનું આગળનું અને પડખાનું ઢાંકણ સ્નાયુ તથા ત્વચાનું બનેલું છે. તેના ઉપરના ભાગમાં ઊરૂદરપટલ છે અને નીચલીમેર પેડું અથવા બસ્તિ છે. તેનું ઢાંકણ હાડકાનું નહીં હોવાથી તે ઘણું નાનું મોટું થઈ શકે છે. દુર્બળ આદમીના પેટનું ઢાંકણ છેક કરોડને અડકે છે અને કરોડના મણકા પેટ પરથી હાથને લાગે છે. તેજ ઢાંકણ સ્ત્રીના ઓધાનના વખતમાં, ચરબીવાળા માણસમાં અને જળદર આદિ દરદને લીધે કેટલું બધું પહોળું થઈ શકે છે! પેટની દીવાલની મધ્ય રેષામાં દૂંટીનો ખાડોછે. તેની નીચે પેડુનો ભાગ છે અને ઉપર પાંસળીઓના વચલા ભાગને પીપડી કહે છે. બંને બાજુને પડખા કહે છે.

પેટમાં કલેજુ, અન્નાશય, પ્લીહા, આંતરડાં, મૂત્રપિંડ, પાંક્રિયાઝ અને મૂત્રપિંડના ઉર્દ્ધપિંડ છે. પેટની કરોડને અધારે મોટી શિરા અને ધમનિ રહે છે.

આકૃતિ ૯. છાતી અને પેટના અવયવનો ખુલ્લો દેખાવ.



a રક્તાશય
b ફેફસાં
c કલેજુ.
d હોજરી.
f નાનાં આંતરડાં.
g મૂત્રાશય.
h મોટી ધમનિ એયોર્ટા.
l ધમનિ (કારોટિડ).
k કર્ણિકા.
m ઉર્ધ્વશ્રહત શીરા.
n ગરદનની શીરા.
o હાથની શીરા.
p ઉરૂદર પટલ.
q વાયુ નળી.
v અન્ન નળ.

પેઢુ અગર બસ્તિમાં મૂત્રાશય, ગુર્દા, અને સ્ત્રીઓમાં ગર્ભાશય તથા તેનાં ઉપાંગ હોય છે.

જેમ બીજી બખોલોમાંના અવયવોને રસ પડનું આચ્છાદન છે, તેમ એક રસ પડ પેટ અને પેઢુ માંહેલા ઘણા ખરા અવયવોને લપેટી રાખેછે. તેમજ તે પેટના ઢાંકણની ચોમેર આચ્છાદન કરે છે, તેને **ઉદર રસપડ** (પેરીટોન્યમ) કહે છે. આ રસપડ આચ્છાદનનું કામ કરે છે એટલુંજ નહીં પણ પેટ માંહેલા ઘણાક અવયવના બંધનનું પણ કામ કરે છે. આતરડાં રસ પડના બંધનથી કરોડને વળગી રહ્યાં છે.

ઉરૂદર પટલ પેટ તરફ અંતરગોળ હોય છે. તેની પાછળનો ભાગ નીચો હોય છે, અને આગળનો ભાગ ઉંચો હોય છે. તેની ઉપર ફેફસાં અને રક્તાશય લાગેલાં છે તથા નીચે કલેજુ, અન્નાશય, પ્લીહા અને આંતરડાં લાગેલાં છે. તેને થોડા ભાગ શિવાય બાકીના ભાગપર રસપડનું અસ્તર હોય છે.

ખોરાક માર્ગ.

(કુડપાસેજ.)

ખોરાક માર્ગ:—ખોરાક માર્ગ મોઢેથી શરૂ થાય છે અને ગુદદ્વારે તેનો છેડો આવે છે. તેની એકંદર લંબાઈ ૩૫ ફીટ છે. તેના જુદા જુદા ભાગ નીચે પ્રમાણે છે. **૧મોઢું**, ૨ **ફારીંક્ષ**, ૩ **અન્નનળ**, ૪ **જઠર**, ૫ **આંતરડા**, (નાનાં અને મોટાં).

મોઢું:—મોઢાની પોલના આગળના ભાગમાં બંને હોઠ છે, બાજુએ ગાલછે, તળીએ જીભ છે અને ઉપર તાળવું છે. તેની અંદર ઉપલા અને નીચલા એવા સોળ સોળ દાંતની બે હારો છે. નીચલું જડબું હેઠળ અને ઉપર હાલવાથી મોઢું ઉઘડે છે અને બીડાય છે, તેથી બોલવા, ખાવા, હસવા વગેરેની ક્રિયા થાય છે. ઉપલું જડબું અચળ છે. મોઢાની અંદર શ્લેષ્માવરણ છે. હોઠ, ગાલ, પેઢાં, જીભ અને તાળવા ઉપર આ અસ્તર છે. તેનાથી મોઢામાં ભીનાશ અને ચીકાસ રહે છે. તેની અંદર ઘણી સૂક્ષ્મપિંડ હોય છે, તેમાંથી આરદ્રસ્ત્રાવ થાય છે. તે સિવાય પાચન ક્રિયામાં પુષ્કળ થુંકની જરૂર છે. તે પેદા કરવા સારૂ મોટી પિંડના ત્રણ જોડાં છે, તેને "**લાળપિંડ**" એટલે થુંક પેદા કરનારી "ગ્લાંડ" કહે છે.

તે માંહેલી મોટી પિંડ કાનની નીચે જડબાની પાછળના ભાગમાં રહે છે. તે સ્વભાવિક સ્થિતિમાં બહાર જણાતી નથી. પણ જ્યારે "ગળસુળા" માં તે સૂજી આવે છે ત્યારે સ્પષ્ટ લાગેછે. તેને "પારોટીગ્લાંડ" કહે છે. તેની થુંક નળી ગાલ ઉપર થઇને મોઢામાં ઉપરની બીજી દાઢની સામે ઉઘડે છે.

બીજી બે પિંડ નીચલા જડબાના ખૂણાની અંદરની બાજુએ હોય છે. તેની નળી મોંને તળીએ જીભ નીચે ઉઘડે છે. તેને "સબમાક્ષીલરીગ્લાંડ" કહે છે. ત્રીજી લાળ પિંડ હનવટીની અંદર હોય છે તેને "સબલીંગ્વલગ્લાંડ" કહે છે. તેની નળી પણ જીભ નીચે ઉઘડેછે. તેઓમાંથી મોઢામાં હરકોઈ પદાર્થ આવતી વખત પુષ્કળથુંક નીકળેછે.

દાંતઃ—નું વર્ણન બીજે ઠેકાણે કરવામાં આવ્યું છે. ગાલ તથા ઓષ્ટની બહાર ત્વચા અંદર શ્લેષ્માવરણ અને મધ્યમાં સ્નાયુ હોય છે.

તાળવુંઃ—ઘુમટદાર છે અને અંતરગોળ માલમ પડેછે. તાળવાનો આગળનો ભાગ કઠણ છે અને તે ઉપલા જડબા તથા તાળુ અસ્થિનો બનેલો છે. તાળવાનો પાછળનો ભાગ પોચો છે અને તેમાં શ્લેષ્માવરણ તથા સ્નાયુ માત્ર હોય છે. **પોચું તાળવું હાલેછે**; અને સ્નાયુના યોગથી તે થોડું નીચે ઉતરેછે અગર ઉપર ચઢેછે. પોચા તાળવાના પાછળના કિનારાપર મધ્યમાં એક અણીદાર સુમારે ½ ઇંચ લાંબો છેડો લટકેછે તેને **પડજીભી** કહે છે. પોચા તાળવાની બંને બાજુએ બે કમાન ઉતરેછે. આ બંને કમાન મોઢાને તળીયે છુટી પડી વચમાં માર્ગ રહેછે તે જગામાં "ટોનસીલ" એટલે ચોરીયાના પિંડ રહેછે. ઉપર તાળવામાં તે બંને કમાન મળી એકત્ર થાયછે. તાળવાની બેઉ બાજુની કમાનની મધ્યનો જે રસ્તો તેને "**ગળાની બારી**" (ફાર્સીસ) કહેછે. બારીની આગળ મોઢાની પોલછે અને તેની પાછળ **અંદરના ગળાની પોલછે**. ગળું એ શબ્દ બહારની ગરદનને પણ લાગુ પડેછે, માટે આને અંદરનું ગળું કહેવું બાજબીછે.

જીભ—જીભ કેવળ સ્નાયુની બનેલીછે, અને તે ઊપર શ્લેષ્માવરણનું અસ્તરછે. તેનો આગળનો છેડો છુટોછે. તેનો અંદરનો છેડો "હાયવોડ" નામના ગળાના અસ્થિ તથા નીચલા જડબાની અંદરની બાજુએ વળગેલોછે. જીભમાં પુષ્કળ સ્નાયુછે તેને લીધે તે પહોળી અને સાંકડી થાયછે, બહાર આવેછે અને અંદર પેસેછે. ઊંચી નીચી તથા બાજુએ ફરી શકેછે. જીભ સ્વાદ ઇંદ્રિછે એટલુંજ નહી પણ ચાવવા, ઉચ્ચાર કરવા તથા ગળવાના ઉપયોગમાં પણ કામ આવેછે. જીભના મધ્યમાંથી બે વિભાગ થઇ શકેછે, તેના ઉપલા પૃષ્ટ પર સ્વભાવિક નાના મોટા **દાણા** હોયછે. આ દાણા આગળના ભાગમાં સૂક્ષ્મ હોય છે, પણ પાછળના ભાગમાં થોડા મોટા દાણા હોયછે અને તે "V"ના આકારમાં ગોઠવાયલાછે.

અંદરનું ગળું—ગળાનીપોલ ખોપરીને તળીએથી કરોડની ગ્રીવાના પાંચમા મણકા પર્યંત ચાર ઇંચ લાંબીછે. આ પોલમાં થઈ ખોરાક અન્ન નળમાં ઉતરેછે અને પવન શ્વાસ નળીમાં જાયછે. તેમાં સાત દ્વાર જોવામાં આવેછે, ગળાની બારી, પાછળનાં બે નસકોરાં, શ્વાસનળી, અન્ન નળ, અને બે કાનની નળીનાં મળી સાત દ્વાર થાયછે. તેની ઉપર ખોપરીનું પશ્ચિમ અસ્થિનું તળીઉંછે. પાછળ કરોડનો સ્તંભછે. આગળના ભાગમાં ગળાની બારી તથા નસકોરાંછે. શ્વાસ નળી તથા અન્ન નળનાં દ્વાર નીચેના ભાગમાં આવેલાંછે. બારીના તાકની પાછળની મેર બે નાનાં છિદ્ર કાનની નળીનાંછે. ગળાની ચામેર સ્નાયુની દિવાલછે અને અંદર શ્લેષ્માવરણનું અસ્તર છે.

અન્ન નળ.


અન્ન નળઃ—અંદરના ગળાના નીચેના છેડાથી હોજરી પર્યંત ખોરાકને ઉતરવાનો

માર્ગછે તેને અન્ન નળ કહેછે. શ્વાસ નળીની પાછળ અને થોડો તેની ડાબી તરફ કરોડને આધારે તે નીચે ઉતરેછે અને ઉદરપટલના છિદ્રમાં થઈ હોજરીને મળેછે. અન્નનળ સ્નાયુમયછે અને અંદર શ્લેષ્માવરણનું અસ્તરછે. તેના સંકોચાવાથી ખોરાક નીચે ઉતરેછે.

હોજરી.

અન્નાશય, જઠર, હોજરી, પક્વાશય—ખોરાક માર્ગમાં આ ઘણો પહોળો ભાગછે. તેનો આકાર મસક જેવો છે. ઉદરની અંદર અન્નાશય ડાબા પડખામાં પાંસળાની અંદર છે. તેમાં ખોરાક હોય ત્યારે તે મોટું થઈ વિશેષ જગો રોકે છે. તેની ઉપરની બાજુએ ઉદરપટલ તથા કલેજાનો ડાબો ભાગ છે. તેની ડાબી તરફ પ્લીહા છે. જમણી તરફ કલેજુ છે. આગળ પેટની દીવાલ છે, નીચે આંતરડા છે અને પાછળ પાંકીયાઝ તથા કરોડ છે. તેનો ડાબો છેડો ગોળ પહોળો અને જમણો છેડો પાતળો અને સાંકડો હોય છે. ડાબા છેડાની ઉપર અન્ન નળનો સંયોગ થાય છે. તેમના સંયોગના દ્વારને **ડાબુદ્વાર** કહે છે. હોજરીનો જમણો છેડો સાંકડો આંતરડાના આકારનો હોય છે અને આંતરડાને મળી જાય છે. તેને **આંતર** છેડો કહે છે. આંતરડાના સંયોગદ્વારને **આંતરદ્વાર** કહે છે. હોજરીના આકારને લીધે તેનો ઉપરનો ભાગ અંતરગોળ હોય છે અને નીચેનો ભાગ બાહ્યગોળ હોય છે.

આકૃતિ ૧૦. **હોજરીનો અંદરનો દેખાવ.**



1 અન્નનળ.
3 હોજરીનો ડાબો છેડો
4 જમણો છેડો.
5 ઉપરની કોર.
6 નીચે અને ઉપરની કોર.
8 હોજરીની અંદરની કરચલી
9 આંતરદ્વાર.
10 ડુઓડાનમ.
11 શ્લેષ્માવરણના પડદા.
12 ડુઓડીનમને પીત્તનીનળી મળે છે.

અન્નાશયના ત્રણ પડ હોય છે. બહાર રસપડનું અસ્તર છે, અંદર શ્લેષ્માવરણ છે અને મધ્યપડ સ્નાયુમય હોય છે. બાહ્યપટલ રસપડનું છે અને તેને લીધે હોજરી, ઉદરપટલ તથા પ્લીહાની સાથે બંધન થાય છે. હોજરીની નીચે રસપડનું બેવડ પડ લટકે છે અને તે આંતરડાના ઢાંકણ તરીકે વરતે છે. તેને **"આંતર પડદો"** (ઓમેન્ટમ) કહેછે.

મધ્ય પટલમાં સ્નાયુના તાંતણા હોય છે. તે હોજરીની સર્વ દિશામાં પથરાયલા હોય છે. **તેમના ઉપર હોજરીના સંકોચાવાનો અને ખોરાકપરની અસરનો આધાર હોય છે.**

અંદરનું પડ શ્લેષ્માવરણનું હોય છે. તે જાડું હોય છે અને તેની કરચલી પડેલી હોય છે. આ કરચલીની રેખાઓ ડાબાથી જમણા છેડા તરફ હોય છે. સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈએ તો તેમાં ખાડા માલૂમ પડે છે અને તેમાં મધપૂડાની માફક અસંખ્ય છિદ્ર હોજરીની અંદર નજરે આવે છે. આ પડમાં સૂક્ષ્મ નળીયો હોય છે, તેમાંની ઘણીખરી સળંગ એકજ રહે છે અને કેટલીકના વિભાગ થાય છે. તે નળીઓમાં "એપીથીલયમ" નું આચ્છાદન હોય છે. તેમાં "જઠરરસ" પેદા થઈ પાચન ક્રિયા માટે હોજરીમાં વહે છે. ઉપર છિદ્ર કહ્યાં છે તે આ નળીઓનાં મોઢાં સમજવાં. આ નળીઓને જઠરરસ પેદા કરનાર પિંડ એટલે "ગ્લાંડ" સમજવી. તે આંતર છેડા તરફ બહુજ હોય છે.

શ્લેષ્માવરણ બેવડ વળીને આંતર દ્વારના મોઢા ઉપર એક પડદો થઈ રહે છે. તે ખોરાકને આંતરડામાં વહેવા દેછે પણ પાછો વળવામાં પ્રતિબંધ કરે છે.

આંતરડાની નળી હોજરીથી ગુદા પર્યંત સુમારે ૩૦ ફીટ છે પરંતુ તેના ગૂચળાં થઇને રહેવાથી પેટની ખોમાં તેમનો સમાવેશ થાય છે. મોટા અને નાનાં એવા આંતરડાના બે ભાગ પાડવામાં આવ્યા છે.

નાનાં આંતરડાનાં—પુષ્કળ ગૂંચળાં હોય છે અને તેમની લંબાઇ સુમારે ૨૦ થી ૨૫ ફુટ હોય છે. તેના ત્રણ ભાગ હોય છે તેને "ડુઓડીનમ" "જેજ્યુનમ" અને "ઇલ્યમ" કહેછે.

ડુઓડીનમની લંબાઈ ફકત આઠ દસ ઈંચની છે. તેમાં પિત્ત અને પાંક્રીયાઝનો નળીયો મળે છે. નાના આંતરડાનો બાકીનો ઘણો ખરો ભાગ જેજ્યુનમ અને ઇલ્યમનો છે. તેમનાં ગૂંચળાં પેટનો મોટો ભાગ રોકે છે. પેટની જમણી બાજુએ ઇલ્યમ અને મોટાં આંતરડાંનો મેળાપ થાય છે. તેમના સંયોગ દ્વારપર શ્લેષ્માવરણના બે પડદા હોય છે. તેમને લીધે નાના આંતરડાના પદાર્થ મોટાં આંતરડામાં જાય છે, પણ મોટાં આંતરડામાંથી પાછા નાનામાં સહેલાઇથી આવવા પામતા નથી.

મોટા આંતરડાની—લંબાઈ સુમારે ૫ ફુટની છે. તેના પણ "સીકમ" "કોલન" ને "રેકટમ" એવા ત્રણ ભાગ છે. સીકમ પેટની જમણી બાજુ છે. તેમાંથી એક આંગળ જેવો જાડો નળીનો ફાંટો નીકળે છે. તે કેટલાક જાનવરમાં બહુ મોટો જોવામાં આવેછે. કોલન પેટના જમણા ખૂણામાંથી ઉપર ચઢી કલેજા પર્યંત પહોંચે છે. ત્યાંથી હોજરીની સમાંતર ડાબી તરફ વાંકું વળે છે અને ડાબી બાજુથી નીચે ઉતરીને પેટના ડાબા ખૂણા સુધી પહોચે છે, ત્યાં તેનું એક ગૂચળું વળે છે. ત્યાંથી રેકટમ શરૂ થઈ બસ્તિમાં ગુદા પર્યંત ઉતરે છે.

નાના કરતાં મોટાં આંતરડાં વધારે રૂંધ હોય છે. પેટને ઠોકવાથી તે પોકળ અવાજ આપે છે તેનું કારણ કે આંતરડામાં હવા હોય છે.


આંતરડાંની રચના—આંતરડાંના નળના પણ હોજરીની માફક ત્રણ પડ હોય છે. તેનું બાહ્યપડ રસપડનું હોય છે. રસપડ તેમને લપેટે છે એટલુંજ નહિ પણ તે કરોડને વળગી રહે છે તેથી આંતરડાં પોતાના સ્થળમાં રહે છે. તેને "આંતર બંધન"

(મીઝેંટરી) કહે છે. મધ્યપડ સ્નાયુમય હોય છે. સ્નાયુના તાંતણા આંતરડાંની લંબાઈભણી હોય છે, તેમજ તેમના ગોળ પરિઘમાં પણ હોય છે. તેમની મદદથી આંતરડાં સંકોચાય છે અને તેમની ગતિ કીડાની ચાલને મળતી આવે છે. તેમની ગતિથી અંદરના પદાર્થ આગળ હડસેલાય છે.

અંદરનું પડ શ્લેષ્માવરણનું હોય છે. નાના આંતરડામાં આ પડ બેવડું થઈ તેના નાના નાના પુષ્કળ પાળ અગર પડદા થાય છે. તેમને લીધે અંદરનું પૃષ્ટ ઘણું વધે છે, એટલુંજ નહીં પણ ખોરાક ઝડપથી નહીં જતાં ઘણી મંદ ગતિથી વહે છે.

મોટાં આંતરડાંમાં આવા પડદા હોતા નથી. આ પડમાં ભિન્ન ભિન્ન જાતના રસોત્પાદિક પિંડ (ગ્લાંડ) હોયછે.

આકૃતિ ૧૧. **હોજરી અને આંતરડાં.**



1 હોજરી.
2 અન્નનળનો છેડો.
3 હોજરીનો ડાબો છેડો.
4 ,, જમણો છેડો.
5 આંતરદ્વાર.
6 ડુઓડીનમ.
7 જેજ્યુનમ.
8 ઈલ્યિમ.
9 સીકમ.
11 }
12 } કોલન.
13 }
14 }
15 રેક્ટમ. સક્રો.

હોજરીની પિંડને મળતી આવે તેવી પિંડ ડુઓડીનમમાં હોયછે તેને " બ્રુનરના ગ્લાંડ " કહેછે. તે સિવાય છૂટક મોઢા વગરની ગ્લાંડ પુષ્કળ હોયછે. તેવી ગ્લાંડના મોટા ચાપડા ઇલ્યમમાં જોવામાં આવેછે, તેને " પાયર્સપાચ " કહેછે. વળી બીજી જાતના ગ્લાંડ પણ આંતરડામાં જોવામાં આવેછે.

સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં નાનાં આંતરડાંમાં સૂક્ષ્મ આંચળ જેવી રૂવાંટી જોવામાં આવેછે, તેને "લોમ" કહેછે. આ રૂવાંટીની અંદરે સૂક્ષ્મ નળીઓ હોયછે. તે ખોરાકના પોષણકારક ભાગને શોષી લે છે. તે નળીઓને "દુગ્ધવાહિની" (લાકટાયલ) કહેછે. આ રૂવાંટી માત્ર નાનાં આંતરડાંમાં હોયછે. મોટાં આંતરડાંમાં હોતી નથી. સર્વ દુગ્ધ નળીઓનો સંયોગ થઇ એક નળ થાયછે તેને "ઉરોનળ" (થોરાસીકડક્ટ) કહેછે. તે ઉદરમાંથી છાતીમાં જઈ જમણી તરફ મોટી શિરાને મળેછે.

કલેજું.


કલેજું: યકૃત:—કલેજુ મોટામાં મોટું અંતરાવયવ છે. તેનું વજન સુમારે ચાર રતલ થાયછે. પેટની અંદર પાંસળીયો માંહે જમણા પડખામાં કલેજુંછે. જમણી બાજુથી પીપડીના ભાગમાં થઈ ડાબા પડખામાં પ્લીહા પર્યંત કલેજુ પહોચેછે. જમણી બાજુથી ડાબી બાજુ સુધી તેની લંબાઈ સુમારે એક ફુટછે, અને પહોળાઈ સુમારે આઠ ઈંચછે. તેની ઉપરની બાજુએ ઉરુદરપટલછે, અને તેની નીચેની બાજુએ અન્નાશય, આંતરડાં ને મૂત્રપિંડછે. તેની આગલી કોર પાતળીછે, તે પાંસળીની કોરને અનુસરેછે. પાછળની કોર જાડી હોયછે. તેનું ઉપરનું પૃષ્ઠ બાહ્ય ગોળછે. ઠોકવાથી કલેજામાંથી બોદો અવાજ આવેછે. તેની ઉપર ફેફસુ તથા નીચે આંતરડાંમાંથી પોકળ અવાજ આવે છે, તેથી યકૃતની હદ કાઢી શકાયછે. ઉપલી તરફ કલેજાની હદ જમણી બાજુએ છાતીના આગળના ભાગમાં પાચમી પાંસળી પર્યંતછે. પડખામાં આઠમી પાંસળી સુધીછે, અને પાછળ દશમી પાંસળી સુધીછે. નીચે પાંસળીઓના કિનારા સુધી તેની હદછે. તેથી કમી જાસ્તી હદ જણાયછે ત્યારે કલેજુ નાનું અગર મોટું થયુછે એમ સમજવું.

કલેજાનાં બંધન પાંચ છે. તેમાંનાં ચાર રસ પડનાં છે, અને તેનાથી ઉરુદરપટલ સાથે કલેજુ બંધાઈ રહેછે. પાચમું બંધન ગર્ભાવસ્થાની શિરાનું થઈ રહેછે. કલેજાના પાંચ ભાગ પાડવામાં આવ્યા છે. તેમાં જમણો અને ડાબો એવા બે મોટા ભાગ છે. કલેજાના સંબંધમાં પાંચ પ્રકારની નળીયો છે. હોજરી અને આંતરડાંની શિરાઓ મળીને એક મોટી શિરા થાય છે. તેને મધ્ય શિરા (પોરટલ વેન) કહેછે. મધ્ય શિરા કલેજામાં દાખલ થઈ તેની શાખાઓ અને કેશવાહિની થાય છે. તેમાંનું રૂધિર શુદ્ધ થાય છે. કલેજાનું એક કામ આ મધ્ય શિરાનું રૂધિર શુદ્ધ કરવાનું છે, અને બીજુ પિત્ત પેદા કરવાનું છે. પિત્ત વેહેવાની એક નળી કલેજામાંથી નીકળે છે. પોતાના પોષણ માટે કલેજાની ખાસ ધમનિ છે. કલેજામાંથી રક્ત પાછું વેહેવાની કલેજાની શિરા છે.

યકૃતની સુક્ષ્મ રચના:—બાજરીના દાણા જેવડા અગણિત કણનું કલેજુ બનેલ છે. દરેક કણમાં કલેજાના ખાસ પરમાણું હોય છે. તે પરમાણુની આસપાસ મધ્ય શિરાની કેશવાહિની હોય છે. તેમાંથી પિત્ત પેદા થઇને પિત્તવાહિનીની નળીમાં જાય છે.

કલેજુ.
તેની હેઠળની સપાટીનો
દેખાવ. તેના પાંચ વિ-
ભાગ. પિત્તાશય. (10)

આગળની કોર.



પાછળની કોર.

પીત્તો.

પિત્તોઃ પિત્તાશય.—કલેજામાંથી પિત્ત પેદા થાયછે. તે આંતરડાંમાં પાચનક્રિયાને માટે ઉપયોગી છે. પાચનક્રિયા ચાલતી હોય ત્યારે પિત્ત આંતરડામાં વહેછે. પણ તે ક્રિયા ન ચાલતી હોય ત્યારે કલેજામાંથી પિત્ત નીકળી એક થેલીમાં એકઠું થઇ રહેછે તેને પિત્તાશય કહેછે. પિત્તાશય કલેજાને ચોટેલું તેની નીચેની બાજુ જમણી તરફ નવમી પાંસળીના કિનારાની પાસે છે. તે નાની ગાજર જેવડી થેલી હોયછે. પિત્તની નળી ડુઓડીમને મળેછે. તે નળીની સાથે પાંક્રિયાઝનો સંયોગ થાય છે અને તે બેઉની એક નળી થઈ આંતરડામાં ઉઘડે છે.

પ્લીહા.

પ્લીહાઃ—તાપતલ્લીઃ બરોળઃ—પેટના ડાબા પડખામાં નવ દશ અને અગીઆરમી પાંસળીઓને લાગીને પ્લીહા રહેછે. તેની બહારની બાજુ પાંસળીછે. તેની ઉપર ઉદરપટલછે. નીચે ડાબો મૂત્રપિંડ તથા અંદરની તરફ હોજરી આવેલીછે. રસ પડના બંધનથી ઉદરપટલ તથા હોજરી સાથે પ્લીહા બંધાઈ રહેછે. તેનો રંગ વાદળી સ્લેટ જેવો હોય છે. તેનું વજન છ ઔંસ, લંબાઈ ૫ ઇંચ અને પહોળાઈ ૩ ઇંચ હોયછે. તેનું કદ નાના મોટું હોયછે. જમ્યા પછી તે મોટી થાયછે અને ભૂખની વેળાએ તે નાની હોયછે. તે ઘણી નરમ હોયછે. તેનું કામ રક્ત શુદ્ધીનુંછે. તાવ આવેજે ત્યારે તેનું કદ મોટું થાયછે.

પાંક્રીયાઝ.

" પાંક્રિયાઝ " નામની ગ્લાંડ ઉદરમાં હોજરીની પાછળ છે. તેની લંબાઈ છ ઇંચ છે. કરોડની કમ્મરના બીજા મણકા ઉપર તે આવે છે. તેનો ડાબો છેડો પાતળો છે તેને પુંછડી કહે છે અને જમણો છેડો જાડો છે તેને માથું કહે છે. તેની રચના થૂંકની ગ્લાંડને મળતી છે અને તેનો રસ પણ પાચન ક્રિયામાં થૂંકનો અર્થ સારે છે. તેની નળી પિત્તની નળીને, મળી આંતરડામાં ઉઘડે છે.

મૂત્રપિંડની ઉર્ધ્વગ્લાંડઃ—(સુપ્રારીનલ કાપસ્યુલ) દરેક મૂત્રપિંડ ઉપર એક નાની ચપટી ત્રિકોણાકારપિંડ હોય છે. તે ગર્ભવસ્થાનમાં મોટી હોય છે. ત્યારબાદ બીજા અવયવોની માફક ઊમરની સાથે તે વધતી નથી. ગર્ભવસ્થામાં તેનો વિશેષ ઉપયોગ હોય એમ માલમ પડે છે. તેનો ખરો ઉપયોગ શો છે તે કહી શકાતું નથી.

મૂત્રપિંડ.

મૂત્રપિંડ અથવા ગુરદા બે છે. દરેક ગુરદો કરોડની બાજુએ કમરના ભાગમાં પેટની પાછળની દિવાલપર છે. અગીઆરમી પાંસળીથી ઇલ્યમના કિનારા સૂધી તે લાંબા છે.

લંબાઈ ચારથી પાંચ ઇંચ અને પહોળાઈ બે ઇંચ છે. રસપડની પાછળ સંયોજક અને ચરબીની અંદર દટાયેલ મૂત્રપિંડ રહે છે. જમણો ગુરદો ડાબા ગુરદા કરતાં કલેજાના દબાણથી જરા નીચો રહે છે. તેની ઉપર ગુરદાનો ઉર્ધ્વપિંડ અને કલેજુ છે અને તેની આગળ ચઢતું કોલન અને ડુઓડીનમ આંતરડું છે. ડાબા ગુરદા ઉપર પ્લીહા અને ઉર્ધ્વગ્લાંડ તથા આગળ હોજરી અને ઉતરતું કોલન હોય છે. ઉદરના ઘણાક અવયવો રસપડમાં લપેટેલાં છે તેમ ગુરદો લપેટાયલો નથી. ગુરદો રસપડની પાછળ છે. તેનું આગળનું પૃષ્ટ અને બહારની કોર બાહ્યગોળ છે. પાછળનું પૃષ્ટ ચપટું છે. અંદરની કોર અંતરગોળ છે તેમાં ખાડો છે. તે વાટે મૂત્રપિંડધમનિ અંદર પ્રવેશ કરે છે અને તેની શિરા તથા મૂત્ર નળ બહાર નીકળે છે. મૂત્ર નળનું મોઢુ ગુરદાના સંયોગમાં પહોળું હોય છે તેને **ગુરદાની બસ્તિ** (પેલ્વીસ આવ કીડ્ની) કહે છે. મૂત્રપિંડની આસપાસ શ્વેત તંતુમય એક પડ હોય છે.

મૂત્રપિંડને કાપતાં માલુમ પડશે કે તેનો બહારનો પૃષ્ટ ભાગ વિશેષ રાતો છે. અને મધ્યનો ભાગ થોડો ફીકો અને રેષાવાળો જણાય છે. મૂત્રપિંડ સુક્ષ્મ મૂત્ર નળીયોનો બનેલો છે. આ નળીઓ પૃષ્ટ ભાગમાં ગૂંચળાં વળેલાં હોય છે. તેમના કોઇ કોઇ ભાગ પહોળા હોય છે. તેમની અંદર "એપીથિલ્યમ"નું આચ્છાદન હોય છે અને બહાર કેશવાહિનીઓની જાળ હોય છે. ત્યાં મૂત્ર પેદા થાયછે. મધ્ય રેષાવાળા ભાગમાં નળીઓ સીધી સરળ હોય છે. તેઓનો એકત્ર જૂડો થઇને ગુરદાની બસ્તીમાં આંચળની માફક તેમનું મોઢું હોય છે, તે વાટે મૂત્ર ટપકે છે. તેવા પાંચ સાત જુડા અને તેમના આંચળ હોયછે.

મૂત્રનળઃ—એ મૂત્રપિંડમાંથી પેશાબને મૂત્રાશયમાં વહેવાનો માર્ગ છે. આ નળ સુમારે અઢાર ઇંચ લાંબો અને કવીલના જેવો જાડો હોય છે. ગુરદાની બસ્તિમાંથી નીકળી પેટુમાં રસ પડની પાછળ ઉતરે છે અને મૂત્રાશયને મળે છે. તેનાં ત્રણ પડ હોય છે. બહારનું પડ શ્વેત તંતુમય, મધ્ય પડ સ્નાયુમય અને અંતરપડ શ્લેષ્માવરણનું હોય છે. મૂત્રનળ આંતરડાંની પાછળ હોય છે.

બસ્તી.

(પેલ્વીસ).

બસ્તિઃ પેટુઃ—ઉદરના અધો ભાગને પેટુ કહે છે. છાતી અને પેટની વચ્ચે પડદો છે તેમ પેટુ અને પેટની ખોને જુદાં પાડનાર કોઇ પડદો નથી. પાછળ ત્રિક અને ગુદાસ્થિ અને આગળ તથા બાજુ થાપાના અસ્થિ મળી બસ્તિની પોલ થાયછે. સ્નાયુ તથા બીજાં બંધનો મળી તેની દિવાલો બરાબર પૂરાઇ રહેછે. આગમન દ્વારથી નીચેના ભાગને ખરી બસ્તિ કહેછે અને તેની ઉપરનો ભાગ જે થાપાના અસ્થિની પાંખો વચ્ચેછે તેને ખોટી બસ્તિ કહેછે. બસ્તિના વ્યાસ વગેરેનું વર્ણન પ્રસવ પ્રકરણમાં કરેલામાં આવ્યું છે. બસ્તિ માંહે મૂત્રાશય, ગુદ, પ્રોસ્ટેટ, અને વિર્યાશય હોય છે. તે શિવાય ઉદર માંહેનાં

આંતરડાં પણ હોય છે. સ્ત્રીઓને તે સિવાય ગર્ભસ્થાન, તેનાં ઉપાંગ અને યોનિ બસ્તિના ભાગમાં હોય છે.


મત્રાશય.

મૂત્રાશયઃ કુક્ષેઃ—બસ્તિના આગળના ભાગમાં મૂત્રાશય હોય છે, તે ભરેલું અગર ખાલી હોય તે પ્રમાણે નાનુ મોટુ હોય છે. મૂત્રાશય ત્રિકોણાકાર હોય છે. બહુ પેશાબ ભરાય ત્યારે મૂત્રાશય છેક નાભીથી પણ ઉપર જાય છે. મૂત્રાશયની આગળ માત્ર અસ્થિ હોય છે. તેની પાછળ સફરો હોય છે. સ્ત્રીઓમાં ગર્ભસ્થાન તથા યોનિ સફરા અને ફુક્કાની વચમાં હોય છે. મૂત્રાશયની ઉપર આંતરડાં હોય છે. મૂત્રાશયના ઉર્ધ્વ ભાગ, મધ્ય ભાગ, અને ગ્રીવા, એવા ત્રણ ભાગ પાડવામાં આવ્યાછે. ઉપરના ભાગને ઉર્ધ્વ ભાગ કહે છે. તેનો મધ્ય ભાગ છોડી નીચેનો સાંકડો ભાગ છે, તેને ગ્રીવા કહે છે અને તે ગ્રીવાની આસપાસ પ્રોસ્ટેટ ગ્લાંડ આવે છે. નીચલા ભાગને તળીયે વિર્યાશયની બે થેલી છે. મૂત્રાશયના બંધન છે તે બસ્તિના અસ્થિ સાથે જોડાઈ રહે છે. મૂત્રાશયને ત્રણ પડ હોય છે. બહાર રસપડ, મધ્યમાં સ્નાયુ, તથા અંદર શ્લેષ્માવરણ હોય છે.

ગુદાના ઉપર રસપડ આચ્છાદન કરે છે અને ત્યાંથી ફુક્કા ઉપર વળે છે. તેના ઉર્ધ્વ ભાગ ઉપર થઈ તે પેટની દિવાલ ઉપર ચઢે છે. આ પ્રમાણે રસપડનો ગુદ અને ફુક્કા વચે એક દ્રોણુ થઇ રહે છે. મૂત્રાશયના અગ્ર પૃષ્ઠ ઉપર રસપડ હોતું નથી, અને તેના પાછળના છેક હેઠળના ભાગપર પણ હોતું નથી. શસ્ત્ર ક્રીયા માટે આ જાણવું અવશ્યનું છે.

સ્નાયુ તંતુ મૂત્રાશયની સર્વ દિશાંમાં ફેલાય છે અને તેમનાથી તેને સંકોચ શકિત મળે છે. તેના સંકોચાવાથી પેશાબ બહાર વહે છે.

આકૃતિ ૧૨. **મૂત્રમાર્ગ અને મૂત્રાશય.**



1 ઉર્ધ્વભાગ પરથી રસપડ ઉપર ચડે છે.
2 અધો ભાગપરથી રસપડ સફરાપર વળે છે અને તેમ થવાથી દ્રોણ થાય છે.
3 મુત્ર નળનું છીદ્ર.
4 ત્રિકોણાકાર બહુ સ્પર્શ વાળો ભાગ.
5 મુત્ર માર્ગનું અંતર મુખ.
6 મુત્રમાર્ગનો પ્રથમ ભાગ.
7, 8 } પ્રોસ્ટેટ ગ્રંથી.

9 વિર્યાશય 10 મુત્ર માર્ગનો બીજો ભાગ. 12 મુત્ર માર્ગનો ત્રીજો ભાગ.
15–19–21 શીશ્ન. 17 મંણી. 19 મુત્રમાર્ગનું બાહ્ય મુખ.

શ્લેષ્માવરણ ફીકા ગુલાબી રંગનું છે, તેમાં પુષ્કળ સુક્ષ્મપિંડ હોયછે. મૂત્રાશયને તળીએ ત્રિકોણાકાર જગો છે તે બહુ સ્પર્શ જ્ઞાની છે. પથરી અગર હથિઆર ત્યાં લાગવાથી બહુ દરદ થાય છે. તેને અનુસરતો ત્રિકોણાકાર ભાગ મૂત્રાશયને બહાર તળીયે છે તે બેઉ વિર્યાશયની વચમાં આવે છે. મૂત્રાશયમાં પેશાબ આવવાનાં બે છિદ્ર મૂત્ર નળનાંછે. તે શિવાયએક છિદ્ર પેશાબને બહાર નીકળવા માટેછે. આ છિદ્રને મૂત્ર માર્ગનું અંતરમુખ કહે છે. તેને એક વર્તુલ સ્નાયુ છે. તેથી તે છિદ્ર હમેશાં બંધ રહેછે અને પેશાબ થવા વખતે તે ઢીલી પડે છે અને છીદ્ર ઉઘડે છે.

મૂત્ર માર્ગ.

મૂત્રમાર્ગઃ—મૂત્રાશયથી શીશ્નના છેડા સુધી મૂત્ર વહેવાનો રસ્તોછે તેને મૂત્રમાર્ગ (પુરેથ્રા) કહેછે. તેની લંબાઇ આઠ ઇંચછે, તેના અંદરના મોઢાને અંતરમુખ કહેછે, અને બહાર શીશ્નની ટોચ ઉપરના મોઢાને "બાહ્ય મુખ" કહેછે. મુત્રમાર્ગનો સાંકડામાં સાંકડો ભાગ બાહ્ય મુખછે. બાહ્ય મુખમાંથી જે સળી જાય તેને બીજો સ્વભાવિક અટકાવ રહેતો નથી. તેની પહોળાઇ જાડી પેનસીલ જઈ શકે તેટલી હોયછે. મૂત્રમાર્ગના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. તેનો પ્રથમ ભાગ એક ઇંચથી વધારે લાંબો છે, તે પ્રોસ્ટેટમાં થઇ જાયછે. તે ભાગમાં પ્રોસ્ટેટમાંથી વહેનારા રસના છિદ્ર હોયછે તથા વિર્યાશયનાં મોઢાં પણ આ ભાગમાં જોવામાં આવેછે. તેનો બીજો ભાગ એક ઇંચથી થોડો કમીછે. તે બેસણીના ભાગમાં થઇ જાયછે, અને બેસણીના બંધનના બે પડની વચમાં તે હોયછે. ત્રીજો ભાગ છ ઇંચ લાંબોછે અને તે શીશ્નના મધ્ય ભાગમાં રહેછે.

મૂત્રમાર્ગનું અંતર અસ્તર શ્લેષ્માવરણનું છે અને તેની બહાર સ્નાયુમય પડ છે.

પ્રોસ્ટેટ ગ્લાંડ.

પ્રોસ્ટેટ ગ્લાંડઃ—પ્રોસ્ટેટ ગુદ અને મૂત્રાશયની વચમાં બસ્તિની અંદર છે. તે સોપારીની માફક શંકુ આકાર છે. તેની અણી આગળ છે તથા જાડો ભાગ પાછળ છે. ગુદમાંથી પ્રોસ્ટેટ આંગળીને લાગે છે. મૂત્ર માર્ગનો પ્રથમ ભાગ પ્રોસ્ટેટમાં થઇ જાય છે. તેમાં સ્નાયુ, શ્વેત તંતુ તથા રસોત્પાદક પદાર્થ છે. તેમાંથી રસ પેદા થઇ જુદાં જુદાં પંદર વીસ મોઢાંથી મૂત્ર માર્ગમાં વહે છે. સ્ત્રીઓને આ ગ્લાંડ હોતી નથી. આ ગ્લાંડ સ્ત્રીના ગર્ભસ્થાનને કેટલેક દરજ્જે અનુસરે છે. પુખ્ત ઉમરના માણસમાં કેટલીકવાર તેની વૃદ્ધિ થાય છે તેથી તે પેશાબને અડચણ કરે છે.

વિર્યાશય.

વિર્યાશયઃ—વૃષણમાંથી વીર્ય નળીયો પેટમાં આવી મૂત્રાશયપર થઇ તેને તળીએ ઉતરેછે. મૂત્રાશયને તળીએ દરેક નળી પહોળી અને ગુંચળા વાળી થાયછે તેમાં વીર્ય ભરાઇ

રહેછે, તેને વીર્યાશય કહેછે. બેઉ વીર્યાશય,મૂત્રાશય અને ગુદાની વચમાંછે.તેમના પાછળના છેડા દુર અને આગળના છેડા એક એકથી નજીક આવેછે, તેના પાછલા છેડા પર્યંત રસ પડનો દ્રોણ પહોચેછે. તેમની વચમાં ત્રિકોણાકાર જગો રહેછે. મૂત્રાશયને આ જગો-એથી જરૂર હોય ત્યારે ફોડવામાં આવેછે. વીર્યાશયની નળીઓ પ્રોસ્ટેટમાં થઇ મૂત્રમાર્ગમાં ઉઘડેછે અને ત્યાંથી વીર્ય બહાર પડેછે. આકૃતિ ૧૨ જુવો.

વીર્યાશયનાં ત્રણ પડ હોયછે. બહાર શ્વેતતંતુ, મધ્યમાં સ્નાયુ અને અંદર શ્લેષ્મા વરણ હોયછે. તેની સ્નાયુ સંકોચાવાથી વીર્ય બહાર નીકળેછે.

ઉત્પત્ય વયવ.

(ઉત્પત્ય વયવ.)

જે અવયવોના સાધનથી મનુષ્ય જાતીની ઉત્પત્તિ થાય છે તેને ઉત્પત્યવયવ કહે છે. ઊંચા વર્ગના પ્રાણીઓની ઉત્પત્તિ માટે નર અને માદા એ પ્રમાણે બે પ્રાણીની જરૂર છે. તેમના બેઉના શુક્રના સંયોગથી ગર્ભની ઉત્પત્તિ થાય છે. મનુષ્ય જાતિના વધારા માટે સ્ત્રી અને પુરૂષ છે. સ્ત્રીના ઉત્પત્યવયવમાં ગર્ભાશય, તેના ઉપાંગ અને યોનિનો સમાવેશ થાય છે. તેનું વર્ણન પ્રસવ પ્રકરણમા આપવામાં આવ્યું છે.

પુરૂષના ઉત્પત્ય વયવમાં વૃષણ, શીશ્ન અને તેમના ઉપાંગ આવે છે.

શીશ્ન:—શીશ્નનું મૂળ પ્યુબીસ અસ્થિને લાગી રહેલું છે. તેના અગ્રભાગને ફૂલ અથવા **મણિ** કહે છે. મણિને છેડે મૂત્ર મુખ છે. તેનો આકાર શંકુ જેવો છે. પાછળ તેની કોર છે અને કોરની પછવાડે ખાડો છે. ત્યાં ત્વચા ચોટેલી છે. આ ત્વચા છૂટી હોય છે અને તે ફૂલ ઉપર ચઢી અને ઉતરી શકે છે. તેને "ઘૂમટો" અગર **મણિચ્છદ** કહે છે. ફૂલ અને ઘૂમટાના અંદરની ત્વચા આરદ્ર હોય છે. તેમાં કેટલાંક સૂક્ષ્મ પિંડ હોય છે. તેમાંથી સફેદ ચીકણો ચરબી જેવા પદાર્થ પેદા થાય છે, અને તે ઘૂમટાની અંદર એકઠો થઈ રહે છે. શીશ્ન ઉપર ચામડી બહુજ ઢીલી છે અને સંયોજકથી ભરપૂર છે. તેની નીચે ચરબી હોતી નથી.

બે આંગળની સાને અંગુઠો મૂકીયે તે પ્રમાણે શીશ્નનો આકાર ત્રણ ખૂણાનો છે,કારણ શીશ્ન ત્રણ નાળાનું બનેલુંછે. તેમાંના બે નાળા ઉપર હોયછે અને તેમની મધ્યમાં એક નીચે હોય છે. તે દરેક ભાગ મજબુત શ્વેત તંતુમય નળીની માફક હોયછે. તેમની વચમાં પુષ્કળ પડદા હોય છે એટલે દરેક નાળામાં પુષ્કળ નાનાં નાનાં ખાનાં હોય છે. તેમાં લોહી ભરાય છે અને ઠલવાય છે. જ્યારે લોહી ભરાય ત્યારે શિશ્ન જાગૃત સ્થિતિમાં આવે છે અને લોહી ખાલી થાય છે ત્યારે તે શીથળ રહે છે.

શીશ્નની મધ્યમાં મૂત્ર માર્ગ છે.

વૃષણ.

વૃષણની ગોળીયો બદામના જેવી અને થોડી બદામના આકારની હોય છે. ત્વચાની

થેલીમાં બંને ગોળીયો રહેછે, તેને **વૃષણાશય** (સ્ક્રોટમ) કહેછે. દરેક ગોળી તેના દોરડાના આધારે લટકેછે. ગર્ભાવસ્થામાં વૃષણની ગોળી પેટમાં મૂત્રપિંડ પાસે હોય છે. તે નીચે ઉતરી પેટની દિવાલમાંથી રસ્તો કરી આઠ મહિનાના અરસામાં વૃષણાશયમાં ઉતરે છે. ક્વચિત્ જન્મની વખત ગોળી પેટમાં અગર તેની દિવાલમાં હોય છે અને કોઇવાર એક ગોળી બિલકુલ ઊતરતી નથી.

વૃષણાશયની ત્વચાથેલી ઢીલી હોય છે. તેમાં ચરબી હોતી નથી. તેનું બહારનું પડ ત્વચાનું હોય છે અને અંદરનું પડ સ્નાયુમય છે. તેથી વૃષણાશયમાં સંકોચાવા અને ઢીલા થવાનો ગુણ છે. વૃષણાશય અને ગોળીની વચે પુષ્કળ સંયોજક હોય છે. વૃષણાશયની મધ્યમાં રેષા હોય છે તેનાથી તેના બે ભાગ પડેલા છે. દરેક ભાગ કેવળ જુદો હોય છે, તેમાં દરેક બાજુની ગોળી રહે છે.

વૃષણની ગોળી લંબગોળ અને થોડી ચપટી હોયછે. તે વાંકી લટકેછે. તેનો એક છેડો ઉપર અને બીજો છેડો નીચે હોયછે. તેની અંદરની કોરે ઉપર પોચો દોરડાના ગુંચળાનો ભાગ હોયછે તેને **ઉપવૃષણ** (એપીડીડીમીસ) કહેછે. વૃષણનાં બે અસ્તર હોયછે, તેનું બહારનું અસ્તર રસ પડનુંછે. આ રસ પડ પ્રથમ વૃષણ પેટમાંથી ઊતરતી વખત તેની સાથે ઉતરેછે. તે વખતે દોરને પણ તેજ રસ પડ હોયછે અને ઉદરની ખો સાથે તે સબંધ ધરાવેછે. પણ પાછળથી તેનો ઉપરનો ભાગ બંધ થઈ રહેછે અને વૃષણની આસપાસનું રસપડ ઉદર રસપડથી જુદુ પડી જાયછે. કોઇવાર તે ભાગ બંધ થતો નથી અને પેટનો સંબંધ જારી રહેછે. ત્યારે પેટમાંથી સારણ અગર રસ તેમાં ઉતરેછે. બીજુ પડ શ્વેત તંતુમય હોયછે. તે પડના પડદા અંદર જઇ વૃષણના જુદા જુદા પુષ્કળ વિભાગ પાડેછે. દરેક વીભાગમાં સૂક્ષ્મ વીર્યોત્પાદક નળીઓનાં ગુંચળાં હોયછે. તેમાંથી બહારની પુષ્કળ નળીઓ એકત્ર થઈ ગુચળાં વળેછે તેને ઉપવૃષણ કહેછે. ઉપવૃષણમાંથી વીર્યવાહિની નીકળીને પેટની દિવાલમાં થઇ અંદર ઉતરેછે અને મૂત્રાશયને તળીએ વીર્યાશયને મળેછે. એ નળીને વીર્યનળ (વાસડેફરન્સ) કહેછે. સુક્ષ્મ નળીયોમાં પેદા થઇ વીર્ય મોટી નળીઓમાં આવે છે. ઊપવૃષણમાંથી તે વીર્યનળમાં થઇ વીર્યાશયમાં જાયછે. વૃષણમાંથી નીકળી જેમ વીર્યવાહિનીમાં વીર્ય વહેછે, તેમ તે વધારે પક્વ થતું જાયછે.

વૃષણદોરડું અથવા **વૃષણરજ્જુના** આધારથી ગોળી લટકી રહે છે. દોરડામાં વિર્યનળ, ધમનિ અને શિરા હોય છે. જમણા કરતાં ડાબુ દોરડું જરા વધારે લાંબું હોય છે. શિરા જાડી હોય છે અને તેમાં લોહી ભરાઈ રહેવાથી તે કોઇવાર સુજી આવે છે. પેડુના છિદ્રમાં થઈ તે ઊદરની અંદર દાખલ થાય છે. શિરા મોટી શિરામાં ભળી જાય છે. ધમનિ મોટી ધમનિની શાખા છે અને વીર્ય નળ મૂત્રાશયપર થઈ વીર્યાશયને મળે છે.

इंद्रिय विज्ञान शास्त्र.

भाग २ जो.

રક્ત.

(બ્લડ)


લોહી આ શબ્દ એટલો સાધારણ છે કે તેની વાખ્યા બદલ કાંઇ બોલવું નકામું થઇ પડશે. આ પ્રવાહી પદાર્થ જે દરેક જીવતા પ્રાર્ણનિ ઘણોજ અગત્યનો છે તે હરકોઇ ના જોવામાં એક કીંવા અનેક વેળા આવ્યો હશે. એની અવશ્યતા અને ઉપયોગી પણા ઉપરથી એને ઇંગ્રેજીમાં "વાઇટલફ્લ્યુઇડ" એટલે પ્રાણાધાર પ્રવાહી કરીને પણ કહછે. રક્ત નિરંતરપણે શરીરમાં ફર્યાં કરે છે અને તેનું પોષણ કરવાનું એ મૂખ્ય સાધન છે. ખોરાકનો પોષણ કર્તા ભાગ કેટલાએક રસાયણી વગેરે ચલણથી જુદો પડી સાફ થઇને રક્તની સાથે મળે છે. આ પોષણ કારક ભાગને લોહી પોતાના ફરવામાં જુદી જુદી જગાએ જોઇએ તે પ્રમાણે વેહેંચી આપે છે. બીજુ વળી તે પોતાના ફરવામાં શરીરના સઘળા ભાગને પોષણ આપતું આવે છે એટલુંજ નહીં પણ તે ભાગોના જે નિરૂપયોગી અંશ અથવા નિરૂપયોગી રજકણો હોય તેને ગૃહણ કરી લેછે. ત્રીજું એકે આ નિરૂપયોગી પડેલા પદાર્થો ને જેમાં મુખ્ય મળ, મૂત્ર, પસીનો, વગેરે છે તેઓ શરીરમાં રેહેવાને નાલાયક હોવાથી તેઓને તેમના પોતપોતાની ઉત્સર્જનની જગાએ પહોંચાડી દેછે. ચોથું કામ શરીરના સઘળા ભાગોને એક સરખી ઉષ્ણતા આપવી એ છે. લોહી ફરતું ન હોય તો પગની ઊષ્ણતા કરતાં છાતીની ઉષ્ણતા વધારે હોય. પરંતુ તે ઘણી ઝડપથી ફરેછે અને તેની ઉષ્ણતા એક સમાન છે તેથી સઘળા અવયવોને ઉષ્ણતાની બાબતમાં એક સરખાં કરી મૂકે છે. લોહીની આ ચાર ફરજો છે. હવે એ કઇ રીતે ફરે છે તથા પૈદા થાય છે તેનો વિચાર કર્યા પહેલાં તેની રચના તથા તેની રસાયણી રચના વિશે બે બોલ બોલવા અવશ્યના છે.

રક્ત એ વેહેતી વખતે એક ગદ પ્રવાહી પદાર્થ લાગે છે. જો તે ધોરી નસમાંથી વહેતું હોય તો લાલ ચળકતું હોય છે અને શીરામાંથી નીકળતું હોય તો જાંબુડા અગર કાળા રંગનું હોય છે. સ્વાદ એ ખારાશ ઉપર હોય છે. તેનું જાતીય ગુરૂત્વ સરાસરી ૧૦૫૫ છે. એની ઉષ્ણતા આશરે ૧૦૦ ડીગ્રીની છે. કોઈ જગાએ જરા વધારે અને બીજે ઠેકાણે જરા ઓછી, પરંતુ ઘણામાં ઘણો ફેર એકાદી ડીગ્રીનો પડે, એટલા માટે એને સમતુલ્ય ઉષ્ણ કહીયે તો પણ ચાલે. રક્તનો ગુણ અમ્લવિરૂદ્ધ હોય છે. ઉપર આપણે કહી ગયા કે લોહી જરા ઘટ તથા પ્રવાહી છે તેથી એના બે ભાગ પાડી શકાય-

છે. એક જેનાથી તેને ઘટપણું મળે છે અને બીજો જેનાથી પ્રવાહી પણું મળે છે. પહેલાને **રક્તરજકણ** અને બીજાને **રક્તજળ** કહે છે. રક્તકણ એટલે લોહીના રજકણો એવું નામ આપવાનું કારણ એટલુંજ કે સુક્ષ્મ રીતે જોતાં લોહીમાં અગણિત અતિશય બારીક પરમાણું જોવામાં આવે છે. આ રજકણોનો મુખ્ય ભાગ રાતા રંગનો હોય છે. અને તેથી લોહી લાલ દેખાય છે. લોહીનો પ્રવાહી ભાગ જે રક્તજળ તેને રંગ હોતોનથી. રક્તજળ ફીબ્રીન અને સીરમ એ બે ચીજનું બનેલું છે. તેમજ રક્ત રજકણના બે વિભાગ છે. તેમનો મોટો જથ્થો રાતા રંગનો હોય છે, અને બાકીનાં થોડા ધોળા રંગનાં હોય છે. ઉપર કહેલા લોહીના વિભાગો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

પ્રવાહી લોહી.	રક્તકણ	રાતા કણ. (ઘણાં)
		ધોળા કણ.
	રક્તજળ	ફિબ્રીન.
		સિરમ.

લોહીનો એક એવો ખાસ ગુણ છે કે જેના ઉપરથી આ સઘળા વિભાગોનું જુદુંજ રીતે પ્રથક્કરણ થઈ શકે છે. જીવતા પ્રાણીના શરીરની અંદર લોહી પ્રવાહી સ્થિતિમાંરહે છે. શરીરની બહાર નીકળ્યા પછી સરાસરી દશેક મિનિટ એવીજ સ્થિતિમાં રહ્યા બાદ થીજવા માંડે છે, અને થોડી વારમાં તેટલાજ કદનો અને તેવાજ રંગનો તેનો એક લોચો બની જાય છે. જેમ વખત થતો જાયછે તેમ તે લોચો અથવા પિંડ નહાનો થતો જાયછે. અને તેના ઉપર પહેલાં પીળાં પાણી જેવાં ટપકાં દેખાય છે અને આસ્તે આસ્તે આ ટીપાં વધતાં જાય છે. તેમનો જમાવ થઈ તળીયે પીળું પાણી ભરાય છે. આવી રીતે પીળુ પાણી એવીસથી તે અડતાળીસ કલાક સુધી ભરાય છે. એમાં પેલા વધારે કઠણ થયેલો પિંડ તર્યા કરેછે. આમ થવાનું કારણ ઉપર કહેલું છે કે રક્તજળ ફિબ્રિન તથા સિરમનું બનેલું છે, ફિબ્રિન સિરમની સાથે મળી જઈ પ્રવાહી અવસ્થામાં રહેછે, પરંતુ બહાર નીકળ્યા પછી થીજી જવું અગર અંગ્યાઇને ભેગું થઈ જવું એવો તેનો સ્વભાવિક ગુણ છે. પહેલું જ્યારે લોહી પિંડનું રૂપ ધારણ કરેછે ત્યારે તેની ભેગાં રક્તકણ તથા સિરમ એ બેઉ મિશ્ર હોય છે, અને જ્યારે એ વધારે વધારે ખેંચાય છે ત્યારે મિશ્ર થયેલું પ્રવાહી સિરમ (જેનો રંગ પીળો છે) નીચોવાઇને ધીમે ધીમે છૂટું પડે છે. પરંતુ બારીક રજકણો તો અંદરજ રહે છે. કેટલીક વખત રાતાં રજકણો પણ કેટલેક દરજ્જે જુદાં પડી એ ફીબ્રીનના પિંડને તળીએ જઈ બેસે છે. આનું કારણ એ છેકે એ રજકણો જરા વજનદાર હોવાથીલોહીની પ્રવાહી સ્થિતિમાં તેમને તળીયે બેસવાનું વલણ હોયછે. પરંતુ તેમને તળીયે જવા વખત નથી મળતો એટલામાં ફિબ્રિનનો પિંડ બની જાયછે, પણ તાવ કે એવાં બીજાં કેટલાંક દરદની હયાતીમાં કોઇનું લોહી કાઢ્યું હોય તો તેની ફિબ્રિન ધીમે ધીમે થીજે છે, ત્યારે રાતા રજકણોને તળીયે જવા વખત મળે છે, તો પછી ફિબ્રિનના પિંડનો ઉપલો ભાગ ધોળા રંગનો દેખાય છે. આ ધોળો દેખાય છે તેનાં બે કારણ છે. એકતો ફિબ્રિન પોતે ધોળાશ ઉપર હોય છે, અને વળી તેની સાથે ધોળા રજકણો જે વજનમાં હલકાં હોયછે, તે મળેલાં હોયછે. આ પ્રમાણે લોહીની



A=રાતા રજકણની હારો એક બીજાને લાગેલીછે.

a a=તેમની વચમાં બે સફેદ રજકણ છે.

B=રાતા રજકણનો વધારે મોટો દેખાવ. ચપટો દેખાવ.

C=રાતા રજકણનો મોટો દેખાવ, બાજુથી દેખાવ.

E રાતુ રજકણ પાણી ચુસીને ફુલેલું.

D=રાતા રજકણની હાર, મોટો દેખાવ.

F=સફેદ રજકણનો મોટો દેખાવ.

G=સફેદ રજકણ પોતાનો આકાર બદલેછે.

H=રાતા રજકણ સૂકા થઇ ગયેલ.

I=રાતુ રજકણ કોર પર કરચલીવાળું.

આવી અજાએબ ખાશીયતને લીધે તેના વિભાગોનું એક જુદીજ રીતે પ્રથકકરણથાયછે.

હવે એવી રીતે રક્ત બહાર નીકળ્યા પછી બંધાઈ જાય છે તેનું કારણ એ ફિબ્રિન છે એતો નક્કી થઈ ચૂક્યું છે. પરંતુ ફિબ્રિનમાં એવા ગુણ શાથી આવ્યો, એ વિશે જુદા જુદા ડાકતરોના વિવિધ મત છે, અને એ મત સાબિતિ વગરના તથા કલ્પિત છે, તેથી અહીં આપવા જરૂર નથી. સાધારણ ગરમીથી, ટાઢથી, અન્ય વસ્તુના સ્પર્શથી, અને ખુલ્લી હવામાં રાખવાથી, તથા થોડુંક પાણી ઉમેરવાથી રક્ત જલદીથી થીજી જાય છે. તેમજ લોહી તેથી ઉલટી સ્થિતિમાં હોવાથી ઉલટો પરિણામ થાય છે. અતિશય ઠંડ એટલે ચાળીશ ડીગ્રીની નીચે હોય તો અગર પુષ્કળ ખાર, આસિડ, અગર પાણી ઉમેરીએ તો રક્ત બીલકુલ થીજતું નથી.

રસાયણી પ્રથકકરણ કરવા ઉપરથી માલમ પડેછે કે જો રક્તના એક હજાર અંશ લીધા હોયતો તેના નીચે પ્રમાણે ભાગ થઇ શકેછે.

પાણી	૭૮૪
રક્તકણ	૧૩૧
આલબ્યુમીન	૭૦
ખાર	૬
ફિબ્રિન	૨
પરચુરણ	૭
	૧૦૦૦

રક્તકણઃ—માણસના રક્ત રજકણ બે પ્રકારના હોયછે.એક રાતા અને બીજા ધોળા. એમાં ધોળાથી રાતા વિશેષછે. સાધારણ લોહીમાં તેઓ ૧ અને ૧૫૦૦ ના પ્રમાણમાં હોય છે. રાતા રજકણો ઉપર લોહીના રંગનો આધારછે.રાતા રજકણો ધોળામાંથી પેદા થાયછે.

માણસના રાતા રજકણો ગોળાકાર ને ચપટછે. એ જુદા જુદા કદના હોયછે. તેનો સરાસરી વ્યાસ એક ઇંચનો ત્રણ હજારમો ભાગ હોયછે. તેઓના કોર ગોળ હોયછે. સ્વ-ભાવિક અવસ્થામાં તેમની સપાટી જરા બેસી ગયેલી હોયછે. પરંતુ પાણી કે એવી બીજી પાતળી વસ્તુ નાખીએ તો તે ફૂલીને દડા જેવા થાયછે. આ રજકણો જો કે એવા બારીક છે તે છતાં પણ એક જાતની સૂક્ષ્મ કોથળીની માફકછે. આ રજકણોનું પડ ચપટ બેસી ગયેલું હોયછે, તેની અંદર થોડો રસ હોયછે, તેને "કુઓર" કરીને કહેછે. પરંતુ બીજી કેટલીક જાતનાં રજકણો ફૂલેલાં હોયછે અને તેની અંદર બીજો ઘણો રસ અને એક દાણો હોયછે. આ રાતા રજકણોનું પડ ચિકટ અને સ્થિતિ સ્થાપકછે, તેથી જ્યારે તેમને લોહીની અતિશય બારીક નળીમાંથી ફરવું પડેછે ત્યારે પોતાનો આકાર ગોળ બદલીને લાંબા થઇ તેમાંથી નીકળી જઇ પોતાનો પ્રથમનો આકાર ધારણ કરેછે. સૂક્ષ્મદર્શકથી જોતાં તેમના મધ્યમાં કાળો અથવા ધોળો ડાઘ દેખાયછે. તેનું કારણ એટલુંજ કે તેમનાં પડ મધ્યમાં સામસામે અડેછે, અને તેથી અજવાળાનું પ્રતિબિંબ એવું પડેછે. સૂક્ષ્મદર્શકથી જોતાં તેમાંનાં કેટલાંક નાનાં મોટાં લાગેછે. થોડાં ખડબચડાં

જેવાં લાગેછે, પરંતુ મુખ્ય ભાગ ચપટ, ગોળ, અને દાણાવિનાનો હોયછે. આ એના આકાર ઉપરથી બીજા પ્રાણીઓના લોહીમાંથી માણસ જાતિનું અગર એઈ કહીયે તો સ્તનવાળા પ્રાણીનું રક્ત ઓળખી શકાયછે, અને કોર્ટમાં કેટલીક વખતે આ એક અગત્યનો પૂરાવો થઇ પડેછે. રાતા રજકણોનો એક એવો ગુણછે કે જ્યારે લોહી ન હાલતું હોય ત્યારે જેમ પૈસાની એક ઉપર બીજો મૂકવાથી ટેકરી થાયછે, તેવી તેમની હાર બંધાયછે. આવી હાર એક બીજીને છેડેથી ચોંટી રહેછે, અને એક જાળી જેવી ગોઠવણ થઈ જાયછે. આથી કરીને તેમના બોજામાં વધારો થાયછે અને જલદી તળીયે બેસેછે. "કુઓર" જે આ રજકણોની અંદરનો રસછે તે બે ચીજનો બનેલોછે. "કુઓરીન" અને "ગ્લાબ્યુલીન". આમાં કુઓરીન ઉપર તેના રંગનો આધાર છે. એમાં લોખંડનો મોટો ભાગછે અને આ લોખંડને લીધેજ એનો રંગ રાતોછે.માટે જ્યારે રક્ત ધોળું અને પાતળું પડી જાયછે ત્યારે મારેલું લોખંડ અગર તેનો અર્ક આપેછે.

ધોળાંરજકણ—એ રાતા કરતાં ઘણાંજ કમી છે, એવું આગળ કહેવામાં આવ્યુંછે. સ્વભાવિક અવસ્થામાં જે તેમનું પ્રમાણ છે તે બદલાઇ જઇ કેટલાક દરદમાં જ્યારે માણસ ફીકું તથા પીળું પડી જાય છે ત્યારે તેમની સંખ્યા ઘણી વધી જઈ તેમનું પ્રમાણ વધી જાય છે. વળી એક દિવસમાંજ તેમની સંખ્યામા વધારો ઘટારો થાય છે. ખોરાક લીધા પછી ધોળા કણ વધે છે અને ભૂખ્યા હોઇએ ત્યારે ઘટે છે, એવો ઘણાકનો મતછે. ખોરાક પાચન થયા પછી તેના બારીક રજકણો ઉપર બીજી કેટલીક ક્રિયા થયા પછી તેમાંથી આ ધોળા રજકણો પૈદા થાય છે, અને આમ થયા પછી વધારે ક્રિયાને લીધે તેના રાતા રજકણ થાય છે. આ પ્રમાણે રાતા કણ એ ઉંચી પદવીના અને જાસ્તી ક્રિયાની પેદાસ છે. ધોળા કણોના સરાસરી કદનો વ્યાસ એક ઇંચનો બસેમો ભાગ હોયછે. રાતાના કરતાં તેમના કદ તથા આકારમાં વધારે ફેરફાર હોય છે. એ ગોળાકાર છે તથા તેમની સપાટી ઉંચાનીચી છે. તેમની અંદર એક અથવા વધારે ઉપદાણા તથા રસ રહેલો છે. એમનું પડ સાધારણ રીતે જુદું દેખાતું નથી. પરંતુ પાણી અથવા કાંઈ અર્ક નાખ્યાથી તે ખુલ્લું પડે છે અને તેની અંદરનો પદાર્થ એકત્ર થઈ વચમાં દેખાવા માંડે છે.

આલબ્યુમીનઃ—એ એક સફેદ પદાર્થ છે. એ શરીરને ઘણોજ પોષણકારક છે. એ શરીરમાં છે, તેમજ વનસ્પતિમાં પુષ્કળ મળી આવે છે, અને આપણા ખોરાકમાં પણ આવે છે. એ લોહી અને શરીરની અંદરના બીજા. પદાર્થોમાં રહેલો છે. આલબ્યુમીન રસને ગરમ કરીએ તો ગરમી ૧૬૦ ડીગ્રીની થયે તે બંધાઈ જાય છે અને નજરે પડે છે.

ફિબ્રિનઃ—એ એક અજાએબ જેવી વસ્તુ છે. એનો એક થીજી જવાનો ખાસ ગુણ છે, તે ઉપરના વર્ણન ઉપરથી માલમ પડી આવે છે. શરીરની અંદર એ શા માટે નથી બંધાઈ જતુ તે હજુ સમજાયુ નથી. કેટલાક ધારેછે કે શરીરની અંદર એ એવી સ્થિતીમાં નથી હોતું. બહાર નીકળ્યા પછી બીજા કોઇ પદાર્થના સંયોગથી તેનામાં એવો ગુણ આવે છે.

માણસના શરીરની અંદર લોહી કેટલું છે? પહેલાં તો એમ લાગશે કે શરીર ઉઘાડી જોતાં અનુમાન બાંધવું સેહેલ પડશે, પરંતુ એમ નથી. આ શોધી કાહાડવામાં પણ

ડાકતરોએ ઘણા વખત સુધી ગોથાં ખાધાં છે, અને જુદા જુદા મત પડ્યા છે. તે એટલે સુધી કે એકનો મત એકંદર શરીરનું લોહી પાંચ રતલને આશરે આવ્યું તો બીજાના અનુમાનમાં ત્રીસ રતલ આવ્યું. આનું કારણ એટલુંજ કે એકંદર રક્ત ભેગું કરવા જઇએ તો થઈ શકતું નથી. એ જુદી જુદી નસો અને અવયવોમાં ભરાઈ રહે છે. કેટલાક દાકતરોએ જ્યારે સજા બદલ ગરદન કાપી નાખવામાં આવે છે ત્યારે જેટલું લોહી નીકળે છે તે ભેગું કરી માપ્યું તો કાંઈ વળ્યું નહી. બીજાઓએ કેટલાક યંત્ર માંડી માપ્યું તો પણ નક્કી ન થયું. પરંતુ હાલમાં સઘળાનો મત એવો મળે છે કે તંદુરસ્તીમાં લોહીનો ભાગ એ શરીરના બોજાનો ૧૦ થી ૧૧ મો ભાગ છે, એટલે મોટા આદમીના શરીરના લોહીનું વજન આશરે ૧૨ થી ૧૪ રતલનું થાય છે.

લોહીનો રંગઃ—રંગ ઉપરથી લોહીના બે પ્રકાર થઇ શકેછે, એક રાતું અને બીજું જાંબુડું અથવા કાળું. આ રંગ કુએરના ઉપર આધાર રાખે છે. કુએરમાં ઓક્ષીજન વધતો ઓછો થવાથી તેનો રંગ રાતો કાળો થાય છે. સાધારણ લોક એમ ધારે છે કે લોહી લાલજ છે અને કાળું હોય તે બગડેલું સમજવું. આ એક મોટી ભૂલ છે. કાળું લોહી સ્વભાવિકજ છે. ધોરી નસનું લોહી લાલ છે, અને તેને ધમનિ રૂધીર કહે છે. ફસ અથવા શીરાનું રક્ત કાળું અગર જાંબુડું હોય છે, તેને **શીરારક્ત** કહે છે. પહેલા પ્રકારનું લોહી ચોખ્ખું, સ્વચ્છ અને પોષણ કરવાને લાયક છે. બીજા પ્રકારનું લોહી અસ્વચ્છ અને પોષણ કરવાને નાલાયક છે. આપણા લોકોમાં તેમાં પણ જંગલી અને ગામડાના અજ્ઞાની માણસોમાં કોઈ પણ રોગ ઉપર રક્ત કાઢવું એ ઘણો સાધારણ અને મોટો ઉપાય ગણાય છે. રક્ત ઘણી રીતે કાઢવામાં આવે છે. ફસ ખોલાવવી, રૂમડી મૂકાવવી, જળો મૂકાવવી વગેરે રીતથી લોહી કાઢવામાં આવેછે. શીરા ઘણું કરીને હાથે કોણીનાસાંધા ઉપર ખોલવામાં આવે છે. તેમાનું રક્ત ઉપર કહ્યા પ્રમાણે અસ્વચ્છ હોવાથી કાળાજ રંગનું હોય છે, તેથી શરીરમાંથી બગડેલું લોહી નીકળી ગયું એમ લોકો સમજે છે, અને તેથી સદરહુ રોગનો નાશ થવાનો એમ ધારેછે. પરંતુ જેટલું લાલ લોહીનું શરીરમાં કામ છે, તેટલું આ અસ્વચ્છ કાળા રક્તનું પણ છે; કારણ આજ રક્ત ફરીને ફેફસામાં ગયું—એટલે તે ફરીથી લાલ બની સ્વચ્છ થાય છે, અને પોષણ કરવામાં કામ લાગે છે. માટે જે દરદમાં શરીરનું લોહી વધી ગયું હોય અગર કેટલાંક કારણોને લીધે થોડુંક એક જગોએ જમા થયું હોય ત્યારે શરીરમાંથી અથવા તે ભાગની આસપાસથી લોહી કાઢી ઓછું કરવું એતો ફાયદા કારક છે. પરંતુ અવિચારપણે દરેક કાંઈ રોગમાં, કાંઈ લાગ્યું કે હાથ પગ મરડાયો, તેમાં પણ શરીરને અમુલ્ય ઉપયોગનું લોહી ઓછું કરવું, એ વિના કારણનું છે. એટલુંજ નહીં પરંતુ ઘણી વખત તેને લીધે ઘણા ગેરફાયદા અને નુકશાન થાય છે. ઘણું લોહી કાઢવાથી તે પાતળું થઈ જાય છે, અને તેમ થવાથી તેનો રસ રક્ત નળીયોની બહાર નીકળી પડે છે, ને શરીરના કેટલાક ભાગને સોજા આવેછે. વળી રક્ત ઓછું હોવાથી શરીરના સઘળા અવયવોનું પૂરતું પોષણ થતું નથી. તેથી અતિશય નબળાઈ આવી જાય છે. શરીર ફીકું પડી જાય છે; શરીરના સઘળા સંચા અવ્યવસ્થિત

थई जाय छे. अंतःकरण अने मगज पण पोतानां काम मोटी मुश्केलीथी करी शकेछे. माटे लोही जेवी अवश्य वस्तुनो नाश करता पहेलां खूब विचार अने तपास करवा जोइए.

रुधिराभिसरण.

(ब्लड सरक्युलेशन.)

लोहीनुं फरवुं:—शरीरना सर्व अवयवो अने भागोने पोषण आपवुं ए रक्तनुं एक कामछे. शरीरमां सघळी जगाए फेरफार अने नवुं जूनुं निरंतरपणे थयांज करेछे. तेथी शरीरना जूना अने रद पडेला भागोने ते ठेकाणेथी असवी शरीरना कोई पण द्वारे तेमनुं निवारण करवुं ए लोहीनुं बीजुं कामछे, इत्यादि. आवां काम करनाराने सर्व अवयवो पासे हरघडी जवुं आववुं जोइए. अर्थात फरवुं जोइए. ते प्रमाणे रक्त फरेछे. एनो शोध डाकतर हारवेये सत्तरमा सैकामां कर्यो. हालमां सूक्ष्मदर्शक यंत्रवडे लोही फरेछे, एवुं प्रत्यक्ष जोई शकायछे. परंतु जोवाने सारु लोहीनी नळीओनी उपरनी चामडी पातळी जोइए. माणसनी चामडी जाडीछे परंतु देडकानां आंगळां वच्चेनी चामडी एवी तो पातळी छे के तेनी आरपार जोइ शकायछे, अने तेमां फरतुं लोही पण नजरे पडेछे. लोही फरेछे ते एकज नियमसर नळीयोमां फरेछे. आ समजवा सारु तेने फरवाना साधनो विशे थोडुंक जाणवुं अवश्यनुं छे.

रक्ताशयः—हृदय, अंतःकरण, दिल, रक्तनी कोथळी (हार्ट) आ एक मांसमय मनुष्यनी मूठी जेवडी कोथळी छे. ते छातीनी अंदर बे बाजुना बे फेफसानी वच्चे त्रीजाथी ते छठ्ठा पांसळा सुधी डाबी बाजु तरफ रहेली छे. एनी जमणी बाजु मध्य रेषाथी जरा जमणी तरफ आवेली छे, तोपण घणोखरो भाग डाबी तरफज रहेल छे. (आकृति ८) एनो उपलो छेडो जाडो अने नीचलो अणीदार छे. रक्ताशयना डाबो अने जमणो एवा बे भाग छे. आ दरेक भागना बे विभाग छे. एक बाजुना बे विभागनी वच्चे एक काणुं अथवा रस्तो छे. आवा बेउ बाजुना बेउ रस्ता उपर पडदा आवेलाछे. तेने लीधे तेओ खुल्ला अथवा बंध थायछे. संक्षेपमां डाबी बाजुनां बे खानां (विभाग) एक उपलुं अने बीजुं नीचलुं छे. उपरना खंडने **डाबी कर्णिका** कहे छे अने नीचला खंडने **डाबीजवनिका** कहे छे. तेमनी वच्चे जे द्वार छे, तेने बे पडदा छे. तेने "**द्वयांकुश पटल**" कहेछे, अने ते द्वारने "**द्वयांकुशद्वार**" कहेछे. जमणी तरफनां तेवांज बे खानां छे. तेने पण **जमणि कर्णिका** अने **जवनिका** कहे छे. तेमनी वच्चे द्वार छे तेने त्रण पडदा छे. तेथी "**त्रयांकुश पटल**" कहेछे, अने ते द्वारने "**त्रयंकुशद्वार**" कहे छे. दरेक बाजुना बेउ खानां वच्चे पडदा सुधां एक रस्तो छे, परंतु बेउ बाजुनां खानां वच्चे कांई साधो संबंध नथी. डाबी बाजुनी जवनिकामांथी एक मोटी धोरी नस नीकळी तेनी शाखाओ थाय छे, अने आख्खा शरीरमां पथराइ जायु छे. जमणी तरफनी जवनिकामांथी तेवीज एक धमनि निकळे छे, अने तेना बे भाग थइ एक दरेक बाजुना फेफसामां जइ तेमां फेलाइ जाय छे. डाबी तरफनी कर्णिकामां त्रण चार फेफस

અથવા શિરા ફેફસામાંથી રકત લાવી તેમાં રેડે છે. તેમજ જમણી કર્ણિકામાં શરીરના નીચેના અને ઉપરના બેઉ ભાગની બે મોટી શિરા રકત આણે છે.

હવે લોહી કેમ ફરેછે તે જોઈએઃ—પ્રથમ ડાબી જવનિકાથી શરૂ કરીએ. આખંડમાં સ્વચ્છ લાલ રકત હોયછે. તેમાંથી નીકળી તેના સંબંધની મોટી ધમનિમાં રૂધિર જાયછે. તેની શાખાઓ થઈ શરીરના દરેક ભાગમાં ફરી વળેછે. ઝાડના થડથી ઉપર ચાલીએ તેમ જેમ જેમ તેના ભાગ વિભાગો થઈ ડાળ, ડાંખળી અને પાંદડે પહોચાય, તેમ આ ધમનિ જેમ જેમ શરીરમાં ફેલાયછે તેમ તેમ તેની નાની મોટી શાખાઓ થઈ બધા ભાગમાં પહોચી વળેછે. અંતે તેની એવીતો બારીક નળી થઈ જાયછે કે તેનું પડ પણ દેખાતું નથી, અને રકતના સૂક્ષ્મ રજકણને પણ તેમની અંદરથી નીકળવું મુસ્કેલ પડે છે, તેને **કેશવાહિની** કહે છે. આવી બારીક નળીયો એક બીજા સાથે જોડાયલી હોયછે, અને તે એક જાળની માફક થઈ રહેછે. આ જાળમાં રકત ફરી રહ્યું એટલે તેમાંથી **ફસ** નીકળે છે. તેમાં થઇને લોહી રકતાશય તરફ પાછું વળે છે. ડાંખળીએથી જોઇએ તો જેમ એક બીજી મળીને અંતે થડ થાય છે, તેવીજ રીતે આવી નાની ફસ મળી ઉપલા અને નીચલા ભાગની એવી બે મોટી ફસ થઈ છાતીમાં રકતાશયની જમણી કર્ણિકાને મળે છે. આ પ્રમાણે લોહી ડાબી બાજુથી ધમનિમાં, ત્યાંથી કેશવાહિનીમાં, અને ત્યાંથી ફસમાં થઇને અંતઃકરણની જમણી બાજુએ અસ્વચ્છ થઇને આવે છે. ફસની અંદર લોહી કાળું અને અસ્વચ્છજ હોય છે. જમણી કર્ણિકામાંથી લોહી જમણા નીચલા ખાનામાં વહે છે. (તેમની વચેના **ત્રયંકુશ** પડદા જવનિકા તરફ ઊઘડે છે.) જમણી જવનિકામાંથી રકત તેનાથી જોડાયલી ધમનિમાં જાય છે. એ મોટી ધમનિની બે શાખાઓ થઈ એકેક ફેફસામાં જાય છે. તેઓ કેશવાહિનીઓના રૂપમાં ફેફસાની અંદર જાળની માફક ફેલાઈ જાય છે. ત્યાંથી શિરા ઉત્પન્ન થાય છે, અને એવી ત્રણ ચાર શિરા મળીને લોહીને ફેફસામાંથી પાછું રકતાશયની ડાબી કર્ણિકામાં આણે છે. કર્ણિકામાંથી દ્વયંકુશ માર્ગવાટે ડાબી જવનિકામાં દાખલ થાયછે. આ પ્રમાણે લોહીનો એક ફેરો થાયછે. સ્વચ્છ તથા પોષણ કારક લોહી ડાબી બાજુએથી નીકળી, શરીરમાં ફરવા જાય છે, ત્યાં પોષણ કારક ભાગ તથા આક્ષીજન સઘળી જગોએ વેંહેંચી આપી, તેમના ૨૬ પડેલા ભાગ લઈ, જમણી બાજુએ પાછું આવેછે. ત્યારે રકત અસ્વચ્છ અને કાળું હોયછે. જમણી તરફથી ફેફસામાં જાયછે ત્યારે સ્વચ્છ અને લાલ થઇ પાછું ડાબી બાજુએ આવેછે.

લોહી શાથી ફરે છે?ઃ—કાંઈ પણ ક્રિયાને વાસ્તે કર્તા જોઇએ, તો લોહી આવી ઝડપથી અને જુસ્સાથી ફરે છે તેને ફેરવનાર કાંઇપણ સાધન હોવું જોઇએ. રૂધિર આપણે કહી ગયા તેજ પ્રમાણે ફરે છે, અને તેથી ઉલટું ફરી નથી શકતું. તેનું કારણ એટલુંજ કે રકતાશયમાં અને શિરામાં પડદા હોય છે, તે જ્યારે રૂધિર કહ્યા પ્રમાણે સીધું ફરે ત્યારે એક બાજુએ પડ્યા રહે છે, પરંતુ એથી ઉલટું ફરવા જાય તો તે ઊભા થઈ આડા પડી તેના પ્રવાહને અટકાવે છે.

લોહીને ફેરવનાર મોટામાં મોટું કારણ અંતઃકરણની માંસમય કોથળી પોતેજ છે. આ શિવાય બીજાં હલકાં ઉપકારણોપણ છે. જેમ કે ધમનિની સ્થિતિસ્થાપકતાથી રૂધિ-

રાભિસરણને મદદ મળે છે. વળી શરીરની સ્નાયુના હલન ચલનથી પાસેની શિરા ઉપર દબાણ થાય છે અને તેને લીધે રક્ત આગળ ધકેલાય છે. શ્વાસોશ્વાસમાં છાતીના ચલનથી પણ રક્તની ગતિને કાંઈ મદદ મળે છે. રક્તની કેશવાહિનીઓમાં પોષણ સંબંધી જે ક્રિયા થાય છે તેને લીધે પણ તેના પ્રવાહને ઉત્તેજન મળે છે.

રક્તાશય, માંસમય એટલે માંસનું બનેલું છે. એનું માંસ પણ સ્નાયુના જેવુંજ છે. માંસના લોચા પાતળા રેષાના બનેલા છે તેમજ આની અંદર પણ તેવાજ રેષા અથવા સાકા હોય છે. આ માંસ રેષા અથવા સાકાનો એવો ગુણ છે કે તે લાંબા ટૂંકાથઈ શકે છે, અને તે ગુણ ઉપરજ આખા શરીરની હાલચાલનો આધાર રહ્યો છે. આ સાકા લાંબા ટૂંકા થાયછે તે પ્રમાણે રક્તાશય પહોળું અગર સાંકડું થાય છે. જ્યારે આનું સંકોચાય છે ત્યારે તેમાંથી લોહી બહાર પડે છે, અને ઢીલું થાય છે ત્યારે તેની અંદર લોહી ભરાય છે. આ પ્રમાણે સંકોચાવું અને ઢીલું પડવું એ રક્તાશયનું નિરંતરપણે કામ છે. પહેલાં બેઉ કર્ણિકા સંકોચાય છે, તે વખતે જવનિકા ઢીલી હોય છે. પછી જવનિકા સંકોચાયછે ત્યારે કર્ણિકા વિસ્તૃત થાય છે. આ પ્રમાણે ઉપલા અને નીચલા ખંડ વારાફરતી સાંકડા મોટા થયાજ કરે છે.

આગળ કહ્યુંછે કે કર્ણિકા અને જવનિકાની વચ્ચેના રસ્તા ઉપર પડદા આવેલાછે. જમણા રસ્તામાં ત્રણ ત્રિકોણાકારના પડદાછે, તેને ત્ર્યંકુશ પડદા કહેછે. ડાબા રસ્તા ઉપર બે પડદા રહેલાછે તેને દ્વયંકુશ પડદા કહેછે. વળી નીચલા ખંડ સાથે જે ધમનિ જોડાયલી છે તેના મોઢા ઉપર પણ ત્રણ ત્રણ **અર્ધચંદ્રાકાર** પડદા રહ્યાછે. બે ખંડ વચ્ચે જે પડદાછે તે જવનિકા તરફ ઉઘડેછે અને જે ધમનિના મોઢા ઉપર પડદા છે તે ધમનિ તરફ ઉઘડેછે. કર્ણિકા કરતાં જવનિકા મોટી હોયછે. હવે ધારો કે કર્ણિકા તેમના સંબંધની શિરામાંથી વહેતા રક્તથી ભરાયછે. એ ભરાતી વખત તેમાંનું થોડું લોહી જવનિકામાં પણ જાયછે. પછી એ ભરાઇ રહ્યાં કે તેઓ સંકોચાયછે, એટલે તેમાંનું સઘળું રક્ત નીચલા ખંડમાં જાયછે. આ વખતે તેમની વચ્ચેના રસ્તાના પડદા ઉઘાડા પડ્યા રહેછે. આ પ્રમાણે બેઊ નીચલા ખંડ ભરાયા એટલે તેઓ પોતે સંકોચાયછે અને તેમની અંદરનું રક્ત તેઓની જુદી જુદી ધમનિમાં જાયછે. નીચલા ખંડ સંકોચાયછે ત્યારે તેમાંનું રક્ત પાછું ઉપલા ખાનામાં કેમ નથી જતું? તેનું કારણ એ છે કે તે તરફના રસ્તાના પડદા ઠેલાયાથી બંધ થઇ જાય છે. ધમનિમાં સ્થિતિસ્થાપકત્વનો ગુણછે, તેથી નીચલા ખંડનું લોહી તેમાં આવેછે ત્યારે તેઓ પહોળી થાયછે, અને આવતું બંધ પડ્યું એટલે પછી સાંકડી થવા માંડેછે. તેઓ સાંકડી થવા માંડી કે તેમના મોઢા ઉપરના પડદા બંધ થઇ જાયછે, એટલે રક્ત પાછું નીચલા ખંડમાં જઇ શકતું નથી, એટલુંજ નહીં પણ તેને આગળ બીજી શાખાઓમાં દોડવું પડેછે. આવી રીતે નાની મોટી ધમનિઓ પહોળી થાયછે, એટલે ઊપસેછે અને પાછી સંકોચાયછે, એટલે બેસેછે. આ તેમનું ઉપસવું અથવા પહોળું થવું, જ્યાં તેઓ ચામડીની નજીક હોયછે ત્યાં આપણી આંગળીને લાગેછે, જેમકે કાંડા પાસે, અને તેને આપણે નાડી કહીએ છીએ. આવી

રીત કર્ણિકા અને જવનિકાની વારાફરતી ક્રિયાથી લોહીને ગતિ મળેછે, અને લોહી પાછું વહેતું નથી તેનું કારણ કુદરતે જુગ્તિથી અને જોઇતી જગાએ મૂકેલા પડદાછે.

અંતઃકરણના અવાજઃ—છાતી ઉપર રક્તાશયની જગાયે કાન ધરવાથી કાંઇ અવાજ આવેછે. આ અવાજ રક્તાશય જે કામ કરેછે તે ક્રિયાને લીધેજ ઉત્પન્ન થાયછે. એક પછી એક એવા બે અવાજ થાયછે, અને ત્યાર પછી એક વિશ્રામ પડેછે. આ બે અવાજ અને ત્યારપછી જરા વિશ્રામ એ ઘડીઆળના ટકટકની માફક થયાજ કરેછે. એ બે અવાજને થતાં જેટલો વખ્ત લાગેછે તેટલોજ તે વિશ્રામને લાગેછે. બેઉ અવાજ સરખા હોતા નથી. **પહેલો અવાજ** જરા લાંબો અને મંદ જણાય છે. **બીજો અવાજ** જલદ તથા **તીક્ષ્ણ** હોયછે. આ અવાજ થતી વખ્ત અંદર રક્તાશયની શી સ્થિતિ હોયછે ?

પહેલો અવાજ થાયછે ત્યારે બંને જવનિકા સંકોચાયછે, કર્ણિકા, જવનિકા વચ્ચેના પડદા બંધ થાયછે. કર્ણિકા ઉઘડેછે તથા લોહીથી ભરાયછે. આ અવાજ થયા પછી તરતજ કાંડાની નાડી ઉછળેછે.

બીજો અવાજ થતી વખ્ત જવનિકા ઢીલી પડવા માંડે છે, કર્ણિકા ભરાતીજ રહે છે, અને બેઉ મોટી ધમનિના પડદા બંધ થાય છે. વિશ્રામની વખ્તે કર્ણિકા ભરાઇને સંકોચાય છે, જવનિકા ભરાવા માંડે છે. ધમનિના પડદા બંધ હોય છે, અને બીજા પડદા ખુલ્લા હોય છે. આ બેઉ અવાજ શાથી થાય છે? બીજા અવાજના કારણ વિષે સર્વ એકમત છે. પરંતુ પહેલાના કારણ વિષે આવું એકમત નથી. પહેલો અવાજ થવામાં આટલાં કારણો મદદગારછે એમ માનવામાં આવ્યું છેઃ– જવનિકાના સંકોચાવાથી થતો ઘોંઘાટ, તેથી તથા કર્ણિકા વચ્ચેના પડદાનું અફળાવું, અને અંતઃકરણનો ધપકારો. બીજા અવાજનું કારણ ઘણું કરીને ફકત ધમનિના પડદાના અફળાવાથી થતો ઘોંઘાટ એજછે.

ધપકારોઃ—છાતી ઉપર ડાબી બાજુ પાંચમા અને છઠ્ઠા પાંસળાની વચ્ચે દિલની જગો ઉપર હાથ રાખીયે તો આપણને ધપકારો માલમ પડે છે. રક્તાશય સંકોચાતી વખ્તે તેનો નીચેનો અણીદાર છેડો છાતી સાથે અથડાયછે તેને લીધે ધપકારો લાગેછે.

દિલની ક્રિયાનું જોર તથા તેની સંખ્યાઃ—જવનિકા સંકોચાવાથી રકત ધમનિમાં જાય છે. તેથી ધમનિ પહોળી થાય છે, તેને આપણે નાડી કહીએ છીએ. એમ અંતઃકરણના દરેક સંકોચાવાથી દરેક નાડી ઉત્પન્ન થાયછે. દરેક મિનિટમાં આવી ક્રિયા અથવા નાડી જુવાન તંદુરસ્ત મનુષ્યની આશરે ૭૫ વખ્ત ચાલે છે. જન્મથી તે અંત સુધી રક્તાશયની ક્રિયા અથવા નાડીની સંખ્યા કમી થતી આવે છે.

જેમ કે ગર્ભાસ્થાનમાં નાડી એક મિનિટમાં ૧૫૦ વાર ચાલે છે.

જન્મ થતી વખ્તે	,,	,,	૧૩૫	,,
એક વર્ષની વય થાય ત્યાં સુધી	,,	,,	૧૨૦	,,
બીજે વર્ષે	,,	,,	૧૧૦	,,
ત્રીજે વર્ષે	,,	,,	૧૦૦	,,

સાતમે વર્ષે	નાડી એક મીનિટમાં ૯૦ વાર ચાલેછે.			
પંદરમે વર્ષે	,,	,,	૮૦	,,
તરુણાવસ્થામાં	,,	,,	૭૦ થી ૮૦	,,
ઘડપણમાં	,,	,,	૬૦ થી ૭૦	,,

સ્ત્રીની નાડી પુરૂષના કરતાં જરા વધારે જલદ હોય છે. જમ્યા પછી તેમજ મહેનતને લીધે નાડી વધારે ઝડપથી ચાલે છે. નિદ્રાવસ્થામાં નાડી કિંચિત્ મંદ થઈ જાય છે. વ્યાધિને લીધે નાડી મંદ પડે છે, તેમજ જલદ પણ થાય છે. તંદુરસ્તીમાં સવારની વખતે નાડી થોડી જલદ હોયછે. જેમ દિવસ ચઢે છે, તેમ જરા મંદ થાયછે, અને ઘણીજ મંદ મધ્ય રાત્રિની વખતે હોય છે. આપણે ઉભા હોઇએ ત્યારે નાડીજ લદ હોય છે, બેઠી સ્થિતિમાં તેથી મંદ, અને સૂતા હોઈએ તો તેથી પણ મંદ ચાલે છે. જેમ હવામાં ઊંચા ચઢીએ તેમ નાડી વધારે જલદ થતી જાય છે.


તંદુરસ્ત સ્થિતિમાં નાડી અને શ્વાસોશ્વાસ વચ્ચે એક સરખું પ્રમાણ છે. એક શ્વાસ પૂરો થાય છે તે દરમીયાન ચાર વખત નાડી ચાલે છે. મેહેનત અથવા કસરત કરીએ છીએ ત્યારે પણ ઘણું કરીને નાડી અને શ્વાસોશ્વાસ તેજ પ્રમાણમાં વધેછે. પણ કેટલીક વખત દરદ અને રોગને લીધે આ પ્રમાણ બદલાઈ જાય છે.

રક્તાશયની ડાબી જવનિકાનું જોર આશરે બેથી ત્રણ રતલ જેટલું છે. જમણી જવનિકાનું જોર તેથી અર્ધુંછે. આ તફાવતનું કારણ એટલુંજ કે ડાબા ખંડનું પડ જાડુંછે, તથા તેમાં માંસ રેષા વધારે છે. એનું કામ લોહીને આખા શરીરમાં ધકેલવાનું છે. જમણી જવનિકાનું પડ પાતળું છે, તથા તેને લોહી ફક્ત પાસેના ફેફસામાં ધકેલવું પડે છે. દરેક ખંડની અંદર આશરે સાત તોલા રક્તનો સમાવેશ થાય છે.

૨ **ધમનિ અગર ધોરીનસઃ**—લોહી પાણીના રેલાની માફક ધમનિમાં વહેછે. ધમનિનું કવચ અગર પડછે, તે બારીક ત્રણ અસ્તરનું બનેલુંછે. એક બહારનું પડ,તે ચોળું તથા મજબૂતછે અને તેના ઉપર ધમનિના મજબૂતપણાનો આધાર છે. બીજું અંદરનું પડ એ લીસું શ્લેષ્માવરણ જેવું હોય છે. જેથી રક્તના વહેવામાં બિલકુલ અટકાવ અગર ઘર્ષણ થતું નથી. ત્રીજું વચલું પડ તે બે જાતિના પદાર્થનું બનેલુંછે. માંસના રેષા અને સ્થિતિસ્થાપક પદાર્થ તેમાં હોય છે. માંસના રેષાને લીધે ધમનિને સંકોચાવાની શકિત મળેછે તથા બીજા પદાર્થને લીધે તેને સ્થિતિસ્થાપકતા પ્રાપ્ત થાયછે. ધમનિમાં સ્થિતિસ્થાપકતાનો ગુણ મોટા ઉપયોગનોછે. જવનિકા સંકોચાયછે ત્યારે તેઓ પહોળી થઈ રક્તને માર્ગ આપે છે. એ સ્થિતિસ્થાપક નહોતતો જ્યારે એટલા જોરથી તેમની અંદર રક્ત આવત ત્યારે તેઓ ફૂટ્યા વગર રહેત નહીં. રક્તાશયનું જોર લોહીને ધકેલવામાં વપરાયછે તેમજ ધમનિ ઉપર પણ ખરચાયછે. વળી જ્યારે રક્ત આવતું બંધ પડછે એટલે ધમનિ પાછી પોતાની પૂર્વ સ્થિતિમાં આવેછે, અને તેથી લોહી ઉપર દબાણ ચાલું રહેછે, અને એને પાછું વહેવાનો રસ્તો બંધ થાયછે, એટલે તે એક સરખા રેલામાં આ-

ગળ વહેછે. જો ધમનિ સ્થિતિસ્થાપક ન હોત અને જડ હોત તો રક્તના વહેવામાં અંતર પડ્યા વગર રહેત નહીં. વળી ધમનિ સ્થિતિસ્થાપકછે તેથી જેટલું જોર અંતઃકરણ કરેછે તેટલું સઘળું કામમાં આવેછે. કારણકે જે કાંઈ જોર ધમનિ ઉપર ખરચાયછે તેટલાજ જોરથી ધમનિ પાછી લોહી ઉપર દબાણ કરેછે. વચલા પડમાં માંસના રેષા અને સ્થિતિસ્થાપક પદાર્થછે, તે સઘળી ધમનિમાં એકજ પ્રમાણમાં હોતાં નથી. મોટી ધમનિમાં સ્થિતિસ્થાપક પદાર્થ વધારે હોયછે, તથા નાનીમાં માંસ રેષા જાસ્તી હોયછે. માંસના સાકાને લીધે જુદા જુદા શરીરના ભાગોને જોઈએ તે પ્રમાણે લોહી વહેંચી આપવાની ધમનિને શક્તિ મળે છે. નાની ધમનિ જેનું કામ લોહી વહેંચી આપવાનુંછે, તેની અંદર માંસ રેષા વધારે હોયછે, તથા મોટી ધમનિ જેને રક્તાશયનો ધક્કો ખમવો પડ છે, તેની અંદર સ્થિતિસ્થાપક પદાર્થ વધારે હોયછે.

આકૃતિ ૧૩. ધમનિની શાખાઓ.



A મોટી ધમનિ હૃદયમાંથી નીકળે છે.

c, d તેની શાખા મસ્તક તરફ ચડેછે.

b શાખા જમણા હાથ માટે.

e શાખા ડાબા હાથ માટે.

ff શાખા પાંસળીઓની વચમાં ફેલાયછે.

B, C મોટી ધમનિ છાતી અને પેટ ભણી ઉતરેછે

n મૂત્રપિંડ.

m પાંકીયાશ.

h, i, o, k, બીજી શાખાઓ.

S જાંગને માટેની ધમનિ.

સંક્ષેપમાં કહીએ તો ધમનિનાં ત્રણ કામછે. ૧. લોહીને શરીરમાં ફેરવવું. ૨. રક્તના રેલાને એક સરખી રીતે અંતર વિના ચલાવવો. ૩. જુદા જુદા અવયવોને જોઈએ તે પ્રમાણે રક્ત વહેંચી આપવું.

નાડી એટલે શું?—એ હવે સારી પેઠે સમજાયું હશે. લોહીનો એક સરખો પ્રવાહ ચાલતો હોય તેમાં વખતે વખતે ઉમેરો થતો જાય તેમ ધમનિ ઉછળેછે તેને નાડી કહે છે. રક્ત બગડે અને અંતઃકરણમાં ફેરફાર થાયતો નાડીમાં પણ ફેરફાર થાય તેમાં ન-


થાઈ નથી. નાડી નાની, મોટી, જલદ, મંદ, ઉછળતી, થડકતી વગેરે પ્રકારનીછે. વળી હાલમાં એક યંત્ર નીકળ્યુંછે તેનાથી તો નાડના ઘણાજ બારીક ફેરફારો પણ સમજાયછે. એ યંત્રને "સ્ફીગમોગ્રાફ" કહેછે.

કેશવાહિનીઃ—તેની ઉત્પતિ કેમ થાયછે તે ટૂંકામાં આગળ જણાવ્યુંછે. મુખ્ય ધોરી નસને ઝાડના થડની માફક ગણીએ તો આ નળીઓ ઝાડની છેવટની ડાંખળીયોને સરખાવી શકાય. પરંતુ એમાં ભેદછે. ડાંખળીઓ જુદી જુદી રહેછે તથા ચોતરફ પસરેલી જણાયછે. પણ આ નળીઓ તો એક બીજા સાથે મળી જઇ એક પ્રકારની જાળ બનેછે. આ નળીયો એવી તો બારીક હોયછે કે કાચની મદદ શિવાય એકલી આંખે દેખાવી પણ મુશ્કેલ છે. એમની જાડાઇ સરાસરી એક ઇંચનો $\frac{1}{3000}$ મો ભાગ જેટલી હોયછે. આ નળીયોના સંયોગથી જે જાળ બનેછે તે બે પ્રકારની હોયછે. એક ગોળાકાર અને બીજી લંબાકાર. જે જે ભાગમાં પોષણ વિશેષ જોઇએ છીએ તે તે ભાગમાં આ જાળ વધારે ઘટ તથા બારીક હોયછે. આ નળીયોનું પડ એવું તો બારીક હોયછે કે તે છેક પારદર્શક જણાયછે, અને તેમની અંદરનો પોષણકારક રસ આસપાસના ભાગો સહજ ચૂસી લેછે.


લોહીને જો એક સીધી નળીમાં ફરવું હોયતો તેને ફેરવવાને ઘણું થોડું જોર લાગે, પરંતુ જ્યાં આવી બારીક નળીયોની જાળમાં ફરવા જવું પડે ત્યાં તેને ગતિ આપવાને ઘણા જોરની જરૂર રહેછે. તેથી જો કે અંતઃકરણ એટલા જુસ્સાથી રક્તને ધકેલેછે તોપણ તેનું ઘણું ખરૂં જોર આવા ભાગમાં ભાગી જાયછે. કેશવાહિનીઓમાં લોહીની ગતિ ઘણી મંદ ચાલેછે. એક મિનિટમાં આશરે ત્રણ ઇંચ ચાલેછે. પરંતુ કોઈ એક અમુક લોહીનો ભાગ લઇએ તો તેને આવો ભાગ એક ઇંચ કરતાં પણ થોડો આડો આવેછે, તેથી ઘણી હરકત પડતી નથી, અને અજમાયશ ઉપરથી એવું માલમ પડેછે કે રક્તાશયમાંથી નિકળ્યા પછી શરીરના કોઇપણ ભાગમાં ફરીને પાછું આવતાં લોહીને એક મિનિટથી વધારેવાર લાગતી નથી.

કેશવાહિનીની વચ્ચોવચ્ચ રાતા રજકણ વહેછે તથા કોરે કોરે બાજુ ઉપર એક મંદ ગતિનો રક્તજળ તથા સફેદ રજકણનો પ્રવાહ ચાલેછે. આ મંદપ્રવાહ મારફત રક્તમાં ફેરફાર નીપજેછે. તેમાંથી પોષણકારક ભાગ બહાર પડેછે અને બહારના રદી ભાગ અંદર આવેછે, તથા તેમાં મિશ્ર થઈ જાયછે. હવે એવું ધારવામાં આવ્યુંછે કે આવા ફેરફારો થવાથી રક્તને આ જગાએથી ગતિ પ્રાપ્ત થાયછે. કારણ કે જ્યારે એ ફેરફાર થતા બંધ પડી જાયછે ત્યારે રક્તનો પ્રવાહ આસ્તે આસ્તે મંદ પડી બંધ થઈ જાયછે. જેમકે શ્વાસ બંધ પડે તો ફેફસા માંહેના રક્તની ગતિ મંદ પડી અંતે બંધ પડેછે. આ ઉપરથી એમ જણાયછે કે એ નળીયોમાં તો જો કે રક્તને ગતિ આપવાની શક્તિ નથી તોપણ એ ફેરફારોને લીધે તેને ગતિ પ્રાપ્ત થાયછે.

પગની શીરાઓનો દેખાવ.



આકૃતિ ૧૪. શીરાનો ખુલ્લો દેખાવ.



A આકૃતિમાં શીરાની અંદરના પડદા દેખાય છે.

શીરા, ફસ, વેન અથવા કાળીનસઃ— કેશવાહિનીઓની જાળમાં રક્તમાં યોગ્ય ફેરફારો થયાપછી તેને પાછું છાતીમાં જવા સારૂ નળીયો ઉત્પન્ન થાયછે, તે આવા નામથી ઓળખાય છે. એના કવચની રચના ધમનિના પડને મળતી આવે છે. પણ માંસના સાકા તથા સ્થિતિસ્થાપક પદાર્થ ઘણા જુજ જોવામાં આવે છે. શિરાને પોતામાં લોહીના પ્રવાહને મદદ આપવાની શક્તિ નથી, તોપણ તેની અંદર ઠેકાણે ઠેકાણે પડદા હોય છે તે એ પ્રવાહને ઉપયોગી થઇ પડે છે. શરીરના અવયવોનું હલન ચલન થવાથી પાસેની શિરા ઉપર દબાણ થાય છે તેથી રક્તને દોડવું પડેછે, તેના ઉલટા પ્રવાહને આ પડદા અટકાવે છે. તેથી તેને આગળ વહેવાની ફરજ પડે છે. શ્વાસો શ્વાસમાં દમ લેતી વખતે છાતીમાં જગો થાય છે તેથી લોહીનું છાતી તરફ આકર્ષણ થાય છે. આ પ્રમાણે શ્વાસો શ્વાસ તથા શિરા ઉપર થતું દબાણ લોહીને ફરવામાં ઉપયોગી થઈ પડે છે.

લોહી ફરવાની ગતિઃ—ધમનિમાં લોહી ઘણી ઝડપથી ફરે છે, શિરામાં તેથી થોડી ગતિથી, અને કેશવાહિનીમાં તેથી પણ થોડી ગતિથી ફરે છે. રક્તને અંતઃકરણમાંથી નીકળી એક આંટો ફરી આવતાં કેટલી વાર લાગે છે? નજીકના ભાગોમાં ફરી આવતાં થોડી મુદત લાગે છે અને છેટેના ભાગમાં ફરી આવતાંવધારે વિલંબ લાગે છે. શરીરના કોઈ પણ ભાગમાંથી ફરી આવતાં ૪૦ થી ૬૦ સેકંડથી વધારે વખત લાગતો નથી.

શ્વાસોશ્વાસ.

(રેસ્પીરેશન)

આપણે શ્વાસ લઇએછીએ ત્યારે હવા અંદર જાય છે. પરંતુ તે હવા અંદર ક્યાં જાયછે અને શા કામની છે તેની થોડાનેજ માહિતી હશે.

આ હવા સાધારણ રીતે નાકમાંથી મોઢાના પાછલા ભાગમાં થઇ હવાની નળી વાટે ફેફસામાં જાય છે. ફેફસાં માંહેના રક્તને સ્વચ્છ કરવું એ આ હવાનો મુખ્ય હેતુ છે. શરીરમાં ફરીને આવ્યા બાદ જે લોહી ફેફસામાં જાય છે તે કાળા રંગનું અને નિરૂપયોગી હોય છે. શ્વાસમાં ગએલી હવા રક્ત માંહેલા નિરૂપયોગી અને ઝેરી પદાર્થોને ગ્રહણ કરે છે, અને પોતાના ઓક્ષીજનને આપેછે.


રક્તના ઝેરી પદાર્થમાં મુખ્ય "કાર્બોનીક" હવા છે. આ હવા બહાર પડેછે તથા તેની જગાએ શ્વાસમાં લીધેલી હવાનો આક્ષીજન રક્તમાં જાયછે. આ ફેરફાર થવાથી લોહીનો રંગ કાળો બદલાઈને રાતો થાયછે.

લોહી રાતુ અને અસ્વચ્છ થયું એટલે શરીરમાં બીજી ફેરી મારવા જાય છે, અને બગડેલી હવા પાછી બાહાર આવેછે.

હવાની નળીનો ઉપલો ભાગ પહોળો અને મોટો છે. બહારથી ગળાનાં ઉપલા ભાગમાં ટેકરો માલમ પડે છે, તે એનો છે. એ ભાગને આપણે નરગોટો કહીએ છીએ. એને ઇંગ્રેજીમાં "લારીંક્ષ" કહે છે. એ પાંચ સાત કાર્ટિલેજનો બનેલો છે. એનું મુખ્ય કામ અવાજ પેદા કરવાનું છે. એના મધ્ય માર્ગની બેઉ બાજુએ બબે તાર છે. તે તાર તંબુરાના તાર જેવા કામમાં આવે છે. તે પ્રમાણે ધ્વનિ ઉત્પન્ન કરવામાં ઉપયોગી પડેછે.

એ તારની વચ્ચેનો રસ્તો લાંબો, સાંકડો, ત્રિકોણાકારનો છે, તેમાંથી હવા જાય આવેછે. તેને "કંઠદ્વાર" કહે છે. એ તાર સ્નાયુને લીધે હાલે છે, અને તેને લીધે એ રસ્તો સાંકડો, મોટો, અગર છેક બંધ પણ થઇ શકે છે. હવા શિવાય બીજો કાંઈ પણ પદાર્થ આ રસ્તે અકસ્માત જતો હોય તો ઝટ લેઇને આ રસ્તો બંધ થઇ જાય છે. આપણે પાણી વગેરે પીતી વખત કદાચ હસીએ અગર બોલીએ છીએ ત્યારે કોઈ વખત એ પ્રવાહી પોતાનો સ્વભાવિક માર્ગ મૂકી આ રસ્તે જવા માગેછે તો એકદમ એ કંઠદ્વાર બંધ પડે છે અને આપણે આકુળ બાકુળ થઈ જઇએછીએ.

આકૃતિ ૨૫. ફેફસાં અને વાયુનળી.



નરગોટાની નીચેની નળીને "વાયુનળી" કહેછે. આ નળી એક ઉપર એક એવી કેટલીક કાર્ટિલેજની ગોળ કડીઓની બનેલીછે તથા તે કડીઓની વચ્ચે એક બીજીને જોડનાર એક પડછે. આ પડ કડીઓની અંદર પણ આવેલછે. તેની અંદર સ્થિતિસ્થાપક પદાર્થ અને માંસના સાકાછે. આ નળીનું અંદરનું અસ્તર શ્લેષ્માવરણનું છે.

આ વાયુ નળીકા નીચે છાતીમાં ઉતર્યા પછી તેના બે ભાગ થાયછે. તે દરેક ભાગ એકેક ફેફસામાં જાયછે. આ દરેક મોટા ભાગના વિભાગો થઇ ફેફસામાં ચારે તરફ ફેલાયછે. નાના વિભાગોની નળીઓમાં કાર્ટિલેજની કડીઓ હોતી નથી. લોહીની નળીઓ જેમ જુદી પડી પાછી એક બીજાને મળી જઇ સંયોગ કરેછે, તેમ આ નળીઓ કરતી નથી. એતો એક બીજાથી જુદી પડ્યા પછી એકત્ર થતી નથી. ભાગ વિભાગ થતાં તેઓ ઘણી બારીક થઇ જાયછે અને તેમના અંતના વિભાગની આજુબાજુએ તેમજ છેડા ઉપર સૂક્ષ્મ "પરપોટા" હોયછે, તેને "વાયુકોષ" કહેછે. આ પાણીના બારીક પરપોટા જેવા દેખાયછે તેને ઇંગ્રેજીમાં "વાયુપોટા" કહેછે. એનું પડ બરેબર પાણીના પોટા જેવું ઝીણું તથા પારદર્શક અને નાજુક હોયછે. આખા ફેફસાની ઉપર અને અંદર આવા વાયુપોટા આવી રહેલાછે, અને તે ઘણાજ ઉપયોગનાછે. આ પોટાઓની ઉપર રક્તની

કેશવાહિનીઓની જાળ પથરાએલીછે, અને તેમાં શરીરનું બગડેલું રુધિર ફરેછે. આ જગાએ તે લોહી સ્વચ્છ થાયછે. આપણે ચોખ્ખી હવાનો શ્વાસ લઇએ તે છેક આ વાયુપોટાઓની અંદર પહોંચેછે. હવા અને રક્ત વચ્ચે અંતર ફક્ત એના અતિશય ઝીણા પડનોછે. જે રક્ત વાયુકોષના વચલા ભાગમાં ફરેછે, તેને તો બેઉ બાજુએ હવા પહોંચેછે. રક્ત અને હવાની વચ્ચેનું અંતર એટલું તો સુક્ષ્મ હોય છે કે તેની આરપાર તે બેઉમાં જોઇતા ફેરફાર સહજ થઇ શકેછે. રક્ત માંહેલા કાર્બોનીક ગ્યાસ વગેરે વાયુ પોટા માંહેલી હવામાં મિશ્ર થાયછે, અને તે હવાનો આક્ષીજન રક્તમાં પ્રવેશ કરેછે.

શ્વાસોશ્વાસની ક્રિયાઃ—ફેફસાં, નળીઓ અને તેના વાયુ પોટામાં સ્થિતિસ્થાપકત્વ રહેલ છે. તેથી શ્વાસ લેતી વખત એ ફૂલે છે, અને પછી શ્વાસ મૂકતી વખતે એના દબાણથી અંદર લીધેલી હવા બહાર નીકળી પડે છે. છાતી અને પેટ વચ્ચે પડદો છે તે નીચે ઉતરે છે અને ઉપર ચઢેછે. તેથી ફેફસાંને પહોળું અને સાંકડું થવાને બની આવે છે. છાતીની બેઉ બાજુએ બાર બાર પાંસળાં છે. તે પણ કેટલેક દરજ્જે સ્થિતિસ્થાપકછે, તેથી તથા તેમની વચ્ચે સ્નાયુના બે થર છે તેને લીધે તે શ્વાસોશ્વાસનું કામ ચલાવવામાં ઘણાં મદદગાર થઈ પડે છે.

શ્વાસોશ્વાસમાં બે જાતની ક્રિયા ચાલે છે. એકને લીધે હવા ફેફસામાં જાય છે. તેથી છાતી ઉપસે છે તેને **અંતરશ્વાસ** કહે છે, અને બીજીને લીધે અંદર ગયેલી હવા બહાર આવે છે તેથી છતી બેસે છે તેને **બાહ્યશ્વાસ** કહે છે. એક વખતનો શ્વાસ પૂરો થયો એટલે બીજો શરૂ થવાની અગાઉ થોડોક વખત જાય છે. સાધારણ રીતે શ્વાસ લેવો અને મૂકવો તેમાં સરખોજ વખત લાગે છે. પરંતુ બચ્ચાં અને સ્ત્રીને દમ લેવાની ક્રિયા કરતાં છોડવામાં કિંચિત વધારે વખત લાગે છે.

છાતીના પાંજરામાં ફેફસાં અને અંતઃકરણ રહેલાં છે. દમ લેતી વખત છાતી ઉપસેછે અને અંદર જગા થાયછે તેમાં હવા અને રક્તનું આકર્ષણ થાયછે. તેમ મૂકતી વખતે હવા બહાર આવેછે અને રક્તને અંદર જવામાં થોડો અટકાવ થાયછે.

અંતરશ્વાસઃ—દમ લેતી વખત છાતી ઉપસે છે. તે ઉપર, નીચે તેમજ આજુબાજુએ ચોતરફ વધે છે. પેટ અને છાતી વચ્ચેનો પડદો સંકોચાઇને નીચે ઉતરે છે, તેથી ફેફસાંને પુષ્કળ જગા મળે છે. પાંસળાં પાછળ બરડાના કરોડ સાથે જોડાયલાં છે અને આગળ છાતીના મધ્ય હાડની સાથે સંધાયલાં છે. પાછળનો સાંધો ઊંચો હોય છે; અને આગળનો છેડો નીચો છે, તેથી તેઓ ઢળતાં રહે છે. દમ લેવાની વખતે બહારની સ્નાયુના જોરથી આગળનો ભાગ ઊંચો થાય છે, અને તેથી પાંસળાંનો ઢાળ પણ કમી થાય છે. પાંસળાં ઊંચાં થવાથી છાતીનું મધ્યહાડ ઊંચું થઈ આગળ આવેછે, અને છાતીના પૂર્વ પશ્ચિમ વ્યાસમાં વધારો થાય છે. તેમજ પાંસળાં વધારે ગોળાકાર થવાથી છાતીની બાજુની જગામાં પણ વધારો થાય છે. આ સઘળી બીના શ્વાસ લેતી વખત છાતી ઉપર જોવાથી બરાબર ધ્યાનમાં આવશે. પાંસળાંને હીલવવામાં આસપાસની બીજી કેટલીક સ્નાયુ કામ લાગે છે. આ પ્રમાણે શ્વાસ લેવાની વખતે હવા સારૂ અંદર જગા

થાય છે, તે સર્વ બાજુએ થોડી થોડી થાય છે. તોપણ એમ હોય છે કે એક દિશામાં બીજી કરતાં વધારે થોડી જગા મળે છે. જેમકે બચ્ચાંને દમ લેવાને જોઇતી જગાનો ઘણોખરો ભાગ છાતીને પેટ વચેનો પડદો નીચે ઉતરવાથી મળેછે, એથી પેટ ઉપર વધારે દબાણ થાયછે અને તેથી બચ્ચાંઓનું પેટ છાતી કરતાં વધારે ઊંચું નીચું થતું દેખાય છે. પુરૂષનો છાતીનો નીચલો ભાગ ઘણો પહોળો થાય છે, અને સ્ત્રીનો છાતીનો ઉપલો ભાગ વધારે ઉપસી શકે છે. સ્ત્રીની છાતીના ઉપલા ભાગને ઘણી ગતિ આપી છે, તેનું કારણ એમ લાગે છે કે જ્યારે તે ગર્ભ ધારણ કરે ત્યારે નીચેના ભાગો ઉપર અણઘટતું દબાણ ન થાય.

બાહ્યશ્વાસ:—આ ક્રિયા સાધારણ રીતે તો છાતીના પાંજરા તથા ફેફસાંના સ્થિતિસ્થાપકત્વથી થાયછે. સ્નાયુની શક્તિની કાંઇ જરૂર પડતી નથી. પરંતુ કારણ પ્રસંગે જ્યારે વધારે જોરથી અને ઘણી હવા બહાર કાઢવી હોય ત્યારે સ્નાયુની મદદ કામ લાગેછે, જેમકે ગાવામાં, બોલવામાં, ખાંસી કરવામાં ઇત્યાદિ, આવી વખતે મુખ્ય મદદગાર પેટની સ્નાયુ થઇ પડેછે, સદરહુ સ્નાયુ પોતાના દબાણથી ઉરોદરપટલને ઊંચો કરેછે, અને તેથી ફેફસાં દબાવાથી તેમની અંદરની હવા બહાર નીકળી પડેછે. એ પડદાનું દબાણ બંધ પડ્યું એટલે ફેફસાં પોતાની પૂર્વ સ્થિતિ ધારણ કરેછે.

શ્વાસસારૂ કેટલી હવા જોઇએ છીએ:—દર વખત આપણે કેટલી હવા લઇયે છીયે તથા મૂકીયે છીયે એ વિષે જુદા જુદા પુરૂષના ભિન્ન ભિન્ન મતછે. કારણ કે જુદાં જુદાં મનુષ્યને વધારે ઓછી હવા જોઇએ છીએ એટલુંજ નહી પરંતુ એકજ મનુષ્યને પણ જુદી જુદી વખતે વધતી ઓછી હવા જોઇએ છીએ. તોપણ મધ્યાવસ્થાના તંદુરસ્ત મનુષ્યને સરાસરી દરવખતે શ્વાસ લેતાં ૩૦થી ૩૫ ઘન ઇંચને આશરે હવા જોઇએ છીએ.

આખો દિવસ એટલે ૨૪ કલાકમાં એવા મનુષ્યને ડાકટર સ્મીથ કહેછે કે ૬૮૬૦૦૦ ઘન ઇંચ વાયુ જોઇએ, આટલી હવા તો સાધારણ રીતે જોઇએ. પરંતુ મહેનત મજુરી કરતી વખત એથી બમણી પણ જોઇએ.

સાધારણ શ્વાસ લેતી વખત જેટલી હવા અંદર જોઇએ છીએ તેને **શ્વાસની હવા** કહેછે. આથી વધારે જેટલી ઘણાજ ઊંડાદમથી ખેંચી શકાય તેને **વધારાની હવા** કહેછે. સાધારણ દમ મૂક્યા પછી જે હવા અંદર રહેછે. તેમાંથી શ્વાસ ઘણોજ ખેંચીને કાઢતાં જેટલી નીકળી આવેછે, તેને **બાકીની હવા** કહેછે. અને એવો દમ ખેંચી કાઢવા છતાં પણ બાકી જે વાયુનો ભાગ ફેફસામાં રહેછે તેને **છેવટની હવા** કહેછે. આ છેવટની હવા કેટલી હોયછે તે પ્રત્યેક આદમીની જાત, કદ, વગેરે ઉપર આધાર રાખેછે. અને ૪૦ થી ૨૦૦ ઘન ઇંચ સૂધી તેનો સુમારછે. એક ઊંડામાં ઊંડો દમ લેઇને અતિશય બલાત્કારથી દમ છોડતાં જે ઘણામાં ઘણી હવા એક આદમી બહાર કાઢી શકે તેને તે આદમીની **જીવનશક્તિ** એવું ઇંગ્રેજી નામછે. આ શક્તિ માણસ માણસની તેમના કદ, બોજા અને વય પ્રમાણે જુદી જુદી હોયછે. આ બાબતનો ઘણોખરો શોધ **ડાકટર હચીંસને** કર્યોછે. આ બાબત ફોજમાં નોકર રહેતી વખત તથા જીંદગીનો વીમો

ઉતારતી વખત શરીરની મજબૂતી તપાસવામાં મુખ્યત્વે કરીને કામ લાગેછે.

સદરહુ ડાકટર કહેછે કે પાંચ ફુટ સાત ઇંચ ઊંચાઇના એક તરૂણ તંદુરસ્ત મનુષ્યની જીવન શકિત ૨૨૫ ઘન ઇંચ હવાની છે. આ કદથી દરેક ઇંચના વધારા ઘટારા પ્રમાણે એ સંખ્યામાં ૮ ઘન ઇંચનો વધારો ઘટારો થાયછે. નાની મોટી છાતી સાથે તેનું કાંઈ પ્રમાણ નથી. જેમ છાતી હાલવાની શકિત વધારે તેમ તે શકિત વધારે હોયછે. માણસના તોલનો અને એનો સંબંધ બરાબર બેસતો નથી. તો પણ ૧૬૧ રતલથી વધારે દરેક રતલને વાસ્તે એકેક ઇંચ શકિત ઓછી થતી જાયછે. ઉમ્મરઃ—પંદરથી તે પાંતરી વરસ સુધી દરેક વરસે પાંચ પાંચ ઇંચનો વધારો થાયછે. અને પાંતરીસથી પાંસઠ બરસ સુધી દરેક વરસે ૧।। ઇંચ કમી થતી જાયછે. સ્ત્રીની શકિત પુરૂષ કરતાં ઘણી થોડી હોયછે.

યુવાન તંદુરસ્ત માણસ એક મીનીટમાં ૧૪ થી ૧૮ વખત દમ લેછે. બચપણમાં આ સંખ્યા વધારે હોય છે. શ્રમ, દરદ, મજુરી વગેરે કારણને લીધે એ સંખ્યામાં વધારો ઘટાડો થાયછે, એક શ્વાસ પૂરો થાયછે એટલામાં ચાર કે પાંચ વખત નાડી ચાલેછે. ઘણી ખરી વખત જ્યારે શ્વાસો શ્વાસ જલદ ચાલે છે ત્યારે નાડી પણ તેજ પ્રમાણે જલદ થાય છે. પરંતુ કેટલીક વખત આ પ્રમાણ રહેતું નથી.

શ્વાસોશ્વાસને લીધે રકત ઉપર થતા ફેરફારઃ—રકતાશયના જમણા નીચલા ખાનામાંથી શિરા રૂધિર ફેફસાંની ધમનિ વાટે ફેફસામાં જાયછે. તેની અંદર તેની શાખાઓ થઇને છેવટ કેશવાહિનીઓ વાયુ કોષ ઉપર પથરાઇ જાયછે. ત્યાંથી રકત સ્વચ્છ લાલ રંગનું થઈ ફસોમાં થઇને ડાબા ઉપલા ખાનામાં જાયછે.

સાધારણ નિયમ એવો છે કે ધમનિમાં લાલ રૂધિર અને ફસમાં કાળુંરૂધિર તેને આ ઉદાહરણ અપવાદ પહોંચાડે છે. કારણ કે ફેફસાની ધમનિમાં કાળુ લોહી, અને તેની ફસમાં લાલ લોહી ફરે છે. ફેફસાં માહેલી હવાને લીધે રૂધિર ઉપર જે અસર થાયછે, તેમાં મુખ્ય રંગ વિષેની છે. એને લીધે શિરા રૂધિરનો કાળો જાંબુડો રંગ બદલાઇને "ધમનિ રૂધિર"નો લાલ સુરેક રંગ થાયછે.

૨ બીજી અસર તેની ગરમી ઉપર થાયછે. ફેફસામાં ફરવાથી રકતની ગરમી એકાદ ડીગ્રી વધે છે.

૩ રકતની થીજી જવાની શકિત જેનો આધાર ફીબ્રીન નામના પદાર્થ ઉપર છે તેમાં વધારો થાય છે.

૪ રકતમાં કાર્બોનિક આસિડ તથા નાઇટ્રોજનનો ઘટાડો થાયછે તથા આક્ષીજનનો વધારો થાયછે.

ચોથો ફેરફાર થાયછે તેજ ઘણો અગત્યનો છે. શરીરમાં ઉત્પન્ન થએલો કાર્બોનિક આસિડ ફેફસામાં થઇને બહાર પડવો જોઇએ. જો એ બહાર ન પડે તો થોડા વખતમાં રક્ત ફરતું બંધ પડે અને જીંદગીનો અંત આવેછે. રકતમાં જેટલો કાર્બોનિક આસિડ હોય છે તે સઘળો બહાર પડતો નથી. જેટલો વધારે હોય છે તેટલોજ બહાર નીકળેછે. કાર્બોનિક આસિડ અને આક્ષીજન એ બેઉ કાળાં અને લાલ રક્તમાં રહેલાં છે

અને એ બેઉ જાતના રક્તમાં કાર્બોનિક આસિડ આક્ષીજનથી વધારે હોયછે. તો પણ તેમના પ્રમાણમાં ફેરબદલ થાયછે. જેમકે શિરા રક્તમાં તેમનું પ્રમાણ ૫: ૧ નું હોય તો ધમનિ રક્તમાં૩:૧ એ પ્રમાણે થાયછે. આક્ષીજન કાર્બોનિક આસિડથી ધમનિ અથવા શીરામાં વધારે હોતો નથી.

રક્તની ગરમીમાં જે કિંચિત વધારો થાયછે તે ગરમી રસાયની વ્યાપારથી ઉત્પન્ન થાયછે. કાર્બોનિક આસિડ એ આક્ષીજન તથા કાર્બોનના સંયોગથી બનેલોછે. પરંતુ એ સંયોગ એકદમ ફેફસામાં થતો નથી. કારણકે જો ફેફસામાંજ થતો હોય, તો તેમની ગરમી ઘણીજ વધવી જોઇએ. માટે એમ માનવામાં આવ્યુંછે કે આક્ષીજન લોહીની સાથે મિશ્ર થઇ તથા થોડોક ભાગ તેના સંયોગમાં રહી રક્તની સાથે શરીરમાં ફરેછે તથા ત્યાં આસ્તે આસ્તે તેનો કાર્બોનિક આસિડ બનીને ફેફસામાં આવેછે,અને તે હવા સાથે મિશ્ર થઇ બહાર નિકળેછે.

શ્વાસોશ્વાસથી થતા હવામાં ફેરફાર:—હવા શ્વાસમાં ફેફસામાં ગયા પછી તેમાં જે વ્યવહાર નીપજેછે તેને લીધે તેની સ્થિતિમાં કેટલાક ફેરફાર થાયછે, અને તેથી કરીને ફેફસામાંથી આવતી અને જતી હવા વચ્ચે મોટો તફાવત પડી જાયછે. હવા અથવા વાતાવરણ જેનો આપણે દમ લઇએ છીએ, તેનો બાંધો સર્વ ઠેકાણે જોતાં એક સરખોજ માલમ પડેછે,જેમકે તેના ૧૦૦ ભાગ લઇએ તો તેમાં ૭૯ ભાગ નાઇટ્રોજનના અને ૨૧ ભાગ આક્ષીજનના હોયછે.કાર્બોનિક હવા ઘણીજ જુજ એટલે હવાના આશરે ૧૦૦૦૦ ભાગમાં તેના ૪ ભાગ હોયછે.તેમજ થોડી ઘણી પાણીની વરાળ પણ હોયછે. આ હવા ફેફસામાં જઇ આવ્યા પછી તેમાં નીચે લખેલા ફરક જોવામાં આવેછે. ૧. તે હવા જાસ્તી ગરમ થઇ આવેછે. ૨. કાર્બોનિક હવાનો ઘણો ભાગ તેમાં થયેલો માલમ પડેછે. ૩. આક્ષીજનનો ઘટાડો થઇ જાયછે. અને ૪ વરાળનો વધારો થાયછે.

૧. ગરમ પદાર્થ પાસે ઠંડો મૂકીયે તો તે પણ ગરમ થાયછે. તેમજ થંડી હવા આપણા ગરમ શરીરમાં જાયછે, તેને અંદરની ગરમી મળવાથી ઊની થઇ બહાર આવે છે. તેની ગરમી છેક આપણા શરીરની ગરમી જેટલી વધી જાયછે, એટલે કે આશરે ૯૫ ડીગ્રી ઉપર જાયછે.

૨. બહાર નીકળનારી હવામાં કાર્બોનિક હવાનો વધારો માલમ પડેછે; પરંતુ આ વધારો હમેશાં એક સરખો હોતો નથી. અંદર ગયેલી હવામાંથી સેંકડે આક્ષીજનના ૪ાા ભાગ રક્ત ચૂસી લેછે, અને એથી થોડો કમી ભાગ કાર્બોનિક• ગ્યાસનો તેમાં ઉમેરેછે. અર્થાત્ જેટલો કાર્બોનિક હવાનો ભાગ સાધારણ વાયુના ૧૦૦૦૦ ભાગમાં હોયછે, તેટલોજ શ્વાસ લીધેલી હવાના ૧૦૦ ભાગમાં હોયછે. આવી હવા ઉપર માણસથી ઘણો વખત જીવી શકાતું નથી. સરાસરી એક તરૂણ તંદુરસ્ત મનુષ્યના ફેફસામાંથી દરેક કલાકમાં ૧૩૫૦ ઘન ઇંચ અથવા ૩$\frac{1}{4}$ તોલા કાર્બોનિક હવાના બહાર પડેછે. એટલા માપ અથવા વજનમાં આશરે એક તોલો શુદ્ધ કાર્બોન હોયછે. આ ફક્ત સામાન્ય ગણત્રીછે. .તેમાં જાતિ, વય, ઋતુ, શ્રમ વગરે કારણોને લીધે ઘણો ફેરફાર થાયછે.

બચપણથી યુવાન અવસ્થા સૂધી એમાં વધારો થતો જાયછે, અને પછી ઘડપણમાં ઘટારો થાયછે. દમ જલદીથી ચાલતો હોય તો, જો કે દરેક ફેરે કાર્બાનિક આસિડ થોડો નીકળશે, પરંતુ અમુક વખતમાં ધીમે દમ લેતા હઇએ ને નીકળે તેનાથી વધારે નીકળશે. વળી બહાર પડતા હવા જેમ વધારે ગરમ તેમ તેમાં થોડી કાર્બાનિક હવા અને જેમ થોડી ગરમ તેમ વધારે કાર્બાનિક આસિડ હોયછે.

વસંત રૂતુમાં કાર્બાનિક આસિડ વધારે નીકળેછે અને પાનખર રૂતુમાં થોડો નીકળેછે.

જે હવાનો આપણે શ્વાસ લઇએ છીએ તે જેમ વધારે સ્વચ્છ હોય તેમ વધારે કાર્બાનિક આસિડ બહાર નીકળેછે, અને જો તે બગડેલી હોયતો કાર્બાનિક આસિડ કમી નીકળેછે. તેથી આ ઝેરી હવા શરીરમાંથી દૂર કરવાને જેમ બને તેમ સ્વચ્છ હવા લેવી તથા જે હવા બહાર નીકળેછે તેને જલદીથી દૂર ખસેડવી.

ભૂખ્યા રહેવાથી જતો કાર્બાનિક ગ્યાસ કમી થઇ જાયછે તથા જમવા પછી વધેછે. નિદ્રાવસ્થામાં તે ઘણોજ કમી પડેછે તથા જાગૃત સ્થિતિમાં અને કસરત કરવાથી એનામાં વધારો થાયછે.

૩. દમ મૂકતી વખતની હવામાં લીધેલી હવાના કરતાં આક્ષીજન કમી થઇ જાયછે. દર કલાકે જેમ ૧૩૫૦ ઘન ઇંચ કાર્બાનિક આસિડ બહાર પડેછે, તેમ ૧૫૮૦ ઘન ઇંચ આક્ષીજન શરીરમાં ખપેછે. આઆક્ષીજન કાર્બાનિક આસિડ વરાળ અને બીજા નાના પ્રકારના ખાર ઉત્પન કરવામાં શરીરને ઉપયોગી પડેછે, જેવી રીતે કાર્બાનિક આસિડ કમી જાસ્તી થાયછે તેવી રીતે આક્ષીજન પણ થાયછે.

૪. પાણીની વરાળ લીધેલી હવામાં જેટલી રહી શકે તેટલી બહાર નીકળેછે. આપણા મોંઢા આગળ આરસી ધરીને શ્વાસ મૂકીયે તો આરસી ઉપર હવા લાગેલી જગાએ ભીનાશ માલમ પડેછે. આ ભીનાશ વરાળની નીપજેછે. આ આપેલા ઉદાહરણ ઉપરથી કોઈ એક પ્રાણીનો દમ ચાલે છે કે નહી તેની પરીક્ષા થઈ શકેછે. એક દિવસમાં આશરે દસ આંઉસ એટલે ૨૫ તોલા પાણી ફેફસાં વાટે નીકળેછે, જેમ હવા વધારે ગરમ તેમ વરાળ જાસ્તી નીકળેછે.

સાધારણ ખાંસી, હેડકી, ઉલટી વગેરે કેટલીક ક્રિયાનો સંબંધ શ્વાસની સાથે રહેલોછે. આ ક્રિયાઓ સમજવા સારૂ એટલું યાદ રાખવું જરૂરનું છે કે પેટ અને છાતીના વચ્ચે એક પડદો છે. આ પડદો ઉપર નીચે ચઢે ઊતરેછે અને તેથી ઉપર અગર નીચે દબાણ થાયછે. શરીરનાં ચાર મોટાં દ્વારછે, તેમાં બે ઉપર ને બે નીચે છે. ઉપર એકતો વાયુ નલિકાનું અને બીજું અન્ન નળનું દ્વારછે. આ બેઉ દ્વાર ગળાના પાછલા ભાગમાં આવેલાછે, તથા તેમનો મોંઢા અને ગળા સાથે સંબંધછે. હવાના દરવાજાને "ગ્લાટીસ" એટલે "કંઠદ્વાર" કહેછે. નીચે તેજ પ્રમાણે બે દ્વારછે, એક આંતરડાંના સંબંધમાં મળદ્વાર અને બીજું પેશાબ દ્વારછે.

આ દરેક દ્વારને મોંઢે સ્નાયુ હોય છે, તેને લીધે તે ઉઘાડું અથવા બંધ રહી શકેછે. સામાન્ય રીતે સઘળાં દ્વાર બંધ રહે છે. ફકત કંઠદ્વાર ખુલ્લું રહેછે.

પહેલાં નિસાસાનો દાખલો લઇએ. આ ક્રિયામાં પહેલાં એક ઊંડો શ્વાસ લેવો પડેછે, અને પછી મોટો શ્વાસ નાંખવો પડેછે. પહેલાં શ્વાસ લેવામાં પેટ અને છાતી વચ્ચેનો પડદો નીચે ઉતરે છે, અને પેટ માંહેલા અવયવો ઉપર દબાણ કરેછે, અને ઉપર થયેલી જગામાં હવા ભરાયછે. પછી પાછો પડદો ઉપર ચઢે છે એટલે હવા બહાર નીકળે છે અને નીચેનું દબાણ દૂર થાયછે. તેને આપણે **નિશ્વાસ** સમજીયે છીયે.

હેડકી:—તેમાં શ્વાસ લેવામાં આવેછે; પરંતુ પડદો જલદી નીચે ઉતરેછે. તેથી હવા એકદમ અંદર ધશી જાયછે, અને તેને લીધે ધ્વનિતાર સાથે તે અફળાવાથી એવી જાતનો (હેડકીમાં થાયછે તેવો) અવાજ ઉત્પન્ન થાયછે.

ખાંસી:—તેમાં પહેલાં જરા શ્વાસ લેવામાં આવેછે. ત્યારપછી હવા બહાર નીકળેછે, પરંતુ બહાર સહજ આવતી નથી. તે વખતે કંઠદ્વાર બંધ થઈ જાયછે. પછી પેટની સ્નાયુ તથા પડદો દબાણ કરવાથી ઉપર જોર લાગેછે, અને છેવટ ઘણું દબાણ થવાથી ગ્લાટીસમાંથી હવા એકદમ બહાર ધશી આવે છે. ધશી આવવામાં કફ વગેરે વાયુ નળિકામાં હોય તેને પણ ઘસડી લાવે છે.

છીંકવુ:—તેમાં પણ ઉપર પ્રમાણેજ ક્રિયા થાયછે. પરંતુ હવા મોઢામાંથી બહાર પડવાને બદલે નાકમાંથી બહાર આવેછે, તથા તેણે કરીને નાક માંહેલું બલગમ બહાર પડેછે.

ઉલટી:—તેમાં શ્વાસ લીધા બાદ પેટની સ્નાયુ દબાણ કરવા માંડેછે; પરંતુ ગ્લાટીસ ઉઘડતી નથી તેથી ઉરોદરપડદો ઊંચો ચઢી શકતો નથી. હોજરી દબાયાથી તથા પોતે સંકોચાવાથી એનું ઉપલુ દ્વાર ઉઘડી જાયછે, અને તેની અંદરના પદાર્થ અન્નનળ વાટે મોઢામાં થઇ બહાર નીકળી પડેછે.

પેશાબ તથા ઝાડો:—તેમાં પણ ઊંડો શ્વાસ લીધા પછી પેટનું દબાણ થવા માંડેછે, અને ઉપરનાં દ્વાર બંધ રહેવાથી નીચેના દ્વારને ઉઘડવાની ફરજ પડેછે.

સ્ત્રીને જણવા વખતે જે પીડ થાયછે તેમાં ગર્ભસ્થાનની કોશીશને એજ પ્રમાણે મદદ મળેછે.

શ્વાસોશ્વાસ બંધ પડવાથી થતા પરિણામ:—શ્વાસ બંધ પડવાથી (જેમકે ગળાફાંસો ખાવામાં, ડૂબવામાં, વગેરે) જે પરિણામ આક્ષીજન બાદ કરી બીજી કોઇપણ જાતની હવાનો શ્વાસ લેવાથી નીપજેછે, તેવાજ પરીણામ નીપજેછે. શ્વાસ બંધ થયો એટલે ફેફસાં માંહેલું લોહી સ્વચ્છ નહીં થવાથી ફરતું બંધ પડેછે. એ બંધ પડેછે એટલે જમણી બાજુના ખાનામાં લોહી એકઠું થઇ ભરાઇ રહેછે અને પછી સઘળી ફસ અને અવયવોમાં લોહી ફરતું અટકી પડેછે. મરણ પછી ડાબી બાજુ ખાલી જોવામાં આવેછે તથા જમણી અને બીજી ફસ કાળા રક્તથી ભરેલી જોવામાં આવેછે. લોહીના ફરવામાં અટકાવ થાય એટલે રક્તાશય પોતાની ક્રિયા કરી શકતું નથી. સઘળા શરીરના અવયવોનું પોષણ થતું બંધ થાયછે અને જીવનદોરી તૂટી જાય છે.

મનુષ્ય દમ લીધા શિવાય કેટલો વખત જીવી શકે?—કતરાઓ ઉપર અજમાયશ કરવાથી માલમ પડ્યુંછે કે જો હવા છેક બંધ કરીએ તોપણ જીવવાની શક્તિ ચારેક

મિનિટ સૂધી રહેછે. કારણ જો કે શ્વાસ બંધ થાયછે તોપણ અંતઃકરણ પોતાની ક્રિયા હળવે હળવે બજાવે છે, અને જ્યાં સૂધી તે ચાલેછે ત્યાં સૂધી જીવવાની આશા ખરી. એ છેક મંદ પડ્યા પછી બિલકુલ આશા નહી. શ્વાસ બંધ થયા પછી પણ સરાસરી હૃદય છએક મિનિટ સૂધી ચાલેછે. વળી એમ પણ માલમ પડેછે કે ફક્ત શ્વાસ બંધ કરવા પછી ચાર પાંચ મિનિટ સૂધી જીવી શકાય. પરંતુ પાણીમાં નાંખ્યા પછી દોઢ બે મિનિટથી વધારે જીવાય નહી. આનું કારણ એમ જણાયછે કે પાણીમાં શ્વાસ લેવાના તરફડીઆંમાં અંદરની હવાનો કાંઇ ભાગ બહાર આવેછે. પરંતુ તેની જગાએ બીજી નવી હવા જવાને બદલે પાણી ભરાયછે.

બે કુતરાઓને પાણીમાં નાંખ્યા હોય, તેમાં એકની હવા નળિકા છેક બંધ કરી હોય, તથા બીજાને અમથોજ નાંખીયે તો જેની નળી બંધ કરી હોય તે વધારે વખત સૂધી જીવી શકશે. તેમજ કોઇ પ્રાણીને બેશુદ્ધ કરીને પાણીમાં નાખીયે તો તે જાસ્તી વખત સૂધી જીવી શકે કારણ કે તે તરફડીયાં મારતું નથી.

હવા બંધ થવાથી જે નુકશાન થાયછે તેનું કારણ એટલુંજ કે કાર્બોનિક આસિડ ઝેરી હોવાથી શરીરને તેનું ઝેર ચઢી જાયછે.

પ્રાણીની ગરમી.

(એનીમલ હીટ.)

ઉષ્ણતા માપક યંત્રથી તપાસ કરતાં આપણા શરીરની ગરમી હમેશાં ૯૭ થી ૯૯ ડીગ્રી અથવા અંશનીછે એમ જણાયછે. ઉષ્ણતા માપક યંત્ર એ ફક્ત એક કાચની બારીક નળીછે, અને તેમાં થોડો પારો ભરેલો હોયછે. એની અંદર હવા બિલકુલ હોતી નથી. નીચેનો ભાગ પેહોળો હોયછે તેમાં પારો રહેછે. ગરમીને લીધે પારો ફૂલેછે અને ઉંચે ચઢેછે, અને નળી ઉપર આંકડાં માંડેલા હોયછે, તે પ્રમાણે તેની ગણતરી થાય છે. આપણી ઉષ્ણતા કરતાં બચ્ચાંની ઉષ્ણતા જરા વધારે હોયછે, એટલે આશરે ૧૦૦ ડીગ્રી સૂધી હોયછે. આટલી ઉષ્ણતા શરીરના અંદરના ભાગોની હોયછે, બહારના ભાગની થોડી કમી હોયછે, કારણ તેમના સંબંધમાં ઓછી ગરમીનો વાતાવરણ આવેલોછે. બહારની ત્વચાની ગરમી શરીરના મધ્ય ભાગના અંતર પ્રમાણે કિંચિત્ ઓછી હોય છે. જેમકે બગલમાં ૯૮ અંશ તો જાંગમાં ૯૬ અંશ અને પગની ૯૫ અંશ ગરમી જણાયછે. તબીયતમાં ફેરફાર થવાથી પણ ગરમી વત્તી ઓછી થાયછે. કેટલાક દરદમાં, જેમકે કેટલીક પ્રકારના જ્વરને લીધે શરીરની ઉષ્ણતા ૧૦૬ સૂધી અગર વધારે ચઢી જાયછે. શરીરની ગરમી ૧૦૫ અંશની ઉપર જાયતો ભયંકર સમજવી.

બીજાં કેટલાંક દરદમાં ઉષ્ણતા ઘણીજ કમી થઇ જાયછે, જેમકે મરકીમાં ગરમી ૮૦ થી ૭૫ અંશ સૂધી પણ ઉતરી જાયછે. આ ચિન્હ દહેશતકારક સમજવું. શરીરની ગરમી ઘટવાના કરતાં વધારે થતી આપણા જોવામાં વારંવાર આવેછે. તંદુરસ્ત સ્થિતિમાં

પણ અંગની ગરમીમાં એકાદ અંશનો ફેરફાર થાયછે. નિદ્રાવસ્થામાં એકાદ અંશ કમી થાયછે તેમજ મન અથવા તનના શ્રમને લીધે તેટલીજ જાસ્તી થાયછે. ખોરાક લીધા પછી ઉષ્ણતા જરા વધેછે. ટુંકામાં શરીરની અંદર કેટલાક ફેરફાર થાયછે તેને લીધે ગરમી વધે ઘટેછે. પરંતુ બહારના ફેરફારો તેના ઉપર તેટલી અસર કરી શકતા નથી. ઉષ્ણ અને શીત કટિબંધમાં રહેનાર આદમીના શરીરની ઉષ્ણતામાં કાંઈ તફાવત હોતો નથી.

આંચળવાળાં પ્રાણીની સરાસરી ગરમી આશરે ૧૦૧ અંશની ગણવામાં આવીછે, તથા પક્ષીઓની ઉષ્ણતા ૧૦૭ અંશની જણાયછે. પેટે ચાલનારાં પ્રાણીની ઉષ્ણતામાં જેવી જગોમાં તેઓ રહે તે પ્રમાણે ફેરફાર થાયછે, એટલે તેના ઉપર બહાર ગરમી અસર કરી શકેછે. માછલી, જીવડાં, અને બીજાં બરડા વિનાનાં પ્રાણીની ગરમી તેમના રહેઠાણ ઉપર આધાર રાખેછે. આ ઉપરથી થંડા અને ગરમ લોહીના એવા બે ભાગ પ્રાણીઓના પડેલાછે. તેમની એક બીજાની ગરમી ઓછી વત્તીછે એટલુંજ નહિ, પરંતુ ગરમ લોહીવાળાં પ્રાણીઓની ગરમી હમેશાં હોયછે તેટલીજ રહેછે. પછી તે પ્રાણી ગમે ત્યાં હો, પણ થંડા લોહીવાળા પ્રાણીમાં તેના સ્થળ પ્રમાણે તેમની ઉષ્ણતામાં ફેરફાર થાયછે. જેમકે અહીંના પાણીની ગરમી ૮૦ અંશનીછે,તો અહીં તેની અંદરની માછલીની પણ તેટલીજ ગરમી હોયછે. તેમજ વિલાયતના પાણીની ગરમી ૪૦ અંશની હોયતો ત્યાંની માછલીની પણ તેટલીજ હોયછે. પરંતુ મનુષ્ય અને બીજાં આંચળવાળાં પ્રાણી વિષે તેમ નથી. તેમની ગરમી ત્યાં અને અહીં સરખીજ રહેછે.

ગરમ લોહીવાળાં પ્રાણીમાં ઘણુંકરીને આંચળવાળાં પ્રાણી અને પક્ષીનો સમાવેશ થાયછે. આ બેઉ પ્રકારનાં પ્રાણીની ગરમીમાં સ્વભાવિક સ્થિતિમાં ફેરફાર થતો નથી. બહારના વાતાવરણની ગરમી વત્તી ઓછી થાય, તોપણ તેમની તો તેટલીજ રહેછે. પરંતુ બહારની ગરમીમાં ઘણો ફેરફાર થાયતો તેમને જલદી નુકશાન પહોચેછે.બહારની ગરમીમાં વધારો થવાથી જલદી નુકશાન પહોચે છે, પણ ઘટાડો થવાથી તેટલું જલદી નુકશાન થતું નથી. આનું કારણ હવે પછી જણાવવામાં આવશે.

શરીરની ગરમી અંદર કેટલાક ફેરફારો થાયછે તેને લીધે ઉત્પન્ન થાયછે. આ ફેરફાર દિવસ રાત્ર થયાં કરે છે, અને તેમજ ગરમી પણ નિરંતર નિપજેછે. જે ત્વરાથી ગરમી ઉત્પન્ન થાયછે તેવીજ ત્વરાથી તે શરીરમાંથી છૂટી પડેછે. જો છૂટી ન પડે તો ગરમી વધી જાય અને પ્રાણીનો નાશ થાય. ગરમ પદાર્થોનો એવા ધર્મજછે કે પોતામાં જેટલી વધારે ઉષ્ણતા હોય તેટલી આસપાસના થંડ પદાર્થને આપી પોતે સમતુલ્ય ઉષ્ણ થવું. આ ધર્મને અનુસરી આપણું શરીર પણ પોતાની ગરમી આસપાસના વાતાવરણ અને બીજાં પદાર્થોને આપેછે, પણ જેટલી તે આપેછે તેટલી બીજી ઉત્પન્ન થાય છે. એટલે શરીરની ઉષ્ણતા કમી થતી નથી.

જ્યારે ઉનાળાના દિવસમાં વાતાવરણની ગરમી ૯૦થી૧૦૦ અથવા વધારે અંશની થાય છે ત્યારે આપણને ઘણી ગરમી શા માટે લાગે છે? એનું કારણ એ છે કે આપણા શરીરની ગરમી પણ નજીક ૧૦૦ અંશની છે, તેથી એ ગરમી આપણે સહન

કરી શકતા નથી. વળી તે વખતે આપણા શરીરની ગરમી આપણાથી જલદી જુદી પડી શકતી નથી. આસપાસના પદાર્થ સરખી ગરમીના હોવાથી તેને આપણી ગરમી લેવાની જરૂર રહેતી નથી, તેથી આપણી ઉષ્ણતા આપણાથી સહન થતી નથી. ૧૦૦ અંશની ઉપર ગરમી વધવાથી ઉનાળામાં મગજ તેટલી ગરમી સહન કરી શકતું નથી અને તેને લીધે કેટલાંક મૃત્યુ નીપજે છે.

આપણા શરીરની ગરમી કરતાં થોડા અંશ ગરમી વધવાથી તે સહન થઇ શકતી નથી. પરંતુ થંડી છેક ૩૨ અંશ સૂધી પણ સહન થાયછે, કારણ ગરમ કપડાં વગેરે સાધનોથી આપણે આપણી ગરમીનો બચાવ કરી શકીએછીએ.

વત્તી ઓછી ગરમી સહન કરવાની શક્તિ પ્રાણીઓમાં જુદી જુદી હોયછે, એટલે કેટલાંક પ્રાણી સારી પેઠે ગરમી પેદા કરેછે અને તે અતિશય થંડા દેશમાં પણ રહી શકે છે પણ તેજ પ્રાણીથી ગરમ મૂલકમાં સહેલથી રહી શકાતું નથી. એજ પ્રમાણે ઝાડ પાનને પણ આ નિયમ લાગુ પડેછે. વળી કેટલાંક પ્રાણી જે થોડી ગરમી ઉત્પન્ન કરી શકે છે તેમનાથી થંડા મૂલકમાં રહી શકાતું નથી. આજ કારણને લીધે કેટલાંક થંડા મૂલકનાં જાનવરો અહીં જોવામાં આવતાં નથી, તેમજ અહીંનાં ત્યાં જોવામાં આવતાં નથી.

હવે ગરમી શરીરમાં શાથી પેદા થાય છે તેનો વિચાર કરતાં પહેલાં એટલું કહેવાનું કે પ્રથમ કેટલાંક અનુમાન તે વિષે ચાલતાં, પરંતુ હવે તેનું ખરૂં કારણ ખાતરીપૂર્વક નક્કી થયુંછે. શરીરમાં રસાયની ફેરફારો થવાથી ગરમી પેદા થાયછે. કાંઈ પણ રસાયની સંયોગ થાય કે તેના પરિણામમાં થોડી અથવા ઘણી ગરમી થવીજ જોઇએ. બે પદાર્થના અમૂક જથાના સંયોગથી જેટલી ગરમી પેદા થાય તેટલીજ હમેશાં તે થાય; પછી ગમે તો તેનો સંયોગ એકદમ થાય અગર ધીમે ધીમે થાય. જ્યારે સંયોગ ધીમે ધીમે થાય, જેમકે લોખંડ ઉપર કાટ ચડે (આ પણ એક રસાયની પ્રયોગથી થાયછે) ત્યારે તેની ગરમી જાણવામાં આવતી નથી. પરંતુ ઝપાટાથી સંયોગ નીપજે તો ગરમી એકદમ થવાથી જાણવામાં આવે છે. દીવા બળે છે, લાંકડાં સળગે છે, અને જે ગરમી જોવામાં આવે છે તે પણ રસાયની સંયોગને લીધેજ નીપજે છે.

તાવમાં ઘણી ગરમી જણાય છે તેનું કારણ એટલુંજ કે તે વખતે રસાયની ફેરફાર શરીરમાં જાસ્તી ચાલે છે. આપણે ખોરાક ખાઇએ છીએ તેનો ઘણોખરો ભાગ નાઇટ્રોજન, હાઇડ્રોજન અને કાર્બોનનો હોય છે. નાઇટ્રોજનનો ઘણોક ભાગ શરીરના પોષણમાં વપરાય છે. હાઇડ્રોજન અને કાર્બોન શરીરના પોષણ સારૂ જોઇએ તેનાથી ઘણાજ વધારે ... છે. તેમજ વળી જે હવા આપણે શ્વાસોશ્વાસમાં લઇએછીએ તેમાંનો ઓક્ષીજનનો મોટો ભાગ ગુપ્ત થઈ જઇ તેને બદલે કાર્બોનિક આસિડ અને પાણીની વરાળ બહાર નીકળે છે. આ ઉપરથી એમ સાબીત થાય છે કે વધારે લીધેલા કાર્બોન અને હાઇડ્રોજન તથા ગુપ્ત થએલા ઓક્ષીજનના મેળાપથી આ બે ચીજો પેદા થઈ બહાર નીકળે છે અને એ ચીજો પેદા થવામાં ગરમી ઉત્પન્ન થવીજ જોઇએ.

આને વાસ્તે બીજી કેટલીક સાબીતીઓ પણ મળી આવે છે. જે પ્રમાણમાં શ્વા-

શ્વાસનું કામ ચાલે છે તેજ પ્રમાણમાં ગરમી વધે ઘટેછે, કારણ કે ઘણા શ્વાસોશ્વાસથી વધારે આક્ષીજન અંદર જાયછે અને તેના રસાયની મેળાપથી વધારે ગરમી પેદા થાયછે. પક્ષીના શ્વાસોશ્વાસનું કામ ઘણી ઝડપથી ચાલેછે અને તેથીજ તેમની ગરમી ઘણી જોવામાં આવેછે. મનુષ્યનો શ્વાસ તેમનાથી ધીમે ચાલેછે તેથી તેમની ઉષ્ણતા ઓછી જણાયછે.

તંદુરસ્ત મનુષ્ય એક મિનિટમાં ૧૪ થી ૧૮ શ્વાસ લેછે. દોડતાં અગર કસરત કરવાથી વધારે શ્વાસ લેવા પડેછે, અને તેથીજ તે વખતે વધારે ગરમી જણાય છે, વળી જે વખતે શ્વાસોશ્વાસ થોડો લેવામાં આવેછે, તે વખતે ગરમી પણ ઓછી થઈ જાયછે. આનું ઉદાહરણ કેટલાંક જાનવરોમાં મળી આવેછે. કેટલાક થંડા દેશનાં જાનવરોને એવી ટેવ હોયછે કે થોડા મહિના ચરવા જવું તથા ખુબ ખોરાક ખાઈ તૈયાર થવું, અને ત્યાર પછી થોડા મહિના પોતાની ગુફામાં પડ્યા પડ્યા ઊંઘ્યા કરવું. આ નિદ્રાસ્થિતિમાં તેનો શ્વાસ ધીમે ચાલેછે તથા તેની ગરમી પણ કમી થઇ જાયછે.

વળી ઝાડપણ જુજ ગરમી પેદા કરેછે. પણ જ્યારે ઓક્ષિજન ઘણે લેવામાં આવેછે, ત્યારે તેમની ગરમી માલુમ પડે છે, જેટલી ગરમી જોઇએ તેજ પ્રમાણમાં ખોરાક લેવામાં આવે છે.

ગરમી ઓછી વધતી થવામાં જ્ઞાની ભાગની કેટલીક અસર ચાલે છે. એટલે શરીરના સૂત્ય ભાગમાં થોડી ગરમી હોય છે તથા જ્ઞાની ભાગમાં જાસ્તી હોય છે.

માણસ ૨૦૦ અંશની ગરમી પણ સહન કરવાને શક્તિવાન છે, પરંતુ આટલી ગરમી સહન કરવા સારૂ પુષ્કળ પવન તથા હવા સુકી હોવી જોઇએ, પણ જો હવા શાંત અને ભીની હોય તો એટલી ગરમી સહન થઈ શકે નહીં. પવન ખૂબ હોવાથી શરીરની ગરમી તે ઉંચી જાયછે, અને સૂકી હવા હોવાથી જે ધામ આવે તે જલદી ઉડી જવાથી થંડક થાયછે.

ઘડપણમાં ગરમી પેદા કરવાની શક્તિ કમી હોવાથી બુઢ્ઢા માણસથી ઘણી થંડી સહન થઈ શકતી નથી. તેમજ બાળકના પણ ઉષ્ણતા ઉત્પન્ન કરવાની શક્તિ થોડી છે માટે જણ્યા પછી ઘણી વાર તેને માની સોડથી જુદું ન રાખવું. ડાક્ટર હંટર કહેછે કે ઘણે વખત જુદુ રાખવાથી કજા થાયછે. જુદુ રાખવું પડે તો ગરમ કપડામાં લપેટી રાખવું જોઇએ. પહેરવા ઓઢવાના સાધનથી માણસ પોતાની ગરમી કેટલેક દરજ્જે રાખી અથવા આપી શકેછે. થંડીના દિવસમાં આપણે ગરમ કપડાં પહેરીએ છીએ તેને લીધે આપણને કાંઈ બહારની ગરમી મળતી નથી, પરંતુ આપણા પોતાના શરીરની ગરમી બીજા પદાર્થને ન જતાં સારી રીતે અંદર સચવાઈ રહે છે. અર્થાત ગરમ કપડામાં એવા ગુણ છે કે તે ગરમીને બહાર જતી અટકાવે છે. ઉનાળામાં ધોળાં અને ઝીણાં કપડાં પહેરવાનું કારણ તેથી ઉલટુંજ છે. એ કપડાંને લીધે આપણે ગરમીથી જલદી મુક્ત થઇએ છીએ.

ખોરાક અને તેનો ઉપયોગ.

ખોરાક અને તેનો ઉપયોગઃ—ભૂખ શા માટે લાગેછે? દરેક જીવતા પ્રાણીના જુદા જુદા શરીરના ભાગોના રજકણનો નિરંતર નાશ થતો જાયછે, અને તેની જગાએ નવાં રજકણો આવેછે. જે આપણું શરીર એ ચાર વર્ષ ઉપર હતું તેનો ગુપ્ત રીતે નાશ થઈ જઈ જે હાલ જોવામાં આવેછે તે તદન નવુંજ થયુંછે, એમ સમજવું જોઇએ. સરપ એક મોટી કાંચળી પાંચ પંદર દિવસે મૂકેછે; પરંતુ મનુષ્ય જાતિ અને બીજા પ્રાણીઓ તેવી બારિક "કાંચળીઓ" દર પળે મૂકેછે. એક મોટો જથાબંધ ભાગ જતો નજરે પડે છે જેમકે નખ અને કેશ આપણા શરીર ઉપરથી ઉતરતાં જાણવામાં આવેછે. પરંતુ એકેક સૂક્ષ્મ રજકણ જતું હોય તે જોવામાં આવતું નથી. મળ મૂત્ર અને શ્વાસમાં પણ શરીરનો કેટલોક નાશ પામેલો ભાગ બહાર પડેછે. વરાળયંત્રમાં કોયલા બળેછે તેમ તેની જગાએ નવા નાખવામાં આવેછે. નહીં નંખાય તો પરિણામ ખુલ્લુંજછે. તેજ પ્રમાણે શરીરના જુના ભાગો નાશ પામતા જાયછે, અને તેમને બદલે નવા ઉત્પન્ન થાયછે. કોલસાને જરા અગ્નિનો અંશ લાગ્યો કે તેમનો કેટલોક ભાગ (અગ્નિના જોશના પ્રમાણમાં) બળીને ભસ્મ થાયછે, તેજ મીશાલે શ્રમના પ્રમાણમાં આપણા શરીરને ઘસારો લાગતો આવેછે. હરઘડી આપણા શરીરનો ભાગ વપરાયા કરેછે. ફકત જરા આંખ મીચીએ, શ્વાસ લઇએ, આંગળી હલાવીએ કે વિચાર કરીએ તેટલામાં શરીરને હાની પહોંચી ચૂકેછે. નિદ્રા જેવી શાંત સ્થિતિથી તે દોડવા જેવી શ્રમ વાળી સ્થિતિમાં પણ એ પ્રમાણે ફેરફાર થયાં કરેછે. નિદ્રાવસ્થામાં જો કે બહારની સઘળી ઇંદ્રિયો સ્થિર માલમ પડેછે તથાપિ અંદરના અવયવો ચંચળ સ્થિતિમાં હોય છે. ભરનિદ્રામાં એ ફેરફારનું કામ ઘણીજ મંદ રીતે ચાલે છે.

આ ફેરફારો શરીરને ઘણાજ અવશ્યના છે. જે ભાગ જુના પડી જાયછે તે બૂઢા માણસની માફક પોતાનું કામ સારી રીતે બજાવી શકતા નથી. તેથી તેમને ખસેડી તેમની જગાએ બીજા નવા તાજા ભાગ મૂકવાની જે કુદરતની શકિતછે તે તારીફને યોગ્યછે.

જે પ્રમાણે શરીરના સૂક્ષ્મ ભાગો નાશ પામેછે તેજ રીતે જો તેને કાંઇ પૂરવણી ન હોય તો શરીરની હાની તરતજ માલમ પડી આવેછે. જેમકે આજારમાં ઘણી વખત આપણે એક મનુષ્યને થોડી મુદતમાં બેહાલ થઈ ગયેલા જોઇએ છીએ. કારણ જેટલી ત્વરાથી તેના શરીરના રજકણ નાશ પામેછે, તેટલી ત્વરાથી તે આજારને લીધે તેના શરીરને પૂરવણી મળી શકતી નથી. વળી એજ રીતે જેને આપણે પાણી ફેરથી અગર સારા ખોરાકથી મજબૂત થયેલો જોઇએ છીએ તેના શરીરની સ્થિતિ આજારીથી ઉલટી તરેહની હોય છે, અર્થાત નાશ પામેછે, તેના પ્રમાણમાં પૂરવણી વિશેષ મળે છે.

બચપણમાં શરીરનો જેટલો નાશ થાયછે, તેના કરતા ઉમેરો વધારે થાયછે, તેથી શરીર અને અવયવોની જાડાઇ, ઊંચાઈ, અને વજનમાં વધારો થાય છે. આવી સ્થિતિ તરુણ અવસ્થા સુધી ચાલેછે. ત્યાર પછી ઘડપણમાં શરીરને નુકશાનના કરતાં નહી થોડો થાયછે, જેથી કાયા નબળી અવસ્થામાં આવી પડેછે.

આ ઉપરથી ટુંકામાં શરીરને સ્વભાવિક રીતે થતી નુકશાની ભરી દેવા અગર બીજી રીતે બોલીએ તો તેનું પોષણ થવા કાંઈ પણ પદાર્થ જરૂરછે. નહી તો દીવા જ્યાં સુધી તેમાં દીવેલ હોય ત્યાં સુધી બળે, પછી ઝાંખો પડે અને છેવટે બુઝાઇ જાયજ. તેજ માફક શરીરની દશા પણ નીપજે. પોષણ સારૂ જે પદાર્થની જરૂરછે તેને આપણે ખોરાક કહીએ છીએ. જુદા જુદા પ્રાણીઓનો ખોરાક કેટલેક દરજ્જે જુદો જુદો હોયછે, અને કેટલીક વખત તો જે ખોરાક એક પ્રાણીને પોષણ કરતા હોયછે તે બીજાને વિષ થઇ પડેછે.

શરીર સંરક્ષણ સારૂ પોષણ તેને અવશ્ય મળવું જોઇએ. પરંતુ આ પ્રપંચી દુનીઆનો મનુષ્ય જે દિવસ રાત્ર હજારો પ્રકારના મોહ લોભમાં નિમગ્ન રહેછે, તે એનું ખરૂં કારણ આવી બારીકી સમજી, તેનો યોગ્ય ઉપાય વખતે વખત ચેતવણી સિવાય લેનાર નથી. એવું સમજી કુદરતે ચેતવણી સારૂ મનુષ્યને ભૂખ રૂપી મોસલ બક્ષ્યોછે. ભૂખ સુચના કરેછે કે અંદરનો ખજાનો ખૂટ્યોછે, નવીન પૂરવણીની જરૂરછે.

ખોરાકના શરીરને મુખ્ય ઉપયોગ બેછે. એક તો ખોરાક શરીરનું પોષણ કરેછે અને બીજું શરીરની ગરમી ઉત્પન્ન કરવામાં કામે લાગેછે. આ ઉપરથી ખોરાકના બે વિભાગ પાડવામાં આવ્યાછે. **પોષણકર્તા** અને બીજો **ઉષ્ણતા કર્તા**. પોષણ કર્તા ખોરાકનો ઘણો ખરો ભાગ "નાઇટ્રોજન"નો બનેલો હોયછે, અને તેમાં ઘઊં દાળ, બાજરી, કઠોળ વગેરેનો સમાવેશ થાયછે. ઉષ્ણતા ઉત્પન્ન કરનારા ખોરાકના બાંધામાં કાર્બોન તથા હાઇડ્રોજનનો વધારે ભાગ હોયછે અને તેમાં તેલ, સાકર, ગુંદર આદિ ગણવામાં આવેછે. ઉપર ઉદાહરણ તરીકે આપેલા પદાર્થ તેમજ બીજા પદાર્થ વિષે એમ નહી સમજવું કે ફક્ત તે એકજ તત્વનું બનેલું અને એકજ કલાસમાં મૂકવાને યોગ્ય છે. એકજ પદાર્થમાં નાઇટ્રોજન, કાર્બોન, હાઇડ્રોજન અને બીજા તત્વો હોયછે. પરંતુ તેમના પ્રમાણમાં ફેરફાર હોયછે. અને વત્તા ઓછા પ્રમાણ પ્રમાણે તેમને એક અગર બીજા કલાસમાં મૂકી શકાય.

ઉપર કહેલા વિભાગ જે ખોરાકના ઉપયોગને અનુસરીને પાડ્યા છે, તેમ બીજા વર્ગ તેમની જાતિ પ્રમાણે પાડવામાં આવ્યાછે, તેને **માંસ** અને **વનસ્પતિ** કહેછે. કેટલાક જંગલી દેશના લોક ફક્ત માંસ અહાર ઉપરજ પોતાનું ગુજરાન ચલાવેછે, તેમ કેટલાકને તેનો તિરસ્કાર હોવાથી ફક્ત વનસ્પતિ ઉપરજ રહેછે, પરંતુ દુનીયાંનો મોટો જથો એ બેઉ જાતિનો મિશ્ર રીતે અહાર કરેછે. માંસમાં જે પોષણકારક ત્રણ પદાર્થ "આલબ્યુમીન", "ફિબ્રીન" અને "કેઝીન" એ નામના રહેલાછે, તેમનીજ બરાબરીના ત્રણ પદાર્થ વનસ્પતિ, ફળાદિકમાં પણ મળી આવેછે. "વનસ્પતિ આલબ્યુમીન" એ કેટલાક રસ અને બીમાં મળી આવેછે. "ગ્લુટેન"જે ફીબ્રિનની પ્રતીનું છે તે ધાન્યાદિક બીજ અને ઘાસના રસમાં પુષ્કળ હોયછે. ત્રીજું "લેગ્યુમીન" જે કેઝીનને મળતું છે તે વટાણા, ચોળા અને એવાજ બીજા કઠોળમાં રહેલું છે. આ ત્રણ પદાર્થ તે પ્રથમના ત્રણના જેટલાજ ઉપયોગી છે, કોઈ રીતે ન્યુનાધિક નથી. ફક્ત એ બે જાતના ખોરાકમાં મોટો તફાવત એટલોજ છે કે માંસમાં ચરબી સિવાય બાકીનો ઘણોખરો ભાગ નાઇટ્રો-

જનનો બનેલો છે. માટે એ ખોરાક પોષણ કરવાને વધારે લાયકછે. પરંતુ ગરમી ઉત્પન્ન કરવા બીલકુલ યોગ્ય નથી. વનસ્પતિના ખોરાકમાં એટલો બધો નાઇટ્રોજન હોતો નથી. એમાં કાર્બોન અને હાઇડ્રોજન વગેરેનો પણ કેટલોક જથો જોવામાં આવેછે, અને તેથી એ બેઉ કામને સરખો લાગુ પડેછે. માટે જો એ બેઉમાં એક ઉપર રહેવાનું હોયતો વનસ્પતિનો ખોરાક વધારે માફક આવેછે.

આ બે વર્ગને બાદ કરી ઇંદ્રિય વિજ્ઞાન શાસ્ત્રીઓએ ખોરાકનું વિવર્ણ કરવા સારૂ એક ત્રીજા પ્રકારનો વિભાગ પાડ્યો છે. તેના ચાર મુખ્ય ભાગ પાડવામાં આવ્યા છે. **નાઇટ્રોજન વાળાપદાર્થ, કાર્બોનવાળા પદાર્થ, પાણી, ક્ષાર.**

૧ **નાઇટ્રોજનવાળો પદાર્થઃ**—આ વિભાગમાં માંસ અને વનસ્પતિ માંહેલા જે જે પદાર્થમાં નાઇટ્રોજન રહેલોછે તેનો સમાવેશ થાય છે. આલબ્યુમીન, ફીબ્રીન, કેઝીન, લેગ્યુમીન વગેરે પદાર્થ આ પેટામાં આવેછે. ઘઊં, દાળ, ચણા, કઠોળ આ વર્ગમાં આવેછે.

૨ **કાર્બોનવાળા પદાર્થ:**—આ જાતીનાં પદાર્થના બે વિભાગ છે. એકને **સ્ટાર્ચી** અને બીજાને **ચરબીવાળા પદાર્થ** કહેછે. સ્ટાર્ચી પદાર્થના પેટામાં સાકર, ગુંદર, ચોખા, બટાટા વગરે આવેછે. આ વિભાગના સઘળા પદાર્થ વનસ્પતિમાંથી ઉત્પન્ન થાયછે. એ પદાર્થો કાર્બોન, હાઇડ્રોજન અને ઓક્ષીજનના બનેલાછે. એમાં નાઇટ્રોજન બીલકુલ હોતો નથી. ચરબીવાળા પદાર્થમાં તેલ, ઘી, માખણ વગરેનો સમાવેશ થાયછે.

૩ ઉપરના બે પ્રકારના પદાર્થ સિવાય શરીર રક્ષણ સારૂ પાણીની આવશ્યકતાછે.

૪ તેજ પ્રમાણે કેટલાક પ્રકારના **ખારની** પણ જરૂરછે.

મનુષ્યને પોતાના શરીરના પોષણ અને રક્ષણ સારૂ આ ચારે પ્રકારના પદાર્થની જરૂર પડે છે, માણસનો આધાર વનસ્પતિ અને પ્રાણી ઉપર છે, અને તેઓમાં આ ચારે પ્રતિના પદાર્થ પુષ્કળ મળી આવેછે. પાણી અને ખાર શરીર રક્ષણને જોઇએ તેથી તેમનામાં થોડા હોવાથી તે ખોરાક ઉપર લેવા પડેછે. ખોરાક સાથે જે, હીંગ મશાલો લેવામાં આવેછે, તે પાચન ક્રિયાને મદદ કરેછે તથા પેટમાંથી વાયુનો નાશ કરેછે. મનુષ્યના ખોરાકના પદાર્થો સૃષ્ટિમાં જેવા થાયછે તેવાજ તેને મળવા જોઇએ. પરંતુ એનું પ્રથક્કરણ કરી જે તેમનાં તત્વ નીકળે, એના ઉપર માણસનો નિર્વાહ ચાલવાનો નહીં.

કોઈ પણ પ્રાણીનો નિર્વાહ એક પ્રકારના પદાર્થ ઉપર ચાલતો નથી. આની સાબીતી બે રીતે થાયછે. એકતો પ્રયોગો ઉપરથી તથા બીજી સ્વભાવિક નિયમ ઉપરથી. ડાક્ટર માર્જેડીએ કેટલાએક કુતરા ઉપર પ્રયોગ કર્યા તેમાં તેઓને ફક્ત સાકર, ખાંડ અને પાણી ઉપર રાખ્યા. તેઓનું પહેલું અઠવાડીયું ઠીક ચાલ્યું. બીજા અઠવાડીઆમાં દુબળા થતા ગયા અને ત્રીજામાં આંખમાં ફુલાં પડ્યાં, અને છેક નંખાઇ ગયા. ચોથા અઠવાડીયામાં મૃત્યુ પામ્યા. દક્ષિણી અને ઘાટી લોક ઘણું ખરૂં ચોખાજ ખાય છે અને કેટલેક દરજ્જે તેના ઉપરજ રહેછે, અને તેઓમાં આંખના ફુલના ઘણા દાખલા મળી આવે. છે. આંખમાં ફુલાં ઘણીવાર પોષણની કમતાઇને લીધે પડેછે, અને ચોખા જેવા પદાર્થમાં પોષણકારક ભાગ ઘણો હોતો નથી. ઘણું કરીને કોઈ પણ એક વસ્તુ ઉપર રહેવું

મુશ્કેલ પડેછે. જો કે એમાં ચારે પ્રકારના પદાર્થ હાજર હોય તો પણ તેનાથી સારૂં પોષણ થતું નથી. તે ઉપરથી જણાયછે કે માણસને જુદા જુદા પદાર્થની મિશ્રતાઇની જરૂરછે. કુદરતી નિયમ પ્રમાણે જ્યારે અશક્ત અને અજ્ઞાન બચ્ચું જન્મેછે ત્યારે તેને સારૂ સ્વભાવિક ખોરાક દુધ તૈયાર હોયછે. પરંતુ આ તૈયાર રહેલા દુધમાં શરીરના પોષણ અને ગરમી સારૂ જે પદાર્થ જોઇએ છીએ તે બરાબર પ્રમાણમાં હાજર હોયછે. તેમાં ઉપર કહેલા ચારે પ્રકારના પદાર્થ છે. કેઝીન, માખણ, સાકર, પાણી અને ખાર હોય છે. એ ઉપરથી જણાય છેકે આ સર્વ પદાર્થની શરીરને જરૂરછે.

આ ચારે પ્રકારના પદાર્થ શરીરમાં શું ઉપયોગના છે? તથા તે ન મળવાથી શી હાની થાયછે એનો વિચાર કરીએ. નાઇટ્રોજનવાળા પદાર્થની સઘળી રગ, નસ, અને સ્નાયુમાં જરૂર જણાયછે. જેમ વરાળયંત્રમાં વરાળની જરૂરીયાત તેમજ કાંઇપણ જાતની મહેનતમાં નાઇટ્રોજનવાળા શરીરના ભાગની અવશ્યકતા છે. ટૂંકામાં શરીરના સઘળા ચૈતન્યવાળા ભાગોમાં દરેકને પોતાનું કામ બજાવવા શ્રમ પડેછે અને દરેકમાં નાઇટ્રોજનનો કાંઇ અંશ રહેલોછે.

કાર્બોનવાળા પદાર્થનો મુખ્ય ઉપયોગ શરીરની ગરમીને ઉત્તેજન આપવાનો છે. તે સિવાય શરીર માંહેલી ચરબી પણ તેમાંથીજ બનેછે. ચરબી શરીરમાં કેટલીક તરેહના કામમાં આવેછે અને જ્યાંત્યાં ઘણાખરા અવયવોમાં ભરાઇ રહેછે. ઘણું કરીને સર્વ ઠેકાણે ચામડીની નીચે એ થોડા ઘણા પ્રમાણમાં મળી આવેછે. અહીં એનું મુખ્ય કામ શરીર માંહેની ગરમીને જવામાંથી ઘટતો પ્રતિબંધ કરી સમતુલ્ય કરવાનો છે. કેટલાએક પ્રાણીને ચામડી નીચે ઘણી ચરબી ભરેલી હોયછે. તેને લીધે તેમનો ઘણી થંડીમાંથી બચાવ થાયછે. શરીરને જોઇએ તેના કરતાં વધારે ચરબી થાય તો શરીરના કોઈ કોઇ ભાગમાં તેનો જમાવ થાયછે. જેમકે આપણે કેટલીક વખત કદરૂપા માણસના મોટા ફૂલા તથા ફાંદા જોઇએ છીએ તે આવી ચરબીના જમાવને લીધેજ થાયછે.

આવી રીતે ચરબી જમા થવાનાં બે કારણછે. એક તો એવા પ્રકારના પદાર્થનો જાસ્તી ઉપયોગ કરેથી શરીરમાં જેટલો તેમનો ઉપયોગ હોય તેટલામાં વપરાય અને બાકીના જમા થાય. તેમજ જો શરીરના ભાગો સારી રીતે નહી વપરાય એટલે શ્રમ અને મહેનતથી તેમની ભસ્મ નહી થાય તોપણ ચરબી એકઠી થાય. જે લોકો ચરબીથી ફૂલી જાયછે એમનામાં ઘણું કરીને આ બેઉ કારણ જોવામાં આવેછે. કેટલાક બ્રાહ્મણ જેઓને રોજ રોજ લાડુ મળે તે ઘણું કરીને બીજો ઉદ્યોગ કરવાને બદલે આળસુ થઇને પડ્યા રહેછે. તેથી વિશેષ ચરબીવાળા થાયછે.

પાણી:—અત્યંત ઉપયોગી છે. શરીરના પાંચ ભાગમાંથી ચાર ભાગ તો ફક્ત પાણીનાજ બનેલાછે. આ બોલવું કેટલાએકને અજાએબ જેવું લાગશે તોપણ એ ખરૂં છે. હાડકાં જેવી નક્કર ચીજમાં પણ પાણીની કેટલીક અસર રહેલીછે. ઇજીપ્ત દેશમાં મૂએલા મનુષ્યને સૂકવવાનો ચાલ હતો, આ માંહેલું એક મૂડદું કેટલેક કાળે મળી આવવાથી તેનું વજન કરતાં ફક્ત સાત રતલ થયું. આ ઉપરથી તે મૂડદામાં કેટલો ભાગ પ્રવાહી

હતો તેની કલ્પના થઇ શકશે. રક્ત, થુંક, મૂતર વગેરેમાં પાણીનો કેટલો બધો ભાગછે !! મનુષ્ય ખોરાક વિના રહી શકે તેટલો વખત પાણી વિના રહી શકશે નહી. અર્થાત શરીરના સંરક્ષણ સારૂ પાણીની આવશ્યકતા વધારેછે, પાણી આ શબ્દનો અર્થ અહી ચોખ્ખું પાણી નહી સમજવો. પરંતુ કાંઇપણ રસાદિક પ્રવાહી એ પાણીની સમતુલ્ય સમજવું.

ખારઃ—કેટલાક પ્રકારના ખારની શરીરને જરૂરછે. તેમાંનો ઘણોખરો ભાગ તો ખોરાકની સાથે રહેલો હોયછે. ખાર શરીરના સઘળા ભાગમાં વ્યાપી રહેલોછે. તેનો મુખ્ય ભાગ હાડકામાં મળી આવેછે. હાડકાં માંહેલા મુખ્ય ખારનું નામ "ફોસફેટ ઓફ લાઇમ" એટલે ચૂનો અને ફાસફરસના સંયોગથી નીપજેલો ખાર.

હવે આ ચાર પ્રકારમાંના કોઇએક પ્રકારનો ખોરાક નહી મળવાથી શી અસર અને કેવાં ચિન્હ થાયછે તેનું બરાબર બ્યાન કરી શકાતું નથી, તોપણ આપણે તેના ગુણ જાણીએ છીએ તે ઉપરથી અનુમાન કરી શકાય. નાઇટ્રોજન અને કાર્બોનવાળા પદાર્થ નહી મળવાથી જે પરિણામ નીપજેછે તે પરિણામ ઘણું કરીને બીલકુલ ખોરાક નહીં ખાવાથી નીપજતા પરિણામને મળતા આવેછે. ફકત મૃત્યુ થવું લંબાય, કારણ બીજા ખોરાક ઉપર કેટલોક વખત આયુષ્ય નીભાવ કરી શકે.

ખાર નહી મળવાથી અગર કમી મળવાથી તેની અસર ઘણું કરીને હાડકાં ઉપર જણાયછે. બચપણમાં કોઇ વખતે દરદને લીધે શરીરમાં ખાર પૂરો નહી હોવાથી હાડકાં નરમ રહેછે અને બચ્ચું ઉભું થવા અને ચાલવા માંડે ત્યારે પગ કામઠાની માફક અંદર અગર બહાર વળી જાયછે. આ દરદને "રીકિટસ" એવું નામ આપ્યુંછે.

પાણી નહીં મળવાથી શી અસર થાયછે એનો થોડે દરજ્જે ઘણાખરાને અનુભવ હશે. પરંતુ એના ખરેખરા દુઃખની માહીતગારી અરબસ્તાન અને આફ્રિકાના મેદાનના મુસાફરોનેજ હોવી જોઇએ.

બીલકુલ ખોરાક અગર પાણી શિવાય કેટલો વખત રહી શકાય એ વિશે એક ચોકસ મુદત બાંધી શકાતી નથી. સાધારણ મુદત કેટલાકના વિચાર પ્રમાણે દશ બાર દિવસની ઠરેછે. આપણા દેશમાં જૈન ધર્મના લોક ત્રણ ચારથી પાંચ અઠવાડીયાના અપવાસ કરેછે. પરંતુ તેમને ઉપવાસમાં પાણી પીવાનો છૂટ હોયછે અને તેથીજ લાંબી મુદત ખેંચી શકાયછે. તરૂણ અને મજબુત માણસ વૃદ્ધ અને નબળા માણસ કરતાં વધારે ભૂખ ખેંચી શકેછે.

મનુષ્યને પોતાના પોષણું સારૂ કેટલો ખોરાક ખાવો જોઇએ? આ વિષે સઘળા લોકોને લાગુ પડે એવો નિયમ બાંધવો મુશકેલછે. માણસો પોતાની વય, શ્રમ, અને રૂચી પ્રમાણે ઓછો વત્તો ખોરાક ખાયછે. તથાપી ફોજ વગેરે રસાલામાં જ્યાં ઘણાં માણસનો જમાત હોયછે, અને અનાજ વેંચી આપવાની રીત હોયછે, તે ઉપર સાધારણ અનુમાન બાંધી શકાયછે. મધ્ય સ્થિતિનાં માણસને આશરે ૪૦ ઔંશ એટલે અઢી (૨½) રતલ પાણીવાળા ખોરાકની જરૂરછે. પાણીવિનાનો ખોરાક આશરે દોઢરતલ જોઇએ. તેમાં,

૪½ ઔંસ નાઇટ્રોજનવાળો ભાગ.	૩ ઔંસ ચરબીવાળો ભાગ.
૧૪½ ઔંસ સાકર સ્ટાર્ચ વગેરે.	૧½ ઔંસ ખાર.

આટલો ખોરાક દરરોજ જોઇએછીએ. તે ઉપરાંત પાણી ચોવીસ કલાકમાં આશરે ૫૦ થી ૮૦ ઔંસ સુધી જોઇએછીએ. આ નિયમને ઘણા અપવાદ જોવામાં આવશે. પરંતુ તે તનમનના શ્રમને લીધે અગર તનદુરસ્તીમાં અથવા હવામાં ફેર હોવાને લીધે હોયછે.

પાચન ક્રિયા.

(ડાઇજેશન.)

ખોરાક ખાવાને લાયક થયા પછી મોઢામાં દાખલ થયા બાદ, જે ક્રિયાઓ તેના ઉપર થાય છે તથા જેને લીધે તેનો એક સરખો રસ થઈ, તે શરીરનું પોષણ કરવાને યોગ્ય થાયછે, તે સઘળી ક્રિયાને પાચન ક્રિયા એવું નામ આપેલું છે. આ ક્રિયા થવાની જરૂરછે; કારણ કે એ થયા વિના તેનામાં આપણા શરીરના ભાગો જેવાકે અસ્થિ, સ્નાયુ વગેરે નીપજાવાની યોગ્યતા આવતી નથી. આ ક્રિયા સાધારણ રીતે ત્રણ જગોએ થાયછે. **મોઢામાં, હોજરીમાં, અને આંતરડાંમાં.** પ્રવાહી પદાર્થોને મોઢાના અવયવોનો ખપ પડતો નથી, તોપણ તેમાં ઉત્પન્ન થતા રસની જરૂર તેમને પણ ઘણું કરીને રહે છે.

મોઢામાં થતી ક્રિયા:—આ ક્રિયાને આપણે સાધારણ રીતે "ચાવવું" એવે નામે ઓળખીયે છીયે. મોઢામાં ખોરાક દાંત વચ્ચે ચવાય છે, એટલુંજ નહીં પરંતુ મોઢામાંહેલા રસની સાથે મિશ્ર થઈ તેનો એક નરમ તથા ચીકટો લોંદો થાયછે, તે ગળે ઉતરવામાં ઠીક પડેછે. આ સિવાય થૂંકને લીધે ખોરાકમાં કાંઈ રસાયણી ફેરફાર પણ થાયછે માટે થૂંક વિષે કેટલુંક બોલવું અવશ્યનું છે.

થૂંક:—પેદા કરવા સારૂ સાંચા અથવા પિંડની ત્રણ જોડી (સાલીવરી ગ્લાંડ) છે. એક એક કાનની નજીક (પારોટીડ ગ્લાંડ) છે. બીજી જીભ નીચે (સબલીંગ્વલ ગ્લાંડ) છે. અને ત્રીજી જડબા નીચે (સબમાક્ષીલરી ગ્લાંડ)છે. આ સિવાય નાની નાની પુષ્કળ પિંડ મુખ આચ્છાદનમાં પથરાયલીછે. આ સગળી ગ્લાંડ પોતાનું પેદા કરેલું પ્રવાહી થૂંક બારીક નળીયો વાટે મોઢામાં રેડેછે. દરેક પિંડની રચના જોઇએ તો એક સરખી હોયછે. તેઓ બારીક નળીયોની બનેલીછે. તે બારીક નળીને છેડે નાના ગોળાકાર ફાંટા હોયછે, એટલે તે ભાગ થોડા થોડા આજુ બાજુએ ઉપસેલા હોય છે. તેમની અંદર સૂક્ષ્મ રજકણોનું આચ્છાદન છે, અને આ રજકણો થૂંકને પેદા કરેછે. થૂંક એકઠું થાયછે એટલે મોઢામાં વહેછે. સાધારણ વખતે તો ફક્ત મોં ભીનું રહે એટલુંજ થૂંક નીપજેછે. પરંતુ જમવાની વખતે અને જમી રહ્યા બાદ પુષ્કળ થૂંક વહેછે.

થૂંક એ પારદર્શક આલકલીના ગુણનું પ્રવાહી છે. એનું જાતીય ગુરૂત્વ પાણીથી જરા જાસ્તી હોયછે. તેના એક હજાર ભાગમાં નીચે ટાંકેલા પદાર્થ હોયછે.

પાણી	૯૮૮
થૂંકનું સત્વ (ટાયાલીન) ...	૨
પરચૂરણ પદાર્થ	૧૦

થૂંકનું સત્વ એ તેનો ખાસ પદાર્થ છે. તેના પરચૂરણ પદાર્થમાં આલબ્યુમીન, ચરબી, અને કાંઈક ખાર આવેલા છે. થૂંક પણ રક્તની માફક આમ્લ વિરૂદ્ધ છે, અને આ ગુણ તેમાં બેઉમાં રહેલા સોડા ફાસફસ નામના ખાર ઉપર આધાર રાખેછે. થૂંકમાં "સલ્ફો સાયાનોજન" નામના ઝેરી પદાર્થનો પણ કાંઈ અંશ છે.

થૂંકનું પેદા થવું ખોરાક ઉપર આધાર રાખેછે. ખોરાક મોઢામાં ગયો અને ચાવવું શરૂ થયું એટલે થૂંક સારી પેઠે વહેવા મંડેછે. ખોરાક અથવા કાંઈ ખાવાની ચીજ નજરે પડવાથી અગર તેનો વિચાર આવવાથી પણ થૂંકનો પ્રવાહ છૂટેછે. મોં સિવાય પરભાર્યો ખોરાક પેટમાં નાંખીએ તોપણ થૂંક છૂટેછે અને પેટમાં જાયછે. આ પ્રમાણે એક દિવસમાં કેટલું થૂંક ઉત્પન્ન થાયછે તેનો ચોકસ નિયમ નથી. કારણ તેનો આધાર ખાવા ઉપર અને ખોરાકની જાતિ ઉપર રહેછે. તોપણ સરાસરી સાધારણ કદના માણસનું થૂંક દરરોજ બેથી ત્રણ પાઈંટને આશરે પેદા થાયછે.

૧ **થૂંકના ઉપયોગઃ**—થૂંકને લીધે મોઢાને તથા જીભને ભીનાશ અને ચીકાશ મળેછે અને તેથી બોલવામાં અને ચાવવામાં જીભનું ચલન સહેલાઈથી થઈ શકેછે.

૨ જુદા જુદા પદાર્થનો તે રસ કરી દેછે અને તેથી તેમનો શો સ્વાદ છે તે માલમ પડેછે. કેમકે રસ થયા વગર સ્વાદ સમજાતો નથી.

૩ ખોરાક સાથે મિશ્ર થઇ તેને નરમ કરી આપેછે અને તેથી ચાવવાનું કામ સહેલું થઇ પડેછે. તેમજ વળી ચાવવાથી ખોરાકનો એવો નરમ ચીકણો લોંદો થાયછે કે ગળે ઉતારવાને ઠીક પડેછે. જેમ ખોરાક વધારે કઠણ અને સૂકો તેમ થૂંકની વધારે જરૂર રહેછે, ને તે જાસ્તી પેદા થાયછે. રસવાળા પદાર્થોને થૂંકની ઘણી જરૂર રહેતી નથી.

૪ તેના પ્રવાહી ગુણ ઉપરથી થતાં આવાં કામો સિવાય ખોરાક ઉપર તેની કાંઇ રસાયણ ક્રિયા ચાલતી હોય એમ લાગેછે. કારણ કે ઉપર કહેલાં ત્રણ કામમાં જોઇએ તેના કરતાં થૂંક ઘણુંજ વધારે પેદા થાયછે, તેમજ ખોરાક ખવાઇ રહ્યા પછી પણ કેટલુંક થૂંક નીકળી પેટમાં ઉતરેછે. વળી તે થૂંકમાં પાણી સિવાયના જે પદાર્થ રહેલાછે તેના કાંઇપણ રસાયણી ઉપયોગ વિના બીજું સાર્થક જણાતું નથી. હોજરીમાં થૂંકનું જવું બંધ કરીને ખોરાક મૂક્યામાં આવે તો તે બરાબર હજમ થતો નથી. આપણે થૂંકને "સ્ટાર્ચ"ની સાથે મેળવીએ તો તે સ્ટાર્ચને ગાળી નાંખી તેનું ગ્રેપસ્યુગરમાં રૂપાંતર કરી શકેછે. આ અને બીજા તેવાજ કેટલાક પ્રયોગ ઉપરથી હવે નિઃસંશય પણે સિદ્ધ થયુંછે કે થૂંક સ્ટાર્ચ જાતિના ખોરાક ઉપર રસાયણી અમલ ચલવી તેને હજમ થવાને લાયક કરેછે. બીજી કોઇપણ જાતિના ખોરાક ઉપર તેની કાંઇપણ રસાયણી અસર ચાલતી નથી.

ગળવું:—ગળવું એટલે મોંમાંથી ખોરાકનું જઠરમાં જવું. મુખમાં ખોરાક ચવાઇને તૈયાર થયા પછી કોળીયો મોઢાના પછવાડેના ભાગમાં સ્વઇચ્છાએ જાયછે, ત્યાર પછી ગળવાના સંબંધની સ્નાયુના હાલવાથી તે "લારીંક્ષ"ને ઓળંગીને અન્નનળમાં દાખલ થાયછે એટલે પછી તેના ઉપર આપણી ઇચ્છા ચાલતી નથી. અન્નનળ આ એક માંસમય લાંબી નળી ગળા અને હોજરીની વચ્ચે આવેલી છે. એના સંકોચાવાથી અન્ન નીચે હોજરીમાં ઉતરેછે.

હોજરી અથવા જઠરઃ— અન્નનો મુખ્ય હેતુ શરીરનું પોષણ કરવાનો છે. પરંતુ પોષણ કરવાની યોગ્યતા મેળવવા સારૂ તેના ઉપર કેટલીએક ક્રિયાઓ થવી જોઇએ, તે થયા પછી તેનું લોહી બની તે પોષણ કરવાને પાત્ર થાયછે. પાચન ક્રિયાનું મુખ્ય કામ જઠર એટલે હોજરીમાં ચાલેછે. જઠર એ પેટની અંદર ડાબી બાજુએ છેલા પાંસળાની નીચે આવેલુંછે. એ ભીસ્તી મસક ઉપાડેછે તેના આકારનું છે, અને તેને બે દ્વારછે. એક દ્વાર જે ડાબી બાજુએછે તેમાંથી અન્ન આવેછે, અને બીજો રસ્તો જે જમણી તરફછે, તેમાં થઇને અન્ન આંતરડાંમાં જાયછે. હોજરી માંસના સાકાની બનેલીછે. આ સાકાઓ ચોતરફ ગોઠવાયલા છે. તેથી કોઇપણ પડખે હોજરી સંકોચાઇ શકેછે. તેની અંદર આચ્છાદનછે તેને શ્લેષ્માવરણ કહેછે. આ આવરણ ઢીલું હોય ત્યારે કરચલી વળી શકેછે, અને સૂક્ષ્મદર્શક કાચ વતે જોયું હોયતો મધપૂડા જેવું દેખાયછે, એટલે તેના ઉપર અગણિત બારીક ખાડા જોવામાં આવેછે. આ દરેક ખાડાને તળીયે કેટલાંક બારીક છિદ્ર દેખાયછે. આ દરેક છિદ્ર એક બારીક નળીનું મોઢુંછે. આ નળીયો શ્લેષ્માવરણમાં દટાયેલાછે અને તેમની અંદરની બાજુએ બારીક રજકણો જડેલાં હોયછે તે "જઠરસ"ને પેદા કરેછે. આ જઠરસ પેદા થઇ ખપ પડેછે ત્યારે હોજરીમાં વહેછે. (આ. ૧૧)

જઠર જ્યારે મંદ હોયછે અથવા કામ કરતું નથી ત્યારે તેનું શ્લેષ્માવરણ ફીકું ભીનાશવાળું હોયછે, પરંતુ અંદર જેવો ખોરાક ગયો કે તરતજ લાલચોળ થઈ તેમાંથી જઠરસ વહેવા માંડેછે. આ જઠરસ એ અનાજને હજમ કરેછે. દર દિવસ આ રસ કેટલો પેદા થાયછે તે ચોકસ રીતે કહી શકાતું નથી. કારણ કમી જાસ્તી ખાવા ઉપર, તેમજ ખોરાકની જાતિ ઉપર તેનો આધાર રહેલોછે. દરરોજ આશરે ૧૦ થી ૨૦ રતલ આ રસ પેદા થતો હોય એમ અનુમાન બાંધી શકાયછે. થોડા વખત પહેલાં આ જઠરસના કેવા ગુણછે તે જાણવામાં આવ્યું નહોતું. પરંતુ થોડા વરસ ઉપર એક સેંટ માર્ટીન નામના પુરૂષને હોજરીની ઉપર ગોળી લાગી હતી, તેનું છિદ્ર બંધ નહીં થવાથી કેટલાએક ડાકતરોને એ છિદ્રની મારફત જઠરસ મેળવવાને તથા શોધ કરવાને બની આવ્યું. તે છિદ્ર વાટે હોજરીમાં ખોરાક અગર બીજો કાંઇપણ પદાર્થ મૂકવામાં આવે કે તરતજ જઠરસ વહેવા માંડે. ઉષ્ણતા માપક યંત્ર રાખવાથી પણ તે ઉત્પન્ન થાય તથા તેની ગરમી આશરે ૧૦૦ ડીગરી રહેતી. મરી, મીઠું વગરે મશાલાને લીધે જઠરસ ઘણો નીપજે છે. તેમજ ખાર જાતિના (આલ્કલી) પદાર્થને લીધે તેને ઉત્તેજન મળેછે. પરંતુ અર્ક (આસિડ)થી એથી ઉલટીજ અસર થાયછે. બરફ થોડો ખાવાથી જઠરસ જાસ્તી નિકળેછે પણ ઘણો ખાવાથી ઓછો થઇ જાયછે.

જઠરસ એ વાસ વિનાનું, સ્વચ્છ, પારદર્શક, આસિડ જાતિનું પ્રવાહી છે. પાણી અને દારૂની સાથે એ જલદી મિશ્ર થઈ જાયછે. એનો સ્વાદ ખારો અને ખાટો હોયછે. એ ખોરાકને પાચન કરી શકેછે એટલે તેને ગાળી નાખી તેનો એક રસ કરેછે. ખોરાક અગર એવી બીજી વસ્તુની સાથે તેને રાખ્યો હોયતો તેને સડવા દેતો નથી, તેમજ દુર્ગંધ દૂર કરે એવો તેનો ગુણછે. જઠરસના હજાર ભાગ લઇએતો તેમાંઃ—

પાણી...	...૯૯૪.૪
બીજાં જડ પદાર્થ	૫.૬
	૧૦૦૦.૦

આ જડ પદાર્થમાં નીચેની ચીજો છે.

પેપસીન	...૩.૨
મીઠું	...૧.૫
બીજા ખાર	.૬૫
હાઇડ્રોક્લોરીક આસિડ ...	.૨૫
	૫.૬૦

જઠરસનો ગુણ આંમ્લ છે, કેમકે તેની અંદર હાઇડ્રોક્લોરીક આસિડ છે.

પેપસીન: જઠરસનુ સત્વઃ—એ સહેલથી મેળવી શકાયછે. થંડાપાણીમાં હોજરીના રસ પડને બોળી રાખીયે તો તે પાણીમાં પેપસીન આવેછે. જઠરસનો પાચન કરવાનો ગુણ એટલે ખોરાકને ગાળી નાખવાનો ગુણ એ આ પેપસીન અને તેના આસિડની ઉપર આધાર રાખેછે. એ બેઉને જુદા જુદા લઇએતો તેમાં દરેકમાં એ ગુણ નથી. પરંતુ બેઉ મિશ્ર હોયતો એ ગુણ જોવામાં આવેછે. પાચનક્રિયા યોગ્ય રીતે ચાલવા સારૂ એ બેઉના મિશ્રતાની જરૂર છે, એટલુંજ નહીં પરંતુ તેની ગરમી આશરે ૯૮ ડીગ્રીના હોવી જોઇએ. વળી ખોરાકનું હલન ચલન થવું જોઇએ કે જેથી સઘળા ભાગોને જઠરસ સાથે બરોબર સંયોગ થઈ શકે. જઠરમાં સંકોચાવાની શક્તિછે તેથી આ સંકત પૂરો પડેછે. યોગ્ય રીતે પાચન થવા સારૂ ખોરાક નરમ તથા પાતળી સ્થિતિમાં જોઇએ.

જઠરસને બહાર કાઢી આશરે ૯૮ ડીગ્રીની ગરમીમાં રાખીયે તથા તેની અંદર અનાજ મૂકીયે તો આસ્તે આસ્તે નરમ થઈ તેના ભાગ થાયછે, અને અંતે તે એકરસ થઈ જાયછે. આ રસને "કાઇમ" કહેછે. કાઇમ થવાને જુદી જુદી જાતના ખોરાકને કમી જાસ્તી વખ્ત લાગે છે. જલદી પાચન થઈ શકે એવા ખોરાકને થોડો વખ્ત લાગે છે. તથા જડ ખોરાકને વધારે લાગેછે, વળી હાથથી બનાવેલા જઠરસની પણ તેવીજ અસર થાયછે.પેપસીનને પાણીમાં નાંખી તેમાં થોડો હાઇડ્રોકલોરીક આસિડ નાખીયે એટલે કૃત્રિમ જઠરસ તુલ્ય પ્રવાહી બને છે.

હોજરીમાં ખોરાક ઉપર થતા ફેરફારઃ—હોજરીમાં ખોરાક પાચન થયો એટલે તેની કાઇમ થઈ એમ કહેવાયછે. આ કાઇમ, ખોરાક પ્રમાણે અનેક પ્રકારના થાયછે. કાઇમ એ ઘટ ચીકાસવાળો વિચિત્ર જાતનો પદાર્થછે. એનો રંગ ખોરાક પ્રમાણે અનેક તરેહનો હોયછે. કાઇમની અંદર પાચન થયેલા તથા નહીં પાચન થયેલા ભાગ મિશ્ર હોયછે. હરકોઈ પદાર્થ કેટલી ઝડપથી પચેછે તેનો આધાર તેની સ્થિતિ તથા જાતિ ઉપરછે. ચવાયલો અને નરમ પદાર્થ જલદી પચેછે, પરંતુ નહીં ચવાયલી અને કઠણ વસ્તુને વખ્ત લાગેછે. જલદી પાચન થઈ શકે એવી વસ્તુ વધારે પોષણ કારકછે, એમ નહીં સમજવું. ચોખા જલદી પચેછે પરંતુ તેમાં પોષણ કારક ભાગ ઘણો નથી. કોઈ પણ પદાર્થમાંથી લોહી કેટલે દરજ્જે નીપજેછે, તે ઉપર તેની પોષણ કરવાની શક્તિનો આધારછે.

પ્રવાહી પદાર્થ જેવા કે પાણી, દારૂ કોઈ કોઈ જાતિના રસ વગેરે જેવા હોજરીમાં

ગયા કે ઘણું કરીને તરતજ લોહીની નળીઓ તેમનું શોષણ કરી લેછે, અને તેઓ રક્ત સાથે મળી જઈ શરીરમાં જાયછે. કેટલાએક પાતળા પદાર્થનો પ્રવાહી ભાગ આ પ્રમાણે રક્તમાંગયા પછી બાકીનો ભાગ જઠરસને તાબે થાયછે.

સેન્ટમારટીનની હોજરી ઉપર તપાસ કરતાં એમ સિદ્ધ થયુંછે કે ખોરાકને પચવાને તેની જાતિ પ્રમાણે નૂન્યાધિક વખત લાગે છે, જેમકે ચોખાને થોડો વખત એકાદ કલાકને આશરે, ઈંડાં વગેરેને તેથી વધારે, દૂધને બે કલાક, બટાટાને અઢી, અને રોટલી, ગોસ વગેરેને ત્રણથી સાડા ત્રણ કલાક લાગેછે. આ કલાક આપેલાછે તે ચોકસજ નહિ સમજવા. સરાસરી તરીકે આપેલા છે. કેટલાએક માંસાદિ પદાર્થને અનાજના કરતાં થોડો વખત લાગે છે.

ખોરાકની જાતિ શિવાય બીજી બાબતો ઉપર પણ પાચન થવાના વખતનો આધાર છે. જેમકે તાણીને વધારે જમવામાં આવે તો પચવાને વધારે વખત લાગેછે, કારણ હોજરી ઉપર તાણ પહોચવાથી તેની ચલન શક્તિને અડચણ પહોચેછે. ઘડીએઘડીએ વારંવાર ખાવામાં આવે તોપણ અપચો થાય, કારણ જઠરને પૂરતી વિશ્રાંતિ નહિ મળવાથી ખોરાક પચતો નથી અને તેથી ઝાડો થાયછે. આ વિશ્રાંતિ બે ત્રણ કલાકની જોઇએ. શરીર અને મનની કસરત ઉપરપણ તેનો આધાર છે. જમ્યા પછી તરતજ મન અગર તનને શ્રમમાં નાંખીયે તો પાચન ક્રિયાને વખત લાગેછે.

ખોરાક પાચન થવામાં પહેલાંતો તેના વિભાગ થાયછે અને તેના તાંતણા તથા રજકણ જુદાં પડેછે, અને અંતે તે ગળી જઇને એક રસ થાયછે.

ખોરાકના ચારવિભાગ માંહેલા "આલબ્યુમીન" વર્ગ ઉપર જઠરસની રસાયણી પાચનક્રિયા ચાલેછે. આ વર્ગના "આલબ્યુમીન" "ફ્રિબ્રિન" "કેઝીન" અને "જીલાટીન" નું રૂપાંતર થઇને તેમનો એક નવોજ પદાર્થ ઉત્પન્ન થાયછે. આ પદાર્થને "પેપટોન" કહેછે. રક્તની સાથે મિશ્ર થયા પછી તેઓ પોતાની પૂર્વસ્થિતિ ધારણ કરેછે, એટલે આલબ્યુમીન, ફ્રીબ્રીન, ઇત્યાદિ એવી સ્થિતિમાં આવેછે. તથાપિ રક્ત થયાની પહેલાં તેમનું આ પ્રમાણે રૂપાંતર થવું અવશ્યનું જણાય છે. કારણ કે લોહીની અંદર બહારથીજ આલબ્યુમીન મેળવીએ તો તે શરીરને ઉપયોગી નહી પડતાં બે ત્રણકલાકમાં પેશાબ રસ્તે બહાર પડેછે. પરંતુ જે આલબ્યુમીન પેટની અંદર પેપટોનની સ્થિતિમાં થઇને રક્તમાં જાયછે તે શરીરને પોષણકારક થઇ પડેછે.

આલબ્યુમીન વર્ગ શિવાય બીજા ખોરાકના કોઈ પણ વર્ગ ઉપર જઠરસની પાચન ક્રિયા ચાલતી હોય એમ લાગતું નથી, કેમકે થુંકની અસરથી બાકી રહેલી સાકરાદિક ચીજો આંતરડાંમાં જઈ પાચન થાયછે. તેલાદિ પદાર્થનું પાચન પણ આંતરડાંમાંજ ચાલેછે.

પેપટોનનો ઘણોખરો ભાગ તેમજ બીજા ગળી ગયેલા પદાર્થનું શોષણ હોજરીમાંજ રક્ત નળીયો કરી લેછે અને તેઓ શરીરમાં જાયછે. બાકી પાચન નહિ થયેલા અને અપૂર્ણ પાચન થયેલા ભાગો આંતરડાંમાં હોજરીને આંતરદ્વારેથી જાયછે.

હોજરીની હાલચાલ:—કેટલાક પક્ષીઓને દાંત હોતા નથી અને તેઓ દાણા

આખાને આખા ગળી જાયછે. એ દાણાનું લોહી શી રીતે બનતું હશે? તેઓ દાણાની સાથે કાંકરા પણ ગળી જાયછે. તેઓની હોજરી એવી તો મજબૂત હોયછે કે આ કાંકરાની મદદથી દાણાના ચૂરે ચૂરા કરી નાંખેછે, અને ત્યારપછી તે દાણા હજમ થાયછે. આવી સખ્ત હોજરી મનુષ્યને નિરૂપયોગી થઈ પડે, કારણ તેને દાંત હોવાથી ચાવવાનું કામ હોજરીને કરવું પડતું નથી. ત્યારે માણસની હોજરીને માંસના સાકાનો શો ઉપયોગ છે? એકતો સાકાના જોરથી હોજરી ખોરાકને એકઠો રાખી શકેછે. બીજુ તેને લીધે પાચન ક્રિયા ચાલતી વખત તેનાં બેઉ છિદ્ર બંધ રહેછે, અને તેથી ખોરાક બહાર નીકળી પડતો નથી. આ શિવાય તેનું ત્રીજું મુખ્ય કામ એછે કે તેને લીધે હોજરી ખોરાકને ઉથલપાથલ કરેછે, અને તેથી જઠરરસ તેની સાથે પૂર્ણપણે મિશ્ર થઇ પાચન કરી શકેછે.

સેંટમારટીનની હોજરીનો તપાસ કરતાં માલમ પડેછે કે ખોરાક હોજરીમાં દાખલ થયા પછી તેનાં બેઉ દ્વાર બંધ થાયછે અને પાચન ક્રિયાને અંતે આંતરદ્વાર ઢીલું પડેછે તેની મારફત ખોરાક આંતરડાંમાં જાયછે.

હોજરી એવી રીતે "કીડાની માફક" હાલેછે કે ખોરાક જાણે વલોવાતો હોય તેમ આ છેડેથી બીજે છેડે ફર્યા કરેછે, તેથી જઠરરસ ફરતા ફરતા સઘળા ભાગોને જલદીથી પાચન કરી શકેછે. જેમ પાચન થતો જાયછે તેમ થોડો થોડો ભાગ આંતરડાંમાં વહેછે અને અંતે હોજરી ઢીલો પડેછે, એટલે નહિ પચેલો બાકીનો ભાગ આંતરડાંમાં જાયછે.

હોજરીનું સાધારણ કામ ખોરાકને વલોવાનું છે. એ શિવાય ઉલટી કોઈ વખત થાયછે તેમાં પણ તેજ સાધન છે. કારણ હોજરીના માંસના સાકા સંકોચાવાથી તેની અંદરના પદાર્થને બહાર પડવાની ફરજ પડેછે. કેટલાક માણસોને ખુશીમાં આવે ત્યારે ઉલટી કરવાની શક્તિ હોયછે, અને ક્વચિત એવા પણ દાખલા મળી આવ્યાછે કે માણસોમાં વાગોળવાની શક્તિ માલમ પડેછે. એટલે પશુની માફક ખોરાક જલદી જલદી ખાધા પછી નિરાંતે પેટમાંનો થોડો થોડો ભાગ પાછો મોઢામાં આણીને તેને સારી રીતે ચાવી પાછો પેટમાં ઉતારવામાં આવેછે.

આંતરડાંમાં પાચન ક્રિયાઃ—જઠરસમાં પાચન થતાં બાકી રહેલા ખોરાકનો કેટલોક ભાગ આંતરડાંમાં પચેછે. આંતરડાંમાં પાચન કરનારાં જુદાં જુદાં સાધનો છે. આંતરડાંમાંથી ઉત્પન્ન થતા તરેહવાર રસ સિવાય બીજી પિંડથી પેદા થયેલા રસ એમાં વહેછે, અને ખોરાક ઉપર અસર કરેછે. આ પિંડ કલેજું અને પાંક્રિયાઝ નામની બે છે. આ પ્રમાણે આંતરડાંની અંદરની પાચન ક્રિયા જઠરની ક્રિયાની માફક એક પદાર્થથી નથી થતી, પરંતુ ત્રણ જુદે જુદે ઠેકાણે પેદા થયેલા રસથી નીપજેછે.

આંતરડાંઃ—મોઢાથી ધૂંડ (મળદ્વાર) સુધીના અન્ન રસ્તાની લંબાઈ આશરે ૩૫ ફીટ છે. પરંતુ મુખથી જઠરના છેડા સુધીની લંબાઈ ૫ ફીટને આશરેછે. તે બાદ કરતાં બાકીની ૩૦ ફીટની લંબાઇ આંતરડાંની છે. આ ત્રીસ ફીટ લાંબો નળ દેખાઇતા નહાના પેટમાં કેમ રહેલો હશે એવી શંકા ઉત્પન્ન થશે. પરંતુ તેનું કારણ એટલુંજ કે તેના વિટાળા થઇને અંદર રહેલાછે. આંતરડાં એ એક ફકત પોકળ નળછે. તેમના બે ભાગછે, નાનાં

આંતરડાં અને મોટાં આંતરડાં. નાનાં આંતરડાં કદમાં નાનાં દેખાયછે. પરંતુ લંબાઇમાં મોટાના કરતાં ઘણુંજ વધારેછે. નાનાં આંતરડાં હોજરીને છેડેથી વીંટળાતાં ઠેઠ પેડુની જમણી બાજુ સુધી જાયછે, અને ત્યાંથી મોટાં આંતરડાં શરૂ થાયછે. તે ઉપર ચઢી એક તાકની માફક ડાબી બાજુ વળી મળદ્વારે તેમનો છેડો આવેછે.

નાનાં આંતરડાંના ત્રણ વિભાગ પાડ્યાછે. જેવાકે પહેલો, બીજો, અને ત્રીજો. આંતરડાંની નળીનાં ત્રણ પડ હોયછે. અંદરનું આચ્છાદન શ્લેષ્માવરણનુંછે, બહારનું રસ પડ અને વચમાં માંસના સાકાનો થર આવેલોછે. એનું શ્લેષ્માવરણ ઠેકાણે ઠેકાણે કરચલી વળી બેવડ થઇને પડદાની માફક ઉભું રહેલુંછે. આવા અર્દ્ધ પડદા પહેલા અને બીજા આંતરડાંમાંછે તથા થોડેક સુધી ત્રીજા ભાગમાં પણ હોયછે. આવા અર્ધ પડદાને લીધે શ્લેષ્માવરણની ઘણી જગાનો થાડામાં સમાવેશ થાયછે, અને તેથી તેનો જે ખાસ વ્યાપાર શોષણ કરવાનો તથા અનેક પ્રકારના રસ ઉત્પન્ન કરવાનો તે બજાવવાને પુષ્કળ સપાટી મળી આવેછે. વળી એના પડદાને લીધે ખોરાકના વેગને કાંઈ અટકાવ થાયછે, અને તેથી ખોરાક ઉપર અનેક પ્રકારની ક્રિયા ચાલવાને વખત મળી આવેછે.

શ્લેષ્માવરણની અંદર અતિશય સુક્ષ્મ ગાંઠો એટલે પિંડ હોયછે, તેને લીધે જુદી જુદી જાતિના રસ નિરમાણ થાયછે. નાનાં આંતરડાંમાં જે પિંડ મળી આવેછે, તેના ત્રણ પ્રકારછે "લુબરકીન," "બ્રુન," અને "પેયર"ના પિંડ. લુબરકીનની પિંડ નાનાં તથા મોટાં આંતરડાંમાં મળી આવેછે. તેઓ ફકત નળી જેવા ખાડા હોયછે અને તેમની અંદરના રજકણો એક જાતનો રસ પેદા કરેછે. આ રસ પાચન ક્રિયા ચાલતી વખતે વધારે નીકળેછે. પાચન ક્રિયામાં એ શો ભાગ લેછે એ હજી બરાબર સમજાયું નથી. એને લીધે બીનાશ મળેછે. એનાં છિદ્ર "વીલાઇ"ની વચ્ચે માલમ પડેછે.

પેયરની ગ્લાંડ ફકત નાનાં આંતરડાંમાંજ હોયછે, અને ઘણી ખરી ત્રીજા ભાગમાં મળી આવેછે. તેઓ ઠેકાણે ઠેકાણે જૂથબંધ હોયછે અથવા જુદી જુદી પણ હોયછે. એ ઉપરથી તેમને "જૂથબંધ" અગર "એકલવાસી" પણ કહેછે. આ બેઉની રચના તો એકજ તરેહનીછે. પરંતુ એકલવાસી ઉપર વીલાઇ હોયછે અને જૂથબંધ ઉપર વિલાઈ નથી હોતા. જૂથબંધ પિંડ ત્રીજા ભાગમાં "મીઝેન્ટરી" ની સામે હોયછે. આ માંહેલી દરેક જુદી જુદી પિંડ એ ફકત બંધ થેલી જેવી હોયછે.તથા તેમાં કાંઈ પોળો ઓકાસવાળો પદાર્થ રહેછે. આ પિંડની ચારે તરફ લુબરકીનની પિંડનાં છિદ્ર હોયછે. આ પિંડનો શો વ્યાપાર છે તે કહી શકાતું નથી. એની અસર રક્ત ઉપર અગર ખોરાક ઉપર ચાલતી હશે.

બ્રુનની પિંડની રચના થૂંકની પિંડ પ્રમાણેછે અને તેજ મીસાલે તેનો ઉપયોગપણ હોવો જોઇએ. આ પિંડ ફકત નાનાં આંતરડાંના પહેલાજ ભાગમાં મળી આવેછે.

વીલાઇ:—નાનાં આંતરડાં માંહેલા જે ભાગોનું ઉપર વર્ણન કર્યું તેમનું કામ કોઈ પણ જાતિનો રસ પેદા કરી તેને આંતરડાંમાં નાંખવો તથા ખોરાકને પાચન કરવો એ છે. આ સિવાય જેનો હેતુ જુદોજ જણાય છે, તેવો એક ભાગ બાકી છે. કેટલાંક ઝાડ અને પાંદડાં ઉપર બારીક કાંટા હોય છે તેની માફક નાનાં આંતરડાંની અંદર સુંવાળાં

રૂંવાટાં પથરાયલાં છે તેને વીલાઈ કહે છે. વીલાઈ મોટાં આંતરડાંમાં હોતાં નથી. એમ-ની લંબાઈ ન્યુનાધિક એક ઇંચના ૧૦ થી ૫૦ મા ભાગ સુધીની હોયછે. તેમની આ-કૃતિ તેમની સ્થિતિ પ્રમાણે બદલાય છે, એટલે જ્યારે ભરાઇ હોય ત્યારે લંબગોળ અને ખાલી હોય ત્યારે બેસી ગયેલી જણાય છે. નાનાં આંતરડાંની શરૂઆતમાં તે ઘણાં ઘટ જોવામાં આવેછે, પરંતુ દુર જતાં થોડાં થોડાં થતાં જાયછે. તેઓ શ્લેષ્માવરણમાંથીજ નીકળે છે. તેમની ઉપર લંબાકારનાં પરમાણું હોયછે. તેમની અંદર માંસનો શાકો, રક્ત નળીયો, અને એક "લાકટીયલ" તથા બીજા પરચુરણ રજકણો જોવામાં આવેછે. લંબાકારના પરમાણું તેમના ઉપર ઉભાં રહેલાંછે. તેમના કાર્ય વિષે મત ભેદછે. માંસના સાકાને લીધે અંદરના રસને ગતિ મળેછે. **લાક્ટીયલ** એ એક બંધ મોઢાની બારીક નળી છે. એક વીલાઈ અગર રૂંવાટામાં તે ઘણું કરીને મધ્ય ભાગમાં એકજ હોયછે. કોઈ વખત બે હોયછે પરંતુ બે કરતાં વધારે હોતી નથી.

રૂંવાંટાનું કામ પાચન થએલા ખોરાકમાંથી રક્ત થવાને લાયક ભાગને ચૂસી લેવાનું છે. જે રસનું એ શોષણ કરે છે તેને "કાઇલ" કહે છે.

મોટાં આંતરડાં:—નાનાં આંતરડાંની માફક મોટાંને પણ ત્રણ પડછે. બહારનું રસપડ, વચલું માંસમય, અને અંદરનું શ્લેષ્માવરણછે. માંસના સાકા આમાં વધારેછે. શ્લેષ્માવરણમાં બે જાતની પિંડ મળી આવેછે, લુબરકીનની અને "લેનટીક્યુલર." લુબરકીનની નળીયો નાનાં આંતરડામાં હોયછે તે કરતાં વધારે મોટીછે અને લેન્ટીક્યુ-લર એ એકલવાસી પિંડ જેવી હોયછે.

મોટાં આંતરડાં ૪ થી ૬ ફીટ લાંબાંછે અને એના ત્રણ વિભાગછે, સીકમ, કોલન, અને રેકટમ. સીકમ અને ઈલીયમ (નાનાં આંતરડાંનો ત્રીજો ભાગ)ની વચ્ચે જે દ્વારછે તેને બે પડદાછે. આ પડદાને લીધે ખોરાક ઉલટ મોટામાંથી નાનાં આંતરડામાં આવવા કરે તો તેનો અટકાવ થાયછે.

આંતરડાંની અંદર વિવિધ પિંડથી થતા અનેક પ્રકારના રસ એકબીજાની સાથે એવુતો સેળભેળ થયા હોયછે કે તેમાંના દરેકની શી અસર થાયછે તે કહી સકાતું નથી. તથાપિ તેમની મિશ્રતાને લીધે શો ફેરફાર થાયછે તે આગળ ઉપર કહેવામાં આવશે.

પાંક્રિયાઝ:(આ.૧૩ m)–આ એક આડબોઢુટ લાંબી અને દોઢઇંચ પહોળી એવી પિંડ પેટના ઉપલા ભાગમાં નાનાં આંતરડાંની પછવાડે રહેલીછે. એમાં પેદા થતો રસ એક નળીવાટે આંતરડાના પહેલા ભાગમાં વહેછે. આ પિંડની બનાવટ થૂંકની પિંડના જેવીજછે એટલે એનું વર્ણન કરવાની જરૂર નથી. એના રસના તત્વને "પાંક્રિયાટિન" કહેછે. જેવી રીતે તૈયાર કરી રાખેલા જઠરસના તત્વ પેપસીનને પાચન મદદગાર તરીકે ઔષધમાં વાપર-વામાં આવેછે, તેજ પ્રમાણે જઠરાગ્નિ મંદ પડેછે ત્યારે આ પાંક્રીયાટીનનો પણ ઉપયોગ કરાયછે. આ રસ કયા ખોરાકના ભાગને પાચન કરેછે? એ રસની અંદર સ્ટાર્ચને મૂકીએ તો તેને એ ગાળી નાંખેછે અને તેમાંથી ગ્રેપસ્યુગર અને ડેક્ષટ્રીન ઉત્પન્ન થાયછે. એ ઉપ-રથી એમ જણાયછે કે સ્ટાર્ચની જાતિનો ખોરાક જે થુંકથી પાચન થતાં બાકી રહેછે

તેને આ રસ હજમ કરેછે; અર્થાત તેનો એક ગુણ થુંકને અનુસરતો છે. આ શિવાય એનો એક બીજો ગુણ હોય એમ અનુમાન થાયછે. કારણકે માંસાહારી જનાવરો જેના ભક્ષમાં સ્ટાર્ચ જાતિનો ખોરાક છેક નહી અગર ઘણોજ થોડો આવેછે, તેઓને એ રસ શા કામમાં આવતો હશે? તે ઉપરાંત બીજી કેટલીક અજમાયશ ઉપરથી એમ સાબિત થાય છેકે ચરબીની જાતિના ખોરાકને પણ એ રસ ગાળી શકેછે. કેટલીક વખત દરદને લીધે એ રસ પેદા થતો બંધ પડેછે અથવા એની નળી બંધ થાયછે ત્યારે ચરબીનો કેટલોક ભાગ પાચન થવાને બદલે મળ વાટે જાયછે. કોઇનો એવો પણ મત છેકે આ રસ આલબ્યુ-મીનજાતિના ખોરાક ઉપર પણ કાંઈ અસર કરેછે, પરંતુ આ મત ભરોંસા લાયક નથી.

કલેજું:—(લીવર) આ શરીર માંહેલી મોટામાં મોટી પિંડ પેટની અંદર પડદાની નીચે જમણી બાજુના પાંસળાની હેઠે રહેલીછે. એનું વજન સુમારે બેથી ત્રણ રતલનું છે. એની લંબાઈ એક ફુટ અને પહોળાઈ છ ઇંચનીછે. એની અંદર વારંવાર તરેહ તરેહનાં દરદ પેદા થાયછે જે સાધારણ રીતે "લીવર કંમપ્લેન્ટ" ને નામે ઓળખાયછે. કલેજું નાના બાજરાના કણ હોયછે તેવા દાણાનું બનેલુંછે. એ દરેક દાણો સૂક્ષ્મ પર-માણુંના સંયોગથી થયોછે. દરેક પરમાણુંની અંદર કાંઈ ભુકી જેવો પદાર્થ તથા એક બારીક પરમાણું અને તે શિવાય થોડો ચરબીનો અંશ જણાયછે. આ દરેક પરમાણુંની પિત્ત પેદા કરવાની શક્તિછે. એ પેદા થએલું પિત્ત નળી વાટે એકઠું થઇને પિત્તાશયમાં રહેછે અને જે વખતે પાચનક્રિયા ચાલતી હોય ત્યારે આંતરડાંમાં વહેછે.

બીજા ઘણાખરા સંચા અગર પિંડની અંદર જે જુદા જુદા રસ ઉત્પન્ન થાયછે, જેમકે મૂત્ર, જઠરરસ ઇત્યાદિ તે ધોરી નસના લોહીમાંથી થાયછે, પરંતુ કલેજામાં પિત્ત નીપજેછે તે ફસના રક્તમાંથી તૈયાર થાયછે. આંતરડાં તથા હોજરીમાં એકઠા થએલા રક્તની એક મોટી ફસ થાયછે, તે બીજી ફસોની માફક અંતઃકરણ તરફ નહીં જતાં કલેજામાં જઈ ધોરી નસોની માફક શાખાઓ આપી આગળ કહેલા કલેજાના દાણાની આસપાસ જાળની માફક પથરાયછે. તેની અંદરના રક્તમાંથી પિત્ત થયાપછી બાકીનું લોહી અંતઃકરણમાં જાયછે. કલેજાના પોષણ વાસ્તે એક જુદીજ ધોરી નસછે. કલેજાનું કામ પિત્ત પેદા કરવાનુંછે. આ મુખ્ય કામ શિવાય બીજાં કેટલાંક કાર્ય એ કરતું હોયએમ જણાયછે.

પિત્તઃ—એ ઘોડું ચીકણું પ્રવાહીછે. એનો રંગ લીલો પીળોછે, અને સ્વાદ અતિશય કડવો છે. તાજું હોય ત્યારે એ વાસ મારતું નથી. એના રંગ તથા ઘટપણું હમેશાં એકજ હોતાં નથી. જેમ વધારે વખત રહે તેમ તે વધારે ઘટ, વધારે કડવું અને કાળારંગનું થઇ જાયછે. બળદના પિત્તનું પ્રથક્કરણ કરવાથી નીચે લખ્યા પ્રમાણે તેના ભાગ માલમ પડેછે.

એક હજાર ભાગમાં	પાણી	.. ...	...	૮૮૦
"	ગ્લાયકો કાલેટ ઓફ્સોડા	બાઇલીન...	...	૯૦
"	ટોરોકાલેટ ઓફ્સોડા			
"	રંગિક પદાર્થ		...	૧૩
"	ચરબી			
"	કોલેસ્ટટરીન			

,,	ખાર મીઠું વગેરે...	૧૫
,,	પરચૂરણ	૨

બાઇલીન આ પિત્તનું તત્વ છે, એ ઉપર લખેલા બે પદાર્થોનું બનેલુંછે. પિત્તને રંગ આપનારો પદાર્થ હજુ છેક જુદો મળી આવ્યો નથી. કોઈ કોઈ રોગમાં કલેજું પોતાનું કામ બરાબર બજાવી શકતું નથી. તેથી આ પદાર્થ લોહીમાં રેહી જાયછે અને તેની સાથે મિશ્ર થઈ શરીરમાં ફરેછે અને તેથી કરીને શરીરના સઘળા અથવા થોડા ભાગોને પીળો રંગ આપેછે. આ સ્થિતિને આપણે "કમળો" કહીએ છીએ. લોહી અને મૂત્રને રંગ આપનારા પદાર્થ અને આની વચ્ચે કાંઈ સંબંધ હોવો જોઇએ, પરંતુ હજુ સૂધી કાંઈ આધાર રાખવા જોગ શોધ થયો નથી.

પિત્ત ઉત્પન્ન થવાનું કામ નિરંતર–પણે ચાલતું હોય એમ લાગેછે. પરંતુ ખોરાક લીધા પછી વધારે ઝડપથી ચાલેછે, અને ભૂખની વખતે મંદ પડે છે. પિત્ત વહેવાની નળી ઉઘાડીને આ પ્રત્યક્ષ રીતે જોવામાં આવ્યુંછે. આગળ કહેવામાં આવ્યુછે કે અન્ન પાચન થતી વખત પિત્ત આંતરડાંમાં વહેછે, નહિતો પિત્તાશયમાં એકઠું થાયછે. આંતરડાંના પહેલા ભાગમાં એને વહેવાનું છિદ્રછે. આ છિદ્ર અન્ન પાચન થતી વખતે ઉઘડે છે, નહિતો બંધ રહે છે.

દરરોજ સાધારણ શક્તિના માણસમાં પિત્ત કેટલું ઉત્પન્ન થાયછે તેને વાસ્તે મુકરર કહેવાતું નથી. ખોરાક વધારે લેવામાં આવેતો પિત્ત જાસ્તી નીપજે અને થોડો લેવામાં આવેતો કમી પેદા થાય. સાધારણ સરાસરી બેથી અઢી રતલની કહેવાયછે.

પિત્તનો હેતુ અથવા કામઃ—એનાં કામ બે પ્રકારનાંછે, નિરૂપયોગીપણે અને ઉપયોગીપણે.

નિરૂપયોગીપણેઃ—પિત્ત મુખ્યત્વે કરીને કાર્બોન અને હાઇડ્રોજનનું બનેલુંછે. આ રદી પદાર્થો પિત્તને રૂપે લોહીમાંથી છૂટા થાય એટલે પિત્ત નિરૂપયોગી અને રક્તને સ્વચ્છ કરનારૂં કહેવાય. ગર્ભાવસ્થામાં ફેફસાં અને આંતરડાં નકામાંછે, અર્થાત શ્વાસ અને પાચન ક્રિયા ચાલતાં નથી, પરંતુ કલેજુ ગર્ભના પ્રમાણમાં મોટા કદનું હોયછે અને પોતાનું કામ જુસ્સા ભરેલી રીતે ચલાવેછે એટલે કાર્બોન અને હાઇડ્રોજન પિત્ત રૂપે લોહીમાંથી જુદા પડેછે. સદરહુ પિત્ત આંતરડામાં જઈ એકઠું થાયછે તથા બચ્ચુ જન્મ્યા પછી મળવાટે બહાર પડેછે. આ પ્રમાણે એ અવસ્થામાં પિત્ત પોતે જાતે નિરૂપયોગીછે. પરંતુ લોહી તેના જવાથી સાફ થાયછે. જન્મ થયા પછી પણ જેટલું પિત્ત થાયછે તેનો થોડોક ભાગ મળમાં જોવામાં આવેછે. પરંતુ એનું તત્વ જે બાઇલીન તે બિલકુલ મળ વાટે પડતું નથી તેથી બાઇલીન પાછું રક્તમાં જતું હોય એમ સંભવછે. પરંતુ એ શરીરના પોષણને ના લાયકછે તેથી એમ ધારવામાં આવેછે કે આક્ષીજનની સાથે એનો સંયોગ થઈ ફેફસાની વાટે તે કાર્બાનિક ગ્યાસ અને વરાળને રૂપે બહાર પડેછે. આ પ્રમાણે ગર્ભાવસ્થામાં જે પદાર્થ આંતરડાંમાં એકઠું થઇ બહાર પડેછે તેજ ચીજ પછી ફેફસાં વાટે નીકળેછે એનું કારણ શું? કાર્બોન અને હાઇડ્રોજનનો સંયોગ આક્ષિજન સાથે થવાથી ગરમી ઉત્પન્ન થાયછે. આ ગરમી મનુષ્યને અવશ્યનીછે. પરંતુ ગર્ભાવસ્થામાં બચ્ચાને જે

ગરમી જોઇએ છીએ તે માની તરફથી મળેછે; એટલે પોતાને શરીરમાં જુદી પેદા કરવાની જરૂર રહેતી નથી. જે લોહી કલેજામાં ફરેછે તે લોહી હોજરી અને આંતરડાં ઉપરથી ભેગું થયેલુંછે. પેટમાં જે પદાર્થ લેવામાં આવેછે તે સર્વ ઉપયોગી હોતા નથી; તેમાં કેટલાંક નિરૂપયોગી અને વખતે નુકશાનકારક પણ હોયછે. આવા નુકશાનકારક પદાર્થો પણ વખતે લોહીની સાથે મિશ્ર થાયછે. પરંતુ આ ભ્રષ્ટ થએલું લોહી પહેલું કલેજામાં ફરવા જાયછે અને કલેજામાં એવો ગુણછે કે આવા પદાર્થોનો તેમાં અટકાવ થાયછે. આ પ્રમાણે કેટલીક વખત ઝેરી પદાર્થોનો કલેજામાં અટકાવ થઇ તેમાં જમાવ થાયછે.

પિત્ત નિરૂપયોગીપણે શો અર્થ સારેછે તથા શરીરમાંથી કેમ બહાર પડેછે તે કહેવામાં આવ્યું. પરંતુ પિત્ત પાચનક્રિયામાં ઉપયોગી અને મદદગારછે એમ માનવાને કાંઈ હરકત નથી. કલેજામાં પેદા થઇ સઘળું પિત્ત આંતરડાંમાં જઈ ખોરાકની "કાઇમ" બની હોયછે તેને મળેછે. પાચન ક્રિયાની વેળાએ પિત્ત વધારે પેદા થાયછે, અને આંતરડાંમાં ઘણું વહેછે. તે ઉપરાંત પિત્તની બનાવટ ઉપરથી પણ સહજ એમ ધારી શકાય છે કે પિત્ત ખોરાકને હજમ કરવામાં સામેલછે. પરંતુ હજમ કરવામાં એ કેટલો ભાગ લેછે એ નકી કહેવાતું નથી. એટલું તો ખચીતછે કે એ ચરબીની જાતિના પદાર્થોને હજમ કરે છે. જ્યારે પિત્તને આંતરડામાં જતું અટકાવીએ ત્યારે કાઇલ પાણી જેવું પાતળું અને નિર્મળ હોયછે, પરંતુ હમેશાંની માફક ઘટ દુધ જેવું રહેતું નથી. વળી પિત્તના સ્પર્શને લીધે આંતરડાંનું શ્લેષ્માવરણ ચરબીને ઝડપથી ચૂશી લેતું હોય એવો પણ સંભવછે. જઠરસની માફક પિત્ત પણ ખોરાકને સડી જવામાંથી અટકાવેછે. છેવટ પિત્ત એ તનદુરસ્તીમાં સ્વભાવિક જુલાબનો અર્થ સારેછે કેમકે એને લીધે આંતરડાંના રસમાં વધારો થાયછે અને તેથી ખોરાક સહેલથી રસ્તો કાપેછે. આ સિદ્ધ એમ થાયછે કે કમળામાં જ્યારે પિત્ત આંતરડાંમાં જતું બંધ થાયછે ત્યારે ઝાડો કબજ રહેછે. વળી પિત્ત વધારે જાયછે ત્યારે જુલાબ થાયછે. બળદનું પિત્ત જુલાબ આપવાના કામમાં આવેછે.

પિત્ત ઉત્પન્ન કરવું એ કલેજાનું એક કામછે. તે સિવાય બીજાં કાર્યો પણ તેનાથી બનેછે. આલબ્યુમીનની જાતિના જે પદાર્થો હોજરી અને આંતરડાંમાંથી રક્ત સાથે મિશ્ર થાયછે, તે પહેલાં કલેજામાં ફરવા જાયછે. કલેજામાં જવાથી તેઓ લોહી બનવાને યોગ્ય થાય છે. આ શિવાય, બીજે ઠેકાણે લોહીમાં આલબ્યુમીન મિશ્ર કરવામાં આવેતો તે તરતજ પેશાબને રસ્તે બહાર પડેછે. પરંતુ કલેજામાં એક વખત ફરી આવેતો તેનું લોહી બનેછે.

વળી સાકર અને સ્ટાર્ચ આદિ પદાર્થનો મુખ્ય હેતુ શરીરમાં રસાયણી સંયોગથી ગરમી પેદા કરી ફેફસાવાટે બહાર પાડવાનો છે, પરંતુ એ હેતુ પાર પાડવાને કલેજું કાંઈ સાધન હોય એમ લાગેછે. કારણ કે કલેજામાં ફરવા નહી જાયતો તેમાંનો ઘણોખરો ભાગ મૂત્ર રસ્તે દૂર થાયછે. પણ કલેજામાં જાયતો એમ દૂર ન થતાં તેમનો ધર્મ યોગ્ય રીતે સિદ્ધ થાયછે.

વળી એમ પણ સાબિત કરવામાં આવ્યું છે કે કલેજું પોતે સાકર અગર સાકરને ઘણોજ મળતો એક પદાર્થ પેદા કરેછે. આ પદાર્થ લોહીમાંથી બનાવેછે, કેમકે વનસ્પતિ

અને મિશ્ર ખોરાક ખાનારાં પ્રાણીમાંતો આ પદાર્થ ખોરાકમાં લીધેલી સાકરાદિક વસ્તુમાંથી બને, પરંતુ માંસાહારી પ્રાણી જેના ખોરાકમાં સાકરનો અંશ પણ હોતો નથી તેના કલેજામાં પણ આ પદાર્થ મળી આવેછે. એમ સમજવામાં આવ્યું છે કે સ્વાભાવિક સ્થિતિમાં આ પદાર્થ સાકર રૂપે નથી પણ તેને મળતો છે, કે જેની સાકર થતાં વિલંબ લાગતી નથી. આ પદાર્થ શા ઉપયોગનો છે તેને વિષે બે મત છે. એક મતવાળા એમ ધારેછે કે તે પદાર્થની સાકર થઈ રક્તાશયમાં જઈ ફેફસાવાટે બહાર પડેછે. બીજા મતવાળા એમ માનેછે કે જીવંત સ્થિતિમાં તેની સાકર થતી નથી પણ મૃત્યુ પછી તરતજ તેની સાકર થઈ જાયછે. અને એ પદાર્થ પિત્ત સાથે આંતરડાંમાં જઈ ચરબી ઉપર કાંઈ અસર કરેછે. સાકરવાળો ખોરાક ખાવાથી એ પદાર્થમાં વધારો થાયછે પરંતુ બિલકુલ ન ખાઈએ તોપણ એ પેદા થાયછે.

આ પ્રમાણે કલેજાનાં બે કામછે, એકતો પિત્ત પેદા કરવું, કે જે પિત્ત આંતરડાંમાં જઈ ખોરાક ઉપર અસર કરી કાંઈ ભાગ મળ વાટે પડેછે અને તેનો કાંઈ ભાગ ફેફસા વાટે જાયછે અને ગરમી પેદા કરવામાં ઉપયોગી થઈ પડેછે. બીજું કામ સાકર પેદા કરવાનું, જેનો ખરો હેતુ હજી સમજાયો નથી તથાપિ ગરમી પેદા કરવાનો હોય એમ સંભવેછે.

નાનાં આંતરડાંમાં થતા ખોરાક ઉપર ફેરફારઃ—હોજરીની અંદર ખોરાકની કાઇમ થાયછે એટલે આલબ્યુમિન જાતિનો ખોરાક ગળી જઈ તેનું શોષણ થવા માંડેછે. સ્ટાર્ચ જાતિનો ભાગ જેની મોઢામાંથી થૂંકને લીધે સાકર થવા માંડેછે તે હોજરીમાં થવી બંધ પડેછે અને થએલી હોય તેનું શોષણ થાયછે. ચરબીવાળો ખોરાક જેવાને તેવોજ હોયછે. આવી સ્થિતિમાં ખોરાક આંતરડાંમાં હળવે હળવે વહેછે.

આંતરડામાં કાઇમ આવી એટલે તેના ઉપર ચાર જુદી જુદી જાતના રસ અસર કરેછે. લુબરકીન અને બ્રુનની પિંડના રસ, કલેજાનું પિત્ત, અને પાંક્રિયાઝનો રસ.

આંતરડાંમાં મુખ્ય ફેરફાર ચરબી ઉપર થાયછે. આ રૂપાંતર આંતરડાંના પહેલા ભાગમાં બનેછે. ચરબી ગળી જઈ તેનું શોષણ થવા માંડેછે. ચરબીને ગાળી નાંખવામાં કયા પ્રકારનો રસ કામે લાગેછે, એ ચોકસ રીતે કહી શકાતું નથી તોપણ અજમાયશ ઉપરથી એમ માનવામાં આવ્યુ છે કે પિત્ત અને પાંક્રિયાનો રસ મળીને તેને ગાળીનાંખે છે અને તેઓ તેનું શોષણ થવામાં મદદગાર થઈ પડે છે.

જે વખતે આંતરડાંમાં પાચનક્રિયા ચાલતી હોય ત્યારે વીલાઈ રક્તથી પ્રફુલ્લિત થાય છે, અને પાચન થયેલા ખોરાકનું શોષણ કરવા મંડેછે. આ વખતે વીલાઈની અંદરની લાકટીયલ નળીમાં ધોળો દુધ જેવો પદાર્થ જોવામાં આવે છે. આ શ્વેતપણું ચરબીના પરમાણુઓને લીધે હોય છે. નાનાં આંતરડાંમાં ચરબી પાચન થાય છે એટલુંજ નહીં પરંતુ જે ક્રિયા જઠરમાં ચાલેછે અને તેમાં થતી અપૂર્ણ રહી હોય તે આંતરડામાં જારી રહી પૂર્ણ થાયછે. આલબ્યુમીનનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેને કાઇમની સાથે આવેલો જઠરસ પાચન કરેછે. પાચન થયેલા સઘળા ભાગોને રક્ત નળીયો ચૂસી અથવા શોષી લેછે, તેમનો થોડો ભાગ લાકટીયલ નળીયો પણ ચૂસી લેતી હોય એમ જણાયછે. બાકી રહેલો

સ્ટાર્ચનો ભાગ પાંક્રિયાઝ અને ખુનના રસથી પાચન થાયછે, આ તેમજ પેટમાં જે પ્રવાહી પદાર્થો લેવામાં આવેછે તે તરતજ લોહીની સાથે મિશ્ર થાયછે. આ પ્રમાણે હોજરી અને આંતરડાંમાં ગયેલા પ્રવાહી રક્તમાં જાયછે, અને રક્તમાંથી બનેલા જઠરરસ વગેરે તેમાં આવે છે.

ખોરાક જ્યારે જઠરમાં હોયછે ત્યારે તેનો ગુણ આમ્લ હોયછે, અને આંતરડાંમાં ગયા પછી આસ્તે આસ્તે આમ્લ વિરૂદ્ધ ગુણ તેનામાં આવેછે.

એ રીતે પોષણપાત્ર ખોરાક પાચન થઈ તેનું શોષણ થઈ રક્તમાં જાયછે. ચરબીનો ઘણોખરો ભાગ લાક્ટીયલ મારફત પ્રવેશ કરેછે, અને બાકીના પદાર્થો પરભાર્યાજ રક્તમાં મિશ્ર થાયછે. પાચન અને શોષણ થતાં બાકી રહેલા પદાર્થો આંતરડાંમાં નીચે ઉતરતા જાયછે તેમ તેઓ મળના ગુણ ધારણ કરતા આવેછે.

મોટાં આંતરડાંમાં થતા ફેરફારઃ—મોટાં આંતરડાંમાં દાખલ થતી વખત ખોરાકનું મળ રૂપાંતર થયું હોયછે, પરંતુ તે ઘણું પાતળું હોયછે. મોટાં આંતરડાંની અંદર એનામાં પ્રવાહી ભાગનું શોષણ થઇ જાયછે અને નીચે ઉતરેછે તેમ બાકીના ઘટમળ બનેછે. મોટાં આંતરડાંમાં વીલાઇ હોતા નથી, તેથી ચરબી તેનાથી ગ્રહણ થઇ શકે નહી. બીજા કોઇ પ્રકારની પણ પાચન ક્રિયા તેમાં ઘણે દરજ્જે ચાલતી હોય એમ લાગતું નથી, પરંતુ કેટલેક દરજ્જે પાતળા ખોરાકનું શોષણ કરેછે એતો નિશ્ચયછે, કેમકે કેટલીક વખત આજારી માણસને મોઢેથી ખોરાક નથી ઉતરતો ત્યારે તેને મળદ્વારેથી પ્રવાહી ખોરાકની પીચકારી મારી નિભાવવામાં આવેછે, તેનું સોષણ મોટાજ આંતરડામાં થવું જોઇએ. મળનો ગુણ નાનાં આંતરડાંમાં આમ્લ વિરૂદ્ધ હોયછે તે ફરીથી મોટાં આંતરડામાં સરખો થાયછે. મોટાં આંતરડાંમાં મળને ગંધ અને ઘટ્ટપણું મળેછે.

સાધારણ કદના તરૂણ મનુષ્યનો મળ આશરે દરરોજ ૧૦ થી ૨૦ તોલા હોયછે અને સરાસરી તેવાજ માણસનો હમેશ ખોરાક બે રતલ ખાધામાં આવેછે, તેથી બાકી રતલ ૧⅞ થી ૧⅞ શરીરને પોષણ કરવા કામે લાગેછે. મળમાં ત્રણ ચતુર્થાંશ તો પાણીજ હોયછે, બાકી પરચુરણ શરીરને નિરૂપયોગી પદાર્થો હોયછે.

વાયુ અથવા પવનઃ—હોજરી અને આંતરડાંમાં ખોરાક નહી હોય ત્યારે થોડી ઘણી હવા ભરેલી રહેછે, મોઢેથી ઓડકાર આવેછે, અને મળદ્વારેથી વાયુ છૂટેછે. આ અંદર ભરેલો પવનછે. આ પવન થવાનાં ત્રણ મૂળછે.

૧ પવન મોઢામાંથી ગળી જવામાં આવેછે અને અંદર ભરાઈ રહેછે. ૨ ખોરાક અને રસ આંતરડાંમાં હોયછે તેમાં રસાયણી ફેરફારો થવાથી હવા નિપજેછે. ૩ આંતરડાંના રસપડમાંથી બીજા રસની માફક પવન પેદા થાયછે. આ હવા ઓક્ષિજન, હાઇડ્રોજન, નાઇટ્રોજન વગેરેની બનેલીછે. જે ઘણી દુર્ગંધી હોયછે તે ગંધક અને હાઇડ્રોજનના સંયોગથી બનેછે.

આંતરડાંની હીલચાલઃ—આપણે જાણીએછીએ કે ખોરાક મોઢેથી પૂંઠ સૂધી કેટલાક ફીટને અંતરે પહોચેછે. પરંતુ તેને ચલન આપવાને કાંઈ સાધન જોઇએ. ચલન આ-

પનાર જે રસ્તામાંથી ખોરાક વહેછે તે રસ્તા પોતેજછે. મોઢામાંથી ગળે ઉતારવું એ આપણી સ્વેચ્છા પ્રમાણે કરીએ છીએ, ત્યાર પછી અન્ન નળના દબાણને લીધે તે નીચે હોજરીમાં ઉતરેછે. હોજરીમાં જે પાચન થાય તે તેમાં દબાઈ દબાઇને આંતરડાંમાં જાયછે. આંતરડાંનું ચલન જરા ચમત્કારીછે. જીવડા અથવા કીડા જેમ કરચલી વળી અથવા સંકોચાઇને પાછા લાંબા થઇને આગળ વધેછે, તેમ આંતરડાંનો થોડો ભાગ સંકાચાઇને ખોરાકને આગળ હડસેલેછે. તે પ્રમાણે એક પછી એક ભાગ સંકોચાઇને ખોરાકનેચલન આપેછે.

જ્ઞાન તથા ગતિ તંતુઓ.

(સેન્સીટિવ એન્ડ મોટરનર્વ્સ.)

જે સાધનથી આપણને સ્પર્શ જ્ઞાન થાયછે, અને બીજી ઇંદ્રિયોના વ્યાપાર ચાલે છે, અને જેના ઉપર શરીરની સઘળી અંદરની અને બહારની ગતીનો આધારછે. તેને મજ્જા તંતુ કહેછે. તંતુઓતો ફકત સંદેસા લાવનાર લઈ જનારછે. પરંતુ તેવા સંદેસાનો જમા ખરચ જુદાજ અવયવોમાં થાયછે. તે શિવાય "**મજ્જા તંતુની ગ્રંથીમાળા**" છે તે શરીરની અંદરના કેટલાક વ્યાપાર ચલાવેછે, આ અવયવો બેછે. **મગજ અને કરોડ રજ્જુ.** આ ગ્રંથીમાળા કરોડના અગ્ર ભાગ ઉપર આવેલીછે. કોઈ પદાર્થ આપણને લાગ્યો, અથવા અવાજ કાને પડ્યો, અગર નજરે આવ્યો, તેના સમાચાર તંતુ મગજને પહોંચાડેછે, એટલે તેનું જ્ઞાન થાયછે. તેમજ એક ચોપડી હાથમાં લેવાનું મન થાય, અને તે લેવાને હાથને મગજ તરફથી પ્રેરણા મળેછે, એટલે હાથ લાંબો થઇ તે ચોપડી લેછે. મન અને બહારનો વ્યાપાર ઘણો ખરો મગજ અને કરોડ રજ્જુ વડે ચાલેછે, પણ કેટલોક અંદરનો વ્યાપાર જેમકે અંતઃકરણની ગતિ, આંતરડાં વગેરેની હીલચાલ ઇત્યાદિ ચાલવામાં **ગ્રંથીમાળા** (સીંપથાટીક ગાંગ્લીયા) ના અખત્યારમાંછે. આ પ્રમાણે સંદેશા લાવનાર લઇજનારને **મજ્જા તંતુ** કહેછે. તેમ તેના પ્રધાન જે મગજ, કરોડરજ્જુ અને આ ગ્રંથીમાળા તેને "**મજ્જાસ્થળ**" કહેછે.

તંતુઓ બારીક તાંતણાની બનેલી છે. તેઓ ઘણી બાબતમાં વીજળીના તારની ઉપમાને યોગ્ય છે. તંતુ આખા શરીરમાં દરેક ભાગમાં ફેલાએલછે. દરેક તાંતણો સુક્ષ્મ રીતે જોતાં એક બારીક કાચની નળી જેવો દેખાય છે, અને તેની અંદર સ્વચ્છ તેલ જેવો પદાર્થ હોયછે. તંતુઓનો ગુણ આ પદાર્થ ઉપર આધાર રાખે છે. વીજળીના તારમાં જેમ અંદર ધાતુ તથા ઉપર ગટાપરચાનો લેપ હોયછે, તેમ આ પદાર્થછે તે ધાતુના તારનું કામ કરેછે, તથા ઉપર બારીક પડ હોયછે, તે ગટાપરચાનો અર્થ સારેછે. આવા કેટલાક તાંતણા મળી બંડલો થાયછે, તથા એવાં કેટલાંક બંડલો મળી એક તંતુ થાયછે. દરેક તંતુની આસંપાસ એક પડ હોયછે તેને "તંતુપડ" (નર્વશીથ) કહેછે. તેનાથી તેમનું રક્ષણ થાયછે. દરેક તાંતણાને બે છેડા હોયછે એક છેડો મજ્જા સ્થળમાં તથા બીજો છેડો જે ભાગમાં તંતુ જાયછે તે ભાગમાં રહેછે.

મજ્જાસ્થળ બે પ્રકારના પદાર્થનું બનેલુંછે, તાંતણા અને પરમાણું. પરમાણુંનો આકાર ચિત્રવિચિત્ર હોય છે, ગોળ, લંબગોળ, બહુકોણ ઇત્યાદિ. કેટલાંકને લાંબા લાંબા છેડા દેખાય છે. પરમાણુંની અંદર એક નરમ જાતિનો પદાર્થ રહેલો છે.

તંતુઓનુંકામઃ—આગળ કહ્યુંછે કે તંતુઓ ફક્ત સંદેશા લાવનાર લઇજનાર કાસદની માફકછે. એક તરફથી બહારની દુનિયાનો વ્યાપાર કોઇપણ ઇંદ્રી ઉપર ચાલે તેની ખબર મગજને આપવી તથા મનને સાવધ કરવું, તથા બીજી તરફથી મગજનો હુકમ કોઈ પણ શરીરના ભાગને પહોચાડવો અને ગતિ અથવા બીજી કાંઈ ક્રિયા ઉત્પન્ન કરવી. આ પ્રમાણે લઈ જવું અને લઈ આવવું એવા બે કામસારૂ તંતુ પણ બે પ્રકારનાછે. જે તંતુઓ શરીર ઉપરની ખબર મગજ તરફ લઈ જનાર છે તેને **"જ્ઞાનતંતુ"** કહેછે. જે મગજના હુકમને અંગ ઉપર અમલમાં લાવનારછે તેને **"ગતિતંતુ"** કહેછે. આ બે જાતના તંતુ પોતાપોતાનું કામ કરેછે. એક બીજાનું કામ કરતા નથી. જે પ્રમાણે આ તેમના સ્વભાવમાં તફાવત માલમ પડેછે, તેમ તેમની રચનામાં કાંઈ ફેરફાર જણાતો નથી. વળી આખા શરીરના જુદા જુદા ભાગમાં તેમની વેંચણ થાયછે, તેના ઊપર પણ આવો તેમનો ભિન્ન સ્વભાવ આધાર રાખતો જણાતો નથી. કારણ એકજ ભાગમાં બેઉ જાતના તંતુઓ મળી આવેછે. કાંઈ પણ ક્રિયા અથવા સંદેશા તંતુઓ પોતાની મેળે ઉત્પન્ન કરી શકતા નથી. તેમના ઉપર કાંઇપણ હુકમ અથવા વ્યાપાર થવો જોઇએ. ત્યારેજ તેમનો **અતિસહ** ગુણ જણાયછે. સાધારણ રીતે જે જ્ઞાનતંતુ છે તેમના ઉપર બહારનો વ્યાપાર ચાલેછે અને ગતિતંતુછે તેમના ઉપર ભેજાની હકુમત ચાલેછે. બહારથી કોઇપણ જ્ઞાનતંતુને કાંઇપણ લગાડીયે જેમકે વીજળી, અગ્નિ ઇત્યાદી તો તેનાથી જ્ઞાન થાયછે. પણ જો તેજ પદાર્થ ગતિતંતુના સંયોગમાં લાવીએ તો સ્નાયુમાં ગતિ ઉત્પન્ન થાયછે. ગરમી તેમજ થંડીથી પણ ગતિજ પરિણામ નીપજેછે.

જ્ઞાનતંતુનો સંદેશો મગજ તરફ જાયછે, એટલે કે મજ્જાસ્થળ હોયછે તેણીમેર જાયછે. જેમકે જે જ્ઞાનતંતુ બરડાના દોરમાંથી હાથમાં આવેછે અને છેક આંગળીયોને જ્ઞાનશક્તિ આપેછે, તેને જો મધ્યરસ્તે કાપી નાંખીયે તો પછી આંગળીને કાંઈ થાય તેનું જ્ઞાન થતું નથી. જે જગાએ વધ કર્યો હોય તેથી નીચેનો ભાગ સુન્ય પડી જાયછે. તેને બાળીયે તોપણ જણાતું નથી. પણ તેથી ઉપલા ભાગમાં જ્ઞાનશક્તિ રહેછે. આમ થવાનું કારણ એટલુંજ કે નીચેનો સંદેશો વધના યોગે કરી ઉપર જઈ શકતો નથી અને ભેજાને પહોચતો નથી. તેમજ વળી ગતિતંતુનો સંદેશો મજ્જાસ્થળ તરફથી જે ભાગમાં તે જતી હોય તે તરફજ જાયછે. એથી ઉલટો જઈ શકતો નથી. જેમકે હાથના ગતિતંતુનો વધ કરીયેતો પછી કાપેલા નીચલા છેડામાં હાથની અંદર ગતિ ઉત્પન્ન કરવાની શક્તિ રહેશે. ઉપલા છેડામાં તે શક્તિ રહેશે નહીં, કારણ વધને લીધે તેનો હુકમ નીચલા છેડામાં પ્રવેશ કરી શકતો નથી. કાંઈ હુકમ અગર સંદેશો અમુક તાંતણા ઉપર થયો, તો તે સંદેશો તેને સ્થળે તેજ તાંતણા મારફત પહોચશે, અર્થાત એક તાંતણામાંથી પરબાર્યો તે બીજા તાંતણામાં પ્રવેશ કરવાને અશક્ત છે.

૧ તંતુની અંદર સંદેશા ચાલવાની ગતિ અતિશય છે. એમ સમજવામાં આવ્યું છે કે વીજળીના કરતાં પણ આની ગતિ વિશેષ છે.

દરેક તાંતણો એકજ પ્રકારના સંદેશાને ધારણ કરેછે, જેમકે ગતિ તંતુથી ગતિજ પેદા થાય. જ્ઞાન તંતુથી જ્ઞાનજ ઉપજેછે; તેમજ દ્રષ્ટી અને શ્રવણ તંતુઓથી ફકત અજવાળાનું અને ધ્વનીનુંજ જ્ઞાન પ્રાપ્ત થાયછે. તેમને કોઈ સાધારણ પદાર્થનો સ્પર્શ થાય તો પણ પ્રકાશ અથવા ધ્વનિ જણાયછે.

તંતુઓ ઘણાછે. તેઓ મજ્જા સ્થળમાંથી નીકળી શરીરાના આસપાસના ભાગો ઉપર ફેલાઈ જાયછે, અને તેમને ગતિ અને જ્ઞાનશક્તિ આપેછે. ચોવીસ તંતુઓતો ફકત મગજમાંથી, બાર એકેક બાજુએથી ખોપરીના જુદા જુદા છીદ્રો વાટે બહાર પડેછે, અને ચહેરો તથા તેની ઉપરની ઇંદ્રીયોને તેમની પ્રત્યેક ખાસ શક્તિ બક્ષેછે, તથા તેમાંની કોઈ કોઈ તો છાતી અને પેટ સુધી પણ લાંબી જાયછે, તેમને “ મગજતંતુ ” કહેછે. તેમના એક, બે, ત્રણ, એ પ્રમાણે બાર સુધી બાર જોડાંછે. કરોડની બેઉ બાજુએ છીદ્રોની હારછે. તે માંહેના દરેક છીદ્રમાંથી એકેક તંતુ નીકળેછે. કરોડના ડોકના ભાગમાંથી આવા આઠ જોડા નીકળેછે અને તે ડોક, મસ્તક, અને હાથને પૂરાં પડેછે. કરોડના પીડના ભાગમાંથી બાર જોડાં જાયછે. તે છાતીને તથા વાંસાને પુરાં પડેછે. કમર અને નીચલા ભાગમાંથી દસબાર જોડાં નીકળેછે, તે માંહેલો થોડો ભાગ પેટ અને પેડુમાં જાયછે અને બાકીનો પગમાં છેક પગ તળીયે પહોચી વળેછે. કરોડ રજ્જુમાંથી જે તંતુઓ છીદ્ર વાટે બહાર પડેછે તે માંહેલી દરેક તંતુને બે મૂળ હોયછે. એક મૂળ આગલું તથા બીજુ મૂળ પાછલું, કારણ એક તે રજ્જુના આગળના ભાગમાંથી નીકળેછે અને બીજુ તેના પાછળના ભાગમાંથી ઉત્પન્ન થાયછે. જે આગલું મૂળછે તેમાં ફકત ગતિ શક્તિ રહેલીછે અને પાછલામાં જ્ઞાનશક્તિ રહેલીછે, પરંતુ છીદ્રવાટે બહાર પડતી વખત બેઉ મૂળ એક બીજામાં સેળભેળ થઇ જાયછે, એટલા માટે બહાર નીકળેલી એક આખી તંતુને મિશ્ર તંતુ કહેછે, કારણ તેનામાં જ્ઞાન અને ગતિ બેઉ શક્તિ રહીછે.

કોઈપણ જ્ઞાન તંતુના મુખ્ય ભાગને કાંઇ લાગે તો જે જે અવયવોમાં તેના વિભાગો જતા હોય તે અવયવોને કાંઇ લાગ્યું એવું મન સમજેછે. હાથની કોણીની અંદરની બાજુએ એક જ્ઞાનતંતુછે તે છેક આંગળીઓ સુધી જાયછે. અકસ્માત, કોઇ વખત કોણી અથડાય અને સદરહુ તંતુ ઉપર દબાણ થાય તો છેક આંગળાં અને હથેળીમાં ઝણઝણાટી થાયછે. એજ પ્રમાણે જ્યારે કોઇ હાથ પગ અથવા અવયવ કાપી નાખવામાં આવેછે તેની સાથે કપાઇ ગયેલી તંતુઓના છેડા જે બાકી રહેલા અવયવના ભાગમાં રહેછે તે દબાયછે અથવા દુખેછે તો કપાઇ ગયેલા ભાગમાં દરદ થતું હોય એમ લાગેછે. વળી કપાયેલા નાકને જ્યારે કપાળની ચામડીથી દુરસ્ત કરવામાં આવેછે અને એવા નવીન થયેલા નાકને કાંઈ લાગેછે તો કપાળમાં લાગ્યું એમ સમજાયછે. બે જ્ઞાનતંતુઓ એકજ ભાગમાં પ્રવેશ કરે તોપણ એક એકનું કામ જુદુ જુદું કરેછે, તેમજ ગતિ તંતુઓ પણ જે સ્નાયુમાં જતી હોય તેનાજ ઉપર તેનો અમલ ચાલેછે.

મજ્જાસ્થળના ધર્મઃ—મજ્જાસ્થળ એ અથવા ત્રણછે, **મગજ, કરોડરજ્જુ, અને મજ્જા ગ્રંથી માળા.** તેમના આમગુણ તેમની અંદરના ચૈતન્ય પરમાણું ઉપર આધાર રાખે છે. તે ત્રણેની અમલ ચલાવવાની શક્તિ જુદી અને જુદા પ્રમાણમાં હોય છે. તોપણ તેઓની જાતિ એકજછે; તેથી તેમના કેટલાક ગુણ સઘળાને સાધારણ છે. મજ્જાસ્થળો હુકમ મોકલેછે તે ઉપરથી તે હુકમનું મૂળ તેઓજ ઉત્પન્ન કરેછે એમ નહી સમજવું, કારણ તેમના ઉપર કાંઈ પણ કારણ પડ્યા સિવાય તેઓ અમલ ચલાવતાં નથી. જેમકે સાધારણ રીતે હોજરી એટલે જઠર શાંત હોયછે, પણ ખોરાક તેની અંદર પહોચવા પછી, આસપાસની ગ્રંથીને ખબર પહોચવાથી તે જઠરમાં હીલચાલ થવાનો હુકમ આપેછે. કોઈ પણ જાતીના સંદેશાનું જ્ઞાન આપણને તે સંદેશો મગજમાં પહોચ્યા શિવાય થતું નથી. જે જે કાર્ય આપણી સ્વેચ્છાથી બનેછે તેનો સંબંધ મગજ સાથેછે. પરંતુ જે કાર્યમાં આપણી સ્વેચ્છાની જરૂર નથી તેનો સંબંધ કરોડ રજ્જુ તથા ગ્રંથીમાળા સાથે રહેલોછે.

કોઈ એક તંતુસ્થળમાં એક સંદેશો ગયો કે તેનું નિવારણ કેટલાક પ્રકારે થાયછે.

૧ જ્યારે એકાદ સંદેશાનું સમાધાન પોતાથી ન થાય ત્યારે તે તંતુસ્થળ એ સંદેશાને બીજા તંતુસ્થળ પાસે મોકલેછે.

૨ અથવા તે સંદેશો એક ભાગમાંથી બીજા ભાગમાં જાયછે, જેમકે એકાદ વખત ખરૂં દરદ જાંગમાં હોય છે પણ ગુંટણ દુખેછે.

૩ અગર તે સંદેશાનો ફેલાવો થઈ જાયછે, જેમકે ખરૂં દરદ એક દાંતમાં હોયછે, પણ સર્વ દાંત દુખતા હોય એમ જણાયછે.

૪ અથવા સંદેશાનું પરાવર્ત્તન થાયછે. જ્ઞાન તંતુનો સંદેશો તંતુ સ્થળમાં જઈ તેની અસર ગતિ તંતુ ઉપર ચલાવેછે. તેને પરાવર્ત્તન થયું એમ કહેવાયછે. શરીરનો ઘણો ખરો વ્યાપાર આ પરાવર્ત્તન ઉપર આધાર રાખેછે. પરાવર્ત્તન થાયછે તે ઘણી ખરીવખત સ્વેચ્છાથી નથી હોતું પણ ઈચ્છાને લીધે તેમાં ફેરફાર થઈ શકેછે. પરાવર્ત્તન હમેશાં શરીરના હીતને સારૂ થાયછે. જેમકે આંખમાં અતિશય પ્રકાશ જાય તો તરત કીકી આંખના રક્ષણાર્થે સંકુચિત થાયછે.

ઉપર પ્રમાણે સર્વ તંતુ સ્થળના સાધારણ ધર્મનું ટુંક બયાન આપ્યું. હવે દરેક સ્થળની રચના તથા ધર્મ ઉપર થોડું ધ્યાન આપવું જોઇએ.

કરોડરજ્જુઃ—આ રજ્જુ મગજના પછવાડેના ભાગમાંથી નીકળી છેક બરડાની પોલમાં કમર સુધી જાયછે. તેની અંદર તાંતણાછે. તેમ ચૈતન્ય પરમાણું પણ છે. તેને આડું કાપીએ તો મધ્ય ભાગ રાતો જોવામાં આવેછે તથા બહારનો ભાગ સફેત જણાયછે.

રજ્જુનુ કામઃ—૧. રજ્જુની શક્તિ સંદેશા લઈ જવા લાવવાનીછે, બહારનો શરીર ઉપર જે જે વ્યાપાર ચાલેછે તેના સંદેશા તંતુઓ વાટે રજ્જુને પહોચેછે, અને રજ્જુ તેમને મગજમાં લઈ જાયછે. મગજમાં ગયા પછીજ મનને તેમનું જ્ઞાન થાયછે. તેજ પ્રમાણે મગજના હુકમ સઘળા અવયવો ઉપર રજ્જુમાં થઈને તંતુવાટે પહોચેછે.

(અ) જ્ઞાન થવાના સંદેશા પાછલી જ્ઞાનતંતુમા થઇ રજ્જુના પાછલા સ્થંભમાં દાખલ થાયછે, પણ આ સ્થંભ વાટેજ ઉપર ચઢતા નથી. તે સ્થંભમાંથી અંદરના રાતા ભાગમાં પ્રવેશ કરેછે અને તેની મારફત મગજને પહોચે છે.

(બ) રાતા મધ્ય ભાગના બે વિભાગછે. જે બાજુએથી સંદેશો આવેછે તેજ બાજુના રાતા ભાગ મારફત તે ઉપર ચઢતો નથી, પણ સામેના ભાગમાં જઇ તે મારફત ઉપર ચલન કરેછે. આ પ્રમાણે એમ ધારો કે રજ્જુની ડાબી બાજુના અર્ધ ભાગનો વધ કર્યો તો જે તરફ વધ થયો તેની સામેની બાજુના અંગમાં જ્ઞાન શક્તિ નાબુદ થઈ જાયછે. આ પ્રમાણે જ્ઞાન તંતુના તાંતણાઓ એટલે પાછલા મૂળના તાંતણા રજ્જુમાં દાખલ થતાંજ એક બીજાને સામસામે દુભાગી બીજી બાજુએ જતા હોય એમ સિદ્ધ થાયછે. સ્પર્શ, ગરમી, થંડી, વગરે જાતીનું જ્ઞાન જુદા જુદા તાંતણાથી જાણ્યછે અને આ સર્વ જાતીના તાંતણા એક બીજાને તેજ પ્રમાણે દુભાગેછે. મધ્યનો રાતો ભાગ મુખ્યત્વે પરમાણુંનો બનેલો છે તથા બહારનો સફેદ ભાગ તાંતણાનો બનેલોછે. આ રજુની આગળ અને પાછળ મધ્યમાં ઉભા ખાડા જોવામાં આવેછે. આ દરેક ખાડાની બેઉ બાજુયે એકેક સૂક્ષ્મ ખાંચો જણાયછે. આને લીધે એ રજ્જુના દરેક બાજુના અડધા ભાગના ત્રણ વિભાગ પાડવામાં આવ્યાછે. તેમને આગળના, પાછળના, અને બાજુના સ્થંભ એવી સંજ્ઞા મળીછે. દરેક બાજુ ઉપર જે આગળ અને પાછળ ખાંચા છે તેમાંથી તંતુઓનાં મૂળ નીકળેછે અને તે ઉપરથીજ તેમને આગલાં અને પાછલાં મૂળ એમ કહેવાયછે. તંતુઓના મૂળના જે તાંતણાઓ આ રજુમાંથી નીકળેછે તે સઘળા મગજમાંથી આવતા નથી, તેમનાં ઘણા ખરાનાં મૂળ અથવા ઉત્તપત્તિ આ રજ્જુમાંથીજ છે. આ અવયવોની રચના એટલી તો બારીકછે કે તેમનો શોધ સૂક્ષ્મદર્શક યંત્રોથી પણ બરાબર થઇ શકતો નથી. રજુમાંથી તંતુઓના એકત્રીસ જોડા નીકળે છે. ઠેઠ ઉપરથી તે નીચે સુધી દરેક તંતુના બે મૂળ હોયછે. એક આગળનું અને બીજું પાછળનું. પાછલું મૂળ આગળના મૂળ કરતાં જરા મ્હોટું હોયછે, તેઓ દરેક બાજુએ કરોડમાં છીદ્ર હોયછે તેમાંથી બહાર પડેછે. બહાર પડતી વખત બેઉ મૂળ એકત્ર થઇ જાયછે. આગળના ગતિ તંતુછે તથા પાછળના જ્ઞાનતંતુછે. કારણ આગળના તંતુનો વધ કરીએ તો જે જે ભાગમાં તે તંતુ જાયછે તેની ગતિ શક્તી રેહેતી નથી. પાછળના મૂળનો વધ કરીએ તો તે ભાગની જ્ઞાન શક્તિનો નાશ થાયછે.

(સ) મગજના સંદેશા આગલા સ્થંભ અને તેમની પાસેના રાતા પદાર્થ મારફત ગમન કરેછે.

(ડ) ગતિ તંતુ પણ એક બીજાને દુભાગેછે. પરંતુ આ દુભાગ રજુમાં બનતો નથી. છેક તેના ઉપલા ભાગમાં મગજ પાસે દુભાગ થાયછે, તેથી આ દુભાગ જગાની નીચે રજ્જુના કોઇપણ અડધા ભાગનો વધ કરીયે તો તે બાજુના અંગની ગતિનો નાશ થશે, અને જો તે જગાની ઉપર વધ થાય તો વધ થયેલી બાજુની સામેનું શરીર ગતિ રહીત થઈ પડશે. જો દુભાગને ઠેકાણેજ વધ થાય તો બેઉ બાજુની એટલે આખા શરીરની ગતિ નાશ પામેછે.

આ રીતે ડુભાગ બીંદુની નીચેના રજ્જુના ડાબા ભાગમાં કાંઈ રોગ થાયતો તેનું પરિણામ ડાબી તરફના અંગની ગતિ શુન્યતા અને જમણી તરફની જ્ઞાન શુન્યતા એ પ્રમાણે નીપજેછે. જો તેની ઉપરના અર્ધભાગમાં રોગ ઉત્પન્ન થાયતો સામેના અડધા શરીરની જ્ઞાન અને ગતિ શક્તિ નાશ પામેછે.

૨. પરાવર્ત્તન ગતિ ઉત્પન્ન કરવાની શક્તિ રજ્જુમાં છે. પક્ષઘાત વગરે કેટલાક વ્યાધિને લીધે જ્યારે કોઈ શરીરના ભાગ ઉપર મગજનો અમલ ચાલતો બંધ પડી જાયછે અને જો તે ભાગને કાંઈ ઈજા થતી હોયતો પોતાનો બચાવ કરવાને રજ્જુમાંથી તેને ગતિ મળેછે. આંતરડાંની હીલચાલ તેજ પ્રમાણે રજ્જુ અને બીજી ગ્રંથીને લીધે થાયછે.

ખોપરીની અંદર જે મેંદુ અથવા ભેજું છે તેના ચાર વિભાગ છે.

૧ મગજ અથવા સેરીબ્રમ. ૨ સેરીબેલમ. ૩ પોન્સવારોલી. ૪ મેડયુલા ઓબલોન ગેટા.


૧ આ ચારમાં મ્હોટો વિભાગ **મગજનો** છે. તેના બે અર્ધગોળ છે તથા વચમાં મ્હોટી ફાટ છે. કોઈ પણ શરીરના ભાગનો સંદેશો આ ભાગને પહોચ્યા શિવાય મનને તેનું જ્ઞાન થતું નથી, અને તેનું જ્ઞાન થયા પછી આજ ભાગ તેનું નિવારણ કરેછે. જે જે કાર્ય સ્વઈચ્છીત હોયછે તે આ ભાગને લીધે કરવામાં આવેછે. મગજને ભારી ઈજા પહોચી તો પછી ભાન અને જ્ઞાન રેહેતાં નથી. વિચારશક્તિ, ન્યાયશક્તિ, કલ્પનાશક્તિ, યાદશક્તિ, વગરે ઉત્તમ પ્રકારના મનુષ્ય ગુણનો આધાર આ સેરીબ્રમ ઉપર છે. સેરીબ્રમનું મજ્જા દ્રવ્ય બે જાતનું છે. તેની સપાટી ઉપર રાતા ભૂરારંગનું દ્રવ્ય છે અને મધ્યમાં શ્વેત વર્ણનું દ્રવ્યછે. તેના દરેક અર્ધગોળમાં એકેક બખોલ છે.

સેરીબેલમઃ—આ એક મુઠી જેવડો મેંદુનો ગોળો મગજના પછવાડેના ભાગની નીચે રેહેલોછે. તેના ધર્મ વિશે જુદાં જુદાં મત આપવામાં આવેછે. પક્ષીઓનો જો આ ભાગ કાપી નાંખવામાં આવે તો તેઓ દુખની નીશાની બતાવતાં નથી, તેમજ બુદ્ધિ અગર દ્રષ્ટી વગેરેમાં કાંઈજ ફેરફાર માલમ પડતો નથી, પણ તેમના ગતિ શક્તિમાં ચમત્કારીક તફાવત જણાઈ આવેછે. તેઓમાં ઉડવાની શક્તિ રેહેતી નથી, પાંખો ફફડાવેછે, અને એક બાજુથી બીજી બાજુ ગડથોલાં ખાયછે, તથા ચકર ચકર ફરી, નીચે પડેછે. આ ઉપરથી એમ ધારવામાં આવ્યુંછે કે યોગ્ય રીતે અને સમધાત રીતે ગતિ ઉપજાવવી એ સેરીબેલમનું કામ છે.

૩ **પોન્સઃ**—એ ખોપરી માંહેલા મેંદુનું મધ્ય ઠેકાણુંછે. એનું કામ નીચેના રજ્જુમાંથી આવેલ સંદેશાને મગજને પહોચાડવાનું તથા મગજના હુકમનેનીચે પહોચાડવાનુંછે.

૪ **મેડયુલા ઓબલોન ગેટાઃ**—આ ભાગ રજ્જુની તથા પોન્સની વચ્ચે આવેલોછે. આ ભાગ ઘણોજ અગત્યનોછે. આયુષ્યનો આધાર તેના ઉપર છે, એમ કહીયે તોપણ ચાલે. કારણ કે આખું બીજું બધું ભેજું જાય તોપણ પ્રાણી આ એક ભાગના આધાર ઉપર કેટલોક વખત જીવી શકેછે, પણ આ ભાગને ઇજા પહોચી કે તતકાળ પ્રાણ જાયછે. શ્વાસોશ્વાસની પ્રેરણા આ ભાગ ઉપર આધાર રાખેછે. તેને ઇજા થવાથી શ્વાસોશ્વાસ

મગજનો ઉભો કાપ મુકીને દેખાવ આપ્યોછે.



a a મોટું ભેજું: સેરીબ્રમ.

b નાનું ભેજુ–સેરીબેલમ.

c મેડ્યુલા ઑબલાંગેટા.

d કરોડ રજ્જુ (સ્પાઇનલ કોર્ડ.)


f ભેજાની અંદરની પોલાણ.

1થી9 ભેજાની તંતુઓનાં જોડાં

10 } કરોડ રજ્જુની તંતુઓ.
11 }

આકૃતિ ઠ.

મગજની તંતુઓ ચેહેરા ઉપર પથરાયલી દેખાય છે.



ભાગલોજ બંધ થઈ પડેછે, તેમજ ગળવા તથા બોલવાની શક્તિ પણ બંધ પડેછે. માટે ખરો પ્રાણાધાર તેના ઉપર છે.

ખોપરી અથવા ભેજાના તંતુઓઃ—જેવી રીતે કરોડરજ્જુના તંતુના એકત્રીસ જોડાં છે, તેમ ભેજાની તંતુના પણ બાર જોડાંછે, તે ખોપરીનાં જુદાં જુદાં છીદ્રોમાંથી બહાર પડી વેહેંચાઈ જાયછે. (આકૃતિ ૭.)

૧ લી તંતુઓનું જોડું ભેજામાંથી નાકમાં ઉતરેછે. તેને "ઘ્રાણતંતુ" કહેછે તે તંતુને લીધે નાકની સારી નરસી વાસ ઓળખવાની શક્તિ છે.

૨ બીજી તંતુઓનાં જોડાંને "દૃષ્ટીતંતુ" તંતુ કહેછે, કારણ આંખના ખાસગુણ તેના ઉપર આધાર રાખેછે.

૩જી ૪થી તથા ૬ઠી આ ત્રણ ગતિતંતુછે અને તે આંખની સ્નાયુને ગતિશક્તિ આપેછે. આંખની કીકીને સંકુચિત થવાનો આધાર પણ ત્રીજી તંતુ ઉપરછે. ત્રીજી તંતુને કાંઈ દરદ થાયછે તો આંખની ઉપલી પાપણ ઢંકાઈ જાયછે તથા તેને ઉઘડવાની શક્તિ રહેતી નથી. આંખના ડોળાની ઉપર નીચે અને આજુ બાજુ જોવાની શકિત આ ત્રણે તંતુ ઉપર આધાર રાખેછે.

૫ મી તંતુને રજ્જુની તંતુઓની માફક બે મૂળછે, એક મૂળ જ્ઞાનતંતુનું તથા બીજું ગતિ તંતુનું બનેલુંછે, આ બેઉ મૂળ એકત્ર થઈ તેમની શાખાઓ પસરેછે. તેમને લીધે આખા ચહેરાના અને મસ્તકના ભાગોને જ્ઞાન શક્તિ મળેછે, તથા અન્ન ચાવવામાં કામે લાગનારી સ્નાયુને ગતિ શક્તિ મળેછે. તેની એક શાખાથી જીભને સ્વાદ સમજવાની શકિત મળેછે.

૭ મી તંતુના બે ભાગછે એક શ્રવણ તંતુ તે કાનમાં જાયછે.

૮ મી તંતુ અથવા સાતમીનો બીજો ભાગ ચહેરાની ઘણી ખરી સ્નાયુને પુરો પડેછે તથા તે ગતિ તંતુછે. ચહેરાની વૃતિ પ્રમાણે દેખાવ ધારણ કરવાની શક્તિ એટલે ચહેરા ઉપર ગુસ્સો, કરૂણા વગેરે દરશાવવાની શક્તિ આ તંતુથી પ્રાપ્ત થાયછે. તેનો વધ કરવાથી અગર વ્યાધિ થવાથી મોઢું વાંકુ થઇ જાયછે એટલે બીજી બાજુ ખેંચાયલું દેખાયછે. એટલુંજ નહી પણ સાંભળવાની, ચાખવાની, અને જોવાની ઈંદ્રીયોને પણ ધક્કો પહોચેછે.

૯ મી તંતુનો એક ભાગ ગળાની અંદરના ભાગોને જ્ઞાનશક્તિ આપેછે અને બાકીનો ભાગ જીભના પછવાડેના ભાગને સ્વાદ સમજવાની શકિત આપેછે. જીભના ઉપલા તથા બાજુના ભાગને તેજ શકિત પાંચમી તંતુની એક શાખાથી મળેછે.

૧૦ મી (વાગસ) તંતુ ભેજાની સર્વ તંતુ કરતાં મહોટીછે. તે ઘણા ભાગને પહોચી વળેછે, નરગોટાની સ્નાયુ તથા રસપડ, અન્નનળ, હોજરી, અને ફેફસાંની સાથે તેનો સંબંધછે, એ ગતિ અને જ્ઞાનતંતુ છે.

૧૧ મી ગતિતંતુ છે તે ડોકની કેટલીક સ્નાયુને પુરી પડેછે.

૧૨ મી પણ ગતિતંતુ છે. તે પણ જીભની તથા ડોકની સ્નાયુને પુરી પડેછે.

ગ્રંથીમાળા માંહેલી તંતુઓનો અમલ પોષણ કરવાની ક્રિયા, જુદા જુદા રસ ઉત્પન્ન કરવા, અને કેટલીક અદૃશ્યગતિ ઉત્પન્ન કરવામાં ચાલેછે.

જ્ઞાનેંદ્રિ.

(સેન્સીસ)

બહારની દુનિયાં એટલે પદાર્થો વગેરેનું જ્ઞાન મનને જ્ઞાનતંતુ મારફત થાયછે. કેટલાક જુદી જુદી જાતનાં જ્ઞાનને વાસ્તે જુદા જુદા તંતુઓ હોયછે. જે જગાએ એક પ્રકારની જ્ઞાનતંતુ રહેછે, તથા ત્યાં તે જ્ઞાનનો ભાવ થાયછે, તે ઠેકાણાને તે અમુક પ્રકારની જ્ઞાન ઇંદ્રી એવું નામ દેવામાં આવેછે. જેમકે ચામડીને સ્પર્શ ઇંદ્રી કહેછે, કાનને શ્રવણ ઇંદ્રી ઇત્યાદિ. આવી જ્ઞાન ઇંદ્રીઓ પાંચછે. સ્પર્શ, નાક, આંખ, કાન, અને જીભ.

સ્પર્શજ્ઞાન ઘણા તંતુઓને સાધારણ છે અને તેનું સ્થળ શરીરના ઘણાખરા ભાગો ઉપર છે. કાન, નાક અને આંખ સારૂ એકેક ખાસ તંતુનો સંકેત થયેલછે, અને જીભ સારૂ જુદા જુદા બે તંતુઓ છે.

જ્ઞાન ઇંદ્રીઓને લીધે આપણું શરીર બહારના પદાર્થો સાથે કેવા સંબંધમાંછે તેની ખબર પડે છે.

હરકોઈ પદાર્થ દરેક ઇંદ્રી ઉપર અસર કરેછે તે કાંઈ પોતે મન પાસે જઈ તેને સાવધ કરેછે, એમ માનવું અશક્યછે. પરંતુ તેની અસરને લીધે તે જ્ઞાનતંતુની સ્થિતિમાં કાંઈ એવો ચમત્કારીક ફેરફાર થાયછે, કે મન તે અસર કરનાર પદાર્થના જ્ઞાનને પ્રાપ્ત થાયછે. જુદા જુદા પ્રકારનું જ્ઞાન થાયછે, તે તંતુઓનાભિન્ન ભિન્ન ગુણો ઉપર આધાર રાખેછે. આ ગુણ બહારના તેમજ અંદરના કારણને લીધે પણ પ્રદર્શિત થાયછે. જેમકે સ્પર્શઇંદ્રી દુખ પ્રદર્શિત કરેછે, તે બહારના અને શરીરની અંદરના બેઉ કારણોને લીધે ઉત્પન્ન થાય છે.

દરેક પ્રકારની ઇંદ્રીને એક જાતિનું જ્ઞાન થાયછે. કોઇને પણ દ્વિજાતીનું જ્ઞાન થતું નથી, પછી તેના ઉપર અસર કરનાર પદાર્થ ગમે તે હોય. કોઇપણ ઇંદ્રીમાં રક્તનો ભરાવો થવાથી તે ઇંદ્રીના ગુણને લગતું વિવિધ રીતનું જ્ઞાન ઉત્પન્ન થાયછે. કાનમાં તેમ થવાથી નાના પ્રકારના ઘોંઘાટ થાયછે. આંખમાં તેમ થવાથી પ્રકાશના ભડકા જણાય છે. એજ રીતે વળી બહારનું એક કારણ લઈ જોતાં પણ તેજ નિયમ ખરો ઠરેછે. વીજળીને લીધે અગર માથા ઉપર એક જોરથી ઝાપડ મારવાથી આંખમાં પ્રકાશ અને કાનમાં અવાજની ઝણઝણાટી થશે. જો કે કારણ એકછે તોપણ ઇંદ્રીયોના વિવિધ ગુણને લીધે તેનું જ્ઞાન વિવિધ પ્રકારે થાયછે. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાયછે કે દરેક ઇંદ્રી એટલે તેના ખાસ તંતુ ફકત એકજ પ્રકારનું જ્ઞાન ધારણ કરી શકેછે. આ જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ જે જગાએ તે તંતુનું મૂળ હોયછે તે ભાગમાં પણ રહેલુંછે. ઇંદ્રીયો શરીરને કેટલા ઉપયોગની છે તે વિષે બોલવાની જરૂર રહેતી નથી. તેઓ શરીરને સુખકારકછે એટલુંજ નહિ પરંતુ શરીરના વ્યાપાર અને સંરક્ષણનો આધાર પણ તેમના ઉપરજછે. માટે હવે દરેક ઇંદ્રીનું સંક્ષેપે વર્ણન શરૂ કરીએ.

નાકેંદ્રી.

(નોઝ)

નાસિકેંદ્રી:—અથવા સુંઘવાની ઇંદ્રીઃ નાક એ વાસ સમજવાની ઇંદ્રીછે, અને તેને લીધે નુકશાનકારક હવાનો ફેફસામાં જતાં અટકાવ થાયછે. નાકના બે વિભાગછે. એક બહારનો ભાગ જેને સાધારણ નાક સંજ્ઞા લાગુપડેછે, તથા બીજો અંદરનો ભાગ. બહારનું નાક જે ચહેરાના મધ્ય ભાગમાં આવેલુંછે તે ત્રિકોણાકારનું છે. એનું મૂળ કપાળ સાથે જોડાયલુંછે. તેના નીચલા ભાગમાં બે છિદ્રછે તેને નસકોરાં કહેછે. બે નસકોરાંની વચ્ચે એક પડદોછે. આ નસકોરાના મોં ઉપર કેશ આવેલાછે તેને લીધે હવાની સાથે ધૂળ વગેરે પરમાણુંનો અંદર જતાં અટકાવ થાયછે. સઘળાના નાકનો આકાર એક સરખો નથી, કોઇનું નાક જાસ્તી લાંબું, ટૂંકું અગર બેઠેલું અથવા ઉપસેલું એ પ્રમાણે હોય છે.

નાકનો ઉપલો ભાગ અસ્થિનો બનેલોછે તથા નીચેનો ભાગ "કાર્ટીલેજ"નો બનેલો છે, તેથી ઉપરનો ભાગ કઠણ તથા નીચેનો નરમ અને હાલેછે. નીચેના ભાગમાં પાંચ કાર્ટીલેજ છે. બે કાર્ટીલેજ એકેક બાજુએ તથા એક વચમાં છે. તેમના સંબંધમાં સ્નાયુ આવેલાછે અને તેને લીધે તેમનામાં થોડી ગતિ ઉત્પન્ન થઇ શકેછે. તેથી કરીને નસકોરાં નાનાં મોટાં થઇ શકેછે.

અંદર નાક પોલુંછે. આ પોલાણના બે વિભાગછે. નસકોરાંની વચમાં જે પડદોછે તેને અનુસરીને અંદર જે પડદોછે તેને લીધે આ પોલાણના બે વિભાગ થાયછે. આ બે નાસિકાખંડના આગળ જેમ છિદ્ર (નસકોરાં)છે તેમ મોઢાના પાછળના ભાગમાં બીજાં બે છિદ્રછે તે મારફત હવા વાયુ નળિકામાં ઉતરેછે.

નાકના મુખ્ય બે ઉપયોગછે. તેની મારફત શ્વાસોશ્વાસ લેવાયછે, તથા તેમાં સુંઘવાના તંતુ રહેલા છે. નાકની અંદરના નીચેના ભાગમાંથી હવા આવજાવ કરે છે તથા ઉપલા ભાગમાં વાસતંતુ આવેલા છે.

વાસની ભાવના ઉત્પન્ન થવાસારૂ કાંઇપણ બહારના પદાર્થની એ તંતુ ઉપર અસર થવી જરૂરછે. એનામાં ઘણી પ્રકારની વાસ ગ્રહણ કરવાની શક્તિ છે. આ જ્ઞાન ઉપજાવવાની બીજા કોઇપણ તંતુની શક્તિ નથી. વાસ ઉપજાવનારા પદાર્થ સાધારણ રીતે વાયુ રૂપે હોવા જોઇએ. પદાર્થની આ વાયુરૂપ સ્થિતિ ઘણીક વખત એવી હોયછે કે જેનું જ્ઞાન બીજી કોઈ ઇંદ્રીથી થતું નથી. વાસજ્ઞાન થયા પહેલાં તે પદાર્થ નાકની અંદરના પ્રવાહી પદાર્થમાં મળી જવો જોઇએ. જ્યાં સુધી તે પદાર્થ આ પ્રવાહીમાં ગળી નહીં જાય ત્યાં સુધી વાસની ભાવના ઉત્પન્ન થવાની નહીં. તેટલાજ માટે જ્યારે નાકની અંદરનું આચ્છાદન સૂકું પડી જાયછે ત્યારે નાકની વાસ લેવાની શક્તિ છેક અથવા થોડી ઘણી કમી પડી જાયછે. વાસ સારીરીતે સમજવાસાર તે પદાર્થને નાકની અંદર શ્વાસની સાથે જવું જોઇએ. માટેજ આપણે સુગંધ લેતી વખતે શ્વાસની બરોબર તે પદાર્થને સુંઘીએ છીએ. આપણે શ્વાસ લેવા બંધ રાખીયેતો વાસ પણ બંધ થાયછે, ફકત નસકોરાં બંધ રાખીયે એટલે થયું. મોઢા મારફત શ્વાસ લેવાથી વાસનું જ્ઞાન સારીરીતે થવાનું નહીં.

મગજના તંતુનું પહેલું જોડું એ સુંઘવાના કામને અર્પણ થયેલુંછે. મગજમાંથી તે નીચે ઉતરી તેની બારીક શાખાઓ થઈ નાકના ઉપલા ભાગમાં પથરાઈ જાયછે. તેથીજ નાકની અંદરનો ઉપલો ભાગ વાસ સમજવાના કામમાં આવે છે અને નીચેનો ભાગ શ્વાસોશ્વાસ લેવામાં ઉપયોગી પડે છે. ઉપલા ભાગ ઉપર લંબગોળાકાર રજકણોનું આચ્છાદનછે અને નીચેના ભાગ ઉપર બારીક કેશવાળા રજકણોનું આચ્છાદન આવેલુંછે.

સર્વ પ્રાણીઓની સઘળા પ્રકારની વાસ સમજવાને એક સરખી શક્તિ હોતી નથી. માંસાહારી જનાવરોની શક્તિ તેઓના શિકારના પ્રાણીઓની વાસ સમજવામાં ઘણીજ તિક્ષણ હોયછે. તેમજ વનસ્પતિ અહાર કરનાર પ્રાણીઓની શક્તિ ઝાડપાલાને ઓળખવામાં ઉત્તમ હોયછે. મનુષ્યની શક્તિ આ બેઉ પ્રકારે કમતીછે. માણસની વાસ સમજવાની શક્તિ જો કે ઉત્તમ નથી, ફકત સાધારણછે, તથાપિ એ જુદી જુદી ઘણા પ્રકારની વાસ સમજવાને શક્તિવાનછે. વળી સઘળા માણસની વાસ સમજવાની શક્તિ સરખી હોતી નથી. કોઈ વખત એકજ પ્રકારની વાસ એક માણસને કંટાળો આપે છે અને બીજાને નથી આપતી. જેવી રીતે જુદાં જુદાં માણસોની જોવાની અને સાંભળવાની ઇંદ્રીયોમાં થોડો અંતર હોયછે તે પ્રમાણે આ ઇંદ્રી વિષે પણ સમજવું.

નેત્ર.

(આંખ).


નેત્ર—જોવાની ઇંદ્રીઃ—એ શરીરની સર્વ ઇંદ્રીઓમાં સર્વોત્કૃષ્ટછે. શરીરના સર્વ બહાર સબંધી વ્યવહાર તેના સાધનવડે ચાલેછે. આંખ વિનાનું આદમી સાધારણ રીતે જોતાં પોતાને તેમજ પારકાને નિરૂપયોગી થઈ પડેછે.

નેત્ર ગોળાકારછે. જે ભાગ આપણા જોવામાં આવેછે તે આખા નેત્ર ગોળનો માત્ર એક ચતુર્થાંશ છે. તેના રક્ષણને માટે નાકની દરેક બાજુએ ચહેરાના ઉપલા ભાગમાં ખોપરીમાં એકેક ખાડોછે, તેમાં એકેક નેત્ર રહેલુંછે. એ નાજુક ઇંદ્રીના જાસ્તી રક્ષણસારૂ ભમર, પાંપણ ઇત્યાદિ આવેલાંછે. એ શરીરના ઉપલા ભાગમાંછે તેથી એકજ વખતે મોટા પ્રદેશ ઉપર નજર પહોંચી શકેછે. તેની સ્નાયુના યોગે કરીને આંખ ચારે તરફ ફરી શકેછે.

આંખ છેક ગોળાકાર નથી. તેનો આગલો કાળો ભાગ તેના બીજા ભાગો કરતાં જરા વધારે ઊંચોછે, તેથી કરી નેત્ર વર્તુળાકાર ધારણ કરેછે. ચક્ષુ વર્તુળાકાર હોવાથી તેનો પૂર્વ પશ્ચિમ વ્યાસ તેના ઉત્તર દક્ષિણ વ્યાસ જે સુમારે એક ઇંચનોછે તેથી કિંચિત વધારે છે.

બેઉ આંખની આંસ સમાંતરછે, પરંતુ બેઉ **નેત્રગ્રહની** આંસ સમાંતર નથી. **દર્શનતંતુના** આંસ નેત્ર ગ્રહના આંસને અનુસરેછે. નેત્રનો ગોળો ત્રણ પડનો બનેલોછે તથા તેની અંદર કીરણોનું વક્રીભવન કરનારાં સાધનો આવેલાંછે. આ સાધનોને **નેત્રરસ** કહે છે. તેનાં પડ ત્રણછે, તેમ નેત્રરસ પણ ત્રણછે. તેનાં નામઃ—

નેત્રપડ.	નેત્રરસ.
૧ સ્કલેરોટીક અથવા નેત્ર બાહ્યપડ.	૧ જલ રૂપ રસ. (એકવીયસ)



1 કોર્ન્યા-કૃષ્ણ મંડળ.
2 સ્કલેરોટીક-બાહ્યાવરણ.
2′ દ્રષ્ટી તંતુનું પડ.
3,3′ કોરોઈડ-મધ્ય પડ.
5,5 સીલ્યરી મસલ .
6 પાછળનો ખંડ.
7-7 કનિનીકા.
8 દ્રષ્ટી તંતુ.
99 સીલ્યરી પ્રોસેસ.
8′ દ્રષ્ટી તંતુનો પ્રવેશક બિંદુ.
8″ પીળો ડાઘ.
11 આગળનો ખંડ.
12 લેન્સ-સ્ફટિકરૂપરસ.
13 કાચરૂપરસ.
r,r′ નેત્ર દર્પણ.

૨ કોરોઇડ અથવા નેત્ર મધ્ય પડ.　　　　　　　　૨ સ્ફટીક રૂપ રસ. (લેન્સ)
૩ રેટીના અથવા નેત્ર દર્પણ.　　　　　　　　　　૩ કાચ રૂપ રસ. (વીટ્રીયસ)

સ્કલેરોટીક અથવા નેત્રબાહ્યપડઃ—એ શ્વેત તંતુમય, સારી પેઠે જાડું તથા મજબૂતછે. આગળના કરતાં પછવાડેની બાજુએ તે વધારે જાડું હોયછે તથા તે બાજુએ તેમાં છીદ્ર છે તેમાં થઇને દર્શન તંતુ અંદર દાખલ થાયછે. એનો રંગ સફેતછે. નેત્ર બાહ્યપડ અપાર દર્શકછે તથા આખા નેત્ર ગોળના ⅚ ભાગમાં તે આવેલછે. બાકીનો ⅙ ભાગ રહ્યો તેમાં આંખનો જે કાળો ભાગ દેખાયછે તે આવેલોછે. આ કાળા ભાગને "કોર્નિયા" (કૃષ્ણ મંડળ) કહેછે. કોર્નિયા પારદર્શકછે, તથા આખા નેત્ર ગોળની સપાટીથી એ વધારે ઊંચું છે. જેવી રીતે નાના ઘડીઆળના ઉપર કાચ આવેછે તેવી રીતે એ નેત્ર ગોળ ઉપર રહેલોછે. કોર્નિયા ગોળાકાર છે તથા આગળથી એ બાહ્યગોળ જણાય છે. સર્વ મનુષ્યની કોર્નિયાની બાહ્યગોળતા સરખી હોતી નથી, તથા એકજ માણસમાં આખી ઉમર તે સરખી રહેતી નથી. તરૂણાવસ્થામાં એ વધારે બાહ્યગોળ હોયછે તથા વૃદ્ધાવસ્થામાં છેક ચપટ થઈ જાયછે. કોર્નિયા નેત્ર બાહ્યપડ સાથે જોડાયલોછે તથા તેની રચના પણ આ પડને કેટલેક દરજ્જે મળતી આવેછે.

૨ **કોરોઇડ અથવા નેત્રમધ્યપડઃ**—મધ્યપડમાં પછવાડેના ભાગમાં કોરોઇડ આવેલુંછે તથા આગળના ભાગમાં **કનીનિકા મંડળ** આવેલુંછે. સ્કલેરોટીકની અંદરની બાજુએ કોરોઇડછે તથા કોર્નિયાની પછવાડે એક માંસમય પડદોછે તેને કનીનિકા મંડળ કહેછે. આ પડદાની મધ્યમાં એક છીદ્રછે તેને **કીકી** કહેછે.

કોરોઇડ કાળા રંગનું પાતળું પડછે. તેનો ઘણોખરો ભાગ લોહીની સૂક્ષ્મ નળીઓનો બનેલોછે. એ પછવાડેની બાજુ વધારે જાડું હોયછે તથા તે ભાગમાં દર્શન તંતુના સારૂ તેમાં એક છિદ્રછે. કોરોઇડના બે પડછે એમ કહીએ તોપણ ચાલે. તેના બહારના પડમાં બારીક રક્ત નળીઓનો થર આવેલોછે તથા અંદરની તરફ એક કાળા પદાર્થનો થર અગર લેપ રહેલોછે. આ કાળા લેપની અંદરની બાજુએ રેટીના અથવા નેત્ર દર્પણછે. કોરોઇડ આગળ કનીનીકા મંડળ સુધી આવી અંદર પાછું વળેછે, તથા તેની કરચલી વળી તે સ્ફટીક રૂપ રસના બંધન સાથે જોડાયલોછે.

કનિનીકા મંડળનો પડદો (આઇરીસ) ગોળાકારછે તથા કોર્નિયાની પછવાડે અને સ્ફટીક રૂપ રસની આગળ જળરૂપ રસમાં ટંગાયેલોછે. આ પડદાની મધ્યમાં કીકીનું છીદ્ર છે, તેમાં થઇને અંદર જવા કિરણોને રસ્તો મળેછે. આ પડદો ટૂંકો અથવા મોટો થવાથી કીકી મોટી અગર નાની થાયછે, અને તે પ્રમાણે ઘણાં અથવા થોડાં કિરણો આંખમાં જોઇએ તે રીતે દાખલ થાયછે. આ પડદાની પછળની બાજુ ઉપર કાળા પદાર્થનો લેપછે, તેથી કનીનિકા કાળી દેખાયછે, પણ તેની આગળની બાજુનો રંગ સર્વેનો સરખો હોતો નથી. આ પડદાની કોર જ્યાં કોર્નિયા અને સ્કેલરોટીકનો સંયોગ થાયછે ત્યાં જોડાયેલછે. આ પડદો માંસમય એટલે તેની અંદર માંસના રેષા હોયછે, અને તેથીજ એ સંકોચાઇ અથવા પહોળો થઇ શકેછે. શિવાય તે રેશાઓની ઉપર અને વચમાં કેટલાક ર-

જકણો હોયછે. આ રજકણોની અંદર કાળો, પીળો વીગેરે રંગ ભરેલો હોયછે. તે રંગ પ્રમાણે એ પડદાનો અને આંખનો રંગ દેખાયછે. જેમકે આપણી આંખ કાળી જણાય છે. ઈંગ્રેજ લોકોની ભુરી જણાયછે, માંજરની આંખ પીળી દેખાયછે.

કનીનિકાનું જે છિદ્ર હોયછે તેની જગોએ ગર્ભાવસ્થામાં એક બારીક પડદો હોયછે. આ પડદો ગર્ભની આઠ નવ મહીનાની વય થાય એટલે નાશ પામેછે. કોઇ વખત ગર્ભનો જન્મ થયા પછી પણ પડદો જારી રહેછે અને તે બાળકના અંધાપાનું કોઇ કોઈ વખત કારણ થઈ પડેછે.

રેટીના અથવા **નેત્રદર્પણઃ**—આ ત્રીજું અંદરનું પડ નેત્રને ઘણી અગત્યનું છે. તેની બહારની બાજુએ કોરોઇડ માહેલા કાળા પદાર્થનો લેપ આવેલોછે તથા અંદર કાચ રૂપ રસછે. ચક્ષુની અંદર પદાર્થોની પ્રતિમા આ પડ ઉપર પડેછે. નેત્રદર્પણ પછવાડેના ભાગમાં જરા ઘટ હોયછે તથા દર્શન તંતુથી જોડાયેલછે અને જેમ જેમ આગળ આવેછે તેમ પાતળું થતું જાયછે. તેનો રંગ જરા રતાશપર મારેછે તથા તે નરમ અને અર્ધપારદર્શક જણાયછે. પછવાડે બરાબર નેત્રદર્પણની મધ્યમાં અને આંખની આંસમાં એક થોડો ઉંચો અને ગોળાકાર ડાઘછે. તેનો રંગ પીળોછે, તે ઉપરથી તેને **પીળો ડાઘ** અગર બિંદુ એવું નામ અપાયેલછે. આ ડાઘની માથેનો ભાગ જરા બદલાયછે, તથા તે ઘણોજ પાતળો છે અને એ પારદર્શક જોવામાં આવેછે. આ ડાઘની જગો ઉપર જે પદાર્થની પ્રતિમા પડેછે તે પદાર્થ ઘણો સરસમાં સરસ દેખાયછે. આવો ડાઘ માણસની તેમજ પશુની આખમાં પણ જોવામાં આવેછે. આ ડાઘથી $\frac{૧}{૧૦}$ ઈંચને અંતરે અંદરની બાજુએ દર્શન તંતુની દાખલ થવાની જગોછે. આ દર્શન તંતુની દાખલ થવાની જગો ઉપર જે પદાર્થની પ્રતિમા પડે તે જોવામાં આવતું નથી. આખા નેત્રદર્પણના ફક્ત એટલા આજ ભાગમાં દ્રષ્ટી જ્ઞાન શક્તિ નથી. આનો સાબીતી કેટલીક રીતે થઇ શકેછે. એક કાગળ ઉપર સુમારે ત્રણ ઈંચને અંતરે બે નાની આકૃતિ બે બાજુએ કાઢો. ત્યાર પછી એક ફુટને અંતરે કાગળ સામે રાખો અને ડાબી આંખ મીચી જમણી આંખે ડાબી તરફની આકૃતિ ઉપર નજર કરવી એટલે જમણી આકૃતિ દેખાતી બંધ થઇ જશે, તેમજ ડાબી આંખે જમણી આકૃતિ જોતાં ડાબી આકૃતિ નજરે નહીં પડે.

નેત્ર દર્પણનાં બારીક ત્રણ પડછે. બહારનાં બે પડછે તે બારીક રજકણોનાં બનેલાં છે, તથા અંદરનું પડછે તે દર્શન તંતુના તાંતણાઓનું બનેલુંછે. આગળ કહેલે ઠેકાણે દર્શન તંતુ દાખલ થઈ તેના તાંતણાઓ સુક્ષ્મ પ્રકારનો જાળના રૂપમાં ફેલાઇ જાયછે. દર્શન તંતુ મગજમાંથી નીકળેછે અને મગજના તંતુના બાર જોડા માંહેલું બીજા નંબરનું જોડું છે.

આ પ્રમાણે ત્રણ નેત્રપડનું સંક્ષિપ્ત વર્ણન થયું. તે ત્રણે પડ એક બેકથી જોડાયાંછે, તથા તેમને લીધે એક નેત્ર ગોળ બનેછે. આ નેત્ર ગોળાની અંદર ત્રણ નેત્ર રસછે તેમનું ટુંક બયાન જાણવું અવશ્યનુંછે. નેત્રરસ ત્રણછે, તેમાં સઉથી આગળો જળરૂપરસ, તેની પછવાડે સ્ફાટીક રૂપરસ તથા તેના પાછળ કાચરૂપરસ આવેલછે.

૧ આંખનો આગલો અને પાછલો બેઉ ખંડ **જળરૂપરસથી** ભરેલાછે. આ રસ પાણી જેવા હોયછે, તેથી એને જળરૂપરસ એવી સંજ્ઞા આપેલીછે. પાણી અને જરા મીઠાનો ક્ષાર મળી આ રસ થયોછે. આ રસ ઘણો થોડો હોયછે. દરેક આંખમાં ચારેક ટીંપાના સુમારે જેટલો હોયછે. એના ગુણ ક્ષારના જેવા હોયછે. કોર્નિઆની અને સ્ફાટિક રૂપરસની વચ્ચે જે જગાછે તેમાં તે રહેલછે. આ જગાની વચમાં કનીનિકા મંડળછે. કોર્નિયા અને કનીનીકા મંડળની વચેની જગાને આંખનો **આગળનો** ખંડ કહેવાયછે. કનીનિકા મંડળ તથા સ્ફાટિક રૂપરસની વચેની જેટલી જગા તેને **પાછળનો** ખંડ કહેવાયછે. આ બેઉ ખંડ કનીનિકાના છિદ્રને લીધે એક બીજાથી જોડાયેલ છે, પરંતુ ગર્ભાવસ્થામાં જે વખતે આ છિદ્ર બંધ હોયછે તે વખતે તે બેઉ ખંડનો એક બીજાથી સંબંધ હોતો નથી. આ બેઉ ખંડની અંદર જે સુક્ષ્મ પરમાણુંઓનું આચ્છાદન હોયછે તેનામાં જળરૂપરસ પેદા કરવાની શકિત હોયછે.

૨ **સ્ફાટિક રૂપરસ** અથવા લેન્સઃ—આ કનીનિકાની પછવાડે તથા કાચ રૂપરસની આગળ રહેલછે. આ લેન્સ એક સ્થિતિસ્થાપક અને પારદર્શક પડમાં વીંટાયેલછે. લેન્સ પારદર્શક તથા આગળ પાછળ બેઉ તરફ બાહ્ય ગોળછે. એની પછવાડેની બાહ્ય ગોળતા આગળની બાહ્ય ગોળતાથી વધારેછે. એના પરીઘની કોરે બારીક તથા ચપટ હોયછે. એની લંબાઈ પહોળાઇ $\frac{1}{3}$ ઇંચછે તથા જાડાઇ $\frac{1}{4}$ ઇંચછે. આ લેન્સની આકૃતિમાં વયને અનુસરીને કેટલાક ફેરફાર થાયછે. ગર્ભાવસ્થામાં આ લેન્સ વર્તુલાકૃતિના આકારનો હોયછે તથા નરમ અને ઝાંખો જણાયછે. તરૂણાવસ્થામાં એની પાછલી બાજુ વધારે બાહ્ય ગોળ જોવામાં આવેછે, તથા એ કઠણ સ્વચ્છ અને પારદર્શક જણાયછે. ઘડપણમાં એ ચપટ અને વધારે કઠણ થાયછે, તથા થોડો અપારદર્શક દેખાયછે, અને એનો રંગ પીળાસપર મારેછે, આ લેન્સને ચારે તરફ એક બંધ આવેલોછે તે નેત્ર પડથી જોડાયલાં છે. તેને લીધે તેનું સ્થળાંતર થતું નથી.

૩ **કાચરૂપરસ**—લેન્સની પછવાડે અને નેત્ર દર્પણની આગળ સઘળો પોકળ ભાગ રહ્યો તે બધો આ રસથી ભરાયલોછે. નેત્ર ગોળના પોલાણના $\frac{4}{5}$ ભાગમાં આ રસ આવેછે. બાકીના $\frac{1}{5}$ ભાગમાં લેન્સ અને જળરૂપ રસનો સમાવેશ થાયછે. આ રસની આગળની બાજુમાં એક ખાડોછે તેમાં લેન્સની પછવાડેની બાહ્યગોળતા બેસેછે. એ સંપૂર્ણ પારદર્શકછે તથા તે જેલીના જેવો નરમ હોય છે. તે પાણી તથા કેટલાક ક્ષારનો બનેલોછે. તેની આસપાસ એક પાતળો પારદર્શક પડદોછે.

આંખના રક્ષણ સારૂ તેની આસપાસ કેટલાંક ઉપ અવયવોછે. **ભમ્મર, પાંપણ, આંખનું શ્લેષ્માવરણ, અશ્રુપેશી** તથા **નાકની નળી** ઇત્યાદિ નેત્રનાં ઉપઅવયવો છે.

આંખનો ગોળો જે ખાડામાં રહેલોછે તે ખાડાના ઉપલા કિનારાને અનુસરીને પાપણની ઉપર જે બારીક કેશવાળો ચામડીનો ભાગછે તેને **ભમ્મર** કહેછે, આ ચામડીની નીચે કેટલીક સ્નાયુછે તેને લીધે ભમ્મર ઉંચી નીચી અથવા લાંબી ટુંકી થઇ શકેછે.

દરેક આંખને પાંપણ બેછે. ઉપલી પાંપણ ડબીની માફક આંખને ઢાંકેછે, તથા

તે વધારે મોટીછે. એને ઉઘાડવા તથા મીંચવા જુદી જુદી સ્નાયુ હોયછે. પાંપણ ઉઘાડી હોય તે વખતે જે વર્તુલાકાર માર્ગ તેમની વચ્ચે રહેછે તેટલી આંખ ફક્ત સાધારણ રીતે જોવામાં આવેછે. બહાર અને અંદરની તરફ જ્યાં પાંપણોનો એકમેકથી મેળાપ થાયછે ત્યાં એકેક કોણ થએલછે તેને દરેકને આંખનો ખુણો કહેવાયછે. બહારનો ખુણો અંદરના ખુણા કરતાં સાંકડો હોયછે. આ જગાએ પાંપણ આંખને સ્પર્શ કરીને રહેછે. પણ અંદરનો ખુણો જરા વધારે નાક તરફ ગયોછે અને ત્યાં પાપણની વચ્ચે એક નાની ત્રિકોણાકાર જગાનું અંતર આવેલુંછે. પાંપણની ઉપર પાતળી ચામડી છે, તેની નીચે થોડી ચરબી, સંયોજક પદાર્થ અને માંસ રેષાછે, તેની અંદર કઠણ કાર્ટિલેજ અને બારીક ગ્રંથીઓ તથા છેક અંદર નેત્ર રસપડનું આચ્છાદનછે. કાર્ટિલેજને લીધે પાંપણ અક્કડ રહેછે તથા તે પાસેના અસ્થિ સાથે બંધનથી જોડાએલછે, બેઉ પાંપણની કોર ઉપર કેશ આવેલાછે. ઉપલી પાંપણના કેશ ઉપર વળેલાછે તથા નીચેની પાંપણના કેશ હેઠળ વળેછે. નેત્ર રસપડ પાંપણની અંદરની બાજુ તથા કોર્નિયા તથા સ્કલેરોટિકના આગળના ભાગનું આચ્છાદન કરેછે.

આંખના અંદરના ખૂણામાં માંસનો એક લોચો દેખાયછે તે એક પ્રકારની પિંડછે, અને દુખતી આંખમાં જે વારંવાર આ ખૂણામાં ધોળા ચીકટ પદાર્થના ચોપડા જોવામાં આવેછે, તે આ પિંડમાંથી પેદા થાયછે. કેટલાક પક્ષીઓને ત્રણ પાંપણ હોયછે ત્યારે ત્રીજી પાંપણ આ ખૂણાની જગોએ જોવામાં આવેછે.

અશ્રૂ સંબંધી અવયવ એક **અશ્રૂપેશી** છે. તેની નળીયો વાટે અશ્રૂ આંખ ઉપર આવેછે, અને ત્યાંથી નળમાં થઈ નાકમાં વહેછે. જે ખાડામાં નેત્ર ગોળ રહેછે તેજ ખાડામાં ઉપરની બાજુ બહારના ખુણામાં અશ્રુ પેશી રહેલીછે. એનું કદ આશરે એક બદામ જેવડુંછે. તેની અંદર અશ્રુ પેદા થાયછે. એની રચના થુંકની ગાંઠોના જેવીછે. તેની નળીયો ઉપલી પાંપણની નીચે પાંચ સાત છિદ્ર વાટે ઉઘડેછે. આંખના ઉપર થઈ પાંપણના કિનારા વાટે આંસુ આંખના અંદરના ખુણા તરફ જાયછે. જ્યારે બે પાંપણ મીંચાયછે ત્યારે તેમની કોર વચે એક ગટરના જેવો રસ્તો થાયછે તે રસ્તામાં થઈ પાણી આંખના અંદરના ખુણા તરફ વહેછે. પાંપણને જરા એઓને અંદરને ખુણે જોઈશું તો તેની કોર ઉપર ધોળા રંગનું એક બિંદુ દેખાશે. આ બિંદુમાં છિદ્ર છે, તે વાટે બારીક નળીયો નાક તરફ વહેછે અને તે છેક ખુણામાં એક બીજાને મળેછે, ત્યાંથી એક નળી નાકમાં ઉતરેછે. આ પાણીને લીધે તથા આંખના રસ પડને લીધે આંખની સપાટી હમેશાં ભીની રહેછે. આ રસ થોડો થોડો એ સપાટી ભીની રહે તેટલો પેદા થાયછે. આપણી પાંપણો પળે પળે મીંચામા કરેછે તેને લીધે વધારાનું પાણી અંદરના ખુણા તરફ વહેછે, અને નળીયો વાટે નાકમાં ઉતરેછે. નાકમાં પવનનું આવવું જવું થાયછે. તેથી તે રસની વરાળ થઈ ઉડી જાયછે. જ્યારે એ નળી વાટે અશ્રુ વહી ન શકે ત્યારે આંખમાંથી ગાલ ઉપર વહેછે.

આ પ્રમાણે આંખ અને તેના અવયવોનું વર્ણન ટંકામાં થયું. હવે તેમના ઉપયોગ

અને ગુણ વિષે બોલવાનું છે. આંખના અવયવોના ઉપયોગતો ઉઘાડાજ છે. ભંમરને લીધે ઉપરથી રજ તથા ઘામનો આવવાનો અટકાવ થાયછે. પાંપણ બહારની ઇજામાંથી આંખનો બચાવ કરેછે. પાંપણના કેશને લીધે રજકણોનો અંદર જતાં અટકાવ થાયછે. સ્વભાવિકસ્થિતિમાં આંખની સપાટી ભીની રહેવાની જરૂર છે તથા તેમ રહેવાને રસપડ, અશ્રુપેશી વગરે અવયવો છે. કાંઈ દરદને લીધે રસપડમાંથી રસ ઉત્પન્ન થતો બંધ થાયતો નજર કમી પડી જાયછે.

આંખની અંદરના દરદ વગરેનો તપાસ કરવા સારૂ "આફથોલમોસ્કોપ" નામનું યંત્ર થાયછે તે વડે આંખની અંદરની રચના જોઈ શકાયછે. આંખની રચના ફોટોગ્રાફ પાડવાના યંત્રને મળતીજ હોયછે. ફોટોગ્રાફની પેટીને અને સ્ક્લેરોટીકને સરખાં ગણી શકાય. પેટીની અંદરની કાળારંગની જગો તે કોરોઈડ તથા જે કાચ ઉપર છબી પડેછે તે રેટીના અથવા નેત્રદર્પણને ઠેકાણે છે. હવે જો ફકત આ ત્રણ પદાર્થ હોયતો તેનાથી કાંઈ છબી ઉઠનાર નહી.

પદાર્થ ઉપરથી કિરણો સઘળી દિશામાં પસરી જાયછે. દરેક બિંદુમાંથી ઉઠેલાં કિરણો પણ ચાતરફ પસરી જાયછે એવો નિયમ છે. એક પદાર્થના દરેક બિંદુ ઉપરથી આ પ્રમાણે વિસ્તૃત થયેલાં કિરણો જઇને નેત્રદર્પણ ઉપર પડેતો તેમનો સમાવેશ પણ થવાનો નહીં. તેમજ તેમની એક પ્રતિમા ઉઠી તેમનો ખરોભાવ પણ સમજાવાનો નહી. માટે તેઓ સર્વ એકત્ર થઇને નેત્રદર્પણના એક ભાગ ઉપર ભેગાં થવાં જોઇએ, અને તે થાય તોજ તે પદાર્થની પ્રતિમા ઉઠે. વિસ્તૃત થયેલા કિરણોને એકત્ર કરવાં, તેને કિરણોનું વક્રીભવન થયું એમ કહેછે. કેટલાક પદાર્થમાં આ પ્રમાણે કિરણોનું વક્રીભવન કરવાની શકિત છે. એક વાસણમાં પૈસો મૂકી તે નહી દેખાય એટલે અંતરે બેસીયે અને ત્યાર પછી તે વાસણમાં પાણી રેડીએ તો પૈસો દેખાવા માંડેછે. આ એક વક્રીભવનનું સાધારણ ઉદાહરણ છે. એવો એક નિયમ છે કે કિરણો જ્યારે એક પાતળો પ્રદેશ છોડી ઘટ પ્રદેશમાં જાયછે, ત્યારે તે ઘટ પ્રદેશની લંબરેષાની બહાર જે કિરણો જાયછે તે સર્વ તેના લંબ તરફ વક્રીભવન પામેછે. તેમજ તેથી ઉલટો બીજો નિયમ એવો છે કે એ ઘટ પ્રદેશ છોડી બીજા પાતળા પ્રદેશ તરફ કિરણો જાયછે, ત્યારે તેઓ તેના લંબથી ઉલટાં વિસ્તૃત થતાં જાયછે. આ બીજા નિયમ પ્રમાણે તે વાસણ માંહેલો પૈસો પાણી રેડવા પછી દેખાવા માંડેછે. ત્રીજો એવો એક નિયમ છે કે કિરણો કોઈ એક પારદર્શક, બાહ્યગોળ પદાર્થ ઉપર પડેતો તેઓ તેના મધ્યબિંદુ તરફ વક્રીભવન પામેછે, તથા ચોથો નિયમ એવો છે કે જો તેવાજ અંતરગોળ પદાર્થ ઉપર કિરણો પડેતો તેઓ તેના મધ્ય ભાગથી દૂર જાયછે. આ નિયમો લાગુ પડે એવા ઉદાહરણો ભીંગ જાતિના પદાર્થમાં સહજ મળી આવશે. બાહ્યગોળ જે ભીંગ હોયછે તે કીરણોને ભેગાં કરેછે એટલે કીરણોનું એકીકરણ કરેછે અને અંતરગોળ ભીંગ કીરણોને વિસ્તૃત કરેછે. લેન્સ જાતિનો બાહ્યગોળભીંગ ઘણાના જોવામાં આવ્યો હશે. એ લેન્સ તડકામાં સૂર્ય સામે ધરીયેતો જમીન ઉપર તે ભીંગની નીચે અતિશય અજવાળું તથા ગરમી પડેછે. આનું કારણ એટલુંજ કે તે કાચના એવા ગુણને લીધે તેની સપાટી ઉપર જેટલાં કિરણો પડેછે તે સર્વ જમીન ઉપર એકજ ઠેકાણે

ભગાં થાયછે. વળી એવું પણ જોવામાં આવશે કે આ લેન્સ જમીનથી અમુક અંતરે ધરીયે ત્યારેજ જમીન ઉપર અતિશય અજવાળુ અને ગરમી પડેછે. રૂ વગરે જલદી જ્વાળા ગ્રહણ કરનારા પદાર્થો આ ગરમીથી સળગી ઉઠેછે. તે અંતરથી ઓછા વત્તા અંતરે લેન્સ ધરીયેતો તેટલું અજવાળું અને ગરમી પડતાં નથી, તેનું કારણ એટલુંજ કે તે લેન્સ તેના ઉપર પડેલાં સઘળાં કિરણોને વાંકાંવાળી તેટલા અંતરે એકત્ર કરી એક બિંદુમાં આણી શકેછે. આ બિંદુને તેનો સંકર્ષદેશ અથવા "ફોકસ" કહેવાય છે અને તેટલો અંતર તે સદહું લેન્સની શક્તિ કહેવાયછે. એટલે જો તે અંતર એક ઇંચનો હોય તો તે લેન્સ એક ઇંચનો કહેવાય. એ પ્રમાણે બે ઇંચ લેન્સ, ત્રણ ઇંચ લેન્સ ઇત્યાદિ સમજવા. બે ઇંચ બાહ્યગોળભીંગ એટલે એમ સમજવું કે આ લેન્સ ઉપર જે સમાંતર કિરણો પડેછે તે સર્વનું એકીકરણ પોતાની પછવાડે બે ઇંચને અંતરે તે કરી શકેછે. આ ઉપરથી એમ સહેજ સમજાશે કે એક ઇંચ ભીંગ અથવા ચસમાં તે બે ઇંચ ચસમાંથી વધારે શક્તિવાળાંછે, તથા બે ઇંચ વાળા ત્રણ ઇંચના ચસમાંથી જાસ્તી જોરવાળાં છે. આ રીતે જેમ બહાર ગોળ લેન્સની ગણતરી થાયછે તેમજ અંતરગોળભીંગની પણ થાયછે અને તેઓની યોગ્યતા પ્રમાણે તેઓને પણ એક ઇંચ બે ઇંચ વગેરે નામ આપવામાં આવેછે.

ઉપર લખેલું ભીંગ વિષેનું ટુંક બ્યાન ધ્યાનમાં રાખવાથી નેત્રની અંદર છબી કેમ ઉઠેછે તે સહેલથી સમજી શકાશે. બાહારનાં કીરણો આવી પહેલાંતો કાર્નિયાની આરપાર જાયછે. કોર્નિયામાંથી જતાં કિરણોનું વક્રિભવન તે બે રીતે કરી શકેછે. એકતો પોતાની જાડાઇને લીધે, તથા બીજું પોતાની બાહ્યગોળતાને લીધે. આ રીતે કાર્નિયા ઉપર આવેલા કિરણોના સમુદાયનું વળણ થોડું ઘણું તેના મધ્ય ભાગ તરફ થાયછે. કોર્નિયા આરપાર થઇ કિરણો જળરૂપ રસમાં દાખલ થાયછે. આ રસની અંદર વક્રીભવન ઘણે દરજ્જે થતું હોય એમ લાગતું નથી. પરંતુ આ રસનો મુખ્ય ઉપયોગ તેની પ્રવાહી સ્થિતિ ઉપર આધાર રાખેછે. તેને લીધે કોર્નિયાની બાહ્યગોળતા કાયમ રહેછે તથા તેનો વચમાંનો કનીનિકાનો પડદો છૂટથી ફરી શકેછે.

આંખની સંભાળને માટે કનીનિકા મોટા ઉપયોગની છે. કીકીનું છિદ્ર કનીનિકા સંકોચાવાથી કે પહોળી થવાથી મોટું નાનું થાયછે. કનીનિકાને નેત્ર દર્પણનું રક્ષણ કરનાર મોટો ચોકીદાર સમજવો જોઇએ. નેત્ર દર્પણ એ ઘણોજ નાજુક પદાર્થછે અને તેનેકોઇ પણ પ્રકારનો ત્રાસ પહોંચવાથી નુકશાન પહોચેછે, માટે તેનાથી સહન થઇ શકે અને જરૂરનાં જોઇએ તેટલાંજ કિરણોને કનીનિકા અંદર દાખલ થવાદેછે. બાકીના કિરણોનો અટકાવ કરેછે. પ્રકાશ જેમ કમી અથવા અધિક હોય તેમ કીકી મોટી અથવા નાની થાયછે. મંદ પ્રકાશ હોય ત્યારે પુષ્કળ કિરણો અંદર જવાં જોઇએ, માટે કીકી ત્યારે મોટી થાયછે. અને ઘણા તીક્ષ્ણ પ્રકાશમાં થોડા કિરણો બસ પડેછે ત્યારે કીકી નાની થાયછે. અંધારામાંથી એકદમ અજવાળામાં જઇએ તો આંખને ત્રાસ થાયછે, કારણ અંધારામાં ઘણાં કિરણોને આવવા સારૂ કીકી મોટી થયેલી હોયછે, અને એકદમ આપણા અજવાળામાં આવવાથી કીકીને સંકોચાવાને વખત મળવાની અગાઉજ ઘણાં કિરણો

અંદર દાખલ થઈ જાયછે, તેથી આંખે ઝાંઝવાં આવી જાયછે. તેજ રીતે આપણે પુષ્કળ પ્રકાશમાંથી એકદમ અંધારામાં જઇએ તો આપણને કાંઇજ દેખાતું નથી. કારણ પ્રકાશમાં કીકી ઘણીજ સંકુચિત હોયછે. તે એકદમ મોટી થઈ શકતી નથી. તેથી આપણને પહેલાં સ્પષ્ટ દેખાતું નથી પણ થોડીવારમાં તે મોટી થઈ તરતજ સ્પષ્ટ દેખાવા માંડેછે.

કીકીમાં થઇને કિરણ સ્ફાટીકરૂપરસમાં દાખલ થાયછે. આંખની અંદર કિરણોનું વક્રિભવન કરનાર મુખ્ય આ રસછે. તેની આરપાર જતાં કિરણો ઘણુંજ વક્રીભવન પામે છે. આ રસની શક્તિ સુમારે અઢી ઈંચના ભીંગ જેટલીછે. ઘડપણમાં ઘણીવાર આ રસ કેટલાક ફેરફારોને લીધે અપારદર્શક થઈ જાયછે, ત્યારે અંધાપો આવેછે. તેને "મોતીયો" બંધાયો એમ આપણે સાધારણ કહીએ છીએ. સ્ફાટીકરૂપરસમાં થઈ કાચરૂપ રસમાં કિરણો પ્રવેશ કરેછે અને છેલ તેઓ એક ફોકસમાં એકત્ર થઈ નેત્ર દર્પણઉપર પડેછે. આ ફોકસને ઠેકાણે નેત્ર દર્પણ ઉપર જે પદાર્થમાંથી મૂળ કિરણો આવ્યાં હોય તે પદાર્થની છબી પડેછે. કાચરૂપ રસમાં કિરણોનું વક્રીભવન થોડું થાયછે. પણ આ રસનો મુખ્ય હેતુ ઘણુ કરીને નેત્ર દર્પણનો આકાર સંભાળવાનોછે. આ પ્રમાણે પ્રતિમાના આકારમાં જે કીરણો બંધાયછે, તે સિવાય બીજા કોઈ આડાં અવળાં અથવા વધારે કિરણો હોય તો તેને કોરોઇડ માંહેલું કાળું પદાર્થ ચૂસી લેછે, એટલે આબેહુબ છબી પડવામાં હરકત આવતી નથી.

કિરણો જ્યારે એક પદાર્થથી છૂટાં પડેછે ત્યારે તેઓ ઘણાંજ વિસ્તૃત થઈ જાયછે. જેમ દૂર જતાં જાય તેમ તેમની વચ્ચેનો અંતર વધારે વધારે સરખો થતો જાયછે. અંતે ઘણે છેટે જાય એટલે તેઓ સમાંતરની માફક થઈ રહેછે. જેમ ભીંગની બાહ્ય ગોળતા જાસ્તી તેમ તેની કિરણોનું એકી કરણ કરવાની શક્તિપણ જાસ્તી. જેમ કિરણો ઘણે છેટેથી આવતાં હોય તેમ તેમનું એકીકરણ કરવાને થોડી બાહ્યગોળતાનો ભીંગ ચાલે, પણ નજીકના કિરણો હોય તો વધારે બાહ્યગોળતાવાળો ભીંગ જોઇએ.

જેની આંખ વધારે ઊંચી તથા આગળ આવેલી હોય છે તેની દૃષ્ટિમાં દોષ હોય છે, કારણ ઘણું કરીને તેવા નેત્રમાં સ્ફાટિક રૂપરસ ઘણોજ બાહ્યગોળ હોવાથી કિરણોનું વક્રીભવન ઘણું થાયછે, તેથી તેઓ નેત્ર દર્પણ ઉપર પહોચ્યા પહેલાંજ ફોકસમાં આવે છે તથા પાછા આ ફોકસમાંથી છૂટી, પછી દર્પણ ઉપર વિસ્તૃત સ્થિતિમાં પડેછે, તેથી પ્રતિમા સ્પષ્ટ ઉઠતો નથી. આવી જાતની આંખવાળાં માણસો ટૂંકી નજરનાં હોય છે. દૂરના પદાર્થ તેમને સ્પષ્ટ દેખાતા નથી. પદાર્થને પાસે લાવે તોજ સ્પષ્ટ દેખાય. કારણ પદાર્થ પાસે લાવવાથી તેનાં કિરણો સ્ફાટિક રૂપરસ ઉપર પડતી વખતે ઘણાં વિસ્તૃત સ્થિતિમાં હોયછે તેથી તેઓ જલદી એકત્ર થતાં નથી. માટે તેઓનું ફોકસ નેત્રદર્પણ ઉપર અગર તેની પાસે પાસે પડેછે. જો ફોકસ નેત્ર દર્પણ ઉપરજ પડે તો તે પ્રતિમા પૂર્ણ સ્પષ્ટ ઉઠે છે. જો પાસે પડેતો તે કરતાં થોડી ઝાંખી ઉઠેછે. આ પ્રમાણે નેત્ર દર્પણથી ફોકસ જેમ જેમ દૂર પડે તેમ તેમ પ્રતિમા વધારે વધારે અસ્પષ્ટ પડે છે. ટૂંકી નજરના માણસને નજીકના પદાર્થ તો સાફ દેખાયછે. પણ દૂરના પદાર્થપણ તે પ્રમાણે દેખાવાસારૂ તેમણે

અંતરગોળ ચસમાં પહેરવાં જોઇએ. કારણ આવી આરસીની અસર કિરણો ઉપર બાહ્યગોળ આરસીથી ઊલટીછે. અંતરગોળ ભીંગને લીધે કિરણો જાસ્તી પસરેછે અને પદાર્થ નજીક આણવા જેવી અસર થાયછે. તેથી પાસેના પદાર્થની પ્રમાણે દૂરની ચીજનું ફોકસ પણ છેટે જઈ દર્પણ ઉપર પડેછે. હવે જેના નેત્રના સ્ફટિકરૂપરસની બાહ્યગોળતા સ્વભાવિક હોવી જોઇએ, તે કરતાં કમી હોય તેને નજીકના પદાર્થ સ્પષ્ટ ન દેખાતાં દૂરના પદાર્થ સાફ દેખાયછે. વૃદ્ધ માણસોનાં નેત્રનો સ્ફટિકરૂપરસ ચપટ થતો જાયછે, તેથી તેવા લેન્સની વક્રીભવન કરવાની શક્તિ કમી હોવાથી કિરણોનું ફોકસ નેત્ર દર્પણ ઉપર ન પડતાં તેથી પણ વધારે અંતર ઉપર જઈ પડેછે. માટે પદાર્થને દુર ખસેડવાથી ફોકસ નજીક આવી દર્પણ ઉપર પડેછે. આવા માણસોને પાસેના પદાર્થ સ્પષ્ટ રીતે જોવા સારૂ બાહ્યગોળ આરસીનો ઉપયોગ કરવો જોઇએ.

આ ઉપરથી કદાચ એવો પ્રશ્ન ઉઠશે કે સાધારણ રીતે માણસો તેની તેજ આંખથી દૂર તથા નજીકની વસ્તુઓ કેમ જોઇ શકે છે ? જો સ્ફટિકરૂપરસના બાહ્યગોળતા એવી છે કે દૂરના પદાર્થોનું ફોકસ રેટીના ઉપર પડે તો પાસેના પદાર્થ દેખાવા નહીજોઇએ. અથવા જો નજીકના પદાર્થનું ફોકસ રેટીના ઉપર પડે તો દૂરની ચીજો દેખાવી નહી જોઇએ. પરંતુ ઇશ્વરે નેત્રમાં એવી યુક્તિ રાખીછે કે તેથી કરીને સ્ફટિકરૂપ રસની બાહ્યગોળતા જોઇએ તે પ્રમાણે કમી અથવા જાસ્તી થઇ શકેછે. કોનિયા અને સ્કલેરોટીકના સંયોગ પાસે અંદર એક સ્નાયુછે તેને લીધે આવો ફેરફાર થઇ શકેછે. તેમજ તે રસ આગળ પાછળ હાલી શકેછે અને તેથી અંતરની તેમજ નજીકની ચીજો આપણે બીજા બહારના સાધન સિવાય જોઇ શકીયે છીયે.

સાધારણ આંખથી સુમારે દશેક ઈંચને અંતરે પદાર્થ રાખીયે ત્યારે અતિ સ્પષ્ટ જણાયછે, તેટલા અંતરથી જેમ જેમ વધારે દૂર અથવા નજીક રાખવામાં આવે તેમ અસ્પષ્ટ થતું જાયછે, અને અતિ દુર અથવા અતિ નજીક રાખીયે તો બીલકુલ દેખાતું નથી.

શ્રવણેંદ્રી (કાન).

(ઇઅર)


કાનના ત્રણ ભાગ પાડવામાં આવ્યાછે. **બહારનો કાન, મધ્યકાન, અને અંદરનો કાન.**

બહારનો કાન સાધારણ જોવામાં આવેછે તેનો આકાર બેડોળ જેવોછે તથા તેની સપાટી એક સરખી નથી. આ કાન કાર્ટિલેજનો બનેલોછે તથા તેની ઉપર ત્વચા આવેલીછે. તેના સંબંધમાં નાની સ્નાયુ પણછે. આ સ્નાયુ પશુના કાનમાં મોટી હોયછે, તેથી તેઓના કાન છૂટથી હાલેછે. બહારના કાનથી તેનો ઊંડો ભાગ શરૂ થાયછે તેને **કર્ણનળી** કહેછે. આ કર્ણનળી બહારથી અંદર **કર્ણ-પડદા** સુધી જાયછે. એની લંબાઇ સુમારે સવા ઈંચનીછે. આ નળી અંદર જતાં થોડી આગળ આવેછે, એના તળીયાનો મધ્ય ભાગ જરા ઊંચોછે તથા મધ્ય ભાગમાં એ જાસ્તી સાંકડી છે. આ લંબગોળ ન-

ળીનો ઉભો વ્યાસ બહારને મોઢે જાસ્તીછે તથા આડો વ્યાસ અંદર કર્ણ-પડદા પાસે વધારેછે. કર્ણ-પડદો ઢળતો અને વાંકો આવેલોછે, તેથી નળીના તળાનો ભાગ ઉપરના ભાગ કરતાં વધારે લંબાઇનોછે. આ કર્ણનળીના બે ભાગછે. આગળનો ભાગ કાર્ટિલેજનો બનેલોછે તથા અંદરનો ભાગ અસ્થિનો બનેલોછે. કાનની અંદરની ચામડી ઘણી પાતળી હોયછે તથા કાનમાં મેલ ભરાયછે તે આ ચામડીમાંથી ઉત્પન્ન થાયછે.

આકૃતિ ૧૬. કાનનો અંદરનો અને બહારનો દેખાવ.

b મધ્ય કાનના અસ્થિ.
c બહારનો કાન.
d કર્ણ પડદો.
e યુસ્ટેક્યન ટ્યુબ.
k કોકળા.
m કર્ણમાર્ગ અથવા નળી.
n શ્રવણ તંતુ.
s અર્ધગોળ નળીયો.
t મધ્ય કાન.
v વેસ્ટી બ્યુલ.



મધ્ય કાનઃ—કર્ણનળીની અંદરની બાજુ એક નાની પોકળ જગાછે તેને મધ્ય કાન કહેછે. આ જગાની આગળ પાછળ લંબાઇ સુમારે અર્ધા ઇંચનીછે, ઊંચાઈ ત્રણ લાઇન તથા પહોળાઈ બે લાઇનનીછે. તેની બહારની બાજુએ કર્ણપડદોછે. અંદર તરફ અંદરનો કાન આવેલોછે તથા આગળ "યુસ્ટેકયન" નામની નળીછે. આ મધ્ય કાનમાં હવા રેહેછે. યુસ્ટેકયન નળીનો એક છેડો ગળાની અંદરછે અને બીજો છેડો મધ્ય કાનમાંછે એટલે તે ગળા અને આ મધ્ય કાનની વચ્ચે આવેછે. તે નળી મારફત મોઢામાંથી આ મધ્ય કાનમાં હવા આવેછે. નાક અને મોઢું બંધ રાખી જો આપણે થૂંક ગળી જવાનો પ્રયત્ન કરીએ તો કાનમાં એક અવાજ થઈ ધાક પડી જશે. કારણ તેમ પ્રયત્ન કરેવાથી મધ્ય કાન માંહેલી હવા ઉપર આકર્ષણ થઇ તે પણ ગળી જવાયછે, તેથી આ પ્રમાણે ધાક પડી જાયછે. તેમજ વળી નાક મોઢું બંધ કરી જો ફૂંકવાનો પ્રયત્ન કરીયે તો કાનમાં પાછો તેવોજ અવાજ થઇ ધાક પાછી ઉઘડી જશે. કારણ આ વખત હવા પાછી યુસ્ટેકયન નળી મારફત મધ્ય કાનમાં જાયછે. યુસ્ટેક્યન નળી સુમારે દોઢ બે ઇંચ લંબાઇનીછે. કોઈ વખતે ઉપાય સારૂ ગળામાંથી એ નળી મારફત મધ્ય કાનમાં સળી ઘાલવામાં આવેછે. મધ્ય કાનનો સંબંધ કેટલાંક નાનાં છિદ્રો સાથેછે. આ માહેલા કેટલાંક છિદ્રો અંદરના કાનમાં જાયછે તથા બાકીના અસ્થિમાં જાયછે.

કર્ણ પડદો અર્ધ પારદર્શક તથા ગોળાકારછે અને મધ્ય કાન તથા કર્ણ નળીની વચમાં આવેલછે. તે આગળની તથા નીચેની તરફ ઢળતોછે. મધ્ય કાનની અંદર બારીક ત્રણ અસ્થિછે. તેમનાં અનુક્રમ પ્રમાણે નામઃ—"માલ્યસ" "ઇંકસ"તથા "સ્ટાપીસ" માલ્યસ હથોડાના આકારનુંછે. તે એક બાજુ કર્ણ પડદા સાથે જોડાયેલ છે તથાં બીજી બાજુ ઇંક્સ સાથે બંધાએલછે. ઇંકસ દાંતના આકારનુંછે. તેનો એક છેડો માલ્યસ સાથે

તથા બીજો સ્ટાપીસ સાથે મળેલોછે. સ્ટાપીસ પેંગડાના આકારનુંછે, તે એક બાજુ ઈંકસ સાથે તથા બીજી તરફ અંદરના કાન સાથે સંબંધ રાખેછે. મધ્ય કાનની અંદર આ અસ્થિઓ સાથે સ્નાયુ પણછે. તેને લીધે તેઓ ખેંચાયછે અગર ઢીલાં પડેછે અને તે પ્રમાણે કર્ણ પડદો પણ તણાયછે અથવા ઢીલો રહેછે.


અંદરનો કાન છે. તેના ત્રણ વિભાગ છે. આગળનો વિભાગ ગોળ નીસરણીના આકારનોછે, તેને "કોકલ્યા" કહેછે. પછવાડેનો વિભાગછે તેમાં ત્રણ અર્ધ ગોળાકાર નળીઓછે તથા વચમાં એક નાની પોલી જગાછે તેને "વેસ્ટીબ્યુલ" કહેછે. ત્રણ અર્ધગોળ નળીઓછે તે વેસ્ટીબ્યુલમા ઉઘડેછે. તેમજ વેસ્ટીબ્યુલ અને કોકલ્યા વચ્ચે એક છિદ્ર છે. આ ત્રણ વિભાગના અસ્થિમાં જે પોલાણ છે તેવાજ આકારનું તેમની અંદર એક પડછે. આ પડની અંદર એક પ્રકારનો પ્રવાહી પદાર્થ રહેછે, તેમજ તે પડ અને અસ્થિની વચ્ચે પણ પ્રવાહી પાણી જેવો રસ રહેલછે. આ પડની અંદર ચૂનાની જાતનો કાંઇ ક્ષારછે, **શ્રવણ તંતુ** જે મગજમાંથી આ અંદરના કાનમાં આવેછે તેના તાંતણા આ પડના ઉપર પથરાઇ જાયછે.

જેવી રીતે આંખની રચના કિરણોના રસ્તાને અનુકૂળ આવે એવીછે તેમજ કાનની રચના એવીછે કે તેને લીધે ધ્વનીની લહેરોને ચાલવા સહેલ પડેછે. કિરણો ફક્ત પારદર્શક પદાર્થમાં પ્રવેશ કરી શકેછે, પરંતુ ધ્વનિ સર્વ પ્રકારના પદાર્થ મારફત ચાલેછે. ધ્વનિ હવા મારફત તેમજ પ્રવાહિ અને જડ પદાર્થ મારફત ગમન કરેછે. ધ્વનિની લહેરો સર્વ દિશામાં ચાલેછે તથા તેમનું કોઇ પ્રકારનું પ્રથક્કરણ થતું નથી.


બહારનો કાન ધ્વનિના ચલનને ત્રણ પ્રકારે ઉપયોગી પડેછે. ધ્વનિની લહેરો જે હવામાંથી આવેછે તેને અંદરની હવા મારફત કર્ણ પડદા તરફ મોકલેછે. કાન ઉપર જે ધ્વનિની લહેરો પડેછે તેમાંથી પરભારીજ કર્ણ નળીની ભીંત મારફત કર્ણ પડદાને પહોચાડેછે. કર્ણ નળીની અંદર હવા ભરીછે તેમાં પ્રતિ ધ્વનિ ઉત્પન્ન થઇ તે ઉપયોગી થઈ પડેછે. જે લહેરો સરળ રેષામાં કાનમાં પેસેછે તેને લીધે જાસ્તિ ધ્વનિ સંભળાય છે. બહારના કાન ઉપર પડીને, પણ કેટલીક લહેરો વાંકી એટલે પરાવર્તન થઇને અંદર જાયછે. સરળ રેષામાં આવતી લહેરોને લીધે જાસ્તી સંભળાય છે તેથીજ જે બાજુથી ધ્વનિ આવતો હોય તે તરફ આપણે કાન ફેરવીયે છીએ. બહારના કાર્ટિલેજ ઉપર જે લહેરો પડેછે તેમાંથી કેટલીક પરભારી નક્કર કાનની ભીંત મારફત અંદર પહોચેછે. સીધી લીટીમાં લહેર આવે તેની વધારે અસર થાયછે. કાનની સપાટી આડી અવળી તથા ઊંચી નીચીછે અને તેથી જુદી જુદી દિશામાંથી આવતી લહેરોને તે સીધી લીટીમાં ઝીલી શકેછે, અને તેથી સાંભળવામાં સહેલાઇ પડેછે. ધ્વનિની લહેરો કર્ણ પડદા ઉપર પડેછે, ત્યાર પછી મધ્ય કાનના અસ્થિ અને તેની અંદર હવા મારફત અંદરના કાનને પહોચેછે, અને અંદરના કાનમાં શ્રવણ તંતુના ઉપર આ લહેરોના અથડાવાથી શ્રવણ જ્ઞાન ઉત્પન્ન થાયછે.

જમણો કાન.

બહાર અને અંદરના કાનનો દેખાવ.



આકૃતિ ણ.



ભુજાની દ્વીશીર સ્નાયુ (બાઇસેપ્સ) હાથની કડાઇને વળગેલી છે તેના સંકોચાવાથી કોણી વળેછે.

જીભ-સ્વાદ ઇંદ્રી.

(ટંગ)

મોઢા માંહે જીભમાં સ્વાદ ઇંદ્રી વાસ કરેછે. જીભ સિવાય તાળવું, પડજીભી અને ચોળીયામાં પણ સ્વાદ સમજવાની શક્તિછે. સ્વાદ જાણવા માટે જીભની બે જુદી જુદી તંતુછે. એક તંતુ (ગસ્ટેટરી)થી જીભના આગળના ભાગમાં સ્વાદ સમજવાની શક્તિ આવેછે, અને બીજી તંતુ (ગ્લોસોફારીંજીયલ)થી જીભના પાછળના ભાગમાં સદરહુ શક્તિમળેછે.

સ્વાદ સમજવા માટે પદાર્થ જીભને પ્રવાહી સ્થિતિમાં લાગવો જોઇએ, અથવા મોઢા માંહેલા રસમાં ગળી જવો જોઇએ. ત્યારે સ્વાદ સમજી શકાય છે. સ્વાદ બહારના પદાર્થથી ઉત્પન્ન થાયછે, એટલુંજ નહીં પણ રોગ, મનવૃત્તિ તથા વિજળીથી જુદા જુદા સ્વાદ જીભમાં લાગેછે.

જીભ માંસના લોચાની બનીછે. તેની કેટલીક સ્નાયુ "હાઇઓઇડ" અસ્થિ સાથે જોડાએલીછે. અને કેટલીક સ્નાયુ નીચલા જડબાને વળગેલી છે. જુદી જુદી દિશામાંથી સ્નાયુ આવીને જીભની ત્વચાને વળગેછે. તેમનાથી જીભને આગળ, પાછળ, બાજુએ, ઉપર, નીચે, ફરવાની ગતિ પ્રાપ્ત થાયછે. જીભની ત્વચાની રચના ઘણે દરજે બહારની ત્વચાને મળતી છે. તેની ત્વચામાં સુક્ષ્મ અંકુરે (પાપીલી) હોયછે. તેમાં તંતુઓની શાખાઓ દેખાયછે. તેમાંના કેટલાક અંકુર નાના અને કેટલાક મોટા હોયછે. નાના અંકુરે જીભના આગળના અને બાજુના ભાગપર હોયછે. તે ઘણા ઝીણા માલમ પડેછે. મોટા અંકુર આઠ દશ છે. તે જીભના પાછળના ભાગમાં આવા V આકારમાં ગોઠવાયલા છે. જીભનું એપીથીલ્યમ ચપટ અને પાતળું હોયછે.

જીવનગતિ.

(વાઇટલ મોશન)

જીવનગતિઃ—પ્રાણીમાં જે ગતિ જોવામાં આવેછે અને જેને લીધે તેઓ જડપદાર્થથી ઓળખી શકાય છે, તેના મુખ્ય બે પ્રકાર છે. એકતો કેટલીક જગાએ બારીક રૂવાંટાં (સીલ્યા) હોયછે તેની ગતિછે અને બીજી માંસના સાકાના સંકોચાવાથી ગતિ ઉત્પન્ન થાય છે. આ સાકા લાંબા હોય અને તેના બેઉ છેડા જુદા જુદા ભાગોને લાગેલા હોય, અગર એક નળીની આસપાસ ગોળાકારમાં આવેલા હોય, તોપણ તેની કાર્ય સિદ્ધિ એકજ છે, અર્થાત તે ભાગનું ચલન કરેછે.

રૂવાંટાંનીગતિ (સીલ્યરીમોશન):—રૂવાટાં એ અતિશય સૂક્ષ્માકારના કેશ જેવા તાંતણા હોય છે, એની લંબાઈ એક ઇંચના ૫૦૦૦ મા ભાગ જેટલી હોયછે. એ ઘણું કરીને શરીરની અંદરના કેટલાક ભાગની સપાટીના એપીથીલયમ અગર રજકણ ઉપર આવેલા છે, તથા ત્યાં કંપની માફક હાલેછે. મુખ્યત્વે કરીને એ લંબગોળાકાર રજકણપર જોવામાં આવેછે. ક્વચિત્ ગોળાકાર અગર ચપટ રજકણ ઉપર પણ માલૂમ પડેછે, જેમ કે મગ-

છે.

મનુષ્યમાં નાકની અંદર તેમજ શ્વાસ લેવાની સઘળી નળીઓની માંહે, સ્ત્રીના ગર્ભસ્થાન તથા તેની બેઉ નળીઓમાં આવાં રુવાટાં પથરાયેલાંછે. તાજા મૂડદામાંથી આવો કોઈ પણ ભાગ કાઢીને સૂક્ષ્મ દર્શક યંત્રવડે જોયાથી જેવી રીતે ખેતરમાં પવનથી ઘાસ હાલેછે તેમ નિરંતર એ સીલા હાલતા દેખાશે. તેમની આ ગતિ એકજ તરફ જોવામાં આવશે. ઘણું કરીને તેનું વલણ બહારના રસ્તા તરફ હોયછે. આવી ગતિને લીધે જે પ્રવાહી અથવા બારીક પદાર્થ તેમના સંબંધમાં આવે તેને તેઓ બહાર ધકેલેછે. એ ગતિનો મેટો ઉપયોગ આ ધકેલવાની શક્તિ માત્રછે. ધકેલીને તે પદાર્થને યોગ્ય ઠેકાણે પહોંચાડેછે.

આ ગતિ મનના તાબામાં નથી, તેમજ તેનો સંબંધ ગતિતંતુ અગર સ્નાયુ સાથે પણ નથી, એમ સ્પષ્ટ જણાયછે, કારણ કે એ ગતિ મૃત્યુ પછી પણ થોડા કાળસૂધી જારી રહેછે. તેમજ જેને સ્નાયુ અગર તંતુ હોતા નથી એવાં કેટલાંએક અતિશય બારીક પ્રાણીમાં પણ તે જોવામાં આવેછે.

સ્નાયુગતિઃ—સ્નાયુની રચના બે પ્રકારનીછે અને તે ઉપરથી તેમના બે વિભાગ પાડવામાં આવ્યાછે. એક પ્રકારના સ્નાયુ સાદા તાંતણાના બનેલાછે તથા બીજા પ્રકારના સ્નાયુના તાંતણા ઉપર થોડે થોડે અંતરે પટા જોવામાં આવેછે.

પટા વિનાના સ્નાયુના તાંતણા લાંબા હોયછે તથા તેમની અંદર કોઈ વખત ઉપદાણા જોવામાં આવે છે, અને કોઈ વાર કાળા ડાઘ દેખાય છે. આવા તાંતણાનાં રેષા અથવા સાકા આંતરડાં, હોજરી, પેશાબની થેલી, ગર્ભસ્થાન, વાયુનલિકા, અને ધમનિ વગેરેના બાંધામાં આવેછે. પુરૂષના વૃષણની આસપાસ જે ત્વચાછે અને શીતળ પવન અથવા પાણીથી સંકોચાયછે અને ઉપર ચઢેછે તે આવા સ્નાયુ સંકોચનથી થાયછે. ઠંડીને લીધે આપણા શરીર ઉપર જે કાંટા અગર રુવાટાં ઊભાં રહેછે તે પણ આવા તાંતણાને લીધે, કારણ કે ત્વચાની અંદર એ રુવાટાંના મૂળની સાથે આવા તાંતણાનો સંબંધ હોય છે, તે સંકોચાવાથી રુવાટાં ઊભાં રહે છે.

પટાવાળા સ્નાયુઃ—પટાવિનાના સ્નાયુની કૃતિ મનના કબજામાં નથી, પરંતુ પટાવાળા સ્નાયુ ઘણું કરીને મનના તાબામાંછે. હાથ પગ વગેરેના સર્વ સ્નાયુ આ જાતનાછે. તેથી પટાવાળા સ્નાયુને સ્વેચ્છક સ્નાયુ કહેછે અને પટા વિનાના સ્નાયુને નિરિચ્છક સ્નાયુ કહેછે.

દરેક સ્નાયુ કેટલાક સાકાના બનેલા હોયછે. દરેક સાકાની આસપાસ એક પડ હોય છે. તેની અંદર બીજી તેવીજ નાની રેષાની જૂડીઓ હોયછે. છેવટ જે તાંતણા હોયછે તેની આસપાસ પણ એક પડ હોયછે, અને તેનાપર પટા જેવી સમાંતર લીટીઓ દેખાય છે. એની અંદર પણ નાના તંતુઓ હોયછે, અને વળી દરેક તંતુ ચોરસ સૂક્ષ્મ તૂકડાઓનો બનેલો છે. આ તૂકડાઓના સાંધા એ પટાનો દેખાવ આપેછે. પરંતુ પટા જેવો કાંઈ જુદો પદાર્થ નથી. એવા તૂકડા એક ઉપર એક જોડાયલા હોયછે.

સ્નાયુના ગુણઃ—સ્નાયુનો મુખ્ય ગુણ તેમની સંકોચાવાની શક્તિછે. આ ગુણ તેમનો પોતાનોજછે. દરેક તાંતણો સંકોચાયછે, સાધારણ રીતે એમના ઉપર ગતિ તંતુનો

અમલછે તથાપિ ગતિ તંતુ કાપી નાંખી તોએ તે સંકોચાઈ શકેછે. ફકત બહારથી તેને સંકોચાવાનું કારણ મળવું જોઇએ. એમનું પોષણ થવામાં ન્યુનતા થાય તો સંકોચાવાની શકિત પણ કમિ થાયછે, અથવા છેક બંધ પડી જાયછે. ચલન વલન શકિત સિવાય સ્નાયુને જ્ઞાન શકિત પણ હોયછે. પટાવાળા સ્નાયુ સંકોચાયછે ત્યારે લંબાઇમાં જેટલા ટૂંકા થાયછે તેટલાજ જાડાઇમાં અને પહોળાઇમાં વધેછે. કોણી વાળવાના ભુજાના ભાગમાં "દ્વિશિર" સ્નાયુ સંકોચાયછે તે સ્પષ્ટ દેખાઈ આવેછે. દરેક ચપટો તુકડો સંકોચાયછે અને તેથી પટા પાસે આવેલા દેખાયછે. સંકોચાવાથી સ્નાયુ કઠણ થતો લાગેછે, પરંતુ વાસ્તવિક જોતાં સ્નાયુમાં કાંઈ કઠણાશ હોતી નથી. એતો એના પડ વગેરે ભાગો ઉપર જોર પહોચવાથી જણાયછે.

સ્નાયુના વારંવાર સંકોચનથી ગરમી ઉત્પન્ન થાયછે. એકથી બે ડીગ્રી સૂધી વધારે ગરમી ચડેછે. કેટલાક કહેછે કે આ વધારો રસાયની ફેરફાર થવાથી થાયછે, અને કેટલાક કહેછે કે તેના તાંતણાના એક બીજા સાથે થતા ઘર્ષણથી થાયછે. શ્રમ કરવાથી શરીર તપ્ત થાયછે તેનું મૂળ આ ગરમીછે.

સ્નાયુ સંકોચાવાથી એક પ્રકારનો અવાજ નીકળેછે. પટાવાળા અને પટા વિનાના સ્નાયુની રચનામાં ફરકછે એટલુંજ નહી, પરંતુ તેમના ચલન વલનમાં પણ ફરક હોયછે. જો બેઉ જાતના સ્નાયુને આંગળી લગાડીએ, અથવા તેમના ગતિ તંતુને છેડીએ, તો પટાવાળા સ્નાયુ સંકોચાશે અને જે ભાગને લગાડીએ તેજ અને તેટલોજ ભાગ એકદમ સંકોચાશે, અને આંગળી લઈ લીધી કે તરત સંકોચાવુ બંધ પડશે. તેમજ પટા વિનાના સ્નાયુ પણ સંકોચાશે; પરંતુ હળવે હળવે, અને તે વળી આસપાસના સઘળા ભાગપર તેજ પ્રમાણે સંકોચાશે, અને આંગળી લીધા પછી પણ થોડા વખત સુધી તેનું સંકોચાવું જારી રહેછે. વળી તેનું સંકોચન જુદી તરેહનુંછે. કીડો ચાલેછે તેમ તેનો સઘળો ભાગ સંકોચાયછે અને ઢીલો પડેછે. વળી સઘળા પટાવાળા સ્નાયુનું સંકોચન એક રીતનુંછે; પણ પટા વગરના સ્નાયુંનું તેમ નથી. તેમાંની કોઈ સ્નાયુ જલદી અને કોઇ હળવે સંકોચાય છે.

મૃત્યુ થયા પછી થોડી વખત સૂધી સ્નાયુની આ પ્રમાણે સંકોચાવાની શકિત રહેછે, અને ત્યાર પછી એક પછી એક સ્નાયુમાંથી નિયમ પ્રમાણે આ શકિતનો નાશ થાયછે. આ પ્રમાણે સઘળા સ્નાયુની અવસ્થા થયા બાદ તેઓ ખેંચાઇ સંકોચાઇને સખ્ત થાય છે. શરીર, હાથ તથા પગ તે વખત જેવી સ્થિતિમાં હોય તેવી સ્થિતિમાં રહી જાયછે. આ સંકોચન ઘણું સખ્ત હોયછે. કેટલીક વેળા તો એટલું બધું સખ્ત હોયછે કે પગ લાંબો હોય તો તેને વાળવો મુશ્કેલ પડેછે. આ સ્થિતિને આપણે સાધારણ "મડાગાંઠ"ના નામથી જાણીએ છીએ.

આ મડાગાંઠ ઘણું કરીને નિયમસર બંધાયછે. પ્રથમ ગળા અને જડબાના સ્નાયુ સંકોચાયછે, પછી હાથના અને છેલ્લે પગના સ્નાયુ સંકોચાયછે. પાછીજતી વખતે પણ આવી તેજ નિયમ પ્રમાણે મડાગાંઠ જાયછે. મૃત્યુ થયાપછી કેટલીવારે આ મડાગાંઠ થાયછે તેનો બરોબર નિયમ નથી, તોપણ દશમિનિટ પહેલાં અથવા દશ કલાકથી મોડી થતી નથી. તેમજ

વળી મડાગાંઠ કેટલો વખત સૂધી રહેછે તે પણ ચોકસ નથી. જેમ વધારે મોડી આવે તેમ વધારે વખત સૂધી ટકેછે તેમજ જલદી આવે તો ટુંકી મુદત રહેછે.

નબળા પડી ગયેલા સ્નાયુની મડાગાંઠ જલદી બંધાયછે, તથા જલદી છૂટેછે. જેમ ઘણો વખત આજારી રહી ક્ષીણ થઇને જે મનુષ્ય મૃત્યુ પામે તેનામાં મડાગાંઠ જલદી આવે. તેમ વળી બળવાન મનુષ્ય અકસ્માત મરેતો મડાગાંઠ ઘણા કલાક પછી આવે, અને ઘણા કલાક સૂધી જારી રહેછે. સાધારણ રીતે મડાગાંઠ થોડા કલાકથી તે એક બે દિવસ સૂધી રહેછે.

જીવંત અવસ્થામાં વાયે રહી ગયેલા સ્નાયુમાં પણ મૃત્યુ પછી મડાગાંઠ ઉત્પન્ન થાયછે.

પટાવાળા તેમજ પટાવિનાના બેઉ જાતના સ્નાયુને મડાગાંઠ લાગુ પડેછે. જેમ હાથ, પગ વગેરે બહારથી અકડાઈ જાયછે તેમ અંદરથી આંતરડાં, હોજરી વગેરે પણ અકડાઈ જાયછે.

સ્નાયુનું ચલન વલન યાંત્રિક નિયમ પ્રમાણે થાયછે. યંત્રશાસ્ત્રમાં ગતિ આપવાને ત્રણ પ્રકારનાં ઉચ્ચાલન (લીવર્સ) કહ્યાંછે તેજ અહીં લાગુ પડેછે.

યંત્ર શાસ્ત્રની તરેહવાર યુક્તિ જુદા જુદા સંચાઓમાં માલૂમ પડેછે. તેનો બારીકથી વિચાર કરતાં કોઈ જાતની ગતિ ઉત્પન્ન થવામાં ત્રણ વસ્તુની જરૂર જણાયછે, વજન તેને ઉચકનાર બળ, તથા તેને સ્થાનક માટે ટેકો, એવા ઉચ્ચાલનના ત્રણ વિભાગછે. પહેલા વિભાગમાં એક તરફ વજન, બીજી તરફ બળ અને વચમાં ટેકોછે. સાધારણ ત્રાજવાં એનું ઉદાહરણછે. બીજા પ્રકારમાં એક તરફ બળ, બીજી તરફ ટેકો અને વચમાં વજન, જેમકે બારણાને હલાવતાં આ પ્રકાર થાયછે. ત્રીજા વર્ગમાં એક તરફ બોજો બીજી તરફ ટેકો અને વચમાં બળ હોયછે. શરીરનાં જુદાં જુદાં હાડકાં અને અવયવ તે વજન, તેના સાંધા તે ટેકો અને સ્નાયુ એ બળ અગર શકિતને ઠેકાણેછે.

પહેલા પ્રકારના ઉચ્ચાલનમાં સાધારણ ત્રાંજવાની માફક એક તરફ વજન, બીજી બાજુએ જોર અને વચમાં ટેકો હોયછે. સાધારણ રીતે શરીરમાં જુદાં જુદાં હાડકાં એ વજનને મળતાં આવેછે. સ્નાયુ ગતિ અથવા જોર આપેછે, અને ઠેકાણા ઠેકાણાના સાંધા એ ટેકાનો અર્થ સારેછે. આ પ્રકારની શકિત શરીર વાંકું વળેલું હોય તેને ઉચું અથવા સીધું કરતી વખતે કામે લાગેછે. શરીરનો ઉપલો ભાગ તે વજન, જાંગનો ઉપલો સાંધો એ ટેકો અને તેના સંબંધના પાછલા ભાગનાં સ્નાયુ તે જોર. બીજા પ્રકારનું ઉદાહરણ કમાડછે, તે બંધ કરવાથી તથા ઉઘાડવાથી જોવામાં આવશે, એટલે ટેકો એક બાજુએ જોર બીજી બાજુએ, અને વચમાં વજનછે. આજ પ્રતનો શરીરનો દાખલો મોઢુ ઉઘાડતી વખતે મળશે. જડબું વજન, નીચેનો સ્નાયુ જોર અને ઉપરનો સાંધો ટેકાનો અર્થ સારેછે.

ત્રીજા પ્રકારમાં ટેકો અને વજન બાજુએ તથા જોર મધ્ય ભાગે હોય છે. આના દાખલા શરીરમાં ઘણા મળી આવશે; જેમકે ફકત હાથ વાળવો, આંગળાં વાળવાં ઈત્યાદિ. ચાલવું, દોડવું, વગેરે શરીરનાં જે અનેક પ્રકારનાં ચલન વલન થાયછે તે આ માંહેલા એક અથવા વધારે નિયમને અનુસરેછે.

આ નિયમો શરીરની જેટલી ગતિ સ્વેચ્છાથી થઈ શકેછે તેને ઘણું કરીને લાગુ પડેછે. બીજી કેટલીક અંદરના ભાગોની ગતિ આપણા મનના અંકુશમાં નથી, તેને લાગુ પડતા નથી.

શોષણક્રિયા.

(એબસોર્પેશન)

આ ક્રિયા નિરંતરપણે શરીરમાં ચાલેછે. હોજરી અને આંતરડાંમાં પોષક પદાર્થનું શોષણ થાયછે. ફેફસાંની અંદર તેજ ક્રિયાને લીધે હવા શરીરના ભાગોમાં દાખલ થાયછે. તેમજ આખા શરીરમાં નિરૂપયોગી પડેલા પદાર્થનું શોષણ થયા પછી તેઓ પોતપોતાને યોગ્ય સ્થાને પહોચેછે. આ ક્રિયા શીરીતે અને કયા સાધનવડે ચાલેછે તે જાણવું અવશ્યનુછે.

આપણે ખોરાક લઈએ છીએ તે રૂધિરમાં જાયછે. રક્તાશય અગર રક્તનળીઓના દરવાજા કાંઈ ખુલા નથીકે તેમાં એકદમ એ દાખલ થઈ શકે. પરંતુ રક્તનળીઓનું જે પડછે તે ખોરાકના બારીક રજકણોને આકર્ષણ કરી ખેંચી લેછે, અર્થાત તેનું શોષણ કરીલેછે.

શોષણ ક્રિયા ત્રણ સાધનથી થાયછે.

૧ રક્તનળીઓ—જે ત્રણ પ્રકારનીછે ધમનિ, શિરા અને કેશવાહિની તેમની મારફત શોષણ થાયછે. તેમાં મુખ્ય શોષણ કરનાર શિરાછે.

૨ આંતરડાંના સંબંધની લાકટીયલ નળીઓ ખોરાકનું શોષણ કરેછે.

૩ આખા શરીર ઉપર એક પ્રકારની બારીક નળીઓની જાળ પથરાયલીછે તેને "લીંફનળીયો" કહેછે, તેપણ શરીરના કેટલાક રસનું શોષણ કરી તેમને યોગ્ય ઠેકાણે પહોચાડેછે.

કોઈ પણ પ્રકારના રસનું શોષણ થયા પછી તે ચોખ્ખા લોહીમાં એકદમ મિશ્ર થતો નથી. તેનું કેટલીક રીતે મથન થાયછે અને ત્યાર પછી બાકીનો ચોખો ભાગ રક્તમાં જાય છે. ફસમાં જેટલા પ્રકારના રસ જાયછે તેમનું મથન અથવા વ્યવસ્થા ફેફસા અને કલેજામાં થાયછે; અને લીંફ નળી અથવા લાકટીયલમાં જે દાખલ થાયછે તેની વ્યવસ્થા કરવાને જુદીજ "રસપેશી" રહેલીછે.

લાકટીયલ અને લીંફ નળીયો એ બેઉ એકજ જાતિનીછે. તેમાં એક આંતરડાંમાંજ આવેલીછે અને બીજી આખા શરીર ઉપર આવેલીછે. તેમનો હેતુ પણ સરખોજછે, અને તેમની બનાવટ ફસને મળતીછે. તેમના પડમાં સ્થિતિસ્થાપક તંતુઓ અને માંસના સાકા હોયછે અને તેમની અંદર ફસમાં હોયછે તેવાજ પડદા રહેલાછે, જેથી તેમની અંદરનો રસ એકજ તરફ વહે છે, પરંતુ તેથી ઉલટો વહેવામાં અટકાવ થાયછે. તેમની અંદરના રસને ગતિ ત્રણચાર કારણને લીધે મળે છે. એક જે શક્તિથી તે રસ ઉપર આકર્ષણ કરી તેને ચૂસી લેછે તેજ શક્તિ એને ગતિ આપતી હોય એવો સંભવછે. બીજુ આસપાસના ભાગોની હીલચાલ થવાથી તેમના ઉપર દબાણ થાયછે અને તેના રસને ગતિ મળેછે. વળી તેમના પડ માંહેલાં માંસના સાકા સંકોચાવાથી પણ ગતિ મળી શકેછે.

લીંફ અને લાકટીયલ નળીયો પોતાનો રસ અંતઃકરણ તરફ લઈ જાયછે. પરંતુ ત્યાં

લેઈ જતાં રસ્તામાં તેમનો એક અથવા વધારે ગાંઠ સાથે સંબંધ થાયછે. આવી ગાંઠોને "લીંફ ગાંઠ" અગર "રસપેશી" કહેછે. આ ગાંઠો શરીરને ઘણીજ હિતકારકછે, કારણ કે જેટલો રસ તેમાં આવેછે તેમાં ઉત્તમ પ્રકારના ફેરફાર થાયછે તથા તે રસમાં જે નુકશાનકારક પદાર્થ હોયછે તે દૂર થાયછે. આવા યોગ્ય તથા હિતકારક ફેરફાર થયા પછી તે રસ સ્વચ્છ અને ઉત્તમ પ્રતિનો થાયછે. આવી લીંફ ગાંઠમાંથી આગળ રક્તાશય તરફ જવા સારૂ તે બીજી નળીમાં વહેછે. આવી રસપેશી શરીરના જુદા જુદા ભાગો ઉપર આવેલીછે જેમકે જાંગના મૂળમાં, કાખમાં, ગરદનમાં, પેટમાં, ઇત્યાદિ. ઘણું કરીને નીચે ઘૂટણસુધી તથા ઉપર કોણી સુધી આ ગાંઠો જોવામાં આવેછે, તેથી નીચે હોતી નથી. લીંફમાં જે પરમાણુંઓ હોયછે તે હલકી પ્રતિના હોયછે પણ તેઓ આવી ગાંઠમાં દાખલ થયા પછી ઘડાઇને ઉત્તમ પ્રતિના લોહીના પરમાણું સરખા થાયછે.

લાકટીયલ નળીમાં રસ હોયછે તેને "કાઇલ" કહેછે અને લીંફ નળીમાં હોયછે તેને "લીંફ" કહેછે. લીંફ નિર્મળ અને સ્વચ્છ દેખાયછે તથા કાઇલ ધોળી તથા દૂધ જેવી ઘટ જણાયછે, કારણ કે તેમાં ચરબીના પરમાણું વધારે હોયછે.


લાકટીયલ કઈ રીતે શોષણ કરેછે તે હજુ બરોબર સમજાતું નથી. આંતરડાંની સપાટી ઉપર લાકટીયલ તથા રક્તનળીઓ પથરાયલીછે, તે બેઉ ખોરાક જેમ જેમ પાચન થતો જાયછે તેમ તેમ તેને ચૂસી લેછે. રક્તનળીઓ કોઇપણ જાતિના ખોરાક અને પાણીને ચૂસી લેછે. પણ લાકટીયલ મુખ્યત્વે કરીને ચરબીવાળા ખોરાકનેજ પસંદ કરી ચૂંટી લેછે.

કાઇલ અને લીંફના ગુણઃ—લાકટીયલની અંદરનો રસ કાઇલ નામે ઓળખાયછે. તે પાચનક્રિયા ચાલતી ન હોય ત્યારે સ્વચ્છ અને પારદર્શક જણાયછે પરંતુ પાચનક્રિયા જ્યારે આંતરડાંમાં ચાલતી હોય ત્યારે તે ધોળા દૂધ જેવો દેખાયછે. આ પ્રમાણે રંગ બદલવાનું કારણ તેની અંદર તે વખતે ચરબીના પરમાણું આવેછે તેને લીધે થાયછે, અને જે પ્રમાણમાં આવા ચરબીના પરમાણું વધારે અથવા ઓછા હોય તે પ્રમાણે તે વધારે ધોળો અને ઘટ અથવા તેથી ઉલટો હોયછે. માંસાહારી પ્રાણીની કાઇલ ઘટ હોય છે. ઝાડપાન ખાનારાની સમધાત તથા પક્ષીઓની કાઇલ છેક પાતળી જોવામાં આવેછે.

લાકટીયલની અંદરના રસમાં ફક્ત ચરબીના પરમાણું રહેછે. એનામાં થીઝી જવાનો ગુણ નથી. જેમ એ રસ આગળ ચાલેછે, તેમ એનામાં સારા ફેરફાર થતા આવે છે. લીંફગ્લાંડની મદદથી તેમાં સુધારો થાયછે. ચરબીના રજકણો ઓછા થઇ જઇ તેની જગાએ પુષ્કળ બીજાં રજકણો ઉત્પન્ન થાયછે, આ નવા રજકણોને "કાઇલરજકણો" એવું નામ આપેલુંછે. તેમજ વળી એ રસ પણ બદલાઇ જાયછે. પહેલાં એનામાં થીઝવાની શક્તિ હોતી નથી અને હવે પોતાની મેળે થીઝી જાયછે, તથા રક્તની માફક બંધાઇ જાયછે. હજુ વધારે આગળ ચાલી "ઉરોનળ"માં થઈ રક્તની સાથે મિશ્ર થાયછે. જેમ જેમ તે રક્તની નજીક આવેછે તેમ તેમ તેના ગુણ ઘણાખરા લોહીને મળતા થઇ જાયછે. જે કાઇલ રજકણો છે તે લોહીના ધોળા રજકણોની પદ્ધીએ પહોચેછે.

લીંફ સાધારણ ચોખ્ખું અને પારદર્શક પ્રવાહી છે, એ વાસ અને સ્વાદ વિનાનુંછે.

હાથની લીંફ નળીઓનો દેખાવ. કોણી ઉપર
અને કાખમાં તેના રસપિંડ દેખાયછે.



એની અંદર પ્રથમ કોઈપણ પ્રકારના રજકણો જોવામાં આવતા નથી. પરંતુ લીંફગાંઠની અંદર આવ્યા પછી નવા રજકણો તેમાં ઉત્પન્ન થયેલાં દેખાયછે. એનામાં ચરબીના પરમાણું બીલકુલ હોતા નથી. લીંફ પણ જેમ જેમ રક્તને મળવા તત્પર થાયછે તેમ તેમ તેના સર્વ ગુણ રક્તજળને અનુસરતા થતા આવેછે.

આ ઉપરથી એમ જણાયછે કે કાઇલ અને લીંફમાં ફરક એટલોજ કે કાઇલમાં પ્રથમ ચરબીના રજકણ હોયછે અને લીંફમાં હોતાં નથી. આ બેઉનું પ્રથક્કરણ કરતાં માલમ પડેછે કે તેમાં પાણી, આલ્બ્યુમીન, ફીબ્રીન, ચરબી, ખાર અને બીજા પરચૂરણ પદાર્થ લોહીની માફક રહેલાછે, એમની રચના લોહીને લગતીજ છે. રસાયણી અને સૂક્ષ્મ તપાસથી માલમ પડેછે કે કાઇલ અને લીંફનું લોહી બનેછે. તેમના રજકણોમાંથી અંતે લોહીના રાતા ધોળા રજકણો નીપજે છે. એ બેઉ પ્રવાહી દરરોજ દરેક પ્રાણીને જોઇએ તેટલા પ્રમાણમાં પેદા થાયછે.

જેમ કાઇલ પાચન થયેલા ખોરાકમાંથી આવેછે તેમ લીંફ ક્યાંથી આવેછે? આખા શરીર ઉપર રક્ત નળીયો પોષણ આપવા જાયછે. તેમની અંદરથી પોષણ સારૂ રસ બહાર પડેછે તેમાંથી પોષણને ઉપયોગી પડે તેટલો ભાગ બાદ કરી બાકીનો લીંફ રૂપે રક્તમાં પાછો જાયછે, પરંતુ બહાર પડ્યા પછી અશુદ્ધ થાયછે તેથી શુદ્ધ થવા સારૂ "લીંફ ગ્લાંડ," ફેફસાં, વગરેમાં તેને ફરવું પડેછે.

રક્ત નળીયોથી થતું શોષણઃ—આ નળીયો માંહેની ત્રણે પ્રકારની નળીયો આ કામમાં લાગુછે. પરંતુ મુખ્યત્વે કરીને કેશવાહિનીઓ અને ફસમાં એ ક્રિયાનું જારતી પ્રબળછે. શોષણ થયેલા પદાર્થ ફસમાં જોવામાં આવેછે તે ઉપરથી ફસજ એ કામ કરેછે એમ ધારવું ભૂલ ભરેલું છે. લીંફ અને લાકટીયલ નળીયો જે પદાર્થને ચૂસી લેછે તેમાં કાંઇ "સ્વઇચ્છ સ્વીકારતા રહેલછે; એટલે કે તેમની અંદરની લીંફ અને કાઇલની રચના હમેશાં એક સરખીજ હોયછે. તેમાં કમી જાસ્તી અગર ન્યૂનાધિક વસ્તુ મળી આવતી નથી. અર્થાત્ એમ ધારીયે કે અમુક જાતિના પદાર્થ તે નળીના પડમાં દાખલ થઈ શકેછે અથવા તે પડ ફક્ત અમુક પદાર્થ ઉપર આકર્ષણ કરેછે; પણ રક્ત નળીઓ જે જે પદાર્થનો સ્વિકાર કરેછે તેમાં કાંઇ ચોકસ જાતિનો ભેદ રહેતો નથી. કોઇપણ પદાર્થ, હવા, પ્રવાહી, અગર જડ પદાર્થ જે પાણીમાં મળી જાયછે, તે તેમની અંદર દાખલ થઇ શકેછે. શરીરના જુદા જુદા ભાગમાં ઝેરી પદાર્થ નાખવામાં આવે તો તે ઝેર તે ભાગની લીંફ અગર લાકટીયલ નળીમાં નહી, પણ રક્તનળીમાં જતું માલમ પડેછે. લીંફ અને લાકટીયલ નળીયો જે પદાર્થ લોહીને અવશ્યના હોયછે તેને ચૂસી લેછે પણ રક્ત નળીયોમાં કોઇપણ પ્રકારનો પદાર્થ પ્રવેશ કરી શકેછે.

રક્ત નળીયોની ચૂસવાની શક્તિ તેમના પડની "છિદ્રાવસ્થા" ઉપર આધાર રાખે છે. એક ધમનિ અગર ફસનો કડકો અંદર રૂધિર સુધાં તેનાં તેના બેઉ છેડા બાંધી પાણી ભરેલા વાસણમાં મૂકીયે, તો થોડી મુદતમાં પાણી તે નળીની અંદર દાખલ થયેલું માલમ પડશે;તથા લોહીનો ભાગ બહાર આવેલો જણાશે, કારણ કે પાણી લાલ થઈ જશે

તથા લોહી પાતળું થશે. આ એક સ્વભાવિક નિયમજછે. તે શરીરના પ્રવાહીને પણ લાગુ પડેછે.

વળી હવા પણ લોહીમાં દાખલ થાયછે. જો એક ફેફસને ઉઘાડી મૂકીયતા થોડી વખતમાં હવાનો ઓક્સીજન તેના પડમાંથી અંદર જઈ અંદરના લોહીને લાલ સુરક કરી નાંખશે તેમજ તેની અંદરની વરાળ અને કાર્બાનિક આસિડ બહાર પડશે. આ સ્વભાવિક નિયમ એવો છે કે કોઈ પણ એક અવયવના પડમાંથી અંદરની ચીજ બહાર જાય અને બહારની અંદર આવેછે. ફકત તે પડને સૂક્ષ્મ છિદ્ર હોવા જોઇએ, અને તેની અંદર અને બહારના બેઉ પદાર્થ હવા અથવા પ્રવાહી રૂપમાં હોવાં જોઇએ, તથા તે બેઉ ભારે હલકાં હોવાં જોઇએ. જો બેઉ એકજ ગુરૂત્વનાં હોય તો એ પ્રમાણે અદલાબદલી નહિ થાય. એ બેઉમાં જે પદાર્થ હલકો હોય તે વજનદારની તરફ વધારે જલદીથી ખેંચાય છે. પાણી અને લોહી એ બેની વચ્ચે પાણી લોહી તરફ વધારે ઝડપથી જવા માગે છે. એક ફુક્કામાં સાકરવાળું પાણી ભરી તેને બાંધીને સાદા પાણીના વાસણમાં મૂકીયે તો થોડા વખત પછી માલમ પડશે કે ફુક્કા માંહેનું પાણી બહાર આવીને ગળ્યું થાયછે અને સાદુ પાણી ફુક્કામાં જાયછે. આ ક્રિયાને "અંતર મિશ્રણ" કહેછે.

આ વ્યાપાર શરીરમાં પણ ચાલેછે; કારણ કે એક તરફ રક્ત, વચમાં નળીનું પડ અને બીજી તરફ બહારનું કંઈ હવા અથવા પ્રવાહી પદાર્થ હોયછે. આવો વ્યાપાર શા કારણથી થાયછે? કેટલાક વિદ્વાન ધારેછે કે રસાયણી આકર્ષણથી આ વ્યાપાર ચાલેછે. તે બરાબર ચાલવા સારૂ વચલું પડ પાતળું જોઇએ. એમ નહીં હોય તો એ ઘણીજ મંદ રીતે ચાલે છે. અંતર મિશ્રણથી લોહીમાંનો પૌષ્ટિક પદાર્થ શરીરના વિવિધ ભાગોમાં જાયછે. શરીરના રદ પડેલા પદાર્થ લોહીમાં તથા લીંફ નળીઓમાં પ્રવેશ કરેછે. તેનેજ લીધે જઠરમાંથી ખોરાક લોહીમાં જાયછે, તથા ફેફસાંનું લોહી કાર્બાનિક આસિડ આપી દઈ આક્સીજન ગ્રહણ કરેછે.

રસોત્પાદક ક્રિયા.

(સીક્રીશન.)

શરીરમાં રસાદિક પદાર્થો જે ક્રિયાથી પેદા થાયછે તેને **રસોત્પાદક ક્રિયા** (સીક્રીશન) કહેછે. એવા પદાર્થ પેદા થયા પછી શરીરના કોઈ પણ ભાગને તે ઉપયોગી થઈ પડેછે, અગર નીરૂપયોગી હોય તો બહાર પડેછે. જે પદાર્થ એ પ્રમાણે ઉપયોગી પડેછે તેને **ઉપયોગી રસ** કહેછે અને જે નિરૂપયોગી હોયછે તેને મેલ અગર **નિરૂપયોગીરસ** (એક્સક્રીશન) કહેછે. શરીરના ઉપયોગી રસ થૂંક, જઠરરસ, પિત્ત, શુક્ર આંતરાંમાં થનારા કેટલાક રસ ઇત્યાદિછે. નિરૂપયોગી રસ જેવા કે—મૂત્ર, પરસેવો, વરાળ, કાર્બાનિક આસિડ અને આંતરડાંમાં થતા કેટલાક રસ ઈત્યાદિછે.

ઉપયોગી રસ લોહીમાં તૈયાર થયેલા હોતા નથી પણ એમને પેદા કરવાને અગત્યના સંચાઓ રચેલા હોયછે. જેમકે પિત્તને વાસ્તે કલેજું, દૂધને વાસ્તે સ્તન, ઇત્યાદિ. મેલ અગર નિરૂપયોગી પદાર્થ જેવાકે કાર્બાનિક આસિડ વગેરે રક્તમાં તૈયાર હોયછે, અને ફકત તેને જુદા પાડવાનું કામજ બાકી હોયછે. વળી કોઈ પણ એક ભાગનો ઉપયોગી રસ

થતો બંધ પડે તો તે બીજે ઠેકાણે દેખાતો નથી; પરંતુ કોઈ પણ પ્રકારનો મેલ થતો બંધ પડતો તે બીજે કોઈ પણ દ્વારે બહાર પડેછે, નહીંતો શરીરને નુકશાન પહોંચેછે.

આ ક્રિયા ચલાવનાર જે જે જગાએ જે જે અવયવોછે તેઓને એ કામને માટે ત્રણ ચીજની જરૂરછે. **પ્રથમપડ, રજકણ** અને **રક્તનળ** એ ત્રણે એકઠા મળીને કેટલીક જગાએ પિંડના રૂપમાં અને કેટલીક જગાએ પડના આકારમાં રહેલા છે.

અ. પડ:—કેટલાક પ્રકારના રસની ઉત્પત્તિનો આધાર પડપર છે. એવાં પડ ચાર પ્રકારનાંછે, **રસપડ, સ્નિગ્ધ પડ, શ્લેષ્માવરણ** અને **ચામડી.**

રસપડ:—(સીરસમેંબ્રેન) શ્વેતતંતુમય હોયછે, તેની એક તરફ કેશવાહિનીઓની જાળ હોયછે તથા તેની સપાટી ઊપર ચપટ એપીથીલ્યમનાં પરમાણું જડેલાછે. મુખ્યત્વે કરીને આ પરમાણુંઓ ઉપરજ તેમાં થતા રસનો આધારછે. જે જે ઠેકાણે રસ અને સંધિપડ છે ત્યાં ચોતરફ તેઓ બંધ હોયછે. આ નિયમને એક અપવાદ છે. પેટ માહેલા રસપડની સાથે સ્ત્રી જાતીમાં "ફ્લોપીયન" નળી સંબંધ રાખેછે, અર્થાત એ પડનો **બંધજ** એ જગાએ ખુલ્લો છે. આ ખુલાસાને લીધે કોઈ વખત સ્ત્રીનો ગર્ભ પદભ્રષ્ટ થઇ ગર્ભ-સ્થાનમાં ઉત્પન્ન ન થતાં આ પડની અંદર નિર્માણ થાયછે અને તેથી માઠું પરિણામ નીપજે છે. છાતી, પેટ, ખોપરી વગરે માંહેના અવયવોની હીલચાલ સહેલી કરવા સારૂ તેમની આસપાસ જે પડછે તેને રસપડ કહેછે. અંદરની સામસામેની બેઉ બાજુ ઉપર એ પડ આવેલુંછે, એટલે તે અવયવ અને તેની દીવાલ બંનેનુ અસ્તર કરેછે. તંદુરસ્ત અવસ્થામાં જેટલો રસ પેદા થાયછે તે ફક્ત બેઉ બાજુને ભીની રાખવાને પૂરતો હોય છે. બેઉ બાજુ એક બીજાને લગોલગ રહેછે. કેટલીક વખતે દરદને લીધે એ પડની અંદર રસનો વધારો થઈ ભરાઇ રહેછે અને તેથી જે ભાગમાં તે રસ હોય તે ભાગ ફુગેલો તથા મોટો દેખાયછે. જેમકે પેટ આ પ્રમાણે ઘણી વખત મોટું ફૂલી ગયેલું જોવામાં આવેછે તેને જલંદરનો રોગ કહેછે.

સાધારણ તનદુરસ્તીમાં જે સ્વભાવિકપણે થોડો રસ થાયછે તે રક્તદ્રવ જેવોજ હોય છે. એ રસ જરા પીળાશપર ચીકટ તથા ખારના ગુણનો હોયછે. આ રસ **સીરમ**ને મળતો છે તે ઉપરથી એમ ધારવામાં આવેછે કે એ ફકત લોહીની નળીમાંથી નીતરીને નીકળતો હશે, એને પેદા કરવામાં કાંઈ બીજી ક્રિયાનો બ્યપાર ચાલતો નથી. પરંતુ મગજની અંદર તથા આસપાસ જે રસ રહેછે તેની ઉત્પત્તિમાં કાંઈ ક્રિયાનો ખરચ થાયછે કારણ કે તેની અને રક્તદ્રવની વચે ઘણો ફરકછે.

સઘળા સાંધાની અંદર રસ પેદા કરવાને જે પડ હોયછે તેને **સંધિપડ** અથવા **સ્નિગ્ધપડ** (સાઇનોવ્યલમેંબ્રેન) કહેછે. આ પડ હરેક સાંધાની અંદર આચ્છાદન કરેછે અને તે ચોતરફ બંધ હોયછે. સાંચાઓના સાંધાને જેટલી તેલની જરૂરછે તેટલી શરીરના સાંધાને બીન હરકત ચાલવાને આ પડથી ઉત્પન્ન થતા **સંધિરસની** જરૂરછે. સંધિરસ અથવા **સ્નિગ્ધરસ** ચીકટ, ઘટ, તથા તેલ જેવો પીળા રંગનો પ્રવાહીછે. તેમાં આલબ્યુમીનનો ભાગ સારો પડેછે. સ્નિગ્ધ પડની રચના રસપડ જેવીજ હોયછે.

શ્લેષ્માવરણ(મ્યુકસમેમ્બ્રેન):—મોઢું, નાક, આંતરડાં, યોનિ વગેરે જે શરીરના અંદરના ભાગ બહારની સાથે સંબંધ રાખેછે તે ભાગોનું આચ્છાદન આ નામથી ઓળખાય છે. આ પડ નાજુક મખમલ જેવું હોયછે. આ પડની સપાટી ઉપર એપીથેલીયમના એક અથવા એકથી વધારે થરનું અસ્તર હોયછે. શરીરના જુદા જુદા રસ્તા ઉપર આ પડ છે તે પ્રમાણે તેના ત્રણ વિભાગછે. તેને આરદ્રત્વચા પણ કહેછે.

૧ ખોરાકના રસ્તા ઉપર—મોઢામાંથી અન્નનળમાં થઈ હોજરી અને આંતરડાંને છેવટે પૂંઠ આગળ તેનો છેડો આવેછે. આ મોટા રસ્તાની સાથે સંબંધ રાખનારી આજુબાજુની નળી તથા નાના પ્રકારના દ્વારમાં તેના ફાંટા પ્રવેશ કરેછે.

૨ શ્વાસ લેવાના રસ્તા ઉપર—આ પડ નાકમાં શરૂ થઈ કંઠનળી તથા પવન નળીમાં થઈને ફેફસામાં જાયછે.

૩ પેશાબના સઘળા રસ્તા ઉપર તથા આસપાસ સ્ત્રી પુરૂષના ખાસ અવયવો ઉપર આ પડ આવેલું છે.


આ જુદા જુદા રસ્તા ઉપરના શ્લેષ્માવરણની રચનામાં કેટલોક તફાવત રહેલોછે. તોપણ સઘળી જગાએ આ ત્રણ ચીજની અવશ્યતાછે. પ્રથમપડ, તેની એક બાજુએ લોહીની કેશવાહિનીઓ તથા બીજી બાજુએ એપીથીલ્યમ હોયછે.

પ્રથમ પડ (બેસમેંટમેંબ્રેન):—આ પડ અતિશય પાતળું એક સરખું પારદર્શક શ્વેત તંતુમય અને સાદું છે. બીજા પિંડ તથા સાંચાઓ જેનું કામ કોઈ પણ પ્રકારનો રસ ઉત્પન્ન કરવાનું હોયછે તેમાં પણ આ ત્રણ વસ્તુની જરૂર રહેછે. સાદી સરળ સપાટી ઉપર જે પરમાણુ હોયછે તેને એપીથીલ્યમ કહેછે અને પિંડની સૂક્ષ્મ નળીઓની અંદર પણ તેવાંજ રજકણ હોયછે, તેમનું કામ અને રચના ઘણેક દરજ્જે સરખાંજ રહે છે. કેશવાહિનીઓ માંહેલા લોહીમાંથી આ પરમાણુઓ પોતપોતાનો ખાસ રસ પેદા કરે છે. આ પરમાણુ ઘણા અગત્યનાં છે. માટે તેમને વિષે બે શબ્દ બોલવાની જરૂર જણાયછે. એપીથીલ્યમના પરમાણુની જુદી જુદી ચાર જાતિછે.

૧ ચપટ એપીથીલ્યમ:—આ પ્રકરનાં પરમાણુઓ તેમનાં નામ પ્રમાણે ચપટ અથવા બેઠેલાં હોયછે, તે કેટલીક જગાએ ગોળાકાર હોયછે. નહિતો ત્રિકોણી, ચોખૂણી અથવા બહુખૂણી જણાય છે. આ ચપટ એપીથીલ્યમ ચામડીઉપર, મોઢામાં, અન્નનળ, આંખ, યોનિ, વગેરે જગા ઉપર આવેલું છે. રસ અને સંધિપડ ઉપરપણ એજ રહેલુછે.

૨ ગોળાકાર એપીથીલ્યમ:—આનાં પરમાણું ગોળ હોયછે તથા તે સર્વ પિંડ અને તેમની નળીઓમાં રહેછે. તે ઉપરથી એને **પિંડરજકણ** પણ કહેછે. રસ પેદા કરવાની શક્તિ આ પરમાણુની છે. જ્યારે એકજ સપાટી ઉપર ઠેકાણે ઠેકાણે જુદા જુદા પ્રકારના એપીથીલ્યમ હોયછે ત્યારે તેમની સરહદ એક ચોકસ હોતી નથી પરંતુ આસ્તે આસ્તે એક જાતિનું એપીથીલ્યમ બીજી જાતિમાં ભળી જાયછે.

આકૃતિ ૧૭. લંબગોળાકાર એપિથીલ્યમ.



નાના આંતરડા માંહેલા લંબાકાર એપીથીલ્યમના પરમાણુ.
1 એપીથીલ્યમનો ઉપદાણો,
2 પ્રથમપડ.

૩ લંબગોળાકાર એપીથીલ્યમઃ— આ એપીથીલ્યમ હોજરીમાં થઇને સઘળાં આંતરડાં અને તેમની સાથે જોડાયેલી નળીયોને લપેટેછે. પુરૂષના ગમન કરવાના તથા એના અને સ્ત્રીના મૂત્રમાર્ગ ઉપર આવું એપીથીલ્યમ છે. આ પરમાણુઓ લાંબા હોયછે તેથી તેના બે છેડા જણાયછે. એક છેડો પાતળો તે પ્રથમ પડ ઉપર રહેછે તથા બીજો જાડો છેડો છૂટો રહેછે. એના મધ્યમાં એક ઉપદાણો જોવામાં આવેછે. (આકૃતિ ૧૭.)


આકૃતિ ૧૮.



એપીથીલ્યમના પરમાણુ જડાયેલ હોય ત્યારે તેમનું તળીઉ આવું હોય છે.

આકૃતિ ૧૯.

સીલ્યાવાળું એપિથીલ્યમ.



લંબાકાર રૂવાટાંવાળા એપીથીલ્યમના પરમાણુ નાકની અંદર હોય છે.

૪ ચોથી જાતિના એપીથીલ્યમનો આકાર લંબગોળજ હોયછે. પરંતુ દરેક પરમાણુના શિખર ઉપર બારીક લાળ અથવા કેશ જેવા કાંટા રહેલા છે. તે નિરંતરપણે ડોલેછે. આ તેમની ગતિ એટલે ડોલવું ચમત્કારિકછે, અને તે કેમ ઉત્પન્ન થાયછે તે જણાતું નથી.

આ પ્રકારનું એપીથીલ્યમ આખા શ્વાસના રસ્તા ઉપર તથા સ્ત્રીના ગર્ભસ્થાન અને તેની બેઉ નળીયોમાં જોવામાં આવેછે. તે રૂવાંટાંને સીલ્યા કહેછે. (આકૃતિ ૧૯.)

આ સઘળી જાતિના એપીથીલ્યમ જે જગા ઉપર રહેછે તેનું રક્ષણ કરેછે તથા તેને સફાઈ આપેછે. વિશેષે કરી તે કેટલાક પ્રકારનો રસ પેદા કરેછે.

ત્વચા-ચામડી.


(સ્કીન)

ત્વચાથી શરીરના ભાગોનું રક્ષણ થાયછે, તેની મારફત સ્પર્શજ્ઞાન થાયછે, પરસેવા નીકળેછે, અને કિંચિત શોષણ (બાહ્ય પદાર્થનું) પણ થાયછે.

ત્વચાના બે પડછે. ઉપરના પડમાં ચપટ કઠણ એપીથીલ્યમ છે અને નીચે ખરી ત્વચા છે. ખરી ત્વચામાંહે પરસેવાના પિંડ, કેશનાં મૂળ, સ્નીગ્ધાપિંડ અને સ્પર્શાંકૂર હોયછે.

ઉપત્વચા અથવા ઉપરની ત્વચામાં ચપટ એપીથીલ્યમના કેટલાક થર હોયછે. તેના અંદરના થરમાંહેલા રજકણમાં રંગ હોયછે. તેપર જુદી જુદી ત્વચાના રંગનો આધાર છે. નીચેથી પેદા થઈ જેમ એપીથીલ્યમના થર ઉપર આવતા જાય તેમ વધારે કઠણ અને ચપટ થતા થાયછે. બ્લીસ્ટર મારવાથી જે ભાગ ઉપડેછે તે ઉપત્વચાનો સમજવો. જે ભાગ વધારે વપરાય ત્યાં ઉપત્વચા જાસ્તી કઠણ અને જાડી હોયછે.

આકૃતિ ૨૦. ત્વચાની રચનાનો સૂક્ષ્મદર્શકથી દેખાવ.



૧ ઉપત્વચાનો કઠણ થર.
૨ ઉપત્વચાનો નીચલો થર જેમાં રંગીન પદાર્થ હોયછે.
૩ સ્પર્શાંકુરવાળો થર.
૪ ત્વચાનું સંયોજક પદાર્થ.
૫ ચરબી.
૬ સ્વેદનળીનો ફરતો ભાગ.
૭ સ્વેદનળીનો સરળભાગ.
૮ સ્વેદનળીનો ગુંચળાવાળો છેડો.
૯ કેશનો ભાગ.
૧૦ કેશનું મૂળ.
૧૧ સ્નાગ્ધપિંડ.

ખરીત્વચામાં રેષામય પદાર્થ હોયછે. અને તે સ્થિતિસ્થાપક બરડછે, તેથી ચામડીને ખેંચી શકાયછે અને લાંબી ટૂંકી થાયછે. તેની હેઠળ ચરબીનો થર હોયછે. તેની સપાટીમાં સર્વ સ્થળે સ્પર્શજ્ઞાન હોયછે. તેનાપર સૂક્ષ્મ સ્પર્શાંકૂર પથરાએલાછે. તેના ઉપર સ્પર્શજ્ઞાનનો આધારછે. દરેક સ્પર્શાંકૂર સુમારે એક ઇંચનો $\frac{1}{100}$ ભાગ લાંબો હોયછે. તેમાં કેશવાહિનીઓ તથા જ્ઞાનતંતુના તાંતણા હોયછે. અંકુરનો છેડો એક હોયછે, અથવા તેની શાખાઓ થાયછે. કેટલેક ઠેકાણે જેમકે હથેળીમાં આ અંકૂર ઘટ પથરાએલ હોયછે. અને બીજે ઠેકાણે કમી હોયછે. તેથી હાથ કરતાં પગનું સ્પર્શજ્ઞાન થોડું હોયછે, તે હારબંધ ગોઠવાયલ હોયછે.

પરસેવાના પિંડઃ—સ્પર્શાંકુરના વચલા માર્ગમાં પરસેવાના પિંડનાં મુખ હોય છે. ત્વચા તળે ચરબીની અંદર તેની નળીનું એક ગુંચળું હોયછે. તેમાંથી પરસેવો પેદા થાય છે, તેની નળી ઉપર ત્વચાની સપાટી ઉપર પહોંચેછે, તે વાટે પરસેવો બહાર પડેછે. આ નળી સરળ અથવા ફરતી હોયછે. દરેક ગુંચળાની આસપાસ કેશવાહિનીયોની જાળ હોયછે. પરસેવાના પિંડ આખા શરીરપર હોયછે. હથેળી અને કાખમાં વધારે હોયછે. હથેળીના દરેક ચોરસ ઇંચમાં ૨૫૦૦ થી ૩૫૦૦ પિંડ હોયછે.

સ્નીગ્ધ પિંડમાંથી ચરબી જેવો સ્નીગ્ધ પદાર્થ પેદા થાયછે. જ્યાં કેશ વિશેષ ત્યાં આ પિન્ડ વધારે જોવામાં આવેછે. તે કેશના થડમાં હોયછે. ઘણી વાર તેની નળી કેશ માર્ગમાંજ ઉઘડેછે, અને કોઈ ઠેકાણે ત્વચા ઉપર કેશના થડમાં ઉઘડેછે.

કેશઃ—કેશ અને નખ ઉપત્વચામાંથી બનેછે. દરેક કેશ કઠણ એપીથીલ્યમનો બને-

લોછે. તેનાં બહારનાં રજકણ એક ઉપર એક ઘરનાં નળીઆંની માફક ગોઠવાયલાં હોય છે, અને અંદરનાં રજકણ લાંબા તાંતણા જેવાં હોયછે. ત્વચાની અંદર જાણે એક ખાડો હોય તેમાંથી કેશ ઉગેછે. આ ખાડો ઉપત્વચામાંથી છેક ચરબીના થર સુધીઊંડો જાયછે. તેની બાજુપર ઉપત્વચા જેવાંજ એપીથીલ્યમનાં રજકણ હોયછે. તેને તળીએ એક અંકૂર હોયછે. તેમાંથી કેશની વૃદ્ધિ થાયછે. આ ખાડાને **કેશઘ્ર** કહેછે.

નખઃ—એ પણ ઉપત્વચાનીજ પેદાશ છે. ઉપત્વચાનાં રજકણ કઠણ થવાથી નખ થાયછે. તેની તળે ખરી ત્વચા હોયછે. અંદરનાં રજકણ પોચાં અને મોટાં હોય છે. અને ઉપરનાં રજકણ ઘણાંજ કઠણ અને ચપટ હોયછે.

ત્વચામાંથી બે પ્રકારના પદાર્થ નીકળેછે. એક **પરસેવો** અને બીજો **સ્નીગ્ધ પદાર્થ.**


સ્નીગ્ધ પદાર્થ કેશઘ્ર અને સ્નીગ્ધ પિન્ડમાંથી નીકળેછે. તે ચીકણો ચરબીના વર્ગનો છે. તેને લીધે ત્વચા કુણી રહેછે. અને લોહી પણ ચોખ્ખુ થાયછે.

પરસેવો પાણી જેવો હોયછે, તે બહાર નીકળેછે, તેમ તેની વરાળ થઈ ઉડી જાય છે તેથી તે માલમ પડતો નથી. તેને "અદ્રસ્ય પરસેવો" કહેછે.જ્યારે શ્રમ અગર ગરમીને લીધે બહુ પરસેવો નીકળે ત્યારે તે દેખાય છે. તેને "દ્રસ્ય પરસેવો" કહેછે. પરશેવામાં પાણી સિવાય કેટલાક ક્ષાર અને કારબોનિક આસિડ હોયછે. પરશેવો દરરોજ કેટલો નીકળેછે, તેનો ક્યાશ કરવો મુશ્કેલ છે. કારણકે તે એકઠો થઈ શકતો નથી. તો પણ કેટલીક અજમાયશ ઉપરથી એમ માલમ પડ્યુંછે કે ચોવીસ કલાકમાં સુમારે ૨½ શેર પાણી પરશેવાના રૂપમાં બહાર પડેછે, ઋતુ, શ્રમ, વ્યાધિ, અને બીજાં કારણો અન્વયે પરશેવો વધારે ઘટારે નીકળેછે.

ત્વચામાં શોષણ કરવાની શક્તિ છે. તે તો અનુભવ પરથી માલમ પડેછે. કેટલીક દવા આ રીતે શરીરમાં પ્રવેશ કરેછે. પ્રવાહી અને વાયુ પણ તેજ રીતે ત્વચા મારફત લોહીમાં જઈ શકેછે. સ્વભાવિક ત્વચા કાંઈ હવાનું શોષણ કરેછે, એમ અનુમાન થાયછે.

ખ. પિંડ પેશીઃ—રસ પેદા કરનારી પિંડ દ્વારવાળી અને દ્વાર વિનાની એવી બે પ્રકારની હોય છે.

આકૃતિ ૨૧. **રસોત્પાદક ક્રિયા માટે જુદા જુદા પ્રકારના પિંડની રચના.**



1 સાદી પિંડ તે નળીના છેડામાં શાખા પડેછે. આ પ્રકારના પિંડ હોજરી-માં ને આંતરડામાં છે.

2 આ પિંડની નળીયોના છેડા ગુંચળાં વાળાછે. મુત્રપિંડ, વૃષણ અને પરસેવાના પિંડની આવી રચના છે.

3 મીશ્રપિંડ. તેમાં છેડા ફુલેલાછે. સ્તનના પિંડ આવા હોય છે.

૧ દ્વારવાળી પિંડઃ—આ પિંડને પોતાનો **રસ** બહાર રેડવા **સારૂ નળી** અથવા મો

હોયછે. આવી પિંડ સાદી હોયછે એટલે ફક્ત એપીથીલ્યમથી આચ્છાદન થયેલ નળી જેવા ખાડો હોયછે; જેમકે હોજરીની ત્વચામાં આવી પુષ્કળ પિંડ હોયછે(આ. ૨૧ 1.); અથવા તે **સંયુક્ત** હોયછે એટલે તેની લાંબી નળીયો વીટળાએલી અગર ફાંટા વાળી હોયછે; જેમકે મૂત્રપિંડ, થુંક તથા દુગ્ધ પિંડ છે. (આકૃતિ ૨૧. 2. 3)

રસક્રિયાઃ—સઘળી જાતિના સીક્રીશન એમાંથી એક પ્રકારે નીપજેછે. કેટલાક ફક્ત લોહીની નળીઓમાંથી નીતરીને આવેછે, અને તેના ગુણ રક્તદ્રવ જેવા જોવામાં આવેછે. પણ બીજા ઘણાક બારીક રજકણની અપાર ચમત્કારી શક્તિવડે નીપજેછે. તેની શાબિતીમાં બે કારણછે. એકતો જે જગાએથી રસ આવેછે તે જગાએ તે પરમાણું રહેછે તથા બીજુ એ કે એવા પરમાણુંમાં રસ ઘણી વખત સુક્ષ્મદર્શક યંત્રથી જોવામાં આવેછે. એ પરમાણુંઓમાં પોતાની ઉત્પત્તિ કરવાની શક્તિ છે, તે વડે પેદા થઇ પોક્ત થઈ પોતાનું કામ સિદ્ધ કરી અમુક વખત જીવી નાશ પામેછે. આ પ્રમાણે પોષણનો અને રસક્રિયાનો હેતુ મળતો આવેછે. પરંતુ જોવામાં એકજ પ્રકારના પરમાણું તેજ લોહીમાંથી જુદા જુદા પદાર્થ કઈ રીતે પેદા કરેછે તે હજુ સુધી બરાબર સમજાયું નથી. અમુક ભાગમાં વધારે ઘટારે રક્ત જવાથી તેનો રસ કમી જાસ્તી થાય પરંતુ તેની જાતિમાં ભેદ શા માટે પડવો જોઇએ તે કહી શકાતું નથી.

રસ પેદા થયા પછી તેના પિંડમાંથી તે તરતજ બહાર પડેછે અગર કેટલોક વખત સુધી અંદર ભરાઈ રહેછે. મૂત્ર પિંડ નીરંતરપણે કામ કરેછે અને તેમાંથી મૂત્ર લાગલુંજ બહાર આવેછે. પરંતુ દુધ વગેરે પેદા થયા પછી પણ અંદરની નળીયોમાં પડ્યું રહેછે અને જોઇતી વખતે બહાર આવેછે. કેટલીક ગાંઠને નળીયો હોતી નથી તે અમુક મુદત જીવી ફુટેછે એટલે તેમની માંહેના પદાર્થ બહાર પડેછે.

૨ **નળી અથવા દ્વાર વિનાની પિંડઃ**—શરીરમાં જે પિંડ જોવામાં આવેછે અને રસ પેદા કરેછે તેમાંની ઘણીને આગળ કહ્યા પ્રમાણે તે રસથી મુક્ત થવાને નળી હોયછે. આ નળીની વાટે રસ તેની બહાર પડેછે. અગર શરીરની અંદર કાંઈ યોજનાને લીધે તેનું રૂપાંતર થઈ તે પાછો લોહીમાં દાખલ થાયછે. પરંતુ થોડીક પિંડને આવી નળી હોતી નથી. તેમજ એમનાથી તૈયાર થએલો કોઇ પણ પ્રકારનો રસ જુદો જોવામાં આવતો નથી. કોઈ પણ ચીજ નિરૂપયોગી નથી એ સિદ્ધાંત ઉપરથી આ ગાંઠો શરીરમાં કાંઈ કામ કરેછે એમ સહજ ધારી શકાય. તેમજ તેમની રચના પણ બીજી ગાંઠોના જેવીછે તેથી તેમનું કામ પણ તેમને મળતું હોય એમ સંભવિત છે. એમને નળી હોતી નથી માટે તેઓએ પેદા કરેલા પદાર્થ તરતજ લોહીમાં મિશ્ર થઇ જાયછે એમ માનવું જોઇએ. અર્થાત લોહી સુધારવામાં તેઓ કામે લાગેછે એમ સ્વિકારવું જોઇએ. કારણકે ગર્ભાવસ્થામાં અને બચપણમાં જ્યારે પુષ્કળ અને સ્વચ્છ લોહીની જરૂરછે ત્યારે તેઓ મોટી અને ચપળ હોયછે. મોટાં પ્રાણી અથવા મનુષ્યને આવી પિંડની બહુ જરૂર જણાતી નથી. કારણકે જનાવર અને માણસમાં દરદ અથવા અકસ્માતથી તે મો નાશ પામેછે અથવા કાઢવામાં આવેછે તો પણ તે પ્રાણી બીન હરકતે જીવેછે. આવી ચાર પિંડછે, "પ્લીહા" "સુપ્રારીનલ કાપસ્યુલ" "થાઇમિસ" અને "થાઇરાઇડ." તે શિવાય આંતરડાં

અને હોજરીમાં કેટલીક સૂક્ષ્મ બંધ પિંડ હોયછે તે અમુક વખત રહી ફુટીને નાશ પામેછે.

જો કે આ સઘળી પિંડની કૃતિ એકજ પ્રકારની હશે તોપણ દરેકની ખાસીયતમાં કાંઇ ફેર હોવા જોઇએ. થાઇમસ છાતીમાં હોયછે, થાઇરાઇડ ગળામાં છે અને પ્લીહા એ પેટમાંછે, એને તાપતલની કહેછે. એ તાવને લીધે વધી મોટી થઇ જાયછે. મૂત્રપિંડ ઉપર પેશીછે તેને ઉર્ધ્વ મૂત્રપિંડ (સુપ્રારીનલ કાપસ્યુલ) કહેછે.

મૂત્રપિંડ અને પેશાબ.

(કીડની. યુરીન.)

મૂત્રપિંડનાં સ્થળ અને રચનાનું વર્ણન આગળ આપેલુંછે. તેમની રચના સૂક્ષ્મ નળીઓની બનેલીછે. તે નળીઓ કાંઇ ભાગમાં ગુંચળાંવાળી અને કાંઇ ભાગમાં સરળ હોયછે. તેમની આસપાસ કેશવાહિનીયોની જાળ પથરાએલ હોયછે. તેમાંથી તે નળીઓના એપિથીલ્યમ પેશાબને ખેંચેછે અને તે પેશાબ મૂત્ર નળવાટે મૂત્રાશયમાં જાયછે.

પેશાબ સ્વચ્છ જરા પીળારંગનો અને કિંચીત તિવ્ર વાસ વાળો પ્રવાહી છે. નીકળતી વખત પેશાબ સ્વચ્છ હોયછે તથાપિ થોડો વખત રહ્યાબાદ તે ડોહોળો જણાયછે અને વાસ મારેછે. તેનો રંગ વખતે વધારે કમી પીળો રાતો હોયછે. પેશાબનો ગુણ આસિડ હોયછે. બીજા વનસ્પતિ ખાનાર હલકા પ્રાણીનો પેશાબ નીકળતી વખતજ ડોહોળો અને ‘‘આલકલાઇન’’ હોયછે. આદમીનો પેશાબ પોટાશ, સોડા વિગરે દવા પીવાથી આલકલાઇન ગુણ ધારણ કરેછે, અથવા મૂત્રાશયમાં પેશાબ સડીને તેમાં આમોન્યા પેદા થાય તો આલકલાઇન જણાયછે. પેશાબનું વિશીષ્ટ ગુરૂત્વ ૧૦૦૫ થી ૧૦૨૫ પર્યંત હોય છે. પણ તેમાં જુજ ફેરફાર થયા કરેછે. જમ્યા પછે કાંઇ વિશીષ્ટ ગુરૂત્વ જાસ્તી થાય છે. પરીક્ષા કરવાને સવારનો પેશાબ ઉત્તમ સમજવો. દરદમાં વિશીષ્ટ ગુરૂત્વ કમી અથવા જાસ્તી થાયછે. દરરોજ સરાસરી દરેક તંદુરસ્ત આદમીને ૪૦ થી ૫૦ આઊંશ પેશાબ નીકળેછે. ઋતુ તથા પરસેવાના પ્રમાણમાં તે વધે ઘટેછે. જો પરસેવો વધારે તો પેશાબ થોડો થાયછે અને તે થોડો હોય તો મૂત્ર વધારે થાયછે. કેટલાંક દરદમાં પેશાબ ન્યુનાધિક ઉતરેછે. પેશાબનો મુખ્ય ભાગ પાણીછે, અને તેમાં કેટલોક ક્ષારનો ભાગછે. તેના એક હજાર ભાગમા નીચે પ્રમાણે પદાર્થ હોયછે.

પાણી	૯૬૭	ક્ષાર	૮.૧૩૫
યુરીયા	૧૪.૨૩૦	રંગ, શ્લેષ્મ ઇત્યાદિ...	૧૦.૧૯૭
યુરીકઆસિડ ...	.૪૬૮		

ચોવીશ કલાકમાં નીચે પ્રમાણે પેશાબ વાટે શરીરમાંથી પદાર્થ બહાર પડેછે.

પાણી	આઉંસ. ૫૨	ક્ષાર	ગ્રેન ૪૨૫
યુરીયા	ગ્રેન. ૫૧૨	રંગ, શ્લેષ્માદિ ...	,, ૧૫૪
યુરીકઆસિડ ..	,, ૮		

પાણીનો ભાગ તાવમાં કમી નીકળેછે, તેમજ બહુ ઝાડો હોય તો તે કમી નીકળેછે. મધુ પ્રમેહમાં અને બહુ મૂત્રમાં પાણી ઘણું જાયછે.

યુરીયા પેશાબમાંના ઘનપદાર્થ-માહેલો મુખ્યછે. નાઇટ્રોજનવાળા શરીરની સ્નાયુ ઇત્યાદિનો નાશ થાયછે, તે બધો ભાગ પેશાબ વાટે યુરીયાના રૂપમાં બહાર પડેછે. જો યુરીયા બહાર ન પડે અને લોહીમાં રહેતો તેનું ઝેર ચડેછે, બેસુદ્ધી અને આચકી થઈ મૃત્યુ પ્રાપ્તી થાયછે. માંસાદિ પદાર્થ ખાવામાં આવે તો યુરીયા વધારે નીકળેછે અને વનસ્પતિથી કમી નીકળેછે.

યુરીક આસિડ અથવા લીથીક આસિડ એ પણ નાઇટ્રોજનવાળો પદાર્થછે. જ-વરાદિ વ્યાધિમાં તે ઘણો પેદા થાયછે. તેની કોઈવાર પથરી બંધાયછે.

ક્ષારમાં મુખ્ય ક્લોરાઇડ, સલફેટ અને ફોસફેટ આફ સોડા, પોટાશ અને લાઇમ વિગેરે હોયછે.


વૃષણ અને વિર્ય.

(ટેસટીઝ એન્ડ સેમીનલ ફ્લ્યુઇડ)

વિર્ય અથવા જેને સંસ્કૃતમાં શુક્ર કહેછે તે વૃષણમાં પેદા થાયછે. વૃષણમાં પેદા થઇ વિર્યનળ વાટે તે વૃષણરજ્જુમાં થઈ પેટમાં જાયછે. મૂત્રાશય તળે દરેક બાજુએ એકેક વિર્યાશયછે. તેમાં તે પ્રવાહી એકઠું થાયછે. ત્યારબાદ વિર્ય નિકળવાના માર્ગ વાટે તે મૂત્ર માર્ગમાં થઈ જરૂર હોય ત્યારે બહાર પડેછે. વિર્ય બહાર પડેછે ત્યારે જોરથી ની-કળેછે તેનું કારણ વિર્યાશયની સ્નાયુ સંકોચવાથી તેને ગતિ મળેછે.

વૃષણની રચના આગળ કહેલીછે. તેમાં સૂક્ષ્મ નળીઓનાં ગુંચળાંછે તેમાં વિર્ય પેદા થઈ વૃષણની બહાર નળીના ગુંચળાનો લોચો (એપીડીડીમીસ) છે તેમાં તે પ્રવાહી જાય છે. તેમાં થઇને વિર્યનળ વાટે તે ઉપર ચડેછે. વૃષણમાંથી નીકળતી વખત વિર્ય પૂર્ણ દશાને પહોચેલું નથી હોતું. તે પ્રવાહીમાં માત્ર કેટલાક ગોળ પરમાણું હોયછે. જેમ વિર્ય આગળ વધેછે તેમ તે પૂર્ણ દશાને પામતું જાયછે. તે પરમાણુંમાંથી એક પ્રકારના "જીવતંતુ" (સ્પરમટાઝોઆ) નીકળેછે. આ જીવતંતુ વિર્યાશયમાં અને વિર્ય બહાર નીકળતી વખત પરમાણુમાંથી બહાર નીકળેછે. દરેક જીવતંતુની લંબાઈ એક ઇંચનો પાંચસેથી છસો ($\frac{1}{500}$ થી $\frac{1}{600}$) મો ભાગછે. તેનો એક છેડો પાતળો અને બીજો જરા જાડો અને ગોળ હોયછે. જાડા છેડાને તેનું "માથું" કહેછે અને પાતળા છેડાને તેની "પૂંછડી" કહેછે. આ જીવતંતુ બહાર નીકળેછે ત્યારે હાલેછે, પૂંછડીથી ડોલેછે, અને માથાની તરફ હર કોઈ દિશામાં જાયછે. જે પ્રવાહીમાં તે રહેછે, તે વધારે જાડું થાય, અગર પાતળું થાય તો તેની ગતિ બંધ પડેછે. યોનિમાં વિર્ય પડ્યા પછી તેની ગતિ પાંચ સાત દિવસ પર્યંત ચાલું રહેછે એમ કહેવાયછે. આ ગતિથીજ યોનિમાંથી ગર્ભાશયમાં જીવતંતુ ગમન કરે છે અને ત્યાં સ્ત્રીના વિર્યના સમાગમમાં આવેછે.


મુત્રપિંડનો ઉભોકાપ મુકવાથી થયેલો દેખાવ.



1 મુત્રપિંડનાં ઉર્ધ્વગ્રંથિ (સુપ્રારીનલ કાપશ્યુલ્શ.)
2 મુત્રપિંડની બહારનો ભાગ.
3 ,, નો મધ્ય ભાગ.
4 મુત્ર નળીયોની આંચળ જેવી જુડીયો.
5 મુત્રપિંડની બસ્તિ.
7 મુત્રનળ.

આકૃતિ દ.

વૃષણના સૂક્ષ્મ રચનાનો દેખાવ,
વિર્યનળીયોનાં ગુંચળાં અને તેની
વિર્ય વાહિની.



વષણમાંથી તે પ્રવાહી નીકળેછે, તેની સાથે વિર્યાશયનો રસ તથા પ્રોસ્ટેટનો રસ મળીને પૂર્ણ વિર્ય થાયછે. વિર્યાશયમાં વિર્ય માત્ર એકઠુંજ થાયછે, એટલુંજ નહી પણ તેમાંથી બીજો રસ પેદા થાયછે તે વિર્યમાં સામેલ થાયછે. તેવીજ રીતે વિર્ય બહાર પડતી વખત પ્રોસ્ટેટનો રસ પણ તેમાં સામેલ થાયછે. વિર્ય સફેત, ચિકણું ઘટ પ્રવાહીછે. તે તરૂણાવસ્થા શરૂ થયા પછે પેદા થવા માંડેછે, અને વિષયના પ્રમાણમાં તે વધારે ઓછું પેદા થાય છે. વધારે વિષય કરવાથી તેની પેદાશ લાંબો કાળ ચાલતી નથી. તેથીજ ઘણા વિષયી લોક ત્રીશ અને ચાળીશ વર્ષની ઉમરે નામરદ થઇ જાયછે.

કંઠ.

(વોઇસ)

સ્વર, કંઠ, ધ્વનિ, અથવા સુરઃ—સર્વ ઊંચા પ્રતિનાં પ્રાણીઓમાં સ્વર ઉત્પન્ન કરવા સારૂ શ્વાસ લેવાના અવયવોના સંબંધમાં કાંઈ રચના કરેલીજોવામાં આવેછે.તેમાં પણ વળી ઉત્તમ વર્ગના પ્રાણીઓને આ અવાજ અથવા ધ્વનિમાં ફેરફાર કરવા સારૂ બીજાં સાધન પણ જોડેલાં છે, તેને લીધે બોલી તથા ઉચ્ચાર થઈ શકેછે. માણસની શ્વાસ નળીનો ઉપલો ભાગ જેમાં સ્વરનું ઉત્પત્તિ સાધનછે તેને **"કંઠનળી"** (લારિંક્ષ) અગર નરગોટો કહેછે.

સ્વર ઉત્પન્ન થવાની રીતઃ—જીવતા મનુષ્યના ગળામા યંત્રવડે જોવાથી, તથા મૂએલાના નરગોટા ઉપર અજમાયશ કરવાથી, માલૂમ પડેછે કે તેની અંદર તાર જેવાં દોરડાંછે, તેના ઊપર શ્વાસ મૂકતી વખત જે અસર થાયછે તેને લીધે અવાજ પેદા થાયછે. નરગોટાની અંદર ચાર દોરડાં અથવા તારછે. દરેક બાજુએ બે તારછે, એક ઉપર ને બીજો નીચે. આ ચાર માંહેલા બે નીચેના તારછે તેજ અવાજ ઉત્પન્ન કરવાના કામમાં આવેછે. તેથી તેમને "ખરા કંઠ તાર" એવું નામ આપવામાં આવ્યુંછે. ઉપરના બેઉ તારને "ખોટા કંઠ તાર" કહેછે. જેમ તંબુરાના તાર હાલવાથી અવાજ થાયછે તેજ પ્રમાણે પ્રાણીના મૂળના અવાજની ઉત્પત્તિ છે. કોઇ પણ જાતિના સુર કરવામાં એક પવનનું કામ પડેછે તથા બીજું તેની સાથે કાંઈ તાર અથવા સપાટી જોઇએ છીએ, એ બેઉના અથડાવાથી સુર પેદા થાયછે.

માણસના નરગોટાની અંદર બેઉ બાજુએ તારછે તેમની વચમાં જે હવાને જવા આવવાનો માર્ગછે તેને કંઠદ્વાર (ગ્લાટીસ) કહેછે. જો આ ગ્લાટીસની હેઠળ વાયુ નળીમાં કોઈ જગાએ છિદ્ર હોય તો અવાજ નીકળતો બંધ પડેછે, કારણ હવા નીચેના છિદ્રમાંથી બહાર નીકળી જાયછે, કેટલીક વખત આપઘાત કરવામાં માણસ પોતાનું ગળું કાપેછે, અથવા કાંઈ દરદને લીધે વાયુ નળીમાં છિદ્ર પાડવામાં આવેછે, ત્યારે આ પ્રમાણે કંઠ બંધ પડેછે. પરંતુ તે છિદ્ર જો આંગળીથી બંધ રાખવામાં આવે તો કંઠ નીકળેછે. કંઠદ્વારની ઉપરના ભાગને ઇજા હોય તો સ્વર નીકળવામાં ઘણી અડચણ આવતી નથી. ઉપરના જે ખોટા કંઠ તારછે તે નાશ પામે, તોપણ કંઠને હરકત થતી

નથી. પરંતુ ગતિ તંતુ જેના ઉપર એ તારના સ્નાયુનો આધારછે, તેને ઇજા પહોચે તો કંઠ બંધ પડી જાય, અને જો બેઉ બાજુની તંતુને હરકત પહોચે તો અવાજ છેક બંધ થઈ જાયછે. જો કોઈ મુએલા મનુષ્યના નરગોટામાં જોરથી પવન ફૂંકીએતો અવાજ નીકળેછે. પણ તે વખતે બેઉ તારને ખેંચી રાખવા જોઇએ. તાર ઢીલા હોય તો અવાજ થવાનો નહિ. જે પ્રમાણે તંબુરાનો તાર ઢીલો હોય તો સુર નીકળતો નથી, તેજ પ્રમાણે આ તાર વિશે પણ સમજવું.

આવીજ રીતે આપણા ગળામાંથી અવાજ પેદા થાયછે. શ્વાસ મૂકતી વખત ફેફસાની અંદરની હવા જોરથી બહાર નીકળેછે, તે આપણા નરગોટા માંહેના ખરા તાર સાથે અથડાવાથી ધ્વનિ ઉત્પન્ન થાયછે. આ ધ્વનિના જુદી જુદી જાતિના ઉચ્ચાર થાયછે, તેને વાસ્તે મોં અને ગળામાં બીજાં સાધનો રહેલાંછે. ધ્વની ઉત્પન્ન કરનારા તાર સ્થિતિસ્થાપક પદાર્થના બનેલા છે, તથા તેમના સંબંધમાં સ્નાયુછે તેમને લીધે તેઓ ઢીલા અથવા સખ્ત થઈ શકેછે.

મનુષ્યનો નરગોટો ચાર પાંચ કાર્ટિલેજનો બનેલોછે. તેના ઉપરના ભાગમાં એક પડદો આવેલોછે તેને "એપીગ્લાર્ટીસ" કહેછે. આ પડદો ખોરાક વગેરે પદાર્થને પેટમાં જતી વખત વાયુ નળીકામાં જતાં અટકાવેછે. આગળના મોટા કાર્ટિલેજને "થાઇરાઇડ" કહેછે. પાછળના બે નાનાછે તેને "આરીટિનાઈડ" કહેછે, તથા નીચેના એકને "ક્રીકાઇડ" કહેછે. ધ્વનિના જે તારછે, તેના આગલા છેડા થાઇરાઇડને લાગેલાછે તથા પાછલા છેડા આર્રાટિનાઈડને લાગેલાછે. પાછલા છેડા બે જુદા જુદા ભાગને લાગેલાછે તેથી તેમની વચ્ચે થોડોક અંતરછે; અને આગલા છેડા એકમેકથી નજીકછે. તેને લીધે તેમની વચ્ચેનો માર્ગ જે કંઠદ્વાર તે ત્રિકોણાકારનોછે. બેઉ આર્રાટિનાઇડ કાર્ટિલેજ સ્નાયુને લીધે હાલેછે અને તેથી બેઉ કંઠતાર સખ્ત અથવા ઢીલા થાયછે, અગર નજીક અથવા દૂર જાયછે. દરેક સાધારણ શ્વાસ લેતી વખત બે તાર દુર જાયછે, અને ત્રિકોણાકાર ગ્લાર્ટીસ પહોળી થાયછે તથા શ્વાસ મૂકતી વખત તાર નજીક થાયછે અને ગ્લાર્ટીસ સાંકડી થાયછે. જલદીથી ઊંડો શ્વાસ લઇએ તો ગ્લાટીસ ઘણી પહોળી થાયછે. અવાજ નીકળતી વખત એ સંકોચાયછે, કારણ કે તે વખત બેઉ તાર તણાયછે. મોટા અગર હલકા અવાજનો આધાર આ તારના તણાવા ઉપરછે. જેમ વધારે ખેંચાય તેમ ઊંચો અવાજ છૂટે અને થોડા ખેંચાય તેમ હલકો નીકળેછે. આ પ્રમાણે ઊંચો નીચો સ્વર એ તારના ખેંચાણ પ્રમાણે થાયછે. એપીગ્લાટીસ નામે જે ઉપર પડદોછે તે થોડા નીચે ઉતરવાથી સ્વર ઊંડો જણાયછે. સ્વરના ઉપર આ સિવાય બીજી કાંઈ પણ અસર એપીગ્લાટીસની નથી એમ જણાયછે.

બોલવા અને ગાવામાં ધ્વાન કામે લાગેછે. ધ્વનિનું ધોરણ ત્રણ રીતે ઉતરેછે. પહેલું, એક સરખુ, જેમકે સાધારણ બોલવામાં પહેલેથી તે છેલે સુધી એકજ ધોરણનો અવાજ નીકળેછે, તેમાં કોઇ કોઇ ઠેકાણે ભાર દેવો પડેછે. કવિતામાં પ્રાસ અને ભાર બેઉ હોયછે, તો પણ ગાયનની મધુરતા તેમાં આવતી નથી. બીજા ધોરણમાં કંઠ ચડ-

તો ઉતરતો અથવા ઉતરતો ચઢતો નીકળેછે. તેમાં બીલકુલ અંતર રહેતો નથી. આ ધોરણ રૂદન કરતી વખત જોવામાં આવેછે તેમજ ગુસ્સામાં બોલતી વખત અને કુતરાં વગેરેના પોકારવામાં વપરાયછે. ત્રીજુ ધોરણ ગાયનનું, તેમાં અમુક ગાયન પ્રમાણે ચઢતા ઉતરતા અથવા ઓછા વત્તા અવાજના ટપ્પા આવેછે.

જુદા જુદા મનુષ્યની કંઠ ચલાવવાની શક્તિ જુદી જુદી હોયછે. ગાયનના ધોરણ ઉપરથી કંઠનું માપ થઈ શકેછે. આ માપના વિભાગ હોયછે તેને દરેકને "ટપ્પો" કહેછે અને એવા આઠ ટપ્પાનો એક "અષ્ટો" થાયછે. પુરૂષ અને સ્ત્રીના કંઠના માપમાં ફરક હોયછે. ઘણોજ બારીક કંઠ ચલાવવામાં પુરૂષના કરતાં સ્ત્રીનો કંઠ એકાદ ટપ્પો નીચે ઉતરી શકેછે, તેમ ઊંચો ચલાવવામાં પણ તેટલોજ વધારે ચઢી શકેછે. તે ઉપરાંત સ્ત્રીનો કંઠ વધારે કોમળ હોયછે.

પુરૂષ અને સ્ત્રીના કંઠમાં તફાવત છે. તેનો આધાર ગળા માહેના કંઠના તારની લંબાઇ ઉપરછે. પુરૂષ અને સ્ત્રીના કંઠના તારની લંબાઈ સાધારણ રીતે જોતાં ત્રણ અને બેના પ્રમાણમાં છે. પરંતુ એ સાધારણ નિયમછે, તો પણ સઘળા પુરૂષના તાર એકજ લંબાઈના હોતા નથી તેમજ સ્ત્રીમાં પણ તેમ હોતા નથી.

સ્ત્રીના કંઠના બે વિભાગ પાડવામાં આવ્યાછે તેમજ પુરૂષના કંઠના પણ બે વિભાગ કર્યાછે. આ વિભાગનું કારણ તે તારની લંબાઈ અને સ્થિતિ એજછે. દરેક મનુષ્ય સ્ત્રી અથવા પુરૂષના કંઠમાં એવો કંઇક બારીક ફરક રહ્યોછે કે તે એક બીજાથી જુદો પાડી શકાયછે અને ઓળખી શકાયછે.

છોકરાના નરગોટાની રચના સ્ત્રીના નરગોટાની રચના જેવીજ હોયછે. તેના કંઠતાર પુરૂષના કરતાં ટુંકા હોયછે, પરંતુ સ્ત્રીના તારને તેમની સ્થિતિ મળતી આવેછે, તેથીજ છોકરાંના અવાજ સ્ત્રીના કંઠને મળતા આવેછે. તરૂણ અવસ્થામાં આવેછે એટલે તેના ગળામાં પુરૂષને જોઇએ તેવા ફેરફાર થવા માંડેછે અને તેથી તે વખતે કંઠ બદલાઈ જઇ પુરૂષના જેવો થાયછે તેને આપણે "સાદ ફાટી ગયો" એમ કહીએ છીએ.

હીજડા અથવા નાજરના સ્વરમાં એવો ફેરફાર થતો નથી તેનું કારણ એકે નાનપણમાંથી તેને બળદની પેઠે ખાંસી કરેછે.

ઘડપણમાં સ્વર ટૂંકો, તૂટેલ, તથા નબળો પડી જાયછે, તેનું કારણ પણ એ તારની સ્થિતિજછે. તાર તથા તેના સંબંધના કાર્ટિલેજની સ્થિતિ બદલાઇ જાયછે અને સ્નાયુ જેને લીધે એ ઢીલા અથવા સખ્ત થઈ શકેછે, તેના ઉપર મનનો કબજો કમી થઈ જાયછે.

કંઠ દ્વારમાંથી ગાયન વગેરે સંબંધી જે કાંઈ સુર નીકળેછે, તે શિવાય બીજા સાધનોને લીધે હજાર પ્રકારના ઉચ્ચાર થઇ શકેછે. ગળામાંથી સુર નીકળેછે તેના દાંત, જીભ, હોઠ, તાળવું અને નાક એ સાધનોવડે જુદા જુદા ઉચ્ચાર થઇ શકેછે. આવા ઉચ્ચારોને એકત્ર કરવાથી અગર જોડવાથી જે ગુણ, પદાર્થ, ક્રિયા વગેરેનાં નામ પડેછે તે શબ્દ કહેવાય છે, અને આવા કેટલાક શબ્દ મળી એક ભાષા થાયછે. મોંઢામાંથી જેટલા પ્રકારના ઉચ્ચાર થાયછે, તે સઘળા કોઈ ભાષામાં આવતા નથી, કારણકે

કેટલાક ઉચ્ચારને એકએકથી જોડવાનું અવઘડ લાગેછે, તેથી જેની જોડણી સહેલથી થઈ શકેછે તેવા ઘણાખરા શબ્દો ભાષામાં આવેછે. દરેક ભાષામાં ઉચ્ચારની એક અમુક સંખ્યા હોયછે. પરંતુ સર્વ ભાષાના ઉચ્ચારનો સમાવેશ થયો હોય એવી એકે ભાષા નથી. દરેક ભાષામાં એકાદ જાતના ઉચ્ચારનો પ્રચાર જાસ્તી હોયછે; તેમ કોઈ કોઈ જાતિના ઉચ્ચાર બિલકુલ હોતા નથી. ભાષામાં જેટલા પ્રકારના ઉચ્ચાર થાયછે તેના બે વિભાગ છે, સ્વર અને વ્યંજન, એ બેમાં ફરક એટલોજ કે સ્વરનો ઉચ્ચાર ગ્લાટીસમાં થાયછે, અને વ્યંજનનો ઉચ્ચાર થવા સારૂ આ સિવાય મોં અગર નાકનું કાંઈ સાધન જોઈએ છીએ. વ્યંજનનો પૂર્ણ ઉચ્ચાર સ્વરવિના થતો નથી. અધુરા વ્યંજનનો ઉચ્ચાર કાંઈ દરજે મોંઢામાં થઈ શકે છે.

इंग्रेजी औषधि.

भाग ३ जो.

ઇંગ્રેજી દવા, અને તેમના ગુણ દોષ.

આ પ્રકરણમાં ઇંગ્રેજીમાં વપરાતી ફાર્માકોપીયા પ્રમાણે અક્ષર અનુક્રમવાર સર્વે દવાનું સંક્ષિપ્ત વર્ણન કરેલછે. પ્રથમ તેનાં નામ આપ્યાં છે. દવાનાં નામ લાટીન ભાષામાં લખવાનો ચાલછે તે પ્રમાણે પ્રથમ લ્યાટીનમાં નામ, ત્યારબાદ ઇંગ્રેજી નામ અને ત્યારપછી ગુજરાતી નામ આપેલાંછે. ગુજરાતીમાં ઘણીક દવાનાં નામ ન હોવાથી તેજ નામ સમજવું. ફાર્માકોપીયા સિવાયની કોઈ કોઈ સાધારણ વપરાતી દવા લખવામાં આવીછે. નામ લખ્યા પછી તેમાંથી બીજી ઉપદવાઓનાં નામ જેમકે ટિંકચર, તેલ, મલમ વીગેરે નામ લખેલાં છે. બાદ તેના ગુણ, માત્રા અને ઉપયોગ આપેલાં છે.

ઇં=ઇંગ્રેજી નામ. **ગુ=ગુજરાતી નામ.**

ઇંગ્રેજી દવાઓની મુખ્ય પ્રકારની બનાવટ.

અર્ક (ટીંચર):—ઘણી ઔષધીના અર્ક બનાવવામાં આવેછે. દવાને રેક્ટીફાઇડ સ્પીરીટ અથવા પ્રુફસ્પીરીટ સાથે મેળવી બેથી સાત દિવસ પર્યંત પલાળી રાખવી પડે છે. તે દરમીયાન કોઈ કોઈ વખત તેને હલાવવાની જરૂર પડેછે. તેને કાચના બુચવાળા વાસણમાં રાખવી જોઇએ. ત્યારબાદ તેને ગાળી લઇ સાંચામાં નીચોવી લેવામાં આવેછે. નીચોવતી વખત થોડો બાકી રાખેલો સ્પીરીટ ઉમેરવામાં આવેછે. ઘણું કરી એક પાઇંટ અર્ક બનાવવાનું પ્રમાણ લખવામાં આવેછે. તે પ્રમાણમાં જોઇએ તેટલો અર્ક બનાવી શકાય. તેમાં પ્રથમ પંદર ઔંસ સ્પીરીટ સાથે દવા પલાળી બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ નીચોવતી વખત ઉમેરાય છે. તે શિવાય કાંઈ સ્પીરીટનો ભાગ ઉડી જવાથી કમી થાયછે તેટલો બીજો ઉમેરી તૈયાર થએલો અર્ક એક પાઇંટ પુરો કરવો પડેછે. કોઈ કોઈ ઝેરવાળા અર્ક છોડી દઈ બાકીના ઘણાખરા અર્કની માત્રા $\frac{1}{2}$ થી ૧ ડ્રામ પર્યંત હોયછે. અર્કના નામ સાથે જ્યારે "આદિ" ઉમેરેલ હોયછે ત્યારે મૂળ દવાની સાથે અફીણ અગર બીજી મહત્વની દવાઓછે એમ સમજવું.

આસવ (વાઇન):—દવાને "શેરી" નામના આસવ સાથે મેળવી અર્કની માફક બેથી સાત દિવસ પલાળી, નીચોવી, તે ગાળી લેવામાં આવેછે. તે બનાવવાનું પ્રમાણ પણ એક પાઇંટનું હોયછે. તેની માત્રા $\frac{1}{2}$ થી ૧ ડ્રામ અગર વધારે હોયછે.

ક્વાથ (ડીકાક્શન):—દવાઓને સ્વચ્છ પાણીમાં દશ મિનિટથી વીશ મિનિટ સુધી ઉકાળવી. ઉકાળતાં કેટલુંક પાણી બળી જાયછે. એક પાઇંટ ઉપર પાણી હોય તેટલું બળી

જવા દેવું. પ્રથમ ઉકાળતી વખત ડોઢ અથવા બે પાઈંટ પાણી મુકવામાં આવેછે. ઉકળી રહ્યા પછી નીચોવીને પાણી ગાળી લેવું. ક્વાય એક પાઇંટથી કમી હોય તેટલું બીજુ સ્વચ્છ પાણી ઉમેરવું. ક્વાયની માત્રા ઘણુ કરી ૧ થી ૨ ઔંસ હોય છે.

ચા (ઇનફ્યુઝન):—દવાઓને સ્વચ્છ ઉકળતા પાણીમાં અડધા કલાકથી બે કલાક ઢાંકેલા વાસણમાં પલાળી રાખી, ગાળી લેવી એટલે તેની ચા થઈ કહેવાયછે. ઘણું કરી દશ ઔંસ પાણીનું પ્રમાણ આપેલું હોયછે. ચાની માત્રા ૧ થી ૨ ઔંસ હોયછે.

ચૂરણ (પલ્વીસ):—દવાઓને ખાંડી તેમની ઝીણી ભુકી કરવામાં આવેછે અને પછી તેને ઝીણી ચારણીથી ચાળી લેવામાં આવેછે. જ્યારે ચૂર્ણમાં "આદિ" ઉપશબ્દ હોયછે ત્યારે તે દવાની સાથે અફીણ અગર બીજી મહત્વની ઔષધી મળેલીછે એમ સમજવું.

ચૂરણની ઘણુ કરી માત્રા ૫ થી ૬ ગ્રેન પર્યંત હોયછે.

તેલ (ઓલ્યમ):—કેટલાક ફળ, ફુલ, છાલ અગર ઝાડમાંથી તેલ કાઢવામાં આવેછે. તેલ બે રીતે કાઢવામાં આવેછે. એકતો પીલીને તેલ કઢાયછે તથા બીજુ ગરમીની મદદથી યંત્રવડે તેલ ખેંચાય છે. અળશી, રાઈ, એરંડીઓઈલ વગેરેમાંથી તેલ પીલીને કાઢવામાં આવેછે. તજ, લવીંગ, જાયફળ વગેરેમાંથી તેલ યંત્રવડે ખેંચાય છે. તેલ જુદી જુદી ઔષધીયો બનાવવાના ખપમાં આવેછે. તેલના રૂપમાં તે ખાવામાં આવતાં નથી પણ તેમાં પાણી મેળવી અગર ગોળી કરી અથવા મિશ્રણ કરી પેટમાં લેવામાં આવેછે. માત્રા ૧થી ૨ ટીપાં હોયછે. એરંડીઓઈલ, કોડલીવરઓઇલ વગેરે તેલની માત્રા ½ થી ૧ ઔંસ હોયછે.

ચોપડવાનાં તેલ (લીનીમેંટ):—કેટલાંક તેલ અથવા બીજી દવાના સંયોગથી ચોપડવાનું તેલ બનાવાય છે. તે બનાવવામાં મુખ્ય દવા શિવાય ઓલીવઓઇલ, કપુર, સાબુ, રેકટીફાઈડ સ્પીરીટ વગેરે દવા આવેછે. તે ફક્ત બહાર લગાડવાના કામમાં આવેછે.

પાણી (એક્વા):—તેલ, ફુલ, અથવા ફળને કચરી તેમાં બે ગ્યાલન પાણી મેળવી યંત્રવડે તેમાંથી એક ગ્યાલન પાણી ખેંચવામાં આવેછે. તેની માત્રા ૧ થી ૨ ઔંસ હોય છે. જોકે સાધારણ પાણી બનાવવાની રીત આ પ્રમાણે યંત્રથી ખેંચવાની હોયછે, પણ ઘણું કરી તેના એક ટીપાને માગનીસ્યા સાથે મેળવી એક ઔંસ પાણીમાં ઘુંટીને પાણી બનાવવામાં આવેછે.

પ્રવાહી (લાઇકર):—આ જુદા જુદા પ્રકારે બનેછે, તેમાંથી કેટલાંક પ્રવાહી ફક્ત લગાડવાના અથવા બહારના ઉપયોગમાં આવેછે, અને કેટલાંક પીવાના કામમાં આવે છે. પાણી અને પ્રવાહી આ બે શબ્દમાં ફેર એટલો રાખ્યોછે કે પાણીમાં મૂખ્ય દવાનો જુજ ભાગ હોયછે, અને તેની માત્રા ઔંસ બે ઔંસની હોયછે. પ્રવાહીમાં મુખ્ય દવાનો ભાગ વિશેષ હોયછે, અને માત્રા જુજ હોયછે. મોર્ફીયા, સ્ટ્રીકન્યા, સોમલ, અને આટ્રોપીનના ઝેરી પ્રવાહીના એક ઔંસમાં તે દરેક પદાર્થના ચાર ગ્રેનનું પ્રમાણ હોયછે. રસકપુરના પ્રવાહીના બે ઔંસમાં એક ગ્રેન રસકપુર હોયછે. જુદા જુદા પ્રવાહીની ભિન્ન ભિન્ન બનાવટને લીધે તેમની માત્રા પણ ન્યુનાધિક હોયછે.

પોટીસ (પોટીસ):—જેમ કે રાઇ, કોલસા, અળસી, આટો તથા બીજી દવાઓની બનેછે. દરેક પદાર્થમાં જોઇએ તેટલું ખળખળતું ગરમ પાણી રેડી હલાવવાથી પોટીસ બનેછે. તેને મલમલના ઝીણા કપડાની બેવડમાં રાખી લગાડવામાં આવેછે. પોટીસ પકવવાને ઉત્તેજન આપેછે. પણ શરૂઆતમાં વરમ વગેરે હોય તેને પણ મટાડેછે. કેમકે ગરમ પોટીસથી એક પ્રકારનો શેક થાયછે. પોટીસ ઉપર ગરમ કપડું મુકી બાંધી લેવું. પોટીસ વારંવાર બદલાવવી અગર તેના ઉપર સુકો શેક રાખવો.

મલમ (અંગ્વેંટમ્):—જુદી જુદી દવાઓની મેળવણીથી બનેછે. દવાની સાથે સાદો મલમ, મીણ અથવા ચરબી મેળવવામાં આવેછે. ઘણું કરી એક ઔંસ મલમનું પ્રમાણ લખેલું હોયછે તે ફક્ત લગાડવા અને ચોપડવાના કામમાં આવેછે.

મુરબ્બો અથવા આથો (કંફેકશન):—ઔષધીને સાકર, શરબત અગર મધનિ સાથે મેળવી રાખી મુકવાથી બનેછે. માત્રા ½ થી ૨ ડ્રામ હોયછે.

મિશ્રણ અગર મેળવણી (મિક્ષ્ચર):—વિવિધ ઔષધી અને અર્ક વગેરે એકત્ર કરી તેમાં પાણી મેળવીને પીવા લાયક થાયછે તેને મિશ્રણ કહેછે. તે દિવસમાં ઘણુંકરી એક ઔંસના પ્રમાણમાં ત્રણ વખત પીવામાં આવેછે.

નાસ અગર વાફ (વેપર):—દવાને થંડા પાણીમાં અગર ગરમ પાણીમાં યોગ્ય વાસણમાં મુકી તેમાંથી જે હવા નીકળેછે તેને દમની સાથે લેવી. ગળાના અને ફેફસાના દરદ માટે નાસ લેવા પડેછે.

લેપ (પ્લાસ્તર):—દવાઓની સાથે રાળ, ઓલીવઓઇલ, મીણ, કડણ સાબુ, વગરે મેળવીને લેપ બનાવવામાં આવેછે. આવા લેપના લાટા બંધાઇને આવેછે. જેને સાધારણ ગમ પ્લાસ્તર કહેછે તે વાસ્તવિક રાળનો બનાવેલો લેપ હોય છે. એવા લાટામાંથી જોઇએ તેટલો કકડો લઈ તેને ગરમ કરવાથી ઓગળી જાયછે અને પછી ધોએલો નાનકલાક અથવા ચામડા અગર જાડા કાગળ ઉપર ચોપડીને તૈયાર કરવામાં આવે છે. પ્લાસતરમાં ચીકાસ હોવાથી તે ચોટી રહેછે. પ્લાસ્તર ઘણું કરી થોડા દિવસ પર્યંત ચોટાડી રાખવું પડેછે. એટલે તે દવાં ત્વચામાં પ્રવેશ કરી અસર કરેછે

બ્લીસ્ટર (બ્લીસ્ટર)—બ્લીસ્ટર એક પ્રકારની ઝેરી માખનું થાયછે. તેને કાન્થારીડીસ કહેછે. તેનું તૈયાર પ્લાસ્ટર આવેછે, તેનું પ્રવાહી આવેછે તથા તેનો બનાવેલો પીળા રંગનો કાગળ આવેછે. કાગળ અથવા પ્લાસ્ટર લગાડવું હોયત્યારે પ્રથમ તે સ્થળ ઉપર બ્રશ વતી પ્રવાહી જરાવાર ઘસવું. બાદ તેજ પ્રવાહી તે કાગળ અથવા પ્લાસ્ટર ઉપર લગાડી તે ભાગ ઉપર લગાડી દેવું. તેના ઉપર થોડું રૂ મુકીને પાટો બાંધી લેવો. પાટો છેક ઢીલો રાખવો નહીં. આઠ, બાર, અગર ચોવીસ કલાક પછી તે છોડવો એટલે ફોલ્લો થઈ રહેશે. તે ફોલ્લાને ફોડવો એટલે પાણી નીકળી જશે. ઉપડેલી ત્વચા બધી કાઢી નાખવી નહીં, નહીંતો વેદના થશે. પાણી કાઢ્યા બાદ તે ઉપર મીઠું તેલ અને કેળનું પાન અગર સાદા મલમની પટી મુકવી. ચાર પાંચ દિવસમાં તે રૂઝાઈ જશે. દીર્ઘ વરમ, જારી તાવ, મગજના બાધિ, ઉન્માદ, દીવાનાપણું, ફેફસાં તેનાં પડ, કંઠનળી, સસણી અને રકતાશ-

યના વરમ, વા, અસ્થમા, ગાઉટ, ઉલટી, આંખના દરદ, સંધીવા, કાનના દરદ વગેરે ઉપર બ્લીસ્ટર લગાડાય છે.

બ્લીસ્ટર વિશેષ જલદી ઉઠાડવું હોય તો તેનું પ્રવાહી વધારે વખત ઘસવું. બ્લીસ્ટરને પકવીને વહેવા દેવું હોયતો તે ઉપર પોટીસ મુકવી. બ્લીસ્ટર તીક્ષણ વરમ કરતાં દીર્ઘ વરમને વખતે વધારે ફાયદો કરેછે. નાજુક ત્વચા જેમકે વૃષણ અને સ્તન ઉપર બ્લીસ્ટર મારવું નહીં. ગર્ભવાળી સ્ત્રીને, સ્કર્વીમાં તથા તીક્ષણ વરમમાં બ્લીસ્ટર ચાલતા સુધીમારવુંનહીં.

ઘણું જલદી બ્લીસ્ટર ઉપાડવું હોય તો લાઈકર એમોની ફોર્સ્યોર લગાડવું. કાન્થારીડીઝ બ્લીસ્ટર લગાડવાથી કોઈ કોઈ વાર પેશાબે ગરમી માલમ પડેછે. તે નહી થવાસારૂ બ્લીસ્ટર થોડા કલાક રાખવું અને તે ઠેકાણે પાછળથી પોટીસ લગાડવું. આ રીતે બેચાર કલાક બ્લીસ્ટર રાખી પછી તે કાઢીને પોટીસ મુકવાથી સારૂ બ્લીસ્ટર ભરાશે. નાના બચ્ચાંને એકાદ કલાક બ્લીસ્ટર મુકી પોટીસ લગાડવાથી ફોલ્લો ભરાશે. બચ્ચાથી વધારે વખત બ્લીસ્ટર સહન થતું નથી અને વધુ વખત રાખવાથી તે સ્થળે ચાંદુ પડેછે.

રેવડી (ટ્રોકીસ્કી અથવા લોઝેનજીસ):—મૂખ્ય ઔષધીના સાથે સુમારે ૨૫ ઔંસ ઘોયેલી સાકર, એક ઔંસ ગુંદરની ભૂકી, બે ઔંસ ગુંદરનું પ્રવાહી, અને તે ઉપરાંત રેવડી બાળવાને જરૂર પડે તેટલું સ્વચ્છપાણી લઇ તેની ૭૨૦ એક સરખી રેવડી કરવામાં આવેછે. દરેક રેવડીમાં મૂખ્ય ઔષધીનો ભાગ તેની માત્રા જેટલો ભાગ હોયછે. રેવડી સરખી બનાવ્યા બાદ તેને સુકવવામાં આવેછે. માત્રા ૧ થી ૬ રેવડી સુધી તેને મોઢામાં રાખીરસ ઉતારવો.

સત્વ (એક્ષટ્રાક્ટ):—ઔષધીનાં સત્વ બે પ્રકારનાં હોયછે. તેમાંનો ઘણો ભાગ નરમ ગોળ જેવો હોયછે અને થોડાંક સત્વ પ્રવાહી હોયછે. સત્વ કાઢવાની રીત પણ સર્વે દવાને માટે એકજ હોતી નથી. ઘણીક દવાને પાણીમાં સ્પીરીટ સાથે અગર સ્પીરીટવિના બેથી સાત દિવસ પર્યંત પલાળી રાખી તેને નીચોવીને ગાળી લેવામાં આવેછે. ગાળી લીધા બાદ ઉષ્ણોદકપર વધારાનો પાણીનો ભાગ બાળી દેવામાં આવેછે એટલે સત્વ થાયછે. કોઇ દવાને ફક્ત સ્પીરીટમાં પલાળી રાખવામાં આવેછે અને કોઇને માટે ઇથરનું સાહીત્ય સેવામાં આવેછે. કોઈ વનસ્પતિનો રસ કાઢી તેને ગાળીને ઉષ્ણોદક ઉપર વધારાનો પ્રવાહી ભાગ બાળી દેવામાં આવેછે. સત્વની માત્રા થોડા ગ્રેન અગર ડ્રામની હોયછે. મૂખ્ય દવાને ઠેકાણે સત્વ વાપરવાથી થોડી માત્રા આપતાં પૂરતો ફાયદો મળેછે.

શરબત (સીરપ):—જે દવાનું શરબત બનાવવું હોય તેને પાણીમાં પલાળી ગાળી લઈને નીતરવા દેવું. તે પાણીમાં સાકર મેળવી થોડી ગરમીથી તેને ગાળી દેવી. શરબતની માત્રા ડ્રામ $\frac{1}{2}$ થી ૨ હોયછે.

સોગઠી (સપોઝીટરી):—યોનિ અગર મળદ્વારમાં પહેરવાની શંકુ આકારની ગોળી થાય છે. મૂખ્ય દવાની સાથે કોકમનું તેલ, મીણ અને ચરબી મેળવીને બનાવાય છે અને તે રાતના સુતી વખત પહેરવાને કામ આવેછે.

સ્પીરીટ—ઔષધીનો એક ભાગ અને રેક્ટીફાઈડ સ્પીરીટના ઓગણપચાસ અગર કમી ભાગ મેળવીને બનાવાય છે. તેની માત્રા ડ્રામ $\frac{1}{2}$ થી ૧ પર્યંત હોયછે.

સ્વરસ (સકસ):—તાજી વનસ્પતિનો રસ કાઢીને તેના દરેક ત્રણ ભાગમાં એક ભાગ રેક્ટીફાઇડ સ્પીરીટનો ઉમેરવામાં આવેછે. માત્રા ½ થી ૨ ડ્રામ હોયછે.

શેક (ફોમેન્ટેશન):—શેક બે રીતે થાયછે. એક કોરો શેક ને બીજો ભીનો શેક. કોરો શેક પોટલીવતી થાયછે. પોટલી કોરી કપડાંની હોયછે અગર તેમાં કાંઇ દવા વીંટાળેલી હોયછે. આકડાના પાનવતી પેટ ઉપર શેક કરવામાં આવેછે, અને ઘણીવાર તેને એરંડયેલ લગાડવામાં આવેછે. પાનનો શેક છાતી ઉપર કરવામાં આવેછે. વળી આપણા દેશમાં ખાટલાની નીચે શગડીઓ રાખી તેનાથી શેક લેવાનો ચાલછે. સૂવાવડમાં તેમજ ઘણી વખત માર અને પછાટને માટે આ રીતે શેક થાયછે. તેને માટે આવળ વગરે કેટલીક પ્રકારનો પાલો પણ બીછાના ઉપર પાથરવામાં આવેછે અને તે ફાયદાકારક થઈ પડેછે. બાટલીયોમાં ગરમ પાણી ભરીને તે વડે શેક થાયછે. તેમજ લોટામાં અગર તામડીમાં ગરમ પાણી ભરીને તેથી પણ થાયછે. ભીનો શેક ગરમ પાણી અને ફલાલીન વતી થાયછે. ખળખળતું પાણી કરી તેમાં ફલાલીનના કડકા બોળી નીચોવીને તેનાથી શેકાયછે. કકડા એક કરતાં વધારે હોવાથી વારા ફરતી તેમને બોળીને શેકાયછે. શેકવાના પાણીમાં કેટલીક ઔષધી નાખી શકાયછે જેમકે ખસખસના પોસ, કામોમાઇલનાં ફુલ, ઇત્યાદિ. તેમજ શેકવાના ભાગ ઉપર કેટલીક ઔષધી લગાડાયછે જેમકે ટરપેનટાઇન, બેલાડોના વગરે. શેકવાના કપડામાં નીચોવતાં વિશેષ પાણીનો અંશ રહેવો નહી જોઇએ. શેક કર્યા પછી શેકેલા ભાગને ગરમ કપડામાં ઢાંકી રાખવો. તેને ખુલો પવન ખાવા દેવો નહી. શેક કરવાથી ચામડી લાલ થવી જોઇએ. શેક દિવસમાં એક અગર વધારે વખત કરવો પડેછે. દરેક વખત અડધાથી એક કલાક પર્યંત સેક કરવો. ત્વચાના તેમજ અંદરના અવયવના વરમને માટે શેક કરવાની જરૂર પડેછે. વળી નબળાઈ, થંડી અને બેહોશીને માટે શેક થાયછે. શેકને લીધે દરદ, સોજો, દાહ મટેછે, અને શરીરમાં ગરમી આવેછે. દાહના વિષયમાં સેકને માટે વિસ્તાર કર્યોછે.

બાફ અને સ્નાન (બાથ):—બાફ કેટલીક રીતે લેવાયછે. એક બતી સળગાવી ખુરસી નીચે મુકી તે ઉપર દરદીને બેસાડીને ચોતરફ જાડું કપડું વીંટી લેવાથી અંદરની હવા ગરમ થઈ, શરીરને ગરમી લાગશે અને પરશેવો વળશે. કેટલાંક જલંદર વગરે દરદ માટે ત્વચા રસ્તે પાણીનો નીકાલ કરવો હોય તો આ પ્રમાણે "ઉષ્ણ હવાની બાફ" લેવામાં આવેછે. ઉષ્ણ હવાની સાથે ઔષધી કોઈ વખત હોયછે જેમકે ઉપદંશને માટે કાલોમલ વગરે લેવાયછે. ઉષ્ણ હવાને ઠેકાણે **ઉષ્ણ વરાળની બાફ** પણ લેવામાં આવેછે. બતીને ઠેકાણે ખુરસીની નીચે ઉકળતા પાણીનું તપેલું મુક્યું હોય તો તેની વરાળ શરીરને લાગી પરસેવો છુટેછે. પાણીની અંદર લીલી ચા અગર બીજી ઔષધી ઉમેરવામાં આવેછે. ગરમ દૂધની વરાળ પણ આ રીતે વપરાયછે. તાવ વગરે બીમારીમાં આ રીતે પરસેવો લાવવા માટે **વરાળ બાફ** લેવામાં આવેછે.

મોટા ઊંડા વાસણમાં ગરમ પાણી ભરી, તેમાં અડધા પગ દસ વિસ મિનિટ બોળી, તેને કાઢી, લુછીને કપડું ઓઢી સુઈ જવાથી પરસેવો છુટેછે. મસ્તકની ગરમી

કમી થાયછે અને ઘેન ઓછું થાયછે તેને "પાદબાફ" કહેછે. તે પાણીમાં રાઇનો લોટ, બોરડી, લીંબુ, નગોડ વગેરેનો પાલો નાખવામાં આવેછે. આ ઉપાય પણ તાવમાં પરશેવો લાવવા ઉપયોગી છે.

ગરમ પાણીથી સ્નાન કરી, શરીર લુછીને, ગરમ કપડાં પહેરવાથી પરસેવાને ઉત્તેજન મળેછે.

ગરમ પાણીમાંઃ—બેસવાથી ઘણીકવાર ફાયદો થાયછે. ગરમ પાણીમાં **કમ્મર પર્યંત** દશ વિશ મિનિટ બેસવાથી મળ મૂત્રનો ખુલાસો થાયછે. આ રીતે કેટલીકવાર મૂત્ર બંધ હોય ત્યારે પાણીમાં બેસવાથી તાત્કાળ પેસાબ છુટેછે. નષ્ટાર્તવ તથા ગર્ભસ્થાનના રોગ માટે પણ આ પ્રયોગથી ફાયદો થાયછે. સારણગાંઠના ફાંસા માટે ગરમ પાણીમાં બેસવું પડેછે.

ગરમ પાણીમાં ગળા પર્યંત બેસવાથીઃ—શરીરની ગરમી વધેછે અને મસ્તકને ફાયદો થાયછે. બચ્ચાંઓને ઘેન હોય, આંચકી હોય, તાવ હોય, ત્યારે આ પ્રમાણે ગરમ પાણીમાં ઝબોળવામાં આવેછે અને તેજ વખતે મસ્તક ઉપર થંડુ પાણી રેડવામાં આવેછે. ઉન્માદને સારૂ આ પ્રયોગ ઉત્તમછે. કેટલાક ઓષધની કરવા માટે તે પાણીમાં નાખી ત્વચા રોગ સારૂ પાણીમાં બેસવાની જરૂર પડેછે.

લોહીયાળ, જાડા આદમીયે બહુ ગરમ પાણીમાં વિશેષ વખત બેસવું નહી જોઇએ. ઋતુસ્નાનના દિવસમાં, પૂર્ણમાસી ગર્ભધારણ વેળા પણ ગરમ પાણીમાં બેસવું નહી.

પાણીની ગરમી ૭૫ થી ૯૦ ડીગ્રીની હોય ત્યારે તેને "સમસીતોષ્ણ સ્નાન" કહેછે. પાણીની ગરમી ૯૦ થી ૧૦૦ ડીગ્રીની હોય ત્યારે "ઉષ્ણસ્નાન" કહેછે અને તેની ગરમી ૧૦૦ થી ૧૧૨ ડીગ્રીની હોય ત્યારે "વિશેષ ઉષ્ણસ્નાન" કહેછે.

પાણી ૬૦ થી ૭૫ અંશની ગરમીનું હોય તો તેને "થંડુસ્નાન" કહેછે. અને જો તે ૩૩ થી ૬૦ અંશનું હોય તો તેને "અતિ થંડુસ્નાન" કહેછે. ટાઢા પાણીમાં સ્નાન કરવાથી શરીરને પ્રથમ "ધક્કો" લાગેછે. શરીર થંડુ થાયછે. સ્નાન કર્યા બાદ શરીરમાં ગરમી ભરાયછે. સવારનો વખત ટાઢા પાણીથી નહાવાનો ઉત્તમ છે. શરીરમાંથી પરસેવો નીકળતો હોય તે વખત થંડુ સ્નાન કરવું નહી. ખાઇને તરત થંડા પાણીમાં બેસવું નહી. નાના બચ્ચા તેમજ બુઢા માણસને થંડા પાણીનું સ્નાન ગેરફાયદો કરેછે. બહુ લોહીયાળ આદમી જેને કોઇ દ્વારે લોહી પડવાની આદત હોયછે, જેને રક્તાશયના વ્યાધિ હોય, બહુ નબળાઈ હોય, મૂત્રપિંડનો વરમ અગર ત્વચાનો વરમ હોય તેણે થંડા પાણીમાં નહાવું નહી. હીસ્ટીરીયા, કોરીયા, મસ્તકની ગરમી, શરીરની શીથળતા, વિર્યશ્રાવ, સ્ત્રીયોને પ્રદર વગરે વ્યાધિને થંડુ સ્નાન ઉપયોગી પડેછે.

થંડા પાણીના સ્નાનથી શરીરને કૌવત અને પુષ્ટી મળેછે. મગજ તથા આંખની ગરમી માટે થંડા પાણીની ધાર કરવી.

સુસ્તી, ઘેન, અને બેભાની હોય ત્યારે થંડુ પાણી છાંટવાથી સાવચેતી થાયછે.

તાવમાં બહુ ગરમી વધી જાયછે ત્યારે "સમસીતોષ્ણ" પાણીમાં બેસાડવાથી શરીરની ગરમી કમી થાયછે. પ્રથમ તાવવાળા આદમીને જ્યારે ગરમી ૧૦૫ સુધી થાયછે

ત્યારે તેને ૧૦૦ ડીગ્રીવાળા ગરમ પાણીમાં બેસાડી તેમાં બીજુ થંડુ પાણી રેડી સુમાર ૮૦ થી ૮૫ ડીગ્રી પર્યંત લાવવું. બાદ થોડા મિનિટ પછી તેને બહાર કાઢી લુછીને કપડાં ઓઢાડી રાખવાં. આ પ્રમાણે કોઇવાર એકથી વધારે વખત કરવું પડેછે.

થંડા પાણીમાં ચાદર બોળી, નીચોવી તેમાં અતિ તાવવાળા આદમીને લપેટીદેવો. એક ચાદર ગરમ થઈ કે તરત બીજી થંડી ચાદર લેઈ લગાડવી. એ પ્રમાણે કરવાથી તાવની ગરમી કમી થાયછે.

પરસેવો લાવવા માટે ગરમ પાણીમાં ધાબળી બોળી નીચોવીને તે પ્રમાણે લપેટવાથી કાર્ય સિદ્ધી થાયછે.

બેભાની હોય, દારૂનો નીશો હોય, તાવની બહુ ગરમી ચઢી ગઈ હોય, ઉન્માદ હોય ત્યારે ઉંચેથી થંડા પાણીની ધાર મસ્તક ઉપર કરવાથી આરામ થાયછે.

તાવની ગરમી ઘણી હોય ત્યારે થંડુ પાણી અથવા પાણી અને સરકો બેઉ લેઇને તેમાં બાદળી બોળી શરીરને ચોળવી એટલે ગરમી કમી થાયછે.

ઇંગ્રેજી તોલનું કોષ્ટક.

ઇંગ્રેજી તોલ.	દેશી તોલ.
૧ ગ્રેન=સુમારે ૧ ઘઉંભાર	૨॥ તોલા=૧ ઔંસ
૨૦ ગ્રેન= ૧ સ્ક્રુપલ	૧ વાલ=૬ ગ્રેન
૬૦ ,, = ૧ ડ્રામ	૧ રતી=૨ ,,
૮ ડ્રામ=૧ ઔંસ	
૧૬ ઔંસ= ૧ પાઉંડ અથવા રતલ સુમારે ૩૯ તોલા.	

ઉપર પ્રમાણે સાધારણ દવાઓ જોખીને અપાયછે પણ ઓષધીમાં એક ઔંસના વાસ્તવિક ૪૩૭-૫ ગ્રેન ગણાય છે. એક ઔંસ ચોખા પાણીનું વજન પણ તેટલુંજ થાયછે માટે એક ડ્રામમાં ૫૪.૬ ગ્રેન આ હીસાબે આવેછે.

એક ઔંસને પાંચ ગ્રેન મળી અઢી તોલા થાયછે. ૧૮૪ ગ્રેનનો ૧ તોલો થાયછે ને ૪ વાલના ૨૪ ગ્રેન થાયછે.

માપ.

૧ મીનીમ=૦.૯૧			ગ્રેન પાણીનું વજન.	
૬૦ ,, =	૧ ડ્રામ =	૫૪.૬	ગ્રેન પાણીનું વજન.	
૮ ડ્રામ=	૧ ઔંસ=	૪૩૭.૫	,,	,,
૨૦ ઔંસ=	૧ પાઇંટ=	૧$\frac{1}{4}$ રતલ=૮૭૫૦	,,	,,
૮ પાઇંટ=	૧ ગ્યાલન=	૧૦ રતલ=૭૦૦૦૦	,,	,,

આ પુસ્તકમાં મીનીમને ઠેકાણે ટીપાંનું માપ આપેલછે. ટીપું નાના મોટું હોયછે માટે માપવામાં મીનીમનુંજ માપ રાખવું.

મેટ્રીકલ રીતનું કોષ્ટક.

તોલ.

૧ મીલીગ્રામ=ગ્રામનો $\frac{૧}{૧૦૦૦}$ ભાગ=૦.૦૦૧ ગ્રામ.

૧ સેન્ટીગ્રામ = ,, $\frac{૧}{૧૦૦}$,, =૦.૦૧ ,,

૧ ડેસીગ્રામ = ,, $\frac{૧}{૧૦}$,, =૦.૧ ,,


૧ ગ્રામ = એક ઘન સેન્ટીમીટર પાણીનું વજન

૧ ડેકાગ્રામ =૧૦ ગ્રામ.


૧ હેકટોગ્રામ=૧૦૦ ગ્રામ.

૧ કીલોગ્રામ =૧૦૦૦ગ્રામ.

આકૃતિ ૨૨. મીનીમ મેઝર.



આકૃતિ ૨ . ઔંસ મેઝર.



માપ. પ્રવાહી.

૧ મીલીલીટર=૧ ઘનસેન્ટી મીટર અથવા ૧ ગ્રામ પાણીનું માપ.

૧ સેન્ટીલીટર=૧૦ ,, ૧૦ ,,

૧ ડેસીલીટર =૧૦૦ ,, ૧૦૦ ,,

૧ લીટર =૧૦૦૦ ,, ૧૦૦૦ ,,

માપ. લંબાઈ.

૧ મીલીમીટર=૧ મીટરનો $\frac{૧}{૧૦૦૦}$ ભાગ =૦.૦૦૧ મીટર

૧ સેન્ટીમીટર =૧ ,, $\frac{૧}{૧૦૦}$,, =૦.૦૧ ,,

૧ ડેસીમીટર =૧ ,, $\frac{૧}{૧૦}$,, = .૧ ,,

૧ મીટર =પૃથ્વીના $\frac{૧}{૪}$ પરીઘનો $\frac{૧}{૧૦૦૦૦૦૦૦}$ ભાગ

માપ. પ્રવાહી.

૧ રતલ = ૪૫૩.૫૯૨૫ ગ્રામ ૧ ગ્યાલન =૪.૫૪૩૪૮૭ લીટર.

૧ ઔંસ =	૨૮.૩૪૯૫ ગ્રામ.	૧ પાઈંટ	=૦.૫૬૭૯૩૬ લીટર.
૧ ગ્રેન =	૦.૦૬૪૮ ,,	૧ ઔંસ	=૦.૦૨૮૩૯૬ ,,
		૧ દ્રામ	=૦.૦૦૩૫૪૯ ,,
		૧ મીનીમ	=૦.૦૦૦૦૫૯ ,,

૧ મીલી ગ્રામ=૦.૦૧૫૪૩૨ ગ્રેન.
૧ સેન્ટી ગ્રામ=૦.૧૫૪૩૨ ,,
૧ ડેસી ગ્રામ =૧.૫૪૩૨ ,,
૧ ગ્રામ =૧૫.૪૩૨ ,,
૧ કીલો ગ્રામ=૧૫૪૩૨.૩૪૮ ,, અથવા ૨ રતલ ૩ ઔંસ ૧૧૯ ગ્રેન.

લંબાઇ માપ.

૧ મીલીમીટર=૦.૦૩૯૩૭ ઈંચ.
૧ સેન્ટીમીટર=૦.૩૯૩૭૧ ,,
૧ ડેસીમીટર =૩.૯૩૭૦૮ ,,
૧ મીટર =૩૯.૩૭૦૭૯ ,,

દવા.

અમીગડલા અમારા ઈં. બીટર આલમાન્ડ ગુ. કડવી બદામ.

અમીગડલા ડલસીસ ઈં. સ્વીટ આલમાન્ડ ગુ. મીઠી બદામ.

ઓલીયમ અમીગડલા ઈં. આમન્ડ ઓઈલ ગુ. બદામનું તેલ. કડવી ને મીઠી બદામમાંથી તેલ પીલીને કાઢેછે.

પલ્વીસ અમીગડલી કમપોઝીટસ ઈ. કમ્પાઉન્ડ આમન્ડ પાઉડર ગુ. બદામનું મિશ્રીત ચૂરણ.

બનાવટ:—મીઠી બદામ... ... .. ૮ ઔંસ
ધોયેલી સાકર (બુરૂ)... ... ૪ ,,
બાવળના ગુંદરની ભૂકી ... ૧ ,,

બદામને ગરમ પાણીમાં પલાળી ફોતરાં કાઢી મૂકવી નાખીને તેને વાટવી. પછી તેમાં સાકર તથા ગુંદરની ભૂકી મેળવી ચૂરણ તૈયાર કરવું.

મીસચુરા અમીગડલી ઈં. આમન્ડ મીકસ્ચર ગુ. બદામનું મિશ્રણ.

બનાવટ:—બદામનું મિશ્રીતચૂરણ... ... $2\frac{1}{2}$ ઔંસ
પાણી ચોખ્ખુ... ... ... ૧ પાઈંટ

ચૂરણને પાણી સાથે મેળવી ગાળી લેવું.

માત્રા:—૧ ઔંસથી ૨ ઔંસ.

ગુણ:—મીઠી બદામ અશકતાઈ માટે ખોરાક તરીકે વપરાયછે. તેનો શીરો તથા પાક

થાયછે. બીજી દવાઓ સાથે તેનું ચૂરણ તથા મિશ્રણ યોગવાહ તરીકે વપરાયછે. એઉ જાતની બદામમાંથી તેલ નીકળેછે. કડવી બદામમાં હૈડ્રોશ્યાનીક આસિડ હોયછે અને તે વધારે ખાવામાં આવેછે તો ઝેર ચડેછે. બદામનું તેલ ત્વચાના રોગ ઉપર લગાડવાના કામમાં આવેછે. તેમજ કેટલાક મલમ બનાવવાના કામમાં પણ આવેછે. ખરજવું, ચોરોટા, બળતરા અને શુશ્કપણા માટે તેલ લગાડાયછે.

અરગોટા ઈં. અરગટ.

માત્રા—૨૦ ગ્રેનથી ૩૦ ગ્રેન.

ઈનફ્યુઝમ અરગોટી ઈં. ઈનફ્યુઝન ઓફ્ અરગટ ગુ. અરગટનો ચા.

બનાવટઃ—અરગટનો ભુકો	... ...	¼ ઓંસ.
ચોખ્ખું ખળખળતું પાણી	...	૧૦ ,,

આ બંનેને એક વાસણમાં નાખી અડધો કલાક ઢાંકી રાખી પછી ગાળી લેવું.

માત્રા—૧ ઓંસથી ૨ ઓંસ.

એકસ્ટ્રાકટમ અરગોટી લીકવીડમ ઈં. લીકવીડ એકસ્ટ્રાકટ ઓફ્ અરગટ ગુ. અરગટનું પ્રવાહી સત્વ.

બનાવટઃ—અરગટનો ભૂકો	... ...	૧ રતલ
ઈથર	... ...	૧ પાઈંટ
ચોખ્ખુંપાણી ...	... ...	૩½ ,,
રેકટીફાઈડસ્પીરીટ	... ...	૮ ઓંસ.

અરગટના ભુકામાં ઈથર નાખવાથી અરગટનો તેલવાળો ભાગ જુદો પડશે. પછી તેલ વગર રહેલા અરગટને ૧૬૦ ડીગ્રીવાળા ગરમ ત્રણ પાઈન્ટ પાણીમાં ૧૨ કલાકસુધી રહેવા દેવું. પછી નીચોવી લઈને ઉષ્ણોદક ઉપર ૯ ઓંસ શેષ રહે ત્યાંસુધી સૂકાવા દેવું. ઠંડું થયાપછી સ્પીરીટ ઉમેરવો. તેને એક કલાકરહેવાદેઈને ગાળી નાખવું.

માત્રા—દશથી સાઠ ટીપાં.

ટિંકચુરા અરગોટી ઈં. ટિંકચર ઓફ્ અરગટ ગુ. અરગટનો અર્ક.

બનાવટઃ—અરગટનો ભૂકો	... ...	૫ ઓંસ
પ્રૂફસ્પીરીટ	.. ...	૧ પાઈંટ

પંદરઓંસ સ્પીરીટમાં અરગટને અડતાળીશ કલાક રાખી ગાળી લેવું ને એક પાઈન્ટ થાય તેટલો પ્રૂફસ્પીરીટ ઉમેરવો.

માત્રા—૧૦ ટીપાંથી ૧ ડ્રામ.

ગુણ—વેણ લાવનાર, રક્ત સ્તંભક.

ઉપયોગ—અરગટ ગર્ભાશયને સંકુચીત કરેછે અને તેથી બચ્ચાનો પ્રસવ થવામાં, રક્તશ્રાવનો અટકાવ કરવામાં, ઓરને બહાર કાઢવામાં, બહુ આર્તવમાં તથા નુન્યાર્તવને માટે તે વપરાયછે. ઉરસ્તંભ ઉપર અરગટ અપાયછે. બરડાના દોરડાના વ્યાધિ ઉપર અરગટ અપાય છે. અરગટનો અર્ક અગર સત્વ જુનાં હોય તો બરાબર અસર

નથી કરતાં. ત્યારે તેની તાજી ચા કરી આપવાથી સારો ફાયદો માલમ પડેછે.

આર્જેન્ટાઇ નાઇટ્રસ ઈ. નાઇટ્રેટ ઓફ સીલવર અથવા લ્યુનર કાસ્ટીક.

ગુણ—દંભક, ગ્રાહી.

માત્રા—¼ ગ્રેનથી ૧ ગ્રેન.

ઉપયોગ—અજીર્ણ, ઉલટી, ગુલ્મ, આમાશયનું ચાંદું, સંગ્રહણી તથા અતિસાર ઉપર આપવામાં આવેછે. ગોળીના રૂપમાં આ દવા આપી શકાય છે.

આંખ દુખવા આવી હોય તે પર ગ્રેન ૧ થી ૪, એક ઔંસ પાણીમાં મેળવી તેનાં ટીપાં નંખાય છે. ઘણા દિવસ આંખમાં નાંખવામાં આવે તો આંખમાં કાળા ડાઘ પડી જાયછે.

ઉપદંશ, મસા, ચાંદા ઉપર બાળવાના કામમાં ક્યાસ્ટીક વપરાય છે. કુતરા વગેરેના વિષવાળા જખમ ઉપર લગાડવામાં આવેછે. રતવાની મર્યાદા બાંધવાને કાસ્ટીક લગાડાય છે. પ્રદર તથા પ્રમેહને માટે પીચકારી ૧ થી ૨ ગ્રેન એક ઔંસ ચોખા પાણી સાથે મેળવી અપાયછે. ફોટોગ્રાફના હુનરમાં આ દવાનો મોટો ઉપયોગછે.

આમોન્યા:

લીકર આમોની ફોર્ટીયોર ઈ. સ્ટ્રોંગ. સોલ્યુશન આફ આમોન્યા. ગુ. આમોન્યાનું તિક્ષણ દ્રવ.—આ દવા નવસાર અને કળીચુનામાંથી બનાવાયછે.

લીકર એમોન્યા. ઈ. સોલ્યુશન ઓફ આમોન્યા ગુ. આમોન્યાનું દ્રવ.

બનાવટ:—સ્ટ્રૉંગ સોલ્યુશન ઓફ આમોન્યા	...	...	૧ પાઈંટ.
ચોખ્ખું પાણી.	..	...	૨ ,,

બેઉ એકઠું કરીને કાચના બુચવાળા શીશામાં રાખવું.

લીનીમેન્ટમ આમોની. ઈ. લીનીમેન્ટ ઓફ આમોનીઆ ગુ. આમોન્યાનું તેલ.

બનાવટ:—સોલ્યુશન ઓફ આમોન્યા	...	...	૧ ઔંસ.
અળશીનું તેલ	...	...	૩ ,,

બંનેને એકઠાં મેળવવાથી આ દવા બનેછે.

ગુણ:—આમોન્યાની વાસ અતી ઉગ્ર ને ઉષ્ણ છે. બહાર લગાડવાથી બ્લીસ્ટરના જેવા ફોલ્લા ઉઠેછે.

માત્રા:—૧૦ થી ૩૦ ટીપાં પુષ્કળ પાણી સાથે અપાયછે.

ઉપયોગ:—સર્પ દંશ, કોલેરા, હિસ્ટીરીયામાં જ્યારે આદમી અતી હલાક થાય ત્યારે આમોન્યા ઉપયોગી થઈ પડેછે. શ્લેષ્મને માટે શુંઘવાના કામમાં આવે છે.

હૈડ્રોસ્યાનિક આસિડ અને વછનાગ જેવાં ઝેર ઉપર આમોન્યા અપાય છે.

વીંછીના ડંશ ઉપર લીકર આમોનીયા અને લાડેનમ સમ ભાગે લગાડવથી આરામ થાયછે. ઘણાક વાના દરદો ઉપર આમોન્યાનું તેલ ફાયદા કારકછે.

લીકર આમોના એસેટેટીસ ઈ. સોલ્યુશન આફ એસીટેટ ઓફ આમોનીયા.

બનાવટ:—એસેટીક આસિડ ... ... ૧૦ ઔંસ.

કાર્બોનેટ ઑફ આમોનીયા ... $3\frac{1}{4}$,,
ચોખ્ખુ પાણી ... ... $2\frac{1}{2}$ પાઈંટ

કાર્બોનેટ ઑફ આમોનીયાનો ભુકો કરી તેમાં ધીમે ધીમે એસેટિક આસિડ નાંખવી અને એક રસ થાય ત્યારે પછી પાણી ઉમેરવું.

ગુણઃ—શીત અને સ્વેદલ.

માત્રા—૨ ડ્રામથી ૬ ડ્રામ.

ઉપયોગઃ—સર્વ પ્રકારના જ્વર ઉપર અપાય છે. જ્યારે જ્વર અંગમાં હોય ત્યારે આ દવા આપવામાં આવેછે. નાઈટ્રીક ઈથર, સુરો ખાર અને એન્ટીમની જેવા બીજા મૂત્રલ અને સ્વેદલ ઔષધની સાથે હમેશાં જ્વર ઊપર અપાય છે.

લાઈકર એમોની સાઈટ્રેટીસ ઈ. સોલ્યુશન ઑફ સાઈટ્રેટ ઑફ એમોનીયા.

બનાવટઃ—સાઈટ્રીક આસિડ ૩ ઔંસ.
સ્ટ્રૉંગ સોલ્યુશન ઑફ આમોન્યા. $2\frac{3}{4}$,,
ચોખ્ખું પાણી ૧ પાઈન્ટ

પાણીની અંદર સીટ્રીક આસિડને નાંખવી અને પછી સ્ટ્રૉંગ સોલ્યુશન ઑફ આમોન્યા નાંખવું. **માત્રા** ૨ ડ્રામથી ૬ ડ્રામ.

ગુણ અને ઉપયોગ લાઈકર આમોન્યા એસેટેટીસની માફક છે.

આમોની બ્રોમીડમ. ઈ. બ્રોમાઈડ ઑફ આમોન્યમ્.

ગુણઃ—ગ્રંથી શામક, નિંદ્રાપ્રદ.

માત્રાઃ—૨ ગ્રેનથી ૨૦ ગ્રેન.

ઉપયોગઃ—ગ્રંથીને મટાડેછે, મોટી ઊધરસ, ફેફર, અને અપસ્માર ઉપર અપાયછે.

આમોની કાર્બોનાસ. ઈ. કાર્બોનેટ ઑફ આમોન્યા, સ્મેલીંગ સૉલ્ટ ગુ. સુંઘવાનું મીઠું.

બનાવટઃ—નવસાર અને ચાકને એકત્ર કરી, તેને ગરમી લગાડી, ફૂલ પાડવાથી આ ક્ષાર પેદા થાયછે.

ગુણ—ઉષ્ણ, સ્વેદકૃત, કફઘ્ર, વમન કરનાર.

માત્રા—૨ થી ૧૦ ગ્રેન. વમન માટે માત્રા ૩૦ ગ્રેન.

ઉપયોગ—આ ક્ષાર સાધારણ શ્લેષ્મ, મૂર્છા, હિસ્ટીરિયા, સ્તબ્ધતાને માટે સુંઘાડવાના કામમાં આવેછે. અમ્લપીતને મટાડેછે. શ્વાસ, સન્નીપાત જ્વર, ખાંસી, ક્ષય, ઉપર આપવામાં આવેછે. અશક્તિ માટે સીંકોનાના કવાથ સાથે અપાયછે. ઘણા નબળા આદમીને વમન માટે ગ્રેન ૩૦ ગરમ પાણીમાં આપવો. તેની વાસ અતિ ઉગ્ર અને અસહ્યછે.

સાઈટ્રીક આસિડ અથવા ટાર્ટરીક આસિડ અગર લીંબુના રસના સંયોગમાં ઉલટીને બંધ કરેછે, તથા દીપનછે.

આમોની ક્લોરીડમ ઈ. ક્લોરાઈ ઑફ આમોન્યમ, સાલ આમોન્યાક ગુ. નવસાર.

બનાવટઃ—હૈડ્રોક્લોરીક આસિડ અને આમોન્યા મેળવવાથી બનેછે.

ગુણઃ—ચસકાને મટાડેછે, ગ્રંથી શમન કરેછે. બહાર લગાડવામાં શીતવિર્યછે.

માત્રાઃ—૫ ગ્રેનથી ૩૦ ગ્રેન.

ઉપયોગઃ—બદ, ગાંઠ, સ્તન સોથ ઉપર ૨ ડ્રામ દવાને ૧ ઔંસ પાણીમાં ઓગાળીને લોશન (દ્રવ) કરી લગાડવામાં આવેછે. માથું દુખતું હોય, મોઢાના ચસકા, મસ્તકશૂળ હોય તેને માટે ૧૦ ગ્રેનથી ૩૦ ગ્રેન દિવસમાં બે ચાર વખત પાણી સાથે અપાય છે.

કમળા ઉપર તથા યકૃતના વ્યાધિ ઉપર નવસાર ઘણો વપરાયછે. નવસાર પાણીમાં નાંખવાથી પાણી ઘણું થંડુ થાયછે. તેથી તાવમાં માથું દૂખતું હોય તો તેનું પાણી કરી પોતાં મૂકવામાં આવેછે.

સ્પીરીટસ આમોની આરોમેટીકસ ઈં. આરોમેટીક સ્પીરીટ ઓફ આમોન્યા, સાલવોલાટાઇ.

બનાવટઃ—કાર્બોનેટ ઓફ આમોન્યા ...	...	૮	ઔંસ.
સ્ટ્રાંગ સોલ્યુસન ઓફ આમોન્યા	...	૪	,,
જાયફળનું તેલ ...	...	૪	ડ્રામ.
લીંબુનું તેલ ...	...	૬	,,
રેકટીફાઇડસ્પીરીટ ...	...	૬	પાઈંટ.
ચોખું પાણી	...	૩	,,

એ બધાં મિશ્ર કરીને ભઠી કરી સાત પાઈન્ટ અર્ક ખેંચવો.

ગુણ—ઉષ્ણ વાતહર તથા બીજા લાઈકર આમોન્યાને મળતા છે.

માત્રા—ડ્રામ ½ થી ૧ ડ્રામ.

ઉપયોગ—ચૂંક, હિસ્ટીરીયા, મૂર્છા, અજીર્ણ-અમ્લપીત્ત નબળાઈ ઉપર આપવામાં આવેછે.

સ્પીરીટસ આમોની ફેટીડસ ઈં. ફેટીડ સ્પીરીટ ઓફ આમોન્યા.

બનાવટ—હીંગ	...	૧½	ઔંસ.
સ્ટ્રાંગસોલ્યુશન ઓફ આમોન્યા...		૨	,,
રેકટીફાઇડ ધસ્પીરીટ ...	...	જોઈયે તેટલો.	

હીંગને પંદર ઔંસ સ્પીરીટમાં એક દિવસ રાખી તેનો અર્ક ખેંચવો અને જે અર્ક નીકળે તેમાં સ્ટ્રાંગ સોલ્યુશન ઓફ આમોન્યા નાંખી એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

ગુણઃ—અને માત્રા ઉપર પ્રમાણે.

આમોનાયાકમ ઈં. આમોનાયાકમ ગુ. આ એક જાતનો ગુંદરછે.

ગુણઃ—ઉષ્ણ તથા કફઘ્ન છે.

માત્રાઃ—૧૦ ગ્રેનથી ૨૦ ગ્રેન

એમપ્લાસ્ટ્રમ અંમોનાયાસી કમ હાઇડ્રારજીરો. ઈં. એમોનાયકમ એન્ડ મરક્યુ-

હીપ્લાસ્ટર ગુ. એમોનાયકમ અને પારાનો લેપ.

બનાવટ:—એમોનાયકમ ... ૧૨ ઔંસ.
પારો. ... ... ૩ ,,
અળશીનું તેલ .. ૧ ડ્રામ.
ગંધક ... ... ૮ ગ્રેન.

તેલને ગરમ કરી ગંધક તેલની સાથે હલાવીને મેળવવો. તેની સાથે પારાને લસોટવો પછી એમોનાયકમ મેળવવો.

મીસચુરા આમોનાયાસાઇ ઇં. એમોનાયકમ મીક્સચર ગુ. એમોનાયકનું મિશ્રણ.

બનાવટ:—એમોનાયકમ .. ¼ ઔંસ.
ચોખ્ખુ પાણી ... ૮ ,,

એમોનાયકમને પાણીમાં ધોળીને ગાળી લેવું.

માત્રા—½ ઔંસથી ૧ ઔંસ.

ઉપયોગ:—એમોનાયકમ ઊધરસ ઉપર અપાય છે. વિશેષે કરી અશક્ત આદમીને પાણી સાથે ઉપર લખેલા મિશ્રિત રૂપમાં આપવું.

વાના દરદ ઉપર ઉપર લખેલો લેપ લગાડવામાં આવેછે.

આલ્યુમેન ઇં. આલમ ગુ. ફટકડી.

આલ્યુમેન એકસીકેટમ ઇં. ડ્રાઇડ આલમ ગુ. ફટકડી ફુલાવેલી.

ગુણ:—ગ્રાહી, રક્તસ્તંભક, જ્વરઘ્ન.

માત્રા—૧૦ ગ્રેનથી ૨૦ ગ્રેન.

ઉપયોગ:—ગૃહણી તથા અતિસાર અને પ્રદર ઉપર વપરાયછે. અતિઆર્તવ, પેશાબ, અર્શમાં તથા નાક અને મોઢામાંથી લોહી જતું હોય તે અટકાવવા સારૂ ફટકડી પીવા અપાય છે, પીચકારી મારવામાં કામ આવેછે તથા કોગળા કરવામાં ઉપયોગી પડેછે.

મોઢું આવ્યું હોય, સાધારણ અથવા પારાથી ચાંદાં પડ્યાં હોય, ગળું આવ્યું હોય, ચોરીયા સુજી આવ્યા હોય, પડજીભ ઉતરી હોયતો, ફટકડીના કોગળા કરવાથી દુરસ્ત થાયછે. જુના પ્રમેહ (પરમીયા) પર ફટકડીના પાણીની પીચકારી મારવામાં આવેછે. આંખો દુખતી હોય તો ફટકડીનો અફીણસાથે ઉપટો આંખની આસપાસ લગાડવામાં આવેછે. તેમજ તેનાં ટીપા પણ નંખાય છે તથા પીચકારી મરાયછે. શીતજ્વર ઉપર ૫ ગ્રેનથી ૧૦ ગ્રેન સુધી ગોળની સાથે આપવાથી તાવ અટકે છે. પ્રદર માટે પીચકારીમાં વપરાયછે. એક આંઊસ પાણીમાં કોગળા માટે દશગ્રેન પડે છે, આંખના ટીંપા માટે બેગ્રેન પડેછે, પ્રમેહની પીચકારી માટે તેટલુંજ પ્રમાણછે.

ઑલકૅહોલ ઇં. આલ્કહાલ ગુ. (દારૂનું સત્વ છે).

સ્પીરીટસ રેક્ટીફીક્ટસ ઇં. રેક્ટીફાઇડ સ્પીરીટ ગુ. રેક્ટીફાઇડ સ્પીરીટ.

આ જાતના સ્પીરીટમાં ૮૪ ભાગ ઑલ્કહૉલ ને ૧૬ ભાગ પાણી હોયછે. સાક-

રાદિ પ્રવાહીમાંથી યંત્રથી ખેંચાયછે.

સ્પીરીટસ ટેન્યુઅર ઈં. પ્રુફસ્પીરીટ ગુ. પ્રુફસ્પીરીટ.

બનાવટઃ—પાંચભાગ રેક્ટીફાઇડસ્પીરીટ તથા ત્રણભાગ પાણીના મિશ્રકર્યાથી બનેછે.

સ્પીરીટસ વાઈનાઈ ગાલીસી ઈં. બ્રાંડી. ગુ. બ્રાંડી.

ફ્રેંચ વાઇનમાંથી યંત્રવડે ખેંચી કઢાયછે. **માત્રા.** ½ થી ૧ ઔંસ.

રેક્ટીફાઈડ સ્પીરીટ અને પ્રુફસ્પીરીટ ઘણું કરી ટીંકચર તથા બીજી ઔષધિ બનાવવામાં વપરાય છે.

ગુણઃ—બ્રાંડી ઉષ્ણ, માદક તથા પૌષ્ટીક છે. અગ્નિમાંદ્ય તથા નબળાઈના પુષ્કળ વ્યાધિ માટે અપાયછે.

ઉપયોગઃ—શરીરનો કોઇ ભાગ છોલાયો હોય, સુજી આવ્યો હોય, મસ્તક દુખતું હોય ત્યારે સ્પીરીટ પાણી સાથે મેળવીને મૂકવામાં આવેછે. ભાઠાં પડે છે તથા સ્ત્રીયોના સ્તનની ડીટડીયોમાં ચીરા પડેછે તે પર પાણી સાથે સ્પીરીટ લગાડાય છે.

આયોડમ ઈં. આયોડીન. ગુ. આયોડીન.

દરિઆના કિનારા નજીક જે પાણીની અંદર ઝીણાવેલા થાયછે તેમાંથી આયોડીન નીકળેછે.

અન્ગ્યુએન્ટમ્ આયોડી ઈં. ઓઇંટમેન્ટ ઑફ્ આયોડીન. ગુ. આયોડીનનું મલમ.

બનાવટઃ—આયોડીન	... ...	૩૨ ગ્રેન	આયોડાઈડ આફ્ પોટાશ અને આયોડીનને સ્પીરીટ સાથે પ્રથમ મેળવી પછી મલમ સાથે મેળવવાં.
આયોડાઈડ આફ્ પોટાશ.		૩૨ ,,	
પ્રુફ સ્પીરીટ	...	૧ ડ્રામ.	
સાદો મલમ	...	૨ ઔંસ.	

ટિંકચુરા આયોડાઈ ઈં. ટિંક્ચર ઑફ્ આયોડીન ગુ. આયોડીનનો અર્ક.

બનાવટઃ—આયોડીન	...	½ ઔંસ.	આયોડીન અને પોટાશ આયોડાઇડને સ્પીરીટમાં ગાળવા.
રેક્ટીફાઇડ સ્પીરીટ.	...	૧ પાઇંટ.	
પોટાશ આયોડાઈડ.	...	¼ ઔંસ.	

માત્રા. ૫ ટીપાંથી ૨૦ ટીપાં.

લાઈકર આયોડાઈ ઈં. સોલ્યુશન ઑફ્ આયોડાઈ ગુ. આયોડીનનું પ્રવાહિ.

બનાવટઃ—આયોડીન	... ...	૨૦ ગ્રેન	આ ત્રણેને મિશ્ર કરવાં.
પોટાશ આયોડાઇડ	...	૩૦ ગ્રેન	
ચોખ્ખુપાણી	... ...	૧ઔંસ	

લીનીમેન્ટમ્ આયોડાઈ. ઈં. લીનીમેન્ટ ઑફ્ આયોડીન ગુ. આયોડીનનું તેલ.

બનાવટઃ—આયોડીન	...	૧¼ ઔંસ.	ઉપરની ત્રણ દવાને રેક્ટીફાઇડ સ્પીરીટમાં મિશ્ર કરવી.
પોટાશ આયોડાઇડ	..	½ ,,	
કપૂર	... ...	¼ ,,	
રેક્ટીફાઇડ સ્પીરીટ	...	૧૦ ,,	

વેપર આઇયોડાઈ ઈં. ઈનહેલેશન ઑફ્ આયોડાઇન ગુ. આયોડીનનો નાસ.

બનાવટઃ—ટીંક્ચર ઑફ્આયોડીન	...	૧ ડ્રામ
પાણી	... ...	૧ ઔંસ

સવળ પડતા કાચના વાસણમાં મૂકી, ગરમ કરતાં, વરાળ નિકળે તેનો નાસ લેવો.

ગુણ—ગ્રંથી શામક, રક્તશોધક.

ઉપયોગ—ઘણું કરીને ચોપડવામાં વપરાયછે.બદ, કંઠમાળ, યકૃત, પ્લીહા, અસ્થીસોથ, સાધારણ સોજો, અને સંધીવાયુ ઉપર આયોડાઇન લગાડાયછે. ત્વચારોગ, કરોળીયા, ખરજવું, દદ્રુ વગરે ઉપર ચોપડાય છે. અંડ વૃદ્ધિનું પાણી કાઢ્યાપછી તેમાં ટીંક્ચર આયોડીનની પીચકારી મારવામાં આવેછે. તાવ, કંઠમાળ, સંધીવાયુ ઉપર પીવાઅપાયછે.

આયોડોફોર્મમ્ ઈં. આયોડોફોર્મ.

આ નામની દવા નવી નીકળીછે. તે પીળા રંગની ભૂકી હોયછે તથા તેનો વાસ ઘણો ઉગ્ર હોયછે. તે વિશેષ ખાવા અપાતી નથી; પણ તેના રોપણ ગુણને લીધે તે બહુ વપરાયછે. તે દુર્ગંધ દૂર કરેછે. ચાંદી, ચાંદાં, ગંધાતા ક્ષત અને જખમ ઉપર લગાડાયછે. તેની ભુકી ભભરાવવી અથવા તેનો મલમ કરવો. એક દ્રામ આયો-ડોફોર્મ એક આંઉસ સાદા મલમમાં મેળવવું. તેલને ગરમ કરીને તેમાં મેળવવું અગર આલ્કહાલ અને ગ્લીસરીનમાં મેળવવું.

આલો બાર્બાડેનસીસ ઈં. બાર્બાડોઝ આલોઝ ગુ. એળીયો.

આલો સોકોટ્રીના ઈં. સોકોટ્રીન આલોઝ ગુ. એળીયો.

ગુણઃ—**રેચક**

માત્રા—૨ ગ્રેનથી ૬ ગ્રેન

અતીઆર્તવ, અર્શ અને ગર્ભવાળી સ્ત્રીને બનતા સુધી એળીયો નહીં આપવો એળીયાના એક્સ્ટ્રાકટ (સત્વ) કવાથ, ટિંક્ચર (અર્ક) તથા ગોળી થાયછે અને તે બીજી કેટલીક દવાઓમાં પણ નંખાયછે.

એક્સ્ટ્રાકટમ્ એલોઝ બાર્બાડેનસીસ ઈં. એક્સ્ટ્રાકટ ઓફ બાર્બાડોઝ એલોઝ ગુ. એળીયાનું સત્વ.

બનાવટઃ—એળીયો	... ...	૧ રતલ
ખળખળતું પાણી	...	૧ ગ્યાલન

એ બંનેને એકત્ર કરી એળીયો મળી જાય ત્યાં સુધી ખૂબ હલાવવું. તેને ૧૨(બાર) કલાક રહેવા દઈ પાણી ગાળી લેવું, ને પછી તે પાણીને ઉષ્ણોદક ઉપર મૂકીને બાળી નાખવું, એટલે એળીયાનું સત્વ શુષ તરીકે રહેશે.

માત્રા—૨ થી ૬ ગ્રેન.

એવીજ રીતે સોકોટ્રીન આલોઝનું સત્વ નીકળેછે. તેની માત્રા પણ સરખીછે.

ડીકોકશન એલોઝ બાર્બાડેનસીસ ઈં. ડીકોકશન ઓફ બાર્બાડોઝ એલોઝ. ગુ. એળીયાનો કવાત.

બનાવટઃ—એળીયાનું સત્વ	... ...	૧૨૦ ગ્રેન
હીરાબોળ	... ...	૯૦ ,,
કેશર	... ...	૯૦ ,,
કાર્બોનેટ ઓફ્પોટાશ	.. . ...	૬૦ ,,

જેઠીમધનું સત્વ	...	...	૧ આંઊંસ
એળચીનો અર્ક	...	...	૮ ,,

એળીયાનું સત્વ તથા હીરાબોળને વાટીને તેમાં કાર્બોનેટઓફ પોટાશ તથા જેઠી-મધના સત્વને મેળવવાં, પછી તેમાં સૂમારે ૧ પાઈંટ પાણી નાખવું. બાદ તેને પાંચમિનિટ ઉકાળવું. પછી કેશર અને એલચીનો અર્ક તેમાં નાંખવાં.બાદ તેને બે કલાક થંડુ થવા દેઈ ગાળી લેવું અને ગાળેલું પાણી ત્રીસ ઔંસ થાય તેટલું બીજું ચોખ્ખું પાણી ઉમેરવું.

માત્રા—½ ઔંસથી ૨ ઔંસ

ટીંકચુરા એલોઝ ઈં. ટિંકચર ઓફ એલોઝ ગુ. એળીયાનો અર્ક.

બનાવટઃ—એળીયાનોભુકો	...	...	½ ઔંસ
જેઠીમધનું સત્વ	...	...	૧½ ,,
પ્રુફસ્પીરીટ	...	...	જરૂર પડે તેટલો

એળીયાને અને જેઠીમધના સત્વને પંદર ઔંસ પ્રુફસ્પીરીટમાં નાખી, એક વાસ-ણમાં બંધ કરી સાત દિવસસૂધી રાખવું. વચ્ચે કોઈ કોઇવાર હલાવવું. ત્યાર પછી તેને ગાળી લઈ એક પાઈંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રા—૧ ડ્રામથી ૨ ડ્રામ.

પીલ્યુલા એલોઝ બાર્બાડેનસીસ ઈં.પીલ ઓફબાર્બાડોઝ એલોઝ.ગુ.એળીયાની ગોળી.

બનાવટઃ—એળીયાનો ભૂકો	...	...	૨ ઔંસ.	આ સર્વેને મિશ્ર કરવાં ને ગોળી વાળવી.
કઠણ સાબુ	...	...	૧ ઔંસ.	
જાયફળનું તેલ	...	...	૧ ડ્રામ.	
ગુલકંદ	...	...	૧ ઔંસ.	

માત્રા—૫ ગ્રેનથી ૧૦ ગ્રેન.

પીલ્યુલા એલોઝ એટ એસેફોટીડા ઈં. પીલઓફ એલોઝ એન્ડ એસેફોટીડા. ગુ. એળીયા અને હીંગની ગોળી.

બનાવટઃ—એળીયો, હીંગ, કઠણ સાબુ, ગુલકંદ — દરેકનો ૧ ઔંસ લઇ સર્વેને મિશ્ર કરી ગોળી વાળવી.

માત્રા ૫ ગ્રેનથી ૧૦ ગ્રેન.

પીલ્યુલા એલોઝ એટ ફેરી ઈં. પીલ ઓ એલોઝ એન્ડ આયર્ન. ગુ. એળીયા અને લોહની ગોળી.

બનાવટઃ—હીરાકસી	...	...	૧½ ઔંસ.	હીરાકસી, એળીયો, વાટીને ત-જાદિ ચરણ અને ગુલકંદ સાથે મિશ્ર કરી ગોળી વાળવી.
એળીયો	...	...	૨ ,,	
તજાદિ ચૂરણ	...	...	૩ ,,	
ગુલકંદ	...	...	૪ ,,	

માત્રા—૫ ગ્રેનથી ૧૦ ગ્રેન.

પીલ્યુલા એલોઝ એટ મહર ઈં. પીલ ઓફ એલોઝ એન્ડ મહર ગુ. એળીયા અને હીરાબોળની ગોળી.

બનાવટ:—એળીયો ... ... ૨ ઔંસ. } એળીયો, હીરાબોળ તથા કેસર
હીરાબોળ ... ... ૧ ,, } ને ઝીણું ખાંડી ચાળીને તેની
કેશર ... ... ½ ,, } ગુલકંદ સાથે મેળવી ગોળી
ગુલકંદ ... ... ૨½ ,, } વાળવી.

માત્રા—ગ્રેન ૫ થી ૧૦ ગ્રેન

વાઈનમ્ એલોઝ ઈં. વાઇન ઓફ એલોઝ ગુ. એળીયાનો આસવ.

બનાવટ:—એળીયો ... ... ૧½ ઔંસ.
સુંઠ } દરેક ... ૮૦ ગ્રેન
એળચીદાણા }
શેરીવાઇન ... ... ૨ પાઈંટ.

સુંઠ એળીયો અને એળચીદાણાને ખાંડીને શેરીવાઇનમાં નાંખી એ બધું એક વાસણમાં બંધ કરી સાત દિવસ રહેવા દેવું. પછી ગાળી લઇને બે પાઈંટ પૂર થાય તેટલો બીજો શેરીવાઇન ઉમેરવો.

માત્રા—૧ ડ્રામથી ૨ ડ્રામ.

ઉપયોગઃ—હમેશ ઝાડાની કબજીઅતને માટે અપાયછે. નબળાઇ તથા હિસ્ટીરીયાવાળી ઓરતોને લોહની તથા હીંગની સાથે ઉપર કહેલી ગોળીયો આપવામાં આવેછે. નષ્ટાર્તવ ઉપર હીરાબોળની સાથે અથવા કંપાઉન્ડ આયર્ન મીક્ષ્ચર સાથે અપાયછે. બચ્ચાંઓને બંધકોશ માટે એળીયો પેટ ઉપર ચોપડાયછે.

આસીડમ આર્સેનીયોઝમ ઈં. આર્સેનીયસ આસિડ અથવા વ્હાઇટ આર્સેનીક **ગુ. સફેત સોમલ, શંખીયો.**

ગુણ:—પૌષ્ટીક, જ્વરઘ્ન, લોહી સુધારનાર.'

માત્રા—ગ્રેન $\frac{1}{6}$ થી $\frac{1}{60}$ ગ્રેન.

લાઈકર આર્સેનીકેલીસ ઈં. આર્સેનીકલ સોલ્યુશન (ફાઉલર્સ સોલ્યુશન) **ગુ. સોમલનું પ્રવાહી.**

બનાવટ:—સોમલ ... ... } દરેક ૮૦ ગ્રેન
કાર્બોનેટ ઓફ પોટાશ ... }
કમ્પાઉંડ ટીંક્ચર ઓફલવેન્ડર ... ૫ ડ્રામ,
ચોખ્ખું પાણી ... ... જોઇએ તેટલું.

સોમલ અને કાર્બોનેટ ઓફ પોટાસને એક કાચના વાસણમાં દશ ઔંસ પાણી સાથે તે બરાબર ઓગળી જાય ત્યાં સુધી ઉકાળવું. તે ઠંડું થયા બાદ કમ્પાઉંડ ટીંક્ચરઓફ લવેન્ડર ઉમેરવું, અને એકંદર એક પાઇંટ થાય તેટલું પાણી ઉમેરવું.

માત્રા ૨ થી ૮ ટીંપાં.

લાઇકર આર્સેનીસાઈ હાઈડ્રોક્લોરીકસ ઈં. હૈડ્રોક્લોરીક સોલ્યુશન ઓફ આર્સેનીક ગુ. હૈડ્રોક્લોરીકસહ સોમલનું પાણી.

બનાવટઃ—સોમલ … … ૮૦ ગ્રેન.
હેડ્રોકલોરીક આસિડ … ૨ ડ્રામ.
ચોખ્ખુ પાણી. … … જોઇએ તેટલું.

સોમલને હેડ્રોકલોરીક આસિડ ચાર ઔંસ પાણી સાથે મળી જાય ત્યાં સુધી ઉકાળવું. પછી એક પાઇંટ થાય તેટલું પાણી ઉમેરવું.

માત્રા ૨ થી ૮ ટીંપાં.

ઉપયોગઃ—સોમલ જમ્યાપછી આપવો. સોમલ આપતાં આંખ લાલ થાય, જીભપર સફેત છારી વળે અગર મોળ અને ઉલટી થાય તો થોડા દિવસ સોમલ આપવો બંધ રાખવો. ટાઢીયા તાવ, સતતુજ્વર, ત્રીતીયજ્વર, ચતુર્થિકજ્વર ઉપર સોમલ અપાયછે. આધાશીશી માટે પણ તે વપરાયછે. તથા શૂળ માટે પણ અપાય છે. સડેલા દાંતની પોકળ જગામાં દુખાવો મટાડવા માટે $\frac{1}{8}$ ગ્રેન સોમલનો ભુકો ભરવો. જુના ત્વચા રોગ, ખરજવી, ચુરટ, શીળસ, કોઢ, વીસ્ફોટક, ખીલ ઇત્યાદિ વ્યાધીને સોમલ ગુણકારી છે.

આસાફીટીડા ઈં. આસાફીટીડા ગુ. હીંગ.

ગુણઃ—ઉષ્ણ, ક્રમીઘ્ન વાતહર.

માત્રા. ગ્રેન ૫ થી ૨૦ ગ્રેન.

ટીંકચુરા આસાફીટીડા ઈં. ટિંકચર ઓફ આસાફીટીડા ગુ. હીંગનો અર્ક.

બનાવટઃ—હીંગ … … … ૧$\frac{1}{2}$ ઔંસ.
રેકટીફાઇડ સ્પીરીટ … … ૧ પાઇંટ.

હીંગને ૧૫ ઔંસ સ્પીરીટમાં નાંખી સાત દિવસ સૂધી એક વાસણમાં બંધ રાખવી બાદ ગાળી લેઈ એક પાઇંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

માત્રા $\frac{1}{2}$ ડ્રામથી ૧ ડ્રામ.

પીલ્યુલા આસાફીટીડા કોમ્પોઝીટા ઈં. કોમ્પાઉંડ પીલ ઓફ આસાફીટીડા ગુ. હિંગાદિ ગુટીકા.

બનાવટઃ—હીંગ, ગાલબાનમ., હીરાબોળ. } દરેક … … ૨ ઔંસ. } સર્વને ઉષ્ણોદક પર ગરમ કરીનેમીશ્રિત કરવાં.
ગોળ … … … ૧ ,,

માત્રા ૫ ગ્રેનથી ૧૦ ગ્રેન.

ઉપયોગઃ—હિસ્ટીરીયાનો મરજ, ચૂંક અને વાયુ ઉપર હીંગ અપાયછે. શૂળ ઉપર હીંગ લગાડવામાં આવેછે.

આસીડમ્ એસેટીકમ્ ઈં. આસેટીક આસિડ ગુ. આસેટીક આસિડ.

એક જાતના લાકડાંને બાળીને આ અર્ક ખેંચવામાં આવેછે.

ઉપયોગઃ—ધાધર (દાદર) ઉંદરી, મસા ઉપર બહાર લગાડવાના કામમાં વપરાયછે.

આસીડમ્ આસેટીકમ્ ડીલ્યુટમ્ ઈં. ડીલ્યુટ આસેટીક આસિડ.

બનાવટઃ—એક ભાગ આસેટીક આસિડ ને સાત ભાગ પાણી સાથે મિશ્ર કરવો.

માત્રા ½ ડ્રામથી ૨ ડ્રામ સુધી.

ઉપયોગઃ—ક્યાનસરને માટે અપાયછે. સ્યુગરલેડની સાથે પણ અપાયછે. શ્યુગરલેડનો ગ્રાહી ગુણ છે, પણ તે પેટમાં જવાથી જઠરસ તેનું પ્રથક્કરણ કરી મૂકેછે. આસેટીક આસીડ સાથે આપવાથી તેનું પ્રથક્કરણ થતું અટકેછે અને તેનો ગુણ કાયમ રહેછે. આસેટીક આસીડને પાણી સાથે મેળવતાં થંડું લોશન થાયછે અને તે થંડકને માટે લગાડવામાં ઉપયોગી પડેછે.

આસિડમ્ કાર્બોલિકમ્ ઈં. કાર્બોલીક આસિડ. ગુ. કારબોલીક આસિડ.

ગુણઃ—દાહક, રોપણ, દુર્ગંધિ દૂર કરનાર.

માત્રાઃ— ½ થી ૧ ટીપાં સુધી ખાવામાં ગોળીના રૂપમાં અથવા ગ્લીસરીન મિશ્રીત આપવો. બીજા ગુણ ક્રીયાસોટને મળતા છે.

ઉપયોગઃ—ઉલટી, કોલેરા, વાતપિત્ત, જ્વર, તથા રકતદોષ માટે અપાય છે. ધાધર (દરાજ) વગેરે બાળી નાંખવામાં ઉપયોગી છે. તેનો મૂખ્ય ઉપયોગ જખ્મ રૂઝાવવામાં તથા દુર્ગંધ વાળી મેલી વસ્તુઓનો નાશ કરવામાં આવેછે. કાર્બોલીક આસિડનો એક ભાગ અને મીઠા તેલના દસથી વીસ ભાગ એકત્ર કરીને જખ્મ તથા ક્ષત ઉપર વપરાયછે. તેનો એક ભાગ પાણીના ત્રીસથી ચાળીસ ભાગ સાથે મેળવી જખ્મ તથા ગંધાતાં ચાંદાંને ધોવાના કામમાં આવેછે, તથા ધાધર ખરજવી અને કંડુ ઉપર લગાડાય છે.

ગ્લીસરાયનમ્ આસિડાઇ કાર્બોલીસાઈ. ઈં. ગ્લીસરીન ઓફ કાર્બોલીક આસિડ ગુ. ગ્લીસરીન અને કાર્બોલીક આસીડ.

બનાવટઃ—

કારબોલીક આસિડ	...	૧ ઔંસ.	બંનેને મિશ્ર કરવા.
ગ્લીસરીન	... ...	૪ ,,	

માત્રાઃ—ટીપાં ૫ થી ૧૦ ટીપાં.

ઉપયોગઃ—ખરજવું, ખસુકડું વગરે ત્વચાના રોગ ઉપર લગાડાયછે, તથા કાર્બોલીક આસિડ ખાવા આપવાને ઠેકાણે અપાય છે.

માકડુંગલસ પાઉડર ને કાલવર્ટની ફલ્યુઇડમાં કાર્બોલીક આસિડ હોયછે. આ બેઉ પ્રદાર્થ દુર્ગંધવાળી જગોમાં અને ગટરોમાં દુર્ગંધ દૂર કરવા વપરાય છે. શીળી, કોલેરા વગરે ચેપી રોગનો ફેલાવો અટકાવવા માટે છાંટવામાં આવેછે. મ્યુનિસિપાલીટી તરફથી જે ભૂકી છાંટવામાં આવેછે તે આ માહેલી સમજવી.

આસીડમ્ ટાર્ટરીકમ્ ઈં. ટાર્ટરીક આસિડ ગુ. ટાર્ટરીક આસિડ.

ગુણ, માત્રા, અને ઉપયોગ સીટ્રીક આસિડ પ્રમાણેછે. ટારટરેટ ઓફ પોટાશમાંથી ટારટરીક આસીડ નીકળેછે.

આસીડમ્ નાઈટ્રીકમ્ ઈં. નાઈટ્રીક આસિડ ગુ. સુરાખારનો તેજાબ.

ગુણ—દાહક

આસીડમ્ નાઇટ્રીકમ્ ડીલ્યુટમ્ ઈં. ડીલ્યુટેડ નાઈટ્રીક આસિડ.

બનાવટઃ—નાઇટ્રીક આસિડ ... ... ૬ ઔંસ. } મીશ્ર કરવાં.
　　ચોખ્ખું પાણી. ... ... ૨૫ ,,

માત્રા—૫ થી ૨૦ ટીપાં.

ગુણ—પાચન, પૈષ્ટિક, લોહી સુધારનાર.

ઉપયોગ—નાઇટ્રોમ્યુરીઆટીક આસિડ જુઓ.

આસીડમ્ નાઇટ્રો હાઈડ્રોકલોરીકમ્ ડીલ્યુટં ઈ. ડીલ્યુટેડ નાઈટ્રો મ્યુરીયાટીક આસિડ

બનાવટઃ—નાઇટ્રીક આસિડ ... ... ૩ ઔંસ. } એ બધાંને મિશ્ર કરવાં.
　　હાઇડ્રોકલોરીક આસિડ ... ૪ ,,
　　પાણી ચોખ્ખું ... ... ૨૫ ,,

માત્રા—૫ થી ૨૦ ટીપાં.

ઉપયોગઃ—મંદાગ્નિ, તાવ વગેરે બીમારી પછી અન્ન પાચન ન થતું હોય તેને માટે, ક્ષારની પથરી બંધાતી હોય તે ઉપર, જુના ઉપદંશ ઉપર, હરસ ઉપર આ દવા અપાય છે. યકૃતની વ્યાધિમાં, કમળા અને ત્વચાના રોગ ઉપર અપાયછે. મસા, હરસ, ચાંદી, રાફી, ક્યાનસર વગેરે બાળવાના કામમાં નાઇટ્રીક આસિડ આવેછે.

આસીડમ્ ફાસફરીકમ્ ડીલ્યુટમ્ ઈ. ડીલ્યુટ ફાસફરીક આસિડ ગુ. ફાસફરસનો તેજાબ.

ગુણ.—પૈષ્ટીક.

માત્રા—૫ થી ૩૦ ટીપાં.

ઉપયોગ—નબળાઈ ઉપર, મગજ ખાલી પડી ગયું હોય તે માટે, ક્ષય, કંઠમાળ, વગેરે વ્યાધિ ઉપર અપાયછે.

આસીડમ્ સલફ્યુરીકમ્ ઈ. સલફ્યુરીક આસિડ ગુ. ગંધકનો તેજાબ.

ગુણ—દાહક.

આસીડમ સલફ્યુરીકમ્ ડીલ્યુટમ્ ઈ. ડીલ્યુટસલફ્યુરીક આસિડ.

બનાવટઃ—સલફ્યુરીક આસિડ ... ૧ ઔંસ } એ બંને મિશ્ર કરવાં. મિશ્ર
　　ચોખ્ખું પાણી ... ... ૧૧ ,, } કરતાં ગરમી પેદા થાયછે.

માત્રાઃ—૫ થી ૩૦ ટીપાં.

ગુણઃ—શીતવીર્ય, ગ્રાહી તથા પાચન છે.

ઉપયોગઃ—તાવમાં કોઇનની સાથે અપાયછે. શીશાની ધાતુની વિક્રિયા ઉપર અપાય છે. ગૃહણી તથા અતિસાર ને બંધ કરેછે. ફેફસાં, હોજરી અને ગર્ભાશયમાંથી લોહી પડતું હોય તેને અટકાવેછે. ક્ષયમાં અતી પરસેવો થતો હોય તેને બંધ કરેછે. કોલારાના વખતમાં દરરોજ વીસટીપાં પાણી સાથે પીનાર આદમીને કોલારા થતો નથી એમ અનુભવ થયોછે.

આસીડમ સલફ્યુરીકમ આરોમેટીકસ ઈ. આરોમેટીક સલફ્યુરીક આસિડ.

બનાવટઃ—સલફ્યુરીક આસિડ ... ... ૩ ઔંસ
　　રેકટીફાઇડ સ્પીરીટ ... ... ૨ પાઇંટ
　　તજનો ભૂકો ... ... ૨ ઔંસ

સુંઠનો ભૂકો ... ... ૧$\frac{1}{4}$ ઔંસ

સલફ્યુરીક આસિડને સ્પીરીટમાં આસતે આસતે રેડવી અને તેમાં તજ અને સુંઠ નાંખવાં. તેને સાત દિવસ રહેવા દઈ ગાળી લેવું.

માત્રાઃ—૫ થી ૩૦ ટીપાં.

ગુણ તથા ઉપયોગ ડીલ્યુટ સલફ્યુરીક આસીડ પ્રમાણે.

આસીડમ સલફ્યુરોઝમ ઈ. સલફ્યુરસ આસિડ.

બનાવટઃ—સલફ્યુરીક આસિડમાંથી બનાવાયછે.

ગુણઃ—નાના પ્રકારના કીડાનો નાશ કરેછે.

ઉપયોગ—દુર્ગંધનો નાશ કરેછે. ગંધક બાળવાથી આ આસિડ વાયુ રૂપમાં પેદા થાયછે. જ્યાં ગંદકી તથા કોલારા અને બીજા ચેપી રોગો થતા હોય તેવી જગોમાં ગંધક બાળવાથી સારૂં થાયછે. ઉલટી, ખાંસી અને જ્વર ઉપર અપાય છે, લોશન તરીકે ધાધર, ખરજવું, પામ વગેરે ઉપર વપરાયછે.

આસીડમ સીટ્રીકમ ઈ. સાઇટ્રીક આસિડ. ગુ. આ આસીડ લીંબુના રસમાંથી નીકળેછે.

ગુણઃ—શીતવીર્ય.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ઉપયોગઃ—તાવ, ઉલટી, તૃષા, પિત્ત, ઉનવા મટાડવાને માટે અપાયછે. સોડા, પોટાશ વગેરે આલકલીના સંયોગમાં આપવામાં આવે છે. તેને બદલે લીંબુનોરસ અપાયતો હરકત નથી. તેના આપવાના પ્રમાણનું કોષ્ટક નિચે પ્રમાણેઃ—

ગ્રેન		ગ્રેન		દ્રામ	
૨૦	બાઇકાર્બોનેટ આફસોડા	૧૭	સીટ્રીકઆસિડ	૪	લીંબુનોરસ
,,	કાર્બોનેટ આફપોટાસ	૧૭	,,	૪	,,
,,	કાર્બોનેટ આફઆમોન્યા	૨૪	,,	૬	,,

આસીડમ્ હૈડ્રોક્લોરીકમ્ ઈ. હૈડ્રોક્લોરીક આસિડ.(મ્યુરીયાટિકઆસિડ)ગુ.**મીઠાનો તેજાબ.**

ગુણ—દાહક.

આસીડમ્ હૈડ્રોકલોરીકમ્ ડીલ્યુટમ્.ઈ.ડીલ્યુટેડ હાઇડ્રોકલોરીક(મ્યુરીયાટીક)**આસિડ.**

બનાવટઃ—હાઇડ્રોકલોરીક આસિડ. ... ૮ ઔંસ. } મિશ્ર કરવાં.
ચોખ્ખું પાણી ... ... ૧૮$\frac{1}{2}$,,

માત્રા—૫ થી ૧૫ ટીપાં.

ગુણઃ—પૌષ્ટીક તથા લોહી સુધારનાર.

ઉપયોગ-નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ જુઓ. અજીર્ણ તથા નબળાઈ ઉપર અપાયછે.

આસીડમ્ હાઇડ્રોસ્યાનીકમ્ ડીલ્યુટ ઈ. ડીલ્યુટમ્ હાઇડ્રોસ્યાનીક આસિડ.

માત્રાઃ—૨ થી ૮ ટીપાં.

ગુણઃ—હૈડ્રોસ્યાનીક આસિડ હળાહળ વિષછે. વિશેષ લેવામાં આવે તો એક મિનિટમાં મૃત્યુ કરેછે ગુણ શીતવીર્ય અને ઉલટી મટાડનાર.

ઉપયોગ:—અજીર્ણ, ઉલટી, અમ્લપીત, હેડકી અને ખાંસી ઉપર વપરાયછે.

ઈકબેલી ફ્રુક્ટસ ઈં. સ્કવર્ટીંગકકંબર ફ્રૂટ ગુ. કડવી નઈ.

ઈલાટીરીયમ ઈં ઈલાટીર્યમ ગુ. કડવી નઈનું સત્વ.

બનાવટ—કડવીનઈના ઉભા કકડા કરીને તેનો રસ નીચોવી લેવો, અને તેને ઠરવા દેવો. પછી ઉપરનું પાણી જુદું કાઢી લઈ, નીચે ઠરેલા ભાગને ઝીણા કપડામાં ગાળવો, અને ધીમી આંચથી સૂકવી દેવો.

ગુણ—રેચક.

માત્રા—$\frac{1}{12}$ થી $\frac{1}{2}$ ગ્રેન.

ઉપયોગ-ઘણોસખ્ત જુલાબછે અને ફકત જલંદર જેવા મોટા વ્યાધિમાંઅપાયછે.

પલ્વીસ ઈલાટીરી કંપોઝીટસ. ઈ. કંમાઉંડ ઈલાટીરીયમ પાઉડર ગુ. ઈલાટીરીયમ આદિ ચૂરણ.

બનાવટ—ઈલાટીરીયમ ગ્રેન ૧૦ } બારીક ચૂરણ કરવું.
દુધની સાકર ,, ૯૦

માત્રા—ગ્રેન $\frac{1}{2}$ થી ૫.

ગુણ અને ઉપયોગ ઉપર પ્રમાણે.

ઈથર. ઈં. ઈથર ગુ. ઇથર. પ્રથમ તેને ઇથર સલ્ફયુરીક કહેતા.તેને આલ્કહાલમાંથી બનાવેછે.

માત્રા:—ટીપાં ૩૦ થી ૬૦ તેમાંથી શુદ્ધ ઇથર બનાવેછે.

સ્પીરીટસ ઇથરીસ ઈં. સ્પીરીટ ઑફ ઈથર.

બનાવટ:— ઇથર	૧૦	ઔંસ.	} મિશ્ર કરવાં.
રેકટી ફાઇડ સ્પીરીટ	૧	પાઈંટ.	

માત્રા:—૩૦ થી ૬૦ ટીપાં.

ગુણ:—ઉષ્ણ, વાતહર.

ઉપયોગ:—અજીર્ણ, ચુંક, હેડકી, ઉપર અપાયછે. શુદ્ધ ઇથર કલોરોફોર્મની માફક સુંઘાડાયછે, અને તેથી કલોરોફોર્મની માફક બેશુદ્ધિ થાયછે. કલોરોફોર્મ કરતાં ઈથરને લીધે આદમી બેશુદ્ધ જલદી થાયછે, પણ તે સુંઘતાં અકળામણ અને ઉન્માદ વિશેષ જોવામાં આવેછે.

ઈપીકાક્યુઆના. ઈં. ઈપીકાક્યુઆના.

ગુણ:—સ્વેદલ, કફઘ્ન, શોધક, વમન.

માત્રા:—$\frac{1}{2}$ થી ૨ ગ્રેન.વમનની માત્રા ૧૫ ગ્રેનથી ૩૦ ગ્રેન.

પલ્વીસ ઇપીકાક્યુની કોમ્પોઝીટસ્ ઈં. કોમ્પાઉન્ડ ઇપીકાક્યુઆના પાઉડર (ડોવર્સપાઉડર) ગુ. ઇપીકાક્યુઆનાદિ ચૂરણ.

બનાવટ:— ઈપીકાક્યુઆના	...	$\frac{1}{2}$	ઔંસ.	} એ ત્રણેને મિશ્ર કરીને વસ્ત્રવડે ચાળીને ચૂરણ બનાવવું.
અફીણ	...	૧	,,	
સલ્ફેટ ઑફ પોટાસ	...	૪	,,	

માત્રા ૫ થી ૧૫ ગ્રેન.

વાઇનમ્ ઇપીક્યાક્યુઆના ઈ.ઇપીકાક્યુઆના વાઈન ગુ.ઇપીકાક્યુઆનાનો આસવ.

બનાવટઃ— એપીકાક્યુઆના ... ... ૧ ઔંસ.
શેરી વાઇન ... ... ૧ પાઇંટ.

એ બંનેને સાત દિવસ સૂધી એક વાસણમાં બંધ કરી પલાળી રાખવું, પછી ગાળી લેવું.

માત્રાઃ—કફઘ્નની, ૫ ટીપાંથી ૪૦ ટીપાં. વમનની, ૨ ડ્રામથી ૬ ડ્રામ.

પીલ્યુલા ઇપીકાક્યુઆની કમ્ સીલા. ઈ. પીલઇપીકાક્યુઆના વીથ સ્કવીલ. ગુ. ઇપીકાક્યુઆના અને સ્કવીલની ગોળી.

બનાવટઃ—ડોવર્સ પાઉડર ૩ ઔંસ.) આ ત્રણે દવાને મિશ્રકરી
સ્કવીલ ... ૧ ,,) ને ગોળમાં ગોળી બાંધવી.
આમોનાયકમ્ ૧ ,,
ગોળ ... ગોળી વાળવા જોઈએ તેટલો.

માત્રાઃ—ગ્રેન ૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગઃ—ખાંસી અને દમમાં ઘણું ઉપયોગીછે. કફ પડવા સારૂ વમન કરાવવા વારંવાર બચ્ચાંઓને અપાયછે. મરડા ઉપર આ ઘણીજ સરસ દવાછે. અફીણની સાથે તે અપાયછે, એક ગ્રેનથી વધારે આપતાં ઉલટી થાયછે. માટે મરડામાં પ્રથમ ૨૦ થી ૩૦ ગ્રેન આપતી વખત તેની સાથે લાડેનમ મેળવવું. પેટ ઉપર રાઇનું પ્લાસ્તર મારવું અને થોડો વખત પાણી પીવા નહી દેવું એટલે ઉલટી નહીં થાય. ઝાડો, અજીર્ણ તથા યકૃતના વ્યાધિ ઉપર અપાયછે. વમન તરીકે ઇપીકાક્યુઆના બહુ સાધારણ વપરાયછે.

ડોવર્સ પાઉડર તાવમાં, ઝાડા ઉપર, ખાંસી વગેરે દરદની શાંતી માટે અને ઉંઘ લાવવા માટે ઘણોજ વપરાય છે. બચ્ચાંને ઉલટી કરાવવા સારૂ ઇપીક્યાક્યુઆના વાઈન ઉત્તમ છે.

એકેશ્યા ગમાઇ, ઈ. ગમ ઓફ્ એકેશ્યા. ગુ. બાવળનો ગુંદર.

ગુણઃ—થંડો, ગ્રાહી, પૌષ્ટિક, ઘણું કરી યોગવાઇ તરીકે વપરાયછે.

ઉપયોગઃ—ખાંસી, ઝાડો, ઉનવા, ધાતુ ક્ષય વગેરે દરદમાં અપાયછે.

મ્યુસીલેગો એકેસી. ઇ. મ્યુસીલેજ ઓફ્ ગમ એકેશ્યા. ગુ. ગુંદરનું પાણી.

બનાવટઃ—ગુંદરનો ભૂકો ... ... ૪ ઔંસ.
ચોખ્ખું પાણી .. .. ૬ ,,

ગુંદરને પાણીમાં ઓગાળી, હલાવીને ગાળી લેવો. બીજી દવાઓની સાથે વપરાયછે. ગોળ તથા રેવડી બનાવવામા વપરાયછે.

એકોનાઇટાઇ ફોલીયા. ઈ. એકોનાઇટ લીવ્સ. ગુ. વછનાગનાં પાન.

એકોનાઇટાઇ રેડીકસ ઇ. એકોનાઇટરૂટ ગુ.વછનાગનાં મૂળ

મૂળીયાંમાંથી સત્વ કાઢવામાં આવેછે તેને એકોનીશ્યા કહેછે. તેનો મલમ બનાવાયછે.

ટીંક્ચુરા એકોનાઇટાઇ. ઈ. ટીંક્ચર ઓફ્ એકોનાઇટ. ગુ. વછનાગનો અર્ક.

બનાવટઃ—વછનાગના મૂળની ભૂકી ..૨½ ઔંસ. } બંને બે દિવસ સુધી પલાળી
રેકટીફાઇડ સ્પીરીટ ... ૧ પાઇંટ. } રાખીને ગાળી લેવું.

માત્રા. ૨ થી ૧૦ ટીપાં.

લીનીમેન્ટમ એકોનાઇટાઇ. ઈં. લીનીમેન્ટ એકોનાઇટ ગુ. વછનાગનું તેલ.

બનાવટઃ—વછનાગનાં મૂળની ભૂકી, ૨૦ ઔંસ. } વછનાગના મૂળની ભૂકીને સ્પી-
કપુર ...૧ ઔંસ. } રીટમાં સાત દિવસ પલાળીને
રેકટીફાઇડ સ્પીરીટ. ...૧ પાઇંટ. } ગાળી લઇ પછી કપૂર મેળવવું.

ગુણ—પીવાના કામમાં ફકત ટીંચર (અર્ક) વપરાયછે. પાંચ સાત ટીપાં પીવાથી પેટમાં ગરમી જણાયછે. મોંઢામાં જીભને તમ તમાટી લાગેછે. હાથ પગના આંગળાંમાં ઝમ ઝમાટી થાયછે. તેથી વધારે લેવામાં આવે તો આખા શરીરમાં ઝણેણાટી થાયછે. હાથ પગ તૂટેછે, ઘેરી આવેછે, શરીર થંડુ થઈ જાયછે, નાડી તથા શ્વાસ મંદ પડી જાયછે. હાલી ચાલી શકાતું નથી. આટલી હદથી વધારે લેવામાં આવે તો મૃત્યુ નીપજેછે. શરીર થંડુ થઇને બેહેર મારી જાયછે. નાડી ધીમી અનિયમિત ચાલેછે. ઇંદ્રીયો સ્તબ્ધ થઈ શ્વાસ બંધ થઈ જાયછે.

વછનાગનુ વિષ ઉતારવા માટે બ્રાન્ડી તથા આમોન્યા આપવા.

ઉપયોગઃ—વછનાગ જ્વરઘ્ન તથા વાતઘ્નછે. અતીશય તાવને માટે અપાયછે. તિક્ષણ તથા જીર્ણ સંધીવાયુમાં વપરાયછે. શૂળને માટે તથા રતવાને માટે આપવામાં આવેછે. તેનું તેલ સાંધા તથા શૂળ ઉપર ચોપડવાના કામમાં આવેછે. તાવ ચડેલો હોય ત્યારે તેની ગરમી કમી કરવાના હેતુથી વછનાગ અપાયછે.

એડેપ્સ પ્રીપેરેટસ ઇં. પ્રીપેર્ડલાર્ડ ગુ. ડુકરની સાફ કરેલી ચરબી.

ઘણા પ્રકારના ઔષધની સાથે મલમ બનાવવામાં કામ લાગેછે.

એડેપ્સ બેનઝોયેટસ ઈં. બેનઝોયેટેડ લાર્ડ ગુ. લોબાન મેળવેલી ચરબી.

બનાવટઃ—ચરબી ... ૧ રતલ. } ચરબીને ગરમ કરી તેમાં લોબાન
લોબાનનો ભુકો. ...૬૦ ગ્રેન. } મેળવી ખુબ હલાવવું.

ઉપયોગઃ—જખ્મ, ચાંદાં વા તથા ઘા. ઉપર લગાડાયછે. તેમજ કેટલીક દવાનાં મલમ અને શેગડી બનાવવામાં ઉપયોગી છે.

એસેટમ ઈં. વીનેગર ગુ. સુરકો.

ગુણઃ—શીત વિર્ય.

માત્રા—૧ થી ૪ ડ્રામ.

ઉપયોગઃ—તાવમાં દાહ થતો હોય તો એક ભાગ ઉપરની દવા ચાર ભાગ પાણી સાથે મેળવી ચોપડવી, રક્તસ્રાવ યોનિ અથવા નાકમાંથી થતો હોય તો કપડું બોળીને તે દ્વાર ઉપર મૂકવું. છોલાવા તથા લચકાવાથી સોજો આવ્યો હોય તો તેનાપર સુરકાના પાણીનાં પોતાં મૂકવાથી સોજો ઉતરી જાય છે. ઇંગ્રેજ લોકો સુરકાનો ઉપયોગ અને હિંદુ લોકો આંબલી તથા લીંબુનો ઉપયોગ ખોરાકમાં કરેછે તેવી રીતે ઉપરથી ખટાસને માટે તે વપરાયછે.

એનેથી ફ્રકટસ. ઈ. ડીલ ફ્રુટ ગુ. સૂવા.

ગુણ:—વાતહર, દીપન.

માત્રા—૧ થી ૨ ડ્રામ.

એક્વાએનેથી. ઈ. ડીલવોટર. ગુ. સૂવાનું પાણી.

બનાવટ:—કચરેલા સુવા ...૧ રતલ. } બંનેને મિશ્ર કરીને યંત્રથી એક
ચોખ્ખું પણી ...૨ ગ્યાલન } ગ્યાલન પાણી ખેંચવું.

માત્રા—૧ ડ્રામ થી ૨ ઓંસ.

ઓલીયમ એનીથી ઈ. ઓઇલ ઓફ ડીલ. ગુ. સૂવાનું તેલ.

બનાવટ—સૂવાને પીલીને તેલ કાઢેછે.

માત્રા—૧ થી ૨ ટીપાં.

ઉપયોગ—સૂવા ચુંક તથા વાયુ ઉપર બચ્ચાંઓ માટે બહુજ સાધારણ વપરાયછે. તેનું પાણી ઉપર કહેલી રીત પ્રમાણે થાયછે. અથવા તેના તેલનું એક ટીપુ એક ઓંસ પાણીમાં નાંખીને બનાવાયછે. તે છોકરાઓની ચુંક માટે સાધારણ વપરાયછે.

એન્થીમીડીસ ફ્લોરીસ ઈ. ક્યામોમાઇલ ફ્લાવર્સ ગુ. ક્યામોમાઇલનાં ફુલ.

ઇનફ્યુઝમ એન્થીમીડીસ ઈ. ઇનફ્યુઝન ઓફ કેમોમાઇલ ગુ. કેમોમાઇલની ચા

બનાવટ:—કેમોમાઇલનાંફુલ ... ... $\frac{1}{2}$ ઓંસ
ઉકળતુંપાણી (ચોખ્ખું) . ... ૧૦ ,,

ઉકળતા પાણીમાં ફુલ નાંખી પંદર મિનિટ એક વાસણમાં ઢાંકી રાખવું. ત્યાર પછી ગાળી લેવું.

માત્રા:—૧ થી ૪ ઓંસ.

એક્સટ્રાક્ટમ્ એન્થીમીડીસ ઈ. એક્સટ્રાક્ટ ઓફ કેમોમાઇલ ગુ. કેમોમાઇલનું સત્વ

બનાવટ—કેમોમાઇલનાંફુલ ... ... ૧ રતલ
કેમોમાઇલનુંતેલ ... .. ૧૫ ટીપાં
ચોખ્ખુંપાણી ... ... ૧ ગ્યાલન

ફુલને પાણી સાથે ઉકાળવાં અને અર્ધ પાણી રહે એટલે ગાળી લેવું. તે પાણી ઉષ્ણોદક ઉપર બળવા દેવું અને જે સત્વ રહે તેમાં તેલ મેળવવું.

માત્રા—૨ ગ્રેનથી ૧૦ ગ્રેન

ઓલીયમ એન્થીમીડીસ ઈ. ઓઇલઓફ કેમોમાઇલ ગુ. કેમોમાઇલનુંતેલ

બનાવટ—કેમોમાઇલના ફુલમાંથી યંત્ર માર્ગે બીજા અર્કોની માફક તેલ ખેંચાયછે.

ગુણ—દીપન, પાચન, અજીર્ણ ઉપર ચાલેછે. તેના ફુલને પાણીમાં ઉકાળી તેનો શેક થાયછે.

એન્ટીમોન્યમ ટારટેરેટમ્ ઈ. ટારટરેટ ઓફ એન્ટીમની ટારટર ઇમેટીક

ગુણ—સ્વેદલ, કફઘ્ન, વમન

માત્રા—$\frac{1}{6}$ ગ્રેનથી $\frac{1}{2}$ ગ્રેન. વમનની માત્રા ૧ ગ્રેનથી ૩ ગ્રેન

વિશેષ આપવામાં આવે તો આ દવા સોમલના જેવી ઝેરીછે. તેના વીષને માટે માયાફળનો કવાત આપવો. વમન તરીકે બહુ ઉલટી થાય તો લીંબુનું શરબત પાવું.

વાઇનમ્ એન્ટીમોની ઈ. વાઇન આફ એન્ટમની ગુ. એન્ટીમનીનો આસવ

બનાવટ—ટારટર ઇમેટીક ૪૦ ગ્રેન } એ બંને મિશ્ર કરવાં.
શેરીવાઇન ... ૧ પાઇંટ

માત્રા—૫ ટીપાંથી ૩૦ ટીપાં

ઉપયોગ—તાવમાં, યકૃત તથા ફેફસાંના સખ્ત વરમમાં અપાય છે. સન્નીપાતજ્વર, સસણી, દમ વગેરે રોગ ઉપર અપાયછે. ઉલટી કરવા માટે અપાયછે. સશકત માણસને આપવો. નબળા માણસને આપવો નહીં. પિત્તજ્વરને માટે વમન તરીક અપાયછે.

એન્ટીમોનીયાઇ આક્સિડમ્ ઈ. આક્ષાઈડ આફ એન્ટીમની.

માત્રા:—૧ ગ્રેનથી ૪ ગ્રેન.

પલ્વીસ એન્ટીમોન્યેલીસ. ઈ એંટીમોન્યલ પાઉડર ગુ. એન્ટીમનીનો ભુકો.

બનાવટ:—આક્ષાઇડ આફ એન્ટીમની .૧ આંસ. } બંનેને મિશ્ર કરવાં.
ફોસફેટ આફ લાઇમ ...૨ ,,

માત્રા:—ગ્રેન ૩થી ૧૦ ગ્રેન.

પલ્વીસ જેકોબાઇ અથવા જેમસીસ પાઉડર બનાવવામાં આ દવા વપરાય છે.

ગુણ:—અને ઉપયોગ; સ્વેદલ, લોહી સાફ કરનાર. તાવ, ત્વચા રોગ ઉપર અપાય છે. બચ્ચાંઓના તાવ માટે વિશેષ વપરાયછે.

ઓપીયમ ઈ. ઓપીયમ. ગુ. અફીણ.

ખસખસના છોડના રસમાંથી બનેછે.

માત્રા ગ્રેન $\frac{1}{2}$ થી ૨.

ગુણ:—થોડું લેવાથી શરીરને કાંટો આપેછે. ઘણું લેવાથી ઝેરી છે. સ્વેદલ, પીડાશામક, નીંદ્રા લાવનાર, ગ્રાહી.

એમ્પ્લાસ્ટ્રમ્ ઓપીયાઈ. ઈ. ઓપીયમ પ્લાસ્ટર ગુ. અફીણનો લેપ.

બનાવટ:—અફીણ ...૧ આંસ. } એ બંનેને ઉષ્ણોદક ઉપર ગરમકરી મિશ્ર કરવું.
રાળનો લેપ. ...૯ ,,

એકસ્ટ્રાક્ટમ્ ઓપીયાઈ. ઈં. એકસ્ટ્રાક્ટ આફ ઓફીયમ ગુ. અફીણનું સત્વ.

બનાવટ:—અફીણ	...	...	...	૧ રતલ.
ચોખ્ખું પાણી	...	...	...	૬ પાઇંટ.

અફીણને બે પાઇંટ પાણીમાં મેળવી ૨૪ કલાક રાખી ગાળી લેવું. બાકી રહેલાને બીજા બે પાઇંટ પાણી સાથે મેળવી ચોવીસકલાક રાખી ગાળી લેવું. તેને ત્રીજા બે પાઇંટ પાણી સાથે મેળવી તેજ પ્રમાણે ગાળી લેવું. પછી તેને ઉષ્ણોદક ઉપર ગોળી બંધાઇ શકે તેવું કઠણ થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રા ગ્રેન $\frac{1}{2}$ થી ૨ ગ્રેન.

એકસ્ટ્રાક્ટમ ઓપીયાઈ લીકવીડમ ઈ લીકવીડ એકસ્ટ્રાક્ટ આફ ઓપીયમ ગુ.

અફીણનું પ્રવાહી સત્વ.

બનાવટઃ—અફીણનું સત્વ ... ... ૧ ઔંસ.
ચોખ્ખું પાણી ... ... ૧૬ ,,
રેકટીફાઈડ સ્પીરીટ ... ... ૪ ,,

અફીણના સત્વને પાણીમાં એક કલાક હલાવીને રેકટીફાઈડ સ્પીરીટ ઉમેરવો ને ગાળી લેવું.

માત્રા ટીપાં ૧૦ થી ૪૦ ટીપાં.

લીનીમેન્ટમ ઓપીયાઇ ઈ. ઓપીયમ લીનીમેન્ટ. ગુ. અફીણનું તેલ.

બનાવટઃ—અફીણનો અર્ક ૨ ઔંસ. } બંનેને મિશ્ર કરવાં.
લીનીમેન્ટ ઓફ સોપ ૨ ,, }

મોર્ફીઆ એસેટસ ઈ. એસેટેટ ઓફ મોર્ફીઆ.

બનાવટઃ—હાઇડ્રોક્લોરેટ ઓફ મોર્ફીઆ ૨ ઔંસ.
સોલ્યુશનઓફ આમોન્યા }
એસેટીક આસિડ } જોઇએ તેટલાં.
ચોખ્ખું પાણી }

હાઇડ્રોક્લોરેટ ઓફ મોર્ફીઆને ૧ ઔંસ પાણીમાં ગાળી, સોલ્યુશન ઓફ આમોન્યા તે જરા અલ્કલાઇન થાય ત્યાં સુધી ઉમેરવું, એટલે મોર્ફીઆ નીચે બેશી જશે. તેને ગાળી લઈ બીજું ચોખ્ખું પાણી રેડી ધોવો, બાદ એક કાચનું વાસણ લઈ ૪ ઔંસ પાણી તેમાં નાંખવું, અને તે ગળી જાય તેટલું એસેટીક આસિડ તેમાં નાંખવું. ઉષ્ણોદક ઉપર તે પાણી બળવા દેવું, એટલે બાકી રહેશે તે એસેટેટ ઓફ મોરફીયા થઈ રેહશે.

માત્રાઃ—ગ્રેન $\frac{1}{8}$ થી $\frac{1}{2}$ ગ્રેન.

લાઇકર મોર્ફીઆ એસેટેટીસ ઈ. સોલ્યુશન ઓફ એસેટેટ ઓફ મોર્ફીઆ. ગુ. એસેટેટ ઓફ મોર્ફીઆનું પ્રવાહી.

બનાવટઃ—એસેટેટ ઓફ મોર્ફીઆ ... ૪ ગ્રેન. }
ડીલ્યુટ એસેટીક આસિડ ... ૮ ટીપાં } સર્વેને મિશ્ર કરવાં.
રેકટીફાઈડ સ્પીરીટ ... ૨ ડ્રામ }
ચોખ્ખું પાણી ... ૬ ડ્રામ }

માત્રા ૧૦ ટીપાંથી ૬૦ ટીપાં.

મોર્ફીઆ હાઇડ્રોકલોરાસ ઈ. હાઇડ્રોકલોરેટ ઓફ મોર્ફીઆ.

બનાવટઃ—અફીણ કાતરેલું ... ... ૧ રતલ
કલોરાઇડઓફ કાલશ્યમ ... $\frac{3}{4}$ ઔંસ
શુદ્ધ પ્રાણીજ કોલસા ... ... $\frac{1}{4}$,,
ડીલ્યુટ હાઇડ્રોકલોરીક આસિડ ... ૨ ,,
સોલ્યુશન ઓફ આમોન્યા }
ચોખ્ખું પાણી ... ... } દરેક જરૂર પડે તેટલાં.

૨ પાઈંટ પાણીમાં અફીણને ચોવીસ કલાક પલાળી રાખી ઉપરનું પાણી કાઢી લેવું. બાકી રહેલા અફીણને બાર કલાક સુધી બે પાઇંટ પાણીમાં પલાળી ઉપરનું પાણી લેઈ લેવું, અને ફરીથી બાકી રહેલા અફીણને પલાળી પાણી નીચોવી લેવું. ત્રણે વખતનું પાણી એકત્ર કરી ઉષ્ણોદક ઉપર એક પાઇંટ રહે ત્યાં સુધી બળવા દેવું અને પછી વસ્ત્ર ગાળ કરવું, ક્લોરાઇડ ઑફ કાલશ્યમને ચાર ઔંસ પાણીમાં ઓગાળીને તેની અંદર રેડવું અને બધું પાણી બાળી નાંખતાં જે ભાગ શેષ રહે તેને એક મજબુત કપડામાં મૂકી જોરથી નીચોવવું. નીચોવતાં જે કાળું પાણી રહે તે જુદુ રહેવા દેવું, નીચોવાયલો ભાગ ખળખળતા અડધા પાઇંટ પાણી સાથે મેળવવો અને વિશેષ પાણી રેડીને ગાળવાના કાગળમાંથી ગાળી લેવું. ગાળેલા પાણીને ફરીથી બાળી નાંખીને જે રહે તેને ફરીથી નીચોવવું, અને જો તેમાં વિશેષ રંગ હોય તો ફરીથી ત્રીજી વખત એ પ્રમાણે કરવું. નીચોવેલું પાણી જુદુ રાખી મેલવું. નિચોવાયલો ભાગ છ ઔંસ ખળખળતા પાણીમાં મેળવી પ્રાણીજ કોલસા તેમાં નાંખવા અને વીસ મીનીટ રહેવા દેઈ ગાળી લેવું ને કોલસાપર ખળખળતું પાણી રેડવું. આ ગળેલ પાણીમાં સોલ્યુશન ઑફ આમોન્યા તે પાણી કરતાં કાંઈક વિશેષ ઉમેરવું. એ પાણી ઠરશે તેમ મોરફીયા નીચે બેસસે. તેને ગાળવાના કાગળથી જુદો પાડી બીજા થંડા પાણીથી ધોવું. આ પ્રમાણે મળેલા મોરફીયાને બે ઔંસ ઉકળતા પાણીમાં એક ગરમ રાખેલા કાચના વાસણમાં મેળવી હાઇડ્રોક્લોરીક આસિડ ઉમેરવું, અને હલાવવું, અને બધો મોર્ફીયા ગળી જવા દેવો. તે પાણીને ઠરવા દેવું એટલે હાઇડ્રો ક્લોરેટ ઑફ મોર્ફીયા જામી જાસે. તેને જુદો પાડી, પાણીને બળવા દીધાથી બીજો જામેલો ભાગ મળી આવશે.

માત્રાઃ—૧/૬ ગ્રેનથી ૧/૨ ગ્રેન.

લાઈકર મોર્ફીયા હાઇડ્રોકલોરેટીસ. ઈ. સોલ્યુશન ઑફ હાઈડ્રોકલોરેટ ઑફ મોર્ફીયા ગુ. હાઈડ્રોકલોરેટ આફ મોર્ફીયાનું પ્રવાહી.

બનાવટઃ—હાઇડ્રોકલોરેટ ઑફ મોર્ફીયા	...	૪ ગ્રેન.	એ સર્વેને મિશ્ર કરવું.
ડીલ્યુટ હાઇડ્રોકલોરીક આસિડ	...	૮ ટીપાં.	
રેકટીફાઇડ સ્પીરીટ	... ...	૨ દ્રામ.	
ચોખ્ખું પાણી	... ...	૬ દ્રામ.	

માત્રા—ટીપાં ૧૦ થી ૬૦ ટીપાં.

પલ્વીસ ઓપીયાઈ કંપોઝીટસ ઈ. કોમ્પાઉન્ડ ઓપીયમપાઉડર ગુ. અફિણાદિ ચુરણ.

બનાવટઃ—અફીણ	... ...	૧½ ઔંસ.	એ સર્વેને મશ્ર કરી, છીણું ખાંડી, પછી વસ્ત્રવડે ગાળી લેવું.
મરી કાળાંનો ભુકો.		૨ ,,	
સુંઠનો ભુકો	... ...	૫ ,,	
જીરૂ	... ...	૬ ,,	
ગુંદર	... ...	½ ,,	

માત્રા—૨ ગ્રેન થી ૫ ગ્રેન.

ટિંક્ચુરા ઓપીયાઈ ઈં. ટિંચર ઓફ ઓપીયમ લાડેનમ. ગુ. અફીણનો અર્ક.

બનાવટ:—અફીણ કાતરેલું અગર ભુકો ... ૧½ ઔંસ.
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઈંટ.

એ બંનેને મિશ્ર કરીને સાત દીવસ સુધી પલાળી રાખી ગાળી લેવું ને એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

વાઈનમ ઓપીયાઈ ઈં. વાઇન ઓફ ઓપીયમ ગુ. અફીણનો આસવ.

બનાવટ:—અફીણનું સત્વ	...	૧ ઔંસ.	શેરીવાઈનની અંદર ત્રણ ચીજોને પલાળી રાખીને ગાળી લેવું.
તજ, લવીંગ. } ભુકો દરેકનો	...	૭૫ ગ્રેન.	
સેરીવાઈન	... ...	૧ પાઈંટ.	

માત્રા—ટીપાં ૧૦ થી ૪૦ ટીપાં

કનફેકશયો ઓપીયાઈ ઈં. ઓપીયમ કનફેકશાન ગુ. અફીણનો મુરબ્બો.

બનાવટ:—અફિણાદિ ચુરણ	...	૧૯૦ ગ્રેન.	બંનેને મિશ્ર કરવાં.
ચાસણી એકતારી	...	૧ ઔંસ.	

માત્રા—૫થી ૨૦ ગ્રેન.

ઉપયોગ:—કેટલાક પ્રકારના વરમ,મગજના વ્યાધિ,ને ટાઇફાઇડ જ્વર ઉપર અફીણ અપાયછે. તાઢીયા તાવમાં તાઢ આવ્યા પહેલાં અથવા પછી કોઈનન સાથે અગર સિવાય અફીણ ફાયદો કરેછે.મગજનો,દારૂનો,તથા સુવાવડનો ઉન્માદ શાંત પમાડેછે, આંચકી અને ચસકા મટાડેછે. ખાંસી,શ્વાસ,શ્લેષ્મ, સસણી ઇત્યાદિ કફનાં દરદો ને ફાયદો કરેછે. મરડો, ઝાડો, હોજરીનું ચાંદુ, કોગળીયુ, ચુંક, ઉલટીપર ઉપયોગી પડેછે. રકતસ્રાવ ગર્ભસ્થાનમાંથી, હોજરીમાંથી, ફેફસામાંથી હોય તેને બંધ કરેછે. સુતીકા રોગ, સંધિ વા, પથરીનું દરદ, જખ્મ, તથા બીજા ઘણા પ્રકારની પીડાને શાંત પાડેછે, તેમજ નીદ્રા લાવેછે, ચસકા ગોડલી તથા બીજી અસહ્ય વેદના માટે મોર્ફીઆના પાણીની પીચકારી ચામડીમાં મરાય છે.

મોર્ફીઆ એ અફીણનું ખાસ સત્વછે અને તેનામાં અફીણના સર્વે ગુણછે. અફીણ કરતાં મોર્ફીઆ આઠગણો જોરાવર છે.

ચામડીમાં પીચકારી મારવા માટે મોર્ફીઆનું પ્રવાહી.

હાઇડ્રોક્લોરેટ આફ મોર્ફીઆ	...	ગ્રેન ૨	મીશ્ર કરવું. આ પ્રવાહીનાં ટીપાં ૫થી ૨૦ પર્યંત ત્વચામાં પીચકારી મરાય છે.
રેકટીફાઈડ સ્પીરીટ	...	ટીપાં ૧૮	
ડીલ્યુટ હાઇડ્રોક્લોરીક આસિડ	...	ટીપાં ૨	
પાણી	... ...	,, ૪૦	

વેદના, દુખાવો, ચસકા, નિદ્રાનાશ, ઉન્માદ, ધનુર, આંચકી, હીસ્ટીરીયા, વીગેરે દરદો ઉપર મોર્ફીઆની પીચકારી મરાય છે.

ઓરેન્શાઇ કાર્ટેક્ષ ઈં. બીટર ઓરેન્જ પીલ ગુ. નારંગીની છાલ

તેમાંથી ટીંકચર ઓરેન્શાઈ, સીરપ ઓરેન્શાઈ અને ઇનફયુઝમ ઓરેન્શાઈ બનાવવામાં આવે છે.

ઉપયોગ—સ્વાદ તથા રૂચીને માટે બીજાં ઓસડોની સાથે યોગવાઇતરીકે વપરાયછે.

ગુણ—દીપન અને રૂચકર.

ઇનફ્યુઝમ ઓરેન્શાઇ ઇં.ઇનફ્યુઝન ઓફ ઓરેન્જપીલ ગુ.નારંગીની છાલની ચા.

બનાવટ—નારંગીની છાલના નાના કકડા ... ½ ઔંસ
ચોખ્ખું ખખળતું પાણી ... ૧૦ ,,

પાણીમાં છાલને નાંખી પંદરમીનિટ ઢાંકી રાખવું અને પછી ગાળી લેવું.

માત્રા—૧ ઔંસથી ૨ ઔંસ

ઇનફ્યુઝમ ઓરેન્શાઇ કંપોઝીટમ ઇં. કોમપાઉડ ઇનફ્યુઝન ઓફ ઓરેંજ પીલ ગુ. નારંગીની છાલાદિ ચા.

બનાવટ—નારંગીની છાલના કડકા ... ¼ ઔંસ
તાજા લીંબુની છાલના કડકા ... ૬૦ ગ્રેન
લવીંગ અધકચરાં વાટેલાં ... ૩૦ ગ્રેન
ચોખ્ખું ખળખળતું પાણી ... ૧૦ ઔંસ
} પાણીમાં એકલાક સુધી ઢાંકી રાખી ગાળી લેવું.

માત્રા:—૧ ઔંસથી ૨ ઔંસ

ટિંકચુરા ઓરેનશાઈ ઇં. ટીંકચર ઓફ ઓરેંજપીલ ગુ. નારંગીની છાલનો અર્ક

બનાવટ:—નારંગીની છાલના અધકચરા કડકા ... ૨ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ૧ પાઇંટ

બંનેને એકત્ર કરી સાતદિવસ સુધી એક વાસણમાં બંધ કરી ગાળી લેવું. ને એક પાઇન્ટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રા:— ૧ ડ્રામથી ૨ ડ્રામ

સાઇરૂપસ ઓરેનશાઈ ઇં. સાઇરપ ઓફ ઓરેંજપીલ ગુ.નારંગીની છાલનો શરબત.

બનાવટ:—નારંગીનીછાલનો અર્ક ... ૧ ઔંસ
ખાંડની એકતારી ચાસણી ... ૭ ,,
} એ બંનેને મિશ્ર કરવાં.

માત્રા:—૧ ડ્રામ

ઓલ્યમ એનીસી ઇં. ઓઇલ ઓફ એનીસી ગુ. અનીસુનનું તેલ

માત્રા:—૧ ટીપાથી ૨ ટીપાં

એસેનશ્યા એનીસી ઇં. એસેન્સ ઓફ એનીસી ગુ. અનીસુનનું એસેન્સ.

બનાવટ:—ઓઇલ ઓફ એનીસી ... ૧ ઔંસ
રેકટીફાઇડ સ્પીરીટ ... ૪ ,,
} આ બંને જણસોને મિશ્ર કરવી.

માત્રા:— ૧૦ થી ૨૦ ટીપાં

ગુણ:—વાતહર

ઉપયોગ:—ઉપરની બેઉ દવા પેટના વાયુઅને ચુંક ઉપર અપાયછે તથા સ્વાદને માટે યોગવાઈ તરીકે બીજી દવા સાથે વપરાય છે.

ઓલ્યમ ઓલીવી ઇં. ઓલીવ ઓઇલ. સાલીડ ઓઇલ

ઓલીવ નામના ઝાડના ફળમાંથી આ તેલ પીલીને કઢાયછે.

ઉપયોગઃ—ઘણા મલમ તથા ચોપડવાના તેલ બનાવવાના કામમાં આવેછે. સોડા અને પોટાસ સાથે મેળવવાથી નરમ તથા કઠણ સાબુ બનેછે. દાઝ્યા ઉપર તથા ચળ ઉપર લગાડાયછે. આ તેલને ઠેકાણે આપણા દેશનું અળસીનું તેલ વાપરી શકાય અને તેથી આ ગ્રંથમાં આ તેલને બદલે ઠેકાણે ઠેકાણે અળસીનું તેલ લખવામાં આવ્યુંછે.

ઓલ્યમ ક્યાજુપુટી ઈ. ઓઇલ ઑફ્ ક્યાજીપુટી ગુ, કાજીપુટીનું તેલ.

ગુણઃ—વાતહર.

સ્પીરીટસ્ કેજ્યુપુટી. ઈ. સ્પીરીટ ઑફ્ કેજ્યુપુટ. ગુ. કેજ્યુંપુટીનો સ્પીરીટ.

બનાવટઃ—ક્યાજુપુટીનું તેલ	૧ ઔંસ	}	એ બંનેને મિશ્ર કરવાં.
રેકટીફાઇડ સ્પીરીટ	૪૯ ,,		

માત્રાઃ— $\frac{1}{2}$ દ્રામથી ૧ દ્રામ.

ઉપયોગઃ—તેલ ઘણું કરીને વા ઉપર ચોપડવાના કામમાં આવેછે. પેટની ચૂંક ઉપર ૧ થી ૨ ટીપાં અપાયછે. તેનો સ્પીરીટ પણ, વા, ચૂંક, અજીર્ણ માટે અપાયછે.

ઓલ્યમ કેરૂઆઇ. ઈ. ઓઇલ ઑફ્ ક્યારાવે ગુ. ક્યારાવેનું તેલ.

ગુણઃ—વાતહર.

ઉપયોગઃ—પેટનાવાયુ ઉપર ટીપાં ૧ થી ૨ ટીપાં અપાય છે. આ તેલના ગુણ સુવાના તેલના ગુણને મળતા છે.

ઓલ્યમ ક્રોટોનીસ. ઈ. ક્રોટનઓઇલ. ગુ. જમાલગોટાનું તેલ,

બનાવટઃ—નેપાળાના બીયાંમાંથી આ તેલ નિકળેછે. તેને એરંડીની માફક પીલીને કાઢેછે.

માત્રાઃ— $\frac{1}{2}$ ટીપાથી ૨ ટીપાં.

ગુણઃ—રેચક, દાહક.

ઉપયોગઃ—ઝાડાની કબજ્યતને માટે, જલંદર તથા મગજના દરદમાં જુલાબ ઉતારવા અપાયછે. આ તેલ ગોળીના રૂપમાં અપાયછે.

લીનીમેન્ટમ્ ક્રોટોનીસ.ઈ. લીનીમેન્ટ ઑફ્ ક્રોટનઓઇલ ગુ. જમાલગોટાનું લગાડવાનુ તેલ.

બનાવટઃ—જમાલ ગોટાનું તેલ	૧ ઔંસ.	}	આ ત્રણેને મિશ્ર કરવાં.
ક્યાજુપુટીનું તેલ	૩$\frac{1}{2}$,,		
રેકટીફાઇડ સ્પીરીટ	૩$\frac{1}{2}$,,		

ઉપયોગઃ—વા તથા ચસકા ઉપર ચોપડવામાં આવેછે.

ઓલ્યમ જુનીપરી. ઈ. ઓઇલ ઑફ્ જુનીપર ગુ. જુનીપરનું તેલ.

માત્રા.—૧ ટીપાથી ૨ ટીપાં.

ગુણઃ—વાતહર તથા મૂત્રલ.

સ્પીરીટસ જુનીપરી. ઈ. સ્પીરીટ ઑફ્ જુનીપર ગુ. જુનીપરનો સ્પીરીટ.

બનાવટઃ—જુનીપરનું તેલ	૧ ઔંસ.	}	એ બંને મિશ્ર કરવાં.
રેકટીફાઇડ સ્પીરીટ	૪૯ ,,		

માત્રા ½ દ્રામથી ૧ દ્રામ.

ઉપયોગઃ—પેટના વાયુ, ચૂંક, સોજા, જળોદર માટે અપાયછે.

ઓલ્યમ ટેરીબીન્થીની. ઈં. ઓઈલ ઓફ્ ટર્પેન્ટાઈન ગુ. ટર્પેન્ટાઇનનું તેલ.

ગુણઃ—મૂત્રલ, ગ્રાહી, રક્તસ્તંભક, કૃમીઘ્ન, રેચક, વાયુહર, રોપણ.

માત્રાઃ—ટીપાં ૧૦ થી દ્રામ ૪. મૂત્રલ અને ગ્રાહીની તરીકે ૫ થી ૩૦ ટીપાં, કૃમીઘ્ન અને જુલાબ તરીકે ૧ થી ૪ દ્રામ આપવું.

અંગ્વેંટમ્ ટેરીબીંથીન. ઈં. ઓઈંટમેંટ ઓફ્ ટરપંટાઈન. ગુ. ટરપંટાઇનનો મલમ

બનાવટઃ—

ટરપન્ટાઈનનું તેલ	...૧ ઔંસ.	આ ત્રણેને ગરમ કરીને મલમ કરવો.
રાળનો ભૂકો	...૨ દ્રામ.	
મીણ	...૧ ઔંસ.	

કનફેકશયો ટેરીબીંથીની. ઈં. કનફેકશન ઓફ્ ટરપંટાઈન. ગુ. ટરપંટાઈનો પાક.

બનાવટઃ—

ટરપન્ટાઇનનું તેલ...	૧ ઔંસ.	આ ત્રણેને મિશ્ર કરવું.
જેઠીમધનો ભૂકો...	૧ ,,	
મધ ચોખ્ખું	૨ ,,	

માત્રા ગ્રેન ૬૦ થી ૧૨૦ ગ્રેન.

લીનીમેન્ટમ્ ટેરીબીન્થીની. ઈં. લીનીમેન્ટ ઓફ્ ટરપંટાઈન.

બનાવટઃ—

નરમ સાબુ...	૨ ઔંસ.	ટર્પેન્ટાઇનમાં કપૂર મેળવીને પછી સાબુ મેળવી દેવો.
કપૂર ..	૧ ,,	
ટર્પેન્ટાઇન ...	૧૬ ,,	

લીનીમેંટમ્ ટેરીબીંથીની એસટીકમ્. ઈં. લીનીમેંટ ઓફ્ ટરપંટાઇન એન્ડ આસેટીક આસિડ ગુ. ટરપન્ટાઇન અને આસેટીક આસિડનું લીનીમેન્ટ.

બનાવટઃ—

ટરપન્ટાઇનું તેલ	...૧ ઔંસ.	આ ત્રણને મિશ્ર કરવાં.
આસેટીક આસિડ	...૧ ,,	
લીનીમેન્ટ કેમ્ફર	...૧ ,,	

ઉપયોગ ટાઇફસ, અને ટાઇફાઇડ તાવ ઉપર અપાયછે. પેટના આફરા ઉપર પીવા અપાયછે. તેમજ મળ દ્વારેથી પીચકારી પણ મરાયછે. મોઢા, પેટ, ઝાડા અને પેશાબમાંથી રક્તસ્ત્રવા થતો હોય તે ઉપર અપાયછે. મળાવરોધ, ચૂંક, કરમ, જળંદર ઉપર ફાયદો કરેછે. છાતી તથા પેટના ઘણા પ્રકારના વરમ ઉપર શેક કરવામાં કામ આવેછે. આંખના દરદમાં પીવા અપાયછે. બળ્યા ઉપર, જખમ ઉપર ચાંદાં ઉપર સમ ભાગ મીઠા તેલની સાથે મેળવી અગર મલમ તરીકે લગાડવાથી રૂઝાવી આપેછે. વાયુ તથા ચસકા ઉપર લગાડાયછે.

ઓલ્યમ થીયોબ્રોમી. ઈં. ઓઈલ ઓફ્ થીયોબ્રોમ. ગુ. કોકમનું તેલ.

ગુણ—હાથ પગની બ્યા ફાટી હોય તેના પર લગાડાયછે. બીજી દવાઓની સોગટી ઓ બનાવવામાં આવેછે.

ઓલ્યમ ફાસફોરેટમ. ઈં. ફોસફોરેટેડ ઓઈલ. ગુ. ફાસફરસવાળુ તેલ.

બનાવટઃ—ફાસફરસ ... ...

બદામનું તેલ ... ...

તેલને ત્રણસેં ડીગ્રી પર્યંત ગરમ કરી તેને ગાળી લેવું. થંડુ થયા પછી તેના ચાર આંઉસ લઇ તેમાં બાર ગ્રેન ફાસફરસ નાખી ૧૮૦ ડીગ્રીવાળા પાણીમાં તે બાટલીને મુકવી અને હલાવવી એટલે ફાસફરસ ગળી જશે.

ગુણ:—પૌષ્ટીક.

માત્રા ટીપાં ૫ થી ૧૦

ઉપયોગ:—નબળાઈ, મગજનાં દરદ, અને અસ્થિના દરદમાં વપરાયછે.

ઓલ્યમ મેન્થી પીપરીટી ઈં. ઓઈલ ઓફ પીપરમીંટ. ગુ. પીપરમીંટનું તેલ.

ગુણ:—ઉષ્ણ, વાતહર.

માત્રા:—૧ થી ૩ ટીપાં.

એક્વા મેન્થી પીપરીટી ઈં. પીપરમીંટ વોટર. ગુ. પેપરમીંટનું પાણી.

બનાવટ:—પીપરમીંટનું તેલ ૨½ ઔંસ. } વરાળ યંત્રથી એ બધામાંથી એક
ચાખ્ખું પાણી ૧½ ગ્યાલન. } ગ્યાલન પાણી ખેંચવું.

માત્રા:—૧ ઔંસથી ૨ ઔંસ.

ટીકા:—સાધારણ પીપરમીંટનું પાણી બનાવવામાં એક ઔંસ પાણીમાં એક ટીપું તેલનું નાખી બનાવાય છે.

એસેન્શીઆ મેન્થી પીપરીટી ઈં. એસેન્સ ઓફ પીપરમીંટ.

બનાવટ:—પીપરમીંટનું તેલ ...૧ ઔંસ. } એ બેનને મિશ્ર કરવાં.
રેક્ટીફાઈડ સ્પીરીટ ...૪ ,, }

માત્રા:—ટીપાં ૧૦ થી ૨૦.

સ્પીરીટસ મેંથી પીપરીટી. ઈં. સ્પીરીટ ઓફ પેપરમીંટ.

બનાવટ:—પીપરમીંટનું તેલ ...૧ ઔંસ. } એ બેને મિશ્ર કરવાં.
રેક્ટીફાઈડ સ્પીરીટ ...૪૯ ,, }

માત્રા:—ડ્રામ ½ થી ૧.

ઉપયોગ:—પેટના વાયુ ઉપર સાધારણ વપરાયછે. તેમજ બીજી દવાઓ સાથે પોગવાઈ તરીકે અપાયછે.

ઓલ્યમ મેંથી વીરીડીસ ઇં ઓઈલ ઓફ સ્પરમીંટ.

આ તેલના ગુણ તથા માત્રા ઉપરના જેવાંને જેટલાંજ છે, તથા તેનું પાણી તેજ રીતે બનેછે.

ઓયયુમ મોરહુ. ઈં. કોડલીવરઓઇલ. ગુ. કાડલીવર આઇલ.

ગુણ:—પૌષ્ટીક.

માત્રા:— ૧ થી ૮ ડ્રામ.

ઉપયોગ:—ક્ષય, કંઠમાળ, અને સ્ક્રોફ્યુલાના બીજા દરદો ઉપર સાધારણ અપાયછે, હરેક પ્રકારની નબળાઈ ઉપર અપાયછે. ત્વચાનાં દરદ, ખરજવો, દ્રદ્રુ, કુષ્ટ ઈત્યાદિ ઉપર અપાયછે. શરુઆતમાં થોડુ આપવું અને ધીમે ધીમે વધારતાં જવું. પાચન

ન થઇ શકે તેને શરીરે ચોપડવાથી પણ ગુણકારક થઇ પડેછે.

કાડલીવર આઇલ દુધની સાથે, કરીયાતાની ચાહાની સાથે, અથવા પીપરમીંટના પાણીમાં પીવાયછે. જમી રહીને તરત પીવાથી ખોરાકની જોડે તે પાચન થઈ જાયછે. અન્ય વખતે પીવાથી કોઇવાર તે વાયુ અને અજીર્ણ કરેછે. કોઇ કોઇને તે પચતું નથી અને ઝાડો કરેછે. તાવ હોય ત્યારે આ તેલ નહી આપવું, તેમજ ઝાડો થાય તો તે બંધ કરવું.

ઓલ્યમ રીસાઇની. ઈ. ક્યાસ્ટરઓઇલ. ગુ. એરંડેલ તેલ.

એરંડીને પીલીને તેલ કાઢેછે. કોઇવાર તેને કચરીને પાણીમાં ઉકાળીને, તેલ જુદુ પાડવામાં આવે છે.

માત્રાઃ— ૧ દ્રામથી ૧ ઔંસ.

ગુણ!—રેચક,

ઉપયોગઃ—બચ્ચાં તથા મોટા આદમીને વાસ્તે ઘણો સરસ તથા નિર્દોષ જુલાબછે. અજીર્ણ, ચૂંક, મલાવરોધ, ગુલ્મ, મરડો, ત્વચા રોગ. ઇત્યાદિ ઉપર અપાય છે.

ઓલ્યમ રોઝમરીનો. ઈ. ઓઇલ ઓફ રોઝમરી ગુ. રોઝમરીનું તેલ.

ઉપયોગઃ—બીજી ઔષધી બનાવવાના કામમાં આવેછે. આ ઇંગ્રેજી તેલછે અને તે સ્વાદ અને રંગને માટે બીજી દવાઓમાં મેળવાય છે.

સ્પીરીટસ્ રોઝમરીની. ઈ. સ્પીરીટઓફ રોઝમરીની.

બનાવટઃ—ઓઇલઓફ રોજમરી	... ...	૧ ઔંસ.	એ બનેને મિશ્ર કરવાં.
રેકટીફાઇડ સ્પીરીટ	... ...	૪૯	

માત્રાઃ— $\frac{1}{2}$ દ્રામથી ૧ દ્રામ.

ઓલ્યમ લવાંડયુલી ઈ. ઓઇલ ઓફ લવાંડર ગુ. લવાંડરનું તેલ.

ગુણઃ—ઉષ્ણ તથા વાતહર,

ઉપયોગઃ—લવાન્ડરનું તેલ તથા તેમાંથી બનતી ઉપદવાઓ સુવાસીક તથા રંગદાર હોવાથી બીજા આસીડો સાથે યોગ વાહી તરીકે વપરાયછે.

ટિંકચુરા લવાંડયુલી કોમ્પોઝીટા ઈ.કોમ્પાઉડ ટીકચર ઓફ લવાંડર ગુ.લવાંડરાદિક અર્ક.

બનાવટઃ—લવંડરનું તેલ	...	... ...	૧$\frac{1}{2}$ દ્રામ
રોઝમરીનું તેલ	...	... ...	૧૦ ટીપાં
તજ, જાયફળ	ભૂકો દરેકનો	... ...	૧૫૦ ગ્રેન
રતાંજળી	...	... ...	૩૦૦ ,,
રેકટીફાઇડ સ્પીરીટ		... ...	૨ પાઇંટ

તજ, જાયફળ અને રતાંજળીને બંધ વાસણમાં સાત દિવસ સૂધી સ્પીરીટની અંદર પલાળીને ગાળી લેવાં અને તેમાં તેલ ઉમેરવાં, તથા પછી બે પાઇંટ થાય તેટલો રેકટીફાઇડ સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—ડ્રામ ½થી ૨ ડ્રામ.

સ્પીરીટસ લવાંડયુલી ઈં. સ્પીરીટ ઑફ લવાંડર ગુ. લવાંડરનો સ્પીરીટ.

બનાવટઃ— લવંડરનું તેલ ૧ ઔંસ, રેક્ટીફાઈડ સ્પીરીટ ૪૯ ,, } એ બંનેને મિશ્રીત કરવાં.

માત્રાઃ— ½ ડ્રામથી ૧ ડ્રામ.

ઑલ્યમ લીમોનીસ ઈં. ઑઈલ ઑફ લેમન ગુ. લીંબુનીછાલનું તેલ.

ઉપયોગઃ—બીજી ઔષધીઓ બનાવવાના કામમાં આવેછે.

ઑક્ષીમેલ. ઈં. ઑક્ષીમેલ.

બનાવટઃ—

મધ	૪૦ ઔંસ	મિશ્ર કરવું.
એસેટીક આસિડ	૫ ,,	
ચોખ્ખું પાણી ...	૫ ,,	

માત્રાઃ—શીતવિર્ય, કફઘ્ન.

ઉપયોગઃ—ખાંસીના મરજ ઉપર અપાયછે.

ઑક્ષીમેલ સીલી ઈં આક્ષીમેલ આફ સ્કવીલ.

માત્રાઃ—ડ્રામ ½ થી ૧.

બનાવટઃ——વિનેગર આફ સ્કવીલ પાઈંટ ૧, શુદ્ધ મધ ... પાઊંડ ૨ } મિશ્ર કરવાં

ગુણઃ...કફઘ્ન.

ઉપયોગઃ...ખાંસી, દમ, ઉધરશ અને બચ્ચાની વરાધ ઉપર અપાયછે.

અંગ્વેન્ટમ સીંપ્લેક્ષ ઈં. સીંપલ આઈન્ટમેન્ટ ગુ. સાદો મલમ.

બનાવટ—સફેત મીણ આંઊંસ ૨, ચોખ્ખી ચરબી ,, ૩, બદામનું તેલ ,, ૩ } ઉષ્ણોદકપર મીણ અને ચરબીને તેલમાં ગાળવાં અને હલાવવાં.

ઉપયોગઃ—બીજી ઔષધિયોની સાથે મલમ બનાવવામાં કામ આવેછે, તેમજ સાદા જખ્મ, ચાંદાં, ખરજવાં વીગેરે ઉપર લગાડાયછે.

કમાલા. ઈં. કમાલા. ગુ. કપીલો.

ગુણઃ—કૃમીઘ્ન.

માત્રા—ગ્રેન ૩૦ થી ¼ ઔંસ.

ઉપયોગઃ—પેટના કરમ ઉપર અપાયછે. તે આપ્યાથી કરમ પેટમાં મરી જાય છે. તેને બહાર પાડવા માટે જુલાબ આપવો જોઈયે.

ક્યાટીકુ પાલીડમ્. ઈં. પેલ કયાટીકુ. ગુ. કેવળીયો કાથો.

ગુણઃ—શીત, ગ્રાહી.

માત્રાઃ—ગ્રેન ૧૦ થી ૩૦.

ઈનફ્યુઝમ કયાટીકુ. ઈં. ઈનફ્યુઝન ઑફ ક્યાટીકુ. ગુ. કાથાની ચા.

બનાવટઃ—કાથાનો ભુકો ... ... ૧૬૦ ગ્રેન.
તજનો ભુકો ... ... ૩૦ ,,
ઉકળતું પાણી ... ... ૧૦ ઔંસ.
અર્ધો કલાક પલાળી ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

ટીંકચુરા કચાટીકુ. ઈ. ટીંકચર ઓફ્ કચાટીકુ. ગુ. કાથાનોઅર્ક.

બનાવટઃ—કેવળીયા કાથાનો ભુકો... ... ૨½ ઔંસ.
તજનો ભુકો ... ... ૧ ,,
પૃફસ્પીરીટ ... ... ૧ પાઇંટ.

સાત દિવસ સુધી એક વાસણમાં પલાળી ગાળી લેવું ને એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ દ્રામથી ૨ દ્રામ.

પલ્વીસ કચાટીકુ કોમ્પોઝીટસ. ઈ. કોમ્પાન્ડ કચાટીકુ પાઉડર. ગુ. કાથાદિચુરણ

બનાવટઃ—કાથો ... ... ૪ ઔંસ.
હીરા દખણ ... ... ૨ ,,
મ્હાટની ... ... ૨ ,,
તજનો ભુકો ... ... ૧ ,,
જાયફળ ,, ... ૧ ,,
એ બધાને મિશ્ર કરીને વસ્ત્ર ગાળ ચુરણ કરવું.

માત્રા—૨૦ ગ્રેન થી ૪૦

ટ્રોકીસ્કાઇ કચાટીકુ. ઈ. કચાટીકુ લોઝેનજીસ. ગુ. કાથાની રેવડી.

બનાવટઃ—કાથાનો ભુકો ... ૭૨૦ ગ્રેન.
ધોયેલી સાકર ... ૨૫ ઔંસ.
બાવળીયો ગુંદર ... ૧ ,,
બાવળનાગુંદરનુંપાણી. ૨ ,,
ચોખ્ખું પાણી ...
કાથો, સાકર,ગુંદર, તેમાં ગુંદરનું પાણી થોડું નરમ રેહે તેટલું મેળવવું ને તેની ૭૨૦ રેવડી બનાવવી.

માત્રા—૧ થી ૬ રેવડી.

ઉપયોગઃ—ઝાડા ઉપર અપાયછે. ગળું આવ્યુ. હોય તો કોગળા કરવા અપાયછે. મોઢું આવ્યુ હોય તો રેવડી મોંમાં રાખવી.

ક્યાનાબીસ ઇંડીકા ઈ. ઇંડીયન હેમ્પ. ગુ. ગાંજો.

માત્રાઃ— ૪ થી ૧૦ ગ્રેન.

ગાંજો એ ઝાડની કળીઓનો ભાગછે. તેજ ઝાડનાં પાંદડાંને **ભાંગ** કહેછે. તેમાંથી રસ નીકળેછે તેને **ચરસ** કહેછે. કમાવેલ ભાંગને સાકરની ચાસણીમાં મેળવી ચોસલાં બનાવેછે તેને **મહાજુમ** કહેછે. ભાંગની માત્રા ગ્રેન ૧૦ થી ૬૦.

ગુણઃ—માદક, ગ્રાહી, નિદ્રા લાવનાર, દરદની શાંતી કરનાર, દીપન.

એક્સ્ટ્રાક્ટમ્ ક્યાનાબીસ ઇંડીસી. ઈ. એક્સ્ટ્રાક્ટ ઓફ્ ઇંડીયનહેમ્પ. ગુ. ગાંજાનું સત્વ.

બનાવટ:—ગાંજાનો ભુકો ... ... ૧ રતલ
રેકટી ફાઇડસ્પીરીટ ... ... ૪ પાઇંટ

સાત દિવસ સુધી ગાંજાને રેકટીફાઈડ સ્પીરીટમાં પલાળી રાખવા, ને ગાળી લઈ પછી સ્પીરીટને ઉરાડી દઈ ઉષ્ણોદક ઉપર ગોળી બને તેવું થાય ત્યાંસુધી બળવા દેવા.

માત્રા—ગ્રેન ¼ થી ૧.

ટીંક્ચુરા ક્યાનાબીસ ઇંડીસી ઇં. ટીંક્ચર ઓફ ઇંડીયનહેમ્પ ગુ. ગાંજાનો અર્ક.

બનાવટ:—ગાંજાનું સત્વ ...૧ ઔંસ } મિશ્ર કરવાં.
રેકટીફાઇડસ્પીરીટ ...૧ પાઇંટ }

માત્રા—ટીપાં ૫ થી ૪૦.

ઉપયોગ:—ધનુર્વા, ચસકા, સંધિવા, દમ, ખાંસી, ઝાડો તથા કોલેરા, ગર્ભાશયનો રક્તસ્રાવ,જ્વર તથા બીજાં દરદની વેદના કમીથવા અફીણની જગોએભાંગઅપાયછે.

ક્યાંથારીસ ઇં. ક્યાંથારીડીસ. ગુ. એક જાતની ઝેરી માખી.

ઉપર કહેલી માખીનો ભૂકો લગાડ્યાથી બ્લીસ્ટર હોછે.

એમ્પ્લાસ્ટ્રમ્ ક્યાંથારીડીસ. ઇં. ક્યાંથારીડીસ પ્લાસ્ટર ગુ. ક્યાંથારીડીસનો લેપ.

બનાવટ:—ક્યાન્થારીડીસનો ભૂકો ૧૨ ઔંસ. }
પીળુંમીણ ...૭½ ,, }
ચરબી ...૬½ ,, }
લાર્ડ ...૬ ,, }
રાળ ...૩ ,, }
મીણ, ચરબી,લાર્ડ ને ઉષ્ણોદકઉપર ગરમ કરીને રાળ મેળવવી અને પછી કેન્થારીડીસ મેળવવુ.

એમપ્લાસ્ટ્રમ ક્યાલીફેશન્સ. ઇં. વાર્મપ્લાસ્ટર. ગુ. ગરમ પ્લાસ્ટર.

બનાવટ:—કેન્થારીડીસનો ભૂકો ... }
જાયફળનું તેલ ... ... } દરેક ૪ ઔંસ.
પીળું મીણ ... ... }
રાળ ... ... }
સાબુનો લેપ ... ... ૩¼ રતલ.
રાળનો લેપ ... ... ૨ ,,
ઉકળતું પાણી ... ... ૧ પાંઇંટ.

ખળખળતા પાણીમાં કેન્થારીડીસના ભૂકાને નાંખી છ કલાક રાખી કપડાથી નીચોવી લેવું અને ⅓ રહે ત્યાં સૂધી ઉષ્ણોદક ઉપર બાળવું. બાદ બાકીની દવા મેળવી ઉષ્ણોદકપર ગરમ કરી હલાવી એકત્ર કરવી.

અંગ્વેંટમ્ કયાન્થારીડીસ.ઇં.કયાન્થારીડીસ ઓઇન્ટમેન્ટ. ગુ.કેન્થારીડીસનો મલમ.

બનાવટ:—કયાન્થારીડીસ ... ... ૧ ઔંસ.
પીળું મીણ ... ... ૧ ઔંસ.
અળશીનું તેલ ... ... જરૂર પડે તેટલું.

અળશીના તેલમાં કયાન્થારીડીસ બાર કલાક રાખી ઉષ્ણોદક ઉપર ૧૫ મિનિટ સુધી ગરમ કરવું ને ઝીણા કપડાથી નીચોવીને ઓગાળી રાખેલા મીણ સાથે મેળવી તે ઠરવા દેવું.

ટીંકચુરા કયાન્થારીડીસ. ઈ. કયાન્થારીડીસ ટીંકચર. ગુ. કયાન્થારીડીસનો અર્ક.

બનાવટ:—કયાન્થારીડીસનો ભુકો ... ... $\frac{1}{4}$ ઔંસ.
પ્રૂફસ્પીરીટ ... ... ૧ ,,

કયાન્થારીડીસના ભુકાને સ્પીરીટમાં સાત દિવસ સુધી પલાળી રાખી નીચોવીને ગાળી લેવું. પછી એક પાઈંટ થાય તેટલો બીજો પ્રૂફસ્પીરીટ ઉમેરવો.

માત્રા:—ટીપાં ૫ થી ૨૦.

લાઈકર એપીસ્પાટીકસ. ઈ. બ્લીસ્ટરીંગ ફ્લ્યુઇડ. ગુ. બ્લીસ્ટર કરવાનું પ્રવાહિ.

બનાવટ:—કયાન્થારીડીનો ભુકો ... ... ૮ ઔંસ.
આસેટીક આસિડ ... ... ૪ ,,
ઇથર

આસેટીક આસિડમાં કયાન્થીરીડીસ મેળવી ૨૪કલાકપછી તેને ગાળતી વખત તેનાપર વીશ ઔંસ પ્રવાહી થાય તેટલો ઇથર રેડવો,ને તેને કાચના બૂચની બાટલીમાં રાખવું.

ચારટા એપીસ્પાસ્ટીકા. ઈ. બ્લીસ્ટરીંગ પેપર. ગુ. બ્લીસ્ટર મારવાનો કાગળ.

બનાવટ:—ધોળું મીણ ... ... ૪ ઔંસ.
સ્પર્મસીટી ... ... $1\frac{1}{2}$,,
અળશીનું તેલ ... ... ૨ ,,
રાળ ... ... $\frac{3}{4}$,,
કાનડા બાલસમ ... ... $\frac{1}{4}$,,
કયાન્થારીડીસનો ભુકો ... ૧ ,,
ચોખ્ખું પાણી ... ... ૬ ,,

કયાનડા બાલસમ સિવાય બાકીની સર્વ ઔષધીને ઉષ્ણોદકપર બે કલાક રાખી હલાવીને ગાળી લેવી અને પાણીથી જુદી પાડવી. આ પ્લાસ્તર થયું તેને કાનડા બાલસમ સાથે છાછરા વાસણમાં મેળવી કાગળની પટીઓ કરી તેને એક બાજુપર લાગે તેમ તેપર ફેરવવી.

ઉપયોગ:—મુખ્ય બ્લીસ્ટરને માટે વપરાયછે. વા, ચસ્કા, સોજા, વરમ, છાતીના મગજના, કલેજાના વ્યાધી ઇત્યાદિ માટે બ્લીસ્ટર લગાડાયછે. મૂત્રશ્રાવ, જુનો પરમો મૂત્રાવરોધ ઉપર કોઇ કોઈવાર ટીંકચર અપાયછે.

કયાપસીસાઈ ફ્રકટસ. ઈ. કયાપસીકમ ફ્રુટ. ગુ. મરચાં.

માત્રા—ગ્રેન ૧ થી ૫.

ટીંકચુરા કયાપ્સીસાઈ. ઈ. ટીંકચર ઓફ કયાપસીસાઇ. ગુ. મરચાનો અર્ક.

બનાવટ:—મરચાનો ભુકો ... ... $\frac{3}{4}$ ઔંસ.
રેકટીફાઇડ સ્પીરીટ.. ... ૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક મરચાંનો ભુકો એક વાસણમાં પલાળી રાખી ઢાંકી મુકવો. પછીથી ગાળી લેવો. અને બાકી રહેલ પાંચ ઔંસ સ્પીરીટ તે ઉપર રેડવો.

તેને નીચોવી લીધા પછી એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા—ટીપાં ૧૦ થી ૨૦.

ગુણ:—ઉષ્ણ.

ઉપાયોગ:—અજીર્ણ ઉપર અપાયછે. ગળું આવ્યું હોય ત્યારે ટીંકચરના કોગળા કરવામાં આવેછે. યોગવાઈ તરીકે બીજી દવાઓ સાથે અપાયછે.

કાર્બો લીગ્નાઈ. ઈ. વુડ ચાર્કોલી. ગુ. કોયલા.

હવા સિવાય લાકડું બાળવાથી કોયલા બનાવાય છે.

ગુણ:—કૃમીઘ્ન, દુર્ગંધ દુર કરનાર

માત્રા:—ગ્રેન ૨૦ થી ૬૦

ક્યાટાપ્લાઝમા કાર્બોનીસ. ઈ. ચારકોલ પોટીસ ગુ. કોયલાનું પોટીસ.

બનાવટ:—લાકડાના કોયલાનો ભૂકો	...	½ ઔંસ
પાઊંનો ગર્ભ	...	૨ ,,
અળશીનો લોટ	...	૧½ ,,
ખળખળતું પાણી	...	૧૦ ,,

પાઊંને પાણીમાં દસ મિનિટ બાફી અળશીનો લોટ ઉમેરવો, ને હલાવવો, પછી કોયલાનો અર્ધો ભૂકો તેમાં મેળવવો ને અર્ધો પોટીસના ઉપર છાંટવો.

કાર્બો એનીમેલીસ. ઈ. એનીમલ ચારકોલ ગુ. પ્રાણીજ કોલસા.

હવા સિવાય હાડકાં બાળવાથી આ કોયલા બનાવાયછે.

કાર્બો એનીમેલીસ પ્યુરીફીકેટસ. ઈ. પ્યુરીફાઇડ એનીમલ ચારકોલ ગુ. શુદ્ધ કરેલા પ્રાણીજ કોલસા.

બનાવટ:—પ્રાણીજ કોલસાનો ભૂકો	...	૧૬ ઔંસ
હાઇડ્રોકલોરીક આસિડ	...	૧૦ ,,
ચોખ્ખું પાણી	...	

હાઇડ્રોકલોરીક આસિડને ૧ પાઇંટ પાણીમાં મેળવી તેમાં કોલસા નાખી હલાવવાં ને બે દિવસ ગરમ કરી રાખવાં, ને વખતો વખત હલાવવાં. પાણી ગાળી નાંખીને કોયલાનો ભૂકો ધોઈ સૂકવી લેવો અને તેને કૂલડીમાં સારી પેઠે તપાવી રાખી મૂકવો.

માત્રા:—૨૦ થી ૬૦ ગ્રેન.

ગુણ:—લાકડાના કોયલા જેવા છે.

ઉપયોગ:—અજીર્ણ, પેટમાં ઘણો વાયુ, ઓડકાર, ઝાડો તથા મરડા ઉપર અપાય છે. ઉલટી, પેટની ખટાશ, તથા વાયુ ઉપર અપાયછે. ગંધાતાં ચાંદા ઉપર પોટીસ લગાડાયછે.

ક્યારોફાઇલમ્ ઈ. કલોવ્ઝ ગુ. લવીંગ.

માત્રા—ગ્રેન ૫ થી ૨૦.

ગુણ:—ઉષ્ણ, પાચન, વાતહર.

ઓલ્યમ કાર્યો ફાઈલી ઈં. ઓઈલ ઓફ ક્લવ્ઝ ગુ. લવીંગનું તેલ.

વરાળયંત્રથી લવીંગમાંથી તેલ ખેંચાય છે.

માત્રાઃ—૨ થી ૪ ટીપાં

ઈનફ્યુઝમ ક્યારોફાઈલી ઈં. ઈનફ્યુઝન ઓફ ક્લવ્ઝ. ગુ. લવીંગની ચા.

બનાવટઃ—લવીંગ અધકચરાં	...	¼ ઔંસ.
ચોખ્ખું પાણી ખળખળતું ..		૧૦ ,,

ખળખળતા પાણીમાં લવીંગનો ભૂકો નાંખી અડધો કલાક પલાળી ગાળી લેવું.

માત્રાઃ—૧ ઔંસથી ૨.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે વપરાયછે. સડેલા દાંતમાં તેલનું પુમડું મુકવાથી દરદને આરામ મળે છે.

ક્યાશ્યા પલ્પા. ઈં ક્યાશ્યાપલ્પ. ગુ. ગરમાળાનો ગોળ.

ગુણઃ—રેચક.

માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

ઉપયોગઃ—ગરમાળાની લાંબી શીંગોમાંથી ગર્ભ નીકળેછે તે ગળચટો હોય છે, અને બીજી દવાઓ સાથે રેચક ઔષધિમાં નંખાય છે.

ક્યામફોરા. ઈં. ક્યામ્ફર. ગુ. કપૂર.

બનાવટઃ—એક જાતના ઝાડના રસમાંથી બનેછે, ચીન અને જાપાનમાં આ ઝાડ ઘણાં થાયછે.

માત્રાઃ—૧ થી ૧૦ ગ્રેન.

ગુણઃ—ઉષ્ણ, વાતહર, કફઘ્ન, પુરૂષત્વહર અને સ્વેદલ.

એક્વા ક્યામફોરી. ઈં. ક્યામફર વોટર ગુ. કપૂરનું પાણી.

બનાવટઃ—કપૂર	½ ઔંસ		કપૂરની પોટલી પાણીમાં મૂકવી.
ચોખ્ખું પાણી ...	૧ ગ્યાલન		

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

લીનીમેન્ટમૂ ક્યામફોરી ઈં. ક્યામફર લીનીમેન્ટ ગુ. કપૂરનું તેલ.

બનાવટઃ—કપૂર ...	૧ ઔંસ	કપૂરને તેલમાં ગાળી દેવું.
અળશીનું તેલ	૪. ,,	

લીનીમેન્ટમૂ ક્યામફોરી કોમ્પોઝીટમૂ ઈં. કોમ્પાઉન્ડ ક્યામફર લીનીમેન્ટ ગુ. કપૂરાદિતેલ.

બનાવટઃ—કપૂર	૨½ ઔંસ	કપૂર તથા તેલને સ્પીરીટમાં મેળવી પછી આમોન્યા મેળવવો.
લવંડરનું તેલ ...	૧ ડ્રાગ	
સ્ટ્રાંગ સોલ્યુશનઓફ આમોન્યા...	૫ ઔંસ	
રેક્ટીફાઈડ સ્પીરીટ ...	૧૫ ,,	

સ્પીરીટસ ક્યામફોરી. ઈં. સ્પીરીટ ઓફ ક્યામફર. ગુ. કપુરનો સ્પીરીટ.

બનાવટ.—કપૂર	૧ ઔંસ	મિશ્ર કરવાં.
રેકટીફાઈડ સ્પીરીટ ..	૯ ,,	

માત્રા—ટીપાં ૧૦ થી ૩૦

ટિંકચુરા ક્યામફોરી કોમ્પોઝીટા. ઈ. કોમ્પાઉન્ડ ટીંકચર ઑફ ક્યામફર ગુ. કપુરાદિક અર્ક.

બનાવટ:—અફીણનો ભુકો ..૪૦ ગ્રેન
લોબાનનાં ફુલ ...૪૦ ,,
એનીસી ઓઇલ ... ½ દ્રામ
પ્રૂફસ્પીરીટ ... ૧ પાઈંટ

સર્વેને સાતદિવસ બાટલીમાંરાખી કોઇ કોઇ વખત હલાવવાં અને ગાળી લઈ એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

ઉપયોગ:—જ્વરમાં અતી ક્ષિણતા થઇ જાયછે ત્યારે કપૂર અપાયછે. ખાંસી,દમ તથા કામ શાંતી અને કોલેરા ઉપર અપાયછે. દાંતના મંજનમાં વપરાયછે. શરીરનાં દરદ તથા વાયુ ઉપર લગાડાયછે.

ક્યાંમબોજયા, ઈ. ગ્યાંબોજ, ગુ. રેવંચીનો શીરો.,

માત્રા:—૪ ગ્રેન.

ગુણ:—રેચક, કૃમીઘ્ન.

ઉપયોગ:—મળાવરોધ, જળદર અને કૃમી ઉપર અપાયછે.

પીલ્યુલા ક્યાંબોજી કોમ્પોઝીટા. ઈ. કમ્પાઉન્ડ પીલ ઑફ ગ્યામબોજ. ગુ. રેવંચાદિ ગુટીકા.

બનાવટ:—રેવંચી ... } દરેક ૧ ઔંસ
એળીયો ...
તજઆદિ ચુરણ...
કઠણ સાબુ ... ૨ ઔંસ.
ચાસણી ખાંડની ... જોઇએ તેટલી.

આ સર્વે દવા મિશ્ર કરી ગોળી બને તેવી ચાસણીમાં નાખી ગોળીબનાવવી.

માત્રા:—૫ થી ૧૦ ગ્રેન.

ક્યાલ્કસ. ઈ. લાઇમ. ગુ. ચૂનો.

દેશી ઔષધના વિષયમાં ચૂનો જુઓ.

ક્યાલસીસ હાઇડ્રાસ. ઈ. સ્લેકડલાઇમ ગુ. કળીચૂનો.

બનાવટ:—ચૂનો ... ... ૨ રતલ
ચોખ્ખુ પાણી .. ... ૧ પાઈંટ

ચૂનાને એક વાસણમાં મૂકી ઉપર ધીમે ધીમે પાણી રેડવું ને તેમાંથી વરાળ નીકળતી બંધ થઇને ટાઢો થાય ત્યાર પછી લોઢાની ચાળણીએ ચાળી લઈ બાટલીમાં રાખવો, ને હવાનો સ્પર્શ થવા નહિ દેવો.

લાઇકર ક્યાલસીસ ઈ. એકવાક્યાલસીસ અગર લાઇમવોટર ગુ. ચૂનાનું પાણી.

બનાવટ:—ચૂનો ... ... ૨ ઔંસ
પાણી ચોખ્ખુ ... ... ૮ પાઈંટ

બંનેને મિશ્ર કરી ઉપરતું આછું પાણી લેવું અને લીલા કાચની કાચના બુચવાળી બાટલીમાં રાખવું.

માત્રા:—૧ થી ૪ ઔંસ.

ઉપયોગઃ—પોગવાઈ તરીકે અપાયછે, અને ઉલટીને બંધ કરેછે. સમભાગ દૂધની સાથે આપવાથી ઉલટી થતી નથી. બચ્ચાંઓને દૂધની સાથે સાધારણ આપવામાં આવેછે. ચૂનાનું પાણી બીજી દવા બનાવવામાં વપરાયછે.

લીનીમેન્ટમ ક્યાલસીસ, ઈ. લીનીમેન્ટઑફ લાઇમ. ગુ. ચૂનાનું તેલ.

બનાવટઃ—ચૂનાનું પાણી અને સાલીડઑઇલ બંને સરખાં લઇને મિશ્ર કરવાં. સાલીડઑઇલને બદલે મીઠું તેલ અથવા અળશીનું તેલ ચાલશે.

ઉપયોગઃ—ખરજવા ઉપર, બળવા ઉપર અને ત્વચાના બીજા દરદ ઉપર લગાડાયછે.

લાઇકર ક્યાલ્સીસ સાકરેટસ. ઇં. સાકરેટેડ સોલ્યુશન ઑફ લાઈમ. ગુ. ચુનાનું શર્કરાદિ પાણી.

બનાવટ—કળીચૂનો ... ૧ ઔંસ.) ચૂનો તથા સાકર એકઠાં મેળવી, પાણી
ઘોયેલી સાકર.. ૨ „ } વાળી બાટલીમાં નાંખવાં અને થોડા કલાક
ચોખ્ખું પાણી ... ૧ પાઇંટ) હલાવી રહેવા દઈ ઉપરનું નીતર્યું પાણી લેવું.

માત્રા—૧૫ ટીપાં થી ૬૦ ટીપાં સુધી.

ઉપયોગઃ—આ પ્રવાહી પણ ચૂનાના સાદા પાણીની માફક પીવા અપાયછે, તેનાથી ઉલટી બેસેછે.

ક્યાલસ્યાઈ કલોરીડમ્. ઈ. કલોરાઈ ઑફ ક્યાલશ્યમ્.

બનાવટ—ચાક અને હાઇડ્રોક્લોરીક આસિડના સંયોગથી બનેછે.

માત્રા—૧૦ થી ૨૦ ગ્રેન.

ગુણ—શોધક.

ઉપયોગઃ—સ્ક્રોફ્યુલા, ક્ષય અને અસ્થિના વ્યાધિ ઉપર અપાયછે.

ક્યાલ્કસ કલોરેટા. ઈ. કલોરીનેટેડ લાઇમ.

માત્રાઃ— ૧ થી ૫ ગ્રેન.

લાઇકર ક્યાલસીસ કલોરેટી. ઈ. સોલ્યુશનઑફ કલોરીનેટેડ લાઈમ. ગુ. કલોરેટ ઑફ લાઈમનું પ્રવાહી.

બનાવટઃ—કલોરીનેટેડ લાઇમ... ૧ રતલ. } બેઉને મેળવીને એક બાટલીમાં
ચોખ્ખું પાણી .. ૧ ગ્યાલન. } નાંખી ત્રણ કલાક સુધી ઘણી વખત હલાવવું પછી તે પાણી ગાળી લેવું.

ગુણઃ—દુર્ગંધ દૂર કરેછે.

ઉપયોગઃ—કેટલાક દરદમાં મોઢું વાસ મારેછે ત્યારે આ દવા ૧ થી ૨ ડ્રામ એક પાઇંટ પાણીમાં મેળવી કોગળા કરવા અપાયછે. તેમજ નિચે લખ્યા પ્રમાણે નાસ લેવાથી પણ ફાયદો થાયછે. દૂર્ગંધવાળી જગોમાં તે રાખવાથી દૂર્ગંધ દૂર થાયછે.

વેપરકલોરાઇ. ઈ. ઇનહેલેશન ઑફ કલોરીન ગુ. કલોરીનનો નાસ.

બનાવટઃ—કલોરીનેટેડ લાઇમ .. ૨ ઔંસ } સવળ પડતા વાસણમાં મૂકી થંડુ પાણી
થંડુ પાણી ... ... } રેડવું ને વરાળ નિકળે તેનો નાસ લેવો.

ક્યાલસીસ ફાસફસ, ઈ. ફોસફેટઑફ લાઇમ ગુ. અસ્થિભસ્મ.

બનાવટ:—હાડકાની રાખમાંથી આ દવા બનાવાય છે અને હાડકાંનો મુખ્ય ક્ષાર પણ તેજ છે.

માત્રા:—૧૦ થી ૨૦ ગ્રેન.

ગુણ:—શોધક, પૌષ્ટીક.

ઉપયોગ:—નબળાઈ અને સ્ક્રોફ્યુલાના દરદ ઉપર અપાયછે. બચ્ચાં નબળાં હોય, જેના હાડકાં વળી જાય તથા બરડામાં ખુંધ નીકળે તેવાંને અપાયછે.

ક્યાલસીસ હાઇપો ફાસફરસ, ઈં. **હાઈપો ફોસફેટ આવ લાઈમ,** ગુ. **ફાસફરસ અને ચૂનામાંથી બને છે.**

માત્રા:— ૫ થી ૧૦ ગ્રેન.

ગુણ:—શોધક અને પૌષ્ટીક.

ઉપયોગ:—ઉધરસ, કફ, ક્ષય, સ્ક્રોફ્યુલાના વ્યાધિ, અસ્થિના દરદ અને નબળાઈ ઉપર અપાયછે. આ દવાના શરબતની બાટલીયો તૈયાર આવેછે અને વપરાયછે.

ક્યાસકરીલી કારટેક્સ ઈં. **ક્યાસકરીલાબાર્ક.** ગુ. **ક્યાસકરીલાની છાલ.**

ઇનફ્યુઝમ્ ક્યાસકરીલી ઈં. **ઈનફ્યુઝન્ ઓફ ક્યાસકરીલા.** ગુ. **ક્યાસકરીલાની ચા.**

બનાવટ:—ક્યાસકરીલાની છાલનો ભૂકો...		૧ ઔંસ.	એક કલાક પલાળી રાખીને ગાળી લેવું.
ચોખ્ખું બળબળતું પાણી	... ...	૧૦ ,,	

માત્રા:—૧ થી ૨ ઔંસ.

ટિંકચુરા ક્યાસકરીલી. ઈં. **ટિંકચરઓફ ક્યાસકરીલા.** ગુ. **ક્યાસકરીલાનો અર્ક.**

બનાવટ—ક્યાસકરીલાની ખોખરીકરેલી છાલ	...	૨½ ઔંસ.
પ્રુફસ્પીરીટ	... ...	૧ પાઈંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં છાલને ૪૮ કલાક પલાળી ગાળી લેતીવખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ ઉમેરી નીચોવી લેઈ વીસ ઔંસ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા:— ½ થી ૨ ડ્રામ.

ગુણ:—પાચન, જ્વરઘ્ન.

ઉપયોગ:—અજીર્ણ, મંદાગ્નિ, જીર્ણ જ્વર ઉપર અપાયછે.

ક્યાસ્ટોરીયમ્ ઈં. **ક્યાસ્ટર.** ગુ. **ક્યાસ્ટર.** એક જાતના જનાવરના પેઢુ પાસથી નીકળેછે.

માત્રા:— ૫ થી ૧૦ ગ્રેન.

ટિંકચુરા ક્યાસ્ટોરીયાઈ ઈં. **ટિંકચુર ઓફ ક્યાસ્ટર.** ગુ. **ક્યાસ્ટરનો અર્ક.**

બનાવટ:—ક્યાસ્ટરનો ભુકો	... ...	૧ ઔંસ.
રેક્ટીફાઈડ સ્પીરીટ	... ..	૧ પાઈંટ.

ઉપરની બંને વસ્તુને એક વાસણમાં નાંખી સાત દિવસ સુધી પલાળી રાખી ગાળી નીચોવી લઇ એક પાઈંટ થાય તેટલો રેક્ટીફાઈડ સ્પીરીટ ઉમેરવો.

માત્રા—½ થી ૧ ડ્રામ.

ગુણ—ઉષ્ણ, વાતહર.

ઉપયોગ:—હિસ્ટીરીયા, વાયુ, ચુંક ઉપર અપાયછે.

કવાશ્યા લીગ્ન. ઈં. કવાશ્યાવુડ. ગુ. કવાશ્યાનું લાકડું.

એક જાતનું લાકડું થાયછે.

ગુણઃ—પાચન, દીપન, જ્વરઘ્ન.

ઈનફ્યુઝમ્ કવાશી. ઈં. ઇનફ્યુઝન ઓફ્ કવાશ્યા. ગુ. કવાશ્યાની ચા.

બનાવટઃ—ક્વાશ્યાનાં છોડીયાં... ૬૦ ગ્રેન. ચોખ્ખું થંડુ પાણી ... ૧૦ ઔંસ } પાણીમાં ક્વાશ્યાનાં છોડીયાંને અડધો કલાક પલાળી રાખી ગાળી લેવું.

માત્રા—૧ થી ૨ ડ્રામ.

એકસ્ટ્રાકટમ કવાશી. ઈં. એકસ્ટ્રાકટ ઓફ્ કવાશ્યા. ગુ. કવાશ્યાનું સત્વ.

બનાવટઃ—ક્વાશ્યાંનાં છોડીયાં ... ... ૧ રતલ.
ચોખ્ખું પાણી ... ...

આઠ ઔંસ પાણીમાં ક્વશ્યાનાં છોડીયાં બાર કલાક રાખી નીચોવીને ગાળી લેતી વખત બીજું થોડું પાણી રેડવું. તે પાણીને બળવા દેવું ને થંડુ થાય તેની પહેલાં ફરીથી ગાળવું ને ફરીથી ઉષ્ણોદક ઉપર ગોળી વળે તેવું જાડું થાય ત્યાંસૂધી બળવા દેવું.

માંત્રાઃ— ૩ થી ૫ ગ્રેન.

ટિંકચુરા કવાશી. ઈં. ટીંકચર ઓફ્ કવાશ્યા ગુ. ક્વાશ્યાનો અર્ક.

બનાવટઃ—ક્વાશ્યાનાં છોડીયાં ... ... ¾ ઔંસ.
પ્રૂફસ્પીરીટ ... ... ૧ ,,

સ્પીરીટમાં ક્વાશ્યાનાં છોડીયાંને સાત દિવસ પલાળી રાખી ગાળી લઇ ૨૦ ઔંસ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા—½ થી ૨ ડ્રામ.

ઉપયોગ—જ્વરઉપર મંદાગ્નિઉપર ગુણકારીછે. લોખંડની દવા સાથે અપાય છે.

ક્યુબેબા ઈં. ક્યુબેબ્ઝ. ગુ. ચીનીકબાલા.

ગુણઃ—શીતવીર્ય.

માત્રાઃ—૩૦ થી ૧૨૦ ગ્રેન.

ઓલ્યમ ક્યુબેબી ઈં. ઓઇલ ઓફ્ ક્યુબેબ્ઝ ગુ. ચીનીકબાલાનું તેલ.

બનાવટઃ—યંત્ર માર્ગે તેલ ખેંચાયછે.

માત્રાઃ—ટીપાં ૫થી ૨૦.

ટિંકચુરા ક્યુબેબી ઈં. ટિંકચર ઓફ્ ક્યુબેબ્ઝ ગુ. ચીનીકબાલાનો અર્ક.

બનાવટઃ— ચીનીકબાલાનો ભૂકો ... ૨½ ઔંસ.
રેકટીફાઇડ સ્પીરીટ .. ૧ પાઈંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં ભુકાને ૪૮કલાક રાખી ગાળી લેવું.ગાળતી વખત બાકીનો ૫ ઔંસ સ્પીરીટ રેડવોને નીચોવી લઈ ૧ પાઈંટ થાય એટલો બીજો સ્પીરીટઉમેરવો.

માત્રા—½ થી ૨ ડ્રામ.

ઉપયોગ—મુખ્ય પરમા ઉપર વપરાય છે. અર્શઉપર, પ્રદરઉપર અપાય છે. મોઢું આવ્યું હોય તો ચીનીકબાલા મોઢામાં રખાયછે.

ક્યુપરાઈ સલ્ફાસ. ઈં. સલ્ફેટ ઑફ કોપર ગુ. મોરથુથુ.

ગુણ—ગ્રાહી, પૌષ્ટીક, વમન કરાવનાર.

માત્રા—ગ્રાહી તરીકે $\frac{1}{4}$ થી ર ગ્રેન. વમન તરીકે ૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગ—ગૃહણી, અતિસાર ઉપર અપાયછે. આંખમાં ખીલ થયા હોય તે ઉપર લગાડાયછે. આંખ દુખવા આવી હોય તેના ઉપર એક ઔંસ પાણીમાં તેના બે ગ્રેન નાંખી ટીપાં નંખાય છે. તેવુંજ પાણી પરમીયા ઉપર પીચકારી મારવામાં આવે છે. તેનું પાણી જખમ અને ચાંદાં ઉપર લગાડાયછે. મોઢાના ચાંદા ઉપર મોરથુથુ લગાડાયછે. મોં આવ્યું હોય તે ઉપર મોરથુથુના કોગળા થાયછે. અફીણ વગેરે ઝેર ખાધું હોય તો તે ઉપર વમન તરીકે ઉપર કહેલી માત્રા પ્રમાણે અપાયછે.

કલોરોફોર્મમ્. ઈં. કલોરોફોર્મ. ગુ. કલોરોફોર્મ.

બનાવટઃ—કલોરીનેટેડ લાઇમ	...	૧૦ રતલ
રેકટીફાઈડ સ્પીરીટ	...	૩૦ ઔંસ
કળી ચૂનો ...	...	જોઇએ તેટલો
પાણી ...	...	૭ ગ્યાલન
ગંધકનો તેજાબ...	..	જોઇએ તેટલો
કલોરાઇડઑફકાલશ્યમૂના ઝીણાકડકા		ર ઔંસ
ચોખ્ખું પાણી ...	...	૯ ,,

પાણી, અને સ્પીરીટને એક મોટી સ્ટીલમાં (નળીકાયંત્ર)ભરી સો ડીગ્રીસુધી ગરમ કરવું અને પાંચ રતલ કળી ચૂનો તથા કલોરીનેટેડ લાઇમ તેમાં નાંખવાં. પછી સ્ટીલને એક નળી વાટે બીજા વાસણ સાથે જોડવી કે જેની આસપાસ થંડુ પાણી રહે. તેમાંથી બીજા સાંકડા મોંના વાસણમાં વરાળ થયેલી દવા પ્રવાહી થઇને પડે. એ પ્રમાણે વાસણોનો સંબંધ કર્યા પછી વરાળ થાય તેટલી ગરમી સ્ટીલને લગાડવી અને એક વખત સારી પેઠે ઉકળવા માંડ્યા પછી દેવતા કાઢી લેવો. જ્યારે ૫૦ ઔંસ પ્રવાહી ખેંચાઈ આવે એટલે ગ્રહણ કરનાર વાસણને જુદું પાડી લેવું, અર્ધું પાણી ભરેલાં એવા ૧ ગ્યાલન માય એવડા બાટલામાં પ્રવાહી નાંખીને ખૂબ હલાવી રહેવા દેવા, એટલે થોડા મિનિટમાં બે ભારે હલકાં એવાં જુદાં જુદાં પ્રવાહિ ઉપર તળે થઇને રહેશે. નીચેનું પ્રવાહી તે અશુદ્ધ કલોરોફોર્મ સમજવું. તેને જુદો પાડી એક બાટલીમાં ત્રણ ઔંસ ચોખ્ખા પાણી સાથે હલાવવું, તે પાછો તળીયે બેઠા પછી ઉપરનું પાણી કાઢી નાંખી બાકી રહેલું ચોખ્ખું પાણી ત્રણ ત્રણ ઔંસ દરેક વખતે નાંખી હલાવી કાઢી નાંખવું. આ પ્રમાણે ધોયેલા કલોરોફોર્મમાં સમભાગ સલફ્યુરીક આસિડ મેળવી બાટલીમાં પાંચ મીનીટ હલાવી રહેવા દેવો. એટલે તેના બે ભાગ પડશે તેમાંથી ઉપરનો પ્રવાહી લઈ એક બાટલીમાં કલોરાઇડ ઑફ કાલશ્યમ અને અડધો ઔંસ કળી ચૂનો મૂકી તેમાં રેડવું, ને સારી પેઠે હલાવવું. એક કલાક પછી તે બાટલીને ઉષ્ણોદકના સાધનથી તેને વરાળ કરીને ચોખ્ખું કલોરોફાર્મ ખેંચી લેવું.

ગુણ—સૂન્ય કૃત, સુશુપ્તી લાવનાર, વાતહર.
માત્રા—ટીપાં ૨ થી ૧૦

ટિંકચુરા કલોરોફોર્મી કોમ્પોઝીટા. ઈં. કોમ્પાઉન્ડ ટિંકચર ઓફ કલોરોફોર્મ. ગુ. કલોરોફોર્માદિ અર્ક.

બનાવટઃ—

કલોરોફોર્મ	...	૨ ઔંસ	આ ત્રણેને મિશ્ર કરવાં
રેકટીફાઇડ સ્પીરીટ	...	૮ ,,	
એલચીઆદિ અર્ક	...	૧૦ ,,	

માત્રાઃ—ટીપાં ૨૦ થી ૬૦

લીનીમેન્ટમ્ કલોરોફોર્મી. ઈં. લીનીમેન્ટ ઓફ કલોરોફોર્મ. ગુ. કલોરોફોર્મનું તેલ.

બનાવટઃ—

કલોરોફોર્મ	... ...	૨ ઔંસ	બંને મિશ્ર કરવાં.
લીનીમેન્ટ કેમ્ફૂર	... ...	૨ ,,	

સ્પીરીટસ કલોરોફોર્મી. ઈં. સ્પીરીટ ઓફ કલોરોફોર્મ ગુ. કલોરોફોર્મનો અર્ક.

બનાવટઃ—

કલોરોફોર્મ	... ...	૧ ઔંસ	બંનેને મિશ્ર કરવાં.
રેકટીફાઈડ સ્પીરીટ	... ...	૧૯ ,,	

માત્રાઃ—ટીપાં ૨૦ થી ૬૦

ઉપયોગઃ—મુખ્યત્વે કરીને શસ્ત્રક્રિયા કરવામાં દરદીને સુશુપ્ત સ્થિતિમાં લાવવા ઉપયોગી પડેછે. તેનો વાસ ઉગ્રછે અને તેને સુંઘવાથી થોડી મિનિટમાં પૂર્ણ સુશુપ્તી પ્રાપ્ત થાયછે. પ્રથમ ઘેન આવેછે. બાદ સ્વપ્ના અવસ્થા જણાયછે. ત્યાર પછી જ્ઞાન ઈંદ્રીયો બંધ પડી છેવટ સુશુપ્તી થઈ શરીર શીથળ થઈ જાયછે.

કલોરોફોર્મ સુંઘાડવાની જુદી જુદી રીત હોયછે. સાધારણ રીત એ છે કે તેને એક રૂમાલપર રેડી રૂમાલ નાક પાસે ધરવો. કલોરોફોર્મની સાથે શ્વાસમાં બહારની હવા અવશ્ય જવી જોઇએ. સુંઘાડતી વખતે બનતા સુધી દરદીને ચત્તો સૂવાડવો, ને છાતી તથા પેટપરનાં વસ્ત્ર દૂર કરવાં એટલે તે શ્વાસ લેતો હોય તે બરોબર જોવામાં આવે, આંખનું સ્પર્શ જ્ઞાન નષ્ટ થાય એટલે કલોરોફોર્મની પૂરેપૂરી અસર થઈ એમ સમજવું.

કલોરોફોર્મ વધારે સુંઘવાથી મૃત્યુ નીપજેછે, તેટલા માટે સુંઘાડતી વખત શ્વાસ ઉપર, ચહેરા ઉપર અને નાડી ઉપર લક્ષ રાખવું. ચહેરો કાળો પડવા લાગે અથવા શ્વાસ ઘુંટાય અને અનિયમીત નાડી ચાલે તથા નાડી અતિમંદ લાગે તો કલોરોફોર્મ સુંઘાડવો બંધ રાખવો. થંડુ પાણી મોઢા ઉપર છાંટવું અને જીભ આગળ ખેંચી લેવી. કલોરોફોર્મથી મરણ નીપજતી વખત શ્વાસ બંધ થઈ ચહેરો છેક ફીકો થઈ જાયછે. આવું ચીન્હ જણાય તો થંડા પાણીમાં બોળેલ ટુવાલ ચહેરા તથા શરીરના બીજા ભાગ ઉપર પછાડવો, કૃત્રીમ શ્વાસ ચાલુ કરવો, આમોન્યા સુંઘાડવો, પગનો ભાગ ઊંચો કરવો અને માથાનો ભાગ નીચે રાખવો. વીજળી લગાડવી. કલોરોફોર્મ સુંઘાડતી વખત મસ્તક નીચે ઊંચું ઉશીકું રાખવું નહીં.

કલોરોફોર્મ સુંઘવાથી કેટલીકવાર ઉલટી થાયછે. દરદીએ કલોરોફોર્મ સુંઘવા પહેલાં

પાંચ છ કલાક ભૂખ્યા રહેવું. હોજરીમાં અનાજ અગર પ્રવાહી પદાર્થ હોયતો અ-વશ્ય ઉલટી થાયછે. કોઇને પાછળથી ઉછાળો થયા કરેછે. કોઇને મસ્તક દુખેછે. કોઇને નાક તથા મોઢા ઉપર કલોરોફાર્મ લાગ્યું હોય તો ફોલ્લા ઉઠેછે.

કલોરોફાર્મ કેટલાક દરદ ઉપર અપાયછે શ્વાસ ઉપર જ્યારે દરદી ઘણો ગભરાયછે અને સુઈ નથી શકતો ત્યારે કલોરોફાર્મ સુંઘવાથી તેને વિશ્રાંતી મળેછે. આંચકી અને હિસ્ટીરીયા, ધનુર્વા, ઉન્માદરોગ માટે કલોરોફાર્મ સુંઘાડેછે. પ્રસુત સમયે, કેટ-લીક મુશ્કેલીને વખતે અને શસ્ત્રક્રીયા માટે કલોરોફાર્મ બહુ ઉપયોગી થાયછે. ઉલટી ઉપર, કોલેરા ઉપર, ચુંક, ખાંસી તથા બીજા દરદો ઉપર કલોરોફાર્મ પીવામાં અપાયછે; ચસકા, સંધિવા તથા બીજા દરદઉપર કલોરોફાર્મનું તેલ ચોપડવાઅપાયછે.

કલોરલ હાઇડ્રસ ઈ. કલોરલ હાઇડ્રેટ ગુ. કલોરલ હાઇડ્રેટ.

બનાવટઃ—આલ્કહાલ અને કલોરીનના સંયોગથી બનેછે.

માત્રાઃ—ગ્રેન ૫ થી ૩૦

સીરૂપસ કલોરલ ઈ. સીરપ આવ કલોરલ ગુ. કલોરલનું શરબત

બનાવટઃ—કલોરલ હાઇડ્રેટ	...	ગ્રેન ૪૦	કલોરલને પાણીમાં મેળવી અને તેમાં શરબત મેળવી એક આઉંસ કરવું.
સ્વચ્છ પાણી	...	ડ્રામ ૪	
સાદો શરબત	...		

માત્રાઃ—½ થી ૨ ડ્રામ

ગુણઃ—નીદ્રા લાવનાર. તેની વાસ ઘણી તીખીછે.

ઉપયોગઃ—પાણીમાં મેળવી થોડી સાકર સાથે અપાયછે. તેનાથી નીદ્રા આવે છે. પણ અફીણની માફક ઝાડો કબજ થતો નથી તથા માથું ચડતું નથી. માટે જ્યારે કોઈ પ્રકારનું દરદ થતું હોય તથા નીદ્રા ન આવતી હોય ત્યારે આ દવા અપાય છે. આંચકી ઉપર, ધનુર ઉપર, મોટી ઉધરસ, શ્વાસ, અપસ્માર વગેરે દરદ ઉ-પર અપાય છે. તે પીવાથી ગળામાં ગરમાઈ જણાયછે. તે ન થવા માટે સાકરની સાથે અગર શરબત મેળવીને કલોરલ આપવો.

કલોરોડાઇન ઈ. કલોરોડાઇન ગુ. કલોરોડાઇન

તેમાં કલોરોફાર્મ, અફીણ, હાઇડ્રોસ્યાનીકઆસિડ વગેરે દવા આવેછે.

ગુણઃ—ગ્રાહી, કેફી.

માત્રાઃ—ટીપાં ૫ થી ૩૦

ઉપયોગઃ—ઝાડાને કબજ કરેછે. કોલેરા, અજીર્ણ મરડો, અતિસાર ચૂંક ઉપર અપાય છે.

ક્વીની સલફાસ ઈ. સલફેટ ઓફક્વીનીન. ગુ. કોઇનન.

સીંકોનાની પીળી છાલમાંથી નીકળેછે. એક ગુંચવણવાળી રસાયણી રીતથી સીંકો-નાની પીળી છાલમાંથી ક્વીનાઇન જુદુ પાડવામાં આવેછે. હિંદુસ્થાનમાં નિલગીરી ઉપર સીંકોનાનાં ઝાડ થાયછે. કોઈનન બહુ મોંઘું હોવાથી તેમાં ઘણી જાતના ભેગ થાયછે તેની સંભાળ રાખવી.

ગુણ—જ્વરઘ્ન, પૌષ્ટીક, પાચક.

માત્રાઃ—ગ્રેન ૧ થી ૧૦ ગ્રેન.

ટિંક્ચુરા કવીની. ઈં. ટિંકચર ઑફ કવીનન. ગુ. કોઈનનો અર્ક.

બનાવટઃ—	કોઈનન ...	૧૬૦ ગ્રેન
	નારંગીની છાલનો અર્ક...	૧ પાઈંટ

અર્કની અંદર ધીમી આંચથી કોઈનનને ઓગાળવું ને ત્રણ દિવસ એક બંધ વાસણમાં રાખી ગાળી લેવું.

માત્રા—½ થી ૨ ડ્રામ

ટિંકચુરા કવીની. આમોનાયેટા ઈં. આમોનાયેટેડ ટિંકચર આવ કવીનાઇન.

બનાવટઃ—સલફેટ આફ કવીન્યા	...ગ્રેન	૧૬૦	પ્રથમ ક્વીનીનને સ્પીરીટમાં થોડી ગરમીથીગાળી પછીઆમોન્યાનું પ્રવાહી ઉમેરવું.
સોલ્યુશન આવ આમોન્યા	આઊંશ	૨½	
પ્રુફસ્પીરટ ...	,,	૧૭½	

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

વાઈનમ્ કવીની. ઈં. વાઇન ઑફ કવીનન. ગુ. કોઈનનનો આસવ.

બનાવટ—કોઇનન ...	૨૦ ગ્રેન	નારંગીના આસવમાં સીટ્રીક આસિડ અને કોઈનનને અનુક્રમે મેળવી ત્રણ દિવસ રેહેવા દેઈ ગાળી લેવું.
સીટ્રીકઆસિડ...	૩૦ ગ્રેન	
નારંગીનો આસવ...	૧ પાઈંટ	

માત્રા—½ થી ૧ ડ્રામ.

પીલ્યુલા કવીની ઈં. પીલ ઑફ કવીનન ગુ. કોઈનનની ગોળી.

બનાવટ—કોઇનન	૬૦ ગ્રેન	બંનેને મિશ્ર કરવાં. ને ગોળી વાળવી.
ગુલકંદ	૨૦ ગ્રેન	

માત્રા—૨ થી ૧૦ ગ્રેન.

ઉપયોગ—અતિ કડવુંછે. સાધારણ સલફ્યુરીક આસિડના સંયોગમાં પાણી સાથે અપાયછે. કોઈનન ઘણું અપાય અથવા ઘણા દિવસ અપાયતો માથું ભારે થાયછે કાન બધીર થઈ તેમાં ગણગણાટ જણાયછે.

સર્વ પ્રકારના ટાઢીયા તાવ ઉપર કોઈનન અકસીર ઉપાયછે. શરીરમાં તાવ ન હોય તે વખતે કોઈનન આપવું. કોઇનન ગ્રેન ૧થી ૨ ગ્રેનનું પાણી કરી ત્વચામાં પીચકારી મારી હોય તો સુમારે મોઢેથી ૧૦ ગ્રેન કવીનાઇન આપવા બરાબર અસર થાયછે, અને તાવ જલદી જાયછે. કવચિત કોઇનનથી તાવ નથી જતો ત્યારે તેની સાથે સોમલ આવવામાં આવે તો સારી અસર કરેછે. પીત્ત જ્વર ઉપર કોઈનન બહુ ફાયદો કરેછે.બીજી જાતના તાવ ઉપર પણ કોઈનન અપાયછે. આધાશીશી, ચસકા, ક્ષય, નબળાઈ,અજીર્ણ, મંદાગ્નિ, ત્વચારોગ ઉપર કોઇનન ફાયદો કરેછે. પ્લીહોદર એટલે બરોળની ગાંઠ તથા યકૃતોદર અને પાંડુરોગમાં લોહની સાથે કોઈનન બહુ ગુણ કરતાછે. ત્વચામાં કોઈનનની પીચકારી મારવા માટે તેનું પ્રવાહી નીચે પ્રમાણે થાયછે.

કોઇનન	... ...	૬ ગ્રેન.
સલ્ફ્યુરીક આસિડ ડીલ્યુટ...		૫ મીનીમ.
પાણી	.. ...	૧ ડ્રામ.

હલાવીને હળવે હળવે મિશ્ર કરવું. તેમાંથી પાંચથી ૨૦ ટીંપાંની પીચકારી મારવી. સલફ્યુરીક આસીડને બદલે કોઈ ટારટરીક આસીડ પસંદ કરેછે. ક્વીનાઈનની સાથે આસીડ હોવાથી પીચકારીને લીધે થોડું ઘણું દરદ થાયછે. કોઇને વરમ થઇ પાકીને ચાંદું પડેછે.

કાર્ડામોમમ્ ઈ. કાર્ડામમ ગુ. એલચી.

ટિંક્ચુરા કાર્ડામોમાઈ કોમ્પોઝીટા ઈ. કોમ્પાઉન્ડ ટિંકચર ઑફ કાર્ડામમ્ ગુ. એલચી આદિ અર્ક.

બનાવટઃ—એળચીદાણા ખોખરા કરેલા	...	¼ ઔંસ
સુવા ખોખરા કરેલા	...	¼ ,,
કાળીદ્રાખ	... ...	૨ ,,
તજ	... ...	½ ,,
કોચીનીયલનો ભુકો	... ...	૬૦ ગ્રેન
પ્રુફસ્પીરીટ	... ...	૧ પાઈંટ

બધી દવાને પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક રાખી હલાવીને ગાળતી વખત બાકીનો ૫ ઔંસ સ્પીરીટ તેપર રેડવો. તે નીચોવ્યા બાદ એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

ઉપયોગઃ—યોગવાઇતરીકે બીજી દવાઓ સાથે અપાય છે. ગોળ, અજીર્ણ, ચુંક ઉપર અપાય છે.

કાયનો ઈ. કાયનો ગુ. હીરાદખણ

એક જાતના ઝાડનો રસ થાયછે.

ગુણઃ—ગ્રાહી.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન

ટિંક્ચુરા કાયનો ઈ. ટિંકચર ઑફ કાયનો ગુ. હીરાદખણનો અર્ક.

બનાવટઃ—હીરાદખણનો ભૂકો	...	૨ ઔંસ
રેકટીફાઇડ સ્પીરીટ	...	૧ પાઈંટ

સાતદિવસ પલાળી રાખી ગાળીલઈ એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

પલ્વીસ કાયનો કોમ્પાઝીટસ ઈ. કોમપાઉન્ડ કાયનો પાઉડર ગુ. હીરાદખણાદિચુરણ

બનાવટ—હીરાદખણનો ભૂકો	...	૩¾ ઔંસ	એ બધાંને મિશ્ર કરીને વસ્ત્રવડે ચાળી લેવાં.
અફીણનો ભૂકો	...	¼ ,,	
તજનો ભૂકો	...	૧ ,,	

માત્રાઃ—ગ્રેન ૫ થી ૨૦

ઉપયોગઃ—ઝાડા ઉપર, રક્તશ્રાવ ઉપર, અને ઉલટી માટે અપાયછે.

કાલંબા રેડીક્સ ઈં. કાલંબા રૂટ ગુ. કાલંબો

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન

ઈંફ્યુઝમ્ કાલંબી ઈં. ઈનફ્યુઝન ઓફ્ કાલંબા ગુ. કલંબાની ચા.

બનાવટઃ—કલંબાના ઝીણા કડકા .. ૧ ઔંસ } એક કલાક પલાળી
ચોખ્ખું પાણી ... ... ૧૦ ,, } ગાળી લેવું.

માત્રાઃ—ઔંસ ૧ થી ૨

એકસ્ટ્રાકટમ્ કાલંબી ઈં. એકસ્ટ્રાકટ ઓફ્ કલંબા ગુ. કલંબાનું સત્વ

બનાવટઃ—કલંબાના ઝીણા કડકા ... ૧ રતલ
ચોખ્ખું પાણી ... ... ૪ પાઈંટ

૨ પાઈંટ પાણીમાં કલંબાના કકડાને ૧૨ કલાક સુધી રેહેવા દેઇ ગાળી લેવું. ફરીથી બીજા બે પાઈંટ પાણીમાં પલાળી ગાળી લેવું. પછી બંને વખતનું પાણી એકઠું કરી ઉષ્ણોદકપર ગોળી બને તેવું થાય ત્યાંસુધી બળવા દેવું.

માત્રાઃ—ગ્રેન ૨ થી ૧૦

ટિંકચુરા કાલંબી ઈં. ટિંકચર ઓફ્ કલંબા ગુ. કલંબાનો અર્ક

બનાવટઃ—કલંબો ... ... ૨ ½ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઈંટ

ચોવીસ કલાકસુધી કલંબાને ૧૫ ઔંસ સ્પીરીટમાં રાખવો ને હલાવવો. પછી ગાળી લઈ ૧ પાઈંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—ટીપાં ૩૦ થી ૧૨૦

ગુણઃ—દીપન, પાચન

ઉપયોગઃ—મંદાગ્નિ ઉપર જ્વરની નબળાઈ અને ઉલટી તથા અજીર્ણ ઉપર અપાયછે. આ કલંબાની દવા લોખંડના સંયોગમાં આપી શકાયછે.

કરીયાતુ વીગેરે બીજી વનસ્પતિની કડવી દવા સાથે લોખંડની દવા મેળવવાથી કાળા રંગનું પ્રવાહી નીપજે છે તેમ કલંબા સાથે થતું નથી.

ક્રામીરી રેડીકસ ઈં. રૂહ્યાટની રૂટ ગુ. રૂહ્યાટનીનાં મુળ.

ઇનફ્યુઝમ્ ક્રામીરી ઈં. ઈનફ્યુઝનઓફ્ રેહ્યાટની. ગુ. રૂહ્યાટનીનો ચા.

બનાવટઃ—રેહ્યાટનીના મૂળનો ભુકો ... ½ ઔંસ. } એક કલાક પલાળી રાખી
ચોખ્ખું ખળખળતું પાણી ... ૧૦ ,, } ગાળી લેવું.

માત્રા—૧ થી ૨ ઔંસ.

એકસ્ટ્રાકટ ક્રામીરી ઈં. એકસ્ટ્રાકટઓફ્ રૂહ્યાટની ગુ. રૂહ્યાટનીનું સત્વ.

બનાવટઃ—રૂહ્યાટનીનો ભુકો ... ૧ રતલ. } ૧½ પાઈંટ પાણીમાં ૨૪ ક-
ચોખ્ખું પાણી ... જરૂરજેટલું. } લાક પલાળી રાખી ગાળી

લેવું. ગાળતી વખત ૧૨ પાઈંટ થાય તેટલું પાણી રેડવું ને સુકાઇ જાય ત્યાં સુધી ઉષ્ણોદક ઉપર બળવા દેવું.

માત્રા—૫થી ૨૦ ગ્રેન.

ટીંકચુરાક્રામોરી. ઇં. ટીંકચર ઓફ્ રૂહ્વાટની ગુ. રૂહ્વાટનીનુ સત્વ.

બનાવટઃ—રૂહ્વાટનીના મૂળનો ભુકો ... ૨½ ઓંસ | પંદર ઓંસ સ્પીરીટમાં ૪૮ પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઇંટ. | કલાક પલાળી રાખીગાળી લેવું. ગાળતી વખત બાકીનો પાંચ ઓંસ સ્પીરીટ રેડવો. નીચોવી એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા—½ થી ૨ ડ્રામ.

ગુણ:—ગ્રાહી.

ઉપયોગ:—ઝાડા ઉપર અપાય છે.

ક્રીયાસોટમ્ ઇં. ક્રીયાસોટ ગુ. ક્રીયાસોટ.

બનાવટ:—કીલ અથવા તારમાંથી થાયછે.

માત્રા:—ટીપાં ૧ થી ૩.

અંગ્વેંટમ્ ક્રીયાસોટી ઇં. ઓઇન્ટમેન્ટ ઓફ્ ક્રીયાસોટ ગુ. ક્રીયાસોટનો મલમ.

બનાવટ:—ક્રીયાસોટ	...	૧ ડ્રામ	બંનેને મિશ્ર કરી મલમ કરવો.
સાદા મલમ	...	૧ ઓંસ.	

મીસ્ચુરા ક્રીયાસોટી ઇં. ક્રીયાસોટ મિસ્ચર ગુ. ક્રિયાસોટનું મિશ્રણ.

બનાવટ:—ક્રીયાસોટ	... ...	૧૬ ટીપાં.	સર્વેને મિશ્ર કરવાં.
ગ્લેસ્યલ અસેટી આસિડ...		૧૬ ,,	
સ્પીરીટ ઓફ્ જ્યુનીપર ...		½ ડ્રામ.	
ચાસણી	... ...	૧ ઓંસ.	
ચોખ્ખું પાણી	... ...	૧૫ ,,	

માત્રા:—૧ ઓંસથી ૨

વેપર ક્રીયાસોટી ઇં. ઈનેહેલેશન ઓફ્ ક્રીયાસોટ ગુ. ક્રીયાસોટનો નાસ.

બનાવટ:—ક્રીયાસોટ	...	૧૨ ટીપાં	બંને મિશ્ર કરી સવડ પડતા વાસણમાં મૂકી તેની વરાળનો નાસ લેવો.
ખખળતું પાણી ...		૮ ઓંસ	

ગુણ—ઉલટી શામક, દુર્ગંધનાશક.

ઉપયોગ:—ઝાડા ઉપર તથા ઉલટી બંધ કરવા અપાય છે. દાંત દુખતો હોય તેને લગાડાય છે. દાદર વીસ્ફોટક, ખરજવા, લુખસ ઉપર મલમ લગાડાય છે.

ક્રીટા. ઇં. ચોક. ગુ. ચાક

ક્રીટા પ્રીપેરેટા. ઇં. પ્રીપેર્ડ ચોક. ગુ. શોધેલો અગર શુદ્ધ કરેલો ચાક.

ગુણ—ગ્રાહી.

માત્રા—૧૦ થી ૬૦ ગ્રેન

પલ્વીસ ક્રીટા આરોમેટીકસ ઇં.આરોમેટીક પાઉડર ઓફ્ ચાક ગુ. ચાકનું ચુરણ.

બનાવટ—તજનો ભુકો ... ૪ ઔંસ
જાયફળનો ભુકો ... ૩ ,,
કેશર ,, .. ૩ ,,
લવીંગ ,, ... ૧½ ,,
એલચી ,, ... ૧ ,,
સાકર ,, ... ૨૫ ,,
ચાક ,, ... ૧૧ ,,
સર્વેને મિશ્ર કરીને વસ્ત્રવતો ચાળી લેવાં.

માત્રા—ગ્રેન ૧૦ થી ૬૦

પલ્વીસ ક્રીટી આરોમેટીકસ કમ્ઓપીયો. ઈં. આરોમેટીક પાઉડર ઑફ ચૉક એન્ડ ઓપીયમ ગુ. ચાક અને અફીણનું ચૂરણ

બનાવટ—ચાકનું ચૂરણ ... ૯¾ ઔંસ
અફીણ ... ¼ ,,
બંનેને મિશ્ર કરીને વસ્ત્રથાગાળી લેવાં.

માત્રા—ગ્રેન ૧૦ થી ૪૦

ટીકા—૪૦ ગ્રેનમાં એક ગ્રેન અફીણનો આવેછે.

મીશ્ચ્યુરા ક્રીટા. ઈં. ચાક મિક્ષ્ચર ગુ. ચાકનું મિશ્રણ.

બનાવટ—ચાક ... ... ¼ ઔંસ.
ગુંદર ... .. ¼ ,,
તજનું પાણી ... ... ૭½ ,,
ચાસણી ... ... ½
એ સર્વેને મિશ્ર કરવાં.

ઉપયોગ—ઝાડા, અજીર્ણ, અને અમ્લપીત્ત ઉપર અપાયછે

કુસો. ઈં. કુસો. ગુ. કુસો.

માત્રા—¼ થી ½ ઔંસ.

ઈનફ્યુઝમ્ કુસો. ઈં. ઈનફ્યુઝન ઑફ કુસો ગુ. કુસાની ચા.

બનાવટ—કુસાનો ભુકો .. ½ ઔંસ.
ખળખળતું પાણી... ૮ ,,
પંદર મિનિટ પાણીમાં રાખી ગાળી લેવું.

માત્રા—૪ થી ૮ ઔંસ.

ગુણ—કૃમીઘ્ન.

ઉપયોગઃ—પેટના કરમ ઉપર અપાયછે. કરમ માટે આપ્યા બાદ તે ઉપર જુલાબ આપવાની જરૂર રહેછે.

કોન્યાઈ ફોલીયા ઈં. હેમલોક લીવ્ઝ ગુ. હેમલોકનાં પાંદડાં

પાંદડાંના ભૂકાની માત્રા ૨ ગ્રેનથી ૮ ગ્રેન

કોન્યાઈ ફ્રુકટસ ઈં. હેમલોક ફ્રૂટ ગુ. હેમલોકનું ફળ

એકસ્ટ્રાક્ટમ્ કોન્યાઈ ઈં. એકસ્ટ્રાક્ટ ઑફ હેમલોક ગુ. હેમલોકનું સત્વ

બનાવટઃ—હેમલોકનાં તાજાં પાંદડાંને ડાંખળી ૧૧૨ રતલ તેને ખરલમાં વાટીને રસ કાઢવો. તે રસને ૧૩૦ ડીગ્રી સુધી તપાવીને ગાળીને લીલો રંગ જુદો પાડવો પછી ગાળેલા પાણીને ૨૦૦ડીગ્રીસુધી તપાવી ફરીથી ગાળી લેવું, ને તેને ઉષ્ણોદક

ઉપર તપાવી ચાસણી જેવું કરીને જુદો પાડેલા લીલો રંગ તેની સાથે મેળવી દેવા, ને ગોળી વળી શકે તેવું ઉષ્ણોદક ઉપર થવા દેવું.

માત્રાઃ—૨ થી ૬ ગ્રેન.

ક્યાટાપ્લાઝમા કોન્યાઈ ઈં. હેમલોક પોટીસ ગુ. હેમલોકની પોટીસ

બનાવટઃ—હેમલોકનાં પાંદડાંનો ભુકો ... ૧ ઔંસ
ખાંડેલી અળસી ... ... ૩ ,,
ખળખળતું પાણી ... ... ૧૦ ,,
ત્રણેને મેળવી હલાવીને પોટીસ કરવી.

પીલ્યુલા કોન્યાઈ કોમ્પોઝીટા ઇં. કોમ્પાઉન્ડ પીલ ઓફ હેમલોક ગુ. હેમલોકાદિ ગુટીકા

બનાવટઃ—હેમલોકનું સત્વ ... ૨ ½ ઔંસ.
એપીક્યાક્યુઆનાનોભુકો... ½ ,,
નરમ ગોળ ... જરૂર પડે તેટલો
જોઇએ તેટલો ગોળ લઈ તેમાં દવા મિશ્ર કરી ગોળી વાળવી.

માત્રાઃ—ગ્રેન ૫ થી ૧૦.

ટિંક્ચુરા કોન્યાઈ ઈં. ટિંકચર ઓફ હેમલોક ગુ. હેમલોકનો અર્ક

બનાવટઃ—હેમલોકનાં ફળ ખોખરાં કરેલાં ... ૨ ½ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં હેમલોકને ૪૮કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીના પાંચ ઔંસ સ્પીરીટ રેડવો ને નીચોવી લઈ એક પાઇંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવા

માત્રાઃ—૨૦ થી ૬૦ ટીપાં.

વેપર કોની ઈં. ઇનહેલેશન ઓફ કોન્યા ગુ. કોન્યાનો નાસ

બનાવટઃ—હેમલોકનું સત્વ ૬૦ગ્રેન
સોલ્યુશન ઓફપોટસા.૧ડ્રામ
ચોખ્ખુપાણી .. ૧૦ ,,
આ બધાને મિશ્ર કર્યાબાદ મિશ્રપાણીનો ૨૦ટીપાં ગરમપાણીના સવડપડતા વાસણમાં નાખી તેની વરાળનો નાશ લેવો.

સકસ કોન્યાઈ. ઈં. જ્યુસ ઓફ હેમલોક. ગુ. હેમલોકનો રસ.

બનાવટ—હેમ લોકનાં તાજાં પાંદડાં ... ૭ રતલ.
રેકટીફાઈડ સ્પીરીટ ... જરૂર પડે તેટલો.

ખરલમાં પાંદડાં કચરી તેનો રસ કાઢી ત્રણ ભાગ રસને એક ભાગ સ્પીરીટ એ પ્રમાણે મેળવી સાત દિવસ રહેવા દેઇ ગાળી લેવું.

માત્રા—½ ડ્રામથી ૧ ડ્રામ.

ઉપયોગ—ઉન્માદ, આંચકી, અપસ્માર, ધનુર, ચસકા, ખાંસી, દમ, સસણી ઉપર અપાયછે. દમ ઉપર તેનો નાસ લેવામાં આવેછે.

કોપેબા. ઈં. કોપેવા.

એ નામના ઝાડમાંથી રસ નીકળેછે.

માત્રા—½ ડ્રામથી ૧ ડ્રામ.

ઓલ્યમ કોપેબી. ઈં. ઓઇલ ઓફ કોપેવા.

કોપેવામાંથી યંત્ર માર્ગે તેલ ખેંચાયછે.

માત્રા—ટીપાં ૫ થી ૨૦ ટીપાં.

ગુણ—મુત્રલ.

ઉપયોગઃ—કોપેવા મૂખ્યત્વે પરમીયા ઉપર વપરાયછે. પરમીયાની બળત્રા કમીથાય એટલે કોપેવા શરૂ કરવું. પ્રદર, અર્શ, અને મૂત્રાશયના જુના વરમ ઉપર કોપેવા ગુણકારીછે. કમળા ઉપર આપવાથી સારો ફાયદો થાયછે. મૂત્રપિંડના વ્યાધિ તથા જળંધરને પણ મટાડેછે. કોપેવા પીવામાં ઘણું અઘરૂં હોયછે તેથી ઘણીવાર તે ગોળીયોના રૂપમાં અપાયછે.

કોરીયાંડ્રી ફ્રુકટસ. ઈં. કોરીયાંડર ફ્રૂટ. ગુ. ધાણા.

ઓલ્યમ કોરીયાંડ્રી. ઈં. ઓઈલ ઓફ કોરીયાંડર ગુ. ધાણાનુંતેલ.

બનાવટ—તેલ યંત્ર માર્ગે ખેંચાયછે.

ગુણઃ—પીતશામક, દીપન. પાચન.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે અપાયછે.

ક્રોકસ. ઈં. સાફ્રન, ગુ. કેશર.

યોગવાઇ તરીકે બીજા ઓસડોની સાથે અપાયછે.

કોલચીસાઇ કોર્મસ. ઈં. કોલચીકમ્ કોર્મ. ગુ. કોલચીકમનાં મૂળીયાં.

ગુણઃ—વાયુહર, રેચક.

માત્રાઃ—૨ થી ૮ ગ્રેન.

એકસ્ટ્રાકટમ્ કોલ્ચીસાઇ. ઈં. એકસ્ટ્રાકટ ઓફ કોલ્ચીકમ્. ગુ. કોલ્ચીકમનું સત્વ.

બનાવટઃ—તાજાં છાલ કાઢેલાં કોલચીકમનાં મૂળ... ... ૭ રતલ

એને કચરીને રસ કાઢવો અને ઘાડો ભાગ નીચે બેસે ત્યાર પછી નીતર્યો રસ ૨૧૨ ડીગ્રી સુધી તપાવવો, બાદ તેને ગાળી લઈ ઉષ્ણોદક ઉપર ગોળી વળે તેવું થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રાઃ—$\frac{1}{2}$ થી ૨ ગ્રેન.

એકસ્ટ્રાકટમ્ કોલચીસાઇ એસેટીકમ્. ઈં. એસેટીક એકસ્ટ્રાકટઓફ કોલચીકમ્ ગુ. કોલચીકમનું એસેટીક આસિડવાળું સત્વ.

બનાવટઃ—છાલ કાઢેલાં તાજાં કોલચીકમનાં મૂળ ... ૭ રતલ

આસેટીક આસિડ ... ... ૬ ઔંસ

મૂળીયાં કચરી તેમાં એસેટીક આસિડ નાંખવો, પછી તેનો રસ નિચોવી લઈ ઉપર પ્રમાણે ક્રિયા કરી તૈયાર કરવું.

માત્રાઃ—$\frac{1}{2}$ થી ૨ ગ્રેન.

વાઇનમ્ કોલચીસાઇ. ઈં. વાઈન ઓફ કોલચીકમ ગુ. કોલચીકમનો આસવ.

બનાવટઃ—કોલચીકમનામૂળના કડકા ... ... ૪ ઔંસ

શેરીવાઇન ... ... ૧ પાઇંટ

સાત દિવસ શીરીવાઇનમાં પલાળી ગાળી લેવું ને એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧૦ થી ૩૦ ટીપાં.

ઉપયોગઃ—ગાઉટ ઉપર અને સંધિવા ઉપર સાધારણ વપરાય છે. યકૃતના દરદ ઉપર તથા મળાવરોધ અને અજીર્ણ ઉપર અપાય છે.

કોલોડીયમ્ ઈ. કોલોડીયન ગુ. કોલોડીયન.

બનાવટઃ—પારોક્સીલીન	......	૧ ઔંસ.	ઈથરને સ્પીરીટ મેળવી તેમાં પેરોક્સીલીન નાંખવું અને થોડા દીવસ રાખવું.
ઇથર	.. ...	૩૬ ઔંસ.	
રેકટીફાઈડ સ્પીરીટ	......	૧૨ ,,	

કોલોડીયમ્ ફ્લેક્સાઇલ ઈ. ફ્લેકસીબલ કોલોડીયન.

બનાવટઃ—કોલોડીયન	... ..	૬ ઔંસ.	સર્વેને મિશ્ર કરવાં.
કેનડાબાલસમ	... ...	૧૨૦ ગ્રેન.	
એરંડીઓલ તેલ.	... ...	૧ ડ્રામ.	

ગુણ—હવામાં ખુલુ રહેવાથી જલદી થીજી જાય છે.

ઉપયોગઃ—નાના જખમપર, કખવા, શીળના ગોબા, સ્તનના ચીરોડા, ઉપર લગાડાય છે. આ પ્રવાહી લગાડ્યા પછી થીજી જાય છે અને તેનો પોપડો બંધાય છે. જેની હેઠળ જખમ રૂઝાઈ જાયછે.

કોલોસીંથીડીસ પલ્પા ઈ. કોલોસીંથ પલ્પ ગુ. ઇંદરવરણાનો ગર્ભ.

ઇંદરવરણાના ફળનો ગર્ભ દવામાં વપરાય છે.

ગુણઃ—રેચક

માત્રાઃ—૨ થી ૮ ગ્રેન.

એકસ્ટ્રાક્ટમ્ કોલોસીંથીડીસ કોમ્પાઝીટમ્ ઈ. કોમ્પાઉન્ડ એકસ્ટ્રાક્ટ ઓફ કોલોસીંથ ગુ. ઇંદરવરણાદિનું સત્વ.

બનાવટઃ—ઇંદરવરણાનો ગર્ભ	...	૬	ઔંસ.
એળીયાનું સત્વ.	...	૧૨	,,
સ્કાામની ...	...	૪	,,
કઠણ સાબુનો ભુકો.	...	૩	,,
એળચીદાણાનો ,,	...	૧	,,
પ્રુફસ્પીરીટ	...	૧	ગ્યાલન.

સ્પીરીટમાં ઇંદરવરણાનો ગર્ભ ચાર દીવસ રહેવાદઈ ગાળી સ્પીરીટને અર્ક તરીકે ખેંચવો. પછી સાબુ, સ્કાામની, એળીયો ઉમેરી ઊષ્ણોદકથી બળવા દેવું. છેવટે ઈલાયચીનો ભુકો નાંખવો.

માત્રા—૩ ગ્રેનથી ૧૦ ગ્રેન.

પીલ્યુલા કોલોસીંથીડીસ કોમ્પોઝીટા ઈ. કોમ્પાઉન્ડ પીલ ઓફ કોલોસીંથ ગુ. ઇંદરવરણાદિ ગુટીકા.

બનાવટ—ઈંદરવરણાના ગર્ભનો ભુકો ... ૧ ઔંસ
અળીયો, સ્કયામની } દરેકનો ભુકો. ... ૨ ,,
સલ્ફેટ ઓફ પોટાસનો ભુકો. ... $\frac{1}{4}$,,
લવીંગનું તેલ... ... ... ૨ ડ્રામ.
ચોખ્ખુંપાણી ... ... જાઇએ તેટલું.
} બધી દવા એકત્ર કરી તેલ મેળવી જોઇએ તેટલુપાણી નાંખી ગોળીકરવી.

માત્રા—૫ થી ૧૦ ગ્રેન.

પીલ્યુલા કોલોસીંથીડીસ એટ હાઈઓસાઈમાઇ ઈં. પીલઓફ કોલોસીંથ એન્ડ હાઈઓસાઈમ ગુ. ઇદરવરણાં અને હાઇ ઓસાઈમની ગોળી.

બનાવટઃ—ઈંદરવરણાદિક ગુટીકા ... ૨ ઔંસ
હાઇઓસાઇમનું સત્વ ... ૧ ,,
} બંનેને મિશ્ર કરવાં.

માત્રા—૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગઃ—મળાવરોધ, અજીર્ણ, જળંદર ઉપર રેચ તરીકે અપાય છે.

ગ્લીસરીનમ્. ઈં. ગ્લીસરાઈન

માત્રા—૧ થી ૨ ડ્રામ.
ગુણ—પૌષ્ટીક. સ્નેહન.

ઉપયોગઃ—ત્વચા રોગમાં બીજા ઓસડોમાં મેળવી લગાડાય છે. મોટું આવ્યું હોય ત્યારે ટંકણખાર સાથે લગાડાયછે. ક્ષય ઉપર પીવા અપાયછે.

ગટાપર્ચા. ઈં. ગટાપર્ચા.

એક ઝાડનો બંધાયેલો રસછે.

લીકર ગટાપર્ચા. ઈં. સોલ્યુશન આવ ગટાપર્ચા ગુ. ગટાપર્ચાનું પ્રવાહી.

બનાવટઃ—ગટાપર્ચાના ઝીણા કકડા ૧ આંઉસ
ક્લોરોફોર્મ ૮ ,,
કાર્બોનેટ આવ લેડ ૧ ,,
} કલોરોફોર્મ બેઉ દવા સાથેજુદોજુદો મેળવી કાચના બુચવાળી બાટલીમાં હલાવી એકત્ર કરવું.

બનાવટઃ—ગટાપર્ચા દવાઓ બનાવવાના ઉપયોગમાં આવેછે. દાંતની પોલ બંધ કરવામાં કામ આવેછે.

ગ્લીસરાઇઝી રેડીકસ ઈં. લીકરીસ રૂટ. ગુ. જેઠીમધ.

જેઠીમધનાં મૂળ ગળચટાં હોયછે. બીજી ઓષધિઓ બનાવવાના કામમાં આવેછે.

એકસ્ટ્રાકટમ્ ગ્લીસરાઇઝી ઈં. એકસ્ટ્રાકટ ઓફ લીકરીસ ગુ. જેઠીમધનું સત્વ.

બનાવટઃ—જેઠીમધના મૂળનો ભુકો ... ૧ રતલ
ચોખ્ખુંપાણી ... ... ૪ પાઈંટ

જેઠીમધનાં મૂળના ભુકાને બે પાઈંટ પાણીમાં ૧૨ કલાક રાખી નીચોવી લેવા. ફરીથી તે ભુકાને બાકીના બે પાઈંટ પાણીમાં છ કલાક રાખી નીચોવી લેવા. બેઉ વખતનું પાણી એકત્ર કરી ૨૧૨ ડીગ્રી પર્યંત તપાવી ગાળી લેવું અને પછી ઉષ્ણોદકથી ગોળી થાય તેવું થતા સુધી બળવાદેવું.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

ગુણઃ—કફઘ્ન.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે બીજા ઓસડોમાં અપાય છે. ખાંસી ઉપર વિશેષ અપાયછે. લુખી ઉધરસ માટે એનાં મૂળ મોઢામાં રખાયછે.

પલ્વીસ ગ્લીસરાઈઝી કંપોઝીટસ ઈ. કંપાઉડ લીકરીસ પાઉડર ગુ. જેઠીમધ આદિ ચુરણ

બનાવટઃ—સોનામુખીનો ભુકો ... આઊસ ૨ }
જેઠીમધનો ,, ... ,, ૨ } મિશ્ર કરવાં
ધાયેલી સાકરનો ,, ... ,, ૬ }

માત્રાઃ—ગ્રેન ૩૦ થી ૬૦.

ગુણઃ—રેચક અને કફઘ્ન

ઉપયોગઃ—ખાંસી, મળાવરોધ, અજીર્ણ માટે અપાયછે.

ગ્રાનેટી રેડીસીસ કોરટેકસ. ઈ. પામેગ્રાનેટ રૂટબાર્ક.ગુ. દાડમનાં મૂળની છાલ.

ડીકોકટમ્ ગ્રાનેટો રેડીસીસ. ઈ. ડીકોકશન ઓફ પોમેગ્રાનેટરૂટ ગુ. દાડમનાં મૂળની છાલનો કવાત.

બનાવટઃ—દાડમનાં મૂળની છાલ ૨ ઔંસ } બે પાઈંટ પાણીમાં છાલને નાંખીને
ચોખું પાણી ૨ પાઈંટ } અડધ પાણી રહે ત્યાં સુધી ઊકાળવું.

માત્રા—૧ થી ૨ ઔંસ.

ગુણ—કૃમીઘ્ન.

ઉપયોગઃ—પેટના કરમ ઊપર અપાયછે.

ગ્વાયેસીરેઝીના ઈ. ગ્વાએકમ રેઝીન. ગુ. રેવંચીનો શીરો.

માત્રાઃ—૫ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—ઉષ્ણ, સ્વેદલ, શોધક.

ટિંકચુરા ગ્વાયેસીઆમોનાયેટા ઈ. આમોનેયેટેડ ટિંકચર ઓફ ગ્વાયેકમ ગુ. રેવંચીનો આમોન્યાવાળો અર્ક.

બનાવટઃ—રેવંચીનો શીરો... ... ... ૪ ઔંસ.
આરોમેટીક સ્પીરીટ ઓફ આમોન્યા. જરૂર જેટલો.

પંદર ઔંસ. સ્પીરીટમાં ૭ દિવસ રેવંચીનો શીરો પલાળી ગાળી લઈ, એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ આમોન્યા ઉમેરવો.

માત્રા—½ થી ૧ દ્રામ.

ઉપયોગઃ—નષ્ટાર્તવ, સંધિવા અને ગાઉટ ઉપર અપાયછે.

મીસચુરા ગ્વાયસી. ઈ. ગ્વાયકમ્ મિક્સચર. ગુ. રેવંચીનું મિશ્રણ.

બનાવટઃ—રેવંચીનો શીરો ... ½ ઔંસ }
ધાયેલી સાકર ... ½ ,, }
બાવળના ગુંદરનો ભુકો. ¼ ,, } આ સર્વ ચીજોને મિશ્ર કરવી.
તજનું પાણી. ... ૧ પાઇન્ટ }

માત્રા—૧ થી ૨ ઔંસ.

ગાલા. ઈં. ગોલ્સ. ગુ. માયફળ. કાંટાળુ માયફળ.

ગુણઃ—ગ્રાહી.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

આસીડમ્ ગ્યાલીકમ્. ઈં. ગ્યાલીકઆસિડ.

બનાવટઃ—માયફળનો ભૂકો ... ... ૧ રતલ
ચોખ્ખું પાણી ... ... જરૂર જેટલું

માયફળનો ભૂકો એક રકાબીમાં મૂકી શીરા જેવું થાય તેટલું પાણી નાંખવું. આવી સ્થીતિમાં તેને ૬૦ થી ૭૦ ડીગ્રી ગરમીમાં છ અઠવાડીયા સુધી રાખવું અને જેમ સુકાય તેમ તેમ થોડું થોડું પાણી નાખવું. પછી તે લોંદાને ૪૫ ઔંસ પાણીમાં ઉકાળવું અને ગાળી લેવું. ગાળેલું પાણી થંડું થાય એટલે તેને તળીએ બેઠેલો ભાગ રાખવો અને પાણીને નીતારી લેવું. તે ભાગને દસ ઔંસ ખળખળતા પાણીમાં ફરી ગાળી દેવો. તે થંડું થશે એટલે ફરીથી તેનો જમાવ થશે. પછી ઉપરનું પાણી જવા દેવું. ફરીથી તળે બેઠેલા ભાગને ત્રણ ઔંસ બરફના ચોખ્ખા પાણીથી ધોવો પછી સૂકાવા દેવો, એટલે ગ્યાલિક આસિડ શુદ્ધ થયો એમ સમજવું.

માત્રાઃ—ગ્રેન ૨ થી ૧૦.

આસિડમ્ ટાનીકમ્. ઈં. ટાનિકઆસિડ. ગુ. ટાનિક આસિડ.

બનાવટઃ—માયફળનો ભૂકો. ... } જોઇએ તેટલાં.
ઈથર .. ... }

માયફળનો ભૂકો જોઇએ તેટલો લેઈ, ભીનાસવાળી જગોમાં બે અગર ત્રણ દિવસ રાખી, તેનો લોંદો થાય તેટલો ઈથર ઉમેરવો. એ લોંદાને એક બંધ વાસણમાં ૨૪ કલાક રાખીને એક કપડામાં વીંટી, ખૂબ જોરથી નીચોવવું. નીચોવાયલા ગોળાનો ભૂકો કરી, તેમાં ૧૫ ભાગ ઈથર ને એક ભાગ પાણી મેળવી કરેલું પ્રવાહી તેમાં રેડવું, ને તેનો ફરીથી લોંદો બનાવી નીચોવી લેવો. આ બેઉ વખત નીકળેલું પ્રવાહી મિશ્ર કરી તેને ઉડી જવા દેવો, અને તે સારી પેઠે જાડું થાય એટલે માટીની રકાબી ઉપર પાથરી સાધારણ આંચથી સૂકવવું, એટલે ટાનિક આસિડ થયો એમ સમજવું.

માત્રાઃ—૨ થી ૧૦ ગ્રેન.

ગ્લીસરાયનમ્ આસિડાઇ ગ્યાલીસાઈ. ઈં. ગ્લીસરીન ઓફ ગ્યાલિક આસિડ. ગુ. ગ્યાલીક આસિડનું ગ્લીસરાઇન.

બનાવટઃ—ગ્યાલિક આસિડ... ૧ ઔંસ. } બેઉને મિશ્ર કરી ધીમી આંચથી
ગ્લીસરાઈન ... ૪ ,, } આસિડને ગળી જવા દેવો.

ગ્લીસરાયનમ્ આસિડાઈ ટાનિસાઈ. ઈં. ગ્લીસરીન ઓફ ટાનિક આસિડ. ગુ. ટાનિક આસિડનું ગ્લીસરાઇન.

બનાવટઃ—ટાનિક આસિડ ... ૧ ઔંસ. } ધીમી આંચથી મિશ્ર કરવાં.
ગ્લીસરાઇન ... ૪ ,,

સપોઝીટોરીયા આસિડાઈ ટાનીસાઈ. ઈં. ટાનીક આસિડ સપોઝીટરી ગુ. ટાનીક આસિડની સોગઠી.

બનાવટઃ—ટાનીક આસિડ...૩૬ ગ્રેન. } મીણને કોકમનું તેલ ગરમ કરી લાર્ડમાં
બેનઝોયેટેડ લાર્ડ ..૪૪ ,, } ટાનીક આસિડ મેળવી તેમાં નાંખવાં. તે
સફેદ મીણ ...૧૦ ,, } થંડુ થયા પછી તેની શંકુ આકાર બાર
કોકમનું તેલ ...૯૦ ,, } સરખી સોગઠી કરવી.

ટ્રોકીસકાઈ આસિડાઇ ટાનીસાઇ. ઇં. ટાનિક આસિડ લોઝેન્જીસ. ગુ. ટાનીક આસિડની રેવડી.

બનાવટઃ—ટાનીક આસિડ .. ૩૬૦ ગ્રેન.
ટીંકચર આફ ટાલુ. ½ ડ્રામ.
ધોયેલી સાકરનો ભૂકો. ૨૫ ઔંસ.
બાવળના ગુંદરનો ,, ૧ ,,
ગુંદરનું પાણી ... ૨ ,,
ચોખ્ખું પાણી ... ૧ ,,
} પાણીમાં ટાનીક આસિડ ગાળીને બાકીના ચીજો તેની સાથે પાછળથી મેળવવી, અને તેની એક સરખી ૭૨૦ રેવડી બનાવી સૂકવવી.

માત્રાઃ—૧ થી ૬ રેવડી.

ટિંકચુરા ગાલી. ઈં. ટિંકચર ઓફ ગૉલ્સ. ગુ. માયફળનો અર્ક.

બનાવટઃ—માયફળનો ભૂકો ... ... ૨½ ઔંસ.
પ્રુફ સ્પીરીટ ... ... ૧ પાઈંટ.

૧૫ ઔંસ સ્પીરીટમાં માયફળના ભૂકાને ૪૮ કલાક પલાળી રાખી, ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ રેડવો અને નીચોવીને ૧ પાઇંટ થાય તેટલો બીજો પ્રુફ સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

અંગ્વેન્ટમ્ ગાલી. ઈં. ઓઇન્ટમેન્ટ ઓફ ગોલ્સ ગુ. માયફળનો અર્ક.

બનાવટઃ—માયફળનો ભૂકો ... ૮૦ ગ્રેન. } બંનેને મિશ્ર કરવાં ને મલમ બ-
બેનઝોયેટેડ લાર્ડ. ... ૧ ઔંસ. } નાવવું.

અન્ગ્વેન્ટમ્ ગાલી કમ ઓપીયો. ઈં. ઓઇન્ટમેન્ટ ઓફ ગૉલ્સ એન્ડ ઓપીયમ. ગુ. માયફળને અફીણનું મલમ.

બનાવટઃ—માયફળનું મલમ ... ૧ ઔંસ. } બંનેને મિશ્ર કરવાં.
અફીણનો ભૂકો. ...૩૨ ગ્રેન. }

ઉપયોગઃ—માયફળ સંગ્રહણીને અતિસાર ઉપર અપાયછે. દાંતે ઘસવામાં વપરાય છે. મોઢું આવ્યું હોય તો તેના પાણીના કોગળા કરાય છે. તેનો મલમ ચાંદા તથા હર્શ ઉપર લગાડાય છે. ગ્યાલીક આસિડ ફેફસાં, હોજરી, આંતરડાં તથા ગર્ભાશયના રક્તાસ્રાવ ઉપર વપરાયછે. ક્ષયમાં ઘણો સ્વેદ આવેછે તેને અટકાવેછે. ઝાડા અને ગૃહણી ઉપર બહુજ વપરાયછે. ટાનીક આસિડ તેવાજ ઉપયોગમાં આવે

છે. તે સિવાય નાક, મોઢું તથા અર્શમાંથી લોહી જતું હોયતો તેના કોગળા થાય, લગાડાય, અથવા પીચકારી મરાયછે. ગળું આવ્યું હોય ને મોઢામાં ચાંદાં પડ્યાંહોય તો ગ્લીસરાઇન સાથે ચોપડાય છે, તથા તેની રેવડી મોઢામાં રખાયછે. પ્રમેહ, પ્રદર, અતિઆર્તવ ઊપર ૧ ઔંસ પાણીમાં તેના ૫ ગ્રેન નાંખી તે પાણીની પીચકારી મરાયછે. નાકમાં છોડ હોય તો સુંઘવામાં આવેછે. આંખ આવી હોય તથા ખીલ થયા હોયતો ટાનીક આસિડ અંજાયછે, તથા તેના પ્રવાહિનાં ટીપાં નંખાયછે.

ચીરાટા. ઈં. ચીરેટા. ગુ. કરીયાતું.

ગુણઃ—પાચન, દીપન, ઉષ્ણ, જ્વરઘ્ન.

ઈનફ્યુઝમ્ ચીરાટી. ઈં. ઈનફ્યુઝન્ ઓફ્ ચીરેટા. ગુ. કરીયાતાની ચા.

બનાવટઃ—કરીયાતાના કકડા.... $\frac{1}{4}$ ઔંસ. } અડધો કલાક પલાળી ગાળી લેવું.
ગરમ પાણી. ...૧૦ ,, }

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

ટિંક્ચુરા ચીરાટી. ઈં. ટિંક્ચર ઓફ્ ચીરેટા. ગુ. કરીયાતાનો અર્ક.

બનાવટઃ—કરીયાતાના ઝીણા કકડા ... ... ૨$\frac{1}{2}$ ઔંસ.
પ્રૂફ સ્પીરીટ ... ... ૧ પાઈંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ ઉમેરવો, અને નીચોવી લઇ એક પાઈંટ થાય તેટલો પ્રૂફ સ્પીરીટ બીજો ઉમેરવો.

ઉપયોગઃ—નબળાઇ, અજીર્ણ, જ્વર, મંદાગ્ની ઉપર અપાયછે.

જનશ્યાની રેડીક્સ. ઈં. જનશ્યન રૂટ ગુ. જનશ્યનનાં મૂળ.

ઈનફ્યુઝમ્ જનશ્યાની કોમ્પાઝીટમ્. ઈં. કોમ્પાઉન્ડ ઈનફ્યુઝન્ ઓફ્ જનશ્યન. ગુ. જનશાન આદી ચા.

બનાવટઃ—જનશ્યનના મૂળના કકડા ... ૬૦ ગ્રેન
નારંગીની છાલના કકડા ... ૬૦ ગ્રેન
લીંબુની તાજી છાલ ... $\frac{1}{4}$ ઔંસ
ચોખ્ખું ખળખળતું પાણી ... ૧૦ ,,
} ઉપરની ત્રણે દવાને અડધો કલાક પલાળી ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

એકસ્ટ્રાક્ટમ્ જનશ્યાની ઈં. એકસ્ટ્રાક્ટ ઓફ્જનશ્યન ગુ. જનશ્યનનું સત્વ.

બનાવટઃ—જનશ્યનનાં મૂળના કકડા ... ... ૧ રતલ
ખળખળતું ચોખ્ખું પાણી ... ... ૧ ગ્યાલન

પાણીમાં બે કલાક કડકાને પલાળી પંદર મિનિટ સુધી ઉકાળી પાણી ગાળીને નીચોવી લેવું, ને તેને ઉષ્ણોદક ઉપર ગોળી વળી શકે તેવું થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રા—ગ્રેન ૫ થી ૧૦.

ટીંક્ચુરા જનશ્યાની કોમ્પાઝીટા ઈં. કોમ્પાઉન્ડ ટિંક્ચર ઓફ્ જનશ્યન. ગુ. જનશ્યનાદિ અર્ક.

બનાવટઃ—જનસ્યનના મૂળના કકડા ... ... ૧½ ઔંસ
નારંગીની છાલના કકડા ... ... ¾ ,,
એલચીદાણા ખોખરા ... ... ¼ ,,
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાંઇટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત પાંચ ઔંસ સ્પીરીટ રેડી નીચોવી લેઈ એક પાંઇટ થાય તેટલો બીજો ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

મીશ્ચ્યુરાજનશ્યાની. ઈં. જનશ્યન મિક્ષ્ચર ગુ. જનશ્યનનું મિશ્રણ.

બનાવટઃ—જનશ્યનના મૂળના કકડા ...	¼ ઔંસ	પ્રથમ પ્રુફસ્પીરીટમાં દવાઓને બે કલાક પલાળી પછી પાણી નાંખવું. પછી બીજા બે કલાક રેહેવા દઇ ગાળી લેવું.
નારંગીની છાલના કકડા ...	૩૦ ગ્રેન	
ધાણા ખોખરા કરેલા ...	૩૦ ,,	
પ્રુફસ્પીરીટ	૨ ઔંસ	
ચોખ્ખું પાણી	૮	

માત્રા—½ થી ૧ ઔંસ.

ગુણઃ—રૂચીકર. પાચન, પૌષ્ટીક, જ્વરઘ્ન.

ઉપયોગઃ—અજીર્ણ, મંદાગ્નિ, નબળાઇ, ને તાવ ઊપર અપાયછે. જનશ્યનના ગુણ અને ઊપયોગ કરીયાતાને મળતા છે.

જાલપા. ઈં. જાલપ. ગુ. જાલપ

માત્રાઃ—ગ્રેન ૧૦ થી ૩૦.

ગુણઃ—રેચક.

એકસ્ટ્રાકટમ્ જાલપી. ઈં. એકસ્ટ્રાક્ટ ઓફ જાલપ. ગુ. જાલપનું સત્વ.

બનાવટઃ—જાલપનો ભૂકો ... ... ૧ રતલ
રેકટીફાઇડ સ્પીરીટ ... ... ૪ પાઇંટ
ચોખ્ખું પાણી ... ... ૧ ગ્યાલન

સ્પીરીટમાં જાલપને સાત દિવસ રાખી ગાળી લેવું. તેમાંથી સ્પીરીટ ઉરાડી દેઈ બાકી નરમ ભાગ રહેવા દેવો. ગાળી લેતાં બાકી રહેલા કૂચાને ફરીથી ચોખ્ખા પાણીમાં ૪ કલાક રાખી ગાળી લેઈ ઉષ્ણોદકથી નરમ સત્વ રહે તેટલું પાણી બળવા દેવું, પછી બંને વખતનાં નરમ સત્વ એકત્ર કરી ધીમી આંચથી ગોળી વળી શકે તેવું થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

ટિંકચુરા જાલપી. ઈં. ટિંકચર ઓફ જાલપ. ગુ. જાલપનો અર્ક.

બનાવટઃ—જાલપનો ભૂકો ... ... ૨½ ઔંસ
પ્રુફ સ્પીરીટ ... ... ૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક જાલપ રાખી ગાળી લેતી વખત બાકીનો સ્પી-

રીટ રેડવો, બાદ નીચોવી લઇને ૧ પાંઇટ થાય તેટલો બીજો પૃફ સ્પીરીટ ઉમેરવો.
માત્રા:—½ થી ૨ ડ્રામ.

જાલપીરેઝીના. ઇં. રેઝીનઓફ જાલપ. ગુ. જાલપનો શીરો.

બનાવટ:—જાલપનો ભૂકો ... ૮ ઔંસ.
રેકટીફાઇડ સ્પીરીટ .. } જરૂર જેટલાં લેવાં
ચોખ્ખું પાણી ... }

૧૬ ઔંસ સ્પીરીટમાં જાલપને ૨૪ કલાક બંધ વાસણમાં ધીમી આંચથી ઉકાળવું, પછી ગાળી લેવું; અને ગાળતાં અર્ક નીકળે ત્યાંસુધી બીજો થોડો થોડો સ્પીરીટ રેડવો પછી નીકળેલા અર્કમાં ચાર ઔંસ પાણી રેડી ઉષ્ણોદકવડે સ્પીરીટને ઉરાડી દેવો, બાકી રહેલાને તે ગરમ હોય તેટલામાંજ ખુલ્લી રકાબીમાં રેડવો, ને થંડો થવા દેવો ઉપરના પાણીને કાઢી નાખવું અને ઉષ્ણોદકથી સૂકવવો.
માત્રા—૨ થી ૫ ગ્રેન
ઉપયોગ:—મળાવરોધ, જળંધર, અજીર્ણ, પ્લીહોદર ઉપર અપાયછે

પલ્વીસ જાલપી કોમ્પાઝીટા ઇં. કોમ્પાઉન્ડ જાલપ પાઉડર ગુ. જાલપાદિચુરણ

બનાવટ:—જાલપનો ભુકો ... ૫ ઔંસ } સર્વેખાંડી મિશ્ર કરી
આસીડટારટરેટ ઓફ પોટાસ ... ૯ ,, } વસ્ત્રવડે ગાળી લેવાં
સુંઠ ખાંડેલી ... ... ૧ ,, }

માત્રા:—૨૦ થી ૬૦ ગ્રેન.
ઉપયોગ:—ઘણો સાધારણ જુલાબછે. અને ઉપર કહેલા દરદોમાં અપાયછે.

ઝીંઝીબર ઇં. જીંજર ગુ. સુંઠ

માત્રા:—૧૦ થી ૨૦ ગ્રેન.
ગુણ:—દીપન, ઉષ્ણ, પાચન, વાતહર

ટિંકચુરા ઝીંઝીબરીસ. ઇં. ટિંકચર ઓફ જીંજર. ગુ. સુંઠનો અર્ક.

બનાવટ:—સુંઠનો ભુકો ... ૨ ½ ઔંસ
રેકટીફાઇડસ્પીરીટ... ૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક સુંઠને પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો. પછી નીચોવી લઇ એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.
માત્રા:—૧૫ ટીપાંથી ૧ ડ્રામ.

ટિંકચુરા ઝીંઝીબરીસ ફોર્ટીયોર ઇં. સ્ટ્રાંગ ટિંકચર ઓફ જીંજર ગુ.સુંઠનોજલદ અર્ક.

બનાવટ:—સુંઠનો ભૂકો ... ... ૧૦ ઔંસ
રેકટીફાઇડ સ્પીરીટ ... જરૂર પડે તેટલો

ભૂકાને ગાળવાના સકુંચા ઉપર મૂકી ½ પાઇંટ સ્પીરીટ રેડવો ને બે કલાક પછી બીજો સ્પીરીટ નીચે એક પાઇંટ અર્ક નીકળે ત્યાંસુધી રેડવો.
માત્રા:—૫ થી ૨૦ ટીપાં.

સીરૂપસ ઝીંઝીબરીસ ઇં. સીરપ ઓફ જીંજર ગુ સુંઠનો શરબત.

બનાવટઃ—સુંઠનો જલદ અર્ક ... ૬ ઔંસ } બંનેને મિશ્ર કરવાં.
એકતારી ચાસણો ... ૧૯ ,, }

માત્રાઃ—½ ડ્રામથી ૨ ડ્રામ.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે અપાયછે. સ્વાદ માટે, ચૂંક, શૂળ, અજીર્ણ તથા પેટના વાયુ ઉપર અપાય છે.

ઝીન્સી ઓક્ષીડમ્ ઈ. ઓક્ષાઈડ ઓફ્ ઝીંક ગુ. જસતની ભષ્મ.

માત્રાઃ—૨ થી ૧૦ ગ્રેન.

ગુણઃ—પૌષ્ટિક, ગ્રાહી, રોપણ.

ઉપયોગઃ—ક્ષય ઉપર પરસેવો તથા ઝાડો અટકાવવાને અપાયછે. વિશેષ ત્વચા રોગ ઉપર ચોપડવાના કામમાં આવેછે. ખરજવાં, લુખ્ખસ, વીસ્ફોટક, ચાંદાં, ચીરોટા ઇત્યાદિ ઉપર તેની ભૂકી અથવા મલમ લગાડાયછે.

અંગ્વેન્ટમ્ ઝીન્સાઈ ઈ. ઓઇન્ટમેન્ટ ઓફ્ ઝીંક ગુ. જસતનો મલમ

બનાવટઃ—ઓક્ષાઇડ ઓફ્ ઝીંક... ૮૦ ગ્રેન } મિશ્ર કરવાં.
બેનઝોયેટેડ લાર્ડ ... ૧ ઔંસ }

આ મલમ ઉપર કહેલા ત્વચારોગ ઉપર ચોપડાય છે.

ઝીન્સી સલ્ફસ ઇં. સલ્ફેટ ઓફ્ ઝીંક ગુ. જસતનાં ફૂલ.

માત્રાઃ—ગ્રેન ૧ થી ૫; વમન માત્રા ગ્રેન ૧૫ થી ૩૦.

ગુણઃ—પૌષ્ટીક, ગ્રાહી વમન કરનાર.

ઉપયોગઃ—અપસ્માર, કોરીયા, હીસ્ટીરીયા, નબળાઈ, ધાતુ ક્ષિણતા ઉપર અપાય છે. પ્રદર તથા પ્રમેહ ઉપર પીચકારી મારવામાં આવેછે. આંખ આવી હોય તો ૧ ઔંસ પાણીમાં ૧ થી ૪ ગ્રેન મેળવી ટીપાં અથવા પોતાં તરીકે વપરાય છે. અફીણ વગેરે વિષ ઉપર ઉલટી કરાવવા સારૂ અપાયછે.

ઝીન્સી ક્લોરીડમ્ ઈ. ક્લોરાઇડ ઓફ્ ઝીંક

લાઇકર ઝીન્સી કલોરાઇડમ્. ઈ. સોલ્યુશન ઓફ્ ક્લોરાઇડ ઓફ્ ઝીંક.ગુ. ક્લોરાઇડ ઓફ્ ઝીંકનું પ્રવાહી.

ગુણઃ—દંભક, દુર્ગંધ નાશક, રોપણ.

ઉપયોગઃ—ક્યાનસર, રાફી, ચાંદાં વગરેને બાળવાના કામમાં આવેછે. તેમજ દુર્ગંધવાળી જગોમાં છાંટવાથી દુર્ગંધ નાશ પામે છે. પાંચથી વીશ ગ્રેન એક ઔંસ પાણીમાં નાખીને તેના પાણીનાં પોતાં જખમ તથા ચાંદાં ઉપર મુકવાથી રૂઝાયછે.

ટબાસી ફોલીયા. ઈ. ટોબાકો લીવ્ઝ. ગુ. તમાકુનાં પાંદડાં.

ગુણઃ—વમન, કફઘ્ન.

ઉપયોગઃ—દમ, શ્વાસ ઉપર પીવાને અપાયછે. છીંક લાવવા માટે સૂંઘાય છે. તેનાં પાન વૃષણ વૃદ્ધિ ઉપર બંધાયછે.

ટામારીંડસ. ઈ. ટેમેરીન્ડ. ગુ. આંબલી.

આંબલીના કાતરા દવામાં વપરાયછે.

ગુણઃ—શીત, રેચક.

ઉપયોગઃ—શરબત બનાવવામાં તથા દાળ મશાલામાં વપરાય છે. બીજી દવા બનાવવામાં વપરાયછે.

ટારાખ્સસી રેડીક્સ ઈં. ડાંડીલીયનરૂટ ગુ. ટારખ્સીકમનાં મૂળ.

ગુણ—શોધક, રેચક, મૂત્રલ.

અકસ્ટ્રાકટમ્ ટારાખ્સસી.ઈં.એકસ્ટ્રાકટ ઓફ્ ડાંડીલીયન. ગુ.ટારાખ્સીકમનું સત્વ.

બનાવટઃ—લીલાં મૂળ ૪ રતલ લઈ તેને કચરીને તેનો રસ કાઢવો, પછી તેને ઠરવા દેવો, ઉપરનું પાણી લઈ તેને ઉકાળવું ને ગાળી લેવું. પછી ઉષ્ણોદકથી ગોળીવળે તેવું થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

સકસ ટારાખ્સી. ઈં. જ્યુસ ઓફ્ ડાંડીલીયન. ગુ. ટારાખ્સીકમનો રસ.

બનાવટઃ—ટારાખ્સીકમનાં તાજાં મૂળ ... ૭ રતલ.
રેક્ટીફાઇડ સ્પીરીટ... ... જરૂર જેટલો.

મૂળને કચરીને તેનો રસ કાઢવો ને તેના દરેક ત્રણ ભાગમાં એક ભાગ સ્પીરીટનો મેળવવો. પછી સાત દિવસ રહેવા દઈ ગાળી લેવો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ડીકાકટમ્ ટારાખ્સસી ઈં. ડીકોકશન ઓફ્ ડાંડીલીયન. ગુ. ટારાખ્સીકમનોક્વાત.

બનાવટઃ—ટારાખ્સસીકમનાં મૂળનો ભુકો ... ૧ ઔંસ.
ચોખ્ખું પાણી ... ... ૧ પાઈંટ.

દશમિનિટ પાણીમાં ઉકાળીને પાણી ગાળી લેવું અને ગાળતી વખત ૧ પાઈંટ પાણી ગળાય તેટલું ચોખ્ખું પાણી ઉમેરવું.

માત્રાઃ—૨ થી ૪ ઔંસ.

ઉપયોગ—યકૃતના દરદ ઉપર બહુ વપરાયછે. અજીર્ણ, મળાવરોધ ઉપર અપાયછે.

ડીજીટેલીસ ફોલીયા. ઈં. ડીજીટેલાસ લીઝ. ગુ. ડીજીટેલીસનાં પાન.

ગુણઃ—શીતવીર્ય, મૂત્રલ.

માત્રાઃ- પાનનો ભુકો $\frac{1}{2}$ થી $1\frac{1}{2}$ ગ્રેન.

ઇન્ફ્યુઝમ્ ડીજીટેલીસ. ઈં ઇન્ફ્યુઝન ઓફ્ ડીજીટેલીસ. ગુ. ડીજીટેલીસની ચા.

બનાવટઃ—ડીજીટેલીસનાં પાન ... ૩૦ ગ્રેન }
ચોખ્ખું ખળખળતું પાણી. ૧૦ ઔંસ } એક કલાક પલાળી રાખવું.

માત્રા—ડ્રામ ૨ થી ૪.

ટિંકચુરા ડીજીટેલીસ. ઈં. ટિંકચર ઓફ્ ડીજીટેલીસ. ગુ. ડીજીટેલીસનો અર્ક.

બનાવટઃ—ડીજીટેલીસના પાનનો ભુકો ... ...$2\frac{1}{2}$ ઔંસ
પ્રુફ સ્પીરીટ ... ...૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો. પછી નીચોવી લઈ એક પાઈંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રા—ટીપાં ૫ થી ૩૦.

ઉપયોગઃ—જ્વર, રક્તાશયના વ્યાધિ, મૂત્રાશયના વ્યાધિ અને જળોદર તથા મૂત્રનષ્ટતા ઉપર અપાયછે.

નક્સવામીકા. ઈં. નક્સવામીકા. ગુ. ઝેરકચોળું.

ગુણઃ—પૌષ્ટીક, કૃમીઘ્ન, વાતહર.

માત્રાઃ-૧ થી ૫ ગ્રેન.

એકસ્ટ્રાક્ટમ ન્યુસીસ વોમીસી. ઈં. એકસ્ટ્રાક્ટ ઓફ નક્સવોમીકા ગુ. ઝેરકચોલાનુંસત્વ.

બનાવટઃ—ઝેરકચોલાં	... ...	૧ રતલ.
રેક્ટીફાઈડ સ્પીરીટ		જરૂર જેટલો.

ઝેરકચોલાંને બાફતાં તે નરમ થાય કે જલદીથી સૂકવી નાંખી પછીથી ભુકો કરી નાંખવો. તે ભૂકાને સ્પીરીટમાં ઉકાળવો, ને ફરી ફરી તેની કડવાશ જતી રહે ત્યાંસુધી તાજો સ્પીરીટ લઈ ઉકાળતા જવું. પછી કડવાશ જતી રહ્યાબાદ તેને ગાળીને સ્પીરીટને ઉરાડી દેવો, અને ઉષ્ણોદક ઉપર નરમ સત્વ થાય ત્યાંસુધી બળવા દેવું.

માત્રાઃ—ગ્રેન $\frac{1}{2}$ થી ૨.

ટિંક્ચુરા ન્યુસીસવોમીસી. ઈં. ટિંકચર ઓફ નક્સ વામીકા. ગુ. ઝેરકચોલાનો અર્ક.

બનાવટઃ—ઝેરકચોલાં	... ...	૨ ઔંસ.
રેક્ટીફાઇડ સ્પીરીટ...	...	૧ પાઈંટ.

ઝેરકચોલાંને બાફીને સૂકવી ભૂકો કરવો. પછી ૧૫ ઔંસ સ્પીરીટમાં ભૂકાને ૪૮ કલાક પલાળવો. પછી ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ રેડવો, ને પછી ૧ પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—ટીપાં ૧૦ થી ૨૦.

સ્ટ્રિકન્યા. ઈં. સ્ટ્રિકન્યા. ગુ. ઝેરકોચલાનું ખાસ સત્વ.

સ્ટ્રિકન્યા એક ચોકસ રસાયણી રીતથી ઝેરકચોલામાંથી કાઢવામાં આવેછે. તેના ગુણ ઝેરકચોલાને મળતા પણ ઘણા જોરાવર હોયછે.

માત્રાઃ—$\frac{1}{12}$ થી $\frac{1}{32}$ ગ્રેન.

લાઇકર સ્ટ્રિકની. ઈં. સોલ્યુશન ઓફ સ્ટ્રિકન્યા ગુ. સ્ટ્રીકન્યાનું પ્રવાહી.

બનાવટઃ—સ્ટ્રીકન્યા	...	૪ ગ્રેન	સર્વેને મિશ્ર કરી પામી આં ચથી સ્ટ્રીકન્યાને ઓગાવવો
ડીલ્યુટ હાઇડ્રોકલોરીકઆસિડ.		૬ ટીપાં	
રેક્ટીફાઇડ સ્પીરીટ	...	૨ ડ્રામ.	
ચોખ્ખું પાણી	...	૬ ડ્રામ.	

માત્રાઃ—ટીપાં ૫ થી ૧૦

ઉપયોગઃ—શરીરનું અચૈતન્યપણું, પક્ષઘાત, અર્દિત, અને ઉરૂસ્તંભ ઉપર ઝેર કો

ચલુ અને સ્ટ્રીકન્યા બહુ વપરાયછે. દષ્ટીમાંદ્ય, કોરીયા, હીસ્ટીરીયા, અપસ્માર માટે અપાયછે. નબળાઈ, મગજનું ખાલી પડી જવું, જ્વર, અગ્નિ માંદ્ય અજીર્ણ, ઝાડો, ઉલટી, મળાવરોધ, મૂત્રશ્રાવ, ઈત્યાદિ દરદ ઉપર ગુણકારીછે.

સ્ટ્રીકન્યા હળાહળ વિષછે. ૧ તથા ૨ ગ્રેનથી મૃત્યુ થાયછે. તેના વિષનાં ચિન્હ ધનુરને સદૃશ્ય મળતાં આવેછે. તેનું નિવારણ કલોરોફોર્મ અથવા કલોરલ હાઇડ્રેટ છે.

પેરેરી રેડીકસ ઈ. પેરેરા રૂટ. ગુ. કરંઢીયુ.

ગુણ—મૂત્રલ. શોધક.

એક્સ્ટ્રાક્ટમ્ પેરેરી. ઇ. એક્સ્ટ્રાક્ટ ઓફ પેરેરા. ગુ. કરંઢીયાનું સત્વ.

બનાવટઃ—કરંઢીયાના મૂળનો ભુકો ... ... ૧ રતલ.

ખળખળતું ચોખ્ખું પાણી ... ... ૧ ગ્યાલન.

કરંઢીઆના ભૂકાને ૨૪ કલાક એક પાઇંટ પાણીમાં રાખી ગાળતી વખત બાકીનું પાણી ઉમેરવું અને ઉષ્ણોદક ઉપર તેને બાર્ગાનિનરમ સત્વ રાખવું.

માત્રા—૧૦ થી ૨૦ ગ્રેન.

ડીકોક્ટમ્ પેરેરી ઈ. ડીકોકશન ઓફ પેરેરા ગુ. કરંઢીયાનો ક્વાત.

બનાવટ—કરંઢીયાયાના ઝીણ કડકા ... ... $1\frac{1}{2}$ ઔંસ.

ચોખ્ખું પાણી ... ... ૧ પાઈંટ.

પંદર મિનિટ એક વાસણમા ઢાંકીને ઉકાળવું ને પછી ગાળતી વખત ૧ પાઈંટ થાય તેટલું ચોખ્ખું પાણી રેડવું.

માત્રા.—૧ થી ૨ ઔંસ.

ઉપયોગઃ—ત્વચા અને મૂત્રાશયના બ્યાધિ ઉપર અપાયછે.

પ્લમ્બી આયોડીડમ્. ઈ. આયોડાઇડ ઓફ લેડ.

બનાવટઃ—આયોડાઇડ ઓફ પોટાશયમ ... ૪ ઔંસ

નાઇટ્રેટ ઓફ લેડ ... ૪ ,,

ચોખ્ખું પાણી ... જરૂર જેટલું

નાઇટ્રેટ ઓફ લેડને ધીમી આંચથી $1\frac{1}{2}$ પાઇંટ પાણીમાં ઓગાળવો ને આયોડાઇડ ઓફ પોટાસ્યમને $\frac{1}{2}$ પાઈંટ પાણીમાં ઓગાળવું. પછી બેઉ પાણીને એકત્ર કરવું એટલે નીચે આયોડાઇડ ઓફ લેડ જામશે, તેને ગાળી લઇને સૂકવી નાંખવો.

ઉપયોગઃ—આ દવા મલમ તથા લેપ બનાવવાના કામમાં આવેછે.

પ્લમ્બી એસેટસ. ઈ. એસેટેટ ઓફ લેડ ગુ. શ્યુગરલેડ.

ગુણ ગ્રાહી. સોથઘ્ર.

માત્રા—ગ્રેન ૧ થી ૫.

લાઇકર પ્લમ્બી સબ એસેટેટીસ. ઈ. સોલ્યુશન ઓફ સબએસેટેટ ઓફ લેડ. ગુ. સબ એસેટેટ ઓફ લેડનું પ્રવાહી.

બનાવટઃ—શ્યુગરલેડ ... ... ૫ ઔંસ.

મુરદાલસીંગનો ભૂકો (બોદારકાંકરો.) ૩½ ,,
ચોખ્ખું પાણી .. ... ૧ પાઈંટ.

શ્યુગરલેડને બોદારકાંકરો થોડા પાણીમાં અર્ધા કલાક ઉકાળવાં ને હલાવવાં. પછી ગાળી લઈ ઠંડુ થવા દેઈ બાકીનું પાણી ઉમેરવું.

ઉપયોગઃ—લોશન કરી સોજા, વરમ ઈત્યાદી ઉપર લગાડવામાં આવેછે.

લીકર પ્લમ્બી સબએસેટેટીસ ડીલ્યુટસ. ઈં. ડીલ્યુટેડ સોલ્યુશન ઓફ સબએસેટેટ ઓફ લેડ.

બનાવટઃ—સબ એસેટેટ ઓફ લેડનું પાણી. ૨ ડ્રામ. } મિશ્ર કરી ગાળી લેવું.
રેક્ટીફાઈડ સ્પીરીટ ... ૨ ,,
ચોખ્ખું પાણી ... ૧૯½ ઔંસ.

પીલુલ્યા પ્લમ્બી કમ ઓપીયો. ઈં. પીલ ઓફ લેડ એન્ડ ઓપીયમ. ગુ. શ્યુગરલેડ અને અફીણની ગોળી.

બનાવટઃ—શ્યુગરલેડનો ભૂકો. ૩૬ ગ્રેન. } ત્રણેને મિશ્ર કરી ગોળી વાળવી.
ગુલકંદ. ૬ ,,
અફીણનો ભૂકો. ૬ ,,

માત્રાઃ— થી ૫ ગ્રેન.

અંગ્વેન્ટમ પ્લમ્બી એસેટેટીસ. ઈં. ઓઇન્ટમેન્ટ ઓફ અસેટેટ ઓફ લેડ. ગુ. શ્યુગરલેડનું મલમ.

બનાવટઃ—શ્યુગરલેડ ... ... ૧૨ ગ્રેન. } મિશ્ર કરીને મલમ બનાવવો.
સાદો મલમ... ... ૧ ઔંસ.

સપોઝીટોરીયા પ્લમ્બી કોમ્પાઝીટા. ઈં. કોમ્પાઉન્ડ લેડ સપોઝીટરી. ગુ. શ્યુગરલેડ આદિ સોગઠી.

બનાવટઃ—શ્યુગરલેડ ...૩૬ ગ્રેન. } મીણ અને તેલ સાથે ઓગાળી બાકીની ચીજો એકત્ર કરી તેમાં નાંખવી પછી તેની ૧૨ શંકુ આકાર સરખી સોગઠી કરવી.
અફીણનો ભુકો.૧૨ ,,
સાદો મલમ ...૪૨ ,,
સફેદ મીણ ...૧૦ ,,
કોકમનુ તેલ....૮૦ ,,

ઉપયોગઃ—મરડો, ગૃહણી, અતિસાર, કોગળીઉ, હોજરીનું ચાંદુ વગરે ઉપર અપાયછે. રક્તસ્ત્રાવ ફેફસામાંથી, હોજરીમાંથી, નાકમાંથી, મૂત્રપિંડમાંથી તથા ગર્ભાશયમાંથી થતો હોય તો તેના ઉપર સ્યુગરલેડ બહુ ફાયદો કરેછે. પ્રમેહ અને પ્રદર અને અતિઆર્તવ ઉપર સ્યુગરલેડના પાણીની પીચકારી મરાયછે. આંખ આવી હોય અથવા ખીલ થયો હોય તો અંજાયછે, ટીપાં મૂકાયછે, અને લોશન તરીકે મૂકાય છે. ખરજવી, લુખસ, ચાંદા, ઉપર મલમ લગાડાયછે. યોની તથા સફરાના વ્યાધિ ઉપર સોગઠી પેહેરાયછે.

પ્લમ્બી ઓક્સીડમ ઈં. ઓક્સાઇડઓફ લેડ. લીથાર્જ ગુ. મુરદાલસીંગ. બોદાર કાંકરો, બોદારસીંગ.

ગુણ—રેચક, શોધક, રોપણ.

માત્રા—ગ્રેન ૪થી ૧૫.

એમ્પ્લાસ્ટ્રમ્ પ્લમ્બી ઈં. લેડપ્લાસ્ટર ગુ. ઓદારસીંગનો લેપ.

બનાવટઃ—મુરદાલસીંગનો ભુકો.	...	૪ રતલ	સર્વેને વરાળથી ગરમ કરવાને હલાવી લેપ જેવું થવા દેવું.
અળશીનું તેલ	...	૧ ગ્યાલન.	
પાણી	...	૩¾ પાઈંટ.	

ઉપયોગઃ—છોકરાના પેટમાં બગાડ હોય તો ઓદાર અપાય છે. ચાંદાં ઉપર ને ખરજવાં ઉપર અને બીજા ચામડીના દરદ ઉપર મલમ લગાડવામાં આવે છે. વા ઉપર લેપ લગાડાય છે.

પાપાવરીસ પાપશ્યુલી ઈં. પાપીક્યાપશ્યુલ્સ ગુ. અફીણના ડોડવાં.

આ ડોડવાંને પાણીમાં ઉકાળીને તેનો શેક ઘણા વ્યાધિ ઉપર થાય છે.

એકસ્ટ્રાક્ટમ્ પાપાવરીસ ઈં. એકસ્ટ્રાક્ટ ઓફ પાપીઝ ગુ. અફીણનાં ડોડવાનુંસત્વ

બનાવટઃ—અફીણનાં ડોડવાં ખોખરાં કરેલાં	...	૧ રતલ
રેકટીફાઈટ સ્પીરીટ	...	૨ ઔંસ.
ખળખળતું પાણી	..	જરૂર જેટલું.

૨ પાઈંટ પાણીમાં ૨૪ કલાક ભુકાને પલાળી રાખી તેને ગાળી લેતાં, બીજુ પાણી રેડવું. ને તેમાંથી સુમારે ૧ ગ્યાલન પાણી કાઢવું. આ પાણી ઉષ્ણોદકથી તપાવી ૧ પાઈંટ રાખવું ને ઠંડું થાય એટલે સ્પીરીટ ઉમેરવો, તેને ૨૪ કલાક રહેવા દેઈ પાણીને ગાળી લઈ, ઉષ્ણોદક ઉપર નરમ સત્વ થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રાઃ—૨ થી ૫ ગ્રેન.

ડીકોક્ટમ્ પાપાવરીસ ઈં. ડીકોકશનઓફ પાપીઝ ગુ. ડોડવાનો કવાત.

બનાવટઃ—ડોડવાં ખોખરાં કરેલ	...	૨ ઔંસ	એક વાસણમાં બંધકરી ઉકાળી ગાળી લેવું.
ચોખ્ખુ પાણી	...	૧½ પાઈંટ	

માત્રા—૧ થી ૨ આંઊંસ.

સીરૂપસ પાપાવરીસ ઈં. સીરપઓફ પાપીઝ ગુ. ડોડવાનું શરબત.

બનાવટઃ—ડોડવાં ખોખરાં કરેલ	...	૩૬ ઔંસ
રેકટીફાઇડસ્પીરીટ	...	૧૬ ,,
ધોએલી સાકર	...	૪ રતલ
ખળખળતું પાણી	...	જરૂર પડે તેટલું.

ચાર પાઈંટ પાણીમાં ૨૪ કલાક ડોડવાંને રાખીને વારંવાર હલાવવાં અને ગાળતી વખત ૨ ગ્યાલન પાણી નીકળે તેટલું ઉમેરવું. પછી ઉષ્ણોદક ઉપર ત્રણ પાઈંટ રહે ત્યાં સુધી તેને ઉકાળવું. થંડું થાય એટલે સ્પીરીટ તેમાં નાખવો. પછી ૧૨ કલાક રહેવા દેઈ ગાળવું. પછી સ્પીરીટને ઉરાડી દેવો ને બાંકી રહે તેને તપાવી ૨ પાઈંટ રહેવા દેવું, તે પછી સાકર તેમાં નાંખવી.

માત્રાઃ—૧ દ્રામ.

ગુણ:—કેફી, કફઘ્ન.

ઉપયોગ:—ઉધરસ, દમ, શ્વાસ, ઉપર અપાય છે. વિશેષ યોગવાઈ તરીક બીજી દવા સાથે અપાય છે.

પીપર નાઇગ્રમ ઈ. બ્લાકપેપર ગુ. કાળાંમરી.

માત્રા—૧૦ થી ૬૦ ગ્રેન.

ગુણ:—દીપન પાચન, ઉષ્ણ; વાતહર અને જ્વરઘ્ન.

કનફેકશયો પીપરીસ ઈ. કનફેકશન ઓફ પેપર ગુ. મરીનો મુરબ્બા.

બનાવટ:—કાળાં મરીનો ઝીણો ભુકો	...	૨ ઔંસ.	સર્વને એકત્ર કરવું.
કયારાવે ફ્રુટ અથવા સુવા	...	૩ ,,	
ચોખ્ખુ મધ	...	૧૫ ,,	

માત્રા:—૬૦ થી ૧૨૦ ગ્રેન.

ઉપયોગ:—અર્શ, જ્વર, ઉલટી, ને ઝાડા ઉપર અપાય છે.

પીમીન્ટા. ઈ. પીમેન્ટો.

ગુણ—ઉષ્ણ, દીપન, વાતહર.

એકવા પીમેન્ટો ઈ. પીમેન્ટો વોટર, ગુ. પીમેન્ટોનું પાણી.

બનાવટ:—પીમેન્ટોનો ભુકો	...	૧૪ ઔંસ	બંનેને મિશ્ર કરી વરાળ માર્ગે ૧ ગ્યાલન પાણી ખેંચવું.
પાણી	..	૨ ગ્યાલન	

માત્રા—૧ થી ૨ ઔંસ.

ઓલયમ પીમેન્ટી. ઈ. ઓઈલ ઓફ પીમેન્ટો. ગુ. પીમેન્ટોનું તેલ.

એનું તેલ યંત્ર માર્ગે ખેંચવાથી નીકળેછે.

ઉપયોગ:—ચુંક ઉપર તથા યોગવાઇ તરીકે અપાયછે.

પીલ્યુલા ફાસફોરાઇ. ઈ. ફાસફરસ પીલ. ગુ. ફાસફરસની ગોળી.

બનાવટ:—ફાસફરસ	...	...	૨ ગ્રેન
બાલસામ આવ ટોલુ	...		૧૨૦ ,,
પીળું મીણ	...	..	૬૦ ,,

પાણી એકસો ચાળીસ ડીગ્રી ગરમ કરી તેપર એક ચીની પ્લામાં અર્ધું પાણી ભરી તેમાં ફાસફરસ અને બાલસામ આવ ટોલુ બૂડતાં રાખી હલાવવાં. તે ગરમ થઈ ફાસફરસનાં રજકણ અદૃશ્ય થાય એટલે તેમાં મીણ મેળવીને હલાવીને ઉતારી લેવું. એક કાચના બૂચવાળી બાટલીમાં પાણીની અંદર રાખવું. ગોળી વાળવી હોય ત્યારે થોડાં ટીપાં સ્પીરીટનાં ઉમેરવાથી તે જોઇએ તેટલું નરમ થશે.

માત્રા—ગ્રેન ૩ થી ૬.

ઉપયોગ:—નબળાઈ, મગજ, અને આંખનાં દરદ ઉપર અપાયછે.

પીક્સ લીક્વીડા. ઈ. ટાર. ગુ. તાર અથવા કીલ.

અંગ્વેન્ટમ પીસીસ લીકવીડી ઈ. ઓઇંટ મેન્ટ ઓફ ટાર. ગુ. તારનો મલમ.

બનાવટ:—તારે ... ... ૫ આંઊંસ } બેઉને ગરમ કરીને મિશ્ર
પીળું મીણ ... ... ૨ ,, } કરવાં.

ઉપયોગ:—તેના મલમ ખરજવા તથા ચાંદી વીસ્ફોટક વગેરે ત્વચા રોગ ઉપર લગાડાયછે.

પેપસીન. ઈ. પેપસીન.

ડુકર, બકરા, વગેરેની હોજરી ધોડી ધોયા બાદ તેની અંદર સપાટી ઉપર ચપુથી ઘસી લેતાં જે પદાર્થ આવે તેને થોડી ગરમીથી જલદી સૂકવી દેવું, અને સૂકાયા પછી જે ભુકો રહેછે તેને પેપસીન કહેછે.

ગુણ:—પાચન.

માત્રા:—૨ થી ૫ ગ્રેન.

ઉપયોગ:—મંદાગ્નિ, અજીરણ, અપચા ઉપર અપાયછે.

પેપસીન વાઈન નામની દવા થાયછે તે પણ તે કામમાં આવેછે. જમ્યા પછી પેપસીન અગર તેનું વાઇન તરત લેવું. પેપસીન વાઇનની માત્રા ૧ થી ૪ ડ્રામ.

પોટાસા કાસ્ટીકા. ઈ. પોટાસાફ્યુઝા. કાસ્ટીક પોટાસ.

ગુણ:—દાહક.

ઉપયોગ:—અર્બુદ, રાફી, ચાંદાં, મસાને બાળવાના કામમાં આવેછે.

લાઈકર પોટાસી. ઈ. સોલ્યુશન ઓફ પોટાસ.

માત્રા:—૧૦ થી ૪૦ ટીપાં.

ગુણ:—અમ્લ વિરૂદ્ધ, મૂત્રલ, શોધક.

ઉપયોગ:—પથરીના દરદ ઉપર, ઉનવા, પ્રમેહ, અમ્લપીત્ત, સંધિવા, મેદવૃદ્ધિ, ને અજીર્ણ ઉપર અપાયછે.

પોટાસીઆયોડીડમ્. ઈ. આયોડીડ ઓફ પોટાશયમ.

માત્રા:—૨ થી ૧૦ ગ્રેન.

અંગ્વેન્ટમ પેટાસી આયોડીડી. ઈ. ઓઇન્ટમેન્ટ ઓફ આયોડીડ ઓફ પોટાશયમ ગુ. પોટાસ આયોડીડનો મલમ.

બનાવટ:—પોટાશ આયોડીડ	...૬૪ ગ્રેન	પોટાસ આયોડાઈડ તથા કાર્બોનેટ ઓફ પોટાશને પાણીમાં ઓગાળી મલમ સાથ મેળવવું.
કાર્બોનેટ ઓફ પોટાશ ...	૪ ગ્રેન	
ચોખ્ખું પાણી ...	... ૧ ડ્રામ	
સાદો મલમ ...	... ૧ ઔંસ	

ગુણ:—શોધક, ગ્રંથી શામક.

ઉપયોગ:—સ્ક્રોફ્યુલાના સર્વ રોગ ઉપર, ઉપદંશના વિવિધ વ્યાધિઉપર અકસીરછે. સંધિવાયુ, ગાઊટ, ચસ્કા, મસ્તક શૂળ, કટીશૂળ ઉપર અપાયછે. યકૃત તથા પ્લીહાની ગાંઠ ઉપર ચાલેછે, શ્વાસ ઉપર અપાયછે, પક્ષઘાત, અર્દિત, વાઇ, ત્વચાનાં જુનાં દરદ તથા અસ્થિના બાધિ ઉપર ઘણો ઉપયોગીછે.

પોટાસી એસેટસ. ઈ. એસેટેટ ઓફ પોટાશ.

ગુણ:—મૂત્રલ, રેચક.

માત્રા:—ગ્રેન ૧૦ થી ૬૦. રેચક માત્રા. ૨ થી ૩ ડ્રામ.

ઉપયોગ:—જળંદર, સોથ તથા મૂત્ર પિંડના વ્યાધિ ઉપર અપાયછે.

પોટાસી ક્લોરાસ. ઇં. ક્લોરેટ ઓફ્ પોટાશ.

માત્રા:—૧૦ થી ૩૦ ગ્રેન.

ટ્રોકીસકાઈ પોટાસી ક્લોરેટીસ. ઈં. ક્લોરેટ ઓફ્ પોટાશ લોઝેન્જીસ, ગુ. ક્લોરેટ ઓફ્ પોટાશની રેવડી.

બનાવટ:—ક્લોરેટ ઓફ્ પોટાશનો ભુકો		૩૬૦૦ ગ્રેન	સર્વેને એકત્ર કરી ૭૨૦ રેવડી બાંધવી.
ધોયેલી સાકર	... ...	૨૫ ઔંસ	
બાવળના ગુંદરનો ભૂકો,	..	૧ ,,	
ગુંદરનું પાણી	... ...	૨ ,,	
ચોખ્ખું પાણી.	... ...	૧ ,,	

માત્રા:—૧થી ૬ રેવડી.

ગુણ:—શીતવીર્ય, મૂત્રલ, શોધક.

ઉપયોગ:—મોઢું આવી જાય, ચાંદાં પડે, પેઢાં સૂજી આવે, ગળું આવી જાય, તેપર બચ્ચાં તથા મોટાં આદમીઓને બહુ ઉપયોગી પડેછે. કોગળીઊં, સ્કર્વી, ઓવરીના વ્યાધિ, ત્વચા રોગ તથા નબળાઈ ઉપર અપાયછે. તેની રેવડી મોઢામાં રખાયછે.

પોટાસી ટાર્ટરસ. ઈં. ટાર્ટરેટ ઓફ્ પોટાસ.

માત્રા:—૧ થી ૪ ડ્રામ.

ગુણ:—મૂત્રલ. રેચક.

ઉપયોગ:—જ્વર. મળાવરોધ, ઉનવા ઉપર અપાયછે.

પોટાસી ટાર્ટરાસ આસીડા. ઈં. આસિડ ટાર્ટરેટ ઓફ્ પોટાશ. બાઈટાર્ટરેટ ઓફ્ પોટાશ, ક્રીમ ઓફ્ ટાર્ટર.

ગુણ:—શીતવિર્ય, મૂત્રલ.

માત્રા:—ગ્રેન ૨૦ થી ૬૦. રેચક માત્રા:—૧ થી ૪ ડ્રામ.

ઉપયોગ:—જળોદર, જ્વર, અર્શ, મળાવરોધ ઉપર અપાયછે.

પોટાસીનાઈટ્રસ. ઈં. નાઈટ્રેટ ઓફ્ પોટાશ, નાટઈટર ગુ. સુરોખાર.

માત્રા:—ગ્રેન, ૫ થી ૩૦.

ગુણ:—મૂત્રલ, શીતવીર્ય સ્વેદલ.

ઉપયોગ:—તીક્ષ્ણ અને જુના સંધિવા ઉપર, સર્વ પ્રકારના જ્વર, જળંદર, ઉનવા ઉપર ઉપયોગીછે. નવસાર સાથે પાણીમાં નાંખવાથી બહુ શીતળ થાયછે. ઠંડક થવા સારૂ પોતાં મૂકવાનાં કામમાં આવેછે.

પોટાસી પરમાંગ્નાસ. ઈં. પરમાંગ્નેટ ઓફ્ પોટાશ.

લાઈકર પોટાસી પરમાંગ્નેટીસ. ઈં. સોલ્યુશન ઓફ્ પરમાંગ્નેટ ઓફ્ પોટાશ

બનાવટઃ—પરમાંગ્નેટ ઓફ પોટાશ ... ૮૦ ગ્રેન } મિશ્ર કરવું.
ચોખ્ખું પાણી ... ... ૧ પાઈંટ }

માત્રાઃ—૨ થી ૪ ડ્રામ.

ગુણઃ—દુર્ગંધ નાશક.

એક પાઈંટ પાણીમાં પરગાંગ્નેટ ઓફ પોટાશના ૩ડ્રામ નાંખવાથી કોન્ડીસફ્લ્યુઈડ બનેછે. આ પાણી ક્યાનસર, ગંધાતાં ચાંદાં, જખમ ધોવામાં બહુ કામ આવેછે.

પોટાસી કાર્બોનસ. ઈં. કાર્બોનેટ ઓફ પોટાશ.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—અમ્લ વિરુદ્ધ. (આલ્કલાઇન)

ઉપયોગ—લાઇકર પોટાશને અનુસરે છે. તિક્ષ્ણ સંધિવા ઉપર બહુ વપરાય છે. પથરી, ત્વચારોગ,ગાઉટ અને અમ્લપિત્ત ઉપર દેવામાં આવેછે. સોડાની માફક ટાર્ટરીક આસિડ અથવા સાઇટ્રીક આસિડના સંયોગમાં અપાયછે. પોટાશ કાર્બોનાસ કરતાં બાઇકાર્બોનાસ વિશેષ વપરાયછે.

પોટાસી બાઈ કાર્બોનસ. ઈં. બાઈ કાર્બોનેટ ઓફ પોટાશ.

માત્રાઃ—૧૦ થી ૪૦ ગ્રેન.

ગુણ અને ઉપયોગ ઉપર પ્રમાણે.

પોટાસી બ્રોમીડમ. ઈં. બ્રોમાઇડ ઓફ પોટાશ્યમ ગુ. પોટાસીબ્રોમીડ.

માત્રાઃ—૫ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—ઉષ્ણ, નીદ્રા લાવનાર, મગજના રોગને શાંત કરનાર.

ઉપયોગઃ—અપસ્માર ઉપર બહુજ ઉપયોગીછે. આંચકી ઉપર, ઊંઘ ન આવતી હોય, ઉન્માદ, હીસ્ટીરીયા, મસ્તક શૂળ, બચ્ચાંની આંચકી, મોટી ઉધરસ ઉપર ઘણોજ ઉપયોગી છે. બરોળની ગાંઠ ઉપર અપાયછે.

પોટાસી સલ્ફસ. ઈં. સલ્ફેટ ઓફ પોટાશ.

માત્રાઃ—૧૫ થી ૬૦ ગ્રેન.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—ઝાડો લાવવા માટે અપાયછે.

પોટાસી સાઇટ્રસ ઈં. સાઇટ્રેટ ઓફ પોટાસ.

માત્રાઃ—૨૦ થી ૬૦ ગ્રેન.

આ ક્ષાર બાઇકાર્બોનેટ ઓફ પોટાશનો ૧ ભાગ તથા સાઇટ્રીક આસિડ $\frac{3}{4}$ ભાગ લઈ પાણીમાં એકત્ર કરવાથી બનેછે.

ગુણઃ—શીતવિર્ય, મૂત્રલ.

ઉપયોગઃ—પથરીના મરજ ઉપર તથા જ્વર ઉપર અપાય છે.

પોડોફીલી રેઝીના. ઈં. રેઝીન ઓફ પોડોફીલીન. ગુ. પોડોફીલનો શીરો.

માત્રાઃ—$\frac{1}{4}$ થી ૧ ગ્રેન.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—મળાવરોધ, જલંદર વગેરે દરદ ઉપર જાલપની માફક અપાય છે.

બુકુ ફોલીયા. ઈં. બુકુ લીવ્ઝ ગુ. બુકુનાં પાંદડાં.

ઇનફ્યુઝમ્ બુકુ ઈં. ઇનફ્યુઝન ઓફ બુકુ. ગુ. બુકુની ચા.

બનાવટઃ—બુકુનાં પાંદડાં ખાંડેલાં ... ½ ઔંસ. } એક કલાક પલાળી ગાળી લેવું.
ખળખળતું ચોખ્ખું પાણી ... ૧૦ ,,

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

ટિંકચુરા બુકુ ઈં. ટિંકચર ઓફ બુકુ ગુ. બુકુનો અર્ક.

બનાવટઃ—બુકુનાં પાંદડાં ખાંડેલાં ... ૨ ½ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો અને નીચોવીને એક પાઇંટ થાય તેટલો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ગુણઃ—મૂત્રલ.

ઉપયોગઃ—પ્રમેહ, પેશાબની બળતરા, મૂત્રાશયના વ્યાધિ ઉપર અપાયછે.

ફીઝોસ્ટીગમેટીસ ફેબા. ઈં. ક્યાલાબારબીન. ગુ. ક્યાલાબારબીન.

માત્રાઃ-૧ થી ૪ ગ્રેન.

એકસ્ટ્રાક્ટમ્ ફીઝોસ્ટીગમેટીસ. ઈં. એકસ્ટ્રાક્ટ આફ ક્યાલાબારબીન ગુ. કયાલાબારબીનનું સત્વ.

બનાવટઃ-કયાલાબારબીનનો ભૂકો ... ૧ રતલ.
રેક્ટીફાઇડ સ્પીરીટ ... ૪ પાઇંટ.

ભૂકાને એક પાઇંટ સ્પીરીટમાં ૪૮ કલાક એક વાસણમાં બંધ કરી પલાળવો. બાદ ગાળી લેતી વખત બાકીનો સ્પીરીટ તે પર રેડવો ને નીચોવી લેવું, પછી સ્પીરીટને ઉરાડી દેવો અને ઉષ્ણોદક ઉપર નરમ સત્વ થવા દેવું.

માત્રાઃ—1/16 થી ¼ ગ્રેન.

ઉપયોગઃ—આંખની કીકીને સંકુચીત કરેછે. આ પ્રમાણે કયાલાબારબીનનો ગુણ કીકી ઉપર બેલાડાનાથી ઉલટો છે, ધનુર્વા ઉપર વપરાયછે.

ફીનીકયુલી ફ્રુક્ટસ. ઈં. ફેનલ ફ્રુટ ગુ. વરીયાળી.

ગુણઃ—દીપન, પાચન, રૂચાકર, શીતળ.

એક્વા ફીનીકયુલાઈ. ઈં. ફેનલ વોટર. ગુ. વરીયાળીનું પાણી.

બનાવટઃ—વરીયાળી ... ... ૧ રતલ } વરાળ માર્ગે ૧ગ્યાલન ખેંચવું.
પાણી ... ... ૨ ગ્યાલન

માત્રાઃ—૧ થી ૨ આંઉંસ.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે બીજી દવાઓની સાથે વપરાયછે.

ફીલીક્સ માસ. ઈં. મેલફર્ન.

એક્સ્ટ્રાક્ટમ્ ફીલીસીસ લીક્વીડમ્. ઈ. લીક્વીડ એક્સ્ટ્રાક્ટ ઓફ મેલફર્ન ગુ. મેલફર્નનું પ્રવાહી સત્વ.

બનાવટ મેલફર્નનો ભુકો ... ... ૨ રતલ
ઈથર ... ... ૪ પાઈંટ

અર્ક ખેંચવાના સંચામાં મેલફર્નના ભુકાને મૂકી ઈથિર થોડે થોડે રેડવો, પછી ઈથરને ઉરાડી મૂકવો એટલે સત્વ રહેશે.

માત્રા:—૧૫ થી ૨૦ ટીપાં.

ઉપયોગ:—કૃમીઘ્ન. પેટના ચપટા કરમ થાયછે, જે ઘણા ફુટ લાંબા તથા નીકળવા મુશ્કિલ પડેછે તેના ઉપર આ દવા સારી અસર કરેછે. દરદીને એક જુલાબ આપી કેટલોક વખત ભૂખ્યો રાખવો. બાદ આ દવા આપવી, ને ત્યાર પછી એક જુલાબ પાછો આપવો. આ દવાથી કરમ મરી જાયછે ને જુલાબથી બહાર પડેછે.

ફેરમ—ઈ. આયર્ન. ગુ. લોહ અથવા લોખંડ.

ગુણ અને ઉપયોગ:—લોખંડની ઘણી દવા બનાવવામાં આવેછે. તેનો મુખ્ય ગુણ લોહી સુધારવાનો છે. લોહીના લાલ રજકણનો વધારો કરેછે, અને તેથી પાંડુ આદી નબળાઈના રોગ ઉપર સારી અસર કરેછે. લોખંડની દવા આપવાથી ઝાડો કબજ થાયછે. અને કઠણ તથા કાળારંગનો ઉતરે છે. માટે લોખંડની દવા સાથે કાંઇક રેચક ઓષધિની જરૂરછે.

લાઇકર ફેરી પરકલોરીડી ફોર્ટીયા ઈ. સ્ટ્રાંગ સોલ્યુશન ઓફ પરકલોરીડ ઓફ આયર્ન ગુ. લોઢાનો સખત અર્ક.

બનાવટ:—લોઢાનો વાળો ... ૨ ઔંસ
હાઇડ્રોકલોરીક આસિડ... ૧૨ ,,
નાઇટ્રીક આસિડ .. ૯ ,,
ચોખ્ખું પાણી ... ૮ ,,

પાણી સાથે ૮ ઔંસ હાઇડ્રોકલોરીક આસિડ મેળવી ધીમી આંચથી લોઢાનોવાળો તેમાં ગળવા દેવો. તેને ગાળી લેઇને બાકીનો હાઇડ્રોકલોરીક આસિડ તથા નાઇટ્રીક આસિડ મેળવવાં. અને પછી સારી પેઠે ગરમ કરવું એટલે તેનો રંગ નારંગી જેવો થશે. બાદ ઉષ્ણોદક ઉપર તે બાકી દસ ઔંસ રહે ત્યાંસુધી તપવા દેવું.

ઉપયોગ:—સ્ટ્રાંગ સોલ્યુશન ઓફ પરકલોરાઇડ ઓફ આયર્ન પીવાના કામમાં આવતું નથી, બાહ્યોપચારમાં દાહક તથા રક્તસ્તંભક તરીકે વપરાયછે.

લાઇકર ફેરી પરકલોરીડી. ઈ. સોલ્યુશન ઓફ પરકલોરાઈડ ઓફ આયર્ન. ગુ. લોઢાનું પ્રવાહી.

બનાવટ:—લોઢાનો સકત અર્ક ... ૫ ઔંસ } બંને મિશ્ર કરવાં
ચોખ્ખું પાણી ... ૧૫ ,, }

માત્રા:—૧૦ થી ૩૦ ટીપાં.

ટીંકચુરા ફેરી પરકલોરીડી. ઈ. ટિંકચર ઓફ પરકલોરીડ ઓફ આયર્ન ગુ. લોઢાનો અર્ક.

બનાવટ:—લોહાનો સકત અર્ક ... ૫ ઔંસ } મિશ્ર કરવાં
રેકટીફાઇડ સ્પીરીટ ... ૧૫ ,, }

માત્રા:—ટીપાં ૧૦ થી ૩૦

ગુણ:—લીકર તથા ટીંકચર લોહી સુધારનાર, પૌષ્ટીક, ગ્રાહી.

ઉપયોગ:—મૂત્રાશય તથા મૂત્રપિંડનાં દરદ, મૂત્રાકુચ્છ મૂત્રસ્ત્રાવ, બ્રાઇટસડીઝીસ, જલંદર, પ્રદર, નષ્ટાર્તવ, પ્રમેહ ઉપર અપાયછે. ઝાડામાં, પેશાબમાં તથા મોઢામાંથી લોહી પડતું હોય તેપર ઉપયોગી છે, ક્ષય, રતવા, રકતાશયના વ્યાધિ, હીસ્ટીરીયા, પાંડુરોગ, પ્લીહાદર, રક્તપીત, ઝાડો, નબળાઈ ઉપર બહુ વપરાયછે. ગર્ભસ્થાનમાંથી બહુ રક્તસ્ત્રાવ થતો હોય તો પીચકારી મારવામાં આવે છે.

લીકરફેરી પરનાઇટ્રૂટીસ. ઇં. સોલ્યુશન ઓફ પરનાઇટ્રેટ ઓફ આયર્ન.

માત્રા:—
ગુણ:— } સ્ટ્રોંગસોલ્યુશન આફ આયર્નની માફક.
ઉપયોગ:—

મીસચુરા ફેરી આરોમેટીકા, ઇં. આરોમેટીક મીક્ષચર ઓફ આયર્ન.

બનાવટ:—સીંકોનાની છાલનો ભૂકો	...	...	૧ ઔંસ
કલંબાનો ભૂકો	...	...	½ ,,
લવીંગનો ,,	...	...	¼ ,,
લોખંડનો ઝીણો વાળો	...	...	½ ,,
એલચાદિ અર્ક	...	...	૩ ,,
નારંગીની છાલનો અર્ક	..	...	½ ,,
પીપરમીંટનું પાણી	...	...	જરૂર જેટલું.

શીંકોનાની છાલ, કલંબા, લવીંગ અને લોહના વાળાને ૧૨ અઉંસ પીપરમીન્ટના પાણીમાં મેળવી એક વાસણમાં બંધકરી ત્રણ દિવસ રહેવા દેવું ને કોઇ કોઇવાર હલાવવું. બાદ તેને ગાળતી વખત બીજું થોડું પીપરમીન્ટનું પાણી ઉમેરવું કે જેથી સાડાબાર અઉંસ ગળાઈ આવે એટલે તેમાં અર્ક મેળવવા.

માત્રા:—૧ થી ૨ ઔંસ.

મીસ્ચુરાફેરી કોમ્પાઝીટા. ઇં. કોમ્પાઉન્ડ મીક્ષચર ઓફ આયર્ન. ગુ. લોહાદિ મીશ્રણ.

બનાવટ:—હીરાકસી	...	...	૨૫ ગ્રેન
કાર્બોનેટઓફ પોટાશ	...	..	૩૦ ગ્રેન
હીરાબોળ	..	...	૬૦ ગ્રેન
ધોયેલી શાકર	...	..	૬૦ ગ્રેન
જાયફળનો સ્પીરીટ	..	...	૪ ડ્રામ
ગુલાબજળ	...	...	૯½ ઔંસ

હીરાબોળ, કાર્બોનેટઓફ પોટાસ તથા સાકરને એકઠાં વાટી તેમાં થોડું ગુલાબજળ નાંખવું અને જાયફળનો સ્પીરીટ નાંખવો. બાકીના ગુલાબજળમાં હીરાકસી ઓગાળી તેની સાથે મેળવવું.

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

ઉપયોગઃ—સ્ત્રીઓને નબળાઈ, નષ્ટાર્તવ તથા પ્રદર ઉપર અપાયછે. ક્ષય પાંડુ અને બીજાનબળાઇના દરદઉપર અપાયછે. આ મેઉ મિક્સચર સ્ત્રીઓને વિશેષ અપાયછે.

વાઇનમ ફેરી. ઈં. વાઇનઓફ આયર્ન. ગુ. લોખંડનો આસવ.

બનાવટઃ—લોઢાનો ઝીણોવાળો	...	૧ ઔંસ
શેરીવાઇન	...	૧ પાઈંટ

વાળો ત્રીસ દિવસ સુધી બંધ વાસણમાં બોળી રાખવો. તે વાળો થોડો શેરીની બહાર રાખવો ને વારંવાર હલાવવો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ફેરી આર્સેન્યાસ. ઈં. આર્સેન્યેટ ઓફ આયર્ન. ગુ. લોહમિશ્રિત સોમલ.

માત્રાઃ—$\frac{1}{16}$ થી $\frac{1}{4}$ ગ્રેન.

ગુણઃ—શોધક, પૌષ્ટીક

ઉપયોગ—નબળાઈ તથા ત્વચા રોગ ઉપર અપાય છે.

ફેરમ્ ટાર્ટરેટમ્. ઈં. ટાર્ટરેટેડ આયર્ન.

માત્રાઃ—ગ્રેન ૫ થી ૧૦.

ગુણ—પૌષ્ટીક.

ઉપયોગઃ—ઉપદંશ, ક્ષય, ઝાડો, પાંડુ ઉપર વપરાયછે.

ફેરં રીડાક્ટમ્. ઈં. રીડયુસ્ડ આયર્ન. ગુ. લોહ ભસ્મ.

માત્રાઃ—ગ્રેન ૨થી ૬.

ટ્રોકીસ્કાઈ ફેરી રીડાકટાઈ. ઈં. રીડ્યુસ્ડ આયર્ન લોઝેન્જીસ. ગુ. લોહભસ્મનીરેવડી

બનાવટઃ—લોહભષ્મ	...૭૨૦ ગ્રેન	લોખંડ, સાકર ને ગુંદર એકત્ર કરી ગુંદરના પાણી સાથે મેળવી ગોળો કરી તેની ૭૨૦ સરખી રેવડી બનાવી પછી સૂકવવી.
ધોયેલી સાકર	... ૨૫ ઔંસ.	
ગુંદરનો ભૂકો	... ૧ ,,	
ગુંદરનું પાણી	... ૨ ,,	
ચોખ્ખું પાણી	... ૧ ,,	

માત્રાઃ—૧ થી ૬ રેવડી.

ઉપયોગઃ—ક્ષીણુતા, પાંડુરોગ, ક્ષય વગરે દરદો ઉપર આપવામાં આવેછે.

ફેરી આયોડીડમ. ઈં. આયોડાઈડ ઓફ આયર્ન.

માત્રાઃ—૧થી ૫ ગ્રેન.

સીરૂપસફેરી આયોડીડાઈ. ઈં.સીરપ ફેરીઆયોડીડ ગુ.આયોડીડ ઓફ આયર્નનું શરબત.

પીલ્યુલા ફેરીઆયોડીડાઈ. ઈં. પીલ ઓફ આયોડાઇડ ઓફ આયર્ન. ગુ. ફેરી આયોડીડની ગોળી.

બનાવટઃ—લોઢાનો ઝીણોતાર	...	૪૦ ગ્રેન	પાણી આયોડીન અને લોઢાનો વાળો ભેગાં કરી બાટલીમાં મૂકી ફીણ આવે ત્યાંસુધી હલાવવું પછી ખરલમાં સાકર તથા જેઠીમધ સાથે મેળવવાં.
આયો ડીન	...	૮૦ ગ્રેન	
ધોયેલી સાકર	...	૭૦ ,,	
જેઠીમધનો ભુકો	...	૧૪૦ ,,	
ચોખ્ખું પાણી	...	૫૦ટીપાં	

માત્રાઃ—૩ થી ૮ ગ્રેન. આ દવામાં લોખંડ અને આયોડીનછે.

ઉપયોગઃ—ક્ષય, સ્ક્રોફ્યુલા, પાંડુ, નષ્ટાર્તવ, યકૃતોદર, પ્લીહોદર ઉપદંશના વ્યાધિ, કંઠમાળ તથા બચ્ચાંને નબળાઇ ઉપર અપાયછે.

ફેરી એટ આમોની સાઇટ્રસ. ઈ. આમોન્યા સાઇટ્રેટ ઑફ આયર્ન.

માત્રાઃ—ગ્રેન ૫થી ૧૦.

વાઇનમ ફેરીસાઇટ્રસ. વાઈન ઑફ સાઇટ્રેટ ઑફ આયર્ન.

બનાવટઃ—સાઇટ્રેટ ઑફ આયર્ન ઍન્ડ આમોન્યા ૧૬૦ ગ્રેન.

નારંગીનો આસવ. ૧ પાઈંટ.

બંનેને મિશ્ર કરી ત્રણ દિવસ રહેવાદઈ ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૪ડ્રામ.

ઉપયોગ.—લોહ આપવા સારૂ આ દવા ઘણી સરસ તથા હલકીછે. બચ્ચાંને માટે બહુ ઉપયોગી પડેછે. ક્ષીણતા, પાંડુ, ક્ષય વગરે ઉપર અપાય છે.

ફેરી એટ કવીની સાઇટ્રસ. ઈ. સાઇટ્રેટ ઑફ આયર્ન ઍન્ડ કવીનાઇન.

માત્રા—ગ્રેન ૫થી ૧૦.

ઉપયોગઃ—નબળાઇ, જીર્ણ જ્વર, પ્લીહોદર, અગ્નિમાંદ્ય, પાંડુ ઇત્યાદિ ઉપર આપવામાં આવેછે. આ દવામાં લોહની સાથે કવીનાઈનછે.

ફેરીઑક્ષીડમ, ઈ. ઑક્ષાઇડઑફ આયર્ન.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ગુણને ઉપયોગ લોહભસ્મ પ્રમાણે છે.

ફેરીકાર્બોનાસ સાકારેટા. ઈ. સાકરેટેડ કાર્બોનેટ ઑફ આયર્ન.

માત્રાઃ—ગ્રેન ૫ થી ૨૦.

ગુણ અને ઉપયોગ ઉપર પ્રમાણે.

ફેરી ફાસફસ. ઈ. ફોસફેટ ઑફ આયર્ન.

માત્રાઃ—ગ્રેન ૩ થી ૧૦.

સીરૂપસ ફેરી ફોસફેટીસ. ઈ. સૈરપઑફ ફોસફેટઑફ આયર્ન.

માત્રાઃ—૧ ડ્રામ.

ઉપયોગઃ—નબળાઈ, મગજનાં દરદ, આંખની નબળાઈ ઉપર અપાયછે.

ફેરી સલ્ફસ. ઈ. સલ્ફેટઑફ આયર્ન. ગુ. હીરાકસી.

માત્રાઃ—ગ્રેન ૧ થી ૫.

ગુણઃ—લોહી સુધારનાર, પૌષ્ટીક, ગ્રાહી.

ઉપયોગઃ—પાંડુ, પ્લીહોદર ઉપર સાધારણ વપરાયછે. જ્વર, આધાસીસી, અતિસાર, પ્રદર, ઉપર અપાયછે. અર્શ, આમણ, રતવા, ઇત્યાદિ ઉપર પીચકારી અથવા લોશન તરીકે વપરાયછે.

બાલસામમ્ ટોલુટાનમ. ઈ. બાલસમ ઑફ ટોલુ.

માત્રા:—૧૦ થી ૨૦ ગ્રેન.

ટિંકચુરા ટોલુટાના. ઇં. ટિંકચર ઑફ ટોલુ. ગુ. ટોલુનો અર્ક.

બનાવટ:—બાલસામ ઑફ ટોલુ ... ... ૨½ ઔંસ
રેકટીફાઇડ સ્પીરીટ ... ... જરૂર જેટલો.

પંદર ઔંસ સ્પીરીટમાં છ કલાક પલાળી હલાવવું ને ગાળી લઇ એક પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

સીરૂપસ ટોલુટાનસ. ઇં. સૈરપ ઑફ ટોલુ. ગુ. ટોલુનો શરબત.

બનાવટ:—બાલસામ ઑફ ટોલુ ... ... ૧½ ઔંસ.
ધોયેલી સાકર ... ... ૨ રતલ
ચોખ્ખું પાણી ... ... ૧ પાઈંટ

બાલસામને પાણીમાં અડધો કલાક ઉકાળી હલાવીને પછી ૧૬ ઔંસ રહેવા દેવું ને થંડુ થવા દેઇ ગાળીને સાકર નાંખવી.

માત્રા:—૧ થી ૨ ડ્રામ.

ગુણ:—કફઘ્ન, રોપણ.

ઉપયોગ:—ખાંસી, સસણી, દમઉપર અપાયછે. ચાંદાં, ભાઠાં અને સ્તન તથા ઓષ્ટના ચીરોટા ઉપર લગાડાયછે.

બાલસામમ્ પેરૂવિયાનમ્. ઇં. બાલસામ આફ પેરૂ.

આ બેઉ જાતના બાલસામ જુદા જુદા ઝાડના રસછે, અને તે અમેરિકાતરફથી આવેછે. બાલસામ આફ પેરૂનો ગુણ રોપણછે. ચાંદાં, ભાઠાં, ક્ષત, જખમઉપર લગાડાયછે.

બીઝમથી કાર્બોનસ. ઇં. કાર્બોનેટ ઑફ બીઝમથ.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

બીઝમથી સબનાઇટ્રસ. ઇં. સબનાઇટ્રેટ ઑફ બીઝમથ.

ગુણ:—ગ્રાહી.

ટ્રોકીસકાઇ બીઝમથી. ઇં. બીઝમથ લોઝેન્જીસ. ગુ. બીઝમથીની રેવડી.

બનાવટ:—

સબનાઇટ્રેટ ઑફ બીઝમથ	૧૧૪૦ ગ્રેન	બધાંને મિશ્ર કરી જોઇએ તેટલું ગુલાબજળ નાંખી ૭૨૦ રેવડી બાંધીને સૂકવવી.
કાર્બોનેટ ઑફ માગનીશ્યા	૪ ઔંસ.	
ચાક	૬ ,,	
ધોયેલી સાકર	૨ ,,	
ગુંદરનો ભુકો	૧ ,,	
ગુંદરનું પાણી	૨ ,,	
ગુલાબજળ	જરૂરજેટલું	

માત્રા:—૧ થી ૬ રેવડી.

ઉપાયોગ:—અજીર્ણ, ઉલટી, ઝાડો, મરડો, અમ્લપીત ઉપર અપાયછે. ગળું, મોટું આવ્યું હોય ત્યારે રેવડી મોમાં રાખવી.

બેનઝોઇનમ્. ઇં. બેનઝોઇન. ગુ. લોબાન.

માત્રા:—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણ:—કફઘ્ન.

આસીડમ્ બેનઝોઈકમ્. ઈં. બેનઝોઇક આસિડ. ગુ. લોબાનનાં ફુલ.

લોબાનને બાળીને ફુલ પાડેછે.

માત્રા:—૧૦ થી ૧૫ ગ્રેન.

ટિંકચુરા બેનઝોઈની કોમ્પાઝીટા. ઈં. ટીંકચર બેનઝોઇન કોમ્પાઉન્ડ. ફ્રાયર્સ બાલસામ. ગુ. લોબાનાદિ અર્ક.

બનાવટ:—લોબાનનો ભુકો ... ૨ ઔંસ
શીલારસ ... ૧½ ,,
બાલસામ ઓફ ટોલુ ... ½ ,,
એળીયો ... ૧૬૦ ગ્રેન
રેકટીફાઇડ સ્પીરીટ ... ૧ પાઈંટ

બધાંને એકત્ર કરી સાત દિવસ પલાળી ગાળી લઇને રેકટીફાઇડ સ્પીરીટ એક પાઇંટ થાય તેટલો ઉમેરવો.

ઉપયોગ:—ઉલટી ઉપર, ખાંસી ઉપર અને ઉનવા ઉપર અપાયછે. તેનાં ફુલ પડેછે તેને બેનઝોઇક આસિડ કહેછે. લોબાનનાં ફુલ દમ ખાંસી ઉપર અપાયછે પેશાબમાં "કાઇલ" જાયછે તે ઊપર અપાયછે. લોબાનના ફુલના પાણીથી ઉલટી બંધ થાયછે.

બેલાડોના ફોલીયા. ઈં. બેલાડોના લીવ્ઝ. ગુ. બેલોડોનાનાં પાંદડાં.

બેલાડોના રેડીક્સ. ઈં. બેલાડોના રૂટ. ગુ. બેલાડોનાનાં મુળ.

એકસ્ટ્રાક્ટમ્ બેલાડોની. ઈં. એકસ્ટ્રાકટ ઓફ બેલાડોના. ગુ. બેલાડોનાનું સત્વ.

બનાવટ:—બેલોડોનાનાં પાંદડાં, ફુલને ડાંખળી ૧૧૨ રતલ. પાંદડાં વગેરેને કચરીને રસ કાઢવો. તેને ૧૩૦ ડીગ્રી સુધી તપાવવો ને પછી ગાળવો. ગાળતાં તેનો રંગ જુદો પડશે પછી તે પાણીને ૨૦૦ ડીગરી સુધી તપાવી ગાળી લેવું તે પછી તેનો રંગ પાછો મેળવવો. પછી ધીમી આંચથી બાળીને નરમ સત્વ કરવું.

માત્રા:—¼ થી ૧ ગ્રેન.

એમ્પ્લાસ્ટ્રમ્ બેલાડોની. ઈં. બેલાડોના પ્લાસ્ટર ગુ. બેલાડોનો લેપ.

બનાવટ:—બેલાડાનાનું સત્વ. ... ... ૩ ઔંસ.
રાળનો લેપ ... ... ૩ ,,
રેકટીફાઇડ સ્પીરીટ ... ... ૬ ,,

સ્પીરીટને બેલોડાના ભેગું ઘુંટી થોડીવાર રેહેવા દેવું. પછી ઉપરનું પાણી લેવું, ને સ્પીરીટને ઉરાડી દેવો અને તેમાં રાળનો લેપ ઉનોકરી મેળવવો.

ટિંકચુરા બેલાડોના. ઈં. ટીંકચર ઓફ બેલાડોના. ગુ. બેલાડોનાનો અર્ક.

બનાવટ:—બેલોડોનાનાં પાંદડાંનો ભૂકો ... ૧ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો ને નીચોવી લેઈ ૧ પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા:—૫ થી ૨૦ ટીપાં.

લીનીમેન્ટ બેલાડોની ઈ. લીનીમેન્ટ. ઓફ્ બેલાડોના ગુ. બેલાડોનાનું તેલ.

બનાવટ:—બેલાડોનાનાં મૂળનો ભૂકો	...	૨૦ ઔંસ
કપુર	...	૧ ,,
રેકટીફાઇડ સ્પીરીટ	...	જરૂર જેટલું

બેલાડાનાનાં મૂળ ત્રણ દિવસ પલાળી રાખી ગાળતી વખત બીજો સ્પીરીટ ઉમેરવો. એક વાસણમાં કપુર મૂકી તેમાં એક પાઇંટ ગળવા દેવું.

સકસ બેલાડોના. ઈ. બેલાડોના જ્યુસ. ગુ. બેલાડોનાનો રસ.

બનાવટ:—બેલાડોનાના તાજા પાલાનો રસ કાઢી તેના દરેક ત્રણભાગની સાથે એક ભાગ રેકટીફાઇડ સ્પીરીટ ઉમેરવો. તે સાત દિવસ રાખી ગાળી લેવું.

માત્રા:—૫ થી ૧૫ ટીપાં.

આટ્રોપ્યા. ઈ. આટ્રોપ્યા.

આટ્રોપ્યા બેલાડોનાનું ખાસ સત્વછે અને તે રસાયણી પ્રયોગથી નીકળેછે.

લાઇકર આટ્રોપીયા. ઈ. સોલ્યુશન ઓફ્ આટ્રોપીયા.

બનાવટ:—આટ્રોપીયા	...	૪ ગ્રેન.	મિશ્ર કરવું.
રેકટીફાઇડ સ્પીરીટ	...	૧ ડ્રામ.	
ચોખ્ખું પાણી	...	૭ ,,	

આટ્રોપીયા સલ્ફસ. ઈ. સલ્ફેટ ઓફ્ આટ્રોપીયા.

બનાવટ:—આટ્રોપીયા	...	૧૨૦ ગ્રેન.
ચોખ્ખું પાણી	...	૪ ડ્રામ.
ડીલ્યુટસ સલ્ફરીક આસિડ		જરૂર જેટલી.

આટ્રોપીયાને પાણીમાં મેળવી તે ઓગળી જાય ત્યાં સુધી ટીપે ટીપે આસિડ ઉમેરવી, ને હલાવી પછી ધીમી આંચથી સુકવી નાંખવી.

લાઇકર આટ્રોપી સલ્ફેટીસ. ઈ. સોલ્યુશન ઓફ્ સલ્ફેટ ઓફ્ આટ્રોપીયા.

બનાવટ—સલ્ફેટ ઓફ્ આટ્રોપીયા	...	૪ ગ્રેન	મિશ્ર કરવું.
ચોખ્ખું પાણી	...	૧ ઔંસ.	

ગુણ—દુઃખ શામક, ઉષ્ણ, સ્વેદ, થૂંક અને સ્ત્રી દૂધશોષક, આંખની કીકી વીસ્તૃત કરનાર, સ્નાયુશૈથિલ્યકૃત.

ઉપયોગ:—શ્વાસ ઉપર બહુ ફાયદો કરેછે. મોટી ઉધરસ કોરીયા, ધનુર્વા, ચસ્કા, મસ્તકશૂળ, નેત્રશૂળ, ઉપર બેલાડોના પીવા અપાયછે, ચોપડાયછે, તથા આટ્રોપીયાની પીચકારી ચામડીમાં મરાયછે. નેત્રવ્યાધિમાં બેલોડોના અતિ ઉપયોગી છે. તેનાથી કીકી વિસ્તૃત થાયછે, અને આંખ હલકી પડેછે, તેથી નેત્રનો અંતર ભાગ જોઈ શકાયછે.

કનીનીકાનો વરમ, આંખનાં ફૂલાં, ઝામર, મોતીયા ઇત્યાદિ ઉપર આટ્રોપીનના એકથી ચાર ગ્રેન એક ઔંસ. પાણીમાં નાંખેલા પ્રવાહીનાં ટીપાં નેત્રમાં નંખાયછે.

મૂત્રગાંઠ, મળાવરોધ, મૂત્રસ્રાવ ઉપર બેલાડોના વપરાયછે. પીડીતઆર્તવ તથા ઓવરી અને ગર્ભસ્થાનની પીડા થતી હોય તો બેલાડોનાની સોગઠી યોનિમાં પેરવાથી આરામ થાયછે. થૂંકનો પ્રવાહ, ઘણો પસીનો, તથા સ્ત્રીને વિશેષ દૂધ આવતું હોય તો તેને બેલાડોના આપવાથી બંધ થાયછે.

બેલી ફ્રુક્ટસ. ઈ. બેલફ્રુટ. ગુ. બીલીનું ફળ.

એકસ્ટ્રાક્ટમ્ બેલી લીક્વીડમ. ઈ. લીક્વીડ એકસ્ટ્રાક્ટ ઓફ બેલ. ગુ. બીલીનું પ્રવાહી સત્વ.

બનાવટઃ—બીલીનો ગર્ભ ... ... ૧ રતલ.
ચોખ્ખું પાણી ... ... ૧૨ પાઈંટ.
રેક્ટીફાઇડ ... ... ૨ ઔંસ.

ચાર પાઈંટ પાણીમાં ૧૨ કલાક બીલીના ગર્ભને પલાળી ઉપરનું પાણી લેવું. ફરીથી બીજા ૮ પાઈંટ પાણી રહ્યું તેમાં બે વખત પલાળી પાણી નીચોવી લેવું. અને તેને ગાળી લેવું; પછી તેને બાળીને ૧૪ ઔંસ રહેવા દેવું, અને ઠંડુ થયા પછી રેક્ટીફાઈડ સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ગુણઃ—શીતળ, ગ્રાહી.

ઉપયોગઃ—ગ્રહણી, અતિસાર ઉપર અપાયછે.

બોરાક્સ. ઈ. બોરાક્સ. ગુ. ટંકણખાર.

માત્રાઃ—૫ થી ૪૦ ગ્રેન.

ગુણઃ—શીતવિર્ય, મૂત્રલ.

ઉપયોગઃ—મોઢું આવ્યું હોય તથા ચાંદાં પડ્યાં હોય તથા ખીલ અને ત્વચા રોગ ઉપર ચોપડાય છે. ગર્ભસ્થાનની વ્યાધિ ઉપર અપાયછે. તેનો ગુણ ગર્ભપાતક જેવો ગણાય છે.

મેલ બોરાસીસ. ઈ. બોરાક્સહની. ગુ. ટંકણખારનું મધ.

બનાવટઃ—ટંકણખાર ... ૬૪ ગ્રેન } મિશ્ર કરવું
મધ ચોખ્ખું ... ૧ ઔંસ }

ગ્લીસરાયનમ્ બોરાસીસ. ઈ. ગ્લીસરીન ઓફ બોરાક્સ. ગુ. ટંકણખારનું ગ્લીસરાઈન.

બનાવટઃ—ટંકણખાર ... ૧ ઔંસ } મિશ્ર કરવું.
ગ્લીસરાઇન .. ૪ ,, }

બચ્ચાંઓનું મોઢું આવ્યું હોય, ચુલ્યો થયો હોય ત્યારે ઉપરની દવા લગાડાયછે.

મહર. ઈ. મહર. ગુ. હીરાબોળ.

માત્રાઃ—૧૦ થી ૨૦ ગ્રેન.

ગુણઃ—ઉષ્ણ, કફઘ્ન.

ટિંક્ચુરા મરહી. ઈ. ટિંક્ચર ઓફ મરહી. ગુ. હીરાબોળનો અર્ક.

બનાવટઃ—હીરાબોળનો ભુકો　...　૨ ½ ઔંસ
　　　　રેકટીફાઈડ સ્પીરીટ　...　૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી હલાવી ગાળી લેતી વખત બાકીનો સ્પીરીટ રેડવો, બાદ નીચોવી એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૧ ડ્રામ.

ઉપયોગઃ—નષ્ટાર્તવ, ઉધરસ, દમ ઉપર અપાય છે. મોઢું તથા ગળું આવ્યું હોય તેનાપર કોગળા કરવામાં આવે છે.

માગનીશ્યા. ઈં. માગનીશ્યા.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

ગુણ અને ઉપયોગ લાઇટ માગનીશ્યા પ્રમાણે.

માગનીશ્યા લીવીશ. ઈં. લાઈટ માગનીશ્યા. ગુ. હલકો માગનીશ્યા.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન

માગનીશ્યા કાર્બોનાસ. ઈં. કાર્બોનેટ આવ માગનીસ્યા.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

લાઇકર માગનીસી કાર્બોનેટીસ. ઈં. શોલ્યુશન ઓફ કાર્બોનેટ ઓફ માગનીસ્યા. ફ્લ્યુઇડ માગનીસ્યા.

માત્રાઃ—આઊંસ૧થી૨. દરેક આઊંસમાં૧૩ગ્રેન કાર્બોનેટ ઓફ માગનીસ્યા હોયછે.

ગુણ અને ઉપયોગ લાઇટ કાર્બોનેટ ઓફ માગનીશ્યા પ્રમાણે.

માગનીસી કારબોનસ લીવીસ. ઈં. લાઇટ કારબોનેટ ઓફ માગનીસ્યા ગુ.હલકો. કારબોનેટ ઓફ માગનીસ્યા.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

ગુણઃ—અમ્લવિરૂદ્ધ, રેચક.

ઉપયોગઃ—અમ્લપિત્ત, ઉલટી, મળાવરોધ, ગાઉટ, અજીર્ણ, ચૂંક ઉપર અપાયછે.

માગનીસી સલ્ફસ. ઈં.સલ્ફેટ ઓફ માગનીસ્યા. એપસમસાલ્ટ.ગુ. વીલાયતી મીઠું.

માત્રાઃ—૧ ડ્રામથી ૧ ઔંસ.

ગુણઃ—મૂત્રલ, રેચક.

ઉપયોગઃ—જ્વર, અજીર્ણ, મળાવરોધ, જળંદર વિગેરે દરદો ઉપર સાધારણ જુલાબ અપાય છે.

માના. ઈં. માના ગુ. શીરખેસ્ત.

એક ઝાડ યુરોપમાં થાયછે તેમાં છેદ મૂકવાથી રસનીકળેછે તે બંધાઇને માનાથાયછે

ગુણઃ—રેચક, સ્વાદે ગળી હોય છે.

ઉપયોગઃ—બચ્ચાંને વાસ્તે હલકો જુલાબછે.

માત્રાઃ—ડ્રામ ૧ થી આંઊંસ ૧.

માસ્ટીચ. ઈં. માસ્ટીચ. ગુ. રૂમેમસ્તકી.

એક જાતનો ગુંદ છે. તે અમેરિકામાં થાયછે. ત્યાંના એક ઝાડને છેદ મૂકવાથી એ નીકળેછે. બીજી દવા બનાવવામાં વપરાય છે.

માટીસી ફોલીયા. ઇં. માટીકો લીવ્ઝ. ગુ. માટીકોનાં પાંદડાં.

ઇનફ્યુઝમ્ માટીસી. ઈં. ઇનફ્યુઝન ઓફ માટીકો. ગુ. માટીકોની ચા.

બનાવટઃ—માટીકોનાં પાંદડાં ખાંડેલાં	...	½ ઔંસ	અડધો કલાક પ-
ખળખળતું ચોખ્ખું પાણી	...	૧૦ ,,	લાળી ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૪ ઔંસ.

ગુણુઃ—શીતળ, ગ્રાહી.

ઉપયોગઃ—પ્રમેહ ઉપર વિશેષે કરીને અપાયછે. રક્ત વહેતું હોય ત્યાં માટીકો લગાડવાથી તે બંધ થાયછે.

માસકસ. ઈં. મસ્ક. ગુ. કસ્તુરી.

મૃગના શીશ્નની ચામડીમાંથી નીકળે છે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ગુણુઃ—ઉષ્ણ, સ્નાયુ શૈથીલ્યકૃત.

ઉપયોગઃ—શ્વાસ, મોટી ઉધરસ, હીસ્ટીરીયા, આંચકી ઉપર અપાયછે.

મીરીસ્ટીકા. ઈં. નટમેગ. ગુ. જાયફળ,

માત્રાઃ—૧૦ થી ૨૦ ગ્રેન.

ઓલ્યમ મીરીસ્ટીસી. ઈં. ઓઇલઓફ નટમેગ. ગુ. જાયફળનું તેલ.

આ તેલ વરાળયંત્રથી ખેંચાયછે.

માત્રા- ૧થી ૫ ટીપાં.

ઓલ્યમ મીરીસ્ટીસી એક્સપ્રેસમ. ઈં એક્સપ્રેસ્ડ ઓઇલ ઓફ નટમેગ. ગુ. પીલીને કાઢેલું તેલ.

સ્પીરીટસ મીરીસ્ટીસી. ઈં. સ્પીરીટ ઓફ નટમેગ. ગુ. જાયફળનો સ્પીરીટ.

બનાવટઃ—જાયફળનું તેલ	...	૧ ઔંસ.	મિશ્ર કરવું.
રેકટીફાઈડ સ્પીરીટ	..	૪૯ ,,	

ગુણુઃ—ઉષ્ણ, વાતહર, ગ્રાહી ને માદક.

ઉપયોગઃ—ઝાડા ઉપર, ચુંક ઉપર, પોષવાઇ તરીકે વપરાયછે.

મેલ. ઇં. હની. ગુ. મધ.

બીજી દવાઓના સંયોગમાં વપરાયછે.

મેલ ડેપ્યુરેટમ્. ઇ. કલારીફાએડ હની. ગુ. શોધેલું મધ.

મધને ઉષ્ણોદક પર ગરમ કરીને ફ્લાનલથી ગાળી લેવું.

મોરી સકસ. ઈં. મલબેરી જ્યુસ. ગુ. શેતુરનો રસ.

શેતુરના પાકેલા ફળમાંથી રસ કાઢવામાં આવેછે.

સીરૂપસ મોરી. ઈં. સૈરપ ઓફ મલબેરી. ગુ. શેતુરનો શરબત.

બનાવટ...શેતુરનો રસ ... ૧ પાઈંટ.
ધોયેલી સાકર ... ૨ રતલ.
રેક્ટીફાઈડ સ્પીરીટ... ૧½ ઔંસ.
) રસને ઉકાળીને ગાળી લેવા, પછી તેમાં સાકરને સ્પીરીટ નાંખવાં.

માત્રા:—૧ દ્રામ.

ગુણ:—સ્વાદિષ્ટ.

ઉપયોગ:—બીજી દવામાં યોગવાઈ તરીકે વપરાયછે.

રીહાઈ રેડીકસ. ઈં. રૂબાર્બ રૂટ. ગુ. રૂબાર્બનાં મુળ ચીનથી આવેછે.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

ગુણ:—દીપન, રેચક તથા ગ્રાહી.

ઇનફ્યુઝમ્ રીહાઈ. ઈં. ઇનફ્યુઝન ઓફ રૂબાર્બ. ગુ. રૂબાર્બની ચા.

બનાવટ—રૂબાર્બનાં મૂળનો ભૂકો ... ¼ ઔંસ
ખળખળતું પાણી ... ૧૦ ,,
) એક કલાક પલાળી ગાળી લેવું.

માત્રા:- ૧ થી ૨ આઊંસ.

એકસ્ટ્રાકટમ્ રીહાઈ. ઇં. એકસ્ટ્રાકટ ઓફ રૂબાર્બ. ગુ. રૂબાર્બનું સત્વ.

બનાવટ:—રૂબાર્બનાં મૂળનો ભૂકો ... ... ૧ રતલ.
રેક્ટીફાઇડ સ્પીરીટ ... ... ૧૦ આઊંસ
ચોખ્ખું પાણી ... ... ૫ પાઈંટ

સ્પીરીટ અને પાણી એકત્ર કરી પાંચ દિવસ તેમાં ભૂકો પલાળી રાખી, પાણી ગાળી લઇ ઉષ્ણોદકવડે ૧૬૦ ડીગ્રીની ગરમીથી, પાણીનો ભાગ બળવા દેઈ નરમ સત્વ રાખવું.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

ટિંકચુરા રીહાઈ. ઈં. ટિંકચર ઓફ રૂબાર્બ. ગુ. રૂબાર્બનો અર્ક.

બનાવટ:—રૂબાર્બનાં મૂળનો ભૂકો ... ૨ આઊંસ.
એળચી દાણાનો ભૂકો ... ¼ ,,
ધાણાનો ,, ... ¼ ,,
કેશર ... ¼ ,,
પ્રુફસ્પીરીટ ... ૧ પાઈંટ

પંદર આંઉસ સ્પીરીટમાં સર્વે ઓજીને ૪૮ કલાક પલાળી ગાળી લેતી વખત પાંચ આઊંસ બાકીનો રેડવો. પછી નીચોવી લઇ એક પાઈંટ થાય તેટલો પ્રુફસ્પીરીટ બીજો ઉમેરવો.

પલ્વીસ રીહાઈ કોમ્પાઝીટસ. ઈં. કોમ્પાઉન્ડ રૂબાર્બ પાઉડર. ગુ. રૂબાર્બ આદિ ચુરણ.

બનાવટ:—રૂબાર્બનાં મૂળનો ભૂકો ....૨ ઔંસ
હલકો માગનીસ્યા ....૬ ,,
સુંઠનો ભૂકો ....૧ ,,
) ઝીણું ખાંડી એકત્ર કરી વસ્ત્રવડે ચાળી લેવું.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

પીલ્યુલા રીહાઇ કોમ્પાઝીટા.ઈ. કોમ્પાઉન્ડ રૂબાર્બ પીલ. ગુ.રૂબાર્બ આદી ગોળ.

બનાવટઃ—રૂબાર્બનાં મૂળનો ભૂકો	.... ૩ ઔંસ.	મિશ્ર કરીને ગોળી વાળવી.
એળીયો	...........૨¼ ,,	
હીરાબોસ	...........૧½ ,,	
કઠણ સાબુ	....૧½ ,,	
પીપર મેન્ટનું તેલ	...........૧½ ,,	
નરમ ગોળ	.... ૪ ઔંસ.	

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

સીરૂપસ રીહાઈ. ઈ. સૈરપ ઓફ રૂબાર્બ. ગુ. રૂબાર્બનું શરબત.

બનાવટઃ—રૂબાર્બનાં મૂળનો ભૂકો.....................૨ ઔંસ
ધાણાનોભુકો.......................................૨ ,,
ધોયેલી સાકર...............................૨૪ ,,
રેકટીફાઇડ સ્પીરીટ........ ....૮ ,,
ચોખ્ખું પાણી...............................૨૪ ,,

રૂબાર્બ અને ધાણાને એક અર્ક ગાળવાના સંચામાં મૂકી પાણીને સ્પીરીટ તે ઉપર રેડવાં; ગળાઇ આવેલું પ્રવાહી ૧૩ આઊંસ રહે ત્યાં સુધી બળવા દેવું, પછી સાકર નાખી ધીમી આંચથી ઓગાળવી.

માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

વાઇનમ્ રીહાઈ. ઈ. વાઈન ઓફ રૂબાર્બ. ગુ. રૂબાર્બનો આસવ.

બનાવટઃ—રૂબાર્બનાં મૂળનો ભૂકો.......................૧½ ઔંસ
કાનીલા બાર્કનો ભૂકો........... ....૬૦ ગ્રેન
શેરીવાઈન.................................... ૧ પાઈંટ

સાત દિવસ એક વાસણમાં બંધ કરી રાખી હલાવી નીચોવી ગાળી લઈ એક પાઈંટ થાય તેટલો શેરીવાઇન બીજો ઉમેરવો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ઉપયોગઃ—અજીર્ણાંશ, મળાવરોધ, ચૂંક, ઝાડા શીળસ ઉપર અપાયછે. હલકો તથા સરસ જુલાબછે. છોકરાંને માટે બહુ ઉપયોગી છે.

રેઝીના. ઈ. રેઝીન. ગુ. રાળ.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

ગુણઃ—ગ્રાહી.

ઉપયોગઃ—ક્વચીત ઝાડો બંધ કરવા સારૂ અપાયછે. મૂખ્ય મલમ તથા પ્લાસ્ટર બનાવવાના કામમાં આવેછે.

એમપ્લાસ્ટ્રમ્ રેઝીની. ઈ. રેઝીનપ્લાસ્ટર, સ્ટીકીના પ્લાસ્ટર, એડહીસીવપ્લાસ્ટર, ગમપ્લાસ્ટર. ગુ. રાળનો લેપ.

બનાવટઃ—રાળ........................૪ ઔંસ
કડણ સાબુ........................૨ ,,
બોદારશીંગનો લેપ...............૨ રતલ
ગરમ કરીને મિશ્ર કરવું.

અન્ગવેન્ટમ્ રેઝીની. ઈં. ઓઇન્ટમેન્ટ ઓફ્ રેઝીન. ગુ. રાળનો મલમ.

બનાવટઃ—રાળનો ભુકો....................૮ ઔંસ
પીળું મીણ ....૪ ,,
સાદો મલમ.....................૧૬ ,,
ગરમ કરીને એકત્ર કરવાં.

ઉપયોગઃ—ગુમડાં, ચાંદાં, દાઝ્યા ઉપર તથા ઝખ્મ ઉપર પટી લગાડવામાં આવેછે.

રોઝી ગ્યાલીસી પેટલા. ઈં. રેડ રોઝ પેટલ્સ. ગુ. રાતાગુલાબની કળી અથવા ફુલ.

માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—પોગવાઈ તરીકે એ વપરાયછે. તેનું શરબત, પાક, અને ગુલાબજળ બનેછે. જુલાબ તરીકે ત્વચા અને ગરમીના રોગ ઉપર અપાયછે.

ઇનફ્યુઝમ્ રોઝી આસિડમ્. ઈં. આસિડ ઇનફ્યુઝન ઓફ્ રોઝ. ગુ. ગુલાબની ખાટી ચા.

બનાવટઃ—ગુલાબનાં ફુલ..............¼ ઔંસ
ડીલ્યુટ સલફ્યુરીક આસિડ.....૧ ડ્રામ
ખળખળતું ચોખ્ખુ પાણી........૧૦ ઔંસ
પાણીમાંઆસિડનાખી તેમાં ફુલ અડધોકલાક પલાળી ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૨ ઔંસ

એક્વા રોઝી. ઈં. રોઝવોટર ગુ. ગુલાબજળ.

બનાવટઃ—ગુલાબનાં ફુલ...............૧૦ રતલ
પાણી........................૨ ગ્યાલન
વરાળ માર્ગે એક ગ્યાલન ખેંચવું.

સીરૂપસ રોઝી. ઈં. સૈરપ ઓફ્ રોઝ. ગુ. ગુલાબનું શરબત.

બનાવટઃ—ગુલાબનાં ફુલ.....................૨ ઔંસ
ધોયેલી સાકર.....................૩૦ ,,
ખળખળતું ચોખ્ખુ પાણી...........૧ પાઈંટ

પાણીમાં ફુલને ૨ કલાક પલાળી નીચોવી ઉનું કરી ગાળી લેવું અને તેમાં સાકર ઓગાળવી.

માત્રાઃ—૧ ડ્રામ.

લીની સીમીના. ઈં. લીનસીડ. ગુ. અળશી.

અળશીનું તેલ નીકળેછે. તેનો ગુણ "સાલીડ" ઓઇલના જેવોછે.

ઇનફ્યુઝમ્ લીની. ઈં. ઇનફ્યુઝન ઓફ્ લીનસીડ. ગુ. અળશીની ચા.

બનાવટઃ—અળશી ... ૧૬૦ ગ્રેન
જેઠીમધ .. ૬૦ ,,
ખળખળતું ચોખ્ખું પાણી... ૧૦ ઔંસ
ચાર કલાક એક વાસણમાં ઢાંકી રાખી ગાળી લેવું.

માત્રાઃ—જોઇયે તેટલી.

ઓલ્યમ્ લીની. ઈં. ઓઇલ ઓફ લીનસીડ. ગુ. અળશીનું તેલ.

અળશીને પીલીને તેલ કઢાય છે.

ક્યાટાપ્લાઝમા લીની. ઈં લીનસીડ પોટીસ. ગુ. અળશીની પોટીસ.

બનાવટઃ—અળશીનો ખોળ .. ૪ ઔંસ } મિશ્ર કરીને પોટીસ કરવી.
મીઠું તેલ ... ½ ,,
ખળખળતું પાણી ... ૧૦ ,,

ગુણઃ—સ્નીગ્ધ.

ઉપયોગઃ—તેની ચા પરમીયો તથા પેશાબની બળતરા તથા તણખીયા ઉપર અપાયછે. તેનું પોટીસ વિવિધ પ્રકારના સોજા તથા ગુમડાં અને વરમ ઉપર લગાડાય છે. અળશીનું તેલ ઈંગ્રેજી સાલીડઓઇલને ઠેકાણે વાપરી શકાય છે.

લીથી કાર્બોનાસ. ઈં. કાર્બોનેટ ઓફ લીથીયા.

લીથી સીટ્રાસ. ઈં. સાઇટ્રેટ ઓફ લીથીયા.

માત્રાઃ—૩ થી ૧૦ ગ્રેન.

ગુણઃ—આમ્લ વિરૂધ. (આલકલાઈન)

ઉપયોગઃ—સોડા તથા પોટાશના જેવા ગુણછે. પથરી, ઉનવા, બળત્રા, ગાઉટ, અજીર્ણાંશ ઉપર અપાય છે.

લીમોનીસ કોર્ટેકસ. ઈં. લેમન પીલ. ગુ. લીંબુની છાલ.

લીમોનીસ સકસ. ઈં. લેમનજ્યુસ. ગુ. લીંબુનો રસ.

લીંબુનો રસ તથા છાલ ઉપયોગમાં આવેછે.

ગુણઃ—શીતવિર્ય.

છાલ તથા રસમાંથી નીચેની દવાઓ બનેછે.

ઓલ્યમ્ લીમોનીસ. ઈં. ઓઇલ ઓફ લેમન. ગુ. લીંબુનું તેલ.

લીંબુની છાલમાંથી વરાળ માર્ગે તેલ ખેંચવામાં આવેછે.

ટિંક્ચુરા લીમોનીસ. ઈં. ટીંકચર ઓફ લેમન. ગુ. લીંબુનો અર્ક.

બનાવટઃ—લીંબુની છાલના કકડા ... ૨½ ઔંસ
પ્રુફસ્પીરીટ ... ... ૧ પાઈંટ

સાતદિવસ પલાળી હલાવી ગાળી લઈ ૧ પાઈંટ થાય તેટલો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

સીરૂપસ લીમોનીસ ઈં. સૈરપ ઓફ લેમન ગુ. લીંબુનું શરબત.

બનાવટઃ—લીંબુની તાજી છાલ ... ૨ ઔંસ
લીંબુનો રસ ... ... ૧ પાઈંટ
ધોયેલી સાકર ... ... ૨¼ રતલ

લીંબુનો રસ ઉકાળી એક વાસણમાં તેની અંદર છાલ મૂકી ઠરે ત્યાં સુધી ઢાંકી રાખવું. બાદ ગાળીને થોડી ગરમીથી સાકર તેમાં ઓગાળવી.

માત્રાઃ—૧ ડ્રામ.

ઉપયોગઃ--સ્કરવી ઉપર લીંબુનો રસ બહુ ઉપયોગી થઈ પડે છે. ઝાડો, મરડો, ઉલટી, પીત્ત, તથા જ્વર ઉપર અપાય છે.

લોબીલીયા. ઈં. લોબીલીયા.

એક જાતનો પાલો અમેરિકા તરફથી આવેછે.

ગુણઃ--કફઘ્ન.

ટિંકચુરા લોબીલી. ઈં. ટિંકચર ઓફ લોબીલીયા. ગુ. લોબીલીયાનો અર્ક.

બનાવટઃ--લોબીલીયાનો પાલો	...	૨½ ઔંસ
પ્રુફસ્પીરીટ ..	...	૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડી નીચોવી એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧૦ થી ૩૦ ટીપાં.

ટિંકચુરા લોબીલી ઈથીરીયા. ઈં. ઈથરીયલ ટિંકચર ઓફ લોબીલીયા. ગુ. લોબીલીયાનો ઈથરવાળો અર્ક.

બનાવટઃ—લોબીલીયાનો ભુકો	...	૨½ ઔંસ	સાતદિવસ એક વાસણમાં પલાળી રાખી ગાળી નીચાવી
સ્પીરીટ આફ ઈથર ..		૧ પાઈંટ	

લઈને એક પાઈંટ થાય તેટલો બીજો ઈથર ઉમેરવો.

માત્રાઃ—૧૦ થી૩૦ ટીપાં.

ઉપયોગઃ—શ્વાસ, સસણી, ખાંસી, મોટી ઉધરસ ઉપર આપવામાં આવેછે.

વારબર્ગ ટિંકચરઃ—આ નામની દવા તૈયાર આવે છે. તેની બનાવટ વિષે જુદા જુદા મતછે, પણ તે પરસેવો લાવી જારી તાવ ઉતારવામાં નામીચીછે. બેથી ચાર ડ્રામ પાણી વિના આપવા અને તે આપ્યા બાદ ત્રણ કલાકસુધી કાંઈ ખાવું પીવું નહીં, એટલે પરસેવો વળેછે.

માત્રાઃ—૨ થી ૪ ડ્રામ.

સરપન્ટરી રેડીકસ. ઈં. સરપેન્ટરી રૂટ. ગુ. સરપેન્ટરીનાં મુળ.

ઉત્તર અમેરીકા તરફથી આવેછે.

ઇનફ્યુઝમ સરપેન્ટરી. ઈં. ઇનફ્યુઝન ઓફ સરપેન્ટરી. ગુ. સરપેન્ટરીનાં મુળની ચા.

બનાવટઃ—સરપેન્ટરીનાં મૂળ....................	¼ ઔંસ	બે કલાક પલાળી રાખી ગાળી લેવું.
ખળખળતું પાણી....................	...૧૦ ,,	

માત્રાઃ—૧ થી ૨ ઔંસ

ટિંકચુરા સરપેન્ટરી. ઈં. ટિંકચર ઓફ સરપન્ટરી. ગુ. સરપન્ટરીના મુળનો અર્ક.

બનાવટઃ—સરપન્ટરીનાં મૂળ..................	૨½ ઔંસ
પ્રુફસ્પીરીટ..........................	૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળી લેતી વખત બાકીનો સ્પીરીટ રેડવો. બાદ નીચોવી લઈ એક પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

ગુણઃ—દીપન, પાચન, વાતહર.

ઉપયોગઃ—યોગવાઇતરીકે વપરાય છે.

સલ્ફર સબ્લીમેટમ્. ઈં. સબલાઇમ્ડ સલફર. ગુ. ગંધકનાં ફુલ.

સલ્ફર પ્રેસીપીટેટમ્. ઈં. પ્રેસીપીટેટેડ સલ્ફર. ગુ. શોધેલો ગંધક.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન. રેચક **માત્રાઃ**—૧થી ૩ ડ્રામ.

ગુણઃ—સ્વેદલ, શોધક, રેચક.

અન્ગ્વેન્ટમ્ સલફ્યુરીસ. ઈં. ઓઇન્ટમેન્ટ ઓફ સલ્ફર. ગુ. ગંધકનો મલમ.

બનાવટઃ—ગંધકનાં ફૂલ.........૧ ઔંસ } મિશ્ર કરીને મલમ કરવું.
સાદો મલમ.........૪ ,, }

કનફેક્શયો સલ્ફરીસ. ઈં. કનફેક્શન ઓફ સલ્ફર. ગુ. ગંધકનો મુરબ્બો.

બનાવટઃ—ગંધક ....૪ ઔંસ }
ક્રીમ ઓફ ટાર્ટર...૧ ,, } મિશ્ર કરવું.
નારંગીનો શરબત... ૪ }

માત્રાઃ—૬૦ થી ૧૨૦ ગ્રેન.

ઉપયોગઃ—ત્વચા રોગ ઉપર, ખરજ, ખીલ, ખસ, ખરજવી, વીસ્ફોટક, ઇત્યાદિ ઉપર ખાવા અથવા લગાડવા અપાયછે. ઝાડા ઉપર, અર્શ ઉપર ગુણકારી છે.

સમ્બલ રેડીકસ. ઈં. સમ્બલ રૂટ. ગુ. સમ્બલનાં મુળ.

ટિંકચુરા સમ્બલ. ઈં. ટિંકચર ઓફ સમ્બલ. ગુ. સમ્બલનો અર્ક.

બનાવટઃ—સમ્બલ.......... ......૨½ ઔંસ
પ્રુફસ્પીરીટ..............૧ પાઇંટ

પંદર ઔંસ. સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ રેડવો, બાદ નીચોવી લઈ ૧ પાઇંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ— ૧૦ થી ૩૦ ટીપાં.

ગુણઃ—ઉષ્ણ.

ઉપયોગઃ—યોગવાઈ તરીક વપરાયછે, વાયુ, ચુંક, હીસ્ટીરીયા ઉપર અપાયછે.

સ્કામોન્યમ ઈં. સ્કવામની.

એક ઝાડનો રસછે અને તે એશિયામાઇનરમાંથી આવેછે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ગુણઃ—રેચક, કૃમીઘ્ન.

ઉપયોગઃ—વિશેષ બચ્ચાંને મળાવરોધ તથા કૃમી ઉપર અપાયછે.

સ્ટ્રામોન્યાઇ ફોલીયા. ઈં. સ્ટ્રામોન્યા લીવ્ઝ. ગુ. ધંતુરાનાં પાંદડાં.

ધંતુરાના પાંદડાં અને બીજ ઔષધમાં વપરાયછે.

એકસ્ટ્રાક્ટમ્ સ્ટ્રામોની. ઈં. એક્સ્ટ્રાક્ટ ઓફ સ્ટ્રામોન્યમ. ગુ. ધંતુરાનું સત્વ.

બનાવટઃ—ધંતુરાનાં બીનો ભૂકો.........૧ રતલ
ઇથર...... ....૧ પાઈંટ
ચોખ્ખું પાણી.................. } જરૂર જેટલાં.
પ્રુફસ્પીરીટ .... }

ઇથિરને અડધા પાઈંટ પાણી સાથે બાટલીમાં હલાવી ઉપરનું ઈથિર લઇ લેવું. પછી ધંતુરાનાં બી અર્ક ગાળવાના સંચામાં મૂકી ઇથર રેડવાથી તેનું તેલ જુદું પડશે. પછી બાકી રહે તે પર સ્પીરીટ રેડવો અને જે અર્ક નીકળે તેમાંથી ઘણો ખરો સ્પીરીટ ઉરાડી બાકીનો ઉષ્ણોદકથી બાળી દેવો, અને નરમ સત્વ રહેવાદેવું.

માત્રાઃ—¼ થી ½ ગ્રેન.

ટિંકચુરા સ્ટ્રામોની. ઈ. ટિંકચર ઓફ સ્ટ્રામોન્યમ. ગુ. ધંતુરાનો અર્ક.

બનાવટઃ—ધંતુરાનાં બી.............૨½ ઔંસ.
પ્રુફ સ્પીરીટ ....૧ પાઇંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટરેડવો તે નીચોવી લઇ એક પાઇંટ. થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧૦ થી ૩૦ ટીપાં.

ગુણઃ—દુઃખશામક, ગ્રાહી, જ્વરઘ્ન, માદક, સ્નાયુશૈથીલકૃત. આંખની કીકીને વીસ્તૃત કરનાર. ગુણ બેલોડાનાને મળતા આવેછે.

ઉપયોગ—શ્વાસ ઉપર અતી ઉપયોગીછે. પાંદડાંની બીડી કરી પીવાયછે. બીજ હોકામાં પીવાયછે. આંખના દરદમાં આટ્રોપીનને ઠેકાણે ધંતુરાના પાણીનાં ટીપાં નાંખીયે તો ચાલે. ધંતુરાનાં બીજ ૨ થી ૧૦ ગ્રેન ઘીમાં ચાટવાથી ઝાડો બંધ કરેછે, તથા જવર નાશ પામેછે.

સ્ટ્રાઈરાક્સ પ્રેપેરેટસ. ઈ. પ્રીપેર્ડ સ્ટોરાકસ. ગુ. શેલારસ.

એક ઝાડમાંથી રસ નિકળેછે.

બીજી દવા બનાવવામાં ઉપયોગી પડેછે. મસ્તક દુખે ત્યારે લમણા ઉપર લગાડાય છે. વૃષણનો વરમ થાય ત્યારે તમાકુના પાનપર સેલારસ ચોપડી લગાડવાથી ફાયદો થાયછે.

સ્પીરીટસ ઈથિરીસ. નાઇટ્રોસાઇ. ઈ. સ્પીરીટ ઓફ નાઇટ્રસ ઈથિર

ગુણઃ—મૂત્રલ, સ્વેદલ, કફઘ્ન.

ઉપયોગઃ—ખાંસી, જ્વર, શ્વાસ જળોદર ઉપર અપાય છે.

માત્રા—½ થી ૧ ડ્રામ.

સ્પીરીટસ રેકટીફીકેટસ. ઈ. રેકટીફાઈડ સ્પીરીટ.

રેકટીફાઇડ સ્પીરીટમાં આલ્કહાલ અને સેંકડે ૧૬ ભાગ પાણીના હોય છે. સાકર વાળી રસાળ ચીજોને કોહોવરાવીને ભઠી માર્ગે આ અર્ક ખેંચવામાં આવેછે.

આ અર્ક ઘણી ઔષધીના અર્ક બનાવવાના કામમાં આવેછે.

સ્પીરીટસ ટેનીયોર ઈ. પ્રૂફસ્પીરીટ

બનાવટઃ—રેકટીફાઈડ સ્પીરીટ ... ૫ પાઈંટ } મિશ્ર કરવું.
ચોખ્ખુ પાણી ... ૩ „

આ સ્પિરીટ પણ ઔષધિઓના અર્ક કાઢવાના કામમાં આવે છે.

સ્પીરીટસ વાઇનાઈ ગ્યાલીસાઈ ઈ. બ્રાન્ડી. ગુ. બ્રાન્ડી.

માત્રાઃ—$\frac{1}{2}$ થી ૧ ઔંસ.

ગુણઃ—ઉષ્ણ, માદક.

ઉપયોગઃ—અજીર્ણ, મંદાગ્નિ, ચૂંક, નબળાઇ તથા અશકતાઈ ઉપર અપાયછે.

સાલીસન.

સાલીસીલીક આસિડ.

સાલીસીલેટ આફ સોડા.

સાલીસીન અને સાલીસીલીક આસીડ એ બંને એકજ ઝાડની પેદાશ છે. આસિડની સાથે સોડાનો સંયોગ થવાથી સાલીસીલેટ આવ સોડા થાયછે. આ દવાઓ થોડા વરસમાં પ્રસિદ્ધ થઇછે. તેમનો ગુણ જ્વરઘ્ન છે. તેથી જુદા જુદા તાવ ઉપર અપાય છે. અને તાવની ગરમીને હઠાવેછે. તેમનો મુખ્ય ઉપયોગ સંધિવાયુ ઉપર છે. તિક્ષણ સંધિવાયુ ઉપર આ દવાઓ ઘણીજ સરસ અસર કરેછે. તે દરેકના દશથી પંદર ગ્રેન દર બેથી ચાર કલાકને અંતરે આપવામાં આવેછે. સાલીસીલીક આસિડ અને સાલીસીલેટ આવ સોડા ઘણો અપાય તો કાન બેહેરા થાય છે, ઘોંઘાટ થાયછે, માથુ દુખેછે અને જીવ મુઝાયછે; તથા રક્તાશયમંદ પડેછે. સાલીસીન કડવું છે, અને તે લેવાથી જીવ મુઝાતો નથી, અને તે વધારે થાય તો પણ રકતાશય ઉપર માઠી અસર થતી નથી.

આ દવાઓ મધુ પ્રમેહ ઉપર અપાયછે. સોડાં સાલીસીલાસ સિવાયની બીજી બે દવા પાણીમાં વિશેષ ગળતી નથી.

સાલીસીલીક આસિડનો ગુણ રોપણ છે તથા તે દુર્ગંધ દુર કરનારછે. માટે તેના પાંચ ગ્રેન પાણીમાં એક ઔંસમાં મેળવી તે વતી જખ્મ ધોવાય છે, તથા ચાંદાં ઉપર લગાડાય છે.

માત્રાઃ—૧૦ થી ૧૫ ગ્રેન.

સ્વાકરમ પ્યુરીફીકેટમ. ઈ. રીફાઈન્ડ શ્યુગર. ગુ. ધોયેલી સાકર.

સોરૂપસ. ઈ. સૈરપ. ગુ. શરબત.

બનાવટઃ—સાકર ધોયેલી.........૫ રતલ.
ચોખ્ખું પાણી.........૨ પાઈંટ.

પાણીને ગરમ કરીને સાકર ઓગાળવી પછી વજનમાં સાડા સાત રતલ થાય એટલું પાણી ચોખ્ખું ઉમેરવું.

ઉપયોગઃ—દવાઓ બનાવવાના કામમાં આવે છે.

સ્યાન્ટોનીનમ. ઈ. સ્યાન્ટોનીન. ગુ. સ્યાન્ટોનીન.

રૂશિયામાં એક ઝાડના ફુલમાંથી નીકળે છે.

માત્રાઃ—૨ થી ૬ ગ્રેન.

ગુણઃ—કૃમીઘ્ન.

ઉપયોગઃ—આ દવા જીવડા ઊપર કયરમની સોગઠીયો વેચાયછે તેમાં મેળવેલી હોય છે. આ દવાથી જીવડા મરી જાયછે. આ દવામાં રેચક ગુણ નથી. માટે સ્યાન્ટોનીન આપ્યા પછી જુલાબ અવશ્ય આપવો જોઇએ. ગોળ કયરમ ઉપર સ્યાન્ટોનીન અકશીર દવા છે. બીજી જાતના કયરમ ઉપર તેવી અસર કરતી નથી.

સાપો ડયુરાસ. ઈ. હાર્ડ સોપ. ગુ. કઠણ સાબુ.

ઓલીવ ઓઇલ તથા સોડાની મેળવણીથી બને છે.

સાપો મોલીસ. ઈ. સોફ્ટ સોપ. ગુ. નરમ સાબુ.

પોટાસ અને ઓલીવ ઓઇલના સંયોગથી બનેછે.

એમ્પ્લાસ્ટ્રમ્ સાપોનસ. ઈ. સોપ પ્લાસ્ટર. ગુ. સાબુનો લેપ.

બનાવટઃ—કઠણ સાબુ	૬ ઔંસ.		રાળને સાબુ ગરમ કરી લેપને ઓગાળી તેમાં મેળવી હલાવવું.
રાળ	૧	,,	
બેદારશીંગનો લેપ...	૨$\frac{1}{4}$	રતલ.	

ઉપયોગઃ—તેલ અથવા ગોળીયો કરવામાં સાબુ બહુ કામ આવેછે. તેનું તેલ ત્વચા રોગ ઉપર લગાડાય છે. તેનો લેપ રાળના લેપ જેવોજ હોય છે, ને તેવાજ કામમાં આવેછે.

લીનીમેન્ટમ્ સાપોનસ. ઈ. સોપ લીનીમેન્ટ ગુ. સાબુનું તેલ.

બનાવટઃ—કઠણ સાબુ...	૨$\frac{1}{2}$	ઔંસ.	પાણી અને સ્પીરીટ એકત્ર કરી, તેલ, સાબુને કપૂર તેમાં મેળવવાં. સાત દીવસ રાખી હલાવી ગાળી લેવું.
કપૂર	૧$\frac{1}{4}$	,,	
રોઝમરીનુ તેલ	૩	ડ્રામ.	
રેકટીફાઇડ સ્પીરીટ... ...	૧૮	ઔંસ.	
ચોખ્ખું પાણી...	૨	,,	

સાર્ઝિ રેડીકસ. ઈ. જામેકા સાર્સાપરીલા. ગુ. સારસાપરીલા. અમેરિકાથી આવેછે.

માત્રાઃ—૩૦ થી ૬૦ ગ્રેન.

ગુણઃ—શોધક, સ્વેદલ, પાંચન, પૌષ્ટીક.

એકસ્ટ્રાકટમ્ સાર્સા લીક્વીડમ્. ઈ લીક્વીડ એકસ્ટ્રાક્ટ ઓફ સાર્સાપરીલા. ગુ. સાર્સા પરીલાનું પ્રવાહી સત્વ.

બનાવટઃ—સાર્સા પરીલાનાં મૂળ ... ... ૧ રતલ.

ચોખ્ખુ પાણી ૧૬૦ ડીગ્રી ગરમ.૧૪ પાઈંટ.

રેકટીફાઈડ સ્પીરીટ. ... ... ૧ ઔંસ.

સાત પાઈંટ પાણીમાં સારસા પરીલા ૭ કલાક રાખી પાણી લઈ લેવું. બાકીના પાણીમાં ફરીથી તેટલોજ વખત સારસા પરીલા રાખી નીચોવી લેવા અને બેઉ વખતનું પ્રવાહી એકત્ર કરી ગાળી ઉષ્ણોદકવડે સાત ઔંસ રહે ત્યાંસુધી બળવા દેવું.

માત્રાઃ—૨ થી ૪ ડ્રામ.

ઉપયોગઃ—ઉપદંશ, સંધિવા, ખાંસી, નબળાઇ, ત્વચા રોગ ઈત્યાદિક ઉપર અપાયછે.

ડીકોક્ટમ સારસી. ઈ. ડીકોકશન ઓફ્ સાર્સાપરીલા. ગુ. સાર્સા પરીલાનો કવાત.

બનાવટઃ—સારસાપરીલાનાં મૂળ ... ... ૨½ ઔંસ.
ચોખ્ખું ખળખળતું પાણી ... ... ૧½ પાઈંટ.

એક કલાક પાણીમાં પલાળી દસમીનીટ સુધી ઢાંકલા વાસણમાં ઉકાળી ગાળી લેવું.

માત્રાઃ—૨ થી ૧૦ ઔંસ.

ડીકોક્ટમ સારસી કોમ્પાઝીટમ. ઈ. કોમ્પાઉન્ડ ડીકોક્શન ઓફ્ સારસાપરીલા. ગુ. સાર્સા પરીલાનો કવાત.

બનાવટઃ—			
સારસાપરીલા		૨½ ઔંસ.	સર્વે દવા એક કલાક પલાળી બંધ વાસણમાં દસ મિનિટ ઉકાળી ગાળી લેવી.
રેવંચીનું લાકડું ...	દરેક	¼ ,,	
જેઠીમધ ...	દરેક	¼ ,,	
સસાફ્ રસના મૂલ	દરેક	¼ ,,	
મીઝીરયન છાલ		૬૦ ગ્રેન.	
ખળખળતું ચોખ્ખું પાણી ...		૧½ પાઈંટ.	

માત્રાઃ—૨ થી ૧૦ ઔંસ.

સીંકોના ફ્લેવી કોર્ટેકસ. ઈ. યલો સીંકોના બાર્ક. ગુ. સીંકોનાની પીળી છાલ.

સીંકોના પેલીડી કોર્ટેક્સ. ઈ પેલ સીંકોનાબાર્ક. ગુ. સીંકોનાની ફીકી છાલ.

સીંકોના રૂબ્રી કોર્ટેક્સ. ઈ. રેડ સીંકોના બાર્ક. ગુ. સીંકોનાની લાલ છાલ.

ઉપરની ત્રણે પ્રકારની છાલ અમેરિકામાંથી આવેછે. સીંકોનાનાં ઝાડ અમેરિકામાં ઊંચા ડુંગરોપર થાયછે, થોડા વરસથી તેનું હિંદુસ્થાનમાં વાવેતર થયેલું છે અને તેનો ઘણો સારો પાક થાયછે.

ઉપરની છાલમાંથી કવીનાઇન, સીંકોનાઇન, તથા સીંકોના આહ્કલાઇડ વગેરે તાવની દવા નિકળે છે. પીળી છાલમાંથી વિશેષ કોઇનન મળી આવેછે, અને ફીકી તથા લાલ છાલમાંથી થોડું નિકળે છે.

માત્રા—૧૦ થી ૬૦ ગ્રેન.

ઉપયોગ;—તાવ, નબળાઈ, મંદાગ્નિ, અજીર્ણ, રક્તવિકાર ઉપર અપાયછે.

દાંત સાફ થવા માટે સીંકોના દાંતના મંજનમાં નાખેછે. સડેલાં ગંધાતાં ચાંદાં ઉપર સીંકોનાનો ભૂકો છાંટવાથી તે સારાં થાય છે.

ડીકોકશન સીંકોના ફ્લેવી. ઈ. ડીકોકશન ઓફ્ યલો સીંકોના. ગુ. પીળી સીંકોનાનો કવાત.

બનાવટઃ—		
પીળી સીંકોનાની છાલનો ભૂકો...	૧¼ ઔંસ	દસમિનીટ ઉકાળી ગાળતી વખત બીજુ ચોખ્ખું પાણી રેડી એકપાઈંટ થવા દેવું.
ચોખ્ખું પાણી.................	૧ પાઈંટ	

માત્રાઃ—૧ થી ૨ ઔંસ

ઇનફ્યુઝમ્ સીંકોની ફ્લેવી. ઈ. ઇનફ્યુઝન ઓફ યલો સીંકોના. ગુ. પીળી સીંકોનાની છાલની ચા.

બનાવટઃ—પીળી સીંકોનાની છાલનો ભુકો...........½ ઔંસ) બે કલાક પલાળી
ચાખું ખળખળતું પાણી..............૧૦ ,, } ગાળી લેવું.

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

એકસ્ટ્રાકટમ્ સીંકોની ફ્લેવી લીકવીડમ્. ઈ. લીકવીડ એકસ્ટ્રાકટ ઓફ યલો સીંકોના ગુ. પીળી સીંકોનાનું પ્રવાહી સત્વ.

બનાવટઃ—પીળી સીંકોનાનો ભુકો..................૧ રતલ
ચોખ્ખુ પાણી .... જરૂર જેટલું
રેકટીફાઇડ સ્પીરીટ..... ....૧ ઔંસ

૨ પાઇંટ પાણીમાં ૨૪ કલાક છાલને પલાળી રાખીને હલાવી ગાળતી વેળા ૧૨ પાઇંટ પાણી ગળાઈ આવે તેટલું બીજું ઉમેરવું. ને પાણીને ધીમી આંચથી બાળી ૧ પાઇંટ રાખવું. પછી ગાળીને ફરીથી ત્રણ આંઊસ રહે ત્યાંસુધી બાળવું, થંડુ થયા પછી સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૧૦ થી ૩૦ ટીપાં.

ટિંકચુરા સીંકોની ફ્લેવી. ઈ. ટિંકચર ઓફ યલો સીંકોના. ગુ. પીળી સીંકોનાનોઅર્ક.

બનાવટઃ—પીળી સીંકોનાનો ભૂકો......... .....૪ ઔંસ
પ્રુફ સ્પીરીટ ....૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક છાલ પલાળી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો અને તે નીચોવીને ૧ પાઇંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ દ્રામથી ૨ દ્રામ.

ટિંકચુરા સીંકોના કોમ્પાઝીટા. ઈ. કોમ્પાઉન્ડ ટિકચર ઓફ સીંકોના. ગુ. સીંકોનાદિ અર્ક.

બનાવટઃ—સીંનકોનાની છાલ......... ૨ ઔંસ
નારંગીની છાલના કડકા .. ૧ ,,
સરપેન્ટરીના મૂળ.. ...... ૧ ,,
કેશર .. ..૬૦ ગ્રેન
પ્રુફ સ્પીરીટ............... ૧ પાઇંટ
કોચીનીયલનો ભુકો.........૩૦ ગ્રેન

બધી દવાઓને ૧૫ ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી હલાવી ગાળતી વેળા રહેલો સ્પીરીટ રેડવો અને નીચોવી એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ દ્રામ.

સીનામોમી કોરટેકસ. ઈ. સીનામન બાર્ક. ગુ. તજની છાલ.

તજ સીલોન તરફથી આવે છે.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

ગુણઃ—ઉષ્ણ, વાતહર, દીપન, ગ્રાહી.

ઉપયોગઃ—યોગવાહ તરીકે અપાયછે.

એક્વા સીનામોમી. ઈં. સીનામન વોટર. ગુ. તજનું પાણી.

બનાવટઃ—તજનો ભૂકો	૨૦ ઔંસ	વરાળ યંત્રથી ૧ ગ્યાલન એચવું.
પાણી	૨ ગ્યાલન	

માત્રાઃ—૧ થી ૨ ઔંસ.

ઓલ્યમ સીનામોમી. ઈં. ઓલ્યમ સીનામન. ગુ. તજનું તેલ.

આ તેલ તજની છાલમાંથી ખેંચાયછે.

માત્રા—૧ થી ૨ ટીપાં.

ટિંક્ચુરા સીનામોમી ઈં. ટિંક્ચર ઓફ સીનામન. ગુ. તજનો અર્ક.

બનાવટઃ—તજનો ભૂકો	૨½ ઔંસ
પ્રુફ્સ્પીરીટ	૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક તજના ભૂકાને પલાળી રાખી હલાવી ગાળી લેતી વખત રહેલો સ્પીરીટ રેડવો ને નીચોવી ૧ પાઈંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો

માત્રાઃ—½ થી ૨ ડ્રામ

પલ્વીસ સીનામોમી કોમ્પાઝીટા. ઈં. કોમ્પાઉન્ડ સીનોમન પાઉડર. ગુ. તજ આદિ ચૂરણ.

બનાવટઃ—તજનો ભૂકો	૧ ઔંસ	એકત્ર કરી ઝીણું બાંડી વસ્ત્ર વડે ચાળી લેવું.
એલચી દાણાનો ભૂકો	૧ ,,	
સૂંઠનો ભુકો	૧ ,,	

માત્રાઃ—૩ થી ૧૦ ગ્રેન

ઉપયોગઃ—પેટનો વાયુ, ચૂંક, ઝાડો, ઉલટી, મોળ રક્તસ્ત્રાવ ઉપર અપાયછે. માથું દુખતું હોય અથવા દાંત દુખતા હોય તેને તજનું તેલ લગાડવાથી આરામ થાયછે.

સીનાપીસ. ઈં. મસ્ટર્ડ. ગુ. રાઈ.

ગુણઃ—ઉષ્ણ, વમન.

માત્રાઃ—વમનનીમાત્રાઃ૧ થી ૪ ડ્રામ.

ઓલ્યમ સીનાપીસ. ઈં. ઓઈલ ઓફ મસ્ટર્ડ. ગુ. રાઇનું તેલ.

રાઇમાંથી પીલીને તેલ કઢાય છે. તેમાંથી વરાળ માર્ગે તેલ ખેંચાય છે. તેલને ચામડી ઉપર લગાડવાથી ફોલ્લો થાયછે.

લીનીમેન્ટમ્ સીનાપીસ કોમ્પાઝીટા. ઈં. કોમ્પાઉન્ડ લીનીમેન્ટ ઓફ મસ્ટર્ડ. ગુ. રાઈ આદીનું તેલ.

બનાવટઃ—રાઈનું તેલ	૧ ડ્રામ	મિશ્ર કરવાં.
મીઝીરીયનનું સત્વ	૪૦ ગ્રેન	
કપુર	૧૨૦ ,,	
એરંડીયું તેલ	૫ ડ્રામ	
રેક્ટીફાઇડ સ્પીરીટ	૪ ઔંસ	

કેપાટાપ્લાઝમા સીનાપીસ. ઈં. મસ્ટર્ડ પોટીસ. ગુ. રાઇની પોટીસ અથવા પ્લાસ્ટર

બનાવટ—રાઇ	૨½ આઉંસ		મેળવીને પોટીસ કરવી.
અળશી	૨½ ,,		
ખળખળતું પાણી	૧૨ ,,		

ઉપયોગઃ—રાઇ વિશેષે કરીને પોટીસ લગાડવામાં આવેછે, ઘણી જાતના વરમ, કોલેરા, ચૂંક, ખાંસી, દમ, તથા ચસ્કા ઉપર રાઇનું પ્લાસ્ટર ગુણ કારકછે. રાઇનો બારીક લોટ લઇને નરમ થાય તેટલું પાણી નાંખી તેને ઝીણા કપડા પર પાથરી કપડું બેવડું કરી દરદના ભાગપર મૂકવું. તે અર્ધા કલાક રહેવા દેવું. તેનાથી ચામડી લાલ થાયછે, પણ ફોલ્લા ઉઠતા નથી. સાધારણ રાઇને પાણીસાથે વાટવાની રીતછે તેમ કરવું નહીં. તેની અંદર થંડુ પાણી મેળવવું. ગરમ પાણીની જરૂર નથી.

ચારટા સીનાપીસ. ઈ. મસ્ટર્ડ પેપર. ગુ. રાઈનો કાગળ.

બનાવટઃ—કાળી રાઇનો લોટ	૧ આઉંસ	મિશ્ર કરવાં
ગટાપર્ચાનું પ્રવાહી	૨ ,,	

આ મેળવણીને એક છાછરી ડીશમાં મૂકી તે પર કારટરૂસ પેપર ફેરવવા કે જેથી તે કાગળની એક બાજુ તે પ્રવાહી લાગશે. તેને હવામાં ખુલ્લા મૂકી સૂકાવા દેવા. આ તૈયાર થયેલા કાગળને વાપરતી વખત ચામડી પર મૂકવા પહેલાં નવશેકા પાણીમાં બોળીને લગાડવા. રાઇની પોટીસ તૈયાર કરવા કરતાં રાઇનો લેપ મારવાની આ ઘણી સહેલી રીતછે. આ કાગળ થોડા વરસ થયાં નીકળ્યાછે.

સીરા આલ્બા ઈ. વ્હાઈટ વાક્સ. ગુ. સફેદ મીણ.

પીળા મીણમાંથી ધોળુ મીણ બનાવવામાં આવેછે.

સીરા ફલેવા. ઈ. યલો વાક્સ. ગુ. પીળું મીણ.

પીળું મીણ મધપૂડામાંથી નીકળેછે.

અન્ગ્વેન્ટમ સીમ્પ્લેક્સ. ઈ. સીમ્પલ ઓઈન્ટમેન્ટ. ગુ. સાદો મલમ.

બનાવટઃ—સફેદ મીણ	૨ ઔંસ.	મીણને લાર્ડ ગરમ કરીને તેલ નાખીને હલાવવું.
લાર્ડ	૩ ,,	
બદામનું તેલ	૩ ,,	

ઉપયોગઃ—બીજી ઔષધિઓના મલમ બનાવવામાં ઉપયોગી છે.

સીરીઆઇ ઓકઝાલાસ. ઈ. ઓકઝાલેટ ઓફ સીરીયમ. ગુ. ઓકઝાલેટ ઓફ સીરયમ.

ગુણઃ—વમનશામક.

ઉપયોગઃ—ઉલટી બંધ કરવા સારૂ અપાય છે. વિશેષ કરીને ઓધાનના વખતની ઉલટી બંધ કરવા અપાય છે.

માત્રાઃ—૧ થી ૨ ગ્રેન.

સીલા. ઈ. સ્કવીલ.

ભૂમધ્ય સમુદ્રના કિનારાના મુલકમાંથી મળેછે.

ગુણ—કફઘ્ન, મૂત્રલ.

આ દવાને મળતા ગુણ આપણા દેશના જંગલી કાંદામાં છે.

માત્રા—ભુકીની ૨ થી ૫ ગ્રન.

આસીટમ સીલી. ઈ. વીનીગર ઑફ સ્કવીલ. ગુ. સ્કવીલનો સરકો.

બનાવટ:—સ્કવીલ....................૨½ ઔંસ
ડીલ્યુટ આસેટીક આસિડ...૧ પાઇંટ
પ્રુફસ્પીરીટ..................૧½ ઔંસ
સાત દિવસ આસેટીક આસિડમાં સ્કવીલ પલાળી નીચોવીને ગાળીને સ્પીરીટ ઉમેરવો.

માત્રા:—૧૫ થી ૪૦ ટીપાં.

ઑકસીમલ સીલી. ઈ. ઑકસીમલ ઑફ સ્કવીલ.

બનાવટ:—સ્કવીલનો સરકો..............૧ પાઇંટ
ચોખ્ખુ મધ......................૨ રતલ
બન્નેને મિશ્ર કરીને ઉષ્ણોદક ઉપર થોડું તપાવવું

માત્રા—½ થી ૧ ડ્રામ.

ટિંકચુરા સીલી. ઈ. ટિંકચર ઑફ સ્કવીલ. ગુ. સ્કવીલનો અર્ક.

બનાવટ—સ્કવીલ.............................૨½ ઔંસ.
પ્રુફસ્પીરીટ.......................... ....૧ પાઇંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વખત બાકીનો સ્પીરીટ રેડવો ને નીચોવી એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ રેડવો.

માત્રા:—૧૦ થી ૩૦ ટીપાં.

સીરૂપસ સીલી. ઈ. સીરપ ઑફ સ્કવીલ. ગુ. સ્કવીલનો શરબત.

બનાવટ:—સ્કવીલનો સરકો.........૧ પાઇંટ.
ધોયેલી સાકર.........૨½ રતલ.
સાકરને થોડી ગરમીથી તેમાં ઓગાળીવી.

માત્રા—½ થી ૧ ડ્રામ.

પીલ્યુલા સીલીકૉમ્પાઝીટસ. ઈ. કૉપાઉન્ડ પીલ ઑફ સ્કવીલ. ગુ. સ્કવીલાદિગોળી.

બનાવટ:—સ્કવીલનો ભુકો......૧½ ઔંસ
આમોનાયાકમ......૧ ,,
કઠણ સાબુ ....૧ ,,
નરમ ગોળ.........૨ ,,
સર્વેને મિશ્ર કરી ગોળો કરવો.

માત્રા—૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગ—ખાંસી, સલેખમ, શ્વાસ, સસણી, જળોદર, ક્ષય ઉપર અપાયછે.

સીનીગી રૅડીકસ. ઈ. સેનેગા રૂટ. ગુ. સેનેગા મૂળ.

ઉત્તર અમેરીકામાંથી આવેછે.

માત્રા—૧૦ થી ૨૦ ગ્રેન.

ઇનફ્યુઝમ્ સોનીગી. ઈ. ઇનફ્યુઝન ઑફ સેનેગા. ગુ. સેનેગાની ચા.

બનાવટ:—સેનેગા..................
ખળખળતું ચોખ્ખું પાણી
એક કલાક પલાળી ગાળી લેવું.

માત્રા—૧થી ૨ ઔંસ.

ટિંકચુરા સેનીગી. ઈ. ટિંકચર ઑફ સેનેગા. ગુ. સેનેગાનો અર્ક.

બનાવટ:—સેનેગાનાં મૂળ....... ૨½ ઔંસ.

પ્રુફસ્પીરીટ...........૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળી લેતો વખ્ત બાકીનો સ્પીટ રેડવો. પછો નીચોવી લેઈ એક પાઈંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—½ થી ૨ દ્રામ.

ગુણ—ઉષ્ણ. કફઘ્ન, મૂત્રલ.

ઉપયોગઃ—સન્નીપાત, જ્વર, ખાંસી, દમ, જળંદર ઉપર અપાયછે.

સેબીની કેક્યુમીના. ઈં. સેવીન ટોપ્સ.

વિલાયતમાં થાયછે.

માત્રાઃ—ગ્રેન ૪ થી ૧૦.

ગુણઃ—ઉષ્ણ, ગર્ભપાતક.

અન્ગ્વેન્ટમ્ સેબીની. ઓઇન્ટમેન્ટ ઑફ સેવીન. ગુ. સેવીનનું મલમ.

બનાવટ—સેવીન .... ૮ ઔંસ.
પીળું મીણ ... ૩ ,,
લાર્ડ ચોખ્ખું ...૧૬ ,,
} ગરમ કરીને મિશ્ર કરવું.

ઉપયોગઃ—નષ્ટાર્તવ, અતિઆર્તવ,તથા ગર્ભપાત કરવા ઉપર અપાયછે. બ્લીસ્ટરને વહેવા સારૂ મલમ લગાડવામાં આવેછે.

ઓલ્યમ્ સેબીની ઈં. ઓઇલ ઑફ સેવીન. ગુ. સેવીનનું તેલ.

આ તેલ વરાળ માર્ગે ખેંચાયછે.

માત્રાઃ—૧ થી ૫ ટીપાં.

ટિંક્ચુરા સેબીની. ઈં. ટિંચર ઑફ સેવીન. ગુ. સેવીનનો અર્ક.

બનાવટઃ—સેવીન.............૨½ ઔંસ.
પ્રુફસ્પીરીટ...........૧ પાઈંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ રેડવો ને નીચોવી એક પાઇંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રાઃ—૨૦ થી ૬૦ ટીપાં.

સેના. ઈં. સેના. ગુ. સોનામુખી.

હિંદુસ્તાન અને આલિકઝાંદ્રીઆ તરફથી આવેછે.

ગુણઃ—રેચક.

ઈનફ્યુઝમ્ સેની. ઈં. ઈનફ્યુઝન ઑફ સેના. ગુ. સોનામુખીની ચા.

બનાવટઃ—સોનામુખી .... ૧ ઔંસ
સુંઠ ....૩૦ ગ્રેન.
ચોખ્ખું ખળખળતુંપાણી.૧૦ ઔંસ
} એક કલાક પલાળી ગાળી લેવું.

માત્રા—૧ થી ૨ ઔંસ.

કનફેક્શયો સેની. કનેક્શન ઑફ સેના. ગુ. સોનામુખીનો મુરબ્બો.

બનાવટ:—સોનામુખીનો ભુકો....................... ૭ ઔંસ.

ધાણાનો ભુકો......................... ૩ ,,
અંજીર ....૧૨ ,,
આમલી .... ૯ ,,
ગરમાળાનો ગોળ .... ૯ ,,
જેઠીમધનો શીરો .... ¾ ,,
આલુબુખાર .... ૬ ,,
ધોયેલી સાકર ....૩૦ ,,
ચોખ્ખું પાણી..........................જરૂર જેટલું.

અંજીર અને આલુબુખારને ૨૪ ઔંસ પાણીમાં ચાર કલાક ઉકાળી જેટલું પાણી બળી જાય તેટલું ફરીથી ઉમેરી આમલીને ગરમાળો મેળવી બે કલાક રાખી ચાયણીમાંથી ગાળી લેવું, અને તેમાં સાકરને જેઠીમધ નાંખી ધીમી આંચથી ઓગાળવું અને છેવટે સોનામુખીને ધાણા મેળવી હલાવવું.

ટિંકચુરા સેની. ઈં. ટિંકચર ઑફ સેના. ગુ. સુનામખીનો અર્ક.

બનાવટ:—સોનામુખી ... ૨½ ઔંસ.
દ્રાક્ષ (બી વીનાની) ... ૨ ,,
સુવા ખોખરા ... ½ ,,
ધાણા ખોખરા ... ½ ,,
પ્રુફસ્પીરીટ ... ૧ પાઈંટ

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પલાળી રાખી ગાળતી વેળા બાકીનો સ્પીરીટ રેડવો ને નીચોવી લઇ એક પાઇંટ થાય તેટલો બીજો સ્પીરીટ ઉમેરવો.

માત્રા:—૧ થી ૪ ડ્રામ.

ઉપયોગ:—અજીર્ણ, મળાવરોધ, ત્વચા રોગ ઉપર ઝાડો લાવવા અપાય છે.

મીસ્ચુરા સેની કોમ્પાઝીટા. ઈં. કોમ્પાઉન્ડ મીક્ષ્ચર ઑફ સેના. ગુ. સોનામુખી આદિ મિશ્રણ.

બનાવટ:—વિલાયતી મીઠું....................... ૪ ઔંસ
જેઠીમધનો શીરો......................૨½ ,,
સોનામુખીનો અર્ક ....૧½ ,,
એલચીઆદિ અર્ક ....૧૦ ડ્રામ
સોનામખીની ચા........................જરૂર જેટલી

ચૌદ ઔંસ ચામાં મીઠું અને જેઠીમધ ધીમી આંચથી ઓગાળી પછી અર્ક ઉમેરવા અને એક પાઇંટ થાય તેટલી ચા બીજી ઉમેરવી.

માત્રા:—૧ થી ૧½ ઔંસ

સીરૂપસ સેની. ઈં. સૈરપ ઑફ સેના. ગુ. સુનામુખીનો શરબત.

બનાવટઃ—સોનામુખી ... ... ૧૬ ઔંસ
ધાણાનું તેલ... ... ... ૩ ટીપાં
ધોએલી સાકર ... ... ૨૪ ઔંસ
રેકટીફાઈડ સ્પીરીટ ... ... ૨ ,,
ચોખ્ખુ પાણી ... ... ૫ પાઈંટ

૭૦ આઉંસ થોડા ગરમ પાણીમાં ૨૪ કલાક સોનામુખી રાખી પાણી નીચોવી લેવું. નીચોવાયલી સોનામુખી ફરી ૩૦ ઔંસ તેવાજ પાણીમાં ૭ કલાક રાખી નીચોવી લેવી. બેઉ વખતનાં પ્રવાહી એકત્ર કરી ઉષ્ણોદકથી બાળી ૧૦ ઔંસ રહેવા દેવું ને થંડુ થયા બાદ સ્પીરીટને તેલ મેળવવાં. તેને ગાળીને ૧૬ ઔંસ થાય તેટલું ચોખ્ખુ પાણી તેમાં મેળવવું, પછી સાકર નાંખી ધીમી આંચથી ઓગાળવી.

માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

સોડા કાસ્ટીકા. ઈં. કાસ્ટીક સોડા.

ગુણઃ—દાહક.

ઉપયોગઃ—કાસ્ટીક પોટાસની માફક છે.

સોડા ટાર્ટરેટા. ઈં. ટારટરેટેડ સોડા.

ગુણઃ—મૂત્રલ, રેચક.

માત્રાઃ—૩૦ થી ૬૦ ગ્રેન. રેચક માત્રાઃ—૨ થી ૪ ડ્રામ.

ઉપયોગઃ—સીડલીસ પાઉડર બનાવવામાં આવેછે. દસ્ત ઉતારવા અપાય છે.

સીડલીસ પાઉડર. ઈં. સીડલીસ પાઉડર.

બનાવટઃ—સોડાટાર્ટરેટા	૨ ડ્રામ	એક પડીકું	
સોડા બાઇ કાર્બોનસ	૪૦ ગ્રેન		
ટાર્ટરીક આસિડ	૩૦ ,,	બીજું પડીકું	

બંને પડીકાને જુદા જુદા વાસણમાં ઓગાળી એકત્ર કરી ઉભરો આવે કે તરત પીવું.

સોડી આર્સેન્યાસ. ઈં. આર્સેન્યેટ ઓફ સોડા. ગુ. સોડાનો સોમલ.

માત્રાઃ—$\frac{1}{16}$ થી $\frac{1}{8}$ ગ્રેન.

લાઇકર સોડી આર્સેન્યેટીસ. ઈં. સોલ્યુશન ઓફ આર્સેન્યેટ ઓફ સોડા. ગુ. સોડા તથા સોમલનું પ્રવાહી.

બનાવટ—સોડા સોમલ	૪ ગ્રેન	મિશ્ર કરવું.
ચોખ્ખું પાણી	૧ ઔંસ	

માત્રાઃ—૫ થી ૧૦ ટીપાં.

ગુણઃ—શોધક

ઉપયોગઃ—સોમલ જે જે દરદો ઉપર વપરાયછે તે ઉપર આ દવા વાપરી શકાયછે.

સોડી બાઈકાર્બોનાસ. ઈં. બાઈકાર્બોનેટ ઓફ સોડા. ગુ. બાઈકાર્બોનેટ ઓફ સોડા.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

સોડી કાર્બોનાસ. ઈ. કાર્બોનેટ ઓફ સોડા. ગુ. કાર્બોનેટ ઓફ સોડા. પાપડખાર.સાજી.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—અમ્લવિરૂદ્ધ, શોધક, અશ્મરીઘ્ર.

ઉપયોગઃ—અમ્લપીત, અજીર્ણ, ગુલ્મ, મૂત્રાશ્મરી, ઉષ્ણવાત, ચુંક, ઉલટી, ત્વચા રોગ, ઉપર સારો ફાયદો કરેછે.

લાઇકર સોડી. ઈ. સોલ્યુશન ઓફ સોડા. ગુ. સોડાનું પ્રવાહી.

બનાવટઃ—કાર્બોનેટ ઓફ સોડા... ... ... ૨૮ ગ્રેન.
કળીચૂનો ... ... ૧૨ ,,
ચોખ્ખું પાણી ... ... ૧ ગ્યાલન.

કાર્બોનેટ ઓફ સોડાને પાણીમાં ઓગાળી એક લોઢાના વાસણમાં ઉકાળવું, અને કળીચુનો ઉમેરી દશ મિનિટ ઊકળવા દેવું. થંડુ થયા પછી ઉપરનું પાણી લેવું.

લાઈકર સોડી કલોરેટી. ઈ. લાઇકર સોડી કલોરેટી.

માત્રાઃ—૧૦ થી ૨૦ ટીપાં.

ગુણઃ—ઉષ્ણ, જંતુઘ્ર.

ઉપયોગઃ—મોઢાનાં તથા ગળાનાં ગંધાતાં ચાંદાં માટે કોગળા કરાવવામાં આવેછે. નાક, યોનિ તથા કયાનસરમાંથી દુર્ગંધ રસી નીકળેછે તેને ધોવાને કામ લાગેછે.

લાઈકર સોડી એફરવેસેન્સ. ઈ. સોડાવોટર. ગુ. સોડાવોટર.

બનાવટઃ—બાઇ કાર્બોનેટ ઓફ સોડા... ... ૩૦ ગ્રેન.
પાણી .. .. ૧ પાઈંટ.

મિશ્ર કરીને તેમાં ભરાય તેટલો સંચાથી કાર્બોનીક આસિડ મેળવી બાટલીમાં બંધ રાખવો.

ટ્રોકીસ્કાઈ સોડી બાઈકાર્બોનેટીસ. ઈ. બાઈકાર્બોનેટ ઓફ સોડા લોઝેન્જીસ. ગુ. બાઇ કાર્બોનેટ ઓફ સોડાની રેવડી.

બનાવટઃ—બાઈ કાર્બોનેટ ઓફ સોડા.૩૬૦૦ ગ્રેન.
ધોયેલી સાકર. ૧૫ ઔંસ.
ગુંદર. ... ૧ ,,
ગુંદરનું પાણી ... ૨ ,,
ચોખ્ખુ પાણી. ... ૧ ,,
} સર્વેને મિશ્ર કરીને ૭૨૦ રેવડી બાંધવી.

માત્રાઃ—૧ થી ૬ રેવડી.

સોડી ફાસફસ. ઈ. ફોસફેટ ઓફ સોડા. ગુ. ફોસફેટ ઓફ સોડા.

માત્રાઃ—½ થી ૧ ઔંસ.

ગુણઃ—રેચક. સોડા સલફસની માફક જુલાબ તરીકે અપાયછે. ઉ

સોડી હાઈપોફાસફીસ. ઈ. હાઈપોફોસફેટ ઓફ સોડા. ગુ.હાઇપો ફોસફેટ ઓફ સોડા.

માત્રાઃ—૨ થી ૧૫ ગ્રેન.

ગુણઃ—પૌષ્ટિક, શોધક.

ઉપયોગઃ—ક્ષય ઊપર અતિ ગુણકારી છે. નબળાઇ, અપસ્માર, હીસ્ટીરીયા, સસણી, દમ, શ્વાસ, ઉપર અપાયછે.

સોડી સલ્ફસ. ઈં. સલ્ફેટ ઓફ સોડા. ગુ. સલ્ફેટ ઓફ સોડા.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—એપસમ સાલ્ટની માફક જુલાબ તરીકે અપાયછે.

માત્રાઃ—૨ થી ૮ ડ્રામ.

સોડી વેલેરીયનસ. ઈં. વેલેરીયેનેટ ઓફ સોડા. ગુ. વેલેરીયેનેટ ઓફ સોડા.

માત્રાઃ—૧ થી ૫ ગ્રેન.

સોડી ક્લોરીડમ. ઈં. ક્લોરાઈડ આવ સોડયમ. ગુ. મીઠું.

બીજા ઓસડો બનાવવાના કામમાં આવેછે.

હાઈડ્રારજીરમ્. ઈં. મરક્યુરી. ગુ. પારો.

પારાની ઘણી દવાઓ ઔષધિમાં વપરાયછે. તેનો મુખ્ય ગુણ રસ વર્ધકછે. મોટાં આદમીઓ કરતાં બચ્ચાં પારાની દવા વધારે સહન કરેછે. પારો આપતી વખત ખાટા પદાર્થની પરેજ રખાવવી. સ્ક્રોફ્યુલા, ક્ષય, જળોદર, પાંડુ, મૂત્રાશયના વ્યાધિમાં પારાની દવા વાપરવી નહીં. પારાની દવા ત્રણ પ્રકારે અપાયછે, મોંઢેથી ખાવા અપાયછે, ધુમાડી અપાયછે, અને મર્દન કરવા અપાયછે.

ગુણઃ—પારાની જુદી જુદી દવાના જુદા જુદા ગુણછે. તોપણ એક શોધક અને શોષક એ મુખ્યછે.

ઉપયોગઃ—ઉપદંશ ઉપર અકશીરછે. ગ્રંથી, વરમ, સોજા, વાયુ, કબજીયત, યકૃતના વ્યાધિ, સંધિવા, ત્વચા રોગ ઉપર અપાયછે.

એમ્પ્લાસ્ટ્રમ્ હાઈડ્રારજીરી. ઈં. મરક્યુરીઅલ પ્લાસ્ટર. ગુ. પારાનો લેપ.

બનાવટઃ—પારો ... ... ૩ ઔંસ
અળશીનું તેલ ... ૧ ડ્રામ.
ગંધકનાં ફુલ. ... ૮ ગ્રેન.
ઓદારશીંગનો લેપ ... ૯ ઔંસ.

ગંધક અને તેલને ગરમ કરી હલાવી મેળવવાં. તેની સાથે પારાનાં રજકણ અદ્રશ્ય થાય ત્યાં સુધી તે ખરલમાં ઘુંટવું. તે પછી ઓદારશીંગનો લેપ ગરમ કરી સર્વ હલાવી એકત્ર કરવું.

ઉપયોગઃ—ગાંઠ, વૃષણ વૃદ્ધિ, બદ, ઉપર લગાડાયછે.

પીલ્યુલા હાઈડ્રારજીરી. ઈં. મરક્યુરીઅલ પીલ. ગુ. પારાની ગોળી.

બનાવટઃ—પારો ... ... ૨ ઔંસ.
ગુલકંદ ... ... ૩ ,,
જેઠીમધનો ભુકો ... ૧ ,,

ગુલકંદ સાથે પારાને તેનાં રજકણ અદ્રશ્ય થાય ત્યાં સુધી ખરલમાં ઘુટવો. પછી જે-

હોમધ મેળવી ગોળી વાળવી.

માત્રાઃ—૩ થી ૮ ગ્રેન.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—જુલાબ તરીકે અપાયછે, પીત્ત તથા યકૃના વ્યાધિ માટે વિશેષ અપાયછે. મોઢુ લાવવા સારૂ પણ અપાયછે.

લીનીમેન્ટમ્ હાઈડ્રારજીરી. ઈં. લીનીમેન્ટ ઓફ મરક્યુરી. ગુ. પારાનું તેલ.

બનાવટ—પારાનો મલમ ... ૧ ઔંસ.
સોલ્યુશન ઓફ આમોન્યા... ૧ ,,
કપૂરનું તેલ.. ... ૧ ,,

કપૂરના તેલને ગરમ કરી પારાનો મલમ તેમાં મિશ્ર કરી પછી આમોન્યા સોલ્યુશન નાંખી હલાવવું.

અન્ગ્વેન્ટમ્ હાઈડ્રારજીરી. ઈં. ઓઈંટમેન્ટ ઓફ મરક્યુરી. ગુ. પારાનો મલમ.

બનાવટઃ—પારો ... ...૧ રતલ. } મિશ્ર કરવું.
લાર્ડ ... ..૧ રતલ. }

અંગ્વેન્ટમ્ હાઇડ્રારજીરી કોમ્પાઝીટમ્. ઈં. કોમ્પાઉન્ડ ઓઈંટમેન્ટ ઓફ મરક્યુરી. ગુ. પારાદિ મલમ.

બનાવટઃ—પારાનો મલમ	......	૬ ઔંસ	મીણને ગરમ કરી તેલ રેડવું. તે ઠંડુ થાય એટલે કપૂરનો ભૂકો ને પારાનો મલમ મિશ્રકરીહલાવવું.
પીળું મીણ	......	૩ ,,	
અળશીનું તેલ	......	૩ ,,	
કપૂરનો ભૂકો	......	$1\frac{1}{2}$,,	

ઉપયોગઃ—લગાડવાના કામમાં આવેછે. ઉપદંશાદિ પ્રચારો ઉપર લગાડાયછે.મોઢું લાવવા સારૂ પારાનો મલમ બગલમાં તથા જાંગમાં રગડવો.

સપોઝીટોરીયા હાઈડ્રારજીરી. ઈં. મરક્યુરીઅલ સપોઝીટરી. ગુ. પારાની સોગટી.

બનાવટ—પારાનો મલમ	......	૬૦ ગ્રેન	છેલ્લી ત્રણ દવાને ગરમ કરી પારાનો મલમ તેમાં મેળવવો અને તેની ૧૨ એક સરખી સોગઠી કરવી.
બેનઝોયેટેડ લાર્ડ	......	૨૦ ,,	
સફેદ મીણ	......	૨૦ ,,	
કોકમનું તેલ	......	૮૦ ,,	

ઉપયોગઃ—મળદ્વાર તથા યોનિમાં પેરવામાં કામ આવેછે.

અન્ગ્વેન્ટમ્ હાઈડ્રારજીરી નાઈટ્રીસ. ઈં. સીટ્રીન ઓઈંટમેન્ટ.

બનાવટઃ—પારો ... ... ૪ ઔંસ
નાઇટ્રીક આસિડ ... ... ૧૨ ,,
લાર્ડ ... ... ૧૫ ,,
અળશીનું તેલ ... ... ૩૨ ,,

પારાને નાઇટ્રીક આસિડમાં ધીમી આંચથી ઓગાળવો. લાર્ડને તેલમાં ગરમ કરી મેળવવું અને પછી બંનેને જરા ફીણ આવે ત્યાં સુધી ગરમ કરી મિશ્ર કરવું.

ઉપયોગઃ—આ મલમને બીજા સાદા મલમ સાથે મેળવીને ત્વચારોગ ઉપર, ખરજવી, દાદર, વીસ્ફોટક, કરોળીયાના ચાંદાં ઉપર લગાડાયછે.

હાઈડ્રારજીરં આમોનાયટમ્. ઈ. આમોનાયેટેડ મરક્યુરી.

આ દવા ખાવા અપાતી નથી, લગાડવાને ફકત અપાયછે.

અંગ્વેન્ટમ્ હાઈડ્રારજીરી આમોનાયાટી. ઈ. ઓઇન્ટમેન્ટ ઓફ આમોનાયેટેડ મરક્યુરી. વ્હાઇટ પ્રેસીપીટેટ ઓઇંટમેન્ટ.

બનાવટઃ—સાદો મલમ ... ૧ ઔંસ } મિશ્ર કરવું.
આમોનાયેટેડ મરક્યુરી ...૧ ડ્રામ }

ઉપયોગઃ—ખીલ, વીસ્ફોટક, કખવા, ખરજવી દાદર, ખસ, લુખસ, કરોળીયા ઉપર લગાડાયછે.

હાઈડ્રારજીરમ્ કમક્રીટા. ઈ. ગ્રે પાઉડર. ગુ. પારો તથા ચાક.

બનાવટઃ—પારો ... ... ૧ ઔંસ
ચાક ... ... ૨ ,,

પારાને તેનાં રજકણ અદૃશ્ય થાય ત્યાં સુધી ચાક સાથે ખરલમાં ઘૂંટવો.

માત્રાઃ—૩ થી ૮ ગ્રેન.

ગુણ—શોધક, રેચક, તથા અમ્લ વિરૂદ્ધ.

ઉપયોગઃ—બચ્ચાંને વાસ્તે ઝાડો, મરડો, ઉલટી, જવર ઉપર સાધારણ વપરાયછે, મોઢું લાવવા અપાયછે.

હાઈડ્રારજીરી આયોડીડમ્ રૂબ્રમ્. ઈ. રેડ આયોડાઈડ ઓફ મરક્યુરી. ગુ. શુદ્ધ કરેલો હીંગળોક.

માત્રાઃ—$\frac{1}{20}$ થી $\frac{1}{8}$ ગ્રેન.

અન્ગ્વેન્ટમ્ હાઈડ્રારજીરી આયોડીડી રૂબ્રી. ઈ. ઓઈન્ટમેન્ટ ઓફ રેડ આયોડીડ ઓફ મરક્યુરી. ગુ. હીંગળોકનો મલમ.

બનાવટઃ—સાદો મલમ... ... ૧ ઔંસ. } બંનેને મિશ્ર કરવાં.
હીંગળોક. ... ...૧૬ ગ્રેન. }

ગુણ તથા ઉપયોગઃ—રસકપૂર પ્રમાણે, વધારે દિવસ આપવાથી મોઢું આવેછે. મલમ ત્વચારોગ, ગ્રંથી, પ્લીહા, યકૃત, ઈત્યાદિ ઉપર લગાડાયછે.

હાઈડ્રારજીરી આયોડીડં વીરીડી. ઈ. ગ્રીન આયોડાઈડ ઓફ મરક્યુરી.

ગુણ, ઉપયોગ, માત્રા, ક્યાલોમલ પ્રમાણે.

હાઈડ્રારજીરી ઓક્ષીડં રૂબ્રમ્. ઈ. રેડ ઓક્સાઈડ ઓફ મરક્યુરી. રેડ પ્રેસીપીટેટ.

આ દવા બહુ ઝેરી છે. પેટમાં ખાવાને અપાતી નથી. ફક્ત મલમ કરી લગાડવામાં આવેછે.

અન્ગ્વેન્ટમ્ હાઈડ્રારજીરી ઓક્ષીડમ્ રૂબ્રમ્. ઈ. રેડ પ્રેસીપીટેટ ઓઈન્ટમેન્ટ.

બનાવટઃ—રેડ પ્રેસીપીટેટ...૬૨ ગ્રેન.
પીળુ મીણ ... $\frac{1}{4}$ ઔંસ. } ગરમ કરીને ત્રણેને મિશ્ર કરવાં.
બદામનું તેલ ... $\frac{3}{4}$,, }

ઉપયોગઃ—ગરમીનાં ચાંદાં, જખ્મ, ગુમડાં વગેરે ઉપર લગાડવામાં આવેછે.

હાઈડ્રારજીરી પરક્લોરીડમ્. ઈ. પરકલોરીડ ઓફ્ મરક્યુરી. ગુ. રસકપુર.

કરોઝીવ સબ્લીમેટ એ ઈંગ્રેજી સાધારણ નામ છે.

માત્રાઃ—$\frac{1}{16}$ થી $\frac{1}{8}$ ગ્રેન.

લાઈકર હાઈડ્રારજીરી પરકલોરીડમ્. ઈ. સોલ્યુશન ઓફ્ પરકલોરીડ ઓફ્ મરક્યુરી. ગુ. રસકપુરનું પ્રવાહી.

બનાવટઃ—રેસકપૂર	... ...	૧૦ ગ્રેન.	સર્વેને મિશ્ર કરવાં
નવસાર	... ...	૧૦ ,,	
ચોખ્ખું પાણી	... ...	૧ પાઇંટ	

માત્રાઃ—$\frac{1}{2}$ થી ૨ ડ્રામ.

લોશ્યો હાઇડ્રારજીરી ફ્લેવા. ઈ. યેલો વાશ. ગુ. રસકપુરનાં પોતાંનું પાણી. આ પ્રવાહી પીળા રંગનું હોય છે.

બનાવટઃ—રસકપૂર	... ...	૧૮ ગ્રેન.	મિશ્ર કરવું.
ચુનાનું પાણી	...	૧૦ ઔંસ.	

ઉપયોગઃ—ગરમીના વિવિધ રોગ ઉપર અપાય છે. આંખના વ્યાધિ ઉપર, મંદદ્રષ્ટી, રાત્રઅંધ, અને ગર્ભસ્થાનના વ્યાધિ, ત્વચા રોગ, ખીલ, ખરજવું, કરોળીયા, ખરજ ઉપર ગુણકારી છે. શુદ્ધ રસકપુરથી સહજ મોટું આવતું નથી. બજારમાં જે રસકપુર મળેછે તેમાં કયાલો મેલનો ભેગ હોયછે. બ્લાક વાશને ઠેકાણે યલોવાશ વાપરી શકાય છે, અને તે ફકત લગાડવાના કામમાં આવેછે.

હાઇડ્રારજીરી સબકલોરીડમ્. ઈ. સબકલોરીડ ઓફ્ મરક્યુરી. ક્યાલોમેલ. ગુ. ક્યાલોમેલ.

ગુણ—શોધક, રેચક.

માત્રાઃ—ગ્રેન $\frac{1}{2}$ થી ૧. રેચકમાત્રા ગ્રેન ૨ થી ૬.

અંગ્વેન્ટમ્ હાઇડ્રારજીરી સબકલોરીડી. ઈ. ક્યાલોમેલ ઓઈન્ટમેન્ટ. ગુ. ક્યાલોમેલનો મલમ.

બનાવટઃ—ક્યાલોમલ	...	૮૦ ગ્રેન	બંનેને મિશ્ર કરી મલમ કરવો.
સાદો મલમ	...	૧ ઔંસ	

પીલ્યુલા હાઇડ્રારજીરી સબકલોરીડી કોમ્પાઝીટા. ઈ. કોમ્પાઉન્ડ ક્યાલોમલપીલ. ગુ. ક્યાલોમલાદિગોળી.

બનાવટઃ—ક્યાલોમલ	..	૧ ઔંસ	સર્વેને મિશ્ર કરીને ગોળી વાળવી.
સલ્ફ્યુરેટેડ એન્ટીમની		૧ ,,	
ગ્વાયેકમ રેઝીન ...		૨ ,,	
બરંડીયુ	...	૧ ,,	

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

લોશ્યો હાઈડ્રારજીરી નાઇગ્રા. ઈ. બ્લાકવાશ. ગુ. બ્લાકવાશ.

બનાવટઃ—ક્યાલોમલ	...	૩૦ ગ્રેન	મિશ્ર કરવું.
ચુનાનુ પાણી	...	૧૦ ઔંસ	

ઉપયોગઃ—પારાની બહુ ઉપયોગમાં આવનારી દવા ક્યાલોમલ છે. ઉપદંશ ઉપર બહુ ફાયદો કરેછે. ચાંદી ઉપર બ્લાકવાશ અગર તેનો મલમ લગાડાયછે. મોટું લાવવા સારૂ ક્યાલોમલ અફીણના સંયોગમાં અપાયછે.

મોટું લાવવામાં દાંતનાં પેઢાં જરા સુજી આવે તથા થૂંકમાં જરા વધારો થાય એટલે બસ કરવું. ઘણું થૂંક વહ્યાથી ફાયદો ન સમજવો, ગરમી ત્વચા ઉપર ફૂટી નિકળી હોય તે ઉપર ૧૫ થી ૨૦ ગ્રેન ક્યાલોમલની દરરાત્રિ ધુંમાડી આપવામાં આવેછે. મગજનો વરમ તથા નેત્રદર્પણ અને કનીનીકાના વરમ ઉપર ક્યાલોમલ સારી અસર કરેછે. પીત્ત, જ્વર, મસ્તક શૂળ, મળાવરોધ, મરડો, કોલેરા, કૃમી, સંધીવા તથા ત્વચા રોગ ઉપર ક્યાલોમલ વપરાયછે.

યકૃતના દરદ ઉપર અતી ઉપયોગી છે. પીત્તનો શ્રાવ કરેછે. કમળો, અજીર્ણ, મુઝારો, વગરે દરદને મટાડે છે. મોટું લાવવા સારૂ ફકત પારાની દવા અપાયછે. ઉપદંશ શિવાય કવચિતજ બીજા રોગ ઉપર મોટું લેવાય છે.

હાયોસામી ફોલીવા. ઈં. હેનબેન અથવા હાયોસાયમસ લીઝ. ગુ. હાયોસામનાં પાંદડાં.

વિલાયતમાં એ નામનો છોડ થાયછે. એનાં પાન તથા બીજ વપરાયછે. તેનાં બીજને ખુરાસાની અજમો કહેછે.

એકસ્ટ્રાકટમ્ હાયોસામી. ઈં. એકસ્ટ્રાક્ટ ઓફ હાયોસાયમસ. ગુ. હાયોસાયમસનું સત્વ.

બનાવટઃ—હાયોસાઈમનાં પાંદડાં અને ફુલ ડાંખળીઓ... ... ૧૧૨ રતલ.

ઉપરની ૧૧૨ રતલ ફુલ ડાંખળીઓ અને પાંદડાંનો કચરીને રસ કાઢવો, ને ૧૩૦ ડીગ્રીવાળી ગરમીથી તપાવી ગાળી લીલો રંગ જુદો પાડવો. ગાળેલા પ્રવાહીને વધારે તપાવી ફરીથી ગાળવું. પછી તે પાણીને ઉષ્ણોદક ઉપર ચાસણી જેવું કરવું. પછી પાછો લીલો રંગ મેળવી દઈને તપાવીને નરમ સત્વ થવા દેવું.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ટિંકચુરા હાયોસામી. ઈં. ટિંકચુર ઓફ હાયોસાયમસ. ગુ. હાયોસાઈમનો અર્ક.

બનાવટઃ—હાયોસાઈમનાં પાંદડાં ... ... ૨½ ઔંસ.
પ્રુફ સ્પીરીટ ... ... ૧ પાઈંટ.

પંદર ઔંસ સ્પીરીટમાં ૪૮ કલાક પળાળી રાખી ગાળી લેતી વખત બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ રેડવો. બાદ નીચોવી લઈ એક પાઈંટ થાય તેટલો બીજો પ્રુફસ્પીરીટ ઉમેરવો.

માત્રા—½ થી ૧ ડ્રામ.

ગુણઃ—પીડા શાંતીકૃત, માદક, સ્નાયુ શૈથીલકૃત.

ઉપયોગઃ—દમ, ખાંસી, હૃદયરોગ, ઉન્માદ, મૂત્રપિંડના બાધિ, ઉનવા અને ચસકા ઉપર અપાયછે.

હીરડી. ઈં. લીચ. ગુ. જળો.

જળો સોજાવાળા, લોહીવાળા ભાગ ઉપર તથા દુખાવા અને ચસકાને ઠેકાણે લ-

ગાડાયછે. તે લોહી ખેંચી લેછે એટલે દરદ નરમ પડેછે. જળો નાની મોટી થાયછે. તે દરેક પોતાના કદ પ્રમાણે અડધાથી તે બેત્રણ તોલા સુધી લોહી ખેંચી લેછે. જળોને બેઉ છેડે ચોંટી રહેવાને સાધન હોય છે. મોઢાને ઠેકાણે ત્રણ દાંત હોયછે. તેથી તેનો દંશ ત્રિકોણાકાર બેસેછે અને દંશનો ડાઘ હમેશ પર્યંત રહે છે. જળો ચોંટયા પછી પંદર મિનીટમાં લોહીથી ભરાઇને ખરી પડે છે. જો તે ખરી નહીં પડેતો તેના પર મીઠાનું પાણી નાખવાથી તરત છૂટી પડે છે. જળો લગાડતી વખત વળગાડવાના ભાગ ઉપર જરા પાણી અગર માટી ચોપડવી એટલે તરત વળગશે. જળો છૂટયા પછી તેના ડંખમાંથી રૂધિર વહેછે. તેના ઉપર હળદર, બાળેલું રૂ અગર થંડુ પાણી લગાડવાથી તરત બંધ થાય છે. રૂધિર વહેતુ બંધ ન થાયતો ગ્રાહી દવા લગાડવી પડેછે અગર જરા ખેંચીને પાટો બાંધવો પડેછે.

હીમાટોખ્સીલી લીગ્નમ્. ઈ. લાગવુડ.

આ દવા જામેકામાંથી આવેછે.

ડીકાક્ટમ્ હીમાટોખ્સીલી. ઈ. ડીકોકશન ઓફ લાગવુડ. ગુ. લાગવુડનો કવાત.

બનાવટઃ—લાગવુડના કડકા	...	૧ ઔંસ	દશમીનીટ ઉકાળી તજ ઉમેરવી તેને ગાળી લેઈ એક પાઈંટ થાય તેટલું બીજું પાણી ઉમેરવું.
તજ ...	..	૬૦ ગ્રેન	
ચોખ્ખું પાણી	..	૧ પાઈંટ	

માત્રાઃ—૧ થી ૨ આઊંસ.

એકસ્ટ્રાકટમ્ હીમાટોખ્સીલી. ઈ. એકસ્ટ્રાકટ ઓફ લાગવુડ ગુ. લાગવુડનું સત્વ.

બનાવટઃ—લાગવુડના કડકા ... ૧ રતલ

ખળખળતું ચોખ્ખું પાણી... ૧ ગ્યાલન

૨૪ કલાક પલાળી પછી ઉકાળી અડધું પાણી રહેવા દેવું તેને ઉષ્ણોદકવડે નરમ સત્વ થાય ત્યાં સુધી બળવા દેવું.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—ગ્રાહી.

ઉપયોગઃ—ઝાડા ઉપર બહુ ફાયદો કરતા છે. બચ્ચાંઓને ઝાડો બંધ કરવા ઉપ વધારે લાગુ પડેછે.

હેમીડેસ્મી રેડીકસ ઈ. હેમીડેસમસ રૂટ. ગુ. સતાવરીનાં મૂળ, અનંતમૂળ.

આ દવા હિંદુસ્તાનમાં થાયછે.

ગુણઃ—પૌષ્ટીક, જ્વરઘ્ન, મૂત્રલ, શોધક.

સીરૂપસ હેમીડેસ્મી. ઈ. સીરપ ઓફ હેમીડેસ્મસ. ગું. અનંતમૂળનો શરબત.

બનાવટઃ—અનંતમૂળ .. ... ૪ ઔંસ

સાકર ધોયેલી ... ... ૨૮ ,,

ખળખળતું ચોખ્ખું પાણી ... ૧ પાઈંટ

અનંતમૂળને ચાર કલાક પાણીમાં રાખી ગાળી લેઇ પાણી ઠરવા દેવું. તે

નીતર્યું પાણી લઈ તેમાં સાકર ઓગાળવી.

માત્રાઃ—૧ ડ્રામ.

ઉપયોગઃ—ઉપદંશ, સંધિવાયું, નબળાઇ, ત્વચા રોગ ઉપર વપરાયછે. ગુણ સાર્સાપરીલાને મળતા છે.

હોરડીયમ્ ડીકોર્ટીકેટમ્. ઈં. પેરલ બાર્લી. ગુ. જવ.

ડીકોકટમ્ હોરડીયાઈ ઈં. ડીકોકશન ઓફ બાર્લી ગુ. જવનો કવાત.

બનાવટઃ—જવ	... ...	૨ ઔંસ	જવને ધોઇને વિશમીનીટ
ચોખ્ખું પાણી	..	૧ ½ પાઇંટ	પાણીમાં ઉકાળી ગાળી લેવું.

માત્રાઃ—પીવાય તેટલું.

ગુણઃ—શીતળ.

ઉપયોગઃ—પેશાબની બળતરા માટે અપાયછે. પરમીયો, મૂત્રાશય અગર મૂત્રપિંડના વ્યાધિ તથા અશ્મરી માટે અપાયછે.

દવાઓના ગુણ અને ઉપયોગ પ્રમાણે તેમના વર્ગ.

દાંત મંજન એટલે દાંતે લગાડવાની દવાઓ. (ડેન્ટીફ્રીસ).

કોયલા	ચાક	કાથો.
ફોસફેટ આવ સોડા	ક્લોરીનેટેડ લાઇમ	હીરાબોળ.
સલફેટ આવ સોડા	સીંકોનાની રાતી છાલ.	રત્નાટની. મીઠું.

ગ્રાહી, સ્તંભક અથવા રક્ત સ્તંભક દવા (આસ્ટ્રીંજન્ટ).

ફટકડી	ટરપનટાઇન	કાથો.
જસતનાં ફુલ	માયફળ	કાયનો
ઓક્ષાઇડ આવ ઝીંક	ગ્યાલીક અને ટાનીક આસિડ.	લોગવુડ
સુગરલેડ	ચાક	દાડમની છાલ.
લોખંડનો અર્ક	બીઝમથ	બીલી
હીરાકશી	સલફ્યુરીક આસિડ	અફીણ.
નાઇટ્રેટ ઓફ સીલ્વર.	મોરથુથુ	રત્નાટની

દંભક એટલે બાળવાની દવાઓમાં જલદ (એસ્કારોટિક્સ).

સલફ્યુરીક આસિડ	નાઇટ્રીક આસિડ	કાસ્ટીક સોડા
હાઇડ્રોકલોરીક આસિડ	કાસ્ટીક પોટાસ	ક્લોરાઇડ આવ ઝીંક.

હલકી દંભક ઔષધિ (કાસ્ટીક)

આયોડીન	નાઇટ્રેટ ઓફ સીલ્વર	એસેટીક આસિડ
ચુનો	રસકપૂર	કાર્બોલિક આસિડ
મોરથુથુ	સોમલ ફીયાસોટ	સોલ્યુશન ઓફ આમોન્યા.

ક્ષોભક દવા. (ઇરીટંટ).

આમોન્યા. મરી. એસેટિક આસિડ.
સૂંઠ. જમાલગોટા. કાન્થારીડીસ.
વીરેટ્રીયા. મરચાં. ટરપનટાઇન.
સેવીન. રાઈ.

દૂરગંધ દૂર કરનાર દવા. (ડીસ ઇન્ફેકટન્ટસ).

કોયલા. કલોરીનેટેડ સોડા.
સલ્ફયુરસ આસિડ. ચૂનો. ક્રીયાસોટ,
કલોરીન. હીરાકસી. કલોરાઇડ આવ ઝીંક.
પરમાંગનેટ ઓફ પોટાસ. કાર્બોલીક આસિડ. મોરથુથુ.

વાતહર ઔષધિ. (કાર્મીનેટીવ્ઝ).

સૂંઠ. જાયફળ અને તેનું તેલ.
તજ અને તેનું તેલ. લવાન્ડરનું તેલ. કાજ્યુપટ તેલ.
કેસર. પીપરમીટનું તેલ. લીંબુનું તેલ.
મરી. સુવા અને તેનું તેલ. અનીસુન અને તેનું તેલ.

દીપન અને પાચન ઔષધિ. (સ્ટોમાકીકસ).

હાઇડ્રોકલોરીક આસિડ. ઝેરકચોલું. લીંબુની છાલ.
નાઇટ્રીક આસિડ. સ્ટ્રીકન્ય'. નારંગીની છાલ.
જનશ્યન. ક[illegible]. કવીનાઇન.
કરીઆતુ. કવસ્યા. સીંકોનાની છાલ.
કબાબચીં. કાસકરીલા.

આમ્લ વિરૂધ ઔષધ. (એન્ટાસીડ).

આમોન્યા અને તેના કાર્બોનેટ. સોડા અને તેના કાર્બોનેટ. માગ્નીશીઆ અને તેના કાર્બોનેટ.
પોટાસ અને તેના કાર્બોનેટ. ચૂનો અને તેના કાર્બોનેટ.

વમન ઔષધિ. (ઇમેટીકસ.).

કાર્બોનેટ આવ આમોન્યા. જસતનાં ફૂલ. ઇપીકાકયુઆના.
ટારટરેટ આવ એન્ટીમની. મોરથુથુ.
સ્કવીલ. રાઇ.

કૃમિઘ્ન ઔષધિ. (એન્થેલ્મીંટીકસ).

મેલફર્ન. દાડમનાં મૂળ. કુસો.
ટરપનટાઇન તેલ. મીઠું. રેવંચી
કપીલો. કયાલોમેલ. જાલપ.
સાન્ટોનાઇન. એળીઓ. સ્કામની.

જુલાબની દવા. (પરગેટીવ્સ).

ગંધક.	અંજીર.	ઇંદ્રવરણાં.
સલ્ફેટ આવ પોટાશ.	એરંડીઉ.	ઇલાટીરીયમ.
આસીડટારટરેટ આવ પોટાશ.	જમાલગોટાનું તેલ.	આલુ બુખાર.
માગ્નીશીઆ કાર્બોનાસ.	રૂબાર્બ.	સોનામુખી.
એપસમ સૉલ્ટ.	સ્કામની.	ગરમાળો.
કયાલોમેલ.	જાલપ.	રેવંચી.
એળીઓ.	સીરએસ્ટ.	પેડોફીલીન.
ટરપનટાઇન તેલ.	ટારાક્ષાકમ.	

વમન મટાડનાર ઔષધિ.

ક્લોરોફોર્મ.	બાઇકાર્બોનેટ ઓફ સોડા.	અફીણ.
બરફ.	ચુનાનું પાણી.	કડુ.
સોડા લેમનેડની બાટલી.	બીઝમથ.	ક્રીયાસોટ.
હાઇડ્રોસ્યાનીક આસિડ.	કાઇનો.	લીંબુનું શરબત.
માગનીશીયા.		

ઉષ્ણ ઔષધિ. (સ્ટીમ્યુલંટસ).

આમોન્યા.	કપૂર.	બ્રાન્ડી અને બીજા દારૂ.
ટરપનટાઇન.	હીંગ.	ઈથિર.
અકલકરો.	રેકટીફાઇડ સ્પીરીટ.	કસ્તુરી.

શરીરને શાંત અને મંદ કરનાર ઔષધિ. (સેડેટીવ).

હાઇડ્રોસ્યાનિક આસિડ	ડીજીટેલીસ	હેમલોક
સુરોખાર	બેલાડોના	અફીણ
ટારટરેટ આવ એન્ટીમની	હાયોસાઇમિ	કલોરોફોર્મ
કોલચીકમ	તમાકુ	વછનાગ
કપૂર		

કફઘ્ન ઔષધિ. (એક્ષપેકટોરંટસ).

કાર્બોનેટ ઓફ આમોન્યા.	સ્કવીલ.	સેનીગા.
તમાકુ.	એપીકાકયુઆના.	કપૂર.
ધંતુરો.	આમોનાયકમ.	કલોરોફોર્મ.
લોબાન અને તેનાં ફુલ.	બાલસામ આવ પેરૂ.	અફીણ.
ટારટરેટ ઓફ એન્ટીમની.	હીરાબોળ.	હેમલોક.

નિદ્રા અને ઘેન લાવનાર દવા. (નારકોટીક).

ભાંગ અને ગાંજો.	અફીણ, મોરફ્યા.	ડીજીટેલીસ.
બેલાડોના.	દારૂની પુષ્કળ માત્રા.	ધંતુરો.

હાયોસાઈમ.	કલોરલ હાઈડ્રેટ.	ઈથર.
તમાકુ.	કલોરોફોર્મ.	હેમલોક.

પૌષ્ટિક દવા. (ટાનીક).

મીનરલ આસિડ.	મોરથુથુ.	વનસ્પતિની કડવી દવા જેમ-
સોમલ.	નાઈટ્રેટ આવ સીલ્વર.	કે જનશ્યન કરીઆતુ વગેરે.
સલ્ફેટ આવ ઝીંક.	લોખંડની વિવિધ દવા.	કાડલીવર ઓઈલ.

મૂત્રલ ઔષધિ. (ડાયુરેટીક).

પાણી.	સ્કવીલ.	ડીજીટેલીસ.
પોટાશ અને સોડાનો ખાર.	ટરપનટાઇન	કોપેબા.
સુરોખાર.	જ્યુનીપર.	બકુ.
રેવંચી.	સ્પીરીટ આવ નાઇટ્રીક ઇથર.	ક્યાન્થારીડીઝ.

સ્વેદલ ઔષધિ. (ડાયાફોરેટીક).

પાણી.	એન્ટમનીનો ક્ષાર.	ઇપીકાક્યુના.
ગંધક.	સારસાપરીલા.	અફીણની દવાઓ.
એસેટેટ આવ આમોન્યા.	કપૂર.	જેમ્સ પાઉડર.
વારબર્ગ ટિંક્ચર.		

देशी औषधि.

भाग ४ थो.

દેશી દવાઓ નીચેના રૂપમાં અપાયછે.

ચૂરણ—દવાને વાટી અગર ખાંડીને બારીક વસ્ત્રથી ચાળીને ચૂરણ બનાવાયછે.

સ્વરસ—તાજી વનસ્પતિ ઔષધિને કચરી અને જરૂર પડતો થોડું પાણી ઉમેરી તેમાંથી નીચોવી લીધેલા પાણીને સ્વરસ કહેછે.

કલ્ક—સૂકી અગર તાજી વનસ્પતિ દવાને વાટીને તૈયાર કરેછે તેને કલ્ક કહેછે. સુકી વનસ્પતિમાં પાણી મેળવવું પડેછે.

ક્વાથ અથવા ઉકાળો—વનસ્પતિ દવાને ખોખરી કરી તેનો એક ભાગ, પાણીના આઠ, સોળ, અગર બત્રીસ ભાગ સાથે ઉકાળવી. બાદ પાણી બળીને ⅛ રહે એટલે ગાળી લેવું. મીઠું, મધ, સાકર, ગોળ, ઘી અગર બીજી દવા સાથે ક્વાથ પીવામાં આવેછે.

ફાંટ એટલે ચા—ઔષધિનો એક ભાગ પાણીના આઠ ભાગ સાથે આખી રાત પલાળી રાખી ગાળી લેવું.

હીમ—કરવામાં છગણુ પાણી જોઇયે છઇયે. તેમાં ઔષધીને પલાળી ગાળી લેવી.

યવાગુ એટલે કાંજી—જવ, ઘઉં, ચોખા, ઇત્યાદિના આટાને પાણીમાં ઉકાળવાથી બનેછે, અને તે ખોરાક તરીકે અપાયછે. સદરહુ પાણીમાં ⅛ ઔષધિ મેળવી અર્ધ શેષ રહે ત્યાંસુધી ઉકાળી તૈયાર કરવું પડેછે.

અવલેહ—ઔષધિનો પ્રથમ ક્વાથ બનાવી તે પાણીને બાળી નાખવાથી અવલેહ બનેછે. તેમાં બીજી ઔષધિ તથા મધ સાકર વીગેરે મેળવી તે ચાટવાના કામમાં આવેછે.

વટીકા એટલે ગોળી—દવાના સત્વની અગર તેના ચૂરણની અગર ધાતુની ગોળી બનાવાયછે. આદુરનો રસ પાનનો રસ વગેરેની સાથે ગોળી બાંધવામાં આવેછે. તે નાની મોટી થાયછે.

મોદક એટલે લાડુ—દવાની સાથેખાંડ,ઘી,મધ અગર ગોળ મેળવવાથી મોદકબનેછે.

ખાંડપાક એટલે મુરબ્બો—દવાને ચાસણી અગર મધમાં મેળવવાથી મુરબ્બો બનેછે અને તેને હમેશાં નરમ રાખવામાં આવેછે.

પુટપાક—વનસ્પતિ દવાને વાટી તેને વડના અગર જાંબુના પાનમાં સીવીને દોરાથી બાંધી લેવું. તે ઉપર માટીનો લેપ અડધાથી એક ઇંચ જાડો કરવો, અને છાણાની અગ્નિમાં તેને બાળવું .માટી પાકીને લાલ થાય એટલે તેના ગોળાને કાઢી લેવો અને તે દવાને કાઢી તેનો રસ, ગોળી, અગર ચૂરણ કરીને ઔષધ તરીકે વાપરવું.

આસવ, અરીષ્ટ એટલે દારૂ—દવાઓને પાણી, મધ અગર ગોળમાં મેળવી થોડા દિવસ રહેવા દેછે, અને તેમાં ખટાશ આવવા દેછે. ઘણું કરી પાણી ૩૨ શેર, ગોળ ૧૨½ શેર, મધ ૬¼ શેર અને દવા ૧¼ શેર આ પ્રમાણમાં આવેછે. ઔષધ તેની સાથે મેળવવામાં આવેછે અગર ઔષધનો ક્વાથ કરીને તે પાણી મેળવેછે.

ઘી અને તેલ—દેશી દવામાં ઔષધિનું ઘી અગર તેલ કરીને વપરાયછે. ઘી પીવા તથા લગાડવાના કામમાં આવે છે, અને તેલ ફક્ત લગાડવાના કામમાં આવેછે. દવાનો એક ભાગ, ઘી અગર તેલના ચાર ભાગ અને બીજા પ્રવાહીના ૧૬ ભાગ, જેમકે પાણી, દૂધ અગર બીજું પ્રવાહી હોય તે સર્વેને એકત્ર ઉકાળતાં તે પ્રવાહી બળી જાય એટલે ઘી અગર તેલ બાકી રહેછે. તેમાં દવાનો કસ આવી જાયછે અને તે ઔષધીમાં વપરાયછે.

ક્ષાર—દેશી ઔષધિમાં કેટલાક ક્ષાર વનસ્પતિ દવાઓને બાળી, તેની રાખ કરી, પાણીમાં ગાળી અને સૂકવીને બનાવવામાં આવેછે.

કેટલીક **ધાતુને મારવામાં** આવેછે એટલે તેમના ઉપર એવા પ્રયોગો થાયછે કે જેથી તેની ખાખ થઇ ચૂરણ થાયછે. રસાયની તથા પૃથક્કરણની વિદ્યાનો ઉત્કર્ષ બહુ આગળના વખતમાં થયો લાગતો નથી. તેથી આજના વખતની સાથે સરખાવતાં એ આપણી અસલની ખાખ બનાવવાની રીત વખાણવા લાયક નથી. ખાખ બનાવવામાં તે ધાતુનો, ઓક્સિજન અને ગંધકાદિ સાથે સંયોગ થઈ તેના ક્ષાર થાયછે. તે સંયોગ મીશ્ર ક્ષાર પણ એકજ પ્રકારના શુદ્ધ નથી હોતા. ધાતુ એક વખત મારી એટલે તે ખાખમાંથી પાછી તે ધાતુ બનવી અશક્યછે એમ લોકો માનેછે, પણ તે ભૂલ ભરેલુંછે. હાલના કાળના રસાયન વિદ્યાના સાધનોથી હરકોઈ ક્ષાર (ખાખ)માંથી તેની મૂળ ધાતુ જુદી પાડી શકાયછે.

વિલેપી એટલે રાબડી એ કેટલીક ઔષધી અથવા આટાને ચોગણા પાણીમાં ઘાડુ થાય ત્યાં સુધી ઉકાળી તૈયાર થાયછે.

દેશી ઔષધ.

દેશી દવાઓ જે સાધારણ વપરાય છે તેનું અક્ષર અનુક્રમવાર સંક્ષિપ્ત વર્ણન નીચે આપ્યુંછે.

મ=મરાઠી. **સં=સંસ્કૃત.**

અકલકરો—મ. અકલકરા સં. આકલ્લક.

ગુણ:—ઉષ્ણ, વાતહર.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

ઉપયોગ:—પોગવાઈ તરીકે આપવામાં આવેછે. દાંત દુખતા હોય ત્યારે મોઢામાં રાખવામાં આવેછે. પેટના વાયુ ઉપર અપાયછે. મોંમાં રાખવાથી થુંક વહેછે, અને તમતમેછે. અકલકરાનાં મૂળ ઔષધમાં વપરાયછે.

અગથીયો—મ. અગસ્તા. સં. અગસ્ત્ય.

ગુણઃ—ગ્રાહી, વાતહર.

ઉપયોગઃ—ખાંશી, કફ, ઝાડો, શૂળ અને ત્વચારોગ ઉપર ક્વાથમાં આપવામાં આવેછે. ઔષધિમાં છાલ વપરાયછે. શીંગોનું શાક થાયછે.

અઘાડો—મ. અઘાડા. સં. અપ માર્ગ.

ગુણઃ—કફઘ્ર, ઉષ્ણ.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગઃ—દમ, ખાંશી, અને શ્વાસ ઉપર અપાયછે. તેનો ક્ષાર વિશેષ વપરાયછે. અઘાડાને બાળી તેની રાખ ચારગણા પાણીમાં એક રાત ભીંજવી રાખવી. સવારે ઉપરનું આછું પાણી ગળી લેઈ, તેને લોખંડની કડાઈમાં બાળી દેવું. તળીયે જે જામી રહેશે તેને અઘાડાનો ક્ષાર કહેછે. આ ક્ષાર દમ, ખાંસી, ગુલ્મ, પેટના વાયુ, શૂળ તથા પાંડુરોગ ઉપર અપાય છે. ક્ષારની માત્રા ગ્રેન ૨ થી ૫ પર્યંતછે.

અજમો—મ. ઓવા, સં. દીપ્ય.

ગુણઃ—ઉષ્ણ, વાતહર, દીપન, પાચન.

માત્રાઃ—૨૦ થી ૬૦ ગ્રેન.

ઉપયોગઃ—ચુંક, અજીર્ણ તથા પેટના વાયુ ઉપર અપાય છે. પેટમાં દુખતુ હોય તો સાધારણ અજમા તથા સંચળની ફાકી લેવામાં આવેછે. અજમાનું તેલ નીકળેછે. તેની માત્રા ૧ થી ૩ ટીપાં. અજમાનાં ફુલ થાયછે, તેમજ તેનું પાણી થાયછે. તેલ તથા પાણી વરાળ યંત્રથી ખેંચાય છે. દેશી અજમાના ગુણ ઈંગ્રેજી "કારાવે" ને મળતા આવેછે.

૧. **અજમોદાદિ ચુરણઃ**—અજમો, સિંધવ, સંચળ, જવખાર, હીંગ, હરડે, આ દરેક દવાના સમભાગ લેઈ ચુરણ કરવું. માત્રા ૩૦ થી ૬૦ ગ્રેન.

૨. **અજમો, અજમોદ વરીયાળી, જાવંત્રી** સમભાગ લેઈ ચુરણ કરવું. માત્રા $\frac{1}{2}$ ડ્રામ. ચુરણને સાકર સાથે લેવું. ચુંક તથા અજીર્ણ ઉપર તે અપાય છે.

અજમાની બીજી બે ત્રણ જાત થાયછે. ૧ **બોડી અજમોદ, ૨ છુવારો અજમો, ૩. દીવેચીઅજમો. ૪ કરમાણી અજમોદ.** છુવારો અને કરમાણી એબે શુધ અજમામાંથી બનેછે. તે થોડા ગરમ હોયછે, અને તેથી બચ્ચાંઓને પાવામાં આવે છે. બોડી અજમોદના દાણા ગોળ તથા સ્વાદે કડવા તીખા હોયછે. તે જુદાજ ઝાડની પેદાશ છે. તે થોડો ગરમ હોય છે. ખરા અજમાના દાણા લાંબા તથા અતિ તિખા હોય છે.

ખુરાશાની અજમોઃ—જુદાજ વર્ગનો છે, તે કેફીછે. તેનાં બીજ ઝીણાં, ચપટાં, ભુરાં, સ્વાદ વગરનાં હોય છે. તેને ઈંગ્રેજીમાં "હેનબેન" કહેછે.

અતિ વખની કળી—મ. અતિવિષ. સં. અતિવિષ્ટ.

ગુણઃ—દીપન, ગ્રાહી, કફઘ્ર, વાતહર.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ઉપયોગઃ—ચુંક, ઉલટી, તૃષા, કરમ, હરસ જ્વર વગેરે દરદ ઉપર અપાય છે, બચ્ચાંને તાવમાં અપાય છે. આ મૂળના નામમાં ઝેર એવો અર્થ રહેલો છે. પણ તે ઝેરી નથી. તેનાં મૂળ જાડાં થાયછે, તેને બખમો કહેછે. તે ઝાડો તથા ઉલટીને બંધ કરે છે.

૧. અતિવિષ......૧ ડ્રામ	કાંકચાયાના ગોળા...૧ ડ્રામ
ગળો ....૧ ,,	મોથ. ....૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી ચુરણ કરવું. માત્રા ૨૦ થી ૪૦ ગ્રેન

ઉપયોગઃ—તાવ, ખાંસી, કરમ ઉપર અપાય છે.

૨. અતિ વિષ...
કડા છાલ ......
મોથ ....
સૂંઠ ....
ગળો ....
} દરેક $\frac{1}{2}$ તોલો.

ઉપરની દવા દરેક $\frac{1}{2}$ તોલો લેઈ $\frac{3}{4}$ શેર પાણીમાં ઉકાળવું, ને બાકી $\frac{1}{4}$ શેર પાણી રહે, ત્યારે ઉતારી લેવું.

ઉપયોગઃ—તાવ ઉપર દિવસમાં ત્રણ વખત પાવું.

અનીસુનઃ—

ગુણઃ—અજમાને મળતા આવેછે, તેનું તેલ નીકળેછે "ઓલ્યમ એનીસી" જુવો.

અનંતમૂળઃ—મ. અનંતમૂળ. સં. અનંતા.

ગુણઃ—સાર્સાપરીલાને મળતાછે અને તેને ઠેકાણે અનંતમૂળ વાપરી શકાયછે. તે ક્વાથમાં અપાયછે. સાર્સાપરીલાની માફકજ તેનો ક્વાથ તથા અર્ક થાયછે. ધમાસાને સંસ્કૃતમાં અનંતા કહેછે.

ઉપયોગઃ—સંધિવા, વિસ્ફોટક, ત્વચા રોગ માટે અપાય છે.

અનંત મૂળ...$\frac{1}{2}$ તોલો	સૂંઠ............$\frac{1}{2}$ તોલો.
મોથ.........$\frac{1}{2}$,,	કડુ............$\frac{1}{2}$,,

ઉપરની સર્વે દવાને વાટીને તેનું પાણી (કલ્ક) ગાળીને દરરોજ સવારમાં પાવું.

અફીણઃ—મ. આફુ. સં. અહિફેન.

આ ઘણીજ ઉપયોગી દવાછે ગુણ અને માત્રા માટે "ઓપીયમ" જુવો.

ઉપયોગઃ—ઝાડો, ઊલટી, ખાંશી, દમ, વગેરે ઉપર તેનો ઉપયોગ અમૂલ્યછે. આ દેશમાં હમેશાં તેને કેટલાક ખાયછે. ચીનના લોકો હોકામાં પીએછે. અફીણના છોડ ઉપર જીંડવાં થાયછે. તે શેક કરવામાં આવેછે, તથા તેનું શરબત થાયછે, તે ખાંશી અને દમ ઉપર વપરાયછે. તેના બીજને ખસખસ કહેછે. તેમાંથી તેલ નીકળેછે.

૧. અકલકરો... ... ૨ તોલા.	જાયફળ ... ... ૨ તોલા.
સુંઠ... .... ૨ ,,	લવીંગ ... ... ૨ ,,

કેસર ... . ૨ ,, રતાંજળી ... ... ૨ ,,
લીંડીપીપર...... ... ૨ ,, અફીણ ... ... ૮ ,,

ઉપરની સવ દવાને એકત્ર કરી, વાટી અગર ખાંડી ઝીણા વસ્ત્રથી ચાળવી. બાદ તેના વજન જેટલી બીજી સાકર મેળવવી. આ ગોળી પુરૂષત્વ માટે અપાયછે.

માત્રાઃ—૬ થી ૧૨ ગ્રેન.

૨. જાયફળ...... ...... ૧ તોલો. અબરખ ... ... ૧ તોલો.
ટંકણખાર...... ...... ૧ ,, અફીણ...... ... ૨ ,,
ધંતુરાનાં બીજ... ...... ૧ ,,

ઉપરની સર્વે દવા જરૂર હોય તેટલી તેના પ્રમાણમાં લઈ, મિશ્ર કરી, ખાંડીને, આદુના રસમાં દરેક બે ગ્રેનની ગોળી વાળવી. આ ગોળી સંગ્રહણી ઉપર અપાયછે.

૩. જાવંત્રી... ૧ તોલો કસ્તુરી......$\frac{1}{2}$ તોલો.
અફીણ......૧ તોલો કપૂર ......$\frac{1}{2}$ તોલો.

ઉપરની સર્વે દવા ઝીણી ખાંડી, ઝીણા વસ્ત્રથી ચાળી, પાનના રસની સાથે દરેક બે ગ્રેનની ગોળી કરવી. આ ગોળીયો મીઠા પરમિયા ઊપર અપાયછે.

૪. અફીણ........... ૨૦ ગ્રેન લવીંગ................૩૦ ગ્રેન
તજ.................૩૦ ગ્રેન કપૂર......... ....૬૦ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ગુંદરના પાણીની સાથે ૪૦ ગોળી કરવી.

માત્રાઃ—૧ થી ૨ ગોળી.

ઉપયોગ—આ ગોળીઓ ઝાડો, ઉલટી, કોગળીઉં, ચુંક ઉપર અપાય છે.

અબરખ—મ. અભ્રક. સં. અભ્ર. ઈં. ટાલ્ક.

અબરખ ચાર પ્રકારના હોયછે.સફેદ,પીળો,રાતો અને કાળો તેમાંથી કાળો.અબરખ દવામાં વપરાયછે. અબરખને દુધની સાથે ઉકાળી શુધ કરાયછે. તેને વાટીને કપડછાણ કરવાથી બારીક ભુકો થાયછે. તે ભુકાને ગૌમૂત્ર સાથે કુલડીમાં ઉકાળી પુટ દેવાથી અબરખ ભષ્મ થાયછે. આ પ્રમાણે એક સોથી એક હજાર પુટ દેવાયછે. અને જેમ વધારે પુટ દેવાય તેમ તે વધારે ગુણકારી ગણાયછે.અબરખ ભષ્મ લાલ ઈંટના રંગની અગર ગુલાબી રંગની હોયછે, અને સ્વાદમાં જરા ખાસ્ટ હોયછે. તેનું પ્રથક્કરણ કરવાથી તેમાં સીલીકેટ આફ માગનીશીયા અને લોહ માલુમ પડેછે.

ગુણઃ—અબરખ ભષ્મ પૌષ્ટિક અને પુરૂષત્વ દેનારી દવા ગણાય છે. તે એકલી અગર લોહની સાથે અપાય છે.

માત્રાઃ—૬ થી ૧૦ ગ્રેન.

ઉપયોગ—કમળો, પાંડુ, સંગૃહણી, જીર્ણજ્વર, મૂત્રરોગ, ક્ષય, ખાંશી વગેરે રોગપર અપાય છે. મધ અને સાકર સાથે આપવી અગર બીજી ઘણી ઔષધીના સંયોગમાં અપાય છે.

અરણી—મ. એરણ. સં. અગ્નિમંથ.

ગુણ:—ઉષ્ણ, વાતહર, સોથઘ્ન. આ દવા દશ મૂળમાં આવેછે.

ઉપયોગ:—સૂતિકારોગ, સોજા, વાયુ ઉપર ક્વાથમાં અપાય છે. સોજા ઉપર ઘ-શીને ચોપડાય છે.

અરડુશી:—મ. અડુલસા. સં. વાસા.

ગુણ:—ગ્રાહી, કફઘ્ન, રક્તસ્થંભક.

ઉપયોગ:—જ્વર, શ્વાસ, પ્રમેહ, ત્રિદોષ, મરડો, ઝાડો, રક્તાતિસાર ઉપર ક્વાથ, કલ્ક, તથા સ્વરસ તરીકે અપાય છે. ઘણું કરી તેનાં પાંન ઓષધિમાં વપરાય છે. તેના પાનનો રસ એક તોલો, મધ અને પીપર સાથે ઉપર કહેલા દરદ માંહે આ-પવો. અરડુશી, ગળો, દ્રાક્ષ, ભોરીંગણી, એ દરેકનો ½ તોલો લેઈ ક્વાથ કરવો અને મધ સાથે જ્વર, દમ, ખાંસી ઉપર આપવો.

અરડુસો:—મ. મહારુખ. સં. અરલું.

અરડુસાનું ઝાડ લાંબુ, ઉચું, મોટું થાયછે, તેની છાલ ઓષધિમાં વપરાય છે.

ગુણ:—પાચન, જ્વરઘ્ન તથા ગ્રાહી.

ઉપયોગ:—અજીર્ણ, અરૂચિ, તાવ, ઝાડો, સંગ્રહણી ઉપર તેનો ક્વાથ અગર હીમ અપાય છે.

અરીઠા:—મ. રીઠા. સં. અરિષ્ટ.

ગુણ—વમન.

ઉપયોગ—અરીઠાનું પાણી પીવાથી ઉલટી થાયછે. અફિણાદિ ઝેરી વસ્તુ ખાવામાં આવી હોય તે માટે ઉલટી કરાવવા તેનું પાણી પાયછે. માથું દુખતું હોય અગર આધાશીશી થઈ હોય ત્યારે તેના પાણીનાં બે ત્રણ ટીપાં નાકમાં નાંખવાથી આ-રામ થાયછે. અરીઠા કેશ તથા કપડાં ધોવામાં કામ લાગે છે અને સાબુનો અર્થ સારેછે. તેના ફીણને કળતર ઉપર લગાડવાથી ફાયદો થાયછે.

અળશી—મ. અળશી. સં. અતસી બીજ. "લીનસીડ" જુઓ.

અસાળીયો.

ગુણ—ઉષ્ણ.

ઉપયોગ—વાયુ, માર વાગ્યો હોય, અગર પડી જવાથી વાગ્યું હોય તેના ઉપર અસાળીયાનાં બીજની ખીર કરી ખાય છે., અને શૂળ તથા બીજા દુખાવા ઉપર તેને વાટીને ચોપડાય છે. આંખ દુખતી હોય તો તેનાં બીજ આંખમાં ભર્યાથી આરામ થાયછે. તે લોહીને તોડી નાખેછે.

અગ્નીકુમાર રસ—"ચૂનો" જુવો.

અંબર:—એક જાતની માછલીની સુકાઈ ગયેલી હગારછે. તે બહુ કરી તેની સુવાસને માટે વપરાય છે. તેનો ગુણ ઉષ્ણ છે. તેથી કમજોરી, નબળાઈ, અપસ્માર અને આંચકી વીગૂરે બ્યાધિ માટે અપાયછે. તે ઘણું કરી પાક અને મસાલામાં પડેછે.

ખોટો અને દગાવાળો કૃત્રિમ અંબર ઘણું કરી મળી આવે છે. ખરો અંબર ભાગ્યેજ મળેછે.

આકડો—મ. રુઈ. સં. અર્ક. હિંદુસ્તાની. મદાર.

ગુણ:—ઉષ્ણ, વમન, શોધક, સ્વેદલ, કફઘ્ન.

માત્રા:—શોધક તથા સ્વેદલ તરીકે ગ્રેન ૩ થી ૧૦, માત્રા વમનતરીકે ગ્રેન ૩૦થી૬૦.

ઉપયોગ—ઉનાળાના વખતમાં તેનાં મૂળીયાં કાઢી, તેની છાલ ઉતારીને સૂકવી તેનું ચૂરણ કરી રાખવું. તે ઓસડ તરીકે ખાવા અપાયછે.

વાતરક્ત, ઉપદંશ, નબળાઈ, મરડો, ઝાડો, સંધિવા, આંચકી વગેરે દરદો ઉપર અપાયછે. તેના પાન ગરમ કરી પેટ ઉપર બંધારણ તથા શેક કરવામાં ઘણાં ઉપયોગી છે. ઝાડાની કબજીયત, સોજો, ગ્રંથી તથા વાયુ ઉપર આ બંધારણ લાગુ પડેછે, તેની સાથે એરંડીયુ લગાડવાથી વધારે ફાયદો થાયછે. કાનમાં ચસકા થતા હોય ત્યારે તેના પાનના રસનાં ટીપાં કાનમાં નંખાયછે. આકડાનાં ફુલ, અજમો તથા જરા અફીણ લેઈ તેની ગોળીયો કરી ઉધરસ, દમ, તથા સસણી ઉપર આપવાથી ફાયદો થાયછે. આકડાનું દૂધ ધાતુ મારવાના કામમાં આવેછે.

આકડાનું ચૂરણ	...	૯ ગ્રેન.
જેઠીમધ ...	...	૯ ગ્રેન.

બંને મિશ્ર કરીને ત્રણ પડીકાં કરવાં અને એક દિવસમાં ત્રણ વખત આપવાં તેથી ખાંસીને ફાયદો થાયછે.

આદુ—મ. આલે. સં. આદ્રક.

ગુણ:—રૂચકર, દીપન, પાચન, વાતહર.

આદુના રસની **માત્રા:**—$\frac{1}{2}$ થી ૧ તોલો.

ઉપયોગ:—શૂળ, ગુલ્મ, મંદાગ્નિ તથા પેટના વાયુ ઉપર અપાયછે. આદુનો રસ દેશી ઓષધિમાં અનુપાન તરીકે બહુ વપરાયછે. સૂકાયેલ આદુને સુંઠ કહેછે.

આંબલી—મ. ચીંચ. સં. ચિંચા. "ટામારીંડ" જુવો.

આંબલીના કાતરા કોઈવાર દવામાં વપરાયછે.

ગુણ:—પિત્ત શામક, રૂચકર તથા સારકછે, તેનું શરબત થાયછે.

ઉપયોગ:—શરબતથી પિત્ત તથા ઉલટી મટેછે. આંબલીનાં પાન આંખના તથા બીજા સોજા ઉપર બંધાયછે. આંબલીની છાલ બાળવાથી તેની રાખ થાયછે, તે બીજા ક્ષાર સાથે પાચન માટે અપાયછે.

આંબળાં—મ. આવળ કાઠી. સં. ધાત્રી.

ગુણ:—શીત, અમ્લ, પૌષ્ટિક, સારક. ગુણ હરડેને મળતાછે.

માત્રા:—$\frac{1}{4}$ થી $\frac{1}{2}$ તોલો.

ઉપયોગ:—પ્રમેહ, જ્વર, ઉલટી, તરસ, રક્ત વિકાર, પિત્તવિકાર, અરૂચિ, અજીર્ણ, ઇત્યાદિ ઉપર અપાયછે. લીલા આંબળાનું અથાણું થાયછે તથા મુરબ્બો

થાયછે. આંબળાં ત્રિફળામાં આવેછે. સુકાયલાં આંબળાં ઔષધિમાં આવેછે, અને તે બીજી ઔષધિ સાથે ક્વાથ અગર ચૂરણમાં નંખાયછે.

૧. આંબળાં......
મોચરસ......
હરેડાં.........
વાંસકપૂર......
} દરેકને સરખે ભાગે લઈ ચૂરણ કરવું.

માત્રાઃ—$\frac{1}{4}$ થી $\frac{1}{2}$ તોલો.

ઉપયોગઃ—આ ચુરણ અતિસાર ઉપર અપાયછે.

૨. રસાયન ચુરણઃ—આંબળાં, ગળો અને ગોખરૂ સમભાગ લઇ ચુરણ કરી, શાકર સાથે ખાવું. માત્રા $\frac{1}{4}$ તોલો. તેનાથી પિત્ત અને દાહ શાંત થાયછે, અને શક્તિ આવેછે.

આંબાહળદર—મ. આંબે હળદ. સં. દાર્વિ.

ગુણઃ—શીત, રોપણ.

ઉપયોગઃ—બહારના લેપ અથવા ચોપડવાના કામમાં આવેછે. મુઢમાર તથા જખમ ઉપર સાજીખાર સાથે લગાડાયછે. ક્વાથમાં યોગવાઈ તરીકે વપરાય છે.

આંબોઃ—મ. આંબ. સં. આમ્ર.

આંબાનું ફળ એક ઉમદા મેવોછે. ઔષધિમાં ફક્ત તેની ગોટલી કામ આવેછે. તે ગોટલીનો ગુણ ગ્રાહી તથા કૃમીઘ્નછે.

ઉપયોગઃ—ઝાડો, મરડો, રક્તશ્રાવ અને અતિસારને બંધ કરેછે.

માત્રાઃ—$\frac{1}{2}$ થી ૧ ડ્રામ.

આલુબુખાર—મ. આલુબુખાર. સં. અરૂક. આ એક જાતનું ફળ થાયછે.

ગુણઃ—શીત, સારક.

ઉપયોગઃ—યોગવાઈ તરીકે બીજી દવાઓ સાથે વપરાયછે. મેવાની મીસાલે સાધારણ ખપમાં આવેછે. તેનાથી હલકો જુલાબ થાયછે.

આવળ—મ. તરવડ. સં. ચર્મરંગા.

આ નામનાં નાનાં ઝાડ ઘણાં સાધારણ છે. તેનાં પાન શેક તથા બંધારણ કરવાના કામમાં આવેછે. માર ઉપર તથા વાયુ ઉપર તેનો શેક થાયછે. સંધિવામાં સાંધાઓ ઉપર આવળનાં પાન બાફીને બંધાયછે.

આસોંદ—મ. આસગંધ. સં. અશ્વગંધા. ઘોડાઆસોદ એ તેનું બીજું નામછે. તેનાં મૂળ વપરાયછે. તે રાસ્તાને મળતાં આવેછે અને તેને બદલે ગાંધી લોકો તે આપેછે. તેનાં પાંન વાટીને ગડ ઉપર લગાડાય છે.

ગુણઃ—પૌષ્ટિક તથા ઉષ્ણ.

ઉપયોગઃ—વાયુ, ક્ષય, દમ, ખાંસી, તથા સંધિવા ઉપર ક્વાથમાં અપાયછે. આસોદ પુરૂષત્વ આપનારી ઔષધિ ગણાય છે, અને તેથી તેને પૌષ્ટિક પાકમાં નાંખેછે. તે ક્વાથમાં અપાયછે. તેનું ઘી કાઢીને સંધિવા ઉપર લગાડે છે.

આસોદરો—મ. આપટા. સં. અસ્મંતક.

ગુણઃ—ઉષ્ણ, શોધક,

ઉપયોગઃ—દશમૂળમાં તેનાં મુળીમાં આવેછે. દક્ષણીલોક દસરાને દિવસે આ ઝાડની પૂજા કરેછે, તેનાં પાંદડાંની પીવાની બીડી થાયછે.

ઇંદરજવ—મ. ઇંદ્રજવ, કુડ્યાચે બીજ. સં. કલીંગ.

ગુણઃ—ગ્રાહી, પાચન, દીપન, જ્વરઘ્ન,તથા કૃમીઘ્ન.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

ઉપયોગઃ—તાવ, હરસ, શૂળ, અતિસાર, કરમ, રક્તાતિસાર, ચૂંક, ઉબટી, અરૂચિ, અજીર્ણ વગેરે ઉપર અપાયછે.કાળજાના વ્યાધિમાં તેનો ક્વાથ સારો ફાયદો કરેછે.

ઇંદ્રવરણું—મ. ઇંદ્રાયણ. સં. ઇંદ્રવારૂણી. "કોલોસિંથ" જુવો.

તેનાં ફળનો ગર વપરાય છે, તેમજ તેનાં મૂળ વપરાયછે. બેઉનો ગુણ રેચક છે.

ઉતકંટો—મ. ઉત્કટારા. સં. ઉત્કંટક.

ગુણઃ—શીત, મૂત્રલ, જ્વર, અશ્મરી, તથા મૂત્રકૃચ્છ ઉપર અપાયછે. તેનાં મૂળ ક્વાથમાં અપાયછે.

ઉપલસરી—ઉપલેટ. મ. ઉપલસરી. સં. કુષ્ટ.

મસ્તકશૂળ ઉપર વાટીને ચોપડાયછે તથા દાંત દુખતા હોય તે ઉપર ઘસાયછે.

ઉંમરાનું ઝાડ—મ. ઊંબર. સં. ઉદુંબર.

ગુણઃ—શોધક, વાતહર, રોપણ.

ઉપયોગઃ—પ્રદર તથા ત્વચારોગ ઉપર અપાયછે. તેનો ચીક સંધિવા તથા શૂળ ઉપર ચોપડાય છે.

ઉનાબ.—

ગુણઃ—શીતળ, સ્વેદલ, કફઘ્ન.

ઉપયોગઃ—તાવ, શ્લેષ્મ તથા ખાંસી ઉપર અપાયછે. તેનું શરબત થાયછે; તેમજ તે ક્વાથમાં અપાયછે.

એકલકંટો—મ. શતાવરી. સં. શતાવરી. "શતાવરી જુઓ." શતાવરીને કેટલાક એકલકંટો કહેછે.

એખરો—હિંદુસ્તાની, તાલીમખાના. સં. કોકિલાક્ષ.

ગુણઃ—પૌષ્ટિક.

માત્રાઃ—૧ થી ૩ ડ્રામ.

ઉપયોગઃ—એખરાનાં બીજ પૌષ્ટિકછે,અને તે ધાતુ ક્ષયને માટે વપરાયછે. દૂધમાં ઉકાળીને પીવાયછે, તેમજ પાકમા પણ નંખાયછે. પેશાબમાં ધાત જતી હોય તો એખરો, ધોળીમુસળી ને કવચાં સમભાગ લેઈ તેને ખાંડવાં તથા દૂધની સાથે અકેક તોલો દરરોજ પીવાથી આરામ થાયછે.

એરંડો—મ. એરંડ. સં. એરંડ તથા પુષ્કર.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—ઓષધિમાં તેનાં ફળ એટલે એરંડીનું તેલ બહુજ ઉપયોગીછે, તે જુલાબ તરીકે વપરાયછે. એરંડીયેલ તેલ પેટપર ચોપડવાથી તેનો રેચક ગુણ પણ જણાયછે."ઓલ્યમ રીસાઇની"જુઓ. તેનાં મૂળને પુષ્કર મૂળ અથવા પોખર મૂળ કહેછે. તેનો ગુણ પણ રેચકછે, અને તે ક્વાથમાં અપાયછે. માથું દુખતું હોય તો તેનાં પાન વરાળીયાં કરી બાંધવામાં આવેછે, મસ્તક ગરમ રહેતું હોય અથવા તાળવામાં અગ્નિ જણાતી હોય તો તાજુ ઘી લગાડી તે પાન મસ્તક ઉપર રાખવાથી આરામ માલૂમ પડેછે.

એળીયો—મ. એળીયા. સં. એલય. "આલોઝ" જુઓ.

ઓથમીજીરૂ—ઊંટીયું જીરૂં. મ. ઇસપગોલ. સં. ઇસબગોળ. હિંદુ. ઇસબગોળ.

ગુણઃ—ગ્રાહી, શીત.

માત્રાઃ—૧ થી ૩ ડ્રામ.

ઉપયોગઃ—ઔષધ તરીકે ઓથમીજીરાનાં આખ્ખાં બી વપરાયછે અને તેનું પાણી પીવામાં આવેછે. પાણીમાં પલાળવાથી તેનો ચીકણો લુવાબ થાયછે.

મરડો, સંગ્રહણી તથા ઝાડા ઉપર ઇસબગોળ,દહીં અથવા સાકર સાથે આપવાથી આરામ થાયછે.ઉનવા,પ્રદર, બહુઆર્ત્તવ,અને ધાતુ ક્ષય ઉપર પણ આ દવા સારી અસર કરેછે. ઇસબગોળની પોટીસ ચાંદાં તથા ઘોડાનાં ભાઠાં ઉપર ગુણકારીછે.

કચોરા—કચુરો. મ. કચોરા. સં. કચોરા.

ગુણઃ—શોધક.

ઉપયોગઃ—ત્વચા તથા જ્વરાદિ ક્વાથમાં આપવામાં આવેછે.

કડાછાલ—મ. કુડયાચીસાલ. સં. કુટજત્વક. આ ઇંદરજવના ઝાડની છાલછે.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—ગ્રાહી, ઉષ્ણ અને અગ્નિ દીપક છે.

ઉપયોગઃ—તાવ, હરસ, અતિસાર, મરડો, કરમ, તથા ત્વચા રોગ ઉપર ક્વાથમાં અપાય છે.

કડાછાલનો ક્વાથઃ—કડાછાલ પાંચ તોલા લેઇ તેને બશેર પાણીમાં ઉકાળવી અને એક શેર પાણી બાકી રહે એટલે ઉતારી લેવું.

માત્રાઃ—½ થી ૧ ઔંસ.

૨. કડાછાલ	...	૨ ડ્રામ
બીલીનો ગર	...	૨ ,,
દાડમની છાલ	...	૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરવી,તેની માત્રા ૨૦થી૪૦ ગ્રેન સુધી આપવી. તે મરડા તથા ઝાડા ઉપર સારી અસર કરેછે.નીચેનો ક્વાથ પણ તેવાજ મરજ ઉપર અપાય છે.

૩. કડાછાલ............૧ ડ્રામ.	વાળો ૨ ડ્રામ.
મોથ............. ૧ ,,	લોધ્ર ૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી તેનો ક્વાથ બનાવી દિવસમાં ત્રણ વખત આપવો.

૪. કડાછાલનો અવલેહઃ—

કડાછાલ....................૧૨½ શેર.

પાણી......................૬૪ શેર.

કડાછાલને પાણીમાં ઉકાળીને સોળશેર પાણી બાકી રહે ત્યારે ઉતારવું. બાદ તેને ગાળીને ફરીથી ઉકાળીને તેને નરમ ગોળ જેવું કરવું. ત્યારબાદ તેમાં નીચેની ચીજો મેળવવી,

સંચળ	પીપર	જીરૂ.	જવખાર
ધાવડીનાં ફુલ.	સિંધવ	ઈંદ્રજવ	

ઉપરની દરેક દવા સોળ તોલા લેઈ તેનું ચુરણ કરી મેળવવી. **માત્રા** ૧ ડ્રામ મધ સાથે ચાટવું. સંગ્રહણી ઉપર સારી અસર કરેછે.

કડુ—મ. કુટકી. સં. તીક્તા.

માત્રાઃ—૧૦ થી ૩૦ ગ્રેન.

ગુણઃ—જ્વરઘ્ન, પાચન, સારક.

ઉપયોગઃ—તાવ, તાઢીયા તાવ, મંદાગ્નિ, વાયુ, અરૂચિ, કરમ, મળાવરોધ, માથાના ચસકા વગેરે વ્યાધિ ઉપર અપાય છે. તેના ગુણ કરીયાતા તથા જન્ટ્યનને મળતા આવેછે.

કડુ
જેઠીમધ
દ્રાક્ષ
લીંબડો.
} દરેક ½ તોલો લેઈ તેનો ઉકાળો કરી પીવો.

કપિલો—મ. કપિલા. સં. કંપિલ્લો.

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ. મધ અગર માખણ સાથે આપવો.

ગુણઃ—કૃમિઘ્ન, એક જાતના ઝાડ ઉપર ગાંઠો બઝેછે તેને કપીલો કહેછે.

ઉપયોગઃ—ચપટાં કરમ ઉપર વિશેષ લાગુ પડે છે. કપીલો આપ્યા બાદ જુલાબ આપવો એટલે કરમ બહાર પડેછે. કપીલાનો ગુણ રેચક નથી.

કપુર—મ. કાપૂર. સં. કર્પુર. "કયામ્ફર" જુઓ.

કપૂરને બરાસકપુર પણ કહેછે. કપુરની સાથે લીલીધ્રો, ચણકબાબ, એલચી અને મોથ નાંખીતેનાં ફુલ પાડેછે. તેને **ભીમસેની** કપૂર કહેછે. તે આંખમાં આંજવાના કામમાં આવેછે. આંખમાં આંજવાથી આંખ ટાઢી શીતળ લાગેછે.

કપુરકાચલી—મ. કાપૂર કાચલી. સં. કઠ.

ગુણઃ—સુગંધી, શીતળ દ્રવ્ય છે.

ઉપયોગઃ—માથે તથા શરીર ઉપર લગાડવાના કામમાં આવેછે. કચુરાને ઠેકાણે તેનો ઉપયોગ કરી શકાયછે. ત્વચા રોગ તથા રક્ત વિકાર માટે અપાયછે. ઔષધિના તેલમાં પણ પડેછે.

કબાબચીની—"ચણકબાબ" જુઓ.

કમળકાકડી—મ. કમળકાકડી. સં. કમળાક્ષ.

ગુણ:—મધુર, પૌષ્ટિક વાતહર.

ઉપયોગ:—ધાતુક્ષય, અરૂચિ તથા ઉલટી ઉપર અપાયછે.

કરંઢોઉ—મ. નિર્વિષી. સં. પાઠા.

ગુણ:—શોધક, ગ્રાહી, જ્વરઘ્ન, મૂત્રલ.

ઉપયોગ:—તાવ, અજીર્ણ અને પેશાબની આગ ઉપર અપાય છે.

કરંઢીઉ
ઈંદ્રજવ
સુંઠ
હરડાં
} દરેક ½ તોલો. લઇ કવાથ કરી આપવામાં આવેછે.

કરંજ—મ. કરંજાચે ઝાડ. સં. કરંજ.

ગુણ:—વાતહર.

ઉપયોગ:—તેના બીજનું તેલ નીકળેછે, તે વાયુ ઉપર લગાડાયછે. તેની છાલ ઉકાળામાં વાયુના દરદ ઉપર કામ આવેછે.

કરંજનાં પાન તથા બીજ.	હળદર.	લીંબડો.
કડુ.	જેઠીમધ.	
મીણ.	પટોળ.	

ઉપરની દરેક દવાના પાંચ તોલા લેઈ તે સર્વને ચાર શેર ઘી અને સોળ શેર પાણીમાં પાણી બળી જાય ત્યાં સૂધી ઉકાળવાં. ફક્ત ઘી રહે ત્યારે ઉતારી લેવું. આ ઘી જખ્મ, ચાંદાં તથા ત્વચા રોગ ઉપર લગાડાયછે.

કરીયાતુ—મ. કીરાઈત. સં. ભૂનીબ.

ગુણ:—જ્વરઘ્ન, અગ્નિ દીપક.

ઉપયોગ:—તાવ, સર્વ પ્રકારના તાઢીયા તાવ તથા જીર્ણજ્વર ઉપર કરીયાતુ બહુજ વપરાયછે. નબળાઇ, મંદાગ્નિ તથા અજીર્ણને મટાડેછે. ઘણું કરી કરીયાતુ કવાથમાં આવેછે. તાવ ઉપરનાં દેશી ચૂરણ જેમકે સુદર્શન ચૂરણ વગેરેમાં મોટો ભાગ કરીયાતાનો હોયછે. "ઓરેટા" જુઓ.

કરીયાતું.........૨ ડ્રામ.	પીપર ....½ ડ્રામ.
કાળાંમરી ......૧ ,,	ગરમ પાણી...૧૦ ઔંસ.

પહેલી ત્રણ દવાને દસ ઔંસ ગરમ પાણીમાં બે કલાક પલાળી રાખી પછી ગાળી લેવું. માત્રા. ૧ થી ૨ આઉંસ તાવ, નબળાઈ, અજીર્ણ, અને મંદાગ્નિ ઉપર આપવાથી સારો ફાયદો થાય છે.

લઘુ સુદર્શન ચૂરણ.

ગળો.	પીપર.	પીપરીમૂળ.	કડુ.	હરડાં.
સુંઠ.	લવીંગ.	લીંબડા છાલ.	સુખડ.	તજ.

દરેકનો એકેક તોલો અને કરીયાતું પાંચ તોલા લઈ વસ્ત્રગાળ ચુરણ કરવું.

માત્રાઃ—તોલો ½.

કબ્બાદ:—મ. કબ્બાદ. સં. ક્રાબ્બાદ.

સુદ્ધ ગંધક તોલા ૮ ,, પારો ,, ૪ ,, ત્રાંબુ ,, ૪ ,, ગજવેલ,, ૪	સર્વેને લોઢાના ઠામમાં એકમેક કરી ચુલાપર ધીમી આંચે તેનો રસ થાય એટલે તે રસ છાણ ઉપર કેળનું પાન પાથરી તેપર રેડી, ઉપર બીજું કેળનું પાન મૂકી બીજું છાણ મૂકવું એટલે તેની પર્પટી થશે. તે પર્પટીનો ભુકો કરવો.

તે ભુકો પંચકોળનો કવાથ શેર એક, તથા લીંબુનો રસનો શેર એક લઈ તેમાં ઘુંટવો. પછી ટંકણખાર તોલા વીશ તથા સીંધાલુણ તોલા દશ અને કાળામરી તોલા પચાસનું ચુરણ કરી તેમાં મેળવી ચણાના ક્ષારનાં ચઉદ પટ દેવા એટલે કબ્બાદ થશે.

ગુણ:—વાતહર, દીપન, પાચન, ગ્રાહી.

ઉપયોગ:—અજીર્ણ, ઝાડો, કોગળીઊં, ચુંક, ઉલટી તથા આફરા ઉપર અપાયછે.

માત્રાઃ—ગ્રેન ૧૫ થી ૩૦. છાસ સીંધાલુણ તથા સુંઠની સાથે અપાયછે.

કલઇ:—મ. કલઇ. સં. વંગ.

કલઇને ગાળીને આકડાના દુધ અગર ગાયના મૂત્ર અને તેલમાં નાંખવાથી શુદ્ધ થાયછે. કલઇની ભસ્મ થાયછે તેને **વંગભસ્મ** કહેછે. તે ઘણી રીતે થાયછે. સારી રીત એછે કે કલઇની બારીક કરચો કરી બે મોટા છાણાની વચમાં ભાંગ અને અજમાની સાથે મૂકી તે છાણાને સળગાવી દેવાં, એટલે તેમની વચમાં સફેદ રાખના જેવા રંગની ભસ્મની ગાંગડીયો બંધાઇ રહેશે, તેને વાટી વસ્ત્રથી ગાળી લેવી. બીજી રીત એછે કે કલઇને ગાળી તેમાં ¼ જવખાર અને આંબલીનાં ફોતરાં નાંખી લોઢાની સળીથી અગ્નિ ઉપર હલાવવું એટલે તેની ભસ્મ થશે.

વંગભસ્મઃ—પેશાબના દરદો ઉપર તથા ક્ષય અને ખાંશી માટે વપરાયછે. જુનો પ્રમેહ, મધુ પ્રમેહ, તથા મૂત્ર કૃચ્છ્ર ઉપર અપાયછે.

માત્રાઃ—૨ થી ૮ ગ્રેન. મધ, માખણ, અગર સાકરની સાથે અપાયછે.

કલંભો—મ. કુલમ. સં. કુલમ. "કાલંબા" જુઓ.

કવચાં—મ. કુહીલીચે બીજ. સં. મર્કટી. (આત્મ ગુપ્તા) ઈં. કોહેજ.

ગુણ:—પૌષ્ટીક, મધુર.

ઉપયોગ:—કૌવચનાં બીજ ધાતુ પુષ્ટિ માટે અપાયછે. તે પાકમાં ખાવામાં આવેછે અથવા બીજી ધાતુ અને પૌષ્ટિક દવા સાથે દુધમાં ખવાય છે.

માત્રાઃ—½ તોલાથી ૧ તોલો.

કવચાં અને ગોખરૂં. સમભાગે મિશ્ર કરી સાકર અને દુધ સાથે ખાવાં.

માત્રાઃ—૧ ડ્રામ.

કવચાં તોલા ૩૨ ચાર શેર દુધમાં ઉકાળી માવો કરવો, તેમાં ઘી અને સાકર મેળવી પાક કરવો. તેમાંથી દરરોજ સવારમાં તોલા ૨ થી ૪ ખાવો. આ પાક પૌષ્ટિક અને પુરૂષત્વ આપનાર છે.

કવચની શીંગ જેને લોકો ભેરવસીંગ કહેછે તે ઉપર બારીક કાંટા હોયછે, તે શરીરને લાગે તો અતિશય ખરજ ઉઠેછે. આ શીંગના કાંટા છરીથી ખેરીને દુધ, મધ, દહીં અથવા ગોળમાં બચ્ચાંઓને આપવાથી પેટ માંહેના કરમનો નાશ કરે છે. પાછળથી જુલાબ આપવાથી કરમ બહાર પડેછે. કરમનો નાશ કરવામાં ઈંગ્રેજી "સાંટોનીન" દવાની બરાબરીને આ કાંટા પહોચેછે. ત્રણ ચાર વરસના બચ્ચાને એક શીંગના કાંટા બસ થાયછે

કવચનાં મુળ પણ પૌષ્ટિકછે. તેની ભૂકી ½ તોલો દુધ સાથે પીધાથી ધાતુ વૃદ્ધિકરેછે.

કસ્તુરી—મ. કસ્તુરી. સં. મૃગમદ. "મસ્ક" જુઓ.

કસાંજણ:—જસતને ઠીકરાના વાસણમાં ભઠ્ઠીમાં મુકવાથી તે ગરમ થઇ ઉડી જઇ અને વાસણની ઉપરની બાજુ તેનાં ફુલ બાઝેછે. તે ફુલને વાટીને તેનો ભુકો થાય છે તે કસાંજણને નામે આંખના વ્યાધિ ઉપર બહુ વપરાયછે. તેનો ઝીણો ભુકો આવેલી આંખમાં આંજવાથી આરામ થાયછે.

કાકડીનાં બી—મ. કાકડીચેબીજ. સં. કર્કટિકા બીજ.

ગુણ:—મૂત્રલ.

ઉપયોગ:—તાવ તથા વરમ ઉપર અપાયછે. પેશાબ બંધ થયો હોય અગર બળતરા થતીહોય તો તેપર અપાય છે.

કાકડીનાં બી......૧ ઔંસ.	સુરેકો......૧૦ આઊંસ.
તડબૂચનાં બી...૧ ,,	સાકર......૧૦ ,,
ચીભડાનાં બી...૧ ,,	પાણી ...૧૬ ,,
કાસની ....૨ ,,	

સર્વે બીજને એકત્ર કરી પાણીમાં ઉકાળવાં. તે પાણી ગાળી લેઈ તેમાં સાકર તથા સુરેકો ઉમેરવો અને તેનું શરબત ૧૦ ઔંસ કરવું. માત્રા. ½ થી ૧ ઔંસ.

કાંકચીયા—કાચકા મ. સાગરગોટે. સં. કુબેરાક્ષ્ય. ઇં. બોંડક.

ગુણ:—જ્વરઘ્ન, કૃમિઘ્ન, પાચન.

ઉપયોગ:—કાંકચીયાનાં સફેદ મીજ દવામાં વપરાયછે. તાઢીયા તાવ, કરમ, પેટના વાયુ, ચૂંક તથા ઉલટી ઉપર અપાયછે. તે ઘણાં કડવાં હોયછે.

માત્રા:—૧૦ થી ૧૫ ગ્રેન.

કાંકચીયા ચૂરણ—કાંકચીયાનાં મીજ તથા કાળાં મરી સમ ભાગ લેઈ તેનું બારીક વસ્ત્રગાળ ચૂરણ કરવું. તાઢીયા તાવ ઉપર આ ચૂરણ ઘણી સારી અસર કરેછે.

માત્રા:—૧૫ થી ૩૦ ગ્રેન.

કાકડાશીંગ—મ. કાકડાશેંગ. સં. કર્કટશ્રૃંગી.

એક ઝાડની ડાળીયો ઉપર જીવડાંને લીધે ટેકરાની માફક થાયછે.

ગુણ:—કફઘ્ન.

ઉપયોગ:—તાવ તથા ઉધરસ ઉપર ક્વાથમાં અપાયછે.

૧. કાકડાશીંગ, અતિવિષ, પીપર... } આ દરેક દવા સમભાગ લેઈ ચૂરણ કરી તે મધની સાથે ઉધરસ ઉપર છોકરાંને ચટાડવું.

૨. કાકડાશીંગ. દ્રાક્ષ. પીપર. કાયફળ. સૂંઠ.

ઉપરની દરેક દવા સમભાગ લેઈ ચુરણ કરી મધની સાથે આપવું. માત્રા. ૩૦ ગ્રેન. ઉધરસ, તાવ, સસણી તથા દમ ઉપર અપાય છે.

કાકમારીના બી થાયછે તે કેશ ધોવામાં કામ આવેછે અને તેનાથી જુનો નાશ થાયછે.

કાજુ—કાજુનાં બીજ એક મધુર મેવાછે. પણ તેનું અસલ ફળ હોયછે તે ભીલામાની જાતનું હોયછે. ભીલામાંની અંદર જેવું તેલ રહેછે તેવું આ ફળની છાલની અંદર પણ હોયછે. તેનો ગુણ પણ ભીલામાની માફક દંભક છે.

કાંટા અશેળીયો—મ. કટસરૈયા. સં. કુરંટક. ઘણુંકરી ત્વચા રોગ ઉપર કાઢામાં અપાયછે.

કાથો—મ. કાથ. સં. ખદીર. "ક્યાટિકુ" જુઓ.

કાથાના ઝાડના લાકડાં ઉકાળી તે પાણીને સૂકવવાથી કાથો બનેછે.

ગુણ:—ગ્રાહી, શીત.

ઉપયોગ:—ઝાડો બંધ કરેછે. મોઢું આવ્યું હોય, તથા ચાંદાં અને ફોલ્લા પડ્યા હોય, તેના ઉપર લગાડાયછે. બહાર ત્વચા ઉપર ચાંદાં પડ્યાં હોય તે ઉપર કાથાની ભુકી દાબવાથી રૂઝાયછે. કાથાનું પાણી ગૂમડાં તથા જખમ ધોવાના કામમાં આવેછે.

કાળા દાણા—મ. કાળેદાણે. સં. આજબહ્લ.

ગુણ:—રેચક.

ઉપયોગ:—આ નાહાના કાળા રંગના દાણા થાયછે. તેનો ભૂકો કરી જુલાબને ઠેકાણે અપાયછે. ઈંગ્રેજી "જાલપ"ની બરાબર આ કાળા દાણાની તુલ્યના થાયછે.

માત્રા—½ થી ૨ ડ્રામ. કાળાદાણાનું સત્વ થાયછે તેની માત્રા. ૫ થી ૧૦ ગ્રેન. કાળાદાણાનું ટિંક્ચર થાયછે તેની માત્રા ૨ થી ૪ ડ્રામ.

કાળાદાણા ચૂરણ:—

કાળાદાણા	૫ તોલા.
સીંધાલૂણ	૯ તોલા.
સૂંઠ અથવા કોલીંજન. ...	૧ તોલો.

ઊપરની દવા લેઈ તેનું વસ્ત્રગાળ બારીક ચૂરણ કરવું. તે "કોમ્પાઉન્ડ જાલપ" ને ઠેકાણે વાપરી શકાયછે.

માત્રા:—૧ થી ૨ ડ્રામ.

કાળા દાણાના જેવા બીજા રાતા રંગના દાણા થાયછે તેને "લાલ દાણા" કહેછે તેનો ગુણ પણ રેચક છે.

કાળીજીરી:—કડવીજીરી. મ. કાળેંજીરેં સં. કૃષ્ણજીરક.

ગુણઃ—જ્વરઘ્ન, કૃમિઘ્ન, વાતહર.

માત્રાઃ—½ થી ૧ ડ્રામ.

ઉપયોગઃ—તાવ, ચૂંક, કરમ, અરૂચિ,ગુલ્મ વગેરે દરદો ઉપર અપાયછે. સાંટોનીનની માફક કરમનો નાશ કરવામાં એ આબાદ છે. તેના ઊપર પણ કરમને બહાર પાડવા સારૂ જુલાબ આપવાની જરૂર રહેછે. તેનો બીજો ગુણ જંતુનાશકછે. માટે કિમતી કપડામાં તેને રાખી હોય તો તે કપડાંને જંતુઓ નુકશાન કરી શકતાં નથી. અને ઉધઇ, વાંતરી વગેરે જંતુઓથી થતી ખરાબીનો અટકાવ થાયછે.

કાળીજીરી.....	૨ તોલા.	દાડમનો રસ	૧ તોલો.
આંબલી	૧ ,,	સંચળ	૧ ,,
જીરૂં.........	૧ ,,	ગોળ..............	૪ ,,
કાળાં મરી......	૧ ,,	મધ..............	૪ ,,
દ્રાક્ષ...........	૧ ,,		

ઉપરની દવાને મિશ્ર કરીને અડધો તોલો ખાવી. તે મંદાગ્નિ, જીર્ણજ્વર, અને અજીર્ણને ફાયદો કરનારછે.

કાળીપાટ—મ. પહાડમૂળ. સં. પાઠા.

ગુણઃ—શોધક.

ઉપયોગઃ—ખરજ, શીલસ, લુખસ તથા બીજા ત્વચારોગ ઉપર કલ્ક અથવા કવાથમાં વપરાય છે.

કાયફળ—મ. કાયફલ. સં. કટ્ફળ.

ગુણઃ—કફઘ્ન, વાતહર.

ઉપયોગઃ—નામ ઉપરથી આ કાંઈ ફળ હશે એમ હરકોઈ ધારશે, પણ તેમ નથી. એક ઝાડની આ છાલ છે. તે ઉધરસ તથા દમ ઉપર ઊકાળામાં વપરાયછે. પેટના વાયુ તથા ઉલટી ઊપર પણ કામ લાગેછે.

કીડામારી—મ. ગંધારી. સં. કીટમારિકા.

માત્રાઃ—૨૦ થી ૬૦ ગ્રેન.

ગુણઃ—જ્વરઘ્ન, કૃમિઘ્ન.

ઉપયોગઃ—તાવ, ગુલ્મ, વાયુ, ચુંક, કરમ, તથા અરૂચિ ઉપર કલ્ક અગર કાઢામાં અપાયછે.

કીલ—તાર. મ. તાર. ઇં. ટાર. "પીક્ષ લીક્વીડા" જુવો.

ઉપયોગઃ—ખરજવા ઉપર લગાડવાથી ફાયદો કરેછે. બીજા ત્વચારોગ ઉપર પણ લગાડવાના કામમાં આવેછે. જીવડાં પડ્યા હોય તેવે ઠેકાણે લગાડવાથી જંતુઓનો નાશ થાયછે. જનાવરોને ભાઠાંમાં જીવાદ પડેછે તેને પણ કીલ લગાડાય છે.

કુલીંજન—કોલીંજન. મ. કોષ્ટકુલીંજન. સં. કુલીન.

ગુણઃ—દીપન, પાચન, વાતહર, પૌષ્ટિક, સ્વરદ.

કોલીંનજન નાનું તથા મોટું એવા બે પ્રકારનું થાયછે. સાધારણ રીતે તેને નાગરવેલની જડ માનવામાં આવેછે.મોટું કોલીંજન તે મોટા સફેદ પાનની જડ અને નાનું કોલીંજન તે કાળા પાનની જડ, પણ તેમ નથી. કોલીંજન તો જુદાજ ઝાડનાં મૂળ છે,અને તે સિંગાપોર તરફથી આવેછે.

કોલીંજનનો સ્વાદ તીખો હોયછે, અને ગુણ બરાબર સૂંઠના જેવાજ હોયછે. સૂંઠને ઠેકાણે તેને ઉપયોગમાં લઈ શકાયછે.

માત્રા:—૧૦ થી ૪૦ ગ્રેન.

કુવાડીયો—મ. ટાંકળા. સં. ચક્રમર્દ.

દાદર તથા બીજા ત્વચા રોગ ઉપર કુંવાડીયાનાં બીજ વાટીને ચોપડાયછે.

કુંવાર—મ. કોરફડ. સં. કુમારી.

ગુણ:—ઉષ્ણ, સારક, વાતહર, કફઘ્ન.

ઉપયોગ:—તાવ, ચૂંક, યકૃત તથા પ્લીહાના વ્યાધિ, નષ્ટાર્તવ, પાંડુ, દમ, શ્વાસ તથા ઉદર રોગ ઉપર કુંવાર અપાયછે. કુંવારને બાફીને તેની અંદરનો ગર્ભ ઉપયોગમાં આવેછે. કુંવારનો આસવ બનેછે. તે ઘણું કરી રક્ત ગુલ્મ ઊપર અપાયછે. કુંવારનો પાક તથા અથાણું થાયછે. પેટની ગાંઠ ઉપર કુંવાર ખવરાવાયછે તેમજ તેનું પેટ ઉપર બંધારણ પણ થાયછે.

કોકમનું તેલ—મ. કોકમાચે તેલ. "ઓલ્યમ ચીઓગ્રોમા" જુવો.

ઉપયોગ:—મલમને ઠેકાણે વપરાયછે. હાથ પગમાં ચીરા પડ્યા હોય તેપર લગાડાયછે.

કોઠ—મ. કંવિટ. સં. કપિત્થ. ઈં. "વુડ એપલ". કોઠનું ફળ નારંગી જેવડું થાયછે.

ગુણ:—ગ્રાહી,શીત,તથાખાટું હોયછે.બીજા ગુણ ઘણુંકરીને બીલીના ગુણનેમળતાછે. ઔષધમાં બીલીની માફક ઝાડા તથા મરડા ઉપર અપાય છે. મશાલા તથા ચટણી બનેછે.

કપિત્થાષ્ટક ચૂર્ણ:—

કોઠ...	૮ ભાગ.	અજમોદ...	૩ ભાગ.	એલચી...	૧ ભાગ.
શાકર. ...	૬ ,,	પીપર. ...	૩ ,,	તજ. ...	૧ ,,
દાડમરસ...	૩ ,,	મરી. ...	૧ ,,	તમાલપત્ર.	૧ ,,
આંબલી...	૩ ,,	જીરૂં. ...	૧ ,,	કેશર. ...	૧ ,,
બીલી. ...	૩ ,,	ધાણા...	૧ ,,	સૂંઠ. ...	૧ ,,
ધાવણીનાંફુલ.	૩ ,,	સંચળ...	૧ ,,		

ઉપલી દવાને મિશ્ર કરીને વસ્ત્રગાળ ચૂરણ કરવું.

માત્રા:—૧ ડ્રામ. સંગ્રહણી ઉપર સારો ફાયદો કરેછે.

કોહોળુ—(ભૂરૂં). મ. સફેદ કોહાળા. સં. કુષ્માંડ.

ગુણ:—પૌષ્ટિક, ધાતુક્ષય, જીર્ણજ્વર, નષ્ટાર્તવ, અશક્તિ, ક્ષય, છાતીમાંથી લોહી

નીકળેછે ઇત્યાદિ રોગ ઉપર તેનો પાક કરી ખાવામાં આવે છે.

મહા કુષ્માંડ પાક—પાકેલા જૂના કઠણ ભૂરા કોહોળાનો મગજ ૪૦૦ તોલા લેઈ તેને કલઇવાળા વાસણમાં બાફ આપી પછી પાણી નીચોવીને તે મગજને ગાયના ઘીમાં તળવો. ત્યારબાદ નીચે લખેલી દવાઓનું કપડછાણ ચુરણ તથા ભષ્મ તેની સાથે મેળવવાં. વંશલોચન, તજ, એળચી, લવીંગ જાવંત્રી, તમાલપત્ર દરેકના બબે તોલા. ત્યારબાદ ૪૦૦ તોલા ધોયેલી સાકરની ચાસણી કરી, તેમાં ૨ તોલા કેસરનું પાણી નાંખવું, અને તેમાં કોહોળાનો મગજ તથા દવાઓ નાંખી હલાવી થાળમાં ઢાળવું, અને તેનાં ચોસલાં પાડવાં. આ પાક શક્તિ અનુસાર બે ચાર તોલા નિત્ય આપવો. આ પાક ધાતુ વર્ધકછે. વાત પીત્ત, કફ, ક્ષય, જીર્ણ જ્વર, પ્રદર, પાંડુરોગ, સુતિકરોગ, રક્ત દોષ ઇત્યાદિને દૂર કરેછે. ઉપર લખેલી દવા શીવાય બીજી કેટલીક પૌષ્ટિક દવા અને ધાતુ આ પાકમાં મેળવી શકાયછે.

ખડસલીયો—પીતપાપડો. મ. પીતપાપડા. સં. ૨જ.

ગુણ:—શોધક, જ્વરઘ્ન.

ઉપયોગ:—તાઢીયાતાવ, જીર્ણ જ્વર, પાંડુ, ઉપદંશ, મંદાગ્નિ, ત્વચા રોગ, પિત્તવિકાર વગેરે ઉપર ઉકાળામાં અપાયછે.

ખડી—મ. ખડુ. સં. મૃતિકા. "ક્રીટા" જુઓ.

ખરપર—મ. કળખાપરી. સં. રથક. "જસત" જુઓ.

ખસખસ—મ. ખસખસ. સં. ખસખસ.

ગુણ—પૌષ્ટિક, રૂચિકર.

ઉપયોગ—સાધારણ તેજાના તરીકે વપરાયછે.

ખસખસના ડોડવા—અથવા પોસ્ત મ. પોસ્ત. સં. ખસખસ. આ ડોડવા ઉના પાણીમાં ઉકાળી તે પાણીથી ઘણા પ્રકારના સોજા ઉપર શેક કરવામાં આવેછે,

ખાખરો—મ. પળસ. સં. પલાશ. ઈં. બ્યુટીયા ફ્રોનડોઝા. ખાખરાનાં મૂળ દસ મૂળમાં આવેછે. તેનો વાંક બનાવી દોરડાં થાયછે.

ખાખરાનો ગુંદર ઈંગ્રેજી "કાઇનો"ને મળતો આવેછે, તેના ગુણ તથા **માત્રા** કાઇનો પ્રમાણે સમજવાં, એ કારણથી તે દેશી કાઇનો કહેવાયછે. હીરાદખણ એક બીજા ઝાડનો ગુંદરછે, તે પણ આ ખાખરાના ગુંદર જેવો હોયછે, તેને ઉકાણે ઉપયોગમાં લેવામાં આવે છે, ઊલટી, ઝાડો, અતિસાર તથા લોહી બંધ કરેછે.

માત્રા:—૧૦થી ૩૦ ગ્રેન.

ખાખરાનાં ફૂલને કેસુડાં કહેછે, તેનો સુંદર લાલ રંગ રંગવાના કામમાં આવેછે, કેસુડાંનો ગુણ મૂત્રલછે. ઉનવા અગર મૂત્ર ગાંઠથી પેશાબ બંધ થયો હોય તો તેને બાફી પેટપર બાંધવાથી પેશાબ છૂટેછે.

ખાખરાના ફળને પીતપાપડો કહેછે, તે રાતો તથા ચપટો હોયછે. તેનો ગુણ કૃમિઘ્ન છે. તેની રાતી છાલ ઊતારી અંદરના સફેદ ભાગનું ચૂરણ કરીરાખવું. **માત્રા** ગ્રેન

૧૦ થી ૩૦. તે આપવાથી કરમ મરી જાયછે, અને પાછળથી જુલાબ આપવો. એટલે કરમ બહાર પડશે.

ખાપરીયો—"જસત" જુઓ.

ખુરાશાની અજમો "હાયોસાઇમ" જુઓ.

ખેરસાર—મ. ખેરસાર. સં. ખદીરસાર.

ખેરનાં લાકડાંમાંથી એક પ્રકારનો રસ નીકળેછે તેને ખેરસાર કહેછે. તેના **ગુણ** કાથાના ગુણને મળતાછે. ખાંસી, કફ, તથા ઝાડા ઉપર અપાયછે. મોઢાનાં ચાંદાં ઉપર પણ અપાયછે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ખેરસાર.	૨ ડ્રામ.	તજ	½ ડ્રામ.
હીરાદખણ	૧ ,,	તમાલપત્ર	½ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ચૂરણ કરવું. આ દવા ઝાડા તથા રક્તસ્રાવ ઉપર અપાય છે.

માત્રાઃ—૧૫ થી ૩૦ ગ્રેન.

ગજવેલ—મ. ગજવેલ. સં. લોહ. "લોખંડ" જુઓ.

ગજપીપર—મ. ગજપીપળી. સં. ગજપીપ્પલી. "પીપર" જુઓ.

ગુણ:—ઉષ્ણ.

ઉપયોગ:—તાવ, ઉધરસ, ઉલટી વીગેરે બચ્ચાંના દરદમાં કામ આવેછે. ક્વાથમાં વપરાયછે. ગજપીપર, લીંડીપીપરથી તદન જુદી હોયછે.

ગરણી—મ. ગોકર્ણીચે બીયાં. સં. ગીરીકર્ણિકા. ગોકર્ણિ.

ગરણીનાં ઝાડ બે જાતનાં થાયછે. એકના ફૂલ સફેદ અને બીજીનાં કાળાં થાય છે. તેના બીજનો ગુણ સારકછે. બચ્ચાંઓને જુલાબ આપવાના કામમાં આવે છે. બચ્ચાને માટે **માત્રા** ૫ થી ૩૦ ગ્રેન.

ગરમાળો—મ. બાહવા. સં. કૃતમાલક, આરગ્વધ. "કાશ્યા પદ્પા" જુવો.

ગુણ:—રેચક.

ઉપયોગ:—ગરમાળાની શિંગ થાયછે તેની અંદરનો ગર ઔષધમાં વપરાયછે. તે મળાવરોધ, ગુલ્મ, ત્વચા રોગ, પ્લીહા તથા ઉદર રોગ ઉપર જુલાબ તરીકે ગુણકારીછે.

માત્રા:—૧ થી ૪ ડ્રામ.

ગરમાળાનો ગોળ... ...	૨ ડ્રામ	પીપર ...	½ ડ્રામ
હરડે	૧ ,,	મોથ ...	૧ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી તેનો ક્વાથ કરી પીવો.

ગળો—મ. ગુળવેલ. સં. ગુડુચી. ઈં. ગુલાંચા.

ગુણ:—જ્વરઘ્ન, પિત્તશામક, શીતળ, [illegible]ષ્ટિક.

ઉપયોગઃ—ગળોના વેલા થાયછે તે જુદા જુદા પ્રકારનાં ઝાડો ઉપર ફેલાય છે. લીંબડા તથા આંબાનાં ઝાડો ઉપર જે વેલા થાયછે તે ઔષધિમાં વખણાયછે. તાઢીયા તાવ, પિત્તજ્વર, જીર્ણજ્વર, ઉપદંશ, હરસ, ત્વચારોગ, કોઢ, નબળાઇ, ખાંસી, દમ, પ્રમેહ, ધાતુક્ષય, પ્રદર, રક્તસ્રાવ, સંધિવાયુ, મંદાગ્નિ વગેરે ઉપર બહુ વપરાયછે. તેના બહુ સારા ગુણ ઉપરથી સંસ્કૃતમાં તેને "અમૃતવલ્લી" કહેછે. ગળો જેમ જાડી હોય તેમ સારી. પાણીની સાથે તેનો રસ કાઢીને પીવાયછે. તે મધ અથવા દૂધ સાથે પણ પીવાયછે. તેનું સત્વ નીકળેછે. તેનું હીમ અથવા ઉકાળો થાયછે, અને અર્ક પણ નીકળેછે, તેનું થડ તથા મૂળ ઊનાળામાં એકઠાં કરી રાખ્યાં હોય, તેમાં કસ વધારે હોયછે. બીજી ઘણી દવાઓની સાથે ગળો ઉકાળામાં વપરાય છે.

ગળોનો અર્ક—ચાર ઔંસ ગળો લઇ તેના ઝીણા કટકા કરી એક પાઇંટ પ્રુફસ્પિરિટમાં સાત દિવસ સૂધી એક વાસણમાં બંધકરી પલાળી રાખી પછી ગાળી લેવું.
માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

ગળોનુ હિમ—એક ઔંસ ગળોના બારીક કડકાને દસ ઔંસ થંડા પાણીમાં ચાર કલાક ભીંજવી રાખવા, બાદ પાણી ગાળી લેવું.
માત્રાઃ—૧ થી ૩ ઔંસ.

ગળોનુ સત્વ—આ સત્વ બે રીતે નીકળેછે. એકતો જરૂર જેટલા ગળોના બારીક કડકાને પાણીમાં પલાળવા તથા ચાર ચાર કલાકને અંતરે છાશ વલોવે તે પ્રમાણે તે પાણીને વલોવવું. પછી તે પાણીને ગાળી લેવું અને પછી સ્થિર રાખવું. તેને તળીયે સફેદ સત્વ બેશી જશે. પછી ઉપરનું નીતર્યું પાણી કાઢી લઈ સત્વને સૂકાવા દેવું. આ સત્વ લોટ જેવું થાયછે. **માત્રાઃ**—૧૦ થી ૩૦ ગ્રેન.
બીજી રીત એ છે કે ઉપર મુજબ કરી વલોવેલા પાણીને ઉષ્ણોદકપર બળવા દેવું, અને છેવટ નરમ ગોળ જેવું રહે એટલે ઉતારી લેવું. તેની **માત્રાઃ**—૧૦થી ૩૦ ગ્રેન.

ગાજર—મ. ગાજરે. સં. ગૃહજન.
ગાજર શાક ભાજી તરીકે વપરાય છે. તેની પોટીસ ગુમડાં, ચાંદાં, તથા સડેલા ઝખ્મ ઉપર ઉત્તમ ગણાયછે. તેનાં બી ગર્ભપાત માટે વપરાયછે.

ગાંજો—મ. ગાંજા. સં. વિજયા. "ક્યાનાબીસ ઈંડીકા" જુઓ.
ગાંજો અને ભાંગ એકજ ઝાડમાંથી નીપજેછે. તેની કળીયોને ગાંજો અને પાંદડાંને ભાંગ કહેછે. ગાંજો સાધારણ નીશા તરીકે ચલમમાં પીવાયછે, અને ભાંગને બંધાણી લોકો ઘૂંટીને પીયેછે. સાધારણ બજારમાં બેઉ મિશ્રિત મળેછે. તેના ગુણ, દોષ તથા ઉપયોગ બીજે ઠેકાણે આપ્યાછે. એ વિશેષે કરી ઊંઘ લાવવા માટે વપરાયછે. ધનુર ઉપર સારી અસર કરેછે. હરસ વગેરેને લીધે મળદ્વારની વેદના થતી હોય તો ભાંગની ધૂમાડી લેવાથી આરામ જણાયછે. ગાંજો ચલમમાં પીવાથી દમ, ખાંસી અને ચસકાને ફાયદો કરેછે.

ભાંગ ...	૮ દ્રામ.	પાણી ...	૬ ઔંસ
કાળાંમરી ...	૧ ,,	દુધ ...	૬ ,,
વરીયાળી ...	૨ ,,	કાકડીનાબીનો મગજ	૧ દ્રામ.
ખસખસ ...	૧ ,,	સાકર ...	૨ ઔંસ.

ઉપરના સર્વ પદાર્થને પાણીમાં વાટી ગાળી લઈ તેમાં સાકર અને દૂધ મેળવવાં.

માત્રાઃ—૨ થી ૪ ઔંસ.

ઉપયોગઃ—ગરમીના દિવસમાં શરબત તરીકે પીવાયછે.

ગાજબાન—મ. ગોઝબાન. સં. ગોજીહ્‌ક. તેને **ભોપાથરી** અથવા **ગળજીભી** કહેછે.

ગુણઃ—શોધક, મૂત્રલ અને પૌષ્ટિક.

ઉપયોગઃ—વિસ્ફોટક, સંધિવા, ફડક, અને પેશાબના આજારમાં અપાયછે. તેની ચા અથવા ક્વાથ તાવ, પ્રમેહ, અને મૂત્રકૃચ્છ ઉપર અપાયછે.

ગૂગળ—મ. ગુગુળ. સં. ગુગુલ. ઇ. બડેલ્યમ.

એક ઝાડમાંથી ગુંદરની માફક નીકળેછે. તાજો ગૂગળ દવામાં ઉપયોગીછે. જુનો સૂકાઈ ગયેલ ગૂગળ બહુ ગુણકારી નથી.

ગુણઃ—ઉષ્ણ, વાતહર, શોધક, રોપણ.

ઉપયોગઃ—ગૂગળની જુદી જુદી ઔષધિ સાથે મેળવણી કરી દેશી દવામાં તે બહુ વપરાયછે. મોટો તથા નાનો યોગરાજગૂગળ, કૈશોરગૂગળ, ત્રિફળાગૂગળ, શડશીતીગૂગળ, વગેરે તેના પ્રકારછે.

સંધિવાયુ, શૂળ, ચસકા, કટીશૂળ, મંદાગ્નિ, ગૃધ્રશીવાયુ. વાતરક્ત, પ્રમેહ,શુક્રોદોષ, આર્તવદોષ, જીર્ણતાવ, ત્વચારોગ, મૂત્રરોગ વગેરે ઉપર ગૂગળ અપાય છે.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

વાયુ તથા શૂળ ઉપર ગૂગળનો લેપ મારવામાં આવેછે.

યોગરાજગૂગળ.

ચિત્રકમૂળ	જીરૂં	રાસ્ના	મોથ	તાલીસ પત્ર.
પીપર	દેવદાર	કોલીંજન	મરી	તમાલપત્ર.
અજમો	ચવક	ગોખરૂ	સુંઠ	
કાળીજીરી	એલચી	ધાણા	તજ	
અજમો	સિંધવ	ત્રિફળા	જવખાર	

ઉપર લખેલી સર્વ દવાઓનો એકેક ભાગ લઈ એ સર્વનું જે વજન થાય તેટલો ગૂગળ લેઇ ઘીની સાથે મિશ્ર કરવું.

માત્રાઃ—½ તોલો.

સંધિવા, પક્ષઘાત, અર્દિત, કટીશૂળ, વીગેરે ઉપર ઘણીજ સારી અસર કરેછે.

કેશર ગૂગલ.

ગૂગળ... ...	૧૦ શેર.	ત્રિફળા	૧૦ શેર

ગળો... ... ૧૦ ,, પાણી. ... ... ૯૬ ,,

ગળો અને ત્રિફળાને ઉપર લખેલા પાણીમાં ઉકાળીને તેનું અડધ પાણી રહેવા દેવું. તેને ગાળીને ગૂગળ ઉમેરી, ફરીથી લોખંડના વાસણમાં ઉકાળી, નરમ ગોળ જેવું થવા દેવું. તેમાં નીચેની દવાનું ચુરણ કરી મેળવવું.

ત્રિફળા. ...	...૧૯½ તોલા.	મરી. ...	... ૬ તોલા.
ગળો. ...	... ૮ ,,	પીપર. ...	... ૬ ,,
સુંઠ. ...	... ૬ ,,	દાંતીમૂળ. ...	... ૨ ,,

માત્રાઃ—½ તોલાથી ૧ તોલો. ત્વચારોગ અને રક્તદોષને લાગુ પડેછે.

રાસ્નાદી ગૂગળ.

રાસ્ના.	એરંડાનું મૂળ.	ગળોનું સત્વ.
સુંઠ.	દેવદાર.	

ઉપરની સર્વે દવાનો એકેક ભાગ અને તે સઘળાની બરાબર ગુગળ મેળવી, ઘી અથવા મધની સાથે નાના બોર જેવડી ગોળી વાળવી.

ઉપયોગઃ—સંધિવા, બીજા વાયુનાં દરદ, તથા ત્વચારોગને ફાયદો કરેછે.

ગુંજ—મ. ગુંજ. સં. ગુંજ. "ચણોઠી" જુઓ.

ગુંદર—ગુંદ. મ. ગોંદ. સં. નિર્યાસ. "એકેશ્યા ગમાઈ" જુઓ.

દવામાં ઘણું કરીને બાવળનો ગુંદર કામ આવેછે. આ ગુંદરનો ગુણ પૌષ્ટિક છે. તે શિવાય બીજા ગુંદર પણ વપરાય છે. જેમકે ઢાંષ ગુંદર, પ્રમેહ તથા વધરાવળ માટે અપાય છે. કડાયોગુંદ અર્જુન વૃક્ષમાંથી નીકળેછે.

ગુલાબનાં ફુલ—મ. ગુલાબચે ફુલ. સં. સેવંતી. "રોઝપેટલ્સ" જુઓ.

ગુણઃ—રેચક.

ઉપયોગઃ—ગુલાબનાંફુલ જુલાબ આપવામાં વપરાય છે.

માત્રાઃ—½ થી ૧ તોલો. ભાત તથા સાકરની સાથે ખાવાં. તેનો પાક થાયછે તેને ગુલકંદ કહેછે. ગુલકંદ આ પ્રમાણે થાયછે—

ગુલકંદઃ—રાતાગુલાબની કળી લીલી..............તોલા ૮
સાકર પત્રીની ખાંડેલી.............. ,, ૮
એલચી .... ,, ½
કેશર.............................. ,, ½

એક બાટલીમાં પ્રથમ ભીની ગુલાબકળીયો ભરવી. બાદ સાકર, એલચી અને કેશરને એકત્ર ખાંડીને તેનાપર થર કરવા. બાટલીનું મોઢું બંધ કરી તેને એક માસ પર્યંત તડકામાં રાખવી એટલે ગુલકંદ થશે. કોઈ આસણીની સાથે ગુલાબકળી મેળવે છે. કોઈ મધની સાથે ગુલાબકળી મેળવેછે. તેને માધ્વી ગુલકંદ કહેછે. ગુલકંદ ત્વચારોગ, નેત્રરોગ અને ઝાડાની કબજ્યત માટે ઉપયોગી પડેછે.

ગુલાબનીકળીને ઠેકાણે મોટી હરડે, લીલાંઆમળાં, સોનામુખી વીગેરે વાપરવાથી તે દરેકનો અવલેહ અથવા મુરબો તૈયાર થાયછે. (વૈ. મ. સું.)

ગોખરૂ—મ. ગોખરૂ. સં. ગોક્ષુર.

ગોખરૂનું આખું ઝાડ વપરાયછે, પણ ઘણું કરી તેનાં કાંટાવાળાં ફળ ઉપયોગમાં આવેછે. દશમૂળમાં ગોખરૂનાં મૂળ આવેછે.

ગુણઃ—શીતળ, મૂત્રલ, પૌષ્ટિક.

ઉપયોગઃ—ધાતુક્ષય, અશક્તિ, મૂત્રરોધ, પાણવી (પથરી) પરમિયે, ઉનવા, તાવ, અને અરૂચિ ઉપર અપાયછે. ગોખરૂનાં ફળ ઉપર કાંટા હોય છે. ગોખરૂને પાણીમાં રાખવાથી પાણીમાં ચીકાસ આવેછે. ગોખરૂની ભૂકી ક્ષેપગુંદર તથા સોડા સાથે સમ ભાગ મેળવી **તણખીયા** ઉપર આપવાથી બળતરા જલદી બંધ થાયછે. વળી ગોખરૂનો ક્વાથ મધ અને શીલાજીત સાથે આપવાથી બળતરા બંધ **થશે.**

માત્રાઃ—૧ થી ૨ ડ્રામ.

ગોખરૂનો અવલેહ—ગોખરૂ શેર ૧૨$\frac{1}{2}$ લઈ ૬૪ શેર પાણીમાં ઉકાળીને $\frac{1}{4}$ પાણી રાખવું. તેમાં ૬ $\frac{1}{4}$ શેર સાકર મેળવી પછી ફરીથી ઊકાળી અવલેહ થાય તેવું રાખવું. તેમાં નીચેની ચીજો દરેક ૧૬ તોલાનો ભૂકો વસ્ત્રગાળ કરી મેળવવો.

સૂંઠ	મરી	એલચીદાણા	તમાલપત્ર	કાકડીનાંબી.
પીપર	તજ	નાગકેસર	જાયફળ	વાંસકપૂર

ઉપરની ચીજોનો દરેક ૧૬ તોલાનો ભુકો મેળવવો. **માત્રાઃ**— ૨ તોલા.

પેશાબની બળતરા, અશ્મરી, તથા પેશાબ બંધ થયો હોય ને તેમાં લોહી જતું હોય તે ઉપર અપાયછે.

ગોરોચન—મ. ગોરોચન. સં. ગોરોચન.

ગાય તથા બળદના પિત્તાશયમાં કાંકરી પેદા થાયછે, તેને ગોરોચન કહેછે. તેનો રંગ રાતો, પીળો, નારંગી જેવો હોયછે. તેને ફોડીએતો એક ઉપર એક એવા થર માલૂમ પડેછે. આ કાંકરી બહુ કઠણ નથી હોતી અને સોપારીથી તે લીંબુ જેવડી મોટી હોયછે. તેને ઘશીને ઉધરસ ઉપર અપાવામાં આવેછે.

"પેદરૂબઝાર" નામની કાંકરી બકરાના પેટમાંથી નીકળેછે તે સુમારે ઈંડાના કદ જેવડી હોયછે. તેના ઉપર પણ એક ઉપર એક પડ હોયછે. તેનો રંગ કાળો લીલો થાયછે. તે પણ કફના વ્યાધિ ઉપર વપરાય છે. બઝાર નામની બીજી દવા કૃત્રિમ પથ્થરની બનેછે, તે મોટી હોયછે તથા તેની બનાવટમાં પડ હોતાં નથી. પેદર... અજીર્ણ તથા કોગળીયા ઉપર અપાયછે. તેવીજ કાંકરી ઊંટ તથા સર્પના પેટમાંથી નિકળેછે અને ઔષધિ માટે વખાણાયછે ઊંટની કાંકરીને "હજરતહુવા" કહેછે.

ગંધક—મ. ગંધક. સં. **બલી** "સલ્ફર" જુઓ.

બજારનો ગંધક ચાર જાતનો મળેછે. ૧ લકડીયો ગંધક, તે લાકડીના આકારના કટકા હોયછે. ૨ આમલસારોગંધક. આ ગંધકના કકડા થાયછે. એ ગંધક ઘણો ચોખો હોયછે, અને ઔષધિમાં કામ આવેછે. તેનો રંગ પાકેલા આંબળાને મળતોછે, તેથી તેને આમળસારો ગંધક કહેછે. ૩ કચ્છીગંધક. આ ગંધક ઘણો

એસો હોયછે. ૪ દાલગંધક. આ ગંધકના કડકા દાળ જેવા હોયછે. તે શિવાય એક રાતો ગંધક થાયછે તેમાં કોઈ ધાતુનું મિશ્રણ હોયછે.

પારા તથા બીજી ધાતુઓની સાથે ગંધક દેશી દવામાં ઘણો ખપ લાગે છે. ત્વચા રોગ અને સંધિવા ઉપર ખાવા અપાયછે અને લગાડાયછે જેમકેઃ—

ગંધક.........૮ તોલા.	ત્રિફળાનો કવાથ......૭૨ તોલા.
ગૂગળ.........૮ તોલા.	એરંડીયુ ....૩૨ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી લોઢાના વાસણમાં ઉકાળી જાડું થાય એટલે ઉતારવું.

માત્રાઃ—૧ દ્રામ. એક દિવસમાં બે વખત.

ગરજનનું તેલ—હિંદુસ્તાન તથા આસામ દેશમાં ગરજન નામનું તેલ થાયછે.

ગુણઃ—શોધક, મૂત્રલ છે.

ઉપયોગઃ—કોપેબાને ઠેકાણે વાપરી શકાયછે. પ્રમેહ તથા પ્રદરને મટાડેછે. તે શિવાય કોઢ અને ચાંદાં ઉપર આ તેલ બહુ વપરાયછે, અને કેટલીકવાર સારો ફાયદો કરેછે. આ રોગો ઉપર તે પીવા અપાય છે. તેમજ બહારના ભાગ ઉપર ચોપડાય છે. પીવા તથા ચોપડવાના કામને માટે તેની સાથે ચૂનાનું પાણી મેળવવામાં આવેછે.

માત્રાઃ—૫ થી ૩૦ ટીપાં.

ચણકબાબ—મ. ચીનીકબાબ. સં. કબાબા.

ગુણઃ—શીતળ, મૂત્રલ. "કયુબેબ" જુઓ.

ચણકબાબ ....૮ દ્રામ.	પાખાણભેદ...........૩ દ્રામ.
સોનામુખી... ....૮ ,,	સુરોખાર...............૪ ,,
એલચીદાણા...........૩ ,,	

ઉપરની સર્વે દવાનું ચૂરણ કરીને મિશ્ર કરવી..

માત્રાઃ—૧ થી ૨ દ્રામ.

ઉપયોગઃ—પ્રમેહ તથા બીજા પેશાબના રોગ ઉપર વપરાય છે.

ચણાનો ખારઃ—મ. હરભરેચી આંબ. સં. ચનકામ્લ.

શિયાળામાં ચણાના છોડ ઉપર ઝાકળ પડેછે તેમાં કપડું ભીંજવી પાણી એકઠું કરેછે, તેને ચણાનો ખાર કહેછે. તે બહુ ખાટો હોયછે. તેમાં "ઓક્ષાલિક આસિડ" વગેરે ખાર હોયછે. તે કેટલીક દવાઓ બનાવવાના કામમાં આવેછે.

ગુણઃ—આમ્લ, મૂત્રલ.

ઉપયોગઃ—ઉનવા, તણખીયો, બરોળની ગાંઠ, અજીર્ણ, પેટનું શૂળ, ચૂંક વગેરે ઉપર અપાયછે.

માત્રા—ટીપાં ૫ થી ૨૦.

ચણોઠી—મ. ગુંજ. સં. ગુંજ.

ચણોઠી ચાર જાતની થાયછે, રાતી, ધોળી, કાળી અને પીળી. રાતી ચણોઠીનાં ઝાડ બહુ સાધારણ હોયછે. તેનાં મૂળીઆં જેઠીમધનાં જેવાં હોયછે અને તેને

ઠેકાણે ગાંધી લોકો ચણોઠીનાં મૂળ આપેછે. જેઠીમધની માફક તે પણ થોડાં ગળ્યાં હોયછે. મૂળીઆં તેમજ ચણોઠીનાં પાંદડાંનો કલ્ક જેઠીમધના શીરા જેવો થાયછે. સફેદ ચણોઠી પૌષ્ટિક છે. તે પાકમાં વપરાયછે. મૂળીઆં તથા પાન ખાંસી અને તણખીયા માટે અપાયછે. મોઢું આવ્યું હોય તો પાન મોઢામાં રખાયછે. ચણોઠીનું તેલ નીકળેછે તે વાયુ ઉપર ચોપડાયછે.

મૂળની માત્રા:—જેઠીમધ પ્રમાણે. ચણોઠી વધારે ખાવાથી ઉલટી થાયછે. તેને દેશી શાસ્ત્રમાં સાત મોટા ઝેર માંહેલું એક ઝેર ગણવામાં આવેછે પણ ચણોઠી તેવી ઝેરી નથી. ઉતર હિંદુસ્થાન અને પંજાબ તરફ ચામડા માટે ચમાર લોકો ઢોરને મારી નાંખેછે તેમાં ચણોઠીનો ઉપયોગ કરેછે. જોકે પેટમાં લીધાથી ઉલટી ઉપરાંત તેનું બીજું ઝેર જણાતું નથી પણ જો ચામડીમાં દાખલ કરવામાં આવે તો તેના ઝેરથી મૃત્યુ થાયછે. ચમાર લોકો ચણોઠીના ફોતરાં કાઢી તેના બીયાંનો લોટ કરી તેમાં પાણી રેડી સોઇના આકારની નાની અણીદાર આર બનાવી તેને સુકવેછે. તે સુકાયા પછે તેને એક હાથામાં રાખેછે અને જોરથી તે જનાવર ઉપર મારતાં આરનો કાંઇ ભાગ અંદર ચામડીમાં જાય છે. તેથી રતવાની જેવો ત્વચાનો તીક્ષણ વરમ થઈ જનાવર મરણ પામેછે. આ દેશમાં ગાય, ભેંસને મારવા માટે ચમાર લોકો સોમલ વીગરે ઝેર ખવરાવે છે.

ચવક—મ. ચવક. સં. ચવ્ય.

કાળાંમરીનાં મૂળીયાંને ચવક કહેછે. ચવકની છાલને ગજપીપર કહેછે.

ગુણ:—ઊષ્ણ, રૂચિકર, દીપન, પાચન, વાતહર.

ઉપયોગ:—તાવ, વાયુ, મંદાગ્નિ, અરૂચિ, પેટનાંદરદ, શૂંક, કમળો વગેરે ઉપર કવાથ અગર ચૂરણના રૂપમાં અપાય છે. ઘણું કરી ચીત્રકની સાથે ઉકાળામાં આવેછે.

ચાતુરજાત—તજ, તમાલપત્ર, નાગકેશર, અને એલચી, આ ચાર ચીજને ચાતુર્જાત કહે છે. તેમને સમ ભાગ લેઈ ચૂરણ કરી એકત્ર કરવું.

ગુણ:—દીપન, પાચન, કફઘ્ન.

ઉપયોગ:—ખાંસી, દમ, અરૂચિ, અજીર્ણ, તથા વાયુ ઉપર અપાય છે.

માત્રા:—½ થી ૧ ડ્રામ.

ચીતરો—મ. ચીત્રકમૂળ. સં. ચીત્રક.

ચીત્રકનું ઝાડ નાનું હોયછે. તે બે જાતનાં થાયછે, સફેદ તથા લાલ ચીત્રક, તે પ્રમાણે તેમના ફુલનો રંગ હોયછે. ઔષધમાં મૂળ વપરાયછે. ચીત્રકનું તાજું મૂળ ઘસીને ચોપડવાથી બ્લીસ્ટરની માફક ઊઠે છે. તે ઘણા કવાથ તથા ચૂરણમાં પડેછે.

ગુણ:—ઉષ્ણ, દીપન, પાચન, વાતહર.

ઉપયોગ:—તાવ, મંદાગ્નિ, અજીર્ણ, ઉદરરોગ, હરશ ઉપર અપાયછે. પંચકોળના ઉષ્ણ કાઢામાં ચવકચીત્રક આવેછે.

૧. ચીત્રકછાલ ....૧૦ ગ્રેન
હરડાં......................૨૦ ગ્રેન
કાળાં મરી................૩૦ ગ્રેન
} આ દવાને મિશ્ર કરીને ચાર પડીકાં કરવાં.

૨. ચીત્રકછાલ.....................૧૦ ગ્રેન
ખોરાસાની અજમો.........૧૦ ,,
ગોળ......................જરૂરજેટલો
} આ દવાને મિશ્ર કરીને આઠ ગોળીયો કરવી.

બેઉ દવા અજીર્ણ, સંધિવા, તથા વીસ્ફોટક ઉપર અપાયછે.

ચીમડ—મ. કાકમાચી. સં. વનકુલીત્થ.

ચીમડનાં ચપટાં બારીક કાળાંબીજ હોયછે. તેને ફોડવાથી ઉપરની કાળી ફોતરી જતાં અંદરથી પીળાં મીજ નીકળેછે, તેને બારીક વાટી આંખમાં આંજવામાં આવેછે. તેની સાથે જરા મીઠું નહિતો છાશ મેળવેછે, આંખ દુખતી હોયતો ચીમડનાં ભરણથી જલદી આરામ થાયછે.

ચીમડનો ગુણ પૌષ્ટિકછે અને સ્રીયો પ્રદર તથા આર્ત્તવદોષ અને વાયુને માટે તેનો પાક બનાવી ખાયછે.

ચૂનો—મ. ચુના. સં. સુધા. "ક્યાલકસ" જુઓ.

ઈંગ્રેજી દવામાં ચૂનાનું પાણી વપરાયછે. દેશીમાં તે શિવાય પેટ અગર છાતીનું શૂળ આવતું હોય તે ઉપર મધની સાથે ચૂનાનો લેપ કરવામાં આવેછે. દેશી દવામાં વપરાતો ચૂનો પથરમાંથી થાયછે, એટલુંજ નહિ,પણ શંખલા, કોડી, શંખ, વગેરેને બાળીને પણ થાયછે, અને તે દરેકને અનુક્રમે શંખલાભસ્મ, કોડીભસ્મ, અને શંખભસ્મ કહેછે. તે દરેકને લીંબુના રસમાં પલાળી કૂલડીમાં મૂકી પુટ દીધાથી તેની ભસ્મ એટલે ચૂના જેવા પદાર્થ બનેછે. તે ભસ્મ અજીર્ણ, બરોળ, અને બીજા ઉદરવ્યાધિ ઉપર અપાયછે,અને બીજી દવાના સંયોગમાં વપરાયછે,જેમકેઃ—

અગ્નિકુમાર રસ.

ટંકણખાર.........૧ તોલો.	કોડીભસ્મ..........૩ તોલા.
પારો...........૧ ,,	શંખભસ્મ.........૩ ,,
ગંધક...........૧ ,,	મરી...............૮ ,,
વછનાગ.........૩ ,,	

ઉપરની સર્વે દવાને લીંબુના રસમાં બારકલાક ઘૂટવું, અને દસગ્રેનની દરેક ગોળી કરવી. આ દવા અજીર્ણ ઉપર અપાયછે.

ચોપચીની—મ. ચોબચીની. સં. દ્વીપાંતર વચા. ઈં. "ચાઇના રૂટ".

ગુણઃ—પૌષ્ટિક તથા શીત.

ઉપયોગ—ક્વાથ તથા પાકમાં નંખાય છે. તણખીયાને મટાડેછે. સંધિવા તથા ગરમી ઉપર અપાયછે. ચીન તરફથી આ દવા આવેછે. ઉપદંશના વ્યાધિમાં વિશેષ અપાય છે.

ચાલમોગરાનું તેલ—ચાલમોગરાનાં બી તથા તેલ કલકત્તા તરફ બંગાળામાં થાયછે. તેનો

ગુણ શોધક છે. ત્વચારોગ, સંધિવા તથા વિશેષ કોઢ અને પતના રોગ ઉપર વપરાય છે.

માત્રાઃ—૩ થી ૯ ટીંપાં.

ચંદન—સુખડ. મ. ચંદન. સં. ચંદન.

ગુણઃ—શીતળ.

ઉપયોગઃ—ખીલ, ગૂમડાં, તથા સોજા ઉપર ઘસીને ચોપડાય છે.

ચંદનનું તેલ—ઉમદા સુગંધી પદાર્થછે. પ્રમેહ ઉપર બહુજ ગુણકારી છે.

માત્રાઃ—૧૦ થી ૨૦ ટીંપાં.

દેશી ઔષધિમાં ચૂરણ આસવ, અને અવલેહમાં ચંદનને ઠેકાણે સુખડ વપરાયછે. લેપ અને ક્વાથમાં ચંદનને ઠેકાણે રતાંજળી વપરાયછે.

જટામાસી—મ. જટામાંસી. સં. જટામાસી. જટામાસીના ગુણ ઈંગ્રેજી "વાલેરીયન" નામની દવાને મળતા આવેછે. તેનાં મૂળ સ્વાદમાં થોડાં કડવાં હોયછે, દેશી દવામાં તેનું તેલ તથા ઘી કાઢવામાં આવેછે.

ઉપયોગઃ—વાઈ, આંચકી, હિસ્ટીરિયા, જેવાં દરદો ઉપર અપાયછે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

તેનું ટિંકચર થાયછે, તેની માત્રા ½ ડ્રામથી ૧ ડ્રામ.

જટામાસી	૧ડ્રામ.	આ ત્રણે દવાને મિશ્ર કરવી. માત્રા. ૨૦ થી ૧૫ ગ્રેન. ઉપર લખેલા દરદમાં વપરાય છે.
રૂમેમસ્તકી	૧ ,,	
એલચી	½ ,,	

જમાલગોટો—મ. જેપાલ. સં. જયપાળ. "નેપાળો" જુઓ.

જવ—મ. યવ. સં. યવ જવનો ઉકાળો કરી તે પાણી પીવાથી ઉનવા તથા તણખીયાની બળતરા મટી જાયછે. આ પાણી સાથે સોડા, ગોખરૂ, સેસગુંદર, બહુફળી હોય તો વધારે ગુણ માલૂમ પડેછે. ઉદરના વ્યાધિ ઉપર જવ અને સાજીક્ષારનું બંધારણ બંધાય છે. "હોર્ડીયોલમ" જુવો.

જવખાર—મ. યવખાર. સં. યવક્ષાર.

આ ખાર જવમાંથી કાઢેછે. જવની લીલી ડાંખળીયોને બાળીને, તેની રાખને પાણીમાં ચોળીને, પાણી ગાળી લેવું. તે પાણીને ઉકાળીને બાળવાથી જવખાર નીકળશે. તેનો ભૂકો જરા ખટાશપર હોયછે. તેમાં કાર્બોનેટ ઓફ પોટાસાદિ ખારછે.

ગુણઃ—ઉષ્ણ, દીપન, કફઘ્ન.

ઉપયોગઃ—કફ, ખાંસી, શૂળ, ગુલ્મ, ઉદરરોગ, અરુચિ, અજીર્ણ, ખરોળ, તથા મૂત્રરોગ ઉપર અપાયછે. ખાંસી ઉપર સાધારણ પાનના બીડામાં લેવાયછે.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

જસત—મ. જસ્ત. સં. જસ્ત.

જસતના ગુણ કલઈ જેવાછે, અને કલઈની માફક તેની ભસ્મ થાયછે. "જસત

ની ભસ્મ" તે "ઝિંક ઓક્ષાઇડ"ને અનુસરે છે. તેનો ગુણ પણ વંગભસ્મના ગુ-ણને મળતો આવેછે. જસતના ફૂલને "ઝિંકસલફાસ" કહેછે.

ખરપર અથવા ખાપરીયો—(કાલા મંજન) નામની દવા બજારમાં મળેછે, તેપણ જસતનોજ એક ક્ષારછે. તે શોધક તથા પૌષ્ટિક ગણાયછે,અને તાવ તથા ઉધરસ ઉપર અપાયછે.

માત્રાઃ—૬ થી ૧૨ ગ્રેન. વસંત માલતી બનાવવામાં આ દવા નંખાયછે. ખરપર તથા બીજી જસતની દવાઓ ત્વચા રોગ તથા આંખનાં દરદ અને બીજાં દરદો ઉપર વપરાયછે તેને માટે ઈંગ્રેજી પ્રકરણમાં ઝિંક જુઓ.

જાંબુ—મ. જાંબુળ. સં. જંબુ.

જાંબુની છાલ, પાન તથા બીજનો ગુણ ગ્રાહીછે, અને બીજી દવાઓની સાથે ઝાડા તથા ગ્રહણી ઉપર અપાયછે. જાંબુની છાલ ઉકાળામાં પ્રદર ઉપર અપાય છે. તેનાં પાનની પોટીસ વીંછીના દંશ ઉપર ગુણકારીછે, જાંબુનાં ફળ ખાવાથી અશ્મરી એટલે પથરીનો નાશ થાયછે, અને તેનાં બીજ ખાધાથી ઝાડો કબજ થાયછે.

જાયફળ—મ. જાયફળ. સં. જાતિફળ. "મીરીસ્ટીકા" જુઓ.

જાવંતરી—મ. જાયપત્રી. સં. જાતીપત્રી.

જાયફળના સંબધમાં તેને વળગેલી છાલ હોયછે તેને જાવંતરી કહેછે.

ગુણઃ—ઉષ્ણ, દીપન.

ઉપયોગઃ—ઝાડો, પેટની ચૂંક, તથા ઉલટી ઉપર અપાય છે. તેજાના તરીકે બહુ વપરાય છે.

માત્રાઃ—૫ થી ૩૦ ગ્રેન.

જીરૂ—મ. જીરે. સં. જીરકં.

ગુણઃ—દીપન, રૂચિકર, શીતળ.

ઉપયોગઃ—અજીર્ણ, પિત્તવિકાર તથા અરૂચિ ઉપર તથા બીજી દવાઓની સાથે ચૂરણમાં અપાયછે. સાધારણ મશાલા તરીકે વપરાયછે.

જીરૂં પાંચ પ્રકારનું થાયછે. એક સાધારણ જીરૂં, બીજુ શાહાજીરૂં, ત્રીજુ ઓથમી જીરૂં, ચોથું કાળુજીરૂં, અને પાંચમું શંખજીરૂં. શાહાજીરૂ જરા બારીક અને કાળાશપર હોયછે તેના ગુણ જીરાને મળતા આવેછે. બીજા પ્રકારોના જીરાની હકીકત તેમના અનુક્રમમાં આપવામાં આવીછે.

જેઠીમધ—મ. જેષ્ટીમધ. સં. યષ્ટીમધુ. "લીકરીસરૂટ" જુવો.

જેઠીમધનાં મૂળ તથા પાન ઔષધમાં વપરાયછે. તેનું સત્વ નીકળેછે, તેને જેઠીમધનો શીરો કહેછે.

ગુણઃ—શીતવાર્ય, કફઘ્ન, અને પૌષ્ટિક.

ઉપયોગ—તાવ, પિત્તવિકાર, દાહ, ઉનવા, તણખીયો, પ્રમેહ, ખાંસી, દમ વગેરે ઉપર કવાથ તથા ચૂરણમાં અપાયછે. ઉધરસ માટે જેઠીમધ મોઢામાં રખાયછે.

ઉનવા તથા તણખીયા ઉપર જેઠીમધના પાનનો કલ્ક સાકર સાથે ગુણકારી છે.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

જંગલીપ્યાજ—મ. જંગલીપીયાજ સં. ભૂયકંદ.

જંગલીકાંદા થાયછે, તે ઈંગ્રેજી "સ્કવીલ" નામની દવાને ઠેકાણે આપી શકાય છે. તેનો ગુણ કફઘ્ન તથા મૂત્રલછે. તેને પાણકંદો કહેછે.

ઝીપટો.—ઝીપટાનાં મૂળીઆં પૌષ્ટિકછે તે પાક તથા ક્વાથમાં વપરાય છે.

ઝેરકોચલાં, અથવા ઝેર કચોલાં. મ. કુચલા. સં. વિષતિંદુક. "નક્ષવામિકા" જુઓ.

ઝેરકોચલાના ઝાડને ફળ થાયછે, તેની અંદરનાં બીજને ઝેરકોચલાં કહેછે, તે દવામાં વપરાયછે. અફીણ તથા ભાંગની માફક કેટલાકને ઝેરકોચલાનું પણ બંધાણ હોયછે.

ઉપયોગઃ—ઝેર કોચલાંને ઘશીને બીલ, ગૂમડાં, તથા સોજા ઉપર ચોપડાય છે. તેને ઘીમાં તળીને પેટની ચૂંક, દુખાવો, કરમ, ઝાડો તથા ઉલટી ઉપર ખાવામાં આવેછે. તેવાજ ઉપયોગનાં ચૂરણ તથા ગોળીયોમાં તે નાખવામાં આવેછે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

ઝેરકોચલાં	ગંધક	પીપર	મરી
હીંગ	સિંધવ	સૂંઠ	હરડે

ઉપરની સર્વે દવા સર્ખેભાગે લઈ, ચણા જેવડી ગોળીઓ કરવી અને દિવસમાં બે ત્રણ આપવી. તેથી જુના પક્ષઘાત, વાયુ, ગુલ્મને ફાયદો થાયછે.

ટંકણખાર. મ. ટાંકણખાર. સં. ટંકણ. "બોરાક્ષ" જુઓ.

ટંકણખાર ટીબેટ અને નેપાળ તરફથી આવેછે.

ઉપયોગઃ—ખાંસી, દમ, સંગ્રહણી, અજીર્ણ, વગેરે દરદા ઉપર બીજી ઓષધિ સાથે વપરાયછે.

ટંકણક્ષાર બે જાતનો મળેછે. એક પાટીયો ટંકણક્ષાર તે "પાંદડીયો" (ક્રીસ્ટલાઈન) હોયછે, અને "સોહાગા ટંકણક્ષાર" તે ગાંગડીવાળો હોયછે. બેઉ દવામાં વપરાયછે.

ડીકામાલી—મ. ડીકામાલી. સં. ડીહી.

ચૂંક અને પેટના દુખાવા ઉપર તથા કરમ ઉપર ઘણુંકરી બાળકોને પીવા અપાયછે, તથા પેટ ઉપર ચોપડાયછે. તે એક ઝાડનો રસછે.

ડુંગળી—મ. કાંદા. સં. કૃષ્ણાવળી.

ગુણઃ—ઉષ્ણ.

ઉપયોગઃ—ડુંગળીની પોટીસ ગૂમડાં વગેરે પકવવા માટે ઉપયોગીછે તથા વીંછીના દંશપર મરાયછે. બેશુદ્ધ માણસને સચેત કરવા ડુંગળી ચગદીને સુંઘાડાયછે. તેનો રસ, કોલેરા, ધનુર્વા, આંચકો, તથા શૂળ ઉપર પીવાયછે, અને ચોપડાયછે.

ડોડી—એ પાતળા ડુંડા જેવી થાયછે. તેલમાં ભીંજવી તે જખમ ઉપર લગાડાયછે, બળવામાં તે મીણબત્તીની માફક બળેછે.

તમાકુ—મ. તંબાકુ. સં. તંબાકુ "ટોબાકો" જુઓ. દેશી દવામાં તમાકુ દાંતે ઘસવાને કામ લાગેછે. દાંત દુખતા હોય અથવા કળતા હોય તો તમાકુ ઘસવાથી આરામ થાય છે. તમાકુ સૂંઘવાથી છીંક આવેછે, અને કોઈવાર માથું દુખતું હોય તો તે સુંઘવાથી આરામ થાયછે. ઝેરી પદાર્થ ખાધામાં આવ્યો હોય તે ઉપર જલદી ઉલટી કરાવવી હોય તો તમાકુ પાણી સાથે પાયછે, પણ તેમાં બહુ સાવચેતી રાખવી જોઈએ, કેમકે તમાકુ પણ જાતે ઝેરીછે. વૃષણ વૃદ્ધિ તથા તેના દુખાવા માટે તમાકુના પાન તે પર સેલારસ સાથે બાંધવાથી ફાયદો થાય છે.

તજ—મ. દાલચીની. સં. ત્વક્. "સિનામન" જુઓ.

તમાલપત્ર—મ. તમાલપત્ર. સં. પત્ર.

એ સુગંધી દ્રવ્યછે, તેજાનામાં ગણાયછે, તેમજ ઔષધિમાં સ્વાદ માટે નંખાયછે. એ નાનાં પાંદડાં હોયછે. તજના ઝાડનાં પાંદડાંને તમાલપત્ર કહેછે, અને તેના ગુણ તજને બહુ મળતા આવેછે.

તાલીસપત્ર—મ. તાલીસપત્ર. સં. તાલીસપત્ર.

ગુણઃ—શીતળ, કફઘ્ન.

ઉપયોગઃ—ખાંશી, કફ, અને ત્વચા રોગની દવાઓ સાથે અપાયછે. આ પાંદડાં તમાલપત્ર કરતાં મોટાં હોયછે.

તાલીસાદ્ય ચૂરણ.

તાલીસ પત્ર	૧ તોલો	વંશ લોચન	૪ તોલા.
મરી	૨ ,,	તજ	૨ ,,
સૂંઠ	૨ ,,	એલચી	૧ ,,
પીપર	૪ ,,	સાકર	૧૬ ,,

ઉપરની સર્વે ચીજો મિશ્ર કરી બારીક ચુરણ કરવું. આ ચુરણ ખાંશી, દમ, તાવ, અજીર્ણ ઇત્યાદિ ઉપર ઘણું ઉપયોગીછે. માત્રા $\frac{1}{2}$ તોલો. માખણ અગર ઘી સાથે ખાવું.

તવખીર—મ. તવક્ષીર. સં. ત્વક્ષીરી.

આ સફેદ લોટ જેવો પદાર્થ દવા તેમજ ખોરાકને ઠેકાણે વપરાયછે. ઘઉં, જવ, તાલવૃક્ષ, ચોખા, તથા કચોરામાંથી તે નીકળેછે. આજારી માણસને તેની ખીર ખવરાવાયછે. મોઢું આવ્યું હોય તો તેમાં ભભરાવાયછે. ચાંદાં, ખરજવાં, વગેરે ઉપર ભૂકી અગર તેનો મલમ લગાડાયછે.

તાંબુ—મ. તાંબે. સં. તામ્ર.

તાંબાનાં પતરાં તથા બારીક કકડા કરી તેને ગંધક અને લીંબુના રસનો લેપ કરી, કૂલડીમાં મૂકી, બાર કલાક બાળવું, તેની ખાખ કાળા રંગની થશે, તેને ફરી એકવખત સૂરણની ગાંઠમાં મૂકી પટ દેવો. આ તામ્રભસ્મથી ઘણું કરી ઝાડો અને ઉલટી થાયછે. તામ્રભસ્મ એ તાંબા અને ગંધકના સંયોગથી બનેલો એક ક્ષારછે.

ગુણઃ—પૌષ્ટિક, વમનોત્પાદક, રેચક, શોધક.

ઉપયોગઃ—તાવ, બરોળ, યકૃતોદર, અજીર્ણ, ગુલ્મ, ત્વચા રોગ વગેરે ઉપર અપાય છે. લોકો માનેછે, કે તાંબુ બહુ પૌષ્ટિકછે અને પુરૂષત્વ આપેછે, એવો ગુણ તામ્રભસ્મમાં વિશેષ જોવામાં આવતો નથી. ઘણી માત્રા અને ગોળીઓમાં તામ્રભસ્મ આવે છે.

માત્રાઃ—શોધક તરીકે ૨ ગ્રેન. માત્રાઃ—વમન તરીકે ૧૦ ગ્રેન.

તાલીમખાના—મ. તાલીમખાના. સં. કોકીલાક્ષ. " એખરો " જુઓ.

તાંદળજો—મ. તાંદળજા. સં. તંદુલ.

તાંજળજાની ભાજી થાયછે તે આજારીને પથ્યછે. તેને વાટીને ઝામરા ઊપરે ચોપડાયછે. ગાંઠ ઉપર તથા બરોળ ઉપર તેનો રસ પીવાયછે. ઝેર ઉપર તાંદળજાનું પાણી પવાય છે.

તુળશી—મ. તુળસ. સં. વૃંદા.

ગુણઃ—તુળશીનો રસ ઉષ્ણછે.

ઉપયોગઃ—આંચકી, શૂળ તથા અજીર્ણ ઉપર અનુપાન તરીકે અપાયછે. તે રસ ધંતુરાના રસની સાથે નાકમાં સુંઘવાથી આધાશીશી મટેછે. તીખાં (મરી)ની સાથે તેનો રસ પીવાથી તાવ જાય છે.

માત્રાઃ—$\frac{1}{4}$ થી $\frac{1}{2}$ તોલો.

તેજબળ—મ. તેજબળ. સં. તેજોવતી.

પૌષ્ટિક તથા સુગંધી દ્રવ્યછે. તે પાક તથા ચૂરણમાં નંખાયછે.

ત્રાયમાણ—મ. ત્રાયમાણ. સં. ત્રાયંતિકા.

ગુણઃ—સારક અને શીતળ.

ઉપયોગઃ—પિત્તરોગ,ઉલટી,ગુલ્મ,કફ,તાવ,તૃષા,શૂળ ઇત્યાદિ દરદો ઉપર અપાયછે.

ત્રીકટુ—મ. ત્રીકટુ. સં. ત્રીકટુ.

સુંઠ, મરી અને પીપર સમભાગે ભેગાં કર્યાં હોય તેને ત્રીકટુ કહેછે.

ગુણઃ—ઉષ્ણ, દીપન, પાચન, વાતહર.

ઉપયોગઃ—અજીર્ણ, ચૂક, મંદાગ્નિ, અરૂચિ, અને આફરા ઉપર અપાયછે.

માત્રાઃ—૨૦ થી ૬૦ ગ્રેન.

ત્રીફળા—મ. ત્રીફળે. સં. ત્રીફળા.

હરડાં, બેહેડાં, અને આંબળાંને મિશ્ર કર્યાં હોય તેને ત્રીફળા કહેછે. તેમનાં બીજ કાઢી નાખી બાકી રહેલો દરેકનો સમભાગ લેઈ ચૂરણ કરવું.

ગુણઃ—સારક, શીતળ, શોધક.

ઉપયોગઃ—પિત્તજ્વર, પ્રમેહ, પાંડુ, કમળો, મળાવરોધ, ત્વચારોગ, વિસ્ફોટક, તથા ઊપદંશ ઉપર ચૂરણ, ક્વાથ અથવા હીમ તરીકે અપાયછે. ત્રીફળાની રાખ ચાંદાં, લુખસ, ખરજવી, ઇત્યાદિ ઉપર લગાડાયછે. ત્રીફળાનું હીમ આંખને છાંટવાથી તેની ગરમીને મટાડે છે.

ત્રીજાતકાદિ ગોળી—તજ, તમાલપત્ર, અને એલચી આ ત્રણ પદાર્થને ત્રીજાતક કહેછે.

ગોળીની બનાવટ નિચે પ્રમાણેઃ—

તજ	½ તોલો	સાકર	૪ તોલા.
તમાલપત્ર	½ તોલો	દ્રાક્ષ	૪ ,,
એલચી	½ તોલો	જેઠીમધ	૪ ,,
પીપર	૨ તોલા	ખજુર	૪ ,,

ઉપરની સર્વે ચીજોને મિશ્ર કરવી અને બારીક ચુરણ કરી મધ સાથે તેની નાના બોર જેવડી ગોળી વાળવી. ગોળી મોઢામાં રાખવાથી ઉધરસને બહુ ફાયદો કર્તાછે.

થોર—મ. નિવડુંગ. સં. સ્નુહ્ય. ઈં. યુફોર્બ્યા.

થોર છ પ્રકારના થાયછે. ૧ ખરસાણી અથવા સળીયોથોર; ૨ હાથેલો; ૩ ભુંભલીયો થોર; ૪ ત્રીધારો થોર; ૫ ચોધારો થોર; ૬ વિલાયતી થોર.

સળીયાથોરનું દૂધ સંધિવા તથા દુખાવા ઉપર ચોપડાયછે તથા દાદર ઉપર લગાડાયછે. બીજી બધી જાતના થોર બાફીને યકૃત તથા પ્લીહાની ગાંઠને ગાળવા પેટ ઉપર બંધાયછે. બાંબલાઈ વગેરે ગુમડાને પકવવા લગાડાય છે.

ત્રીધારી અથવા ભુભલિયા થોરનાં ડીંડવાંને બાફી તેનો રસ કાઢી ગોળમાં બચ્ચાંઓને સસણી, ઉધરસ, તથા દમ ઉપર પાવામાં આવેછે. તેનાથી ઉલટી ઝાડો થાયછે.

દશમૂળ—મ. દશમૂળ. સં. દશમૂળ.

સાલવણ, પીઠવણ (અથવા તેને બદલે પીલુડીપોપટી) ભોરીંગણી, ઊભીભોરીંગણી, ગોખરૂ, બીલી, અરણી, આસોદરો, ઢંગરીયોખાખરો, અને ટીંબરવો એ સર્વેનાં મૂળને દશમૂળ કહેછે.

ગુણઃ—ઉષ્ણ તથા વાતહર.

ઉપયોગઃ—સૂતિકારોગ, સંધિવા, ધનુર, ગૃહધૃંસી, પક્ષઘાત વગેરે વાયુ ઉપર તેનો ક્વાથ અપાયછે. ઉપર લખેલા પ્રથમ પાંચને "**લઘુપંચમૂળ**" કહેછે, અને છેલાં પાંચને "**બ્રહતપંચમૂળ**" કહેછે.

દશાંગલેપ—મ. દશાંગલેપ. સં. દશાંગલેપ.

સરસડાનીછાલ, જેઠીમધ, રતાંજળી, એલચી, જટામાસી, હળદર, દારૂહળદર, કઠ, વાળો, અને તગર આ દશ દવાઓ વાટીને તેનો લેપ હરકોઈ સોજા તથા રતવા ઉપર લગાડાયછે. તેને પાણીમાં વાટી લીલાસુકુ ચોપડતા રેહેવું તેથી સોજો ઉતરી જશે.

દારૂહળદર—મ. દારૂહરીદ્ર. સં. દારૂહરિદ્રા.

ગુણઃ—શીતળ.

ઉપયોગઃ—પ્રમેહ, ત્વચારોગ, બરોળ, પાંડુ, કમળો, તથા રગતપીત્ત ઉપર ક્વાથમાં અપાયછે. દારૂહળદરનો ક્વાથ મધની સાથે કમળા તથા તણખીયા ઉપર અપાય છે. રસવતી અથવા રસોટ નામની ઔષધિ દારૂહળદરમાંથી નીકળેછે.

દારૂહળદર ૪ રૂપિયાભાર લઈ, તેને બારીક વાટી ½ શેર પાણીમાં ઉકાળી, ૮ તોલા પાણી રહે એટલે તેના સમભાગે બકરીનું દૂધ તેમાં ભેળવી, ઉકાળી, પ્રવાહી ભાગ

બળી જવા દેવો, એટલે રસાંજન અથવા રસવતી થઈ સમજવી. આ ઔષધિ આં ખના દરદ ઉપર બહુ વખણાય છે. આંખ આવે તથા સોજો હોય ત્યારે અંજાયછે અને ચોપડાયછે. તેનો ગુણ ગ્રાહીછે. તે ઝાડો બંધ કરવા માટે અપાય છે.

રસાંજનાદિ ચુરણ.

રસાંજન	ઇંદ્રજવ	સુંઠ
કડાછાલ	ધાવડીનાંફુલ	

ઉપરની દરેક ચીજ સમભાગ લઈ વસ્ત્રગાળ ચૂરણ કરવું.

માત્રાઃ—૧ દ્રામ. મરડા તથા ઝાડા ઉપર આપવું.

દાડમ—મ. દાડીંબ. સં. દાડીમ. "પોમીગ્રાનેટ" જુઓ.

દાડમના ફૂલની કળીને ગુલનાર કહેછે. દાડમનો રસ, અને છાલ, તથા તેના ઝાડનાં મૂળની છાલ ઔષધમાં વપરાય છે.

ગુણઃ—શીતળ, પિત્તશામક, કફઘ્ન, ગ્રાહિ.

ઉપયોગઃ—દાડમનાં બીજ પિત્તશામક છે. તેનું શરબત બનાવી પીવાના કામમાં આવેછે. તેની છાલ ઉધરસ ઉપર મોઢામાં રખાયછે, તેમજ કફાદિ ઔષધમાં ખાય છે. ઝાડાને બંધ કરેછે. તેનાં મૂળીયાંની છાલ કૃમીઘ્ન છે. છાલની માત્રા ૧૦ થી ૩૦ ગ્રેન.

દાડમની છાલ	૨ દ્રામ.	નાગકેશર...	½ દ્રામ.
તજ	½ ,,	ધાણા ...	૧ ,,
તમાલપત્ર...	½ ,,	સાકર ...	૨ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ચૂરણ કરવું. માત્રા. ૨૦ થી ૪૦ ગ્રેન ઝાડો, મરડો, તથા હરસ ઊપર અપાયછે.

દાડમાષ્ટક.

દાડમની છાલ ..	૧ શેર	અજમો ...	૮ તોલા	આ સર્વે દવાને મિશ્ર કરી ચરણ કરવું. માત્રા ૧ થી ૨ દ્રામ. આ દવા સંગ્રહણી ઉપર અપાયછે.
સાકર	૧ ,,	ધાણા ...	૮ ,,	
વાંસકપૂર... ...	૨ તોલા	જીરૂં ...	૮ ,,	
એલચી	૪ ,,	પીપર ...	૮ ,,	
તજ	૪ ,,	મરી ...	૮ ,,	
તમાલપત્ર ...	૪ ,,	સૂંઠ ...	૮ ,,	
નાગકેશર ...	૪ ,,			

દાતીમૂળ—મ. જેમાલ સં. દંતીમૂળ "નેપાળો" જુઓ.

દેવદાર—મ. દેવદાર. સં. સુરતરૂ. તેલિયા દેવદારનું લાકડું ઓષધિમાં વપરાય છે.

ગુણઃ—શોધક, મૂત્રલ અને સ્વેદલ છે.

ઉપયોગઃ—ઘણા પ્રકારના ક્વાથમાં નંખાય છે.

દેવદારાદિક્વાથ.

દેવદાર	મોથ	ધમાસો	કાળીજીરી
વજ	કરીયાતું	ગોખરૂ	કઠ

कडु	रींगणी	सूंठ	धाणा
अतिविष	पीपर	हरडां	गळो
कायफळ	गजपीपर	काकडाशींगी	

ઉપર લખેલી સર્વે દવા સમભાગે લેવી. તેમાંથી ચાર ચાર તોલાનું એકેક પડીકું બાંધવું ને દરરોજ ૧ શેર પાણીમાં ઉકાળતાં ¼ શેર પાણી બાકી રહે એટલે ઉતારી તેનો ½ સાંજ સવાર પીવા આપવો. આ ક્વાથ સૂતિકારોગ ઉપર બહુ ફાયદો કરેછે.

ધતુરો—મ. ધોતરા. સં. ધતુર. ધતુરો બે જાતનો થાયછે, કાળો અને સફેદ. "સ્ટ્રામોન્યમ" જુઓ. કાળો ધતુરો વધારે ઝેરી ગણાયછે. તે દેશી દવાઓમાં આવેછે.

ઉપયોગ—ઝાડો, દમ, ખાંસી, વગેરે ઊપર ધતુરો અપાયછે. સોજા અને દુખાવા ઉપર ધંતુરાના પાનની પોટીસ કરીને બાંધવાથી આરામ થાયછે.

ધમાસો—મ. યવાસા. સં. અનંતા. યવાસા.

ગુણઃ—શોધક, મૂત્રલ, કફઘ્ન.

ઉપયોગઃ—ત્વચારોગ, તાવ, વિસ્ફોટક, ખસ, લુખસ, ખાંશી, તથા વાત રોગ ઉપર ક્વાથમાં અપાયછે. પાણીમાં ધમાસો ઉકાળી તે પાણીથી સ્નાન કરવાથી ચેળ આવતી હોય એવા ત્વચા રોગની શાંતિ થાયછે. ધમાસાના ગુણ સાર્સાપરીલાને મળતા આવેછે.

ધમાસાનો ઉકાળો કરી તે પાણીને બાળવાથી ધમાસાનું સત્વ નીકળેછે.

ધરાખ—મ. દ્રાક્ષ. સ. દ્રાક્ષ.

ગુણઃ—શીતળ, રેચક.

ઉપયોગઃ—તૃષા, તાવ, ખાંશી તથા મળાવરોધ ઉપર અપાય છે. દ્રાક્ષ, ત્રિફળા, ખજૂર, પીપર, મરી, એ સર્વે ચીજોને સમભાગે લઈ મધ અને ઘીની સાથે મેળવવાં. આ દવા સુકી ઉધરશ તથા અવાજ બેશી જાયછે તે ઉપર ગોળીના રૂપમાં અપાય છે.

દ્રાક્ષનો આસવ નીકળેછે તેને દ્રાક્ષરસ કહેછે.ઈંગ્રેજીમાં તેને "પોર્ટવાઈન" કહેછે.

દ્રાક્ષસાવ. બનાવવાની રીતઃ—

કાળીદ્રાક્ષ ૫ શેર. સાકર ૫ શેર. પાણી ૨૫ શેર.

દ્રાક્ષને છુંદવી અને સાકરને ખાંડવી. તે બેઉને પાણીમાં મેળવવાં અને તે સરવે એક બરણી અગર પીપ અથવા રીઢા માટીના વાંસણમાં ભરવું. તે ચીજો માઈ રહેતાં તે વાંસણનો ¼ ભાગ ઉપર ખાલી રહેવો જોઇયે. તેની અંદર કાંઈ તુરાશ જેમકે બાવળની છાલનું પાણી અથવા ધાવડીના ફુલનો ઉકાળો થોડો મેળવવો, અને જરા મહુવડા અથવા ખજુરપણ ઉમેરવાં. તે વાસણનું મોઢું મજબુત રીતે બાંધી છાયાવળી શીતળ જગોમાં તેને રહેવા દેવું. તેમાં ખમીર ઉત્પન્ન થશે. ફીણ સાથે છણછણાટ બેત્રણ દીવસમાં થશે. તેને બેચાર દીવસ છોડીને દરરોજ હલાવવું.

પછી એકમાસ પર્યંત બંધ રાખવું એટલે આસવ તૈયાર થશે.

દ્રાક્ષને ઠેકાણે ખજુર વાપરવાથી "ખજુરાસવ," મધ નાખવાથી "મધ્વાસવ," જમરૂપ નાખવાથી "જમરૂખાસવ" તૈયાર થાયછે. સાકરને ઠેકાણે ગોળ અથવા ખાંડપણ ચાલી શકશે.

જ્યારે તે સાથે ઓસડો નાખીને આસવ કરવામાં આવેછે. ત્યારે તેને તે મુખ્ય દ-વાના નામથી ઓળખાયછે જેમકે પીપલ્યાસય, કુટજાસવ, લોહાસવ ઇત્યાદિ. જો તે વાસણ ગરમીમાં રાખવામાં આવે તો સાકર દ્રવમાંથી આસવની સાથે સુરકો પણ થાયછે. (વૈ. મ. સું.)

ધાણા—મ. ધને. સં. ધાન્યક. ધાના. "કોરીયાન્ડર" જુઓ.

ધાણા અને સાકર તથા દ્રાક્ષનું પાણી તાવ ઉલટી અને તૃષા ઉપર અપાયછે. ધાણા ઘણી દેશી દવામાં નંખાયછે.

ધાણાને મુખશુદ્ધિને માટે સોપારીની માફક ખવાય છે. તે માટે ધાણાને પલાળીને થોડા સૂકવવા અને ખાંડીને ફોતરાં કાઢી નાંખવાં. બાદ લીંબુનો રસ, હીંગ, સીધા-લુણ લગાડી તે દાળને શેકવી તે ઘણીજ સ્વાદિષ્ટ થાયછે.

ધાણાનું હીમ સાકરની સાથે દાહ ઉપર આપવામાં આવેછે.

ધાવડીનાં ફૂલ—મ. ધાયટી ફુલ. સ. ધાતકી પુષ્પ.

ગુણઃ—ગ્રાહી, શીતળ,

ઉપયોગઃ—અતિસાર, મરડો, ગૃહણી, હરસ, તથા તાવ ઉપર ક્વાથ તથા ચૂરણમાં અ-પાયછે. ½ તોલો ભૂકો મરડા ઉપર દહીમાં અપાયછે. અને અતિ આર્ત્તવ ઉપર મધની સાથે અપાયછે. તેનો ભૂકો ચાંદાં ઉપર મૂકવાથી રસી કમી થાયછે અને રૂઝાઈ જાયછે.

નગોડ—મ. નીગુંડી. સં. નિર્ગુંડી.

ગુણઃ—ઉષ્ણ, વાતહર.

ઉપયોગઃ—સંધિવા, સોજા, સૂતિકા રોગ, અર્દિત, આંચકી, વગેરે દરદો ઉપર ક્વાથમાં અપાયછે. તેનાં પાંદડાંને જરા વરાળવાળાં કરી વાયુ ઉપર બંધાયછે.

નવસાર—મ. નવસાગર. સં. નવસાગર. "આમોન્યમ ક્લોરીડમ" જુઓ.

નસોત્તર—મ. નિસોત્તર. સં. ત્રિવૃત.

નસોતરના વેલાનું લાકડું જુલાબના કામમાં આવે છે. તે ચૂરણ તેમજ ક્વાથમાં નંખાયછે. તેના જુલાબથી પેટમાં ચીંટ બહુ આવેછે. તેની વચલી ડાંડી કાઢી નાં-ખી બાકીનો ભાગ ઉપયોગમાં લેવાથી ચીંટ થોડી આવશે. જેવો ઈંગ્રેજીમાં "જા-લપ" છે તેવો દેશી ઓષધિમાં સાધારણ જુલાબ નસોત્તરછે.

ગુણઃ—રેચક.

માત્રાઃ—૨૦ થી ૬૦ ગ્રેન.

સૂંઠ ૧ દ્રામ, નસોત્તર ૪ દ્રામ, સંચળ ૧ દ્રામ.

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ચૂરણ કરવું. માત્રા—૨૦ થી ૬૦ ગ્રેન. જલોદર

તથા મળવરોધ, ઉપર અપાયછે.

નાક છીંકણી—મ. તપખીર. સં. છીકીની.

સાધારણ તમાકુને પણ નાક છીંકણી કહેછે, પણ આ નાક છીંકણી જુદીછે. તે એક જાતની વનસ્પતિ જેવા રૂપમાં આવેછે. તેનું વસ્ત્ર ગાળ ચૂરણ કરી નાકમાં સૂંઘવાથી બહુ છીંક આવેછે. અને તેથી મસ્તક દુખતું હોય તે મટી જાયછે.

નાગકેશર—મ. નાગકેશર. સં. નાગકેશર. એક ઝાડનાં સુકાયલાં ગોળાકાર ફૂલછે.

ગુણઃ—સુગંધી દ્રવ્યછે, ગ્રાહી, દીપન.

ઉપયોગઃ—રક્તાતિસાર ઉપર બચ્ચાંઓને અપાયછે. સાધારણ તેજાનામાં નંખાય છે. રંગવામાં કામ આવેછે. નાગકેશરનો ભૂકો ૫ થી ૧૦ ગ્રેન સાકર અને માખણની સાથે દૂઝતા હરસનું લોહી બંધ કરેછે. ધોયેલ ઘીની સાથે લગાડવાથી હાથ પગના દાહનું શમન કરેછે.

નાગરવેલ—મ. પાનવેલ. સં. નાગવલ્લી.

ગુણઃ—વાતહર, દીપન, પાચન, કફઘ્ન.

ઉપયોગઃ—નાગરવેલનાં પાન મુખવાસ તરીકે ખાવામાં આવેછે. છોકરાંની છાતી ઊપર સસણી માટે પાનનો શેક ગુણકારી છે. બીજી દવાઓ સાથે તેનો રસ અનુપાન તરીકે અપાય છે. નાગરવેલનાં મૂળને કેટલાક કોષ્ટકોલીંજન કહેછે.

નાળીએર—મ. નારળ. સં. નારીકળ.

નારીયેળના કોપરામાંથી તેલ નીકળેછે, તેનો મલમ બનાવાયછે. એ તેલ કેશની વૃદ્ધિ કરેછે. નાળીએરની કાચલી બાળવાથી તેલ નીકળેછે તે દાદર ઉપર લગાડાય છે. તેને કાચલીનો "ચુવો" કહેછે.

નિર્મળી—મ. કતકબીજ. સં. નિર્મળી.

નિર્મળીનાં ફળથાયછે, તેને પાણીમાં નાંખવાથી પાણી નિર્મળ થાયછે. તે ઉપરથી તેનું નામ નિર્મળીછે. એ દવામાં વિશેષ વપરાતી નથી. પણ તેનાં ફળની છાલ તથા ગરનો ગુણ વમનછે. તેની **માત્રા**—૩૦ થી ૪૦ ગ્રેન.

નેપાળો—મ. જમાલગોટા, જેપાળ. સં. જયપાળ. "ઓલ્યમ ક્રોટોનીસ" જુઓ.

ગુણઃ—રેચકછે. તેનું તેલ માત્ર ઇંગ્રેજી દવામાં વપરાયછે.

નેપાળાનાં બીજ નાની એરડી જેવાં હોયછે, તેનાં મીજ દવાના કામમાં આવેછે. તેને બે રીતે શુદ્ધ કરવામાં આવેછે. નેપાળાની એરડીને ત્રણ વખત દૂધમાં ઉકાળી, દરેક વખત તેને સુકવીને, પછી તેને ફોડીને મીજ કાઢવાં. મીજ માંહેની વચલી જીભી કાઢી નાંખીને, મીજની ભૂકી કરી રાખવી. તેની સાથે સમભાગે કાથો મેળવી બબે ગ્રેનની ગોળી કરી તે આપવાથી જુલાબ થાયછે.

બીજી રીત એછે કે તે એરડીનાં મીજને દૂધમાં પલાળી એક રાત રાખવાં. બાદ તેની જીભી કાઢી લઈ, પાણી સાથે તેને વાટવી, અને કોરા માટીના વાસણ ઉપર તેનો કલ્ક ચોપડી સુકાવા દેવો. ફરીથી તેને વાટી તેજ પ્રમાણે સુકવવો, એટલે તેમાં તેલનો ભાગ જુજ રહેશે. છેવટે શુદ્ધ ભકો રહે તેને "શુદ્ધ નેપાળો" કહે છે. તેની

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન સાકર સાથે આપવાથી જુલાબ થશે. રામબાણ, અશ્વ-ગોળી વગેરે રસમાં શુદ્ધ નેપાળો આવેછે.

જમાલગોટાની એરંડીને ઘશીને ચોપડવાથી ફોલ્લો ઉઠેછે. મસ્તક શૂળ વગેરે દરદ ઉપર બ્લિસ્ટરને ઠેકાણે તે વપરાયછે.

નેપાળાનાં મૂળીઆંને દંતીમૂળ કહેછે. તે પણ રેચકછે, અને તે ક્વાથ, ગોળીઅને ચુર્ણમાં અપાયછે. જળોદર, મળાવરોધ, તથા બીજાં ઉદરાદિ દરદોમાં અપાયછે.

જમાલગોટાનાં બીજ.......૮ ગ્રેન.	કાળાં મરી.......૮ ગ્રેન.
સુંઠ ....૬ ,,	હરડે............૧૨ ,,

ઉપરની દવાને મિશ્ર કરી મધની સાથે ૮ ગોળી કરવી. **માત્રાઃ**—૧ થી ૨ ગોળી.

પટોળ—મ. કડુપડવળ સ. પટોળ.

આ દવાનાં પાન, મૂળ, અને ફળ એ સર્વે, ઔષધિમાં વપરાયછે.

ગુણઃ—જ્વરઘ્ર, શોધક.

ઉપયોગઃ—તાવ, અજીર્ણ, ત્વચારોગ, વિસ્ફોટક, વાયુ, સંધિવા, આમવાત વગેરે દરદો ઉપર ક્વાથમાં અપાયછે. બીજી દવાઓ સાથે ક્વાથ અને ચુરણમાં પડેછે.

પટોળાદિ ક્વાથ.

પટોળ	કડુ	ગળો.
રતાંજળી	પાષાણભેદ	

ઉપરની દરેક દવાનો એકેક ડ્રામ ½ શેર પાણીમાં ઉકાળી ક્વાથ કરવો, ને દિવસમાં બે ત્રણ વખત પીવો.

પરવાળાં—મ. પ્રવાળ સં. પ્રવાળ.

આ દરિયામાં પેદા થાયછે. ત્રિફળાના પાણીમાં તેને ધોઇને પુટ દેવાથી તેની ભસ્મ થાયછે. પ્રવાળભસ્મના ગુણ મોતીભસ્મના ગુણને મળતા છે, અને ખાંસી, ક્ષય, દમ, મૂત્રરોગ, અને નબળાઈ ઉપર અપાયછે. ઘણું કરી બીજી દવાઓની સાથે અપાય છે.

માત્રાઃ—૫ થી ૧૦ ગ્રેન.

પતંગ—મ. પતંગાચીસાલ સં. પતંગ.

પતંગનું લાકડું દવામાં વપરાયછે. તેનો ગુણ ગ્રાહી છે અને "હીમાટોક્ષીલીન"ના ગુણને મળતું આવેછે. બચ્ચાંઓને ઝાડા ઉપર અપાયછે. દાંતમંજનમાં વપરાયછે.

પાખાણભેદ—મ. પાષાણભેદ સં. પાષાણભેદ.

ગુણઃ—મૂત્રલછે.

ઉપયોગઃ—પ્રમેહ, મૂત્રાવરોધ, મૂત્રાશ્મરી, ઉનવા, ઇત્યાદિ દરદો ઉપર ક્વાથ તથા ચૂરણમાં અપાયછે.

પાપડખાર—મ. પાપડક્ષાર સં. પર્પટક્ષાર.

ગુણઃ—મૂત્રલ તથા અમ્લવિરુદ્ધ, પાપડખારને શોધવાથી સોડા થાયછે, અને તેની જગોએ તે વાપરી શકાયછે.

પારો—મ. પારા સં. પારદ. "હાઇડ્રાર્જીરં" જુઓ.

પારાની પુષ્કળ ઔષધિઓ દેશી ઔષધિમાં આવેછે. પારો તથા ગંધક સમભાગે લેઇ પારાના પરમાણુઓ અદૃશ્ય થાય ત્યાંસુધી તે બંનેને ખરલમાં ઘુંટવાથી તેની કજ્જલી બનેછે, તે ખસ તથા દાદર ઉપર લગાડાયછે; અને બીજા મલમમાં પણ આવેછે. પેટમાં આપવાની પારાની મુખ્ય દેશી દવા હીંગળોક તથા રસકપૂરછે. બજારમાં રસકપૂર મળેછે તે ઘણું કરી અશુદ્ધ હોયછે, તેમાં ઘણો ભાગ ક્યાલોમેલનો હોયછે. તે ઘણું કરી ઉપર લખેલી પારા તથા ગંધકની કજ્જલીને સીંધાલુણ સાથે બાળવાથી બનેછે. પારાની બનાવેલી ઘણી દવા દેશી ઔષધિમાં વપરાયછે. ધતુરો, વછનાગ, ગંધક, વગેરે સાથે તેની મેળવણી થાયછે. ઇંગ્રેજી પારાની દવાઓ દેશી કરતાં વધારે શુદ્ધ અને વિશ્વાસ રાખવા લાયક હોયછે. હીંગળોક અને રસકપૂર ઘણી માત્રા અને ગોળીયોમાં આવેછે. હીંગળોકની ધૂણી દેવાયછે. હકીમો હીંગળોને ચલમમાં પાઈ મોઢું આણેછે.

કેશરાદિગોળી:—કેશર, રસકપૂર, સાકર, મુખડ, લવીંગ, જાવંત્રી, સમભાગ લઈ તેની મગ જેવડી ગોળી કરવી. દરરોજ એકથી ચાર ગોળી આપવી. ઉપદંશાદિ રોગ ઉપર અપાય છે.

પીપર—મ. પીપળી સં. પિપ્પલિ ઇં. લોંગપેપર.

પીપર નાની અને મોટી એવી બે જાતની થાયછે. નાની પીપરને લીંડીપીપર કહેછે, કારણ કે તે ઉંદરની લીંડી જેવડી હોયછે. મોટીને ઘોડાપીપર કહેછે. ત્રીજી ગજપીપર થાયછે તે જુદાજ ઝાડમાંથી નીકળેછે.

ગુણ:—ઉષ્ણ, દીપન, પાચન, વાતહર.

ઉપયોગ:—આંચકી, ધનુર, તાવ, ઝાડો, અંજીર્ણ, અરૂચિ, મંદાગ્નિ, હરસ, નબળાઈ, દમ, ખાંસી વગેરે દરદો ઉપર ચૂરણ, ક્વાથ તથા ગોળીમાં અપાયછે. પીપરનો ખરલ કરવાથી તેનો બહુ ગુણ માનવામાં આવેછે. જેમ લાંબો વખત તેનો ખરલ થયો હોય તેમ તેમાં જાસ્તી ગુણ હોયછે. નબળાઈ ઉપર દૂધમાં આખી પીપર ઉકાળીને તે દૂધ અગર પીપરને દૂધ બેઉ પીધાથી તે પાચન થાયછે અને શક્તિ વધેછે. સાત, ચૌદ, અગર એકવીસ દિવસસુધી એકેક પીપર વધારવી અને તે પછી દરરોજ એકેક કમી કરવી. પીપર અને મરીનો ભૂકો બેશુદ્ધિના વખતે નાકમાં સુંઘાડવામાં આવેછે.

માત્રા:—૧૦ થી ૪૦ ગ્રેન.

પીપળીમૂળ—મ. પીપળીમૂળ. સં. પિપ્પલીમૂળ.

જે ઝાડનું ફળ પીપરછે, તેના મૂળને પીપળીમૂળ કહેછે. તે નાના ગાંઠા જેવા હોય છે. તેપરથી પીપળીમૂળના ગંઠોડા કહેવાયછે. તેના ગુણ પીપરને મળતાછે.

ઉપયોગ:—તાવ, અગ્નિમાંદ્ય, અરૂચિ, ઉદરરોગ, સંધીવા, અશક્તિ, ધાતુક્ષય મસ્તકશૂળ વગેરે દરદ ઉપર ક્વાથ અને ચૂરણમાં આપવામાં આવેછે.

માત્રા:—૧૦ થી ૪૦ ગ્રેન.

પીત્તપાપડો—મ. પળશપાપડી. સં. પિત્તપર્પટ. "ખાખરો" જુઓ

પોપૈયું—મ. પોપયા, સં. વાતકુભીક.

કાચું પોપૈયું બરોળની ગાંઠ ઉપર ખવાયછે. તેનું દૂધ કૃમિઘ્ન છે. તેના દૂધના બેથી ત્રણ દ્રામ પીવા આપવા અને ત્યાર બાદ એરંડીઉ પાવું એટલે કરમ પડશે.

પંચકોળ—મ. પંચકોળ. સં. પંચકોળ.

પીપર, પીપરીમૂળ, ચવક, ચીત્રક, અને સુંઠ એ પાંચ ઓષધિને પંચકોળ કહેછે.

ગુણઃ—દીપન, પાચન, અને અતિ ઉષ્ણછે.

ઉપયોગઃ—અગ્નિમાંદ્ય, વાતરોગ, આમવાત, મુર્છા, વગેરેને માટે ચૂરણ તથા ક્વાથમાં અપાયછે.

માત્રાઃ—ચૂરણની ૨૦ થી ૬૦ ગ્રેન.

એક તોલો પંચકોળ ½ શેર પાણીમાં ઉકાળી તેનું ⅛ શેર પાણી રહે એટલે ઉતારવું. તેનો ½ સવારસાંજ પીવું.

પંચમુળ—મ. પંચમૂળ. સં. પંચમૂળ. "દશમૂળ" જુઓ.

પંચવલણુ—મ. પંચલવણ. સં. પંચલવણ.

બીડલવણ, કાચલવણ, સીંધાલુણ, સંચળ અને વડાગરૂં, આ પાંચ ક્ષારને પંચ-લવણ કહેછે.

ગુણઃ—ઉષ્ણ, દીપન, પાચન, રેચક.

ઉપયોગઃ—શૂળ, ગુલ્મ, ઉદરરોગ, તથા વાતરોગ ઉપર અપાયછે.

ફટકડી—મ. તુરટી. સં. સૌરાષ્ટ્રી. "આલમ" જુઓ.

એ પંજાબ અને હૈદ્રાબાદ તરફ નીપજેછે.

માત્રાઃ—૫ થી ૨૦ ગ્રેન.

ફટકડી.....૨ દ્રામ. તજ......૧ દ્રામ. સાકર......૨ દ્રામ.

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ચૂરણ બનાવવું.

માત્રાઃ—૨૦ થી ૪૦ ગ્રેન. ઝાડા તથા રક્તસ્ત્રાવ ઉપર અપાયછે.

ફાલસા—મ. ફાળસેં.

આ નામનાં નાનાં ફળ થાયછે, તે ખટમીઠાં હોયછે અને પિત્તશામકછે. તાવ તથા દાહની શાંતિ કરેછે.

ફુદીનો—મ. પુદીના. સં. પુદીનો.

ગુણઃ—ઉષ્ણ.

ઉપયોગઃ—વીશુચીકા, ચુંક, ઝાડો, ઉલટી, આફરો, મંદાગ્નિ, તથા અરૂચિ ઉપર અપાયછે. તેના ગુણ પીપરમિંટને મળતા છે.

ફુદીનો...........૨ દ્રામ.	કાળાંમરી...........૧ દ્રામ.
અજમો....... ૨ દ્રામ.	સૂંઠ...............૧ ,,
એલચીદાણા......૨ ,,	

ઉપરની સર્વે દવાનું બારીક ચૂરણ કરી તેમાં મધ મેળવવું. તેમાંથી ૧ થી ૨ ડ્રામ અજીર્ણ, ચુંક, ઝાડો હેડકી તથા વાયુ ઉપર અપાયછે.

બદામ—મ. બદામ. સં. વાતાદ. "આમીગડલા" જુઓ

કૌવત અને પુષ્ટિને માટે બદામ મુખ્યત્વે વપરાયછે. બદામનો આથો અગર પાક થાયછે. બદામનાં મીજને પાણીમાં પલાળી ઉપરનાં ફોતરાં કાઢી નાખવાં. સાકર, ઘી તથા ચોખી મીજની કરચ સમભાગે લઈ તેમને એકત્ર કરી રાખવાં. દરરોજ સવારમાં નવટાંકથી પાશેર સુધી ખાવો. તેને બદામનો આથો કહેછે.

બદામપાક.

સાકર.....................૪ શેર.

દૂધનો માવો................૧ $\frac{1}{2}$,,

બદામની ચોખી મીજ........૧ $\frac{1}{4}$,,

સાકરની ચાસણી કરી તેમાં માવો અને ખાંડેલી મીજ નાંખી જરાવાર હલાવી થાળમાં ઠારવું અને તેનાં રીત મુજબ ચોસલાં પાડવાં. એમાંથી એક ચોસલું દરરોજ સવારમાં ખાવું. બદામના આથામાં તેમજ પાકમાં ખસખસ, એલચી વગેરે જે જે તેજાના નાખવા હોય તે નંખાય છે. નબળાઈ, ધાતુપુષ્ટિ, આંખ તથા મસ્તકની ગરમી ઉપર બદામ ફાયદો કરેછે.

બદામનું તેલ માથાના દુખાવા માટે સુંઘવામાં આવેછે.તે ત્વચારોગ ઉપર લગાડાયછે.

બળદાણા—મ. ચીકણા. સં. બલા.

ગુણઃ—પૌષ્ટિક.

ઉપયોગઃ—ધાતુ પુષ્ટિ ઉપર અપાયછે, અને પાકમાં નંખાયછે. તેના દાણા ઝીણાને કાળા હોયછે. તેને પાણીમાં નાંખવાથી ચીકણા થાયછે.

બહુફળી—મ. સહસ્રફળી. સં. બહુફલા.

ઉપયોગઃ—ધાતુક્ષય, પ્રમેહ, તણખીયો, ઉનવા, મૂત્રાવરોધ, અશક્તિ, ઇત્યાદિ ઉપર અપાયછે. પાણીમાં નાંખવાથી તેનો ચીકણો લુવાબ નીકળેછે. ઔષધિમાં આ ચીકણો લુવાબ અથવા બહુફળીની ભૂકી વપરાયછે. કેટલીકવાર બીજી દવાથી ફાયદો થતો નથી ત્યારે તણખીયા ઉપર બહુફળી તથા સોડા એકત્ર કરી આપવાથી સારી અસર થાયછે; અથવા બહુફળી સમભાગ સાકર સાથે આપવી.

માત્રાઃ—૧ થી ૪ ડ્રામ.

બાદીયાન—બાદીઆન.

આ સુગંધી દ્રવ્યછે. મશાલામાં એ નંખાયછે.

બાવચી—અથવા બાખચી. મ. બાવચી. સં. બાકુચી.

ગુણઃ—શોધક.

ઉપયોગઃ—ત્વચા રોગ, પચ, કોઢ, કરોળીયા, ખરજવી ઉપર બહુ ગુણકારીછે, બાવચી ખાવા અપાયછે તેમ બહાર લગાડવામાં પણ આવેછે. તેને વાટીને ચોપ-

ડાયછે, અગર તેનું તેલ કાઢી તે ત્વચા રોગ ઉપર ચોપડાયછે. **માત્રા** ½થી ૧ડ્રામ. સફેદ કોઢ ઉપર બાવચી બહુ વખણાયછે, તેનો ફાયદો થવા માટે તે બહુ દીવસ લગાડવી તથા ખાવી પડેછે.

બાવળ—મ. બાભુલ. સં. બબ્બુલ.

ગુણઃ—ગ્રાહી શીતળ.

ઉપયોગઃ—ઔષધિમાં બાવળની છાલ, પાન, તથા તેનો ગુંદર કામમાં આવેછે. મોઢુ આવી તેમાં ચાંદાં પડ્યાં હોય તથા બીજા મુખ રોગ ઉપર બાવળની છાલ પાણીમાં ઉકાળી તેના કોગળા કરવા એ દવા તરીકે મહશુરછે. બાવળની છાલ તથા બોરડીનાં મૂળીયાંને "વગળ" કહેછે, તે બેઉને સાથે ઉકાળી મુખરોગ માટે કોગળા કરવા. બાબળની પાલી ઉધરસ ઉપર આપવામાં આવેછે. તથા મોઢુ આવ્યું હોય તો મોઢામાં રાખવાથી આરામ થાયછે. આંખ દુખવા આવી હોય તો તેમાં તેનો રસ નંખાયછે. તણખીયા તથા ઉનવા ઉપર બાવળનું પચાંગ વાટી તેનો કલ્ક સાકર સાથે પીવાથી ફાયદો થાયછે. બાવળનો ગુંદર ઉનવા, પ્રમેહમાં અપાય છે તથા બીજી દવાઓના સાથે યોગવાઈ તરીકે વપરાયછે. પૌષ્ટિ માટે સ્ત્રીઓ ગુંદ ખાયછે. ચાંદાં તથા જખમ ઉપર છાલની ભૂકી મૂકવાથી અગર કુંણાં પાનની લોપરી બાંધવાથી રૂઝાયછે.

બીજોરૂ—મ. મહાળુંગ. સં. જંબીર.

ગુણ—ગ્રાહીં, પૌષ્ટિક.

ઉપયોગ—ગુલ્મ, બરોળ, તાવ, પિત્ત, દાહ, અરૂચિ તૃષા, ખાંસી, મંદાગ્નિ, રક્તપિત્ત, મરડો ગ્રહણી, તથા નબળાઈ ઉપર બીજોરૂ ખવાયછે. બીજોરાનો પાક તથા મુરબ્બો થાયછે.

બીલી—મ. બેલ. સં. બિલ્વ. "બેલફ્રુટ" જુઓ.

ગુણઃ—ગ્રાહી તથા દીપન.

ઉપયોગ—બીલી ગર્ભ એકલો ઝાડા ઉપર ગોળની સાથે આપવો. બીલીનાં મૂળ દશ મૂળમાં આવેછે, તેનાં મૂળ, પાન, અને વિશેષે કરીને ફળ દવામાં આવેછે. તેના પાનનો રસ પીપર સાથે જળોદર ઉપર અપાયછે. તેના મૂળનો ક્વાથ બચ્ચાંઓને સાકર સાથે ઝાડા ઉપર અપાયછે. બીલીના ગરની **માત્રા**—½થી ૧ ડ્રામ.

૧. બીલી.........૧½ ડ્રામ.	સૂંઠ.........½ ડ્રામ.
વરીયાળી......૧ ,,	સાકર ......૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી વસ્ત્ર ગાળ ચૂરણ કરવું.

માત્રાઃ—½ થી ૧ ડ્રામ. મરડા ઉપર આપવી.

૨. બીલી.........૨ ડ્રામ	સૂંઠ.........½ ડ્રામ.
મોથ ....૧ ,,	મોચરસ ...૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી વસ્ત્રગાળ ચૂરણ કરવું.

માત્રાઃ—½ થી ૧ ડ્રામ. થોડી સાકર સાથે દિવસમાં બે ત્રણ વખત ઝાડા તથા મરડા ઉપર આપવી.

બીલીનોક્વાથ.

૩. બીલી. બલા (બાપટાનાં બી) લોદર.
ગજપીપર. ધાવણીનાં ફુલ.

ઉપરની દવાનો ક્વાથ કરી બચ્ચાંઓને મરડા તથા ઝાડા ઉપર આપવો.

બેહેડાં—મ. બેહેડા. સં. બીભીતક.

ગુણઃ—સારક, શીતળ, શોધક.

ઉપયોગઃ—બેહેડાં ત્રિફળામાં આવેછે. બેહેડાંની અંદરથી મીજ નિકળેછે તે ખવાય છે. પણ તે ઝેરીછે, અને તેથી બહુ ખાવામાં આવે તો મૃત્યુ નીપજેછે. ઔષધમાં માત્ર તેની છાલ વપરાયછે. સાદ બેઠો હોય અગર ગળું આવ્યુંહોયતો બેહેડાં, સિંધવ, તથા પીપરને મધની સાથે ગોળી કરી મોહામાં રાખવી. બેહેડાંના બીને પાણીમાં વાટી ચોપડવાથી હાથપગનો દાહ મટી જાયછે.

બોદારસીંગ—મ. મુડદાલસીંગ. સં. મુર્દાડ. હીં. મુડદાલસીંગ.

બોદારકાંકરો વાટીને બચ્ચાંઓને જુલાબ તરીકે પીવડાવાયછે. તેનો મુખ્ય ઉપયોગ બહાર લગાડવાનોછે, અને તે મલમમાં નંખાયછે. "પ્લંબી આક્સીડ" જુઓ.

માત્રાઃ—૧૦ ગ્રેન.

બ્રાહ્મી—મ. બ્રાહ્મી. સં. બ્રહ્મદડી.

ગુણઃ—ઉષ્ણ, જ્વરઘ્ન.

ઉપયોગઃ—વિષમજ્વર, શીતજ્વર, પિત્તજ્વર, પાંડુ, કમળો તથા કૃમિરોગ, ઉપર ક્વાથમાં અપાય છે. કાઠિયાવાડમાં કેટલેક ઠેકાણે તેને તલકંટોના નામથી ઓળખાય છે. બ્રાહ્મી વિશેષ કરી મગજના રોગ જેવા કે અપસ્માર, ઘેલછા વગેરે વ્યાધિ ઉપર અપાયછે. બ્રાહ્મીના પાનનો રસ ½ તોલો કાઢી મધ સાથે પાવો. તે ક્વાથમાં પણ અપાયછે. તેનું ઘી કાઢી ખાવા અપાયછે.

બ્રહ્મીનું ઘી.

બ્રહ્મીનો રસ ૪ શેર. ઘી ૪ શેર.

બંનેને મિશ્ર કરી ઉકાળવાથી પાણીનો ભાગ બળી જતાં બાકી રહે તેને બ્રહ્મીનું ઘી સમજવું. **માત્રાઃ**—૧ થી ૨ ડ્રામ.

બેદાણા—"મુગલાઇ બેદાણા" જુઓ.

બેદાણાનાં કાળા અને ઝીણાં બી થાયછે. તેના ગુણ મુગલાઇબેદાણા જેવા હોયછે.

બનફસા—મ. બનફશા.

ગુણઃ—શીતળ, સ્વેદલ, કફઘ્ન.

ઉપયોગઃ—તાવ, તણખીયો, સળેખમ, તથા ગળાપાક માટે અપાયછે. ઉધરસ તથા ફેફસાનાં વરમ ઉપર અપાયછે.

બનફશા......૬ દ્રામ. જેઠીમધ......૨ દ્રામ.

ઉપરની બે દવાનો ક્વાથ ૬ થી ૮ ઔંસ કરવો. માત્રા ૧ થી ૨ ઔંસ.

ભાંગ—મ. ભાંગ. સં. વિજયા. "ક્યાનાબીસ ઈંડીકા" "ગાંજો" જુઓ.

ભાંગ અને ગાંજો એક છોડની પેદાશછે. ચરસનો રસ એજ છોડમાંથી નિકળેછે.

ગુણઃ—ગ્રાહી, માદક, દીપન. માજમમાં ભાંગ, સાકર, ઘી, આટો, અને દૂધ આવેછે.

માજમનો પાક.

ચાર ઔંસ ભાંગ ને તેટલુંજ ઘી લેઈ એક કલઇવાળા વાસણમાં મૂકી, એકપાઈંટ પાણી ઉમેરી ઉકાળવાં; અને પાણી બળી જવા દેવું. પછી તે ઘીને નીચોવીને કપડાથી ગાળી લેવું, બાદ ઘી થીજી ગયા પછી, તેને પાણીથી વારંવાર ધોવું, એટલે ભાંગનો લીલોરંગ બધો નીકળી જશે. બશેર સાકર લેઈ તેને પાણીમાં ગાળીને ગરમ કરી દૂધથી ધોવી, અને તેની ત્રણતારી ચાસણી થાય એટલે તેમાં ચાર ઔંસ દુધનો આટો ઉમેરવો, ને હલાવવું, અને ભાંગનું ઘી તૈયાર હોય તે નાંખી હલાવી, ગુલાબના અત્તરનાં થોડાં ટીપાં નાખીને, એક થાળીમાં રેડવું, એટલે તેનાં ચોસલાં બંધાશે. **માત્રાઃ**—એક અગર બે દ્રામથી નીશો જણાશે.

ભાંગ પીવાથી ભૂખ ઘણી લાગેછે. તે ઘણા ચૂરણોમાં નંખાયછે.

ભાંગ...........૧ દ્રામ.	રૂમેમસ્તકી...........½ દ્રામ.
જાયફળ........½ ,,	તજ.................½ ,,
એલચી.......½ ,,	સાકર.............૩ ,,

ઊપરની દવાને મિશ્ર કરી વસ્ત્રગાળ ચુરણ કરવું.

માત્રાઃ—૨૦ થી ૪૦ ગ્રેન.

ધનુર, સંધિવા, ચસકા, વગેરે દરદ ઉપર અપાયછે. વળી એ દવા ઝાડાનેપણ મટાડેછે.

ભીલામા—મ. બીબવા. સં ભલ્લાતક.

ગુણઃ—ભીલામુ લગાડવાથી દાહક, અને ખાવામાં ઉષ્ણ ને પૌષ્ટિક છે. ભીલામાનું તેલ નીકળે છે, તે લગાડવાથી ચામડી કાળી વાદળી રંગની થાયછે, અને તે ઊપર નાનામોટા ફોલ્લા ઉઠેછે. લગાડવાથી તેનો ગુણ બ્લિસ્ટરના જેવોછે.

ઉપયોગઃ—અજીર્ણ, મંદાગ્નિ, હરસ, ત્વચારોગ, નબળાઈ ઉપર અપાયછે.

નારસિંહ ચુરણ.

ભીલામાં. ત્રિકટુ. ત્રિફળા. તલ.

ઉપરની ચીજો સમભાગે લેઈ વસ્ત્રગાળ ચૂરણ કરી મધની સાથે બોર જેવડી ગોળીઓ કરવી, એકેક ગોળી ઘીસાકર સાથે ખાવી. ભીલામાં ખાવા માટે ઘણું કરી તલ અગર ટોપરાની સાથે અપાયછે. ભીલામુ ખાવાથી, તેનો ધૂમાડો અગર તેલ લાગવાથી, કેટલીકવાર તે ઉઠેછે, એટલે શરીર સુજી આવેછે અને લાલ થાયછે, તથા તેના ઉપર ફોલ્લા થાયછે, ભીલામુ ઉઠે તે ઉપર ટોપરૂં ખાવા આપવું. ટોપરાનું તેલ લગાડવું અથવા આંબલીનું પાણી લગાડવું. ભીલામા ખાનાર માણસે

તડકામાં રહેવું નહિ તથા અગ્નિ પાસે બેસવું નહિ.

અમૃત ભલાતકી.

ભાગેલાં ભીલામા ૮ શેર. પાણી ૩૨ શેર.

બત્રીસશેર પાણીમાં ભીલામાને ઉકાળતાં ¼ પાણી રહે ત્યારે તે ઉતારી ગાળી લેવું. તેને ફરીથી સોળશેર દુધ અને ચારશેર ઘીમાં ઉકાળી નરમ ગોળ જેવું થવા દેવું. તેમાં બશેર સાકર નાંખી સાતદિવસ રહેવા દેવું.

માત્રાઃ—½ થી ૧ દ્રામ. મંદાગ્નિ તથા હરસ ઉપર અપાયછે, એ પૌષ્ટિકછે.

ભોરીંગણી—મ. ભોરીંગણી. સં. કંટકારી.

ગુણઃ—ઉષ્ણ, કફઘ્ન.

ઉપયોગઃ—ખાંસી, કફ, શ્વાસ, તાવ, વાતરોગ, ઇત્યાદિ ઉપર ક્વાથમાં અપાયછે. ઔષધમાં તેનાં ફળ અથવા પંચાંગ વપરાયછે. દાંતના ચસકા ઉપર તેના બીજની ધૂમાડી અપાયછે. ભોરીંગણીનો કવાથ કરી પીપર અને મધની સાથે ખાંસી ઉપર આપવો. ભોરીંગણી બે પ્રકારની થાયછે. એક નાની ભોરીંગણી જે ફકત જમીન ઉપર પથરાયલી હોયછે તેને બેઠી ભોરીંગણી કહે છે. બીજીના છોડ જરા મોટા તથા ઊંચા થાયછે, તેને ઊભી ભોરીંગણી કહેછે.

ભાંગરો—મ. માકા. સં. ભૃંગરાજ.

ગુણઃ—શોધક, ઉષ્ણ, કફઘ્ન, રોપણ,

ઉપયોગઃ—તાવ, વાયુ, આંચકી, અપસ્માર, ઇત્યાદિ ઉપર ક્વાથમાં અપાય છે. ભાંગરાના રસથી ચાંદાંને ધોવાયછે. તેનાથી કેશની વૃદ્ધિ થાય છે તથા કેશ કાળા થાયછે. આંબળાંની સાથે તેનું તેલ કઢાયછે તે કેશને લગાડાયછે.

ભાંગરાદિ ચુરણ.

જાયફળ.	લવીંગ.	આંબળાં.	તજ.
તાલીસપત્ર.	જીરૂં.	મરી.	એલચી.
રતાંજળી.	કપૂર.	પીપર.	તમાલપત્ર.
સૂંઠ.	હરડાં.	વાંસકપૂર.	નાગકેશર.

ઉપરની સર્વ દવાના દરેક બબે તોલા અને ભાંગરો ત્રીસ તોલા, એ સર્વેને એકત્ર કરતાં જે વજન થાય તેટલી સાકર લઇ ચુરણ કરવું.

માત્રાઃ—૧ દ્રામ. ખાંસી, ક્ષય, અને દમ ઉપર અપાયછે

ભોપાથરી—મ. પાથરી. સં. ગોજીહ્વક. "ગાઝબાન" જુઓ.

ગુણઃ—મૂત્રલ.

ઉપયોગઃ—ઉનવા તથા અશ્મરી ઉપર અપાયછે.

મનશીલ—મ. મનશીલ. સં. મનશિળા. ઈં. રીયાલગર. "સોમલ" જુઓ.

મજીઠ—શોધક, ઉષ્ણ.

ઉપયોગઃ—કફ, વિષ, નેત્રરોગ, ત્વચારોગ, વિસ્ફોટક, કોઢ, પત્ત, ઉપદંશ, સુખ્ખસ,

ઇત્યાદિ ઉપર ક્વાથ તથા ચૂરણમાં અપાયછે.

માત્રા:—૨૦ થી ૬૦ ગ્રેન.

મજીઠાદિ ક્વાથ.

મજીઠ	લીંબડાછાલ	પીપર	અતિ વિષ
ઇંદ્રજવ	પટોળ	હરડાં	બેહેડાં
નાગરમોથ	કડુ	બેહેડાં	વાળો
સૂંઠ	વાવડીંગ	આંબળાં	ગળો
હળદર	દેવદાર	કરીયાતુ	નસોત્તર
દારૂહળદર	કડાછાલ	અરડુસાની છાલ	પોખ્પરમૂળ

ઉપરનાં ચોવીસ ઔષધ દરેક સમભાગે એકેક તોલો લેઈ તેનાં છ પડીકાં કરવાં અને દરરોજ એક પડીકુ પાણીમાં ઉકાળી સવાર સાંજ તેનો ક્વાથ પીવો, તેથી સર્વ ત્વચા રોગ ઉપર ફાયદો થશે.

મંજિષ્ટાદિ ચૂરણ.

મજીઠ હરડાં આંબળાં સોનામુખી બેહેડાં.

ઉપરની દવા સમભાગ લેઈ તેનું ચૂરણ વસ્ત્રગાળ કરવું. તેમાંથી એકેક તોલો દર રાત્રી સાકર સાથે ખાવો. તેથી દસ્ત સાફ ઉતરશે અને સર્વ ત્વચા રોગ ઉપર ફાયદો કરશે.

મધ—મ. મધ. સં. માક્ષિક ઈ. હની.

ખરૂં મધ મધમાખીના પૂડામાંથી નીકળે છે. તેને રાની મધ કહેછે. બનાવટી મધ ગોળ, ખાંડ, અથવા ખજુરના પાંણીની ચાસણીનું કરેછે. તે ચાસણીમાં થોડી ફટકડી નાંખેછે. તેથી ચાસણી ઠરતી નથી. મધનો **ગુણ**—પૌષ્ટિકછે.

ઉપયોગ:—ખાંસી, દમ, શ્વાસ, તાવ તૃષા તથા ઉલટી ઉપર અપાયછે. મુખ્ય ઔષધિમાં યોગવાઈ તરીકે વપરાયછે.

મમઇ:—એક જાતનું ખનીજ પદાર્થછે. ઇરાન તરફ નિકળેછે. મમઈ હાલમાં ખરેખરી મળવી બહુ મુશ્કલ પડેછે. મમઇને બહુ ગુણકારી માનવામાં આવેછે. માર, પછાડ ઉપર પીવા અપાયછે. તુટેલું હાડકુ તેનાથી સંધાઈ જાયછે એમ લોકો માનેછે. મમઇની પેદાશ વિશે લોકોમાં તરેહવાર ગપ ચાલેછે. કેટલાક માનેછે કે આદમીના મુડદાનું સત્વ કાઢેછે તેમાંથી મમઈ નિકળેછે.

મમીયો—નામની દવા આંખના દરદ માટે બહુ વખણાયછે. આ ચીજ કોઇના જોવામાં આવતી નથી. કેટલાક ઢોંગી હકીમો તેને ઠેકાણે કાંઈ મૂળ બતાવેછે, અને તેને બદલે કોઈ સ્ફટીક બતાવેછે.

મરડાશીંગી—મ. મુરૂડશેંગ. સં. શૃંગી.

ગુણ:—ગ્રાહી.

ઉપયોગ:—મરડો અતિસાર, ગૃહણી ઉપર ચૂરણ અને ક્વાથ અપાયછે.

મરચાં—મ. મીરચે. સં. રક્ત મરીચ. "કાપસીકમ" જુઓ.

મરી—કાળાંમરી, તીખાં. મ. મીરે. સં. મરીચ. "પીપર નાઇગ્રમ" જુઓ.

મરી બે પ્રકારનાં થાયછે, કાળાં અને ધોળાં. કાળાં મરીની છાલ ઉતારેલ હોય તેને ધોળાં મરી કહેછે. સરગવાનાં બીને પણ સફેદ મરી કહેછે.

કાળાં મરી ઘણી દેશી દવામાં વપરાયછે. તેનો **ગુણ**—ઊષ્ણછે અને તે ત્રિકટુમાં આવેછે. પીપર અને સૂંઠને મળતો તેનો ઉપયોગછે.

મહુડાં—મ. મહુડે. સં. મધુક.

ગુણઃ—પૌષ્ટિક, મૂત્રલ. મહુડાંની છાલ તથા મહુડાનાં ફળ વપરાયછે.

ઉપયોગઃ—ઉનવા તથા નબળાઈ ઉપર અપાયછે.

માયફળ—કાંઠાળુ માયુ. મ. માયફળ. સં. માયફળ. "ગાલ્સ" જુઓ.

માયું અથવા માયફળનો **ગુણ** ગ્રાહીછે. **માત્રા** ૧૦ થી ૬૦ ગ્રેન.

માયફળ...........૨૦ ગ્રેન. દાડમછાલ.........ગ્રેન.

એ બંનેને મિશ્ર કરી ચુરણ બનાવી ઝાડા તથા મરડા ઉપર દિવસમાં બે ત્રણ વખત ફાકવાથી ફાયદો થશે.

માલકાંકણાં—મ. માલકાંગોણી. સં. જ્યોતિષમતિ.

ગુણઃ—ઉષ્ણ.

ઉપયોગઃ—અગ્નિમાંદ્ય, અજીર્ણ, સંધિવા, પક્ષપાત ગૃધ્રસી, તથા અપસ્માર ઉપર અપાયછે. માલ કાંકણાંનું તેલ નીકળેછે તે સધિવા તથા બીજા વાયુ ઉપર લગાડાયછે.

મીઠું—મ. મીઠ. સં. લવણ.

સંસ્કૃતમાં સાત જાતના લવણનું વર્ણન કરેલુંછે, પણ તેમાં આજના વખતમાં મુખ્ય ત્રણ પ્રકારનાં લવણ જોવામાં આવેછે. મીઠું, સીંધાલુણ અને સંચળ.

મીઠુ ખારા પાણી અને દરિયામાંથી પકવેછે. સીંધાલુણ સીંધુ નદી તરફ થાયછે અને હરડેના પાણીમાં મીઠાને ગાળીને સંચળ બનાવેછે. બીડલવણ કહેવાયછે તે મીઠાને આંબળાંના પાણીમાં ગાળી ઊકાળવાથી બનેછે. આ બધી જાતનાં લવણ બીજી દવાઓ સાથે અજીર્ણ અને ઉદરના દરદમાં વપરાયછે. મીઠું પીવાથી ઉલટી થાયછે. સીંધાલુણને ગરમ પાણીમાં ઉલટી કરાવવા માટે આપવામાં આવેછે.દેશી વૈદ જ્યારે મીઠાની બંધી કરેછે ત્યારે તેને બદલે સીંધાલુણ ખવરાવે છે.

મીંઢોળ—મ. ગેળફળ. સં. મદનફળ.

ગુણઃ—વમન.

ઉપયોગઃ—ઉલટી કરાવવી હોય ત્યારે મીંઢળ અપાયછે. ઘણા લોક સંબંધ મીંઢળ વાટીને ઉલટી માટે આપેછે, પણ તેમ કરવું નહિ જોઇએ. મીંઢળની છાલ તથા બીમાં મનનો ગુણ થોડો છે. ખરો વમનનો ગુણ તેના ગર્ભમાંછે. એક મીંઢળમાંથી સુમારે પંદર ગ્રેન આવો ગર્ભ નીકળેછે. મીંઢળને ભાંગીને તેની અંદરનો ભાગ લેઈ, તેને અધકચરો કરી ચાળી નાખવો, એટલે બીજ જુદાં પડી જશે, બાકી

ભૂકી નીકળે તેને બાટલીમાં ભરીને જાળવી રાખવી. આ ભૂકી વમન માટે ઉપયોગીછે તેમજ મરડા ઉપર પણ સારી અસર કરેછે. તેની **માત્રાઃ**—વમનતરીકેની ૪૦ ગ્રેન. મરડા ઉપર માત્રા ૧૦ થી ૧૫ ગ્રેન. થોડા અફીણની સાથે વાપરવું.

મુગલાઇએદાણા—મ. મુગલાઈ બેદાણા. ઈ. ક્વીન્સ.

ગુણઃ—પૌષ્ટિક, શીતળ.

ઉપયોગઃ—ધાતુક્ષય, અશક્તિ, મરડો, ઝાડો, તણખીયો તથા ઉનવા ઉપર બેદાણા આપવામાં આવેછે. તે પાકમાં પણ નંખાયછે. પાણીમાં નાખવાથી તેની ચીકાશ ઉતરેછે. તેનું ચીકણું પાણી અથવા બીજની સાથે સાકર નાખીને તે પાણી ઉપર કહેલા દરદ ઉપર પીવાથી ફાયદો થાયછે.

મુળા—મ. મૂળે. સં. મૂળક.

ગુણઃ—મૂત્રલ.

ઉપયોગઃ—ઉનવા તથા અશ્મરી ઉપર મૂળાનો રસ બહુ ગુણકારીછે. રસની **માત્રા** તોલા ૧થી ૪. મૂળાનાં બીજ પણ મૂત્રલછે. જલોદર તથા બીજા પેશાબના રોગ ઉપર અપાયછે.

મૂળાનાં બીજ.........	૧ દ્રામ.	વરીયાળી.........	૧ દ્રામ.
જવખાર	૧ ,,	કાકડીનાં બીજ...	૧ ,,

ઉપરની દરેક દવાનું ચૂરણ કરી મિશ્ર કરવી.

માત્રાઃ—½ થી ૧ દ્રામ.

મુશળી—મ. મુશળી. સં. મુષલી.

એ એક જાતના પાલાનાં મૂળીઆંછે. આ મુશળીને ઠેકાણે કેટલાક ગાંધી સતાવરીનાં અને શીમળાનાં મૂળીઆં આપેછે. મુશળી બે પ્રકારની થાયછે, કાળી અને ધોળી. ઔષધિમાં ઘણું કરીને ધોળીમુશળી વાપરવામાં આવેછે.

ગુણઃ—પૌષ્ટિક.

ઉપયોગઃ—ધાતુ પુષ્ટિઉપર અપાય છે, પાકમાં નંખાયછે, તેમજ બીજી પૌષ્ટિક દવા સાથે દૂધમાં ઉકાળી પીવાથી ગુણ થાયછે.

મેંદી—મ. મેંદી.

ગુણઃ—શીતળ.

ઉપયોગઃ—પાદદાહ એટલે હાથે પગે બળતરા થાયછે તે ઉપર તેનો રસ ચોપડવામાં આવેછે. કેટલીક છોકરીઓ તેમજ યુવાન સ્ત્રીઓ હાથની હથેળી, નખ તથા પગની પાની ને નખ એથી રંગેછે.

મોચરસ—મ. સાવરીચા ડીક અથવા મોચરસ. સં. મોચરસ.

ગુણઃ—ગ્રાહી.

ઉપયોગઃ—ઝાડા, મરડા અને અતિસારને મટાડેછે. મોચરસ એકલો સાકર સાથે અપાયછે, અથવા બીજા ચૂરણ અને ક્વાથમાં પણ આવેછે. શીમળાનું મોટું ભ-

બ ઝાડ થાયછે તેના ગુંદરને મોચરસ કહેછે. તે ઝાડની શીંગોમાં રૂ થાયછે તે ઘણું સુંવાળું હોયછે અને તેથી તેને ગાદી, તકીઆ, ગાલમસુરીઆં ઇત્યાદીમાં નાંખેછે.

મોથ—નાગરમોથ. મ. નાગરમોથા. સં. મુસ્તા.

ગુણ:—શીતળ, સ્વેદલ.

ઉપયોગ:—પિત્ત, કફ, વાયુ, તૃષા, દાહ, અરૂચિ, અતિસાર, રક્તદોષ, ઇત્યાદિ ઉપર બીજી દવાઓ સાથે વપરાયછે.

મોરથુથુ—મ. મોરચૂત. સં. તુત્થ. "કુપરાઈ સલફાસ" જુઓ.

મોતી—મ. મોતી. સં. મુક્તા.

મોતી દરિયામાં કાળુ નામે માછલીના પેટમાં પાકેછે.

મોતીને અગથીયાના ફૂલના પાણીમાં ઘોઈ પુટ દેવાથી તેની ભષ્મ થાયછે, તે નબળાઈ, મૂત્ર રોગ, ક્ષય, તથા દમ ઉપર અપાયછે. કાચાં મોતી વસંતમાલતીમાં પડેછે.

માત્રા:—૨ થી ૧૦ ગ્રેન.

મેથી—મ. મેથી. સં. મેથી. ઇં. ફેનુગ્રીક.

મેથી મશાલામાં નંખાયછે, ને તેની ભાજીનો શાકમાં ઉપયોગ કરેછે.

ગુણ:—ઉષ્ણ, વાતહર.

ઉપયોગ:—વાયુ, શૂળ, પેટમાં ચૂંક, સંધિવા, તથા કટીવા, ઉપર મેથી ખવાય છે. વાયુ માટે કેટલાક લોક દરવરસ શીયાળામાં મેથી ખાયછે.

માત્રા:—½ થી ૧ તોલો.

મેથી મોદક.

ત્રિફળા	કાળીજીરી	સિંધવ	જાયફળ
સુંઠ	જીરૂં	તાલીસપત્ર	જાવંત્રી
પીપર	ધાણા	નાગકેસર	લવીંગ
મરી	કાયફળ	એલચી	સુખડ
મોથ	કાકડાશીંગી	તજ	કપુર

ઉપરની સર્વ દવાનો દરેકનો સમભાગ અને તે સર્વેના વજન સમાન મેથી લઈ ચૂરણ કરી ગોળ સાથે મેળવવાં.

માત્રા:—૧ થી ૪ દ્રામ ઘી સાથે.

રગતરોઇડો—મ. રક્તરોહડા. સં. રક્તરોહિત.

ગુણ:—ગ્રાહી, રક્તસ્તંભક.

ઉપયોગ:—ગુલ્મ, ઝાડો, તથા રક્તાતિસાર ઉપર અપાય છે. સોજા ઉપર તેની છાલ ઘસીને ચોપડવામાં આવેછે.

રસકપુર—મ. રસકપુર. "પારો" જુવો.

રતાંજળી—મ. રક્તચંદન. સં. રક્તચંદન.

ગુણ:—શીતળ, ગ્રાહી.

ઉપયોગ:—કુષ્ટ, ત્વચારોગ, દાહ, તૃષા વગેરે દરદ ઉપર ક્વાથમાં અપાય છે. તેમજ ઠંડક વાસ્તે બહારનાં દરદો ઉપર બીજી દવાઓ સાથે વપરાય છે.

રસવતી—રસોટ. મ. રસવતી. સં. રસાંજન. "દારૂહળદર" જુવો.

રાઈ—મ. મોહોરી. સં. રાજીકા. "સીનાપીસ" જુવો.

રાઇ મશાલા તથા અથાણામાં બહુ વપરાય છે. વા તથા સંધિવા અને સોજા ઉપર બીજી દવાઓ સાથે લગાડવામાં આવે છે. ઉલટી કરવા સારૂ નીચેનું ચૂરણ પ્રસિદ્ધ છે.

રાઈ　　લોદર　　વજ　　સિંધવ

ઉપરની દરેક દવાનો સમભાગ લેઈ ચૂરણ કરવું. ગરમ પાણી સાથે એક તોલો આપવાથી ઉલટી થશે.

રાસ્ના—મ. રાસ્ના. સં. રાસ્ના.

ગુણ:—ઉષ્ણ, વાતહર.

ઉપયોગ:—વાતરક્ત, દમ, ખાંસી, વિષમજ્વર, સોજા, હેડકી, શૂળ, સંધિવા, ગાઉટ, ઉરૂસ્તંભ, ગૃધ્રસી, પક્ષઘાત, અને બીજી જાતના વાતરોગ ઉપર બહુ વપરાયછે. ક્વાથ તથા ચૂરણનારૂપમાં વપરાયછે. તેનો વિશેષ ગુણ સંધિવા ઉપરજણાયછે. રાસ્ના બે જાતની થાયછે. એક ઝીણી તથા સફેદ હોયછે, ને બીજી જાડી થાયછે. આસોંદના મૂળને તે મળતી આવેછે. **માત્રા:**—½ થી ૧ દ્રામ.

રાસ્નાપંચક.

૧. રાસ્ના.　　દેવદાર.　　એરંડમૂળ.
　ગળો.　　સુંઠ.

ઉપરની દરેક દવાનો ½ તોલો લેઈ ક્વાથ કરી સંધિવા ઉપર પીવાથી આરામ થાયછે.

રાસ્નાદિક્વાથ.

૨. સતાવરી.	હીમજ.	દેવદાર.
અરડુસાનીછાલ.	સુંઠ.	વજ.
ગળો.	ધમાસો.	નાગરમોથ.
અતિવિષ.	પોખરમૂળ.	રાસ્ના.

ફક્ત રાસ્નાના બે તોલા સિવાય બાકીની બધી દવાનો દરેકનો એકેક તોલો લેઈ તેના બે ભાગ કરવા, એકેક ભાગ દરરોજ પાણીમાં ઉકાળી દિવસમાં બે વખત પીવો. આ ઉકાળો પીવાથી સંધિવા તથા શૂળ મટી જશે.

૩. રાસ્ના.........૪ તોલા.　　ગુગળ.........૩ તોલા.

ઉપરની બેઉ દવાને મધ સાથે મેળવીને ½ તોલો સવારસાંજ લેવો. તેથી સંધિવા, રાંઝણ વગેરેને ફાયદો થશે.

રાળ—મ. રાળ. સં. સર્જની. "રેઝીન" જુઓ.

એક જાતના ઝાડમાંથી એ નીકળેછે. એનો લેપ તથા મલમ બનાવવામાં આવેછે.

એનો ગુણ ગ્રાહીછે. બચ્ચાંઓને ઝાડા માટે સાકર અગર ગોળની સાથે દશથી વીસ ગ્રેન અપાયછે.

રાળાદિ ચૂરણ.

રાળ, મોચરસ, કાથો અને ઓથમીજીરૂ આટલી ચીજોને ખાંડી બારીક ચૂરણ કરવું. તેમાંથી દીવસમાં બે ત્રણવાર પા રૂપીઆભાર દહીની સાથે લેવું. મરડા અને ઝાડાને ફાયદો કર્તા છે.

રીસામણી અથવા **લજામણી**—મ. લાજરી. સં. લજ્જાળુ.

ગુણ:—ગ્રાહી.

ઉપયોગ:—મરડો, ઝાડો, તથા ઝાડામાં લોહી કે પરૂ પડતું હોય તે ઉપર અપાય છે. ઔષધમાં તેનાં મૂળીયાં વપરાયછે. તેના ઝાડને અડકવાથી પાંદડાં તરત કરમાઈ અથવા બીડાઇ જાયછે, અને જાણે ઝાડ શરમાઈ કે રીસાઈ જતું જણાયછે.

રેણુકબીજ—મ. રેણુકબીજ. સં. મોલા.

રેણુકબીજ એટલે મેંદીનાં બીજ ત્વચારોગ ઉપર અપાયછે.

રેવંચી—મ. રેવંચી. રેવંચીનું લાકડું થાયછે.

ગુણ:—મૂત્રલ, શોધક, રેચક.

ઉપયોગ:—ઉનવા, પરમો, તથા મૂત્રાધાતનાં દરદો ઉપર અપાયછે. ઈંગ્રેજી દવા "રૂબાર્બ"ના ગુણ જેવા એના ગુણછે. ગલની ગાંઠનેપણ રેવંચી કહેછે.

માત્રા:—૧૦ થી ૨૦ ગ્રેન ક્વાથમાં અપાયછે.

રેવંચીનીલાકડી...૧ ડ્રામ. હરડે...૧ ડ્રામ. સુંઠ...½ ડ્રામ.

ઉપરની દવાનું મિશ્રણ કરીને ચૂરણ કરવું.

માત્રા:—૧૦ થી ૩૦ ગ્રેન. "ગ્યામબોજ" જુઓ.

રેવંચીનો શીરો—રેવંચીનાં લાકડાં ઉકાળીને સત્વ કાઢેછે. તેને શીરો કહેછે.

માત્રા:—૨ થી ૨૦ ગ્રેન બચ્ચાંને ઝાડો ઉલટી કરાવવા બહુ અપાય છે.

રેવંચીનો શીરો......૧ ડ્રામ. એળીયો......૧ ડ્રામ. સુંઠ.........૧ ડ્રામ.

ઉપરની દવાનું મિશ્રણ કરી, ચૂરણ કરી, મધની સાથે ગોળી કરવી.

માત્રા:—૫ થી ૧૦ ગ્રેન.

રૂમીમસ્તકી—મ. રૂમીમસ્તકી. "માસ્ટીચ" જુવો.

એ એક જાતનો ગુંદર છે, અને દાંતના મંજનમાં કામ આવેછે. એ ગુણે ગ્રાહીછે.

રૂપુ—મ. રૂપે. સં. રૂપ્ય.

સોનાની માફક રૂપુપણ પૌષ્ટિક ગણાયછે, પણ તે બહુ વપરાતું નથી. રૂપું પણ નબળાઈ, અપસ્માર, હિસ્ટીરિયા, તથા વાયુ ઉપર અપાયછે, રૂપાનાંપાનાં વપરાય અગર તેની ભષ્મ કરી અપાયછે.

લવીંગ—મ. લવંગ. સં. લવંગ. "કારીયોફાઇમલ" જુઓ.

લવીંગ મશાલામાં તથા યોગવાઈ તરીકે વપરાયછે. ચુંક, ઉલટી, તથા અજીર્ણ

ઉપર અપાયછે. લવીંગ, સુંઠ, અને અજમો, એ ત્રણની ગોળી કરી અજીર્ણ ઉપર આપવી.

લસણ—મ. લસૂન. સં. લસૂન.

ગુણઃ—અતિ ઉષ્ણ, વાતહર.

ઉપયોગઃ—સંધિવા, કટીશૂળ, આંચકી, ચુંક, હેડકી, ગુલ્મ, કોગળીઉં તથા બીજા અનેકપ્રકારના વાયુ ઉપર ખવાય છે તેમજ ચોપડાયછે. લસણની કળી તેલમાં કકડાવી કાનમાં મૂકવાથી કાન દુખતો હોયતો મટી જાયછે. કેટલાકને દર શીયાળે લસણ ખાવાની ટેવ હોયછે.

લીંબડો—મ. નીંબ. સં. પીચુમંદ.

લીંબડાની અંતરછાલ, પાન, તથા લીંબોળી ઓષધિમાં વપરાયછે.

અંતરછાલનો ગુણઃ—જ્વરઘ્ન, ગ્રાહી, તથા પિત્તશામકછે.

ઉપયોગઃ—આ છાલનું હીમ અથવા ઉકાળો કરી પીવાથી ટાઢીયાતાવ,જીર્ણજ્વર, પિત્તજ્વર, નબળાઈ, મંદાગ્નિ, દાહ, તૃષા, અજીર્ણ વગેરે વ્યાધિ દૂર થાયછે. તેનાં પાન બાફીને પોટીસ તરીકે ગુમડાં, ચાંદાં તથા દુખાવા અને સોજા ઉપર બંધાય છે. ત્વચારોગ, શીળી, જખમ, ઇત્યાદિને લીધે બહુ ચેળ આવતી હોયતો તે ઉપર લીંમડાના પાનની ધુંવાડી આપવાથી ચેળ કમી થાયછે. લીંમડાનાંપાનનું ઉકાળેલું પાણી જખમ ધોવાને કામ આવેછે. લીંબોળી પાકયા પછી તેનું તેલ કાઢી સંધિવા તથા ચસકા ઉપર લગાડવાથી ઘણો ફાયદો થાયછે. વળી આ તેલ કૃમિઘ્નછે. ટીપાં બેથી પાંચ બચ્ચાંને આપવાથી કરમનો નાશ થાયછે. આ તેલ ત્વચારોગ ઉપર બહુ ગુણકારીછે. ખરજ, ઊંદરી, ખરજવું, તથા ખસ ઉપર લગાડાય છે.

૧. લીંબડાની અંતરછાલ...૧ ઔંસ.		પીપર......૧ ડ્રામ	
લવીંગ................૧ ડ્રામ.		પાણી... ..૧ શેર.	

ઉપરની ચીજોનો પાણીમાં ઉકાળો કરવો.

માત્રાઃ—૧ ઔંસથી ૨ ઔંસ. તાવ તથા અજીર્ણ ઉપર અપાયછે.

૨. લીંબડાની અંતરછાલ.	ઇંદ્રજવ.	ગળો.	પટોળ.
કડુ.	સુંઠ.	મોથ.	રતાંજળી.

ઉપરની દરેક દવાનો ½ તોલો લઈ ½ શેર પાણીમાં તેનો કવાથ કરી પીવો.

લીંબુ—મ. લીંબુ. સં નિંબુ.

લીંબુ ઘણા પ્રકારનાં થાય છે, તે નાનાં મોટાં હોય છે અને ખાટાં કે મીઠાં હોયછે. નારંગી વગેરે પણ ગુણની બાબતમાં લીંબુના વર્ગમાં આવે છે. લીંબુનો ઉપયોગ સ્વાદને માટે રસોઇમાં તથા અથાણામાં થાયછે.

ગુણઃ—શીતળ, દીપન.

ઉપયોગઃ—તાવ, ઉલટી, અજીર્ણ, તથા રકતદોષ (સ્કર્વી) ઉપર ઉપયોગી છે. હીંગાષ્ટક, કવ્યાદ વગેરે ઓષધિ બનાવવાના કામમાં એ આવે છે. તાવમાં ઉલટી થાય

ત્યારે લીંબુની ફડશ લેઈ તે ઉપર સાકર અગર મરી મીઠું નાંખી અંગારા ઉપર ખદખદાવી ચૂસવાથી તે બંધ થાય છે. તેને લીંબોટી કહેછે.

લોદર—મ. લોધ્ર. સં. લોધ્ર. આ એક ઝાડની છાલછે.

ગુણઃ—ગ્રાહી.

ઉપયોગઃ—અતિસાર, ઝાડા, તથા મરડા ઉપર અપાય છે. કડાછાલ તથા બીજી વગેરે દવાની સાથે આપવામાં આવે છે. દાંત મંજનમાં પણ લોદર પડેછે. આંખ આવેછે ત્યારે ફટકડીની સાથે લોદર લગાડાયછે.

માત્રાઃ—૧૦ થી ૪૦ ગ્રેન.

લોખંડ—ગજવેલ. મ. લોહ. સં. લોહ. " આયર્ન " જુઓ.

ગજવેલ કિંવા લોહ પૌષ્ટિક છે. જુદા જુદા ત્રણ રૂપમાં એનો ઉપયોગ થાયછે. એક કાંત લોહ, જે લોખંડને ગાયના મૂત્ર સાથે ગરમ કરી તથા તેને છેવટ ખાંડીને ભૂકો કરી તૈયાર થાયછે, તે "ફેરમ રીકાટમ"ને મળતો આવે છે. બીજો "મંડુર" તે લોઢાના કાટનો બનેછે, ને "ઓક્ષાઈડ ઓફ આયર્ન" ને મળતો આવેછે. ત્રીજો લોહક્ષાર એટલે લોઢાના જુદા જુદા ક્ષાર તે લોખંડને વનસ્પતિ આસિડ સાથે રાખવાથી થાયછે. કાંતલોહને મંડુર બહુ અપાયછે. અને તેબીજી ઘણી દવાઓના સબંધમાં વપરાયછે. નબળાઈ, ક્ષય, તાવ, અજીર્ણ, પાંડુરોગ, બરોળ, યકૃતોદર, ત્વચારોગ, રતવા, રક્તસ્ત્રાવ, ઝાડો, ઈત્યાદિ દરદો ઉપર લોહ અપાય છે.

લોહની **માત્રાઃ**—૨ થી ૧૦ ગ્રેન.

કેશ રંગવા માટે લોખંડનો અસલના વખતથી ઉપયોગ કરવામાં આવેછે.

લોખંડ........૨ તોલા.	બહેડાં.........૧ તોલો.
કેરીની ગોટલી ૫ તોલા.	આમળાં ......૨ ,,
હરડાં........ ૨ ,,	

ઉપરની સર્વે દવા મિશ્ર કરી પાણીમાં ઘૂંટવી. બાદ સફેદ કેશને લગાડવાથી તે કાળા થાયછે. તેને કલ્પ કહે છે.

સુવર્ણમાક્ષિક. લોઢું જમીનમાંથી ઘણે ઠેકાણે નીકળેછે. તેના કડકા ચળકતા પીળા રંગના હોયછે,અને તેના રંગ પ્રમાણે તેને સુવર્ણ માક્ષિક કહેછે. તેને તારમાક્ષિક પણ કહેછે. અસલના લોકોએ તેના રંગપરથી તેમાં સોનું અને રૂપુંછે એમ ધારી નામ આપેલાં જણાય છે, પણ તેમ નથી. ફક્ત લોહ અને ગંધકના સંયોગનો તે માત્ર ક્ષારછે. તે પૌષ્ટિક છે અને નબળાઈના વ્યાધિ ઉપર અપાય છે.

સુવર્ણમાક્ષિક......૫ તોલા.	મરી.........૧ તોલો.
તલ..............૧ ,,	સૂંઠ ....૧ ,,
પીપર ....૧ ,,	

ઉપરની સર્વે દવાઓને મિશ્ર કરી મધમાં મેળવવી. **માત્રાઃ**—૧ ડ્રામ. પાંડુરોગ

ઉપર અપાયછે.

વખમો:—મ. વખ્મા. સં. અતિવિષ.

વખ્મો અને અતિવિષની કળી એક જાતના ઝાડની પેદાશ છે. જાડાં મૂળને વખ્મો કહેછે. તે વધારે ગુણકારી છે. ઝીણાં મૂળને અતિવિષ કહેછે. તે જરા ઓછો ફાયદો કરેછે.

ગુણ:—વાતહર, જ્વરઘ્ન, કૃમિઘ્ન છે.

ઉપયોગ:—તાવ, ઊલટી, ઝાડો, પેટની ચુંક, ગુલ્મ, તથા કરમ ઉપર અપાય છે.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

વછનાગ—મ. વચનાગ સં. વત્સક. "એકોનાઇટ" જુઓ.

વછનાગને શીંગળીયો કહેછે. વછનાગ દેશી ઔષધિમાં ઘણો વપરાય છે. તાવ, અજીર્ણ, ઝાડો, મસ્તકશૂળ, સંધિવા, કફ, ખાંશી, દમ, વગેરેને માટે અપાય છે. તેનું તેલ તથા મલમ થાયછે.

આનંદ ભેરવની ગોળી

૧. મરી, શુદ્ધ હીંગળોક, લીંડીપીપર, ટંકણખાર, શુધ વછનાગ. ઉપરની પાંચ ચીજોને સમ ભાગે લેઇ, આદુના રસમાં દરેક ગોળી મગના જેવડી કરવી. હીંગળોક શુદ્ધ વાપરવો. હીંગળોકને ખરલમાં નાખી પ્રથમ સાત ભાવના ગાડરના દુધની આપવી, ને પછી લીંબુના રસની દીધાથી તે શુદ્ધ થાય છે.

૨. વછનાગ........$\frac{1}{2}$ ડ્રામ. ગંધક........૨ ડ્રામ
લવીંગ ....$\frac{1}{2}$,, કાળા મરી ...૨ ,,
પીપર ....૨ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરીને ત્રણ ગ્રેનની દરેક ગોળી કરવી. **માત્રા.** ૧ થી ૨ ગોળી. સંધિવા, ચસકા, ધનુર, અજીર્ણ, તથા ઝાડાસાર અપાય છે.

વજ:—મ. વેખંડ. સં. વચા.

વજ બે જાતની થાયછે, એક દુધીઓ વજ તથા બીજો ગંધારો વજ, અથવા જેને ઘોડાવજ કહેછે.

દુધીઆ વજનો **ગુણ**:—કફઘ્ન અને વમન છે.

ઉપયોગ:—બચ્ચાંઓને ઉધરસ, વરાધ, તથા સસણી ઉપર ઘશીને પવાયછે. સુમારે ૧$\frac{1}{2}$ થી ૨ ડ્રામ. આપવાથી ઉલટી થાયછે. બચ્ચાંને વમન તરીકે સુમારે દશ ગ્રેન આપવો.

ઘોડાવજનો ગુણ વાતહર છે. શુળ, ગુલ્મ, હેડકી, આફરો, ચુંક, કરમ તથા વાયુ રોગ ઉપર આપવામાં આવેછે.

વરીયાળી—મ. બડીશોપ. સં. મીસ્રી. "ફેનીક્યુલઇ" જુઓ.

ગુણ:—દીપન પાચન.

ઉપયોગ:—ઉલટી, તાવ, દાહ, તૃષા, અરૂચિ વગેરે ઉપર અપાય છે.

માત્રાઃ—½ થી ૨ ડ્રામ.

વાપુભાં:—

ગુણ:—વાતહર, શોધક,

ઉપયોગ:—ઉલટી, અરૂચિ, ચુંક, પેટનો દુખાવો, વાયુ તથા કરમ ઉપર બીજી દવાઓ સાથે ચુરણ અને કવાથમાં અપાય છે.

વાવડીંગ:—મ. વાવડીંગ સં. વીડંગ.

ગુણ:—વાતહર, કૃમિઘ્ન.

ઉપયોગ:—ઉલટી, કરમ, ઝાડો, તાવ, અરૂચિ, અજીર્ણ, ચુંક, તથા ત્વચા રોગ ઉપર અપાય છે, તેમજ કલ્કના રૂપમાં અપાયછે.

માત્રા:—½ થી ૧ ડ્રામ.

વાવડીંગ......૧ ડ્રામ કપીલો......૧ ડ્રામ સુંઠ......½ ડ્રામ

ઉપરના દવાનો કવાથ કરી પીવાથી કરમનો નાશ થાય છે.

વાંસકપૂર—મ. વંશ લોચન. સં. વંશલોચન.

વાંસની અંદર એક જાતના સફેદ રંગનો પથ્થર બંધાઇ જાય છે, તેને વાંસકપૂર કહેછે.

ગુણ:—કફઘ્ન, શીતળ, વૃષ્ય, ગ્રાહી.

ઉપયોગ:—ક્ષય, શ્વાંસ, ઉધરસ, અને રક્તદોષ ઉપર અપાય છે. બીજી દવાઓની સાથે પણ અપાય છે. તેનાથી ઝાડો તથા રક્તસ્ત્રાવ બંધ થાયછે.

માત્રા:—૫ થી ૧૫ ગ્રેન.

સીતોપલાદિ ચુરણ.

સાકર........૧૬ તોલા	એલચી.........૨ તોલા.
વાંસકપૂર...... ૮ ,,	તજ ....૧ ,,
પીપર......... ૪ ,,	

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ચુરણ કરવું.

માત્રા:—૧ ડ્રામ મધ અને ઘીની સાથે આપવું. ખાંસી દમ ઉપર અપાયછે.

વાળો—મ. વાળા. સં. ઉશીર.

ગુણ:—શીતળ.

ઉપયોગ:—પિત્તજ્વર, દાહ, તૃષા, પરમીયો, ઉનવા, પ્રદર, ત્વચારોગ, ગ્રહણી, અતિસાર, તથા રક્તદોષ ઉપર અપાય છે. ક્વાથ અગર ચુરણમાં બીજી દવા સાથે વપરાય છે. તેનું શરબત પણ થાયછે.

શરપંખા—મ. શરપુંખ. સં. શરપુંખ.

ગુણ:—શોધક, કફઘ્ન.

ઉપયોગ:—ઉદરરોગ, વાતરોગ, સોજા તથા દુખાવા ઉપર બીજી દવાઓની સાથે અપાય છે.

શરસવ—મ. શીરીસ. સં. સિધાર્થ.

શરસવનું તેલ નીકળે છે. તે મીઠા તેલને ઠેકાણે વપરાય છે. શરસવનો કલ્ક તથા તેનું તેલ વાયુ તથા સોજા ઉપર ચોપડવામાં આવેછે.

શતાબ—મ. શતાપ. સં. શતાપ.

ગુણઃ—કફઘ્ન, બચ્ચાંને સસણી ઉપર પવાયછે અને ચોપડાય છે. તેનાં પાંદડાં કામમાં આવે છે.

શાલમ—મ. શાલમ સં. શાલમ. ઈં. સાલેપ.

શાલમ બે જાતની થાયછે. એક પંજાબી શાલમ તથા બીજી લસણીયા શાલમ. લસણીયા સાલમની નાની મોટી ગાંઠો થાયછે. ઓષધમાં ઘણું કરી પંજાબી શાલમ વપરાયછે. તે સફેદ રંગની પાંચ પાંખડી વાળી હોય છે. હાથના પંઝાની માફક જેને પાંચ પાંખડી હોય તે વધારે ગુણકારી મનાય છે.

ગુણઃ—શાલમ બહુ પૌષ્ટિક કહેવાય છે.

ઉપયોગઃ—તેનો પાક બનાવીને અગર દુધની સાથે ઉકાળી ખીરના રૂપમાં ખાવામાં આવેછે. નબળાઈ, ધાતુક્ષય, તથા ક્ષીણતા માટે અપાય છે.

માત્રાઃ—૧૦ થી ૬૦ ગ્રેન.

શાલમપાક.

શાલમ	૫ તોલા.	વંશલોચન	½ તોલો.
ધોળી મુશલી	૫ ,,	જાયફળ	½ ,,
બદામનીમીજ	૨ શેર.	એલચી	૧ ,,
કૌવચ	૧ તોલો.	જાવંત્રી	૧ ,,
ગોખરૂ	૨ તોલા.	ખસખસ	૫ ,,
એખરો	૧ ,,	પસ્તાં	૧૦ ,,
આસોધ	૧ ,,	ચારોળી	૫ ,,
સતાવરી	૨ ,,	કેસર	૧ ,,
બળબીજ	૨ ,,	સાકર	૫ શેર.
લીંડીપીપર	૧ ,,	ઘી	૨½ ,,
તીખાં (મરી)	½ ,,	દુધ	૫ શેર.
અકલકરો	½ ,,		

શાલમ અને ધોળીમુશળી એ બેને બારીક ખાંડી ઝીણા વસ્ત્રથી ચાળી સારી પેઠે ઘી તથા દુધથી કરમોવવી. બાદ તેને એક કોથલીમાં નાખી મોઢું બાંધીને, દુધમાં નાખી પકવવું. દુધ માવા જેવું થાય ત્યારે કોથળી કાઢીને તેમાંથી દવાને બહાર કાઢી, એક કઢાઇમાં ઘી મૂકી, તે દવા નાખી ધીમાં તાપથી હલાવતાં, જુદી પડીને બાજરીના દાણા જેવા દાણા પડે, એટલે ઉતારી લેવી. દુધ ઉપયોગમાં લેવું નહિ, કારણ કે તેથી મરડો થાયછે. ઉપર કહ્યા મુજબ તૈયાર થયેલી શાલમ તથા ધોળી મુશળીની દવા તથા ઉપર લખેલી બીજી દવાઓનું ચુરણ કરી, સાકરની ચાસણી

करी, तेमां केसर नांखी बदामनी छाल उतारी तेनो भुको करी सर्वे साकरनी चास-णीमां नांखी, उपर घी नाखी, ने एक थाळामां ढारी देवुं. ठर्याबाद तेनां चोसलां पडेछे, ने पछी दररोज सवारमां ते खवायछे. आ साधारण शालमपाकछे. तेमां बीजी धातुओ वगेरे पण नंखायछे. आ शिवाय तेनी बीजीपण कृतियो घणीछे.

शेतुर—म. तुतीचेंझाड. ई. मलबेरी.

गुणः—शीतळ.

उपयोगः—शेतुरना पाननो कल्क, तणखीया, उनवा, तृषा तथा दाह उपर अपाय छे. तेनां फळ बहु मीठां होयछे. तेनुं शरबत थायछे. घणुं करी रेशमना कीडा शेतुरनां पांदडां खाइनेज जीवेछे.

शेरगुंदर—म. शेरगुंदर.

गुणः—ग्राही, शीतळ.

उपयोगः—वधरावळ, तणखीयोपरमीयो, उनवा, गुल्म, चुंक, तथा पेटना दुखावा उपर वपरायछे.

मात्राः—२० थी ६० ग्रेन.

शंखजीरू—म. शंखजीरे. सं. शंखजीरक.

गुणः—शीतळ.

उपयोगः—गुमडां, अळाइओ, खील, सोजा, रतवा, बळतरा, कखवा, ऋामरा, वगेरे त्वचारोग उपर चोपडाय छे.

शतावरी—सतावळ. म. शतावरी. सं. शतावरी. ए एक जातना पाल्लानां मूळछे.

गुणः—पौष्टिक, शीतळ, ग्राही.

उपयोगः—क्षय, रक्तदोष, प्रदर आर्त्तवदोष, धातुक्षय, अशक्ति तथा अग्निमांद्य. उपर क्वाथ तथा चूरणमां अपायछे. तेना गुण मुशळीना गुणने मळताछे, अने मुशळीने ठेकाणे तेनां मूळ घणा गांधी लोको आपे पणछे.

शतावरीनुं घी.

सतावरीनो रस................४ शेर
घी..........................४ ,,
दूध ....४ ,,

उपरनी त्रणे जणसोने उकाळतां फक्त दुध अने रस बळी जई घी रहे एटले उतारवुं. आ घी साकर, मध अने पीपर साथे पौष्टिक तथा पुरुषत्वपणा माटे अ-पायछे, बीजा घणा घी अने तेलमां सतावरी नांखेछे.

सरगवो—म. शेगवा. सं. शीग्रु.

गुणः—उष्ण, दीपन, पाचन, सारक, मूत्रल.

उपयोगः—सरगवानी छाल क्वाथ अगर चूरणमां वपरायछे. घसीने चोपडवाथी तेनो गुण दाहक मालूम पडेछे. तेनां फुल, पान अने बीजनो उपयोग म-

થાલામાં થાયછે. સરગવાની શીંગો કઢીમાં નાખ્યાથી બહુ સ્વાદ લાગેછે, અને તેનું શાક પણ થાયછે.

સંધિવા, અરૂચિ, અગ્નિમાંદ્ય, બરોળ, ગુલ્મ, સોજા, મૂત્રાશ્મરી, જળોદર, ગંડમાળા, ઉપદંશ, અર્દિતવાયુ અને ખાંસી ઉપર અપાયછે.

તેની છાલનો ક્વાથ પીપર, મરી તથા સિંધવની સાથે મુઝારા તથા બરોળ ઉપર અપાયછે, તેનાં પાન બાફીને વા તથા સોજા ઉપર બંધાયછે.

સાજીખાર—મ. સ્વાગી ક્ષાર. સં. સર્જિકાક્ષાર.

પંજાબ તરફ ખારી જમીનમાં ઝાડવાં થાયછે, તેને બાળી તેની રાખમાંથી એને કાઢેછે. એમાં કાર્બોનેટ ઑફ સોડા આદિ ક્ષારછે. તેના ગુણ જવખારને મળતા આવેછે. રસોઈમાં જે ખારો વાપરેછે તેમાં પણ સોડાછે, અને કપડાં ધોવામાં જે ધૂળીઓ ખારો વપરાયછે તેમાં પણ માટીની સાથે સોડા હોયછે.

ગુણઃ—દીપન, પાચન.

ઉપયોગઃ—શૂળ, ગુલ્મ, આફરો, અગ્નિમાંદ્ય, તથા ઉદરરોગ ઉપર પણ અપાયછે. વાગ્યું હોય તથા સોજો ચઢ્યો હોય તે ઉપર હળદરની સાથે ગરમ કરીને ચોપડવામાં આવેછે.

સાટોડી—મ. પુનર્નવા. સં. પુનર્નવા.

ગુણઃ—શોધક, સોથઘ્ન.

ઉપયોગઃ—સોજા, પાંડુરોગ, તાવ, સૂતિકારોગ, ગ્રહણી, કમળો, બરોળ તથા વાતરોગ ઉપર સાટોડીનાં મૂળ વપરાયછે.

સાટોડી.	પટોળ.	કડુ.	ગળો.
લીંબડાની છાલ.	સૂંઠ.	હરડે.	દારૂ હળદર.

ઉપરની દરેક દવાનો $\frac{1}{2}$ તોલો લઈ ૩૨ તોલા પાણીમાં ઊકાળી $\frac{1}{8}$ રહે ત્યારે ઉતારવું. એ જળોદર, ખાંસી, કમળા તથા દમ ઉપર અપાયછે.

સાંકિકાઈ—મ. સીકેકાઈ.

વાળ સાફ કરવા સારૂ માથામાં નાંખવામાં આવેછે.

સીસું—મ. સીસે. સં. સીસક.

સીસાની દવા ખાવામાં આવતી નથી, પણ બીજા ઉપયોગમાં આવેછે.

રંગવાને માટે સફેતો થાયછે તે સીસાનો થાયછે (કાર્બોનેટ ઑફ લેડ).

મુરદાલશીંગ—અગર મોદારસીંગ તે પણ સીસામાંથી બનેછે (લિથાર્જ). તે ઘણા મલમ અને લેપ બનાવવાના કામમાં આવેછે.

સિંદુર (મીન્યમ)—પણ સીસામાંથી બનેછે. તે ત્વચા રોગ ઉપર લગાડાયછે. ખરજવાં તથા ચાંદાં ઉપર મરી અને માખણ સાથે લગાડાયછે. જખમ તથા આંજણી થઈ હોય તે ઉપર લગાડવામાં આવેછે.

સુરમો (ગાલેના)—એ ગંધક અને સીસાના સંયોગનો પદાર્થછે. તેવોજ એક પદાર્થ

આન્ટિમનીનો થાયછે, તેને સુરમો કહેછે, પણ સાધારણ જે સુરમો કાળો ચળકતો જોવામાં આવેછે, તે શીસાનો બનેછે. તેનો બારીક ભૂકો કરી તથા કપૂર એલચી વગેરે બીજા પદાર્થ સાથે મેળવી વેચેછે, અને લોકો આંખમાં ખૂબસુરતીને માટે આંજેછે.તેમજ આંખમાં બળતરા,ઝાંખ ફૂલાં વગેરે હોય તે માટે પણ આંજાયછે. બીજી મેળવણીથી રાતો સુરમો પણ બનેછે. સીસાના સુરમાના કકડા ચપટા ચળકતા હોયછે, આન્ટિમનીનો જે સુરમો થાયછે તેના બંધારણમાં રેશા હોય છે. સફેત સુરમો થાયછે તે પંજાબ તરફથી આવેછે, અને તે એક જુદોજ ક્ષારછે. સુરમો આંજવામાં શીસાની સળીને ગુણકારી માનવામાં આવેછે.

રસાંજનનો અર્થ કોઈ સુરમો કરેછે, પણ તેમ નથી. દારૂહળદરમાંથી દૂધની સાથે સત્વ કહાડેછે તેને રસાંજન કહેછે, અને તે પણ આંખના વ્યાધિ ઉપર વપરાયછે.

સુરંજન—મ. સુરંજન.

ગુણ:—વાતહર, બીજા ગુણ "કોલચીકમ" ને મળતા આવેછે, અને તેને ઠેકાણે ગાઉટ તથા સંધિવા ઉપર અપાયછે. **માત્રા**:—૨૦થી ૩૦ ગ્રેન.

ભૂકી સાકર સાથે મેળવી અગર સોનામુખી સાથે દિવસમાં બે ત્રણ વખત લેવી.

સિંદૂર—મ. સિંદૂર. સં. સિંદૂરં "સીસું" જુઓ.

સીલાજીત—મ. સીલાજીત. સં શિલાજીત.

ગુણ:—પૌષ્ટિક, શીતળ.

ઉપયોગ:—પ્રમેહ, ઉનવા, મૂત્રાવરોધ, મૂત્ર ગાંઠ, પથરી, તાવ, પાંડુ, કરમ, હરસ, ધાતુક્ષય, નબળાઈ, તથા બરોળ ઉપર અપાયછે.

એક પ્રકારની માટી નેપાળમાં થાયછે, તેને શીલાજીત કહેછે. તે કાળારંગની છૂટી અથવા બંધાયલા ગાંગડાદાર હોયછે, અને દેખાવમાં ગુગળ જેવી હોયછે. તેમાં ફટકડી તથા બીજા ક્ષાર ભળેલા હોયછે. પાણીમાં નાંખવાથી તેના ગેડો ફૂટેછે. એક ગ્રંથમાં લખેછે કે પહાડના પથ્થરમાંથી એક જાતનું ઝરણ નીકળેછે તેને શિલાજીત કહેછે.

માત્રા:—૫ થી ૨૦ ગ્રેન.

સીંધાલુણ—મ. સૈંધવ. સં. સિંધવ. "મીઠું" જુઓ.

સુરમો—મ. સુરમા. સં. સૌવીરાંજન. "સીસુ"જુઓ.

સરકો—મ. સુરકા. સં. શૌક્તિકં. "એસેટમ" જુઓ.

સરકો ઘણી જાતનો થાયછે. સાકર, મધ, શેરડી, દ્રાક્ષ, તથા તાડીમાંથી નીકળેછે. અને તે કારણથી તે દ્રાક્ષનો સરકો, તાડીનો સરકો ઇત્યાદિ નામથી ઓળખાય છે, તે સ્વાદ તથા ખટાસને માટે વખણાયછે.

સુવા—મ. શેપા. સં. શતપુષ્પા. "એનીથી ફ્રુક્ટસ" જુઓ.

સુવાવડમાં સુવા ખાવાથી ધાવણ વધેછે.

સુરોખાર—મ. સોરાખાર. સં. સોરાક. "પોટાસ નાઇટ્રસ" જુઓ.

સુવર્ણમાક્ષીક—મ.સુવર્ણમાક્ષીક. સં.સુવર્ણમક્ષિક. ઈં.આયર્ન પરાયેટીઝ "લોખંડ" જુઓ.

સૂંઠ—મ. સુંઠ. સં. વિશ્વા. "જીંજર" જુઓ.

ગુણ:—દીપન, પાચન, ઉષ્ણ, વાતહર.

ઉપયોગ:—ચુંક, આફરો, અજીર્ણ, અગ્નિમાંદ્ય, મરડો, તાવ, તથા ઝાડા ઉપર અપાયછે. યોગગ્રાહ્ય તથા અનુપાન તરીકે બહુ દવાઓમાં આવેછે.

માત્રા:—૧૦ થી ૪૦ ગ્રેન.

સૂરણ—મ. સુરણ. સં. સુરણ.

સૂરણ દેશી દવામાં વિશેષે કરીને હરસ ઉપર અપાયછે અને બહુ ગુણકારી માનવામાં આવેછે, ઘણું કરી પાક અગર મોદકના રૂપમાં અપાયછે. જેમકે:—

લઘુસુરણ મોદક.

મરી...........૧ તોલો.	સૂરણ...........૮ તોલા.
સુંઠ.........૨ તોલા.	ગોળ...........૧૬ ,,
ચિત્રક.........૪ તોલા.	

ઉપરની સર્વે દવાને મિશ્ર કરીને ગોળીઓ કરવી.

માત્રા:—૧ તોલો. હરસ અને અજીર્ણ ઉપર અપાયછે.

સોનાગેરૂ—મ. સોનગેરૂ. સં. સુવર્ણગૈરિક.

ગુણ:—શીતળ.

માત્રા:—૧૫ થી ૩૦ ગ્રેન.

ઉપયોગ:—રતવા, કખવા, તથા ચાંદી ઉપર વાટીને ચોપડાયછે, તેની અંદર મુખ્ય લોખંડ તથા બીજી ધાતુઓ હોયછે. પરમીઆ તથા બીજાં દરદોમાં બીજી દવાઓની સાથે પીવામાં અપાયછે.

સોનામખી—મીઢીઆવળ. મ. સોનામખી સં. ભૂમિતનયા. "સોનાફોલીયા" જુઓ.

ગુણ:—રેચક.

સોનામુખી......૮ દ્રામ.　　સુંઠ......૨ દ્રામ.　　હીમજ......૨ દ્રામ.

ઉપરની દવાને મિશ્ર કરી ચુરણ કરવું.

માત્રા:—½ થી ૧ દ્રામ. ઝાડાની કબજીયત અને ત્વચારોગ ઉપર અપાયછે.

સોનું—મ. સોનેં. સં. સુવર્ણ.

ગુણ:—પૌષ્ટિક તથા બળ આપનાર દેશી દવામાં ગણાયછે. ચોખાસોનાના પાનાં ઘી, માખણ, અગર મધની સાથે અપાયછે. અડધાથી એક પાનાસુધી આપવું. તેમજ સોનાની ભષ્મ કરીને પણ અપાયછે.

સોનાનીભસ્મ.

બે ભાગ પારો અને એક ભાગ સોનું લીંબુના રસમાં ઘુંટી, તેને ત્રણ ભાગ ગંધક સાથે કુલડીમાં મુકીને બાળવું; અને એ પ્રમાણે ચૌદ વખત બાળવાથી ભષ્મ થાયછે.

સોનું મુખ્યત્વે ક્ષય ઉપર અપાયછે. મગજના વ્યાધિ, નબળાઈ તથા પુરૂષત્વ માટે પણ આપવામાં આવેછે.

સુવર્ણ વસંતમાલતી.

આ દવા ક્ષયને માટે બહુ પ્રખ્યાત છે.

સોનાનાંપાનાં.	૧ ભાગ.	મોતી	૨ ભાગ.
હીંગળોક.	૩ ભાગ.	મરી.	૪ ભાગ.
ખરેપર.	૮ ભાગ.		

ઉપરની સર્વે દવાને એકત્ર ઘુંટીને, માખણ તથા લીંબુનોરસ લઈ, જ્યાંસુધી સોનાનાં પરમાણુ અદ્રષ્ય થાય ત્યાં સુધી ઘુંટવું.

માત્રાઃ—૨ થી ૮ ગ્રેન. મધ તથા પીપર સાથે આપવી.

સોમલ—મ. સોમલ. સં. મલ્લ. "આર્સેનિક" જુઓ.

દેશી દવામાં સોમલની ત્રણ દવા વપરાય છે, એક સફેતસોમલ, જેને "શંખીઓ સોમલ" અને ઈંગ્રેજીમાં "વ્હાઈટ આર્સેનિક" કહેછે. તે હિંદુસ્તાનમાં થતો નથી, પણ ચીન, બ્રહ્મદેશ તથા ઇરાન તરફથી આવેછે. બીજો પીળો સોમલ અથવા "હડતાળ." ત્રીજો રાતો સોમલ અગર "મનશીલ." હરતાલ તથા મનશીળ આ દેશમાં થાયછે. ઔષધિમાં મુખ્યત્વે તાઢીઆ તાવ ઉપર આ દવાઓ અપાય છે, અને જ્વરાંકુશ, ચંદ્રેશ્વરરસ વગેરે માત્રાઓ તેના બનેછે. તે સિવાય સંધિવા, ત્વચારોગ તથા ગરમીના રોગ ઉપર અને પૌષ્ટિ માટે પણ સોમલ ખવડાવાયછે.

સોમલ
કાથો
ગુલાબજળ
એલચી
} કાથો અને એલચી સમભાગ તથા સોમલ અડધો ભાગ લઈ ગુલાબજળમાં ઘુંટીને બાજરીના દાણા જેવડી ગોળીઓ કરવી. સંધિવા, ત્વચારોગ તથા અજીર્ણ ઉપર અપાયછે.

હડતાળ તથા મનશીળ પણ કેટલીક માત્રા તથા લગાડવાના તેલ બનાવવાના કામમાં આવેછે. દાહક તરીકે કોઈ દરદને બાળવું હોય તેમાં તે નંખાયછે. કેશ કાઢવા સારૂ હડતાળ વપરાયછે. જેમકેઃ—

હરતાળ
શંખભસ્મ
} સમભાગ

મનશીળ. ½ ભાગ.

સાજીખાર. ૧ ,,

એ સર્વેને મિશ્ર કરી જ્યાંથી કેશ કાઢવા હોય ત્યાં તેમાં પાણી નાંખી એદવા લગાડવી.

સંચળ—મ. સંચળ. સં. સવર્ચલ. "મીઠું" જુઓ.

ગુણઃ—દીપન, પાચન, વાતહર.

ઉપયોગઃ—ચુંક, આફરો, ગુલ્મ વગેરે ઉપર અપાયછે. મીઠા ઉપર બેહેડાના પાણીમાં કેટલીક ક્રિયા કરવાથી સંચળ બનેછે.

માત્રાઃ—૧૦ થી ૪૦ ગ્રેન.

હરડે—મ. હરીતકી. સં. પથ્યા.

હરડે જેમ તાજી હોયછે તેમ વધારે ગુણ કરેછે. તેનાં બીજ કાઢી માત્ર છાલ દવામાં વપરાય છે.

ગુણ:—રેચક, શીતળ, શોધક.

ઉપયોગ:—તાવ, નેત્રરોગ, કુષ્ટ, ત્વચારોગ, વાત, કમળો, વિષમજ્વર, મૂત્રઘાત, ગ્રહણી, ખાંસી, કફ, બરોળ ઇત્યાદિ ઉપર અપાયછે. હરડે ત્રણ પ્રકારની થાયછે. એક મોટી થાયછે તેને હરડે અથવા મોટી હરડે કહેછે, તે બહુ ગુણકારી છે. લોહી સુધારવામાં સારીછે. તેની **માત્રા**:—૫ થી ૨૦ ગ્રેન.

બીજીનું કદ મધ્યમ હોયછે તેને હરડાં કહેછે. મોટી હરડેનું વજન તોલા ૨ થી ૫ સુધી હોયછે. હરડાંનું વજન તોલા એકથી અડધો હોયછે. તે ત્રિફળામાં નંખાય છે. ગુણ મોટી હરડેથી ઉતરતાછે.

માત્રા:—૨૦ થી ૬૦ ગ્રેન.

ત્રીજી નાના કદની હોયછે, તેને હીમજ કહેછે, અથવા બાળહરડે કહેછે. તે સાધારણ જુલાબ તથા ક્વાથમાં વપરાયછે. **માત્રા**:—½ થી ૨ ડ્રામ. હીમજને ઘી અથવા એરંડીયા તેલમાં તળીને સાકર સાથે લેવી, અથવા થોડી સુંઠ અને સિંધાલુણ મળવીને લેવી. હરડે દેશી દવામાં ઘણીજ ઉપયોગી ગણાયછે.

હરડેનો ક્વાથ.

હરડે.　　કડુ.　　ગરમાળો.　　આમળાં.

ઉપરની દરેક દવાનો ½ તોલો લઈ તેનો ક્વાથ કરી આપવો. તાવ, અજીર્ણ, અને ત્વચારોગ ઉપર અપાયછે.

હળદર—મ. હળદ. સં. નિશા.

હળદર ત્રણ જાતની થાયછે. હળદર, આંબાહળદર, અને દારૂહળદર. સાદીહળદર મશાલા તરીકે વપરાયછે. સળેખમ ઉપર તેની ધૂમાડી અપાય છે, તથા ઘણા ક્વાથ અને ચૂરણમાં નંખાયછે. આંબાહળદર વાગ્યા ઉપર ચોપડાયછે. દારૂ હળદરનું બયાન બીજે ઠેકાણે આપ્યું છે.

હડતાળ—મ. હરીતાલ સં. હરિતાલ. ઈં. ઓર્પિમેંટ. "સોમલ" જુઓ.

હીંગ—વઘારણી. મ. હીંગ. સં. હિંગુ. રામઠ "આસાફેટીડા" જુઓ.

ગુણ:—ઉષ્ણ અને વાતહર.

ઉપયોગ:—ચુંક તથા અજીર્ણ ઉપર અપાયછે. ચુંક ઉપર કાચી હીંગ ઘીની સાથે ગળાયછે. ઘણું કરીને હીંગને શેકીને વપરાયછે. શળેલા દાંતમાં હીંગ મૂકવાથી દરદ કમી થાયછે. વાયુ માટે હીંગ પેટ ઉપર ચોપડાય છે.

હીંગ.......૩૦ ગ્રેન	અજમો........૯૦ ગ્રેન
સુંઠ.......૬૦ ,,	બાદીયાન ......૬૦ ,,
પીપર......૬૦ ,,	

ઉપરની દવા મિશ્ર કરી તેમાંથી ૧૦ થી ૨૦ ગ્રેન લેઈએ તે પ્રમાણે લેવું.

હીંગાષ્ટક ચૂરણ.

શેકેલી હીંગ.	અજમો.	સુંઠ.
જીરૂં.	પીપર.	શહાજીરૂ.
મરી.	સિંધવ.	

ઉપરની દરેક દવા સમભાગે લેઈ ચુરણ કરવું. **માત્રાઃ**—૧૦ થી ૪૦ ગ્રેન.
ચુંક, અજીર્ણ, તથા મંદાગ્નિ, ઉપર આપવું.

હીંગળોક—મ. હીંગુળ સં. દરદ.

ગુણઃ—વૃષ્ય, શોધક, "પારો" જુઓ.

ઉપયોગઃ—ચાંદી, પરમો, કફ, ઝાડો, ગુલ્મ, તથા બરોળ ઉપર વપરાય છે. હીંગળોકમાં મુખ્ય ભાગ પારોછે અને તેપર તેના ગુણનો આધારછે. માત્રાઃ—$\frac{1}{4}$થી $\frac{1}{2}$ ગ્રેન.

હીરાકશી—મ. હીરાકસી સં. કાસીસ. "ફેરી સલફાસ" જુઓ.

હીરાદખણ—મ. હીરાદખણ.

ગુણઃ—ગ્રાહી, અને રક્તસ્તંભક છે. એ એક ઝાડનો ગુંદર છે.

ઉપયોગઃ—ઝાડો, મરડો, હરસનું લોહી, પેશાબ તથા ખાંશીનું લોહી, બંધ કરવાના ઉપયોગમાં આવેછે.

માત્રાઃ—૧૦ થી ૧૫ ગ્રેન.

હીરાદખણ.........૨ ડ્રામ.	ગુંદર........૧ ડ્રામ.
ગુલનાર ....૧ ,,	અફીણ......૮ ગ્રેન.

ઉપરની દવાને મિશ્ર કરી ચુરણ કરવું. તેની માત્રા ૧૦ થી ૧૫ ગ્રેન.

હીરાબોળ—મ. હીરાબોળ."મહર" જુઓ.

હંસરાજ કાળો—

કાળો હંસરાજ, રતવા, સંધિવા, તથા બીજા વાતરોગ ઉપર પીવાયછે તથા ચોપડાયછે.

व्याधि प्रकरण.

भाग ९ मो.

જ્વર.

(ફીવર.)

જ્વર, તાવ, તાપ, અથવા બુખાર, એ ઘણુંજ સાધારણ દરદછે, અને એનો થોડો ઘણો પણ અનુભવ નહિ હોય એવો કોઇકજ આદમી મળી આવશે. તાવના મુખ્ય બે પ્રકારછે, **૧ સ્વતંત્ર તાવ**, અને **૨ લાક્ષણીક તાવ.**

તાવ જાતેજ મૂળ રોગ હોઈ બહારના કારણથી ઉત્પન્ન થાયછે તથા શરીરના બીજા કોઈ રોગ ઉપર તેનો આધાર હોતો નથી તેને **સ્વતંત્ર તાવ** કહેછે. **લાક્ષણીક** તાવ એટલે શરીરમાં બીજો કાંઈ રોગ થઈ તેના એક લક્ષણની મિસાલે તાવ આવેછે તે. સ્વતંત્ર તાવનો દાખલો ટાઢીઓ તાવછે, તે પોતાની મેળે આવેછે. બીજા કોઈ રોગ ઉપર તેનો આધાર હોતો નથી. શરીરને જખમ થાય; ક્ષય થાય વગેરે બીજાં કેટલાંક દરદને લીધે તાવ આવેછે તે લાક્ષણિક તાવનો દાખલોછે. તેમાં તાવ પ્રધાન રોગ નથી, ફક્ત બીજા રોગનું એક લક્ષણ માત્રછે.

સ્વતંત્ર તાવનું ફક્ત અહીં બયાન કરવાની જરૂરછે. સ્વતંત્ર તાવના નીચે પ્રમાણે ભાગ પાડવામાં આવ્યાછે.

૧ જારી તાવ.
- (ક) સાદો હલકો તાવ.
- (ખ) "ટાઇફૉઇડ" નામનો તાવ.
- (ગ) "ટાઇફસ" નામનો તાવ.
- (ઘ) ઉલટતો તાવ

૨ ટાઢીઆ અથવા આંતરીઆ તાવ.
- (ક) દરરોજ ટાઢીઓ તાવ.
- (ખ) એકાંતરો અગર તરીઓ તાવ.
- (ગ) ચોથીઓ તાવ.
- (ઘ) અનીયમિત ટાઢીઓ તાવ.

૩ "રિમિટંટ ફીવર" (પિત્તજ્વર)

૪ ફૂટી નીકળતા તાવ.
- (ક) શીળી.
- (ખ) ઓરી, ગોવરૂ,
- (ગ) અછબડા.
- (ઘ) રાતો તાવ.
- (ન) ડેંગ્યુ, રંગીલું, લુબીઊ.
- (ચ) રતવા.
- (છ) મરકીનો તાવ.

જારી આવનાર તાવ એટલે જે તાવ એક ફેરી અંગમાં આવ્યા પછી એક સરખો જારી રહેછે તથા કેટલીક મુદત સૂધી ઉતરતો નથી. એ માંહેલા ટાઇફોઇડ તાવ મૂળ વિલાયત તરફના છે. પણ હાલના કાળમાં આ દેશને યૂરોપ સાથે ઘણો સંબંધ થયોછે તેથી આ દેશમાં એ કોઇ કોઈ વાર મળી આવેછે. ટાઢીઆ તાવ તથા પિત્તજ્વરનું પ્રબળ આપણા દેશમાં ઘણું જોવામાં આવેછે, તથા ફૂટી નીકળતા તાવ સર્વ મૂલક અને લોકને સરખા લાગુછે.

સાદો તાવ.

जारी आवनारा ताव.

(ક) સાદો તાવ.

(સીમ્પલફીવર)

સાદોતાવઃ—કોઈ વખત હલકો અને કોઈ વખત જોરથી આવેછે.

કારણઃ—સાદો હલકો જારી તાવ કેટલીકવાર હવાના ફેરફારથી, ઘણા શ્રમથી, તડકામાં ફરવાથી, ઘણી શરદી અગર થંડીથી અને એવાંજ બીજાં પરચુરણ કારણોથી આવેછે, અને એ ચાર અગર વખતે પાંચ દસ દિવસ ટકીને ઉતરી જાયછે.

ચિન્હઃ—તાવ આવવાનો થાય ત્યારે શરીર ઢીલું પડતું માલૂમ પડેછે, કાંઈ કામ કરવું ગમતું નથી, ભૂખ મંદ પડી જાયછે, કપાળ દુખેછે, વાંસામાં ફાટ થાયછે, અને વખતે જરા ટાઢ પણ લાગેછે, તથા કપડું ઓઢી સૂઇ રહેવાની ઇચ્છા થાયછે, બાદ થોડા વખતમાં ટાઢ જતી રહેછે. શરીરમાં તાવ ભરાયછે અને તે ઘણું ગરમ લાગેછે. મસ્તક દુઃખેછે, ચહેરો લાલ થઈ જાયછે, આંખમાં પાણી ભરાયછે, તથા બાફ નીકળતી હોય તેમ બળેછે, નાડી જલદ તથા જોરથી ચાલેછે. એક મિનિટમાં ૧૨૦ થી ૧૩૦ ધબકારા થાયછે. તરસ લાગેછે, તથા મોઢું સૂકું પડી જાયછે. જીભ સફેત તથા સૂકી જણાયછે. ઝાડો કબજ રહેછે, તથા પેશાબ થોડો અને લાલ રંગનો ઉતરેછે. જેમ જેમ વખત જાય છે તેમ તેમ શરીરમાં નબળાઇ વધેછે. શરીર બધુ દુખેછે. અન્ન ખવાતું નથી. ઉભા થતાં આંખે અંધારાં આવેછે; ઉબકો અગર ઉલટી થાય છે. રાતને વખતે વળી તાવ વધી આવેછે, તથા વખતે દરદી બડબડ કરે છે, સવારના પહોરમાં તાવ જરા હલકો પડી દરદીને નિદ્રા આવેછે. ત્રણ ચાર દિવસે આ સર્વ ચિન્હ ઓછાં થઈ ઘણો પરસેવો છુટી તાવ ઉતરી જાયછે. તાવ ઉતરતી વખતે ઘણું કરી પરસેવો છુટે છે. પણ કોઈ વખત નાકમાંથી અગર ઝાડામાં લોહી પડેછે, અગર ઝાડો થઈ જાયછે, અથવા હોઠ અને ચહેરા ઉપર સફેત ઝીણી ફોલ્લી થઈ આવેછે, જેને સાધારણ લોકો "બરો સુતરી ગયો" એમ કહેછે; અગર ઘણો પેશાબ ઉતરેછે. આ સર્વે તાવ ઉતરવાની નિશાની સમજવી. તાવ ઉતર્યા પછી શરીરમાં હળવે હળવે કૌવત આવેછે..

ચિકિત્સાઃ—આ તાવમાં વિશેષ ઓસડ કરવાની જરૂર નથી. ટાઢીઆ તાવ ઉપર ઉપચાર લખ્યોછે. તેને અનુસરીને આનો પણ ઇલાજ કરવો. હલકો જુલાબ આપવો. કાંજી વગેરે હલકો ખોરાક આપવો. સીડલીઝ પાઉડર આપવાથી ઝાડો ઉતરશે, તેમજ ઉલટી બંધ થશે, અને તરસ કમી થશે. ત્યારપછી ઘામ વળે એવી દવા આપવી.

નં. ૧. લાઇકર આમોની એસેટેટીસ	૧½	ઔંસ.
સુરોખાર	૩૦	ગ્રેન.
સ્પિરિટ ઓફ નાઇટ્રિક ઇથર	૧½	ડ્રામ.
કપૂરનું પાણી	૩	ઔંસ.
ટિંકચર એકોનાઈટ	૧૫	ટીપા.

ઉપરની દવા મિશ્ર કરી ૧½ ઔંસ દિવસમાં ત્રણ વખત પીવા આપવી. પેટ કબજ હોય તો તેમાં એક વખત એપસમસાલ્ટ નાખીને પાવું.

ઘામ એટલે પરસેવો વળે તેનો એક બીજો ઉપાય એ છેકે એક તપેલામાં પાણી ગરમ કરવું તથા તેમાં બે મૂઠી રાઈનો લોટ નાંખવો, અને સહન થઇ શકે તેવા ગરમ પાણીમાં પગ મૂકવા, તથા તેજ વખતે ગરમ ચા પીવી. દશેક મિનિટ પગ પાણીમાં રાખી, તેમાંથી કાઢી ખુબ લુછી નાંખી બીછાનામાં સુઈ શરીર ઊપર ગોદડાં અગર ગરમ કપડાં ઓઢી લેવાં એટલે ઘામ છુટશે. પરસેવો વળવા સારૂ ચાનો, દુધનો, અને પાણીનો બાફ પણ લેવામાં આવેછે.

નં. ૨. દ્રાક્ષ, હરડાં, ખડસલીયો પીત્તપાપડો, નાગરમોથ, કડુ, ગરમાળાનો ગોળ.

ઉપરની દરેક દવાનો પોણો તોલો લઈ કાઢો કરી અડધો સવારમાંને અડધો સાંજરે એ પ્રમાણે પીવા આપવો.

નં. ૩. ધાણા, દ્રાક્ષ, અરડુશી, ધમાસો, એ દરેકનો અકેક તોલો લઇ કવાથ કરી દરેરોજ સાંઝ સવાર પીવા આપવો.

નં. ૪. કરીઆતું, વાળો, કડુ, ગળો, અને નાગરમોથ એ દરેકનો અકેક તોલો લઈ કવાથ કરી સાંઝ સવાર પીવા આપવો.

(ખ) ટાઈફોઈડ ફીવર.

ટાઈફોઈડ ફીવર, એન્ટેરીક ફીવર (અથવા એકવીશ દિવસનો તાવ):—આ તાવ હાલમાં આ દેશમાં પ્રવેશ કર્યોછે અને યુરોપિયન તેમજ દેશી લોકને થતો જોવામાં આવે છે. આ તાવ નાની ઉમરના આદમી તથા બચ્ચાંને વિશેષ થતો જોવામાં આવેછે, અને ઘડપણમાં કવચિત થતો જણાય છે. આ તાવ ઘણો ભયંકર છે અને તેમાંથી ઘણાં મૃત્યુ નીપજે છે.

કારણ:—આ તાવનું કારણ એક પ્રકારની ઝેરી હવા છે, તે ગંદકી અને ગટર જેવી ગંધાતી જગામાં પેદા થાયછે. મળ મૂત્રાદિક વહેવાનાં તથા રહેવાનાં ઠેકાણાં, જ્યાં ઘણા લોકનો જમાવ થાય તથા હવા બગડેલી હોય ત્યાં આ તાવની ઉત્પત્તિ વધારે હોય છે. ગરીબ લોકને તેમજ શ્રીમંતને પણ આ રોગ થાયછે. જેને આ રોગ થયો હોય તેના મળમાંથી તેની ઉત્પતિ થવા જાસ્તી સંભવ રહેછે. કેટલેક દરજે આ રોગ ચેપીયોછે.

લક્ષણ:—કેટલીક વખતે આ તાવ ઉલટી અને ઝાડાથી શરૂ થઇને એકાએક આવેછે, પણ ઘણું કરી બીજા તાવોની માફક તે આસ્તે આસ્તે આવેછે. પહેલાં મન તથા શરીરને બેચેનપણું રહેછે. ફીકરમાં હોય તેમ ગાત્ર ઢીલાં થઈ જાયછે, અને પછી એકબે દિવસમાં જરા ટાઢ લાગેછે, મસ્તક દુખેછે, અરૂચિની સાથે જીભ ઉપર સફેતી આવેછે, હાથપગ દુખેછે, નાડી જલદ ચાલેછે, શરીર ચેતન રહીત થઈ પડી રહેવું ગમે છે, તથા શરીર ગરમ થઈ આવેછે. સાંજ અને રાતની વખતે શરીરની ગરમી વધી આવેછે, રાત્રે ઊંઘ આવતી નથી અને બિછાનું જાણે ગરમ લાગેછે. તૃષા ઘણી લાગે

છે તે શાંત થવી મુશ્કિલ પડેછે. પેટ ઉપર દાબવાથી દરદ થાયછે. પેશાબ થોડો તથા લાલ ઉતરેછે. દિવસે દિવસે નબળાઈ વધી પડેછે, ચહેરો ફરી જાયછે, આંખ ઊંડી ઉતરી જાયછે, જીભ અને હોઠ સૂકાવા માંડેછે, તથા ફાટી જાયછે, અને ઉપર કાળાં છોડાં વળી જાયછે. વખતે જીભ લાલરંગ ધારણ કરેછે. પેટમાં વિશેષ કરી જમણી બાજુએ પેડુના ભાગમાં દરદ જાસ્તી થાયછે. અને ઘણીવાર પાતળો ઝાડો ઉતરે છે. તાવ રાતની વખતે વધી તેની ગરમી ૧૦૪ ડીગ્રી સુધી થાયછે અને નાડી નરમ અને અનિયમિત થઈ ૧૨૦ થી ૧૪૦ વાર એકમિનિટમાં ધબકેછે. કોઈવાર પેશાબ બંધ થઈ જાયછે, અને ક્વચિત ઝાડોપણ કબજ રહેછે, પણ ઘણું કરી જુલાબ ઉતરેછે.

આ પ્રમાણે ચિન્હ દેખાય છે તે દરમિયાન બીજા અઠવાડીયાની શરૂઆતમાં એટલે તાવ આવ્યા પછી આઠમેથી દશમે દીવસે છાતી અગર પેટ ઉપર ગુલાબી રંગના નાના ગોળાકાર ડાઘ દેખાય છે. તેમને દાબવાથી તે અદૃશ્ય થઇ જાયછે, તથા ફરી થોડી વખતમાં દેખાય છે. બે ત્રણ દિવસમાં આ ડાઘ એક જગોએથી સમાઈ જઇ બીજે ઠેકાણે પેદા થાયછે. આ પ્રમાણે તાવ રહે ત્યાં સુધી એક ઠેકાણેથી બીજા ભાગમાં આવા ડાઘ થાયછે, અને મટેછે. કવચિત આવા ડાઘ બિલકુલ જોવામાં આવતા નથી. આ સિવાય બીજા અઠવાડીઆમાં નબળાઇ અતિશય વધી પડેછે. પ્રલાદ એટલે જ્વરભ્રમ થાયછે અને ઘણીજ ગ્લાનિ જણાયછે. જ્વરભ્રમ સાથે દરદી તોફાન પણ કરેછે. કાનમાં અવાજ થાયછે, આંખે અંધારાં આવેછે, કુલા અને પીઠ ઉપર ભાઠાં પડી જાયછે. દરદી લવારો ન કરતાં વખતે ગાફલ થઈને શુંઢમુંઢ પડી રહેછે. હેડકી આવેછે અને પેટ પણ જાણે ફુલેલું હોય એમ દેખાય છે. પેટમાં જમણી બાજુએ દાબતાં દુખે છે તથા ગડગડ અવાજ થાયછે. બીજુ અઠવાડીયુ પૂરૂં થાય એટલામાં ઝાડો થઈ આવેછે. ઝાડો દિવસમાં પાંચ દસ વખત દાળનાં છોતરાં જેવો ઉતરેછે, કોઈ વાર તેમાં ઘણું લોહી પડેછે. ઝાડો સ્વભાવિક આમ્લ હોય છે, પણ આ દરદમાં તે આમ્લવિરૂધ (આલ્કલાઇન) ઉતરેછે.

આ તાવની અંદર આંતરડાંમાં કેટલાક પિંડ છે તેનો સોજો થઇ આવી, ચાંદાં પડી જાયછે, અને તે સડી જાયછે. તેથી ઝાડો થઈ આવેછે તથા લોહી પડેછે. કોઇ વાર આ ચાંદાં ઊંડાં જવાથી આંતરડું ફૂટે તો મૃત્યુ નીપજેછે. તેમજ ઘણું લોહી પડવાથી, અતિ નબળાઇ આવવાથી, ફેફસાં વગેરે બગડવાથી, પણ મૃત્યુ નીપજે છે. આ દરદમાંથી મૃત્યુ ઘણીવાર ત્રીજા અઠવાડીઆમાં નીપજેછે. ત્રીજુ અઠવાડીયુ પુરૂં થાય છે એટલે આ તાવ તથા તેનાં બીજાં સર્વ ચિન્હ ઓછાં થવા માંડેછે. કેટલીકવાર એક મહિના સુધી પણ પહોંચેછે. આરામ થયા પછી પણ કેટલાકને કાન બહેરા રહેછે, બોલવામાં જીભ અટકેછે, અગર હાથ પગને કાંઇ ખોડ રહી જાયછે.

ઉપાયઃ—આ રોગ ઉપર કાંઈ ચોકસ દવા નથી. જે જે ચિન્હ ઉત્પન્ન થાય તેને અનુસરીને ઉપાય કરવા. ખોરાક હલકો દૂધનો આપવો; જુલાબ આપવો નહિ અને

જરૂર પડે તો થોડું એરંડીયેલ તેલ આપવું. પહેલાં પરસેવો વળે તથા તાવ કમી થાય એવી દવા આપવી.

નં. ૧. ડાઇલ્યુટ સલ્ફ્યુરિક આસિડ....................૪૦ ટીપાં.
વછનાગનો અર્ક................................૧૨ ,,
ક્વિનાઇન....................................૧૦ ગ્રેન.
પાણી.......................................૩ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી $\frac{1}{3}$ ભાગ દિવસમાં ત્રણ વખત પાવાથી તાવ રોકાશે તથા ઝાડો અટકશે. નીચેની દવા પણ ફાયદા કારક છે.

નં. ૨. સલફ્યુરસ આસિડ ......ડ્રામ ૧$\frac{1}{2}$ — ટિંકચર આવ ઓપીયમ . ટીપાં ૨૦
સલફ્યુરીક આસિડ ડાઇલ્યુટ ડ્રામ ૧ — શરબત .... ઔંસ ૧
પાણી .... ઔંસ ૨

મિશ્ર કરી $\frac{1}{3}$ દિવસમાં ત્રણ વખત પાવો. ઝાડામાં લોહી પડતું હોય તો તેના સાથે ગ્યાલિક આસિડ એક ડ્રામ મેળવવો અગર એક્સ્ટ્રાક્ટ આફ અગરટ બે ડ્રામ મેળવવું.

નં. ૩. કાર્બાલિક ગ્લિસરીન ....ટીપાં ૨૦
પોટાસા ક્લોરાસ ....ગ્રેન ૪૦
ડીલ્યુટ હાઈડ્રોક્લોરિક આસિડ ......ટીપાં ૨૦
પાણી ....ઔંસ ૩
મિશ્ર કરી $\frac{1}{3}$ ત્રણ વખત દિવસમાં પાવું.

તાવ ધીમો આવતો હોય ત્યારે થોડા દિવસ ક્વિનાઇન વાપરી જોવું. તરસ લાગે તેને વાસ્તે સોડાવોટર વગેરે દવા આપવી. દરદીને સારી જગામાં રાખવો. હવાનો ખુલાસો રાખવો, દરદીને ગંદી જગામાં રેહવા દેવો નહી. ઝાડો ઉતરે તે કોઇ જગાએ દાટી દેવો. ઘણો ઝાડો થાય તો તેને વાસ્તે ઝાડા તથા મરડાના પ્રકરણમાં જે બંધ કરવાની દવાઓ આપીછે તેમાંથી વિચારીને કરવી.

નં. ૪. અફીણનો અર્ક..........................૨૦ ટીપાં.
ટરપેનટાઇન તેલ ....૩૦ ,,
બિસ્મથ સબનાઇટ્રસ ....૬૦ ગ્રેન.
ઇસબગોળનું પાણી .... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરીને દિવસમાં ત્રણ વખત પાવાથી ઝાડો લોહી અટકશે. તાવની ગરમી ને કમી કરવા સારૂ દરદીને થોડો વખત થંડા પાણીમાં બેસાડવામાં આવેછે, અથવા સરકાનુ પાણી વાદળીથી તેના બદન ઉપર લગાડવામાં આવેછે. ઘણી નબળાઈ હોય તો સારો ખોરાક તથા બ્રાંડી, પોર્ટવાઇન વગેરે આપવાં. ડાકટર મોફાટ કહેછે કે એકલું ટરપેનટાઈનનું તેલ આપવાથી સારો ફાયદો થાયછે.

નં. ૫. ટરપેનટાઇનનું તેલ..........................૬૦ ટીપાં.
ગુંદનું પાણી ....૪ ડ્રામ.
પાણી.......................................૩ ઔંસ.

ઉપરની દવા મિશ્રકરી $\frac{1}{3}$ ભાગ દિવસમાં ત્રણ વખત આપવી.

(ગ) ટાઈફસ ફીવર.

ટાઈફસ ફીવર અથવા ચૌદ દિવસનો તાવ આપણા દેશમાં થોડોજ જોવામાં આવેછે. તેનાં ચિન્હ ઘણાંક ટાઇફાઈડ ફીવરના જેવાંજ હોયછે, અને તેથીજ તે બેઉ તાવને એકજ ગણવામાં આવતા હતા, પણ હાલમાં જુદા પાડવામાં આવ્યા છે. આ બેઉ તાવ ઘણે દરજે મળતા આવેછે માટે અહી જુદું બયાન ન આપતાં તેમની વચે શો તફાવતછે તેજ દેખાડવું બસ છે.

૧ લું. ટાઇફસમાં ચાર પાંચ દિવસમાં ઓરીની માફક શરીર ઉપર દાણા ફૂટી નીકળેછે. દાણા એકવાર નીકળ્યા પછી તાવ ઉતરે ત્યાં સુધી તેમજ રહેછે. ત્વચા કાળાસ મારેછે. ટાઈફાઇડમાં દાણા ગુલાબી રંગના અને થોડા તથા આઠ દસ દિવશે દેખાવ આપેછે, તે થઇને પાછા મટી જાય તથા બીજે ઠેકાણે થાય, એ પ્રમાણે થયા કરેછે.

૨ જું. ટાઇફસમાં ઝાડો થઈ આવતો નથી તથા ઝાડામાં લોહી જોવામાં આવતું નથી. ટાઇફાઈડમાં ઘણું કરી જુલાબ ઉતરેછે અને તેમાં ઘણીવાર લોહી પડેછે.

૩ જું. ટાઇફસની મુદત બેથી ત્રણ અઠવાડીયાની હોયછે. ટાઇફાઇડની મુદત ત્રણથી ચાર અઠવાડીયાંની હોયછે.

૪ થું. ટાઇફસમાં સવારમાં ગરમી વધારે હોયછે અને ટાઇફાઇડમાં સાંજની વખતે ગરમી વધારે જણાય છે.

૫ મું. ટાઇફાઇડ તાવ મળ મૂત્રાદિ ગંદવાડને લીધે થાયછે અને ટાઇફસ ઘણું કરી ઘણા લોકોનો જમાવ થવાના કારણથી થાયછે. ઘર ઘણા ગીચોગીચ, તથા ગરીબ ભૂખે મરતા લોકોનો જમાવ હોય ત્યાં આ રોગ થાયછે.

આ બેઉ તાવને ચેપી ગણવામાં આવેછે.

ટાઇફસ ફીવરમાં મૂળથીજ દરદીનાં ગાત્ર ગળી જાયછે અને નબળાઇ એટલીતો વરતાયછે કે દરદીથી બિછાનામાં પાસુ પણ ફેરવી શકાતું નથી.

ઉપાયઃ—ટાઇફસ ફીવરના ઉપાય પણ ટાઇફાઇડ ફીવરની માફકજ કરવામાં આવે છે. પૌષ્ટિક અને ગરમ દવાની જરૂર વિશેષ રહે છે. ટાઈફસમાં ઝાડાની ધાસ્તી હોતી નથી. શરૂઆતથીજ અતિશય અશક્તિ માલૂમ પડેછે. નાઈટ્રોમ્યુરિયાટિક, સલફ્યુરિક અગર ફાસફૅારિક આસિડનાં દશ ટીપાં પાણી સાથે ચાર ચાર કલાકે આપવાં. ઝાડો કબજ હોય તો હલકો જુલાબ આપવો,

નં. ૧. ડિલ્યુટ હાઇડ્રોક્લોરિક આસિડ ....૨૦ ટીપાં.
,, નાઇટ્રિક આસિડ ....૧૦ ,,
ક્વિનાઈન................................૧૦ ગ્રેન.
ટિંક્ચર ડીજીટેલીસ. ....૩૦ ટીપાં.
ક્લીયાસોટ મિક્ષ્ચર .... ૩ ઑંસ.

એ મીશ્ર કરી ½ દર ચાર કલાકે આપવું. સારો પૌષ્ટિક ખોરાક આપતા રહેવું. બ્રાંડી

અગર વાઈનની જરૂરીયાત શરૂઆતમાંથીજ પડેછે. પાશેર દુધમાં એક ચમચો શાકરવાળા ચુનાનું પાણી નાંખી તે દીવસમાં ચાર પાંચ વખત પીવા આપવું.

ટાઈફસ ફીવરમાં પણ તાવની ગરમી સખત હોયછે તે કમી કરવા સારૂ ક્વિનાઈન, બ્રોમાઇડ આવ પોટાસ, મુત્રલ તથા સ્વેદન ઔષધો આપવાં. તે શીવાય શરીરપર સુરકાવાળુ પાણી લગાડવું અથવા થંડા પાણીમાં દરદીને બેસાડવો.

ટાઈફસ તથા ટાઈફાઈડ બેઉ તાવ ચેપીયાછે માટે દરદીની આસપાસ અગત્યના માણસોએજ રહેવું. મોટા વિશાળ ઓરડામાં દરદીને રાખવો. તેમાં પવન છુટથી આવવો જવો જોઇએ. દરદીનો ઝાડો વીગેરે થાય તે સંભાળથી દાટવો. તેમાં ચુનો, કોલસા, હીરાકશી, કોંડીઝ ફ્લ્યુઈડ કે એવી બીજી દોષઘ્ન ચીજ મેળવીને તેને દાટવાં. દરદીના કપડાં વીગેરે હોય તે પણ અલગ રાખી તેવી ચીજોમાં બોળીને ધોવડાવવાં.

(ઘ) ઉલટતો તાવ.

ઉલટતો તાવ જેને વળી દુષ્કાળ તાવ પણ કહેછે, તે એક પ્રકારનો ખાસ જ્વરછે અને તેનો આધાર એક ખાસ વિષ ઉપરછે.

આ તાવ બહુ ચેપીછે અને જેને થાય તેની આસપાસ રેહેનારા બીજા લોકોને પણ તે જ્વર ઉડેછે. લોકોના સમાગમથી આ તાવ ફેલાયછે. થોડા વરસ ઉપર મુંબઇ ઇલાકામાં દુષ્કાળ પડ્યો ત્યારે મુંબઇ વીગેરે ઠેકાણે આ તાવનું પ્રબળ જોવામાં આવ્યું હતું. “સ્પીરીલમ્” નામના એક સૂક્ષ્મ જંતુ ઉપર આ તાવનો આધારછે એમ સિદ્ધ કરવામાં આવ્યુંછે. જ્યારે તાવ શરીરમાં ભરાયછે ત્યારે આ સ્પીરલમ તે દરદીના લોહીમાં સૂક્ષ્મ દર્શક યંત્રથી માલમ પડેછે.

દુષ્કાળ, ગંદકી, કંગાલતા અને લોકના ઘણા સમુદાયને લીધે આ જ્વરનું વિષ ઉત્પન્ન થાયછે.

ચિન્હઃ—એકાએક ટાઢવાઇને આ જ્વર શરૂ થાયછે. તેની સાથે બહુ તરશ લાગેછે, નાડી જલદ ચાલેછે, ચેહેરો લાલ થાયછે, ફેર આવેછે અને અતિશય મસ્તક દુખેછે, ઉલટી અને ઉબકો થાયછે. ઉલટીમાં પીત્ત પડેછે, કલેજામાં દુખેછે, જીભ ઉપર સફેત અથવા પીળી છારી વળેછે, ગળુ આવી જાયછે, દસ્ત કબજ રહેછે, તાવમાં પરસેવો પણ છુટેછે તથાપી તાવની ગરમી કમી થતી નથી. દરદીનો દેખાવ ચમત્કારીક થઈ જાયછે. આંખો ઊંડી ઉતરી જાયછે અને તેની આસપાસ કાળી પરીધી બંધાયછે. કોઇવાર કમળો થઇ આવેછે, કોઇવાર ત્વચા ઉપર ફોડકીયો ફુટી નીકળેછે.

નાડી ૧૦૦ થી ૧૪૦ સુધી ચડી જાયછે. ગરમી પેહેલા ચારપાંચ દિવસ વધતી જાયછે, અને તે ૧૦૪ થી ૧૦૬ ડીગ્રી પર્યંત પહોંચેછે. પેશાબ બીજા તાવની માફક લાલ ઉતરેછે. મસ્તકનો દુખાવો જારી રેહેછે. પણ જ્વરભ્રમ ક્વચીત જોવામાં આવેછે.

આ પ્રમાણે તાવ પાંચથી સાત દિવસ રહી ઉતરી જાયછે. તાવ ઉતરતી વખત બે સુમાર પરસેવો છુટેછે. કોઈ વાર ઝાડો થઈ જાયછે, અથવા નાકમાંથી લોહી પડે છે.

ક્વચીત તાવ છેક ઉતરતો નથી. અને ક્વચીત સાંધા બહુજ દુખે છે. ઘણું કરી ૧૪ મે દિવસ તાવ ઉથલો મારેછે. એટલે ફરી આવેછે. ૧૨ મેથી ૧૭ મા દિવસમાં કોઈ પણ દિવસે તાવ ઉલટેછે.

તાવ ફરી આવેછે ત્યારે ફરીથી પ્રથમનાં બધાં ચિન્હ જણાયછે આ ફરીનો તાવ ચારપાંચ દિવસ રહીને ઉતરી જાયછે. આ રીતે એક બે અગર વધારે વાર તાવ ઉલટે છે અને છેવટ બંધ પડેછે. તેમાંથી બહુ નબળાઈ, ઝાડો, મરડો, કમળો, મુત્ર નષ્ટતા, સનેપાત, વીગેરે કારણને લીધે કેટલીક વાર મૃત્યુ નીપજે છે.

ઈલાજ:—તાવના વખતમાં મૂત્રલ અને સ્વેદલ ઔષધ આપવાં. દસ્ત સાફ ઉતરવા માટે જુલાબ આપવો. અફીણથી ઉલટી અને મસ્તકના દુખાવાને ફાયદો થાયછે. ક્લોરલ હાયડ્રેટ આપવાથી નિદ્રા આવેછે. સારો ખોરાક અને ઉષ્ણ ઔષધીની જરૂરછે કારણ કે તાવમાં બહુ નબળાઈ થતી આવેછે. તાવ ઉતરે ત્યારે ક્વીનાઈન આપવું.

તાઢીઓ તાવ.

(એગ્યુ ફીવર)

ટાઢીઆતાવનો મરજ આ મૂલકમાં બહુ સાધારણ છે. ઘણા થંડા દેશમાં તેમજ ગરમ દેશમાં પણ આ રોગ જોવામાં આવેછે. ટાઢીઆતાવની મોટી ખૂબી એ છે કે તાવ અમુક વખતે આવતો હોયતો ફરી તેજ વખતે આવેછે. આ તાવની મુખ્ય ત્રણ જાતછે. ૧ નિત્યતાવ, ૨ એકાંતરો અથવા તરીઓતાવ, અને ૩ ચોથાંત્રો અથવા ચોથીઓતાવ,

નિત્યતાવ—એટલે જે તાવ દરરોજ નિયમસર અમુક વખતે આવેછે તે. **તરીઓતાવ** એકેક દિવસને અંતરે આવેછે. જો આજ તાવ આવેતો પાછો આવતી કાલે નહિ પણ પરમ દિવસે આવેછે. **ચોથીઓતાવ** બે દિવસને અંતરે આવેછે. નિત્યતાવ ચોવીસ કલાકને અંતરે આવેછે. તરીઓતાવ અડતાળીસ કલાકને અંતરે આવેછે, તથા ચોથીઓ તાવ બહોતેર કલાકને અંતરે આવેછે. આ સિવાય તાઢીઓતાવ **અનિયમિત** રીતે પણ આવેછે. પાંચ સાત દિવસને અંતરે એકાદ દિવસ આવેછે અથવા કેટલીકવાર પૂનમ અને અમાસના સુમારમાં એક બે દિવસ તાવ આવેછે. ઘણું કરી ટાઢીઓતાવ જૂનો થયા પછી આ પ્રમાણે અનિયમિતપણું ધારણ કરેછે.

કારણ:—ટાઢીઆ તાવનું મૂળ કારણ "માલેરિયા" નામની એક હવા છે, તે શરીરમાં પ્રવેશ કરેછે તેથી કેટલી મુદ્દત પછી તાવ પ્રગટ થાયછે. આ હવા ઘણું કરી ઘણાં ઝાડ અને જંગલ હોય ત્યાં વિશેષ ઉત્પન્ન થાયછે. વળી જે જગો નીચાણમાં હોય, જ્યાં ચોમાસાનું થોડું ઘણું ગંદુ પાણી ભરાઈ રહેછે તથા તેમાં ઝાડ પાલો સડેછે અને ગંધાય છે તથા વરસાદ વીત્યા પછી સૂકાવા માંડેછે, તે ઠેકાણાની આસપાસ તાવનું જોર માલુમ પડેછે. જે દેશમાં ઝાડી ઘણી હોય ત્યાં તાવ વધારે અને ઘણું કરી ચોમાસું જતાં ઠંડીના દિવસમાં તેનું પ્રબળ જાસ્તી જોવામાં આવેછે. પૂર્વ તથા ઉત્તર દિશાનો પવન

આ તાવને અનુકૂળ હોયછે. દિવસના કરતાં રાતના થંડા પહોરે જે લોક જમીન ઉપર સૂવેછે તેના ઉપર આ મલેરિયાનો અમલ જલદી બેસેછે. અયોગ્ય ખોરાક, ઘણી મેહેનત, તથા થાક અને રાતની મુસાફરી આ તાવને પ્રગટ થવામાં અનુકૂળ પડેછે. કેટલાક પ્રાંતમાં તાવનું જોર બારે માસ જોવામાં આવેછે અને કેટલેક ઠેકાણે ફક્ત ચોમાસા પછી થોડો વખત જોવામાં આવેછે. તાવવાળા પ્રાંતમાં લોકો બળહીન હોયછે તથા ઘણાના ચેહેરા ફીકા અને નિસ્તેજ માલૂમ પડેછે. જે આદમીને ટાઢીઓ તાવ પહેલોજ આવેછે તેને ઘણુંકરી જોરથી આવે છે તથા જેને વારંવાર આવેછે તેના તાવનું વધારે જોર જણાતું નથી. જેને એ તાવ એકવાર આવ્યો તેના ઉપર તેનો અમલ ફરીથી જલદી બેશીશકેછે એટલે જેને એકવાર એ તાવ આવ્યો તે આદમી બીજા સારા આદમી કરતાં એ તાવ ફરી આવવાને માટે વધારે યોગ્ય થઈ પડેછે. વળી આ તાવની એવી પણ એક ખાસિયતછે કે એક વખત કાંઈ ઓસડવેસડથી અથવા ઘસાઇને એ તાવ જતો રહેછે, તથાપિ કેટલીકવાર ફરી ઉથલો મારેછે. આ ખાશિયત નિત્ય તાવ કરતાં તરીયા તાવની વિશેષ હોયછે, તથા તરીઆ કરતાં ચોથીઆની વિશેષ હોયછે. તરીઓ તથા ચોથીઓ તાવતો કોઈ કોઇને કેટલાક મહીના અને વરસ સુધી પીડા આપેછે. કેટલીકવાર વચમાં મહીનો પંદર દિવસ ગુપ્ત થઇ જઈ ફરી પાછો આવવા માંડેછે. જે દેશમાં ઘણો "મલેરિયા" ત્યાં નિત્ય તાવનું પ્રબળ વધારે અને જ્યાં થોડો મલેરિયા ત્યાં નિત્ય તાવ થોડો તથા તરીઓ અને ચોથીઓ તાવ વધારે જોવામાં આવેછે. એકાદ વરસના નાના બાળકથી તે ઘણા જઈફ આદમીને પણ ટાઢીઓ તાવ આવેછે.

ચિન્હઃ—આ જવરનાં ચિન્હ ત્રણ પ્રકારનાં હોયછે. પહેલાં ટાઢ ચઢી આવેછે, પછી તાવ ભરાઈ આવેછે, અને છેવટે પરસેવો વળેછે.

તાવ આવવા પહેલાં કેટલીકવાર તેનાં પૂર્વ લક્ષણ માલૂમ પડેછે; જેમકે અંગ ભાંગે છે, બગાસાં આવેછે, બેચેનપણું રહેછે, કમર તૂટી પડેછે, બેસવું અગર કામ કરવું ઠીક પડતું નથી પણ પડી રહેવાની ઇચ્છા થાયછે. કેટલીકવાર આવાં પૂર્વ લક્ષણ સિવાય તાવ એકાએક આવેછે. પહેલાં થોડી ટાઢ વાયછે તેથી દરદી કાંઈ ઓઢીને પડેછે એટલામાં ટાઢનો જોસ્સો વધી આવેછે. હાથ પગ વાળીને આદમી પડેછે. તેનાપર એકપર એક ગોદડાં ઓઢાડવામાં આવેછે. તેને બીજાં માણસો દાબીને પકડી રાખેછે તે છતાં થંડી કમી થતી નથી. ઉલટો દરદી અંદરથી ધ્રુજેછે અને હડબડેછે તથા તેનો પલંગ અને સાહ્ય કરનારે માણસો પણ હાલેછે. રૂવાટાં ઉભાં થાયછે, મોઢેથી સુસવાટી નીકળેછે, દાંત કડકડેછે તથા ચહેરો ઉતરી જાયછે અને ફીકરમંદ લાગેછે. કોઇને આવી સખ્ત ટાઢ ન આવતાં થોડી આવેછે તથા એકાદ ગોદડું ઓઢવાથી તેનો બચાવ થઈ શકેછે. આ પ્રમાણે ટાઢ અડધા કલાકથી તે ત્રણ ચાર કલાક સૂધી રહી શમી જાયછે અને પછી ગરમીનું જોર જણાયછે. આ વખતે ઉપરથીતો ટાઢ તથા થંડી જણાયછે, તોપણ તે વખતેજ તે આદમીની ગરમી સ્વભાવિક શરીરની ગરમી કરતાં એક બે અંશ જાસ્તી હોયછે.

ટાઢ કમી થવા માડેછે તેમ ગરમી વધતી જાયછે, અને તાવના ભરે જોસમાંતો

૧૦૪ ઓંસસુધી અગર તેથીપણ જાસ્તી થઈ જાયછે. થંડી કમી થાયછે એટલે દરદી ઓઢેલાં વસ્ત્ર દૂર કરતો જાયછે. પ્રથમ મોઢું બહાર કાઢેછે અને છેવટ આતસને લીધે કાંઇપણ વસ્ત્ર આંગ ઉપર તેને પસંદ આવતું નથી. શરીરની ત્વચા રૂક્ષ (કોરી) તથા ગરમ લાગેછે. કોઇને આખા શરીરમાં ઘણો દાહ થાયછે. આંખો બળેછે, અને કપાળ દુખેછે. કેટલાકને તો માથું નીકળી પડેછે તથા ગરમીને લીધે સ્થિર પડી રહેવું ગમતું નથી, અને બીછાનામાં આમથી તેમ પડખાં ફેરવ્યાં કરેછે. નાડી મહોટી તથા જલદી ચાલેછે, શ્વાસોશ્વાસ પણ તિવ્ર ચાલેછે, તરસ ઘણી લાગેછે. વખતે મોઢામાં અમી પણ રહેતી નથી અને વારંવાર પાણી કે બીજી પ્રવાહી પીવાથીપણ તૃષાની શાંતિ થતી નથી. પેશાબ થોડો લાલ, તથા બહુ ક્ષાર ભરેલો ઉતરેછે, ઉબકો આવેછે તથા ઉલટી થાય છે. તાવમાં કોઇને ભ્રમ થાયછે તથા કોઈ બકેછે. કોઈ ઉઠીને નાસેછે તથા તોફાન પણ કરેછે. ચિત્ત ઠેકાણે રહેતું નથી અને હજારો અયોગ્ય વિચારોમાં મન ભમેછે. કાખની અંદર ઉષ્ણતા માપક યંત્ર મૂકવાથી તાવની ઉષ્ણતા જણાઈ આવશે.

આ પ્રમાણે ત્રણચારથી તે દસબાર કલાકસુધી આવો તાવ રહી છેવટ પરસેવો વળી તાવ ઉતરી જાયછે. પહેલાં કપાળ તથા ચહેરા અને છાતી ઉપર સ્વેદ વળેછે અને પછી આખા અંગમાંથી પાણીનાં ટીપાં અને ધાર છૂટેછે. ગરમી ઘટી જાય છે, નાડી તથા શ્વાસોશ્વાસ ઢીલાં પડી સ્વભાવિક સ્થિતિને પહોંચેછે, તથા એકંદર પછી કાંઇજ દરદ નહોય એવી હુશિયારી આવેછે. પણ જો તાવ ઘણા દિવસનો હોય તો તાવ ઉતર્યા પછી પણ ઘણી નબળાઈ રહેછે.

તાવમાં કોઇને ઘણી ઉલટી થાયછે, કોઇનું મસ્તક ઘણું દુખેછે, કોઇને હાથપગ તથા વાંસામાં ફાટ ઘણી થાયછે અને કોઇને ઘણો લવારો થાયછે.

તાવ ઉતર્યા પછીપણ મોઢું બેસ્વાદ થઈ જાયછે, અને ખાવાપર અભાવો થઇ અનાજને જોઈ ઉબકો આવેછે, ઝાડો કબજ રહેછે, તથા જઠરાગ્નિ મંદ પડી જાયછે.

ઉપર જે ચિન્હ કહ્યાં તે બરાબર નિયમસર તાવ આવેછે તેને લાગુ પડેછે. તેમાં કેટલાક અપવાદ અને ફેરફાર માલુમ પડેછે. ઉપર જે ત્રણ પ્રકારનાં ચિન્હ કહ્યાં તે કોઇવાર બેવડાં થાયછે, એટલે નિત્ય તાવમાં ચોવીસકલાકમાં એકવાર આ પ્રમાણે ટાઢ, તાવ, ને પરસેવો આવવાં જોઇએ તેને બદલે બેવાર એ પ્રમાણે બનાવ બનેછે. એકવાર તાવ ઉતરી જઈ ફરીથી ટાઢ અને તાવ ભરાઈ આવી ઉતરી જાયછે. તેમજ તરીયાતાવમાં ત્રીજે દિવસ એકવાર તાવ આવી ઉતરી જઈ ફરી તેજ દિવસે હુમલો કરેછે, અને તેજ રીતે ચોથીઆતાવને વિશે પણ સમજવું. આવા તાવને "ડબલ" એવું વિશેષણ ઇંગ્રેજીમાં આપ્યુંછે, એટલે બેવડોનિત્ય, બેવડોતરીઓ, અને બેવડોચોથીઓતાવ એમ કહેવાયછે. આવો બેવડોતાવ કવચિતજ જોવામાં આવેછે.

વળી જે ત્રણ પ્રકારનાં ચિન્હ કહ્યાં તેમાં કેટલીકવાર એકાદ જાતના ચિન્હનું જોર વધારે જોવામાં આવેછે, અને એકાદ જાતનાં ચિન્હ થોડાં અથવા બિલકુલ જોવામાં આવતાં નથી. કોઇવાર તાવ ચોવીસકલાક સુધી ટકેછે. કોઇવાર ટાઢ આવ્યા શિવાય તાવ

ભરાયછે, અથવા પરસેવો વળ્યા સિવાય ઉતરી જાયછે. કોઈવાર ટાઢ આવી ન આવી તાવ જરાતરા ભરાયછે ને પરસેવાના શેદેશેદ વળ્યા કરેછે.

એમ ધારી શકાયછે કે "મલેરિયા" નામનું ઘણું ઝેર શરીરમાં પ્રવેશ કરેતો તેને લીધે પિત્તજ્વર પ્રગટ થાયછે, તથા કમી હોયતો ટાઢીઓતાવ ઉત્પન્ન થાયછે. તેમાં પણ નિત્ય તાવ કરતાં તરીઆમાં મલેરિયા થોડો તથા તરીઆ કરતાં ચોથીઆમાં થોડો હોય છે. આપણામાં નિત્ય તાવ કરતાંપણ તરીઆ તથા ચોથીઆનો ભય લોકો વધારે રાખે છે, પણ તેમ માનવું એ ભૂલ ભરેલુંછે. કોઈવાર નિત્ય તાવ કમી પડી તેને બદલે તરીઓતાવ આવવા લાગેછે અને તરીઓ કમી પડી ચોથીઓપણ તેનોજ થાયછે. તેમજ વળી ચોથીઓતાવ આવતો હોય અને તેનું જોર વધેતો તેનો તરીઓ થાય અને તેનો નિત્ય તાવપણ થઈ શકેછે, આવો ફેરફાર ક્વચિત જોવામાં આવેછે.

પરિણામ:—ફકત ટાઢીઆતાવમાંથી મૃત્યુ કોઇવાર નિપજે છે, એની સાથે બીજો મરજ ઉત્પન્ન થવાથી અગર દરદી ઘણો નબળો અને અશક્ત હોય તો મરણ પામે. ટાઢીઆતાવમાંથી પ્લીહોદર એટલે બરોલની ગાંઠ ઘણીવાર થાયછે. તાવ ઘણા દિવસ આવે અથવા ઘણો સખ્ત તાવ થોડી મુદત આવે તોપણ આ ગાંઠને ઉત્પન્ન કરેછે. આ ગાંઠ થવાની રીત નીચે પ્રમાણેછે. ઘણી ટાઢ આવે ત્યારે શરીરની ત્વચા તથા સપાટીનું રૂધિર અંદરના અવયવોમાં જાયછે અને તેમાં પ્લીહા જેને તાપતલી પણ કહે છે, અને જે પેટમાં એક સ્વાભાવિક અવયવછે, તે પોચો હોવાથી તેની અંદર વિશેષ રક્ત ભરાયછે, તેથી તેનું કદ વધેછે. ટાઢ ગયા પછી પાછું તેમાંથી લોહી નીકળી તેનું કદ કેટલેક દરજ્જે કમી થાય છે, પણ પહેલાંના કરતાં થોડું વધુ રહે છે. આ રીતે આસ્તે આસ્તે વધીને બરોળની ગાંઠ મોટી થઈ પડેછે. બરોળ સિવાય યકૃત તથા મૂત્રપિંડનેપણ આ તાવથી હાની પહોંચેછે. પ્લીહોદર સિવાય આ રોગનું બીજું ભયંકર પરિણામ પાંડુરોગ થાયછે. લોહી ધીમે ધીમે બગડતું જાયછે, તેના લાલ રજકણ કમી થઈ જાયછે અને રક્ત સફેત તથા પાતળું થઈ જાયછે એટલે પાંડુરોગનાં સર્વ લક્ષણ ઉદય પામેછે.

ઔષધોપાય:—ટાઢીઆતાવમાં જ્યારે પહેલી ટાઢ આવે ત્યારે ગરમકપડાં ઓઢવાં, ગરમ ચા પીવો, હાથપગને ગરમ પાણીથી ભરેલી બાટલીઓથી શેક કરવો, અથવા જરૂર પડેતો ગરમ પાણી અગર ગરમ હવાની બાફ લેવી.

ગરમ તાવ ચડી આવે એટલે અંગપરનાં ઘણાં વસ્ત્ર દૂર કરવાં જોઇએ, પંખાથી થોડો પવન ખાવો, અને અંગમાં ઘણી આતસ થતી હોયતો વાદળીવતે થંડુપાણી અંગપર લગાડવું. ઘામ વળે તેવી દવા પીવી. ઉલટી થાય અથવા તૃષા લાગે તો સોડાવાટર, લેમોનેડ, લીંબુનું, દ્રાક્ષનું અથવા દાડમનું શરબત પીવું. ઘામ વળવા માંડે એટલે પવન બંધ કરવો તથા અંગપર વસ્ત્ર રાખી પરસેવો વળવા દેવો. ગરમ પાણી અથવા ચા પીવાથી ઘામ જાસ્તી વળશે.

તાવમાં હલકો તથા સારો ખોરાક આપવો. આપણામાં તાવમાં દૂધ આપવા વિષે ઘણો વહેમછે તથા દૂધ આપવાથી કમળો થાય એમ માનવામાં આવેછે, પણ આ

વહેમ તદ્દન ખોટોછે. દૂધ આપવાથી કાંઇજ અડચણ થતી નથી. આપણા લોકોમાં તાવ તેમજ બીજા ઘણાખરા મરજો ઉપર ઘણીજ સખ્ત પરહેજી રાખવામાં આવેછે, અને તે ઘણીવાર એટલે સુધી કે દરદીને એકતો પોતાનો મૂળ વ્યાધિ અને તેમાં બીજું ભૂખ વેઠવી પડેછે, અને તેથી ફાયદાને બદલે મોટો ગેરફાયદો થાયછે. રીતસર તથા વાજબી જોઇએ તેટલી પરહેજી અવશ્યછે, પણ દેશી વૈદોની આપેલી પરહેજી ઘણીવાર બેહદ હોયછે.

તાવને માટે ઓષડ આપવાના બે પ્રકારછે. એકતો તાવ હોય ત્યારે તેને નરમ પાડવાના ઉપાય કરવા, તથા બીજો તાવ ઉતર્યા પછી તે પાછો ન આવે એવો ઇલાજ કરવો. તાવ હોય ત્યારે આપવાની દવા—

નં. ૧. લાઇકર આમોનીએસેટેટીસ............૧ ઔંસ.
સ્પિરિટ ઓફ નાઇટ્રિક ઇથર ....૧½ ડ્રામ.
એન્ટિમોન્યલ વાઇન ....૩૦ ટીંપાં.
કપૂરનું પાણી ....૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ત્રીજો ભાગ તાવ હોય ત્યાં સુધી દર બેથી ત્રણ કલાકને અંતરે આપવો. જો ઝાડો કબજ હોય તો પહેલી વખતનું ઓસડ આપતી વખત તેમાં બેથી ચાર ડ્રામ એપસમ સાલ્ટ નાંખવું. દેશી લોકોમાં તાવમાં રેચ આપવામા કેટલાક ઘણો અંદાજો રાખેછે, પણ તેમ નહિ કરવું. જો કોઠો કબજ હોયતથા ઝાડો ઉતરવાથી ફાયદો થતો હોય તો તેમ કરવાને ડરવું નહિ. એપસમસાલ્ટ (વિલાયતી મીઠું) નહિ આપતાં રાત્રે સૂતી વખત નીચેનું પડીકું આપવું બસછે.

નં. ૨. એન્ટિમોન્યલ પાઉડર............ .....૫ ગ્રેન.
ક્યાલોમલ ....૩ ,,

ઉપરની બંને દવા મિશ્ર કરી રાત્રે પાણીમાં અગર સાકર સાથે આપવી, અને સવારમાં "સીડલીઝ પાઉડર" આપવો. એથી દસ્ત સાફ ઉતરશે. ઘણી તૃષા લાગતી હોય અથવા ઊલટી થતી હોય તો આગળ કહ્યા પ્રમાણે શરબત વાપરવું, અથવા લીંબોટી ચૂસવી. જો તિત્તનું જોર હોય તો એપિકાક્યુઆના આપી ઉલટીમાં સારી પેઠે પિત્ત નીકળવા દેવું.

મસ્તક ઘણું દુખે તો એક રૂમાલ ટાઢા પાણીમાં ભીંજવી મસ્તક ઉપર મૂકવો અને જેમ સૂકાય તેમ થોડું થોડું પાણી રેડવું, અથવા કોલનવાટર એક ભાગ અને પાણી બે ભાગ મેળવી, તેને ઉપર કહ્યા પ્રમાણે ઉપયોગમાં લેવું, અથવા ગુલાબજળ તેવીજ રીતે વાપરવું, અથવાઃ—

નં. ૩. નવસાગર..........................૨ ડ્રામ.
ગુલાબજળ ....૬ ઔંસ.

બંને વાનાંને મિશ્ર કરી તેમાં રૂમાલ ભીંજવી મસ્તક ઉપર રાખવો.

આ સિવાય મસ્તક ઘણું દુઃખે છે ત્યારે આપણામાં કુંભારના ઘરની ભીંની માટી

લગાડવામાં આવેછે, ચંદન ઘસીને ભરેછે, અફીણનો કસુંબો તથા બીજાં કેટલાંક ઓસડોનો ઉપયોગ કરવામાં આવેછે- તાવ ઉતરી ગયા બાદ ફરી આવતો અટકાવવા સારૂ ટાઢીઆ તાવ ઉપર ચોકસ પ્રખ્યાત અને જાણીતી દવા સલ્ફેટ ઓફ ક્વિનાઈન છે. એ સાધારણ રીતે કોઇનન એવા નામથી ઓળખાયછે. તાવ શરીરમાં હોય ત્યારે કોઈનિન આપવું નહિ. કોઈનિન આપવાની બે ત્રણ રીતછે. કેટલાક તાવ ઉતર્યા બાદ તરતજ કોઈનિનના દસ પંદર ગ્રેન આપવા પસંદ કરેછે, કેટલાક તાવ આવવાની બે ત્રણ કલાક આગમચ તેટલાજ ગ્રેન કોઈનિન આપે છે, અને કેટલાક તાવ ઉતર્યા પછી ફરી આવવાનો વખત થાય ત્યાંસૂધી થોડું થોડું કોઈનિન આપવું જારી રાખે છે. એ બધામાં છેલ્લી રીત સારી સમજવી.

નં. ૪. કોઈનિન ....૨૪ ગ્રેન.
ડાઈલ્યુટ સલ્ફ્યુરિક આસિડ..............૩૦ ટીપાં.
પાણી .... ૮ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી એક દિવસમાં ત્રણથી ચાર વખત એકેક ઔંસ ફરી તાવનો વખત આવે ત્યાંસુધી પાવું.અથવા કોઈનિની ભૂકી લીંબુના રસ અને પાણી સાથે લેવી અથવા એકલા પાણીમાંલેવી.દિવસમાં બેથી ચાર ગ્રેન કોઈનિન ત્રણવાર લેવું, તથા તાવ આવવાના વખતની ત્રણ કલાક પહેલાં છેલ્લીવાર પાંચ ગ્રેન લેવું, એટલે તાવ બંધ પડી જશે,અગર પહેલી પાળી થોડો આવશે અને બીજી પાળીએ બિલકુલ આવશે નહિં.

કોઈવાર સખ્ત તાવ આવતો હોય તેને અટકાવવા સારૂ એકદમ તાવના આવવાના બે ત્રણ કલાક પહેલાં પંદરથી વીસ ગ્રેનસૂધી પણ કોઈનિન આપવામાં આવેછે, અને તેથી એક જાદુની માફક તાવનો અટકાવ થાય છે. ખરેખર ટાઢીયા તાવ ઉપર જેવું કોઇનન ચોકસ ઉપાયછે તેવું બીજા કોઈપણ દરદ ઊપર એવું અમૂક ઓસડ નથી એમ કહીએ તો ચાલે. કોઈનિન ઘણું મોંઘું હોવાથી તેમાં સોડા, માગનીશીયા, સિનૂકોનીડીન વગેરે બીજી સફેદ ભૂકીનો ભેગ કરવામાં આવેછે, તેથી લેનારે હમેશાં સાવધ રહેવું. કોઇનન જે ઝાડની છાલમાંથી નીકળેછે તેને "સિંકોના બાર્ક" કહેછે. તે છાલમાંથી કોઇનન જેવા પણ તેનાથી હલકા દરજ્જાનો એક બીજો સફેદ પદાર્થ અથવા સત્વ નીકળેછે તેને"સિનૂકોનીડીન" કહેછે. તે સોંઘો હોવાથી કોઈનિનની જગાએ સરકારી ઇસ્પીતાલોમાં તેનો ઘણો ઉપયોગ કરવામાં આવેછે, પણ તે કોઈનિન જેટલો અસરકારક નથી. કોઇનનનો એક ગ્રેન વાપરવાથી જે અસર થાય તેટલી અસર સિનૂકોનીડીનના બેથી ચાર ગ્રેન વાપરવાથી થાયછે.

વળી કોઇનનની જગાએ સિંકોનાની છાલનો ઉપયોગ પણ કરવામાં આવે છે. તે છાલની ભૂકીના ત્રીસ ગ્રેન પાણીમાં સાંજ સવાર તાવ ઉપર આપવાથી પણ થોડી મુદતમાં તાવ જશે.

બીજી કોઇનન વાપરવાનીરીત એવીછે કે તેના એકથી બે ગ્રેનનું પાણીકરી ત્વચાની અંદર તેની પીચકારી મારવી. એમ કરવાથી પણ તાવ જલદી જાયછે.

નં. ૫. કોઈનિન.........................૧૨ ગ્રેન.
ડાઈલ્યુટ સલફ્યુરિક આસિડ...... ...૧૫ ટીપાં.
પાણી ....જરૂર જેટલું.

પહેલાં કોઈનિન લેઈ તેને એક નાના માપવાના ગ્લાસમાં નાખવું. તેમાં પાણીનાં ૩૦ થી ૪૦ ટીપાં નાખી એકેક ટીપું આસિડનું ઊમેરતા જવું તથા કોઈ છડી વતે હલાવતા રહેવું. છેલે કોઇનન પાણીમાં એકમેક થઈ જાય એટલે તેમાં જોઇએ તેટલું વધારે પાણી નાખી એકંદર ૬૦ ટીપાં અથવા મિનિમ પાણી કરવું. આ પાણીમાંથી પાંચ અગર દશ ટીપાં (એટલે એકથી બે ગ્રેન કોઇનનની બરોબર)ની પીચકારી હાથ ઉપર ત્વચાની અંદર મારવી, એટલે તાવ નહિ આવે. મોઢેથી ૧૫—૨૦ ગ્રેન કોઇનન પીવાથી જેટલું કામ થાયછે તેટલુંજ આ રીતે એકથી બે ગ્રેન કોઇનન વાપરેથી થાયછે. સલ્ફ્યુરિક આસિડના બદલામાં ટાર્ટરિક આસિડના સાધનથી પણ કોઇનનનું પાણી કરવામાં આવે છે. આ રીતે કોઈનન વાપરવાથી તેના ખરચમાં ઘણો ફાયદો થાય ખરો, પણ તેમાં વાંધો એટલો છે કે જે ઠેકાણે તેની પીચકારી મારવામાં આવેછે ત્યાં ઘણીવાર સૂજી આવી દરદ થાયછે અને કોઈવાર પાકીને ચાંદુ પણ થાયછે. એક વખત તાવની પાળી ગઈ એટલે તરત કોઈનન મૂકી દેવું નહિ. પણ બીજી એક બે પાળી જાય ત્યાંસુધી થોડુંથોડું કોઇનન લેતા રહેવું, નહિતો કેટલીકવાર તાવ ફરીથી ઉથલો મારેછે. તેમાં તરીઓ તથા ચોથીઓ તાવ આ રીતે ઘણીવાર ઉથલો મારેછે. તાવ ગયા પછી તરત કાંઈ ભારે ખોરાક લેવો નહિ, ઉજાગરો કરવો નહિ, તથા અતિશ્રમ અગર બીજી કોઈ ગેરરીતે વર્તવું નહિ.

તાવ ઉપર ઘણી દેશી દવાઓ વપરાયછે.

નં. ૬ નાગરમોથ ... ... ધમાસો ... ... સૂંઠ ... ... ધાણા ... ... વાળો.	દરેકનો એક તોલો લેઇ પાણીમાં ઉકાળો કરી સાકર નાંખી દિવસમાં બે ત્રણ વખત પાવો.

જો ઝાડો કબજ હોય તો તેમાં ગરમાળાનો ગોળ તથા હરડેનો એક તોલો ઉમેરવો. અથવા—

નં. ૭ ધમાસો ... ... સુંઠ.... ... ... કડુ. ... ... પહાડમૂળ. ... ... કચોરા. ... ... અરડુસો ... ... એરંડમૂળ.	આ દરેકનો અડધો તોલો લેઇ તેનો કવાથ કરી અડધા શેરનું પાશેર પાણી રેહ એટલે તે દિવસમાં ત્રણવખતપાવું.

તાવ નહોય ત્યારે કેટલાક કડવા પદાર્થ આપવામાં આવેછે, તેમાં કડવા લીમડાની અંતરછાલ, ગળો, કરીયાતુ એ મુખ્ય છે.

ઘણી તરસ લાગે તો દ્રાક્ષ અને આમળાની ગોળી બનાવી તે મોઢામાં રાખવી.

અંગમાં ઘણો દાહ થતો હોય તો છાશમાં કપડું ભીજવી તે પાથરી સૂવું.

પાથી અડધો તોલો કાળાં મરી તથા તેટલીજ સાકર તાવ આવવા પહેલાં ચાવી જવાં તથા તે પછી બે કલાક લગી પાણી પીવું નહિ. આ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી તાવ આવતો બંધ થશે.

પા તોલો જાયફળ તેટલીજ જાવંતરી અને અધવાલ થોડેક અફીણ એ ત્રણને પાણી સાથે તાવ આવતાંના એક કલાક અગાઉ લીધાં હોય તો તાવ આવતો કેટલીકવાર બંધ પડી જાયછે.

નં. ૮. સોનામખી....	૧ તોલો.	કરીયાતુ... ...	૧ તોલો.
કડુ... ...	૧ ,,	પીપરીમૂળ. ...	½ ,,

ઉપરની દવાને ઝીણી ખાંડી તેનાં ત્રણ પડીકાં કરી એકેક સવાર સાંજ તથા બીજે દિવસે સવારે પાણી સાથે લેવાં.

નં. ૯. કરીયાતુ, અતિવિષ, ઇંદ્રજવ, ગળો, ધાણા, વાળો એ દરેકનો એકેક તોલો લઈ તેનો કવાથ કરી બે દિવસ પીવો.

નં. ૧૦. એકલી ગળો, કરીયાતુ, અગર લીમડાનીછાલ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ચોળીને પાણી ગળી લઇ તે પીવું.

નં. ૧૧. ત્રીફળાં, પટોળ, અરડુસો, ગળો, કડુ, વજ, અને સૂંઠનો એકેક તોલો વજનમાં લઇ શેર પાણીમાં ઉકાળી સાંજ સવારે બે દિવસ એ કવાથ પીવો.

નં. ૧૨. સુંઠ, મરી, પીપર, નાગરમોથ, હરડાં બેહેડાં, આંમળાં, કડવો લીમડો, પટોળ, કડુ, ઇંદ્રજવ, કરીયાતુ, ગળો, અને પહાડમૂળ આ સર્વને એક તોલાના પ્રમાણમાં લેવાં અને તેના ત્રણ ભાગ કરી એકેક ભાગનો ઉકાળો કરી દરરોજ સાંજ સવાર ત્રણ દિવસ પાવો. અથવા—

નં. ૧૩. કરીયાતુ, સુંઠ, ગળો, અને નાગરમોથ, આ ચારને ચાતુરભદ્ર કહેછે. તેનો કવાથ ત્રણ દિવસ પીવો. દરેકનો એકેક તોલો લઇ રોજ તાજો કવાથ બનાવવો.

આ સિવાય ટાઢીઆ તાવ ઊપર ઘણાં ઓસડો છે અને જુદા જુદા લોકોનો ભિન્ન ભિન્ન દવાઓ ઉપર ભરોસો હોયછે. સોમલનો ઉપયોગ ટાઢીઆતાવ ઉપર અસલના કાળથી થતો આવ્યોછે, અને ઇંગ્રેજી ડાક્ટરો પણ સોમલ વાપરે છે, પણ થોડા સોમલથી જલદી ફાયદો થતો નથી, અને વિશેષ સોમલ વાપરવામાં સાવચેતી રાખવી જોઇએ, તો પણ ઘણા દિવસનો જૂનો તાવ હોય અને જતો નહોયતો નીચેની દવા થોડા દિવસઆપવી.

નં. ૧૪. લાઇકર આર્સેનિક	૨૦ ટીપાં.
કરીયાતાની ચા	૩ ઔંસ.

બંને દવા મિશ્ર કરી એકેક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી.

ઘણા વખતનો જૂનો તાવ ફરી ફરી ઊથલો મારેછે તેને વાસ્તે પાણી ફેર કરવું વાજબી છે. દેશી ઓસડોમાં જવરાંકુશ માત્રાની અંદર સોમલનો અંશ હોયછે.

લાઇકર આર્સેનિકની પીચકારી ત્વચામાં મારવાથી તાવ ઉપર વિશેષ અસર માલૂમ પડતી નથી.

જૂના તરીઆ,ચોથીઆ અને અનિયમિત તાવ ઉપર નીચેની ગોળી ફાયદાકારકછે.

નં. ૧૫. ક્વિનાઇન... ...ગ્રેન ૨૪ ⎫ મિશ્ર કરી ૨૪ ગોળી બનાવી તેમાંથી દર-
આસિડ કાર્બોનિક ...ટીપાં ૧૮ ⎬ રોજ ત્રણથી ૭ લેવી.
એક્ષટ્રાક્ટ જેંશ્યન. જરૂર જેટલું. ⎭

જીર્ણજ્વર, જૂનો તાવ. અનિયમીત તાવ.

વિષમજ્વર,

એકવાર સખ્ત તાવ આવી ગયા પછી થોડો તાવ રહેછે, અથવા થોડા દિવસને અંતરે ફરી ફરીને આવ્યાં કરેછે અને તે ઘણું કરીને અમાસ અને પૂનમના બારે દિવસમાં ઉથલો મારેછે; એવા તાવને ઉપરનાં નામ આપવામાં આવ્યાંછે. તાવની સાથે શરીર ક્ષીણ હોયછે, ભૂખ લાગતી નથી, ઝાડો કબજ રહેછે, નાડી જલદ ચાલેછે, પેટમાં વાયુનું પ્રબળ જણાય છે, જીભ મેલી હોય છે, અને કોઈ વાર તાવ ચઢી આવેતો, અંગ ગરમ લાગેછે તથા તાવનાં બીજાં ચિન્હ પણ જણાય છે. આવા વિષમજ્વર ઉપર નીચેના ઉપચાર કરવા. સખ્ત તાવ ગયાબાદ થોડા દિવસ કોઈનન જારી રાખવું, અગર તે નહિતો—

નં. ૧. ડાઇલ્યુટ નાઇટ્રોમ્યુર્યાટિક આસિડ ....૧૫ ટીપાં.
કરીયાતાની ચા... ....૪½ ઔંસ.

બંને દવાને મિશ્ર કરી ⅓ દિવસમાં ત્રણ વખત પાવી.

નં. ૨. કોઇનન ....૩૬ ગ્રેન.
કાંકચીઆની મીજનો ભૂકો (સાગર ગોટા) ....૪૮ ,,
ગળોનું સત્વ ....૭૨ ,,

ઉપરની દવાઓને મિશ્ર કરી ૨૪ ગોળી કરવી અને તેમાંથી સાંજ સવાર એકેકી લેવી.

નં. ૩. એક્સ્ટ્રાક્ટ આફ સારસાપરિલા... .... ૨ ડ્રામ.
ટિંકચર કાલંબા........................ ૧½ ,,
,, નક્ષવોમિકા ....૧૫ ટીપાં.
ગળો, કરીયાતુ, અગર બાર્કની ચા ......૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ⅓ દિવસમાં ત્રણ વખત પાવી.

નં. ૪. પટોળ..............૧ તોલો. ગળો...........૧ તોલો.
લીંબડાની અંતરછાલ૧ તોલો. વરીયાળી ......૧ ,,
ઇંદ્રજવ ....½ તોલો.

ઉપરની સર્વે દવાને ગરમ પાણીમાં રાતે પલાળી રાખી બીજે દિવસે તે પાણી ગાળી લેઈ ત્રણ વખત પાવું.

નં. ૫. કરીયાતુ, હરડાં, નાગરમોથ, સુંઠ, પીપર, પીંપરીમૂળ, ધમાસો, વાળો, પટોળ, કડુ, ખડસલીઓ પીતપાપડો, કચોરા, રીંગણી, ત્રાયમાણ, ઓકણાંમૂળ, કાંકચીઓ, ઈંદ્રજવ, અતવખ, અને ડોરલી, આ વીસ ઓડનું સમભાગે ચુર્ણ કરી પાથી અડધો તોલો સાંજ સવાર પાણીમાં થોડા દિવસ લેવું.

નં. ૬. સુંઠ, ગળો, નાગરમોથ, વાળો, ધાણા, અને કરીયાતું તેનો કાઢો કરી દરરોજ બે વખત થોડા દિવસ પીવો.

નં. ૭. **લઘુ સુદર્શન ચૂર્ણઃ**—ગળો, લીંડીપીપર, પીપરીમૂળ, કડું, હરડાં, સુંઠ, લવીંગ, લીંબડાની અંતરછાલ, તજ અને ચંદન આ દરેકનો એકેક તોલો તથા કરીયાતાના પાંચ તોલા એ પ્રમાણે તેમનું ચૂર્ણ કરી એકત્ર કરી તેમાંથી અડધો તોલો દિવસમાં બે વખત પાણી સાથે લેવું, તેથી તાવ જશે તેમજ ભૂખ પ્રદિપ્ત થશે.

વસંતમાલતી જીર્ણજ્વર ઊપર સારી અસર કરેછે.

સતતજ્વર, પિત્તજ્વર.

(રીમીટંટ ફીવર.)

આ તાવ આંતરીયા તાવના જેવોછે, પણ તેનાં ચિન્હ ઘણાં સખ્ત અને જોરાવર હોયછે. આંતરિયા તાવની માફક આ તાવ પણ માલેરીઆની વિષારી હવાથી ઉત્પન્ન થાયછે. આંતરિયા તાવમાં જેમ તાવ આવીને પાછો છેક ઉતરી જાય છે અને ફરી તેના વખતસર નવો તાજો તાવ આવે છે તેમ ન થતાં આ તાવમાં એક વખત તાવ ભરાયા પછી તે છેક નીકળી ન જતાં ફક્ત કમી પડેછે, અને ફરી તેનો વખત થાય એ-એટલે તેમાંજ વળી તાવ જોર કરી આવેછે. આ પ્રમાણે કમી જાસ્તી થાયછે પણ તાવ અંગમાંથી બિલકુલ જતો નથી.

આ તાવ કોઈવાર થોડા જોસમાં હોય ત્યારે તેનાં ચિન્હ ઘણાં સખ્ત હોતાં નથી. ફક્ત આંતરીઆ તાવની માફક પરસેવો વળી તાવ કમી પડે છે, તોપણ અંગ ઉનું રહેછે અને ફરી પાછો ચડી આવેછે, કોઈવાર તે એવા જોસથી આવેછે કે પહેલા બે ચાર દિવસમાંજ દરદીને લાંબો કરી મૂકેછે, તેને ઊઠવા, બોલવા, અથવા ખાવાનું ભાન રહેતું નથી અને થોડી મુદતમાં તે સ્વર્ગવાસી થાયછે.

ચિન્હઃ—આગળ આંતરીઆ તાવમાં જેવાં ચિન્હ કહ્યાં તેને મળતાં આ તાવનાં લક્ષણ હોયછે. ફકત થંડી તથા પરસેવો કમી જોવામાં આવેછે, તે ગરમ તાવ ઘણા જોસથી આવેછે. પહેલાં અંગ દુઃખે, બેચેનપણું રહે અને પછી થોડી ટાઢની સાથે તાવ ચઢી આવેછે. જ્યારે તાવ ભરપૂર ભરાય ત્યારે ગરમી સુમારે ૧૦૫ અંશસુધી ચઢી જાય છે, શરીરમાં અગન થાય, તથા તે બહુજ તપી આવેછે. ચહેરો તથા ચક્ષુ આરક્ત થઈ આવે અને આંખમાં પાણી ભરાયછે. મસ્તક અતિશય દુઃખે અને ફાટી જાયછે. પીપડી અગર કલેજામાં દુઃખે, ઉબકો તથા વમન થાયછે. નાડી જોરથી જલદ ચાલે, મિનિટમાં ૧૨૦—૧૩૦ ધબકારા થાય છે. શ્વાસોશ્વાસ જલદ ચાલે તથા સૂકી ખાંસી

આવેછે. મોંઢામાં અમી રહે નહીં, જીભ સૂકાય, અને મેલી જણાયછે. પેટમાં અનાજ ટકે નહીં, ઝાડો કબજ રહે, અને પેશાબ થોડો તથા લાલ ઉતરેછે. આ પ્રમાણે તાવ ચાર, છ થી બાર કલાકસુધી રહે અને પછી થોડો પરસેવો વળી કમી પડે, શરીર ઉપર હાથ મૂકવાથી તે ગરમ લાગે,કોઈવાર એકથી બે દીવસસુધી પણ આવો સખ્ત તાવ રહી પછી કમી પડે, ઘણું કરી સવારને પહોર તાવ કમી થઈ બપોર પછી અને સાંઝને વખતે ભરાયછે, કોઇવાર કમી પડ્યા પછી બીજે અગર ત્રીજે દિવસે પાછો ચડાવો કરેછે. કોઈવાર પરસેવો બિલકુલ ન વળતાં તાવ કમી પડે છે. તાવ ભરાયછે ત્યારે ભ્રમ ઊત્પન્ન થાય છે, અને દરદી ગમે તેમ બબડેછે.

જો કોઇને તાવ ઘણા જોરથી આવેછે તો તાવની અંદર દરદીને ભાન રહેતું નથી. દિવસે દિવસે ઘણી અશક્તિ માલમ પડેછે, નાડી જલદ ચાલેછે અને ઘણી ક્ષીણ થઈ જાયછે, હાથ પગ ધ્રૂજેછે. જીભ અને હોઠ ઉપર કાળાં છાલાં વળી જાયછે, ખોરાક ગળે ઉતરતો નથી, દરદી સહેજ સમજી શકતો નથી અને જવાબ પણ આપતો નથી. આ પ્રમાણે બે ત્રણ દિવસ રહી દરદી મરણ પામેછે અથવા સુધરવાનો હોય તો તાવ કમી પડી શુદ્ધિ આવતી જાયછે અને ધીમે ધીમે સારો થાયછે.

હવે જે જે દરદોમાં તાવ આવેછે તેમને છેવટે સાવચેત રહેવું જોઇએ. તેમનું છેવટ આવતાં કોઈવાર ઘણો પરસેવો નીકળેછે અથવા એકદમ પેટ છુટી જાયછે. અગર કોઈવાર ઘણો પેશાબ છુટેછે. આ છેવટ ચિન્હ થયા પછી વ્યાધિગ્રસ્ત મનુષ્ય આ પાર નહીંતો પેલે પાર થાયછે. વ્યાધિ થોડો હોય તથા દરદી સચેત હોયતો આરામ થઈ જાય છે અને તેથી ઉલટું જો વ્યાધિ જોરાવર તથા દરદી નંખાઇ ગયો હોય તો મૃત્યુ પામેછે.

આ પિત્ત જ્વરની (અથવા બેવડો તાવ કારણ એક તાવમાં બીજો તાવ ભરાયછે) સાત, દશ અગર પંદર દિવસની હદ હોયછે. પણ તે દરમ્યાન કોઈવાર એકાદ શરીરના અવયવ ઉપર લોહીનો જોસ ચઢી આવેછે, અને તેથી આ વ્યાધિમાં ઉમેરો થાયછે. ઘણું કરી ભેજામાં, હોજરીમાં, કલેજામાં, અથવા ફેફસામાં આ પ્રમાણે લોહીનો જોસ થઈ વરમ આવી બિગાડ થાયછે.

જ્યારે મગજનો બિગાડ થાયછે ત્યારે મસ્તક ઘણું દુખેછે, ભ્રમ થઈ નાશભાગ, કરેછે, અને બડબડ કરેછે અથવા દરદી બેશુદ્ધ થઈ જાયછે, એને "વાયુ થયો" એમ સાધારણ લોકો કહેછે. હોજરી ઉપર લોહીનો જોસ થવાથી પીપડીમાં દુખેછે, તથા ઘણી ઉલટી થાયછે અને પેટમાં કાંઇજ ઠરતું નથી. તેમજ કલેજાનો સોજો થઈ આવે તો તે ભાગમાં જમણી બાજુએ દુખેછે. દાબવાથી અગર દમ લેવાથી વધારે દુખાવો થાય છે. કેટલીકવાર કમળો થઈ આવે છે.

ફેફસાનો વરમ અગર સોજો થાય તો ખાંસી આવેછે, બલગમ એટલે બળખો પડેછે, છાતીમાં કોઈ જગાએ દુખાવો થાયછે, તથા શ્વાસ થાયછે તે છાતીને નળીવતે તપાસી જોતાં ખાત્રી થશે. સન્નિપાત અથવા સાધારણ લોકો જેને સનેપાત કહેછે તે દેશીશાસ્ત્ર ઉપરથી જોતાં તેનાં લક્ષણ ફેફસાના વરમને લીધે જે જ્વર આવેછે તેને મળતાં આવે

છે. પણ આ શબ્દ સાધારણ આપણા વૈદો જે તાવમાં વધારે બકારો અને ભ્રમ હોય તેને પણ લગાડે છે. આવા આ મોટા બેવડા તાવમાં બીજી આવી બીમારી થાય તો પરિણામ ધાસ્તી ભરેલું સમજવું.

ચિકિત્સાઃ—જ્યારે આવો પિત્તજ્વર આવે અને તેમાં ઉછાળો થતો હોયતો પહેલો એક ઉલટીનો જુલાબ આપવો.

નં. ૧. એપીકાક્યુઆનાની ભૂકી..............૨૦ ગ્રેન.
પાણી.................................. ૧ ઔંસ.

ઉપરની દવા પાણીમાં મિશ્ર કરી પાવી અને પા કલાક પછી ગરમ પાણી પાવું એટલે ઉલટી થશે.

કેટલીકવાર સારી પેઠે ઉલટી થયા બાદ તાવ નરમ પડી જાયછે. ઘણી તરસ લાગે તેને વાસ્તે સોડાવોટર, લેમોનેડ, વગરેની ભલામણ આંતરીઆ તાવમાં કહીછે, તે રીતે આ તાવમાં પણ ઉપયોગ કરવો. તે સિવાય—

નં. ૨. ક્રીમટાર્ટર... ..૧ ઔંસ. સાકર......... ૨ ઔંસ.
લીંબુનો રસ....૧ ,, પાણી ....૨૦ ,,

ઉપરની દવા મિશ્ર કરી રાખવી અને તેમાંથી થોડીથોડી પાવી તેથી દસ્ત પણ ઉતરશે.

ઉલટી થતી હોય તેને પણ આ દવાઓ લાગુ પડેછે અને વળી તે બંધ કરવા સારૂ હોજરી ઉપર રાઇનું પ્લાસ્તર મારવું. ઉલટી અને તરસના ઉપર બરફ ઘણો ફાયદો કરે છે. બરફના કટકા ચૂસવા આપવા અગર પાણીમાં નાખી તે પાવું. મસ્તક દુખતું હોય તો આગળ (તાઢીઓતાવમાં) કહેલા પાણી તથા દવામાં રૂમાલ ભીંજવી તેનાપર મૂકવો તથા ઘણા કેશ હોય તો કમી કરવા. તે સિવાય—

નં. ૩. નવસાર..............૨ ડ્રામ. સુરોખાર.........૨ ડ્રામ.
રેક્ટીફાઇડ સ્પિરીટ ...૧ ઔંસ. પાણી............૯ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરવી અને તેમાં રૂમાલ ભીજવી મસ્તક ઉપર મૂકવો.

હવે જો ઘણો લોહીનો જોસ મગજ ઉપર થયો હોય તથા દરદી સબળો હોય તો એકથી બે ડઝન જળો લમણાને લગાડવી,પણ જો દરદી કમકૌવત હોય તથા નાડી નબળી હોય અને પોતે ગાફલ હોયતો બોચી (ગરદનની પછવાડેનો ભાગ) ઊપર બ્લીસ્ટર લગાડવું.

જો અંગની ગરમી ઘણી હોયતો જરા ગરમ પાણીમાં કપડું ભીંજવી તે લગાડવું. અગર આગળ કહ્યા પ્રમાણે સુરકાનું ચંડુ પાણી લગાડવું. વળી અંગની ગરમી ઘણી હોય અને તાવ ઉતરે નહીં અને પરસેવો વળે નહીં તો નીચેના ઉપાયો કરવા.

૧. સારી પેઠે ગરમ પાણીમાં ધાબળી બોળી તે નીચોવી અને તરત દરદીના અંગને લપેટી દેવી અને ઉપર બે ચાર ધાબળી નાખી દરદીને સૂવાડી દેવો.

૨. થંડા પાણીમાં એક ચાદર બોળી તે નીચોવીને દરદીને તેમાં લપેટી લેવો, તથા પાંચ સાત મિનિટમાં ચાદર બદલવી અગર તે ઉપર થોડુંથોડું પાણી રેડતા રહેવું તેથી ગરમી કમી થશે.

૩. દરદીને નવશેકા પાણીમાં બેસારી તેની ગરમી ઓછી કરવી, એટલે તાવ કમી થશે. તાવ થોડો હોય તથા તેમાં ઘામ વળે નહિ તો તેને વાસ્તે આગળ પગને રાઇના પાણીનો બાફ કહ્યોછે તે અજમાવી જોવો.

ઝાડો કબજ હોયતો હલકો જુલાબ આપવો, ક્યાલોમેલ અને એપીકાક્યુઆનાની ગોળી બનાવી તે રાત્રે સૂતી વખતે ગળવી અને સવારે જરૂર હોય તો જુલાબ લેવો.તાવ અંગમા ભરાયો હોય ત્યારે નીચેની દવા આપવી.

નં. ૪. લાઇકર આમોની એસેટેટ........... ૧૨ દ્રામ.
સાઇટ્રેટ ઓફ પોટાસ................૧૨૦ ગ્રેન.
એન્ટીમોન્યલ વાઇન .... ૧ દ્રામ.
ક્યામ્ફર વોટર...................... ૬ ઔંસ.
ટિંક્ચર એકોનાઇટ................. ૨૦ ટીંપાં.

ઉપરની દવાને મિશ્ર કરી એક એક ઔંસ ચાર ચાર કલાકને અંતરે આપવી. એકોઇનાટનો ગુણ તાવની ગરમી કમી કરવાનોછે. તેનાં બે ટીંપાં પાણી સાથે પાથી અડધા કલાકે આપવાથી તાવ કમી થાયછે.

હવે જ્યારે તાવ કમી પડે ત્યારે કોઇનન આપવાને શરૂ કરવું, તે જ્યાં સૂધી પાછો ભરાય ત્યાંસૂધી આપ્યાં કરવું. તાવને ઉતારવા સારૂ "વારબર્ગ ટીંક્ચર" બહુ વખણાય છે. આ દવામાં શીશી ચીજછે તે માલમ નથી. તે ટીંક્ચરના બેથી ચાર દ્રામ પાણી વિના આપવા. તે આપ્યા પછી ત્રણ કલાક સૂધી પાણી આપવું નહીં એટલે પરસેવો વળી તાવ ઉતરશે.

નં. ૫ કોઇનન.............. .....૧૫ ગ્રેન. ડીલ્યુટ સલ્ફયુરીક આસિડ...૨૦ ટીંપાં.
ક્લોરેટ ઓફ પોટાસ........૩૦ ,, પાણી .... ૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ½ દરેક ત્રણથી ચાર કલાકને અંતરે આપવી.

આગળ કહ્યુંછે તે પ્રમાણે કોઇનન જરૂર પડે તે પ્રમાણે વધારે અગર ઓછું આપવામાં આવેછે. અંગમાં તાવ હોય ત્યારે કોઇનન આપવાનો ચાલ નથી, પણ આવા પિત્તજ્વરમાં જ્યારે તાવ શરીરમાંથી છેક નીકળતો નથી ત્યારે તાવ હોવા છતાં પણ કોઇનિન આપવું જોઇએ. જ્યારે ઘણું કોઇનન લેવામાં આવેછે અગર થોડુંથોડું ઘણી મુદત સૂધી લેવામાં આવેછે તો મસ્તક દુખેછે અને ભારે થઈ આવેછે, કાનમાં ગણગણાટ અને ઘોંઘાટ જેવા અવાજ થાયછે, તથા વખતે કાન બેહેરા થઈ જાયછે અને આંખની નજર પણ કમી થઈ જાયછે. આવાં ચિન્હ કોઇનનની અસર રહે ત્યાં સૂધી જણાય અને પછી દુરસ્ત થાયછે. વળી કોઇનન ગરમ હોવાથી તે લેવામાં આવેછે ત્યારે કોઇને સૂકી ખાંસી થઈ આવેછે અને કોઇને ઝાડામાં લોહી પણ પડેછે. કોઇનન પેટમાં નહિ આપતાં તેની પીચકારી ત્વચામાં મારવાથી સારી અસર થાયછે.

તાવના ઝપાટામાં દરદી કમકોવત તથા બેહોશ થઈ ગયો હોયતો કોઇનન આપવું. તેમજ સારો ખોરાક, વારંવાર કાંજી અને એવો પ્રવાહી ખોરાક આપવો. તેમાં જરૂર

પ્રમાણે પોર્ટવાઇન અથવા બ્રાંડી નાખવી. ઉલટી અગર જુલાબની દવા આપવી નહીં. દિવસમાં દરદીની અશક્તિ પ્રમાણે છથી બારઐાંસ બ્રાંડી મીક્ષચર આપવો.

જો આ તાવમાં કલેજામાં લોહીનો જોસ થાય અને આગળ કહેલી નિશાની જણાય તો એક જુલાબ આપવો.

નં. ૬	ક્યાલોમેલ.................	૪ ગ્રેન.	આ ત્રણે દવાઓ મિશ્ર કરી પાણીમાં પાવી.
	કમ્પાઉન્ડ જાલપ............	૪૦ ,,	
	એપીકાકયુઆના	૨ ,,	

દરદી શક્તિવાન હોયતો કલેજા ઉપર દરદને ઠેકાણે એક ડઝન જળો મૂકવી.પણ જો દરદી નબળો હોયતો જળો મૂકવી નહીં. પણ ફકત રાઇનું પ્લાસ્તર અગર બ્લીસ્ટર મારવું. આ દરદમાં વખતે કમળો થઈ આવેછે માટે શરીર પીળું થાય તો કમળા ઉપર કહેલી દવા કરવી.

તેમજ જો ફેફસાનો વરમ થઈ આવે તો રાઇનું પ્લાસ્તર લગાડનું અગર શેક કરવો તથા બીજા તે દરદના ઉપાય યોગ્ય રીતે કામમાં લેવા.

જ્યારે તાવ અંગમાં હોય અથવા નહોય ત્યારે નીચેની દવાનો ક્વાથ પાવો.

નં. ૭ કાળીદ્રાક્ષ, દેવદાર, કડુ, નાગરમોથ, આંમળાં, ગળો, હરડાં,ગરમાળાનો ગોળ, કરીઆતું, પટોળ, અડસળીઓપિત્તપાપડો, એ દરેકનો એક એક તોલો લેવા તેના બે ભાગ પાડી એકનો ઉકાળો કરવો. તે સવારબપોર તથા સાંજે લેવો, અને તેજ પ્રમાણે બીજે દિવસ બીજા રહેલા ભાગનો ઉપયોગ કરવો. આ પ્રમાણે ચારપાંચ દિવસ દવા લેવાથી ફાયદો ન થાયતો—

નં. ૮ વાળો, સૂંઠ, પોખરમૂળ, કડુ, રાસ્ના, ગળો, ભારંગમૂળ, કચોરા, ધમાસો, અરડુસો, નાગરમોથ, બ્રાહ્મી, વજ, અને કરીયાતું એ દરેકનોતોલો વજન લઈ બે ભાગ કરવા તથા એક એક ભાગનો ક્વાથ કરી એક દિવસમાં બેવાર પીવો. બીજા દેશી ઓસડો ટાઢીઆ તાવમાં લખ્યાંછે તે આ તાવમાં વાપરવાને પણ હરકત નથી.

નં. ૯ ઇંદ્રજવ, કડવાલીંબડાનાંપાન, અરડુસો, ગળો, ઉપલસરી, ત્રિફળા એ દરેકનો તોલો વજન લઈ ઉકાળો કરી સાંજસવાર પાવો.

તાવ ભરાયો હોય, તરસ લાગતી હોય, અને પેટ કબજ હોયતો અરડુસો, દ્રાક્ષ, હરડાં, અને ધાણા એ ચારવાનાંનો તોલો પ્રમાણ લઈ ઉકાળી તેનું પાણી પાયાં કરવું.

શરીરમાંથી તાવ ઉતારવાસારૂ રનગીરી માત્રા (૧વાલ), ધાણા, ગળો અને કાશ્નીના ક્વાથ સાથે આપવી.

ફૂટી નીકળતા તાવ.

(ઈરપટીવ ફીવર.)

ફૂટીનીકળતા તાવમાં મુખ્ય શીળી, ઓરી, અને અછબડા આવેછે. આ સિવાય રંગોલું, રેતવા તથા મરકીના તાવનો પણ આ વર્ગમાં સમાવેશ કરવામાં આવેછે. એક

કીરમજી રંગનો તાવ થાયછે તેમાં શરીરનો રંગ કીરમજી જેવો લાલ થઈ જાયછે તથા તેની સાથે સખ્ત અને ભયંકર તાવ આવેછે. આ રોગ ઘણો ખરો યૂરોપમાં જોવામાં આવેછે. આપણા દેશમાં દાખલ થયો નથી.

શીળી, ઓરી અને અછબડાના કેટલાક ખાસ ગુણ છે. તે રોગ ઘણું કરી બચ્ચાંને થાયછે. તે કોઈવાર મોટી વયના મનુષ્યને પણ થતા જોવામાં આવેછે. કેટલાક દરદોની એવી ખાસિયત હોયછે કે તે એકદમ ઉત્પન્ન થઈ, તેનો ઘણો ફેલાવો થઇને જથાબંધ લોકો ઉપર સપાટો ચલાવેછે, અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે એ રીતે તે પ્રદેશમાં ફરે છે તેને **પ્રસરિત** (એપીડેમીક) રોગ એવી સંજ્ઞા આપીછે. તેના ઉદાહરણ તરીકે કોગળીયાનો દાખલો બસછે. તે એકાદ ઠેકાણેથી થઈ આસપાસના લોકોનો પરિહાર કરેછે અને તે જગો છોડી બીજી જગાએ જાયછે. તેમજ વળી સુમારે સને ૧૮૭૩—૭૪ ની સાલમાં રંગીલાનું દરદ આવેલું હતું તેણે પણ એજ રીતે પસરી ગામે ગામ અને મૂલકે મૂલકના લોકને હેરાન કરેલા. શીળી, ઓરી અને અછબડા આ પણ "એપીડેમીક"ની માફક થાય છે. જો કે ઉપર આવેલા બે રોગથી તે તદ્દન જુદા છે તોપણ તેમની ઉત્પત્તિ અને ફેલાવ તેમને ઘણે દરજ્જે મળતા આવેછે. કેટલીક વખત એક રોગ અમુક ઠેકાણે ઉત્પન્ન થાયછે અને તે જગામાંજ તેનું પ્રબલ વધેછે, પણ તે ફેલાઈ બીજે સ્થળે ગમન કરતો નથી તેને **સ્થાનિક** (એન્ડેમીક) રોગ કહેછે. આ પ્રમાણે કેટલેક ઠેકાણે દર વરસ તાવ અને બીજા રોગનો ઉદ્ભવ થાયછે.

હવે આ રીતે એકાદ રોગ ઉત્પન્ન થઈ ફેલાવ પામેછે તે ફેલાવ થવાનાં મુખ્ય ત્રણ સાધન માનવામાં આવેછે; પહેલું હવા, બીજું ખોરાક તથા પાણી, અને ત્રીજું સ્પર્શ.

સ્પર્શને લીધે એક આદમીનો રોગ બીજાને થાય છે તેતો સર્વે સમજી શકશે. સ્પર્શને લીધે ગરમી તથા પ્રમેહનો રોગ થાયછે તથા બીજા કેટલાક રોગ ફેલાયછે.

ખોરાક તથા પાણીને લીધે પણ રોગ પસરી શકે એ સેહેલાઇથી સમજાશે. કારણ કે એકજ ભ્રષ્ટ ખોરાક અથવા માંસ ઘણા આદમી ખાય તેમાં પ્રત્યેકને અમુક રોગ થયા વગર રહે નહી. તેમજ એકજ ઠેકાણેથી બગડેલું પાણી જેટલા માણસ પીએ તેને સર્વેને એક સરખો ટોટો ખમવો પડે. આવા દાખલા ઘણી વખત મળી આવેછે કે અમુક કુવા અથવા વાવનું પાણી જે માણસો ઉપયોગમાં આણેછે તેમાંના ઘણાને કોગળીઉં અથવા બીજો અમુક રોગ થાયછે. તેમજ બીજાં એવાં પણ ઉદાહરણ મળી આવેછે કે એકાદ પાણીના પ્રવાહમાં ગટરના ગલીચ પદાર્થો મળવાથી, તેમાં ગલીચ કપડાં ધોવાથી, અને તેની અંદર કોગળીયું અને તેવા બીજા રોગીના મળમૂત્રનો પ્રવેશ થવાથી, તે પ્રવાહનું પાણી વાપરનારને તેવા મરજ થાયછે. તેટલા માટે સ્વચ્છતા અને સુઘડતાઇની જરૂર છે. મુંબઈ જેવા શેહેરમાં પ્રથમ જે અનેક પ્રકારની વ્યાધિઓ થતી તેનું મૂળ કારણ તે વખતના પાણીની ખરાબી હતી અને હાલ જ્યારે પાણી સ્વચ્છ પુષ્કળ મળવા માંડ્યું તો તેની પ્રથમની અને હાલની તંદુરસ્તી વચ્ચે જમીન અસમાનનો ફરક નજરે આવેછે.

હાલના કાળમાં વ્યાધિગ્રસ્ત લોકોને રાજ્ય તરફથી આશ્રય મળેછે તેમજ આરોગ્યતાનું રક્ષણ કરવાના ઇલાજો પણ લેવામાં આવેછે. હવે આ બાબત છોડી રોગ ફેલાવાનું ત્રીજું કારણ હવા તેનો વિચાર બાકી રહ્યો તે કરીએ. આ વિષયનું વિશેષ લંબાણ શરીર રક્ષણના પ્રકરણમાં કરવામાં આવ્યુંછે.

શીળી વગેરે મરજ વિશે એમ ધારવામાં આવ્યું છે કે તે એક ખાસ વિષછે. આ વિષનાં પરમાણું અદૃશ્ય છે તેથીજ એક બચ્ચાને શીળી નીકળી હોય તેની પાસે શીળી ન નીકળી હોય તેવું બીજું બચ્ચું રહેતો ઘણું કરી તેને પણ શીળી નીકળ્યા વગર રહેતી નથી. હવે આપણામાં જેને શીળી નીકળે તેને ઘણું કરી પડદામાં રાખેછે તથા માણસનો પડછાયો પડે એવી દહેશતથી તેની પાસે ઘણા આદમીને જવા દેતા નથી. તેનો મૂળ હેતુ આવા રોગનો ફેલાવ અટકાવવાનો હશે. પણ તે હવે મૂળ હેતુ લોકના ચિત્તમાં રહ્યો નથી. વહેમ માત્ર રહ્યો છે. વાસ્તવિકતો એમ જોઇએ કે જેને શીળી નીકળેલાં ન હોય તેણે શીળી વાળા આદમી પાસે જવું નહી. તેમજ શીળીવાળા પાસે જઇને સુવાવડી ઓરત અને વગર શીળીવાળા બચ્ચાંઓનો સમાગમ કરવો જોઇએ નહી. આ રીતે સ્પર્શથી ફેલાય છે તેને "ચેપીઆ રોગ" કહેછે. ચેપ વાયુ રૂપે તથા સ્પર્શથી પ્રસરેછે.

શીળી, ઓરી, ઇત્યાદિ આગળ કહ્યા પ્રમાણે ઘણું કરી બચ્ચાંને થાયછે. તેઓ ચેપીઆ રોગમાં ગણાયછે. તેમનો ત્રીજો એવો ખાસ ગુણછે કે એકજ આદમીને આખી જીંદગીમાં તેની એકજ વખત અસર થાયછે. એક વખત શીળી નિકળે તો ફરી તે આદમીને બીજીવાર નીકળતી નથી. તેમજ ઓરી અને અછબડા વિશે સમજવું. આ બાબત કોઈ અપવાદ જોવામાં આવશે પણ તે કવચિત. ઓરી અને અછબડા કરતાં પણ શીળીની બાબતમાં જુજ અપવાદ સાંભળવામાં આવશે. આ ત્રણે રોગમાં તાવ આવેછે તથા શરીર ઉપર ફૂટી નીકળે છે અને તે તાવ તથા દાણા ચોકસ મુદત રહી ઉતરી મટી જાયછે.

ઓરીમાં તાવ આવ્યા પછી ચોથે દિવસે એટલે ૭૨ કલાક પછી અંગ ઉપર દાણા દેખાયછે તથા ત્યારપછી ચોથે દિવસે એટલે તાવને સાતમે દિવસે કરમાવા માંડેછે.

શીળીમાં તાવને ત્રીજે દિવસે એટલે ૪૮ કલાક તાવ આવ્યા બાદ દાણા જણાયછે અને નવથી દસમે દિવસે કરમાવા માંડેછે અને ચાદથી પંદરમે દિવસે તેનાં ભીંગડાં ખરવા માંડેછે. અછબડામાં તાવને બીજે દિવસ એટલે ચોવીસ કલાક પછી દાણા નજરે પડેછે અને ચોથે દિવસેથીજ સુકાવા માંડેછે.

જેમ કેટલાક વિષનો એવો ધર્મ છે કે તેણે શરીરમાં પ્રવેશ કર્યો કે લાગલોજ તેનો અમલ જણાયછે; જેમકે સર્પ દંશ થયા બાદ વિષનાં ચિન્હ તરતજ જણાય છે, તેમ કેટલાંક વિષનો એવો ધર્મ છે કે શરીરમાં દાખલ થયાબાદ થોડા દિવસ તેની અસર બિલકુલ જણાતી નથી. શરીરમાં પહોંચ્યા બાદ તેને પરિપૂર્ણ થવા કાંઇ કાળ લાગતો હોય તેમ થોડા વખત પછી તેનો પૂર્ણ અમલ બેસે છે. જેમકે હડકાએલું કુતરૂં કરડ્યા બાદ થોડાં અઠવાડીઆં કાંઇ જણાતું નથી અને પછી હડકવા ઉત્પન્ન થાયછે. આ વચ્ચેનો

જે કાળ જાયછે તેને ગુપ્તકાળ કહેછે. આવો ગુપ્તકાળ શીળી ઓરીના વિષને પણ લાગેછે. શીળી ઓરીનો ચેપ લાગ્યા બાદ બેચાર દિવસને અંતરે તેનાં ચિન્હ શરૂ થાયછે, તરત માલમ પડતાં નથી.

શીળી.

(સ્માલપોક્સ)

શીળી ઓરી અને અછબડા આ ત્રણ રોગ જેનો દંડ આખી દુનિયાના સર્વે લોક પામેછે, તેમાં શીળી મુખ્યછે કારણ તે ઘણો જોરાવર વ્યાધિછે એટલુંજ નહિ પણ તેના પરિણામ પણ ઘણાંજ ભયંકર જોવામાં આવેછે.

ચિન્હઃ—શીતળાના ચિન્હમાં પહેલો તાવ આવેછે. બાદ તે શરીર ઉપર ફુટી નિકળે છે અને પછી ફરી તાવ આવીને શીતળા કરમાઈ જાયછે.

શીળીના ઝેરી પદાર્થે શરીરમાં પ્રવેશ કર્યા બાદ દસબાર દિવસનો ગુપ્તકાળ થયા પછી તાવ શરૂ થાયછે. તાવ ઘણું કરી ટાઢવાઇને આવેછે. તેમાં અંગ ગરમ થાયછે. મસ્તક દુખેછે, નાડી જલદ ચાલેછે અને આગળ આપેલાં તાવનાં બીજાં લક્ષણ જણાય છે. તેમાં વિશેષે કરીને કમર અને પીઠપર અતિશય દરદ થાયછે તથા ઉછાળો થઈ આવે છે. જ્યારે આ બે ચિન્હ ઘણા સખ્ત જણાય ત્યારે પાછળથી માતા ઘણાજ સખ્ત નિકળશે એમ સમજવું. બે દિવસ સખ્તતાવ આવ્યા બાદ ત્રીજે દિવસે શરીર ઉપર શીળીના દાણા દેખાયછે એટલે તાવ થોડો નરમ પડેછે. શીળીના દાણા કેટલીકવાર મોઢામાં, ગળામાં, નાકમાં, અને આંખમાં પણ નિકળી આવેછે. ગર્ભિણીસ્ત્રીને શીળી નિકળે તો ગર્ભપાત થયા વગર રહેતો નથી અને ગર્ભ ઘણું કરી મુએલો અવતરેછે.

શીળીના દાણા ઘણું કરી પ્રથમ ચહેરા અને ગરદન ઉપર, ત્યાર બાદ હાથઉપર, પછી છાતી અને પેટ ઉપર, અને છેલ્લે પગ ઉપર નીકળતા નજરે આવેછે. જેમ શીળીના દાણા ઘણા તેમ તેમનું જોર વધારે અને જેમ થોડા દાણા તેમ શીળીનું જોર કમી સમજવું. વળી દાણા છૂટા હોય તેમ સારા, પાસે પાસે હોય ત્યારે ભયભરેલું સમજવું, તથા દાણા એકએકનો સંયોગ કરી ભેળા થઇ ફરફોલ્લા જેવા થાય તો શીળીને ભયંકર સમજવી. એક ભાગમાં જેમકે પગ ઉપર છૂટાદાણા હોય તથા બીજા ભાગઉપર આ પ્રમાણે સંયોગ થતો હોય તોપણ ભયંકારક જાણવા.

જ્યારે તાવને ત્રીજે દિવસે પહેલો શીળીનો દાણો દેખાયછે ત્યારે તે ફકત લાલરંગનો કઠણ ઝીણો દાણો હોયછે. ત્યાર પછી ત્રીજે દિવસ આ દાણાની ઉપર મોતી બંધાયછે, અને તેમાં પાણી ભરાયછે તથા તેના શિખર ઉપર સૂક્ષ્મ ખાડો હોયછે અને આસપાસની ચામડી લાલ રંગ ધારણ કરેછે. ત્યારબાદ બે દિવસે આ મોતીની અંદરનું પાણી ડોહળું થઇ તેનું પરૂ થાયછે અને મોતીને બદલે હવે ફોલ્લાનું રૂપ ધારણ કરેછે. બીજા બે દિવસ પછી આ ફોલ્લાના શિખરનો ભાગ કાળો પડી કરમાવા માંડેછે, કદાચિત ફૂટે

છે અને ચાર પાંચ દિવસમાં ભીંગડું વળી ખરી પડેછે.હવે જો આ ફોલ્લો ત્વાચાના ઉપરના પડમાંજ રહ્યા હોય તો જે જગાએથી ભીંગડું પડી જાય છે તે ઠેકાણે રાતા ફીકા રંગનો ડાઘ રહેછે, અને થોડી મુદતમાં તે મટી જઈ ત્વચા પોતાનો પૂર્વ રંગ ધારણ કરે છે. પણ જો સારી પેઠે પાકીને ત્વચાના હેઠળના પડને ભેદીને અંદર પહોચ્યો હોય તો પછી તે ભીંગડુ પડી ગયા પછી જન્મસુધી તે સ્થળે શીળીનો ડાઘ અથવા "ઘોબો" રહેછે. તેથીજ કેટલાકનાં શરીર અને ચહેરા કદરૂપા અને કૂબડા થઇ જાયછે. આંખમાં ફોલ્લા થવાથી તેમાં ફૂલાં પડી જાયછે, તથા કેટલીક વખત બચ્ચાંની આંખો ફૂટી પણ જાયછે.

કોઈ વખત શીળીમાં ફકત છૂટા ગણ્યા દાણા નીકળે છે, અને તેનો ડાઘ પણ શરીર ઉપર રહેતો નથી. તેને **છુટક શીતળા** કહેછે. જ્યારે ફોલ્લાઓમાં પરૂ થાયછે ત્યારે દરદીના શરીરમાંથી ચમત્કારીક વાસ છુટેછે.

સંયુકત શીતળા એટલે જ્યારે ફોલ્લા એકમેક મળી જાયછે, ત્યારે તેમાં પ્રથમથી તાવનાં ચિન્હ પણ સખ્ત હોયછે, મોઢું અને આંખ સૂજી આવેછે, ગળાની અંદર તથા જીભ ઉપર ફોલ્લા પડી આવેછે. ખોરાક ઉતરવો મુશ્કેલ થઈ પડેછે. ખાંસી થાયછે, નાડી ક્ષીણ થઈ જાયછે અને નબળાઈ વધી પડેછે. ફોલ્લા ફૂટીને ઘણીજ વાસ મારેછે, ભ્રમ થાયછે, અને કોઈ કોઈ ભાગ ઉપર ફોલ્લા બરાબર ન ઉઠતાં સમાઈ જાયછે. ચેળ આવેછે, તે બચ્ચું ખર્ણીને ફોલ્લાનું લોહી લુહાણ કરી મેલેછે.

આગળ કહ્યું છે કે શીળીના દાણા ઉગવા માંડે એટલે પ્રથમ તાવ આવેલો હોય તે નરમ પડેછે. પાછો જ્યારે ફોલ્લામાં પરૂ થાયછે ત્યારે તાવ વધેછે,તેને **દ્વીતિય તાવ** કહેછે. આ દ્વિતીય તાવ છુટક શીતળામાં સહેજસાજ હોયછે, તથા સંયુકત શીતળામાં આ તાવ ઘણો સખ્ત હોયછે અને તેમાં ઘણાં બચ્ચાંનો ઘાત થાયછે. તેની સાથે રતવા થઈ આવે, ગાંઠ થઈ આવે, મોટાં ગડ થઇને પાકીને ફૂટે, શ્વાસ થાય, ઝાડો અથવા મરડો થાય, અને આંખ પાકી આવે અને આવા દરદોમાંથી બચ્ચું મરતું મરતું બચે તો ઘણીવાર જન્મસુધી આંધળું, બહેરૂં, અથવા લંગડું થઈ રહેછે.

ઉપાયઃ—એવો કોઈ ઈલાજ નથી કે શીતળા નીકળ્યા બાદ તેને મટાડે અગર કમી કરે. બનતાં સૂધી સારી સ્વચ્છ જગામાં, હવા જાય આવે તેવા ઓરડામાં દરદીને રાખવો તથા તેની પાસે તેની બરદાશ કરનાર લોક શિવાય કોઈએ જવું નહી. જો કે જેને શીળી નીકળી ગઈ હશે, તેને પોતાને તો એવા રોગી પાસે જવાથી કાંઈ ગેરફાયદો નથી પણ શીળીનો રોગ એવો છે કે જે માણસ તેની પાસે જાય તેને ચેપ વળગેછે, અને તેની મારફત બીજાને પણ એ રોગ જવાનું સાધન થઈ પડેછે.

જો જરૂર ન હોય તો કાંઈ ઉપાય કરવાની ગરજ નથી. સારો ખોરાક, દૂધ, ચોખા, રોટલી, સાકરની રાબ વગેરે આપવાં. પીવાને પાણી, સોડાવોટર, લીંબુનું શરબત, ચાહ આપવાં. તેમ દ્રાક્ષ નારંગી, અંજીર ઈત્યાદી મેવો આપવાને પણ અડચણ નથી. જો ઝાડો ઉતરે નહીતો હલકો જુલાબ આપવો અને જો આપોઆપ જુલાબ ઉતરેતો બંધ કરવાને યોગ્ય દવા આપવી. ઘણી અશક્તિ જણાયતો ખોરાકના સાથે પોર્ટવાઈન, કલારેટ,

શાંપેન વગેરે દારૂ આપવો. ફોલ્લાને ઘણી ચળ આવેતો તેને મલાઈ લગાડવી. અગર—

નંબર ૧ સોલ્યુશન ઑફ સબએસેટેટ ઑફ લેડ........૧ ભાગ

બદામનું તેલ................................૮ ,,

બંને દવાનું મિશ્રણ લગાડવું. અથવા "કારન આઇલ" એટલે ચૂનાનું નીતરેલું પાણી અને મીઠું તેલ સરખા ભાગ મેળવી લગાડવું. ફોલ્લા ફૂટવા અને કરમાવા માંડે ત્યારે ઘોબા ન પડે એવા હેતુથી તેના ઉપર સફેતો અગર ચોખાનો લોટ ભભરાવવો. તે માટે કોલોડ્યન લગાડવામાં આવેછે, તથા બીજી કેટલીક દવા વપરાયછે. દરદીના ઓરડામાંથી દુર્ગંધ દૂર કરવા સારૂ કલોરીન, આયોડીન, ક્લોરાઈડ ઑફ લેડ વગરેનો ઉપયોગ કરવો જોઇએ. ધૂપ, લોબાન કે અગરબતી સળગાવવી. શીતળા ઉતર્યા બાદ દરદીનાં કપડાં ધોવડાવી નાખવાં આપણાલોકો થંડા પદાર્થો બચ્ચાને ખાવા સારૂ આપેછે, તે બહુજ સારી વાતછે. શીતળા નીકળ્યાની દરમીયાન ગરમી અતિશય વેઠવી પડેછે તેથી તેનો બદલો વાળવા થંડક કરવાની ઘણીજ જરૂરછે. શીળીમાં મુત્રલ અને સ્વેદન ઔષધી તથા તેમાં જે જે ચિન્હ જણાય જેમકે ગડ, મરડો, જ્વરભ્રમ વીગેરે જે થાય તેને માટે તેનો યોગ્ય ઇલાજ કરવો.

ગૌશીતળા.

(વ્યાકસીનેશન.)

વિલાયતમાં એક ગાંધીની દુકાને ડાકતર જેનર નામનો ગ્રહસ્થ બેઠેલો હતો, તેવામાં એક બાઈ ત્યાં કાંઇ દવા લેવા સારૂ આવી. તે બાઈ જાતની ગોવાળણ હતી. કાંઈ વાતચીત ઉપરથી ડાકતરે તે બાઇને એવો પ્રશ્ન કર્યો કે તને શીળી નીકળીછે કે શું ? તે બાઇએ જવાપ દીધો કે મને શીળી નીકળી નથી, તથા નીકળવાની પણ નથી. તેનું કારણ પૂછતાં તે બાઈએ કહ્યું કે શીળી નીકળેલી એક ગાયનો મને ચેપ લાગવાથી મારે હાથે ફોલ્લા થયા હતા, તેથી હવે શીળી નીકળવાની નથી, અને આ પ્રમાણે ચેપ લાગીને હાથ પાકી આવ્યા પછી ઘણાને શીળી અમારા ગોવાળ લોકોમાં નીકળતી નથી. ગાયના આંચળની આસપાસ નાના શીળીના ફોલ્લાનો ચેપ દુધ કાઢતાં લાગેછે.

આ વાત ડાકતર જેનરને તાજુબી ભરેલી લાગી, અને તે વિષે તેણે ગોવાળ લોકોમાં વિશેષ તપાસ કરવાથી ખાતરી થઇ. આ ઉપરથી તેણે અનુમાન બાંધ્યું કે તેજ રીતે જો આ ગૌશીતળાનો ચેપ શસ્ત્રવતી બીજા આદમીને લગાડવામાં આવે, અને ફોલ્લા થાય તો પછી તો તેમને પણ શીળી નીકળવી નહી જોઇએ. આ અનુમાન ઉપર પક્કી અજમાયશ કરવાનો તેણે નિશ્ચય કર્યો, અને ત્યારથી તે કામના ઊદ્યોગમાં મંડ્યો. ગાયની શીળીનો ચેપ લેઇ ગરીબ માબાપોને પૈસાની લાલચ આપી તેમના છોકરાઓને ચેપ લગાડવાનું કામ શરૂ કરેચું. પૈસાની આશા વિના પોતાનાં છોકરાંને શસ્ત્ર લગાડવા કોણ આપે ? આ પ્રમાણે શ્રમ તથા ખર્ચ કરી દસબાર વરસમાં ડાકતરે હજારો બચ્ચાંને ચેપ લગાડ્યો અને તેમને તેટલી મુદતમાં સ્વભાવિક શીળી પણ આવી નહી. ત્યારે એ ડા-

ડાકતર જેનરે પોતાનો શોધ ઇ. સ. ૧૭૯૬ માં બહાર પાડ્યો. આ બીના ઉપર સરકારે ધ્યાન આપ્યું તથા ત્યાર પછી આજ સૂધી લાખો માણસનો આ ગૌશીતળાના ઉપાયથી શીળી જેવા ભયંકર અને દુઃખદાયક રોગમાંથી બચાવ થયો અને થાયછે. આજે વિલાયતની અંદર સખ્ત કાયદોછે કે બચ્ચું જનમ્યા પછી અમુક મુદતમાં ગૌશીતળા તેનાં માબાપ નહી કઢાવે તો તેમને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવેછે. આપણા હિંદુસ્તાનમાં આવો કાયદો નથી એ દલગીર થવા જેવુંછે. થોડાં વરસ ઉપર શીળીના મરજથી મુંબાઇમાં ઘણાં છોકરાંનો નાશ થયો હતો. તે ઉપરથી મુંબાઇની સરકારે ફકત મુંબઇ શહેરને માટે કાયદો પસાર કરી ફકત મુંબાઇમાં રહેનારા લોકોને પોતાના બચ્ચાંને ગૌશીતળા કઢાવવાની કાયદાસર ફરજ પાડીછે. પણ આ કાયદો આખા હિંદુસ્થાનને લાગુ કાં ન પાડવો જોઇએ?

જો કે કાયદો નથી તોપણ આખા હિંદુસ્થાનમાં ગૌશીતળાનું કામ ધમધોકાર ચાલેછે. સરકારની કૃપાથી ચોતરફ દર વરશે લાખો બચ્ચાંને આ પ્રમાણે શીતળા કાઢવામાં આવેછે. જ્યારે પહેલું આ કામ સરકારે શરૂ કર્યું ત્યારે લોકોના વહેમથી આ કામમાં મોટી અડચણ પડતી પણ સરકારની સખ્ત નજરથી તેમજ લોકોને હવે ખરા ફાયદાની ખબર પડી તેથી દિવસે દિવસે અડચણ દૂર થતી જાયછે. પહેલાં "વેક્સીનેટર" આવતો એટલે માબાપ બચ્ચાંને લઈ સંતાઈ રહેતાં, પણ હવે પોતાની ખુશીથી શીતળા કઢાવેછે. પણ હજુ કેટલાક લોક એવા પડ્યાછે, અને એવો જવાબ આપેછે કે અમારા ગોત્રમાં શીળી કઢાવવાનો ચાલ નથી! ગૌશીતળાથી થતા ફાયદા વિષે હવે કાંઈ બોલવા જરૂર રહેતી નથી કારણ કે તે હવે જગપ્રસિદ્ધ તથા સર્વ માન્યવાતછે.

ગૌશીતળા કાઢવાની રીતઃ—શીળી બે પ્રકારે કાઢવામાં આવેછે. એક બચ્ચાંનો ચેપ લઇને તથા બીજો વાછરડાનો ચેપ લઇને. મુંબાઇમાં પહેલાં વાછરડાના પેટ ઉપરના કેશ કાઢી નાંખી તેને ત્યાં પેટ ઉપર છૂટો છૂટો ચેપ લગાડવામાં આવેછે, સાતમે દિવસે તે દાણા ઉપડી આવેછે તેને દરેકને ચીપીઆવડે પકડી તેમાંથી "લાનસેટ" નામના શસ્ત્ર ઉપર ચેપ લઈ છોકરાંઓને શીળી કાઢવામાં આવેછે. વાછરડાનો ચેપ ક્વચિત્ ઉઠતો નથી. પણ જે છોકરાંને દાણા ઉઠેછે તેનો ચેપ વધારે તેજછે, અને તે ઉઠ્યા વગર રહેતો નથી. મુંબઈ શિવાય બહારના ગામોમાં આપણે આ રીતે છોકરાંના ચેપથી શીળી કાઢતાં જોઇએ છીએ.

શીળી હાથના બાવડા ઉપર કાઢવામાં આવેછે, કેમકે તે ભાગ શરીરના બીજા ભાગ કરતાં વધારે સગવડવાળોછે. દરેક બાવડા ઉપર ત્રણ ટોચા મારવામાં આવેછે. ટોચા એટલે છેદ મૂક્યા પછી ત્રીજે અથવા ચોથે દિવસ તે જગાએ બારીક ફણગલીથઈ આવેછે. પાંચમે દિવસે આ જરા મોટી થઈ ફોલ્લી જેવી થાયછે તથા તેનો ફરતો પ્રદેશ લાલ થઈ જાયછે. છઠે દિવસ વધીને સાતમે દિવસે તેનું મજાનું "મોતી" બંધાય છે.

આ વખતે તેની અંદર સ્વચ્છ પણ પાણીથી કિંચિત જાડો એવો રસ એટલે બી અથવા ચેપ હોયછે. તેના શિખરનો ભાગ જરા કાળો તથા બેઠેલો અને આજુબાજુ-

નો પ્રદેશ લાલ સૂજેલો હોયછે. તેનું કદ મગના દાણાથી તે વાલ જેવડું હોયછે.

આ મોતીની અંદરનો રસ બીજાં છોકરાંને શીળી કાઢવા સારૂ ઉપયોગી પડે છે. પહેલાંતો જે છોકરાના હાથ ઉપર મોતી બેઠાં હોય, તેને ધવડાવવા અથવા રમાડવામાં તેનું ચિત્ત રાખી યુક્તિથી તેનો હાથ સ્થિર કરી તે મોતીના શિખર ઉપરનો કરમાયલો કાળો ભાગ લાનસેટની અણીવતે કાઢી નાખવો. બાદ તેની ચામડીને લાનસેટથી ખસેડીને તેનું મોઢું જરા મોટું કરવું, અને થોડીવાર રહેવા દેવું, એટલે તેમાંથી રસનું ટીપું ઉપર આવશે. તે લાનસેટની અણી ઉપર લઈ જેને શીળી કાઢવી હોય તે બચ્ચાનો હાથ પકડી લાનસેટ ઉભું રાખી તેની ત્વચામાં અડધા ચોખા જેટલું દાખલ કરવું, અને જરા હલાવવું એટલે તેમાં રસ ઉતરશે તથા લોહીનો ટશીયો માત્ર ફુટશે. એજ રીતે દરેક હાથ ઉપર ત્રણ ટોચા કરવા. એક સારા મોતીમાંથી બેથી ત્રણ છોકરાને પૂરો પડે એટલો ચેપ નીકળશે. જો કોઈ દૂર ઠેકાણે આ ચેપ લઈ જવો હોયતો બે કાચની વચમાં તેને રાખવામાં આવે છે, અથવા બારીક કાચની નળીઓ થાય છે તેમાં ભરી રાખવામાં આવે છે, અથવા ગ્લીસરીન સાથે તે રસને મેળવી રાખવામાં આવેછે. શીયાળાની રૂતુમાં તે મોતીનો રસ આઠ અથવા નવદિવસ સુધી પણ કામ લાગેછે. પણ ઉનાળે તે જલદી પાકી જાયછે અને તે રસનું પરૂ થઇ જાયછે. આઠથી નવ દિવસે તેનું પરૂ થયું એટલે તે પીળો ફોલ્લા જેવો દેખાયછે, અને પછી દિવસે દિવસે તે કરમાઇને કાળો થઇ સુકાઇને પંદરથી વીશદિવસમાં ભીંગડું પડી જાયછે. તે ઠેકાણે ડાઘ થઇ રહેછે. એ રીતે શીળી નીકળતાં છઠો. સાતમો અને આઠમો એ ત્રણ દિવસ બચ્ચાંને તાવ આવેછે અને પછી ઉતરી જાયછે.

બચ્ચાંને શીળી કઢાવવાનો સારામાં સારો વખત બીજા મહિનાથી તે છઠા મહિના સુધી સમજવો. પણ જો ગામની અંદર શીતળા આવેલાં હોય તો બે મહિનાના બચ્ચાંને પણ શીળી કઢાવવી. છ મહિના પછી પણ શીળી કઢાવવાની હરકત નથી. નાનું બચ્ચું હોય તો તેને બે અગર એક ટોચો દરેક હાથ ઉપર દેવો.

એકવાર શીળી કઢાવીને તેના દાણા ન ઉઠેતો ફરી બીજી વખત કઢાવવી. એકવાર સા ા દાણા ઊઠ્યા પછી બીજી વખત પાંચથી સાત વરસને અંતરે ફરી શીળી કઢાવવી. આ બીજીવારની શીળી કોઇને નીકળેછે અને કોઇને નીકળતી નથી. હવે એકવાર આ ગૌ શીતલા બરાબર નીકળી તો પછી સ્વભાવિક શીળી નીકળતી નથી. વખતે કવચિત સેંકડે એકાદ બેને નીકળેછે.

કેટલાક લોકો કહેછે કે ગૌશીતળા કઢાવેલા માણસને પણ શીળી નીકળેછે. તેનું કારણ એમ છેકે એક વખત ગૌશીતળા કઢાવવા છતાં તેના દાણા ઉઠતા નથી. તે છતાં લોક એવા ભરોસા ઉપર જાયછે કે ગૌશીતળા કઢાવેલાંછે. આ મોટી ભુલ છે. કઢાવવા પછી દાણા નીકળે ત્યારે ખરી ગૌશીતળા કહેવાય, અને તે પણ વળી પાંચ સાત વરસને અંતરે બીજી વખત કઢાવી જોવી. આ પ્રમાણે થયા બાદ સ્વભાવિક શીળી નીકળવા ઘણીજ થોડી ધાસ્તી રહેછે. ગૌશીતળા નીકળ્યા પછી જો કોઇને સ્વભાવિક શીળી નીકળે તો તે ઘણીજ હલકી નીકળશે.

આપણા દેશમાં ગામડીઆ લોકોમાં એક એવી રીત છેકે બચ્ચાંઓને સ્વભાવિક શીળી નીકળે છે તેનો ચેપ રૂની અંદર લેછે, અને બીજા છોકરાને શીળી લાવવા સારૂ તે રૂને ધોઈ તે પાણી પાયછે, તથા હાથ ઉપર જખ્મ કરી તેના ઉપર તે રૂ બાંધેછે. તેથી કરીને આખા શરીર ઉપર શીળી નીકળેછે. આ શીળી કેટલેક દરજ્જે સ્વભાવિક શીળી જેવીજ હોય છે, અને તેને ગૌશીતળાની સાથે સરખાવતાં કાંઇ ફાયદો નથી.

ગૌશીતળા કાઢવામાં જે બચ્ચાંનો ચેપ લેવો હોય તે તંદુરસ્ત હોવું જોઇએ. કારણ જો તે રોગી હોય અથવા તેને વિસ્ફોટકનો રોગ હોય તો તેનો ચેપ લઈ બીજા સારા બચ્ચાને લગાડવો નહી, કેમકે તેમ કરવાથી તે રોગ સારા બચ્ચાને થવા સંભવ રહેછે.

ઓરી.

(મીઝલ્સ).

ઓરી અથવા ગોવરૂં પણ શીળીની માફક બચ્ચાંને જથાબંધ નીકળેછે. ઘણું કરી આ બેઉ રોગ ગરમ વસ્તુમાં ઊઠેછે. શીળીની માફક ઓરી પણ ચેપી રોગછે.

ચિન્હઃ—ઓરીની અંદર પ્રથમ સર્વ લક્ષણ તાવનાં જણાય છે. તેની સાથે સલેખ્મ હોયછે, નાકમાંથી અને આંખમાંથી પાણી વહેછે, કોઇવાર આંખનાં પોપચાં સૂજી આવેછે, છીંકો આવેછે, સૂકી ખાંસી આવેછે, અવાજ ઘોઘરો થઈ જાયછે, ગળું આવી જાયછે, શ્વાસ જલદ ચાલેછે, તાવ કડક આવેછે, મસ્તક દુઃખેછે, જુલાબ ઉતરે અને બફારો થાયછે. નાનાં બચ્ચાંઓને કોઇવાર આંચકી થઈ આવેછે.

તાવ આવ્યા પછી ચોથે દિવસે શરીર ઉપર ઓરી ફૂટી નીકળેછે. ઓરીના દાણા ઝીણા ગરમીના દિવસમાં અળાઈ નીકળેછે તેવા હોયછે. આવા દાણા પહેલાં કપાળ તથા મોઢા ઉપર નીકળેછે અને પછી આખા શરીર ઉપર નીચે ફેલાતા જાયછે. કેટલાક ભેગા થઈ અર્ધ ચંદ્રાકાર જેવાં ચાઠાં જણાયછે. આ દાણા દેખાયા પછી જેમ શીળીનો તાવ કમી પડી જાય છે તેમ ઓરીનો તાવ કમી થતો નથી. શીળીમાં જેમ દાણાના પ્રમાણમાં રોગનું જોર હોયછે તેમ ઓરીમાં હોતું નથી, એટલે ઓરીના દાણા થોડા છતાં દરદનું જોર ઘણું હોય અને ઘણા છતાં તેનું જોર કમી પણ હોય. ઓરી સાતમે દિવસે કરમાવા માંડેછે અને તેની સાથે તાવ કમી થાયછે તથા ઉપલી ત્વચાની ખોળ નીકળી જાયછે અને શરીરની ચેળ ઘણી છુટેછે.

ઓરીમાં વખતે એકાએક રોગ વધી પડેછે, નબળાઈ આવી જાયછે. ખાંસી, સળેખમ અને તાવ વધી જઈ બચ્ચું લેવાઈ જાયછે. ઓરીમાં સસણી અને ફેફસાનો વરમ પણ થઈ આવેછે, અને તેથી વારંવાર નુકસાન પહોચેછે. કોઇવાર ઓરીના દાણા પાછા સમાઈ જાય છે, કોઇવાર ઝાડો થઈ આવેછે. ઓરી ગયા પછી પણ કોઇને આંખમાં ફૂલાં રહી જાયછે, પણ કેટલાંક બચ્ચાંઓને વિશેષે કરી કાન વહેવાનું દરદ ઓરીમાંથી ઉત્પન્ન થાયછે, ઓરીમાં પણ કેટલાંક બચ્ચાં બગડેછે. પણ શીળી કરતાં ઓરીનું જોર કમીછે. કોઇવાર આદમીને પણ ઓરી નીકળેછે.

ઉપાયઃ—ઓરીના દરદમાં પણ તેનો અટકાવ થાય એવી કાંઈ દવા નથી. દરદીને ચંડીમાં અગર પવનમાં રહેવા દેવો નહિ. સારો ખોરાક આપવો. દસ્ત સાફ રહે તેવો ઈલાજ કરવો. કાળી દ્રાક્ષ અને ધાણા પાણીમાં પલાળી તે પાણી પીવા આપવું. ખાંસી ઘણી હોય તો રાત્રે ડોવર્સ પૌડર બચ્ચાંની વય પ્રમાણે આપવો.

નં. ૧. લાઈકર આમોનીએસેટસ............ ½ દ્રામ.
સ્પીરીટ ઓફ નાઈટ્રીક ઈથર ......૧૦ ટીપાં.
કપૂરનું પાણી .... ૨ દ્રામ.

ઉપરની દવા મિશ્ર કરી દર ત્રણ ચાર કલાકે સુમારે પાંચ વરસની વયના બચ્ચાંને તેટલી દવા આપતા રેહેવું.

બીજાં કાંઈ દરદ સસણી વગેરે જણાયતો તેનો ઇલાજ કરવો. ઓરી ઉતર્યા પછી પણ દરદીને ખુલ્લી હવામાં બહાર જલદી કાઢવો નહીં, કેમકે તેથી ખાંસી અને ઝાડાનું જોર કોઈ વખતે વધી જાયછે.

આપણામાં શીળી અને ઓરીને દેવતા માનેછે અને તેમાં કાંઇ દવા કરતા નથી. તે એક રીતે વાજબીછે, પણ જો તેમાં કાંઇ ઝાડો, ખાંસી, શ્વાસ, વગેરે થઇ આવે તો તેનો યોગ્ય ઇલાજ લેવો જોઇએ. જો ઝાડો થાય તો બે વરસનાં બચ્ચાંને નીચે લખેલી દવા આપવી.

નં. ૨. ડોવર્સપૌડર.....................૬ ગ્રેન.
બીઝમથ સબનાઇટ્રસ.........૧૨ ,,
કોમ્પાઉન્ડ કાટેકયુ પૌડર...... ૧૫ ,,

ઉપરની દવા મિશ્ર કરી છ પડીકાં કરવાં તથા એકેક ત્રણ કલાકે પાણીમાં આપવું.

તાવની સાથે ખાંસી તથા સળેખમ ઘણાં હોય અને તે બચ્ચાંને જંપવાદે નહીં તો ત્રણવરસના બચ્ચાંને—

નં. ૩. લાઇકર આમોની એસેટેટીસ......... ૧ દ્રામ.
એપીકાકયુઆના વાઇન............૧૦ ટીપાં.
ઓક્ષીમેલ સીલા ....૩૦ ,,
ટીંકચર ઓફ ક્યામ્ફર..............૧૫ ,,
પાણી............................ ૫ દ્રામ.

ઉપરની દવા મિશ્ર કરી તેમાંથી ⅙ દિવસમાં દર ત્રણકલાકે આપવી.

જો બચ્ચું અશક્ત હોય અને તેને શ્વાસ અને દમ થઈ આવેતો—

નં. ૪. કાર્બોનેટ ઓફ આમોન્યા......... ૩ ગ્રેન.
ટીંકચર ઓફ ક્યામફર.........૧૫ ટીપાં.
ટીંકચર ઓફ શીલા ....૧૦ ,,
ક્યામ્ફર વાટર.................. ૬ દ્રામ.

ઉપરની દવા મિશ્ર કરી ⅙ દર ચારકલાકે આપવી. છાતી ઉપર રાઇનું પ્લાસ્તર મારવું.

અછબડા.

(ચીકન પૉકસ)

અછબડા આ ઘણો હલકો મરજ છે. એક દિવસ સહજસાજ તાવ આવ્યા બાદ બીજે દીવસ છાતી, ખભા અને પીઠ ઉપર બારીક લાલ દાણા દેખાયછે. તે એક બે દિવસમાં મોટા થઈ તેની અંદર પાણી ભરાઇને મોતી જેવા થાયછે. આ દાણા છટા હોયછે તથા ઘણું કરી ચેહેરા ઉપર હોતા નથી. અછબડાને કોઈ શીળી માનવાની ભૂલ ખાયછે. અછબડામાં તાવ ઘણોજ થોડો હોયછે, દાણા ઘણા થોડા, તેમાં પરૂ થતું નથી તથા છ સાત દિવસે કરમાઇને તેનાં ભીંગડાં ઊખડી જાયછે ત્યારે તેના ખાડા પણ રેહેતા નથી. અછબડા બચ્ચાંને નીકળેછે અને કેટલીકવાર જથાબંધ નીકળેછે. કોઈવાર સખ્ત તાવ આવેછે અને કોઈવાર હલકો તાવ આવેછે અને અછબડા નીકળી જાયછે તે વિશે માબાપને ખબર પણ રેહેતી નથી. એકંદરે આ ઘણોજ હલકો મરજ છે તેથી તેમાં ઓસડ ઉપાયની જરૂર રેહેતી નથી.

રંગીલું.

(ડેંગ્યુ)

રંગીલાનો મરજ થોડાં વરસ ઉપર આપણા મૂલકમાં આવેલો છે તે પોતાના અનુભવથી ઘણાકના જાણ્યામાં હશે. તે પહેલાં આ રોગ આ દેશમાં કોઈના જાણવામાં પણ હતો નહીં. કોઈ કોઈ મૂલકમાં એ રોગ એકાએક ઊઠેછે અને તે લોકોને જથાબંધ થાયછે. શીળીની માફક આ રોગ સર્વ માણસને એકવાર થવોજ જોઇએ એમ નથી તોપણ જો તે એક વખત જે માણસને થાય તેને ફરી થતો નથી.

ચિન્હ:—આ રોગમાં પ્રથમ તાવ આવેછે અને પછી સાંધા પકડાઈ જાયછે. મોટા સાંધા તેમજ આંગળાંના નાના સાંધા પણ સૂજી આવે, અને એવાતો દુખેછે કે દરદી હાથ પગ હલાવી શકતો નથી. સંધિવાની માફક તેને ઊઠવું બેસવું પણ મુસ્કેલ થઈ પડે છે. ઊલટી થાયછે, અન્ન ઉપર બિલકુલ ઇચ્છા રેહેતી નથી. મસ્તક દુખેછે, અથવા કાનની નીચે અથવા બોચીમાં શૂળ આવેછે, આંખ દુખેછે, અંગ ગરમ હોયછે. તૃષા લાગેછે, ઝાડો કબજ હોયછે, કેટલીકવાર પેટમાં, છાતીમાં અને કમરમાં અતિશય દરદ થાયછે, પાંચમે અથવા છઠે દિવસે આખું શરીર લાલ હીંગળોક જેવું થઈ જાયછે. આ ઉપરથી રંગીલુ, લૂલીયું, વગેરે તરેહ તરેહનાં નામ આ રોગને આપવામાં આવ્યાં છે.

આ રોગ પાછો આસ્તે આસ્તે સારો થાયછે. ઘણું કરી તેને લીધે માણસ મરતુ નથી. સારા થવામાં કોઇને પંદર દિવસ લાગેછે, અને કોઇને મહીનો લાગેછે. શરીરની રેતાશ ગયા પછી ઘણું કરી ત્વચાની બોળ નીકળી જાયછે.

ઉપાય:—આ રોગને માટે ઓસડ ઉપાય કાંઈ ચાલતો નથી. પોતાની મેળેજ તે સારો થાયછે. ઘણું દરદ થાય અને ઊંઘ આવે નહીં તો એક ગ્રેન અફીણ સાંઝસવાર

લેવું. તેમજ ઝાડો બંધ હોય તો સીડલીઝ પાઉડર લેવો, તથા બીજાં કાંઇ સખ્ત ચિન્હ દેખાય તેને વાસ્તે યોગ્ય ઈલાજ કરવો. સાંધાને લીનીમેન્ટ બેલાડોના લગાડવું.

સન ૧૮૭૨ના ઉનાળામાં રંગીલાએ આપણી તરફ તેનો દેખાવ દીધો હતો. તે વખતે તેણે ઘણા ખરાને પોતાની દુઃખદાયક મુલાકાત આપી હતી, તે પહેલાં તે રોગ આપણા દેશમાં થતો જોવામાં આવતો નહતો, એટલુંજ નહીં પણ તેનું નામ પણ થોડાનેજ માલમ હતું.

સંધિવા.

(રૂમાટીઝમ.)

આ દરદમાં સાંધા અકડાઈ જાયછે તે ઉપરથી તેનું નામ સંધિવા પડ્યુંછે, તોપણ સાંધા સિવાય બીજા સ્નાયુ, રક્તાશય તથા બીજા કેટલાક ભાગ ઉપર પણ આ રોગની અસર માલૂમ પડેછે. સંધિવા **તીક્ષ્ણ** અને **દીર્ઘ** એવા બે પ્રકારનોછે.

તીક્ષ્ણ સંધિવાનાં ચિન્હઃ—પ્રથમ એકાદ બે દિવસ તાવ આવેછે અને પછી તેની સાથે તાવ વધી પડેછે, શરીર ઉપર પરસેવો વળેછે, નાડી જોરથી જલદ ચાલેછે, જીભ ઉપર સફેદ છારી વળેછે, અને માથું પણ દુખેછે, તરસ લાગેછે, ઝાડો કબજ રહેછે, તથા પેશાબ થોડો અને લાલ રંગનો ઉતરેછે. પહેલું દરદ એકાદ મોટા સાંધામાં થાયછે, જેવાં કે ઘૂંટણ, કોણી, ખભો, ઇત્યાદિ, અને પછી બીજા સાંધાની અવસ્થા તેજ મીસાલે થાયછે. આ વખતે દરદીની સ્થિતિ ઘણીજ દુઃખદાયક થઇ પડેછે. હાથપગના સાંધા સૂજી આવેછે અને તેમાં એટલું તો દુઃખ થાયછે કે તેના ઉપર કપડું પણ સહન થઇ શકતું નથી. દરદી બિચારો હાથ પગ હલાવી શકતો નથી, અને લાકડાની માફક અકડાઇને પડ્યો રહેછે. પરસેવો એટલાતો વળેછે કે તેથી બિછાનું ભીંજાઈ જાયછે. પરસેવો આમ્લ હોયછે. તાવની ગરમી ૧૦૧ થી ૧૦૫ ડીગ્રી સૂધી થઇ જાયછે.

આ દરદની એક એવી ખાસીયતછે કે એક સાંધામાંથી દરદ કમી થઇ બીજા સાંધામાં જાયછે. વળી ત્રીજામાં અને વખતે ફરીને પહેલા સાંધામાં પાછું દરદ થાયછે. આ પ્રમાણે વાયુ ફરેછે તેમાં કોઈ કોઈ વાર તે રક્તાશય અને તેના પડમાં જાયછે, ત્યારે રોગી ભારે જોખમમાં આવી પડેછે. તેટલા માટે તીક્ષ્ણ સંધિવાયુના રોગીનું રક્તાશય કેમ ચાલેછે તેનો હમેશાં તપાસ રાખવો. રક્તાશય ઉપર આ વાયુનો અમલ થાયછે ત્યારે તેનાં પડ સૂજી આવેછે, અને તેના પડદા સૂજીને જાડા થઇ જાયછે. તેમના ઉપર લીંફ નામના પદાર્થની ઉત્પત્તિ થાયછે. રક્તાશય ધમણની માફક ઘણા જોરથી તથા જલદ ચાલેછે. તેના ધ્વનિમાં ફેરફાર થઇ જાયછે. નાડી અનિયમિત ચાલેછે, છાતી દુઃખેછે તથા ઉછળેછે. દરદીનો ચહેરો ઘણો દુઃખદર્શક થઇ પડેછે. રક્તાશયનું દરદ થયા પછી રોગી બચે, તોપણ તેની પછીની જીંદગી રોગિષ્ટ થઇ પડેછે. સંધિવામાંથી ફેફસા તથા મગજનો વ્યાધિ પણ થઈ આવેછે.

સંધિવામાં ઘણું કરી રક્તાશયના સંયુક્ત દરદથી મૃત્યુ થાયછે. આ દરદને લીધે સં-

ધિવા ભયંકર થઈ પડેછે. સાધારણ સંધિવા બેથી ચાર અઠવાડીયાંમાં મટેછે. તીક્ષ્ણ સંધિવા ઘણું કરીને તરૂણ આદમીને થાયછે. બચ્ચાને તેમજ બુઢ્ઢાને ક્વચિત થાયછે.

કારણઃ—થંડી તથા સરદીમાંથી સંધિવા થાયછે. કોઈને માબાપ તરફથી વારસામાં આ રોગ મળેછે. પણ સંધિવાનું મૂળ કારણ રક્તવિકારછે. લોહીમાં કાંઈ બિગાડ થવાથી "લાકટિક આસિડ" નો વધારો થાયછે, તેથી સંધિવા પેદા થાયછે. આ આસિડને લીધે લોહી તથા તેમાંથી પેદા થતા રસ આસિડ હોયછે. ખટાસ ખાવાથી પણ સાંધા પકડાયછે. ઉપદંશને લીધે સંધિવા થાયછે.

ઈલાજઃ—સંધિવાના ઘણાક રોગી ઔષધ સિવાય પોતાની મેળે સારા થાયછે, તેથી કેટલાકનો એવો વિચાર હતો કે આ રોગમાં દવાની કાંઇજ જરૂર નથી. આવા વિચારના આદમી આ જમાનામાં પણ થોડા મળી આવશે. આ રોગમાં સાંધાનું દરદ કમી કરવું, તાવ હલકો પાડવો, તથા લોહી સુધારવું એ મુખ્ય વાતછે. દસ્ત સાફ ઉતરવા સારૂ એક જુલાબ આપવો તથા દરરોજ દસ્ત સાફ ઉતરે એવી દવા ચાલુ રાંખવી, બાદ નીચેની દવા ચાલુ કરવી. આ દરદની અંદર પરસેવો ઘણોજ વળેછે, અને તે ખાટો તથા દુર્ગંધ મારેછે; તેનાથી કપડાં ભીંજાય તે દૂર રાખવાં. જો પરસેવો ન વળે તો બાફ આપીને કાઢવો.

નં. ૧. બાઈ કાર્બોનેટ ઓફ પોટાસ ....૩૦ ગ્રેન.
પાણી.. ૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરીને દિવસમાં ત્રણ ચાર વખત પાવી.

સાંજ સવાર પાંચથી દસ ગ્રેન ડોવર્સ પાઉડરના આપવા. ખોરાક સાદો તથા હલકો આપવો. સાકર, ખાટા પદાર્થ, તથા દારૂથી પરહેજ રહેવું. તરસ લાગે તેને સારૂ સોડા અગર પોટાસ વાટર વાપરવું. અથવા—

નં. ૨. કલોરેટ ઓફ પોટાસ ..	...૧ ડ્રામ.	આ દવા મિશ્ર કરી દિવસમાં તરસ લાગે એટલે પીધા કરવી. અથવા—
બાઇ કાર્બોનેટ ઓફ પોટાસ. ૧	,,	
પાણી.............	૧ થી ૨ પાઇંટ.	

નં.૩. નાઇટ્રેટ ઓફ પોટાસ (સુરોખાર) તોલા બે એક પાઇંટ પાણીમાં નાંખી તરસ લાગે તે વારે પીવું.

દરદીના અંગ ઉપર ગરમ કપડાં રાખવાં, અને પવન તથા થંડીથી તેને દુર રાખવો. દુખતા સાંધાને બેલાડોના અગર ઓપિયમ લિનિમેન્ટ લગાડી રૂમાં વીંટી લેવા, અગર ગરમ પાણીમાં અફીણ અને સોડા નાંખી તે વતે શેકવા, અગર તેમાં સાંધાને ઝબોળી રાખવા. દરદ કમી પડી જાય ત્યારે નાનું બ્લિસ્ટર લગાડવું. અથવા "આયોડીન" લગાડવું. કેટલાકનો એવો મત છે કે ઘણું દરદ તથા સોજો હોય ત્યારે પણ બ્લિસ્ટર સાંધા ઉપર મારવાં. ઉપરની દવાથી ફાયદો ન થાય તો નીચેની દવા આપવી.

નં. ૪. બાઇ કાર્બોનેટ ઓફ પોટાસ...	૧ ડ્રામ.	આ દવા મિશ્ર કરી દિવસમાં ⅓ ભાગ ત્રણ વખત પીવો.
આયોડાઈડ ઓફ પોટાશ્યમ...	૩૦ ગ્રેન.	
વાઇન ઓફ કાલચીકમ ...	૩૦ ટીપાં.	
પાણી	૩ ઔંસ	

આ રોગની દરમીયાન જો રક્તાશયનું દરદ ઉઠે તો ઉપરની દવાઓ ચાલુ રાખી, તે સિવાય છાતી ઉપર ગરમ પોટીસ અથવા રાઈનાં પ્લાસ્તર મારવાં. નબળાઇ જણાય તો નીચેની દવા શરૂ કરવી.

નં. ૫. કોઈનન	૧૦ ગ્રેન.	આ દવા મિશ્ર કરી $\frac{૧}{૩}$ દર ત્રણ કલાકે આપવી.
આમોનાયેટેડ ટિંક્ચર ઑફ ગ્વાયેકમ ...	૨ દ્રામ.	
પાણી...	૩ ઑાંસ.	

નં. ૬. ગંધકનાં ફૂલ... ...	૨ દ્રામ.	આ દવાનાં ચાર પડીકાં કરી દિવસમાં ત્રણ ત્રણ કલાકે એકેક લેવું.
ડોવર્સ પાઉડર... ...	૧૫ ગ્રેન.	
સુરોખાર	૧ દ્રામ.	

નં. ૭. કાર્બોનેટ ઑફ આમોન્યા...	૧૫ ગ્રેન.	આ દવા મિશ્ર કરી દોઢ ઑાંસ ત્રણ વખત દિવસમાં આપવી.
ડીકોકશન ઑફ સિંકોના...	૬$\frac{૧}{૨}$ ઑાંસ.	
કોમ્પાઉન્ડ ટિંક્ચર ઑફ સિંકોના.	૧$\frac{૧}{૨}$ દ્રામ.	

આ દવાઓ સિવાય એક બે નવી દવા હાલમાં વાપરવામાં આવેછે તેમાંની એકને "સાલીસીન" તથા બીજીને "સાલીસીલીક આસિડ" કહેછે. એ બેઉ એકજ ઝાડની પેદાશછે. તે બેમાંની હરકોઇને ઉપયોગમાં લેવી. આ દવાઓ તીક્ષ્ણ સંધિવામાં લાગુ પડેછે તેવી જુના સંધિવાને લાગુ પડતી નથી. સાલીસીક આસિડને બદલે સાલીસીલેટ ઑફ સોડા વપરાયછે, તે પાણીમાં સહેલાઇથી ઓગળે છે. સાલીસીલેટ ઑફ સોડાથી કોઇ વાર ફેર, ચક્કર અને ઉલટી થાયછે અને રક્તાશયને મંદ કરેછે. સંધિવા મટાડવામાં તે વધારે અસરકારક છે, તથાપિ આ કારણસર સાલીસીન વાપરવું વધારે સુલભછે. સંધિવા માટે આ દવાઓ સારામાં સારી છે.

નં. ૮. સાલીસીન અથવા સાલીસીલીક આસિડ............૧૦ ગ્રેન.
પાણી ... ... ૧ ઑાંસ.

તેને મીશ્ર કરી દર બે કલાકે પીવા આપવું. જ્યાંસુધી તાવ કમી થાય તથા સાંધાનું દરદ ઓછું થાય ત્યાંસુધી આપતા રહેવું, અને જેમ કમી પડે તેમ દવા આપવાનો અંતર વધારવો, એટલે બે કલાકને બદલે ત્રણથી ચાર કલાકનો અંતર રાખવો. આ દવાઓનો ગુણ કોઈનની માફક તાવ મટાડવાનો છે તેથી આ સંધિવાના તાવ સિવાય બીજા સાદા તાવમાં પણ એ ઉપયોગી થઇ પડેછે

જૂનો સંધિવા.
(ક્રોનિક રૂમાટીઝમ).

કેટલીકવાર તીક્ષ્ણ સંધિવા થઈ ગયા પછી ઘણા કાળસુધી સાંધા અગર શરીરના બીજા ભાગમાં દરદ થયાં કરેછે, તેને જૂનો સંધિવા કહેછે. જૂનો સંધિવા આપોઆપ પહેલાં તીક્ષ્ણ થયાવિના પણ થાયછે. પ્રમેહ એટલે પરમીયો થયા પછી પણ સાંધા અગર બીજા ભાગમાં કોઈવાર દરદ ઉત્પન્ન થાયછે, તેને ઓળખી પરમીયાના સંબંધમાં

તેની તુલના થવી જોઇએ. વળી ઉપદંશ એટલે ચાંદી થયા બાદ પણ કેટલાકના સાંધા પકડાય છે તેના ઉપર ઉપદંશના ઉપચાર કરવા જોઇએ. આ સંધિવા સાથે તેને ગણવાથી મોટી ચૂક થશે.

જૂના સંધિવામાં તાવ વિના કોઈ મોટા સાંધામાં જેમ કે ઘૂંટણ, ખભા, કાંડુ, ઇત્યાદિ સાંધામાં દરદ થાયછે. કોઈવાર કમરમાં, કોઇવાર પીઠ ઉપર અગર ગરદનમાં દરદ થાય છે, તથા સ્નાયુ એવાતો અકડાઈ જાયછે કે હાથ પગમાં દરદ હોય તો તે અવયવ કામે લગાડવા મુશ્કેલ થઈ પડે છે, હાલવું કઠણ થઈ પડેછે અને હાથવતી કામ થતું નથી. કમરમાં દુખતું હોય તો વાંકું પણ વળી શકાતું નથી. ગરદન દુખતી હોય તો ડોક સજડ થઈ જાયછે અને માથું ફેરવવું અગર ઊંચું જોવું એપણ બની શકતું નથી. એ પ્રમાણે ઠેકાણે ઠેકાણે દરદ થાય છે. એ થંડીના અને શરદીના દિવસમાં વધારે જોર કરેછે તેથી વખતે રાત્રે પૂરી ઊંઘ પણ આવતી નથી. પવનને લીધે ડોક અગર વાંસો રહી જાયછે તેને આપણે વા ભરાયો એમ કહીએછીએ. આ વ્યાધિ ઘણીવાર મટેછે અને ફરી થાય છે, અને દરદી બિચારો લાંબા વખત સૂધી વેદના ભોગવે છે. બુઢ્ઢા માણસને આવો સંધિવા વિશેષ થાયછે. ઘણો થાક લાગવાથી અગર શ્રમ કરવાથી શરીર ઝલાઈ જાયછે, તોપણ જાણે આવા વાયુથી સ્નાયુ અકડાઈ ગયા હોય એમ લાગેછે, પણ તેને આ રોગની સાથે ગણવું નહિ.

કમર અગર વાંસામાં દરદ ઘણાં કારણોને લીધે થાય છે. વા ભરાવાથી તે દુખેછે તથા અકડાઈ જાયછે. તેમજ તાવમાં અને પેટની અંદર ગર્ભાશય, મૂત્રાશય, ઈત્યાદિના વ્યાધિને લીધે આ દરદ ઉત્પન્ન થાયછે. તેનો ઇલાજ મૂળકારણને અનુસરીને કરવો.

ચિકિત્સાઃ—ઇલાજ કરવામાં શરીર ઉપર પૂરતું લક્ષ આપવું જોઇએ. દસ્ત સાફ ઉતરે એવા ઇલાજ કરવા તથા અન્ન પાચન થાય એવી યોજના કરવી. પેશાબ ઘણો આસિડ હોય તો સોડા અગર પોટાસ આપવો. મુખ્ય ઉપાય આયોડાઇડ ઓફ પોટાશ્યમછે.

નં. ૧. આયોડાઇડ ઓફ પોટાશ્યમ............૧૫ ગ્રેન.
ટિંકચર ઓફ હાયોસાઇમ ... .૧½ ડ્રામ.
કરીયાતાનું પાણી .... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણવાર પાવી. ટિંકચર હાયોસાયમ વિના ફક્ત કરીયાતુને આયોડાઈડ ઓફ પોટાશ્યમ આપશે તો પણ ચાલે. અથવા—

નં. ૨. આયોડાઇડ ઓફ પોટાશ્યમ...............૧૨ ગ્રેન.
કોમ્પાઉન્ડ ડીકોકશન ઓફ સારસાપરીલા...૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ૧½ ઔંસ ત્રણ વખત આપવી. દરદી નબળો હોય તો શક્તિ લાવવા સારૂ—

નં. ૩. કાડલીવર આઇલ .... ૬ ડ્રામ.
આયોડાઈડ ઓફ પોટાશ્યમ... ૧૨ ગ્રેન.
ટિંકચર કાલંબા............... ૧½ ડ્રામ.
કડુની ચાહા . ... ૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ⅛ ભાગ દિવસમાં ત્રણ વખત આપવો. કેટલાક દિવસ સૂધી આ દવાઓ આપવી. તેથી ફાયદો ન થાય તો પછી નીચેની દવા આપવી.

નં. ૪. આમોનાયેટેડ ટિંકચર ઓફ ગ્વાએકમ ...... ૨ ડ્રામ.
બાઈકાર્બોનેટ ઓફ પોટાસ............. ...૨૦ ગ્રેન.
કપૂરનું પાણી .... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ⅛ ભાગ દિવસમાં ત્રણવાર આપવો. આ દવામાં જરૂર જણાય તો દસ્ત લાવવા સારૂ એપસમ સોલ્ટ નાંખવું.

આ ઓસડો સિવાય કાલચીકમ, ગંધક, રસકપૂર, સોમલ, નવસાગર, લોહ, વછનાગ વગેરે દવાઓ પણ વાપરવામાં આવેછે. આ દરદ જલદી મટતું નથી, તેમજ સર્વને એકજ ઉપાય લાગુ પડતો નથી. માટે યોગ્ય રીતે ઓસડમાં ફેરફાર કરવો પડેછે. દુખતું હોય તે જગાએ શેક કરવો.

ગરમ કપડાં તથા મોજાં પહેરવાં, અને પવનના ઝપાટાથી તથા શરદીથી દૂર રહેવું. હવા તથા પાણી બદલવાથી પણ ઘણી વાર ફાયદો થાયછે. જે ઠેકાણે દરદ થતું હોય ત્યાં ચોપડવા તથા લગાડવાના ઘણા ઉપાયછે. થોડા ભાગમાં દુખતું હોય તો "કાંથારીડીસ પ્લાસ્તર" મારવાથી તરત ફાયદો થશે. આ સિવાય ઘણોજ સાધારણ ઉપાય " આયોડીન પેન્ટ" છે, એટલે આયોડીનની લિનિમેન્ટ અગર ટિંકચર દુખતા ભાગ ઉપર પીછાવતી લગાડવી. તે સિવાય નીચેની લિનિમેન્ટ એટલે તેલ ચોપડવાથી પણ ફાયદો થશે.

લિનિમેન્ટ ઓફ એકોનાઇટ (વછનાગનું તેલ.)
,, ,, આમોન્યા.
,, ,, બેલાડોના.
,, ,, કામ્ફર (કપૂરનું તેલ.)
,, ,, કલોરોફોર્મ.
,, ,, ઓપિયમ. (અફીણનું તેલ.)
,, ,, આયોડાઇડ ઓફ પોટાસ્યમ એન્ડ સોપ.
,, ,, સોપ (સાબુનું તેલ.)
,, ,, ટર્પેનટાઇન.
,, ,, ટર્પેનટાઇન એન્ડ એસેટિક આસિડ.
,, કામ્ફર કોમ્પાઉંડ.
,, ઓફ મસ્ટર્ડ (રાઇનું તેલ.)

ઉપર આપેલાં તેલ જુદાં જુદાં લગાડાય છે તેમજ જરૂર હોય તે પ્રમાણે એક બીજાનું મિશ્રણ કરીને પણ વપરાયછે. દુખતા ભાગ ઉપર સારીપેઠે તેલ લગાડવું. થોડા દિવસમાં એક તેલથી ફાયદો ન થાય તો બીજું લગાડવું. કોઈ સ્નાયુ દુખતો હોય તો તેના ઉપર ગંધકની ભુકી લગાડી ઉપર પાટો બાંધી લેવો. ઘણું દરદ થતું હોય તો દુખને ઠેકાણે ચામડીમાં "મોરફિયા" અગર "આટ્રોપીન"ની પીચકારી મારવી. ઊંઘ આવ-

વામાં હરકત થતી હોય તો ડોવર્સ પાઊડર, અફીણ, અગર કલોરલ હાઇડ્રેટ આપવું. કમર પકડાઈ હોય તો બેલાડોના, અફીણ, કાલીબ્રોમાઈડ અગર ગરમ પ્લાસ્તર મારવાથી ફાયદો થશે. કેરોસીનનું તેલ તેમજ રોસાનું તેલ ચોપડવાથી સાંધાનું દરદ ઓછું થાયછે. સૂકાં મરચાં પાણીમાં પલાળી તે પાણી ગાળી લઈને તેમાં કપડું પલાળી દુખતા ભાગ ઊપર મૂકવું. બહુ બળતરા થાયતો કપડું કાઢી નાંખવું.

આ સિવાય તીક્ષ્ણ અને જુના સંધિવા ઉપર દેશી દવા વપરાય છે તેમાંની થોડી નીચે આપી છે.

દેશી વૈદક શાસ્ત્રમાં "વાત" એટલે વાયુ આ નામની સંજ્ઞા નીચે ઘણા રોગનું વર્ણન કર્યુંછે. તેમાં આ સંધિવા પણ આવી જાયછે. ઈંગ્રેજીમાં મગજ અને જ્ઞાન તથા ચાલક તંતુના રોગ જુદાજ ગણાયછે. તેમનો પણ આ રોગમાંજ સમાવેશ કર્યોછે, જેમકે લકવો તેને **પક્ષાઘાત**, પક્ષવધ, અગર એકાંગ વાયુ કહે છે. શરીરનું હેઠળનું અડધું અંગ જુઠું પડી જાયછે તેને **ઉરૂસ્તંભ** કહેછે. મોઢું વાંકું થઇ જાય છે તેને **અર્દિતવાયુ** એટલે અડદીયો વા કહેછે; આંચકી એટલે **આક્ષેપક** તથા **ચમક** એટલે ધનુર્સ્તંભ, તેમનેપણ આ વાયુની અંદરજ ગણવામાં આવે છે. ખરા સંધિવાયુને આમવાત કહેછે. ડોક રહી જાયછે તથા વાંકી રહીને મસ્તક સ્થિર થઈ જાયછે તેને **મન્યાસ્તંભ** કહેછે. પડખાની સ્નાયુ દુખે તેને **પાર્શ્વશૂળ** કહેછે. કમરમાં દરદ થાય તેને **કટીશૂળ** કહેછે.

તીક્ષ્ણ આમવાત ઉપર મુખ્ય રાસ્ના તથા ગુગળ આપવામાં આવે છે. જુના સંધિવા ઉપર મેથી તથા લસણ ખાવાનો લોકોમાં ચાલછે.

નં. ૫. **વ્યોષાદિ ચુરણઃ**—સુંઠ, મરી, પીપર, હરડાં, બેડાં, આંમળાં, એલચી, મોથ, વાવડીંગ, તમાલપત્ર, એ દસ ઓસડો એક એક તોલો તથા લવીંગ દસ તોલા તથા નસોતર ૨૦ તોલા એ સર્વે દવાઓનું બારીક ચુરણ કરી વજન પ્રમાણે એકત્ર કરવું. તેમાંથી સાંઝ સવાર અડધોતોલો સાકર મિશ્ર કરી લેવું. તેનાથી દસ્ત સાફ ઉતરશે તથા સાંધા છૂટી જશે અને સોજો ઉતરી જશે. આ ચુરણ ફાકવામાં અડચણ હોયતો તેને પાણીમાં પલાળી અગર ઉકાળી તે પાણી પીવું. થોડા દિવસ આ દવા પીધાથી ફાયદો નથાયતો રાસ્નાદિ ચૂર્ણ અગર ક્વાથ આપવો.

નં. ૬. **રાસ્નાષ્ટકઃ**—રાસ્ના, ગળો, ગરમાળાનોગોળ, દેવદાર, ગોખરૂ, પોખરમૂળ, સાટોડી, (પુનર્નવા) અને સુંઠ એ સર્વે સમભાગે લેઈ ચાર તોલાનો કાઢો કરવો, અને સવારસાંઝ પીવો. અથવા—

નં. ૭. **રાસ્નાદ્વાદસઃ**—રાસ્ના, વજ, નાગરમોથ, દેવદાર, પોખરમૂળ, હરડાં, ધમાસો, સૂંઠ, ગળો, અરડુસો, સતાવરી, અને અતિવિષના સમભાગમાંથી ચારતોલા લેઈ તેનો ક્વાથ સાંઝ સવાર પીવો.

નં. ૮. **મહારાસ્નાદિક્વાથઃ**—ધમાસો, ખપાટ, એરંડમૂળ, દેવદાર, કચોરા, વજ, અરડુસો, સુંઠ, હરડાં, ચવક, નાગરમોથ, સાટોડી, ગળો, વરીયાળી, ગોખરૂ, ઘોડાઆસોદ, અતિવિષનીકળી, ગરમાળાનોગોળ, શતાવરી, પીપર, ધાણા, ભોંયરીંગણી, અને મોટી

રીંગણી, આ સર્વે એકેક ભાગ તથા રાસ્ના બેથી ત્રણ ભાગ લેઈ, તેમાંથી દરરોજ ચાર તોલાનો ક્વાથ કરી સાંઝસવાર પીવો, અને પીતી વખત તેમાં જરા સૂંઠની ભૂકી અથવા યોગરાજગૂગળ મેળવીને પીવો.

નં. ૯. રાસ્ના લીંબડાની ગળોનું સત્વ, પોખ્ખરમૂળ, સૂંઠ, અને સાટોડી એકેક ભાગ અને તે સર્વની બરાબર ગુગળ લઈ તેની બોર જેવડી ગોળી કરી દરરોજ એકેક લેવી.

કમર તથા વાંસામાં દુખાવો થાયછે ત્યારે લસણ ખાવાની રીતછે. ઘણું કરી લોકો લસણ શિયાળાના દિવસમાં ખાયછે. ઘણાકતો ફકત બાજરીના રોટલા તથા તેલની સાથે લસણ કેટલાક દિવસ ખાયછે. તે શિવાય કેટલીક રીત નીચે આપીછે.

નં. ૧૦. **લસણ પાક**:—લસણની કળી ૬૪ તોલા લઈ તેથી ચારગણું દૂધ લેવું. લસણની ગંધ કમી થવા તેને એક રાત દહીમાં પલાળી સવારે તેમાંથી કાઢીને વાટવું અને પછી દૂધમાં ખૂબ ઉકાળવું. સારી પેઠે દૂધ બળી જાય ત્યારે સોળ તોલા ઘી તથા રાસ્ના, સતાવરી, અરડુસો, કચોરા, સૂંઠ, દેવદાર, ચિત્રક, અજમો, સુવા, હરડાં, બેહેડાં, આંમળાં અને વાવડીંગ એ પ્રત્યેક દવાનો એકેક તોલો ચુર્ણ નાંખી તેને ઠરવા દેવું. પછી તેમાં સોળ તોલા મધ અને તેટલી સાકર નાંખી આ પાક તૈયાર કરવો. બાદ તે રોજ સવારમાં વય અને શક્તિ પ્રમાણે લેવો. અથવા—

નં. ૧૧. લસણની કળી (છાશમાં એક રાત રાખી સવારે તેને સાફ કરી) ને વાટવી અને પછી તેમાં સંચળ, અજમો, શેકેલી હીંગ, સીંધાલુણ, સૂંઠ, મરી, પીપર, અને જીરૂં એ સર્વનું સમભાગ ચુર્ણ લસણથી પાંચમો ભાગ લઈ તેમાં મિશ્ર કરવું અને દરરોજ પોખ્ખરમૂળના કાઢા સાથે તેમાંથી એકેક તોલો ખાતા જવું. લસણ ઘણું કરી જુના વાયુને અને તેમાં પણ સ્નાયુગત વાયુને વિશેષ લાગુ પડેછે. પાથી અડધો તોલો લસણની કળી ઘી સાથે થોડા દિવસ સેવન કરવાથી આમવાતને કમી કરે છે.

નં. ૧૨. **એરંડ પાકઃ**—૬૪ તોલા એરંડીનાં બીજ લઈ, તેથી આઠ ગણું દૂધ લઇ તેમાં ઉકાળવાં, અરધુક ઉકળી રહ્યા પછી તેમાં ૩૨ તોલા ઘી તથા ૧૨૮ તોલા સાકર અને ત્રીકટું, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, પીપળીમૂળ, ચવક, ચિત્રક, વરીયાળી, સુવા, કચોરા, જીરૂં. શાહજીરૂં, ખપાટ, વાવડીંગ, પોખ્ખરમૂળ, પહાડમૂળ, ગોખ્ખરૂ, ત્રિફળા, અને સતાવરી આ પ્રત્યેકનો એકેક તોલો ચુર્ણ મેળવી સારી પેઠે કઢાઇને પાક થાય એટલે ઉતારી લેવો. આ પાક કટિગ્રાહ, ગુલ્મ, શૂળ, સોજા, આમવાત, ઈત્યાદિ ઉપર સારી અસર કરેછે.

નં. ૧૩. **પંચસમચુર્ણ** (સૂંઠ, હરડાં, લીંડી પીપર, નસોતર અને પાદેલોણ.) અગર **પંચકોળ** (સૂંઠ, મરી, પીંપર, ચવક, ચિત્રક,)નું ચુર્ણ થોડારોજ સેવન કરવાથી વાયુનું હરણ કરેછે.

નં. ૧૪. હરડે, સૂંઠ, અને દેવદાર એ સમ ભાગ, તથા ચોખ્ખો ગૂગળ સર્વથી બમણો લઈ તેમને સર્વને એરંડીયામાં ઘૂંટી મિશ્ર કરવાં અને પછી નાના બોર જેવડી ગોળી કરી સાંઝ સવાર એકેક લેવી.

નં. ૧૫. **યોગરાજગૂગળ:**—સૂંઠ,પીપરીમૂળ, ચવક, ચિત્રક, મરી, હીંગ, સરસવ, જીરૂં, શાહજીરૂં, ઇંદ્રજવ, પહાડમૂળ, વાવડીંગ, કડુ, અતિવિષ, વજ, મરવો, તમાલપત્ર, દેવદાર, રાસ્ના, નાગરમોથ, સૈંધવ, એળચી, ગોખરૂ, હરડાં, બેડાં, આમળાં, ધાણા, તજ, વાળો, અને જવખાર આ પ્રત્યેકની સમભાગ ભૂકી લઈ તે સર્વ જેટલો શુદ્ધ ગૂગળ લઈ ઘીની અંદર મિશ્ર કરવાં. તેમાંથી દરરોજ અર્ધો તોલો રાસ્નાના કાઢા સાથે ખાવો.

નં. ૧૬. **પથ્યાગૂગળ:**—હરડાં, બેહેડાં ને આમળાં એકેક શેર તેમાં ડોઢશેર ગૂગળ મેળવી આઠશેર પાણીમાં રાત્રે ભીંજવી સવારે ઉકાળવું. અરધો અરધ પાણી બળી જાય એટલે ગાળી લઈ તેને ફરીથી કઢવા મૂકવુ. સારીપેઠે ઘાડું થાય એટલે તેમાં નેપાળાનાં મૂળ, ત્રિફળા, ગળો, લીંડીપીપર, નસોતર, સૂંઠ અને મરી આ પ્રત્યેકની બે તોલા ભૂકી નાખવી. આ દરરોજ એકથી અડધો તોલો ખાવો. આમવાત તથા બીજાં કારણોથી શરીર રહી જાયછે તેને વિષે આ ગૂગળને ઉત્તમ પ્રકારનો માનવામાં આવ્યો છે.

નં. ૧૭. ચોખો ગંધક ¼ તોલો સાંઝ સવાર દૂધ અગર મધ સાથે થોડા રોજ ખાવો. તીક્ષ્ણ સંધિવામાં જ્યારે અતિ વેદના થાય ત્યારે શેક કરવો અગર સાંધાને ફકત રૂમાં વીંટી રાખવા પણ જૂના સંધિવામાં તથા કમરના દરદમાં આગળ જે ઇંગ્રેજી તેલ કહ્યાં છે તે લગાડી ઉપરથી ગરમ પાણીનો શેક કરવો. બીજાં દેશી ઓસડોના ઘણાક લેપ કરવામાં આવેછે તેમાંના કેટલાક આ જગાએ લખવામાં આવ્યા છે, પણ આ રોગનું મૂળ કારણ લોહીનો દોષ છે માટે તેના મુખ્ય ઉપાય કરવા જોઇએ. લોહી સુધર્યા સિવાય બહારના ઉપચારથી વિશેષ ફાયદો થશે નહિ. દુખતી જગો ઉપર મધ અને ચૂનાનો લેપ કરવામાં આવેછે તેમજ ગૂગળ અગરે ગુજરનો લેપ દુખતા ભાગપર કરેછે.

નં. ૧૮. સુવા, દેવદાર, કઠ, અને સીંધાલૂણને આકડાના દૂધમાં મેળવીને તેનો લેપ કરવો અથવા હીંગ, સૂંઠ, સીંધાલૂણ અને જવનો આકડાના દૂધ સાથે લેપ કરવો.

નં. ૧૯. સાટોડી, દેવદાર, સૂંઠ, સરસવ, અને સરગવાની છાલનો લેપ કરવો. માલકાંકણીનું તેલ આ દરદ ઉપર સાધારણ છે.

નં. ૨૦. એક ભાગ ટર્પેનટાઇનનું તેલ, તેટલોજ ગંધકનો અરક, અને છ ભાગ મીઠું તેલ એ સર્વ મિશ્ર કરીને લગાડવું.

નં. ૨૧. વાતહર લેપ—સરગવાની છાલ, ધતુરાનાં પાન, અફીણના ડોડવા, રાઈ, સરસવ અને વછનાગ આટલી ચીજો સરખે ભાગે વાટીને તેનો લેપ વાયુથી રહી ગયેલ સાંધા ઉપર કરવો.

પગનો નજલો, ગંઠીયો વા.

(ગાઉટ.)

ગાઉટ—એટલે એક પ્રકરનો સંધિવા કહીએ તોપણ ચાલે. ગાઉટ બે પ્રકારનોછે. **એક તીક્ષ્ણગાઉટ અને બીજો જુનો અગર દીર્ઘ ગાઉટ.**

ચિન્હઃ—તીક્ષ્ણ ગાઉટ એકાએક થઈ આવેછે. તે થયાની આગમચ થોડારોજ અજીર્ણનાં ચિન્હ જણાય, બે ચેની લાગે, પેશાબ ડોળો થાય, ખાટાં ધચરકાં આવે તથા છાતીમાં બળે. કોઈવાર આવાં સુચક ચિન્હ કાંઈજ હોતાં નથી. આદમી હમેશની મીસાલે પોઢી જાયછે. પણ પાછલી રાતના બે ત્રણ વાગ્યાના સુમારમાં વેદનાને લીધે એકદમ જાગી ઉઠેછે. તેના પગના અંગુઠામાં અતિશય દરદ થાયછે તથા તેની સાથે જરા ટાઢની ચમક આવી તાવ ચઢી આવેછે. આ દરદ પગના અંગુઠામાં નહી તો પછી પગની તળીમાં, પાંનીમાં, અંદરની બાજુ અથવા હાથના અંગુઠામાં થાયછે. પણ જ્યાં થાય ત્યાં ઘણી અસહ્ય વેદના થાયછે. તે ભાગ સુજીને રાતો થઈ આવેછે. તેની અંદર જાણે અગ્નિ મૂક્યો હોય તે માફક અથવા ફાડી નાંખતા હોય તે પ્રમાણે દરદ થાયછે. તેને હાથ અગર કપડું લગાડી શકાતું નથી. સવારને વખતે દરદ થોડું કમી પડેછે. તાવની સાથે જીભ ઉપર સફેત છારી, નાડી જલદ, ઝાડો કબજ, બેચેન તથા મન અસ્વસ્થ રહે છે. પેશાબ લાલ પીળા રંગનો આવેછે, થોડો થોડો વારંવાર ઉતરેછે અને ઉતરતાં બળેછે તથા તેને રાખી મેલવાથી તેની નીચે થોડા ડોહોળા પદાર્થનો જમાવ થશે. બીજે દિવસ રાત્રે પાછું તેજ પ્રમાણે દરદ વધી આવેછે અને વખતે તેજ રીતે ત્રીજી રાત્રે પણ થાય છે. પછી આસ્તે આસ્તે તાવ ઉતરી જાય છે, સોજો અને દરદ કમી પડી જાયછે, તથા સુજી આવેલા ભાગ ઊપરની ચામડી ઉતરી જાય છે, અને તબીયતમાં એટલો તો તફાવત પડી જાયછે કે તે દરદ થયા પહેલાં તેની તબયત હોય તેથી પણ સરસ થઈ હોય એમ દરદીને જણાય છે.

આ પ્રમાણે સુધારો થવાથી દરદી પોતે પેહેલાં પ્રમાણે મોજ શોખમાં પડી જાય છે અને પોતાના બાધિરૂપ દુશ્મનને વિસરી જાયછે. પણ તે બ્યાધિ તેને વિસરતો નથી. એતો પાછો પોતાના શિકારને થોડા મહિના અગર બે ચાર વરસ પછી તેજ મીસાલે પકડેછે. આ રીતે એક પછી એક આ દરદ પોતાનો ધસારો કરેછે, અને દરેક વાર ધસારાનો અંતર કમી પડતો જાયછે. બેચાર વરસના અંતરને બદલે બે ચાર મહિના, પછી એકેક મહિનો અને અંતે દરદી આ રોગનો હમેશનો તાબેદાર થઇ પડેછે. આ પ્રમાણે થાયછે ત્યારે તેની સાથે તાવ તથા સખત સોજા જેવી વેદના રેહેતી નથી. ત્યારે પછી જુનો અથવા દીર્ઘ ગાઉટ કહેવાય છે. એક સાંધો પહેલાં સુજે અને હળવે હળવે બીજા નાના હાથ પગના સાંધાઓમાં એ દરદ ઉત્પન્ન થાયછે. તે સાંધાઓની અંદર અને આસપાસ સફેત ચાકના જેવા ગાંઠા બંધાઈ જાય છે અને તેથી આ રોગને ગંઠીયો વા કહેછે. આ ચાક અથવા ખડીના જેવા ગાંઠા "યુરેટ ઓફ સોડા" ના હોયછે. તે સાંધા સિવાય કાનની ચામડીમાં અને કોઈ કોઇ બીજા ભાગમાં પણ મળી આવેછે.

દીર્ઘગાઉટઃ—દીર્ઘગાઉટમાં તાવ અને સોજા હોતા નથી. પણ કેટલાક હાથ પગ અને તેના આંગળા ઉપર નાના મોટા ટીંબરૂ જેવડા ટેકરા હોયછે. તેના સાંધા સજડ થઈ રહેછે, અને આંગળાં વળેલાં રહેછે. અજીર્ણનાં ઘણાં ચિન્હ માલમ પડેછે તથા પેશાબ ઘણો પાણી જેવો ઉતરેછે. તેમાં "યુરિકઆસિડ" સ્વભાવિક જોઇએ તેથી

કમી હોયછે. પણ યુરીઆનું પ્રમાણ તીક્ષ્ણ તેમજ દીર્ઘગાઉટમાં સ્વભાવિક જોઇએ તેટલુંજ હોયછે. કોઇવાર એ આક જેવા ગાંઠા પાકી આવેછે અને તેની આસપાસ પરૂ થઈ છુટા પડી નીકળી જાયછે, તોપણ કાંઈ ફાયદો થતો નથી. પણ કોઈવાર તેને લીધે ઘણાં મોટાં ચાંદાં પડી આવેછે અને તે ઘણા કાળસુધી રૂઝાતાં નથી.

કોઈ વખત ઠંડી અથવા શરદી પગને લાગવાથી તેમાં ગાઉટનું જોર કમી પડી જઈ હોજરી, રક્તાશય, અગર મગજ ઉપર તેની અસર જણાવે છે. હોજરીના ગાઉટમાં ઉલટી તથા પેટમાં ઘણું દરદ થાય, અને વખતે ઉલટીમાં લોહી પડે. રક્તાશય ઉપર અસર કરે ત્યારે છાતીમાં દરદ થાય, નાડી કમજોર થાય, ધબકારો ઉપડે, શ્વાસ ઊડે, તથા ચહેરો ઘણો ફિકરમંદ લાગે. મગજ ઉપર અસર થાય ત્યારે માથું દુખે અને ભાર લાગે, ચક્કર આવે, બેભાની થાય, લકવો થાય, ઈત્યાદિ લક્ષણ થાયછે.

કોઇવાર એમ બનેછે કે ગાઉટ આ પ્રમાણે સાંધામાં જણાઇ ઉઘાડો પડતો નથી, પણ તેનાં કેટલાંક ચિન્હ દીર્ઘ ગાઉટના જેવાં માલમ પડેછે, જેવાં કે અજીર્ણ થઇ છાતીમાં બળેછે, છાતીમાં ધબકારો થાયછે. પેટમાં વાયુ, ખાટા ઘચરકા, ઝાડો કબજ રહેછે, સ્વભાવ ચીડીયો જણાય, માથાનું દરદ થાયછે. જ્યાં ત્યાં શરીરમાં દરદ થાયછે, પેશાબ વારંવાર પીળો થાયછે, દાંત ઘસવાનું મન થાયછે તથા આવાં ચિન્હોની સાથે શરીર નખાતું જાયછે, મૂત્રાશયનું દરદ થઇ અને છેવટે અંત આવેછે.

કારણઃ—ગાઉટ વારસામાં ઉતરેછે. બાપને હોય તો દીકરાને થવા સંભવછે. તે સ્ત્રી કરતાં પુરૂષને વિશેષ થાયછે. ઘણું કરી ત્રીસ વરસની ઉમર પછી ગાઉટ લાગુ પડેછે. ગાઉટ થવાનાં મુખ્ય કારણો એશઆરામમાં રહેવું, કસરત શિવાય બેઠા રહેવું, તન કરતાં મનને વિશેષ તસ્દી આપવી, તથા વિશેષ કરીને જુદા જુદા દારૂ પીવાના મહાવરાથી ગાઉટ થાયછે. બીજી જાતી કરતાં એ યુરોપીયન તથા પારસી લોકોમાં વધારે જોવામાં આવેછે. પોર્ટવાઇન, શેરી, બીઅર, વગેરે જાતના દારૂથી વધારે થાયછે. વીસકીથી થવા થોડો સંભવછે. ગરીબ અને કંગાળ કરતાં રાવ, રાજા, શ્રીમંત અને વિદ્વાન લોકોને આ રોગ ઘણો થાયછે. કાંઈ પાચન ક્રિયાના વિકોપને લીધે લોહીમાં "યુરિક આસિડ" નામનો ક્ષાર વધી પડેછે, તેને કાઢવા કુદરત યત્ન કરેછે, અને સોડાના સંયોગમાં યુરેટ ઓફ સોડાના રૂપમાં તેને કોઈ સાંધાની આસપાસ કાઢી નાખેછે. તેથી તે સાંધો સૂજી આવી તેમાં દરદ થાયછે. પેશાબને રસ્તે પણ કુદરત એ રોગી પદાર્થને કાઢવા ચુકતી નથી. પણ ગુરદાની અંદર આ પદાર્થ જવાથી તેમનો બીગાડ થાયછે. તેમની અંદર યુરેટ ઓફ સોડાનો કાંઈ જમાવ થાયછે. ગુરદો આ દરદને લીધે સંકુચિત થાયછે એટલે સોપાઈ જાયછે, અને પોતાના સ્વભાવિક કદ કરતાં એક તૃતિયાંશ અગર દ્વિતીયાંશ રહેછે. તેને **"ગાઉટીનો ગુરદો"** કહેછે. તેને લીધે જલંદર વગેરે દરદ પણ થાયછે.

નિદાનઃ—ગાઉટને ફકત સંધિવામાંથી ઓળખવો જોઇએ. ગાઉટ ઘણી વારતો પગના અંગુઠામાંજ શરૂ થાય છે અને પછી બીજા હાથ પગના નાના સાંધામાં ફેલાવો પામેછે. વળી ગાઉટ શરૂઆતમાં એક કે બે સાંધામાં થાયછે પણ સંધિવા પ્રથમથી

મોટા અને ઘણા સાંધાઓને પકડેછે. ગાઉટમાં સાંધાની આસપાસ યુરેટ ઓફ સોડાનો ખાર આવેછે. સંધિવામાં તેવું કશું હોતુ નથી. ગાઉટ ઘણું કરી મરદને થાયછે. સંધિવા મરદ અને ઓરત બેઉને થાયછે. ગાઉટમાં આદમી હાથ પગ હલાવી શકેછે, સંધિવામાં સાંધા પકડાયા એટલે તે અવયવ હલાવી શકાતા નથી.

ચિકિત્સાઃ—ઇલાજ કરવામાં પેહેલાં તો તીક્ષ્ણ નજલામાં દરદ કમી કરી આદમી ને આરામ આપવો, તથા ફરી ગાઉટ ન થાય એવી યોજના કરવી.

જ્યારે પગના અંગુઠામાં દુખેછે તથા પગ સુજી આવેછે ત્યારે તેને લાડેનમ અગર એક્સ્ટ્રાક્ટ ઓફ બેલાડોના લગાડવું, તથા ર અગર ગરમ કપડામાં વીંટી રાખવો. પગને ઉંચો તકીયા ઉપર રાખવો. ગરમ પાણીનો શેક સહન થઇ શકેતો કરવો, પાણીમાં અફીણ તથા સોડા મેળવીને શેક કરવો. તેથી થોડા ઘણા વખતમાં વેદના કમી થઇ જશે. પણ તેને કમી કરવા સારૂ થંડું પાણી હરગીજ લગાડવું નહીં. થંડુ પાણી લગાડવાથી તરત વેદના કમી થઇ જશે,પણ તેને લીધે શરીરની અંદરના કોઇ અવયવને ગાઉટ પકડેછે,અને તેથી શરીરને વિશેષ હાની થાયછે. વેદના માટે કાંઇ પણ કેફી વસ્તુ લેવી; જેમકે સોલ્યુશન ઓફ મોર્ફીયા એક ડ્રામ પાણીમાં લેવું. અગર ડોવર્સ પાઉડરના ૧૦ ગ્રેન સુતી વખતે પાણીમાં લેવા. અથવાઃ—

નં. ૧.	ટિંક્ચર ઓફ હેનબેન...૧ થી ર ડ્રામ. પાણી. ... ...૧ ઔંસ.	બંનેને મિશ્ર કરી સુતી વખતે આપવું. અથવા—
નં. ર.	સોલ્યુશન ઓફ મોર્ફીયા ....૧૦ ટીપાં. કોમપાઊંડ ટિંક્ચર ઓફ કલોરોફોર્મ.ર૦ ,, ગાંજાનો અર્ક ....ર૦ ,, કપૂરનું પાણી ....૧ ઔંસ.	ઉપરની સર્વે દવાને મિશ્ર કરી ઘણું દરદ થાય ત્યારે આપવું. જ્યાં ઘણું દરદ થતું હોય ત્યાં લગાડવાની દવા.

નં. ૩.	એક્સ્ટ્રાક્ટ ઓફ બેલાડોના...... ...	... ૬૦ ગ્રેન.
	,, ,, ઓપીયમ...... ...	... ૬૦ ,,
	,, ,, કાલચીકમ	... ૪૦ ,,
	ગ્લીસરીન	... ૧ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી લગાડવી,તથા તેના ઉપર પોટીસ મૂકવી અગર ફક્ત ર મૂકી વીંટી લેવું.

આ પ્રમાણે વેદનાના સ્થળે કેફ અને દવાથી પીડા કમી કરવાના ઉપાય લીધાબાદ એકાદ હલકો જુલાબ આપવો.એક ડ્રામ કોમ્પાઊંડ રુબાર્બ પાઉડર (ગ્રેગરીઝ પાઉડર) આપવો. અગર સોનામુખી, એપસમસાલ્ટ વગેરે કોઇ આપવાં. પછી "કોલચીકમ" નામની દવા છે તે ગાઉટ ઉપર ઘણી ગુણકારી છે તે ચાલુ કરવી.

નં. ૪.	આલોઝ (એળીયો) ...૧ ગ્રેન.	એપીકાકયુઆના... ... ૧ ગ્રેન.
	બ્લ્યુપીલ ... ...૧ ,,	એક્સ્ટ્રાક્ટ ઓફ કોલચીકમ. ૧ ,,

સર્વ દવાને મિશ્ર કરી એક ગોળી કરવી, તે દિવસમાં ચારથી છ વખત એક બે રોજ આપવી તેથી આરામ થશે.

નં. ૫. એપસમ સાલ્ટ ....૨ ડ્રામ.
સલ્ફેટ ઓફ સોડા(ગ્લાબર્સસાલ્ટ).૨ „
સોનામુખીની ચાહા............$1\frac{1}{2}$ ઔંસ.

ઉપરની સર્વે દવા મિશ્ર કરી આપવી. પેટ સાફ આવ્યા પછી થોડા દિવસ નીચેની દવા ચાલુ કરવી.

નં. ૬. વાઇન ઓફ કોલચીકમ ....૪૫ ટીપાં.
બાઇકાર્બોનેટ ઓફ પોટાસ......૨૦ ગ્રેન.
પાણી .... ૩ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી. તીક્ષ્ણ નજલો સારો થયા પછી જુનો ગાઉટ સારો કરવા સારૂ તથા નજલો પાછો ન થવાસારૂ કેટલાક દિવસ નીચેની દવા આપવી.

નં. ૭. વાઇનઓફ કોલચીકમ	.........૧૦ ટીપાં.	સર્વે દવાને મિશ્ર કરી તે પ્રમાણે દિવસમાં ત્રણ વખત આપવી.
આયોડાઇડ ઓફ પોટાસ્યમ	...... ૩ ગ્રેન.	
ટિંકચર ઓફ એકોનાઇટ	.... ૫ ટીપાં.	
કલંબાની ચાહા	.... ૧ ઔંસ.	

નં. ૮. સાલીસીન અગર સાલીસીલેટ ઓફ સોડા..$1\frac{1}{2}$ ડ્રામ.
પાણી ....૬ ઔંસ.
ટિંકચર ઓફ ઓરેંજ ... .૨ ડ્રામ.

ત્રણે દવાને મિશ્ર કરી દિવસમાં છ વખત આપવી. જેમ દરદ કમી થાય અગર કાનમાં બહેરાશ અને ઘોંઘાટ થાય તેમ આ દવા કમી કરતા જવું.

ઔષધની સાથે જો આદમી પરેજીથી નહિ રહેતો ઓસડની કાંઈજ ટાંકી લાગશે નહિ. માટે નજલાવાળા આદમીયે તન તથા મનને યોગ્ય કસરત આપવી. સ્ત્રી સંભોગ વિશેષ કરવો નહિ. રાત્રે ઉજાગરો કરવો નહિ. પાચન થાય તેવો ખોરાક લેવો. માંસાહાર કમી કરવો. બનતાંસુધી દારૂ બીલકુલ પીવો નહીં. નહિ ચાલેતો થોડો કલારેટ, વીસકી, અગર શાંપેન વાપરવો. ઝાડો કબજ રહેવા દેવો નહિ. ગળી ચીજોનો ત્યાગ કરવો. કપડાં ગરમ પહેરવાં.

સોડાવાટર અગર લીથીયાવાટર ઘણુંખરૂં પીવું. સાઇટ્રેટ ઓફ પોટાસ અને બીજા આલકલી, ઘણા પાણીમાં નાખી તે પાણી પીવાના કામમાં લેવું. કેટલોક વખત હવા પાલટ કરાવી. હોજરીમાં નજલો થાય તો ઉલટી થવા દેવી અને તેના ઉપર રાઇનું પ્લાસ્તર મારવું.

સાંધાની આસપાસ જે ક્ષારના કકડા બંધાયછે તેને ફોડી કાઢવાની જરૂર નથી. વખતે પાકી આવેતો બારીક છિદ્ર કરી અંદરના રસને રસ્તો આપવો.

પાંડુ રોગ.

(એનીમ્યા).

કેટલાએક રક્ત વિકાર થાયછે, તેમાં કોઈવાર લોહીનો વધારો હોયછે. તેને લોહીયાળ અથવા "બહુ રક્ત વિકાર" કહેવાયછે. કોઈ વાર લોહી કમી હોયછે. કોઈવાર તેના રાતા અથવા સફેત કણ કમી જાસ્તી હોયછે. આલબ્યુમિન અથવા ફીબ્રીન કમી જાસ્તી હોયછે.

પાંડુ રોગમાં શરીરમાં લોહી કમી હોયછે, તથા પાતળું અને ફીકું હોયછે. તેમાં રાતા રક્તકણ કમી હોવાથી લોહી ફિકું સફેત લાગેછે.

કારણઃ—ઘણું લોહી જવાથી પાંડુ રોગ જણાયછે. જખમ અથવા સ્ત્રીઓને પ્રસવ વખત બહુ રક્ત પ્રવાહ થવાથી શરીર ફિકું પીળું થઈ જાયછે. થોડું થોડું લોહી ઘણા વખત જવાથી આ રોગ થાયછે. બહુ આર્ત્તવથી, દુઝતા હરસથી કે સંગ્રહણીથી આ મરજ થાયછે. બચ્ચાંને લાંબો વખત ધવરાવવાથી, શરીરમાંથી બહુ પરૂ વહેવાથી, સારો અને પૂરતો ખોરાક નહિ મળવાથી, ક્ષય, અર્બુદ, મૂત્રપિંડ બ્યાધિ,ટાઢીયાતાવ તથા માલેરીયાની અસરથી, અતિ વિષય અને લાંબો વખત જ્વર આવવાથી પાંડુ રોગ નીપજેછે. રક્તાશયના દરદમાં પાંડુરોગ જેવોજ દેખાવ થાયછે. બરોળ વધવાથી પાંડુ રોગનાં ચિન્હ જણાયછે. કેટલીકવાર કાંઈ પણ ચોકસ કારણ સિવાય પાંડુ ઉત્પન્ન થાયછે. સ્ત્રીઓને ૧૫ થી ૨૦ વરસની ઉમરમાં આર્ત્તવની શરૂઆતમાં કેટલીકવાર પાંડુ રોગનાં ચિન્હજણાયછે.

લક્ષણઃ—પાંડુ રોગી સહેલાઇથી ઓળખી શકાયછે. તેનું શરીર ફિકું, ધોળું માલમ પડેછે. શરીર ઉપરથી લોહી ઉડી ગયું લાગેછે. શીરાઓ વિશેષ સ્પષ્ટ દેખાયછે. આંખ, મોઢું, જીભ, હોઠ ધોળા રક્ત રહીત દેખાયછે. નખમાં પણ રતાશ હોતી નથી. હાથ પગ અને ચહેરા ઉપર થોથર હોયછે અને કેટલીકવાર આખા શરીર ઉપર સોજા અને જલંદર જણાયછે. બેસવાથી અને ચાલવાથી સોજા વિશેષ આવેછે અને સવારમાં સૂઈ ઉઠ્યા પછી કમી હોયછે.

શરીરે નબળાઈ અને કમજોરી માલમ પડેછે. જરાપણ શ્રમ લેવાની ઇચ્છા થતી નથી. શરીરને જાણે ટાઢ લાગતી હોય તેમ માલમ પડેછે. જરા પણ મહેનત લેવાથી, ચાલવાથી અગર સીડી ચડવાથી શ્વાસ ચઢેછે અને છાતીમાં ધપકારો ઉપડેછે, કોઈ કોઈ વાર મુર્છા આવેછે, ફેર આવેછે, કાનમાં ઘોઘાટ થાયછે, માથામાં અને ગળામાં નાડીયો ધપકેછે. વારંવાર મસ્તક દુખેછે. સ્વભાવ ચીડીયો અને ઉદાસી રહેછે.

ભુખ લાગતી નથી, અનાજ ઉપર અરૂચી હોયછે. વારંવાર ઉલટી થાયછે. ખોરાક પચતો નથી, પેટમાં દબદબો રહેછે, ઝાડો કબજ રહેછે અગર છેવટ જુલાબ ઉતરેછે. પેટમાંથી અગર ઝાડામાં લોહી પડેછે, નસકોરી ફૂટેછે. આર્ત્તવ અનિયમિત અગર બંધ રહેછે. સ્ત્રીને ઘણીવાર પ્રદર હોયછે.

રક્તાશયના ધ્વનિ સાથે એક ઉપધ્વનિ સંભળાયછે. ગળામાં અને શીરાઓમાં

તેવાજ એક ઉપધ્વનિ જણાયછે,નાડી ઘણી નબળી અને પાતળી ચાલેછે. પેશાબ ચોખ્ખા પાણી જેવો જાયછે. તેનું વિશીષ્ટ ગુરૂત્વ કમી હોયછે. "દુષ્ટ પાંડુરોગ" (પર્નીશ્યશ એનીમ્યા) થાયછે તેના સર્વ લક્ષણ પાંડુ રોગનાંજ હોયછે પણ તેનું કાંઈ કારણ માલમ પડતું નથી. સિવાય તેમાં વારંવાર તાવ આવેછે, રક્તસ્રાવ થાયછે, કાંઈજ ઔષધિ લાગુ પડતી નથી અને તેમાંથી માઠુંજ પરિણામ નીપજેછે.

ઉપચાર:—જે કાંઈ કારણ માલમ પડી આવે તે બની શકે તો દૂર કરવું. સારો ખોરાક, હવા, પાણી, અને મોકળી અજવાળાની જગોમાં રહેવાની જરૂરછે. જરૂર જણાય તો હવા ફેર કરવો. ફિકર ચિંતાનો ત્યાગ કરવો. યોગ્ય કસરત લેવી. બની શકે તો દરિયાના પાણીથી નહાવું, કપડાં ગરમ પહેરવાં.

દૂધ વગેરે પૌષ્ટિક ખોરાક લેવો અને તે વખ્તસર અને નિયમસર લેવો. બીયર, બ્રાંડી અથવા થોડો વાઇન ક્ષુધાને માટે લેવો. દસ્ત સાફ ઉતરવા માટે એળીઆની સાથે હીરાબોળ, બેલાડોના, નક્ષવોમીકા, તથા કાંઈ લોહની દવા લેતા રહેવું. પેટમાં ચુંથાય તથા ઉલટી થાયછે તેને માટે બીઝમથ અને હાઈડ્રોસ્યાનીક આસીડ લેવાં.

પાંડુ રોગ માટે લોહની દવા ઉત્તમ છે. લોહથી લોહીમાં રાતાકણનો વધારો થાયછે. ટુંકામાં લોહીના રાતા ગુણનો આધાર લોહ ઉપર છે. ટિંકચર આફ સ્ટીલ સાઇટ્રેટ ઓફ આયર્ન એન્ડ આમોન્યા અથવા ક્વિનાઈન, મીક્ષ્ચર ફેરી કોમ્પાઉન્ડ,રીડયુસ્ડ આયર્ન, પીલ ફેરી કોમ્પાઉન્ડ, હીરાકસી, ટારટરેટ ઓફ આયર્ન વગેરે લોહની દવાથી બહુ ફાયદો થાયછે. ઉલટી થાયછે ત્યારે ફેરીએટ આમોની સાઇટ્રસ માફક આવે છે. લોહની દવા સાથે કયાસ્યા અથવા કાલંબાની ચા અપાયછે. વનસ્પતિની બીજી થોડીજ દવા લોહની સાથે અપાય છે કેમકે તેમના સંયોગથી રસાયણી ફેરફાર થઈ કાળો રંગ થાયછે.

લોહની સાથે ક્વિનાઈન, સ્ટ્રીક્નીયા, સોમલ, પેપસીન વગેરે મેળવવાથી વિશેષ ફાયદો થાયછે. "ઈસ્ટનનો સીરપ" નબળાઈ અને પાંડુરોગ ઉપર બહુ વખણાયછે. સોજાને માટે ડીજીટેલીસ ઉમેરવું. હાથ પગના સોજા માટે તેમનાપર પાટા બાંધવા અને તેમને ઊંચા તકીયા ઉપર ટેકાવી રાખવા. જલંદરના વિષયમાં કેટલીક દવા લખી છે તે આ દરદને લાગુ પડશે.

સ્કરવી.

સ્કરવીને માટે આપણી ભાષામાં બીજું ચોકસ નામ માલૂમ પડતું નથી.

કારણ:—સ્કરવીનો મરજ તાજી વનસ્પતિ (શાક,ભાજી) નહી મળવાથી થાયછે, એમ અનુભવ સિદ્ધ થયુંછે. વહાણમાં મુસાફરી કરનાર માણસો જેમને કેટલાક મહિના સુધી દરિઆમાં રહેવાની જરૂર પડે અને તાજી વનસ્પતિ મળે નહીં, તેવા આદમીઓને આગળના વખ્તમાં આ રોગ વિશેષ થતો. હવે વનસ્પતિને બદલે લીંબુનો રસ રાખવાનો નિયમ છે અને તે વહાણના આદમીને દરરોજ મળેછે, તેથી ઘણે દરજે આ રોગ હવે

નાબુદ થયો માલમ પડેછે. બીજા જે આદમીઓ વનસ્પતિ બિલકુલ તજી આપેછે તેને આ વ્યાધિ થાયછે. બાળક લોકોમાં જે તાજી વનસ્પતિ બીલકુલ તજી આપેછે તેને આ રોગ કોઈ કોઈવાર થતો જોવામાં આવેછે. તેવા દરદીઓનું લોહી મૃત્યુ પછી કાળું અને પ્રવાહી રહેછે. અને શરીરમાં વિવિધ જગાએ અંતર્યામ રક્તસ્ત્રાવ માલૂમ પડેછે.

ચિન્હઃ—આ વ્યાધિ ધીમેધીમે શરૂ થાય છે. દરદીનો ચહેરો ફીક્કો પાંડુરોગ જેવા ફેરફરેલ હોયછે. શરીર દુર્બળ હોય છે. મન ઉદાસ રહેછે. શ્રમથી જલદી દમ ચડેછે. અને શરીરે સુસ્તી જણાય છે.

દાંતનાં પેઢાં સૂજેલાં, પોચાં અને કાળા રંગનાં હોયછે. કોઈવાર તે સડેછે અને તેમનાપર ચાંદાં પડેછે. પેઢાં ઉખડી જવાથી દાંત કેવળ ખુલ્લા પડે છે. પેઢાંમાંથી લોહી પુષ્કળ નીકળે છે, અથવા થોડું થોડું ઝમ્યા કરેછે. દાંત દુખેછે અને હાલેછે. તેથી ખોરાક ચાવવામાં મુશ્કેલી પડેછે. મોઢામાંથી નઠારી વાસ નીકળે છે.

પગપર જાંબુડા રંગના ચાઠાં માલુમ પડેછે. ત્વચાની અંદર રક્તસ્ત્રાવ થવાથી આવાં ચાઠાં પડેછે. ચાઠાં કોઇવાર જાંગ ઉપર હોયછે, અને ક્વચિત્ પેટ અને હાથપર હોયછે, ચાઠાં નાનાંમોટાં હોયછે. ઊંડાભાગમાં રક્તસ્ત્રાવ થવાથી કઠણ ગાંઠા પગમાં જણાયછે. અને તે ઘણીવાર ઘૂંટણની પાછળના ભાગમાં અને પીંડીમાં માલૂમ પડેછે. પગપર સોજા આવેછે. પગમાં કળતર અને દુખાવો થાયછે.

નાકમાંથી, મોઢામાંથી અથવા પેટમાંથી લોહી પડેછે. પગ ઉપર ચાંદાં પડેછે. જુના રૂઝાયેલા જખમ પાછા ફુટેછે. ચાંદાં ઘણાં મોટાં અને ગંધાતાં હોયછે, તથા તેમાંથી લોહી પડેછે. ભુખ લાગતી નથી તથા ખોરાક ચવાતો નથી. ઉલટી અથવા મોળ આવેછે. ઝાડો ઘણો કબજ રહેછે. કેટલીકવાર જુલાબ ઉતરેછે, અથવા મરડો થાયછે. તેમાં લોહી પડેછે. ક્વચિત પેશાબમાં લોહી પડેછે. નાડી નબળી હોયછે, અને ઘણીવાર દરદને લીધે ઊંઘપણ આવતી નથી.

ઇલાજઃ—તાજી વનસ્પતિ આપવાથી તરત ફાયદો થાયછે. લીંબુનોરસ બેથી ચાર આંઉસ દરરોજ આપવો. બટાટા, કાંદા, કોબી, કાર્લીફલાવર, દુધી, ભીંડાં, નારંગી, મીઠાંલીંબુ, ગાજર, તરબૂચ, વગેરે મેવા અને વનસ્પતિ આપવાં. સારો ખોરાક અને દુધ આપવાં. આસવની પણ જરૂર પડેછે. પોર્ટ, બ્રાંડી, શેરી વગેરે જરૂર જેટલાં આપવાં. ક્વીનાઇન,લોહ વગેરે પૌષ્ટિક દવા આપવી. મોઢા માટે કોગળા કરવા. દુખાવા તથા રક્તસ્ત્રાવ માટે યોગ્ય ઇલાજ કરવા.

નં. ૧. લીંબુનોરસ ....૪ ઔંસ. સાકર......૨ ઔંસ.
કલોરેટ ઓફ પોટાશ......૧ ડ્રામ. બ્રાંડી.....૨ ,,
ટિંક્ચર સિંકોના કંપાઉન્ડ..૪ ડ્રામ. પાણી......૪ ,,

મિશ્ર કરી દિવસમાં $\frac{1}{2}$ ઔંસ ત્રણથી ચાર વખત પીવું.

નં. ૨. ટિંક્ચર ફેરી પરકલોરાઇડ...૧ ડ્રામ. કલોરેટઓવ પોટાશ...$\frac{1}{2}$ ડ્રામ.
કવીનાઇન..................૬ ગ્રેન. પાણી ....૩ ઔંસ.

મિશ્ર કરી $\frac{1}{8}$ ભાગ એક દિવસમાં ત્રણ વખત પીવો.

સ્ક્રોફ્યુલા.

સ્ક્રોફ્યુલા—એ શારીરીક રોગ છે. આ વ્યાધિમાં રક્તનો દોષ હોયછે અને તેથી કરીને શરીરના સર્વ ભાગનું પોષણ યથાસ્થિત થતું નથી. આ રોગ કેટલીકવાર વારસામાં ઉતરેછે અને કેટલીકવાર નવો પ્રાપ્ત થાયછે. જ્યારે પ્રાપ્ત થાયછે ત્યારે શરીરના ખાવાપીવા તથા પહેરવા ઓઢવાની ખામી, કસરતની ખામી, ખરાબ હવા, બાળકને ખરાબ ધાવણ, વગરે કારણો જોવામાં આવેછે. આ રોગ ઘણીકવાર બચપણમાંથીજ શરૂ થાયછે. તેનાં ચિન્હ આસ્તે આસ્તે થતાં જોવામાં આવેછે. તે લાંબો કાળ જારી રહેછે. આ વ્યાધિમાં શરીરમાં ઠામોઠામ "ટ્યુબરકલ" નામનો પદાર્થ પેદા થાયછે. આ પદાર્થ હલકા પ્રકારનો હોવાથી તેની ખાશીયત એવીછે કે તેને લીધે વરમ થાયછે, પાકેછે, અને પરૂ થાય છે.

ચિન્હ:—તેનાં ચિન્હ શરીરના જે જે ભાગમાં આ રોગ માલુમ પડે તે પ્રમાણે તરેહવાર હોયછે અને તેના સમુદાય તથા શારીરીક સ્થિતિ ઉપરથી તે સહેલાઈથી ઓળખી શકાયછે. સ્થાનીક અને શારીરીક એવા બે પ્રકારનાં ચિન્હ માલુમ પડેછે.

શારીરીક ચિન્હમાં શરીર નાજુક અને નબળું હોયછે, પાચનશક્તિ ઘણીજ મંદ, નાડી જરા તીવ્ર, અને બદન કિંચિત્ ગરમ રહેછે.

સ્થાનીક ચિન્હમાં જ્વર, ઝાડો, ખાંસી વગરે હોયછે. સ્થાનીક રોગ, ત્વચા, ઉદર, મગજ, ફેફસાં, રસપીંડ, સાંધા, અસ્થિ, આંખ વગરે ભાગોના સંબંધમાં થાયછે.

ત્વચા ઉપર મોટાં ગંધાતાં સડેલાં ચાંદાં પડેછે. આવાં ચાંદાં વિશેષ પગ ઉપર જોવામાં આવેછે. હાથ, છાતી, પોઠ, ડોક, વગરે બીજા ભાગો ઉપર પણ તે હોયછે. તે ચાંદાં લાંબા કાળ સુધી રૂઝાતાં નથી. તે ફેલાતાં જાયછે. તેના ઉપર સારા અંગુર જલદી આવતા નથી.

ઉદરની માંહે પેરીટોન્યમ તથા રસપિંડમાં આ વ્યાધિ થાયછે.ત્યારે બાળકનું પેટમોટું ગાગર જેવું થાયછે.પેટમાં ગોળા ગોળા જેવું લાગેછે.વખતે ઝાડો થાયછે. પણ ઘણું કરી ઝાડો કબજ રહેછે. પેટમાં જળોદર થઈ આવેછે. પાચનક્રિયા બહુ નબળી હોયછે.જ્વર આવેછે.

મગજની અંદર ઘણું કરી મધ્યરસ પડમાં ટ્યુબરકલનો જમાવ થાયછે. તેથી મગજનો વરમ થઈ આવેછે. ઘણું કરી બચપણમાં પાંચ છ વરસની ઉમર પહેલાં આ વ્યાધિ થાયછે તેને લીધે સખત જ્વર આવેછે. બાળક બેચેન અને અસાવધ થાયછે. દાંત કરડેછે, ચીસ પાડેછે. આંખ મીચી રાખેછે. અજવાળું અને અવાજ તથા બીજો ત્રાસ સહન થતાં નથી, ઉલટી થાયછે, ઝાડો કબજ રહેછે, મસ્તક બહુ ગરમ રહેછે, અને કીકી સંકુચીત રહેછે.

ફેફસામાં ટ્યુબરકલનો જમાવ થઇ તેનો વરમ થઈ પાકેછે અને તેથી ક્ષય રોગ પેદા થાયછે. આ વ્યાધિ ક્ષય રોગ થવાનું ઘણુંજ સાધારણ કારણ છે. આ રોગનાં ચિન્હ અહીં દર્શાવવાની જરૂર નથી. ફેફસાં તેમજ બીજાં અવયવોમાં પણ ટ્યુબરકલનો જમાવ થાય છે.

રસપિંડમાં ટ્યુબરકલનો જમાવ થાય છે ત્યારે તેની વૃદ્ધિ થાયછે. ડોક, બગલ, અને ઉદર માંહેના રસપિંડ આ પ્રમાણે મોટા થાયછે. જ્યારે ગળામાં તેની ગાંઠો થાય- છે ત્યારે તેને "કંઠમાળ" કહેછે. કારણ ઘણું કરી તે ગળાની બંને બાજુ એક માળાની માફક થઈ રહેલી કેટલીક વાર જોવામાં આવેછે. ઘણું કરી પ્રથમ એક ગાંઠ થઇ પાછ- ળથી બીજી પુષ્કળ ગાંઠો મોટી થાય છે અને કેટલીક વાર મોટી ગાંઠ જેવડી થઈ પડે છે. પ્રથમ તે દુખતી નથી પણ છેવટ તે કેટલીકવાર દુખેછે, પાકેછે, અને ફૂટેછે તથા તેનાં ક્ષત ઘણાક દિવસ રૂઝાતાં નથી.

સાંધાના વ્યાધિ ટ્યુબરકલને લીધે થાયછે, તે પાકીને બહુ દુઃખ થાયછે, અને સાંધો સજડ થઈ જાયછે. ઘુંટણમાં એ વિશેષ થાયછે.

અસ્થિમાં જ્યારે ટ્યુબરકલનો રોગ થાયછે ત્યારે અસ્થિવ્રણ તથા સડો પેદા થાય છે. નાના, નરમ અને પોચા હાડકામાં આ રોગ વિશેષ થાયછે. પગનાં નાનાં હાડકાંનો સડો આ રીતે વારંવાર થાયછે. જે ઠેકાણે આ રીત હાડકું બગડેછે ત્યાં પાકીને ગડ થાય છે, તે ફુટેછે અને નારૂ પડેછે. તેમાંથી પરૂ નીકળ્યા કરેછે અને જ્યાં સુધી સડેલું હાડ- કું બહાર નીકળી જાય ત્યાં સુધી તે બંધ થતું નથી.

આંખ આવેછે ત્યારે શ્વેત અને કૃષ્ણ ભાગ ઉપર ફુલાં પડેછે, પાણી નીકળેછે, પ્રકાશ બીલકુલ સહન થતો નથી અને તેથી દરદી અંધારામાં રહેવા ઇચ્છેછે.

આ ઉપથી ખ્યાલમાં આવશે કે ટ્યુબરકલનો વ્યાધિ શરીરના ઘણા ખરા ભાગ- માં થાય છે. સહજસાજ ફેરફાર, કારણ અને આકસ્માતથી સ્ક્રોફ્યુલાવાળા આદમીની તબીયત બગડી જાયછે.

ઉપાયઃ—શારીરીક અને સ્થાનિક એવા બે પ્રકારના ઉપાય છે.

શારીરીક ઇલાજમાં લોહી સુધરે, પાચન શકિત વધે અને શરીર સારૂં થાય તેવા ઉપચારની યોજના કરવી, સારો પૌષ્ટિક ખોરાક આપવો. ગરમ કપડાં શરીર ઉપર રાખવાં. દરિયાની હવામાં રહેવું. સાધારણ માફક આવે તેવી કસરત લેવી. કોડલીવર ઓઇલ, લોહ, પોટાસ આયોડાઈડ, સીરપ ફેરી આયોડાઈડ, હાઇપો ફોસફેટ આફ લાઇમ અને સોડા વગેરે પૌષ્ટિક ઔષધિ આપવી.

સ્થાનિક ઇલાજમાં જેજે ઠેકાણે વ્યાધિ થયો હોય તેનો યોગ્ય ઇલાજ કરવો. ચાંદાં થયાં હોય, અસ્થિ વરણ થયો હોય તો તેને મલમ પટી કરવી. કંઠમાળ થઈ હોય તો તે ઉપર આયોડીન, પારાનો લેપ અથવા મલમ લગાડવો. આંખ, ફેફસા, મગજ અને બીજા જે જે અવયવમાં સ્ક્રોફ્યુલાને મરજ થાય તેને અનુસરીને ઉપાય યોજવા.

વાત્ રક્ત—પત્ત.

(લેપ્રસી)

વાત રક્તનો રોગ સર્વ દુનિયાઉપર જોવામાં આવેછે. આ રોગ જુના કાળથી જાણ- વામાં આવ્યોછે અને સર્વ જાતિના લોકોમાં તેનો મોટો તિરસ્કાર હોયછે. જેને પત્ત નીકળ્યું

હોય તે આદમીનો ચહેરો,હાથ,પગ તથા એકંદર આકૃતિ ઉપરથી એ રોગ સહજ ઓળખી શકાયછે. યુરોપની અંદર નોર્વે પ્રાંતમાં આ રોગનું ઘણું પ્રબળછે, તેમજ આપણા હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે અને વિશેષ કરી દક્ષિણમાં તે સારી પેઠે જોવામાં આવેછે.

ચિન્હઃ—વાત રક્તના મુખ્ય બે ભાગછે. કોઈ વાર પત્તવાળા માણસના અંગ ઉપર ગાંઠો જોવામાં આવેછે, તથા કોઈની ચામડી ફક્ત ગાંઠો વિના શુન્ય પડી જાયછે. એ ઉપરથી "ગંઠીયો વાતરક્ત" અને "શૂન્ય વાતરક્ત" કહેવાયછે. કોઇને આ બે માંહેલા એકજ પ્રકારનું પત્ત થાયછે, પણ ઘણાને આ બેઉ પ્રકારનાં પત્ત સાથે થાયછે, અગર એક થયા પછી બીજું આરંભ કરેછે.

ગંડીયો પતઃ-એ બે રીતે શરૂ થાયછે. એકતો પહેલાં દરદીને તાવ આવેછે,તથા શરીર ઉપર લાલચોળ ચાઠાં થઈ આવેછે,તાવ પાછો ઉતરી જાયછે,અને ચાઠાં પાછાં કરમાઈ જાયછે. એ પ્રમાણે કેટલીક વાર તાવ આવી ચાઠાં કાયમ થાયછે. બીજી રીતે આ પ્રમાણે તાવ ન આવતાં આ રોગ આસ્તે આસ્તે શરૂ થાયછે. આ ચાઠાં રાતા ભુરા રંગનાં થાયછે.પછી તે થોડાં સૂજી આવેછે અને તેમાં ગાંઠા બંધાયછે. આ પ્રમાણે મોઢું, ગાલ, નાક, તથા કાન ઉપરની ચામડી (જાણે તેલ લગાડયું હોયતેમ) તકતકેછે, જાડી તથા સુજેલી લાગેછે, અને તેમાં ઠેકાણે ઠેકાણે ગાંઠા જણાયછે.ચહેરાના ભાગ ઉપર આ પ્રમાણે થાયછે એટલુંજ નહીં પણ કપાળ ઉપર, હાથ પગ ઉપર, શરીરના બીજા કોઈપણ ભાગમાં આવો ફેરફાર થાયછે. ચહેરો સોજાથી તથા ગાંઠાને લીધે બેડોળ લાગેછે. મોઢામાં તાળવાની અંદર તથા જીભ ઉપર પણ આવી ગાંઠો થાયછે. રાતાં ભુરાં ચાઠાં થવામાં તથા આવા ગાંઠા થવામાં ઘણા મહિના અને વરસ પણ વીતી જાયછે. તે થતી વખત તેમાં થોડું ઘણું દરદ પણ થાયછે. ત્યારબાદ એ ગાંઠા મોટા થાયછે. ગાંઠા તથા ચાઠાંની ચામડી ફૂટેછે, તેમાંથી પરૂ વહેછે, મોટાં ચાંદાં પડેછે, નાકમાંથી તથા ગળામાંથી પણ પરૂ નીકળેછે તથા વાસ મારેછે. નાકનાં હાડકાં સડી જવાથી તે ચપટું થઈ જાયછે. એક તરફ આ ફેરફાર થાય છે તેટલામાં બીજી તરફથી પગનાં આંગળાં સુજી આવેછે, સૂએછે તથા ફૂટીને તેમાંથી હાડકાં ખરી પડેછે. આ પ્રમાણે એકથી વધારે આંગળાં ખરી પડેછે, અને હાથ પગ ઠુંડા થઈ જાયછે, કેશ પણ ખરી જાયછે, શરીર નંખાતું જાયછે, દરદી કામ કરી શકતો નથી, અને અક્કલ મંદ પડતી જાયછે. આ રોગની અંદર ચામડી પ્રથમથી શુન્ય હોતી નથી પણ પાછળથી ઘણો ભાગ બહેર મારી જાયછે, હાથ પગમાં અગન બળેછે.

શુન્ય વાતરક્તઃ—આ થવાની પણ બે રીતછે. એકતો શરીરનો અગર હાથ પગનો કાંઈ ભાગ સુનો પડી જાયછે અને કોઈ અકસ્માતથી દરદીને ખબર પડેછે કે અમુક ભાગ સુનો થઈ ગયોછે. પ્રથમ સુનો ક્યારે પડ્યો તેનું કાંઈ જ્ઞાન પણ હોતું નથી.

બીજી રીત એવી છે કે એકાએક કાંઈ પણ કારણ અગર દરદ વિના શરીરના કોઈ ભાગ ઉપર ફોલ્લો ઉઠી આવેછે. આ ફોલ્લો ફૂટેછે તથા થોડા દિવસમાં રૂઝાઈ તેની જગાએ સફેત કરચલીવાળો ડાઘ પડેછે. વળી થોડાં અઠવાડીયાં અગર મહિના પછી આ પ્રમાણે એજ અગર બીજા ભાગ ઉપર ફોલ્લો ઉઠે અને તેનું પણ તેવુંજ પરિણામ થા-

થાયછે. શરીરમાં હાથ, પગ, તથા આંગળાં ઉપર ઘણું કરી આ ફોલ્લો પહેલાં ઉઠેછે. બીજા ભાગો ઉપર પણ ભુરા રંગનાં ચાઠાં દેખાવ આપેછે, તે ચાઠાંની ત્વચા સૂકી તથા શુન્ય હોયછે. આવાં શુન્ય ચાઠાં મોટાં થઈ ફેલાતાં જાયછે, અગર બીજાં નવાં ઉત્પન્ન થઈ એક બીજાને મળી જાયછે. આ ચાઠાંવાળા ભાગ એવાતો શુન્ય પડી જાયછે કે તેને બાળી અગર કાપી નાંખીએ તોપણ દરદીને તેની ખબર પડતી નથી. મારા જોવામાં એક માણસ આવ્યો હતો, તેને દસ બાર વરસ થયાં આ રોગ થયા પહેલાં એક સળગાવેલી બીડી તેના ડાબા હાથ ઉપર અડકાડી, તોપણ તેને લાગી નહી; ત્યારે પહેલીજ તે આદમીને ખબર પડી કે એ હાથનો પાછલો ભાગ શુન્ય પડી ગયોછે. ત્યાર બાદ તેને થોડા થોડા મહિનાની મુદતે તાવ આવવા લાગ્યો. તાવ આવે ત્યારે શરીર ઉપરના કેટલાક ભાગ લાલ થઈ જતા. તાવ ઉતર્યા પછી શરીરની ત્વચાની ખોળ ઉતરી જાય અને શુન્ય પડેલો ભાગ વધતો જાય. આખરે દર મહિને તેને તાવ આવવા લાગ્યો, અને ઘણું ખરૂં શરીર શુન્ય પડી ગયું. પણ તેને બીલકુલ ગાંઠ નહોતી, તેમજ એકદમ કોઈ માણસ તેને પત્ત થયુંછે એમ ઓળખી પણ શકે નહી.

હાથ પગના નીચેના તથા બહારનીબાજુના ભાગ, ઉપલા તથા અંદરની બાજુના ભાગ કરતાં વહેલા બહેર મારી જાયછે. કેટલીક જગાએ ફોલ્લાનાં ચાંદાં પડી જાયછે, ને ઘણા મહિના સુધી રૂઝાતાં નથી. તેમાંથી વિશેષ પરૂ નહીં નીકળતાં જરા પાણી નીકળેછે અથવા છેક સૂકાં હોયછે. આવાં ચાંદાં કેટલીકવાર પગનેતળીયે અને હથેળીમાં હોયછે. આ ચિન્હ સિવાય હાથપગનાં આંગળાં ખવાતાં જાયછે, અને વળી જાય છે. ગંડોયા વાતરક્ત માફક આંગળાંનાં હાડકાં સડીને એક પછી એક ખરી પડતાં નથી પણ આંગળાંની અણીથી તે નીચેસુધી હાડકાં એક પછી એક અંદરનાં અંદર શોષાઇને ખવાઈ જાયછે.

આ પ્રમાણે બેઉ પ્રકારની પત્ત ઉત્પન્ન થાયછે. એકંદર પતીઅલ આદમી ઘણી બુરી, બેડોળ, કદરૂપી, દુઃખદાયક અવસ્થા ભોગવીને કેટલાક મહિના અને વરસ પછી મરણ પામેછે.

કારણઃ—વાતરક્તનું ખરૂં કારણ નક્કી કહી શકાતું નથી. વારસામાં માબાપ તરફથી બચ્ચાંને આ રોગ થાયછે. બચ્ચાંને એ નાનપણમાં થતો નથી. પણ પંદરવીસ વરસ થયા પછી એ દેખાવ આપેછે. માછલાં ખાનાર હલકા લોકો, મ્લેચ્છ તથા ભીખારી અને ગરીબ લોકોને એ વિશેષ થાયછે. આ રોગમાં મુખ્ય બગાડ જ્ઞાનતંતુઓમાં જોવામાં આવેછે. જ્ઞાનતંતુ સુજી આવેછે, અને પછી શુન્ય પડી જાયછે. આ રોગને કેટલાક ચેપી માનેછે. પણ ઘણાક ડાકતરોનો મત તેથી વિરૂદ્ધછે. સાધારણ લોકો તેને બહુ ચેપી માનેછે અને પતવાળાને વેગળો રાખેછે.

ઉપાયઃ—વાતરક્તનો ચોકસ ઇલાજ આજસુધી મળી આવ્યો નથી. સારો ખોરાક, કસરત અને સ્વચ્છ હવા લેવાં, નહાવાધોવાની સફાઈ અને ચોખાઈ રાખવી, માછલી ખાવી નહિ.

દવામાં સોમલ અસલથી આ દરદમાં વપરાતો આવેછે પણ તેમાંથી કાંઈ ફાયદો થતો લાગતો નથી. ચાલમોગરાનું તેલ તથા ગરજન તેલ આ બે જાતની દવા બંગાળામાં થાયછે, તે આ દરદમાં ઉપયોગી ગણાયછે, ચાલમોગરાનું તેલ ૧૦ ટીપાંથી ૩૦ ટીપાં સુધી ચૂનાના પાણીમાં દિવસમાં ત્રણવાર આપવું. તેમજ તે તેલ એક ભાગ અને સાલડ ઓઇલ અગર ભોંયશીંગનું તેલ ચાર ભાગ લઈ શરીર ઉપર સાંજસવાર ચોળવું.

ગરજનતેલ ઉપર સરકારે હાલમાં ઘણું ધ્યાન આપ્યું છે. તેની અજમાયશ આખા હિંદુસ્તાનમાં થાયછે. કેટલાકનો અનુભવ એવોછે કે ગરજનતેલ જેવો બીજો કોઈ ઉપાય વાતરક્ત ઉપર નથી અને કેટલાક કહેછે કે એ કેવળ નિરૂપયોગીછે. તેની આપવાની રીતઃ—

ગરજનતેલ................	$\frac{1}{2}$ થી ૨ ડ્રામ.	બંને વાનાં એકઠાં કરીને દિવસમાં બેત્રણવાર પાવું.
ચૂનાનુંપાણી	૧ ઔંસ.	

પહેલાં એ તેલ અડધા ડ્રામથી શરૂ કરવું અને પછી વધારવું. તેનાથી કેટલાકને પેટમાં દુખી ઝાડો થાયછે. ગરજનતેલ એક ઔંસ ચૂનાના ચાર ઔંસ પાણીમાં નાખી અંગ ઉપર મરદન કરવું તથા દરદીને રોજ ઘસીને સાબુથી નહવડાવવો. આ પ્રમાણે ચાર છમહિનાથી તે એક વરસ સુધી આ ક્રમ જારી રાખવો. વાતરક્ત ઉપર કોઇપણ ઉપાય કરવો તે ઘણી મુદત જારી રાખ્યા વિના તેનું કાંઇજ પરિણામ થશે નહીં. આ રોગ ઉપર બાવચીપણ વપરાયછે. બાવચીના દસથી ત્રીસગ્રેન પાણી સાથે દિવસમાં ત્રણ વખત લેવા. સિવાય બાવચીનું તેલ પણ શરીર ઉપર લગાડવામાં આવેછે.

બાવચીનુંતેલ કાઢવાની રીતઃ—વીસ ઔંસ બાવચીમાં પચીસ ઔંસ ભોંયશીંગનુંતેલ નાખી ઉષ્ણોદકમાં રાખવું અને પછી ગાળી લેવું તે તેલ શરીરે ચોપડવું.

દાક્તર ભાઉદાજીની પતના ઉપાય વિષે કીર્તિ ઘણી વધી ગઈ. પણ તે શું ઔષધ વાપરતા તે તેમના મરણ સુધી બહાર પડ્યું નહીં, તોપણ એટલું તો ખરૂં કે જેટલાનું તેમણે ઔષધ કર્યું તેમાંથી કેટલાક સારા થયા નહિ.

કાર્બોલીક આસિડ પણ કોઇ વાપરેછે. એકથી ત્રણ ટીપાં કાર્બોલીક આસિડનાં પાણીમાં પાવાં, તથા એક ભાગમાં દસ ભાગ તેલના મેળવી શરીરે લગાડવું.

રતવા--વિસર્પ.

(ઈરીસીપેલસ)

રતવા બે પ્રકારનો છે. એક આપોઆપ થાયછે તેને "સ્વજન્ય રતવા" કહે છે. બીજો કોઈ જખમને લીધે થાયછે તેને "આકસ્મીક રતવા" કહેછે. સ્વજન્ય રતવા ઘણીવાર ચહેરા અને મસ્તકપર થાયછે, કેટલીકવાર પગ ઉપર થાયછે અને કોઇવાર શરીરના બીજા ભાગ ઉપર પણ થઈ આવેછે. શરીરના બહારના તેમજ અંદરના હરેક ભાગને આ રોગ થઈ આવેછે. પેટની અંદર મગજમાં અને ગળાની અંદર પણ આ

વ્યાધિ થતો જોવામાં આવેછે. જખમને લીધે રતવા થઈ આવેછે તે જે ભાગમાં જખમ થયો હોય તેની આસપાસ થાયછે.

રતવામાં તાવ આવેછે અને તેની સાથે શરીરનો કોઈ ભાગ લાલ થઈ સુજી આવેછે. તે ભાગ ગરમ થાયછે અને આગ અથવા તણખા મારેછે. તેથી રતવાને તાવમાં ગણવામાં આવેછે, અને તે કેટલેક દરજે ચેપીયો રોગછે. કેટલીકવાર ઇસ્પીતાલોમાં જખમવાળા રોગી પડ્યા હોય અને તેની સાથે રતવાનો એક રોગી દાખલ થાયછે તો બીજા જખમવાળાઓને આ રોગ ઉડી ચોટેછે. તેમજ એક રતવાના રોગીને જોઈ તરતજ દાક્તર કોઈ સુવાવડી ઓરતને જોવા જાય તો તે બાઇને તથા તેના બચ્ચાને રતવા થઈ આવવા ઘણો સંભવ રહેછે. માટે હમેશાં રતવા થયો હોય તેવા રોગીને બીજા જખમવાળા દરદીથી વેગળો રાખવો, તેમજ તેને જોઈ સારા વૈદે બીજા દરદીને કપડાં બદલ્યા વગર જોવા જવું નહીં. રતવા આ રીતે ઉડેછે એ વિષે પક્કી માહીતી આપણા લોકોમાં છેનહીં અને તેથી પૂરતી સાવચેતી રાખવામાં આવતી નથી.

રતવાનો બીજો ખાસ ગુણ એવોછે કે તે એક ભાગમાં થયા પછી ફેલાય છે અને બીજા ભાગોને તેમાં સામેલ કરેછે. કોઈ એક ભાગમાંથી મટી જઈ બીજા ભાગમાં થાય છે એ પણ તેની એક ખાશીયતછે.

ચિન્હઃ—પ્રથમ ટાઢવાઇને તાવ આવેછે અને તાવનાં સર્વ ચિન્હ જોવામાં આવે છે. કોઈ વાર ગળું આવી જાય છે. અંગ ગરમ થાયછે, પેશાબ લાલ ઉતરે છે, નાડી જલદ અને જોરથી ચાલેછે, ઉલટી થાયછે અને જ્વરભ્રમ થઈ આવેછે. દરદી છાનોમાનો બબડે અથવા ઉઠીને તોફાન કરેછે. ઝાડો કોઇવાર કબજ હોય અને કોઇવાર જુલાબ ઉતરેછે. પછી બીજે અથવા ત્રીજે દહાડે શરીરના કોઈ ભાગ ઉપર રતવા ફુટી નિકળેછે. ચહેરા ઉપર થવાનો હોય ત્યારે ચહેરાની એક બાજુ અથવા બેઉ બાજુ સુજી આવેછે. પહેલાં નાક લાલ થઈ આવે અને આ રતાશ અને સોજો આખા ચહેરા, મસ્તક અને ગરદન તથા ખભા સુધી પણ ફેલાઈ જાયછે. ચહેરો સૂજીને લાલ તુમડા જેવો થઈ આવે તેથી આદમીને ઓળખવો પણ મુશ્કેલ પડેછે. આંખનાં પોપચાં સુજી આવે તેથી આંખો ઉઘડી શકે નહિ. બીજા જે ભાગમાં રતવા થાય તે ભાગ સુજી આવે, લાલ થાય, ગરમ થાય તથા તેમાં અગન બળેછે. તે ભાગના સંબંધની રસગ્રંથીમાં વેળ ઘાલેછે. જેમકે ચહેરો સુજી આવેતો ગરદનની ગાંઠો મોટી થઈ આવેછે અને પગના રતવામાં જાંગના મૂળમાં ગાંઠો સુજી આવેછે.

જો રતવા ફક્ત ત્વચામાંજ હોય તો બેચાર અગર વધારે દિવસની મુદતમાં રતાસ કમી પડી જાયછે. તાવ ઉતરી જાયછે તથા સોજા આસ્તે આસ્તે ઉતરી જાય છે. પણ જ્યારે ત્વચાની હેઠળના સંયોજકમાં રતવા દાખલ થયો હોયતો તે ઘણું કરી પાક્યા વગર રહેતો નથી. રતવાની જગો ઉપર ફોલ્લા થઈ તેમાં પાણી ભરાઈ ફૂટે છે. સોજો ઘણો આવેછે વેદના બેહદ થાયછે. શક્તિ કમી થઈ જાયછે, નાડી ક્ષીણ થઇ જાયછે; જીભ સુકી તથા કાળી થઇ જાય છે. તેની સાથે રતવા થયેલા ભાગની રતાશ કમી થઈ ફીકો

થાયછે, તોપણ સોજો ઉતરતો નથી, તે ગદગદીત થાયછે, તેની અંદરે લપકારા અને દરદ થાયછે. તે જલદી મોઢું કરીને ફૂટતો નથી. પણ જો ફોડીયે તોપણ પરૂની સાથે અંદરના મુએલા ભાગનાં મૃતમાંસ નીકળે છે. આ ભાગને રૂઝાતાં ઘણો વિલંબ લાગેછે. પરૂ નીકળે જાયછે, અંદરના ભાગ ખવાતા જાયછે તથા કેટલીકવાર બેચાર જુદે જુદે ઠેકાણે મોઢું કરેછે. દરદીને ઘણી વેદના થાયછે, તથા બહુ પરૂને લીધે દરદી છેક ધોવાઈ જાયછે. શરીરમાં ઝીણો તાવ રહેછે તથા પરસેવો વળેછે. ભુખ લાગતી નથી તથા ઘણીવાર જુલાબ ઉતરેછે અને મૃત્યુ નીપજેછે. કોઈવાર હાડકાં સુદ્ધાં સડી જાયછે અને તેમાંથી દરદી બચેતો તેનો હાથ પગ કાપવો પડેછે અથવા કાંઈ ખોટ રહી જાયછે.

રતવા થવાની પહેલાં દરદીને કાંઇ બીજો રોગ હોય તો તેનું પણ જોર વધી જાયછે. જો કોઈ જખ્મ અથવા ચાંદું હોય અને તે રૂઝાતું હોય તેવામાં રતવા થાય તો તે ફરીથી સડવા માંડેછે. રૂઝાયેલો ભાગ પાછો કોહી જાયછે અને આસપાસના સારા ભાગોમાં પરૂ થઇ પાકી આવેછે.

જો રતવા મગજમાં ઉતરે અથવા ગળામાં વાયુ દ્વારમાં ઉતરેતો માઠું પરિણામ થાયછે, માટે હમેશાં ચહેરાની આસપાસ રતવા થાય ત્યારે કાળજી રહેછે.

વિષારી જખ્મને લીધે જે ભાગ સુજીને લાલ થઇ આવેછે તે પણ એક પ્રકારનો રતવા સમજવો.

કારણઃ—ચેપને લીધે રતવા થઈ આવેછે. મૂડદાને કાપતાં કાપનારને જખ્મ થાય તો તેને લીધે તેને પણ રતવા થાયછે. એક ઠેકાણે ઘણા દરદી ભેગા થવાથી તથા તેમાં સ્વચ્છતાઈ ન રહેવાથી પણ રતવા ઉઠેછે. ખરાબ હવાથી તેમજ શરીરની નબળી હાલતમાં રતવા વિશેષ થઇ આવેછે. જખ્મને લીધે પણ રતવા થાયછે. કેટલાક રોગમાં—જેમકે મધુપ્રમેહ, મૂત્રપિંડનો વરમ, કાનસર અને ગાઉટ વગેરે દરદોમાં રતવા થવા વધારે સંભવ છે. કોઈ જીવ જંતુ કરડવાથી પણ રતવા થઇ આવેછે. બચ્ચાં તેમજ બુઢ્ઢાં આદમીને રતવા વિશેષ થાયછે.

ઉપાયઃ—રતવાવાળા આદમીને બનતાં સુધી વેગળો રાખવો એટલે બીજા દરદીની સાથે રાખવો નહીં, તથા તેની આસપાસ સર્વ પ્રકારની સુઘડતા રાખવી.

ઉપાય કરવામાં એટલું ધ્યાનમાં રાખવું કે રતવા થતી વખતે દરદીમાં જે શક્તિ હોયછે તે પાછળથી ઘણી હઠી જઈ તે કમ કૌવત થઈ જાય છે, માટે પ્રથમથીજ તેની શક્તિમાં વિશેષ ઘટાડો થાય એવા કાંઈ સખ્ત ઉપાય લેવા નહીં. પહેલાં એક જુલાબ આપવો અગર ઉલટી કરાવવી અને પછી નીચેની દવા શરૂ કરવી.

નં. ૧. ટિંક્ચર ઑફ સ્ટીલ ....૨૦ થી ૩૦ ટીપાં.
પાણી.........................૧ ઔંસ.

મિશ્ર કરી દર બેથી ચારકલાકને અંતરે રતવાનું જોર હોય તે પ્રમાણે આપતા રહેવું.

આ દવા ઘણો સારો ફાયદો કરેછે અને તે થોડા દિવસ જારી રાખવી. ટિંક્ચરની માત્રા આ વ્યાધિમાં એકડ્રામ સુધી અપાયછે. તેની સાથે જો દરદી અશકત માલમ પડે

તો બીજાં ઓસડો પણ આપવાને હરકત નથી; જેમકે ઉલટી થતી હોય તો—

નં. ૨. કાર્બોનેટ ઓફ આમોન્યા .... ૧૦ ગ્રેન.
સાઇટ્રીક આસિડ. .... ૮ ,,

આ બેઉ દવાને જુદા જુદા પ્યાલામાં પાણીની અંદર નાંખી તે પીગળી જાય એટલે એકત્ર કરીને પાવી. એકત્ર કરતાં સોડાવોટરની માફક ઉભરો આવેછે.

જરૂર પડેતો પોર્ટવાઈન અથવા બ્રાંડી આપવો. દુધ, કાંજી વગરે સારો ખોરાકઆપવો.

રતવા ફેલાતો હોય તે અટકાવવા સારૂ નાઇટ્રેટ ઓફ સીલવર (ક્યાસ્ટીક) રતવાની કિનારી ઉપર લગાડીને હદ બાંધવી, એટલે તેને ઉલંઘી વધશે નહી. રતવાની જગો ઉપર ટિંકચર ઓફ સ્ટીલ જે પીવા અપાયછે તેજ લગાડવી પણ સઉથી સારો ઉપાયતો ગરમ પાણીનો ફલાનલથી શેક કરવો અને તે ઘણી વેળા કરવો. એજ પાણીની અંદર ખસ ખસનાં ડોડવાં નાખવાં. કાંઇ પણ થંડા પદાર્થ જેમકે ટાઢું પાણી અથવા એવું કાંઈ લોશન લગાડવું નહી. કારણ તેથી ફાયદો ન થતાં ઉલટું એક જગાથી રતવા જતો રહી બીજે ઠેકાણે નીકળશે. ઘણું લોહી ભરાય તેથી તાણ અને આગથતી હોયતો જળો મૂકવી અગર ઝીણા છેદ મારી થોડું લોહી અને પાણી વહેવા દેવું. જો એક વખત પાકીને પરૂ થયું એમ ખાતરી થાય તો તેમાં મોટો છેદ કરી પરૂને રસ્તો આપવો. તે ભાગને રીતસર ધોઈ યોગ્ય ઉપાય કરવો કે જેથી કોહી ગયેલા ભાગ જલદી છુટા પડી રૂઝ વળે. પોટીસ લગાડવી. જેમ બને તેમ પરૂભરાઈ ન રહેતાં તે જલદી નીકળે તેમ કરવું. જો ભરાઈ રહેતું હોયતો તેના નીચેના ભાગમાં બીજો છેદ કરવો એટલે તે રસ્તે નીકળી જશે. દરદી નબળી અવસ્થામાં હોયતો નીચેની દવા આપવી.

નં. ૩. કાર્બોનેટ ઓફ આમોન્યા	૫ ગ્રેન.	મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપતા રહેવું.
લાડેનમ	૯ ટીપાં.	
સોંકાના બાર્કનો ક્વાથ	૧½ આંસ.	

દેશી દવાઓમાં રતવા ઉપર હેમકંદ અને સાકર વાટીને પીવામાં આવેછે, અને હેમકંદ, રતવેળીઓ, કાળો હંસરાજ, ચણકબાબ, વાળો અને સુખડ એ સર્વને વાટીને દિવસમાં ચાર પાંચ વાર ચોપવડામાં આવેછે. વળી દશાંગ લેપ એટલે સરસડાની છાલ, જેઠીમધ, તગર, રતાંજળી, એલચી, જટામાંસી, હળદર, દારૂ હળદર, કઠ અને વાળો આ દશ પદાર્થને વાટી તેનો લેપ પણ કરેછે; અને બીજા ઠેકાણે ઠેકાણે જુદા જુદા ઉપાયો ચાલેછે. કેળું બાંધવા તથા ખવડાવવામાં આવેછે.

જળોદર--જળંદર.

(ડ્રાપસી).

શરીરના કોઈપણ ભાગમાં પાણી ભરાય છે તેને **જળંદર** કહેછે. આ પાણી લોહીની અંદરથી આવેછે. મગજની અંદર પાણી ભરાય તેને **મસ્તકનું જળંદર** કહેછે. મગજની અંદર પાણીને લીધે કોઈકોઈ બાળકનું મસ્તક મોટું થઈ આવેછે. પેટ અને છાતીની

અંદર પાણી ભરાયછે ત્યારે તેને પેટ અને છાતીનું જળંદર કહેછે. આદમીની ગોળીમાં પાણી ઉતરેછે, તેને **અંડવૃદ્ધિ** અથવા **અંતરગળ** કહેછે. જ્યારે ચેહેરો તથા હાથપગની ત્વચા નીચે આ રીતે પાણી ભરાયછે ત્યારે તેને આપણે **થોથર** અને **સોજા** કહીએછીયે.

આ વિષયમાં પેટના જળંદર તથા શરીરના સોજાનું વર્ણન થશે. એ બેઉ ઘણું કરી સાથેજ હોયછે. પણ કોઈવાર જુદાજુદા પણ જોવામાં આવેછે. પગના સોજા હોય અને પેટનું જળંદર નથી હોતું, અગર જળંદર હોય અને સોજા નથી હોતા. જ્યારે કોઈ ભાગમાં આ પ્રમાણે પાણીને લીધે સોજા હોય ત્યારે તે ભાગ ઉપર આંગળી મૂકી દાબવાથી ખાડો પડેછે, અને થોડી વારમાં તે ખાડો આપોઆપ સાફ થઈ જાય છે. પેટની અંદર પાણી થોડું હોયછે ત્યારે તે પખાલની માફક હાલેછે, તથા દરદીને સૂવાડીને પેટ ઉપર ઠોકી જોતાં બેઉ બાજુ ઉપર પાણીનો **બટ અવાજ** આવેછે; તથા પેટના મધ્ય ભાગમાં ઠોકતાં વાયુનો પોકળ અવાજ ઢોલના જેવો આવેછે. કારણ આંતરડાંમાં હવા હોયછે તથા તે પેટના પાણીમાં ઉપર તરે છે. વળી જો તે દરદીને એક બાજુ સૂવાડશો તો જે બાજુ ઉપર રેહેશે તે પોકળ અવાજ આપશે. કારણ હલકી વસ્તુ પાણીની સપાટી ઉપર તરે એવા નિયમજ છે. પણ જો પાણી ઘણું હોય અને તેથી પેટ બહુજ મોટું થયું હોય તો પેટ ઉપર આંગળી વતે ઠોકતાં સર્વ સ્થળે **બટ** (બોદો) અવાજ આવેછે, કારણ આંતરડાંને સ્વભાવિક પેટના પછવાડેના ભાગમાં "મીઝેંટરી" નામનો બંધન છે તે બહુ લાંબો ન હોવાથી આંતરડાં પાણીની સપાટી ઉપર પોહોંચી શકતાં નથી. જ્યારે પેટમાં પાણી હોય ત્યારે જો એક બાજુ હાથ મૂકી બીજી બાજુ આંગળીનો ટકોરો મારીએ તો અંદરના પાણીનો ધક્કો હાથને લાગશે. આ નિશાનીથી જલોદરને બીજા દરદમાંથી ઓળખી શકાય છે. જો પેટનું વધવું કોઈ બીજી ગાંઠને લીધે હોય તો તે નક્કર હોવાથી તેમાં સામેના હાથને અંદરથી આ પ્રમાણે ધક્કો લાગશે નહી. આ ધક્કો લાગેછે તેને **પ્રવાહી પ્રત્યાઘાત** કહે છે.

શરીરના સર્વ ભાગમાં નિરંતર બારીક રક્ત નળીયોમાંથી રસ નીકળે છે, તથા તે ભાગોનું પોષણ થઈ બાકીનો રસ પાછો બીજી નળીયોમાં સોષાઈ જાયછે. હવે જો કોઈ કારણને લીધે જે આ સ્વભાવિક રસ ગળેછે, તે વધી પડે અગર તેનું શોષણ થાયછે તે કમી થઈ જાય તો, તે રસ અથવા પાણી એકાદ ભાગમાં (જ્યાં ન્યુનાધિકતા થાય ત્યાં) જાસ્તી થાયછે, તથા જળોદરનું મૂળ રોપાય છે.

કારણઃ—જળોદર થવાનાં કારણ ઘણાંછે. પણ તેના બે ભાગ પાડી શકાયછે. એક તો શરીરમાં સ્વભાવિક રૂધિર ફરેછે, તેનો કોઈ જાતની અડચણ થવાથી જળોદર થાયછે. બીજો લોહીમાં બીગાડ થવાથી એટલે તેમાં બીજાં ઝેરી અને ખરાબ વીકારોનું મિશ્રણ થવાથી જળંદરની ઉત્પતિ થાયછે. એ બેઉ જાતનાં કારણો રૂધિરાભિસરણને અડચણ, તથા રક્તદોષ, કેટલીકવાર તો સાથેજ હોયછે. જેમકે રક્તાશયના દરદને લીધે પહેલાં લોહી બરાબર ફરી શકતું નથી અને તેથી તે બરાબર સ્વચ્છ થતું નથી, એટલે રક્તદોષ ઉત્પન્ન થાયછે. એક ઠેકાણે રક્તપ્રવાહનો અટકાવ થાય તો તેની પછવાડેની શીરા અને કેશવાહિની

ઓમાં લોહીનો વધારે જમાવ થાયછે, અને તેથી તેમના પડ માંહેથી રક્ત માંહેલું પાણી બહારના ભાગોમાં ઝરેછે.

જળોદરનાં છૂટક કારણોમાં, રક્તાશયનાં દરદ, તેના પડદાનાં દરદ, ફેફસાનાં દરદ, મૂત્રપિંડ, કલેજું, તથા બરોળનાં દરદ આવી જાયછે. રક્તનળી ઉપર કોઈ ગાંઠનું દબાણ થાય, જેમકે હમેલના વખતમાં ગર્ભસ્થાનના દબાણથી સ્ત્રીના પગ કોઈવાર સૂજી આવે છે. રક્તદોષ, જેમકે પાંડુરોગમાં સોજા ચઢી આવેછે. તાવની વખતમાં થંડી અગર શરદીને લીધે સોજા ચડી આવેછે. શીળી અને ઓરીમાં ગરમી બહાર ફુટી નહી નીકળતાં અંદર સમાઈ જવાથી, ઘણું લોહી જવાથી, ધાસણી જેવા રોગથી, તથા કેવળ થંડીને લીધે જળંદર થાયછે.

ઉપાય કરતી વખતે જળંદરનું કારણ ધ્યાનમાં રાખવું જોઇએ. તેમાં મુખ્ય ચાર કારણ લક્ષમાં રાખવાં જોઇએ. ૧ પાંડુરોગ. ૨ દીલ એટલે રક્તાશયના રોગ ૩ કલેજાના રોગ. અને ૪ મૂત્રાશયના રોગ.

ચિન્હ:—જળોદરનાં ચિન્હ તેના મૂળ કારણના પ્રમાણે જુદાં જુદાં હોય છે. જળોદર આ કાંઈ સ્વતંત્ર દરદ નથી, મૂળ બીજા રોગનું લક્ષણ માત્ર છે. માટે પાંડુ રોગને લીધે જળોદર થાય ત્યારે ઘણું કરી પહેલાં પગ ઉપર સોજા ચડે. ત્યારબાદ તે ઉપર વધીને જાંગ ને શિશ્ન પણ સુજી આવે, અને પેટ મોટું થાય. ઉપરના ભાગમાં થોડો સોજો હોય છે. ઘણુંકરી પહેલાં દરદીને ઘણા દિવસ તાવ આવેલો હોય, તથા તેને લીધે બરોળની ગાંઠ પણ હોય છે. ચહેરો ફીકો, આરક્ત વર્ણ, હોઠ, જીભ, તથા આંખ સફેત લોહી વિનાનાં લાગેછે. દરદીને ઘણી નબળાઈ માલમ પડેછે, થોડો ઘણો શ્વાસ હોયછે, અને તે મહેનતથી વધેછે, માટે એ કોઈ જાતની મહેનત કરી શકતો નથી. છાતીમાં ધપકારો થાયછે, પેશાબ થોડો ઊતરેછે, ખોરાક ચાલે નહીં, દસ્ત સાફ ઉતરે નહી, કાનમાં પોંઘાટ થાય છે. નાડી નબળી તથા પોચી ચાલેછે.

૨ રક્તાશયના રોગથી થતું જળોદર:—રક્તાશયના રોગમાં પહેલાંતો છાતીની અંદર ધબકારો થાયછે. હાથ મૂક્યો હોયતો જાણે તે ઉડતો હોય એમ લાગેછે. વિશેષ ચાલવાથી અને બીજી મહેનતથી જલદી શ્વાસ ચડી આવેછે અને છાતી ઉછળેછે તથા દરદી હાંફેછે.થોડી સુકી ખાંસી આવેછે,અને તેમાં કવચિત લોહી પડેછે. ઊંઘ બરાબર આવતી નથી, તથા સ્વપ્નાં આવેછે અને ખાંસીને લીધે ઊઠવું પડેછે. માથું દુખે, ધાસ્તી લાગે તથા ખાવેલું પાચન થાય નહી. ત્યારબાદ પગનાં કાંડાં અગર આંખનાં પોપચાં સુજી આવેછે. પછી આસ્તે આસ્તે પગ ઉપર ને પેટ ઉપર સોજો ચડેછે. કોઈવાર હાથ પગમાં સોજા હોય પણ પેટનું જળંદર હોતું નથી. કોઈ વાર ઘણા સોજા આવેછે, પણ વિશેષે કરી આ દરદમાં જળંદર કરતાં દમ અને ખાંસીનાં ચિન્હ વધારે જોરાવર હોયછે.

૩ કલેજાના રોગથી થતું જળંદર:—કલેજાના રોગથી (નારગોળ) જળંદર થાય છે, ત્યારે પહેલાં પેટ સુજી આવીને મોટું થાયછે. પગ તથા શરીરના બીજા ભાગો ઉપર કોઈવાર સોજો આવતો નથી, અને આવેછે તો પણ સહુથી પહેલાં પેટ વધી પડેછે. પહેલાં કલેજાના

દરદને લીધે પીડાઇને રોગી નિર્બળ થઇ જાયછે અને પેટ મોટું તુમડા જેવું થઇ આવે છે, તેથી જાણે શરીર તમામ સુકાઇ ગયું હોય એમ દીસેછે. શરીર ફીકું લાગેછે. વખતે કમળો હોય છે, ઉલટી આવે અને ઝાડો કબજ હોયછે, કલેજાના ભાગમાં દરદ પણ જણાય છે. દારૂ અગર બીજા કારણને લીધે કલેજું પહેલાં સુજીને મોટું થાયછે. પણ પાછળથી એ સંકુચિત થઈ સ્વભાવિક હોયછે તેથી પણ કમી કદનું થઈ જાયછે.

પાણી થોડું હોયતો કલેજાનું કદ માલમ પડેછે. પણ જો પાણી ઘણું વધી જાય, તો પેટ છાતીનાં દેખાઈતાં પાંસળાં આગળ એક ટેકરા માફક લાગેછે. પેટના ઉપર જામળા રંગની શીરાઓ જણાય છે. અર્થાત્ ઘણું પાણી હોય તો પછી કલેજું હાથને લાગતું નથી; તથા તેનું કદ કેવડું છે તે કહી શકાતું નથી. ઘણું મોટું પેટ થઈ જાયછે ત્યારે દરદીને શ્વાસ લેવા મુશ્કિલ પડેછે, તથા સુવું બેસવું, અને હાલવું ચાલવું મુશ્કિલ થઈ પડેછે. આ દરદની સાથે કાળજાના દરદની (યકૃતોદરની) બીજી નિશાનીઓ પણ હોયછે. આ રોગ વિશેષ દારૂ પીનારાઓને થાયછે. તેમાં પણ બ્રાંડી જેવા જલદ દારૂ પીવાથી એ રોગ થવા વધારે સંભવ રહેછે. તેનાથી જાણે કલેજું બળી જતું હોય તેમ નાનું થઈ જાયછે. ઘણા દિવસ તાવ આવવાથી પણ કલેજું આ પ્રમાણે શુષ્ક થઈ જાયછે.

૪ ગુરદાના રોગને લીધે થતો જળંદર:—જળંદરના જે રોગી જોવામાં આવેછે તેમાંના ઘણાકનું મૂળ આ ગુરદાનું દરદ હોયછે. ગુરદાના રોગને લીધે જળંદર બે જુદી તરેહથી થાયછે. એકતો ગુરદાના તીક્ષ્ણ વરમને લીધે એ થાયછે તથા બીજું તેના દીર્ઘ વરમમાં પણ જળંદર થાયછે.

એક વખત મહેનત કીધા પછી અગર તાવમાંથી આરામ થતો હોય તેવામાં ઠંડી લીધાથી શરીર સુજીને તાવ આવેછે, તેની સાથે માથું દુખી ઉલટી થાયછે, તથા એક અગર બેઉ બાજુ કમરમાં દુખાવો થાયછે. પેશાબ ઘણી વખત કરવો પડેછે, પણ તે થોડો થોડો થાયછે. પેશાબમાં લોહી હોયછે અને તે લાલ અથવા કાળારંગનો હોયછે. પછી પહેલાં આંખનાં પોપચાં સૂજીને ચહેરા તથા હાથ પગ ઉપર સોજા ચડેછે. ત્યારબાદ અગર તેની સાથે પેટનો વધારો જણાયછે. એક અગર બેઉ ગુરદા લોહીના જોસને લીધે સુજીને મોટા થાયછે. મૂત્રાશયના દીર્ઘ વરમને લીધે સોજા આવેછે ત્યારે આ વરમ કેટલીક મુદત ચાલ્યા બાદ લોહીમાં પણ બીગાડ થાયછે. ચહેરો અને પગ સુજવા માંડેછે અને પછી આખું શરીર સૂજી આવેછે. કોઈ વખતે આ દરદમાં સોજા નથી ચડતા ત્યારે ઘણુંકરી એક મૂત્રાશય બગડેછે તથા બીજો સારો હોયછે, તે બેઉ મૂત્રાશયનું કામ બજાવેછે. પેશાબમાં લોહી હોતું નથી, ગુરદાના રોગમાં "આલબ્યુમીન" નામનો લોહીનો ભાગ પેશાબમાં જાયછે તેને લીધે પેશાબનું વિશિષ્ટ ગુરૂત્વ કમી થઈ જાયછે. આ આલબ્યુમીન પારખવાની રીત મૂત્રપીંડના વ્યાધિ સાથે આપીછે.

ગુરદાના દરદમાં વખતે હાથ, પગ, ચહેરો તથા પેટ એટલાં તો સૂજી આવેછે કે રોગીને બેસવું ઉઠવું પણ મુશ્કેલીથી બનેછે. સૂજી ગયેલા પોપચાંની અંદર જાણે આંખતો દટાઈ જાયછે. હાથ, પગ, શિશ્ન અને વૃષણ જાડાં થઈ જાયછે, તે એટલે સુધી કે

છેવ્લે ત્વચા ફુટીને તેમાંથી પાણી વહેવા માંડેછે. પેટ મોટું થવાથી શ્વાસ લેવો મુશ્કેલ પડેછે.

વખતે ગુરદામાં સુધારો થાય અને જળંદર હળવે હળવે દુરસ્ત થઈ જાયછે, અગર થોડું કમી થઇ અને પછી તેમ રહેછે, અથવા ફરી વધે અથવા તેની અંદર બીજાં દરદ ઉત્પન્ન થઈ રોગીનો છેડો આવેછે.

ઔષધોપાયઃ—ઉપરનું બ્યાન વાંચવાથી ધ્યાનમાં આવ્યું હશે કે જળંદર એ મૂળ રોગ નથી. તેનું મૂળ કોઈ પણ બીજા દરદમાં હોયછે, માટે ઉપાય કરવામાં મૂળ રોગ ઉપર લક્ષ આપી પછી શરીર માંહેનું પાણી કાઢવાની તજવીજ કરવી. હવે ઘણીક વાર મૂળ રોગ એવા હોયછે કે તે જાન લીધા વગર જતો નથી, અને ત્યારે પછી જળંદરનું પાણી ઘણું વધી ન જાય તેટલોજ ઈલાજ કરી સંતોષ માનવો જોઇએ. જળંદર દુરસ્ત કરવામાં લોહીને સુધારવું તથા પેશાબ અને જુલાબની વૃદ્ધિ કરી પાણીને ઘટાડવું. અથવા છેવટ જરૂર પડે તો કોઈ ભાગ ફોડીને પણ પાણીને રસ્તો આપવો. હવે આ ઉપાયોની યોજના જળંદરના કારણને તપાસી કરવી જોઇએ. સર્વ ઉપાય એક કારણને લાગુ પડતા નથી. તે પ્રમાણે તપાસ કર્યા વિના ઉપાય કરવાથી વખતે ફાયદાને બદલે ઉલટું નુકસાન પહોંચેછે. સર્વ જળંદરને નેપાળા, રેવંચી અને નસોતર લાગુ કરી આપીએ તો ઘણી હાની પહોંચેછે.

જ્યારે પાંડુરોગ, નબળાઈ અને બરોળને લીધે જલંદર થયું હોય ત્યારે સખત જુલાબ વગેરે વાપરવાની જરૂર નથી. કોઇનિન, લોખંડ, અને બીજા પૌષ્ટિક ઉપાય લેવા તથા સારો ખોરાક અને દૂધ વાપરવાં.

નં. ૧.	કોઇનિન	૫ ગ્રેન.	સર્વ દવા મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી.
	ટિંક્ચર ઓફ સ્ટીલ	૨૦ ટીપાં.	
	નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ	૧૫ ,,	
	ક્વાસ્યા અગર કલંભાની ચાહા	૩ ઔંસ.	

નં. ૨. ફ્રાસફેટ ઓફ આયર્ન ....૬ ગ્રેન.
એક્ષ્ટ્રાક્ટ ઓફ નક્ષ વામીકા ....૧ ,,
,, ,, જનશ્યન .... જરૂર જેટલો.

ઉપરની દવા મિશ્ર કરી બે ગોળી કરવી તે સાંઝ સવાર આપવી.

ઉપરની દવા ચાલુ હોય ત્યારે પણ આ ગોળીનો ઉપયોગ કરાશે. ઘણીકવાર આ રોગમાં ઉલટી થાયછે તેને લીધે પેટમાં દવા ઠરતી નથી. તોપણ ફેરી આમોની સાઇટ્રાસ હલકોછે, તે ઠરશે. તેના પાંચથી દસ ગ્રેન કલંભાની ચાહામાં ત્રણ વખત આપવા. અગર—

નં. ૩. ફેરીઆમોની સાઇટ્રાસ...૨૦ ગ્રેન. બ્રાંડી......૬ ડ્રામ.
પેપસીન વાઇન ... ૩ ,, પાણી......૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી જમવા પહેલાં અર્ધો ભાગ બેઉ વખત પાવો.

પોર્ટવાઇન પીવા આપવો, સાર્સાપરીલા આપવો, કાંઈ મેહેનત કરવી નહી. ઘરમાં રહેવું, ઠંડીમાં ફરવું નહી, આંગ ઉપર ગરમ કપડાં રાખવાં, ઝાડો સાફ રાખવો. વળીલો-

ખંડનો ગુણ એવોછે કે તે કોઇ પણ રીતે લેવાથી ઝાડો કબજ રહેછે, માટે એળીઓ, સોનામુખી, એરંડીયેલ તેલ ઈત્યાદિથી દસ્ત સાફ રાખવો.

નં. ૪. ફેરી આમોની સાઇટ્રાસ ....૧ ગ્રેન.		આ દવા મિશ્ર કરી દોઢ ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી.
કાર્બોનેટ ઓફ આમોન્યા........૧૨ ,,		
ટિંકચર ઓફ જીંજીબર ....$1\frac{1}{2}$ દ્રામ.		
ઇનફ્યુઝન કાલંબા ....$4\frac{1}{2}$ ઔંસ.		

આ શિવાય દેશી દવા, મંડુર, લોહભષ્મ, વગેરે આપી શકાયછે. આ બાબત પાંડુ રોગ ઉપર દવા અપાયછે તે જોવી તથા બરોલના ઉપાય જોવા. મંડુર અથવા લોહગાયના મૂત્રની સાથે આપવાથી સારો ફાયદો કરેછે.

રકતાશયના રોગને લીધે જલંદર થાયછે તે સારૂં થવું દુર્લભછે. ફકત જુલાબ તથા પેશાબ લાવનારી દવા આપવી એટલે પાણી કમી થશે.

નં. ૫. ક્રીમ ઓફ ટાર્ટર ....૧ ડ્રામ.	આ દવા મિશ્ર કરી $\frac{1}{3}$ ભાગ દિવસમાં ત્રણ વખત આપવી.
ટિંકચર ઓફ સ્કવીલ ....૩૦ ટીંપાં.	
સ્પીરીટ ઓફ નાઈટ્રીક ઈથર ... $1\frac{1}{2}$ ડ્રામ.	
ક્યાંફર વોટર ....$4\frac{1}{2}$ ઔંસ.	

તે દવા થોડા દિવસ પાયાથી તફાવત ન પડેતો—

નં. ૬. એસેટેટ ઓફ પોટાસ..............$1\frac{1}{2}$ ડ્રામ.	સર્વ દવા મિશ્ર કરી ત્રીજો ભાગ દિવસમાં ત્રણ વખત પાવી. અથવા—
સ્પીરીટ ઓફ નાઈટ્રીક ઇથર......... ૨ ,,	
ટિંકચર ઓફ ડીજીટેલીસ ... .૧૫ ટીંપાં.	
સ્પીરીટ ઓફ જ્યુનીપર .... ૧ ડ્રામ.	
પાણી ....$4\frac{1}{2}$ ઔંસ.	

નં. ૭. બાઇકાર્બોનેટ ઓફ પોટાસ.........૩૦ ગ્રેન.	સર્વ દવા મિશ્ર કરી દોઢ ઔંસ દિવસમાં વખત આપવી.
વીનેગર ઓફ સ્કવીલ.... .... ૧ ડ્રામ.	
એન્ટીમોન્યલ વાઇન ....૪૫ ટીંપાં.	
સ્પીરીટ ઓફ નાઈટ્રીક ઇથર.........$1\frac{1}{2}$ ડ્રામ.	
વરીયાળીની ચાહા ....$4\frac{1}{2}$ ઔંસ.	

સુરોખાર એક ડ્રામ લેઈ તે અળશીની ચાહામાં નાંખવો તેની અંદર મૂળાના કાંદા તથા પાનનો રસ ત્રણ ડ્રામ નાંખી દિવસમાં ત્રણ વખત થોડું થોડુ આપવું. સોનામુખી એપસમસાલ્ટ (વિલાયતી મીઠુ) વગરેના જુલાબ જરૂર પડે તે પ્રમાણે આપવા.

કલેજાના રોગને લીધે જળંદર થાય છે તેમાં જુલાબ આપવા તથા પેશાબની વૃદ્ધિ કરવી. પેશાબ વધારવા સારૂ ઉપર રક્તાશયના જળંદર સારૂ લખેલી દવા આપવી તથા તે શિવાય—

નં. ૮. એસેટેટ ઓફ પોટાસ..............$1\frac{1}{2}$ ડ્રામ.	સર્વ દવા મિશ્ર કરી એક ઔંસ ત્રણ વખત આપવી.
નાઇટ્રેટ ઓફ પોટાસ (સુરોખાર) ...૩૦ ગ્રેન.	
ટિંકચેર ઓફ સ્કવીલ..............૪૦ ટીંપાં.	
જ્યુનીપર ઓઇલ..................... ૬ ,,	
કામ્ફર વાટર........................ ૩ ઔંસ.	

જુલાબ સારૂ કોમ્પાઉન્ડ જાલપ પૌડર આપવો. જાલપના જેવી આપણી એક

દેશી દવાછે તેને "કાલાદાના" કહેછે. તેની ભૂકી સુમારે એક ડ્રામ પાણીમાં લેવી. જાલપ તથા કાલા દાનાનું એક્સ્ટ્રાક્ટ પણ હોયછે, વળી મળાવરોધના પ્રકરણમાં બીજા મોટા જુલાબ લખેલાછે તે પણ જરૂર પડતો આપવા. તે સિવાયઃ—

નં. ૯. એળીયો............૪ ગ્રેન. રેવંચીનો શીરો.........૪ ગ્રેન.
બલ્યુ પીલ.........૪ „ જ્યુનીપરનું તેલ......૪ ટીપાં.

મિશ્ર કરી ચાર ગોળી કરવી. તેમાંથી એક સવારે આપવી. દસ્ત સાફ બે ચાર ઉતરે તો ઠીક નહી તો સાંઝે ફરી એક આપવી.

નં. ૧૦. કોમ્પાઉન્ડ ગામબોજ પીલ.........૫ ગ્રેન.
„ આસેફેટીડા પીલ.........૫ ગ્રેન.

ઉપરની દવા મિશ્ર કરી બે ગોળી કરવી. તે રાત્રે સુતી વખતે આપવી.

નં. ૧૧ પીલ ઓફ કોલોસીંથ એટ હાયોસાઇમ ...૫ ગ્રેન.
„ એસેફેટીડા કોમ્પાઉન્ડ ....૫ „

બંને દવાઓ મિશ્ર કરી બે ગોળી કરી રાત્રે આપવી.

ગુરદાના રોગને લીધે જળંદર ઘણી વખત થાયછે. હવે જો જળંદર ગુરદાના તીક્ષ્ણ સોજાને લીધે હોય તો તેમાં પેશાબ વધારવાની દવા આપવી નહીં. કારણ સોજાને લીધે તેઓ કામ ઉઠાવવા અશક્ત હોયછે અને તેથી તેવી દવા આપવાથી તેમને નુકશાન પહોચેછે. તીક્ષ્ણ સોજા સારૂ કમરમાં દુખે તે જગાએ જળો મૂકાવવી; ત્યાં ગરમ પાણીનો શેક કરવો. રાઇનું પ્લાસ્તર અગર ગરમ પોટીસ લગાડવાં. રૂમડી મૂકવી તથા નીચેની દવા આપવી.

નં. ૧૨.	લાઇકર આમોની એસેટેટીસ... ૧ ઔંસ. એન્ટ્રીમોન્યલ વાઇન......... ૪૦ ટીપાં. એપસમ સાલ્ટ....................૩ ડ્રામ. કયામ્ફર વાટર...................૩ ઔંસ.	આ દવા મિશ્ર કરી ત્રીજો ભાગ દિવસમાં ત્રણ વખત આપવી.

તાવ ન હોય તો ગુરદાના જુના જળંદરમાં નીચેની દવાઓ વાપરવી.

નં. ૧૩.	જવની ચાહા...............૧૨ ઔંસ. સુરોખાર......................૧ ડ્રામ. એપીકાકયુઆના વાઇન ......૨ „	ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં થોડું થોડું પાંચ દસ વાર આપવું.

અથવા એકલું લીકર આમોની એસેટેટીસ બે ઔંસ તથા પાણી ચાર ઔંસ લઇ દિવસમાં ચારથી છ વખત આપવું. અથવા—

નં. ૧૪.	એપીકા કયુઆના વાઇન............૧૫ ટીપાં. એન્ટીમોન્યલ વાઇન..................૧૦ „ લીકર આમોની એસેટેટીસ............૧ ઔંસ સાઇટ્રેટ ઓફ પોટાસ...............૧૫ ગ્રેન. પાણી.....................................૧ ઔંસ	આ દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવી.

જુલાબની દવા આગળ કહીછે તેમાંથી આપવી. ઘણું કરી કયાલોમલ આપવો નહીં. જળંદરની અંદર જુલાબની દવાથી ફાયદો થાયછે ખરો, પણ તેમાં વિચાર રાખ-

વો કે દરદીની શક્તિ ઘણી હઠી જાય નહી. વળી વારંવાર જુલાબ આપવાથી તેમજ આપોઆપ જળંદરમાં એકાએક ઝાડો અગર મરડો થઈ આવેછે. આ બીના પણ ધ્યાનમાં રાખવી. માટે સાવચેતીથી બે ચાર દિવસને અંતરે માફક આવે એવા જુલાબ આપ્યાં કરવા.

શરીરમાં ઘામ નીકળવાથી ઘણો ફાયદો થાયછે. ઘામ આવે તેટલું પાણી ચામડી વાટે નીકળી જાયછે. ઘણો ઘામ જવાથી પણ શક્તિ કમી થઈ જાયછે.

ઘામ કાઢવાની રીતઃ—"હોટ એર બાથ"એટલે ગરમ હવામાં બેસવું. મીણબતી સળગાવીને એક ખુરશી નીચે મૂકવી તથા ખુરશી ઉપર નગ્ન થઈને દરદીયે બેસવું પછી તે દરદીને ગળેથી એક જાડું કપડું ખુરશીની ચોતરફ જમીન સુધી મૂકવું એટલે અંદરની હવા ગરમ થઈ શરીરમાંથી પરસેવો નીકળશે. સુમારે અર્ધો કલાક બેસવું. રક્તાશય નબળું હોય, મગજ બગડ્યું હોય, ઘણી તબીયત નબળી હોય તેણે તથા હમેલ અને દસ્તાનના વખતમાં આ"હોટએરબાથ"લેવો નહી. હવાનીપેઠે ગરમપાણી દૂધ અથવા ચાહાની પણ બાફ લેવાયછે. આ બાફ જમ્યા પછી તરત લેવો નહી.

એકાદ વખત જળંદર ઘણું વધી જાયછે. આદમી ઘણો પીડાયછે, તથા શ્વાસ લેઈ શકતો નથી ત્યારે પેટની અંદરના પાણીને કાઢી નાખવાની જરૂર પડેછે. આ પાણીને કાઢી નાખવા સારૂ એક **નળી ને સુયો** જેને "ટ્રોકાર અને કાન્યુલા" એટલે **આર અને નળી** કહેછે તે લેઈ નાભીની નીચે બે ત્રણ ઈંચને સુમારે મધ્ય લીટીમાં પેટની અંદર મૂકવાં. સુયો અંદર તથા નળી તેના ઉપર હોયછે. પેટમાં દાખલ થાય એટલે સુયો(ટ્રોકાર) ખેંચી લેવો, એટલે બાકી રહેલી નળીની વાટે પાણી ચાલ્યું આવશે. હથીયાર પેટની અંદર નાખવા પહેલાં દરદીને ખાટલાની ઈસ ઉપર બેસાડવો પડેછે તથા પેટની આસપાસ એક પહોળો પાટો રાખવો પડેછે; તે જેમ જેમ પેટમાંથી પાણી નીકળતું આવેછે તેમ તેમ બે આદમી તે પાટાને ખેંચતા આવેછે. આ પાટો નહી રાખેતો દરદી વખતે બેહોશ થઈ જાયછે. પાણી ખલાસ થાય એટલે નળી કાઢી લેવામાં આવેછે તથા તે છીદ્રને એક ટાંચો મારવો, નહીતો તેના ઉપર ચીકટ પટી(ગમપ્લાસ્તરની પટી) તથા એક ગાદી મૂકી પાટો બાંધી લેવામાં આવેછે. બેથી ત્રણ દિવસમાં એ છીદ્ર બંધ થાયછે એટલે પાટો કાઢી લેવો. જેમ પેટમાંથી પાણી કાઢવામાં આવેછે તેમ સૂજેલા હાથ પગને છેકા દેઈ પાણી કાઢવાની ચાલ નથી.કારણ તેથી વિશેષ ફાયદો ન થતાં છેકા દીધેલ ઠેકાણે ખરાબ ચાંદાં પડી આવેછે તે પાછાં રૂઝાવાં મુશ્કેલ થઈ પડેછે. સોજાથી ત્વચા બહુ ખેંચાયલો છેદ મૂકવા જરૂર પડેછે. પેટની અંદરનું પાણી પણ ઉપર કહેલા કાંઈ જરૂરી કારણ સિવાય કાઢવું નહી. કારણ કે પાણી કાઢવાથી પહેલાંતો દરદીને આરામ લાગશે પણ તેથી અશક્તાઈ વધારે થશે અને વળી થોડી મુદતમાં પેટ પાછું પાણીથી ભરાઈ જેવું હતું તેવું થશે. કેમકે જે મૂળ દરદથી જળંદર થાયછે તેનું નિવારણ કાંઈ પાણી કાઢવાથી થતું નથી.

જો હાથ પગના અતિશય સોજાને લીધે તેની ત્વચા તાણથી આપોઆપ ફાટે અને પાણી નીકળવા માંડે, તો તે જગાએ રૂ મૂકી ફલાલીનના પાટાથી બાંધી લેવું.

દેશી ઓષધમાં ગૌમૂત્રપાશન, વાફ અથવા બફારો તથા જુલાબની ભલામણ જ-ળાદરને વાસ્તે કહીછે. ગાયનું મૂત્ર એકલું પીવું અગર બીજાં ઓસડો સાથે પીવું.

નં. ૧૪. સરગવાની છાલ, દેવદાર, તથા નાગરમોથનો કવાથ કરી આપવો.

નં. ૧૫. ચીત્રકમૂળ, ત્રિફળાં, ત્રિકટુ, જીરૂ, શેરણી, વેખંડ, અજમોદ, વરીયાળી, કચોરાં, ધાણા, વાવડીંગ, કાળીજીરી, પોખરમૂળ, સાજીખાર, જવખાર, સંધવ, સંચળ, બીડલોણ, મીઠું, વાગડખાર અને ઉપલેટ આ સર્વનો એકેક તોલો નસોતર ત્રણ તોલા તથા દાંતીમૂળ ત્રણ તોલા એ સર્વનું એકત્ર ચુર્ણ કરવું. તેમાંથી માફક આવે તેમ તોલો અડધો તોલો પાણીમાં આપવું. આ ચુર્ણ જળંદર સિવાય બીજા રોગ જેમકે અજીર્ણ વગેરેને પણ લાગુ પડશે.

નં. ૧૬. જવખાર, ટંકણખાર, ચિત્રકમૂળ, ત્રિકટુ,અને પંચલવણનું સમભાગ ચુર્ણ ત્રિફળાના કવાથમાં લેવું.તેનાથી સાફ દસ્તન આવેતો તેમાં ઘોડી નસોતરની ભૂકી નાખીપાવું.

નં. ૧૭. પટોળ, વાવડીંગ, ત્રિફળા, એકેક તોલો, દાલચીની,ટંટુ અને નસોતર આ ત્રણે અર્ધા અર્ધા તોલો લઈ તેનું ચૂરણ કરવું. તેમાંથી તોલો અર્ધાતોલો ગાયના મૂત્ર સાથે આપવું.

નં. ૧૮. સુંઠ, મરી, ટંકણખાર, ખારો અને ગંધક આ સર્વ સમભાગ અને નેપા-ળાના બી બે ભાગ તેને ખરલમાં ઘુંટી એકત્ર કરવાં તથા બે રતીના પ્રમાણમાં તે આપવું.

નેપાળાનો જુલાબ આપવામાં ઘણીજ સાવચેતી રાખવી. અણસમજુ લોકો કેટલીક વાર તેનો જુલાબ લેછે તેથી માઠા પરિણામ નીપજેછે.

નં. ૧૯. પુનર્નવા, સુંઠ, ગળો, દેવદાર અને હીમજના કાઢામાં સમભાગ ગાયનું મૂત્ર નાંખી પાવું,

આપણા લોક નારગોળમાં તથા બીજા જળંદરમાં નાભીની આસપાસ તથા બીજે ઠેકાણે ડામ દેછે તેથી વિના કારણ દરદીને ઇજા ભોગવવી પડેછે.

મોઢાનાં દરદ.

જીભનોવરમઃ—કોઈવાર જીભ સુજી આવેછે, તે ઘણી લાલ થઈ આવેછે અને તેમાં બળતરા થાયછે, થૂંક વહેછે, અને ખાવાપીવામાં મુશ્કેલી થઈ પડેછે. ઘણું કરી આવો સોજો બીજા દરદોની સાથે થાયછે. કોઇવાર આવો સોજો થયા પછી તેમાં પરૂ થાયછે અને તે ફુટેછે. કોઇવાર ઘણો સોજો થઈ આવેછે, તેથી જીભ મોઢાની બહાર નીકળી આવેછે અને ગળામાં શ્વાસ લેવાને પણ મુશીબત પડેછે. આ પ્રમાણે હકીમ લોકો પારાથી મોઢું આણે છે ત્યારે કેટલીકવાર સોજો થઈ આવે છે અને આદમીના પ્રાણ જાય છે.

ઉપાયઃ—જીભનો સોજો થઈ આવે ત્યારે જુલાબ આપવો. બરફ મળી આવે તો તેના કટકા મોઢામાં રાખવા. ઘોડો સોજો હોયતો મોઢામાં કાથો અગર ચણકબાલા રાખવાં.

ઘણો સોજો હોયતો જીભ ઉપર થોડા ઉભા છેદ મૂકવા એટલે લોહી નીકળી જશે.

૨. જીભઉપર ચાંદાં:—જીભની કોરે ઉપર, અગર અણી ઉપર નાનાં અથવા મોટાં ચાંદાં કેટલીકવારે થઈ આવેછે. ઘણી વખત પેટની અંદર બગાડ તથા અજીર્ણને લીધે આ પ્રમાણે ચાંદાં થઈ આવેછે. કોઇવાર મરચાં, ચૂનો તથા બીજી ગરમ વસ્તુ ખાવાથી થાયછે. ઉપદંશના રોગથી પણ ચાંદાં થઇ આવેછે. આવાં ગરમીનાંચાંદાં જલદી રૂઝાતાં નથી. તે કઠણ તથા સફેત રંગનાં હોયછે. તેમની સાથે શરીરપર ગરમીની બીજી નિશાનીઓપણ જોવામાં આવેછે.

ઉપાય:—સાધારણ ચાંદાં હોયછે તે બેચાર દિવસમાં પોતાની મેળે સારાં થાયછે. કોઇ પ્રકારનું અજીર્ણ માલમ પડે તો તેના ઇલાજ કરવા. બીઝમથ, પેપસીન, હાઇડ્રોક્લોરીક આસિડ વગેરે આપવાં. ગરમ ખોરાક, દારૂ, મરચાં વગેરે ખાવા આપવાં નહિ, કોમ્પાઉન્ડ રૂબાર્બ પૌડરનો એક જુલાબ આપવો, ચાંદાં ઉપર કાથાની ભૂકી લગાડવી. તેથી સારૂ ન થાયતો મોરથુથુ લગાડવું. ટંકણખાર તથા મધ અથવા ટંકણખાર અને ગ્લીસરીન ભેગાં કરી તે ચોપડવાં.

ગરમીનાં ચાંદાં પડ્યાં હોય તો આયોડાઇડ ઓફ પોટાશ્યમ તથા સારસાપરીલા પીવા આપવાથી મટી જશે.

જીભનું "કાનસર":—કાનસર નામના દરદનું વર્ણન આગળ કરવામાં આવ્યુંછે. આ દરદ જીભ ઉપર કેટલીકવાર થાયછે. તેને લીધે ઘણી વેદના થાયછે. દુર્ગંધવાળુ થૂંક ઘણું વહેછે અને શરીરમાં નબળાઇ થતી જાયછે. કાનસર સડવા માંડે એટલે મોઢું દુર્ગંધ મારેછે, કેટલીકવાર લોહી ઘણુ પડેછે. જીભનો વધારે ભાગ બગડવા માંડે એટલે બોલવા તથા ખાવા પીવાની અડચણ પડેછે અને દરદીને રીબાઈ રીબાઇને મરવું પડે છે. પ્રથમ એક નાની ગાંઠ જીભમાં થાયછે. તે ફૂટે અને ફેલાયછે. તેમાં જીભનો થોડો અગર સઘળો ભાગ ખવાઇ જાયછે. જીભ ઉપર ગળામાં, અને પેઢા તરફ રોગ ફેલાયછે. ગરદન ઉપર ગાંઠો મોટી થાયછે.

ઉપાય:—વેદના કમી પાડવા સારૂ અફીણ અગર એવી બીજી કેફી ચીજ આપવી પડેછે. શરીરને ટકો રહે એવો પૌષ્ટિક ખોરાક આપવો. ખોરાક ચાવી ન શકાયતો પ્રવાહી પદાર્થ આપવા. આ દરદ મટવા સારૂ જીભનો જેટલો ભાગ બગડ્યો હોય તેટલો કાપી નાંખવો પડેછે.

જીભનો કેટલોક ભાગ કાપી નાંખ્યા પછી પણ દરદી સારી રીતે બોલી શકેછે તથા ખાવા પીવામાં પણ અડચણ આવતી નથી. જીભને કાપવાની બે ત્રણ રીતછે. તેને કાતરવતી કપાયછે અગર "એક્રેઝર" નામના શસ્ત્રથી કપાયછે, તેથી લોહી જતું નથી. જીભની વચમાં દોરો પરોવીને તેની બંને બાજુ બાંધવાથી તે થોડા દિવસમાં ખરી પડેછે. મોઢું વાસ મારેછે તે દુર કરવા સારૂ પરમાંગનેટ આફ પોટાસનાં વારંવાર કોગળા કરવા.

થુલીયો.

(આપૃથી.)

આ દરદ વિશેષે કરીને બચ્ચાંઓમાં જોવામાં આવેછે. મોટા આદમીને કોઇ વખત સખ્ત બિમારીયાની સાથે થાયછે અને તે થાય છે ત્યારે ભયંકર નિશાની થઇ પડેછે.

મોઢામાં, જીભ ઉપર અને વખતે તાળવા ઊપર તથા છેક ગળામાં સફેત રંગના નાના ચાંઠા પડેછે. તે ફેલાયછે અને કોઈ કોઈવાર એક આચ્છાદનની માફક થઇ રહેછે. તેને લીધે બચ્ચું બેચેન રહેછે, તાવ આવેછે, ખાંસી થાયછે, ઝાડો થાયછે. ખાવાપીવા અને દૂધ પીવામાં ત્રાસ થાયછે. આ સફેત ચાંઠાંઓમાં સૂક્ષ્મદર્શક યંત્રથી વનસ્પતિ પ્રકારની કીડ માલૂમ પડેછે.

ઉપાયમાં સારો ખોરાક અને પૌષ્ટિક દવા આપવી. કાથાના પાણીનાકોગળા કરવા. ગ્લીસરીન અને ટંકણખાર તથા કલોરેટ આફ પોટાશ મેળવીને લગાડવા.

ગ્લીસરીન... ...	આંઉસ ૧	મિશ્ર કરી આંગળી વતી મોઢામાં દિવસમાં કેટલાક વખત ચોપડવું.
કલોરેટ આફ પોટાશ.	ગ્રેન ૩૦	
ટંકણખાર.. ...	,, ૩૦	

કલોરેટ આફ પોટાશ, નાઇટ્રોમ્યુરીયાટીક આસીડ યોગ્ય પ્રમાણમાં પીવા આપવા.

૫. મોઢુ આવવું:—મોઢું આવેછે ત્યારે જીભ, પેઢું અથવા તાળવું અગર ગાલનો ભાગ રાતો થઇ આવેછે અને તેપર ચાંદાં પડી કોઇ કોઇવાર ઘણો ભાગ સડી જાયછે. અજીરણ, નબળાઇ બીજી સખ્ત બિમારી વગેરે કારણથી આ દરદ ઉત્પન્ન થાયછે. ગરમ ચીજ ખાવાથી, પારાની દવાને લીધે તથા બીજાં કારણોને લીધે પણ મોઢું આવેછે. તેથી ખવાતું નથી, ચવાતું નથી અને દુઃખ થાયછે. અશક્ત બચ્ચાંઓને કોઇ કોઈ વાર ગાલની અંદરનો ભાગ સુજી આવી સડી જઈ ચાંદુ પડેછે, અને ક્વચીત આખો ગાલ ખવાઇ જઇ દાંત ઊઘાડા પડેછે અને તેને લીધે બચ્ચાંઓનો જાન પણ જાયછે.

ઉપાયમાં:—કલોરેટ આવ પોટાશ, લીકર ફેરી પરકલોરીડ, નાઇટ્રો મ્યુરીયાટીક આસીડ, પોર્ટવાઇન વીગેરે દવા પીવા આપવી. બાવળની છાલ,ફટકડી, કાથો, કલોરેટ આફ પોટાશના પાણીના કોગળા કરવા આપવા.

મોઢાનો સળો.

(કાંક્રમ આરીસ.)

કોઈ કોઈ નાના પાંચ સાત વરસની અંદરના બચ્ચાંને મોઢામાં આ રોગ થાયછે તેથી ગાલનો કેટલોક ભાગ સળી જાય છે. પ્રથમ એક ગાલપર સોજો આવેછે. તે લાલ કઠણ અને ચળકતો લાગેછે. મોઢાની અંદર જોતાં તે ગાલની અંદર ચાંદું પડચું જણાય છે, અને ચાંદાપર મૃત માંસ હોયછે. મોઢું બહુ વાસ મારેછે. તેમાંથી લાળ અને પરૂ નિકળે છે. તેની સાથે તાવ આવેછે. કાંઈ અનાજ ખવાતું નથી, નબળાઈ થતી જાયછે. ગાલનું

ચાંદુ ફેલાયછે. ગાલની આરપાર છીદ્ર પડેછે, અને ગાલનો કેટલોક ભાગ સડી જઇ છુટો પડેછે. તેની સાથે કોઈવાર હોઠ અને પેઢાં સડી જઈ જડબાનું હાડકું અને દાંત ખુલ્લા પડેછે. બચ્ચાંને પીડા બેહદ થાયછે અને ઘણીવાર તેમાંથી મૃત્યુ પ્રાપ્ત થાયછે. આ વ્યાધિ નબળાં અને ગરીબ લોકના બચ્ચાંઓને વિશેષ થાયછે.

ઉપાયઃ—બચ્ચાંની તબીયત નબળી હોયછે માટે પ્રથમથીજ ગરમ અને પૌષ્ટિક દવાની જરૂર છે. કવીનાઈન, સીંકોના, આમોન્યા, પોર્ટવાઈન વગેરે યોગ્ય માત્રામાં આપવાં. તેની સાથે સારો પ્રવાહિ ખોરાક આપવો. એક તરફનો ભાગ સળી જવાથી ચાવવું બની શકતું નથી. માટે પ્રવાહી ખોરાક ગળામાં રેડવો. તેની સાથે મોઢાની ગંધ દુર કરવા સારૂ પરમાંગનેટ આવ પોટાશ અથવા ક્લોરીનેટેડ સોડા વગેરેના કોગળા કરવા આપવા. શરૂઆતમાં જ્યારે પહેલું ચાંદુ ગાલની અંદર પડે ત્યારે તેનાપર નાઈટ્રીક આસિડ લગાડવો.

નં. ૧. ક્લોરીનેટેડસોડા..... દ્રામ ૧ }
પાણી.......... ...ઔંસ ૬ } મિશ્ર કરી કોગળા કરવા.

નં. ૨. પરમાંગનેટ ઓફ પોટાસ . ૫ ગ્રેન }
ક્લોરેટ ઓફ પોટાસ ......૬૦ ,, } મિશ્ર કરી કોગળા કરવા,
પાણી ઔંસ.. ....૮ ઔંસ }

આ બંને દવાના કોગળા જ્યારે હરકોઈ રોગથી મોઢું વાસ મારતું હોય ત્યારે ફાયદાકારછે.

ગાલ પચોરીયાં.

(મંપ્સ).

આ દરદમાં થુંક પેદા કરનારી ગાંઠો સૂજી આવેછે. એ રોગ ઘણું કરીને બચ્ચાંને થાયછે. એની સાથે થોડો તાવ આવેછે અને થોડી ઘણી પીડા થાયછે.

પ્રથમ કાનની હેઠલો અને ગાલપરનો ભાગ સૂજી આવેછે અને તે સોજો જડબાની નીચે હનવટી પર્યંત પહોચેછે. ત્રણ ચાર દિવસ પછી તે કમી થવા માંડેછે અને આઠ દસ દિવસમાં મટી જાયછે. કોઈ વાર એક બાજુએ આવો સોજો થઈ આવેછે, પણ બહુધા બેઉ બાજુ સાથે સૂજી જાયછે. કોઈવાર આ સોજો મટી જઈ એકાએક વૃષણ સૂજી આવેછે.

ઉપાયઃ—હલકો જુલાબ આપવો. તાવને માટે ડાયાફોરેટીક મિક્ષચર આપવું અને સૂજેલા ભાગ ઉપર ગરમ પાણીનો શેક કરવો.

ગળું આવી જવું. ચોરીઆનો વરમ.

(ટૉંસીલાઇટીઝ.)

ચિન્હઃ—ગળું આવી જાયછે ત્યારે ગળાની બારી લાલ થઇ જાયછે, ચોરીઆ સૂજી જાય છે, તાવ આવેછે, તથા ગળામાં ઘણું દરદ થાયછે. ચોરીઆ સૂજી આવેછે તે જડબાંના

પાછલા ખૂણા નીચે ગાંઠોની માફક લાગેછે તથા દાબવાથી દુઃખેછે. જીભ ઉપર સફેત છારી વળેછે, અને ગળામાં થૂંક ચીકણું થઈ જાયછે તે નીકળતું નથી, તેથી ગળામાં કાંઈ ભરાઈ રહ્યું હોય એમ લાગેછે અને ચેન પડતું નથી. ખોરાક તથા પાણી ગળવાથી પણ ગળામાં દુઃખ થાયછે અને મુસ્કેલી જણાયછે. કોઇવાર પાણી પીતાં નાકમાંથી પાછું આવેછે. કાનમાં ચસકા નાખેછે અને ઊંઘ પણ આવતી નથી. ઘણી વખત આ સોજો થોડા દિવસમાં ઉતરી જાયછે અને ચોરીઆ પોતાની પૂર્વ સ્થિતિ ધારણ કરેછે. કોઈવાર તે પાકીને તેમાં પરૂ થાયછે અને તે ફૂટેછે. વારંવાર આ પ્રમાણે ગળું આવી જાય તો ચોરીઆ છેવટ મોટા થઈ જાયછે. વખતે એટલા મોટા થઈ જાયછે કે ખોરાક ગળવાને મુશીબત પડેછે, કાન બહેરા થઈ જાયછે અને જીવને ચેન પડતું નથી, તેને ચોરીયાનો દીર્ઘ વરમ કહેછે. કોઇવાર ગળાનો વરમ થાય, અને ચોરીઆ સારા હોયછે. કોઇવાર ચોરીઆનો વરમ થાય, ને ગળું સારૂં હોયછે, પણ ઘણું કરીને બેઉનો વરમ સાથે થાયછે. થંડી તથા સરદીને લીધે ઘણું કરા ગળું આવેછે.

ઉપાયઃ—દરદીએ પવન અગર થંડીમાં બહાર નીકળવું નહિ, દૂધ, કાંજી, વગેરે પ્રવાહી પદાર્થ ઉપર પોતાનો નિર્વાહ કરવો. ગળાની આસપાસ ગરમ કપડું લપેટી રાખવું, બહારથી ગરમ પાણીનો શેક કરવો, અથવા અળશીનો ગરમ પોટીસ મારવી. ઘણું દરદ થતું હોય તો બહારથી એક્ષટ્રાક્ટ ઓફ બેલાડોના ચોપડવું. બે ડ્રામ ફટકડી લઈ બાર ઔંસ પાણીમાં નાખી તેના વારવાર કોગળા કરવા, અથવા નીચે લખેલી દવાના કોગળા કરવા.

નં. ૧. લાડેનમ ....૨ ડ્રામ.
ટિંક્ચર બેલાડોના ....૩ ,,
ફટકડી........................૧ ,,
પાણી ....૮ ઔંસ.
} એ સર્વ દવાને મિશ્ર કરી તે પાણીના કોગળા કરવા.

પ્રથમ શરૂઆતમાં એક જુલાબ આપવો, અગર નીચેની દવા ચાલુ કરવી.

નં. ૨. એપ્સમ સૉલ્ટ......... ૪ ડ્રામ.
ક્લોરેટ ઓફ પોટાસ ૪૦ ગ્રેન.
લિકર આમોની એસેટેટીસ ૨ ઔંસ.
કપૂરનું પાણી .... ૨ ,,
} આ સર્વે દવા મિશ્ર કરી $\frac{1}{8}$ ભાગ દિવસમાં ત્રણ વખત પીવા આપવી.

જો હમેશને માટે ચોરીઆ મોટા થઈ જાય તથા વારંવાર આ પ્રમાણે તેનો સોજો થઈ આવે તો નીચેની દવા એક વાદળીનો કટકો લાંબી સળીને છેડે બાંધી તે વતે લગાડવી.

નં. ૩. નાઇટ્રેટ ઓફ સિલવર........$\frac{1}{2}$ થી ૧ ડ્રામ.
પાણી ....૧ ઔંસ.

બંને દવાને મિશ્ર કરી ઉપર કહ્યા પ્રમાણે ચોરીઆ ઉપર લગાડવું. નીચેની કોઈપણ દવાના ઘણા દિવસ કોગળા કરવાથી સારો ફાયદો થશે.

નં. ૪ ડિલ્યુટ હાઇડ્રોક્લોરિક આસિડ... ૪ ડ્રામ
મધ.................................. ૧ ઔંસ
પાણી.................................૧૨ ,,
} મિશ્ર કરી કોગળા કરવા.

નં. ૫. ટાનિકઆસિડ..........૩૦ ગ્રેન
ફટકડી ... .૬૦ ,,
ટિંક્ચર ઑફ કાપસીકમ ૨ ડ્રામ
પાણી ... ... ૮ ઔંસ
} સઘળી દવાઓને મિશ્ર કરી કોગળા કરવા.

બરફના પાણીના કોગળા કરવાથી ઘણીકવાર ફાયદો થાયછે. પડજીભ કેટલીકવાર ઢીલી પડી જાયછે તેને પણ ઉપલી દવાઓ લાગુ પડેછે.

ચોરીઆ બહુ મોટા થઈ જાય તો તેને કાપી નાખવાની જરૂર પડેછે.

પડજીભ કોઈવાર ઢીલી પડી લાંબી વધી જાયછે તેથી ગળામાં પીડા થાયછે તથા સૂકી ખાંશી વારંવાર આવેછે. ઉપર કહેલી કોગળાની દવાથી આરામ ન થાય તેવારે તેનો લાંબો વધેલો ભાગ કાપી નાંખવો પડેછે.

અન્નાશયનું ક્ષત-ચાંદુ.

(અલસર આફ સ્ટમક.)

જેવી રીતે શરીરના કોઈ ભાગની ચામડી ઉપર દરદ થઈ ચાંદાં પડેછે તેમ હોજરી માંહે પણ કોઈ વખત પડેછે. હોજરીમાં આવું ચાંદું પડવાનાં ચોકસ કારણો માલુમ પડતાં નથી. પુરૂષના કરતાં સ્ત્રીને આ રોગ વધારે થાયછે. સ્ત્રીને રૂતુપ્રાપ્તિમાં ફેરફાર અગર કમી જાસ્તી થવાથી આ રોગ થવા વધારે સંભવ રહેછે. આ ચાંદું વખતે રૂઝાઈ જઈ દરદી સારો થાયછે અથવા એમાંથી ઘણો રક્ત પ્રવાહ થવાથી અગર તેને લીધે અનાજ હજમ ન થવાથી દરદી મૃત્યુને શરણ થાયછે. કોઈવાર આ ક્ષત હોજરીના પડની આરપાર જવાથી છિદ્ર પડેછે તથા તેથી પણ મૃત્યુ પ્રાપ્ત થાયછે.

ચિન્હઃ—અન્નાશયનાં ચાંદાંનાં ચિન્હ હમેશાં એક સરખાં હોતાં નથી. કોઈ વખત ઘણાંજ સખ્ત ચિન્હ જણાયછે અને કોઈવાર હલકાં જણાયછે. હોજરીની પછવાડેના બરડાના ભાગમાં તથા આગળ કાળજામાં બળેછે અને દરદ થાયછે. હોજરી ઉપર દાબવાથી એકાદ ઠેકાણે ઘણુંજ દરદ માલુમ પડે છે. ખોરાક ખાધા પછી આ દરદ વધેછે. ખોરાક લીધા પછી થોડી ઘણી મુદતમાં ઉલટી થાયછે. ઉલટીમાં કેટલીકવાર લોહી પડે છે. આ લોહી કોઇવાર થોડું હોયછે અને કોઈ વખત એટલુંતો નીકળેછે કે દરદીને અંધારાં આવી બેશુદ્ધ થાયછે. કોઈવાર હોજરીની અંદર રક્તપ્રવાહ થાય છે તેની ઉલટી ન થતાં તે ઝાડાવાટે જાયછે. ખાટા ઘચરકા આવેછે, ભૂખ લાગેછે. જો આ ચાંદુ પેટની બખોલમાં ફુટે તો ઘણુંજ દરદ થાયછે, પેટ ચઢી આવેછે, ઝાડો પેશાબ બંધ થઈ જાય છે, તથા દરદી ઘણોજ ચિંતાતુર થઈ તાવ આવી લેવાઈ જાયછે, અને પરિણામે મૃત્યુ નીપજે છે. કોઈવાર એકાએક લોહીની ઉલટી થાયછે અને ત્યાર પછી આ ક્ષતનાં ચિન્હ ઉત્પન્ન થાયછે.

ઉપાયઃ—આ દરદના ઉપચારમાં શરીરને બીલકુલ મહેનત આપવી નહિ. બનતાં સૂધી બિછાનામાં રહેવું. હોજરીને પણ આરામ આપવો, એટલે કઠણ તથા જડ ખોરાક

આપવો નહી. ચોખા, કાંજી, આરોરૂટ, દૂધ વગેરે ખોરાક આપવો તથા દરેક વખત થોડો ખોરાક લેવો. દૂધ તથા ચૂનાનું પાણી મેળવીને આપવાં. આ પ્રમાણે મિશ્ર કરેલું દૂધ આંતરડાંમાં પાચન થાય છે અને અન્નાશયને વિશ્રાંતિ મળે છે. દારૂ કાફી વગેરે ગરમ પદાર્થ વર્જ્ય કરવા. ખોરાક ખાવાથી અતિશય ઉલટી થાય, પેટમાં ઠરે નહિ અગર ઘણી વેદના થાય તો પેટમાં અનાજ થોડા રોજ આપવું નહી. ફક્ત મળદ્વારથી દૂધ, કાંજી, બ્રાંડી, કાડલીવર આઇલ વગેરે પદાર્થની પીચકારી મારવી. જો સખ્ત દરદ થતું હોય તો પેટઉપર શેક કરવો, રાઇનું પ્લાસ્ટર મારવું. જો રક્તની ઉલટી થતી હોય તો દરદીને સુવાડી રાખવો, પેટ ઉપર બરફ મૂકવો, બરફના કટકા ચૂસવા આપવા તથા ગ્યાલિક આસિડના ૧૫ ગ્રેન પાણીમાં દર કલાકે આપવા અથવા ટિંકચર ઓફસ્ટીલ આપવું. થોડું અફીણ આપવાથી ફાયદો થાયછે. બીઝમથ પણ ફાયદાકારક છે, તથા ઊલટીનો અટકાવ કરેછે. ઉલટી સારૂ સોડા અને સીટ્રીકઆસિડ અથવા હાઇડ્રોસ્યાનીક આસિડ વગેરે આપવા. આરામ થવા માંડે એટલે કાઇનિન તથા લોખંડનો અર્ક શરૂ કરવાં.

નં. ૧. અફીણ....................૮ ગ્રેન.
નાઇટ્રેટ ઓફસીલવર ......૪ ,,

ઉપરની બંને દવાને મિશ્ર કરીને ૧૨ ગોળી કરવી અને સાંઝ સવાર એકેક આપવી.

નં. ૨. બીઝમથ સબનાઇટ્રેટ........૨૪ ગ્રેન.
કોમ્પાઉન્ડ કાઇનો પાઉડર...૨૦ ,,

ઉપરની દવા મિશ્ર કરી બે પડીકાં કરવાં તથા એકેક સાંજસવાર આપવું.

ખાટા અને ગળ્યા પદાર્થ ખાવા નહી, જુલાબ આપવો નહીં, પણ ઝાડો કબજ રહે તો પીચકારીથી ઉતારવો.

અજીર્ણ.

(ડીસ્પેપશ્યા.)

આ ઘણુંજ સાધારણ દરદ છે. શરીરનો પાયો ખોરાક ઉપરછે. ખોરાક લીધા પછી તેને પાચન કરવામાં તથા તેની વ્યવસ્થા કરવામાં શરીરે માહેલાં કેટલાંક અવયવો કામે લાગેછે. હવે આ ખોરાક તથા અવયવો જોઇએ તેવાં તથા એક બીજાને અનુકુળ હોય ત્યાંસુધી ખોરાક બરોબર પાચન થાયછે, પરંતુ એમાં કાંઇ અડચણ આવેતો અજીરણ ઉત્પન્ન થાયછે. અજીરણનો ભાવાર્થ સમજવા પહેલાં સ્વભાવિક પાચનક્રિયા કેવી રીતે ચાલેછે તે ધ્યાનમાં રાખવું જોઇએ. તે ખોરાકનો કાંઇ ભાગ હોજરીમાં (અન્નાશય અથવા પક્વાશયમાં) પાચન થાયછે, અને કાંઈ ભાગ આંતરડાંમાં પાચન થાયછે. સાકરાદિકપદાર્થ થુંકથીજ ગળી જાયછે. આંતરડાંમાં થુંકના જેવોજ "પાંક્રિયાઝ"નો રસછે. "આલબ્યુમોન" ઇત્યાદિક "નાઇટ્રોજન"વાળા પદાર્થ જઠરસથી પાચન થાયછે, તથા ચરબી ઇત્યાદિક "કાર્બોન"વાળા પદાર્થનો "બાઇલિ" એટલે પિત્તથી એક રસ થાયછે. આવી ગુચવણવાળી ક્રિયામાં કોઈ પ્રકારનો ન્યુનાધિકતા થવાથી અજીર્ણોત્પત્તિ થાયછે.

કારણ:—અજીરણ થવાનું ઘણું સાધારણ કારણ ખોરાકજછે. વિશેષ ખોરાક ખાવાથી અથવા અયોગ્ય પદાર્થ વાપરવાથી અપચો થઇ આવેછે. એકદમ ઘણું ખવાય અથવા કાચું કોરૂં અનાજ તથા વનસ્પતિ લીધામાં આવે તો તે સહજ પાચન થતાં નથી. તેમજ જમવાનો વખત ચૂકી કવખતે ખવાય, અગર મોડું ખાઈ તરત સૂઈ જવાથી પણ અનાજ પચવામાં હરેકત આવેછે. ઉતાવળમાં અથવા દાંત અગર મોઢું દુઃખવાથી અનાજ બરાબર ચાવ્યા વિના ખવાય, તેથી પચતું નથી. જમતી વખત ઘણુંજ પાણી પીવામાં આવે તો તે જઠરસને પાતળો કરી નાંખી પાચનક્રિયામાં હરકત આણેછે. ઉપરા ઉપરી વારંવાર ખાવાથી બરાબર પચતું નથી. એક વખત જમ્યા બાદ બીજી વખત જમતા પહેલાં સુમારે પાંચ છ કલાકનો અંતર જોઇએ. તે દરમીયાનમાં હોજરી પોતાનું કામ બજાવી રહેછે.

દારૂ, ભાંગ, તમાકુ વગેરે વ્યસનથી પણ અજીરણનું મૂળ રોપાયછે. તન અને મનને અતિશ્રમ આપવાથી, અગર બીલકુળ કસરત ન આપવાથી પણ અનાજ બરાબર પચતું નથી. ફિકર ચિંતા તથા શરીરની નબળાઈ અને બીજી વ્યાધિથી અન્ન પચવામાં અડચણ આવેછે.

અન્નાશયનાં પોતાનાં દરદ, કલેજાના, પ્લીહાના, ગર્ભસ્થાનના દરદ, મગજની વ્યથા, રક્તનો બિગાડ તથા જુદા જુદા પ્રકારના તાવના મરજથી પણ પેટમાં વાયુનું પ્રબળ થાયછે, અને અન્ન પચતું નથી તથા ઉલટી થાયછે.

લક્ષણ:—અજીરણ એ એક તુચ્છ તેમજ એક મહાભારત દરદછે. કોઈ વખત ફક્ત ખાટા અથવા વાયુના ઓડકાર આવેછે. પેટ જરા ચઢેલું માલમ પડેછે. ઝાડો સાફ ઉતરતો નથી. મોળ અથવા ઉછાળો અગર ઉલટી થાયછે. કોઈ વખત આથી સખત અને દુઃખદાયક ચિન્હ જણાયછે. અતિશય ઉલટી થાય, અથવા ઝાડો થાય, અગર પેટ કબજ રહેછે જીભ ઉપર સફેત છારી વળી જાયછે, ગળામાં,છાતીમાં,અથવા પેટમાં બળેછે, છાતીનો ધબકારો વધી પડેછે,માથું ચઢી આવેછે,અને મોઢામાંથી પાણી છૂટેછે. કોઈ વખત પેટમાં ચુંક આવેછે અગર પેટ ચઢીઆવેછેઅને દુઃખેછે, ભૂખ લાગતી નથી. અન્ન ઉપર રૂચી થતી નથી,મોઢું વાસ મારેછે,અને મોઢામાં કડવો અગર બીજા પ્રકારનો સ્વાદ આવેછે. ઊંઘ બરાબર આવતી નથી. નિદ્રામાં સ્વપ્નાં આવેછે તથા એકદમ ઝબકી ઉઠાયછે. પેટમાં વાયુ ગુડુડ ગુડુડ બોલેછે, તથા મળદ્વારથી દુર્ગંધી પવન છૂટેછે,અહીં એટલું કહેવું જરૂરનું છે કે પેટમાં ગરબડ અને અવાજ થાયછે તે વાયુને લીધે થાયછે. આપણા સાધારણ લોક એમ સમજેછે કે એ કરમ બોલેછે પણ તેમ નથી. અજીરણની કેટલીક વખત મન ઉપર ઘણીજ ખરાબ અસર થાયછે. બેચેનપણું તથા દીલગીરી રહેછે,કોઇ વખત ધાસ્તી ઉપજેછે, અને કોઈ વખત એટલો કંટાળો આવેછે કે આદમી આપઘાત કરી નાંખેછે.

એક એવા પ્રકારનું અજીરણ થાયછે કે તેમાં ભૂખની શાંતી થતી નથી. ખાધું તો પણ પાછી ભૂખની ભૂખ; આદમી ધરાયજ નહી. તેને સંસ્કૃતમાં "ભસ્મક રોગ" કહેછે. દેશી વૈદકમાં લખેછે કે જઠરાગ્નિ કફને લીધે મંદ, પિત્તને લીધે તિક્ષ્ણ, અને વાયુના જોરથી

વિષમ થાયછે. એ ત્રણે સરખાં હોય ત્યારે સમાગ્નિ હોયછે, કેટલાકને પેટમાં ગોળો ચડેછે, ત્યારે સાધારણ અજીરણનાં ચિન્હ હોય છે, દસ્ત સાફ આવતો નથી, તથા પેટમાં પણ દુઃખેછે, તેને ગુલ્મ કહેછે. કેટલાક આવા દરદીને તો આ ગુલ્મ નિયમસર ઉઠેછે. પાંચ પંદર દિવસે અગર દરરોજ અમુક વખતે નિયમસર ઉત્પન્ન થાયછે અને કેટલીક મુદત પછી બંધ પડેછે.

નિદાનઃ—પુષ્કળ નાના પ્રકારનાં દરદને લીધે અજીર્ણ ઉત્પન્ન થાયછે. તેથી તેનું નિદાન કરવું એ સહેલ નથી. કારણ કે અંદરની સ્થિતિ આપણે આંખથી જોઈ શકતા નથી. તેમજ ઘણા દરદના ચિન્હ એક સરખાંજ જોયામાં આવેછે. સાધારણ અજીર્ણમાં જીભ ઉપર સફેદ છારી વળેછે, કોઇ વખત ઉભા લાલ રંગના ઝીણા દાણા જણાયછે. સખત તાવમાં વચમાં સફેદ છારી તથા આગળ અને બાજુએ કોર ઉપર જીભ લાલ અણોડી જેવા રંગની હોયછે.

કલેજાનું દરદ હોય તો આ છારી પીળાશ મારેછે. સન્નિપાત જેવા કડક તાવમાં જીભ સૂકી પડી જાયછે, મોઢામાં અમી રહેતી નથી, જીભ ઉપર કાંટા આવેછે તથા તેના ઉપર અને મોઢામાં કાળાં છાલાં બાઝી જાયછે. તાવમાં અતિ ક્ષીણતા થઇ જાય તો જીભમાં ચીરા પડી જાયછે. જીભ ઢીલી થઈ જાયછે, તથા બાહાર કાઢતાં ધ્રુજે છે, અને તેના ઉપર દાંતના આંકા પડી જાયછે. જીભના ઉપરથી અમુકજ દરદ વર્તવું એ મુશ્કેલ છે. પણ તેના ઉપરથી કેવો અને કેટલે દરજ્જે બીગાડ થયોછે એમ અનુમાન બાંધી શકાય. કાળજામાં દરદ એ ફક્ત સાધારણ અજીર્ણને લીધે હોય; તેમજ અન્ના-શયના ક્ષત વગેરે દરદથી પણ થાયછે. ક્ષતને લીધે દરદ હોયતો તે ખોરાક લીધાથી વધેછે.

ઉલટી જુદા જુદા કારણોથી થાયછે. પેટની અંદર ક્ષત અગર ગાંઠને લીધે થતી હોય તો તેની સાથે દરદ પણ હોવું જોઇએ. હમેલને લીધે ઉલટી થાયછે. મગજના દરદને લીધે ઉલટી થાય તો માથું દુખે, પણ પેટમાં દુખાવો બિલકુલ હોતો નથી. પિત્તને લીધે થાય તો ઉલટીમાં પિત્ત પડેછે. ઉલટીમાં લોહી પડે તો ક્ષત વગરે દરદ હોય એમ અનુ-માન બંધાયછે.

ઔષધોપાયઃ—જે કાંઇ અજીર્ણ થવાનું કારણ માલમ પડી આવે તે દૂર કરવું. ઘણું ખાવામાં આવેલું હોય તો ઉલટી કરાવી નાંખવી. તેને લીધે ઉલટી આપોઆપ થતી હોયતો અટકાવવી નહીં. ઉલટી ગરમ પાણી પુષ્કળ અથવા તેની અંદર મીઠું અગર રાઈ નાં-ખીને પીવાથી થશે, અગર મોઢામાં આંગળી ઘાલી કરવી. ઉલટી નહી તો એક ટંક ભુખ વેઠવી. ત્યારબાદ હલકો ખોરાક લેવો. ચોખાની, સાબુદાણાની, અથવા આરારૂટની કાંજી આ-પવી. સુંઠ, મરી, અગર પીપર ચાહામાં નાંખી પીવાં. ઘણું કરી ખાટી ચીજ ખાવી નહીં.

જેને ઘણો વખત થયાં અજીર્ણ જણાતું હોય તેણે સારો નિયમસર ખોરાક લેવો. જેની જઠરાગ્નિ જોરાવર હોય તેને ત્રણથી ચાર વખત ખોરાક પચી જાયછે, નહીંતો સા-ધારણ કોવતવાન આદમીને આ દેશમાં બે વખત ખોરાક બસછે. ખોરાક એકજ તરે-હનો ન લેતાં જુદી જુદી જાતના તરેહવાર અને નાના પ્રકારનાં ભોજન લેવાથી રૂચી સારી રહેછે, તથા મન પ્રસન્ન રહેછે.

જો જઠરરસ કમી હોવાથી ખોરાક પાચન થવામાં હરેકત આવતી હોય તો "પેપસીન" નામનું જે જઠરરસનું સત્વ મળેછે તે જમતી વખત લેવું, પેપસીન જેમ મદદ કરેછે તેમ હાઇડ્રોક્લોરીક આસિડ પણ પાચન ક્રિયાને ઉત્તેજન આપેછે. જઠરરસ વધારવા સારૂ નાઇટ્રો હાઇડ્રોક્લોરીક આસિડ, રુબાર્બ, એપીકાકયુના તથા સુંઠ આપવામાં આવેછે. જઠરરસ ઘણો પેદા થતો હોય અને તેથી ખાટા ઘચરકા આવે અને છાતીમાં તથા પેટમાં બળતું હોય તો બીઝમથ, અફીણ વગેરે તેના અટકાવ કરેછે. જઠરરસ સ્વભાવિક આમ્લ છે. તેનું જોર કમી કરવા સારૂ સોડા, સાલવોલા ટાઇલ, માગનેશ્યા, વગેરે "આલકલી" આપવાં જોઇએ.

અજાશય અને આંતરડાં નબળાં હોવાથી વાયુનું જોર હોય અને અનાજ પચે નહીં તો ઝેરકચોલાનું સત્વ—સ્ટ્રીક્નીયા આપવું. તેની સાથે લોહ, લેખંડનો અર્ક અથવા બીજાં વનસ્પતિનાં કડવાં પૌષ્ટીક ઓસડ, જેવાં કે બાર્ક, કવાશ્યા, જનશ્યન, કરીયાતું, કડુ, કલંબો ઇત્યાદિ આપવાં. થોડું કોઇનન આપવું. એ ઘણુંજ "ટૉનીક" એટલે પૈષ્ટિક છે. તેનાથી ભુખ લાગેછે તથા નબળાઇનો ઝીણો તાવ પણ જાયછે. પેટમાંથી મળ દૂર કરવાને હલકો જુલાબ હીમજનો, સોનામુખીનો, રુબાર્બ, અગર સીડલીઝપાઉડરનો આપવો. અન્ન પચવાને ઉત્તેજન આપવા સારૂ દારૂ પીવો પડે તો જમતી વખતે પાણી નાખી પરિમીતપણે લેવો. દારૂ ફકત અશક્ત અને મંદ જઠરાગ્નિ વાળા આદમી સારૂ છે. જુવાન મજબુત આદમીને પીવા જરૂર નથી. દારૂ પીવાથી પેટમાં અગન પડે ખરી, પણ તેને ખરી સ્વભાવિક ભુખ સમજવી નહી.

"પેપસીન"ની બેથી ત્રણ રતીની ભૂકી અગર પેપસીન વાઇન એકથી બે ચમચા ભરી જમતી વખતે પીવો. નબળાઇમાં પેપસીન સાથે લોહભષ્મ લેવી હોય તો—

નં. ૧. લોહભષ્મ (રીડ્યુસ્ડ આયર્ન)..........૨૪ ગ્રેન.
એક્ષટ્રાકટ ઓફ નક્ષવોમીકા .... ૬ „
પેપસીન..............................૩૬ „

ત્રણે દવાને મિશ્ર કરી તેની ૨૪ ગોળીઓ કરવી અને જમતી વખતે એક એક લેવી. પેટમાં દરદ થતું હોય તો પેપસીન સાથે અફીણ એક ગ્રેન આપવું. મોઢામાંથી પાણી છુટતું હોય તો તેની સાથે બીઝમથ, ૧૦ થી ૧૫ ગ્રેન આપવું. ક્રોડલીવરઓઇલ કેટલાકને પચતું નથી તે પેપસીન સાથે લેવાથી પાચન થઇ શકેછે.

નં. ૨. નાઇટ્રો હાઇડ્રો ક્લોરીક આસિડ.................. ૫ ટીપાં.
ટિંકચરઓફ જીંજર (સુંઠનો અર્ક).................૨૦ „
લીકર સ્ટ્રીક્નીયા .... ૫ „
કરીયાતાની ચા...................................... ૧ ઔંસ.

આ એકેક ઔંસ જમવા પહેલાં અડધા કલાકે પીવું.ખોરાકની તથા ખાટા કડવા પાણીની ઉલટી થાય તો નીચેનું ઓસડ આપવું.

નં. ૩. સોડા...................૧૨ ગ્રેન. આસિડ હાઇડ્રોસ્યાનિક... ૫ ટીપાં.

લાઈકર મોરફ્યા ......૧૦ ટીપાં. અતિવિષનો ક્વાથ .... ૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરીને પાવી. ઘણીજ ઉલટી થતી હોય તો બરફ ચુસવો, સોડાવોટર પીવું, લેમનેડ પીવો, કાળજા ઉપર રાઇનું પ્લાસ્તર મારવું, બહુ ઉલટી થતી હોયતો ફકત ચુનાનું નીતરેલું પાણી તથા દુધના સરખા ભાગ લઇને આપ્યા કરવું.

હેડકી તથા ખાટા ઓડકાર આવે તથા છાતી અને પેટમાં અગન થતીહોયતો—

નં. ૪. સાલવોલાટાઇલ...... ....૯૦ ટીપાં	સર્વે દવાને મિશ્ર કરી એક એક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવું.	
પોટાસ કાર્બોનાસ..................૨૪ ગ્રેન.		
બીઝમથ સબનાઇટ્રસ......... ... ૪૫ ,,		
હાઇડ્રોસિયાનીક એસિડ............૧૫ ટીપાં		
માગનેશ્યા કાર્બોનાસ..............૩૦ ગ્રેન		
પેપરમીંટનું પાણી................. ૩ ઔંસ		
ટિંકચર ઓફ કારડામમ્ કોમ્પાઉન્ડ ૨ ડ્રામ		

નં ૫. **હિંગાષ્ટક ચૂર્ણઃ**—સુંઠ, મરી, પીપર, અજમો, સંધવ, જીરૂ, શાહજીરૂ, અને હીંગ આ આઠ પદાર્થનું સમભાગ ચુર્ણ કરી જમતી વખતે ખાવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાયછે. આ ચુર્ણ ઘણુંજ રૂચિકારક છે.

વડવાનળ ચૂર્ણ.

નં. ૬. સૈંધવ ....૧ ભાગ.		ઉપર પ્રમાણે ભાગ લેઇ તેનું સાફ ઝીણું ચૂર્ણ કરવું, ને શકિત પ્રમાણે લેવું. તે અગ્નિ પ્રદિપ્ત કરેછે તથા દસ્ત સાફ લાવે છે.
પીપરીમૂળ ૨	,,	
પીપર ૩	,,	
ચવક ૪	,,	
ચિત્રક.....................૫	,,	
સુંઠ ૬	,,	
હીમજ ૭	,,	

અતિ અગ્નિને લીધે ભસ્મક રોગ થાયછે તેના ઉપર કોડલીવર ઓઇલ આપવું. જડ અને સ્નિગ્ધ (ઘી તેલાદિ) પદાર્થો જે પાચન થવાને મુસ્કેલ એવા પદાર્થ આપવા. અઘેડાના બીની અગર ઊંમરની છાલ વાટી તેના દૂધમાં ખીર કરી ખાવી. નરણે કોઠે ખૂબ પાકેલાં કેળાં ખાવાથી અગ્નિમંદ થાયછે તથા ભસ્મક રોગ દૂર થાયછે.

નં. ૭. **સામુદ્રાદિ ચર્ણઃ**—મીઠું સંચળ, સંધવ, જવખાર, અજમો, હરડાં, પીપર, સૂંઠ, હીંગ, તથા વાવડીંગ એનું સમભાગ ચૂર્ણ ભોજન સમયે લેવું એટલે અજીર્ણ દૂર થાયછે.

નં. ૮. હરડે, પીપર અને સંચળ દહીંની સાથે ખાવાં એટલે મોળ, અરૂચી અને વાયુ દૂર થાયછે.

લઘુક્રવ્યાદ ચૂર્ણ.

નં. ૯. પારો...... ..૧ ભાગ		પીપળી ......૨ ભાગ.	
ગંધક...... ૨	,,	પીપમૂળી....૨	,,
લોહભસ્મ... $\frac{1}{2}$	,,	ચિત્રક.........૨	,,
સંચળ...... ૧	,,	સુંઠ.......... ૨	,,
ટંકણખાર...૧	,,	બડીંગ...... ૨	,,
મરી........૧	,,		

આ સર્વે પદાર્થ એકત્ર કરી તેને લીંબુના રસની સાત ભાવના દેવી. બાદ છાસની સાથે ભોજન સમયે આપવું. માત્રા ૧ થી ૪ વાલ. અજીરણ, ઝાટો, ઉલટી, કોલેરા ઉપર આ દવા સારી અસર કરેછે.

નં. ૧૦. **ભાસ્કર લવણ ચુરણઃ**—પીપર, પીપરીમૂળ, ધાણા, કાળીજીરી, સૈંધવ, બીડલોણ, તાલીસપત્ર, નાગકેસર, આ દરેક આઠ તોલા, સંચળ વીસ તોલા, મરી, અજમો, સૂંઠ, આ દરેક ચાર તોલા, તજ તથા એળચી બે તોલા, મીઠું બત્રીસતોલા,દાડમ છાલ સોળ તોલા, અને અમવેતસ આઠ તોલા; આ સર્વેનું ચૂર્ણ એકત્ર કરવું,બાદ છાસ દહીં અગર કાંજી સાથે આપવાથી અગ્નિ વૃદ્ધિ થાયછે.

નં. ૧૧. **વિશ્વાદિ ચુરણઃ**—સૂંઠ, મરી, પીપર, પાન, એલચી, એ અનુક્રમ વૃદ્ધિ પ્રમાણે લઈ એકત્ર કરી તેની સમભાગ સાકર નાંખી લેવું. ગુલ્મ અરૂચિ અને ઉલટી તેનાથી દૂર થાયછે.

નં. ૧૨. **અજીર્ણારીરસઃ**—શુદ્ધ પારો અને ગંધક એ ચાર ચાર તોલા, હરડાં આઠ તોલા, સૂંઠ બાર તોલા, પીપર, મરી, અને સૈંધવ દરેક બાર તોલા અને ભાંગ સોળ તોલા; આ સર્વ ચીજોનું ચૂર્ણ એકત્ર કરી તડકામાં લીંબુના રસના સાત પુટ દેવા. આ દવા દિપન તથા પાચન છે.

નં. ૧૩. **રામબાણ રસઃ**—પારો, વછનાગ, લવીંગ, અને ગંધક એ સર્વે સમભાગ, મરી બે ભાગ, જાયફળ અડધો ભાગ, આ સર્વ એકત્ર કરી આંબલીના રસમાં ઘુંટવાં, બાદ ચણોઠી જેટલું આપવું તેથી સંગ્રહણી, મંદાગ્નિ, ઊલટી વગેરેને ફાયદો થાયછે.

ખાધા પછી કોઠામાં અગ્નિ થતી હોય તો દ્રાક્ષ, સાકર, મધ, અને હરડાં ખાવાથી શાંતિ થાયછે.

નં. ૧૪. **લસુનાદિચુરણઃ**—લસણ, જીરૂં, સંધવ, સંચળ, સૂંઠ, મરી, પીપર, અને હીંગનું સમભાગ ચૂર્ણ કરી તે લીંબુના રસમાં ખાવું. ગુલ્મઆદિ વાયુ ઉપર ફાયદો કરેછે.

જે અજીરણની સાથે પેટમાં દુખેછે અને જેને ગુલ્મ એવું નામ આપેલું છે તેના ઉપર બેલાડોના સારી અસર કરેછે.

નં. ૧૫. એક્ષટ્રાક્ટ ઓફ બેલાડોના ....૧ ગ્રેન.

તેની ત્રણ ગોળી કરી ચાર ચાર કલાકે એકેક લેવી, તેનાથી પેટમાં દુખતું મટી જાયછે, તથા દસ્ત સાફ ઉતરેછે.

નં. ૧૬. સૂંઠ, હીંગ, અને પાદેલોણ અગર સાજીખારનું ચૂર્ણ અજીરણ તથા શૂળનુ શમન કરેછે.

નં. ૧૭. હરડાં, સૂંઠ, મરી, પીપર, ઝેરકચોળાં, ગંધક, અને હીંગ, એ સર્વનું સમભાગ ચૂર્ણ, તેનું પાથી અડધો તોલો સવારમાં લેવું, એ અજીરણ તથા મંદાગ્નિ દૂર કરેછે.

નં. ૧૮. કાંકચીયો ......૧ તોલો. સૂંઠ......................૧ તોલો.
સંચળ ....½ ,, હીંગ શેકીને ....½ ,,

સર્વે દવાનું ચૂર્ણ કરીને તેની સરગવાના રસમાં ગોળી વાળવી. તે અજીરણ, ચુક, અને કરમને લાગુ પડેછે.

અજીરણની સાથે પેટમાં કેટલીકવાર ડુખી આવેછે તથા ઘણીજ કળ મારેછે અને પેટુમાંથી ઉપર ગોળો ચડતો હોય એમ લાગેછે તેને ગોટાનું દરદ કહેછે. ગોટો ચડેછે તેને વૈદકમાં ગુલ્મ પણ કહેછે. તે પુરૂષના કરતાં સ્ત્રીને વિશેષ થાયછે. તેને ઉપર કહેલાં ઘણાં ખરાં ઓસડો લાગુ પડશે. તે સિવાય નીચેનાંઃ—

નં. ૧૯. હીંગ, સિંધવ, કોકમ, રાઈ તથા સૂંઠ આ સર્વનું સમભાગ ચૂર્ણ જેને **હીંગુપંચક** કહેછે તેનું થોડા દિવસ સેવન કરવું. ગોટો ચડી આવે ત્યારે એરંડીયેલ તેલનો અગર હીમજનો જુલાબ આપવો અને પેટ ઉપર તેલ લગાડી શેક કરવો. આકડાના પાનથી અગર એરંડાના પાનથી શેક કરવો.

નં. ૨૦. શુદ્ધપારો તથા ગંધક, જેપાળ, હરડાં, બહેડાં, આંમળાં, સૂંઠ, મરી, અને પીપર, તેના સમભાગ લઈ ખરલમાં ઘૂંટવાં. તેને **નારાચરસ** કહેછે. આ માંહેથી સુમારે ચાર માસા મધની સાથે આપવો.

નં ૨૧. અડધો તોલો કુંવારનો ગર અને તેમાં ત્રિકટુ,હરીતકી અને સંધવનું ચૂર્ણ ઘાલી ઘીની સાથે આપવું.

મળાવરોધ—કબજીયત.

(કોન્સ્ટીપેશન.)

ચિન્હઃ—દસ્ત એટલે ઝાડો ન ઉતરે તેને મળાવરોધ એવી સંજ્ઞા આપેલીછે. ઘણું કરી દરેક આદમીને ચોવીસ કલાકમાં એક સ્વભાકિ દસ્ત આવેછે. કોઇને એકજ દિવસમાં એકથી વધારે વખત ઝાડે જવું પડેછે, તથા કોઇને સ્વભાવિક બેથી ત્રણ દિવસમાં એક દસ્તની આદત પડી જાયછે. પરંતુ જે સ્વભાવિક ટેવછે તથા તે જે ટેવથી શરીર આરોગ્ય રહેછે તે કરતાં મળ કમી ઉતરે અથવા ઉતરવામાં જાસ્તી મુદત લાગે તોઝાડો કબજ રહ્યો એમ કહેવાય. ઝાડો કબજ રહેવાથી આદમીને બેચેની રહેછે. પેટમાં જાણે ભાર હોય એમ લાગેછે તથા જરા પેટ ચડેલું દેખાયછે. ભૂખ બરાબર લાગતી નથી, અજીર્ણનાં ચિન્હ જણાયછે, માથું દુખેછે, આળસ આવેછે, પગ તોડાયછે તથા બચ્ચાંમાં આંચકી જેવા ભયંકર ઉપદ્રવ નીપજેછે.

કારણઃ—મળાવરોધનાં કારણ ઘણાં હોયછે. તેથી ઉપાય યોજવામાં તેમના ઉપર પૂરતું લક્ષ આપવું જોઇએ. સાધારણ દસ્ત સાફ ન આવતો હોયતો તેનો એકાદ જુલાબથી નીકાલ થશે. પણ જેને હમેશાં કબજીયત રહેતી હોય તેનું કારણ શોધી કાઢી યોગ્ય ઈલાજ થવો જોઇએ. આંતરડાંના કોઈ ભાગ સંકુચિત થઈજાય અગર તેના ઉપર બીજી ગાંઠ વગેરેનું દબાણ થાયતો દસ્ત સાફ નહી ઉતરે. ઘણું કરી ઓરતોને હમેલ હોયછે ત્યારે ગર્ભસ્થાનનું આંતરડાં ઉપર દબાણ થવાને લીધે ઝાડો કબજ રહેછે, બુઢાપણમાં અગર બીજા કારણોથી આદમીની નબળાઈ તથા પેટની સ્નાયુના કમકૌવતને લીધે પેટની અંદરના ભાગને નીચે ઉતરવાને જે જોર મળવું જોઇએ તે ન મળવાથી આંતરડાંની અંદર મળ ભરાઈ

બેસેછે. કોઈ વખત મળના ગાંઠા આંતરડાંની અંદર એવા સખ્ત બંધાઈ જાયછે કે તે પેટ ઉપરથી લાગેછે. તેને સંસ્કૃતમાં "આનાહ" રોગ કહેછે. કોઈવાર એવુ બનેછે કે આવા ગાંઠાની વચમાં અથવા બાજુએ થોડો રસ્તો રહેછે. તેમાંથી થોડો ઘણો પાતળો ઝાડો હમેશાં ઉતરેછે. તેની સાથે જરા જળસ પડેછે તથા મરડાના જેવાં ચિન્હ જણાયછે, તેનાથી ઠગાઈ ન જતાં મળના ગાંઠાનો નીકાલ કરવો. કોઈવાર આંતરડાં, તેમાં મુખ્યત્વે કરીને "કોલન" મંદ પડી જવાથી મળ ન ઉતરતાં તેમાં જમાવ થઈ રહેછે. કલેજાના, પાંક્રિયાઝના તથા તાપતલ્લીના દરદથી ઝાડો કબજ રહેછે. હરસ તથા બીજાં કારણોથી દસ્ત ઉતરતાં વેદના થતી હોયતો દરદી બનતાં સૂધી ઝાડાનો અટકાવ કરી રાખેછે, અને તેથી પણ મળ બંધાઈ જાયછે. જેને ધંધાને લીધે અગર સુખચેનથી બેસી રહ્યાની ટેવ હોયછે અને શરીરને પૂરતી હવા અને કસરત મળતાં નથી તેને પણ મળ બદ્ધતા રહે છે. તાવ તથા બીજાં મગજનાં દરદ પણ મળાવરોધનાં કારણ થઈ પડેછે.

ઉપાય:—કોઈ ખુલ્લા કારણને લીધે ઝાડો બંધ હોય ત્યારે જુલાબ આપી પેટ સાફ કરવું. એરંડીયેલ તેલ, સોનામુખી, હીમજ, ગરમાળાનો ગોળ, નસોતર, કાળાદાણા, જાલપ, એપસમસાલ્ટ (વિલાયતી મીઠું), રેવાર્ચી, ઇંદ્રાવણ, કાલોમેલ, પોડોફીલીન ઈત્યાદી જુલાબ તરીકે વપરાયછે. "ક્રોટન ઓઇલ" (જમાલગોટાનું તેલ) નામનું તેલ એક જોરાવર જુલાબછે. તેનું એક ટીપું આપવાથી ચારપાંચ જુલાબ ઉતરેછે. કોઈ મગજના દરદમાં આદમી બેશુદ્ધ હોય અને ગળે ઉતરે તેમ ન હોય તો જીભની ઉપર બે ટીપાં તે તેલનાં સાકરની સાથે મૂકવાથી જુલાબ ઉતરશે.

પેટના જળંદર, મગજના, કલેજાનાં દરદ, અગર કોઈ સોજામાં સખ્ત જુલાબ આપવા હોય તો નીચે માહેનો કોઈ આપવો.

નં. ૧. કમ્પાઉન્ડ જાલપની ભૂકી...૬૦ ગ્રેન. ｝ બંને દવાને મિશ્ર કરીને સવારમાં
　　　ક્યાલોમેલ .... ૪ ,, ｝ પાણીમાં આપવી.

નં. ૨. ઇલાટીરીયમ..............⅓ થી ½ ગ્રેન ｝ સર્વે દવાને મિશ્ર કરી એક
　　　મરચાની ભૂકી.................૩ ,, ｝ ગોળી કરી રાત્રે સૂતી વખતે
　　　એક્ષટ્રાક્ટ ઑફ હાયોસાયમ. ......૪ ,, ｝ આપવી.

નં. ૩. રેઝીન ઑફ પોડોફાઇલ......½ થી ૧ ગ્રેન ｝ આ દવાને મિશ્ર કરી
　　　ક્યાલોમેલ ... . ૨ ,, ｝ ૧ ગોળી કરી રાત્રે સૂતી
　　　એક્ષટ્રાક્ટ ઑફ હાયોસાયમ ૪ ,, ｝ વખત આપવી.

નં. ૪. ક્રોટન ઓઇલ...૧-૨ થી ૩ ટીપાં.　　પીપરમેંટનું તેલ...૧ ટીપું.

ઉપરની બંને દવાની ગોળની સાથે ગોળી કરીને આપવી. સાધારણ તાવમાં અગર પિત્ત સારૂ જુલાબ આપવા હોય તો "સીડલીઝ પૌડર" ઘણોજ સારો તથા હલકોછે.

નં. ૫. સોડા... ....｝ .... ૪૦ ગ્રેન.
　　　ટારટરેટ ઑફ સોડા.｝ .... ૧૨૦ ,,
　　　ટારટરીક અથવા સીટ્રીક આસીડ, ૩૭ ,,

આ બેઉ દવાને જુદાજુદા પ્યાલામાં પાણીમાં નાંખવી. ઓગળી ગયા બાદ તેમને

એકત્ર કરતાં ઉભરો આવતાંજ પીવું. હવે જેને હમેશાં પેટ સાફ ન આવતાં હોય તેને વારંવાર જુલાબ આપ્યાં કરવો નહિ, વારંવાર જુલાબ આપવાથી જુલાબની ટેવ પડી જાયછે તથા ફાયદાને બદલે ગેરફાયદો થાયછે. જુલાબ પણ બનતાં સુધી હલકો આપવો.

નં. ૬. એપસમસાલ્ટ.........૨ થી ૪ ડ્રામ. } બંને દવાને મિશ્ર કરી
સોનામુખીનો કવાથ... ૨ ઔંસ } સવારમાં આપવી.

જુલાબ લીધા પછી એક ટંક અથવા દિવસ હલકો ખોરાક આપવો, ભારે તથા વાયુ કરનાર પદાર્થને જુલાબથી હલકા થયેલાં હોજરી તથા આંતરડાં પાચન કરી શકતાં નથી અને તેથી બગાડ થાયછે. એ જુલાબ નહીતો બીજો—

નં. ૭. હીમજની ભૂકી..............¼ થી ½ તોલો.
સંચળ .... ½ ,,

હીમજને જરા ઘીમાં તળીને તેનીભૂકી સાથે થોડો સંચળ મેળવી ગરમ પાણીમાં રાત્રે ફાકી જવું.

નં. ૮. કોમ્પાઉન્ડ રૂબાર્બપીલ ....૪૮ ગ્રેન.
બ્લ્યુ પીલ ....૨૪ ,,

બંને દવાને મિશ્ર કરી ૧૨ ગોળી કરવી. તેમાંથી એક બે દિવસને અંતરે રાત્રે એકેક ગોળી લેવી, તેથી દસ્ત સાફ ઊતરશે. ખોરાક સાદો લેવો. દારૂ પીનારે પોર્ટવાઇન અગર ઘણી બ્રાંડી પીવી નહિ, કારણ કે તેનાથી ઝાડો કબજ થાયછે. દસ્ત આવવામાં પિત્ત મદદ કરેછે. તે કમી હોય તો—

નં. ૯. ઓક્ષબાઇલ ... ... ૩૬ ગ્રેન.
કોમ્પાઉન્ડ એક્ષટ્રાકટ ઓફ કોલોસીંથ... ૩૬ ,,

બંને દવાને મિશ્ર કરી ૧૨ ગોળી કરવી. વાળુ કર્યા પછી ત્રણ કલાકે એક દરરોજ રાત્રે લેવી, જો કલેજુ એટલે લીવર મંદ હોય અને તેથી દસ્ત કબજ રહેતો હોયતો—

નં. ૧૦. કોમ્પાઉન્ડ એક્ષટ્રાકટ ઓફ કોલોસીંથ ... ...૨૪ ગ્રેન.
એસેટીક એક્ષટ્રાકટ ઓફ કોલચીકમ. ... ...૧૨ ,,
એપીકાકયુનાની ભૂકી ... ... ૬ ,,
બ્લ્યુ પીલ ... ...૨૪ ,,

ઊપરની સર્વે દવાને મિશ્ર કરી તેની ૧૨ ગોળી કરવી ને રાત્રે સુતી વખતે એકેક લેવી. આંતરડાં નબળાં હોય તેને લીધે હમેશાં કબજો રહેતો હોય તો—

નં. ૧૧. એક્ષટ્રાકટ ઓફ નક્ષવામીકા...૪ ગ્રેન. કોઈનેન ... ૯ ગ્રેન.
,, ,, આલોઝ ...૨૦ ,, કોમ્પાઉન્ડ રૂબાર્બ પીલ.૨૪ ,,

ઉપરની સર્વે દવાને મિશ્ર કરીતેની બારગોળી કરવી. એકેક સવારેતથાસાંઝે ગળીજવી.

આવી નબળાઇમાં પેટ ઉપર વીજળી ફેરવવાથી પણ ઘણો ફાયદો કરેછે. હમેશાં ઝાડો કબજ રહેતો રાત્રે પેટઉપર ટાઢા પાણીમાં ભીજવેલું કપડું મૂકી તેના ઉપર ફલાલીન વીંટી સુઈ રહેતો પણ ફાયદા થશે. સવારે ઉઠતાં તથા રાત્રે સુતાં એકેક પ્યાલો ઘંડું પાણી

પીશે તોપણ દસ્ત ઉતરશે. બચ્ચાંને તો ફકત પેટ ઉપર એરંડીયેલ તેલ સારી પેઠે ચોળી આકડાના પાનનો સેક કરવાથી ઝાડો ઉતરેછે. તે સિવાય તેમને માફક જુલાબ આપવો.

નં. ૧૨. રૂબાર્બ પૌડર.........૧૨ ગ્રેન. કાર્બોનેટ ઓફ માગનીશ્યા...૨૦ ગ્રેન.

કાર્બોનેટ ઓફ સોડા.. ૮ ,, સુવાનું પાણી............. ૧ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી એકથી બે ચાહાના ચમચા જેટલું ત્રણ ત્રણ કલાકે આપવું.

કોમ્પાઉન્ડ રૂબાર્બ પૌડર બચ્ચાંને ૫ થી ૧૦ ગ્રેન તથા મોટા માણસને ૪૦ થી ૬૦ ગ્રેન આપવાથી સાફ ઝાડો ઉતરેછે.

ઘણો સારામાં સારો પેટ સાફ કરવાનો ઇલાજ મળ દ્વારેથી પીચકારી મારવાનોછે. કાંઈ કરી પાળવાની જરૂર નથી. મોઢું કડવું કરવું પડે નહિ, તથા પેટને કાંઇ હરકત ન થતાં સાફ થઇ જાયછે. કઠણ મળ બંધાયો હોય ત્યારેતો આ ઉપાય અમુલ્યછે. એકલા થોડા ગરમ પાણીની અગર પાણી સાથે એરંડીયેલ તેલ મેળવી પીચકારી મારવાથી તત્કાળ સાફ ઝાડો થાયછે. જેને હરસ થયા હોય તેને હમેશાં એકલા થંડા પાણીની પીચકારી ઘણીજ ફાયદાકારક છે. છથી બાર ઔંસ પાણીની પીચકારી લેવી.

ત્રિફળા (હરડાં, બેહેડાં, આંમળાં) નું ચુર્ણ લેવાથી દસ્ત ઉતરેછે. નસોતરની વચલી દાંડી કાઢી નાંખી તેના ૧૦ ગ્રેન સંચળ તથા સુંઠની સાથે લેવાથી જુલાબ ઉતરશે. આગળ અજીર્ણ તથા હરસના વિષયમાં કેટલાંક ચુર્ણ છે તેનાથી પણ પેટ સાફ ઉતરેછે. તે સિવાય કેટલાંક ઔષધો મળાવરોધ ઉપર ઉપાય તરીકે કોઇકોઇવાર આપવામાં આવેછે:—

નં. ૧૫. ત્રિકટુ, પીપરીમૂળ, નસોતર એટલી ચીજોનું સમભાગ ચૂર્ણ, ગ્રેન ૬૦, ગોળની સાથે આપવું.

નં. ૧૪. ધાણા, હરડાં, હીંગ, એરંડાનું મૂળ, સિંધવ, બીડલોણ, જવખાર, અને વાવડીંગ એ સર્વ સમભાગ તથા નસોતરના ત્રણ ભાગ એનું ચૂર્ણ પાણીમાં આપવું.

નં. ૧૫. નસોતર બે ભાગ, પીપર ચાર ભાગ, હરડાં પાંચ ભાગ તેની ગોળની સાથે ગોળી કરી તે ખાવી તેથી ઝાડો ઉતરેછે.

નં. ૧૬. ગુલાબના ફૂલનો જુલાબ હલકો તથા ટાઢો ગણાયછે. તે ફૂલ એકથી બે તોલા ભાતની સાથે સાકર મેળવી ખાવાં.

ઝાડો, પીચોટી, આંબોઇ.

(ડાયરીહા).

ચીન્હ:—ઝાડો થઇ આવેછે ત્યારે ઘણી વખત પાતળો રેચ ઉતરે છે. આ રેચ જુલાબ લેવાથી ઉતરેછે, એમ નહી પણ આપોઆપ ઉતરેછે. ઝાડો પાતળો આવે છે તે છેક પાણી જેવો હોયછે અથવા મળમિશ્રીત હોયછે. ઝાડાની સાથે મોઢે મોળ તથા અરૂચિ હોયછે અને જીભ ઉપર સફેત અગર પીળી છારી વળેછે. પેટની અંદર વાયુ જણાયછે તેને લીધે પેટ ચડી આવેછે, નહીતો દુર્ગંધ મારતો વાયુ છુટેછે. પેટમાં ચુંક

આવેછે, વાયુના અગર ખાટા ઓડકાર આવેછે અને ઝાડો ઉતરતાં કેટલીકવાર જોર આવેછે. ઝાડો ઘણુંકરી અપક્વ હોયછે. કોઈ વખત તેમાં જળસ પડેછે. ઝાડો ઘણીવાર થવાથી આદમીના હાથ પગ ગળી જાયછે વખતે ગોટલા પણ ચડેછે. કોઇ વખત તેમાં લોહી પડેછે. આ લોહી ક્યાંથી આવેછે, તેનો નિશ્ચય કરવો જોઇએ. લોહી હરસને લીધે પડેછે, અગર કોઈ રક્તનળી ફૂટવાથી અગર આંતરડાં અથવા હોજરીમાં ક્ષત હોવાથી આવેછે તેનો નિર્ણય કરવો. હરસને લીધે લાલ લોહીનાં ટીપાં અથવા ધાર પડેછે. હોજરી અગર આંતરડાના ઉપલા ભાગમાંથી લોહી આવતું હોય તો તે મળમિશ્રીત કાળા રંગનું હોયછે. નીચેના આંતરડાના ક્ષતમાંથી વહે તો મરડાનાં ચિન્હ જણાય છે. આ રીતે તેમના સાથે બીજા જુદાં જુદાં ચિન્હો હોયછે.

કારણ:—ઝાડો થવાનાં કારણ પુષ્કળ હોયછે. અતિશય ખોરાક ખાવાથી, અગર અયોગ્ય ખોરાક લેવાથી જેમકે ટાઢું અન્ન, કાચાં ફળ, માંસ, અગર ભારે અન્ન ખાવાથી ઝાડો ઘણી વખત થઇ આવેછે. છોકરાને દાંત આવતી વખતે ઝાડો થઇ આવેછે. ઘણી દેહેશત અથવા આફત પડવાથી પણ ઝાડો થાયછે. નઠારૂં ગંદુ પાણી પીવાથી તેમજ દુર્ગંધી બગડેલી ગટરની કે એવીજ બીજી હવા લીધાથી પણ જુલાબ ઉતરેછે. રૂતુમાં ફેરફાર થવાના કારણથી અથવા થંડી હવા અથવા પાણીમાં જવાથી પેટ છુટી જાયછે. ક્ષય રોગ વગેરે કેટલાક મરજોની સાથે જુલાબ ઉતરેછે.

પરિક્ષા:—સાદો ઝાડો હોય તેને મરડાથી તથા કોલેરાથી જુદો ઓળખવો જોઇએ. કોલેરા ઘણોજ સખ્ત મરજછે. મરડામાં જળસ, લોહી, ચુંક અને વેણ હોયછે.

નિદાન:—સાદા ઝાડાથી માઠું પરિણામ ઘણીવાર જોવામાં આવતું નથી તોપણ કોઇવાર નાનાં બચ્ચાં અગર ઘરડાં માણસને તેને લીધે નુકશાન પહોચી જાયછે.

ચિકિત્સા:—કોઇ વખત એવું બનેછે કે આંતરડાંની અંદર કઠણ મળ ભરાઇ રહે છે અને થોડો થોડો પાતળો ઝાડો ઉતર્યાં કરેછે. તેની સાથે ચુંક પણ આવેછે. જો આવા દરદીને ઝાડો બંધ થવાનાં ઓષડ આપવામાં આવેછે, તો ફાયદાને બદલે નુકશાન થાયછે. આવા દરદીને પહેલાં સાફ ઝાડો ઉતારવો જોઇએ. માટે બે ત્રણ તોલા એરંડીયેલ તેલ પીપરમીંટ પાણીમાં અગર સૂંઠના કાઢામાં આપવું. પેટમાં દરદ થઇને ઝાડો ઉતરતો હોય તો.—

નં. ૧. ક્યાલોમેલ ....૨ ગ્રેન. } ગોળની સાથે મિશ્ર કરી
અફીણ ....૧/૨ ,, } ગોળી વાળવી.
ગોળ..... ....જરૂર જેટલો.

આ ગોળી આપવાથી ઝાડો બંધ થશે અને પેટમાં દુઃખતું અટકશે.જો આવું કાંઈ કારણ ન હોય, અને ઝાડો થતો હોય, તો તેને બંધ કરવા માટે કાંથાનું ચુર્ણ(પૃષ્ટ.૧૫૯),તજનું ચુર્ણ (પૃ. ૨૧૮), કાઇનોનું ચુર્ણ (પૃ. ૧૭૨), અફીણનું ચુર્ણ (પૃ. ૧૫૧), ચાકનું ચુર્ણ (પૃ. ૧૭૪), ચાકનું અફીણસહ ચુર્ણ (પૃ. ૧૭૫); આ માંહેની કોઇ પણ દવા કહેલા પ્રમાણમાં એક અથવા વધારે વખત આપવી તેથી ઝાડો બંધ થશે. ચાક મીક્ષચર (પૃષ્ટ. ૧૭૫).

એકથી બે ઔંસ દીવસમાં ત્રણ વખત આપવાથી ઝાડો બંધ થાયછે. તેની સાથે ટિંક્ચરે કાટિક્યુ અગર લાડેનમનાં થોડાં ટીપાં નાંખી આપવાથી વધારે ફાયદો થાયછે.

નં. ૨. ટિંક્ચર ઓફ કાટિક્યુ.૧ ડ્રામ. આરોમેટીક સલ્ફ્યુરીક આસિડ...૧૫ ટીપાં.
પેપરમીંટનું તેલ ......૧ ટીપું. ઇનફ્યુઝન ઓફ કાટિક્યુ .... ૧ ઔંસ.
સર્વે દવાને મિશ્ર કરી આ ઓસડ દિવસમાં બે ત્રણવાર આપવું.

નં. ૩. ટિંક્ચર ઓફ કાટિક્યુ ...½ ડ્રામ.
સ્પીરીટ ઓફ ક્લોરોફોર્મ ૧ ,,
બીલીનું પ્રવાહી સત્વ .....૨ ,,
તજનું પાણી ....૧ ઔંસ.
આ દવાઓ મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવાથી ઝાડો અને સંગ્રહણી એ બેઉને લાગુ પડેછે.

નં. ૪. ગ્યાલિક આસિડ...........૧૫ ગ્રેન. ડોવર્સ પૌડર......૫ ગ્રેન.
આ દવા મિશ્ર કરી એક પડીકું કરવું ને તે દર ચાર કલાકે આપવું. ઝાડામાં લોહી પડતું હોય તો તેનો અટકાવ થશે.

નં. ૫. સબનાઇટ્રેટ ઓફ બીઝમથ ....૧૫ ગ્રેન.
સોલ્યુશન ઓફ મોર્ફ્યા .... ૧૫ ટીપાં.
મ્યુસીલેજ ઓફ એકેશ્યા .... ૨ ડ્રામ.
તજનું પાણી .... ૧ ઔંસ.

આ દવા એકત્ર કરી દિવસમાં બેત્રણ વખત આપવી; અથવા બીઝમથને ડોવર્સ પાઉડરની સાથે મેળવી પડીકાં આપવાં; નંબર ચોથાવાળી દવામાં ગ્યાલીક આસિડને બદલે બીઝમથ ચાલશે.

ઝાડો થઇઆવે ત્યારે પરેજી રાખવી. હલકો ખોરાક ખાવો, ભારે અનાજ ખાવું નહી. થંડીમાં સુવુ બેસવું નહીં. થંડી હવામાં ફરવા જવું નહીં. પેટને ફલાનલનો પટો વીંટી રાખવો એટલે થંડીની અસર એકાએક પેટ ઉપર થશે નહી. પેટમાં દુખે તો પેટ ઉપર ટરપેનટાઇન ચોપડી તેની ઉપર ગરમ પાણીનો શેક કરવો. બદહજમીનો સાધારણ ઝાડો ઉતર્યા પછી અગર યોગ્ય દવા પહોંચ્યા પછી બંધ થઈ જશે. તોપણ કોઈ વખત બદ પરહેજીથી, નબળી તબીયત હોવાથી, થંડીથી અગર બીજા દરદને લીધે ઝાડો હમેશાં ઘણાકાળ સુધી લાગુ રહેછે. દરરોજ બે ચાર પાંચ દસ્ત ઉતરેછે. ઝાડો પાણી જેવો અગર અપક્વમળ ઉતરેછે. તેમાં કોઇકોઈ વખત જરા લોહી પડેછે. આ રોગને **અતિસાર** કહે છે. અતિસાર લાંબો વખત રહે તો શરીર નખાઈ જાયછે તથા સોજા ચઢેછે અને છેવટ મૃત્યુ નીપજે છે. કેટલાક મોટા દરદમાં જેમકે ક્ષય, કલેજાનાં દરદ, સોજા વગરેમાં એકાએક અતિસાર ઉપડી આવેછે, તથા દરદીનો નાશ કરેછે. અતિસારમાં ઉપર કહેલાં ઓષધો લાગુ પડેછે તે શિવાય બીજાં કેટલાંક નાચે ઝાડા અને અતિસાર માટે આપ્યાં છે.

નં. ૬. ધાણ, વાળો, બેલફળ, નાગરમોથ અને સૂંઠના સમભાગને ધાણા પંચક કહેછે, તેનો કાઢો કરીને પાવો. તે શુળનાશક, રેચક, દીપન અને પાચન એવા ગુણનોછે.

નં. ૭. ઇંદ્રજવનીછાલ, અતિવિષ, નાગરમોથ, દાડમ, લોધ્ર, પહાડમૂળ અને ધા-

વણીનાંફુલના સમ ભાગનો કાઢો મધ અને મોચરસ નાખીને પાવો તે અતિસાર તથા આમવ્યાધિ (જળસ)ને બંધ કરશે

નં. ૮. કુટજચૂર્ણઃ—ઇંદ્રજવ, નાગરમોથ, ધાવણીનાંફુલ, બિલફળ, લોધ્ર, સુંઠ, અને મોચરસનું સમભાગ ચૂરણ કરી ½ થી ૧ દ્રામ છાશમાં પાવું તેથી ફાયદો થશે.

સંગ્રહણી વિષયમાં કપિત્થાષ્ટક ચૂર્ણ કહેલુંછે તે પણ અતિસારને ફાયદો કરેછે.

નં. ૯. સૂંઠ, ધાવણીનાંફુલ, મોચરસ અને સુવાનું સમભાગ ચૂર્ણ છાશનીસાથે લેવું.

જરા અફીણ લેવાથી પણ ઝાડો બંધ થાયછે. આ ઉપરથી કેટલાકનેતો અફીણનું બંધાણ થઈ જાયછે. અફીણ અને કેસર બેઉ સાથે એક ચોખાનાદાણા જેટલુંલેવું.

રાત્રે સુતી વખત થોડી ભાંગ શેકીને મધમાં આપવી તેની નિદ્રા આવશે, ભૂખ લાગશે, તથા ઝાડો પણ બંધ થશે.

નં. ૧૦. ઘોડાવજ, બીલીનો મગજ, ઇંદ્રજવ, નાગરમોથ, વાળો અને અતિવિષનું સમભાગ ચૂર્ણ ચોખાના ધોવણ સાથે આપવું.

નં. ૧૧. કેરીની ગોટલી, જાંબુના ઠળીયા, દ્રાક્ષ, હરડે, પીપર, ખજુર અને મોચરસનું સમભાગ ચૂર્ણ મધની સાથે આપવું.

નં. ૧૨. વાવડીંગ, ગોખરૂ, ઘોડાવજ, બીલીનો ગર્ભ, ધાણા અને કાયફળનોક્વાથ કરી આપવાથીપણ ફાયદો થશે.

નં. ૧૩. બાવળનાંપાન,જીરૂં, અને શાહજીરૂં વાટીને એકતોલો રાત્રે સુતી વખત લેવું

નં. ૧૪. હરડે, અતિવિષ, હીંગ, સંચળ, સુંઠ, મરી, પીપર તેનું સમભાગ ચૂર્ણ ઊનાપાણીમાં આપવું. વાયુ તથા અજીર્ણ હોય તો આ દવા લાગુ પડેછે.

નં. ૧૫. હીમજ, સંચળ, હીંગ, સંધવ, અતિવિષ અને વેખણનું સમભાગ ચૂર્ણ ઉનાપાણી સાથે આપવું. પેટમાં અજીર્ણ તથા દબદબો હોયતો આ ચુરણ ફાયદો કરેછે.

નં. ૧૬. હરડે, સૂંઠ, નાગરમોથ અને ગોળ સમભાગ લઈ મોટી ગોળી કરીને ખાવી.

નં. ૧૭. ધાણા અને સુંઠનો કાઢો તેમાં એરંડ મૂળ ઘાલીને ઉકાળી પીવો તેથી અપચો મટી ઝાડો સાફ ઉતરશે.

નં. ૧૮. કડુ, બીલીનોમગજ, અને ગુળવેલનું સમભાગ ચૂર્ણ દહીની સાથે ખાવું.

નં. ૧૯. સુંઠ, જીરૂ, હીંગ, જાયફળ, આંબાની ગોટલી, બીલી અને વડની વડવાઇની જટાની કુણી ડાંખળી આ સર્વનું સમભાગ ચૂર્ણ દહીની સાથે આપવું તેથી આમાતિસાર, મંદાગ્નિ અને અરૂચિનો નિકાલ થશે.

નં. ૨૦. સૂંઠ. મરી અને ભાંગનું સમભાગ ચૂર્ણ યોગ્ય પ્રમાણમાં દહી સાથે આપવું. ગ્રેન ૧૦—૩૦ માત્રા.

નં. ૨૧. દરદાદિ પુટપાકઃ—હીંગળો એક ભાગ, અફીણ દોઢ ભાગ, ટંકણખાર અડધો ભાગ, અને જાયફળ બે ભાગ, આ સર્વ એકત્ર કરી તેમાંથી એક મગ જેટલું ગાયના દૂધ સાથે આપવું તેથી અતિસાર દુર થશે.

નં. ૨૨. પટોળ, ઇંદ્રજવ તથા ધાણાનો કાઢો પીવાથી ઓકારી બંધ થશે તથા અતિસારને પણ લાગુ પડશે.

નં. ૨૩. કરીયાતું, નાગરમોથ, ગળો, સુંઠ, સુખડ, વાળો અને ઇંદ્રજવનો કાઢો શોથાતિસારમાં ઉપયોગી પડેછે. (અતિસારમાં સોજો ચઢેછે તે.)

નં. ૨૪. **આનંદભૈરવ રસ:**—હીંગળોક, શુદ્ધ વછનાગ, મરી, ટંકણખાર અને પીપર આ પાંચ ઓસડ સમભાગ લઈ તેને ખરલમાં ઘુંટી ઝીણી ભૂકી કરવી તેને આનંદભૈરવ રસ કહેછે. આ એક રતી પ્રમાણમાં ઇંદ્રજવ અને કડા છાલનું ચૂર્ણ કરી તેની સાથે મધમાં આપવો તેથી ફાયદો થશે.

નં. ૨૫. લઘુલાઈચૂર્ણ:—પારો, ગંધક, સુંઠ, મરી, પીપર, અજમો, જીરૂ, શાહજીરૂ, સંચળ, સિંધવ, હીંગ, અને બીડલોણ આ સર્વ સમભાગ અને આ સર્વના જેટલી કડાછાલ આ સર્વનું એકત્ર ચુર્ણ કરવું. આ સંગ્રહણી અતિસાર અને શૂળ ઊપર લાગુ પડેછે.

નં. ૨૬. દાડીમીવટી:—સુંઠ અને જાયફળ એક ભાગ, અફીણ બે ભાગ અને કાચા દાડમના દાણા ૪ ભાગ. આ સર્વ એક કાચા દાડમમાં ઘાલી તેનો પુટપાક વિધિ કરવો. ત્યારબાદ તેને વાટી તેની ચણાના દાણા જેવડી ગોળીઓ કરી રાખવી. તે છાશની સાથે આપવી. (પુટપાક વિધિ એટલે તે દાડમ ઊપર લુગડું વીંટી માટીનો લેપ કરવો તથા તે ખાડામાં મૂકી ઊપર છાણાની ભઠ્ઠી લગાડી ઠરી ગયા પછી કાઢી લેવું.)

નં. ૨૭. જાયફળ, ખારેક તથા જરા અફીણની ગોળી નાગરવેલના પાનના રસમાં કરવી અને તે છાસમાં આપવી.

નં. ૨૮. મરી, કલખાપરી, અને અફીણની ચોખાના ધોવણમાં ગોળીવાળવી. અથવા—

નં. ૨૯. જીરૂ, ભાંગ, બીલી અને અફીણની સમભાગ દહીંની મલાઇમાં ગોળી વાળવી તે અતિસારને મટાડેછે.

નં. ૩૦. જાયફળ, અફીણ, ટંકણખાર, ગંધક, અને જીરૂ સમભાગ અને તે સર્વ જેટલા કાચા દાડમના દાણા લેઈ તેને ખરલમાં ઘુંટવાં. બાદ તે એક દાડમમાં ભરી તેના ઉપર ઘઊંનો લોટ લગાડી દેવતા ઉપર સારી પેઠે શેકવું. તેમાંથી પછી એકએક વાલ આપવું. તે અતિસારસ્તંભક, પાચક અને દીપન છે.

નં. ૩૧. મોચરસ, અફીણ, જાયફળ, અને બીલીનો મગજ એ સર્વ સમભાગ મહાળુંગ નામના ફળમાં ભરી તેને પુટપાક દેવો અને ત્યારપછી તે એકેક વાલ આપવું.

મરડો.

(ડીસંટરી.)

આ દરદ ઘણુંજ સાધારણ છે. એ બધી જાતિના અને સર્વ વર્ગના લોકોને થાય છે. ચોમાસામાં તથા થંડી રૂતુમાં એનો વધારે ઉપાડ થઇ આવેછે. ઘણી વખત એ કોઇ કોઈ આદમીને થતો જોવામાં આવે છે, અને કોઈ વખત ઘણો ફેલાઈ જાયછે, તથા એકજ ઠેકાણે ઘણા આદમી તેના ઝપાટામાં આવી પડેછે.

કારણ:—મરડો થવાનાં મુખ્ય કારણ થંડી અને શરદી છે. કેટલીક વાર ઝાડો

કબજ રહેવાથી પણ મરડો થઇ આવેછે, અને તે વખતે મરડામાં ઝાડાની અંદર મળની ગાંઠો પડે છે. તાવ અથવા બીજા દરદને લીધે નબળાઈ આવી જાય છે, ત્યારે કેટલીકવાર મરડો થઈ આવેછે. ભારે તથા કાચું અનાજ ખાવામાં આવે અગર મરચાં વગેરે ગરમ પદાર્થ ખોરાકની સાથે લેવામાં આવે, તેમાંથી પણ મરડાનો આજાર પેદા થાયછે. કોઈ વખત ભુખ્યા રહેવાથી કે ખોરાક ન મળવાથી અથવા જુલાબ લેવાથી આ રોગ ઉત્પન્ન થાયછે. વિષારી પદાર્થ, ખરાબ હવા અને પાણીને લીધે મરડો થાયછે.

લક્ષણઃ—મરડામાં પેટમાં અમળાઇને ઝાડો થાયછે. ઝાડો થતી વખત ઘણું જોર કરવું પડે છે. ઝાડામાં જળસ અને લોહી પણ પડે છે. શરૂઆતમાં ઝાડે જવાની હાજત વધારે વખત થાયછે, અને પછી ઝાડામાં મળ થોડો પડેછે અને જળસ પડવાની શરૂઆત થાયછે. ઝાડે ફરવાની હાજત કોઇ કોઇવાર એટલી તો વધી પડેછે કે દરદીને એક વખત ઝાડે જઇ આવી હાથ ધોવાની અથવા બેસવાની ફુરસદ મળતી નથી એટલામાં બીજી વખત જવું પડેછે. ઝાડો તો કિંચિત થાયછે, ફકત બે ટીપાં જળસ અને રક્તનાં પડેછે, પણ જોર કરી અને પેટમાં અમળાઇને દરદીનો જીવ જવો બાકી રહેછે. ઝાડાની જગાયેથી ઉઠવું પણ તેને ગમતું નથી.

મરડો બે પ્રકારનો છે. એક નવો અગર **તીક્ષ્ણ મરડો** ને બીજો જૂનો અગર **દીર્ઘ મરડો.** નવા મરડામાં ઉપર લખેલાં ચિન્હો સાથે પેશાબ લાલ થાયછે તથા ઘણી વખત કરવો પડેછે. અંગમાં તાવ આવેછે, ભૂખ મંદ પડી જાયછે. જીભ ઉપર સફેદ છારી વળેછે, ચહેરો ઊતરી ગયેલો જણાયછે, તથા પગમાં કળતર અને ગોળા ચડી આવેછે. દરદી સારો થવાનો હોય તો આસ્તે આસ્તે ઝાડો બંધ થાયછે, નહિ તો પેટ ચડી આવે છે. ઝાડો કપડામાંજ થાયછે, શરીર નંખાઈ જાયછે, જીભ ઉપર કાંટા પડેછે અને તે સૂકી પડી જાયછે, આંખ ઉંડી ઊતરી જાયછે, શરીર વાસ મારેછે, હેડકી ઉપડેછે, અને પ્રાણ દેહ ત્યાગ કરેછે.

ત્રણ ચાર અઠવાડીઆંથી વધારે દિવસ મરડો રહે એટલે જૂનો થતો આવેછે. જૂનો મરડો કેટલાક મહિના અથવા વરસ સુધી રહેછે. કોઇ વખતે એ બંધ થાયછે અને કોઈ વખત એનો નીકાલ દેહ સાથે થાયછે. દિવસમાં કેટલીક વખત ઝાડો થાયછે તેમાં મળ પાણી અને તેની સાથે જળસ તથા લોહી અથવા પરૂ પડેછે. ઝાડો રક્તમિશ્રિત લાલ, તેની સાથે ચોથા અને કોઇવાર આંતરડાની અંદરના પડના મૂએલા કટકા પણ પડેછે. શરીર ઘસાતું જાયછે. આ રોગને **સંગ્રહણી** કહેછે. પેટની વીંટ અને વેણ પહેલાં તાજા મરડા કરતાં કમી હોયછે.

મરડો એ મોટા આંતરડાના શ્લેષ્માવરણનું દરદછે. આ પડનો કેટલોક ભાગ સૂજીને લાલ થાયછે, અને પછી તે જગાએ તેટલું પડ ખવાઈ જઈ ખરી પડેછે. આવા ક્ષત એક અથવા એકથી વધારે પડેછે. તેમાંથીજ પરૂ, જળસ, રક્ત, વગેરે પડેછે. કોઈ વખત તે આવરણનો મોટો ભાગ છૂટો પડી જઈ ઝાડાવાટે પડેછે. મરડાવાળા દરદીનું પેટ દાબી જોતા એકાદ બાજુ અથવા પેડુના ભાગમાં તેને દુખતું હોય એમ જ-

ણાશે. આ દરદ આંતરડાંના તે ભાગમાં હોવું જોઇએ. જો આંતરડાંના છેલ્લા ભાગ "રેક્ટમ" એટલે સફરાની અંદર આ દરદ થયેલું હોય તો ઝાડો થતાં અતિશય કુંથવું પડેછે, તથા ઝાડામાં ફક્ત જળસ અને વધારે લોહી પડેછે, અને તેની ઉપરના ભાગ "કોલન"ની અંદર તે દરદ થયું હોય તો લોહી થોડું પડેછે, તથા વેણ કમી આવેછે. એકાદ વખત દરદ વધી જવાથી ક્ષત ઊંડું જઈ આંતરડાંના પડની આરપાર જઈ છિદ્ર પડે તો મૃત્યુ નીપજે છે.

ઓષધઃ—દરદી શરીરે મજબૂત હોયતો પેટના ઉપર જે ભાગમાં દુખતું હોય તે ઉપર જળો લગાડવામાં આવેછે. શરૂઆતમાં આંતરડું સૂજી આવ્યું હોય તેને શાંત કરવું જોઇએ. મળ વગેરેની કચરો ખસેડવાસારૂ પહેલાંતો એરંડીઆ તેલનો જુલાબ આપવો. કેટલીકવાર શરૂ થતો મરડો આ જુલાબથી બેશી જાયછે. એરંડીઆ શિવાય બીજો ભારે જુલાબ દેવો નહિ. ખોરાક સાદો અને હલકો આપવો. દુધ, ભાત, કાંજી, સાબુદાણાનીકાંજી, ખીર, તવખીરનીકાંજી વગેરે આપવાં. પેટ ઉપર ગરમ પાણીનો શેક કરવો, અથવા પોટીસ બાંધવી, અગર રાઇનું પ્લાસ્તર મારવું. એરંડીઆનો જુલાબ આપ્યા પછી "ઇપીકાકયુઆના" નામની ઈંગ્રેજી દવા આપવી. આ ઓસડ મરડામાં અત્યંત ઉપયોગનુંછે. ઇપીકાકયુઆનાથી સાધારણ ઉલટી થાયછે. ફક્ત એક બે રતીભાર તેની ભૂકી પેટમાં ગઈ કે અડધાકલાકની અંદર ઉલટી થાયછે. મરડામાં તેની ભૂકી અડધો દ્રામ દિવસમાં એક બે વખત લેવી જાઇએ. જો પેટમાં રહેતો એ ઘણું કરી તાબડતોબ મરડાને હઠાવેછે, પણ ઉલટી ન થાય એટલા માટે ભૂકી લેવાની અગાઉ અર્ધા કલાક લગી પેટ ઉપર ડાબી બાજુએ હોજરીના ભાગ ઉપર રાઇનું પ્લાસ્તર મારવું, તથા વીસ ટીપાં અફીણનો અર્ક "લાડેનમ" (સુમારે અડધારતી અફીણ) પીવો. ત્યાર પછી ઇપીકાકયુઆનાની ભૂકી મધમાં ચાટી જવી. બાદ બેત્રણ કલાકસુધી પાણી વગેરે પેટમાં ન લેતાં પડ્યા રહેવું, એટલે ઘણું કરી ઉલટી થશે નહિ. આ પ્રમાણે બેત્રણ દિવસ લેવું. ઉલટી થાય તોપણ લીધા કરવું; કારણ વમન થશે તોપણ તેનો થોડો ઘણો ફાયદો થયા વગર રહેશે નહિ. એટલું થતાં પણ જો એ ભૂકી પેટમાં ન જીરવાયતો એક માસો ઇપીકાકયુઆનાની ભૂકી લઈ અડધો માસો અફીણ લેવું અને તેને મધ સાથે મિશ્ર કરી તેની બાર ગોળી કરવી. ચાર ગોળી એક દિવસમાં ત્રણ ત્રણ કલાકને અંતરે લેવી. એથીવમન ન થતાં ફાયદો થશે. શરૂઆતમાં ફક્ત "અફીણીઆસુવા" લેવાથી મરડો બેશી જાયછે. એક ઘઊંભાર અફીણ તથા અડધો તોલો સુવા લઈ તે બેઉને જરા શેકીને પાણી સાથે વાટવાં અને પીવાં. આ ઓસડ બચ્ચાંને ઘણીવખત દેવામાં આવે છે. બચ્ચાંને આપતાં અફીણ ઘણું થોડું લેવું. આ ત્રણ શિવાય ચોથું ઓસડ જેને "ધાણાપંચક" કહેછે તે છે. ધાણા, મોથ, વાળો, સુંઠ, અને બીલીના ફળનો મગજ એ દરેક અડધો તોલો લઈ તેમને અધકચરાં કરી એક શેર પાણીમાં ઉકાળી અચ્છેર પાણી ઉતારવું. તે દિવસમાં બે ત્રણ વખત પીવું. કોઇપણ દવા લેવી તે બે ત્રણ દિવસ લીધા શિવાય તેનો ગુણ અવગુણ સમજાતો નથી, માટે તેટલી મુદતલો લેવીજ જાઇએ.

પાંચમું ઓસડ ઇસબગોળનાં બી છે તેને "જટીયુંજીરૂં" પણ કહેછે. આ બીજનો અર્ધો તોલો દિવસમાં ત્રણ વખ્ત લેવો. એ બીજની ફાકી ભરવી અથવા તેને પાણીમાં ભ-જાવી થોડી વખ્ત રાખી તે પાણી સુદ્ધાં પીવું, અગર તે બીજને દહીં અથવા દહીંની તર સાથે ખાવાં.

નીચે આપેલી ગોળીઓ મરડા ઉપર સારી અસર કરેછે.

નં. ૧. અફીણ .... ૨ ગ્રેન
પીલ હાઈડ્રારજીરી...૧૨ ,,
એક્ષ્ટ્રાક્ટ જનસ્યન...૧૨ ,,
} મિશ્ર કરી છ ગોળી બનાવવી તેમાંથી એક ગોળી બેત્રણ કલાકને અંતરે લેવી.

રસકપૂર સૂક્ષ્મ માત્રામાં તીક્ષ્ણ મરડા ઉપર લાગુ પડેછે.

નં. ૨. બીકર હાઇડ્રારજીરી પરકલોરીડ...૧ ડ્રામ.
પાણી ....૩ ઔંસ.
} મિશ્ર કરી ½ દર બે કલાકે પીવો.

જેમ મરડો વધારે જૂનો થતો જાય તેમ તેની વધારે કાળજી રાખવી જોઇએ. નવા મરડામાં ઉપર લખેલાં સર્વ ઔાષધ આપવાને હરકત નથી. તે શિવાય બીજા જે નવા મરડામાં વાપરી શકાય નહિ, તેવાં આપવામાં આવેછે. સંગ્રહણી ઉપર ઘણાંક ઔાષધ વપરાયછે તેમાનાં થોડાંક નીચે આપ્યાંછે.

નં. ૩. ડોવર્સપાઉડર.........૨૪ ગ્રેન.
બિસ્મથ સબનાઇટ્રેટ.૩૦ ,,
ગ્યાલિક આસિડ......૬૦ ,,
} ત્રણે દવાને મિશ્રકરી તેનાં ત્રણ સરખાં પડીકાં કરી દિવસમાં ચાર ચાર કલાકને અંતરે આપવાં.

નં. ૪. મોરયુયુ ચોખો ..૧ ગ્રેન.
અફીણ ......૧ ,,
મધ ....જરૂર જેટલું.
} ત્રણે દવા સાથે મેળવી તેની ત્રણ ગોળી કરવી તથા દિવસમાં ત્રણ વખ્ત ગળવી.

નં. ૫. સ્યુગરલેડ...૩ ગ્રેન.
અફીણ ...૧ ,,
મધ ......જરૂર જેટલું.
} બંને દવાને મધ સાથે મેળવી તેની ત્રણ ગોળી કરવી તથા દિવસમાં ત્રણ વખ્ત ગળવી.

મુંબઈ વગેરે ઠેકાણે બીલીનો મુરબ્બો મળેછે તે પણ મરડા ઉપર સારો લાગુ પડે છે. સફરજનનો મુરબ્બો પણ ફાયદાકારક છે.

નં. ૬. બીલીનો ગર્ભ.........૧ તોલો. અફીણ.........૧ ગ્રેન.
જાયફળ..............¼ ,, દાડમનીસુકીછાલ.૧ તોલો.

ઉપરની સર્વે દવા એકત્ર કરી તેની બારીક ભૂકી કરી તેનાં ત્રણ પડીકાં કરવાં અને એક દિવસમાં પાણી સાથે લેવાં. હીંદુવૈદકમાં સંગ્રહણી ઉપર છાશની ઘણી ભલા-મણ કરેછે, તે એટલે સુધી કે ખોરાકના બદલામાં પણ છાશ વાપરવી. છાશની અંદર હીંગ, જીરૂં, સિંધવ, સુંઠ, વગેરે પદાર્થ નાખવા તથા તે પીવી. કેટલાંક ઔાષધ પણ છાશની સાથેજ પીવાં.

નં. ૭. મરડાર્શીંગી, મોચરસ, અતિવિષ, કાકડાશીંગી, સૂંઠ, જાયફળ, ભાંગ, અફીણ, બીલીનો ગરભ, ધાવણીનાં ફુલ, ઈંદરજવ, જાવંત્રી. આ દવાઓ સમભાગે લઈ ચણીયા બોર જેવડી ગોળી કરવી તે દરરોજ ત્રણ આપવી.

નં. ૮. બિલ્વફળાદિ ચુરણઃ—બીલીનોગર, નાગરમોથ, વાળો, મોચરસ, અને ઇંદ્રજવ તેનું સમભાગ ચૂર્ણ કરવું. તે શકિત તથા વયના પ્રમાણમાં પાણી, દૂધ, અથવા છાશ સાથે આપવું.

નં. ૯. કપિત્થાષ્ટક ચૂર્ણ (પૃ. ૨૫૧) નો અડધો તોલો દિવસમાં ત્રણ ચાર વખત આપવાથી સંગ્રહણી મટી જશે.

નં. ૧૦. દાડીમાષ્ટક ચૂર્ણઃ—દાડમ ૮ તોલા, સૂંઠ ૮ તોલા, મરી ૮ તોલા, પીપર ૮ તોલા, ત્રિજાતક ૪ તોલા, (ત્રિજાતક એટલે તજ, તમાલપત્ર, ને એલચી) સાકર ૩૨ તોલા, આ સર્વેનું ચૂર્ણ એકત્ર કરવું. તે સંગ્રહણીને ઉપયોગી થઈ પડછે.

અગસ્તિસુતરાજ રસ.

નં. ૧૧. પારો......૧ તોલો ધંતુરાનાં બીજ...૨ તોલા.
ગંધક ...૧ ,, અફીણ ....૨ ,,
હીગળો ...૧ ,,

આ સર્વ ઔષધ એકત્ર કરી ભાંગરાના રસની ભાવના દેવી. તેમાંથી એક રતી પ્રમાણે ત્રીકટુ (સૂંઠ, મરી, પીપર) તથા મધ સાથે આપવું, અથવા જીરૂં અને જાયફળ સાથે આપવું. તેમાં જે વાનાં કહ્યાંછે તે સ્વચ્છ કરીને મેળવવાં જોઇએ.

તાજા થતા મરડા ઉપર નીચેની દેશીદવાઓ સારી અસર કરેછે.

નં. ૧૨. હીમજ, પરીયાળી, સૂંઠ — આ ત્રણે દવાઓ સરખેભાગે લઈ એરંડીઆમાં તળીને ¾ તોલા સાકર સાથે આપવો. જુલાબ થયા પછી બંધ કરવાની દવા અફીણ સાથે આપવી.

નં. ૧૩. કેશરાદિ ગોળી (પૃ. ૨૭૨) કડાછાલના કવાથ સાથે આપવી. તેની મગ જેવડી ૨—૩ ગોળી આપતા રહેવું તેથી સંગ્રહણી ઉપર ફાયદો થાયછે.

મરડામાં આંતરડાનો ભાગ વ્યાધિ ગ્રસ્ત થાયછે, તેથી હલકો ખોરાક વાપરવો, તેમજ જેમ દરદી શકિતહીન થતો જાય તેમ અંગમાં કૌવત આવે માટે દૂધ,પોર્ટવાઈન, વગેરે પુષ્ટિકારક પદાર્થ ખાવા જોઈએ. ઘણા દિવસના જૂના મરડાને હવાની ફેરબદલીથી પણ ગુણ થાયછે. થંડી હવા અથવા પવન ખાવો નહિ. પેટને ગરમ કપડું વીંટી રાખવું. મરડામાંથી સારા થતાંજ પરહેજી એકદમ મૂકવી નહિ. વિશેષ મહેનત કરવી નહિ. જો ઝાડો થતાં ઘણુંજ જોર કરવું પડતું હોયતો અફીણ બે ગ્રેન તથા એકસ્ટ્રાકટ બેલાડોના એક ગ્રેન લઈ તેની ગોળી બનાવી મળદ્વારની અંદર મૂકવી, અથવા પેટ ઉપર અને મળદ્વારની આસપાસ શેક કરવો.

ચૂંક, આંકડી, પેટમાં દુખવું.

(કોલીક).

ચિન્હઃ—પેટમાં ચૂંક આવે ત્યારે ઘણુંકરી નાભીની આસપાસના ભાગમાં વળ આવી અંદર ખેંચાતુ હોય એપ્રમાણે દુખેછે, આંકડી કોઈ વખત હલકી આવેછે અને

કોઈવાર ઉપરાઉપરી એવી તો જોરથી આવેછે કે દરદી બુમેબુમ પાડેછે. પેટ ઉપર હાથ દાબી અથવા ઊંધો પડી દરદી બેવડ થઈ જાયછે, અને ઘણોજ અકડાઈ જાયછે. આ દરદ પેટ ઉપર દાબવાથી નરમ પડેછે, તેથી પેટ માહેલાં બીજાં સર્વ દરદમાંથી તે ઓળખી શકાયછે. વળી તેની સાથે નાડી સાધારણ અગર ધીમી ચાલેછે, અને તાવ હોતો નથી. ઝાડો ઘણુંકરી બંધ હોયછે. વાયુ છૂટતો નથી અને કોઈ વખત ઉલટી થાયછે.

કારણઃ—કાંઈ વાયડો ખોરાક ખાવાથી અજીર્ણની સાથે વાયુ જોર કરી ચૂંક ઉપડે છે. ઝાડો કબજ રહેવાથી પણ પેટમાં દુખેછે. થંડીથી, બીકથી અને બીજા કારણોથી પણ આંકડી આવે છે. સીસું, સફેતો, તથા ત્રાંબાના ધંધા કરનારને તેના ઝેરથી આ શુળ ઉત્પન્ન થાયછે.

પેટની અંદર વાયુ થવાનાં ત્રણ મૂળછે. એકતો બહારની હવા પેટમાં અન્નાશય અને આંતરડાંમાં જાયછે. એ ઘણુંકરી ઓડકાર આવી પાછી નીકળેછે. બીજું પેટની અંદરના મળમાંથી વાયુ પેદા થાયછે, અને ત્રીજું આંતરડાના રસપડમાંથી પણ વાયુ ઉત્પન્ન થાયછે. આ વાયુ અપાનદ્વારથી છૂટેછે ત્યારે ઘણી વાસ મારેછે. વાયુ પેટમાં ઘણો એકઠો થવાથી પેટ ચડી આવેછે. આ પ્રમાણે કેટલાંક દરદમાં પેટ ચઢીને મોટું ઢોલ જેવું થાયછે.

ઉપાયઃ—ચૂંક એ એટલુંતો સાધારણ દરદછે કે તેના સાધારણ ઉપાય સર્વ કોઇને માલમ હોયછે. સુવા, મેથીનો ફાકડો મારવો, હીંગ ઘીની સાથે ખાવી, લસણની કળી ગળી જવી, પેટ ભર્યું હોય તો ઉલટી કરી નાખવી. ઝાડો કબજ હોય તો એરંડીયેલ તેલ એક ઔંસ (બેથી ત્રણ તોલા) લાઉનમ ૧૦ ટીપાં તથા પીપરમીટનું પાણી એક ઔંસ પાવું. ત્રિકટુ (સુંઠ, મરી, પીપર)નો ઉકાળો પીવો. ઘણુંજ જોસથી દરદ થતું હોય તો—

નં. ૧

સૉલ વોલાટાઇલ	૩૦ ટીપાં	સર્વ દવા મિશ્ર કરી પાવી. જરૂર પડેતો ત્રણ ત્રણ કલાકને અંતરે પાવી.
સ્પીરીટ્ઑફ્ ક્લોરોફોરમ	૩૦ ટીપાં	
કાર્બોનેટ ઑફ્ માગનીસ્યા	૨૦ ગ્રેન	
લાઉનમ	૧૫ ટીપાં	
ટિંક્ચર કારડામમ	૩૦ ટીપાં	
પીપરમીટનું પાણી	૧ ઔંસ	

નં. ૨

સ્પીરીટ ઑફ્ ઇથિર	૪૦ ટીપાં.
ટિંક્ચર ઑફ્ જીંજર	૩૦ ,,
એપસમ સાલ્ટ	૩ ડ્રામ.
પીપરમીટનું પાણી	૧ ઔંસ.

ઉપરની સર્વ દવા મિશ્ર કરીને આપવી. જરૂર પડે તો ચાર કલાકે બીજી વખત આપવી. આંકડી ઉપર અજીર્ણના વિષયમાં આપેલાં દેશી ચૂર્ણ, હીંગાષ્ટક, વડવાનળ, ભાસ્કરલવણ, વિશ્વાદિ, લસુનાદિ, વગેરે ઉપચારો લાગુ પડશે, આંતરડાંમાં નબળાઇથી વાયુ ભરાઈ રહેતો હોય તો પૌષ્ટિક દવા આપવી. વીજળી પેટ ઉપર લગાડવી, આ દરદમાં શેક ઘણી સારી અસર કરેછે, માટે પેટ ઉપર બાટલીનો અગર ગરમ પાણીનો

ટરપનટાઈન લગાડીને શેક કરવો. વાયુથી પેટ ઘણું ફુલાઈ આવ્યું હોય તો ટરપનટાઈન હીંગ તથા પાણીની પશ્ચિમદ્વારથી પીચકારી મારવી.

પેટ બહુ ફુલી જાયતો મળદ્વારથી નળ મૂકીને પણ વાયુને કાઢી લેવામાં આવેછે, તેમ વાયુનો નિકાલ ન થાય ને પેટ એટલુ તો ચડી આવેછે કે શ્વાસ લેવો મુશ્કેલ થાયછે, ત્યારે બારીક નળીથી પેટ ઉપર છીદ્ર પાડી વાયુનો નિકાલ કરવો પડેછે.

પેટમાં દુખવા આવે ત્યારે એક ગ્લાસ બ્રાંડી પાણીની સાથે પીવાથી પણ મટી જાયછે.

સીસા તથા ત્રાંબાના ઝેરથી જે આંકડી ઉપડે છે તે ઘણું કરી તેવો ધંધો કરનારને થાયછે. મોઢામાં પેઢાની કોરનો રંગ આસમાની હોયછે. કોઈ વખત હાથ પણ નિરજીવ પડી જાયછે. જુલાબથી, અફીણથી, તથા બીજાં ઉપર આપેલાં ઔષધથી દરદ નરમ પડ્યા બાદ થોડા દિવસ એપસમ સાલ્ટનો જુલાબ ઉતારવો.

પેટમાં દુખતું હોય તે ઉપર દેશી ઓસડો—

નં. ૩. હીમજ, અતિવિષ, હિંગ, સંચળ, વજ અને ઈંદ્રજવ, એ સર્વનું સમભાગ ચૂર્ણ ગરમ પાણીમાં અડધો તોલો આપવું એટલે પેટનો વાયુ, શૂળ બંધ થશે.

નં. ૪. વાળો,સિંધવ,હીંગ અને એરંડમૂળનું સમભાગ ચૂર્ણ ઉના પાણીમાં આપવું.

નં. ૫. ગળો અને મરીનું સમભાગ ચૂર્ણ પાણીમાં લીધાથી ફાયદો થશે. ઉલટી થયા પછી આ ચૂર્ણ વિશેષ ઉપયોગી છે. રાઈ અને સરગવાની છાલ છાશમાં વાટી પેટ ઉપર લેપ કરવો.

નં. ૬ પંચલવણ, (મીઠું, સંચળ, સિંધવ, બીડલોણ, વાંગડખાર) આદુના રસમાં પંદર દિવસ રહેવા દેવાં અને ત્યાર બાદ ચણા જેવડી ગોળી કરવીતે ચૂંક ઉપરઆપવી એને **સોમાગ્નિ મુખની ગોળી** કહેછે.

અજીર્ણને લીધે પેટમાં દુખતું હોય તો—

નં. ૭ ત્રિફળા, (હરડાં, બેહેડાં, આંમળાં) કડું અને ગરમાળાનો ગોળ લઈ તેનો ક્વાથ કરી પીવો એટલે શૂળ મટી જશે તથા દસ્તપણ ઉતરશે.

નં. ૮ કાયફળ, પોખરમૂળ, કાકડાશીંગી, નાગરમોથ, સૂંઠ, મરી, પીપર, અને કચુરો, આ ઓસડોનું સમભાગ ચૂર્ણ કરી આદુના રસ અગર મધમાં આપવું.

નં. ૯. બેહેડાં............૧ ભાગ.	હરેડાં.........૧ ભાગ
સૂંઠ............૧ ,,	કાકચીયા......૩ ,,
હીંગ............૧ ,,	

ઉપરની સર્વે દવાનું ચૂર્ણ કરી મિશ્રકરી તેની બોર જેવડી એરંડીયેલ તેલમાં ગોળી કરી તે આપવી.

નં. ૧૦. સૂંઠ, હીમજ, પીપર, નસોતર, અને સંચળ આ પાંચનું સમભાગ ચૂર્ણ લીધાથી ચૂંક, પેટનો વાયુ તથા મળસ્તંભ દૂર થશે.

ન. ૧૧. ઝેરકોચલાની ગોળી ચૂંક તથા અજીરણ ઉપર—ઈંદરજવ, કડુ, વાવડીંગ, કરીયાતુ, અતિવિષ,ડીકામાળી,એળીયો, તીખા,કાંકચીયા, કાળીજીરી લઈ સમભાગ ચૂરણ

કરવું બે ભાગ ચૂરણ તથા એક ભાગ ઝેરકોચલાં લઇ વાટી નાની બોર જેવડી ગોળી કરવી. તેમાંથી એક બે ગોળી આપવી.

કૃમિ—જીવડા.

(વર્મ).

કોઇ વખત મોટા માણસને પરંતુ ઘણું કરી બચ્ચાંના પેટમાં કરમનો મરજ ઘણો જોવામાં આવેછે. પેટના આંતરડાંમાં જીવડા ઉછરેછે તેને કરમ કહેછે પણ તે સિવાય આદમીના લોહી અને માસમાં કોઇ વખત તરેહ તરેહની જીવાત મળી આવેછે.


મનુષ્યના આંતરડામાં મુખ્યત્વે કરી ત્રણ પ્રકારના ક્રમિ જોવામાં આવેછે. "ગોળકરમ" (રાઉન્ડ વર્મ) જે ચારથી દસ બાર ઇંચ લાંબાં તથા ગોળ સ્લેટ પેનસીલ જેટલા જાડા તથા ધોળા રંગના હોયછે. તે છોકરાઓમાં ઘણા સાધારણ જોવામાં આવેછે. મોટા માણસને પણ એ કરમ થાયછે. તે નાના આંતરડાંમાં રહેછે. ઝાડા વાટે અને કોઇવાર ઉલટીમાં બહાર પડેછે. તેનાં નર અને માદા જુદાં જુદાં હોયછે, તથા માદા નરના કરતાં જરા મોટી હોયછે.

બીજા પ્રકારના કરમ ઝીણાં "તંતુ કરમ" (થ્રેડવર્મ) હોયછે. આ કરમ તાંતણા જેવા બચ્ચાંના ઝાડામાં કોઇવાર ઘણા જોવામાં આવેછે. તે ઘણુંકરી સફરામાં અને મોટાં આંતરડાંમાં રહેછે. પાથી અડધો ઇંચ લાંબા હોયછે. તેમનાં નરમાદા પણ ભિન્ન ભિન્ન હોયછે.

ત્રીજા પ્રકારના કરમ ઘણા લાંબા હોયછે. કોઇવાર પંદરથી ત્રીસ ફીટ લંબાઇના જોવામાં આવેછે. તે ઘણું કરી મોટા આદમીના પેટમાં થાયછે. તેઓ નાંના નાંના સેંકડો ચોરસ ચપટા કટકાથી બનેલાં હોયછે. આ કટકા તેના મોઢા તરફ નાના હોયછે તથા આગળ જતાં મોટા થતા જાયછે. (આકૃતિ.૨૪.) તેના મોઢા આગળ જળોની માફક ચોટી રહેવાનાં સાધનછે.(આકૃતિ.૨૫.)તેવડે આંતરડાંને ચોટી રહેછે અને સાધારણ જુલાબથી પણ ઉખડતા નથી. ફક્ત ઓસડનું ઝેર પહોચે ત્યારે તેનું મોટુ છુટું પડે છે. તેના જુદા જુદા સર્વ સાંધા છુટા થઇ અને ઝાડાવાટે નીકળી જાય અને આ એક મોઢાનો ભાગ અંદર રહે તો પાછો આ "ચપટોકરમ" (ટેપવર્મ) વધીને પૂર્વરૂપ થાયછે. માટે ઓસડો અને જુલાબમાં જ્યારે આ મોઢાનો ભાગ નીકળે ત્યારેજ આ ચપટા કરમનો પેટમાંથી નીકાલ થયો સમજવો. આ કરમનાં નર માદા ભિન્નભિન્ન હોતાં નથી. દરેક ચોરસ કટકામાં નરમાદાના અવયવો સાથેજ હોય છે. આ કટકા ઝાડામાં આપોઆપ ઘણીવાર પડેછે.


આ સર્વ પ્રકારના કરમનાં ઇંડાં પાણી અગર ખોરાક સાથે પેટમાં જવાથી ત્યાં તેઓ મૂળ કરી વધી પડેછે.

આકૃતિ. ૨૪ ચપટા કરમ.



૧. ચપટા કરમનો મસ્તક તરફનો ભાગ પાતળો હોય છે.
૨-૩-૫-૬-૭ આ કરમના મસ્તકના છેડા તરફથી જતાં તેના વિભાગ મોટા અને ચપટા આકારના થતા માલમ પડેછે.
૪. એક ચપટા કકડાની સૂક્ષ્મ રચના જોતાં આ પ્રમાણે ચોરસ વિભાગવાળી હોય છે.

આ૦ ૨૫. ચપટા કરમનુ મસ્તક.



આગલી આકૃતિમાં કરમના મસ્તકનો જે ઝીણો પાતળો ભાગ દેખાયછે તેને સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં મોટુ આ આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તેની રચના દેખાયછે, તેની શીખર ઉપર જે ચાંઠા દેખાય છે તે વતી આંતડાની દીવાલને તે જળોની માફક ચોટી રહેછે.

ચિન્હઃ—કરમનાં ચિન્હ એક સરખાં હોતાં નથી. અગર કોઈ એકાદ એવું ચિન્હ નથી કે તેના ઉપરથી પેટમાં કરમ છેજ એમ કહી શકાય, તેમ કેટલીકવાર ઘણા કરમ પેટમાં હોવા છતાં કાંઈ ઈજા હતાં માલમ પડતા નથી. મળની સાથે એકાદ કરમ અથવા તેનો કટકો પડે એજ ફકત પેટના કરમની ચોકસ નિશાની છે.તોપણ બીજાં ઘણાં લક્ષણો ઉપરથી કરમનું અનુમાન થઈ શકેછે. બચ્ચાના પેટમાં દુખે છે, તેમનું પેટ જરા મોટું તથા ચઢી આવે એવું લાગેછે. કેકલીકવાર કરમને લીધે તાવ આવેછે. કોઈવાર ખોરાક ઉપર અરુચી થાય છે અને કોઇવાર બચ્ચું ખાધા કર્યા કરેછે અને અનાજ બરાબર પચતું નથી. ઝાડો કબજ હોયછે અગર હગણ પણ થઈ આવેછે. બાળક ઉલટી કરેછે નાક ચોળેછે, હાથ પગ થંડા તથા પેટ ગરમ હોયછે. મળદ્વારની આસપાસ ચળ આવે છે, ઊંઘમાં દાંત કરડેછે, તથા ઝબકી ઉઠેછે. કરમને લીધે માથું દુખેછે, આંચકી થઈ આવેછે તથા બચ્ચું બેહોશ પણ થઈ જાયછે. ચપટા કરમને લીધે મોટા માણસને પણ ખાતાં પીતાં શરીર ઉપર તેજ રહેતું નથી. કરમને લીધે કેઠલીકવાર એવાંતો તરેહવાર ચિન્હ થાયછે કે તે વૈદ્યને વિસ્મય પમાડેછે અને ગુંચવણીમાં નાખેછે.

ઉપાયઃ—ગોળ કરમના ઘણા ઉપાયો છે. રાત્રે બચ્ચાંની ઉમર મુજબ એકથી તે ચાર પાંચ ગ્રેન "સાન્ટોનીન" સાકરની સાથે આપવું તથા સવારમાં એરંડીયેલ તેલ આ-

હામાં પાવું. તેથી જુલાબમાં જેટલા કરમ હશે તેટલા નીકળી પડશે. જરૂર પડે તો બે દિવસ પછી તેજ પ્રમાણે ફરીથી ઇલાજ કરવો. સાન્ટોનીનને બદલે બજારમાં કરમની ગોળીયો મળેછે તે પણ રાત્રે ખવરાવી સવારે જુલાબ આપવો. સાન્ટોનીન લેવાથી પેશાબ પીળો આવશે. સાન્ટોનીન એ ગોળ કરમ ઉપર ચોકસ ઉપાય છે. બીજી દવાઓ મોટા આદમીને નીચે પ્રમાણે આપવી.

નં. ૧. કેલોમેલની ભુકી ૫ ગ્રેન મધની સાથે ચાટી જવી તથા બે ચાર કલાક પછી એરંડીયેલ તેલનો જુલાબ આપવો.

નં. ૨. કુસોની ભુકી અડધો ઔંસ તે પણ મધની સાથે એક અગર બે વખત આપવી. ટરપનટાઇનનું તેલ પણ કરમને લાગુ પડેછે.

નં. ૩. ટરપનટાઇનનું તેલ...૪ ડ્રામ.
એરંડીયેલ તેલ .....૪ ,,
ગુંદરનું પાણી ......૪ ,,
સુવાનું પાણી ......૧ ઔંસ
} આ દવા મિશ્ર કરી પાવી.

નં. ૪. દાડમના મૂળની છાલની ભુકી એક તોલો લઇ તેના બે ભાગ કરી સાંઝ સવાર એકેક સાકર સાથે ખાવો તથા બીજે દિવસ વિલાયતી મીઠાનો જુલાબ આપવો. કાલોમલ, જાલપ, સ્કામની, નસોતર વગેરે જુલાબથી પણ કરમ પડેછે.

નં. ૫. કાલોમેલ............. ૨ ગ્રેન. સ્કામની ....૫ ગ્રેન.
કોમ્પાઉન્ડ જાલપ પૌડર.૮ ,,

ઉપરની દવા મિશ્ર કરી સવારે અથવા રાત્રે આપવી.

ચપટા કરમને કાઢવા સારૂ પહેલાં જુલાબ આપવો, અને પેટ સારૂ થયા પછી કાલોમેલ કુસો વગેરે દવા આપવી, અને પાછો એક જુલાબ આપવો. ઝાડામાં તેના મોઢાના ભાગનો તપાસ રાખવો. આ દવાઓ સિવાય મેલફર્નનું તેલ છે તે ચપટા કરમને સારૂં લાગુ પડેછે. ત્રીસથી ચાલીસ ટીપાં આ તેલનાં સુંઠના પાણી સાથે આપવાં. અને ચાર કલાક પછી એરંડીયેલ અગર જાલપનો જુલાબ આપવો. તંતુવત કરમનો નિકાલ કરવા સારૂ પણ ઉપર લખેલો કાલોમેલનો જુલાબ આપવો. આ કરમ ફરીથી થાય છે તેને માટે મીઠાના પાણીની અથવા લોઢાનો અર્ક તથા પાણીની પીચકારી પુંઠેથી મારવી એટલે કરમ હશે તે પણ ધોવાઇને નીકળી આવશે તથા ફરીથી થશે નહીં.

ગોળ કરમ પણ છોકરાંને વારંવાર પડેછે તથા ફરીથી થાયછે. તે ફરીથી ન થાય તેટલા માટે લોખંડના અર્કનાં ટીપાં ૨ થી ૮ પાણીમાં નાખી દરરોજ આપવાં. ગોળ કરમ ઘણા નીકળેછે એટલે આપણા લોક ડરેછે. તેઓ ધારેછે કે કમરનો બાંધો એ કરમના દોરથી બંધાયલો છે તે તૂટી જશે. વળી બીજો એવો પણ એક વહેમછે કે પેટમાં કરમની એક સ્વભાવિક થેલીછે. આ બેઉ વહેમ તદન પાયા વગરના છે.

નં. ૬. દાડમની છાલ, અગર દાડમના મૂળની છાલનો કાઢો કરી બે ત્રણ દિવસ પીવાથી કરમ પડેછે. પિત્ત પાપડીનેપલાળી ઉપરની રાતી ગાલ કાઢી નાખી તે લેવાથી કરમ પડેછે.

નં. ૭. પિત્તપાપડાની ભૂકી...½ તોલો. વાવડીંગ........½ તોલો.

બંને દવાઓને મિશ્ર કરી છાશમાં પાવી તથા બીજે દિવસે જુલાબ આપવો.

ભેરવશીંગ એટલે કૌવચ નામની એક કાંટાવાળી વાંકી શીંગ થાયછે તે શરીરને લાગેછે તો ચેળ ઉપડેછે. આ શીંગ દૂધમાં નાખી તેના કાંટા દૂધમાં ધોઈ લઈને તે દૂધ પાવું. બીજે દિવસ જુલાબ આપવાથી કરમ પડશે.

કાળીજીરી ખાધાથી જીવડા પડેછે તથા એ જીવડા ઉપર અને પેટ દુખવા ઉપર સાધારણ રીતે વપરાયછે. પાથી અડધો તોલો મધની સાથે અથવા પાણીમાં ગળી જવી. કીડામારી પણ પાણીમાં વાટીને કરમ સારૂ બચ્ચાંને ખાવામાં અપાયછે. આંબાની ગોટલીની ભૂકી ૧૦ થી ૨૦ રતીભાર આપી બીજે દિવસે જુલાબ આપવો એટલે કરમ પડશે. કરમ પડી ગયા પછી ફરી ન થાય તેટલા માટે કવાસ્યાનું પાણી લાગટ કેટલાક દિવસ પાવું. તંતુવત કરમનો નાશ કરવા સારૂ કવાસ્યાના પાણીની પીચકારી સફરામાં મારવામાં આવેછે.

અરૂચી.

(એનોરેક્ષ્યા).

અનાજ ખાવાની ઇચ્છા થાય નહીં અગર અનાજને દેખીને કંટાળો આવેછે તેને અરૂચિ કહેછે. આ કાંઈ એક જુદું દરદ નથી. ફકત કેટલાએક દરદની નિશાની છે. અજીર્ણમાં, તાવમાં, કલેજાના દરદમાં, મગજના દરદ વગેરેની અંદર અરૂચી ઉત્પન્ન થાયછે. જે કારણને લીધે ક્ષુધામંદ પડેછે તે કારણના ઇલાજ લેવા જોઈએ. પોતાની પ્રકૃતિને માફક આવે એવો ખાટો, તીખો, મીઠો ખોરાક, ચટણી, મશાલો, કેરી, અથાણું, રાઇતું, વગરે વાપરવાથી મોઢામાં રૂચિ આવેછે. કેટલાકને દહીં ખાવાથી ફાયદો થાયછે. કોઈ વખત મોઢુ કડવું થઈ જાયછે. કોઈવાર ગળ્યો સ્વાદ આવેછે. પિત્તને લીધે અરૂચિ હોય તો દહીં માફક આવેછે. જમતી વખત આંબલીનું શરબત અંદર ગોળ, દાલચીની, એલચી નાખીને વાપરવું. સાકર, ત્રિકટુ (સૂંઠ, મરી, પીપર) તથા કોઠની મધની સાથે ગોળી કરી મોઢામાં રાખવી. અથવા વાવડીંગની ગોળી મધ સાથે મોંમાં રાખવી. લીંબુના શરબત અગર દાડમના શરબતથી રૂચિ થાયછે. સાકર, ખજૂર, મનુકા અગર દાડમ એમાંની કાંઈ ચીજ સિંધવ સાથે ખાધાથી મોઢામાં રૂચી વળેછે.

નં. ૧. તાલિસાદિ ચૂર્ણ.

તાલીસપત્ર........૧ ભાગ	એલચી......૧ ભાગ
મરી.............૨ ,,	તજ........૧ ,,
સૂંઠ............૩ ,,	વંગભસ્મ ...૯ ,,
પીપર.........૪ ,,	સાકર......૧૫ ,,
વંશલોચન ....૫ ,,	

ઉપરનાં સર્વે ઔષધનું ચૂરણ કરી એકત્ર કરવું. બાદ સાંજ સવાર થોડું થોડું લેવાથી રૂચિ આવેછે, ભૂખ લાગેછે તથા શક્તિ વધેછે. સાધારણ ખાંસી, તથા દમ ઉપર પણ એ સારી અસર કરેછે.

નં. ૨. વરીયાળી, જીરૂં, મરી, દ્રાક્ષ, કોકમ, દાડમ, પાદેલોણ, તથા ગોળ સમભાગે લઈ તેની ગોળી નાના બોર જેવડી મધ સાથે કરી મોંમાં રાખવી. આમળાંનો મુરબ્બો એ પિત્ત નાશક છે.

નં. ૩. આમળાં, ચિત્રક, હીમજ, પીપર, સૈંધવ આ પાંચ ઓસડોનું સમભાગ ચૂર્ણ કરી લેવાથી ભૂખ લાગશે તથા દસ્ત સાફ આવશે.

નં. ૪. ત્રિકટુ ....૪ તોલા. સાકર ......૨૪ તોલા.

ત્રિજાતક(તજ,તમાલપત્ર, એળચી) ..૪ ,, દાડમ ... ... ૮ ,,

આ સર્વ દવાઓનું ચૂર્ણ કરી આપવાથી પણ ભૂખ લાગેછે.

ઉલટી.

(વોમીટીંગ).

આ બીજાં કેટલાક દરદોનું લક્ષણછે. પિત્તના જોરથી ઉલટી થાયછે. હોજરીનાં દરદ, કલેજાની વ્યાધિ, કોલેરા, મગજ તથા મૂત્રપિંડ અને ગર્ભાશયના દરદમાં ઉલટી થાયછે. અગ્નિ હમેશ રહેછે ત્યારે ઉલટી થાયછે. તાવ, કરમ, તથા વિષપ્રયોગને લીધે ઉલટી થાયછે. મળાવરોધ એટલે કોઇપણ કારણથી જો દસ્ત ઉતરે નહિતો કેટલીક મુદત પછી મળની ઉલટી મોંઢેથી થાયછે.

ઇલાજઃ—ઉલટીનો ઉપાય તેના કારણ પ્રમાણે કરવો જોઇએ. ફકત સાધારણ ઉલટી થતી હોયતો તેના ઇલાજ નીચે પ્રમાણેછે.

સોડાવોટર પીવું, લીંબુનું શરબત પીવું, ઉલટીથી અનાજ પેટમાં ઠરતું ન હોયતો દૂધ તથા ચૂનાનું નીતરેલું પાણી સરખે ભાગે લેઈ પીવું; પેટના ઉપર રાઇનું પ્લાસ્તર મારવું, અગર તેથીપણ સખ્ત ઉપાય એછે કે લાડેનમ તથા કલોરોફોર્મના સરખા ભાગ લઈ એક રૂમાલ ઉપર છાંટી તે રૂમાલ હોજરીના ઠેકાણા ઉપર મૂકવો તથા એક કપડું તે રૂમાલ ઉપર ઢાંકી દેવું. એક બેમિનિટમાં ઘણીજ અગન થશે. આ ઉપાયથી કેટલીક વાર ઝડપથી ઉછાળો બંધ થઈ જાયછે.

સોડા તથા સાઇટ્રીક આસિડ ૧૫ તથા ૧૦ ગ્રેનના પ્રમાણમાં પાવાં. બીઝમથ, મોર્ફીઆ, તથા હાઇડ્રોસ્યાનીક આસિડનું મિક્ષચર આપવું. ગળો, ત્રિફળાં, કડવો લીંબડો તથા પટોળનો કાઢો ઉકાળી તે મધ નાખીને પાવો તેથી ઉછાળો બંધ થશે. તાવ તથા પિત્તથી ઉલટી થાયછે તેના સારૂ શેરથી દોઢશેર પાણી લેઈ તેમાં ૪ તોલા દ્રાક્ષ, તથા ચાર તોલા આમળાં ખૂબ પલાળી તથા ચોળીને કાઢી લેવાં. પછી તે પાણીમાં ૪ તોલા મધ અને સાકર નાખી પાવું. દેશી લોકોમાં ઉલટી ઉપર રેશમ બાળી તેની રાખ અગર

મોરનાં પીછાંની રાખ મધમાં ચાટવાની રીતછે. જાંબુના, આંબાના, તથા વડનાં કોમળ પાનનો કાઢો કરી પાવો.વડની વડવાઇની કૂમળી ડાંખળીઓ ખાવાથી ઉલટીને ફાયદો થાયછે.

મધ તથા લીંબુનો રસ તેની અંદર બીઝમથ અથવા સોડા અથવા વંગ નાખીને ચાટવા આપવું. અડધું લીંબુ લઇને તેના ઉપર સાકર ભભરાવીને જરા અંગારા ઉપર મૂકવું અને પછી ચાટવું એટલે ઉલટી બેશી જશે.

હીક્કા-હેડકી.

(હીકપ્.)

કેટલીકવાર અજીર્ણમાં હેડકી ઉપડેછે, તેથી જાણે ખોરાક છાતી ઉપર રહ્યો હોય એમ લાગેછે. ઉપરા ઉપરી હેડકી આવેછે. તે માણસને કાયર કરી નાંખેછે. જે સ્રીયોને "હીસ્ટીરીયાનો" મરજ થાયછે તેને ઘણીવાર હેડકી આવેછે. હેડકી જમતાં અગર જમી રહ્યા પછી ઘણું કરી તરત આવવા માંડેછે. સ્રીને ગર્ભ રહેછે ત્યારે જેમ ઓકારી આવે છે તેમ કોઇવાર હેડકી પણ ઉપડેછે. મેં એક સ્રીને હેડકી થઈ હતી તે જોઈ, એ સ્રી બચશે નહી એમ મને લાગવા માંડયું, તે બાઈ નાની સોળ વરસની હતી. તેને દરેક સુમારે પા કલાકને અંતરે એકદમ ઉપરા ઉપરી સો પચાસ હેડકી આવે તે દરમીયાન તે બાઇને શ્વાસ લેવો અગર બોલવું પણ મુશ્કેલ થઈ પડતું. આંગ ઉપર પરસેવાના રેબઝેબ વળી જાય તથા હેડકી આવી રહે એટલે તે બિચારી અચેત થઇ પડે. આ પ્રમાણે બેચાર દિવસને રાત થયુ. એક કલાકની નિદ્રા પણ હેડકીને લીધે આવે નહી. ઘણાં ઓસડો, જુલાબો, તથા પ્લાસ્તરો પણ માર્યા. પણ ટાંકી લાગે નહી. છેવટે કલોરોફોર્મ સુંઘાડ્યો ત્યારે કાંઈક નિરાંત થઈ. પછવાડે કેટલીક મુદત પછી મને ખબર પડી કે હેડકી ઉપડી તે વખતે એ બાઇને બે મહીનાનો ગર્ભ હતો. ગર્ભાધારણ સ્થિતિમાં બીજી વખત પણ એ બાઇને એવીજ હેડકી ઉપડી હતી,

આ સિવાય હેડકી કેટલીકવાર મોટી બીમારીમાં અંતકાળ સમયે ઉપડેછે અનેતેને મોટું ભયંકર ચિન્હ આપણા લોકો સમજેછે.

ઇલાજ:—સાધારણ હેડકી બંધ કરવાના ઉપાયો લોકોમાં કેટલાક ચાલેછે. નાક તથા મોઢું બંધ કરી થોડો વખત શ્વાસ બંધ રાખવો, બીહીવડાવવું, અગર આશ્ચર્યકારક વાત કહી મનને ભમાવવું, ટાઢું પાણી અંગ ઉપર અગર મોઢા ઉપર રેડવું. પાણી પીવું ઇત્યાદી. હેડકી માટે ઘી ગોળ દરેક બે તોલા, તથા જવખાર વાલ ૪ મિશ્ર કરી ચટાડી દેવો. પ્રાણાયામ કરવું એટલે એક નાકથી ઉંડો શ્વાસ ખેંચી, બંધ રાખી, બીજે નાકે કાઢવો; ફરી બીજે નાકે ખેંચવો, અને પહેલે નાકે છોડવો, એમ કેટલીક વખત કરવું.

નં.૧. ક્લોરો ફોર્મ............	૨ ટીપાં.	ઇથર સલ્ફયુરીક..........................	૧૦ ટીપાં.
તજનું તેલ............	૨ ,,	હાઇડ્રોસ્યાનીક આસિડ ડીલ્યુટ.........	૫ ,,
સલ વોલાટાઇલ.......	૩૦ ,,	બ્રાંડી..	૨ ડ્રામ.

પાણી .... ૧ ઔંસ. ક્રીયા સોટ .... ૨ ટીપાં.

ટિંકચર ઑફ વાલેરીયન ½ ડ્રામ.

ઉપરની સર્વે દવા મિશ્ર કરી દર બે કલાકે પીવા આપવી, તેથી હેડકી બેસશે.

નં. ૨. હેડકી ઉપર ચલમ ઘણીવાર તાત્કાળ ફાયદો કરેછે. ચલમમાં મઠ, અડદ, ગુણ-પાટ, શીંદરી, ગાંજો, તમાકુ અથવા મોર પીંછ મૂકી પીવાથી હેડકી અટકેછે. પીપર, એલચીનાં ફોતરાં તથા નાળીયેરના છોતાંનો ભુકો કરી તે ચલમમાં પીવાથી હેડકી બેસે છે.

મોર્ફીઆની પીચકારી ત્વચામાં મારવાથી કોઈવાર આરામ થાયછે. પેટપર રાઈનું પ્લાસ્તર અગર બ્લીસ્તર મૂકવાથી ફાયદો થાયછે.

અજીર્ણ ઉપર જે ઓસડોની યોજના છે તેમાંનાં ઘણાં ખરાં હેડકીને લાગું પડેછે. કડુની ભૂકી મધમાં ખાવી. આમળાં, સૂંઠ, તથા પીપરનો કાઢો ઉકાળી પીવો. પ્રસીક આસિડ ડીલ્યુટ પાણીમાં આપવો ઘણીજ હેડકી હોય તો કસ્તુરી આપવી, ક્લોરોફાર્મ તથા સાલવોટાઈલ પાવો, છેલ્લે ક્લરોફાર્મ સુંઘાડવો.

કોગળીઉ, મહામારી, ટુંટીયું.

(કોલેરા)

કોગળીઆના મરેજથી કોઈ અજાણ્યુ નથી. આ દરદ એટલું તો ઝેરી અને જોરાવર છે, કે જ્યાં જ્યાં તે પોતાનો દેખાવ આપેછે, ત્યાં ત્યાંના લોક નાહાના અને મોટા, ગરીબ અને તવંગર, રાજા અને રંક, સર્વે તેની દહેશતથી ધ્રુજે છે, અને ઉદાસ થઈ જાયછે. એક ઘડી પછી આપણી શી સ્થિતિ થશે, એનો ભરોંસો રેહેતો નથી. આ રોગ આપણા દેશમાં જુના કાળથી છે. આ રોગની એક એવી ખાસીયત છે કે એક સ્થળ છોડી બીજે સ્થળે જઈ ત્યાં પસરેછે. જ્યારે આ રોગથી ઘણી ખરાબી થાયછે ત્યારે માણસ એક બીજાને ઘેર પણ જતા નથી અને મૂડદાની વ્યવસ્થા પણ યોગ્યરીતે થતી નથી.

ચિન્હઃ—નમૂના દાખલ આ રોગવાળો આદમી જોઈશું તો તેને ત્રણ પ્રકારનાં ચિન્હ શરૂઆતથી તે છેવટ સુધી થતાં માલૂમ પડશે.

૧. પહેલાં ફકત ઝાડો તથા ઊલટી થાયછે.

૨. ઝાડાને ઉલટી સાથે શરીરમાં ગોળા ચડેછે, શરીર ટંડુ પડી જાય છે તથા કાળાશ મારે છે અને નાડી મંદ પડી જઈ આદમી મૃત્યુને આધીન થાયછે.

૩. આ વખતે મોતના ઝપાટામાંથી બચી જાય તો પછી સખ્ત તાવ આવેછે અને આ ભયંકર રોગમાંથી આદમી પાર ઉતરેછે. તથાપિ કોઇ કોઈ વાર આ તાવમાંથી પણ મૃત્યુ નીપજેછે.

ઝાડો અને ઉલટી એ આ દરદનાં મુખ્ય લક્ષણ છે. ઝાડો પહેલ વહેલો કદાચિત જુલાબની માફક મળ સહિત થાયછે, પણ પછવાડેથી પાતળો પાણી માફક "ચોખાના ધોણ" જેવો થાયછે. ઉલટી પાણીના જેવી થાયછે, અથવા જે કાંઈ ખાધામાં આવ્યું

હોય તે પાછું પડેછે. હાથ પગમાં અને પેટમાં ગોળા ચઢી આવેછે, તથા તેના સ્નાયુ એચાઇને લાકડા જેવા સખ્ત થઈ જાય છે. પેશાબ કમી થાયછે અથવા છેક બંધ પડી જાયછે. પાણીની તરસ અતિશય લાગેછે. શ્વાસોશ્વાસ અને રક્તાભિસરણ મંદ પડી જાય છે, અને શરીર લેવાઈ જાય છે. અંગ બરફ જેવું થંડુ લાગેછે, તથા શ્વાસની હવા પણ થંડી લાગેછે. હોઠ, નખ, અને ત્વચા કાળાં પડી જાયછે, અને શરીર પરસેવાથી ભીંજાઈ રહેછે. શરીર એટલું ઠંડુ પડી જાયછે, તો પણ દરદીને ગરમીની માફક તણખા અને અકળામણ થાયછે, અને અંગ ઉપર કપડું પણ રાખવું ગમતું નથી, વળી એટલીતો નબળાઈ આવી જાયછે કે દરદીથી બોલી પણ શકાતું નથી. ફકત ઝીણે અવાજે કાનમાં વાત કરીએ તે પ્રમાણે તેનો અવાજ મંદ નીકળેછે. ગાલનાં જડબાં બેશી જાય છે, આંખો ઊંડી ઉતરી જાયછે. એકંદર દરદીનો ચહેરો એવાતો ભયાનક થઈ જાયછે કે તે એક વખત જોયો હોય તો વિસારે પડતો નથી. નાડી એટલીતો મંદ પડી જાય છે કે તે જણાતી પણ નથી. આ પ્રમાણે છેવટે શ્વાસ ઉપડે છેકે હેડકી થાય છે, અને બેચાર કલાકથી તે એકાદ દિવસની મુદતમાં આદમી મૃત્યુ પામેછે. જેમ જેમ વધારે વખત જાયછે તેમ તેમ દરદીને જીવવાની આશા વધારે રહેછે. દરદી બચવાનો હોય તો ઝાડો ઉલટી કમી અગર બંધ થાયછે. શરીરમાં ગરમી આવેછે, નાડી બારીક હોય છે, તે મોટી થવા માંડેછે. પેશાબ છુટેછે, થોડો તાવ આવેછે, અને તે ઉતરી જાય છે. કોઈ વખત તાવ અતિશય આવેછે અને તેને લીધેજ આદમીના જાનની ખુવારી થાય છે. કેટલીક વખત પેશાબ થતોજ નથી તેને લીધે આદમી મરણ પામેછે.

સ્ત્રીના ગર્ભસ્થાન ઉપર કોલેરાની કાંઈ અસર જણાયછે. જ્યારે શરીર થંડું પડી જાયછે ત્યારે ગર્ભસ્થાનમાંથી ઘણી વખત રક્તસ્ત્રાવ થાયછે. સ્ત્રી ગર્ભવંતી હોયતો ગર્ભપતન થાયછે, અને સ્ત્રી આ સ્થિતિમાં મરણ પામે તો ગર્ભ પણ જીવ રહિત માલૂમ પડેછે. આ રોગમાં માણસ એટલો તો લેવાઈ જાયછે કે તેની નાડીનું પણ ઠેકાણું રહેતું નથી, તોપણ તે ભાનમાં હોયછે. છેક મરવાની વખત સુધી પણ તે ઘણું કરી બેશુદ્ધ થતો નથી. આ દરદમાં ઝાડો પુષ્કળ ચોખાના ધોણ જેવો થાયછે. કેટલીક વખત ઝાડો છેક પાણી જેવો થાયછે અને તેમાં સફેદ છોતરાં નીકળેછે. આ ઝાડાની અંદર ક્ષાર અને તેમાં મુખ્યત્વે કરી મીઠાનો ભાગ ઘણો હોયછે. ઝાડાનો રંગ રાતો હોય તો દરદીની બચવાની આશા થોડી રાખવી.

ઉલટી થાયછે તેનો રંગ પણ સફેદ હોયછે અથવા છેક પાણી જેવો હોયછે. કેટલીક વખત એવીતો ઉલટી થાય છે કે ખાધેલું અનાજ અથવા ઔષધ બિલકુલ ટકતું નથી. કોઇવાર ઓકારી કાફીના ઉકાળા જેવી કાળા રંગની થાયછે. આવી ઓકારી થાય તો દરદીની બચવાની આશા થોડી સમજવી.

જ્યારે ઝાડા અને ઊલટીથી આદમી બેહોશ થાયછે ત્યારે પેશાબ ઉત્પન્ન થતો બંધ પડેછે. શરીરમાં ગરમી આવી તાવ આવેછે ત્યારે પેશાબ પાછો છૂટેછે પણ કેટલાકનેતો પાછો છૂટતોજ નથી, અને તેથી પણ મૃત્યુ થાયછે.

અંગ થોડું અથવા ઘણું બરફ જેવું થંડું પડી જાયછે, પરસેવો પણ થોડો અગર અતિશય નીકળે છે. કોગળીઉં થવાથી આદમીની સ્વભાવિક ગરમી સુમારે ૯૯ અંશની છે તેમાં ઘણો ઘટાડો થાયછે, તથાપિ મૃત્યુ થયા પછી ઘણીવાર આ ગરમી વધી પડી ૧૦૦ અંશથી પણ જાસ્તી થઇ પડેછે.

નાડીની ગતિ જેમ મંદ પડેછે તેમ તેનું કદ પણ બારિક થઇ જાયછે. ફકત એક મિનિટમાં ૫૦ થી ૬૦ ધબકારા સુધી નાડી ઉતરી જાયછે, અને તે એટલીતો બારીક થઇ જાયછે, કે તે ફકત ઝીણા દોરા જેવી લાગેછે, અથવા હાથને બિલકુલ લાગતી નથી. હાથ પગ અને પેટમાં ગોટલી ચઢી આવેછે. તે કોઇ વખત હલકી હોયછે અને કોઈ વખત એટલી તા વ્યથા કરેછે કે તે સહન થઈ શકતી નથી.

કારણ:—કોલેરાના કારણ વિષે હજુ એકમત થયો નથી. કોલેરા ઉત્પન્ન કરનાર કોઇએક જાતની ઝેરી વસ્તુછે એમ માનવામાં આવ્યુંછે. કેટલાકનો મત એમછે કે આ પદાર્થ હવા મારફત શરીરમાં પ્રવેશ કરેછે અને કેટલાકનો પાણી અને હવા મારફત પ્રવેશ કરેછે એમ મતછે. તોપણ અર્વાચીન કાળમાં એટલું તો સિદ્ધ થયું છે કે કોઇપણ પ્રકારની ગંદકી, વાસી અને સડેલો ખોરાક, અને અસ્વચ્છ પાણીથી કોલેરાને ઉત્તેજન મળેછે. ગટરની અંદરથી બાફ નીકળેછે તે તથા ગટરમાંનું પાણી પીવાના પાણી સાથે સેળભેળ થાય તો તે અતિશય નુકશાનકારકછે. કોગળીઆના વખતમાં પાણી હમેશાં ઉકાળીને તથા રેતી અને લાકડાના કોયલામાંથી ગાળીને પીવું. ખાવા પીવામાં અને પહેરવા ઓઢવામાં ઘણુંજ નિયમસર રહેવું. બનતાંસુધી જુલાબ લેવો નહિ. કોલેરાનો ફેલાઇ જવાનો ગુણછે. ઘણી વખત ફકત દહેશતને લીધે જુલાબ ઉતરેછે. કોલેરાથી સપડાયલા માણસના ઝાડા અને ઊલટીમાં પડેલા પદાર્થ કેટલેક દરજ્જે આ ફેલાવાનાં કારણ થઇ પડે છે. આ પદાર્થ ઘણાજ ઝેરી હોયછે. તે બીજાં પ્રાણીના પેટમાં જવાથી અવસ્ય કોગળીઉં થયા વગર રહેતું નથી, માટે હંમેશાં તેની સંભાળ રાખીને એકાંત જગામાં ખાડો ખોદીને તેમાં તેનું સમાધાન કરવું. દરદીના કપડાને રદ કરી બાળી નાંખવાં અગર પાણીમાં ઉકાળી ધોયા પછી ખપમાં લેવાં. દરદીની રહેવાની જગો પણ ગંધક અને ડામર વગેરે પદાર્થો બાળી સાફ કરવી. ટૂંકામાં કોઈપણ પ્રકારનું ગલીચપણું રાખવું નહિં.

ઔષધોપાય:—"દરદ મટાડવાના કરતાં દરદ ટાળવું એ વધારે સારૂં" આ કહેવત કોલેરાને બરોબર લાગુ પડેછે, કારણ કે કોલેરાથી સાવચેત રહી, એ ઉત્પન્ન ન થાય એવા ઉપાય લેવા એ વાજબી છે. એક વખતે કોલેરાએ માણસને પકડ્યો તો પછી તેનું સારૂં થવું ન થવું એ ઘણે દરજ્જે પરમેશ્વરના હાથમાં છે. આજ સૂધી કોલેરાને વાસ્તે ચોક્કસ ઈલાજ મળી આવ્યો નથી. કોલેરા કિયા વાસ્તવિક કારણથી થાયછે, ઝાડાને ઉલટી થાય તેમાં દરદીનું હિત છે, અગર બંધ થાય તેમાં હિતછે, તે વિષે પણ પૂરો નિર્ણય થયો નથી. ડાક્ટર ટાનર કહેછે કે ઝાડો ઉલટી બંધ થાય અગર વધારે થાય તેવાં ઓસડ દરદીને આપવાં નહિ. ઝાડો થવા માંડે તો દરદીને બિછાનામાં રાખવો. કાંજી, ચોખા કે એવું હલકું ખાવાને આપવું. તરસ લાગે તેને માટે સોડાવોટર, ચા અથવા દૂધને પાણી આપવાં. અંગ

ચંડુ પડવા માંડે તો શેક કરવો, રાઇનો લેપ મારવો, પાણીની અંદર મીઠું નાંખીને પીવા આપવું, ઇત્યાદિ. પણ આ પ્રમાણે બીજો ઇલાજ કર્યાવિના માણસથી બેશી રહેવાશે નહિ. તેમ બેશી રહ્યામાં ફાયદો છે એમ પણ નથી. માટે પ્રથમ તો કોઈ પણ પ્રકારની દરદીના ઘરની આસપાસ ગટર, મોરી, એઠું વગેરે બાબતની ગલીચો હોય તે દૂર કરવી, અને પીવાના પાણીની સ્વચ્છતા વિષે તપાસ કરી બીજે ઈલાજે લાગવું. પ્રથમ ઝાડો થાયછે તેને નરમ પાડવા સારૂ કાથાદિ ચૂર્ણ, તજનું ચૂર્ણ, અફીણનું ચૂર્ણ,કાઇનો આદિ ચૂર્ણ, ચાકનું ચૂર્ણ, અગર ચાકનું અફીણ સહચૂર્ણ તેની યોગ્ય માત્રાના પ્રમાણમાં આપવું.

આ ઉપર લખેલી દવાઓમાંથી કોઈ પણ આપવી. એ સર્વ ઓસડો કોઈ પણ પ્રકારે સાધારણ જુલાબ ઉતરેછે તેને બંધ પાડવામાં ઉપયોગી થઈ પડેછે. કોલેરામાં પણ પ્રથમતો ઘણું કરીને ઝાડો ઉતરવા માંડેછે. ત્યારબાદ જો કોલેરાની સખ્ત નિશાનીઓ માલુમ પડવા માંડે એટલે ઝાડો અને ઉલટી સફેદ પાણી જેવી થયા કરે, ઘામ નીકળવા માંડે, ગોટલી ચડે, ઈત્યાદિ ચિન્હ થવા માંડેતો નીચે લખેલી દવા આપવી—

કોલેરા મિક્સચર.

નં. ૧. સાલ વોલાટાઇલ..............૨૦ ટીપાં.
એસેન્સ ઓફ પેપરમિંટ.........૧૫ ,,
લાડેનમ (અફીણનો અર્ક) .. ..૩૦ ,,
બ્રાંડી.......................... ½ ઔંસ.

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી તેમાં સમભાગ પાણી નાખી દર બે અગર ત્રણ કલાકે આ ઓસડ આપ્યા કરવું. વખતે દરદી ગાફલ હોય અથવા ઘણો લેવાઈ ગયો હોય તો અફીણનો અર્ક બાદ કરવો.બ્રાંડી ન બપતી હોયતો આદાનો રસ અથવા કાંદા (ડુંગળી) નો રસ કાઢી મેળવવો.

"કલોરોડાઇન" નામની એક સાધારણ દવા મળેછે તે કોલેરા ઉપર વખણાયછે. એનાં ૧૦ થી ૨૦ ટીપાં થોડા પાણી સાથે મેળવી બબે કલાકે આપવાં. જેમ જેમ શરીર થંડુ પડતું જાય, તથા નાડી નબળી જણાય, તેમ તેમ અફીણવાળી દવાઓ બંધ રાખવી તથા ગરમી થાય એવાં ઔષધ શરૂ કરવાં.

નં. ૨. કસ્તૂરી...૩ ગ્રેન. } બંને દવાને ગોળની સાથે મેળવી ત્રણ ગોળી કરી
કપૂર ...૯ ,, } દરેક કલાકે એક આપવી.

નં. ૩. કસ્તૂરીનો અર્ક......૩૦ ટીપાં આદુનો રસ......૧ તોલો.
મરચાંનો અર્ક ......૨૦ ,, પાણી ....૨ ,,
સોલ વોલાટાઇલ ...૨૦ ,,

ઉપરની દવા મિશ્ર કરી દર બે કલાકે તેટલું આપ્યા કરવું. ઘણી તરસ લાગતી હોય તો નીચે પ્રમાણે પાણી તૈયાર કરી રાખવું.

નં. ૪. પાણી......૨૫ તોલા મીઠું .... ½ તોલો
સોડા ...... ½ ,, કલોરેટ ઓફ પોટાસ ૧ ,,

ઉપરની દવા મિશ્ર કરીને પાણી થોડું થોડું પાવું. તે કરેતાં પણ ઘણી તરસ લાગે તો બરફ અથવા સોડાવોટર આપવાં. ઘણો ઝાડો તથા ઉલટી થવાથી શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘણું ઓછું થઈ જાયછે, તે પૂરૂં પાડવાને તરસ લાગેછે, એ એક કુદરતી માગણી છે, માટે રીતસર થોડું થોડું પાણી આપવાની જરૂરછે. લોકો આવા દરદીને પાણી આપતા નથી, તેને લીધે ફાયદાને બદલે ગેરફાયદો થાયછે.

જો ઓકારી અતિશય થતી હોય તો તે પણ સોડાવોટર અથવા બરફથી બેસશે, નહિતો પેટ ઉપર રાઇનો લેપ મારવો, તે સુમારે અડધી કલાક રેહેવા દેવો અગર "લાડેનમ" અને "કલોરોફોર્મ" થોડું થોડું લઇ એકત્ર કરી એક રૂમાલ ઉપર છાંટી તે રૂમાલ પેટ ઉપર ડાબી બાજુએ રાખવો. આ રૂમાલ દરદીને દેવતાના અંગારાની માફક લાગશે. તે સુમારે પાંચેક મિનિટ રાખી કાઢી નાખવો. ઓકારી અથવા હેડકી ઉપર નીચેનું ઓસડ પણ આપવામાં આવેછે.

નં.૫. ડાઇલ્યુટ હાઇડ્રોસ્યાનિક આસિડ............૫ ટીપાં.		આ સર્વ દવા એકત્ર કરી ત્રણ ત્રણ કલાકે આપવી.
લાઇકર મોરફિયા ....૧૦ ,,		
ઇથર કલોરીક ....૩૦ ,,		
તજનું તેલ....................૨' ,,		
ચૂનાનું પાણી....................૧ ઔંસ.		

કોલારા ઉપર સલ્ફ્યુરિક આસિડ, કોઇનન, કાર્બોલિક આસિડ તથા કપૂર સારી અસર કરેછે.

નં. ૬. સ્પિરિટ ઓફ ક્યામ્ફર....................	½ ડ્રામ.
કાર્બોલિક ગ્લોસરીન....................	૫ ટીપાં.
સલ્ફ્યુરિક આસિડ ડીલ્યુટ....................	૧૦ ,,
કલોરોડાઇન	૩ થી ૫ ટીપાં.
પાણી....................	૧ ઔંસ.

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી કોલેરાનો મરજ થતાં શરૂઆતમાં આ દવા અડધા કલાક અગર કલાકને અંતરે આપવાથી સારો ફાયદો કરેછે.

ઝાડો ઉલટી નરમ પડે તેમ કલોરોડાઇન તેમાંથી બાદ કરવું.

નં.૭. કોઇનન....................૫ થી ૧૦ ગ્રેન.	સર્વ દવા મિશ્ર કરીને દર ત્રણ કલાકે પાવી.
સલ્ફ્યુરિક આસિડ ડીલ્યુટ...... ૧૦ ટીપાં.	
ક્યાર્બોલિક આસિડ..............૧ ટીપુ.	
ટિંક્ચર ઓફ આયોડીન........૩ ટીપાં.	
પાણી....................૧ ઔંસ.	

કોલેરાનો મરજ ચાલતો હોય ત્યારે દરેક આદમીને તેની ધાસ્તી રેહેછે. નીચેની દવા દરરોજ પીવાથી તે પીનારને તે રોગ થતો નથી, એમ કેટલેક ઠેકાણે અનુભવમાં આવ્યું છે. એ મરજનું પ્રબળ હોય ત્યાં સૂધી તે પીતા રેહેવું અને તેની સાથે મિતાહાર, નિદ્રા, વીગેરેમાં નિયમસર વર્ત્તવું.

નં. ૮. સલ્ફ્યુરિક આસિડ ...૩૦ ટીપાં.	દવા મિશ્ર કરી એક ઔંસ સવારમાં તથા એક ઔંસ સાંઝરે પીવું.
કાર્બોલિક આસિડ ... ૨ ,,	
પાણી .... ૨ ઔંસ.	

અંગ થંડું પડી જાય તો તેને ગરમ કપડામાં ઢાંકી રાખવું. ગરમ પાણીએ ભરેલી બાટલીથી, નીમકની પોટલીથી, ગરમ રેતીની થેલીથી અગર ઇંટથી શેક કરવો. હાથ અંગમાં ગોટલી ચઢે તેને હળવે દાબવો. પગની પીંડી ઉપર રાઇનો લેપ કરવો તથા હાથ પગને "ઝારવા", એ ઉત્તમ ઉપાયછે. ઝારવા એટલે છાશ મીઠું એકત્ર કરી હથેળીમાં તથા પગના તળીયા ઉપર લગાડવું અને તેના ઉપર લાલચોળ તપાવેલો તાવેથો ઝડપથી વારંવાર ફેરવવો. આ પ્રમાણે શરીરના બીજા ભાગો ઉપર પણ છાસ લગાડી તપેલો તાવેથો ફેરવવામાં આવેછે. આ ઉપાય કેટલાક લોકો કોલેરા થવાની શરૂઆતમાં કરેછે તેથી ફાયદો થાયછે. શરીર થંડું પડે ત્યારે ઇથર સલફ્યુરિકની ત્વચામાં પીચકારી મારવામાં આવેછે, કેટલાક ક્લોરલ હાઇડ્રેટની પીચકારી મારેછે.

કોલેરામાં દરદીને ખોરાક આપતા રહેવું, કાંજી, દૂધ, રાબડી, વગેરે પાતળા પદાર્થ પાચન થઇ શકે તેવા વારંવાર આપતા રહેવું. જડ અને કઠણ પદાર્થ રોટલા, રોટલી વગેરે આપવા નહિં. કાંજીની અંદર પોર્ટવાઇન અગર બ્રાંડી નાંખી પાએ તોપણ ફાયદાકારક છે.

કોલેરાના ઝાડા ઉલટીમાંથી બચ્યા બાદ સારો થવા પહેલાં દરદીને ઘણીવાર તાવ આવેછે, અને ઉલટી થાયછે, અથવા તાવની સાથે બડબડ કરી બેશુદ્ધ થઈ આદમી પડી રહેછે. પેશાબ બંધ થઇ જાયછે, અને અંતે માઠું પરિણામ નીપજેછે, માટે આવો કાળ આવી પહોંચે એટલે સાવધ રહેવું જોઇએ. શરીરમાં સારી ગરમી આવી અને નાડી જોરમાં આવી કે, તરત ગરમ ઉપાય બંધ રાખવા જોઇએ. મૂત્રપિંડના સ્થળ ઉપર રાઇનો લેપ અથવા બ્લિસ્તર મારવું. ગરદનની પછવાડે બ્લિસ્તર મારવું તથા પેશાબ છુટે એવા ઉપાય કરવા. ગરમ પાણીમાં કમર લગી દરદીને બેસાડવો.

સુરોખાર પાણીમાં નાખીને તે પાવું. સોડા તથા ટાર્ટરિક આસિડ જુદા જુદા વાસણમાં પલાળી તેને એકત્ર કરી ઉભરો આવતી વખત પાવું. કેસુડાના ફૂલ બાફી પેટુ ઉપર બાંધવાં. તાવ તથા પેશાબનો બંધેજ મૂત્રપિંડના વરમને લીધે થાયછે, તેથી પેશાબ થવા સારૂ નીચેની દવા પાવી.

નં. ૯. ટિંક્ચર કાન્થારીડીસ...૧ થી ૨ ટીપાં.
ટિંક્ચર ડીજીટેલીસ...૫ ટીપાં.
પાણી .... $\frac{1}{2}$ ઔંસ.
} સર્વ દવા મિશ્ર કરી દરકલાકે પાવી.

કોલેરામાં જુદે જુદે વખતે વિરૂદ્ધ પ્રકારનાં ચિન્હ ઉત્પન્ન થાયછે. પ્રથમ ઝાડો ઉલટી થાય ત્યારે તેને બંધ કરવાનાં ઔષધની જરૂરછે. પાછળથી શરીર થંડું પડેછે ત્યારે પેટ ચડેછે, તે વખત કાંઇ વાયુની છુટ રહે તેવી દવા જોઇએ. છેવટ તાવ અને પેશાબ બંધ થાયછે, ત્યારે તેના યોગ્ય ઉપચારની જરૂરછે. તેટલા માટે દરેક રોગીને અને દરેક વખતે એકજ દવા અસર કરતી નથી, અને વિવિધ યોજનાની જરૂર પડેછે. અફીણવાળી દવા ફક્ત કોલેરાની શરૂઆતમાં ફાયદો કરેછે. ત્યારબાદ શરીર થંડું પડે, પેશાબ બંધ થાય, તે વખતે આપવાથી નુકસાન થાયછે. કેટલાકનો મત એવો છે કે અફીણ બિલકુલ આપવુંજ નહિ.

કબ્બાદ (પૃષ્ટ. ૨૪૭) નામની દેશી દવા આ રોગ ઉપર વખણાયછે. એકથી બે વાલ દહીં અગર છાશની સાથે બબે કલાકે આપવી.

કોલેરા ઉપર ભિન્ન ભિન્ન ઠેકાણે જુદાં જુદાં ઓસડ મળી એકંદર બેસુમાર ઉપાયોની યોજના થતી જોવામાં આવેછે, તેમાંની કેટલીક નીચે આપવામાં આવીછે.

કોલેરાની ગોળીઓ.

નં. ૧૦. અફીણ... ..½ ગ્રેન. કાળાં મરી... ... ...૨ ગ્રેન.
હીંગ...... ...૨ ,,

ઉપરની દવા મિશ્ર કરી એક ગોળી કરવી અને તે દર બેત્રણ કલાકે આપ્યાં કરવી.

નં. ૧૧. સૂંઠ .... ૩ તોલા. અફીણ........૧ તોલો.
ઝેરકચોલાનું ચૂર્ણ. ૨ ,,

ઉપરની દવા મિશ્ર કરી તેની ચણોઠી જેવડી ગોળીઓ કરવી તથા દરેક ત્રણ ત્રણ અગર બબે કલાકને અંતરે આપવી.

નં. ૧૨. જાયફળ......૧ તોલો. હીંગળોક ચોખ્ખો ......૧ તોલો.
જાવંત્રી......૧ ,, લવીંગ ફૂલ સહીત ...૧ ,,
અફીણ.. ..૧½ ,, તજ ....૧ ,,
મોચરસ......૧ ,,

અફીણ સિવાય સર્વ ઓસડોને ખાંડી ચાળીને એકત્ર કરવાં, બાદ અફીણને આદાનો રસ ચાર તોલા લેઈ તેમાં ઘુંટવું અને પછી બીજાં ઓસડો તેમાં સામેલ કરવાં. પછી એક મૂઠી ભરીને ભાંગ લેવી અને તેને એક પક્કા શેર (બશેર) પાણીમાં ઉકાળવી. કઢાઇને તેનું ફક્ત દસ તોલા પણી રહે એટલે તે ગાળી લેવું. પછી તે પાણીમાં સવ ઓષધ ખરલ કરવાં. છેક સૂકાઈ જાય ત્યાં સૂધી તેને ખરલ કરવાં. પછી તેની ગોળી વટાણા જેવડી કરવી. આ ગોળી મોટા માણસને દરેક વખત બે આપવી. દસથી પંદર વરસના માણસને એક આપવી. પાંચથી દસ વરસના બચ્ચાને અડધી આપવી, તથા તેથી નાની ઉમરના બચ્ચાને ધશીને તેથી પણ કમી આપવી. આ ગોળી જરૂર પડે તે પ્રમાણે દર ત્રણ કલાકને અંતરે આપવી.

કોલેરાના દરદીને અતિશય તૃષા લાગે તો ધાણા અને વાળાનું પાણી ઉકાળીને આપતા રહેવું, અથવા લવીંગ, જાયફળ, અગરનાગરમોથનું પાણી ઊકાળી તે ટાઢું થયા પછી પાયા કરવું.

લવીંગાદિ ચૂર્ણ.

નં. ૧૩. લવીંગ......૮ માસા. જાયફળ.... .૧ તોલો.
એલચી ...½ તોલો. અફીણ ...૧ માસો.

આ સર્વેનું ચૂર્ણ એકત્ર કરી તેમાંથી ¼ તોલો ઊના પાણીમાં આપવું.

અજીર્ણને લીધે એકાએક ઝાડો ઉતરવા માંડે તો નીચલામાંનું કોઇપણ ચૂર્ણ આપવું

નં. ૧૪. લસણાદિચૂર્ણઃ—લસણ, જીરૂ, પાદેલોણ, સિંધવ, સૂંઠ, મરી, પીપર, અને હીંગ આ સર્વેનુંચૂર્ણ યોગ્ય પ્રમાણમાં લીંબુના રસમાં કાલવી આપવું.

નં. ૧૫. કટુત્રયરસઃ—સૂંઠ, મરી, પીપર, જીરૂં, હીંગ, સિંધવ, લસણ અને ગંધક એ સર્વેનું સમ ભાગ ચૂર્ણ લીંબુના રસમાં અગર બીલીના મગજમાં મેળવી આપવું.

કલેજાનું અથવા યકૃતની વ્યાધિ.

(લીવર કંપ્લેંટ).

કલેજાું જેને સંસ્કૃતમાં યકૃત કહેછે, તે પેટમાં જમણી બાજુએ પાંસળાંની હેઠળ આવેલું છે. એ સુમારે એક ફૂટ લાંબુ તથા અર્ધા ફૂટ પહોળું હોયછે. સ્વભાવિક સ્થિતિમાં કલેજાું જમણી બાજુથી પીપડીના ભાગમાં તથા ડાબી બાજુ સુધી પહોંચે છે. ચતા સૂતા હોઇએ ત્યારે તેની કોર નીચે પાંસળીની સીમા પર્યંત આવેલી હોયછે. તે પાંસળીની હેઠળ લાગતી નથી. છાતી ઉપર પાંચમી પાંસળી સુધી તેની હદ જણાયછે. દરદને લીધે યકૃત મોટું અથવા નાનું પણ થઈ જાયછે, અને તે પ્રમાણે તેની હદમાં વધારો ઘટાડો થાયછે. કલેજાના કદમાં નીચે લખેલા વ્યાધિમાં દરદને લીધે વધારો થાયછે.

૧ અ. કલેજામાં લોહીનો વિશેષ જમાવ થવાથી.

૨ કલેજાનો સોજો અગર વરમ થવાથી.

૩ કલેજાું પાકી જવાથી.

૪ કલેજામાં ચરબીનો વધારો અગર આમાયલોઇડ જાતના પદાર્થનો જમાવ થવાથી.

૫ પિત્તનો જમાવ થવાથી અગર ગરમીની તથા બીજા કોઈ પ્રકારની ગાંઠ થવાથી.

બ. કલેજાના કદમાં ઘટાડો "સીરહોસીસ" નામના દરદથી એટલે તેની અંદરના ભાગો શોષાઈ જવાથી થાયછે.

કલેજાનું મુખ્ય કામ પિત્ત ઉત્પન્ન કરવાનુંછે. ઊંચો તથા મશાલાદાર ખોરાક ખાવાથી, દારૂ પીવાથી, અને ગરમી તથા એશઆરામથી પિત્તનો વધારો થાયછે. પારો, રૂબાર્બ, ટારાક્ષકમ, નવસારથી તથા મીનરલ આસિડથી પિત્ત વધેછે. તેજ મીસાલે સાદો હલકો ખોરાક લેવાથી, દારૂની પરહેજી કરવાથી, કસરતથી, સોડા વગેરે આલ્કલીથી, અફીણથી અને થંડી હવાથી પિત્તમાં ઘટાડો થાયછે.

કલેજામાં રક્તનો જમાવ.

(કંજેશ્શન આફ લીવર.)

કારણઃ—કલેજાની અંદરથી લોહી ફરીને જે નસોની વાટે બહાર વહેછે તેનો અટકાવ થવાથી લોહી કલેજામા ભરાઇ રહેછે, અને કેટલીક વખત આ પ્રમાણે થવાથી

તેના કદમાં વધારો થાયછે. રક્તાશયના તથા ફેફસાંના દરદમાં આ જમાવ બનેછે. ઘણા દિવસ તાવ આવવાથી જેમ બરોળ (પ્લીહા)ની ગાંઠ થાયછે તેમ યકૃત પણ કોઈવાર વધી પડેછે. જમ્યા પછી ઘણી કસરત કરવાથી અગર દોડવાથી જે જમણી બાજુ શૂળ મારે છે તે પણ આ પ્રમાણે એકાએક કલેજામાં લોહી ભરાઈ જવાથી મારેછે.

ચિન્હઃ—આ પ્રમાણે કાંઇ કારણથી રક્ત જમાવ થવાને લીધે કલેજું મોટું થઇ પડેછે. પાંસળીની નીચે તેની કોર જણાયછે. છાતી ઉપર પણ તેનો બોદો અથવા બટ અવાજ વધારે હદસુધી જણાયછે. અજીર્ણનાં ચીન્હ માલમ પડેછે. કલેજુ દાબવાથી દુઃખેછે. માથું દુખેછે, આળસ આવેછે, પેટ ભરેલું તથા એઠલું લાગે છે. પવનનો વધારો જણાય છે. ઝાડો કબજ રહેછે તથા ઉબકો અગર ઉલટી ઘણુંકરી સવારમાં થાયછે.

ઉપાયઃ—આ દરદનો ઈલાજ તેના કારણને અનુસરીને કરવો. પ્રથમ પાણી જેવા જુલાબ ઉતરવા માટે એપસમસોલ્ટ, નસોતર વગેરે દવા આપવી, તેથી આ લોહીમાં ઘટાડો થાયછે. પછી નરમ સાફ ઝાડો ઉતરે તેવા ઉપાય લેવા.

નં. ૧. નાઇટ્રો મુરીયાટીક આસિડ...૨૦ ટીપાં.
સ્પીરીટ ઓફ નાઈટ્રર........૯૦ ,,
ટારાક્ષકમનો રસ .... ૨ ડ્રામ.
સોનામુખીનો અર્ક .... ૧½ ,,
ઈંદરજવનો ક્વાથ... .. .. ૩ ઔંસ.
} આ સર્વે દવાઓ મિશ્ર કરીને દિવસમાં બેથી ત્રણ વખત એકેક ઔંસ પીવું.

અથવા ઈંદરજવ, વાવડીંગ, અને હીમજ એ સર્વેને સમભાગ લઈ ફાકી કરી રાખવી તે રાત્રે સૂતી વખત ફાકવી એટલે સાફ દસ્ત ઉતરશે. ક્યાલોમેલનો જુલાબ લેવો.

નં. ૨. નવસાર...........½ ડ્રામ. એપસમસાલ્ટ......... ૩ ડ્રામ.
ટારાક્ષકમનો રસ...૩ ,, પાણી .... ૩ ઔંસ.
મિશ્ર કરી ⅓ ભાગ દિવસમાં ત્રણ વખત પીવો.

કલેજાનો તીક્ષ્ણ વરમ અથવા મુઝારાની ગાંઠ.

(હેપાટાઇટીઝ.)

કલેજાનો વરમ થાયછે તેને મુઝારાની ગાંઠ કહેછે. તેને લીધે દરદી એક મોટા જોખમમાં આવી પડેછે.

ચિન્હઃ—કલેજું મોટું થાયછે, સખત તાવ આવેછે, તથા તેની સાથે જમણી બાજુએ શૂળ આવેછે. યકૃતના ભાગ ઉપર દાબવાથી દરદ માલમ પડેછે અને જ્યારે કલેજા ઉપરનું પડ સુજી આવેછે ત્યારે તે દરદ ઘણું સખત જણાયછે. શ્વાસ લેવાથી, ખાંસી અગર છીંક ખાવાથી તે જાસ્તી થાયછે. આ દરદને લીધે દરદીથી ડાબી બાજુ સુઈ શકાતું નથી. યકૃતનો ભાગ એઠેલો દેખાયછે. સખત તાવની સાથે માથું અને કપાળ દુખેછે, તરસ લાગેછે, અને પેશાબ થોડો તથા લાલ રંગનો ઉતરેછે. આંખ થોડી અગર ઘણી કમળા જેવી પીળી લાગેછે. શ્વાસ જલદ ચાલેછે, સુકી ખાંસી આવેછે, હેડકી

આવેછે તથા ઉલટી થાયછે. પેટના નળ સખ્ત કઠણ થઈ રહેછે. જ્યારે તેનું દરદ જાણે કાંઇ ભાલા જેવું ભોકાતુ હોય તેવું અતિ જોરાવર અને તીક્ષ્ણ લાગતું હોય ત્યારે કલેજાની સપાટીનો ભાગ બગડેલોછે એમ સમજવું; અને ધીમું ધીમું દુખે તો કલેજાની અંદરનો ભાગ બગડ્યોછે એમ સમજવું. કલેજામાં દરદ થાયછે ત્યારે હમેશાં જમણા ખભામાં દુખાવો થાયછે. કેટલીક વખત ડાબા ખભામાં દુખેછે તે વખત કલેજાના ડાબા ભાગમાં દરદછે એમ અનુમાન થાયછે. કલેજું મોટું વિસ્તિર્ણછે તેથી તેનો જેજે ભાગ સુજી આવે તે પ્રમાણે તે તે જગોએ દરદ તથા શૂળ વિશેષ જણાયછે. જીભ ઉપર સફેદ છારી વળી જાયછે. તાવ નરમ ગરમ થાયછે પણ છેક ઉતરતો નથી. દરદી ચિંતાતુર અવસ્થામાં ચત્તો અગર જમણી બાજુ પડ્યો રહેછે.

દરદી નબળો હોય તો તાવ વગેરે ચિન્હો હલકાં હોયછે, ઘણાં સખ્ત હોતાં નથી. આ દરદ આસ્તે આસ્તે સારૂ થાય તો તાવ વગેરે ચિન્હ કમી પડતાં જાયછે અને જો તેને લીધે કલેજાનો કાંઈ ભાગ પાકી આવે અને પરૂ થાયતો પછી કેટલોક ફેરફાર થાયછે તે આગળ કહેવામાં આવશે.

કારણઃ—આ દરદ ગરમ દેશમાં વિશેષ થાયછે. દારૂ પીનારાને એ દરદ થવા વધારે સંભવ છે. કોઈવાર સન્નિપાત વગેરે તાવમાં પણ આ દરદ ઉપડેછે. ઘણી ગરમી અગર થંડીથી એ ઉત્પન્ન થાયછે. પેટ ઉપર કાંઈ લાગવાથી, બીજા દરદોથી, તથા મરડાથી પણ આ દરદ પેદા થાયછે.

ઇલાજઃ—દરદી મજબૂત હોય, તાવ સખ્ત હોય તથા નાડી જોરથી ચાલતી હોય તો કલેજા ઉપર દરદને ઠેકાણે એકથી બે ડજન જળો મૂકવી. ઝાડો કબજ હોય તો તથા જીભ ઉપર છારી વળી હોય તો પહેલાં નીચે લખેલી ગોળી આપવી, અને બે ત્રણ કલાકને અંતરે એપસમસાલ્ટનો સોનામુખીના કવાથની સાથે જુલાબ આપવો.

નં. ૧. બ્લ્યુ પીલ... ... ૬ ગ્રેન. એપીકાક્યુઆના...... ૨ ગ્રેન.

ઉપરની બંને દવાને મિશ્ર કરી તેની બે ગોળી કરી પાણીની સાથે ગળી જવો.

કલેજા ઉપર ગરમ પાણીનો શેક કરવો. વારંવાર ગરમ પોટીસ બાંધવી, અગર રાઈનું પ્લાસ્ટર મારવું. તેનાથી પણ દરદ કમી ન પડેતો પછી "કેનથારીડીસ"નું બ્લીસ્ટર મારવું.

ફસ ખોલાવવી નહિ તથા ઘણે વખત પારાની દવા કાલોમલ વગેરે આપવી નહીં. જુલાબ ઉતર્યાં પછી નીચેની દવા આપવી.

નં. ૨. લાઇકર આમોની એસેટેટીસ...૬ ડ્રામ. ચોખ્ખો સુરોખાર...½ ડ્રામ.
સ્પીરીટ ઓફ નાઈટ્રીક ઇથર.૧½ ,, ઇંદરજવનો કવાથ.૪½ આંઉસ.

ઉપરની સર્વે દવાઓનું મિશ્રણ કરી તેનો ત્રીજો ભાગ દિવસમાં ત્રણ વખત પાવો. તાવ કમી પડે એટલે નીચેની દવા આપવી.

નં. ૩. નવસાર ... ...૪૦ ગ્રેન. ચોખ્ખો સુરોખાર ... ...૨૦ ગ્રેન.
ગરમાળાનો ગર... ૧ તોલો. ઇંદરજવનો કવાથ... ... ૩ આંઉસ.

ઉપરની સર્વે દવાને મિશ્ર કરી અર્ધો ભાગ સવારે તથા અર્ધો ભાગ સાંજરે આ-

પવો. જુલાબ ઘણા ઉતરેતો ગરમાળાનો ગર કમી નાખવો.

દરદીએ ઘરમાં બિછાના ઉપર રહેવું. દરદ કમી થાય કે તરત બહાર પડવું નહીં, અગર ઘણી મહેનત લેવી નહીં. પેટ ઉપર ગરમ કપડું રાખવું. દરદ સારી પેઠે નરમ પડે એટલે થોડા દિવસ સુધી નીચેની દવા આપવી.

નં. ૪.	નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ...	૧૫ ટીપાં.	આ દવાને મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત અકેક આઊંસ પીવી.
	ચોખો નવસાર	૪૫ ગ્રેન.	
	ઈંદરજવનો ક્વાથ	૯ ઔંસ	

ન. ૫.	સકસટારાક્ષાસી...	ડ્રામ ૩	મિશ્ર કરી $\frac{1}{3}$ દિવસમાં ત્રણ વખત આપવો.
	આમોની કલોરીડ.	ડ્રામ $\frac{1}{2}$	
	ડાઇલ્યુટ નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ.	ટીપાં ૨૦	
	પાણી	ઔંસ ૩	

શરૂઆતમાં ખોરાક ચોખા, મમરા, ધાણી, વગેરેની કાંજી કરી પાવી. દૂધ ચોખાને સાકર આપવાં, અને રોગ જેમ હલકો પડતો જાય તેમ ઘઊં વગરે પદાર્થ આપવા.

આપણા દેશના લોકો આ તથા કલેજાના બીજા દરદો ઊપર ડામ દેછે અને તેથી કેટલીકવાર ફાયદો પણ થાયછે. ડામ એ એક પ્રકારનું સખત બ્લીસ્ટરજ છે. આ દરદમાં આપણા લોકો ઘીતેલાંની રાબ એ ઉત્તમ સમજેછે. કરેચલો ઉકાળાને પાયછે, તેથી ઝાડો અને ઉલટી થઈ દરદનું જોર નરમ પડેછે.

કલેજાનું દીર્ઘ દરદ.

મુઝારાની ગાંઠ.

(ક્રોનિક હેપાટાઇટીઝ).

ઉપર લખેલું કલેજાનું તીક્ષ્ણ દરદ બાદ કરી બાકીના યકૃતના બીજા સર્વ દરદનો ઘણી વખત આ સંજ્ઞામાં સમાવેશ થાયછે, કારણ કે કલેજું પાકેછે તથા બીજા કારણોને લીધે વધી અગર ઘટી પડેછે ત્યારે ચોકસ અંદર કલેજાની શી અવસ્થાછે, તે કેટલીકવાર નકી કહી શકાતું નથી તેથી તેને "લીવર કમ્પલેંટ" કહેછે. મરાઠીમાં "મુબારકી" કહેછે, તથા ગુજરાતીમાં "ગાંઠ" "મુઝારાની ગાંઠ" વગેરે નામ કહેવામાંઆવેછે.

યકૃતનુંપાકવું:—(આબસેસ આફ લીવર) એટલે કલેજામાં એકાદ ગુમડાની માફક પરૂ થાયછે. કેટલીકવાર ઉપર જે કલેજાના તીક્ષ્ણ વરમનું વર્ણન કરેચુંછે તે વરમ સારો ન થતાં તેમાંથીજ આ પાકવાનો આરંભ થાયછે, તથા કેટલીક વખત એવાં કાંઈ સખ્ત ચિન્હો થયા વિના પણ આ દરદ ઉત્પન્ન થાયછે. જ્યારે યકૃતના તીક્ષ્ણ વરમની સાથે આ રોગનો ઉદ્ભવ થાયછે, ત્યારે એ વ્યાધિનો તાવ હોય અગર તે ઉતરવા આવે, એ વખતમાં દરદીને એકાએક ટાઢ ચઢી આવેછે, તથા તાવનો વધારો થાયછે અને પછી પરસેવો વળેછે. દરદી શક્તિહીન થવા માંડેછે. આ પ્રમાણે ટાઢ, તાવ તથા ઘામ એકથી વધારે વખત પણ આવેછે. આ રીતિ થવા માંડે એટલે ચોકસ સમજવું કે કલેજાનો કોઈ

પણ ભાગમાં સોજાને ઠેકાણે પરૂ થવા માંડ્યુંછે. અજીર્ણનાં ચિન્હો જણાય, ભૂખ લાગે નહિ, નાડીજલદ ચાલે અને ચહેરો લેવાતો જાયછે. કોઇવાર એ તીક્ષ્ણ વરમ છેક મટી ગયા પછી પણ દરદીને કૌવત આવતું નથી. ઉલટો તે ફીકો તથા પીળો પડતો જાયછે. હાડમાં ઝીણી તાવી એટલે જીર્ણ જ્વર આવેછે, દુબળો તથા શકિત રહીત થતો જાય છે. હાથ પગમાં જોર રહેતું નથી. નાડી જલદ ચાલેછે, જીભ ઉપર સફેદ છારી રહેછે. સાંઝની વખતે થોડી કમકમાટી આવી રાતનો તાવ વધેછે તથા સારી પેઠે ઘામ છુટેછે. ઉલટી થાય, હેડકી થાય, જુલાબ થાય અથવા મરડો પણ થઈ આવેછે, કેટલીકવાર આવાંજ ચિન્હ પહેલાં યકૃતનો તીક્ષ્ણ વરમ થયા વિના હળવે હળવે જણાયછે.

આ સાધારણ ચીન્હો સિવાય કલેજાની આસપાસ કેટલાંક ચિન્હો જણાય છે. કલેજાની હદમાં છાતી ઉપર પેટ ઉપર, અગર પીઠ ઉપર કોઇપણ જગાયે દુખેછે. તેમજ જમણા ખભામાં પણ દરદ થાય છે. તેના કદમાં વધારો થાયછે, પાંસળાંની હેઠળ પેટ તરફ અગર ઉપર છાતી તરફ તે વધેછે. કલેજું પાકેછે ત્યારે તેમાં લવરકો થાયછે. હવે એ કુદરતી નિયમ છે કે જ્યારે એકાદ ઠેકાણે પરૂ થાયછે ત્યારે તે નીકળી જવા સારૂ એક રસ્તે મોઢું કરેછે. આ નિયમને અનુસરીને યકૃતમાં જે પરૂ થાયછે તે થોડા દિવસમાં અ-થવા મહિના અગર વરસ પછી એકાદ ઠેકાણે મોઢું કરેછે. જેમજેમ પરૂ વધેછે તેમ તેમ કલેજું મોટું થતું જાયછે અને પછી એકાદ બાજુએ રસ્તો કરેછે.

કલેજું પાક્યા પછી બહાર ફૂટેછે, છાતીમાં ફેફસાંની અંદર ફૂટેછે, અગર પેટમાં ફૂટેછે. જ્યારે બહાર ફૂટેછે ત્યારે છાતી ઉપર જમણે પડખે અગર પીઠ ઉપર પાંસળીની વચમાં, અથવા પાંસળીની નીચે પેટ ઉપર, અગર વાંસામાં એકાદ ઠેકાણે સુજીને મોટું ગડ થઈ આવેછે. આ ગડ મોટું થઈ તેના શિખર ઉપર છીદ્ર પડી તેમાંથી પરૂ તથા લોહી વહેછે.

છાતીમાં ફેફસાંની અંદર ફૂટવાનું હોય ત્યારે આગળ કહેલાં સાધારણ ચિન્હો સાથે દમ વિશેષ હોયછે, ખાંસી આવેછે તથા થોડું ઘણું બલગમ પણ પડેછે. જેમ ફેફસા ત-રફ વધારે દબાણ થાય તેમ વધારે દમ અને શ્વાસ જણાય છે. આ વખતે સર્વ ચિન્હ ક્ષયના જેવાં લાગેછે. પછી કોઇવાર ઘણો દમ થઈ મોટી ઉધરસ આવેછે અને એકદમ ઘણું લોહી મિશ્રિત લાલ રંગનું બલગમ એટલે પરૂ પડેછે. ઉધરસ ઘણી થાયછે, ઊંઘ આવતી નથી અને વાસણનાં વાસણ ભરી રાતી "ઇંટના રંગ" જેવું પરૂ પડેછે. રાતી ઇંટના રંગ જેવું પરૂ દેખાય ત્યારે એમ ખચીત સમજવું કે ફેફસાની અંદર કલેજાએ પાકીને મોઢું કર્યુંછે.

પેટની અંદર ફૂટેછે ત્યારે આંતરડાંમાં, અન્નાશયમાં, પિત્તાશયમાં, અગર પેટની અંદર છૂટું મોઢું કરેછે. આંતરડાંમાં અને પિત્તાશયમાં જ્યારે પરૂ વહેછે ત્યારે જુલાબ ઉતરેછે, તેમાં પરૂ નીકળેછે. અન્નાશયમાં ફૂટે તો ઉલટીમાં પરૂ પડેછે, અને જો પેટની અંદર છુટું પરૂ પસરી જાય તો જલદી દરદીનું મૃત્યુ થાયછે, પેટમાં એકદમ પીડા ઉપડેછે, આખા પેટ ઉપર ભાર ખમાતો નથી, દરદી એકદમ લેવાઈ જાયછે તથા નાડી ક્ષીણ થઇને છેવટ બંધ પડી જાયછે.

પાકવાથી કલેજું એકાદ વખત ઘણુંજ મોટું થઈ પડેછે. કલેજું ઘણીવાર એકથી વધારે ઠેકાણે પાકેછે તથા તેમાં પરૂના જુદા જુદા જથા હોયછે, તેમાંથી પાંચ સાત તોલાથી તે પાંચ સાત રતલસુધી પણ પરૂ નીકળે છે.

કલેજામાં પરૂ થયા પછી જો તે પરૂ થોડું હોય અને દરદી મજબુત હોય તો એકાદ વખત એ પરૂનું શરીરની અંદર પાછું શોષણ થઈ જાયછે તથા આ પ્રમાણે આરામ થાયછે. કલેજામાંથી પરૂએ એકાદ ઠેકાણે મોઢું કરી અને તેમાંથી આસ્તે આસ્તે સર્વ પરૂ નીકળી જઈ અંદરનો ભાગ સંકુચિત થઈ જઈ તે રૂઝાઈ જાયછે અને આરામ થાયછે. પણ ઘણીવાર કલેજુ પાક્યા પછી પરિણામ ભયંકર સમજવું. આગળથીજ દરદી અધમૂઓ થઈ રહે છે, અને પરૂ વહેવા માંડે છે એટલે જાસ્તી અશક્ત થઈ, છેવટે મૃત્યુ પામે છે.

કારણઃ—આ દરદ દારૂ પીનારાઓને વિશેષ થાયછે. તેમાં પણ આ ગરમ દેશમાં જે છાકટાઓ થાયછે તેઓ આ દરદના પંજામાં વધારે આવી પડેછે.

ઉપાયઃ—જેમ શરીરના એકાદ ભાગમાં પરૂ થાયછે તેનો નીકળ્યા સિવાય બીજો ઇલાજ નથી તેમ આ પરૂને પણ કોઈ રસ્તો કરી નીકળવું જોઇએ. જુલાબ સખત આપવો નહી. શક્તિ આવે તેવો ખોરાક અને દવા આપવાં. કાલોમલ વગેરે પારાની દવા અગર શક્તિ કમી થાય એવા કોઈપણ ઉપાયની યોજના કરવી નહીં. કોઈ જગોએ ફૂટવાનું મોઢું થતું જણાય તો તેના ઉપર પોટીસ મારી ઉત્તેજન આપવું. ગડ બહારની બાજુ નીકળી આવે તો રીતસર તેને ફોડવું.

કાડલીવર ઓઇલ, સાઇટ્રેટ ઓફ આયર્ન અને આમોન્યા વગેરે શક્તિ આણનારી દવા આપવી. ઝીણો તાવ આવે તેને સારૂ થોડું કોઇનિન આપવું. દરદ બહુ થાય તથા ઊંઘ આવે નહી તો થોડું અફીણ આપવું. અનાજ પચવાને સારૂ શેરી અગર પોર્ટવાઇન જાતનો દારૂ આપવો. ગડ બહાર ફૂટે તો બીજા ગડની માફક મલમપટીની દવા કરવી. પોટીસ લગાડવી તથા બનતા સુધી અંદર હવા પેસવા દેવી નહિ. તેટલા માટે આસ્પીરેટરથી પરૂ ખેંચવું અથવા લીસ્ટરની રીત મુજબ ગડ ફોડવું. ફેફસાંની અંદર ફૂટે તો નીચેની દવા આપવી કે જેથી ખાંસી થઈ પરૂ નીકળી જશે.

નં. ૧. કાર્બોનેટ ઓફ આમોન્યા	૧૫ ગ્રેન.	સર્વ દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત એકેક ઓંસ પીવી.
ટિંક્ચર ક્યામ્ફર કોમ્પાઉન્ડ.	૧½ ડ્રામ.	
ટિંક્ચર ઓફ સીલા ……	૩૦ ટીપાં.	
કપૂરનું પાણી ………	૩ ઓંસ.	

બની શકે તો હવા ફેરફાર કરવાની તજવીજ કરવી, તેથી ફાયદો થાયછે.

કલેજાનું ગડ બાદ કરીને બીજા જે યકૃતના દરદો થાયછે તેનો યકૃતના જુના એટલે દીર્ઘ દરદમાં સમાવેશ થાયછે. તેમાં તાવ આવતો નથી તથા બીજાં સખત ચિન્હ હોતાં નથી. યકૃત મોટું થઈ ગયું હોયછે, તેની પાંસળીની નીચે નાહાની મોટી એક ઢેફા જેવી ગાંઠ લાગેછે. તે ભાગમાં ભાર લાગે છે તથા થોડો ઘણો દુખાવો પણ થાય છે. ખોરાક બરાબર પાચન થતો નથી. પેટ મોટું જણાયછે. ઝાડો તથા ભૂખ અનિયમીત રહે

છે. વખતે પેટ ઉપર લીલી રગો દેખાય છે. કમળો થાયછે અને વખતે જળંદર પણ થઈ આવે છે.

દારૂ પીનારાઓને આ દરદ વિશેષ થાયછે. ચરબી અને "આમાયલોઈડ" જાતના પદાર્થના વધારાથી પણ કલેજાની વૃદ્ધિ થાયછે. જે વખતે એકાદ માણસના કોઈ ભાગ માંથી ઘણું પરૂ નીકળતું હોય તો તેથી તે ઘણો અશક્ત થાયછે તેને લીધે કોઈવાર આ "આમાયલોઈડ" જાતના પદાર્થનો યકૃતમાં જમાવ થઈ એ મોટું થવા માંડે છે.

ગરમી એટલે ઉપદંશના રોગમાંથી યકૃતની વ્યાધિ થાયછે. આવાં યકૃતનાં જુનાં દરદો કેટલાંક વરસ સુધી પણ જારી રહેછે અને દરદી પોતાનો કામ ધંધો કરેછે.

યકૃત સંકોચ.

(સીરોસીસ.)

યકૃતનું કદ ઉપર કહેલા કારણોથી મોટું થાય છે. કેટલાક કારણથી તે નાનું થાય છે. છાતી અને પેટ ઉપર તાણીને પટો બાંધવાથી જેમકે અંગ્રેજલોકોની ઓરતો બાંધે છે તેમ બાંધવાથી યકૃતનો આ રોગ થાય છે. દારૂ પીવાથી તથા ઘણા દિવસ તાવ આવવાથી પ્રથમ યકૃત વૃદ્ધિ પામે છે અને પાછળથી તે સંકોચાઈ નાનું થાયછે. કલેજું આ રીતે શોષઈ જવાથી તે કઠણ થાયછે અને તેની સપાટી સ્વાભાવિક લીસી નહી રહેતાં સીતાફળ જેવી ઊંચી નીચી લાગેછે. કલેજાના પ્રદેશમાં ઠોકી જોતાં તેનું કદ નાનું જણાશે. તેની સાથે અવશ્ય પેટનું જળંદર થાયછે, અને ત્યારબાદ પગપર સોજા ચડે છે. વખતે કમળો થાયછે, અજીરણનાં ચિન્હ જણાય છે, ઝાડો કબજ રહેછે અગર જુલાબ ઉતરેછે, દિવસે દિવસે અશકતાઈ થાયછે અને જળંદરનાપરિણામથી છેવટ મૃત્યુ નીપજેછે.

ઈલાજ:—આ દરદ ઉપર "આયોડાઈન પેન્ટ" લગાડવામાં આવેછે એટલે આયોડીનની ટિંકચર અગર લીનીમેન્ટ લગાડાયછે. આપણા દેશી લોકોમાં ત્રિશૂળના આકારમાં અગર છુટક ડામ દેવાનો રીવાજછે. દરદ થતું હોય તો નીચેનું ઓસડ લગાડવું. એક મલમનું કપડું ચાર પાચ ઇંચ ચોરસ લઈ તે ઓસડમાં ભીજવી યકૃત ઉપર મૂકવું તથા તેના ઉપર કેળનું પાન અગર આકડાનાં પાન બાંધી દેવાં એટલે તે ઓસડ જલદી સૂકાઈ અગર ઉડી જશે નહિ.

નં. ૧.	નાઇટ્રીક આસિડ............	૧ દ્રામ.	આ દવા મિશ્ર કરી તેમાં કપડું ભીજવી મૂકવું.
	મ્યુરીયાટીક આસિડ	૨ ,,	
	પાણી	૮ ઔંસ.	

ઝાડો સાફ ન ઉતરે અગર ઝાડો સફેદ રંગનો અને થોડો ઉતરે તો નીચે આપેલી ગોળીઓ કરી રાખવી તે રાત્રે સૂતી વખતે હમેશાં બબે ખાવી.

નં. ૨.	એપીકાક્યુઆના	...૧૨ ગ્રેન.
	એસેટીક એક્સ્ટ્રાક્ટ ઓફ કાલચીકમ	...૧૮ ,,

ક્યુબીબ ... ...૩૬ ગ્રેન.
એક્સ્ટ્રાક્ટ ઓફ ટારાક્ષકમ ... ...૪૮ ,,

ઉપરની દવા મિશ્ર કરી તેની ૨૪ ગોળી બનાવી તેમાંથી બબે દરરોજ રાત્રે સૂતી વખત આવી. થોડા દિવસ નીચે લખેલી દવા આપવી.

નં. ૩. નવસાર .. .. ૩૦ ગ્રેન.
ડીલ્યુટીક નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ...૨૦ ટીપાં.
જ્યુસ ઓફ ટારાક્ષકમ .. .. ૩ ડ્રામ.
ઇંદ્રજવ અગર કરીયાતાનો ક્વાથ...... ૩ આંઉસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત એકેક આંઉસ પાવું. કમળો અગર જળંદર થાયતો તેના યોગ્ય ઉપાયોની યોજના કરવી. ગરમીને લીધે આ દરદ થયું હોયતો નીચેની દવા આપવી.

નં. ૪. આયોડાઇડ આવ પોટાશ્યમ...........૧૫ ગ્રેન.
સોલ્યુશન ઓફ પરકલોરાઇડ ઓફ મરક્યુરી.૧½ ડ્રામ.
કરીયાતાનો કાઢો .... ૩ આંઉસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત એકેક આંઉસ આપવી.

આ દરદને લીધે અજીર્ણ જણાય તો જમતી વખતે નીચેની એકેક ગોળી આપવી.

નં. ૫. કોઇનન.............................૧૨ ગ્રેન.
એપીકાકયુઆના....................૧૨ ,,
એક્સ્ટ્રાક્ટ ઓફ જનશ્યન...........૩૬ ,,

ઉપરની દવાને મિશ્ર કરી ૧૨ ગોળીયો તૈયાર કરવી ને દરરોજ એકેક જમતી વખતે આપવી. બનતાંસૂધી બીલકુલ દારૂ પીવો નહિ. ખોરાક હલકો આપવો. ઘણું ઘી અને ચરબીવાળો પદાર્થ આપવો નહીં.

કલેજાના શોષણને લીધે જળંદરઆદિ ચિન્હ થાયછે તે માટે મૂત્ર અને ઘામની વૃદ્ધિ થાય તથા જુલાબ ઉતરે તેવી દવા આપવી. જળંદરના વિષયમાં આ ઇલાજો આપેલાછે. એક અથવા વધારે વખત જળંદરને ફોડવાની જરૂર પડેછે.

પિત્તની પથરી અથવા કાંકરી.

(બીલ્યરી કાલક્યુલસ.)

પિત્તા અથવા પિત્તાશયમાં કેટલીકવાર કાંકરી બંધાયછે. પિત્તાશયમાં પિત્ત રહેછે તે માહેના ક્ષાર તથા બીજા પદાર્થ ઘટ થઈ કઠણ પથરીની માફક બંધાઈ જાયછે. એક અગર એકથી વધારે આવી કાંકરી બંધાયછે તે ગોળ, ચપટી, ખૂણા કે ખાડાવાળીહોય છે. કોઇવાર જુદી જુદી ઘણી કાંકરી હોયછે અને કોઇવાર તે એક બીજાની સાથે બંધાઈ જાયછે. તે કાળારંગની હોયછે. ઘણું કરી એ મોટા આદમીને થાયછે. આ પથરી એક નાની ચણોઠીથી તે એક ઈંડાં જેવડી થાયછે. કાંકરી પિત્તાશયમાં પડી રહેછે અને કેટલીકવાર પિત્તની નળી વાટે આંતરડાંમાં જઈ ઝાડાની વાટે બહાર પડેછે.

ચિન્હઃ—પિત્તની નળીમાંથી જતાં તે ઘણુંજ દરદ કરેછે. પેટના ઉપલા તથા કાળજાના ભાગમાં અતિશય શૂળની માફક વેદના થાયછે. દરદી તરફડીયાં મારેછે અને બેબાટ કરી મૂકેછે. એ ભાગમાં દબાણ સહન થઈ શકતું નથી અને દરદ થોડે થોડે અંતરે ફરી ફરીને ઉપડેછે. તાવ વગેરે બીજી કાંઇ બીમારી હોતી નથી. ઉલટી થાયછે, ઝાડો કબજ રહેછે. પથરી મોટી હોય તેમ દરદ વધારે થાયછે. એ પથરી આંતરડાંમાં જાય અગર પાછી પિતાશયમાં જાયતો દરદ નરમ પડી જાયછે અને જો તે નળીની અંદર અટકી પડેતો કેટલીક મુદત પછી પિત્તાશય પિત્તથી ભરાઈ જાયછે. કમળો થાયછે અને છેવ્લે અંતે તે નળી ફૂટવાથી અગર કમળાના જોરથી દરદી મરણ પામેછે.

ઇલાજઃ—આ બીમારીમાં પેટ ઉપર ગરમ પાણીનો શેક કરવો. અળશીનીપોટીસ અફીણ અગર બેલાડોના સાથે લગાડવી અને નીચેની દવા આપવી.

નં. ૧. સોલ્યુશન ઓફ મોરફીયા.. ....૩૦ ટીપાં.
ટિંકચર ઓફ બેલાડોના ....૧૫ ,,
સ્પીરીટ ઓફ ક્લોરોફોર્મ..................૬૦ ,,
કપૂરનું પાણી ....૧ આંઉસ.

ઉપરની દવાનું મિશ્રણ કરી દર ચારકલાકને અંતરે દરદ મટે ત્યાંસૂધી પાવું.

દરદ ઘણુંજ થતું હોય તો ઇથર અથવા ક્લોરોફોર્મ સુંઘાડવાં અગર ગરમ પાણી પાઇને ઉલટી કરાવવી. પથરી આંતરડામાં ગયા બાદ જુલાબ આપી ઝાડા વાટે તેનો નિકાલ કરવો, નહીંતો વખતે આંતરડાંમાં તે એકાદ ઠેકાણે રહી જઈ આંતરડાંનો રસ્તો બંધ કરી નાંખેછે.

કમળો.

(જોન્ડીસ)

પિત્તનો યોગ્ય રસ્તો બંધ થાયછે ત્યારે તેનો વધારો થઈ કમળો થાયછે.

ચિન્હઃ—આંખનો સફેદ ભાગ પીળો થાયછે. પેશાબ પીળો હળદરના રંગ જેવો ઉતરેછે અને વખતે નખ તથા ત્વચા પણ પીળાશપર દેખાયછે, ત્યારે કમળો થયો એમ આપણે સમજીએ છીયે. કમળો કોઇવાર આસ્તે આસ્તે થાયછે અને કોઇવાર એકદમ ઘણો થઈ આવેછે. કમળાની સાથે શરીરે સુસ્તી રહેછે. આળસ આવેછે, બેચેનપણું રહે છે, અંગ કળેછે, માથું દુખેછે, ઝાડો કબજ રહેછે, શરીર ઉપર ચેળ આવેછે, ઘણીવાર તરસ લાગેછે. કમળો કોઇવાર સહજસાજ હોયછે અને કોઇવાર આખું શરીર પીળું હળદર માફક લાગેછે. પરસેવો તથા થુંકપણ પીળાં જણાયછે અને કપડાંને પીળા ડાઘ પડેછે. પેશાબપીળો, કેસરનારંગનો, અગર રાતોપીળો, અને કાળારંગનો હોય છે. વખતે ઘણા કમળામાં આંખની અંદરના બાગ પીળારંગના થાયછે અને ત્યારે સર્વ પદાર્થ પીળારંગના જોવામાં આવેછે. ઝાડો ઉતરેછે તે સફેદ રંગનો હોયછે અને અંન પાચન થતું નથી. કમળો જેમ વધારે વખત રહે તેમ નબળાઈ આવતી જાયછે અને શરીર નંખાઈ

જાયછે. ખોરાક ચાલતો નથી. કેટલીકવાર શરીરમાંના કોઇપણ દ્વારથી જેમકે નાકમાંથી, ઉલટીમાં, ઝાડામાં, અગર મોઢામાંથી રક્ત પ્રવાહ થાયછે.

જો કમળો જોરમાં હોય અને ખરાબ પરિણામ નીપજવાનું હોયતો દરદી ગાફલ તથા બેશુદ્ધ થાયછે, બકેછે અને છેવટ અંત આવેછે. કમળાવાળા દરદીનાં પેશાબનાં ટીપાં અને નાઇટ્રીક આસિડનાં ટીપાં એક કાચના વાસણ ઉપર આસ્તેથી એકત્ર કરવામાં આવેતો તેમના સંયોગને ઠેકાણે રાતા પીળા એવા પાંચ રંગ જોવામાં આવેછે. પિત્ત લોહીની સાથે મળી જઇ તેની સાથે શરીરમાં ફરેછે તેને લીધે શરીરના જુદા જુદા ભાગ પીળા થઇ જાયછે, કારણ કે સ્વભાવિક પિત્તનો રંગ પીળો હોયછે અને સફેદ ઠેકાણા ઉપર આ પહેલો જોવામાં આવેછે.

કારણઃ—શરીરમાં કમળો મુખ્ય બે કારણોથી થાયછે. એકતો પિત્ત કલેજામાંથી પેદા થયા પછી તેનો જે સ્વભાવિક રસ્તો આંતરડાંમાં જવાનોછે તેનો અટકાવ થવાથી તે પિત્તાશયમાં ઘણું એકઠું થાયછે અને પાછો રક્તમાં પ્રવેશ કરેછે. બીજું કારણ એછે કે કલેજાના કોઇપણ દરદને લીધે તેમાં કોઇવાર પિત્ત પેદા કરવાની શક્તિનો નાશ થાયછે ત્યારે લોહીમાંથી પિત્તનો પદાર્થ જુદો પડી શકતો નથી અને તેથી તે લોહીની સાથે ફર્યા કરેછે. હવે આ બે મુખ્ય કારણ થવાનાં ઘણાં ઉપકારણોછે.

પિત્તની નળીમાં એકાદ વખત કાંકરી એટલે પથરી ભરાઇ રહેવાથી તેનો રસ્તો બંધ થાયછે. પિત્તાશયનો અગર તેની નળીનો સોજો થઇ આવવાથી પણ પિત્ત વહેવાનો રસ્તો બંધ થાયછે. કોઇ જાતની બીજી ગાંઠ ગર્ભસ્થાન, મળાદિકનું દબાણ થવાથી આ રસ્તો બંધ રહેછે.

કલેજાનાં કેટલાંક આગળ કહેલાં દરદમાં કમળો થઇ આવેછે.

આ સિવાય બીજાં કેટલાંક કારણોથી પણ કમળો થાયછે, મનની ફિકર, ચીંતા, બીક, અને દલગીરીથી, ફેફસાંના તથા મગજના અને રક્તાશયના દરદથી, અજીરણથી, જુદા જુદા પ્રકારના તાવથી, સર્પદંશથી અને બીજાં કેટલાંક કારણોથી કમળોથવા સંભવછે.

ચિકિત્સાઃ—કમળાનું ખરૂં કારણ કાંઇ જણાઇ આવેતો પહેલાં તેને હઠાડવાનો ઉપાય કરવો. આપણા દેશમાં કમળો મંત્રેછે, ચણા મંત્રાવીને ખાયછે, ગળામાં કાંઇ રાની મૂળીયાંની માળા બાંધેછે અને જેમ તે માળા ગળેથી નીચે ઉતરેછે તેમ કમળો ઉતરેછે. હાથ અગર પગ ઉપર ડામ દેછે, વગેરે બીજા કેટલાક વહેમોછે. તાવને લીધે, પિત્તનળીની કાંકરી, દબાણ, સોજા વગેરે કારણથી કમળો હશેતો તે કારણ દૂર થયે કમળો જશે, બાકી કમળા વિષે નીચેના ઉપાયો કરવા. મુખ્ય ઉપાયમાં ઝાડો ખુલાસેથી થાય એવા ઉપાયો કરવા.

નં. ૧. કોમ્પાઉન્ડ કલોસીન્થની ગોળી.........૧૫ ગ્રેન.
એકસ્ટ્રાકટ ઓફ ટારાક્ષકમ.............૩૦ „
એપીકાકયુઆના.......................૬ „

ઉપરની દવાને મિશ્ર કરી તેની ૧૨ ગોળી કરવી ને દરરોજ એકેક સવારસાંજ આપવી.

અથવા રાત્રે સુતી વખત કોમ્પાઉન્ડ ક્યાલોમલ પીલના ૫ ગ્રેન લઈ સવારમાં એ-રંડીયેલ તેલ અગર એપસમસાલ્ટનો જુલાબ આપવો. પછી થોડા દિવસ નીચેની ગોળીયો જમ્યા પછી ત્રણ કલાકને સુમારે લેવી.

નં. ૨.　આક્સબાઇલ........................૩૦ ગ્રેન.
　　રૂબાર્બ ....૧૮ ,,
　　એક્સ્ટ્રાક્ટ હાયોસાયમસ..............૧૨ ,,

ઉપરની દવાને મિશ્ર કરી તેની ૧૨ ગોળી કરી તેમાંથી બે ગોળી જમીને ત્રણકલાકને સુમારે આપવી. આકસબાઇલ છે તે સ્વાભાવિક આદમીના અંદરના પિત્તની ગરજ સારેછે.

અથવા નીચેની દવા થોડા દિવસ પીવી. તેનાથી ઝાડા ઘણા અગર થોડા થાય તે પ્રમાણે એપસમસાલ્ટ થોડું અગર વધારે લેવું.

નં. ૩.　એપસમસાલ્ટ........................૪ ડ્રામ.
　　એસેટેટ ઓફ પોટાસ..................૩૦ ગ્રેન.
　　સુરોખાર ....૧૫ ,,
　　નવસાર................................૩૦ ,,
　　એક્સ્ટ્રાક્ટ ઓફ ટારાક્ષકમ...........૪૫ ,,
　　ઈંદ્રજવ અગર કરીયાતાનો કાઢો .....૩ આંઊંસ.

ઉપરની દવાને મિશ્ર કરી દિવસમાં એક આંઊંસ ત્રણ વખત પીવું. અથવા નીચે આપેલી દવા આપવી.

નં. ૪.　કોપેબા.........૩૦ ટીપાં.　　લીકર પોટાસ......૩૦ ટીપાં.
　　એપસમસાલ્ટ....૩ ડ્રામ.　　સુરોખાર......... ૧૫ ગ્રેન.
　　કરીયાતાનોક્વાથ.૩ ઓંસ.

ઉપરની દવાને મિશ્ર કરી દિવસમાં $\frac{1}{3}$ ભાગ ત્રણ વખત પીવું.

તાવમાં દૂધ આપવાથી કમળો થાયછે એવી આપણા લોકોની સમજણ મિથ્યાછે. કમળાને તથા દૂધને કશો સંબંધ નથી. કમળો થયા પછી પણ દૂધનો ઉપયોગ કરવામાં કાંઇજ હરકત નથી.

નં. ૫.　ત્રીફળા........... ૩ તોલા.　　લીંબડાની અંતરછાલ...૧ તોલો.
　　કરીયાતું............ ૧ ,,　　પટોળ..................૧ ,,
　　કડુ ....૧ ,,　　ગળો................. ૧ ,,
　　અરડુસો ....૧ ,,

ઉપરની સર્વે દવા લેઈ તેના બે ભાગ કરવાને એક ભાગનો કાઢો કરી અર્ધું પાણી ઉતારવું અને તે દિવસમાં ત્રણ વખત પીવું.

કાચાં ફળફળાદિ ભારે ખોરાક અને ખાટો પદાર્થ ખાવો નહીં. ઘણું ઘી તથા બીજા ચરબીવાળા પદાર્થ પરહેજ કરવા. શેરડી ખાવાથી કમળો કમી થાયછે.

નં. ૬. હરડે..........૨૦ ગ્રેન. સાબાલ્સેણુ........૧૫ ગ્રેન.
બંને દવાને મિશ્ર કરી સવારસાંઝ ફાકી ભરવી.

બરોળની વૃદ્ધિ.

(એંલાર્જમેંટ ઓફ સ્પ્લીન.)

બરોળ મોટી થઇને કેટલાંક વરસ રહેછે તે છતાં કોઈવાર દરદીને કાંઈ વિશેષ હરકત થતી નથી અને તે પોતાનું કામકાજ કરે જાયછે. ઘણીકવાર બરોળ વધવાથી શરીરમાં નબળાઈ આવેછે, પાંડુરોગ થાય છે અને રક્તના સફેત કણમાં વધારો થાય છે. બરોળવાળો આદમી ઘણીવાર સહેલાઇથી ઓળખી શકાયછે. નાકમાંથી લોહી નીકળેછે. ત્વચા ઉપર લોહીનાં ચાઠાં થઈ આવેછે. વખતે સોજા ચડેછે અને જળોદર થાયછે. બરોળનું દબાણ છાતી તરફ થાય તો શ્વાસ લેવામાં હરકત પહોચેછે. દરદીને ભૂખ લાગતી નથી ઝાડો કબજ રહેછે, ઉલટી થાયછે. મહેનત થઈ શકતી નથી, શ્વાસ ચઢેછે અને શરીર ફિકું થઈ જાયછે.

વધેલી બરોળ સહજ ઓળખી શકાયછે. ડાબા પડખામાંથી પાંસળીની નીચેથી ગાંઠ નીકળેછે. તે કઠણ હોયછે. તેની કોર તળે આંગળાં ઘાલી ઊંચી કરી શકાયછે. તેની જમણી તરફની કોરમાં એક ખાડો હોયછે. તેને હલાવી શકાયછે. તેનું કદ નાનું હોય છે, તે મધ્ય રેખા પર્યંત પહોચેછે અગર આખું પેટ તેનાથી ભરાઈ જાયછે.

કારણ:—બરોળ ફક્ત લોહીનો વધારો થવાથી વધેછે. તેનો વરમ થવાથી વધે છે. તેના ખાસ પદાર્થની વૃદ્ધિથી તેના કદમાં વધારો થાયછે. તાવ અને તેમાં પણ મુખ્યત્વે ટાઢીયા તાવથી બરોળ વધેછે. તાવ સિવાય પણ માલેરીયાની અસરથી તે વધેછે. માલેરીયા વાળા મુલકમાં ઘણા લોકને બરોળનું દરદ હોયછે. બરોળમાં ગ્રંથી, અર્બુદ વગેરે દરદ થવાથી તે વધેછે.

ઉપાય:—ક્વીનાઈન અને લોહની દવાથી બરોળને બહુજ ફાયદો થાયછે. ટિંકચર ઓફ સ્ટીલ, હીરાકશી, લોહભસ્મ, મંડુર અને ક્વીનાઇન તથા સ્ટ્રીક્ન્યાનું મિશ્રણ કરી આપવું. અરગટની દવા પીવા અપાયછે તેમજ તેની ત્વચામાં પીચકારી મારવાથી બરોળ નાની થાયછે. દવાની સાથે હલકા જુલાબ આપતા રહેવું એટલે બરોળ મટશે. દવામાંજ વિલાયતી મીઠું મેળવવાથી રેચ ઉતરેછે. બ્રોમાઇડ અને આયોડાઇડ ઓફ પોટાશ્યમથી બરોળને ફાયદો થાયછે.

નં. ૧. જાલપની ભુકી........... ૨૦ ગ્રેન.
કાલંબાની ભૂકી........... ૩૦ ,,
સુંઠની ભૂકી .... ૩૦ ,,
હીરાકશી .... ૧૦ ,,
આસીડ ટારટરેટ ઓફ પોટાસ ૯૦ ,,
પીપરમીંટનું પાણી........ ૩ ઔંસ

આ દવાઓ મેળવી તેનું દિવસમાં ત્રણ વખત પીતા રહેવું. તેથી બરોળ સારી થાયછે.

કુંવારનો ગર, તથા ચણાનો ખાર બરોળ ઉપર અપાયછે.

નં. ૨. પોટાશ બ્રોમીડ............ ૩૦ ગ્રેન
હીરાકશી................ ... ૬ „
એપસમસૉલ્ટ......... ... ૩ ડ્રામ
પાણી......... .. .. ૩ ઔંસ.
} મીશ્ર કરી ૩, દિવસમાં ત્રણ વખત પીવું.

બરોળ ઉપર આયોડીન લગાડવું. રેડ આયોડાઇડ ઓફ મરકયુરીનો મલમ ચોપડવો. કોઈવાર સર્વ ઇલાજ કરવા છતાં બરોળને ફાયદો થતો નથી.

પેટના અંતરાવરણનો વરમ.

(પેરીટોનાઈટીઝ.)

આ દરદ તીક્ષ્ણ અને દીર્ઘ એવા બે પ્રકારનું થાયછે.

તીક્ષ્ણ વરમનાં કારણ:—પેરીટોન્યમનો વરમ ઘણા કારણોથી થાયછે. પેટના જખ્મ અથવા ધકાથી તેનો દાહ થાયછે. આંતરડું અગર હોજરી ફુટવાથી, મૂત્રાશય ફુટવાથી, સારણ અથવા આંતરડાની અડચણથી, કલેજા, પ્લીહા, ફેફસાના દરદથી આ વરમ થાયછે.

સુવાવડમાં, મૂત્રપીંડના દરદમાં, શીળી, રતવા, ટાઇફાઇડ ફીવર, સંધીવા વગેરે બીજા દરદોની સાથે આ વ્યાધિ થાયછે. કોઇવાર થંડી અને શરદીને લીધે પેરીટોન્યમનો દાહ થાયછે. બચ્ચાંઓને આ દરદ વિશેષ થાયછે. આ વ્યાધિમાં પેરીટોન્યમ પ્રથમ લાલ થાયછે. બાદ તેમાંથી પ્રવાહી, પરૂ અથવા લીંફ વહેછે. તેનાં જુદાં જુદાં પડ અને આંતરડાં એકમેકથી ચોટી રહેછે.

ચિન્હ:—સ્થાનીક અને શારીરીક બે પ્રકારનાં હોયછે. શરૂઆતમાં ઘણું કરી ટાઢ વાઇને તાવ આવેછે. પેટમાં અતિશય દુખેછે. પ્રથમ એકાદ ઠેકાણે વિશેષ દુખેછે પણ પાછળથી આખા પેટમાં દુખાવો થાયછે. શરીર હાલવાથી, ખાંસીથી, ઉલટીથી અને દસ્ત જવાથી આ દરદમાં વધારો માલમ પડેછે. પેટપર હાથ મુકવાથી ઘણીજ પીડા માલમ પડેછે. પેટપર લુગડું સરખું પણ સહન થતું નથી. દરદી પગવાળીને ઘણું કરી ચતો પડી રહેછે. પગ લાંબા કરવાથી પીડા વધેછે. જીભપર થોડી છારી તથા તે લાલ દેખાયછે. ઉલટી તથા ઉબકો થાયછે. પેટમાં કાંઈ લીધું કે તરત તે ઊલટી થઈ બહાર પડેછે. ઘણી તરશ લાગેછે. ભુખ લાગતી નથી. ઝાડો કબજ રહેછે. ચહેરો દુઃખ દર્શક અને ફીકરમંદ જણાયછે, નબળાઇ ઘણીજ વરતાયછે, તાવની ગરમી વત્તી ઓછી હોયછે, નાડી જલદ, નાની અને કડણ લાગેછે. શ્વાસ ઉતાવળે અને છાછરો છાતીથી ચાલેછે. પેશાબ લાલ ઉતરેછે, હેડકી આવેછે.

પેટ ચડી આવેછે, અને કોઈવાર બહુ ચડીને મોટું ઢોલ જેવું લાગેછે. શ્વાસમાં પેટ બહુજ થોડું હાલેછે. કોઈવાર દરદી આ દરદમાંથી બચેછે અને કોઈવાર મૃત્યુ પામેછે. મૃત્યુ થવાનું હોય ત્યારે હેડકી બહુજ દુઃખદાયક થઈ પડેછે, શરીર થંડું પડેછે, પરશેવા છુટેછે અને દરદી બેહોશ થાયછે. કોઈવાર પાતળા જુલાબ ઊતરેછે અને કોઈવાર પેટમાંથી લોહી અને કાળા પદાર્થ ઉલટી તરીકે પડેછે.

ઉપાયઃ—શરૂઆતમાં પેટ ઉપર જરૂર જણાય તેટલી જળો મુકવી. ગરમ પાણીથી શેક કરવો. પેટપર ટરપનટાઇન, બેલાડોના અથવા અફીણ ચોપડવું, પાણીના શેકને બદલે ગરમ પોટીસ વારંવાર મૂકવી, રાઇનું પ્લાસ્તર મુકવું. દવામાં અફીણ ઉપર બધો આધારછે, ½ થી ૧ ગ્રેન દીવસમાં બેત્રણ ચાર વખત આપવું. તેનાથી આંતરડાં તથા તે સુજેલા ભાગને આરામ મળેછે. કોઈ અફીણની સાથે થોડો ક્યાલામેલ આપવા ભલામણ કરેછે.

ખોરાકમાં થોડો પાતળો ખોરાક આપવો. દુધ અને કાંજી બરફની સાથે આપવાં. જરૂર જણાય તેટલો આસવ આપવો. નબળાઇને માટે બ્રાંડી, પોર્ટની જરૂરછે. ઉલટી માટે બીઝમથ, હાઇડ્રોસ્યાનીક આસિડ, સોડાવાટર, મોર્ફ્યા આપવા. પેટના ચડાવા માટે ટરપનટાઇનના શેક સિવાય, તે તેલની પીચકારી મારવી. ઝાડાની કબજીયત માટે પણ પીચકારી ગરમ પાણીની મારવી.

દીર્ઘ વરમ તીક્ષણમાંથી શેપ રહેછે અથવા બીજા અવયવોના વ્યાધિ સાથે થાયછે આ વ્યાધિમાં તીક્ષણ ચિન્હ તાવ વીગરે હોતા નથી. પણ થોડો દુખાવો હોયછે, તેની સાથે પેટ મોટું થતું જાયછે. પેટમાં પ્રવાહીનો જમાવ થાયછે. પેટમાં ચુંક આવેછે, ઝાડો બહુજ કબજ રહેછે, પગમાં સોજા ચડેછે. થોડો ઘણો જ્વર હોયછે. ઇલાજમાં આયોડાઇડ આફ પાટાસ, કવીનાઇન તથા લોહની દવા આપવી. શેક કરવો અને પોટીસ લગાડવી પારાનો મલમ લગાડવો.

મૂત્રપરીક્ષા.

(એક્ઝામીનેશન આફ યુરીન.)

મૂત્ર પરીક્ષાથી કેટલાક શરીરના વ્યાધિ, કલેજા વગેરે બીજા અવયવના વ્યાધિ, મૂત્રપિંડ, મૂત્રાશય અને મૂત્રમાર્ગના દરદનો નિર્ણય કરવામાં મદદ મળેછે.

મૂત્ર પરીક્ષા ત્રણ પ્રકારે થાયછે. ૧ પેશાબ જોવાથી, ૨ રસાયનક્રિયાથી, અને ૩ સૂક્ષ્મદર્શક યંત્રથી.

પેશાબનો રંગ અને વાસ જોવાથી માલમ પડેછે. સ્વભાવિક મૂત્ર પાણી જેવું સ્વચ્છને જરા પીળાશપર હોયછે. તેમાં લોહી જવાથી લાલ અથવા કાળું દેખાયછે. તાવ તથા બીજા દરદોને લીધે વધારે ક્ષાર જવાથી લાલ જણાયછે. શ્લેષ્મ તથા પરૂ અને ફોસફેટસને લીધે તે વખતે સફેદ માલમ પડેછે. આવા પદાર્થને લીધે પેશાબ સ્વચ્છને બદલે ડહોળો જણાયછે. પેશાબમાં વિશેષ ક્ષાર, લોહી, પરૂ, શ્લેષ્મ, વગેરે અન્ય પદાર્થ હોય ત્યારે પેશાબ થયા પછી થોડા વખતમાં તેનો જમાવ પેશાબ રાખેલા વાસણને તળીયે થાયછે. પેશાબ થતી વખતજ ગંધાતો હોય તો મૂત્રાશયના સંબંધનો કાંઈ વ્યાધિ સમજવો.

સ્વભાવિક પેશાબ ૨૪ કલાકમાં મોટા આદમીને ૪૦ થી ૫૦ ઔંસ થાયછે. તેથી વધારે અથવા કમતી હોય ત્યારે કાંઈ કારણ હોવું જોઇએ. બહુ મૂત્ર અને મધુપ્રમેહના

આધિમાં પેશાબ ઘણો હોયછે. કેટલાંક ઝેર તથા મૂત્રપિંડના આધિમાં તે કમી થાયછે.

પેશાબનું સ્વાભાવિક વિશિષ્ટ ગુરૂત્વ ૧૦૧૫ થી ૧૦૨૫ અંશનું હોયછે. વિશિષ્ટગુરૂત્વ લેવા માટે એક યંત્ર થાયછે તેના ઉપર નંબર લખેલા હોયછે. પેશાબને એક કાચના પ્યાલામાં મૂકી તેમાં તે યંત્ર મૂકવાથી વિશિષ્ટગુરૂત્વ માલમ પડેછે.

પેશાબમાં આલ્બ્યુમીન હોય ત્યારે આ વિશિષ્ટગુરૂત્વ ઘણું કમી થાયછે, અને તેમાં સાકર હોય ત્યારે વિશિષ્ટગુરૂત્વ વધી પડેછે. પેશાબનો સ્વભાવિક ગુણ જરા આસિડ (આમ્લ) હોયછે, તે દરદને લીધે બદલાઇને કોઇવાર "આલ્કલીન" (આમ્લ વિરૂદ્ધ) થાયછે, અને કોઇવાર આ બેઉ ગુણ રહિત હોયછે. આસમાની અને પીળા રંગના કાગળ આ ગુણના તપાસ માટે તૈયાર આવેછે. આસમાની કાગળને પેશાબમાં બોળતાં તે રાતો થાય તો પેશાબને આસિડ સમજવો. પીળા કાગળને બોળતાં તે રાતો થાય તો પેશાબને આલ્કલાઇન સમજવો. તે બેઉ કાગળના રંગમાં ફેરફાર ન થાય તો પેશાબને આ બેઉ ગુણ રહિત સમજવો.

પેશાબમાં આધિને લીધે જે પદાર્થ આવેછે તેમાંના કેટલાક તેમાં ગળી ગયેલા હોયછે અને કેટલાક તેમાં માત્ર મિશ્ર થયેલ હોયછે. જે પદાર્થ માત્ર મિશ્ર થઇ રહ્યા હોય તે પેશાબ થોડો વખત રહેવા દેવાથી તળીયે બેસેછે, તેને **પેશાબનો જમાવ** કહેછે. આલ્બ્યુમીન અને સાકર પેશાબમાં ગળી જાયછે. પરૂ, લોહી, શ્લેષ્મ, ફોસફેટસ, યુરેટસ, યુરિકઆસિડ, ઓક્ષાલેટસ, એપીથીલીઅમ, મૂત્રનળીના ઢાળીયા વગેરેનો તળીયે જમાવ થઈ બેસેછે. જે ક્ષાર કહ્યા તેમનું પ્રમાણ કિંચિત વિશેષ હોય તો પેશાબમાં તે ગળી ગયેલા રહેછે પણ જો તેમનું પ્રમાણ ઘણું હોયતો તે નીચે થોડી વારમાં બેસેછે.

"આલ્બ્યુમિન" પદાર્થ શરીર તથા લોહીને બહુ અગત્યનું છે. તે કેટલાક આધિ અને કારણને લીધે પેશાબમાં વહી જાયછે. પેશાબમાં આલ્બ્યુમિન હોય ત્યારે મૂત્રપિંડનો જુનો અથવા તાજો દાહ ઘણું કરી હોયછે. કવચિત હમેલના દિવસમાં, રક્તવિકાર, કલેજા તથા ફેફસા અને રક્તાશયના દરદને લીધે આલ્બ્યુમિન વહેછે. આલ્બ્યુમિન વહેવાથી શરીર ફીકું અને કમ કૌવત થાય છે.

આલ્બ્યુમિન, પેશાબમાં છેકે નહી તેનો નિર્ણય કરવા સારૂ એક કાચની નળીમાં થોડો પેશાબ લઈ તે આસિડ છે એવી ચોકશી કરીને સ્પીરીટના દીવાથી ગરમ કરવો. તે આસિડ નહી હોય તો આસેટીક આસિડનાં થોડાં ટીપાં ઉમેરી પેશાબ ગરમ કરવો. તેમાં આલ્બ્યુમિન હોય તો ગરમીને લીધે આલ્બ્યુમિન થીજી જવાથી પેશાબ ચોખો હશે તે વાદળાની માફક ડહોળાઈ જશે. તે થંડો થતાં થીજેલું આલ્બ્યુમિન નીચે બેસશે. ફોસફેટસ વિશેષ હોય તો પણ ગરમીને લીધે જામી જશે. ગરમ કરેલા પેશાબમાં "સ્ટ્રોંગ નાઇટ્રીક આસિડ" નાં ટીપાં ઉમેરવાથી જો જામી ગએલો ભાગ ફોસફેટસ હશે તો તે પાછો ગળી જશે અને આલ્બ્યુમિન હશે તો તેમજ કાયમ રહેશે. આ રીતે પેશાબને ગરમ કરી નાઈટ્રીક આસિડ ઉમેરવાથી આલ્બ્યુમીન વિષે નિર્ણય થશે. આલ્બ્યુમીનને લીધે પેશાબનું વિશીષ્ટ ગુરૂત્વ કમી હોય છે. પેશાબના પ્રમાણ સાથે જામી ગયેલા


ભાગ સરખાવતાં તે અડધું, વતું કે ઓછું છે તેનો ક્યાસ થાય છે. જેમ આલબ્યુમીન જાસ્તી જાય તેમ જાનને વધારે જોખમ સમજવું.

સાકર પેશાબમાં ગળેલી હોય છે તે મધુ પ્રમેહમાં જાયછે. સાકર થોડાક ડ્રામથી કેટલાક ઔંસ સુધી ૨૪ કલાકમાં પેશાબ સાથે જાયછે. પેશાબ ઘણો થાયછે, વિશીષ્ટ ગુરૂત્વ જાસ્તી હોયછે, પેશાબ સફેત પાણી જેવો, ગળ્યો તથા મધ જેવી વાસ વાળો હોય છે. સાકરની ચોકશી આ રીતે થાય છે. જો તેમાં કદાચ આલબ્યુમીન હોય તો તેને ગરમ કરી ગળી લેવાથી જુદું પડશે. ૧. પેશાબ થોડો કાચની નળીમાં લઈ, તેમાં મોરથુથુનાં પાણીનાં બે ચાર ટીપાં ઉમેરી તે પેશાબના પ્રમાણથી અર્ધ લીકર પોટાસ તેમાં રેડવું. ત્યારબાદ તેને ગરમ કરવાથી સાકર હશે તો નળીને તળીયે નારંગી જેવા રાતા પીળા રંગનો જમાવ થશે. ૨. થોડો પેશાબ કાચની નળીમાં લઈ તેટલુંજ લીકર પોટાસ ઉમેરી તેને ઉકાળતાં સાકર હશે તો તે પ્રવાહીનો રંગ રાતો કાળો પોર્ટવાઈન જેવો થઈ જશે.

પેશાબમાં લોહી હોય તો તેનો રંગ રાતો અગર કાળો ધુમાડા જેવો દેખાશે. લોહી વિશેષ હોય તો તેને તળીયે જમાવ થશે. તે પેશાબને ગરમ કરવાથી રકતના આલબ્યુમીનને લીધે થીજી જશે. સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં રક્ત રજકણ જોવામાં આવેથી લોહીની પકકી ખાતરી થશે.

આકૃતિ. ૨૬.

શ્લેષ્મ પરમાણુ.



ચરબીના પરમાણુ.


શ્લેષ્મ અને એપીથીલ્યમનો કીંચીત ભાગ પેશાબમાં હમેશાં હોયછે. ઘણા કલાક પેશાબ રહેવાથી તેનું વાદળ પેશાબમાં જણાય છે પણ જો તે વિશેષ હોય તો પેશાબ ડહોળો સફેદ છાશ જેવો હોયછે. તેની સાથે પેશાબ ઘણું કરી આલ્કલીન હોય છે. મૂત્રાશયના વરમમાં ઘણું શ્લેષ્મ જાય છે. તેને સાધારણ ધાત પણ કહેછે. લીકર પોટાસ ઉમેરવાથી તે જાડું બંધાય છે. એપીથીલ્યમ, મૂત્રપિંડ અગર મૂત્રાશયનું છે તે સુક્ષ્મદર્શકથી તે પરમાણુના આકાર ઉપરથી માલમ પડશે. આકૃતિ ૨૬ માં પેશાબમાં સૂક્ષ્મ દર્શક યંત્રથી શ્લેષ્મ પરમાણું નથી, ચરબીના પરમાણુંનો દેખાવ આપ્યોછે.

પેશાબમાં પરૂ હોય ત્યારે તે ઊતરતાં ડોહાળો હોય છે. તેને ગરમ કરવાથી તેનું થોડું આલબ્યુમિન થીજેછે. લીકર પોટાસ ઉમેરવાથી તે જાડું અને ચીકણું થાયછે. સૂક્ષ્મદર્શકયંત્રથી પરૂના પરમાણુ દેખાશે. શ્લેષ્મના પરમાણુંનો આકાર તેમને મળતો હોય છે.

ફોસ્ફેટસના ક્ષાર પેશાબમાં વધારે હોય ત્યારે મૂત્ર આલ્કલીન હોયછે. તેમની સાથે ઘણું કરી શ્લેષ્મ હોયછે. પેશાબને ગરમ કરવાથી ફાસફેટસ જામી જાયછે પણ નાઇટ્રીક આસિડ ઉમેરવાથી તે ગળી જાયછે. આકૃતિ ૨૮–૨૯ માં ફેસફેટસનો સૂક્ષ્મ દર્શકથી દેખાવ આપ્યોછે.


યુરેટસને લીધે પેશાબમાં વિશેષ આસિડ હોયછે. પેશાબમાં તેમનો જમાવ રાતાપીળા અથવા સફેત રંગનો હોયછે. તે જમાવને ગરમ કરવાથી તરત ગળી જાયછે અને પેશાબ સ્વચ્છ જણાયછે. આકૃતિ ૩૦–૩૧ માં યુરેટસનો સૂક્ષ્મ દર્શકથી દેખાવ આપ્યો છે.

આકૃતિ ૨૭.
સીસ્ટઇન.



ટાયરોસાઇન.


આકૃતિ ૨૮.
ટ્રીપલ ફાસફેટ.



આકૃતિ ૨૯.
ટ્રીપલ ફાસફેટ.




આકૃતિ ૩૦.
યુરેટ આફ સોડા.



યુરેટ આફ આમોન્યા.


આકૃતિ ૩૧.
નિરાકાર યુરેટસ.




કોલિસ્ટરીન.

યુરિક આસિડનો વધારો હોય ત્યારે પેશાબ ઘણો આસિડ હોયછે. તેનો જમાવ નારંગીના રંગ જેવો થાયછે. ગરમ કરવાથી તે જતો નથી પણ લીકર પોટાસ ઉમેરવાથી તે તરત ગળી જાયછે. યુરિક આસિડનો સૂક્ષ્મ દર્શકથી દેખાવ આ ૩૨–૩૩માં આપ્યોછે.

આકૃતિ ૩૨.
યુરિક આસિડ.



આકૃતિ ૩૩.
યુરિક આસિડ.



ઓક્ષાલેટ ઓફ લાઈમનો જમાવ ક્વચિત્ જોવામાં આવેછે. તે જમાવ ઉપર ગરમીની કાંઇ અસર થતી નથી. પણ નાઈટ્રીક આસિડ ઉમેરવાથી તે ગળી જાયછે. ઓક્ષાલેટ આફ લાઇમના પાસાનો સૂક્ષ્મ દર્શકથી દેખાવ આકૃતિ ૩૪માં દર્શાવ્યોછે.


આકૃતિ ૩૪.
ઓક્ષાલેટ ઑફ્ લાઇમ.



આ સર્વ જાતિના ક્ષારના પાસા જુદાજુદા આકારના ઓળખાઈ શકે તેવા હોયછે. તે સૂક્ષ્મદર્શકયંત્રમાં જોવાથી તરત માલમ પડશે. તેમની રેત બંધાઇને પેશાબમાં ઉતરેછે તે હાથથી ઓળખી શકાયછે.

પેશાબમાં કોઈ વાર વીર્ય જાયછે તે ઘણુંકરી પેશાબના છેવટ ભાગમાં જાયછે. સૂક્ષ્મ દર્શકયંત્રથી વીર્ય માંહેના તંતુમય રજકણ જણાશે. તેનો સૂક્ષ્મ દર્શકથી દેખાવ આકૃતિ ૩૫માં આપ્યોછે.

આકૃતિ ૩૫.
વીર્મીયા, બાકટીરીયા.



વિર્યના પરમાણું.

મૂત્રનળીના ઢાળીયાઃ— મૂત્રપિંડની રચના સૂક્ષ્મ મૂત્ર નળીઓની બનેલી છે. મૂત્રપિંડનું દરદ થાય ત્યારે આ નળીઓમાંથી છુટા પડેલા પદાર્થ મૂતમાં સૂક્ષ્મદર્શકથી જણાયછે. તે પદાર્થ મૂત્રપિંડના દરદ અનવયે જુદી જુદી જાતિના હોયછે પણ તેનો આકાર મૂત્રનળી જેવો સૂક્ષ્મ પાતળો લાંબો હોયછે, તેમને **મૂત્રનળીના ઢાળીયા** (યુરીનરી કાસ્ટ) કહેછે.

આ ઢાળીયા પાંચ પ્રકારના હોયછે. ૧ **લોહીવાળા ઢાળીયા**માં રક્ત રજકણ હોયછે. મૂત્રપિંડના વ્યાધિની શરૂઆતમાં આ ઢાળીયા મળી આવેછે. ૨ **ચરબીમય ઢાળીયા**માં ચરબીના રજકણ જોવામાં આવેછે. ઘણા ભયંકર વ્યાધિની આ નિશાનીછે. ૩ **એપીથીલ્યમવાળા ઢાળીયા**માં એપીથેલમના રજકણ જણાયછે. ૪ **દાણાદાર ઢાળીયા**માં સૂક્ષ્મ દાણા તથા ઓક્ષાલેટ જોવામાં આવેછે. આ પણ મોટા અને જુના વ્યાધિની નિશાની છે. ૫ **સ્વચ્છ ઢાળીયા**માં કોઇ જાતની રચના જણાતી નથી. તે નિર્મળ દેખાયછે.

પેશાબમાં આવા ઢાળીયા સૂક્ષ્મદર્શકથી જણાયતો મૂત્રપિંડનો વ્યાધિ છે એમ ખાત્રીથી સમજવું.


મૂત્રપિંડ અથવા ગુરદાનો વરમ.

(નીફ્રાઈટીઝ.)

મૂત્રપિંડ એટલે ગુરદાનો વરમ બે પ્રકારનોછે. એક ગુરદાનો **તીક્ષ્ણ વરમ** તથા બીજો **દીર્ઘ અગર જુનો વરમ.** ગુરદાના વરમની સાથે પેશાબની અંદર આલબ્યુમીન નામનો પદાર્થ જાયછે તથા તેની સાથે સોજા જળોદર વગરે બીજાં ચિન્હ થાયછે, તેથી તેની

આકૃતિ ધ.

એપીથીલ્યમવાળા ઢાળીયા.



લોહીવાળા ઢાળીયા.


આકૃતિ न.



દાણાદાર ઢાળીયા.


આકૃતિ प.

રક્તના રજકણ.




આકૃતિ फ.

એપીથીલ્યમના રજકણ.



પરુના રજકણ.


આકૃતિ ब.



સ્વચ્છ ઢાળીયા.

આકૃતિ भ.

મીણ જેવા ઢાળીયા.



ચરબીમય ઢાળીયા.

સહેજ પરીક્ષા થઈ શકેછે. પેશાબમાં આલબ્યુમિન તથા જળોદર વગેરેનો મૂળ સંબંધ ગુરદાના વરમ સાથેછે એવું પહેલ વહેલાં ડાકતર બ્રાઈટે શોધી કાઢ્યું તેથી આ દરદએ ડાકતરના નામથી ઈંગ્રેજીમાં ઓળખાછે.

ગુરદાના તીક્ષ્ણ વરમઃ—આ વરમ થાયછે ત્યારે ઘણું કરી પ્રથમ ટાઢની સાથે તાવ આવેછે. તેની સાથે માથું દુખે, બેચેનપણું રહે, મોળ આવે તથા ઉલટી પણ થાયછે. પડખાં અને પીઠ ઉપર ગુરદાના ભાગમાં દરદ થાય છે, જાણે પડખાં ભરાઈ ગયાં હોય તે પ્રમાણે ભાર લાગેછે. જે બાજુના ગુરદાનો વરમ થયો હોય તે તરફ આ પ્રમાણે દરદ થાયછે. વળી વખતે તે તરફની જાંગમાં દરદ થાયછે, વૃષણમાં પીડા થાયછે, અને વૃષણની ગોળી ઉપર ચઢી જાયછે. હાલવા ચાલવાથી દરદ વધારે થાયછે. ઘણી તરસ લાગેછે, ઝાડો કબજ રહેછે, અને નાડી ભરપૂર જોરમાં ઉતાવળી ચાલેછે. પેશાબ કરવાની ઇચ્છા ઘણીવાર થાયછે અને તે થોડો ઉતરેછે. પેશાબ થોડો તેમજ લાલ રંગનો અગર લાલ કાળા રંગનો હોયછે.

પેશાબને રસાયણી રીતે તપાસતાં તેની અંદર "આલ્બ્યુમિન" નામનો પદાર્થ માલમ પડશે. આ પદાર્થ સ્વાભાવિક પેશાબની અંદર હોતો નથી. આગળ કહ્યા પ્રમાણે પેશાબનો તપાસ કરવાથી આલબ્યુમિન માલમ પડશે. જો આલ્બ્યુમિન ઘણું હોયતો નળી માંહેલો પેશાબ જાણે સઘળો થીજી ગયો હોય તે મિસાલે થઈ જશે, અથવા નહી તો જેટલું આલ્બ્યુમિન હોય તે પ્રમાણે તે પેશાબનો અર્ધો અગર પા અથવા વધારે ઘટારે ભાગ બંધાઈ ગયેલો જણાશે.

આલ્બ્યુમિનવાળા પેશાબનું વિશિષ્ટ ગુરૂત્વ કમી હોય છે. સ્વાભાવિક પેશાબનું વિશીષ્ટ ગુરૂત્વ ૧૦૧૦—૧૫ અંશના સુમારમાં હોયછે, તો આલ્બ્યુમિન વાળા પેશાબનું ૧૦૦૫ અંશ અગર તેથી પણ કમી થઈ જાયછે.

સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં પેશાબની અંદર રકતનાં રજકણ, ફીબ્રીન. એપીથીલીઅમ તથા મૂત્રપિંડની જે સૂક્ષ્મ નળીયો હોયછે તેવાજ આકારના નળીયો અગર ઢાળીયા માલમ પડેછે. જો ગુરદાની અંદર પરૂ થયું હોયતો પરૂના રજકણ પણ દેખાયછે. પેશાબમાં "બ્લાઈકર પોટાસ" ઉમેરી ગરમ કરવાથી સફેદ ચાકણા રસ બંધાય તો તે પેશાબમાં પરૂ છે એવો સંભવ થાયછે.

ગુરદાના વરમને લીધે કોઈવાર તેમાં પાકીને પરૂ થાયછે પણ ઘણું કરી પરૂ થયા વિના તે વરમ સારો થાયછે.

તે સિવાય આ વરમનું એક મુખ્ય ચિન્હ સોજા તથા શરીરના જુદા જુદા ભાગનું જળોદર છે. પ્રથમ આંખનાં પોપચાં સૂજી આવેછે, ચ્હેરા ઉપર થોથર આવેછે, પગ પર સોજા ચઢેછે, હાથ, પેટ અને બીજા ભાગ સૂજી આવેછે. ઘણું કરી ગુરદાના તિક્ષ્ણ વરમમાંથી દરદી ઉગરેછે. દરદી સારો થવાનો હોય ત્યારે પ્રથમ પેશાબ સાફ તથા પુષ્કળ ઉતરવા માંડે, આલ્બ્યુમિન કમી થતું જાય અને સોજા ઉતરવા માંડેછે.

પણ જો ગુરદાના ઘણા ભાગમાં વરમ થયો હોય અગર બેઉ ગુરદાનુ દરદ સાથે

થયું હોય તો પેશાબ પ્રમાણેજ થોડો ઊતરેછે, અને પેશાબ સાથે જે પદાર્થ શરીરની બહારે પડવા જોઇએ તે શરીરમાં રહેવાથી એકાદ વિષની માફક બુરી અસર કરેછે અને તેથી પ્રાણની હાની થાયછે. આ ઝેરી પદાર્થ માહેલો મુખ્ય "યુરીયા"છે. યુરીયા લોહીની અંદર એકઠો થવાથી દરદીનો શ્વાસ, પરસેવો તથા શરીર પણ વખતે પેશાબના જેવી ગંધ મારે છે. આ દરદમાં બીજા કેટલાક કારણને લીધે પેશાબ જયારે પ્રમાણ થોડો થાયછે અગર બીલકુલ પેદા થતો નથી ત્યારે યુરીયા લોહીની અંદર રહેવાથી તેનાં ખાસચિન્હ જણાયછે તથા છેવટ મૃત્યુ નીપજેછે. ઘણુંકરી પેશાબ બંધ થવાની પહેલાં મૂળ કારણથી શરીર નબળું થઇ જાયછે, તેમાં યુરીયાના ઝેરથી દરદીનું મગજ મંદ પડી જાયછે. તેની આંખ તથા બીજી ઇંદ્રિયોનું તેજ કમી પડી જાયછે, જાણે ઘેનમાં હોય તેમ દરદી ગાફલ થતો જાયછે, બકેછે, અને ઊંઘમાં બડબડેછે. સ્મરણ શક્તિ તથા વિચાર શકિત નાબુદ થતી જાયછે અને છેવટે છેક બેશુદ્ધ થાયછે. કોઇવાર આ રીતે આસ્તે આસ્તે બેશુદ્ધ ન થતાં એકા એક આંચકી આવેછે અને તેમાંથી બેશુદ્ધ થઈ છેવટ દરદી મૃત્યુ પામેછે. શ્વાસ વાસ મારે છે, આંખની કીકી પહોળી થઇ જાયછે અને દમ ઘૂંટાવછે. આવી આંચકી હમે-લવાળી ઓરતોનો પેશાબ અટકવાથી કોઇવાર થઇ આવેછે.

પેશાબની અંદર આલ્બ્યુમિન જારી વખત સુધી આવેતો ગુરદાના દરદને લીધેજ આવેછે એમ સમજવું. પણ કોઈવાર થોડો વખત બીજા કારણોને લીધે પણ તેની અંદર આલ્બ્યુમિન આવેછે. જેમકે લોહી બગડવાથી તથા તે પાતળુ થઈ જવાથી, મૂત્રપિંડની નળીયો ઉપર કોઇ ગાંઠ વગેરેનું દબાણ થવાથી, રકતાશય તથા કલેજાના દરદથી તથા બીજા કારણોથી મૂત્ર સાથે આલ્બ્યુમિન જાયછે.

કારણ:—ગુરદાનો વરમ શરદી તથા ચંડીથી થાય છે. ઘણો દારૂ પીવાથી, તેમજ ભૂખ ખેંચવાથી, કોઈવાર ગુરદાના ભાગમાં માર લાગવાથી, ગાઉટથી, તાવથી, અને કોલેરામાંથી થાયછે. ઘણીવાર "લાલ તાવ" (સ્કાર્લેટ ફીવર) જે યૂરોપમાં વિશેષે જોવા-માં આવેછે તેમાંથી ગુરદાનુ દરદ થઇ આવેછે.

લોહીની અંદર વિષારી અથવા રોગી પદાર્થ હોવાથી મૂત્રપીંડની બારીક નળીયોનાં રજકણ મૃત્યુ પામેછે તથા ઉખડી જાયછે, તેથીસ્વભાવિક મૂત્ર પેદા કરવાનું કામ કેટલેક દરજે અટકી પડેછે. એકજ ગુરદામાં દરદ થયું હોયતો બીજો સારો ગુરદો હોય તેને પો-તાનું કામ વધારે કરવું પડેછે. લોહી દરદવાળા ગુરદામાં ફરતું હોય તેની ગતિ મંદ પડી જાયછે, અને તેની અંદરથી પાણો (સિરમ) ઝરેછે. તેમાં "આલ્બ્યુમિન" હોય તે પેશા-બમાં આવેછે. તેજ લોહીમાંથી "ફીબ્રીન ઝરેછે તે નળીયોની અંદર થીજી જાય છે એટલે નળીયોના આકારના "ઢાળીયા" બંધાયછે. તે પણ રજકણોની સાથે પેશાબમાં સૂક્ષ્મ-દર્શકથી માલમ પડેછે. પણ લોહીમાંથી જે "યુરીયા" વગેરે ક્ષાર પેશાબ રસ્તે શરીરમાંથી દુર થવા જોઇએ તે ન થતાં લોહીમાં એકઠા થાયછે તેથી લોહીમાં વધારે બગાડો થાયછે. એ ઝેરી પદાર્થ શરીરમાં ફરવાથી સોજા જળંદર આંચકી બેભાનપણું વગેરે બીજાં કેટલાંક ચિન્હ ઉપર કહ્યા પ્રમાણે થાયછે.

ઉપાયઃ—ઈલાજ કરવામાં ગુરદાનો વરમ થયોછે માટે તેનાથી જે કામ સ્વાભાવિક થવું જોઈએતે થતું નથી માટે તે બીજે કોઈ રસ્તે થવું જોઇએ.ગુરદાને આરામ મળવો જોઇએ માટે પેશાબનો વધારો કરનારી દવાઓ બહુ આપવી નહીં. મુખ્ય ઝાડો ઉતરે તથા પરસેવો છૂટે તેવી દવાઓ આપવી. પડખાંની અંદરે ગુરદાના ભાગમાં બહુ દુઃખતું હોય તો ત્યાં આઠ દસ જળો મૂકવી. દરદી અશક્ત હોય તો જળો ન મૂકતાં અળસીની ગરમ પોટીસ વારંવાર મૂકવી અથવા રાઇ મારવી; અગર શેક કરવો, કે રૂમડી મૂકવી, કયાનથારીડીસ પ્લાસ્તર મૂકવું નહીં.

જુલાબ ઉતરવા માટે જાલપ આપવો અગર એપસમસાલ્ટ અને સોનામુખીની ચાહ આપવી. મોટો જુલાબ આપવો હોયતો પાથી અર્ધો ગ્રેન ઇલાટીરીયમનો આપવો. તે શિવાય રૂબાર્બ, પોડોફાઇલ, વગેરે જુલાબપણ આપી શકાયછે.

નં. ૧.	ઇલાટીરીયમ .	......૪ થી ૬ ગ્રેન.	મિશ્રકરી ૧૨ગોળી કરવી.તેમાંથી એકેક જ્યારે મોટો જુલાબ જળંદર માટે આપવો હોય ત્યારે આપવી.
	એક્ષ્ટ્રાકટઓફ આલોઝ......૧૨	,,	
	સૂંઠનો ભૂકી...	......૪૦	,,

સાદુંપાણી, થંડીચાહા, અગર જવનું પાણી તેમજ ધમાસાનું પાણી અગર મોથનું પાણી પીવા પુષ્કળ જોઇએ તેટલું આપવું. જ્યાંસુધી તાપ હોવ ત્યાંસુધી પરસેવો લાવનારી દવા આપતા રહેવું. જેમકે લાઈકર આમોની એસેટસ, સાઇટ્રેટ ઓફપોટાસ, વાઇન ઓફ એપીકાકયુઆના અગર એન્ટીમની ઇત્યાદિ.રાતને વખતે "ગરમહવાનીબાફ" અગર પાણી ગરમ કરી તેની બાફ દેવાથી પણ પરસેવો છૂટશે.

નં. ૨.	લાઈકર આમોની એસેટસ...	...૧૨ ડ્રામ	મિશ્ર કરી $\frac{1}{3}$ દિવસમાં ત્રણવખતઆપવી.
	વાઇન ઓફ એપીકાકયુઆના...	...૪૫ ટીપાં	
	સાઇટ્રેટ ઓફ પોટાસ ...	...૪૦ ગ્રેન	
	પાણી	. ૪$\frac{1}{2}$ઔંસ	

નં. ૩.	વાઇનઓફ એન્ટીમની	......૪૦ ટીપાં	મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવી
	એપસમસાલ્ટ	...... ૪ ડ્રામ	
	લાઇકર આમોની એસેટસ.	...૧$\frac{1}{2}$ઔંસ	
	ટિંકચર ડીજીટેલીસ	.. ...૩૦ ટીપાં	
	પાણી ...	......૩ ઔંસ	

ટિંકચર ડીજીટેલીસથી પેશાબ ઉતરશે. ઉલટી વધારે થતી હોયતો પેટ ઉપર રાઇનો લેપ મારવો. બરફ ચુસવો તથા કાંજી, દૂધ વગેરે હલકો ખોરાક આપવો.

જ્યારે તાવ ઉતરી જાય એટલે લોહી સુધારવાનો ઇલાજ કરવો અને તેમાં મુખ્ય લોહની દવા આપવી. ટિંકચર આફ સ્ટીલનાં દશથી ત્રીસટીપાં પાણી સાથે દરરોજ બેથી ત્રણ વખત આપવાં. તેની સાથે સારો ખોરાક આપવો. આરામ થયા પછી પણ જલદી ઘરની બહાર પડવું નહિ. અંગ ઉપર ગરમ કપડાં રાખવાં, થંડી અગર શરદ જગોમાં જવું નહિ, ઘણો પવન ખાવો નહિ તથા દારૂ પીવો નહિ. જેમ તબીયત સુધરતી આવશે તેમ સોજા ઉતરી જશે અને પેશાબમાંથી આલ્બ્યુમિન કમી થતું જશે.

ગુરદાનો દીર્ઘ વરમ.

(બ્રાઇટસ ડીઝીસ.)

ગુરદાના જુના વરમને લીધે પેશાબની અંદર આલ્બ્યુમિન આવેછે અને શરીરને જળંદર, પાંડુરોગાદિ વ્યાધિ થાયછે. જુના વરમને લીધે તેના કારણોને અનુસરીને મૂત્રપિંડની અંદર ત્રણ પ્રકારના જુદા જુદા ફેરફાર થાયછે.

૧ એક પ્રકારને લીધે "ગુરદોકૃશ તથા દાણાદાર" (કંટ્રાક્ટેડ ઍન્ડ ગ્રાન્યુલર કીડની) થઈ જાયછે. ગુરદો પોતે ઘણો નાનો થઈ જાય તથા તેના સપાટી સ્વભાવિક લીસી હોવાને બદલે દાણાદાર લાગેછે. આવો રૂપાંતર થતાં ઘણો કાળ લાગેછે. આ વ્યાધિ કેટલીકવાર જુના ગાઉટમાંથી થાયછે. ઘણો દારૂ પીનારાને તેમજ રક્તાશય અને યકૃતના દરદની સાથે આ વ્યાધિ થાયછે. ગુરદાની મૂત્ર પેદા કરનારી સૂક્ષ્મ નળીયો કૃશ થઈ નાશ પામેછે. પેશાબની અંદર આ નળીયોના ઢાળીયા સૂક્ષ્મ જોવામાં આવશે અને તે ઢાળીયાની અંદર દાણા માલમ પડશે.

૨ **ચરબીવાળા મૂત્રપિંડઃ**—સ્વભાવિક ગુરદામાં ચરબીના કોઈ કોઈ રજકણ હોયછે પણ આ દરદમાં જે સ્વાભાવિક મૂત્ર ઉત્પન્ન કરનારા ગુરદાની નળીયોની અંદરનાં રજકણ હોયછે તેઓનો નાશ થઈ તેમની જગોએ પુષ્કળ ચરબીનાં રજકણો પેદા થાયછે. આ વ્યાધિમાં ગુરદાનું કદ પ્રથમ મોટું હોયછે અને પાછળથી કૃષ થતું જાયછે. પેશાબમાં મૂત્ર નળીના ઢાળીયા હોય તેમાં ઘણાં ચરબીનાં રજકણ દેખાશે. આ રોગ કેટલીકવાર ક્ષય અને કાનસર જેવા રોગની સાથે થાયછે. કોઇવાર તાવથી, ઘંડી અને શરદીમાં રહેવાથી તથા શરીરમાં ચરબીનો ઘણો વધારો થવાથી પણ થાયછે.

૩ ત્રીજી જાતના દરદમાં ગુરદાની અંદર "આમાયલાઇડ" નામનો એક પદાર્થ પેદા થાય છે. ગુરદાની સ્વભાવિક નળીયો તથા રજકણો નાશ પામેછે અને તેને ઠેકાણે આ પદાર્થનો જમાવ થાયછે. આ નવો પદાર્થ ફકત ગુરદામાં થાય છે એટલુંજ નહિ પણ તેની સાથે યકૃત તથા પ્લીહામાં પણ થાય છે. શરીરમાં ગરમી, ક્ષય તથા બીજાં દરદ જેથી ઘણી નબળાઈ આવી જાયછે અને વિશેષે કરી જ્યારે શરીરના કોઈ ભાગમાંથી ઘણું પરૂ જતું હોય અને શરીર કૃશ થતું જાય ત્યારે આવો ગુરદાનો વ્યાધિ પેદા થાય છે. મૂત્રમાં નળીયોના ઢાળીયામાં ચરબી તેમજ દાણા કાંઈ હોતું નથી.

લક્ષણઃ—આ ત્રણ પ્રકારના ગુરદાની અંદર જે ફેરફાર થાયછે તેની ખરી પરીક્ષા દરદીના મરણ પછી ગુરદાનો તપાસ કરવાથી થઈ શકે, પણ સાધારણ પરીક્ષા મૂત્રના તપાસથી બની આવેછે. સામાન્ય રીતે આ રોગ જે બહારના લક્ષણોથી ઓળખાય છે તે આ ત્રણે પ્રકારમાં ઘણે દરજે સાધારણ હોયછે.

આ રોગ થયાપછી તે મટવાની આશા થોડી.હળવે હળવે મૂત્રપિંડમાં દરદનો વધારો થતો જાય તેમ લોહીમાં બગાડો થતો જાયછે. મુખ્ય નિશાની પેસાબમાં આલ્બ્યુમિન તથા સોજા જોવામાં આવેછે. કોઇ વાર એવું બનેછે કે આ ચિન્હો છેવટ પર્યંત માલમ પડતાં નથી અને એકાએક દરદીને આંચકી આવી મૃત્યુ થાયછે. પણ ઘણું કરી વહેલાં મોડાં એ ચિન્હ જણાયા વગર રહેતાં નથી. પેશાબ ઘણું કરી જાસ્તી આવેછે, તેની અંદર ઘણું

આલ્બ્યુમિન હોયછે અને તેનું વિશિષ્ટ ગુરૂત્વ ઘણું કમી હોયછે. શરીરની નબળાઈ થતી આવેછે,ને તે ફીકું અને પીળું પડી જાયછે અને છેક પાંડુ રોગના વર્ણની માફક જણાય છે. તેની સાથે હાથ પગ તથા ચહેરા ઉપર થોથર થઈ આવેછે. લોહી પાતળુ થઈ જાયછે તેથી તેમાંથી પાણી ઝરીને શરીરમાં જુદે જુદે ઠેકાણે સોજા અને જળંદર થાયછે. લોહીની ગતિ મંદ થઈ જાયછે તેથી રક્તાશયને રૂધિરાભિસરણ કરવા જાસ્તી જોર પડે છે. તેથી રક્તાશય મોટું થઈ પડેછે અને આગળ જતાં તેનું દરદ પણ વધી પડેછે. શરીર માંહેની બારીક રક્ત નળીયોનું મઉપણું કમી થઈ જડપણું જાસ્તી થાયછે.

કોઈવાર જળંદર એટલું થઈ પડેછે કે પેટ મોટું પખાલ જેવડું થઈ જાયછે, પગ સૂજીને મોટા સ્થંભ જેવા થઈ જાયછે અને આંખોનાં પોપચાં ઊંચાં પણ થઈ શકતાં નથી. વખતે વૃષણ અને પગની ત્વચા ફાટીને તેમાંથી પાણી વહેવા માંડેછે.

ઘણીવાર જુલાબ તથા પરસેવો નીકળવાથી સોજા ઉતરેછે અને ફરી પાછા ચઢેછે.

આંખના રતનમાં બિગાડ થઈ નજર કમી થાયછે, ખોરાક ચાલતો નથી, ભખ લાગતી નથી, આપોઆપ ઘણીવાર પેટ છૂટી પડેછે, છાતીમાં ધપકારો થાયછે, મહેનતથી જલદી દમ ચડી આવેછે. શરીરમાંથી તાકાદ કમી થતી જાયછે અને છેવટ ઝાડાથી બેશુદ્ધ થઇને આંચકી આવીને અથવા રક્તાશયની વ્યાધિથી મૃત્યુ પ્રાપ્ત થાયછે.

ઈલાજઃ—ઉપાય કરવામાં જે કાંઈ કારણ માલમ પડી આવે તે દૂર કરવું. દારૂ બીલકુલ વાપરવો નહીં. શરીર તેમજ મગજને અસાધારણ શ્રમ આપવો નહિ. હમેશાં ગરમ કપડાં બદન ઉપર રાખવાં. થંડી, શરદી તથા પવનમાં જવું નહિ. ખોરાક પાચન થાય તથા શરીરને પુષ્ટી મળે તેવા ઇલાજ કરવા. ગુરદાથી પોતાનું કામ થઈ શકતું નથી માટે પરસેવાને તથા ઝાડાને રસ્તે લોહીના બીગાડનો ભાગ દૂર કરવો.

લોખંડની દવાઓ, કોઇનન તથા સારો પૌષ્ટિક ખોરાક આપવો. ખાંડ તથા સ્નેહન પદાર્થ ઘણા આપવા નહિ. પરસેવો નીકળે તેવી દવાઓ તથા જુલાબ થાય તેવી ઓષધી આપવાથી સોજા અને જળંદરને ફાયદો થશે.દરીયાની મુસાફરીથી કોઈવાર ફાયદો થાયછે. દરરોજ અગર એકાંતરે રાતની ગરમ હવાની બાફ લેવી તેથી સારી પેઠે પરસેવો વળે એટલે તે લુછી નાંખીને ગરમ કપડું ઓઢી સૂઈ રેહેવું.

જુલાબમાં નસોતર, નેપાળો, ઈલાટીરીયમ, જાલબ, રેવંચી,એપસમસાલ્ટ, વગરે કોઈ પણ આપવો. પારાની દવા આપવી નહિ.

નં. ૪.

આસિડ નાઇટ્રીકડીલ્યુટ	...૨૦ ટીપાં.	મિશ્ર કરી તેના બે અગર ત્રણ ભાગ કરી એક દિવસમાં પીવું.
ટિંક્ચર ઓફ સ્ટીલ	.....૩૦ ,,	
ટિંક્ચર ઓફ ક્વાસ્યા	...૬૦ ,,	
પાણી	... ૩ ઔંસ	

નં. ૫.

એસેટેટ ઓફ પોટાસ...	...૬૦ ગ્રેન	મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવું.
ટિંક્ચર ઓફ સ્ટીલ ...	...૨૦ ટીપાં	
કોઇનન	... ૩ ગ્રેન	
પાણી	... ૩ ઔંસ	

નં. ૯. સાઇટ્રેટ ઑફ આયર્ન ઍન્ડ ક્વીનાઇન.૨૦ ગ્રેન ⎫
ટિંક્ચર ઑફ ડીજીટેલીસ ...૧૫ ટીપાં ⎬ મીશ્ર કરી દિવસમાં
ક્વાશ્યાની ચાહા ... ...૪½ ઔંસ ⎭ ત્રણ વખત આપવું.

કોડલીવર ઑઇલ પાચન થઈ શકે તો તે પણ આપવું. ગુરદાના ભાગ ઉપર રાઇનો લેપ મારવો, શેક કરવો અગર પ્લાસ્તર મારવાં અગર સુકી રૂમડી મુકવી.

પેશાબમાં ધાતનું જવું.

ધાત આ શબ્દનો અર્થ આપણામાં એવો અનિશ્ચીત છે કે તેમાં કેટલાક જુદાં જુદાં દરદ અને પદાર્થનો સમાવેશ થાયછે. પેશાબમાં કાંઇપણ ધોળો પદાર્થ જાય તેને ધાત એ શબ્દ લાગુ કરવામાં આવેછે. મેં ઘણી વખત સાંભળ્યુંછે કે પરમીયામાં પરૂ જાય તેને પણ કોઇ ધાત કહેછે. પથરીના રોગમાં મૂત્રાશયમહિનો શ્લેષ્મ પદાર્થ જાય તેને પણ ધાત કહેછે. ક્વચીત્ પેશાબમાં ચરબી જેવો પદાર્થ જાય ને તેથી પેશાબ સફેત નીકળેછે. કોઇ કોઈ વાર વિર્ય પેશાબની સાથે પડેછે.

૧ જ્યારે પેશાબના પ્રથમ ભાગમાંજ સફેત પદાર્થ પડેછે અને પાછળનો પેશાબનો ભાગ સ્વચ્છ હોયછે ત્યારે તે પદાર્થ મૂત્ર માર્ગમાંથી આવેછે, એમ અનુમાન થાય છે. આ પદાર્થ ઘણુંકરી જુના પરમીયાનું પીપ હોયછે. ક્વચીત પ્રોસ્ટેટ પીંડનો રસ હોયછે. ક્વચીત તે સફેત પદાર્થ ફક્ત "ફાસફેટસ"નો બનેલો હોયછે. વિદ્યાર્થિઓ વીગેરે જે ઘણો વખત બેસી રેહે અને વાંચે તથા મગજને તસ્દી આપે તેને ઘણું કરી આ પ્રમાણે ફાસફેટસનો ક્ષાર પડેછે. એ પદાર્થ ફાસફેટસ છે કે નહિ તે મૂત્ર પરીક્ષા કરવાથી માલમ પડશે. આ ફાસફેટસનો ક્ષાર જવાથી શરીરને નબળાઇ અને સુસ્તી લાગેછે. મસ્તક દુખે છે, અને મન વ્યગ્ર તથા ચીંતાતુર થાયછે.

ઈલાજ:—દરદીએ થોડું વાંચવું તથા મગજને થોડી તસ્દી આપવી જોઇએ. બેસી નહિ રેહેતાં યોગ્ય ફરવાની અથવા બીજી કસરત લેવી જોઇએ. સારી ખુલ્લી હવા, પૌષ્ટિક ખોરાક, પુષ્કળ દુધ વિગેરે પદાર્થ લેવા. દવામાં ડીલ્યુટ મ્યુરીયાટીક આસિડનાં ટીપાં દશ તથા લીકરસ્ટ્રિક્ન્યાનાં ટીપાં પાંચ દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવાં. સિવાય કોડલીવર આઇલ, લોહ, ક્વીનાઇન, ફોસફરસની ગોળી વિગેરે લેવાં.

૨ પેશાબમાં ચરબીનું વહેવું (કાઈલુરીયા):—કોઈવાર પેશાબમાં "કાઈલ" નામનો પદાર્થ જાયછે. આંતરડામાં ખોરાક પાચન થયા પછી જે ચરબીનો દુધ જેવો પદાથ લોહીમાં જાયછે તેને કાઇલ કહેછે. તેવો પદાથ પેશાબમાં જાયછે. કાઇલ થોડો અથવા ઘણો જાયછે. દિવસમાં કોઇવાર જાય અને કોઇવાર ન જાય. અથવા પેશાબ કરતાં દરેક વખત જાયછે. તે થોડો જાયછે તો પેશાબ ધોળાશપર હોયછે, અથવા ઘણો જાય છે અને તેથી પેશાબ થોડા વખતમાં થીજી જાયછે. તે કેટલાક દિવસ અને મહિના પર્યંત જાયછે; અને પછી બંધ પડેછે.તેમ્રણીવાર આપોઆપ બંધ પડેછે અને ફરીથી થાયછે. રસાયણી અને સૂક્ષ્મ પરીક્ષાથી કાઇલની સાબીતી મળેછે. સૂક્ષ્મદર્શકયંત્રથી આ દરદમાં

કેટલીકવાર એક પ્રકારનો તંતુવત કીડો પેશાબમાં મળી આવેછે. તેમાં કાઇલ શી રીતે જાયછે, અને કેમ જાયછે તે બરાબર જણાતું નથી પણ પેશાબ સફેત દૂધ જેવા રંગનો દેખાયછે. કાઇલ જવાથી શરીરમાં નબળાઇ આવેછે. પગમાં અને પીઠમાં દુખાવો અને કળતર થાયછે, મસ્તક દુઃખેછે, ભુખ લાગતી નથી, મન ચિંતાતુર રહેછે.

ઈલાજઃ—આ વ્યાધિને માટે કેવળ ચોકસ દવા નથી. બેનઝોઇક આસિડના પંદરથી વીસ ગ્રેન દિવસમાં ત્રણ વખત લેવાથી આ વ્યાધિ મટી જાયછે. ટિંકચર ઑફ સ્ટીલ પીવાથી ઘણાને ફાયદો થાયછે. ગ્યાલીક આસીડના પંદર ગ્રેન દિવસમાં ત્રણ વખત લેવાથી અથવા આયોડાઇડ આફ્ પોટાશ્યમ લેવાથી આ વ્યાધિ મટેછે.

૩. વિર્ય શ્રાવ (સ્પર્મેટોરીહા):—પેશાબની સાથે વિર્ય પડે, સ્વપ્નાવસ્થામાં વારંવાર વિર્ય જાય, કીંચીત મનોવિકાર થઈ વિર્ય સ્ખલીત થાય તેને વિર્ય શ્રાવનો વ્યાધિ કહેવાય છે. પેશાબ કરતાં તેના પહેલા અગર છેલા ભાગમાં વિર્ય પડેછે. કોઈવાર ઝાડાની કબજીયતથી, મૂત્રગાંઠ વિગેરેને લીધે કરાંજવાથી વિર્ય પડેછે. તરૂણાવસ્થાયે પહોચ્યા પછી પાંચ પંદર દિવસને આંતરે સ્વપ્નમાં વિર્ય સ્ખલીત થાય તે સ્વભાવિક છે. તેને વ્યાધિ નહિ સમજવો. પણ વારંવાર સ્ખલીત થાય તો તે વ્યાધિરૂપ થઈ પડેછે. હસ્તદોષને લીધે કોઇને વિર્ય ઝમ્યા કરેછે. વિષય યુક્ત વાતો કરવાથી અને ચોપડીઓ વાંચવાથી આ રોગની ઉત્પત્તિ થાયછે. નિશાળોમાં અને કાલેજમાં વિદ્યાર્થિઓને કેટલીકવાર આ રોગ થાયછે. તેનું કારણ હસ્તદોષ અથવા મનોરંજક વાર્તાઓનું વાંચન હોયછે. પેશાબનો તપાસ કરવાથી સૂક્ષ્મદર્શકવડે તેમાં વિર્યનાં પરમાણુ માલમ પડેછે.(આકૃતિ ૩૫) આ પરમાણુ જરા લાંબા, માથાવાળા જીવડા જેવા હોયછે.

વિર્યશ્રાવને લીધે શરીરને નબળાઈ માલમ પડેછે, મન ચિંતાતુર રહેછે અને તેને કશા કામમાં ગોઠતું નથી. હાથ પગમાં કળતર થાયછે, યાદ શક્તિ કમી પડી જાયછે, છાતીમાં ધબકારો થાયછે, ભૂખ લાગતી નથી, કોઈ કામ સૂઝતું નથી, મસ્તક દુઃખેછે, ચક્કર આવેછે, અને શરીર લેવાતું જાયછે, છેવટ ક્ષય, વાઈ, આંચકી, દિવાનાપણું, વિગેરે ભયંકર રોગ પેદા થાયછે.

ઈલાજઃ—દસ્ત સાફ આવે તથા કરાજવું પડે નહિ એવી સુક્ષ્મ રેચક દવાઓ આપવી રૂબાર્બપીલ, સુનામુખી, ત્રિફળા અથવા કોલોસીંથની ગોળી રાત્રે લેવાથી દસ્ત ઉતરશે. વિષય ઉત્પન્ન કરનાર વાતો અથવા ચોપડીઓ વાંચવી નહીં. ઠંડા પાણીથી સ્નાન કરવું, અથવા દરરોજ થોડી મિનિટ ઠંડા પાણીમાં કમ્મર પર્યંત બેસવું. શરીરને કસરત બરાબર આપવી અને ૭ સાત કલાકથી વધારે ઊંઘવું નહીં. પરણેલા આદમીને વિર્ય શ્રાવ થતો હોય તો તેણે પોતીકી સ્ત્રી સાથે રહેવું. ફાસફરસ, લોહ, ઝેરકોચલાં વિગેરે પૌષ્ટિક દવા લેવી.

નં. ૧. સલફેટ આવ ઝીંક...	ગ્રેન	૧૮	મિશ્ર કરી ૨૪ ગોળી બનાવીને એકેક દિવસમાં બેત્રણ વખત લેવી. અથવા—
એક્ષટ્રાક્ટ આફ્ નક્ષવામીકા...	,,	૯	
હીરાકસી ...	,,	૨૪	
પીલ રૂબાર્બ કંપાઉંડ ...	,,	૧૦	

નં. ૨.	ફાસ્ફેટ આફ આયર્ન	…ગ્રેન ૪૮	મિશ્ર કરી ૨૪ ગોળી બનાવી તેમાંથી સવાર સાંજ એકેકી લેવી.
	ક્વીનાઇન	… … ,, ૨૪	
	એક્સ્ટ્રાક્ટ હાયોસાયમ	… ,, ૬૦	

ફાસફરસની ગોળીઓ તૈયાર આવેછે તે વાપરવી. સ્વપ્નાવસ્થા બહુ થતી હોય તો નીચેની દવા લેવી.

નં. ૩.	એક્ષટ્રાક્ટ બેલાડોના	… ગ્રેન ½	મિશ્ર કરી બે ગોળી કરવી તે સુતી વખતે લેવી.
	કપૂર	… … ,, ૩	
	એક્ષટ્રાક્ટ કોનાયમ	… ,, ૪	

કાડલીવર આઇલ, ઇસ્ટિન્સ સીરપ,વિગેરે બીજી પૌષ્ટિક દવાથી પણ ફાયદો થાયછે.

એખરાની પોટલી દુધમાં ઉકાળીને તે દુધ પીવાથી, દુધની સાથે બદામ અથવા કવચાનાં બી ખાવાથી ઘણી વાર ફાયદો થાયછે. મુગલાઈ બેદાણા ખાવાથી વિર્ય આવ બધ પડેછે.

મધુપ્રમેહ.

(ડાયાબીટીઝ મેલીટસ).

મધુપ્રમેહ એટલે સાકરીઆ પરમીઆનો મરજ થાય ત્યારે પેશાબ ઘણો થાયછે અને તેમાં સાકર જાયછે. સ્વભાવિક રક્તમાં કિંચિત સાકરનો ભાગ હોયછે પણ તે પેશાબમાં નીકળતો નથી. ક્વચિત થોડો વખત પેશાબમાં સાકર જાયછે. હાંફણ, કુકડીયા ખાંસી, ફેફરૂં, ધનુર, અને બીજા મગજના વ્યાધિમાં તેમજ ઘણી સાકર ખાવામાં આવે તો પેશાબમાં જરા સાકર નીકળેછે. મધુપ્રમેહમાં સાકર કેટલીકવાર ઘણી જાયછે. આ સાકર શી રીતે પેદા થાયછે અને કેમ પેસાબમાં નીકળેછે તે,વિશે ખાત્રી લાયક નિશ્ચય થયો નથી. તથાપિ એટલું ચોકસ છે કે કલેજામાં સાકરની જાતિનો પદાર્થ સ્વભાવિક પેદા થયા કરેછે તેમાં વધારો થવાથી પેશાબમાં સાકર નીકળેછે એમ અનુમાન થાયછે.(પૃષ્ટ ૮૦)

કારણઃ—મધુપ્રમેહ થવાનાં ચોકસ કારણો નથી. સાધારણ કેટલાક એમ માનેછે કે પરમીયાનો મરજ જુનો થાય એટલે તેમાંથી મધુપ્રમેહ ઉત્પન્ન થાયછે. આ વિચાર તદન ખોટોછે. પરમીયા અને મધુપ્રમેહ વચ્ચે કાંઇજ સંબંધ નથી. થંડી અને શરદીથી ઘણું પ્રવાહી પીવાથી, દારૂ સાકરાદિ પદાર્થ બહુ ખાવાથી,મનની દીલગીરી, ફિકર,શોક મેજા અને કરોડ રજ્જુના મરજથી મધુપ્રમેહ થાયછે. કેટલાકના વંશમાં આ રોગ ઉતરેછે.

લક્ષણઃ—મધુપ્રમેહવાળા કેટલાકને જલદી સખ્ત ચિન્હ જણાયછે અને શરીર લેવાઈ જાયછે. કેટલાકને ઘણાં વરસ આ મરજ ચાલેછે અને શરીર લેવાતું નથી. કેટલાકને આ દરદ થાય અને મટે એ પ્રમાણે ઉથલા મારેછે.

પેશાબ કરવા ઘણી વખત જવું પડેછે. રાતમાં ઘણી વખત ઉઠવુ પડેછે. કલાક અને બે કલાકે પેશાબ થાયછે. પેશાબ ઘણો ઉતરેછે. પેશાબ ચોવીસ કલાકમાં દસ,વીશ અથવા ત્રીસ શેર અથવા વધારે ઉતરેછે. તેને લીધે કોઈવાર થોડી બળતરા બળેછે અને મૂત્ર માર્ગમાંથી રસી નીકળેછે, અથવા તેના મોઢા ઉપર ચાંદાં પડેછે. પેશાબનો રંગ ફિક્કો

પાણી જેવો હોયછે. તેનો સ્વાદ ગળ્યો હોયછે અને વાસ પણ તેવીજ આવેછે. તેનું વિશિષ્ટ ગુરૂત્વ વધારે હોય છે. તે સુમારે ૧૦૨૦ થી ૧૦૬૦ અંશ પર્યંત હોયછે. જમ્યા પછી અને સાકરાદિ પદાર્થ લીધાથી સાકરનો વધારો માલમ પડેછે. ફક્ત માંસાદિ પદાર્થ ખાવાથી સાકર કમી નીકળેછે. તાવ આવતો હોય તો સાકર કમી નીકળેછે. સાકર ચોવીસ કલાકમાં એક ઔંસાથી બે રતલ પર્યંત નીકળેછે. સાકરની પરીક્ષા પેશાબની પરીક્ષામાં આપ્યા પ્રમાણે કરવી. પેશાબને થોડો વખત રાખ્વાથી તેમાં ફીણ થવા માંડેછે. પેશાબ ઉપર જીવડાં ચડેછે. તે મધુ પ્રમેહનુ સાધારણ પરીક્ષક ચિન્હ છે. તરસ અતિશયલાગેછે અને જેટલું પાણી પીવાયછે તેટલો પેશાબ નીકળે છે. મોઢું, જીભ અને ગળું સુકાયછે. લોહીમાં સાકર હોવાથી તરસ બહુ લાગેછે. ભુખ બહુ લાગેછે. કોઈવાર અરૂચી માલમ પડેછે. જીભ રાતી હોયછે, પેઢાં પોચાં હોયછે, તેમાંથી કોઈવાર લોહી નીકળેછે અને કોઈ વાર દાંત પડી જાયછે. થુંકમાં સાકર હોયછે. અજીર્ણ, વાયુ, ઓડકાર જણાયછે. ઝાડો બહુ કબજ રહેછે. શરીર બહુ દુર્બળ થતું જાયછે. ત્વચા સુજેલી અને ભુખરી જણાય છે. ચહેરો દુઃખદર્શક જણાયછે. દરદીને બહુ નબળાઈ માલમ પડેછે અને મન અગર તનથી કામ કરવાને અભાવ હોયછે. હાથપગમાં કળતર થાયછે. મન ઉદાસ રહેછે, અને સ્વભાવ બદલાઈ જાયછે.

લોહીમાં સાકર હોવાથી તેમાંથી પેદા થતા સર્વ રસમાં સાકરનો અંશ માલમ પડેછે. છેવટ ક્ષયની ઉત્પત્તિ થાયછે. ગુમડાં અને બીજા ત્વચારોગ થાયછે. પાકુ થાયછે, આંખમાં મોતીઆ થાયછે, નબળાઈ વધતી જાયછે, સોજા આવેછે, વખતે આંચકી અને બેશુદ્ધિ થાયછે, મૂત્રપિંડના વ્યાધિ થાયછે અને છેવટ દેહાંત આવેછે.

ઔષધોપાયઃ—ઇલાજ કરવામાં ખોરાક ઉપર ઘણો આધારછે. સાકર તથા સ્ટાર્ચ વાળા પદાર્થનો ત્યાગ કરવો. ફળ, મેવો, મધ, મીઠાઈ, ચોખા, આરોરૂટ અને બટાટા વગેરે પદાર્થ ખાવા નહી. ભાજી, મૂળા, કોબીજ, કારેલા, વગેરે સાકર સ્ટાર્ચ વિનાની વનસ્પતિ ખાવામાં હરકત નથી. ઘઉં બાજરીમાં પણ સ્ટાર્ચનો ભાગછે. ગ્લ્યુટન અને બ્રાનના બીસ્કુટ તૈયાર આવેછે તે જેને ખપે તેને ખાવાને હરકત નથી. દૂધ, મલાઇ, માખણ, ઘી ખાવાને હરકત નથી. માંસાહારીને માંસ ખાવાને હરકત નથી. ક્વેઇ ફક્ત દૂધના આધાર ઉપર રહેછે. દાળ, ચણા અને મગને માટે પણ હરકત નથી.

પાણીની બહુ જરૂર પડેછે. દૂધમાં ચૂનાનું પાણી મેળવી પીવા આપવું. દરદીએ બની શકે તેટલું થોડું પાણી પીવું. બરફ, સોડાવાટર પીવાથી તરસ કમી લાગશે.

દારૂ પીવો નહી અથવા જેમ બને તેમ થોડો પીવો. હવાબદલ કરવો, ગરમ કપડાં પહેરવાં, અને શરીરને જોઇતી સાધારણ કસરત આપવી.

ઔષધિમાં અફીણ વખણાયછે. પેપસીન, સોમલ, ભાંગ, અરગટ, ટિંક્ચર ઓફ સ્ટીલ, આયોડાઇડ અને બ્રોમાઇડ ઓફ પોટાશ્યમ, કવીનાઇન, બેલાડોના વગેરે દવા અપાયછે. તેમનાથી કેટલીકવાર ગુણ પણ થાયછે. તથાપિ મધુપ્રમેહને માટે ચોક્કસ દવા નથી. જે જે લક્ષણ જણાય તેનો ઇલાજ કરવો. સાલીસીલીક આસિડ, ગ્યાલીક

આસિડ અને બેનઝોઇક આસિડ ગુણકારી ગણાયછે. રેથી ઓષધિમાં વંગભસ્મ, ચંદ્રપ્રભા વગેરે અપાયછે.

બહુમૂત્ર.

(ડાયાબીટીઝ ઇનસીપીડસ.)

આ વ્યાધિમાં મધુપ્રમેહ પ્રમાણેજ ચિન્હ હોયછે પણ માત્ર પેશાબમાં સાકર હોતી નથી. પેશાબનો રંગ પાણી જેવો હોયછે અને તેનું વિશિષ્ટ ગુરૂત્વ કમી હોયછે. તે ૧૦૦૦ અગર તેથી થોડા અંશ જાદે હોયછે. આ વ્યાધિનું કારણ બરાબર સમજાતું નથી. નાની તેમજ મોટી ઉમરના આદમીને આ મરજ થાયછે.

ઇલાજ:—અફીણ, કપૂર, વાલેરયન, ટિંક્ચર ઓફ સ્ટીલ, અરગટ, વીજળી વગેરે ઇલાજોથી કેટલીકવાર આરામ થાયછે.

છાતીની પરીક્ષા.

છાતીની પરીક્ષા કરવાથી ફેફસાં અને રકતાશયના દરદોનો નિર્ણય થાયછે. તે માટે છાતી માંહેલા અવયવોના સ્વભાવિક સ્થળનું જ્ઞાન હોવું જોઇએ.


દરદની નિશાનીઓ ઓળખવા પહેલાં સ્વાભાવિક નિશાનીઓ અને ધ્વનિનિ માહીતી હોવી જોઇએ. તેટલા માટે તંદુરસ્ત આદમીની છાતી વારંવાર તપાસી માહીતી મેળવવી જોઇએ. છાતીનો તપાસ કરતાં તેને બરાબર ખુલ્લી કરીને જોવી જોઇએ. છાતીનો આગળનો ભાગ તપાસતાં દરદીએ હાથ લટકતા રાખવા તથા મોઢું જરા ઊંચું અને ખુલ્લું રાખવું. પાછળનો ભાગ તપાસતાં ડોક વાંકી રાખવી તથા હાથ પેટ તરફ રાખવા. બાજુનો તપાસ કરતાં હાથ ઊપર રાખવા. છાતીનો તપાસ ધીરજથી ચોકસ રીતે અને એક નિયમ પ્રમાણે કરવો. ફેફસાનાં બંને તળીયાં તથા શિખરનાઉપર વધારે ધ્યાન આપવું. એક પછી એક એ પ્રમાણે સામસામેના છાતીના બધા ભાગો જોવા. ફેફસાં તપાસ્યા પછી રકતાશયનો તપાસ કરવો. રોગનો નિર્ણય કરવા માટે છાતીનો એકથી વધારે વખત તપાસ કરવાની જરૂર પડેછે. કેટલાક તિક્ષ્ણ રોગમાં નિશાનીઓ રોજ રોજ ફરતી જાય છે.બીજા શરીરના રોગમાં છાતીના અવયવને કાંઇ થાયછે કે કેમ તેનો તપાસ રાખવો પડેછે. ઉધરસથી, ઊંડો દમ લેવાથી,તેમજ ઉમર અને જાતિ તથા છાતીના પિંજરના આકાર પ્રમાણે કેટલાક સ્વભાવિક ફેરફાર થાયછે તે ધ્યાનમાં રાખવો. જેમકે બચ્ચાંનો દમ ઝડપથી ચાલેછે તથા તે વિશેષ જાડો સંભળાય છે.

છાતીના પ્રદેશ:—છાતીની પરીક્ષા કરતાં તેના જુદા જુદા ભાગ બતાવવા માટે તેના ઉપર કલ્પિત લીટીઓથી ભાગ અથવા પ્રદેશ પાડવામાં આવ્યાછે.

છાતીના અગ્ર ભાગમાં આ પ્રમાણે પ્રદેશછે. અ. હાંસડીની ઉપરનો પ્રદેશ (ઉર્ધ્વ


હાંસડી પ્રદેશ). ખ. હાંસડી પ્રદેશ. ક. હાંસડીની નીચેથી ત્રીજા પાંસળા પર્યંત (અધો હાંસ. ડી પ્રદેશ). ડ. ત્રીજા પાંસળાથી છઠા પાંસળા પર્યંત (સ્તન પ્રદેશ). ઈ. છઠા પાંસળાથી ઉપપાંસળાંની કોર પર્યંત (અધોસ્તન પ્રદેશ). દરેક બાજુ ડાબા અને જમણા આવા પાંચ પ્રદેશ ગણવામાં આવેછે. (આકૃતિ ૩૬)

આકૃતિ. ૩૬ છાતી અને પેટના પ્રદેશ



૧ ઉર્ધ્વહાંસડી પ્રદેશ.
૨ અધો હાંસડી પ્રદેશ.
૩ સ્તન પ્રદેશ.
૪ પીપડી.
૫ નાભી પ્રદેશ.
૬ પેડુ.
૭ ખભા.
૮ કાખ પ્રદેશ.
૯ કુખ અથવા અધો કાખ પ્રદેશ.
૧૦ પડખા.
૧૧ વંક્ષણ પ્રદેશ. (ગ્રૅાઇન)

આકૃતિ. ૩૭. પીઠના પ્રદેશ.



૧. ખભાની ઢાલ ઉપરનો પ્રદેશ.
૧૨. ,, ઢાલનો પ્રદેશ.
૧૩. ,, ઢાલનો મધ્ય પ્રદેશ.
૧૪–૧૫. ,, ,, નીચેનો પ્રદેશ.
૧૬. કટિપ્રદેશ. (લંબર રીજ્યન)

છાતીની બાજુએ: ૧. કાખના ખૂણામાંથી છઠ્ઠા પાંસળા પર્યંત (કાખ પ્રદેશ) ૨. છઠ્ઠા પાંસળાથી છેવટ પાંસળા પર્યંત (અધો કાખ પ્રદેશ.)

છાતીની પાછળ (વાંસો): ૧ ખભાની ઢાલ ઉપરનો પ્રદેશ. ૨ ખભાની ઢાલનો પ્રદેશ. ૩ બંને ઢાલની મધ્યનો પ્રદેશ. ૪. દરેક ઢાલની નીચેનો પ્રદેશ. આ રીતે દરેક પાછળની બાજુ એ ચાર પ્રદેશ હોયછે. (આકૃતિ ૩૭)

પરીક્ષાની જુદી જુદી રીતછે તે નિચે આપેલા અનુક્રમ પ્રમાણે કરવી.

૧. અવલોકન પરીક્ષાઃ—છાતીને ખુલ્લી કરીને આગળ પાછળ અને બાજુએથી નીહાળવી. નીહાળવાથી છાતી ઉપર સોજોછે કે કેમ, શીરાઓ ફુલેલીછે કે કેમ, તથા તે ઉપર ચરબી કેટલી છે તે જણાશે. છાતીનો આકાર, પાંસળીઓની દિશા, તેમની મધ્ય જગોની સ્થિતિ, કોઈ બાજુ ઉપસેલીછે કે બેઠેલી છે, ખભા ઊંચોછે કે કેમ, તે માલમ પડશે.

શ્વાસ કેવી ઝડપથી ચાલેછે તે માલમ પડશે. શ્વાસ ઝડપથી ચાલેછે—જેમ પાંડુરોગ, કતાશયના વ્યાધિ, ઘણા ફેફસાના વ્યાધિ જેથી તેને કામ કરવામાં અડચણ આવે છે તેને લીધે શ્વાસ ઉતાવળો ચાલેછે. ક્ષય, વરમ, સસણી, હાંફણ, આચ્છાદનના દરદ, વગેરેમાં દમ ઉતાવળો ચાલેછે. મગજ ઉપર લોહી ચઢવાથી, કેટલાક ઝેરને લીધે અને નીદ્રામાં શ્વાસ કમી ચાલેછે. પેટના અવયવના તીક્ષ્ણ વરમમાં છાતી વધારે ઉછળેછે અને છાતીના અવયવના તીક્ષ્ણ વરમમાં પેટ વધારે ઉછળેછે. અંતર શ્વાસ અને બાહ્યશ્વાસનું જેસ્વભાવિક પ્રમાણછે તે બદલાઈને હાંફણ, ક્ષય, એંફીઝીમા વગેરેમાં લાંબા ટૂંકું થાયછે. કોઈવારે છાતીની એક બાજુ બીજી કરતાં વધારે હાલેછે. જેમકે આચ્છાદનના દરદમાં, કાંઇ દબાણને લીધે તથા તીક્ષ્ણ વરમને લીધે એમ થાયછે. બચ્ચાંને સસણી વગરે દરદ થવાથી છાતી બેડોળ થઈ રહેછે. કોઈવાર છાતી મોટી થઈ રહેછે અને દરદને લીધે કોઈવાર બેશી જાયછે. તેમજ એક બાજુ મોટી થાયછે, અથવા એક બાજુ બેશી જાયછે. આચ્છાદનમાં હવા, પાણી, લોહી ભરાવાથી તેમજ ફેફસું વધવાથી અગર કોઈ ગાંઠને લીધે છાતી મોટી જણાયછે. વળી ક્ષય, અંદર હવા જવાનો આવરોધ તથા આચ્છાદનના વ્યાધિને લીધે છાતી નાની અથવા સંકુચિત થાયછે.

૨. સ્પર્શપરીક્ષાઃ—છાતી ઉપર હાથ લગાડીને તપાસ કરવો. અવલોકનથી માલમ પડે તેની વિશેષ ખાત્રી માટે હાથના સ્પર્શથી તપાસ કરવો. તે સિવાય છાતીમાં વિવિધ ધ્વનિથી હાથને એક પ્રકારનો સ્પર્શાઘાત લાગેછે. છાતી ઉપર તપાસવાને સ્થળે હાથ મૂકવો. ૧ દરદીના બોલવાથી જે કાંઇ હાથને લાગેછે તેને **વાક્સ્પર્શાઘાત** કહેછે. ૨ ઉધરસ કરવાથી જે લાગેછે તેને **ખાંસીસ્પર્શાઘાત** કહેછે. ૩ જ્યારે વાજિત્રવત્ ધ્વની કેટલાક વ્યાધિમાં થાયછે તેને લીધે પણ એક પ્રકારનું હાથને સ્પર્શ જ્ઞાન થાયછે. ૪ છાતીના અંતરપડન બંને બાજુ ઘસાવાથી જે લાગેછે તેને **ઘર્ષણસ્પર્શાઘાત** કહેછે. તે સિવાય કાંઈ પ્રવાહી પ્રત્યાઘાત હોય તોપણ હાથથી માલમ પડેછે. ફેફસાનો વરમ તથા ક્ષય અને બીજી કાંઇ ગાંઠથી ફેફસું દૃઢ થાય તો તેથી વાક્સ્પર્શાઘાત વિશેષ લાગેછે. આચ્છાદનમાં પ્રવાહી અગર હવા ભરાઈ રહેવાથી, ફેફસું બહુ ભરાઈ જવાથી તથા વાયુ નળીનો માર્ગ બંધ થવાથી વાક્સ્પર્શાઘાત કમી અગર કેવળ લાગતો નથી.

૩ માપઃ—છાતીને ફીત વતી માપવાથી તેના આકાર અને કદનો ક્યાસ થાયછે. છાતીનું ગોળ માપ લેવાથી તે નાની છે કે મોટી તે જણાશે. અર્ધગોળ માપ લેવાથી, બંને બાજુમાં શું તફાવત છે તે માલમ પડશે. તેજ રીતે જરૂર હોય તો ઉભું માપ પણ લેઈ શકાય.

આચ્છદનમાં પાણી પરૂ વગરે ભરાવાથી, કાંઈ ગડ અથવા ગ્રંથીને લીધે છાતીનું માપ વધેછે. વળી ક્ષય, જુનો વરમ તથા આચ્છાદના દરદને લીધે છાતી બેશી જાયછે અને માપ કમી થાયછે.

૪ છાતીને ઠોકવાથી કેટલાક વ્યાધિની પરીક્ષા થાયછે. છાતી ઉપર એક હાથનું આંગળુ મૂકી બીજા હાથની બે અથવા ચાર આંગળી તેના ઉપર ઠપકારવી, એટલે સ્વભાવિક સ્થિતિમાં **પોકળ અવાજ** નિકળેછે. ફેફસાની અંદર હવાને લીધે આવો પોકળ અવાજ નીકળેછે. જો ફેફસાના પડની અંદર હવા ભરાઈ રહી હોય તો **ઢોલ જેવો અવાજ** આવેછે. જો કાંઈ ગાંઠને લીધે અગર ક્ષય અને વરમમાં ફેફસું પોકળને બદલે નક્કર થઈ રહેતો **બોદો અવાજ** આવેછે. તેમજ ફેફસાના આચ્છાનમાં લોહી, પરૂ, અથવા પાણી હોય તો કેવળ બોદો અવાજ આવેછે. ક્ષયમાં ફેફસું ખવાઇને પોલું થયું હોય તો ખોખરાઘડા જેવો અવાજ આવેછે, રકતાશયના પ્રદેશમાં બોદો અવાજ આવે છે તેમજ પેટની તરફ કલેજા અગર પ્લીહાની હદ આવે ત્યાંથી બોદો અવાજ નીકળેછે.

પ શ્રવણ પરીક્ષાઃ—છાતી ઉપર કાન ધરવાથી અંદર ચાલતી ક્રિયાના ધ્વનિ સંભળાય છે. કાન લાગલોજ છાતી ઉપર મૂકાય છે અથવા સાંભળવાને માટે નળી હોય છે તે મારફત સંભળાયછે. તેને **શ્રવણ નળી** કહેછે. તે નળી સુમારે પાંચ છ ઈંચ લાંબી હોયછે. તેનો એક છેડો મોટો અને બીજો નાનો હોયછે. મોટા છેડા ઉપર કાન મૂકાયછે અને નાનો છેડો છાતી ઉપર મૂકવામાં આવેછે. છાતીવાળો છેડો બરોબર બેસાડવો અને કાનવાળા છેડા ઉપર કાન બરાબર ચપટ લગાડવો. શ્રવણ કરતી વખત તે નળીને કપડું વગેરે કાંઈ પણ અડવું અગર લાગવું જોઇએ નહી. શ્રવણ નળીના વિવિધ નમુના થાયછે. શ્રવણ કરતી વખતે આસપાસ કોઈ પ્રકારનો ઘોંઘાટ નહી જોઇએ.

શ્રવણ નળીથી સ્વભાવિક અને અસ્વભાવિક ધ્વનિ સંભળાયછે.

અ. ૧ સ્વાભાવિક ધ્વનિમાં પ્રથમ **શ્વાસધ્વનિ** સંભળાયછે. ૨ બોલવાથી સંભળાય છે તેને **વાક્ધ્વનિ** કહેછે. ૩ ઉધરસની સાથે સંભળાયછે તેને **ખાંસીધ્વનિ** કહેછે. વાયુ નળીકા ઉપર સાંભળવાથી મોટો જાડો ધ્વનિ સંભળાયછે. બચ્ચાંનો શ્વાસ સ્વભાવિક જાડો હોયછે અને બાહ્યશ્વાસ લાંબો હોયછે.

બ. અસ્વભાવિક ધ્વનિમાં ઘણા ભેદ હોયછે અને તે ઓળખવા તથા તેની ખરી કીંમત કરવાને ઘણો અનુભવ જોઇએ છીએ.

૧ શ્વાસ ધ્વનિ કમી અથવા મંદ થઈ જાયછે. ફેફસા ઉપર બહારનું અગર અંદરની કોઈ ગ્રંથીનું દબાણ હોય તેથી પૂરતી રીતે ફૂલી ન શકે, વાયુ માર્ગના સંકોચ તથા અડચણને લીધે પૂરતી હવા જઈ શકે નહી, વરમ અથવા ક્ષયને લીધે ફેફસાનો કાંઈ

ભાગ ભરાઈ ગયો હોય, આચ્છાદન પડમાં પાણી, પરૂ આદિનો જમાવ થયો હોય ત્યારે મંદશ્વાસ સંભળાયછે. વ્યાધિના પ્રમાણે આખા ફેફસા ઉપર અગર તેના થોડા પ્રદેશમાં આ પ્રમાણે સંભળાયછે.

૨ શ્વાસધ્વનિ વિશેષ અથવા ઊંચો સંભળાયછે, અને તે બચ્ચાના શ્વાસવત્ લાગેછે. જ્યારે એક ફેફસુ અગર તેનો કાંઈ ભાગ નકામો થઈ પડે ત્યારે બીજા ભાગ અને બીજા ફેફસાને વધારે કામ કરવું પડેછે અને તેથી વિશેષ ઊંચો શ્વાસ સંભળાયછે. ક્ષયમાં, વરમમાં અને આચ્છાદનના વ્યાધિમાં આ પ્રમાણે થાયછે.

૩ શ્વાસ જ્યારે છાતીમાં કાંઈ દરદ થતું હોય ત્યારે છાછરો ચાલેછે. બાહ્યશ્વાસ અંતર શ્વાસ કરતાં ઘણો લાંબો થાયછે. જ્યારે ક્ષય, વરમ વગેરેમાં ફેફસાંનું સ્થિતિસ્થાપકત્વ કમી થાય ત્યારે બાહ્યશ્વાસ લાંબો થાયછે. ફેફસાં બહુ ફૂલી જાય ત્યારે પણ તે લાંબો થાયછે.

૪ શ્વાસ ફૂંકતો, નળીમાંથી હવા જતી હોય તેવો અગર એક ખાલી લોટામાં ફૂંક મારતાં જણાય તેવો જાડો અને ઊંચો સંભળાયછે. જ્યારે કોઈ વાયુ નળી બહુ પહોળી થઇ હોય, ફેફસામાં ક્ષય અગર વરમને લીધે પોલાણ થઈ હોય, અથવા ફેફસું ભરાઈ જઈને છાતીની દીવાલને ચોટેલું હોય તો આવો શ્વાસધ્વનિ સંભળાયછે.

શ્વાસધ્વનિના આવા જુદા જુદા ભેદ ફેફસાના એકજ અગર અનેક ભાગઉપર સંભળાયછે. ઊંડો શ્વાસ લેતાં તથા ખાંસતાં તે વિશેષ સ્પષ્ટ માલમ પડેછે.

અસ્વભાવિક શ્વાસધ્વનિ સિવાય શ્વાસ સાથે અન્ય ધ્વનિ સંભળાયછે. વાયુ નળીકાઓ સંકુચીત થવાથી, તેમાં કાંઇ પદાર્થનો જમાવ થવાથી, નળીઓ તથા ફેફસાની અંદર જાડો પાતળો રસ ભરાઇ રહેવાથી, ફેફસાની પોલાણમાં પરૂ વગેરે હોવાથી, અથવા ફેફસું કઠણ થઇ પાછું પ્રવાહી થતી વખત **અન્ય ધ્વનિ** સંભળાયછે. અન્ય ધ્વનિના જુદા જુદા ભેદ હોયછે.

અ. વાજીત્રધ્વનિ અથવા **સુકાધ્વનિ** વાયુ નળીકા સાંકડી થવાથી ઊત્પન્ન થાય છે. સારંગીના જેમ તાર હોયછે અને તેમાંથી ઊંચાનીચા સુર નીકળેછે તેમ આ ધ્વનિ સંભળાયછે. તેના બે મૂખ્ય ભેદ છે. એક ઘોઘરો અગર જાડો અથવા નીચો સુર હોયછે તે મોટી નળીઓમાંથી નીકળેછે. બીજો તિક્ષ્ણ અગર ઊંચો સુર હોયછે તે નાની નળીઓમાંથી નીકળેછે. દમ અથવા હાંફણ અને સસણીના વ્યાધિથી આવા સુર સંભળાય છે. વાજીત્રધ્વનિ બાહ્ય અને અંતર શ્વાસ સાથે સંભળાયછે. તે પોતાનું સ્થળ વારંવાર બદલેછે.

બ. ભીના અથવા **પરપોટાવત્ ધ્વનિ**:—જ્યારે હવા પ્રવાહી પદાર્થમાં જાયછે ત્યારે તેમાં પરપોટી થઈ ફૂટેછે અને અવાજ થાય તેવા પ્રકારના અન્યધ્વનિ સંભળાય છે.

૧. ફેફસાના વરમમાં આ ધ્વનિ ઘણો સૂક્ષ્મ હોયછે. કાન પાસે વાળનો ગુછો બે આંગળી વચમાં ચોળીયે ને સંભળાય તેવો આ ધ્વનિ હોયછે.

૨. ફેફસાના જળસોથમાં, તથા સસણીમાં જ્યારે મોટી નળીયોમાં કફ ભરાઈ રહે છે તેમાંથી હવા જાય આવે એટલે મોટો અથવા જાડો પરપોટાવત્ અવાજ આવેછે.

૩. ક્ષય તથા વરમને લીધે ફેફસામાં પોલાણ થઈ તેમાં પ્રવાહી હોય તો બહુ મોટો ગળગળ અવાજ સંભળાયછે. ખાંસી અને ઊંડો શ્વાસ લેવાથી આ સર્વ ધ્વનિ જોરથી સ્પષ્ટ સંભળાય છે.

ફેફસાના આચ્છાદનના વરમનો સોજો આવવાથી તથા તેને લીધે થતા ફેરફારથી તેનાં બે પડ સામસામે ઘસાય એટલે અવાજ નીકળેછે,– તેને **ઘર્ષણધ્વનિ** કહેછે. ઘર્ષણ ધ્વનિ ઘણું કરી થોડી જગોમાં સંભળાયછે. ઘણું કરીને સ્તનનીચે, કાખનીચે અગર ખભાની ઢાલ નીચેના પ્રદેશમાં તે સંભળાયછે. તે ઘણું કરી બે ચાર દિવસમાં સંભળાઈ બંધ પડેછે. તે વિશેષ અંતરશ્વાસ સાથે સંભળાયછે.

વાક્‌ધ્વનિ સ્વાભાવિક હોય તે કરતાં મંદ થાયછે, અગર બીલકુલ સંભળાતો નથી. વાયુ નળીકા બંધ પડી હવા ફેફસામાં નહીં જાય, છાતીમાં કોઈ મોટી ગાંઠ થાય, પેટનું કલેજું મોટું થઈ ફેફસાને દાબે, ફેફસું અન્ય પદાર્થથી ભરાઈ જાય, ફેફસાના આચ્છાદનમાં પ્રવાહી અગર હવા ભરાઇ રહે તો વાક્‌ધ્વનિ મંદ સંભળાયછે અથવા કેવળબંધથાયછે.

વાક્‌ધ્વનિ ઊંચો અગર જોરથી સંભળાયછે. જ્યારે ફેફસું ક્ષય તથા વરમ વગેરે દરદમાં થોડું ભરાય તથા જ્યાં વાયુનળી આવી હોય ત્યાં વાક્‌ધ્વનિ વધારે સંભળાયછે.

ફેફસામાં પોલાણ થયું હોય અને તે પોલાણ સપાટીની પાસે હોય તો વાક્‌ધ્વનિ બહુ મોટો સંભળાયછે (પેકટોરીલાકવી.)

કોઈવાર આચ્છાદનમાં પ્રવાહી ભરાઈ રહેછે,ત્યારે ઢાલની નીચેના પ્રદેશમાં વાક્‌ધ્વનિ **બકરૂં બરાડે** તેવો સંભળાયછે. આર અને નળીવતી અથવા "આસ્પીરેટર"ના સાહિત્યથી છાતીના કોઇ કોઇ રોગની પરીક્ષા થાયછે. તેમનાથી અંદરનુ પ્રવાહી બહાર કઢાય છે.

છાતીના સંબંધમાં રક્તાશયની પરીક્ષા પણ આવી જાયછે. રક્તાશય ડાબી બાજુ ત્રીજાથી છઠ્ઠા પાંસળા સુધી ઉરોસ્થિની જોડે આવેલુંછે. રક્તાશયના સ્થળ ઉપર ઠોકવાથી બોદો અવાજ નીકળેછે.

રક્તાશય કેવા જોરથી અને ઝડપથી ચાલે છે, તેનો ધબકારો કયે સ્થળે છે, રક્તાશયનું સ્થળ ઉપડેલું છે કે બેશી ગયુંછે, ગળા માંહેની શીરા અને ધમની કેવી ઉછળેછે, એ અવલોકનથી માલમ પડેછે.

રક્તાશય કોઈવાર ઝડપ અને જોરથી ચાલેછે અને તે ઉછળતું સ્પષ્ટ છાતી ઉપર દેખાયછે. રક્તાશયની વૃદ્ધિ, રક્તાશયનું વિસ્તૃતત્વ,તેના પડદાના વ્યાધિ,તેના આચ્છાદનના વરમ તથા રૂધિરાભિસરણમાં કાંઈ અડચણ હોય તો રક્તાશય જોર અને ઝડપથી ચાલે છે. નબળાઇ, ઘડપણ, રક્તદોષ, મગજના વ્યાધિ, બેશુદ્ધિ અને ઝેર લેવાથી રક્તાશય ધીમું અને મંદ ચાલેછે.

તેનો ધપકારો સ્વભાવિક પાંચમા અને છઠ્ઠા પાંસળા વચ્ચે ડાબા સ્તનથી એક ઈંચ નીચે અંદરની બાજુ માલમ પડેછે. તે ધપકારો ડાબી બાજુ અગર જમણી બાજુ સ્થળાંતરે થાયછે; નીચે અગર ઉપર જણાયછે. આસપાસના અવયવની વૃદ્ધિ અથવા ગાંઠને લીધે રક્તાશયને જે તરફ ખસવું પડેછે તે તરફ ધપકારો પણ હોયછે.રક્તાશયની વૃદ્ધિ

तथा तेना विस्तृत्वने लीधे धपकारो विशेष नीचे अने डाबी तरफ थायछे, तेमज पुष्कळ जगो उपर लागेछे. तेज कारणोने लीधे धपकारो जोरथी लागेछे, जो रक्ताशय नबळुं होय अगर तेना आच्छादनमां जळवृद्धि थई होय तो धपकारो बहु मंद लागे छे.

रक्ताशयनी वृद्धि तथा तेना आच्छादनमां जळवृद्धि थई होय तो रक्ताशय प्रदेश उपडेलो लागेछे. तेना पडना आकर्षणने लीधे ते भाग बेशी जायछे.

रक्ताशयना पडदाना व्याधिअने तेनी पोतानी वृद्धिनेलीधे गळानी शीराओ फुलेली लागेछे तथा धपकारो नीचो उछळेछे. ठोकवाथी रक्ताशय प्रदेशनी वृद्धि अगर न्युनता मालम पडेछे. रक्ताशयवृद्धि, तेनुं विस्तृत्व, तेना आच्छादनमां जळवृद्धिने लीधे तेनो प्रदेश वधेला मालम पडशे. तेमज वळी आसपासना फेफसानी वृद्धिने लीधे रक्ताशय प्रदेश कमी मालम पडशे. आसपासना अवयवनी वृद्धि तथा ग्रंथीने लीधे रक्ताशय स्थळभ्रष्ट थायछे त्यारे ते प्रमाणे तेनो प्रदेश पण स्थळांतर पामे छे.

रक्ताशयना स्वभाविक ध्वनि केटलाक प्रकारना थायछे, ते जोरथी, झडपथी, धीमा, फेरफार, हलका, उंचा संभळायछे. तेमज तेमनी साथे बीजा उपध्वनि उत्पन्न थाय छे.

रक्ताशय ध्वनि रक्ताशयनी वृद्धिने लीधे, तथा पडदाना दरद तथा आच्छादनना वरमने लीधे जोरथी चालेछे. ते व्याधि सिवाय सर्व प्रकारना ज्वर अने फेफसाना व्याधिने लीधे झडपथी चालेछे. रक्ताशयनी वृद्धि तेमज तेना पडनां दरद अने आच्छादनना वरमने लीधे ते जोरथी संभळायछे. तेना पडमां जळवृद्धि होय अगर नबळाई वगरे कारणथी ते धीमा संभळायछे. तेना जे चार द्वार छे ते दरेक स्थळे पडदानो व्याधि थवाथी उपध्वनि पेदा थायछे. तेना आच्छादननो वरम थवाथी घर्षणध्वनि थायछे. पांडु रोगमां रक्तदोषने लीधे उपध्वनि थायछे.

रक्ताशयना व्याधि.

(हार्ट डीझीस)

रक्ताशय तथा तेना अंतर अने बाह्यपडनी व्याधि केटलीक वार जोवामां आवे छे, तेमनो वरम क्वचित जोवामां आवेछे पण घणुं करी रक्ताशयनी अंदरना पडदा-नी व्याधिने लीधे थएलां परिणाम अधिक नजरे पडेछे.

रक्ताशयना बाह्यपडनो वरम. (पेरीकार्डाइटीझ.)

कारणः—घणी वार ते संधिवाने लीधे थाय छे, कोईवार थंडी तथा शरदीथी, मूत्रपिंडना दरदथी, झेरीबाथी, अगर जख्मथी आ व्याधि थइ आवेछे.

चिन्हः—आ प्रमाणे ज्यारे बाह्यपडनो वरम थाय छे त्यारे सख्त ताव आवेछे. छातीमां रक्ताशयने स्थळे दुखे छे, डाबा खभाथी ते डाबा हाथमां चसको मारेछे, रक्ताशय घणा जोसथी चालेछे तेथी छातीमां धबकारो अथवा थडको थाय छे. छाती उछळेछे ते स्पष्ट देखाय छे, नाडी जलद तथा अनियमीत चालेछे, श्वास जलद चाले

છે, ચહેરો ઘણો ફિકરમંદ લાગેછે. ડાબી બાજુપર સૂવાતું નથી. દરદીને ચેન પડતું નથી અને ઘણો ગભરાટ થાય છે. તારબાદ નબળાઇ ઘણી વધી પડેછે. રક્તાશયનું જોર મંદ પડી જાયછે અને નાડી ધીમી તથા ક્ષીણ થઇ જાય છે. વળી કોઈ વાર ભ્રમ થઇ આદમી બેભાન થઇને મરણ પામેછે. પણ ઘણીક વખત આ વરમનાં ચિન્હ હલકાં પડી જાયછે તાવ કમી થઇ રક્તાશય શાંત થઇ જાયછે અને દરદી બચેછે, પણ એ વરમને લીધે બાહ્યપડની અંદર રસ પેદા થાયછે, તેનું શોષણ થઇ સાફ થાય છે અગર તે રસ ઘણો કાળ જળંદરની માફક રેહેછે. આ પ્રમાણે બાહ્યપડનું જળંદર રેહેતો રક્તાશયની ગતિને હરકત પોહોચે છે, તેના અવાજ ઘણા મંદ સંભળાય છે અને છાતીનો ડાબો ભાગ થોડો ઉપસેલો લાગે છે.

જ્યારે બાહ્યપડનો વરમ થાયછે ત્યારે તેની સાથે અંતર પડનો પણ વરમ ઘણું કરી હોય છે. અંતર પડના વરમને લીધે રક્તાશયના પડદાનાં દરદ થાયછે.

જ્યારે આ બેઉ અગર એક પડનો વરમ થયો હોય ત્યારે પ્રથમ કર્ણ નળીથી સાંભળીએ તો "ઘર્ષણધ્વનિ" સંભળાય છે, તથા હાથને પણ લાગે છે. જે રક્તાશયના સ્વભાવિક ધ્વનિ હોયછે તેમની સાથે નવા ઘમણ જેવા અવાજ સાંભળવામાં આવેછે. આંગળીવતે ઠોકી જોતાં રક્તાશયનો પ્રદેશ મોટો માલમ પડેછે.

ઉપાયઃ—છાતી ઉપર રક્તાશયને સ્થળે ગરમ પાણીનો શેક કરવો, અગર અળશીની ગરમ પોટીસો મૂકવી. જે દરદ તથા બેચેનપણું રેહેછે તે માટે અકેક ગ્રેન અફીણ ચાર ચાર કલાકને અંતરે આપવું. રાતને સમયે બાફ આપી શરીરમાંથી ઘામ નીકળે તેમ કરવું. દરદીને બિછાનામાં રાખવો. ઝાડો ઊતારવા માટે જાલપ અગર એપસમ સૉલ્ટનો જુલાબ આપવો અને નીચેની દવા પીવા આપવી.

નં. ૧	કાર્બોનેટ ઓફ પોટાસ	૬૦ ગ્રેન	મિશ્ર કરી $\frac{1}{8}$ દર ત્રણ કલાકે આપવી.
	પાણી	૪ ઔંસ	
	લીકરઆમોની એસેટેટીસ	૨ ,,	

નબળાઈ જણાવા માંડે,નાડી ક્ષીણ લાગવા માંડેતો કાર્બોનેટ ઓફ આમોન્યા આપવો.

નં. ૨	સાલ વોલાટાઈલ	૩ ડ્રામ	મિશ્ર કરી $\frac{1}{8}$ દરત્રણ કલાકે આપવી.
	કાર્બોનેટ ઓફ આમોન્યા	૩૦ ગ્રેન	
	સીંકોનાનો કવાથ	૮ ઔંસ	

ખોરાક સારો આપવો, દૂધ, કાંજી, આરારૂટની ખીર વગેરે આપવાં. બ્રાંડીની સાથે દૂધ મેળવી આપવું.

જ્યારે ફકત જુનું બાહ્યપડનું જળંદર માત્ર રેહે ત્યારે ઘણા દિવસ લગી આયોડાઈડ ઓફ પોટાસ્યમ આપવું. આવા દરદવાળાએ કોઈ જાતનો શ્રમ કરવો નહી.

રક્તાશય વૃદ્ધિ અને વિસ્તૃત્વ.

(હાઇપરટ્રોફી એન્ડ ડાઇલેટેશન ઓફ હાર્ટ.)

રક્તાશય જ્યારે કદમાં વૃદ્ધિ પામે ત્યારે તેને રક્તાશય વૃદ્ધિ કહેછે. રક્તાશયનું મોટું

કદ તેની દીવાલની જાડાઈમાં વધારો થવાથી થાયછે. તેના કદમાં વધારાની સાથે તે કોઈવાર વિસ્તૃત પણ થાયછે. કોઈવાર તેની દિવાલ જાડી થયા સિવાય તે ફકત વિસ્તૃત થાયછે.

કારણઃ—લોહીને ફરવામાં અડચણને લીધે, રક્તાશયના દ્વાર અથવા પડદાના વ્યાધિને લીધે, વિશેષ રક્ત હોવાથી, ઘણો શ્રમ કરવાથી, રક્તાશયના વરમ તથા બીજા દરદથી તેના કદમાં વધારો થાયછે અને તે વિસ્તૃત થાયછે. જમણી કરતાં ડાબી બાજુમાં આ ફેરફાર વિશેષ જોવામાં આવેછે.

ચિન્હઃ—રક્તાશય અને રક્તનળીમાં વિશેષ લોહી રહેછે અને તે વિશેષ થડકેછે. જો વૃદ્ધિ કરતાં વિસ્તૃતત્વ જાસ્તી હોય તો છાતીની થડક વધારે જણાયછે. જરાપણ શ્રમ લેવાથી દમ ચઢેછે, રક્તાશય અને નાડી અનિયમીત ચાલેછે, છાતીમાં દરદ થાયછે. લોહી બરાબર ફરી શકતું નથી અને તે પુરતી રીતે સ્વચ્છ પણ થતું નથી. શીરાઓ ભરેલી માલમ પડેછે. વૃદ્ધિને લીધે રક્તાશય પ્રદેશ ઉપસી આવેછે અને પાંસળી વચ્ચેના માર્ગ મોટા જણાયછે. વિસ્તૃતને લીધે તે ઉપસતો નથી. વૃદ્ધિને લીધે ધપકારો ડાબી તરફ નીચો સ્તનથી પણ બહાર સાતમા આઠમા પાંસળા સુધી જાયછે અને તે જોરથી ઉછળતો લાગેછે. વિસ્તૃતત્વને લીધે ધપકારો નીચે નથી જતો પણ વધારે પસરેછે, અને વિશેષ જમણી તરફ લાગેછે. તે ઘણો ધીમો અને હલકો જણાયછે. કાનમાં અને મસ્તકમાં અવાજ માલમ પડેછે. રક્તાશય પ્રદેશમાં વધારો થાયછે. વૃદ્ધિને લીધે આ પ્રદેશ નીચે ડાબી તરફ વધેછે, અને વિસ્તૃતત્વમાં તે બાજુયે જમણી તરફ વધેછે. વૃદ્ધિ અને વિસ્તૃતત્વ પ્રમાણે રક્તાશયધ્વનિ જોરથી અગર ધીમા સંભળાયછે. તેની સાથે ઉપધ્વનિ ઉત્પન્ન થાયછે. નાડી પણ કઠણ, મોટી અથવા નરમ અને નાની ચાલેછે.

આ વ્યાધિના ઉપાય નીચેના વિષયમાં આપ્યા પ્રમાણે કરવા.

રક્તાશયના પડદાનો વ્યાધી.

(વાલવ્યુલરડીઝીસ)

રક્તાશયની રચના જેણે જોઈ હશે તેને માલમ હશેકે તેની જમણી અને ડાબી એવી બે બાજુ છે. તે દરેક બાજુના બે ખંડ એટલે વિભાગ છે. શરીર માંહેલું બગડેલું લોહી જમણા ઉપલા ખંડમાં આવે છે, તેમાંથી જમણા નીચલા ખંડમાં જાય છે; ત્યાંથી તે લોહી ફેફસામાં જઈને શુદ્ધ થાય છે અને પાછું ડાબા ઉપલા ખંડમાં આવેછે. તેમાંથી ડાબા નીચલા ખંડમાં જઈ, શરીરમાં ફરવા તથા પોષણ કરવા વહેછે. ઉપલા બે ખંડ સંકોચાય છે એટલે તેમાંથી રક્ત નીચલા ખંડમાં વહેછે. ઉપલા તથા નીચલા ખંડની વચમાં પડદા છે, તેને લીધે નીચલા ખંડનું લોહી પાછું ઉપલા ખંડમાં જઈ શકતું નથી. નીચલા ખંડ સંકોચાય એટલે તેમની નળીયોવાટે લોહી શરીરમાં અને ફેફસામાં ફરવા જાયછે. તે નળીયોના મોઢા ઉપર પડદા છે. તે પડદા નળીયોમાંથી લોહી પાછું નીચલા ખાનામાં ન વહે એવો સ્વભાવિક પ્રતિબંધ કરેછે.

આવી લોહીની સ્વભાવિક ગતિ છે તથા આ પડદા તે હેતુ પૂરો પાડવાનાં સાધન છે. પણ કોઈ વખત તેમની અંદર વરમ થવાથી તે પડદા માંહેલો એકાદ અગર વધારે પોતાનું કામ બજાવી શકતો નથી. એકાદ પડદો ચોંટી જાયછે, જાડો થઇ જાયછે, લાંબો ટૂંકો થઈ જાયછે, તેથી લોહી જવા આવવાના માર્ગ ટુંકા અગર મોટા થઈ જાય છે અને તેને લીધે સ્વભાવિક રૂધિરાભિસરણમાં તફાવત પડી જાય છે, અને છેવટ માઠાં પરિણામ નીપજેછે.

વિશેષે કરી આ રીતે ડાબી બાજુના પડદાઓમાં બિગાડ થાયછે. આ પડદાની વ્યાધિને લીધે બે જાતનાં પરિણામ થાયછે. જો એ પડદાની વ્યાધિને લીધે તેમની વચ્ચે નો માર્ગ સાંકડો થઈ જાય તો તેથી લોહીના જવામાં અટકાવ થાયછે અને જો તે માર્ગ પહોળો થઈ જાયછે તો લોહી તે રસ્તે પાછું વહેછે.

હવે એમ ધારો કે "એઓરટા" ના મોઢા આગળના અર્ધચંદ્રાકાર પડદા લોહીને વહેવામાં ગેર રીતનો પ્રતિબંધ કરેછે, તેથી પુરતું લોહી એ ધમનીમાં જઈ શકતું નથી. તેથી ડાબા નીચલા ખંડમાં લોહી બાકી રહી જાયછે. આ અડચણનો બદલો વાળવાને કુદરતી કાયદા પ્રમાણે ડાબી જવનિકા તરફથી લોહીને ધકેલવામાં સ્વાભાવિક કરતાં વિશેષ જોર કરવામાં આવેછે. આ પ્રમાણે કેટલોક વખત થયાથી રકતાશયની ડાબી બાજુ ઘણી જાડી તથા તથા પહોળી થઈ જાયછે, કેમકે જેમ એને વધારે કામ કરવું પડેછે તેના પ્રમાણમાં તેનું પોષણ પણ જાસ્તી ચાલેછે. તેનું જોર વધવાથી ઘણું કરી તે તરફના હૃત્કુક્ષદ્વારનો માર્ગ વિશેષ મોકળો થઇ જાયછે, અને તેથી જવનીકા સંકોચાયછે ત્યારે તેમાંનું કાંઇ રૂધિર પાછું કર્ણિકામાં વહેછે, તેને લીધે ફેફસા માંહેલા લોહીના ફરવામાં અડચણ આવી પડેછે. ફેફસાંથી જમણી તરફ તેની અસર થાયછે અને ત્યાંથી આખા શરીર ઉપર થાયછે. આ રીતે આખા શરીરના રોગનું બી રોપાયછે, તેમાં વધારો થઇ ભયંકર વિવિધ રોગ પેદા થવા માંડેછે.

એ ધમનિના પડદાને બદલે ગમેતો બેઉ ખાનાની વચ્ચેના પદડાને ઠેકાણે દરદ શરૂ થાય તોપણ તેજ રીતે એક ઠેકાણે શરૂ થયા પછી તેમાં વધારો થઈ દરદ આખા શરીરને ઘેરી લેછે, અને મૃત્યુ સિવાય તેમાંથી મુક્તિ થતી નથી.

"સ્ફીગમોગ્રાફ"નામનું યંત્ર રક્તાશયનાં આવાં દરદનું અમુક સ્થળ પીછાનવાને સારી મદદ આપેછે.

• સ્વાભાવિક રકતાશયની ગતિમાં બે ધ્વનિ તથા એક ટુંકો અંતર એટલે વિસામો— એ પ્રમાણે છાતીની અંદર થયા કરેછે, તે શ્રવણનળી વતે સંભળાયછે. તેમને પહેલો ધ્વનિ તથા બીજો ધ્વનિ કહેવાયછે અને તે કેમ પેદા થાયછે તે વિષે બીજી જગોએ લખવામાં આવ્યુંછે. ધમનિના પડદા બંધ થાયછે ત્યારે બીજો ધ્વનિ નીકળેછે, અને ઉપલાનીચલા ખંડ વચેના પડદા બંધ થાયછે ત્યારે પહેલો ધ્વનિ ઉત્પન્ન થાયછે. જ્યારે ઉપર કહ્યા પ્રમાણે પડદાનો વ્યાધિ થાયછે અને રૂધિરની ગતિમાં ફેરફાર થાયછે, ત્યારે આ રક્તાશયના સ્વાભાવિક ધ્વનિ સાથે ધમણના જેવો ફૂકતો અવાજ નીકળેછે. જો આ ધમણના જેવો

અવાજ પહેલા ધ્વનિ સાથે નીકળે અને રકતાશયની નીચલી અણી તરફ સ્પષ્ટપણે સંભળાય તો નીચલા ઉપલા ખાના વચ્ચેના પડદાનું દરદ છે એમ સમજવું. જો બીજા ધ્વનિ સાથે એ અવાજ થાય અને રકતાશયના ઉપલા ભાગમાં સ્પષ્ટ સંભળાયતો ધમનિના પડદાની વ્યાધિ છે એમ સમજવું.

આવો ધમણના જેવો અવાજ પડદાના દરદ સિવાય પાંડુરોગમાં, કોઈવાર ક્ષયમાં અને થડકાના દરદમાં સંભળાય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

આ પડદાના દરદમાં કોઈવાર રકતાશય ઘણું અસાધારણ મોટું થઈ જાયછે, અને તે કેટલું મોટુંછે તે છાતીઉપર ઠોકી જોવાથી તેના બોદાઅવાજને લીધે માલમ પડી આવેછે.

ઉપર કહેલી નિશાની સિવાય પડદાના દરદને લીધે બીજાં કેટલાંએક શરીર ઉપર ચિન્હ જણાયછે તે ટૂંકામાં નીચે પ્રમાણે છે.

છાતીમાં ધબકારો અથવા થડકો થાયછે તે દરદીને માલમ પડેછે. કેટલીકવાર રકતાશય જોસથી ચાલેછે તેને લીધે છાતી ઉછળે છે, તે નજરે જોઈ શકાયછે. ફેફસામાં લોહીનો ભરાવો થવાથી ખાંસી થાયછે, બલગમ પડેછે, કોઈવાર લોહી પડેછે, સસણી અગર ફેફસાનો વરમ થઈ આવેછે. કોઈવાર નાકમાંથી અગર પેટમાંથી લોહી પડેછે. પગે સોજા ચઢી આવેછે,ત્યારબાદ હાથ અને ચહેરાને સોજા આવેછે અને પેટ તથા છાતીનું પણ જળંદર થઈ આવેછે. કલેજું તથા તાપતલ્લી પણ સૂજીને મોટાં થાયછે. ચહેરાનો દેખાવ સૂજેલો ચમત્કારીક થઈ જાયછે. મસ્તક દુખેછે, કાનમાં ઘોંઘાટ થાયછે,ચક્કર આવેછે, મૂરછા આવેછે,ગ્લાની જણાયછે, ઊંઘ બરાબર આવતી નથી, ખરાબ બીહામણાં સ્વપ્નાં આવેછે. દિવસે દિવસે દરદી નબળો પડતો જાયછે. તેને શ્વાસ થાયછે, અને જરા પણ મેહનત કરવાથી અગર એક દાદરો ચડવાથી શ્વાસ ઘણો વધી આવેછે. દરદીની નાડી અનિયમિત અને બેતાલ ચાલેછે અને તે છેવટ બેશુદ્ધ થઇને મરણ પામેછે.

જમણી બાજુના પડદામાં આવો બિગાડ કવચિતજ થાયછે પણ બહુ કરી ડાબી બાજુ તરફ થાયછે. ધમણ જેવો અવાજ રકતાશયના એક અગર બેઉ ધ્વનિ સાથે સંભળાયછે. જો તે હલકો હોય તો આ ધ્વનિ ઓળખી શકાયછે. પણ જો મોટા જુસ્સાથી થતો હોય અને રકતાશયના એકથી વધારે પડદા બગડેલા હોય તો આ રક્તાશયના ધ્વનિ બીલકુલ ઓળખી શકાતા નથી.

ઉપાયઃ—રકતાશયના વ્યાધિવાળાએ તન અને મનની મેહનત ઘણી કરવી નહી, હમેશાં ગરમ કપડાં પહેરવાં, નિયમસર રેહેવું, થંડી શરદીમાં જવું નહી, ખોરાક સારો લેવો તથા દારૂ થોડો પીવો, શરીરમાં તાકાદ રહે તથા લોહી સુધરે તેટલા માટે લોખંડની દવા હમેશાં લેવી.

તે સિવાય જે જે ચિન્હ જણાય તેની દવા કરવી. ફેફસામાં લોહીનો વધારો થવાથી ખાંસી, કફ થયાં હોય તો ખાંસીની આગળ કહીછે તે માંહેલી કોઈ દવા આપવી અને તેની સાથે કાર્બોનેટ આફ આમોન્યા અવશ્ય આપવો.મૂત્રપિંડ,કલેજું,અગર તાપતલ્લી સૂજી આવે અને જળંદર થાય તો તેના ઉપાય જળંદરના વિષયમાં લખ્યા પ્રમાણે કરવા. ઝાડો

થાય, પેશાબ ઉતરે, તથા ધામ નીકળે એવા ઉપાયની યોજના કરવાથી જરૂર [illegible] પડશે. ઝાડો ઉતરવા સારૂ થોડા થોડા દિવસને અંતરે સાધારણ જુલાબ આપવો. એપસમ સૉલ્ટનો જુલાબ ઘણો માફક આવેછે. મૂત્રવૃદ્ધિ કરવા સારૂ ટિંક્ચર સીલા, ડીજીટેલીસ, સુરોખાર તથા પોટાસ અને સોડાના બીજા ક્ષાર આપવામાં આવેછે.

ધામની વૃદ્ધિ માટે હમેશાં ગરમ પાણીથી નાહી શરીર સાફ લુંછી નાખવું. રાત્રે ગરમ હવા અગર પાણીની બાફ આપવી.

જો રક્તાશય ઘણા જોસથી ચાલતું હોય તો તેને નરમ પાડવા ડીજીટેલીસ, હાઇડ્રોસ્યાનીક આસિડ, વછનાગ, બેલાડોના વગેરે આપવાં.

નં. ૧. ટિંક્ચર ડીજીટેલીસ.. ૧૫ ટીપાં.
ટિંક્ચર ઑફ સ્ટીલ...૩૦ ,,
એસેટેટ ઑફ પોટાસ..૯૦ ગ્રેન.
પાણી ... ... ૩ ઔંસ.
} મિશ્ર કરી ૧/૪ દિવસમાં ત્રણ વખત પીવા આપવી, તેથી લોહી સુધરશે તથા પેશાબમાં વધારો થશે.

નં. ૨. ટિંક્ચર ઑફ સીલા ...૩૦ ટીપાં.
કાર્બોનેટ ઑફ આમોન્યા..૧૨ ગ્રેન.
ટિંક્ચર કામ્ફર કોમ્પાઉન્ડ. ૧૧/૨ ડ્રામ.
પોટાસ બાઈ કાર્બોનાસ..૨૦ ગ્રેન.
પાણી ... ... ૩ ઔંસ.
} મિશ્ર કરી ૧/૪ દિવસમાં ત્રણ વખત પાવું. ખાંસી ઉપર સારી અસર કરેછે તથા પેશાબને વધારશે.

નં. ૩. આસિડ હાઇડ્રોસ્યાનીક ...૨૦ ટીપાં.
ટિંક્ચર ડીજીટેલીસ... ...૨૦ ,,
સકસ કોનાયમ ... ... ૨ ડ્રામ.
ટિંક્ચર ઑફ સ્ટીલ ...૪૦ ટીપાં.
પાણી ... ... ૩ ઔંસ.
} મિશ્ર કરી ૧/૪ દર ત્રણ કલાકે આપવું, રક્તાશયની ગતિને નરમ પાડશે.

છાતીનો ધબકારો અથવા થડકો.

(પાલ્પીટેશન.)

આગળ રક્તાશયની વ્યાધિ વિષે કહેવામાં આવ્યું, પણ કેટલીક વખત અજીર્ણ અને એવાં બીજાં કારણોથી છાતીનો થડકો વગેરે ચિન્હ જણાયછે તેથી દરદીને એમ લાગેછે કે છાતીમાં કાંઈ ભયંકર રોગ થયોછે જોકે વાસ્તવિક જોઇએ તો છાતીમાં કાંઇજ રોગ હોતો નથી અને થડકો વગેરે માત્ર બીજી વ્યાધિના લક્ષણ તરીકે છે તોપણ દરદીને એવો ભાસ થાયછે કે છાતીનું કાંઈ મોટું દરદ થયુંછે.

ચિન્હઃ—દરદીને છાતીમાં ફડકો અગર થડકો થાયછે. રક્તાશય ઘણું જલદ ચાલેછે, છાતીમાં ડાબી તરફ દુખેછે અગર ચસકા નીકળેછે, પેટ ઉપર અગર કાલજાને ઠેકાણે હાથ મૂકીયે તો થડકાની સાથે હાથ ઉછળેછે, મસ્તક દુઃખેછે, કાનમાં ધોંઘાટ થાયછે, અને ગળાની અંદર કાંઈ ગોળો આડો આવી શ્વાસ બંધ થઈ જતો હોયતે પ્રમાણે લાગે છે. આવો રોગી હમેશ નિરાશ અવસ્થામાં રહેછે, તેને ઘણી ફિકર લાગેછે, કામ સૂઝતું નથી અને ના હીંમત થઈ જાયછે. ખોરાક બરોબર પાચન થતો નથી, પેટમાં વાયુનું

જોર રહેછે, વખતે ખાટા ઓડકાર આવેછે, છાતીમાં બળેછે, આંખે અંધારાં આવેછે અનેફેર આવેછે. કોઈવાર નાડી ધીમી અગર જલદ ચાલેછે. કોઈવાર ધમણ જેવો અવાજ રક્તાશયના ધ્વનિ સાથે સંભળાયછે અને તેથી વખતે રક્તાશયનું ખરૂં દરદછે કે નહીં તે ઓળખવાને પણ શક ઉત્પન્ન થાયછે.

કારણઃ—આ વ્યાધિ ઘણી વખત "હીસ્ટીરીયા"વાળી ઓરતને થાયછે. ગર્ભાશય તથા "ઓવરી"ની વ્યાધિને લીધે થાય છે. પાંડુરોગથી, અતિ અભ્યાસ કરવાથી, ચિંતાથી, અતિ વ્યભિચારને લીધે, મગજ ખાલી પડી જવાથી,ગાઉટથી, સંધી વાયુથી, કેટલીક પ્રકારના અજીર્ણથી, કલેજાના દરદથી અને ઘણા દારૂ, તમાકુ વગેરે વ્યસન કરવાથી પેદા થાયછે.

ઉપાયઃ—પ્રથમ દરદીને આ રોગનું મૂળ કારણ સમજાવીને હિંમત આપવી, અને તેનું નિરાશપણું દૂર કરવું.ત્યારબાદ જે કાંઇ કારણ માલમ પડી આવે તેના ઉપાયો કરવા. "હીસ્ટીરીયા" હોયતો તેના ઇલાજ કામે લગાડવા, દસ્તાન કમી જાસ્તી હોયતો તેની દુરસ્તી કરવી. પાંડુરોગ હોયતો લોખંડની દવાઓ આપવી. લોખંડની સાથે કોઇનન, સ્ટ્રીક્નીયા વગેરે આપવાં અને તે માટે પાંડુરોગનો વિષય જોવો.

ઝાડો કબજ હોયતો રૂબાર્બ, એળીયો, એપસમસાલ્ટ, સુનામખી વગેરેનો જુલાબ આપવો. ગાઉટને લીધે આ દરદ થાયતો કાલચીકમ તથા બીજા ગાઉટના ઉપાય કરવા. અજીર્ણ તથા ખાટા ઓડકાર હોયતો બીઝમથ,સોડા હાઇડ્રોક્ષ્યાનીક આસિડ વગેરેઆપવાં.

રક્તાશયને નરમ પાડવાસારૂ છાતી ઉપર બેલાડોના અગર અફીણનું પ્લાસ્તર મારવું,તથા હાઇડ્રોક્ષ્યાનીક આસિડ,અફીણ,બેલાડોના,ડીજીટેલીસ,વગેરે દવાપીવા આપવી.

નં. ૧.
- ટિંકચર ડીજીટેલીસ............૬૦ ટીપાં.
- ટિંકચર કારડામમકોમ્પાઉન્ડ......૪ ડ્રામ.
- ડીલ્યુટ હાઇડ્રોક્ષ્યાનીક આસિડ.૩૦ ટીપાં.
- કપૂરેનુંપાણી..................૬ ઔંસ.

મિશ્ર કરી $\frac{1}{2}$ દર ચાર કલાકે આપવું.

નં. ૨.
- લીકર મોર્ફીયા......... ......૪૦ ટીપાં.
- ટિંકચર હાયોસાઇમ......... ૩ ડ્રામ.
- સ્પીરીટ ઓફ ક્લોરોફોર્મ ..... ૨ ટીપાં.
- પાણી.....................$4\frac{1}{2}$ ઔંસ.

મિશ્ર કરી $\frac{1}{2}$ દર ચાર કલાકે આપવું.

આ બેમાંથી એક પણ દવાથી ફાયદો ન થાય તો તેની સાથે કાર્બોનેટ ઓફ આમોન્યા મિશ્ર કરીને આપવો.

સળેખમ.

(કોરાઇઝા.)

સળેખમનો અનુભવ નહિ હોય એવાં થોડાંજ આદમી હશે. સળેખમ થતી વખત બેચેની રહેછે, હાથપગમાં કળતર થાયછે, કમર દુઃખેછે અથવા મસ્તક ભારે થઈ જાય છે; ત્યાર બાદ નાકમાંથી પાણી નીકળવા માંડેછે, આંખમાંથી પાણી નીકળે છે, સાદ

મેશી જાયછે, નાકમાં બળતરા થાયછે તથા તેમાંથી શ્વાસને જવા આવવા હરકત પડેછે, ગળામાં દુખાવો થાયછે, થોડોઘણો તાવ આવે છે, જીભ ઉપર સફેત છારી વળેછે, તરસ લાગેછે, ભૂખ મંદ પડી જાયછે, તથા નાડી જરા ઉતાવળી ચાલેછે.

બે ત્રણ દિવસમાં આ ચિન્હો ઓછાં થઇને સળેખ્મ પાકે તથા મટી જાય, અ-થવા પછી તેમાંથી કફનું જોર વધીને બીજો મોટો વ્યાધિ થાય. સસણીનો રોગ અથવા ફેફસાંનો વરમ થવા પહેલાં પણ કેટલીકવાર આ પ્રમાણે સળેખ્મ થાયછે.

સળેખ્મમાં જેમ શ્વાસ લેતાં અડચણ પડે છે તેમ ખોરાક અગર થુંક ગળવામાં પણ કેટલીકવાર મુશ્કેલી પડેછે. શળેખ્મ ઘણું કરીને શરદીથી થાયછે. વિશેષે કરી હવા માં ઘણો ફેરફાર થવાથી સળેખ્મ થઇ આવેછે. જો શ્રમને લીધે આદમી થાકી ગયો હોય અને અંગ ગરમ હોય તે વખતે થંડી હવા લેતો સળેખ્મને વધારે ઉતેજન મળે છે. કેટલાક આદમીને વારંવાર સળેખ્મ થઈ આવેછે.

ઈલાજઃ—સળેખ્મનો ઉપાય કરાવવા સારૂ કોઈકજ વૈદને ઘેર જવું હશે. બે ત્રણ દિવસમાં તે પોતાની મેળે મટી જાયછે. કોઈ કપાળે તથા નાકે શેક કરેછે. કોઈ ગરમ લવીંગ વાટીને કપાળ ઉપર ભરેછે. ગરમપાણીની અંદર પા કલાક પગ રાખીને તે લોહી-નાખી ડોવર્સ પૌડરના દસ ગ્રેન લેઈ રાતે સુઈ રહેવાથી ફાયદો થશે. ડોવર્સ પોડરને બદલે જેમ્સ પોડર લીધો હોય તો પણ ચાલે. બીજે દિવસે સવારે એક હલકો જુલાબ લીધો હોય તો વધારે સારૂં. ગરમ પાણીનો બાફ લીધાથી, હળદરને બાળી તેનો ધુમાડો લેવાથી પણ ફાયદો થાયછે. નીચેની દવા સુંઘવાથી જલદી આરામ થશે.

નં. ૧ હાઇડ્રોક્લોરેટ ઓફ મોર્ફ્યા...... ....૨ ગ્રેન.
ગુંદરની બારીક ભુકી ....૨ ડ્રામ.
સબનાઇટ્રેટ ઓફ બીઝમથ..................... ...૬ ,,

સર્વે દવાને મિશ્ર કરી તમાકુની માફક સુંઘવી. સલ્ફ્યુરિક ઈથર રૂમાલ ઉર નાંખીને તે સુંઘવો.

પીનસ.

(ઓઝીના.)

નાકની અંદર કોઈ પ્રકારનો સડો પેદા થવાથી તેની અંદરથી પરૂ નીકળેછે તથા વાસ મારેછે તેને પીનસ કહેછે.

ચિન્હઃ—પીનસનાં ચિન્હ એક સરખાં હોતાં નથી. કોઇને ફકત હલકાં ચિન્હ જ-ણાયછે, પ્રથમ સળેખ્મના જેવી નિશાનીઓ જણાયછે, નાકમાં કાંઇ ભરાઈ ગયું હોય તેમ લાગેછે, અને તેમાંથી શ્વાસ બરોબર ચાલતો નથી. તેને લીધે કપાળ દુઃખેછે, મન ચિંતાતુર રહેછે, થોડું ઘણું પરૂ નીકળેછે, અને કોઇવાર તેની સાથે લોહી પણ આવેછે, કોઇને ઘણું પરૂ નીકળે, તેમજ છોડાં નીકળે અને ઘણી વાસ મારે. દરદીના શ્વાસની હવા કોઈવાર તો

એટલી દુર્ગંધ મારેછે કે બિચારો દરદી બીજાની પાસે બેશી પણ શકે નહિ અને તેને પોતાને પણ કંટાળો ઉપજેછે. છોડાં નીકળેછે તે ઘણું કરી અંદર પરૂ સુકાઈ જાય તેનાં પોપડા હોયછે. આવી દશામાં ઘણો વખત દરદી રહેતો તે નિરાશ થઇ જાયછે, તેની તંદુરસ્તી બગડી જાયછે, નાકની અંદરનાં હાડકાં સડી જાયછે અને કોઇવાર નાકનો આગલો ભાગ ખરી પડેછે. કોઇવાર તાળવામાંથી મોઢામાં છિદ્ર પડેછે, અને નાકની અંદર કીડા પડેછે અને વખતે લોહીનો ઘણો સ્રાવ થાયછે.

કારણઃ—ઘણીવાર સળેખમ થઇ આવવાથી વખતે આ દરદનું બી રોપાયછે. નાકમાં કોઈ પદાર્થ જવાથી જેમકે બચ્ચાં કેટલીકવાર પેન્સિલ, કચૂકો, ચણોઠી, વાલ, કાંકરો વગેરે ચીજ ઘાલી દેછે, તે ઘણો વખત અંદર રહેવાથી નાકનો અંદરનો ભાગ સૂજી આવેછે, અને પરૂ થાયછે. તેનો અટકાવ વખતસર નહિ થાય તો પરિણામે પીનસ થાયછે.નાકની અંદર મસ થઇ આવવાથી પરૂ નીકળે અને વાસ મારેછે. કોઈવાર અંદરનાં હાડકાંમાં પ્રથમ સડો પેદા થાયછે. કેટલીકવાર ગરમીના મરજને લીધે પીનસ થાયછે અને તેથી નાક ખરી પડેછે.

ઉપાયઃ—નાકનીઅંદર બરાબર તપાસ કરવો અને પરૂ થવાનું કારણ માલૂમ પડી આવે તે યોગ્ય રીતે દૂર કરવું. જો મસ હોય તો તેનો ઉપાય કરવો. કોઈ પદાર્થ હોય તો કાઢી નાંખવો. પરૂ અંદર ભરાઈ રહેવાથી વધારે ગંધાયછે તથા રોગમાં વધારો થાયછે, માટે નાકમાં દરરોજ પીચકારી મારી ધોઈ સાફ રાખવું. ગરમ પાણીની પીચકારી મારવી અને તે પાણીમાં દર ઔંસે ફટકડી, જસતનાં ફૂલ, પરમાંગનેટ ઓફ પોટાસ, અગર કલોરાઇડ ઓફ ઝીંકનો એક ગ્રેન નાખવાથી દુર્ગંધ દૂર થશે.પરૂને કમી કરવા સારૂ નીચેની દવા દિવસમાં બે ચાર વખત સુંઘવી.

નં. ૨. રેડઓક્ષાઇડ ઓફ મરક્યુરી.........૫ ગ્રેન.	}	બંને વાનાં મિશ્ર કરી સુંઘવાં.
ખાંડ..............................૪ દ્રામ.		

એથી ફાયદો ન થાય તો બિઝમથ અગર કલોરેટ ઓફ પોટાસનો એક દ્રામ તથા સાકર એક ઔંસ એ પ્રમાણે મિશ્ર કરી સુંઘવું. કાર્બોલિક આસિડ અગર નાઇટ્રેટ ઓફ મરક્યુરી ઓઇંટમેન્ટનો એક ભાગ, આઠ ભાગ તાજા ઘી સાથે મેળવી તે સુંઘવું.

તબીયત સુધારવા સારૂ કોડલિવર ઓઇલ,કોઇનિન, બાર્ક, લોખંડ, તથા સારો ખોરાક આપવો. જો ગરમીને લીધે આ દરદ ઉત્પન્ન થયું હોય તો આયોડાઇડ ઓફ પોટ્યમ, સારસા પરીલા, તથા પારાની દવા આપવી. કેટલીકવાર નાકમાં કીડા પડેછે તેને દૂર કરવા સારૂ નીચેની દવા કરવી.

નં. ૩. ટરપેનટાઇન.	}	સમ ભાગે લઇને તેની પીચકારી નાકમાં મારવી.
મીઠું તેલ		

રેડ ઓક્ષાઇડ ઓફ મરક્યુરી અથવા ક્યાલોમેલ સુંઘવાથી કીડા મરી જશે.

નાકમાં મસો.

(પોલીપસ.)

નાકની અંદર શ્લેષ્માવરણમાંથી મસો કેટલીકવાર પેદા થાયછે. મસો એક નસકોરામાં થાયછે, અગર બેઉમાં થાયછે. શરૂઆતમાં નાકમાં કાંઈ હોય તેવો ભાસ થાયછે. જેમ જેમ તે મસો વધેછે તેમ શ્વાસ લેવામાં અડચણ જણાયછે, અને છેવટ નસકોરામાંથી હવાનું આવાગમન તદન બંધ થઈ જાયછે. મસાનું મૂળ જાડું હોયછે અથવા પાતળું હોયછે. તે પાતળું હોય ત્યારે મસો આગળના અગર પાછળના નસકોરાના દ્વાર તરફ ખસે છે તથા અંદર ખેંચાતો અને બહાર આવે તે નજરે પડેછે. વખતે પાછળના નસકોરામાંથી મસો ગળામાં લટકેછે.

ઈલાજ:—શરૂઆતમાં ટાનિક આસિડની ભૂકી સુંઘવી. મસો લાંબો વધે એટલે ચીમટાથી વળ દઈ તેને કાઢી લેવો અથવા કાતરથી કાપી નાંખવો.

સસણી વરાધ.

(એક્યુટબ્રોંકાઇટીઝ.)

વાયુ નળિકાઓનો વરમ થાયછે તેને વરાધ અથવા સસણી કહેછે. તીક્ષ્ણ અને દીર્ઘ એવા બે પ્રકારની સસણી થાયછે.

તીક્ષ્ણ સસણી: કારણ. ૧ શરદી અને ઠંડીને લીધે આ દરદ થાયછે. પરસેવો વળતો હોય ત્યારે પવન ખાવાથી સસણી થાયછે. ભીનાં કપડાં પહેરવાથી અથવા પૂરતાં કપડાં નહિ પહેરવાથી શરદી લાગેછે. ઠંડીમાં હાથપગ ઉઘાડા રાખવાથી શરદી થાયછે. ૨ વાયુ નળિકામાં દરદ થવાથી જેમકે અર્બુદ અથવા ટ્યુબરકલને લીધે વરમ થાયછે, તેમજ બાહ્ય પદાર્થ જેમકે રૂ, ધૂળ, ધાતુનાં રજકણ વગેરે કારખાનામાંથી વાયુનળીમાં દાખલ થવાથી વરમ થાયછે. નઠારી હવા લેવાથી પણ દાહ થાયછે. ૩ જુદા જુદા તાવમાં, નબળાઈ, સંધિવામાં, ફેફસા અને રક્તાશયના વ્યાધિમાં આ દરદ થાયછે. ૪ કોઇવાર ઉડતા રોગની માફક ઘણા લોકને આ વ્યાધિ સાથે થાયછે.

વરમને લીધે નળીઓનું શ્લેષ્માવરણ સુજીને લાલ થાયછે. પ્રથમ કોરૂં પડેછે, પછી તેમાંથી બહુ શ્લેષ્મ વહેછે, તે કફના રૂપમાં બહાર પડેછે. કફ પ્રથમ ફીણવાળા થૂંક જેવો હોયછે, પણ પાછળથી પાકેલો પીળો અથવા પરૂ જેવો નીકળેછે. નળીઓ પોતાના ત્રીજા, ચોથા વિભાગ સુધી સૂજી આવેછે. બેઉ બાજુની નળીઓમાં વરમ ઘણું કરી સાથે થાયછે. સોજાને લીધે તેમજ તેમના સંકોચનને લીધે તથા કફ અંદર ભરાઇ રહેવાથી હવાને જવા આવવા જોઇએ તેટલો માર્ગ મળતો નથી.

લક્ષણ:—જ્વર હોયછે, નાડી જલદ ચાલેછે, પેશાબ લાલ ઉતરેછે, છાતીમાં દુખે છે, શ્વાસ રૂંધાયછે, તથા કફ પડેછે. કેટલીકવાર સળેખમ થઇને આ રોગ શરૂ થાયછે.

ગળુ આવી જાયછે, સ્વર ઘોઘરો થાયછે, ટાઢની સાથે તાવ આવેછે, જ્વર ભ્રમ થાયછે, અથવા બચ્ચાંને આંચકી થઇ આવેછે. ક્ષુધા મંદ, ઝાડો કબજ, અને જીભઉપર છારી હોયછે. પીઠ ઉપર અથવા ઉરોસ્થિ ઉપર દુખેછે. ઉધરસ આવેછે, અને ઉધરસને લીધે છાતીનો દુખાવો વધેછે, તથા પાંસળીઓ દુખી આવેછે, શ્વાસ ઉતાવળો ચાલેછે, છાતી ભીંચાયછે તથા સસણી બોલેછે, સુવાથી ઉધરસ વધેછે, સવારમાં ઉઠતાં પ્રથમ ખાંસી વધારે આવેછે, કફ પ્રથમ ફીણવાળો હોયછે, પછી પાકીને પરૂ જેવો થાયછે, ક્વચીત તેમાં લોહી હોયછે, તે ઘણો ચીકણો હોયછે.

મોટી વાયુ નળિકાના વરમથી ઉપર કહેલાં ચિન્હ જણાયછે. પણ જો બારીક નળીઓનો વરમ થયો હોય તો નીચે પ્રમાણે વધારે સખ્ત ચિન્હ હોયછે.

છાતીમાં દરદ નથી હોતું તોપણ ઉધરસને લીધે પાંસળાં દુખેછે. શ્વાસ બહુ ઉતાવળો ચાલેછે. મિનિટમાં પચાસ અગર વધારે વખત ચાલેછે. તેની સાથે સસણી અગર કફ બોલેછે, દમ ઘણો ચાલેછે, અને સૂવાતું નથી. ઘણા જોરથી ઉધરસ વારંવાર આવે છે, ચીકણો કફ ઘણી મુશ્કેલાઇથી નીકળેછે, જ્વરપણ વધારે હોયછે, અને શરીરે નબળાઈ પણ વધારે હોયછે. સારૂં નહીં થવાનું હોયતો નબળાઈ વધતી જાયછે, કફ નીકળી શકતો નથી, શ્વાસ વધી જાયછે અને શરીર ઠંડુ પડવા માંડેછે.

બચ્ચાં અને ઘરડા આદમીથી કફ નીકળી શકતો નથી, તેથી તેમને આ દરદથી વધારે નુકસાન પહોંચેછે. કેમકે કફ અંદર ભરાઈ રહેવાથી હવા જઈ શકતી નથી.

કોઇવાર કફમાં નળીઓના ઢાળીઆ પડેછે.

બીજી વ્યાધિની સાથે જેમકે સંધિવા, રક્તાશય અને ફેફસાંના દરદ, મૂત્રપિંડના દરદ, તથા ત્વચારોગ સમાઈ જવાથી સસણી થાયછે. ત્યારે આ દરદ વધારે ભયભરેલું થઈ પડે છે. બાહ્ય રજકણોથી સસણી થાયછે, તે વારંવાર ઉથલા મારે છે, અને તેની સાથે જ્વરાદિ સખ્ત ચિન્હ હોતાં નથી. ઉધરસ બહુ આવેછે, અને થોડો કફ પડેછે.

છાતી તપાસવાથી માલમ પડશે કે તે જરા મોટી થયેલી લાગેછે. પાંસળાં અને પેટ બહુ ઉછળેછે. હાથ મૂકવાથી સસણીનો સ્પર્શાઘાત લાગેછે. ઠોકવાથી છાતી પોકળ અવાજ આપેછે. ક્વચિત કફ બહુ ભરાઈ રહે તો કાંઇ બોદો અવાજ નીકળેછે. શ્વાસધ્વનિ જાડો અને ઊંચો સંભળાયછે. બાહ્ય શ્વાસ ઘણો લાંબો માલૂમ પડેછે. સસણીના સૂકા સારંગીવતૂધ્વનિ ઊંચા અને નીચા પ્રકારના સંભળાયછે. કફને લીધે ભીના પરપોટાવત્ ધ્વની પણ સંભળાયછે. એ બેઉ પ્રકારના ધ્વની શ્રવણ નળી શિવાય દૂરથી પણ સંભળાયછે.

સસણી ચાર પાંચ દિવસથી બે ત્રણ અઠવાડીઆં સુધીમાં સારી થાયછે, અથવા આઠ દશ દિવસમાં મૃત્યુ થાયછે. કોઇવાર સારી થઇને ઉથલો મારેછે. સસણી જુની થઇને ઘણા વર્ષ ચાલેછે, અથવા તેમાંથી ક્ષય ઉત્પન્ન થાયછે. નાના બચ્ચાંની છાતીનો આકાર સસણીથી બેડોળ થઈ જાયછે. વરાધથી ઘણાં બચ્ચાં મરેછે.

ઉપાયઃ—દરદીને ઘરની અંદર બિછાનામાં રાખવો. ગરમ કપડાં ઓઢાડવાં તથા પહેરાવવાં. જો સળેખમ થઈ સસણી થઈ હોય તો ખુબ પરસેવો વળે તેવો ઇલાજ કરવો,

જેમકે પાણીમાં થોડી રાઇ નાખીને પાદસ્નાન કરવું. ડોવર્સપાઉડર તેજ વખત આપવો, પછી પુષ્કળ કપડાં ઓરાઢી રાખવાં, છાતીપર રાઇ મૂકવી, અથવા શ્વાસમાં પાણીની વરાળ લેવી.

વરમ અટકાવવાસારૂ ટારટર ઇમેટીક આપવો. ટિંક્ચર ડીજીટેલીસ તથા એકો-નાઇટ આપવાં. વખતે થોડી જળો છાતી ઉપર મૂકવી.

નં. ૧. વાઇન ઓફ એન્ટીમની.....૪૦ ટીપાં. ટિંક્ચરઓફ ડીજીટેલીસ...૨૦ ટીપાં.
સ્પીરીટ આફ નાઇટ્રીક ઇથર...૨ ડ્રામ. ટિંક્ચર ઓફ એકોનાઇટ...૨૦ ,,
પાણી ....૪ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી ¼ દર બે ત્રણ ચાર કલાકે આપવું. નાના બચ્ચાંને તેમાંથી એકથી બે ડ્રામ બે ત્રણ કલાકને અંતરે આપવું.

ખાંસી અને દમને માટે ટિંક્ચર કામ્ફર, કાર્બોનેટ ઓફ આમોન્યા, ટિંક્ચર સીલા, સેનીગા, લોબીલ્યા, સ્પીરીટ કલોરોફોર્મ, ઇથરનાઇટ્રસ, ઇપીકાક્યુઆના વગેરે દવા આપવી.

નં. ૨. લાઇકર આમોનીએસેટેટીસ...૧ ઔંસ. ટિંક્ચર એકોનાઇટ ...૨૦ ટીપાં.
ઇપીકાક્યુઆના વાઇન ...૧ ડ્રામ. ટિંક્ચર કામ્ફર કંપાઉન્ડ.. ૨ ડ્રામ.
પાણી ... ...૩ ઔંસ. ટિંક્ચર સીલા. ... ૧ ,,

ઉપરની દવા મિશ્ર કરી ¼ દર ત્રણ કલાકે આપતા રહેવું. નાના બચ્ચાંને તેમાંથી એકથી બે ત્રણ ડ્રામ આપવાં. કફ નીકળે નહીં તથા તેથી દમ વિશેષ જણાય તો.—

નં. ૩. સ્પીરીટ ઈથર નાઈટ્રાસ...૨ ડ્રામ. આમોન્યા કાર્બોનાસ ...૧૫ ગ્રેન.
સ્પીરીટ ક્લોરોફોર્મ ......૨ ,, એપીકાક્યુઆના વાઈન ... ૧ ડ્રામ.
ટિંક્ચર લોબીલીયા ......૨ ,, પાણી ... ... ૪ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી તેમાંથી ¼ ભાગ દર ત્રણ કલાકે આપવો. નાના બચ્ચાંને ૧ ડ્રામથી ત્રણ ડ્રામ સુધી બે ત્રણ કલાકે આપવા, ઉલટીથી કેટલીકવાર ઘણો ફાયદો થાયછે. વિશેષ કરી બચ્ચાંને ઉલટી અવશ્યછે. કેમકે તેમને ખાંસીથી કફ બહાર કાઢવાનું જ્ઞાન હોતું નથી. અશકત અને ઘરડા આદમીને ઉલટી કરાવવી નહીં. કેમકે તેમનામાં ઉલટીનો શ્રમ સહન કરવાની શક્તિ હોતી નથી.

નં. ૪. ઈપીકાક્યુઆના વાઇન...૪ ડ્રામ. પાણી ... ...૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી પાવું. બચ્ચાંને ½ થી ૧ ડ્રામ વાઈન એપીકાક્યુઆના થોડા પાણી સાથે આપવો. કોઈવાર તેનાથી ઉલટી થતી નથી. ત્યારે એપીકાક્યુઆનાનો ભૂકો ઉમરનાં પ્રમાણમાં ગ્રેન ૨ થી ૨૦ સુધી આપવો. ક્વચીત તેનાથી પણ ઉલટી બચ્ચાંને થતી નથી. તોપણ તે કફ ઉપર સારી અસર કરેછે અને કફને છૂટો પાડેછે. તે સિવાય સલ્ફેટ ઓફ ઝીંક પણ ઉલટીને માટે ઉપયોગમાં આવેછે. ઉધરસ બહુજ હોય તો ક્લોરોફોર્મ, લોબાન, ઈથર, કોનાયમ વગેરેનો નાસ લેવાથી ફાયદો થાય છે.

નં. ૫. લાઇકર મોર્ફ્યા........૩૦ ટીપાં. સ્પીરીટ ઈથર નાઈટ્રસ......૯૦ ટીપાં.
સીરપ ઓફ ટોલુ.....૯૦ ,, પાણી .... ૩ ઔંસ.
ટિંક્ચર એકોનાઈટ ...૧૫ ,,

મિશ્ર કરી ૩ ભાગ મણ કલાકને અંતરે લેવા.

છાતી ઉપર ફરતાં રાઈનાં પ્લાસ્તર, ગરમ પાણીનો અગર ટરપનટાઈનનો શેક અથવા અળશીની પોટીશ મારવાથી ફાયદો થાયછે. કોઈવાર બ્લીસ્ટરથી ફાયદો થાયછે.

સારો ખોરાક આપવો. તેલ, મરચું, આંબલી વગેરે બંધ કરવાં. બહુ તાવ હોય તો ક્વીનાઇન આપવું. નબળાઈ થવા માંડેતો બ્રાંડી આપવો. જઈફ આદમીને સસણી થાયછે ત્યારે તેમને સેનેગા, કાર્બોનેટ ઓફ આમોન્યા, સ્કવીલ, આમોનાયાકમ વગેરે દવા આપવી.

આદમી સારૂં થવા માંડે તેની બહુ સંભાળ રાખવી. નહીં તો દરદ ઉથલો મારેછે. ઠંડી અગર શરદીમાં તેણે બીલકુલ રેહેવું નહી. ફલાનલનાં કપડાં પહેરવાં. કવીનાઈન,લોહ, મીનરલ આસિડ, વગેરે પૌષ્ટિક દવા આપવી.

નં. ૬. કાકડાશીંગ, અતિવિષની કળી, લીંડીપીંપર, મોથ, સમભાગ લઈ તેની મધ સાથે સોગઠી કરવી. તેમાંથી બચ્ચાંની વયના પ્રમાણમાં એક રતીથી બે વાલ પર્યંત દિવસમાં બે વખત આપવી.

નં.૭. સીતાપના પાંદડાં સસણી માટે છોકરાંઓને બહુ અપાયછે. થોડાં પાંદડાં મરીની સાથે વાટીને બે વખત પાવાં તથા છાતી ઉપર ચોપડીને શેક કરવો. મીંઢળના બીથી બચ્ચાંને ઉલટી કરાવવામાં આવે છે. તેમજ સસણી માટે રેવંચીનો શીરો પાવાથી ઉલટી અને જુલાબ થાયછે.

નં. ૮. સુદર્શન ચૂરણ તોલો પા અરડુશીના રસ અર્ધા તોલા સાથે સવાર સાંજ આપવો.

નં. ૯. આનંદ ભૈરવની ગોળી એકેક સવાર સાંજ આપવી.

જુની ખાંસી, જુનોદમ, જુની સસણી.

(ક્રોનીક બ્રોંકાઇટીઝ.)

આ દીર્ઘ સસણી અથવા ખાંસી ઘણીવાર પુખ્ત ઉમરના આદમીને થાયછે, અને કોઇવાર બચ્ચાંને પણ આ રોગ આપોઆપ થાયછે. અગર કેટલીકવાર તીક્ષ્ણ સસણી મટી જઇને તેમાંથી જુની ખાંસી ઉત્પન્ન થાયછે. આ દરદની સાથે તાવ હોતો નથી. પણ કોઈવાર દરદ જોર કરી આવેતો થોડો તાવ થાયછે. રોગ તાજો હોય ત્યારે આ ખાંસી તદન દવાથી કેટલીકવાર મટી જાયછે, પણ બૂઢાં માણસોને છેક મૂળમાંથી છોડતી નથી. છોકરાંને થઈ હોય તો તે જેમ ઉમરે મોટું થાય તેમ તેનું જોર કમતી પડી જાયછે અને છેક મટી પણ જાયછે.

ચિન્હઃ—આ ખાંસી થંડી અને શરદીની રૂતુમાં જોર કરી આવેછે અને કેટલીક વાર પરેહેજીની સંભાળ નહીં રહેવાથી ઉપડી આવેછે. જ્યારે આ પ્રમાણે જોર કરી આવે તે વખતે ઘણી ઉધરસ આવેછે તથા કફ પડેછે. શ્વાસ થઈ આવેછે, છાતીમાં દુખેછે, તથા ગળામાં અને છાતીમાં આગળ કહ્યા પ્રમાણે સારંગીવત્ અને પરપોટાવત્ અવાજ થાયછે. આ પ્રમાણે થયા પછી થોડા દિવસમાં તેનું જોર કમી પડેછે; પણ તે રીતે રૂતુના ફેરફારથી અગર બીજા કારણોથી ફરી ફરી થયા કરેછે.

જ્યારે આવી રીતે તેનું જોર ન હોય ત્યારે પણ થોડી ઘણી ખાંસી હોયછે અને ગળફા પડેછે. વચમાં કેટલોક વખત બીલકુલ ખાંસી બંધ થઈ વળી આવે, અને આ પ્રમાણે ઘણો વખત ચાલેછે. જો કે આ દરદ પોતે આદમીના જાનને નુકશાન પહોંચાડે તેમ નથી તોપણ તે ઘણો કાળ ટકી રેહેવાથી તેની સાથે ફેફસાંના તથા બીજાં દરદો થાયછે, તેથી અંતે નુકશાન કરતા થઈ પડેછે. કોઇવાર તેના બલગમની સાથે લોહી પણ પડેછે. આ રોગમાંથી વખતે ક્ષય રોગ ઉત્પન્ન થઈ આવેછે. કેટલીકવાર ખાંસી આવેછે તેની સાથે ઘણો કફ પડેછે, તે ઘણી વાસ મારેછે. ઘણો બલગમ પડવાથી શરીર ધોવાઈ જાયછે અને જોર કમી પડી જાયછે, તેથી ઝીણો તાવ પણ આવે અને રાત્રે પરસેવો વળે અને એકંદર ક્ષયની માફક ચિન્હો જણાયછે. પણ નળી વતે છાતી તપાસવાથી તથા બીજા સાધનો ઉપરથી ક્ષય રોગછે કે નહીં તે માલમ પડી આવશે. જુની ખાંસીમાંથી કોઇવાર તીક્ષ્ણ સસણી અથવા ફેફસાંના વરમ પણ થઈ આવેછે.

આગળ કહ્યુંછે તે પ્રમાણે આવી ખાંસી બીજાં દરદોની સાથે પણ થઈ આવેછે. જેમકે સંધિવાની સાથે, ગાઉટની સાથે, કેટલાક તાવની સાથે તથા કોઇવાર ગરમીના વિસ્ફોટક સાથે આવી સસણી થાયછે. તે વખતે આ પ્રત્યેક દરદને અનુસરીને તેના ખાસ ઉપાય કરવા જોઇએ. ફકત ખાંસીના ઉપાયો યોજવાથી તેના ઉપર પક્કી અસર થશે નહીં ખાંસી ફકત જે બલગમ છાતીમાં ભરાઈ રેહેછે તેને બહાર કાઢવાનો કુદરતનો પ્રયત્નછે.

ઇલાજઃ—દરદીની તબીયત તથા રોગના જોરના પ્રમાણમાં ઓષધોપાય કરવા જોઇએ. આવા રોગીની છાતી હમેશાં નબળી હોયછે માટે તેમણે હમેશાં થંડી શરદીથી દુર રેહેવું, છાતી ઉપર ફલાલીનનો કબજો રાખવો. કોઈ ખોરા તેલ વાળી ચીજ ખાવી નહીં.

આ દરદ સારૂ દવા લાંબો વખત પીવી જોઇએ, તોજ તેનો ખરો ફાયદો થાયછે. જુની ખાંસી ચાલતી હોય પણ તેનું ઘણું જોર નહીં હોય ત્યારે નીચેની કોઇ પણ દવા જારી રાખવી.

નં. ૧.
સીરપ સીલા....................૪ ડ્રામ
ડીલ્યુટ નાઇટ્રીક આસિડ.. ...૩૦ ટીપાં
સ્પીરીટ ઓફ ક્લોરોફોર્મ ... ૨ ડ્રામ
ટિંક્ચર હાયોસાયમ ....૨ ,,
સીંકોના બાર્કની ચાહા ...... ૬ ઔંસ

(સર્વ દવા મિશ્ર કરી તેનો $\frac{1}{8}$ દરરોજ સવારસાંઝ આપવો અથવા તેને બદલે નીચેની દવા આપવી.)

નં. ૨.
લીકવીડ એક્ષટ્રાકટ ઓફ સારસાપરીલા...... ૪ ડ્રામ.
ટિંક્ચર સીલા..............................૪૦ ટીપાં.
એપીકાકયુઆના વાઇન ....૬૦ ,,

ઉપરની સર્વે દવા મિશ્ર કરીને તેનો $\frac{1}{8}$ દિવસમાં ચાર વખત જવની અથવા જેઠીમધની ચાહા સાથે આપવો. બંને દવાથી ફાયદો ન જણાય તો નીચેની દવા આપવી.

નં. ૩.
એપીકાક્યુઆના વાઇન ...૪૦ ટીપાં.
જ્યુંસ ઑફ હેમલોક......$1\frac{1}{2}$ ડ્રામ.
સ્પીરીટ ઓફ નાઇટ્રીક ઇથર$1\frac{1}{2}$,,
સીરપ હેમીડેસમી...૩ ડ્રામ.
કામ્ફર વાટર ...$4\frac{1}{2}$ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી તેનો ⅛ ભાગ દિવસમાં ત્રણ વખત આપવો. આ દવામાં કામ્ફર વાટરને ઠેકાણે "આમંડ મિક્ષચર" નાંખ્યાં હોય તો વધારે ઠીક તથા સ્વાદીષ્ટ થશે.

જ્યારે ઉધરસ જોર કરી આવે તથા કફનો વધારો થાય ત્યારે આગળ વરાધમાટે દવા કહીછે તે આપવી. કફ નહીં પડતો હોય અને ઉલટીની જરૂર હોય તો એપીકાક્યુઆનાની દવા આપવી. અગર જો રોગ સખ્ત હોય તો તેને આમોન્યાવાળી દવા આપવી, અથવા નીચે પ્રમાણે આપવી.

નં. ૪. એપીકાક્યુઆના પૌડર...૨૦ ગ્રેન.
સોલ વોલાટાઇલ ...... ૧ ડ્રામ
પાણી................. ૧ ઔંસ
} મિશ્ર કરીને પાવું.

આ દવાઓથી કફ ઉલટીની સાથે પડશે. ઉલટી દેવાની જરૂર હોય તો તે દીધા પછી અગર નહીં જરૂર હોય તો પ્રથમથીજ નીચેની દવા શરૂ કરવી.

નં. ૫. ટિંકચર લોબીલ્યા ઇથરીસ...૨ ડ્રામ   એસીટિમ સીલા... ......૨ ડ્રામ
,, કામ્ફર કોમ્પાઉન્ડ...૨ ,,   સેનીગાની ચાહા.........૪ ઔંસ

સર્વે દવા મિશ્ર કરી ⅛ દર ત્રણ કલાકને અંતરે પીવા આપવો તેનાથી ફાયદો ન જણાય તો—

નં. ૬. લીકર મોર્ફીયા ....૪૫ ટીપાં. ટિંકચર સીલા. ૧ ડ્રામ
ટિંક્ચર બેનઝોઇન કોમ્પાઉન્ડ...૧½ ડ્રામ. પાણી ....૩ ઔંસ
,, સ્ટ્રામોની ....૧½ ,,

મિશ્ર કરી ⅛ દર ચાર કલાકને અંતરે પીવા આપવો. તે શિવાય નીચેની ગોળીયો બનાવી રાત્રે સૂતી વખતે એક ગોળી પાણી સાથે ગળી જવી.

નં. ૭. પીલ સીલા કોમ્પાઉન્ડ...... ......૪૮ ગ્રેન.
એક્ષટ્રાક્ટ ઓફ હેમલોક...........૩૬ ,,
} બંનેને મિશ્ર કરી ૧૨ ગોળી બનાવવી.

જે દરદી કમજોર હોય અને બલગમ પડતાં તેને મુશ્કેલી પડતી હોય તો આમોન્યાવાળી દવા આપવી. જેમકે—

નં. ૮. કાર્બોનેટ ઓફ આમોન્યા.....૨૦ ગ્રેન. સ્પીરીટઇથરીસ...૨ ડ્રામ.
ટિંકચર સેનીગા............... ૨ ડ્રામ. પાણી ....૬ ઔંસ.
ટિંકચરકામ્ફર કોમ્પાઉન્ડ...... ૨ ,,

સર્વે દવા મિશ્ર કરી ⅛ દર ત્રણથી ચાર કલાકને અંતરે આપવી.

આ દવાઓ આપવી તેની સાથે સારો ખોરાક આપવો. કોડલીવર ઓઇલ અને દૂધ આપવાં. છાતી ઉપર રાઇનાં પ્લાસ્ટર મારવાં. જરૂર લાગે તો બ્લીસ્તર મારવું. શેક કરવો, અગર ટરપનટાઇન લીનીમેંટ લગાડવો. ગળાની અંદર ખખડાટ ઘણો થતો હોય તો ગરમ પાણીની બાફ લેવી અગર તેની અંદર ટરપનટાઇન નાખી તે બાફ લેવી તેથી ફાયદો થશે. જુની ખાંસી ઉપર નીચેની દેશી દવાઓ અજમાવી જોવી.

નં. ૯. લવીંગ........... ૧ તોલો   બેહેડાં...... ....૩ તોલા
જાયફળ........ ,, ,,   મરી ....૨ ,,
પીપર........... ,, ,,   સુઠ..................૧૬ ,,

ઉપરની સર્વે દવાને એકત્ર કરવી અને તેમની સમાન સાકર અંદર મેળવવી. આ ચૂર્ણ સવાર સાંજ પા તોલો હમેશાં લેવું.

નં. ૧૦. કપુરાદિચૂર્ણઃ—કપૂર, જાયફળ, જાવંત્રી, વાળો, કંકોળ અને લવીંગ એકેક તોલો અને પીપર, સૂંઠ, નાગકેસર, તથા મરી એ દરેક દોઢ તોલો લેવાં. સર્વેનું ચૂર્ણ કરી એકત્ર કરવું. તે ચૂર્ણની સમાન સાકર મેળવવી. તે દરરોજ સવાર સાંઝ પાથી અડધો તોલો ખાવું.

નં. ૧૧. ત્રિજાતાદિ ગોળીયોઃ—તજ, તમાલપત્ર, એળચી એ દરેક અડધો તોલો પીપર ૨ તોલા સાકર, દ્રાક્ષ. જેઠીમધ, ખજુર, એ પ્રત્યેક ચાર તોલા લઈ બારીક ભૂકી કરી તેની મધની સાથે ગોળીયો કરવી. તેમાંથી બે ચાર રોજ ખાવી. નાના બચ્ચાંને અડધી ગોળી દૂધ સાથે પાવી. ખાંસી, દમ તથા મોટી ઉધરસને આ ગોળી ફાયદાકારક છે.

નં. ૧૨. મરી ૧ તોલો. પીપર ૧ તોલો, જવખાર અડધો તોલો, દાડમછાલ બે તોલા. એ સર્વેનું ચૂર્ણ કરી ૮ તોલા ગોળ મેળવી ગોળી કરવી તે, મોઢામાં રાખવાથી ખાંસીને મટાડેછે.

નં. ૧૩. લવીંગ, મરી અને બહેડાંની ભૂકી સમભાગ લેઇને સર્વની સમાન એર-સાર લઈ બાવળના રસમાં ઘૂંટીને ગોળી કરવી તે મોઢામાં રાખવાથી ખાંસીને ફાયદો કરતાછે.

નં. ૧૪. અગ્નીરસઃ—પારો એક તોલો, ગંધક બે તોલા, પીપર ત્રણ તોલા, હરડે ચાર તોલા, બહેડાં પાંચ તોલા, અરડુશી છ તોલા. એ સર્વેને બાવળના પાણીની એકવીસ ભાવના દેવી. માત્રાઃ—તોલો $\frac{1}{4}$ થી $\frac{1}{2}$ મધની સાથે આપવાથી ફાયદો કરેછે.

નં. ૧૫. તામ્રભસ્મ ગ્રેન $\frac{1}{2}$ થી ૧ ઉધરસ માટે મધની સાથે અપાયછે. ખાતી વખત સોમલ પણ અપાયછે. નીચે આપેલી ગોળીઓ ઉધરસને મટાડે છે.

નં. ૧૬ ઘઉનું સત્વ	૪ તોલા.	કડાયો ગુંદ	૨ તોલા.
બાવળનો ગુંદ	૨ ,,	જેઠીમધનો શીરો	૨ ,,
સાકર	૨ ,,	કેશર	$\frac{1}{4}$,,
મરી	$\frac{3}{4}$,,		

તેની ગોળીઓ કરવી. દરેક ગોળી છ ગ્રેનની કરવી, તેને ઉધરસ માટે મોઢામાં રાખવી.

નં. ૧૭. લોબાન	૪ ભાગ.	અફીણ	$\frac{1}{2}$,,
કપૂર	૧ ,,	નવસાર	૨ ,,

તેની મધમાં ગોળી કરવી દરેક ગોળી પાંચ ગ્રેનની કરવી. તેમાંથી દિવસમાં બે ત્રણ વખત લેવી.

નં. ૧૮. લોબાનના ફુલ	૧ રતી.	મધમાં એક ગોળી કરવી. તે દિવસમાં બે ત્રણ વખત લેવી.
અફીણ	$\frac{1}{4}$,,	
કપુર	$\frac{1}{2}$,,	

ફેફસાંનો વરમ.

(ન્યુમોન્યા.)

ફેફસાંનો વરમ જેને દેશી વૈદક શાસ્ત્રમાં સન્નિપાત જ્વર એવી સંજ્ઞા છે

ઘણું સાધારણ વ્યાપક દરદ છે. આ વ્યાધિ બચ્ચાંને તેમ મોટા સર્વ વયના મનુષ્યને થાયછે. આ દરદ થવાથી આદમીનો જાન ઘણા જોખમમાં આવી પડેછે, તથા કેટલાક આદમીનું તેને લીધે મૃત્યુ નીપજે છે. કેટલાક રોગ જે શરીરના અંદરના ભાગમાં થાય છે અને જેની સાથે તાવ એ એક મુખ્ય નીશાની હોય છે તેઓને આપણા દેશી વૈદક-માં જ્વરના વર્ગમાં ગણવામાં આવ્યા છે. તે માંહેલો આ એક ખાસ દાખલો છે. જોકે આ ફેફસામાંનો સોજો અગર વરમ છે અને તેની સાથે ઘણા જોરથી તાવ આવેછે તથા ખાંસી અને ઘણી વાર ભ્રમ પણ થાય છે, માટે તેને "ત્રિદોષ" અગર સન્નીપાત જ્વર ના નામથી તાવના પ્રકરણમાં ગણેલો છે. સન્નિપાતમાંથી સાધારણ અપભ્રંશ સનેપાત થયો, અને હવે આ શબ્દવડે તાવની સાથે ચિત્તભ્રમ થાય એટલે સનેપાત થયો એમ કહેવાય છે.

ચિન્હઃ—ફેફસાંનો વરમ અથવા દાહ પ્રથમ ઘણુંકરી તેના નીચેના ભાગમાં થાયછે. કોઈ વાર ફેફસાંનો થોડો ભાગ સૂજી આવેછે. કોઈવાર આખું ફેફસું સુજી આવે છે અને કોઈ વાર બેઉ ફેફસાંમાં સાથે દાહ થાયછે. જ્યારે થોડા ભાગનો દાહ હોય ત્યારે આ દરદનાં લક્ષણ હલકાં હોય છે, અને વધારે ભાગનો દાહ થાય અગર બેઉ ફેફસામાં થઈ આવે ત્યારે તેનાં ભયંકર ચિન્હ માલમ પડેછે.

આ દરદ શરૂ થતાં સળેખમ થઇ આવે છે અગર જરા તાવ આવેછે અને બે-ચેનપણું રહેછે. આ પ્રમાણે એક બે દિવસ થયા બાદ ટાઢ વાઇને જોરથી તાવ આવે છે, તેની સાથે થોડી અગર ઘણી ખાંસી આવેછે અને થોડો કફ પડેછે. છાતીમાં કોઈ ઠેકાણે દુખેછે, શ્વાસ ઉતાવળો ચાલેછે, નાડી ઘણી જલદ ચાલેછે, અરૂચી થઇ આવે છે, મસ્તક દુખેછે, પેશાબ થોડો થાયછે, તથા લાલ રંગનો હોયછે. દસ્ત સાફ આવતો નથી, દરદી ઘણો નાકૌવત થઇ જાયછે. કેટલીકવાર ભ્રમ થઈ આવેછે અને દરદી બકે છે, અથવા બે ભાન થઇને પડી રહેછે. કોઈ વાર શ્વાસની સાથે છાતીમાં કફ બોલેછે તથા તાંત પણ વાગે છે.

આ તાવ એક સરખો અંગમાં રહેછે, તે દરદનું જોર કમી પડે ત્યાં સુધી ઉતરતો નથી. તાપ ઘણો સખ્ત હોય છે, શરીર ઘણું ગરમ રહેછે અને પ્રથમના પાંચ સાત દિવસમાં ૧૦૪ થી ૧૦૫ અંશ સુધી ગરમી વધી જાયછે. શરૂઆતના દિવસોમાં પરસે-વો આવતો નથી પણ દરદનું જોર કમી થવા આવે ત્યારે પરસેવો કેટલીક વારઆવેછે, અથવા આ દરદનું લંબાણ થાય તથા દરદી બેભાન થઈ પડી રહે ત્યારે પણ ઘામ નીક-ળ્યા કરેછે, તો પણ તાવ ઉતરતો નથી.

જીભ ઉપર પ્રથમ સફેત છારી આવેછે અને જેમ દરદનું જોર વધતું જાય તેમ જીભ સૂકી પડવા માંડેછે અને મોઢામાં અમી રહેતી નથી. કેટલીકવાર જીભ ફાટેછે, તેના ઉપર કાંટા આવેછે, અગર જીભ ઉપર અને હોઠ ઉપરથી કાળાં છાલાં ઉખડે છે, ભુખ બીલકુલ હોતી નથી. તેથી ખોરાક ઘણી વાર પરાણે આપવાની ફરજ પડેછે.

ખાંસી કોઇને ઘણી હોય છે અને કોઇને એટલી તો થોડી હોયછે કે તેને વિષે

આસપાસના આદમીઓનું લક્ષ બીલકુલ ખેંચાતું નથી. બલગમ એટલે કફ પ્રથમ થોડો પડે છે, પણ તે ઘણોજ ચીકણો તથા ફીણવાળો હોય છે. તેમાં કીંચીત લોહીનો અંશ હોય છે તેથી લોઢાના કાટના રંગ જેવો થોડો દેખાવ આપેછે. પાછળથી કફ વધારે પડેછે અને તે આવા રંગનો નહીં હોય પણ પાકીને પીળા રંગનો પડેછે, તો પણ ઘણો ચીકણો હોયછે. છાતીમાં જે બાજુ વરમ થયો હોય તે પડખામાં પ્રથમ થોડું દરદ થાયછે અને તે જગા દરદી બતાવેછે.

શ્વાસો શ્વાસ દર મિનિટમાં સ્વભાવિક ૧૮ વખત ચાલેછે. પણ આ દરદમાં ૩૦ થી ૪૦ અગર વધારે વખત ચાલેછે. તેની સાથે કેટલીક વાર ગળું બોલેછે, તથા નાકનાં ફોરણાં હાલે છે, નાડી ૧૨૦ થી ૧૪૦ વાર અગર વધારે ચાલેછે, પ્રથમ થોડા દિવસ તે જોરમાં ચાલેછે પણ પાછળથી કમજોર તથા ક્ષીણ પડી જાય છે.

આ દરદનું જોર હોય ત્યાં સુધી પેશાબની અંદર મીઠાના વર્ગના ક્ષાર આવતા છેક બંધ પડી જાયછે, અને તે મટવા માંડે તેમ ક્ષાર સ્વભાવિક રીતે પાછા આવવા લાગેછે.

પ્રથમથીજ મસ્તક દુખેછે, તાવ પહેલા આઠ દિવસ ઘણો સખત આવે છે અને પાછો નરમ પડેછે. પણ દરદી ઘણોજ નાકોવત બની જાયછે, તેને બિછાનાની અંદર બેસવાને પણ મદદ જોઇએ છે, તાવમાં દરદી બકેછે, તેની જોવાની, સાંભળવાની તથા સમજવાની ઇંદ્રીઓ મંદ પડી જાયછે. ત્યાર પછી દરદી બચવાનો હોય તો સર્વ લક્ષણ થોડે થોડે સારાં થતાં જાયછે, ભાન આવતું જાયછે, તાવ ઉતરી જાયછે અને તેની સાથે પરસેવો વળેછે, અથવા બેચાર જુલાબ ઉતરેછે અગર ઘણો પેશાબ છૂટી પડે છે. જો દરદનું જોર વધારે હોયતો તાવ ઉતરતો નથી. દરદીની શક્તિ હઠતી જાયછે, તે વધારે બેભાન થાયછે, આદમીને ઓળખી શકતો નથી, ઘણો પરસેવો વળેછે. કોઇવાર ઘણી ગડબડ કરેછે તથા બિછાનામાંથી ઉઠી નાસવા માગેછે. કોઇવાર નાડી ઘણી ક્ષીણ થઈ અને દરદી છેક ગાફલ થઈ ગળાની ઘાંટી મોટા અવાજથી બોલેછે, અને તે પડી રહે છે, તથા છેવટે તે મૃત્યુ શરણ થાયછે. આવી જોખમવાળી તથા નિરાશ અવસ્થામાંથી પણ કોઈ કોઈ સારા થઇને પાછા ઉઠેછે. માટે કદીપણ શરીરમાં પ્રાણ હોય ત્યાંસુધી છેક આશા છોડવી નહિ.

જો આ દરદનું જોર સાધારણ હોયતો દસબાર દિવસ પછી રોગી સારો થવા માંડેછે. જો વધારે જોર હોયતો ચૌદથી એકવીસ દિવસ પછી સારો થાયછે અને કોઇવાર મહીનો અગર છ અઠવાડીયાં સારો થવાને લાગેછે. દરદી મરવાનો હોયતો ઘણું કરી પંદરથી વીસ દિવસની વચમાં મરેછે.

ફેફસાના વરમની સાથે ઘણીવાર સસણીનું દરદપણ હોયછે અને તેને લીધે તાંત ઘણી બોલેછે. કોઇવાર ફેફસાના પડનો વરમપણ સાથે હોયછે અને તેને લીધે શૂળની નિશાની માલમ પડેછે.

આ પ્રમાણે ફેફસાના વરમમાં બહારથી જે ચિન્હો જણાયછે તેનો સારાંશ આપ્યો; હવે છાતીની અંદર ફેફસામાં જે નિશાનીઓ થાયછે અને શ્રવણ નળી વતે સંભળાયછે તે ટુંકામાં નીચે પ્રમાણે હોયછે.

ફેફસું સ્વભાવિક પોકળછે અને તેની અંદર હવા જાય આવે છે. તે એક પ્રકારનો અવાજ આપેછે અને આપણે સાંભળીએ તે દરમીયાન તે આદમી કાંઈ શબ્દ બોલતો તે પણ નળીવતે સંભળાયછે:—હવાથી સંભળાયછે તેને "શ્વાસધ્વનિ" કહેછે અને બોલવાથી સંભળાયછે તેને "વાક્ધ્વનિ" કહેછે. ફેફસાના વરમમાં પ્રથમ સોજો થઇ આવેછે અને પછી તેમાં રસ પેદા થાયછે. તે વખતે નળી મૂકી હોય તો શ્વાસધ્વનિ કમી સંભળાયછે પણ તેને ઠેકાણે ઝીણા પરપોટા થઈ ફૂટતા હોય તેવો ધ્વનિ થાયછે, કારણ કે તે અંદરના પ્રવાહી રસમાં હવા જાય આવેછે તેથી આ પ્રમાણે થાયછે. કેશનો ગુચ્છો બે આંગળાં વચ્ચે કાન આગળ ચોળીયે ને જેવો અવાજ થાયછે તેવોજ આ અંદરનો ધ્વનિ નળીવતે સંભળાયછે. ચાર પાંચ દિવસમાં આ રસ થીજી જાયછે, અને ફેફસાંનો સૂજેલો ભાગ જાણે નક્કર થઈ જાયછે ત્યારે શ્વાસધ્વનિ સંભળાતો નથી, તથા વાક્ધ્વનિ ઉંચો જોરથી સંભળાય છે. દાહ થયેલ સ્થળે છાતી ઠોકવાથી બોદો અવાજ નીકળેછે. બીજા થોડા દિવસમાં પાછો આ રસ પાતળો થઈ સોષાઈ જાયછે, અગર તેનું પરૂ થઈ ફેફસાંનો કાંઈ ભાગ સડી જાયછે. જો કાંઈ ભાગ સડી જાયતો દરદીના શ્વાસની હવા ઘણીજ વાસ મારેછે અને દરદી ઘણું કરી બચતો નથી.

કારણ:—આ રોગ શરદી અને થંડીથી થાયછે. મહેનત કર્યા પછી પરસેવો વળ્યો હોય તેવામાં અંગને પવન ખવરાવ્યાથી, સળેખમ થયું હોય તેની દરકાર કર્યાવિના પવન અને શરદીમાં ફરવાથી, સસણીમાંથી, ઓરી, શીળીના તાવથી, બીજા કેટલાક તાવમાં, થંડી શરદીવાળી જગોમાં સૂવાથી તથા બીજાં કેટલાંક કારણથી આ રોગ થઈ આવેછે.

ઉપાય:—દસ્ત સાફ નહીં આવતો હોયતો એક હલકો જુલાબ આપવો અને પેટ સાફ થયા પછી હેઠળ લખેલી ડાયાફોરેટીક મિક્ષ્ચર આપવી.

નં. ૧. લીકરઆમોની એસેટટીસ... ૧½ ઔંસ. સ્પીરીટ કલોરોફોર્મ.... .૨ ડ્રામ
સ્પીરીટ ઓફ નાઇટ્રીકઇથર...૨ ડ્રામ. ટિંકચર કેમ્ફર કોમ્પાઉન્ડ ૨ ,,
ટિંકચર સીલા............૧ ,, કયામ્ફર વાટર........૪½ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી દર ત્રણ કલાકે ¼ ભાગ આપવો. જો દરદી અંગમાં મજબૂત તથા તરૂણ હોયતો દાહના સ્થળે અર્ધાથી એક ડઝન જળો મૂકવી અથવા બ્લીસ્તર મૂકવું અને નીચેની દવા આપવી.

નં. ૨.	એન્ટીમોન્યલ વાઇન...	...	...૫ થી ૧૦ ટીપાં.
	ટિંકચર એકોનાઇટ...	...	...૨ થી ૫ ,,
	પાણી...	... ...	...૪ ડ્રામ.

સર્વે દવાને મિશ્ર કરી દિવસમાં ચારથી છ વખત આપવી. અંગમાં ગરમ કપડાં રાખવાં, ઘરની બહાર પવનમાં જવું નહીં, હલકો ખોરાક આપવો. ઘણી બેચેની રહે તો રાત્રે સૂતી વખતે પાંચથી આઠ ગ્રેન ડોવર્સ પાઉડરના આપવા.

છાતી અગર પીઠ ઉપર જે ભાગમાં ફેફસાનો સોજો થયો હોય ત્યાં અળસીની ગરમ પોટીસ ચારચાર કલાકને અંતરે મૂકવી. અથવા રાઇનું પ્લાસ્તર અર્ધોકલાક રાખવું. અથવા ગરમ પાણીનો શેક સવાર સાંઝ ટરપનટાઇન લગાડી બે વખત કરવો.

આ રોગમાં શક્તિ જલદી જતી રહેછે, માટે ખોરાકથી તેમજ દવાથી તાકાદ રહે એવા ઇલાજ કરવા. ખોરાક હલકો પણ સારો આપવો. દૂધ આપવા બીલકુલ આંચકો ખાવો નહિ. દરદીને દિવસ રાત પીઠ ઉપર પડી રહેવા દેવો નહિ. બાજુપર તથા પેટપર સૂએ તોપણ ઠીક, કેમકે ઘણું કરીને પછવાડેના ફેફસાનો ભાગ સૂજી આવેછે અને પીઠ ઉપર પડી રહેવાથી તેમાં લોહીનો જમાવ વિશેષ થાયછે.

નીચેની દવાઓ જેમાં આમોન્યા આવેછે તેનાથી શરીરમાં પણ કાંટો આવશે, તેમજ કફપણ છૂટો જલદી પડશે.

નં. ૩. સોલવોલાટાઇલ...૩ ડ્રામ. સ્પીરીટઓફ નાઇટ્રીક ઇથર...૩ ડ્રામ.
ટિંકચર સીલા ...૧ ,, એપીકાક્યુઆના વાઇન ...૧ ,,
કામ્ફર વાટર ...૪ ઔંસ. ટિંકચર સેનીગા........... ૨ ,,

સર્વે દવાને મિશ્ર કરી ¼ દિવસમાં ચાર વખત આપવો. અથવાઃ—

નં. ૪. કાર્બોનેટ ઓફ આમોન્યા	......૨૦ ગ્રેન.	સર્વે દવાને મિશ્ર કરી દિવસમાં એકેક ઔંસ ચાર વખત આપવું.
ટિંકચર સીલા	.......૪૦ ટીપાં	
ટિંકચર એકોનાઇટ	.......૨૦ ,,	
ટિંકચર કયામ્ફર કોમ્પાઉન્ડ	... ૨ ડ્રામ.	
કપૂરનું પાણી	.......૪ ઔંસ.	

આ દવા આપવી તેજ વખતે દરદના પ્રમાણમાં બ્રાંડી અર્ધો ઔંસ તેટલાજ પાણી સાથે દિવસમાં ચાર વખત આપવી. અથવા "બ્રાંડી મિક્ષ્ચર" એકેક ઔંસ ચાર વખત આપવું. જેમ દરદીની નબળાઈ વધી જાય, તે બેભાન થાય તથા ભ્રમીષ્ટ થાય, નાડી ક્ષીણ પડતી આવે તેમ બ્રાંડી વધારે આપવી.દિવસમાં છ ઔંસ અગર તેથી પણ વધારે આપવી. બ્રાંડી,પાણી સાથે ન આપતાં દૂધ સાથે આપવી. ઉપર આમોન્યાની દવા લખીછે તેમાં ચાર વખતની દવાછે તેને દોઢી કરી દિવસમાં છ વખત આપવી. આમોન્યા વધારે આપવાથી કોઇવાર જુલાબ થવા માંડેછે અને તેમ થાય તો તેને કમી કરવો અગર છેક બંધ કરવો. જ્યારે દરદીને આરામ થવા માંડે, તાવ કમી પડી જાય, તથા હુંશીઆરી આવવા લાગે તો એ દવાઓ બંધ કરી ફક્ત પોર્ટવાઇન દિવસમાં બે ત્રણ વખત જમવાની પહેલાં આપવો,તથા ખાંસીને માટે થોડો કફમિક્ષ્ચર આપવો, અથવા નીચેની દવા શરૂ કરવી.

નં. ૫. ટિંકચર સીંકોના કોમ્પાઉન્ડ......૨ ડ્રામ. સ્પીરીટ ક્લોરોફોર્મ...૨ ડ્રામ.
ડી. નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ.૨૦ ટીપાં. કરીઆતાની ચાહા. ૪½ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી દિવસમાં ¼ ત્રણ વખત આપવી, અગર તેને બદલે લોખંડની કોઇ દવા આપવી. સરાસરી જેમ શક્તિ આવે તથા ખોરાક પાચન થાય તેવા ઉપાયો હાથમાં લીધાથી ફેફસું દુરસ્ત થઈ જશે તથા દરદી સારો થતો આવશે.

દેશી દવાઓમાં સન્નીપાત માટે નીચેની ઔષધિ પ્રખ્યાત છે.

નં. ૬. આકડાનું મૂળ,ધમાસો,કરીયાતું, દેવદાર, રાસ્ના, નગોડનાં પાન,વજ, અરણીનું મૂળ, સરગવાની છાલ, પીપર, પીપરીમૂળ, ચવક, સોનક, સૂંઠ, અતિવિષ, અને ભાંગરો

સમભાગ એકેક તોલો લઈ તેનાં ચાર પડીકાં કરવાં તથા દરરોજ એક પડીકાને દોઢ શેર પાણીમાં ઉકાળવું, તેનું ⅟ પાણી રહે એટલે તેને સાંજ સવાર પાવું.

નં. ૭. દેવદાર, સૂંઠ, કરીયાતું, ધાણા, અંદરજવ, કડું, ગજપીપર, દશમૂળ, નાગરમોથ એ સર્વેનો એકેક તોલો લઈ તેમની સમાન દશમૂળ લેવાં તેની ચાર પડીકી કરી ઉપર કહ્યા પ્રમાણે કવાથ કરી પાવો.

નં. ૮. દ્રાખ, દેવદાર, કડુ, નાગરમોથ, આમળાં, ગળો, હરડે, ગરમાળો, કરીયાતુ, પીત્તપાપડો—એકેક તોલો લઈ બે પડીકી કરી એકેક પડીકી દરરોજ દોઢ શેર પાણીમાં ઉકાળી ⅟ ઉતારી સવાર સાંજ પાવું.

ફેફસાંના પડનો વરમ.

(પ્લુરસી).

છાતીની અંદર તથા ફેફસાંની આસપાસ જે આચ્છાદનછે તેને "પ્લુરા" કહેછે, અને તેને કોઇ વખત વરમ થઇ આવેછે. કોઈવાર બેઉ બાજુએ સાથે આ વરમ થઇ આવેછે પણ ઘણીવાર એકજ બાજુએ થાયછે.

કારણઃ—આ વરમ થઇ આવવાનાં કારણ ઘણાં હોયછે. થંડી તથા શરદીથી, ભીનાં કપડાં પહેરીને સૂવાથી, તથા ખુલ્લા અંગે પવન લેવાથી, આદમીની તબીયત પ્રથમના કોઈ વિકારથી નબળી થઇ રહી હોય, તો આ રોગ થઇ આવેછે. છાતી ઉપર કાનસર થયું હોય તેને લીધે, જારી તાવમાં, ઓરી શીળીના તાવમાં, મૂત્રપિંડના વ્યાધિમાં, કલેજાના દરદમાં, તથા બીજા રોગોની સાથે વખતે આ દરદ થઇ આવેછે. છાતીનો જખમ લાગવાથી અગર માર લાગવાથી અને પાંસળી ભાગવાથી પણ આ વરમ થઈ આવે છે.

ચિન્હઃ—આ વરમ શરૂ થતાં થોડી થંડી લાગી તાવ આવેછે અને પછી છાતીમાં કોઇ ઠેકાણે શૂળ આવવા માંડેછે. આ શૂળ ઘણું કરી છાતીના પડએ નીચલા ભાગમાં આવેછે, અને તે ઊંડો શ્વાસ ખેંચવાથી, તથા ઊધરસ ખાધાથી, દાબવાથી અને દુખતું હોય તે બાજુએ સૂવાથી અતિશય લાગેછે. જાણે અંદરથી કોઇ સોય ભોકતું હોય અગર ભાલો લાગતો હોય તે મિશાલે આ દરદ થાયછે. તેની સાથે થોડી સૂકી ખાંસી હોય છે. અંગ ગરમ હોયછે, પરસેવો હોતો નથી, નાડી જલદ ચાલેછે, શ્વાસોશ્વાસ પણ ઉતાવળે ચાલે છે. દરદી ફીકરમંદ તથા બેચેન રહેછે અને પેશાબ થોડો તથા લાલ રંગનો ઉતરે છે.

શૂળ આવે તે જગાએ નળી મૂકી તપાસીએ તો બે પડ સામસામે ઘસાય ને શબ્દ થાય તેવો "ઘર્ષણ શબ્દ" સંભળાયછે. તેમજ તે જગા ઉપર હાથ મૂકી જોવાથી હાથને પણ લાગેછે, કેમકે સૂજી આવેલાં પ્લુરાના સામસામેનાં પડ એકએક સાથે શ્વાસોશ્વાસને લીધે ઘસાયછે. એક બે અથવા વધારે દિવસમાં આ ઘર્ષણ શબ્દ બંધ પડેછે, તાવનું જોર કમી થાયછે અને દરદીને થોડી શાંતિ થાયછે.

આ સોજો મટીને દરદીને થોડા દિવસમાં છેક શાંતિ થાયછે, અને પ્લ્યુરા પોતાની પૂર્વ સ્થિતિએ પહોંચેછે, અગર પ્લ્યુરાના સામસામેનાં પડ એક બીજા સાથે ચોંટી જાયછે, અગર તે વરમને લીધે પાણી જેવા રસ પેદા થાયછે તેનાથી તે બેઉ પડની વચ્ચેનો માર્ગ ભરાઇ જાયછે. તેથી છાતી ઉપસી આવેછે તેને "છાતીનું જળંદર" કહે છે.

છાતીના જળંદરમાં રસ થોડો અથવા ઘણો હોયછે. આ રસને લીધે ફેફસાં ઉપર દબાણ થાયછે, તેથી એમાં હવા પૂર્ણ રીતે દાખલ થઇ શકતી નથી. તેને લીધે શ્વાસ પેદા થાયછે, તે બાજુની છાતી ઉપસી આવેછે, અને બીજી સારી બાજુ કરતાં મોટી લાગે છે. એ બેઉ બાજુ માપી જોવાથી સહજ માલૂમ પડી આવશે. જળંદરવાળી બાજુ આંગળી વતે ઠોકી જોવાથી બોદો અવાજ નીકળશે. શ્વાસોશ્વાસનો અવાજ સંભળાશે નહિ. વાક્‌ધ્વનિ હાથને લાગશે નહિં તથા કાનને કોઇ કોઇવાર તે બકરાના બરાડવા જેવો લાગે છે. કેટલાંક અઠવાડિયાં અથવા મહીના સુધી આવાં ચિન્હ રહેછે અને પછી તે જળંદર પોતાની મેળે મટી જાયછે, તો તે ચિન્હ બંધ થઈ જાયછે, અને જો જળંદરમાં વધારો થાય તો આ ચિન્હોમાં તેમજ દરદીની પીડામાં પણ વધારો થાયછે. તે રસનો કેટલીકવાર પરૂ જેવો પ્રવાહી થઈ જાયછે. કોઈવાર આ પ્લ્યુરાની અંદર હવા ભરાઈ જાય છે. આ હવા બહારનો જખ્મ થયો હોય તે મારફત આવેછે, અગર ફેફસાંમાં કાંઈ છિદ્ર થવાથી તે મારફત આવેછે.

ઔષધોપાયઃ—પ્રથમ આ દરદના વરમને મટાડવો જોઇએ, અને પછી જળંદર વગેરે જે કાંઈ થાય તેના ઉપાય કરવા. છાતીની આસપાસ જરા તાર્પીનને ફલાલીન વીંટી રાખવી એટલે શૂળ નરમ પડશે. તે જગાએ વધારે દરદ હોયતો રૂમડી મૂકીને લોહી કાઢવું, અગર પાંચ દસ જળો મૂકીને લોહી કાઢવું. ત્યારબાદ અળશીની ગરમ પોટીસ મારવી અગર ગરમ પાણીનો શેક કરવો. દસ્ત સાફ આવવા સારૂ એક જુલાબ દરદીના કૌવત પ્રમાણે આપવો અને નીચેની દવા પીવા આપવી.

નં. ૧. સાઇટ્રેટ ઓફ પોટાસ	......૩૦ ગ્રેન.	સ્પીરીટ ક્લોરોફોર્મ	..... ૨ ડ્રામ.
લિકર આમોની એસેટેટીસ.	૧૨ ડ્રામ.	ટિંક્ચર એકોનાઇટ	... ૨૦ ટીપાં.
સાલ વોલાટાઇલ	.... ૧½ ,,	પાણી	..................૩ ઔંસ.

મિશ્ર કરી ⅛ ભાગ દિવસમાં ત્રણ વખ્ત પીવા આપવો. ઊંઘ આવવા સારૂ ડોવસંપોડર દસ ગ્રેન રાત્રે પાણી સાથે આપવો.

આવા ઉપાયોથી વરમ મટી જશે. ત્યારપછી જો છાતીનું જળંદર થાય તો થોડાથોડા દિવસને અંતરે જે બાજુનું જળંદર હોય તે બાજુ બ્લિસ્તર મારવાં. આયોડાઈડ ઓફ પોટાશ્યમ પીવા આપવું. દરદી અશક્ત હોય તો કોડલીવર ઓઇલ અગર આયોડાઇડ ઓફ આયર્ન પીવા આપવું. તે ઘણા દિવસ ચાલુ રાખવાથી જળંદર ઘણું કરી મટી જશે. પણ જો તેવા ઉપાયથી મટે નહિ, છાતી સારી પેઠે ઉપસેલી હોય તથા અંદરના પ્રવાહીને લીધે શ્વાસ ઘણો ચાલતો હોય તો છાતીની બાજુપર પાંચમી અને છઠ્ઠી અગર સાતમી પાંસળીની વચમાં છેદ મૂકીને અંદરના પ્રવાહીને બહાર કાઢવાની જરૂર

પડેછે. ચપ્પુથી અથવા આર અને નળીથી છેદ મૂકવામાં આવે છે. "આસ્પિરેટર" એટલે શોષક યંત્રથી પણ જળદરનો પ્રવાહી ખેંચી લેવામાં આવેછે. આ પ્રવાહીના દબાણથી ફેફસું બેશી ગયેલું હોયછે તે પાછું પ્રફુલ્લિત થઈ પોતાનું કામ બજાવેછે. પણ જો ઘણો કાળ તેના ઉપર દબાણ રહ્યું હોય તો તે પાછું પોતાની પૂર્વસ્થિતિ ધારણ કરતું નથી.

ક્ષય, ખય.

(કંઝંપશન).

ક્ષય ખય અથવા એનરોગ એ ફેફસાંનું દરદ છે. છાતી માહેના એક અગર બેઉ ફેફસાંમાં આ દરદ થાયછે. ફેફસાં સ્વભાવિક રીતે પોકળ હોયછે અને તેની અંદર હવા જાય આવેછે. કેટલાંક કારણને લીધે આ પોકળ ફેફસાંમાં ભિન્ન પ્રકારનો પદાર્થ ઉત્પન્ન થાય છે, તેને લીધે ફેફસાંની આસપાસના ભાગમાં સોજો થઈ આવેછે. તે પદાર્થ સડવા માંડેછે, અને પરૂ થાયછે, તે બલગમના રૂપમાં બહાર પડેછે, અને તેની સાથે ખાંસી, તાવ, દુર્બળતા વગેરે ચિન્હ થાયછે, તેને ક્ષયનો રોગ કહેછે. ક્ષય એટલે નાશ, એ રોગ પોતાના અર્થ પ્રમાણે જેને થાયછે તેમાંના ઘણાખરાનો નાશ કરેછે.

ચિન્હઃ—ક્ષય રોગ બે પ્રકારનો છે. એક **તીક્ષ્ણક્ષય** અને બીજો **દીર્ઘક્ષય.** તિક્ષ્ણક્ષય રોગ કવચિત જોવામાં આવેછે, પણ દીર્ઘક્ષય ઘણો સાધારણ છે.

દીર્ઘક્ષયઃ—દીર્ઘક્ષય અગર જેને સાધારણ ક્ષય અથવા એનનો રોગ કહે છે તેનાં મુખ્ય લક્ષણમાં પ્રથમ ખાંસી આવેછે અને તેનું જોર આસ્તે આસ્તે વધતું જાય છે. કફ એટલે બલગમ પડેછે, કેટલીકવાર લોહી પડેછે, ભૂખ મંદ પડી જાય છે, તથા પેટમાં અજીર્ણનાં ચિન્હ માલૂમ પડેછે, નાડી જલદ ચાલેછે, દિવસે દિવસે શક્તિ ઘટતી જાય છે, આદમી ગળતો જાયછે, વત્તો ઓછો તાવ આવેછે, શ્વાસ ઉતાવળો ચાલેછે, પરસેવા થાયછે અને કેટલીકવાર જુલાબ ઉતરેછે. કોઈ કોઇવાર ક્ષયરોગીનો અવાજ બેશી જાયછે, અગર ખોખરો થઈ જાયછે, ઘણાના દાંતના પેઢાની કોર ઉપર લાલ રંગની લીટી જોવામાં આવેછે. કેટલીકવાર ગળાની હાંસડી નીચે અગર છાતીના હરકોઈ બીજા ભાગમાં દુખેછે અથવા બળતરા થાયછે. કોઇને ક્ષયરોગની સાથે ભગંદરનો વ્યાધિ થઈ આવે છે અને તે પીડામાં ઉમેરો કરેછે.

ક્ષયનો રોગ શરૂ થતાં ખાંસી થવા માંડેછે. ખાંસી કોઇને કેટલોક વખત સુધી સુકી આવેછે અને પછી બલગમ પડવા માંડેછે, તથા કોઇને મૂળથીજ ખાંસીની સાથે થોડો ફીણવાળો કફ પડેછે. કોઇને ખાંસી ઘણા જોરથી આવેછે, તેથી રોગીનાં પાંસળાં તથા પેટ પણ દુખેછે, અને કોઇને ખાંસી હલકી હોયછે. જેમ રોગનું પ્રબળ વધેછે તેમ ખાંસીમાં વધારો થતો જાયછે, અને પ્રથમ સૂકી ખાંસી હોયછે તેને બદલે હવે પાકેલા પીળા કફના ગળફા પડવા માંડેછે. રાત્રે ખાંસીનું જોર જાસ્તી જણાયછે, તેને લીધે કેટલીકવાર ઊંઘ પણ આવતી નથી અને જો ઊંઘ આવે તો પાછલી રાતની ઉધરસ ઘણી આવેછે અને તેની સાથે એકઠો થયેલો કફ પડેછે.

ક્ષયવાળા ઘણાક રોગીને છાતીમાંથી લોહી પડેછે, પરંતુ કોઇને શરૂઆતથી તે અંતસુધી બિલકુલ લોહી પડતું નથી. લોહી પડે છે તેને એકાદ વખત પડેછે અથવા ઘણીવાર પડેછે. કોઇને પ્રારંભમાંજ જરા ખાંસી થઈ એકદમ છાતીમાંથી લોહીનો કોગળો પડેછે અને ત્યારબાદ ક્ષયનાં ચિન્હ પ્રગટ થાયછે. કોઇને આ રોગ સારી પેઠે થયા પછી એકાદ વખત આ રીતે લોહી પડેછે. કોઇને હમેશાં બલગમની સાથે જરાતરા લોહી આવે છે. છાતીમાંથી આ પ્રમાણે કોઇવાર તોલા અડધા તોલાથી તે શેર બશેર સુધી લોહી નીકળી પડેછે. કોઈવાર ઘણું લોહી પડવાથી તરત મૃત્યુ થાયછે. છાતીમાંથી ખાંસીની સાથે લોહી આવે તે ઘણીવાર ક્ષયની નિશાની જાણવી.

ક્ષયની સાથે ઘણા રોગીની ક્ષુધા મંદ પડી જાયછે. એક તરફ આ રોગ શક્તિ ખેંચી લેછે અને બીજી તરફ ખોરાક ખવાતો નથી. એથી નિર્બળતા જલદી આવી જાયછે. ખોરાક ઉપર અને તેમાં વળી ચરબીવાળા પદાર્થ ઉપર રૂચિ નથી હોતી અને તે છતાં ખાધામાં આવેછે તે બરાબર પાચન થતું નથી. પેટમાં વાયુ જણાય, ગડગડાટ થાય, અને કોઈવાર આપોઆપ પેટ છૂટી પડેછે, તથા પાંચ દસ જુલાબ ઉતરેછે. ક્ષયના છેવટના ભાગમાં ઘણું કરી ઝાડો થાયછે. ક્ષયના આદિથી અંત સૂધીમાં ઝાડાનો મરજ થયા વગર રહેતો નથી.

રોગીની શકિત દિનપર દિન ઓછી થતી જાયછે, હાથ પગ તથા શરીર ગળતું જાયછે અને ચેન રહેતું નથી. હાડકાં અને પાંસળાં દેખાવા માંડેછે. રોગી થોડું ચાલેછે અથવા એક દાદરો ચઢેછે એટલામાં હાંફી જાયછે, તથા છાતીમાં ધબકારો થાયછે. અશકિતને લીધે સ્ત્રીઓનું દસ્તાન બંધ પડી જાયછે.

ક્ષય રોગીનું વજન આજ કરેલું હોય અને પાછું એક મહિના બાદ તપાશી જોયું હોય તો તે જરૂર કમી માલૂમ પડશે.

તેની આંગળીના નખ વધારે વાંકા વળેલા લાગેછે તથા આંગળીના છેડા ચમત્કારી ગોળાકાર જેવા થઈ જાયછે.

ક્ષય રોગ શરૂ થાય ત્યારથીજ નાડી તથા શ્વાસ થોડાં જલદ ચાલેછે. જેમકે સ્વાભાવિક નાડીની ગતિ દરેક મિનિટે ૮૦ હોય તો તે રોગ શરૂ થયા પછી ૮૫ થી ૯૦ સૂધી વધી જાયછે. જ્યારે જ્યારે તાવ આવી જાયછે ત્યારે નાડી તથા શ્વાસ તેથી પણ વધારે ઉતાવળાં થઈ જાયછે. નાડી ૧૨૦ અગર તેથી પણ જાસ્તી ચાલે અને શ્વાસ દર મિનિટમાં ૩૦ લગી અથવા વધારે ચાલેછે.

કોઈ કોઈ દિવસ તાવ આવી જાયછે ત્યારે કફનું જોર જાસ્તી થઈ આવેછે. કોઇને વચમાં કેટલોક કાળ આ બધાં ચિન્હ કમી પડી જાયછે અને રોગની શાંતિ જણાયછે. તથા ફરી તેનો ઉપાડો થઈ આવેછે.

આ પ્રમાણે કેટલાક મહિના અગર વરસ સૂધી ક્ષય રોગ આગળ પગલાં ભરતો જાયછે. છેવટ જ્યારે ફેફસાંનો કાંઈ ભાગ સડી પરૂ થઇને બહાર પડેછે તથા તેની અંદર બખોલ પડી જાયછે ત્યારે ખાંસી ઘણી થાયછે, અને બલગમ પુષ્કળ પડેછે. કોઈ કોઇને

વાડકા તથા કૂંડાં ભરીને બલગમ પડેછે. બલગમ પીળો પરૂ જેવો હોયછે, તથા રોગીનો શ્વાસ દુર્ગંધ આપેછે. પાણીની અંદર બલગમના ગળફા પડવા દીધા હોય તો તે શિક્કાની માફક ગોળાકારના માલૂમ પડેછે, અને તે અતિશય ચીકણા હોયછે. આ ગળફાને સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવાથી તેમાં ફેફસાંના સ્વાભાવિક ભાગો સડેલા દેખાયછે. સાંઝને વખતે થોડી ટાઢ વાઇને થોડો તાવ દરરોજ ભરાઈ આવેછે. રાતમાં એટલો તો પરસેવો થાયછે કે કપડાં તથા બિછાનું પણ ભીંજાઇ જાયછે, ખાંસીને લીધે ઉંઘ આવતી નથી, અને જરા આંખ મીંચાય તેટલામાં ફરી ઉઠવું પડેછે. પાછલી રાતના બલગમ ઘણો પડેછે. કેશ પણ ખરી જવા માંડેછે. ભૂખ બિલકુલ લાગતી નથી, અને નબળાઈ એટલી તો આવી જાયછે કે શરીરમાં રોગી ફકત હાડકાનો માળો થઈ જાય છે. બિછાનામાંથી ઉઠવાને પણ બીજાની મદદની જરૂર પડેછે. કોઈ કોઈવાર એકાએક ઝાડો થઈ આવેછે તે ઓસડથી પણ બંધ કરવો મુશ્કેલ થઇ પડેછે, તેથી રોગી ઘણોજ લેવાઈ જાય છે અને કોઈવાર મરણ તુલ્ય થઈ જાયછે. આખું શરીર દુખેછે, પગ ઉપર સોજા ચડી જાયછે. ક્ષીણતાને લીધે કફ બહાર કાઢવાની પણ તાકાદ રહેતી નથી, તેને લીધે છાતી ભરાઈ આવેછે, અને દમ ઉતાવળો ચાલેછે તથા તેની સાથે ગળું બોલેછે. આ રીતે છેવટના થોડા દિવસ ઘણા સંકટમાં જાયછે. દરદી સાવધ હોયછે પણ આ સંકટમાંથી છૂટવા આજીજી કરેછે અને થોડા વખતમાં તે આ દુનિયામાંથી મુક્ત થાયછે.

ઉપર જે ક્ષય રોગનો આદિથી અંત સૂધી સંક્ષેપમાં ઇતિહાસ કહ્યો તે માત્ર આ નાશકારક વ્યાધિનો સારાંશછે, તે સર્વ રોગીને એક સરખો લાગુ પડતો નથી. કોઇને આ રોગ થયા પછી છેક મૂળમાંથી મટી જાયછે અને રોગી ફરી તંદુરસ્ત થાયછે. કોઇને આ રોગ થાયછે તે ઘણોજ ધીમેધીમે વધેછે અને તેના આયુષ્યને પાંચ દસ વરસ અગર વધારે મુદત સૂધી હરકત લાગતી નથી. કોઇને આ રોગ એવા ઝપાટાથી ઘેરી લેછે કે ત્રણથી છ મહીનાની ટૂંકી મુદતમાં તેને આ દુનિયાં છોડી જવું પડેછે.

તિક્ષ્ણક્ષયઃ—તીક્ષ્ણક્ષય થાયછે ત્યારે પ્રથમથીજ તાવ વિશેષ આવેછે, ઘણી ખાંસી આવેછે, એક અગર બેઉ ફેફસાં જલદી બગડવા માંડેછે, નાડી જલદ ચાલેછે, દમ ઘણો ચાલેછે. રાતના પરસેવો બહુ વળેછે, જુલાબ ઉતરેછે, વખતે લોહી પડેછે, અને બે ચાર મહિનામાં રોગી પ્રાણ ત્યાગ કરેછે.

ઉપર કહ્યુંછે કે ક્ષય રોગ થવાનું મૂળ કારણ એક પ્રકારનો પદાર્થ ફેફસાંની અંદર કેટલાક ભાગમાં ઉત્પન્ન થાયછે, તેથી ફેફસાં પોકળને બદલે નક્કર થઈ જાયછે. ત્યાર બાદ આ પદાર્થ તથા તેની આસપાસનો ફેફસાંના ભાગનો વરમ થઈ સડવા માંડેછે, અને છેવટ એ સડેલો ભાગ કફના રૂપમાં બહાર પડી જાય એટલે તેને ઠેકાણે એક ખો પડી રહેછે. આ ફેરફારો બરોબર સમજવા સારૂ ક્ષય રોગની ત્રણ સ્થિતિ કરી તેનું વર્ણન આપવામાં આવેછે.

પહેલી સ્થિતિમાં એક નવા પ્રકારનો પદાર્થ ફેફસાંમાં પેદા થાયછે. આ પદાર્થ એકજ અગર બેઉ ફેફસાંમાં થાયછે અને તેના કોઈ પણ ભાગમાં પોતાનું સ્થળ કરેછે

પણ ઘણું કરી પ્રથમ આરંભે ફેફસાંના ઉપરના પાછલા ભાગમાં તે શરૂઆત કરેછે. ફેફસાંની ઉપરનો ભાગ આ પ્રમાણે નક્કર થઈ જાયછે, ત્યારથી થોડી સૂકી ખાંસી, નાડી જલદ, તથા થોડી મહેનતથી શ્વાસ થઈ આવે એવાં ચિન્હ જણાયછે.

આ વખતે ગળાની હાંસડીની ઉપરના તથા નીચેના ભાગ ઉપર એક આંગળી મૂકી તેના ઉપર બીજા હાથની આંગળી ઠોકી જોતાં પોકળ અવાજને બદલે બોદો અવાજ નીકળશે. સારી બાજુ ઉપર પોકળ અવાજ તથા દરદ થયેલી બાજુ ઉપરથી બોદો અવાજ આવ્યાથી તેનો તફાવત સહજ જણાઈ આવશે. કર્ણનળી વતે તે ભાગનો તપાસ કરતાં દમ મૂકવાનો જે સ્વભાવિક કાળ તે ઘણો લાંબો થઈ પડેલો માલૂમ પડશે શ્વાસ ધ્વનિ સ્વભાવિક રીતે મૃદુ હોવાને બદલે કઠોર જણાયછે અથવા નળીમાંથી હવા જતી હોય તે માંસાલે લાગેછે. કેટલીકવાર ક્ષય રોગ આવી સ્થિતિમાં ઘણાકાળ સૂધી રહેછે અને તેમાં આગળ વધારો થતો નથી. પણ ઘણું કરી ક્ષયની બીજી સ્થિતિ જલદી શરૂ થાયછે.

ક્ષયની બીજી સ્થિતિમાં આ રીતે ફેફસાંનો ભાગ નક્કર થઈ રહ્યો હોય તેની આસપાસનો ફેફસાનો ભાગ સૂજી આવે છે, અર્થાત તેનો વરમ થઈ આવેછે. કઠણ થઈ ગએલો ભાગ ફેફસાંના ભાગ સાથે નરમ પડી તેનુ પરૂ થઈ, ખાંસી થઈ, બલગમના રૂપમાં બહાર પડવા માંડેછે. જ્યારે આ પ્રમાણે ફેફસાંના કઠણ ભાગનો રસ કરી નાખવા સારૂ તેનો એટલે ફેફસાંનો વરમ થાયછે ત્યારે અવશ્ય દરદીને થોડો ઘણો તાવ આવી જાયછે.

આ વખતે દરદ થયેલા છાતીના ભાગ ઉપર ઠોકી જોઇએ તોપણ બોદો અવાજ નીકળશે. કર્ણનળી વતે તપાસ કરતાં (ક્રેપીટસ્ અને સબક્રેપીટસ્) "પરપોટાવત્ ધ્વનિ" સંભળાશે, કોઇવાર તેની સાથે તાંત બોલતી પણ સંભળાયછે. ગળાની હાંસડી ઉપર તથા નીચેનો છાતીનો ભાગ થોડો બેશી ગયેલો જણાશે તથા શ્વાસોશ્વાસની સાથે છાતીની ગતિ પણ તે તરફ કમી નજરે આવશે.

કેટલીક મુદતમાં આ રસ થયેલો કફ બધો બહાર પડી જાયછે, એટલે ફેફસાંનો જે કાંઈ ભાગ તેની સાથે સડી ગયો હોય તેને ઠેકાણે પોકળ ખાડો રહેછે, તેને ક્ષયની ત્રીજી સ્થિતિ કહેછે. આ વખતે છાતીનો તે ભાગ વધારે બેશી ગયેલો માલૂમ પડેછે. પાંસળી વચ્ચેની જગોમાં ખાડા જણાયછે. દરદ થયેલી છાતીની બાજુ વિશેષ ચપટી તથા સંકુચિત દેખાય છે.

છાતી ઉપર ઠોકી જોયાથી બોદો અવાજ નીકળશે, કોઈ કોઇવાર માટીના ખોખરા વાસણ જેવો અવાજ સંભળાયછે, જો આ ખાડામાં રસ હોય અને તેમાં હવા પુષ્કળ જતી હોય તો પાણીની અંદર હવા જવાથી ગડગડાટ થાયછે, તેના જેવો અવાજ સંભળાશે, અને જો તે ખાડો સૂકો હોય તો ભુંગળામાં પવન જતો આવતો હોય તેવો આભાસ થશે.

વાક્ધ્વનિ ક્ષયની પહેલી તથા બીજી સ્થિતિમાં સ્વભાવિક કરતાં વધારે માલૂમ

પડશે (ક્રોકોફ્રની) તથા આ ક્ષયના ત્રીજા દરજ્જામાં તો અતિ ઊંચો (પેકટોરીલોકવી) કાનથી સહન થાય નહિ તેટલા જોરથી સંભળાશે.

આ ઉપરથી સહજ માલૂમ પડશે કે ફેફસાંનો કેટલોક ભાગ સડેછે તથા બગડેછે તેનાપર ક્ષયરોગના જોરનો અને પરિણામનો આધાર રહેછે. જો ફેફસાંના થોડા ભાગમાં બીગાડ થયો હોય તો લાંબી અગર ટૂંકી મુદતમાં તે સડી જઈ તેની જગોએ ખાડો પડેછે અને તે સૂકાઈ જઈ થોડા વખતમાં પૂરાઈ જાયછે, અને રોગી પાછો તંદુરસ્ત થાયછે, પણ ઘણું કરી આવું સારૂં પરિણામ થોડાનેજ થાયછે.

જે પદાર્થને લીધે આ રોગનું ફેફસાંમાં બીજ રોપાયછે તે પદાર્થ ઘણું કરી વધતો જાયછે અને આખા એક અગર બેઉ ફેફસાંમાં અગર તેના જુદા જુદા ભાગમાં વ્યાપી જાયછે. આસ્તે આસ્તે એક પછી એક ફેફસાના ભાગમાં વરમ થઈ તેનો દ જક સડવા માંડેછે અને પછી તે બહાર પડેછે. તેની જગોએ ખાડા પડેછે તે સૂકાઇને પૂરાવાને બદલે તેમાંથી પરૂ નીકળ્યાંજ કરેછે. દરેક નવો ભાગ સડવા માંડે એટલે ફરી ફરીને તાવ આવેછે. આ પ્રમાણે વારંવાર હુમલા થવાથી શરીરને નીચોવી નાખેછે. ફેફસાંનો ઘણો ભાગ સડવાથી લોહી સાફ થતું નથી. બીજી તરફથી ખોરાક ચાલતો નથી, અને બલગમ, ઝાડો તથા જીર્ણ તાવ અને રાતનો બેસુમાર પરસેવો શરીરનો બધો કસ ખેંચી લેછે; અને છેવટે શરીરમાં હાડકાં તથા ત્વચા બાકી રહેછે.

કારણઃ—ક્ષય રોગ બધી ઉમરના માણસોને થાયછે. સ્ત્રી કરતાં પુરૂષને વધારે થાયછે. જમણા કરતાં ડાબા ફેફસામાં તે વધારે વખત થાયછે. અપૂરતા તથા ખરાબ ખોરાકથી, ખરાબ હવાથી, સાંકડી જગો જ્યાં પવન તથા અજવાળાનો ઘણો પ્રતિબંધ હોય તેવે ઠેકાણે રહેવાથી, કાંઈ વિપત્તિને લીધે ઘણો વખત મનમાં ગમગીની રહેવાથી, ફિકર ચિંતાથી, ઘણું બેશી રહેવાની ટેવથી, મન અગર તનને અવિચારી મેહેનત આપવાથી, જેમકે અભ્યાસ કરવામાં શરીરનો વિચાર ન કરતાં મેહેનત કરવી, તથા ઉજાગરા કરવાથી ક્ષયરોગનું બીજ રોપાય છે. ઉજાગરો શરીરને મોટી હાનિકરતાછે, અતિશય વ્યભિચાર કરવાથી, નાની ઉમરમાં સ્ત્રી સંગ કરવાથી, ઉપદંશની ગરમીથી, તથા જે જે કારણોથી શરીર તથા મગજને ધક્કો પહોચેછે તેનાથી ક્ષય ઉત્પન્ન થાયછે. જેનાં ફેફસાં નબળાં હોય છે તેને ઘણું બોલવાથી આ રોગ થવાનો ઘણો સંભવ રહેછે.

રૂના કારખાનામાં કામ કરનારાઓને શ્વાસમાં રૂના ઘણા રજકણો ફેફસામાં જવાથી ક્ષયનો રોગ થાયછે. તેમજ કોલસાની ખાણોમાં કામ કરનારા, બીજી ખાણોમાં તથા ઘણા રજકણ ઉડી શ્વાસ સાથે ફેફસામાં જાય એવા કારખાનામાં ધંધો કરનારને ક્ષયનો રોગ કેટલીકવાર થાયછે, દારૂ પિવાથી તથા બિજા બ્યસનથી પણ ક્ષયને ઉત્તેજન મળેછે. સસણીના રોગમાંથી તથા ફેફસાના વરમને લીધે પણ કોઈ વખત ક્ષય ઉત્પન્ન થાયછે.

ક્ષયનો રોગ કેટલીકવાર વારશામાં ઉતરેછે જેનાં માબાપને ક્ષય થયો હોય તેને આ રોગ થવા ઘણી વકી રહેછે, માટે ક્ષય રોગી હોય તેના કુટુંબમાં બીજા કોઇને ક્ષયનો રોગ થએલો કે કેમ તેનો તપાસ કરવો.

"સ્ક્રોફયુલા" નામનો રોગ થાય છે તેને લીધે ક્ષય રોગ ઘણીવાર પેદા થાય છે. આ રોગને લીધે ફેફસાંની અંદર તથા બીજી ગાંઠો અને શરીરના ભાગમાં "ટુબરકલ" નામનો પદાર્થ પેદા થાય છે તેને પાકીને પરૂ થઈ જવા ઘણું વલણ હોયછે. આ પદાર્થ જ્યારે ગળાની ગાંઠોમાં થાયછે ત્યારે ગાંઠો મોટી થઈ "કંઠમાળા"નો વ્યાધિ થાયછે. તે જ્યારે ફેફસાંમાં થાયછે ત્યારે ક્ષય રોગ થાય છે. તે શિવાય બીજાં ઘણાં દરદ તેને લીધે ઉત્પન્ન થાયછે. સગાં વહાલાંની માંહો માંહે લગ્ન કરવાથી જે ફરજન થાયછે તેને ક્ષય અગર તેવાજ રોગ થવાનો સંભવ રહેછે.

ઈલાજઃ—કેટલાક ઉપાય ક્ષય થયાની પહેલાં કરવાની જરૂર છે અને બીજા ક્ષય શરૂ થયા પછી કામે લગાડવાની જરૂર પડેછે.

આગળ કહ્યુંછે કે ઘણાકને આ રોગ વારસામાં ઉતરેછે, માટે જ્યારે માબાપને આ રોગ થયો હોય અગર કુટુંબમાં બીજાને હોય ત્યારે તેને બચ્ચાં થતાં મૂળથીજ સંભાળ રાખવી જોઇએ. હમેશાં બનતાં સુધી સગાં વહાલામાં લગ્ન કરવાં નહિ. જો ગર્ભ ધારણ કરે તે વખતે માને આ રોગ થયો હોય તો તેણીએ ઘણી સંભાળથી વર્તવું જોઇએ; ગરમ કપડાં, સારો ખોરાક અને દવાની માવજત રાખવી. બચ્ચું જન્મ્યા પછી તેની તબીયતની ઘણી કાળજીથી સંભાળ રાખવી. તેને ગરમ કપડામાં રાખવું, ટાઢ ખાવા દેવી નહિ, તથા સારો ખોરાક અને હવાની જરૂર હોયછે. દરદવાળી માનું દુધ તેને પીવા દેવું નહિ, પણ બીજી સારી ધાવ રાખવી; અને તેમ નહિ બની શકેતો બકરી અથવા ગાયનું દુધ પાવું, અને ખુલ્લી હવામાં હમેશ ફેરવવું. મોટું થાય એટલે કસરતનો મહાવરો કરાવવો. આવું બચ્ચું મોટી ઉમરે પહોચે ત્યારે પણ તેને સારો પૌષ્ટિક ખોરાક આપવો. ઘી સારી પેઠે પાચન થાય તેટલું આપવું. સારી ખુલ્લી હવાની જગોમાં રાખવું, પગમાં ગરમ મોજાં રાખવાં, ગરમ પાણીથી નહાઈ અંગ લૂછી નાખવું. હમેશાં જેવી સવડ હોય તે પ્રમાણે પગે, ઘોડાપર, અથવા ગાડીમાં બેશી ફરવું. ગાડી કરતાં ઘોડે અને પગે ફરવાની ટેવ વધારે પસંદ કરવા જોગછે. મગદળ (જોડી) તથા જોર કાઢવાની કસરત બની શકે તેણે અવશ્ય કરવી. કસરત કરવામાં હમેશાં યાદ રાખવું કે શરીરને માફક આવે તેટલી મહેનત કરવી. એકદમ થાક લાગે તેમ કરવું નહિ; તેને બદલે થોડે થોડે કસરતનો મહાવરો વધારવો એ વધારે સારૂં. કસરત કર્યાથી પરસેવો વળેછે તે વખતે પવન ખાવો નહિ.

સારો રાંધેલો ખોરાક નિયમસર લેતા રહેવું. કાચો ખોરાક પચવામાં કઠણછે, વાયુ કરનાર ખોરાકનો ત્યાગ કરવો. પાચન ન થાય તેટલો ઘણો આહાર કરવો નહિ. બે વખતને ઠેકાણે ત્રણ ચાર વખત જમવું એ વધારે સારૂં, પણ અત્યાહાર કરવો નહિ. જેને દારૂપીવાની આદત હોય તેને થોડો બ્રાંડી, પોર્ટવાઇન, શેરી વગેરે ખોરાકની સાથે આપવા હરકત નથી.

દુધ એ ઘણોજ ઉત્તમ ખોરાકછે, માટે તેનો યોગ્ય ઉપયોગ કરવો, તેમજ મલાઈ સારી પૌષ્ટિકછે તે પણ આપવી. આ પ્રમાણે સારી હવા, કપડાં, ખોરાક તથા યોગ્ય કસરતથી જેમ બને તેમ શરીરની સંભાળ રાખવી. શરીર નબળી હાલતમાં હોય ત્યારે રોગનું જોર ફાવેછે. જેને વારસામાં આ રોગ મળવાની દહેશત હોય તેણે મોટી ઉમરે પહોચવા

છતાં પણ શરીરનું સારી રીતે જતન કરવું.

એકવાર ક્ષયરોગ શરૂ થયો એટલે ઉપર કહ્યા પ્રમાણે શરીરની સંભાળ તથા માવજત કરવી એટલુંજ નહિ પણ બીજા ઉપાયની યોજના કરવી. જ્યાં એક સરખી હવા રહેતી હોય એવી મધ્યમ પ્રકારની જગામાં દરદીએ રહેવું. હવામાં વારંવાર ફેરફાર થતા હોય ત્યાં અગર જ્યાં ઘણી થંડી અને શરદી હોય એવે ઠેકાણે રહેવું નહિ. ઊંચી ટેકરી ઉપરની તથા સૂકી હવા ક્ષયરોગીને વિશેષ માફક આવેછે. છાતી ઉપર હમેશાં ફલાલીનનું કપડું પહેરવું. ક્ષયરોગીને કેટલીકવાર હવા પાલટવાથી સારો ફાયદો થાયછે.માટે એક સ્થળે ફાયદો ન થાયતો બીજી સારી હવાની જગાએ પાણી ફેર કરવા જવું.

કેટલીકવાર દરીયાની મુસાફરીથી સારૂં થાયછે માટે તેપણ બની શકેતો અજમાવી જોવું. ક્ષયરોગીને માટે પહેલા નંબરની દવા કૅાડલીવર ઓઇલ છે. કૅાડલીવર ઓઇલ શરીરનું સારૂં પોષણ કરેછે, શરીરને પુષ્ટિ આપે છે, માંસનો વધારો કરેછે, ખાંસી તથા બલગમને કમી કરેછે, રાતના પરસેવાને ઘટાડેછે, અને એકંદર ક્ષયરોગને હઠાવે છે. આ તેલ પ્રથમારંભે અર્ધાથી એક તોલો દિવસમાં બે ત્રણ વખત પીવું. ખોરાક ખાધા પછી તરત લેવું એ પસંદ કરવા જોગછે, કેમકે ખોરાકની સાથે તે પચી જાયછે. પ્રથમ થોડું લઈ પછી હળવે હળવે તે વધારવું, અને છેવટ દરવેળા ત્રણથી ચાર તોલા સુધી લેવું. કૅાડલીવર ઓઇલ એકલું લઈ શકાય નહિ તો દૂધની સાથે અગર કાફીની સાથે મેળીને પીવું, ચા સાથે પીવું, કરીયાતાની ચા સાથે અગર નારંગી સાથે પીવું.આ તેલની વાસથી ઘણા લોકો કંટાળેછે અને તેથી તેનો ફાયદો લઈ શકતા નથી. માટે તે પીવા પહેલાં થોડાં લવીંગ, એળચી ખાધાથી અગર લીંબુની છાલ ચાવવાથી મોઢામાં તેની વાસ કમી લાગશે. તેને લીધે પેટમાંથી ઉછાળો થતો હોય તો ચૂનાના પાણી સાથે મેળવીને તે લેવું. તે બરાબર પાચન થઈ નશકે તો તેની સાથે પેપસીનના પાંચ ગ્રેનની દરેક વખત એક ગોળી લેવી. કૅાડલીવર તેલ પચીને લાગુ પડવા માંડ્યું તો તેનો ફાયદો જલદી માલૂમ પડશે. એ તેલ હમેશાં લાંબો વખતસૂધી લીધાં કરવું. તાવ હોય અગર ઝાડો હોય તે વખતે કૅાડલીવર તેલ આપવું નહિ. આ સઘળું છતાં પણ કેટલીક વખત આ ઉપાયનો જેવો જોઇએ તેવો ફાયદો લોક લેઈ શકતા નથી, તેનું મોટું કારણ એની દુષ્ટ ગંધછે. કેટલાકથી આ તેલ પાચન થઈ શકતું નથી. એ પીધાથી ઉલટી થાયછે, પેટમાં વાયુ તથા ગડબડાટ થાયછે, અગર જુલાબ ઉતરેછે. આ પ્રમાણે થાય તો તે બંધ રાખવું. ગુદેથી તેની પીચકારી મારવી અગર પેટ અને શરીરપર તેનું મર્દન કરવું અને જેરવવું. કાડલીવર તેલ પીવું હોયતો—

નં. ૧.	કૅાડલીવર ઓઇલ........	૨ થી ૪ ડ્રામ.	ઉપરની દવા મિશ્ર કરી દરેક વખત જમીને પીવું. કાડલીવર તેલ લગાડવું હોય તો—
	ગુંદરનું પાણી...........	૨ ,,	
	ટિંક્ચરકાડૅામમકૅામ્પાઉન્ડ.	½ ,,	
	ચૂનાનું પાણી	૪ ,,	

નં. ૨.	કૅાડલીવર ઓઇલ	૧ ઔંસ	આ સર્વ દવા મિશ્ર કરી આટલી દવા સવારે ને તેટલીજસાંઝે છાતી અને પેટપર મસળવી.
	સાલ વોલાટાઇલ.... ...	૨ ડ્રામ	
	લાડેનમ.............	..૧ ,,	

કોડલીવરની સાથે પૌષ્ટિક દવા મેળવીને પણ લઈ શકાયછે. તેની સાથે ફાસ્ફરિક આસિડ મેળવી શકાયછે તેમજ લોખંડની દવા પણ લઈ શકાયછે. એ બેઉ એકજ વખતે મેળવી લેવાં હોય તો નીચે પ્રમાણે લેવાં—

નં. ૩. કાડલીવર તેલ................. ૨ થી ૪ ડ્રામ.
સિરપ ઓફ આયોડાઇડ આયર્ન.૧૫ ટીપાં.
ડાઇલ્યુટ ફાસ્ફરિક આસિડ...... ૬ ,,
} આ દવા મિશ્ર કરી દિવસમાં બેથી ત્રણ વખત આપવી.

જો કાડલીવર ઓઇલ પીવાય નહિ અગર સદે નહિતો ગ્લીસરીન અગર કોપરાનું તેલ પીવા આપવું. તેનાથી પણ કાડલીવર તેલ જેવા કેટલેક દરજ્જે ફાયદો થાયછે. તેની સાથે પણ લોખંડની દવા મેળવીને આપી શકાયછે.

નં. ૪. કોપરાનું તેલ ....૨ ડ્રામ.
સાઇટ્રેટ ઓફ આર્યન અને આમોન્યા ...૮ ગ્રેન.
પેપરમિંટનું પાણી.......................૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં બે વખત પીવા આપવી. ગ્લીસરીન પણ તેજ મીસાલે પાણી અગર બીજી દવાઓની સાથે આપી શકાયછે.

લોખંડની દવાઓ પણ ક્ષય રોગને કેટલીકવાર ફાયદો કરેછે, સિરપ ઓફ આયોડાઇડ ઓફ આયર્ન, આમોન્યા સાઇટ્રેટ ઓફ આયર્ન, ટિંક્ચર ઓફ સ્ટીલ, ફાસ્ફેટ ઓફ આયર્ન વગેરે ગુણકારકછે. તેમાંથી કોઈ પણ માફક આવે તો અજમાવી જોવી. હાઇપો ફોસ્ફેટ ઓફ સોડા અગર લાઇમ ક્ષય ઉપર સારી અસર કરેછે.

નં. ૫. હાઇપોફોસ્ફેટ ઓફ સોડા ....૧૦ ગ્રેન.
કરીયાતાની ચા .... ૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવી, ક્ષય રોગ ઉપર જે દવા ફાયદો કરે તે ઘણા દિવસ જારી રાખવી જોઇએ. ક્ષયરોગીએ હમેશાં આઠથી દસ કલાક સૂધી આરામ લેવો. દમ ચડી આવે એવી મેહેનત કદી કરવી નહિ.

"કોમ્પાઉન્ડ આયર્ન મિક્ષ્ચર"નો એકેક ઔંસ દિવસમાં બે ત્રણ વખત આપવાથી શક્તિ આવશે તથા ખાંસીને ફાયદો થશે. પોષણ તરીકે "બદામ મિક્ષ્ચર" અગર તેને બદલે બદામપાક ખાવાથી પણ ફાયદો થશે. ક્ષયના પહેલા બીજા દરજ્જામાં ખાંસી તથા ઝીણો તાવ આવતો હોય ત્યારે નીચેની દવા આપવી.

નં. ૬. લિકર પોટાસ ....૩૦ ટીપાં. ટિંક્ચર સીલા ..૩૦ ટીપાં.
ટિંક્ચર સિંકોના કોમ્પાઉન્ડ..૯૦ ,, પાણી .... ૩ ઔંસ.
કોમ્પાઉન્ડક્યામ્ફર ટિંક્ચર..૯૦ ,,

ઉપરની દવા મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત પાવી. ખાંસી ઘણી હોય, ગળફા પડે, અને શક્તિ હઠી જાય ત્યારે આવી દવાની સાથે કાર્બોનેટ ઓફ આમોન્યા આપવો. ક્ષયમાં જ્યારે સખ્ત તાવ આવે ત્યારે સાધારણ "ડાયાફોરેટિક મિક્ષ્ચર" આપવું અને તાવ રહે ત્યાં સૂધી તેલ વગેરે પૌષ્ટિક દવા બંધ રાખવી. તાવ ઉપર કોઈનન આપવું એટલે ફાયદો થશે.

નં. ૭. કોઇનન..................૩ ગ્રેન
એક્ષટ્રાક્ટ ઓફ કોનાયમ...૮ ,,
ડોવર્સ પૉડર ....૮ ,,
જેઠીમધનો શીરો ......૬ ,,

સર્વ દવા મિશ્ર કરી ચાર ગોળી કરવી તેમાંથી બે સવારે અને બે રાત્રે સૂતી વખત. આપવી.

જ્યારે ખાંસીનું બહુ જોર હોય ત્યારે આગળ ખાંસીના વિષયોમાં કહેલી કોઇ પણ દવા આપવી. અફીણ અથવા મોર્ફીયા આપવાથી ખાંસી શાંત પડેછે, તેમજ નિદ્રા સારી આવેછે. માટે ઘણીક ખાંસીની દવાઓની સાથે અફીણ હોયછે. ઘણાકને તેને લીધે અફીણનું બંધાણ પણ પડી જાયછે. ખાંસીને માટે થોડીક દવાની ભલામણ નીચે કરીછે.

નં. ૮. કોમ્પાઉન્ડ સીલાપીલ પાંચ ગ્રેનની એક ગોળી સાંઝ સવાર લેવી, કોમ્પાઉન્ડ હેમલોકપીલ તે પ્રમાણે લેવી. એપીકાકયુઆના અને સીલાપીલ તેજ પ્રમાણે લેવી.

નં. ૯. મોર્ફીયા.................. ....૧ ગ્રેન.
એપીકાકયુઆના ....૧ ,,
એક્ષટ્રાક્ટ ઓફ હાયોસાયમ.......... ૧૦ ,,

મિશ્ર કરી બે ગોળી કરી સવાર સાંઝ એકેક આપવી. એકલા અફીણની એક ગ્રેનની ગોળી વાળીને આપી હોય તો પણ ચાલે.

નં. ૧૦. સીરપ સીલા ....૪ ડ્રામ.
ટિંકચર ક્યામ્ફર કોમ્પાઉન્ડ ......૩ ,,
ડાઇલ્યુટ હાઇડ્રોસ્યાનિક આસિડ. ૩૦ ટીપાં.

ઉપરની દવા મિશ્ર કરી રાખવી અને જોરથી ખાંસી આવે ત્યારે ચોથો ભાગ થોડા પાણીની સાથે પાવો.

છાતીમાંથી લોહી પડતું હોય તો રક્તસ્ત્રાવના વિષયમાં દવા કહીછે તે પ્રમાણે કરવી. ગ્યાલીક આસિડના દસ ગ્રેન થોડા લાડેનમ સાથે પાણીમાં દર બે કલાકે આપવાથી લોહી પડતું બંધ થશે. ટર્પેનટાઇન તેલનાં દસ ટીપાં પાણી સાથે બબે કલાકને અંતરે આપવાં. એસેટેટ ઓફ લેડ અફીણની સાથે આપવું. તેનાથી પણ બંધ ન થાય તો—

નં. ૧૧. ફટકડી (આલમ)...૯૦ ગ્રેન. હીરાકસી (સલ્ફેટ ઓફ આયર્ન).. ૨૦ ગ્રેન.
કોઇનન........... ૪ ,, ડાઇલ્યુટ સલ્ફ્યુરિક આસિડ......૬૦ ટીપાં.
લીંબુનો શરબત ... ૧ ઔંસ. પાણી .... ૮ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી $\frac{1}{8}$ ભાગ દિવસમાં ત્રણ વખત આપવી. જો ઉલટી થતી હોય, ખાટા ઓડકાર આવતા હોય તો નીચેની દવા આપવી.

નં. ૧૨. બિસ્મથ સબનાઇટ્રેટ...........૩૦ ગ્રેન. લિકર મોર્ફીયા.........૧ ડ્રામ.
ડાઇલ્યુટ હાઇડ્રોસ્યાનિક આસિડ.૨૦ ટીપાં. ગુંદરનું પાણી ......$1\frac{1}{2}$ ઔંસ.
ચૂનાનું પાણી .... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી $\frac{1}{8}$ ભાગ દિવસમાં ત્રણ વખત આપવો. રાત્રે પરસેવો ઘણો આવતો હોય, કપડાં ભીંજાઈ જાય અને તેથી ઘણી નબળાઈ થતી જાય, તો તે માટે નીચેની દવા આપવી. રાત્રે જમીને પોર્ટવાઇન સાથે થોડું કોડલીવર ઓઇલ પીવાથી આ પરસેવો કમી થશે. તેનાથી બંધ ન થાયતો—

નં. ૧૩. ગ્યાલિક આસિડ.........૧૨ ગ્રેન. નાઇટ્રો મ્યુરીયાટિક આસિડ ડાઈલ્યુટ.૮ ટીપાં.
ટિંકચર સિંકોના કોમ્પાઉન્ડ. $\frac{1}{2}$ દ્રામ. સિંકોના છાલનો કવાથ..... ......૧ઔંસ.
મિશ્ર કરી રાતના સુતી વખતે પાવું તેથી પરસેવા કમી થશે. તેનાથી બંધ ન થાય તો—
નં. ૧૪. ઓક્ષાઇડ ઓફ ઝિંક... ... ...૪ ગ્રેન.
એક્ષટ્રાકટ ઓફ બેલાડોના ... ... $\frac{1}{2}$,,

મિશ્ર કરી એક ગોળી કરી રાત્રે સુતી વખત આપવી. બેલાડોના અવશ્ય પરસેવાને અટકાવશે. ઝિંક ઓક્ષાઇડને બદલે તેની સાથે ફકત એક ગ્રેન કોઇનનનો આપીએ તો તાવનેપણ અટકાવશે. અડધા ગ્રેન એકક્ષટ્રાકટ ઓફ બેલાડોનાથી ફાયદો ન થાયતો એક ગ્રેન આપવું. આટ્રોપીનના એક ગ્રેનના $\frac{1}{200}$ ભાગની ચામડીમાં પીચકારી મારી હોયતો તેથી પણ પરસેવા બંધ થઈ જશે.

જો ક્ષય રોગીને ઝાડો થઇ આવે તો ઝાડાના વિષયમાં દવાઓ લખી છે તે આપવી. ઘણી વખત દવા આપવાથી ઝાડો બંધ થઈ જશે, પણ કોઈ વખત તે કોઇ પણ દવાથી બંધ થતો નથી અને જાણે મૃત્યુનું રૂપ થઇ આવ્યો હોય એમ લાગેછે. ઝાડો બંધ કરવા સારૂ અફીણની દવાઓછે, ગ્યાલિકઆસિડ અને સલ્ફયુરીક આસિડછે, ચાકમિક્ષચર તથા કાથાની ટિંકચરછે, કોમ્પાઉન્ડ કાઇનો પોડર, કોમ્પાઉડ ચાક પૌડર, લાગવુડ, બિઝમથ તથા બીજી ઘણી દવાઓછે; તેનું અહીં લંબાણ કરવાની જરૂર નથી.

ક્ષય રોગ માટે છાતી ઉપર,જે બાજુ રોગ થયો હોય ત્યાં એકેક બબે દિવસને અંતરે રાઇનાં પ્લાસ્તર મારવાં, અથવા ટર્પેનટાઇન તેલ લગાડી શેક કરવો. થોડા દિવસ જારી આયોડાઇન લિનિમેંટ, ક્રોટન ઓઇલ લિનિમેન્ટ, અગર એન્ટિમોન્યલ મલમ લગાડવો. તેથી લગાડવાને ઠેકાણે ઝીણી ફોલ્લી અથવા ફોલ્લા થઈ આવશે. તેથી પણ સખ્ત ઉપાય કરવો હોય તો બ્લિસ્તર લગાડવું અને તે જોઇએ તો થોડા દિવસ વહેવા દેવું, અગર થોડા થોડા દિવસને અંતરે ફરી બ્લિસ્તર લગાડવાં. જોઇએ તો ફકત કોરો ગ્લાસ છાતી ઉપર મૂકવો. પોત આપવાથી ક્ષય રોગ અથવા ખાંસીને કોઇવાર સારો ફાયદો થાયછે.

ગળાની અંદર ખખરતું હોય, ગળું લાલ થયું હોય, અને તેથી સૂકી ખાંસી આવે તથા ચેન પડવા દે નહી. એટલે કોઇવાર "લારિંક્ષ"ને ક્ષયરોગ લાગેછે તેને માટે અડધો દ્રામ સિલવર નાઇટ્રેટ પાણીના એક ઔંસમાં નાખી તે ગળાની અંદર લગાડવું, તેથી ફાયદો થશે.

ક્ષય રોગને માટે દેશી દવાઓઃ—દેશી ઓષધોમાં ક્ષય રોગ ઉપર સોનાની સારી પ્રશંસાછે. સુવર્ણમાલિની વસંત નામની માત્રા થાયછે (પૃષ્ટ. ૨૯૪) તેને એક રતીથી વાલના પ્રમાણ સુધી ઘશીને દૂધ સાકરની સાથે દરરોજ સવારમાં એક વખત અગર દિવસમાં બે વખત પીવી. તેથી ભૂખ લાગશે, ખોરાક ચાલશે, અને શરીરની કાંતિ સારી થશે. દૂધ સાકરને ઠેકાણે પીપર તથા મધનું અનુપાન પણ ચાલેછે.

એકલો સોનાનો વરક અડધાથી એક રતીભાર લેઈ તેને એક તોલો સાકર તથા બે તોલા માખણની સાથે મેળવી દરરોજ સવારમાં ખાવું, તેથી પણ કોઇ વાર ક્ષય રોગીને આરામ થાયછે.

સીતોપલાદી ચૂર્ણનો અડધો તોલો દિવસમાં બે ત્રણ વખત તાજા ઘીની સાથે લેવાથી ક્ષય રોગીની ખાંસીને ફાયદો કરેછે. આ ચૂર્ણ ઉપર લખેલી સુવર્ણની દવાઓની સાથે અનુપાન તરીકે પણ લેવાયછે. આ ચૂર્ણ પિત્ત શામક છે, તેમજ દમ, શરીરનો દાહ, તથા અરૂચિનું પણ સમન કરેછે.

નં. ૧૫. સાકર.........૧૬ તોલા. વંશલોચન........૮ તોલા.
પીપર........ ૪ તોલા. એળચી ....૨ તોલા.
તજ .... ૧ ,,

ઉપરની સર્વ દવાને બારીક ખાંડી તેમને એકત્ર કરવી એટલે સિતોપલાદી ચૂર્ણ થાયછે.

નં. ૧૬. તમાલ પત્ર.........૧ તોલો. મરી .... ૨ તોલો.
સુંઠ ....૨ ,, પીપર ...... ૪ ,,
વંશલોચન ....૪ ,, તજ-દાળચી. ૨ ,,
એળચી.............૧ ,, સાકર ......૧૬ ,,

ઉપરની સર્વે દવાનું બારીક ચૂર્ણ કરી એકત્ર કરવી. તેને "તાલીસાદ્ય" ચૂર્ણ કહેછે. તે ખાંસી, દમ, જ્વર અને અરૂચિને મટાડશે.તેનો અડધો તોલો સવાર સાંઝ મધ અગર માંખણ સાથે ખાવો. તેનાથી ફાયદો ન થાય તો નીચેનું ચુર્ણ અજમાવી જોવું.

નં. ૧૭. સાકર, પીપર, દ્રાક્ષ, ખારેક, જેઠીમધ, એળચી, લવીંગ, તમાલપત્ર, અને નાગકેસર, તેનું સમભાગ બારીક ચૂર્ણ કરી તેનો અડધો તોલો સવાર સાંઝ આપવો.

નં. ૧૮ જાયફળ, વાગડીંગ, ચીત્રકમૂળ, તમાલપત્ર, ચંદન, સુંઠ, લવીંગ, એલચી, કપુર, હરડાં, આંમળાં, મરી, પીપર વંશલોચન,' અને તજ આ દરેકનો એકેક તોલો તથા ભાંગના સાત તોલા અને એ સર્વની સમાન સાકર લઈ તેમનું બારીક ચૂર્ણ કરી એકત્ર કરવું. આ ચૂર્ણનો પા તોલો લેવાથી ખાંસી અને દમને ફાયદો થશે. તથા રાત્રે લીધાથી પણ ઊંઘ આવશે.

સાકર, મધ, માંખણ, દુધ, અને ઘી એ પદાર્થો પુષ્ટીકરતા છે તે માંહેલા એક અગર વધારે લેવા, ચૂર્ણ તથા બીજી દવાની સાથે અનુપાનના રૂપમાં પણ તે પુષ્કળ વપરાયછે. લોહભષ્મ, મંડુર, અગર બીજી લોખંડની દવા ત્રિફળાની સાથે લેવાથી શરીર સુધરશે.

નં. ૧૯ "વંગ ભષ્મ" એટલે કલાઈની ભષ્મ ક્ષય તથા ઉધરસ ઉપર સારો ફાયદો કરેછે. એક રતીથી એક વાલ સુધી સાકર ઘીની સાથે સવારે તથા સાંજે ચાટી જવી. તે સિવાય બીજી કેટલીક માત્રા ચંદ્રોદય, લક્ષ્મીવિલાસ, પ્રવાલભષ્મ, લોકનાથરસ, ત્રિલોકચિંતામણી વગેરે ક્ષય રોગ ઉપર ઉપયોગમાં લેવામાં આવેછે.

નં. ૨૦ અભ્રક ભષ્મની ક્ષય માટે વિશેષ પ્રસંશાછે. તેની ૧ રતીથી વાલ માત્રા મધ સાથે લેવી.

હાંફણ, શ્વાસ, દમ.

(આસ્થમા.)

ચિન્હઃ—દમનો મરજ ઘણું કરી મોટી વયના આદમીને તથા સ્ત્રીને થાયછે. દમ ઉપડવાની પહેલાં દરદીને પેટમાં બાદી હોયછે, અથવા માથું દુખેછે. કોઇવાર આવાં કાંઈ પણ પૂર્વ ચિન્હ સિવાય દમ ઉપડેછે.

રાતમાં બે ત્રણ વાગ્યાના સુમારમાં એકાએક દરદી શ્વાસોશ્વાસમાં અટકાવ પહોંચવાથી જાગી ઉઠેછે. છાતી જાણે બાંધી લીધી હોય અને હવા અંદર જોઇએ તેટલી દાખલ નહી થઈ શકતી હોય તે મીસાલે અડચણ લાગેછે, અને તેથી વારંવાર મોટા જોરથી પણ મુશીબતની સાથ હાંફણ ચાલેછે, દમ ચાલેછે, તેની સાથે છાતીમાં તાંત બોલે છે, અને સારંગી પ્રમાણે ઝીણા જાડા અવાજ નીકળેછે. આ પ્રમાણે દમ થવાનું તથા આવા અવાજ નીકળવાનું કારણ એછે કે જે નળીઓની બાટે હવા ફેફસાંમાંથી જાય આવેછે તે નળીઓ કાંઈ કારણને લીધે સંકુચિત થાયછે. તેથી હવા જોઇએ તેવી સહેલાઈથી અંદર જઈ આવી શકિત નથી, માટે દમ ચાલેછે. એવી સાંકડી થએલી નળીઓમાં જોરથી જે હવા જાયછે તેને લીધે તાંત બોલેછે.

જ્યારે આ દમ અગર હાંફણ ઘણા જોરથી ચાલેછે ત્યારે દરદીનો દેખાવ મોટો દુખદાયક થઈ પડેછે. ધમણની માફક મોટા પરિશ્રમથી તેનો શ્વાસ ચાલેછે. દમનેલીધે તેને વાત કરવાની પણ ફુરસદ રહેતી નથી, તેનો ચેહેરો અને ચર્યા ઘણી લાચારી તથા સંકટ બતાવી આપેછે, અને એકાદ અજાણ્યા માણસને સહજ એમ લાગશે કે થોડા વખતમાં દરદી મૃત્યુને શરણ થશે.શરીર ઉપરથી પરસેવાનાં ટીપાં પડેછે અને અંગ ઠંડુ થઈ જાયછે,નાડી જલદ ચાલેછે,મોઢું ઉઘાડું રહેછે, થોડી ખાંસી આવેછે,અને કોઈ પણ રીતે તેને શાંતિ વળતી નથી. દરદીને ચેન પડતું નથી, સૂવા બેસવાથી પણ આરામ મળેતો નથી, ઊઘતો આવેજશાની, દમને નરમ પાડવાને દરદી વખતે ઉભો રહેશે, અગર હાથનો ટેકો લઈ તેને આધારે વાંકો વળીને બેસી રહેશે. અથવા ખુલ્લી બારીમાં કલાકના કલાક સુધી ઉભો રહેશે.ટુંકામાં જે સ્થિતિમાં તેને દમ લેવાને કાંઈ પણ ઠીક પડશે તે સ્થિતિમાં ઘણો વખત કાઢશે. ત્યારબાદ બે ચાર કલાકથી તે એક બે દિવસમાં આ હાંફણની ઘણી સંકટ ભરેલી સ્થિતિમાંથી દરદી મોકળો થાયછે, દમ નરમ પડી જાયછે, ખાંસી આવેછે અને તેની સાથે થોડો કફ પડેછે, તથા તેને ઘણો થાક લાગ્યો હોયછે, તેથી તે બિમાર નિદ્રાવશ થાયછે. તે જાગેછે ત્યારે છાતી તથા પીઠ ઘણી મેહેનત પડી હોય અને દુખે તે મીસાલે દુખેછે, કારણ કે છાતીની ધમણ ચલાવવામાં ખરેખરો ઘણો શ્રમ પડેછે.

આ રીતે એક વખત દમ થઇને મટી જાય, ત્યાર પછી ફરી તેજ રીતે ક્યારે થશે તેનો કાંઇ નિયમ નથી. ફરી ફરીને થયા વગર એ ઘણું કરીને રહેતો નથી, પણ તે કોઇને દરરોજ થાય, કોઇને મહિનામાં એક વખત અગર વરસમાં એકવાર, અને કોઇને તો કેટલેક વરસે એકવાર થાયછે. ઘણું કરીને એ રાતને વખતે આરંભ કરેછે. ફરીથી

દમ ઊપડે તે દરમીયાન દરદી તંદુરસ્ત હોયછે તથા શ્વાસ લેવામાં કાંઈ અડચણ હોતી નથી, તોપણ કેટલાક દમવાળા શરીરે હમેશાં અશક્ત હોયછે, છાતીના પાંસળાં તરી આવેછે, ગાલ બેસી ગયેલા હોયછે અને થોડી ઘણી ખાંસી હોયછે. પણ જ્યારે વારંવાર દમ ઉપડી આવેછે ત્યારે ફેફસામાં બીજી વ્યાધિયો પણ ઉત્પન્ન થાયછે. હમેશાં ઉધરસ રહેછે અને કફ પડેછે, તથા તાંત બોલેછે.

ઘણા વખત હાંફણ આ પ્રમાણે રહે તો તેમાંથી ફેફસાની વ્યાધિયો ઉત્પન્ન થાયછે એટલુંજ નહી પણ રક્તાશયની તેમજ બીજી શારીરીક વ્યાધિયો પેદા થાયછે, અને તેથી દરદીની જીંદગીનો અંત વહેલો આવેછે. પરંતુ જો દમ લાંબા વખતને અંતરે થતો હોય તો તેનાથી જીંદગીને વિશેષ ધક્કો લાગતો નથી.

આવા દમવાળા સર્વ આદમીને એકજ હવા અગર દવા માફક આવતી નથી. એક આદમીને સારી સ્વચ્છ ખુલ્લી દરીઆની હવાથી ફાયદો થાયછે તો બીજા એકાદને તેથી ઉલટો દમ ઉપડેછે, પણ કાંઈ ગલીચ હવાથી ફાયદો થાયછે. માટે સર્વ દમવાળાને એકજ હવાની ભલામણ કરી શકાતી નથી.

કારણઃ—આ રોગ ઘણું કરી તરૂણાવસ્થામાં શરૂ થાયછે. સ્ત્રી કરતાં પુરૂષને વિશેષ થાયછે. એકજ કુટંબમાં તે કોઈવાર વારસામાં ઉતરેછે. કોઈવાર ફેફસાની, રક્તાશયની કે ગર્ભાશય વગેરેની વ્યાધિને લીધે પેદા થાયછે, પણ ઘણું કરી તેવી વ્યાધિઓને તે ઉત્પન્ન કરેછે. દમવાળા આદમીને અજીર્ણ,ઝાડો તથા ત્વચાના રોગ વિશેષ થાયછે. ઠંડી હવાથી, શ્વાસમાં ધૂળ જવાથી અથવા મરચાં રાઈ વગેરે નઠારા પદાર્થની વાસ લેવાથી, ખરાબ ખોરાક ખાવાથી, રાતને વખતે ભારે ખોરાક ખાવાથી, તથા રાત્રે મોડેથી જમીને સૂઈ રહેવાથી કેટલીકવાર તેજ દિવસે દમ ઉપડી આવેછે.

આ અગર બીજા કારણોથી આગળ કહ્યા પ્રમાણે ફેફસાંની નળીઓ સંકુચિત થઈ જાય એટલે હાંફણ ઉપડેછે. આ રોગમાં મૂળ કફ હોતો નથી પણ તે જારી રહેવાથી કફ ઉત્પન્ન થાયછે. કેટલાકને દમ ઉપડે ત્યારે ઘણો કફ પડેછે. મન ઉપરની ખરાબ અસરથી પણ આ રોગ થઈ આવેછે.

ઉપાયઃ—ઉપાય બે પ્રકારનાછે. એક જ્યારે દમ ઉપડે ત્યારે તેને શાંત પાડવાનો તથા બીજો એ દમ મટી ગયા પછી ફરી દમ નહિ ઉપડે તેને માટે કરવાનો.

પ્રથમ દમ ઉપડી આવે ત્યારે જે કાંઈ કારણ માલમ પડી આવે તે દૂર કરવું. જેમકે બદહજમી હોય તો ઊલટી અગર ઝાડાનો જુલાબ આપવો. એવું કાંઈ કારણ નહીં માલમ પડી આવે તોપણ એરંડીયેલ તેલ આપી બે ત્રણ દસ્ત ઉતરે તેમ કરવું. ત્યારબાદ દવા આપવી, તે બે પ્રકારની, એક પેટમાં લેવાની તથા બીજી સુંઘવાની અગર બીડીની માફક પીવાની. પેટમાં નીચેની કોઈ પણ દવા માફક આવે તે આપવી.

નં. ૧. આયોડાઇડ ઓફ પોટાસ્યમ. .૩૦ ગ્રેન. સાલવોલાટાઇલ...૧૨૦ ટીપાં.
કલોરીક ઇથર..................૧૨૦ ટીપાં. કપૂરનું પાણી .. ૬ ઔંસ.
ટિંકચર ઓફ બેલાડોના...... ૪૦ ,,

સર્વે દવાને મિશ્ર કરી ⅙ દર ત્રણથી ચાર કલાકને અંતરે આપવી. આ દવાથી ફાયદો ન થાય તો નીચેની દવા આપવી.

નં. ૨. કાર્બોનેટ ઑફ આમોન્યા...૨૦ ગ્રેન.　　ટિંકચરઑફ સ્ટ્રામોન્યમ ...૨ ડ્રામ.
　ટિંકચર લોબીલ્યા ઇથરીસ. ૨ ડ્રામ.　　ટિંકચર ક્યામ્ફર કોમ્પોન્ડ...૨ ,,
　કપૂરનું પાણી..............૪ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી ⅙ દર ત્રણ કલાકને અંતરે આપવી. આ રોગમાં કોઇને અફીણ માફક આવેછે અને કોઇને માફક નથી આવતું. માટે માફક ન હોય તેને અફીણ આપવું નહીં. ઉપરની દવાઓથી ફાયદો ન થાયતો નીચેની દવાનો ઉપયોગ કરવો.

નં. ૩. સ્પીરીટ ઑફ ક્લોરોફોર્મ...૩ ડ્રામ.　　ટિંકચર બેલાડોના.........૧½ ડ્રામ.
　ટિંકચર હાયોસાયમ ......૩ ,,　　સાલવોલાટાઇલ.........૩ ડ્રામ.
　પાણી ....૬ ,,

સર્વે દવાને મિશ્ર કરી ⅙ ભાગ દર બેથી ત્રણ કલાકે દમ કમી પડે ત્યાં સુધી આપવું. જ્યારે હાંફણ ભરપૂર ચાલેછે અને દરદી ઘણો વ્યાકુળ થઈ જાયછે તથા ગભરાય છે ત્યારે તેને બનતાં સુધી આરામ આપવો એ જરૂરનુંછે, તેટલા માટે ક્લોરોફોર્મ અગર ઇથર સુંઘાડીને તેને બેભાન કરી સૂવા દેવો.

એકલો ક્લોરોફોર્મ ઘણો વખત સુધી આપવામાં આવે તો ઊલટી થાયછે તથા એકલા ઇથર સુંઘતાં ઘણું અલબ્યુ લાગેછે, માટે બેઉને સરખા પ્રમાણમાં એકત્ર કરી સુંઘાડવામાં આવે તો આ બેઉ અડચણ દૂર થાયછે, તથા ફાયદો તેટલોજ થાયછે. સુંઘાડતાં દરદી બેશુદ્ધ થાય ત્યારે દવા બંધ રાખવી અને પાછો જરા સાવચેત થવા આવે કે તરત થોડી સુંઘાડવી. આ રીતે ઘણા કલાક સુધી પણ દરદીને આ સ્થિતિમાં રાખી શકાય. વળી દરદી આ રીતે બેભાન અવસ્થામાં હોય ત્યારે મોર્ફીઆ તથા આટ્રોપીનની પીચકારી ચામડીમાં મારી હોય તો સારો ફાયદો કરેછે.

દમ ચાલતો હોય ત્યારે ધંતુરાના પાનની બીડી પીવાથી ઘણી વખત તરત દમ બેસી જાયછે. ધંતુરાના પાન તોડી સુકવવાં અને અર્ધાં સૂકાય ત્યારે તેની બીડી કરીને રાખી મૂકવી, તે દમ થાય ત્યારે સળગાવીને પીવી. ચલમની અંદર ધંતુરાના પાન અગર બી નાંખી તે પીવાથીપણ ફાયદો થાયછે. પાન કરતાં બીનો કેફ ઘણોછે, તેથી તે પીવામાં સાવધ રહેવું. તમાકુની બીડી તથા હોકો પીવાથી તેમજ ગાંજો પીવાથી પણ કેટલાકનો દમ શાંત પડેછે.

પાણીમાં ગળી જાય તેટલો સુરોખાર નાંખી તેમાં બ્લાટીંગપેપર ભીંજવીને સૂકવી રાખવા. દમ ઉઠે ત્યારે આ કાગળોને બાળી તેનો ધુમાડો લેવાથી પણ દમની શાંતિ થાયછે.

દમ બેસી ગયા પછી તે ફરી નહીં થાય તેવા ઇલાજો કરવામાં પ્રથમ દરદીને જે હવા માફક આવતી હોય ત્યાં રહેવું જોઇએ, શરીર સુધરે તેવો ખોરાક લેવો, ખોરાક નિયમસર લેવો, રાત્રે મોડું જમવું નહીં તથા ઉજાગરો કરવો નહીં. ભારે ખોરાક ખાવો નહીં અને અજીર્ણ થાય તેવી કોઇપણ બાબતથી દૂર રહેવું. જે પરેહેજીથી દમ દુર રહેતો હોય તેવી પરહેજી હમેશાં રાખવી. બધાઓને એકજ પ્રકારની પરેહેજી આ રોગમાં લાગુ પડતી નથી.

દમની જોડે અજીર્ણ હોયતો તેના યોગ્ય ઉપાય કરવા, ત્વચાનો કાંઈ વ્યાધિ હોય તો તેનો પણ ઇલાજ કરવો. આ રોગ ઉપર આઇયોડાઇડ ઓફ પોટાશ્યમ સારો ફાયદો કરેછે. તે એકલું અગર તેની સાથે બેલાડોના મેળવી તે થોડાં અઠવાડિયાં સુધી જારી પીવું જોઇએ.

નં. ૪. આયોડાઇડ ઓફ પોટાશ્યમ...૫ ગ્રેન
ટિંકચર બેલાડોના ...૫ ટીપાં
પાણી ... ...૧ ઔંસ
સર્વે દવાને મિશ્ર કરી આ દવા એથી ત્રણ વખત કેટલાક દિવસ સુધી દરરોજ આપવી.

જેમ ઉપરની દવા ફાયદાકારકછે, તેમ કેટલાકને સોમલ સારી અસર કરેછે, માટે જો ઉપરની દવાથી ફાયદો ન થાયતો તેની સાથે પાંચ ટીપાં "લીકર આર્સેનીક"નાં આપતા જવું. જ્યારે દમ જુનો થઈ જાયછે અને પછી થોડોઘણો હમેશાં જારી રહેછે તેના ઉપર નીચેની ગોળીયો સારો ફાયદો કરેછે.

નં. ૫. હરતાળ ચોખ્ખી......૧ ભાગ
અફીણ.........૨ ભાગ
હીંગળોક ....૨ ,,
ધંતુરાનાંબી......૪ ,,
કોઈનન ....૪ ,,

આ સર્વે દવા આપેલા વજનમાં લઈ તેની ત્રણથી ચાર ગ્રેન વજનની ગોળીયો કરવી. તેમાંથી દિવસમાં બે અગર ત્રણ વખત એકેકી લેવી. જુના શ્વાસના રોગ ઉપર કસ્તુરી સારો ફાયદો કરેછે.

નં. ૬. કસ્તુરી ચોખ્ખી......૩૬ ગ્રેન. જેઠીમધનો શીરો ...૩૬ ગ્રેન.

બંને દવાને મિશ્ર કરી તેની ૧૨ ગોળીયો કરવી, તેમાંથી દરરોજ સવારે તથા સાંજે એકેકી આપવી. હાંફણ ઉપર તેમજ બચ્ચાંની જુની સસણી ઉપર પણ કસ્તુરી સારી અસર કરેછે. સુમારે પાંચ વરસના બચ્ચાંને અડધો ગ્રેન કસ્તુરી દરરોજ આપવી અને માફક આવે તો એક ગ્રેન સુધી વધારવી.

શ્વાસ કુઠાર.

નં. ૭. પારો............૧ ભાગ.
મરી...........૧૦ ભાગ.
ગંધક ....૧ ,,
સુંઠ ....૨ ,,
ટંકણખાર ......૧ ,,
પીપર ....૨ ,,
મનશીલ... ......૧ ,,

આ સર્વનું ચૂર્ણ કરી એકત્ર કરવાં, તથા ખરલ કરવો. તેમાંથી એક રતીભાર નાગરવેલના પાનમાં દમ ઉપર દિવસમાં બે ત્રણ વખત આપવું. શ્વાસને માટે નીચેની દવાનો કાઢો કરીને બે દિવસ સુધી પાવો.

નં. ૮. ભોંયરીંગણી, હળદર, અરડુસો, ગળો, સુંઠ, પીપર, ભારંગમૂળ, નાગરમોથ, આ આઠ દવાઓનો દરેકનો તોલો વજન લઇ તેને શેર પાણીમાં ઉકાળવી, અને અડધો શેર પાણી રહે એટલે ઉતારીને પાણી ગાળી લેવું, તેમાંથી દિવસમાં ત્રણ ચાર વખત બે દિવસ સુધી પાવું.

મોટી ઊધરસ. કૂકડિયા ખાંસી.

(હુપીંગ કૉફ.)

મોટી ઉધરસઃ—આ ચેપી મરજ છે, તે ફક્ત છોકરાંને થાયછે. એક વખત થયા પછી ફરી તેને ઘણું કરીને થતો નથી, તેનું મુખ્ય લક્ષણ એક પ્રકારની જોરાવર ખાંસીછે.

ચિન્હઃ—આ ઊધરસ થવાનું કારણ એક પ્રકારની ઝેરી હવાછે. તે હવા શરીરમાં જવાથી આ મોટી ઊધરસ ઉત્પન્ન થાયછે. કોઈ પ્રકારની સાધારણ ખાંસી થાયછે, તેનું કારણ છાતી અગર ગળા માંહેનો કફ હોયછે;પણ આ મોટી ઊધરસના પ્રારંભમાં કફ લેશ માત્ર હોતો નથી. એ ખાંસી કેટલાક દિવસ થયા પછી ફેફસાંને ઈજા થવાથી કફ થાય, પરંતુ મૂળથી કફ હોતો નથી.

આ દરદની શરૂઆતમાં પ્રથમ આઠ દશ દિવસ થોડો તાવ આવેછે, તેની સાથે થોડું સળેખમ હોય, થોડી ખાંસી હોય; પણ બચ્ચું હમેશની માફક રમેછે અને ઘણું આજારી હોય એમ દેખાતું નથી.

તાવ ધીમો પડેછે તેમ ઉધરસનું જોર જાસ્તી જણાયછે. આ ઊધરસ એકવાર જોઈ હોયતો ફરી તેને કોઈ ભૂલી જાય નહિ. એકાએક ઊધરસ શરૂ થાયછે, બચ્ચું નીચું જોઇને એક સરખું કેટલીકવાર સૂધી ઓંઓં કરેછે, દરમિયાન તેનો ચહેરો લાલ થઇ જાય છે, કપાળ તથા મસ્તકની નસો ફૂલી આવેછે, આંખો ફાટી રહેછે, બચ્ચું તરફડેછે અને એવું જણાયછે કે હમણાં દમ નીકળી જશે. તેટલામાં તે ઉધરસ બંધ થઈ બચ્ચું લાંબો શ્વાસ ખેંચેછે, અને આ શ્વાસની સાથે સીસોટી જેવો તીક્ષ્ણ અવાજ થાયછે, તે ઉપરથી ઈંગ્રેજીમાં આ દરદનું નામ "હુપીંગ કૉફ" રાખવામાં આવ્યુંછે. આ પ્રમાણે ઉધરસ બંધ પડી કે તરત બચ્ચું પોતાની રમતે પાછું વળગેછે. તેનાથી બીજી કાંઇ અડચણ થતી નથી. દરેક વખત ઊધરસ જોરમાં આવે ત્યારે છેવટ ઉલટી થાયછે, તેમાં થોડો કફ અગર ખોરાક પડેછે. કેટલીકવાર ઊધરસના જોરથી બચ્ચાંને ઝાડો અથવા પેશાબ છૂટી જાયછે. વળી આ ઊધરસને લીધે કોઈવાર મોઢામાંથી, નાકમાંથી અગર કાનમાંથી લોહી નીકળેછે. કોઇ કોઈવાર આંખમાં લોહીનો રાતો ડાઘ થઈ રહેછે.

કોઇને આ ઉધરસ ઘણા જોરથી આવેછે અને કોઇને હલકી આવેછે. વળી એક દિવસમાં આ પ્રમાણે કેટલી વખત ઊધરસ આવે તેનો પણ નિયમ હોતો નથી. એક દિવસમાં ફક્ત ત્રણ ચાર વખત આવે, અગર એક કલાકની અંદર પણ તેટલી વખત આવે. ઘણું કરી રાત્રે તેનું જોર જાસ્તી હોયછે અને તેનું રાતનું જોર કમી થાય એટલે ખાંસી મટવા આવી એમ સમજવું. ત્યારબાદ ઓછા જોરથી તથા ઓછો વખત આવતાં આવતાં છેક મટી જાયછે. પણ આ પ્રમાણે કમી થતાં કોઈવાર થંડી હવા લેવાથી અગર શરદીથી ઉધરસ પાછો ઉથલો મારેછે અને ફરી ઘણા જોરથી થઇ આવેછે, માટે હમેશાં છેક ઉધરસ મટી જાય ત્યાંસુધી સાવચેતી રાખવી જોઇએ.

ઘણું કરી મોટી ઉધરસ બેથી દસ વરસની અંદરનાં બચ્ચાંને થાયછે, અને તે

બહુધા ત્રણથી ચાર અઠવાડિયાં સુધી રહેછે, પણ કોઇવાર કેટલાક મહિના સુધી એ જારી રહેછે. મોટી ઉધરસમાં શ્વાસ લેતાં તીક્ષ્ણ અવાજ થાયછે તેનું કારણ એ છે કે કંઠદ્વારનો રસ્તો સાંકડો થઇ તેમાં હવા એકદમ પેશી જાયછે.

કેટલીકવાર ઉપર કહ્યા પ્રમાણે મોટી ઉધરસ થઇને મટી જાયછે. પણ કોઈવાર તેની સાથે અગર તેને લીધે બીજાં દરદ થાયછે. તેથી બચ્ચું જોખમમાં આવી પડે છે એટલુંજ નહિ પણ તેના પ્રાણની હાની થાયછે.

કોઇવાર ઓરીની સાથે મોટી ઉધરસ થઇ આવેછે, તેની સાથે સસણી અગર ફેફસાંનો વરમ થઇ આવેછે. આ વ્યાધિ તેની સાથે થાય ત્યારે તાવ વધારે આવેછે, ઊધરસ ન હોય ત્યારે પણ શ્વાસ તથા નાડી જળદ ચાલેછે, અને નળીવતે છાતી તપાસ્યાથી તે દરદોનાં લક્ષણ જણાશે. કોઇ વખત ઊધરસને લીધે ફેફસાંના કોઇ ભાગમાંથી હવા નીકળી જાયછે અને તે ભાગ બેશી જાયછે તેથી બચ્ચાંના જાનને નુકશાન થાયછે.

કોઇવાર આ ઊધરસને લીધે મગજમાં લોહીનો ભરાવો થઈ જાયછે અને તેથી આંચકી આવેછે અગર બીજાં ચિન્હ જણાયછે. તેને લીધે તાવ આવે, બચ્ચું સુસ્ત થઇ પડી રહે, તેને ઘોંઘાટ કે અજવાળું ગમે નહિ, તે ઓસો પાડે, માથું દુખે, તથા ઊલટી થાય અને ઝાડો કબજ થઇ જાયછે.

ઉપાયઃ—શીળી, ઓરી, વગેરે ચેપીઆ રોગની માફક આ દરદ પણ પોતાની મુદત પ્રમાણે રહીને મટી જાયછે, માટે જો તેનું ઘણું જોર ન હોય તો દવા કરવાની જરૂર નથી. જોરથી ખાંસી ઘણી વખત આવતી હોય તો તેનો અટકાવ કરવા તથા તેની સાથે બીજા મરજ ન થાય એવા ઉપાયો કરવા જોઇએ. પ્રથમ સળેખમના જેવાં ચિન્હ થાય ત્યારે બચ્ચાંને ગરમ કપડાં પહેરાવવાં, સારો ખોરાક આપવો, બનતાં સૂધી ઘરમાં રાખવું, તથા લાઇકર આમોની એસેટસ વગેરે સળેખમના વિષયમાં લખેલી દવા આપવી. જ્યારે મોટી ઉધરસ બરાબર પ્રગટ થાય ત્યારે નીચેની દવા શરૂ કરવી. ચાર વરસના બચ્ચાંનેઃ—

નં. ૧. સાલ વોલાટાઇલ...૪૦ ટીપાં. સ્પિરિટ ઑફ ક્લોરોફોર્મ......૨૦ ટીપાં.
લિકર મોર્ફીઆ ......૧૨ ,, ડિલ્યુટ હાઇડ્રોસ્યાનિક આસિડ.૧૦ ,,
કપૂરનું પાણી .....૧૬ ડ્રામ.

ઉપરની દવા મિશ્ર કરીને $\frac{1}{8}$ ભાગ ત્રણ ચાર કલાકને અંતરે જરૂર હોય તે પ્રમાણે આપવો. તેનાથી ફાયદો ન થાય તો નીચેની દવા આપવી.

નં. ૨. ક્લોરલ હાઇડ્રેટ...........૬ ગ્રેન.
બ્રોમાઇડ ઑફ પોટાસ્યમ ૬ ,,
પાણી.......... ....૮ ડ્રામ.
} મિશ્ર કરીને $\frac{1}{8}$ ભાગ દર ત્રણ કલાકે પાવો.

ઉધરસની સાથે કફ થયો હોય તો એક ઉલટીનો જુલાબ આપવો. પછી નીચેની દવા ચાલુ કરવી.

નં. ૩. કોમ્પાઉન્ડ કામ્ફર ટિંક્ચર ....૩૦ ટીપાં. ટિંક્ચર સીલા. ૧૨ ટીપાં.
ડિલ્યુટ હાઇડ્રોસિયાનિક આસિડ.. ... ૪ ,, પાણી ...... ૧૨ ડ્રામ.

ઉપરની દવા મિશ્ર કરી ¼ ભાગ દર ત્રણ કલાકે આપવો. જસતનાં ફૂલ (સલ્ફેટ ઓફ ઝિંક) મોટી ઉધરસ ઉપર સારો ફાયદો કરેછે. ચાર વરસના બચ્ચાંને નીચે પ્રમાણે આ દવા આપવી.

નં. ૪. જસતનાં ફુલ...૪ ગ્રેન. ટિંકચર ઓફ બેલાડોના...૧૨ ટીપાં.
પાણી .. ૮ ડ્રામ.

સર્વે દવાને મિશ્ર કરીને ¼ ભાગ દર ત્રણ કલાકે પાવો. આ દવા થોડા દિવસ જારી રાખવી તથા આસ્તે આસ્તે જસતનાફૂલનું પ્રમાણ વધારતા જવું. મોટી ઊધરસ માટે નિચે લખેલી દવાઓ દરરોજ સવારસાંજ બચ્ચાંની પીઠ ઉપર લગાડવી.

નં. ૫. બેલાડોના લિનિમેન્ટ...૨ ડ્રામ. ક્લોરોફોર્મ લિનિમેન્ટ...૨ ડ્રામ
કામ્ફર લિનિમેન્ટ...૨ ,,

મિશ્ર કરી પીઠ ઉપર ચોપડવી અથવા તેને ઠેકાણે નિચેની દવા લગાડવી.

નં. ૬. ટિંકચર બેલાડોના ..૪ ડ્રામ. ગ્લિસરીન ૪ ડ્રામ. કામ્ફર લિનિમેન્ટ..૪ ડ્રામ.
મિશ્ર કરી વાંસા ઉપર લગાડવી. આ દવાઓ લગાડવાથી ઉધરસનું જોર નરમ પડેછે.
આપણા લોકોમાં સાધારણ રીતે આ દરદ ઉપર તાજું ઘી આપવાની રીતછે.

મગજના વ્યાધિ.

મગજ અને કરોડરજ્જુ ઉપર ઈંદ્રિયોની શક્તિ, શરીરના સર્વ અવયવોની ગતિ, તથા ગ્નાન શકિતનો આધારછે. તે સિવાય બુદ્ધિનું સ્થળ પણ મગજમાંછે. અર્થાત્ શરીરની જીવન દોરી મગજ ઉપરછે. માટે મગજને જો કાંઇ ઇજા પહોંચે તો પ્રાણને હાની થાયછે. તેની કોઈ વ્યથાને લીધે કેટલાક આદમી દીવાના બની જાયછે, કોઈ બેભાન થઈ જાયછે, કેટલાક એવા દરદને લીધે આંધળા અગર બહેરા થઈ જાયછે, કેટલાકના હાથ પગ નિર્જીવ થઇ જાયછે, કેટલાકની ત્વચા બહેર મારી જાયછે તથા બીજા તરેહવાર રોગ ઉત્પન્ન થાયછે.

મગજનો વરમ મગજનો સનેપાત.

(ઇન્ફ્લેમેશન ઓફ બ્રેન.)

ખોપરીની અંદર બે ત્રણ પડછે તેની અંદર મગજ રહેછે. કોઈવાર આ પડનો વરમ થાયછે તથા કોઈવાર મગજનો વરમ થાયછે. ઘણું કરી એ બેઊનો વરમ સાથે થાય છે, અને તેમનાં ચિન્હ પણ ઘણે દરજ્જે સરખાંજ હોયછે. મગજના વરમનાં મુખ્ય ચિન્હ તાવ, મસ્તકશૂળ, ઊલટી, બકારો, તથા છેવટ બેભાન પણું થાયછે.

ચિન્હઃ—ઘણું કરી પ્રથમ ટાઢથી તાવ આવેછે. આ તાવમાં પસીનો છૂટતો નથી. છેવટ પરસેવો થયા વગર તાવ જતો રહી દરદી સારો થાયછે. તાવની સાથે નાડી જલદ અને જોરથી ચાલેછે. જીભ સફેદ અથવા લાલ થઈ જાયછે. આંખો તથા ચહેરો લાલ

થઈ આવેછે. માથું અતિશય દુખેછે. આંખથી ઘણું અજવાળું સહન થતું નથી તેમ કાને પણ કાંઈ અવાજ સહન થતો નથી. આંખની કીકી સંકુચિત થાયછે. ઊલટી થાયછે અને ઝાડો કબજ રહેછે. જુલાબ સિવાય ઝાડો ઉતરતો નથી. ઉલટી મગજના દરદને લીધે થાયછે કે પેટ માંહેની હોજરીના અથવા કલેજાના દરદને લીધે થાયછે તેનો નિશ્ચય કરવો જોઇએ. હોજરી અને મસ્તકનીવચ્ચે એવો સંબંધછે કે મગજનું કાંઇ દરદ થયુ હોય તો તેને લીધે ઉલટી થાયછે. તેમ હોજરીમાં અજીરણ થયુંહોય તો તેથી મસ્તક દુઃખેછે. પેટના દરદને લીધે ઉલટી થતી હોય તો પેટમાં ચુંક આવે, અથવા દાબવાથી દુખે, વખતે ઝાડો થઇ આવે, ખોટો ઉબકો હોય, અન્ન ઉપર અરૂચિ, તથા આખરે એક વખત પણ ઉલટી થાય તોજ શાંતિ વળે. પણ મગજને લીધે ઉલટી થતી હોય તો પેટમાં કાંઇ દરદ હોય નહિ, ઉબકો અગર અરૂચિ હોય નહિ, તથા જોર કર્યા વિના ઉલટી થાયછે અને ઝાડો કબજ રહેછે. બકારો જલદી શરૂ થાયછે. દરદી ગમે તેમ બબડેછે, ઉઠીને નાસેછે, જવાબ બરાબર આપે અથવા ન આપે, તથા તેની પાસે ઘોંઘાટ થતો હોય ત્યારે એ ચેન રહેછે.

કેટલા કલાક અથવા એક બે દિવસ આ પ્રમાણે રહેવા પછી દરદી શાંત પડેછે. તાવ કમી થઈ જાયછે, અથવા હાથ પગ થંડા લાગેછે. દરદી ગાફલ થઇને બીછાનામાં ધુમસુમ પડી રહેછે, અગર લવારો કરેછે, પેસાબ અને ઝાડો કપડામાંજ કરેછે. તેના શરીરનો કેટલોક ભાગ રહી જાયછે, નાડી કમજોર થઈ જાયછે, દરદી કોઇને પીછાનતો નથી, તથા છેક બેશુદ્ધ થઈ જાયછે. પછી આસ્તે આસ્તે સુધરેછે, અથવા તો વધારે બેભાન થઈ મરણ પામેછે.

કારણઃ—મગજનો વરમ થવાનાં ઘણાં કારણછે. ઘણા લોહીવાળા આદમીને, ભારે શરીરવાળાને, અથવા ટૂંકી ગરદન વાળાને ભેજાના વરમનો રોગ જલદી થઇ આવેછે. ઘણો તડકો લાગ્યાથી, રાતે ઉજાગરો કરવાથી, દારૂ પીવાથી, ઘણો અભ્યાસ કરવાથી, મગજમાં લોહીનો વધારો થઈ જાયછે. જેના કાનમાંથી લાંબી મુદત થયા પરૂ વહેતું હોય અને તેની અંદર હાડકાંમાં સડો પેઠો હોય તેને લીધે કેટલીકવાર મગજનો વરમ થઈ આવેછે. ખોપરીનું હાડકું સડવાથી અથવા ખોપરી ફૂટવાથી, કેટલાક તાવથી, સંધિવાયુથી, ખોપરીને ધક્કો લાગવાથી, ઉપદંશના રોગથી તથા એવાંજ બીજાં કારણોથી આ રોગ થાયછે; પણ ઘણું કરી જે ભાગમાં દરદ થયું હોય અથવા ધક્કો લાગ્યો હોય તે ભાગમાં વરમ વિશેષ થાયછે, તેથી તેના થતા ચિન્હમાં થોડો તફાવત રહેછે. હમેશાં એક સરખાં ચિન્હ હોતાં નથી.

ઉપાયઃ—ઘણા લોહીવાળા ભારે અંગના આદમીએ ભારે ખોરાક ખાવો નહિ, તડકામાં ફરવું નહિ, દારૂ પીવો નહિ, અથવા જેથી મગજને હરકત પહોંચે તેમ વર્તવું નહિ. કાન વહેતો હોય તો તેનો વેળાસર યોગ્ય ઉપાય કરવો. ઘણોકાળ કાન વહેવાથી હાડકામાં દરદ દાખલ થાયછે અને અંતે મગજને પહોંચેછે. ઉપદંશ, તાવ, વગેરે હોય તો તેના પણ યોગ્ય ઉપાય કરવા.

મગજના વરમનાં ચિન્હ પ્રથમ જોરમાં જણાય ત્યારે જો દરદી જોરાવર હોય તથા નાડી જોરમાં ચાલતી હોય તો એક હાથની ફસ ખોલીને દસ પંદર તોલાભાર લોહી કાઢવું; પણ જો દરદી કમજોર હોય તો લમણા ઉપર અગર જ્યાં દરદ થતું હોય ત્યાં એક બે ડઝન જળો મૂકાવવી, તથા જાલપ અને કયાલોમલનો એક જુલાબ આપવો. જુલાબ બરાબર ન લાગે તો બીજે દિવસે એપૂસમસૉલ્ટ એક ઔંસ સોનામખીની ચામાં આપવું; અને તેમ કરતાંએ મોટા જુલાબની જરૂર પડેતો જમાલ ગોટાના તેલનાં બે ટીપાંની ગોળી બનાવી તે આપવી. મસ્તકના કેશ કાઢી નંખાવી બરફ લગાડવો. બરફ ન મળે તો નવસાર અને સુરાખારનું ટાઢું પાણી લગાડવું, અથવા કોલન વાટર અગર સાદા પાણીમાં કપડું ભીંજવી સતત્ લગાડવું અને પાણી રેડવું, તથા નીચેની દવા આપવી.

નં. ૧.	એપસંમ સાલ્ટ ....૩ દ્રામ.	નાઇટ્રેટ ઓફ પોટાસ...૨૦ ગ્રેન.
	એન્ટીમોન્યલ વાઇન... ...૩૦ ટીપાં.	ક્યામ્ફર વાટર........... ૨ ઔંસ.
	લાઇકર આમોની એસેટસ...૧ ઔંસ.	

ઉપરની દવા મિશ્ર કરી ૧½ ઔંસ દર ત્રણ કલાકે આપતા રહેવું.તેની સાથે ટિંક્ચર એકોનાઇટ દર વખત ચાર ટીપાં આપવું અથવા ટિંક્ચર એકોનાઇટ એકલું આપતા રહેવું. દરદી બહુ મસ્તી કરે તો કલોરલ હાઇડ્રેટ તથા પોટાસ બ્રોમીડ આપવાં.

તાવ નરમ પડી જાય, નાડી ધીમી કમજોર ચાલે તથા દરદી ગાફલ થતો જાય ત્યાર પછી લોહી બિલકુલ કાઢવું નહિ. સખ્ત જુલાબ ન આપતાં ઝાડો સાફ ઉતરે તેવી હલકી દવા આપવાની તજવીજ રાખવી. કાનની પછવાડે અથવા બોચી ઉપર બિલસ્તર મારવું. દૂધ, કાંજી, વગેરે ખોરાક આપવો. દરદી ગાફલ હોય તોપણ ચમચાવતે ખોરાક મોઢામાં રેડવો.દર બે ત્રણ કલાકે એક બે ઔંસ બ્રાંડી મિક્ષ્ચર આપવો. અથવા ગુદા વાટે તેની પીચકારી મારવી.મગજનો વરમ થયા પછી આદમી સારો થાય,તોપણ તે પોતાની પૂર્વસ્થિતિયે પહોંચતો નથી. કદાચ શરીરનો કોઈ ભાગ નિર્જીવ રહેછે, સ્મરણશક્તિ નાશ પામેછે, માથું દુખેછે, કામ સુજતું નથી, આંખ, કાન, નાક, અને જીભ એ ઇંદ્રિઓમાં કાંઈ ખામી માલુમ પડેછે. આવાં ચિન્હ જારી રહે ત્યારે મગજમાં દીર્ઘ વરમછે એમ સમજવું તેને માટે લાંબા વખત પોટાસ આયોડાઇડ અને રસકપૂર આપવાં. સારો ખોરાક આપવો તથા અઠવાડીયામાં એકાદ બે હલકા જુલાબ આપવા. બાદ કેટલીક મુદત પછી સ્ટ્રીકનિયા આપવું.

મગજ ઉપર લોહીનું ચઢવું.

(આપોપ્લેક્ષી).

મગજ ઉપર લોહી ચઢી જવાથી આદમી એકદમ બેહોશ થઈ જાય છે ત્યારે તેને ઇંગ્રેજીમાં "આપોપ્લેક્ષી"નો રોગ થયો એમ કહેછે. આ દરદ કોઇવાર એકાએક થઈ આવે છે, પણ ઘણીવાર તો તેનાં કેટલાંક પૂર્વચિન્હ માલુમ પડેછે, તેપરથી આદમીયે સાવચેત

રહેવું જોઇએ. ૧. મસ્તક દુખે, માથામાં ભાર તથા વજન લાગે, ફેર અથવા ચક્કર આવે, અને તે વળી વાંકા વળવાથી જાસ્તી આવે. ૨. કાનમાં અવાજ થાય, આંખે ઝાંઝવાં આવી જાય, અથવા આંખ આગળ જીવડાં ઉડતા હોય તેવો કોઈ કોઈવાર ભાસ થાય. ૩. નસકોરી ફુટે. ૪. સ્મરણશક્તિ નબળી પડે, સ્વભાવ ચીઢીઓ થઈ જાય, મન ગભરાટમાં રહે. અને કોઈવાર ભ્રમ થાય. ૫. ઊંઘ તથા ઘેન રહે, અને બીહામણાં સ્વપ્નાં આવે. ૬. કોઇવાર એકાદ હાથ પગ રહી જાય અને પાછો સારો થાય, અગર હાથ પગ ઉપર કીડી ચાલતી હોય તેમ લાગે. આવાં કોઈ ચિન્હ એક અથવા વધારે વખત થયાં કરે તો મગજ ઉપર લોહી ચડી જશે એવી ધાસ્તી રહેછે.

કારણઃ—ચાળીસ વરસની વય ઉપરાંતના આદમીને આ મરજ વિશેષ થાયછે. આ મરજ થવાનાં કારણો ઘણાં છે. જે માણસ ઘણા લોહીવાળો અને તેની સાથે ગરદન ટુંકી અને પેટ મોટું હોય, જેના કુટુંબમાં બીજાઓને આ મરજ થતો હોય, જેનો એશઆરામમાં વધારે વખત જતો હોય, જેને મૂત્રપિંડનું, રક્તાશયનું, કિંવા રક્તનળીયોનું દરદ થયું હોય તેને આ રોગ થાયછે. ઘણા કાળથી જે રસ્તે લોહી જતું હોય તે એકાએક બંધ થઈ જાય તો તેથી પણ મગજપર લોહી ચઢી જાયછે. ઘણો દારૂ પીવાથી, તમાકુ તથા અફીણના વ્યસનથી, ગરમીમાં તડકે ચાલવાથી, ઘણો ખોરાક ખાવાથી, અને ઝાડે થતાં અથવા પેશાબ કરતાં ઘણું જોર કરવાથી પણ આ રોગ ઉત્પન્ન થાય છે. દરદને લીધે રક્તનળીઓ નબળી થઈ ગઈ હોય અને પછી આગળ કહેલા કોઇ પણ કારણથી તેમના ઉપર દબાણ થાય તો મગજ ઉપરની કોઈ રક્તનળી ફુટી જાયછે અને તેથી રક્તસ્રાવ થાય છે. નાજુક મગજ ઉપર તેનું દબાણ થવાથી આદમી બેહોશ થઈ જાય છે.

ચિન્હઃ—આ મરજમાં આદમી એકાએક બેશુદ્ધ થઈ પડી જાયછે. કોઇવાર શરૂઆતમાં આંચકી આવેછે. ઘણું કરી તે મૂડદાની માફક પડી રહેછે. શ્વાસ ઘુંટાય છે. તેનો મોટો અવાજ થાયછે, મોઢે ફીણ આવી જાયછે, દાંત ખીલી બેસી જાયછે, નાડી ધીમી પણ ભરપૂર ચાલેછે, આંખો ઊંચી ચઢી જાયછે અને કીકી મોટી થઈ જાયછે.

આ પ્રમાણે એક બે કલાકથી તે એક બે દિવસસુધી આદમી અચેત પડી રહેછે. તેનું પરિણામ આ ત્રણમાંથી એક પ્રકારે આવેછે. ૧. કેટલીકવાર દરદી ઠંડો પડી જાય છે, અંગમાંથી પરસેવો છૂટેછે, પેશાબ અને ઝાડો પોતાની મેળે થાયછે અને નાડી ક્ષીણ પડી જઈ મૃત્યુ પ્રાપ્ત થાયછે. ૨. દરદી હળવે હળવે સાવધ થઈ પાછો છેક સારી હાલતને પહોંચેછે. ૩. દરદી સારો થાયછે ખરો, પણ પક્ષઘાતથી તેનું અડધું અંગ રહી જાયછે માટે આ દરદમાંથી આદમી બચશે કે નહિ એ વિષે ચોકસ વિચાર આપવો મુશ્કેલ થઇ પડેછે. જેમ ખોરાક ગળે ઉતરે નહિ, શ્વાસ વધારે ઘુંટાય, આંચકી આવે, ઘણા વખતસુધી છેક બેભાન અવસ્થામાં પડી રહે, તો ભયંકર પરિણામ સમજવું. આ મરજથી આદમી મરી જાય તોપણ તે થોડા કલાક આવી બેભાનીમાં રહ્યા પછી મરી જાયછે. એકદમ ક્ષણ માત્રમાં મરી જતો નથી. એક ક્ષણમાં મૃત્યુ થાય એવાં ચારપાંચ

કારણોછે; જેમકે ડોકનો કાંટો ખડી જવાથી, શરીરપર વીજળી પડવાથી, રક્તાશયના દરદથી અને પ્રુસિકઆસિડના ઝેરથી તત્કાળ મૃત્યુ નીપજેછે. માટે માણસે તત્કાળ પ્રાણ ત્યાગ કર્યો હોયતો આ મગજના દરદથી થયોછે એવો સંભવ હોતો નથી. જો આરામ થાય તો પ્રથમ શુદ્ધિ આવેછે, પછી સ્મરણ શક્તિ અને પછી હાથ પગ રહી ગયા હોય તેમાં શક્તિ આવેછે.

આદમી મરી ગયા પછી તેનું મગજ તપાસવામાં આવેતો કોઇવાર ફક્ત તેની રક્ત નળીઓ ઘણા લોહીથી ભરાયેલી દેખાશે, અને કોઇવાર ફક્ત મગજની અંદર પાણીનો વધારો જણાશે; પણ ઘણું કરી મગજનીઉપર અથવા અંદરના ભાગમાં છુટું પ્રવાહીલોહી અગર તેના ગાંઠા જ્યાં રક્તનળી ફુટી હશે ત્યાં જોવામાં આવશે.

આ રીતે મગજપર લોહી ચઢી જવાથી ઘણીકવાર તો દરદી એકદમ બેશુદ્ધ થઈ જાયછે, પણ કોઇવાર તેને પ્રથમ ફક્ત ફેર આવેછે અને પછી સાવધ થઈ થોડીવારમાં ગાફલ થઈ જાયછે. કોઈવાર પ્રથમ પક્ષઘાત થાયછે અને ત્યાર પછી તે બેભાન થઇજાયછે. જેને એકવાર આ મરજ થયો હોય અને તે સારો થાય તોપણ તેને ફરીથી આ રોગ થવાનો સંભવ રહેછે.

ઉપાયઃ—ઉપર કહ્યુંછે કે અમુક પ્રકારના આદમીને આ મરજ થાયછે, તથા એ રોગનાં કેટલાંક પૂર્વ લક્ષણછે. માટે જે આદમી એવી તબીઅતનું હોય તેણે તડકામાં બહુ ચાલવું નહિ, મગજને અગર શરીરને ઘણો શ્રમ આપવો નહિ, દારૂ પીવો નહિ, ઉજાગરો કરવો નહિ, અકરાંતિયા થઇને ખાવું નહિ, તથા ઘણું જોર કરવું નહિ. તેણે સાદો ખોરાક ખાવો, ખુલ્લી હવામાં ફરવું, ગરમી હોયતો મસ્તકપર થંડું કપડું રાખવું, સૂતી વખત ઊંચા ઉસીકા ઉપર માથું રાખી સૂવું, અને મસ્તક ઉપર સાંજસવાર થંડું પાણી રેડવું. ઝાડો કદી કબજ રહેવા દેવો નહિ. જો ફેર આવે, મસ્તક ભારે લાગે, નસકોરી ફુટ્યાં કરે, તો સારી પેઠે જુલાબ લેવા, બોચીપર બ્લિસ્તર મારવું, અથવા પોત મૂકવું. જો નબળાઇને લીધે આવાં ચિન્હ થતાં હોયતો શક્તિ લાવે તેવો ખોરાક અને લોખંડનીદવા આપવી.

જ્યારે આ મરજ થઈ આવે ત્યારે જો દરદી મજબૂત હોય, નાડી જોરથી ચાલતી હોય, તથા ડોક અને મસ્તકની નસો જોરથી ઉછળતી હોય,તો ફસ ખોલીને લોહી કાઢવું, અગર મસ્તક ઉપર જળો મૂકવી; પણ જો તે આદમી કમ કૌવત હોય, હાથ પગ થંડા હોય, તથા શરીરપર પરસેવાનો સેદ આવેતો લોહી કાઢવું નહિ. દરદીને સારી હવાવાળી થંડી જગામાં મસ્તક નિચે ઉસીકું રાખી સુવાડવો. મસ્તકપર થંડુ પાણી રેડવું અગર કપડું ભીંજવી મૂકવું, અને બરફ મળી આવેતો તે મૂકવો. ગળે ઉતરી શકેતો એક જુલાબ આપવો. કાલોમલ અને જાલપ અગર સોનામખી અને વિલાયતી મીઠાનો જુલાબ આપવો. ગળે ઉતરે તેમ ન હોયતો જીભ ઉપર નેપાળાના તેલનાં બે ત્રણ ટીપાં મૂકવાથી જુલાબ લાગશે. પગની પીંડી ઉપર રાઇ લગાડવી. મળદ્વારેથી ખોરાક અથવા દવાની પીચકારી જરૂર પડેતો મારવી. જો દરદી સારો થવા માંડેતો ઘણી સંભાળ રાખવી, સાદો ખોરાક આપવો,દારૂ આપવો નહિ.ગરમ દવા આપવી નહિ. તેનું મન ગમતમાં રહે તેવી યોજના કરવી. તે ગુસ્સે થાય અથવા બીજી રીતે તેનું મન ઉશ્કેરાય તેમ કરવું નહિ.

લૂ લાગવી.

(સન્સ્ટ્રોક).

સૂર્યના અતિશય તાપનેલીધે ગરમ દેશમાં કેટલાક આદમી બેહોશ થઈ મરી જાય છે. તડકામાં ચાલનાર તથા કામ કરનારને આ મરજ થાયછે. આપણા દેશમાં ઈંગ્રેજ લોકોને આ રોગ થતો વિશેષ જણાયછે, કેમકે તેઓ થંડા દેશના રહેનારા તેથી અહીંની ગરમી તેઓ સહન કરી શકતા નથી. ઉનાળાના દિવસમાં બહુ તાપ પડેછે ત્યારે કેટલાક લોકોને આ રોગ થાયછે.

ચિન્હઃ—શરીર ઘણું ગરમ થઈ આવેછે, ફેર આવેછે, મસ્તક દુખેછે, તથા છાતી રૂંધાયછે. ઘણી તરસ લાગેછે તથા ચામડીમાંથી પરસેવો બિલકુલ નિકળતો નથી. નાડી નબળી પડી જાયછે, અને પછી આદમી બેશુદ્ધ થઈ જાયછે.

કેટલીકવાર આદમી એકદમ બેશુદ્ધ થઇ પડી જાયછે. શ્વાસ મોટા અવાજની સાથે ઘુંટાયછે, કીકી સંકુચિત થાયછે અને થોડા કલાકમાં તે આદમી પ્રાણ ત્યાગ કરેછે. બેશુદ્ધિ ઘણો વખત રહે, આંચકી આવે, અગર રક્તાશય ઘણી ઝડપથી ચાલે, તો દરદી બચવો મુશ્કેલ સમજવો.

કારણઃ—સૂરજની ગરમીથી આ રોગ થાય છે. જે દારૂ વધારે વાપરે, રાતના ઉજાગરા કરે, તથા ખાવા પીવામાં અનિયમીત રહે, તેને જલદી લૂ લાગેછે. લશ્કરના ઈંગ્રેજ સિપાઇઓને આ રોગ ઘણી વાર થાય છે.

ઉપાયઃ—ઉપાય બે પ્રકારનાછે, એક ઝટકો થતા પહેલાં તેને અટકાવવાનો તથા થયા પછી તેને મટાડવાનો. લૂ લાગે નહિ તેટલા માટે બનતા સુધી ઘણા તડકામાં જવું નહિ અને જવું પડે તો મસ્તક ઉપર ભીનું કપડું રાખવું. દારૂ પીવો નહિ; ચા, પાણી, લેમનેડ, સોડા વોટર, અને બરફ એ પીવાં. પરશેવો નીકળવા દેવો. લુ વાયાનાં કાંઇ ચિન્હ જણાયતો છાયામાં જઈ સૂઇ રહેવું તથા મસ્ત ઉપર થંડું પાણી રેડવું.

લૂખ લાગ્યા પછી પણ થંડું પાણી મસ્તક તથા છાતી ઉપર રેડવું અથવા બરફ લગાડવો. બોચી ઉપર બ્લિષ્ટર મારવું. શરીર ઘણું ગરમ હોય તો ૮૦ થી ૯૦ ડીગ્રીની ઉષ્ણતા વાળા પાણીમાં દરદીને બેસાડવો.

નાડી ઘણીજ નબળી પડી જાય તો બ્રાંડી તથા આમોન્યા આપવાં, પણ તે સિવાય આ દવા આપવી નહિ. પગને રાઇનો લેપ મારવો. કોઈનિન પીવા આપવું, કાલોમલનો જુલાબ આપવો, તાવ ધીમો પાડવા સારૂ એકોનાઈટ, ડીજીટેલીસ અગર વીરેટ્રીયાના અરકનાં પાંચ ટીપાં દર કલાકે આપવાં.

શરીરનું રહી જવું.

(પારાલીસીસ).

સ્વાભાવિક રીતે આદમીને સ્પર્શજ્ઞાન છે તથા શરીર અને તેના અવયવો પોતાની

મરજી મુજબ તે ચલાવી શકેછે. આ જ્ઞાન તથા ગતિની શક્તિ મંદ પડી જાય અગર નાશ પામે તો શરીર રહી જાયછે એટલે જુઠું પડી જાયછે. આપણા દેશી વૈદકશાસ્ત્રમાં આવા રોગને વિશે વાયુને પ્રધાન ઠરાવ્યો છે, અને તેથી વાયુ થયો અથવા શરીર વાયી રહી ગયું એમ પણ કહેવાય છે. ઇંગ્રેજીમાં તેને "પાલસી" કહેછે. આખા શરીરની પાલસી તો ક્વચિત થાયછે અને થાય તો આદમી ઘણો વખત જીવી શકે નહિ. પણ શરીરના જુદા જુદા ભાગની પાલસી તો આપણા જોવામાં વારંવાર આવે છે.

શરીરના જુદાજુદા ભાગ જુઠા પડી જાય તેને જુદી જુદી સંજ્ઞા આપવામાં આવેછે. જો શરીરનો એક બાજુનો ભાગ રહી જાય તો તેને **પક્ષઘાત** કહેછે, તેમ જો શરીરનો નીચેનો અર્ધો ભાગ રહી જાય તો તેને **ઉરુસ્તંભ** કહેછે. તેવીજ રીતે ફકત એકજ હાથ અગર પગ જુઠો પડી જાય છે. વળી એક બાજુએ ચહેરામાં આવો ફેરફાર થાય છે તેથી મોઢું જે બાજુ સારી હોય તે તરફ ખેંચાય છે અને વાંકુ થઇ જાયછે તેને સાધારણ "અડદીયોવા" કહેવાય છે.

જે ભાગનું ચલન એટલે ગતિબંધ થઇ જાય તે ભાગ દરદી પોતાની મરજી મુજબ હલાવી શકતો નથી. તે ભાગ ફકત એક લાકડાની માફક નિર્જીવ પડી રહેછે એટલે તે રહી ગયો એમ કહેવાયછે. તેમ જો તે ભાગમાં સ્પર્શજ્ઞાન પણ ન હોયતો તે સુનો પડી ગયો એમ કહેવાયછે. જે અવયવ જૂઠું પડી જાયછે તેની સાથે તે અવયવનું સ્પર્શજ્ઞાન પણ કમી પડીજાયછે અથવા છેક શુન્ય પડી જાયછે એટલે જોરથી ચોમટી લઇએ તોપણ તેને ખબર પડતી નથી.કોઇવાર ગતિબંધ પડી જાયછે તેજ અવયવમાં સ્પર્શ શક્તિમાં વધારો થાયછે એટલે તે ભાગને જરા આંગળી લગાડીયે તોપણ જોરથી લાગ્યું હોય તે પ્રમાણે દરદીને માલમ પડેછે.

શરીરની સર્વ તંતુઓનો સંબંધ મગજ અને તેના કરોડ રજ્જુ સાથેછે. ગતિતંતુ, સ્પર્શતંતુ તથા બીજી ઇંદ્રિયોની તંતુ તેની સાથે જોડાયેલી છે. મગજ તથા દોરડાને કોઇ પ્રકારની વ્યાધિ થાય, તેમના પર દબાણ થાય, અગર તેમનું છેદન થાય, મગજ તથા તેનાં દોરડાના પડને કોઇ રીતની વ્યાધિ થાય, તેમજ તે તંતુને કોઈ રીતની ઈજા થાય તો-તેનું પરિણામ પાલસી થાયછે. વળી સીસું પારો વગરે વિષથી તેમજ સંધિવા, હિસ્ટીરીયા અને ઘટપણ વગરે કારણોથી પણ પાલસી ઉત્પન્ન થાયછે.

પક્ષઘાત.

(હેમીપ્લીજ્યા).

ચિન્હઃ—પક્ષઘાત અથવા અર્ધાંગ વાયુ એટલે ડાબી અગર જમણી તરફનું અર્ધું અંગ જાઠું પડી જાયછે, એક હાથ અને તેજ બાજુનો પગ બેઉ રહી જાયછે. ઘણું કરી મગજ ઉપર લોહી ચડી જવાથી આદમી એકદમ બેહોશ થઈ જાયછે અને પાછો શુદ્ધિ ઉપર આવે ત્યારે એક તરફનું શરીર ખોટું માલમ પડેછે. કોઇવાર આદમી બેશુદ્ધ થયા વિના એકાએક પક્ષઘાત થાયછે અને કોઇ વખત ધીમે ધીમે હાથ રહી જાય અને પછી

પગ પણ ખોટો પડી જાયછે. ક્વચિત એકલો હાથજ રહી જાયછે, અને ક્વચિત એક હાથ અને તેની સામેની બાજુનો પગ એ પ્રમાણે રહી જાયછે.

જે હાથ પગ રહી જાયછે તે લાકડાની માફક નિર્જીવ પડી રહેછે. દરદી તેમને ઊચકી કે હલાવી શકતો નથી. તેમની ગતિની જોડે સ્પર્શજ્ઞાન પણ કમી થઈ જાયછે અગર છેક જતું રહેછે. તેમની ગરમાઈ પણ સામેના સારા અવયવ કરતાં થોડી હોયછે એટલે તેમને હાથ લગાડવાથી જરા થંડા માલમ પડે છે.

કોઈવાર ચહેરો જેવાને તેવાજ રહેછે પણ ઘણું કરી પક્ષઘાતમાં એક બાજુનો ચહેરો પણ ખેંચાઇ જાયછે. જે બાજુનો ચહેરો રહી ગયો હોય તે તરફનો ગાલ ઢીલો લોચા જેવા જણાય છે. મોઢાનો ખૂણો નીચો જણાયછે, તથા તે તરફથી થુંકની લાળ ચાલી જાયછે કેમકે તે બાજુના અર્ધા હોઠ બરાબર બીડાતા નથી. દરદીને ફૂંક મારવાને કહીયે તો તે તરફનો ગાલ ફૂલતો નથી, જીભ બહાર કાઢે તો તે તેડી માલમ પડેછે તથા જે બાજુ ચહેરો રહી ગયો હોય તે તરફ વાંકી જણાયછે. આંખની ઉપલી પાંપણ ઉઘાડી રહેછે, તે પૂરી મીચાતી નથી તેથી તેમાં પાણી આવ્યાં કરેછે, કોઇવાર ઉપલી પાંપણ મીંચાયેલી રહેછે તે દરદી ઊંચી કરી ઉઘાડી શકતો નથી. આ પ્રમાણે પાંપણ મીચાયલી રહે તે વખત આંખની કીકી પણ વિસ્તૃત રહેછે ત્યારે મગજની ત્રીજી તંતુને ઈજા થઇ છે એમ સમજવું. પાંપણ ઉઘાડીજ રહે તો સાતમી તંતુને હરકત થઇછે એમ સમજવું. આ **અર્દિત વાયુ** જમણી બાજુનો પક્ષઘાત હોય ત્યારે વિશેષ જોવામાં આવેછે.

આ પ્રમાણે પક્ષઘાતથી શરીરપર આવા ફેરફાર થાયછે તેની સાથે દરદીની વાચા, અક્કલ, હુંશીઆરી તથા સ્મરણશક્તિમાં પણ કેટલોક તફાવત માલમ પડેછે. વાચા બોલવામાં ત્રણ સાધનની જરૂર પડેછે. મગજની અંદર વિચાર ઉત્પન્ન થાય, પછી ગળામાંથી સુર નીકળે, અને તેના મોઢામાં શબ્દ બંધાય ત્યારે ભાષા બોલાય છે. પક્ષઘાતની સાથે કોઈવાર દરદીને બોલવામાં કાંઈજ હરકત આવતી નથી પણ કોઈવાર મગજને એવી તરેહની ઇજા થાયછે કે દરદી કાંઇ બોલી શકતો નથી, અથવા ભાગું તૂટું બોબડું બોલેછે. વખતે તેનું બોલવું બીજાને સમજાતું પણ નથી. કોઈવાર ફકત બોલી શકતો નથી પણ લખી શકેછે અને કોઈવાર બોલવા તેમજ લખવાની શક્તિ પણ જતી રહેછે. આ રીતે બોલવામાં હરકત થઇ પડેછે ત્યારે ઘણું કરી જમણી બાજુનું અંગ ખોટું હોયછે.

સ્મરણ શક્તિ ઘણીજ નબળી થઈ જાયછે, અક્કલ હુશીઆરી પણ કાચી પડેછે. દરદી નાહીંમત થઈ જાયછે. સહેજવાતમાં આંખમાં પાણી આવી જાયછે, સ્વભાવ પણ ચીડીયો થઈ જાયછે અને મીજાજ બગડી જાયછે.

પક્ષઘાતમાંથી આદમી સારો થાયછે અથવા તેથી થોડા દિવસમાં મરણ પામેછે અગર ઘણા મહિના અને વરસ સુધી તે પીડાયછે. જો સારો થાય તો વખતે થોડા દિવસ અગર મહિનામાં પ્રથમ પગ સારો થાય અને પછી હાથ સારો થાયછે. કોઈ વાર હાથ પગમાં જરા તરા ખોટ તથા કમકૌવતપણું રહી જાયછે. જો પક્ષઘાત સારો ન થાય તો તે હાથ પગ થોડાં ઘણાં ગળી જાયછે. હાથ વાંકો ઠુંઠાની માફક રહેછે, અને પગ

જમીનપર લંગડાતો અને ઘસડાતો ચાલેછે.

પક્ષઘાતમાં જાડો પડી ગયેલો પગ દરદી પોતાની ખુશીથી હલાવી શકતો નથી પણ જો તેના પગને તળીએ આંગળી લગાડીયેતો પગ પોતાની મેળે ગલપચીને લીધે ઉછળશે.

કારણઃ—મગજને ઇજા પહોંચવાથી ઘણુંકરી પક્ષઘાત થાયછે. મગજપર લોહી ચડવાથી એકાએક અને પૂર્ણ પક્ષઘાત થાયછે. ધીમે ધીમે પક્ષઘાત થાય તે મગજ નરમ પડવાથી, તેમાં કાંઈ ગડ થવાથી, અગર બીજી કોઈ પ્રકારની ગાંઠના દબાણથી અગર મગજમાં ગરમીનું દરદ થવાથી થાયછે એમ સમજવું. પડી જવાથી અગર મારથી ખોપરીને તથા મગજને નુકશાન પહોંચવાથી પણ પક્ષઘાત થાયછે. તે શિવાય મગજ ઉપર લોહી ચડવાના વિષયમાં જે કારણો આપ્યાંછે તે જોવાં. વાઈમાંથી, હીસ્ટીરીયાથી તથા વખતે આંતરડાં અને મૂત્રપિંડની વ્યાધિથી પણ પક્ષઘાત થાયછે. ઘડપણમાં પક્ષઘાત વિશેષે કરીને થાયછે તેનું કારણ કે તેવી ઉમરે મગજનું પોષણ બરાબર નહિ થવાથી તેનો કાંઈ ભાગ નરમ થવા માંડેછે તથા રક્ત નળીયો પણ નબળી હોવાથી જલદી ફૂટી જાયછે. મગજનું પોષણ કરનારી ધમનિમાં લોહી થીજી જવાથી એકાએક આદમી બેશુદ્ધ થયા સિવાય પક્ષઘાત થાયછે. રકતનળી ફૂટી રક્તસ્રાવની સાથે પક્ષઘાત થાય ત્યારે બેશુદ્ધ થાયછે.

જ્યારે જમણી બાજુના મગજમાં વ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે ડાબી બાજુનાઅંગનો પક્ષઘાત થાયછે અને ડાબી તરફ મગજમાં બગાડ થાય તો જમણું અંગ રહી જાયછે. આ નિયમને વખતે અપવાદ હોયછે તોપણ તે ખસુસ ધ્યાનમાં રાખવો જોઇએ.

ઉપાયઃ—પક્ષઘાતનો ઇલાજ કરવામાં તેની મુદત તથા દરદીની શરીર હાલત ઉપર વિચાર રાખવોજોઈએ.જ્યારે આદમી તરૂણ અવસ્થામાં શરીર પુષ્ટ હોય ત્યારે મગજપર લોહી ચઢી એકા એક દરદીને એકાંગ વાયુ થાયતો તેનો ઉપાય મગજપર લોહી ચડવાના વિષયમાં આપ્યોછે તેમ કરવો, તથા તેમાં કહ્યા પ્રમાણે દરદીએ વર્તવું. એક સારો જુલાબ આપવો, તેના મસ્તક ઉપર ભીંનું કપડું અગર બરફ રાખવો અને તેને શાંત પડી રહેવા દેવો, સાદો ખોરાક આપવો.

એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે જે મગજને નુકશાની પહોંચેછે અને તેથી પક્ષઘાત થાયછે તેને આપણે એકદમ દુરસ્ત કરી શકતા નથી. તે આસ્તે આસ્તે સારૂ થાયછે.

દરદીને ગળે ઉતરે નહિ તો ક્રોટન ઓઇલનાં બે ટીપાં સાકર સાથે જીભ ઉપર મેલવાં અથવા મળદ્વારે પીચકારી મારવી. ગળે ઉતરેતો એપસમસાલ્ટ, જાલપ અગર સોનામુખીનો જુલાબ આપવો. માથું દુખતું હોય તો બોચી અગર કાનપટી ઉપર બ્લીસ્તર મારવું અને તે સાથે તાવ આવ્યો હોય તો નીચેની દવા આપવી.

નં. ૧. બાઇકર આમોની એસેટસ...૧½ ઔંસ. નાઇટ્રેટ ઑફ પોટાસ...૧૫ ગ્રેન.
સ્પીરીટ ઑફ નાઇટ્રીક ઇથર.૧½ દ્રામ. કામફર વોટર ....૪½ ઔંસ.

મિશ્ર કરી દોઢ ઔંસ દર ત્રણ કલાકે પાવી. પક્ષઘાત થોડા દિવસ વીતાબાદ નીચેની દવા ચાલુ કરી, ઝાડો હમેશાં સાફ આવે તેવી તજવીજ રાખવી.

નં. ૨. આયોડાઇડ ઑફ પોટાશ્યમ.૧૫ ગ્રેન. કરીયાતાનો ક્વાથ...૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ૧½ ઔંસ દરરોજ ત્રણ વખત આપવી.

દરદીને કોઈ દિવસ ગરમી થયેલી એમ માલમ પડેતો રસકપુરનું પાણી ઉપલી દવા સાથે ઉમેરીને આપવું.

દરદીના હાથ પગ વાળી જોવા. જો તે સખ્ત લાગે તો થોડાં અઠવાડીયાં ઉપરની દવા ચાલુ રાખવી અને જો ઢીલા માલમ પડેતો તેની સાથે "લાઈકર સ્ટ્રીકન્યા" નાં ૧૫ ટીપાં ઉમેરવાં અથવા નીચેની દવા આપવી.

નં. ૩.	લાઇકર સ્ટ્રીકન્યા.........૧૫ ટીપાં	}	મિશ્ર કરી ૧ ઔંસ દિવસમાં ત્રણ વખત પાવી.
	સલ્ફેટ ઑફ ઝીંક ...... ૩ ગ્રેન		
	પાણી .... ૩ ઔંસ		

જો દરદી પ્રથમથીજ નબળો હોય તો તેને સારો ખોરાક તથા કૌવત આવે તેવી દ- વા આપવી. દૂધની સાથે કોડલીવર ઑઇલ અગર સારસાપરીલા આપવો. નીચેની દવા આપવી.

નં.૪. આયોડાઇડ ઑફ પોટાશ્યમ.૧૨ ગ્રેન. કોમ્પાઉન્ડ ટિંકચર ઑફ સીંકોના. ૧½ ડ્રામ
ડીલ્યુટ ફાસફરીક આસિડ...૨૦ ટીપાં સીંકોના ડીકાકશન ....૩ ઔંસ

મિશ્રકરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત પીવી. અથવા "ઇસ્ટન્સસીરપ" નો એક ડ્રામ સવાર સાંઝ પીવો.

નં. ૫.	ફોસફેટ ઑફ આયર્ન	૨૪ ગ્રેન.	}	મિશ્ર કરી ૧૨ ગોળી ક- રવી તેમાંથી એકેક સ- વાર સાંઝ લેવી.
	સલ્ફેટ ઑફ ઝીંક	૯ ,,		
	કપૂર	૨૪ ,,		
	એક્ષ્ટ્રાક્ટ ઑફ નક્ષવામિકા	૩ ,,		
	કોમ્પાઉન્ડ રીહાપીલ	૨૪ ,,		

જે હાથ પગ રહી ગયા હોય તેને કપૂરની, ટરપનટાઈનની, આમોન્યાની, મસ્ટર્ડની, લીનીમેન્ટ ચોપડવા આપવી. થોડા મહીના થયા બાદ રહી ગયેલા અવયવની સ્નાયુ ઢીલી હોય તો તેને થોડે થોડે વીજળીનો સંચો લગાડવો.

દેશીદવાઓમાં યોગરાજગુગળ, રાસ્નાદિ ક્વાથ વગરે અપાયછે.

નં. ૬. પીપળીમૂળ, સૂંઠ, ચવક, ચીત્રક, કાળીપાટ, વાવડીંગ, ઈંદ્રજવ, હીંગ, ચે- અંડ, ભારંગમૂળ, રેણુંકબીજ, ગજપીપર, અતિવિષ, સરશવ, શાહજીરૂ, જીરૂ, અજમોદ એ દરેક સમાન ભાગ લેઈ તે સર્વથી બમણાં ત્રીફળાં અને તે સર્વ સમાન ગુગળ લેઈ એકત્ર કરવું, તેની ગોળી નાના બોર જેવડી કરવી. તેમાંથી એકેક સાંઝ સવાર આપવી.

નં. ૭.	ઝેરકોચલાં......૨ તોલા.	અતિવિષ......૧ તોલો.
	કડુ.............૧ તોલો.	વાવડીંગ ......૧ ,,
	ઈંદ્રજવ.........૧ ,,	કલંબો. .....½ ,,
	કાકચીયા... ...½ ,,	અજમોદ.. ...½ ,,
	કાળીજીરી.....½ ,,	મરી............½ ,,
	જાવંત્રી.........½ ,,	

ઉપરની સર્વે દવા લેઇને બારીક ખાંડી તેનું વસ્ત્રાગાળ ચૂર્ણ કરી તેમાંથી વીસ ગ્રેન સવાર સાંઝ આપવું.

માલકાંકણીનું તેલ, નારાયણ તેલ અને કપૂરાદિ તેલ લગાડવા સારૂ વપરાયછે.

ઉરૂસ્તંભ.

(પારાપ્લીજ્યા.)

આ દરદ બે પ્રકારનાં કારણોથી ઉત્પન્ન થાયછે. એક, કરોડ રજ્જુના નીચલા ભાગમાં કાંઈ વ્યાધિ ઉત્પન્ન થવાથી થાયછે, અને બીજું, શરીરના બીજા કેટલાક રોગથી પણ તેની ઉત્પત્તિ થાયછે. કરોડ રજ્જુમાં કાંઈ રોગ હોય તો બરડાના કણા ઉપર તે ઠેકાણે દાબવાથી દરદીને ઘણું દરદ લાગશે. બરફ જેવી થંડી વસ્તુ કણા ઉપર ફેરવવાથી બીજે સારે ઠેકાણે તે થંડીજ લાગશે, પણ દરદના ઠેકાણા ઉપર ગરમ લાગશે; અને કોઈ વસ્તુ સાધારણ ગરમ હશે તે અતિશય ગરમ લાગશે. જો બીજા કારણથી ઉરૂસ્તંભ થયો હશે તો આ ચિન્હ જોવામાં આવશે નહિ.

ચિન્હ:—ઉરૂસ્તંભમાં શરીરનો નીચેનો અડધો ભાગ જૂઠો પડી જાયછે. જેમ પક્ષાઘાતમાં શરીરનો એક બાજુનો અડધો ભાગ રહી જાયછે, તેમ આ રોગમાં કમ્મરથી નીચેનો અર્ધો ભાગ રહી જાયછે. બેઉ પગ નિર્જીવ પડી રહેછે. દરદી તેમને હલાવી શકતો નથી. ઘણુંકરીને પગમાં સ્પર્શજ્ઞાન રહેતું નથી—એટલે જો પગને આપણે હાથ લગાડીએ તો દરદીને તે માલમ પડતો નથી. કેટલીકવાર સ્પર્શજ્ઞાન છેક જતું નથી, પણ માત્ર મંદ થઈ જાયછે. ઝાડો દરદીના બીન અખત્યારે બીછાનામાં થઈ જાયછે, અને પેશાબ પ્રથમ ઉતરતો નથી તેથી મૂત્રાશય ખૂબ ભરાયછે અને પેઢુ ચઢી આવેછે, ત્યારબાદ પેશાબ ટીપે ટીપે ઉતર્યા કરેછે. પેટ તથા કમ્મરે કોઈએ ખેંચીને દોરડું બાંધ્યું હોય એવો દરદીને ભાસ થાયછે.

ઉરૂસ્તંભમાં કેટલીકવાર પગ આપોઆપ દરદીની ઇચ્છાવિના ઉછળે છે, ખેંચાય છે, અગર તેમાં અતિશય અગ્નિની માફક બળતરા થાયછે. કોઇવાર પગ અને જાંગ ઉપર ફોલ્લા થઈ આવેછે. કમ્મરથી નિતંબ અને પગ સૂધી બધું શરીર શૂન્ય તથા જડ થઈ જવાથી દરદી બીજાની મદદ શિવાય પડખું ફેરવી શકતો નથી, તેને પીઠ ઉપર ચતા પડી રહેવાની ફરજ પડેછે. પગપર કીડીઓ ચાલતી હોય તેવો ભાસ થાયછે. દરદીને ઘણાક દિવસ અને મહિના સૂધી આ પ્રમાણે પડી રહેવું પડેછે. ઝાડો પેશાબ બિછાનામાંજ થાયછે, પેશાબ વાસ મારેછે, તથા તેમાં સફેદ શ્લેષ્મ પદાર્થ જાયછે. તેનું શરીર દિવસે દિવસે નંખાતું જાયછે. ચતાં પડી રહેવાથી કૂલા તથા બરડા ઉપર ભાઠાં પડેછે અને દરદી ઘણો પીડાયછે.

કારણ:—કરોડ રજ્જુમાં કાંઈ વ્યાધિ અગર ઈજા થવાને લીધે ઉરૂસ્તંભ થાય છે. એ રજ્જુનો અથવા તેના પડનો વરમ થવાથી, તે નરમ અગર કઠણ થવાથી, અથવા તેના ઉપર કોઈ જાતનું દબાણ થવાથી આ રોગ થાયછે. પીઠપર માર પડવા-

થી, પડી જવાથી, બરડાનાં હાડકાંનું દરદ થવાથી અથવા તે ખડી અગર ભાગી જવાથી આ આધિ થાયછે.

આ રજ્જુના પોતાના ખુદ રોગ શિવાય બીજા કેટલાક રોગથી તેના ઉપર એવી અસર થાયછે કે તે મંદ પડી જાયછે અને ઉરસ્તંભ પેદા થાયછે. તેને "પ્રત્યાઘાત ઉરસ્તંભ" (રીફ્લેક્ષ પારાપ્લીજ્યા) કહેછે, આ પ્રમાણે મૂત્રાશયના તથા ગુરદાના રોગથી, ગર્ભસ્થાનના દરદથી, ઘણો વ્યભિચાર કરવાથી, હસ્તક્રિયા કરવાથી અને બીજા કેટલાક રોગને લીધે આ મરજ પેદા થાયછે.

ઉપાયઃ—જો પડવાથી, માર વાગવાથી, કે એવા બીજા કારણને લીધે કરોડરજ્જુનો વરમ થઈ ઉરસ્તંભ થયોછે એમ માલુમ પડે તો દરદને ઠેકાણે જળો મૂકવી, અગર ફુંમડી મૂકવી, લોહી કઢાવવું અથવા બ્લિસ્ટર મૂકવાં, પડી ગયા પછી અગર માર લાગ્યા પછી કમરમાં દુખાવો થવા માંડે, તથા પગમાં ચસકા આવે, બહેરાશ માલુમ પડે તથા તે કમ કૌવત જણાય. આ પ્રમાણે ઊરસ્તંભની કાંઈ પણ નિશાની જણાયતો દરદીને પૂર્ણ આરામ આપવો તથા હાલવા ચાલવાની તસ્દી ન આપતાં સુઇ રહેવા દેવો. હમેશાં પીઠપર પડી રહેવા ન દેતાં પડખે અથવા પેટપર દરદીને સુવાડવો. જળો, ફુંમડી અને બ્લિસ્ટર અજમાવી જોયા પછી બેલાડોનાનો દુખતા ભાગ પર લેપ મારવો. આવા દરદમાં વીજળી લગાડવી નહિ.

દરદીને પેશાબ મૂત્રાશયમાં ભરાઇ રહેછે તે દિવસમાં બે વખત સળી મુકીને કાઢવો. જેમ વધારે વખત પેશાબ અંદર ભરાઇ રહી વધારે વાસ મારે, તેમ મૂત્રાશયનો વરમ થઈ તે દરદીને જાસ્તી નુકશાન કરતા થઇ પડેછે. સળી વતે પેશાબ કાઢી લેઈ જરૂર હોય તો તેજ વખતે ગરમ પાણીમાં "કોન્ડીઝફ્લ્યુઇડ" અગર થોડાં ટીપાં નાઇટ્રીક આસિડનાં નાખી તેની મૂત્રાશયમાં પીચકારી મારીને ધોઇ નાંખવું અને નીચેની દવા પીવા સારૂ આપવી.

નં. ૧. અરગટ............................ ૧૨ ગ્રેન
સાકર..............................૧૨ „

બંને દવા મિશ્ર કરી તેનાં બે પડીકાં બનાવી તે સાંજ સવાર પાણીમાં એકેક વખત લેવું.

નં. ૨. લિક્વિડ એક્સ્ટ્રાક્ટ ઓફ અરગટ...............૧½ ડ્રામ.
ટિંક્ચર ઓફ બેલાડોના........................૩૦ ટીપાં.
ચોખ્ખુ પાણી... .... ૩ ઔંસ.

ઉપરની ત્રણે દવા મિશ્ર કરી દિવસમાં એકેક ઔંસ ત્રણ વખત પીવું. આ દવા કેટલાક દિવસ સુધી વાપરવી. પક્ષઘાત, ઉરસ્તંભ, તેમજ બીજી કોઈ જાતની પાલસીમાં જે દવા લેવી તે કેટલોક કાળ સુધી લીધા વિના તેનો ફાયદો માલુમ પડતો નથી. તે દવાથી ફાયદો ન થાય તો તેની સાથે આયોડાઇડ ઓફ પોટાસ્યમ મેળવી આપવું, અને દરદી નબળો માલુમ પડે તો કોડલીવર ઓઇલ ચાલુ કરવું. બેલાડોના તથા અરગટ આ બેઉ દવા આ દરને વાસ્તે વખણાય છે.

જો બીજા કારણને લીધે પ્રત્યાઘાત ઉરૂસ્તંભ થયો હોય તો તે કારણ શોધી કાઢી તેનો યોગ્ય ઈલાજ કરવો. આ વખતે સ્ટ્રિકન્યા આપવાને હરકત નથી, પણ જો પહેલા કારણને લીધે ઉરૂસ્તંભ થયો હોયતો સ્ટ્રિકન્યા આપવો નહિ.

નં. ૩. સ્ટ્રિકન્યા.............. ૧ ગ્રેન.　　ફોસ્ફેટ ઓફ આયર્ન.....૬૦ ગ્રેન.
　　એકસ્ટ્રાક્ટ જનશ્યન...૬૦ ,,

ઉપરની દવાને મિશ્ર કરી કરી ૨૦ ગોળી કરવી તેમાંથી, એકેક સાંઝ સવાર લેવી. તેથી ફાયદો ન થાય તો નીચેની દવા આપવી.

નં. ૪. ક્વિનાઇન...........૩૦ ગ્રેન.　　ટિંકચર ઓફ સ્ટીલ............૨૦ ટીપાં.
　　લિકર સ્ટ્રિકન્યા......૧૫ ટીપાં.　　પાણી .... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત પીવી.

ઉપર પ્રમાણે દવા આપવી તથા જરૂર જણાય તો વીજળી પણ પગને લગાડવી. પગને લગાડવા સારૂ લિનિમેન્ટ આપવાં. બની શકે તો દરિયાના પાણીથી દરરોજ સ્નાન કરવા કહેવું. પગને દબાવવા તથા ચોળાવવા.

કૂલા ઉપર ભાઠાં પડે એવી જગાએ રૂ કે એવો નરમ પદાર્થ રાખવો, તથા તે ભાગને સ્પિરિટ તથા પાણીથી ધોઇને સાફ રાખવો. તેનાં પર કોલોડિયન લગાડવો અગર સાબુનું પ્લાસ્તર રાખવું. જો ભાઠું પડ્યું હોય તો તેના પર બાલસામ ઓફ પેરૂ લગાડવો, અગર ઝીંક લોશન, અગર મલમ વગેરે દવા લગાડવી. તેની સાથે શરીરમાં શક્તિ આવે તેવી દવા આપવી એટલે ભાઠાં જલદી રૂઝાઈ જશે.

આ દરદમાં નબળાઈ જલદી આવી જાયછે,તેથી સારો પુષ્ટીકારક ખોરાક આપતા રહેવું.

અર્દિતવાયુ--અડદીયો વા.

(ફેશ્યલ પાલસી.)

ચિન્હઃ—અર્દિતવાયુમાં એક બાજુનો ચહેરો રહી જાયછે. જે બાજુનો ચહેરો રહી જાયછે, તેની તથા ચહેરાની સામી બાજુની વચે જોતાંજ તફાવત માલૂમ પડી આવેછે. ગાલ ઢીલા લાગેછે, મોઢાનો ખૂણો નીચો લાગેછે, મોઢું સામી બાજુ તરફ ખેંચાયલું લાગેછે. આંખની ઉપલી પાંપણ પૂરી મીચાતી નથી, તેથી આંખમાં પાણી આવેછે. મોઢાના ખૂણામાંથી લાળ વહી જાયછે, અને વખતે પાણી પીતાં પણ નીકળી જાયછે. હસતાં, ફૂંકતાં તથા ગુસ્સે થતાં જે સામી બાજુનો ચહેરો દેખાવ આપેછે, તેવો કાંઇજ દેખાવ રોગી બાજુ પર લાગતો નથી. કપાળપર કરચલી પડતી નથી; નસકોરૂં ફૂલતું નથી તથા જીભ બહાર કાઢે તો રોગવાળી બાજુ તરફ તે વાંકી વળેલી લાગેછે. આ રોગમાં ઘણું કરી સ્પર્શજ્ઞાનમાં ફેરફાર થતો નથી.

કારણઃ—કેટલીકવાર મગજના દરદમાં પક્ષઘાતની સાથે અર્દિતવાયુ થાયછે. પણ ઘણીવાર તે એકલોજ દેખાવ આપેછે. ચંડીને લીધે અને ઉઘાડો રાતનો પવન ખા-

વાથી ઘણીવાર આ રોગ થઈ આવેછે, કાન માંહેના દરદને લીધે પણ આ રોગ થાય છે. કેટલીકવાર પડેલા દાંતને લીધે, અને કાનની આસપાસ ગાંઠને લીધે પણ આ રોગ થઇ આવેછે. આ સર્વ કારણથી ચહેરાના ગતિતંતુને જફા પહોંચેછે અને તેથી આ રોગ થાયછે.

ઇલાજઃ—આ રોગ ઘણીવાર થોડા દિવસમાં અગર અઠવાડિયામાં મટી જાયછે. મટે અગર ન મટે તોપણ તેનાથી શરીરને કોઇ પ્રકારની હાની અથવા જોખમ નથી. જે કોઈ કારણ, જેમકે કાનનું દરદ, દાંતનું દરદ માલુમ પડી આવે તેનો ઇલાજ કરવો. એકાએક થઈ આવે ત્યારે પ્રથમ એક જુલાબ આપવો. પછી આયોડાઇડ ઓફ પોટાશ્યમ શરૂ કરવું. ચહેરા ઉપર શેક કરવો, અગર કાંઈ તેલ ચોપડવું. થોડા દિવસમાં કાંઈ ફાયદો માલુમ ન પડેતો વીજળી લગાડવી. દેશી વૈદ્યો આ દરદ ઉપર અડદનાં વડાં ખાવાની ભલામણ કરેછે. તે શીવાય રાસ્ના તથા ગુગળવાળી દવા અપાય છે,

હીઝટીરીયાનો વાયુ.

(હીઝટેરીકલ પાલસી).

હિઝટિરિયાથી શરીરનું રહી જવું:—હિઝટિરિયાના મરજથી ઓરતોમાં કેટલીકવાર શરીરના ભિન્નભિન્ન અવયવ રહી જાયછે. કોઈ વખત એક અવયવ રહી જાયછે અને કોઈવાર બીજો રહી જાયછે. કોઇવાર પક્ષાઘાત અને ઉરસ્તંભ જેવા ચિન્હ થાયછે. મૂત્રાશય, સ્વર સ્નાયુ, વગરે રહી જાયછે, તેથી પેશાબ થતો નથી, અગર વાચા બંધ થાય છે. હિસ્ટિરિયાનાં અનેક ચિન્હ માંહેલાં આ ચિન્હછે, તે એ રોગના સંબંધથી ઓળખી શકાયછે અને તેના ઇલાજ પણ એ રોગને અનુસરીને કરવા. મુખ્યત્વે પીવાની દવા સિવાય વીજળી, ચાંપવું, ચોળવું, અને હવા ફેર કરવો.

ધાતુના ઝેરથી રહી જવું.

(મેટાલીક પાલસી).

ધાતુના ઝેરથી રહી જવું:—પારો અને સીસુ એ બે ધાતુથી શરીરને આવી નુકશાની પહોંચવાના દાખલા મળી આવે છે.

પારાની દવા ઘણા દિવસ ખાવાથી અગર પારાના કારખાનામાં કામ કરનારના શરીરમાં તેના રજકણ જવાથી પારાની અસર થાયછે ત્યારે હાથ પગ ધ્રુજેછે.

સીસાનાં કારખાનાંમાં કામ કરનારના પેટમાં સીસું જાયછે. પાણીના નળ સીસામાં હોય તો તેમાં તે ધાતુ ઓગળીને શરીરમાં પ્રવેશ કરેછે. સીસાના પદાર્થવતી કામ કરનારને પણ તેનું ઝેર ચઢેછે. સીસાને લીધે હાથ કાંડાંમાંથી રહી જાયછે,અને તે વતી કામ થઈ શકતું નથી, પેટમાં ચુંક આવેછે, અને દાંતના પેઢાપર આસમાની રંગની રેખા માલૂમ પડેછે.

ઇલાજઃ—પારાના ઝેર માટે વખતે વખત જુલાબ આપવો તથા આયોડાઇડ ઓફ

પોટાશ્યમ પીવા આપવું. પારાનો કોઇ જાતનો સંબંધ રાખવો નહિ.

સીસાને માટે વિલાયતી મીઠું એક દ્રામ તથા સલ્ફ્યુરિક આસિડ દસ ટીપાં પાણી સાથે થોડા દિવસ આપવાં. આયોડાઈડ ઓફ પોટાશ્યમ પીવા આપવું, સીસાનો કોઈ જાતનો સંબંધ રહેવા દેવો નહિ.

કંપવા.

(શેકીંગ પાલસી).

ઘડપણમાં હાથ પગ તથા શરીર કંપેછે તે પણ એક પ્રકારની પાલ્સી છે. કોઇને કંપવા થોડો હોય અને કોઇને ઘણો હોયછે. તેને વાસ્તે સારો ખોરાક અને હવા તથા પૌષ્ટિક દવાઓ આપવી. આ ઘડપણનો મરજ ઘણું કરી મટતો નથી.

માથું દુખવું.

(હેડેક).

મસ્તક ઘણાં કારણોથી દુખેછે, તાવ હરકોઈ પ્રકારનો હોય તેમાં ઘણું કરી માથું દુખેછે. ભેજાની ઘણીક વ્યાધિની સાથે માથાનું દુઃખ હોયછે. આંખના કેટલાક રોગમાં મસ્તક દુખેછે. તેમાં એક પ્રકારના દરદને સાધારણ લોકો "ઝામરવા" એ નામથી ઓળખેછે, તેનું વર્ણન જુદી જગોએ આંખના વ્યાધિમાં થશે. બીજાં કેટલાંક દરદોની સાથે માથાનું દરદ જણાયછે તેનું બ્યાન તે રોગની સાથે થશે. આ ઠેકાણે થોડા પ્રકાર જેને લીધે સાધારણ માથું દુખેછે તેનું સંક્ષેપ વર્ણન કરવામાં આવશે. તે પ્રકાર નીચે પ્રમાણે છે.

૧. પિત્તવિકાર તથા અજીર્ણવિકારથી મસ્તક દુખેછે.

૨. નબળાઇથી મસ્તક દુખેછે.

૩. આધાશીશી.

૪. મગજ અને તેના પડની કોઈ વ્યાધિને લીધે મસ્તક દુખેછે.

૫. લોહીના જોરથી પણ માથું દુખવા આવેછે.

૧. **પીત્તના જોરથી અગર અજીર્ણથી માથું દુખવુંઃ**—મસ્તક સવારમાં અગરસાંજે દુખવા માંડેછે. કેટલીકવાર ઘણો ખોરાક લીધા પછી અથવા ઘણો દારૂ પીધા પછી માથું ચઢી આવેછે. કોઇવાર થોડું દરદ થાયછે, અને કોઇવાર લમણા અને કપાળ અતિશય દુખેછે. ઉજાગરો કરવાથી, ખટાસ ખાવાથી, ઝાડો કબજ રહેવાથી, અને બીજાં બદહજમીનાં કારણોથી આ રીતે માથું ચઢેછે. મોઢું કડવું લાગેછે પેશાબ થોડો તથા લાલ રંગનો ઉતરેછે, ઝાડો બંધ હોયછે અગર સફેદ રંગનો ઉતરેછે, જીભ ઉપર પીળીછારી આવી જાય, ઉબકો અને ઉલટી થાય તથા કાંઈ કડવું પિત્ત પડેતો દરદીને ઠીક લાગેછે.

૨. **શરીરની નબળાઈથી માથું દુખવુંઃ**—શરીરની નબળાઇને લીધે પણ માથું દુખેછે. પાંડુરોગમાં લોહી પાતળું થઈ જાયછે ત્યારે માથું દુખેછે અને કાનમાં પેંપાટ થાયછે.

પુરૂષ કરતાં સ્ત્રીને આ દરદ વિશેષ થાયછે કેમકે તેઓનો બાંધો નબળો હોયછે. ધારતી, દલગીરી, ફિકરથી અને રૂદન કરવાથી, ઘણો થાક લાગવાથી, સ્ત્રીઓને ઘણી ધાત અથવા દસ્તાન જવાથી તેમજ બચ્ચાંને ધવડાવવાથી, તેમજ બીજી કોઈ રીતે શરીર નબળું થવાથી અને લોહી બગડવાથી માથું દુખી આવેછે. ઘણું કરી આખું માથું દુખેછે, ચક્કર આવેછે અને આંખે અંધારાં આવેછે.

૩. **આધાશીશી:**—આધાશીશી એટલે અડધું માથું દુખેછે. ઘણું કરીને એકબાજુનો કપાળનો ભાગ આંખની ભમર ઉપર દુખેછે. કોઇવાર તે થોડો દુખેછે અને કોઈવાર એટલો દુખેછે કે આદમીથી કાંઈ કામકાજ થઈ શકતું નથી. ઘણું કરી આ દરદ સવારમાં સૂરજ ઉગે ત્યારથી થવા માંડેછે, તે બપોરસુધી રહેછે અને પછી મટી જાયછે. કોઇવાર છેક સાંજસુધી રહીને નરમ પડી જાયછે. ટાઢીયા તાવની મીસાલે આ વખતસર આવે છે તથા જાયછે.

૪. **મગજ અને તેના પડની વ્યાધિને લીધે માથું દુખવું:**—મગજ તથા તેના પડની વ્યાધિ વિવિધ પ્રકારની થાયછે અને તેમના બીજાં ચિન્હ સાથે માથું દુખવું એ પણ એક ચિન્હ હોયછે. બીજા ચિન્હમાં કેટલીકવાર માથું ફકત એકજ જગાએ દુઃખેછે, ફેર આવેછે, વખતે શરીરનો કોઈ ભાગ રહી જાયછે, આંખે ઝાંખ આવી જાયછે, તથા બીજાં તરેહવાર ચિન્હ જણાયછે.

૫. **લોહીના જોરથી માથું દુખવું:**—જે ઘણા લોહીવાળા હોય તેને મસ્તક ઉપર લોહી ચઢી જવાથી મસ્તકનું દરદ ઘણું થાયછે. માથું ફાટફાટ થાયછે, મસ્તકની નાડીયો ઉછળેછે, માથું ગરમ લાગેછે તથા ચહેરો અને આંખ લાલ થઈ આવેછે.

બાળવસ્થા તથા ઘડપણ કરતાં તરુણવસ્થામાં માથું દુખવાનો મરજ વિશેષ હોયછે. પુરૂષ કરતાં સ્ત્રીમાં આ દરદ વિશેષ જોવામાં આવેછે. કેટલાંક આદમીને માથું દુખવાની ટેવ પડી જાયછે, તેને આઠ પંદર દિવસે દુખાવો થઈ આવેછે.

ઈલાજ:—પિત્ત તથા બદહજમી સારૂ જરૂર હોયતો હલકો જુલાબ અગર ઉલટી આપીને પિત્તનો નિકાલ કરવો, અને ખોરાક હજમ થાય તેવી દવા આપવી. અજીર્ણ તથા મળાવરોધના વિષયમાં આપેલી કેટલીક દવા અહીં લાગુ પડશે (જેમકે નં. ૨, ૪ અજીર્ણ વિષયના અને નં. ૫, ૮, ૧૧ મળાવરોધના). તે શિવાય રાત્રે સુતી વખત નીચેની ગોળી આપવી, તથા સવારે એરંડીયેલતેલ અગર વિલાયતી મીઠું અને સોનામુખીનો જુલાબ આપવો.

નં. ૧. કયાલોમલ...૫ ગ્રેન. એક્ષટ્રાકટ ઓફ હાયોસાયમ...૫ ગ્રેન.

બંને દવાને મિશ્ર કરી એક ગોળી કરવી ને તે પાણીમાં ગળી જવી. ત્યાર બાદ નીચેની દવા થોડા દિવસ જારી રાખવી.

નં. ૨. નાઇટ્રોમ્યુરીયાટીક આસિડ.૧૫ ટીપાં. ટારાક્ષીકમ જ્યુસ...૩ ડ્રામ.
નવસાર ... ...૩૦ ગ્રેન. કરીયાતાની ચાહા...૩ ઔંસ.

સર્વે દવાને મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી તેનાથી ફાયદો ન થાયતો નીચેની ગોળીયો થોડા રોજ આપવી.

નં. ૩. એળીયો (આલોઝ)...૧૨ ગ્રેન. એપીકાક્યુઆના પોડર ... ૬ ગ્રેન.
કોઇનન .. ...૧૨ ,, એક્ષટ્રાકટ ઓફ હાયોસાયમ...૩૬ ,,

ઉપરની દવાને મિશ્ર કરી ૧૨ ગોળી કરવી, તેમાંથી એકેક સવારસાંઝ લેવી.

ખોરાક હલકો પાચન થાય તેવો આપવો. નબળાઇનું કારણ શોધી તેનો યોગ્ય ઇલાજ કરવો. લોહી પાતળું થઈ ગયું હોયતો કોઇપણ લોખંડવાળી દવા આપવી. હીરાકસી, ટિંકચર ઓફ સ્ટીલ, મંડુર ઇત્યાદિ.

નં. ૪. આમોન્યા સાઇટ્રેટ ઓફ આયર્ન..૩૦ ગ્રેન. ટિંકચર કાલંબા ..૨ ડ્રામ.
સાલ વોલાટાઇલ ....૧½ ડ્રામ. કવાસ્યાનીચાહા...૪½ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ⅛ ભાગ દિવસમાં ત્રણ વખત પાવી.

કોઈનન અને સલ્ફેટ ઓફ આયર્ન (હીરાકસી) સાથે આપવાં. કોમ્પાઉન્ડ અગર એરોમેટિક મિક્ષ્ચર ઓફ આયર્ન અજમાવી જોવાં, તે બઇરાંઓને સારાં લાગુ પડશે.

કોઈ હીસ્ટીરીયાવાળાનું માથું દુખેતો નીચેની ગોળી આપવી.

નં. ૫. વાલીરીયેનેટ ઓફ ઝીંક......૧૨ ગ્રેન. કોઇનન......૧૨ ગ્રેન.
એક્ષટ્રાકટ ઓફ બેલાડોના...૩ ,, હીંગ... ...૧૪ ,,

સર્વે દવાને મિશ્ર કરી ૧૨ ગોળી કરવી અને એકેક સાંઝસવાર પાણીમાં આપવી.

નબળાઇને માટે બીજી નીચેની ગોળીયો પણ લાગુ પડશે.

નં. ૬. ફોસફેટ ઓફ ઝીંક...૧૨ ગ્રેન. એક્ષટ્રાકટ નક્ષવામીકા..... ૪ ગ્રેન.
કપૂર... ...૨૪ ,, એક્ષટ્રાકટ ઓફ હાયોસાયમ..૨૪ ,,

સર્વે દવાને મિશ્ર કરી૧૨ગોળીયો કરવી,બાદ સવારસાંજ એકેક ગોળી પાણીસાથેઆપવી.

આધાશીશી ઉપર ઘણી દવાઓછે. કેટલીકવાર બેચાર દિવસ અડધું મસ્તક દુખી ક્રમી પડી જાયછે. કેટલાક ભોળા લોક તેને મંતરાવેછે. કોઇનન જેમ ટાઢીયાતાવ ઉપર સારી અસર કરેછે તેમ આદાશીશી ઉપર સારી અસર કરેછે.

નં. ૭. કોઇનન... ... ...૬ ગ્રેન. લાઇકર આર્સેનીકેલીસ...૨૦ ટીપાં.
આસિડ સલફયુરીક ડીલ્યુટ.૧૦ ,, પાણી... ... ... ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણ વખત આપવી.

નાકમાં તાજુ ઘી સુંઘવાથી આધાશીશીને આરામ થાયછે. આધાશીશી સખ્ત દુખતીહોયતો ઘીની સાથે મોર્ફીઆનો એક ગ્રેન સુંઘવા આપવો. આંખની ભમર ઉપર બે જળો લગાડવાથી આધાશીશી મટી જશે. નાક છીંકણીનામની દવા સુંઘવાથી આધાશીશી મટેછે. સવારમાં સૂર્ય ઉગ્યાની પહેલાં ઉઠી તુળસીના તથા ધંતુરાના પાંદડાનો થોડો રસ હથેળીમાં કાઢી તે સુંઘવો તેથી પણ ફાયદો થશે. ઇંગોરીયાનું બી ઘસીને તેનું ટીપું નાકમાં મૂકવાથી આરામ થાયછે. તેમજ અરીઠાને પાણીમાં ચોળી તેનાં થોડાં ટીપાં જે બાજુ મસ્તક દુખતું હોય તે તરફના નાકમાં રેડવાં, તેથી પણ ફાયદો થશે.સવારમાં ઉઠી તાજી જલેબી અગર બીજો ખોરાક ખાવાથી પણ આધાશીશી મટેછે.

આધાશીશી અતિશય દુખેતો કપાળની ત્વચામાં મોર્ફીઆની પીચકારી મારવી કે તરત બંધ થઇ જશે.

જ્યારે કોઈ મગજના દરદથી મસ્તક દુખેછે ત્યારે તે દરદને અનુસરીને ઇલાજ કરવો. ઘણીકવાર આયોડાઇડ ઓફ પોટાશ્યમ સારો ફાયદો કરેછે, માટે તેના દસ ગ્રેન દિવસમાં ત્રણ વખ્ત કરીયાતાની ચાહ સાથે થોડા રોજ જારી આપવા. તેથી ફાયદો ન થાયતો નીચેની દવા આપવી.

નં. ૮. બ્રોમાઇડ ઓફ પોટાશ્યમ ..૧ ડ્રામ. કરીયાતાની ચાહ ..૩ ઔંસ.

બંને દવાને મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણવાર આપવી.

કોઇવાર માથાનો દુખાવો બીજી દવાથી મટતો નથી પણ નવસાગર આપવાથી તરત ફાયદો માલમ પડેછે.

નં. ૯. નવસાગર... ...૧ ડ્રામ. કરીયાતાની ચાહા...૩ ઔંસ.

બંને દવાને મિશ્ર કરી એક ઔંસ દિવસમાં ત્રણવાર આપવી.

લોહીના જોસથી મસ્તક દુખેતો તેને લમણા તથા કપાળ ઉપર જળો લગાડવી તથા જુલાબ આપવો. બોચી ઉપર, કાન પછવાડે અગર લમણા ઉપર બ્લીસ્તર લગાડવાથી માથાનું દરદ કમી પડેછે.

જ્યારે મસ્તક ઘણું દુખવા આવતું હોય ત્યારે જો ઊંઘ આવે નહિ તો કલોરલ હાઇડ્રેટના દસથી વીસગ્રેન પાણીમાં આપવા. સારી ઊંઘ આવવાથીપણ દરદીને ઘણો આરામ લાગશે. ક્રોટન કલોરલના પાંચ ગ્રેન પાણીમાં દિવસમાં ત્રણ વખ્ત આપવાથી કોઈવાર માથાના દરદ ઉપર ચમત્કારીક ફાયદો થાયછે.

મસ્તક દુખતું હોય તેને લગાડવાસારૂ ઘણા ઉપાયછે. જ્યારે ગરમીથી અને લોહીના જોસથી માથું દુખે ત્યારે માથા ઉપર થંડુ પાણી ઊંચે ધારથી રેડવું. બરફ મળી આવેતો લગાડવો. તે શિવાય કોલનવોટર અગર લવન્ડરવાટરનો એક ભાગ પાણીના બે ભાગ સાથે મેળવી તેમાં રૂમાલ બીંજવી લગાડવો. તાવના વિષયમાં જે દવા લખીછે તે લગાડવી. ગુલાબજળ મૂકવું. ગુલાબજળ અગર પાણીની સાથે ચંદન અથવા સાબરશીંગુ ઘસીને ચોપડવું. પણ જો શરદી અથવા વાયુથી માથું દુખતું હોયતો આ થંડી વસ્તુઓ નહિ લગાડતાં ગરમ પાણીનો શેક કરવો, આમોન્યા સુંઘવો. ગરમ કપડું અગર કાનટોપી પહેરી રાખવી.લવીંગ અથવા મરીવાટી ગરમ કરી તે કપાળ ઉપર ચોપડવાં. અફીણ ચોપડવું.

મસ્તક ઉપર પેનકીલર લગાડવાથી અથવા કપાળ ઉપર બેલાડોના ટિંક્ચર, એકોનાઇટ ટિંક્ચર તથા કલોરોફોર્મનાં થોડાં ટીપાં નાખી તે લગાડવાથી કમી થશે. મસ્તક ઘણું દુખે ત્યારે લમણા દાબી રાખવાથી દરદ કમી માલમ પડેછે. પગને ગરમ પાણીમાં રાખવાથી મસ્તક હલકું પડેછે.

મસ્તકનું દરદ ઘણોકાળ જારી રહે અગર કેટલાક દિવસને અંતરે દુખ્યા કરે તો લમણા અગર બોચી ઉપર પોત લેવાથી ફાયદો થશે.

ચસકા, વા.

(ન્યુરાલજ્યા.)

ચસકા, વા અને શૂળ આ શબ્દોના અર્થ સેળભેળ થઇ જાયછે. આ જગાએ ચસકા આ શબ્દમાં કેટલેક ઠેકાણે જ્ઞાનતંતુના દરદને લીધે જે પીડા અથવા વેદના થાય છે તેનું વિવેચન કરવામાં આવશે.

ઘણીવાર જે ભાગમાં દરદ થયું હોય તેજ ભાગમાં પીડા પણ થાયછે. જેનાં આપણે હજારો ઉદાહરણ જોઇએ છીએ. જેમકે એક ગુમડું થયું તો તેની જગામાં વેદના થાય. પણ કોઇવાર એક ભાગમાં દરદ થયેલું હોય તેને છેટેના સારા ભાગમાં દુખાવો થાયછે; જેમકે દાંત સડવાથી કોઇવાર માથુ દુખેછે, કલેજાના દરદમાં જમણો ખભો દુખેછે, જાંગના સાંધાની વ્યાધિમાં તેજ પગના ઘૂંટણમાં દુખેછે, કોણીપર લાગવાથી હાથની આંગળીઓમાં ઝણઝણાટી તથા દુખાવો થાયછે.

આ જગાએ ત્રણ ચાર મુખ્ય ઠેકાણાના ચસકા વિષે બોલવામાં આવશે. પણ તેજ પ્રમાણે બીજા કોઇ ઠેકાણાના ચસકા વિષે સમજવું.

૧. મોઢાની આસપાસ, ગાલપર, દાંતમાં, તથા ઠેઠ મસ્તકપર્યંત ચસકા નિકળેછે તેને "દંતશૂળ" કહેછે.

૨. કમર અથવા કૂલામાંથી ચસકો આવેછે, તે ઠેઠ જાંઘ પછવાડેના ભાગમાં ઘૂંટણસુધી અગર પગની એડી સુધી પહોંચેછે તેને "રાંઝણ" કહેછે.

૩. અર્ધું મસ્તક દુખેછે તેને "આધાશીશી"નો ચસકો કહેછે.

૪. કખવાની બળતરા અથવા ચસકો એક પડખામાં થાયછે.

૧. **દંતશૂળ** (ટીકડલરૂ):—સર્વ પ્રકારના ચસકામાં ચહેરાની આસપાસનો ચસકો ઘણો સાધારણછે. આ ચસકાનાં મુખ્ય ત્રણ ઠેકાણાંછે: એકતો આંખની ઉપર ભમરમાંથી કપાળમાં ચસકો નિકળે. બીજો એક ગાલ, તેજ બાજુનું નાક, નીચલી પાંપણ તથા ઉપરનો હોઠ તેટલા ભાગમાંથી ચસકો નીકળે અને ત્રીજો દાંત તથા મોઢાની અંદર અને જડબામાંથી ચસકો નિકળે. કેટલીકવાર આ પ્રમાણે એક જગા ચસકાની મુકરર કરી શકાયછે અને કોઇવાર એક બાજુ નીચલા જડબાથી તે મસ્તકપર્યંત એક સરખા ચસકા નીકળે છે.

ચસકા થોડે થોડે અંતરે આવેછે. એકજ દિવસમાં થોડે અંતરે ઘણી વખત આવે અગર તે એક બે દિવસ આવી રહી જાય અને વળી પાંચ પંદર દિવસે ફરી ઉપડે. આ ચસકાનું દરદ કેટલીકવાર હલકું હોયછે અને કેટલીકવાર એવું જોરાવર હોયછે કે તેથી ખાવું તથા ઊંઘવું પણ મુશ્કેલ થઇ પડેછે. ચસકાની વેદના તરેહવાર હોયછે. કોઇવાર એક સરખી બળતરા થાયછે. કોઇને કાપી નાખતા હોય, તે મીસાલેનું દરદ થાયછે. કોઇને ભાલાથી ભોકતા હોય, તે માફક પીડા થાયછે. આ ચસકાની સાથે કોઇવાર આંખનું દરદ થઈ આવેછે. હમેશાં ચહેરાની એક બાજુ ચસકા આવેછે.

કારણ:—કોઇવાર નબળાઇને લીધે, જડબાના હાડકાના દરદને લીધે, કાંઇ મગજની બ્યાધિને લીધે, તંતુ ઉપર કાંઈ ગાંઠના દબાણથી અગર હીઝટીરીયાથી ચસકો ઉપડી આવેછે. પણ તેનું મુખ્ય અને સાધારણ કારણતો દાંતછે. દાંત સડી જવાથી, તે ભાંગી જવાથી અગર પડી જવાથી, તેના મૂળમાં બ્યાધિ થવાથી, તેની આસપાસનો હાડકાનો ભાગ અગર પેઢાં પાકી આવવાથી ચસકો થઈ આવેછે. માટે મોઢાનો ચસકો થાય ત્યારે દાંતનો અવશ્ય તપાસ કરવો. કોઇવાર ઉપરથી તપાસ કરતાં દાંતની કાંઈ બ્યાધિ નજરે આવતી નથી. પણ અંદરથી તેનું મૂળ બગડેલું હોય છે, તેથી ચસકા આવેછે અને તે દાંત ખેંચી કાઢવાથી ચસકા મટી જાયછે. કોઇવાર અજીર્ણથી, શરદીથી, તથા પવન ખાધાથી ચસકા ઉપડી આવેછે.

૨. રાંઝણ (સાયાટીકા):—નિતંબના ભાગમાંથી જાંગના પાછળના ભાગમાં ચસકા આવેછે, તે ઘૂંટણ સુધી અથવા પગની એડી સુધી પહોંચેછે. પગના તે ભાગમાં જે જ્ઞાનતંતુ આવેછે તેનાપર દબાણ થવાથી, ઝાડો કબજ હોવાથી, થાકને લીધે, શરદી અગર ઠંડીમાં રહેવાથી, તે તંતુ સૂજી આવવાથી તથા વાયુથી આ ઠેકાણાનો ચસકો થઈ આવેછે. ઘણું કરી એકજ પગમાં આ રીતે ચસકો ઉપડી આવેછે, અને તે કેટલાક દિવસ અગર મહિનાલગી રહેછે. એક વખત મટી જઈ ફરી તે ઉપડી આવેછે. તેને લીધે ચાલવું મુશ્કેલ પડેછે અને લાકડીનો ટેકો રાખવો પડેછે. આ ચસકો રાંઝણના નામથી ઓળખાયછે.

૩. આધાશીશી (હેમીક્રેન્યા):—અર્ધું મસ્તક દુખેછે જેને આધાશીશી કહેછે તે વિષે મસ્તક દુખવાના વિષયમાં લખવામાં આવ્યુંછે ત્યાં જોવું.

૪. કખવા (પ્લ્યુરોડીન્યા):—કાખની નીચે છાતીની એક બાજુ અગર પીઠની એક બાજુ નાની નાની મોતીના દાણા જેવી ફોલ્લી થઇ આવેછે અને તેની સાથે બળતરા અગર વેદના થાયછે, તેને માટે કખવા એવી સંજ્ઞાછે. કેટલીકવાર એ ફોલ્લીઓ થતી નથી અગર થઇને મટી જાયછે, તોપણ તે ભાગમાં બળતરા અગર ચસકાની પીડા રહેછે. તે પીડા કેટલીકવાર લાંબો વખત રહેછે અને મટી જાયછે અથવા મટીને ફરી ઉપડેછે.

ઉપાય:—ઈલાજ કરવામાં પ્રથમ જે કારણ માલમ પડે તે દૂર કરવું. ઠંડી અગર શરદીથી દૂર રહેવું. બનતા સુધી ગરમ કપડાં પહેરવાં. આવાં દરદોમાં તંદુરસ્તી હમેશાં નબળી હોયછે. ઝાડો સાફ થવા સારૂ એક જુલાબ આપવો, સારો પૌષ્ટિક ખોરાક લેવો, કૉડલીવર ઑઈલ આપવું. જો બદહજમી હોયતો ખોરાક હજમ થાય તેવા ઉપાયો કરવા. લોખંડની કાંઇપણ દવા આપવાથી તબીયતમાં સુધારો થશે તથા દરદને ફાયદો થશે. લોખંડની દવા સાથે કોઇનન આપવાથી વિશેષ ફાયદો થશે.

નં. ૧. સલ્ફેટ ઑફ આયર્ન........ ૩ ગ્રેન. લીકર સ્ટ્રીક્ન્યા............૧૫ ટીપાં.
,, ,, કોઇનન........ ૩ ,, ક્વાસ્યાની ચાહ............ ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ૧/૩ ભાગ ત્રણ વખત આપવો.

તેથી ફાયદો ન થાયતો કોઇનન અને આર્સેનીક સાથે આપવાં. બે ગ્રેન કોઇનન

તથા પાંચ ટીપાં લીકર આર્સેનીકનાં દિવસમાં બે ત્રણ વખત પાણીમાં આપવાં.

નવસાર ૨૦ ગ્રેન દિવસમાં ત્રણ વખત પાણીસાથે આપવાથી કોઇવાર ચસકાને ફાયદો કરેછે. ગરમીના રોગની કાંઈ અસર હોયતો આયોડાઇડ ઓફ પોટાશ્યમ આપવો.

તે સિવાય લગાડવાની દવાઓની જરૂર હોયછે. જો દાંત સડેલો હોય તો તેમાં એક ગ્રેન મોર્ફીઆની ભૂકી મૂકવાથી દરદને આરામ થશે. હાલતો હોય અને ભાગેલો હોય તો તેને કાઢી નાખવો, તેથી ચસકા મટી જશે. વળી કપાળ ઉપર, કૂલા ઉપર, કે દુખને ઠેકાણે બ્લીસ્તર મારી, તેથી ફોલ્લો થાય તેની ચામડી કાઢી નાખી, આળી જગો ઉપર એક ગ્રેન મોર્ફીઆ ભરભરાવવો તેથી દરદ નરમ પડશે.

કેટલીકવાર દુખને ઠેકાણે જળો લગાડવાથી અગર ડામ દેવાથી ચસકો દૂર થાયછે. અફીણ, બેલાડોના, વછનાગ વગેરેનાં તેલ અગર મલમ ચોપડવાથી પણ આરામ થાયછે.

આ ઉપાયો શિવાય ઘણી અસહ્ય પીડા થતી હોય અને દરદીને જંપ વળતો ન હોય તો કેટલીક દવાની ત્વચામાં પીચકારી મારવાથી તરતજ આરામ થાયછે. આ દવાઓ કેફી હોયછે માટે તેનો અમલ ઉતર્યા પછી તે દરદ વખતે ફરી જણાયછે તોપણ જે આરામનો વખત મળેછે તેથી દરદીને ઘણું સુખ થાયછે. આ ઉપાયોમાં મોર્ફીઆ અને આટ્રોપીન એ બે મુખ્યછે.

નં. ૨. મોર્ફીઆ હાઇડ્રો કલોરાસ..૨ ગ્રેન. પાણી... ... ... ૪૦ ટીપાં.
રેકટીફાઇડ સ્પીરીટ...૧૮ ટીપાં. ડીલ્યુટ હાઇડ્રો કલોરીક આસિડ.૨ ,,

ઉપરની દવા મિશ્ર કરી હલાવવી એટલે મોર્ફીઆનું પાણી થઈ જશે તેમાંથી પાંચ ટીપાં (⅙ ગ્રેન) પીચકારીથી ત્વચામાં નાખવાં. આસ્તે આસ્તે પાંચ ટીપાંથી દસ ટીપાં સુધી પણ વધી શકાયછે. કોઇવાર આ મોર્ફીઆની પીચકારી મારવાથી ઉલટી થઈ આવે છે, તે જો મોર્ફીઆ અને આટ્રોપીનની સાથે પીચકારી મારી હોયતો નહિ થાય. એકજ વખતે $\frac{1}{120}$ ગ્રેન આટ્રોપીન એટલે લીકર આટ્રોપીનનાં બે ટીપાંની પીચકારી મારવી અને તેની અસર શું થાયછે તેનો તપાસ રાખવો. બે ટીપાંથી હળવે હળવે વધીને ચાર પાંચ ટીપાં પણ મારી શકાયછે.

માલેરીયાને લીધે ચસકા હોયતો કોઇનન અગર આર્સેનીકની પીચકારી મારવાથી પણ ફાયદો થાયછે.

જો ઘણી વેદના હોયતો કલોરોફોર્મ સુંઘાડવો અને દરદી કલોરોફોર્મની કેફમાં હોય તેવામાં ઉપર કહેલા મોર્ફીઆ આટ્રોપીનની પીચકારી પણ મારવી.

અપસ્માર, વાઇ, ફેફરૂ.

(એપીલેપસી.)

વાઈ અથવા ફેફરૂ અથવા ધૂરી પુરૂષ તેમજ સ્ત્રીને પણ થાયછે.

ચિન્હઃ—વાઈ થવાની પહેલાં કોઇવાર પૂર્વચિન્હ જણાયછે જેમકે ફેર આવે, અ-

થવા હાથપગ ઉપર કાંઈ જંતુ ચડતું હોય અગર પાણીનો રેલો ચાલતો હોય એવો ભાસ થાય, કાનમાં અવાજ થાય, મસ્તક દુખે, ઉલટી થાય, મનમાં કાંઈ ભ્રમ થાય, બીક લાગે અગર કાંઈ ભયંકર ચીજ નજરે પડે અને ત્યાર બાદ તરતજ વાઈ ચઢી આવેછે.

ઘણીકવાર આવું પૂર્વ સૂચક ચિન્હ કાંઇજ હોતું નથી પણ એકાએક વાઈ આવેછે.

સાધારણ વાઈ આવવાની થાય એટલે આદમી મોટી ચીસ પાડી અગર રાડ પાડીને બેશુદ્ધ થઈ પડી જાયછે. હાથ પગ અને શરીર તથા ચહેરો જોરથી ખેંચાય છે. આંખના ડોળા ફરેછે અગર ઉપર ચઢી જાયછે, કીકી મહોટી થાયછે, તથા અજવાળાની તેના ઉપર અસર થતી નથી. દાંત કચરેછે, જીભ બહાર આવેછે, તેના ઉપર દાંત બેશી જાયછે તેથી લોહી નીકળેછે, મોંટે ફીણ આવેછે, ચહેરો જાણે સૂજી આવ્યો હોય એમ જણાયછે. શ્વાસ ઘૂંટાયછે, ઝાડો, પેશાબ નીકળી પડેછે. આ પ્રમાણે થોડીવાર થયા બાદ શરીરની ખેંચતાણ બંધ પડેછે, શ્વાસ શાંત પડેછે અને દરદી ઊંઘી ગયો હોય એમ કેટલોક વખત પડી રહેછે. જાગૃત થાયછે ત્યારે શરીર ઘોડું દુઃખે છે પણ જે કાંઇ આ પ્રમાણે થયું તેનું કાંઈ પણ જ્ઞાન તેને હોતું નથી. સાવધ થયા પછી કોઇવાર ઉલટી કરેછે નહિતો પાણી જેવો પુષ્કળ પેશાબ ઉતરેછે.

વાઇમાં શરીરની તાણ ખેંચ એક બેથી પાંચ સાત મિનિટ સુધી રહેછે. કોઈવાર લાંબા વખત સુધી પણ થાયછે. પ્રથમ ફેફરૂ શરૂ થાય ત્યારે બે ચાર મહિનાને આંતરે એકાદ વખત આવે છે. પણ આસ્તે આસ્તે આ વખત ટુંકો થતો જાયછે અને છેવટ અઠવાડીઆને આંતરે અગર એક બે દિવસને અંતરે પણ આવેછે. કેટલીકવાર એક દિવસમાં પાંચ સાત વખત આ પ્રમાણે ફેફરૂં થઈ આવે છે. ફેફરૂં રાત્રે અગર દિવસે કોઇ પણ વખત થાયછે.

વાઇને લીધે સ્મરણશક્તિ ઘટી જાયછે, મગજ હલકું થઈ જાયછે તથા એકંદરે બુદ્ધિ મંદ પડી જાયછે.

ઉપર જે ફેફરાનાં ચિન્હ કહ્યાં તે ઘણીખરીવાર જોવામાં આવે છે પણ સર્વને એક સરખાં ચિન્હ હોતાં નથી. કોઇને ઘણા જોરથી આવાં ચિન્હ થાયછે અને લાંબો વખત ટકેછે તથા કોઇને હલકાં ચિન્હ થાયછે તથા ટુંકો વખત રહેછે. બેસાવધપણું એ ફેફરાનું મુખ્ય લક્ષણ છે. કોઇકોઇ તો ફક્ત બેશુદ્ધ થઇને પડી રહેછે, પણ શરીરની તાણ ખેંચ કાંઈ થતી નથી. કોઇતો ફક્ત થોડા સેકંડ માત્ર બેસાવધ રહી આંખો તારવી જાયછે અને તરત પાછો સાવધ થાયછે, અને કોઇને સ્નાયુની તાણ ખેંચ જરાતરા થાય અગર ન થાય બેભાન માત્ર એટલો જુજ વખત રહેછે કે તે પડી જતો નથી—માત્ર ચાલતાં ચાલતાં અગર રમતાં રમતાં જરા બેસાવધ થઈ પાછો દરદી પોતાને કામે લાગેછે.

કારણઃ—વાઈ થવાનું ખરૂં કારણ તો મગજનો કાંઇ વ્યાધિ છે પણ તે શું છે તે ઘણીવાર ચોકસ થઇ શકતું નથી. આ રોગ વારસામાં ઉતરેછે. જે માબાપને આ દરદ હોય અગર દીવાના-પણું કે એવાં બીજાં કાંઈ મગજનાં દરદ હોય તો તેની પ્રજાને ફેફરૂં થવાનો સંભવ છે. હસ્તક્રિયાથી, દારૂ પીવાથી, ભયથી, મગજને ધક્કો લાગવાથી, ખોપરીને

ધ્રુજા પહોચવાથી, મસ્તકનાં બીજાં દરદોથી, કરમથી, મૂત્રપિંડના દરદથી, ગર્ભસ્થાનની વ્યાધિથી ફેફરાનો રોગ થઇ આવેછે.

ઉપાય:—જ્યારે વાઇ ચડી આવે ત્યારે તે દરદીને સારી રીતે સુવાડવો, મસ્તક નીચે તકીયો મૂકવો તથા છાતી અને ગળાની આસપાસનાં કપડાં છોડી નાંખવાં, જીભને ઇજા ન થાય તેટલા માટે દાંતની વચ્ચે કાંઇ લાકડાનો કકડો રાખવો. મોંઢા ઉપર થંડુ પાણી છાંટવું. તે શિવાય તે વખતે કાંઇ ઉપાય કરવાની જરૂર નથી.

ફેફરાને મટાડવા સારૂ એટલે ફરી કદી થાય નહિ તે સારૂં ઘણી દવાઓ વપરાય છે પણ ચોકસ તેને માટે રામબાણ એવી કાંઇજ દવા નથી.

દારૂનું વ્યસન, અફીણનું વ્યસન, હસ્તક્રિયા તથા બીજી મનપર કાંઇ માઠી અસર હોય તો તે દુર કરવી. ઔષધોમાં શરીર તથા મગજને પુષ્ટી મળે તથા મગજ શાંત રહે તેવા ઉપચાર કરવા. મુખ્ય ઉપાય "બ્રોમાઇડ ઓફ પોટાશ્યમ"છે. વયના પ્રમાણમાં તે દવા કેટલાક દિવસ સુધી જારી આપવી. મ્હોટા આદમીને નીચે મુજબ આપવી.

નં. ૧. બ્રોમાઇડ ઓફ પોટાશ્યમ.૯૦ ગ્રેન. } બંને દવાઓને મિશ્ર કરી ⅓ દિવ-
કરીયાતાની ચાહા... ... ૩ ઔંસ. } સમાં ત્રણ વખત આપવી.

ગરમીના રોગને લીધે ફેફરૂં થએલું હોય તો આયોડાઇડ ઓફ પોટાશ્યમ આપવું. શરીરને કૌવત મળવાસારૂ સારો ખોરાક, લોખંડની દવા તથા કોડલિવર ઓઇલ આપવાં.

નં. ૨. ફોસફેટ ઓફ આયર્ન ..૧૫ ગ્રેન. ડીલ્યુટ ફોસફોરીક આસિડ...૧૫ ટીપાં.
લીકર સ્ટ્રીક્ન્યા........૧૫ ટીપાં. પાણી.................. ૩ ઔંસ.

સર્વે દવાને મિશ્ર ⅓ ભાગ દિવસમાં ત્રણ વખત પાવો. તેથી પણ ફાયદો ન થાય તો નીચેની ગોળી આપવી.

નં. ૩. સ્ટ્રીક્ન્યા.............................. ૧ ગ્રેન.
સલ્ફેટ ઓફ ઝીંક ....૨૪ ,,
સાઇટ્રેટ ઓફ આમોન્યા એન્ડ આયર્ન...૯૦ ,,

એક્ષ્ટ્રાક્ટ ઓફ હાયોસાયમ ગોળી બનાવવા જોઇએ તેટલું લઈ સર્વેને મિશ્ર કરીને ૩૦ ગોળી બનાવવી અને તેમાંથી સાંઝ સવાર એકેક લેવી. તેથી ગુણ ન જણાય તો નીચેની ગોળીયો લેવી.

નં. ૪. એક્ષ્ટ્રાક્ટ ઓફ બેલાડોના...૮ ગ્રેન. } સર્વે દવાને મિશ્ર કરી ૨૪ ગોળી
સલ્ફેટ ઓફ ઝીંક ....૨૦ ,, } કરવી. તેમાંથી સવાર સાંજ એકેક
એક્ષ્ટ્રાક્ટ ઓફ હાયોસાયમ..૯૦ ,, } લેવી.

અપસ્માર ઉપર બ્લીસ્તર તથા પોત પણ ફાયદો કરેછે.

કોરીયા.

(કોરીયા.)

"કોરીયા" નામનું દરદ ઘણું કરીને બચ્ચાંને થાયછે. એ દરદમાં હાથ પગના તથા શરીરના કેટલાક સ્નાયુ દરદીની ઇચ્છા સિવાય સતત હાલ્યાં કરે છે.

ચિન્હઃ—હાથ પગ તથા શરીર આપણી મરજી પ્રમાણે હલાવી શકીએ એ સ્વાભાવિક છે, પણ આ દરદમાં તે અવયવો પોતાની મેળે હાલ્યાં કરેછે. આ દરદ ચાર પાંચથી તે પંદર વરસની વયનાં છોકરાંને વિશેષ થાયછે. છોકરા કરતાં છોકરીઓને તે વધારે થાયછે. શરૂઆતમાં ઘણું કરી મોઢાના સ્નાયુ ખેંચાયછે અને તેથી જાણે છોકરૂં મોઢાના ચાળા પાડતું હોય તેમ લાગે છે, આસ્તે આસ્તે શરીરના ઘણા ખરા સ્નાયુ તે પ્રમાણે હાલે છે. છોકરૂં એક સરખું સ્થીર રહી શકતું નથી. પોતાના હાથ પગ આમથી તેમ હલાવે છે, હાથનાં આંગળાંથી કપડાં ચૂંટેછે, પગવતી જમીન ખોતરેછે, ખભા ઊંચા નીચા કરે છે, અને મોં અને આંખોવતે ચાળા કરેછે. દરદી આ સર્વ જાણેછે અને આપણે તેને સ્થિર રહેવા કહીએ તો જરા વાર રહી ફરી તેજ મિશાલે અવયવો હાલવા માંડેછે. કોઈવાર શરીરના એક બાજુના અવયવ બીજી બાજુના કરતાં જાસ્તી ફરેછે. છોકરૂં કોઈવાર હસેછે, રડેછે, અને માથું ફેરવેછે. તેને ચાલવાનું કહીયે તો જરા ચાલે, વળી અટકીને ફરી ચાલે. તેમજ જીભ બહાર કાઢવાનું કહીયે તો જરાવાર અટકી એકદમ બહાર કાઢી તરત પાછી ખેંચી લેછે. હાથ હાલતો રહેવાથી ખાવામાં પણ અડચણ પડેછે.

આ દરદ છોકરાંને થાયછે તેમજ કોઈવાર મોટા આદમીને અને તરૂણ સ્ત્રીને પણ થાયછે. આખો દિવસ આ રીતે શરીર હાલે છે, તોપણ દરદી સૂઈ જાયછે એટલે તે બંધ પડેછે.

જેમ આ દરદ લાંબો વખત રહે તેમ શરીર થાકને લીધે નબળું થઈ જાયછે અને મન ઉપર પણ ઘણી માઠી અસર થાયછે. બચ્ચું મંદ અક્કલનું તથા અર્ધું ગાંડા જેવું હોય તેવું બની જાયછે.

આ દરદની સાથે સંધિવા તથા રકતાશયના વ્યાધિને કાંઈક સંબંધ જણાયછે,કારણ કે તેવા દરદીને આ દરદો પણ ઘણીવાર થઈ આવેછે. કેટલીકવાર આ દરદ આઠ દસ અઠવાડીઆંમાં મટી જાયછે અને કેટલાકને જીવતાં લગી રહેછે.

કારણઃ—ધાસ્તી અથવા બીકથી પડી જવાથી, અથવા માથા ઉપર વાગવાથી, હસ્ત ક્રિયાથી, ગર્ભાશયના દરદથી, સંધિવાથી, રકતાશયના દરદથી, કરમથી, દાંતની પીડાથી,તથા હમેલ રહેવાથી અને એવાં બીજાં કારણોથી આ દરદ થઈ આવવાનોસંભવછે.

ઉપાયઃ—જે કાંઈ કારણ માલૂમ પડી આવે તે દૂર કરવું, ઝાડો સાફ આવે તેવા ઇલાજ કરવા, સારો પૌષ્ટિક ખોરાક આપવો, તથા મન ખુશીમાં રહે તેવી મોજ કરવી. અને સારી ખુલ્લી હવામાં ફરવું. સરકારી નિશાળોની કસરત શાળામાં દંડ કઢાયેછે, મગદળીઆ ફેરવાવેછે, તથા શરીરના સઘળા અવયવોને કસવાને તરેહ તરેહની કસરત શીખવવામાં આવેછે તેવી કસરત માફકસર કરવાથી સારો ફાયદો થશે.

લોખંડની કૌવત આવે તથા લોહી સુધરે તેવી દવાઓ આપવાથી પણ સારો ફાયદો થશે. ફોસફેટ ઓફ આયર્ન, લાઇમ, સોડા, અને પોટાસનો સિરપ થાયછે જેને "કેમીકલ ફુડ" કહેછે તે બચ્ચાંને સારો ગુણ કરેછે. તેનો એક નાનો ચમચો દસ વરસના બચ્ચાંને ખાધા પછી સાંજ સવાર આપવો. સલ્ફેટ ઓફ ઝીંક, હાઇપોફોસફેટ ઓફ સોડા, અથવા

કોડલિવર તેલ આપવું. એથી ફાયદો ન થાય તો સોમલનું પ્રવાહી (લીકર આર્સેનિક) આપવું. જો કોરીયાને લીધે ઊંઘ આવવામાં અડચણ આવે તો કલોરેલ હાઇટ્રેટ, હેનબેન, અથવા ઈંડીયન હેમ્પ નિદ્રા આવે તેટલા પ્રમાણમાં આપવું.

આંચકી.

(કન્વલઝંન્સ).

આંચકીમાં હાથ પગ વગેરે શરીરની સ્નાયુ ખેંચાયછે એટલે કેટલીક સ્નાયુ પોતાની મેળે એકાએક જોરથી તથા વારંવાર તણાયછે અને તે વખતે દરદી પણ ઘણુ કરી બેશુદ્ધ હોયછે. આ પ્રમાણે સ્નાયુનું તણાવું બે પ્રકારનું છે. એકતો કેટલીક સ્નાયુ ખેંચાયછે, તે પુરા જોરથી નથી ખેંચાતી પણ થોડી ખેંચાઇને કઠણ થઈ રહેછે. તે પ્રમાણે ઘણા વખત સુધી ટકી રહેછે અને દરદી તેની સાથે ઘણું કરી બેશુદ્ધ હોતો નથી. જેમકે પગમાં ગોડલી ચઢેછે ત્યારે તથા ચગકમાં આ પ્રમાણે સ્નાયુ ખેંચાયછે. બીજો પ્રકાર એવો છે કે સ્નાયુ ઉતાવળથી ઊપરા ઉપરી ખેંચાયછે અને ઢીલી પડેછે અને આ પ્રમાણે કેટલોક વખત થઇને પછી બંધ પડેછે. આ પ્રમાણ થાય છે તેનેજ ઘણું કરી આંચકી કહે છે. જેમકે વાઈમાં આ પ્રમાણે આંચકી થાયછે. પહેલા પ્રકારને સ્નાયુનું **દૃઢ આકર્ષણ** અથવા **સંકોચ** કહેછે. અને બીજા પ્રકારને **ક્ષણીક આકર્ષણ** અથવા **સંકોચ** કહેછે.

લક્ષણઃ—આંચકીનાં ચિન્હ એક સરખાં હોતાં નથી. કોઇવાર આખા શરીરમાં ખેંચતાણ થાયછે અને કોઇવાર એક બાજુનું શરીર અથવા ફક્ત ચહેરાની તાણ અગર એકાદ હાથમાં તે રીતે થાયછે. આંચકી એ ભયંકર અને બીહામણું દરદછે. હાથ પગ તથા બીજા શરીરનાં ભાગો જોરથી ખેંચાયછે. ચહેરાનો દેખાવ ભયભીત થઈ જાયછે. આંખો ઉઘાડી હોયછે તથા તેની કીકી મોટી થઈ જાયછે. જીભ બહાર નીકળી પડેછે, તથા દાંત બેસી જવાથી કેટલીકવાર લોહી નીકળેછે, શ્વાસ ઘૂંટાયછે અને દાંત ખીલી બેસી જાયછે. દરદી ઘણું કરી બેશુદ્ધ હોયછે તથા તેવામાં વખતે ઝાડો પેશાબ પણ થઈ જાયછે. કેટલાક વખત સુધી આ પ્રમાણે થઈ આંચકી બંધ પડી જાયછે અને દરદી ઊંઘી જાય છે. એ થવાનું દરદીને જ્ઞાન હોતું નથી. આંચકી એક વખત આવી બંધ પડેછે અગર ફરી ફરીને આવ્યાં કરેછે.

કારણઃ—ઘણું લોહી જવાથી, મગજને પોષણ પૂરતું લોહી પહોંચે નહીં તેથી આંચકી થઈ આવેછે. ઓરતને આ પ્રમાણે પ્રસુતિ વખતે કોઇવાર થઈ આવેછે. લોહી જખ્મથી નીકળી જાય અગર કોઈ બોરીનસ ફુટી જાય તો તેથી પણ આંચકી થઇ આવેછે. વળી મગજની રક્તનળીયો માંહેલી કોઈ એકાએક બંધ થઇ જાય તોપણ આંચકી થઇ આવે છે. મગજને ધક્કો લાગવાથી, ખોપરી ફુટવાથી, મગજમાં લોહીનો સ્રાવ થવાથી, અથવા મગજનાં કેટલાંક દરદોને લીધે આંચકી થઈ આવેછે. લોહી બગડવાથી, કલેજાનાં તથા મૂત્રપિંડનાં દરદોથી, તથા કોઇ ઝેરને લીધે આંચકી થાયછે. બચ્ચાંને દાંત આવતાં, કરમને લીધે તથા એવા સહજ કારણોથી પણ આંચકી થઇ આવેછે.

મોટા આદમીને આંચકી થઈ આવે તો વધારે જોખમદાર છે, પણ બચ્ચાંની આંચકી તેટલી જોખમદાર નથી.

ઉપાયઃ—મોટા આદમીને આંચકી થઇ આવે ત્યારે તેના કારણની તપાસ કરવી. જે દરદોની સાથે આંચકી થઇ આવેછે તેનો ઉપાય તે દરદોની સાથે આપ્યોછે. આંચકી આવે ત્યારે દરદીને ખુલ્લી હવા આવી શકે એવે ઠેકાણે રાખવો. તેના અંગ ઉપરનાં કપડાં મોકળાં રાખવાં. કોઇ વસ્ત્ર એંગી બાંધ્યું હોય તો છુટું કરવું, મોઢા ઉપર થંડુ પાણી છાંટવું. નાક આગળ આમોન્યા ધરવો, તથા જુલાબ આપવો, અગર પુઠેથી ઝાડો ઉતરવા સારૂ પીચકારી મારવી. જો મસ્તક ગરમ હોય તો થંડા પાણીની પટી મૂકવી, અને પગને રાઇ મારવી. તે શિવાય શું ઓસડ આપવું તેનો આધાર તદન આંચકીના કારણપર રહેલો છે. ખોપરી ફુટી હોય અગર મગજમાં રકતસ્રાવ થયો હોય તો ઉપર કહ્યાં તે શિવાય બીજો ઇલાજ નથી. મૂત્રપિંડ અગર કલેજાની વ્યાધિથી થયું હોય તો તેના યોગ્ય ઇલાજ કરવા. લોહી જવાથી કે એવી નબળાઇના કારણથી થયું હોય તો હાથે પગે શેક કરવો તથા નીચેની દવા આપવી.

નં. ૧. કલોરલ હાઇડ્રેટ...૧૦ ગ્રેન. બ્રાઉનમ......૨૦ ટીપાં.
પાણી........... ૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી પાવી. જરૂર પડે તો તે પ્રમાણે બેચાર કલાકે ફરી આપવી.

જીભ કચરાય નહી તેટલા માટે દાંતની વચ્ચે કાંઈ લાકડાનો કટકો રાખવો. તેથી મોઢું પણ ખુલ્લું રહેશે અને દવા અગર ખોરાક પણ સહેલાઇથી રેડી શકાશે. આંચકી આવે ત્યારે દરદી પડી ન જાય અથવા તેને કાંઈ વાગે નહી તેવી સંભાળ રાખવી પણ તેને દબાવી રાખવાની જરૂર નથી.

બચ્ચાંઓને આંચકી ક્ષુલક કારણોથી થઈ આવેછે, દાંત ફૂટતાં, કરમને લીધે, પેટમાં વાયુને લીધે, તાવથી, ઇત્યાદિ કારણોથી આંચકી થઈ આવેછે. જે કારણ જણાય તે દૂર કરવું. નીચેનો જુલાબ તથા દવા આપવાં.

નં. ૨. કયાલોમલ......૪ ગ્રેન.
સાંટોનીન......૨ ,,
સાકર...........૧૦ ,,
} આ દવા મધ અને પાણી સાથે ચાર પાંચ વરસના બચ્ચાને આપવી.

નં. ૩. પોટાસ બ્રોમાઇડ......૧૨ ગ્રેન. પાણી .... ૧ ઔંસ.
ક્લોરલહાઇડ્રેટ .... ૫ ,, શરબત .... ૨ ડ્રામ.

ઉપરની દવા મિશ્ર કરીને ¼ ભાગ બે ત્રણ કલાકે પાવી. એ શિવાય બચ્ચાને ગરમ પાણીમાં ગરદન પર્યંત બેસાડી મસ્તક ઉપર થંડુ પાણી રેડવાથી ફાયદો થાયછે.

નં. ૪. લક્ષ્મી નારાયણ માત્રા ½ થી ૨ વાલ આદાના રસમાં ત્રણ ત્રણ કલાકે આપવાથી ફાયદો થાયછે.

નં. ૫. ગંધક, ટંકણખાર, વછનાગ, હીંગળોક, હરડે, અતવખની કળી, અભ્રક, સીંધાલોણ, આ દવાઓ સરખે ભાગે લઇ ખરલમાં ઝીણાં કરવાં. દાંતી મૂળ તથા ત્રિફ-

ળાના ઉકાળામાં ત્રણ દિવસ ખરલ કરવો. માત્રા વાલ ½ થી ૨. આ રસ આંચકી શિવાય તાવ, સનેપાત, સંગ્રહણી વીગેરે માટે અપાયછે.

નં. ૯. આકડો, ધમાસો, કરીયાતુ, દેવદાર, રાસ્ના, નગોડ, વજ, અરણીમૂળ, સરગવાની છાલ, પીપર, પીપરીમૂળ, ચવક, ચીત્રક, સુંઠ, અતવખ, ભાંગરો દરેક સમભાગ તથા તેમાંથી દરરોજ ચાર તોલાનો કવાથ કરી પીવો.

હીસ્ટીરીયા.

હીસ્ટીરીયા નામે રોગ ઘણા તરેહવાર રૂપ ધારણ કરેછે, તે ઘણું કરીને સ્ત્રીને થાય છે. કોઈ વખત પુરૂષને પણ હીસ્ટીરીયા થાયછે. દેશી વૈદકમાં વાયુના વર્ગ તળે આ રોગનો સમાવેશ થાય પણ તેને યોગ્ય એવું કોઈ ચોકસ રોગનું નામ આપણામાં જોવામાં આવતું નથી.

ચિન્હઃ—હિસ્ટીરીયાનાં ચિન્હ તરેહવાર હોયછે. હાથ પગ તથા શરીર ખેંચાયછે. સ્ત્રી મૂઠી બીડીને છાતી ઉપર જોરથી મારેછે, પોતીકા વાળ ખેંચેછે. ને તોડી નાંખેછે, તેમજ કપડાં ફાડી નાંખેછે, ચીસો અને રાડો પાડેછે. આ પ્રમાણે કેટલોક વખત થયા પછી તે બાઈ રોઈ પડેછે, ડસકલાં ભરેછે, અથવા હસવા માંડેછે.

આ પ્રમાણે શરીરની તાણ ખેંચ થાયછે. ત્યારે પણ તે બાઈ સાવધ હોયછે. કોઈ વાર બે શુદ્ધ થઇને કેટલોક વખત પડી રહેછે અને પછી રોતી ઉઠેછે. આ રીતે થયા બાદ પેશાબ ઘણો છૂટેછે. કોઇને આવાં તાણ ખેંચનાં ચિન્હ બીલકુલ થતાં નથી, પણ પેટમાં ગડબડાટ થાયછે, અને પેટુમાંથી જાણે એક કાળજા સૂધી ગોળો ચઢેછે. આ ગોળાથી બાઈ ઘણી અકળાયછે; અને કોઇવાર તે ગોળો જાણે છાતીમાંથી ગળામાં આવીને શ્વાસ બંધ કરી નાખતો હોય તેમ તેણીને ભાસેછે, તેથી ગભરાઇને તે બોલી શકતી નથી, પેટ ચઢી આવેછે અને છેહ્લે ઓટકાર આવીને અગર પવન છૂટો થઇ તે ગોળો નીચે બેસેછે. આ પ્રમાણે ગોળો એક દિવસમાં કેટલીકવાર ચઢી આવેછે. આ રીતે તાણ ખેંચના તથા ગોળાના ચિન્હ શિવાય હિસ્ટીરીયા વાળી બાઇને બીજાં ઘણી પ્રકારનાં ચિન્હ જણાયછે. કોઈવાર કેટલાક વખત સુધી મોટા અવાજની સાથે હેડકી આવ્યા કરે છે. તેને મોટું દરદછે એમ બીજા લોકો માને તથા તેથી તેમને દયા આવે તો તે બાઇને સારૂં લાગેછે.

કોઇવાર શરીરના કેટલાક ભાગમાં જેમકે મસ્તક ઉપર પીઠ ઉપર, પેટ ઉપર, અથવા હાથ પગમાં દરદ થાયછે, આ દરદ કોઇવાર એટલું તો હોયછે કે, તે ભાગને આંગળી પણ લગાડી શકાતી નથી. તેની સાથે પેટમાં વાયુ તથા અજીર્ણનાં ચિન્હ જણાયછે તથા મન નિરાશ થઇને રહેછે.

કોઇવાર આરીતે દરદ થવાને બદલે કેટલાક ભાગ શુન્ય પડી જાયછે અને ત્યાં દરદીને કાંઈ લાગતું નથી. કોઇવાર આ દરદ અગર શુન્યતા થોડીવાર મટી જાયછે અને વળી ફરી થઇ આવેછે, હિસ્ટીરીયાનાં જે ચિન્હ થાયછે તે હમેશાં એક સરખાં રહેતાં

નથી, પણ મટી જાય અને વળી ફરી થાય. કોઇને ઘણી ભૂખ લાગેછે અને કોઇને ભૂખ મંદ પડી જાયછે. કોઇતો ઘણાં નઠારાં પદાર્થ, ધૂળ, પથ્થર વગેરે ખાયછે.

હિસ્ટીરીયાના રોગનાં કેટલાંક એવાં ચિન્હ થાયછે કે જાણે તે બીજા રોગને મળતાં આવેછે અને તેની ખરી નકલ હોય તેમ લાગેછે. પેશાબની સાથે એવાં ચિન્હ થાય કે જાણે તે બંધ થઇ ગયો હોય અગર પથરી બંધાઇ હોય, પેટની અગર છાતીની અંદર એવું દરદ થાય કે જાણે અંદરના પડનો વરમ થયો હોય, કોઇને ખોરાક ગળે ઉતરે નહિ અને કોઇનો સાદ એટલે અવાજ બંધ થઇ જાય. કોઇને દમની માફક અગર ક્ષયની માફક લક્ષણ જણાય. વળી હીસ્ટીરીયામાં હેડકી, ખાંસી, બગાસાં, છીંક કેટલાક કલાક સુધી એક સરખાં આવેછે અથવા શ્વાસની માફક દમ ચાલેછે. નીસાસા નાંખેછે અગર ડચકાં ભરેછે. કોઇને છાતીનો ધબકારો થઇ આવેછે અને એવાં હજાર પ્રકારનાં લક્ષણ જણાયછે.

કારણઃ—હિસ્ટીરીયા આ દેશમાં હીંદુ કરતાં પારસી લોકનાં બઇરાંમાં વિશેષ જોવામાં આવેછે. તરૂણ સ્ત્રીઓ જેને બચ્ચાં થતાં નથી તથા દસ્તાન બરાબર આવતું નથી તેને હિસ્ટીરીયા વિશેષ થાયછે. કસબણ સ્ત્રીઓને હિસ્ટીરીયા થતો નથી પણ જે કુંવારી રહેછે તેને થાયછે. પહેલાં એમ ધારવામાં હતું કે આ રોગને ગર્ભસ્થાનની સાથે કાંઇ નીકટ સંબંધછે પણ તેમ નથી. મન તથા મગજની ઉપર તેનો વધારે આધાર છે. મનને કોઇ ધક્કો લાગવાથી, વ્યસનથી, ચિંતાથી, ભયથી, પોતાની ઉમેદમાં નિરાશ થવાથી ઘણું કરીને હિસ્ટીરીયા થાયછે. શરીરને નહી કસવાથી તેમ મન છેક નકામું રહેવાથી, નબળાઇથી, ધાત જવાથી, તથા ગર્ભસ્થાનના દરદોને લીધે આ રોગ થઇ આવેછે. હિસ્ટીરીયા લાંબો વખત રહેવાથી મન ઉપર ઘણીજ ખરાબ અસર થાયછે તથા શરીર પણ નંખાઇ જાયછે.

ઉપાયઃ—જ્યારે હિસ્ટીરીયા જોરથી થઇ આવેછે અને જાણે અસાવધ હોય તેમ બઇરી પડી રહેછે તથા હાથપગની ખેંચતાણ થાયછે ત્યારે તે સ્ત્રીને સારી રીતે સુવાડી રાખવી. કાંઇ તંગ કપડાં છાતી ગળા ઉપર હોયતો ઢીલાં કરવાં, પવન આવવા દેવો તથા મોઢા ઉપર સારી પેઠે થંડુ પાણી છાંટવું. નાકની આગળ "સ્મેલીંગ સાલ્ટ" અગર "લીકર આમોન્યા" ધરવું. તે નહિ મળી આવેતો નવસાગર તથા ચૂનો સાથે મેળવી તે સુંઘાડવું. ત્યારબાદ થોડી હીંગ શેકીને ઘીમાં ગળાવવી અને હીંગને ખાંડી તથા પાણી સાથે મેળવી પાવી, સાલવોલા ટાઇલનાં ૩૦ થી ૪૦ ટીપાં પાણી સાથે પાવાં અથવા તેને ઠેકાણે નીચેની દવા આપવી.

નં. ૧ આમોનાયેટેડ ટિંક્ચર ઓફ વાલેરીયન...૧ ડ્રામ. } બંનેવાનાં મિશ્ર કરી
પાણી... ... ...૧ ઔંસ. } પાવાં અથવા—

નં. ૨. ફેટીડસ્પીરીટ ઓફ આમોન્યા...૧ ડ્રામ } મિશ્ર કરી પાવી.
પાણી ... .૧ ઔંસ }

ઉપર કહેલી કોઇપણ દવા જરૂર પડે તેમ બબે કલાકને અંતરે એકથી વધારે વખત આપવી. તેમને મીશ્ર કરીને પણ આપી શકાય. હાથપગ થંડા હોયતો બાટલીથી શેક કરવો.

હિસ્ટીરીયા ફરી ન થાય માટે તદન મટાડવાસારૂ ઉપાયો લેવા—તેમાં દરદીને યોગ્ય સારો ખોરાક આપવો, તન તથા મનને યોગ્ય કસરત આપવી, મન ખુશીમાં રહે તેવી રીતે વાંચવું, ફરવું તથા રમુજ કરવી. દરદીને હીંમત આપવી, થંડુ પાણી મસ્તક ઉપર રેડી હમેશાં સ્નાન કરવું, ઝાડો સાફ લાવવો.

જો શરીર ફીકું પડી ગયું હોયતો લોખંડની દવા આપવી, જો દસ્તાન બરોબર ન હોયતો તેના યોગ્ય ઉપાય કરવા. કોમ્પાઉન્ડ મિક્ષચર ઓફ આયર્ન આપવી અને તેની સાથે કોમ્પાઉન્ડ ડીકોકશન ઓફ એલોઝ આપવો તથા દરરોજ રાત્રિ નીચેની એક ગોળી આપવી.

નં. ૩. હીંગ......૩ ગ્રેન. એક્ષ્ટ્રાકટ ઓફ નક્ષવામીકા...½ ગ્રેન.

બંને દવાને મિશ્ર કરી ગોળી બનાવવી અને રાત્રે આપવી.

જો હિસ્ટીરીયાને લીધે શરીરનું કોઇ અવયવ રહી ગયું હોય, અવાજ બેસી ગયો હોય, અંગ દુખતું હોય અગર શુન્ય પડી ગયું હોય તો વીજળી લગાડવાથી ફાયદો થશે.

ફેફરાના વિષયમાં જે ઉપાયો લખ્યાછે તે આ દરદમાં વાપરવાથી પણ ફાયદાકારક છે. તેનાથી ફાયદો ન થાયતો નીચેની દવા આપવી.

નં. ૪. એક્ષ્ટ્રાકટ ઓફ બેલાડોના...	૨ ગ્રેન.	આ દવાને મિશ્ર કરી છ ગોળી કરી સાંઝસવાર એકેક ગોળી લેવી.
હીંગ ...	...૧૮ ,,	
વાલેરીયેનેટઓફઝીંક	...૬ ,,	

હીંગ અને હીરાબોળની ગોળી કરીતે આપવી, "કોમ્પાઉન્ડ આસાફાટીડા પીલ" થાય છે તે આપવી. પેટમાં વાયુનું જોર હોય, હેડકી આવતી હોય, ગોળો ચડતો હોય તેને વાસ્તે નીચેની દવા આપવી.

નં. ૫. ટિંકચર ઓફ કાસટોરીયમ...૨૦ ટીપાં. સલ્ફ્યુરીક ઇથર......૧૫ ટીપાં.
ટિંકચર ઓફ વેલેરીયન ...૩૦ ,, ટિંકચરઆસાફીટીડા...૩૦ ટીપાં.
પીપરમીંટ વાટર... ...૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દર ત્રણ ચાર કલાકે આપવી. જો ઝાડો કબજ હોયતો તેની સાથે એપસમસાલ્ટ નાંખવું. તે શિવાય ટિંકચર ઓફ જીંજર, આવ લવન્ડર તથા બીજી-દવાઓ વાયુનુ શમન કરે તે આપવી. તે શિવાય દરદ થતું હોયતો લગાડવા ચોપડવાની દવા આપવી તથા જે જે લક્ષણ થાય તેનો યોગ્ય ઇલાજ કરવો. હીસ્ટીરીયાને લીધે શરીર રહી જાયછે અગર શુન્ય પડી જાયછે ત્યારે વીજળી લગાડવાથી ફાયદો થાયછે.

દીવાનાપણું ઊન્માદ.

(ઇન્સાનીટી.)

દીવાનાપણું, ગાંડાપણું અગર ઘેલછાનો અર્થ હરકોઈ સમજી શકશે, પણ તેની વ્યાખ્યા બાંધવી ઘણી મુશ્કિલછે. અમુક લક્ષણ હોય ત્યારે આદમીને ગાંડો સમજવો એવો નિયમ બાંધવો મુશ્કિલછે, કેમકે જુદા જુદા દિવાના આદમોના ચિન્હ તરેહ તરેહનાં હોયછે, અને તે વિસ્તારીને લખવા પણ મુશ્કિલ પડેછે. એક દીવાનો હોયછે તે

અજ્ઞાનીની માફક તોફાન કરેછે, કોઈ ખુન કરેછે, અથવા અક્કલમંદ થઇને છાનો બેસી રહેછે, અને તેને ખાવા પીવાનું પણ જ્ઞાન હોતું નથી; અથવા કોઈ મુરખ થઈ રસ્તામાં રખડેછે, અને ખાવા પીવા શિવાય વિશેષ તેને દુનીયાંનું ભાન હોતું નથી. આવા આદમીને દીવાના તરીકે હરકોઈ ઓળખી શકશે. પણ કેટલાક એવા હોયછે કે, તે દુનીયાનો વ્યવહાર ચલાવેછે, પારકું પોતાનું સમજેછે, તોપણ તેની બીજી વર્તણુંક એવી હોય છે કે તે ઘેલા ગણાયછે. કોઇ કોઈ કેટલીક મુદત સુધી છેક શાણામાં ગણવા લાયક હોયછે, પણ તેમનું ચિત્ત મહિને છ મહિને ભ્રમીત થઈ આવેછે, પાછું દુરસ્ત થાયછે ને ફરી તેમ થયાં કરેછે. કોઇનું ગાંડાપણું ફકત એકજ પ્રકારનું હોયછે, એટલે તેમનું ચિત્ત એકજ વિષયપર ભ્રષ્ટ થયું હોયછે, જેમકે તેનું મન એક ધર્મમાંજ ઉતરી જાય, અથવા વિષયાંધ થઈ જાય, અથવા કોઇને પોતાના દુશ્મન માની લેઇને તેનું ખુન કરવા તત્પર થાય અથવા પોતાનું ખુન કરે; આ પ્રમાણે તેમનું દીલ બગડેલું છતાં તે વિષય છોડી બીજા વિષય ઉપર તેની સાથે વાત ચીત કરતાં તે બીજા અક્કલવાળા માણસની માફક જવાબ આપશે. સાધારણ આપણે વિચાર કરીશું તોપણ જુદા જુદા આદમીની તબીયત ભિન્ન ભિન્ન જણાશે. કોઇ શાંત સ્વભાવવાળો તો કોઈ ગરમ મીજાજ વાળો, કોઈ મંદ અથવા જડબુદ્ધિનો તો કોઈ ચંચળ મનનો; ગમે તેવો હુશીયાર આદમી હોય તે પણ વખતે ચૂકી જાયછે અને અયોગ્ય કામ કરેછે, કેમકે મનુષ્ય અપુર્ણ છે.

માટે જો મોટી વિસ્તીર્ણ વ્યાખ્યા બાંધવા જઇએ તો સર્વ મનુષ્ય દીવાનામાં આવી જાય અને ટુંકી વ્યાખ્યા બાંધીયે તેમાં સર્વ ગાંડાનો સમાવેશ થતો નથી. જેમ ચઢતી ઉતરતી જાતનું સોનું હોયછે તેમ આદમીની અક્કલ હોયછે. જેમ બપોર અને મધ્ય રાતની વચેનો તફાવત ઉઘાડોછે પણ સાંજને વખતે દિવસ રાત એક બીજામાં મળી જાયછે. તેમ ઘણા ગાંડા અને ઘણા ડાહ્યા તો સહજ ઓળખી શકાય. પણ બાકીના મધ્ય વર્ગ વાળામાં ચોખો તફાવત કાઢવો મુશ્કેલછે. ડાકટર ટાનર દીવાનાપણાની એવી વ્યાખ્યા આપેછે કે તે એક મગજનું દરદછે જેને લીધે આદમીને ખોટા વિચાર આવેછે તથા અયોગ્ય કૃતિ કરેછે, અને મનની એવી વૃત્તિ થઈ જાયછે કે પોતાની ફરજ તથા પોતાના મનુષ્ય ભાઇ અને પરમેશ્વરની સાથનો ધર્મ બજાવી શકતો નથી.

વૈદને આવી વ્યાખ્યાની જરૂર પડતી નથી, કારણ તેની પાસે તો જે ખરો દિવાનો હશે તેજ દવા કરાવા આવશે. પણ કોરટની અંદર કેટલાક ગુનાહમાં, લેખ પતરમાં તથા વારસાની બાબતના દાવાઓમાં તેની ઘણી જરૂર પડેછે. કારણ ખરો દીવાનો આદમી ખુન કરી નાખે તોપણ તેને કાયદામાં માફછે, તેમજ દીવાનો ગમે તે પ્રમાણે લખી આપે અથવા કબુલાત આપે તે કાયદામાં રદછે. તેમાં ફકત એટલું સાબીત થવું જોઈએ કે તે ગુનો અગર લેખ કરતી વખત તે આદમીનું ચિત્ત ઠેકાણે નહોતું. આવા કામોમાં ઘણી વખત મોટી તકરારો થઈ પડેછે.

આદમી દીવાનો થવાની પહેલા ઘણીવાર કેટલાંક **પર્વ ચિન્હ** જણાયછે જેમકે મ

સ્તક દુખે, ફેર આવે, સ્વભાવ ચીડીયો થઇ જાય, કામમાં મન ગોઠે નહી, ઊંઘ આવે નહી, અગર કોઈ ઘણોજ ઊંઘ્યા કરે, તેમાં ભયંકર સ્વપ્નાં આવે, સ્મરણ શક્તિ મંદ પડી જાય, નજર મંદ પડી જાય, તેની વર્તણુંકમાં કેટલોક ફેરફાર થઈ જાય, તેની સગા અને મિત્રો ઉપર પ્રીતિ ઘટી જાય, અને મનમાં વિપરીત વિચારો આવે.

વર્ગ અને ચિન્હઃ—આગળ કહેવાં પ્રમાણે ગાંડાઈ તરેહવાર તથા કમી જાસ્તી જોવામાં આવેછે અને તે ઉપરથી તેના ચાર વર્ગ પાડવામાં આવ્યાછે. ૧ **"મેન્યા"**. ૨ **"મોનોમેન્યા"**. ૩ **"ડીમેનશ્યા"**. ૪ **"ઇડીયસી"**. જો કે તે ચાર વર્ગનું વર્ણન જુદુ જુદુ કરવામાં આવેછે તોપણ સાધારણ જોતાં એક બીજા વર્ગનાં ચિન્હ સેળભેળ જોવામાં આવશે.

૧ **"મેન્યા"**:—એટલે જાણે એક પ્રકારનો સનેપાત, તેમાં આદમી ચિત્તભ્રમ થઇ જાયછે, તેનું મન ઠેકાણે રહેતું નથી પણ તરંગો ઉઠેછે, તેમાં બકેછે તથા તોફાન પણ કરેછે. આ સનેપાત એકદમ થઇ આવેછે, અગર આગળ કહેલાં કાંઈ પૂર્વ ચિન્હ થયા પછી શરૂ થાયછે. આ સનેપાતના સર્વ લક્ષણનું બયાન કરવું મુસ્કેલછે. કોઇ નાચેછે, કોઈ હસેછે, કોઈ ચીસો પાડેછે. કોઈ ગાયછે. કોઇ રડેછે, દોડે, કુદે, તોફાન કરે અગર પોતાના શરીરને હાની કરે અથવા બીજાને મારવાને ધાય. આ રીતે ઊંઘે પણ નહી અને રાત દિવસ મસ્તી કરે, તેમાં ખાવા પીવાની પણ તમા રાખે નહી, ઝાડો પેશાબ કરે તેનું ભાન રાખે નહી. કોઈ મસ્તી અને બડબડ થોડી કરે અને કોઇ વધારે કરે. બીજા તાવ અને દરદોમાં જે ચિત્તભ્રમ થાયછે તેવોજ આ સનેપાત છે. આ ઉન્માદ એક બે દિવસ અગર વધારે મુદત રહીને ઘણું કરી કમી પડી જાયછે, તે વખતે દરદીને ઊંઘ આવેછે તથા ભૂખ પણ લાગેછે. કાંઈ મુદત પછી વળી તેવીજ હાલત ઉત્પન્ન થાયછે.

પ્રસુત થયેલી ઓરોતોને પણ આવો સનેપાત થઈ આવેછે. તેમાં વખતે સ્રી પોતાનું અગર બચ્ચાંનું પણ ખુન કરી નાખેછે.

૨ **"મોનોમેન્યા"**:—સનેપાતમાં જેમ મન છેક ભ્રમીત થઈ જાયછે તથા બેભાન રહે છે તેમ આ દરદમાં નથી. મોનોમેન્યામાં આદમીનું ચીત્ત ફક્ત કાંઈ બાબત અથવા વિષયના સંબંધમાં ભ્રમીત થાયછે. બાકી બીજી બાબતો વિશે તેની બુદ્ધિ નિર્મળ સારા માણસની માફક હોયછે. સારા તેમજ ગાંડા આદમીના મનમાં વિચારો અથવા તરંગો આવેછે. ઊંઘમાં તેમજ જાગૃત અવસ્થામાં કેટલીક કલ્પના તથા તરંગો દોડેછે. તે તરંગોમાં ખરૂં ખોટું ઓળખી શકે તે ડાહ્યો માણસ તથા ખોટું હોય તે છતાં પણ ખરૂં માની લે તે ગાંડો માણસ. જેમકે પાસે કાંઇ નહોવા છતાં નજર આગળ સાપ, વીંછી, અથવા ભૂત, રાક્ષસ, દેખાય, કાંઇ અવાજ થાય અથવા એવો બીજો કાંઈ ભ્રમ થાય તેને શાણો આદમી હશે તે પોતાની બીજી ઇંદ્રી સાથે વિચાર કરતાં ખોટાં ઠરાવશે, પણ જે દીવાનો હશે તે તેને સાચાંમાની લઈ તેનાથી ડરશે, નાશીજશે, પોકાર કરશે, અથવા એવોજ કાંઈ બીજો ઇલાજ કરશે.

મોનોમેન્યામાં કોઇને એવો ભ્રમ થાય કે પોતે ધર્મ તારવા સારૂ ઉત્પન્ન થયોછે અને

તે ઉપરથી તેવા ઉદ્યોગ કરવા માંડશે. કોઇ એમ સમજે કે પોતાનું શરીર કાચનું બનેલુંછે અને કાચ ફૂટે નહી તેવી શરીરની સંભાળ રાખશે, કોઇ પોતાને રાજા તરીકે સમજે અને તે રીતે હુકમ કરે તથા પૈસા ખરચે, કોઇ પરીમીત હોય તે દારૂડીઓ અગર ભાંગ અને ગાંજો પીનારો થઇ પડે, કોઇ ખુશમીજાજમાં બેફિકર રહે અને કોઇ દલગીરીના દરીયામાં ગરકાવ થઇ જાય, ઊંઘે નહી, અગર ખાય નહી અને મુંગાની માફક બોલ્યા વગર બેસી રહે. કોઈવાર તે આપઘાત કરે અગર ખુન કરે. કોઈવાર પોતાને કાંઇ ન છતાં મોટી વ્યાધિ થઇછે એમ સમજે. કોઈવાર નજીવા પદાર્થોને ચોરીને એકઠાં કરી રાખે, અથવા ધર્માંધ થઇ જાય. આવા લક્ષણો પ્રમાણે ધાર્મીક, ચોરી સંબંધી, ખુની, આપઘાતી, વિષયી, ઇત્યાદિ એવાં ઘેલછાનાં નામ ઇંગ્રેજીમાં હોયછે.

પ્રથમ જ્યારે બુદ્ધિમાં થોડો બગાડો થયો હોય ત્યારે આવો કોઈ પ્રકારનો ભ્રમ થયો હોય તેને તે આદમી સમજેછે અને દબાવી રાખેછે. પણ જેમ જેમ ભ્રમનું જોર વધતું જાય એટલે તેને તાબે થવું પડેછે. સનેપાત તથા મોનોમેન્યા વાળો આદમી લાંબો વખત ભ્રમીત રહે તો પછી તેમની અક્કલ જડ થઇ જાયછે અને અંતે "ડીમેનશ્યા" થાયછે.

૩. **"ડીમેનશ્યા"** આ રોગમાં એકંદર બુદ્ધિ નબળી થઈ જાયછે. તેવા આદમીને બોલવા ચાલવાનું ભાન હોતું નથી. વખતે વગર અર્થના શબ્દ બડબડશે. તેમને પ્રીતિ, વિયોગના સુખ, દુખની માહીતી નથી, ઝાડો પેશાબ કરવાનું પણ ભાન રહેતું નથી. તેમને યાદ શક્તિ અને વિચાર શક્તિ હોતી નથી. ડીમેનશ્યા મટવો મુસ્કેલછે. તેમને પૂરતું બોલતાં આવડતું નથી તથા આપણું બોલવું મુસ્કેલાઇથી સમજેછે.

તેમનું શરીર લેવાતું જાયછે અને છેલે શરીર ઝલાઈ જાયછે અને મૃત્યુ પામે છે. ઘણીવાર સનેપાત અને મોનોમેન્યામાંથી અંતે ડીમેનશ્યા થાયછે. ઘડપણમાં આદમીની બુદ્ધિ બગડી જાયછે તે પણ એક પ્રકારનો ડીમેનશ્યા સમજવો.

૪. **"ઇડયસી"** એ શબ્દ જન્મથી ગાંડો હોય તેને લાગુ પડેછે. આગળ કહેલા ત્રણ વર્ગમાં બુદ્ધિવાન આદમીની અક્કલમાં ફેરફાર અને ખરાબી થાય પણ આમાંતો પ્રથમ જન્મથી અક્કલની ખામી હોયછે. તેને બોલવા કરવાનું ભાન હોતું નથી. તેનો ચહેરો ચમત્કારીક દેખાવનો હોયછે. તે ઉપરથી તે અક્કલ રહીત છે, એમ સહજ જણાઈ આવેછે. તે ફક્ત પશુની સમાન હોયછે. તેને બોલવા ભાષા હોતી નથી, તે કોઇને ઓળખતો નથી, તેમ તેને બીલકુલ યાદદાસ્ત હોતી નથી. તેમની મગજની રચનામાંજ ખામી હોયછે, તેથી તેમની બુદ્ધિ પ્રફુલીત થતી નથી જેના માબાપોને મગજનો રોગ હોય, દારૂ પીતા હોય, ફેફર થતું હોય તેની પ્રજાની આવી દશા થવા સંભવ હોયછે.

કારણ:—દીવાનાપણું એ કેટલીકવાર વારસામાં મળેછે. કેટલાંક કુટંબમાં હલકાં મગજનાં આદમી એક કરતાં વધારે મળી આવેછે. માંહોમાંહે સગાંવહાલામાં લગ્ન કરવાથી જે પ્રજા થાયછે તેમને આવી મગજની વ્યાધિ થાયછે. ગરમીવાળા, ક્ષયવાળા, તથા ઘણો દારૂ ઇત્યાદિ વ્યસનવાળા માબાપોના છોકરાંઓને મગજ સંબંધી વ્યાધિ થવા જાસ્તી સંભવ રહે છે.

મસ્તકને કોઇ પ્રકારની ઇજા, દારૂ, ભાંગ, અફીણ, તમાકુ, ગાંજો ઇત્યાદિ વ્યસન; ઘણો વ્યભિચાર, હસ્તક્રિયા, કેટલીક જાતના તાવ, કોઈ બાબત ઉપર હદથી જાદે મન લાગી જાય તેપણ ચીત્તભ્રમનાં કારણો થઈ પડેછે. મનને કોઈ જાતની લાંબા વખતસુધી કાળજી રહે, અથવા દુખ થયા કરે, મનને કાંઈ ધક્કો લાગે જેમકે કોઈ મૃત્યુ, પૈસાની ખોટ, અથવા કોઈ ઉમેદમાં નિષ્ફળ થવું અને મગજને કોઈ જાતની બેહદ તસ્દી આપવી જેમકે ઘણો અભ્યાસ કરવો, મનન કરવું, ગોખવું, તેમજ અતિહર્ષ જેમકે કોઈ મોટો લાભ થાય તેથી પણ ચીત્તભ્રમ થઈ જાયછે.

જે દેશ જાસ્તી સુધરેલો હોય ત્યાં મગજના દરદની સંખ્યા જાસ્તી હોયછે. કેટલાંક મગજના દરદને લીધે, તેના પોષણમાં કમી જાસ્તી થવાથી નિંદ્રા નહી આવવાથી અગર ભયંકર સ્વપ્નને લીધે તેમાં ભંગ પડવાથી પણ ચીત્તભ્રમ થાયછે.

દીવાના આદમીની પરીક્ષા કરી ઓળખવો એ ઘણુંકરી સહેલુંછે,પણ કોઇ કોઇવાર ઘણું મુશ્કેલ થઇ પડેછે. આ પ્રમાણે અમુક આદમી દીવાનોછે કે નહી તેવો સ્વાલ કોરટમાં કેટલીકવાર ઉઠેછે,તેમાં વળી ચીત્તભ્રમ કયા વિષય ઉપરછે તે શોધી કાઢવું જોઇએ. મોનોમેન્યાને વાસ્તે આવા પ્રશ્ન વિશેષ કરી ઉઠેછે. આવા દીવાના આદમીના મનનો કબજો કેટલીક વખત પોતાના તાબામાં હોયછે અને કેટલીક વખત હોતો નથી. તે ઉપરથી એવા સવાલ ઉઠેછે કે અમુક ગુન્હો અગર કાર્ય કરતી વખત તે સારી હાલતમાં હતો કે ચીત્તભ્રમ હતો.

વળી કોઈ કોઇ આદમી ગુન્હા કર્યા પછી અગર કરવા સારૂ ગાંડાપણું ધારણ કરેછે, તે એવા હેતુથી કે ગાંડો બની તેની શિક્ષામાંથી બચી જવું; આવા ઢોંગી માણસનો લક્ષ પૂર્વક તપાસ રાખવો જોઇએ. તે ઘણું કરી ખરા દીવાના મસ્તી કરે તેથી પણ વધારે કરેછે, અને બીજા આદમીઓ પાસે હોય ત્યારે વધારે મસ્તી કરેછે, કોઇ ન હોય ત્યારે તોફાન અને ચાળા કરતો નથી. તે ઊંઘ્યા અને ખાધા વગર રહેશે નહી; વળી ગાંડાપણું ધારણ કરવાનો હેતુ તપાસ કરતાં માલમ પડશે અને ગાંડાઇનાં લક્ષણ ઘણું કરી કાંઇ ગુન્હો કર્યા પછી માલમ પડશે. તે પહેલાં તે સારી હાલતમાં હોયછે. ખરો ગાંડો હશે તે એમ કબુલ નહી કરે કે તે ગાંડોછે. પણ ઢોંગી હશે તેતો પોતે ગાંડોછે એવું સમજાવવાને પ્રયત્ન કરશે. ઢોંગી આદમીને વિજળી લગાડવાથી પોતાનો ઢોંગ છોડી દેશે.

ઇલાજઃ—જે કાંઈ ચીત્તભ્રમ થવાનું કારણ માલમ પડે તે બની શકે તો દુર કરવું. ઊંઘ નહીં આવતી હોય અને સ્વપ્નાં આવતાં હોય તો સારી ઊંઘ આવે તથા મન શાંત રહે તેવી દવા આપવી, જેમકે અફીણ ભાંગ. કલોરલ હાઇડ્રેટ, કોનાયમ, બ્રોમાઇડ ઓફ પોટાસ, કલોરોફોર્મ,ડીજીટેલીસ ઇત્યાદિ. દરદીનું મન ખુશી રહે એવી સારી જગામાં તેને રાખવો; જરૂર પડેતો હવા પાલટ કરવી અગર દરીયા ઉપર મુસાફરીએ મોકલવો. ધંધાથી તથા બીજી કોઈ રીતે તેના મનને ફિકર રહેતી હોય તેમાંથી તેને ફારકત કરવો. સારો ખોરાક આપવો. શરીર નબળું હોય તો લોહ, કવીનાઇન, કાડલીવર ઓઇલ, ફોસફેટ ઓફ આયર્ન તથા ગ્રીક વગેરે ક્ષાર તથા દવા આપવી. જો ખાય નહીતો મોઢામાં નળી નાખીને

પ્રવાહી ખોરાક ગળે ઉતારવો. ઝાડો સાફ થાય તેમ કરવું. બહાર ફરવું. બગીચો વગરે સારો સુખદાયક દેખાવ હોય ત્યાં તેનું મન ગમતમાં રાખે એવા સારા ભરોંસાના આદમી સાથે તેને ફરવા મોકલવો, બીજી કાંઈ ગમત જેથી તેનું મન રંજન રહે તેમ કરવું. તેની સાથે વાત ચીત કરવામાં પણ તેનાથી એકદમ વિરૂદ્ધ બોલવું નહી, અગર તેને ઠબકો દેવો નહી, અને તેને ગુસો આવે એવો પ્રયત્ન કરવો નહી. અતિશય મસ્તી તોફાન અથવા ખુન અને આપઘાત કરે એવું લાગે તેને માત્ર પક્કા બંદોબસ્તમાં રાખવો. તે શિવાય બીજો જોરજુલમ દીવાના ઉપર ગુજારવો નહી. મેન્યામાંથી આદમીને સારો થવાની આશા રાખવી. મોનોમેન્યામાંથી આરામ થવા થોડી આશા રાખવી અને "ડીમેનશ્યા" તથા "ઈડયસી"માંથી આરામ થતોજ નથી. આદમી તોફાન અને જુસ્સામાં હોય તો પાછળથી શાંત થઈ સારો થઈ શકેછે. પણ જો જડ, મંદ, નિરાશ, થઈ રહે તો સારો થવો મુશ્કેલ પડેછે. જુસ્સાવાળા દીવાનાને જળો, જુલાબ, બલીસ્તર તથા બોચી ઉપર પોત સારો ફાયદો કરેછે. તેના મસ્તક ઉપર થંડુ પાણી રેડવાથી સારી અસર થાયછે. ચાલીસ પચાસ વરસ પછી દીવાનાપણું થાય તો તેને સારા થવાની થોડી આશા; પણ નાની ઉમરમાં એ વ્યાધિ થયો હોય તો વધારે આશા રાખી શકાય છે.

ખુન અગર આપઘાત કરે તેવા દીવાનાને સારા બંદોબસ્તવાળા ઓરડામાં પરેજ રાખવો. બહુ મસ્તી કરે તો તેને કેટલીક વખત સજ્જડ બાંધી રાખવો. દીવાનો આદમી કેટલીકવાર ખાતો નથી ત્યારે તેને બાંધી નાક અગર મોઢામાં નળી મૂકી તે વાટે પ્રવાહી ખોરાક રેડવો.

દારૂથી થતાં દરદ.

(આલ્કહૉલીઝમ.)

દારૂ વિવિધ પ્રકારના થાયછે. કેટલાએકને "વાઇન" કહેછે. કેટલાકને "લીકર" કહેછે અને કેટલાકને "સ્પીરીટ" કહેછે. તાડી, ગોળ, દ્રાક્ષ, માલ્ટ, મહુડાં, જવ વગરે પદાર્થને સોડવીને તેમાંથી દારૂ બનાવાયછે. દારૂનું સત્વ "આલ્કહાલ" છે. સેંકડે દારૂમાં "આલ્કહાલ"ના જેટલા ભાગ હોય તે પ્રમાણે તેને ભારી હલકો ગણવામાં આવેછે. બ્રાંડી, રમ, જીન, પોર્ટ, વીસ્કી શામપેન, બીયર, શેરી, કલારેટ, અને દેશીદારૂ વગરે તેના જુદા જુદા પ્રકાર હોયછે.

દારૂનું સત્વ "આલ્કહાલ" છે તેમાં કાર્બાન, હાઈડ્રોજન અને ઓક્ષીજન છે. આલ્કહાલ સિવાય દારૂમાં બાકીના ભાગ પાણી અને રંગવાળી ચીજ હોયછે.

દારૂ થોડો લેવાથી પ્રથમ ખુશાલી અને હુશીઆરી આવેછે. આદમીને ગરમી માલમ પડેછે ને ચહેરો અને આંખ લાલ થાયછે. નાડી જલદ ચાલેછે. તેથી વિશેષ લેવામાં આવે તો બોલવા ચાલવાનું ભાન રહેતું નથી. શરીર તથા મન કબજામાં રહેતાં નથી; બડબડવું, લથડવું અને સુસ્તી આવતી જાયછે. મસ્તી અને તોફાન જોવામાં આવેછે અને જો દારૂ ઘણો થયો હોય તો આદમી બેહોશ થઇને પડેછે, જવાબ આ-

પતો નથી. મોઢામાં દારૂનો વાસ આવેછે, આંખ લાલ અને તેની કીકી વિસ્તૃત થાયછે. પરસેવો છૂટેછે,નાડી મંદ ચાલેછે અને કેટલીક વખત મૃત્યુ નીપજેછે.

દારૂ પીધા પછી તે લોહીમાં જાયછે. ફેફસાં, પેશાબ, અને પરસેવાને રસ્તે તે બહાર પડેછે. દારૂ બહારના ભાગ ઉપર લગાડવામાં આવે તો તે સ્થળે વરમ થાયછે. પણ પાણી સાથે લગાડાય તો તે ભાગ કઠણ અને બરડ થાયછે.

દારૂ એક દવા તરીકે ઘણી ઉપયોગી ચીજછે. તેનાથી ભૂખ ઉઘડેછે, શક્તિ આવેછે અને ગરમી રહેછે. નબળાઈ અને અશક્તાઇના મરજોમાં તે બેહદ ફાયદા કારક થઈ પડેછે, પણ તે જોઇએ તેથી વિશેષ થાય અગર નહી જોઇતો પીવામાં આવે તો નુકશાન કર્તા થઈ પડેછે. સ્પીરીટ પીવાથી વધારે ગેરફાયદો થાયછે. વારંવાર લેવાથી અને ખાલી પેટમાં પીવાથી વિશેષ હાની કરેછે.

હલકી પંક્તિના લોક જેને ફીકર ચીંતા અથવા ખેદ રહેતો હોય, જેને હીઝટીરીયા હોય તથા મોજશોખ અને વ્યભિચારી હોય, તેને વિશેષ દારૂ પીવાની આદત પડેછે. દારૂ પીવાથી ફિકર, પોતાની ફરજ અને ધંધો વગેરે વિસરી જવાયછે.

આ દેશમાં પ્રથમ દારૂ બહુજ થોડો વપરાતો. પણ હાલમાં તેનો ફેલાવો ઘણોજ થઈ પડ્યોછે અને થતો જાયછે. દારૂની ખપત અને દુકાનો વધતી જાયછે. ઊંચી પંક્તિના લોક જેને અસલ દારૂનો બહુજ તિરસ્કાર હતો તે પણ પીવામાં સામેલ થયાછે. દારૂ પીવાથી થતાં નુકશાન જગપ્રસિદ્ધ છે. અફીણના વ્યસન કરતાં પણ દારૂ ઘણીજ ધીકારવા લાયક ચીજછે. યૂરોપદેશમાં જ્યાં પ્રાચિન કાળથી દારૂ પીવાનો ચાલછે ત્યાં તેનાથી થતાં નુકશાન અટકાવવા માટે લોકો સભાઓ અને કાયદાઓ કરવાનો પ્રયત્ન કરેછે. આવે વખતે આ દેશમાં તેનો પ્રસાર જારી થાયછે એ બહુજ કનીષ્ટ અને લાંછન લગાડનાર છે. દારૂ પીવાથી ઘણા પ્રકારના રોગ થાયછે.

૧ ઘણો દારૂ પીવાથી તેનું ઝેર ચઢેછે. આદમી બેહોશ થાયછે અને મરણ પામેછે.

૨ "ડીલીરીયમ ટ્રીમેન્સ" એટલે એક જાતનો "દારૂજન્ય ભ્રમ" થાયછે.

૩ દારૂથી દિવાનાપણું નીપજેછે,તેમાં ઉન્માદ થાયછે અથવા શોકાતુર થઇ પડી રહેછે.

૪ દારૂના વ્યસનિને વિવિધ રોગ જેમકે કલેજાનું દરદ, મૂત્રપિંડના વ્યાધિ, હોજરીના વ્યાધિ અને મગજનો રોગ વિશેષ થાયછે.

૧. **દારૂનુંઝેરઃ**—ઘણો દારૂ પીવાથી આદમી ગાફલ થાયછે. પ્રથમ બકવા માંડેછે, મસ્તી, તોફાન,લડાઈ કરેછે, ચાલતાં ડોલેછે, અને પડી જાયછે.વસ્ત્રનું ભાન રહેતું નથી. ચહેરો લાલ થાયછે, આંખો લાલ થાયછે,કીકી પ્રથમ નાની અને પછી વિસ્તૃત થાયછે, શરીર ઠંડુ થાયછે અને પરસેવો છુટેછે, નાડી મંદ અને ધીમી ચાલેછે. એ પ્રમાણે ગાફલ થઇને છેવટ દરદી કેવળ બેભાન થઈ પડેછે. ત્યારે તેને બોલાવતાં જુવાપ દેતો નથી,શરીરને ઇજા થાય તેનું ભાન હોતું નથી. ઘૂંટાતો શ્વાસ ચાલેછે, તેમાં દારૂની બાસ આવેછે. ત્યારબાદ ઘણો પેશાબ છૂટેછે, અથવા ઉલટી થાયછે અને દસવિસ કલાકે ભાનમાં આવેછે. અથવા વધારે ઝેર ચઢવાથી મરણ પામેછે. બહુ દારૂ પીનારા આ રીતે ડોલતા અને

લથડતા ગટરોમાં અને નર્કમાં પડતા જોવામાં આવેછે.

૨. દારૂજન્ય ભ્રમઃ—આ રોગ દારૂના વ્યસન વાળાનેજ થાયછે. જે લોકો ઘણો દારૂ પીનારાછે તેને વિશેષ થાયછે. કોઇ થોડો પીનારા હોય તે એકાદ વખત વધારે પીએ તો તેને પણ થાય છે. હમેશાં ઘણો પીનાર હોય તેને એકદમ બંધ કરવાથી પણ વખતે થાય છે.

ભ્રમ થવાની પહેલાં ઘણું કરીને કાંઇ પ્રાથમીક ચિન્હ જણાયછે, જેમકે ક્ષુધામંદ, મળાવરોધ, જીભ ઉપર છારી, મોઢામાં નઠારો સ્વાદ, શરીર શિથળ, બેચેનપણું, ધ્રુજારો, નિદ્રાનાશ અને મનમાં ગભરાટ વિગેરે માલમ પડેછે.

ભ્રમ શરૂ થાય એટલે નિદ્રા બીલકુલ આવતી નથી.કોઇને તો ઝોકું પણ આવે નહી. મન ભમેછે, ઘણુંજ બેચેનપણું,ઉન્માદ અને ગભરાયછે.ઘણો બકબકાટ અને ભ્રમ જણાય છે. તરેહવાર વહેમ,સ્વપ્નાં.વિક્રાળ ચીજ અને જનાવરો,અવાજ અને કલ્પનાઓ જોવામાં અને સાંભળવામાં આવેછે. આવો વહેમ એકજ રહેછે. અગર ભિન્ન ભિન્ન વહેમ થયાં કરેછે.દરદી ઘણો બીહેછે,અવિશ્વાસી, અને હીચકારો થાયછે.આસપાસના લોકો તેને મારે છે, ઝેર આપેછે અગર ઇજા કરેછે એમ તેને લાગેછે. આ ઉપરથી ઘણીવાર તે ઘણો ઉન્માદ અને તોફાન કરેછે. ભાગ નાશ કરેછે, ઊંચેથી પડેછે, જાણે કાંઇ કલ્પીત ભયમાંથી બચવાનો પ્રયત્ન કરેછે, કોઇને મારેછે અથવા પોતાના શરીરને નુકશાન કરેછે. શરીર ઉપર કીડા અને જનાવર વળગેલાં હોય એમ તેને લાગેછે. તેનું શરીર ધ્રુજે છે, તેમાં હાથ અને જીભ વિશેષે ધ્રુજેછે. એકંદર મનમાં ઘણો ગભરાટ, બીક, ભય, વહેમ બેચેનપણું અને બેભાની હોયછે. ઘણું કરી માથામાં દુખાવો અગર પીડા હોતી નથી.શરીરમાંથી બહુ પરસેવો નીકળેછે, નાડી નરમ નાની અને ત્વરીત ચાલેછે. ભૂખ લાગતી નથી, મોઢું ગંધાયછે, તરસ ઘણી લાગેછે, કોઇવાર ઉલટી થાયછે, ઝાડો કબજ રહેછે અને વાસ મારેછે.

આ દરદમાંથી આરામ થાયછે ત્યારે પ્રથમ નિદ્રા આવેછે અને તેમાંથી જાગેછે ત્યારે આરામ માલમ પડેછે, મૃત્યુ થવાનું હોય ત્યારે નબળાઇ વધેછે, જીભ સુકાઇને કાંટા પડેછે, ચાળો અને આંચકી થાયછે, અને દરદી બેશુદ્ધ થઈ જાયછે.

૩. દિવાનાપણું:—દિવાનાપણું થાયછે તેના કારણોમાં દારૂનું વ્યસન પણ એક મુખ્ય છે. તેનું વિવેચન અહીં જુદુ કરવા જરૂર નથી.

૪. પીવાના વ્યસનથી વિવિધ જાતનાં દરદઃ—પીવાના વ્યસનથી વિવિધ જાતનાં દરદ થાયછે. દારૂની અસર આખર જતાં શરીરના સર્વ ભાગો ઉપર માલમ પડેછે. દારૂને લીધે અવયવોનું શ્વેતતંતુમય અને ચરબીમય રૂપાંતર થાયછે.

અ. ખોરાકના માર્ગ ઉપર તેની વિશેષ અસર થાયછે. દારૂ જે જગો ઉપર લગાડવામાં આવે ત્યાં વરમ થાયછે. તેમ હોજરી અને આંતરડાંમાં તિક્ષણ દારૂના પ્યાલા વારંવાર જાય તો હોજરીની રચનામાં તફાવત પડેછે. તે તવાઇને પાતળી થઈ જાયછે, અથવા તેની દિવાલ જાડી અને ઘાટી થાયછે. ભૂખ લાગતી નથી, અને અન્ન ઉપર

ફ્ચી થતી નથી; તેથી વળી દરદી દારૂ વિશેષ પીવા માગેછે. દસ્ત અનિયમિત ઉતરેછે અને તે ગંધાયછે. ઝાડામાં કેટલીકવાર લોહી પડેછે, જીભ ઉપર સફેદ છારી રહેછે અને હોઠ ઉપર ચીરા પડેછે. શ્વાસ દૂર્ગંધ મારેછે. મોળ અને ઉલટી થાયછે. ઉલટી સવારમાં વિશેષ થાયછે.

ખ. કેટલાંક અવયવો અને તેમાં કલેજું, બરોળ અને મૂત્રપિંડમાં મૂખ્યત્વે કરી દારૂથી કેટલાક ફેરફાર થાયછે. પ્રથમ તેઓનો દીર્ઘ પ્રકારનો વરમ થઈ પછી તેમની રચનામાં મોટો ફેરફાર થાયછે. ઘણું કરી કલેજામાં આ ફેરફાર વિશેષે કરી જોવામાં આવેછે. પહેલાં લીધેલા દારૂનો ઘણોક ભાગ કલેજામાં થઇને શરીરમાં જાયછે. પ્રથમ કલેજું વારંવાર સુજી આવેછે. વારંવાર વરમ થયા પછી તે કેટલીકવાર પાકેછે અને તેમાં પરૂ થાય છે. દારૂના વ્યસનવાળા ઘણાકનું મૃત્યુ આ પ્રમાણે કલેજું પાકવાથી થાય છે. કલેજું પાકશે નહી તોપણ વારંવાર તેનો દાહ થવાથી તેમાં બીજા ફેરફાર થાયછે. પ્રથમ દાહને વખતે તેનું કદ વધેછે. પછી તેમાં શ્વેત તંતુમય પદાર્થનો વધારો થાયછે. આ પદાર્થમાં સંકોચાવાનો ગુણછે, તેને લીધે કલેજું શુષ્ક થાયછે. તેની ખાસ રચનાનું શોષણ થાયછે. કલેજું શુષ્ક થવાથી જળંદર, કમળો, રક્તસ્રાવ વગરે થાયછે. તેનું બ્યાન કલેજાના વ્યાધિ સાથે આપેલું છે. વખતે કલેજાનું ચરબીમય રૂપાંતર થાય છે. કલેજા શિવાય મૂત્રપિંડ અને ક્વચિત પ્લીહામાં પણ આવા ફેરફારો થાયછે અને તેની સાથે તે દરેક અવયવના વ્યાધિના ખાસ ચિન્હ જોવામાં આવેછે.

ક. મગજ અને બીજા યવયવોની રચનામાં પણ લાંબે વખતે તેવાજ પ્રકારના ફેરફાર થાયછે અને તેના વિવિધ ચિન્હ જણાયછે. તેને લીધે સ્નાયુવેગ અનિયમિત રહે છે, તેથી વખતે હાથ પગ ઉછળ્યા કરે છે. તેમાંથી ધ્રુજારો થાય છે. આ ધ્રુજારો પ્રથમ મરજીથી અટકેછે પણ પાછળથી મરજી ઉપરાંત થયાં કરેછે. અનિદ્રા થાયછે અથવા નિદ્રામાં ભયંકર સ્વપ્નાં આવેછે, અને તેથી સુખ અને શાંતિ મળતાં નથી. મસ્તક દુઃખે છે, ભારી રહેછે અથવા ચક્કર આવેછે. આંખ આગળ ભડકા અથવા જીવડાં ઉડેછે. કાનમાં ઘોંઘાટ થાયછે. ચીત્ત વ્યગ્ર રહેછે. કોઈ બાબત ઉપર મન સ્થિર ઠરતું નથી, વખતે બહુ ધુસો આવેછે. આગળ જતાં મનમાં વહેમ ઉત્પન્ન થાયછે અથવા દિવાનાપણું નીપજે છે. દારૂ પીનાર ઘણો બીકણ અને ડરકણ હોય છે. છેવટ શરીર ધ્રુજેછે અથવા અથવા અચેત રહી જાયછે. ફેફરૂ થાયછે, પક્ષઘાત થાયછે.

ડ. દારૂ પીનાર શરીરે બહુ જાડા હોયછે, અગર દુબળા હોયછે. બીયર પીનારનું શરીર ચરબીથી વધેછે અને સ્પીરીટ પીનારનું દુબળું થાયછે. ચહેરો જાણે ફુલેલો લાગે છે, આંખો લાલ રહેછે, શરીર શિથીલ અને ઢીલું રહેછે, દારૂ પીનારને નીતિ વચન અને સદ્‌ગુણની દરકાર હોતી નથી. ગમે તે પ્રકારે પણ પોતાના પૈસા અને જાનનું નુકશાન ભોગવી દારૂ પીએછે અને લોકને પણ સંતાપેછે.

ઇલાજઃ—ઉપરના ભયંકર દરદોનો હેવાલ જોતાં જેમ બને તેમ દારૂ જલદી અને કેવળ છોડી દેવો જોઇએ. અફીણના વ્યસનવાળાને અફીણ છોડતાં ઝાડો, કળતર, નિ-

દ્રાનાશ વગેરે થોડા દિવસ સહન કરવાં પડેછે. પણ દારૂના વ્યસનવાળાને દારૂ છોડતાં તેવું કાંઈ થતું નથી, ફક્ત પોતાનું મન કબજે રાખવું પડેછે.

દારૂજન્ય ભ્રમ માટે પ્રથમ તો દારૂ એકદમ બંધ કરવો. મજબુત તરૂણ આદમી હોય તો તેને બીલકુલ દેવો નહીં. જો કદાચ નબળો અને ઘરડો મનુષ્ય હોય તો તેને થોડા માલ્ટ લીકર આપવાં, તેને સારો ખોરાક વારંવાર આપવો અને શરીરમાં કૌવત રહે તેવા ઈલાજ કરવા.

આ ભ્રમવાળાને નિદ્રા લાવવાથી આરામ થાયછે. તેટલા માટે અફીણ મોર્ફીયા મોઢેથી અગર તેની પીચકારી, ક્લોરલ હાઈડ્રેટ, બ્રોમાઈડ ઓફ પોટાસ, ગાંજાનો અર્ક, વગેરે યોગ્ય માત્રામાં આપવાં. ટિંક્ચર ડીજીટેલીસના બેથી ચાર ડ્રામ અપાયછે. ક્લોરો ફોર્મ સુંઘાડવાથી પણ કાર્ય સિદ્ધ થશે. દરદીની પાસે આદમી થોડા રાખવા અને બરોબર ચોકી રાખવી કે તેના શરીરને કાંઈ નુકશાન ન પહોંચે. વખતે તેને બાંધી રાખવા જરૂર પડેછે. સારી હવાવાળી જગોમાં તેને રાખવો. વખતે બહુ નબળાઈ અને અશક્તાઈ માલમ પડતો બ્રાંન્ડી સાથે કસ્તુરી, કપૂર, આમોન્યા, ઇથર વગેરે આપવાની જરૂર પડેછે.

જ્યારે દારૂનાં વિવિધ પ્રકારનાં દરદ થાયછે, ત્યારે તે દરેકનાં ચિન્હ પ્રમાણે તેનો ઈલાજ કરવો પડેછે. નિદ્રા નહિ આવતી હોય તો ઉપર લખેલી ચીજો આપવી. ઉલટી થતી હોય તો તેના ઈલાજ કરવા. દારૂ બીલકુલ બંધ કરવો, સારો ખોરાક આપવો, હવા ફેર કરવો, દસ્ત સાફ લાવવો, કાડલીવર ઓઇલ અને બીજી પૌષ્ટીક દવા આપવી.

જ્યારે ઘણો દારૂ પીવાથી આદમીને તેનું ઝેર ચઢી બેહોશ થાય ત્યારે તેને પ્રથમ ઉલટી કરાવવી. ગળામાં પીછું ઘાલવું, જસતનાં ફૂલ અગર ઇપીકાક્યુઆના ઉલટી માટે આપવાં. ટાઢું પાણી ચહેરા ઉપર છાંટ્યાં કરવું. આમોન્યા સુંઘાડવો, વીજળી લગાડવી. "સ્ટમકપમ્પ" લગાડીને પેટમાં દારૂ હોય તે કાઢી લેવો.

ત્વચારોગ.

(સ્કિન ડીસીઝ).

ત્વચારોગ વિવિધ પ્રકારના થાયછે. ખસ, દાદર, લૂખસ, ખુરટ, શીળસ, ગૂમડાં, અર્બુદ, ચાંભાં (ચામઠાં) કખવા, અળાઈ, ખીલ, ખરજવું, વિસ્ફોટક, ઝામરો, મસ, કરોળીઆ, વીઆ ફાટવી, કોઢ, વાળો, ઊંદરી, રાફી, ઇત્યાદિ અનેક પ્રકારના વ્યાધિને ત્વચારોગ ગણવામાં આવેછે. વાતપિત્ત, શીળી, ઓરી, અછબડા, ઊપદંશ, રતવા, વગેરે વ્યાધિની મુખ્ય નિશાની ચામડી ઉપર જોવામાં આવેછે, પણ તેમની ગણત્રી આ ક્ષુદ્ર રોગમાં થતી નથી.

કેટલાક ત્વચારોગનો સંબંધ ફક્ત ચામડી સાથે હોયછે, જેમકે મસા, ખસ, દાદર, ચાંભાં, કરોળીયા, ઇત્યાદિ; અને કેટલાક વ્યાધિનો સંબંધ રક્ત વિકાર સાથે હોય છે, જેમકે વિસ્ફોટક, શીળસ, ઝામરો, ખીલ વગેરે. તેમને માટે ઉપાય કરવામાં વ્યાધિને ડે-

કાણે લગાડવાની દવા સિવાય ઘણીવાર ઔષધ પેટમાં આપવાની જરૂર પડેછે. પેટમાં ઔષધિ આપવાનો હેતુ શરીરને શક્તિ આપવાનો, અજીર્ણાંશ મટાડવાનો, જુલાબથી લોહી સાફ રાખવાનો, તથા બીજી દવાથી લોહી સુધારવાનો હોયછે. બાહ્યોપચારમાં શરીરને સાફ રાખવું. ઘણી ચેળ ને બળતરા થતી હોય તો પાણીમાં સોડા ધમાસો અથવા અફીણનાં ડોડવાં ઉકાળીને સ્નાન કરવું. ખંજોળવાનો અથવા ખીણવાનો પ્રતિબંધ રાખવો તથા બીજી યોગ્ય દવાઓ લગાડવી.

ચાંભાં, ચકામાં, ચામઠાં

(ઇરીથીમા).

ચાંભાંની વ્યાધિમાં ચામડી લાલ થઇ આવેછે, શરીર ઉપર ઠેકાણે ઠેકાણે નાના મોટા રાતા ડાઘ થઈ આવેછે, અને તેની સાથે ચામડી કિંચિત ગરમ હોયછે અને તેપર ચેળ આવેછે. આંગળી વડે દાબવાથી રતાશ મટી જઈ ફરી દેખાયછે. કોઇવાર ચામઠાં મટ્યા પછી તે ઠેકાણાની પાતળી ચામડી ઉતરી જાયછે. આ વ્યાધિમાં જ્વરાદિ ચિન્હ પણ દેખાયછે.

છોલાવાથી, મક્ષિકાદિ જંતુના દંશથી, ગરમીથી, સાંધાપરની તથા ડોકની ચામડી ઘસાવાથી, ચામડી લાલ થઈ આવેછે. બચ્ચાંને તથા મોટા આદમીને કોઇવાર લોહીવિકાર થઈ રાતાં ચકામાં થાયછે.

ઉપાયઃ—બાહ્યોપચારમાં ઝિંક ઓઇન્ટમેન્ટ લગાડવું. ગ્લિસરાઇન તથા ગુલાબજળ સમભાગે એકત્ર કરીને તે અથવા ચૂનાનું તેલ ચોપડવું. સાંધાપરની ચામડી ઘસાતી હોય ત્યાં ઓક્ષાઇડ ઓફ ઝિંક અથવા સફેતો અથવા તપખીર (અબીલ) ભભરાવવું, અને તેના ઉપર ઝીણું કપડું બાંધી લેવું. એરંડીઊં, ગુલાબનાં ફુલ, અથવા સોનામુખીનો હલકો જુલાબ આપવો.

લઘુ મંજિષ્ટાદિ.

નં. ૧.	મજીઠ...	...૩ તોલા.	વજ...	...૩ તોલા.
	હરડાં...	..૩ ,,	કડુ...	...૩ ,,
	બેડાં...	...૩ ,,	દારૂ હળદર...	૩ ,,
	આંમળાં	...૩ ,,	ગળો...	...૩ ,,

ઉપરની દવાને ખાંડી મિશ્ર કરી તેની ૬ પડીઓ કરવી. દરેક પડી ૧¾ શેર પાણીમાં ઉકાળી બાકી ¼ શેર પાણી રહે ત્યારે ઉતારી તેમાં એરંડીઊં ૧ તોલો નાંખીને પાવું. એ પ્રમાણે પ્રતિ દિવસ પાવું. કંપાઉન્ડ રૂબાર્બ પાઉડરના દશથી વીશ ગ્રેન દિવસમાં બેત્રણ વખત આપવા.

શીળસ.

(અર્ટિકેરીયા).

શીળસમાં શરીરપર ધ્રામઠાં થઈ આવેછે. ધ્રાંમઠાં શરીરના એકાદ ભાગપર થાયછે અથવા આખા શરીર ઉપર થાયછે. એક ભાગપર થઈ થોડીવારમાં સમાઈ જાયછે અને વળી ફરી થાયછે. ધ્રાંમઠાં નાનાં અથવા મોટાં અને લાલ અથવા સફેદ રંગનાં હોયછે; અને તેટલો ચામડીનો ભાગ સૂજેલો અને ઉપડેલો હોયછે. તેની સાથે અતિશય ચેળ તથા ચામડીમાં બળતરા થાયછે.

શીળસ તીક્ષ્ણ અથવા દીર્ઘ થાયછે. તીક્ષ્ણ શીળસ એકાએક ઉઠેછે અને તેની સાથે જ્વરાદિ ચિન્હ હોયછે. મસ્તક દુખેછે, શરીર ગરમ થઇ આવેછે, જીભ મેલી હોય છે, અજીર્ણાંશ જણાયછે.

દીર્ઘ શીળસ ઘણા દિવસ રહેછે, ફરી ફરીને થયા કરેછે, અને તેની સાથે જ્વર હોતો નથી. બચ્ચાંને શીળસ થાયછે ત્યારે એક વિશેષ ચિન્હ હોયછે, તે એકે ધ્રાંમઠાંની સાથે ઝીણું ખુરટ ઉપડી આવે છે.

વાળો નીકળવાની શરૂઆતમાં કેટલીકવાર શીળસ ઉપડેછે.

કારણઃ—શીળસ ઘણીવાર અજીર્ણ તથા ખાટા ગચરકાને લીધે થઇ આવે છે. કાકડી, કેટલીક જાતની માછલી, ઈત્યાદિ પદાર્થ ખાવાથી, કોપેવા ટરપનટાઈન, ઝેરકચોલુ વગેરે ઔષધી ખાવાથી કોઈ વાર શીળસ થાયછે. માંકડ, મચ્છર, તથા જુ ઈત્યાદિ જંતુઓના કરડવાથી શીળસ ઉપડે છે. કોઇ વાર "જેલીફિશ" નામે એક પ્રકારની દરિયાઇ માછલીના સ્પર્શથી શીળસ ઉઠે છે.

ઉપાયઃ—જ્વર તથા અજીર્ણાંશની સાથે તીક્ષ્ણ શીળસ થયું હોય તો વમન અથવા જુલાબ આપવો. વમનને માટે ઈપીકાક્યુઆના તથા જસતનાં ફુલના વીસથી ત્રીસ ગ્રેન આપવા, તથા જુલાબને માટે કમ્પાઉન્ડ રૂબાર્બ પાઉડર, સીડલીસ પાઉડર, અથવા વિલાયતી મીઠું આપવું. ચા, કાફી, ખાંડ, ખટાઈ, દારૂ, ઈત્યાદિની પરેજી રાખવી. દીર્ઘ શીળસને માટે પણ રેચક ઔષધીની જરૂર છે.

નં. ૧. સાલ વોલાટાઇલ ...૧½ ડ્રામ. કાર્બોનેટ ઓફ માગનીશ્યા ૪૫ ગ્રેન.
સોડા બાઈકાર્બોનસ...૩૦ ગ્રેન. પાણી .... ૪½ ઔંસ.
બિઝમથ સબનાઇટ્રસ. ૩૦ ,,

ઉપરની દવાને મિશ્ર કરી ત્રીજો ભાગ દર દિવસમાં ત્રણ વાર પાવો.

ગરમાળા પંચક.

નં. ૨. કડુ ....૨ તોલા નાગરમોથ.........૨ તોલા
અતિવિષ......૧ ,, ગરમાળા ....૨½ ,,
દેવદાર.........૨ તોલા.

ઉપરની દવાને મિશ્ર કરીને તેનાં ત્રણ પડીકાં કરવાં. દરેક પડીકું ૧½ સવાશેર પાણીમાં ઉકાળતાં પાશેર પાણી રહે ત્યારે ઉતારી વસ્ત્રથી ગાળી પાવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું.

જુના શીળસને સોમલ (લાઈકર આર્સેનિક) ક્વિનાઈન લોહ તથા કોડલીવર ઓઈલ વગેરે દવા આપવાથી ફાયદો થાયછે. ચેળ આવે છે તેને માટે સોડાના પાણીથી સ્નાન કરવું. લેડલોશન લગાડવું અગર સરકો ને પાણી સમ ભાગે લઈ શરીરે લગાડવું.

નં. ૩. ગ્લિસરાઇન......૨ ઔંસ. રસકપૂર........૨ ગ્રેન.
ક્લોરોફોરમ......૩૦ ટીપાં. ગુલાબજળ......૬ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી ચેળ આવતી હોય તે ઠેકાણે લગાડવું.

નં. ૪. ઝિંકઓકસાઇડ...૨ ડ્રામ. લેડવાટર......૨ ડ્રામ.
ગ્લિસરાઈન......૨ ,, ચુનાનું પાણી. ૬ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી ચેળ આવતી હોય ત્યાં ચોપડવી.

નં. ૫. કાળીપાટનું મૂળ ... ૨ વાલ. તીખાં ...૧ વાલ.
ઇંદ્રવરણાનું મૂળ ... ૨ ,, કરંઠીઉ ...૨ ,,

ઉપરની દવાને પાણીમાં વાટીને દરરોજ સવારે પીવી. રાત્રે સોનામુખીની ફાકીભરવી. પાપડીઓ ખારો તથા ગોળનું પાણી કરી શરીરે ચોપડવું અને થોડીવાર રહેવાદેઈ સ્નાન કરવું. શીળસની ચેળને માટે શરીરે લોક રાખોડી ચોળે છે તથા કાળાં મરી વાટીને ઘી સાથે લગાડે છે.

કખવા.

(હર્પીઝ).

કાખની નીચે છાતીની એક બાજુએ ત્વચા રાતી થઇને સુજી આવેછે અને તેના ઉપર પુષ્કળ નાના મોટા મોતી જેવા દાણા થઈ આવેછે તેને કખવા કહેછે. તેની સાથે થોડાં જ્વરાદિ ચિન્હ હોયછે અને બળતરા તથા કોઇવાર ઘણી પીડા થાયછે. આ મોતીયા પડખાની એક બાજુ આગળ પાછળ મધ્ય રેખા પર્યંત ફેલાય છે. આ દરદ છાતીને પડખે થાયછે, એટલુંજ નહિ, પણ શરીરના બીજા કોઈપણ ભાગ ઉપર થાય છે. પેટ, હાથ, હોઠ, ચહેરા તથા ગુહ્ય ભાગ ઉપર પણ તે જોવામાં આવેછે. ઘણું કરી આ દરદ નબળાઇને લીધે થાયછે. જોરથી તાવ આવ્યા પછી તે મટતી વખત હોઠ ઉપર તથા મોઢાની ફાડની બે બાજુ ઉપર આવા મોતીયાનો સમુદાય થતો જોવામાં આવેછે તેને લોકો "બરો મૂતર્યો" એમ કહેછે. આવા મોતીયા ઘણું કરીને એક બાજુ ઉપર થાય છે. ક્વચિત્ બેઉ બાજુ ઉપર એકજ વખતે થાયછે. આવા મોતીયા બહુધા થોડા રોજમાં સુકાઈ જાયછે. ઘણીવાર મોતીયા એક બીજા સાથે મળીજઈ ફોલ્લા પડેછે. કેટલીકવાર ફુટીને તે ઠેકાણે ધારાં પડે છે. વખતે એક જગોએ આ મોતીયા સુકાય છે અને બીજી જગોએ નવા થાયછે તથા ફેલાય છે. કખવામાં જે દરદ થાય છે તે મોતીયા મટી ગયા પછી પણ કોઇવાર ઘણા દિવસ પર્યંત રહેછે.

ઉપાયઃ—સાદો જુલાબ આપી દસ્ત સાફ રાખવો. ઝિંક અથવા સ્યુગરલેડની મલમ

લગાડી તેના ઉપર લિંટનું કપડું રાખવું અથવા લેડલોશન લગાડવું. ગ્લિસરાઈનમાં ટાનીક આસિડ મેળવી તે લગાડવું.

નં. ૧. ટંકણખાર.......... ૪ ડ્રામ. મોરફીયા.......... ૬ ગ્રેન.
ગુલાબજળ .... ૮ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને તેમાં કપડું ભીંજવી મોતીયા ઉપર લગાડવું.

નં. ૨. ગ્લિસરાઇન .... ૧ ઔંસ. ઝિંક ઓક્ષાઇડ......... ૧ ડ્રામ.
ચૂનાનું પાણી ...... ૭ ,, ટંકણખાર .... ૧ ,,
લેડ વોટર............ ૨ ડ્રામ.

ઉપરની દવાને મિશ્ર કરી દરદને ઠેકાણે ચોપડવી.

બહુ પીડા થતી હોયતો લિનિમેન્ટ બેલાડોના અથવા લિનિમેન્ટ ક્લોરોફોર્મ લગાડવું. કોઈનન તથા લાઇકર આર્સેનિક પીવાને આપવો. સોનાગેરૂ,રતાંજળી, સાવરણીનાં પાંખડાં, ઘી, વગરે ચોપડ્યાથી પણ ફાયદો થાયછે.

ખરજવું.

(એકઝીમા.)

ખરજવું ઘણું સાધારણ દરદછે. ખરજવામાં પ્રથમ ચામડી રાતી થઇ આવેછે ને પછી તેના ઉપર ઝીણા ઝીણા મોતી જેવા દાણા થાયછે. આ દાણા એક બીજાની પાસે પાસે હોયછે, તે એક બીજા સાથે મળી જાયછે, અને ફૂટેછે, તેમાંથી પાણી જેવા રસ ઝમેછે. એ રસ સૂકાઈ જાયછે અને આખી ચામડી ઉપર ભીંગડાં બળેછે. આ દાણા ફરી ફરી થયાં કરેછે અને ખરજવું લાંબા વખત સૂધી રહેછે. ઘણો વળવળાટ, ચેળ તથા વેદના થાયછે. આસપાસની ત્વચા રાતી થઈ ખરજવું ફેલાયછે. પાણી જેવી રસીને બદલે કોઈવાર પરૂ વહેછે. ખરજવું શરીરના હરકોઈ ભાગ ઉપર થાયછે. પણ વિશેષ કરીને પગ ઉપર જોવામાં આવેછે. જો તે ઘણા ભાગમાં થાય તો તેની સાથે જ્વરાદિ ચિન્હ થાયછે. ત્વચાના સર્વ રોગમાં ખરજવું ઘણું સાધારણછે. તે મટેછે અને ફરી થાયછે. લાંબાકાળ સૂધી ખરજવું રહે તો ચામડી જાડી થઇ સૂજી આવેછે અને વખતે તેમાં ચીરા અને ક્ષત પડેછે. ખરજવું મટવા આવે ત્યારે રસ વહેતો બંધ પડેછે, ભીંગડાં ઉખડી જાયછે અને તેની નીચેની રાતી ચામડી ઉપરથી સફેદ ફોતરાં નીકળી જઈ ત્વચા સ્વાભાવિક સ્થિતિ ધારણ કરેછે.

ઉપાયઃ—પ્રથમ જ્યારે ચામડી રાતી હોય તથા પાણી વહેતું હોય ત્યારે લેડ લોશન ગ્લિસરાઇન, અને સમ ભાગ પાણી; ચૂનાનું તેલ, (ક્યારન ઓઇલ) ધોએલું ઘી, ઝિંક-ઓક્ષાઇડ અથવા મલમ લગાડવાથી આરામ થાયછે.

નં. ૧. મુરદાલસીંગ (બોદાર કાંકરો) ... ... ૧ ઔંસ.
અળશીનું તેલ ... ... ૫ ,,

ઉપરની દવાને મિશ્ર કરી ઉકાળીને મલમ જેવું ઘટ થવા આવે ત્યારે ઉતારી લેવું. આ મલમને કપડા ઉપર ચોપડી ખરજવાને લગાડવાથી સારો ફાયદો થાયછે. ખરજવું જુનું થાય ત્યારે "વ્હાઇટ પ્રેસિપિટેટ ઓઇન્ટમેન્ટ, સીટ્રીન ઓઇન્ટમેન્ટ, ટાર (કીલ), લેડ ઓઇંટમેન્ટ, ઝિંક ઓઇન્ટમેન્ટ, ઇત્યાદિ લગાડવાથી ફાયદો થાયછે. જુના ખરજવા ઉપર કોઇનન, સોમલ, કોડલીવર ઓઇલ, રસકપૂર, સાર્સાપરિલા, વગેરે દવા કેટલાક વખત સૂધી પીવા આપવાથી ફાયદો થાયછે. ખરજવાવાળા આદમીની તબીયત ઘણું કરી નબળી હોયછે, લોહી સાફ હોતું નથી. મળાવરોધ, ગાઉટ, સંધિવા ઇત્યાદિ પ્રકોપ હોયછે. તેને ઉપર કહેલી દવા ફાયદાકારક થઇ પડેછે.

નં. ૨. વિલાયતી મીઠું .... ૪ દ્રામ.　　હીરાકસી ...... ૫ ગ્રેન.
　ડિલ્યુટ સલ્ફરિક આસિડ...૧૫ ટીપાં.　　કવાશ્યાની ચા... ૪½ ઔંસ.
　ઉપરની દવાને મિશ્ર કરી ત્રીજો ભાગ દિવસમાં ત્રણવાર પીવો.

નં. ૩. ડિલ્યુટનાઇટ્રીક આસિડ...૩૦ ટીપાં.　　ફાસફરીક આસિડ...૩૦ ટીપાં.
　લાઇકર સ્ટ્રીકન્યા ......૧૫ ,,　　પાણી .... ૩ ઔંસ.
　ઉપરની દવાને મિશ્ર કરીને ત્રીજો ભાગ દિવસમાં ત્રણવાર પાવો.

નં. ૪.　લાઇકર આર્સેનિક......૧૨ ટીપાં }
　પોટાસ આયોડાઇડ. ... ૯ ગ્રેન } આ દવાને મિશ્ર કરીને ત્રીજો ભાગ દિવસમાં ત્રણ વાર પાવો.
　કરીઆતાની ચા ...... ૩ ઔંસ }

ખરજવા ઉપર ભીંગડાં હોય તો તેને ઉખેડીને દવા લગાડવી જોઇએ. ઉખેડ્યા પહેલાં ઘી અથવા તેલ લગાડવું, અને પછી પોટીસ મૂકવી એટલે ભીંગડાં નરમ પડી સહેલાઇથી નીકળી આવશે. ભીંગડાં નીકળ્યા પછી સાબુ લગાડવાથી સારી અસર થાયછે.

નં. ૫. સાબુ...... ૧ ઔંસ.　　ઊકળતું પાણી......૧૫ ઔંસ.
　ઉપરની દવાને મિશ્ર કરીને ખરજવા ઊપર ચોપડવાથી આરામ થાયછે.

નં. ૬. સાબુ...૧ ઔંસ.　　આલ્કોહોલ...૧ ઔંસ.　ટાર (કીલ) ...૧ ઔંસ.
　ઉપરની દવાને મિશ્ર કરી ખરજવા ઉપર ચોપડવાથી આરામ થાયછે.

પારાદિ મલમ.

નં. ૭.	જીરૂં............૧ તોલો.		સિંદૂર.........૧ તોલો
	શંખજીરૂં ......૧ ,,		મનશીળ......૧ ,,
	આંબાહળદર ...૧ ,,		ગંધક ......૧ ,,
	હળદર ....૧ ,,		પારો ....૧ ,,
	તીખાં ....૧ ,,		

પ્રથમ પારાની તથા ગંધકની કજલી કરી બાકીની દવાને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં તે પારો તથા ગંધકવાળી ભૂકી મેળવી, ઘી સાથે ચોપડવું.

નં. ૮. લીંબડાની લીંબોળીનું તેલ લગાડવાથી ખરજવું મટેછે.

નં. ૯. આકડાનો ચીક તથા માખણ સમભાગે લઇ એકત્ર કરી તેને તાવીને ઘી કરવું. તે લગાડવાથી ખરજવું મટશે.

ઝામરો.

(પેમ્ફીગસ).

બ્લિસ્તરના જેવડો મોટો ફોલ્લો થાયછે તેને ઝામરો કહેછે. ઝામરો હાથ પગ તથા શરીરના હરકોઇ બીજા ભાગ ઉપર થાયછે. જે ઠેકાણે તે થાયછે તેની આસપાસની ચામડી સૂજેલી અને લાલ હોયછે તથા કેટલીકવાર તેના સંબંધનો કેટલોક ભાગ સડી જાયછે. ફોલ્લો નાનો અથવા મોટો અને એક અથવા વધારે થાયછે. તેની અંદરનો રસ પ્રથમ પાણી જેવો હોયછે, પણ પાછળથી પરૂ મિશ્રિત થઈ જાયછે, અને તે ફૂટ્યા પછી ઘારૂં પડેછે. ઝામરાની સાથે થોડો જ્વર આવેછે. ઝામરો એક બે અઠવાડીઆંમાં મટી જાયછે. બાળક તથા બુઢ્ઢા અને નબળી તબીયતના આદમીઓને આ દર્દ થાયછે અને જેમ વધારે નબળી તબીયત હોય તેમ મટવાને ઘણા દિવસ લાગેછે.

ઉપાયઃ—ઝામરો થયા પછી તેને સોય અગર બીજા શસ્ત્રથી ફોડવો અને સાદા પાણીની પટી મારવી. અગર ધોએલું ઘી, માખણ, અથવા ઝિંક ઓઇન્ટમેન્ટ લગાડવું. મુખ્યત્વે કરી દરદીની તબીયત તથા લોહી સુધારવા માટે દવા આપવી, ક્વિનાઇન, નાઇટ્રિક આસિડ, ગળો, સાર્સાપરિલા, ઇત્યાદિ દવા પીવા આપવી.

જો ઝામરો ફુટી જાય, અને તેપર મૃતમાંસ ભરાઈ રહેલું હોય તેને છૂટું પાડવા સારૂ પોટીસ લગાડવી. બાદ તેને રૂઝાવા સારૂ આયોડોફાર્મ, કાર્બોલીક તેલ, બોરાસિક મલમ ઇત્યાદિ લગાડવાં.

વિસ્ફોટક.

(ઇમ્પીટાઇગો.)

શરીરપર નાના પીળા પરૂવાળા ફોલ્લા થાયછે, તેને વિસ્ફોટક કહેછે. આવા ફોલ્લા શરીરના એકાદ ભાગ ઉપર હોયછે અથવા આખા શરીર ઉપર ફેલાઈ જાયછે, ફોલ્લા થોડા અને છૂટા છૂટા હોયછે અગર ઘણા થઇ એક બીજાને મળી જાયછે. તે ફૂટીને તેમાંથી પરૂ નીકળેછે. તેની ઉપર ભીંગડાં બંધાયછે અને ભીંગડાં નાચે ક્ષત પડેછે, તેમાંથી પરૂ વહેછે. ઘણા ફોલ્લા હોય તો તેની સાથે જ્વરાદિ ચિન્હ જણાયછે. ગરીબ કંગાળ લોક તથા દૂર્બળ અને નબળા માણસોને આ રોગ ઘણું કરી થાયછે. વિસ્ફોટકને સાધારણ લોક ઉપદંશ માનેછે, પણ તે ભૂલછે.

ઉપાયઃ—પાણીમાં ધમાસો અથવા ખસખસના ડોડવાં ઉકાળી તે પાણીથી દિવસમાં એક અગર બેવાર સ્નાન કરવું અને નીચે આપેલા મલમમાંથી કોઇપણ મલમ લગાડવો.

ક્રીયાસોટનો મલમ.

નં. ૧. ક્રીયાસોટ... ૧ ડ્રામ. } ઉપરની દવા મિશ્ર કરી લગાડવી.
સાદો મલમ. ૧ ઔંસ. }

વ્હાઇટ પ્રેસિપિટેટ ઓઇન્ટમેન્ટ.

નં. ૨. આમોન્યા કલોરાઇડ ઓફ મર્ક્યુરી. ૧ ડ્રામ. } આ દવાને મિશ્ર કરીને ચોપડવી.
સાદો મલમ.................... ૧ ઔંસ. }

નં. ૩, કાર્બોલિક આસિડ...... ૧ ડ્રામ. } આ દવા મિશ્ર કરીને ચોપડવી.
સાદો મલમ અથવા ઘી. ૧ ઔંસ. }

ભીંગડાં હોય તેને તેલ અથવા પોટીસ લગાડવી, ને પછી ઉખેડી નાખી મલમ લગાડવો. લોહી સુધારવા તથા કૌવત આવવા માટે સારો ખોરાક તથા ઔષધિ આપવી. કોડલીવર ઓઇલ. કોઇનન, આમોન્યા, લોહ, ગળો, સાર્સાપરિલા, ઇત્યાદિ દવા આપવી. દસ્ત સાફ લાવવા માટે યોગ્ય જુલાબની યોજના કરવી.

નં. ૪. પટોળ ...૧ તોલો.	અરડુસો......૧ તોલો.
ગરમાળો . ૧ ,,	ખડસલીયો ...૧ ,,
ગળો ... ૨ ,,	વાવડીંગ ......૧ ,,
મોથ ......૧ ,,	ધાણા ......૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી તેની બે પડીઓ કરવી. દરેક પડી ૧ શેર પાણીમાં ઉકાળતાં ¼ શેર પાણી રહે ત્યારે ઉતારી તેની અંદર એરંડીયું ૧½ તોલો નાંખીને પાવું. દરરોજ એરંડીયું નાખવાની જરૂર નથી.

નં. ૫. પટોળ .. ..½ તોલો.	હરડા ...½ તોલો.
સાગનાં પાન ...½ ,,	બહેડાં ...½ ,,
લીંબડાનાં પાન ..½ ,,	આમળા.. ½ ,,
અરડુસાનો પાલો ½ ,,	

ઉપરની દવાને ઝીણી ખાંડી વસ્ત્રથી ચાળીને ઘીમાં મેળવીને લગાડવી.

નં. ૬. હરડાં, બહેડાં. આંમળાં, સર્વ દવા સમ ભાગે લેઇને તેની રાખ કરવી, ને ઘી અથવા મધમાં મેળવીને લગાડવી.

લીંબડાની લીંબોળીનું તેલ લગાડવાથી વખતે સારો ફાયદો થાયછે.

અલાઈ, બુરટ.

(લાઇકેન).

ત્વચા ઉપર બારીક, શુષ્ક, લાલ રંગની ઝીણી ફોલ્લી થાયછે તેને અળાઈ અથવા બુરટ કહેછે. ફોલ્લી છુટી છુટી અથવા જથાબંધ હોયછે. તેને લીધે ચેળ તથા વળવળાટ થાયછે અને મટેછે ત્યારે ત્વચાની ખોળ ઉતરી જાયછે. બુરટ આખા શરીર ઉપર નીકળી આવે ત્યારે થોડો જ્વર આવેછે. કોઇવાર રૂંવાટીના સંબંધમાં ફોલ્લીઓ થાયછે. કોઇવાર ફોલ્લીને ઠેકાણે ત્વચા જાડી થઈ જાયછે. ઉનાળાના દિવસમાં જે ફોલ્લીઓ થાયછે તેને અળાઇઓ કહેછે. શીળસની સાથે કોઇવાર બુરટ નીકળેછે, અને શીળસનાં ધ્રામઠાં મટી ગયા પછી પણ કેટલોક કાળ આ બુરટની ફોલ્લીઓ રહેછે અને તેની સાથે ખરજ આવેછે.

ઉપાયઃ—બુરટને માટે હલકો જુલાબ આપવો. કોમ્પાઉન્ડ રુબાર્બ પાઉડર, જાલપ, ગરમાળા પંચક, અથવા હરડે જુલાબને માટે આપવાં. ધમાસા તથા ખસખસનાં ડોડવાંના પાણીથી નહાવું.

નં. ૧. ગંધક ....૮૦ ગ્રેન.
માગનીસ્યા ....૧૫ „
ઓક્ષાઈડ આવ ઝીંક ૫ „
આ ભુકીમાં એક ભીની વાદળી દાબી અળાઈવાળા ભાગ ઉપર ઘસવી અને પછે લુઈ નાખવી.

લેડ લોશનમાં થોડો હાઇડ્રોક્યાનિક આસિડ નાંખી તે લગાડવું અથવા ખરજવાના વિષયમાં લખેલી દવા લગાડવી. અળાઈ ઘણા દિવસની હોય તો સોમલ, રસકપૂર અને સાર્સાપરિલાની દવા પીવા આપવી.

નં. ૨. વાળો, શંખજીરૂં, કપૂરકાચલી, દરેક સમ ભાગે લેઈ વાટીને ચોપડવું.

લુખસ.

(પ્રુરાઇગો.)

ચામડી ઉપર બારીક ફોલ્લીઓ ચામડીનાજ રંગની થાયછે અને તેની સાથે અતિશય ખરજ આવેછે. તેને લૂખસ કહેછે. લૂખસ ઘણા વખત સૂધી રહેછે, ને ઘણો કંટાળો ઉપજાવેછે. એવી તો ચેળ આવેછે કે દરદી ખણીને લોહી કાઢેછે અને તેમ તેમ બળતરા અને ચેળ વધારે આવેછે. વૃદ્ધ માણસને લૂખસ થાયછે. તેના વળવળાટને લીધે રાત્રે ઊંઘ આવવી મુશ્કિલ થઈ પડેછે. ચામડી, રૂક્ષ બડછટ થઈ જાયછે. કોઈવાર લૂખસ વૃષણ ઉપરજ થાયછે, કેટલીક વખત મળદ્વાર અથવા યોનિ દ્વાર ઉપર થાયછે.

ઉપાયઃ—સોડા, કોનાયમ, કીયાસોટ, ગંધક, ખસખસ, અથવા ધમાસાના પાણીથી સ્નાન કરવું. નહાવાને માટે એક મણ પાણી ગરમ કરવું ને ઉપર કહેલી દવા નીચેના પ્રમાણમાં નાંખવી.

નં. ૧. સોડા ....½ રતલ. કીયાસોટ ....½ ઔંસ.
એક્સ્ટ્રાક્ટકોનાયમ...½ ઔંસ. સલ્ફેટ ઓફ પોટાસ ..૪ „

નં. ૨. ખસખસના ડોડવા...½ શેર. ધમાસો...૧ શેર.

ઉપરની દવાઓમાંથી હરકોઈ દવા પાણીમાં મેળવી તે પાણીથી સ્નાન કરવું.
નીચે આપેલી દવાઓમાંથી કોઈ પણ દવા લગાડવી.

નં. ૩. લેડવાટર (લાઇકરપ્લમ્બીસબએસેટેટીસ) ......૪ ડ્રામ.
ડિલ્યુટ હાઇડ્રોસ્યાનીક આસિડ.............૨ „
પાણી... ... ...૧૬ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને લગાડવી.

નં. ૪. ક્યાર્બોલિક આસિડ.........૧ ડ્રામ. પાણી...૫ ઔંસ.

ઉપરની બંને ચીજને મિશ્ર કરી મળદ્વાર અથવા યોનિદ્વાર ઇત્યાદિ સ્થાને લૂખસ થઈ હોય ત્યાં લગાડવું.

નં. ૫. સૂરકો અને પાણી સમ ભાગે લઇને ચોપડવું. વછનાગનો મલમ, તમાકુનું પાણી, ચૂનાનું પાણી, રસ કપૂરનું પાણી વગેરે દવા લગાડવાથી વવળાટ તથા ચેળ મટી જાયછે. ત્વચા રૂક્ષ થઈ ગઈ હોય હોય તો તેલનું મરદન કરવું.

આયોડાઇડ પોટાસ, સાર્સાપરિલા, સોમલ, કોડલીવરઓઇલ, વગેરે દવા આપી લોહી સાફ રાખવું. રાત્રે ઊંઘ ન આવતી હોય તો ક્લોરેલ હાઇડ્રેટ આપવો.

વિચર્ચિકા.

(સોરાયાસીસ.)

ત્વચા રૂક્ષ તથા થોડી લાલ થઈ તેના ઉપર સફેદ ફોતરી નીકળેછે તેને વિચર્ચિકા કહેછે. તેની સાથે ચેળ આવેછે. વિચર્ચિકા ઘણું કરી ઘૂંટણ અને કોણી ઉપર જોવામાં આવેછે. હથેળી તથા પગને તળીએ વિચર્ચિકા ઘણું કરી ઉપદંશને લીધે થાયછે. કોઇવાર છાતી, પીઠ, અથવા ચહેરા ઉપર થાયછે. વિચર્ચિકામાં પ્રસરવાનો ગુણછે. આ દરદ લાંબોકાળ રહેછે, અને ફરી ફરીને થાયછે. તેને લીધે શરીરને કોઇપણ પ્રકારની હરકત થતી નથી. ક્વચિત તેને લીધે ચામડી ફાટેછે અને તેમાંથી પાણી વહેછે.

ઉપાયઃ—લાઇકર આર્સેનિક અથવા લાઇકર ડોનોવાન પીવા આપવું. માફકઆવે તો તેની સાથે કોડલીવર ઓઇલ આપવું અથવા નીચેની ગોળીઓ આપવી.

નં. ૧. સોમલ... ... ...૧ ગ્રેન. કોઇનન ... ...૧૦ ગ્રેન.
એક્સ્ટ્રાક્ટ હાયોસાયમસ ...૨૦ ,, એક્સ્ટ્રાક્ટ કોનાયમ...૨૦ ,,

ઉપરની દવાને મિશ્ર કરી તેની ૨૦ ગોળી કરવી ને એકેક ગોળી જમ્યા પછી દિવસમાં બેવાર ગળવી. ઉપદંશને લીધે વિચર્ચિકા થઈ હોયતો રસકપૂર તથા આયોડાઇડ પોટાશ્યમ આપવો અને કીલનો મલમ લગાડવો.

નં. ૨. સીટ્રીન ઓઇંટમેન્ટ...૨ ડ્રામ.
કપૂરનુંતેલ ... ...૪ ,,
ગ્લિસરાઇન ... ...૪ ,,
} ઉપરની દવાને મિશ્ર કરીને લગાડવી.

નં. ૩. સીટ્રીન ઓઇન્ટમેન્ટ...૨ ડ્રામ. ઓક્સાઇડ ઓફ ઝિંક...૨ ડ્રામ.
લિકરપ્લમ્બી... ...૧ ,, કાર્બોલીકઆસિડ... . ૨૦ ટીપાં.
અળશીનું તેલ ...૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને લગાડવી.

નં. ૪. બાવચી, કુવાડીઆનાં બીજ, કાસંદરીનાં બીજ, દારૂહળદર, મજીઠ, દરેક સમભાગે લઈ પાણીમાં મેળવી અગર વાટીને ચોપડવી. અથવા એકલા કુવાડીઆનાં બીજતથા બાવચી બેઉ સાથે પાણીમાં વાટી ચોપડવાથી આરામ થાય છે.

કરોળીઆ.

(પીટીરાયસીસ.)

કરોળીઆનો વ્યાધિ સામાન્યછે. ત્વચા જરા લાલ થઈ તેના ઉપરથી ફોતરાં ઉખડી જાયછે અને તે જગોએ ભૂખરાં ચાઠાં થાયછે. તેની સાથે જરાતરા ચેળ આવેછે. આ દરદ ફેલાતું જાયછે ને ઘણો કાળ જારી રહેછે. કોઇવાર મસ્તકથી પગસુધી આખું શરીર રાતું થઈ ઉપરની ત્વચાના છાલાં નીકળી જાયછે. તેને "રાતા કરોળીઆ" કહેછે.

ઉપાયઃ—ગ્લિસરાઇન, તેલ, ઘી, ઇત્યાદિ સ્નિગ્ધ પદાર્થ લગાડવા. જ્યારે ત્વચા રાતી હોય અને કરોળીઆની શરૂઆત હોય ત્યારે આવા સ્નેહન પદાર્થ લગાડીને સોડાના પાણીથી સ્નાન કરવું. જ્યારે આ વ્યાધિ જુનો થાય ત્યારે કીલનો મલમ, સીટ્રીન ઓઇંટમેન્ટ, રસકપૂરનો મલમ, બાવચીનો લેપ, ગરમાળાનો અર્ક, ઇત્યાદિ લગાડવાથી આરામ થશે. પીવાને માટે સોમલ, લોહ, ગળો, લીંબડો, ઇત્યાદિ દવા આપવી.

ક્વાથ.

નં. ૧. લીંબડાની અંતરછાલ...૨ તોલા. ધાણા...૧ તોલો. ખેરસાર...½ તોલો
સુખડ ... ...૧ ,, વાવડીંગ.૧ ,, મોથ.....૧ ,,

ઉપરની દવાને મિશ્ર કરી તેની બે પડીઓ કરવી. બાદ એક પડી એકશેર પાણીમાં ઉકાળી પાશેર પાણી રહે ત્યારે પાવું. એ પ્રમાણે જરૂર જણાય જેટલા દિવસ કરવું.

ખીલ.

(આકની.)

ખીલ ઘણું કરી ચહેરા તથા કપાળ ઊપર થાયછે. તરુણાવસ્થામાં ખીલ ઘણું કરી સ્ત્રીઓ અને પુરૂષોના ગાલ તથા નાક ઉપર જોવામાં આવેછે. ખીલમાં નાની ફોલ્લી થઈ તે પીળી થઈ પાકીને ફુટેછે. કેટલાકને થોડા અને કેટલાકને ઘણા ખીલ થાયછે. કેટલાકને ખીલ વારંવાર થયા કરેછે, અને તે મટ્યા પછી કાળા ડાઘ રહેછે તેથી ચહેરો કદરૂપો દેખાયછે. ઘણા ખીલ થાયછે ત્યારેતે ત્રાસદાયક અને પીડાકારક થઈ પડેછે. જેની તબીયત નબળી હોય, મનમાં ફિકર રહેતી હોય, તથા ખોરાક બરાબર પાચન થતો ન હોય તેવા આદમીઓને ખીલ થાયછે.

ઉપાયઃ—ખીલ પાક્યા પછી ફુટીને મટેછે. કાચા ખીલને ફોડવા નહિ. આદમી બહુ લોહીયાળ હોય તો તેને થોડા દિવસને અંતરે જુલાબ આપતા રહેવું. અશક્ત હોય તેને લોહ, કોડલીવર ઓઇલ આદિ દવા આપવી, અને અજીર્ણ હોય તેને બીજી યોગ્ય દવા આપવી. જૂના ખીલને માટે સોમલની ગોળીયો આપવી.

નં. ૧. સોમલ........... ૧ ગ્રેન. તજની ભુકી...........૩૦ ગ્રેન.
ગુંદરની ભુકી.....૧૫ ,, ગ્લિસરાઇન ....જોઇએ તેટલું.

ઉપરની દવાને મિશ્ર કરીને ૨૦ ગોળીયો કરવી અને એકેક જમ્યા પછી દરરોજ ગળવી.

લગાડવાને માટે નીચે પ્રમાણે યોજના કરવી. સવાર સાંઝ ગરમ પાણીથી જે ભાગપર ખીલ થયા હોય તે ભાગ ધોવા પણ સાબુ લગાડવો નહિં.

નં. ૨. ઓકસાઈડ ઓફ ઝીંક. ૨ ડ્રામ.　　રસ કપૂર..................૧ ગ્રેન.
ગ્લિસરાઇન...... ......૨ ,,　　ગુલાબ જળ..............૮ ડ્રામ.
સફેતો ... .૨ ,,

ઉપરની દવાને મિશ્ર કરીને ખીલ ઉપર ચોપડવી.

નં. ૩. રસકપૂર ....૧ ગ્રેન.　　ટિંકચર ઓફ બેનઝાઇન. ૨ ડ્રામ.
પાણી.................૪ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને ખીલ ઉપર લગાડવી.

નં. ૪. ગંધક.................૧ ઔંસ.　　આલ્કોહોલ ....૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને ખીલ ઉપર ચોપડવું.

નં. ૫. ગંધક, ગ્લિસરીન, રેક્ટિફાઇડ સ્પીરીટ, કાર્બોનેટ ઓફ પોટાસ, સલ્ફ્યુરિક ઇથર. દરેક સમભાગે લઇ મિશ્ર કરી ચોપડવી. ગંધકનો સાદો મલમ, વ્હાઇટ પ્રેસિપિટેટ ઓઈંટમેન્ટ અને સીટ્રીન ઓઇન્ટમેન્ટ ઈત્યાદિ ખીલ ઉપર ગુણકારીછે.

મસા. (વૉર્ટ).

કપાસી. (કૉર્ન).

મસા ઘણા આદમીને થાયછે. મસ્તક ઉપર તથા શરીરના બીજા હરકોઈ ભાગ ઉપર મસા થાયછે. મસો એક હોયછે અગર ઘણા હોયછે અને નાના હોયછે અગર મોટા હોયછે.

આંટણ અથવા કપાસી હાથપર તથા પગ ઉપર જોવામાં આવેછે. કોઇ જાતનું દબાણ થતુ હોય તેને લીધે કપાસી થઈ આવેછે. કપાસીને ઠેકાણે ચામડી જાડી થઇ જાયછે. કપાસી કેટલાકને દુખેછે ને કેટલાકને નથી દુખતી. પગ ઉપર જોડાના દાબને લીધે,હાથ ઉપર સૂતાર, લૂહાર વગેરેને પોતાનાં ઓજારના દબાણને લીધે તથા બીજા પ્રસંગથી આંટણ પડેછે.


ઉપાયઃ—મસાને ક્યાસ્ટિક લગાડી બાળી નાંખવો. મોટા મસા હોય તેને કાતરવતી કાપી નાંખી ક્યાસ્ટિક લગાડવો અને પછી મલમ લગાડવો. કપાસીને પણ કાપી નાંખ્યા સિવાય બીજો ઇલાજ નથી.

રસોળીયો વા.

(મોલસકમ્.)

ક્વચિત્ આખા શરીરપર નાની નાની રસોળીયોનાં જેવી ગ્રંથીયો થાયછે. આ ગાંઠો નાની ચણાના દાણા જેવડીથી મોટી હાથની મૂઠી જેવડી થાયછે. તેમાં દરદ થતું નથી. તેના પર ત્વચા ઘણું કરી સ્વાભાવિક સ્થિતિમાં હોય છે. કોઇવાર તે ગાંઠ મોટી થાયછે, પાકેછે, ફુટેછે અથવા તે પર ચાંદા પડે છે. તેનું મૂળ ઘણું કરી પહોળુ હોયછે પણ ક્વચિત તે લાંબુ અને પાતળુ હોય છે. આ ગ્રંથીયોમાં ચરબી તથા સંયાજક પદાર્થ હોય છે. તે આખા શરીરપર હોવાથી બદનનો દેખાવ વિચિત્ર લાગે છે.

આકૃતિ ૩૮. ત્વચા રોગમાં નાની મોટી અસંખ્ય રસોળીયોનો એક વ્યાધિથાય છે તેનો દેખાવ.



ઇલાજઃ—આ ગ્રંથી માટે કાંઈ ચોકસ ઇલાજ નથી. થોડી હોય અગર કોઇ ખુલા ભાગપર હોય તો કાસ્ટીકથી તેને બાળી નાખવી અથવા નસ્તરથી કાપી કાઢવી.

શ્લીપદં.

(એલીફન્ટાયાસિસ)

શ્લીપદના વ્યાધિમાં પગની ચામડી સુજીને જાડી થઈ જાયછે. પગ તેને

લીધે વધીને એટલોતો જાડો થઇ જાયછે કે તેને હાથીના પગની ઉપમા આપવામાં આવેછે. એને હાથીયો પગ કહેછે. એક અથવા બેઉ પગમાં આ વ્યાધિ સાથે થાયછે. આ દરદ પગની ત્વચામાં થાય છે એટલુંજ નહિ, પણ પુરૂષને વૃષણની ત્વચામાં તથા સ્ત્રીને યોનિના એક અગર બેઉ ઓષ્ટની ત્વચામાં થાયછે. વૃષણની ત્વચા એટલી તો જાડી થઇને વધી જાયછે કે એક મોટી ગાગર અથવા તેથી પણ મોટું પખાલ જેવડું તેનું કદ થઈ જાયછે. આદમી બેઠો હોય ત્યારે એક ટેબલની માફક તે થઈ રહેછે અને ઉભો હોય ત્યારે જમીનને વૃષણ અડેછે. તેનું વજન કેટલાક રતલ પર્યંત થાયછે.

આ વૃદ્ધિ પામેલી ત્વચામાં કેટલોક પાણીનો ભાગ હોય છે અને બાકીની જાડી થએલી ચામડી હોય છે.

આ દરદ શરૂ થયા પછી આસ્તે આસ્તે વધતું જાય છે. બેચાર અઠવાડીઆં અગર મહિનાને અંતરે તાવ આવેછે અને તેની સાથે જે અવયવમાં વ્યાધિ હોય તેની ત્વચા સુજીને લાલ થઈ આવેછે. આ વખતનો દેખાવ રતવાના જેવો હોય છે. સોજો, રતાશ, ગરમી, બળતરા, અને દરદ થાયછે. ઘણો સોજો હોય તો વખતે ત્વચા ફાટેછે, અને તેમાંથી રસ વહેછે. પાંચ દસ દિવસમાં તાવ કમી પડી જાય છે. સોજો ઓછો થાયછે, તો પણ ચામડી જાડી રહેછે. આ પ્રમાણે કેટલાંક વરસ પર્યંત વખતે વખતે તાવ આવેછે અને તેની સાથે ત્વચા વૃદ્ધિ પામતી જાયછે. તે દરદના કદને લીધે તથા બોજાને લીધે હરકત થાયછે. તે શિવાય બીજી પીડા દરદીને હોતી નથી.

આ વ્યાધિને માટે કાંઈ ઉત્તમ ઉપાય નથી.વૃષણ અગર યોનિ ઓષ્ટની વૃદ્ધિ થઇ હોય તો તેને કાપી કાઢવાથી આરામ થાયછે, પણ પગને કાપવો એ વાજબી નથી.

દાદર. ગજકરણ—દરાજ,

(રીંગવાર્મ).

દાદર શરીર ઉપર થાયછે, તેમજ મસ્તક ઉપર થાયછે, શરીર ઉપર કમરને ઠેકાણે, પીઠ ઉપર તથા પેટ ઉપર થાયછે.

પ્રથમ થોડા ભાગમાં થઇને પછી દાદર ફેલાતી જાયછે. દાદરને ઠેકાણે ત્વચા ઊપડી આવેછે અને તેમાંથી સફેત ફોતરી નીકળેછે અને ઘણી ખરજ આવેછે. કોઇવાર દાદર અનિયમિત રીતે ફેલાયછે અને કોઇવાર તેના ગોળ ચક્ર હોયછે. તે પોતાની કોરથી ફેલાતી જાયછે અને તેમની વચમાં ત્વચા સારી થતી આવેછે. દાદર જૂની થાયછે ત્યારે કાળી પડેછે અને નવી હોયછે ત્યારે રાતા રંગની હોયછે. કોઇને પગથી મસ્તક પર્યંત આખા શરીરમાં દાદર ફેલાઈ જાયછે. દાદરની કોર ઉપડેલી હોયછે તેના ઉપર કોઇવાર ઝીણી ફોલ્લીઓ થાયછે, અને કોઇવાર તેમાંથી રસી નીકળેછે. દાદરની ચેળ એવીતો મીઠી આવે છે કે ખણ્યા શિવાય રહ્યું શકાતું નથી, અને ખણ્યા પછી બળતરા થાયછે.

મસ્તક ઉપર કેશને ઠેકાણે દાદર થાયછે તેને ઉંદરી કહેછે, તેને લીધે સફેત બેરો

નીકળેછે તથા સફેત રંગના નાના ગોળાકાર ડાઘ મસ્તકપર દેખાયછે. આ ડાઘને ઠેકાણે કેશ ટૂંકા જાણે કાતરેલા હોય તેમ લાગેછે. પણ વાસ્તવિક આ દરદને લીધે કેશ સડી જઈ તૂટી જાયછે.

દાદરનું દરદ એક જાતની વનસ્પતિની કીડને લીધે થાયછે, અને તે ચેપી છે. એક ઠેકાણે દરદ હોય તેને ખણવાથી આ કીડ નખમાં ભરાઈ રહે અને શરીરના બીજા ભાગને ચોટેછે. નિશાળમાં એક છોકરાને દાદર હોય તો તેની પાસેના હમેશ બેસનાર બીજાઓને પણ તે થવા સંભવ રહેછે.

ઉપાયઃ—જે ઠેકાણે દાદર થઈ હોય તે ઠેકાણાને ધોઇને સાફ રાખવું. મસ્તક ઉપર હોય તો કેશ કઢાવી નાંખવા અને પછી કીડ મરી જાય એવા ઉપાય કરવા. સલફ્યુરસ આસિડનું લોશન, ક્રીયાસોટ, અથવા કાર્બોલિક આસિડનું લોશન અગર રસકપૂરનું લોશન લગાડવું.

નં. ૧. સલફ્યુરસ આસિડ... ૨ ઔંસ. પાણી ...... ૬ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી લગાડવી.

નં, ૨. ક્રીયાસોટ અથવા કાર્બોલિક આસિડ. ૧ ડ્રામ પાણી...... ૩ ઔંસ.

ઉપરની બંને જણસોનું મિશ્રણ લગાડવું.

થોડી તથા શરૂઆતની દાદરને ઉપરની દવા લાગુ પડેછે. વધારે દાદર હોય તેને માટે ક્યાલોમેલ, ક્રીયાસોટ અને ગંધક સમભાગે લેઈ ચોપડવાં અથવા સીટ્રીન ઓઇન્ટમેન્ટ લગાડવું.

નં. ૩. રસકપૂર...........૫ ગ્રેન. સાદો મલમ...........૧ ઔંસ.

ઉપરની બંને દવાને મિશ્ર કરી દાદર ઉપર લગાડવી. જલદ એસેટિક આસિડ લગાડવાથી દાદર મટેછે. ગોવાપાઉડર લગાડવાથી દરાજ મટી જાયછે. કાળી જૂની દરાજ ઉપરની દવાથી ન મટે તો કાર્બોલિક આસિડ લગાડવો અને લગાડ્યા બાદ થોડી મિનિટ પછી પાણીથી ધોઈ નાંખવું અને ઘી ચોપડવું. તે સિવાય લાઇકર એપિસ પાસ્ટિક લગાડવામાં આવેછે.

ગરમાળાનો અર્ક.

નં. ૪. ગરમાળાની શીંગો...૨૦ નંગ. નાળિએરની કાચલી...૪ શેર.

લોબાન .... ૫ તોલા. નવસાર.... ....૫ તોલા.

ગરમાળાની શીંગોને તથા કાચલીને અધકચરાં ખાંડીને એક હાંલ્લામાં ભરવાં. તેની અંદર નવસાર તથા લોબાનનો જરા આખો પાખો ભૂકો કરી નાંખવો, તે હાંલ્લામાં આવે ને અધર રહે તેવી લોટી મૂકવી, તેના ઉપર ઢાંકણું ઢાંકી કપડમીટ કરવું. ઉપરના ઢાંકણામાં પાણી ભરવું ને નીચે અગ્નિ કરવો એટલે તેમાં જે પાત્ર મૂક્યું હશે તે અર્કથી ભરાઈ જશે. તે અર્ક આ દાદર ઉપર અકશીર દવાછે. કુંવાડીયાનાં બીજ, લીંબુનો રસ, અફીણનો કસુંબો, રતનજોતનું દૂધ, વગેરે લગાડવાથી દાદર મટી જાયછે.

ઉંદરી માટેઃ—

નં. ૫. રસકપૂર............... ૬ ગ્રેન. ટિંકચર કાન્થારીડીઝ...૪ ડ્રામ.
નાઇટ્રિક આસિડ જલદ.૧ ડ્રામ. પાણી................૬ ઔંસ.

ઉપરના દવાને મિશ્ર કરી દાદર ઉપર ચોપડવી.

નં. ૬. મોરથુથુ ..૨૦ ગ્રેન. સાદો મલમ...૧ ઔંસ. કીલ...... ૩ ડ્રામ. ગંધક .... ૩ ડ્રામ. } આ દવાને મિશ્ર કરીને ઉંદરી ઉપર ચોપડવી.


નં. ૭. રસકપૂર, ઓદારકાંકરો, ગંધક, મોરથુથું અને ટંકણખાર સમભાગે લઇને માંખણ સાથે દરદને ઠેકાણે લગાડવાં.

ખસ—કોહ.

(ઈચ).

ખસ ઘણું કરીને ગંદા છોકરાં તથા આદમીઓને થાયછે. સાધારણ હાથ ઉપર આંગળાંઓની વચમાં તે જોવામાં આવેછે. કોઈ વાર તે આખા શરીર પર થાય છે. ખસમાં મોતી જેવા દાણા અથવા પીળા ફોલ્લા થાયછે. તેમાં પીળા ફોલ્લા વિશેષ જોવામાં આવેછે. ખસમાં બહુ ચેળ આવેછે.

આકૃતિ ૩૯. **ખસ અથવા પામની સૂક્ષ્મ કીડ થાય છે તેનો સુક્ષ્મદર્શક યંત્રમાં દેખાવ.**



aaa કીડાના ઇંડા.

bb ઈંડાના છાલા.

cc કીડાના ભાગ.

d મોટી માદાકીડ.

e કીડનુંબચ્ચું.

ખસ એક જાતની સુક્ષ્મ કીડને લીધે થાયછે. આ કીડ પ્રાણી વર્ગની છે. તેનાં નરને

માદા જુદાં હોયછે માદા મોટી હોયછે અને તે ખોતરીને ત્વચામાં જાયછે તથા અંદર ઈંડાં મૂકેછે. ખસનો ફોલ્લો હોય તેના સંબંધમાં નાની સુક્ષ્મ રેખ હોય છે, તેમાં તે રહેછે.

ઉપાયઃ—ગંધકથી આ કીડ મરી જાયછે.તેથી ખસની ઔષધીમાં ગંધક મુખ્યત્વે કરી વપરાય છે.

નં. ૧. ગંધક...........૧ ડ્રામ સાદો મલમ... ....૧ ઔંસ.

ગંધક અને સાદા મલમને મિશ્ર કરીને લગાડવું.

નં. ૨. બાઈકારબોનેટ પોટાસ..........½ ડ્રામ } ત્રણે દવાને મિશ્ર
ગંધક ....½ ,, } કરીને ખસ ઉપર
સાદોમલમ ....૧ ઔંસ. } ચોપડવું.

ચોપડવાની પહેલાં ખસને ઠેકાણે સાબુ તથા ગરમ પાણીથી ધોવું તેમજ ચોપડ્યા પછી બે કલાકે તેજ રીતે ધોવું. આખે શરીરે ખસ હોય તો ગંધક પાણીમાં નાંખી સ્નાન કરવું તથા ગંધક ખાવા આપવો.

નં. ૩. ચોખો ગંધક......................½ ડ્રામ.

રાત્રે સુતી વખતે મધમાં ચાટી જવો. ગંધકની વાસ દુર કરવા માટે તેને બદામના અથવા સુખડના તેલ સાથે લગાડવો અથવા એકલું સુખડનું તેલ લગાડવું.

નં. ૪. ગૌમૂત્ર ને છાણ તથા પારાદિક મલમ લગાડવો. મીંઢીઆવળ તથા ગંધકની ફાકી રાત્રે ભરવી.

રાફી.

(માયસોટોમા.)

રાફીનું દરદ પગપર થાયછે. ઘણું કરી તેની શરૂઆત પગના તળીયામાં થાયછે. પગની તળીપર, લાંક, ફણા અથવા એડીપર શરૂઆતમાં એક ગાંઠ થાયછે. તે વધીને કેટલીક મૂદત પછી ફુટેછે, અથવા આરંભમાં કાંટો વાગેછે, અગર એવી બીજી કાંઇ ઈજા થાયછે ને તે પાકીને છિદ્ર પડેછે. આ બેમાંથી કોઈ પણ રીતે રાફીનું દરદ શરૂ થઈ જે મોટું થાયછે તેમાંથી પરૂ નીકળેછે. પરૂની સાથે કાળી માટી જેવો પદાર્થ નીકળે છે. આ કાળો પદાર્થ દાણાદાર હોયછે, અને દરેક દાણો ઝીણો રાઈ જેવો હોયછે. કેટલીકવાર કાળા દાણાને બદલે સફેદ ખસ ખસ જેવા દાણા હોયછે અને ક્વચિત રાતા દાણા નીકળેછે. આ કાળા, સફેત, અથવા રાતા દાણા એ રાફીનું ખાસ ચિન્હ છે.

આકૃતિ. ૪૦. રાફીના વ્યાધિવાળા પગનો દેખાવ.



પગ રાફડા જેવો થઇ ગયોછે. અને તેના પર પુષ્કળ નારાં છે. તેમાંથી નઠારી રસી અને કુરીયા નિકળેછે.

આ દરદ ઘણું કરી ખેડુત લોકમાં જોવામાં આવેછે. કોઇવાર તે હાથપર થાયછે.

તેમાં વનસ્પતિ વર્ગની કીડ હોયછે. આ કીડ જમીનપરથી પગને લાગવાનો સંભવ છે. શરૂ થયા પછી આ કીડ પગની અંદર ફેલાયછે અને પાકીને જુદેજુદે ઠેકાણે છિદ્ર પાડે છે. આ પ્રમાણે ફેલાઇને પગ ઉપર તથા હેઠે સૂજી આવેછે અને તે ઉપર ઠેકાણે ઠેકાણે પાસે પાસે છિદ્રો પડી રહેછે તેમાંથી પાણી જેવું પરૂ અને ઉકેરા નીકળ્યાં કરેછે. પગમાં થોડું ઘણું દરદ થાયછે. પગની અંદર મૃદુ ભાગ ખવાતા જાયછે અને કીડ છેક અસ્થિ તથા સાંધાની અંદર પ્રવેશ કરેછે. પગને ફાડીને અંદર જોઇએ તો જુદાંજુદાં પુષ્કળ ઘર હોયછે અને તે દરેકમાં આવા કાળા પદાર્થનો જમાવ હોયછે અને તેમાંથી છિદ્રવાટે તે પદાર્થ બહાર નીકળેછે.


ઉપાય:—શરૂઆતમાં થોડી રાકીવાળો આદમી નજરે આવે તો તેને શસ્ત્રવડે કાપી કાઢીને ક્યાસ્ટિક લગાડીને બગડેલો ભાગ બાળી નાંખવો. દરદ વધીગયું હોયતો પગને કાપવા શિવાય બીજો ઇલાજ નથી.

જુ.

(લાઉસ.)

જુ ત્રણ પ્રકારની થાયછે, એક જાતની જુ મસ્તક ઉપર કેશમાં થાયછે. બીજી જાતની જુ કાખ અને કેશભૂના ખાનગી ભાગપર થાયછે અને ત્રીજા પ્રકારની જુ શરીરના બીજા ભાગોપર થાયછે, અને ઘણું કરી કપડામાં રહેછે. આ ત્રણ જાતિની જુના રંગ અને આકારમાં કીંચિત ફેર હોયછે. કપડાપરની જુના રંગ અને આકારમાં કીંચિત ફેર હોયછે, કપડાપરની જુનુ પેટ બીજી જાતિની જુ કરતાં વીશેષ મોટું હોયછે. અને તેનો રંગ સફેત હોયછે. મસ્તકની જુનો રંગ રાતો કાળો હોયછે. કાખની જુનુ કદ નાનું હોયછે.

આકૃતિ. ૪૧. જુ, માદા.



સૂક્ષ્મદર્શક યંત્રમાં જુના શરીર અને પગનો દેખાવ.

જુનાં નર માદા જુદાં હાયછે, તેની માદા મોટી હોયછે. તે ઈંડાં મુકે છે તેને લીખ કહેછે. લીખમાંથી આઠ દશ દિવસમાં નાની જુ અથવા ઈંતવા નિકળેછે અને એ થી ત્રણ અઠવાડીયામાં મોટી જુ થાયછે. જુનુ મોટું નાનું હોય છે, મોઢાને સૂંઢ હોયછે તે પોલી અને ઝીણી હોયછે. તે શરીરમાં ભોંકી અને તે વાટે લોહી ચુસેછે. જુને બે આંખો હોયછે. તેના પેટ કરતાં છાતીનો ભાગ ઘણો નાનો હોય છે. છાતીના ભાગની દરેક બાજુ ત્રણત્રણ પગ હોયછે. પગના આંકડાવતી જુ કેશને પકડી રહેછે. (આકૃતિ ૪૧ જુવો.)

જુના કરડવાથી ચળ આવેછે અને ખણવાથી ત્વચાપર ફોડકીયો અને લોહીના ખરેટા બાઝેછે.

જુ ગંદકી અને મેલાં કપડાં પહેરવાથી થાયછે. નાહાવા ધોવામાં નહી આવે તો પરશેવો વીગેરે સુકાઇને મેલ એકઠો થાયછે, તેમાં જુની ઉત્પત્તી થાયછે. કેટલાક આદમીના શરીરપર જુ વિશેશ થાયછે, તે એટલે સુધી કે સવારથી સાંઝ સુધીમાં અસંખ્ય જુ તેના બદનપરથી નિકળેછે.

ઈલાજઃ—નાહાવા ધોવાની સ્વચ્છતાઈ રાખવાથી જુ થતી નથી, અથવા થઈ હોય તો તે દુર થાયછે. કેશને સાબુ અથવા અરીઠાથી ધોઈ, અગર સરકાથી ધોઇને ઝીણી કાંસકીથી ઓરવાથી જુ નિકળી આવશે. પારાનો મલમ, વાઇટ પ્રેસીપીરેટ મલમ અગર ક્યામેલ લગાડવાથી જુનો નાશ થાયછે. પારાની બાફ લેવાથી જુ દુર થાયછે, રસકપૂરનું પ્રવાહિ (એક ઔંસ પાણીમાં બે ગ્રેન) લગાડવાથી જુ તથા લીખ દુર થાયછે. કપડામાં જુ પડે તેને બદલી નાંખવા. કાર્બોલીક આસિડ અને તેલ લગાડવું, સરકો અને નવસાર મેળવીને લગાડવાં, ગંધક અને તેલ લગાડવાં, લીંબુનો રસ અને ખાંડ મેળવી લગાડવાં.

વાળો.

(ગિનીવર્મ.)

વાળો સફેદ રંગનો લાંબો જીવડો થાયછે. તેનાં ઇંડાં બારીક પરમાણું રૂપનાં હોયછે તે પાણીમાં વસેછે. પાણીમાંથી ત્વચામાં પ્રવેશ કરેછે. પછી ત્વચાની અંદર વૃદ્ધિ પામે છે. કેટલાક વખત સુધી તેનાં કાંઇજ ચિન્હ જણાતાં નથી. બહાર નીકળવાનો થાય તો જુદા જુદા બે ત્રણ પ્રકારનાં ચિન્હ થાયછે. ચામડીમાં ઝીણા દોરડા જેવા વાળાનાં ગૂંછળાં સ્પષ્ટ લાગેછે. કેટલાકને તે ઠેકાણે સોજો તથા દુખાવો થઈ પાકી આવીને ફૂટે છે, અને તેમાંથી વાળો થોડો થોડો બહાર આવેછે. કોઇને એકાએક વાળાને સ્થળે ઝામરો જેવા ફોલ્લા થાયછે તે ફૂટીને અંદરથી વાળાનો છેડો નીકળેછે. કેટલાકને એકાએક શીળસ ઉપડેછે, જુલાબ ઉતરેછે, અને શરીરને ગભરાટ થાયછે તેને વાળા લોચ કહેછે.

ઉપાયઃ-જો વાળો ચામડીમાં લાગતો હોયતો ત્વચામાં છેદ મુકી તેને કાઢી શકાયછે. પણ જો ઊંડો હોય અગર સોજો હોય તો કાઢવો મુશ્કેલ પડેછે. તેનો છેડો નીકળ્યાપછી થોડે થોડે ખેંચી બહાર નીકળે તેમ બાંધી રાખવો. પોટીસ તથા મલમ લગાડવાં. જો તાણતાં વાળો તૂટી જાય તો તે ઘણી પીડા કરેછે. તે તૂટવાથી તેમાંથી સફેત પાણી નીકળે છે. તેમાં તેનાં ઇંડાં હોયછે. વાળા માટે હીંગ તથા નવસાર ખવડાવવામાં આવેછે. તે બહાર નીકળ્યા પછી તે પર કાર્બોલિક તેલ અગર બાફેલા લીમડાના પાન લગાડાયછે.

शस्त्र विद्या.

भाग ६ ठो.

વરમ—દાહ.

(ઈનફ્લેમેશન.)

શરીરના હરકોઇ ભાગમાં રૂધિરનો ભરાવો થઇ તેનાં કેટલાંક ચિન્હ થાયછે તેને **વરમ** અથવા **દાહ** કહેછે. જે ભાગમાં વરમ થાયછે તે ભાગની સુક્ષ્મ રક્ત નળીઓ વિસ્તૃત થઈ તેમાં લોહી વિશેષ અને વધારે વેગથી ફરવા માંડેછે. થોડી વખતમાં પ્રવાહનો વેગ મંદ પડી સુક્ષ્મ નળીઓમાં ધોળા અને લાલ રજકણનો જમાવ થવા માંડે છે, અને છેવટે તેટલા ભાગમાં લોહીનું ફરવું તદન બંધ પડેછે. લોહીનો પ્રવાહી ભાગ તથા કેટલાંક રજકણ નળીયોની બહાર નીકળી પડેછે. દાહને લીધે રૂધિર પાતળું થઈ તેમાં લાલ રજકણ કમી થઈ સફેદ રજકણ વધી પડેછે, અને "ફીબ્રીન" નો પણ વધારો થાયછે. લોહી શરીરમાંથી કાઢ્યું હોય તો તે હળવે હળવે થીજેછે તથા તેની સપાટી સફેતાઇપર આવીને ખાડાવાળી થઈ રહેછે.

ચિન્હઃ—દાહના ચિન્હ **સ્થાનીક** અને **શારીરીક** હોયછે. **સ્થાનીક ચિન્હ** મુખ્ય ચાર છે. **રતાશ, વેદના, ગરમી** અને **સોજો.** વરમવાળા ભાગમાં લોહીનો ભરાવો હોવાથી તે ભાગ લાલ થઇ જાયછે. કોઈ ભાગમાં રતાશ વધારે ને કોઇમાં કમી હોયછે. તે ઠેકાણે દરદ થઈ ઠણકો, સણકો, બળતરા ઇત્યાદિ પ્રકારની વેદના થાયછે. તે જગો ઉપર હાથ લગાડવાથી તે ગરમ લાગેછે, અને તે ઉપર થોડો અથવા ઘણો સોજો માલમ પડેછે. આંખ આવે અગર ગુમડું થાય તેનો દાખલો લઇયે તો આ સર્વે ચિન્હ સાક્ષાત માલમ પડશે. જે ભાગમાં વરમ થયો હોય તે પોતાનો સ્વભાવિક ધર્મ બરાબર બજાવી શકતો નથી. શરીરના સર્વે ભાગના ઘણા ખરા વ્યાધિઓમાં વરમનો સંબંધ હોયછે.

શારીરીક ચિન્હમાં જ્વરાદિ લક્ષણ જોવામાં આવેછે અને વરમના જોર પ્રમાણે આ જ્વર હલકો અગર સખત હોયછે. તાવ આવેછે, મોળ અને ઉલટી થાયછે, ઝાડો કબજ રહેછે. આ જ્વર **સશક્ત** અગર **અશક્ત** એવા બે પ્રકારનો હોયછે. જુવાન અને મજબુત આદમીને જોરથી તાવ આવેછે, નાડી જોરથી જલદ ચાલેછે. જીભ ઉપર સફેદ છારી વળેછે અને મસ્ત જ્વરભ્રમ થાયછે, તેને વરમનો **સશક્ત જ્વર** કહેછે. નબળા તથા ઘરડા આદમીને તાવ સાધારણ આવેછે. જીભ ઉપર કાંટા આવી કાળી અગર પીળી છારી વળેછે. નાડી જલદ પણ કમજોર ચાલેછે અને જ્વરભ્રમ મંદ હોયછે, તેને વરમનો **અશક્ત જ્વર** કહેછે.

જ્યારે વરમ મંદ અને લાંબો વખત પહોંચેછે ત્યારે તેને **જીર્ણ** અથવા **દીર્ઘ વરમ** કહેછે અને સખત તથા ટૂંકી મુદત પહોંચેછે ત્યારે તેને **તીક્ષ્ણ** અગર **સખત વરમ** કહેછે.

વરમ થયા પછી તે ભાગ પાછો દુરસ્ત થાયછે, અને જો સખત વરમ હોયતો તે ભાગનો નાશ થાયછે. વરમને લીધે ક્ષત પડેછે, પાકીને પરૂ થાયછે, કોઈ ભાગ સડીને છૂટો પડેછે; તેમજ વરમને લીધે જખમ રૂઝાયછે અને સંધાયછે. આવા વિવિધ પરિણામ વરમથી થાયછે. તે વરમ થવાના કારણ, દરદીની તબીયત, અને વરમ થયેલા ભાગની સ્થિતિ ઉપર આધાર રાખેછે.

કારણઃ—વરમના કારણના શારીરીક અને સ્થાનીક એવા બે પ્રકાર છે. શારીરીક કારણોમાં રક્ત દોષ, નબળાઈ, સંધિવા, ગાઉટ, ગરમી વગેરેનો સમાવેશ થાયછે. સ્થાનીક કારણોમાં જખમ, દાઝવું, ઘર્ષણ, થંડી, શરદી, જીવજંતુના દંશ, અયોગ્ય ઉપયોગ ઇત્યાદિનો સમાવેશ થાયછે. શરીરમાં કોઈ જાતનું શલ જેમકે કાંટો, આંખમાં કણું વગેરે હોયતો દાહ થયા વગર રહેતો નથી. દાહ થઈ પાકી પરૂ થઈ તે શલ નીકળી જાયછે ત્યારે આરામ થાયછે.

ચીકીત્સા—ઉપાયઃ—શારીરીક અગર સ્થાનીક જે કારણ માલમ પડી આવે તેને દુર કરવું. દરદીને સંપુર્ણ આરામ આપવો. સશક્ત આદમીને શારીરીક ઇલાજમાં રેચક તથા મૂત્રલ અને સ્વેદલ ઔષધિ આપવી. ઘણા ખરા વરમના વ્યાધિમાં શરૂઆતમાં એક સારો જુલાબ આપવાની જરૂર રહેછે. અફીણ વરમ ઉપર ફાયદો કરતા છે. વેદનામાંથી મુક્ત કરેછે એટલુંજ નહીં પણ વરમને શાંત પાડેછે. પારાની દવા દાહની શાંતી કરેછે. મગજ, પેટ તથા આંખના વરમ ઉપર વિશેષ ફાયદો કરેછે. કેટલીક વાર—અફીણ અને ક્યાલોમલ તેટલા માટે સાથે અપાયછે. ટારટર ઇમેટીક જ્વરને શાંત કરેછે તથા વરમ વિરૂદ્ધ અસર કરેછે. ખોરાક સારો અને થોડો આપવો.

રક્તસ્રાવ કરવાથી દાહને કેટલીક વખત ઘણો ફાયદો થાયછે. રક્તસ્રાવ કરવાના કેટલાક પ્રકારછે. શીરાવેધ, રૂમડી, જળો અને છેદ મુકવાથી રક્તસ્રાવ થાયછે, અને તેથી વરમવાળા ભાગમાંથી લોહી ઓછું થઈ આરામ થાયછે. શીરાવેધ એટલે શીરામાં છેદ મૂકી તેમાંથી બેચાર અગર પાંચ દસ ઔંસ લોહી વહેવા દેવું. ઘણું કરી કોણીના સાંધાને ઠેકાણે શીરાવેધ કરવાની રીતછે. શીરાવેધ કરવા સારૂ ભુજા ઉપર તાણીને પાટો બાંધવો એટલે શીરા લોહીથી ફુલશે; બાદ કોણીના સાંધાપર બહારની શીરાને શસ્ત્રથી ઉઘાડવી એટલે કાળા લોહીની ધાર છુટશે. દરદીને હાથમાં કાંઈ વસ્તુ પકડવા આપવી. દરદી જેમ તેને જોરથી પકડશે તેમ લોહી જોરથી વહેશે. કોણીની અંદરની બાજુએ બીજી શીરા છે તે ખોલવી નહીં કારણ કે તેની સમાંતર નીચે મોટી ધમની વહેછે, તેને ઇજા પહોંચવાનું જોખમ રહેછે. જરૂર હોય તેટલું લોહી વહેવા દેઈ તેને બંધ કરવા ભુજા ઉપરનો પાટો છોડી નાંખવો. દરદીની પાસે હાથ ઢીલો રખાવી શીરાવેધને ઠેકાણે પટી મૂકી પાટો બાંધી લેવો. હાથની તેમજ પગની અને ક્વચીત્ ડોકની અને માથાની શીરાનો વેધ કરવાની જરૂર પડેછે.

કેટલાક વરસ ઉપર શીરાવેધ કરવાનો ઘણો રીવાજ હતો, પણ હાલ ક્વચીતજ કરવામાં આવેછે. મગજના વરમ, આંચકી તથા લોહીયાળ માણસ માટે શીરાવેધ કરવાની જરૂર પડેછે. શીરાવેધને **શારીરીક રક્તસ્રાવ** કહેછે.

રૂમડી મૂકવાની એક **સહછેદ** અને બીજી **નિર્છેદ** એવી બે રીતછે. નિર્છેદરૂમડી ફક્ત કાચના પ્યાલામાં રૂ અગર સ્પીરીટ બાળી તે ચામડી ઉપર મૂકી દેવાથી થાયછે અને તેમ કરવાથી લોહી ચામડીમાં ભરાશે. છેદ મૂકીને પણ તેજ પ્રમાણે કર્યાથી પ્યાલામાં લોહી વહેછે, તેને સહછેદ રૂમડી કહેછે. વરમ, વાયુ, દુખાવો તથા ચુંક ઉપર રૂમડી મૂકાયછે. ત્વચા ઉપરના વરમને માટે છેદ મૂકવાથી લોહી અને પાણી વહેછે અને તેથી આરામ થાયછે. તેજ મુજબ અંદરના અને બહારના દાહ માટે શરીરના વિવિધ ભાગ ઉપર જળો મૂકાયછે. આંખની પાંપણ, વૃષણ, તથા હરસ ઉપર જળો મૂકવી નહીં. જળોના ડંખમાંથી લોહી જાસ્તી વહેવા દેવું હોય તો ગરમ પાણીનો શેક કરવો અને બંધ કરવું હોય તો પાટો બાંધવો અને જરૂર જણાય તો રેકતસ્થંભક દવાઓ લગાડવી. રૂમડી, છેદ અને જળોથી જે રક્તસ્રાવ થાયછે તેને **સ્થાનીક રક્તસ્રાવ** કહેછે.

સ્થાનીક ઇલાજમાં સ્થાનીક રેક્તસ્રાવ શિવાય શેક કરવો. ગરમ પાણી અગર પોટીસ લગાડી શેક કરવો. ગરમીની સાથે બરાળની પણ જરૂર છે. પાણીમાં અફીણનાં ડોડવા ઉકાળી તેનો શેક કરવો અગર પોટીસ ઉપર અફીણ અને બેલાડોના લગાડવાં; જેમ શેકથી ફાયદો થાયછે તેમ થંડકથી પણ થાયછે. થંડક કરવી હોય તો બરફને રબરની થેલીમાં ઘાલીને લગાડવો અગર પાણીની ધારા તથા થંડા પોતાની દવા મૂકવી. જ્યારે દાહ થવાની શરૂઆત હોય ત્યારે થંડક કરવાથી ફાયદો થઈ દાહ નરમ પડેછે. જેમકે સાંધા અગર ખોપરીનો જખમ થયો હોય તો પાછળથી સખ્ત વરમ થયા વગર રહેતો નથી. તેથી તેને અટકાવવા સારૂ તુરત ઉપર કહ્યા પ્રમાણે થંડકના ઇલાજ કરવા. જ્યારે સખ્ત વરમ થાય ત્યારે પછી સેકના ઉપાય કરવા. વરમ મટી ગયા પછી તે ભાગ ઢીલો રહેછે તેને કોવત આપવા થંડી દવા લગાડવી.

અશક્ત દરદી માટે શીરાવેધ, ક્યાલોમેલ વગેરે સખત ઇલાજ ચાલતા નથી. ફાયદાને બદલે તેવા ઉપાયથી ગેરફાયદો થાયછે, કારણ કે દરદી કમકોવત હોવાથી તેવા ઇલાજ સહન થતા નથી, તેને માટે શેક વગેરે હલકા ઉપાય કરવા. સાધારણ એકાદ જુલાબ અને શક્તિ વધે તેવી દવા અને ખોરાક આપવાં. બહુ જરૂર જણાય તો જળોથી સ્થાનીક રક્તસ્રાવ કરવો. નાડી ક્ષીણ હોય અને જીભ ઉપર કાંઠા હોય તો અમોન્યા ક્વીનાઇન વગરે દવા આપવી.

દીર્ઘ અગર **જીર્ણ દાહમાં** જ્વરાદિ શારીરીક ચિન્હ હોતાં નથી. સોજો તથા વેદના વિશેષ હોયછે. તેની સાથે વરમ વાળો, ભાગ જાડો અને શીયળ થઇ જાયછે. તીક્ષ્ણ વરમ મટી ગયા પછી તે ભાગની શીથળતાને લીધે દીર્ઘ દાહ જારી રહેછે અગર તે જગાએ કોઈ જાતનું શલ હોય તેથી પણ વરમ જારી રહેછે. શારીરીક રોગ જેમકે રક્તદોષ, ગરમી, નબળાઇ, વગેરે કારણોથી પણ દીર્ઘ વરમ શરૂ રહેછે. તેના ઉપાયને માટે જે કાંઈ

કારણ અગર દોષ માલમ પડે તેને દુર કરવા. દરદીની તબીયત સુધરે, ખોરાક પાચન થાય, દસ્ત સાફ આવે તથા લોહી વૃદ્ધિ પામે તેવા ખોરાક અને ઔષધિ આપવાં. પારાની દવા, પોટાશ, આયોડાઇડ, સારસાપરીલા, સીરપ ફેરી આયોડાઇડ, વગેરેથી ફાયદો થાયછે, તે ભાગપર એક સરખા દબાણથી, પાટા બાંધવાથી સોજો ઉતરે છે. તેલાદિ પદાર્થ ચોળવાથી વરમ કમી થાયછે. બ્લીસ્ટર, લેપ, પોત, દંભ (ડામ) લગાડવાથી ફાયદો થાયછે. આયોડીન લગાડવાથી તેમજ રાઇ અને બંધારણ બાંધવાથી પણ ઘણો સારો ફાયદો થાયછે.

પોત હાથ, પગ અથવા ખોપ્રી ઉપર મુકવામાં આવેછે. કાંઈ ગરમ વસ્તુથી ડામ દઇ તેને પકવવો અને તે સ્થળે મીણની ગોળી મુકવાથી ખાડો પડી રહેછે. તેમાંથી દરરોજ ગોળી કાઢી, તે જખમને ધોઇને પાછી ગોળી અંદર મૂકી દેવી. ગોળી અંદર મુકવા તે જખમને પુરાવા દેતી નથી. ગોળી ઉપર પાટો બાંધી રાખવો. જો જખમ પુરાવા માંડે તો તે ગોળીને આકડાનું દુધ લગાડવું. મગજના વ્યાધિ માટે ખોપ્રી ઉપર પોત મુકાયછે. આંખ માટે લમણા પર પોત મુકાય છે. આ રીત કેટલેક દરજ્જે દેશીછે. ઈંગ્રેજી રીત પ્રમાણે ત્વચામાં દોરો પરોવાય છે. તે પાકેછે અને રસી વહેછે.

ડામ ક્વચિત્ દેવામાં આવેછે. કેટલીક ગ્રંથીને બાળવા માટે ડામ દેવાય છે. સાંધાના દરદ ઉપર ડામ દેવાય છે.

ગડ.

(આબસેસ.)

જ્યારે કોઈ ભાગનો સોજો અને દાહ થઇ અંદરના ભાગમાં તે પાકેછે તેને ગડ કહેછે. ઘણું કરી તીક્ષ્ણ દાહ થઇને ગડ થાયછે તેને તીક્ષ્ણ ગડ કહેછે. કેટલીકવાર કાંઈ પણ દુખાવા સિવાય ગડનો સોજો થઈ પાકે છે તેને દીર્ઘ ગડ કહેછે. આવા દીર્ઘ ગડ કેટલીક વાર પેટના અને બરડાના સંબંધમાં બહુજ મોટાં થાયછે અને તેમાંથી કેટલાક શેર પરૂ નીકળેછે.

ગડમાંથી પરૂ નીકળેછે તે બરાબર પાક્યું હોયતો જાડું થોડા લીલા અને પીળા રંગનું હોય છે. કોઈ વાર તે રક્ત મિશ્રીત હોયછે, કોઈ વાર પાંણી જેવું પાતળું, દહીના ફોદા જેવું જાડું અને કોઈ વાર ગંધાતુ અને ચેપી હોયછે.

જ્યારે દાહ થઇને તીક્ષ્ણ ગડ થાયછે ત્યારે તાવ અને વેદના થઈ તે ઠેકાણાની ત્વચા નરમ થઈ અને પીળાશ મારેછે. દાબવાથી તે પ્રથમ કઠણ અને પાછળથી પોચું લાગશે. વેદનાની પ્રથમ બળતરાને બદલે હવે પાકવાનો લવરકો થવા માંડશે અને છેવટે ફુટીને તેમાંથી પરૂ વહેછે. જ્યારે પરૂ કોઈ અંદરના મહત્વના ભાગમાં થાય છે ત્યારે ટાઢ આવેછે અને જ્યારે આ પ્રમાણે તીક્ષ્ણ વરમના તાવમાં ટાઢ આવેછે ત્યારે પરૂ થવાની તે એક નીશાની સમજવી,

દીર્ઘ ગડમાં જ્વરાદિ ચિન્હ વરમનાં હોતાં નથી પણ ફક્ત સોજો થઈ આવે છે અને તેને તપાસવાથી તે નરમ જણાય છે. જો કે પ્રથમ જ્વરાદિ ચિન્હ હોતાં નથી તો પણ જ્યારે આ પ્રકારનું ગડ ફુટે છે ત્યારે તે જલદી રૂઝાતું નથી. અને ઘણા દિવસ પરૂ વહેતો જ્વરાદિ લક્ષણ ઉત્પન્ન થાય છે અને શેદીયો તાવ શરૂ થાય છે.

ઉપાય:—ગડ બરાબર પાક્યું માલમ પડે એટલે તેને ફોડીને પરૂને બહાર રસ્તો આપવો. શરીરના હરકોઈ ભાગમાં એક વખત પરૂ થયું પછી તે ગમે તે પ્રકારે પોતાનો રસ્તો બહાર કરે છે. શેક અને પોટીસથી આ રસ્તો સહેલાઈથી થાય છે.

ઘઊંના આટાની, કાંદાની, લીંમડાના પાનની, તથા બીજી કેટલીક ચીજોની પોટીસ કરવામાં આવે છે, તે ગરમ અને પાતળા કપડાની બેવડમાં બાંધવી અને તે વારંવાર બદલવાથી ઘણો સારો ફાયદો થાયછે.

પરૂને જલદી રસ્તો આપવા તે ગડને ફોડવું પડેછે. સાધારણ ગડ અને ગુમડાંને શસ્ત્રથી ફોડ્યા બાદ તેના ઉપર પોટીસ અગર પટી મારવાથી તે જલદી સુકાઈ જાયછે. પણ જો ગડ દીર્ઘ અને મોટું હોય, ઊંડા ભાગમાં હોય અથવા તેને વિષે કાંઈ શક હોય તો તેને બીજી રીતે પણ ફોડાયછે. કાસ્ટીક પોટાસ લગાડવાથી તે ફુટેછે. નળી અને આર (ટ્રોકાર એન્ડ કાન્યુલા)થી ગડ ફોડાયછે. તેવા ગડની અંદર હવાનો પ્રવેશ થવાથી તે વિશેષ પાકવાનો સંભવછે, એમ અનુભવથી માલમ પડ્યુંછે, અને તેમ થવાનું કારણ એવુંછે કે હવાની અંદર સુક્ષ્મ સજીવ પરમાણુંઓ હોયછે. તેનો અંદર પ્રવેશ થવાથી પરૂનો વધારો થાયછે. માટે હવાની અંદર પ્રવેશ થતો અટકાવવા અગર તેના સુક્ષ્મ જંતુનો નાશ થાય તેવો યોગ્ય ઉપાય કરવો જરૂર છે. હવાનો પ્રવેશ અંદર થાય નહિ માટે છેદ વાંકો મૂકવો અગર "આસપીરેટર" ના સાહીત્યથી ગડને ફોડવામાં આવે તો તેહવા અંદર જશે નહિ.

સજીવ પરમાણુંનો નાશ કરવાની રીત ડાકટર લીસ્ટરે શોધી કાઢીછે. તેમાં કાર્બોલીક આસિડનું મૂખ્ય સાહીત્યછે અને તે રીત પ્રમાણે જખમો અને ગડ વગરેની માવજત કરવાથી તે જલદી અને સહેલાઇથી રૂઝાઈ જાયછે.

રક્તસ્રાવ–લોહીનું નીકળવું.

(બ્લીડીંગ. હેમરેજ).

સ્વભાવિક રીતે શરીરમાં જે નળીયોમાં રક્ત ફરેછે તેમના ફુટવા અગર તુટવાથી રક્તસ્રાવ થાયછે.

૧. લોહી જખમને લીધે નીકળેછે. ૨. અને લોહીકોઈ દરદને લીધે પણ નીકળેછે.

લોહીનો સ્રાવ જખમના અગર દરદના પ્રમાણમાં થોડો અગર ઘણો થાયછે. કેટલાકને લોહી પડવાની આદત પડી જાયછે. કોઇને નાકમાંથી પડેછે અને કોઇને મોઢાના પેઢામાંથી આપોઆપ લોહી નીકળેછે. કોઇને એકાદ ઠેકાણે લોહી પડવાનો મહાવરો હોય અને તે રસ્તેથી તેનું નીકળવું બંધ થાય તો બીજે કોઇપણ ઠેકાણેથી લોહી પડે છે, અને

તેથી તેને ગેરફાયદો ન થતાં ફાયદો થાયછે. જેમકે સ્ત્રીને દર મહિને દસ્તાન આવે છે, તેમાં કોઈ કારણને લીધે અટકાવ થાયછે ત્યારે સ્ત્રીને સ્વભાવિક માર્ગેથી લોહી નપડતાં મોઢામાંથી, નાકમાંથી કે પેટમાંથી લોહી પડેછે. એક સ્ત્રીને મેં એવી જોઇ છે કે તેને દસ્તાન નહીં આવતું ત્યારે એકદમ મસ્તક ઉપરથી લોહીની ધાર છૂટતી હતી.

ઘણા લોહીવાળા આદમી હોયછે તેને હરસ જેવે ઠેકાણેથી લોહી પડયી ફાયદો જણાયછે તથા શરીર હલકું થાય છે. એવે ઠેકાણેથી લોહી નહિ પડે અને મગજ જેવે નાજુક ઠેકાણે લોહી ચઢી જાય તો જાનની ખુવારી થાયછે.

કોઇનું લોહી બગડેછે ત્યારે સહજ સહજમાં લોહી નીકળેછે, શરીર ઉપર ફક્ત જરા ધક્કો લાગે કે કાળા લોહીનું ચાઠું ત્વચા ઉપર પડી આવેછે. કોઇને રક્તસ્રાવની વંશ પરંપરાની આદત હોય છે. કોઇને લોહીનો પ્રવાહ થવા માંડ્યા પછી બંધ થવો ઘણોજ મુશ્કેલ પડે છે.

જખમ શિવાય લોહી નીકળવાનાં ઉપર કહ્યાં તેથી પણ બીજાં ઘણાં કારણો છે. ઘણી ગરમીથી, તેમજ ઘણી થંડીથી, મનોવિકારથી, તેમજ ઘણી મહેનતથી રૂધિર નીકળેછે. ગરમ દવાથી અને દારૂથી તથા બીજા નુકશાનકારક પદાર્થને લીધે પણ તેજ પરિણામ થાયછે. શરીરની અંદર સ્વભાવિક લોહી ફરેછે, તેને કોઇપણ ઠેકાણે અડચણ થવાથી કેટલાક ભાગમાં લોહી વિશેષ થાય છે, અને તેથી નળીઓ ફુટેછે અને રક્ત વહેછે. જેમકે રક્તાશયનાં દરદ, ફેફસાનાં, કલેજાનાં, મૂત્રપિંડનાં, અને પ્લીહાનાં દરદમાં મોઢામાંથી, આંતરડાંમાંથી, હોજરીમાંથી, અગર બીજે ઠેકાણેથી લોહી પડેછે. શરીરમાં લોહી ઘણું થવાથી અગર બહુ ગરમી થવાથી અને બીજાં રક્તનળીયોનાં દરદને લીધે પણ રક્તસ્રાવને ઉત્તેજન મળેછે.સ્ત્રીઓને દસ્તાન શિવાય પ્રસવકાળે પણ રક્તસ્રાવ થાયછે.

નાની વયમાં ઘણું કરી નાકમાંથી લોહી જાયછે. મધ્ય અવસ્થામાં ફેફસાંમાંથી, મોઢામાંથી, પેશાબમાંથી, તથા ગર્ભાશયમાંથી જાયછે, અને ઘડપણમાં મગજમાંથી તથા સફરામાંથી લોહી વહેછે. દસ્તાનની આદતને લીધે પુરૂષના કરતાં સ્ત્રી લોહીનું નુકશાન વધારે સહન કરી શકેછે.

લોહીનો સ્રાવ શરીરના અંદરના કોઈ ભાગમાં થાય છે અથવા બહાર થાય છે. શરીરની અંદર મગજ જેવા નાજુક ભાગમાં અગર પેટ અને છાતીમાં રક્તસ્રાવ થાય છે તો ઘણું નુકશાન કરતા થઈ પડેછે.મગજ જેવા અવયવમાં રક્તસ્રાવ થાયછે ત્યારે જે નુકશાન થાયછે તે લોહીના પ્રમાણમાં થાયછે એમ નહીં,પણ તેનો આધાર ફક્ત મગજના નાજુકપણા ઉપર રહેલો છે. ફક્ત એક તોલા લોહીથી પણ ઘણીવાર જાન જાય છે. પણ જ્યારે લોહી બહાર પડેછે તેને લીધે જે નુકશાન થાયછે તે ફક્ત જેટલું લોહી જાયછે તેના ઉપર આધાર રાખેછે. લોહી જવાનાં જે ચિન્હ જણાયછે તે તેનાં કારણ, ઠેકાણાં અને પ્રમાણ ઉપર આધાર રાખેછે. જો ગરમીના વખતમાં એકાદ મજબુત માણસની નસકોરી ફુટે છે તો તેમાંથી લોહી નીકળ્યા બાદ તેને ઘણોજ આરામ લાગે છે. માથુ વગેરે પહેલાં દુખેછે તે બંધ પડી જાયછે. તેમજ વળી ઝાડામાં અગર મોઢામાંથી લોહી જાય

તો કાંઈ વિશેષ હરકત થતી નથી. પણ ફેફસામાં અગર મગજમાંથી જાય તો ઘણું નુકશાન થાયછે. થોડું ઘણું લોહી જાયછે તો મોટી વાત નથી પણ કેટલીકવાર ઘણુંજ લોહી એકાદ ભાગમાંથી નીકળેછે તો જાન જાયછે. અગર આદમી ઉગરેછે તોપણ તેના શરીરને એટલાતો ધક્કો પહોંચે છે કે તે પાછું કદી ઠેકાણે આવતું નથી. ઘણું લોહી જાયછે ત્યારે શરીર થંડુ પડી જાયછે. નાડી બારીક તથા જલદ થઈ જાયછે, ચહેરો ફીકો પડી જાયછે. આંખે અંધારાં તથા ચક્કર આવેછે, શ્વાસ ઊપડેછે, બેચેનપણું રહેછે, તરફડીઆં મારે છે, ભ્રમ ઉત્પન્ન થાયછે તથા બેહોશ થઈ આદમી પ્રાણ ત્યાગ કરેછે.

ઇલાજઃ—રક્ત વહેતું હોય તો બંધ કરવું જોઇએ. કેટલાકનો એવો વિચાર છે કે કોઈ ભાગમાંથી ઘણો વખત થયાં લોહી જતું હોય તો તે બંધ કરવાથી નુકશાન થશે. જેમકે ઘણાં વરસ થયાં હરસ દૂઝતા હોય તો તેને કાઢવા નહીં; કારણ કે લોહીને જવાનો રસ્તો બંધ થાય એટલે શરીરને કોઈ બીજે રસ્તે લોહી જશે અને તેમાં વખતે વધારે નુકશાન થશે. પણ આ કહેવા ઊપર આધાર રાખવો નહીં. લોહીને બંધ કરવુ તથા થોડો વખત પરેજી રાખવી અને દસ્ત સાફ લાવવા.

દરદીને શાંત રાખવો તથા થંડી એકાંતની જગામાં સૂવાડવો. જે ભાગમાંથી રક્ત જતું હોય તે ભાગ ઊંચો રાખવો એટલે એ ભાગમાંથી લોહી થોડું આવશે ત્યારબાદ બીજા યોગ્ય ઉપાય કરવા.

લોહીને અટકાવવામાં થંડી પહેલા નંબરનું કામ કરેછે, માટે જે ભાગમાંથી લોહી જતું હોય તેને બરફ લગાડવો અને બરફ ન મળે તો થંડામાં થંડું પાણી ઊંચેથી તે ભાગ ઉપર રેડવું. બરફ ચૂસવા આપવો. દર કલાકે દસથી વીસ ગ્રેન ગ્યાલિક આસિડ તથા તેની સાથે વીસ ટીપાં આરોમાટીક સલ્ફ્યુરીક આસિડના પાણીમાં આપવાં. ટિંકચર ઓફ સ્ટીલ પાણી સાથે પીવા આપવું. તેમજ જે ઠેકાણેથી લોહી જતું હોય તે ઠેકાણે લગાડવું. દાબી શકાય એમ હોય તો તે ભાગ ઉપર થોડીવાર દબાણ રાખવું તેથી પણ લોહી બંધ પડી જાયછે. એસેટેટ ઓફ લેડના ચારે ચાર ગ્રેન દર કલાકે પાણીમાં આપવા. પારો અને એપીકાક્યુઆના પણ લોહીનો અટકાવ કરેછે. સોલ્યુશન ઓફ પર ક્લોરાઇડ ઓફ મરક્યુરી એકથી બે ડ્રામ પાણીમાં ત્રણ કલાકને અંતરે આપવાથી રક્તસ્રાવનો અટકાવ કરેછે. ગર્ભાશયમાંથી લોહી જતુ હોય ત્યારે "અરગોટ" આપવું તથા પેટ ઉપર વીજળી લગાડવી ને બરફ લગાડવો.

ઘણો રક્તસ્રાવ થાયછે ત્યારે અફીણ અત્યંત ઉપયોગી થઈ પડેછે. પાણીમાં ૩૦ ટીપાં લાડેનમનાં ત્રણ ચાર કલાકે આપતાં રહેવું. તેની સાથે પોર્ટવાઇન અગર બ્રાન્ડી આપવી, અને દૂધ કાંજી વગેરે પુષ્ટિકારક ખોરાક આપવો. કેટલાકનો મત એવો છે કે દારૂ બિલકુલ આપવો નહિ.

છેલ્લો ઉપાયઃ—બીજા આદમી અગર જનાવરનું લોહી તે દરદીની ફસમાં નાખવું એ છેલ્લો ઉપાયછે. એકાદ મજબૂત આદમીની ફસમાંથી યંત્રની મારફત પરબાર્યું દરદીની ફસમાં લોહી નંખાયછે. અગર આદમીનું અથવા બકરાનું લોહી લઈ તેનું "ફ્રીબ્રીન"

કાઢી નાંખી તેની પીચકારી ભરીને આસ્તેથી દરદીના હાથની ફસમાં ભરાયછે. આ રીત ઘણા અસલના કાળનીછે. અસલના લોકો એમ ધારતા કે બૂઢાના શરીરમાં તરૂણ આદમીનું લોહી નાંખવાથી તે બૂઢો પાછો તરૂણ થાયછે. લોહી કાઢવા અગર નાંખવા સારૂ હાથની કોણી ઉપરની ફસ પસંદ કરવામાં આવેછે.

આકૃતિ. ૪૨.



આ આકૃતિમાં રૂધિર એક હાથની શીરામાંથી બીજા આદમીના હાથની શીરામાં યંત્ર વડે પરભાર્યું કેમ નંખાયછે તેનો દેખાવ આપ્યોછે. જમણી તરફના હાથની શીરામાં તે યંત્રનો એક છેડો દાખલ કરી બીજો છેડો ડાબી તરફના હાથની શીરામાં મુક્યોછે. વચમાં રબરનો પોકળ દડોછે. તેમાં લોહી જમણા હાથમાંથી આવેછે. તેને દાબવાથી તે ડાબા હાથમાં વહેછે.

શરીરના જુદા જુદા ભાગોમાંથી લોહી નીકળેછે. મગજ અગર ભેજામાં રક્તપ્રવાહ થાયછે, તેનું વર્ણન ભેજાના દરદ સાથે કરવામાં આવશે, તેથી પક્ષઘાત અથવા મૃત્યુ નીપજે છે.

કાનમાંથી લોહીનું નીકળવું:—કાનમાંથી લોહી કેટલાંક કારણને લીધે નીકળેછે. ખોપરી તૂટવાથી, કાનની સરમાં કાંઈ લાગવાથી, મેલ કાઢતાં સળી લાગવાથી, તેમાં કાંઈ જીવડો જવાથી, તેની અંદર મસો થવાથી અથવા ક્ષત પડવાથી, કાનનો પડદો ફૂટવાથી, તથા કાનના સંબંધમાં હાડકાંછે તેના દરદથી કાનમાંથી લોહી નીકળેછે. તેનો ખુલાસો કાનનો બરાબર તપાસ કરવાથી તથા બીજી હકીકત ઉપરથી થશે અને કારણ પ્રમાણે તેનો ઉપાય કરવો. મસો હોયતો કાઢી નાંખવો, ક્ષત, જીવડો, વગરે કાંઈ હોયતો પાણીની પીચકારી મારી કાઢી નાખવાં. જરૂર પડે તો પાણીની અંદર સલ્ફેટ ઓફ ઝીંક (જસતનાં ફૂલ) ફટકડી અગર સીલવર નાઈટ્રેટ નાંખી તે પાણીની પીચકારી મારવી.

નાકમાંથી લોહીનું નીકળવું અગર નસકોરી ફુટવી:—(એપીસટાક્ષીસ) કોઇવાર નસકોરી ફુટવાની અગાઉ માથું દુખેછે, ચહેરો લાલ થઈ આવેછે, અગર ટાઢવાયછે અને કોઇવાર એકાએક કાંઈ ચેતવણી શિવાય નાકમાંથી લોહી વહેવા માંડેછે. બાળઅવસ્થા અને તરૂણપણામાં નસકોરી કેટલીકવાર ફુટેછે, તેથી લોહીનો જોસ્સો કમી થાયછે અને

શરીરે પણ ફાયદો થાયછે. કેટલાકને પાંચપંદર દિવસે નસકોરી ફુટવાની ટેવ પડી જાયછે. હરસનું અગર દસ્તાનનું લોહી બંધ પડવાથી નસકોરી ફુટેછે. લોહીની એકદમ ધાર છૂટેછે અગર તે થોડે થોડે ટપકેછે. નાક ઉપર કાંઈ લાગવાથી, જોરથી છીંક આવાથી, જોરથી ઉલટી થવાથી, અગર ઉધરસથી પણ નાકમાંથી લોહી નીકળેછે. મોટી ઉધરસમાં બચ્ચાંને નાકમાંથી અને કાનમાંથી લોહી નીકળેછે. કાળજાના, ગુરદાના, રક્તાશયના દરદોમાં, કમળામાં અથવા બીજી રીતે લોહી પાતળું થઈ જવાથી નસકોરી ફુટેછે. નાકની અંદર કેટલાંક દરદ થવાથી, મસાથી તથા કીડા પડવાથી ઘણું લોહી નીકળેછે. કેટલીકવાર એમ જોવામાં આવેછે કે એકાદ દિવસ નાકમાંથી લોહી પડેછે અને બીજે ત્રીજે દિવસે નાકમાં દરદ થાયછે. થોડું અગર ઘણું લોહી પડેછે તે વખતે નાક તથા ચહેરો અને આંખ સૂજી આવેછે અને નાકમાંથી કીડા પડવા માંડેછે. વખતે આ કીડા તાળવું ફોડી મોઢામાંછિદ્ર પાડેછે અને સો બસો કીડા નીકળેછે તેથી દરદીને અતિશય દુઃખ સહન કરવું પડે છે. માથું દુખેછે અને ઊંઘ આવતી નથી. નાકમાંથી લોહી એક બે તોલાથી એક બે શેરપણ પડેછે. લોહી નાકમાંથી બહાર પડેછે અને કોઇવાર પછવાડે પેટમાં પણ ઉતરેછે. પેટમાં લોહી ઉતર્યા પછી થોડી વારે ઉલટી થાયછે અને તેમાં લોહીની ગાંઠો ગળફા નીકળેછે. અગર તે લોહી ઝાડામાં પણ નીકળેછે. કોઈ વખત એક નસકોરીમાંથી અને કોઇવાર બેઉમાંથી લોહી નીકળેછે. સ્ત્રી કરતાં પુરૂષને આ દરદ વિશેષ થાયછે.

ઉપાયઃ—નસકોરી ફુટવાનો અનુભવ નથી એવા થોડાજ માણસો હોયછે અને તેના સાધારણ ઉપાય સરવેને માલમ હોયછે. થંડુ પાણી મસ્તક ઉપર તથા નાક ઉપર તથા બોચી ઉપર રેડવું. બરફ મળી શકે તો નાકને તથા મસ્તકને લગાડવો. લોકોમાં માટી ભીજવીને નાક તથા માથા ઉપર મૂકવાનો રીવાજછે, તે પણ સારોછે. મજબૂત ઘણા લોહીવાળા તથા આદતવાળા માણસને નસકોરી ફુટેછે તે પોતાની મેળે થોડો સ્ત્રાવ થયા પછી રહી જાયછે, તેને બંધ કરવાની જરૂર નથી. પણ જેને ઘણું લોહી વહે તથા જે નબળી સ્થિતિમાં હોય તેનું લોહી જલદીથી બંધ કરવું જોઇએ. દરદીના બેઉ હાથ માથા ઉપર ઊંચા થોડીવાર રાખવા તેથી લોહી બંધ થશે. તેથી ન થાયતો ફટકડી, માયફળ, અગર ટાનીકઆસિડની બારીક ભૂકી તમાકુની માફક સુંઘવી. નાકને થોડીવાર દાબી રાખવું તેથી લોહી બંધાઈ જઈ બંધ થશે. થંડા પાણીમાં, ટિંકચર ઓફ સ્ટીલમાં, ફટકડી અગર જસતના ફુલના પાણીમાં રૂ બોળી તેનાથી નાક બંધ કરી દેવું અથવા નીચે લખેલી દવાની નાકમાં પીચકારી મારવી.

નં. ૧. જસતનાં ફુલ (સલ્ફેટ ઓફ ઝીંક)..૨૦ ગ્રેન.　　પાણી........૨ ઔંસ.
　　ટાનીક આસિડ અથવા માયફળ ..૨૦ ,,　　ફટકડી. ......૨૦ ગ્રેન.
　　ઉપરની સર્વે દવા મિશ્ર કરી નાકમાં પીચકારી મારવી.

નં. ૨. સોલ્યુશન ઓફ સ્ટીલ... ૪ ડ્રામ.　　} મિશ્ર કરી નાકમાં
　　પાણી... ....૨ ઔંસથી ૩ ઔંસ. } પીચકારી મારવી.

આ ઉપાયોથી લોહી બંધ ન થાય અને ઘણું લોહી આગળ અને પછવાડે પેટમાં

પણ જતું હોય તો પછી નાક આગળથી અને પાછળથી બંધ કરવું જોઇએ. એક પોલી સળીવતે નાકની અંદરથી પછવાડે ગળામાં એક દોરી લઈ જઈ તે મોઢામાં કાઢી તેને છેડે એક વાદળીનો કટકો બાંધવો. તે દોરો પાછો ખેંચવાથી આ વાદળી નાકના પછવાડેના ભાગમાં જઈ અટકી રહેશે. તે પ્રમાણે નાકના આગળના ભાગમાં પણ ડુચો દેવો. આ પ્રમાણે બે દિવસ નાક બંધ રાખ્યા પછી આ ડુચો કાઢવો. આ પ્રમાણે કરવાથી દરદીને જરા અવગડ લાગશે પણ ભયંકર વેળાયે તેમ કર્યા વગર છૂટકો નહીં.તેમ નહી કરવામાં આવે તો જાનને નુકશાન પહોચે છે.

નાકમાંથી કીડા પડેછે ત્યારે નીચેની દવા કરવી.

નં. ૩. રેડઓક્ષાઇડ ઓફ મરક્યુરી... ૩ ગ્રેન. ટાનીક આસિડ..... ૧૫ ગ્રેન.

બંને દવાઓને મિશ્ર કરી તમાકુંની માફક સૂંઘવા આપવી અગર—

નં. ૪. ટિંકચર ઓફ સ્ટીલ... ૨ ડ્રામ. ટરપનટાઇન.............. ૨ ડ્રામ.
ફટકડી .... ૨ ,, પાણી................ ૪ થી ૬ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી સાંઝ સવાર નાકમાં પીચકારી મારવી.

મોઢાવાટે લોહીનું જવું:—મોઢામાંથી લોહી પડેછે તે ત્રણ ઠેકાણેથી આવેછે.

૧. ખરેખર મોઢામાંથી. ૨. ફેફસામાંથી. ૩. હોજરીમાંથી.

૧. જે લોહી ખરેખર મોઢામાંથી આવેછે તે ખાંસી અગર ઉલટી થયા વિના આવેછે. તે પાણી જેવું થુંકની સાથે મળેલું હોયછે. મોઢાના ચાંદામાંથી, પેઢાં અગર અવાળુમાંથી, ગળાની બારીના, અગર જીભના દરદમાંથી,અગર તાળવામાંથી લોહી નીકળેછે. મોઢું તપાસી જોવાથી રક્તનું ઠેકાણું માલમ પડી આવશે.

રક્તવિકારમાં લોહી પાતળું થવાથી મોઢામાંથી નીકળેછે. તેમજ પારો વગરે ખાવાથી મોઢું આવી ગયું હોય તો તેમાંથી પણ લોહી નીકળેછે.દાંત પડવાથી તથા જીભનો જખમ થવાથી લોહી નીકળેછે.

ઈલાજ:—જે કારણથી લોહી નીકળતું હોય તેને અનુસરીને ઈલાજ કરવો. થંડા પાણીના કોગળા કરવા, મોમાં બરફ રાખવો,અગર કાથો રાખવો. જસતનાં ફૂલ અથવા ફટકડી એક ડ્રામ લઈ તેમાં આઠ ઔંસ પાણી નાંખી તેના કોગળા કરવા. લોહી બગડેલું હોયતો આ કોગળા શિવાય બીજાં યોગ્ય ઓસડો પીવા આપવાં.તેની સાથે ગ્યાલીક આસિડ પણ આપવો. અવાળુ ઢીલા પડી તેમાંથી લોહી આવતું હોયતો હમેશાં નીચે લખેલી ભૂકી દાંતને ઘસવી.

નં. ૫. સોપારી અગર બદામના ફોતરાની રાખ...૧ ઔંસ. ચાક...૨ ડ્રામ.
હીરાબોળ ...૧ ડ્રામ. સીનકોનાબાર્ક...૪ ડ્રામ. કપૂર...$\frac{1}{2}$,,

ઉપરની દરેક દવા લેઈ તેનું બારીક ચૂર્ણ કરી મિશ્ર કરવાં, બાદ દાંતે હમેશાં ઘસવાથી દાંત સાફ થશે અને અવાળુ મજબૂત થશે.

હોજરીમાંથી લોહીનું નીકળવું:—(હિમાટીમેસીસ)આ લોહી ઉલટીની સાથે આવેછે. તેની સાથે પેટ માહેલું અનાજ પણ કેટલીકવાર હોયછે.લોહી પડવાની આગમચ ઉબાળો

આવેછે,કાળજા ઉપર ભાર લાગે,ચક્કર અગર આંખે અંધારાં આવે,અગર કોઈ વખત કાંઈજ ચેતવણી શિવાય એકાએક ઉલટીમાં લોહી પડેછે.જે લોહી પડેછે તે ઘણું કરી કાળા રંગનું તથા બંધાયેલ હોયછે. કારણ કે હોજરીની અંદરના આસિડથી તે કાળુ થઈ જાયછે.પણ જો હોજરીમાં થોડો વખત રહ્યા વિના પડે તો વખતે રાતું અને પ્રવાહીપણ હોયછે.

કારણઃ—નાકનું અગર મોઢાનું લોહી પેટમાં ગયું હોયતો થોડીવાર પછી ઘણું કરી ઉલટી થઈ તે બહાર પડેછે. તે શિવાય હોજરીનાં ચાંદાં અગર કાનસરમાંથી, બરોળ તથા કલેજાના દરદને લીધે, દારૂ પીવાથી, ગર્ભસ્થાનના દબાણથી, મૂત્રપિંડના દરદથી તથા બીજા રક્ત વિકારથી પણ હોજરીમાંથી લોહી પડેછે, હોજરી ઉપર લાગવાથી, તેમજ દસ્તાન અગર હરસનું લોહી બંધ થવાથી લોહી પડેછે. લોહી કોઇવાર થોડું આવેછે, અને કોઇ વખત એટલું પડેછે કે તેને લીધે મૃત્યુ પ્રાપ્તિ થાયછે. લોહીને લીધે કાળા રંગની ઉલટી થાયછે તે "કાફી" એટલે બુંદના ઉકાળા જેવી હોયછે. કોઇવાર હોજરી માહેલું લોહી આંતરડાંમાં જઈ ઝાડામાં પડેછે ત્યારે મળનો રંગ કાળો હોયછે.

ઉપાયઃ—હોજરીની અંદરથી ઘણું લોહી જવા માંડેતો દરદીને બિછાનામાં સૂવાડી રાખવા તથા કેટલાક વખત તેને ખોરાક આપવો નહિ અને જ્યારે આપવો પડે ત્યારે પ્રવાહી ખોરાક આપવો, બરફ ચુસવા આપવો અને પેટ ઉપર લગાડવો. ત્યાર બાદ નીચેની દવા આપવી.

નં. ૬. ગ્યાલીકઆસિડ...૧૫ ગ્રેન. આરોમેટીક સલ્ફયુરીકઆસિડ...૨૦ ટીપાં.
લાડેનમ ... ...૧૫ ટીપાં. ટિંકચર ઓફ સીનામમ ...૩૦ ,,
સીનામમ વાટર...૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી ત્રણ કલાકને અંતરે આપ્યા કરવું,તેનાથી ફાયદો ન થાયતોઃ—

નં. ૭. શ્યુગર ઓફ લેડ...૧૮ ગ્રેન. અફીણ ..૪ ગ્રેન. મોચરસ...૧૨ ગ્રેન.

ઉપરની દવા મિશ્ર કરી તેની મધની સાથે છ ગોળી કરવી તેમાંથી એક ત્રણથી ચાર કલાકે આપવી. તેનાથી ફાયદો ન થાયતોઃ—

નં. ૮. ટરપનટાઇનનુંતેલ...૧૦થી ૧૫ટીપાં. એક્ષટ્રાકટ ઓફ અરગટ...૨૦ ટીપાં.
સીનામમવોટર......૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દર ત્રણ કલાકને અંતરે આપવી.

નં. ૯. મોચરસ......૨૦ ગ્રેન. ફટકડી......૩૦ ગ્રેન. માયફળ......૪૦ ગ્રેન.

ઉપરની દવા મિશ્ર કરી ત્રણ પડીકાંકરવાં.તેમાંથી એકેક ચારકલાકે પાણીમાં આપવું.

લોહી બંધ થયા બાદ પરહેજીથી રહેવું. દારૂ તથા બીજો ભારે ખોરાક વાપરવો નહિ, વિશેષ મહેનત કરવી નહિ. ઝાડો સાફ આવે એવી તજવીજ રાખવી. હોજરીના ચાંદાં વિશે જે દવા તથા પરહેજી કહી તે આનેપણ ઘણે દરજે લાગુ પડેછે. ટિંકચર ઓફ સ્ટીલથી લોહી બંધ થઈ જશે. દરદી નબળો હોયતોઃ—

નં. ૧૦. ફેરી આમોન્યા સાઇટ્રસ......૨૦ ગ્રેન. પાણી......૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દર ઔંસ દિવસમાં ત્રણ વખત કેટલાક દિવસ આપવી.

ફેફસામાંથી લોહીનું નીકળવું (હિમૉપટીસીસ):—ફેફસામાંથી અને વાયુની નળીમાંથી લોહી આવેછે તે ખાંસીની સાથે આવેછે તથા લાલ રંગનું હોયછે. મોઢામાંથી લોહી પડેછે ત્યારે કોઇવાર તે લોહી મોંમાંથી, ફેફસામાંથી, કે હોજરીમાંથી આવ્યું એ વિશે સવાલ ઉઠેછે. મોંમાંથી આવતું હોય ત્યારે ઘણું કરી મોં તપાસવાથી માલમ પડેછે. પાણીનો કોગળો કરાવ્યા પછી તપાસ કરવો એટલે તેનું ઠેકાણું નજરે પડશે. તેની સાથે ઉલટી અગર ખાંસી થતી નથી. ફેફસામાંથી લોહી આવેછે ત્યારે તેની સાથે ખાંસી, દમ અને છાતીની અંદર દરદ થાયછે. લોહી લાલ રંગનું ફીણવાળું થૂંક સાથે અગર કફ સાથે થોડું ઘણું આવેછે. હોજરીમાંથી લોહી આવેછે ત્યારે ઉલટી અગર ઉછાળો, પેટની અંદર ભાર, લોહી કાળા રંગનું, કેટલીકવાર કટકા, ખોરાક સાથે મિશ્રિત ઘણું પડેછે, તથા તેની સાથે ચક્કર અગર અંધારાં આવેછે. વખતે લોહીનો ઝાડો આવેછે તથા પેટના અગર અજીર્ણનાં ચિન્હો હોયછે. ફેફસાની સાથે બીજાં ક્ષયનાં અગર છાતીનાં દરદનાં ચિન્હ હોયછે. આ સર્વ બીના ધ્યાનમાં રાખવાથી તે લોહીના મૂળનો નિશ્ચય થયાપછી તેનો યોગ્ય ઉપાયલેવો.

કારણ:—ઘણીવાર ફેફસામાંથી લોહી આવેછે તે ક્ષય રોગની નિશાનીછે. કોઇવાર રક્તાશયનાં દરદને લીધે, તેમજ ફેફસાનાં બીજાં દરદને લીધે, વાયુ નળીકાના રોગને લીધે, ઊંચા પર્વત ઊપર ચઢવાથી, છાતી ઉપર માર વાગવાથી, ઘણું દોડવાથી, અગર મેહનત કરવાથી, મોટી ઉધરસથી તથા દસ્તાન વગેરે બંધ થઈ જવાથી, આ લોહી નીકળેછે. કલેજાના તથા બરોળના દરદથી તથા કોઈ બીજા દબાણથી પણ આ મરજથાયછે.

ચિન્હ:—કોઇવાર ક્ષય થવાની પહેલી નિશાની દાખલજ આદમી એકદમ લોહીનો કોગળો નાંખેછે, અને ત્યાર પછી ક્ષયનાં બીજાં ચિન્હ ઉત્પન્ન થાયછે. પણ ઘણીવાર ક્ષય રોગ ચાલતો હોય તે દરમીયાન કેટલીકવાર ખાંસીની સાથે લોહી પડેછે. વખતે છાતીમાં દુખેછે, છાતી ભીંસાયછે, છાતીમાં ધપકારો થઇ આવેછે, સૂકી ખાંસી થઇ આવેછે અને પછી એકદમ લોહી ખાંસી સાથે પડેછે. કોઇવાર આવી ચેતવણીનાં લક્ષણ બિલકુલ જોવામાં આવતાં નથી. કોઇવાર છાતીમાંથી દરેક ખાંસી સાથે કોગળાના કોગળા લોહી ચાલ્યું આવેછે. અને કોઈ વખત ફક્ત બલગમ, બળખો, અગર કફ પડેછે તેની અંદર જરા ઈસારત લાલ પીળો ડાઘ માત્ર લોહીનો જણાયછે.

ઇલાજ:—ઘણું લોહી જતું હોય તો દરદીને મન અગર તનની મેહનત કરવાને મના કરવી, બિછાનામાં રાખવો તથા ઘણું બોલવું અને હીલચાલ બંધ રાખવી. તેને ગ્યાલીક આસિડ આપવો તથા બીજા જે ઇલાજો હોજરીના લોહી વિશે કહ્યા છે તે કરવા. દારૂ બંધ કરવો, સારો સાદો ખોરાક તથા પોર્ટવાઇન આપવો.

પેશાબમાં લોહીનું જવું (હિમાચુરીયા):—પેશાબની અંદર લોહી પડવાનાં જુદાં જુદાં ત્રણ ઠેકાણાંછે. ગુરદા એટલે મૂત્રપિંડમાંથી લોહી આવે, ફુક્કા એટલે મૂત્રાશયમાંથી આવે, અગર પેશાબ જે રસ્તેથી બહાર આવેછે તે મૂત્રમાર્ગમાંથી પણ આવેછે.

કારણ:—જે ઠેકાણેથી લોહી આવેછે તે ભાગના કાંઈ દરદને લીધે તેમાંથી લોહી વહેછે. ગુરદાના તીક્ષ્ણ સોજાને લીધે તથા ગુરદાના બીજા દરદોને લીધે કમર અગર

પડખાં અને પેટ ઉપર માર પડવાથી, ઊંચેથી પડીને ધક્કો લાગવાથી, ગરમીમાં લાંબી મજલ કરવાથી, ગુરદાની પથરીના રોગથી, ઘણા ગરમ પદાર્થ ખાવાથી પેશાબની અંદર લોહી પડેછે. વળી મૂત્રાશયમાં પથરીને લીધે, તેની અંદર અગર આસપાસ બીજી કોઈ પ્રકારની ગાંઠને લીધે, તેના તીક્ષ્ણ વરમને લીધે, તેની અંદર હથિઆર અગર સળી ઘાલવાથી પણ પેશાબમાં લોહી પડેછે. મૂત્રમાર્ગમાંથી પથરીને લીધે, તેની અંદર હથિઆર જવાથી, ચોટ લાગવાથી, અને પરમીયાને લીધે લોહી આવેછે. વળી શરીરના બીજા દરદ તથા રક્તવિકાર તથા સખ્ત તાવને લીધે પણ કોઈવાર મૂત્ર રક્ત મિશ્રિત આવેછે. થંડી અગર ઘણી ગરમીને લીધે પણ લોહી પડેછે.

ચિન્હ:—પેશાબના સાથે લોહી આવેછે તે જો થોડું હોય તો પેશાબ કાળા રંગનો અગર લાલ રંગનો હોયછે. પેશાબના આસિડને લીધે લોહીનો રંગ કાળો થઇ જાયછે. વખતે ઘણું લોહી હોય તો લાલ લોહી જેવો પણ રંગ હોયછે. લોહી કયા ભાગમાંથી આવેછે એ જાણવું જરૂરનું છે. પેશાબ આવતી વખતે લોહી તેની સાથે મિશ્ર થયેલું હોય તો ગુરદામાંથી લોહી આવેછે એમ અનુમાન થાયછે. જો પેશાબ આવી રહ્યાને અંતે લોહી અગર લોહી જેવો પેશાબ પડે તો મૂત્રાશયમાંથી આવેછે એમ જાણવું, અને પેશાબ આવતાં શરૂઆતમાંજ લોહી પડે અને પછવાડેથી મૂત્ર સાફ આવે તો મૂત્રમાર્ગમાંથી લોહી આવેછે એમ જાણવું.

આ સિવાય જે દરદને લીધે લોહી પડતું હોય તેનાં બીજાં લક્ષણ હોયછે. તેની મદદથી લોહીનું ખરૂં મૂળ પારખવું. જેમકે ગુરદાના દરદમાં તાવ, કમરમાં દરદ; પથરીમાં પેશાબ કરતી વખતે દરદ તથા પરમીયામાં તેનાં ખાસ ચિન્હ એ સર્વે માલમ પડી આવેછે.

પેશાબનો રંગ લાલ થાયછે તે લોહીથીજ થાયછે એમ જાણવું નહી. તાવ અને કમળામાં વખતે પેશાબ એવો આવેછે કે લોહીનો અંદેશો થાય. તેમજ બીજાં કેટલાંક ઓસડ રૂબાર્બ, મજીઠ વગેરેને લીધે પણ લાલ પેશાબ આવેછે. લોહીને લીધે શાબ રાતો હશે તો તે થોડીવાર રાખી મૂકવાથી લોહી નીચે બેસી જશે, પણ બીજા પદાર્થોનો રંગ તેમ બેસવાનો નથી.

ઉપાય:—જે કારણને લીધે લોહી પડતું હોય તેને બંધ કરવું. પથરી, પરમો વગેરે હોય તેનો ઇલાજ કરવો. કમર ઉપર ચોટ લાગી હોય તો દરદીને સૂવાડી રાખવો તથા ગરમ પાણીનો અગર આવળનો શેક કરવો. ગુરદામાંથી બીજા કોઈ કારણને લીધે લોહી આવતું હોય તો આગળ હોજરીના લોહી વિશે જે દવા બતાવીછે તેમાંથી ટરપેનટાઇન બાદ કરી બાકીની આ દરદને પણ લાગુ પડશે. ગ્યાલિક આસિડ, સ્યુગરલેડ, ટીંક્ચર ઓફ સ્ટીલ, વગેરે દવા આપવી.

નં. ૧૧. ટીંક્ચર ઓફ સ્ટીલ...૩૦ ટીપાં. પાણી...૧ ઓંસ.

ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત પાવી.

નં. ૧૨ ગ્યાલિક આસિડ...૯૦ ગ્રેન. ગોખરૂ...૬૦ ગ્રેન.

બંને દવા મિશ્ર કરી ચાર પડીકાં કરવાં, તેમાં દરેક ચાર કલાકને અંતરે પાણીમાં આપવું.

નં. ૧૩. ગોખરૂ.........૩૦ ગ્રેન. દાડમની છાલની ભૂકી...૬૦ ગ્રેન.
માયફળની ભૂકી...૪૦ ,,

ઉપરની ત્રણે દવાને મિશ્ર કરી છ પડીકાં કરવાં, તેમાંથી એકેક બબે કલાકે આપવું.

નં. ૧૪. ટીંકચર હાયોસાયમ ...૧½ ડ્રામ. એક્સ્ટ્રાક્ટ ઓફ અરગટ...૧½ ડ્રામ.
ગ્યાલિક આસિડ......૪૫ ગ્રેન. ડાઇલ્યુટ સલ્ફ્યુરીક આસિડ ½ ,,
પાણી ... . ૩ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી દરેક ઔંસ ત્રણ કલાકે આપવું.

નં. ૧૫. અફીણ ...૨ ગ્રેન.
સ્યુગરલેડ...૬ ,,
સાકર ...૩૨ ,,
આ દવાને મિશ્ર કરી ચાર પડીકાં કરવાં ને એકેક ચાર ચાર કલાકને અંતરે પાણીમાં આપવું.

ઉપર લખેલી દવાઓ ગુરદાના તેમજ મૂત્રાશયના લોહીને લાગુ પડેછે. વખતે લોહી મૂત્ર માર્ગમાંથીજ જાયછે અને તેથી પેશાબ અટકી જાયછે, તે માટે સળી મૂકવી એટલે રસ્તો સાફ થશે તથા પેશાબ છુટશે. મૂત્રમાર્ગ અગર ફુકામાંથી ઘણું લોહી આવતું હોય તો બરફ લગાડવો. થંડા પાણીની પીચકારી મારવી. જરૂર પડે તો પાણીની અંદર જરા ફટકડી નાંખવી. દરદીને સ્રીગમનથી દુર રાખવો, સાદો ખોરાક આપવો. મરચાં તથા બીજા ગરમ પદાર્થ વર્જ કરવા.

રક્તનળીના જખમથી રક્તસ્રાવ.

કોઈપણ જાતનો જખ્મ થાયછે ત્યારે તેમાંથી લોહી વહેછે, નાનો જખ્મ હોય ત્યારે થોડું લોહી નીકળેછે, તથા મોટો હોય ત્યારે ઘણું નીકળેછે. કોઇવાર મોટો જખ્મ હોવા છતાં તેમાં કોઈ મોટી ધમનિ એટલે ધોરીનસ ન કપાઈ હોય તો લોહીનો પ્રવાહ થોડોજ થાયછે. જખમને લીધે રૂધિર કેશવાહિની, શિરા અગર ધમનિમાંથી નીકળે છે. કેશવાહિનીમાંથી ફક્ત લોહી ઝમેછે. ફસ કપાય છે ત્યારે તેમાંથી લોહી રેલાની માફક વહેછે તથા થોડું વહી પછી બંધ પડી જાયછે. અથવા થોડા દબાણથી અગર પાટો બાંધવાથી તે બીન તકરારે બંધ પડી જાયછે તથા તેમાં વિશેષ ડરવાનું કારણ રહેતું નથી. મોટી શિરા કપાયતોજ કદાચ નુકશાન થાયછે. પણ જ્યારે એકાદ વખત ધમનિ કપાયછે અને તેમાં પણ જો એકાદ મોટી ધમનિ કપાયછે તો લોહીની એક ફુવારાની માફક સેડ ફુટેછે, તે જો જલદી બંધ ન થાય તો એટલું બધું લોહી વહીજાય છે કે આદમીના જીવની પણ ખુવારી થાયછે.

ઘણીવાર લોહીના વહેવાથી સાધારણ લોક ગભરાઈ જાયછે. તેમને શું કરવું તે સુઝ પડતી નથી. વખતે જખ્મ ઉપર કપડાં નાંખી મૂકેછે તે કપડાં પણ લોહીથી ભીંજાઈ જઈ જખમી આદમી બેહોશ થઈ જાયછે. પરંતુ તેમ કરવું નહી. તેને વાસ્તે યોગ્ય ઉપાય લેવો. જ્યાંસુધી તેનો પક્કો ઉપાય કરનાર ડાકટર ન મળી આવે ત્યાંસુધી તે ભાગને એટલે ધમનિનુ મોઢું દબાવી રાખવું અગર હાથ પગ હોય તો તેની આસપાસ મજબુત રૂમાલ બાંધી લેવો અને તેના ઉપર થંડુ પાણી રેડવું.

ઇલાજઃ—હવે કેટલીકવાર ધમની કપાયા પછી સ્વભાવિક લોહી બંધ થઈ જાયછે. તેની કુદરતી રીત એવીછે કે લોહીની અંદર થીજી જવાનો સ્વભાવિક ગુણછે, તે કપાયેલી ધમનિના મોઢામાં તથા આસપાસ લોહી થીજી જવાથી લોહીનો પ્રવાહ બંધ કરવાને ઉપયોગી થઈ પડેછે. શિવાય જેમજેમ લોહી વધારે નીકળી જાયછે તેમતેમ બાકી રહેલા પાછળના લોહીમાં આ થીજી જવાનો ગુણ વધેછે. વળી અંતઃકરણનું જોર જે સ્વભાવિક ધમનિમાં લોહીને ધકેલછે તે જોર પણ કમી પડી જાયછે. જો આ જોર ઘણું હોય તો પ્રવાહી રક્ત થીજી ગયેલા લોહીને ધમનિના મોઢા આગળથી ધકેલી મૂકે ને પ્રવાહ જારી રહે. વળી કપાયા પછી ધમનિ પોતાના સ્વભાવિક ગુણથી સંકુચિત થઈ જાયછે, અને તેથી થીજી ગયેલા લોહીને તેની અંદર થીજી જઈ ઠરી રહેવાને આધાર મળેછે. આ પ્રમાણે જુજ જખ્મ તથા નાની ધમનિમાંથી લોહી થોડીવાર નીકળી સ્વભાવિકપણે બંધ થઇ જાયછે. ત્યાર બાદ ધમનિના કપાયેલા છેડામાં લસસ્ત્રાવ થાયછે અને તે કાયમપણે બંધ થાયછે. જો ધમનિ મોટી હોય અગર તેની નળી આખી કપાઈ જુદા બે ભાગ ન થયા હોય તો તેમાંથી લોહી બંધ થતું નથી.

જો કોઈ પણ ભાગમાંથી લોહી વહેતું હોયતો તેને બંધ કરવાના કેટલાક કૃત્રિમ ઇલાજ નીચે પ્રમાણે છે.

૧. થંડક લગાડવી. ૨. રક્ત બંધ કરનાર દવા તથા કાસ્ટીક લગાડવો. ૩. લોખંડ તપાવી લગાડવું. ૪. દાબી રાખવું. ૫. ધમનિને વળ દેવો. ૬. ધમનિબંધન કરવું.

૧. થંડકઃ—લોહી વહેતા ભાગ ઉપર થંડુપાણી અગર બરફ લગાડવો. આ ઘણોજ સાધારણ તથા ઉપયોગી ઉપાયછે. જ્યારે જખ્મ વિસ્તીર્ણ મોટા ભાગ ઉપર હોય તથા લોહી એક મોટી ધારને બદલે જરા જરા પુષ્કળ ઠેકાણેથી વહેતું હોય ત્યારે આ ઉપાય વિશેષ કામ લાગેછે. થોડું લોહીતો ફક્ત જખ્મ ઉઘાડો રાખવાથી હવાની થંડીથી બંધથઇ જાયછે. નહિતો કપડું પાણીમાં ભીંજવી લગાડવું, અથવા પાણીની ધાર કરવી, અગર બરફના કટકા લગાવવા. બરફ ઘણા વખત સુધી લગાડવો નહિ, કારણ ઘણો વખત લગાડવાથી જે ભાગ ઉપર લગાડ્યો હોય તે ભાગ શુન્ય પડી જઈ અંતે મૃત્યુ પામેછે. આ પ્રમાણે ઘણાજ થંડા મૂલકમાં માણસોને અનુભવછે કે વખતે નાકનુ ટેરવું, કાનની બૂટ અગર આંગળીનાં ટેરવાં, જે ભાગ ઉઘાડા રહેછે તે કોઇવાર થંડીને લીધે ગળી પડે છે. થંડીને લીધે લોહી થીજેછે તથા રક્તનળીયો સંકુચિત થાયછે.

૨. રક્તસ્તંભક ઔષધિઃ—રક્ત બંધ કરનાર દવામાં ટિંક્ચર ઓફ્સ્ટીલ એ મુખ્યછે. આ શિવાય ગ્યાલિક આસિડ, માટીકો, ફટકડી, માયફળ, કાથો, તથા બીજાં પણછે. આ દવાનું પાણી કરી તેમાં કપડું ભીંજવી જે ભાગમાંથી લોહી આવતું હોય તે ભાગ ઉપર દાબવું અગર બાંધી રાખવું. જ્યારે કોઈ અંદરના ભાગમાંથી લોહી આવતુ હોય, જેમકે નાક, મોઢું, યોની, ગર્ભાશય, સફરો, ત્યારે આ દવાઓના પાણીની અંદર પીચકારી મારવી અગર તેમાં કપડાં ભીજવી તે દ્વારમાં ઠાંસીને ભરવાં. જળોના દંશ વગેરે એવા હલકા જખ્મ ઉપર જરા હળદર કે ફટકડી દાબવાથી લોહી બંધ થાયછે.

એકાદ ભાગમાંથી જુજ રક્તપ્રવાહ થતો હોય તો તે જગાએ "કાસ્ટીક" લગાડવો એટલે લોહી બંધ થશે. રક્તસ્થંભક દવાથી લોહી થીજી જાયછે.

૩. લોખંડ એટલે ખીલો તપાવી લગાડવાની ઘણું કરી જરૂર પડતી નથી.પણ ગમે તેવું લોહી વહેતુ હોય ત્યાં તે લગાડીએ કે તરત તે બંધ થઈ જાયછે. બહારના હરસને આ પ્રમાણે લોખંડ લગાડવામાં આવેછે. અસલ જ્યારે લોહી બંધ કરવાના સારા ઉપાય માલમ નહોતા ત્યારે હાથ પગ કાપતી વખતે લોહી ન વહેવા દેવું એવા હેતુથી કાપનાર પોતાના હથિઆરને પહેલાં ખૂબ તપાવી પછી છેદન કરતા.

૪. દાબવાથી લોહી તરત બંધ થાયછે, પણ દબાણ છોડી દીધા પછી પ્રવાહ પાછો શરૂ થવા બીક રહેછે. વળી જે જગાએ હાડકું કે એવા કઠણ ભાગ હોય ત્યાં આંગળી અગર પટાથી દબાણ કરી શકાયછે. કોઇવાર ફક્ત જખ્મ બંધ કરી તેના ઉપર પટો લગાડવાથી જે થોડું ઘણું લોહી ગળતું હોય તે બંધ થઈ જાયછે. કેટલીકવાર ખીલ, મસ, અગર નાનું ગૂમડું ફુટેછે, તેનું લોહી ઝકલાતું નથી ત્યારે તેના ઉપર કપડાની નાની બે ચાર ગાદી કરી તે ઉપરા ઉપરી જખ્મ ઉપર મૂકી તેના ઉપર ખેંચીને પાટો બાંધી લીધો હોયતો લોહી બંધ થઈ જાયછે. ડાકતર લોકો કાપતી વખતે હાથ અગર પગ ઉપર ઉપલા ભાગમાં ખેંચીને "ટુરનીકેટ" નામનો બંધ બાંધેછે, તેથી ઘણું લોહી વહેતું નથી. પણ તે શિવાય એક બીજી યુક્તિ નીકળીછે તેને લીધેતો હાથ અગર પગ જેવો અવયવ કાપી નાખતાં લોહીનું એક ટિપું પણ પડતું નથી. તે એ છે કે પહેલાં એક રબર પટો આંગળાંથી તે ઉપરના ભાગસુધી ખેંચીને બાંધવો તથા જે જગાએ ઉપર છેલ્લો આંટો આવે તે જગાએ "ઈંડીયારબર"ની નળી ખેંચી બાંધવી, અને પછી નીચેનો સઘળો પાટો આંગળાંસુધી છોડી નાખવો. ત્યાર પછી એ ઈંડીયારબર નળીના નીચેનો કોઇપણ ભાગ કાપવાથી બિલકુલ રક્ત નીકળશે નહિ.

૫. કોઈપણ સાધારણ કદની ધમનીમાંથી લોહીની સેડ ચાલતી હોય તો તેને એક ચીમટાવડે પકડી પાંચ દસ ફેરવીને વળ દીધા હોય તો તેનું મોઢું બંધ થાયછે તથા રક્ત પ્રવાહનો અટકાવ થાયછે, કાપવાનું કામ ચાલેછે, તે વખતે કોઈ ભાગમાંથી નાની નાની ધમનિઓ ફુવારાની માફક છૂટેછે તેને ટપોટપ આ પ્રમાણે વળ દેવાથી રૂધિર જલદી બંધ કરી શકાયછે.

૬. ધમનિનું લોહી અટકાવવાને સૌથી સારી તથા બીન જોખમની રીત એછે કે **ધમનિનું બંધન** કરવું એટલે તેને એક સારા રેશમના મજબૂત દોરાથી બાંધી લેવી. આગળ લોહી બંધ કરવાની જે રીતો કહી ગયા તેનાથી તે વખતે લોહી બંધ થાયછે. ખરૂં, અને એકવાર બંધ થયા પછી ફરીથી ઘણું કરી નીકળતું નથી, તોપણ કોઈ વાર એવું બનેછેકે ધમનિના મોઢા આગળનો લોહીનો થીજેલો ભાગ ખસી જાયછે, તથા જખમ થયા પછી બે ચાર પાંચ દિવસે તેમાંથી ઓચિંતુ લોહી વહેવા માંડેછે. આ પ્રમાણે લોહી નીકળેછે તેનું નામ લોહીનો "**દ્વિતીય પ્રવાહ**" કહેવાયછે.પણ જો એકવાર ધમનીને બરાબર દોરાથી બાંધી હોય તો પછી કોઈ પ્રકારનું જોખમ રહે નહી. મજબૂત દોરાથી

ખૂબ ઍંચીને બાંધવું કે જેથી ધમનિની અંદરનાં પડ તૂટી જાય તથા ફક્ત ઉપરના પડ ઉપર એ દોરો રહે. જે જગાએ ધમનિનો જખ્મ થયો હોય તેજ જગાએ તેના બેઉ છેડા આ પ્રમાણે બાંધી લેવા. એકજ છેડો હોય તો તેને બાંધવો. એક જખ્મ થયો હોય તેમાંથી લોહી નીકળતુ હોય તો તેને ધોઈ સાફ કરી જે ઠેકાણેથી લોહી વહેતુ હોય ત્યાં ધમનિને બાંધી લેવી. પણ જો તે જખ્મી માણસ આપણી પાસે આવે ત્યારે એ જખ્મમાંથી લોહી વહેતુ બંધ થઈ ગયું હોય તો તે જખ્મને ઊખેડવો નહી તથા ધમનિની શોધ કરવી નહી. પણ જો તેમાંથી કાંઈ મુદત પછી દ્વિતીય પ્રવાહ થાય તો જખ્મ ઉખેડીને પણ એ ધમની બાંધી લેવી, કારણ કે ફરીને એમાંથી ક્યારે પ્રવાહ થશે તેનો કાંઇજ નિયમ નથી.

જો એકાદ મોટી ધમનિ બાંધવી પડે, (જેમકે જાંગની અગર ભુજાની) તથા તે અવયવનો નીચેનો ભાગ સાબિત હોયતો તેને બીજી આજુ બાજુનિ ધમનિઓની વાટે લોહી મળેછે તથા તેનું પોષણ સારી રીતે થાયછે. આજુ બાજુની ધમનિઓ પહેલાં નાની હોયછે ને તે પછીથી વધીને મોટી થઇ જાયછે.

ધમનિને દોરો બાંધી તેની બે ગાંઠ મજબૂત નાંખી તે દોરાનો એક છેડો કાપી નાખવો તથા બીજોછેડો જખ્મની બહાર લટકતો રાખવો, આ લટકતો દોરો ચાર પાંચ દિવસે નીકળી આવેછે.

ટિંક્ચર હીમામીલીસ નામની નવી દવા નિકળીછે તેનાં બે ટીપાં થોડા પાણીમાં દિવસમાં પાંચ સાત વખત પીવાથી સર્વ પ્રકારના રક્તસ્રાવપર ફાયદો કરેછે. તેનો એક ડ્રામ એક ઔંસ પાણીમાં મેળવી તેમાં રૂ બોળીને લગાડવાથી લોહી વહેતુ બંધ પડેછે.

ચાંદાં.

(અલસર).

કારણઃ—ત્વચા ઉપર વરમ, ઇજા, અગર બીજાં કારણોથી ચાંદાં પડેછે. કેટલીકવાર શારીરીક રોગને લીધે ચાંદાં પડેછે જેમકે સ્ક્રોફ્યુલા, સ્કર્વી, ગરમી, અર્બુદ ઇત્યાદિ. ઘણીવાર આવા ખાસ વ્યાધિ સિવાય પણ ચાંદાં પડેછે. ઇજા, નબળાઇ, ગુમડાં, ઝામરને લીધે ચાંદાં થાયછે. કનિષ્ટ સ્થીતિમાં ખાવા પીવા તથા પહેરવા ઓઢવાની તંગાઇ હોય તેવા માણસોને ચાંદાં વિશેષ પડેછે. જેનું લોહી અને શરીર સારાં હોય તેને સહેજસાજ ચાંદુ થતું નથી અને થયું હોયતો જલદી રૂઝાઇ જાયછે. જેનું લોહી અને શરીર બગડેલું હોય તેને ક્ષુલક કારણથી ચાંદુ પડેછે અને તે જલદી રૂઝાતું નથી. તેથી ચાંદાં પડવામાં કેટલોક આધાર શારીરીક સ્થિતિ ઉપરછે, એમ સ્પષ્ટ જણાયછે. ચાંદાં વિવિધ પ્રકારનાં હોયછે અને તેના નિચે પ્રમાણે સાત વર્ગ પાડવામાં આવેછે.

વર્ગ. ૧. તંદુરસ્ત ચાંદુ. ૨. નબળું ચાંદુ. ૩. સડતું ચાંદુ. ૪. પીડીત ચાંદુ. ૫. દાહક ચાંદુ. ૬. કઠણુ દીર્ઘ ચાંદુ. ૭. ફુગતું ચાંદુ.

ચાંદાં ઘણુંકરી પગ ઉપર થાયછે તેમજ શરીરના હરકોઇ ભાગ ઉપર પણ પેદા થાયછે. ઉપર જે વર્ગ પાડવામાં આવ્યાછે તે ચાંદાંની કોર, સપાટી, તથા રસીની ભિન્ન ભિન્ન સ્થીતિને અનુસરીને પાડવામાં આવ્યા છે.

૧. તંદુરસ્ત ચાંદુઃ—આ ચાંદુ રૂઝાતું આવેછે. તેની સપાટી ઉપર રાતાં અંગુર હોયછે. સફેદ જાડી રસી નીકળેછે તથા કોર ઉપર સફેદ ચામડી વળતી આવે છે. તેમાં વેદના થતી નથી તથા રસી વાસ મારતી નથી. આવાં ચાંદાનો ઈલાજ સહેલોછે. તેના ઉપર ફકત પાણીની અગર સાદા મલમની પટી મૂકવી. ચાંદુ બહુ મોટું હોય અને તેને રૂઝાતાં ઘણા દિવસ લાગે તેમ હોયતો તેના ઉપર બીજી નવી ચામડી લાવવી. શરીરનાં હરકોઇ ભાગ ઉપરથી થોડી ત્વચા કાપી લેઇ તેની બારીક કરચો કરીને તે ચાંદાની સપાટી ઉપર એક બે ઈંચને અંતરે મૂકવી, ત્વચાનો આળો ભાગ ચાંદા ઉપર બેસવો જોઇએ. તે પ્રમાણે મૂકી તેના ઉપર મલમની પટી મૂકી પાટો બાંધવો ને થોડા દિવસ સુધી છોડવો નહીં. છોડવો હોય ત્યારે સંભાળથી પટી ખસેડવી અને તે ઉપર પાણી રેડવું નહી.

એક અઠવાડીયામાં વાવેલી ત્વચા ઉગી નીકળશે અને દરેક ઠેકાણેથી ચાંદુ રૂઝાવા લાગશે. જે ચાંદાને રૂઝાતાં મહીનો બે મહીના લાગે તે આ પ્રમાણે કરવાથી થોડી મુદ્દતમાં રૂઝાઈ જશે. ત્વચા વાવવાનો પ્રયોગ ફકત તંદુરસ્ત ચાંદાનેજ લાગુ પડેછે. બીજા પ્રકારના ચાંદામાં વાવેલી ત્વચા ઉગતી નથી.

૨. નબળુ ચાંદુઃ—નબળા ચાંદાનાં અંગુર મોટાં અને ફીકાં હોયછે તથા ઊંચા વધી પડેછે. ચાંદાની કોર નીચે રહેછે. રસી પાતળી પાણી જેવી નીકળે છે અને ચાંદુ ઘણુંજ ધીમેથી રૂઝાય છે.

ઈલાજઃ—ચાંદાં ઉપર બેથી ચાર ગ્રેન જસતનાં ફુલ અથવા મોરથુથુ એક આઉંસ પાણીમાં મેળવીને તે પાણી લગાડવું તથા થોડોક તાણીને પાટો બાંધવો, નાઈટ્રીક આસિડ ચાર ટીપાં અગર ક્લોરાઈડ ઓફ ઝીંક બેથી ચાર ગ્રેન પાણીમાં મેળવી તે લગાડવું. નબળા ચાંદાને રેઝીન પ્લાસ્ટરના ચાપડા દેવાથી તેનાં ઊંચાં અંગુર બેસી જાયછે તથા તે રૂઝાયછે. રેઝીન પ્લાસ્ટરની પટીયો કરીને એક પછી એક ચાંદા ઉપર દાબીને લપેટવી. દરદીનું લોહી સુધારવા યોગ્ય લાગે તેવી દવા અને ખોરાક આપવાં.

૩. સડતુ ચાંદુઃ—સડતું ચાંદુ હોયછે તેમાં નઠારી ગંધાતી રસી નીકળે અને તેની સપાટી ઉપર અંગુરને ઠેકાણે સડેલો ભાગ સફેદ અગર કાળારંગનો હોયછે તે કેટલીકવાર ફેલાતો જાયછે.

ઈલાજઃ—દરદીની શારીરીક સ્થિતિ સારી હોતી નથી. તેને ઉપદંશ વગેરે વ્યાધિ હોય છે. તે સારૂ યોગ્ય દવા પીવા આપવી. ચાંદા ઉપર નાઇટ્રીક આસિડ લગાડીને પોટીસ મારવી એટલે ચાંદાનો સડેલો ભાગ છૂટો પડી નીકળી જશે અને પછી અંગુર આવશે, તે ઉપર કાર્બોલિક તેલ, બોરાસિક આસિડનો મલમ અથવા ઉપર આપેલું કોઇ પણ લોશન લગાડવું. ક્લોરલ હાઈડ્રેટ દસ ગ્રેન એક આઉંસ પાણીમાં મેળવી લગાડવું.

૪. પીડીત ચાંદુઃ—આ ચાંદુ નાનું હોયછે અને તેનું મુખ્ય લક્ષણ એ હોય છે કે તેમાં અતિશય વેદના થાયછે તેની સપાટી જરા ઊંડી અને રસી પાતળી હોયછે.

ઇલાજ:—અફીણ અને બેલાડોના જેવી પીડીતહર ઔષધિ લગાડવી, ચાર ગ્રેન સ્યુગરલેડ, એક દ્રામ અફીણનો અર્ક તથા એક બે આંઊસ પાણી એ સર્વેને મિશ્ર કરી લગાડવું. ધોયેલું ઘી તથા બોરાસીક આસિડનો મલમ લગાડવો.

૫. દાહક ચાંદુ:—આ ચાંદાની આસપાસના ભાગમાં વરમ હોયછે તેથી સોજો અને પીડા રહેછે.

ઇલાજ:—આવાં ચાંદાંઉપર થંડાલોશન લગાડવાં, પોટીસમૂકવી અથવા લીંબડોબાંધવો

૬. કઠણુ અને દીર્ઘચાંદુ:—આ ચાંદુ લાંબાં વખતનું હોયછે. તેની કોર કઠણ તથા ઊંચી હોયછે, સપાટી નીચી હોયછે. અંગુર સારાં હોતાં નથી અને રસી પાતળી રક્ત-મિશ્રિત નીકળેછે,

ઇલાજ:—આવા ચાંદાની કોર ઉપર દાબીને પાટો બાંધી તેની સપાટી ઉપર ઝીંક, મોરથુથુ, વગેરેનાં લોશન લગાડવાં અથવા મોરથુથુનો કાંકરો અગર કાસ્ટીક એકબેવખત લગાડવો. રેઝીન પ્લાસ્ટરના ચાપડા લગાડવાથી તે નરમ પડશે.

૭. દુઝતુંચાંદુ:—આ ચાંદામાંથી લોહી નીકળેછે. તે પગ ઉપર થાયછે. પગ ઉપર ફુલેલી ફસ હોયછે તેને લીધે ચાંદુ પડેછે અને તેમાંથી લોહી નીકળેછે.

નં. ૧. સલફેટ આફ ઝીંક...૨ ગ્રેન.
પાણી..............૧ ઔંસ. } મિશ્ર કરી નબળા તથા સારા ચાંદાને લગાડવું.

નં. ૨. ટિંકચર લવાન્ડર કોમ્પાઉડ...૨ દ્રામ.
સ્પીરીટ આફ રોઝમરી ......૨ ,,
સલ્ફેટ આફ ઝીંક ....૧૬ ગ્રેન.
પાણી ....૪ ઔંસ. } મિશ્ર કરી નબળા તથા દુઝતા ચાંદા ઉપર લગાડવું.

નં. ૩. ક્લોરાઇડ આફ ઝીંક...૨ થી ૧૦ ગ્રેન.
પાણી ....૧ ઔંસ. } મિશ્ર કરી સડતા તથા દીર્ઘ ચાંદા ઉપર લગાડવું.

નં. ૪. ક્લોરલ હાઇડ્રેટ.........૧૦ ગ્રેન.
પાણી .... ૧ ઔંસ. } દુખતા, સડતા અને દીર્ઘ ચાંદાને લગાડવું.

નં. ૫. નાઇટ્રીક આસિડ સ્ટ્રોંગ ૪ ટીપાં.
પાણી ....૧ ઔંસ. } મિશ્ર કરી દીર્ઘ સડતા નબળા ચાંદાને લગાડવું.

નં. ૬. લીકરપ્લંબી સબએસેટસ...૨ દ્રામ.　લાડેનમ.........૧ દ્રામ.
પાણી ....૨ ઔંસ.　સકસ કોનાયમ...૧ ,,

મિશ્ર કરી દરદ વાળા અને વરમવાળા ચાંદાને લગાડવું. જો ઉપર માંહેલા એક લોશનથી ફાયદો ન થાય તો બીજુ લગાડવું.

નં. ૭. કાર્બોલીક આસીડ.........૬૦ ટીપાં.
પાણી.................... ૪ ઔંસ. } મિશ્ર કરી સડતા ચાંદાને લગાડવું.

આ સર્વ પ્રકારના ચાંદા ઉપર આયોડોફોર્મ બહુંજ સરસ ગુણ કરેછે. આયોડોફોર્મ ચાંદા ઉપર ભભરાવો અને તેપર રૂ અગર બેરાસીક ઓઇન્ટમેન્ટ મૂકી પાટો બાંધવો. અથવા આયોડોફોર્મનો એક દ્રામ ચાર દ્રામ સાદા મલમમાં મેળવીને લગાડવો. આયોડોફોર્મ આદિ પાઉડર નીચે પ્રમાણે બનાવી તે ચાંદા, ખરજવાં વીગરે ઉપર લગાડવાથી બહુ ફાયદો કરેછે.

આયોડોફોર્મ........ ડ્રામ.૮	કાથાનો ઝીણો ભુકો... ડ્રામ. ૨
બીઝમથ સબનાઇટ્રસ ડ્રામ.૨	ચાક.................. ડ્રામ. ૨
માગનીશ્યા કાર્બોનસ ડ્રામ.૨	કપુર.................. ,, ½
ઝીંક ઓક્ષાઈડ...... ,, ૨	

ઉપાયઃ—આવાં ચાંદા ઉપર દાબીને પાટો બાંધવો અગર સખ્ત મોજા પહેરવા. પગને બિછાનામાં તકીયા મૂકી ઊંચો રાખવો અને મલમપટી લગાડવી.

ચાંદાના ઉપર કહેલા સ્થાનીક ઉપાયો કરતી વખ્ત શરીર ઉપર વિચાર રાખી તેને માફક આવે એવી દવા આપવી, એટલે શરીર સારૂ થવાથી ચાંદા ઉપર જલદી અસર થશે. સડતુ, ફુગતુ, દાહક, દીર્ઘ, વગેરે ચાંદાંમાં સુધારો થાય એટલે તેમની સ્થિતિ તંદુરસ્ત ચાંદા જેવી થઇને રૂઝાવા માંડેછે. ચાંદુ દુરસ્ત હોય તેમાંથી બહુ પરૂ ન નીકળતું હોય તો તેને પાણી લગાડવું નહિ. પાણી જેમ બને તેમ થોડુ લગાડવું. ચાંદાંને ધોવાની જરૂર હોયતો વગળનું પાણી, લીંબડાનું પાણી, બાવળનું પાણી, ત્રીફળાનુંપાણી અગર કોન્ડીઝ ફ્લ્યુઇડથી ધોવું. તંદુરસ્ત ચાંદામાં બહુ પરૂ ન થતું હોય તો પટી દરરોજ નહિ બદલતાં એક બે દિવસને અંતરે બદલવી. તેવા ચાંદાંને જેમ થોડા છેડવામાં આવે તેમ તે જલદી રૂઝાય છે.

ગુમડું.

(બોઈલ)

ત્વચાના થોડા ભાગમાં વરમ થઈ ગુમડું પેદા થાય છે. તેની સાથે સોજો આવે છે તથા વેદના થાયછે. ચામડી પણ લાલ થઈ આવેછે. તે થોડા વખ્તમાં મોટું થઇ પાકીને ફુટેછે. કોઇ વાર એકજ ગુમડું થાયછે. અને કોઇ વાર એક પછી એક એમ ઘણાં થાયછે. ગુમડું શરીરના હરકોઈ ભાગપર થાયછે. કોઈને ગુમડું થાયછે પણ તે ઘણી વખ્ત પાકતું નથી તેને મુઢ ગુમડું કહેછે. ઘણાલોહીઆળ આદમી તેમજ નબળી તબીયતના આદમીને ગુમડાં થાયછે. ગંદાઇને લીધે તેમજ બરાબર શરીરને મહેનત નહી આપવાને લીધે ગુમડાં થાયછે. કેટલાકને દર ઉનાળામાં ગુમડાં થાય છે.

ઉપાયઃ—ગુમડાને જલદી પાકવાં માટે પોટીસ મારવી, અથવા ગરમ પાણીનો શેક કરવો. પાકે ત્યારે તે આપો આપ નહી ફુટે તો નસ્તરથી ફોડવું. ફોડ્યા પછી એક બે વખ્ત પોટીસ મૂકાવવી. બાદ પટી લગાવવી.

દસ્ત સાફ ઉતરે તેવી ઔષધિ આપવી. સારો પૌષ્ટિક ખોરાક આપવો. ગરમ ચીજોને વર્જ કરવી. લોહ, સોમલ, કાડલીવર ઓઇલ, વગેરે દવા આપવી. મુઢ ગુમડું હોય તેને કાસ્ટીક લગાડવો, અથવા આયોડીન ચોપડવું.

પાઠું.

(કાર્બંકલ)

ચિન્હઃ—ત્વચા અને તેની નીચેના સંયોજકના થોડા ભાગમાં વરમ થઇ પાઠું થાયછે. પાઠું થતા પહેલાં તે ભાગ રાતો થઈ સુજી આવેછે, અને કઠણ રહેછે તથા તેમાં અતીશય દરદ થાયછે. તથા તેના ઉપર એક ફોલ્લી થાયછે. તે આસપાસના ભાગમાં ફેલાય છે. પાઠુ જલદી પાકતું ફુટતું નથી. તેના ઉપર આસ્તે આસ્તે કેટલાંક નાનાં મોઢાં થાયછે. તેમાંથી પાતળી રસી નીકળેછે. છેવટ ચામડીનો ઘણો ભાગ સડીને છુટો પડી જાયછે. ત્યારબાદ તે ઠેકાણે મોટો ખાડો પડી રહેછે, તે કેટલેક દહાડે અને મહિને રૂઝાયછે.

પાઠાને લીધે બેહદ પીડા થાયછે અને તાવ આવેછે. તાવ ઘણો જોરથી આવેછે, તથા બહુ અશક્તતા વધેછે. નાડી ઘણી ક્ષીણ થાયછે અને જ્વર ભ્રમ થાયછે. પાઠાનું દરદ ઘણું ભયંકરછે. તેમાંથી ઘણાકને મૃત્યુ પ્રાપ્ત થાયછે. પાઠું ઘણું કરી પીઠના ભાગ પર થાયછે. ક્વચીત આગળના ભાગપર અથવા હાથ કે પગપર થાયછે.

કારણઃ—નબળા, ઘરડા ને દરદી આદમીને પાઠાનું દરદ થાયછે. લોહી બગડેલું હોય તેથી પણ પાઠું થાયછે. મૂત્રાશયના વ્યાધિવાળાને પણ પાઠું થાયછે. મધુ પ્રમેહ હવા વાળાને પણ આ વ્યાધિ થાયછે.

ઈલાજઃ—પ્રથમ એક જુલાબ આપવો. બાદ સારો ખોરાક, બ્રાન્ડી અને પૌષ્ટિક દવાઓ આપવી. તાવને માટે ઇલાજ કરવો. બહુ દરદ હોયછે તેને લીધે અફિણાદિ ઓષધીના જરૂર પડેછે. પાઠામાંથી રસી અને સડેલો ભાગ જલદી નીકળે તેટલા માટે પોટીસ મારવી. ત્રિશુળા આકાર ઊંડો કાપ મૂકવો. અથવા તેના ઉપર લાંબા છુટા કાપ મૂકવા અને પોટીસ જારી રાખવી. કાપ જેમ બને તેમ જલદી મૂકવો. કાસ્ટીક પોટાસના કડકા લગાડીને તેમાં ઊંડા છેદ કેટલાક મૂકે છે. મૃતમાંસ જુદો પડ્યા પછી મલમ પટી લગાડવાં.

પાઈમ્યા અથવા સેપટીસીમ્યા.

જખમ અથવા પરૂ થનારી જગોમાંથી કાંઈ વિષારી પદાર્થ રક્તમાં મળવાથી કેટલાંક જ્વરાદિ ચિન્હ થાયછે તેને પાઇમ્યા કહેછે. પ્રથમ એમ માનવામાં આવતું કે લોહીમાં પરૂનું મિશ્રણ થવાથી આ ચિન્હ થાય છે પણ તેમ નથી. પરૂને લોહીમાં મેળવવા છતાં પાઇમ્યા નીપજતો નથી.

કારણઃ—જખમ થયા પછી અને શસ્ત્રક્રિયા કર્યા પછી ઘણું કરી આ રોગ ઉત્પન્ન થાયછે. તે શિવાય હાડકુ પાકવાથી, શીરા, ધમનિ અને રકતાશયના વરમને લીધે, શરીરમાં ગડ થવાથી, આંતરડાં અને પીત્તાશયનાં ચાંદાંમાંથી, ગુરદા અને ફુક્સાના પાકવાથી, રતવા, પાઠુ, ઝામરો, શીળી, વગેરે મરજમાંથી પાઇમ્યા પેદા થાયછે.

લક્ષણઃ—પાઇમ્યાનાં કેટલાંક ચિન્હ ટાઢીયા તાવ જેવાં હોયછે. એકાએક ઘણી ટાઢ

ચડેછે અને સખ્ત તાવ ચડેછે. ત્યારબાદ પુષ્કળ પરસેવો વળેછે અને તાવ કમી પડે છે. વારંવાર અનિયમીત રીતે આ પ્રમાણે ટાઢ, તાવ અને પરસેવો થયાં કરેછે. તેથી દરદીનું શરીર નંખાઈ જાયછે. તેનો દેખાવ અને ચહેરો પીળો પડી જાયછે. કેટલીકવાર કમળો થઈ આવેછે. શરીર ઉપર મોતીયા ફોલ્લા અથવા રક્તબીંદુઓ થઈ આવેછે. જીભ લાલ અને છારી વાળી હોયછે, ભુખ લાગતી નથી. ઉલટી, મોળ, અને ઝાડો થઇ આવેછે. નાડી નબળી અને નાની ત્વરીત ચાલેછે. શ્વાસ ઉતાવળો ચાલેછે. પેશાબમાં વખતે આલ્બ્યુમીન હોયછે.

બીજુ ખાસ ચિન્હ પાઇમ્યાનું એ છેકે શરીરના જુદા જુદા ભાગમાં પરૂ અને ગડ પેદા થાયછે. મુખ્યત્વે સાંધા કલેજુ અને ફેફસામાં આવાં ગડ થાયછે.તેમજ શરીરના હર• કોઈ ભાગમાં થાયછે. એકા એક હરકોઈ ભાગ અથવા સાંધા સુજી આવેછે અને તેમાં અતિશય પીડા થાયછે. તે થોડા અથવા ઘણા દિવસે પાકેછે. કેટલીક વાર સોજો અને દુખાવો એક ઠેકાણે થઈ મટી જાયછે અને ફરી બીજે ઠેકાણે થાયછે. તેથી સંધિવા જેવું રૂપ જણાયછે. ફેફસાં અને કલેજામાં ગડ થાય તો તેનાં ખાસ ચિન્હ જણાયછે.

કોઈ વાર પાઇમ્યા લાંબો વખત ચાલેછે, તેનાં ચિન્હ હલકાં હોયછે અને છેવટ આરામ થાયછે. કોઈ વાર તેનાં સખ્ત ચિન્હને લીધે શરીરને હાની પહોંચેછે.

ઉપાયઃ—પૌષ્ટીક અને ઉષ્ણ દવા તથા સારો ખોરાક આપવાં, હવા બદલો કરવો. દરદીને રહેવાની જગો સ્વચ્છ ખુલ્લી હવા વાળી, ગંદકી વગરની હોવી જોઇએ. કવીનાઇન આ દરદ ઉપર બહુ વખણાયછે. ટિંકચર ઓફ સ્ટીલ, મીનરલ આસિડ, પોર્ટવાઈન, બ્રાંડી, સીંકોના ક્વાથ અથવા અર્ક, ક્લોરેટ ઓફ પોટાસ વગેરે દવા અપાય છે.

ઝાડો, ઉલટી, દુખાવો વગેરે થાય તેના યોગ્ય ઈલાજ કરવા. ઠેકાણે ઠેકાણે ગડ થાય છે તેને ફોડીને પરૂ બહાર કાઢવું અને કાર્બોલિક આસિડ તેલની પટી મારવી.

બળવું—દાઝવું.

(બર્ન સ્કાલ્ડ)

શરીરને અગ્નિ લાગવાથી અથવા બહુ ગરમ પાણી અને બીજાં પ્રવાહી લાગવાથી ઘણી ઇજા પહોચેછે. શરીરે વધતું ઓછું દાઝવાના પ્રમાણનો આધાર અગ્નિના જોસ તથા અગ્નિ શરીરના સંબંધમાં જેટલો વખત રહે તેના ઉપર રહેછે. થોડી ગરમી લાગી હોય તો ચામડી ફક્ત લાલ થઈ આવેછે. તેથી વધારે લાગે તો ફોલ્લા ઉઠેછે અને તેથી પણ વિશેષ લાગે તો ચામડીનું ભડથું થઈ જાયછે અને બહુ લાગે તો સ્નાયુ વગેરે બળી જાયછે.

ફક્ત ચામડીજ લાલ થઈ હોય તો થોડા દિવસમાં તેની ખોળ નીકળી જઈ દુરસ્ત થાયછે, વિશેષ દાઝ્યું હોય તો ઉપરનો બળેલો ભાગ થોડા દિવસમાં નીકળી ગયા પછી નીચે ચાંદું પડેછે, પછી તે ચાંદા ઉપર માંસાંકુર આવી રૂઝ વળેછે. માંસાંકુર પુષ્કળ લાલ તથા ઉપડી આવેછે. બળવાની જગોએ જે રોઠો વળેછે તે આસ્તે આસ્તે કઠણ થતો

જાયછે તથા સંકોચાયછે. જો તે સાંધાને ઠેકાણે હોય તો તે સાંધો વળીને સજડ થઇજાયછે.

ચિન્હ:—દાઝવાની અસર શરીર ઉપર વધતી ઓછી થાયછે. જો શરીરનો જુજ ભાગ જરાતરા દાઝેતો કાંઇજ અસર થતી નથી, પણ તેનો ઘણો ભાગ ફક્ત થોડો દાઝેતો તેથી ઘણી ખરાબ અસર થાયછે. પગનો કાંઈ ભાગ બળીને ભડથું થાય તેને લીધે શરીર ઉપર જે અસર જણાય તે કરતાં છાતી અને પેટ ઉપરની ઘણી ચામડી થોડી બળે તો તેની વધારે અસર થાયછે. જેમ ચામડીનો વધારે ભાગ બળે તેમ માઠા પરિણામ થવાની વધારે વકી રહેછે. શરીર ઉપર અસર થાયછે તેનાં ચિન્હ ત્રણ પ્રકારનાં હોયછે. દરદી ઘણો દાઝયો હોય તો પહેલે દિવસે તેના ધક્કાનાં ચિન્હ જણાયછે. દરદી ધ્રૂજેછે, ગભરાયછે, શરીર થડું રહેછે અને કોઈ કોઈ વાર તે બે શુદ્ધ થઈ મૃત્યુ પામેછે. આ વખતે મગજમાં, ફેફસામાં અને હોજરી તથા આંતરડાંમાં લોહીનો ભરાવો રહેછે. દરદી જીવેતો બીજા દિવસથી વરમને લીધે તેને તાવ આવેછે. દાઝેલો ભાગ પાકીને બધો છૂટો પડેછે. સુમારે એક અઠવાડીઆની દરમીયાન બળેલો ભાગ નીકળી જાયછે, એટલામાં ફેફસા તથા આંતરડાંના વરમથી કેટલાકનું મૃત્યુ થાયછે. આંતરડાંના ડુઓડીનમમાં કોઈવાર ચાંદું પડેછે તે આરપાર ફૂટેછે. તેથી મૃત્યુ નિપજેછે.

બીજા અઠવાડીયાથી પરૂ થઈ અંકુર આવી રૂઝાવાની શરૂઆત થાયછે. ઘણું પરૂ થવાથી દરદી અશકત થતો જાયછે, થોડો જવર રહેછે, તેની સાથે ફેફસાનો વરમ તથા સંગ્રહણી થઈ આવેછે. બળવામાંથી કેટલાક વાર ચમક થઈ આવેછે.

ઉપાય:—પ્રથમ દરદીને વેદના થતી હોય અને ધ્રૂજતો હોય ત્યારે લાડેનમ, દરદીના વયના પ્રમાણમાં બ્રાંડી તથા પાણીં સાથે આપવું. તાવ આવે ત્યારે હલકો જુલાબ આપવો. દરદીની જેમ અશકિત માલૂમ પડતી જાય તેમ આમોન્યા, બાર્ક, બ્રાંડી અને સારો ખોરાક આપતા રહેવું.

દાઝેલી જગો ઉપર ઔષધ લગાડવાનો મુખ્ય હેતુ એવો હોયછે કે તે ભાગને હવાના સમાગમથી બચાવવો. ચામડી જરા દાઝી હોય તો તે ઉપર ફકત તેલ લગાડવાથી આરામ થાયછે. ફોલ્લા ઉઠેતો તે સોયથી ફોડવા પણ તેની ઉપરની ત્વચા કાઢી નાંખવી નહિ. ફોલ્લા વાળા અથવા ભડથુ થયેલા ભાગ ઉપર ઘઉં અથવા ચોખાનો ઝીણો ભૂકો ભભરાવી દેવો અથવા રૂનાં પેલ મૂકી દેવાં, તેના પોપડા બંધાઈ રહેશે, તે થોડા દિવસમાં નીકળ્યા પછી "ક્યારન ઓઈલ" લગાડવું. ચૂનાનું પાણી અને સાલીડ ઓઇલ સરખે ભાગે મેળવવાથી ક્યારન ઓઇલ થાયછે. સાલીડ ઓઇલને ઠેકાણે અળશીનું તેલ, તલનું તેલ, અથવા ટોપરાનું તેલ ચાલશે. આ તેલમાં કપડું ભીજવીને બળેલા ભાગ ઉપર મૂકવું અને તેના ઉપર જોઇએ ત્યારે તે રેડ્યા કરવું. તેને વારંવાર ખસેડવું નહી. પાછળથી કાર્બોલિક આસિડનું તેલ, લેડ ઓઈન્ટમેન્ટ, ઝીંક ઓઇંટમેન્ટ, વગરે લગાડવાથી રૂઝ આવી જાયછે. હાથ અથવા આંગળાં દાઝયાં હોય તો તેને સોડાના પાણીમાં અથવા છાશમાં બોળી રાખવાથી વેદના કમી પડેછે. રેઝીન ઓઈન્ટમેન્ટ (રાળનો મલમ) દાઝેલા ભાગને જલદી રૂઝવેછે. કાસ્ટિક લોશન દાઝેલા ભાગ ઉપર લગાડાયછે. સાંધાના

ઠેકાણાનો ભાગ દાઝેલો હોય તો તે અવયવને સીધો બાંધી રાખવો. જો તેનો રોઠો સંકોચાઈને સાંધો સજ્જડ થઈ જાય તો કાપ્યા સિવાય દુરસ્ત થતો નથી.

દેશી ઓસડોમાં ઘી અથવા તેલ દાઝેલે ઠેકાણે લગાડાયછે. આમળાની રાખ, ત્રીફળાની રાખ, ઘી અથવા તેલની સાથે મેળવીને ચોપડવી. હરડે, જીરૂ, જેઠીમધ, રાળ દરેકનો એક એક ભાગ બારીક ચૂર્ણ કરીને લેવો અને ચાર ભાગ મીણને ગરમ કરી એકત્ર કરવું. તેની પટી લગાડવી. બાવળની છાલની ભૂકી, અગર બકરીની લીંડીની રાખ બળેલી જગા ઉપર ભભરાવવી એટલે આરામ થાયછે.

ગ્રંથી.

(ટયુમર.)

શરીરમાં કોઇપણ ઠેકાણે કોઈ ભાગ વધીને જુદી ગાંઠ થાયછે તેને ગ્રંથી કહેછે. ગ્રંથી વિવિધ પ્રકારની થાયછે. કેટલીકવાર શરીરના સ્વભાવિક અવયવની વૃદ્ધિ થાયછે જેમકે બરોળ અને યકૃતની વૃદ્ધિ. અન્યપ્રકારની ગ્રંથી ઘણી વખત જોવામાં આવેછે જેમકે રસોળી, મસા, અર્બુદ, ઇત્યાદિ.

ગ્રંથીઓના એક **નિર્દોષ** અને બીજી **દુષ્ટગ્રંથી** એવા બે મુખ્ય વર્ગ કરવામાં આવ્યાછે.

નિર્દોષગ્રંથી:—તેના ગુણ નીચે પ્રમાણે હોયછે.શરીરના હરકોઇ ભાગમાં તે થાયછે. તેનીવૃદ્ધિ તીવ્રને બદલે મંદ હોયછે, તેની અસર આખા શરીરપર હોતી નથી. જે સ્થળે થાય તેટલાજ સ્થાનીક ભાગ ઉપર હોયછે, તેમાં વિશેષ વેદના અને દાહ જોવામાં આવતાં નથી. ઘણું કરી તે પાકતી કે ફૂટતી નથી, તેનું છેદન કરવાથી તે નાબુદ થાયછે, અને ફરી થતી નથી, તેના સંબંધના રસપીંડ ઉપર તેની કાંઈ અસર થતી નથી.તેની ઉપરની ત્વચા છૂટી સ્વભાવિક રંગની હોયછે. તેનો બાંધો શરીરના સ્વભાવિક ઘટ પદાર્થને મળતો હોયછે.

દુષ્ટગ્રંથી:—તેના ગુણ ઉપરના ગુણથી ઘણા ઊલટા હોયછે.તે શરીરના હરકોઈ ભાગમાં મળી આવેછે. પણ ઘણું કરી ગર્ભસ્થાન, સ્તન, આંખ, શીશ્ન વગેરે કેટલાક ચોકસ ભાગ ઉપર વિશેષ જોવામાં આવેછે. તેની વૃદ્ધિ ઘણી તીવ્ર હોયછે, અને તે જલદી પાકીને ફૂટેછે. તેમાંથી રૂધિર તથા દુર્ગંધી પરૂ નીકળેછે, તેમાં વેદના થાયછે અને આખા શરીર ઊપર તેની અસર થાયછે. શરીર ફીકું શોકાતુર નબળું થઇ જાયછે. તેનુ છેદન કરવા છતાં તે ગ્રંથી શરીરના તેજ અગર હરકોઈ બીજા ભાગમાં ફરી થાયછે, તેના સંબંધના રસપિંડ બદની માફક વૃદ્ધિ પામેછે. આ દુષ્ટ ગ્રંથીને **અર્બુદ** કહેછે. તેનો બાંધો શરીરના સ્વાભાવિક ઘટાવયવથી ભિન્ન હોયછે. ક્વચીત્ એવી ગ્રંથી થાયછે કે તેમાં બેઉ વર્ગના થોડા થોડા ગુણ હોયછે.

નિર્દોષ ગ્રંથીના એક **નક્કર** તથા બીજો **પ્રવાહી ગ્રંથી** એવા મોટા બે વિભાગછે. નક્કર ગ્રંથી પોકળ ન હોતાં એક સરખી હોયછે. પ્રવાહી ગ્રંથીની અંદર પાણી અને

બીજો ચીકણો તેલ જેવો પદાર્થ, ચરબી જેવો નરમ પદાર્થ, અને ક્વચીત લોહી પરૂ આદિ નરમ પ્રવાહી પદાર્થ હોયછે.

પ્રવાહી ગ્રંથીમાં મોટો ભાગ **રસોળીનો** આવેછે. શરીરની ત્વચામાં તથા બીજા ભાગોમાં રસોત્પાદક અગણિત પિંડ અને માર્ગ હોયછે. તેનો વ્યાધિ અગર પ્રતિબંધ થવાથી તેના રસનો જમાવ અને વૃદ્ધિ થઈ સાધારણ રસોળી ઉત્પન્ન થાયછે.સાધારણ રસોળી સોપારીથી તે લીંબુ જેવડી થાયછે.ક્વચીત બહુજ મોટી થઈ પડેછે.મસ્તક ડોક અને પીઠ ઉપર તે બહુ જોવામાં આવેછે. તે સિવાય બીજા હરકોઈ ભાગમાં પણ થાયછે. તેમાં નરમ સફેદ ચરબીનો લાંપી જેવો પદાર્થ હોયછે. કોઇવાર તેલ જેવું પ્રવાહી નીકળે છે. ક્વચીત રસોળી મોટી થઇ ફૂટેછે અને તેમાંથી લોહી અને પરૂ નીકળેછે. તે વાસ મારેછે અને અર્બુદના જેવો દેખાવ આપેછે. આવો દેખાવ કોઇવાર મસ્તક ઉપર માલમ પડેછે. ક્વચિત રસોળી માંહેનો પદાર્થ થોડો બહાર નીકળી સૂકાઈ જાયછે, અને તેવી રીતે તળીયેથી બીજો નવો પદાર્થ નિકળતો જાયછે, અને જો તેની વૃદ્ધિ થાયતો શીંગડાના જેવો તે ભાગ ઊંચો વધેછે.

મોઢાની અંદર જીભ તળે એક પ્રકારની ગ્રંથી થાયછે, તેમાં ચીકણો લાહી જેવો પદાર્થ ભરાઈ રહેછે, તે ફૂટેછે, અને ફરી ભરાયછે. મોઢાના બીજા સ્થળોમાં પણ તેવીજ રસોળી થાયછે.

હાથના પાંચા ઉપર પાછળની બાજુ સ્નાયુના દોરડાના સંબંધમાં રસનો ભરાવો થવાથી નાની મોટી એક અગર વધારે ગ્રંથી થાયછે. ઘૂંટણ અને કોણી ઉપર ત્વચા નીચે રસોત્પાદક થેલી હોયછે, તેના રસની વૃદ્ધિ થઈ ગ્રંથીની માફક તે કોઇવાર મોટી થઇ પડેછે.

સ્ત્રીના ઉદરમાં સ્ત્રીઅંડના સંબંધમાં નાની મોટી રસોળી થાયછે. તેમાં પાણી, તેલ અગર કોઇવાર ગર્ભના અસ્થિ, દાંત, કેશ વગરે મળી આવેછે,તેની વૃદ્ધિ થઇ ઘણી વખત મોટું જળોદર થાયછે.

ઇલાજઃ—રસોળી નાની અને દુઃખ ન દેતી હોય તથા જો તે ઢંકાયલા ભાગમાં હોય તો ઘણા લોકને તેનો ઇલાજ કરાવવા જરૂર પડતી નથી. તે થોડી વધીને પછી સ્થિર રહેછે અને ઇજા કરતી નથી. પણ ઘણી વખત જ્યારે તે ઉઘાડા ભાગ ઉપર હોયછે અને મોટી થાય અગર દુઃખ આપેછે ત્યારે તેનો ઇલાજ કરાવવા જરૂર પડેછે.

રસોળીને ત્રોફવાથી કેટલીકવાર તે મોટી થતી બંધ પડેછે,અગર તે કમી પણ થઇ જાયછે.ત્રોફવું એટલે સોઇવતી તેને છુંદવું. તે વખતે થોડી વેદના થાયછે અને થોડું લોહી પણ નીકળે છે. કોઈવાર તેના ઉપર ડામ દેછે. તેનાપર આયોડીન વગરે લગાડાય છે.

ઘણી વખત આવા સહજ ઉપાવોથી તેના ઉપર અસર થતી નથી. તેથી તેના ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવેછે. તેને આર અને નળી સંયુક્ત હથીયારવડે ફોડ્યા પછી તેમાં આયોડાન વગરે દવાની પીચકારી મારવામાં આવેછે. અગર તેમાં દોરો પરોવવામાં આવેછે તેથી ફાયદો થાયછે.

સૌથી ઉત્તમ ઉપાય તેને શસ્ત્રથી કાઢી નાંખવાનોછે. ત્વચાની છેદ કરી, રસોળીની અંદર થેલી હોયછે, તેને જુદી પાડીને સંબંધ કાઢી નાંખવી, અને પછી જખ્મને શીવી લેવા, તે પ્રમાણે નીકળી શકે તેમ ન હોય તો રસોળીને ચીરીને તેમાં મલમ પટી ભરવાં. અને રસોળીને તળીયેથી તેને રૂઝાવા દેવી એટલે ફરીથી તે થશે નહીં.

નક્કર ગ્રંથીઃ—નક્કર ગ્રંથી શરીરનાં જેજે ભાગ ઉપરથાયછે તથા જે ઘટ પદાર્થથી તે બનેછે તેને આધારે તેના નીચે પ્રમાણે વિભાગ પાડવામાં આવ્યાછેઃ—

ત્વચાની ગ્રંથી.	સ્વભાવિક પિંડની ગ્રંથી.	અસ્થિની ગ્રંથી.
શ્લેષ્માવરણની ,,	તંતુના સંબંધનો ,,	શ્વેત તંતુની ,,
ચરબીની ,,	સારકોમેટા ,,	કાર્ટીલેજની ,,

૧ **ત્વચાના સંબંધની ગ્રંથીઃ**—આ ગ્રંથીમાં **મસા** એ મુખ્યછે અને તે મસ્તક ઊપર વિશેષ જોવામાં આવેછે. પ્રમેહ અને ગરમીના મરજવાળાને શીશ્ન ઉપર તથા ગુદદ્વારે ઉપર અને બીજા ભાગો ઉપર મસા થાયછે. ત્વચાના ભાગની વૃદ્ધિથી મસા થાયછે. તેના ઈલાજને માટે તેને કાતરથી કાપીને કાસ્ટીક અગર તેજાબથી બાળી નાંખવા. ગરમી પરમોયાથી થયેલા મસા ઉપર કાલોમેલ ભભરાવવાથી તે મટી જશે.

ધુંચ અથવા જળોયાંઃ—(કીલાઈડ) ધુંચ નામની ગાંઠનો સમાવેશ ત્વચા ગ્રંથીમાં થાયછે. તે ઘણુંકરી છાતી ઉપર જોવામાં આવેછે. તે ચપટી ગાંઠ હોયછે, અને તેના ફાંટા ફેલાયછે, તેમાં ઘણુંકરી દુઃખાવો હોતો નથી. કોઈવાર દુઃખેછે. દાઝ્યાથી જેવી ધુંચ પડી હોય તેવો તેનો દેખાવ હોયછે. તે એક અગર વધારે હોયછે, અને તે સ્થિર હોયછે અગર વધેછે. તેનો ઉપાય પણ કાપી કાઢ્યા શિવાય બીજો નથી. તેને જડ મૂળમાંથી કાપી કાઢવી. કોઈવાર કાપ્યા પછી વળી ફરી થાયછે.

૨ **શ્લેષ્માવરણની ગ્રંથીઃ**—આ ગ્રંથીમાં અર્શનો સમાવેશ થાયછે. તેમાં શ્લેષ્માવરણની વૃદ્ધિ થઈ નાની મોટી ગ્રંથી થાયછે. નાક, કાન, ગુદા, યોની, અને ગર્ભસ્થાનમાં આવી ગ્રંથી થાયછે. તે નાની અને પહોળી હોયછે અગર એકથીવધારે ઈંચસુધી લાંબી વધીને લટકતી રહેછે. નાકમાં આ અર્શ ઘણી વખત જોવામાં આવેછે. તેથી નાક બંધ થઈ જાયછે અને કોઈવાર તે પાછળ ગળામાં ઉતરેછે. એક અગર બેઉ કાનમાં સાથે અર્શ થાયછે. કાનમાં થાયછે ત્યારે પરૂ નીકળેછે. યોનિ અને ગર્ભાશયમાં થાયછે ત્યારે તેમાંથી લોહી પડેછે. ગુદામાં જે સાધારણ અર્શનો વ્યાધિ થાયછે તે આ ગ્રંથીથી જુદો સમજવો.

ઉપાયઃ—નાક અગર કાનની અર્શગ્રંથી ઉપર ટાનીક આસીડ વગેરે ગ્રાહી પદાર્થ છાંટવાથી વખતે તે કરમાઈ જાયછે. મોટી થાયતો તેને કાપી કાઢવામાં આવે છે. કાપી કાઢવામાં રક્તસ્રાવ થવાનું જોખમ રહેછે, માટે તેના મૂળને દોરાથી બાંધીને ઉપરનો ભાગ કાપી નાંખવો અગર અર્શને ચીમટામાં પકડી તેને વળ દઈને ઉખેડી નાંખવો એટલે લોહી વહેતું નથી.

૩ **સ્વાભાવિક પીંડની ગ્રંથીઃ**—સ્વાવાભાવિક પીંડની વૃદ્ધિ થાયછે જેમકે રસપીંડની વૃદ્ધિ બગલ, ડોક, અગર જાંગમાં ઘણીવાર જોવામાં આવેછે. આ વૃદ્ધી ઘણુંકરી રક્તદોષને

લીધે થાયછે. ગળગંડની મોટી ગ્રંથી ગળા ઉપર થાયછે. ગળામાં એક સ્વાભાવિક પિંડછે તેની વૃદ્ધિ થવાથી તે થાયછે.

ઈલાજ:—લોહી સુધારવા તથા શક્તિ આવવાની દવા આપવી અને જરૂર જણાય તોજ શસ્ત્રોપચારથી તેને કાઢવી. તેપર આયોડીન લગાડવું. રેડ આયોડાઈ આફ મરક્યુરી ઑઈન્ટમેન્ટ ગળગંડ ઉપર લગાડવું.

૪ **તંતુના સંબંધની ગ્રંથી:**—તંતુના ઉપર કોઈવાર ગ્રંથી થઇ આવેછે અને તેના દ-બાણને લીધે તે તંતુના સંબંધના અવયવો બધિર અગર અચેત થઈ જાયછે. કોઈવાર તેનાથી કાંઇ અડચણ અગર પીડા થતી નથી. તેને જરૂર જણાયતો કાપી કાઢવી.

૫ **ચરબીનીગ્રંથી:**—ચરબીની ગ્રંથી પીઠ, ડોક, જાંગ, નિતંબ વગેરે બીજા ભાગો ઉપર પણ થાયછે. તે નાની લીંબુથી તે મોટા નાળીએર જેવડી મોટી થાયછે. તે પહોળી વધીને ચોટેલી રહેછે અગર તેનું મૂળ લાંબુ થઈ લટકતી રહેછે. તેમાં દરદ અગર વેદના હોતાં નથી અને હાથને નરમ લાગેછે. આપણામાં તેની સાધારણ રસોળીમાં ગણત્રી થાયછે. તેને કાપતાં તેમાં ફક્ત ચરબીના લોચા માલમ પડેછે. તેની વૃદ્ધિ મંદ હોયછે.

૬ **શ્વેતતંતુમયગ્રંથી:**—આવી ગ્રંથી કઠણ અને સખ્ત હોયછે. ગર્ભાશય, કાન, જડબાં, ડોક, અને અસ્થિઆવરણ તથા બીજા ભાગોમાં આ ગ્રંથી મળી આવેછે. તેને કાપતાં તે સખ્ત માલમ પડેછે, તથા તે શ્વેતતંતુની બનેલી હોયછે. તેની વૃદ્ધિ આસ્તે આસ્તે થાય છે અને તે પીડા રહીત હોયછે. કેટલીકવાર તે પાકીને ફુટેછે અને સડેછે.

ઈલાજ:—આ ચરબીમય તથા તંતુમય બંને પ્રકારની ગ્રંથી ઘણું કરી એક પોતાની થેલીમાં રહેછે. તે ગ્રંથીને એક છેડાથી બીજા છેડાસુધી ત્વચા છેદ કરી તેને જુદી પાડી ગ્રંથીને કાપી કાઢવી. બાદ ત્વચાને સાવી લઇ તેની માવજત જખ્મોની મીસાલે કરવી.

૭ **"સારકોમેટા":**—આ પ્રકારની ગ્રંથીમાં શ્વેતતંતુ તેમજ બીજા પરમાણુ હોય છે. આ પરમાણુ ગોળાકાર, લંબાકાર, તથા અનીયમીત આકારનાં હોયછે. ડોક, સ્તન, અ-સ્થિઆવરણ વગેરે શરીરના વિવિધ ભાગમાં સારકોમેટા જોવામાં આવે છે. તેની વૃદ્ધિ ઉપર કહેલી બંને પ્રકારની ગ્રંથી કરતાં જલદ હોયછે. તેમાં વખતે વેદના પણ થાયછે. ઘણું કરી તે કઠણ ગોળાકાર હોયછે. ક્વચીત તે નરમ અને ટેકરા ટેકરીવાળું હોય છે. કેટલીકવાર તે ત્વચામાંથી ફાટેછે, સડેછે, અને ગંધાયછે.

આ સારકોમેટાની ગ્રથી નિર્દોષ તથા દુષ્ટ પ્રકારની ગ્રંથીના વચલા વર્ગમાં આવેછે. તે જલદી મોટી થાયછે એટલુંજ નહિ પણ કાપી કાઢ્યા પછી પણ કેટલીકવાર ફરી થાય છે. એથી તેને પુનરીત ગ્રંથી કહેછે, તથાપિ દુષ્ટગ્રંથીની માફક તેનો બીજા ભાગમાં ફેલાવો થતો નથી. શરીર તથા નજીકના રસપિંડ ઉપર તેની અસર હોતી નથી.

ઈલાજ:—તેને કાપી કાઢવી. ગ્રંથીની આસપાસનો ભાગ દુર કરવો. કારણ કે જો તેનો કાંઈ અંશ રહી જાયતો તે ફરી થાયછે. પછી બીજા જખ્મો પ્રમાણે તેની માવજત કરવી.

૮ **કાર્ટીલેજ ગ્રંથી:**—આ ગ્રંથીનો બાંધો કાર્ટીલેજની માફક અર્ધાસ્થિ જેવો હોય છે. તે ગ્રંથી નાની અને કઠણ હોયછે. ઘણીવાર તે એક કરતાં વધારે જોવામાં આવેછે

હાથનાં આંગળાં ઉપર તથા બીજે ઠેકાણે પણ જોવામાં આવે છે. તે ધીમેધીમે વધે છે પણ જો મોટી થઇને ત્વચામાં ફુટ કરે તો પછી તેનો દેખાવ દુષ્ટગ્રંથી જેવા જણાય છે.

ઇલાજ:—તેને કાપી કાઢવા સિવાય બીજો ઇલાજ નથી. જરૂર જણાય તો જે અસ્થિના સંબંધમાં તે ઉત્પન્ન થાય તેનો કાંઈ ભાગ પણ કાઢવો પડેછે.

અસ્થિની ગ્રંથી:—આ ગ્રંથી ત્રણ પ્રકારની થાયછે. એક ઘણીજ કઠણ દાંતના જેવી થાય છે. બીજા પ્રકારની જે થાયછે તેપણ હાડકા જેવી કઠણ હોયછે. પણ દાંતની માફક કઠણ અને નક્કર હોતી નથી. તે વચમાં થોડીથોડી પોકળ હોયછે. આવી અસ્થિની ગ્રંથી ઘણું કરી ચપટા અસ્થિમાંથી ઉત્પન્ન થાયછે. જેમકે બસ્તિ, મસ્તક, તથા ચહેરાનાં હાડકાં ઉપર તે જોવામાં આવેછે, તે ઘણીજ ધીમે ધીમે વધેછે, અને ઘણું કરી તે પીડા રહીત હોયછે. ત્રીજા પ્રકારની અસ્થિગ્રંથીમાં પ્રવાહી હોયછે. આ પ્રવાહી કોઇવાર રૂધીર તથા કોઇવાર બીજા પ્રકારનું હોયછે.

આ સર્વ પ્રકારની ગ્રંથી જો નાની હોય તથા અડચણ અને વેદના રહીત હોય તો રહેવા દેવી અને પીડાકારક હોય તો પીડા શામક ઉપાયો યોજવા. કાઢી શકાય તેવે સ્થળે હોય તો તેને કાઢી નાખવી.

દુષ્ટગ્રંથી અથવા અર્બુદ (ક્યાનસર):—આ ત્રણ પ્રકારનાં થાયછે કઠણ અર્બુદ નરમ અર્બુદ, અને એપીથીલ્યોમા. અર્બુદનો બાંધો શરીરના સાધારણ ભાગોથી ભિન્ન હોય છે. તેમાં મુખ્ય ભાગ રજકણનો હોયછે અને થોડો ભાગ તંતુ તથા પ્રવાહીનો હોયછે. અર્બુદની અસર આખા શરીર ઉપર થાયછે. આ રોગ કેટલાકને વારસામાં મળેછે. અર્બુદ ઝડપથી વધેછે અને તેની આસપાસના ભાગોમાં ફેલાયછે. તેની અસરથી તેના સંબંધના રસપિંડ વૃદ્ધિ પામે છે. તેમાં વેદના થાયછે. ત્વચાનો જલદી વરમ થઈ તે ફુટે છે અને તેમાંથી લોહી વહેછે તથા ગંધાતુ ક્ષત પડી રસી નીકળેછે, લોહી ઘણું અને વારંવાર નીકળેછે તેથી પાંડુ રોગના જેવાં લક્ષણ પેદા થાયછે. અર્બુદ થતી વખત ફક્ત સ્થાનિક હોયછે. પણ થોડા વખતમાં તે શરીરમાં વ્યાપી જાયછે. શરીરના બીજા ભાગમાં અર્બુદની ગ્રંથી પેદા થાયછે. એક સ્થળે કઠણ હોય અને બીજે ઠેકાણે નરમ અર્બુદ પણ થાયછે.

કઠણ અર્બુદ (સ્કીરસ): એ પુરૂષ કરતાં સ્ત્રીઓને વિશેષ થાયછે. ગર્ભસ્થાન અને સ્તન ઉપર તે વિશેષ થાયછે. જ્યારે સ્તન ઉપર થાયછે ત્યારે પ્રથમ સ્તનની અંદર એક કઠણ ગાંઠ બંધાયછે તે વધેછે. સ્તનની કરચલી પડેછે તેની ડીંટડી અંદર ખેંચાય છે. ચસ્કા આવેછે અને કાખમાં રસપીંડ મોટા થાયછે. થોડા વખતમાં ત્વચાનો વરમ થઈ તે ફાટે છે અને દુષ્ટ દેખાવનું ગંધાતુ ક્ષત પડેછે. આ ક્ષત ઊંડુ હોયછે. તેની કોર ઊંચી ઘણી કઠણ અને અનિયમીત હોયછે. તેમાં ઘણી વેદના થાયછે. દુર્ગંધવાળુ પરૂ નીકળેછે. અને વારંવાર તેમાંથી રક્તસ્ત્રાવ થાયછે. તેથી સ્ત્રી દિવસે દિવસે લેવાતી જાયછે, અને છેવટે ફેફસાં અગર કલેજાનો વરમ થઈ મૃત્યુ શરણ જાયછે.

આ અર્બુદ કાપવામાં પણ ઘણું સખત હોયછે તેથી તેને કઠણ અર્બુદ કહે છે અને અંદરથી સફેદ તંતુ માફક જણાયછે. તે કદમાં ઘણું મોટું હોતું નથી. કઠણ અર્બુદ મોટી અવસ્થામાં ઉત્પન્ન થાયછે.

નરમ અર્બુદ (એનકેફાલોઈડ):—આ અર્બુદને હાથનો સ્પર્શ કરતાં નરમ લાગે છે. આ અર્બુદ ઘણુંજ દુષ્ટ હોયછે. તે બહુ તીવ્રતાથી વધેછે અને કેટલીકવાર કદમાં ઘણું મોટું થઈ પડેછે, તે નાની મોટી સર્વ અવસ્થામાં થાયછે અને શરીરના ગમે તે ભાગમાં થાયછે. તે હાથને પોચુ લાગેછે એટલુંજ નહીં પણ કોઇવાર અંદર પ્રવાહી હોય તેવું લાગેછે. તે સંબંધ હોય ત્યારે કેટલીકવાર તેની અંદર રક્તસ્રાવ થાયછે અને ત્વચામાંથી ફુટેછે. ત્યાર પછી રક્તસ્રાવનો સુમાર રહેતો નથી. તે જલદી વધીને ત્વચા ફુટેછે એટલે મોટા માંસના લોચા જેવું થાયછે અને વાસ મારેછે. આંખ, નાક, સ્તન, વૃષણ, અસ્થિ તથા બીજા અવયવોમાં નરમ અર્બુદ થાયછે તેને કાપતાં તે નરમ માલમ પડેછે અને મગજના જેવો દેખાવ આપેછે.

"એપીથીલ્યોમા"—આ રોગ ઘણું કરી ત્વચા તથા શ્લેષ્મા વરણ ઉપર થાયછે. તે નાના મસા અગર ક્ષતથી શરૂ થાયછે અને હળવે હળવે વધીને અર્બુદના સર્વ ગુણ પ્રદર્શીત કરેછે. તે ઘણું કરી જીભ, હાથ, શીશ્ન, ગુદા, યોનીઓષ્ટ ઇત્યાદિ સ્થળે થાયછે. તે થવાનું ઘણીવાર કાંઈ કારણ માલમ પડી આવેછે. જેમકે કાંઈ લાગવાથી અસ્વચ્છતાઇથી અને એવા બીજા ક્ષુલક કારણ ઉપરથી તેની શરૂઆત થાયછે.

ઉપાયઃ—અર્બુદ માટે પુર્ણ સંતોષદાયક ઇલાજ નથી. શરૂઆતમાંજ તેને પુર્ણપણે કાપી કાઢવામાં આવે તો કદાચ આરામ થાય. અર્બુદ મોટું થઇ વ્યાપિ ગયા પછી કાપવામાં આવે તો તે ફરીથી થાયછે. તથાપિ જરૂર પડે ત્યારે અને છેદન થઇ શકે તેવે ઠેકાણે હોય તો તેને કાપી કાઢવામાં આચકો ખાવો નહીં. જોકે તેમ કરવાથી દરદી કેવળ મુક્ત થતો નથી, તોપણ કેટલોક કાળ તે ફરીથી થાય ત્યાંસુધી તેને સારી વિશ્રાંતી મળેછે. ચપુથી તેમજ ફાંસાથી અને દોરાવતી બાંધીને તેને કાઢી નાંખવામાં આવેછે.

વળી કાસ્ટીક, સોમલ, નાઇટ્રીક સલફ્યુરીક આસિડ વગરે દંભક દવાથી તેને બાળવામાં આવેછે. તપાવેલા લોખંડથી પણ તેને બળાયછે. સારો ખોરાક પૌષ્ટી દવા આપવાં. કેફની દવાથી દરદીને વેદનામાંથી આરામ મળેછે. અર્બુદના ક્ષતને દુર્ગંધનાશક દવાઓથી ધોઇને સાફ રાખવાં.

હડકવા.

(હાઇડ્રોફોબીયા)

હલકાં જનાવરો તથા કીડાના દંશથી માણસ જાતને જે દરદ થાયછે તે માહેલું આ પણ એકછે. આ દરદ મોટું ભયંકર તથા દુઃખદાયકછે, કૂતરાં, વરૂ, શીયાળ, વાઘ અને બિલાડી વગરે જાતનાં જનાવરોને આ રોગ વિશેષ થાયછે. તેના કરડવાથી માણસ ઢોર અને ઘોડા વગરે બીજા જનાવરોને પણ આ રોગ પેદા થાયછે. માણસને ઘણું કરી હડકાયાં કૂતરાં, અને કોઈવાર તેવાંજ શીયાળ અગર વરૂના કરડવાથી આ રોગ ઉત્પન્ન થાયછે. જ્યારે કૂતરાને આ રોગ થાયછે, ત્યારે તે પોતાની પુંછડી નીચે પછવાડેના

બે પગ વચે ઘાલી અહીંથી ત્યાં દોડાદોડ કરેછે, ભશ્યા કરેછે, અગર ચુપચુપ જેને તેને કરડવા ધસેછે. મોઢામાંથી લાળ વહેછે, ખાવું પીવું છોડી દેછે. બીજાં કુતરાં સાથે રહેતું નથી તથા તેમને કરડેછે. આ પ્રમાણે બે ચાર દિવસ રેઝળી મૃત્યુ પામેછે.

જેટલાં માણસ અગર જનાવરને હડકાયલું કૂતરૂં કરડેછે તે સર્વેને હડકવા થતો નથી, કેટલાકને થાયછે ને કેટલાક બચી જાયછે. વખતે કપડા ઉપરથી દાંત બેઠા હોય તેનું થૂંક કપડામાં લોવાઈ જાયછે, અને તેથી લોહીમાં પ્રવેશ કરતું નથી. હડકવા થવાનું ઝેર તેના થૂંકમાં હોયછે, તે જો લોહી સાથે મળી જાયતોજ નુકશાન પહોંચેછે.

વખતે એકજ હડકાયલું કૂતરૂં બે આદમીને કરડેછે તેમાંથી એકને હડકવા થાયછે તથા બીજાને કશું થતું નથી. હાલમાં એવા દાખલા થોડા નોંધવામાં આવ્યા છે કે જેમાં એક સારૂ કૂતરૂં (હડકાયલું ન હોવા છતાં) માણસને કરડવા બાદ તે આદમીને હડકવાનું દરદ થયું હતું. હડકાયલું કૂતરૂં આદમીને કરડ્યા બાદ આ દરદ તરત ઉત્પન્ન થતું નથી. ઘણુંકરી બે ચાર અઠવાડીયાંથી બે ચાર મહિના વીત્યા બાદ તે ઉત્પન્ન થાયછે. કોઈવાર એકાદ વરસ નીકળી જાયછે અને એકાદ અઠવાડીયામાં પણ તે જણાઈ આવેછે. આપણા લોકોમાં કેટલાક એમ માનેછે કે ચોમાસામાં જ્યારે વરસાદની ગર્જના થાયછે ત્યારે હડકવા થઈ આવેછે. પણ તેમ નથી. તે કોઈ પણ રૂતુમાં થાયછે. સાધારણ દંશ થયા બાદ ત્રણ મહિનામાં એની ઉત્પત્તિ થાયછે. દંશ થયા બાદ જે જગોએ દંશ થયો હોય તે જખ્મ થોડા દિવસમાં સાફ રૂઝાઈ જાયછે. હડકવા થવાનો સમય આવે ત્યારે કેટલાકને આ જખ્મી જગાએ ચળ આવેછે, દરદ થાયછે. અગર ચસકા નીકળેછે. અને કોઇને એ જખ્મને ઠેકાણે કાંઈ પણ જણાતું નથી.

ચિન્હઃ—હડકવા થવાનો સમય આવે એટલે પ્રથમ બેચાર દિવસ આદમીને બે. ચેનપણું રહેછે. શરીર ભાગેછે, નિદ્રા બરાબર આવતી નથી, ભૂખ લાગતી નથી, માથું દુઃખેછે અને ત્યાર પછી બીજા ખાસ ચિન્હો જણાય છે. આંખો ચકડોળ ફરેછે, ચહેરો ભયભીત થઇ જાયછે, ગરદન દુખવા માંડેછે તથા મોમાંથી લાળ નીકળેછે, ખોરાક અને પાણી ગળવું મુશ્કિલ થઈ પડેછે તથા શ્વાસ મુઝાયછે, મોઢામાં થુંક ચીકણું થઇ જાયછે, અને તે પુષ્કળ વખત ઓખારા મારી થુંકવું પડેછે, ઊંઘ આવતી નથી અને તેની સાથે વિચિત્ર પ્રકારના ભ્રમ ઉત્પન્ન થાયછે. બીજો દિવસ થાયછે એટલામાંતો દરદીની અવસ્થા દુઃખ દાયક થઇ પડેછે. તરસ ઘણી લાગેછે, પણ દરદી પ્રવાહી પદાર્થ અગર પાણી પી શકતો નથી. પાણી લઇ પીવાનો યત્ન કરેતો જાણે એકદમ શ્વાસ બંધ થઈ તે ગુંગળાઈ જઈ પ્રાણ નીકળી જતો હોય તેમ આકુળ વ્યાકુળ થઈ જાયછે, આંચકીની માફક શરીર ખેંચાયછે, કમકમાટી અથવા ધ્રુજારો થાયછે. પાણી પીવાથી, તેનો સ્પર્શ થવાથી, તેમાં મોંઢુ જોવાથી, અરીસામાં મોંઢુ જોવાથી, તેમજ વખતે દુરથી પાણીનો અવાજ સાંભળવાથી અગર પવનથી પણ આ પ્રમાણે આંચકીની માફક કંપવા થઈ આવેછે, તેથી દરદી પાણી અને અરીસા વગેરેથી ઘણો ડરેછે. ગમે તેવી તૃષા લાગે પણ પાણીનું એક ટીપુ મોઢામાં મૂકવા હીમત થતી નથી, તેથી તે દરદનું નામ ઈંગ્રેજીમાં "હાઇડ્રોફોબીઆ" એટલે

"પાણીનો ડર" એવું આપ્યું છે. પેશાબ થોડો થોડો વારંવાર થાયછે. દરદી સાવધ હોય છે, પણ ચહેરો ઘણોજ ફિકરમંદ અને ક્લેશ દર્શક જણાયછે. મોટા અવાજ, ઉજાશ, અને સ્પર્શ સહન થઈ શકતાં નથી. છેવટ તેને ભ્રમ થાયછે અને તે બકેછે, અગર તોફાન કરેછે અને વખતે કરડવાને ધસે છે, પછી થાકીને લેવાઇ જાય છે, બેશુદ્ધ થઈ મૃત્યુ શરણ જાયછે. હડકવા શરૂ થયા પછી એક બેથી ચાર પાંચ દિવસમાં છેવટ આવેછે. હડકવા થયેલો આદમી ભાગ્યેજ ઉગરેછે.

હડકવા થાયછે ત્યારે લોકોને સાધારણ એમ સમજણ છે કે તે આદમી કુતરાની માફક ભસેછે તથા કરડેછે, પણ તેમ નથી. તે આદમી સાવધ હોયછે ત્યાંસુધી કદીપણ કરડશે નહિ. ફક્ત તેને એક પ્રકારની હેડકી આવેછે તેને ભસેછે એમ લોકો સમજેછે. કોઇ વખત આદમી નક્કર ખોરાક ખાઇ શકેછે. કોઇવાર મરવાની પહેલાં થોડો વખત આ સર્વે ચિન્હો દબાઈ જાયછે.

ઈલાજઃ—એકવાર ખરો હડકવા થયો એટલે તેનો ચોકસ ઇલાજ કાંઈ નથી. જે જગાએ દંશ થયો હોય તે ભાગ આસપાસથી તરત કાપી નાખી કાસ્ટીક લગાડવું. અગર બાળી નાખવો. કેટલાકનો એવો મતછે કે એ જખમ રૂઝાઈ ગયો હોય તોપણ તે જગોએ કાપીને કાસ્ટીક લગાડવું. આ ઉપાય ફક્ત હડકવા ઉત્પન્ન થયાની પહેલાં કરવાનો છે. હડકવા થયા બાદ તે ખાઇ ન શકેતો દૂધ બ્રાંડી વગેરે પાતળા ખોરાકની પુંઠેથી પીચકારી મારવી. તેને એક અંધારી કોટડીમાં રાખવો તથા પાસે કાંઈ અવાજ ઘોંઘાટ થવા દેવો નહિ. ઘણા આદમીએ પાસે જવું નહિ. કલોરોફોર્મ સુંઘાડવો, કસ્તુરી આપવી, અફીણ અગર બેલાડોના આપવું. મોર્ફીયા, આટ્રોપીન અગર કલોરલ હાઇડ્રેટની ત્વચામાં પીચકારી મારવી.

વડોદરાના ડાકટર બાલચંદ્રને હાથ કોઈ પુરાતન દવાનો પચો (નુકશો) લાગ્યો તે તેમણે પ્રસિદ્ધ કર્યો છે. તેમાં લખેછે કે—

કાળા ધંતુરાના પાનનો રસ...૧ તોલો.	કાચા ચોખાનો આટો...૨ તોલા.
તલ.......... ....૨ તોલા.	લીલું કોપરૂં ....૧ તોલો.
ગોળ ....૧ ,,	

આટલી ચીજો લઈ તેમાંથી ચોખા તલ નાળીએર અને સાકરને સવાશેર કોપરાના દૂધમાં મેળવી, ઘૂંટી, તેમાં ધંતુરાનો રસ મેળવવો, અને તે સવારમાં નયણે કોઠે હડકવાની શરૂઆતમાં પીવું. દરદીને ખાવા ફક્ત ચોખાને દહી આપવું, કહેછે કે આ દવાથી કેટલાકને સારૂં થયુંછે.

ધનુસ્તંભ, ધનુર્‌વા, ચમક.

(ટેટાનસ.)

ધનુસ્તંભઃ—ધનુર્‌વા અથવા ચમકના દરદમાં શરીર માંહેલી, મોઢાની, જડબાની,

હાથ પગની, તથા બીજી સ્નાયુ ખેંચાયછે, તેથી ઘણી પીડા થાયછે અને ઘણું કરી તેને લીધે પ્રાણ હાનિ થાય છે.

ધનુરવા મુખ્ય બે પ્રકારનાછે. એક પ્રકારનો આપોઆપ થઈ આવેછે તેને **"સ્વજન્ય ચમક"** કહેછે અને બીજો શરીરના કોઈ પણ જખમને લીધે થાયછે તેને **"આકસ્મીક ચમક"** કહેછે.

આંચકીમાં સ્નાયુ ખેંચાયછે, વારંવાર ખેંચાયછે અને ઢીલી પડેછે, પણ ધનુરવામાં સ્નાયુ કેટલેક દરજ્જે ખેંચાયલીજ રહેછે તે તદન ઢીલી પડતી નથી, પણ થોડે થોડે અંતરે તેથી પણ જાસ્તી ખેંચાઈ આવેછે અને આ જાસ્તી ખેંચાઈ આવે તેટલીજ માત્ર પાછી ઢીલી પડેછે પણ તદન ઢીલી પડતી નથી.

કારણઃ—ચમક ઘણીવાર જખમને લીધે થઈ આવેછે અને કોઈ વખત આપોઆપ થંડીને લીધે થઈ આવેછે.

ચમક બધી ઉમરના આદમીને થાયછે. નાના બચ્ચાંથી તે મોટા જઇફને પણ એ દરદ થાયછે. હરકોઈ ઋતુમાં તે થઇ આવેછે. તોપણ થંડી અને શરદઋતુમાં અને જ્યારે હવામાં ફેરફાર અને ગરમીનો વધારો ઘટારો થાય ત્યારે આ રોગ થવાનો વિશેષ સંભવ રહેછે.

ચમક જખમને લીધે થાયછે, પણ કોઇવાર માર લાગવાથી (પડવાથી) તથા પડી જવાથી બહારનો જખમ ન થયો હોય તે છતાં પણ તે થઈ આવેછે સુરેખ જખમ કરતાં ચગદાયલા અને છુંદાયલા ઘાથી (જેમકે હાથપગ કચરાઈ જાય તેથી) તેમજ કાંઈ હથિયાર, ખીલો, કાંટો કે સોય ભોકાવાથી ચમક થવાનો વધારે સંભવ રહેછે. કોઇવાર ડાકતરો કાપકૂપ કરેછે તેથી પણ ધનુર થઇ આવેછે. જો જખમ સૂજી આવે, પાકી આવે તથા તેમાં કાંકરી વગેરે કાંઈ પદાર્થ ભરાઇ રહેતો ધનુર થવાને ઉત્તેજન મળેછે. પોત લીધાથી કોઈકોઈ વખત ધનુર થાયછે. બળવા તથા દાઝવાથી કેટલીકવાર ધનુર થાયછે.

જખમ થયા પછી રૂઝાય ત્યાંસુધી કોઇ પણ વખતે ચમક થાયછે. તોપણ વિશેષે કરીને પ્રથમના પાંચદસ દિવસમાં તે થઈ આવેછે.

જખમ થતાં કોઈ જ્ઞાનતંતુ કપાઈ અગર કચરાઇ જાયછે, પાકેછે, અથવા સૂજી આવેછે, તેની અસર કરોડરજ્જુ સુધી પહોચેછે અને તેથી શરીરની સ્નાયુ ખેંચાઇને ચમક ઊત્પન્ન થાયછે.

ચિન્હઃ—ચમક કોઇ કોઇવાર એકાએક જોરથી શરૂ થાયછે અને કોઇવાર પ્રથમ દરદીને થોડી બેચેની રહેછે, ગરદન દુખેછે અને જડબાં દુખેછે. ધનુરવાનો એ ખાસ ગુણછે કે પ્રથમ જડબાંની સ્નાયુ ખેંચાઇને તેનો આરંભ થાયછે. બેઉ બાજુનાં જડબાંની સ્નાયુ પ્રારંભમાં ખેંચાયછે તેની સાથે ગરદનની સ્નાયુપણ તણાયછે તથા તેટલા ભાગમાં થોડો દુખાવો થાયછે અને મોઢું પુરૂં ઉઘડતું નથી. ત્યારબાદ છાતીની, પેટની, પીઠની, અને હાથપગની સ્નાયુ ખેંચાવા માંડેછે.જે સ્થિતિમાં તે અવયવો હોય તે સ્થિતિમાંતે સજડ થઇ જાયછે, હળવે હળવે દાંત ખીલી વધારે બેસતી જાયછે અને છેવટે ઉપર

નીચેના દાંત ભેગા થઇ તેમની વચ્ચે ખોરાક જવાનો પણ રસ્તો રહેતો નથી. ધનુરવાનું જેવું જોર હોય તે પ્રમાણે એક બે મિનિટથી તે પા કે અડધી કલાકને અંતરે આખું શરીર પગથી તે માથા સુધી ખેંચાઈ આવેછે અને તેથી દરદીને અવર્ણનિય દુઃખ થાય છે. જ્યારે આ પ્રમાણે સ્નાયુ ખેંચાયછે ત્યારે શરીર વાંકું વળીને કામઠા જેવું થાયછે અને તે પરથી આ વ્યાધિનું નામ "ધનુસ્તંભ" પડ્યુંછે. જ્યારે આ રીતે શરીર પાછળની બાજુએ વાંકું વળે ત્યારે તેને **"બાહ્યાયામ"** કહેછે અને કોઈવાર પેટની તરફ વાંકું વળેછે તો તેને **"અંતરાયામ"** કહેછે. આવી રીતે વારંવાર જે સ્નાયુનું વિક્ષેપ ખેંચાણ થઈ આવેછે તે એકાદ મિનિટ રહી ઢીલું પડેછે, પણ યાદ રાખવું કે પ્રથમ સ્નાયુ જેટલી સખ્ત થઇ હોયછે તેટલી તો કાયમ રહેછે. આ વખતે દરદીનો દેખાવ મોટો દુઃખદાયક લાગેછે. તાણ થઈ આવે ત્યારે તે બિચારો અરરર, હી કરેછે, આખા શરીર ઉપર પરસેવાના જેબ વળે છે, કપાળ ઉપરે ત્વચાની કરચળી વળી જાયછે, ચેહેરાની સ્નાયુ ખેંચાયાથી હોઠ બેઉ જુદા પડેછે અને મોઢાના ખૂણા વકાસેછે તથા દાંત ખુલ્લા દેખાયછે, અને તેથી ચેહેરો ચમત્કારિક દેખાવ આપે છે. મસ્તક ફરી શકતું નથી, દાંત ખીલી બેસવાથી સાફ બોલી પણ શકાતું નથી, મોઢામાંથી પાણી પણ ઉતરવું દુષ્કર થઈ પડેછે, હાથ પગ અક્કડ થઈ રહેછે, છાતી ભીંસાય છે, પેટની સ્નાયુ લાકડાના પાટીયા જેવી થઈ જાય છે, તરસ બહુ લાગેછે, ઝાડો ઉતરતો નથી અને આખું શરીર દુઃખે છે. ધનુરની સાથે કોઈ વાર થોડો તાવ હોયછે, દરદને લીધે ઊંઘ આવતી નથી અને છેલ્લે પ્રાણ ત્યાગ કરે ત્યાં સુધી ઘણું કરીને દરદી સાવધ હોયછે.

જો શરીરની તાણ વારંવાર અને ઘણા જોરથી થાય તો થોડી વખતમાં મૃત્યુ નીપજે છે. પણ જો તાણ ઘણે અંતરે અને થોડા જોરથી થાય તો દરદી કેટલાક દિવસ કાઢેછે. જેમ વધારે દિવસ ધનુરનું લંબાણ થાય તેમ દરદીની બચવાની આશા જાસ્તી. જો જખમને લીધે ધનુર થયો હોય તો તેની બચવાની આશા થોડી, પણ જો આપોઆપ થયો હોય તો તેને સારો થવાનો વધારે ભરોંસો રહેછે. ધનુરમાંથી એકસોની અંદર પાંચ આદમી પણ ભાગ્યે બચેછે. ધનુરનાં તથા સ્ટ્રીકન્યા એટલે ઝેરકચોલાનાં ઝેરનાં લક્ષણ એક સરખાં હોયછે. (ઝેરનુ પ્રકરણ જુઓ.)

ઉપાયઃ—ધનુરને વાસ્તે સારો ચોકસ ઉપાય એકે નથી. ધનુરમાંથી બચવાની આશા થોડી તોપણ દરદીની શાંતિને માટે બનતા ઉપાય અવશ્ય કરવા જોઇએ, માટે નીચે પ્રમાણે ઇલાજ કરવા.

જો કોઈ જખમ હોય તો તેને સાફ કરવો, શેક કરવો અગર પોટીસ મારવી. તેની અંદર કાંઈ પદાર્થ હોય તો કાઢી નાંખવો, દરદીને શાંત રીતે એક ઓરડામાં રાખવો, તેની પાસે ઘોંઘાટ કે ગડબડ થવા દેવી નહિ કારણ તેથી કેટલીકવાર જાસ્તી ચમક થઇ આવેછે. ઝાડો સાફ આવવા સારૂ જાલપ તથા કાલોમેલનો જુલાબ આપવો. મોઢેથી જુલાબ ઉતરે તેમ ન હોય તો પૂંઠેથી પીચકારીથી જુલાબ આપવો. તેને ખાવાને વાસ્તે સારો પ્રવાહી ખોરાક આપવો. ધનુરમાં શ્વાસના આવરોધ તથા સ્નાયુના પરિ-

ચમકને લીધે મૃત્યુ નીપજેછે. માટે કૌવત રહે તેવો ખોરાક આપવો. કાંજીને દૂધ આપવાને કાંઇજ અડચણ નથી. આપણા દેશી વૈદ્યો દૂધનો પ્રતિબંધ કરેછે તે ભૂલ કરેછે. ઘટતી રીતે બ્રાંડી પણ આપતા રહેવું. મોઢેથી ખોરાક નહિ ઉતરે તો દૂધ બ્રાંડી વગેરેની ગુદાથી પીચકારી મારવી. નીચેની દવા આપવી, તે વીસ વરસની ઉમરના આદમીને માટેછે.

નં. ૧.	ક્લોરલ હાઇડ્રેટ ....૧૦ ગ્રેન	આ દવાને મિશ્ર કરીને આપવી.
	બ્રોમાઇડ આફ પોટાશ્યમ...૨૦ ,,	
	પાણી સાકરનું .... ૧ ઔંસ	

આ દવા, બીજી સર્વ દવાઓ આજ સુધી ધનુરને માટે આપવામાં આવીછે તેમાં ઉત્તમછે. એ દવા બેથી ત્રણ અગર ચાર કલાકને અંતરે આપ્યા કરવી. ઊંઘ આવેને ચમકનું જોર કમી પડે તો ઠીક, નહિ તો એકલો ક્લોરલ હાઇડ્રેટ ૧૦ થી ૧૫ અગર ૨૦ ગ્રેન સુધી દરેક વખત આપવું. દરદી ઘેનમાં પડી રહે તેટલો ક્લોરલ આપતા રહેવું.

ઘણું કરીને આ દરદમાં અફીણ આપવામાં આવતું નથી. તેનાથી ફાયદાને બદલે ગેરફાયદો થવાનો સંભવછે. તોપણ કેટલાક તેને વાપરેછે. મોરફ્યાની પીચકારીથી સારો ફાયદો થાયછે. તેના $\frac{1}{6}$ થી $\frac{1}{3}$ ગ્રેનની પીચકારી ત્વચામાં દીવસમાં બે વખત મારવી.

બીજી દવા ઇંડીયન હેમ્પ એટલે ગાંજોછે તે પણ ધનુર ઉપર ફાયદો કરેછે.

નં. ૨.	ટીંક્ચર ઑફ ઇંડીયન હેમ્પ...૨૦થી ૩૦ ટીપાં.	બંને દવા મિશ્ર કરી ત્રણ કલાકને અંતરે આપતા રહેવું.
	પાણી .... ૧ ઔંસ.	

આ દવા તથા ઉપરની ક્લોરલ હાઇડ્રેટની દવા વારા ફરતી આપી શકાય તેમજ એકત્ર કરી અપાયછે. આ દવાઓ ઝેરીછે તેથી તે આપવામાં સાવધાનીતથા સંભાળ રાખવી.

સ્નાયુના ખેંચાણથી દરદ થાય અને ઊંઘ પણ આવે નહિ તો ક્લોરોફાર્મ સૂંઘાડવામાં આવેછે, અને ક્લોરોફાર્મના ઘેનમાં દરદી કેટલાક કલાક પર્યંત પડી રહેછે.

બેલાડોના કોઇવાર ફાયદો કરેછે. આટ્રોપીનની ત્વચામાં પીચકારી મારવી, અગર બેલાડોના એક્ષટ્રાક્ટની એક ગ્રેનની ગોળીયો ખાવા આપવી. એક્ષટ્રાક્ટ ઑફ બેલાડોના બરડા ઉપર પણ લગાડવામાં આવેછે.

કાલાબારબીન, હેમલાક અને વછનાગ પણ આ દરદમાં વાપરવામાં આવેછે.

તમાકુનું સત્વ કાઢી તેનો પણ ઉપયોગ થાયછે. રબરની લાંબી થેલી બરફથી ભરીને પીઠ ઉપર લગાડવાની કેટલાક ભલામણ કરેછે. દક્ષિણ દેશમાં ધનુરને માટે ડામ દેવામાં આવેછે. ડામ લમડા ઉપર તથા પીઠ ઉપર અપાય છે.

ધક્કો.

(શૉક).

આદમીને કોઈ પણ મોટી જફા થાયછે ત્યારે પ્રથમ તેની સાથે ધક્કો લાગેછે. જફાના પ્રમાણમાં અને શરીરના જે ભાગમાં જફા થઈ હોય તેના મહત્વ પ્રમાણે ધક્કો લાગેછે.

ચિન્હઃ—ધક્કાનાં ચિન્હ એક સરખાં હોતાં નથી. જ્યારે વિશેષ ધક્કો પહોંચે ત્યારે દરદી

બેહોશ થઈ પડી રહેછે. બોલાવવાથી તે કદાચ ભાગ્યો જવાબ દેછે. શરીર ઠંડું થઈ જાયછે, ધ્રૂજેછે, ફીકું પડી જાયછે, અથવા જરા પરસેવાના ટીંપાં નીકળેછે. નાડી ઘણીજ નાની, નબળી અનિયમિત ચાલેછે. શ્વાસધીમો ચાલેછે. આંખો ચકડોળ રહેછે. શરીરની ગરમી ઉષ્ણતામાપક યંત્રથી કમી માલમ પડેછે. બચ્ચાંને કોઇ વાર આંચકી થાયછે. કોઈ વાર ધક્કાને લીધે મૃત્યુ નીપજેછે. પણ ઘણુ કરી દરદી પાછો સાવધ થાયછે.

ધક્કાને લીધે રકતાશય મંદ પડી જાયછે. તેથી લોહી ફરતું અટકેછે. મૂર્છા જેવી સ્થિતિ થાયછે. વખતે થોડી મિનિટમાં મૃત્યુ થાયછે અથવા કેટલાક કલાક પછી મૃત્યુ થાયછે.

જ્યારે સારૂં થવાનું હોય ત્યારે શરીર પાછું ગરમ થાયછે. નાડી જોરમાં આવેછે તથા દરદીને ભાન આવેછે. તેની સાથે કેટલીક વાર ઉલટી થાયછે.

જફાને લીધે ધક્કો લાગેછે એટલુંજ નહીં પણ ફકત મન ઉપર અસર થવાથી ધક્કો લાગેછે. કેટલીક વખત ફકત બીક અથવા દુઃખદાયક સમાચારથી મનને ધક્કો પહોંચી મૃત્યુ થવાના દાખલા મળી આવેછે.

ઈલાજ—દરદીને સૂવાડી રાખવો. મસ્તક નીચું રાખવું. તેની હેઠળ તકીયો રાખવો નહિ. શરીર પર ગરમ કપડાં ઓઢાડી રાખવાં. ગરમ પાણીથી બાટલીઓ ભરી શેક કરવો. ઉષ્ણ ઉપચાર-બ્રાન્ડી, કસ્તુરી, આમોન્યા આપવાં. ઉષ્ણ ઉપચાર કરવામાં સંભાળ રાખવી કે બહુ નહીં થાય. નહી તો પાછળ સખત તાવ અને વરમ થવાની દેહેશત હોયછે.

બહુ સખત ધક્કો હોય તો નાક આગળ આમોન્યા ધરવો. તેપર બ્લીસ્ટર બોચીપર મૂકવું. છાતીપર રાઈ લગાડવી. ટરપનટાઈન અથવા બ્રાન્ડી ચોળવો. શરીરને વીજળી લગાડવી.

જફા પહોચ્યા પછી અથવા ધક્કો લાગ્યા પછી ઘણી વાર સખ્ત જવર આવેછે. આ જ્વર વરમના જ્વરને મળતો હોયછે. અને તેમાં લખ્યા પ્રમાણે તેના ઉપચાર કરવા.

મુંઢમાર—ચોટ.

(કંટ્યુઝન)

ત્વચાનું છેદન થયા શિવાય શરીરના મૃદુ ભાગમાં ઇજા થાયછે તેને મુંઢમાર અગર ચોટ કહેછે.

પછડાવાથી, દબાવાથી ને માર પડવાથી મુંઢમાર થાયછે. મૂઢમારમાં ત્વચાનો છેદ થતો નથી તથાપિ તેની નીચેના અંદરના ભાગનો ભંગ થાયછે. અને તેથી અંદર થોડો અથવા ઘણો રકત સ્રાવ થાયછે. આ રકતસ્રાવને લીધે ભરોળ અથવા લીલા રાતા અથવા કાળા રંગના ચાંદાં થઈ આવેછે. થોડી ઇજા થઈ હોય તો ફકત ચામડી ઉપર તેની અસર જણાયછે, ઢીમણું થઈ આવેછે. વધારે ઈજા થાય તો અંદરના મૃદુ ભાગ ચગદાઈ જાયછે અને અતીશય ઈજા થાય તો હાડકાં સુધાં કચરાઈ જાયછે.

ઉપાય:—ચામડીને થોડો ધક્કો પહોચ્યો હોય તેનો ઉપાય કરવાની જરૂર પડતી નથી. ચામડીની અંદર રક્તસ્રાવ થયો હોય અને તે પોચો લાગતો હોય તો પણ તેને દૈ-

ડવો નહી. થડું લોશન (એક ભાગ સ્પીરીટમાં આઠ ભાગ પાણી) લગાડવાથી રક્તનું શોષણ થઈ જશે. સોજો અને દુખાવો થયો હોય તો શેક કરવો. જો પાકે એમ લાગતું હોય તો પોટીસ લગાડવી. ત્યાર બાદ પાકી મૃદુ થયેથી ફોડવું અને જખમની મીસાલે તેની રૂઝાવાની તજવીજ કરવી. લચકના વિષયમાં આપેલી દવા ચોટ ઉપર પણ લાગુ પડેછે. ટિંક્ચર આર્નિકાનો એક ડ્રામ પાણીના એક ઔંસમાં મેળવી તે લગાડવાથી મુંઢમાર જલદી સારો થાયછે.

જખમ.

શરીરના કોઈ પણ ભાગનું છેદન થાય તેને જખમ કહેછે. જખમ પાંચ પ્રકારના હોયછે. ૧ સુરેખ જખમ. ૨ છુંદાયેલો જખમ. ૩ ભોંકેલો જખમ. ૪ વિષવાળો જખમ. ૫ બંદુકનો જખમ.

જખમને લીધે કેટલીક વાર ચમક, રતવા, પાઇમ્યા, અને સ્થાનીક મૃત્યુ થાયછે. સુરેખ જખમ કરતા છુંદાયેલ જખમને લીધે ચમક થવાનો વધારે સંભવ રહેછે. કોઇ વાર રતવા થાયછે. દરદી અશકત હોય, તથા ઇસ્પીતાલ જેવે ઠેકાણે દરદીનો સમુદાય હોય, ત્યાં રતવા થવા વધારે વકી રહેછે. જખમ પાકે તેમાંથી ક્વચિત પાઇમ્યા નામનો જ્વર થાયછે. જે ભાગમાં જખમ હોય તે બહુ ચગદાયો હોય અથવા તેની મુખ્ય રક્ત નળીયો તુટી હોય તો તેનું સ્થાનીક મૃત્યુ નીપજેછે.

જખમ કેમ રૂઝાયછે.—જખમ રૂઝાવાની પાંચ રીતછે. ૧ જખમની બેઉ બાજુ એકત્ર રહેવાથી એક બીજા સાથે મળી જાયછે. જખમ નહાનો તથા સુરેખ હોય તોજ એરીતે રૂઝાયછે. ૨ જખમવાળા ભાગનો થોડો વરમ થઈ તેમાં લીંફ પેદા થાયછે. તેના સાધનથી બેઉ બાજુ જોડાઈ જાયછે, આરીતે એક બે દિવસમાં જખમ રૂઝાઇ જાયછે. જખમની બેઉ બાજુ ભેગી રહે તથા તેમની વચમાં લોહી, હવા અથવા બીજો કાંઈ પદાર્થ ન હોય તોજ આ બે પ્રકારે સુરેખ જખ્મ રૂઝાયછે. સુરેખ જખમ શિવાય બીજા પ્રકારના જખમ આ રીતે રૂઝાતા નથી. ૩ કેટલીકવાર જખમ ઉપર ખરેટો વળીને તેની નીચે જખમ રૂઝાઈ જાયછે. જનાવરોના ઘણા જખમ આ રીતે રૂઝાયછે. ૪ જખમ પાકીને તેના ઉપર માંસાંકુર થાયછે; તથા તેથી જખમ ભરાઇને રોઠો વળેછે. ૫ માંસાંકુરવાળી બેઉ બાજુને ભેગી કરવાથી પણ તેનો સંયોગ થાયછે. ખુલા જખમ, ચાંદાં, ગડગુમડાં, પાઠાં વગરે માંસાંકુર આવીને રૂઝાયછે. માંસાંકુરથી રૂઝાતાં મુદત લાગેછે. માંસાંકુરથી જખમ ચામડીની કોર તરફથી રૂઝાતો આવેછે અને તેનો મધ્ય ભાગ સઉથી છેલો રૂઝાયછે.

૧. સુરેખ જખમઃ—જે જખમ ઘણું કરી ધારવાળા હથીયારથી થાયછે, તથા જેની બેઊ બાજુ આબાદ હોયછે, તેને સુરેખ જખમ કહેછે. આવો જખમ નહાનો ફક્ત ચામડીમાંજ હોય અથવા મોટો સ્નાયુને ભેદે એટલો ઊંડો હોયછે. જખમને લીધે વેદના તથા રક્ત સ્રાવ થાયછે. અને તેની બેઉ બાજુ ખુલી હોવાથી તેની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ માલમ પડેછે.

ઉપાયઃ—પ્રથમ લોહી વહેતું હોય તેને બંધ કરવું. થંડુ પાણી રેડવાથી અથવા રક્તનળીને દાબવાથી અગર બાંધી લેવાથી લોહી બંધ થશે. જરા તરા લોહી વહેતું હોય તો તે જખમને બાંધી અથવા શીવી લીધાથી બંધ પડેછે.

જખમની અંદર, કાંકરી, કચરો લોહી વગેરે હોય તો તેને થંડા પાણીથી ધોઈ લોઈને સાફ કરવું અને ત્યારબાદ હવા પણ અંદર ન રહે એવી રીતે જખમની બાજુને ટેભા મારવા, પટી લગાડવી, અગર પાટાથી એકત્ર રાખવી.

ટેભા અથવા ટાંકાઃ—જખમની બાજુ જલદી સંધાવા સારૂ ભેગી રાખવા માટે ટેભા મારવામાં આવેછે. રેશમી દોરાના, રૂપા અથવા લોઢાના તારના, સણના દોરાના અગર ઘોડાના વાળના ટાંકા મારવામાં આવેછે. ટેભા જુદી જુદી રીતે લેવાયછે. ચામડી શીવવાની સાધારણ રીત થોડે થોડે અંતરે ટેભા લેવાની છે. સોયમાં દોરો પરોવી જખમની બેઉ બાજુ આરપાર કાઢી તેની બે ગાંઠો વાળી તેના છેડા કાપી નાંખવા. રૂપાનો વાળો હોય તો તેને માત્ર વળ આપવાથી તે દૃઢ રહેછે. ઘોડાનો વાળ હોય તો પહેલી ગાંઠ દેતાં તેને બે આંટા દેવા એટલે તે દૃઢ રહેછે.

બીજી રીત કપડું ઓટીયે તેવી રીતે એકજ ધાગાથી ટેભા લેવાથી શીવાયછે. આ રીત આંતરડાંના જખમને લાગુ પડેછે.

ત્રીજી રીત એવીછે કે જખમની બેઉ બાજુમાં એક સોય પરોવી તેને ભેગી કરી "∞"ની માફક તેના ઉપર વાળો અથવા દોરો વીટી લેવો. તુટેલા હોઠને સાંધતી વખતે આ પ્રમાણે કરવામાં આવેછે.

ચોથી રીત એવીછે કે જખમની બંને બાજુ કવીલ અગર બરૂ મુકી તેના ઉપર દોરો બંધાયછે. તેથી જખમની બાજુ બરાબર સંબંધમાં રહેછે. બેસણી અગર યોનિની ફાટ થઇ હોય ત્યારે આ પ્રમાણે શીવવામાં આવેછે.

જખમ રૂઝાય કે તરત ટેભા કાઢી લેવા.વધારે વખત ટેભા રહેવા દેવાથી અંદર પાકે છે અને પરૂ થાયછે.રૂપાના કરતાં રેશમના ટેભામાં પકવવાનો ગુણ વધારેછે.માટે બનતા સુધી રૂપાના ટેભા લેવા. ઘોડાના વાળના ટેભા લીધા હોય તો પાકવાની દહેશત રહેતી નથી, પણ દોરા જેટલા તે મજબુત હોતા નથી. બની શકે ત્યાં ઘોડાના વાળનાજ ટેભા લેવા.

ટેભાને બદલે સોપ અથવા રેઝીન પ્લાસ્તરની પટીથી જખમની બેઉ બાજુને ભેગી કરી રાખે તો તેથી પણ રૂઝાવાનું કાર્ય જલદી થાયછે. જખમની બાજુને ભેગી રાખવામાં પાટો તથા શરીર સ્થિતિ મદદ કરેછે. પાટો બાંધવાથી જખમની બાજુ ભેગી રહે છે. જખમની બાજુ ભેગી રહે તેવીજ સ્થીતિમાં શરીર અને અવયવ રાખવા.

નહાના જખમને બીડીને તેના ઉપર કોલોડીયન મુકવાથી પણ તે જલદી રૂઝાયછે. ટીંકચર બેનઝોઇન કંપાઉંડ લગાડવાથી જખમ જલદી રૂઝાયછે.

જખમને શીવ્યા પછી તે ઉપર તેલની, પાણીની અથવા સાદી પટી મૂકી પાટો બાંધી લેવો. જો જખમ પાકે તથા માંસાંકુરથી રૂઝાય એવું ભાસે તો ટેભા કાઢી નાંખવા અને જખમને દરરોજ સાફ કરી કાર્બોલીક તેલની પટી મારતાં રહેવું.

નં. ૧. કાર્બોલીક આસિડ.........૧ ભાગ. મીઠું તેલ.........૧૦ ભાગ.

બંનેનું મિશ્ર કરેલું તેલ જખમને રૂઝવવામાં અતી ઉત્તમ ગણાયછે. અથવા—

નં. ૨. ટરપનટાઇન ઓઇલ ......૧ ભાગ. મીઠું તેલ.........૧ ભાગ.

બંનેનુ મિશ્ર કરેલું તેલ જખમ ઉપર ચાલેછે. આવા જખમમાં સાધારણ દેશી રીવાજ પ્રમાણે હળદર, ચુનો, બીલાયું ભરવાં નહી જોઇએ.

નં. ૩. કાર્બોલિક આસિડ.........૧ ડ્રામ. સાદો મલમ... ..૧ ઔંસ.

મિશ્ર કરી પટીપર જખમને લગાડવું.

૨. છુંદાએલો જખમ:—જખમની સાથે જખમની આસપાસનો ભાગ કચરાયેલ તથા તુટેલો હોય, તેને છુદાએલો જખમ કહેછે. આવા જખમો તરેહવાર હોયછે, કોઇ જખમ થોડો ચગદાયલો હોય તો કોઈ ઘણોજ કચરાયલો હોયછે. એકલી ત્વચાજ નહી પણ તેની સાથે સ્નાયુ તથા સ્નાયુ રજ્જુ તુટી જાયછે. રક્ત નળીયો તથા અસ્થી સુધાં ચગદાઇ ચુરો થાયછે.

પથરથી, ગાડીના ચાકથી, અથવા કારખાનાના સંચાઓથી આવા જખમ થતા વારંવાર જોવામાં આવેછે. જખમની આસપાસનો ભાગ પાકીને અથવા સડીને કેટલોક નીકળી જાયછે, અને છેવટ માંસઅંકુર આવી તે રૂઝાયછે.

ઉપાય:—જખમને ધોઈ બહારના પદાર્થ જે કાંઈ હોય તે કાઢી લેવા. તુટેલા તથા અડધા લટકતા ભાગ જીવવાળા હોય તે સંધાઈ શકે એમ લાગે તો તેને રહેવા દેઈ યથાસ્થીત શીવી લેવા અથવા બાંધી લેવા. જે ભાગ નીર્જીવ તથા સારા ન થઈ શકે અને પાછળથી જખમ રૂઝવવામાં અડચણ કરે તેવાને કાઢી નાખવા. જખમ પાકવાને સમય પોટીસ લગાડવી તથા દિવસમાં એક કે બેવાર તેને ધોવો. દુર્ગંધી જખમ ધોવાસારૂ નીચેની દવા વપરાયછે.

નં. ૪. આસિડ કાર્બોલિ.............૧ ભાગ } કાર્બોલીક લોશન.
પાણી.............................૪૦ ,, }

નં. ૫. પરમાંગનેટ ઓફ પોટાસ ......૬૦ ગ્રેન } કોન્ડીઝ ફલ્યુઈડ.
પાણી.............................૧ પાઇંટ }

નં. ૬. કલોરાઇડ ઓફ ઝીંક...........૮ ગ્રેન.
પાણી.............................૧ પાઇંટ.

આ માંહેલા કોઇપણ પાણીથી જખમ ધોવો અને કાર્બોલીક અથવા ટરપનટાઇન તેલ (નં. ૧, ૨.) ની પટી મારવી. અંકુર આવી રૂઝાવા માંડે ત્યારે તે ચાંદા માટે લખેલી નં. ૧ થી ૭ માંહેલી યોગ્ય જણાય તે દવા લગાડવી. ક્રીયાસોટ તથા કાર્બોલીક આસિડનો મલમ લગાડવો. કોઇપણ અવયવ બહુ ચગદાઈ જાય, હાડકાનો ચુરો થાય અગર મોટી રક્તનળી તુટી જાયતો તેને કાપવાની જરૂર પડેછે.

૩. બંદુકની ગોળી, ગોળા, છરા તથા દારૂથી થતા જખમ:—આ પ્રમાણે જખમો થાયછે, તે સર્વ એકજ વર્ગમાં આવેછે. પેટ, છાતી અથવા મસ્તકમાં ગોળી લાગવાથી

ઘણું કરી તરત મૃત્યુ નીપજેછે. ગોળી શરીરમાં રહેછે અથવા આરપાર નીકળી જાય છે. આરપાર નીકળી જાય ત્યારે પ્રવેશ છીદ્રના કરતાં નીર્ગમન છીદ્ર ઘણું કરી બહુ મોહોટું અને ફેંદાયલું હોયછે. ગોળીના રસ્તામાં હાડકું આવે તો તેને ચીરી નાંખેછે, અગર ફોડીને તેના કટકા બહાર કાઢી નાંખેછે. અવયવનાં અવયવ ગોળાથી જુદા પડી ઉડી જાયછે.

ખાલી બંદુકના અવાજથી ઘણું કરી ઇજા થતી નથી. પણ જો તેનું મોં શરીરના સંબંધમાં હોય અથવા તેની અંદર કાગળ કપડાં વગેરેનો ડુચો હોય તો ભગદળ પાડેછે. થોડે દુરથી અવાજ થાય તો દારૂની કાંકરી વગેરે ત્વચામાં પ્રવેશ કરેછે. દુરથી છરાનો અવાજ થાયતો છરા ઘણું કરી ચામડીની અંદરજ રહેછે. નજીકથી ફોડવામાં આવે તો પેટ છાતી વગેરે શરીરના ઊંડા ભાગમાં છરા જાયછે.

ઉપાય:—ગોળાથી અવયવ ઘણોખરો તુટી ગયા હોય અગર મોહોટું ભગદળ પડયું હોય અને હાડકાં ફાટ્યાં હોય તો તે અવયવને કાપવા પડેછે.

પણ જો તેવા ભયંકર જખ્મ નહી હોયતો તેને રીતસર સાફ કરવા. અંદર ગોળી, છરા અથવા હાડકાના કટકા મળી આવે તેને કાઢી લેવા. ફક્ત રક્ત પ્રવાહને બંધ કરવો અને પોટીસ અથવા પટી નીયમ પ્રમાણે બાંધવી. સારો ખોરાક અને પૌષ્ટિક દવા આપવાની જરૂરછે.

૪. ભોંકાયલો જખમ:—ભોંકેલા જખ્મ તરવારની અણી, બરછી, ભાલા, સોય, છરા, કાંટા વગેરેના ઘોંચાવાથી થાયછે. આવા જખ્મ જેમ વધારે ઊંડા જાય તેમ જોખમવાળા થઇ પડે છે.

ઉપાય:—તેનો ઉપાય કરવામાં જખ્મની અંદર સોય, કાંટો વગેરે બહારના પદાર્થ અંદર પેસી ગયા હોય તેને કાઢી નાખવા. તે અંદર રહેવાથી ઘણો સોજો આવેછે, તથા પાકેછે. તેને કાઢી નાખ્યાપછી રક્ત વહેતું હોય તે બંધ કરવાનો ઇલાજ કરવો. ત્યારબાદ પાણીની પટી મારવી અને પરૂ થવામાંડે એટલે મલમ પટી લગાડવી. ભોંકાયલા જખ્મ માંસાંકુરથી ભરાયછે.

૫. વિષવાળા જખમનું બ્યાન આગળ વિષપ્રકરણમાં કરવામાં આવશે.

લચક.

(સ્પ્રેન)

ચાલતાં અથવા દોડતાં ઊંચોનીચો પગ પડવાથી અગર શરીરના બીજા કોઇ સાંધાને આંચકો લાગવાથી સાંધો મરડાઈ જાયછે એટલે તેને લચકી ગયો એમ કહે છે. લચકાયા પછી સાંધો દુખેછે અગર સૂજી આવેછે. સોજો આવ્યા પછી સાંધો ઉતરી ગયોછે કે લચકાયોછે તેનો નિશ્ચય કરવો ઘણીવાર મુશ્કેલ પડેછે.

ઉપાય:—લચકાયલા સાંધા ઉપર થંડુ પાણી કેટલીક વખત રેડવું એટલે તેમાં સોજાનો કેટલેક દરજે અટકાવ થશે અને બીજાં થંડા લોશન લગાડવાં. ત્યાર બાદ તેના

ઉપર લીંનીમેન્ટ સોપ અગર ઓપયમ લીનીમેન્ટ ચોપડતા રહેવું અગર નીચેનીદવા લગાડવી.

નં. ૨. ટિંકચર ઓફ આરનીકા...૧ ઔંસ. } મિશ્ર કરી ચોપડવું.
પાણી ....૨ ,,

સાંધાને પાટામા લપેટી રાખવો. જેમ દરદ જુનું થાય તેમ તેને તેલ ચોપડીને શેક કરતા રહેવું અને સોજો બાકી રહેતો ટિંકચર આયોડીન લગાડવું અગર છેવટ બ્લીસ્તર મારવું. દેશી દવાઓમાં આવળનો શેક કરવો અથવા આંબલીનાંપાન, મેંદાલકડી, આંબાહળદર અને સાજીખાર વાટી ગરમ કરીને ચોપડવાં. દક્ષણીલોક લચક ઉપર ભીલામાનો ઉપયોગ કરેછે.

અસ્થિ ભંગ.

(ફ્રાકચર)

અસ્થિભંગઃ—એટલે હાડકાનું તૂટવું અથવા ભાગવું. શરીરને અકસ્માત જફા પહોચવાથી કેટલીકવાર હાડકું ભાગી જાયછે. ઘણું કરી જે ઠેકાણે જફા લાગે તે જગોએ હાડકું ભાગેછે. પણ કોઈવાર પ્રહાર એક જગોએ લાગે અને હાડકું બીજે સ્થળે ભાગેછે. જેમકે કોઇવાર ઉંચેથી પગપર પડતાં જાંગનું હાડકું ભાગી જાયછે. અથવા મસ્તકની એક બાજુ ઉપર માર વાગેછે અને તેની સામેની બાજુનું હાડકું ભાગેછે. નાની ઉમરના આદમી કરતાં પુખ્ત ઉમરના માણસનાં હાડકાં વિશેષ ભાગેછે, કેમકે તેમનાં હાડકાં વિશેષ બરડ હોયછે. ક્વચિત અસ્થિ સ્નાયુ સંકોચથી ભાગેછે. આવી રીતે કોઈવાર ઘૂંટણની ઢાંકણી ભાગેછે.

હાડકાં ભાગવાના બે પ્રકાર હોયછે. ૧. જ્યારે હાડકું અંદરથી ભાગ્યું હોયપણ ઉપરની ચામડી સાબિત હોયછે તેને **નિર્જખમઅસ્તિભંગ** કહેછે. ૨. જ્યારે ભાગેલા હાડકાના સંબંધમાં ચામડીનો જખમ હોયછે તેને **સહ જખમ અસ્તિ ભંગ** કહેછે. કોઇવાર ભાંગેલા કટકા એક બીજામાં પેશી જાયછે અથવા ખૂંચી જાયછે અને કોઇવાર તેટલા હાડકાનો ચૂરો થઈ જાયછે.

ભાંગેલા હાડકાની સાથે જખમ બે રીતે થાયછે. એકતો જે કારણથી હાડકું ભાગે તેને લીધે જખમ પડેછે અથવા હાડકું ભાગ્યા પછી તેનો એક છેડો ચામડીને ફાડી બહાર નીકળેછે.


હાડકું આડું, ત્રાંસું તથા ઊભું ભાગેછે. કોઇવાર માત્ર થોડું ભાગીને વાંકું વળી જાયછે.

ચિન્હઃ—૧ અસ્થિ ભંગને લીધે દુખાવો થાયછે તથા સોજો ચઢેછે.

૨. ભાગેલા અવયવના આકારમાં કેટલોક તફાવત પડેછે અને તે તફાવત સામી બાજુના અવયવોની સાથે સરખાવતા સ્પષ્ટ જણાયછે. ભાગેલું અંગ અસ્થિના કડકાનું સ્થળાંતર થઈ જવાથી તે અવયવ વાંકું અથવા ટુંકું થાયછે તથા સૂજી આવેછે. સ્નાયુના આકર્ષણને લીધે કકડા સ્વભાવિક સ્થિતિમાં રહેતા નથી.

પગના એક અગર બેઉ હાડકાં જુદી જુદી રીતે ભાગે છે તેનો દેખાવ.

આકૃતિ. ૪૩. આકૃતિ. ૪૪. આકૃતિ. ૪૫. આકૃતિ. ૪૬.



૩. ત્રીજી મોટી નિશાની એછે કે ભાગેલ ઠેકાણે હાડકું હાલેછે. સ્વભાવિક આખું હાડકું તેના એકાદ ભાગમાં હાલતું માલમ પડેતો તે તૂટેલું છે એમ સિદ્ધ થાય છે. પણ કોઇવાર તૂટેલા કટકા એક બીજામાં પેસી જાયછે અને તેથી હાલતા નથી.

૪. ચોથી નિશાની એ છે કે અવયવને બરાબર પકડીને હલાવી જોઇએ તો અસ્થિના કકડા એક બીજા સાથે ઘસાવાથી જે કટકટ અવાજ થાયછે તે હાથને લાગશે તથા કાનથી પણ સંભળાશે.

આ પ્રમાણે એક અથવા વધારે નિશાની સ્પષ્ટપણે જણાયતો હાડકું ભાગવાની સાબિતી જાણવી. તેની સાથે વળી જખ્મ હોયતો વધારે ખાતરી થઇશકશે, કેમકે જખ્મને રસ્તે તપાસ કરતાં તેનો નિશ્ચય થઇ શકેછે. કોઇકોઇવાર જ્યારે ભાગેલા કડકા એક બીજામાં પેસી ગયા હોય, અથવા જે ઠેકાણે બે હાડકાં હોય અને તે માંહેનું એકજ ભાગ્યું હોય, સાંધાની પાસે અસ્થિભંગ થયો હોય, અથવા અવયવ ઉપર બહુ સોજો આવી ગયો હોય, તો હાડકું ભાગ્યું છે કે નહિ તેનો નિશ્ચય કરવો બહુ મુશ્કેલ થઇ પડેછે.

જખ્મ શિવાય અને જખ્મ સહિત અસ્થિ ભંગ હોય એ બેના દુરસ્ત થવામાં મોટો અંતર હોયછે. નિર્જખ્મ અસ્થિભંગ ચારથી છ અઠવાડીયામાં સંધાઇ જાયછે.

અસ્થિના છેડામાંથી તથા તેમના બહાર અને અંતરપડમાંથી અને આસપાસના ભાગોમાં વરમ થઇ તેમાંથી રસ (લીંફ) પેદા થાય છે, તેનાથી તુટેલા છેડા સંધાઇને છેવટ તેનું હાડકું બંધાયછે. શરૂઆતમાં આ રસ ઘણો હોયછે અને અસ્થિભંગને સ્થળે મોટો ટેકરો લાગેછે. પણ પાછળથી તેનું શોષણ થઇ બે કડકા વચ્ચેનો રસ માત્ર કાયમ રહેછે અને તેનું અસ્થિ બનેછે. સહજખ્મ અસ્થિભંગમાં મેળાપ એટલો જલદી થતો નથી. તેને સંધાવાને સુમારે ચારથી છ મહિના અથવા વધારે મુદત લાગેછે. તેને સંધાવા માટે એવો રસ થતો નથી. પણ હાડકાંઓના છેડા ઉપર માંસાંકુર આવીને રફતે રફતે નવું હાડકું પેદા થઇ જોડાયછે.

ઈલાજઃ—પ્રથમ નિર્જખ્મ અસ્થિભંગમાં જેમ બને તેમ અવયવમાં ખોટ ન રહે તેવી સાવચેતી રાખવી.ભાગેલા અસ્થિના બેઉ છેડાને વગર હલાવે ભેગા રાખવા એ તેના ઇલાજની કુંચીછે. હાડકું વાકું થઇ ગયું હોય અથવા તેના છેડા એક બીજા ઉપર ચ ઢી ગયા હોય તેને યથાસ્થિત બેસાડવા, તેમાં બળ વાપરવાની જરૂર હોતી નથી. ફક્ત સ્નાયુના આકર્ષણનો વિચાર કરી તેને સરખા બેસાડવા અને ત્યાર બાદ અવયવને પા ટીયાં ઉપર મૂકી પાટો બાંધી લેવો. પાટો કદીપણ બહુ તાણીને બાંધવો નહી. પાટો ભાગેલા અવયવ ઉપર લાગલોજ નહી બાંધવો, પણ પાટીયાં ઉપર બાંધવો. પાટીયાં લા કડાનાં, વાંસનાં, ચામડાનાં અને જાડા કાગળનાં થાયછે. અવયવને અનુકૂળ આવે તે ટલી લંબાઈ તથા પહોળાઇનાં તે હોવાં જોઇએ. પાટીયાંની અંદર એટલે અવયવની આસપાસ સારી પેઠે રૂ, સણ અથવા મૃદુ પદાર્થ મૂકવો અને તે ઉપર પાટીયાં મૂકી પાટો વીંટવો. ભાગેલા હાડકાંના સંબંધના ઉપર નીચેના બેઉ સાંધા આ પાટીયાના ક- બજામાં આવી જવા જોઇએ, એટલે પછી તે હાડકાને ખસવાને અથવા હાલવાને કાંઈજ તક રહેશે નહી. પાટો બાંધ્યા પછી આઠ દસ દિવસે તેને છોડી અવયવને જોવો. અને તેમાં કાંઈ ખોટ માલમ પડે તો તેને દુરસ્ત કરી ફરી બાંધવો. ત્યારબાદ જેમ બને તેમ પાટો થોડી વખ્ત છોડવો. દરેકવાર પાટો છોડતી વખ્ત અવયવને ગરમ પાણીથી ધોવો તથા થોડું ઘી અગર તેલ લગાવવું. કાંજીનો પાટો કેટલીકવાર બહુ ઉપયોગી પડેછે. અ વયવને સારી પેઠે રૂ લપેટી તેના પર જાડો કાગળ અથવા ચામડું મૂકી કાંજીમાં ઝબો- ળેલો પાટો બાંધવો. તે સૂકાઇને સજ્જડ બેસી જાયછે, પાટો બાંધ્યા પછી બહુ દરદ થાય આંગળાં થંડાં અથવા બહેરાં થઇ જાય કે ફોલ્લા ઉઠે, તો પાટો તરત છોડી ફરીથી પોચો બાંધવો. સુમારે દોઢથી બે મહિને પાટો છોડી નાંખવો અને પછી થોડા રોજ તે અવય- વને મસળતા રહેવું.

સહ જખ્મ અસ્થિભંગમાં પ્રથમ અસ્થિ બરાબર બેસાડવું. હાડકાંનો કાંઈ ભાગ બહાર આવ્યો હોય અને તે પાછો અંદર જાય નહી અથવા છૂટો પડ્યો હોય તો તેને કાપીને કાઢી નાંખવો. તેવા અવયવને બાંધવા સારૂ લોખંડ અથવા લાકડાનાં પાટીયાં આવેછે. તેમને બાંધવામાં જખ્મવાળો ભાગ ખુલ્લો રાખવો, એટલે હમેશાં મલમ પટી બાંધી શકાય. જો નાનો અથવા સુરેખ જખ્મ હોય તો તેને જલદી રૂઝાવા માટે તેપર લીંટ લોહીમાં, કોલોડીયનમાં ફ્રાયર્સ બાલસમમાં, અથવા કાર્બોલીક આસિડ તેલમાં બોળ- વીને મૂકવું. જો જખ્મ તરત રૂઝાઈ જાય તો નિર્જખ્મ અસ્થિભંગની માફક આ પણ જલદી સંધાશે. પણ જો જખ્મ પાકે તો હમેશાં તેને ધોઇને કાર્બોલીક આસિડ તેલની અગર બીજી પટી મારતા રહેવી. દરદ થતું હોય તો લાઇકર મોરફીયા આપવું. ઘણા દિવસ બિછાનામાં પડી રહેવાથી તથા પરૂ થવાથી દરદીને અશક્તિ તથા જ્વર આદિ ઉપદ્રવ થાયછે. પીઠ તથા કૂલા ઉપર ભાઠાં પડેછે. માટે સારો ખોરાક, બ્રાંડી, આમો- નીયા અને સાકોનાની બાર્ક આપવાં તથા નાચે નરમ બિછાનું રાખવું. સહજખ્મભંગમાં હાડકાંનો ચૂરો થયો હોય, રક્ત નળીયો તથા સ્નાયુ વગેરે ચગદાયાં હોય, તો તે અવયવને

છેદન કરવાની જરૂર પડેછે.

હાથ અગર પગનો કોઇપણ ભાગ બાંધવાની જરૂર પડે ત્યારે આંગળાંથી ઉપર અવયવ બાંધતાં જવું. જાંગ અથવા ભુજાનો ભાગ તૂટેલો હોય તે છતાં આંગળેથી બાંધવું કેમકે ઉપરનોજ ભાગ બાંધીએ તો વખતે નીચેનો ભાગ ખુલ્લો રહેવાથી સૂજી આવેછે.

જો કોઈ એક હાડકું ભાગ્યું છે કે નહી તેને વિશે શક રહેતો હોય તથા પકી ખાત્રી ન થતી હોય તો પણ તેનો ઇલાજ હાડકું ભાગેલું હોય તે પ્રમાણે કરવો. એમ હાડકું ભાગ્યું હશે તો તેને પાટીઆં બાંધવાથી ફાયદો થશેજ પણ કદાચિત્ ન ભાગ્યું હોય તોપણ પાટીયાં બાંધી અવયવને સ્થિર રાખવાથી ગેરફાયદો નથી.

નીચલા જડબાનું ભાગવું.

પડવાથી અગર માર પડવાથી નીચલુ જડબુ કેટલીકવાર ભાગી જાયછે. વચમાં હનવટીને ઠેકાણે ભાગેછે અથવા બાજુએ ભંગ થાયછે.

નિશાની:—જડબાના આકારપરથી, ભાગેલા કકડાના હાલવાથી તથા તેથી ઉત્પન્ન થતા "કટકટ" અવાજથી આ અસ્થિભંગ ઓળખાયછે. તેની સાથે બહાર અગર મોઢા મહિ જખ્મ હોયછે. પેઢામાંથી લોહી નીકળેછે. દાંતની હારમાં કાંઈ સ્થળાંતર થાયછે.

ઉપાય:—જાડા કાગળ, ચામડુ, અથવા ગટાપરચાનો કકડો લેઇ. તેની બેઉ બાજુ ચોરી, રૂની સાથે જડબાં ઉપર યોગ્ય રીતે બેસાડવું. તેના ઉપર પાટો બાંધવો. પાટાને બેઉ બાજુ ફાડવો, ઉપલા છેડાને મસ્તકની પછવાડે બાંધવા અને નીચલા છેડાને મસ્તક ઉપર બાંધવા. ત્રણ ચાર અઠવાડીઆં પાટો રેહેવા દેવો. દરમીયાન કાંઈ પદાર્થ ચાવવો નહી. પ્રવાહી ખોરાક ઉપર રેહેવું. કોઈ દાંત છૂટા પડ્યા હોય તો તેને પણ બેસાડી દેવા એટલે સંધાઈ જશે.


પાંસળીનું ભાગવું.

એક અથવા વધારે પાંસળી સાથે ભાગેછે. માર વાગે તે ઠેકાણે પાંસળી ભાગી જાય તો તેના છેડા અંદર ફેફસાંમાં ઘોંચાયછે. વખતે છાતી દબાવાથી પાંસળી ખૂણાને ઠેકાણે ભાગી જાયછે. એક અગર બેઉ બાજુની પાંસળી ભાગેછે. તે સહ જખ્મ અથવા નિર્જખ્મ હોયછે.

નિશાની:—ઊંડો શ્વાસ લેતાં અથવા ઉધરસ આવતાં પાંસળી ભાગેલે ઠેકાણે અતિ દુખ થાયછે, તેથી દમ બરાબર લેવાતો નથી. તે ઠેકાણે હાથ મૂકી અથવા કાન મૂકીને દરદીને ઉધરસ ખાવા કહેવું, એટલે કટકટ અવાજ આવશે. પાંસળી ભાગવામાં મુખ્ય ભય ફેફસાંની ઇજા ઉપર રહ્યોછે. તેની સાથે ફેફસાંનો જખ્મ થયો હોય તો પાંસળીનું ભાગવું જોખમ ભરેલું થઈ પડેછે. ખાંસી આવેછે તેમાં લોહી પડેછે. ફેફસા અગર તેના આવરણના વરમનાં ચિન્હ જણાયછે. જખ્મ હોય તો બહાર અગર ફેફસાંમાંથી મોઢા વાટે બહુ લોહી જાયછે. આવરણની ખોમાં રૂધિરનો ભરાવો થાયછે. અ-

ગર વરમ થયા પછી પરૂનો ભરાવો થાયછે. કવચિત્ ફેફસાના આવરણની ખોમાં હવા ભરાયછે. ઘણી વખત જફાને સ્થળે ત્વચા તળે સંયોજકમાં હવા ભરાયછે. તેથી ત્વચા ઉપસી આવેછે, તેને દાબતાં કટકટ અવાજ લાગેછે અને સંભળાયછે. કવચિત આખુ શરીર તેથી સૂજી આવેછે. ઘણુ કરી તે હવાનુ શોષણ થઇ જાયછે.

જમણી તરફની ભાગેલી પાંસળીપર ગમપ્લાસ્તરની પટી મારી છે.



આકૃતિ ૪૮

ઉપાયઃ—છાતીની આસપાસ જાડું કપડું તાણીને બાંધી લેવું. જેથી પાંસળીનું હાલવું કમી થશે, અને તેથી તે જલદી સંધાઇ જશે. કપડાને બદલે રેઝીન પ્લાસ્ટરનો પહોળો તથા લાંબો કડકો વીંટ્યો હોય તો ચાલશે. બંને બાજુની પાંસળી તુટી હોયતો છાતી જેટલું પહોળું કપડું લેઇ તેના બંને છેડા ફાડીને ગાંઠો વાળવા. જો એકજ બાજુની પાંસળી તુટી હોય તો રાળના પ્લાસ્ટરની એકેક તસુ પહોળી પટી કરી પાંસળીની દિશામાં એક ઉપર એક અડધી બેસતી લગાડવી. (આકૃતિ ૪૭) તેથી તે બાજુની પાંસળીઓનું હાલવું કમી થશે. બહુ લોહી જતું હોય અગર ફેફસાંનો દાહ થયો હોય તો તેના યોગ્ય ઇલાજ કરવા.

હાંસડીનું ભાગવું.

બેઉ ખભાની વચ્ચે છાતીના ઉપલા ભાગમાં બે હાડકાં આવેલાં છે તેને હાંસડી કહેછે. તેને ખભાની કુંચી ગણવામાં આવેછે. પડવાથી તથા માર વાગવાથી તે ભાગેછે. બચ્ચાં પડી જવાથી તે ઘણીવાર ભાગેછે, ઘા કરતાં સ્નાયુના જોરથી કોઈ વાર ભાગી જાયછે. ખભા અગર હાથ ઉપર પડી જવાથી હાંસડી ભાગેછે. હાંસડી ઘણું કરી વચલા ભાગમાં ભાગેછે. કોઇ વાર બહારને છેડે ખભા પાસે ભાગેછે. ઘણું કરી તે નિર્ઝખ્મહોયછે.

ડાબી હાંસડી ભાગી છે તે માટે પાટો બાંધ્યો છે.



આકૃતિ ૪૯

નીશાનીઃ—હાંસડી વચમાં ભાગેછે ત્યારે ભાગેલો બહારનો છેડો થોડો અંદર, નીચે તથા પાછળ ખેંચાય છે, અને અંદરનો છેડો ટેકરાની માફક ચામડીમાં લાગેછે. ખભો હલાવવાથી કટકટ અવાજ થશે. દરદી ખભો હલાવી શકતો નથી, તે તરફના હાથને બીજા હાથથી ટેકો આપેછે, તથા મસ્તક તે તરફ ઢળતું રાખેછે, કેમકે તેમ કરવાથી દરદ હલકુ થાયછે. ખભો થોડો આગળ ખેંચાય છે. ખભાના વજનથી તથા સ્નાયુના આકર્ષણથી ભાગેલા છેડા યથાસ્થિત ન રહેતાં થોડાઉપર નીચે રહે છે. તેથી હાડકુ સંધાયા છતાં નાના

ટેકરા જેવી નિશાની રહેછે. હાંસડી બહારને છેડે ભાગેછે ત્યારે કકડા એક બીજાથી વિશેષ ખસતા નથી.

ઉપાયઃ—કાખની અંદર એક ગાદી મૂકવી તથા કોણીને જરા પાછળ રાખી છાતી સાથે પાટા વતી બાંધી લેવી, અને કોણીથી આંગળાં પર્યંત હાથ વાળીને છાતી ઉપર ઝોળીમાં રાખવો. (આકૃતિ ૪૮) બિછાનામાં પીઠ ઉપર સુવાની ભલામણ કરવી. કોઇવાર બેઉ હાંસડી એકજ વખતે ભાગી હોય તો આવા ∞ આકારનો પાટો પાછળથી બેઉ ખભાની સાથે બાંધવો.

ભુજાસ્થિનુ ભંજન.

ભુજાસ્થિ ત્રણ ઠેકાણે ભાગેછે, ૧ ઉપલે છેડે ખભાની પાસે. ૨ નીચેને છેડે કોણી પાસે. ૩ વચલા ડાંડીના ભાગમાં.

૧ ઉપલે છેડે ક્વચિત સાંધાની અંદરનો ભાગ ભાગે છે પણ ઘણું કરી સાંધાની બહારના ભાગને જફા પહોચેછે, ત્યારે આ પ્રમાણે ચિન્હ હોય છે. ખભા નીચે ખાડો જણાય છે. બેઉ કડકા હાલેછે. કટકટ અવાજ માલમ પડે છે, તથા ભુજા સુમારે એક ઇંચ ટુંકી થઇ જાયછે. નીચલા કટકાનો ઉપરનો છેડો ખભાની અંદરની બાજુએ ઉંચો ચઢીને ટેકરાની માફક જણાયછે. દુખાવો તથા સોજો થાયછે. વખતે કડકા એક બીજામાં પેશી ગયા હોય અથવા સાંધાની અંદરનો ભાગ તુટ્યો હોય તો આવી પ્રસિદ્ધ નિશાની હોતી નથી.

ઉપાયઃ—કાખમાં ગાદી રાખવી તથા કોણીને જરા આગળ લાવી છાતી સાથે બાંધવી. કોણીનો ભાગ બહાર રહેવા દેઇ ફકત હાથને ઝોળીમાં રાખવો.

૨ જ્યારે ભુજાસ્થિનો વચલો ભાગ ભાગેછે ત્યારે તે સ્પષ્ટ જણાઇ આવેછે. કકડા હાલેછે, અવાજ જણાય છે તથા નીચેનો કટકો ઉપરના કટકાની અંદરની બાજુએ ખેંચાયછે. ભુજા ટુંકી થાયછે, દુખાવો તથા સોજો માલુમ પડેછે. તેના ઉપાયમાં કોણીને વાળીને ભુજા તથા હાથની બાજુ કાટખૂણા વાળુ પાટીયું બાંધવું. તે શિવાય ભુજાની આગળ તથા બહારની બાજુ બીજાં ટુંકાં પાટીયાં મુકીને બાંધી લેવાં અને તે અવયવને ઝોળીમાં રાખવો.

૩ ભુજાસ્થિનો નીચેનો છેડો કોણીના સંબંધમાં ભાગે ત્યારે સોજો આવેછે. દરદ થાય છે, કકડા હાલેછે તથા અવાજ થાયછે. તેને માટે કોણીને વાળી રાખી કાટખુણાવાળાં પાટીયાં બાંધવાં. વખતે સાંધાને જફા પહોચી હોય તો તે દુરસ્ત થયા પછી સજ્જડ રહી જાયછે અને સાંધો સજ્જડ રહેતો અવયવ આ સ્થિતિમાં હોય ત્યારે ઉપયોગી થઇ પડે છે. હાથ લાંબો રહી જાય તો ઉપયોગને બદલે અડચણ કરેછે.

ઉપર કહેલાં ત્રણ પ્રકારનાં ભંજનમાં હરકોઇ જ્યારે સહજખમ હોય ત્યારે ઘણી વેદના થાય છે. તે માટે અફીણ આપવું પડેછે. અવયવને પાટીઆમાં રાખવો તથા જખમની માવજત કરવી.

હાથની કળાઈનું ભાગવું.

હાથની કળાઇમાં બે હાડકાં હોયછે. ઘણું કરીને બેઉ સાથે ભાગેછે. કોઇવાર એક ભાંગેછે ને એક સાજુ રહેછે. તેઓ ઉપરને અથવા નીચેને છેડે અથવા મધ્યમાં ભાગે છે. મધ્યમાં ભાગેછે ત્યારે કળાઇનાં હાડકાંના તુટેલા કડકા ખસી જાયછે. કડકા હાલેછે તથા કટકટ અવાજ થાયછે. સોજો તથા દુખાવો થાયછે. કળાઈ ટુંકી થાયછે.

ઉપાયઃ—તેને ઉપર તથા નીચે પાટીયાં મૂકી બાંધી લેવાં; પાટીયાંની વચમાં જાડી ગાદી મૂકવી તથા અવયવને ઝોળીમાં રાખવો.

આકૃતિ. ૪૯.



હાથના કળાનુ બહારનુ અસ્થી રેડીયસ તુટેલુ છે (કોલીસીસ ફ્રાકચર.)

કલાઇના હાડકાંનો કાંડા પાસેનો ભાગ ઘણીવાર ભાગેછે. પડી જતાં હાથ ઉપર જોર આવેછે તેથી તે વારંવાર ભાગે છે. વિશેષે કરી બહારનું હાડકું (રેડીઅસ) કાંડાથી ઈંચ પોણોઇંચ ઊંચે ભાગેછે. તેને લીધે કાંડાના પાછળના ભાગ ઉપર ટેકરો થઇ આવે છે. તેની સામેના ભાગમાં ખાડો જણાયછે. એ ખાડાની ઉપર એક નાનો ટેકરો દેખાય છે. કાંડાની બહારની બાજુ વાંકી વળેલી અંતરગોળ તથા અંદરની બાજુ ઉપસેલી બાહ્ય ગોળ લાગેછે. હાથ ઊંધો નહીં અને ચતો નહીં એવી મધ્ય સ્થિતિમાં રહે છે. ચતો કરતાં બહુ દુખે છે. ભાગેલા ભાગમાં અતિશય દુખાવો થાય છે. તેથી દરદી તેને હાથ લગાડવા દેતો નથી. હાથની વક્રતા સ્નાયુના આકર્ષણથી થાય છે. આ દેખાવ એક ફેરો નજરે જોયો હોય તોપછી એ લક્ષમાં ઠસી રહેછે. (આકૃતિ ૪૯) હાથની પાછળનો ટેકરો નીચલા કકડાને લીધે જણાયછે તથા આગળનો ટેકરો ઉપરના કકડાના છેડાને લીધે જણાય છે. કકડા જુદા હોય તો અવાજ સંભળાયછે, પણ ઘણું કરીને ઉપરનો કકડો નીચેના કકડામાં પેસી જાયછે તેથી અવાજ નીકળતો નથી. સંધાયા પછી પણ અવયવમાં થોડો ઘણો દોષ રહ્યા વગર રહેતો નથી.

ઉપાયઃ—પિસ્તોલના આકારનાં પાટીઆં ઉપર હાથ બાંધવો. પાટીઆંનો વળેલો ભાગ નીચે તથા બહારની બાજુ આવવો જોઇએ ને હાથ બાંધતી વખત અંદરની બાજુ વળેલો રહેવો જોઇએ.

કોણીની પાસે કડાઇનું હાડકું ભાગ્યું હોય તો કાટખુણાકાર પાટીઆં બાંધવાં.

હાથના પંઝાનું ભાગવું.

આંગળાં, અંગૂઠો વગરે ભાંગી જાય તો તેને યોગ્ય સ્થિતિમાં રાખી વાંસની ખપાટ બાંધી લેવી તથા હાથ ઝોળીમાં રાખવો.

જ્યારે હાથના નાના મોટા કોઈ સાંધાના સંબંધમાં અસ્થિ ભંગ થાય ત્યારે સોજો આવેછે. પ્રથમ ચંડુ "લોશન" મૂકી સોજો ઉતરવા દેવો અને ત્યાર પછી અવયવ બાંધવો. તેની સાથે જખ્મ હોય તો બહુ જોખમવાળો થઈ પડે છે. જો સાધારણ જખ્મ હોય તો તે રૂઝાઈ અને સાંધો સજ્જડ થઈ અવયવ સલામત રહેછે. પણ ખરાબ જખ્મ હોય એટલે એ ભાગ કચરાયલો હોય, ત્વચા, સ્નાયુ, ધમનિ, તંતુ વગરે છુંદાયેલાં હોય તો અવયવ કાપવાની જરૂર પડેછે.

પાદભંજન--પગનુંભાગવું.

બસ્તિભંગ:—બેઉ જાંગની ઉપર બસ્તિનું હાડપિંજર કોઇ કોઇવાર માર વાગવાથી અથવા પડવાથી ભાંગી જાયછે. તેની સાથે મૂત્રાશય, મૂત્રમાર્ગ અથવા સફરાને નુકશાન પહોંચેતો દેહ બહુ જોખમમાં આપી પડેછે. મૂત્ર માર્ગનો જખ્મ થાય તે રૂઝાયા પછી તેમાંથી મૂત્રગાંઠ ઉત્પન્ન થાયછે. હાડકું ભાગેલે ઠેકાણે સોજો આવ્યા પછી દુખેછે, કકડા હાલેછે, કટકટ અવાજ થાયછે તથા ઉભું રહી શકાતું નથી. પેશાબના અવયવને ઇજા થાયતો મૂત્રમાર્ગમાંથી લોહી આવેછે તથા પેશાબ ઉતરતો નથી.

ઉપાય:—બસ્તિની આસપાસ પહોળો પાટો તાણીને બાંધવો તથા બેઉ પગને સાથે બાંધી હાલવા ન દેવા. મૂત્રમાર્ગને જફા લાગી હોય તો તેમાં સળી નાખવી.

જાંગઅસ્થિભંજન:—ભુજાઅસ્થિની માફક જાંગસ્થિ પણ ત્રણ જગોએ ભાંગેછે. ૧. ઉપલેછેડે, ૨. નીચલેછેડે, ૩. વચમાં ડાંડીના ભાગમાં.

૧. ઉપલેછેડે સાંધાની અંદરનો ભાગ અથવા સાંધાની બહારનો ભાગ તૂટેછે. સાંધાની અંદરનો ભાગ ઘણું કરી પચાસ ઉપરની ઉમરના પુખ્ત માણસમાં ભાગતો જોવામાં આવેછે, તથા તે સહજસાજ કારણથી ભાગી જાયછે. પુરૂષ કરતાં સ્ત્રીઓમાં આ ઠેકાણે આ હાડકું વિશેષ ભાગેછે. ઘડપણમાં જાંગસ્થિની ગ્રીવાડાંડીથી કાટખુણે આવી રહેછે તથા અસ્થિ વિશેષ બટકણું રહેવાથી સહેજ કારણને લીધે ભાગી જાયછે.


નિશાની:—જાંગનો સાંધો ચપટો દેખાયછે. સ્વભાવિક ભરેલો લાગતો નથી, તે ઠેકાણે દરદ થાયછે. દરદી પગને હલાવી શકતો નથી. જાંગને હલાવવાથી કટકટ અવાજ માલૂમ પડશે. દરદી સુતેલો હોયતો ઘૂંટણ અડધો વળેલો તથા પગ બહાર વળેલો હોયછે. જો તે ઊભો રહેતો, પગનાં આંગળાં જમીન તરફ તથા પગનીપાની સામેના પગ તરફ રહે છે. પગ પ્રથમથીજ એકાદ ઇંચ ટૂંકો થઈ જાયછે અને પાછળથી બેથી ત્રણઇંચ સુધી ટૂંકો પડી જાયછે. જો કકડા છેક છુટા ન પડતાં એક બીજામાં પેસી રહ્યા હોયતો પગ આટલો ટૂંકો થતો નથી. ચાલવામાં ઠોકર લાગવાથી અથવા પગ અંટવાયાથી કે એવા બીજા સહજ કારણોને લીધે આ ઠેકાણે હાડકું તૂટેછે. દરદી બુઢ્ઢો હોવાને લીધે ઘણું કરીને ફરી હાડકું મજબૂત સંધાતું નથી અને તેને આખર પર્યંત લંગડા રહેવું પડેછે. સાંધો અસ્થિમય થવાને બદલે ચેતતંતુમય થાયછે.

ઉપાયઃ—પગનું લાંબુ પાટીયું કાખથી તે પગસુધી પહોંચે તેવડું બાંધવું. અથવા "મેકીંટાયર સ્પ્લીંટ" ઉપર પગ રાખવો. દરદીને બે મહિનાથી ઉપરાંત બિછાનામાં રાખવો નહી, કેમકે વધારે વખત પડી રહેવાથી ક્ષીણતા અને બીજા ઉપદ્રવ પેદા થાય છે. તેટલી મુદત પછી ઘોડી ઉપર આસ્તે આસ્તે ચાલ્યાની ટેવ પાડવી.

સાંધાની બહાર—જાંગનું અસ્થી ભાંગેછે તે સહજ કારણથી ભાંગતું નથી. આ બનાવ નાની મોટી વયના આદમીમાં બને છે તથા સાંધાને ઠેકાણે મોટો ધક્કો અથવા માર પડવાથી થાયછે. ઘણું દરદ થાયછે અને તે ભાગ સૂજી આવેછે. કકડા હાલેછે તથા અવાજ આવેછે. પગ બહાર વળેલા રહેછે તથા પ્રથમથીજ બે ત્રણ ઇંચ ટૂંકો પડીજાયછે.

ઉપાયઃ—ઉપર પ્રમાણે કરવા, એટલે લાંબુ પાટીયું અથવા લોઢાની સ્પ્લીંટ બાંધવી.

આકૃતિ ૫૦. **જાંગ અસ્થિ ભાગવાથી અવયવને લાંબા ખાપીયામાં બાંધ્યું છે.**



૨. **જંઘાસ્થિનો વચલો ભાગઃ**—તૂટે છે ત્યારે નિશાનીઓ ખુલ્લી જણાયછે. કકડા હાલેછે. સ્પષ્ટ કટકટ અવાજ આવેછે. જાંગ ટુંકી થઈ જાયછે. પગ બાહાર વળેલો રહે છે. નીચેનો કકડો ઉપર અને અંદર ખેંચાય છે. ઉપરનો કકડો આગળ અને બહાર ખેંચાય છે, અને દુખાવો તથા સોજો થાયછે. તે ઠેકાણે પડવાથી અગર વાગવાથી આ ઇજા થાય છે.

ઉપાયઃ—પગને લાંબાં પાટીયાંથી બાંધવો અથવા લોઢાની સ્પ્લીંટ ઉપર રાખવો. પગને લાંબો કરવા સારૂ તેને છેડે વજન બાંધવામાં આવેછે. બે ત્રણ અઠવાડીયાં પછી કાંજીનો પાટો બાંધી દરદીથી ઘોડીને આધારે ચાલી શકાયછે.

૩. **જાંગનું અસ્થિ** ઘૂંટણના સંબંધમાં ભાગ્યું હોયતો પગને લોઢાની સ્પ્લીંટ ઉપર બાંધવો. ઘૂંટણનો ભાગ ખુલ્લો રાખવો, તથા જે સોજો આવેલો હોય તે મટાડવા સારૂ તેના ઉપર ઠંડુ "લોશન" મૂકવું. જો આ અસ્થિભંગની સાથે ઘૂંટણના સાંધાનો મોટો જખમ થયો હોય તો તેને માટે પગ કાપવા શિવાય બીજો ઇલાજ નથી.

ઘૂંટણની ઢાંકણીનું હાડકું—કોઇકોઇવાર ભાગી જાયછે. તેના કકડા જુદા પડેલા જણાશે. આ ભંગ સ્નાયુ સંકોચથી થાયછે. ઉપરનો કડકો નીચેના કડકાથી દૂર ખેંચાયછે. તે પાસે આવવો મુશ્કેલ પડેછે. તેમની વચ્ચે અંતર રહેવાથી અસ્થિમય સાંધો નથતાં શ્વેત તંતુમય સાંધો થાયછે. તેને માટે પગને લાંબો રાખી કકડાઓને ભેગા કરી પાટાઓથી અથવા પ્લાસ્ટરથી બાંધવા.

પગના નળાનું ભાગવુંઃ—પગના નળાનું એક અથવા બેઉ હાડકાં ગાડી, ગાડાં અથવા બીજા અકસ્માતથી ઘણીવાર ભાગી જાયછે. તેનાં ચિન્હ સહજ ઓળખાયછે. જો જખમ થયો હોય તો હાડકાનો છેડો ઘણીવાર બહાર નીકળી આવેછે. શરીરના બીજા

અવયવો કરતાં પગનું ભાગવું ઘણું વારંવાર જોવામાં આવેછે, અને તે ઘણી વખત સહજખમ હોયછે. પગની વક્રતા, હાલવું, કટકટ અવાજ, દુઃખ તથા પીડાથી તે સહેલાઇથી ઓળખાયછે.

ઉપાયઃ—પગને લોઢાની સ્પ્લીંટ ઉપર બાંધવો. જખમ નહિ હોય તો થોડા વખતમાં સંધાઈ જશે. તેની સાથે નાનો જખમ હોય તો તેને બંધ કરવા સારૂ કોલોડીયન અથવા કાર્બોલીક ઓઇલ લગાડવું. હાડકું બહાર આવ્યું હોય તો તેને બરાબર બેસાડવું, નહિ બેસેતો બહાર નીકળેલો ભાગ કાપી નાંખવો. આ જખમવાળા અસ્થિભંગને સંધાતાં લાંબો કાળ લાગશે.

કોઈવાર ઘૂંટીની ઉપર એક બે ઇંચ પગનું હાડકું ભાગેછે. બહારનું હાડકું ઉપર ભાગેછે તથા અંદરનું હાડકું જરા નીચે બટકેછે. પગનો પંજો બહારની બાજુએ વળી જાયછે, તેને માટે પગની અંદરની બાજુએ પગ સીધો કરીને પાટીયું બાંધવું. પાટીયાની ગાદી ઉપરના ભાગમાં રાખવી, અને પગના પંઝાને અંદર ખેંચી બાંધવો.

પગના પંજાનું ભાગવુંઃ-પગનાં આંગળાં અથવા ઘૂંટીનો ભાગ ભાગેતો તેને લોઢાની સ્પ્લીંટ ઉપર રાખવો. અથવા યોગ્ય લાગે તેવા લાકડાનું પાટીયું લઈ તે પર બાંધવો.

હમેશાં પગ બાંધતી વખત ફણાને પગથી કાટખૂણે સીધો બાંધવો. જો ફણાને આગળ ઢળતો બાંધવામાં આવે અને તેવી સ્થિતિમાં ઘણા દિવસ રહેતો ફણાનું હાડકું આગળ નીકળી આવેછે તથા ઘૂંટીનો સાંધો ઢીલો પડી જાયછે.

સંધિ સ્થળાંતર.

(ડીસલોકેશન)

સાંધાનુ ખડી જવુંઃ—સાંધાને ઠેકાણે જોડાયલાં હાડકાં માંહેનું કોઈ એક ખશી જાય તો તે ખડી ગયુંછે એમ કહેવાયછે. સાંધામાંથી હાડકું છેક અથવા થોડું ખસી જાયછે અને તે પ્રમાણે **પૂરૂ ખડી ગયું** અથવા **અધૂરૂ ખડી ગયું** એમ કહેવાયછે. હાડકું બહારની જફા પહોચવાથી ખડી જાયછે. કોઈ વાર સાંધામાં વ્યાધિ ઉત્પન્ન થાયછે તેથી સંધિ બંધન ઢીલાં થઈ હાડકું પોતાની મેળે ખડી જાયછે. બચ્ચાં તથા વૃદ્ધ આદમીનાં અસ્થિ વિશેષ કરીને ભાગી જાયછે. વચલી અને મધ્યમ વયના આદમીનાં હાડકાં ખડી જાયછે. પડી જવાથી અથવા માર લાગવાથી અથવા બોજો ઉપાડવાથી સાંધો ખડી જાયછે. કોઈ વાર ફક્ત સ્નાયુના આકર્ષણથી પણ હાડકું ખડી જાયછે. જેમ કે બગાસું ખાતાં જડબું ખડી જાયછે.

નિશાનીઃ—૧ સાંધો ખડી જવાથી તેનો આકાર સ્વભાવિક હોય તેથી બદલાઈ જાયછે. ૨ હાડકાંના સ્વભાવિક ટેકરાનો સંબંધ હોય તેમાં તફાવત પડેછે. ૩ ખડી ગયેલા હાડકાનો છેડો જુદે સ્થાને દેખાયછે. ૪ અવયવની લંબાઈ તથા સ્વભાવિક ધરીમાં ફેરફાર થાયછે. ૫ ખડી ગયેલો સાંધો દુખેછે તથા સજી આવેછે. ૬ તેને હલાવી શકાતોનથી.

હાડકું ખડી જવાથી તે સાંધાનાં બંધન તથા સ્નાયુ કેટલેક દરજ્જે તૂટી જાયછે. તે

ની આસપાસની રક્ત નળીયો, તંતુ તથા ચામડીને નુકશાન થાયછે. કોઈ વાર હાડકું ભાગી જાયછે. સાંધો ખડી જાય તેના સંબંધમાં બહારનો જખ્મ હોય તો તેને **"સહજખમ સંધિ—સ્થળાંતર"** કહેછે. જો જખ્મ ન હોય તો તેને **"નિર્છેદ સંધિ સ્થળાંત્તર"** કહેછે. ખડેલું હાડકું લાંબો કાળ ચઢાવ્યા વિનાનું રહેતો તેને રહેવાને સ્વભાવિક સ્થળે ખાડો હોય તે પૂરાઈ જાયછે, તથા નવે ઠેકાણે જુજ સાંધો થઇ રહેછે. ખડેલા અસ્થિના તથા આસપાસના ભાગોમાં વરમ થઇ લસશ્રાવ (લીંફ) થાયછે અને તેથી એ ફેરફારો થાયછે. આસપાસની સ્નાયુ સંકોચાઈ રહેછે, તેથી લાંબી મુદતનો ખડી ગયેલો સાંધો ચઢાવવામાં ઘણી મુશકેલી પડેછે.

ઉપાયઃ—સંધિ સ્થળાંત્તર થયા પછી જેમ બને તેમ હાડકું જલદી ચઢાવવું. હાડકું ચઢાવવામાં મુખ્ય બે અડચણ હોયછે. એક સ્નાયુ આકર્ષણ અને બીજું અન્ય અસ્થિથી થતો પ્રતિ બંધ.

હાડકું ખડી ગયા પછી તેની આસપાસની સ્નાયુ સંકુચિત થઇને હાડકાંને અસ્થ સ્થળમાંથી ખસેડતાં પ્રતિ બંધ કરેછે, અને હાડકું ખડયા પછી જેમ વધારે કાળ જાય તેમ આ પ્રતિબંધ વધારે થાયછે, માટે સાંધો જલદી બેસાડતાં આ અડચણ થોડી નડેછે. કલોરોફાર્મ આપવાથી સ્નાયુ આકર્ષણ નરમ પડેછે, તેથી કલોરોફાર્મ સુંઘાડયા પછી સાંધો ચઢાવવો સુગમ પડેછે. સાંધો ખડી ગયા પછી હાડકાને પાછું બેસાડતાં તેની આસપાસની કોરે ટેકરા વગેરે નડેછે. આ અડચણ અવયવ ખેંચવાથી દુર થાયછે.

સાંધો ચઢાવવામાં ખડીગયેલા અવયવને પ્રથમ ખેંચીને તેને સ્વભાવિક સ્થળે બેસાડવો. હાડકું ચઢી જતી વખતે **"ખટક"** અવાજ સંભળાયછે. જો કલોરોફાર્મ સુંઘાડ્યો હોય તો સ્નાયુ શિથળ હોવાથી વખતે આ ખટકો સંભળાતો નથી. અવયવને આપણા હાથવતી ઝાલી તે ખેંચવો. વિશેષ જોર લાગે તો સામે પગ ભરાવવો અથવા પાટો બાંધીને ગરેડીના સાધનથી ખેંચવો. ખડી ગયેલા અવયવે જે દિશા ધારણ કરી હોય તેની સીધી લીટીમાં તેને ખેંચવો, અને પછી સ્વભાવિક સ્થિતિમાં લાવવો. ખડી ગયેલા હાડકાને ખેંચવામાં અન્ય અસ્થિની ઊંચી નીચી જગાના સબંધનો વિચાર કરી ખેંચવું. સાંધો ચઢાવ્યા બાદ તે ભાગને પાટીયાં તથા પાટામાં બાંધી રાખવો અને બેથી ત્રણ અઠવાડીયાં પછી છોડી તેને હલાવવાને શરૂ કરવું. નહીંતો સાંધો સજ્જડ થઈ જાયછે.

ખડેલું હાડકું ઘણો કાળ ચડાવ્યા વિનાનું રહેતો તેની અસલ જગો પૂરાઈ જાયછે તથા નવે ઠેકાણે કેટલેક દરજ્જે સાંધા જેવી ગોઠવણ થાયછે. સુમારે ચાર છ અઠવાડીયાં ન થયાં હોયતો તે હાડકું ચઢાવી શકાયછે. પણ તેથી ઉપરાંત કાળ ગયો હોય તો ચઢાવવું ઘણું મુસ્કેલ થઇ પડેછે. જૂનો ખડી ગયેલો સાંધો ચડાવતાં કેટલીકવાર અકસ્માત થાયછે, જેમકે સ્નાયુ, ચામડી, ધમનિ, ફસ, તંતુ વગરે તૂટી જાયછે. વખતે હાડકું ભાગી જાયછે, અથવા સાંધો સૂજી તથા પાકી આવેછે. એવા સાંધાને ચઢાવવાના પ્રયત્ન કરવાને બદલે અવયવને હમેશાં તેલથી ચોળી ગરમ પાણીથી શેક કરી ગતિ આપવાથી વધારે ફાયદો થાયછે, તેથી નવો સાંધો મોકળો થતો જશે.

જ્યારે સંધિસ્થળાંતરની સાથે બહારનો જખ્મ હોય ત્યારે અવયવ જોખમમાં આવી પડેછે. જો આંગળાંના જેવા નાના સાંધાનો જખ્મ હોયતો તેનો બચાવ થઈ શકેછે, પણ મોટા સાંધાનો જખ્મ હોયતો અવયવ કાપવો પડેછે, અથવા તેનો બચાવ થાય તોપણ તે સાંધો સજડ રહી જાયછે. હાથના મોટા સાંધાનો જખ્મ હોય અને તે નાનો હોય તથા આસપાસના ભાગ સલામત હોયતો તેને બંધ કરવો તથા સાંધો ચડાવ્યા બાદ થંડુ લોશન લગાડવું, જળો લગાડવી અને જખ્મ પાકી આવે તો રીતસર મલમપટી કરવી. જો જખ્મ મોટો હોય તથા આસપાસની ધમનિ વગેરે ભાગ કપાયો હોયતો અવયવ છેદન કર્યા શિવાય છુટકો નથી. હાથના કરતાં પગના સાંધાનો જખ્મ વધારે જોખમ વાળો હોયછે. ઘૂંટણના જખ્મને માટે પગ અવશ્ય કાપવો પડેછે. ઘૂંટીનો નાનો જખ્મ હોયતો તે બચાવી શકાયછે.

સાંધો ઉતરી જાય અને તેની સાથે ઉતરેલું હાડકુ ભાગી ગયું હોયતો તેને બેસાડવામાં વિશેષ મુશીબત પડેછે. તેને માટે ભાગેલા હાડકાને પાટીઆં બાંધીને પછી સાંધાને તરત ચઢાવવો.

એક સાંધામાંથી સામસામેનાં હાડકાં સ્થળાંતરમાં ખસી જાયછે તેમાંથી કયું હાડકું ખડી ગયું માનવું? શરીરના મધ્યબિંદુથી જે હાડકું વિશેષ અંતરેછે તેને ઉતરી ગયું સમજવું. જેમકે ઘૂંટણનો સાંધો ખડી જાય ત્યારે પગનું હાડકું ઉતરી ગયું એમ કહેવાયછે પણ જાંગઅસ્થિ ઉતરી ગયું એમ કહેવાતું નથી.

નીચલા જડબાનું ઉતરીજવું:—તાર્ણીને મોઢું ઉઘાડતાં, બગાસુખાતાં, અને હસતાં સ્નાયુના આકર્ષણને લીધે જડબુ ઉતરી જાયછે. જડબાના એક અગર બેઉ સાંધા ઉતરી જાયછે. જ્યારે બેઉ બાજુ ઉતરી જાયછે ત્યારે મોઢું ફાટ્યું રહેછે, ખાવા તથા બોલવામાં હરકત આવેછે. થુંક વહે છે, નીચલા દાંત તથા દાઢી આગળ આવે છે. કાનની આગળ ખાડો પડી જાયછે તથા તેની આગળ લમણામાં ઉચવટો રહેછે. જ્યારે એકજ બાજુ ઉતરી જાય ત્યારે જડબુ સામેની બાજુએ વળી જાયછે, અને બીજાં ચિન્હ ઉપર પ્રમાણે હોય છે.

જડબું ચઢાવવામાં આપણા હાથના બેઉ અંગૂઠા નીચલા જડબાની બેઉ બાજુ ડાઢ ઉપર રાખી, આંગળાં બહાર હનવટીએ રાખવાં, અંગૂઠાને જોરથી નીચે દાબવો, તથા આંગળાંવતી હનવટી ઊંચી કરવી, એટલે જડબું ચઢી જશે. બેઉ અંગુઠાને કપડું વીંટી રાખવું કેમકે જડબું ચઢાવતાં તેમની ઉપર દાંત બેસેછે. જડબું ચઢાવ્યા પછી ચાર છેડાનો પાટો બાંધવો. બોલવું કમી રાખવું. ખાવા પ્રવાહી ખોરાક આપવો. એકઅઠવાડીઆ પછી પાટો છોડવો.

હાંસડીનું ખડવું:—હાંસડી કોઈવાર ખડી જાયછે. અંદરને છેડે ખડી જાયછે, અથવા બહારને છેડે ઉતરી જાયછે. ખડી ગયેલો ભાગ સહેજ નજરે તરી આવેછે તથા તેના ચઢાવવામાં પણ મુશ્કેલી પડતી નથી. પણ ચઢાવ્યા છતાં તે હાડકું સ્થિર રહેતું નથી. અંદરનો છેડો સ્ટરનમથી ઉપર, આગળ અથવા પાછળ ખસી જાયછે. બહારનો છેડો

એક્રોમીયન ઉપર ચઢી જાયછે.

ખભાને પાછળ ખેંચી ઉતરી ગયેલો છેડો બીજા હાથવતી બેસાડવો. તેના ઉપર ગાદી મૂકી પાટો બાંધવો. બેઉ ખભાને ∞ આકારનો પાટો બાંધવો.

ખભાનું ઉતરી જવું:—બીજા કોઇપણ સાંધા કરતાં આ સાંધો ઘણીવાર ઉતરી જાયછે. ખભો ઉતરી જાય ત્યારે તેની મુખ્ય છ નિશાની છે ૧. ખભો દુખેછે. ૨. તે હલાવી શકાતો નથી. ૩. તે ચપટો થઇ જાયછે. ૪. "એક્રોમીયન" નીકળેલો દેખાયછે તથા તેની નીચે ખાડો પડી રહેછે. ૬ ભુજાસ્થિનું મસ્તક નવે સ્થળે માલમ પડેછે.

ભુજાસ્થિ ચાર ઠેકાણે ખસી જાયછે. ૧ ભુજાસ્થિનું મસ્તક જરા અંદર તથા નીચે ખસી જાય છે, ત્યારે ભુજા જરા ટુંકી થઈ જાયછે. કોણી પછવાડે અને છાતીની બાજુથી દુર રહેછે, કાખમાં તપાસતાં હાડકુ ખસી ગએલું માલમ પડેછે તે શિવાય ઉપર આપેલી છ નિશાની જણાય છે. (આકૃતિ ૫૧)



આકૃતિ ૫૧ ભુજા અસ્થી આગળ અને જરા નીચે ખડી ગયુંછે. "કોરા કોઇની તળે" (સબકોરાકાઇડ)



આકૃતિ ૫૨ ભુજા અસ્થીનીચે ખડી ગયુછે. "ગ્લેનોઇડ કાવીટીની તળે" (સબગ્લીનોઇડ)

૨ ભુજાસ્થિ આગળ હાંસડી નીચે આવેછે ત્યારે હાડકુ હાંસડી નીચે દેખાય છે. ભુજા ટુંકી થઈ જાયછે. કોણી ઘણીજ પાછળ તથા પડખાથી દુર રહેછે. પહેલા સ્થળાંતર કરતાં આમાં વિશેષતા રહીછે તેથી તેમનાં ચિન્હ ઘણે દરજે મળતાં આવેછે.

૩ ભુજાસ્થિ પાછળ સરકી જાયછે ત્યારે હાડકુ પાછલા ભાગમાં લાગેછે. ભુજાસ્થિનું માથુ ખભાની ઢાલના હાડકાની પીઠપર જાય છે. કોણી આગળ આવેછે તથા પડખાથી દુર રહેછે. તેની સાથે ઉપરની છ નિશાની હોય છે.

૪. હાડકું નીચે ઉતરી જાયછે ત્યારે ભુજાસ્થિનું માથું તે કાખમાં જણાયછે. ભુજા લાંબી થાયછે. હાથ વળેલો રહેછે, કોણી પાછળ તથા પડખાથી દુર રહેછે. રક્તનળી તથા જ્ઞાનતંતુ ઉપર દબાણ થવાથી હાથ કોઈબાર સૂજી આવેછે તથા બહેર મારેછે. તેની સાથે પણ ઉપરની છ નિશાની હોયછે. (આકૃતિ ૫૨)

કારણ:—હાથ અગર કોણી ઉપર પડવાથી, ખભા ઉપર બોજો પડવાથી તથા માર લાગવાથી ખભો ઉતરી જાયછે. ઘણુંકરી આગલા અથવા નીચેના ભાગમાં ભુજાસ્થિ ખડી જાયછે.

ખભો ચઢાવવાની રીતઃ—કાખમાં પગની એડી રાખીને અથવા ઘૂંટણ રાખીને અથવા હાથને ઊંચો વાળીને ખભો ચઢાવાય છે.

૧. દરદીને ચતો સુવાડી તેની પાસે ઈજા થયેલી બાજુએ બેસી, તેની કાખમાં પગની પાની ભરાવી, તેનો હાથ કાંડેથી પકડીને ખેંચવો. હાથને સારી પેઠે ખેંચ્યા બાદ તેને છાતી તરફ વાળવો એટલે હાડકું ચઢી જશે.

૨. કાખમાં ઘૂંટણ રાખીને ચડાવવાની રીત આ પ્રમાણે છે. દરદીને બેસાડી તેની પાછળની બાજુએ ઉભા રહી બેઠક ઉપર પગ રાખી આપણો ઘૂંટણ તેની કાખમાં ભરાવવો અને તેની ભુજાને કોણીથી ખેંચીને, છાતી તરફ વાળવાથી હાડકું બેશી જશે.

૩. દરદીને સુવાડીને તેના મસ્તક પાસે ઉભા રહી, એક હાથ ખભા ઉપર રાખવો તથા બીજા હાથથી તેનો ખડેલો હાથ પકડીને ઉપર ખેંચવો એટલે હાડકું ઠેકાણે આવી જશે. સાંધો ચડ્યા બાદ થોડા દિવસ પાટો બાંધી રાખવો અને ભુજાને હાલવા દેવી નહી.

કોણીનું ઉતરવું:—કોણીનો સાંધો કોઇવાર ખડી જાયછે. તેનું એક હાડકું ખડી જાયછે અથવા બેઉ સાથે ખડી જાયછે. જ્યારે બેઉ સાથે ઉતરી જાય ત્યારે ઘણું કરી બેઉ પછવાડે ખસી જાયછે. જો આગળ ખસે તો "અલ્ના" નો ઉપરનો છેડો ભાગી જાયછે. કોઇવાર અંદર અથવા બહારની બાજુએ બેઉ અસ્થિ ખસી જાયછે. જ્યારે અંદરનું હાડકું અલ્ના એકલુંજ ખસે તો તે પાછળ ઉતરી જાય છે. બહારનું હાડકું "રેડીઅસ" એકલું ખડે તો તે બહાર, પાછળ, પણ ઘણું કરી આગળ ખસી આવે છે. જ્યારે રેડીયસ આ પ્રમાણે આગળ ખસી જાયછે ત્યારે હાથની કળા થોડી વળેલી રહે છે; તથા ઊંધીને ચતીની મધ્યમ સ્થિતિમાં રહેછે. કોણીને લાંબી કરતાં દુખેછે. કોણી ભુજાની સાથે કાટખુણાથી વધારે વળી શકતી નથી. તે બાજુના ખભાને તે હાથનાં આંગળાં લગાડી શકાતાં નથી. સોજો આવ્યા પહેલાં હાથને હલાવવાથી તથા સામેની કોણી સાથે સરખાવતાં કીયા પ્રકારનું સ્થળાંતર થયુંછે તે સમજાશે. સોજો આવ્યા પછી તેનો નિર્ણય કરવો મુશ્કેલ પડેછે. ખડી જવાની સાથે કોણીના સંબંધના એકાદા અસ્થિના છેડાનો ભંગ થયો હોયછે ત્યારે નિર્ણય કરતાં વિશેષ મુશીબત પડેછે.

કોણી ચડાવવાની રીતઃ—જ્યારે બેઉ હાડકાં ખડી ગયાં હોય, અથવા અલ્ના એકલું ખડી ગએ હોય તો તેને માટે દરદીને બેસાડી, તેની બેઠક ઉપર આપણો પગ રાખી, આપણો ઘુંટણ તેની કોણીના સાંધામાં રાખવો તથા તેનું કાંડું પકડીને હાથને તાણીને કોણી વાળવી, એટલે ઠેકાણે આવી જશે. ત્યારબાદ કાટખુણા વાળાં પાટીઆમાં હાથને બાંધી રાખવો. પણ જ્યારે રેડીયસ આગળ ઉતરી આવ્યું હોય તો તે હાથને સીધો ખેંચવાથી બેશી જશે. ખેંચતી વખત રેડીયસના ખડી ગએલા મસ્તક ઉપર બીજા હાથનું દબાણ કરી તેને બેસાડવું. ચડાવ્યા બાદ સીધું પાટીયું હાથના આગલા ભાગ ઉપર બાંધવું. સુમારે બે અઠવાડીઆં થાય ત્યારે તેને છોડીને સાંધો થોડેથોડે હલાવવા માંડવો, નહીતો કોણીનો સાંધો સાધો રહી જવાથી પાછળથી મોટી મુશીબત પડેછે.

કોણીના સાંધાની ઈજા વીશેષ હોય અગર તે સજ્જડ રહી જવાની દહેશત હોય

ત્યારે હમેશાં કોણીના સાંધાને કાટખુણે રાખી બાંધવો એટલે છેવટે જો તે સજ્જડ રહેશે તો પણ તે અવયવ ઉપયોગી પડશે. જો કોણી સાધી રહી જાયતો તે અવયવ અડચણ કરતા થઈ પડેછે.

કાંડુ તથા આંગળાંનું ઉતરવું:—હાથના પંઝાનાં હાડકાં અથવા આંગળાં ખડી જાયછે તથા અંગુઠો ઉતરી જાયછે, તે તેમની નિશાનીઓ ઉપરથી સહજ ઓળખી શકાશે. તે સાંધાઓની આસપાસ બહુ માંસ નહી હોવાથી સ્થળાંતર સહજ ઓળખાય છે. તેમને બરાબર તાણીને ચડાવ્યા બાદ કેટલાક દિવસ પાટીઆમાં બાંધી રાખવું.

જાંગનો સાંધો—ઘણીવાર ઉતરી જાયછે. ત્યારે થાપો બે ડોળ થઈ જાયછે. તે પણ ખભાની માફક ત્રણ ચાર ઠેકાણે ખસી જાયછે.

આકૃતિ નં. ૫૩. જમણી જાંગનું અસ્થી પાછળ ઇલ્યમ ઉપર ખડી ગયુંછે.



૧. ઘણું કરી ઉપર તથા પાછળના ભાગમાં નિતંબાસ્થિ (ઇલ્યમ)પર ખસી જાયછે. તે ઠેકાણે જાંગના અસ્થિનું માથું જણાયછે. "ટ્રોકાંટર"ના ઊંચવટાને ઠેકાણે ખાડો માલમ પડે છે. પગ એક બે ઇંચ ટૂંકો થઈ જાયછે તથા અંદર વળી જાયછે. જાંગ અને ઘૂંટણના સાધા થોડા વળેલા રહે છે, અને તે જાંગની ધરી સામેના ઘૂંટણ તરફ જાયછે. પગ અંદરની બાજુ વળેછે, પણ બહારની બાજુ વળી શકતો નથી. (આકૃતિ ૫૩.)

૨. જાંગના અસ્થિનું મસ્તક ઉપર અને પાછળ નિતંબાસ્થિની પછવાડે ખાડોછે (સાયાટીક ફોરામેન) તેમાં ઊતરી જાયછે. તેની નિશાની પહેલા સ્થળાંતરને મળતી આવેછે. પણ નિતંબ ઉપર વિશેષ ટેકરો જણાતો નથી. ખડી ગયેલી જાંગની ધરી સામેની જાંગની મધ્ય તરફ હોય છે.

૩. કોઈવાર જાંગ અસ્થિ નીચેની બાજુ "ઑબટ્યુરેટર ફોરામેન" તરફ ખસી જાયછે, ત્યારે પગ સુમારે એક બે ઇંચ લાંબો થાયછે તથા છેટે અને બહાર વળી જાયછે, ઘૂંટણ વળેલા રહેછે અને ધડને પણ સ્નુના ખેંચાણને લીધે વાંકું રહેવું પડેછે. થાપો બે ડોળ લાગેછે, ટ્રોકાંટરનો ઉંચવટો અદૃશ્ય થાયછે.

૪. ક્વચિત જાંગ અસ્થિ ઉપલી તરફ "પ્યુબીસ"પર ખસી જાયછે, ત્યાં પોપાર્ટ બંધન તળે જાંગ અસ્થિનું માથુ જણાયછે. પગ સુમારે એક ઈંચ ટુંકો તથા બહાર વળેલા રહેછે. ટ્રોકાંટરને ઠેકાણે ખાડો જણાયછે. થાપો બે ડોળ જણાયછે.

આ પ્રમાણે પડી જવાના તથા બીજા કારણોથી જાંગ અસ્થિ જુદે જુદે ઠેકાણે ખસી જાયછે.

થાપાને ચડાવવો:—તેને ચઢાવવામાં જેવી ધરી અવયવે ધારણ કરી હોય તે દિશામાં જાંગને ખેંચીને હાડકું ઠેકાણે લાવવું. ખેંચવામાં પુષ્કળ જોર લાગેછે અને કેટલીક વાર ગરેડીના જોરની મદદની જરૂર પડેછે. જાંગને ખેંચતી વખત શરીરને સ્થિર રાખવા

સાફ સામેની બાજુ બાંધી રાખવું જોઈએ. ચઢાવવામાં આ યાંત્રિક યુક્તિ હાલમાં ક્વચિત કામ આવેછે.

હાલના વખતમાં હસ્તક્રિયાના સાધનથીજ થાપાનો સાંધો ચડાવવામાં આવેછે. પહેલા અને બીજા સ્થળાંતરમાં જ્યારે જાંગઅસ્થિ નિતંબ ઉપર જાયછે ત્યારે પગને જાંગપર વાળી, તથા જાંગને પેટપર વાળી, સામેના વંક્ષણ તરફ ઘુંટણ લઈ જવો, ત્યાર બાદ ઘુંટણ મધ્ય રેષામાં લાવી, નાભી તરફ બહાર વાળી, એકદમ લાંબો કરી દેવો. તે પ્રમાણે એક અગર વધારે વખત કરવાથી સાંધો "ખટક" અવાજની સાથે ઠેકાણે આવી જશે.

ત્રીજા તથા ચોથા સ્થળાંતરમાં તેવીજ રીતે પગ તથા જાંગ વાળી, પેટની મધ્ય રેષા સુધી ઘૂંટણ લઈ જઈને, સામેના અવયવ તરફ વાળી, તેને એકદમ લાંબો કરી દેવો, એટલે બેશી જશે. જાંગ ચડાવ્યા પછી બે ત્રણ અઠવાડીઆં પાટો રાખવો.

હસ્તક્રિયાથી થાપો ચડાવાનાં હમેશાં ક્લોરોફાર્મ સુંઘાડી ચડાવવો.

ઘૂંટણની ઢાંકણી—બાજુએ અથવા ઉપર ખસી જાયછે. તે સ્પષ્ટ દેખાઈ આવેછે જાંગને વાળી, પગને ઊંચો સીધો રાખી, ઢાંકણીને દાબી ઠેકાણે બેસાડવી. બેસાડ્યા પછે પગને લાંબો રાખી બે ત્રણ અઠવાડીયાં બાંધી રાખવો.

ઘુંટણ—આગળ પાછળ અથવા બાજુએ ઉતરી જાયછે. તે સહજ ઓળખી શકાયછે. પગને ખેંચીને ઘુંટણનો સાંધો ચડાવી દેવો ને થોડા દિવસ બાંધી રાખવો.

ઘૂંટી:—કેટલીવાર ખડી જાયછે. આગળ પાછળ અથવા બાજુએ ખસી જાયછે. જ્યારે બાજુએ ખસી જાય ત્યારે તેની સાથે તે સાંધાના સંબંધનું બહાર અગર અંદરની ઘૂંટીનું હાડકું ભાગેછે. પાછળ કરતાં ઘૂંટીનો સાંધો આગળ વિશેષ ઉતરી જાયછે. પગના ફણાને ખેંચી બરાબર સાંધાને બેસાડવો.

પગનાં બીજાં હાડકાં તથા આંગળાં પણ કોઇવાર ઉતરી જાયછે. તેઓ સર્વને ખેંચીને યોગ્ય રીતે બેસાડવાં તથા કેટલોક વખત બાંધી રાખવાં.

સાંધા ચઢાવવામાં ઘણીવાર ક્લોરોફાર્મની મદદ અમુલ્ય થઇ પડેછે. —

મગજ તથા ખોપરીની જફા.

મસ્તકની ખોપરીની અંદર ભેજું રહેલું છે. તે ખોપરીને જફા પહોચવાથી ભેજા ઉપર અસર થાયછે. જોરનો ઘા અગર પછાડ ખાવાથી કેટલીકવાર ખોપરી ફુટી જાયછે. સાધારણ ઇજાથી ખોપરી ફુટતી નથી કારણ કે તે બહુ મજબુત હોયછે. તે ફુટે અગર નહિ ફુટે તોપણ મસ્તકને વિશેષ ધક્કો લાગેછે ત્યારે કેટલાંક મગજનાં ચિન્હ થાયછે, તેના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે.

૧. મગજનો ધક્કો. ૨. મગજ ઉપર દબાણ. ૩. મગજને ક્ષોભ (ઇરીટેશન)

મગજને જફા પહોચ્યા પછી આ ત્રણ વર્ગનાં ચિન્હ ઘણું કરી તરત થાયછે. તેને

લીધે દરદી વખતે મૃત્યુ પામેછે. ઘણી વખત તે સારો થાયછે અને પાછળથી વરમનાં ચિન્હ થઈ આવેછે.

૧ મગજનો ધક્કો (કંકશન):—મસ્તક ઉપર ઘા, મૂકી, અગર પછાડ લાગવાથી મગજને ધક્કો પહોંચેછે. તેનાં ચિન્હ ધક્કાના પ્રમાણમાં હલકાં અગર સખત હોયછે. હલકો ધક્કો પહોંચ્યો હોય તો દરદીને થોડો વખત ચક્કર આવેછે, તે વિચાર શુન્ય અને બે શુદ્ધ થાયછે અને થોડી મિનિટમાં પાછો સાવધ થાયછે. જો સખત ધક્કો પહોંચ્યો હોય તો દરદી કેવળ બેશુધ થઈ કેટલાક કલાક અને દિવસ પડી રહેછે. તેને હલાવીયે તો કદાચ કાંઈ જવાબ આપે અગર નહી આપે, શરીર ટાઢું પડી જાયછે, નાડી નબળી મંદ અને અનીયમીત ચાલેછે, આંખની કીકી સંકુચીત હોયછે, ઝાડો પેશાબ પણ બિછાનામાં થાયછે, શ્વાશ ધીમો ચાલેછે.

આવી સ્થિતિમાં કેટલોક વખત રહી દરદીને સારૂ થાયછે અગર તે મૃત્યુ પામેછે. સારૂ થાય તો પૂર્ણ પણે સારૂ થાયછે અગર તેમાં કાંઈ ખામી રહી જાયછે. શરીર ગરમ થાયછે નાડી ઠેકાણે આવી શુધી આવેછે, તે વખતે ઘણું કરી ઉલટી થાયછે. ત્યાર બાદ કદાચીત તાવ આવી મગજનો વરમ થઈ આવેછે. જ્યારે અપૂર્ણ સુધારો થાયછે ત્યારે દરદીમાં કેટલીક ખામી રહી જાયછે. જેમકે દ્રષ્ટી મંદ થાય, કાન, નાક, અગર જીભ્હા ઇંદ્રી બગડી જાય, સ્મરણ શક્તિ ઘટી જાય, મસ્તક દુખે, ચક્કર આવે, ફેફરે થાય, કામ સૂઝે નહીં, વગેરે ચિન્હ જણાય છે.

ઇલાજ:—મસ્તકના ધકા માટે દરદીને સંપૂર્ણ આરામ આપવો. તેને કોઈ જાતનો ત્રાસ થવા દેવો નહીં. શરીર ઉપર ગરમ કપડાં ઓરાડવાં, ગરમ પાણીથી બાટલી ભરી શેક કરવો, શરીરને ચોળવું. દારૂ આદિ ગરમ પદાર્થ વિશેષ આપવો નહીં. બહુજ ધક્કો લાગ્યો હોય તોજ ગરમ દવા પાવી, કારણ કે પાછળ મગજનો વરમ થવા દહેશત રહેછે.

દરદી સારો થયા પછી કેટલોક વખત તેમજ તેને પૂર્ણ આરામ ન થયો હોય તો તેને કામ ઉપર જવા દેવો નહીં, સાદો અને હલકો ખોરાક આપવો. વખતો વખત જુલાબ દેવો. મસ્તક દુખે તો બ્લીસ્ટર મારવાં, પોત મૂકવું અગર જળો લગાડવી.

૨ મગજ ઉપર દબાણ (કોંપ્રેશન):—મગજ ઉપર દબાણ નીચે લખેલા કારણથી થાયછે.

અ. ખોપરી ફૂટી તેનું હાડકું અંદર પેશી જાય તેથી મગજ ઉપર દબાણ થાયછે.

બ. ખોપરીની અંદર રક્ત નળી ફૂટી રક્ત શ્રાવ થાય તેથી દબાણ થાયછે.

ક. ખોપરીમાં ગોળી, ખીલી,વગેરે બાહ્ય પદાર્થ અંદર જાયતો તેનું દબાણ થાયછે.

ડ. મગજનો વરમ થઈ અંદર પરૂ થાય તેનું દબાણ થાયછે.

ઈ. ખોપરીની અંદર કોઈ ગ્રંથી થાય તો તેને લીધે પણ દબાણ થાયછે.

ઉપર દર્શાવેલાં જુદાં જુદાં કારણોથી દબાણ થાયછે. દબાણનાં મૂખ્ય ચિન્હ નીચે પ્રમાણે હોયછે.

દરદી કેવળ બેશુધ થઈ અચેત પડી રહેછે. નાડી ભરેલી અને ધીમી ચાલેછે.

આંખની એક અગર બેઉ કીકી વિસ્તૃત જણાયછે. શ્વાસો શ્વાસ સાથે નસકોરાં બોલેછે તથા ઓષ્ટ ફફડેછે. ત્વચામાંથી થોડો થોડો પરસેવો નીકળેછે. ઝાડો પેશાબ બંધ રહેછે અગરે બિછાનામાં થાયછે. દરદી કશો જવાબ દેતો નથી. આખું અગર અડધું શરીર ચેતના રહીત હોયછે, કોઈ વાર આંચકી અને તાણ થઇ આવેછે.

ઉપર કહેલી સ્થિતિમાં દરદી કેટલોક કાળ રહ્યા પછી મૃત્યુ પામેછે અગર દબાણ ખસેડવામાં આવેતો સારો થાયછે, અથવા તેમાંથી મગજનો વરમ ઉત્પન્ન થાયછે.

કયા કારણથી દબાણ થાયછે તે જાણવું અવશ્યનું છે. ખોપરી ફૂટેલી અગર તૂટેલી હોય તે ઉપરથી હાડકું, ગોળી, વગેરેનો નીશ્ચય થશે. રક્તશ્રાવ થયો હશે તો પણ ખોપરીને જફા પહોચવાની બાતમી તેની સાથે હશે. પરનું દબાણ હોય તો તેની પહેલાં મગજના વરમનાં ચિન્હ થવાં જોઇએ. ગ્રંથીનું દબાણ હોય તો લાંબા વખતના બાધિનાં ચિન્હ માલમ પડશે.

દરદી સારો થાય તોપણ પૂર્ણ સારો થયો કે અપૂર્ણ થયો તેનો તપાસ રાખવો. મસ્તકમાં દુખાવો રહે, કીકી નાના મોટી રહે, શરીરનો કોઇ ભાગ અચેત રહે તો અપૂર્ણ આરામ સમજવો અને છેવટ તેનું પરિણામ શક ભરેલું રહે છે.

ઈલાજઃ—મસ્તક ઉપરથી કેશ કઢાવી નંખાવી બરફ લગાડી રાખવો, જુલાબ આપવો. જો બેશુદ્ધીને લીધે ગળી શકાય તેમ નહોય તો ગુદાથી જુલાબની પીચકારી મારવી અગર જમાલગોટાના તેલનાં બે ટીપાં સાકર સાથે જીભ ઊપર મૂકવાં તેથી જુલાબ લાગશે.

દબાણ થવાનું કારણ માલમ પડી આવે તે ખસેડાય તેમ હોય તો દુર કરવું, તુટેલું હાડકું બેઠું હોયતો તેને ઊંચું કરવું અગર કાઢી લેવું. રક્તશ્રાવ અથવા પરૂ હાડકાની તળે હોય તો ખોપરીમાં છીદ્ર કરી દુર કરવું. તેમાં છીદ્ર કરવા તથા હાડકાને ઉપાડવાનાં યોગ્ય શસ્ત્રો હોય છે.

મગજનો ક્ષોભ (ઇરીટેશન):—આ રોગનાં એક શારીરીક તથા બીજાં માનસીક એવાં બે પ્રકારનાં લક્ષણ હોયછે.

શારીરીક ચિન્હમાં આદમી હાથ પગ વાળી નીચે માથું કરીને પડી રહેછે. આંખો મીચી રાખેછે. કીકી સંકુચિત હોયછે. દરદી અચેત હોતો નથી પણ બેચેન માલમપડેછે.

માનસીક ચિન્હમાં દરદી કેવળ બેશુધ હોતો નથી. પણ તેને બરોબર ભાન હોતું નથી. તાણીને બોલાવીયે તો ચીડવાઇને માત્ર હોકારો આપે છે, વખતે બબડે છે અને દાંત કરડેછે.

મગજની ફુટ થવાથી આવાં ચિન્હ થાય છે. તેમાંથી દરદી સારો થાયછે અગર દીવાનો બની જાયછે. અથવા મગજનો વરમ થાયછે.

ઇલાજઃ—દરદીને કોઈ પ્રકારનો ત્રાસ પહોંચવા દેવો નહી, મસ્તક ઉપર બરફ રાખવો, એક સારો જુલાબ આપવો. બ્લીસ્ટર મૂકવું. મગજની જફા માટે અફીણ અગર દારૂ આપવામાં આવતાં નથી, પણ આ દરદ ઉપર જરૂર જણાય તો તે દવા આપી શકાયછે.

મગજનો વરમ:—મગજને જફા પહોંચવાથી કેટલીક વખત તેનો વરમ થાયછે તેને **આકસ્મિક વરમ** કહેછે. આ વરમ **તીક્ષ્ણ** અથવા **દીર્ઘ** એવા બે પ્રકારનો હોયછે.

તીક્ષ્ણ વરમ ઇજા થયા પછી તરત થાયછે અગરે કેટલોક વખત ગયા પછી પણ થાયછે. ઘણો સખત તાવ આવેછે, તેના સાથે જોરાવર જ્વરભ્રમ હોયછે. નાડી જલદ, કઠણ અને ભરેલી હોયછે, જીભ સફેત હોયછે, ઉબકી અને ઉબકા આવેછે. ઝાડો કબજ હોયછે, ડોક અને લમણાની નાડીઓ થડકે છે. આંખો અને ચહેરો લાલ હોયછે મસ્તક અતિશય દુખેછે, કીકી સંકુચિત હોયછે. અજવાળું અવાજ અગર બીજો ત્રાસ સહન થતો નથી.

આ વરમના વ્યાધિમાંથી દરદી સારો થાયછે અગર ઘણુંકરી વરમનાં ચિન્હ બદલાઇને મગજના દબાણનાં ચિન્હ શરૂ થાયછે, કારણ કે દાહને લીધે ખોપરીમાં પરૂ થાય છે અને તેનું મગજ ઉપર દબાણ થાયછે. ત્યારે તાવ નરમ પડેછે, કીકી વિસ્તૃત થાયછે. જ્વરભ્રમ મંદ માલમ પડેછે,દરદી અસાવધ થતો જાયછે અને છેવટ મૃત્યુશરણ જાયછે.

જ્યારે દાહ દીર્ઘ જાતિનો હોય છે ત્યારે તેનાં ચિન્હ પ્રથમ એવાં ક્ષુલક હોયછે કે તેનું ખરૂ રૂપ કળી શકાતું નથી, અને જ્યારે તેનું ખરૂં રૂપ પ્રગટ થાયછે ત્યારે તે ઘણું કરી નીરૂપાય થઈ પડેછે. દીર્ઘ વરમ તીક્ષ્ણની પાછળ રહેછે પણ ઘણું કરી તે મગજને ધક્કો પહોંચ્યા પછી થોડી અગર લાંબી મુદતે માલમ પડેછે. તેવું કારણ થયા પછી ઘણું કરી માથું દુખ્યાં કરેછે, ફેરે આવેછે, સ્મરણશક્તિ મંદ માલમ પડેછે, સહજ કારણમાં ગુસ્સો ચઢી આવે છે, એક કામ ઉપર ઘણો વખત મન લગાડી કામ થઈ શકતું નથી. શ્રવણ, નયન, જીવ્હા, અગર ઘ્રાણેંદ્રિમાં કાંઈ ખામી જણાય છે. એકાદિ કીકી નાના મોટી જણાયછે. આંખનો ડોળો એક તરફ ખેંચાયલો જણાયછે. શરીરની કોઇ કોઈ સ્નાયુ ખેંચાયછે અને બીજાં અનેક તરેહનાં લક્ષણ જણાય છે. મસ્તકને જફા પહોંચ્યા પછી આવા એક અગર વધારે ચિન્હ જણાય તો જાણવું કે દીર્ઘ વરમનું બીજ રોપાયુંછે.

તેમાંથી કોઇને ફેફરૂં થઈ આવેછે, કોઇને દીવાનાપણું પ્રાપ્ત થાયછે, કોઇને પક્ષાઘાત થાયછે, અથવા શરીરનો થોડો ભાગ અચેત થઈ જાયછે, કોઈ બેશુદ્ધ થઈ મૃત્યુ શરણ જાયછે અને કોઇને તેમાંથી તિક્ષ્ણ વરમ થઈ જાયછે.

ઇલાજઃ—તિક્ષ્ણ વરમ માટે એક મોટો જુલાબ આપવો મસ્તક ઉપર બરફ મૂકવો, અને લમણા ઉપર બંને તરફ એકથી ચાર ડઝન સુધી જળો મૂકવી. આદમી મજબુત અને લોહીયાળ હોય તો ફસ ઉઘાડી લોહી કાઢવું. કાલોમલ અને એન્ટીમનીની દવાઓ આપવી. બ્લીસ્ટર મૂકવાં, ખોરાક થોડો અને હલકો આપવો.

દીર્ઘ વરમનાં ચિન્હ માલમ પડે ત્યારેથીજ દરદીને તન અને મનના શ્રમમાંથી મુક્ત કરી અને આરામ આપવો, લમણા અગર ડોક ઉપર બ્લીસ્ટર મૂકવાં. મસ્તક ગરમ હોય તો જળો મૂકવી. ડોક ઉપર પોત મૂકવું. ખોરાકમાં દારૂ વગરે ગરમ ચીજ આપવી નહિ. હલકો અને સાદો ખોરાક આપવો. વખતોવખત જુલાબ આપતા રહેવું.

ખોપરીનું ભંજન અથવા ફુટવું.

ખોપરીનાં હાડકાંઓની મજબુત પેટીમાં શરીરનું સર્વોપયોગી નાજુક મગજ રહેલુંછે. તેને મોટી જફા પહોચવાથી તે કેટલીકવાર ફુટેછે, તેથી મગજને હાની પહોચેછે અને શરીરને નુકશાન થાયછે. ખોપરી ભાગેછે ત્યારે તેનું તુટેલું હાડકું પોતાને ઠેકાણે રહેછે અથવા અંદરે મગજ તરફ બેશી જાયછે. જો તે પોતાને સ્વભાવિક સ્થળે રહેતો બહુ હાની થવા સંભવ હોતો નથી. પણ જો તે અંદર બેસી જાય તો મગજ અને તેના પડની ઇજા અને દબાણ થાયછે અને હાની પહોંચેછે. ખોપરીનું ભંજન, સહજખમ અથવા નિર્જખમ હોયછે. કેટલીકવાર એવું બનેછે કે ખોપરીની એક બાજુ ઘા પડેછે તે સ્થળે તે નહિ ફૂટતાં તેની સામેની બાજુએ પ્રત્યાઘાતથી તેનું ફૂટવું થાયછે.

ખોપરીનું ભંજન તેના કોઈ પણ સ્થળ ઉપર થાયછે. બંને બાજુ, અગ્ર અગર પશ્ચાતભાગ, અને ઉર્ધ્વ તેમજ અધોભાગમાં થાયછે. અધોભાગ શિવાય બીજે સ્થળે ભંજન થાય તો હાથવતી તપાસતાં તે માલમ પડી આવશે. સહજખમ હશે તો વળી સહેલાઇથી જણાશે. પણ જ્યારે અધોભાગનું ભંજન થાયછે, ત્યારે તે ભાગ હાથ અગર નજરથી તપાસી શકાય તેવો હોતો નથી. માટે તેને ઓળખવાને માત્ર ચિન્હ ઉપર આધાર રાખવો પડેછે.

ચિન્હઃ—મગજને જફા પહોચવાથી જે ચિન્હ આગળ કહ્યા પ્રમાણે થાયછે તેવાંજ ચિન્હ આ વખતે પણ હોયછે. પણ તે સિવાય બે ચિન્હ અધોભાગના ભંજનનાં ખાસ નિચે પ્રમાણે હોયછે.

૧. કાન અગર નાકમાંથી રૂધીર નીકળેછે. અથવા આંખમાં રૂધિરસ્ત્રાવ થઈ સોજો આવેછે.

૨. કાન અગર નાકમાંથી પાણી જેવું પ્રવાહી નિકળેછે. નાક કરતાં કાનમાંથી રૂધિર અને પ્રવાહી ઘણી વખત નિકળેછે. આ પ્રવાહી અગર રકત થોડું ન નિકળતાં જ્યારે એક બે અગર વધારે આઊંસ નિકળે ત્યારે વધારે ખાત્રી લાયક નિશાની થઈ પડેછે, રૂધિર કરતાં એ પ્રવાહીના વેહવાની નિશાની અધોભાગ ભંજન માટે ખાસ ગણાયછે, એ પ્રવાહી મગજના મધ્ય પડમાંથી આવેછે. (આરાકનોઈડ.)

ખોપરીનો અધો ભાગ અગર બીજો ભાગ ફૂટેછે ત્યારે બીજાં સામાન્ય ચિન્હ થાયછે. ખોપરી ફૂટેછે ત્યારે વખતે કાંઈજ ચિન્હ જોવામાં આવતાં નથી. વખતે મગજના દબાણનાં ચિન્હ ઉપર દર્શાવ્યાંછે તે પ્રમાણે જોવામાં આવેછે. વળી પાછળથી તીક્ષ્ણ અથવા દીર્ઘ વરમનાં ચિન્હ પણ થઇ આવેછે.

કેટલીક વાર ખોપરી ફૂટીને મગજનો જખમ થાયછે, વખતે મગજનો ભાગ બહાર નીકળી આવેછે.

ઇલાજઃ—જ્યારે મસ્તક ઉપરની ત્વચામાં જખમ હશે ત્યારે ખોપરી ફૂટીછે કે નહી તે નજરે જોયાથી અગર હાથથી માલમ પડશે. જખમને પ્લાસ્ટરની પટી મારવી. જો જખમ નહીં હોય અને કાંઇ મહત્વનાં ચિન્હ નહી હોય તો માત્ર દરીદને આરામ આપ-

વો. જુલાબ આપવો, અને ખોરાક સાદો આપવો. જો મગજના દબાણનાં ચિન્હ જણાય તો તે જખમને ખુલ્લો કરી જોવો. હાડકું અંદર બેઠું હોય તો તેને ઉપાડીને બહાર કાઢવું. સહજ ન નીકળે તો તેની એક બાજુ "ટ્રીફાઇન" નામના હથીઆરથી છીદ્ર પાડી તેને ઉપાડવું. મસ્તક ઉપર બરફ રાખવો. વખતો વખત જુલાબ આપવો. વરમ જણાય તો તેના ઈલાજ કરવા.

અસ્થી વરણ.

(કેરીઝ આવ બોન.)

હાડકાનો વરમ થઇ તે સડવા માંડેછે તેને અસ્થિવ્રણ કહેછે. પ્રથમ હાડકામાં કોઈ કારણથી વરમ થાયછે એટલે તે સૂજી આવી નરમ અને લાલ થાયછે, અને છેવટે પાકી તેમાં પરૂ થાયછે. જેવી રીતે મૃદુ ભાગમાં ચાંદાં પડેછે તેમ અસ્થીનું પણ આ ચાંદુ સમજવું. હાડકાના પોચા ભાગ (કાનસૅલસટીશ્યુ)માં આ રોગ વિશેષ થાયછે. તેથી હાથ પગના નાના હાડકા તથા મોટા હાડકાના છેડાઓ જેમાં પોચો ભાગ જાસ્તી હોયછે, ત્યાં આ વ્યાધિ થતો વિશેષ જોવામાં આવેછે. હાડકું સડે એટલે પાસેનો સાંધો હોય તેમાં બગાડ થવા સંભવ રહેછે. ગરમીના મરજથી વ્રણ થાયછે. ત્યારે તે કેટલીકવાર અસ્થિની સપાટી ઉપર થાયછે.

કારણઃ—નબળાઈ, સ્ક્રોફ્યુલા અને ગરમીના મરજથી અસ્થિવ્રણ થાયછે. હાડકાં ઉપર ઇજા પહોચવાથી અને વૃદ્ધાવસ્થાને લીધે, પણ આ રોગ થાયછે.

લક્ષણઃ—અસ્થિવ્રણનાં લક્ષણ શરૂઆતમાં ગડની માફક હોયછે તે ભાગ સૂજી આવી પાકેછે. બાદ ઘણી વેદના થઈ ફૂટેછે ત્યારે રક્તમિશ્રીત પરૂ, સડેલા લોચા અને તેની સાથે હાડકાની કણીયો નીકળેછે. ગડ ફૂટી ગયા પછી વેદના અને સોજો કમી થાય છે. પણ નારૂ બાકી રહેછે, તે ભરાતું નથી, તેમાંથી રસી નીકળેછે, કોઇવાર હાડકાની કરચ આવેછે અને તેના મોઢા ઉપર અંગુર બંધાઈ રહેછે. ગડ એકથી પણ વધારે થાયછે અને તેટલાંજ નારાં જારી રહેછે. ઘણા કાળ સુધી તે રહેવાથી તે ભાગ કઠણ સૂજેલો અને કાળો માલમ પડેછે. નારામાં સળી નાખતાં તળીયે ખડબચડું હાડકું સળીને લાગશે અને તે ઉપરથી અસ્થિવ્રણછે એમ ખાતરી થશે. જ્યાં સુધી સડેલું હાડકું નીકળી ન જાય ત્યાં સુધી તે નારાં બંધ થતાં નથી.

ઉપાયઃ—જે ઇલાજોથી તબીયત સુધરે તેનાથી અસ્થિવ્રણને ફાયદો થાયછે. માટે સારો ખોરાક તથા કપડાં અને હવા ફેર કરવો. જે ભાગમાં અસ્થિવ્રણ થયો હોય તેને આરામ આપવો. લોખંડ, કૉડલીવર ઓઇલ, અને આયોડીનની દવાઓ આપવી. આ ઇલાજો લાંબાકાળ પર્યંત કર્યા છતાં આરામ ન થાય તો શસ્ત્રક્રીયા કરવી. કલોરોફૉર્મ સુંઘાડી નારાંને ચીરી મોટાં કરવાં અને તળીયેથી અસ્થિનો સડેલો અને પોચો ભાગ ખોતરીને કાઢી નાખવો. ત્યારબાદ તે તળીયામાં મલમ પટી લગાડી અંદરથી રૂઝવવું. હાડકાં ઘણાં બગડેલાં હોય તો તે અવયવનું છેદન કરવું પડેછે.

અસ્થી ઘાત.

(નીક્રોસીસ.)

અસ્થિનો સમુદાય અથવા મોટો ભાગ એકજ વખતે મરી જાયછે તો તેને અસ્થિઘાત કહેછે. અસ્થિવ્રણમાં ચાંદાની માફક થોડો થોડા ભાગ નાશ પામેછે પણ અસ્થિઘાતમાં એક સબંધ અસ્થિ અગર તેનો મોટો ભાગ એકજ વખતે નીર્જીવ થાયછે. આ પ્રમાણે નિર્જીવ થાય ત્યારે શરીરમાં જેમ શલ હોય અને તેને દૂર કરવાને વરમ ઇત્યાદિ ચિન્હ થાયછે તેવાંજ ચિન્હ થાયછે. તે ચિન્હના મહત્વનો આધાર અસ્થિનો કેટલો ભાગ અને શા કારણથી નીર્જીવ થયોછે તેના ઉપર રહેછે. મોટો ભાગ એકાએક નિર્જીવ થાય તો સખત ચિન્હ પેદા થાયછે.

કેટલીક વખત અસ્થિ એક છેડાથી તે બીજા છેડા સુધી સબંધ નીર્જીવ થાયછે. પણ ઘણું કરી તેના બે છેડા સાંધામાં હોયછે તે સજીવ રહેછે અને વચ્ચેનો ભાગ મરણ પામેછે. કોઇવાર બહાર, સપાટી ઉપરનો થર નીર્જીવ થાયછે. તેને **બાહ્ય અસ્થિ ઘાત** કહેછે અને કોઇવાર તેની મધ્યનો ભાગ નીર્જીવ થાયછે તેને **અંતર અસ્થિઘાત** કહેછે.

કારણ:—નબળાઈ સ્ક્રોફ્યુલા અને ગરમીના મરજથી અસ્થિઘાત થાયછે. શીળી, ટાઇફસ અને બીજા જોરાવર જવરથી થતી ના ક્રૌવતીને લીધે પણ થાયછે. વૃદ્ધાવસ્થામાં ક્ષુલક કારણથી હાડકું નિર્જીવ થાયછે. ફાસફરસના કારખાનામાં કામ કરનારના નીચલા જડબામાં આરોગ થાયછે, હાડકાને જફા પહોચવાથી તે મરણ પામેછે.

આકૃતિ ૫૪. **પગના નળાનુ હાડકું સડવાથી પડેલાં નારાં અને પગની સ્થિતી.**

probes touching bone through Cloacos.




ચિન્હ:—જ્યારે મોટું હાડકું સબંધ મરી જાય ત્યારે સખત ચિન્હ થાયછે. તે ભાગ બહુજ સૂજી આવે છે, ઘણીજ વેદના થાયછે. તે પ્રથમ રાતો અને કઠણ હોયછે અને પછી પાકીને પોચો થઈ ફૂટેછે. બાદ તેમાંથી ગંધાતુ પરૂ અને સડેલા લોચા નીકળેછે. આ ચિન્હ રતવાના ગડને મળતાં આવેછે, તેની સાથે સખત જવરના શારીરીક ચિન્હ પણ હોયછે, અને બહુ, પરૂ થાય તો તેમાંથી મરણ પણ નીપજેછે. જો અંતર અસ્થિઘાત અને થોડો ભાગ નીર્જીવ થયો હોય તો જવરાદિ સખત ચન્હિ હોતાં નથી. ફક્ત તે ભાગમાં ઘણું દરદ થાયછે. થોડો સોજો આવેછે અને છેવટે તે પાકીને ફૂટેછે.

અંતર અસ્થિ ઘાતમાં પરૂને બહાર રસ્તો કરતાં ઘણા દિવસ લાગેછે, કારણ કે તેને અસ્થિ બાહ્ય કઠણ ભાગમાંથી નીકળતાં મુશ્કેલી પડેછે. આ પ્રમાણે દીર્ઘ અને તિક્ષણ એવા બે પ્રકારના લક્ષણ જોવામાં આવેછે. ફૂટ્યા પછી વરમનાં ચિન્હ કમી પડેછે. પણ

તે સ્થળે નારૂ જારી રહેછે. તેવાં એક અથવા વધારે વધારે નારાં પડેછે અને વહેતાં રહેછે. અંતર અસ્થિઘાતમાં હાડકામાં પણ છીદ્ર હોયછે. સળીથી તપાસતાં મુએલું હાડકુ તળીયે માલમ પડી આવશે. (આકૃતિ ૫૩.)


આકૃતિ. ૫૫ પગના નળાનું સડેલું હાડકું. તેમાં પડેલાં છીદ્ર. અંદરનો ભાગ સડેલોછે.

probe teuching bone through Cloaca.




જેમ શલને દૂર કરવાના હેતુથી વરમ થાયછે તેમ આ નિર્જીવ અસ્થિને દૂર કરવાના હેતુથી ઉપર કહેલા વરમ અને પાકનાં ચિન્હ થાયછે. અસ્થિઘાત થાય એટલે તેની આસપાસના સજીવ હાડકાંમાં વરમ થાયછે, તેથી તે જુદુ પડેછે; અને પછી સજીવ ભાગમાં અંગુરે આવી તે છૂટું પડી બહાર નીકળવાને યોગ્ય થાયછે. જો બાહ્ય અસ્થિઘાત હોય અને નિર્જીવ કકડો નાનો હોયતો ફૂટ થયેલા છિદ્રથી તે બહાર નીકળી આરામ થાયછે. પણ નિર્જીવ કકડો મોટો હોય અગર અંતર અસ્થિઘાત હોય તો ઘણા મહિના અને વરસ પર્યંત તેને રસ્તો મળતો નથી અને નારાં ચાલુ રહેછે.

આકૃતિ. ૫૬




અસ્થિ વ્રણ અથવા અસ્થિઘાત થયા પછે હાડકાના સડેલા ભાગ કાઢવા માટેના વિવિધ હથીયાર.

આકૃતિ. ૫૭



અસ્થિ પકડ વાનો ચીમટો.

આકૃતિ. ૫૮



હાડકું ખસેડવાનું હથીયાર.

આકૃતિ. ૫૯



હાડકું કાઢવાનો ચીમટો.

આસપાસના સજીવ અસ્થિ તથા અસ્થિ આવરણ અને બીજા ભાગોની સાહ્યતાથી નવું અસ્થિ પેદા થાયછે.

ઈલાજઃ—અસ્થિઘાતનાં જે કાંઈ કારણ માલમ પડતે દૂર કરવાં સારો ખોરાક અને પૌષ્ટિક દવા આપવી. પાકીને ગડ થાય તેને ફોડવું અને મલમ પટીથી તે ભાગને સાફ રાખવા. જ્યાંસુધી નિર્જીવ ભાગ જુદો થઈને છૂટો પડે ત્યાંસુધી આવા ઇલાજો ચાલુ રાખવા કારણ કે તે કાર્ય કુદતી નિયમોથી યથાસ્થિત થાયછે. હાડકું છૂટું થાય તે છતાં સાંકડા માર્ગને લીધે બહાર આવી શકતું નથી, ત્યારે તેને શસ્ત્રક્રીયાવડે કાઢવું. નારાં મોટાં કરી અને જરૂર જણાયતો અંતરે અસ્થિઘાતમાં અસ્થિ છીદ્રને વેરી મોટાં કરી અંદરથી નિર્જીવ ભાગ કાઢી લેવા અને તળીએ પટી મૂકી તે જખ્મને ભરાવા દેવા.

બરડાની કરોડ અથવા કણાના વ્યાધી.

(સ્પાઇનલ ડીઝીસ)

મસ્તકના પાછળના ભાગથી બેઉ નીતંબની વચે ગુદદ્વાર પર્યંત નાના હાડકાંની માળાનો સ્તંભ છે તેને પીઠની કરોડ અથવા કણો કહે છે. છાતી અને પેટના પાછળના ભાગમાં પીઠની મધ્યોમધ્ય કરોડ છે. પાંસળીઓ તેની સાથે જોડાયલી છે. મસ્તક અને ધડનો આધાર કરોડ ઉપરછે. મગજના સંબંધનું ચેતન્ય દોરડું આ કણાની પોલમાં રહે છે. તેમાંથી જ્ઞાન અને ગતિતંતુઓ આખા ધડ અને હાથપગમાં ફેલાય છે.

કણાની અપુર્ણતા (સ્પાઇના બીફીડા):—ક્વચિત જન્મથીજ કણાની પાછળનો ભાગ અપુર્ણ રહેછે એટલે તે બરોબર અસ્થિથી પૂરાયલો હોતો નથી. તેથી દોરડાનો જળરૂપરસ ત્યાં ભરાઇને એક ગ્રંથીને આકારે થઈ રહે છે. તેનું કદ વધીને નારંગી જેવડું થાય છે. કણાની મધ્યમાં કમરની પાછળના ભાગમાં આ ગ્રંથી માલમ પડેછે. જે બાળકને આવી ગ્રંથી થાયછે તે ઘણું કરી આંચકી અગર વાયુથી નાનીવયમાં ગુજરી જાયછે. કોઇવાર તે કેટલાક વરસ જારી રહેછે અને છેવટે ફુટી તેમાંથી મૃત્યુ નીપજેછે.

ઇલાજઃ—તે ભાગ ઉપર રૂ મુકીને પાટો બાંધવો અને તે ગ્રંથીને ઇજા ન પહોંચે તેમ વર્તવું. બીજો સારો ઇલાજ આ વ્યાધિને માટે નથી. ગ્લીસરીન અને ટિંક્ચર આયોડીનના થોડાં ટીપાંની પીચકારી આ વ્યાધિમાં મારવામાં આવેછે.

કણાનીવક્રતાઃ—કણો વાંકોવળી જાયછે તેને કણાની વક્રતા કહેછે. વક્રતા બેપ્રકારની હોયછે. કણો એક અગર બીજી બાજુ વાંકોવળેછે તેને પારશ્વવક્રતા કહેછે અને અગ્ર અગર પશ્ચાત ભાગમાં વાંકોવળીને અસ્થિનો ખુણો નીકળેછે તેને કોણાકારવક્રતા કહેછે.

પારશ્વવક્રતા (લાટરલ કર્વેચર):—આ વક્રતા ઘણું કરીને નાની ઉમરમાં છોડીઓને નબળાઈ અને નાજુકપણાને લીધે થાયછે. એકજ પગ ઉપર ઉભા રહેવાથી અથવા એકજ હાથે કામ કરવાથી તેવી વક્રતા થાયછે. તેને લીધે એક ખભો બીજા કરતાં ઉંચો રહે છે અને તે તરફનો છાતીનો ભાગ ઉપસી આવેછે. કણાની વક્રતા સ્પષ્ટમાલમ પડેછે.

ઇલાજઃ—સારો ખોરાક, પૌષ્ટિકદવા, તથા યોગ્ય કસરતનો મહાવરો રાખવો. પીઠ ઉપર હમેશાં તેલ ચોળાવવું અને થંડા પાણીથી છંટકારવું.

કણાની વક્રતા મસ્તકના અને ધડના વજનને લીધે વધારે થાયછે. ચાલવાથી અને ઉભા રહેવાથી તે વધે છે. તેટલા માટે કણા ઉપર વજન કમી કરવા સારૂ બે પ્રકારના ઇલાજ કરવામાં આવેછે. એકતો તેને માટે ચાંપ અને ચાપડાવાળું યંત્ર આવેછે. તે પહેરવાથી ટેકો મળેછે. બીજો ઉપાય એછે કે ડાકતર સાયરની રીત પ્રમાણે તેને માટે પાટો બાંધવામાં આવેછે. પાટો બગલથી તે કમરપર્યંત બાંધવો પડેછે. પેટ અને છાતી ઉપર ચોતરફ રૂ મૂકી તેના ઊપર કોરો પાટો લપેટવો અને પછી તે ઉપર બીજો પાટો "પ્લાસ્ટર ઓફપારીશ" લગાડીને લપેટવો. પાટો ચારઇંચ પહોળો અને સુમારે બારવાર લાંબો જોઇએ. પ્લાસ્ટર ઓફ પારીશનો પાટો બાંધતી વખત દરદીના બે હાથ પકડી જમીન ઉપરથી ઊંચો લટકાવી રાખવો. તેથી કણો કાંઈ સાધીસ્થિતિમાં આવશે. પાટો બાંધ્યા પછી થોડી કલાક તે સૂકાય ત્યાંસુધી દરદીને સુવાડી રાખવો, સૂકાય છે એટલે પાટો સજ્જડ ચૂનાની માફક બેસી જાયછે. આ પાટો વરસ છમહિનાસુધી પહેરવો પડેછે. દરમહિને બે મહિને તેને બદલાવવો. પ્લાસ્ટર ઓફ પારીશ ન મળી શકે તો ચાક અને ગુંદરનો લેપ કરવો અગર છેવટ કાંજીનો લેપ કરવો.

કોણાકારવક્રતા અથવા ખુંધ (એંગ્યુલર કર્વેચર):—આ વક્રતા સ્ક્રોફ્યુલાના મરજથી થાયછે. તે પણ નાની ઉમરમાં પ્રગટ થાય છે. કણાના નાના અસ્થિમાં આ મરજને લીધે વરમ પેદા થાયછે. તેથી તે અસ્થિ પોચા થઈ, તેમાં પરૂ થાયછે અને કણો વાંકો થઇને ખુણો નીકળેછે. ઘણું કરી કણાના મધ્ય ભાગમાં આવો ખુણો નીકળેછે.

એક અથવા વધારે અસ્થિ આ રીતે બગડેછે. જેમ અસ્થિમાં વધારે બગાડ થાય તેમ કણામાં વધારે વાંક આવેછે, અને કોઇવાર કણો એટલોતો વાંકો થાયછે કે દરદી બેવડ થઈ રહેછે. વક્રતાને ઠેકાણે દરદ અને પીડા થાયછે. દાબવાથી દુખેછે. દરદી સુતો હોયતો એકાએક તેનાથી બેસાતુ નથી અગર પડખુ વળાતુ નથી. કણો વાંકો થાયછે તેને ખુંધ કહેછે અને દરદી ખુંધો કહેવાયછે.

જ્યારે તે અસ્થિમાં પરૂ થાયછે ત્યારે વધારે પીડા થાયછે અને તે બહાર માર્ગ કરે છે. તે પીઠ ઉપર મોઢું કરેછે અગર ગ્રીવાના ભાગમાં હોયતો ગરદનની બાજુએ અગર મોઢાના પાછળના ભાગમાં ફુટેછે. જો પીઠના મધ્ય અથવા નીચા ભાગમાં હોયતો પરૂ પેડુમાં થઇને જાંગમાં અને પગમાં કોઇવાર માર્ગ કરેછે. પરૂ થઇને ફુટેછે, ત્યારે અશક્તાઇ વધે છે, જ્વર ઉત્પન્ન થાયછે અને દરદી લેવાતો જાયછે. કણાની પોલમાં દોરડાનો વરમ થાય તો આંચકી, તાણ, વેદના, ઉરસ્તંભ, આદિ ચિન્હ થાયછે અને ઘણું કરી મૃત્યુ નીપજે છે. જો પ્રથમ દરદ થોડું થઈ પોચાં પડેલાં અસ્થિ સજ્જડ થઈ જોડાઇ જાયતો તેટલેથી આરામ થાયછે. થોડી ઘણી ખુંધ જારી રહેછે અને તેમાં પીડા તથા વધારો થતો બંધ પડેછે.

ઇલાજઃ—સારો ખોરાક, ચોખ્ખી હવા, અને પૌષ્ટિક દવાની જરૂરછે. સડેલાં અસ્થિ હાલે નહીં તેવી તજવીજ થવી જોઇએ. કારણ કે જો તે હાલે નહીંતો વ્યાધિનો અટકાવ

થાયછે અને સડેલો ભાગ દુરસ્ત થાયછે. તેટલાસાર પ્લાસ્ટર ઓફ પારીશનો પટો ઉપર કહેલી રીતે બાંધવો. તે બાંધ્યા પછી દરદી હાલેચાલે તેની ફિકર નહીં. જો તે પાટો નહોય અને દરદી હાલેચાલે તો ઘણું કરી ખુંધ વધતી જાયછે.

બરડાના દોરડાની ઇજા.

કણો ભાગવાથી અગર તેનું હાડકું ખડી જવાથી કરોડરજ્જુને ઇજા થાયછે, તથા તે ઉપર દબાણ થાયછે. કોઈવાર તેને જખ્મથી ઇજા થાયછે.કેટલીકવાર તેને માત્ર ધક્કો લાગેછે, તેના ઉપર દબાણ થાયછે, અને તેનો જખ્મ થાયછે તે સિવાય તેનો વરમ પણ થઈ આવેછે.

જ્યારે ઉપર કહેલી કોઈ પણ ઇજા થાય ત્યારે દોરડાને ઇજા થયેલા સ્થળની નીચેનો શરીરનો ભાગ અચેત થઈ રહી જાયછે, જેમકે કમરના ભાગમાં ઇજા થાય તો બેઉ પગ અચેત થઈ ઉરૂસ્તંભ થાયછે, તેની સાથે મૂત્રાશય અને ગુદ પણ રેહી જાયછે, એટલે પેશાબ અને ઝાડો ઉતરતાં નથી. કણાના મધ્ય અગર ઉપરના ભાગમાં ઇજા થાય ત્યારે ઉરૂસ્તંભના લક્ષણ ઉપરાંત છાતીની સ્નાયુ અચેત થાય તેથી શ્વાસ લેવામાં અડચણ પડેછે, બેઉ હાથ રહી જાયછે. ગ્રીવાના ઉપરના ભાગમાં "ફ્રેનીક" તંતુના મૂળની ઉપર ઇજા પહોચે તો તુરત મૃત્યુ નીપજેછે, કારણ કે તેને લીધે શ્વાસોશ્વાસ બંધ પડેછે. જ્યારે દોરડાને ઇજા થઈ ઉરૂસ્તંભ આદિ ચિન્હ થાયછે, ત્યારે બિછાનામાં પડી રેહવાથી ભાઠાં પડેછે, પેસાબ નહિ ઉતરવાથી મૂત્રાશયના વ્યાધિ થાયછે. પેસાબ ગંધાયછે અને તેમાં શ્લેષ્મ પદાર્થ ઘણો જાયછે. દિવસે દિવસે દરદી નબળો થતો જાયછે, અને બાંબોકાળ વિત્યા પેહલાં મૃત્યુ નીપજેછે, ઇજા થોડી પહોચી હોય અગર ફકત થોડો ધક્કો લાગ્યો હોય તો ઉરૂસ્તંભનાં ચિન્હ કમી અને હલકાં હોયછે, તથા પેસાબ ઝાડો બંધ રેહેછે, તે આસ્તે આસ્તે દુરસ્ત થાયછે. કોઈવાર એમ બનેછે કે દોરડાને ધક્કો પહોચેછે એ વખ્ત વિશેષ ચિન્હ માલમ પડતાં નથી, પણ પાછળથી ધીમે ધીમે તેનો વ્યાધિ થઈ કેટલાંક ચિન્હ થાયછે, તેથી દરદી ખરાબ હાલતમાં આવી પડેછે. દોરડાને ઇજા પહોચ્યા પછી એક સરખાં ચિન્હ થતાં નથી. કોઇવાર સખ્ત ચિન્હ માલમ પડેછે અને તેમાંથી આરામ થતો નથી અને કોઈવાર હલકાં ચિન્હ થાયછે અને આરામ થાયછે.

પડી જવાથી જખ્મ લાગવાથી અને લાત અગર માર લાગવાથી દોરડાને ઇજા પહોચે. ત્યારબાદ કોઈ વાર તેનો તિક્ષ્ણ વરમ થઈ આવેછે, તાવ આવેછે, ઘણી વેદના તથા ખેંચ થાયછે. દીર્ઘ વરમ થાયછે ત્યારે લાંબે કાળે તેનાં ચિન્હ પ્રગટ થાયછે, દરદીમાં નબળાઈ આવતી જાયછે, ચલાતું નથી, કામ થતું નથી, ઉરૂસ્તંભ અને બીજાં ચિન્હ થાયછે.

ઈલાજઃ—દોરડાને ઇજા થાય ત્યારે દરદીને સારા નરમ બિછાનામાં રાખવો નહીતો તેને થોડા વખતમાં ભાઠાં પડી જાયછે, પેશાબ બંધ હોયછે ત્યારે દિવસમાં બેથી ત્રણ

વખત પેશાબ ખેંચી લેવો તથા મૂત્રાશય પાણીમાં દવા નાંખી ધોવો; ઝાડો થાય તેવી દવા આપવી; દરદીને આરામ આપવો. ઇજા થયેલા ભાગ ઉપર બેલાડોના લગાડવું, અગર જળો મૂકવી, રૂમડી મૂકવી. દીર્ઘ વરમમાં બ્લીસ્ટર અગર પોત મૂકવું. પીવા સારૂ બેલાડોના, અરગટ તથા પોટાસ આયોડીડની દવા આપવી.

સાંધાના વ્યાધી.

દરેક સાંધામાં બે સામસામે અસ્થિ હોયછે, અને તેમને સંધાવા માટે વચ્ચે "કાર્ટિલેજ" હોય છે. જેટલા સાંધા અચળ હોયછે તેટલાનું બંધારણ આ રીતનું હોયછે.પણ પણ બીજા કેટલાક સાંધા હાલેછે તેમની અંદર કાર્ટિલેજ સિવાય એક સ્નિગ્ધ પડ હોય છે. તે પડમાંથી એક સ્નિગ્ધ રસ પેદા થાયછે. જેમ સાંચાઓમાં તેલની જરૂર હોય છે તેમ સાંધાઓના ચલનને માટે આ સ્નિગ્ધ રસની જરૂર હોય છે.

સાંધાના વ્યાધિના બે મુખ્ય વિભાગછે. ૧ સ્નિગ્ધ પડનો વરમ. ૨ સાંધાનો વરમ.

૧ સ્નિગ્ધ પડનો વરમ તીક્ષણુ અને દીર્ઘ એવા બે પ્રકારનો થાયછે.

તીક્ષણુ વરમઃ—પગના ઘુંટણ અને કાંડાના સાંધાને નાસ્નિગ્ધ પડદો વરમ વિશેષ થાયછે, કારણકે તેને શરદી થવા વધારે સંભવ હોય છે. ઇજા થવાથી તીક્ષ્ણ વરમ થાય છે. જેને ગરમી થઈ હોય, સંધિવા તથા ગાઉટ થયો હોય તેને આ વરમ થાયછે. વાયુ અને શરદીથી પણ તીક્ષ્ણ વરમ થાયછે.

લક્ષણુઃ—સાંધામાં સોજો થાયછે, તે ઘણો આવેછે અને સાંધાના અસ્થિના વચલી માર્ગમાં તે વિશેષ ઉપસી આવેછે. ઘુંટણનો વરમ હોય તો ઘુંટણની ઢાંકણી પ્રવાહીમાં તરેછે. વરમને લીધે ઘણો રસ પેદા થાયછે અને તેનાથી સોજો થાયછે. તેને દાબવાથી પ્રવાહી પ્રત્યાઘાત માલુમ પડેછે. સાંધામાં અતિશય દરદ થાયછે, તેના ઉપર આંગળી સરખી પણ સહન થતી નથી. સાંધાને જરા પણ હલાવવાથી બેહદ વેદના થાયછે, તે ઉનો લાગેછે અને થોડો રાતો પણ હોયછે. પગ અગર હાથ જેના સાંધાનો વરમ થયો હોય તે અડધો વળેલો રહેછે.

એ સર્વ સ્થાનિક ચિન્હની સાથે જ્વર આવેછે. નાડી જલદ ચાલેછે, પેશાબ લાલ ઉતરેછે, જીભ ઉપર છારી હોયછે. થોડા દિવસમાં જ્વરાદિ ચિન્હ કમી થાયછે, અને સોજો વેદના વગેરે મટી જઈને આરામ થાયછે. અથવા તેને દીર્ઘ વરમ જારી રહેછે. જો કોઈવાર સખ્ત વરમ હોય તો આખો સાંધો પાકી આવેછે અને તેનો નાશ થાયછે.

દીર્ઘ વરમઃ—આ વરમમાં જ્વરાદિ ચિન્હ હોતાં નથી તેમ પીડા થોડી અગર બિલકુલ હોતી નથી. સોજો એ મૂખ્ય ચિન્હ હોયછે, તેથી થોડો દુખાવો થાયછે. બરાબર ચલાતું નથી. આ વ્યાધિ લાંબો વખત ચાલેછે. આ વરમ તીક્ષ્ણ વરમમાંથી બાકી રહેછે અથવા તે સ્વતંત્ર પેદા થાયછે. કોઇવાર સાધામાં પાણી જેવો રસ ઘણો એકઠો થાયછે અને દુખાવો હોતો નથી, તેને "સાંધાનું જળંદર" કહેછે.

ઈલાજઃ—તીક્ષ્ણ વરમ હોય ત્યારે બિછાનામાં પૂર્ણ આરામ આપવો. દરદવાળો અવયવ હાલે નહિ માટે તેને ખાંપીયા ઉપર બાંધી રાખવો. સાંધાની આસપાસ રૂ મૂકીને ફલાલીનનો પાટો વીંટી રાખવો. સાંધા ઉપર બેલાડોના લગાડવું. ખસખસના પોસનો શેક કરવો. કલોરોફોર્મ, બેલાડોના, વછનાગ, અગર અફીણનું તેલ લગાવવું. શરૂઆતમાં એક બે ડઝન જળો મૂકાવી હોય તો ફાયદો થાયછે. સાંધાને ઈજા પહોંચી હોય અને તેથી વરમ થવાનો સંભવ હોય તો તરતજ બરફ અથવા ઠંડું પાણી જારી લગાડવું.

સ્વેદલ, રેચક, તથા મૂત્રલ ઔષધિ પીવા આપવી. ગરમીવાળો દરદી હોય તો પારેદ તથા પોટાશ આયોડાઇડ વગેરે દવા આપવી. સંધિવા અગર ગાઉટવાળો દરદી હોય તો. સાલીસીન અગર કોલચીકમ આપવું. દરદીને પીડા ઘણી હોયછે તથા ઊંઘ આવતી નથી, માટે અફીણ આપવું પડેછે, માટે ડોવર્સ પાઉડરનો ઉપયોગ કરવો.

દીર્ઘવરમને માટે આયોડીન લગાડવું. ફરી ફરીને બ્લીસ્ટર મારવાં. આયોડાઇડ ઓફ પોટાસ્યમનું તેલ અગર કપૂર, કલોરોફોર્મ, અફીણ આદિ તેલ ચોપડવાં. પારાનો લેપ મારવો. ખેંચીને પાટા બાંધવાથી અંદરના રસનું શોષણ થાયછે, અને ફાયદો થાયછે. ડામ દેવાથી કેટલીકવાર સારો ફાયદો મળેછે. દરદીની તબીયતને અનુસરી યોગ્ય લાગે તેવી દવા પીવા આપવી.

જ્યારે તીક્ષ્ણ અથવા દીર્ઘ વરમમાં અતિશય રસ હોય અને પીડા હોય ત્યારે "આસ્પીરેટર" અથવા આર અને નળીવડે રસને ખેંચી કાઢવામાં આવેછે.

સાંધાનો વરમઃ—જ્યારે સાંધાનો વરમ થાયછે ત્યારે અસ્થિ, કાર્ટિલેજ, સ્નિગ્ધ પડ તથા સાંધાના બંધનનો દાહ થઇ તે પાકેછે, પરૂ થઇને ફૂટેછે; અને તે સાંધાની અને કેટલીકવાર તે અવયવની ખરાબી થાયછે. દરદની શરૂઆત સાંધાના હરકોઈ ભાગમાં થાયછે અને પછી બીજા ભાગો ઉપર દરદનો હુમલો થઇ આખા સાંધાની દુર્દશા થાયછે. આ વરમ પણ તીક્ષ્ણ અને દીર્ઘ એવા બે પ્રકારનો હોયછે.

કારણઃ—સ્ક્રોફ્યુલા, ગરમી, પાઇમ્યા, સૂતિકારોગ, ઇજા, સંધિવા, શરદી વગેરે કારણોથી સાંધાનો વરમ થાયછે.

ચિન્હઃ—ઉપર કહેલાં કારણાદિ વ્યાધિના કેટલાક શારીરિક ચિન્હ હોયછે. તેની સાથે તીક્ષ્ણ વરમ હોય ત્યારે જ્વરાદિ લક્ષણ હોયછે. સાંધો સૂજી આવેછે, રાતો અને ગરમ લાગેછે અને તેમાં અનહદ પીડા થાયછે. સાંધો હલાવતાં અને તેને હાથ લગાડતાં બહુ દરદ થાયછે. સોજો ઘણો હોતો નથી અને સ્નિગ્ધપડના વરમની માફક અસ્થિની વચમાં ઉપસી આવતો નથી, અને તેમાં પ્રવાહીનો ભરાવો હોતો નથી. આસ્તે આસ્તે વરમ વધી પાક થઈ સ્નીગ્ધપડ અને કાર્ટીલેજનો નાશ થાયછે એટલે સાંધાના સામસામેના અસ્થિ ખુલ્લા પડેછે. તે એક એક સાથે ઘસાયછે તેથી બેસુમાર પીડા થાયછે. ઊંઘમાંથી દરદી પીડાને લીધે ચમકી ઉઠેછે. સાંધાનાં બંધન સડી જઇને સાંધો કેવળ ઢીલો થઈ જાયછે. પાકીને પરૂ થાય એટલે તે કેટલેક ઠેકાણે ફૂટે અને તેનાં નારાં જારી વહેતાં રહેછે. તેની સાથે દીનપર દીન દરદી ક્ષીણ થતો જાયછે. નાડીમંદ ચાલેછે.

તાવની સાથે પરસેવાના જેબ વળેછે, વખતે વખત ગાંડો થઇ આવેછે અને આ વ્યાધિથી જાતની પણ કેટલીકવાર ખુવારી થાયછે.

દીર્ઘવરમ હોયછે ત્યારે આવાં સખ્ત ચિન્હ હોતાં નથી. જ્વર થોડો અગર બિલકુલ હોતો નથી. કેટલીકવાર તીક્ષ્ણ વરમમાંથી દીર્ઘ વરમ બાકી રહેછે, અને તે લાંબો કાળ ચાલેછે. સાંધો સૂજી આવેછે. તેમાં દુખાવો થાયછે. તે હલાવી શકાતો નથી અને તે અવયવ ઉપરે ભાર મૂકાતો નથી. તે પાકીને ફૂટેછે અને નારાં પડેછે. કોઇવાર ફૂટતો નથી પણ અંદરથી તેનું સ્નીગ્ધપડ વગેરે ખવાઈ જઇ સાંધો સજ્જડ થઈ રહેછે. કોઇવાર તેની આસપાસ નવા અસ્થિનો ભાગ પેદા થાયછે અને તેથી સામસામેના અસ્થિ જોડાઈ જાયછે. દરદને લીધે તે અવયવ ઊપયોગમાં આવતો નથી. તેથી તે પાતળો પડી જાયછે અને લાંબા કાળની વ્યાધિને લીધે દરદીનું શરીર પણ ખરાબ થતું જાયછે.

ઇલાજઃ—આ વ્યાધિમાં જો આરામ થાયછે તો તે સાંધો હમેશને માટે સજ્જડ થઇ રહેછે. તેમાં પોતાની સ્વાભાવિક પૂર્વગતિ રહેતી નથી, કારણ તેનું સ્નિગ્ધપડ વગેરે ભાગનો નાશ થાયછે. સાંધાનો કોઇપણ સખ્ત મરજ અગર ઇજા થાય ત્યારે તે અવયવને એવી સ્થિતિમાં રાખવો કે તે સાંધો સજ્જડ થાય તોપણ તે અવયવ ઉપયોગી રહે. માટે પગનો કોઈ સાંધો વ્યાધિગ્રસ્ત થાય ત્યારે તેને સીધો રાખવો અને હાથનો સાંધો તેમ હોય ત્યારે તેને અર્ધ વળેલો રાખવો. તેજ સ્થિતિમાં અવયવને બાંધી રાખવો, એટલે તેમાં દરદી ફેરફાર કરી શકશે નહિ.

સાંધા ઉપર જળો લગાડવી અગર બ્લીસ્ટર મારવાં, દરદને માટે બેલાડોના, કલોરોફાર્મ, વગેરે તેલ લગાડવાં, શેક કરવો, બેલાડોના અને પારાનું પ્લાસ્ટર મારવું, ગરમ પોટીસ મૂકવી. પાકી આવે ત્યારે તેને ફોડવું અને યોગ્ય પટી મૂકવી. બેસુમાર દરદ હોયછે તેને શાંત કરવા સારૂ અફીણ આપવાની જરૂર પડેછે. દીર્ઘ વરમને ડામ સારો ફાયદો કરેછે.

ક્વીનાઇન, લોહ, કોડલીવર ઓઇલ, આમોન્યા, તથા સારો ખોરાક આપવો. ઘણા દિવસ દરદીને બિછાનામાં રહેવું પડેછે, માટે બિછાનું નરમ આપવું, નહીંતો જલદી ભાઠાં પડેછે. જ્યારે સાંધો ખરાબ થઈ અવયવમાં નારાં પડે છે અને પરુ જાયછે તેને લીધે દરદી લેવાતો જાયછે, અને તેની જાતની દહેશત રહેછે, ત્યારે તે સાંધેથી અવયવનું છેદન કરવું પડેછે, અગર તે સાંધાનો ભાગ કાપી કાઢવો પડેછે.

સાંધાની સજ્જડતાઃ—સાંધાનું હરેરોઈ દરદ થયા પછી તે થોડો ઘણો સજ્જડ થઈ રહેછે. દરદ હલકું હોય અને થોડો વરમ થયો હોય તો ટૂંકા કાળમાં તેને તેલ વગેરે લગાડવાથી તે છૂટી જાયછે. જ્યારે વરમને લીધે સજ્જડ થાયછે ત્યારે કોઈવાર સામસામેના અસ્થિ જોડાઈ જાયછે, અને કોઈવાર માત્ર તેનાં બંધન તથા સ્નાયુ ઘટ્ટ થઈ જાયછે. તેને અનુક્રમે **અસ્થિસંયોગ સજ્જડતા** અને **બંધન સજ્જડતા** કહેછે. અસ્થિસંયોગ સજ્જડતામાં સાંધો બીલકુલ હાલતો નથી; અને બંધન સજ્જડતા હોય ત્યારે પૂર્ણ નહી પણ થોડા હાલેછે. તેમાં દુખાવો અને સોજો વિશેષ હોતાં નથી.

ઈલાજઃ—પ્રથમ કેટલાંક અઠવાડીયાં સૂધી જુદાં જુદાં તેલ મસળવાં. તેલ મસળીને ગરમ પાણીનો શેક કરવો. મેંઢીનું ઘી ઘસવું. ઘી અગર તેલ મસળતી વખત સાંધાને થોડું જોર આપીને હલાવવો. મીઠું અને પાણી મેળવીને મરદન કરવું.

મહિનો બે મહિના આવા ઉપાય કરવા છતાં કાંઇપણ ફાયદો ન થાયતો બંધન ઘટીત સજ્જડ સાંધાને બળાત્કારથી હલાવવાની જરૂરપડેછે. કલોરોફોર્મ સુંઘાડીને બળાત્કારથી સાંધાને જરૂર હોય તે પ્રમાણે ચાળવવો અને પછી ખાંપીયા ઉપર અવયવને બાંધી લેવું, તેને લીધે કેટલોક વરમ થઈ આવશે પણ તે થોડા વખતમાં બેસી જશે. ત્યારબાદ બની શકે તો હમેશાં તે સાંધાને થોડાથોડા હલાવતાં અને મસળતાં રહેવું.

અસ્થીસંયોગ સજ્જડતા હોય અને તે અવયવ ઉપયોગી સ્થિતિમાં હોયતો તેને કાંઈ કરવા જરૂર નથી. પણ જો તે અવળી અસ્થિમાં હોયતો થોડો અસ્થિનો ભાગ કાપી કાઢી તેને દુરસ્ત સ્થિતિમાં લાવવાની જરૂર પડેછે.

સારણ ગાંઠ.

(હર્ન્યા.)

પેટની અંદરથી આંતરડાં કોઈપણ રસ્તે ગ્રંથીના માફક બહાર આવેછે તેને અંતરગળ અગર **સારણુ ગાંઠ** કહેછે. પેટના પડદામાં જ્યાં કોઇ સ્વાભાવિક છિદ્ર હોયછે ત્યાં આ પ્રમાણે આંતરડાંને બહાર પડવાનો વધારે સંભવ રહે છે. પેડુના ભાગમાં બંને બાજુ જ્યાંથી વૃષણની રગ પેટમાં પ્રવેશ કરેછે ત્યાં એક **બાહ્ય છીદ્ર** તથા બીજુ **અંતર છીદ્ર** એવાં બે છીદ્ર છે અને તે બે છીદ્રની વચમાં એક માર્ગ છે. ગર્ભાવસ્થામાં વૃષણ પેટની અંદર હોયછે. તે સાત આઠ મહિનાના સુમારમાં આ બંને છીદ્ર અને માર્ગમાં થઇ નીચેની કોથળીમાં ઉતરેછે. આ માર્ગની વાટે સારણગાંઠ પણ ઘણી વખત ઉતરે છે અને વધીનેછેક વૃષણની કોથળીમાં ઉતરેછે. કોઈવાર બાળક જન્મે ત્યારથીજ અગર જનમ્યા પછી થોડા મહિનાની અંદર આ પ્રમાણે સારણ ઉતરેછે. મોટી ઉમરે પહોંચ્યા પછી પણ તેજ રીતે ઉતરેછે. સ્ત્રી કરતાં આવી સારણ પુરૂષને વિશેષ થાય છે તેને **"ઈન્ગ્વાયનલ સારણુ"** કહેછે.

જાંગના મૂળમાં મોટી ધમનિની અંદરની બાજુ "પોપાર્ટ બંધન"ની તળે એક માર્ગછે ત્યાંથી પણ કોઇવાર સારણુ ઉતરેછે. આવી સારણ પુરૂષ કરતાં સ્ત્રીમાં વિશેષ માલમ પડેછે. આ સારણ બહુ મોટી થતી નથી અને તે વૃષણ કોથળીમાં જતી નથી. તેને **જાંગ સારણુ** (ફેમરલ હર્ન્યા) કહેછે.

નાભી રસ્તે સારણ કોઈવાર ઉતરેછે. બાળકોમાં આ પ્રમાણે સારણ વધીને "ડુંટો" થાયછે, જન્મ્યા પછી થોડો કાળ નાભીનો ભાગ કાચો હોયછે, ત્યારે ઘણુંકરી આ સારણ ઉત્પન્ન થાયછે. બાળક બહુ રડે અગર કરાંજે તેથી તે ઉતરે છે તેને **નાભી સારણુ** (અંબીલાઇકલ હર્ન્યા) કહેછે.

આસ્થળો શિવાય ક્વચીતજ બીજે કોઈ સ્થળે સારણ નીકળેછે.

કારણઃ—સારણ થવાનાં કારણોમાં હરકોઈ પ્રકારનું જોર, કસરત, કરાંજવું, ઉધરસ આવી તથા ગર્ભાવસ્થા વગરે જેથી પેટ ઉપર દબાણ આવેછે તેથી સારણ થવા સંભવછે. નબળાઈ, જખમ, અગર કાંઈ ગડ થવાથી પેટની વીવાલ કમજોર થાય ત્યાં સારણ થવા સંભવ રહેછે.

લક્ષણઃ—સારણની ગાંઠ અંદરથી ધીમે ધીમે વધીને મોટી થાય છે. તે ઘણું કરી ઉપર કહેલે ત્રણ સ્થળે હોયછે. આદમી ઉભો થાય અગર ખોંખારે ત્યારે તે બહાર આવેછે અને તે સુઈ જાય અગર હાથે વતી દાબે એટલે તે અંદર જતી રહેછે. અંદર જતી વખત ઘણું કરી "ગુળ ગુળ" અવાજ થાયછે. દરદીને ખાંસી આવે ત્યારે તે ઉપરે હાથ રાખીયે તો હાથને "થડકો" લાગે છે. સારણમાં વરમ અગર દરદ હોતું નથી. તે નરમ તથા ત્વચાથી છુટી હોયછે, તેને આંગળી વડે ઠોકતાં પોકળ અવાજ આવેછે.

પેટની અંદર ચોમેર "પેરીટોન્યમ" નામના રસાવરણનું આચ્છાદન હોય છે. જ્યારે હરકોઈ છીદ્રથી સારણ બહાર પડે છે ત્યારે આ રસાવરણ તેને લપેટાઈ તેની આગળ આવેછે તેને "સારણઅંતરાવરણ" (સૅાક) કહેછે. જે છીદ્રમાંથી તે નીકળેછે તેને સારણ અંતરાવરણની "ગ્રીવા" કહેછે. ત્વચા વગરે બીજી સ્નાયુના આવરણ પણ સારણ ઉપર હોયછે. સારણમાં ઘણું કરી નાનાં આંતરડાં ઉતરેછે. કેટલીકવાર "ઓમેંટમ" નો પડદો ઉતરેછે અને કોઇવાર તે પડદો તથા આંતરડાં બેઉ સાથે હોયછે. ક્વચીત મોટાં આંતરડાં, હોજરી, બરોળ,વગરે ઉદરના બીજા અવયવ ઉતરે છે.

જ્યારે સારણ બહાર નીકળે અને દાબવાથી પાછી અંદર પેશી જાય છે ત્યારે તેને **અંતરગત** (રીડ્યુસીબલ) સારણ કહેછે. પણ જો તે પાછી અંદર ન જાય તો તેને **બાહ્યગત** (ઇરીડ્યુસીબલ) સારણ કહેછે. શરૂઆતમાં હમેશાં સારણ પાછી જાય છે. પણ ઘણા વરસની જુની થાય અને ઘણો કાળ બહાર રહે એટલે બહારના ભાગોની સાથે સંબંધ કરેછે અને તેથી પાછી અંદર જઈ શકતી નથી. કેટલીકવાર ગ્રીવાનો ભાગ સાંકડો થવાથી પણ સારણ અંદર જઈ શકતી નથી. બાહ્યગત સારણને લીધે અજીર્ણનાં ચિન્હ, ચુંક અને ભાર તથા ખેંચાવાનાં ચિન્હ માલમ પડેછે. જો સારણનો ઇલાજ નહી કરવામાં આવે તો તે આસ્તે આસ્તે વધતી જાયછે, અને કેટલીકવાર કોથળીમાં ઉતરી તુંબડા જેવડી થઈ પડેછે.

સારણવાળા આંતરડામાં કોઇ વાર મળ અને વાયુનો ભરાવો થવાથી બંધકોશ થાય છે તેથી દસ્ત બંધ પડી દુખાવો થઇને બેચેની રહેછે તેને **બંધેજ સારણ** (ઇન્કાર્સીરેટેડ હર્નીઆ) કહેછે. સારણનો કોઈ વાર ફાંસો થાયછે એટલે તે આંતરડા ઉપર ઘણું કરી ગ્રીવાને ઠેકાણે એટલોતો તંગ ફાંસો આવેછે કે તેનો રસ્તો કેવળ બંધ થાયછે અને ફાંસામાંથી જલદી નહી છુટે તો સારણનો નાશ થાયછે.

સારણને સ્થળે બદ, બીજી ગ્રંથી, વૃષણ વૃદ્ધિ તથા વૃષણ જળોદર, અનેગડ વગેરે બીજા વ્યાધિ થાયછે. તે સારણથી જુદા ઓળખવા જરૂરનાછે. સારણનાં લક્ષણ ઉપર કહ્યાંછે તે ઉપર ધ્યાન આપવાથી બીજા વ્યાધિયોથી સારણ સહેલાઈથી ઓળખી શકાશે.

ઈલાજઃ—સારણની શરૂઆત થતાંજ તેને પાછી બેસાડીને તેના ઉપર યોગ્ય ચાંપ અથવા પટો રાખવો. સારણના પટા આપણા દેશી તેમજ વિલાયતી આવેછે. આપણા દેશી પટાઓમાં કમરને વીંટાય તેવડી પીતળની કમાન હોયછે અને જે તરફ સારણ હોય તે તરફ લાકડાનો કડકો જડેલો હોયછે. તેના ઉપર ઇસ્કૃના પેચથી સારણના છીદ્ર ઉપર તે બેસેછે. અને તેને ઉતરવા દેતો નથી. વિલાયતી પટા આવેછે તેમાં પણ લોખંડની ચાંપ હોયછે. તે ચામડાથી મઢેલી હોયછે. તેને એક છેડે નરમ ગાદી હોયછે, તે ચાંપના જોરથી સારણ છિદ્ર ઉપર દાબ રાખેછે. તે ખસી નહી જાય તે માટે કંદોરાની માફક બંધાયછે અને તેની એક પટી લંગોટીની મીસાલે આવેછે. શરૂઆતથીજ પટો પહેરવામાં આવે તો સારણ વધી શકતી નથી, એટલુંજ નહી પણ વખતે વરસ છ મહિના પછી તે તદન નાબુદ થાયછે. માટે પટો પહેરવાને વિલંબ અગર કાંઇ વિચાર કરવો નહી. પટો યોગ્ય છેકે નહી તેનો તપાસ કરવા સારૂ પટો પહેરી ઉભા થઇ, જોરથી બેચાર વખત ખાંશી કરવી, અને તેમ કરતાં જો સારણ ઉતરે નહી તો તે પટો યોગ્યછે એમ સમજવું. પટો દિવસ રાત્ર પહેરી રાખવો અગર દીવસે રાખી, રાત્રે સુતી વખત કાઢી લેવો અને સવારમાં ઉઠવા પહેલાં તે ચઢાવી લેવો.

નાભી સારણ તથા જાંગ સારણને માટે પણ તેના યોગ્ય પટા તૈયાર આવેછે તેનો ઉપયોગ કરવો.

જેને સારણ થઇ હોય તેણે જોરથી કસરત કરવી અગર કરાંજવું નહી. બાહ્યગત સારણને માટે પણ પટો પહેરવો એટલે તેમાં વધારો થઇ શકશે નહી. અંતરગત સારણને જે બાહ્યગોળ ગાદી આવેછે તેવી ગાદી નહી પણ તેને માટે વાડકા આકાર અંતરગોળ ગાદી સારણના કદના પ્રમાણમાં હોવી જોઇએ. બાહ્યગત સારણ માટે વખતો વખત હલકો જુલાબ લેતા રહેવું. સારણને માટે પટો તૈયાર ન હોયતો લુગડાની ગાદી કરી ∞ આ આકારનો પટો બાંધી લેવો.

સારણબંધેજ થઈ હોય તો તેના ઉપર ગરમ પાણીનો શેક કરવો તથા હલકો જુલાબ આપવો.ગુદા વાટે પીચકારી મારવી અને દરદીને ગરમ પાણીમાં બેસાડવો એટલે સારણબધ પદાર્થ નિકળી જઇ આરામ થશે.

સારણનો ફાંસો.

(સ્ટ્રાંગ્યુ લેટેડ હર્ન્યા.)

જે આદમીને સારણ હોય તેની જીંદગીને હમેશને માટેનું એક જોખમ થઇ પડેછે. સાધારણ સારણ ઉતરે ચડેછે ત્યારે દરદીને કાંઈ વિશેષ અડચણ અગર પીડા થતી નથી. પણ જો તેજ સારણનો એકાએક ફાંસો થઇ આવે તો થોડી મુદતમાં તે આદમીનું આયુષ્ય મોટા જોખમમાં આવી પડેછે. અંતરગત સારણ કરતાં બાહ્યગત સારણનો ફાંસો થવા વિશેષ સંભવ રહેછે. સારણ ઉપર એવું દબાણ થાયકે તેનો માર્ગ કેવળ બંધ થાય અને મળ તથા વાયુ તેમાં જઇ શકે નહી, અને તેમાં ફરતા રૂધિરનો અટકાવ થાય, ત્યારે સારણનો ફાંસો થયો એમ કહેવાય છે.

જે છીદ્રમાં સમાવેશ નહી થાય તેવા છીદ્રમાં સારણ ઉતરેતો તે ફસાયછે. સારણ હોય તે ઠેકાણે આંતરડાનો બીજો ભાગ ઉતરે તો મારગના સંકોચને લીધે ફાંસો થાયછે. મહેનત અને જોર કરતાં આ પ્રમાણે ફાંસો ઉત્પન્ન થાયછે. ફાંસાનું સ્થળ ઘણું કરી ગ્રીવાને ઠેકાણે હોયછે.

ફાંસાનાં લક્ષણઃ—ફાંસો થતી વખત સારણમાં કાંઈ ફેરફાર થયો હોય એમ લાગેછે. સારણ કાંઈક હમેશ કરતાં મોટી જણાયછે, પછી તેમાં વેદના થવા માંડેછે અને હાથ લગાડતાં દુઃખ થાયછે. તે સખ્ત અને કઠણ માલમ પડેછે અને ઉધરસ આવતાં સારણ ઉપર હાથ મૂક્યો હોય તો થડકો લાગતો નથી. સારણ પેટમાં ચડતી નથી. ઝાડો તથા વાયુ કેવળ બંધ થઈ જાયછે અને ઉલટી શરૂ થાયછે. પ્રથમ ઉલટીમાં જે પેટમાં ખાધું હોય તે બહાર નીકળેછે અને પાછળથી **ઉલટીમાં મળ** પડેછે. ઉલટીમાં મળ પડે એટલે આંતરડાંના માર્ગનો કોઈપણ ઠેકાણે તદન પ્રતિબંધ થયોછે એમ બતાવી આપે છે, તેથી સારણના ફાંસા માટે પણ તે એક ખાસ ચિન્હ થઈ પડેછે. આંતરડા માહેના પદાર્થ પાચન થઇ બાકીના ગુદાવાટે મળ થઇ પડેછે. પણ જ્યારે આ રીતે તેના માર્ગમાં પ્રતિબંધ આવેછે ત્યારે તેનો ઉલટો વેગ થઈ મોઢા વાટે તે બહાર પડેછે. સારણની આસપાસના પેટના ભાગમાં દુખાવો થાયછે. પેટ ચઢી આવેછે અને તેમાં ગળગળાટ અવાજ થાયછે. "પેરીટોન્યમ" નો વરમ થાયછે. જ્વર આવેછે, નાડી ક્ષીણ જલદ અને કઠણ ચાલેછે, ચેહેરો દુઃખદાય જણાયછે. દરદી બેચેન રહેછે. શ્વાસ ઉત્પન્ન થાયછે, જીભ સૂકાઇને તે ઉપર કાળી છારી વળેછે. આંખમાં ખાડા પડેછે, હેડકી થાયછે, અને છેવટે મરણ પામેછે.

સારણનો ફાંસો થાય એટલે તેના રૂધિરના ફરવાનો પ્રતિબંધ થવાથી તેની શીરા ફૂલી જઈ તેમાં પાણીનો ભરાવો થાયછે, તેનો વરમ થાયછે અને છેવટે તેનું મૃત્યુ થઇ તે સડવા માંડેછે. આવા પરિણામમાંથી દરદી ભાગ્યેજ બચેછે અને કદાચ બચે તો આ સડેલો સારણનો ભાગ જુદો પડી જઈ તે સ્થળેથી ગુદાની માફક મળ વહેછે.

ઇલાજઃ—સારણનો ફાંસો થાય તો દરદીને બિછાનામાં રાખવો. શરૂઆતમાં કદાચીત જુલાબ આપવો. પણ પછીથી જુલાબ બીલકુલ આપવો નહી. ગરમ પાણીનો સારણ ઉપર શેક કરવો અને દરદીને ગરમ પાણીમાં દસ મિનિટ બેસાડવો. ગુદા રસ્તે ગરમ પાણી તથા એરંડીયાની પીચકારી મારવી. તેથી સારણ ચઢે નહી તો તેના ઉપર બરફ મૂકવો. દરદીને સુવાડી જાંગને વાળી રાખવી તથા થાપાનો ભાગ ઊંચો રહે અને મસ્તક નીચું રહે તે પ્રમાણે તકીયા મૂકવા. આ સાધનોની સહાયતા શિવાય **હસ્તક્રિયાથી** સારણને ચઢાવવાને પ્રયત્ન કરવો. હસ્તક્રિયાથી સારણને ચઢાવતાં જાંગને વાળી રાખી એક હાથ સારણ ગ્રીવા ઉપર રાખવો તથા બીજા હાથવતી સારણને પકડી તેને બંને બાજુ જરા ખેંચીને ઉપર લેવી અને જે માર્ગમાંથી સારણ ઉતરી હોય તે તરફ તેને દાબીને બેસાડવી. ઘણું જોર વાપરવું નહી. થોડા વખતમાં સારણ ચઢે નહી તો દરદીને ક્લોરોફોર્મ સુંઘાડવો અને પછી પાછો **હસ્તક્રિયાનો પ્રયત્ન** અજમાવવો. ક્લોરોફોર્મથી સર્વ

સ્નાયુ તદ્દન શીથળ થાયછે, તેથી ઘણું કરી સારણ ચઢી ગયા વગર રહેશે નહી, પણ જો તેથી પણ ન બેસે તો પછી શસ્ત્ર ક્રિયા કરવાની જરૂર પડેછે. હસ્તક્રિયાથી સારણ બેશી જાય તો દરદીને થોડા દિવસ બિછાનામાં રાખવો. હલકો પાતળો ખોરાક આપવો. જુલાબ આપવો નહી. થોડું અફીણ આપતાં રહેવું. સારણ બેઠા પછી તે ઠેકાણે તરતજ પટો અગર પાટો બાધી લેવો. જો સારણનો ફાંસો લાંબો વખત જારી હોય અને તેથી તેનું મૃત્યુ થવા સંભવ હોયતો હસ્તક્રિયાથી સારણને બેસાડવા પ્રયત્ન કરવો નહી.

શસ્ત્રક્રિયા કરવાનો હેતુ એવો હોય છે કે સારણપર છેદ મૂકી જે ઠેકાણે ફાંસો હોય તેનો છેદ કરી સારણને ચઢાવી દેવી. ક્લોરોફોર્મ આપ્યા બાદ સારણની ગ્રીવા ઉપરની ત્વચા પકડીને તેમાં છેદ મૂકવો. ત્યાર બાદ એક પછી એક એ પ્રમાણે સારણ ઉપરના પડ કાપતા જવું. કાપવામાં બહુ સંભાળ અને સાવચેતી રાખવાની એ છેકે આંતરડાંનો જખમ થાય નહીં. છેક અંતરાવરણ પહોંચ્યા પછી તેનો છેદ કરી આંગળીને ગ્રીવા તરફ જવા દેવી અને ત્યાં ફાંસો માલમ પડે તેની હેઠળ નખ શેરવી, જે સારણ શસ્ત્ર હોયછે તે આંગળી મારફત ફાંસામાં મૂકી, તેનું છેદન કરવું આ છેદ પેડુ તથા નાભીની સારણ માટે ઉપરની બાજુ મૂકવો અને જાંગની સારણ માટે ઉપર અને અંદરની બાજુ મૂકવો. આસ પાસની રક્ત નળયોનો બચાવ કરવા માટે ઉપર કહેલી દિશામાંજ છેદ મૂકવા રીવાજછે.

છેદ મૂક્યા પછી સારણનો ભાગ સારો હોય તો તેને પેટમાં બેસાડવો, જોતે ફાંસાને લીધે નષ્ટ થયો હોય તો તેનો બગડેલો ભાગ કાઢી નાંખી તેને ત્યાંજ રહેવા દેવો અને પેટમાં બેસાડવો નહીં.

આ પ્રમાણે શસ્ત્ર ક્રિયાથી સારણ બેસાડયા પછી જખમને શીવી લઈ તે ઉપર પટી અને પાટો બાંધવો. દરદીને કેટલાક દિવસ બિછાનામાંથી ઉઠવાની મના કરવી. અફીણની દવા આપતા રહેવું. જુલાબ આપવો નહીં. ખોરાક થોડો અને પાતળો આપવો. જખમ રૂઝાયા પછી પણ પટો રાખવો અને થોડી મુદત ઘણી સંભાળથી રહેવું.

આંતરડાંની અડચણને લીધે ઝાડાનું બંધ થવું.

(ઇન્ટેસ્ટાઇનલ ઓબસ્ટ્રક્શન)

આંતરડાંની એક પોલી નળીછે તેની અંદર અન્ન વગરે પાચન થઈ આગળ વધે છે, તથા છેવટે મળદ્વારથી બહાર પડેછે. હવે આ નળીનો રસ્તો કોઇ દબાણથી અગર ગાંઠ વગેરેથી બંધ થઈ જાયતો જે જગાએ આવી અડચણ આવી પડે તેની નીચે આંતરડાં માહેલા પદાર્થ ઉતરી શકે નહિ આવી હરકત આવી પડે ત્યારે ભયંકર પરિણામ નીપજે એતો દેખીતુંછે. આવી અડચણ કોઇવખત એકાએક આવી પડેછે તેને "તીક્ષ્ણ આંતરાવરોધ" કહેછે અને કોઇ વખત એ નળીનો રસ્તો આસ્તે આસ્તે બંધ થઈ જાય છે તેને "દીર્ઘ આંતરાવરોધ" કહેછે.

૧. **તીક્ષ્ણઆંતરાવરોધ:**—જે આંતરડાંનો રસ્તો એકાએક બંધ થાય છે તે નીચે આપેલાં ચાર કારણોથી ઉત્પન્ન થાયછે.

અ. કોઇને સારણ ગાંઠ હોય તેની અંદર વધારે આંતરડું ઉતરી જવાથી તેના ઉપર ફાંસાની માફક દબાણ થાય, તેમજ પેટની અંદરના ઓમેનટમ તથા મીઝેંટરી વગેરે પડદાછે તેની અંદર કાંઈ છિદ્ર હોય તેમાં એકાદ આંતરડાનો ભાગ પેશી જવાથી પણ આવી ફાંસી થઈ પડેછે.

બ. આંતરડાનો ભાગ એક બીજાની અંદર પેશી જાયછે. જેમ મોજાં ઉતારતી વખત નીચેનો ભાગ ઉપરના ભાગની અંદર જાયછે તેમ આંતરડાની સ્થિતિ થઇ જાય છે ત્યારે તેને "**આંતર્ગમન**" (ઇન્ટ્યુસસેપશન) કહેછે.

સ. આંતરડાની નળી ઘણાફુટ લાંબીછે, આ નળીની અકસ્માત **આંટી** (વોલવ્યુલસ) વળી જવાથી પણ અડચણ થાયછે.

ડ. આંતરડાની નળી વરમને લીધે સંકુચિત થઈ જવાથીપણ એજ પરિણામ થાયછે.

આવી જાતની તીક્ષ્ણ અડચણ આવી પડેછે ત્યારે આદમી એકાએક કાંઈ મોટી આફતથી લેવાઇ જાય તેમ લેવાઈ જાયછે. પેટમાં એકાએક કાંઇ થઈ આવ્યું અગર એ-કાદ જગાએ પેટમાં ઘણું દરદ થતું હોય એમ લાગેછે. ઝાડો તો ઉતરતો નથી, પણ થોડા વખતમાં ઉલટી થવા માંડેછે. ઉલટીમાં પહેલો તો ખાધેલો પદાર્થ પડેછે, પણ પછીથી **મળ પડવા માંડેછે.** પેટ દુખેછે તથા ચઢી આવેછે. પેટમાં ગડગડાટ થાયછે તથા ફુલેલાં આંતરડાં હાલેછે, અને કોઇવાર આંતરડાંના ફાંસાની જગોએ ગાંઠ જેવું કઠણ લાગેછે. દરદીને ઝાડો બંધજ રહેછે, પેશાબ થોડો ઉતરેછે, ઉલટી જારી રહેછે, પેટમાં અનાજ ટકતું નથી, નાડી કમજોર થતી જાયછે, જીભ ઉપર કાંટા પડેછે, દરદ વધતું જાયછે, તથા દુ:ખદાયક રીતે મૃત્યુનો અમલ બેસેછે.

૨. **આંતરડાંની દીર્ઘ અડચણ:**—આ અડચણ આસ્તે આસ્તે થાયછે તેનાં ત્રણ કારણ નીચે આપેલાંછે.

ક. કાન્સર આંતરડાંમાં થાય અને તેથી હળવે હળવે આંતરડાંનો ભાગ ખવાઈ જાય છે તથા તેનો રસ્તો બંધ થાયછે.

ખ. પેટમાં મોટી ગાંઠ થાય તથા તેનું આંતરડાં ઉપર દબાણ થાય તેથી તેનો રસ્તો બંધ પડે છે.

ગ. આંતરડાંમાં મળના ગાંઠા બંધાઈ જાય છે અગર તેમાં કાંઈ બીજો પદાર્થ ભરાઈ રહેવાથી અડચણ થાયછે.

આ દીર્ઘ અડચણમાં ઘણી મુદત થયાં ઝાડો ઉતરવામાં થોડી થોડી હરકત માલૂમ પડેછે. વખતે ઝાડામાં લોહીપણ પડેછે અથવા વેદનાપણ થાયછે. ઝાડોપણ પાતળો અ-થવા ઝીણા લીંડાં ઉતરેછે. કોઇ વખત ઉલટી અથવા અજીરણ જેવાં ચિન્હ માલૂમ પડેછે. છેલ્લે આંતરડાંનો રસ્તો છેક બંધ થાય એટલે ઝાડો બિલકુલ ઉતરતો નથી. ઉલટીમાં મળ પડેછે, અને પેટ ચડી આવેછે. આ દીર્ઘ અટકાવમાં દરદી એકદમ લેવાઈ જતો

નથી. ઝાડો બંધ થયા પછી પણ બેચાર અઠવાડીઆં જીવી શકેછે.

નિદાનઃ—આંતરડાંની અડચણનો ઇલાજ કરવામાં શા કારણથી અડચણ થઈ પડીછે તે પહેલાં શોધી કાઢવું જોઇએ. ઝાડો એકદમ બંધ થઈ ગયો કે હળવે હળવે બંધ થયોછે? પેટમાં કોઈ જગોએ દરદ છે કે કેમ? અને ઉલટી સાદી થાયછે કે મળની તે લક્ષમાં રાખવું જોઇએ. પહેલા પ્રકારની ફાંસાની અડચણમાં બહાર સારણ ગાંઠ હશેતો તે તપાસવું. તેમાં દરદ થતું હશે, તે એકદમ મોટી થઈ આવેલી જણાશે, અને સોજો માલૂમ પડશે. અંદર એવા પ્રકારનો ફાંસો બન્યો હશે તો એકદમ આવાં ચિન્હો જણાઈ આવશે. પેટમાં કોઈ અમુક ઠેકાણે દરદ થતું જણાશે તથા ઉલટીના પ્રકારથી તેની ચોકશી થશે.

બીજા પ્રકારની આંતર્ગમનની અડચણ ઘણુંકરી નહાનાં બચ્ચાંને થાયછે. પેટમાં એકાદ ઠેકાણે લાંબી ગાંઠ જેવા કઠણ ભાગ જણાયછે તથા તે ઠેકાણે દરદ થાયછે વખતે આવી ગાંઠ સફરામાં આંગળી મૂકવાથી જણાશે. ઝાડો જરાતરા લોહી મિશ્રિત જળસનો થાયછે તથા મરડાની માફક બચ્ચું જોર કરેછે.

ત્રીજા પ્રકારની આંટીની અડચણ મોટા આદમીને થાયછે. પેટ એક બાજુ ચઢી આવેછે તથા બીજી તરફ સાફ હોયછે, એકાદ ઠેકાણે આંતરડાંનો કઠણ ભાગ લાગેછે.

ચોથા પ્રકારની સંકોચની અડચણમાં ઘણું કરી મળની ઊલટી થતી નથી તથા તેની સાથે આંતરડાંના વરમનાં ચિન્હ હોયછે.

દીર્ઘ પ્રકારની અડચણમાં લાંબા દિવસના દરદનાં ચિન્હો હોયછે, ત્યાર પછી છેક ઝાડો બંધ થઈ જાયછે. કયા પ્રકારની અડચણછે તેનો નિર્ણય થયા બાદ એ અડચણ આંતરડાંના કયા ભાગમાંછે, નાના આંતરડામાંછે કે મોટામાં તેનો નિર્ણય કરવો; કારણ કે શા ઉપાયો લેવા પડશે તેનો આધાર આ નિર્ણય ઉપરછે. ઘણુંકરી આંટીનો પ્રકાર છોડી દઈ આંતરડાંની બીજી તીક્ષ્ણ અડચણો નાના આંતરડામાં હોયછે, તથા દીર્ઘ અડચણ મોટા આંતરડામાં હોયછે. નાના આંતરડામાં હરકત આવેછે, ત્યારે પેશાબ ઘણો થોડો ઊતરેછે તથા મળની ઉલટી ઘણી જલદી થવા માંડેછે. મોટાં આંતરડાંમાં અડચણ હોય ત્યારે કોલન ફુલી આવેલું જણાયછે, તથા સફરાની અંદર તપાસ કરવાથી પણ કારણ માલૂમ પડશે. જો "ઉતરતા કોલન"ની નીચે આવી અડચણનું કારણ હોય તો સફરામાં તર્જની મૂકી તપાસવાથી કારણ જણાશે. હરશને લીધે અગર મૂત્રાશય અથવા ગર્ભાશયના દબાણથી અડચણ થતી માલૂમ પડેતો તે દુર કરવું. પણ જો કાનસર (ક) હોયતો પેટની બાજુનો ભાગ (કોલન ઉપર પછવાડે પેરિટોન્યમ નથી હોતું ત્યાં) ફોડવાથી મળનો રસ્તો ત્યાં થશે, પણ જો આ ભાગમાં અડચણ ન હોય તો ઘણું કરી નાના આંતરડાંમાં એ હોયછે અને તે દુર કરવાને પેટ ચીરી પેરિટોન્યમને પણ ખોલવું પડેછે અને તેથી દરદીનો જાન ઘણા જોખમમાં આવી પડેછે.

ઘણી વખત આંતરડાંમાં કઈ જગાએ અને શી અડચણછે તે શોધી કાઢવું ઘણુંજ મુશ્કેલી ભરેલું થઈ પડેછે.

ઇલાજઃ—તિક્ષ્ણ અડચણમાં સારણ ગાંઠ બહાર હોય અને તેને ફાંસો આવ્યો હોય

તો તેનો યોગ્ય ઇલાજ કરવો. આંતર્ગમનની અડચણ હોય તો ધમણથી સફરાવાટે અંદર હવા ફૂંકવી, પુષ્કળ પાણીની પીચકારી મારવી. એમ કરવાથી કેટલીકવાર એ અડચણ દુર થાયછે, તે સિવાય બીજી અડચણ લાગેતો ફક્ત દૂધની કાંજી વગેરે પાતળો ખોરાક આપવો તથા અફીણ અને કાલોમલની ગોળી આપ્યાં કરવી. તેની સાથે બેલાડોના આપવાથી વિશેષ ફાયદો થાયછે.

ન. ૧. અફીણ......૬ ગ્રેન. કાલોમલ.........૧૨ ગ્રેન.

ઉપરની બંને દવાને મિશ્ર કરી ૬ ગોળી બનાવવી અને દર બબે કલાકે એકેકઆપવી. પેટ ઉપર જળો લગાડવી તથા ગરમ પાણીનો શેક કરવો. અળશીની પોટીસ મારવી.

પેટ ચીર્યાથી દુર થાય એવી બીજી કોઈ અડચણ લાગેતો અંતે તેમ કરી જોવું અને આંતર્ગમન અથવા આંટી હોય તો તેને ઉકેલવી.

દીર્ઘ અડચણમાં મળ વગેરેની અડચણ હોય તો જુલાબ આપવો અથવા સફરાવાટે પાણીની પીચકારી મારવી, નીચેના ભાગમાં કાનસર વગેરે હોય તો ડાબી બાજુએ પછવાડે કાપી કોલનને ખુલ્લું કરવું તથા ત્યાં મળ નીકળવાનો રસ્તો કરવો.

સફરાનાં દરદ.

(ડીઝીસ આફ રેકટમ.)

૧. **સફરાની અસ્વભાવિક સ્થિતિ**:—કવચિત્ એવું બનેછે કે બચ્ચું જન્મેછે ત્યારે તેના મળદ્વાર અથવા સફરામાં કાંઈ કુદરતી ખોડ હોયછે. વખતે મળદ્વાર બહુ નાનું એક બારીક છિદ્રની માફક હોયછે, અથવા છેક બંધ હોય અને તેથી ઝાડો બિલકુલ ઉતરી શકતો નથી. આ પ્રમાણે છિદ્ર નાનું હોય તો મોટું કરવું પડેછે અને છેક બંધ હોય તો તે ઠેકાણે નવો રસ્તો કરવો પડેછે. મળદ્વાર વિનાનાં બચ્ચાં પણ કેટલીકવાર બે ચાર મહીના અગર વધારે મુદત સૂધી જીવી શકેછે. તેમને ઉલટી થઇને મળ બહાર પડેછે. કોઈવાર તે રસ્તાનો સંબંધ મૂત્રાશય અથવા યોનિ સાથે જન્મથી માલૂમ પડેછે અને તે રસ્તેથી મળ ઉતરેછે.

આવા કુદરતી કાયદાની વિરૂદ્ધ દાખલા જવલેજ મળી આવેછે. પણ મળી આવે ત્યારે તેના ઉપાય કરવાની જરૂર પડેછે. જો બિલકુલ મળદ્વાર ન હોય તો સ્વભાવિક મળદ્વારને સ્થળે છેદ મૂકી તપાસ કરવો. થોડુંએક ઉપર કાપવાથી આંતરડાનો છેડો ઘણું કરી મળી આવેછે. કદાચ એક ઈંચ ઊંડું કાપવા છતાં તેની કાંઈ નિશાની માલૂમ ન પડે તો ડાબા પડખામાં છેદ મૂકી "કોલન" ને ફાડવું પડેછે. "કોલન"ને ફાડી તેને ત્વચાની સાથે શીવી લેવાથી મળ તે ઠેકાણેથી નીકળેછે અને "કૃત્રિમ મળદ્વાર" સ્થાપન થાયછે.

૨. **સફરાનો સંકોચ**:—કોઇવાર મોટા આદમીના સફરાનો રસ્તો સાંકડો થઈ જાય છે, તેથી ઝાડો ઉતરવામાં ઘણી મુશ્કેલી થઇ પડેછે, અને ઘણું જોર કરવા પછી પાતળાં બારીક લીંડાં ઉતરેછે. ઝાડો બરોબર નહિ ઉતરવાથી મળનો જમાવ થાયછે, ઉલટી થાયછે, ખવાતું નથી, અને બીજાં ચિન્હ તેના પરિણામ રૂપે થાયછે.

જેમ મૂત્રમાર્ગ પ્રમેહ વગેરે કારણથી સાંકડો થઇ જાયછે અને પછી મૂત્ર ઉતરવામાં મુશ્કેલી પડેછે તેમ આ દરદમાં મળ ઉતરવામાં હરકત પહોચેછે.

સફરાનો રસ્તો સાંકડો થવાનાં ત્રણ કારણછે. ૧ "કાનસર" સફરામાં પેદા થવાથી તેનો રસ્તો સાંકડો થાયછે. ૨ ઉપદંશના કારણથી તે સાંકડો થાયછે. ૩ એ બેઉ સબબ સિવાય સફરાનો માર્ગ કોઇવાર શ્વેત તંતુથી સાંકડો થઈ જાયછે. સફરામાં આંગળી વતી અગર સળીવતી તપાસ કરતાં સંકૂચિત ભાગ માલૂમ પડશે. જો સંકુચિત ભાગ નીચે હશે તો આંગળીને લાગશે, પણ ઊંચો હશે તો નળીથી તપાસતાં માત્ર માલૂમ પડશે. ગરમીથી આ દરદ થાય તો તે આદમીને અગાઉ ગરમીનો મરજ થયો હશે. કાનસર હોય તો બહુ પીડા થાયછે અને તેની સાથે લોહી તથા પરૂ પડેછે.

ઇલાજઃ—જ્યારે ગરમીનું કારણ માલૂમ પડે ત્યારે આયોડાઈડ ઓફ પોટાશ્યમ વગેરે ઉપદંશની દવા આપવાથી આરામ થાયછે. જ્યારે સાદા કારણથી સંકોચ થાયછે ત્યારે તેને પહોળો કરવા સારૂ સફરાને માટે સળીઓ થાયછે, તે વાપરવાથી આરામ થશે. જ્યારે કાનસરને લીધે આ વ્યાધિ થાયછે ત્યારે આરામ થવો મુશ્કેલછે. પાણી ગ્લિસરીન, અને લાડેનમની પીચકારી મારવાથી ઝાડો ઉતરશે તથા વેદના અફીણથી કમી થશે. યોગ્ય જણાય તો ડાબા અગર જમણા પડખામાં કોલનને ફોડી ત્યાં કૃત્રિમ મળદ્વાર કરવો.

સફરાનું ચાંદુઃ—ઝાડાના રસ્તાના મોઢા ઉપર કોઇવાર ચાંદુ અથવા ચીરોટો પડી આવેછે, તેવારે ઝાડો ઉતરતી વખત અતિશય બળતરા તથા વેદના થાયછે. જો ઝાડો કઠણ ઉતરે તો ઘણી વેદના થાયછે. ઝાડો થઈ રહ્યા બાદ પણ કેટલોક વખત સુધી બળતરા તથા બેચેનપણું રહેછે. આ દરદના ભયથી ઘણીવાર દરદી ઝાડો દબાવી રાખે છે અને થોડું ખાયછે. કોઇવાર ઝાડાને વળગેલું થોડું લોહી પડેછે. મળદ્વારની આસપાસ ચીકણો પદાર્થ નીકળેછે, ખરજ આવેછે, પેશાબ ઘણીવાર થાય છે, અને દરદી ફીકો પડી જાયછે, તથા ઘણો ફીકરમંદ જણાયછે.

કારણઃ—ઘણું કરી આવું ચાંદુ અગર ચીરોટો નબળા આદમીને થાયછે. કોઇવાર બહારના હરસને લીધે થાયછે. મળદ્વારને હાથવતી ખેંચવાથી આ દરદનું સ્થળ દેખાશે, નહિ તો તે જોવાની "ભૂંગળી" થાયછે તે વતી દેખાશે.

ઉપાયઃ—ઝાડો હમેશાં નરમ લાવવો અને તેટલા માટે એરંડીયેલ તેલ આપતાં રહેવું. દરદ કમી કરવા સારૂ એકસ્ટ્રાકટ બેલાડોના બે ગ્રેન, એસેટેટ ઓફ લેડ બે ગ્રેન, તથા ટાનિક આસિડ ચાર ગ્રેન; એ બધાની એક ગોળી કરીને રાત્રે સફરાની અંદર મૂકવી. પ્રથમ થાય ત્યારે જરા કાસ્ટિક અગર મોરથુથુ લગાડવાથી ચાંદુ રૂઝાઇ જાયછે. જો આ ઉપાયથી તે ન મટે તો એ ચાંદાની જગાએ છેદ મૂકવો પડેછે. પ્રથમ જુલાબ એરંડીયેલ તેલનો આપ્યા બાદ છેદ મૂકવો. છેદ મૂકીને મળદ્વારના વર્તુળ સ્નાયુને કાપવો પડેછે. આ સ્નાયુના આકર્ષણથીજ ચાંદું રૂઝાતું નથી તથા બેહદ પીડા થાયછે. છેદ મૂક્યા પછી જરા અફીણ આપી બે ત્રણ દિવસ ઝાડો બંધ રાખવો, એટલે એ જખમ તથા ચાંદુ રૂઝાવા

લાગશે. રૂઝાય તેટલા દીવસ ઝાડો નરમ ઉતરે એવી તજવીજ રાખવી. જખમની અંદર ઝિંકલોશનમાં બોળી દરરોજ લિંટ મૂકવું અથવા રેડ પ્રેસિપિટેટ મલમ મૂકવો.

ભગંદર.

(ફીસ્ચ્યુલા ઈન્ એનો.)

કેટલીકવાર સફરાની આસપાસ ગળ થાયછે. કોઈ વાર તંદુરસ્ત આદમીને આવું ગળ થાયછે તે ઘણું દરદ કરેછે અને જલદી પાકીને ફૂટેછે. પણ ઘણું કરી આવું ગળ પુખ્ત ઉમરે પહોચેલા આદમીને થાયછે, તે ઘણું દરદ કરેછે. ઘણા દિવસ લગી પાકીને અંદરનું અંદર ફેલાયછે. પણ બહાર જલદી મોઢું કરતું નથી. કોઇ વાર સફરાનો અંદર અથવા કોઇ વાર બહાર ફૂટેછે.

આવું ગળ બુઢ્ઢા આદમીને નબળાઇને લીધે થાય, કોઇવાર લાત પાટું અગર માર લાગવાથી તથા થંડી જગો ઉપર બેસવાથી થાય, સફરામાં ચાંદું હરસ વગેરે હોય તેથી થાય અને કોઈવાર ખાવામાં હાડકું આવેલું હોય તે સફરામાં ભોકાય તેથી પણ આવું ગળ પેદા થાયછે.

ઉપાય:—ગળ થયુંછે એવી ખાતરી થાય કે તરત તેને ફોડીને પરૂને બહાર નીકળવાનો રસ્તો આપવો, નહિતો અંદરના ભાગોમાં ઘણું ફેલાયછે. આ પરૂ હમેશાં ઘણીજ વાસ મારે છે.

સફરાની આસપાસમાં થયેલ ગડ ફૂટયા પછી તે સાફમટી જતું નથી, પણ તેના મોઢાનો ભાગ ખુલો રહેછે, અને અંદરનો ભાગ પોકળ રહેછે, તથા થોડું થોડું પરૂ નીકળ્યાં કરેછે, તે બંધ થતુંજ નથી તેને ભગંદર કહેછે. આ ભગંદરનું મોઢું કોઇવાર બંધ થઈ તેની અંદર પરૂ એકઠું થાયછે અને વળી તેજ અગર બીજે ઠેકાણે ફૂટેછે. આવા ભગંદરના રસ્તા કોઇવાર કુલા ઉપર અને છેક જાંગ સુધી પણ જઈ પહોંચે છે. ભગંદર એક અથવા વધારે હોયછે, અથવા એકજ ભગંદરને એકથી વધારે મોઢાં હોય છે.કોઇવાર તેનો રસ્તો અંદરના ભાગમાં ઘણો ઊંડો હોયછે, અને સીધો હોયછે અથવા વાંકો ચૂંકો હોય છે.

ભગંદર બે જાતનાં હોયછે. એક, જ્યારે તેનું એક મોઢું બહાર હોય તથા બીજું મોઢું સફરાની અંદર હોય ત્યારે તેને "પુર્ણ ભગંદર" કહેછે. બીજું, જ્યારે ફક્ત તેને એકજ મોઢું હોયછે,પછી તે બહાર હો અગર સફરાની અંદર હો ત્યારે તેને "અપુર્ણ ભગંદર" કહેછે.

પૂર્ણ ભગંદર વધારે સાધારણછે. બહારના છિદ્રમાંથી સોયો નાખવામાં આવે તો સફરાની અંદર આંગળી મૂકી હોય તેને લાગશે."જો તેનો રસ્તો વાંકો ચૂંકો હશે અથવા ઊંડો હશે તો થોડી મુશ્કેલીથી સોયો સફરામાં જશે. આ ભગંદરમાંથી પરૂ નીકળે છે અને કેટલીકવાર તો મળ પણ આવે છે અને તેમાંથી વાયુ સુસ્કાં છૂટેછે, તેથી દરદીને ઘણું કષ્ટ સોસવું પડેછે.

અપૂર્ણ ભગંદરનું મોઢું બહાર હોયછે તો તેમાં સોયો નાખવાથી સફરાની અંદર જતો નથી. જો તેનું મોઢું ફકત સફરામાં હોય અને બહાર ન હોય તો સફરામાંથી ઝાડાની વખતે પરૂ આવતું માલુમ પડશે અને ઝાડો ઉતરતાં દરદ પણ થશે. એ ઉપરથી ખાત્રી થશે અને ગુદાદર્શક યંત્ર (રેક્ટલ સ્પેક્યુલમ્) મૂકી જોવાથી તે દેખાશે. ભગંદરના રસ્તા કેટલીકવાર બહુજ આડા અવળા હોયછે.

ઉપાયઃ—કોઈવાર બહારનું અપૂર્ણ ભગંદર હોય તેને કાસ્ટિક વગરે લગાડવાથી તે મટી જાયછે. નહિતો ભગંદર કાપ્યા વિના સારૂ થતુંજ નથી. કાપવાની પહેલાં ભગંદરને જૂનું થવા દેવું જોઇએ.

કાપતી વખત દરદીની તંદુરસ્તી સારી હોવી જોઇએ. ઘણી નબળી હાલત હોય તો જખમ થાયછે તે રૂઝાતાં મુસ્કેલી પડેછે. ક્ષય રોગીને કોઈવાર ભગંદર થઈ આવેછે અને એ ભગંદરમાંથી પરૂ વહેછે, તેથી ક્ષયના દરદને ફાયદો થાયછે એવો કેટલાકનો મતછે. માટે જો તેની પીડા ન હોય તથા પરૂ થોડું જતું હોય તો ભગંદરને રહેવા દેવું. તેમજ ક્ષય રોગ હદની બહારે ગયો હોય અને દરદી મરવા પડ્યો હોયતો કાપવાથી કાંઈ ફાયદો નથી. નહિતો હમેશાં રીતસર કાપીને દરદીને આરામ આપવો.

કાપવાની રીતઃ—પહેલે દિવસ એરંડીયેલ તેલનો જુલાબ આપવો, અને બીજે દિવસે ક્લોરોફોર્મ સુંઘાડીને પૂર્ણ ભગંદરની અંદર સોયો નાંખવો અને ડાબા હાથની આંગળી સફરામાં તે સોયાની ટોચપર રાખવી.ત્યારબાદ તે સોયાને આધારે વાંકી "બીસચુરી"નાંખવી, તે આંગળીને પાચે એટલે આંગળી અને બીસચુરી વચ્ચે આવેલો સર્વ ભાગ કાપવો. બીજાં ભગંદર હોયતો તેને તેજ રીતે કાપવાં. આ થયેલા કાપમાં લીંટ અગર કાપુસ ભરીને લંગોટી જેવો પાટો બાંધી લેવો. પછી અફીણ અગર મોરફીયાની યોગ્ય માત્રા આપવી- એટલે ઝાડો બે ત્રણ દિવસ બંધ રહેશે. ત્યારબાદ જુલાબ આપી ઝાડો ઉતારવો અને દરરોજ પાતળો ઝાડો આવે તેવી તજવીજ રાખવી. દરરોજ કાર્બોલિક તેલની અગર મલમની પટી જખમની અંદર મૂકતા રહેવું એટલે જખમ તળીયેથી રૂઝાતો આવશે.

અપૂર્ણ ભગંદર હોય તો તેમાં સોયો નાંખી જે ઠેકાણે સફરાની નળીનો ભાગ પાસે આવે ત્યાં જોરથી સોયો સફરામાં કાઢવો એટલે પૂર્ણ ભગંદરનું રૂપ થયું અને ત્યારપછી ઉપર પ્રમાણે કાપવાનો ઈલાજ કરવો. દેશી હકીમો ભગંદર મટાડવા સારૂ સોમલાદિ બાળી નાંખે એવા પદાર્થ અંદર ભરેછે પરંતુ તેનાથી ઘણી પીડા થાયછે. અને આરામ થતાં વિલંબ લાગેછે.

આમણ.

(પ્રોલેપ્સ પસસ.)

સફરાની અંદરનો ભાગ મળદ્વારની બહાર આવેછે તેને **આમણ** કહેછે.

કારણઃ—ઝાડે ફરવા બેસતાં અશક્ત બચ્ચાંઓને આમણ બહાર નીકળેછે. ઘણો વખત બેશી રહેવાથી તથા મરડામાં જોર કરવું પડેછે તેથી પણ આમણનું દરદ થાયછે.

જે જે વ્યાધિમાં કુંથવું પડેછે એટલે પેશાબ અગર ઝાડે જતાં જોર કરવું પડેછે તે આમણ નીકળવાનાં કારણ થઈ પડેછે. પથરી, મૂત્રગાંઠ, ઝાડાનું સૂકાઈ જવું, સફરાનાં દરદ જેથી ઝાડો કબજ રહેછે, હરસ, અને એવા બીજા રોગમાં આમણનું દરદ થાયછે

સાધારણ રીતે આમણમાં ફકત સફરાનું અંતરપટ બહાર આવેછે, પણ કવચિત્ આખો સફરો મોજાની માફક બેવડ થઈને બહાર આવેછે.

ઝાડે જતાં આમણ બહાર આવેછે તે ઘણું કરી પોતાની મેળે અંદર જાયછે, પણ કોઇ વખત અંદર પાછી ન જતાં બહારજ રહીને સડી જઇ ખરી પડેછે.

ઉપાયઃ—આમણનો ઉપાય કરવામાં પ્રથમ આમણ બહાર આવી હોયતેને પાછી અંદર મૂકવી જોઇએ. ઘણુંકરી દરદી પોતાની મેળે પાછી મૂકેછે. પણ કોઈવાર તેનાથી પાછી ન જાય તો તેના ઉપર તેલ લગાડી એક રૂમાલ તેના ઉપર મૂકી હાથના બે અંગુઠાવતી મળદ્વારમાં દાબી દેવી અને તે ઠેકાણે એક નાની ગાદી મૂકીને લંગોટી મારવી.

આમણનું દરદ મટાડવા સારૂ તેનું જે કાંઈ કારણ માલૂમ પડી આવે તે દૂર કરવું, જેમકે પથરી હોય તો તેને કાઢવી, મૂત્ર ગાંઠ હોય તો તેનો ઇલાજ કરવો, હરસહોય તો તેને કાપી કાઢવા,દસ્ત હમેશાં સાર ઉતરે તેવી ઓષધિ આપવી. તે માટે હરસના વિષયમાં જે ઈલાજ કહ્યાછે તે આ ઠેકાણે પણ લાગુ પડેછે. એક ઔંસ પાણીમાં બે ગ્રેનથી ચાર ગ્રેન હીરાકસી નાંખી તેની પીચકારી મારવી તથા જરૂર પડે તે પ્રમાણે એરંડીયેલ તેલ, સોનામુખી,હીમજ વગેરેનો જુલાબ આપવો.મરચાં વગેરે ગરમ પદાર્થ ખાવા નહિ, અને વળી શરીરમાં તાકાદ અને શક્તિ આવે તેવા ઇલાજ કરવા.

જો આમણ લાંબા વખતની હોય અને યોગ્ય ઇલાજથી મટે નહી તથા ઘણી પીડા અને અડચણ કરતી હોય તો તેને દોરાથી આખી બાંધી લેવામાં આવેછે, એટલે થોડા દિવસમાં તે ખરી પડેછે. આજ પ્રમાણે હરસ તથા બીજી કેટલાક પ્રકારની ગાંઠને પણ બાંધી લેવામાં આવેછે, કેટલાક હકીમ લોકોપણ મસા વગેરેને કેશથી આ પ્રમાણેબાંધેછે.

હરસ—અર્શ.

(પાઈલ્સ).

મળદ્વારની આસપાસ તેની કોર ઉપર અથવા સફરાની અંદર શિરાઓનાં જાળાં પ્રફુલિત થઈ વધી પડવાથી જે મસા થાયછે તેને "**હરસ**" કહે છે. સફરાની અંદર જે મસા અથવા હરસ હોયછે તેને "અંતર્ અર્શ કહેછે,અને જે બહાર હોયછે તેને"**બાહ્ય-અર્શ**" કહેછે. અંદરના હરસમાંથી લોહી પડેછે તેથી તેમને "દૂઝતા" હરસ કહેછે. કોઈ વખત એ હરસ દૂઝતા નથી. બાહ્યહરસ કોઈ વખત દૂઝતા નથી.

કારણઃ—સફરાની અંદર અથવા બહારની રક્તનળીયો ઢીલી પડી મોટી અને વિસ્તૃત થઈ વધી પડેછે એટલે હરસ થાય છે. આ નળીઓમાં મુખ્ય શિરાઓનાં જાળાં હોયછે. સફરાની અંદર રસપડની બહાર શિરાનાં જાળાં સ્વભવિક રીતે અતિશય હોયછે,

તેમજ મળદ્વારની પાસેની ત્વચાની અંદર પણ આવાં જાળાં ઘણાં હોય છે. ઝાડો થતાં સ્વભાવિક જોર કરવું પડે છે, તેથી આ જાળાંમાં રક્તનો ભરાવો થઈ તેમને ઢીલા પડવાની આદત પડે છે. વળી આ જાળાંમાંથી રૂધિરને ફરવા સારૂ ઉપરના કલેજાની મધ્ય શિરામાં જવું પડેછે, તથા જે મોટી અર્શશિરા મારફત રક્ત ઉપર ચઢેછે તેમાં પડદા પણ હોતા નથી. વળી ગુરૂત્વના નિયમને લીધેજ આ જાળાંમાં રૂધિરાભિસરણ ઘણું હળવે હળવે થાયછે, તથા લોહીનો સંચય થાયછે. આ પ્રમાણે સફરાના ભાગની શિરાનાં જાળાંની રચનાજ એવીછે કે, તેને લીધે હરસ ઉત્પન્ન થવાને ઉત્તેજન મળેછે. હરસનો કેટલેક દરજ્જે ઉમર ઉપર આધાર રહે છે. સુમારે અઢાર વીસ વરસના પુરૂષો જેને ઘણો વખત બેશી રહીને કાઢવો પડેછે તેમને આ દરદ થવાનો વધારે સંભવછે. તેમજ વળી ઘડપણમાં જ્યારે શરીરનાં સર્વ ગાત્ર ઢીલાં પડી જાય છે ત્યારે પણ હરસની ઉત્પત્તિ જાસ્તી જણાય છે. સ્ત્રીઓને હરસ થવાને ગર્ભાવસ્થાનો સમય અનુકુળ પડેછે, કારણ તે વખત ગર્ભના દબાણને લીધે નીચેના ભાગોમાં રક્તસંચય જાસ્તી રહે છે. બેસી રહેનાર, એશઆરામ ભોગવનાર, તથા શરીરને જોઇતી કસરત ન આપનાર લોકોને આ દરદ વધારે થાયછે. મળાવરોધથી તેમજ ઘણી વખતે જુલાબ લેવાથી પણ હરશ પેદા થાયછે. સફરાનાં બીજાં દરદ, ગર્ભસ્થાનના વ્યાધિ, તેમજ પેટ માંહેની ગાંઠ વગેરે રોગથી અર્શની ઉત્પત્તિ થાયછે. કલેજાનાં દરદને લીધે તેમાં ફરતા લોહીનો અટકાવ થાય તો અવશ્ય અર્શ ઉત્પન્ન થાયછે. આ પ્રમાણે એક અથવા વધારે કારણને લીધે લોહીનો જમાવ વધવાથી શિરાનાં જાળાં ફુલી આવેછે, તેમાં ગાંઠો પડેછે, તથા સફરાની અંદરનું રસપડ રાતા કાળા રંગનું જણાયછે. ઝાડો ઉતરતી વખતે અને તેમાં પણ ખસુસ કરીને જ્યારે મળ કઠણ ઉતરે છે ત્યારે આસ્તે આસ્તે સુજી આવેલું રસપડ નીચે ખેંચાયછે. એમ થતાં એક સરખું રસપડ ઝાડાની સાથે બહાર આવવા લાગે તો તેને આપણે "આમળુ" કહીએ છીએ, અથવા તો મસાની માફક શિરાનાં જુદાં જુદાં ગૂંછળાં ઉતરેછે. આ પણ આસ્તે આસ્તે લાંબાં વધતાં જાયછે અને ઝાડા સાથે બહાર આવવા લાગે છે. દબાણને લીધે તેમનો કાંઈ ભાગ ફુટવાથી અથવા ઘસાવાથી ઝાડામાં થોડું ઘણું રક્ત પડેછે. હરસ મોટા થાય છે એટલે તેમની વચમાં એક બારીક ધમનિ રહેછે તે વખતે ફુટેછે તો અતિશય રક્તસ્રાવ થાયછે.

બાહ્ય અર્શઃ—બહારના અર્શ મળદ્વારની આસપાસ થાયછે. પહેલાં શરૂઆતમાં ત્વચાની કરચલી પડવા માંડેછે તથા તે વધીને મસા જેવા હરસ થાયછે. આ નાના મોટા હોયછે, તથા તેમનો રંગ સાધારણ ત્વચા જેવો અથવા જાંબુડો હોયછે.

ચિન્હઃ—શરૂઆતમાં નાના હોય ત્યારે બાહ્ય અર્શ પીડા આપતા નથી. ફક્ત તે ભાગમાં જરા ખંજવાળ તથા ગરમી માલૂમ પડેછે. પણ જ્યારે મોટા થાયછે અને કોઈ વખત સૂજી આવેછે ત્યારે હરસની અંદર પીડા થાયછે; એટલુંજ નહિ, પણ બેસણીના સર્વ ભાગમાં અને કુલામાં પણ દુખાવો થાયછે. અંતે તે હરસ પાકીને ફૂટેછે અથવા તેની અંદર લોહી થીજી જઈ હરસ કઠણ થઈ શાંત પડેછે.

અંતર્ અર્શ:—સફરાની અંદર હોય ત્યારે હરસને અંતરઅર્શ કહેછે.અંદરના હરસ લંબાકાર હોયછે અથવા ગોળાકાર હોયછે. લંબાકાર હોય છે તેમનું મૂળ જાડું હોયછે, અને તે બહુધા દુઝતા નથી. ગોળાકાર હોયછે તેમનું મૂળ બારીક હોયછે તથા તે વિશેષે કરીને દુઝેછે.

ચિન્હ:—અંદરના હરસને લીધે ઝાડાની જગોએ ગરમી જણાયછે, ખરજ આવેછે અથવા ખુંચેછે. જાણે અંદર કાંઈ હોય તેવો ભાસ થાયછે. ઝાડો ઉતર્યા પછી જાણે હજુ કોઈ બાકીછે એમ લાગી જોર કરવું પડેછે. ઝાડો ઉતર્યા પછી પણ ચેન પડતું નથી. હળવે હળવે આ પીડા વધેછે. જાણે ખરી વેણ આવતી હોય તેમ મળ ઉતરતાં જોર કરવું પડેછે. આ પીડાને લીધે દરદી વખતસર ઝાડે જતો નથી, અને પછી અણચાલે જાયછે ત્યારે મળ સૂકાઈ જાયછે તેથી ઝાડો ઉતરતાં બમણી પીડા થાયછે. હવે હરસ બહાર દેખાવા માંડેછે.સફરાની અંદરથી થોડો ચીકણો શ્લેષ્મ ઉતરેછે,તેનાથી ઝાડાની જગો ભીની થાયછે તથા વસ્ત્ર બગડેછે.પીઠની નીચેનો ઢીંઢાનો ભાગ દુખેછે તથા કોઇ વખત જાંગ અને પગ પણ દુખેછે.દરદીનો ચહેરો ફીકરમંદ જણાયછે. કમરમાં ભાર તથા પેઢું ભરેલું લાગેછે. આ સર્વ ચિન્હ કરતાં મોટું ચિન્હ જેના ઉપર દરદીનું લક્ષ ખેંચાયછે તે રક્તસ્ત્રાવછે.રક્તસ્ત્રાવ થોડો અથવા ઘણો થાયછે. પહેલાં તો ઝાડો ઉતર્યા પછી બે ચાર ટીપાં પડેછે,કિંવા મળની એક બાજુએ લોહીનો ડાઘ પડેછે. કોઇ વખતલોહી કેટલાક તોલા અથવા શેર પણ પડેછે.જ્યારે લોહી થોડું પડેછે ત્યારે દુખાવો વગેરે જે પીડા દરદીને થાયછે તે શાંત પડેછે.પણ જ્યારે ઘણું પડેછે અને થોડા થોડા વખતને અંતરે પડવા માંડેછે, ત્યારે શરીરના ઉપર તેની ઘણીજ માઠી અસર જણાયા વગર રહેતી નથી. લોહીનો સ્ત્રાવ મહીને પંદરદિવસે થાયછે, અથવા ચાર છ મહીને થાયછે, અથવા થોડોઘણો હમેશાં જારી રહેછે. એક વખત લોહી પડવા માંડે એટલે ચાર છ દિવસ પડ્યા પછી બંધ પડેછે. એક વખતે ઘણું લોહી પડે તેથી શરીરને હાનિ પહોચે તેના કરતાં થોડું થોડું લોહી લાંબી મુદત સુધી પડ્યાં કરે તેથી વિશેષ હાનિ પહોચેછે. દરદી ફીકો પડી જાયછે, માથું દુખેછે, છાતીમાં ધબકારો થાયછે, અને કોઈ વખત નબળાઇને લીધે ફેર અને મૂર્છાપણ આવેછે. કોઇ વખત હરસના દુઝવાથી શરીરનાં બીજાં અવયવમાં રક્તનો વધારો હોય તેને ફાયદો પણ થાયછે. કોઈ સ્ત્રીને માસિક ૠતુ પ્રાપ્ત ન થતાં હરસમાંથી રક્તસ્ત્રાવ થાયછે. હરસ દુઝેછે તેનું લોહી લાલચોળ હોયછે, કારણ તે લોહી ઘણું કરી ધમનિ અથવા બારીક રક્તનળીઓમાંથી આવેછે. શિરામાંથી આવતું નથી. હરસની સાથે સફરાનાં બીજાં દરદ, જેવાં કે ભગંદર, આમણ, વગેરે પણ મળી આવેછે. હરસનો નિકાલ કેટલેક પ્રકારે થાયછે. કોઈ વખત હરસ તાજા હોય, અને તેની સંભાળ લેવામાં આવે તો તે બિલકુલ મટી જાયછે. પણ કાંઈ મુદત વિત્યાપછી આ પ્રમાણે સારા થવાની વકી રહેતી નથી. કોઇ વખત એવા મસા સૂજી આવેછે અને તેથી તેમની અંદરનું લોહી થીજી જાયછે. આ પ્રમાણે ઘણી વખત બહારના અર્શમાં થાયછે. રક્ત થીજી ગયા પછી તે દુઝતા નથી તેમજ તેમને લીધે પીડાપણ થતી નથી. કોઈ વખત હરસ પાકી આવેછે, ફુટેછે, પરુ નીકળેછે

પછી તે સાફ થાયછે. કોઇ વખત હરસ ખરી પડેછે. જ્યારે ઘણા લાંબા વધી જાયછે ત્યારે નીચે ઉતરેછે અને પછી મળદ્વાર બંધ થઈ તેની અંદર હરસ ફસાઈ જાયતો ઘણી વેદના થાયછે તથા એકબે દિવસમાં તે (હરસ) મરી જઈ ખરી પડેછે.

ઔષધોપાય:—હરસના ઉપાય બે પ્રકારનાછે. એકતો શરીરનાં જે જે કારણોનેલીધે હરસ ઉત્પન્ન થયા હોય તેનો તપાસ કરી તે દુર કરી બરાબર પરહેજી પાળી શરીરની તંદુરસ્તી જાળવવી તથા હરસને શાંત પાડવા, અને બીજો પ્રકાર એછે કે હરસને શસ્ત્ર ક્રિયાથી દુર કરવા.

૧. આજારીને સાદો ખોરાક આપવો. તેણે મસાલો, મરચાં, તથા ગરમ પદાર્થથી દુર રહેવું. શરીરને જોઇતી કસરત આપવી. ઘણો વખત બેસી રહેવાને બદલે સારી થંડી હવામાં હરવું ફરવું, ઝાડો હમેશાં સાફ રહે તેટલા માટે બહુ હલકા જુલાબ લેવા. કાળાંમરી હરસ ઉપર સારી અસર કરેછે માટે તેનો મુરબ્બો આપવો. ગર્ભસ્થાન અથવા બીજી કોઈ ગાંઠના દબાણથી અર્શ થયા હોયતો વિશેષ ઓસડ આપવાં નહિ. સ્ત્રીના જણવા પછી એ આપોઆપ મટી જાયછે. ફકત ઝાડો સાફ આવે એવી તદબીર કરવી. એરંડીયેલતેલનો જુલાબ આપવો. કલેજાના દરદને લીધે લોહી ફરવામાં પ્રતિબંધ થતો હોયતો તેના યોગ્ય ઉપાય કરવા.

હલકા જુલાબમાં હરસને માટે એરંડીયેલ તેલ, ગંધકનાંફુલ, અને સુનામખી એ ઉપયોગીછે. સખ્ત જુલાબ લેવા નહિ જોઈએ. સોનામુખી, ગંધકનાફુલ અથવા કાળાંમરીનો મુરબ્બો સવારસાંજ લેવો. આ માંહેલા કોઈ મુરબ્બાનો અડધો પોણો અથવા એક તોલો લેવાથી નરમ ઝાડો ઉતરશે અથવા એ ત્રણેનો અડધો અડધો તોલો લઈ દોઢ તોલો થાય તેમાંથી પોણો તોલો સવારે તથા પોણો તોલો સાંજરે એ પ્રમાણે લેવું. તેમની બનાવટ ઔષધિના વિષયમાં આપવામાં આવીછે.

નં. ૧. ચણકબાબ...૨ તોલા. મધ ......૨ તોલા.
મરી ....૧/૪ તોલો. સુવા......૧ તોલો.

ઉપરનાં સર્વે વાનાંને એકત્ર કરવાં તથા તેમાંથી સાંજસવાર અડધોતોલો લેવું.

નં. ૨. નાઇટ્રો મ્યુરીયાટીક આસિડ...૨૦ ટીપાં. નવસાર ......૧/૨ ડ્રામ.
ટારાક્ષાકમનો રસ..............૩ ડ્રામ. કરીયાતાનીચાહ.૩ આંઊસ.

મિશ્ર કરી ૧/૩ દિવસમાં ત્રણ વખત લેવો.

નં. ૩. **અગ્નિ દીપનવટી:**—ગંધકનાં ફૂલ, મરી, સૂંઠ, સૈંધવ, ઇંદ્રજવ. આ સર્વ પદાર્થનું સમભાગ ચૂર્ણ લઇ તેને લીંબુના રસમાં ઘૂંટી નાના બોર જેવડી ગોળીકરવીને તે સાંજ સવાર લેવી.

નં. ૪. સાકર...........૧૮ તોલા. ચણોઠી સફેદ...... ૧ તોલો.
સૂરણનો કાંદો ... ૫ ,, નાગ કેસર ...... ૧ ,,

ઉપર લખેલા ઔષધનું ચૂર્ણ મધ અથવા માખણમાં ચાટવું, માત્રા ૧/૨ થી ૧ ડ્રામ.

નં. ૫. સૂંઠ............ ૧ ભાગ, બેહેડાં .... ૨ ભાગ.
મરી........... ૧ ,, આમળાં........ ૨ ,,
પીપર .... ૧ ,, તલ .... ૨ ,,
હરડાં .... ૨ ,, ભીલામાં........ ૨ ,,

ઉપરની સર્વે દવાને કૂટીને ભૂકી કરી ગોળની સાથે નાના બોર જેવડી ગોળી કરી. દરરોજ એક અગર બે લેવી.

ફક્ત ત્રિફળા (હરડાં, બેહેડાં, આંમળાં સમભાગ)નું ચૂર્ણ અડધો તોલો રાત્રે સુતી વખ્ત એકાંતરે લેવાથી પણ ફાયદો થાયછે. ભીલામા અને સૂરણની ભલામણ વૈદ્યકશાસ્ત્રમાં વિશેષ કરેલી જણાયછે.

જેવી રીતે હરસને માટે ઓસડ પીવાની જરૂરછે તેમ હરસના ઠેકાણા ઉપર લગાડવાથી પણ સારો ફાયદો થાયછે. સાંજ સવાર હમેશાં થંડું પાણી લગાડવાથી અથવા ત્રિફળાના કાઢામાં લૂગડું ભીંજવી તે લગાડી રાખવાથી ફાયદો થશે. અંદરના મસા બહાર આવતા હોય તેને અને બહારના મસાને આ મલમ લગાડવો.

નં. ૬. માયફળની બારીક ભૂકી. ૧ તોલો. અફીણ..... .... ½ તોલો.
માખણ .... ૩ ,,

ઉપરની ત્રણે દવાને મિશ્ર કરવી. બાદ આંગળી ઉપર લઈ હરસને સારી પેઠે લગાડવી.

અંદરના હરસ સારૂ પીચકારી મારવાની કેટલીક દવાછે. હીરાકશી એક રતી સુમારે બે ત્રણ તોલા પાણીમાં મેળવી તેની દરરોજ રાત્રે પીચકારી સફરાની અંદર મારી સૂઈ રેહેવું.

નં. ૭. ફટકડી...... ૨ રતી.
પાણી ...... ૩ તોલા.
મિશ્ર કરવાં.

નં. ૮. માયફળની ભૂકી... ૨ રતી.
પાણી .... ૩ તોલા.
મીશ્ર કરવાં.

નં. ૯. લોખંડનો અર્ક (ટિંકચર ઓફ સ્ટીલ).૨૦ ટીપાં. }
પાણી.......................... ...... ૨ તોલા. } બંને ચીજોને એકત્ર કરવી.

ઉપરની ત્રણ માંહેની હરકોઇ દવાના પાણીની પીચકારી સફરામાં મારતા રેહેવું. દૂઝતા હરસ બહાર આવતા હોય તો તેને ફટકડીની ભૂકી લગાડવી અથવા લોખંડના અર્કમાં રૂ ભીંજવી તે લગાડવું. ફટકડીનું પાણી મળદ્વાર પ્રક્ષાલનમાં વાપરવું. થંડા પાણીની અગર બરફના પાણીની પીચકારી ઝાડે જવાની પહેલાં અંદર મારી હોયતો તેથી દસ્ત સાફ ઉતરશે, અને રક્તસ્રાવનો પ્રતિબંધ થશે.

"ટિંકચર હીમામેલીસ"નાં બે અગર ત્રણ ટીંપાં થોડા પાણી સાથે દિવસમાં ચારેથી ૭ વખ્ત લેવાં તથા તેનો એક ડ્રામ, એક ઓંસ પાણીમાં મેળવી સૂતી વખ્ત સફરામાં પીચકારી મારવી. આ ક્રમ થોડા દિવસ જારી રાખ્યાથી હરસ દૂઝતા બંધ પડશે અને શાંત પડશે.

હરસ સૂજી આવ્યા હોય તો દરદીએ બિછાનામાં રહેવું, હરસની આસપાસ જળો લગાડવી, પરંતુ હરસના ઉપર લગાડવી નહિ. પોટીસ મારવી. ખસખસના ડોડવાના ગરમ પાણીનો શેક કરવો, ગરમ પાણીમાં બેસવું. "સિડલીઝ પૌડર" અથવા "એપ્સમસૉલ્ટ" (વિલાયતી મીઠા) નો જુલાબ લેવો અગર એરંડીયેલ તેલનો જુલાબ લેવો. ધૂપની, ભાંગની, અગર લોબાનની ધૂણી આપવી.

૨. શસ્ત્રોપયોગઃ—શસ્ત્રનો ઉપયોગ ત્રણ પ્રકારે થાયછે. ૧. હરસનું છેદન કરવું. ૨. હરસને બાંધવા. ૩. કાસ્ટિક લગાડી હરસને બાળી નાખવા. આ માંહેની પહેલી રીત છે તે ફક્તબહારના હરસને લાગુ પડેછે અને બીજી બે અંદરના હરસને લાગુ પડેછે.

૧ બાહ્ય હરસનું છેદન તેમને ચીમટામાં પકડી કાતર અથવા ચપુ વડે સહજ થાયછે. ત્યારબાદ થંડા પાણીમાં ભીજાવેલ કપડાની ગાદી તેના ઉપર મૂકી લંગોટીના આકારમાં પાટો બાંધી લેવો. કોઈ વખત વિશેષ રક્ત વહેવા માંડે તો તપેલો ખીલો તેને લગાડવો એટલે બંધ પડશે.

૨ અંદરના હરસને રેશમના દોરાથી બાંધવામાં આવેછે, અને બાંધ્યા પછી તે બે ચાર દિવસમાં ખરી પડેછે. હરસ બાંધતી વખતે કલોરોફોર્મ સૂંઘાડવો અને ચીમટા વતે હરસને બહાર ખેંચી દોરો પરોવેલ સોય તેના મૂળમાંથી આરપાર કાઢવી. દરેક દોરાથી દરેક બાજુએ હરસનો અડધો ભાગ ખેંચીને બાંધવો. બધા હરસ એ પ્રમાણે બાંધ્યા પછી દોરા સહિત અંદર પાછા મૂકવા. જો કલોરોફોર્મ નહિ સુંઘાડવામાં આવે તો દરદીને કરાંજવા કહેવું એટલે હરસ બહાર આવશે. બહાર આવે એટલે ઉપર કહેલી રીતે બાંધવા. તેને કાપવા નહિ, કારણ કાપવાથી રક્તસ્રાવ અતિશય થાયછે અને તે બંધ કરવાનો ઇલાજ રહેતો નથી. હરસ બાંધ્યા પછી ત્રીજે દિવસ એરંડીયેલ તેલનો જુલાબ આપવો.

અંદરના હરસને કાસ્ટિક લગાડી બાળી નાખવામાં આવેછે. નાઈટ્રિક આસિડ પણ લગાડવામાં આવેછે, પરંતુ હાલમાં એ આસિડનો વિશેષ ઉપયોગ થતો નથી, કારણ એ આસિડ બીજા ભાગોને લાગવાનું જોખમ રહેછે.

એ સિવાય હરસને બાળી નાખવાનો ઇલાજ ઉત્તમછે. હરસની દહન ક્રિયા કરવા સારૂ તેને દરેકને બહાર ખેંચી ચાંપવતી પકડીને કાતરથી કાપી તે ઉપર લાલચોળ તપાવેલો ખીલો ચાંપી દેવો.

હરસને કાપ્યા અગર બાળ્યા પછી દરદીને કાંજી વગેરે પ્રવાહી હલકો ખોરાક આપવો. મોરફિયા આપવો. પેશાબ ન ઉતરે તો ગરમ પાણીનો શેક કરવો અથવા દરદીને ગરમ પાણીમાં બેસાડવો. ત્રણ દિવસ પછી એરંડિયાનો જુલાબ આપવો ને ત્યારબાદ ઝાડો થોડા દિવસ નરમ આવે તેવી ઔષધિ આપવી.

ગળાના જખમ.

(વુંડ ઑફ થ્રોટ.)

ગળા ઉપર ઘણી વાર આપઘાતને લીધે તથા પારકે હાથે જખ્મ થાયછે. તે કોઇ વાર ઘણો ઊંડો અને કોઇવાર થોડો ઊંડો હોયછે. જખ્મને લીધે વાયુ માર્ગ, ખોરાક માર્ગ અથવા મોટી રક્ત નળીઓ ફૂટેછે. જ્યારે મોટી રકત નળી કપાયછે, ત્યારે તત્કાળ મૃત્યુ થાયછે. શ્વાસની નળી ફૂટે ત્યારે બે પ્રકારનો ભયછે. એક તો તેમાં રક્ત જવાથી શ્વાસ બંધ પડેછે. અથવા બીજો તેને લીધે પાછળથી ફેફસા અથવા નળીઓનો વરમ પેદા થાયછે. જો ખોરાકના રસ્તામાં જખ્મ પહોચ્યે તો ખાવા પીવાની અડચણ પડેછે, એટલુંજ નહીં પણ તેમાંથી ખોરાક અને પાણી વાયુ નળીમાં જવા દહેશત હોયછે. જો તે વાયુ નળીમાં જાયતો શ્વાસ બંધ પડેછે.શીરા ફૂટયા પછી તેમાં હવા દાખલ થાય તો તેથી પણ નુકશાન પહોચેછે. જખ્મ ગળાના આગળના ઉપરના ભાગમાં કે નીચેના ભાગમાં હોય છે. ઉપરના ભાગમાં હોય તેમ રક્ત નળીઓ ફૂટવાની દહેશત થોડી રહેછે, કેમકે તે સ્થળે રકત નળીયો વિશેષ ઉંડી હોયછે.

ઈલાજઃ—નાની મોટી રક્ત નળીઓમાંથી લોહી વહેતું હોય તેને બાંધીને બંધ કરવી. વાયુ નળીમાં લોહી જતું હોય તો તેમાં રૂપાની નળી મૂકીને આસપાસનો ભાગ બંધ કરવો. ખોરાક માર્ગ ફૂટ્યો હોય તો હોજરીમાં લાંબી પોલી નળી મૂકીને તે વાટે પ્રવાહી ખોરાક રડવો. જખ્મની ઉપર નીચેની બાજુને ભેળી રાખવી. તેટલા માટે મસ્તક તળે તકીયો રાખવો. રાળના પ્લાસ્તરે અથવા પાટાથી તેને ભેગી કરવી. ત્વચાના જખ્મને ટેભા મારવા પણ વાયુ નળીનો જખ્મ હોય તો તેને ટેભા મારવામાં નથી આવતા. તેને અંગુરે આવીને રૂઝાવા દેવો. ટેભા મારવાથી રસી વગેરે બહાર નહીં નીકળી શકે તો શ્વાસાવરોધ થાયછે. જો તેના બે જુદા ભાગ થયા હોય તો માત્ર બે બાજુ ટેભા મારવા. દરદીને સારા ગરમ હવા વાળા ઓરડામાં રાખવો. ડોક લાંબી કરવી નહીં.

વાયુ માર્ગમાં બાહ્યપદાર્થ.

(ફોરેન બોડી ઇન એરપાસેજ.)

કોઇવાર મોઢામાંથી ગોળી, પૈસો, કાંકરી, બી વિગેરે પદાર્થ ખોરાક માર્ગમાં નહી જતાં વાયુ નળીમાં દાખલ થાયછે. આવો કોઇ પદાર્થ મોઢામાં હોય ત્યારે એકાએક ઊંડો શ્વાસ લેવામાં આવે તો એ રીતે તે વાયુ નળીમાં જાયછે. વાયુ નળીના મોઢા ઉપર કંઠદ્વારનું સ્પર્શ જ્ઞાન એવું તો તીક્ષ્ણછે કે તેમાં પાણીનું ટીપું પણ જવા નથી પામતું. કોઇવાર પાણી તેમાં જાયછે તો બહુ ઉધરસ અને અકળામણ થઈ તરત પાછું વળેછે માટે આવું બાહ્યપદાર્થ ક્વચિત ઓચીંતું તેમાં દાખલ થાયછે.

ચિન્હઃ—તેનાં ચિન્હ તે પદાર્થના કદ ઉપર અને તેના સ્થળ ઉપર આધાર રા-

એછે. જો તે મોટું હોય, અને વાયુ નળીનો રસ્તો બંધ થાય તો તરત મૃત્યુ નીપજેછે. તેમજ જો તે નાનું હોય અને નળીના છેવટ ભાગ તરફ હોય તો ચિન્હ હલકાં હોયછે. ઉપર કંઠનળીમાં હોય તો પણ બેહદ અકળામણ થાયછે. પ્રથમ અતિશય ઉધરસ અને અકળામણ થાયછે. તે એટલે સુધી કે જાણે હમણાં દમ નીકળી જશે. કંઠનળીમાં હોય તો સ્વર બદલાઇ જાયછે, અને સીસોડી બોલેછે. આવી ખાંસીની સાથે જો તે બહાર નીકળી નહી પડે તો થોડા વખત પછી શ્વાસાવરોધ અને અકળામણ કંઈ કમી પડેછે.તો પણ વારંવાર ઉધરસ આવ્યા કરેછે. વખતે તે પદાર્થ ઊંચો નીચો વાયુ નળીમાં ઉછળતો સંભળાયછે. તેને લીધે એક ફેફસામાં અગર તેના અમુક ભાગમાં હવા કમી અગર બીલકુલ જઈ શકતી નથી. ડાબી કરતાં જમણી તરફની નળીમાં તે પદાર્થ વિશેષ કરી ઉતરેછે. આવા અકસ્માત વિશેષ છોકરાંમાં થાયછે.

કવચીત્ તે પદાર્થ નાનો હોય તો નળીમાં એકાદ ઠેકાણે ભરાઇ રહેછે. તેથી કંઇ અડચણ રહેતી નથી. ક્વચિત્ તેને લીધે ક્ષય અને દીર્ઘ સસણી પેદા થાયછે. કોઇવાર તે વર્ષ છ મહિના પછી ઉધરસમાં એકદમ બહાર નીકળી પડેછે.


ઇલાજ:—ઉલટી અને છીંકની દવા આપવામાં આવેછે. પણ તેથી સારો ઉપાય એ છે કે બચ્ચાને ઊંધે માથે રાખી તેના પીઠ થાપડવી. એથી તે પદાર્થ બહાર નીકળી પડશે. તેને પાછું બહાર આવવામાં એક મોટી અડચણ એ છે કે કંઠદ્વારમાં સ્વરતંતુના સંકોચને લીધે તે અટકી પડેછે. જો તે દ્વારમાં આવીને અટકી જાય તો તરત પ્રાણ જાયછે. માટે જેને વાયુ નળીમાં બાહ્ય પદાર્થ હોય તેની જીંદગી ઘણી જોખમમાં રહેછે. ઉધરસને લીધે તે પદાર્થ કંઠદ્વારમાં આવી ક્યારે ફસાઇ પડશે તેનો નિયમ નહી. જો તે પદાર્થ તરત બહાર નહી નીકળ્યો તો સારામાં સારો ઉપાય એ છે કે વાયુ નળીને ખોલવી. વાયુ નળીના ખોલવાથી એ પ્રમાણે તત્કાળ મૃત્યુમાંથી બચાવ થશે એટલુંજ નહી, પણ તે નવા છિદ્ર વાટે તે પદાર્થને બહાર નીકળવુ સેહેલું પડશે. વાયુ નળી ઉઘડ્યા પછી જો તે પદાર્થ નજીક હોયતો ચીમટાથી કાઢી લેવો. પણ અંદર દુર હોય તો તેને માટે વિશેષ પ્રયત્ન કરવો નહી. ફકત નવા કરેલા છેદમાં નળી મૂકીને તેને મા ખુલ્લો રાખવો, એટલે હરકોઇ વખતે તેમાંથી તે પદાર્થ બહાર નીકળી પડશે.

વાયુ નળીનો છેદ.

(ટ્રાકીઓટોમી અથવા લારીંગોટોમી.)

કોઈવાર બહારથી ગળાપર છેદ મૂકી વાયુ નળીમાં છિદ્ર પાડવામાં આવેછે. જ્યારે વાયુ નળીમાં કાંઇ બાહ્ય પદાર્થ ગયો હોય તો તેને બહાર રસ્તો આપવા માટે છેદ મૂકાયછે. તેમજ કંઠ નળીનો વરમ, ગ્રંથી અને બીજા વ્યાધિ જેથી શ્વાસ લેવામાં અડચણ થાય; વળી આસપાસની ગ્રંથીને લીધે વાયુ માર્ગપર દબાણ થાય અને શ્વાસ લેવામાં અડચણ થાય તો તે માટે છિદ્ર પાડવામાં આવેછે.

આકૃતિ. ૯૦



આ છિદ્ર કંઠ નળી (લારીંક્ષ) માં પાડવામાં આવેછે, અથવા તેની નીચેના વાયુ નળી (ટ્રાકીયા) માં પાડવામાં આવેછે. કંઠ નળીમાં છેદ સહેલાઇથી મૂકી શકાયછે કેમકે ભાગ બહુ ઉપર તરી આવેલ છે. તેમાં છેદ મોટા આદમીને મૂકી શકાય છે, કેમકે ત્યાં છેદને માટે બચ્ચાંઓની કંઠનળીમાં જગા થોડી હોયછે. માટે બચ્ચાંને ટ્રાકીયામાંજ છેદ કરવામાં આવેછે. બાહ્ય પદાર્થ માટે બચ્ચાં તેમજ મોટા આદમીને પણ ટ્રાકીયામાંજ છેદ થાયછે.

છેદ કરતી વખત દરદીને ચતો સૂવાડી ઓશી નીચે તકીયો મૂકી વાયુ નળી ઉપર તરી આવે તેમ કરવું. નળીપર બરાબર મધ્યમાં છેદ કરવો. પ્રથમ ત્વચાનો કાપ કરી રક્ત નળીઓનો બચાવ કરવો. છેવટ બે આંગળીમાં વાયુ નળી પકડીને નીચેથી ઉપર તરફ છેદ કરવો. થાઇરોઈડપિંડ વાયુનળીની બીજી ત્રીજી કડી ઉપર હોયછે તેનો પણ બચાવ કરવો. જ્યારે કંઠ નળીમાં છેદ કરવો હોય ત્યારે "ક્રીકોઇડ" નામના કૂર્ચા ઉપર જે પડછે તેમાં કાપ એક બાજુથી બીજી તરફ મૂકવો પડેછે.

છેદ મૂકયા પછી તેમાં રૂપાની નળીઓ તૈયાર આવેછે તે મૂકાય છે, એટલે તે છિદ્ર મોકળું રહેછે અને તેવારે ખુલાસાથી શ્વાસ ચાલેછે. નળીને પડખે બે નાકાં હોયછે. તેમાં દોરો પરોવી ગળે બાંધવામાં આવેછે. નળીના મોઢાપર મલમલનો કકડો રાખવો, એટલે તેમાં કાંઇ રજકણ કે કાંકરી વગેરે જાય નહી. જે કારણ અથવા દરદ માટે છિદ્ર પાડ્યું હોય તે થઈ રહેવાથી સદરહુ નળી કાઢી લેવી, એટલે તે છિદ્ર થોડા રોજમાં બંધ થઈ જશે. રૂપાની નળીને દરરોજ ધોઇને સાફ રાખવી. તેટલા માટે બે નળી એક બીજામાં બેસે તેવી સાથે હોયછે. અંદરની નળીનો છેડો જરા લાંબો હોયછે. અંદરની નળીને ખેંચી કાઢી સાફ કરી ધોઇને દરરોજ મૂકવી.

છાતીના જખમ.

(વુંડ આફ ચેસ્ટ).

છાતી ઉપર જખમ જો ઉપરછલો હોય તો તેની માવજત બીજા સાધારણ જખમ જેવીજ થાયછે. પણ જો તે અંદર બખોલ સુધી પહોંચેતો ભયંકર થઈ પડેછે. અંદરનાં ફેફસાં, તેમનાં આચ્છાદન, રક્તાશય, તેનું આચ્છાદન અગર મોટી રક્તનળીઓને જખમને લીધે ઈજા પહોંચેછે.

જો રક્તાશય અગર તેની મોટી રક્ત નળીઓને ઇજા પહોંચે તો તત્કાળ મૃત્યુ નીપજે છે.

ફેફસાંનો જખ્મ થાયતો પ્રથમ ધક્કો લાગેછે. શ્વાસ ઉતાવળો ચાલે છે, અને તે લેતાં દરદ થાયછે. ઉધરસ આવ્યા કરેછે. તેથી દરદ વધેછે. કફમાંથી અથવા જખ્મમાંથી લોહી પડેછે. બહારના જખ્મમાં પરપોટા ખોલેછે. જખ્મમાંથી વખતે ઘણું લોહી પડેછે. લોહી ફેફસામાંથી અગર પાંસળીપર વહેતી ધમનિમાંથી નીકળેછે. ફેફસાં અગર તેના પડનો વરમ થાયછે. કોઇવાર લોહી આચ્છાદનની બખોલમાં ભરાવાથી ફેફસા ઉપર દબાણ થાયછે. કોઇવાર તે બખોલમાં હવા ભરાઈ જાયછે. કોઇવાર ત્વચા તળેના સંયોજકમાં હવા ભરાયછે. તેથી ચામડી ફુલી આવેછે. અને દાબવાથી "કડકડ" અવાજ થાયછે. આ પ્રમાણે જખ્મની આસપાસ અગર કોઇવાર આખા શરીરની ચામડી ફૂલી જાયછે.

એ રીતે લોહી જાય, વરમ થાય, ચામડી ફુલે તેની જોડે તે દરેક સ્થિતિના ખાસ ચિન્હ જણાય છે.

ઈલાજ:—જો જખ્મ નાનો ને સુરેખ હોય, અંદર કોઈ બાહ્ય પદાર્થે પ્રવેશ કર્યો ન હોય, બહુ લોહી અથવા હવા ન નીકળતી હોયતો, તે જખ્મને ટેભા દઇને બંધકરવો, અને મલમ પટી લગાડવાં. જો જખ્મ મોટો હોય, પુષ્કળ લોહી અગર હવા નીકળતાં હોય તો તેને બંધ નહી કરવો. દરદીને જખ્મની બાજુપર સુવાડવો. છાતીપર રાળની પટી મારવી. સારો ખોરાક, પૌષ્ટિક અને ઉષ્ણ દવા આપવી.

છાતી ફોડવાની રીત.

(પારાસીંટીસીસ થોરાસીસ.)

છાતી ફોડીને તેમાંથી કોઇવાર રક્ત, પરૂ, સીરમ અથવા હવાને બહાર રસ્તો આપવો પડેછે. જ્યારે આ માંહેલા કોઇપણ કારણસર ફેફસા ઉપર બહુ દબાણ થાય અને ઘણો શ્વાસાવરોધ થવા માંડે તોજ છાતીને ફોડવાની જરૂર પડેછે. આર અને નળીવતી, આસપીરેટરવતી અથવા ચપ્પુથી છેદ મૂકીને પ્રવાહી બહાર કાઢવામાં આવેછે. જો છાતીમાં લોહી થીજી ગયું હોય અગર જાડું પરૂ હોય તો નસ્તરથી છેદ મૂકવામાં આવેછે. પણ જો હવા અથવા પાતળું પ્રવાહી છાતીમાં હોયતો આસ્પીરેટર અગર આર અને નળીવતીજ તેને કાઢવામાં આવેછે. તેમ કરવાથી છાતીની બખોલમાં બહારની હવા જઈ શકતી નથી. આ પ્રમાણે છાતીમાં નસ્તર મૂકવાનું સ્થળ છઠ્ઠા અને સાતમા પાંસળાની વચમાં એક બાજુએ પસંદ કરવામાં આવેછે. અગર નવ અને દશમા પાંસળા વચ્ચે પાછળ તેના ખૂણા પાસે નસ્તર મૂકવામાં આવેછે. નસ્તર મૂકતાં તે નીચલા પાંસળાની ઉપરની કોર પાસે થઇ જવું જોઇએ. ઉપલા પાંસળાની નીચલી કોર પાસે જતાં રક્ત નળીઓને જખ્મ થવા દહેશત રહેછે. નસ્તર મૂક્યા પછી રાળની પટીના દરદવાળી બાજુ ઉપર થાપડા મારવા. વખતે એકથી વધારેવાર નસ્તર મૂકવું પડેછે.

પેટના જખમ.

(વુંડ આફ્ આબ્ડોમન.)

પેટ ઉપરનો હરકોઈ જગોનો જખ્મ જ્યારે અંદર બખોલ પર્યંત પહોંચેછે, ત્યારે ભયંકર થઈ પડેછે. પેટપર મૂઢમાર લાગવાથી કોઈવાર ઘણો ધક્કો પહોંચેછે. લાત વગેરે લાગવાથી પ્લીહા, કલેજું વગેરે કોઇવાર ફૂટી જાયછે, અને પેટની અંદર રક્તસ્ત્રાવ થઈ મૃત્યુ નીપજેછે.

જખ્મ નાનો અગર મોટો હોયછે. તેની સાથે કોઇવાર અંદરના અવયવ અને આંતરડાંનો પણ જખ્મ થાયછે. કોઈવાર જખ્મમાંથી આંતરડાં બહાર નીકળી આવેછે.

જખ્મને લીધે થતા રક્તસ્ત્રાવ અથવા ઘણીવાર તેને લીધે થતા ઉદરાવરણના વરમથી મૃત્યુ નીપજેછે. વખતે આરામ થાયછે. તોપણ જખ્મના સ્થળનો ભાગ નબળો રહેછે, અને પાછળથી તે સ્થળે સારણ નીકળવાનો સંભવ હોયછે.

જ્યારે ઉદરાવરણનો વરમ થાયછે, ત્યારે પેટમાં જખ્મની આસપાસ દુખાવો ફેલાયછે. જ્વર આવેછે. પેટ ઉપર હાથ અગર કપડું રાખવાથી બેહદ પીડા થાયછે. દરદી પગને વાળીને ચતો પડી રહેછે. નાડી કઠણ અને જલદ ચાલેછે. જીભ ઉપર છારી વળેછે, અને છેવટ કાંટા વળેછે, ઝાડો બંધ પડેછે, તેમ પવન પણ છૂટતો નથી. પેટ ચડી આવેછે, ઉલટી થાયછે, શ્વાસ ઊંડો લઈ શકાતો નથી, ફક્ત છાછરો છાતીમાંથી ચાલેછે. દરદી નબળો થઈ તેને બહુજ અકળામણ થાયછે. છેવટ તે બેહોશ થઇ મરણ પામેછે.

ઇલાજઃ—જ્યારે પેટપર માર પડવાથી ધક્કો પહોચેછે ત્યારે દરદીને બિછાનામાં શાન્ત રાખવો. ઊત્તેજક દવા આપવી. હાથ પગ ચોળવા અને શેક કરવો.

જ્યારે વરમ થાયછે ત્યારે પેટ ઊપર ગરમ પાણીનો શેક કરવો અથવા બેલાડોના કે ટરપનટાઇન લગાડવું, અને તેપર શેક કરવો. અગર ગરમ પોટીસ વારંવાર મૂકવી. અફીણ ½-થી ૧ ગ્રેનની ગોળીઓ કરી તે દિવસમાં બેથી ત્રણ વખત આપવી. અફીણની સાથે કોઇવાર થોડું બેલાડોના અગર કયાલોમેલ મેળવવામાં આવેછે. ખાવામાં ફક્ત પ્રવાહી દૂધ, કાંજી વગેરે પાતળો ખોરાક આપવો. ઉલટી થતી હોય તો તેની સાથે બરફ આપવો. પેટ બહુ ચડી આવે તો પેટપર હીંગ ચોપડવી, અને શેક જારી રાખવો. મળદ્વારેથી ટરપનટાઇન આઊંસ ૧ અને ગરમ પાણી પાઈંટ ૧ ની પીચકારી દેવી.

જ્યારે જખ્મ થયો હોય અને અંદરનો અવયવ બહાર ન આવ્યો હોય તથા તેને ઇજા ન પહોંચી હોય તો તે જખ્મ શીવી લેવો. ટાંકા ઉદરાવરણ સુધી ઊંડા લેવા. તેપર પટી અને ગાદી મૂકી પેટની આસપાસ પાટો બાંધી લેવો. દરદીએ જખ્મવાળી બાજુએ સૂવું. વરમનાં કે પાકવાનાં ચિન્હ જણાય તો પાટો છોડી તપાસ કરવો. અને યોગ્ય ઇલાજ કરવા—એટલે પોટીશ મારવી અને પરૂને રસ્તો આપવો.

આંતરડું વગેરે જખ્મમાંથી કાંઈ બહાર નીકળી આવ્યું હોય તો તેને સાફ કરી

ગરમ કાર્બોલીક લોશનથી લોઇને પેટની અંદર પાછું હડસેલી દેવું, અંદર હડશેલ્યા પછી જખ્મ શીવી લેવો.

જો આંતરડાનો નાનો જખ્મ હોય તો તેને પ્રથમ શીવી લેવો, ઘોડાના વાળ અગર કયાટગટથી શીવવો. શીવીને આંતરડાને અંદર પેટમાં મૂકવું. તેનો જખ્મ બહારના જખ્મની પાસે રહે તેમ અંદર મૂકવું. આંતરડાનો બહુ મોટો જખ્મ હોય તો તેને શીવી શકાતો નથી. તેને બહારના જખ્મ સાથે શીવી લેવાથી તે સ્થળે મળ બહાર નીકળશે. આવા જખ્મમાંથી દરદી ભાગ્યેજ બચેછે. પેટના જખ્મને માટે દરદીને અફીણની ગોળી આપતા રહેવું. અફીણ આપવાથી ઝાડો બંધ રહેછે. આંતરડાં હાલતાં નથી. તેથી પેટનો અગર આંતરડાંનો જખ્મ જલદી રૂઝાઈ શકેછે. ખોરાક ઘણો થોડો અને પ્રવાહી આપવો.

ચાંદી—ટાંકી.

ચાંદી અથવા ટાંકી ઘણું કરી રંડીબાજીમાંથી થાયછે. એ રોગ પુરૂષને તેમજ સ્ત્રીને પણ થાયછે. ચાંદી એક જાતનો ચેપીયો રોગછે, એટલે ચાંદીનું પરૂ થાય તેનો કોઇને ચેપ લગાડીએ તો તેમાંથી ચાંદી ઉત્પન્ન થાયછે. પહેલાં ચાંદી અને પરમાના મરજને એકજ સમજવામાં આવતાં, પણ હવે તે માન્ય નથી, કારણ કે પરમાના ચેપમાંથી પરમોજ પેદા થાયછે; ચાંદીના ચેપમાંથી ચાંદીજ પેદા થાયછે. એટલુંજ નહી પણ હવે ચાંદીના જુદા બે પ્રકાર સમજવામાં આવ્યા છે. એક પ્રકારની ચાંદી નરમ હોયતો તે જે ભાગમાં થઈ હોય ત્યાંજ તેની અસર જણાય છે, બીજી શરીર ઉપર તેની કાંઇજ અસર જણાતી નથી. જ્યાં ચાંદી થઇ હોય ત્યાંથી પરૂ લેઈ તેજ આદમીના શરીરના બીજા ભાગ ઉપર તે દાખલ કરવામાં આવે તો તે ભાગ ઉપર પણ તેવીજ ટાંકી પડેછે. બીજા પ્રકારની ચાંદી કઠણ હોયછે અને તેની અસર આખા શરીર ઉપર જણાયછે. તે ચાંદીનો ચેપ લઇને તેજ દરદીના શરીરના બીજા ભાગ ઉપર લગાડવામાં આવે તો તેની કાંઈ અસર થતી નથી. માટે આ કઠણ ચાંદી તે ખરી ગરમી અથવા ઉપદંશનો ભયંકર રોગ સમજવો, અને પહેલી નરમ ચાંદીમાં ઘણું જોખમ રહ્યું નથી. નરમ ચાંદી સાથે બદ થાય તે ઘણું કરી પાકે ને ફુટેછે, પણ કઠણ ચાંદી સાથે બદ થાય તે પાકતી નથી પણ ઘણા કાળ સુધી કઠણ સુજેલી રહેછે. આ બે પ્રકારની ચાંદી કેવળ જુદીછે અને તેમનાં પરિણામ પણ જુદાંછે. માટે તેમને પ્રથમથી ઓળખી યોગ્ય ઉપાય લેવા એ અવશ્યનું છે.

નરમ ટાંકી (સૉફ્ટ શાંકર):—આ ઘણું કરી સ્ત્રી સંયોગની અંદર ઇંદ્રીનો ભાગ છોલાવાથી તથા તેને ચેપ લાગવાથી થાયછે. તે ઘણું કરી બીજે દીવસેજ દેખાવ આપે છે, અથવા પાંચ સાત દીવસની અંદર તેનો ઉદભવ થાયછે. તે ફુલ ઉપર, તેની પાછળના ખાડામાં અગર ચામડી ઉપર હોયછે. આસપાસ ચેપ લાગવાથી એકમાંથી બે ચાર ચાંદાં પણ પડી જાયછે. ચાંદુ ગોળાકારનું તથા જરા ઊંચું હોયછે, તેની નીચેનો અને

કોરનો ભાગ નરમ હોયછે. તેની સપાટી ઉપર સફેદ મૃતમાંસ હોયછે,તથાતેમાંથી પુષ્કળ પરૂ નીકળેછે. કોઈવાર ચામડી ઉપર ચડેલી હોય છે અને ફુલ સુજી આવવાથી તે નીચે ઉતરી શકતી નથી. પણ ઘણી વખ્ત ચામડી નીચે ઉતર્યા પછી ચાંદીનું પરૂ અંદર રહેવાથી અંદરનો ભાગ તથા ચામડી સુજી આવેછે અને તે મણી ઉપર ચઢતી નથી. તેમજ અંદરની ચાંદીની શી હાલત છે તે પણ નજરે જોઇ શકાતી નથી. કોઇ વખ્ત મણીની અંદર મૂત્ર માર્ગમાં ચાંદી પડેછે. કોઈવાર આ ચાંદી જોરમાં હોયછે, ત્યારે તેની આસપાસનો ભાગ ખવાતો જાયછે તથા તે ફેલાયછે.તેને પ્રસરતી ટાંકી (ફાજેડીના) કહેછે. તેની સાથે બદ થાયછે તે પાકીને ફુટેછે, ત્યાં પણ ખાડો પડી રહેછે અને જલદી રૂઝા-તો નથી. વળી કોઈ વાર તેનું એટલું જોર હોયછે કે ઇંદ્રીનો કેટલોક ભાગ એકાએક સડીને ખરી પડેછે. આ પ્રમાણે કોઈ કોઈ વારતો આખી ઇંદ્રીનો નાશ થઈ જાયછે. તેની સાથે દરદીને તાવ આવેછે તથા લાંબા વખ્ત સુધી હેરાન થવું પડેછે તેને સડનારી ચાંદી (સ્લફીંગ) કહેછે. આવી પ્રસરતી અને સડનારી ટાંકી ઘણું કરી નબળી અને દુખી સ્થિતીના આદમીને થાય છે.

જો કે આ નરમ અથવા સાદી ચાંદી મૂળથીજ નરમ હોયછે તો પણ પાછળથી ક્વચિત બીજા ક્ષોભક કારણોથી કઠણ થઈ જાયછે.

વળી કવચિત નરમ અને કઠણ ચાંદી એ બેઉ ભેગાં એકજ ઠેકાણે થાયછે. કેટલા-કને ઇંદ્રી ઉપર સાદી ફોલ્લી અને ચાંદાં પડેછે તેને આ ગરમીની ટાંકીથી ઓળખવા મુ-શ્કેલ પડેછે.

ઉપાયઃ—પ્રથમ જ્યારે સાદી ટાંકી થાય, ત્યારે તેને નાઇટ્રીક આસિડથી બાળવી જોઇએ. આસિડનાં ટીપાં તેના ઉપર બરાબર મૂકવાં અથવા રૂ તેમાં ભીજવીને લગા-ડી દેવું. આસીડને આસપાસના બીજા સારા ભાગ ઉપર લાગવા દેવો જોઇએ નહીં. જો નાઇટ્રીક આસિડ ઘણો બળે તો તેના ઉપર પાણીની ધારા કરવી એટલે વધારાનો આ-સિડ ધોવાઈ જશે તથા બળતરા બંધ પડશે. નાઇટ્રીક આસિડ નહી મળેતો સીલવર અગર પોટાસ કાસ્ટીક લગાડવો. આ રીતે એ ભાગને બાળીને એક દિવસ તેના ઉપર પોટીસ લગાડવી. તેથી બળી ગયેલો ભાગ છૂટો પડી નીચે લાલ જમીન દેખાશે. જો કોઈ ઠેકાણે સફેદ ભાગ હોય અને રૂઝાય નહીં તો જરા મોરથુથુ લગાડવું. બાદ તેને ભીંય આવવા સારૂ નીચેના પાણીમાં કપડું ભીંજવી લગાડવું. જ્યારે ટાંકી મણીચ્છેદ અને મ-ણીની વચ્ચે હોય ત્યારે તેમની વચમાં હમેશાં કપડું રાખવુ, નહીંતો તેમાંથી નીકળતું પરૂ બીજા ભાગોને લાગી વધારે ટાંકી પડવા સંભવ રહેછે.

નં. ૧. ટાનીક આસિડ...૨૦ ગ્રેન. કોમ્પાઉન્ડ ટિંકચર ઓફ લવાન્ડર...૨ ડ્રામ.
પાણી........... ૪ ઔંસ.

ઉપરની દવાને પાણી સાથે મિશ્ર કરી લીંટનું કપડું ભીજવીને લગાડવું. તેથી ફાયદો ન થાય તો—

નં. ૨. મોરથુથુ ....૨૦ ગ્રેન. પાણી..........૪ ઔંસ.

ઉપરનાં બંને વાનાં મિશ્ર કરી કપડું ભીંજવી લગાડવું, તેથી આરામ ન થાય તો બ્લાક વાશ (કયાલોમેલનું પાણી લગાડવું).

નં. ૩. કયાલોમેલ ....૩૦ ગ્રેન. ચૂનાનું પાણી........૧૦ ઔંસ.

ઉપરનાં બંને વાનાં મિશ્ર કરી તેમાં કપડું ભીંજવી લગાડવું. તેથી સારૂં ન થાય તો યલો વાશ (રસકપૂરનું પાણી) લગાડવું.

નં. ૪. રસકપૂર ચોખ્ખું .....૧૮ ગ્રેન. ચૂનાનું પાણી.....૧૦ ઔંસ.

ઉપરનાં બંને વાનાં મિશ્ર કરી ઉપર મુજબ કપડું લગાડવું.

જો ચામડી ફૂલ નીચે આવી ગઇ હોય અને અંદરની ચાંદી દેખાય તેમ ન હોય તો આ માંહેલા કોઇ પણ પાણીની ચામડી અને ફૂલની વચ્ચે પીચકારી મારવી. આયોડોફોર્મ ભભરાવવાથી ચાંદી ઉપર ઘણી સારી અસર થાયછે, અને તે જલદી રૂઝાઇ જાયછે.

પ્રસરતી ટાંકી હોય તેને પણ કાસ્ટીક લગાડીને પછી પોટીસ મારી ઉપરનો મૃત માંસ છુટો પડે એટલે ઉપર કહેલા પાણીમાંનું કોઈ પણ પાણી લગાડવું તેની સાથે દરદીને શક્તિ આવે તેવી દવા આપવી. "ટારટરેટ આફ આયર્ન" ના પાંચથી દશ ગ્રેન પાણીમાં દિવસમાં ત્રણ વખ્ત આપવા, અથવા આમોન્યા, સિંકોના બાર્ક, કવીનાઇન તથા બીજી લોહની દવાઓ આપવી.

જ્યારે ચામડીનો ભાગ સડી અથવા કોહી જાય ત્યારે પ્રથમ તેને પોટીસ મારી સડેલા ભાગને જુદો પાડવો અને તે જુદો પડ્યા બાદ ઉપરની કોઈ પણ દવા લગાડવી. તેમનાથી ફાયદો ન થાય તો નીચેનો મલમ લગાડવો.

નં. ૫. રેડઓક્ષાઇડ ઓફ મરક્યુરી...૧ ડ્રામ. મીણ ચોખ્ખું...૨ ડ્રામ.
બદામનું તેલ ....૬ ,,

મિણને ગરમ કરી તેમાં તેલ મેળવવું પછી દવા નાખીને સારી પેઠે હલાવવું. કાર્બોલિક તેલ તથા બોરાસીક મલમ લગાડવાથી પણ ફાયદો થાયછે.

મણિચ્છદ સુજી આવી હોય, અને મણિ ઉપર ચઢતી નહોય તથા અંદર પરૂ ભરાઈ રહેતું હોય અને ઘણી વેદના થતી હોય તો તે ચામડી મુસલમાન લોકોમાં સુનત કરેછે તે રીતે પકડીને કાતરથી કાપી નાખવી અગર તેને ઉભી ચીરી નાંખીને ફુલ ઉઘાડું કરવું અને પછી યોગ્ય ઇલાજ કરવા. સદરહુ શસ્ત્રક્રિયા ઘૂમટા અગર મણિચ્છદના સંકોચમાં લખ્યા પ્રમાણે કરવી. બનતા સુધી ટાંકી હોય ત્યાંસુધી શસ્ત્ર છેદન કરવું નહીં, કારણ કે તેનાથી જે જખ્મ થાયછે તેમાં ચાંદીનો ચેપ લાગવાથી તે ચાંદીનું રૂપ ધારણ કરેછે અને તેને રૂઝાતાં વિલંબ લાગેછે. દરદવાળા ભાગને ધોઇને સાફ રાખવા. દરદીએ સારો ખોરાક લેવો તથા ચોખ્ખી હવામાં ફરવું.

બદ (બ્યુબો):—ટાંકી થવાથી એક અગર બેઉ બાજુએ જાંગના મૂળમાં ગાંઠ મોટી થઈ આવેછે તેને બદ કહે છે. નરમ ટાંકીની સાથે જે બદ થાયછે તે ઘણું કરી પાક્યા વિના રહેતી નથી. તેનું દરદ ઘણું થાય છે અને કોઈવાર એક કરતાં વધારે ગાંઠ થઇને પાકેછે તથા જાંગના મૂળમાં ખાડા પડી રહેછે અને દરદી કેટલોક વખ્ત સુધી ચાલી

શકતો નથી. ઈંદ્રી ઉપર જે બાજુ ચાંદી થઇ હોય તે બાજુએ બદ થાયછે, અને વચમાં અથવા બેઉ બાજુ ચાંદી હોય તો બંને તરફ બદ ઉપડેછે. બદનું બહુ દરદ થાયછે તથા તે પાકેછે તેની સાથે તીક્ષ્ણ વરમનાં ચિન્હ થાયછે તથા જ્વરાદિ ચિન્હ માલમ પડેછે.

કઠણ ટાંકોની સાથે પણ બદ થાયછે, પણ તે ઘણું કરી પાકતી નથી. તેમજ ઘણું દરદ પણ કરતી નથી. ચાંદીની સાથે બેઉ પ્રકારની બદ થાય છે. તેનું કારણ તે ક્ષતનું વિષછે. ટાંકીનું મૂળ કારણ તે દરેકનું વિશિષ્ટ વિષછે. આ વિષ શોષણ નળીયો વાટે વંક્ષણ માંહેલા પિંડમાં પહોંચેછે તેથી તેમનો વરમ થઈ આવેછે અને તે મોટી થાયછે. કઠણ ચાંદીનું વિષ રૂધિર વાટે સર્વ દેહમાં પ્રસરેછે. પણ મૃદુક્ષતનું ઝેર ફક્ત તે પિંડ સુધીજ પહોચેછે અને શરીરમાં સંચારતું નથી.

ઉપાયઃ—બદની શરૂઆતમાં દરદીને ચાલવાનો પ્રતિબંધ કરવો. ગરમ પાણીનો શેક કરવો, તેપર બેલાડોના લગાડવું. આયોડીન ટિંક્ચર અગર લીનીમેન્ટ લગાડવું. પારાનું પ્લાસ્તર લગાડવું. તે ઉપર બ્લીસ્તર મારવું અને બ્લીસ્તર ઉઠ્યા પછી રસકપૂરનું પાણી લગાડવું. જરૂર જણાય તેટલી જળો મૂકાવવી.

લીંબડાનાં પાન બાફીને બાંધવાં; સાંકુર, રેવંચીનો શીરો, વડવાઇના દૂધ સાથે લગાડવાં, ચુનો તથા ગોળ લગાડવો; ભીલામા, સરગવાની છાલ તથા કાથો અને ગોળ લગાડવાં.

જો બદ પાકવા ઉપર આવેતો તેના ઉપર વારંવાર પોટીસ બાંધવી બાદ તેને શસ્ત્ર વતી ફોડવી અગર તેની શીખરે કાસ્ટીક પોટાસ લગાડીને ફોડવું. ફુટ્યાબાદ તે ઉપર મલમ પટી લગાડવાં. કોઇવાર તેનું મોટું ઉંડું ક્ષત પડેછે તેપર ચામડીની જાડી કોર લટકેછે, અને તે રૂઝાતું નથી. તેમ હોય ત્યારે તેની ચામડીની જાડી કોર કાઢી નાખવી અને તે ઉપર કયાલોમલ અને આયોડોફાર્મ બભરાવવો. અથવા રેડપ્રેસીપીટેટનોમલમ લગાડવો. રસકપૂરનું પાણી લગાડવું. કઠણ ચાંદી સાથે મુંઢબદ થાયછે તે ઉપદંશના શારીરીક ઉપાયની સાથે દુર થશે.

કઠણ તથા મૃદુ ચાંદીનો ભેદક વિચાર.

મૃદુ ચાંદી.	કઠણ ચાંદી.
૧ મલીન મૈથુન પછી એક બે દિવસ અગર અઠવાડીયામાં દેખાયછે.	૧ મલીન મૈથુન પછી એકથી ત્રણ અઠવાડીયામાં દેખાયછે.
૨ ઘર્ષણથી અગર ચીરા હોવાથી શરૂ થાયછે.	૨ શરૂઆતમાં ફોલ્લી થઈ તે ફુટીને ક્ષત પડેછે.
૩ દાબી જોતાં તળીયેથી નરમ લાગેછે.	૩ ક્ષત શરૂઆતથીજ તળીયે કઠણ હોયછે.
૪ ક્ષતની કોર ઉંચી, સપાટી બેઠેલી, તે પર મૃતમાંસનો થર હોયછે, તેમાંથી તીવ્ર દાટ પરૂ નીકળેછે.	૪ ક્ષત નાનું, કોર બહાર વળેલી, સપાટી લાલ હોયછે, તેમાંથી પાતળી રસી નીકળેછે.
૫ ઘણું કરી એકમાંથી બહુ ક્ષત થાયછે.	૫ ઘણું કરી એકજ ક્ષત હોયછે.
૬ ક્ષતનો ચેપ તેજ માણસના શરીરપર	૬ ક્ષતનો ચેપ તેજ આદમીના શરીર ઉપર

બીજે જેજે ઠેકાણે દાખલ થાય ત્યાં તેવુંજ મૃદુ ક્ષત પડેછે.

૭ એક અગર બેઉ વંક્ષણમાં બદ થાય છે તે ઘણું કરી પાકેછે.

૮ આક્ષતમાં વધારે પીડા, સોથ થાય છે તથા તેમાંથી પસરનારા તથા સડનારાક્ષતનો ઉદ્ભવ થાયછે ને રૂઝાતાં વિલંબ લાગેછે.

૯ આક્ષતની અસર સ્થાનીક છે. શરીર પરઅસર થતી નથી.

લગાડવાથી ત્યાં બીજું કઠણ ક્ષત થવું નથી.

૭ એક અગર બેઉ વંક્ષણ પ્રદેશમાં બદ થાય છે તે થોડી દુખેછે અને ઘણુંકરી પાકતીનથી.

૮ આ ક્ષતમાં પીડા, સોથ હોતાં નથી તથા તેમાંથી પસરનાર તથા સડનાર ક્ષત ક્વચિત નીપજેછે. ને જલદી રૂઝાય છે.

૯ આ સ્થાનિક ક્ષત થયા પછી થોડી મુદતમાં તેના દ્વિત્ય ચિન્હ આખા શરીર ઉપર જણાય છે.

આ પ્રમાણે બેઉ ક્ષતના ભિન્ન ભિન્ન ચિન્હ ઉપરના કોષ્ટક ઉપરથી માલમ પડશે અને તે ઉપરથી ઘણી વખત તેનો નિશ્ચય થવો સહેલોછે. પણ કોઇવાર ક્ષતની દુર્દશા થયા પછી જોવામાં આવેછે ત્યારે તેનો નિર્ણય થવો મુશ્કેલ પડેછે. કેટલીકવાર વખતે શીશ્ન ઉપર કઠણ અને નરમ ટાંકી સાથે થાયછે. કેટલીકવાર એવું બને છેકે દ્વિત્ય ચિન્હનો વખત આવે ત્યાં સુધી ચાંદીની જાતિનો નિશ્ચય થઇ શકતો નથી.

કઠણ ટાંકી (હાર્ડ શાંકર):—કઠણ ટાંકી થયા પછી શરીરના બીજા ભાગો ઉપર ગરમીનો અમલ જણાયછે,માટે આ ટાંકી ઘણા મહત્વની સમજવી. નરમ ટાંકી સ્રીગમન થયા પછી તરત એક બે દિવસમાં દેખાવ આપેછે; તેમ આ કઠણ ટાંકી આપતી નથી. ઘણું કરી ચાર પાંચ દિવસ અથવા એક અઠવાડીયાથી ત્રણ અઠવાડીયાં સુધામાં એક બારીક ફોલ્લી થઇ તે ફૂટીને તેની ચાંદી પડેછે. આ ચાંદીમાંથી ઘણું કરી ઘાડું પરૂ નીકળતુ નથી પણ થોડી પાણી જેવી રસી આવેછે. પણ આ ટાંકીનો મુખ્ય ગુણ એ છે કે તેને દાબી જોતાં તેના તળીયાનો ભાગ કઠણ લાગેછે.આ તળીયાનો ભાગ કઠણ થયો એટલે એમ ખાત્રીથી સમજવું કે આ ગરમીના વિષે શરીરમાં પ્રવેશ કર્યો. આ ટાંકી ઘણું કરી એકજ હોયછે. તેની સાથે એકજ અથવા બેઉ વંક્ષણમાં બદ થઇ આવેછે. એક અથવા વધારે ગાંઠો મોટી થઇ આવેછે. પણ તે દરદ થોડું કરેછે અને પાકતી નથી. જો બદ થયા પછી ઘણું ચાલવામાં આવે અથવા બીજી કાંઇ પગને મેહેનત કરવી પડે તોજ કદાચ તે ગાંઠ પાકી આવેછે.

ઉપાયઃ—આ ટાંકીના ઉપયોગમાં જે આગળ ક્યાલોમલ અગર રસકપૂરનું પાણી કહ્યુંછે તે લગાડવું. અગર રાતો મલમ ચોપડવો, તેથી ટાંકી તરત મટી જશે. આ ટાંકી મટાડવામાં વિશેષ મેહેનત પડતી નથી, પણ તેને લીધે જે શરીર પર ગરમી થાયછે તેની તજવીજ રાખવી જોઇએ. ચાંદી ઉપર કોઇ પારાની દવા અગર આયોડોફોર્મ લગાડવાથી થોડા રોજમાં તે રૂઝાઇ જાયછે.

ગરમી--ઉપદંશની વિક્રિયા.

(સીફીલીસ.)

કઠણ ચાંદી દેખાયા પછી કેટલીક મુદતે શરીરના કેટલાક ભાગ ઉપર તેની અસર માલમ પડેછે તેને ગરમી કહેછે. વ્યભિચારથી આ રોગ થાયછે. તેમજ બીજા કોઈ કારણથી આ દરદનો ચેપ લાગ્યો હોયતો તેને લીધે પણ ગરમીનો રોગ થાયછે. જેમકે ગરમીવાળા દરદીના શરીરપર કાંઈ કાપવાનું કામ કરતાં ડાકતરને જખ્મ થાય, અને તેમાં ચેપ દાખલ થાય તો તે જખ્મને ઠેકાણે ટાંકી પડી આવે છે, તથા પાછળથી શરીરની ગરમી ફુટી નિકળેછે. શીળી કાઢતાં વખતે ગરમીનો ચેપ એક છોકરાથી બીજાને લાગેછે.

કઠણ ચાંદી થયા પછી શરીરની ગરમી જણાશે એ વાતતો નિર્વિવાદછે. પણ કેટલાક ડાકટરોના જોવામાં એમ પણ આવેછે કે નરમ ટાંકી થઈ હોય એટલે જે ટાંકી થયા પછી મટે ત્યાંસુધી તેની આસપાસ અગર તળીયે કાંઇ કઠણપણું ન લાગવા છતાં, તેવી નરમ ટાંકી થયા બાદ પણ કોઇવખત શરીરપર ગરમી જણાઈ આવેછે. કઠણ ચાંદીની એ ખુબીછે કે જ્યારે તે ટાંકી ઉત્પન્ન થાય ત્યારથીજ તેનું તળીયું તથા કોર કઠણ હોય છે. બીજાં કોઈ ચાંદાં તેવાં હોતાં નથી. પ્રથમથી નરમ હોયછે અને પછી તેમને છંછેડવાથી કદાચિત તે કાંઈ કઠણ થઈ જાય, પણ મૂળથીજ કઠણ હોતાં નથી. માટે નરમ ચાંદી થયા પછી પણ કવચિત શરીર ઉપર ગરમી દેખાયછે તે ધ્યાનમાં રાખવું.

એ બે જાતની નરમ અને કઠણ ટાંકી શિવાય, એક ટાંકી થાયછે તેમાં બેઉના ગુણ મિશ્ર હોયછે, એટલે પ્રથમ ટાંકી વ્યભિચાર પછી તરતજ દેખાય, તેમાંથી પરૂ નિકળે અને થોડા દિવસ પછી તે કઠણ થઈ રહેછે અને છેવટે શરીરની ગરમી દેખાવ આપેછે.

આ રીતે કેટલીક વખત નરમ અને કઠણ ટાંકીનાં ચિન્હ સ્પષ્ટ હોયછે, અને તે ઉપરથી તેમનું છેવટ કેમ આવશે તે સહેલથી પરખી શકાય છે, તથા દરદીને આપણે ખુલ્લો વિચાર આપી શકીયે છીએ. પણ કેટલીક વખત તે ફેરફાર સમજવો મુશ્કેલ પડે છે, અને પાછળથી ગરમી નિકળશે કે નહિ તે વિશે પ્રથમ નિર્ણય થઈ શકતો નથી. આ નિર્ણય કરવો એ અતિ ઉપયોગનુંછે, કેમકે જો ગરમી નીકળશે એવો નિશ્ચય થાયતો તેનો ઉપાય જેમ જલદી થાય તેમ દરદીને વધારે લાભકારકછે.

ગરમી ચેપીયો રોગછે એમ આગળ કહેવામાં આવ્યું છે. ગરમીની ટાંકીના પરૂનો ચેપ બીજાને લગાડવામાં આવે તેથી તે રોગ થાયછે, એટલુંજ નહિ પણ ગરમીવાળા આદમીનું લોહી અગર તેના શરીરના વિવિધ પ્રકારના રસનો ચેપ લગાડવામાં આવે તો તેથી પણ બીજા સારા માણસને ગરમી થઈ આવેછે. આ બીજે પ્રકારે ગરમીનો ફેલાવો થાયછે તેનું ઉદાહરણ એટલુંજ કે એક બચ્ચાંને કોઈ ધાવ ધવરાવતી હોય અને જો તેમાંના એકને ગરમી હોયતો બીજાને થવા સંભવ રહેછે. હરકોઈ પ્રકારે એક બીજાનો ચેપ લાગે એટલે બસછે. તે શિવાય ગરમી ફેલાવાનો ત્રીજો પ્રકાર એવોછે કે જેના માબાપને એ ઉપદંશનો મરજ હોય તેમની ઉત્પત્તિનું બચ્ચું થાય તેને પણ બચપણમાં ગરમીનાં

ચિન્હ દેખાયછે, અર્થાત આ રોગ વારસામાં મળેછે.

કઠણ ટાંકી થયા બાદ ચારથી છ અગર આઠ અઠવાડીયાં પછી શરીર ઉપર ઉપદંશની અસર જણાયછે. ગરમીનાં આદિથી તે અંતસુધી જે લક્ષણ જણાયછે તેના ત્રણ ધોરણ પાડવામાં આવ્યાંછે. **પહેલા ધોરણમાં** તો ફકત આરંભે જે ટાંકી પડેછે તથા તેની સાથે બદ થાયછે તે આવી જાયછે, તેને **પ્રાથમીકઉપદંશ**, કઠણ ચાંદી અગર ક્ષત કહેછે, તે સ્થાનીકછે. **બીજાધોરણમાં** ટાંકી થયા બાદ જે બે ત્રણ મહિનામાં શરીરની ત્વચા, મોઢા વગેરેનાં રસપડ, આંખ, સાંધા તથા હાડકાંનાં દરદ થવા માંડેછે અને બે ચાર અથવા વધારે વરસસુધી ચાલેછે તેનો સમાવેશ થાયછે. તેને **સાર્વદેહિક અગર દ્વિત્યચિન્હ** કહેછે. **ત્રીજા ધોરણનાં** ચિન્હ જેટલાને ગરમી થાયછે તે સર્વેને જણાતાં નથી, પણ થોડાનેજ થાયછે, અને તે વખતે ઘણુંકરી છાતી અને પેટ માંહેના અવયવો ઉપર ઉપદંશનો અમલ બેસેછે. કોઈ તો આ ત્રીજા વર્ગના ચિન્હને બીજા વર્ગમાંજ ગણેછે અને ત્રીજો વર્ગ રાખતાજ નથી.

પહેલા વર્ગનાં ચિન્હ વિશે બીજું કાંઈ કહેવું રહેતું નથી. કેટલાક વિદ્વાનો ઉપદંશના મરજને શીળી, ઓરીના તાવની સાથે સરખાવેછે તથા ઉપદંશને એક તેવા પ્રકારનું દરદ ગણેછે, તેમાં ફક્ત તફાવત એટલોજ કે શીળી ઓરીનો તાવ સખત, તેમ ગરમીનો તાવ થોડો, અને શીળી, ઓરી શરીરપર ફૂટી તેનો છેડો થોડા દિવસમાં આવેછે, અને આ ગરમીનો મરજ થોડા મહિના અથવા વરસ લગી ટકી રહેછે.

સાર્વદેહિક અગર દ્વિત્યચિન્હઃ—બીજા વર્ગનાં ચિન્હ શરૂ થાયછે ત્યારે ઘણું કરી ટાંકીતો રૂઝાઈ ગઇ હોયછે, તોપણ તે ઠેકાણે કાંઈ કઠણ ભાગ હોયછે. દરદી તેને વિસરી ગયો હશે એટલામાં અંગમાં થોડો ઘણો તાવ આવી જાયછે, તથા ગળું આવી ગયું હોય તેમ લાગેછે, અને તેમાં થોડો ઘણો દુખાવો માલમ પડેછે. મોઢું ઉઘાડી જોવામાં આવે તો ગળાની બારી, પડજીભ, તથા ગળાનો પછવાડેનો ભાગ જરા સૂજેલો તથા લાલ રંગનો માલમ પડેછે. ઘણું કરી આ પ્રમાણે બીજા વર્ગનાં ચિન્હ શરૂ થાયછે, કોઇ વખત તાવ થોડો હોય તથા ગળું થોડું આવે તો દરદી તેના ઉપર લક્ષ પણ આપતો નથી. આ વખતે તથા આગળ ઉપર ઉપદંશનાં તરેહ તરેહનાં દરદ ઉત્પન્ન થાયછે તેનો કાંઈ ચોકસ અનુક્રમ હોતો નથી. કોઇને પ્રથમ આંખનું દરદ થઇ આવેછે, તો કોઇને સાંધા ઝલાઈ જાયછે. કોઇને હાડકામાં દરદ થાયછે, તો કોઇને ત્વચાની ગરમી જણાય છે. આ વર્ગનાં ચિન્હ ઘણું કરી બેઉ બાજુ સરખાં જોવામાં આવેછે જેમકે બેઉ હથેળીમાં ચાઠાં અથવા બેઉ બાજુનાં હાડકાં અગર સાંધા એક સાથે ઉપડી આવેછે.

આ ગરમીનો મરજ શરીરના કોઈ અમુક ભાગનો રોગ નથી, પણ લોહીનો બિગાડ છે. શરીરના હરકોઈ ભાગમાં તેનો અમલ ચાલેછે. વળી ગરમી થએલો આદમી ઘણું કરી નબળો, ફીકો, તેજહીન હોયછે.

જેવી પ્રથમ ટાંકી પડી હોય તેના પ્રમાણમાં શરીરની ગરમી જણાયછે. પ્રથમ ટાંકી મોટી, ઘણી કઠણ તથા ફેલાવી માલમ પડતો પછવાડે ગરમીનાં ચિન્હપણ જોરમાં ઉપડે

છે. જે આદમીને એક વખત ઉપદંશનો રોગ થયો હોય તે પાછો મૂળમાંથી જાયકે નહિ? આ એક મહત્વનો પ્રશ્ન છે. તેનો જવાબ એટલોકે જો મૂળ ટાંકી હલકી પ્રતની થઈ હોય, તેની સારી રીતે જલદી સંભાળ લેવામાં આવે તથા આદમી શરીરે સુદૃઢ હોયતો એ રોગ મૂળમાંથી જવા સંભવ રહેછે. પણ ઘણાખરાને તે આખી જીંદગી સુધી છોડતો નથી. ઓસડ ઉપાય તથા પરહેજીથી તે કમી પડેછે અને કેટલાક વખત દેખાતો નથી, તોપણ જેમ બિલાડી ઊંદરપર ટાંપી બેસેછે તેમ આપણું શરીર તે રોગના શિકારે થઈ પડેછે. ઉપદંશનાં કોઈ કોઈ લક્ષણ વખતેવખત દેખાવ આપ્યાં કરેછે અને જ્યારે કાંઇપણ કારણથી શરીરમાં નબળાઈ વધે કે આ રોગ જોરથી નીકળી આવેછે. આગળ કહ્યુંછે કે આ રોગ ચેપથી થાયછે તથા વારસામાં જાયછે તે ઉપરથી સવાલ ઉઠેછે કે આ રોગ વાળા આદમીએ સ્ત્રી વ્યવહાર કરવો કે નહિ? ટાંકી હોય ત્યાંસુધી હરગીજ સ્ત્રી વ્યવહાર કરવો નહિ. ગરમીના યોગ્ય ઉપચાર કર્યા પછી વ્યવહાર કરવો. ઘણીવાર એમ બને છે કે સ્ત્રી અથવા પુરૂષને ગરમી હોય અને તેમના સંયોગથી ગર્ભ રહે, તો તે ગર્ભ પુર્ણ અવસ્થાએ પહોંચતો નથી. પણ ચારપાંચ મહિનામાં ગર્ભપાત થાયછે. તેને માટે સ્ત્રી અગર પુરૂષ જેને રોગ હોય તેને પારાની દવા આપી યોગ્ય ઇલાજ કરવો, એટલે પછી ગર્ભ ઉછરવામાં હરકત આવશે નહિ.

ઉપદંશ થયેલો આદમી લગ્ન કરવાની સલાહ માગેતો આપવી કે નહિ? આ બાબતની સલાહ આપવામાં બહુ વિચાર કરવાનો છે, કારણ ઉપદંશનો વ્યાધિ એક વખત થયા પછી શરીરમાંથી નાબુદ થાયછે કે નહિ તે વિશે શકછે, તથાપિ ઉપદંશ થયા બાદ યોગ્ય ઇલાજ લીધા પછી એક બે વરસ પર્યંત તે વ્યાધિ દેખાવ ન આપે તો તેને લગ્ન કરવામાં હરકત નથી. બીજા વિષનો માફક ઉપદંશનું વિષપણ કાળે કરીને જીર્ણ અને તેજહીન થાયછે. તેવા લગ્ન કરેલા સન્જોડાની પ્રજા ઘણીવાર તંદુરસ્ત જોવામાં આવેછે.

ગરમીના બીજા ધોરણમાં જે વ્યાધિઓ થાયછે, તેનું સંક્ષેપમાં વર્ણન નીચે પ્રમાણેછે. આ વ્યાધિ ત્વચા ઉપર, મોઢામાં, હાડકામાં, સાંધામાં, આંખમાં, તેમજ નખમાં અને કેશમાં પણ થાયછે.

૧ ત્વચા ઉપર ઘણીવાર લાલ ત્રાંબાના રંગનાં ચાઠાં જોવામાં આવેછે.

આ ચાઠાં અથવા ડાઘ ગોળ હોયછે. તે નાના બેઆનીથી પણ કમી અગર મોટા રૂપીઆથી વધારે કદના હોયછે. પેટ, છાતી, પગ અને હાથ એ સર્વ સ્થળે જોવામાં આવેછે. કોઇવાર ફકત બેઉ હથેળી અને પગને તળીયે માત્ર જણાયછે. કોઇવાર આવાં ચાઠાંની સાથે ત્વચાનાં છાલાં અથવા ખોળ નીકળી જાયછે. આ પ્રમાણે હથેળી તથા પગને તળીયે થાયછે તેને અવદરણ કહેછે. આ ઉપદંશનું એક ખાસ ચિન્હછે. કોઇવાર ગરમીના ફોલ્લા અગર ફોલ્લી થઇ આવેછે તેને પુયપીટીકા અને જલપીટીકા કહેછે. નબળી તબીઅતમાં માણસને તો તે પાકીને મોટાં ધારાં એટલે ચાંદાં પડી આવેછે, અથવા તેમના ઉપર સૂકાઇને ઉભા ખરેટા બાઝેછે. આવા કાળા ખરેટા કેટલીક વાર પગ ઉપર જોવામાં આવેછે.

ઉપદંશને લીધે ખરજવું અને ગુમડાં થાયછે. ટુંકામાં ત્વચાના જેટલા સાધા રોગ થાયછે, તેવા હરકોઇ પ્રકારના રૂપમાં ઉપદંશનો વ્યાધિ પણ પ્રગટ થાયછે. ત્વચા ઉપર નાની મોટી પીટીકા થાયછે. ઉપદંશીકત્વકરોગ તામ્રવર્ણ તથા ગોળાકાર હોયછે, તે શરીરની બંને બાજુ ઘણું કરી સરખા હોયછે, અને તે મટ્યા પછી કાળો ડાઘ પડી રહેછે.

૨. ગરમીને લીધે કેટલીકવાર કેશ ખરી પડેછે. આ પ્રમાણે મુંછ દાઢી અથવા મસ્તકપરથી કેશ જતા રહેછે. નખસઈ પાકીને તેમાંથી પરૂ નિકળ્યા કરેછે અગર નખ નીકળી જઈ ધારૂ પડેછે.

૩. ગરમીની શરૂઆતમાં મોઢું આવેછે એમ આગળ કહ્યુંછે તેની સાથે અગર પછવાડેથી ગળાની અંદર ચાંદાં પડે, ચોરીયા સૂજી આવે, જીભ ઉપર, હોઠ ઉપર, અગર મોઢામાં કોઇપણ ઠેકાણે ચાંદાં થઈ આવેછે.એ પર મોટી પીટીકા થાયછે.તે શિવાય "લાર્રીક્ષ" એટલે સ્વરનળી પણ સૂજી આવે અથવા તેના ઉપર ચાંદાં પડેતો ભયંકર ચિન્હ સમજવું કેમકે તેથી શ્વાસ લેવાનો માર્ગ બંધ થઈ જાયછે. કોઇવાર નાક અંદરથી સડી જાયછે. તેનો પડદો ફુટેછે, અને બહારથીપણ ખરી પડેછે. તાળવામાં છિદ્ર પડી નાકમાં રસ્તો જાયછે, તેથી ખાતાં ખોરાક અને પાણી નાકમાંથી પાછા ફરેછે. પડજીભખરી પડેછે.

૪. હાડકાપરનું પડછે તે સુજી આવે ને તેનાપર મોટો ટેકરો થઈ આવેછે. તેમાં ઘણું દરદ થાયછે અથવા ફકત દાબવાથી દુખેછે. તેની અંદર વેદના રાતનેપહોર વિશેષ થાયછે, તેથી દરદીને ઊંઘમાં ભંગ થાયછે. પગના હાડકા ઉપર, હાથના હાડકા ઉપર તથા ડોકની હાંસડીના હાડકા ઉપર આવા ટેકરા વિશેષ જોવામાં આવેછે. પાંસળાં અને ખોપરી ઉપર પણ તેવા ટેકરા થાયછે. ઉપદંશને લીધે અસ્થિની અંદરપણ સડો પેદા થાયછે અને તેથી હાડકું ખવાઈ જાય અથવા મરી જાયછે.

૫. કોઈ વખત સંધિવાની માફક પ્રથમથીજ સાંધા ઝલાઈ જાયછે. ઘણું કરી મોટા સાંધા અકડાઈ જાયછે અને તેથી દરદીને હાથપગ હલાવવા તે મોટી મુસ્કેલીનું કામ થઈ પડેછે. કોઇવાર નાના આંગળાંના તથા પગના સાંધાઓ પણ ઝલાઈ જાયછે અને સૂજી આવેછે. કમરમાં પણ વા ભરાઈ આવેછે. સાંધા થોડા દિવસમાં સારા થાય છે નહીતો લાંબો વખત ધજા આપેછે.

૬. કેટલીકવાર બીજે કોઈ ઠેકાણે શરીરપર દેખાવ આપ્યાની પહેલાંજ આંખ દુખવા આવેછે. કોઇવાર આંખનું દરદ પાછળથી ઉપડે છે. આંખમાં કનીનીકાનો વરમ થઈ આવેછે. કનીનીકા સુજીને ઉપર "લીંફ" (લસ) નામનો રસ પેદા થાયછે. તેથી કનીનીકા ચોટી જાયછે, ને કીકી વિસ્તૃત થતી નથી. આંખ લાલ થઈ આવે તથા તેમાં અને મસ્તકમાં અતિશય વેદના થાય, તેને લીધે રાત્રે ઊંઘ આવવી દુર્લભ થઈ પડે છે, તેમાં આંખની વખતસર સંભાળ લેવામાં નઆવેતો ખોટીપણ પડી જાયછે, અને દષ્ટિનાશ઼્દથાયછે

ત્રીજાવર્ગનાં ચિન્હ કેટલાંકને થાયછે ને કેટલાંકને નથી થતાં. ઘણા વરસલગી પણ બીજાવર્ગના ચિન્હ એક પછો એક થયા કરેછે અથવા ફરીફરીને તેજ દરદ ઉપડેછે. ત્રીજા વર્ગનાં ચિન્હ થોડાઘણા વરસ પછી શરૂ થાયછે. જ્યારે દરદીની તબીયત ઘણીજ અશક્ત

થાય ત્યારે તેમનું જોર વધારે ફાવેછે. લસ (લીંફ) નામના રસનો શ્રાવ થઈ કેટલાક અવયવોમાં ગાંઠો બંધાયછે. કલેજામાં, ફેફસામાં, મગજમાં તથા બીજા ભાગોમાં આ ફેરફાર થાયછે. ફેફસામાં થાયતો તેને લીધે ક્ષયરોગની પણ ઉત્પત્તિ થાયછે. મગજમાં થાય તો તેને લીધે મસ્તકશૂળ, વાઈ, દિવાનાપણું, લકવો વગરે ભયંકર રોગ ઉદય પામેછે. કેટલીકવાર હાડકામાં સડો પેસેછે. પગનાં હાડકાં અથવા મસ્તકનાં હાડકાં આ પ્રમાણે ઉપરથી સડવા માંડે છે, નાકપણ ખરી પડેછે. કોઇવાર હાડકામાં એટલો બધો બગાડ થાયછે કે તે અવયવને કાપવું પડેછે. આંખના દર્પણમાં ઉપદંશને લીધે થતા ફેરફારથી દૃષ્ટિનો નાશ થાય છે. ઉપદંશને લીધે વૃષણમાં લસનો જમાવ થવાથી તેની વૃદ્ધિ થાય છે તેને "ઉપદંશીક વૃષણવૃદ્ધિ" કહેછે.

ઔષધોપાયઃ—ઉપદંશની ખાસ દવા પારોછે. પારાની કોઇપણ ઔષધિ આપવાથી ઉપદંશનો આજાર કમી પડેછે અને મટી જાયછે. તેનાથી ઉતરતા દરજ્જાની દવા આયોડાઇડ ઓફ પોટાશ્યમ છે. આ દવા પણ ઉપયોગીછે. ગરમીને મૂળમાંથી કાઢવાની તેનામાં તાકાદ નથી. તો પણ તેને હઠાવેછે તથા શાંત પાડેછે. આ બે દવાઓ શિવાય લોહી સુધરે, જઠરાગ્નિ વધે, તથા શરીર સુધારે તેવી દવાઓ ગરમી ઉપર સારી અસર કરેછે, જેમકે સારસાપરીલા, નાઇટ્રોમ્યુરીયાટિક આસિડ, કોડલીવર ઓઇલ, વગેરે. આ દવાઓ ક્યારે આપવી કેમ આપવી, તથા કેટલી મુદત આપવી એ જાણવું અવશ્યનું છે.

પારાની સાધારણ વપરાતી દવાઓ રસકપૂર, કલોમલ, ચાક,તથા પારાનું મિશ્રણ અને પારાનો મલમછે. પારો આપવાથી મોઢું આવેછે. અસલ ઘણાં દરદોને માટે મોઢું આણવામાં આવતું. પણ હાલ તેમ નથી. હાલ આપણા દેશી વૈદોમાં મોઢું લાવવાનો ચાલ વિશેષછે. પારાની દવા આપી ઘણું મોઢું લાવવાથી શરીરની ઘણી વાર મોટી ખુવારી થાય છે. તે ઘણાના જાણવામાં છે અને તેથી કેટલાકના જાન પણ જાયછે. તેને લીધે ઘણા લોકોમાં હાલમાં તેનો તિરસ્કાર જોવામાં આવેછે. તેનું કારણ એટલુંજછે કે તબીબ લોકો મોઢું ઘણું જોરમાં આણેછે અને તેને વાળવાની માહીતી હોતી નથી. તેને લીધે દરદી ખાઈ શકતો નથી, તેમાં કઠણ પરેહેજી હોયછે, દાંત હાલી જાયછે, અને પડી પણ જાય છે, અને કેટલાંક હાડકાં પણ સડી જાય છે. કોઇવાર જીભ સૂજીને મોટી થઈ બહાર આવેછે અને અંદરથી શ્વાસનો આવરોધ થઈ મૃત્યુ નીપજેછે, માટે આવી રીતે મોઢું કદી લાવવું નહિ, ફકત સાધારણ જેને લોકો "ફુલમોઢું" કહેછે તેટલું માત્ર આણવું. ફુલમોઢું એટલે કિંચિત થુંકમાં વધારો થાય તથા દાંતના અવાળુ ઉપર તેની થોડી અસર થાય એટલે સુધી પારો આપવો. તેથી વધારે પારો આપવાની કાંઇજ જરૂર નથી. એટલી અસર થાય એટલે સમજવુંકે પારાએ લોહી ઉપર અસર કરી. આપણા લોકો એમ સમજે છે કે જેમ મોઢામાંથી ઘણું થુંક નીકળે તેમ વધારે ફાયદો. કેમકે તેથી ગરમી નીકળી જાય છે. આ મોટી ભુલછે. જેમ પારાથી મોઢું થોડું આવે તથા તે ઘણા દિવસ જારી રહે તેમ ઘણો ફાયદો થાય છે. જેમ વધારે મોઢું આવે અને તે થોડા દિવસ રાખવામાં આવે તેમ થોડો ફાયદો થાયછે. ઘણીકવાર તો મોઢું આણ્યા સિવાય પારો પૂરેપૂરો ફાયદો

કરેછે,માટે મોઢું આવેછે અને થુંક વહેછે તેથીજ લાભ થાયછે એ ભુલ ભરેલો વિચારછે. પારાની દવા એક બે મહિના સુધી થોડી થોડી જારી રાખવી એવો ડાકટર હચિનસનનો વિચારછે. તે કહેછે કે ઉપદંશ ઉપર પારદ જલદી આપો, લાંબી મુદત જારી રાખો, અને મોઢું આણસો નહી.

પારો આપવાની ત્રણ રીતછેઃ—એકતો મોઢેથી પેટમાં આપવામાં આવેછે. ક્યાલોમલ એકથી અડધો ગ્રેન અથવા ચાક અને પારાનું ચૂર્ણ તેટલુંજ દિવસમાં એક અથવા બે વખત દરરોજ આપવું. પ્રથમ જ્યારે ગરમીનાં બીજા વર્ગનાં ચિન્હ જણાય ત્યારે અથવા તે પહેલાં આ દવા આપી શકાયછે. મોઢેથી દવા આપતાં વખતે અન્ન પચવામાં અડચણ આવેછે અથવા ઝાડો થઈ આવેછે.જલદી મોઢુ લાવવું હોય તો એ દવા જાસ્તી આપવાથી જલદી આવશે. ક્યાલોમલની ગોળી, રસકપૂરની ગોળી અગર પાણી અપાયછે.

પારો આપવાની બીજી રીત તેની ધુરી અથવા વાફ (બાફ) આપવાની છે. ક્યાલોમલના વીસ ગ્રેનની વાફ દરરોજ રાત્રે સુતી વખત અગર એક દીવસને અંતરે લેવી.એક વાસણ એવું જોઇએ કે તે મધ્યમાં ઊંચુ તથા તેની આસપાસ ચોતરફ ખાડો હોય. તે ખાડાની અંદર પાંચથી સાત તોલા પાણી નાખી તે વાસણ નીચે "સ્પીરીટ"નો દીવો મૂકવો" અને તેના ઉપર એક ખુરસી મૂકવી. પાણી છણછણ બોલે એટલે મધ્યના ઊંચા ભાગમાં ક્યાલોમેલ મૂકી તરત દરદીને નગ્ન કરી ખુરસીપર બેસાડવો, તથા ગળાથી તે જમીન સુધી એક ધાબળો અગર જાડું કપડું ચોતરફ વીંટી લેવું. સુમારે પંદર વીસ મિનિટમાં પાણી તથા ક્યાલોમેલની વાફ થઇને શરીરને લાગશે. તેથી થોડો પરસેવો છુટશે, તે લુછી નાખીને તરત સુઇ જવું. પરસેવો ઘણો ઉતરવાની જરૂર નથી. તે વાફ ગળામાં ન જાય એ ધ્યાનમાં રાખવું. આ ઉપાય જ્યારે ઉપદંશનાં ચાઠાં વગરે ચામડી ઉપર ફુટી નીકળેછે ત્યારે અતિ ઉપયોગી થઈ પડેછે. તેનાથી મોઢું આવતું નથી, પેટમાં હરકત યતી નથી, અને શરીરની સઘળી ગરમીનો નાશ થાયછે. આ પ્રમાણે ગરમી મટે ત્યાં સુધી બેચારથી તે આઠ દસ અઠવાડીયાં સુધી આ ધુરી લેવી પડે તો હરકત નથી.

ત્રીજી રીત એવીછે કે પારાની દવા પેટમાં ખાવી પડતી નથી. તેમ તેની ધુરી લેવી પડતી નથી, પણ પારાનો મલમ થાયછે તેનો પાથી અડધો તોલો દરરોજ જાંગના મૂળમાં અથવા કાખમાં લગાડવાથી થોડા રોજમાં મોઢું આવશે. પારો તથા લાડું (ચરબીનો-મલમ) ને સરખે ભાગે લઇ ઘુંટવાથી તે મલમ થશે અને તેનો રંગ આશમાની થાય છે. તેપરથી આ પારાના મલમનું નામ "આશમાની મલમ" પડ્યુ છે. આ મલમ લગાડવાથી જલદી બે ત્રણ દિવસમાં મોઢું આવશે અને બેત્રણ તોલા લગાડવાથી એક દિવસની અંદર પણ મોઢું આવશે. મલમ થોડો લગાડવાથી ઘણે દિવસે મોઢું આવેછે અને વધારે લગાવવાથી થોડા દિવસમાં મોઢું આવેછે. આ મોઢું ફુલ મોઢા કરતાં વધારે આવશે. આંખનું દરદ બેરાયું હોય કે જ્યારે વિલંબ લાગવાથી આંખને નુકશાન પહોંચે, અગર તેવા બીજા જરૂરના પ્રસંગમાં પારાનો અમલ જલદી બેસાડવો હોય ત્યારે આ ત્રીજી રીતે પારાનો ઉપયોગ કરવામાં આવેછે. બાળકને જન્મથી ઉપદંશ હોયછે તેને પણ મલમ લગાડાયછે.

જો પારો આપવાથી વધારે મોઢું આવ્યું હોય, તેને લીધે દરદીને મુશીબત પડતી હોય, તો કમી અથવા બંધ કરવા સારૂ બાવળ તથા બોરડીની છાલના પાણીના કોગળા કરાવવા તથા નીચેની દવા પીવા આપવી.

નં. ૬. ટિંકચર ઓફ બેલાડોના...૧૦ થી ૧૫ ટીપાં.
પાણી .... ૧ આંસ.

મિશ્ર કરી દિવસમાં ત્રણ ચાર વખત પીવું તેથી મોઢું જલદી બંધ થશે.

મોઢું ક્યારે આપવું? શરૂઆતમાં જ્યારે ટાંકી કઠણ હોય તથા એમ ખાત્રી લાગે કે ઉપદંશ આગળ શરીરપર નીકળશે તો તરત પારાની દવા શરૂ કરવાને કાંઇજ અડચણ નથી. તેમ કરવાથી ઉપદંશનાં દ્વિત્ય ચિન્હ દેખાવ પણ આપશે નહી. આ વખત વીતી જાય તો પછી જ્યારે બીજા વર્ગના ચિન્હનો આરંભ થાય ત્યારે જે યોગ્ય લાગે તે પારાની દવા શરૂ કરવી. પારાની દવા આપતાં દરદીના શરીરની હાલતનો પૂરતો વિચાર કરવો જરૂરનો છે, કેમકે જ્યારે શરીર નબળું હોય ત્યારે ગરમીનું જોર વધારે હોયછે તથા પારો પણ સહન થતો નથી. માટે પહેલાં શરીરને સારી હાલતમાં લાવી પછી પારો આપવો. તે માટે સારસાપરીલા, આયોડાઇડ ઓફ આયર્ન, કાડલીવર ઓઇલ વગેરે પૌષ્ટિક દવા આપવી.

નં. ૭. ડીલ્યુટ નાઇટ્રોમ્યુરીઆટીક આસિડ...૨૦ ટીપાં. }
ડીકોકશન ઓફ સારસાપરીલા ......૪½ આંસ. } મિશ્રકરી દોઢઆંસદિવસમાં ત્રણ વખત પીવી.

નં. ૮. સીરપ ઓફ આયોડાઇડ ઓફ આયર્ન...૬૦ ટીપાં. }
આયોડાઇડ ઓફ પોટાશ્યમ........... ૬ ગ્રેન. }
પાણી.............................. ૩ આંસ. } મિશ્ર કરી એક આંસ દિવસમાં ત્રણ વખત પીવું.

આ દવાઓ ગરમીના ત્રીજા ધોરણમાં પણ ઉપયોગી પડેછે. કારણ તે વખતે શરીર ઘણું કરી અશક્ત હોયછે તથા પારો દેવાની જરૂર રહેતી નથી. જો શરીર ઠીક હોય તો બીજા ધોરણના કોઇ પણ કાળમાં પારો આપી શકાયછે. જો પ્રથમ કોઈ વખત પારાથી મોઢું આવ્યું હોયતો પછી ફરી મોઢું લાવવા જરૂર નથી. પછી શરીરમાં જ્યારે ગરમીનું કાંઈ પણ ચિન્હ જણાય ત્યારે નીચેની દવા આપવી.

નં. ૯. આયોડાઇડ ઓફ પોટાશ્યમ ૬ ગ્રેન. કરીયાતાનીચાહા.૪½ આંસ.
રસકપૂરનું પ્રવાહી............૬૦ ટીપાં.

ઉપરની દવા મિશ્ર કરી ૧½ આંસ દિવસમાં ત્રણ વખત આપવી. આ દવા અતિ ઉત્તમછે અને ગરમીના સર્વ વ્યાધિને ઉપયોગી પડેછે. તેમાં પોટાસ આયોડાઇડના ૬ગ્રેન છે તે થોડે થોડે દસથી વીસ અગર ત્રીસગ્રેન સુધી વધારવા. આયોડાઇડ ઓફ પોટાશ્યમ ઘણીજ સારી અસર ઉપદંશ ઉપર કરેછે. તે આપતાં પ્રથમ આરંભની વખતે દરદીને એક બે દિવસ સલેખ્મ થઈ આવેછે પણ તે પાછું જલદી બંધ થઈ જાયછે.

નં. ૧૦. પોટાસ આયોડાઇડ........... ... ...૧૨ ગ્રેન. }
લીકવીડ એકસ્ટ્રાકટઓફ સારસાપરીલા...૨ ડ્રામ. }
પાણી.................... ....૩ આંસ. } ઉપરની દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત આપવી.

નં. ૧૧. પોટાસઆયોડાઇડ..................૧૫ ગ્રેન. કાર્બોલીકગ્લીસરીન.૧૫ટીપાં
લીકવીડએકસ્ટ્રાકટઓફસારસાપરીલા..૨ ડ્રામ. પાણી..............૩ઔંસ
ટારટરેટ ઓફ આયર્ન...............૩૦ગ્રેન.

ઉપરની દવા મિશ્ર કરી ત્રણ વખત પાવી. ઉપદંશના ત્રીજા ધોરણમાં, નબળાઇમાં, મગજ વગેરે અંદરના અવયવના વ્યાધિમાં આ દવા ઉપયોગીછે.

ત્વચા ઉપર ગરમીનાં ચાઠાં વગેરે થઈ આવેછે તેને પારાની ધુરી સારી લાગુ પડે છે. ચાંદાં પડ્યા હોયતો તેને રેડપ્રેસીપીટેટ ઓઇન્ટમેન્ટ લગાડવી. જેને રાતી ભોંય ન આવતી હોય એવાં ચાંદાંને કાસ્ટીક લગાડવો અને પછી એ મલમ અથવા બ્લાકવાશ લગાડવો. ગળાની અંદરના, નાકના,તાળવાના,સ્વરનળીના ચાંદાંનેપણ કાસ્ટીક લગાડવો. મોઢામાં તથા ગળામાં ચાંદાં અને પીટીકા થાયછે તેને નાઇટ્રેટ ઓફ સીલવર એક ઔંસ પાણીમાં વીસગ્રેન મેળવી લગાડવો અથવા લીકર ફેરી એટ ગ્લીસરીન ચોપડવું.

નં. ૧૨. લીકર ફેરી પરકલોરાઇડ... ૩ ડ્રામ. ગ્લીસરીન.............. ૪ ડ્રામ.
ટરપનટાઇન ઓઇલ ...... ૩ ,, કાર્બોલીક આસિડ ...... ૨ ,,

મિશ્ર કરી સુજેલા, વરમવાળા, ચાંદાવાળા ભાગને લગાડવાથી આરામ થાયછે

હાડકાંપર ટેકરા થાયછે તેને શેક કરવો આયોડાઇનલાનીમેન્ટ લગાડવો. રાત્રે ઊંઘ આવવાસારૂ ડોવર્સપાઉડર આપવો. પારાનો લેપ મારવો.

આંખમાં કનીનીકાનો વરમ થયો હોય તો જલદી મોં આણવું. પછી પોટાસ આયોડાઈડ શરૂ કરવો. આંખની અંદર વારંવાર આટ્રોપીનનાં ટીપાં નાખી કીકી મોટી થાય તેમ કરવું. તે સિવાય જરૂર પ્રમાણે જળો લગાડવી, બ્લીસ્તર લગાડવું, ઉંઘ આવવા સારૂ ડોવર્સ પાઉડર અગર કલોરલ હાઇડ્રેટ આપવો. આંખે બેલાડોના એકસ્ટ્રાકટ ચોપડવું. પોશનો શેક કરવો. સાંધા દુખતા હોય ત્યારે રસકપૂર અને આયોડાઇડ ઓફ પોટાસ પીવા આપવાં અને સાંધા ઉપર આયોડીન લગાડવું અથવા પારાનો લેપ મારવો.

ગરમીમાં યોગ્ય પરહેજી રાખવી. ગરમ પદાર્થ, દારૂ, ઘણાં મરચાં, ખાવાં નહીં. શરીરમાં શકિત વધે એવો ખોરાક લેવો, જેમ સારી શક્તિ હોય તેમ ગરમીનો ઉપાડો કમી થાયછે. મોઢું આણવામાં આવે ત્યારે બનતાં સુધી ઘરમાંજ રહેવું. ટાઢો પવન લેવો નહીં. ટાઢે પાણીએ નાવું નહીં. ખટાશ ખાવી નહીં. મીઠાં લીંબુ વગેરે ફળ ખાવાં નહીં. દૂધ, ચોખા, સાકર, ઘઉંનો સાદો ખોરાક લેવો. પારો શરૂ કરતા પહેલાં એક જુલાબ લેવો. પારો આપવો બંધ કરતી વખત પણ તેને એકદમ બંધ કરવો નહીં પણ તેને હળવે હળવે મૂકી દેવો.

દેશી દવાઓમાં ઉપદંશના વ્યાધિ ઉપર પારાની દવાઓમાં હીંગળોક અને રસકપૂર પ્રસિદ્ધછે. તેની બાફ અપાયછે, ચલમમાં પીવાયછે, મલમમાં કામ આવેછે તથા પેટમાં ખાવા અપાયછે. રસકપૂરમાં કેટલોક ભાગ ક્યાલોમેલ તથા કેટલોક "કોરોઝીવસબ્લીમેટનો" હોય છે.

नं. १२. रसकपूर..............१ तोलो. मायफळ ....१ तोला.
मुडदालसींग ....१ ,, त्रीफळानीराख ....२ ,,
काथो ....१ ,, धोयेलुं घी ....१० ,,
शंखजीरू...............१ ,,

आ सर्व दवाओने मिश्र करी चांदी तथा बीजा उपदंशना क्षत उपर लगाडाय छे.

नं. १३ हींगळोक ....१ तोलो. रूमीमस्तकी ....२ तोला.
मोर थुथु..............१ ,, बात्रमी ....२ ,,
राळ ....४ ,, तेल ....८ ,,
गुगळ..................१ ,,

राळने गरम करी तेमां तेल मेळवो बाकीनी चीजो उमेरवी. तथा घुंटवी. चांदी अने क्षत उपर लगाडवाथी फायदो थायछे. बद फूटी होय ते उपर पण लगाडायछे.

त्रीफळानी राख करी तेने घीनी साथे चोपडायछे अथवा तेमां थोडुं मोरथुथु मेळवीने लगाडायछे. वगळ अगर त्रीफळाना पाणीथी क्षतने धोवामां आवेछे. नानां क्षत उपर काथो चोपडवाथी मटी जायछे.

केशरादि गोळीः—रसकपूर, साकर, सुखड, लवींग, जावंत्री, केसर ए सर्वे चीजो सम भाग लेई तेनी मग जेवडी गोळी करी दररोज एकथी त्रण गोळी आपवी. बे त्रण दिवसने अंतरे हीमज फकाववी. आ दवा उपदंश उपर सारो फायदो करे छे.

नं. १४. लवींग..........१ तोलो. अजमो....................४ तोला.
पारो........ .....१ ,, वावडींग ....१ ,,
काळां मरी.........१ ,, जुनो गोळ.................४ ,,
अकल करो........१ ,, भीलामा.................३५ नंग.

प्रथम भीलामा तथा पारो घुंटी एकत्र करवां, त्यारबाद गोळ नाखी फरी घुंटवुं, बीजी दवानुं चूर्ण करी तेनी साथे मेळववुं.पछी दरेक गोळी पा (¼) रूपैया भारनी करवी. दररोज सवारे एक गोळी गळवी. दूध, भात, साकर खावां, आ दवा उपदंश उपर घणी सारी असर करेछे.

नं. १५. मजीठ, हरडां, बेहेडां, आंमळां, लींबडानी छाल, गळो, कडुं, वज, एटली दवानो दरेकनो एक तोलो लेइ तेना बे भाग करवा तेमांना एकनो दररोज उकाळो करी पीवो.

नं. १६. अनंतमूळ, जेठीमध, गळो, सुनामुखी, ए दरेकनो एकेक तोलो लेई उकाळो करी दररोज पीवुं. दस्त विशेष थायतो सुनामखी कमी नांखवी.

बाळउपदंश.

(इन्फन्टाइल सीफीलीस.)

आगळ कह्युं छे के गरमीनो मरज वारसामां मळेछे. आ प्रमाणे केटलां वरस सुधी उपदंश वारसामां उतरवा संभव रहेछे ते नकी कही शकातुं नथी. तोपण पहेलां उपदंश थया पछी वरस छ महिनामां ते प्रमाणे गर्भना उपर तेनी असर थवा

વધારે વકી રહેછે. પછી ગરમી જેમ જુની થાય અને તેનું જોર કમી પડે તથા બીજા ધોરણમાંથી ત્રીજા ધોરણે પહોચે તેમ થોડી વકી રહેછે. તથાપિ એવાં પણ ઉદાહરણ મળી આવશે કે ઘણાં વરસ ગયા છતાં પણ આ પ્રમાણે ગરમી વારસામાં ઉતરેછે બાપને ગરમી હોય તથા માને ગરમી નહી હોય તથાપિ તેના બચ્ચાને થાયછે અને બચ્ચાની મારફત વળી તે ગરમી માને પણ લાગવા સંભવછે. માને ગરમી હોય તેથી બચ્ચાને પણ ઉપદંશ થઈ આવેછે.

બચ્ચું જન્મ્યા પછી માતાને ઉપદંશ થાય તો ધાવવાથી પણ બચ્ચાને ઉપદંશ થાયછે. ઉપદંશ થયેલું બચ્ચું નીરોગી ધાવને ધાવે તો તે ધાવને ઉપદંશ થવા સંભવછે. જેમ મોઢામાં કે સ્તન ઉપર ફાટ હોય તેમ આ રોગ પસરવા વધારે વકી રહેછે.


બાળ ઉપદંશ ત્રણ પ્રકારે પ્રગટ થાયછે.

૧ ગર્ભાવસ્થામાં ઉપદંશ પ્રગટ થાયછે તેથી કેટલીક સ્ત્રીઓને ગર્ભપાત થાયછે.

૨ ગર્ભપાત ન થાય અને બચ્ચું પુર્ણ માસે અવતરે તો જન્મ થતાં બચ્ચાના અંગ ઉપર ઉપદંશનાં ચિન્હ માલમ પડેછે.

૩ બચ્ચું જન્મે તે વખતે તેના શરીર ઉપર કાંઈ ચિન્હ નહી છતાં થોડા અઠવાડીયાં, મહિના અગર વરસ પછી ઉપદંશ પ્રગટ થાયછે. ઉપદંશવાળા માબાપથી થયેલું બચ્ચું જન્મથીજ દુબળું, હાથ પગ ગળી ગયેલ, મૂડદાલ, જેવું હોયછે, ત્વચાની કરચલી પડેલી હોયછે. તેનું નાક સળેખ્મની માફક બોલ્યાં કરેછે અને પછી કુલા ઉપર તથા પગ ઉપર ગરમીનાં લાલ ચાઠાં નીકળેછે. મોઢું આવી જાયછે. હોઠ ઉપર ચાંદાં પડેછે, આવાં બચ્ચાંને દાંત આવેછે, તેમાંના આગળના ઉપલા બેચાર દાંત ચમત્કારીક હોયછે, તે છુટા હોયછે, તેમની વચમાં માર્ગ હોયછે, અને તે જલદી પડી જાયછે. જે કાયમ દાંત આવેછે તે પણ તેવા હોયછે, અને તેમના ઉપર એક ખાડો હોયછે. (આકૃતિ. ૬૧.)

આકૃતિ. ૬૧.



વારસામાં ઉતરેલ ગરમીવાળા દાંત.

આકૃતિ. ૬૨.



તંદુરસ્ત સ્થીતિના દાંત.

ઉપાય:—પારો એ ગરમીના ઉપર એક ચાકસ ઓસડ છે. તે આ વારસાની ગરમી ઉપર તેની અસર થાયછે તે પરથી સાફ માલમ પડેછે. જે ઓરતને ગરમીને લીધે ગર્ભપાત થયાં કરતો હોય તેને પારાથી મોઢું લાવવામાં આવે એટલે ગર્ભને ઉછરવામાં બીલકુલ અડચણ આવતી નથી. વળી જે બચ્ચું જન્મશે તેને પણ ગરમી નહી થાય. જો બચ્ચું જન્મ્યા પછી તેને થોડા દિવસમાં ગરમી દેખાય તો તે બચ્ચાની માને

પારો આપવો અથવા બચ્ચું થોડું મોટું થયું હોય તો તેને પારાનો મલમ લગાડવો એટલે ગરમી મટી જશે. બચ્ચાને ચાક તથા પારો અપાયછે. અગર લીંટ ઉપર પારાનો મલમ ચોપડીને લીંટ બચ્ચાના પગ અથવા પીઠ ઉપર બાંધી રાખવું. તેરીતે ઉપદંશ મટી જાય ત્યાં સુધી કરતા રેહેવું. મલમ માહેલો પારો શરીરમાં જવાથી ઉપદંશ મટેછે.

મોટા આદમીને જેમ પારાના ઔષધથી સહેજ મોઢું આવેછે તેમ બચ્ચાને મોઢું આવતું નથી. આ બીના ધ્યાનમાં રાખવા જોગછે, બચ્ચાને ધવડાવવાને બદલે દૂધ પાઇને ઉછેરવું.

ધૂમટાનો સંકોચ.

(ફાઇમોસીસ.)

ધૂમટાનો સંકોચઃ—શીશ્નના અગ્રભાગમાં જે છુટી ત્વચા છે તેને ધૂમટો કહેછે. તે સ્વભાવિક રીતે ઇંદ્રીના મણિ ઉપર ચઢે ઉતરેછે. મુસલમાન અને યાહુદી લોકોમાં તેને બાલ્યાવસ્થામાંજ કાપી નાખવાનો ચાલ છે. ધૂમટાનો સંકોચ થવાથી તે ફૂલ ઉપર ચઢી શકતો નથી. આ સંકોચ બે પ્રકારે થાયછે. કેટલાકને સ્વભાવિક જન્મથીજ સંકોચ હોયછે, અને કોઇને પાછળથી થાયછે. આ પ્રમાણે સોજો, વરમ, ચાંદી પરમીઆને લીધે સંકોચ થાયછે. સંકોચ થવાથી અંદર પરૂ વગેરે તેમાં ભરાઇ રહેછે, અને તેથી કેટલીવાર તેમાં અર્બુદ પેદા થાયછે. તેનું છિદ્ર કોઇવાર એટલું તો બારીક હોયછે કે પેશાબ પણ ઘણી મુશ્કેલાઇથી થાયછે. તેને લીધે બાળકોને પથરી જેવાં ચિન્હ માલમ પડેછે.

ઇલાજઃ—જ્યારે સોજો અને વરમ હોય ત્યારે ગરમ પાણીનો શેક કરવો. શ્યુગર-લેડનું પાણી મૂકવું. ગ્લીસરીન તથા ગરમ પાણીની પીચકારીથી અંદરનો ભાગ ધોવો. ધૂમટો અડચણ અગર બહુ વેદના કરેછે ત્યારે તેને કાઢી નાખવા જરૂર પડેછે. જ્યારે ત્વચા ટુંકી હોય ત્યારે તેમાં "ડીરેક્ટર" નો પ્રવેશ કરી તે ઉપર ચીરીને મણિ ઉપર વાળી દેવી. તેના ખુણીયા મોટા હોય તે કાપી કાઢવા. જ્યારે ત્વચા લાંબી હોય ત્યારે સુનત કરવી એટલે તેને ચીમટામાં પકડી કાતર અગર નસ્તર વતી કાપી નાંખવી. અંદરનો શ્લેષ્મ પડનો ભાગ ડીરેક્ટર ઉપર કાપી, ઉપર વાળી દઇને ત્વચા સાથે સીવી લેવો અને મલમ પટી લગાડવી. પાણીનું અગર કાર્બોલીક લોશનનું પોતું મુકવું.

ધૂમટાનો ઉર્ધ્વ સંકોચ.

(પારાફાઇમોસીસ.)

સાંકડો ધૂમટો કોઇવાર જોરથી ફુલ ઉપર ચઢાવવામાં આવે તો ફુલ ઉપર તેનો ફાંસો થઇ પડેછે અને ફૂલ તથા ધૂમટો સુજી આવેછે. જો ત્વચાને પાછી ઉતારવામાં ન આવે તો ફાંસાને ઠેકાણે ચાંદુ પડેછે અને બહુ પીડા કરેછે.

ઇલાજઃ—ધૂમટાને નીચે ઉતારવો. તેને તેલ લગાડી, બંને હાથની આંગળીઓ

વચ્ચે તેને પકડીને આગળ તાણવો, અને અંગુઠાના દબાણથી ફૂલને પાછળ હડસેલવું. એ પ્રમાણે કરવાથી ચામડી ન ઉતરેતો ફાંસાને ઠેકાણે છેદ મૂકવો; અને પછી ચામડીને તે રીતે ઉતારવી. ત્વચા ઉતર્યા પછી થંડા પાણી વીગેરેની પટી મૂકવી.

વૃષણની વૃદ્ધિ.

(ટયુમર ઑફ ટેસટીસ.)

વૃષણની વૃદ્ધિ એ જુદા જુદા નીચે લખેલા આઠ પ્રકારની વ્યાધિને લીધે થાયછે. આ વિવિધ પ્રકારની વૃદ્ધિ તેમના દરેકના લક્ષણ ઉપર ધ્યાન આપવાથી ઓળખીશકાયછે.

૧ વૃષણના વરમને લીધે તેનું કદ વધેછે.

૨ પાણી ભરાવાથી વૃદ્ધિ થાયછે તેને "જળ વૃદ્ધિ" અથવા વધરાવળ કહેછે.

૩ લોહીના ભરાવાથી વૃદ્ધિ થાયછે તેને "રક્તજન્ય વૃદ્ધિ" કહેછે.

૪ નસ અથવા શિરાના ફૂલવાથી વૃદ્ધિ થાયછે.

૫ વૃષણમાં ગાંઠ થવાથી તે મોટો થાયછે.

૬ વૃષણમાં અર્બુદ થવાથી તે મોટો થાયછે.

૭ કોથળીની ત્વચા જાડી થવાથી તે વધી પડેછે.

૮ કોથળીમાં સારણ ઉતરવાથી તેમાં વધારો થાયછે.

૧ વૃષણનો વરમ (ઓરકાઈટીસ):—વૃષણના તીક્ષ્ણ અને દીર્ઘ એવા બે પ્રકારના વરમ થાયછે. વરમમાં કોઇવાર વૃષણની ગાંઠ અને કોઇવાર તેના ઉપરની નસ વિશેષ સુજી આવેછે. પણ બેઉનાં કારણ, લક્ષણ, અને ઉપાય ઘણે દરજ્જે સરખા હોયછે.


તીક્ષ્ણ વરમ:—ઈજા, પરમીયો, ગાલપચોળા અને ગરમીને લીધે તીક્ષ્ણ વરમ થાયછે. મૂત્ર માર્ગમાં સળી નાંખવાથી અગર તેનો વરમ થવાથી વૃષણનો વરમ થાયછે.

ચિન્હ:— વૃષણ સુજીને મોટા થાયછે. હાથ લગાડવાથી તેમાં ઘણુંજ દરદ થાયછે, પેડુ અને કમરમાં ખેંચ અને દરદ થાયછે. થોડો તાવ અને તેનાં શારીરિક ચિન્હ થાયછે. ઉલટી અને ઉબકો આવેછે. અંદર જળનો જમાવ થવાથી સોજો વધારે આવેછે.

ઇલાજ:—દરદીને બિછાનામાં રાખવો. કોથળીને તકીયા ઉપર અગર પાટાથી અધર રાખવી. તે ઉપર બેલાડોના લગાડવું, અને ગરમ પાણીનો શેક કરવો, રેચક અને સ્વેદલ દવા આપવી. બહુ સોજો અને પીડા હોય તો જળો મૂકવી અગર કોથળી ઉપરની ફસ ખોલવી. દરદને માટે અફીણાદિ દવા આપવી પડેછે. મીઢળ તથા સુંઠ ઘસીને ચોપડવાથી સોજો ઉતરેછે.

દીર્ઘ વરમ:—આ વરમ તીક્ષ્ણ વરમની પાછળ રહે છે. કેટલીક વાર મળાવરોધ તથા ગરમીને લીધે થાયછે. કરાંજવાથી અને ઇજાથી આવા વરમ થાયછે. વૃષણ સુજીને મોટો થાયછે. તે ચપટો લાગે છે અને તેમાં વેદના તથા દુખાવો તીક્ષ્ણ વરમ કરતાં કમી હોયછે. જ્વરાદી ચિન્હ હોતાં નથી. વરમને લીધે પાણીની ઉત્પત્તિ થઇ હોય તો તેનો ચપટાને બદલે ગોળ આકાર હોયછે.

આકૃતિ ૬૩



વૃષણ વૃદ્ધિ: માટે રાળની પટીના ચાપડા મારવામાં આવ્યાછે.

ઈલાજ:—રેચક ઔષધિ આપવી તથા પારાનો મલમ અગર પ્લાસ્ટર લગાડવું પારાની તથા પોટાસ આયોડાઇડની દવા પીવા આપવી. વૃષણને રાળના લેપના ચાપડા બાંધવાથી તેનો સોજો ઉતરી જાય છે. એ બંધન થોડા દિવસ જારી રાખવું. કોથળીને પટામાં અધર રાખવી. સેલારસ તથા તમાકુનાં પાન બાંધવાથી સોજો કમી થાયછે. કોઇ કોઇવાર શેક કરવો.


રાળના લેપનું વૃષણ ઉપર બંધન કરવા સારૂ અડધો ઈંચ પહોળા એવા લેપના ચીરા કરવા. બાદ વૃષણને પકડી તેની ઉપર રજ્જુની આસપાસ એક વીંટો લેવો અને ત્યાર બાદ ચોતરફ જરા દાબીને બીજા ચાપડા દેવા, અને તે ઉપર દાબીને લંગોટી બીડી રાખવી. (આકૃતિ. ૬૩.) પાંચ સાત દિવસ પછી તે ઉખેડી ફરી બાંધવું. તેથી વૃદ્ધિનું શોષણ થઇ જાય છે,

૨. જળવૃદ્ધિ અથવા વધરાવળ (હાઇડ્રોશીલ):—વૃષણની ગોળીની આસપાસ રસ પડ છે, તેમાં પાણીનો ભરાવો થવાથી તે વૃદ્ધિ પામેછે. ધીમે ધીમે તળીયેથી વધારો થવા માંડેછે, અને તે વધીને નારંગીથી તે મોટા નાળીએર અગર ચીભડા જેવડું થાયછે. તેનો આકાર પેરના જેવા હોયછે. વૃષણની ગોળી વધરાવળના ઉપર અને પાછળના ભાગમાં હોયછે. વેદના અગર વરમ હોતો નથી. સૂવા બેસવાથી તેના કદમાં વધારો ઘટારો થતો નથી, કેટલીકવાર જન્મથીજ અને જન્મ્યા પછી થોડા વખતમાં વધરાવળ થાયછે. ત્યારે તેનો સંબંધ પેટ સાથે હોયછે. તેને દાબવાથી પાણી પેટમાં ચઢી જાયછે, અને દબાણ છોડી દીધેથી ફરીથી તે કોથળીમાં ઉતરેછે. તેને ઠોકવાથી બોદો અવાજ આવેછે, તેમાં પ્રવાહી પ્રત્યાઘાત હોયછે. ત્વચા ગોરી અને પ્રવાહી નિર્મળ હોય તેની પાછળ મૂકેલા દીવાનો પ્રકાશ આરપાર માલમ પડેછે. તેનો બોજો લાગેછે અને પેડુ તથા કમરમાં દરદ થાયછે અને ઉધરસથી તેમાં થડકો લાગતો નથી. કેટલાક પરગણાંઓમાં આ વ્યાધિ વિશેષ જોવામાં આવેછે.

ઈલાજ:—આર અને નળીવાળા હથીઆર વડે ફોડવાથી પાણીનો નીકાલ થાયછે. (આ. ૬૪) પણ તે પાણી પાછું ભરાયછે. બાળકોને થોડા વખત ફોડવાથી કોઈવાર આરામ થાયછે. પણ ઘણું કરી ફોડ્યા પછી દવા અંદર રેડવા સિવાય વધરાવળ સારી થતી નથી. ટિંક્ચર આયોડીનની એક બે દ્રામની પીચકારી પાણી નીકળ્યા પછી નળી વાટે મારવી અને પછી તે નળી કાઢી લેવી. ટિંક્ચર આયોડીન સિવાય પોર્ટવાઇન તથા જસતના ફુલનાં પાણીની

પણ પીચકારી મારવામાં આવેછે. પીચકારીથી અતિશય દરદ થાયછે અને ઘણો સોજો આવેછે. પણ તે શેક કરવાથી થોડા અઠવાડીયામાં ઉતરી જઈ આરામ થાયછે. કવચિત પાણી ફરીથી ભરાયછે. તેમ થાય તો તે ઇલાજ ફરીથી કરવો. બાળકોમાં જ્યારે પ્રવાહી પેટની બખોલ સાથે સંબંધ રાખેછે ત્યારે દવાની પીચકારી મારવી નહીં.

આકૃતિ ૬૪.



જળજન્ય વૃષણ વૃદ્ધિને "આર અને નળી"વાળા હથીઆરથી ફોડવાની તૈયારી.

૩. રક્તજન્ય વૃષણ વૃદ્ધિ (હીમાટોસીલ):—વૃષણના રસ પડમાં લોહી ભરાવાથી તે મોટો થાયછે. આ વૃધિ એકાએક થોડા વખતમાં થાયછે. વૃષણને કાંઈ ઇજા પહોચવાથી થોડા કલાક અગર દિવસમાં તે વધી પડેછે, અને તેનું કદ સુમારે એક નારંગીજેવડું થાયછે. કવચિત કાંઈ ઇજા થયા સિવાય અંદર રક્તસ્રાવ થાયછે અને તેમ થાયછે ત્યારે તેનું પરિણામ સારૂં આવતું નથી. તેમાં થોડી ઘણી વેદના થાયછે. વૃષણ ઉપર દબાણ થાયછે. વધરાવળ કરતાં તે વધારે કઠણ હોયછે, અને તેની આરપાર પ્રકાશ જણાતો નથી. રક્તનું શોષણ થઈ તે નાહાનું થાયછે, અગર તે પાકીને ફૂટેછે; અગર કાયમ રહેછે. સુવા બેસવાથી તેના કદમાં કાંઇ ન્યુનાધિકતા થતી નથી. કમર અને પેડુમાં દુખાવો થાયછે. ઠોકવાથી અવાજ બોદો આવેછે. પ્રવાહી પ્રત્સાઘાત કિંચિત્ અગર બિલકુલ હોતો નથી.

ઇલાજ:—થંડા પાણીના અગર દવાનાં પોતાં મૂકવાથી ફાયદો થાયછે.—દરદીને બિછાનામાં રાખવો. દસ્ત ઉતરે તેવી દવા આપવી, અને કરાંજવાને મના કરવી. રક્તસ્રાવ ઘણો થવાથી પીડા થતી હોય તો આર અને નળી વડે ફોડવું, અને પછી પાટો બાંધવો. ઘણુંકરી રક્ત થીજી જાયછે અને વેદના જારી રહેછે ત્યારે કોથળીને ચીરીને અંદરથી લોહી કાઢી નાખી તેમાં મલમ પટ્ટી ભરીને રૂઝાવવાની જરૂર પડેછે.

૪. શીરાના ફુલાવાથી થતી વૃષણ વૃદ્ધિ (વારીકોસીલ):—વૃષણનું દોરડું હોય છે તેમાં શીરા હોયછે તે ફુલીને તેનાં ગુચડાં થાયછે અને તેથી વૃષણનું કદ મોટુ લાગેછે. તેમ હોયછે ત્યારે વૃષણની ગાંઠ નીચે સ્પષ્ટ લાગેછે અને તેના ઉપર શંકુ આકાર વૃદ્ધિ માલમ પડેછે, તેનું શિખર પેટભણી હોયછે અને તળીયું વૃષણ તરફ હોયછે. થેલીમાં કરમ ભર્યા હોય તે મીસાલે એ લાગેછે. સૂવાથી અને દાબવાથી તેનું કદ કમી થાયછે અને ફરી ભરાયછે. ને લાંબો વખત રહેતો પુરૂષાર્થ કમી થાયછે.

ઈલાજ:—યોગ્ય ચાંપ અને પાટો રાખવાથી આ વ્યાધિમાં વધારો થતો નથી, અને તેથી અડચણ પણ થતી નથી. બહુ અડચણ કરતા થઈ પડે ત્યારે ફુલેલી કૂસમાં સોય નાંખવાથી અગર તેને વાળાથી બાંધવાથી તેનો નાશ થાયછે અને વૃદ્ધિ કમી થાય છે.

૫. **વૃષણની ગ્રંથી:**—(સારકોસીલ) વૃષણની વૃદ્ધિ ગ્રંથીને લીધે બે પ્રકારે થાયછે. ઉપદંશના તથા સ્ક્રોફ્યુલાના વ્યાધિથી તેના કદમાં વધારો થાયછે.

ઉપદંશના વ્યાધિથી વૃષણ વધેછે ત્યારે તેનાં ચિન્હ દીર્ઘ વરમને મળતાં આવેછે. વૃષણની ગાંઠ વધીને કઠણ પથ્થર જેવી લીંબુ જેવડી થાયછે. તેમાં દુખાવો બીલકુલ હોતો નથી. તે આદમીને ઉપદંશ તથા શારીરિક ગરમીની નિશાની હોયછે. ઉપદંશ થયા પછી લાંબે કાળે આ વૃષણ વ્યાધિ થાયછે.

ઈલાજ:—ગરમીને માટે દવા આપતા રહેવું. પારો તથા પોટાસ આયોડાઇડની દવા આપવી તથા રાળના લેપનું બંધન કરવું. જો દરદ થયા પછી થોડા અઠવાડીઆમાં ઇલાજ કરવામાં આવેતો આરામ થાયછે. પણ જો ઘણા મહિના વીતી જાય તો આરામ થવો મુશ્કેલ પડેછે.

સ્ક્રોફ્યુલાના વ્યાધિથી વૃષણની વૃદ્ધિ થાયછે ત્યારે પ્રથમ "ટ્યુબરકલ" વૃષણના ઉપરના ભાગમાં ઉત્પન્ન થાયછે. ટ્યુબરકલને લીધે વિશેષ દરદ થતું નથી. ફક્ત નાની નાની ગાંઠ માત્ર લાગેછે.પણ છેવટ તે પાકેછે અને ફૂટેછે.ત્યારે ઘણો વખત વહ્યા કરેછે. નારાં જારી રહેછે અને ત્વચા ફૂટીને વૃષણ બહાર આવેછે.


ઉપાય:—સ્ક્રોફ્યુલાના ઈલાજ કરવા. તબીયત તથા લોહી સુધરે તેવી કૉડલીવર ઓઇલિ, લોખંડ, આયોડીન આદિ દવા આપવી. પરૂ થાય ત્યારે ફોડવું. મલમ પટી લગાડવી, વૃષણ બહાર આવે તો પાટાથી અંદર દાબી રાખવો. જો વૃષણ છેક ખરાબ થયો હોય તો તેને કાપી કાઢવાની જરૂર પડેછે.

૬. **અર્બુદ થવાથી થતી વૃષણ વૃદ્ધિ:**—વૃષણમાં કોઈવાર અર્બુદ થાયછે, તેથી તેનું કદ વધેછે અને તેમાં દરદ થાયછે. તેનો જલદી વધારો થઇ ચામડીમાંથી ફૂટેછે, અને ગંધાતો લોચો બહાર નીકળેછે. જાંગની રસપિંડ મોટી થાયછે અને અર્બુદનાં શારિરિક ચિન્હ જણાયછે.

ઈલાજ:—છેદન કરવા શિવાય બીજો ઈલાજ નથી. જ્યારે વ્યાધિ માટે વૃષણને કાઢી નાંખવા જરૂર પડે ત્યારે આ રીતે કાઢવો.

વૃષણ છેદન:—વૃષણ રજ્જુના મૂળથી એક ઉભો છેદ મુકવો અને રજ્જુને જુદું પાડી તેને એક મજબૂત દોરો બાંધવો. બાદ નીચેનો ભાગ છેદન કરવો. જખમને શીવી લઈ મલમ પટી ગાદી અને પાટો બાંધવો.

આકૃતી ૯૫.



વૃષણોસહીતની ત્વચાની વૃદ્ધિ.

૭. કોથળી વધવાથી થતી વૃદ્ધિ (એલીફન્ટાયાસીસ):—આ વ્યાધિ વૃષણના વ્યાધિથી સહેલાઇથી ઓળખી શકાયછે, આ વ્યાધિ શ્લીપદની જાતિનો છે. ત્વચા જાડી હાથીના ચામડા જેવી થઇ જાયછે. કેટલેક અંતરે તાવ આવેછે અને તેની સાથે આ કોથળીનો વરમ થઈ તેનો વધારો થતો જાયછે. તે કોઇવાર ઘણીજ વધી જાયછે, તેનું વજન પચાસ સો રતલ સુધી થાયછે, અને ઉભા રહેતાં જમીન ઉપર અડકે એવડું તેનું કદ થાયછે.

ઈલાજઃ—આ વ્યાધિનો ઇલાજ પણ કાપવા સિવાય બીજો નથી. જ્યારે જ્યારે વરમ થાય ત્યારે તાવ માટે સ્વેદલ ઔષધિ આપવી, તથા કોથળી ઉપર એલાડીના લગાડી શેક કરવો.

જ્યારે વૃદ્ધિ પામેલી કોથળીને કાઢવી હોય ત્યારે પ્રથમ શીશ્નને જુદો પાડવો. બાદ કોથળીમાં ઉભા છેદ મૂકી બેઉ વૃષણને જુદા કાઢવા. ત્યારબાદ કોથળીના મૂળ પાસે થોડી ત્વચા મૂકી તેના પરીઘમાં છેદ મૂકી તેને કાઢી નાખવી. બાકી રહેલી ત્વચામાં વૃષણ મૂકી શીવી લેવી. શીશ્નના ઘુમટાની મૃદુત્વચાને તેના મૂળ સાથે શીવી લેવી. બાદ જખમની માવજત કરવી.

૮. કોથળીમાં સારણ ઉતરવાથી થતી વૃષણ વૃદ્ધિઃ—કોથળીમાં સારણ ઉતરેછે ત્યારે તેની વૃદ્ધિ થાયછે. તેનાં ચિન્હ સારણના પ્રકરણમાં વર્ણવ્યાંછે. સારણ ઉપરથી નીચે ઊતરેછે. વૃષણ તેને તળીયે રહેછે. તે ઉપર ચઢેછે અને ઉતરેછે. ઉધરસથી તેમાં ધક્કો લાગેછે. ઠોકવાથી તેનો પોલો અવાજ સંભળાયછે, અને તેમાં પ્રવાહી તથા કઠણ ગાંઠના ચિન્હ હોતાં નથી.

પરમો—પ્રમેહ.

(ગોનોરીયો.)

પરમો અથવા પરમીયો એ સાધારણ માણસ પણ ઓળખી શકેછે. પરમો સ્ત્રીને તેમજ પુરૂષને બેઉને થાયછે. સ્ત્રી કરતાં પુરૂષમાં પરમો વધારે દીઠામાં આવેછે.

કારણઃ—પરમીયો સ્ત્રીગમનમાંથી ઉત્પન્ન થાયછે. વારાંગના અથવા ગુણકાઓ કે જેને ત્યાં ઘણા લોકનો પરિચય હોયછે ત્યાંથી તેની ઉત્પત્તિ વિશેષ થવાનો સંભવ છે.

રજસ્વળાના વખતમાં મૈથુન થવાથી પણ આ રોગ થવાનો સંભવ છે. જે સ્ત્રીને પ્રદર હોય એટલે કોઈપણ પ્રકારની ધાત જતી હોય અગર યોનિ માર્ગમાં અથવા કમળને કાંઈ વ્યાધિ હોય તેની સાથે ગમન કરવાથી પણ એ રોગ થાયછે.

કેટલાક લોક કે જેને આ રોગ થાયછે તે વિષય સંબંધમાં થયેલી ચૂક કબુલ કરતા

નથી, પણ કહેછે કે ગરમ ચીજ ખાવામાં આવ્યાથી અથવાં તડકામાં ચાલવાથી આ રોગ થયોછે, પણ ખરો પરમો આવા કારણથી થાયજ નહીં.

પરમો એ એક મૂત્રમાર્ગનો ખાસ વરમછે, તે ચેપ લાગવાથી થાયછે. પરમાનો ચેપ એક આદમીનો લેઈ બીજાને લગાડવામાં આવે તો તેને પરમો થયા વગર રેહેજ નહીં, એવા તેનો ચેપી ગુણછે. જો બીજા કોઇ સાદા જખમનું પરૂ લઈ લગાડવામાં આવે તો તેવી અસર થશે નહીં. પેહેલાં પરમો ને ચાંદી એ બેને એકજ માનવામાં આવતાં, પણ હાલ તેમ માનવામાં આવતું નથી; અને તે બંને છેક જુદાં દરદછે એમ સીદ્ધ થયુંછે. ચાંદીના ચેપમાંથી ચાંદીજ અને પરમાના ચેપમાંથી પરમોજ પેદા થાયછે. હવે એટલું ધ્યાનમાં રાખવાની જરૂરછે કે પરમા સિવાય બીજાં કારણોથી પણ શીશ્નમાંથી પરૂ જેવા પદાર્થ નીકળેછે. જેમકે હસ્ત ક્રિયાથી પણ આ પ્રમાણે થઇ આવેછે. તેમજ બચ્ચાંનેકરમ અને એવા બીજા કારણથી પણ પરૂ નીકળેછે. ઘણાં મરચાં, મશાલો અને દારૂ વગેરેના ઉપયોગથી પણ આવો મરજ થાયછે, પણ તેને ખરો પરમો સમજવો નહીં.

ચિન્હ:—સ્રીગમન થયા બાદ એકથી તે પાંચ દિવસ સુધીમાં પરમાનાં ચિન્હ પ્રગટ થાય છે. પ્રથમ ઈંદ્રીના પૂર્વ ભાગ ઉપર ખરજ આવે છે, તેનું મોઢું સુજીને લાલ થાય છે અને જરા ખુલું પડે છે, તથા તેને દાબતાં અંદરથી પરનું ટીપું નીકળે છે. ત્યારબાદ પરૂ જાસ્તી નીકળે છે. આ પરૂ પીળા રંગનું તથા જાડું હોયછે, કોઈને પરના થોડા ડાઘ પડે છે અને કોઇને અતિશય પરૂ નીકળે છે અને ધારની માફક ચાલ્યુ જાય છે. પેશાબ ઝીણી ધારમાં થોડો થોડો ઘણી વખત ઉતરે છે અને તે ઉતરતાં ઘણી આગ બળે છે અગર તણખો થાય છે. તે ઉપરથી તણખીયો પરમો કહેવાય છે. તેની સાથે શરીરમાં તાવ પણ આવી જાય છે. ઈંદ્રી ભરેલી તથા કઠણ દોરડા જેવી થઈ જાય છે અને મનને ઘણી બેચેની રેહેછે. કોઇવાર ઈંદ્રીમાંથી લોહી આવે છે. કેટલીકવાર આ દરદમાં રાત્રે ઈંદ્રી જાગૃત થાય છે ત્યારે વાંકી થઇ રહે છે, અને તેથી બે સુમાર પીડા થાયછે. કોઈ વખત વૃષણ એટલે ગોળી સૂજીને મોટી થાયછે અને તેથી પીડા થાય છે. પેશાબ બહાર આવવાનો લાંબો રસ્તો છે. તેના કોઈ પણ ભાગમાં પરમો થાય છે. આગળના ભાગમાંજ દરદ થોડું હોય તો પરૂ આવેછે. જેમ જેમ અંદર પાછળના ભાગમાં દરદ હોય તેમ પરૂ વિશેષ નીકળે છે તથા બેસણીના ભાગમાં ભાર તથા કળતર થાયછે.

શિશ્નની અંદર કોઇવાર ચાંદી પડેછે અને તેમાંથી પરૂ નિકળેછે તેને પરમા તરીકે સમજવું નહી. ચાંદી ઘણુંકરી આગળજ હોયછે અને તે મોઢામાંજ દેખાયછે. અગર જો અંદર છેટી હોય તો તે ઈંદ્રીનો ભાગ કઠણ અને આળો લાગશે.

પરમાનાં આવાં સખત ચિન્હ દસથી પંદર દિવસ રહી નરમ પડેછે. પરૂ કમી થઇ તે પાતળું અને પીળાને બદલે સફેત રંગનું આવશે. બળતરા તથા તણખો કમી થશે અગર છેક બંધ થઈ જશે. બીજા બે ત્રણ અઠવાડીયાંમાં પરૂ છેક બંધ થઈ પરમો મટી જશે. અથવા સફેદ પરૂનો થોડો ભાગ ઘણા મહિના સુધી નીકળ્યાં કરે તો તેને "જુનો પરમો" સમજવો.

જુનો પરમો મટવો ઘણો મુશ્કલ થઈ પડેછે.બેચાર મહીના છેક બંધ થઈ જઈ વળી કાંઈ ગરમ પદાર્થ ખાવામાં આવે કે પાછો તે જણાઇ આવેછે. જુનો પરમો થયો એટલે તે માંહેથી મૂત્રકૃચ્છ એટલે મૂત્રગાંઠ પેદા થાયછે, અને દરદી તથા વૈદને પણ કાયર કરી મૂકેછે. જુના પરમીયામાં ઘણુંકરી મૂત્રકૃચ્છ થયા વગર રહેતો નથી.

પરમાની સાથે કોઈવાર બદ થાયછે. પણ તે ઘણુંકરી પાકતી નથી. પરમીયાને લીધે કોઈવાર ઇંદ્રી ઉપર મસા થાયછે. ઇંદ્રીનો ઘુમટો સૂજી આવેછે અને તેથી બહાર ચાંદાં પડેછે.

જો કે પ્રથમનો પ્રમેહ શરીરના ફક્ત ઇંદ્રીના ભાગનું દરદછે તોપણ શરીરમાં તેનાં બીજાં ચિન્હ ઉત્પન્ન થાયછે. જેમકે શરીર ઉપર ક્વચિત્ ફુટી નીકળે, સાંધા દુખે તથા વાંસામાં વાયુ ભરાય, આંખો દુખે વગેરે શરીરના વ્યાધિ પણ તેને લીધે ઘણીવાર થાયછે.

ચિકિત્સા (ઉપાય):—જ્યારે પરમો શરૂ થાય ત્યારે જો ઘણો સોજો અને અસહ્ય વેદના થતી હોય તો બેસણી ઉપર થોડી જળો મૂકવી. પણ જો તેટલી વેદના નહી હોય તો ગરમ પાણીનો શેક કરવો. ઇંદ્રીને ગરમ પાણીમાં બોળેલા કપડાથી વીંટી લેવી. અગર દરદીને કમર સુધી સહન થાય તેવા ગરમ પાણીમાં દસથી વીસ મિનિટ સુધી બેસાડવો. આ રીતે જરૂર હોય તે પ્રમાણે દિવસમાં એકથી વધારે વાર પણ કરવું. પેશાબ તથા દસ્ત ઉતરે તેવી બીજી ઔષધિઓ આપવી. પેશાબ "અમ્લ" હોયછે તેથી બળે છે; માટે "આલકલી" ક્ષાર જેવા કે સોડા, પોટાસ વગેરે આપવા. પાણી ઘણું પીવું. એક ભાગ દુધ અને એક ભાગ પાણી મિશ્ર કરી તે પીધા કરવું. અળશીની ચા કરી તે પાણી પીવું. જવનું પાણી ઉકાળી તે પીવું અને જોઇએ તો તે પાણીમાં થોડો સોડા નાખવો. સોડા વોટર પીવું. ગોખરૂ, ઇસબગોળ, તકમરીયા અગર બેદાણા, બહુફળી, અને જેઠીમધને પલાળીને તેનું પાણી પીવાથી પણ પેશાબની વેદના કમી થશે. પ્રથમ નીચેની દવા આપવી.

નં. ૧ લાઇકર આમોનીઅસેટેટીસ......૨ ઔંસ.
એસેટેટ ઓફ પોટાસ......... ૬૦ ગ્રેન.
ગુંદરનું પાણી..... .... ૧ ઔંસ.
કપૂરનું પાણી................. ૩ ,,
આ દવાઓને મિશ્ર કરીને તેનાં $\frac{૧}{૪}$ ભાગ દિવસમાં ચાર વખત આપવો.

પ્રથમ દવાનો જે ભાગ આપવો તેની સાથે જુલાબ ઉતરવાસારૂ વિલાયતી મીઠાના ચાર ડ્રામ ઉમેરવા અથવા બીજો કોઈ યોગ્ય લાગે તે, ગુલાબના ફુલનો, સોનામુખીનો, જાલપનો,કે સીડલીઝ પાઉડરનો એક જુલાબ આપવો. ઉપરની દવાથી ફાયદો ન થાયતો—

નં. ૨ લાઇકર પોટાસ.............. ૬૦ ટીપાં...... મુરોખાર......૧ ડ્રામ.
ટિંક્ચર ઓફ હાયોસાઇમ. ૨ ડ્રામ...... ચૂનાનું પાણી. ૪ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી તેનો $\frac{૧}{૪}$ દર દિવસમાં ચાર વખત આપવો,

ન. ૩ ગોખરૂ.........$\frac{૧}{૨}$ તોલો, શેથ ગુંદર.........$\frac{૧}{૨}$ તોલો.
સોડા અગર સોજો પાપડ ખાર................. $\frac{૧}{૨}$,,

ઉપરની દવાને મિશ્ર કરી ૧ શેર પાણીમાં પલાળી તે દિવસમાં ત્રણ વખત પીવું.

નં. ૪ પાષાણભેદ, ધાણા, ધમાસો, ગોખ્ખરુ, ગરમાળાનો ગોળ. દરેકનો ½ તોલો લઇને ૧ શેર પાણીમાં પલાળી દિવસમાં બે ત્રણ વખ્ત થઇને તે પાણી પાઈ દેવું.

નં. ૫. ચોખાનું ધોવણ(પાણી). ૧ શેર. કેસુડાંનાં ફૂલ......... ૧ તોલો.
દ્રાખ................ ૧ તોલો. ત્રીફળા ચૂર્ણ......... ૧ ,,

ઉપરની દવાને ચોખાના ધોવણમાં બેકલાક પલાળી રાખી, ચોળી તેનું પાણી ગાળી લેવું ને તે સાંઝ સવાર પાવું.

નં. ૬. બહુફળી.............. ૩ ડ્રામ. સોડા...............૩૦ ગ્રેન.

ઉપરની બંને દવાને મિશ્ર કરી તેનાં ત્રણ પડીકાં કરી દિવસમાં સવાર, બપોર ને સાંઝ એ પ્રમાણે ત્રણવાર ખાવાં.

ઉપર આપેલી ઇંગ્રેજી અગર દેશી દવાઓ જે બની શકે તથા યોગ્ય લાગે તે થોડા દિવસ આપી જોવી. તેની સાથે સાદો ખોરાક આપવો. દારૂ, મરચાં, મશાલો કાંઈ ખાવું નહી. દૂધ ખાવાને કાંઈજ અડચણ નથી. કેટલાકને એવો વહેમ હોયછે કે દૂધથી રસી થાયછે પણ આ વહેમ ખોટોછે. પરમાનાં સખ્ત ચિન્હ હલકાં પડે ત્યારબાદ નીચે આપેલી દવા અગર પીચકારીનો ઉપયોગ કરવો, ત્યાંસુધી આ દવાઓ વાપરવી નહીં. કેટલાકનો એમ વિચાર હોયછે કે પરમા થયો કે શરૂઆતમાં સખ્ત દવાની પીચકારીમારવી પણ તેમ કરવાથી કદાચ ફાયદો કોઈકજ વખ્ત થશે પણ માઠાં પરિણામ ઘણી વખ્ત જોવામાં આવેછે. માટે એક બે અઠવાડીયાં પછી પરમો હલકો પડે, બળતરા કમી થાય અને રસી થોડી સફેદ તથા પાતળી આવે ત્યારે આ દવાઓ વાપરવી. આ દવાઓમાં મુખ્ય કોપેવા, ચણકબાબ અને સુખડનું તેલ છે.

નં. ૭. બાલસામ ઓફ કોપેવા......૪૫ ટીપાં. લાઇકર પોટાસ.........૪૫ ટીપાં.
ટિંકચર હાયોસાયમ ......૬૦ ,, ગુંદરનું પાણી........... ૧ ઓંસ.
પાણી .... ૩ ઓંસ.

ઉપરની દવાને મિશ્ર કરી તેનો ⅓ ભાગ દર દિવસમાં ત્રણવાર આપવો.

આ દવા થોડા દિવસ આપવાથી રસી બંધ થઈ જશે અને જો ન થાયતો—

નં. ૮. ચણકબાબની ભૂકી...½ થી ½ તોલો. કોપેવા બાલસામ...૪૦ થી ૬૦ ટીપાં.

આ બેઉ દવાને એકત્ર કરી તેના બે ભાગ કરવા. એકેક સવારે તથા સાંઝરે ઘી, સાકર અથવા મધની સાથે ચાટી જવો.

એકલા ચણકબાબની ભૂકી બબે આની ભાર દિવસમાં ત્રણ વખત ઘી સાકર સાથે ખાવાથી પણ ફાયદો થશે. તે શિવાય ચોખ્ખું સુખડનું તેલ એ પણ પરમા ઉપર ઘણી સારી અસર કરેછે અને અંગ્રેજી કોપેવા બાલસમની બરોબર ગણાયછે.

નં. ૯. સુખડનું તેલ............૪૦ ટીપાં. સોનાગેરૂ............ .. ½ તોલો.
ચણકબાબની ભૂકી...... ½ તોલો.

ઉપરની દવાને મિશ્ર કરી બે ભાગ કરવા અને સવારે સાંઝે એકેક ભાગ મધમાં ચાટી જવો. ચંદનના તેલનાં દસથી વીસ ટીપાં સાકરમાં અગર પતાસામાં નાંખી તે સાંઝ

સવારે દિવસમાં બે વખત લેવાથી સારી અસર કરેછે.

જ્યારે ઉપરની દવાઓ આપવામાં આવે છે ત્યારે તેની સાથે ઇંદ્રીની અંદર પીચકારી મારવાનો ક્રમ ચલવવાથી વિશેષ ફાયદો થશે. પીચકારી કાચની હોવી જોઇએ. તે દવાથી ભરી તેનું મોઢું ઇંદ્રીમાં ઘાલી તેને એક હાથ વતે દબાવી બીજા હાથથી પીચકારી દાબવી. પીચકારી ખાલી થાય એટલે તેને કાઢવી અને દવાને થોડી વાર અંદર દાબી રાખી પછી દવા નીકળી જવા દેવી. પીચકારીના સાધનથી ઉપયોગમાં લેવાની દવા નીચે મુજબછે. તેનું પ્રમાણ એક ઔંસ પાણીનું આપેલુંછે. દિવસમાં એકથી બે વખત પીચકારી મારવી.

નં. ૧૦.	લેડવાટર	૩૦ થી ૪૦ ટીપાં........	પાણી ઔંસ ૧ માં.
	સ્યુગર લેડ....	૧ થી ૪ ગ્રેન......	,, ,, ,,
	જસતનાં ફૂલ......	૧ ,, ૪ ગ્રેન......	,, ,, ,,
	ફટકડી......	૧ ,, ૩ ,, ...	,, ,, ,,
	ચોખ્ખો મોરથુથુ......	૧ ,, ૩ ,, ...	,, ,, ,,
	નાઇટ્રેટ ઓફ સીલવર.	$\frac{1}{2}$ થી ૨ ,, ...	,, ,, ,,

ઉપર લખેલી દવાઓ તેના ગુણના અનુક્રમ પ્રમાણે આપીછે. ઉપર લખીછે. તેને પહેલાં અજમાવી જોવી અને તે પછી એકેકનો અનુભવ લેવો, પહેલાં દરેક દવાનું થાડું પ્રમાણ લેવું અને પછી તેને વધારવું. એક દવા ચાર પાંચ દિવસ વાપરી તેનાથી ફાયદો ન જણાય તો બીજીનો ઉપયોગ કરવો. જો પીચકારી મારતાં બહુ બળેતો તેની દવાનું પ્રમાણ કમી કરવું. પાણીને બદલે ગુલાબ જળ પણ ચાલશે. જુના પરમાને આ પીચકારીની દવાઓ વધારે જરૂરની થઈ પડેછે. માટીકો નામની દવા થાયછે તેખાવાથી તેમજ તેની પીચકારી લેવાથી પરમીયાને ફાયદાકારક થઇ પડેછે. જ્યારે પરમાની અંદર ઘણી બળતરા થાયછે અને ઇંદ્રી જાગૃત થઈ અતિશય પીડા થાયછે ત્યારે નીચેની ગોળીયો આપવી.

નં. ૧૧.	કપૂર..........................	૬ ગ્રેન.
	અફીણ........................	૧ ,,
	એકસ્ટ્રાકટ ઓફ બેલાડોના......	$\frac{1}{2}$,,

ઉપરની દવાને મિશ્ર કરીને તેની બે ગોળીયો કરવી અને તે સવારે અને સાંઝરે એકેક આપવી અથવા સૂતી વખત આપવી. બેલાડોના નહીં હોય તો કપૂર અને અફીણની ગોળી બનાવી સૂતી વખતે આપવી.

સ્ત્રી ગમન થઇ રહ્યા બાદ તુરત પેશાબ કરી ઇંદ્રી સાફ ધોવાથી પરમીયો થવા થોડો સંભવ રહેછે. જુના પરમા સારૂ મણ પરેજીની જરૂરછે. જ્યાંસુધી રસી નીકળે ત્યાંસુધી પરમાનો ચેપ બીજાને લાગવાનો સંભવ રહે છે. તોપણ જેમ વધારે જુનો પરમો થાય તેમ તેના ચેપનો ભય કમી સમજવો. જેમ શરીરમાં કોઇ કારણથી નબળાઈ હોય તેમ પરમો વધારે વખત ટકી રહેછે. તે માટે નીચેની દવા આપવી.

નં. ૧૨ ટિંકચર ઓફ સ્ટીલ......૨૦ ટીપાં. ટરપનટાઇન તેલ૧૦ ટીપાં.
ટિંકચર ઓફ કન્થારીડીસ. ૫ ,, પાણી... ... ૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી દિવસમાં ત્રણ વખત પાવું.

જ્યારે પરમાને લીધે સાંધા વગેરે દુખેછે ત્યારે આયોડાઇડ ઓફ પોટાશ્યમ આપવું. આંખ દુખવા આવે અગર ગોળી સૂજી આવે તો તેના યોગ્ય ઈલાજ કરવા.

સ્ત્રીને જ્યારે પરમો થાયછે ત્યારે તેને પ્રદરમાંથી ઓળખવા જોઈએ. પરમો પ્રથમ તેને યોનિમાં થાયછે અને પછી વધી પડે તો મૂત્ર માર્ગ સુધી પહોંચે છે. માટે જેમ પુરૂષને પ્રથમથી સખ્ત ચિન્હ હોયછે તેવાં સ્ત્રીને હોતાં નથી. તેમની દવામાં કોપેવા વગેરેની વધારે જરૂર રહેતી નથી. તેમને પીચકારીની દવા વધારે લાગુ પડેછે.

મૂત્ર ગાંઠ—મૂત્ર માર્ગ સંકોચ.

(સ્ટ્રીકચર ઓફ યુરેથ્રા).

પેશાબ બહાર નીકળવાનો જે રસ્તો છે તેનો કોઈ પણ ભાગ સંકોચ થાય તેને મૂતરગાંઠ અને સંસ્કૃતમાં **મૂત્રકૃચ્છ** કહેછે. મૂત્રગાંઠના ત્રણ પ્રકાર છે. એકતો તે રસ્તાની સ્નાયુ સંકોચાવાથી રસ્તો સાંકડો થઇ જાયછે તેને **સ્નાયુ જન્ય સંકોચ** કહેછે. બીજો તે રસ્તાનું રસપડ સુજી આવવાથી પણ તેનો માર્ગ સાંકડો થઈ જાયછે તેને **રક્ત સંચય જન્ય સંકોચ** કહેછે. ત્રીજો જો મૂત્ર માર્ગનો ઘણાં દિવસ,પરમ થયો હોય તો તેને લીધે અગર તેનો જખમ થયો હોય અને તે રૂઝાય ત્યારે તેનો રસ્તો સાંકડો થઈ જાયછે. તેને **"રચના વિકારી સંકોચ"** કહેછે.

૧. સ્નાયુ જન્ય સંકોચ (સ્પાઝ મૉડીક સ્ટ્રીકચર):—સ્નાયુ સંકોચાવાથી પેશાબનો રસ્તો બંધ થઇ શકે તે સહેજ સમજાશે. જેમકે મોઢું મળદ્વાર વગેરે સ્નાયુના જોરથી બંધ થાયછે તેમ મૂત્ર માર્ગના સ્નાયુથી તેનો માર્ગ બંધ થાયછે. જડબાં બેસી જાયછે તે પણ જડબાંની સ્નાયુ સંકોચાવાથી બેસી જાયછે. તેજ પ્રમાણે કાંઇ કારણસર મૂત્ર માર્ગની સ્નાયુ સંકોચાય તો તેથી મૂત્ર નીકળવામાં હરકત આવેછે. ઘણું કરીને બીજા અને ત્રીજા પ્રકારની મૂત્ર ગાંઠની સાથે આવો બનાવ બનેછે.

કારણ:—ઘણો દારૂ પીવાથી,તેમજ મરચાં વગેરે ગરમ પદાર્થ ઘણા વાપરવાથી, તેમજ શરદી અને ઠંડી તથા ઘણી મીઠાસ ખાવાથી અને ગરમીમાં ફરવાથી આ પ્રમાણે મૂત્ર માર્ગ બંધ થઇ જાયછે.

૨. રક્ત સંચય જન્ય સંકોચ (કંજેસ્ટીવ સ્ટ્રીકચર):—પરમામાં અને જુના પરમામાં અગર બીજા કારણથી જ્યારે મૂત્ર માર્ગનું રસપડ સૂજી આવે ત્યારે તે રસ્તો સાંકડો થઇ જાયછે.તે માર્ગની આસપાસ કાંઇ ગડ થવાથી અગર હરસના દરદથી આ પ્રમાણે થઇ આવેછે. મૂત્રગાંઠમાં મૂત્ર માર્ગ થોડો ઘણો સાંકડો થાય તો તેથી પેસાબની ધાર ઝીણી આવેછે. અગર વધારે સાંકડો થાય તો તેથી પેસાબ ઘણું જોર કરી ટીપે ટીપે ઉ-

તરે છે, અથવા તે માર્ગ છેક બંધ થઈ જાય તો દરદીના જોર કરવા છતાં પણ બીલકુલ પેશાબ ઉતરતો નથી.

ઉપાય :—આ બે અગર એક પ્રકારે જ્યારે મૂત્રાવરોધ થાય ત્યારે દરદીને ગરમ પદાર્થ, ખાટા અને તીખા પદાર્થથી વેગળો રાખવો. પેડુ ઉપર ગરમ પાણીમાં ખસખસનાં ડોડવાં ઉકાળીને શેક કરવો તથા ડોવર્સ પાઉડર દસ ગ્રેન પાણીમાં આપવો. લાઉનમના સાઠ ટીપાંની ચોખાના લોટ સાથે એક ગોળી બનાવી સફરામાં મૂકવી. આ ઉપાયથી પેશાબ નહી છૂટે તો દરદીને સહન થઇ શકે એવા ગરમ પાણીમાં અડધો કલાક કમ્મર સુધી બેસાડવો એટલે પેશાબ ઉતરશે. તેની સાથે સોડા કાર્બોનેટ ઓફ પોટાસ, સુરોખાર, જવનું પાણી વગેરે પીવા આપવાં. આવા ઉપાયથી પણ પેશાબ ન ઉતરે તો પછી સળી નાંખીને પેશાબ કાઢવો.

મુત્ર-શલાકા-નળીકા-સળી (કયાથેટર):—મૂત્રમાર્ગમાં નાખવાની સળી ચાર પ્રકારન થાયછે. લોખંડની, રૂપાની, મીણની, અને એક પ્રકારના ગુંદરની. આ ચાર જાતની સળીઓ જુદા જુદા હેતુ ઉપર વપરાયછે. તે માંહે રૂપાની તથા ગુંદરની સળીઓ પોલી હોય છે તથા તેમાં એક રૂપાનો વાળો હોય છે. તે પેશાબ કાઢવાના કામમાં આવે છે. લોખંડની તથા મીણની સળીઓ નક્કર હોય છે. લોખંડની સળીયો ઘણું કરી પથરીના દરદમાં કામ લાગેછે તથા મીણની સળીયો ફક્ત મૂત્રમાર્ગને પહોળો કરવામાં કામ લાગે છે. રૂપાની તેમજ ગુંદરની સળીયો પણ મૂત્ર ગાંઠ ઉપર ઉપયોગી થઈ પડે છે. જેમ મૂત્ર માર્ગ વાંકોછે તેમ તેને અનુસરીને આ સર્વ પ્રકારની સળીયોનો છેડો પણ વાંકો કરવામાં આવેછે. વળી સર્વ જાતીની સળીયો એકથી તે બાર નંબર સુધી જાડી પાતળી હોય છે. નંબર એકની સળી હોય તે ઘણી પાતળી અને તેથી અનુક્રમે વધતી જાડી બાર અગર વધારે નંબર સુધી જાડી સળીયો કરવામાં આવેછે.

સાધારણ સળી નાખ્વાની રીત એવીછે કે દરદીને યોગ્ય સ્થળે સુવાડી, તેના ઘુંટણ વાળી, ઉભા રખાવવા અને પેટ ઢીલુ રાખવા કહેવું. દાકતરે દરદીની ડાબી બાજુ ઉભા રહી સળીને તેલમાં બોળી, ડાબા હાથમાં શીશ્ન લઈ, જમણા હાથમાં સળી તેના ડાબા પડખાપર રાખી, તેને મુત્રમાર્ગના છીદ્રમાં દાખલ કરવી. જેમ સળી અંદર ઊતરતી જાય તેમ જમણા હાથને દરદીના પેટ ઉપર મધ્ય ભાગ સુધી લઇ જઈ તે હાથ આસ્તે આસ્તે ઉપાડવો એટલે સળી ઉભી થતી આવશે અને અંદર પેસતી જશે. જ્યારે મૂત્રમાર્ગ મોકળો હશે ત્યારે અડચણ શિવાય સળી અંદર ઉતરશે. કદી પણ સળી નાખતાં જોર કરવું નહી. કારણ કે જોર કરતાં વખતે મૂત્રમાર્ગ ફાટી જાય તો માઠું પરિણામ નીપજેછે.

૩. ત્રીજા પ્રકારની મૂત્ર ગાંઠછે તે આગળ કહેલા બેઉ પ્રકારની ગાંઠ કરતાં વિશેષ મહત્વનીછે, કારણ તે વિશેષ જોવામાં આવેછે એટલુંજ નહી પણ તેનો ઉપાય કરવો ઘણો વિકટ છે. બેસણીની જગો ઉપર લાત અગર કાંઈ ઘા લાગવાથી મૂત્રમાર્ગને કાંઈ ઇજા થાય તો તેમાંથી તે રસ્તો સાંકડો થઈ જાયછે. પણ આ મૂત્રમાર્ગ સંકોચનું મુખ્ય કારણ તો પરમો છે. વારંવાર પરમો થાય અગર જુનો પરમો ઘણી વખત ટકી રહે તો તેનું પરિ-

ણામ મૂત્ર ગાંઠ થયા વગર રહેજ નહી. ઘણાં વરસ પરમો રહે તો એમ નકી સમજવું કે મૂત્રમાર્ગ સંકોચ છેજ. કદાચ તે દરદીના સમજવામાં નહીં આવે. કેમકે જો મૂત્રમાર્ગ થોડો રૂંધાયો હોય અને પેશાબ જો કે ઝીણી ધારમાં પણ સાફ ઊતરતો હોય તો દરદીને તેની દરકાર થોડી રહેછે. જેમ એકાદ શરીરનો ભાગ બળી જાય અને તેની નવી જમીન આવે તેમાં સંકોચાવાનો ગુણ છે તેમ પરમાને લીધે મૂત્રમાર્ગમાં ઘણો વખત વરમ રહેવાથી તે વરમની આસપાસ લસનો શ્રાવ થાયછે. તે સંકોચાય છે અને તેથી તે ઠેકાણે મૂત્રમાર્ગ સાંકડો થઈ જાયછે. મૂત્રમાર્ગની જેટલી લંબાઇછે તેમાં પ્રોસ્ટેટ વાળો ભાગ છોડી બીજા કોઇ પણ ભાગમાં આ પ્રમાણે મૂત્રગાંઠ બંધાયછે. ઘણું કરી તેના મધ્ય પડવાળા ભાગમાં સંકોચ થાયછે. કોઈ વખત ઇંદ્રીનું મોઢું સાંકડું સોયના નાકા જેવું થઈ જાય છે. કોઇવાર એક કરતાં વધારે ઠેકાણે આ રીતે રસ્તો સાંકડો થઈ જાય છે. કોઇવાર આવા સંકોચને લીધે મૂત્રમાર્ગ વાંકો ચુંકો અને આડો અવળો થઈ જાયછે અને તેવા આકારની પેશાબની ધાર છુટેછે. આવી મૂત્રગાંઠ ઘણું કરીને તરૂણ અવસ્થામાં થાયછે.

ચિન્હઃ—જેમ મૂત્રગાંઠ વધારે સાંકડી તથા ઘણી મુદતની હોય તેમ તેનાં ચિન્હ વધારે નજરે આવેછે. જ્યાં સુધી પેશાબ છેક બંધ નહીં થાય ત્યાં સુધી દરદી પણ બીજાની સલાહ પૂછતો નથી. પ્રથમ પેશાબની ધાર ઝીણી થવા માંડેછે તથા ધાર છૂટવા પહેલાં થોડું જોર કરવું પડેછે. પેશાબ ઘણી વખત કરવા પડેછે અને રાતમાં પણ તે માટે ઉઠવું પડેછે. પેશાબ કરી રહ્યા પછી પણ થોડો પેશાબ બાકી રહી જાયછે અને તેથી પૂરો સંતોષ થતો નથી. પેશાબની ધાર પણ મૂત્રગાંઠના આકાર પ્રમાણે ઝીણી વાંકી ચુંકી હોયછે. રફતે રફતે પેશાબ કરતાં ઘણુંજ કરાંજવું પડેછે. તે શિવાય એકાદ વખત પેશાબ છેક બંધ થઈ જાયછે અને દરદી આફતમાં આવી પડેછે ટાઢ વાયછે, તથા તણખા મારેછે. મૂત્રગાંઠનાં ચિન્હ આસ્તે આસ્તે થતાં આવેછે.તેમની સાથે ઘણીવાર જુનો પરમો તો હોયછેજ. જેમ પેશાબ ખુલાસેથી ઉતરવામાં હરકત આવેછે તેમ મૂત્રગાંઠની પછવાડેનો મૂત્રમાર્ગ પહોળો થઈ જાયછે અને છેવટ મૂત્રાશય તથા મૂત્રપિંડને પણ તેથી વ્યાધિ થાયછે. મૂત્રાશય તથા મૂત્રપિંડને પણ દીર્ઘ વરમ થાયછે, પેશાબમાં રસી ભ્રમ જાયછે અને દિવસે દિવસે દરદી લેવાતો જાયછે.

મૂત્રગાંઠની ખાત્રી થવા સારૂ સળીથી તપાસ કરવો. મૂત્રગાંઠછે કે નહી અને છેતો તે મૂત્રમાર્ગના કયા ભાગમાંછે તથા કેટલી સંકુચીતછે તેનો ખુલાસો કરવો. ૮ થી ૧૦ નંબર વાળી સળી નાખીને જોતાં માલમ પડશે કે તેનો કાંઇ ભાગ અંદર ગયા પછી મૂત્રગાંઠને ઠેકાણે અટકશે અને તેથી ઊંડો ઉતરી નહી શકે. આ પ્રમાણે મૂત્રગાંઠની ખાત્રી થયાબાદ તે કેવી સાંકડીછે. તે જોવા સારૂ કમી નંબરની સળી નાખવી તથા કયા નંબર વાળી સળી તેની અંદર જઈ શકેછે તે ઉપરથી તેના સંકુચિતપણાનો કયાસ થઇ શકશે.

ઉપાયઃ—આ મૂત્રગાંઠની સાથે થોડો સોજો તથા સ્નાયુના સંકોચાવાથી મૂત્રમાર્ગ ઘણોજ સાંકડો થઈ જાયછે અને પેશાબ બંધ પડેછે. માટે દારૂ મરચાં વગેરેની પરહેજી રાખવી. પેશાબને ઘણો વખત રોકવો નહી. સોડા અથવા પોટાસનાં પાણી પીવાં, પરમો

હોય તો કોપેવા લેવું. આ ઉપાય શિવાય મૂત્રગાંઠ દુર કરવાના ઇલાજ કામે લગાડવા, તેને **યાંત્રીક સંકોચપ્રસારણ** કહેછે. સળીના સાધનવડે મૂત્રગાંઠને પહોળી કરવી. એક-થી ત્રણ દિવસને અંતરે જે સળી મુસ્કેલાઇથી તે માર્ગમાં જઈ શકે તેને યુકિતથી અંદર નાખીને બે કલાક રહેવા દઇને પછી કાઢી લેવી. કોઇ વખત રસ્તો ઘણોજ સાંકડો હોય તો નંબર ૧ ની અગર તેથી પણ પાતળી સળી મુસ્કેલાઇથી જાયછે. આસ્તે આસ્તે એકેક બબે નંબર વધતા જવું, તેમ રસ્તો પહોળો થતો આવશે. બનતાં સુધી લેખંડ અગર રૂપાની સળી નાખવી પણ જો મૂત્રમાર્ગ વાંકોચુંકો અગર ગુંચવણવાળો થઇ ગયો હશે તો આ ધાતુની સળી જઇ શકશે નહી. ત્યારે ગુંદરની અને મીણની સળીયો ઉપયોગી થઇ પડેછે. જે દિવસ સળી નાખવામાં આવે તે દિવસ દરદીયે બહાર જવું નહી તથા પેડુ ઉપર શેક કરવો.

જો કે મૂત્ર ગાંઠમાં સળી દાખલ કરતાં જરાતરા જોર આપ્યા વગર ચાલતું નથી તથાપિ આ જોર કરવામાં દાકટરે ઘણીજ હુશીયારી અને સાવચેતી રાખવી જોઇએ,નહી તો મૂત્ર માર્ગ કોઇવાર ફાટી જશે. સળી નાંખતાં તેની અણી હમેશાં મૂત્ર માર્ગના ઉ-પલા ભાગના સંબંધમાં રાખવી. આ પ્રમાણે મૂત્ર ગાંઠ ઘણાકને મટી જશે, અને કેટ-લાકને ઘણો ફાયદો થશે. જાડામાં જાડી ૧૨ નંબરની સળી નાખવી. પછી સળી નાખવા-નો અંતર જાસ્તી કરવો એટલે એક બે અઠવાડીઆમાં એક વખત નાંખવી. દરદીને પો-તાને સળી નાખતાં શિખવવાથી કેટલીક અડચણો દુર થશે.

મૂત્રશલાકા નાખતાં દરદીને થોડું દુખશે તથા બળતરા થશે. કોઇવાર તેથી લોહી ની-કળશે, પણ તે ઠંડું પાણી લગાડવાથી બંધ થશે. કોઈવાર દરદીને ટાઢીયા તાવની માફક ધ્રુજારો છુટશે તથા તાવ પણ આવશે. તેને માટે લાડેનમનાં વીસ ટીપાં આપવાં. કોઈ વાર દરદી બેહોશ થઇ જાયછે. કોઇવાર વૃષણ સૂજી આવેછે. મૂત્ર માર્ગમાં સોજો આવી અંદરથી રસી આવેછે અને કોઇ વખત મૂત્ર માર્ગ ફાટીને જુદો બીજો રસ્તો પડેછે.

આ રીતે મૂત્રગાંઠ સળીથી આસ્તે આસ્તે પહોળી નહી થાયતો તેને ચીરવાના તથા કાપવાના બીજા ઉપાયછે, પણ તે જોખમ ભરેલાછે. યોગ્ય પ્રયત્ન કરવાથી સળી દાખલ-થયા વિના રહેશે નહી. જો સળી નહી જઈ શકે તો દરદીને ક્લોરોફોર્મ સુંઘાડવો, અને પછી સળી નાંખવાનો પ્રયત્ન કરવો, તો ગમે તેવી સાંકડી મૂત્ર ગાંઠ હશે તથાપિ તેમાં સળી ગયા વગર રહેશે નહી. કદાચ એક બે પ્રયત્ન નિષ્ફળ જાયતો એક બે દિવસને અંતરે ફરી પ્રયત્ન કરવાથી ફતેહ મળશે.

મૂત્રાવરોધ.

(રીટેન્શન આફ યુરીન).

જ્યારે પેશાબ ઊતરી ન શકે ત્યારે તેને **મૂત્રાવરોધ** કહેછે. પેશાબ પેદા થાય છે

અને મૂત્રાશયમાં ભરાઇ રહેછે પણ તે બહાર આવી શકતો નથી. કોઇવાર મૂત્રપિંડના વ્યાધિને લીધે પેશાબ ઉત્પન્ન થતોજ નથી. આ વ્યાધિને **નષ્ટમૂત્ર** કહેછે. તેને જુદો ઓળખવો એ જરૂરનોછે. કોગળીયાના મરજમાં ઘણું કરી આ પ્રમાણે પેશાબની ઉત્પત્તિ બંધ પડે છે.

મૂત્રાવરોધ નીચે જણેલાં મોટાં બે કારણોથી થાયછે. એક પેશાબને બહાર કાઢવાની શક્તિ બંધ થાયછે અને બીજુ પેશાબ થવાના રસ્તામાં કાંઈ પ્રતિબંધ રહેછે.

૧. જ્યારે મૂત્રાશય ચૈતન્ય રહીત થાયછે ત્યારે પેશાબ બહાર નીકળી શકતો નથી. ઉરસ્તંભ એટલે શરીરનો નીચેનો અર્ધો ભાગ જડ થઈ જાયછે ત્યારે મૂત્રાશયની શક્તિનો પણ નાશ થાયછે. પીઠ ઉપર પડી જવાથી અગર માર પડવાથી આ રીતે ઉરસ્તંભ થાયછે. જ્યારે આ પ્રમાણે પેશાબ બંધ પડેછે ત્યારે દરદીને બહુ અકળામણ અગર દરદ થતું નથી. પેશાબથી પેઢુ ઉપસી આવેછે અને તેથી પણ વિશેષ પેશાબ ભરાય ત્યારે ટીપે ટીપે વહેછે. થોડા વખતમાં પેશાબ બહુ વાસ મારે છે, તેમાં શ્લેષ્માદિ ભાગનો સફેદ ચીકણો રગડો આવેછે.

આ બાબતમાં ઉપાય એટલોજ છે કે દિવસમાં બે ત્રણ વખત મૂત્રશળીથી પેશાબ કાઢી લેવો અને ગરમ પાણીથી મૂત્રાશય શળીવાટે પીચકરી મારી ધોવું. જે કારણથી શરીર ચૈતન્ય રહીત થયું હોય તેનો ઈલાયદો ઇલાજ કરવો.

૨ મૂત્ર માર્ગના પ્રતિબંધને લીધે આવરોધ હોય ત્યારે મૂત્રાશય ભરાઇને પેઢુ ઉપસી આવેછે. તેના ઉપર ટકોરો મારતાં અવાજ બોદો આવશે અને પ્રવાહી પ્રત્યાઘાત માલમ પડેછે. દરદીને ઘણીજ વ્યાકુળતા અને બેચેની રહેછે. પેશાબની બહુ હાજત રહેછે પણ તે ઉતરતો નથી. મૂત્રાશય ભરાયા પછી મૂત્રનળ ભરાઇને મૂત્રપિંડનો વરમ થઈ આવેછે, તેમાં પરૂ થાયછે અને મૂત્રનાં ઝેરથી મૃત્યુ થાયછે. પણ ઘણી વખત એવું બનેછે કે મૂત્રાશય ભરાયા પછી જોર કરવાથી મૂત્ર માર્ગ ફૂટેછે અને મૂત્રનો અંતર્યામ આવ થાયછે, તેને લીધે પણ માઠા પરિણામ નીપજેછે.

મૂત્રનું પ્રતિબંધ કારણ ઘણું કરી મૂત્રગાંઠ હોયછે. કેટલીકવાર પથરી આડી આવવાથી અને કોઇવાર પ્રોસ્ટેટની વૃદ્ધિને લીધે મૂત્રાવરોધ થાય છે.

ઉપાય:—આવા દરેક કારણને માટે તેનો યોગ્ય ઇલાજ કરવો. શેક કરવો, ગરમ પાણીમાં બેસારવું. અફીણની દવા આપવી તથા ગુદામાં સોગઠી પહેરવી, અંગર મૂત્રશળી નાંખવી. કદાચ પેશાબ ન ઉતરે અને મૂત્રશળી દાખલ ન થઇ શકે તથા મૂત્રાવરોધ વધારે વખત રહેવાથી મૂત્રમાર્ગ ફૂટવાની દેહેશત રહેતી હોય તો મૂત્ર બીજે રસ્તે કાઢી લેવા જરૂર પડેછે. પેઢુ ઉપર મધ્ય રેષામાં આર અને નળી મૂકી અગર "આસપીરેટર" ના સાધનથી પેશાબ કાઢી શકાયછે. ગુદામાં "પ્રોસ્ટેટ" ની ઉપર આર નળી મૂકીને પણ પેશાબ કઢાયછે અથવા બેસણીમાંથી માર્ગ કરવો પડેછે.

મૂત્રનો અંતર્યામ શ્રાવ.

(એક્ષ્ટ્રાવસેશન આફ યુરીન)

મૂત્રાશય અગરે મૂત્રમાર્ગ ફૂટવાથી અંદરના ભાગોમાં મૂત્રનો શ્રાવ થાયછે. મૂત્રાવરોધમાં મૂત્રનો અતિશય ભરાવો થવાથી તેમજ ચોટ લાગવાથી અને જખ્મ થવાથી તે ફુટેછે. જ્યારે મૂત્રાશય ફુટે અગર બેસણીના ત્રીકોણાકાર બંધનની પાછળ મુત્રમાર્ગ ફુટે ત્યારે મૂત્ર અંદર પેટના અને પેડુના ભાગમાં ફેલાયછે. તેની નિશાની બહાર માલમ પડતી નથી. પણ જ્યારે સદહું બંધનના અગ્ર ભાગમાં મૂત્રમાર્ગ ફૂટે છે ત્યારે તેની ચોકસ નિશાની બહાર માલમ પડેછે. મૂત્રશ્રાવને લીધે શારીરીક અને સ્થાનીક ચિન્હ હોયછે.

શારીરીક ચિન્હઃ—આ ચિન્હમાં અશકતાઇનો જ્વર આવેછે. નાડી નબળી, નાની અને તીવ્ર ચાલેછે. જીભ સુકી અને કાળી પડી જાયછે, મંદ જ્વર ભ્રમ થાયછે અને ઘણી વખત જાનને નુકશાન પહોંચેછે. પેટ અગર પેડુમાં પેશાબ ફેલાય તો પછી બચવાની આશા ઘણી થોડી રાખવી.

સ્થાનીક ચિન્હઃ—જ્યારે મૂત્રાવરોધ પછી મૂત્રમાર્ગ ફુટેછે ત્યારે પ્રથમ દરદીને જરા આરામ માલમ પડેછે. પણ થોડી વખતમાં બેસણી, કોથળી, શિશ્ન, તથા પેડુ ઉપર ત્વચા તળે મૂત્ર આવવાથી તેને સોજો ચઢી આવેછે. એ સર્વે ભાગ પોચો થઇ પાકી સડીને છુટો પડવા માંડશે, તેની ઘણી વેદના અને બળતરા થાયછે. જો મૂત્રાશય ફુટે તો તેનો ચઢાવો કમી માલમ પડશે અને પેટમાં ઘણો દુખાવો થશે. તે બહુ આળુ માલમ પડશે અને તેના ઉપર હાથ પણ લગાડી શકાશે નહીં. જો કોઇ ચોટ અગર જખ્મને લીધે તે ફુટેછે ત્યારે મૂત્રમાર્ગમાંથી લોહી આવેછે અને બીજાં ચિન્હ ઉપર પ્રમાણેજ હોયછે.

ઈલાજઃ—ઘણું કરી મૂત્રમાર્ગ ફુટી બહાર ત્વચામાં પેશાબ ફેલાયછે. વગર વિલંબે જ્યાં જ્યાં સોજો આવ્યો હોય ત્યાં છેદ મૂકવા એટલે પેશાબને બહાર રસ્તો મળશે. બાદ પોટીસ મૂકવી એટલે સડેલા ભાગ છૂટા થશે. બની શકે તો મૂત્રશળી પ્રવેશ કરવી એટલે મૂત્રનો ફેલાવ વિશેષ થતો અટકશે. સળીનો પ્રવેશ થઇ ન શકે તો બેસણીમાં ઉંડો છેદ મૂકી મૂત્રમાર્ગ ખુલ્લો કરવો એટલે તે દ્વારે બાકીનો પેશાબ નીકળી જશે. દરદીને સારો ખોરાક અને ઉષ્ણ તથા પૌષ્ટીક દવા આપવી.

પેશાબનું ગડ તથા નાસુર.

(યુરીનરી આબસેસ એંડ ફીસ્ચ્યુલા)

મૂત્ર ગાંઠ અને બીજા કારણને લીધે મૂત્ર માર્ગના સંબંધમાં ગડ પેદા થાયછે. તે બહાર ફૂટેછે અને તેમાંથી પરૂ અને પેશાબ નીકળેછે. ઘણું કરી બેસણી ઉપર આવાં ગડ થાયછે. કેટલીક વાર કોથળી અને શિશ્ન ઉપર પણ થાયછે. સાદુ ગડ થાય તેવાંજ ચિન્હ થાયછે પણ વેદના ઘણી થાયછે. પેશાબ અને ઝાડો થવામાં અટકાવ થાયછે.

આકૃતિ ૬૬.



બેસણી અને વૃષણ ઉપર પેશાબના નારાં પડયાંછે. પરમીયા અથવા બીજા કારણથી મૂત્ર ગાડ બંધાય ત્યારે આપરીણામનિપજેછે.

તે ગડ ફૂટયા પછી તદન રૂઝાઈ જવાને બદલે નાસુર અથવા ભગંદર થઈ રહેછે અને તેમાંથી પેશાબ વહેછે. આવાં નાસુર ઘણી વખત એક કરતાં વધારે જોવામાં આવેછે અને તે પરમીયા તથા મૂત્રગાંઠ વાળા દરદીને થાયછે. (આકૃતિ ૬૬)

ઇલાજ:—ગડ થાય તે વખત તે ઉપર પોટીસ મૂકી પકવીને ફોડવું. મૂત્ર માર્ગ મોકળો હશે તો તે રૂઝાઈ જશે અને નાસુર રહેશે નહીં, પણ મૂત્ર માર્ગનો સંકોચ હોય તો નાસુર જારી રહેછે. તે માટે મૂત્ર માર્ગને વિસ્તૃત કરવો એટલે તે નાસુર બંધ થશે. મૂત્ર માર્ગમાં થોડા રોજ સળી રાખી તે વાટે પેશાબ કરાવવાથી નાસુર બંધ થાયછે. કાસ્ટીક વગેરે દવા લગાડવાથી પણ કેટલીક વાર ફાયદો થાયછે.

પ્રોસ્ટેટની વૃદ્ધિ.

(એન્લાર્જમેંટ ઓફ પ્રોસ્ટેટ)

મૂત્રાશય અને મૂત્ર માર્ગના સંયોગને સ્થળે નીચે અને બાજુને લપેટાઇને એક પીંડ રહેલો છે તેને પ્રોસ્ટેટ કહેછે, તે ફકત પુરૂષનેજ હોય છે. મૂત્રમાર્ગનો સુમાર એક ઇંચ ભાગ તે પીંડમાં રહે, મોટી ઉમરે તેના કદમાં વૃદ્ધિ થાયછે અને તેથી કેટલીકવાર મૂત્રાવરોધનું કારણ થઈ પડેછે. પચાસથી સાઠ વરસની ઉપરની ઉમરે આ વૃદ્ધિને લીધે આવરોધ થાયછે.

ચિન્હ:—આ રોગ જઇફ અવસ્થામાં થાય છે. પેશાબ ધીમે ધીમે અને થોડો ઉતરેછે. તે ઉતરતાં ઘણું જોર કરવું પડેછે. વારંવાર પેશાબ થાયછે અને રાતમાંપણ બે ચાર અગર વધારે વખત ઉઠવું પડેછે. થોડો પેશાબ થાયછે અને થોડો હમેશાં બાકી રહેછે. તે મૂત્રાશયમાં સડેછે અને તેથી મૂત્રાશયનો દીર્ઘવરમ થાયછે. પેશાબમાં સફેદ ચીકણો શ્લેષ્મ પડેછે. દરદીને પીડા થાયછે. ચેન પડતું નથી. કોઈ કોઈ વાર પેશાબ છેક બંધ પડી જાયછે. છેવટે નબળાઈ વધતી જાયછે. મૂત્રપીંડનો વરમ થાયછે, અને દરદીના જાનને નુકશાન પહોચેછે. પ્રોસ્ટેટનો મધ્ય ભાગ અગર એક બાજુનો ભાગ વધેછે અને તે પ્રમાણે મૂત્રમાર્ગની તે તરફ પેશાબને અડચણ પહોચેછે. ગુદામાં તર્જની પ્રવેશ પરીક્ષાથી પ્રોસ્ટેટ મોટી થયેલી લાગશે.

ઇલાજ:—સદરહુ પ્રોસ્ટેટ કોઈ ઇલાજથી નાની થતી નથી. માટે અડચણ પડતો હોયતો મૂત્રશળીથી હમેશાં દિવસમાં બેત્રણ વખ્ત પેશાબ ખેંચી લેવો. જરૂર જણાયતો મૂત્રાશયને ગરમપાણીની પીચકારીથી ધોવો.મૂત્ર ખેંચી લેવાથી તે મૂત્રાશયમાં બાકી રહીને સડશે નહિ અને તેથી વરમ અને વેદના થતાં નથી. સળી નાખતાં દરદીયે શીખવું એ ઘણું જરૂરનું છે.

મૂત્રાશયનો વરમ.

(સીસ્ટાઇટીઝ)

મૂત્રાશયના તીક્ષ્ણ અને દીર્ઘ એવા બે પ્રકારના વરમ થાયછે.

તીક્ષ્ણવરમ થાયછે ત્યારે પેશાબ વારંવાર કરવો પડેછે. પેશાબ થોડો થોડો થાયછે. પેશાબ થયા પછી વેદના વિશેષ થાયછે. પેડુ ઉપર અને બેસણીમાં દુખાવો થાયછે. ઝાડો ઉતરતાં દુખેછે. પેશાબમાં પરૂ, રૂધિર અને શ્લેષ્મ આવેછે અને કમરમાં દુખાવો થાયછે. પરમીયાથી, હથીયાર નાખવાથી અને એવાં બીજાં કારણથી તીક્ષ્ણ વરમ થાયછે.

ઇલાજ:—શેક કરવો, ગરમપાણીમાં દરદીને બેસાડવો, અફીણવાળી દવા આપવી અને અફીણની સોગઠી ગુદામાં પેહેરાવવી.

દીર્ઘવરમ.—પથરી, મૂત્રગાંઠ, પ્રોસ્ટેટની વૃદ્ધિ અને હથિઆર નાખવાથી થાયછે. સ્ક્રોફ્યુલા, ગાઉટ વગેરે દરદથી પણ થાયછે. તેમાં પેશાબ વારંવાર કરવો પડેછે. પેશાબમાં ધોળોચીકણો શ્લેષ્મ પદાર્થ ઘણો જાયછે મૂત્ર વાસમારેછે. મૂત્રાશયનાં પડ જાડાં થઇ જાયછે.

ઇલાજ:—જે વ્યાધિથી તે ઉત્પન્ન થાય તેને દૂર કરવો. તે શિવાય મૂત્રાશય ગરમ પાણીમાં એક બેટીપાં નાઇટ્રીક આસિડ અગર કારબોલિક આસિડ નાંખી તેની પીચકારી મારી ધોવો.

કોપેબા, લોબંડનોઅર્ક, જવનુંપાણી, ખનીજ તુખમ વગેરે દવા આપવી.

મૂત્રાશ્મરી અગર પેશાબની પથરી.

(યુરીનરી સ્ટોન)

મૂત્રાશ્મરી:—પેશાબમાંથી પથરી બંધાયછે તેને મૂત્રાશ્મરી કહેછે. સ્વભાવિક પેશાબમાં ક્ષાર હોયછે તેમાં વધારો થવાથી અગર બીજા નવા ક્ષાર પેદા થઈ તેની પથરી બંધાયછે અને તે હળવે હળવે મોટી થતી જાયછે. પથરી પેદા થવાનું મૂળ કારણ મુકરર રીતે કહી શકાતું નથી. પથરીનું મૂળ રક્તવિકાર અને પાચનવિકાર જણાય છે. તેથી પેશાબમાં વિશેષ ક્ષાર આવેછે અને તેને બીજા અનુકુળ યોગ મળવાથી તે ક્ષારનો કાંઇ સમુદાય એકત્ર થઇ તે સ્થુળ સ્થિતિમાં બંધાયછે. એક વખત આ સ્થુળરૂપ ધારણ કર્યું એટલે તેના ઉપર પેશાબમાંથી બીજા થર ઉપર થર બંધાતા જાયછે. જે દેશમાં વિશેષ પથર તથા રેતીની જમીન હોય તથા તેને લીધે પાણીમાં પણ સરાસરી કરતાં ક્ષારનો

જાસ્તી ભાગ હોય ત્યાં આ રોગનું પ્રબળ જોવામાં આવેછે.

કાઠીઆવાડમાં ઝાલાવાડ તથા હાલાર પ્રાંતમાં પથરીના રોગી ઘણા નજરે આવે-છે. એ રીતે કેટલાક પ્રાંતમાં વિશેષ છે અને કેટલાકમાં પથરીનો વ્યાધિ બિલકુલ જો-વામાં આવતો નથી.

પથરી મુખ્ય ત્રણ પ્રકારના ક્ષારની બંધાયછે. ૧ લીથીક અથવા યુરીક. ૨ ફાસ-ફ્ફાટિક. ૩ ઓક્ષાલીક.

લીથીક ક્ષારની પથરી ઘણી વખત બચ્ચાંઓને થાયછે, અથવા તરૂણ મજબૂત પુષ્ટ આદમીને પણ થાયછે. જે માણસની તબીયત સંધિવા તથા ગાઉટ ઉપર જતી હોય તેવાને એ વિશેષ થાયછે. લીથીક આસિડની પથરી ઘણું કરીને નાની, લીસી, કઠણ, ગોળાકાર અગર ચપટી હોયછે. તાવમાં લીથીક આસિડ પેશાબમાં વિશેષ જાય છે, તેથી તેનો લાલ રંગ હોયછે. તેવા પેશાબને રાખવાથી પ્યાલને તળીએ ઈંટની રેત જેવો થર બંધાયછે.

ફાસફ્ફાટિક અશ્મરી (પથરી) મોટી હોયછે પણ પોચી હોયછે અને તેનો જલદી ભૂકો થઇ જાયછે, તે અશક્ત આદમીને થાયછે. મૂત્રાશયના વ્યાધિમાં આ ક્ષારની ઉત્પ-ત્તિ અને જમાવ વિશેષ જોવામાં આવેછે.

ઓક્ષાલીક અશ્મરી ભૂરા અથવા કાળા રંગની થાયછે. તેની સપાટી ખડબચડી અને ટેકરાવાળી શેતુર જેવી હોયછે. અને કોઇવાર છેક ગોખરૂના આકાર જેવી થાય છે. આ પણ નબળી સ્થિતિના આદમીને વિશેષ થાયછે

રેતઃ—પથરીવાળા આદમીના પેશાબને કેટલોક વખત રાખી તપાસ કરવામાં આવે તો તેમાં ઘણીવાર સૂક્ષ્મ કાંકરી અથવા રેતી તળીયે બેઠેલી માલમ પડી આવશે. પથરી થવાની શરૂઆતમાં અગર બંધાવાની પહેલાં આવી રેતી પેશાબ વાટે જતી હોય ત્યારે યોગ્ય ઇલાજ કરવામાં આવે તો તેનું નિવારણ થાયછે. એક વખત પથરી બંધાઇ તો પછી તેને ગાળવાનો ઇલાજ મુશ્કેલ છે.

રેતનો ઉપાયઃ—અશ્મરી થતાં શરૂઆતમાં દરદીને સાકર ખાંડ ઇત્યાદિ ગળી ચીજો તથા દારૂ મરચાં અને બીજા ગરમ પદાર્થનો પ્રતિબંધ કરવો. સાદો હલકો ખોરાક તેણે લેવો, ખુલી હવામાં ફરવું તથા યોગ્ય કસરત શરીરને આપવી. અશ્મરી થતાં આ-રંભમાં પેશાબ કરતી વેળા બળતરા થાયછે તથા તેનો રંગ વધારે પીળો હોયછે. ઔષ-ધમાં પ્રવાહી પદાર્થ ઘણા પીવા. સાફ પાણી, દૂધને પાણી ભેગુ કરી તે, અળશીની ચાહા અગર જવની ચાહા દિવસમાં જોઇએ તેટલી વાર સારી પેઠે પીવી. લીથીક આ-સિડની રેત ઉપર બાઈકાર્બોનેટ ઓફ પોટાસ આપવાથી ઉત્તમ ફાયદો થશે.

નં. ૧. બાઇ કાર્બોનેટ ઓફ પોટાસ...૪૦ ગ્રેન. પાણી........૪ ઔંસ.

બંનેને મિશ્ર કરી ¼ ભાગ દિવસમાં ચાર વખત આપવી. બાઇકાર્બોનેટઓફપોટાસ જઠરાગ્નિને મંદ કરી નાખે છે માટે તે લાંબો વખત જારી આપી શકાતો નથી. તેથી નીચેની દવા વધારે માફક આવશે.

નં. ૨. બાઇકાર્બોનેટ ઓફ પોટાસ...૩૦ ગ્રેન.		આ દવાઓ એક શેર
સુરોખાર......................૧૦ ,,		પાણીમાં નાખીને દિવ-
સાઇટ્રીક આસિડ...........૧૫ ,,		સમાં પીવી.

સાઇટ્રેટ ઓફ પોટાસ જો કે બાઇ કાર્બોનેટ જેટલો ગુણ કરતો નથી તો પણ તે તબીયતને વધારે માફક આવેછે અને લાંબો વખત આપી શકાયછે.

નં. ૩. સાઇટ્રેટ ઓફ પોટાસ...૪૫ ગ્રેન. પાણી........૩ ઓંસ.

બંનેને મિશ્ર કરી ⅓ ભાગ દિવસમાં ત્રણ વખત આપવી.

પેટ સાફ લાવવા સારૂ હલકા જુલાબ આપતા રહેવું સીડલીઝ પાઉડર, ગ્રેગરીઝ પાઉડર, અગર એપસમ સાલ્ટ આપવું. એપસમ સાલ્ટ ઉપરની કોઈ દવા સાથે મેળવીને અપાય તોયપણ ચાલે અથવાઃ—

નં. ૪. એપસમસાલ્ટ... ૪ થી ૬ દ્રામ.	ટિંકચર બેલાડોના .... ૨૦ ટીપાં.
લાડેનમ.........૧૦ ટીપાં.	સાઇટ્રેટ ઓફ પોટાસ...૩૦ ગ્રેન.
પાણી ....૪½ ઓંસ.	

ઉપરની સર્વે દવા મિશ્ર કરી દિવસમાં ત્રણ વાર પાવી. લીથીયા વોટર પીવાથી કોઈ વાર ફાયદો થાયછે. આ દવાઓથી ફાયદો ન થાય અને જો અશ્મરી ફાસફાટીક અથવા ઓક્ષાલીક હોય તો નાઇટ્રીક આસિડ આપવાથી ફાયદો થાય છે.

નં. ૫ નાઇટ્રો મ્યુરીઆટીક આસિડ ડીલ્યુટ..... ......૨૦ ટીપાં.
કરીયાતાની ચાહા............................ ૩ ઓંસ.

ઉપરની દવા મિશ્ર કરી ⅓ ભાગ દિવસમાં ત્રણ વાર પાવો.

નં. ૬ ડીલ્યુટ નાઇટ્રીક આસિડ......૩૦ ટીપાં.		આ દવા મિશ્ર કરી ⅓
લીકર સ્ટ્રીકન્યા ....૧૫ ,,		ભાગ દિવસમાં ત્રણ વાર
પાણી .... ૩ ઓંસ.		પીવા આપવું.

બની શકેતો આવા દરદીયે હવા બદલ કરવો. પેશાબની પથરી ત્રણ સ્થળે મળી આવેછે. ક્વચીત મૂત્ર પીંડમાં હોયછે, કોઇવાર મૂત્ર માર્ગમાં હોયછે. પણ ઘણું કરી મૂત્રાશયમાં મળી આવેછે.

મૂત્રપિંડ અથવા ગુરદાની અશ્મરીઃ—આગળ કહ્યુંછે કે પેશાબમાં ક્ષારનો વધારો થવાથી અશ્મરી બંધાયછે. આ અશ્મરી ગુરદાની અંદર બંધાય, અગર પેશાબ મૂત્રાશયમાં ગયા બાદ ત્યાં બંધાયછે. મૂત્રપિંડમાં પથરી બંધાય ત્યારે એક અગર બેઉ બાજુ કમરમાં દુખાવો થાયછે. ગુરદામાં બંધાયા પછી નાની પથરીઓ ઘણું કરી મૂત્ર નળમાં થઇ મૂત્રાશયમાં ઉતરેછે. જો ગુરદાની અંદરજ રહીને મોટી થઇ જાય તો તેને વાસ્તે કાંઇ ઇલાજ નથી.

ગુરદાની પથરી ગુરદાની માંહે બંધાયછે અગર ગુરદાની બસ્તિમાં બંધાયછે. ગુરદા માંહે પથરી બંધાય તે જેમ મોટી થાયછે તેમ ગુરદાનો નાશ થતો જાયછે. ગુરદામાં દુખાવો થાયછે, તેમાં પરૂ થાયછે, તે પેશાબમાં ઉતરેછે, કેટલીકવાર તેની આસપાસ મોટું ગડ થઈને કમરની પીઠ અગર પડખાના ભાગમાં ફૂટેછે, અને ત્યાં પરૂની સાથે

પેશાબ પણ વહેછે.

ગુરદાની બસ્તિમાં પથરી થાય તે ઘણું કરી મૂત્રાશયમાં ઉતરેછે, જો મોટી થઈ મૂત્ર નળમાં ઉતરી શકે નહી તો તે અને ગુરદામાં પરૂ થઇ તે મૂત્રમાં વહેછે અગર ફૂટેછે. ગુરદાની બસ્તિમાં પથરી હોય ત્યારે કસરતથી અને ગાડીના હડદોલાથી દુખાવો થાયછે તથા લોહી પડેછે.

ઉપાયઃ—ગુરદાની પથરીને લીધે પરૂ થઈ તે કમરના ભાગમાં ફૂટે અને તે રસ્તે પથરી સળીના સાધનથી માલમ પડે તો ત્યાં છેદ મૂકી તેને કાઢી શકાયછે. નહી તો ગુરદાપથરીનાં ચિન્હ હોય ત્યારે રેતને માટે બતાવેલી ઔષધિ કરવી. કસરત કરવી નહીં. ગરમ પદાર્થ ખાવા નહીં.

પથરીની ચૂંકઃ—ઘણી નહાની પથરી મૂત્રપિંડમાંથી મૂત્રનળ વાટે ફુક્કા તરફ નીચે ઉતરે તો કાંઈ જણાતું નથી. પણ જરા મોટી હોય તો ઉતરતાં ઘણી પીડા થાયછે. આ પીડાનાં ચિન્હ પેટમાં વાયુની ચૂંકને મળતાં આવેછે. પેટમાં અતિશય દુખેછે, ઉલટી થાયછે. ગુરદામાં દુખાવો થાયછે. દરદી તરફડીઆં મારેછે, દરદ છેક વૃષણમાં તથા જાંગમાં પણ થાયછે. વૃષણ ઊંચે ચડી આવેછે. પેશાબ થોડો તથા લાલ રંગનો અને લોહીવાળો આવેછે અને થોડો ઘણો મૂત્ર પણ આવેછે. આ પીડા કેટલાક કલાક અગર દિવસ સૂધી રહેછે અને પથરી ફુક્કામાં પહોંચે એટલે બંધ થઇ જાયછે.

ઉપાયઃ—જુલાબ આપવો અગર ગુદામાં પીચકારી મારી ઝાડો ઉતારવો. દરદ થતું હોય ત્યાં સૂધી અફીણની કોઇપણ દવા આપવી. બબે કલાકને અંતરે લીકર મોરફ્યાનાં વીસથી ત્રીસ ટીપાં પાણીની સાથે આપવાં, પેટ ઉપર તથા કમરપર શેક કરવો, રાઇનો લેપ મારવો અગર લોહી કાઢવું. ગરમ પાણીમાં કમર સૂધી બેસાડવું. મોરફ્યાની ત્વચામાં પીચકારી મારવી અગર તેની ગોળી કરી ગુદામાં મૂકવી. અસહ્ય વેદના થતી હોય તો ક્લોરોફોર્મ સુંઘાડી રાખવો.

મૂત્રાશયની અશ્મરી.

ઘણીકવાર પથરી ગુરદામાંથી ઉતરીને પછી મુત્રાશયમાં મોટી થાયછે તોપણ કેટલીકવાર તે પ્રથમથીજ ફુક્કામાં બંધાઇને ત્યાંજ વૃદ્ધિ પામેછે. જે પથરનો પ્રથમ ભાગ યુરીક આસિડ અગર ઓક્ષાલીકનો બનેલો હોયછે તે મૂળ ગુરદામાં બંધાયેલી સમજવી, અને જેનો પ્રથમ ભાગ ફાસફેટસનો હોય તે મૂત્રાશયમાં બંધાયેલી જાણવી.

કોઇકજ પથરીનું બંધારણ એક સરખું હોયછે. ઘણીખરી પથરીને ભાગી જોતાં એક ઉપર એક એવા થર માલમ પડેછે. તે થર એકજ અગર ભિન્ન ભિન્ન ક્ષારના હોયછે.

મૂત્રાશયમાં ઘણું કરી એક પથરી મળી આવેછે. કોઈવાર બે સાથે હોયછે. ક્વચિત બેથી પણ વધારે પાંચ પચીસ નાની નાની અશ્મરી થાયછે. આ પથરીઓ એક બીજાથી જુદી રહે અગર ભેગી સંધાઈ જાયછે. કોઈવાર પથરી અંદર મૂત્રાશયની દિવાલમાં ભરાઈ બેસેછે.

પથરી નાના ચણાથી તે મોટી કેરી જેવડી હોયછે. તેનું વજન બે ચાર વાલથી

તે પાંચ પંદરે તોલા પર્યંત હોયછે. ઓક્ષાલીક તથા યુરીક આસિડની પથરી કઠણ હોય છે તથા ફાસ્ફ્યાટીક અશ્મરી પોચી હોયછે. અશ્મરીનો આકાર વિવિધ પ્રકારનો હોયછે. ઘણી ગોળાકાર હોયછે, કોઇ લંબગોળ, કોઈ ચપટી, અને કોઇ ગોખરૂ આકારની હોયછે.

મોટી ઉમરના આદમી કરતાં બચ્ચાંઓને અશ્મરીનો રોગ વિશેષ થાયછે, કારણ કે તેનો મૂત્ર માર્ગ સાંકડો હોયછે. સ્ત્રી જાતિ કરતાં પુરૂષ જાતિને પથરી વિશેષ હોયછે. કારણ કે સ્ત્રીનો મૂત્ર માર્ગ ટુંકો અને પોહોળો હોયછે. કેટલાક મૂલકમાં આ રોગ અધિક જોવામાં આવેછે. દક્ષિણ કરતાં ગૂજરાતમાં અશ્મરીના રોગનું પ્રબળ હોયછે. સિંધ,ગૂજરાત અને ઝાલાવાડમાં આ દરદની સંખ્યા ઘણી જોવામાં આવેછે.

ચિન્હઃ—પથરીનાં ચિન્હ કોઇને સખ્ત અને કોઇને હલકાં હોયછે. તેનો આધાર પથરીના કદ તથા આકાર ઉપર અને મૂત્રાશયના તથા દરદીની સ્થિતિ ઉપર રહેલોછે. મુખ્ય ચિન્હમાં પેશાબ પુષ્કળ વખત કરવો પડેછે, પેશાબ કરતાં દરદ થાયછે, કોઈ કોઇ વાર તેનો પ્રતિબંધ થાયછે અને પેશાબનો રંગ તથા સ્થિતિ બદલાઇ જાયછે.

ઘણું કરી દરદ એ અશ્મરીનું પ્રથમ સુચક ચિન્હ થઈ પડેછે, પીડા વત્તી ઓછી હોયછે. પેશાબ થઈ રહેવા આવે ત્યારે બળતરા થાયછે, કેમકે તે વખતે અશ્મરી ગબડીને મૂત્રાશયના અગ્ર ભાગમાં આવેછે. ચાલવાથી, દોડવાથી, ઘોડે તથા ગાડીએ બેસવાથી પીડા બળતરા જાસ્તી થાયછે. બળતરાની સાથે કોઈને કમરમાં દુખાવો થાયછે ને કોઇને બેસણીમાં તથા શિશ્નમાં વેદના થાયછે. છોકરાં તેને લીધે શિશ્નને ખેંચેછે તથા મસલેછે. તેથી કોઈ કોઇવાર તે પર મસાને ધારાં ચાંદા પડી આવેછે. પેશાબ વારંવાર કરવો પડેછે. થોડો થોડો થાયછે અને રાતમાં બેચાર વાર ઉઠવું પડેછે, કોઇને ચોખો પેશાબ પણ આવેછે. ઘણું કરી તે ડોહોળો હોયછે. તેની અંદર છોતરાં તથા સફેત છાશ જેવો શ્લેષ્મ પદાર્થ આવેછે, ને કોઇ કોઇ વાર લોહી પડેછે. ક્વચિત પેશાબમાં પરૂ આવેછે. ઘણી વખત પેશાબમાં રેત જોવામાં આવેછે. કેટલીક વાર પેશાબની ધાર એકદમ અટકી જાયછે તેથી ઘણું જોર કરવું પડેછે. અશ્મરીવાળા ઘણા દરદીને આમણ નીકળે છે. કોઇને શીશ્નોત્થાપન થાયછે. પથરીના ચિન્હનું જોર કેટલીક વાર ન્યુનાધિક માલમ પડેછે.

પથરી ફુકાની અંદર મોકળી હોય તેનાં ઉપર કહેલાં ચિન્હ થાયછે. કોઈ કોઇ વાર તે એક ભાગમાં ચોટેલી હોયછે ત્યારે એ ચિન્હ હલકાં હોયછે. લોહી પડતું નથી અને હાલવા ચાલવાથી દરદમાં વધારો થતો નથી.

ઉપરનાં ચિન્હ શિવાય પથરીની ખાત્રીપૂર્વક પરીક્ષાને માટે લોખંડની સળી ઘાલવી પડેછે. તેની ચાંચ ટુંકી હોવી જોઇએ. સળીને અંદર નાખ્યા પછી ફુકાના પાછલા ભાગમાં ફેરવવી અને પથરી ત્યાં નહિ મળી આવેતો સળીને બેઉ બાજુ તરફ ફેરવવી તથા તેને ઊંધી કરી ફેરવવી. જો પથરી ત્યાંપણ નહિ મળી આવેતો સળીનાં મૂઠને બે જાંગ વચ્ચે દબાવી ફુકાનો અગ્રભાગ તપાસવો. તેથી પથરીની ખાતરી ન થાયતો ફુકામાં પાણી (ચારથી છ ઓંસ) ભરીને ચોમેર સળી ફેરવવી. છેવટ દરદીને ઉભા રાખી સળીથી ત-

પાસ કરવો એટલે પથરીનો નિશ્ચય ઘણું કરી થયા વગર રેહેશેજ નહિ. પથરી હોય તો સળી સાથે અથડાશે તથા અવાજ થશે, જે સહેલાઇથી કાનને સંભળાશે. સળીના સ્પર્શથી પથરી નાનીછે યા મ્હોટી, કઠણછે યા નરમ, ચોટેલીછે યા મોકળીછે, તેનું સાધારણ અનુમાન થઇ શકશે. અશ્મરી ભંજક શસ્ત્રથી તે વિશે વધારે ખાત્રી થશે.

પથરી કેટલોક કાળ મૂત્રાશયમાં રહ્યા પછી તેના અંતરપડનો સોજો યા વરમ થઇ આવેછે. તેમાંથી ધાત જેવો શ્લેષ્મ પદાર્થ નીકળેછે. તે લાંબોકાળ મૂત્રાશયમાં રહે તો છેવટ મૂત્રપિંડમાં દીર્ઘવરમ થાયછે અને શરીરને હાનિ પહોંચેછે.

ઉપાયઃ—પથરી બંધાયા પછી ઔષધોપચારની તેના ઉપર અસર થતી નથી. માત્ર શરૂઆતમાં પેશાબમાં રેતી આવવા લાગે અને પથરી બંધાવાનો પ્રારંભ થતો હોય તે વખતે બાઇકાર્બોનેટ ઓફ પોટાસ અથવા સાઇટ્રેટ ઓફ પોટાસ આપવાથી કોઇ કોઇવાર ફાયદો થાયછે અને પથરી થતી બંધ પડેછે. સોડાવોટર તથા લીથીયાવોટર પુષ્કળ પીવાથી પથરી ઉપર સારી અસર કરેછે. પણ પથરી બંધાયા પછી શસ્ત્રથી તેનો નિકાલ કર્યા શિવાય બીજો ઇલાજ નથી.


છેદ મૂકીને પથરી કાઢવામાં આવેછે તેને "અશ્મરી છેદ" કહેછે તથા બીજી એવી રીતછે કે શસ્ત્રથી પથરીનો ફુક્કાની અંદર ચૂરો થઇ શકેછે અને તે ચૂરો પેશાબની સાથે બહાર પડેછે તેને "અશ્મરીભંજન" કહેછે.

અશ્મરીછેદઃ—"મધ્ય" અને "તીર્યક" એવા બે પ્રકારના છેદથી પથરી કાઢવામાં આવેછે. તેમાં ઘણું કરી તીર્યક છેદથી કાઢવામાં આવેછે. પથરી કાઢવાની પહેલાં હમેશાં દરદીની સ્થિતિનો વિચાર કરવો. જો તે અતિ દુર્બળ સ્થિતિમાં હોય, મૂત્રાશય તથા ગુરદાને ઘણુંનુકશાન પહોંચ્યું હોય, પેશાબમાં ઘણી ધાત અથવા આલ્બ્યુમીન જતું હોયતો પથરી કાઢવાનો પ્રયત્ન દરદી સારો થતાં સુધી મુલતવી રાખવો. જો દરદી સારી હાલતમાં હોયતો પથરી કાઢવા પહેલાં એક બે દિવસ તેને બિછાનામાં રાખવો. આગલે દિવસ એરંડીયેલ તેલનો જુલાબ આપવો તથા પથરી કાઢવાને દિવસે સવારમાં ગરમ પાણીની પીચકારી સફરામાં મારવી.

તીર્યકછેદની રીતઃ—દરદીને ટેબલ ઉપર લાવી સળીથી તપાસ કરવો અને સળીને પથરી લાગે તોજ શસ્ત્રક્રિયાનો આરંભ કરવો. કપડાના બે ત્રણ પાટા, અશ્મરી ચપ્પુ, નાના મોટા અશ્મરી ચીમટા, ચમચો, પોકળ અને ખાડાવાળી સળીયો, પીચકારી તથા પેશાબ વહેવાની નળી વગેરે સાધન હાજર રાખવાં. દરદીને કલોરોફોર્મ આપી ચાર થી ૭ ઔંસ ગરમ પાણી પીચકારીથી મૂત્રશલાકા વાટે ફુક્કામાં ભરવું. બેઉ બાજુના હાથપગ બાંધી દરદીને ટેબલની કોર ઉપર લાવવો. તેના કૂલા ટેબલની કોરની બહાર રાખવા, બેસણીપર કેશ હોય તો કાઢી નાખવા, યોગ્ય કદની ખાડાવાળી સળી શીશ્નમાં પરોવી મદદગારના હાથમાં આપવી. મદદગારે જમણા હાથમાં સળીને જરા ઉર્ધ્વ આકર્ષણથી મજબૂત સીધી ઝાલી રાખવી, તથા ડાબા હાથથી વૃષણને શીશ્નની સાથે ઉપર પકડી રાખવાં, અને પથરી કાઢનારે બેસણી ઉપર છેદ મૂકવો. બેસણીની ડાબી બાજુ

ગુદદ્વારથી દોઢ ઇંચ ઉંચે શીવણી પાસેથી તીર્યકછેદ કરી નીચે ગુદદ્વાર તથા કૂલાના હાડકાની વચ્ચે લઈ જવો. આ જખ્મ સુમારે અરધો ઇંચ ઉંડો થવો જોઇએ. ત્યારબાદ જખ્મના ઉપલા ભાગમાં થોડું ઉંડું કાપી, ડાબા હાથની તર્જની આંગળીથી સળીના ખાડાને તપાસવો. ખાડો લાગવામાં કાંઈ મુશીબત લાગે તો મદદગાર સળીને હલાવશે કે તરત માલમ પડશે. સળીના ખાડાની અંદર આંગળીનો નખ બરાબર રાખી તેને આધારે અશ્મરી ચપ્પુની અણી તે ખાડાની અંદર દાખલ કરવી અને મૂત્રાશયમાં જવા માટે ઉંડો છેદ કરવો. ઉંડો છેદ કરતાં ચપ્પુની ધાર જખ્મની દિશામાં તીર્યક રાખવી તથા ચપ્પુનો હાથો ઉંચો કરવો એટલે અણી નીચી થશે. અણી બરાબર સળીના ખાડામાં રાખી તે ખાડાના આધારે તેના છેડા સુધી ચપ્પુને આગળ ચલાવવું. ફુક્કામાં પહોચ્યા બાદ તે ખાડાને આધારેજ ચપ્પુ પાછું ખેંચી લેવું અને ડાબા હાથની તર્જની જેને ઉપર મૂકી ચપ્પુ આગળ વધેલું તેને હવે ચપ્પુએ કરેલા રસ્તામાં સળીને આધારે આગળ જવા દેવી. ઉંડા જતાં કાંઈ મૃદુ ભાગ આડા આવે તેને યુક્તિથી ખસેડી ફુક્કામાં આંગળી દાખલ કરવી. દાખલ થયા બાદ આંગળી હલાવવાથી અશ્મરી સ્પર્શ થાય એટલે મદદગાર પાસે સળી કઢાવી લેવી અને આંગળીને અવળી સવળી ફેરવવી એટલે ઉંડો જખ્મ પહોળો થશે. ત્યાર બાદ આંગળીને કાઢીને લાગલો ચીમટો અંદર નાખવો. આંગળી અંદર હોયછે ત્યાં લગી અંદરનું પાણી બહાર આવી શકતું નથી. તે આંગળી કાઢ્યા પછી નીકળવા માડેછે અને તેની સાથે પથરી આગળ ગબડેછે. દરમિયાન ચીમટો અંદર જવાથી તેના મોઢામાં પથરી આવી પડેછે. તેમ નહી આવેતો અંદર ચીમટાને ઉઘાડી એક પાંખીયું નીચે રાખી બીજુ હલાવવાથી પથરી તેના કબજામાં આવી જાયછે. તેને બરાબર પકડીને હળવે હળવે જોરથી ઉચો નીચો ચીમટાને હલાવતાં જવું ને અશ્મરી ખેંચી કાઢવી. પથરી કાઢ્યા બાદ આંગળી નાંખીને વખતે બીજી પથરી હોય તેને માટે તપાસ કરવો. રક્ત વહેતું હોય તો જરાવાર આંગળી અંદર રા-

આકૃતિ. ૬૭.



પથરી કાઢતાં ઉંડો છેદ મુકતી વખત આંગળીને સળીના ખાડામાં રાખી તેમાં ચપ્પુ દાખલ થાયછે.

ખવી અથવા થંડા પાણીની પીચકારી મારવી એટલે લોહી બંધ થશે. વહેતી ધમનિ નજરે આવે તો દોરાવતે બાંધી લેવી. બાદ મૂત્રવાહિની નળી અંદર મૂકી તેને બહાર કમરના દોરા સાથે બાંધી લેવી, અને બેઉ પગને ભેગા કરી સાથે બાંધી રાખવા. નળી બીજે દિવસે કાઢવી. દરદીને વેદનામાંથી મુક્ત કરવા તથા ઊંઘ આવવા માટે મોર્ફીઆની યોગ્ય માત્રા આપતા રહેવી. એકથી ત્રણ ચાર અઠવાડીયાંમાં દરદી ઘણું કરી સારો થાયછે. જો જખમ રૂઝાવામાં વિલંબ લાગે તો જરા કાસ્ટીક લગાડવો.

પથરી કાઢવામાં મુશ્કેલી:—બચ્ચાંને મૂત્રાશય પેટ તરફ વિશેષ ઊંચું હોયછે. મોટા આદમીની માફક બસ્તિમાં નીચે હોતું નથી. આ વાત હમેશાં લક્ષમાં રાખવી અને બચ્ચાંને માટે આંગળી ફુકામાં પ્રવેશ કરવા માટે ઊંચી જવી જોઇએ. તેમ નહી કરવાથી કોઈ કોઇવાર આંગળી મૂત્રાશયમાં જવાને બદલે તેની તથા સફરાની વચ્ચેના માર્ગમાં જાયછે અને તેથી માઠું પરિણામ થાયછે. ફુક્કાને પાણીથી ભરી રાખવાથી તે નીચે રહેછે અને આવો અકસ્માત થવા થોડી વકી રહેછે.

કેટલીકવાર પથરીના સંબંધમાં મુશ્કેલી આવી પડે છે. કોઈવાર પથરી સળીને લાગતી નથી. વખતે ફુક્કાની ખેવડમાં ભરાઇ રહેછે અને વખતે પેશાબ સાથે તે નીકળી જાયછે તેની ખબર રહેતી નથી. કોઈવાર મૂત્રાશયમાં પહોંચવાની મુશ્કેલી પડેછે. સળીના ખાડાને ચપ્પુની અણી જરા પણ ચૂકી જાયતો ચપ્પુ મૂત્રાશયમાં પહોંચતું નથી. બચ્ચાંને ફુકો ઊંચો હોયછે તથા મૂત્રમાર્ગ નાનો હોયછે તેને લીધે આંગળીને અંદર જતાં મુશ્કેલી પડેછે. માટે એક ફેરી ઊંડો કાપ મૂક્યા પછી જો આંગળી અંદર ન જઈ શકે તો ફરીથી ઊંડો છેદ કરવો, પણ આંગળી અવિચારપણે ઘોચીને અંદરના ભાગને વ્યર્થ ઇજા કરવી નહી. ઘણું કરી બચ્ચાંને વિષે મૂત્રાશયમાં દાખલ થવાની મુશ્કેલી હોયછે અને મોટા આદમી વિષે પથરી પકડી કાઢવામાં અડચણ હોયછે.

પથરી કાઢવામાં કેટલીક અડચણ આવેછે. કોઈવાર પથરી ફુકાના નીચેના પ્રૉસ્ટેટ પાછળના ઊંડા ભાગમાં પડી રહેછે. તેમ હોયતો સફરામાં આંગળી નાંખી પથરીને ઊંચી કરી આગળ લાવવી ને ચીમટા અથવા ચમચાવતી કાઢવી. કોઈવાર પથરી ઊંચે ચઢી જાયછે. માટે પેટને દબાવીને નીચે લાવવી. કોઇવાર પથરી ચોટેલી હોયછે અને તેથી ઘણી મુશીબત પડેછે. તેને આંગળીના નખવતી ઉખેડવી અથવા ચમચો ભરાવીને ઊખેડી કાઢવી. કોઇવાર પથરી મોટી હોવાથી નીકળતી નથી, મોટી તથા ચોટેલી પથરીઓને કાઢવામાં ચીમટાને વળ આપવાથી તે સહેલાઇથી નીકળી આવશે. મોટી બે ઇંચ વ્યાસની પથરી આ તીર્યંક છેદથી નીકળી શકેછે. તેથી પણ મોટી પથરી હોયતો મૂત્રાશયની સાથે સફરાને પણ કાપવો પડેછે અથવા પેડુ ઉપર કાપીને કાઢવાની જરૂર પડેછે.

કોઈ કોઈવાર કાઢતાં પથરી ભાગી જાયછે. ભાંગેલી પથરીના સર્વ વિભાગને કાઢી લેવાને છેવટ પીચકારી મારી અંદરનો ભાગ ધોઈ નાંખવો.

પથરી કાઢવામાં જોખમ:—કોઈવાર સફરાનો ભાગ ઊંડો છેદ કરતાં કપાઈ જાય છે અથવા તેને ઇજા પહોચવાથી થોડોભાગ નાશ પામેછે; તેથી મળ મૂત્રનો રસ્તો એકત્ર

થઈ જાયછે. મળદ્વારની નજીક કાપ થયો હોય તો તે ઘણું કરી જખમની સાથે રૂઝાય છે. સફરામાં કાપ ઊંચો થયો હોય તો તે ઘણુંકરી રૂઝાતો નથી. ઝાડાની વાટે પેશાબ આવેછે. તે મટાડવાને અંદરનાં છિદ્રથી મળદ્વાર પર્યંત બધો ભાગ કાપવો પડેછે.

સરાસરી પથરીના છ સાત દરદીમાં એક મરણ પામેછે. બચ્ચાંમાં મૃત્યુની સંખ્યા પથરીના છેદને લીધે થોડી થાયછે, અને જેમ મોટી ઉમર થાયછે તેમ મૃત્યુની સંખ્યા વધતી જાયછે. જેમ પથરી મોટી હોય તેમ મરવાની ધાસ્તી વધારે હોયછે. પથરી કાઢ્યા પછી કેટલાક કારણોથી મૃત્યુ થાયછે. કાપવાના ધક્કાથી, રક્તપ્રવાહથી, પેટની અંદર વરમ થવાથી અને મૂત્રાશયનો વરમ થવાથી મૃત્યુ નીપજેછે.

મધ્યછેદથી પથરી કાઢવાની રીતઃ—તીર્યંક છેદ કરી ડાબી બાજુથી પથરી કાઢવામાં આવે છે તેમ સીવનીને અનુસરીને મધ્યમાં છેદ મૂકીને કાઢી શકાય છે. તેને માટે સળી વાપરવામાં આવે તે કાટખૂણાવાળી હોયછે. સળી અંદર નાખી એક આંગળી સફરામાં નાખવી અને મળદ્વારની ઉપર અડધા ઇંચે ચપ્પુ દાખલ કરવું. ને સળીના કાટખૂણામાં થઇને મૂત્રાશયમાં જવા દેવું. ચપ્પુ કાઢતી વખત છેદને થોડો ઉપરની બાજુ વધારવો. ત્યાર બાદ આંગળી અથવા લાંબા પ્રોબનો મૂત્રાશયમાં પ્રવેશ કરવો અને તેનાથી માર્ગ મોટો કરી ચીમટો નાંખી પથરી કાઢી લેવી. મધ્ય છેદ કરવાથી રક્તસ્રાવ થોડો થાય છે. આ છેદનો માર્ગ સાંકડો હોય છે, માટે માત્ર નાની પથરી તેમાંથી કાઢી શકાય છે. બચ્ચાંને તીર્યંક છેદ વિશેષ લાગુ પડે છે. મોટા આદમીને પથરી નાની હોય, અથવા પથરી ભંજન કર્યા પછી તેના કટકા ન નીકળતા હોય, અથવા અંદર રહેવાથી નુકશાન પહોંચે તેમ હોય, તો તેમને કાઢવા માટે મધ્ય છેદ પસંદ કરવામાં આવેછે.

છેદ મૂકી પથરી કાઢ્યા પછી થોડા દિવસ પેશાબ જખમ વાટે જાયછે અને તે રૂઝાય તેમ શીઘ્ર રસ્તે પડેછે, જખમ તથા બિછાનામાં સફાઈ રાખવી.


અશ્મરીભંજન.

(લીથૉટ્રીટિ.)

આગળ કહ્યું છે કે છેદ મૂકીને પથરી કાઢવાની ક્રિયા બચ્ચાંઓને ઘણીજ લાગુ પડેછે. જેમ ઉમરમાં વધારો થતો જાયછે તેમ જોખમમાં વધારો થતો જાયછે. અર્થાત તરૂણ અથવા પુખ્ત ઉમરના આદમીને સરાસરી વિચાર કરતાં છેદ મૂકી પથરીનો નીકાલ કરવાથી વિશેષ જોખમમાં આવવું પડેછે. તે માટે અશ્મરી ભંજન કરવામાં આવે છે. એટલે હથીઆર વતી અશ્મરીનો મૂત્રાશયની અંદરજ ચુરો કરવાથી તેનો ભુકો પેશાબની સાથે નીકળી આવેછે અને આરામ થાયછે, પછી કાપવાની જરૂર રહેતી નથી.

અશ્મરીભંજન ક્રિયાઃ—સળીના આકારનું પણ જરા જાડું હથીઆર થાયછે તેને બે પાંખીયાં હોયછે, તે ઉઘડેછે તથા બંધ થાયછે. ચાંચના ભાગમાં તે ઉઘડે એટલે તેમાં પથરી પકડાયછે. તેને ઉઘાડવા તથા બીડવા માટે તેના હાથામાં સ્ક્રુ જેવી ગોઠવણ હોય છે. તેને "અશ્મરી ભંજક શસ્ત્ર" (લીથોટ્રાઇટ) કહેછે. પ્રથમ મૂત્રાશયમાં ચારથી છ ઓંસ પાણીની પીચકારી મારી તેની અંદર આ પથરીભંજનશસ્ત્ર દાખલ કરવું. શસ્ત્ર ગયા પછી

તેને મૂત્રાશયને તળીએ રાખી ઉઘાડવું અને થોડું હલાવવું. બે પાંખીયાંની વચ્ચે પથરી આવે એટલે ઉપરથી સ્ક્રુ ફેરવી તેને બંધ કરતાં પથરીનો ચુરો થઈ જાયછે. પેહેલી ફેરે પથરી એક વાર ભાગ્યા બાદ શસ્ત્ર કાઢી લેવું. અને દરદીને બિછાનામાં સૂતો રાખવો તથા પેશાબ પણ સુતાં સુતાં કરાવવો.ચુરો થયેલ પથરીનો ભાગ પેશાબ સાથે નીકળી આવશે. દરદીની સ્થિતિ ઉપર વિચાર કરી ફરી પાંચ છ દિવસે બાકી રેહેલા કટકાને ભાગવા. આ પ્રમાણે બે ચાર પાંચ વાર કરવાથી બધી પથરી નીકળી જશે. જેમ પથરીને માટે છેદન કરવામાં કલોરોફોર્મ સુંઘાડવાની આવશ્યકતા હોય છે, તેમ અશ્મરી ભંજનમાં હોતી નથી. ઉપરે પ્રમાણે હાલના વખત સૂધી પથરીનો ચુરો કરી તેને પેશાબની સાથે નીકળવા દેવામાં આવતો હતો. હાલમાં ડાકટર બીગલોનામના શસ્ત્રવેત્તાએ એવું કરી બતાવ્યું કે એકજ વખતે પથરી નાની અગર મોટી હોય તેને કચરી તેનો ભૂકો કાઢી લેવામાં આવેછે.



આકૃતિ. ૬૮
મૂત્રાશ્મરીભંજન.
ભાજક હથીઆર અંદર નાંખી પથરીપકડાયછે.

દરદીને કલોરોફોર્મ આપી તેની કમર નીચે તકીયો રાખવો. મૂત્રાશયમાં આઠ ઔંસ થોડા ગરમ પાણીની પીચકારી મારી અશ્મરી ભંજન શસ્ત્રથી પથરીનો ચુરો કરવો. પૂર્ણ ચુરો કર્યા બાદ“શોષક હથીઆર”(સકીંગ આપારાટસ) હોયછે તેનાથી મોટી નળી મૂત્રાશયમાં મૂકી તે ચુરોબધો શોષી લેવાયછે. શોષી લીધા પછી ફરી અશ્મરી ભંજન શસ્ત્ર દાખલ કરી જો કાંઇ બાકી કડકા રહ્યા હોય તો તે કચરી ફરીથી શોષી લેવા. વખતે કલાક બે કલાક આ કામમાં લાગેછે,પણ એકજ વખતે પથરીનો નીકાલ થાયછે.ચુરોકરી તેને મૂત્રાશયમાં પૂર્વ પ્રમાણે રેહેવા દેવો નહીં અને ફરી બીજી વખત ચુરો કરવાની પણ જરૂર રેહેતી નથી. દરદી સહન કરી શકે તો કલોરોફોર્મ સુંઘાડવાની જરૂર નથી.

પથરી ભંજન કર્યા પછી દરદીને થોડી અથવા ઘણી પીડા થાયછે અને જરા તાવ પણ આવી જાયછે. આ પીડાનું પ્રમાણ નથી રેહેતું. તેને દૂર કરવા માટે દરદીને એક બે દિવસ બિછાનામાં રાખવો તથા સોડાવોટર, દૂધ, પાણી, જવનું અથવા મગનું પાણી વગેરે પ્રવાહી પદાર્થો આપવા. લાડેનમ એક ડ્રામ પાણી સાથે મેળવી સકરામાં પીચકારી મારવી.

તરૂણ તથા પુખ્ત વયના આદમીને પથરી ભંજનની ક્રિયા લાગુ પડેછે. પથરી ભંજન કરતી વખ્ત દરદીની તબીયત સારી હોવી જોઇએ તથા મૂત્રાશય પણ સારી હાલતમાં હોયતોજ આ ક્રિયા કરવી. પથરી નાની તથા પોચી હોય તેમ ફતેહની આશા વધારે રાખી શકાય. ક્વચિત પથરી જુની રીત પ્રમાણે ભાગ્યા પછી અતિ પીડા થાય, પેશાબ ટીપે ટીપે ઘણી વેદના યુક્ત ઉતરે, તાવ આવે, પરસેવો થાય, નાડી જલદ તથા ક્ષિણ ચાલે, આવી ભયભિત સ્થિતિમાં દરદી આવી પડતો છેદ મૂકીને પથરીના કટકા કાઢી લેવાની જરૂર પડે છે.

મૂત્ર માર્ગની પથરીઃ—કોઇવાર નાની પથરી અથવા પથરીનો કડકો મૂત્રાશયમાંથી આવીને મૂત્રમાર્ગમાં કોઈ ઠેકાણે અટકી રહેછે. તે શીશ્નમાં લાગેછે, પીડા થાયછે, પેશાબ અટકી પડેછે. બચ્ચાંને આ પ્રમાણે ઘણીવાર થાયછે.

ઉપાયઃ—તેને બની શકેતો સળીથી પાછો મૂત્રાશયમાં હડશેલી દેવો. પાછો ન જાયતો ચીમટાવતી બહાર કાઢવો, અને તેમ ન નીકળે તો છેદ મૂકીને બહાર કાઢવો.

સ્ત્રીને પથરીઃ—સ્ત્રીને પથરી ક્વચિત્ જોવામાં આવેછે, કેમકે તેનો મૂત્રમાર્ગ પુરૂષના કરતાં ટૂંકો તથા પહોળો હોયછે. પથરીનાં ચિન્હ પુરૂષના જેવાંજ હોયછે તેને ચાર પ્રકારે કાઢવામાં આવેછે.

૧. મૂત્રમાર્ગને પહોળો કરીને ચીમટાવતી પથરી કાઢી લેવી. પહોળો કરવા સારૂ મૂત્રમાર્ગમાં થોડો વખ્ત વાદળી મૂકવી પડેછે અથવા ત્રણ પાંખીયાનું હથીઆર થાયછે તે બીડેલું મૂત્રમાર્ગમાં ઘાલી સ્ક્રુથી પાંખીયાં જુદાં કરવાં પડેછે, તેથી મૂત્રમાર્ગ પહોળો થાયછે. પછી તેમાં ચીમટો નાંખી સાધારણ કદની પથરી હોય તે કાઢી લેવામાં આવેછે. પથરી જરા મોટી હોયતો નીચેની બહારની બાજુએ થોડો છેદ મૂકવો પડેછે.

૨. મોટી પથરી હોય અને મૂત્રમાર્ગમાંથી આવી શકે તેમ ન હોય તો યોનીમાંથી છેદ મૂકીને કાઢવામાં આવેછે.

૩. પુરૂષની માફક પથરીને મૂત્રાશયની અંદર ભાગી નાખી કટકા કાઢી લેવામાં આવેછે. પુરૂષ તથા સ્ત્રીને એક વખ્ત પથરીનો નીકાલ કર્યા પછી કોઇવાર ફરી પથરી બંધાયછે તે માટે ફરી શસ્ત્રક્રિયા કરવી પડેછે.

૪. પથરી બહુ મોટી હોય ત્યારે પુરૂષ અગર સ્ત્રીને પ્યુબીસ ઉપર પેટુમાં છેદ મૂકી મૂત્રાશયમાંથી પથરી કાઢવામાં આવેછે. સ્ત્રી જાતિમાં મૂત્રમાર્ગ વાટે પથરી કાઢ્યા પછી ઘણુંકરી પેશાબનો કબજો રહેતો નથી, તેટલા માટે પથરી નાની હોય તે છતાં પણ પેટુમાંથી કાઢવા જરૂરપડેછે. ક્લોરોફોર્મ સુંઘાડીને મધ્ય રેષામાં પ્યુબીસથી બે ઈંચ અગર જરૂર હોયતો વધારે લાંબોછેદ ત્વચામાં મૂકવો. લોખંડની મૂત્રશલાકા મૂત્રાશયમાં દાખલ કરી તેની અણી છેદના ઠેકાણામાં લાગે તેમ રાખવી. તેને અનુસરી મૂત્રાશયમાં છેદ કરી અસ્મરી ચીમટો નાંખી પથરી કાઢી લેવી. દરદીને મટતા સુધી જખમને ટેભા દીધા વગર રૂઝાવા દેવો.

દાંતના વ્યાધિ.

દાંત તથા તેના સંબંધનાં પેઢાં એઓની વ્યાધિ પુષ્કળ થાયછે. પ્રથમ દાંત આવતાંજ કેટલીક વખત પીડા થાયછે. બચ્ચુ છ સાત મહીનાનું થાય ત્યાર પછી દાંત આવવાની શરૂઆત થાયછે. તે બે અઢીવરસનું થાય ત્યાં સુધી બધા દાંત (૨૦) આવી જાયછે. પાંચ છ વરસની ઉમર થાય એટલે દૂધીઆદાંત પડવા માંડેછે તથા તેની જગોએ દહીંના જાથુ દાંત આવવા માંડેછે. આ જાથુના દાંત બત્રીસ હોયછે. તે માંહેલી છેલ્લી દાઢતો આદમી અઢાર વીસવરસનો થાય ત્યારે પૂરેપૂરી બહાર આવેછે. આ દાઢ આવતાં કેટલીકવાર ઘણી પીડા કરેછે.

કેટલીકવાર પેઢાં સુજી આવે છે, અને તેની અંદર પાકીને પરૂ થાય છે. કોઇવાર આ સોજો ઘણો થાયછે તથા બહાર જડબાપર જણાયછે. આ પેઢાના વરમ અથવા પાકને લીધે ઘણી પીડા થાયછે. મોઢું પૂરૂં ઉઘડતું નથી તથા ખાવામાં અડચણ થઇ પડેછે. દાંતને સાફ કરવામાં ન આવેતો તેના ઉપર ખેરી ચઢી જાયછે તથા તેમની આવરદા ઓછી થાયછે. તે વહેલા હાલવા માંડેછે અને પછી પડી જાયછે.

કેટલાક કારણથી દાંત સડવા માંડેછે. એક અથવા વધારે દાંત સડી જાયછે. દાંત સડવાનું મુખ્ય કારણ ખોરાક છે. ખોરાક લીધા પછી મોઢું સાફ કરવામાં નહિ આવે તો દાંતમાં ભરાઈ રહેલું અનાજ તેમાં ઘણો વખત રહીને સડેછે, તેથી દાંતમાં દરદ પેદા થાયછે. ખાટા પદાર્થ તેમજ મીઠાઈ ખાવાથી દાંતને વધારે નુકશાન પહોચે છે. કોઇવાર દાંતવડે કાંઈ ચીજ ભાગતાં દાંતનો જરા ભાગ તૂટી જાયછે અને તેથીપણ સળો પેશવાનું મૂળ રોપાયછે.

બીજા દાંત કરતાં દાઢ જેનું મુખ્ય કામ ખોરાક સાથે રહેલુંછે તે ઘણીવાર સડેલી માલૂમ પડેછે. દાંત સડેછે ત્યારે જેમ જેમ દાંતનો ભાગ ખવાતો જાયછે તેમ તેમ તેની અંદર ખાડો પડતો જાયછે. આ ખાડો ઘણું કરી કાળારંગનો દેખાયછે. ઘણું કરી આ ખાડો જેમ ઊંડો જાય તેમ તેની પીડા વધતી જાયછે. કોઈવાર આ પ્રમાણે દાંત ઘણો જલદી ખવાઈ જાયછે અને કોઇવાર ઘણાં વરસ લાગેછે.

ક્વચિત આ પ્રમાણે દાંત સડેછે ત્યારે ક્વચિત પીડા થતી નથી.પણ ઘણું કરી થોડી અગર ઘણી પીડા કોઈ કોઇવાર થયા વગર રહેતી નથી.કોઇને થોડી પીડા થાયછે,અને કોઇને પીડાનો સુમાર રહેતો નથી. એક વખત પીડા થઈ મટી જાયછે અને કેટલીક મુદતપછી પાછી ફરી ઉપડેછે. સડેલા દાંત પડી જાય ત્યાંસુધી આવી મુશીબત વેઠવી પડેછે.

કોઇવાર ઉપરથી જોવામાં દાંત સારો હોયછે, પણ અંદરથી તેનાં મૂળમાં કાંઇ વ્યાધિ થવાને લીધે તેની અંદર ચસકા આવેછે. ઘણું કરી જે દાંતમાં વ્યાધિ થઈ હોય તેમાં એકમાંજ વેદના થાયછે. પણ કેટલીકવાર તેની આસપાસના બીજા દાંતમાં પણ ચસકા મારેછે અને તેથી મૂળ વ્યાધિ કયા દાંતમાંછે તે કહેવું પણ મુશ્કિલ થઈ પડેછે.

ઉપાય:—દાંતનાં પેઢાં ચડી આવે તેની પીડા થતી હોય તો ત્રીફળા (હરડાં, બહેડાં,

આમળાં) ને પલાળી તેના પાણીના કોગળા કરવા. એકજ ઠેકાણે સોજો ચઢી આવ્યો હોય તો ત્યાં અકલકરાનો કકડો અગર હીંગનોકકડો રાખી લાળ ઝરવા દેવી.મીઠું ઘસીને થોડું લોહી કાઢ્યું હોયતો જલદી આરામ થાયછે.જો પરૂ થયું હોયતો તેને ફોડ્યાથી આરામથશે.

દરરોજ સવારમાં મીઠું ચાવી તેના કોગળા કર્યા હોય તો મુખ સાફ થાયછે. તે દાંતની વચનો ખોરાક સડતો હશે તેનો અટકાવથશે.

દાંતને ઘસીને હમેશાં સાફ રાખવા, દાંતને ખોતરવાની ટેવ પાડવી નહી. દાંત સાફ રાખવા સારૂ મીઠાનો ઉપયોગ કરવા લખ્યુંછે. આપણામાં ઘણા લોક રાખવતી દાંત ઘસેછે. આરીત ખોટી નથી પણ તે રાખ થોર વગરે ખરાબ લાકડાંની હોવી નહિ જોઇએ, દાંતને સાફ કરવાની દવા નીચે આપીછે તે માંહેથી કોઇનો પણ ઉપયોગ કરવો,

નં. ૧ ચાક..................૫ તોલા. કપૂર..................½ તોલા.

આ બંને દવાને મિશ્ર કરી તેની બારીક ભૂકીથી દાંત ઘસવા.

નં. ૨ બદામના ફોતરાની રાખ..૫ તોલા. ચાકની ભૂકી......૩ તોલા.

સીંકોનાની છાલની ભૂકી...૨ ,,

સર્વે દવાને મિશ્ર કરીને તેને વસ્ત્ર ગાળ કરીને દાંતે ઘસવી.

નં. ૩ સોપારીની રાખ............૬ તોલા. હીરાબોળ........... ૨ તોલા.

ચાકની ભૂકી..............૪ ,, સીંકોનાની છાલની ભૂકી,૨ ,,

કપૂર ....૧ ,,

આ સર્વે દવાઓને મિશ્ર કરી તેની બારીક ભૂકી કરી દાંતે ઘસવી.

નં. ૪ કપૂર ....½ તોલો. કાથો.....................૧ તોલો.

રૂમે મસ્તકી..............૧ ,, કોયલાનો ભૂકો............૪ ,,

હીરાબોળ ....૧ ,, ચાક.....................૪ ,,

સર્વે દવાઓને મિશ્ર કરી તેની બારીક ભૂકી કરી દાંતે ઘસવી.

ઉપર બદામનાં ફોતરાં તથા સોપારીની રાખ કહીછે તેને ઠેકાણે "વુડ ચારકોલ" (લાકડાના કોયલા) વાપરવાને હરકત નથી. દાંતના પરવારામાંથી લોહી આવતું હશે તે પણ ઉપર લખેલા દાંત મંજનથી બંધ થશે. તેનાથી ન થાય તો ઉપર કહેલા કોઈ પણ મંજનમાં થોડો "ટાનીક આસિડ" મેળવીને લગાડવાથી તે ખસુસ બંધ થશે.

દાંત સડવા માંડયો હોય અને તેની અંદર ખાડો પડયો હોય તો તે ખાડાને સાફ કરી તેની અંદર સોનાનો વરખ, સીસુ અગર બીજી ધાતું ભરવામાં આવેછે. તેથી તે ખાડો પૂરાઈ જાયછે ને તેમાં ખોરાક જતો નથી. ત્યાર પછી દાંત વધારે સડતો નથી. આ પ્રમાણે દાંત ભરવાને સુવર્ણ ઉત્તમ ગણવામાં આવ્યુંછે.

સડીગયેલા દાંતનું દરદ મટાડવા તથા તેનો ખાડો પૂરવાની નીચેની રીત ઉત્તમછે. પ્રથમ ગરમ પાણીના કોગળા કરી મોઢું સાફ કરીને શોષણ કરનાર રૂના પુંમડાથી દાંતની પોલ લૂછને કોરી કરવી. સાદારૂને "આલકલાઇન" પાણીમાં ઉકાળવાથી શોષક રૂ થાય છે. દાંતની પોલ કોરી કર્યાં બાદ નીચેની દવામાં જરા રૂ બોળીને તે પોલની અંદર મૂકવું.

નં. ૫ કારબોલીક આસીડ ડ્રામ	૪	મીશ્ર કરવાથી કાળુ નરમ ગોળ જેવું પ્રવાહી થશે.
ગ્લીસરીન.........ટીપાં	૨૦	
ટાનીક આસીડ ડ્રામ	૨	

તે રૂ અંદર દાબતી વખત આસપાસ બીજું સાદુ રૂ મૂકવું એટલે તે દવા મોઢાના બીજા ભાગને લાગે નહિ.લોબાન અગર રૂ મેમસ્તકીના દ્રવમાં બોળેલું રૂ તેની ઉપર દાંતની પોલમાં દાબવું એટલે તે પોલમાં મોઢાનું થુંક અગર બિનાશ પ્રવેશ કરશે નહિ.થોડા દિવસમાં બધો દુખાવો અને વરમ બેશી જશે એટલે તે રૂને કાઢી નાખી "ઝીંક ઓક્ષીકલોરાઇ" (ઑસ આર્ટીફીસ્યલ) થી દાંતની પોલ ભરી દેવી. ઓક્ષાઇડ આવ ઝીંકને સ્ટ્રોંગ સોલ્યુશન આવ કલોરાઇડ આવ ઝીંકમાં મેળવવાથી ઝીંક ઓક્ષીકલોરાઈડ થાયછે. તેની એક ગોળી લઇ તે પોલની અંદર દાબીને બેશાડવી અને દાંતની સપાટીની બરાબર કરી મૂકવી.

દાંત સડવાથી ઘણી વેદના થતી હોય તો તેની અંદરના ખાડામાં એક ગ્રેન "મારફીયા" મૂકી ઉપર રૂ દાબી દેવું તથા કેટલીક વખત તેને રહેવા દેવું. એટલે ચસકા આવતા બંધ થશે. મારફયા ન હોય તો લાડેનમમાં રૂ ભીંજવી તે દાંતમાં દાબી રાખવું તેથી દરદ નરમ ન પડે તો કલોરોફોર્મમાં રૂ બોળીને દાંતમાં મૂકવું. આ પ્રમાણે સડેલા દાંતની અંદર પીડા થતી હોય તો તેના ખાડામાં એક અગર બે ટીપાં "ક્રીયાસોટ"માં જરા રૂ ભીંજવી તે મૂકવાથી પણ ફાયદો થાયછે. લવીંગનું તેલ તથા લાડેનમ અને કલોરોફોર્મ સરખે ભાગે લેઈ તેમાં રૂ ભીંજવીને દાંતમાં મૂકવાથી આરામ થશે. તે સિવાય નીચેની દવાઓમાંથી કોઇપણ દવામાં રૂ બોળી દાંતમાં ભરવાથી દરદની શાંતિ થાયછે.

નં. ૬. સ્પીરીટ ઓફ લવન્ડર, લાડેનમ, સાલવોલાટાઇલ. આ ત્રણે દવા સમભાગ લેઇને તેને મિશ્ર કરી તેમાં રૂ બોળી મૂકવું.

નં. ૭. કારબોલીક આસિડ, ગ્લીસરાઈન, કોલોડ્યન. આ ત્રણે દવા સમ ભાગ લેઇને તેને મિશ્ર કરી તેમાં રૂ બોળી મૂકવું.

નં. ૮. ક્લોરલ હાઇડ્રેટ, સલ્ફયુરીક ઇથર, સ્પીરીટ ઓફ કેમ્ફર. આ ત્રણે દવા સમ ભાગ લેઇને તેમાં રૂ બોળી મૂકવું.

દાંત હાલતો હોય અને ઘણી વેદના થતી હોય, સડી જવાથી પીડા ઘણી થતી હોય, અથવા બીજા દરદથી અસહ્ય ચસકા મારતા હોય તો તે દાંતને કાઢી નાખવાની જરૂર પડે છે. આગળના દાંત કેટલીકવાર હાલે છે અને તેથી દુખેછે તેને કાઢી નહિ નાંખતાં ફક્ત તાર વતી બીજા પાસેના સારા દાંત સાથે બાંધી લીધાથી તે હાલતા બંધ પડી જઈ દરદ બંધ થાયછે.

દાંતને કાઢી નાખવા સારૂ દરેક દાંતને અનુસરીને તૈયાર ચીમટા આવે છે. દરદીનું મોઢું ઉઘડાવી, ચીમટાને ઉઘાડી તેના બંને પાંખીયાની વચમાં દાંતને બરાબર લેઇને એક હાથમાં ચીમટો મજબુત પકડવો અને બીજા હાથની બગલમાં દરદીનું મસ્તક દબાવીને, ચીમટાને જોરથી એકથી બીજી બાજુ હલાવીને દાંતને કાઢી લેવો. દાંત મજબુત બેઠેલો હોય તો તે કોઇવાર તુટી જાય છે, ત્યારે બાકી રહેલા ભાગને ફરી પકડી કાઢવો.

દાંત કાઢ્યા બાદ લોહી નીકળે છે, અને થોડી વખત બહુ દુખાવો થાયછે, તે માટે ગરમ પાણીના કોગળા કરવા. કદાચ બહુ લોહી નીકળે તો લોઢાના અર્કમાં રૂ બોળી તે ખાડામાં દાબી દેવું.

કાઢી નાખેલા દાંતને ઠેકાણે બીજા નવા દાંત મૂકવામાં આવે છે તેથી મોઢાની ખુબ સુરતીમાં ઓછાપણું થતું નથી, બોલવામાં સ્વરભેદ થતો નથી, એટલુંજ નહીં પણ ચાવવામાં તથા ખાવાના કામમાં પણ હરકત આવતી નથી.

દાંત સડેછે, હાલેછે અને ઘણી પીડા કરેછે ત્યારે દેશી વૈદ્યો ભોંયરીંગણીના ફળના બીની ધુમાડી લેવા કહેછે તેથી કેટલીકવાર દાંતની વેદના કમી પડી જાયછે.

નં. ૯. ધુમાડી લેવાની રીતઃ—એક માટીનો ઘડો લઈ તેને એક વાસણમાં પાણી નાંખીને ઊંધો મૂકવો, તેના તળીયા ઉપર એક ગોળ છીદ્ર પાડી તેના ઉપર મોઢું ઉઘાડી દુખતો દાંત આવે એમ કરવું. તેજ ઘડાના પડખામાં એક તાવેથી જાય તેવુ છિદ્ર પાડી, તે તાવેથા પર અંગારા લઈ, તે ઉપર ભોરીંગણીનાં બી નાખી, તે ઘડાની અંદર તાવેથો ઘાલવો, અને આસપાસનો છિદ્રનો ભાગ કપડાથી ઢાંકી રાખવો. અંદરનો ધુમાડો મોઢામાં દુખતા દાંતને લાગશે. થોડીવાર રાખી પછી લાળ ઝરવા દેવી. ભોયરીંગણીનાં બી બળતી વખત ઉડીને વાસણ માહેના પાણીમાં ગડેછે. તે બીની અંદર એક રેસો હોય છે, તે બરાબર ઝીણા કીડાના આકારનો હોયછે, તેને દાંતમાંથી જીવડા પડ્યા એમ ભોળા લોકો માનેછે, અને પાણી હાલેછે તેથી જીવડા હાલતા હોય એમ પણ જણાયછે. એટલે તેવા લોકોને છેતરવાનું પૂરેપૂરૂ કારણ થાયછે. દાંતને ધુમાડાનો શેક લાગવાથી પીડા કમી થાય એટલે કીડા પડી જવાથી વેદના શાંત થઈ એમ માનવામાં આવેછે.

દાંત દુખતા હોય કળી પડતા હોય તો તેને નીચે આપેલી ભુકી દિવસમાં બે ત્રણ વખત ઘસી, ગરમ પાણીના કોગળા કરી નાખવા.

નં. ૧૦. પતંગ......૨ તોલા.	કાંટાળુમાયું......૨ તોલા.
મજીઠ ...૨ ,,	સૂવર્ણ માક્ષિક...૨ ,,
કરકશી ...૨ ,,	લોદર ....૨ ,,
ફટકડી ...½ ,,	

ઉપરની સર્વે દવાને બારીક વાટીને મિશ્ર કરી દાંતે ઘસવી. આ તથા બીજાં દાંત મંજન કહ્યાંછે તેને "બ્રશ" અગર બાવળના દાતણ વતી સારી રીતે ઘસવા ને પછી પાણીના કોગળાથી સાફ કરી નાખવા. જેમ ઘણી ખાટી ચીજો ખાવી નહી તેમ ઘણી મિઠાશવાળી ચીજો પણ ખાવાનો મહાવરો રાખવો નહી. કારણ કે તેમનાથી અજીરણ થઈને ખટાશ પેદા થાયછે, તેની મોઢામાં અસર જવાથી પણ દાંતને નુકશાની પહોંચેછે. બદ હજમીનો ઇલાજ જલદી કરવો કારણ કે તેથી પણ કેટલીકવાર દાંતની વ્યાધિ થઈ આવે છે.

નેત્રવ્યાધી.

નેત્રવ્યાધિ પુષ્કળ પ્રકારના થાયછે. નેત્ર રસપડના રોગ, પાંપણ, અશ્રુમાર્ગ કૃષ્ણમંડળ, શ્વેતમંડળ, કનીનીકા, સ્ફટીકરૂપરસ, અને નેત્રદર્પણ ઇત્યાદિના નાના પ્રકારના વ્યાધિ થાયછે.

કૃષ્ણમંડળ એટલે જે ડોળાનો વચલો કાળો ભાગ દેખાયછે તે અને તેને કોર્નિયા કહેછે

શ્વેતમંડળ એટલે ડોળાનું સફેત બાહ્ય પડછે તે અને તેને "સ્કલેરોટીક" કહેછે.

ડોળા ઉપર અને પાંપણોની અંદર જે બારીક આચ્છાદનછે તેને નેત્ર રસપડ કહેછે તેનો વરમ થાયછે તેને "આંખ આવી" એમ કહેછે.

આંખ આવવી.

(કંન્જંટી વાઈટીઝ.)

આંખ આવેછે ત્યારે ડોળો લાલ થાયછે. પાંપણ થોડી ઘણી સૂજી આવેછે તથા અંદરથી ઘણી રાતી થઈ જાયછે. આંખમાં કાંકરા ભર્યા હોય તે મીસાલે ખુંચેછે. ચીપડા તથા પરૂ નીકળેછે. આંસુ વહેછે, પાંપણો ચોટી રહેછે. થોડી ઘણી વેદના થાયછે. અજવાળુ સહન થતું નથી તેથી આંખો મીંચાયલી રહેછે.

આંખો થોડી અથવા ઘણી આવેછે તે પ્રમાણે ડોળો ન્યુનાધિક લાલ થાયછે. ડોળા કરતાં પાંપણની અંદરનો ભાગ હમેશાં વિશેષ રાતો હોયછે કેમકે વરમની શરૂઆત ત્યાં થાયછે.

આંખ દુરસ્ત થાય ત્યારે પણ નેત્ર ગોળનો ભાગ સારો થયા પછી પાંપણનો ભાગ સારો થાયછે. આખ થોડી આવી હોય ત્યારે માત્ર થોડા ચીપડા વળેછે. નેત્ર ખુલ્લું રહેછે અને દરદની વિશેષ પીડા થતી નથી. જ્યારે આંખ વિશેષ આવેછે ત્યારે અતિ રક્તવર્ણ થઇ પોપચાં સુજી આવી, અંદરથી સફેદ પરૂ વહેછે તે સૂકાઇ જવાથી પોપચાં ચોટી રહેછે. આંખો ઉઘાડતાં પાણીની ધાર ચાલેછે, અજવાળા સામુ જોવાતું નથી આંખમાં ખટકો થાયછે. જ્યારે આંખ અતીશે આવેછે ત્યારે અસહ્ય વેદના થાયછે. પરૂ ઘણું નીકળેછે. પોપચાં બહુ સુજી આવેછે. આંખ ઉઘાડતાં ડોળાનો ભાગ લાલ સુજી આવેલો અને કોઈ કોઇ વાર રસપડ બહુ ઉપસી આવેલું માલમ પડેછે. પોપચું ઉથલાવતાં અંદરથી ઘણું પરૂ ડોળો નીકસેછે. તથા અંદરથી બહુ સોજાને લીધે પાંપણ ઉથલાવતાં મુસ્કેલી પડેછે. કોઇવાર સુજેલી પાંપણોને લીધે ડોળો છેક ઢંકાઈ જાયછે અને વખતે તેની અંદરનો ભાગ બહાર આવેછે, જ્યારે આવો તીક્ષ્ણ વરમ થાય ત્યારે તેનું પરૂ ચેપી હોયછે. તે બીજાની આંખમાં જવાથી તેની આંખો દુખવા આવેછે.

આંખ આવે ત્યારે અંદર ખુંચેછે અથવા ખટકો થાયછે તેથી કણું પડ્યુંછે એમ સમજીને સાધારણ લોકો ઘણા ઠગાયછે.

કારણઃ—બધી વયનાં મનુષ્યોની આંખો આવેછે. ઘણું વાંચવાથી અથવા બીજા

હરકોઈ કામમાં બારીક નજરે જોવાથી ધુમાડો ખાવાથી, તડકામાં ફરવાથી, આંખમાં કાંઈ પડવાથી, બીજાના ચેપથી, ગરમ પદાર્થ ખાવાથી આંખો આવેછે. શીળી, ઓરી, ના તાવમાં આંખો આવેછે.

ઉપાયઃ—સાધારણ આંખ આવવાનાં ઉપર કહેલાં ચિન્હ બીજા અનેક પ્રકારનાં નેત્ર વ્યાધિમાં સામાન્ય લક્ષણ હોયછે જેમકે ક્રોર્નિયા, કનીનીકા ઇત્યાદિના વરમમાં તથા ફુલાં વગેરના વરમમાં આંખની લાલપ, અશ્રુવેદના વગેરે સામાન્ય ચિન્હ હોયછે. માટે હમેશાં ઉપાય કરતાં શરૂઆતમાં આંખનો બારીકીથી તપાસ કરી વ્યાધિનો નિર્ણય કરી પછી ઇલાજ કરવો.

થોડી આંખ આવી હોય તો લેડલોશન અથવા હરકોઈ નીચે આપેલું લોશન આંખને લગાડવાથી આરામ થશે. લોશનમાં કપડું ભીંજવીને આંખ પર મૂકવું અને સૂકાય તેમ પાણી રેડતાં જવું.

નં. ૧. શ્યુગરલેડ … ….૮ ગ્રેન. પાણી…………….૨ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી તેના પાણીનાં પોતાં મૂકવાં.

નં. ૨. જસતનાં ફૂલ……૬ ગ્રેન. પાણી…………….૨ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરી તેના પાણીનાં પોતાં મૂકવાં.

નં. ૩. રેકટીફાઇડ સ્પીરીટ……૨ ડ્રામ.
એસેટીક આસિડ……$\frac{1}{2}$,,
ગુલાબ જળ…………૪ ઔંસ.
} આ દવાને મિશ્ર કરી તેના પાણીનાં પોતાં મૂકવાં.

જો આંખની રતાસ ઉપર આપેલી કોઇ પણ દવાથી ન મટેતો નીચે આપેલી કોઈ પણ દવાનાં ટીપાં નાંખવાં.

નં. ૪. મોરથુથુ………૨ ગ્રેન. પાણી…………૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી તેનાં આંખમાં ટીપાં નાંખવાં, મોરથુથુને બદલે જસતનાં ફૂલ પાણીમાં મેળવી તેનાં ટીપાં નાંખ્યાં હોય તો પણ કાંઈ હરકત નથી.

નં. ૫. ટાનીક આસિડ… ..૧૦ ગ્રેન.
ગ્લીસરીન………… ૨ ડ્રામ.
પાણી… ………… ૬ ,,
} ત્રણે દવાનું મિશ્રણ કરી ટીપાં નાંખવાં.

જો આંખ વિશેષ આવી હોય, ખટકો થતો હોય, પરૂ નીકળતું હોય, પોપચાં સુજી આવ્યાં હોય તો આટ્રોપીનનું ટીપું નાંખવું, ત્યારબાદ ખસખસનાં ડોડવાના પાણીનો શેક કરવો અને સીલવર નાઇટ્રેટનાં ટીપાં નાંખવાં.

નં. ૬. સીલવર નાઇટ્રેટ…૧ થી ૪ ગ્રેન. પાણી ચોખ્ખું……૧ ઔંસ.

ઉપરની દવાનું મિશ્રણ કરી તેનાં ટીપાં નાંખવાં.

આંખ દુખવા આવી હોય તેના પ્રમાણમાં સીલવર નાઇટ્રેટનો એક અથવા વધારે ગ્રેન એક ઔંસ પાણીમાં મેળવી દરરોજ ત્રણ ચાર વખત ટીપું નાંખવું. નીચલી પાપણ નીચે ખેંચી તેની અંદર ટીપું પાડવું અને પછી ઉપલી પાપણ હલાવવાથી આંખમાં દવા પસરી જશે.

કોઈની આંખને શેક ફાયદો કરેછે અને કોઈને થંડુ લોશન ફાયદો કરેછે. એ પ્રમાણે ટીપાં નાંખ્યા પછી આંખને શેક કરવો અથવા તેના ઉપર લોશન મૂકવું.

લોશનનો કાંઇ ભાગ આંખની અંદર જવા દેવા પરને લીધે આંખ ચોટી રહે તો તેને ગરમ પાણીની પીચકારી મારી ધોવી અથવા.

નં. ૭ રસકપૂર......૧ ગ્રેન. નવસાર......૬ ગ્રેન. પાણી......૬ ઔંસ.

ઉપરની દવાનું થોડું વજન લઈ તેમાં સમભાગ ગરમ પાણી મેળવી આંખ ધોવી.

આંખની પાપણો ફરીથી ચોટી ન જાય તે માટે તેમની વચ્ચે ઘી અથવા એરંડીયુ તેલ લગાડવું. આંખનો દુખાવો થતો હોય તે માટે નીચેનો મલમ કપાળ અને ભમર ઉપર દિવસમાં ત્રણ ચાર વખત ચોળવો પણ તેને લીધે નાની ફોડકીયો ઉઠે એટલે બંધ કરવો.

નં. ૮ એખસટ્રાક્ટ બેલાડોના...૧૦ ગ્રેન.
વ્હાઈટ પ્રેસીપીટેટ ...... ૫ ગ્રેન.
સાદો મલમ .... ૧ ડ્રામ.
} ઉપરની ત્રણે દવાને મિશ્ર કરી લગાડવું.

જ્યારે આંખ અતીશે આવે, બહુ પરૂ નીકળે, સરપડ ઉપસી આવે, મહાપીડા થાય તો કોર્નીયામાં ફૂલ પડવા અથવા તે ફૂટી જવાની દેહેશત રહેછે. જો કોર્નીયાનો જરા પણ બાધિ જોવામાં આવે તો આંખમાં આટ્રોપીન નાંખતાં રહેવું. સીલવર નાઈટ્રેટ અથવા બીજી દવા હરગીજ નાખવી નહીં પણ જો કૃષ્ણ મંડળમાં બિગાડ ન થયો હોય તો આ બ્યાધિને મટાડનાર સીલવર નાઈટ્રેટ જેવી બીજી કોઇ દવા નથી. એક આઉંસ પાણીમાં સીલવર નાઈટ્રેટના દસ ગ્રેન મેળવી તેનું ટીપું સાંજ સવાર નાખવું. દરમીયાન દિવસમાં કલાકે કલાકે આંખને ગરમ પાણીથી ધોવી તથા પાણીમાં ચારથી છ ગ્રેન ફટકડી અને જસતનાં ફૂલ નાખી તેની આંખમાં પીચકારી મારતાં રહેવું. અફીણના ડોકવાનો શેક કરવો અથવા બરફનાં પોતાં મૂકવાં. આંખની પાસે લમણા ઉપર ચારથી છ જળો મૂકવી. પાંપણને જળો લગાડવી નહીં, નહીં તો પાંપણ વધારે સૂજી આવશે. રસપડ ઉપશી આવ્યું હોય તો તેના ઉપર છેદ મૂકવો, એટલે તેમાંથી લોહી અને પાણી નીકળી તે નરમ પડશે. આંખની આસપાસ એક્ષટ્રાક્ટ બેલાડોના લગાડવો. આંખની પીડાને લીધે દરદીને તાવ આવેછે. તે માટે તેને જુલાબ આપવો તથા કોઇનન આપવું. પાંપણની અંદર ટાનીક આસીડની બારીક ભૂકી આંજવાથી લોહી કાપી લેછે.

દેશી દવામાં આંખ આવી હોયતો ચીમડ, કસાંજળ, સાકર, અસેળીયો ઇત્યાદિ આંજવામાં આવેછે. તેમાં પહેલી બે દવા ઘણી સરસછે. ફટકડી તથા અફીણ ઘસીને આંખની આસપાસ લગાડવાથી સોજો તથા વેદના કમી થાયછે. લીંબુનોરસ, કુવારનો ગર્ભ, જીરૂ, આંબાહળદર, ફટકડી, થોડું અફીણ એ બધાને મિશ્ર કરી તેની પોટલી કરી આંખને લગાડવાથી વેદના કમી થાયછે સાધારણ આંખ આવી હોયતો દૂધનાં પોતાં અથવા જીરૂ મૂકવાથી આરામ થાયછે. રસવતી તથા ફટકડી ઘસીને આંખની આસપાસ ચોપડવામાં આવેછે.

વેલ.

(ટેરીજીયમ)

કેટલાક આદમીને મધ્ય અથવા પુખ્ત ઉમરે પહોચ્યા બાદ આંખનું રસપડ એક ખુણામાંથી જાડું થઈ સ્નાયુની માફક વધેછે, તથા કૃષ્ણમંડળ ઉપર જાયછે, તેને "આંખની વેલ" કહેછે. આ વેલ બારીક અને નાની હોયછે અથવા જાડી પસરેલી લોચા જેવી હોયછે. તે આસ્તે આસ્તે વધીને કીકી ઉપર અને કોઇવાર આખા કૃષ્ણમંડળ ઉપર આવી જાયછે. કીકી ઉપર આવે એટલે દેખાતું બંધ થાયછે. જ્યાંસુધી વેલ તેની એક બાજુ રહે ત્યાંસુધી દૃષ્ટીને હરકત પહોચતી નથી. બહુધાવેલ બેઉ આંખમાં સાથે થાયછે. કોઇવાર એક આંખમાંપણ હોયછે. ઘણું કરી વેલ આંખના અંદરના ખુણામાંથી ઉત્પન્ન થઈ કૃષ્ણમંડળ ઉપર ધસી આવેછે. ક્વચિત બહારના ખુણામાંથીપણ ઉત્પન્ન થાયછે. કોઇવાર બેઉ ખુણામાંથી સાથે ઉત્પન્ન થઈ કૃષ્ણમંડળને ઘેરી લેછે. વેલને લીધે આંખમાં પીડા અથવા લાલપ વગરે કાંઈ ચિન્હ થતાં નથી.

ઉપાયઃ—જો વેલ ક્ષુલક હોયતો ટાનિકઆસિડ, મોરથુથુ, સીલવરનાઇટ્રેટ, વગરેનાં ટીપાં નાખવાથી તેની વૃદ્ધિનો અટકાવ થશે. પણ જો તે મોટી થઈ હોયતો તેને કાપવાની જરૂર પડેછે. હમેશાં વેલ કીકી ઉપર આવે તેની પહેલાં તેનો આ ઇલાજ કરવો જરૂરનો છે. કારણ જો તે કીકી ઉપર આવી ગયા બાદ કાપવામાં આવે તોપણ તે ઠેકાણે તેનો ડાઘ રહી જાયછે અને તેથી દૃષ્ટીમાં ખામી રહેછે. વેલ ઘણું કરી ત્રિકોણાકાર હોયછે અને તેનો છેડો કૃષ્ણમંડળ તરફ હોયછે, તેને કાપવાની ત્રણ રીતછે.

દરદીને કલોરોફોર્મ સુંઘાડી આંખને ચાંપના જોરથી ખુલ્લી રાખવી.

૧. એક રીત એવીછે કે તેને ચીમટાવતી પકડી સાવચેતીથી કાપી કાઢી જે જખમ રહે તેની બેઉ બાજુ શીવી લેવી.

૨. બીજી રીત એવી છે કે વેલના છેડાનો ભાગ કૃષ્ણમંડળમાંથી જુદો પાડી તે ભાગને કૃષ્ણ મંડળમાંથી નીચેની બાજુ રસપડમાં છેદ મૂકી માર્ગ કરી તે ઠેકાણે શીવી લેવો.

૩. ત્રીજી રીત એવી છે કે એક લાંબા દોરામાં બે વાંકી સુઈ પરોવી તે બેઉ સુઈ વેલની નીચે આરપાર કાઢવી તથા તેમના દોરા કાપી સોઈ જુદી પાડવી અને વેલની હેઠળ દોરા રહેવા દેવા આ રહેલા દોરાના સોઇને કાપી કાઢવાથી ત્રણ ભાગ થાયછે. અકેક છેડે અકેક ભાગ હોય છે તથા વચમાં જે ભાગ હોય છે તેના છેડા એક તરફ તે સર્વેને ખેંચીને બાંધી લેવાથી વેલ થોડા રોજમાં ખરી પડે છે અને દોરા બહાર નીકળી આવેછે.

વાવલું.

(પરચ્યુલર ઓફ્થાલમ્યા)

આંખ દુખવા આવી હોય તે મીશાલે તે લાલ થઇ જાયછે, ખટકો થાયછે, અશ્રુ વહેછે. અને અજવાળું સહન થતું નથી. આંખ લાલ થયા પછી કૃષ્ણ મંડળના કિનારા ઉપર નાની રાઈ જેવડી ફોલ્લી થાયછે તેને વાવલુ કહેછે. આવી ફોલ્લી એક અથવા વધારે હોયછે. ઘણુંકરી તે બેઉ આંખમાં સાથે થાયછે. કોઇવાર આવી ફોલ્લીઓ કૃષ્ણ મંડળ ઉપર થાયછે. કોઈવાર આખી આંખ લાલ ન થતાં વાવલુ હોય તે તરફનો ભાગ લાલ થાયછે. ઘણુંકરી ફોડકી કૃષ્ણ ભાગના કીનારા ઉપર થાયછે, તે સફેદ પીળા રંગની હોયછે તથા થોડા દિવસમાં ફૂટીને મટી જાયછે, કેટલીકવાર તે ફરી ફરીને થાયછે. ઘણું કરી આ વ્યાધિ અશક્ત અને સ્ક્રોફ્યુલાવાળા દરદીને થાયછે. તે વિશેષ બાળકોમાં જોવામાં આવેછે. તેજ જોવાતું નથી તેથી તે છોકરૂં આંખ મીંચી તે ઉપર હાથ મૂકી રાખેછે.

ઉપાયઃ—જ્યારે આંખમાં બહુ રતાશ વેદના તથા પ્રકાશા સહ્ય હોય ત્યારે આટ્રોપીનનાં ટીપાં દિવસમાં બે વખત નાખવાં, તથા આંખને પાટો બાંધવો. આંખને ગરમ પાણીથી ધોવી તથા શેક કરવો અને પાંપણને જરા ઘી લગાડવું આટ્રોપીનને બદલે બેલાડોનાનાં ટીપાં નાંખીયે તો ચાલે.

નં. ૯. એક્સ્ટ્રાક્ટ બેલાડોના ..૧૫ ગ્રેન. પાણી........૧ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને ટીપાં નાંખવાં.

બેલાડોના સાથે જસતનાં ફૂલના બે ગ્રેન મેળવી તેનાં પણ ટીપાં મૂકવાં. ઉપર કહેલાં સખત ચિન્હ કમી પડ્યા પછી કેલોમલ અથવા રેડ પ્રીસીપીટેટ ઓઇંટમેન્ટ આંખમાં નાખવાથી આરામ થશે. કાસ્ટીકનાં ટીપાં મૂકવાં—દરદીની તબીયત ઘણું કરી અશક્ત હોયછે તેને સુધારવાની કોશીશ કરવી. કવીનાઇન, સીરપફેરી, આયોડાઈડ, કાડલીવર ઓઇલ વીગેરે પૌષ્ટીક દવા આપવી.

આ દરદમાં બહુધા પ્રકાશાસહ્યતા બહુ હોયછે તેથી બાળકતો આંખ ઉઘાડતુંજ નથી. પ્રકાશ થોડો લાગવા માટે આંખ આડો કાળારંગનો પડદો અથવા ચસમાં રાખવાં. તે છતાં પણ આંખ ન ઉઘડેતો દરદીનું ડોકું પકડી થંડા પાણીમાં ઝબોલવું એટલે આંખ ઉઘાડવા માંડશે. બાળકને આંખમાંથી તથા નાકમાંથી પાણી નીકળી ગાલની ચામડીનો ભાગ આળો થઈ જાયછે. તે ઉપર ફોલ્લીઓ ઉઠી આવે છે તેના ઉપર સફેતો, ઝીંક ઓઇંટમેન્ટ અથવા ગ્લીસરીન લગાડવું.

તાપોડીયાં અથવા ખીલ.

(ગ્રાન્યુલેશન.)

આંખની ઉપલી પાપણની અંદર સફેત રંગના સાબુ ચોખા જેવા બારીક દાણા થઈ આવેછે તેને તાપોડીયાં અથવા ખીલ કહેછે. તે પાપણ ઉથલાવી જોવાથી દેખાય

છે. પાપણ ઉપર થાય છે એટલુંજ નહી પણ ઘણા થાય છે ત્યારે ઉપરના શ્વેત મંડળ તથા કૃષ્ણમંડળ ઉપર જોવામાં આવેછે. જ્યારે સાધારણ આંખ આવેછે ત્યારે ઉપલી પાંપણ ઉથલાવી જોઇએ તો તે ઉપર કેટલીકવાર બારીક લાલ દાણા જોવામાં આવેછે, તેને પણ ખીલ કહેછે આ લાલ દાણાને ખરા તાપોડીયાં સમજવાં નહીં. ખરાં તાપોડીયાં સફેદ રંગનાં હોયછે અને તે કેટલીકવાર રાતા અંકુર અથવા ખીલની સાથે હોયછે.

તીક્ષ્ણ તાપોડીયાઃ—તાપોડીયાં થયા પછી સખત આંખ દુખવા આવી હોય તેવાં ચિન્હ થાયછે. આંખ લાલ થઈ આવેછે સૂજી આવેછે, પાણી નીકળેછે, અજવાળુ સહન થતું નથી તથા આંખમાં ખુંચેછે. ખટકો થાયછે, એટલે તેને **તીક્ષ્ણ તાપોડીયાં** કહેછે. જ્યારે કૃષ્ણમંડળ ઉપર તાપોડીયાં થાયછે ત્યારે તે બારીક ભૂરા રંગનાં ટપકાં જેવાં લાગેછે, તથા કૃષ્ણ મંડળ ઉપર રાતી રક્ત નળીની લીટીયો પસરેલી દેખાયછે.

આ વખતે આંખમાંથી રસી નીકળેછે તેને ચેપી ગણવામાં આવેછે તે બીજાની આંખમાં જવાથી તેને તાપોડીયાં થઇ આવેછે.

ઉપાયઃ—તેનો ઉપાય કરવામાં પ્રથમ થોડા દિવસ આંખ આવવાનાં સખત ચિન્હ રહે ત્યાંસુધી આટ્રોપીનનાં ટીપાં નાંખવાં.

નં. ૧૦ આટ્રોપીન............૧ થી ૪ ગ્રેન.　　પાણી.........૧ ઔંસ.

ઉપરની દવા મિશ્ર કરીને ટીપાં નાંખવાં.

આટ્રોપીન માફક ન આવે તો બેલાડોનાનાં ટીપાં નાખવાં (નંબર ૯) તથા આંખને શેક કરવો. ખટકો થતો હોય તો નંબર ૮ વાળો મલમ લગાડવો. સખત ચિન્હ કમી પડ્યા પછી આવેલી આંખ માટે જે ઉપાય કહ્યાછે તે કરવાથી આરામ થશે. તેને કાસ્ટીકના ટીપાં, મોરથુથુ, ટાનીક આસીડની ભૂકી વીગરે ફાયદો કરેછે.

દીર્ઘ તાપોડીયાંઃ—કેટલીકવાર આંખમાં તાપોડીયાં છતાં આંખનો આવો તીક્ષ્ણ વરમ થતો નથી અથવા થોડો વરમ થઈ મટી જાયછે તથા ફરી થાયછે. આ પ્રમાણે કેટલોક કાળ પર્યંત થયાં કરેછે તેને **દીર્ઘ તાપોડીયાં** કહેછે. તેને લીધે વારંવાર આંખ દુખવા આવેછે. આંખમાં કાંકરી ભરી હોય તે પ્રમાણે ખુંચેછે તથા પાણી નીકળેછે. કૃષ્ણ મંડળના ઉપરના ભાગ સાથે પાંપણ માહેલાં તાપોડીયાં ઘસાવાથી તે ભાગ ઝાંખો તથા ડોહાળો થઈ જાયછે તેથી દૃષ્ટીમાં ખામી આવેછે. પાંપણની અંદરનો ભાગ કેટલેક દરજ્જે ખવાઈ જાયછે, તેથી પાંપણ અંદર વળી જાયછે, પુરી ઉઘડતી નથી. આંખની અંદર કેશ ઘસાયછે અને ઝાંખ વધારે થતી જાયછે, તથા આંખ ઝીણી અથવા ચુંચળી થતી જાયછે.

ઉપાયઃ—આંખને ધુમાડાનો તથા પ્રકાશનો ત્રાસ આપવો નહી, ઘણું વાંચવું નહી, તેના રક્ષણ માટે અસ્માની રંગનાં અથવા ધુમાડીયા રંગનાં ચસમાં પહેરવાં. તાપોડીયાંનું જોર હોય તે પ્રમાણે એકથી દશ ગ્રેનવાળા કાસ્ટીકનાં ટીપાં નાખવાં. થોડા દિવસ પછી તેને બંધ કરી મોરથુથુ લગાડવું. આંખની હરકોઈ દવા એક સરખી ઘણા દિવસ

નાખવી નહીં. કેટલાક દિવસને અંતરે દવા બદલાવવી. તેમાં વળી કાસ્ટીક ઘણા દિવસ જારી હરગીજ નાખવો નહી કારણ કે તેને લીધે આંખમાં કાળા ડાઘ પડી જાયછે.

પાંપણ ઉથલાવી જરૂર હોય તે પ્રમાણે મોરથુથાનો કકડો તાપોડીયા ઉપર લગાડી તે ઉપર તરતજ એરંડીયેલ તેલ લગાડવું. ઘણા અને મોટાં તાપોડીયાં હોય તો શ્યુગર-લેડ અથવા આસિડ ટાનીકની વસ્ત્રગાળ ભૂકી ઉપરની પાંપણની અંદર આંજવાથી બહુ ફાયદો થાયછે. જ્યારે આંખ લાલ હોય ત્યારે ટાનીક આસિડ પસંદ કરવો અને લાલ ન હોય ત્યારે શ્યુગરલેડ આંજવો. ટાનીક આસિડ દરરોજ ઘણા દિવસ આંજીયે તો ચાલે પણ શ્યુગરલેડ ફક્ત બે ત્રણવારથી વધારે વખત આંજવો નહી. તે સિવાય ટાનીક આસિડ, મોરથુથુ, જસતનાં ફૂલ,વાઈન ઓફ ઓપીયમનાં ટીપાં આ દરદ ઉ-પર નંખાયછે.

આંખનું ચાંદુ અથવા ફુલું.

(અલસર આફ કોર્નિયા).

આંખનું "ફૂલું" આ શબ્દ આપણામાં આંખના કેટલાક જુદા જુદા રોગને લાગુ પડેછે જેમકે કૃષ્ણ મંડળનો વરમ થાયછે તેમાં સફેદ અથવા પીળો ડાઘ પડી જાય તેને કેટલાક ફૂલું કહેછે. કૃષ્ણ મંડળનું ખરૂં ચાંદુ થાયછે તે ફૂલાના નામથી ઓળખાયછે. ચાંદુ મટ્યા પછી જે સફેદ ડાઘ રહી જાયછે જેમકે શીળીમાંથી તથા બીજા કારણોથી ડાઘ રહેછે તેને પણ ફૂલું કહેછે. ફક્ત આ છેલ્લા પ્રકારના દરદને ફુલુ એ સંજ્ઞા આપવી બાજબી છે.

ચિન્હ—જેવી રીતે ત્વચાનો કેટલોક ભાગ ખવાઈ જઇ ચાંદુ પડેછે તેમ કૃષ્ણમંડળનો કેટલોક ભાગ બાતલ થઈ તેમાં ચાંદુ પડેછે, તેની સાથે ઘણું કરી આંખ લાલ થાયછે, અશ્રુ વહેછે તથા તેજ સહન થતું નથી. અને પીડા થાયછે. આંખ તપાસવાથી કૃષ્ણ મંડળ ઉપર નાનું અથવા મોટું ચાંદુ માલમ પડેછે, બહુધા ચાંદાની કોરનો ભાગ ભુરો હોયછે. કેટલીકવાર ચાંદાની સાથે આવાં આંખનાં વરમનાં ચિન્હ હોતાં નથી તેવા ચાંદાને રૂઝાતાં વિલંબ લાગેછે.

નાનું ઉપરછલું ચાંદુ હોય તો તે સાફ થયા પછી કાંઇ નિશાની રહેતી નથી પણ મોટું અને ઊંડુ હોય તો તે મટી ગયા પછી તે ઠેકાણે સફેદ ફૂલું પડી રહેછે.

કેટલીકવાર ચાંદુ બહુ ઊંડુ જવાથી કૃષ્ણ મંડળ ફૂટી જાયછે. અંદરથી જળરૂપ રસ નીકળી જાયછે. કનીનીકાનો પડદો તે છિદ્રમાં ભરાઇ બેસેછે, તેથી કીકીને નુકશાન પહોંચેછે. તે બેડોળ થઈ જાયછે, તે પ્રમાણે દૃષ્ટીમાં પણ ખામી આવેછે છેવટ કોઇવાર ડઇયો નીકળી આવેછે, અથવા ડોળો બેશી જાયછે.

ઉપાયઃ—દિવસમાં બે ત્રણવાર આટ્રોપીનનાં ટીપાં નાખવાં તથા ગરમ પાણીનો શેક કરવો. આંખને પાટો બાંધી રાખવો. એથી આંખ હાલશે નહીં એટલે ચાંદુ જલદી રૂઝાશે. બહુ પીડા થતી હોય તો આંખની આસપાસ એકસ્ટ્રાકટ બેલાડાના લ-

ગાડવું. બે ચાર જળો લગાડવી અથવા મોર્ફીઆની લચામાં પીચકારી મારવી. ચાંદુ બહુ ઊંડુ જવાથી કૃષ્ણમંડળ ફૂટી જશેજ એમ લાગે તો સોયથી તેમાં છીદ્ર પાડી સંભાળથી જળરૂપ રસ નીકળી જવા દેવો. થોડા દિવસ આટ્રોપીન નાંખ્યા પછી વરમના ચિન્હ મટી જાય એટલે બેલાડોનાનાં ટીપાં નાખવાં. અગર બેલાડોના અને ઝીંકનાં ટીપાં નાખવાં.

કૃષ્ણ મંડળનાં ચાંદામાં અથવા તેના બીજા કોઈપણ તીક્ષ્ણ દરદમાં નાઇટ્રેટ ઓફ સીલવર તથા તેના ગુણને અનુસરતી બીજી દવા કદી નાંખવી નહી. તે નાંખવાથી આં. ખની અંદર નુકશાન પહોંચેછે.

કૃષ્ણમંડળનો વરમ.

(ઇરીટાઇટીસ).

કારણઃ—કાણું પડવાથી, શસ્ત્રક્રિયા કર્યાપછી નબળાઇથી તથા બીજા કારણથી કૃષ્ણ મંડળનોવરમ થઈ આવેછે.

ચિન્હઃ—વરમને લીધે કૃષ્ણ મંડળ આંખની સાથે રાતું થાયછે એટલે તેના ઉપર તથા આસપાસ ફક્તનળીયો જોવામાં આવેછે તેની સાથે પ્રકાશાસહ્ય, અશ્રુ પ્રવાહ, ખોપચાનો સોજો તથા અતિ પીડા હોયછે.

કેટલીકવાર આવાં વરમનાં ચિન્હ ન થતાં કૃષ્ણ મંડળ આપોઆપ ઝાંખુ પડી ડહોળાઈ જાયછે તથા તેના ઉપર પડદો આવતો હોય તેમ લાગેછે.

કેટલીકવાર કૃષ્ણ મંડળમાં પરૂ પેદા થાયછે. તે ઠેકાણે પીળો ડાઘ દેખાયછે, તે પપસરતો જાયછે. આંખની અંદર તેમ થયા પછી આરામ થઈ કૃષ્ણ મંડળમાં ફૂલું થઈ રહે છે, અગર જળરૂપ રસમાં પરૂ થાયછે, છેવટ કૃષ્ણ મંડળ ફૂટેછે. ડોળા માહેલા રસ બહાર નીકળી પડેછે અને આંખ બેસી જાયછે, તથા આંખનો મોટો ડઇયો થઇ આવેછે.

ઉપાયઃ—આંખમાં દિવસમાં ત્રણ ચાર વખત આટ્રોપીન નાખવું. અફીણનાં ડોડવાંના પાણીનો શેક કરવો તથા આંખે પાટો બાંધી રાખવો. પીડા અથવા સોજાને માટે બેલાડોનાનો મલમ લગાડવો. મોરફીઆની પીચકારી મારવી અથવા નીદ્રાપ્રદ ઔષધિ આપવી. જળો લગાડવી અથવા લમણા ઉપર બ્લીસ્ટર મારવાં. **નાઇટ્રેટ ઓફ સીલવર આદિ ઔષધિ નાખવી નહીં.** દરદ જુનું થાય, કૃષ્ણ મંડળની ઝાંખાશ માત્ર રહે તથા રતાશ વગેરે ન હોય ત્યારે તે ઝાંખાશ મટાડવા માટે આવી દવા વાપરી શકાયછે.

ફુલું.

(ઓપાસીટી).


કૃષ્ણ મંડળ ઉપર ચાંદુ પડ્યા તથા વરમ થયા પછી તેના ઉપર સફેદ ડાઘ પડી રહેછે તે “ફૂલું” એવા નામથી ઓળખાયછે. ફૂલું રાઇના દાણાથી તે છેક આખા કૃષ્ણ મંડળ જેવડું હોયછે. તેની સાથે રતાશ પીડા અથવા વરમનાં બીજાં કોઈ પણ ચિન્હ

હોતાં નથી. ઘણીવાર શીળીમાંથી ફૂલું પડી જાયછે તથા કેટલીકવાર આંખ પણ જાય છે. ફૂલું નાનું હોય અથવા મોટું હોય, અને તે કૃષ્ણ મંડળની એક બાજુ અથવા વચમાં હોયછે. જો વચમાં કીકી ઉપર આવેલું હોયતોજ દૃષ્ટીને હરેકત કરતા થઈ પડેછે. પણ કીકીથી એક બાજુ હોયતો જોવામાં હરેકત પડતી નથી. કૃષ્ણ મંડળ પહેલાં ફૂટેલું હોય તો ઘણુંકરી કનીનીકા ફૂલાના સંયોગમાં હોયછે, તેની સાથે કીકી પણ તેને વળગેલી અને અનિયમીત આકારની હોયછે.

ઉપાયઃ—ફૂલું નાનું હોય અથવા તાજુ હોયતોજ ઔષધથી મટવા આશા રહેછે. ક્યાલોમલ, યલોઓકસાઇડ આફ મરક્યુંરી આંખમાં નાખવાથી તથા આયોડાઇડ ઓફ પોટાસ્યમ,વાઇનમ ઓપીયાઈ,નાઇટ્રેટ ઓફ સીલવર,મોરથુથુ વગેરે દવાનાં ટીપાં નાખવાથી ફૂલું સારૂ થાયછે. જો તે કીકીની એક બાજુ હોય તથા તેથી દૃષ્ટીની અડચણ ન હોયતો તે ન મટે તોપણ હરકત નહી પણ કીકી ઉપર આવ્યું હોયતો કનીનીકાને કાપી અથવા ખસેડી કીકીને એક બાજુ જ્યાં કૃષ્ણ મંડળનો ભાગ સ્વચ્છ હોય ત્યાં લાવવી જોઇએ એટલે દૃષ્ટીમાં ફાયદો થાયછે. કનીનીકાને કાપવાને શસ્ત્રક્રીયા કેમ કરવી તે બીજે ઠેકાણે આપવામાં આવશે. (ઝામરનો વિષય જોવો.)


નં. ૧. આયોડાઈડ આવ પોટાસ્યમ ગ્રેન. ૪ થી ૮ } મિશ્ર કરી આંખમાં
સ્વચ્છ પાણી............. આંઉશ ૧ } ટીપાં નાંખવા.

આકૃતિ ૬૯.



કનીનિકામાં છિદ્ર કરવાથી થયેલી કીકી.

આકૃતિ ૭૦.




કનીનિકાને કાપવાથી થયેલી કીકી.

આકૃતિ ૭૧.



કનીનિકાને બાંધવાથી થયેલી કીકી.

આકૃતિ ૭૨.



ઝામર માટે આવો મોટો ભાગ કનીનિકાનો કાપવો જાઇયે.

કોર્નીયાની શ્વેત પરીધી.

(આર્કસ સીનાઈલીસ).

પુખ્ત ઉમરના આદમીને કોર્નીયાની પરીધીનો ભાગ શ્વેત થઇ જાયછે. પ્રથમ પરીધના ઉપરના ભાગમાં એક ચંદ્રાકાર ધોળી લીટી દેખાયછે. ત્યારપછી તેવીજ લીટી કોર્નીયાના નીચલા ભાગમાં જોવામાં આવેછે. આસ્તે આસ્તે આ બેઉ રેખા વધીને એક બીજા સાથે મળી જાયછે. તથા કોર્નીયાંનું પરીઘ આખું સફેદ બની જાયછે. તેમાં બીજો કાંઈ વધારો થતો નથી. તેને લીધે દૃષ્ટીને હરેકત પહોંચતી નથી. માટે તે દરદ છે એવી કાળજી રાખવી નહીં. તે ફક્ત મોટી ઉમરને લીધેજ થાયછે.

આંખનો ડઈયો.

(સ્ટાફીલોમા).

ચાંદાં અથવા વરમને લીધે કૃષ્ણ મંડળ ફૂટ્યા બાદ કેટલીક વાર તે રૂઝાયા પછી વધવા માંડેછે, અને બોરની માફક ઉપશીને બહાર આવેછે, એને આંખનો ડઈયો કહે છે. ડઈયો નાનો અથવા મોટો હોયછે. જો લેન્સ આંખની અંદર હોય તો ડઈયો વિશેષ વધી જાયછે. જો ડઈયો દ્દઢ થઈ વધે નહીતો જુનો થયા પછી તેમાં પીડા થતી નથી. પણ જો તે મોટો થતો જાય તો વેદના થાયછે. આંખ વારંવાર રાતી થઇ આવેછે. મસ્તક દુખેછે, અશ્રુ વહેછે. પાંપણ મીચાતી નથી. આ એક આંખના દરદને લીધે બીજી સારી આંખ કોઇ કોઈ વાર દુઃખવા આવેછે.

ઉપાયઃ—આવી ડઇયા વાળી આંખને પાછી દ્દષ્ટી મળવાની તો આશાજ રાખવી નહીં. જો ડઈયો દ્દઢ તથા નાનો હોય અને તેમાં પીડા ન હોયતો તેમાં હાથ ઘાલવો નહી. પણ તે વધતો હોય અને તેમાં પીડા થતી હોયતો તેને કાઢી અને બીજી કૃત્રિમ કાચની આંખ બેસારવાનું બની શકેછે.

ડઇયાનો ભાગ નસ્તર વતી કાઢી નાખી આંખને પાટો બાંધી લેવો એટલે થયેલો જખમ થોડા દિવસમાં અંદરથી રૂઝાઈ જશે. અથવા વાંકી સોયમાં દોરા પરોવી ત્રણચાર સોયો ડઈયાને તળીયેથી કાઢી તેને કાપી નાંખવો, તથા સોયને આરપાર લઈ જઇ જખમ સીવી લેવો. દસ પંદર દિવસમાં તે રૂઝાઇ જશે તથા આંખનો ડોળો થોડો બેશી જશે. ત્યારબાદ છ મહિના પછી ડોળાને બેસતી આવે એવી કાચની આંખ પહેરવી.

કનીનિકાનો વરમ.

(આઇરાઈટીસ.)

ચિન્હઃ—કૃષ્ણ મંડળની પાછળ જે કનીનીકાનો પડદો છે તેનો કોઈવાર વરમ થઈ આવેછે, તેને લીધે આંખ લાલ થઈ જાયછે. આંખમાં તથા કપાળમાં ચસકા આવેછે. કીકી સંકુચીત તથા મંદ થઈ જાયછે. કનીનીકા ડહોળી તથા ઝાંખી દેખાયછે. અશ્રુશ્રાવ થાયછે તથા તેજ સહન થતું નથી.

આંખ થોડી અથવા ઘણી લાલ થાય છે, અને તેમાં કૃષ્ણ મંડળના પરીઘના આસપાસનો ભાગ વિશેષ લાલ અને ગુલાબી રંગનો જણાયછે. આંખમાં તથા કપાળમાં ચસકો કોઇને ઘણો ને કોઇને થોડો હોયછે. ઘણું કરી રાતની વખતે વેદના વધારે થાયછે. અશ્રુશ્રાવ તથા પ્રકાશાસહ્ય ઘણો થોડો હોયછે. આ ચિન્હ કૃષ્ણ મંડળના દરદમાં હોય છે એટલાં સખ્ત આ વ્યાધિમાં હોતાં નથી. કનીનીકા ઝાંખી પડી જાયછે. તેના તાંતણા સ્વભાવિક સ્પષ્ટ દેખાયછે તે આ વરમને લીધે અસ્પષ્ટ થઈ જાયછે. કીકી સંકુચીત રહે છે તથા પહોળી થતી નથી. આંખ ઉઘાડવા મીચવાથી તે સ્વભાવિક નાની મોટી થાય છે, તેમ હવે થતી નથી. વરમને લીધે "લીંફ" (લસ) નામનો રસ પેદા થાયછે તેને લીધે

કનીનીકા પાછળના ભાગમાં ચોટી રહેછે, તેથી તેનું ચલન બંધ પડેછે. આટ્રોપીન નાખવાથી કીકી સહજ પહોળી થતી નથી અને કનીનીકા ચોટેલી હોયછે, તેથી તેનો આકાર અનિયમીત થઇ જાયછે તથા ચોટેલો ભાગ સ્પષ્ટ જણાઈ આવેછે. કોઈવાર કીકીનો ભાગ આ લીંફથી ભરાઇ જાયછે. કોઇવાર તેનું પરૂ થઇ જળરૂપ રસને તળીયે બેસેછે. જળરૂપ રસ આ વરમને લીધે ડોહાળું થઇ જાયછે, તેથી દ્રષ્ટીમાં ઘણી ખામી પડેછે. ઉપદંશને લીધે કનીનીકાનો વરમ થાય ત્યારે તેના ઉપર લીંફની ગાંઠો બંધાય છે. તે સ્પષ્ટ જણાય છે.

કારણઃ—કનીનીકાનો વરમ જખમ, ઉપદંશ, સંધિવા, શરદી તથા આંખના બીજાં દરદને લીધે થાયછે. આંખને બહુ ત્રાસ પહોચવાથી તેનો વરમ થાય છે.

ઉપાયઃ—દરદીને બહાર અજવાળા તથા હવામાં જવા દેવો નહીં. ઔષધિમાં મુખ્ય ઔષધિ આટ્રોપીન છે. આટ્રોપીન નાખીને કીકીને થાય તેટલી પહોળી થવા દેવી એ મૂળ મુદ્દો છે. કીકી પૂર્ણ વિસ્તૃત થાય તો કનીકાને ચોટી રહેવાની દહેશત દુર થાય છે. આંખ હલકી પડે છે તથા આરાથ જલદી થાય છે. જો કનીનીકા ચોટી જાય તો આરામ થતાં વિલંબ લાગે છે અને આંખને હમેશનું નુકશાન પહોચવાની દહેશત રહેછે. માટે જેમ બને તેમ કીકીને જલદી વીતૃસ્ત કરવા સારૂ ચાર ગ્રેન વાળા આટ્રોપીનનાં ટીપાં કલાક બે કલાકને અંતરે દિવસમાં નાંખતાં રહેવું. આંખને પાટો બાંધી રાખવો તથા ગરમ પાણીનો શેક કરવો. કીકી વિસ્તૃત ન થાય તો જળો લગાડવી અને આટ્રોપીન જારી રાખવું, એટલે થોડી ઘણી ચોટેલી હશે તોપણ ઉખડીને વિસ્તૃત થશે. કેટલાકની આંખને આટ્રોપીન માફક આવતું નથી. તેને એક આઊંસ પાણીમાં ½ ડ્રામ એક્ષટ્રાકટ બેલાડાના મેળવી તેનાં ટીપાં નાખવાં.

આટ્રોપીન ઘણું અને ઘણીવાર નાખવાથી કેટલાકને તેનાં ઝેરી ચિન્હ જણાયછે, એટલે ગળું સુકાયછે, તથા તેમાં શોષ પડેછે. નાડી જલદ ચાલેછે, પેશાબે ગરમી માલુમ પડેછે તથા દુષ્ટ સ્વપ્નાં આવે છે. આવાં ચિન્હ જણાય ત્યારે આટ્રોપીન નાખવાનું બંધ કરવું અથવા કમી નાખવું. કનીનીકાના વરમમાં કેટલીકવાર જળરૂપ રસ વધી પડે છે અથવા તેમાં પરૂ થાયછે ત્યારે બહુ પીડા થાય છે. તે માટે સોય વડે કૃષ્ણ મંડળમાં છિદ્ર કરી જળરૂપ રસ તથા પરૂને કાઢવા જરૂર પડેછે.

બહુ ચસકા આવતા હોય તે માટે જળો મૂકવી. કાનપટી ઉપર બ્લીસ્ટર મારવું, એક્સ્ટ્રાકટ બેલાડાના લગાડવું. અથવા મોરફીયાની ત્વચામાં પીચકારી મારવી. લીંફ બહુ થતી હોય તો કયાલોમલ અથવા પારાની બીજી દવા આપી જુજ મોઢું લાવવું. ઉપદંશને લીધે વરમ થયો હોયતો મોઢું અવશ્ય અને જલદી લાવવું. મોઢું લાવવાથી લીંફનું પાછું શોષણ થઈ જાયછે, ત્યાર બાદ કેટલાક દીવસ આયોડાઇડ ઓફ પોટાસ્યમ આપવો.

કનીનીકાનો વરમ મટ્યા પછી પણ થોડા દિવસ આટ્રોપીન જારી રાખવું. આંખને હવા ખવડાવવી નહી અથવા બીજી વાંચવા વગેરેની તસ્દી આપવી નહી.

મોતીયો.

(ક્યાટારાક્ટ).

આંખની અંદર કનીનીકાની પછવાડે "લેન્સ" એટલે સ્ફટીકરૂપરસ છે. આ લેન્સ સ્વભાવિક પારદર્શક હોયછે. પણ કાંઈ કારણને લીધે તે અપારદર્શક થાય એટલે દૃષ્ટિને પ્રતિબંધ કરેછે તેને મોતીયો કહેછે. મોતીયો ઘણું કરીને વૃદ્ધાવસ્થામાં થાય છે. કોઇવાર નાની ઉમરમાં તથા બાળકોને થાય છે. મધુપ્રમેહ વાળાને મોતીયા થાય છે. આંખનાં કેટલાંક દરદને લીધે તથા ક્વચીત જખમને લીધે મોતીયો બંધાયછે.

ચિન્હ:—મોતીયો થતાં આંખમાં બીલકુલ કોઇ પ્રકારની પીડા અથવા વરમનાં ચિન્હ થતાં નથી, આસ્તે આસ્તે દૃષ્ટિ કમી પડી છેક બંધ થાયછે.

એક **નરમ** અને બીજો કઠણ એવા બે પ્રકારના મોતીયા થાયછે. નરમ મોતીયો ઘણું કરી ત્રીસ વરસની અંદરની વયના આદમીને, નાનાં બાળકોને, અથવા જન્મથીજ બાળકને થાયછે. તેમાં આખો લેન્સ નરમ અથવા મૃદુ હોયછે, કઠણ ભાગ હોતો નથી.

કઠણ મોતીયો મોટી વયના આદમીને થાયછે અને તેનો મધ્ય ભાગ કઠણ હોયછે. આ બેઉ પ્રકારના મોતીયાનો ઉપાય કરવામાં જુદી જુદી શસ્ત્રક્રિયા કરવી પડે છે. નરમ મોતીયો પરિધ તરફથી બંધાવા માંડેછે. પ્રથમ લીટીયો અથવા બીંદુ જોવામાં આવે છે. તેમાં હળવે હળવે વધારો થાય છે અને લેન્સનો બધો ભાગ અપારદર્શક થઇ જાય છે. મોતીયો પરિપૂર્ણ થયાપછી સફેદ વાદળાના રંગનો દેખાયછે.તેમાં બીલકુલ પીળાશ હોતીનથી.

કઠણ મોતીયામાં મધ્ય ભાગ પીળા રંગનો દેખાયછે. તેથી મૃદુ અને કઠણ મોતીયો સહજ ઓળખી શકાયછે. પણ આ તફાવત હમેશાં જોવામાં આવતો નથી. કઠણ મોતીયો વધારે ઘટ જણાયછે. તેનો મધ્ય ભાગ હમેશાં કઠણ હોયછે, પણ પરિધનો ભાગ મૃદુ હોયછે, તે રફતે રફતે કઠણ થતો જાય છે. પરીધના ભાગમાં લીટીયો જણાય છે. ઘરડા માણસની આંખનો લેન્સ સ્વભાવિક કઠણ તથા પીળા રંગનો થઇ જાય છે પણ દૃષ્ટિમાં ખામી આવતી નથી. ત્યારે તેને મોતીયો સમજવો નહી. ખરો મોતીયો થતો હોય ત્યારે આંખને દૃષ્ટિમાં ઝાંખ આવતી જાયછે.તે વધતી જાયછે અને છેવટે અંધાપો આવેછે.

આંખમાં પક્વ મોતીયો હોય તો તે સહજ ઓળખી શકાયછે. આંખની કીકી થોડી ઘણી વિસ્તૃત રહેછે અને વચમાં સફેત પીળાશપર મોતીયો નજરે દેખાય છે. મોતીયાને પક્વ થતાં કેટલાક મહિના અથવા વરસ લાગેછે. મોતીયો બરાબર પક્વ થાય ત્યારે આદમી હાથનાં આંગળાં અથવા નાનો મોટો કોઇપણ પદાર્થ ઓળખી શકતો નથી, તો પણ અજવાળા અંધારાનો તફાવત સહજ ઓળખી શકાયછે તથા વખતે રંગનો તફાવત પણ જાણી શકાય છે.

જ્યાં સુધી આંગળાં ગણી શકાય તથા પદાર્થ ઓળખી શકાય ત્યાં લગી મોતીયો કાચો સમજવો. કાચા મોતીયા ઉપર શસ્ત્રક્રિયા થતી નથી, કેમકે તેનો કાચો ભાગ અંદર રહી જાયછે. તેથી આંખને નુકશાન પહોચેછે. મોતીયો બંધાવાની શરૂઆત થઇ હોય

તેને ઓળખવાને "ઓફ્થાલમોસ્કોપ" થી પરીક્ષા કરવી એટલે લેન્સમાં અપાર દર્શક ભાગ જોવામાં આવશે.

મોતીયાવાળો આદમી દીવા થોડે છેટે રાખ્યો હોય તો તેને દેખી શકેછે. તેનાથી દીવો ન ઓળખાય તો મોતીયા સિવાય આંખમાં બીજી વિશેષ વ્યાધિછે એમ સમજવું.

ઉપાયઃ—કઠણ મોતીયો હોય તો આટ્રોપીન નાંખીને કીકી વિસ્તૃત કરવી. આટ્રોપીન નાંખવાથી કીકી તરત અને પૂર્ણ વિસ્તૃત થાય તો સારા પરીણામની આશા રહેછે અને તેમ ન થાય તો પરિણામ વિશે સંદેહ રહેછે. કઠણ મોતીયાને માટે બે પ્રકારની શસ્ત્રક્રિયાછે. એક રીતે મોતીયો બહાર કાઢી લેવામાં આવેછે તથા બીજી રીતે મોતીયાને આંખની અંદરજ દાબીદેવામાં આવેછે.

મોતીયાને દાબવાની રીતઃ—મોતીયાને કીકીના ભાગમાંથી ખસેડી નીચે દાબી દેવાથી કીકી મોકળી થાયછે અને આંખને દૃષ્ટિ પ્રાપ્ત થાયછે. આ રીત જુના કાળનીછે તથા આજ સુધી દેશ દેશમાં હકીમ લોકો તે પ્રમાણે મોતીયો ખસેડેછે. દરદીને સૂવાડી અથવા ભીંતને ઓઠીગણે બેસાડી આંખને ખુલ્લી રાખી કૃષ્ણમંડળની બહારની બાજુ એક બે લીટીને છેટે શ્વેતમંડળમાં છેદ મૂકવો, આ છેદ અંદર કનીનીકાની પછાડી જાય છે. છેદ મૂક્યા બાદ એક યોગ્ય આકારની સળી થાયછે તેને અંદર દાખલ કરી લેન્સ ઉપર લઈ જઈ તે વડે લેન્સને આસ્તેથી દાબવો એટલે લેન્સ કીકીમાંથી ખસી નીચે ઉતરી જશે. પછી સળીને કાઢી લેવી તથા આંખને પાટો બાંધવો. કાંઈપણ દુખાવો અથવા દુષ્ટ ચિન્હ નહી જણાય તો આઠ દિવસે પાટો છોડવો, પણ ઘણીકવાર દુખાવો તથા આંખના વરમનાં બીજાં ચિન્હ જણાયા વગર રહેતાં નથી. લેન્સ અંદર રહેવાથી આંખનો મોટો વરમ થઈ આવેછે તથા ઘણીકવાર આંખ બાતલ થાયછે. કેટવીકવાર મોતીયો ખસેડ્યા પછી કેટલાક દિવસ અગર મહિના દ્રષ્ટી સારી રહેછે અને પછી નાશ પામેછે, તેથી ડાકતરો આ રીત પસંદ કરતા નથી. મોતીયાને બહાર કાઢવાની રીત વધારે પસંદ કરવા લાયકછે.

મોતીયાને બહાર કાઢવાની રીતઃ—દરદીને ટેબલ ઉપર ચતો સુવાડી કલોરોફાર્મ આપી શસ્ત્રક્રિયા કરવી. કલોરોફાર્મથી કોઈ કોઈ વાર ઉલટી થાયછે તેથી અડચણ પડેછે, માટે જો કલોરોફાર્મ સિવાય સહન કરવાની દરદીની હીમત હોયતો તે સુંઘાડવાની જરૂર નથી. જો કલોરોફાર્મ સુંઘાડ્યુ હોય તો દરદીને પૂર્ણ બેભાન થવા દેવો, કેમકે થોડા નીશામાં વખતે દરદી માથું હલાવેતો આંખને નુકશાન પહોંચેછે. શસ્ત્રક્રિયા કરવામાં નીચેનાં શસ્ત્રોની જરૂર પડેછે. ચાંપ, ચીમટા, લાંબુ ચપ્પુ, (આકૃતિ ૭૪) ત્રિકોણાકાર ચપ્પુ, (આકૃતિ ૭૫) કનીનીકા ચીમટા, વાંકી કાતર, મોતીયાનાં પડ ફોડવાનો કાંટો, (આકૃતિ ૭૭) ચમચી, (આકૃતિ ૭૮) એ રીતે ઉપર કહેલાં આઠ શસ્ત્રોને નજરે જોયાથી તેમનો ખ્યાલ ચીતમાં બરોબર ઉતરશે.

કલોરોફાર્મ સુંઘાડ્યા બાદ ચાંપવતી આંખને ખુલ્લી રાખવી (દરદીની જમણી આંખ ઉપર શસ્ત્રક્રિયા કરવીછે એમ ધારો તો). ડાકતરે દરદીના મસ્તકની પાછળ ઉભાં રહેવું,

આમટાવડે કૃષ્ણમંડળથી હેઠળ રસપડને પકડી ડોળો સ્થિર રાખવો. બાદ લાંબુ ચપુ કૃષ્ણમંડળની બહારની બાજુ દાખલ કરી સામી બાજુ આરપાર લઈ જઈ તેનો ½ ગોળ શ્વેતમંડળના સંયોગમાંથી ઉપરના ભાગમાં કાપવો. બાદ વળેલા આમટાવડે કનીનીકાને અંદરથી પકડી બહાર કાઢી વાંકી કાતરથી તેનો કેટલોક ભાગ કાપવો. બાદ કાંટા વડે લેન્સના પડને ફોડવું એટલે મોતીયો છૂટો પડશે. પછી ચમચાથી જાળવીને કૃષ્ણમંડળનો નીચેનો ભાગ દાબવો એટલે ઘણુંકરી મોતીયો ઉપર કરેલા છેદમાંથી નીકળી આવશે. તેમ નહો નીકળી આવેતો ચમચાને અંદર દાખલ કરી મોતીયાને કાઢી લેવો. પછી આટ્રોપીનનું ટીપું નાંખી આંખ બંધ કરી પાટા બાંધી લેવો.

આકૃતિ ૭૩.



મોતીયાનું ત્રિકોણાકાર ચપુ અસલ વપરાતું હાલ બહુ નથી વપરાતું.

આકૃતિ ૭૪.



આંખમાંથી મોતીયો કાઢવા માટે પ્રથમ છેદ કરવાસારૂ લાંબુ પાતળું ચપું.

આકૃતિ. ૭૫




આંકડો, કનીનકા બહાર એંચીવાને કામ લાગે છે.

આકૃતિ. ૭૬



મોતીયો કાઢવા માટે ચમચો.



એકજ હથીયારના બે છેડામાં આ પ્રમાણે જુદાજુદા ઉપયોગના બેભાગછે.

આકૃતી ૭૭.

લાંબા ચાકાને બદલે ત્રિકોણકાર ચાકુથી છેદ કરવો હોય તો તેને ઉપરના ભાગમાંથી દાખલ કરી કૃષ્ણમંડળ તથા શ્વેતમંડળનો સુમાર ½ પરિધ કાપવો. મોતીયો કાઢ્યા પછી આંખ દુખે નહીં તો પાંચ દિવસે પાટો છોડવો, અને આટ્રોપીનનું ટીપું નાંખી ફરી બાંધવો, તે બીજા પાંચ સાત દિવસે છોડી નાખવો અને આંખ આડો એકાદ મહિના પર્યંત લીલા અથવા કાળા કપડાનો પડદો રાખવો. આંખને એકા એક પ્રકાશમાં

લઈ જવી નહીં અથવા સુમારે ત્રણ ચાર મહિના સુધી વાંચવું અથવા એવું બીજુ ઝીણું કામ કરવું નહીં.

મોતીયો કાઢ્યા પછી સાદી આંખે અક્ષર અથવા એવી ઝીણી ચીજ દેખાશે નહીં. માટે તે જોવા સારૂ બાહ્યગોળ કાચના ચશ્માની જરૂર પડેછે. આ ચશ્મા નંબર ૨૬ અથવા ૩ વાળાં ઘણું કરી આંખને સારાં બેસેછે. સ્વભાવિક લેન્સ આંખની અંદર ઉપરના નંબરનાં ચશ્માનોજ અર્થ સારે છે.

કેટલીક વાર મોતીયો કાઢ્યા પછી કનીનીકા અથવા કૃષ્ણમંડળનો વરમ થઈ આવેછે. કનીનીકાનો વરમ થાયતો પહેલાં પાંચ દિવસની અંદર આંખ દુખવા આવેછે, કપાળમાં ચસકા આવેછે. અશ્રુ વહેછે, આંખ લાલ થઈ આવેછે. તે માટે દરરોજ એક અથવા વધારે વખત આટ્રોપીન આંખમાં નાખવું, જળો લગાડવી, બ્લીસ્ટર મારવું. બેલાડોના લગાડવું અને શેક કરવો. કનીનીકાનો વરમ બે કારણથી થઇ આવેછે. એક મોતીયો કાઢતાં કનીનીકા છોલાઇ હોય તેથી તથા બીજું મોતીયાનો કેટલોક ભાગ અંદર રહી જવાથી વરમ થઇ આવેછે.

કોર્નીયાનો વરમ થાય તો તે પાકેછે, પરૂ થાયછે, આંખની પાંપણો બહુ સૂજી આવેછે, અશ્રુ વહેછે, અને ઘણું કરી બીજે દિવસે અથવા પહેલે દિવસથી આંખમાં પીડા શરૂ થાયછે. તે માટે આટ્રોપીન નાખવું, પાટો બાંધવો. શેક કરવો ને જરૂર લાગેતો જળો લગાડવી અથવા બ્લીસ્ટર મારવું.

કૃષ્ણમંડળ અથવા કનીનીકાનો વરમ થાયછે તે આંખ જોવાથી જણાશે. કનીનીકાનો વરમ થયા પછી તે કેટલેક દિવસે મટી દૃષ્ટિ સાબીત રહેવાની આશા રહેછે. પણ કૃષ્ણમંડળનો વરમ થયો હોય તો તે સારો થઇ દૃષ્ટિમળવાની આશા થોડી રહેછે.

મોતીયો કાઢતી વખત છેદ કરતાં ક્વચીત ચપુની અણી સાથે કનીનીકા અટવાઇ જાયછે. તેની દરકાર ન કરતાં છેદ પૂરો કરવો.

મોતીયો બહાર નીકળતી વખત કેટલીકવાર તેની પછવાડેનો કાચ રૂપરસ બહાર નીકળી પડેછે. તેમ થાય તો આંખ જલદી બંધ કરી લેવી. સુમારે તેનો ¼ નીકળી જાય ત્યાં સુધી દૃષ્ટિને નુકશાન પહોચતું નથી પણ તેથી વધારે જાયતો દૃષ્ટિમાં ખામી આવેછે.

મોતીયો નીકળ્યા પછી બાકી રહેલું તેનું પડ ક્વચીત અપારદર્શક થઇ દૃષ્ટિને આવરોધ કરેછે. તેને માટે કેટલાક મહિના વિત્યા પછી એક અથવા બે સોય કૃષ્ણમંડળમાંથી દાખલ કરીને પડને ચીરવું એટલે તે સુકાઈ જશે અથવા તેમાં માર્ગ પડશે એટલે જોઇ શકાશે.

નરમ અથવા મૃદુ મોતીયાને વાસ્તે ઉપર કહેલી શસ્ત્ર ક્રિયા ચાલતી નથી. તેને માટે બીજી બે ક્રિયાછે. એક તો કૃષ્ણમંડળમાંથી સોય દાખલ કરી મોતીયાના પડને ફોડવું, આ પ્રમાણે એક અથવા વધારે વખત કરવાથી આ પ્રવાહી મોતીયાનું અંદરજ શોષણ થઇ જાયછે અને દૃષ્ટિલાભ થાયછે.

બીજી રીત એવીછે કે કૃષ્ણમંડળમાં નાનો છેદ કરી મોતીયાના પડને ફોડવું

અને તેને યોગ્ય એક પીચકારી થાયછે તેનું મોઢું અંદર લઇ જઇ મોતીયાનો પ્રવાહી ભાગ તે વડે ચુસી લેવો. ત્યાર બાદ થોડા દિવસ પાટો બાંધી રાખવો. અને આટ્રોપીનનાં ટીપાં મૂકવાં

આંખમાં જખમ થવાથી ક્વચીત મોતીયો બંધાય છે. આવા મોતીયાને સોઈ વતી આઠ આઠ દિવસને અંતરે ખોતરવા, તેથી તે ગળી જાયછે.

ઝામર.

(ગ્લૉકોમા)

ઝામરવાઃ—આ એક આંખનું ભયંકર દરદછે. તેમાં મસ્તક દુખેછે તેથી સાધારણ લોક તેને માથાનું દરદ સમજે છે. પણ વાસ્તવિક રીતે તેમ નથી. આંખનાં કેટલાંક દરદોની સાથે મસ્તક શુળ થાયછે, તેમ આ દરદમાં અતીશય શુળ નીકળેછે ઝામર ઘણું કરી પુખ્ત વયનાં માણસને થાયછે. નાની વયમાં ક્વચીતજ થાયછે તેનો યોગ્ય ઉપાય વખતસર કરવામાં ન આવે તો આંખ જાયછે. તે ફરી સારી થતી નથી.

ચિન્હઃ—ઝામર બે પ્રકારના થાયછે. એક પ્રકારમાં નેત્રનાં વરમ ચિન્હ જણાય છે તથા બીજા પ્રકારમાં તેવાં સ્પષ્ટ ચિન્હ જણાતાં નથી. ઝામરમાં પ્રથમ કેટલાંક પ્રારંભ ચિન્હ જણાયછે, ત્યારબાદ તે દરદ બરાબર પ્રગટ થઈ દૃષ્ટિ કમી થવા લાગેછે અને છેવટે દ્રષ્ટિનો સમુળગો નાશ થાયછે.

જ્યારે ઝામરવામાં આંખનાં વરમ ચિન્હ થાય છે ત્યારે તેને **તીક્ષ્ણ ઝામર** કહેછે. તીક્ષ્ણ ઝામરમાં બહુધા નીચે આપેલાં પૂર્વ ચિન્હ જોવામાં આવેછે. આ ચિન્હ વારંવાર થાયછે અને મટી જાયછે. તેમ થતાં કેટલેક કાળે તે માંહેનાં કેટલાંક ચિન્હ કાયમ થાયછે એટલે ખરો ઝામર પ્રગટ થયો એમ સમજવું.

૧ આંખનો ડોળો કઠણ થાયછે. સ્વાભાવિક આંખની ઉપરની પાંપણ ઉપર આંગળી મૂકી દાબીયે તો ડોળો જરા દબાશે, પણ આ દરદમાં ડોળો કઠણ થઇ જાયછે તેથી તેમ દબાતો નથી. આંખના બીજા કોઈ પણ દરદમાં ડોળો આ પ્રમાણે કઠણ થતો નથી.

૨ દીર્ઘદૃષ્ટિ વધી પડેછે. ચાળીસ વરસની ઉપરના આદમીને આ દરદ ઘણું કરી થાયછે તેઓ ઘણું કરી દૂર દૃષ્ટિવાળા હોયછે. અને આ દરદને લીધે તેમને વિશેષ લંબાઇથી જોવું પડે છે.

૩ આંખની શીરાઓ રક્તથી ભરેલી તથા ફુલેલી જોવામાં આવેછે.

૪ આંખની અંદરનો રસ ઝાંખો અને ગઢુલ થઇ જાયછે.

૫ કીકી મંદ તથા વિસ્તૃત હોયછે.

૬ વખતે વખત આંખને પડદા અથવા ઝાંખવળી જાયછે એટલે અસ્પષ્ટ દેખાય છે, તેમ કાંઈ વખત રહી ફરી સાફ દેખાયછે.

૭ દીવા તરફ જોવાથી તેની આસપાસ રંગીન દીવા ફરતું ઇંદ્રધનુષ્ય જેવું મંડળ દેખાય છે.

૮ આંખની ભમર, કપાળ, અથવા લમણામાં ચસકા આવેછે.

૯ દૃષ્ટિ પ્રદેશ કમી થતો જાયછે.

ઉપર કહેલાં ચિન્હ કેટલાંક અઠવાડીયાં અને મહિનાને અંતરે થાયછે. રફતે રફતે તેનો અંતર કમી થતો જાયછે છેવટ એકાદ દિવસ અસહ્ય આંખની પીડા, કપાળ, લમણા અને અરધા મસ્તકના ચસ્કા શરૂ થાયછે. ઉંઘ પણ આવતી નથી, ઉલટી થાયછે આંખ લાલ થાયછે, સૂજી આવે છે, અશ્રુ વહેછે, પ્રકાશ સહન થતો નથી. કૃષ્ણમંડળ ઝાંખું પડી જાયછે તથા તેનું સ્પર્શજ્ઞાન કમી થાયછે. જળરૂપરસ તથા કનીનીકા ડહોળાં થઈ જાયછે. આંખ અંદરથી જાણે લીલા રંગની હોય તેમ લાગેછે, ડોળો કઠણ થાયછે અને દૃષ્ટિ ઘણીજ કમી માલમ પડેછે. હાથની આંગળીયો પણ મુશ્કેલાઈથી ગણી શકાય છે. થોડા દિવસમાં આ સખત ચિન્હ કમી થાય છે પણ આસ્તે આસ્તે દૃષ્ટિનો નાશ થાય છે. છેવટ દિવસ, રાત અથવા સૂર્યના પ્રકાશનું પણ જ્ઞાન રહેતું નથી. કીકી છેક વિસ્તૃત થઇ રહેછે અને આંખમાં જાણે લીલા મોતીયા હોય તેમ દેખાય છે અને કૃષ્ણમંડળ તદન શુન્ય પડી જાયછે તેને આંગળી લગાડીયે તોપણ માલમ પડતું નથી.

કોઇને પૂર્વ ચિન્હ થયા વગર એકાએકીજ તીક્ષ્ણ ઝામર થઈ આંખ જાયછે.

કેટલાકને પ્રથમથી તે છેવટ આંખ જાય ત્યાં લગી તીક્ષ્ણ વરમનાં ચિન્હ થતાં નથી. તેને દીર્ઘ ઝામર સમજવો.

ઝામર થવાનું મૂળ કારણ નેત્રની અંદર રસની વૃદ્ધિ થાયછે, તેથી ડોળો કઠણ થઈ જાયછે. તથા નેત્રદર્પણની નાજુક તંતુ ઉપર દબાણ થઇને તેમનું દૃષ્ટિ જ્ઞાન અલોપ થાયછે. "ઓફ્થાલમસકોપ" નામનું હથિયાર થાયછે, તેમાં કાચની મદદથી આંખના ડોળાનો અભ્યંતર ભાગ જોઇ શકાય છે અને તે ઉપરથી નેત્રદર્પણ આદિની રચના સ્વભાવિક છે અગર બગડેલી છે તે કહી શકાયછે.

ઉપાયઃ—ઝામરને માટે કાંઇ પણ ઔષધિ લાગુ થતી નથી. વખતસર કનીનીકાનું છેદન કરવાથીજ માત્ર ફાયદો થાયછે. ઝામરની શરૂઆતમાં દૃષ્ટિને બહુ નુકશાન પહોંચ્યા પહેલાં કનીનીકા છેદન કરી હોય તો આંખ ઘણું કરી આબાદ રહેછે. ઝામર પૂર્ણ અવસ્થાયે પહોંચ્યા પછી એટલે દૃષ્ટિનો સમુળગો નાશ થયા પછી આ ક્રિયા કરવાથી કાંઇ ફાયદો થતો નથી.

ઝામરની અસહ્ય પીડામાં જો કનીનીકા છેદન કરીએ તો તત્કાળ પીડા બંધ પડેછે. માટે દૃષ્ટિની આશા નહોય તોપણ પીડા મટાડવા સારૂ કનીનીકા છેદન કરવાની જરૂર પડેછે.

દરદીને છતો સુવાડી આંખ ચાંપવતી ખુલ્લી રાખી ડાબે હાથે ચીમટા વડે ડોળાને સ્થિર રાખવો. તથા બીજા હાથે ત્રિકોણાકાર ચપુથી ઉપરના ભાગમાં કૃષ્ણમંડળ તથા શ્વેતમંડળના સંયોગમાં છેદ મૂકવો, બાદ વાંકા ચીમટાથી કનીનીકા પકડી બહાર ખેંચી કાતરવતી તેનો ૧/૪ મૂળમાંથી કાપી લેવો. પછી આટ્રોપીન નાખી પાટો બાંધી લેવો.

કૃત્રિમ કીકી કરવી હોય ત્યારે જે બાજુ કીકી કરવી હોય, તે તરફ છેદ કરી, કનીનીકાનો થોડોક ભાગ કાપી નાખવો. ઝામર માટે કનીનીકા બહુ કાપવી પડેછે. તેટલી કૃત્રિમ કીકી માટે કાપવાની જરૂર નથી.

આંખનું કણું.

આંખની અંદર ધુળ અથવા રેતીનું રજકણ, લોઢું અથવા બીજી ધાતુની કરચ કેટલીકવાર પડેછે. ઘણું કરી કણું પડ્યા પછી તરતજ આંખમાંથી પાણી વહેછે તે વખતે પાંપણ મટમટાવવાથી કણું બહાર નીકળી જાયછે. પણ કણું પાપણની અંદર ભરાઈ બેઠું હોય અથવા કૃષ્ણમંડળમાં બેશી ગયું હોય તો તેમ નીકળતું નથી. કૃષ્ણમંડળ ઉપર કણું હશે તો તેનો કાળો ડાઘ દેખાશે, અને તે પાંપણમાં હશે તો તેને ઉથલાવવાથી જણાશે. કણાને લીધે આંખ લાલ થઈ આવેછે, રહી રહીને ખટકો થાયછે તથા પાણી વહે છે. પાંપણમાં કણું હોય તો તેને ઉથલાવી બરાબર તપાસ કરી હોય ત્યાંથી "સ્પેચ્યુલા" નામના હથીઆરથી કાઢી લેવું. કૃષ્ણમંડળ ઉપર કણું ચોટેલું હોય તો તે કાઢવાની સંભાળ રાખવી જોઇએ. દરદીને સુવાડી આંખને ચીમટાથી સ્થિર રાખી સ્પેચ્યુલાથી તેને ઉખેડી કાઢવું. સાધારણ લોકો આંખમાં જીભ ફેરવી કણું કાઢેછે.

લોકોને આંખના કણા વિશે સાધારણ બહુ વહેમ હોય છે. જ્યારે આંખ દુખવા આવેછે ત્યારે ઘણું કરી આંખમાં ખુંચતું હોય તે મીસાલે ખટકો થાયછે તેને ઘણીવાર કણું ઠરાવી પાડેછે. તથા આંખને ખોતરાવે છે. છોલાવેછે તેથી ઘણીવાર આંખનું દરદ વધી પડી માઠું પરિણામ થાયછે. માટે બનતા સુધી હલકા લોકોને આંખ જેવા નાજુક અવયવને હવાલે કરી ખરાબી કરાવવી નહીં.

પરવાળાં.

(ટ્રીકાયાસીસ.)

ચિન્હઃ—ઉપલી પાંપણ અંદર વળવાથી તેના કેશ આંખની અંદર ખુંચેછે અથવા તેની કોર ઉપર નવા કેશ આવી અંદર વળી જઈ ઠોલેછે તેને પરવાળાં કહેછે. પરવાળાના કેશ થોડા બે ચાર હોય અથવા આખી પાંપણના વાળ આંખને અડચણ કરેછે. પરવાળાને લીધે આંખમાં કણાં ભાલાની માફક ખુંચેછે. અશ્રુ વહેછે અને આંખ થોડી ઘણી લાલ થઈ આવેછે, ત્યારે કેશને છોટાવેછે એટલે આ પીડા થોડા દિવસ કમી પડેછે. ફરી કેશ ઉગે એટલે પુનઃપીડા થાયછે. આ પ્રમાણે કેશ કેટલોક વખત કૃષ્ણ મંડળઉપર ઘસાવાથી તેના ઉપર સફેત ફૂલા જેવી છારી વળી જાયછે અને દ્રષ્ટિનો પ્રતિદીન નાશ થતો જાયછે. પરવાળાનો વ્યાધિ સ્ત્રીઓને વધારે જોવામાં આવેછે અને તેમાંથી આંખ કેટલીકવાર નાબુદ થાયછે. કેટલીક વખત નીચલી પાંપણના કેશ અંદરવળી આંખને ઠોલેછે.

ઉપાયઃ—થોડાં પરવાળાં હોય તો તેમને ચીમટાથી ચુંટી કાઢી તેમના મૂળમાં કાસ્ટીક પોટાસમાં સોયને બોળી ઘોચવી એટલે મૂળ બળી જવાથી કેશ ફરી ઉગશે નહી. જો કેશ ફરી ઉગે તો બીજીવાર તેજ પ્રમાણે કરવું. ઘણા કેશ હોય તો અથવા પાંપણ અંદર વળેલી હોય તો આ ઉપાય લાગુ પડતો નથી.

પાંપણની થોડી ચામડી કાપી નાખી બાકીનીને ઉપર સીવી લેવી, ગુંદ અથવા કોલોડીયનથી વાળને ઉપર ચોટાડી રખાયછે. પણ આવા ઉપાયોથી કાર્યસિદ્ધિ ઘણું કરી થતી નથી. છેવટ પાંપણની કોર કેશ સુધાં કાપી કાઢયા સિવાય બીજો ઇલાજ રહેતો નથી. પાંપણને પકડવાની ચાંપ થાયછે, તેમાં પાપણને દબાવી પાપણની કેશવાળી ઓળ કાપી નાખવી. બે ત્રણ દિવસ પાટો બાંધી રાખવો. ત્યાર બાદ લેડલોશન લગાડવાથી આરામ થાયછે.

નાકસુર અથવા નાસૂર.

(લ્યાક્રીમલ આબસ્ટ્રકશન એન્ડ ફીસ્ચ્યુલા.)

બંને પાંપણોની અંદરના ખૂણામાં એકેક છિદ્ર હોયછે તેમાંથી નાક તરફ સુક્ષ્મ રસ્તોછે. તેના સંયોગમાં નાકને ઉપરને ખૂણેથી એક નળી જેવો રસ્તો નીચે ઉતરી નાકની અંદર ઉઘડેછે, આ એકંદર રસ્તા વાટે સ્વભાવિક આંખનું પાણી નાકમાં જાયછે અને ત્યાં તેની વરાળ થઈ શ્વાસોશ્વાસની હવા સાથે ઉડી જાયછે.

આ એકંદર રસ્તોછે તેમાં એકાદ ઠેકાણે પ્રતિબંધ થાય તો આંખને ખણેથી પાણી બહાર ગાલ ઉપર વહ્યાં કરેછે. કોઇવાર આ નાસીકાનળીના ભાગનો વરમ થઈ સૂજી આવેછે અને પાકીને પરૂ થાયછે, તેને લીધે નાકના ખૂણામાં નાનું અથવા મોટું ડીબું થાયછે, તે ફૂટેછે તેને નાકસુર અથવા નાસુર કહેછે તે વારંવાર ભરાઇને ફૂટેછે ચહેરા ઉપર ઘણુંજ કઢંગુ અને ત્રાસ દાયક થઇ પડેછે, અને મટવું બહુજ મુશ્કિલ પડેછે.

આ નળીને યોગ્ય સળીયો આવેછે. તે વતે તેમનો સંકુચીત રસ્તો પહોળો કરવો, તે રસ્તો પહોળો થવાથી આંખનું પાણી પોતાને સ્વભાવિક રસ્તે જશે તથા નાસુરનું મોઢું બંધ થઇ જશે.

આંજણી.

(સ્ટાઈ.)

આંખની પાંપણોપર કોઇવાર નાનાં ગુમડાં થાયછે તેને આંજણી કહેછે. આંજણી પાંપણની કોર ઉપર થાયછે. એક અથવા બેઉ પાંપણપર સાથે થાયછે એક અગર બંને આંખે થાયછે. એક થઇને પાકી ફૂટીને મટી જાયછે અગર વારંવાર એક પછી એક થયા કરેછે. ઘણું કરી નબળી અથવા લોહીયાળ તબીયતના આદમીને આંજણીયો થયા કરેછે.

આંજણીને ગરમ પાણીનો શેક કરવો. તે પાકે ત્યારે ફોડવી. તબીયત સુધારવાના ઇલાજ કરવા તથા જુલાબ લેવો.

કાનના વ્યાધિ.

(ઇયર ડીઝીઝ.)

કાનના વ્યાધિ અનેકછે. તેનુંજ વર્ણન કરતાં ગ્રંથ થાય પણ આ જગાએ તેમનું સંબાણથી વર્ણન થઇ શકતું નથી.

કાનમાં ઘણી વખત કળીઆ, બી, ચણોઠી અને કાંકરી વિગેરે પદાર્થ પેશી જાયછે. વિશેષે કરી છોકરાંઓ રમતાં તેઓ કાનની અંદર મૂકેછે તે પાછું નીકળતું નથી. તે કર્ણદ્વારની પાસે રહેછે. અથવા છેક કર્ણપટલ પર્યંત જઇને ભરાઈ રહેછે તે જલદી બહાર નહીં નીકળે તો વેદના થવા માંડેછે. છેવટ કાન પાકેછે. અને પરૂ થાયછે.

કાનમાંથી પરૂ વહેતું ઘણી વખત નજરે આવેછે. પરૂ ઘણું કરી કર્ણ નળીના માર્ગમાંથીજ વહેછે. સાધારણ સરદી થઇ તેની મૃદુ ત્વચાનો વરમ થાયછે. અને તેમાંથી પરૂ થઇ વહેછે. કર્ણનળી સિવાય કર્ણપટલનો વરમ થઈ તેમાંથી પરૂ વહેછે. કાનની અંદર અર્શ થાયછે, તેને લીધે પરૂ અવશ્ય નીકળેછે. મધ્ય કાન પાકેછે, ત્યારે કાનના પડદામાં છિદ્ર પડીને પરૂ બહાર નીકળે છે. કોઇ વાર પડદો તદ્દન નાબુદ થઈ જાય છે; કાનના બીજાં અંદરનાં દરદ અને અસ્થિના વ્યાધિને લીધે પરૂ થાયછે. શીળી, ઓરી તથા નબળાઇને લીધે બચ્ચાંઓના કાન વહેછે.

કાનમાં ચસકા અને વેદના વિવિધ કારણોથી થાયછે. સરદીથી, થંડો પવન લાગવાથી, થંડું પાણી અંદર જવાથી, કાનમાં અર્શ અથવા બાહ્ય પદાર્થ હોવાથી, કાનમાં ગુમડું વિગેરે થવાથી, કાન પાકવાથી, કર્ણપટલ અને મધ્ય કાનના વ્યાધિથી વેદના અને ચશ્કા થાયછે. કોઈવાર વેદના થોડી થાયછે. અને કોઈવાર બેહદ પીડા થાયછે. તેને લીધે સાંભળવાનો કંટાળો આવેછે તથા બોલતાં અને ખાતાં પણ દુખે છે. મેલ ભરાઈ રહેવાથી દુખાવો થાયછે.

કાનમાં ઘોંઘાટ અનેક પ્રકારના અને અનેક કારણથી થાયછે. ઉપર કહેલા કોઇ પણ વ્યાધિને લીધે કાનમાં અવાજ થયા કરેછે. જાણે કે ગાડાં ચાલતાં હોય અગર રેલવે ચાલતી હોય અથવા દરીઓ ઘુઘવાતો હોય અથવા વાજાં વાગતાં હોય તે મીસાલે કાનમાં અવાજ થઇ રહેછે. કાનમાં વરમ થવાથી, તે પાકવાથી, કાનનો પડદો ફુટવાથી, મધ્ય કાનનો વ્યાધિ થવાથી, તેના અસ્થિના દરદથી, અર્શથી અને કાનના બીજા દરદોથી તેમાં અવાજ થયાં કરેછે. કાનના સંબંધના વ્યાધિ સિવાય પાંડુરોગને લીધે, રક્તાશયના વ્યાધિને લીધે, મગજમાંના રોગને લીધે કાનમાં ખાંડફૂટ જેવા અવાજ થયા કરેછે.

કાન બહેરો ઘણા કારણોથી થાયછે. તેમાં મેલ ભરાઇ રહેવાથી બહેરાશ થાયછે. કાનનો પડદો ફૂટવાથી બહેરા થાયછે કોઈવાર કાનમાં ઘણો મેલ હોવા છતાં અને પડદો ફૂટવા છતાં જરા પણ બહેરાશ હોતી નથી. કાનમાં કોઈ પદાર્થ ભરાઈ રહેવાથી મધ્ય કાનમાં રોગ થવાથી, અંદરના કાનમાં વ્યાધિ થવાથી કાનનો પડદો જાડો થવાથી, તેના સંબંધના ત્રણ અસ્થિ અગર સ્નાયુનું કાર્ય બરાબર નહી ચાલવાથી કાનથી બરાબર સંભ-

ભાતું નથી. મગજના વ્યાધિ અથવા શ્રવણતંતુના દરદથી સંભળાતું છેક બંધ થાયછે. કોઇક બહેરા અને મુંગા જન્મેછે.

સાંભળવાનું છેક બંધ થાયછે અથવા થોડું ઘણું સંભળાયછે. કાન પાસે ઘડીઆળ રાખવાથી તેની પરીક્ષા થઈ શકેછે. કાનથી ઘડીઆળ તદન સંભળાય છે કે નહી, અને સંભળાય છે તો કેટલે અંતરે સાંભળી શકાય છે, તેનો નિશ્ચય કરવાથી કાન કેટલે દરજ્જે બહેરો થયોછે તે જાણી શકાયછે. કોઇવાર તદન બહેરો હોયતોપછી આદમી ફક્ત સાનથી સમજેછે. પણ ઘણુંકરી મોટો અવાજ કરવાથી સાંભળી શકાયછે. ઘણીકવાર ઉપર કહેલાં કેટલાંક કારણોથી થોડા દિવસ બહેરાશ રહી તે સારી થાયછે.

કાનમાં ઘણીવાર મેલ ભરાઇ રહેછે. તે થોડો હોયછે અને નરમ હોયછે. અથવા ઘણો હોયછે. તે કાનને તદન પૂરી દેછે, અને કઠણ પથર જેવો થઈ જાયછે. કાનમાં મેલ ભરાઇ રહેવાથી કમી સંભળાય છે, વેદના થાયછે. અવાજ થાયછે અને કોઇવાર કાન પાકેછે.

કાનમાં અર્શ અથવા મસો થાયછે. તે આગળ હોયછે અથવા છેક અંદર હોય છે. નાનો અગર મોટો હોયછે. તેનું મૂળ પાતળું અથવા જાડું હોયછે. તેને લીધે વેદના થાયછે. અવાજ થાયછે, કોઇવાર બહેરાશ આવેછે, અને પરૂ વહેછે.

ઉપર કહેલા ઘણાક વ્યાધિની પરીક્ષા "કર્ણદર્શક યંત્ર" (ઈઅર સ્પેક્યુલમ) મૂકવાથી થઈ શકે. આ ફક્ત ગરણીના આકારનું એક નાનું રૂપાનું બનાવેલું યંત્ર હોયછે. તે કાનમાં મૂકવાથી અંદર અજવાળું પડેછે. અને તેની અંદર શું છે તે જોઇ શકાયછે.

ઈલાજઃ—કાનમાં મેલ થાયછે ત્યારે તેલ અથવા ગ્લીસરીન અંદર મૂકવું. તે નરમ થાય એટલે ગરમ પાણીની પીચકારી મારવાથી કાન ધોવાઇને મેલ બહાર નીકળી આવશે. પાણીમાં થોડો સોડા નાંખવાથી અગર સાબુનુંપાણી કરી રેડવાથી મેલ સહેલાઇથી નીકળશે. મેલ કાઢવા માટે કાન ખોતરવો નહી. જો મેલ નજીક હોયતો નાની ચમચી અગર આંકડાથી તેને બહાર ખેંચી કઢાશે. પણ તે અંદર છેટે હોય અને કઠણ હોય તો હથિઆરથી કાઢવાને પ્રયત્ન ન કરવો, કેમકે હથિઆર વાગીને કાન પાકવાની દહેશત રહે છે.

કાનમાં બાહ્ય પદાર્થ ભરાઇ રહે, ત્યારે પણ એજ રીતે પાણીની પીચકારીથી તે બહાર નીકળી આવશે. પાસે હોય તેને આંકડાથી કાઢવું વાજબીછે. કાનમાં નાંખવાનો આંકડો અણીવાળો હોતો નથી.

કાનમાં અર્શ હોય ત્યારે તેને ચીમટામાં પકડી વળ આપીને કાઢવો. અથવા તેને વાળાનો ફાંસો ઘાલીને ઉખેડી કાઢવો. ખેવડાવાળાને અંદર જવા દઈ સેરવીને અર્શના મૂળને લાગુ કરવો. અને પછી તેને વળ દઇને ખેંચવો. તેથી અર્શ મૂળથી નીકળીઆવશે.

કાનમાં વેદના અને ચસ્કા થતા હોય ત્યારે અનેક ઉપાય થાયછે. તેમાં મુખ્ય ઉપાય એ છે કે ગરમ પાણીમાં પોસ્ત ઉકાળી તેનો શેક કરવો. વેદના થવાનું કારણ હોય તે દુર કરવું. ગરમ પાણીની તેમાં પીચકારી મારવી. ખેલાડોના અથવા લાઉનમનું ટીપું

કાનમાં નાખવું. ગ્લીસરીનનું ટીપું મૂકવું. તેલ ગરમ કરીને ટીપું કાનમાં મૂકવું. ધંતુરાના રસનું ટીપું મૂકવું.

લસણ, સતાબ, સમુદ્રફીણ, તથા કપૂરને તેલમાં કકડાવીને તે તેલનાં ટીપાં મૂકવાં.

ક્લોરોફાર્મ, લાડનમ, ગ્લીસરીન તથા બદામનું તેલ સરખા ભાગ લઈ તેનું ટીપું કાનમાં મૂકવું; કોલન વાટર અથવા બ્રાંડીનું ટીપું કાનમાં મૂકવાથી ઘણી વખત આરામ થાયછે.

કાનમાં રૂનું પૂમડું મૂકી તે બાંધી રાખવો. જરૂર જણાય તો કાનની પાછળ રાઈ મૂકવી અગર બ્લીસ્ટર મારવું.

કાન વહેતો હોય ત્યારે તેનું કારણ શોધી કાઢી તે દૂર કરવું. અર્શ કે મેલ હોય તે કાઢી નાંખવો. બચ્ચાંની તબીયત નબળી હોય તો સારો ખોરાક ને ઔષધિ આપવાં. ગરમ પાણીના એક ઔંસમાં સલ્ફેટ ઓફ ઝીંક અથવા ટંકણખારના બે ગ્રેન નાંખી તે વડે દરરોજ બે વખત કાન ધોવો. પાણીમાં ટાનીક આસિડ, ફટકડી, અથવા નાઇટ્રેટ ઓફ સીલવર મેળવીને તે વડે કાન ધોવો. ટાનિક આસિડ અને ગ્લીસરીનનાં ટીપાંમૂકવાં. ટાનીક આસિડનો ભૂકો કાનમાં ફૂકવો, તેથી પરૂ બંધ થશે. જો કાન ગંધાતો હોય તો કાર્બોલીક ઓઇલ બનાવી તેનાં ટીપાં મૂકવાં. અને ક્લોરાઇ આવ ઝીંક પાણીમાં મેળવી તેની પીચકારી મારવી.

કાનની પાછળ એક અથવા વધારે બ્લીસ્ટર મૂકવાં. કાનમાં ઘોંઘાટ હોય ત્યારે જે કારણથી તે થતો હોય તે દૂર કરવું તથા લોહી સુધરે તેવા ઉપાય કરવા.

કાન બહેરો હોય ત્યારે પણ તેનું કારણ શોધી કાઢી યોગ્ય ઇલાજ કરવો. કાનને સવાર સાંજ ધોવો. તેમાં તેલ, ઑલીવ ઑઇલ વગેરે ગરમ કરી ટીપું મૂકવું. લસણને છૂંદી તેને બદામના તેલમાં ઉકાળી તેનું ટીપું મૂકવું. કાંદાનો રસ કાઢી તેનું ટીપું મૂકવું.

જ્યારે કાનનો પડદો ફૂટ્યો હોય ત્યારે તેને પડદા તૈયાર આવેછે તે અંદર મૂકવાથી કોઈવાર સંભળાયછે. કોઇવાર કાનમાં મોટું બ્યુગલ જેવું ભૂંગળું રાખવાથી સંભળાયછે.

विष प्रकरण.

ભાગ ૭ મો.

સોમલ અને હરતાલ.

(વ્હાઈટ આર્સેનીક એન્ડ સલ્ફાઇડ ઓફ આર્સેનીક.)

સોમલ એક મોટું પ્રખ્યાત ઝેરછે. તેના ઝેરથી મૂઆના દાખલા ઘણા મળી આવે છે સોમલમાં સ્વાદ નથી માટે તે ખોરાકની સાથે સહેલાઇથી આપી શકાયછે. તે સોંઘો અને જોઇએ તેટલો મળેછે. ઉંદર વગેરે જીવડાં મારવામાં લોકો સોમલ વાપરે છે. એ કારણસર દગો કરવા સોમલ સહજ મેળવી શકેછે. હરતાલમાં પણ સોમલ હોયછે પણ તેના રંગને લીધે તે દગો કરવા માટે વાપરવો મુસ્કેલ પડેછે. એ બંને ખનીજ પદાર્થ છે. લોખંડ, જસત, ત્રાંબુ ઈત્યાદિ ધાતુની સાથે પણ હોયછે.

ચિન્હ:—સોમલ પેટમાં ગયા બાદ એક કલાકની અંદર તેના ઝેરનાં ચિન્હ માલૂમ પડેછે. સોમલ ક્ષોભક વિષછે. પ્રથમ પેટમાં પીપડીના ભાગમાં બળતરા અને દુખાવો શરૂ થાયછે. દાબવાથી વધારે દુખેછે. મોળ છૂટેછે. તથા ઉલટી થવા માંડેછે. પેટમાં કોઈ પણ પદાર્થ લીધો કે તેની લાગલીજ ઊલટી થાયછે વેદના આખા પેટ ઉપર પસરે છે. અને તે પર સ્પર્શ સહન થઈ શકતો નથી. થોડી વારમાં ઝાડો થવા લાગે છે. ઝાડે જતાં મરડાની માફક દરદ થાયછે. અને જોર કરવું પડેછે. તેમાં જળસ અને વખતે લોહી પડે છે. ઝાડો ઘણું કરીને પાતળો પીળા રંગનો હોય છે. પેશાબ કરતાં અગ્નિ થાય છે; ગળું આવી જાયછે. ઘણી તરસ લાગે છે. આંખ લાલ થઇ તેમાં બળતરા થાય છે. મસ્તક દુખેછે. રક્તાશય જલદ ચાલેછે. નાડી અને શ્વાસ પણ જલદ ચાલેછે. દરદી ઘણોજ બેચેન રહેછે. અને તરફડીઆં મારેછે. પગમાં ગોટલા ચડેછે. તથા હાયના આંકડા વળે છે. શકિતહીન થઈ મરણ પામેછે. બુદ્ધિ છેવટ પર્યંત નિર્વિકાર રહેછે. ક્વચાત સોમલ પીધા પછી દરદી સારો થાયછે. કોઇવાર બેશુદ્ધિ થઇ મરણ થાયછે. અને કોઇવાર જ્વર આવીને મૃત્યુ નીપજેછે સોમલનાં ચિન્હ કોઇવાર ઘણાંજ તીવ્ર હોયછે. અતિશય ઉલટી, ઝાડો, તરસ ગોટલા અને દુખાવો થાયછે. ક્વચીત્ ઝાડો ઉલટી થતાં નથી. પણ થોડું ઘેન અને બેબુદ્ધિ થાયછે. ક્વચીત્ સોમલ લીધા પછી પાંચ સાત કલાક પછી ચિન્હ શરૂ થાયછે.

સોમલ પાણીમાં બહુ ગળતો નથી. દ્રવ રૂપમાં અથવા ભૂકીના રૂપમાં તે આપ્યો હોય તો તેનાં ચિન્હ જલદી થાયછે. અને દરદી બચવો મુશ્કેલ પડેછે. પણ જો સોમલનો કડકો આપ્યો હોય તો વખતે દરદી બચી જાય છે. એક પારસીએ સોમલનો દોઢ બે રૂપી-

આભારનો કડકો ખાધેલો તેનો ઝાડો ઉલટી થયાં. છેવટે તે કડકો ઝાડામાં પડ્યો અને તે સારો થયો.

મરણોત્તર સ્વરૂપઃ—સોમલથી પક્વાશયનો દાહ થાયછે. પેટમાં લીધાથી પક્વાશયનો દાહ થાયછે એટલુંજ નહી પણ વખતે સોમલ શરીરના કોઈપણ ભાગને લગાડવાથી ઝેર ચડે તથા પક્વાશયમાં દાહ થાયજ. હોજરીમાં દાહ થાય છે એટલુંજ નહીં; ડુઓડીનમ અને વખતે બધાં આંતરડાંના શ્લેષ્માવરણનો દાહ જોવામાં આવેછે. વખતે અન્નનળ, ગળું, અને મોઢું પણ લાલચોળ થઇ આવેછે.

હોજરીમાં શ્લેષ્માવરણ લાલ સુરેખ થઇ આવેછે. તેની કરચલી ઉપર રતાશ વધારે હોયછે. ઠેકાણે ઠેકાણે સોમલની સફેત અગર પીળી કરચો દેખાયછે. અને તે દરેક કરચની આસપાસનો ભાગ લાલ હોય છે. કોઈવાર રક્તસ્રાવ થઈ તે ભાગ કાળો દેખાય છે. આંતરડાં અને હોજરીમાંથી પીળા ડાઘ અને પ્રવાહી કોઈ કોઈવાર હોયછે.

સોમલના ઓછામાં ઓછા બે ગ્રેનથી મરણ થાય છે. સોમલ લીધા પછી દસ વીસ કલાકમાં મરણ થાય છે. કોઇવાર બે ત્રણ કલાકમાં થાય છે. અને ક્વચીત્ પાંચ દિવસ પછી થાય છે.

ઈલાજઃ—ઉલટી અને ઝાડો થઈ સોમલ નીકળી જાયતો સારૂં. તેટલા માટે આ બેઉ ક્રિયાને ઉત્તેજન આપવું. ઉલટી થવા માટે ગરમ પાણી અને દૂધ આપતા રહેવું. ગળામાં આંગળી ઘાલી ઊલટી કરવી. ઇપીકાકયુઆના અને મીઠું પાણીમાં નાંખીને ઉલટી કરવી. ઉલટી નહીંજ થતી હોય તો "સ્ટમકપંપ" વાપરવો. અને તેનાથી હોજરી ધોઇ નાખવી. ઘણું કરી ઉલટી થાયછેજ; અને સ્ટમકપંપ વાપરવાની જરૂર પડતી નથી. કેમકે હોજરીમાં વરમ હોય તેથી તેની અંદર નળી મૂકવાથી વધારે ઇજા થવા સંભવ રહેછે. ઝાડો થવા માટે એરંડીઉં અને દૂધ આપવાં. તરસ લાગેછે માટે પુશ્કળ પાણી, શરબત અને ચૂનાનું નીતર્યું પાણી પાવું. ઓલીવ ઓઇલ પીવા આપવું.

વિષઘ્ન ઓસડઃ—ઉપર કહેલા પદાર્થથી ઉલટીવાટે સોમલ બહાર પડેછે. અને તે પ્રવાહમાં મિશ્ર થવાથી દાહ કમી થાયછે. તે સિવાય બીજી દવા આપવાથી સોમલનું વિષ અટકેછે. હાઇડ્રેડસેસ્કવી ઓક્ષાઈડ આફ આયર્ન, હાઇડ્રેટેડ ઓક્ષાઇડ આવ માગ્નીશીયા, બળેલો માગ્નિશીયા અથવા પ્રાણીજ કોલસા આપવાથી સોમલના ઝેરમાંથી બચાવ થાયછે.

લીકર ફેરીમાં લીકર આમોન્યા મેળવવાથી હાઈડ્રેટેડ ઓક્ષાઇડ ઓફ આયર્ન થાયછે. તેને ગાળી લઈ પાણી ઉમેરી ધોવો. અને પછી એક બે તોલા પાણીમાં મિશ્ર કરી પાવો, સલફેટ આવ માગ્નીશાયાના દ્રવમાં લીકર પોટાસ નાખવાથી હાઇડ્રેટેડ ઓક્ષાઇડ આવ માગ્નીશીયા થાયછે. તેને ગાળી, પાણીથી ધોઇને પાણી સાથે પીવા આપવો. ગોટલા ચઢેછે તે માટે પગ દાબવા.

શીલ્સગ્રીન અથવા મીનરલ ગ્રીન નામનો લીલો રંગ થાયછે. તે રંગ ભીંત, લાકડા વગેરેને લગાડાયછે. તે કાગળ ઉપર લગાડી ચોડવામાં આવેછે. ક્વચીત, મીઠાઇ વગેરેને

રંગવા તે વપરાયછે. તેના બારીક પરમાણું પણ પેટમાં જવાથી ઉલટી ઝાડો થાયછે. ભૂખ લાગતી નથી. જીભ ઉપર સફેત છારી વળેછે. આંખો રાતી થાયછે. તરસ લાગેછે. અશક્તાઇ થાયછે.

સલ્ફાઇડ આવ આર્સેનીક બે જાતનો થાયછે. એક પીળો તેને હરતાળ કહેછે. બીજો લાલ તેને મનશીલ કહેછે. એ બન્ને પણ તેના રંગ માટે વપરાયછે. સોમલ, હરતાલ, મનશીલ દેશી ઓષધિમાં વપરાયછે. તેનાં ચિન્હ પણ સોમલ જેવાંજ થાયછે.

એન્ટીમની.

ટારટર ઇમેટીક અને ક્લોરાઇડ આવ એન્ટીમની પ્રમાણની બહાર લીધાથી વિષ તુલ્ય પરિણામ નીપજેછે. ટારટર ઇમેટીક ઓષધમાં વપરાયછે. તેની માત્રા $\frac{1}{2}$ થી $\frac{1}{2}$ ગ્રેન છે. બે ગ્રેન અથવા વધારે લીધાથી મૃત્યુ નીપજવાના દાખલાઓ મળી આવેછે. તેનો ગુણ વમનછે. માટે થોડો વધારે લેવા છતાં પણ જો ઉલટીમાં તદન નીકળી જાયતો દરદીને નુકસાન થતું નથી.

ચિન્હઃ—કેવળ સોમલના વિખ જેવાં લક્ષણ માલમ પડેછે. તે જુદા ઓળખવા મુશ્કેલ પડેછે. સોમલ અને એન્ટીમનીનાં વિષારી ચિન્હ ઘણાંજ મળતાં છે. એટલુંજ નહીં પણ રસાયની ગુણમાં પણ બેઉ ઘણે દરજ્જે મળેછે. આ પદાર્થ ઘણું કરી ઝેર તરીકે વપરાતા નથી. ઉલટી, ઝાડો ને પેટમાં વેદના થાયછે. મોઢું અને ગળું સૂજી આવેછે.

ઈલાજઃ—સિંકોના ટિંકચર અથવા સીંકોનાનો ભૂકો આપવો. તે સિવાય માયફળ, આમળાં, હરડાં, બહેડાં અથવા કાથાની ચા અગર દાડમની છાલ દેવી. તે સિવાય દૂધ, ગુંદનું પાણી દેવાં. ઉલટી કરવા માટે ગળામાં પીછું ફેરવવું. અગર ક્વચીત સ્ટમકપંપ વાપરવાની જરૂર પડેછે.

રસકપૂર.

(કોરાઝીવ સબ્લીમેટ).

રસકપૂર અને પારાની બીજી કેટલીક દવા વિષારી છે. ચોખ્ખું રસકપૂર, હીંગળોક, રેડઓક્ષાઇડ આવ મર્ક્યુરી વગેરે પારાની વિષારી દવાછે.

ચિન્હઃ—રસકપૂર લીધાથી મોઢું, ગળું, અન્નનળ અને પક્વાશયની ત્વચા બળી જાયછે. તે ઉપર ચાંદાં પડેછે. પેરીટોન્યમનો વરમ થાયછે. આંતરડાંમાં દાહ અને ચાંદાં થાયછે. પ્રથમ લેતાંજ મોઢા, ગળામાં અને પેટમાં આગ પડેછે. ગળે કાંઇ ઉતારવા દુખાવો થાયછે. ઉલટી થાયછે. તથા ઝાડો થાયછે. ઝાડામાં જળસ અને લોહી પડેછે. તથા બહુ કરાંઝવું પડેછે. આખા પેટમાં દુખાવો થાયછે. તે દાબવાથી વધારે લાગેછે. પેટ ફુલી આવેછે. નાડી જલદ ચાલેછે. તાવ આવેછે, શ્વાસ વધારે ચાલેછે. હાથ પગના આંકડા વળેછે. અને દરદી મરણ પામેછે. જો રસકપૂર લીધા પછી થોડો વખત દરદી

જીવે તો બહુ મોઢું આવેછે. ત્રણ ચાર ગ્રેનથી કમી પ્રમાણમાં રસકપૂર લીધાથી મૃત્યુ થતું નથી.

મોઢું લાવવા સારૂ જુદા જુદા આદમીને પારાની દવા વધારે ઓછી લાગેછે. પારા સિવાય ત્રાંબુ, સોનું, સોમલ, એન્ટીમની, બીઝમથ, ડીજીટેલીસ, અફીણ, હાઈડ્રોસ્યાનિક આસિડ વગેરેથી મોઢું આવેછે.

ઇલાજ:—આલ્બ્યુમીન, રસકપૂર માટે વિષઘ્નછે. ઇંડામાં સફેદ પદાર્થ હોયછે તેને આલ્બ્યુમીન કહેછે. આલ્બ્યુમીન સિવાય ઘઉંનો લોટ દૂધમાં આપવો. અથવા લોઢાનો કાટ ગુંદના પાણીમાં પીવા આપવો. દૂધ, પાણી, ગુંદનું પાણી વગેરે આપતા જવું. અને ઉલટી થવા દેવી. એરંડીઓલનો જુલાબ આપવો. મોંએ બાવળ, ફટકડી વગેરેના કોગળા કરાવવા. ત્યારબાદ કાંજી, સાબુદાણા, તવખીર વગેરે પીવા આપવાં.

તાંબાનું ઝેર.

તાંબાના ઝેરમાં મુખ્ય અને સાધારણ મોરથુથુછે. જંગાલ પણ તાંબાનો ઝેરી ક્ષાર છે. આ પદાર્થોને રંગ હોયછે. મોઢામાં ઘણો તુરો સ્વાદ લાગેછે. તેથી દગો કરવા માટે ક્વચિત વપરાયછે.

ચિન્હ:—આ પણ એક ક્ષોભક વિષછે. પેટમાં દુખેછે. ઉલટી થાયછે. ઝાડો થાય છે. ઉલટી અને ઝાડામાં મોરથુથાનો રંગ હોયછે. મોરથુથાનો વમન ગુણ છે. તેથી પંદર વીસ ગ્રેન વમન તરીકે ક્વચીત વપરાયછે. ઝાડો ઉલટી થઈ શરીર નબળું શક્તિહીન થઇ વખતે આંચકી થઈ મરણ નીપજેછે.

પેટમાં અને આંતરડાંમાં મોરથુથાનો રંગ માલમ પડેછે. તેમજ દાહ થએલો જણાયછે. કોઈ કોઇ સ્થળે ચાંદાં પડેછે.

ઇલાજ:—આલ્બ્યુમન દેવું; દૂધ, ગુંદ, લોટ, પાણી વગેરે પદાર્થ દેવા. તથા ઉલટી થવા દેવી.

વનસ્પતી વિષ.

વનસ્પતિ વિષમાં ચિત્રક, ભીલામા, એળીઓ, ઇંદ્રવરણું, નેપાળો, થોર વગેરે ક્ષોભક વિષછે. અફીણ, ધંતુરો, ગાંજો, ડીજીટેલીસ, કોનાયમ વગેરે ઘેન આણનાર વિષછે.

વનસ્પતિ ક્ષોભક વિષ દગો કરવા માટે વપરાતી નથી. પણ કોઇવાર ભૂલ ચૂકથી ખાધામાં આવેછે ત્યારે તેને લીધે ઝાડો, ઉલટી વગેરે દાહનાં ચિન્હ જણાયછે. ચિત્રક ત્રણ જાતનો થાયછે. રાતો, કાળો, અને સફેત. તેનાં ફુલના રંગ પ્રમાણે તેના એવા ત્રણ ભાગ પાડ્યાછે. તેનાં મૂળીયાં ઘસીને ચોપડવાથી ફોલ્લો થાયછે. ગર્ભપાત માટે તેને યોનીમાં પહેરવામાં આવેછે.

ભીલામા ખાવાથી ગરમી જણાયછે. ઝાડા અને પેશાબમાં લોહી પડેછે. શરીરે બ-

ળતરા બળેછે. અને લાલ ચાઠાં તથા ફોલ્લા થાયછે. બહાર લગાડવાથી બ્લીસ્ટરની માફક ફોલ્લા થાયછે. પણ તેની સાથે કાળો ડાઘ હોયછે. તેથી સાદા બ્લીસ્ટરથી તે ઓળખી શકાયછે. કોઇવાર આજારી પડવા માટે સિપાઇ અને કેદી લોકો એ પ્રમાણે ભીલામા લગાડેછે.

થોરનું દૂધ પેટમાં જવાથી ઝાડો અને ઉલટી થાયછે. આંખે લાગવાથી આંખનો વરમ થાયછે. શરીરપર લાગવાથી ત્યાં દાહ અગર ફોલ્લો થાયછે.

નેપાળો, ઇંદ્રવરણું.એળીઓ, વગેરે ઓષધમાં વપરાયછે. તે વધારે લેવાથી ઝાડો, ઉલટી અને મૃત્યુ પણ નીપજેછે.

ઈલાજઃ—ભીલામા માટે શરીરપર મીઠું તેલ, કોપરાનું તેલ, અથવા આંબલીનું પાણી લગાડવું. ખાવાને કોપરૂં, તલ, ઘી, વગેરે પદાર્થ આપવા; છાશ પાવી.

નેપાળા, થોર, ચિત્રક માટે ઘી પાવા આપવું. તેમજ બહાર પણ ઘી ચોપડવું:

ઝેરકોચલું

(નક્ષવોમીકા)

ઝેર કોચલાનું ઝાડ વિષારી છે.પણ વિષારી ગુણ માટે તેના બીજા ભાગ કરતાં તેનાં બી સર્વોપરી છે. તેના ફળમાં બી થાયછે તે ઝેર કોચલાના નામથી મળે છે. તે ચપટાં ગોળ અને કઠણ હોયછે. તેનું ખાસસત્વ સ્ટ્રીક્નયા છે. ઝેર કોચલાં દેશી અને ઇંગ્રેજી ઓષધમાં બહુ વપરાય છે. તે બહુ કડવું હોય છે. તે કેટલાંક પશુ અને કીડાને મારવાના ખપમાં આવે છે.

ચિન્હઃ—ઝેર કોચલાના વિષનાં ચિન્હ ધનુર્વા જેવાંજ હોયછે. વિષ લીધા પછી થોડી મિનિટ અગર એક બે કલાકમાં ચિન્હ શરૂ થાયછે. લક્ષણને માટે ધનુર્વાનો વિષય વાંચવો. તેજ મીસાલે દાંતખીલી બેસેછે. હાથ પગ તથા આખા શરીરમાં તાણ આવેછે. ધનુર્વા તથા ઝેર કોચલાનાં ચિન્હમાં નીચે પ્રમાણે ફેરછે.

ઝેર કોચલાના વિષનાં ચિન્હ.	ધનુર્વાનાં ચિન્હ
૧ ચિન્હ શરૂઆતમાંજ સ્પષ્ટ જણાયછે. અને જલદીથી વધેછે.	૧ ચિન્હ પ્રથમ અસ્પષ્ટ હોયછે અને આસ્તે આસ્તે વધેછે.
૨ શરીર સ્વચ્છ સ્નાયુ પહેલાં ખેંચાયછે. અને પછી જડબાં બંધ થઈ દાંત ખીલી બેસેછે.	૨ પ્રથમથીજ જડબાં બંધ થઈ દાંત ખીલી બેસેછે અને પછી શરીરની કેટલીક જુદી જુદી સ્નાયુ ખેંચાયછે.
૩ બાહ્યાયામ શરૂઆતમાંજ થાયછે.	૩ બાહ્યાયામ હળવે હળવે પાછળથી થાયછે.
૪ તાણ રહી રહીને આવેછે. અને તાણ ન હોય ત્યારે વચલા અંતરમાં રોગી સારો જણાયછે.	૪ તાણ આવીને તે માત્ર થોડી કમી થાય છે. તોપણ શરીર ખેંચાએલું રહેછે.
૫ દરદી બે ચાર કલાકમાં મરણ પામે છે અથવા સારો થાયછે.	૫ દરદી એક બે દિવસ અગર વધારે મુદત પછી મરણ પામેછે અથવા સારોથાયછે.

વિષ ખાધા પછી પાંચ મિનિટથી અર્ધા કલાકની અંદર ચિન્હ શરૂ થાયછે. મરણ ક્વચીત્ દશ વિશ મિનિટમાં થાયછે. લાંબું ચાલેતો છ કલાકની અંદર મરણ નિપજેછે.

ઝેરકોચલાની ભૂકીના અર્ધા દ્રામથી, સ્ટ્રીક્નીયાના ½ ગ્રેનથી, એક્ષટ્રાક્ટના ત્રણ ચાર ગ્રેનથી પ્રાણની હાની થઈ શકેછે.

ઈલાજઃ—ઊલટી કરાવવી. જુલાબ આપવો. ઝેરકોચલાનાં ચિન્હ શરૂ થાય એટલે ક્લોરોફોર્મ સુંઘાડવો, અથવા ક્લોરલ હાઇડ્રેટ આપવો. ઝેરકોચલા ઉપર ક્લોરલ હાઇડ્રેટ વિષઘ્ન છે. તેનાં અથવા ક્લોરોફોર્મના ઘેનમાં આદમીને રાખવો. પ્રાણીજ કોયલા, ટાનીક આસિડ, ચા વિગેરે અપાયછે.

હાઇડ્રોશ્યાનીક આસિડ.

હાઇડ્રોશ્યાનીક આસિડ અને તેના ક્ષાર સાયાનાઈડ આફ પોટાશ્યમ એ ઝેર તરીકે આપણા દેશમાં પ્રસિદ્ધ નથી. પોટાશ્યમ સાયાનાઈડ ફોટોગ્રાફીના હુન્નરમાં કામ લાગેછે. હાઇડ્રોશ્યાનીક આસિડ હળાહળ વિષછે અને તેના જેવું ત્વરીત વિષ બીજું કાંઈ નથી.

ચિન્હઃ—તે પીતાં કડવું લાગેછે. ચિન્હ લાગલાંજ શરૂ થાયછે. આદમી બેશુદ્ધ થાયછે, શ્વાસ રૂંધાયછે અને પુષ્કળ અંતરે ચાલેછે. આંખો ફાટી રહેછે કીકી વિસ્તૃત રહેછે. શરીરપર ઘામ છૂટેછે. અને તે ઠંડું તથા શીથળ થઇ રહેછે. નાડી ઘણીજ ક્ષીણ થઈ હાથને લાગતી નથી. મોટે ફીણ આવે છે. નખ કાળા પડેછે. ગળામાં ગરધરી બળે છે. અને માણસ મરણ પામેછે.

થોડો આસિડ લીધો હોયતો કલાક અડધો કલાક આદમી જીવેછે, પણ જો વિશેષ લેવામાં આવ્યો હોય તો બે ચાર મિનીટમાં મૃત્યું નિવડેછે. ઓછામાં ઓછા ૪૫ ટીંપાં ડાઇલ્યુટ આસિડથી મરણ થએલછે.

ઈલાજઃ—ઉલટી કરાવવી અથવા સ્ટમક્યંત્ર વાપરવો ઠંડું પાણી છાંટવું. ગરમ કપડાં ઓઢાડવાં, શેક કરવો, વિજળી લગાડવી અને ઉષ્ણ ઉપચાર કરવા; ઑક્ષાઈડ ઑફ આયર્ન અથવા ક્લોરીન આવિષ માટે વિષ માનવામાં આવ્યાંછે. ઘણું કરી આ વિષઘ્ન લીધા પછી ઓષધોપાય થઈ શકે તેટલો કાળ રહેતો નથી.

ડીજીટેલીસ.

આ ઇંગ્રેજી ઔષધછે અને વિશેષ પ્રમાણમાં વિષારીછે.

ચિન્હઃ—ઉલટી અને ઝાડો થાયછે. કીકી પહોળી થાયછે. દૃષ્ટિમંદ પડેછે. નાડી મંદ અને અનિયમીત ચાલેછે. શરીર ઠંડું થઇ બેશુદ્ધ થઇને આદમી મરણ પામેછે. ક્વચીત તાણ થાયછે. ઘણીવાર મોઢું આવેછે. ડીજીટેલીસ ઔષધ પ્રમાણમાં ઘણો વખત આપવામાં આવે તો તેનો શરીરમાં જમાવ થઇને વિષારી ચિન્હ ઉત્પન્ન થાયછે.

ઈલાજઃ—દરદીને સૂવાડી રાખવો. કારણ રક્તાશય ઘણું નબળું હોવાથી જરા પણ શ્રમ સહન થઈ શકે નહીં. ઉલટીની દવા આપવી માયફળ, ચા, કાફી વિગેરે પીવા આપવાં આમોન્યા બ્રાંડી વિગેરે ઉષ્ણ દવા આપવી.

કોનાયમ.

ચિન્હઃ—આ અન્યદેશી ઔષધ વિશેષ લેવાથી વિષારી થઈ પડેછે. ગ્રીક દેશમાં સોક્રેટીસ જેવા ડાહ્યા આદમીનું મરણ આ વિષથી થયું હતું. તેનાથી ગળું સૂકાય અને ખેંચાયછે. મસ્તક દુખેછે. ગળામાં કાંઈ ઉતરતું નથી. કીકી પોહોળી થાયછે. અને ઘેન તથા બેશુદ્ધિ થાયછે. શરીર શુન્ય પડી જાયછે. અને સ્નાયુ શીથળ થાયછે. શ્વાસ ઘૂંટાય છે, નાડી મંદ અને અનિયમિત ચાલેછે. કોઈવાર આંચકી અને પ્રલાપ થાયછે.

ઈલાજઃ—ઉલટી કરાવવી અને સૂક્ષ્મ જુલાબ આપવો. ઉષ્ણ ઔષધ દેવાં. ગળે ઉતરે નહીં તો બસ્તી પ્રયોગથી ગુદાવાટે દેવાં. વીજળી લગાડવી. કૃત્રિમ શ્વાસોશ્વાસ ચલાવવો.

દારૂ, ઇથર, કલોરોફોર્મ.

ચિન્હઃ—આ ત્રણે વિષનાં ચિન્હ ઘણે દરજે એક સરખાં હોયછે. તે લેવાથી પ્રથમ ઉલ્લાસ થાયછે, ત્યાર બાદ ઘેન આવેછે. અને બડબડ થાયછે. અને ત્યાર પછી બેશુદ્ધી થાયછે. તે ઉપરાંત વિષ થાય તો રક્તાશય મંદ થઇને અથવા મગજમાં રક્ત સંચય થઇને મરણ નિપજેછે. મરણ પેહેલાં કીકી વિસ્તૃત થાયછે. શ્વાસ ઘણો મંદ અને ઘણે અંતરે ચાલેછે. નાડી ધીમી અને ક્ષીણ પડતી જાયછે. મોઢું અને હાથ કાળા પડી શરીર ઠંડું થઇ જાયછે. દારૂ અને કલોરોફોર્મના વિષનાં ચિન્હ આગળ આવેલાંછે.

ઈલાજઃ—ઉલટી કરાવવી. સ્ટમકપંપથી હોજરીને ધોવી. ઠંડું પાણી ચહેરા અને શરીરપર છાંટવું. નાક આગળ આમોન્યા ધરવો. મુખવાટે અથવા ગુદાવાટે આમોન્યા અને કાફી આપવાં, વીજળી લગાડવી. કૃત્રિમ શ્વાસ ચલાવવો. શરીર ગરમ રાખવું અને ચોળવું. કલોરોફોર્મ માટે મસ્તક નીચું ઢળતું રાખવું.

ભાંગ–ગાંજો.

(કયાનાબીસઈંડીકા)

ભાંગ, ગાંજો, માજમ, ચરસ એ એકજ ઝાડનાં અને એકજ પ્રકારનાં ઝેર છે. તેના ઝેરથી મરણ થયાના દાખલા મળી આવતા નથી.

વેરાગી, જોગી અને બીજા બંધાણી માણસો ગાંજો ચલમમાં ફૂંકેછે. તેનો નિશો ચઢેછે અને આલ્હાદ પ્રાપ્ત થાયછે. માજમ પણ નિદ્રા અને કેફને માટે અપાયછે. ચરસ પણ ચલમમાં પીવાયછે. ઠંડક, નિદ્રા અને આલ્હાદ માટે ભાંગ ઘૂંટીને પીવામાં આવેછે. તેની સાથે સાકર, એલચી વગેરે મશાલો મેળવાયછે. ઉનાળાના દિવસમાં તે વિશેષ પીવાયછે, ઉત્તર હિંદુસ્તાનમાં ભાંગ પીવાનો ચાલ ઘણોછે.

ચિન્હઃ—ભાંગને લીધે આંખ લાલ થાયછે, ચેહેરો લાલ થઈ જાયછે, ગાંડાની માફક બોલવું વધારે થાયછે અને છેવટ નિદ્રા આવેછે. કોઈ કોઈવાર તે આદમી ઉન્માદ

કરેછે, દોડેછે, હસેછે, ગાળો દેછે, અને વખતે મારવા પણ તડેછે. ભાંગથી ભૂખ વધારે લાગેછે. કોઈવાર કેવળ બેશુદ્ધ થઈ કેટલાક કલાક લગી આદમી પડી રહેછે, કોઇને કામ ઉત્પન્ન થાયછે. કોઈવાર ભાંગ પીધા પછી કેટલાક દિવસ પર્યંત ઘેલછા રહેછે.

ઈલાજઃ—ઊલટી કરાવવી, ઊલટી કરાવ્યા પછી જુલાબ આપવો અને શરીરપર ઠંડું પાણી છાંટવું, નાક આગળ આમોન્યા ધરવો.

કાકમારી.

(કોક્યુલસ ઇંડીકસ)

કાકમારીનાં બી વિષારિ છે તેને કેશ ધોવાના કામમાં સ્ત્રીઓ લેછે, કેટલાક દારૂમાં રંગ લાવવા માટે નંખાયછે.

તે ખાધાથી અન્નમાર્ગનો ક્ષોભ થાયછે, બડબડ થાયછે, ઘેરી, ચક્કર અને બેશુદ્ધી થાયછે, કોઈવાર આંચકી આવેછે.

ઈલાજઃ—ઊલટી કરાવવી અને પછી જુલાબ આપવો.

બેહેડાં.

(બેલેરીક મારનૅાન)

બેહેડાંના ફળની અંદર બી થાયછે તે ખાવામાં મીઠાં લાગેછે પણ તે વિશેષ ખાવામાં આવવાથી ઝેર ચઢેછે અને અફીણ જેવાં ચિન્હ થઇ મરણ નિપજેછે.

થોડા વખત ઉપર અમદાવાદની હૉસ્પીટલમાં એક છોકરૂં આવ્યું હતું, તે રંગરેજનું હતું. તેણે બેહેડાંનાં બી ખાધેલાં હતાં અને તેથી તે મરણ પામ્યું. એટલું ધ્યાનમાં રાખવું કે બી ખાધા પછો કેટલાક કલાક વીત્યા બાદ કેફનાં ચિન્હ શરૂ થાયછે.

ઈલાજઃ—જુલાબ અને ઊલટી કરાવવાં. ક્ષિણતા માલૂમ પડેતો ઉષ્ણ ઔષધ આગવાં—

કણેર.

(ઓલીઆન્ડર.)

કરેણનું ઝાડ ઝેરીછે. તેને ઢોરપણ ખાતાં નથી. મૂળીઆં કોઇ કોઇવાર સ્વહત્યા કરવા માટે ખાવામાં આવે છે. તેને લીધે ઘેન ચક્કર અને બેશુદ્ધી થાયછે. તે સિવાય શરીર ખેંચાય છે, આખર નાડી નબળી પડે છે. શરીર ઠંડું પડે છે. શ્વાસ ઘૂંટાય છે, ને મરણ પ્રાપ્ત થાય છે.

ઈલાજઃ—ઉલટી અને જુલાબની યોજના થવી જોઇએ. શરીર નબળું પડતું જાય આપવાં.

વછનાગ.

(એકોનાઈટ)

વછનાગ દેશી તેમજ ઈંગ્રેજી દવામાં વપરાય છે. તેને શીંગડીઓ વછનાગ કહે છે. તેનું સત્વ રસાયણી પ્રયોગથી કાઢવામાં આવેછે. વછનાગ એ એક જબરૂં વિષછે. માણસ અગર જનાવરને દગો કરવા માટે દેવાય છે. કવચિત ભૂલથી ખાવામાં આવેછે.

ચિન્હઃ—મોઢામાં, હોઠમાં અને જીભમાં તમતમે છે, મોઢામાં, ગળામાં અને હોજરીમાં આગ બળેછે. મોઢામાંથી પાણી છૂટેછે, ઉલટી થાયછે, કાળજામાં દુખાવો થાયછે, શરીર કંપેછે. આંખે અંધારાં આવેછે. કાનમાં ઘોંઘાટ થાયછે, શરીરપર શૂન્યતા આવેછે, છાતીમાં ધબકારો થાયછે, હાથ પગની તોડ થાયછે. શકિત કમી થાયછે. મોઢે ફીણ આપેછે, નાડી અનિયમિત ચાલેછે, શ્વાસ મંદ ચાલેછે, શરીરે ધામ છૂટેછે. વાચા બંધ પડેછે અને છેવટ મૃત્યુ નિપજે છે. ઘણું કરી આંચકીથી લાય અથવા મરણ પર્યંત બેશુદ્ધિ થતી નથી. છેવટ મરણ એકા એક થાયછે. રક્તાશય શીથળ થવાથી મૃત્યું થાયછે. સુમારે અર્ધો ડ્રામ વછનાગનું મૂળ ખાવાથી મરણ નિપજેછે. એક ડ્રામ ટિંકચર એકો નાઈટ અથવા ૪ ગ્રેન એકસ્ટ્રાકટ એકો નાઈટથી તેજ પરિણામ થાયછે.

ઈલાજઃ—ઉલટી કરાવવી. એરંડીઆનો જુલાબ આપવો. આમોન્યા અને બ્રાંડી પાવાં. બુંદનો કવાથ કરી પાવો.

તમાકુ.

(ટોબાકો)

તમાકુ ખાવાથી, દાંતે ઘસવાથી, ચલમમાં પીવાથી અથવા શરીરપર લગાડવાથી પ્રમાણ ઉપરાંત થાય તો તેના વિષનાં ચિન્હ માલુમ પડેછે.

ચિન્હઃ—પ્રથમ જરા નાડી જલદ ચાલેછે અને પછી ફેર અને ચક્કર આવે છે. ઉલટી થાયછે, નાડી મંદ પડતી જાયછે, શરીરની તોડ થાયછે, બહુ અશક્તિ લાગે છે અને શરીર શીથળ થઈ રકતાશય બંધ પડેછે અને કોઇવાર મરણ થાયછે.

ઇલાજઃ—ઉલટી કરાવવી, એરંડીઆનો જુલાબ આપવો, તમાકુનાં પાન લગાડવાથી અથવા ચલમમાં પીવાથી વિષનાં ચિન્હ ઉત્પન્ન થાય તો ઉલટીની જરૂર રહેતી નથી. માત્ર ઉષ્ણ ઉપચાર કરવા.

અફીણ.

(ઓપીયમ)

અફીણ નિદ્રા લાવનારી તથા દુઃખશામક ઉત્તમ દવાછે. તે વધારે ખાવાથી વિષતુલ્ય થઈ પડેછે. અને કેટલીક વાર મરણ નીપજેછે. આ દેશમાં કેટલાક અફીણના બંધાણી હોયછે. બચ્ચાંઓને અફીણ ખવડાવવાની ચાલ હોયછે. ઘણીજાતની બાળા-

ગોળી'' થાયછે. તેમાં મુખ્ય અફીણ સિવાય બીજાં તે જાતનાં ઔષધ હોયછે.

અફીણ એ એક જાતનો રસછે. તેમાં મુખ્ય સત્વ મોર્ફીયા અને મેકોનીક આસીડ છે. અફીણમાં ઘણો કૃત્રિમ ભેગ થાયછે. એળીઓ અને એવી બીજી ચીજો મેળવાય છે. અફીણ ઘણું કરીને સ્વહત્યા કરવા માટે લેવાયછે. તેના કડવા સ્વાદને લીધે પારકી હત્યા માટે વપરાતું નથી.

ચિન્હ:—અફીણના ઝેરનાં ચિન્હ નિદ્રા જેવાં હોયછે. તે લીધા પછી ફેર આવેછે, જીવ ચુંથાય છે, ઘેન આવવા માંડેછે, અને હળવે હળવે બેશુદ્ધ થતાં કેવળ બેહોશ થઈ જાયછે. પ્રથમ હાંક મારવાથી કાંઇ જવાબ આપેછે પણ પછી બીલકુલ જવાબ મળતો નથી, શ્વાસ મંદ ચાલેછે. અને નાડી ભરેલી મંદ ચાલેછે. અથવા બારીક અને જલદ ચાલેછે. શરીર જરા ગરમ અને પરસેવા વાળું હોયછે, આંખ મીંચેલી તથા કીકી સંકુચિત હોયછે. શ્વાસ ઘુંટાય છે. ચેહેરો ફીકો લાગેછે હોઠ અને હાથમાં કાળાસ મારેછે. ઝાડો થતો નથી, પેટ ચઢી આવેછે. મરવા પહેલાં શરીર ઠંડું થઇ જાયછે. કીકી વિસ્તૃત થાયછે નાડી લાગતી નથી અને શ્વાસ લાંબે અંતરે આવી બંધ પડેછે. દરદી સારો થવાનો હોય તો શુદ્ધિ આવવા માંડેછે. ઉલટી થાયછે. માથું દુઃખેછે. ક્વચિત અફીણને લીધે આંચકી, પ્રલય, ઉલટી ઝાડો, ધનુરવા, ઈત્યાદિ લક્ષણ થાયછે.

મરણોત્તર સ્વરૂપ અસ્પષ્ટ હોયછે. એટલે શરીરમાં એવા કાંઇ ફેરફાર અગર નિશાન નથી હોતું કે જેપરથી અફીણ ખાધાની સાબીતી મળે, તથાપિ રસાયણી તપાસથી મેકોનીક પેટમાં છે કે નહી તેનો નિશ્ચય થઇ શકેછે. અને તેપરથી અફીણની સાબીતી અગર ના સાબીતી થાય છે.

મગજની રક્તનળીઓ લોહીથી વિશેષ ભરેલી હોય છે. હોજરીમાં અફીણની વાસ આવેછે.

અફીણ લીધા પછી સુમારે એક કલાકમાં તેના ઝેરનાં ચિન્હ જણાયછે. ઘણું કરી મૃત્યુ ચોવીસ કલાકમાં થાયછે. અફીણના બંધાણી હોયછે તેનું શરીર દુર્બળ હોય છે. દસ્ત સાફ ઉતરતો નથી. ક્ષુધા મંદ હોયછે. માનસીક શક્તિ નબળી હોયછે. તેનો ચેહેરો ચમત્કારી હોયછે. ઘડપણ પણ વહેલું આવેછે. અને ઘણું કરી નાની ઉમરે મરણ પામેછે. ઓછામાં ઓછા ચાર ગ્રેનથી મૃત્યુ થાયછે. બાળકને ઘણાજ થોડા અફીણથી પણ નુકસાન પહોંચે છે.

ઇલાજ:—અફીણ ખાધું હોય તેને વારંવાર ઉલટી કરાવવી. ગરમ પાણી પાઇને ગળામાં પીછું ફેરવવું. સલ્ફેટ ઓફ ઝીંક અર્ધો દ્રામ પાણીમાં પાવો. રાઈ પાવાથી ઉલટી થાયછે. આદમી બેશુદ્ધ હોય તો સ્ટમકપંપનો ઉપયોગ કરવો. તેની લાકડાની ગલી દાંતમાં રાખીને હોજરીની નળીને તેલ લગાડવું. તેનો આગલો ભાગ વાંકો વાળીને ગળામાં ઉતારવો અને તે સેહેલાઇથી હોજરીમાં હડસેલાય છે. તેના બહારના છેડાને પીચકારી સાથે જોડીને ગરમ પાણી અંદર નાંખવું. અને ફરી ખેંચી લેવું. બહાર નીકળતા પાણીમાં અફીણનો વાસ ન હોય ત્યાં સુધી એ રીતે હોજરીને ધોવી.

દરદીને ઊંઘવા ન દેવો. મોઢા ઉપર અને શરીરઉપર થંડા પાણીમાં ભીંજવેલ કપડાં રાખવાં. અથવા થંડું પાણી છાંટવું. દરદીને પકડી આમથી તેમ ફેરવવો, અને વાતો કરવી. નાક આગળ આમોન્યા ધરવો. ઉલટી કરાવ્યા પછી અથવા હોજરી ધોયા પછી બુંદનો ક્વાથ કરી પાવો. બુંદ નહીં હોય તો ચા પાવો. બહુ બેશુદ્ધ હોય તો વીજળી લગાડવી. અને છેવટ કૃત્રિમ શ્વાસ ચલાવવો.

મોર્ફીયા દવામાં બહુ વપરાય છે. તેના ઝેરનાં ચિન્હ પણ અફીણ જેવાંજ છે. પણ તે જલદી ઉત્પન્ન થાયછે.

ધંતુરો.

(સ્ટ્રામોન્યમ)

ધંતુરો કાળો અને ધોળો થાયછે, તેના સર્વાંગ વિષારિ છે. ધંતુરાનાં બી ઘણું કરી વપરાયછે. પ્રાણ હાની નહીં પણ ફક્ત બેશુદ્ધિ કરી લોકોને લુટવાના હેતુથી ધંતુરો ઊપયોગ- માં લેવામાં આવેછે. વાટસરૂ લોકમાં આવો દગો વિશેષ થાયછે. ક્વચિત મજાક કરવા સારૂ લોકો ઠગાઇથી ધંતુરો ખવરાવી દેછે. થોડો ધંતુરો ખાવાથી મૃત્યુ થતું નથી, તથાપિ વિશેષ ખાવાથી માઠું પરિણામ નીપજેછે. ધંતુરાનાં બી અથવા તેનો ભૂકો રોટલા, ખીચડી, શાક વીગેરેમાં મિશ્ર કરી ખવરાવાય છે.

ચિન્હઃ—ધંતુરો લીધા પછી પા, અર્ધાથી એક કલાકમાં તેનાં લક્ષણ શરૂ થાયછે. ગળું સુકાયછે. તરસ બહુ લાગેછે. માથું ફરેછે. અને પદાર્થ શોધતો હોય એ પ્રમાણે રોગી ચાલેછે. આંખની કીકી વિસ્તૃત થાય છે. આંખ લાલ થાયછે. અને ચેહેરો પણ રાતો લાગે છે. આદમી બડબડ કરેછે. કપડાપરથી કંઈ વીણતો હોય અથવા રૂ કાંતતો હોય અથવા હવામાંથી કાંઈ પદાર્થ પકડતો હોય તે પ્રમાણે હાથના ચાળા કરે છે. ત્યાર બાદ આદમી ઓળખતો નથી. છેવટ બેશુદ્ધ થાય છે. નાડી તીવ્ર ચાલે છે. બહુ ધંતુરો ખાધો હોય તો નાડી ક્ષીણ થઈ શરીર થંડુ પડેછે અને મૃત્યુ પ્રાપ્ત થાયછે. સારૂં થવાનું હોય ત્યારે બેશુદ્ધિમાં આદમી પાછો પ્રલાપ કરવા લાગેછે. અને હળવે હળવે શુદ્ધિમાં આવેછે. ધંતુરાનાં ચાર પાંચ બી ખાવાથી તેના વિષની અસર જણાય છે. તેનાં ચિન્હ એક બે અગર વધારે દિવસ જારી રહેછે.

મરણોત્તર પરીક્ષામાં હોજરી અને આંતરડાંમાં તેનાં બી માલમ પડી આવે છે. તેનાં બી રીંગણાના અને મરચાંના બીને મળતાં આવેછે. તે જરા મોટાં હોય છે. અને બીજો સુક્ષ્મ તફાવત હોયછે. જો બીનો લોટ કરીને ખવડાવ્યો હોયતો પરીક્ષા મુશ્કેલ થઇ પડે છે. ધંતુરાના વર્ગનું ઝેર કીકી વિસ્તૃત હોવાથી તથા હાથના ચાળા અને પ્રલાપથી તરત ઓળખી શકાયછે.

ઇલાજઃ—ઉલટી કરાવવી. સલ્ફેટ આવ ઝીંક, ઇપીકાકયુઆના, કાર્બોનેટ આવ આમોન્યા, મીઠુ વગેરેથી ઉલટી કરાવવી. ગરમ પાણી પાઇને ગળામાં પીછું ફેરવવું. ઉલટી કરાવ્યા બાદ એરંડીઓલ તેલનો જુલાબ આપવો. મસ્તકપર થંડુ પાણી મૂકવું.

અથવા થંડું પાણી છાંટવું. જો દરદી બેશુદ્ધ હોય, નાડી ક્ષીણ હોયતો ઊષ્ણ ઔષધિ આપવી.

બેલાડોના અને હાયોસાઇમના ઝેરનાં ચિન્હ અને ઇલાજ ધંતુરાના જેવાં થાયછે.

વિષવાળા જખમ.

૫. વિષવાળા જખમઃ—જ્યારે જખ્મની સાથે તેની અંદર કોઈ જાતનું વિષ તેમાં દાખલ થાયછે તેની અસર આખા શરીર ઉપર જણાયછે. જખ્મ કિંચિત્ માત્ર હોય પણ તેમાં જોરાવર વિષ દાખલ થાય તો મૃત્યુ નિપજેછે. હડકાયલ કૂતરાં વિગેરેના કરડવાથી તેનું ઝેર તે જખ્મ વાટે શરીરમાં દાખલ થાયછે અને કાંઈ મુદત પછી હડકવા થઇ તે મૃત્યુ પ્રાપ્ત થાયછે. સર્પ, વિંછી, કાનખજુરા, વગેરે વિષારી કીડાના કરડવાથી તેનું વિષ ચઢેછે. મુડદાંને કાંપતાં જો હાથપર કાંઈ જખ્મ થાય અગર તેપર ચાંદુ હોય તો તે વાટે મુડદાનું વિષ શરીરમાં પ્રવેશ કરેછે.

હડકાયેલ કૂતરાના કરડવાથી થતા પરિણામનું બયાન આગળ હડકવાના પ્રકરણમાં આપ્યું છે.

સર્પદંશથી તેનું ઝેર તે દંશમાં જાયછે. સર્પના ઉપલા જડબામાં દરેક લમણા તરફ એકેક વિષ પેદા કરનારો થેલી હોયછે તેની નળી સર્પના ઉપલી દાઢ સાથે સંબંધ રાખેછે. જ્યારે સર્પદંશ કરેછે ત્યારે તે થેલી માંહેલું વિષ તે દાઢના ખાડા વાટે જખ્મમાં ઉતરેછે. સર્પદંશ થયા પછી ત્રણ પ્રકારનાં ચિન્હ જણાયછે. ૧ સર્પદંશ થયા પછી કોઇવાર કાંઇજ ચિન્હ જણાતાં નથી તેનું કારણ એવુંછે કે કેટલીક પ્રકારના સર્પ વિષારી નથી હોતા તેમજ વિષારી હોવા છતાં તેમનો દંશ ઝડપથી અને થોડો થયો હોયતો વિષને જખમમાં ઉતરવાનો વખત નથી મળતો. વળી સર્પ એક જણને દંશેલો હોય અને તેનું ઝેર ખાલી થાયછે અને પછી બીજાને તરતજ દંશ કરે તો તેને ઝેર ચઢતું નથી. ૨ નાગની જાતીના ફેણવાળા સર્પના દંશથી થોડા કલાકમાં મૃત્યુ નિપજેછે. ૩ બીજી જાતિનો સર્પ હોયછે તેને લીધે તરત મૃત્યુ ન થતાં તેનાથી ક્ષોભક ચિન્હ વરમનાં થાયછે, સર્પના દંશથી ઝીણા ઝીણા ચારથી છ જખ્મ થાયછે તેમાંથી કિંચિત રક્ત નિકળેછે. સર્પને કાંઈ ઇજા પહોંચ્યા સિવાય તે દંશ કરતો નથી.

૨ નાગના દંશથી મૃત્યુ નિપજેછે, તેનો દંશ થયા પછી અફીણ, હાઇડ્રોસ્યાનીક આસિડ વગેરેની માફક તેની અસર મગજ ઉપર જણાયછે, દંશ થયેલા આદમીનું શરીર થંડું પડી જાયછે, પરસેવો છૂટેછે તેને ઘેન ચઢેછે અને છેક બેશુદ્ધ થાયછે, નાડી અતિમંદ અને અનિયમિત ચાલેછે, આંખની કીકી વિસ્તૃત થાયછે, મોઢામાં સ્વાદ સમજવાની શક્તિ રહેતી નથી, નાકમાં અગર મોંઢામાંથી રક્ત વહેછે, શ્વાસોશ્વાસ મંદ ચાલેછે, છેવટ મૃત્યુ થાયછે.

૩ જ્યારે કેટલાક સર્પનું વિષ ક્ષોભક હોયછે ત્યારે આદમી આ રીતે બેશુદ્ધ ન થતાં દંશ થયેલા ભાગ ઉપર સોજો ચઢેછે અને તેમાં વેદના થાયછે, તેમાં બહુ સોજો

થઇને અવયવની રસપિંડ અગર જાંગમાં સૂજી આવેછે. દંશ થઇને સૂજેલો ભાગ રતવાની માફક દિસેછે અને પાકેછે, તે ફૂટેછે તેમાંથી બેસુમાર પરૂ અને મૃતમાંસ નીકળેછે, કેટલીકવાર તેમાંના હાડકાનું પણ સ્થાનીક મૃત્યુ થઇને ગળી પડેછે. આવાં વરમનાં ચિન્હની સાથે શારીરીક જ્વર અને નબળાઇનાં ચિન્હ માલૂમ પડેછે. ને બહુ થાય તો આદમી મરણ પામેછે અથવા કેટલાક દિવસ કે મહિના સુધી તે પીડા પામેછે.

ઈલાજઃ—સર્પદંશ થાય કે લાગલોજ તે ભાગ કાપી નાખવો અથવા બાળી નાંખવો. જો એકાદ આંગળાપર જખ્મ થયો હોય તો તેનું છેદન કરવું, જો મોટા અવયવ અથવા ધડપર જખ્મ થયો હોયતો તેને બાળી દેવો, જો આવો ઇલાજ ન થયો હોય તો તરતજ તે અવયવને દંશસ્થળથી ઉપર એંચીને પાટો બાંધવો, પાટો બાંધવાથી દંશવાળા સ્થળમાંથી લોહી ઉપર શરીરમાં જઈ શકતું નથી. દંશ થએલા ભાગને બીજો માણસ ચૂસે અને થૂંકી નાખે તો વિષ કેટલેક દરજ્જે નીકળી જાયછે. દંશ થએલા ભાગ ઉપર ચપુથી છેદ મૂકીને તેમાંથી લોહી વહેવા દેવું તેથી ઝેરનો કાંઇક ભાગ દૂર થશે. સર્પના ઝેરનાં ચિન્હ થયાં હોય તો આમોન્યા, બ્રાંડી અને બીજી ઉષ્ણ દવા દેવી. લાઇકર આમોન્યાનાં ૧૦ ટીંપાં પાણી સાથે આપતા રેહેવું, લાઇકર આમોન્યાની પીચકારી શીરામાં મારવામાં આવેછે. પરમાંગનેટ ઑફ પોટાસના પ્રવાહીની પીચકારી ત્વચામાં મારવાથી આરામ થાયછે. જો નાગ જેવા સર્પનું પૂર્ણ વિષ ચઢ્યું હોય તો કોઈ ઉપાયની ટાંકી લાગતી નથી. ક્ષોભક વિષવાળા સર્પનો દંશ થયો હોય તો વરમ થએલા ભાગ ઉપર શેક કરવો. પોટીશ મારવી. મૂત્રલ, સ્વેદલ અને ઉષ્ણ દવા આપવી, પરૂ થાય એટલે તરત ફોડી તેને રસ્તો આપવો અને મલમપટી કરવી.

વીંછીનું વિષ અતિ ક્ષોભકછે, તેના દંશથી જખ્મ થતો નથી પણ બેહદ પીડા થાયછે. તેના તણખા દંશ થયેલા અવયવના ઉપરના ભાગમાં પહોંચેછે, વીંછીની વેદના બે ચાર કલાકથી બે ચાર દિવસ પર્યંત રેહેછે. ક્વચિત્ બચ્ચું અને વૃદ્ધ આદમીને મોટો વીંછી દંશ કરેછે તો મૃત્યુ નિપજેછે. વીંછીની પુછડીના છેવટના ભાગમાં વિષ પેદા કરનાર એક પિન્ડ હોયછે તેના ઉપર એક બારીક પોકળ કાંટો હોયછે, તે વાટે વિષ દંશ થયેલા ભાગમાં ઉતરેછે.

વીંછીના દંશ ઉપર વિવિધમંત્ર, મૂળીઆં, અને ઉપચાર ચાલેછે. દંશ થયેલા ભાગ ઉપર એંચીને દોરો બાંધીને તેને ચૂસવો ને થૂંકવું. ચૂસનાર આદમીના મોંઢામાં ચાંદુ વિગેરે હોવું ન જોઇએ. દંશ ઉપર ઇપીકાક્યુઆના તથા લાઉનમની પોટીસ મૂકવી. આમલીનાં પાન, અગર કાંદાની પોટીસ મૂકવી. ફટકડીના પાણીનું પોતું મૂકવું તથા તેનું ટીંપુ એક આંખમાં મૂકવું. બહુ વેદના થતી હોય મોર્ફીયાની પીચકારી ત્વચામાં મારવી અથવા ક્લોરલહાઇડ્રેટ આપવો.

શ્વાસાવરોધ.

પાણીમાં ડૂબવું, ગળા ફાંસો.

શ્વાસાવરોધ એટલે શ્વાસનું બંધ થવું. નાક તથા મોઢું બંધ થવાથી, ગળે ફાંસો નાંખવાથી, અથવા પાણીમાં ડૂબવાથી, શ્વાસનું રૂંધાવું થાયછે, અને તેથી થોડી વખતમાં મૃત્યુ નીપજેછે. કવચિત્ નાના બાળકના મોઢા ઉપર કપડાં અથવા બીજો પદાર્થ આડો આવવાથી શ્વાસનું રૂંધન થઇ તે મરણ પામેછે. ગળે ફાંસો ઘાલ્યા પછી થોડીવાર તરફડીયાં મારી જીવ નીકળી જાયછે. ફાંસાને લીધે કોઇવાર શ્વાસાવરોધથી નહિ, પણ ડોકનું હાડકું ખડી જવાથી તાત્કાળિક મૃત્યું નીપજેછે. નઠારી હવા લેવાથી ગુંગળાઇને મૃત્યું નીપજેછે. થોડી જગોમાં ઘણા માણસ હોય અગર કાર્બોનિક આસિડ જેવી બીજી ઝેરી હવા લેવાથી પણ તેવુંજ પરિણામ નીપજેછે.

પાણીમાં ડૂબ્યા પછી થોડીવાર ગળકાં ખાઈ આદમીનો પ્રાણ નીકળી જાય છે. શ્વાસ બંધ થયા પછી ઘણું કરી પાંચ મિનિટથી વધારે વાર જીવી શકાય નહિ. પાણીની અંદર આદમી પાંચ મિનિટ રહેતો તે બહુધા બચતો નથી. કેમકે પાણીની અંદર શ્વાસ બંધ રહેછે એટલુંજ નહિ પણ શ્વાસ લેવાને માણસ તરફડીયાં મારેછે, તેમાં હવાને બદલે પેટ અને ફેફસામાં પાણી જાય છે. જો પાણીમાં પડ્યા પહેલાં આદમી મુર્છાગત અથવા બેશુદ્ધ હોય તો તેને જરા લાંબો વખત જીવવા આશારહેછે,કેમકે તે તરફડતો નથી.

ઈલાજઃ—શ્વાસાવરોધથી બેશુદ્ધ થયેલા આદમીને માટે નીચે પ્રમાણે ઉપાય કરવા. પ્રથમ તેને શરીરે ગરમી લગાડવી, શેક કરવો, શરીર ચોળવું, છાતી પર બ્રાંડી અથવા આમોન્યા લગાડવો, નાક આગળ આમોન્યા ધરવો, વીજળી લગાડવી. શ્વાસ બંધ થયલા આદમીને સારી ચોખ્ખી ખુલ્લી હવામાં રાખવો. છાતી તથા ગળામાં જે કાંઈ કપડાં અથવા બંધન હોય તે છોડી નાંખવાં. ગળા ફાંસાને લીધે મસ્તકની શિરા ફૂલેલી હોય તો તેમાંથી થાડું લોહી વહેવા દેવું. પણ મુખ્ય ઉપાય "**કૃત્રિમ શ્વાસ**" ચલાવવાનો છે. માણસને પાણીમાંથી કાઢ્યું હોયતો તેને કપડાં બદલાવવાં તથા માથું નીચું રાખી પેટ દાબવું, અને પાણી નીકળી જવા દેવું. શ્વાસ બંધ હોય તો કૃત્રિમ શ્વાસ તરત શરૂ કરવો. કૃત્રિમ શ્વાસ શરૂ કરવાની રીત.

૧. મોઢામાં થોડે થોડે અંતરે ફુંક મારવી. સ્તબ્ધ જન્મેલા બાળકને આ પ્રમાણે ફુંક મારવાથી કેટલીકવાર જીવ આવેછે.

૨. નાની અમુક પ્રમાણની ધમણ હોયછે,તેના સંબંધમાંની નળી ગળામાં શ્વાસ નળીમાં રાખી, નિયમસર એકમિનિટમાં પંદરેકવાર તે ધમણને ફુંકવાથી શ્વાસનું કામ ચાલેછે.

૩. એક દોઢ ફુટ પહોળું અને ચાર ફુટ લાંબું કપડું લઇ તેના બંને છેડા ચીરવા. તેને છાતીની આસપાસ લપેટી ચીરેલા છેડા સામસામેની બાજુએ લઈ જવા. તેને ખેંચવા તથા ઢીલા મૂકવા. એ પ્રમાણે એક મિનિટમાં દશ વખત કરવું.

૪ આમદીને ઊંધો સૂવાડી છાતી દાબવી. બે ત્રણ સેકંડ પછી તેને પડખે કરી

ફરીથી ઊંધો કરી પ્રથમની માફક દાબવો. આ પ્રમાણે એક મિનિટમાં પંદરેક વખત ફરવું.

૫ દરદીને ચતો સુવાડી આપણે પાછળ ઉભારહેવું, અને તેના બેઉ હાથ કાંડેથી પકડી મસ્તક ઉપર ખેંચવા. ખેંચીને તરત કોણીથી વાળી છાતી ઉપર દાબવા. ફરી ખેંચીને તેજ માફક એક મિનિટમાં દસથી પંદર વાર કરવું. આ રીત દાકતર સીલવેસ્ટરના નામથી ઓળખાયછે.

આકૃતિ ૭૮.


પાણીમાં ડુબેલા આદમીને કાઢીને તરત ઊંધો સુવાડી પેટ તળે ગાદી મૂકીને દાબવાથી પાણી નીકળી જાયછે.



૬ દાકતર હાવર્ડની કૃત્રિમ શ્વાસની રીત એવીછે, કે પાણીમાંથી કાઢયા બાદ, આદમીને એક કપડાનો ગોટો પેટ નીચે રાખી ઊંધો સુવાડવો. તેથી મોઢાનો ભાગ પેટ કરતાં નીચે રહેશે. પીઠ ઉપર જોરથી દાબવું એટલે પેટ માંહેનું પાણી બહાર નીકળી આવશે. ત્યાર બાદ તરતજ તે કપડાનો ગોટો પીઠ નીચે રાખી દરદીને ચતો સૂવાડવો, એટલે પેટનો ભાગ ઊંચો થઈ છાતી અને મસ્તક ઢળતાં રહેશે. દરદીના બેઉ હાથ મસ્તક ઉપર વાળી રાખવા. તેની જીભ મોઢું ખુલ્લું રાખીને બહાર ચીપિયા વતી એક ખૂણે પકડી રાખવી. બાદ તેના પગ પાસે ઘુંટણભર બેસવું, અને બેઉ હાથ પહોળા કરી તેની છાતી ઉપર મૂકી હળવે હળવે પણ જોરથી વાંકાં વળીને દાબવું. પૂર્ણ દાબ્યા બાદ એકદમ હાથ ઉઠાવી લઈ બેઠા થવું, એટલે તેની દબાયેલી છાતી પોતાના સ્થિતિસ્થાપક ગુણને લીધે પાછી પહોળી થશે અથવા ઉપસશે. બે સેકંડ પછી ફરી તેજ રીતે દબાણ કરવું, અને એ પ્રમાણે એક મિનિટમાં દસથી પંદર વખત કરતા રહેવું. આ રીતથી સ્વાભાવિક શ્વાસોશ્વાસની ખરે ખરી નકલ થાયછે.

આકૃતિ ૭૯.

પાણીમાં ડુબેલા માણસના પેટમાંથી પાણી કાઢયા બાદ ચતો સૂવાડી પીઠતળે ગાદી મૂકી સૂવાડીને કૃત્રિમ શ્વાસ લાવવાની રીત.



પ્રથમ દરદીને સૂવાડીને છાતીનું રૂંધન કરવામાં આવેછે. બાદ દબાણ કરવાથી અંદરની હવા બહાર નીકળી જાયછે. ફરી દબાણ લઈ લેવાથી છાતી પોતાની મેળે પહોળી થઈ હવા અંદર જાયછે. એ રીતે હવાનું આવા ગમન થાયછે અને મોઢું ખુલ્લું તથા જીભ એક બાજુએ રહેવાથી કોઈ જાતની અડચણ આવતી નથી.

છેલ્લી બે રીત કહી તે કૃત્રિમ શ્વાસ ચલાવવામાં ઉત્તમ સમજવી. તે થોડી વાર ચલાવી મૂકી દેવી નહિ. સુમારે એક કલાક જારી રાખવી. દરમીયાન જીવવાનું કાંઇ પણ ચિન્હ ન જણાયતો પછી આશા છોડવી. કૃત્રિમ શ્વાસથી ઘણા આદમીનો પ્રાણ બચે છે.

स्त्रीरोग प्रकरण.

भाग ८ मो.

स्त्रीरोग.

સ્ત્રીરોગની અંદર સ્ત્રીના પ્રજોત્પત્તિસ્થાનના વ્યાધિઓનો સમાવેશ થાયછે. આ વ્યાધિઓની પરીક્ષાને માટે ઘણું કરીને અવયવોને નજરે જોવાની જરૂર પડેછે. આ પ્રમાણે જ્યારે સ્ત્રીના ગુહ્ય ભાગ જોવા પડે ત્યારે સ્ત્રીને ડાબે પાસે સુવાડીને તપાસ કરવો. જે વ્યાધિ યોનિના બાહ્ય ભાગપર હોય તે દૃષ્ટિથી માલૂમ પડશે. પરંતુ જે રોગ તેની અંદરના ભાગમાં હોય તેનો તપાસ બે પ્રકારે થાયછે. એકતો ફક્ત **તર્જની પ્રવેશથી** તથા બીજો **દર્શકયંત્ર** વડે થાયછે.

દર્શકયંત્ર એ ત્રણ પ્રકારનાં થાયછે અને તે યોનિમાં દાખલ કરવાથી અંદરનો ભાગ તથા કમળ વગેરે દેખાયછે. તે સિવાય ગર્ભાશયના અંતરભાગનો તપાસ કરવા માટે મુદ્દામ વાંકી સળી થાયછે તેથી થઈ શકેછે. આ સળીને **ગર્ભાશય શલાકા** કહેછે.

તર્જની પ્રવેશ પરીક્ષા—ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રીને ડાબે પાસે સુવાડી વસ્ત્ર ઓઢાડી વૈદે પાછલી બાજુએ ઉભા રહી, પહેલી બે આંગળીને તેલ લગાડી, યોનિમાં પ્રવેશ કરવો. અને તેવડે અંદરની દરેક બાજુ તથા કમળને સ્પર્શ કરીને તપાસવું. તેથી કોઇ બાજુએ ગ્રંથી તથા કમળનો સોજો તથા તેની કઠણ, નરમ, ઇત્યાદિ સ્થિતિ માલુમ પડી આવશે.

દર્શકયંત્ર પરીક્ષા—યોનિદર્શક યંત્ર ત્રણ પ્રકારનાં થાયછે. ૧ નળિકાકાર યંત્ર. ૨ ચંચ્વાકૃતિ યંત્ર. ૩ દ્વિભિત યંત્ર.

નળિકાકાર યંત્ર ગોળ નળી જેવું સુમારે ચાર પાંચ ઇંચ લાંબું હોય છે; તેવડે કમળ તથા યોનિનો ઉપલો ભાગ જોવામાં આવેછે.

ચંચ્વાકૃતિ યંત્ર બતકની ચાંચ જેવું બંને બાજુ નાનું મોટું હોયછે. તે વડે યોનિનો અગ્ર ભાગ તથા કમળનો ભાગ દૃષ્ટિએ પડેછે.

દ્વિભીત યંત્ર બે સામસામાં પાંખાં વાળું હોય છે. તે પાંખાં બંધ કરી યંત્રને યોનિમાં દાખલ કરવું. ત્યાર બાદ તેના સંબંધનો પેચ (સ્ક્રૂ) ફેરવવાથી તે પાંખાં વિસ્તૃત થાય છે, તેથી તપાસી શકાય છે.

આ માંહેનું હરકોઈ પ્રકારનું યંત્ર પ્રવેશ કર્યા પહેલાં તેના બાહ્ય ભાગપર તેલ લગાડવું અને પ્રથમ તર્જની પ્રવેશ કરીને તેને આધારે યંત્ર દાખલ કરવું.

ગર્ભાશયસળી મૂત્રસળીના આકારને મળતી હોયછે, પણ તેના છેડાનો વાંક કમી હોય છે. તેની મૂઠ ચપટી પકડવા લાયક હોય છે. છેડાનો વળેલો ભાગ સુમારે ૨½ ઇંચ

લાંબી હોયછે. ગર્ભાશયની સ્વભાવિક ઊંડાઈ પણ તેટલીજ હોયછે, અને તેપરથી સળીનો ન્યૂનાધિક ભાગ અંદર જાય તે પ્રમાણમાં તેનાં કેટલાંક દરદની પરીક્ષા થઈ શકેછે. સળીનો પ્રવેશ કરતા પહેલાં તેને તેલ લગાડી જમણા હાથમાં પકડી ડાબા હાથની તર્જની યોનિમાં પ્રવેશ કરી ગર્ભાશય મુખના સંબંધમાં રાખી તેને આધારે સળીનો પ્રવેશ કરવો. તર્જનીની મદદ શિવાય પણ યોનિદર્શક યંત્રના આધારે આ સળીનો પ્રવેશ થઈ શકેછે.

યોનિરોગ.

યોનિકંડુ—યોનિના બાહ્યભાગમાં કોઇવાર ઘણી ખરજ આવેછે તેને યોનિકંડુ કહેછે.

કારણઃ—કોઇવાર આ પ્રધાન રોગ હોય છે, અને કોઇવાર બીજા રોગનું ચિન્હ તરીકે હોયછે. જ્યારે તે પ્રધાન રોગ હોયછે ત્યારે પણ સ્ત્રીની એકંદર તબીયત સારી નથી હોતી. નબળાઈ અથવા અજીર્ણાદિ દોષ તેની સાથે હોયછે.

ગર્ભાશયના તથા કમળના રોગની સાથે તે માલુમ પડે છે. મૂત્રદ્વારમાં મસ થાય તો ઘણી ખરજ આવેછે. પ્રદર તથા અર્શ વ્યાધિને લીધે કોઇવાર યોનિકંડુ થાયછે. આધાનના દિવસમાં કેટલીક વખત અતિકંડુ આવેછે. સ્ત્રીને દસ્તાન છેવટ બંધ થવાને સમયે તથા કોઈ સ્ત્રીને દર મહિને દસ્તાન આવતી વખત થોડી ઘણી ખરજ આવેછે. કૃમિને લીધે કંડુ થઈ આવેછે.

ચિન્હઃ—યોનિના બહારના ભાગમાં ઘણી ખરજ આવેછે. તેને ખણ્યા વગર સ્ત્રીથી રહી શકાતું નથી. ખણવાથી ત્વચાનાં છાલાં ઉખડી જાયછે. તેથી બળતરા થાયછે. કોઈ વાર ખરજને બદલે એકલી બળતરા થાય છે, અથવા કીડી અગર વીંછી કરડે છે તેવી વેદના થાય છે. ગરમ પદાર્થ ખાવાથી અને દારૂ પીવાથી વધારે કંડુ છૂટે છે. ગરમીથી તેમાં વધારો થાયછે, તેથી કપડાં ઘણાં સહન થઈ શકતાં નથી. કેટલીક વખત રાત્રે ઊંઘ આવતી નથી. નજરે જોવાથી યોનિનો બાહ્ય ભાગ ખંજોળવાને લીધે લાલ તથા સુજેલો જણાશે. પણ જો આ વ્યાધિ લાંબા વખતનો હોયતો તે રૂક્ષ તથા સફેદ રંગનો થઇજાયછે

ઉપાયઃ—હલકા જુલાબ આપવા, જેમકે રૂબાર્બ, માગનીશ્યા, ગંધક, હીમજ, અને સોનામુખી. પાચન દવાઓ જેમકે નાઇટ્રોમ્યુરીઆટિક આસિડ કરીયાતાની ચાં સાથે આપવું, લોહ તથા ક્વિનૈન ક્વાશ્યાની ચા સાથે આપવાં.

નં. ૧. લાઇકર આર્સિનિક	૮ ટીપાં.	ઉપરની દવા મિશ્રકરી એકેક ઔંસ જમતી વખતે લેવું.
ક્વિનૈન	૨ ગ્રેન.	
ટિંકચર ઑફ સ્ટીલ	૨૦ ટીપાં.	
પાણી	૨ ઔંસ.	

ખાવામાં ગરમ પદાર્થ વર્જ્ય કરવા. ચા, કાફી, મરચાં, દારૂ વગેરે ચીજો પણ ખાવી નહિ. કેટલીક લગાડવાની ઠંડી દવાથી કંડુ કમી થાયછે અથવા મટી જાયછે.

એક પાઈંટ પાણીમાં ½ ઔંસ લીકરપ્લમ્બીસબએસેટેટીસ મેળવી તેનાં પોતાં

મૂકવાં, યોનિમાં થંડા પાણીની પીચકારી મારવાથી આરામ માલૂમ પડશે. કાર્બોલિક-લોશન લગાડવાથી કંડુ કમી થશે.

નં. ૨. લિનિમેન્ટ બેલાડોના............ } આ દવા સમભાગ લઈ દિવસમાં
લિનમેન્ટ એકોનાઈટ (વછનાગ) } બે ચાર વખત લગાડવી.

તેનાથી આરામ ન થાયતોઃ—

નં. ૩. ડિલ્યુટ હાઇડ્રોસ્યાનીક અસિડ ૩ દ્રામ. સ્યુગરલેડ.........૬ ગ્રેન
રેક્ટિફાઈડ સ્પિરિટ...........૧ ઔંસ. પાણી............૮ ઔંસ.
ઉપરની દવાને મિશ્ર કરી તેનાં પોતાં મૂકવાં.

નં. ૪. ટંકણખાર... ....૨ દ્રામ. ગ્લીસરાઈન ....૧ ઔંસ.
ધમાસાનું પાણી........ ૮ ઔંસ.
ઉપરની દવાને મિશ્ર કરીને પોતાં મૂકવાં.

નં. ૫. લાઈકર મોરફીયા ૧½ ઔંસ. લાઈકર પોટાસ .... ૨ દ્રામ.
ગ્લીસરાઈન......૧ ,, ધમાસાનું પણી.........૧૦ ઔંસ.
ઉપરની દવાને મિશ્ર કરી પ્રક્ષાલન કરવું.

નં. ૬. તમાકુ............૨ દ્રામ. ગરમ પાણી ....૧ શેર

પાણીમાં તમાકુ પલાળી તે પાણી વડે યોનિનું પ્રક્ષાલન કરવું. બદામનું તેલ લગાડવું. ગ્લીસરાઈનને ગુલાબજળ સમભાગે લઈ તે લગાડવું. યોનિકંડુ થવાને જે કાંઈ કારણ મળી આવે તેને દૂર કરવું. ગર્ભાશયના ક્યાનસર જેવું ન મટે એવું કારણ હોય તો બેલાડોનાની સોગઠી અંદર યોનિમાં પહેરવાથી કંડુ કમી થશે.

યોનિમુખગ્રંથી.

યોનિના બાહ્ય ભાગમાં કેટલાક પ્રકારની ગ્રંથી પેદા થાયછે. કોઈવાર રસોળી થઈ આવેછે. એકાદવાર આ રસોળી પાકીને તેમાં પરૂ થાયછે. તે રસોળીને ફોડવી અથવા કાપી કાઢવી. કેટલીકવાર એક અથવા બેઉ યોનિઓષ્ટપર મસા થાયછે. તેને કાપી નાંખવા, અથવા બાળી નાંખવા. કોઈવાર યોનિનો એક અથવા બેઉ ઓષ્ટ વૃદ્ધિ પામેછે. વખતે ઇંડાથી તે મોટા પપેઆ જેવડો થાયછે. એને માટે કાપી કાઢવા સિવાય બીજો સારો ઉપાય નથી.

યોનિમુખ વરમ.

(વલવાઇટીઝ).

યોનિના સર્વ બાહ્ય ભાગ, અથવા કોઇએક ભાગનો વરમ અથવા દાહ થઈ આવે છે. આ વરમ અતિ મૈથુન, ઉપદંશ, તથા ગંદકીના સબબથી થઇ આવેછે તેને લીધે થોડો ઘણો સોજો આવેછે, તથા તે ભાગ રાતો થઈ જાયછે. પછી પીડા થાયછે. પેશાબ

કરતાં બળેછે. જાંગમાં દુખાવો થાયછે તથા યોનિમાંથી સફેદ સ્રાવ થાયછે, તેને પ્રદર કહેછે. તે વખતે મૈથુન થઈ શકતું નથી.

ઉપાયઃ—ગરમ પાણીમાં કમર પર્યંત બેસવું એટલે આરામ થશે. પાણીના અંદર થોડો સોડા તથા અફીણનાં ડોડવાં નાખ્યાં હોયતો વધારે ફાયદો કરેછે. સ્યુગરલેડ અથવા ફટકડીનાપાણીથી યોનિનું પ્રક્ષાલન કરવું. ગરમ પદાર્થ ખાવા નહિ. સ્યુગરલેડના પાણીથી ફાયદો ન થાય તો નંબર ૨, ૫, અને ૬ માંહેની દવા લગાડવી. તે શિવાય નીચેની દવા લગાડવાથી પણ ફાયદો થશે.

નં. ૭. લિનિમેન્ટ એકોનાઇટ........ ૨ દ્રામ. ક્યારન ઓઇલ............ ૧ ઔંસ.

ઉપરની બંને દવાને મિશ્ર કરીને લગાડવી.

નં. ૮. ડિલ્યુટ હાઇડ્રોશ્યાનિક આસિડ. ૧ દ્રામ. આટ્રોપીનનો મલમ...... ૨ દ્રામ.
સાદો મલમ .... ૧ ઔંસ.

ઉપરની ત્રણે દવાનું મિશ્રણ કરીને ચોળવું.

નં. ૯. આયોડાઇડ ઓફ લેડ.........૬૦ ગ્રેન. લિનિમેન્ટ બેલાડોના...... ૧ દ્રામ.
સાદો મલમ................. ૧ આંઉસ.

ઉપરની દવાને મિશ્ર કરીને ચોપડવી.

યોનિ ઉપર **ખરજવી**, ખીલ, ઝીણી ફોડકી (ફોલ્લી) વગેરે થાય તેનેમાટે તે દરેકના યોગ્ય ઉપાય કરવા.

બાળકપ્રદર.

કેટલીકવાર નાની વયની છોકરીઓને પ્રદર જોવામાં આવેછે,એટલે તેમને યોનિમાંથી સફેદ પાણી (ધાત) જાયછે. નબળી અને નાજુક તબીયતની છોકરીઓને આ પ્રમાણે થાયછે. કરમથી, દાંત આવવાથી, તથા મલીનતાથી આવો ધાતનો રોગ થાયછે. ધાત જાયછે તેનીસાથે કોઈવાર ઉનવા પણ જણાયછે- કંડુ આવેછે, અને બાળક તેને ખણી નાંખેછે, તેથી ઘણી વખત ચાંદાં પડેછે ને ઘણી પીડા થાયછે.

ઉપાયઃ—જે કારણ માલૂમ પડી આવે તેને દૂર કરવાં. નબળી તબીયત હોય તો પૌષ્ટિક દવા તથા ખોરાક આપવો. કરમ હોયતો તેની દવા આપવી. હમેશાં તે ભાગને ધોઇને સાફ રાખવો. ફટકડી, સ્યુગરલેડ, અથવા જસતનાં ફૂલનાં પાણીનાં પોતાં મૂકવાં અને જરૂર જણાય તો પીચકારી મારવી.

ક્યાનસર અથવા અર્બુદ.

યોનિ ઉપર અર્બુદ થાયછે, તથા કેટલીક પ્રકારનાં દુષ્ટ ક્ષત થાયછે. તેને કાપવા, બાળવા, તથા રુઝાવવાના યોગ્ય ઉપાય કરવા. તે દૂર થાય તેમ ન હોયતો અફીણની દવા ખાવા આપવી તથા સ્થાનિક દવા લગાડવી.

યોનિલિંગઃ—યોનિના ઉપલા ભાગમાં જે માંસનો અંગુર હોય છે તેને યોનિલિંગ (ક્લીટોરીસ) કહેછે. તે કોઇવાર વૃદ્ધિ પામેછે, અથવા તેમાં ગ્રંથી ઉત્પન્ન થાય છે. આ વ્યાધિને શસ્ત્રથી વધ કરી નીકાલ કરવો.

ગુદાસ્થિ શૂળ.

(કોકસાલજયા).

ગુદાસ્થિ જે બરડાનું છેલ્લું હાડકું મળદ્વારની પાછળ આવેલું છે તેની અંદર કોઇવાર ચસકો થઇ આવેછે. ધક્કો લાગવાથી અથવા માર વાગવાથી, પડી જવાથી અને બીજાં કારણોથી તે હાડકાને ઈજા થાય તેથી ચસકો પેદા થાય છે.

ચિન્હઃ—બેસતાં, ઉઠતાં, ચાલતાં તથા ઝાડે જતાં તેમાં પીડા થાયછે. ઘણું કરી એકજ બાજુએ બેશી શકાયછે અને બેઠા પછી આસ્તે આસ્તે ઉભું થઇ શકાય છે. "કોકસીક્સ" પર દાબવાથી દુઃખેછે. મૈથુન સમયે દુઃખાવો થાયછે.

ઉપાયઃ—શેક કરવો. અફીણ તથા બેલાડોનાનો લેપ મારવો, અગર તેમનું તેલ લગાડવું. બ્લીસ્ટર મારવાં, જળો મૂકવી, આટ્રોપીન અથવા મોરફીયાની પીચકારી મારવી. ઉપર લખેલા ઉપાયોથી આરામ ન થાય તો છેલ્લો ઉપાય એ છે કે "કોકસીકસ" ને કાપી કાઢવું.

મૂત્રમાર્ગના વ્યાધિ.

મસાઃ—સ્ત્રીના મૂત્રમાર્ગ ઉપર કોઈ કોઈવાર મસા જોવામાં આવે છે. આ મસા નાના મોટા રાઇના દાણાથી તે મોટા બોર જેવડા થાયછે. મસાનાં ચિન્હ મૂત્રાશ્મરીના જેવાં થાયછે. વારંવાર પેશાબ કરવો પડેછે, પેશાબ કરતાં બળતરા થાયછે, તેમાંથી કોઇ વાર લોહી નીકળેછે, તથા પેશાબમાં ધાત પણ જોવામાં આવેછે.

ઉપાયઃ—મસાને કાતરવડે કાપીનાંખી તેમનું મૂળ બાળી નાંખવું. ફક્ત કાપવાપછી તે બહુધા ફરી થાયછે, માટે તેની જડ કાઢવા સારૂં બાળવું અવશ્યનુંછે.

મત્ર માર્ગનો દાહ અથવા વરમ.

મૂત્રમાર્ગનો વરમ થઇ આવેછે ત્યારે ઉનવાનાં ચિન્હ જણાયછે. પુષ્કળ વખત પેશાબની હાજત સાથે બળતરા થાયછે. પેશાબમાં પરને ક્વચિત લોહી પણ જાયછે. તપાસવાથી મૂત્રમાર્ગનો લાલ સુજેલો ભાગ જણાશે. આ વરમ તીક્ષ્ણ કે દીર્ઘ હોયછે.

ઉપાયઃ—ગરમ પાણીમાં બેસવું તથા શેક કરવો, ખાવામાં ગરમ ચીજને ત્યાગ કરવો. અફીણ તથા બેલાડોનાની સોગઠી યોનિમાં પહેરવી. ગોખરૂં અથવા બહુફળીનો લુવાબ પીવો. દીર્ઘ વરમ હોયતો દસથી વીસ ટીપાં કોપેવાનાં દિવસમાં બે વખત પીવાં. કોઇવાર મૂત્રગાંઠ બંધાઈ જાયછે તેને માટે સળી નાંખી મૂત્રમાર્ગ વિસ્તૃત કરવો.

અશ્મરી અથવા પથરી.

સ્ત્રીને કોઇવાર પથરી થઇ આવેછે. પુરૂષ કરતાં સ્ત્રીને પથરી ઘણી જવલે થાયછે. તેનાં ચિન્હ પુરૂષને થાયછે તેના જેવાં હોશછે, પણ એકંદરે પીડા વધારે હોયછે.

ઉપાય:—અશ્મરીને કાઢવા એ ઘણું જરૂરનું છે. તેને કાઢવાની પાંચ રીત છે. તે નીચે પ્રમાણે:—

૧ પથરી મોટી હોયતો મૂત્રમાર્ગને શસ્ત્રવડે વિસ્તૃત કરી પથરી કાઢી લેવી.

૨ મૂત્રમાર્ગને વિસ્તૃત કરી એક બાજુએ શસ્ત્રથી છેદ મૂકી પથરી કાઢી લેવી. આ બે રીત પ્રમાણે પથરી નીકળે છે, પણ પાછળથી મૂત્રમાર્ગ નબળો રહે છે, તેથી પેશાબનો કબજો બરાબર રહેતો નથી, અને તે ટીપે ટીપે ઝર્યાં કરેછે.

૩ યોનિની અંદરથી મૂત્રાશયની અંદર છેદ મૂકી પથરી કાઢી પછી જખ્મ શીવી લેવો.

૪ પથરીનો મૂત્રાશયની અંદર ચૂરો કરવો એટલે તે પેશાબ સાથે નીકળી આવશે. આ ચોથી રીત સ્ત્રીની મૂત્રાશ્મરી માટે ઉત્તમછે માટે તેવી યોજના થઇ શકે એમ હોય તો બીજો ઇલાજ ન કરવો.

૫ પેઢુ ઉપર છેદ મૂકી, મૂત્રાશયમાં પ્રવેશ કરી પથરી કાઢી લેવી.

યોનિમાર્ગના વ્યાધિ.

દૃઢયોનિ પટલઃ—યોનિદ્વારથી ગર્ભાશય પર્યંત મૈથુન માટે જે રસ્તોછે તે યોનિમાર્ગ કહેવાય છે. બાલ્યાવસ્થામાં આ માર્ગના દ્વારપર સ્વભાવિક રીતે નીચેની બાજુએ એક અર્ધચંદ્રાકાર પડ હોયછે. તે પડ પાતળું હોયછે, અને પ્રથમ સંયોગ સમયે ઘણુંકરી ફૂટી જાયછે. કેટલીક વખત આ પડ દૃઢ અને મજબૂત હોય છે, તેથી ફૂટતું નથી તથા મૈથુન વખતે અડચણ કરેછે. તેને તર્જની તથા શસ્ત્રવડે ફાડવું તથા પાછું સંધાઇ જાય નહિ માટે અંદર લિંટનું કપડું તેલમાં ભીંજવી મૂકવું.

એકાદ વખત આ પડ પોતાનો સ્વભાવિક અર્ધચંદ્રાકાર છોડી આખા યોનિદ્વારપર આવી જાયછે. જો આ સ્થિતિની બાલ્યાવસ્થામાં ખબર પડે તો તેને ફાડવામાં કાંઇજ જોખમ નથી. ફાડ્યાબાદ તેની અંદર લીંટનું કપડું ભરી રૂઝાવા દેવું. જો યુવાવસ્થાપર્યંત આ પડ તેમજ રહે તો તે દસ્તાનનું પ્રતિબંધ કરે છે. દર માસે તેવી સ્ત્રીને દસ્તાનનાં ચિન્હ જણાય છે, પણ તેનો સ્ત્રાવ થવાને બદલે તે અંદર ભરાઈ રહેછે. ક્વચિત્ આ રકત ભરાવાને લીધે ગર્ભાશય સુધાં ફૂલી જાયછે, અને પેડુ ઉપર એક ગાંઠની માફક જણાય છે. તપાસ કરવાથી યોનિદ્વારપર ઉપસી આવેલું પડ દેખાશે. આ પડને ફાડી નાંખવું ઘણું સહેલુંછે, પણ તેટલુંજ જોખમ ભરેલુંછે. તેને ફાડ્યા પછી કેટલીક સ્ત્રીઓને ગર્ભાશયનો અથવા "પેરીટોનીયમ" નો વરમ થઇ મરણ પામેછે. માટે હમેશાં આ જોખમને ધ્યાનમાં રાખી આવી જાતનાં પડ ફાડવાનો પ્રયત્ન કરવો.

યોનિહર્ષ–સ્પર્શાસહ્ય યોનિ.

(વાજીનીસ્મસ).

કોઈ વાર એવો વ્યાધિ થાય છે કે યોનિ દ્વારને સ્પર્શ કરવાથી અતિ પીડા થાયછે, તથા દ્વાર સંકુચિત થઈ જાયછે, તેથી મૈથુન અશક્ય થઈ પડેછે. તેને સ્પર્શાસહ્ય યોનિ કહેછે. કોઈ વાર આ વ્યાધિ જુદો જોવામાં આવેછે અને કોઈ વારે તેની સાથે આસપાસના ભાગનો વરમ હોયછે, આ પીડાને લીધે સ્ત્રી ફિકરમંદ રહેછે, કમર દુઃખેછે, ક્ષુધા મંદ થઇ જાયછે અને ચાલવાથી દુખાવો થાયછે.

ઉપાયઃ—બહુધા સાધારણ ઉપાયોથી આ વ્યાધિનું નિવારણ થઇ શકતું નથી ને શસ્ત્રક્રિયાની જરૂર પડેછે. અને તેમ કરવું હોય ત્યારે જુલાબ આપી બીજે દિવસે ક્લોરોફોર્મ સુંઘાડી યોનિદ્વારના પશ્ચિમ ભાગમાં અરધો ઈંચ ઊંડો છેદ મૂકવો. બાદ છેદમાં રૂ ભરી લંગોટી (કોપીન) આકાર પાટો બાંધવો, પેશાબ ન ઉતરે તો સળી મૂકી કાઢવો. પીડાની શાંતિ માટે અફીણ આપતા રહેવું. ત્રીજે દિવસે પાટો બદલવો. ત્યારબાદ યોનિ દ્વાર મોકળો રહેવા માટે થોડા દિવસ જાડી સળી મૂકી રાખવી. શસ્ત્રક્રિયા કરવા પહેલાં બેલાડોના, અફીણ, એકોનાઇટ વગેરે તેલ લગાડવું.

યોનિનો તીક્ષ્ણ વરમ અથવા દાહ.

યોનિનો તિક્ષ્ણ વરમ ક્વચિતજ જોવામાં આવેછે. પરમિયા સિવાય બીજાં કારણોથી પણ આ વ્યાધિ થાયછે. ગરમ પદાર્થ ખાવાથી, દારૂ પીવાથી, મલીનતાથી, અતિ મથુન, બળાત્કાર સંભોગથી અને પ્રસવ સમયે યોનિને ઇજા પહોચી હોયતો તેથી તિક્ષ્ણ વરમ થાયછે.

ચિન્હઃ—યોનિમાં પીડા થાયછે, કંડુ આવેછે, ઉનવા જણાયછે, કમર તથા જાંગમાં દુઃખાવો થાયછે, અને ઝાડો ઉતરતાં પીડા થાયછે. પ્રથમ યોનિનો અંતરભાગ સૂજેલા તથા રૂક્ષ લાગેછે. પણ થોડી વખતમાં તેમાંથી રસી એટલે પરૂનો ઉષ્ણસ્રાવ થાય છે. ઘણું કરી આઠ દસ દિવસમાં આ વ્યાધિ મટી જાયછે, અથવા તેની પીડા વગેરે કમી થઈ તે પ્રદરનું દીર્ઘ રૂપ ધારણ કરેછે.

ઉપાયઃ—દિવસમાં બે વખત ગરમ પાણીમાં બેસવું, પાણીની અંદર સોડા તથા અફીણનાં ડોડવાં નાંખ્યાં હોય તો વધારે ગુણ કરેછે. યોનિની અંદર ગરમ પાણીની પીચકારી મારવી તથા અફીણને સ્યુગરલેડની સોગઠી અંદર પહેરવી.

નં. ૧૦. અફીણ.........૧૨ ગ્રેન, સ્યુગરલેડ...........૧૨ ગ્રેન.

કોકમના તેલની સાથે મિશ્ર કરી ચાર સોગઠી કરી દરરોજ રાત્રે એકેક પહેરવી.

નં. ૧૧. ઓક્સાઇડ ઓફ ઝિંક...૪૦ ગ્રેન. એક્સ્ટ્રાક્ટ ઓફ બેલાડોના...૧૨ ગ્રેન.

મિશ્ર કરી કોકમનું તેલ, ગુંદરનું પાણી, અથવા મધની સાથે ચાર સોગટી કરી દર રાત્રે એકેક અંદર પહેરવી. એરંડીયું આદિ હલકો જુલાબ આપવો. સાદો હલકો ખોરાક આપવો અને ગરમ પદાર્થનો ત્યાગ કરવો.

યોનિપ્રદર.

યોનિપ્રદર એટલે યોનિનો દીર્ઘવરમ સ્ત્રી જાતિનો ઘણો સાધારણ વ્યાધિછે. તેના અનુભવ સિવાય કોઈકજ સ્ત્રી હશે. યોનિપ્રદર એકલો જુદો થાયછે, અથવા ગર્ભાશયના કેટલાક વ્યાધિના સંયોગમાં થાયછે.

કારણ:—તેનાં કારણ બે પ્રકારનાંછે. એક સ્થાનિક અને બીજું સાર્વદેહીક. સ્થાનિક કારણમાં યોનિ, કમળ, ગર્ભસ્થાન ઇત્યાદિના વરમ, ક્ષત, ગ્રંથી વગેરે વ્યાધિયો આવેછે. સાર્વદેહિક કારણમાં નબળાઇ, ક્ષય, પાંડુ, વગેરેનો સમાસ થાયછે. લાંબો વખત બચ્ચાંને ધવરાવવાથી પ્રદર થાયછે. ઋતુકાળ બંધ થતી વખત કેટલાક દિવસ પ્રદર માલૂમ પડે છે. આર્તવ સંબંધી વિકારને લીધે પ્રદર જોવામાં આવેછે.

ચિન્હ:—યોનિમાંથી શ્વેત પાણી જાયછે, જેને સાધારણ રીતે ધાત કહેછે, તે સિવાય કમર દુ:ખેછે, નબળાઈ લાગેછે, ક્ષુધામંદ થઈ જાયછે, મન ચિંતાતુર રહેછે. ઘણું કરી યોનિમાર્ગના ઉપલા ભાગમાં તથા કમળકંદ પર વરમ હોયછે અને તે ભાગ થોડો લાલ સજેલો જણાયછે, અને ત્યાંથી ધાત વહેછે. કોઈ કોઇવાર આ ભાગની ઉપત્વચા-(એપીથીલ્યમ)ના પડની ખોળ ઉતરી આવેછે. યોનિપ્રદર ગર્ભાશયના પ્રદરથી જુદો ઓળખવો જોઇએ. કેટલીકવાર આ બેઉ પ્રકારના પ્રદર સાથેજ હોયછે. યોનિપ્રદરની ધાત અમ્લ (આસિડ) હોયછે તથા દહીં જેવી ગઢ્ઢલ હોયછે. ગર્ભાશય માંહેની ધાત અમ્લ વિરુદ્ધ (આલ્કલાઇન) હોયછે તથા પાકણી ને સ્વચ્છ હોયછે. તે બેઉના એપીથીલ્યમના આકારમાં પણ તફાવત હોયછે. જ્યારે બેઉ પ્રકારની ધાત હોયછે ત્યારે આ તફાવત બરાબર જણાતા નથી. યોનિમાં નળીવતે જોયાથી કિયા પ્રકારનો પ્રદરછે તેની ખાત્રી થશે.

ઉપાય:—તબીયત સુધારવા તથા પાચનને માટે ક્વિનાઇન, લોહ, આસિડ, પેપસીન, અને બીજા પાચક પદાર્થો આપવા. મૈથુનનો બને તેટલો પ્રતિબંધ કરવો. મૂત્રમાર્ગ, સફરા, તથા બેસણીનો કોઈ વ્યાધિ કારણ તરીકે માલૂમ પડી આવે તો તે યોગ્ય ઈલાજથી દૂર કરવો. થંડા ખારા પાણીમાં બેસવું, અને યોનિનું થંડા પાણીથી પ્રક્ષાલન કરી, ઔષધની પીચકારી મારવી. દિવસમાં એકથી બે વાર ઓછામાં ઓછા ઔષધના એક પાઈંટ પાણીની પીચકારી મારવી.

નં. ૧૨. લાઇકર પ્લંબાઈ સબએસેટેટીસ...૪ થી ૬ ડ્રામ. પાણી...૧ પાઈંટ.

ઉપરની દવાને મિશ્ર કરીને યોનિમાં પીચકારી મારવી.

નં. ૧૩. જસતનાં ફુલ.........½ થી ૧ ડ્રામ.
ફુલાવેલી ફટકડી ...... ,,
ટાનિક આસિડ .. ... ,,
પાણી... ....૧ પાઈંટ.
આ દવાને મિશ્ર કરીને યોનિમાં પીચકારી મારવી.

જો ઉપર લખેલી પાણી સિવાયની દવાઓમાંથી ફક્ત એકજ દવા આપવી હોય તો તેના એકથી બે ડ્રામ તેટલાજ પાણીમાં મિશ્ર કરી ઉપર પ્રમાણે ઉપયોગ કરવો.

પ્રદર મટ્યા પછી પણ થોડા દિવસ સ્ત્રીએ થંડા પાણીની પીચકારી જારી રાખવી.

જો પીચકારીથી આરામ ન થાય તો જસતનાં ફૂલ અથવા ટાનિક આસિડના દસથી પંદર ગ્રેનની સોગઠી કરી યોનિમાં પહેરવી. કમર બહુ દુખે તો બેલાડોનાનો લેપ મારવો. સારો પૌષ્ટિક ખોરાક આપવો.

યોનિની અંદર કેટલીકવાર **ગ્રંથી, મસા,** અથવા **રસોળી** ઉત્પન્ન થાયછે તેની જાતિ તથા કદ પ્રમાણે યોગ્ય ભાસે તેવી શસ્ત્રક્રિયા કરવી.

યોનિભ્રંશ.

(પ્રોલાપસસ)

કોઈવાર યોનિની આમણ નીકળતી જોવામાં આવેછે. ઘણું કરી યોનિનો સર્વ પરિઘ બહાર નીકળતો નથી. આગળનો અથવા પાછળનો ભાગ નીચે ઉતરેછે. જ્યારે આગળનો ભાગ નીચે ઉતરે ત્યારે તેની જોડે મૂત્રાશયનો ભાગ પણ ઉતરી આવેછે. તેની અંદર મૂત્ર ભરાઇ રહેછે તે કાળે કરીને ગંધાયછે અને પેશાબમાં ધાત વહેછે.

જ્યારે પછવાડેનો ભાગ નીચે ઉતરેછે ત્યારે તેની સાથે સફરાનો અથવા બીજાં આંતરડાંનો ભાગ પણ આવેછે, તેથી તેની અંદર મળ ભરાઇ રહેછે. આમણ ધીમે ધીમે વધતી જાયછે, પેડુમાં મરડાની માફક દુઃખાવો થાયછે, ભાર લાગે છે તથા ધાત જાય છે. તર્જની પ્રવેશ કરી તપાસતાં આમણની ખરી સ્થિતિ માલૂમ પડેછે.

ઉપાય—પેશાબ અથવા ઝાડાના ખુલાસાને માટે સળી અગર પીચકારીનો ઉપયોગ કરવો. કેટલાક દિવસ બિછાનામાં રહેવું. થંડા પાણીમાં બેસવું; તથા નંબર ૧૨, ૧૩ ના ઔષધની પીચકારી મારવી અથવા નીચે આપેલી સોગઠી પહેરવી.

નં. ૧૪. ટાનિકઆસિડ........૬૦ ગ્રેન, કાથાની ભૂકી........૩૦ ગ્રેન

ઉપરની દવાને કોકમના તેલની સાથે મિશ્ર કરી સોગઠી કરવી ને દરેક રાત્રે ૧ પહેરવી.

લોહ, ક્વિનાઇન, ફાસફરિક આસિડ, તથા ઝેરકચોલાના અર્કાદિ પૌષ્ટિક દવા આપવી. સારો ખોરાક આપવો તથા કોઇપણ કારણસર સ્ત્રી જોર ન કરે એવી ભલામણ કરવી. તે સિવાય યોનિનો ભાગ નીચે નહિ ઉતરવા માટે યોનિમાં પહેરવાનું યંત્ર (પેસરી) થાયછે તે યોગ્ય જોઇને પહેરવું.

ગુહ્યાંતઃપ્રદેશ દાહ.

(પેલ્વીક શેલ્યુલાઇટીઝ).

પેલ્વીસ (પેડુ)ની અંદર ગર્ભાશયનાં બંધનાદિના સંયોજકનો વરમ થાયછે તેને પેલ્વીક શેલ્યુ લાઇટીઝ કહેછે.

કારણઃ—આ વ્યાધિ ઘણુંકરી પ્રસવ થયા પછી અથવા ગર્ભપાત થયાપછી થાયછે. ગર્ભાશયપર શસ્ત્રક્રિયા કરવાથી, સળી નાંખવાથી, ગરમીથી, અને સ્ત્રીઅંડ તથા ગર્ભસ્થાનના વ્યાધિને લીધે થાયછે. બહુપ્રસૂતા કરતાં પ્રથમપ્રસૂતા સ્ત્રીને આ રોગ વિશેષ

જોવામાં આવેછે. વરમ(દાહ) એક બાજુએ થોડા ભાગમાં થાય અથવા પેલ્વીસ(પેડુ)માં ચોમેર થાયછે.

ચિન્હ:—કોઈવાર આ વ્યાધિ ગુપ્તરીતે થાયછે, અને થોડા દિવસ પેડુમાં ઢેકું બંધાય ત્યાંસૂધી ખબર પડતી નથી. પણ ઘણુંકરી શરૂઆતથી તેનાં ચિન્હ માલૂમ પડેછે. થોડો તાવ આવેછે, કમર દુ:ખેછે, અગ્નિ મંદ રહેછે, બેચેનપણું, નબળાઈ, નાડી જલદ, ચહેરો, ફિકરમંદ કુંથન તથા ઉનવા ઇત્યાદિ ચિન્હ થાય છે. યોનિની અંદર તર્જની વડે તપાસ કરતાં એક અથવા બેઉ બાજુએ સોજો તથા દુખાવો માલુમ પડશે. પેડું ઉપર સ્પર્શ કરવાથી દરદ તથા કઠણ ઢેકું જણાશે. પેલ્વીકશેલ્યુલાઇટીઝ ૧૪ થી ૨૧ દિવસમાં મટી જાયછે. કોઈ કોઈવાર પાકીને તેમાંથી પરૂ થાયછે જ્યારે પરૂ થાયછે. ત્યારે ટાઢવાઈ તાવ આવેછે, પરસેવો વળેછે, નિદ્રા આવતી નથી, તૃષા લાગેછે, તથા પેલ્વીસમાં પરૂ થયાના લપકારા જેવું દરદ થાયછે. પેલ્વીસની અંદર આ ગડ થાયછે તે પેટમાં અગર પેટની બહાર ફૂટે છે, અથવા સફરા અગર મૂત્રાશયમાં ફૂટેછે, જો પેટમાં ફૂટે તો માઠું પરિણામ નીપજેછે.

ઉપાય:—અળશીની પોટીસ લગાડવી, અથવા પેડુ ઉપર ગરમ પાણીનો વારંવાર શેક કરવો. યોનિમાં નંબર ૧૦, ૧૧ પ્રમાણે બેલાડોના અથવા અફીણની સોગઠી રાખવી. ગરમ પાણીમાં બેસવાથી અને યોનિમાં તેની પીચકારી મારવાથી સ્ત્રીને આરામ લાગેછે. બિછાનામાં સુઈ રહેવું, ઉઠવા ચાલવાનો પ્રતિબંધ કરવો. પેડુમાં બહુ દુખાવો થતો હોય તો એકસ્ટ્રાકટ બેલાડોના ચોપડી તેપર પોટીસ લગાડવી. જરૂર જણાય તો થોડી જળો મૂકાવવી. ઝાડો બંધ હોયતો પીચકારી મારવી. કૌવત આવે એવો સારો ખોરાક આપવો. પરૂ થયા પછી કોઈ ઠેકાણે ઉપર દેખાયતો ફોડવુ, અને તેની મલમપટી યથાસ્થિત કરવી. શક્તિ આવે પૌષ્ટિક દવાઓ આપવી.

મકકલ.

(પિલ્વીક હીમાટોસીલ.)

પેઢુમાં ત્રી રક્ત સ્રાવ થાયછે તેને પેલ્વિક હીમાટોસીલ કહેછે. આ રક્ત સ્રાવ પેરીટોનિયમ (અંતરાવરણ)ની અંદર અથવા તેની બહાર ગર્ભાશયની આસપાસ પેડુમાં થાયછે. ઘણું કરી દસ્તાનને સમયે આ સ્રાવ થાયછે. દસ્તાન એકા એક બંધ થવાથી સ્ત્રીઅંડ, ગર્ભાશય તથા તેના બંધનની કોઈ શિરા ફૂટવાથી પેઢુંમાં રક્ત વહી એકઠું થાયછે.

ચિન્હ:—રક્ત સ્રાવના પ્રમાણમાં ચિન્હ હલકાં અથવા ભારે હોયછે. જ્યારે સ્રાવ ઘણો હોય ત્યારે એકા એક પેઢુંમાં દરદ થાયછે, અને શરીરને મોટો ધક્કો પહોચ્યો હોય તેની મીસાલે તાઢવાયછે, ઉલટી થાયછે, હાથ પગ થંડા થઈ જાયછે, નાડી ક્ષીણ થતી જાયછે, અને ચહેરો ફિકો તથા વ્યાકુલ થઇ જાયછે, જ્યારે સ્રાવ થોડો હોય ત્યારે આવાં સખ્ત ચિન્હ ન થતાં પેઢુમાં દરદ થાયછે, ત્યાં ભાર લાગેછે, તથા કુંથન અગર ઉનવા થાયછે. દસ્તાન આવતું હોય તે એકા એક બંધ થઈ જાય, અથવા વધારે વહેવા માંડે,

અગર સ્વભાવિક પ્રવાહ થયાં કરેછે. પેડું ઉપર તમાસતાં ગાંઠનો આભાસ જણાશે. યોનિમાં તર્જનીથી તપાસતાં પશ્ચાત્ ભાગમાં ગાંઠ લાગશે, અને કમલકંદ પ્યુબીશ (અગ્રાસ્થિ) તરફ આવેલો જણાશે. સફરામાં તપાસતાં ગાંઠ માલૂમ પડશે. ઘણો સ્રાવ થાયતો મૃત્યું નીપજેછે, પરંતુ થોડો થાયતો તેનું શોષણ થઇ પૂર્ણ આરામ થાય, અથવા સફરામાં ક્ષત થઈ મળ દ્વારે રક્ત બહાર આવેછે. કેટલીક વાર તેનું પરૂ થઇ હરેકોઇ માર્ગે એટલે યોનિ અથવા સફરાને રસ્તે અથવા પેડું ઉપર ફૂટેછે, અને વખતે ભગંદર પણ પડેછે, તેથી મહા પીડા થાયછે.

ઉપાયઃ—સ્ત્રીને શાન્ત પણે સૂવાડી રાખવી. રક્ત સ્રાવના પ્રમાણમાં થોડું થોડું અફીણ આપવું. પેટ પર બરફ અથવા ઘોડું પાણી લગાડવું. દરદ થતું હોય તો બેલાડોના ચોપડવું. થોડા દિવસ થયા પછી ગાંઠ જણાતી હોય તો પોટીસ લગાડવી.

આર્તવ વિકાર.

સ્ત્રી જ્યારે તેરથી પંદર વરસની થાયછે ત્યારે ઘણુંકરી રૂતુ પ્રાપ્ત થાયછે, અને સ્ત્રી યુવાવસ્થામાં આવેછે. રજોદર્શન કોઇને એક બે વરસ વહેલો આવેછે અને કવચીત મોડો આવેછે. ગરમદેશમાં રૂતુ પ્રારંભ વહેલો થાયછે અને ઠંડા દેશમાં મોડો થાયછે. રૂતુ પ્રાપ્તિ શરૂ થયા પછી સુમારે ૩૦ વરસ પર્યંત સ્ત્રીને રૂતુકાળ રહેછે અને ૪૫ થી ૫૦ વરસની ઉમરે રજો દર્શન બંધ થાયછે. સ્ત્રીને સંતતિ થવાને કુદ્રતે દરમાસે ચમત્કારિક રૂતુની ગોઠવણ કરી રાખીછે,

પ્રતિમાસે સ્ત્રીને યોનિ માર્ગે રક્તનો સ્રાવ થાયછે તેને રૂતુ કહેછે. ૩ થી ૫ દિવસ સુધી જારી રહેછે, તેમાં સુમારે ૪ થી ૬ ઔંસ કાળા રંગનું પ્રવાહી લોહી વહેછે. દરમાસે સ્ત્રીના ગર્ભોત્પત્તિસ્થાનમાં જે ફેરફાર થાયછે તેમાંનો એક આ રક્ત પ્રવાહછે. દરમાસે સ્ત્રીઅંડમાં બીજ પરિપક્વ થઇ ફુટેછે અને ફળવાહીની મારફત ગર્ભાશયમાં આવી પહોચેછે. આ વખતે ગર્ભાશય, સ્ત્રીઅંડ, અને ફળવાહીની એ સર્વે રક્તથી ભરપૂર થાયછે, અને ગર્ભાશયમાંથી તેનો સ્રાવ થઇ તે બંધ પડેછે. જો સ્ત્રી બીજકને પુરૂષ વીર્યનો સંયોગ થાય તો સ્રાવ ન થતાં ગર્ભોત્પત્તિ થઇ અનેક ફેરફાર શરૂ થાયછે. પણ જો તે બંને વિર્યનો સંયોગ ન થાય તો સ્ત્રી બીજક સ્રાવ સાથે વહી જાયછે.

રૂતુની બાબતમાં કેટલીકવાર અપવાદ આવી વ્યાધિ ઉત્પન્ન થાયછે. કોઈવાર રૂતુ કમી અથવા મોડો આવેછે. કોઇ વાર ઘણો આવેછે, અને કોઈવાર પીડા થઇને આવે છે. તે ઉપરથી ત્રણ જુદા જુદા વ્યાધિ થાયછે. તેના પ્રકાર નીચે પ્રમાણેઃ—

૧. નષ્ટાર્તવ એટલે રૂતુ નથી આવતો તે. ૨. બહુ આર્તવ એટલે દસ્તાન ઘણું આવેછે તે. ૩. પીડિતાર્તવ એટલે પીડા થઇને પ્રવાહ થાયછે તે.

શારીરિક વ્યાધિ અથવા ગર્ભાશય અને તેનાં ઉપાંગના વ્યાધિઓને લીધે નીચેના વિકાર ઉત્પન્ન થાયછે.

૧. પ્રથમથીજ દસ્તાન દેખાતું નથી. ૨. દસ્તાન પેદા થઇ બહાર આવતું નથી.

૩. દસ્તાન સ્વભાવિક રીતે આવવા પછી અલ્પ અથવા બંધ થઇ જાયછે.

ઉપર કહ્યું છે કે દસ્તાન વહેલો મોડો દેખાયછે. માટે કોઈ સ્ત્રીને આર્ત્તવ મોડો દેખાવાનો હોય તેને આ વર્ગમાં દાખલ કરવાની ચુંક નહિ થવીજોઇએ. પણ જો સ્ત્રી સશક્ત હોય તથા શરીરપર તરૂણપણાનાં બીજાં ચિન્હ દેખાતાં હોય, તે છતાં દસ્તાન ન આવે, તો તેનાં કારણોનો તપાસ કરવો જોઇએ. કોઈ વાર દસ્તાન પેદા થવાના અવયવમાં સ્વભાવિક ખામી હોય છે. કોઈવાર સ્ત્રીઅંડ અલ્પ હોયછે, અથવા મૂળથીજ હોતાં નથી. તેજ પ્રમાણે ગર્ભાશય અથવા યોનિમાર્ગની ખામી હોયછે. ક્વચિત આવી કાંઈપણ ખામી નહિ છતાં રૂતુ આવતો નથી.

આર્ત્તવ પેદા થઈ બહાર ન આવે તેને પ્રતિબંધરૂપી કાંઈ કારણ હોવું જોઇએ. યોનિમાર્ગ સંકુચિત થઈ ગયો હોય, અથવા યોનિદ્વાર યોનિ પટળથી બંધ થઈ ગયું હોય, અગર કોઈ વખત કમળનું મોઢું બંધ થયું હોય, તેથી આર્ત્તવનો પ્રતિબંધ થાયછે. આ માંહેનો કોઈપણ પ્રતિબંધ માલૂમ પડી આવે તેને યોગ્ય ઉપાયથી દુર કરવો.

રૂતુ કેટલોક કાળ આવ્યા પછી બંધ થઈ જાયછે. દસ્તાનના દિવસમાં થંડી અથવા શરદીને લીધે, સખ્ત તાવ, તથા બીજા મોટા વ્યાધિ, અથવા મનોવિકારને લીધે, પ્રવાહ એકાએકી બંધ થઇ જાય છે. કેટલીકવાર થોડે થોડે કમી થઈ આર્ત્તવ બંધ થઈ જાયછે. જો એકાએક બંધ થઇ જાયતો શરીરને હાનિ પહોંચાડેછે.ક્ષયવાળી ઓરતોને દસ્તાન કમી થઇને બંધ થઇ જાયછે. મૂત્રપિંડના વ્યાધિને લીધે, જળોદરને લીધે, તથા પાંડુરોગને લીધે રૂતુ બંધ રહેછે. સ્ત્રીઅંડ તથા ગર્ભસ્થાનના દીર્ઘ વરમ (દાહ) ને લીધે આર્ત્તવ બંધ પડી જાય છે. આર્તવ બંધ હોય ત્યારે કેટલીક સ્ત્રીને દરમાસે આંચો આવે છે. કેટલીકને તે સમયે પ્રદર વહેછે અને કેટલીક સ્ત્રીને, નાક, મોઢું ઈત્યાદિ બીજે સ્થળેથી રક્તસ્રાવ થાય છે.

ઉપાયઃ—સ્ત્રી બળવાનહોય તો તેને એળીઓ,સોનામુખી,એપ્સમસૉલ્ટ, ઈત્યાદિનોજુલાબ આપવો. યોગ્ય કસરત કરવી. દરમાસે આર્તવનાં કાંઈ ચિન્હ થતાં હોય તો તે વખતે તે સ્ત્રીને ગરમ પાણીમાં બેસાડવો અથવા ગરમ પાણીની પીચકારી મારવી. એળીયાની સોગઠી પહેરવી, તેમ છતાં પ્રવાહ ન થાય તો કમળકંદને થોડી જળો લગાડવી. ઘણું કરી સશક્તહોવાને બદલે સ્ત્રી અશક્ત પાંડુરોગી જેવી હોય, તેને લોહની દવા આપવી. ઝાડાને માટે લોહની સાથે થોડો એળીયો આપવો.

નં. ૧૫. કોમ્પાઉન્ડ મિક્ષ્ચર ઓફ આયર્ન...૩ ઓંસ.
ડિકોકશન ઓફ આલોઝ............૧½ ,,
આ દવાને મિશ્ર કરી ⅓ ભાગ દિવસમાં ત્રણ વખત પીવો.

નં. ૧૬. ટિંકચર ઓફ સ્ટીલ...૪૫ ટીપાં. લાઇકર સ્ટ્રિકનિયા...૧૫ ટીપાં.
ટિંકચર કેન્થારીડીસ. ૩૦ ,, ક્વાશ્યાની ચા ...... ૩ ઓંસ.

ઉપરની દવાને મિશ્ર કરીને ⅓ ભાગ દિવસમાં ત્રણ વખત પીવો.

નં. ૧૭. ટંકણખાર........ ....૩૦ ગ્રેન.
લિકિવડ એક્સ્ટ્રાક્ટ ઓફ અર્ગોટ....૧½ ડ્રામ.
કોમ્પાઉન્ડ ડિકોકશન ઓફ આલોઝ.૩ ઓંસ.
આ દવાને મિશ્ર કરી ⅓ ભાગ દિવસમાં ત્રણવાર પીવો.

નં. ૧૮ એળીઓ........૨૦ ગ્રેન. સેવીન ઓઈલ.....૧૨ ટીપાં.
હીરાબોળ......૬૦ ગ્રેન.

ઉપરની દવાને કોકમના તેલ સાથે ચાર સોગઠી કરી દરરોજ રાત્રે એકેક પહેરવી, અને સારો ખોરાક આપવો.

પીડિતાર્ત્તવ.

(ડીસમેનોરીયા.)

સ્વભાવિક રજસ્રાવ બિન હરકત અને વેદના રહિત હોયછે. કેટલાંક કારણોને લીધે રતુની વખતે વેદના થાયછે, તેને પીડિતાર્ત્તવ અથવા કચ્છાર્ત્તવ કહેછે. આ પીડા ન્યૂનાધિક હોયછે. કોઇવાર થોડી હોયછે, ને કોઇવાર એટલીતો સખ્ત હોયછે કે સ્ત્રીને બરાડા પાડવા પડેછે. પીડા થવાનાં મુખ્ય ત્રણ કારણ માલૂમ પડેછે. ૧. કેટલીક નાજુક તબીઅતની તરુણ સ્ત્રીને આવી પીડા થાયછે. ૨. કેટલીકને ગર્ભસ્થાનના સંબંધમાં દીર્ઘ વરમ હોયછે તેને લીધે પીડા થાયછે. અને ૩. કોઇને રતુ વહેવામાં અડચણ હોય તેને લીધે દુઃખ ભોગવવું પડેછે.

૧. નાજુક તબીયતની તરુણ સ્ત્રીને પીડાર્ત્તવ થાયછે ત્યારે ઘણું કરી રતુ દેખાયાની અગાઉ એક બે દિવસ કમર તથા પેડુમાં દુખાવો શરૂ થાયછે, મસ્તક દુઃખેછે, બેદિલપણું થાયછે, જાંગ દુખેછે, અને કુંથન થાયછે. જો રતુસ્રાવ સારી પેઠે થવા માંડેતો આ પીડા કમી થાયછે, પણ બહુધા પેડુમાં દુખાવો થઇને થોડો થોડો સ્રાવ થાયછે. રતુ ન હોય ત્યારે યોનિમાં દર્શકયંત્ર તથા તર્જની વડે તપાસ કરીએ તો કમળ તથા ગર્ભાશયનો ભાગ સ્વભાવિક સ્થિતિમાં માલુમ પડેછે.

ઉપાયઃ—રતુ આવવાનાં ચિન્હ જણાવા માંડે એટલે સ્ત્રીને ગરમ પાણીમાં અડધો કલાક બેસાડવી. દરદનીશાન્ત માટે બેલાડોનાની સોગઠી (નંબર ૧૧ વાલી) યોનિમાં પહેરાવવી. તેનાથી ફાયદો ન થાય તો મોરફીયાની પીચકારી ત્વચામાં મારવી. રતુ ન હોય તે વખતમાં કોડલીવર ઓઇલ, ક્વિનાઇન, ફાસફરિક આસિડ, વગેરે પૌષ્ટિક દવાઓ આપવી. આવી સ્ત્રીને ઓધાન રહ્યા પછી ફરી આર્ત્તવ આવેછે ત્યારે પીડા થતી નથી.

૨. કમળ, ગર્ભાશયનું અંતર્પડ (માંહેલું પડ) સ્ત્રીઅંડ, ઇત્યાદિનાં દીર્ઘવરમને લીધે આર્ત્તવ કાળે પીડા થાયછે. રતુ દેખાયા અગાઉ અને પછી ચાર પાંચ દિવસ સુધી પીડા રહેછે, [illegible]ટિ છે, પેડુમાં ભાર જણાય છે, બેચેનપણું રહેછે, તથા જોરથી કુંથન થાય છે. [illegible]ડે સ્રાવ થાય એટલે પીડા કમી થાય છે. સ્રાવની સાથે ગર્ભાશયનાં અંતર્પડનાં [illegible]ોટાં છોલાં પડે છે. કોઇવાર અંતર્પડની આખી ખોળ નીકળી આવે છે. આવા બનાવને કસુવાવડ સમજવાની વખતે ભુલ થાય છે. રતુ ન હોય ત્યારે યોનિમાં તપાસ કરતાં કમળકંદ આળો તથા સુજેલો માલુમ પડેછે; એક અથવા બેઉ સ્ત્રીઅંડ સુજેલા અને આળા માલુમ પડેછે, તે વખતે પ્રદર હોયછે, અને વખતે ગર્ભાશય વક્ર થયેલો લાગેછે.

ઉપાયઃ—આગળ કહ્યા પ્રમાણે સ્ત્રીએ ગરમ પાણીમાં બેસવું. યોનિમાં ગરમ પાણીની પીચકારી મારવી, ને સ્રાવ બરોબર ન થતો હોય તો કમળ મુખે જળો લગાડવી તથા બેલાડોનાની સોગઠી પહેરવી. ઋતુ ન હોય ત્યારે ગરમ પદાર્થ વર્જ્ય કરી, સાદો ખોરાક ખાવો, તથા દરરાત્રે નીચે લખેલી સોગઠી પહેરવી.

નં. ૧૯. આયોડાઇડ ઓફ લેડ...૪૦ ગ્રેન. એક્સ્ટ્રાક્ટ ઓફ બેલાડોના...૧૬ ગ્રેન. એક્સ્ટ્રાક્ટ ઓફ કોનાયમ. ૪૦ ગ્રેન.

ઉપરની દવા મિશ્ર કરી કોકમના તેલની સાથે મેળવી તેની ચાર સોગઠી કરવી ને દર રાત્રે એકેક પહેરવી.

જ્યાંલગી અંતર્પડનાં છોલાં જાયછે, ત્યાંલગી ગર્ભ રહેવો મુશ્કેલ છે. મૈથુનનો પ્રતિબંધ કરવો. પ્રદર હોયતો નંબર ૧૨, ૧૩ના ઔષધની પીચકારી મારવી.

૩. ઋતુ વહેવામાં અડચણ પડેછે ત્યારે પીડા થાયછે. કમળમુખ અથવા અંદરનો રસ્તો સંકુચિત થઈ ગયો હોય, તેના માર્ગમાં કોઈ ગ્રંથી થઈ આવી હોય, અથવા ગર્ભાશય વક્ર થયો હોય, તેને લીધે પ્રવાહ નીકળવામાં અડચણ આવેછે, અને તેથી પીડા થાય છે. કુંથન સરખી પીડા થઈ, લોહી થોડું થોડું નીકળે છે, કેડ દુખે છે, અને ઉબકો અથવા ઉલટી આવે છે.

ઉપાયઃ—જો ગર્ભસ્થાન વક્ર થયું હોય અથવા તેના માર્ગમાં ગ્રંથી આડી આવતી હોય તેના ઇલાજ આગળ આપવામાં આવશે તે પ્રમાણે કરવા. કમળનો માર્ગ સંકુચિત હશે તો સળી નાંખવાથી જણાશે. તેને વિસ્તૃત કરવા સારૂ વાદળી અથવા સીટેંગલનો કડકો અંદર રાખવાથી કમળ માર્ગ પહોળો થશે. તેમજ મીણની સળી નાંખી, અથવા બે પાંખાં વાળી સળી નાંખી એ માર્ગ વિસ્તૃત કરવામાં આવેછે. એ માર્ગ પહોળો થયા પછી વખતે ફરીથી સાંકડો થઈ જાય છે. તેમ થાય તો કમળમાર્ગના અગ્ર તથા પશ્ચાત ભાગમાં છેદ મૂકવા. છેદ મૂક્યા પછી અંદર વાદળીનો કટકો ભરી દેવો તથા સ્ત્રીને બિછાનામાં રાખવી. ત્રીજે દીવસે વાદળી કાઢી નાંખી જાડી સળીનો કટકો અંદર નાંખવો, અને થોડા દિવસ રહેવા દેવો, એટલે એ માર્ગ હમેશને માટે વિસ્તૃત રહેશે.

અતિઆર્ત્તવ.

(મેનોરેજયા)

સ્વભાવિક જોઇએ તે । કરતાં વધારે ઋતુ વહેછે, અથવા વધારે દિવસ પ્રવા રહેછે, અથવા થોડા થોડા દિવસને અંતરે આર્તવ દેખાયાં કરેછે તેને બહુ આર્ત્તવ

કારણઃ—કમળ મુખ અથવા ગર્ભાશયનું અર્બુદ (ક્યાનસર), ગર્ભાશય અથવા તેની કોઈ પ્રકારની ગ્રંથી થઈ હોય તો પુષ્કળ અને વારંવાર ઋતુસ્રાવ થ. . છે. ગર્ભાશયના અથવા કમળના દીર્ઘવરમ, અને સ્ત્રીઅંડના વરમને લીધે આર્તવ પ્રવાહ જાસ્તી થાયછે. છોડ રહ્યું હોય તેને લીધે, અને ગર્ભસ્થાન બેવડ વળી ગયું હોય તેને લીધે

લાંબો વખત આર્તવ વહેછે. કેટલીકવાર પાંડુરોગ, પ્લીહોદર, ઈત્યાદિ દરદમાં લોહી ફીકું પડી ગયુ હોય, તેથી પણ બહુ આર્તવ થાયછે. બહુ આર્ત્તવની અસર શરીરપર, લોહી જાયછે તેના પ્રમાણમાં થાયછે.

ચિન્હઃ—લોહી જરા જરા આવ્યાં કરેછે, અગર લોહીનું એક સરખું પૂર ચાલે છે અને પાછું બંધ થાય છે. ઘણું લોહી જવાથી શરીર ખાલી પડી જાય છે તથા ફીકું થઇ જાયછે. શ્વાસ ચઢે છે, વખતે થોથર પણ ચઢી આવે છે, ઉલટી થાય છે, મંદાગ્નિ તથા મળાવરોધ જણાયછે, તથા મન બેચેન ને આકુળ રહેછે.

ઉપાયઃ—આરામ, સારો ખોરાક, તથા ગ્રાહી ઔષધિ આપવી. ગ્રાહી એટલે લોહી વહેતું અટકાવનારી ઔષધિ, જેમકે ગ્યાલિક આસિડ, સ્યુગરલેડ, સલ્ફ્યુરિક આસિડ, દાલચીની (તજ), લોહ, ઈત્યાદિ, અરગટ રક્તપ્રવાહ અટકાવવામાં ઘણી ઉત્તમ અસર કરેછે.

નં.૧૯. ગ્યાલીક આસિડ .... ૪૫ ગ્રેન. ડિલ્યુટ સલ્ફ્યુરિક આસિડ.૪૫ ટીપાં.
લિક્વિડએકસ્ટ્રાક્ટઓફ્ અરગટ.૧½ ડ્રામ. તજનું પાણી......... .. ૬ ઔંશ.

ઉપરની દવા મિશ્ર કરી ⅙ ભાગ દિવસમાં ત્રણ વખત પીવો.

નં. ૨૦. સ્યુગરલેડ.........૧૨ ગ્રેન. ડિલ્યુટ આસેટિક આસિડ...૨ ડ્રામ.
બાઈકર મોરફીયા. ૪ ટીપાં. ટિંકચર સિનામન............૨ ડ્રામ.
તજનું પાણી......૪ ઔંસ.

ઉપરની દવાઓને મિશ્ર કરી ⅙ ભાગ દર ત્રણ કલાકે આપવો. યોનિપર થંડા પાણીનું પોતું રાખવું. બરફ મળી આવે તો થોડો યોનિમાં રાખવો. ટાનિક આસિડની પીચકારી મારવી, અથવા સોગઠી આપવી, તેથી પણ રતુસ્ત્રાવ બંધ ન થાય તો યોનિમાં વાદળી અથવા રૂનો ડુચો ભરવો. આર્ત્તવ ન હોય તે દરમીયાન ટિંકચર• ઓફ્ સ્ટીલ, હીરાકસી, ફટકડી, રસકપૂર, ઈત્યાદિ દવા આપવી.

નં. ૨૧. ફટકડી ....૩૦ ગ્રેન. હીરાકસી...........૬ ગ્રેન.
ડિલ્યુટસલ્ફ્યુરિક આસિડ ૩૦ ટીપાં. તજનું પાણી.....૪½ ઔંસ.

ઉપરની દવાઓને મિશ્ર કરી ⅙ ભાગ દર ચાર કલાકે આપવો.

નં. ૨૨. રસકપૂર ....૧ ગ્રેન. નવસાગર ....૧૦ ગ્રેન.
ટિંકચર ઓફ્ સ્ટીલ ૨ ડ્રામ. પાણી ....૧૨ ઔંસ.

ઉપરની દવાને મિશ્ર કરી 1/12 ભાગ દિવસમાં ત્રણ વખત આપવો.

જો અર્બુદ,મસા,ગાંઠ,વગેરે રક્તપ્રવાહનાં કોઈ કારણ માલૂમ પડી આવેતો તેના યોગ્ય ઉપાય કરવા.બહારથી કાંઈ કારણ ન જણાય તો સ્ત્રીઅંડનો તપાસ કરવો,અથવા કમળમુખ પહોળું કરી ગર્ભસ્થાનની અંદર તપાસ કરવો,અને જે કારણ જણાય તેના ઉપાય યોજવા.

ગર્ભાશય પ્રદર.

(લ્યુકોરીયા.)

ગર્ભાશયના અંતર્પટનો વરમ થઈ તેમાંથી સફેદ ચીકણી ધાત વહેછે તેને ગર્ભાશય

પ્રદર કહેછે. આ રોગ સ્ત્રીને તરૂણાવસ્થા પહેલાં થતો નથી. વારંવાર ગર્ભ રહેવાથી અને કસુવાવડ થવાથી આ પ્રદર થાયછે. ગર્ભસ્થાનમાં મસા તથા કોઈ પ્રકારની ગ્રંથી હોય તેને લીધે, અતિ મૈથુન તથા શરદીને લીધે, યોનિના વરમથી, ગરમીથી, તથા કેટલાક જ્વરને લીધે અંતર્પટનો વરમ થાયછે, અને તેથી ધાત વહેછે. કોઈવાર પાંડુરોગમાં, કોઈ વાર નષ્ટાર્તવને બદલે, અને કોઇ વાર ઉમરે પહોંચ્યા પછી, આર્તવ બંધ થવાને સમયે ગર્ભાશયપ્રદર થઇ આવેછે. વરમ તીક્ષ્ણ અથવા દીર્ઘ હોયછે. ગર્ભસ્થાનના આખા અંતર્પટમાં વરમ થઇ આવેછે અથવા ફક્ત ઉપરના ભાગમાં અગર કમળના ભાગમાં વરમ થાયછે. જેમ કમળના ભાગમાં વરમ વધારે હોય છે તેમ ધાત ઘણી ચીકણી હોય છે, અને કપડાપર લીલો પીળો ડાઘ પડેછે. કમળકંદ સૂજેલો તથા તે પરથી છાલાં નીકળી જઈ આળો થઈ રહેછે. અંતર્પટનો વરમ લાંબો વખત રહે, તો તેમાંથી મસા,રેસોળી, અને બીજી ગ્રંથી પેદા થાયછે, તથા ૠતુસ્રાવ ઘણો થાયછે.

ચિન્હ:—તીક્ષ્ણ વરમ હોય ત્યારે થોડો ઘણો તાવ આવેછે, અને પેડુમાં,કમરમાં, તથા જાંગમાં દુઃખેછે. પેડુ ભરેલું તથા ગરમ લાગેછે. પેશાબ વારંવાર થાયછે, અને કુંથન જણાયછે. ગર્ભાશય તથા સ્ત્રી અંડને દાબવાથી ઘણું દરદ થાયછે. ગર્ભસ્થાન મોટા કદનું તથા સૂજેલું જણાયછે. બે ત્રણ દિવસની અંદર તે માંહેથી ધાત નીકળવા માંડેછે એટલે દુઃખાવો કમી પડી જાયછે અને કમળમુખ વિસ્તૃત થઇ જાયછે.

દીર્ઘ વરમ હોય ત્યારે પુષ્કળ ધાત વહેછે અને આર્તવ આવે તેની સાથે ઘણુંકરી પીડા થાયછે. જઠરાગ્નિ મંદ પડી જાયછે. અન્ન પચતું નથી, ઝાડો અનિયમિત રહેછે, કમર દુઃખેછે, માથું દુઃખેછે, અને શક્તિ કમી થતી જાયછે. ચહેરો ફીકો પડી જાયછે, તથા મન અને તનથી, કાંઈ પણ શ્રમ સહન થઇ શકતો નથી.

ગર્ભસ્થાનના આખા અંતર્પડનો, વરમ હોય તો મોળ આવેછે, પેટ ચઢી આવે છે, હિસ્ટીરિયાનાં ચિન્હ જણાય છે, અને સ્તન મોટાં તથા દ્રઢ થઈ જાય છે. તર્જનીથી તપાસતાં તથા ગર્ભાશયમાં શળી નાંખતાં ઘણું દરદ થાયછે. ફક્ત કમળના ભાગમાં વરમ હોય તો તેટલું દરદ તથા તેવાં સખ્ત ચિન્હ હોતાં નથી.

ઉપાય:—તીક્ષ્ણ વરમ હોય ત્યારે સ્ત્રીને બિછાનામાં રાખવી તથા સાદો ખોરાક આપવો. પ્રથમ એક જુલાબ આપવો, અને સાંજસવાર ગરમ પાણીમાં બેસારવી; અને ગરમ પાણીમાં હોય ત્યારે તે પાણીની યોનિમાં પીચકારી મારવી, ને રાત્રે નીચે આપેલી સોગઠી યોનિમાં પહેરવી.

નં. ૨૩. પારાનો મલમ...૪૦ ગ્રેન. એક્સ્ટ્રાક્ટ ઓફ બેલાડોના...૨૦ ગ્રેન.

ઉપરની દવાઓને કોકમના તેલની સાથે મિશ્ર કરી ચાર સોગઠીઓ કરવી ને દર રાત્રીએ એકેક પહેરવી. વિશેષ દરદ થતું હોય તો પેડુ ઉપર અળશીની પોટીસ મારવી, અને જરૂર જણાય તો કમળમુખ ઉપર થોડી જળો મૂકવી અને વિષયનો પ્રતિબંધ કરવો.

જીર્ણવરમ લાંબા કાળનો હોય તો મટવો મુશ્કેલ પડેછે. ઘણા દિવસ પારાની દવા, કોડલીવર ઓઇલ અને આયોડાઇડ પોટાસ્યમ આપવાથી ફાયદો થાયછે.

નં. ૨૪. લિકર હાઇડ્રાર્જીરી પરક્લોરાઇડ.....	$1\frac{1}{2}$ ડ્રામ.	આ દવાઓને મિશ્રકરી $\frac{1}{3}$ ભાગ દિવસમાં ત્રણવાર આપવો.
કોમ્પાઉન્ડ ટિંક્ચર ઓફ સિંકોના...	$1\frac{1}{2}$,,	
કોમ્પાઉન્ડ ડિકોક્શન ઓફ સાર્સાપરીલા.	૩ ઔંસ.	
નં. ૨૫. આયોડાઇડ પોટાશ્યમ..............	૯ ગ્રેન.	આ દવા મિશ્ર કરી $\frac{1}{3}$ દિવસમાં ત્રણવાર આપવી
કોડલીવર ઓઇલ..............	૩ થી ૯ ડ્રામ	
કરીયાતાની ચા	૩ ઔંસ	

આગળ દર્શાવેલા પારાના મલમ તથા બેલાડોનાની સોગઠી પહેરતાં રહેવી. જો ગર્ભાશયમાં ઉપરના ભાગમાં વરમ હોય તો દવા લગાડી શકાતી નથી. પણ નીચેના ભાગમાં હોય તો સીલવર કયાસ્ટીક લગાડવો, અથવા જલદ લાઇકર ફેરી લગાડવી, અથવા ટાનીક આસિડ, અગર જસતનાં ફૂલ, કોકમના તેલ સાથે મેળવીને અંદર ચોપડવું. રક્ત પ્રવાહ ન હોય, અને કમળનો ભાગ સૂજેલો હોય તો, જળો લગાડવી. વરમને લીધે કોઇવાર કમળમુખ બંધ થઈ જાયછે તેને લીધે સ્ત્રી વંઢીની (વાંઝણી) રહેછે, અને પીડિતાર્ત્તવ થાયછે.

કમળકંદનાં ક્ષત અને છાલાં.

(અલસર ઓફ ઑસ)

છાલાં:—કેટલીકવાર કમળકંદના ઉપર નાનાં મોટાં ક્ષત જોવામાં આવેછે, તેમને લીધે પ્રદર થાયછે, તથા રક્ત પ્રવાહ થાયછે. ઘણીવાર ઊંડા ક્ષતને બદલે કમળકંદ ઉપર માત્ર છાલાં પડેલાં જોવામાં આવેછે. આવાં છાલાં કમળ માર્ગમાં પણ કોઇ કોઈવાર હોયછે. આ દરદમાં ઉપલી ત્વચા એટલે એક અથવા બેઉ કમળ ઓષ્ટની ઉપત્વચા ઉખડી જાયછે, અને તેની નીચેનો ભાગ લાલ, કોમળ, મખમલ, જેવો દેખાયછે. કેટલીકવાર છાલું એટલું તો નાજુક હોયછે કે કમળનો ભાગ સહજ લાલ થયોછે અથવા છાલું પડ્યુંછે તે કહી શકાતું નથી. તેને ઓળખવા માટે સિલ્વર ક્યાસ્ટિક લગાડવો એટલે જેટલા ભાગમાં છાલું પડ્યું હશે તેટલો ભાગ વધારે સફેદ દેખાશે. આ કમળનાં છાલાંને ક્ષુલ્લક વ્યાધિ ન સમજવો. તેને લીધે આર્ત્તવ અનિયમિત તથા બહુ આવેછે, કમ્મરનો દુખાવો ઓરતને ત્રાસદાયક થઇ પડેછે. હમેશાં ધાત જાયછે, ને કોઇવાર ધાતની સાથે લોહી વહેછે, તેને લીધે થોડા કાળમાં દુર્બળતા અને નબળાઈ આવી જાયછે.

ઉપાય:—જો કમળકંદ પર વિશેષ સોજો હોય તો જળો મૂકવી અથવા જરા છેદ મૂકી રક્ત કાઢવું. પછી ફટકડી અથવા જસતનાં ફૂલના પાણીની પીચકારી મારવી, અથવા ટાનિક આસિડની સોગઠી પહેરવી અથવા કોઇવાર સિલ્વર ક્યાસ્ટિક લગાડવો અગર લાઇકર પ્લંબાઈ સબએસેટેટીસ લગાડવો. કોઇવાર આસિડ નાઇટ્રેટ ઓફ મર્ક્યુરી લગાડવું. આવો કોઇપણ ક્યાસ્ટિક લગાડ્યા પછી તુરત તેલ લગાડવું. ઉપર આપેલી લગાડવાની દવા સિવાય પૌષ્ટિક ખોરાક તથા પાચક ઔષધિ આપવી. પેપસીન, ક્વિનાઈન નાઇટ્રીક આસિડ, કાડલીવર ઓઇલ, ઇત્યાદિ દરેક દિવસે યોગ્યતા મુજબ આપવું.

ક્ષત:—ઉપરની ત્વચા કરતાં વધારે ભાગ ખવાઇ જાયછે એટલે કમળકંદ પર ચાંદાં

પડેછે, તેને ક્ષત કહેછે. ક્ષત ઘણીવાર કમળ માર્ગમાં પહોંચેછે. ક્ષતને લીધે કમળકંદ સૂજી આવેછે. જ્યારે ક્ષત બહુ ઉંડું હોય ત્યારે તેના ઉપર નિર્જીવ માંસ આવી રહેછે, અને તપાસ કરતાં ઘણું કરી તેમાંથી રક્ત વહેછે. પુષ્કળ પરૂ જેવી ધાત તે માંહેથી વહેછે. ક્ષતને લીધે કમળકંદ સૂજેલો રહેછે. એટલુંજ નહિ પણ ગર્ભાશયમાં તથા સ્ત્રીઅંડ પણ સૂજી આવેછે. પેડુ દુખેછે તથા બળતરા થાયછે, કમર દુખેછે, ભાર લાગેછે, કુંથન થાયછે, રક્તસ્રાવ થાયછે, મસ્તક દુખેછે, મંદાગ્નિ જણાઈ, જીભ ઉપર છારી વળેછે, નબળાઇ જણાયછે, ચહેરો ફીકો, અનિયમિત ઝાડો, ઇત્યાદિ ચિન્હ જણાયછે.

ઉપાયઃ—છાલાંને માટે ઉપર આપ્યા પ્રમાણે ઇલાજ કરવા. લોહી આપોઆપ ક્ષતમાંથી નીકળેછે, માટે તેને કાડવાની જરૂર રહેતી નથી. પ્રદર અથવા ધાત યોનિમાં ભરાઈ ન રહે માટે સાંજ સવાર પ્રક્ષાલન કરવું, પીડા બંધ થવા માટે આયોડાઇડ ઓફ લેડ તથા બેલાડોનાની સોગઠી પહેરવી. ક્ષત ઊંડું હોય તો ક્યાસ્ટિક પોટાસ અથવા આસિડ નાઇટ્રેટ ઓફ મર્ક્યુરી લગાડવો. ગ્લીસરીન ટંકણખાર અગર ટાનિક આસિડ સાથે લગાડવું.

ગર્ભાશય અર્બુદ.

(યુટરાઇન ક્યાનસર.)

અર્બુદ એટલે "ક્યાનસર" નામનો દુઃખદાયક વ્યાધિ કેટલીકવાર ગર્ભાશયપર થતો જોવામાં આવેછે, આ વ્યાધિ બહુધા શરૂઆતમાં કમળકંદપર થાયછે અને પછી ગર્ભસ્થાનના ઊપરના ભાગ તથા આસપાસના ભાગ ઊપર વ્યાપી જાયછે.

ચિન્હ—ગર્ભસ્થાનના ક્યાનસરને લીધે યોનિમાંથી વાસ મારતું, ગડુળ, પાણી નીકળેછે. કોઈવાર થોડી ગંધ મારેછે, અને કોઈવાર એટલીતો દૂર્ગંધ છૂટેછે, કે તે સ્ત્રીથી તથા આસપાસના માણસોથી સહન થઈ શકતી નથી. જ્યારે ત્યારે એકા એક રક્ત પ્રવાહ થઈ આવી, અતિશય વેદના થાયછે. પાછળથી આ વેદના એટલીતો વધી જાયછે કે નિશાવાળી દવા સિવાય નિદ્રા પણ આવતી નથી. પાચન શક્તિ મંદ પડી જઈ મોળ આવે છે. ઊલટી થાયછે અને ખાવાની રૂચિ રહેતી નથી. મન ગ્લાનિમાં રહેછે. દિવસે દિવસે નબળાઈ વધતી જાયછે, તથા શરીર ક્ષીણ થતું જાયછે. ચહેરો ફીકો, પીળો, ફીકરમંદ અને દુઃખદ દેખાયછે.

તપાસવાથી કમળને ઠેકાણે નાનું, મોટું, અનિયમિત આકારનું કઠણ ક્ષત, આંગળીને લાગશે. ગર્ભસ્થાન સ્વભાવિક ચલિત હોયછે, તે અર્બુદને લીધે અચળ થાયછે, જેમ અર્બુદ ફેલાયછે તેમ યોનિ, મૂત્રાશય, ઇત્યાદિ આંસપાસના ભાગ કઠણ થઈ ક્ષત પસરતું જાયછે. ગર્ભાશયનો કેટલોક ભાગ ખવાઈ જાયછે, વખતે મૂત્રાશય અને સફરાનો ભાગ સડી જઈ, તેમના માર્ગ એકત્ર થઈ જાયછે. આવી મહા દુખદ સ્થિતિ વરસ બે વરસ ભોગવી દરદી સ્વર્ગવાશી થાયછે.

ઉપાયઃ—અર્બુદને માટે ઉપાય માત્ર પીડા કમી કરવાના હોયછે. તેને મટાડવાની આશા ઘણી થોડીજ રાખવી. પ્રથમ સારી શક્તિ આવે તેવો ખોરાક આપવો. પાચક તથા પૌષ્ટિક દવા આપવી. આમોન્યા, સિંકોના, ફાસફરીક આસિડ, ક્વિનાઈન, કોડલીવર ઓઇલ, પેપસીન ઇત્યાદિ ઓષધ આપવાં. પીડાની શાંતિ તથા નિદ્રાને માટે કેફી દવા આપવી આવશ્યક પડેછે. અફીણ, મોરફીયા, ભાંગ, અથવા ક્લોરલ હાઇડ્રેટની યોગ્ય માત્રા આપવી. મોરફીયાની પીચકારી મારવી.

નં. ૨૬. ટિંક્ચર હાયોસાઇમિસ..................૬૦ ટીપાં. લાઇકર મોરફીયા.૨૦ ટીપાં.
કોમ્પાઉન્ડ ટિંક્ચર ઓફ ક્લોરોફાર્મ ......૩૦ ટીપાં. ગુંદરનું પાણી... ૨ ડ્રામ.
ટિંક્ચર ઓફ ઇન્ડીયન હેમ્પ(ભાંગનો અર્ક)૨૦ ,, ચોખ્ખું પાણી ... ૧ઔંસ.

મિશ્ર કરી રાત્રે સૂતી વખત આપવું એટલે નિદ્રા આવશે. યોનિની અંદર બેલાડોનાની સોગઠી પહેરવી.

રક્તસ્રાવ અટકાવવાને માટે ગ્યાલિક આસિડ, સ્યુગરલેડ, દાલચીની, ઇત્યાદિ દવા આપવી. અર્બુદને જલદ લાઇકર ફેરી લગાડવાથી લોહી બંધ થશે. ફટકડી અથવા ગ્યાલિક આસિડના પાણીની પીચકારી મારવાથી લોહી બંધ થાયછે. દુર્ગંધ દૂર કરવા સારૂ સ્ત્રીને દરરોજ એકથી બેવાર સ્નાન કરવાની ભલામણ કરવી. યોનિમાં નીચે આપેલી કોઇપણ દવાની પીચકારી મારવી.

નં. ૨૭. કાર્બોલિક આસિડ........૩૦ ગ્રેન. ક્લોરાઇડ ઓફ ઝીંક.........૨૦ ગ્રેન.
ક્રીયા સોટ................. ૧ ડ્રામ. પરમાંગનેટ ઓફ પોટાસ......૪૦ ,,

ઉપર લખેલી દવાઓમાંથી કોઇપણ દવા લઇ તેને એક પાઇંટ પાણીમાં મેળવી યોનિ પ્રક્ષાલન કરવું. મૈથુનનો પ્રતિબંધ કરવો. કોઇવાર અર્બુદ શરૂઆતમાં નાનું હોય ત્યારે જોવામાં આવે તો તેનું શસ્ત્રથી ઉચ્છેદન કરવું.

ગર્ભાશય ગ્રંથી.

(યુટરાઇન ટ્યુમર્સ.)

ગર્ભાશયના સંબંધમાં ત્રણ પ્રકારની ગ્રંથી થાયછે. **ગ્રંથી, મસા,** તથા **રસોળી** એવા ત્રણ પ્રકાર છે.

ગ્રંથી (ફાઇબ્રોઇડ) એટલે સફેદ તાંતણાની કઠણ બંધાઇ ગયેલી ગાંઠ તેમાં કોઇવાર માંસમય ભાગ વિશેષ હોયછે અને ક્વચિત પાર્થિવ પદાર્થ મળી આવેછે. આ ગાંઠ ગર્ભાશયની બહાર વધીને મોટી થાયછે અથવા તેની અંતર્યામ વધેછે. ઘણુંકરી તરૂણાવસ્થાને પહોંચ્યા પછી સ્ત્રીને આ ગાંઠ થાયછે. ગાંઠ નાની મોટીથાયછે. એક સોપારીથી તે પૂર્ણમાસી ગર્ભના જેવડું તેનું કદ જોવામાં આવેછે. જ્યારે ગર્ભસ્થાનની અંદર તે ઉત્પન્ન થાય છે ત્યારે ગર્ભસ્થાન પંડે વધતું જાયછે. એકજ સ્ત્રીને કોઇવાર એક કરતાં વધારે આવી ગ્રંથી થાયછે; કોઇવાર ગ્રંથીનું મૂળ પાતળું થઇ લટકતી રહેછે.

ચિન્હઃ—ગાંઠ નાની હોયતો કોઈવાર કાંઇજ ચિન્હ જણાતું નથી. પણ પેટમાંથી હાથને લાગે તેવડા કદની હોયતો બહુધા બહુ આર્ત્તવ તથા પ્રદરનું કારણ થઇ પડેછે. તે શિવાય કમરમાં દુખાવો થાયછે, પેડુમાં ભાર લાગેછે; એક અથવા બેઉ જાંગમાં ચસકો અથવા બહેરાશ જણાયછે, ઝાડો કબજ રહેછે, અને પેશાબ મુશ્કેલીથી અથવા ઘણીવાર થાયછે. જ્યારે આ ગાંઠ ગર્ભસ્થાનની અંદર વધે છે ત્યારે રક્તસ્રાવ થયા વગર રહેતો નથી. પ્રથમ રક્તસ્રાવ થાયછે ત્યારે સ્ત્રીને વખતે એમ લાગેછે કે કસૂવાવડ થઈ. પણ કસૂવાવડમાં સ્રાવની સાથે વેણ આવે છે અને કમળ મૃદુ, સ્નિગ્ધ અને પ્રફુલ્લિત લાગેછે. આ ગાંઠને લીધે સ્રાવ થાય છે ત્યારે કમળકંદ સ્વભાવિક દઢ સ્થીતિમાં હોયછે. સ્રાવ વારંવાર થાયછે, તેમાં લોહીની ગાંઠો જોવામાં આવેછે.

યોનિમાં તપાસ કરતાં ગર્ભસ્થાન મોટું તથા વજનમાં વધારે લાગશે. તેનું ચલિત પણું કમી માલૂમ પડશે અને યોનિ માર્ગ ટૂંકો લાગશે. ગર્ભસ્થાનની અંદર ગાંઠ હોય તો વખતે તે કમળમુખમાં દેખાશે. આગળના અથવા પાછળના ભાગમાં ગાંઠ હોય તેથી આગલીમેર તથા પાછલીમેર ગર્ભસ્થાન વાંકું વળી જાયછે. સળી નાંખવાથી માંહેલીકોર ગાંઠ જણાશે. સ્વભાવિક ગર્ભસ્થાનમાં સળી ૨½ ઈંચ જાયછે. પણ આ ગાંઠને લીધે ગર્ભસ્થાન મોટું થાયછે તેથી સળી વધારે ઈંચ અંદર જાયછે. સળી હલાવવાથી ગર્ભસ્થાનની સાથે આખી ગાંઠ હાલેછે. આ ગાંઠને લીધે પ્રદર તથા રક્તસ્રાવ થાય છે, તેથી શરીર નબળું પડેછે. પણ જો આ બે ચિન્હ કમી હોયતો ગાંઠથી શરીરને બહુધા બીજી કાંઈ પ્રકારની હાનિ પહોંચતી નથી.

ઉપાયઃ—આ ગ્રંથીને કાપી કાઢવાનો ઉપાય ભયભરેલો છે, માટે તેમ કરવામાં આવતું નથી. તેમજ ઔષધથી ગાંઠ ગળતી નથી, માટે ફક્ત તેનાં ચિન્હનો ઈલાજકરી સંતોષ માનવો. રક્તસ્રાવને માટે ગ્યાલિક આસિડ, સલફ્યુરિક આસિડ, ભાંગ, સ્યુગરલેડ, આદિ ઉપાયો આગળ કહેવામાં આવ્યાછે તે કરવા. કમળકંદને ઊંડો છેદ મૂકવાથી આ ગ્રંથીથી થતો સ્રાવ બંધ થઈ જાયછે, માટે તે ઉપાય અજમાવી જોવા.

ગર્ભાશય અર્શ.

(પોલીપસ).

જે ગાંઠ લાંબાં ઝીણાં મૂળથી ગર્ભસ્થાનની અંદર લાગેલો હોયછે તથા પોતે લટકતી રહેછે તેને મસાગ્રંથી અથવા ગર્ભાશય અર્શ કહેછે. આ ગ્રંથી નાની બોર જેવડીથી તે બચ્ચાના મસ્તક જેવડી મોટી થાય છે. મસાગાંઠ ગર્ભસ્થાનની અંદર રહેછે અથવા કમળમાં આવેછે અથવા લાંબી વધીને યોનિમાં આવી રહેછે.

ચિન્હઃ—વારંવાર રક્તસ્રાવ થાયછે. કેટલીક વખત પછી પ્રદર થાયછે. કોઈવાર વેણની માફક પીડા થાયછે, કમર દુખેછે, અને પેશાબ વારંવાર થાયછે. નાની વયની સ્ત્રીને મસા ગ્રંથી હોય તો લોહી ઘણું વહેછે, પણ પચાસ વરસ ઉપરાંતની સ્ત્રીને વિશેષ સ્રાવ થતો નથી.

યોનિમાં તપાસ કરવાથી મસાગાંઠ યોનિની અંદર અથવા કમળની અંદર આંગળીને લાગેછે. જો ગ્રંથી કમળની બહાર ન આવી હોય તો તે માલૂમ પડતી નથી, પણ તેનો નિશ્ચય કરવા વાદળી અગર રબરની થેલીથી કમળને વિસ્તૃત કરવાની જરૂર પડેછે. અર્શને લીધે ગર્ભાશય કદમાં મોટો ભારે અથવા વાંકો થાયછે. ગર્ભસ્થાનમાં સળી નાંખવાથી ઘણું કરી અર્શ માલૂમ પડી આવે છે. રકત સ્રાવ અર્શના કદના પ્રમાણમાં નથી હોતો. વખતે નાના અર્શમાંથી અતિ સ્રાવ થાયછે. કોઈવાર મસા ગાંઠ આપો આપ ખરી પડેછે. ઉપાય કરવા છતાં પણ જ્યાં સૂધી મસા હશે ત્યાં સૂધી ફરી ફરીને સ્રાવ થયા વગર રહેશે નહિ. માટે અર્શને કાઢી નાંખવાની તજવીજ કરવી. જો મસો યોનિમાં આવી લટકી રહ્યો હોય તો કાતર અથવા ચાકુથી કાપી નાંખવો, અથવા દોરો બાંધવાથી તે ખરી પડશે. ગર્ભાશયની અંદર હોય તો વાદળી અથવા "સીટેંગલ"થી કમળ મુખને પહોળું કરવું, અને પછી વળ દેઈ અથવા ફાંસો દેઈ મસાને તોડી નાંખવા અથવા નખથી ખેરવી નાંખવા.

રસોળીની જાતની ગ્રંથી ગર્ભસ્થાનમાં થાયછે, તે તેની અંદર અથવા બહાર થાયછે. આવી રસોળીની અંદર પ્રવાહી પદાર્થ પાણી જેવો અથવા તેલ જેવો હોયછે. કેટલીકવાર કમળ માર્ગમાં રસોળી જોવામાં આવેછે. તેનું કદ ચણાથી તે જામફળ જેવડું હોયછે. રસોળી નાની હોય ત્યારે તેનાં કાંઈ ચિન્હ જણાતાં નથી, પણ કાંઈક મોટી થાયછે એટલે પ્રદર તથા બહુ આર્તવ થવા માંડેછે. કમળની બહાર આવેલ હોય તો રસોળી આંગળીને લાગેછે. પણ જો ગર્ભસ્થાનની અંદર હોય તો કમળને વિસ્તૃત કર્યાથી તે જણાશે,

ઉપાયઃ—પહોચી શકાય એવે સ્થળે રસોળી હોય તો તેને ચીરવી અથવાકાતરી નાંખવી, અગર તોડી નાંખવી, અને જરૂર જણાયતો કૅાસ્ટિક લગાડવો.

ગર્ભાશય સ્થળાંતર.

ગર્ભાશય કોઈવાર પોતાનું સ્વાભાવિક સ્થળ છોડી નીચે ઉતરેછે, આગળ અથવા પાછળ ઢળી જાયછે, અથવા વાંકું થઈ જાયછે.

ગર્ભાશય ભ્રંશ.

(પ્રોલાપસસ યુટરાઈ)

ગર્ભાશય યોનિમાં થોડું નીચે ઉતરેછે અથવા નીચે ઉતરી યોનિ દ્વારની છેક બહાર આવેછે. તેને ગર્ભાશય ભ્રંશ કહેછે.

કારણઃ—બહુધાત્રીસ પાંત્રીસ વરસનીવયની ઉપરાંતની સ્ત્રીઓને આવ્યાધિ થતો જોવામાં આવેછે. મેહેનતુ સ્ત્રીને જોર કરવાના સબબથી ગર્ભાશય હેઠળ ઉતરેછે. જે સ્ત્રીને છોકરાં થાયછે તથા બસ્તી પ્રદેશ વિશાળ હોયછે તેને વિશેષે કરી આ વ્યાધિ થતો જોવામાં આવેછે. ગર્ભસ્થાનનું વજન વધવાથી, એટલે તે સૂજી આવવાથી, અથવા તે-

માં ગ્રંથી થવાથી, કુંથન કરવાથી તથા બોજો ઉપાડવાથી, ગર્ભસ્થાન નીચે આવેછે. નાજુક તથા નબળી સ્ત્રીના ગર્ભસ્થાનના બંધન ઢીલા હોવાથી, બેસણીનો ભાગ ચીરાઈ જવાથી, તેમજ યોનિ શિથિલ થવાથી, ગર્ભાશય નીચે ઉતરેછે.

ચિન્હઃ—ગર્ભાશય નીચે ઉતરવાથી સ્ત્રીને કેટલીક જાતની મુશીબત વેઠવી પડે છે. પેડુની અંદર બોજો ભર્યો હોય તેમ લાગેછે; કુંથનની માફક દરદ થાયછે; કમર દુખેછે અને ધાત જાયછે, ઘણું કરી આર્તવને કાંઇ હરકત આવતી નથી. ઝાડાનો અવરોધ રહેછે. પેશાબ વારંવાર ઉતરે છે, અથવા તેનો પણ અવરોધ થાય છે. બહુધા સ્ત્રી સૂવે એટલે નીચે આવેલું ગર્ભસ્થાન આપોઆપ અંદર જાયછે, નહિ તો સહેલાઇથી હાથવતી અંદર ખસેડી શકાય છે. તપાસ કરવાથી ગર્ભસ્થાન નીચે ઉતરેલું જણાશે તથા દેખાશે, અને નીચે આવેલો ભાગ ગર્ભાશયજ છે, તેની તેના સંબંધમાં કમળમુખ હોવાથી ખાતરી થશે. જો આ સિવાય બીજો કોઇ વિભાગ ઉતરેલો હશે તો તેપર કમળમુખ જોવામાં આવશે નહિ. તેની અંદર સળી નાંખવાથી વિશેષ ખાતરી થશે. કેટલીકવાર ગર્ભાશય બહાર રહેવાથી ઘર્ષણને લીધે તેના ઉપર ચાંદાં પડેલાં જોવામાં આવેછે.

ઉપાયઃ—પ્રથમ ગર્ભાશયને દાબીને ઉપર ચઢાવવું. જો તેમ કરતાં કાંઈ મુશ્કેલી લાગે તો સ્ત્રીને ઘુંટણભેર સૂવાડી તેલ લગાડી તેને અંદર દાબવું. વખતે ગર્ભાશય ઘણા દિવસ બહાર રહ્યાથી તેટલા પ્રયત્નથી ઉપર નથી ચઢતું ત્યારે બહારના ભાગને તાણીને રાળના લેપનું બંધન લગાડવું. બે ત્રણ દિવસ આ બંધન લગાડવાથી તેનું કદ કમી થાય છે, એટલે ફરી દાબવાથી ઘણું કરી ઉપર ચઢ્યા વગર રહેશે નહિ.

ગર્ભાશયની ઉપરનો ભાર અને દબાણ દુર કરવા સારૂ પેટપર પાટો બાંધવો, તથા નીચેથી લંગોટ રાખવો. ગર્ભાશયબંધન તથા યોનિનો ભાગ ઢીલાં પડી ગયાં હોય તો થંડા પાણીમાં બેસવું. ગ્રાહી ઔષધિની પીચકારી મારવી અથવા તેની સોગઠી પહેરવી. ચાંદાં પડ્યાં હોય તો કયાસ્ટિક લગાડવો. શકિત આવવાને ટિંકચર ઓફસ્ટીલ, નાઇટ્રિક આસિડ, ફાસ્ફરિક આસિડ, ઝેરકચોલું, ઇત્યાદિ દવા આપવી. ગર્ભાશયને યોનિની અંદર આધાર તરીકે યુકિતદાર ઘોડી (પેસરી) પહેરવામાં આવેછે, જેથી ગર્ભસ્થાન નીચે આવી શકતું નથી. તે સિવાય યોનિનું અંતર્પટ કાપી કાઢીરહેલા અંતર્પટને બે બાજુથી સીવી લેવામાં આવેછે, તેને લીધે યોનીનો ભાગ સંકુચિત થઇ જવાથી ગર્ભસ્થાનને નીચે આવતાં પ્રતિબંધ થાયછે. તેજ મીસાલે યોનિદ્વારનો પાછળનો ભાગ તથા પાસેના બેસણીના થોડા ભાગની ઉપલી ત્વચા કાઢી નાંખી સીવી લીધો હોય તો દ્વાર સંકુચિત થઇ ગર્ભાશયને અંદર અટકાવી શકે છે.

ગર્ભાશય વક્ર.

(યુટરાઇન ફ્લેક્ષન.)

ગર્ભસ્થાન આગલા અથવા પાછલા ભાગમાં વાંકું વળી બેવડ થઈ જાયછે, કમળ-

કંદનો ભાગ સ્વભાવિક સ્થિતિમાં રહેછે, અને તેની ઉપરનો ભાગ બેવડ થઇ નીચે આવેછે તેને **ગર્ભાશય વક્ર** કહે છે.

જ્યારે ઉપરનો ભાગ પાછળ વળી જાય ત્યારે **પશ્ચાત્વક્ર** કહેવાય છે અને આગળ વળે ત્યારે પૂર્વ અથવા **અગ્રવક્ર** કહેવાયછે. અગ્ર ભાગમાં વળવા કરતાં ગર્ભાશય પશ્ચાત્ ભાગમાં વળેલો વિશેષ જોવામાં આવેછે.

પશ્ચાત્વક્રઃ—ગર્ભાશયની આવી સ્થિતિ વગરપરણેલી સ્ત્રીને થતી ક્વચિત જોવામાં આવેછે. પણ ઘણુંકરીને મધ્યમ વયની અને છોકરાં થતાં હોય તેવી સ્ત્રીઓમાં વિશેષ નજરે આવેછે.

કારણુઃ—ગર્ભસ્થાનનો ઉપલો ભાગ ગ્રંથી અથવા સોજાને લીધે ભારે હોવાથી વળી જાયછે. ઉપરથી બીજી બહારની ગ્રંથી, મળાદિ બોજાને લીધે, વારંવાર ઓધાનને લીધે, ગર્ભાશય નરમ પડી જવાથી, અતિ કુંથન થવાથી, તથા બોજો ઊચકવાથી ગર્ભાશય વાંકો વળી જાયછે. મૂત્રાવરોધને લીધે મૂત્રાશય ફૂલે તો ગર્ભાશયને પાછળ વળી જવાનું કારણ મળેછે.

ચિન્હઃ—કિંચિત વક્રતાનાં વિશેષ ચિન્હ જણાતાં નથી, પણ જ્યારે ગર્ભસ્થાન છેક બેવડ વળી જાયછે ત્યારે ચિન્હ છુપાં રહેતાં નથી. વાંકી વળેલી જગોએ રક્તગમન કમી થવાથી તે ભાગ પાતળો પડી જાયછે. પશ્ચાત્ વક્રતાને લીધે કમરમાં દુઃખાવો તથા ફાટ થાયછે; સાથળ તથા પેડુમાં ચસકા આવે છે. દસ્ત જવાની હાજત થયાં કરેછે. ઝાડો થોડો ઉતરે છે. ઝાડો ઉતરતી વખ્ત વધારે દુઃખે છે; મૈથુન કરતાં પીડા થાયછે. ગર્ભ રહેતો નથી. આર્તવ કષ્ટથી આવેછે. થોડું ઘણું પ્રદર વહેછે. ઓરતની તબીયત ના દુરસ્ત રહેછે. મોળ, મંદાગ્નિ તથા ગ્લાનિ જણાયછે.

તપાસ કરતાં યોનિમાં કમળ સ્વભાવિક સ્થિતિમાં લાગેછે, પણ પાછળ સફરાતરફ આંગળીને એક ગાંઠ લાગેછે. તેને સ્પર્શ કરતાં અતિ પીડા થાયછે. આ ગાંઠ તે ગર્ભસ્થાનનો વળેલો ઉપરનો ભાગ જાણવો. તેની વિશેષ ખાત્રીને માટે તેને દાબી રાખી ગર્ભાશયમાં સળી નાંખીએ તો પ્રથમ સ્વભાવિક સ્થિતિમાં સળી અંદર જશેનહિ, પણ તેને ઉલટી ફેરવીને નાંખતાં જઇ શકશે. પ્રવેશ કર્યા પછી સળીને સુલટી કરવાથી ગર્ભાશય સીધું થઈ સ્વભાવિક સ્થિતિમાં આવશે, અને ગુદા તરફની ગાંઠ જણાશે નહિ. સળી કાઢી લીધા પછી કેટલીક વારે પાછી ગાંઠ ઉતરશે, અર્થાત્ ગર્ભાશય પાછું વક્ર થઇ જશે.

અગ્રવક્રતાઃ—તેના ચિન્હમાં એટલો ફરક છે કે ગાંઠ કમળના અગ્રભાગમાં લાગેછે, તથા ઝાડામાં હરકત ન થતાં પેશાબની હાજત થયાં કરેછે, અને સળી નાંખવાથી વક્રતા વિષે વિશેષ ખાત્રી થશે. પૂર્વવક્રતા કરતાં પશ્ચાત્વક્રતા વિશેષ જોવામાં આવે છે.

ઉપાયઃ—જો વક્રતા થોડી મુદતની હોયતો સળી નાંખી ગર્ભાશય સીધો કરવો, અને સ્ત્રીએ થોડા દિવસ બિછાનામાં રહેવું. એથી કોઈવાર આરામ થઈ જાયછે, પરંતુ ઘણું કરી ગર્ભાશય તરતજ ફરી વાંકો વળી જાયછે.માટે ગર્ભાશયમાં પહેરવાની સુમારે બે સવાબે ઇંચ લાંબી સળી (સ્ટેમ) થાયછે, તે થોડાં અઠવાડીયાં પર્યંત પહેરવી, અને પહેલાં કેટલાક

દિવસ બિછાનામાં રહેવું. જો અંદરના ભાગમાં જીર્ણ વરમ હોયતો આ સળી સહન થતી નથી. માટે પ્રથમ કમળ માર્ગમાં વક્રતા પર્યંત છેદ મૂકવો અને ત્યાર પછી થોડા દિવસે સળી પહેરવી. ઘણા દિવસ વક્રતા રહેતો વળેલો ભાગ આસપાસના ભાગો સાથે ચોંટી રહેછે અને સળીથી સીધો થઈ શક્તો નથી.

ગર્ભાશય વિવૃત.

(યુટરાઈન વર્ઝન)

ગર્ભાશય કોઈવાર આગળ અથવા પાછળ ઢળી જાયછે. પાછળ ઢળે ત્યારે ઉપરનો ભાગ ગુદાપર પડેછે, તથા કમળ મૂત્રાશય તરફ જાયછે. આ સ્થિતિને **પશ્ચાત્‌વિવૃત** કહેછે. જ્યારે આગળ ઢળેછે ત્યારે એથી ઊલટી સ્થિતિ થાયછે, એટલે ગર્ભાશયનો ઊપલો ભાગ મૂત્રાશય પર પડેછે અને કમળ ગુદા તરફ ફરેછે એને **પૂર્વવિવૃત** કહેછે. પૂર્વવિવૃત કરતાં પશ્ચાત્‌વિવૃત વિશેષ જોવામાં આવેછે. ઘણીવાર પશ્ચાત્‌વિવૃત ગર્ભાધાનના પહેલા બે ત્રણ માસમાં થઈ આવેછે. તેનાં કારણ વક્રતાનાં કારણને મળતાં આવેછે.

ચિન્હઃ—વક્રતાનાં લક્ષણને કેટલાંક મળતાં આવેછે. કમર દુખેછે થોડું ઘણું પ્રદર હોયછે; મળ અને મૂત્રની મુશીબત હોયછે; આર્તવને અડચણ આવતી નથી; તેમજ ગર્ભ પણ રહી શકેછે. પણ ગર્ભ રહ્યા પછી જો વિવૃતસ્થિતિ ઠેકાણે ન આવેતો તે ગર્ભપાત થવાનું કારણ થઈ પડેછે.

ઉપાયઃ—ઘણું કરી સ્ત્રી નબળી હોયછે, માટે તેને પૌષ્ટિક દવા તથા ખોરાક આપવો. ગર્ભાશયને સીધો કરવા માટે યોગ્ય પ્રકારની રબરની થેલી અથવા બીજી ઘોડી થાય છે તે પહેરવી. પ્રથમ આગળના દબાણથી અગર સળીથી ગર્ભને સીધો કરી પછી તે ઘોડી પહેરવી.

સ્ત્રીઅંડના વ્યાધિ.

(ઓવેરિયન ડીઝીસ).

સ્ત્રીઅંડ (ઓવરી) નો વરમ—સ્ત્રીઅંડનો તીક્ષ્ણને જીર્ણ વરમ થાયછે. તીક્ષ્ણ વરમ કરતાં તેનો જીર્ણ વરમ ઘણો સાધારણ જોવામાં આવેછે.

તીક્ષ્ણ વરમઃ—તિક્ષ્ણ વરમ પેડુપર વાગવાથી, કમળને કૉસ્ટિક લગાડવાથી, તથા કમળ અને ગર્ભાશય ઉપર શસ્ત્રક્રિયા કરવાથી, શરદીથી, એકાએક આર્તવ બંધ થઈ જવાથી તથા બીજાં કારણોથી એ થઈ આવેછે.

ચિન્હઃ—પેડુમાં દરદ થાયછે, તથા જે બાજુના સ્ત્રીઅંડનો વરમ થયો હોય તે બાજુએ સસકા આવેછે. દાબવાથી દુઃખેછે; પેશાબ વારંવાર લાલ રંગનો ઉતરેછે; ઝાડો ઉતરતાં દુઃખેછે; તાવ આવેછે, મોળ તથા ઉબકો આવેછે; પેટમાં વાયુ જણાયછે, મો-

નિમાં તર્જની તપાસથી વરમવાળી બાજુએ દુઃખેછે, તથા ગાંઠ લાગેછે. અને ચલિત જણાયછે. પેડુ ઉપરથી દાબી જોતાં ગાંઠ હાથને લાગેછે તથા તે બહુ દુઃખેછે. કોઈવાર વરમને લીધે સ્ત્રીઅંડમાં માકીને પરૂ થાયછે અને તે ફુટેછે. ડાબા સ્ત્રીઅંડનો વરમ જમણા કરતાં વિશેષ જોવામાં આવેછે.

ઉપાયઃ—પેડુ ઉપર અથવા કમળ મુખ ઊપર થોડી જળો લગાડવી. ગરમ પાણીમાં સાંજ સવાર બેસવું. અફીણ તથા બેલાડોનાની સોગઠી પહેરવી. પેડુ ઉપર શેક કરવો, અગર અળશીની ગરમ પોટીસ મારવી. ક્લોરેટ ઓફ પોટાસ તથા પોટાસ આયોડાઇડ કરીયાતાની ચા સાથે આપવાં.

સ્ત્રીઅંડનો જીર્ણ વરમઃ—સ્ત્રીઓને આ જીર્ણ વરમ ઘણીવાર થતો જોવામાં આવે છે. આર્તવ સમયે ઓવરી લોહીથી ભરપૂર હોયછે, અને જો તેમાં કોઈ કારણસર વધારો થાય અથવા લોહી વધારે વખત તેમાં ભરાઈ રહે તો સહજ વરમ થઈ આવેછે. ૠતુકાળના દિવસમાં શરદી થવાથી કેટલીકવાર આ વરમ થઈ આવેછે. અતિ મૈથુનથી ગર્ભાશયને ક્યાસ્ટિક આદિ દવા લગાડવાથી, અથવા સળી નાખવાથી અને ગરમીથી ઓવરીનો જીર્ણ વરમ થાયછે. જીર્ણ વરમ એક અથવા બેઉ ઓવરીનો સાથે થાયછે.

ચિન્હઃ—પેડુ તથા કમરમાં મંદ દુઃખાવો થાયછે; એક અથવા બેઉ જાંગમાં દુઃખે છે, આર્તવ થોડો અને કષ્ટથી આવેછે; મોળ, ઉલટી, તથા અજીર્ણ જણાયછે. હિસ્ટીરિયાનાં કેટલાંક ચિન્હ જણાયછે. પેશાબ ઘણીવાર કરવો પડેછે. કોઈવાર પ્રદર માલૂમ પડેછે. મૈથુન વેળા પીડા થાયછે. યોનિમાં તપાસ કરતાં વરમવાળી ગાંઠ એક અગર બેઉ બાજુએ સૂજેલી લાગશે તથા દાબવાથી દુખશે.

ઉપાયઃ—આ વરમવાળી ઓરત ઘણુંકરી નાજુક તબીયતની હોયછે, માટે શક્તિ આવે એવો ખોરાક આપવો. તેણે પેટ તથા પેડુ ઉપર શરદીથી બચાવા માટે ગરમ ફલાલીન (ફલાનલ)નું કપડું વીંટી રાખવું. અઠવાડીયામાં એકથી બેવાર ગરમ પાણીમાં બેસવું. થંડા પાણીથી નહાવું નહિ. બનતાં સૂધી સ્ત્રીએ વિષયથી દૂર રહેવું. અને તેને નીચેની દવા આપવી.

નં. ૨૮. ક્લોરેટ પોટાસ... .....૨૦ ગ્રેન. પાણી........... ૧ ઔંસ.

આ દવાને મિશ્ર કરી દિવસમાં ચાર વખત આપવી. એનાથી ફાયદો ન થાય તો આયોડાઈડ પોટાસના ૫ ગ્રેન દિવસમાં ત્રણ વખત આપવા. ઘણું દરદ થતું હોયતો તેની સાથે ૫ ટીપાં ટિંક્ચર એકોનાઈટનાં નાંખતા રહેવું. કોડલીવર ઓઇલ પાચન થઈ શકે તો સારો ફાયદો કરેછે. યોનિમાં આયોડાઇડ ઓફ લેડ તથા બેલાડોનાની સોગઠી પહેરવી. કમર દુખતી હોયતો તેપર બેલાડોનાનું પ્લાસ્ટર મારવું. પેડુ ઉપર સ્ત્રીઅંડને ઠેકાણે બ્લિસ્ટર મારવું.

સ્ત્રીઅંડનું જળંદરઃ—સ્ત્રીને ઓવરીની અંદર પ્રવાહી પદાર્થનો જમાવથઇ વૃદ્ધિ પામે છે તથા તેને લીધે જળંદરની પેઠે પેટ મોટું થાય છે. ઓવરીના સંબંધમાં આ એક પ્ર-

કારની રસોળી થાયછે એમ કહીયે તોપણ ચાલે. આ એકજ રસોળી મોટી થાયછે. બહુ રસોળી હોય ત્યારે એક મોટી હોયછે તથા બાકીની નાની હોયછે. તે જુદી હોયછે અથવા એકની અંદર એક હોયછે. એકજ રસોળી હોય તો તેની અંદર ઘણુંકરી પાણી જેવો પ્રવાહી પદાર્થ હોય છે, ને તે પાણીમાં આલબ્યુમિન હોયછે, બહુ રસોળીની અંદર ઘણું કરી જાડો ચીકણો કાળા રંગનો સ્નિગ્ધ પ્રવાહી પદાર્થ હોયછે. આ વ્યાધિ ૨૦ થી ૪૦ વરસની વયની સ્ત્રીને વિશેષે કરી થતો જોવામાં આવે છે. પરણેલી સ્ત્રીને તેમજ કુંવારીને તે થાય છે.

ચિન્હ:—પ્રારંભમાં ઘણું કરી તેનાં કાંઇજ ચિન્હ માલૂમ પડતાં નથી. રસોળી જ્યારે વધીને પેડુમાંથી પેટમાં આવેછે ત્યારે માત્ર સ્ત્રીને પેટ મોટું લાગવા માંડેછે, અને તે પણ ગર્ભથી, વાયુથી અથવા ચરબીથી મોટું થાયછે એવી ભૂલ ખવરાવેછે. પેડુની અંદર રસોળી હોય ત્યારે કવચિત ઝાડો અથવા પેસાબ કમી અગર જાસ્તી થવાનાં ચિન્હ જણાયછે. કમર દુએછે, અથવા ચસકા આવેછે. પણ આવાં ચિન્હ સ્ત્રીને ઘણા પ્રકારની વ્યાધિમાં સાધારણ થાયછે, તેથી તેમનાપર વિશેષ લક્ષ દેવામાં આવતું નથી. ઘણી વાર આર્તવ બરાબર આવેછે, કેટલીક વાર કમી આવેછે, અને કોઇવાર મુદ્દલ આવતો નથી. જ્યારે રસોળીથી પેટ બહુ મોટું થઈ આવેછે ત્યારે માત્ર થોડું ઘણું દરદ થાયછે. ઓરતની શકિત કમી થાયછે, તથા શરીરે તે દુર્બળ જણાયછે. અજીર્ણ તથા મળાવરોધ થાયછે. બહુવાર પેશાબ કરવો પડેછે, અને થોડો ઘણો શ્વાસ થાયછે. જળંદરની માફક પેટ મોટું થઈ જાયછે, એક બાજુએ ઠોકવાથી પેટની સામી બાજુએ પ્રવાહીનો પ્રત્યાઘાત લાગેછે. ઠોકવાથી ચોમેર બોદો (ખોખરો) અવાજ નીકળેછે. કેટલાક વખત પછી પગે સોજા ચઢેછે અને ત્યારથી નબળાઈ, શ્વાસ, મંદાગ્નિ, નિદ્રાનાશ, ઈત્યાદિ ચિન્હ થઈ તે સ્ત્રીની જીંદગીને ધક્કો પહોચેછે.

આ ઓવરીના જળંદરને પારખવો અવશ્યનોછે. સાધારણ જળંદરથી તથા પેટના કેટલાક બીજા વ્યાધિથી તેને ઓળખી શકાયતોજ તેના ઉપાય થઇ શકે. પેડુની અંદર હોય ત્યારે આ રસોળીની ગાંઠ યોનિમાં તપાસતાં એક બાજુએ લાગેછે. તે વધીને નાભી લગી આવે એટલે પેડુનો બધો ભાગ ઘણું કરી બેઉ બાજુએ ભરેલો લાગેછે, અને કઈ બાજુની ગાંઠછે તે પણ કેટલીકવાર કહી શકાતું નથી.

નીચેની નિશાનીથી ઓવરીના જળંદરને ઓળખવું. એ વ્યાધિને લીધે પેટ ભરાઈ રહેછે. ઘણું કરીને પેટ એક સરખું ગોળાકાર હોયછે. બહુ રસોળી હોય તો કદાચિત કોઈ ઠેકાણે ઊંચું નીચું માલૂમ પડેછે. સ્ત્રી ઉભી હોય અથવા ચત્તી સૂતી હોય ત્યારે ગાંઠ આગળ માલૂમ પડેછે. બેઉ પડખાં ફૂલેલાં હોતાં નથી. પેટ ઉપર કાળી નસોની રેખાઓ દેખાયછે, પેટપર દાબવાથી તે સખ્ત લાગેછે. એકજ રસોળી હોય ત્યારે પ્રત્યાઘાત સ્પષ્ટ જણાયછે. બહુ રસોળી હોય તો કમી જણાયછે. ઘણું કરી પાસામાં પ્રવાહીનો ભરાવો લાગતો નથી, પણ રસોળી ઘણી મોટી થઇ હોય અગર તેની સાથે પેટનું થોડું સાધારણ

જળંદર હોય તો પડખામાં પણ પ્રવાહીનો ભરાવો લાગેછે. અંદરનો પદાર્થ ઘણો ચીકણો હોય અથવા રસોળીનું પડ ઘણું જાડું હોય તો પ્રત્યાઘાત ઓછા માલૂમ પડેછે, પેટપર ઠોકવાથી બોદો અવાજ આવેછે. પણ ક્વચિત એકાદ આંતરડું તેની ઉપર આવેલું હોય, અથવા તેને ફોડ્યા પછી અંદર હવા પેસી ગઈ હોય, તો માત્ર અપવાદ તરીકે પોકળ અવાજ આવેછે. બોદો અવાજ ચોમેરથી આવેછે, અને બાયડીના સૂવા બેસવાથી તેમાં ફેરફાર થતો નથી.

ઉપાયઃ—ઓવરીનું જળંદર ઔષધિથી મટતું નથી; જળંદર સાધારણ કદનું હોય, તથા તબિયત દુરસ્ત હોય, તો કાંઈ ઉપાય કરવાની જરૂર નથી. પણ તેના ભારને લીધે મુશીબત વેઠવી પડતી હોય, શ્વાસ લેવામાં હરકત આવતી હોય, તથા તંદુરસ્તીમાં બીગાડ જણાતો હોય, તો તેના બે ઉપાય છે. તેને ફોડવું અથવા પેટ ચીરીને બધું કાઢી નાંખવું.

જળંદરને ફોડવાનું કામ ઘણું સહેલું છે. ફોડ્યા પછી ક્લોરેટ પોટાસ તથા આયોડાઇડ પોટાસ ઘણા દિવસ આપ્યાં કરવા. ફોડ્યા પછી વરસ બે વરસમાં પાછું ભરાયછે તેમ નહી થવા દેવાના બે ઉપાય છે. એકતો ફોડેલ ઠેકાણે અંદર નળી પહેરી રાખવી એટલે તેમાંથી પાણી નીકળ્યાં કરશે. બીજો ઉપાય એછેકે તેને ફોડીને તરત તેની અંદર આયોડીનની પીચકારી મારવી. પીચકારી મારવા છતાં પણ કેટલીકવાર ફરી ભરાય છે. આ બેઉ ઉપાયમાં પેટનો વરમ થઇ આવવાનો ભય રહેછે, અને તે બેઉ એક રસોળીને લાગુ પડેછે. બહુ રસોળી હોય તો નકામા થઇ પડેછે.

જળંદર ફોડવાની રીતઃ—ઓરતને ઝાડો તથા પેસાબ કરાવી, બીછાનાની ઇસપર બેઉ પગ પહોળા રાખી, બેસાડવી. તેની પાછળ એક આદમીએ બેશી આંખો દાબી રાખવી, અને પેટ પર કપડું વીંટી બેઉ બાજુના છેડા પકડી રાખવા. આર તથા નળીનું એક શસ્ત્ર થાયછે તેને તેલ લગાડી પેટપર મધ્ય રેખામાં નાભિથી સુમારે બે ઈંચ નીચે અંદર દાખલ કરવું. બાદ આર કાઢી લેવી એટલે નળીમાંથી પ્રવાહીની ધાર છૂટશે. તેને વાસણમાં ઝીલી લેવી. જેમ પ્રવાહી નીકળતો જાય તેમ પાટો બેઉ બાજુથી ખેંચતાં રહેવું. નીકળી રહ્યા પછી નળી કાઢી લેઈ છિદ્રની ઉપર પટી મારવી અને પાંટો બાંધી લેવો.

પેટ ચીરીને ઓવરીની રસોળી કાઢી લેવાથી તે ફરી થતી નથી, પણ તેમ કરવામાં કેટલુંક જોખમછે, તથાપિ આ જળંદરથી શરીર ક્ષીણ થવા માડેછે અને ફોડવાથી ફાયદો થતો નથી ત્યારે કાપી કાઢવા સિવાય આયુષ્ય બચાવવાનો બીજો ઇલાજ નથી.

કાપી કાઢવાની રીતઃ—સ્ત્રીને ટેબલ પર સૂવાડીને, ક્લોરોફોર્મ આપી નાભિની નીચે મધ્ય રેખામાં સુમારે છ ઈંચનો લાંબો છેદ ત્વચામાં મૂકવો. ત્યાર પછી એક પછી એક પડ કાપી રસોળી આવે તેને ફોડવી. પાણી નકળી જાય એટલે તેને બહાર કાઢી લેવી. એ રસોળી કોઈ ઠેકાણે ચોટેલી માલૂમ પડેતો આસ્તેથી જુદી પાડી કહાડી લેવી. મદદગારે આંતરડાંને એવી રીતે દાબી રાખવાં કે તે બહાર ન આવે. રસોળીને બહાર કાઢ્યા પછી તેના મૂળને દોરો બાંધી કાપી લેવાયછે, અને કોઇ તેને ખરી પડે ત્યાં સૂધી ચાંપમાં

દાબી રાખેછે. પેટની અંદર લોહી અથવા પાણી કંઈ ઢોળાયું હોય તેને વાદળીથી સાફ કરી, જખમને સીવી લેવો, અને ક્યાર્બોલિક તેલની પટી મારી ઉપર મજબૂત પાટો બાંધી લેવો. ખાવાને ફકત દૂધ, કાંજી, વગેરે પ્રવાહી પદાર્થ આપવા. ચાર ચાર કલાકે અરધો દ્રામ લાઈકર મોરફીયા આપવો, પેટમાં દુખાવો થાયતો શેક કરવો, અથવા અળશીની પોટીસ મારવી. થોડા દિવસમાં જખમ રૂઝાય એટલે પાટો વગેરે રાખવાની જરૂર રહેતી નથી. કહેલીકવાર શસ્ત્ર ક્રિયાના ધક્કાથી અથવા પાછળના વરમથી મૃત્યુ નીપજે છે.

प्रसव प्रकरण

भाग १ मो.

બસ્તી.


(પેલ્વીસ.)

સ્ત્રીના ખાસ વ્યાધિ તથા પ્રસવક્રિયા સમજવાને સારૂ સ્ત્રીના ગુહ્ય શરીરની માહિતી અવશ્યનીછે. ગુહ્ય શરીર પેટની નીચેનો ભાગ જેને પેડુ કહેછે તેની અંદર આવેલું છે. આ ભાગને બસ્તિ પ્રદેશ કહેછે. ગુહ્યાવયવના એક અંતર અને બીજો બાહ્ય એવા બે વિભાગછે. અંતરાવયવ બસ્તિની અંદર રહેલાંછે. તેમાં ગર્ભાશય, તેનાં બંધન, સ્ત્રી-અંડ, તથા યોનિનો સમાવેશ થાયછે. અને બાહ્ય વિભાગમાં યોનિદ્વાર, યોનિલિંગ, યોનિ-પટલ યોનિઓષ્ટ, અને કેશભૂ આવેછે.

ગુહ્યાવયવનું વર્ણન સમજવાને માટે બસ્તીની રચના જાણવી અવશ્યછે. બસ્તિ એક બેડોળ આકારનું હાડપિંજરછે. નીચે તેના સંબંધમાં બેઉ જાંગછે. અગ્રમાં પેટનો ભાગ, અને પશ્ચાતમાં બરડાનો કણા તેપર ટેકી રહેલા છે. બસ્તિના ચાર જુદા જુદા અસ્થિછે. પાછળ કણાની નીચે "સેક્રમ" અને તેની નીચે "કાકસીક્ષ"છે. તેનાં સંસ્કૃત નામ અનુક્રમે ત્રીક્ અને ગુદાસ્થીછે. દરેક બાજુએ અને આગળના ભાગમાં એક મોટું અસ્થિછે. બાજુનું અસ્થિ મોટી વયમાં એક સંબંધ જોવામાં આવેછે, પણ બાલ્યાવસ્થામાં બાજુના અસ્થિના ત્રણ જુદાજુદા કકડા હોયછે, તે સંધાઇ જઇને મોટી ઉમરે એક અસ્થિ થાયછે. તે ત્રણમાં ઉપર એક પાંખની માફક બાજુએ અને પાછળના ભાગમાંછે તેને "ઇલ્યમ" (નિતંબાસ્થિ) કહેછે. આગળના ભાગમાં જે પાતળું સાંકડું અને નાનું હાડકુંછે તેને "પ્યુબીસ" (વંક્ષણાસ્થિ) કહેછે, અને નીચેછે તેને "ઇસ્કીયમ" (આસ્નાસ્થિ) કહેછે. સામ સામેના બેઉ પ્યુબીસ આગળ મળેછે તેને "પ્યુબીક સંધિ" કહેછે. પાછળ દરેક બાજુએ સેક્રમ અને ઇલ્યમનો સંયોગ થાયછે તેને ડાબો અને જમણો "સેક્રમ ઇલ્યાક સંધિ" કહેછે; અને તે સિવાય સેક્રમ અને કાકસીક્ષના સંયોગનો સંધિછે. આ સર્વે સાંધાઓમાં ફક્ત આ છેલ્લો સંધિ હલેછે. અને બાકીના અચળછે. પ્યુબીસ અને ઇસ્કયમની વચ્ચે એક છીદ્રછે તેને "થાઇરોઇડ" છીદ્ર કહે છે. સ્વભાવિક સ્થિતિમાં તે એક પડદાથી ઢંકાયેલ હોયછે. બહારની બાજુ પ્યુબીસ, ઇસ્કીયમ તથા ઇલ્યમનો જ્યાં સંયોગ થાય છે ત્યાં એક ખાડો રહેછે, તેને "આસેટાબ્યુલમ" કહેછે અને આ ઠેકાણે જાંગના અસ્થિનો સાંધો મળેછે.

આકૃતિ ૮૦

સ્ત્રીનું બસ્તિ પિંજર.



સ્ત્રીનું બસ્તિ પિંજર પુરૂષના બસ્તિ પિંજર કરતાં જાસ્તી પહોળી છાછરી અને હલકી હોયછે.

આ પ્રમાણે બસ્તિનું જે હાડપિંજરછે, તેનો ઉપરનો ભાગ જે બે પહોળી પાંખ જેવા ઇલ્યમની વચ્ચેછે તે ખરી બસ્તિમાં ગણાતો નથી. તેને **ખોટી બસ્તિ** કહેછે. તેમાં પેટનાં આંતરડાં તથા બીજા અવયવ રહેછે. પણ તેની નીચેનો પોકળ ભાગ કે જેમાં ગર્ભાશય, મૂત્રાશય, ગુદા, અને યોનિનો સમાસ થાયછે તેને **ખરો બસ્તિ પ્રદેશ** કહેછે. તે ઉપર કહેલા અવયવો તથા બીજી સ્નાયુ બંધનોથી સર્વસ્વ ભરેલોછે. તેના ઉપરના દ્વારને **આગમન દ્વાર** અને નીચેના દ્વારને **નિર્ગમન દ્વાર** કહેછે. આ બેઉ નામ ગર્ભના સંબંધથી પડેલા છે, કારણ કે પ્રસવકાળે ગર્ભને આગમન દ્વારમાં દાખલ થઈ, બસ્તિ પ્રદેશ વટાવી, નિર્ગમન દ્વારથી બહાર આવવાનું થાયછે.

આગમન દ્વારઃ—કાંઇક ગોળાકાર છે. પણ પાછળ સેક્રમનો શિખર છેડો આગળ ધસી આવેલો હોયછે, તેને "સેક્રલ પ્રોમોન્ટરી" કહેછે. આ દ્વારના ચાર વ્યાસ છે.

પૂર્વ પશ્ચિમ વ્યાસઃ—પ્યુબિક સંધિથી સેક્રમ શિખર સુધીછે. તે સુમારે ૪$\frac{1}{2}$ ઇંચછે.

ઉત્તર દક્ષિણ વ્યાસઃ—૫$\frac{1}{2}$ ઇંચ છે. તે એક બાજુથી બીજી બાજુ મપાય છે.

તિરકસ વ્યાસઃ—દરેક બાજુનો એકેક ગણાયછે. તિરકસ વ્યાસ એક જમણો ને બીજો ડાબોછે, ને જમણા અગર ડાબા સેક્રમઇલ્યાકસંધિથી માપવામાં આવેછે. તે દરેકની લંબાઈ ૪$\frac{3}{4}$ ઇંચ હોયછે.

નિર્ગમન દ્વારઃ—અનિયમીત આકારનું છે. તેનો આગળનો ભાગ બેઉ પ્યુબીસની વચમાં આવેલો છે. તે દરવાજાના જેવો ત્રિકોણ આકાર છે તેને **પ્યુબીસની કમાન** કહે છે. નિર્ગમન દ્વારની બંને બાજુ આસ્નાસ્થિછે અને પાછળ ગુદાસ્થિ તથા બીજાં બંધનો છે. તેના ચાર વ્યાસનું પ્રમાણ નીચે પ્રમાણે છે.


પૂર્વ પશ્ચિમ વ્યાસ	૫	ઇંચ.
ઉત્તર દક્ષિણ વ્યાસ........................	૪$\frac{1}{2}$	,,
દરેક તિરકસ વ્યાસ........................	૪$\frac{3}{4}$	,,

આ ઠેકાણે પૂર્વ પશ્ચિમ વ્યાસની લંબાઇ ફક્ત પાંચ ઇંચ આપીછે. પણ તેની લં-

બાઈ પાંચ ઈંચ ઉપરની થઈ શકેછે કારણ કે કોકસીક્સની અંદરે દબાણ થવાથી, તે પાછળ હઠેછે અને તેથી વ્યાસમાં વધારો થાયછે.

નિર્ગમન અને આગમન દ્વારની વચ્ચેના માર્ગને બસ્તિપ્રદેશ અગર બસ્તિકક્ષા કહેછે. આ કક્ષા આગળથી છાછરી છે તથા બંને બાજુ અને પાછળ ઊંડીછે. પાછળના ભાગમાં સેક્રમ છે તે અંજલી આકાર અંતરગોળ છે. કક્ષાના ત્રણ વ્યાસ છે.

પૂર્વપશ્ચિમ વ્યાસ ....૫$\frac{1}{2}$ ઈંચ છે.
ઉત્તરદક્ષિણ વ્યાસ.........૪$\frac{3}{4}$,,
દરેક તિરકસ વ્યાસ ......૫$\frac{1}{4}$,,



આકૃતિ ૮૧.

બસ્તીપીંજરના પૂર્વ પશ્ચીમ, ઉત્તર દક્ષીણ અને તીર્યક વ્યાસ માપવાની દિશાઓ તથા સ્થળ.

કક્ષાની ઊંડાઈ અગ્રભાગમાં ૧$\frac{1}{2}$ ઈંચને આશરે છે, તથા બાજુ ૩$\frac{1}{2}$ ઈંચ અને પાછળ ૫ થી ૬ ઈંચ છે.

બસ્તિના આકારનો જુજ ખ્યાલ આવવા માટે માણસે પોતાના બંને હાથની આંગળીયો થોડી પહોળી રાખી મેળવવી, અને બીજી તરફ અંગૂઠાને મેળવવા, એટલે જે સામાન્ય આકાર થશે તે બસ્તિનો ખ્યાલ આપશે. અંગૂઠાને બસ્તિ અગ્રભાગ સમજવો અને આંગળીઓને પાછળનો ભાગ જાણવો.

બસ્તિના વ્યાસ ઉપર આપેલાછે તે હાડકાંની સૂકી બસ્તિના વ્યાસ સમજવા.સ્વભાવિક સ્થિતિમાં સ્નાયુ બંધન વગેરે હોય ત્યારે જુજ તફાવત હોયછે. બસ્તિ ગોળ નળી આકાર નથી અને તેની ધરીની રેષા કાઢીએ તો તે બસ્તિની મધ્યમાં સેક્રમના અંતર ગોળને સમાંતર જાયછે. યોનિ તથા ગુદા પણ તેવીજ અંતર ગોળ દશામાં રહેલાંછે.

સ્ત્રીના ગુહ્ય બાહ્યાવયવને માટે યોનિ સંજ્ઞાછે. તેના જુદાજુદા વિભાગ નીચે પ્રમાણે છે.

ગુહ્યકેશભૂ (મોન્સ વિનેરીસ):—યોનિના ઉર્ધ્વ ભાગમાં પ્યુબીસ ઉપર જે ઊંચો ભાગછે તેને કેશભૂ કહેછે. ત્યાં ત્વચાની હેઠળ ચરબીનો જમાવ હોયછે. તે ત્વચા ઉપર યુવનાવસ્થામાં કેશ આવેછે.

યોનિ ઓષ્ટ (લેબ્યા):—યોનિની બંને બાજુએ બબે ઓષ્ટછે.તેમાં એક બહારનો ઓષ્ટ તે ત્વચાની ઘડીનો બનેછે, અને કેશભૂથી યોનિની પશ્ચિમ સીમા પર્યંત જાયછે. તે મ્હોટો હોવાથી તેને **પૃથુ ઓષ્ટ** (લેબ્યા માજોરા) કહેછે, અને તેની અંદરની બાજુ બીજો નહાનો કરચલીવાળો શ્લેષ્મ પડનો ઓષ્ટછે. તેને **લઘુઓષ્ટ** (લેબ્યા માયનોરા) કહેછે. તેની બેઉની


અંદર કેટલાક રસોત્પાદક પિંડછે. યોનિલીંગ તથા યોનિ મુખની વચમાં એકત્રિ કોણાકાર જગ્યા હોયછે, તેને "વેસ્ટબ્યુલ" કહેછે.

યોનિલિંગઃ—યોનિના ઉર્ધ્વ ભાગમાં યેનિ ઓષ્ટની વચમાં એક ત્રીકોણાકાર ઉંચો ભાગછે તેને યોનિલિંગ કહેછે. તેનો આકાર, સ્થળ અને બાંધો પુરૂષના લીંગને કેટલીક રીતે મળતો છે.

મૂત્રમાર્ગઃ—યોનિદ્વારની ઉપરજ એક ગોળાકાર કિનારીની મધ્યમાં મૂત્રમાર્ગનું છિદ્ર છે. સ્ત્રીના મૂત્રમાર્ગની લંબાઈ $1\frac{1}{2}$ ઇંચછે.

યોનિદ્વારઃ—યોનિ ઓષ્ટની વચમાં યોનીદ્વારછે. યોનિદ્વારની પશ્ચિમમાં મળદ્વાર પર્યંતના પ્રદેશને **બેસાણી** (પેરીન્યમ) કહેછે. તેની વચમાં શીવણીની રેષા છે.

યોનિપટલ (હાઇમેન):—કુમારી અવસ્થામાં યોનિદ્વાર ઉપર એક પડદો હોયછે, અને તે ઘણું કરી અર્ધચંદ્રાકાર હોયછે, તે અર્ધચંદ્રાકારની અંતરગોળ દીશા પૂર્વ તરફ હોયછે, અને તે ઠેકાણે યોનિ માર્ગમાં જવા થોડી જગા રહેછે. કોઇવાર આ પટલ સંબંધ હોય છે, અને યોનિદ્વાર પ્રથમ ગમન અગર આર્તવકાળ પર્યંત કેવળ બંધ રહેછે. પહેલાં આ પટલની હયાતિને સ્ત્રીનીકુમારી અવસ્થાની નિશાની માનવામાં આવતી હતી. પણ હવે તેમ માનવામાં આવતુ નથી, કારણ કેટલીકવાર સહેજ ધકો લાગવાથી તે પડ ફૂટી જાયછે અને કેટલીકવાર સ્ત્રી સગર્ભા છતાં તે પડ હયાત હોયછે.



આકૃતિ ૮૨.

સ્ત્રીના બસ્તી અવયવ-મુત્રાશય, મુત્ર માર્ગ, યોનિ અને ગર્ભાશય, ગુદદ્વાર અને રેકટમ.

O રેકટમ.

Va યોનિમાર્ગ.

સ્ત્રીના ગુહ્ય અંતરાવયવ.

યોનિ માર્ગ (વજાઇના):—યોનિદ્વારથી જે ગર્ભાશય પર્યંત ગમન માર્ગછે તેને યોનિ અગર યોનિમાર્ગ કહેછે. તેની લંબાઈ ચારથી છ ઇંચ હોયછે. કેટલીકવાર તેથી ન્યુનાધિક પણ

જોવામાં આવે છે. તેની દશા બસ્તિ પ્રદેશની ધરી પ્રમાણે વક્રછે. તેને નીચેને છેડે એક સંકોચક વર્તુલ સ્નાયુછે. તેની અંદરનો છેડો ગર્ભાશય ગ્રીવાને લાગેલો છે. ગ્રીવાનો ભાગ તેની અંદર છે માટે તે બેઉની વચ્ચે વર્તુલાકાર દ્રોણી છે. યોનિની પૂર્વ પશ્ચિમ બાજુ સાધારણ એકમેકને લાગી રહેછે, તેનામાં સંકુચિત અને પ્રસરણ થવાનો ગુણ છે. તેના પૂર્વ પશ્ચાત અંગમાં ઉભી એક સીવણી છે. તેની બંને તરફ કરચલી પડી રહેછે.

યોનિનું અંતરપડ શ્લેષ્માવરણનું છે અને બહાર સ્નાયુ આદિ છે. શ્લેષ્માવરણની કરચલીને લીધે પ્રસવ સમયે તેને વિસ્તૃત થવાને બની આવે છે. અંતર પડપર ચપટ એપીથીલ્યમનું અસ્તરછે, જેમાંથી આસિડ શ્લેષ્મ નીકળેછે.

યોનિના પૂર્વ ભાગમાં મૂત્રાશય તથા મૂત્ર માર્ગ અને પશ્ચાત્ ભાગમાં ગુદા આવેલાંછે.

ગર્ભાશય (યુટરસ):—આ સાધારણ બસ્તિ પ્રદેશમાં મધ્યોમધ્ય છે.તેનો આકાર એક ચપટા જામફળને મળતોછે. તેની લંબાઇ સુમારે ૩ ઇંચ, પહોળાઇ ૧½ ઇંચ, તથા જાડાઇ ૧ ઇંચછે. વજનમાં સુમારે પાંચથી દસતોલા હોયછે. ગર્ભાધાન સ્થિતિમાં તેનું કદ અને વજન અતિશય વધી પડેછે.

ગર્ભાશયનું બાહ્યાવરણ "પેરીટોન્યમનુંછે, આ પેરીટોન્યમ ગર્ભાશયના આગળ તથા પાછળ મૂત્રાશય અને ગુદાની વચમાં ઉતરે અને પાછું તેમના ઉપર ચઢેછે તેથી તે બેઉ ઠેકાણે દ્રોણી આકાર ખાડા થાયછે. ગર્ભસ્થાન તથા ગુદા વચ્ચેનો દ્રોણ વિશેષ ઊંડોછે. ત્યાં પેરીટોન્યમ યોનિના ઉપલા દોઢ ઇંચ પર્યંત ઉતરેછે. અને તે ગર્ભાશયના બંધન તરીકે ઉપયોગી છે. ગર્ભાશયની બંને બાજુ તે પેરીટોન્યમની ઘડી પડી બસ્તીની બાજુને લાગી રહેછે. આ બેઉ ઘડીને ગર્ભાશયના **પ્રથુબંધન** કહેછે. તેની અંદર ગર્ભાશયનાં ઉપાંગ રહેછે.

ગર્ભાશયનો નીચેનો છેડો યોનિના સંબંધમાં આવેલોછે. તેને **ગ્રીવા*** (સરવીક્ષ) અગર **કમળ** કહેછે. તેની મધ્યમાં **કમળ મુખ** (આસ) છે તેને **કમળ બાહ્ય મુખ** પણ કહે છે, અને જ્યાં ગ્રીવા તથા ગર્ભસ્થાનનો અંદરનો ભાગ મળેછે તેને **અંતર્મુખ** કહેછે.

ગર્ભાશયની અંદરનો પ્રદેશ ત્રિકોણાકાર છે. તેના ઉર્ધ્વ ભાગમાં ફળવાહિનીના સંયોગનાં છિદ્ર છે.

ગર્ભાશયની આગળ મૂત્રાશય છે, તથા પાછળ ગુદ અને બંને તરફ તેનાં ઉપાંગ, તથા પૃથુબંધન છે, અને નીચે યોનિ તથા ઉપર આંતરડાંછે.

ગર્ભાશયનાં ત્રણ આવરણછે. બહાર પેરીટોન્યમ (રસ પડ)નું આચ્છાદન છે, તેની અંદર શ્લેષ્માવરણ છે. આ આવરણમાં કેટલાક પ્રકારના રેસોત્પાદક પિંડ છે. યોનિ શ્લેષ્માવરણ કરતાં આ આવરણ જરા જુદી તરેહનુંછે. તેપર લંબગોળાકાર એપીથલ્યમછે, અને તેપર રૂવાટાં આવેલછે. તેનું શ્લેષ્મ "આલકલીન"છે. તેમાં સૂક્ષ્મ દર્શકથી જોતાં બારીક ગ્લાંડના ખાડા માલમ પડેછે. દર ૠતુકાળે તથા ગર્ભાધાન કાળે તેમાં મહત્વના ફેરફાર થાયછે. તેનું વચલું આવરણ તે સ્નાયુપટ છે. ગર્ભાશયનું વિસ્તૃત તથા સંકુચિત થવાના ગુણનો આધાર તે ઉપર છે. સ્નાયુ તંતુ તેની સર્વ દિશામાં ગુંથાયેલ છે.


ગર્ભાશયનાં ત્રણ કામ જણાયછે. ૧ તેમાંથી આર્તવ વહેછે. ૨ ગર્ભને તે આશરો-

આપી વૃદ્ધિએ પહોંચાડેછે. ૩ ગર્ભની પૂર્ણ વૃદ્ધિ થયા પછી તે સ્નાયુવેગથી તેને બહાર ધકેલેછે અને આ પ્રમાણે જન્મ આપેછે.

ફલવાહિની (ફાલોપ્યન ટ્યુબ):—ગર્ભાશયની બંને બાજુ એકેક નળી હોયછે. તે સુમારે ચાર ઈંચ લાંબી તથા એક બારીક ક્વીલ જેવી જાડી છે. તે પૃથુબંધનની ઘડીની અંદર આવેલી છે, તેનો એક છેડો ગર્ભાશયના ઉર્ધ્વ ભાગને જોડાયલો છે તથા બીજો છેડો **શરણાઈ** જેવો પહોળો તથા ફુછડીયો વાળો હોય છે, અને તે છુટો રહે છે. દર મહિને જ્યારે સ્ત્રીઅંડમાંથી બીજ પરીપક્વ થઈ ફુટે છે, ત્યારે તે ઠેકાણે આ છુટો છેડો વળગી રહેછે અને ફુટીને છુટું પડે એટલે તે બીજ એ નળી વાટે ગર્ભાશયમાં વહેછે. દરેક ફલવાહિનીનાં ત્રણ આવરણ હોયછે. એક બાહ્યરસપડનું આવરણ, બીજું મધ્યમાં સ્નાયુ આવરણ, તથા ત્રીજુ અંદર શ્લેષ્માવરણ.


સ્ત્રીઅંડ (ઓવરી):—સંસકૃતમાં તેને અંતઃફળ કહેછે. ગર્ભાશયની દરેક બાજુ અકેક પૃથુ બંધનની વચમાં બદામાકાર એક સ્ત્રીઅંડ છે. તેની લંબાઈ ૧½ ઇંચ, પહોળાઈ ¾ ઇંચ અને જાડાઈ ½ ઇંચ હોયછે. તે વજનમાં સુમારે અડધો તોલો હોય છે. તેનું બાહ્યાવરણ રસપડનું છે અને તેનું બીજુ પડશ્વેત તંતુ ઘટિત છે. તેની અંદર અસંખ્ય બીજ અનેક અવસ્થામાં હોયછે. દરેક બીજ જેમ જેમ પરિપક્વ થાય તેમ તેમ તે અંતઃફળની મધ્યમાંથી બહારની બાજુ આવેછે. દરેક મહિને એકેક બી પુર્ણાવસ્થાને પહોંચી અંતઃફળની સપાટી ઉપર પ્રફુલિત થઈ ફુટેછે. તે વખત અંતઃફળ, ફળવાહિની, અને ગર્ભાશય વગરે ગુહ્ય અવયવ રક્તથી ભરપૂર હોયછે, અને આર્તવ પ્રવાહ થાય છે. બીજના બાહ્યપડ ફુટીને તે છૂટું પડેછે, કે તરતજ ફલવાહિનીનો છેડો તે સ્થળે વળગી રહ્યાં છે, તે રસ્તે થઇને બીજ ગર્ભાશય તરફ જાયછે. પુરૂષના શૂક્રનો સંયોગ થાય તો ગર્ભની ઉત્પત્તિ થાયછે, નહી તો આર્તવની સાથે બીજ બહાર વહી જાયછે.

આકૃતિ ૮૩.



જ્યારે ગર્ભ બંધાય ત્યારે એક મહીના ઉપર ઓવરીમાં રહેલા પીળા ડાઘની સ્થિતિ "ઓધાનનો પીળો ડાઘ".

આકૃતિ ૮૪.



જ્યારે ગર્ભ ન બંધાય ત્યારે એક મહીના ઉપર ઓવરીમાં રહેલા પીળા ડાઘની સ્થિતી "આર્તવનો પીળો ડાઘ."

બીજ ફૂટયા પછી અંતઃફળમાં તે ઠેકાણે એક ખાડો રહેછે અને બીજના બાહ્યપડ વગેરે જે રહેછે તેની કરચલી થઇ રહેછે. તેનું ચરબીમાં સ્થિત્યંતર થવાથી તે ભાગ પીળો દેખાયછે અને તેથી તેને "પીળો ડાઘ" (કૉરપસ લુટ્યમ) કહેછે. જો બીજનો સંયોગ શૂક સાથે થઈ ગર્ભ ઉત્પન્ન થાય, તો આ પીળો ડાઘ પણ વૃદ્ધિ પામેછે અને ચોથે મહિને અંતઃફળનો ½ અગર ⅓ ભાગ રોકેછે; અને ત્યાર પછી કમી થઈ, નવમે મહીને છેક નહાનો થઈ છેવટ તે નાબુદ થાયછે. પણ જો તે બીજમાંથી ગર્ભ ઉત્પન્ન ન થાય તો આ પીળો ડાઘ ત્રણ અઠવાડીયામાં થોડી વૃદ્ધિ પામી પછી સૂકાવા માંડેછે અને બે મહિનામાં નાબુદ થાયછે. માટે આ પીળા ડાઘની સ્થિતિ ઉપરથી ગર્ભ રહ્યોછે કે નહી તેની સાબિતીનો એક પુરાવો મળેછે.

ગર્ભાધાન પ્રકરણ.

(પ્રેગનન્સી.)

ગર્ભાધાનનો વિષય સમજવાને તેનાં ચિન્હ જાણવાની જરૂર છે. ઘણું કરી ગર્ભાધાનનો સાધારણ નિશ્ચય સર્વ લોકો કરી શકેછે, તોપણ કોઇવાર કાયદાની બાબતમાં, અથવા કોઇની આબરૂની બાબતમાં, તેનો પક્કો નિશ્ચય કરવો વિશેષ જરૂરનો થઈ પડે છે. વર્ણનની સગવડને માટે ગર્ભાધાનનાં લક્ષણના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે.

૧. પહેલા વિભાગમાં ગર્ભ રહે ત્યાંથી પહેલા ચાર મહિનાની અંદરનાં લક્ષણ આવી જાયછે. પ્રથમ ફેરફાર રક્તના સંબંધમાં માલૂમ પડેછે. કોઈ સ્ત્રીને ગર્ભ રહેતી વખત રોમાંચિત થાયછે. તે દિવસથી ચેહેરાનો દેખાવ ફરી જાયછે, અને આંખની આસપાસના ભાગમાં જરા કાળી પરીધી થાયછે. ચહેરો મંદ તથા શરીર કૃશ થઇ જાયછે. નાડી થોડી જલદ ચાલેછે અને લોહી કેટલેક દરજ્જે પાતળુ થઈ તેના રાતા કણ કમી થાયછે, અને ફ્રીબ્રીન વધે છે. યોનિની અંદરનો ભાગ જરા રતાશવાળો થઈ જાય છે. કમળ પણ જરા પ્રફુલ્લિત, નરમ તથા સ્નીગ્ધ થાયછે. દસ્તાન બંધ થઈ જાયછે. ગર્ભાધાનનું આ ચિન્હ સાધારણ મૂખ્ય અને સર્વ માન્ય છે. તોપણ આ ચિન્હ માટે કેટલાક અપવાદછે. કેટલીકવાર એવાં ઉદાહરણ મળી આવેછે કે સ્ત્રીને વાસ્તવિક ગર્ભ હોવા છતાં પણ દસ્તાન જારી રહેછે. તેમજ બીજી તરફથી ગર્ભસ્થાન અને સ્ત્રીઅંડની વ્યાધિ તથા બીજા કેટલાક રોગમાં હમેલના સંબંધ સિવાય રતુ બંધ રહેછે. વળી દસ્તાનનો કાળ ન હોવા છતાં ગર્ભ રહેછે એવા પણ દાખલા મળી આવેછે; જેમકે બચ્ચું જન્મ્યા પછી થોડા મહિના દસ્તાન આવતું નથી દરમીયન બીજો ગર્ભ રહેછે એટલે આ નિશાની આવે વખતે નકામી પડેછે.

ઊલટી અથવા ઓકારી એ પણ ઓધાનનું એક સામાન્ય ચિન્હ છે. ઓધાનવાળી ઘણી સ્ત્રીઓને સવારમાં ઊઠે કે તરતજ મોળ અગર ઊલટી થવા માંડેછે. કોઇને જમ્યા પછી અગર દિવસના કોઈ પણ ભાગમાં વમન થાયછે. ઘણું કરી ઓધાનનાં ચાર અ-

થવા ૭ અઠવાડીયાં ગયા બાદ આ પ્રમાણે ઊલટી થવા માંડેછે અને તે ચોથા અગર પાંચમા મહિના સૂધી રહેછે. કેટલીકને તેથી પણ જલદી શરૂ થાયછે અને વધારે કાળ સૂધી જારી રહેછે. ક્વચિત્ ઘણીજ સખ્ત ઊલટી થાયછે, કેટલાક દિવસ સૂધી અન્ન પેટમાં બિલકુલ ટકતું નથી, અને છેવટે લાચારીથી ગર્ભપતન કરવા ફરજ પડેછે. ક્ષુધા કોઈ વખ્ત વધારે લાગેછે, અને કોઈ વખ્ત ખાવા ઉપરથી મન ઉતરી જાયછે. કેટલીકવાર અભક્ષ્ય ચીજોપર મન દોડેછે.

કોઇને ઊનવાની માફક ઘણી વખ્ત પેશાબ કરવાની હાજત થાયછે. કોઇને ઝાડો થઈ જાયછે. પણ ઘણું કરી મળાવરોધ વિશેષ જોવામાં આવેછે. કેટલીક સ્ત્રીઓનો સ્વભાવ બદલાઈ જાયછે. કોઇનો સ્વભાવ ચીરડાઉ તથા ફિકરમંદ થાયછે. કોઈ વધારે શાંત થાયછે. કેટલીક સ્ત્રીયોને હમેલના વખ્તમાં માથુ દુખવાની અથવા દાંત અગર શરીરના બીજો કોઈ ભાગમાં ચસકા આવવાની નિયમિત વ્યાધિ હોયછે. કેટલીક ઓરતને જેમ પારાની દવાથી મોં આણ્યું હોય તેમ થુંક વહેછે.

ઓધાનવાળી સ્ત્રીનો પેશાબ બે ત્રણ દિવસ રાખ્યો હોયતો તેમાં "કીસ્ટીન" નામના એક જાતના પદાર્થની છારી બંધાયછે. તેને કેટલાક લોકો ઓધાનની ખાસ નિશાની ગણે છે. આ પદાર્થ ચરબીની જાતિનો છે.

૨. બીજાવિભાગમાં ચોથામહિનાથી તે નવમા મહિના સૂધીનાં ચિન્હનો સમાવેશ થાયછે.


સ્તનની અંદર કેટલાક ફેરફાર થાયછે. સ્તન બીજે અગર ત્રીજે મહિનેથીજ વૃદ્ધિ પામેછે, અને જરા ઘટ્ટ થાયછે. તેના ઉપર કાળી નસો દેખાયછે, અને કેટલીકને ઉપરની ત્વચા તણાઇને તે ઉપર "સુભ્ર રેખા" પડેછે. સ્તનાગ્ર ભાગ જેમ જેમ દિવસ ચઢતા જાયછે તેમ તેમ વધારે મ્હોટો અને કાળો થતો જાયછે. આ કાળા ભાગ ઉપર બારીક ગુલાબી દાણાદાર બિંદુ ઊપડી આવેછે, અને તે ભાગ વધારે નરમ તથા સ્નીગ્ધ થાય છે. ડીંટડી પણ વધારે કાળી અને પ્રફુલ્લિત થાયછે. તેને દાબવાથી સફેદ દૂધ જેવો ચીકણો પદાર્થ નીકળેછે. આ સર્વ સ્તનને લાગતાં ચિન્હો ઓધાનને સૂચવેછે ખરાં, પણ તે તથા આગળ કહેલાં કોઈ પણ ચિન્હ વાસ્તવિક નિશ્ચયાત્મક ગણાતાં નથી.

કોઇ સ્ત્રીને ગર્ભ હોવા છતાં સ્તનાદિક ચિન્હ જુજ અથવા બીલકુલ જોવામાં આવતાં નથી. બીજી તરફથી ઓવરી અને ગર્ભસ્થાનની વ્યાધિને લીધે ગર્ભનો સંબંધ ન છતાં સ્તનાદિક ચિન્હ ઉપર પ્રમાણે જણાયછે. કેટલીકવાર જેને દૂધ નહી હોય એવી સ્ત્રી બીજાના બાળકને ધવરાવે તો તેને પણ દૂધ વછુટેછે.

આવા વખ્તમાં કેટલીક સ્ત્રીને ચક્કર આવવાની અથવા આંખ ઉપર અંધારી આવવાની આદત હોયછે. આ પ્રમાણે ચોથે મહિને જ્યારે ગર્ભાશય બસ્તિની બહાર ઉપર પેટમાં નીકળેછે ત્યારે વિશેષ થાયછે.

ગર્ભ રહે ત્યારથીજ કમળનું મોઢુ બંધ થઇ જાયછે. પહેલા બે મહિનામાં ગર્ભસ્થાન જરા નીચું ઉતર્યું હોય એમ જણાય છે અને ત્યાર પછી ઊંચે ચઢતું જાયછે. ગર્ભસ્થાનનું કદ વધતું જાયછે તેમ કમળનો ભાગ ઉપર ચઢી વિસ્તૃત થઇને ગર્ભસ્થાનની સાથે

મળી જાયછે. પેટ મોટુ દેખાવા માંડેછે. સુમારે ચોથે મહિને ગર્ભસ્થાન બસ્તિ (પેલ્વીસ) માંથી પેટની અંદર આવેછે. પાંચમે મહિને બસ્તીથી ઉપર અને નાભીથી નીચેના અંતરમાં રહેછે. છઠે મહિને નાભી સુધી પહોચેછે અને તેને આગળ ખસેડેછે. સાતમે મહિને ગર્ભાશય નાભીથી ઉપર ચડેછે અને આઠમે મહિને કાળજા નજીક પહોચેછે. નવમે મહીને તે છેક કાળજા પર્યંત પહોચેછે અને છેલા પખવાડીયામાં જરા નીચે ઉતરી આગળ ધસેછે. ગર્ભસ્થાન ગોળ ઇંડાકાર હોયછે. વખતે બે છોકરાં હોયતો પેટ ઘણું મોટુ દેખાયછે અને આકારમાં ફેર પડેછે. સુમારે પાંચમો મહિનો પૂરો થતાં છોકરૂં ફરકવા માંડેછે. જે સ્ત્રીઓને બાળક થઆં હોય અને ફરકવાનો અનુભવ હોય તેને માટે આ ફરકવું ચિન્હ ઓધાનની ખાત્રી કરવાનું સાધન થઈ પડેછે. તોપણ કેટલીક સ્ત્રીઓ પેટના વાયુને ભૂલથી ગર્ભ ફરકવાની પેઠે સમજેછે.



આકૃતિ ૮૫.

ગર્ભસ્થાન. તેનો અંદરના આવરણમાં ઓર થતી આવેછે. ગર્ભ સુમાર ચાર પાંચ માસનો આ સ્થીતિમાં હોયછે.

પાંચમા મહિના પછે "બાલટમેન્ટ" નામની એક નિશાની જણાયછે. અસ્ત્રીને ઉભી રાખી યોનિમાં તર્જની પ્રવેશ કરી, ગર્ભાશય મુખપર રાખી ઉપરે એક ટક્કર મારવી; એટલે ગર્ભાશય મુખ ઉપરથી કાંઈ ભારી પદાર્થ ખશી જઇ જરાવાર તે ફરી આવીને બેસસે. આ નિશાની ખાત્રીપૂર્વક લાગે એટલે ગર્ભનું ખાત્રી લાયક ચિન્હ સમજવું. એ જડ પદાર્થ પાણીમાં તરત ગર્ભ સમજવો. ઓધાનના છેવટના મહિનામાં પાણી કમી હોવાથી આ નિશાની બરાબર જણાતી નથી.


શ્રવણ નળી વડે તપાસ કરતાં સુમારે પાંચમામહિનાની આખરે બે પ્રકારના ધ્વનિ સંભળાય છે. એક ઓરનો અને બીજો ગર્ભના રક્તાશયનો ધ્વનિ સંભળાયછે.

ઓરનો ધ્વનિ મંદ ગર્જના એટલે જાણે દૂરથી દરીયો ઘુંઘવાતો હોય અથવા દૂરથી ગાડી આવતી હોય તેની મીસાલે સંભળાય છે. આ ધ્વનિ પેડુની જમણી અથવા ડાબી બાજુ સંભળાય છે. કેટલીકવાર નાભી પાસે સંભળાયછે અને કેટલીકવાર ગર્ભસ્થાનના ઉપરનાં ભાગમાં સંભળાય છે. આ ધ્વનિ ઓરની અંદર ગર્ભના પોષણને માટે રૂધિરના આવાગમનને લીધે ઉત્પન્ન થાયછે. માટે ગર્ભાશયના જે ભાગમાં ઓર ચોટેલી હોય તે સ્થળે એ વધારે સ્પષ્ટ સંભળાય છે. કેટલીક વખત બીલકુલ સંભળાતો નથી. ક્વચિત ગર્ભાશયની કોઈપણ વ્યાધિની ગાંઠ હોયતો તેને લીધે એવો ધ્વનિ પણ થાયછે અથવા

શિરા ઉપર દબાણ થવાથી તેના જેવો ધ્વનિ સંભળાય છે.

રક્તાશયના ધ્વનિ પણ પાંચમા મહિના પછી સંભળાવા માંડેછે. પ્રથમ આ ધ્વનિ મંદ હોયછે, પછી જેમ જેમ દિવસ ભરાતા જાયછે તેમ તેમ સ્પષ્ટ રીતે સંભળાય છે. તે નાની ઘડીઆળના ટીકટીકારાની માફક દરમિનિટે એકસોને દસથી તે એકસોને ચાલીસ વાર સંભળાય છે. એ ધ્વનિ પેડુનિ ડાબી અથવા જમણી બાજુએ ઘણુંકરી ઓરના ધ્વનિની સામેની તરફ સંભળાયછે. પેડુની ડાબી બાજુએ તે વિશેષે કરીને સંભળાય છે. કેટલીકવાર મધ્ય ભાગમાં સંભળાયછે; અને તેમ હોય ત્યારે ગર્ભની સ્વભાવિક સ્થિતિ સર્વથા સરલ રહેતી નથી. હવે જો બંને બાજુ રક્તાશયનો ધ્વનિ સ્પષ્ટપણે સંભળાતો હોય અને એકજ તાલમાં ન હોય તો બે બાળક છે એમ સમજવું. વખતે ગર્ભ બહુ નબળો હોય અથવા તેની આસપાસ પાણી ઘણું હોય તો તેને લીધે આ ધ્વનિ સાંભળવામાં આવતો નથી. પણ જ્યારે રક્તાશયનો ધ્વનિ સ્પષ્ટપણે સાંભળવામાં આવે ત્યારપછી ગર્ભાધાન વિષે બીજો કાંઇ સંશય રહેતો નથી. ગર્ભાધાનની વાસ્તવિક નિશાની માટે આ એકજ ખાત્રી લાયક નિશાની છે.

૩. ત્રીજા ભાગમાં પ્રસૂત સમયની પહેલાંના ચિન્હનો સમાવેશ થાયછે. ગર્ભાશય જરા નીચું ઉતરેછે અને પેટનો ઊંચો ભાગ કમી થાયછે, અને તે જરા આગળ ધસેછે. રક્તનળીઓ ઉપર દબાણ થવાને લીધે કેટલીક સ્ત્રીઓને પગે સોજા ચઢી આવેછે. કેટલીકને હરશ વરતાયછે, ઝાડો કબજ થાયછે અગર ઝાડો વધારે થાયછે. પેશાબ વારંવાર કરવો પડેછે. પેટમાં ચૂંક આવેછે. તેને ખોટી વેણ કહેછે, અને પ્રસવ થવાને એક બે અઠવાડીયાં બાકી રહે ત્યારથી કેટલીક સ્ત્રીને ધાત જવા માંડેછે.



આકૃતિ ૮૯.

ગર્ભસ્થાનમાં ઓરનું સ્થળ અને ગર્ભની સ્થિતિ. ગર્ભને બહાર મૂકીને દર્શાવ્યોછે. નાળ પણ દેખાય છે.

ઓધાનના સર્વ ચિન્હનો આ વખતે મેળ કરીએ તો આ પ્રમાણે હોય છે. દસ્તાન બંધ હોયછે, સ્તનાદિ ચિન્હ બહુ સ્પષ્ટ જણાય છે, ઉલટી, અરૂચી ચસ્કા આદિ ચિન્હ ઘણું કરીને પાંચમા મહિનાથી બંધ રહેછે, ગર્ભસ્થાનથી પેટ મોટું કઠણ ઈંડાકારે લાગેછે, ગર્ભના રક્તાશય તથા ઓરના ધ્વનિ સંભળાયછે, બાલોટમેન્ટ સ્પષ્ટ જણાતું નથી, ગર્ભ હાલેછે તે હાથને લાગેછે તથા કાનથી સંભળાયછે; યોનિનો રંગ રાતો કાળો

જણાય છે, કમળમુખ નરમ તથા પ્રફુલિત લાગેછે, અને તેમાં ગર્ભનું કઠણ મસ્તક આંગળીને લાગે છે.

ઓધાનના નિશ્ચય માટે મુખ્ય નિશાની રક્તાશય ધ્વનિ, ગર્ભનું ફરકવું, બાલોટમેન્ટ સ્તનાદિ ચિન્હ વિગેરે છે. તેમના ઉપર આધાર તેમના અનુક્રમ પ્રમાણે રાખીશકાયછે.

ગર્ભાધાનની મુદત.

ગર્ભ નવ મહિના પેટમાં રહીને જન્મેછે એ વાત સૌ કોઈના જાણવામાંછે. સાધારણ રીતે નવ મહિના કહેવાય છે તથાપિ તેની ગણત્રી કરવામાં આવેછે ત્યારે થોડા ઘણા દિવસ એ મુદતની ઉપર અથવા અંદર થાયછે, આ બિના પણ સર્વ કોઇના જાણવામાં છે. સાધારણ રીતે આ ફેરફારથી સંસારમાં હરકત આવતી નથી. પણ કેટલીક વખત વારસાની તકરારમાં, તથા ધણી મરી ગયા પછી કેટલી મુદતમાં બાળક અવતરે છે, તેને લગતી તકરારને માટે ગર્ભાધાનની મુદતનો નિર્ણય કરવો ઘણોજ અગત્યનો થઇ પડેછે. કાયદામાં **નવ મહિના, ચાલીસ અઠવાડીયાં** અથવા **બસોને એંશી** દિવસની મુદત રાખવામાં આવો છે. આ મુદત સાધારણ રાખવામાં આવી છે તથાપિ તેથી થોડા વત્તા અથવા કમી દિવસે પ્રસૂતકાળ આવે તો તેને માટે વાંધો લેવામાં આવતોનથી. આ ઉપરથી એવો સવાલ ઉઠેછે ઘણામાં ઘણા કેટલા દિવસ ગર્ભ પેટમાં રહી શકેછે, અને ઓછામાં ઓછા કેટલે દિવસે સજીવ ગર્ભ જન્મી શકેછે, કારણ કે જો આને માટે કાંઈજ હદ ન હોય તો ઉપર કહેલી તકરારોમાં કોરટને ફેંસલો આપવા કાંઈજ આધાર રહે નહીં.

ગર્ભાધાનનો છેવટ દિવસ એટલે પ્રસૂતકાળ સર્વ કોઈ જાણી શકે, પરંતુ મૂળ ગર્ભ રહેવાના દિવસનો નિર્ણય કરવો એ મુસ્કેલી ભરેલું છે અને તેથીજ ગર્ભ પેટની અંદર કેટલા દિવસ રહ્યો તે યથાસ્થિત કહી શકાતું નથી. ઓધાનના દિવસ ગણવાની ત્રણ રીત છે. પ્રથમ કેટલીક સ્ત્રીઓ પોતાની ઉપર થતી અસરથી ગર્ભ રહેવાનો દિવસ જાણીશકેછે. તે ઉપરથી ગણત્રી થાયછે. બીજી જગ પ્રસિદ્ધ સર્વ માન્ય રીત એ છે કે જે દિવસથી દસ્તાન બંધ થાય તે દિવસથી ગણવામાં આવેછે. આ ગણત્રીથી અડસટો બરોબર થાય છે, પણ ચોકસ મુદત બાંધી શકાતી નથી. ગર્ભ રહેવાનો યોગ્ય સામાન્ય કાળ દસ્તાનથી એક બે દિવસ અગાઉ અથવા બે ચાર દિવસ પાછળ હોયછે. દરમ્યાન પણ મહિનાના કોઈ પણ દિવસે ગર્ભ રહી શકે એમ સિદ્ધ થયું છે. માટે દસ્તાન બંધ થઇ ગયા પછી દૈવયોગે તરતજ ગર્ભ રહેતો આ રીતની ગણત્રી બરોબર ઉતરે. પણ ત્યારપછી એક બે અઠવાડીયાં અથવા આવતા ઋતુકાળની અગાઉ એકાદ દિવસે ગર્ભ રહેતો સ્પષ્ટ જણાય છે કે આ ગણત્રીમાં ભૂલ આવ્યા વગર રહેજ નહીં. આવા કારણને લીધે આવી ગણત્રીમાં બે ત્રણ અઠવાડીયાંની ચુક આવેછે.

ત્રીજી રીત જ્યારે છોકરૂં પ્રથમ ફરકે ત્યારે સાડા ચાર મહિના ગયા અને બાકી

સાડા ચાર રહ્યા એ પ્રમાણે ગણત્રી કરવામાં આવેછે. પણ પ્રથમ ફરકવું એ બરાબર સાડા ચાર મહીનેજ થાયછે એમ નક્કી નથી. માટે આ ગણત્રીમાં પણ ભૂલ આવવા સંભવ રહેછે,

કેટલીક વાર છેલ્લા ઋતુદિવસથી બે અઠવાડીયાં મૂકી ઓધાનના દિવસ ગણવામાં આવે છે.

ક્વચિત્ એવા દાખલા બનેછે કે કેટલીક સ્ત્રીને બે ચાર મહિના અથવા વધારે મુદત ઋતુ બંધ થઈ, ત્યાર પછી ઓધાન રહેતો જેટલી મુદત પહેલાં ઋતુ બંધ રહેલી હોય તેટલી મુદતનો પાછળથી તફાવત આવેછે.

હમેલવાળી ઘણી સ્ત્રીઓની હકીકતના એક સમુદાય ઉપરથી એમ માનવામાં આવ્યું છે કે ઓધાનની મુદત બસેં એંશી દિવસની લગભગ છે. લાંબામાં લાંબી મુદત ૩૦૦ દિવસ અગર તે ઉપરાંત પણ પેટમાં ગર્ભ રહે છે એવા દાખલા પણ મળી શકેછે.

હવે ટૂંકામાં ટૂંકી કેટલી મુદતે સજીવ ગર્ભ જન્મી શકે તેનો વિચાર કરતાં સાત તથા આઠ મહિને કસુવાવડ થઈ સજીવ બાળક અવતરી શકેછે. કમીમાં કમી ૧૮૦ દિવસે આવેલ ગર્ભ જીવંત રહેછે, એવા દાખલા પણ મળી આવેછે.

છોડ.

(મોલ પ્રેગનનશી)

છોડ એટલે પ્રથમ ગર્ભ પેદા થઇને તેની પૂર્ણ વૃદ્ધિ ન થતાં શરૂઆતમાંજ તેની આસપાસનો બીજો માંસનો ભાગ વૃદ્ધિ પામેછે. એટલે પહેલા થોડા મહિના ઓધાનનાં ચિન્હ લાગેછે અને પાછળથી તે બંધ પડી જાયછે; તેને છોડ કહેછે. સાધારણ લોક ગર્ભાશયને બીજાં કેટલાંક દરદ તથા ગ્રંથીને છોડ શબ્દ લાગુ પાડેછે, અને કેટલીકવાર સ્ત્રીઓને વિવિધ કારણથી બચ્ચાં થતાં નથી તેને પણ છોડનો વ્યાધિ ઠોકી બેસાડેછે. ગર્ભ ઉત્પન્ન થઈ તેની સ્વાભાવિક વૃદ્ધિ ન થતાં અપક્વ રહે તેને ખરૂ છોડ કહેવાયછે.

છોડ ત્રણ પ્રકારે થાયછે. એક તો ગર્ભ નાબુદ થઇ તેનાં પડ મોટાં જાડા માંસના લોચા જેવાં વધીને થઇ જાયછે.

બીજો તેના પડની બેવડની વચમાં રક્ત સ્રાવ થવાથી ગર્ભનો લોચો થઈ જાયછે.

ત્રીજો પ્રકાર એ છે કે આરંભિક ગર્ભ ઉપર "કોરીયન" નામનું પડ હોયછે, અને તેના ઉપર સૂક્ષ્મ સજીવ સેડો હોયછે, તેનું અયોગ્ય રીતે પોષણ થતાં વૃદ્ધિ થઈ દ્રાક્ષના ઝૂમખા જેવા તેના મોતીઆ બંધાયછે અને ગર્ભ સૂકાઈ જાયછે.

છોડ થવામાં આરંભી ગર્ભનું મૃત્યું અવશ્ય થવું જોઇએ, અને જ્યારે ગર્ભનું મૃત્યું થાય ત્યારે તેને માટેના રૂધિરનું પોષણ છોડને મળેછે, તેથી કેટલીકવાર છોડ જલદી મોટું થઇ જાયછે અને સુમારે બીજે ત્રીજે મહિને ચોથા પાંચમા મહિના જેવડું પેટ લાગેછે.

ઘણું કરી આ પ્રમાણે ગર્ભનો નાશ થઇ, છોડ બંધાયા પછી થોડી મુદતમાં આપો-

આપ તેનું પતન થાયછે, ને ક્વચિત જો તેનું પતન ન થાય તો છોડ અંદરજ શુષ્કથવા માંડેછે.

આ ત્રીજા પ્રકારનું **મોતીઆબંધછોડ** વધારે સાધારણ છે, એ ઘણીવાર મોટું થઇ જાયછે. દરેક મોતીયાનું કદ નાના મ્હોટું રાઇથીતે દ્રાક્ષ જેવડું હોયછે. તેની અંદરે પાણી જેવા રસ હોયછે. જો એ મોતીયાના ઝૂમખાને બહાર પાણીમાં નાખ્યો હોય તો તે પરપોટીની માફક તરે છે.

ચિન્હ:—છોડની બહારનાં ચિન્હ કેટલીકવાર અસ્પષ્ટ હોયછે. પ્રથમ બે ત્રણ મહિના આધાનની માફકજ ચિન્હ વરતાયછે. ત્યાર પછી નિયમ રહેતો નથી. કોઇવાર જલદી પેટ વધી આવેછે. ઘણું કરી રક્ત સ્રાવ થાયછે. કોઇવાર અતિશય સ્રાવ થાયછે. સ્ત્રી પણ ઉદાસી જેવી થઈ જાયછે. ઉલટી, સ્તનાદિ વગરે ચિન્હ હોય તે પણ મંદ પડી જાયછે. છોડ પડવાનો વખત આવે ત્યારે ગર્ભ પતન જેવાં લક્ષણ જણાયછે.

ઉપાય:—ઘણું કરી છોડ આપોઆપ પડી જાયછે ને તેને માટે ગર્ભ પતનમાં કહેલા ઉપાયો કરવા. જો તે પડે નહીં ને ગર્ભસ્થાનમાંથી થોડો ઘણો રક્તસ્રાવ થયાં કરતો હોય તો પ્રથમ કમળને વિસ્તૃત કરી તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરવો. આ ક્રિયા માટે અપૂર્ણ ગર્ભ પતનનો વિષય જોવો.

ક્વચિત છોડની સાથે સજીવ ગર્ભ ગર્ભસ્થાનમાં મળી આવેછે. જો આવું માલૂમ પડી આવેતો છોડને કાઢવાનો ઇલાજ કરવો નહીં.

ગર્ભપાત.

(એબોર્શન).

ગર્ભપાત એટલે ગર્ભનું અપૂર્ણ મહિને પડવું. એ નવ માસની અંદર હરકોઈ વખતે થાયછે. પહેલા ત્રણ માસમાં અથવા ચાર માસની અંદરે ગર્ભ પડે તો તેને **ગર્ભસ્રાવ** કહેછે. ચોથેથી તે સાતમા મહિના સુધી ગર્ભ પડે તો તે **ગર્ભપાત** કહેવાય, તથા સાતમેથી તે નવ માસની અંદર પડે તો તેને **અધુરોજન્મ** કહેછે.

આ ત્રણ વિભાગને બદલે કેટલાક તેના બે વિભાગજ કરેછે, અને તે ગર્ભના નિર્જીવ અથવા સજીવપણાને અનુસરે છે; એટલે પેહેલા સાત મહિનાના અંદર કસૂવાવડ થાય તો ગર્ભ ઘણું કરી નિર્જીવ હોયછે અને તેને ગર્ભપાતની સંજ્ઞા લાગુ પડેછે. ત્યારબાદ અપૂર્ણ કાળે ગર્ભ આવે તો તે ઘણું કરી સજીવ હોયછે અને તે અધુરોજન્મ કહેવાયછે.

ગર્ભપાત થાયછે તેનો વખત ઘણું કરી તે સ્ત્રીના ૠતુ કાળને અનુસરેછે. ઘણી કસૂવાવડો પહેલા ત્રણ માસમાં થાયછે, તેથી થોડી બીજા ત્રણ માસમાં થાયછે, છેવટના ત્રણ મહિનામાં તેથી પણ કમી સંખ્યા માલૂમ પડેછે, તેનું સરાસરી પ્રમાણ જોઇએ તો સુમારે ૧૬-૪-૧ ના પ્રમાણને મળેછે. ઇંગ્લીશના લોકોમાં ગર્ભપાત વિશેષ જોવામાં આવેછે.

જણવાના કરતાં કસૂવાવડમાં વિશેષ ભય માનવામાં આવેછે, તેનું એક કારણ એ છે કે કસૂવાવડમાં રક્તસ્રાવ વિશેષ થાયછે, તથા બીજુ એ છે કે ગર્ભનાં ઉપાંગ ગર્ભસ્થાનથી સહજ છૂટાં પડતાં નથી. ગર્ભ પડ્યા પછી ઉપાંગનો ભાગ અંદર રહી જાય તો તે સ્ત્રીની તબીયતને હાનિ કરતા થઈ પડેછે.

કારણઃ—ગર્ભપાત થવાનાં ઘણાં કારણોછે. તેના બે ભાગ કરવામાં આવ્યાછે. પ્રથમ ભાગમાં જે ગર્ભસ્થાનને બહાર કાઢી નાંખવાને ઉશ્કેરેછે તેનો તથા બીજામાં જે કારણો ગર્ભનું મૃત્યુ પેદા કરેછે તેનો સમાસ કરવામાં આવ્યોછે. ગરીબ કરતાં શ્રીમંત લોકમાં ગર્ભપાતના દાખલા વધારે મળી આવેછે. અતિશોક, હર્ષ વગેરે મન ઉપર ધક્કો પહોચવાથી ગર્ભપાત થાયછે. અકસ્માત્ તથા હવામાં ફેરફાર થવાથી તથા પેટની અંદર વાયુનું અથવા કરમનું જોર હોવાથી અતિશય ઝાડો, મરડો, અને મળાવરોધ થવાથી ગર્ભસ્રાવ થાયછે. બાળકને ધવડાવવાથી, સ્તન તથા યોનિ ઉપર શસ્ત્રક્રિયા કરવાથી ગર્ભપાત થાયછે.

ઉપરનાં સર્વ કારણો કોઈવાર ગર્ભસ્થાનની વેણ લાવી ગર્ભપાત થવાનાં સાધન થઈ પડેછે. કેટલીક સ્ત્રીઓને મનનો મોટો ધક્કો લાગવા છતાં અને પડવાથી અથવા અકસ્માતથી શરીરને ઘણી ઈજા પહોચેછે તથાપિ તેના ગર્ભાસ્થાન ઉપર કાંઈ અસર થતી નથી.

ગર્ભનું મૃત્યું થઈ કસૂવાવડ થાયછે તેવાં કારણોમાં સ્ત્રીની ગર્ભની તથા તેના ઉપાંગની વ્યાધિઓ આવી જાયછે. સ્ત્રી ઘણી લોહીઆળ હોય તેથી વખતે ગર્ભસ્થાનની અભ્યંતર રક્તસ્રાવ થાયતો ગર્ભ નાશ પામેછે એટલે તેનું પતન થાયછે. કેટલીકવાર સ્ત્રી ઘણી કૃશ હોવાથી ગર્ભનું પોષણ યથાર્થ ન થવાથી પણ ગર્ભસ્રાવ થાયછે. ઉપદંશનો વ્યાધિ ગર્ભપતનનું કારણ થઈ પડતો જોવામાં આવેછે. સ્ત્રીને શીળી, તાવ તથા કોલેરા જેવા મહા વ્યાધિ થવાથી કસૂવાવડ થઈ જાયછે. પેટની અંદર પ્લીહા યકૃતાદિ મોટી ગ્રંથી થઈ હોય તો તે ગર્ભાશયને વધવામાં હરકત કરતા થઈ પડેછે તેથી કસૂવાવડ થાય છે. ગર્ભાશયનું "સ્થીત્યંતર", કમળનાં દરદ, અતિશય મૈથુન અને ગર્ભ તથા તેના ઉપાંગના વિવિધ વ્યાધિને લીધે ગર્ભપાત થાયછે. ગાડા તથા રેલમાં લાંબી મુસાફરી કરવાથી પણ કોઈ વખત ગર્ભસ્રાવ થઈ જાયછે.

જો ઓધાનના બે ત્રણ મહિના ગયા હોય અને ગર્ભ મૃત્યું પામેતો તેનું પતન તરતજ થાયછે. અને જો પાંચેક મહિને મૃત્યું પામેતો તરત અથવા કેટલાક દિવસ વીત્યા પછી તેનું પતન થાયછે.

ચિન્હઃ—રક્તસ્રાવ તથા ચૂંક અગર વેણુ એવાં બે મુખ્ય ચિન્હ છે. જેમ ઓધાનના દિવસ ઘણા ગયા હોય તેમ આ બેઉ ચિન્હ વધારે મહત્વનાં થઈ પડેછે. જો ચાર અથવા છ અઠવાડીયામાં ગર્ભસ્રાવ થાયતો જાણે દસ્તાન જાસ્તી હોય એમ માત્ર માલમ પડેછે. વખતે રક્તસ્રાવ કેટલાક દિવસ ચાલુ રહી તે આપોઆપ અગર ઔષધોપાયથી બંધ પડી જાયછે અને ગર્ભ સલામત રહી ઊછરેછે. પણ જો રક્તસ્રાવની સાથે બરાબર વેણ આવવી શરૂ થાય તો પછી ગર્ભ બહાર પડ્યા વિના રહેજ નહી. ચાર પાંચ મહિને કસૂવાવડ થાયતો ઘણું લોહી જવાની બીક રહેછે. ગર્ભના ઉપાંગ (ઓર તથા પડ)

આ વખતે ગર્ભાશયની સાથે નિકટ સંબંધમાં હોયછે, તે એકાએક છૂટાં પડતાં નથી. ગર્ભાશય વારંવાર સંકુચિત થાયછે, એટલે દરેક વેળા ચૂંક અથવા વેણ આવેછે, અને તેથી આસ્તે આસ્તે તે ઉપાંગ જુદાં પડી ગર્ભ સાથે બહાર આવેછે. જ્યારથી તે છૂટાં પડવા માંડે ત્યારથી લોહીનું વહેવું શરૂ થાયછે, તે છેક તેમનો સંબંધ ગર્ભાશય સાથે તૂટી જાય ત્યાં સૂધી વહ્યાં કરેછે. ઘણું લોહી જવાથી કેટલીકવાર સ્ત્રીનું મૃત્યું થાયછે. જો ગર્ભ પડ્યા પછી ઉપાંગનો કાંઈ ભાગ બાકી રહી જાયતો તેમાંથી સૂતિકારોગ વગેરે માઠાં પરિણામ નીપજેછે, અને લોહીનો પ્રદર કેટલોક કાળ જારી રહેછે.

વેણ આવતી વખતે યોનિમાં કમળની સામે આંગળી રાખી હોય તો દરેક વેણની સાથે કમળ વધારે ખુલેછે, તેની અંદરથી ગર્ભનો પોચો ભાગ બહાર આવતો જણાય છે તથા તે તણાયછે અને વેંણ બંધ થાય એટલે ઢીલું પડેછે.

ઉપાય.—જો ગર્ભ અંદર સજીવછે એમ ખાત્રી હોય તો તે પડે નહી તેને માટે બની શકે તે ઉપાય કરવા, અને તેની અંદર રહેવાની બીલકુલ આશા નરહે તો બીજા ઘટિત ઉપાય કરવા. આગળ કહ્યુંછે કે જો રક્તસ્ત્રાવની સાથે બરાબર વેંણ આવવા માંડે અને ઉપર કહ્યા પ્રમાણે કમળની સ્થિતિ જણાય તો ગર્ભપાત અટકાવવાની આશા છોડવી. ઈશ્વરેચ્છાથી વખતે અટકી જાય તો ના નહી, પણ વેંણને બંધ પાડી ગર્ભનું રક્ષણ કરવાને માટે કાંઇજ ઔષધિ નથી.

ગર્ભપાતમાં ઘણું કરી પ્રથમ રક્તપ્રવાહ શરૂ થઈ અને પછી વેંણ શરૂ થાયછે. બનતા સુધી આ રક્તપ્રવાહને બંધ પાડવો જોઇએ. તેટલા માટે સ્ત્રીને શાંત રાખી દિલાસો આપી એકાંત જગામાં સુવાડી રાખવી. દારૂ વગેરે કાંઈ ગરમ પદાર્થ આપવો નહી. સાદો ખોરાક આપવો. ઔષધોમાં કેટલીક રક્તસ્તંભક ઔષધિ આપવામાં આવે છે. પાંચથી દસ ટીપાં "ટિંક્ચર ક્યાનાબીસ" અથવા "ટિંક્ચર ડીજીટેલીસ" પાણી સાથે દર બે ત્રણ કલાકે આપવાથી લોહી બંધ થઈ જાયછે. સિવાય ગ્યાલીક આસિડ, શ્યુગરલેડ, આયર્ન, અને ફટકડી ઈત્યાદિ રક્તસ્તંભક દવાઓ આપવાથી પણ પ્રવાહ બંધ પડી જાય છે. આવે વખતે અફીણ અમૂલ્ય ઉપયોગી થઈ પડે છે. વીસથી ત્રીસ ટીપાં લાડેનમ આપવાથી ઘણીજ સારી અસર માલમ પડે છે. બીજા જે ઓસડો આપવામાં આવે તેની સાથે અફીણની દવા મેળવી અપાય તો બમણો ફાયદો કરેછે.

જો રક્તપ્રવાહ થોડો ઘણો હોય તો આવી દવાઓથી ફાયદો થશે, પણ પ્રવાહ ઘણો હોય અને તેની સાથે વેંણ પણ આવતી ન હોય તો વેંણ આવી જલદી ગર્ભ પડી જાય તેવી યોજના કરવી જોઇએ. પેટ તથા યોનિની જગા ઉપર ભીંના કપડાની ઘડી મૂકવી અને બરફ મળી આવે તો તે લગાડવો. અરગટનું પ્રવાહી સત્વ એક ડ્રામ આપવું અગર તેનો તાજો ક્વાથ બનાવી એકથી બે આઊંસ આપવો એટલે પાથી અડધી કલાકમાં વેંણ આવવા માંડશે. ગર્ભાશય સંકુચિત થાય તેમ પ્રવાહ પણ કમી થવો જોઇએ. એક તરફ આ ઉપાય કરવો અને બીજી તરફથી પ્રવાહનો રસ્તો બંધ કરવો. યોનિની અંદર વાદળી, રૂમાલ, કપડું અગર રૂનો ડૂચો થંડા પાણીમાં ભીંજવી ભરવો એટલે પ્રવાહ ઘણે

દરજ્જે કમી થશે. દરમીયાન વેણને લીધે કમળ વિસ્તૃત થઇ ગર્ભ પોતાના ઉપાંગની સાથે છુટો થઈ બહાર નીકળશે. વાદળીનો ડુચો વધારે પસંદ કરવા લાયકછે. ડુચો એકજ વાદળીનો મારવો નહી, પણ તેના ચાર પાંચ કટકા કરી દરેકને એકજ દોરાથી થોડે થોડે અંતરે બાંધવા. ત્યાર બાદ ભીંજવીને એક પછી એક કડકો યોનિમાં મૂકવો. નાનો કડકો હોય તે પ્રથમ કમળના મોઢા ઉપર રાખવો. અને પછી અનુક્રમે યોનિમાં રહે તેટલા બીજા મૂકવા. તેના દોરાનો છેડો બહાર લટકતો રાખવો. જ્યારે આ ડુચો કાઢવો હોય ત્યારે આ દોરો તાણવાથી એક પછી એક સર્વે કકડા નીકળી આવશે. ઘણું કરી ડુચો તથા ગર્ભ સાથે બહાર નીકળી આવશે. જો આપોઆપ ન નીકળી આવે તો છ અગર આઠ કલાક પછી આ ડુચો બહાર કાઢવો. જો તપાસ કરતાં કમળ પૂરેતુ ઉઘડ્યું ન હોય તો ફરીથી અંદર મૂકવો. જો ગર્ભ નીચે આવી રહ્યો હોય તો બહાર કાઢી લેવો. જો કમળ પૂર્ણપણે વિસ્તૃત થયું હોય તથાપિ ગર્ભ બહાર ન આવતો હોય તો અંદર આંગળી ઘાલી ખેંચી લેવો અથવા ચીમટાથી કાઢવો. અગર ગરમ પાણીની પીચકારી મારી ધોઈ કાઢવો. ઘણું કરી આટલો પ્રયાસ કરવાની જરૂર રહેતીજ નથી. કારણ કે ડુચાની સાથેજ ગર્ભ નીકળી આવેછે. જો પાંચ માસ ગયા પછી કસુવાવડ થતી હોય તો ગર્ભના પડને ફોડવાથી ફાયદો થશે, તેથી વેણ પણ જોરથી આવશે અને પ્રવાહ પણ કમી થશે.

જો ગર્ભના ઉપાંગનો કાંઈ ભાગ ગર્ભાશયમાં ચોટી રહે તો તેને જોરથી ઉખેડી કાઢવો નહિ. તે કોહીને પાછળથી નીકળી આવશે. કોઇવાર તે રહેવાથી રક્તપ્રવાહ જારી રહેછે અને બીજી માઠી અસર થાયછે. જો પૂરેપૂરો ગર્ભ તથા તેના ઉપાંગ બહાર નીકળી આવેતો તરત રક્તપ્રવાહ બંધ થાયછે. ત્યાર બાદ સાધારણ સુવાવડની મિસાલે ઓરતની માવજત કરવી.

કોઈ ઓરતને કસુવાવડની આદત પડી જાય છે અને વારંવાર બેચાર મહિનાનો ગર્ભ થયા પછી તેમ થાય છે. ગર્ભપાત થવાનાં જે કાંઈ કારણ માલમ પડી આવે તે પ્રથમ દુર કરવાં જોઇએ. જો સ્ત્રી બહુ લોહીઆળ હોયતો તેની ફસમાંથી રક્ત કાઢવું. જો તે બહુ કૃશ હોયતો શક્તિ આવે તેવો ખોરાક તથા ઔષધિ આપવી. જો ગર્ભાશયનું સ્થિત્યંતર થએલુ હોયતો તે શુદ્ધ કરવું. સ્ત્રીને ઉપદંશ થએલો હોયતો પારાની દવા અગર આયોડાઇડ ઓફ પોટાસ્યમ આપી તેની અસર દુર કરવી. જેને કાંઈ કારણવિના આદત થઈ હોય તેને ગર્ભ રહ્યા પછી થોડી હીંગ આપતા રહેવું, અને કસુવાવડ થવાનો વખત આવે ત્યારે દશ પંદર દિવસથી અગાઉ "લીકવીડ એકસ્ટ્રાક્ટ આવ અરગટનાં પાંચદસ ટીપાં દિવસમાં બે ત્રણ વખત આપતા રહેવું અને હમેશાંનો કસુવાવડનો કાળ વીતી જાય એટલે બંધ કરવું.

પ્રસવ.

પ્રસવ એટલે સ્ત્રીને બાળક સાંપડવું. એ બાબતના એક **સ્વભાવિકપ્રસવ** ને બીજો **અસ્વભાવિકપ્રસવ** એવા મોટા બે વર્ગ કરવામાં આવ્યાછે.

સ્વભાવિકપ્રસવ—માં બાળક મસ્તકથી કુદરતી સાધનવડે કાંઈપણ ભાંજગડ સિવાય અવતરેછે. તેને સ્વભાવિક પ્રસવ કહેછે. આ નિયમથી જુદી રીતે અથવા મુશ્કેલાઇથી પ્રસવ થાય તેને અસ્વભાવિક પ્રસવ કહેછે.

અસ્વભાવિક પ્રસવમાં—મુશ્કેલાઇ અથવા અડચણ ગર્ભને બહાર કાઢનારા સાધનોને લીધે હોયછે, અથવા જે રસ્તેથી તે બહાર નીકળેછે તે માર્ગમાં હોય છે, અગર ગર્ભના પોતાના અંગની તરફથી કાંઈ ખામી હોયછે.

ઉપરના બે વર્ગ શિવાય એક ત્રીજો વર્ગછે. જેમાં બાળકનો પ્રસવ થવામાં કાંઈ અડચણ હોતી નથી. પણ તે પ્રસંગમાં જુદીજ તરેહની **ભાંજગડ** આવી પડેછે, જેમકે કોઈ વાર ઓર અંદર રહી જાયછે, અતિ રક્તપ્રવાહ થાયછે, આંચકી થઈ આવેછે, ગર્ભાશય ફુટેછે અથવા અંતરાયામ થાયછે. આ વર્ગને **ભાંજગડવાળોપ્રસવ** કહેવાયછે.

પ્રસવયુક્તિ.

પ્રસવયુક્તિ એટલે સ્વભાવિક રીતે કુદરતે બાળકને દુનિયામાં આવવા માટે શાં સાધનો તથા ગોઠવણ કરીછે તેનો વિચાર. આ રચના સમજવાને માટે ત્રણ બાબતનો પૃથક પૃથક વિચાર કરવો જરૂરનોછે.

૧. પ્રથમ જે સાધનથી ગર્ભ ઉપર દબાણ થઈ બહાર આવેછે તેનો.
૨. બીજો ગર્ભના પોતાના શરીરનો.
૩. ત્રીજો જે રસ્તામાંથી ગર્ભ બહાર નીકળેછે તેનો.

૧. ગર્ભ ઉપર અંદરથી દબાણ થઈ બહાર પ્રસવ થવાનાં બે સાધનછે. મુખ્ય અને મોટો આધાર ગર્ભાશયના સંકોચ ઉપરછે. બીજો આધાર પેટની સ્નાયુના દબાણ ઉપર છે, એ ગર્ભાશયને મદદગાર થઈ પડેછે. ગર્ભાશયને એક સ્નાયુની મોટી થેલી સમજવી. આ સ્નાયુની તંતુઓની રચના એવીછે કે તે સંકોચાય એટલે તે થેલી માંહેનો પદાર્થ કમળના તરફ દબાય. વેણ આવવી અથવા પીડ આવવી તેને ગર્ભાશયનો સંકોચ સમજવો. કારણ કે વેણ આવીને પીડ થાયછે તે ફકત ગર્ભાશયના સંકોચાવાને લીધેજ થાયછે, માટે ગર્ભાશયના સંકોચાવાને અને પીડને એકજ માનવાં. વેણ રહીરહીને આવેછે. ગર્ભાશય ઉપરના ભાગથી સંકોચાવા મંડી લોઢનીમિસાલે કમળ સુધી સંકોચાઇ નીચે ઉતરેછે. વેણ કોઈ સ્ત્રીને થોડે અંતરે ને કોઇને ઘણે અંતરે આવે છે. કોઇને ઘણી સખ્ત આવેછે ને કોઇને હલકી આવેછે. પ્રસવ વખતે આરંભી જે વેણ આવે છે તેનું દરદ જાણે અંદર કપાતું અથવા કચરાઈ જતું હોય તેવું લાગેછે અને પાછળથી મરડામાં જેમ જોર કરવું પડે અથવા કરાંજવું પડે તેવી પીડ આવેછે. પીડ આવતી વખત વાંસો તથા કેડ ફાટેછે. દરેકવાર વેણ આવતી વખતે પેટ ઉપર હાથ મૂક્યો હોય તો ગર્ભાશય સંકોચાવાને લીધે ઘટ્ટ થતું માલમ પડશે.

પ્રથમ પેટની સ્નાયુનું જોર કેટલેક દરજ્જે સ્વેચ્છા ઉપર હોયછે. પણ પાછળથી જ્યારે જોરમાંથી વેણ આવવા માંડે ત્યારે પેટની સ્નાયુ પણ આપોઆપ મદદગાર થઈ પડે છે અને તેનું જોર ઇચ્છાપર રહેતું નથી.

ગર્ભસ્થાનની અંદરની બાજુના સંબંધમાં પાતળા પડની થેલીછે, તેની અંદર પાણી ભરેલું હોયછે, અને તેની અંદર ગર્ભ રહેછે. આ ગર્ભજળને લીધે બહારના કોઇપ્રકારનો ધક્કો ગર્ભને પહોંચતો નથી.

આ પ્રમાણે તે ગર્ભનું રક્ષણ કરતાછે એટલુંજ નહિ પણ પ્રસવ વખતે તે અતિશય ઉપયોગી થઈ પડેછે. જો આ પ્રવાહી ન હોય તો ગર્ભસ્થાન તથા પેટની સ્નાયુના સંકોચનું દબાણ ગર્ભ ઉપર થઈ તેનો નાશ થયા વગર રહે નહિ. વળી આ સાધન પ્રસવ વેળા ગર્ભાશય મુખને વિસ્તૃત કરવામાં અતિ જરૂરનુંછે. તે પ્રવાહી ન હોયતો ગર્ભાશય મુખને પ્રસવ સમયે ઇજા પહોંચ્યા વગર રહે નહિ. ગર્ભજળને લીધે કોઇવાર શસ્ત્રક્રિયા કરવામાં પણ સુગમતા પડેછે.

૨. બીજો વિચાર ગર્ભના શરીરનો કરવાનોછે. ગર્ભના શરીરનો મોટો ભાગ મસ્તક છે. તેના જુદા જુદા વ્યાસ લાંબા ટુંકા છે. તેમનું માપ આગળ આપેલુંછે. તે બસ્તિના લાંબા ટુંકા વ્યાસમાં થઇને બહાર અવતરેછે. બાળકનું મસ્તક બહુ મોટું હોય અગર તેનું શરીર કાંઈ વ્યાધિથી મોટુ થયું હોય તો પ્રસવમાં હરકત આવેછે.

૩. ત્રીજો વિચાર બસ્તીમાર્ગનોછે. બસ્તીના આગમન દ્વારમાં દાખલ થઈ તેની કક્ષામાં ફરીને નિર્ગમનદ્વારથી બચ્ચું બહાર આવેછે. બસ્તીનાવ્યાસની લંબાઈ આપેલી છે તે ઉપરથી માલમ પડશે કે તેના વ્યાસ ન્યુનાધિકછે અને તે વ્યાસને અનુસરી મસ્તકને સ્ક્રુની માફક ફરવું પડેછે.

પ્રસવકાળના ત્રણ વિભાગ પાડવામાં આવ્યાછે. **પ્રથમકાળમાં** કમળમૂખના પૂરણ વિસ્તૃત થવાનો સમાવેશ થાયછે. તેનો સુમાર છથી બાર અગર વધારે કલાક લાગે છે. મૂખ પૂરણ વિસ્તૃત થયા પછી ગર્ભનો બહાર પ્રસવ થાય ત્યાંસુધીના વખતને **બીજો કાળ** કહેછે. તેને કમી વખત લાગેછે.

બાળક બહાર આવ્યા બાદ ઓર બહાર નીકળી આવે તેટલા વખતને પ્રસવનો **ત્રીજો કાળ** કહે છે.

૧. પ્રથમ કાળ શરૂઆતથી વેણ આવવા મંડે એટલે ઓતરફના દબાણથી ગર્ભજળ કમળ તરફ માર્ગ કરવા માંડેછે, અને જેમ જેમ પીડ આવતી જાય તેમ તેમ રફતે રફતે કમળને વિસ્તૃત કરતું જાયછે. થોડે થોડે કમળ માર્ગ આપતું જાય તેમાં આ ગર્ભજળ પોતાના પડ સાથે દાખલ થતું જાયછે. આ પ્રવાહી પદાર્થને લીધે કમળના સર્વ વ્યાસપર સમતુલ્ય દબાણ થઈ તેને કાંઈ પણ ઇજા ન પહોચતાં હળવે હળવે ખુલતું જાયછે. જો આ પ્રવાહીને બદલે કુદરતે કમળને વિસ્તૃત કરવામાં કાંઈ કઠણ પદાર્થ (જેમકે ગર્ભ મસ્તક)નો ઉપયોગ કર્યો હોત તો આવું સુખદ પરિણામ નીપજત નહીં, કારણ


કે ગર્ભસ્થાનના બળાત્કાર સંકોચાવાથી ગર્ભને ઈજા થાત એટલુંજ નહીં પણ કમળના સર્વ ભાગ ઉપર સમતુલ્ય અને નિયમિત દબાણ થાત નહી. એ પ્રવાહી પદાર્થને લીધે ગર્ભાશય જે બળાત્કાર જોર કરેછે, તેની બધી અસર એકદમ કમળ મુખ ઉપર ન થતાં તેના પોતા ઉપરજ કેટલેક દરજે પ્રત્યાગ્રહ થાયછે તેથી કમળને કાંઈ જફા એટલે ઈજા લાગતી નથી.

ઘણું કરી કમળ સંપૂર્ણ વિસ્તૃત થઈ રહે એટલે ગર્ભજળની થેલી ફૂટી જાયછે. પછી પ્રસવ થવાને ઘણો વખત લાગતો નથી. કોઈવાર કમળ પૂર્ણ વિસ્તૃત થવાની પહેલાં થેલ ફૂટી જાયછે, તો ગર્ભના મસ્તકનું દબાણ કમળ ઉપર થવા માંડેછે, તેથી તેનો એટલે કમળનો વરમ થઈ આવેછે. જ્યારે સ્ત્રીને પ્રથમ ગર્ભ રહેછે, ત્યારે કમળનો ભાગ વિશેષ સજ્જડ અને દઢ હોયછે, અને તેથીજ પહેલી સુવાવડે સ્ત્રીને ઘણો વખત કષ્ટાવું પડે છે, કેમકે કમળ મજબુત હોવાથી જલદી વિસ્તૃત થતું નથી. પહેલી સુવાવડ ગયાપછી કમળ કાંઈ થોડું ઢીલું પડી જાયછે, પોતાની પૂર્વ દઢતાને પહોચતું નથી. માટેજ પાછળની સુવાવડોને વખતે ઘણું કરી લાંબો વખત કષ્ટ વેઠવું પડતું નથી.

કોઈવાર કેટલીક સ્ત્રીનું કમળ ઘણું કઠોર હોયછે અથવા તેનો વરમ થઈ આવેછે તો તેને વિસ્તૃત થવાને ઘણો કાળ લાગી મુશ્કેલી પડેછે.

૨. **પ્રસવનો બીજો કાળઃ**—પેહેલા કાળમાં ગર્ભને ગર્ભાશય મુખનું પ્રતિબંધ હોયછે, તે ઉપર કહ્યા પ્રમાણે ખુલ્લું પડે એટલે ગર્ભને બસ્તિપિંજરમાંથી ફક્ત બહાર આવવાનું બાકી રહેછે. આ બસ્તિ પ્રદેશમાંથી ગર્ભને બહાર આવવામાં જે કાળ લાગે છે તેને પ્રસવનો બીજો કાળ કહેછે. પેહેલા કાળની અંદર પીડ થોડી તથા કપાતું હોય તેને મિસાલે દરદ થાયછે. પેહેલો કાળ સંપૂર્ણ થયો એટલે ગર્ભને વિશેષ અડચણ રેહેતી નથી અને ગર્ભાશય જોરથી સંકોચાવા માંડેછે. તેની સાથે પેટની સ્નાયુનું પણ કુંથન (કરાંજ) શરૂ થાયછે. સ્ત્રીને શકટ બીડીને જોર કરવું પડેછે. આ જોરવાળી વેણ બીજા કાળની નિશાની છે.

મસ્તક બસ્તીમાંથી ઘણી ચતુરાઇથી નીકળેછે. બસ્તિના ઉપર નીચેના બ્યાસ નાના મોટા હોયછે તેમ તેને અનુસરીને મસ્તકને ફરવું પડેછે. બસ્તિના બ્યાસની લંબાઈ આગળ આપીછે માટે અહીં ફક્ત મસ્તકના બ્યાસની લંબાઈ આપવાની જરૂરછે. બાળકના મસ્તકનો પૂર્વ પશ્ચિમ બ્યાસ ૪થી ૪½ ઇંચ અને ઉત્તર દક્ષિણ બ્યાસ ૩ થી ૩½ ઇંચછે. ત્રીજો બ્યાસ હનવટીથી તે મસ્તકના પાછળના ભાગ સુધી માપવામાં આવેછે, તેની લંબાઈ ૫ ઇંચનીછે. મસ્તકના પશ્ચિમ ભાગથી ઉર્ધ્વ મધ્ય બિંદુની લંબાઇ ૩થી ૩½ ઇંચછે. છોકરી કરતાં છોકરાનું માથું જરા મોટું હોયછે. બાળકનો ઘણું કરી મસ્તકના ભાગથી પ્રસવ થાયછે અને તે તેના આખા શરીરનો મોટો ભાગછે, એટલે મસ્તક નીકળેછે તેની પાછળ બાકીના શરીરને નીકળવામાં અડચણ આવતી નથી.



આકૃતિ ૮૭.


બાળકની ખોપરી, તેનું લલાટ જમણું અને ડાબું પાર્શ્વ અસ્થિ પશ્ચિમ અસ્થિ પૂર્વ અને પશ્ચિમ રંધ્ર.

a લલાટ અસ્થિ.
b પાર્શ્વ ,,
c પશ્ચિમ ,,
d પુર્વ બ્રહ્મરંધ્ર.
g પશ્ચિમ બ્રહ્મરંધ્ર.

મસ્તક પ્રથમ બસ્તીના આગમન દ્વારમાં દાખલ થાયછે ત્યારે તેનો પૂર્વ પશ્ચિમ વ્યાસ એ દ્વારના ડાબા તિર્ફસ વ્યાસને અનુસરે છે. મસ્તકનો પશ્ચિમ ભાગ સ્ત્રીના ડાબા "આસેટાબ્યુલમ" તરફ તથા લલાટનો ભાગ ઇલિયમ અને સેક્રમના જમણા સંધિ તરફ હોયછે. આગમન દ્વારનો ત્રાંસો વ્યાસ વધારે લાંબો હોવાથી મસ્તકનો પૂર્વ પશ્ચિમ લાંબો વ્યાસ તેને અનુસરેછે. મસ્તકનો ટુંકો વ્યાસ જે ઉત્તર દક્ષિણનો છે તે આગમન દ્વારના ઉભા ટુંકા વ્યાસમાં બેસતો આવેછે. મસ્તક બસ્તિમાં પ્રવેશ કરતી વખત ડોક વળીને હનવટી છાતીના સંબંધમાં રહી લલાટનો ભાગ થોડો ઉંચો રહેછે, અને પશ્ચિમભાગ પેલ્વીસમાં ઇસ્કીયમ પર નીચે ઉતરેછે. પછી લલાટ નીચે ઉતરવા માંડેછે. પછી વળી પશ્ચિમભાગ નીચે ઉતરેછે, અને ડાબી બાજુ પરથી ઘસીને પ્યુબીક કમાન નીચે આગળ

આકૃતિ. ૮૮.

બાળકનો પ્રસવ થતી વખત મસ્તક પ્રથમ આગમન દ્વારમાં કઇસ્થિતિમાં દાખલ થાયછે, પછે કેમ ફરેછે અને કઇ રીતે અવતરેછે તેનો દેખાવ. એકજ મસ્તક કેમ ફરેછે તે જણાયછે.



આવેછે. તેજ વખત લલાટ ઉતરીને જમણી બાજુએથી સેક્રમના અંતરગોળમાં જાય છે. આ રીતે મસ્તક પોતાની ઉત્તર દક્ષિણ ધરી ઉપર ફરતું બસ્તિમાં ઉતરતું આવેછે. બસ્તિ કક્ષામાં બરોબર આવે એટલે મસ્તકનો પૂર્વ પશ્ચિમ વ્યાસ કક્ષાના ઉભા વ્યાસમાં


આવી જાયછે, કેમકે બેઉના તે લાંબા વ્યાસ છે. આ પ્રમાણે આગમન દ્વારના તિર્કસ વ્યાસમાંથી કક્ષાના ઉભા વ્યાસ તરફ મસ્તકને સ્કુની માફક ફરેવાની ફરજ પડેછે. ત્યારબાદ ઉપરના દબાણથી મસ્તકનો પશ્ચિમ ભાગ પ્યુબીક કમાનની નીચે અટકી રહે છે, દરમીયાન હનવટી જે અત્યાર સુધી છાતીના સંબંધમાં હોયછે તે છૂટી પડી ડોક લાંબી થઈ લલાટનો ભાગ નીચે ઉતરી,મસ્તક નિર્ગમનદ્વારની બહાર દેખાયછે. નિર્ગમન દ્વારમાંથી નીકળતી વખત બાળકનું મોઢું શુદ્ધ કોકસીક્ષ તરફ હોયછે, પણ તેમાંથી નીકળીને તરત મોઢું માની જમણી જાંગ તરફ થઇ રહેછે. એટલે તે પોતે પૂર્વ દિશા ધારણ કરેછે. મસ્તક આગમન દ્વારમાં દાખલ થતાં જમણા તિરકસ વ્યાસમાં હોયછે, તે બસ્તીમાંથી નીકળતાં ફરેછે અને પૂર્વ પશ્ચિમ વ્યાસમાં આવેછે, પણ બસ્તીમાંથી નીકળ્યું કે તરત પોતાની અસલ દિશા ધારણ કરેછે. આ રીતે ડોક વળીને મસ્તક આગમન દ્વારમાં દાખલ થાયછે. તે સ્કુની માફક ફરીને બસ્તીમાં નીચે ઉતરી તિર્કસમાંથી ઉભા વ્યાસમાં આવેછે. ડોક લાંબી થઈને નિર્ગમનદ્વારમાંથી મસ્તક બહાર નિકળેછે અને બહાર નીકળો તરત તે પોતાની પૂર્વ દિશા ધારણ કરેછે. તે વખત બાળકના બેઉ ખભા આગમન દ્વારના ડાબા તિર્કસ વ્યાસમાં દાખલ થઈ નીચે ઉતરેછે. જમણો ખભો જમણા ઇસ્કયમ તરફથી પ્યુબીક કમાન નીચે આવેછે, અને ડાબો ખભો ડાબા ઇસ્કયમ તરફથી સેક્રમ અંતરગોળમાં થઈ બેસણી તરફથી બહાર આવે છે. એટલે બાકીનું શરીર તરતજ નીકળી પડેછે.

આ પ્રમાણે મોટી ખુબીદાર યુક્તિથી મસ્તક બસ્તીના લાંબાં ટુંકા વ્યાસમાં જોઇએ તેવી રીતે ફરીને બહાર નીકળે છે. જે વખતે મસ્તક નિર્ગમન દ્વારમાં આવે, તે વખત આગળના ભાગમાં પ્યુબીક કમાન આવેછે, પણ પાછળના ભાગમાં બેસણીનો નરમભાગ હોય છે. કોકસીઝસ નામનું અસ્થિ દબાણથી પાછું હટે છે અને બેસણીનો માંસ અને ત્વચાવાળો ભાગ મસ્તકના દબાણથી વિસ્તૃત થતો જાય છે; છેવટે સંપૂર્ણ વિસ્તૃત થઈ મસ્તકને બહાર નીકળવા માર્ગ આપેછે. કોઈવાર મસ્તક ઉપરના ઘણા જોરથી એકદમ નીચે ઉતરી આવે તો બેસણીનો ભાગ ફાટી જાયછે.

આગળ કહ્યુંછે કે બાળકનો પ્રસવ થતાં મસ્તકનો ભાગ પ્રથમ આવેછે.પણ મસ્તકનો ભાગ એકજ સ્થિતિમાં અને એકજ રીતે આવતો નથી. પણ જુદી જુદી ચાર સ્થિતિમાં આવેછે.

પહેલી સ્થિતિમાં મસ્તકનો પૂર્વ પશ્ચિમ વ્યાસ આગમનદ્વારના જમણા ત્રાંસા વ્યાસને મળતો આવેછે. લલાટ પાછળના ભાગમાં એટલે જમણા સેક્રોઇલ્યમસંધિ તરફ રહેછે અને મસ્તકનો પશ્ચિમ ભાગ આગળના ભાગમાં એટલે ડાબા ઇસ્કયમ તરફ રહેછે.

બીજી સ્થિતિમાં મસ્તકનો પૂર્વ પશ્ચિમ વ્યાસ બસ્તિના ડાબા તિર્કસ વ્યાસને અનુસરેછે. લલાટ પાછળની ડાબી બાજુ સેક્રોઇલ્યમસંધિ તરફ હોયછે, અને મસ્તકનો પશ્ચિમ ભાગ જમણા ઇસ્કીયમ તરફ હોયછે.




આકૃતિ. ૮૯.

મસ્તક પ્રસવની પહેલી સ્થિતિ. લલાટાસ્થિ જમણા ખુણામાંછે. પશ્ચિમ અસ્થી ડાબા ઇસ્કયમ તરફછે. જમણો કાન જમણા ઇસ્કયમ તરફછે.

ત્રીજી સ્થિતિમાં મસ્તક તથા બસ્તિના વ્યાસ પહેલી સ્થિતિની માફક મળતા આવે છે, પણ લલાટ આગળ ડાબા ઈસ્કીયમ તરફ આવેછે અને મસ્તકનો પશ્ચિમ ભાગ બસ્તિના પાછળના જમણા ખૂણામાં જાયછે.

ચોથી સ્થિતિમાં મસ્તક તથા બસ્તિના વ્યાસ બીજી સ્થિતિને મળતા આવે છે, પણ લલાટ જમણા ઈસ્કીયમ તરફ રહેછે અને મસ્તકનો પશ્ચિમ ભાગ ડાબા પાછલના ખુણામાં જાયછે.

ઘણુંકરી મસ્તક પહેલી સ્થિતિમાં જન્મેછે. ગર્ભની પીઠનો ભાગ સ્ત્રીના અગ્રભાગમાં હોયછે. બીજી સ્થિતિમાં પણ બાળકની પીઠનોભાગ સ્ત્રીના પેટતરફ હોયછે. ત્રીજી અને ચોથી સ્થિતિમાં બાળકની પીઠનો ભાગ સ્ત્રીની પીઠ તરફ હોય છે, અને પેટનો ભાગ આગળ હોયછે. આગમનદ્વારમાં પ્રવેશ કરતી વખ્ત મસ્તક ત્રીજી સ્થિતિમાં હોય છે, તે ઘણું કરી ફરીને બહાર આવતી વખ્તે બીજી સ્થિતિમાં આવી જાયછે; અને ચોથી સ્થિતિમાં હોય તે ફરીને પહેલી સ્થિતિમાં આવેછે. પહેલી સ્થિતિમાં મસ્તક ફરીને બહાર શીરીતિ આવેછે તે સમજાયા પછે બાકીની સ્થિતિમાંથી તે શી રીતે ફરી નીકળેછે તે સહેલ સમજાશે. મસ્તકનો પશ્ચિમ ભાગ પ્યુબીક કમાન તરફ હોય તથા લલાટ બેસણી તરફ હોય તો નિર્ગમનદ્વારમાંથી તેને નીકળવું સહેલું પડેછે. પહેલી અને બીજી સ્થિતિમાંથી પશ્ચિમ ભાગ પાસેના ઈસક્યમપરથી સહેલાઇથી કમાન તળે ઉતરેછે, પણ ત્રીજી અને ચોથી સ્થિતિમાં તે સામેના સેક્રોઇલ્યમ સંધી તરફ હોયછે ત્યાંથી મોટો ફેરો કરીને કમાન તળે આવેછે, જો તે ફરી ન શકે તો લલાટ કમાન તળે આવેછે અને પશ્ચિમ ભાગ સેક્રમ બણી જાયછે. તેને બહાર નીકળતાં નિર્ગમનદ્વારમાં મુશ્કેલાઇપડેછે અને બેસણી ફાટવાની વિશેષ ધાસ્તી રહેછે.



આકૃતિ. ૯૦.

પ્રસવનો ત્રીજો પ્રકાર. લલાટાસ્થિ પૂર્વદિશામાં હોવાથી મસ્તક બહાર નિકળતાં નિર્ગમનદ્વારમાં અટકેછે.

પ્રસવકાળ પાસે આવે ત્યારે ગર્ભાશય થોડું બસ્તિ તરફ નીચે ઉતરેછે, અને તેથીજ પ્રસવ થવાની અગાઉ એક બે અઠવાડીયાં હોય ત્યારથી ભારેવાઈ સ્ત્રીના પેટનો ચઢાવો જરા કમી લાગેછે, તે સ્ત્રીને પણ પેટ જરા હલકું લાગેછે તથા શ્વાસ સેહેલથી લઈ શકે છે. વળી પ્રસવનો વખત નજદીક આવતો જાય ત્યારે કોઇ કોઈવાર ખોટી વેણ આવેછે. પ્રસવની શરૂઆત થાય ત્યારે યોનિમાંથી ચીકણો રસ નીકળેછે તેમાં જરાતરા લોહી આવે છે અને ત્યારપછી ખરેખરી વેણ શરૂ થઈ બાળક સાંપડેછે.

૩. ઉપર પ્રમાણે પ્રસવનો પહેલો અને બીજો કાળ પૂરો થયા બાદ ઓર બહાર આવે તેટલા વખતને પ્રસવનો ત્રીજો કાળ કહેછે. બાળક બહાર આવ્યા બાદ જે પહેલાં જોરથી વેણ આવતી હોય તે પાંચ દસ મિનિટ સુધી છેક બંધ પડી જાય છે. દરમ્યાન થોડું ઘણું લોહી વહેછે, અને ઓરત શિથીલ થઈ પડી રહેછે. ત્યારપછી વળી ઝીણી વેણ આવવા માંડેછે અને તેને લીધે પ્રવાહની સાથે ઓર નીકળી પડેછે.

આ પ્રમાણે ગર્ભનો પૂરો પ્રસવ બારથી તે ચોવીસ કલાકની અંદર થાયછે. કોઈ વખત વધારે વાર લાગે છે. અને કોઇવાર કમી વખત લાગેછે. પ્રસવ થઈ રહ્યા પછી ગર્ભાશય સંકુચિત થઈ તેનો ગોળો બંધાયછે તે નાભીની નીચે હાથને લાગેછે.

સ્વભાવિક પ્રસવ કાર્યોપદેશ.

સ્વભાવિક પ્રસવકાર્યોપદેશ એટલે સ્વભાવિક પ્રસવ થતો હોય ત્યારે સ્ત્રીએ કેમ વર્તવું તથા ડાકટરે શું શું કરવું તેનું બયાન.


પ્રથમ વેંણ શરૂ થાય અને યોનિમાંથી રકતમિશ્ર પાણી દેખાય એટલે સૂવાવડની તૈયારી કરવી. યોગ્ય બિછાનું, યોગ્ય કપડાં, સૂવાને ઠેકાણે રાખવાં. ડાકટરે પેશાબ કાઢવાની સળી, થોડું લાડનમ તથા અરગટ, કાતર, દોરા તથા પેટે બાંધવાનો પાટો એટલી ચીજો પાસે રાખવી. ઘણું કરી ઔષધની જરૂર પડતી નથી, તોપણ વખત પડે તુરત ઉપયોગમાં આવે એટલા માટે પાસે રાખવું એ વધારે સારૂછે.

વેંણ ખરી અને ખોટી પણ હોય છે. ખરી વેંણ આવેછે કે ખોટી વેંણ આવે છે તેનો તરત નિશ્ચય કરવો. ખરી વેંણ આવતી હશે તો ગર્ભાશય દરેક વેંણની સાથે કઠણ થતો માલમ પડશે, વેંણ નિયમિત અંતરે થોડે થોડે આવશે, આસ્તે આસ્તે તેનું જોર વધતું જશે, તેની સાથે કમરની અને વાંસાની ફાટ થશે અને પેટમાં ઘણી સખ્ત વાઢ આવતી હોય એમ લાગશે. યોનિ પરીક્ષાથી વેંણની સાથે ગર્ભનો ભાગ નીચે ઉતરતો લાગશે તથા કમળ મુખ ખુલ્લું થતું જણાશે. ખોટી વેંણ ફકત વાયુની ચૂંકને લીધે ઉત્પન્ન થાય છે. ખોટી વેંણ હશેતો અનિયમિત અંતરે પીડ આવશે અને પેટના આગલા ભાગમાં દુખતું હોય એમ લાગશે. ગર્ભાશય તથા ગર્ભની ઉપર તેની કાંઈજ અસર થતી જણાશે નહીં.

ખોટી વેંણ આવતી હોયતો દસ્ત સાફ ઉતરવા માંટે દિવેલનો જુલાબ આપવો, ત્યાર બાદ કલોરોડાઇન અથવા લાડનમનાં દસ વીસ ટીપાં પાણી સાથે આપવાં તેથી ખોટી વેંણ બંધ પડી જશે.

વેંણ એટલે ગર્ભાશયનો સંકોચ—ગર્ભને હડશેલવા સારૂ ગર્ભાશય સંકોચાય છે અને તેથી સ્ત્રીને પીડા થાયછે.

યોનિ પરીક્ષાઃ—ખરી વેંણ આવેછે એમ ડાકતરને ખાત્રી થાયતો તરત યોનિ પરીક્ષા કરવી, અને કમળની સ્થિતિ તથા ગર્ભઅધોભાગનો તપાસ કરવો, કારણ કે તે જાણ્યામાં આવેતો ગર્ભનો અધો ભાગ યોગ્ય તથા બરાબર સ્થિતિમાં ન હોય તો તેનો તરત ઉપાય થઈ શકેછે. સ્ત્રીને બિછાના ઉપર ડાબે પડખે સૂવાડવી અને આંગ ઉપર કપડું ઓરાડવું. ડાકટરે પોતાના હાથની એક અથવા બે આંગળી તેલ વાળી કરી, સ્ત્રીની પછવાડે ઉભા રહી, (સ્ત્રીએ પોતાના પગ પેટ ઉપર વાળી લીધા પછી) યોનમાં દાખલ કરવી, અને પાછળના ભાગમાં કમળમુખ પર્યંત લઈ જવી. અંદરના ભાગની ભીનાશ યા ગરમી ધ્યાનમાં લેવી અને કમળમુખ કેટલું વિસ્તૃત થયુંછે તથા ગર્ભનો અધોભાગ મસ્તક છે કે નહીં તેનો બની શકે તો નિર્ણય કરવો. મસ્તક હશે તો કઠણ જણાશે તેનું બ્રહ્મરંધ્ર નરમ લાગશે અને તેના સાંધા જણાશે. જો કમળ વિસ્તૃત થવાની ફકત શરૂઆતજ હોય તો સ્ત્રીને બેસવા તથા થોડું હાલવા ચાલવાને કાંઈ હરકત નથી. મળ મૂત્રનો ખુલાસો કરવો, કાંજી વગરે હલકો ખોરાક આપવો.



આકૃતિ ૯૧.
પ્રસવની શરૂઆતમાં યો-
નિમાં તર્જની પરીક્ષા. (કમળ
મૂખનો તપાસ થાયછે.

પ્રથમ પૂરો તપાસ કર્યો હોય તો પ્રસવનો પહેલો કાળ પૂરો થાય ત્યાં સુધી બીજી વાર યોનિ પરીક્ષા કરવાની જરૂર રહેતી નથી. જરૂર જણાય અગર પ્રસવને વિલંબ લાગતી હોય તો ફરી પરીક્ષા કરવી. ફરી તપાસ કરેથી કમળમૂખ કેવી ઝડપથી વિસ્તૃત થતું આવેછે તે માલમ પડશે. તપાસતાં ગર્ભજળ થેલી નહીં ફુટે તેવી સંભાળ રાખવી.

જ્યારે પહેલો કાળ પૂરો થઇ કમળ મુખ સંપૂર્ણ ખુલ્લું થશે ત્યારે ખુબ જોરથી વેણ આવવા માંડશે એટલે પ્રસવનો બીજો કાળ શરૂ થયો એમ સમજવું. પહેલા કાળમાં વેણ હલકી ચુંકની માફક આવેછે. કમળ પૂર્ણ વિસ્તૃત થઈ રહે એટલે "ટશીયો" ફુટતાંજ વેણ જોરથી આવવા લાગેછે. હવે દરેક વેણની સાથે સ્ત્રી પોતાનો દમ પકડી દાબી બળાત્કારથી જોર કરેછે, તેને પરસેવા થાયછે, ઘણીજ અકળામણ થાયછે અને શરીર જરા ગરમ થઈ આવેછે. જોર વાળી વેણ શરૂ થઈ એટલે થોડા વખતમાં બાળકનો પ્રસવ થશે એમ સમજવું.

હવે તૈયાર કરેલા બિછાના ઉપર સ્ત્રીને ડાબા પડખા ઉપર સૂવાડીને ફરીથી યોનિ પરીક્ષા કરવી. ગર્ભનો અધોભાગ કેટલો નીચે આવ્યોછે તે જોવું. પ્રથમ કાળ પૂરો થયા પછી ગર્ભજળ થેલી ઘણું કરી ફૂટી જાયછે. આ પ્રમાણે ગર્ભજળની થેલી ફૂટી ગઈ હશે તો આંગળીને ગર્ભના મસ્તકનો ભાગ સ્પષ્ટ જણાશે. અગ્રભાગમાં આંગળી ઉંચે લઈ જઈયે તો ગર્ભના કાનને લાગશે. મસ્તક કમળથી બહાર આવ્યા છતાં ગર્ભજળની થેલી ફૂટી ન હોયતો આંગળીના નખવતે તેને ફોડવી એટલે વેણ જોરથી આવી અધોભાગ જલદી નીચે ઉતરશે. જ્યાં સૂધી કમળમુખ સંપૂર્ણ વિસ્તૃત થયું ન હોય ત્યાં સુધી ગર્ભજળની થેલી ફોડવી નહી અને તેટલા માટે પ્રથમ યોનિ પરીક્ષા સંભાળીને કરવી કે જેથી થેલીને ઈજા પહોચે નહી.

વેણ આવતી વખત આંગળી યોનિમાં રાખવાથી અધોભાગ નીચે ઉતરતો લાગશે

ને તે ઉપરથી ગર્ભ પ્રસવ થવાને કેટલો કાળ લાગશે તેનો ક્યાસ થઈ શકશે. મસ્તકનો ભાગ નીચે ઉતરી નિર્ગમનદ્વારમાં આવતો જશે, તેમ આસ્તે આસ્તે તેને બહાર રસ્તો આપવા સારૂ બેસણીનો ભાગ ભીનો નરમ અને ઢીલો થતો જશે. બેસણી ઉપર મસ્તકનું દબાણ એકાએક જોરથી થાય તો તેની વખતે ફાટી જવાની દહેશત રહે છે. માટે મસ્તક બહાર નીકળતી વખત બેસણી ઉપર રૂમાલ રાખી ડાબા હાથવતે તે ઉપર ટેકો રાખવો. આખું મસ્તક બહાર આવે એટલે તેને જમણા હાથનો આધાર આપવો. તેને ખેંચવાની જરૂર નથી. તરતજ થોડી વારમાં ફરી વેણ આવશે તેની સાથે ખભાનો ભાગ બહાર નીકળશે. થોડી વારમાં બહાર ન નીકળે તો ગર્ભના ખભાપર આંગળી ચઢાવી તેની બગલમાં લઈ જઈ એક હાથ બહાર કાઢવો, એટલે તરત બીજો હાથ બહાર આવી આખો ગર્ભ નીકળી આવશે. આ વખતે સ્ત્રીના પેટપર ગર્ભાશય ઉપર હાથવતી દબાણ રખાવવું. મસ્તક બહાર આવતાં બાળકના ગળાની આસપાસ નાળ વીંટાયેલું હોય તો તેને ઉખેડી મસ્તકપરથી છુટું કરવું.

સ્ત્રીના પેટ ઉપર બાળક બહાર આવતી વખત ગર્ભસ્થાનને દાબી રાખવા દાઈને ભલામણ કરવી. આ દબાણથી બાળક બહાર હડશેલાયછે એટલુંજ નહી પણ તેથી વધારે ફાયદો એ છે કે તેને લીધે ગર્ભસ્થાન સંકુચિત રહે છે, એટલે ઓર તેનાથી છુટી પડી જાયછે, અને રક્ત પ્રવાહ થતો નથી, માટે દબાણ રખાવવાને કદી ચુકવું નહીં.

બાળક બહાર આવે કે તરત તેના મોઢા તથા નાકમાંથી લાળ કાઢી નાખવી. તેને દુનિઆંની હવાનો સ્પર્શ થાયછે કે તરત ચીસ પાડી રોવા માંડેછે અને શ્વાસોશ્વાસની ક્રિયા શરૂ થાયછે.

આ પ્રમાણે પ્રસવના બે કાળ પૂરા થઈ ત્રીજા કાળની શરૂઆત થાય છે, અર્થાત ઓર બહાર આવવી બાકી રહેછે. બાળકનો શ્વાસોશ્વાસ શરૂ થાય એટલે નાળવું છેદન કરવું જોઇએ. જો બાળક તરત શ્વાસોશ્વાસ લેવા ન માંડે તો તેટલા વખત સુધી નાળનું છેદન કરવું નહી. નાળ છેદન કરતા પહેલાં બાળકની નાભીથી સુમારે અઢી ઇંચને છેટે એક દોરો તાણીને બાંધવો અને બીજો દોરો તેની પેલી તરફ બે ઇંચને છેટે બાંધવો, અને તે બે દોરાની વચમાંથી કાતર વતે છેદ મૂકવો. નાળ છેદન કરી બાળકને એકકોરે મૂકવું.

પેટ ઉપર ગર્ભસ્થાનને દાબીને મસળવું એટલે તે સંકોચાઇને પેડુમાં એક પોંડની માફક બંધાઈ જશે અને ઓર તથા પડ છુટાં પડી યોનિમાં આવશે. ઓર યોનિમાં આવેલીછે એવી આંગળીના સ્પર્શથી ખાત્રી થાયતો નાળને ખેંચીને ઓર તથા પડને બહાર કાઢી લેવાં. ઘણું કરી બાળક બહાર આવ્યા બાદ ગર્ભાશય પાંચદસ મિનિટનો વિસામો લેછે, ત્યાંસુધી ઓર તેની અંદર રહેછે. ત્યાર બાદ એક બે વેણ આવી રૂધિરના થોડા પ્રવાહ સાથે તેને બહાર કાઢી નાખેછે. જો ઓર બહાર નહિ આવેતો નાળને ખેંચવાનો પ્રયત્ન કરવો નહિ, કારણ તેમ કરવાથી નાળ તુટી જાયતો રક્તપ્રવાહ થાયછે.

જો ઓર તરત બહાર ન આવે અને તેની સાથે રકતપ્રવાહ પણ ન હોયતો, તેને આવવા થોડો વખત રાહ જોવી. ઓર ગર્ભાશયને ચોટેલીછે અથવા તેનાથી છુટી પડી

છે તે જાણવું જોઇએ. એકાદ વેણ આવે ને તેની સાથે એક રકતપ્રવાહનો રેલો આવે એ ઓરના છુટા પડવાની નિશાનીછે, પણ તે સિવાય વધારે ખાતરીની નિશાની એ છે કે જો ઓર ગર્ભસ્થાનના સંબંધમાં હોયતો નાળ રકતથી ભરેલું લાગેછે, તથા તેમાં થડકો લાગેછે, અને જો છુટી પડી હોયતો તે ઢીલું અને થડકા રહિત હોયછે. છુટી પડ્યા પછી જો કમળમુખ સંકુચિત થઈ જાયતો ઓર બહાર આવવાને બદલે ગર્ભાશયની અંદર રહી જાયછે. ગર્ભાશયને મસળવાથી જો તે બહાર નહિ નીકળી આવેતો અર્ધા કલાક વાટ જોઈ આ છુટી પડેલ ઓરને આંગળાં અથવા હાથ ગર્ભસ્થાનમાં ઘાલી બહાર કાઢી લેવી. ગર્ભસ્થાનમાં હાથનો પ્રવેશ કરી, કાઢતી વખત પેટપર દબાણ રાખવું એટલે ગર્ભાશય સંકુચિત રહેશે.

ઓર બરાબર સંબંધ બહાર નીકળવી એ ઘણુંજ અગત્યનું છે. એ ન નીકળે ત્યાં સુધી મોટો ભય સમજવો. તે ભય રક્ત પ્રવાહનોછે. ગર્ભાશય સંકોચાઇને કઠણ થઈ રહે ત્યાં સુધી રક્તપ્રવાહનો ભય બીલકુલ રહેતો નથી. જો તે સંકોચાયેલ હોયતો પેઢુમાં એક કઠણ દડા જેવો ગોળો હાથને લાગેછે. પણ જો તે ઢીલો રહેતો લોહી વહેવા માંડેછે. ગર્ભાશય ઢીલો હોયતો તે કઠણ દડા જેવો પેઢુમાં જણાતો નથી. કેટલીક વખત ઓર કમળના મોઢામાં આવી રહેછે અને રકતપ્રવાહ બહાર ન આવતાં અંદર ભરાઇ રહેછે. આ વાત ધ્યાનમાં રાખવી અને જો તેમ હોયતો તેના તત્કાળ ઉપાય કરવા. તેનાં લક્ષણ અને ઈલાજ પ્રવાહના પ્રકરણમાં આપ્યાંછે. ઓર બહાર નીકળ્યા પછી ગર્ભાશય પૂરણ સંકોચાઇને કઠણ થાય એટલે તેના ઉપર કપડાની ગાદી મૂકીને પેટ ઉપર પાટો બાંધી લેવો. ઓર અને પડ નીકળે તે આખાં નીકળ્યાછે કે નહિ તે જોવાં. જો તેનો કાંઇપણ ભાગ અંદર રહી જાય તો તેને લીધે રકતપ્રવાહ જારી રહેછે અને છેવટ તે અંદર સડવાથી સુવાવડમાં તાવનું કારણ થઈ પડેછે.

પ્રસવ બાદ મા તથા બચાની માવજત. સૂવાવડ.

સ્ત્રીના પેટ ઉપર પાટો બાંધ્યા પછી તેને યોનિ દ્વાર ઉપર સાફ રૂમાલ મૂકી સૂવા દેવી. રૂમાલ વખતો વખત જોવાથી સ્રાવ કેટલો થાયછે તેનો કયાસ થઈ શકેછે. તેને ઘણો શ્રમ થયો હોયછે તેથી ઘણું કરી ઉંઘ આવી જાયછે. બીજી તરફથી બાળકને નવરાવીને કપડાં પહેરાવવાની તજવીજ કરાવવી. બાળકના નાળને કપડામાં વીંટો નાભી ઉપર એક ગાદી મૂકી પેટ ઉપર પાટો લપેટી લેવો. આપણા દેશમાં બાળકના નાળને દોરો બાંધી તે ખરી પડે ત્યાં સુધી ગળામાં વીંટી રાખેછે તેમાં નુકશાન એટલુંજછે કે વખતો વખત દોરાને બાળકનો અગર તેની માતાનો હાથ લાગવાથી તે ખેંચાયછે અને દુખાયછે; તેથી વખતે નાભી પણ પાકેછે. પ્રસવ થયા બાદ ઓછામાં ઓછો અર્ધા કલાક ડાકટરે ઓરત પાસે રોકાવું જરૂરનું છે.

ચોવીસ કલાક પછી ડાકટરે ફરીથી બાઈને જોવા જવું. તે વખતે નાડી કેમ ચાલે-

છે, પેશાબ છૂટ્યો કે નહીં, યોનિમાંથી કેવા રંગનું પાણી નીકળેછે, પેટમાં દુખેછે કે નહીં, ઉંઘ આવી કે નહીં, વગરે હકીકત બરાબર પૂછી વાકેફ થવું.

પ્રસવના અથાગ શ્રમ પછી સ્ત્રીને સારી નિંદ્રા આવેછે અને નિદ્રામાંથી જાગ્યા બાદ તે હુશીયર થાયછે. જો નિદ્રા કોઈ કારણ સર નહીં આવે તો તેથી માથું દુખેછે, તાવ આવેછે અને બીમાર થાયછે માટે નિદ્રાનો ભંગ થાય. એવાં સરવે કારણો દૂર કરવાં. તે છતાં નિંદ્રા ન આવેતો કલોરલ હઇડ્રેટ આપવું. નિદ્રા માટે અફીણની દવાઓ પણ ગુણકારીછે; તથાપિ ગર્ભાશયના સંકોચનને શિથળ કરનારી એ દવાછે માટે તે બનતા સુધી આપવી નહીં-

પ્રસવ સમયમાં મૂત્રાશય અને મૂત્ર માર્ગ ઉપર દબાણ થવાથી કોઇવાર તો જુજ વરમ થાયછે અને તેથી કવચિત પેશાબ બંધ રહેછે. કવચિત પેશાબની હાજત બહુ થાયછે. પેશાબ બંધ હોય અગર ઘણી વખત જવું થાયતો તે માટે ગરમ પાણીનો શેક કરવો અફીણ વાળી દવા પાવી, અગર પહેરવા કહેવું, અને કેવળ બંધ હોય તો મૂત્રશલાકાથી પેશાબ કાઢવો.

પ્રસવ થયા બાદ નાડી જલદી ચાલે અગર જવર આવેતો કાંઇ પણ વિશેષ વ્યાધિ થવાની નિશાની સમજવી. તરેહવાર સૂતિકા જવરનું આ પૂર્વ ચિન્હ થઇ પડેછે. માટે આ જ્વરનું કારણ સોધી તેનો મૂળમાંથીજ યોગ્ય ઇલાજ કરવો. દૂધને લીધે માત્ર જવર આવ્યોછે, અથવા ગર્ભસ્થાન વગરેનો વરમછે અગર બીજું કાંઈ કારણછે તેનો બારીકીથી વિચાર કરવો.

સુવાવડમાં સ્વાભાવિક પ્રવાહ (લોકયા):—સુવાવડમાં બે કે ત્રણ અઠવાડીયાં સુધી યોનિમાંથી સ્રાવ થાયછે. આ સ્રાવ પ્રથમ એક બે દિવસ રક્ત મિશ્રિત હોયછે. ત્યારબાદ પીળાસપર છેક પાણી જેવો નીકળેછે. જો તે ઘણી વાસ મારે અગર બંધ થઈ જાય તો તેને એક ખરાબ નિશાની સમજવી. જો મૂએલું બાળક અવતર્યું હોય તો તે એક બે દિવસમાં બંધ થઈ જાયછે, પણ તેથી કાંઈ હરેકત થતી નથી. જો પ્રવાહ દુર્ગંધવાળો આવે તો યોનિમાં ઓષધની પીચકારી મારવી.

પશ્ચાતવેણ (આફટર પેન):—પ્રસવ થયા પછી કેટલોક કાળસુધી સ્ત્રીઓને ઝીણી ઝીણી વેણ આવ્યા કરેછે,કોઇને માત્ર બે ચાર કલાક સુધી વેણ આવેછે,ને કોઇને એક બે દિવસ સુધી આવેછે. પ્રથમ પ્રસવવાળી સ્ત્રીને તે વેણ આવતી નથી પણ જેને ઘણાં બાળક થયાં હોય તેનેજ આવેછે. જો તે સહન થઈ શકે તો ઠીક, પણ જો તે અસહ્ય હોય તો ક્લોરોડાઈન અથવા મોર્ફીયા આપવાથી બંધ પડી જાયછે. બાળક તથા ઓર અવતર્યા પછી આ વેણ આવેછે તેને પશ્ચાતવેણ કહેછે. ગર્ભાશયમાં રક્ત અથવા પડનો કાંઇ ભાગ રહી જાય તેને દુર કરવા સારૂ પશ્ચાતવેણ આવેછે.

બાળકને બીજે દિવસે જરા દિવેલનો સુવાના પાણી સાથે જુલાબ આપવો, ને તેની માને ત્રીજેદિવસે એરંડીયાનો જુલાબ આપવો. આ જુલાબ ઝાડો કબજ હોયતોજ આપવો.

બીજે દિવસે માને ઘણું કરી જરા તાવ આવી જાયછે. સ્તનનો તાડ થઈ આવેછે

અને દૂધ છુટેછે. ત્યારથી બાળકને ધવડાવવાનું શરૂ કરવું. ત્યાં સુધી તેને ગળથુથી ઉપર રાખવામાં આવે છે. કેટલાક પહેલે દિવસથીજ બાળકને ધવડાવવાની ભલામણ કરે છે. દૂધનો તાવ કોઈ વાર ઘણો સખ્ત આવેછે.

સ્ત્રીના પેટ ઉપર બે ત્રણ અઠવાડીયાં સુધી પાટો બાંધી રાખવો. પહેલાં બે અઠવાડીયાં તેને બિછાનામાંજ રાખવી. ત્યારપછી બીજાં બે અઠવાડીયાં સુધી તેને માત્ર ઘરની અંદર હરવા ફરવા છુટ આપવી અને પછી બહાર જવાનું શરૂ કરવું.

ગર્ભાશયની પૂર્વાવસ્થાઃ—આધાનના દિવસમાં ગર્ભસ્થાન બહુ મોટું થાયછે, તે પ્રસવ થયા પછી સંકોચાઇને મોટા દડા જેવડું રહેછે. તેના વૃદ્ધિ પામેલા ભાગનું ચરબી રૂપાંતર થઇ શોષણ થઈ જાયછે અને એક મહિનાથી છ અઠવાડીયાંની મુદતમાં તેનું કદ પોતાની પૂર્વાવસ્થામાં આવેછે. ઉપર કહ્યું છે તે પ્રમાણે સ્ત્રી સુવાવડમાં એકાદ મહિનો આરામ નહીં ભોગવે, અને વિશેષ ફરવા હરવાનું રાખે તો કેટલીક વાર આગળ ઉપર તેને તેનું પરિણામ વેઠવું પડેછે. જેમકે ગર્ભસ્થાન ભારી હોવાથી તે નીચે ઉતરેછે અગર વાંકો વળી જાયછે. પ્રદર અથવા રક્તસ્રાવ ઉત્પન્ન થાયછે.

સુવાવડમાં ખોરાકઃ—સુવાવડના દિવસમાં ખોરાક સાદો હલકો અને પોષણકારક હોવો જોઈએ. સૌના જાતિ ધર્મ અને ટેવ પ્રમાણે જે ખોરાક માફક આવતો હોય તે લેવો. પ્રથમ એક બે દિવસ કાંજી, રાબ, ખીચડી વગેરે, હલકો ખોરાક લેવો અને બાદ ક્ષુધાને અનુસરી વિશેષ ખોરાક પાચન થઈ શકે તે પ્રમાણે લેવો. રૂચિને અનુસરતો હલકો ખોરાક લેવાથી તે ખાઇ શકાયછે અને પાચન પણ થઈ શકેછે. સુવાવડના વખતમાં બચ્ચાં વાળી ઓરતને પોતાના પોષણ માટે ખોરાક જોઇએ છીએ એટલુંજ નહીં પણ ધાવણને માટે વિશેષ પોષણકારક ખોરાકની જરૂર છે.

આપણા દેશની સૂવાવડમાં ખોરાક અને બેહદ પરેજીની કેટલીક રીત નાપસંદ કરવા જોગછે. મૂએલ બચ્ચું અવતર્યું હોય, અગર અધુરે દિવસે સજીવ બચ્ચું સાંપડ્યું હોય અગર ગર્ભસ્રાવ થયો હોય તો તે સ્ત્રીને અર્ધું ભૂખે મરવું પડેછે. ફક્ત ગોળ અને રોટલો, ઘી અગર બીજી ચીજ સિવાય કેટલાક દિવસ ખાવું પડેછે. સારી રીતે બચ્ચું અવતર્યા છતાં પણ દૂધ ચાલીસ દિવસ સુધી ખવાયજ નહી. ભાત ખીચડી વગેરે બીજી કેટલીક ચીજની પરેજી હોયછે. તેને ઠેકાણે દરરોજ શીરો આપવાનો ચાલછે. શીરો વગેરે ચીજ પાચન થઈ શકે તો ઘણી હીતકારી છે. પણ નહી ખવાય, અરૂચિ થાય તથાપિ તેજ ખાવાનું મળે. દૂધ જેવી પોષણકારક ચીજથી કાંઇજ નુકશાન નહી છતાં તે બીલકુલ ખાવા અપાય નહી. આવી ભૂલ રૂઢીમાં શી રીતે દાખલ થઇ હશે તે સમજી શકાતું નથી. પરંતુ હવેના કાળમાં પ્રસંગોપાત કેટલીક આવી ભૂલો સુધરતી જાયછે.

સૂવાવડમાં સ્ત્રીનું રહેઠાણ તથા સગવડતાનું બિછાનું, સારા અજવાળા વાળી જગોમાં જ્યાં પવનનો ખુલાસો હોય તેવા સ્થળમાં હોવું જોઇએ. નવાં જન્મેલાં બચ્ચાં તથા તેની મા ઉપર પવનનો ઝપાટો નહી જોઇએ. તેથી તેમની બેઉની તબીયતને દહેશત રહે છે. તથાપિ તેમના રહેવાના ઓરડામાં તેમના અંગ ઉપર નહી આવે તેવી રીતે પવન

આવવો જવો જોઇએ. સ્વચ્છ હવાની દરેક આદમીને કેટલી જરૂરછે તે બીજે ઠેકાણે લખવામાં આવ્યુંછે.

આ બાબતમાં આપણા લોકોની રીતો ઘણે ઠેકાણે ભૂલ ભરેલી જોવામાં આવેછે. મેલા કપડામાં, વહાણના ભાગા તુટ્યા ખાટલા ઉપર,ફાટીતુટી ગોદડીમાં એક અંધારા ખુણામાં સુવાવડી સ્ત્રી તથા તેના નીરપરાધિ બાળકને ચારથી છ અઠવાડીઆં સુધીની ટીપ ભોગવવી પડેછે. કેટલાક લોક બાળક તથા સ્ત્રીને દસ દિવસ નવરાવતા નથી,કેટલાક નવરાવે છે. જે ખુણામાં બિછાનું હોય તેની આસપાસ પડદા રાખવામાં આવે છે. જો ઓરડી ઓરડો હોય તો તેની દરેક બારી, જાળી, જાળીઆં બંધ કરવામાં આવેછે. કેટલેક ઠેકાણે તેવા દરેક બાકોરાંને કાગળથી બંધ કરવામાં આવે છે એટલે એક તડમાંથી પણ પવન સંચરે નહી. અંધારાને લીધે રાત દિવસ દીવો રાખવા જરૂર પડેછે. અધુરામાં પૂરૂ કેટલાંક પરગણાંમાં બિછાના નીચે છાણા લાકડા વગરે શેક માટે નાખવામાં આવે છે. તેવી જગ્ગોની અંદર મા,બચ્ચું,તેની ચાકરી કરનાર આદમી અને જોવા આવનારા બેસેછે. આ ઓરડાની હવા કેવી શ્વચ્છ રહે તેનો ખ્યાલ સહજ કરી શકાશે. માની તથા બચ્ચાની તબિયત ઘણીવાર બગડેછે. શાથી બગડે છે તેનો ખરો ખ્યાલ સમજાતો નથી. ક્વચિત કાર્બોનિક આક્સિડ હવામાં વધારે થવાથી બચ્ચું મરણ પામેછે. આવો દુખદાયક ચાલ જેમનાથી બને તેમણે તોડવાની કોશીશ કરવી ઘટેછે.સ્ત્રીની નાજુક અવસ્થામાં જ્યારે વધારે સુખ, સ્વચ્છ હવા,પૂરો આરામ,અને મનની ખુશાલીની અવશ્યકતા હોયછે ત્યારે કેટલાક ધર્માદિ વહેમને લીધે તે અબળાને અજ્ઞાનતાનાં ફળ વેઠવાં પડેછે.

સૂવાવડમાં ઔષધિઃ—સૂવાવડમાં તેમજ પ્રસવકાળમાં કાંઈ કારણ માલમ પડે તોજ ઔષધ આવવું. જરૂર સિવાય બીલકુલ દવા આપવી નહી. તાવ, ચુંક, મળાવરોધ, નિદ્રાનાશ ઇત્યાદિ કાંઈ પણ બ્યાધિ જણાય તોજ તેનો ઇલાજ કરવો.કેટલાક લોકોમાં એવો ચાલછે કે બચ્ચું જનમ્યાપછી તેને તરતજ એરંડીયાનો જુલાબ આપવામાં આવેછે.તેમજ માને પણ તેનોજ જુલાબ આપેછે. પણ ઝાડો કબજ હોય તોજ આ જુલાબ આપવો, ઝાડાનો ખુલાસો હોય તો આપવો નહી. બચ્ચાંને માટે કુદરતના તરફથી જુલાબ તૈયાર થાયછે. માનું દુધ પહેલું પીવામાં આવેછે તેમાં રેચક ગુણ છે એટલે બીજા જુલાબની જરૂર રહેતી નથી.

આ મૂલકમાં સુવાવડના દિવસમાં ઓરતને કેટલીક ઔષધિના ક્વાથ પાવાનો રીવાજ છે. આવા ક્વાથથી કેટલાએક ફાયદો સમજેછે, કેટલાએકને ફાયદો અગર ગેરફાયદો જણાતો નથી અને કેટલાકને ગેરફાયદો થાયછે. વિનાકારણ ક્વાથ પીવાનો રીવાજ પસંદ કરવા જોગ નથી.

સ્ત્રીયોને હીરાબોળ, દારૂ તથા બીજી કેટલીક દવાની પોટલી યોનિમાં પહેરવાની રીત સુવાવડના વખતમાં હોયછે. પ્રસવ વખતે વિસ્તૃત થયેલા ભાગ સંકુચિત થવાનો કુદરતી નિયમજછે. તેને માટે આવી ઔષધિની જરૂર નથી. આગળ બલામણ કરીછે તે પ્રમાણે જો ઓરત સુવાવડમાં પૂરતો વખત આરામ લેશે તો સ્ત્રીના જુનાવયવ સ્વભાવિક રીતે

પોતાની પૂર્વાવસ્થા ધારણ કરછે.તેમાં કાંઈ ન્યુનાધિકપણું રહેતો તેનો ઇલાજ કરવો યોગ્યછે.

સૂવાવડમાં પેડુ ઉપર પાટો:—આધાનના દિવસમાં ગર્ભને લીધે પેટ અને પેડું વધીને બહુ મોટાં થાયછે. ગર્ભ અવતર્યા બાદ પેટની દીવાલનો અગ્ર ભાગ ઢીલો પડી જાય છે, તેને આ પાટો બાંધવાથી ટેકો મળેછે. પણ પાટો બાંધવાનો મુખ્ય હેતું એ હોયછે કે ગર્ભાશયના ઉપર બરાબર દબાણ રાખવું. ગર્ભાશયને ટેકો મળે છે એટલે તે સ્થિર રહે છે એટલુંજ નહી પણ તે ઢીલો થતો નથી અને તેથી રક્તપ્રવાહની ધાસ્તી રહેતી નથી. એક વેહેત પહોળો તથા એકવાર લાંબો પાટો લેવો તથા એક નાની ગાદી કરવી. ગાદી પેડુ ઉપર મૂકી પાટો પેડુ તથા કમરની આસપાસ તાણીને બાંધી લેવો.

આપણા લોકોમાં પાટો બાંધવાની રીતછે. ખરી પણ ઘણે ઠેકાણે તે બરાબર બાંધવામાં આવતો નથી. કેટલાક ફક્ત પાટી અથવા ફેંટો પેટ ઉપર વીંટી રાખેછે. તે છૂટો અથવા ઢીલો રેહેછે, કારણ તે પાટાના ખરા હેતુની તેમને ખબર હોતી નથી. આગળ કહ્યુંછે કે પાટો બેથી ત્રણ અઠવાડીઆં રાખવો.

ધાવણ:—પ્રસવ થયા પછી ૨૪ થી ૪૮ કલાકમાં સ્તનમાંથી દૂધ વછુટેછે. તેની સાથે કોઇવાર થોડો અને કોઇવાર ઘણો તાવ આવેછે. તે ધાવણ નીકળ્યા પછી ઉતરી જાયછે. જેને આગળ બચ્ચાં થયાં હોય તેને તાવ વિશેષ આવતો નથી. ધાવણનો પ્રથમ ભાગ જરા ચીકણો હોયછે અને તેનો ગુણ રેચક હોયછે. કોઇવાર ધાવણ ઘણું હોયછે ને કોઇવાર થોડું હોયછે. ધાવણ કમી હોયછે ત્યારે ઘણું કરીને સ્ત્રી નાજુક અને નબળી તબીયતની હોયછે, તેને કાંઈ અંગરોગ હોયછે, મનની ફિકર હોયછે, અથવા તાવ હોયછે. તેને દરેકને માટે યોગ્ય ઇલાજ કરવો. સારો પોષણકારક ખોરાક તથા તબિયત સુધરે એવી ઔષધિ આપવી. સૂવા તથા મેથી ખવડાવવાં. સૂવાનો ક્વાથ કરી દિવસમાં બે ત્રણ વખત પાવો. એરંડાનાં પાંદડાં ગરમ કરી સ્તન ઉપર બાંધવાં. એવા ઇલાજોથી દૂધમાં વધારો થાયછે. કોઇવાર દૂધ તદન ઉડી જાયછે અથવા કમી રહેછે અને કોઇવાર દૂર્ભાગ્યથી બાળકને મૂકી માતા ગુજરી જાયછે. કોઇવાર સ્તનને વ્યાધિ થાયછે. ત્યારે બચ્ચાંને માટે ધાવ રાખવા જરૂર પડેછે, અથવા જનાવરનું દૂધ પાવાની ફરજ પડેછે.

ધાવ:—બાળકની મા મરી જવાથી બીજી ઓરતને બચ્ચું ધવાડવાની જરૂર રહેછે. ધાવ હમેશાં નીરોગી, સારાસ્વભાવની, સુશિળ અને સમજુ જોઇને રાખવી. તેને ઉપદંશ, જવર, ક્ષય, આદિ કાંઈ વ્યાધિ નથી અને તેના કુટંબમાં પણ વારસામાં ઉતરનાર રોગ નથી એવી સાવચેતી રાખવી. બેઉ સ્તનનો તપાસ કરવો કે તે સારાં નીરોગી દૂધથી ભરેલાંછે. જરૂર જણાય તો તેમાંથી દૂધ લેઈ તેનો તપાસ કરવો. એક મહત્વની બીના એ લક્ષમાં રાખવાની છે કે જેટલી ઉમરનું બચ્ચું હોય તેટલીજ અગર તેને લગભગ ઉમર ધાવના બચ્ચાની હોવી જોઇએ. તેમ હોય ત્યારે બાળકને તેનું દૂધ બરાબર માફક આવેછે અને તે સારૂં ઉછરેછે. તેમાં ઘણો ફરક હોય તો ધાવનું દૂધ જોઇએ તેવું માફક આવતું નથી. ધાવની ઉમર, દાંત, કેશ, અને અનુભવ ઉપર ધ્યાન આપવું જોઇએ. પસંદગી ઉપરથી જે જે ધાવ રાખવામાં આવે તેને સાદો હલકો પાચન થઈ શકે

તેવા અને તેને લેવાની આદત હોય તેવો ખોરાક ખાવા આપવો. શ્રીમંત લોકને ગરીબ સ્થિતિની ધાવ મળેછે અને તેને હમેશનો ખોરાક એકદમ મૂકાવી ઘણો ઊંચો ખોરાક આપવામાં આવેછે.તેથી તે ધાવને માફક આવતો નથી,અને તેને અજીર્ણ થાયછે અને તબીયત બગડેછે. તેથી બાળકની તબીયતને પણ ધક્કો પહોચેછે. માટે તેવી ભૂલ કરવી નહીં. તેની સ્થિતિ અને ટેવને અનુસરીને થોડો થોડો ઊંચો ખોરાક ઉમેરવો.

ધાવને બાળક સોંપ્યા પછી થોડી થોડી મુદતે તપાસ રાખવી કે તે સારી રીત ઉછેરેછે કે નહીં.

ગાયનું દૂધઃ—ધાવ મળી નહીં આવે અગર રાખવાની શક્તિ નહીં હોય ત્યારે જનાવરનું દુધ પાવાની જરૂર પડેછે. બકરી અને ગધેડીનું દુધ સ્ત્રીના દુધને ઘણે દરજ્જે મળતું આવેછે. તે બચ્ચાંને તાજુ દોહીને પાવું. પણ આ દુધ મળવું મુશ્કેલ પડે છે. ગાયનું દુધ સહેલાઈથી મળેછે. પણ તે સ્ત્રીના દુધથી વધારે ઘાટું અને ઓછું ગળ્યું હોય છે.તેને સ્ત્રીના દુધની પદ્ધતિ ઉપર લાવવા સારૂ તેના બે ભાગ દુધમાં એક ભાગ પાણીનો મેળવવો અને જરા સાકર મેળવવી. પીવા આપતી વખત દુધને જરા ગરમ કરવું. દુધ ચમચા અથવા પુમડાથી પાવામાં આવે છે. પણ તે કરતાં બાટલીથી પાવાની રીત વધારે પસંદ કરવા જોગ છે. બાટલીના મોઢા ઉપર રબરની દીંટડી આવેછે તે સ્તનની દીંટડીને મળતી આવે છે. જે બાટલીને લાંબી રબરની નળી હોયછે તેને કદી વાપરવી નહીં. દુધ પાયા પછીથી બાટલી દરેક વખત ગરમ પાણીથી ધોઈ સાફ કરવી. જો સાફ રાખવામાં નહીં આવે તો દુધ બગડી જાયછે. સુમારે દર ત્રણ કલાકે દુધ પીવા આપવું. કેટલાએક શ્રીમંત લોકોમાં સ્ત્રી પોતાની સગવડતા અને ખુબસુરતી માટે પોતીકાં બચ્ચાંને નહીં ધવડાવતાં ધાવ રાખેછે. આ રીત અતિ દોષવાળી અને ભૂલ ભરેલી છે.

ઘણું દુધઃ—દુધ કમી હોવાને બદલે જાસ્તી હોયછે. બચ્ચું ધાવેછે તે છતાં સ્તનનો તાડ ઉતરતો નથી. દુધ ઘણું ભરાયછે. તેથી પીડા થાયછે અને તાવ આવેછે. દુધ પોતાની મેળે વહી જાયછે. કેટલીક વાર સ્તન મોટું થઇ, સુજી આવી પાકેછે અને ફૂટેછે.

સ્તનના દરદને લીધે અગર બીજા કારણથી નહીં ધવડાવાય ત્યારે આ પ્રમાણે દુધ ચઢી જાયછે. બચ્ચું મરી જવાથી દુધ ચઢી આવેછે અને પીડા થાયછે. બચ્ચું ધાવી નહીં શકે તેથી પણ એજ પરિણામ નીપજેછે.

તેનો ઇલાજ બે રીતે થાયછે. એકઠું થયેલું દુધ કાઢી લેવું તથા બીજુ દુધ ઉત્પન્ન થતું બંધ કરવું. એકઠું થયેલું દુધ કેટલીક વખત પોતાની મેળે વહી જાયછે નહીતો તેને ખેંચવા સારૂ નળીયો વેચાતી મળેછે. તેનો એક છેડો સ્તનને લગાડવો તથા બીજે છેડેથી પવન ખેંચવો એટલે દુધ નીકળી આવેછે. મોટાં બચ્ચાંને વળગાડવાથી તે દુધ ચુસી લેશે; તે પીવા લાયક નહોય તો ચુશીને થુંકી નખાવવું.

દુધની ઉત્પત્તિ બંધ કરવા સારૂ બેલાડોના ઉત્તમ છે. તેનું તેલ અથવા સત્વ, સ્તન ઉપર ચોપડવું, તથા તેના સત્વનો $\frac{1}{8}$ ગ્રેન દિવસમાં બે ત્રણ વખત પીવા આપવું. તેથી

દુધ બંધ થઈ જાયછે. બેલાડોના ઝેરી પદાર્થછે માટે બચ્ચાંને ધવડાવવું હોયતો તેને ધોઈ નાંખી ધવડાવવું.

સુવાવડમાં સ્તન વ્યાધિઃ—પહેલા બચ્ચાવાળી સ્ત્રીની દીંટડી ઘણું કરી ચપટીહોય છે. તે ઉપડેલી હોતી નથી તેથી બાળક દુધ ખેંચી શકતું નથી. બાળક રૂએછે અને ઓરત મુઝાયછે તથા દુધ ચઢી આવેછે. વળી દીંટડીની ત્વચા મૃદુ હોવાથી બચ્ચું ધાવતાં તે છોલાયછે અથવા તેમાં ફાટ પડેછે. તેમ થાયછે ત્યારે બચ્ચું ધાવતાં દરદ થાયછે અને ધવડાવી શકાતું નથી. ધાવતાં દીંટડી ખેંચાય છે તેથી જખમ વધેછે અને બેહદ પીડા થાયછે. બાળક ભૂખથી રડેછે અને સ્ત્રી શોકાતુરને દુઃખી થાયછે. દુધ એકઠું થાયછે તે પીડામાં વધારો કરેછે અને દુધ કાઢવાનો ઇલાજ થઈ શકતો નથી.

પ્રથમથીજ સ્ત્રીએ પોતાની દીંટડી ખેંચી રાખવી જોઇએ. અગર તેને ખેંચવા સારૂ મોટા છોકરાને ધવડાવવું. ત્વચા નાજુક હોય તે માટે અગાઉથી સ્પીરીટ લોશન લગાડતા રહેવું અથવા ટાનિક આસિડનું લોશન લગાડવું. જ્યારે દીંટડી છોલાયછે અથવા ચીરાય છે ત્યારે તે ઉપર ટંકણખાર, સ્યુગરલેડ, અને ગ્લીસરીન લગાડવું. સીલવર નાઈટ્રેટ લોશન લગાડવું. દીંટડી ઉપર ધવરાવતી વેળા "શીલ્ડ" (એટલે તૈયાર ઢાંકણ મળે છે તે) રાખવી એટલે તેને ઇજા થયા વગર દુધ વહેછે.

કોઈવાર સ્તન પાકી આવીને પરૂ થાયછે. ધાવણના વખતમાં સ્તનમાં લોહીનો ભરાવો હોયછે અને તેમાંથી સહેજ વરમ થઈ પરૂ થાયછે. સ્તન પાકવાનું હોય ત્યારે વરમનાં સ્થાનિક અને શારીરીક ચિન્હ જણાયછે. સ્તન સૂજી આવેછે તેમાં એક અથવા વધારે ઠેકાણે ગાંઠ ઘાલેછે. તે ઠેકાણે દાબતાં અતિશય દરદ થાયછે. તે ભાગ લાલ થઈ ઉપર તરી આવે છે અને પરૂ થઈ નરમ લાગે છે અને છેવટ ફૂટે છેઃ તેની સાથે તાવાદિ શારીરિક ચિન્હ જણાયછે. સ્તન લટકેછે તેમાં ઘણો બોજો લાગેછે. એક ઠેકાણે ફુટી તેમાંથી પરૂ નિકળી આરામ થાયછે. અથવા તે ઠેકાણે ગાંઠ ઘાલી પાકીને ફરી બીજે ઠેકાણે ફુટેછે. એ પ્રમાણે અનેક ઠેકાણે ગડ થઇને ફુટે અને તે નહી રૂઝાતાં પરૂ ઝરતું રહેછે. કોઈ વખત આ પ્રમાણે ચોમેરથી સ્તન પાકી દુગ્ધનળીયોનો નાશ થઈ છેવટ સ્તન શુષ્ક અને નકામું થઈ પડેછે.

ઇલાજ માટે સ્તનને ઝોળીમાં ઝીલી રાખવું. બેલાડોના લગાડવું અને શેક કરવો. પરૂ થાય એમ જણાયતો પોટીસ મારવી અને પરૂનો બહાર રસ્તો કરવો. જેમ પરૂને માટે નીચેના ભાગમાં ફોડવામાં આવે તેમ વધારે સારૂ,કેમકે તેમ કરવાથી પરૂ સહેલાઈથી વહી શકેછે.ફુટ્યા પછી યોગ્ય મલમ પટી કરવી.કોઈવાર માનું દુધ સારૂ હોતું નથી અને છોકરાની તબિયત સારી રહેતી નથી. વખતે દુધ ઘણું હોયછે પણ પાણી જેવું હોયછે. ધવડાવનારી માયે હમેશાં યાદ રાખવું કે જે પદાર્થ, ઔષધાદિ ચીજ અને ખોરાક તે ખાશે તેની અસર દુધ ઉપર થઈ બાળક ઉપર અમલ થશે. માટે દારૂ, બીજા ગરમ પદાર્થ અગર શરદ પદાર્થ, જુલાબ અને બીજાં ઔષધ ખાતાં વિચાર કરવો.

બાળકને દુધ હમેશાં નિયમસર આપવું. બાળ અવસ્થામાં ખાવું, ઉંઘવું અને ઝા-

કો પેશાબ કરવો એટલોજ સાર હોયછે. પોષણ વધારે મળવાથી અને ખરચ થોડો થવાથી આસ્તે આસ્તે શરીર વૃદ્ધિ પામેછે. પ્રથમ દર બે કલાકે ધવડાવવાની ટેવ રાખવી અને બચ્ચુ મોટું થતું જાય તેમ ત્રણ અથવા ચાર કલાકનો અંતર રાખવો, એટલે તે દરમીયાન બચ્ચાંને દુધ પાચન થાયછે, માને વિશ્રાંતિ મળેછે અને બીજુ દુધ પેદા થવા વખત મળેછે. વારંવાર ધવડાવવાની ટેવ ખોટીછે. તેથી બચ્ચાંને દુધ આવતું નથી અને વધારે પીવાયતો અજીર્ણ અથવા ઉલટી થાયછે. નાનાં બાળક પેટમાંથી દુધ દહીં જેવું બંધાઈ ગયેલું કાઢી નાખતાં વારંવાર જોવામાં આવેછે અને તેમના ઝાડામાં પાચન નહી થયેલો દુધનો ભાગ જોવામાં આવેછે. આ ઘણી વખત વધારાનું ધાવણ સમજવું.

કેટલીક સ્ત્રી બચ્ચાંને પડખામાં રાખી સૂઈ રહેછે. બાળક ચૂસ ચૂસ કરેછે. સ્તન તેના મોઢામાં પડી રહેછે અને કોઈ વખતે બાળકના નાક ને મોં ઉપર આવી રહ્યાથી બાળક ગુંગળાઇને પડખામાં મરી જાયછે. માટે એવી ટેવ રાખવી નહી. તેમ કરવાથી માની નિદ્રામાં પણ ભંગ થાયછે.

દરેક સ્ત્રીને કેટલું દુધ આવેછે તેનો ચોકસ નિયમ બાંધી શકાય નહીં. સ્ત્રીની તબીયત, શરીરનો બાંધો તથા દુધના ખપ ઉપર તેનો આધાર છે. ધવડાવવાના કાળમાં ઘણું કરી રૂતુ પ્રાપ્તિ થતી નથી. સુમારે છ માસથી એક વરસ પર્યંત આર્તવ બંધ રહેછે. કોઇ સ્ત્રીને દર મહિને આર્તવ આવ્યાં કરેછે. કોઇને જલદી શરૂ થાયછે અને કોઇને વિલંબથી આવેછે.કેટલાક એમ ધારેછે કે આર્તવ આવે ત્યારથી દુધ બગડેછે. આ વિશે ચોકસ નિયમ નથી, પણ જો ધવડાવવાના વખતમાં આધાન રહેતો દુધ અવશ્ય બગડી જાયછે. દુધ કમી થાયછે અને પાતળું પડી જાયછે, તેથી બાળક કૃશ અને પીળું પડતું જાય છે. ઘણું કરી રૂતુ બંધ રહેછે, તેની સાથે નવો ગર્ભ પણ રહેતો નથી. ક્વચિત્ નવો ગર્ભ રહે છે. તેમ થાય ત્યારે બાળકને ધાવણ છોડાવી દેવું.

માના દુધને ઠેકાણે "લીબીગફુડ" વપરાય છે. યૂરોપમાંથી "કંડેન્સ્ડ મીલ્ક" એટલે થીજી ગયેલા અને ઘર કરેલા દુધના ડબા વેચાતા મળેછે. જ્યાં સુધી ગાયનું તાજું દુધ મળી આવે ત્યાંસુધી ડબાઓનો કદી ઉપયોગ કરવો નહીં. એ ડબાઓ ફક્ત જંગલ અને વહાણમાં જ્યાં તાજા દુધની આશા નહીં ત્યાં વાપરવાને યોગ્ય છે.

ધાવણ કેમ છોડાવવું અને ક્યારેઃ— ધાવણ છોડાવવાનો ચોકસ વખત બાંધવો મુશ્કેલ છે. બાળકની ઉમર, બાળકની તબિયત તથા માની તબિયત ઉપર તેનો આધાર છે. માની તેમજ બચ્ચાંની તબિયત સારી હોય તો એક વરસનું બચ્ચું થાય એટલે ધાવણ છોડાવવું.

માની તબિયત નબળી હોય, ગર્ભ રહ્યો હોય અગર કાંઈ વ્યાધિ હોયતો તેની પહેલાં છોડાવવું પડેછે. બચ્ચાંને ધાવણ માફક નહીં હોય ત્યારે વહેલું છોડવું પડેછે. કેટલાકનો મત છે કે દુધીયા દાંત આવી જાય એટલે બે અઢી વરસની ઊમર થયા પછી ધાવણ છોડાવવું. દાંત આવેછે એટલે કુદરત બચ્ચાંને દુધને બદલે ખોરાક ખાવાને લાયક કરે છે. પણ બે અઢી વરસનીઉમર પહેલાંજ માનું દુધ એટલું કમતી થઈ જાયછે કે બચ્ચાંનો

તે ઉપર નિભાવ થઇ શકે નહીં. જેમ વધારે કાળ જાય તેમ દુધ પાતળું પડી જાય છે. સુમારે આઠ દશ મહિનાનું બચ્ચું થાય ત્યારથીજ બીજા બહારના દુધની પૂરવણી કરવી પડેછે. જેમ લાંબો કાળ બચ્ચું ધાવે તેમ સ્ત્રીને તેથી નબળાઈ આવેછે અને દુધ બગડેલું નીચી પ્રતિનું હોવાથી બચ્ચાંની તબિયતને નુકશાન કરેછે. ધાવણ મૂકાવતાં થોડે થોડે ખોરાકનો ફેર કરવો. પ્રથમ ગાયનું દુધ અને પછી થોડો થોડો ખોરાક તેની સાથે આપવો. આ ફેરફાર કરવામાં હમેશાં બચ્ચાંની તબિયત ઉપર લક્ષ આપવું. એકદમ ધાવણ છોડાવતાં બચ્ચાંને ઘણો ત્રાસ અને બેચેના રહેછે અને અજીર્ણ ઝાડો અગર તાવ આવેછે; તેમ માને પણ વખતે ધાવણ ચઢી આવેછે. પ્રથમ ધવડાવવાનો મહાવરો કમી કરતા જવું અને છેવટે બંધ કરવું. બચ્ચું બહુ ત્રાસ આપે તો સ્તન ઉપર કાંઈ કડવી ચીજ નુકશાન નહી કરે તેવી લગાડવી.

જન્મેલું બાળક.

જન્મશ્વાસાવરોધ:—કેટલીકવાર બાળક અવતર્યા પછી કેટલોક વખતસુધી શ્વાસ ન લેતાં સ્તબ્ધ થઈ પડયું રહેછે. તેને સચેત કરવા કાંઇજ વિલંબ ન કરવો. તેના મોઢામાંથી લાળ કાઢી લેઈ તરતજ ગાલ તથા કૂલા થાબડવા. કાનમાં ફુક મારવી અને ચહેરા ઉપર થંડુપાણી છાંટવું. એટલાથી સચેત ન થાયતો વારાફરતી ગરમ અને થંડા પાણીમાં તેને ગળાસુધી બેસાડવું; તેથી પણ ચેતન ન આવેતો હસ્તક્રિયાવડે શ્વાસોશ્વાસ ચલાવવાની તદબીર કરવી. વીજળી લગાડવાથી પણ ચેતન આવેછે. આ પ્રમાણે અડધાકલાકસુધી કર્યા છતાં શ્વાસ ચાલુ ન થાય તો આશા છોડવી.

બાળકનું નાળ:—આગળ કહ્યુંછે તે પ્રમાણે નાળના એક બે ઇંચ બાળકની નાભીને વળગી રહેછે. તે સુમારે પાંચ છ દિવસમાં સૂકાઇને ખરી પડેછે. તેને આગળ કહ્યું છે એ પ્રમાણે કપડામાં લપેટી પેટ ઉપર પાટો બાંધી રાખવો જોઇએ. આ વખત નાભીનો ભાગ ઢીલો હોયછે અને ત્યાંથી કોઈ કોઈ બાળકને સારણ નીકળે છે, અને જેમ જેમ બચ્ચું રડે અગર કરાંઝે, તેમ તેમ ડુંટો વધેછે. એટલા માટે થોડાદિવસ નાભી ઉપર ગાદી મૂકી પાટો બાંધી રાખવો એટલે પેટને પણ ટેકો મળેછે અને બચ્ચાના પેટમાં વાયુનો ભરાવો થતો નથી. કોઇવાર નાભીને ઠેકાણે ચાંદી પડી રહેછે, તેમાંથી પાણી નીકળે છે. તે માટે ઝીંકઓક્ષાઇડ ભરભરાવવો.

નવરાવવું:-બચ્ચું જન્મે ત્યારે તેનું બદન ચરબીવાળી ચીકાશથી ભરેલું હોયછે. તેને સાબુ અને ગરમ પાણીવતી નવરાવવું. ત્યારબાદ દરરોજ અગર એક દિવસને આંતરે બાળકને નવરાવવું. દેશકાળ તથા રૂતુને અનુસરીને કપડાં પહેરાવવાં. મળમૂત્રની બાબતમાં સફાઈ રાખવી. નહિતો તે જગોએ ચાંદાં પડી આવેછે.

માને તેમજ બાળકની વૃદ્ધિ માટે અજવાળાનીને હવાની જરૂરછે. પ્રકાશ પ્રથમ થોડો અને પછી સાધારણ રહેવો જોઇએ. સ્વચ્છ હવાની જરૂર માટે બચ્ચું પંદરદિવસનું થયા બાદ કપડામાં ઓરાઢી તેને થોડે થોડે ઘરમાં અગર ઘરે બહાર ફેરવવું.

ગળથુથીઃ—આગળ કહ્યુંછે તે પ્રમાણે બચ્ચાને વખતોવખત ધવડાવવું.પ્રથમ એક બે દિવસ દુધ નથી આવતું ત્યારે ગળથુથીમાં સાકર,ગોળ અગર મધ પાણીની સાથે આપવામાં આવેછે. તેને ઠેકાણે ગાયનું દુધ અર્ધા પાણી સાથે આપવામાં આવે તો સારૂ. દુધમાં મીઠાશ માટે સાકર નાખવાનો ચાલછે પણ "દુધની સાકર" જે છાશમાંથી તૈયાર કરવામાં આવેછે અને વેચાથી મળેતો તે નાખવામાં આવેતો વધારે સારૂ.

માને વિના કારણ દવા આપવી નહિ,તેમજ બચ્ચાને પણ આપવી નહિ. એરંડિયેલ, સૂવાનું પાણી વગેરે આપવાનો રીવાજ ઘણાક લોકોમાં છે પણ તે જરૂર પડ્યા વિના આપવાં નહિ.

બાળાગોળીઃ-બચ્ચું તંદુરસ્ત હોય અને પેટ ભરેલું હોય ત્યારે રમેછે અથવા સૂઈ રહેછે.રડેછે ત્યારે તેને માટે કાંઇપણ કારણ હોયછે.ઘણી વખત તે કારણ આપણે જાણી શકતા નથી તથાપિ કારણ વિના તે રડતું નથી.બચ્ચું બહુ રડે અને ત્રાસ આપેછે અથવા તેની માને તેની સંભાળ લેવાનો વખત મળતો નથી ત્યારે આ મૂલકમાં બાળકને અફીણ આપવાની રૂઢી જોવામાં આવેછે. અફીણ એકલું અપાયછે અગર બીજા તેજાના સાથે તેની "બાળાગોળી" તૈયાર મળેછે. કેટલાંક બચ્ચાંને તેથી કાંઈ ઉઘાડો ગેરફાયદો જણાતો નથી. ક્વચિત તેથી દેખાઇતો બચ્ચાંની તબિયતમાં ફાયદો જણાય છે. પણ ઘણું કરી ગેરફાયદો જોવામાં આવેછે. કેટલાક તેને લીધે થતા અકસ્માતના મૃત્યુની બાબત અલગ મૂકી ઘણાક અફીણના બંધારણવાળા બાળકોની દુર્દશા જોવામાં આવે છે. તે ઘેનમાં પડી રહેછે, શરીરે કૃશ થતાં જાયછે અને છેવટે મરણ પામેછે. બચ્ચાંને અફીણનું બંધારણ હરગીજ કરાવવું નહિ.

ઝાડો ઉલટોઃ-બાળકને ઘણા કારણથી ઝાડો ઊલટી થઈ આવેછે.અયોગ્ય અથવા જોઇએ તે કરતાં જાસ્તી ખોરાક મળવાથી, શરદીથી, દાંતને લીધે અને એવાં પરચુરણ કારણોથી આ દરદો થાયછે.જે કારણ માલમ પડે તે દુર કરવું.ઘણું કરી ખોરાક અથવા દુધના સંબંધમાં ભૂલ હોયછે. ઝાડો પાતળો પાણી જેવો થાયછે અથવા તેની સાથે જળસ અને લોહી પડેછે. મરડા જેવો ઝાડો થાય ત્યારે જ્વરાદિ ચિન્હ પણ થાયછે. તેને માટે યોગ્ય ઇલાજ કરવા. દુધની સાથે થોડું ચુનાનું પાણી ઉમેરવું. બીઝમથ, ચાકનું ચૂર્ણ, ઇત્યાદિ દવા આપવી. ઘણીવાર ઝાડો લીલા રંગનો હોયછે.


બાળકને કોઈવાર મોંમાં થુલીયો (ચ્રશ) આવેછે,કમળો થાયછે,આંખો દુખવા આવે છે, બીજાં ઘણાં દરદો થાયછે. પણ તેનું બયાન આહી થઈ શકતું નથી. તે સર્વેને માટે યોગ્ય ઇલાજ કરવા. થુલીયો આવેછે ત્યારે મોઢામાં ને જીભ ઉપર સફેદ ડાઘ પડેછે.કેટલોક અંદરનો ભાગ આ સફેદ પડથી છવાઇ જાયછે. તાવ અજીર્ણ અને નબળાઇમાં આ વ્યાધિ થાયછે. તે એક જાતની "વનસ્પતિકોડ"છે. તે માટે ગ્લીસરીન તથા બોરાક્ષ (ટંકણખાર) અથવા ક્લોરેટ ઓફ પોટાસ લગાડવાં. નાઇટ્રેટ ઓફ સીલવર એક ઔંસ પાણીમાં ચાર ગ્રેન ભેળવી તે લગાડવું.


દાંતઃ—દાંત આવવાની પહેલાં ફકત બાળક દુધ પીવાને લાયકછે. દાંત આવે એ-

ટલે કાંઇ અનાજનો ભાગ પચવી શકે તેવી શક્તિ આવેછે. મોઢામાં દાંત આવેછે એટલુંજ નહિ પણ તેના પાચન કરનારા બીજા અવયવોમાંપણ આ વખતે ફેરફાર થાયછે. દાંત ફુટેછે ત્યારે બાળકને તાવ આવેછે, આંખ આવેછે, ઝાડો ઉલટી થાયછે, લાળ ગળેછે, ત્વચાના દરદ થાયછે અથવા આંચકી આવેછે. આવા હરકોઈ વ્યાધિ થાયછે અગર કાંઇપણ ચિન્હ જણાયા શિવાય દાંત આવેછે. વ્યાધિ ક્ષુલ્લક હોયતો ઇલાજ કરવા જરૂર નથી. પણ વિશેષ હોયતો તેનો યોગ્ય ઇલાજ કરવો. પ્રથમ દાંતનાં પેઢાં ચીરવાનો ચાલ બહુ હતો. જો પેડુ સુજી આવી લાલ થયું હોય અને તેની અંદર દાંત લાગતો હોય અગર આંચકી થઈ હોયતોજ પેડુ ચીરવું, નહિતો પેડુ ચીરવાથી ફાયદો નથી. દાંત ફુટતાં જે વ્યાધિઓ થાયછે તે ઘણું કરીને જડબામાંથી દાંત નીકળતાં થાયછે. પેઢાં જેવી મૃદુત્વચા દાંતને ફુટવામાં ઘણી અડચણ કરે એમ માનવું અસંભવિતછે.

આકૃતિ ૯૨.　　જાથુના દાંત, ઉપલુ જડબુ, એક બાજુ.

દાઢ.　　બેખુણીયા દાંત.　　કુતરીયો.　　કાપનારા.





દાઢ.　　બેખુણીયા.　　કુતરીયો.　　કાપનારા.

નીચલુ જડબું એક બાજુ.

દાંતનું વિસ્તારથી બ્યાન પૃષ્ટ ૯મે આપેલું છે.

દાંત સુમારે સાતમે મહિનેથી ફૂટવા માંડેછે અને બે વરસે પૂરા થઇ વીશ દુધીયા દાંત આવી રહેછે. કોઇવાર બે ચાર મહિના મોડા ફૂટવાની શરૂઆત થાયછે. કોઇવાર એક વરસની ઉમર થયા પછી પહેલો દાંત ફૂટે છે અને ત્રણ વરસની ઉમરે બધા ફૂટી રહેછે. દાંત ઘણુંકરી નીચેના કોષ્ટક પ્રમાણે ફૂટે છે, તોપણ ઉપર કહ્યા પ્રમાણે બે ચાર મહિના મોડું થઈ શકેછે.

એક જડબાના દાંત.

				કાપનારા ચાર.						
	દાઢ પાછલી.	દાઢ આગલી.	કુતરીઆં.	બાજુનાં.	વચલાં.	વચલાં.	બાજુનાં.	કુતરીઆં.	દાઢ આગલી.	દાઢ પાછલી.
મહીના	૨૪	૧૨	૧૮	૯	૭	૭	૯	૧૮	૧૨	૨૪

અસ્વાભાવિક પ્રસવ.

(અનૂનેચરલ લેબર.)

ગર્ભ બીન હરકતે કુદરતી સાધન વડે મસ્તકથી જન્મે તેને સ્વાભાવિક પ્રસવ કહે- છે. આ વ્યાખ્યાથી જે પ્રતિકૂળ થાય તેને અસ્વાભાવિક પ્રસવ કહેછે. તેમ થવાના દોષના નીચે પ્રમાણે ત્રણ ભાગ કરવામાં આવ્યા છે:—

૧. ગર્ભને બહાર હડસેલનારા સાધનમાં ખામી હોયછે,

૨. ગર્ભ નીકળવાના માર્ગમાં ખામી હોયછે.

૩. ગર્ભમાં પોતામાં ખામી હોયછે.

૧. ગર્ભને હડસેલનારા સાધનનો દોષ ગર્ભાશય તથા પેટના સ્નાયુમાં હોયછે. જો તેમનું અતિબળ હોય તો પ્રસવ એકાએક થાયછે, અથવા તે મંદ હોય તો પ્રસવ થવાને વિલંબ થાયછે. પહેલાને **જલદપ્રસવ,** અને બીજાને **વિલંબી પ્રસવ** કહેછે.

અ. જલદપ્રસવઃ—અતિ બળાત્કાર વેણ આવવાથી અથવા "પેલ્વીસ" ઘણી પહોળીહોવાથી અગર ગર્ભનું કદ ઘણું નાનું હોવાથી પ્રસવ એકાએક ને ઘણી ત્વરાથી થાય છે. સ્ત્રી ઉભી હોય, કામમાં હોય, અગર ઊંઘમાં હોય, ત્યારે કેટલીક વખત આ પ્રમાણે પ્રસવ થઈ આવેછે. તેથી કોઇવાર બાળકને ઇજા થાયછે, અને કોઇવાર માને પણ હરકત પહોંચેછે. બાળક ઊંચેથી પછડાય, નાળ તુટી જાય, યોનિ અથવા બેસણી ફાટી અગર ચીરાઇ જાયછે, વળી ઘણો રક્તપ્રવાહ થાય છે અથવા સ્ત્રી મૂર્છાગત થઇ જાય છે.

આવી રીતે અચાનક પ્રસવ થાય તેને માટે ઉપાય થઇ શકવો મુશ્કેલ છે, પણ કેટલીક સ્ત્રીને એવી આદત હોયછે તેથી એવી જો પ્રથમથીજ ખબર હોય તો અઠ્ઠીણ

આપવાથી, અથવા પેટે મજબુત પાટો બાંધી રાખ્યાથી, અને આરામ આપવાથી વેણનું જોર કમી થઇ આવા અકસ્માત થવાનો સંભવ ઘણો થોડો રહેછે.

બ. વિલંબીપ્રસવઃ—પ્રસવ થવામાં ઘણો કાળ લાગે તો બાળક તથા સ્ત્રીને નુકશાન પહોંચવાની ધાસ્તી રહેછે. ગર્ભાશય અથવા પેટના સ્નાયુ બરાબર નહિ સંકોચાયાથી અગર તેમનું જોર બરાબર પેલ્વીસની ધરીમાં ન લાગવાથી ગર્ભ નીચે ઉતરતો નથી તેથી વિલંબ થાયછે. ગર્ભાશય બહુ આગળ ઢળતો હોય અગર એક બાજુપર નમીજાય તો તેની તથા આગમનદ્વારની ધરી સીધી લીટીમાં રહેતી નથી.

ગર્ભસ્થાન અને સ્નાયુનો સંકોચ કમ હોવાથી વેણ મંદ આવેછે. શરીરની નબળાઇ, મનોવિકાર, હિસ્તીરિયા અથવા વાયુ વગેરે બીજા કારણને લીધે વેણનું જોર કમી હોયછે, તેને માટે શક્તિ આવે એવા ઉપાય ઓધાનના દિવસમાંજ કરવા જોઇએ. પ્રસવ વખતે સ્ત્રીને હિંમત તથા દિલાસો આપવો. વેણની સાથે ગર્ભાશય ઉપર બે હાથ રાખી નીચે દબાણ કરવું એટલે તેનાથી મોટી વેણનું કાર્ય થશે.

જો ગર્ભનો પ્રસવ થવામાં ફકત વેણનીજ ખામી હોય અને બીજી કાંઇ અડચણ ન હોયતો ગર્ભાશયને સંકુચિત કરવા સારૂ અરગટ નામની દવા આપવામાં આવેછે. અરગટની ભૂકી $\frac{1}{2}$ ડ્રામ, તેનું પ્રવાહી એક્સ્ટ્રાક્ટ ૧ ડ્રામ, અથવા ક્વાથ તૈયારકરી એકથી બે ઔંસ અડધા કલાકને અંતરે તેની અસર શરૂ થાય ત્યાંસુધી આપવું. અરગટ સિવાય ટંકણખાર તથા તજ તેજ કાર્યને માટે આપવામાં આવેછે. પણ તેમના ઉપર અરગટના જેટલો આધાર રાખી શકાતો નથી. જો કમળ બહુ સજ્જડ અથવા ગર્ભ આડો હોય અગર બસ્તિ પંજરની વિકૃતાકૃતિ હોય, અર્થાત્ ગર્ભને નીકળવાનો કોઇ જાતનો પ્રતિબંધ હોય તો અરગટ હરગીસ આપવો નહિ; કારણ કે અરગટને લીધે એક તરફથી સખ્ત વેણ આવશે અને બીજી તરફથી ગર્ભ નીકળી શકશે, નહિ તો તે ગર્ભ તથા સ્ત્રીના જાનને નુકશાન પહોંચવાની દહેશત રહેછે.

પેટના સ્નાયુ ઢીલા પડી ગયા હોય તેને લીધે ગર્ભાશય આગળ ધસી પડેછે અથવા આડો પડેછે, તેથી તેની અને બસ્તિની ધરી અસ્તવ્યસ્ત થઇજાયછે. એ કારણથી ગર્ભને પ્રસવ થવાને સરળ રસ્તો મળતો નથી, માટે સ્નાયુને જોર આપવા તથા ગર્ભાશયને યોગ્ય સ્થળે રાખવા સારૂ પેટ ઉપર બાંધવાને પટાનો ઉપયોગ કરવામાં આવેછે.

૨. ગર્ભ માર્ગની અડચણઃ—આ અડચણ ગર્ભ માર્ગના મૃદુ ભાગમાં તથા અસ્થિના ભાગમાં હોયછે. કમળમુખ, બેસણો અને યોનિ એ માર્ગને મૃદુ ભાગ કહેછે.

કમળમુખની સજ્જડતાઃ—હમેશાં કમળમુખને વિસ્તૃત કરવા ગર્ભાશયને શ્રમ પડે છે. પણ જ્યારે આ સ્વાભાવિક દઢતા કરતાં કમળ વિશેષ સજ્જડ હોયતો તેથી પ્રસવ થતાં તે એક પ્રકારની અડચણ થઇ પડેછે. એ તાજુબી ભરેલું છે કે જ્યારે કમળનો ભાગ પાતળો હોયછે ત્યારે તે વધારે સખ્ત હોયછે તથા તેને વિસ્તૃત થતાં વધારે વિલંબ લાગેછે. જો કમળ ઘણું સજ્જડ હોય તો કેટલોક વખત વેણ બરાબર આવ્યા

બાદ તે ધીમી પડી જાયછે, સ્ત્રી કાયર થઇ જાય છે અને જોર કરી શકતી નથી. તેનું શરીર તપી આવે છે, નાડી જલદ ચાલે છે, અને યોનિનો અંદરનો ભાગ ગરમ તથા રૂક્ષ થવા માંડે છે.

ઉપાય:—સ્ત્રી સબળ હોય તો કલાક બે કલાકને અંતરે "ટાર્ટરીઇમેટિક" $\frac{1}{4}$ ગ્રેન આપવું એટલે કમળ ઢીલું પડશે. કાંઈ મળાવરોધ માલૂમ પડે તો સૉલ્ટનો જુલાબ આપવો. અફીણ બહુ ઉપયોગી થઈ પડેછે. લાડેનમનાં વીશ ટીપાં આપવાથી કાયર થએલી સ્ત્રીને નિદ્રા આવેછે અને તે શાંત થાયછે. જાગૃત થયા પછી ફરીને જોરથી વેણ આવેછે. કલોરોફૉર્મ આ કામને માટે ફાયદો કરતાછે. કલોરોફૉર્મ સૂંઘાડવાથી સ્ત્રીને શાંતિ થશે તથા કમળ જરા નરમ થશે.

યોનિની અંદર દશ મિનિટ સુધી ગરમ પાણીની પીચકારી મારવાથી કમળ મૃદુ થશે. એક્સ્ટ્રાક્ટ બેલાડોનાના બે ગ્રેનની ગોળીયો કરી યોનિમાં રાખવાથી પણ ફાયદો થશે.

જ્યારે આ ઔષધોપચારથી કમળ વિસ્તૃત થાય નહિ ત્યારે તેની અંદર એટલે કમળ મુખમાં વાદળી મૂકી અગર રબરની થેલી રાખી તેને ફૂલાવવાથી કમળમુખ પહોળું થાયછે. ઘણીવાર આ પ્રયત્ન કરવા છતાં કમળ નરમને પહોળું ન થાય તથા સ્ત્રીની શક્તિ ઘણી ક્ષીણ માલૂમ પડે તો કમળ મુખની ચારે બાજુએ અંદરથી થોડા થોડા છેદ મૂકવા અને પછી અરગટ આપવું તથા ફરીથી રબરની થેલીનો ઇલાજ કરવો. તેમ કરવા છતાં પણ પ્રસવ ન થાય તો ચીમટાવડે અગર ચરણ ભ્રમણથી પ્રસવ કરાવવો.

કોઇવાર **કમળમુખની વ્યાધિને** લીધે અડચણ આવી પડેછે, જેમકે તેના ઉપર અર્બુદ થયું હોય, અથવા આગળના કોઈ પ્રકારના જખમની ઘુંજ રહી ગઈ હોય, અગર તેની બાજુ સામસામી ચોટી ગઈ હોય તો પ્રસવ થતી વખત અડચણ થઈ પડેછે. અર્બુદ સિવાય બીજી અડચણને માટે ઉપર કહેલા ઉપાય લાગુ પડેછે, યોગ્ય વખત લગી વાટ જોયા પછી જ્યાં ઘુંચ અથવા ચોટી રહેલો ભાગ હોય ત્યાં છેદ મૂકવો. અર્બુદ પણ જો થોડા ભાગમાં અને નાનું હોય તો તેજ ઇલાજ કામે લગાડવા. પણ ચોતરફ ઘણા ભાગમાં ફેલાઈ ગયું હોય ને કહેલા ઇલાજોથી કમળ વિસ્તૃત નહિ થાય તો શું કરવું. એને માટે મતભેદછે. જો ગર્ભ સજીવ હોય અને માને લાંબો વખત જીવવાની આશા નહોય તો ઉદર વિદારણ કરી ગર્ભને કાઢવો એ ઉત્તમ પક્ષછે. પણ જો ગર્ભ મૃત્યુ પામેલો જણાય તો શિરભેદન કરી પ્રસવ કરાવવો.

કેટલીકવાર **યોનિ સંકુચિત** અને ઘુંજવાળી હોયછે તેને પણ આગળ કહેલાં આષધો તથા રબરની થેલીના ઇલાજ કર્યાબાદ છેવટે વિસ્તૃત ન થાય તો છેદ મૂકવાની જરૂર પડેછે. પણ એટલું ધ્યાનમાં રાખવું કે કમળ કરતાં યોનિમાં છેદ મુકવામાં વધારે જોખમ હોયછે.


બેસણી કોઈ વખત સખત લાગે તો તેને માટે પણ આગળ કહેલી "ટાર્ટરઇમેટિક", અફીણ, કલોરોફૉર્મ, ઇત્યાદિ દવા આપવી તથા તેલ લગાડવું. એમ કરવાથી તે

નરમ થઈ વિસ્તત થશે.

બસ્તીમાં ગ્રંથી આદિ અડચણ:—બસ્તીની અંદર કોઈ ભાગમાં અસ્થિનો ટેકરો થઈ આવ્યો હોય અથવા બીજા મૃદુ ભાગની કોઈ ગ્રંથી થઇ આવી હોય તો પ્રસવ થવામાં તે ગ્રંથોના કદના પ્રમાણમાં અડચણ કરતા થઈ પડેછે. સ્ત્રીઅંડની વૃદ્ધિ અથવા તેનું જળોદર થવાથી કેટલીકવાર હરકત પોહોચેછે. કેટલીકવાર મૂત્રાશયમાં પેશાબ ભરાઈ રેહેવાથી અને કોઈવાર સક્રામાં મળ ભરાઈ રેહેવાથી પ્રસવને વિલંબ લાગેછે.

ઉપાયઃ—મૂત્ર અથવા મળાવરોધ હોય તો સળી અથવા પીચકારીનો ઉપયોગ કરવો. અસ્થિનો ટેકરો થઈ આવ્યો હોય તો તેને માટે બસ્તિના વ્યાસમાં માર્ગ જેટલો કમી થાય તેને અનુસરીને ઉપાય કરવો. વ્યાસ જરા તરા ટૂંકો થયો હોય તો "ચરણભ્રમણ" (પગ ફેરવીને) અગર ચીમટાથી ગર્ભનો પ્રસવ થઈ શકેછે. વ્યાસ ઘણો ટૂંકો થયો હોયતો શિરભેદન અથવા ઉદર વિદારણથી સ્ત્રીનો છૂટકો થાયછે. સ્ત્રીઅંડની ગ્રંથી નાની હોય તો તેને બસ્તિની ઉપર ખસેડી દેવી. તેનું મોટું જળંદર થયું હોય તો તેને ફોડીને તે માંહેનું પ્રવાહી કાઢી નાખવું.

ઉપર કહેલી મૃદુ ભાગની અડચણો સિવાય **બસ્તિ પિંજરની વિકૃતાકૃતિને** લીધે પણ પ્રસવમાં વાંધો આવેછે. હાડકામાં કાંઈ વ્યાધિ થવાથી બસ્તિના સ્વભાવિક વ્યાસનું ન્યુનાધિકપણું થાયછે. કેટલીક વાર તે સમગ્ર વ્યાસમાં પોહોળી થાયછે. અથવા સર્વ દિશામાં સાંકડી થાયછે, એટલે તેનું એકંદર કદ મોટું અગર સાંકડું થાયછે. તે સિવાય તેની બીજી વિકૃતાકૃતિ આગમનદ્વારમાં કક્ષામાં તથા નિર્ગમનદ્વારમાં જોવામાં આવે છે. આગમન દ્વારમાં કેટલીકવાર સેક્રમની "પ્રોમોન્ટરી" વિશેષ આગળ વધેલા હોયછે. તેને લીધે પૂર્વ પશ્ચિમ વ્યાસ કમી થાયછે. કક્ષાનો વ્યાસ "સેક્રમ" ન્યુનાધિક અંતરગોળ હોવાથી કમી જાસ્તી થાયછે. "કોકસીકસ" સ્થિર થઈ ગયું હોય અથવા બે બાજુનાં "ઇસ્કીયમ" નજીક આવ્યાં હોય તો નિર્ગમન દ્વારનો વ્યાસ કમી થઈ જાયછે. કોઈવાર બસ્તિ વાંકી ચૂંકી થાય અને કોઈવાર ગરણીના આકાર જેવી થાયછે.



આકૃતિ ૯૩.

અસ્વાભાવિક બસ્તી. પૂર્વ પશ્ચિમ વ્યાસ લાંબોછે. ઉત્તર દક્ષિણ વ્યાસ ટુંકો છે. આકૃતિ ૮૦ જોવાથી તફાવત માલમ પડશે.

આ પ્રમાણે જ્યારે બસ્તિ વિકૃતાકૃતિ હોય ત્યારે તેવી બસ્તિમાંથી પ્રસવ થતી વખત ગર્ભનું મસ્તક અડચણને ઠેકાણે આવીને અટકેછે, તેને માટે જેવી અડચણ તેવા ઉપાય કરવા જોઇએ. જો વ્યાસ ૪ ઈંચ અગર કાંઇક વધારે હશે તો કદાચ પ્રસવ થવામાં વિલંબ લાગશે. તોપણ કુદરતી સાધનથીજ ઘણું કરી પ્રસવ થશે. પૂર્વ પશ્ચિમ વ્યાસ ૩$\frac{3}{4}$ ઈંચથી ૪ ઈંચ લાંબો હોય તો ચીમટાના સાધનથી પ્રસવ કરાવવો પડેછે. જો વ્યાસ ૩$\frac{3}{4}$ ઈંચથી ઓછો હોય અને ૨$\frac{3}{4}$ ઈંચની ઉપર હોય તો ચરણભ્રમણ કરી પ્રસવ કરાવવો પડેછે. અને તે ૨$\frac{3}{4}$ ઈંચથી કમી પણ ૧$\frac{3}{4}$ ઈંચથી વધારે હોય તો શીરભેદન કરવાની જરૂર પડેછે. એથી પણ જો વ્યાસ કમી હોય તો તેને માટે ઉદરવિદારણ સિવાય ઈતર ઇલાજ નથી. જ્યારે પેલ્વિસનો વ્યાસ ટૂંકોજછે એવી માહિતી પ્રથમથીજ હોય તો યોગ્ય વખતે ગર્ભપતન કરાવવું એ આવશ્યક છે.

બસ્તિનો વ્યાસ માપવાને કેટલાંક શસ્ત્રો થાયછે. તેથી વ્યાસની બરાબર લંબાઈ માપી શકાય છે. પોતાના હાથથી પણ અનુમાન થઈ શકેછે. યોનિમાં તર્જની પ્રવેશ કરી "પ્રોમોન્ટરી" (સેક્રમનો ઉપરનો ભાગ) ને લગાડવી અને બહારથી તેને પ્યુબીસ તરફ રાખવી એટલે પૂર્વ પશ્ચિમ વ્યાસની લંબાઇનો અજમાશ થશે. સ્વાભાવિક વ્યાસની બસ્તિમાં આંગળી પ્રોમોનટરીને લાગી શકશે નહિ. જો આંગળી પ્રોમોનટરીને લાગે તો પૂર્વ પશ્ચિમ વ્યાસ ટૂંકો છે એમ સમજવું. અથવા બે આંગળી યોનિમાં દાખલ કરી સેક્રમ અને પ્યુબીસ તરફ જુદી રાખવી, તેથી તેમની વચ્ચેના અંતર ઉપરથી વ્યાસનો અજમાશ જણાશે. અગર હાથના ચારે આંગળાં યોનિમાં દાખલ કરી ઉપર લઈ જવા અને તે આગમન દ્વારમાં પહોળાં થઈ શકેછે કે નહિ તે જોવું. એ ઉપરથી અનુમાન બાંધી શકાશે. ચારે આંગળાં જરા મોકળા રહી શકે તો વ્યાસ ઠીક સમજવો. જો તેમ ન થઈ શકે તો વ્યાસ ટૂંકો સમજવો.

૩ અસ્વાભાવિક પ્રસવનાં ગર્ભ સંબંધી કારણઃ—ગર્ભને લીધે થતી અડચણોનાં કારણ ચાર પ્રકારનાં હોયછે.

અ ગર્ભના પડની ખામીને લીધે થતી હરકત.

બ રાક્ષસી આકૃતિનો ગર્ભ.

ક બહુ ગર્ભ.

ડ ગર્ભનું અવળી સ્થિતિમાં અવતરવું.

અ. ગર્ભના પડને લીધે થતી હરકતઃ—ગર્ભની થેલીનું પડ કોઇ વાર દૃઢ અને જાડું હોયતો તે વખતસર ફુટતું નથી, તેથી પ્રસવ થવામાં વિલંબ લાગેછે. કમળમુખ સંપૂર્ણ વિસ્તૃત થયા બાદ પડ ન ફૂટે તો તેને આંગળીથી દાબી અથવા નખથી ખોતરીને ફોડવું. "પડભેદક" નામે એક હથીયાર આવેછે તે વતી તેને ફોડવામાં આવેછે. પડને ફોડતાં આસપાસના મૃદુ ભાગને ઇજા ન થાય તેની સાવચેતી રાખવી. પડને ફોડ્યા પછી મસ્તક જલદી નીચે ઉતરવા લાગશે.

કેટલીકવાર પડ તેનો ફુટવાનો વખત આવ્યા પેહેલાંજ ફૂટેછે, એટલે કમળમુખ વિસ્તૃત થયાની પૂર્વે ફૂટી જાયછે, ત્યારે કમળને પહોળું થતાં વાર લાગેછે, તેથી પ્રસવકાળ લંબાયછે. તેને લીધે કમળનો કોઇવાર વરમ થાયછે.

આકૃતિ ૯૪.



ગર્ભની જળથેલીને ફોડવાનું શસ્ત્ર.

કેટલીકવાર ગર્ભજળ ઘણું હોવાથી પ્રસવ થવામાં વિલંબ થઈ પડેછે. ઘણું કરી જ્યારે પડ બહુ દ્રઢ હોયછે ત્યારે તેની સાથેજ ગર્ભજળ પણ વિશેષ હોયછે. ગર્ભજળ ઘણું હોય તો પેટ બહુ મોટું લાગેછે. જળંદરની માફક પેટ ઉપર એક તરફ ટકોરો મારવાથી બીજી તરફ પ્રત્યાઘાત જણાય છે. બહુજળ હોવાથી ગર્ભાશય બરાબર સંકોચાઇ શકતો નથી તેને લીધે પ્રસવ થવામાં ઢીલ થાય છે. આ બહુજળ વ્યાધિને માટે પણ કમળ વિસ્તૃત થાય એટલે તરત પડને ફોડવું. તેને ફોડતાંજ ગર્ભજળનો ઘણો ભાગ નીકળી પડશે અને ગર્ભાશય જોરથી સંકોચાવા માંડશે.

આકૃતિ ૯૫. રાક્ષસી ગર્ભ—બે ગર્ભ જોડાયેલાછે.



ખ. રાક્ષસીગર્ભઃ—ગર્ભની આકૃતિ તરેહવાર હોયછે, કોઇને બે માથાં, કોઇને ચાર હાથ, અથવા ચાર પગ, અથવા કોઈને પૂછડું હોયછે. કોઇનું મસ્તક જાનવર જેવું અને કોઈવાર બે ગર્ભ સાથે જોડાયેલા હોયછે. આવા વિલક્ષણ રાક્ષસી ગર્ભને માટે પ્રસંગોપાત યોગ્ય લાગે તેવા ઈલાજ કરવા.


ગર્ભને જળંદર હોય તો તેના મોટા કદને લીધે પ્રસવ થતી વખત ગર્ભાવરોધ થાય છે. જળોદર ગર્ભ પેટનું, છાતીનું, અથવા મસ્તકનું હોય છે. યોગ્ય વખત લગી વાટ જોયા પછી ગર્ભનું નીચે ઉતરવું ન થાય તો જળંદરને ફોડવું એટલે પ્રસવ થશે.

ક. બહુ ગર્ભઃ—કોઈ સ્ત્રીને જોડવાં એટલે બે છોકરાં અવતરેછે, અને ક્વચિત્ ત્ર-

ણ અવતરેછે. ઘણું કરી છોકરોને છોકરી સાથે હોયછે. કોઈવાર બેઉ છોકરા હોયછે અને ક્વચિત્ બેઉ છોકરી પણ હોયછે. જોડવું હોય ત્યારે ગર્ભાશય પૂરો સંકોચાઈ શકતો નથી તેથી પ્રસવ થવામા વાર લાગેછે.

આકૃતિ ૯૬.


બહુ ગર્ભ. બે ગર્ભ, પેટ અને ગર્ભસ્થાન ખુલાં કરી દર્શાવ્યા છે. તેમની જળ થેલીમાં અંતરપડદોછે. ઓર જુદી જુદી જણાયછે.



એક છોકરૂં અવતર્યા પછી બીજું છોકરૂં અતરેછે. પહેલું બાળક મસ્તકથી અથવા પગથી જન્મેછે અને બીજું બાળક પહેલા બાળકથી વિરૂદ્ધ સ્થિતિમાં ઘણું કરી જન્મેછે. દરેક બાળકની નાળ તથા ઓર જુદી જુદી હોયછે. કોઈવાર બેઉની ઓર સાથે મળી જઈ એકજ થાયછે. તોપણ તેમનું રક્તાભિસરણ નિરે નિરાળું થાયછે. દરેક બાળક જુદી જુદી થેલીમાં રહેછે. કોઈવાર બેઉ એક થેલીમાં પણ હોયછે.

પહેલા બાળકને આવતાં વાર લાગેછે. પણ ત્યાર પછી બીજાને આવતાં તેટલી વાર લાગતી નથી. પહેલા બાળકનો જન્મ થયા બાદ પેટપર હાથ મૂકવાથી બીજું અંદર છે એવી તરત ખાત્રી થશે. પહેલા બાળકના નાળને તાણવો નહિ અથવા તેની ઓર કાઢવાનો પ્રયત્ન કરવો નહિ. પહેલા બાળકનો જન્મ થયા પછી સુમારે પા થી અડધા કલાકમાં ફરી વેણ આવી બીજું બાળક અવતરશે. જો વધારે વાર લાગેતો ઘણું કરી બીજું બાળક મૂએલું આવશે. સુમારે અડધો કલાક વાટ જોયા પછી બીજું બાળક આવવાનાં ચિન્હ ન જણાય તો તેનું પડ ફોડવું અને અરગટ આપવું. જો તેથી અસર ન થાયતો તેને ચરણભ્રમણ કરી કાઢવું, અને મસ્તક નીચે હોયતો ચીમટાવડે કાઢવું. ક્વચિત્ બે બાળકનાં મસ્તક એક બીજા સાથે ભરાઈ જાય અથવા અટકી જાય અને તે કોઈ યુક્તિથી જુદાં ન પડી શકેતો શિરભેદન અથવા છેદન કરવું પડેછે.

ડ. **ગર્ભનું ગેરશિરસ્તે આવવું:**—સ્વાભાવિક પ્રસવમાં પ્રથમ મસ્તક આવેછે, પણ જ્યારે ગર્ભના શરીરનો બીજો કોઈ પણ ભાગ જેમકે ચહેરો, હાથ, પગ, નિતંબ, ઇત્યાદિ **પ્રથમ આવે ત્યારે ઘણું કરી પ્રસવ ને વિલંબ થયા વગર રહેતા નથી.**



આકૃતિ ૯૭.

ચહેરાથી થતો પ્રસવ-નિર્ગમન દ્વારમાંથી ચહેરો નિકળેછે, હડપચી પૂર્વ દિશામાંછે, અને લલાટાસ્થિ પશ્ચિમ તરફછે.

क. ચહેરાનું પ્રથમ આવવું:—ચહેરો જુદી જુદી ચાર સ્થિતિમાં આવેછે અને એ ચારે સ્થિતિ મસ્તકની આવવાની ચાર સ્થિતિને અનુસરેછે. પહેલી બે સ્થિતિ બીજી બે કરતાં વધારે સાધારણ હોય છે. મસ્તક પોતાની ઉત્તર દક્ષિણ ધરી ઉપર ફરવાથી તેની અસલ સ્થિતિ બદલાઈ ચહેરો મસ્તકને ઠેકાણે નીચે આવેછે. **પહેલી સ્થિતિમાં** હડપચી પાછળના જમણા ખુણામાં હોયછે અને લલાટ ડાબા ઈસ્કીયમ તરફ હોયછે, જમણો ગાલ નીચે અને અગ્ર ભાગમાં હોયછે. તે નીચે ઉતરતાં હડપચીનો ભાગ આગળ આવતો જાયછે અને કપાળનો ભાગ સેક્રમ તરફ જાયછે. ચહેરાની **બીજી સ્થિતિમાં** હડપચી પાછળના ડાબા ખુણામાં હોય છે અને કપાળ જમણા ઇસ્કીયમ તરફ હોય છે. ડાબો ગાલ નીચો અને અગ્ર ભાગમાં હોયછે; ચહેરો ત્રીજી તથા ચોથી સ્થિતિમાં ક્વચિત જોવામાં આવેછે. તેમ હોય ત્યારે હડપચી ડાબા અને જમણા ઈસ્કીયમ તરફ હોયછે.

ચહેરાની પહેલી અને બીજી સ્થિતિમાં હડપચી પાછળ હોય છે અને ત્રીજી તથા ચોથી સ્થિતિમાં હડપચી આગળ હોય છે. જ્યારે ચહેરો અધોભાગમાં હોય છે ત્યારે ડોક અતિશય ખેંચાઈને લાંબી સ્થિતિમાં રહેછે. એક તરફ લલાટ અને બીજી તરફ હડપચી હોયછે. મસ્તક અધોભાગમાં હોયછે ત્યારે એકતરફ લલાટ અને બીજીતરફ પશ્ચિમભાગ હોયછે, અર્થાત જ્યારે ચહેરાથી જન્મ થાયછે ત્યારે પશ્ચિમ ભાગને બદલે હડપચી હોયછે. જેમ મસ્તકની વખત પશ્ચિમભાગ પ્યુબીસની કમાન નીચે આવે અને લલાટ બેસણીતરફ

આવે ત્યારે સહેલાઇથી પ્રસવ થાય છે; તેમ ચહેરાની વખતે હડપચી કમાન તળે આવે તથા લલાટ બેસણી નજીક હોય ત્યારે પ્રસવ સરળ થાય છે. પણ જો હડપચી બેસણી નજીક રહે તો મસ્તક બ્હાર નીકળતાં મુશ્કેલી પડેછે, કેમકે મસ્તક બહાર નીકળતાં હમેશાં ડોક લાંબી થાયછે; પણ ચહેરાની બાબતમાં ડોક પ્રથમથીજ લાંબી હોયછે. વિશેષ લાંબું થવું અશક્ય હોય છે; અને તેથી બહાર આવવું મુશ્કેલ થઈ પડે છે. માટે પહેલી તથા બીજી સ્થિતિમાં હડપચી આગમનદ્વારમાં પાછળ હોયછે, તથા ચક્કર લઇને નિર્ગમનદ્વારમાં પ્યુબીસની કમાન તળે આવે છે. ત્રીજી અને ચોથી સ્થિતિમાં હડપચી ઇસ્કયમ ઉપરથી સરકીને તરત પ્યુબીસની કમાન તળે જાયછે. હડપચી કમાન તળે બહાર નીકળે એટલે લલાટ, મસ્તકનો ઉર્ધ્વ અને પશ્ચિમ ભાગ બેસણી તરફથી બહાર નીકળેછે. ચહેરાવાળા પ્રસવની વખતે મસ્તક બહાર આવતાં ડોક લાંબી થવાને બદલે વળેછે.

તર્જની પરીક્ષાથી તપાસ કરતાં, નાકની દાંડીનો ભાગ આંખ તથા મૂખનો ભાગ જણાયછે, અને તેથી ચહેરો સહજ ઓળખાયછે.

ઉપાયઃ—ચહેરાથી આવતાં વધારે કાળ લાગેછે, તોપણ ઘણું કરી ગર્ભ સલામત નીકળેછે, માટે કાંઈ ઉપાયની જરૂર પડતી નથી. પરંતુ પેલ્વિસ કાંઇક નાની હોયછે તો તેનો અટકાવ થાયછે. ચહેરો ઘણો કાળ અટકી રહેતો "વેકટીસ" વતી તેને યોગ્ય સ્થિતિમાં ફેરવવો અથવા જરૂર પડે તો ચીમટાવતે ગર્ભ પ્રસવ કરાવવો. હડપચી પાછળ હોય તે ફરીને કમાન તળે નહિ આવે તો ચહેરો અટકી પડેછે. તેને ચીમટાવતે અગર કોઈ વાર શિરભેદન કરી પ્રસવ કરાવવો પડેછે.


ख. ગર્ભનું નિતંબથી આવવું:—ગર્ભ નિતંબથી ચાર જુદી જુદી સ્થિતિમાં આવે છે. બે સ્થિતિમાં ગર્ભનું પેટ માની પીઠ તરફ હોયછે અને બીજી બે સ્થિતિમાં તેનું પેટ માના પેટ તરફ હોયછે. ગર્ભના નિતંબ બસ્તિના જમણા અથવા ડાબા તિર્કસ વ્યાસમાં હોયછે.

પહેલી સ્થિતિમાં ગર્ભનો ડાબો નિતંબ જમણા ઇસ્કીયમ તરફ હોયછે અને જમણો નિતંબ પાછળના ડાબા ખૂણામાં હોયછે.

બીજી સ્થિતિમાં તેનો જમણો નિતંબ ડાબા ઇસ્કીયમ તરફ અને ડાબો નિતંબ પાછળના જમણા ખૂણા તરફ આવેછે.

આ બેઉ સ્થિતિમાં તેનું પેટ માની પીઠ તરફ હોયછે. જે નિતંબ ઇસ્કીયમ અગર પ્યુબીસ તરફ હોય તે બીજા નિતંબ કરતાં હમેશ નીચો હોયછે, અને પરીક્ષા કરતાં આંગળીને તે પ્રથમ લાગેછે. નિતંબ નીચે આવ્યા બાદ ખભા જે વ્યાસમાં નિતંબ હોય તેજ વ્યાસમાં પેલ્વિસની અંદર દાખલ થાયછે, પણ મસ્તક તેથી વિરૂદ્ધ વ્યાસમાં આવે છે એટલે નિતંબ ડાબા તિર્કસ વ્યાસમાં હોય તો મસ્તક જમણા તિર્કસ વ્યાસમાં હોયછે. બસ્તિની કક્ષામાં ચહેરો સેક્રમના અંતર્ગોળમાં જાયછે. મસ્તકનો પશ્ચિમ ભાગ પ્યુબીક કમાનમાં આવે, એટલે ચહેરાનો ભાગ કોકસીકસ તરફથી બહાર નીકળી આવેછે.

આકૃતિ ૯૮.



નિતંબ પ્રસવ.

ત્રીજી તથા ચોથી સ્થિતિમાં ગર્ભનું પેટ માના પેટ તરફ આવેછે. **ત્રીજી સ્થિતિમાં** ડાબો નિતંબ ડાબા "આસેટાબ્યુલમ" તરફ આવેછે અને જમણો નિતંબ પાછળના જમણા ખૂણા તરફ રહેછે. **ચોથી સ્થિતિમાં** જમણો નિતંબ જમણા "આસેટાબ્યુલમ" તરફ અને ડાબો નિતંબ પાછળના ડાબા ખૂણા તરફ રહેછે,

બહાર નીકળતી વખત પેટ પ્રથમ આગળની બાજુએ હોયછે, તે જેવું મસ્તક પેલ્વિસમાં દાખલ થાય તેવું ફરવા માંડીનં પાછળની બાજુએ જાયછે, એટલે ત્રીજી તથા ચોથી સ્થિતિમાં મસ્તક તો પહેલી તથા બીજી સ્થિતિ માફકજ બહાર આવેછે. ચહેરાનો ભાગ પ્રથમ આગળ હોયછે તે બસ્તિમાં દાખલ થયા પછી ફરીને સેક્રમના અંતર્ગોળ તરફ જતો રહેછે અને મસ્તકનો પશ્ચાત ભાગ પ્યુબીસ તરફ આવેછે.

આ પ્રમાણે હમેશાં મસ્તક બહાર આવતી વખત એવી રીતે ફરેછે કે ચહેરાનો ભાગ સેક્રમ તરફ જાયછે અને પશ્ચિમ ભાગ આગળ આવેછે તેથી તે સહેલાઇથી નીકળી શકેછે. જો ચહેરાનો ભાગ આગળ રહે અને પશ્ચિમ ભાગ સેક્રમ તરફ જાય તો તેને નીકળવાને મુશ્કેલી પડેછે.

નિતંબનો ભાગ બેઉ નિતંબ તથા તેમની વચ્ચેના ચીરાથી ઓળખી શકાયછે. પછવાડે કોકસીક્સનું અણીદાર હાડકું લાગેછે. ચહેરા ઉપરના નાકની દાંડીની માફક કાંઇ ભાગ ઊંચો જણાતો નથી તેથી એ નિતંબછે એવી ખાત્રી થશે. વળી નિતંબની વચમાં ઉત્પત્તિ અવયવ હોયછે.

ઉપાયઃ—નિતંબથી ગર્ભનો પ્રસવ થવામાં મદદની જરૂર પડતી નથી, માત્ર વિલંબ જાસ્તી લાગેછે. કારણકે નિતંબથી પ્રસવ માર્ગના મૃદુભાગ જોઇએ તેવા મસ્તકની માફક વિસ્તૃત થઇ શકતા નથી. ફકત મસ્તક આવતી વખત મુશ્કેલી પડવાનો સંભવ રહેછે. મસ્તકને આવતાં વાર લાગે તો નાળ ઉપર દબાણ થવાથી બાળકનો જીવ જોખમમાં આવી પડેછે, નિતંબ બહાર આવ્યા પછી બાળકને જરા પણ ખેંચવું નહિ અને તે જેમ ફરે તેમ ફરવા દેવું અને તેમ ફરવામાં મદદ કરવી. નાભિનો ભાગ બહાર આવે એટલે નાળને થોડો નીચે ખેંચી લેવો. મસ્તકને ગર્ભાશય ઉપરથી દાબતું આવે તો હડપચી છાતીની જોડે રહેછે અને મસ્તક જલદી નીકળી આવેછે. જો હડપચી જુદી પડી જાય તો મસ્તક

અટકી પડેછે. તેમ થાય તો ડાબા હાથની બે આંગળીઓ ગર્ભના ચહેરા ઉપર રાખી જમણા હાથની આંગળીએ મસ્તકનો પશ્ચાત ભાગ ઊંચો કરવો અને ગર્ભને તાણી લેવો; તેમ કરવાથી જલદી ગર્ભ ન નીકળે તો ચીમટા લગાડી તેને કાઢવો. અને ગર્ભ મૂએલો હોય તથા મસ્તક નીકળતું ન હોય તો તેને શિરભેદન કરીને કાઢવો.

ग. ગર્ભ કોઇવાર **ઘુંટણ** અથવા **પગથી** આવેછે, તે પણ નિતંબની માફક જુદી જુદી ચાર સ્થિતિમાં આવેછે પણ તેની મુખ્ય બે સ્થિતિ ગણાયછે. **પહેલી સ્થિતિમાં** પગના આંગળાં પાછળ હોયછે અને **બીજી સ્થિતિમાં** પગનાં આંગળાં આગળ હોયછે. તેને માટેની યોજના ઉપરની હકીકતને મળતી આવેછે. ગર્ભનો પગ અથવા હાથ પ્રથમ આવેછે, ત્યારે ઘણું કરીને કમળ પૂર્ણ વિસ્તૃત થયાની પૂર્વે પડ ફૂટી જાયછે અને તેથી પાછળથી તેને વિસ્તૃત થવામાં વિલંબ લાગેછે, અને પ્રસવ થવામાં વિશેષ કાળ લાગેછે; તેથી બાળકનો જાન વિશેષ જોખમમાં રહેછે.


घ. ગર્ભનું આડું આવવું:—ગર્ભનો પ્રસવ જ્યારે હાથથી થાયછે ત્યારે તેને આડું આવવું કહેછે. જમણો અથવા ડાબો હાથ પ્રથમ બહાર આવે છે.

ગર્ભની પીઠ આગળ હોય તથા જમણો હાથ બહાર હોયતો તે **પહેલી સ્થિતિ** સમજવી. (આકૃતિ ૯૯.)

જમણા હાથની સાથે ગર્ભની પીઠ પાછળ હોય તો તેને **બીજી સ્થિતિ** સમજવી.

ડાબા હાથની સાથે તેની પીઠ માના અગ્ર ભાગમાં હોય તેને **ત્રીજી સ્થિતિ** સમજવી.

ડાબા હાથની સાથે ગર્ભની પીઠ પાછળ હોય તેને **ચોથી સ્થિતિ** સમજવી.




આકૃતિ ૯૯.

બાળક આડું આવે છે એટલે હાથ પ્રથમ આવે છે, જમણો હાથ બહાર છે, મસ્તક ડાબી બાજુછે અને પીઠ પૂર્વ દિશામાં છે. "પહેલી સ્થિતિ".

આ પ્રમાણે આડો ગર્ભ જુદી જુદી ચાર સ્થિતિમાં હોયછે, તેમાં પહેલી સ્થિતિ ઘણી સાધારણ હોયછે. આડા ગર્ભમાં પહેલી અને ચોથી સ્થિતિમાં ગર્ભનું મસ્તક માના ડાબા પડખામાં હોયછે અને પગ જમણા પડખામાં હોયછે. બીજી અને ત્રીજી સ્થિતિમાં તેનું મસ્તક માની જમણી કૂખમાં તથા પગ સામેની કૂખ તરફ હોયછે.

ગર્ભનો કયો હાથ બહારછે તે જાણવા સારૂ તે હાથ જેવી સ્થિતિમાં હોય તેવીજ સ્થિતિમાં આપણે હાથ મૂકતાં તેને આપણો જે હાથ અનુસરતો આવે તેજ હાથ ગર્ભનો સમજવો. ગર્ભનો અંગુઠો હોય તે તરફ તેનું મસ્તક છે એમ સમજવું.

આડો ગર્ભ આવે તેને માટે ફકત ચર્ણભ્રમણનો ઉપાય કરવો. ચર્ણભ્રમણ કરવાનો ઉત્તમ કાળ જ્યારે કમળ વિસ્તૃત થઈ રહે અને પડફુટવાની તૈયારીમાં હોય ત્યારે જાણવો.



આકૃતિ ૧૦૦.

ગર્ભ આડો આવ્યો છે. બીજી સ્થિતિ. જમણો હાથ બહાર છે. મસ્તક જમણી તરફછે. પીઠ પશ્ચિમ દિશામાંછે.

કમળ પૂર્ણ વિસ્તૃત થયાની પહેલાં પડ ફુટી જાય તોપણ ચર્ણભ્રમણ કરવાને વિલંબ કરવો નહિ. હાથ દાખલ કરતી વખત કમળ પહોળું થશે. પડ ફુટયા પછી જેમ જેમ વખત જતો જાય તેમ તેમ વેણને લીધે ગર્ભ પેલ્વિસની અંદર સજ્જડ બેસતો જાયછે અને પછી ચર્ણભ્રમણ કરવું મુશ્કેલ થઈ પડેછે. લાંબોકાળ વીતી જાયતો તેમ કરવું અશકય થઇ પડેછે. તેથી ચરણભ્રમણને બદલે છાતીભેદન કરવાની જરૂર પડેછે.

કવચિત ગર્ભ આડો આવ્યો હોય તે છતાં ફકત વેણનીજ મદદથી તેનું શરીર બેવડ વળીને ગર્ભ જન્મી શકેછે તેને **સ્વાભાવિક ભ્રમણ** કહેછે.

નાળનું નીકળી આવવું.

(પ્રોલાપ્સ આફ ફ્યુનીસ)

હાથ પગ અથવા મસ્તકની સાથે કોઇવાર નાળ નીચે ઉતરી આવે છે. તે નીચે આવવાથી ઓરતને કોઈ પ્રકારનું નુકશાન થતું નથી, તેમ પ્રસવ થવામાં કાંઈ અડચણ આવતી નથી, પણ બાળકના જાનની હાનિ થાયછે. બસ્તિની અંદર નાળ ઉપર ગર્ભનું દબાણ થવાથી તેમાં લોહીનું ફરવું બંધ પડી જાયછે અને બાળક મરી જાયછે.

ઉપાય:—જો બાળક મરી ગયાની ખાત્રી હોયતો કાંઇજ ઉપાય કરવાની જરૂર નથી. પ્રસવ આપોઆપ પૂરો થશે અને મરેલું બાળક અવતરશે. પણ તે જીવતું હોય અગર તે વિષે કાંઈ શક હોય તો જલદી ઇલાજ કરવો. બની શકેતો આંગળીની ઉપર નાળને ચઢાવી તેને મસ્તકની બાજુએ રાખવું. વેણ આવશે એટલે મસ્તક નીચે ઉતરવાથી નાળ ઉપર રહી જશે.

ઉર્ધ્વઆકર્ષણથી બીજી રીત એ છે કે ઓરતના નિતંબ નીચે તકીઓ મૂકી તે ભાગ ઊંચો રાખવો, અને મસ્તક નીચે રાખવું એટલે નાળ ઉપર ચડી જશે.

ત્રીજી રીત એછે કે નાળના ઉપર દબાણ થઈ બાળકને મરવાની ધાસ્તી લાગતી હોયતો ચર્ણભ્રમણ કરી અથવા ચીમટાવડે તેનો લાગલોજ પ્રસવ કરાવવો. જો મસ્તક નીચે આવ્યું હોય અને કમળ પૂર્ણ વિસ્તૃત થયું હોયતો ચીમટો લાગુ કરી શકાશે, અને મસ્તક ઊંચું હોય તથા કમળ બરાબર મોટું થયું ન હોયતો ચર્ણભ્રમણની ક્રિયા લાગુ પડશે.

પ્રસવને લગતી શસ્ત્રક્રિયા.

(આબસ્ટ્રેક્ટીક આપરેશન).

જ્યારે ગર્ભ પ્રસવ થવાને કાંઇ અસાધારણ અડચણ આવી પડે છે ત્યારે કેટલાક પ્રકારની શસ્ત્રક્રિયા કરવાની જરૂર પડેછે. આ શસ્ત્રક્રિયા બે પ્રકારની છે. એક પ્રકારની ક્રિયામાં ગર્ભ તથા તેની મા એ બંનેનો બચાવ કરવાનો હેતુ રહેલો છે, જેમકે "વેકટીસ" વાપરવાથી, ચીમટા લગાડવાથી, ગર્ભને ફેરવીને કાઢવાથી બાળક તથા તેની મા એ બંનેનો બચાવ થાયછે. બીજા પ્રકારમાં બાળકના પ્રાણનો દરકાર ન કરતાં ફકત સ્ત્રીના જીવને બચાવવાનો હેતુ રહેલોછે, જેમકે બાળકનું શિરભેદન કરી તેને કાઢવાની જરૂર પડેછે.

"વેકટીસ" એ પ્રસવ ચીમટાના એક પાંખીયાના આકારનું શસ્ત્ર હોયછે. તે જ્યારે મસ્તક સહજ કારણથી પેલ્વીસની અંદર અટકી પડેછે ત્યારે તેને ફેરવવા તથા નીચે ઉતારવામાં ઉપયોગી થઇ પડે છે. બસ્તિની અંદર ગર્ભની હડપચી છાતીથી છૂટી પડી મસ્તક અટકી જાય, અથવા અધોભાગને ઠેકાણે ચેહેરો આવ્યો હોય, અગર મસ્તકમાં સહજ સ્થિત્યાંતર થયેલો હોય, તેને ફેરવીને કાઢવામાં "વેકટીસ"નો ઉપયોગ થાયછે. જમણા

હાથની બે આંગળી યોનિમાં કમળ મુખની અંદર રાખી તેને આધારે મસ્તકના પશ્ચિમ ભાગ ઉપર "વેકટીસ" લઇ જવી અને પછી મસ્તકને ખેંચવું, ફેરવવું અથવા યોગ્ય લાગે તેમ કરવું.

પ્રસવ ચીમટાઃ—જણાવવાના કામમાં ચીપીયા વપરાય છે તેને પ્રસવ ચીમટા કહે છે. તે બે પ્રકારના હોયછે, એક **લાંબો** ને બીજો **ટુંકો** હોય છે.

આકૃતિ ૧૦૧.




લાંબો બેવડા વાંકવાળો પ્રસવ ચીમટો.

આકૃતિ ૧૦૨.




લાંબા પ્રસવ ચીમટાનું એક પાંખીઉં.

આકૃતિ ૧૦૩.



ટુંકા પ્રસવ ચીમટાનો નમુનો.

આકૃતિ ૧૦૪.



ટુંકા પ્રસવ ચીમટાનું પાંખીઉં.

લાંબા ચીમટાના બે પ્રકાર છે. એક **સીધો લાંબો** ચીમટો હોયછે તથા બીજો **વાંકો લાંબો** ચીમટો હોય છે. વાંકો લાંબો ચીમટો હોય છે, તેનો વાંક બસ્તિની ધરીના વાંકને અનુસરેછે. જ્યારે ગર્ભ બસ્તિ પ્રદેશથી ઉંચો અગર **આગમનદ્વારમાં** હોય ત્યારે લાંબો ચીમટો કામ આવેછે, અને જો ગર્ભ બસ્તિની અંદર નીચે અગર **નિર્ગમનદ્વારમાં** આવેલો હોય તો ટૂંકો ચીમટો ઉપયોગમાં આવે છે. ચીમટાથી ત્રણ કામ થાયછે મસ્તકને **ખેંચવાનું, ફેરવવાનું અને દાબવાનું.** જ્યારે ઉપરથી ગર્ભાશય બાળકને બરાબર હડસેલી ન શકે ત્યારે ચીમટા તેને ખેંચવાના કામમાં આવેછે. બસ્તિ પ્રદેશમાં માથું એકજ સ્થિતિમાં અટકી રહ્યું હોયતો ચીમટા તેને ફેરવવાના કામમાં આવેછે. મસ્તક વિશેષ મોટું હોય અથવા પેલ્વીસનો વ્યાસ જરા નાનો હોયતો ચીમટામસ્તકને દાબવાના ઉપયોગમાં આવેછે. જેમ ચીમટો લાંબો

હોય તેમ વધારે ઉપયોગી થઇ પડે છે અને ખેંચવામાં વધારે જોરાવર હોય છે. ટૂંકા ચીમટા-ની જગોએ લાંબો ચીમટો પણ વાપરી શકાય છે. નીચે લખેલા પ્રસંગમાં ચીમટાનો ઉપયોગ કરવામાં આવેછે, ગર્ભાશય અચેત પડે, માર્ગમાં કાંઈ અડચણ નડે, અગર સ્ત્રી અથવા બાળકનો જાન જોખમમાં હોય તો ચીમટાના સાધનથી પ્રસવ કરાવવા જરૂર પડેછે.

૧. પ્રથમ ખૂબ વેણ આવ્યા પછી તે બંધ પડી જાય, સ્ત્રી થાકી જાય અને તેથી ગર્ભ અટકી રહ્યો હોય, અને જો અંદરના મૃદુભાગ વિસ્તૃત થયા હોય તો ચીમટા વડે ગ-ર્ભને બહાર કાઢી લેવો.

૨. ચહેરો અથવા મસ્તક અધો ભાગમાં હોય અને તેમનો લાંબો વ્યાસ પેલ્વીસના ટૂં-કા વ્યાસમાં ફસઈ ગયો હોય તો ચીમટાનો ઉપયોગ કરવો.

૩. ચીમટાના દબાણથી મસ્તકનો વ્યાસ પાચી અડધો ઈંચ કમી થઇ શકેછે. માટે જો પેલ્વીસના વ્યાસથી મસ્તકનો વ્યાસ તેટલો મોટો હોય તો ચીમટાવડે કાઢી શકાયછે.


૪. મસ્તકની સાથે હાથપગ અથવા નાળ કોઈ વખતે ઉતરી આવે તો મસ્તકને ચીમ-ટાવડે નીચે લાવવું.

૫. પગથી અવતરતાં બાળકના મસ્તકનો ભાગ પેલ્વીસમાં આવતાં અટકી જાય અ-ને નાળ ઉપર દબાણ થતું હોય તો ચીમટાવડે જલદીથી તાણી લેવું.

૬. કેટલીકવાર રક્તપ્રવાહ, આંચકી, ગર્ભાશય વિદારણ ઈત્યાદિ અકસ્માતમાં સ્ત્રી અથવા બાળકનો જીવ બચાવવા માટે ચીમટાના સાધનથી ગર્ભનો જલદી પ્રસવ કરાવવા માં આવેછે.

જ્યાં સુધી કમળ સારી રીતે વિસ્તૃત ન થયું હોય, અથવા તે બહુ કઠોર હોય, અને મૃદુ ભાગ સૂજી આવ્યા હોય તો ત્યાં સુધી ચીમટાનો ઉપયોગ કરવો નહીં. જ્યારે મસ્તકના વ્યાસ કરતાં પેલ્વીસનો વ્યાસ ઘણો કમી હોય અથવા પેડુની અંદર કાંઈ ગ્રંથી ઇત્યાદિ અડચણ હોય તો ચીમટા વાપરવા નહીં.

ટૂંકો ચીમટો નાખવાની રીતઃ—સ્ત્રીને ડાબે પડખે સૂવાડી બિછાનાની કોર ઉપર કેડની પાછળનો ભાગ રાખવો. પેશાબ નહીં થયો હોય તો સળી વતે તેને કાઢી લેવો અને મસ્તક પેડુમાં કેવી સ્થિતિમાં છે તેનો પૂરતો નિર્ણય કરવો. એમ ધારોકે બસ્તિની કક્ષામાં મસ્તક પૂર્વ પશ્ચિમ વ્યાસમાં રહેલું છે અને ગર્ભનું લલાટ "સેક્રમ" તરફ છે. હવે ચીમટો નાખતાં તેનાં પાંખિયાં ગર્ભના બેઉ કાન તરફ જવાં જોઇએ. હમેશા ઉપરનું પાંખીઉ પ્રથમ દાખલ કરવું; અને પછી તેને અનુસરીને નીચેનું પાંખીઉં દાખલ કરવું. ડાબા હાથની બે આંગળી તેલ વાળી કરી યોનિમાં ગર્ભના જમણા કાન તરફ ઉપરના ભાગમાં કમળ મુખની અંદર લઇ જવી; જમણા હાથમાં ઉપરનું પાંખીઉ ઉભું પકડી તેલ વાળું કરી ડાબા હાથની હથેળી તથા આંગળીના આધારે આસ્તેથી ગર્ભના મસ્તક ઉપર લઈ જવું. જેમ તે અંદર જાયછે તેમ તેનો હાથો ઉભો કરવો.



આકૃતિ ૧૦૫.

મસ્તક નિર્ગમનદ્વારમાં અટકવાથી પ્રસવ કરાવવા માટે ચીમટા લગાડાય છે.

એક પાંખીયું બરાબર દાખલ થયા પછી તેને પ્યુબીસ તરફ લઈ જઈ તે કોઇ મદદગારને હાથમાં આપી તથા ડાબા હાથની આંગળીઓ સામેની બાજુ ડાબા કાન સૂધી અંદર રાખી, તેને આધારે નીચેનું પાંખીયુ ઉપરના પાંખીયાની બરાબર સામે અંદર જવા દેવું. તેનો હાથો ઊંચે અને પાંખીયું નીચે રહેછે. તે અંદર જાય તેમ હાથો નીચે ઉતારવો. બે પાંખીઆં બરાબર અંદર જશે તો તેના હાથા બહારથી એકમેક સાથે બરાબર બીડાઈ જશે. જો ન બીડાય તો એક અગર બેઉ પાંખીયાં પાછાં ખેંચી ફરીથી બીડાય તેવી રીતે પાછાં નાખવાં. અંદર જતાં જો કાંઈ અડચણ લાગે તો હાથો આજુ બાજુ હલાવવો, **ઉપર નીચે** હલાવવો નહી.

વેણ ન આવતી હોય તે વખતે ચીમટાનાં પાંખીઆં અંદર નાખવાં. પાંખીયાં નાખતાં કમળ મુખને કાંઈ પણ ઇજા ન આવે એવી સંભાળ રાખવી. વળી દરેક પાંખીયું નાખતાં અઘટિત જોર વાપરવું નહી, પણ આસ્તેથી નાખવાં, જેથી મસ્તક તથા સ્ત્રીના શરીરના બીજા ભાગને હરકત થાય નહીં.

ચીમટો બીડ્યા પછી વેણ આવતી હોય તો દરેક વેણની સાથે ચીમટાને ખેંચવો, અને વેણ ન આવતી હોય તો એકેક મિનિટને અંતરે ઘટારત જોરથી ખેંચતાં જવું. ખેંચતી વખત હાથ ઉપર સાધારણ દબાણ રાખવું, નહી ખેંચતી વખત દબાણ છોડી દેવું, એટલે બાળકના મસ્તકપર અઘટિત દબાણ જારી ન રહે. કઈ દિશામાં ખેંચવું તેનો વિચાર રાખવો.


મસ્તક આગમનદ્વારમાં, કક્ષામાં અગર નિર્ગમનદ્વાર પાસે હોય તે ધ્યાનમાં લઈ જ્યાં હોય તે ભાગની ધરીની દિશામાં આકર્ષણ કરવું. આગમનદ્વારમાં મસ્તક હોય ત્યારે ચીમટાના હાથા ગુદા તરફ રાખવા, અને જેમ જેમ મસ્તક નીચે બહાર આવતું

જાય તેમ તેમ તેની ધરીને અનુસરી હાથા અગ્રભાગમાં લાવવા જોઇએ. નિર્ગમનદ્વારમાંથી નીકળતી વખત બેસણીને ઇજા ન પહોચે એટલા માટે ત્યાં આસ્તેથી ખચવું. જો ગર્ભાશય સંકોચાતું હોયતો નિર્ગમનદ્વારમાં મસ્તક આવે એટલે ચીમટા કાઢી લેવા અને બાકીનો પ્રસવ સ્વભાવિક રીતે થવા દેવો.

લાંબો ચીમટો પ્રવેશ કરવાની રીતઃ— ઉપર જે વર્ણન આપ્યું તે ટૂંકા ચીમટાને માટે છે. મસ્તક બસ્તિની કક્ષામાં નીચે હોય અગર નિર્ગમનદ્વારમાં હોય ત્યારેજ ટૂંકો ચીમટો વપરાયછે. ટૂંકો ચીમટો બાળકના મસ્તકના આધારે વપરાય છે. તેનાં પાંખીયાં એવી રીતે પ્રવેશ કરવાં કે તે કાનપર થઇને મસ્તકના બાજુના ભાગને પકડે. કાન બસ્તિના ગમેતે વ્યાસમાં હોય તે વ્યાસમાં ટૂંકો ચીમટો જવો જોઇયે. લાંબા ચીમટા માટે જુદો નિયમછે. તેનો પ્રવેશ મસ્તકના આધારે નહી, પણ બસ્તિના આધારે કરવો પડેછે. મસ્તક આગમનદ્વારમાં ઊંચે હોય ત્યારે લાંબા ચીમટાનો ઉપયોગ થાયછે. તે માટે લાંબા ચીમટાને હમેશા બસ્તિના ઉત્તર દક્ષિણ વ્યાસમાં નાંખવા પડેછે. ચીમટામાં મસ્તકનો ગમે તે ભાગ આવે તેનો વિચાર નહી કરતાં બસ્તિના ઉતર દક્ષિણ વ્યાસમાં તેને દાખલ કરવા. તેમાં વળી વાંકા લાંબા ચીમટાને માટે તો આ નિયમ અવશ્યછે. લાંબા ચીમટા નાખતાં ગર્ભાશય અથવા કમળમુખને ઇજા પહોચવા સંભવ છે. માટે ડાબા હાથની બે આંગળી અગર ચારે આંગળાં યોનિમાં થઇ કમળમુખની અંદર જવા દેવાં. તેને આધારે ઉપરનું અને પછે નીચેનું એ પ્રમાણે વારા ફરતી પાંખીઉ દાખલ કરવું. તેના હાથાની દિશા બેસણી તરફ હોયછે. તેને ખેંચતાં જેમ મસ્તક નીચે ઉતરે તેમ હાથાની દિશા આગળ આવતી જાયછે અને મસ્તક બહાર આવતી વખત હાથ છેક પેટ ભણી જાયછે. ટૂંકા ચીમટા કરતાં લાંબા ચીમટા દાખલ કરવામાં અને વાપરવામાં વિશેષ મૂશ્કેલી અને જોખમછે. જ્યારે મસ્તક નીચે નિર્ગમન દ્વાર પાસે હોય અને લાંબા ચીમટા વાપરવા હોય તો તેને ટૂંકા ચીમટાનો નિયમ લાગુ પડેછે.

આકૃતિ ૧૦૬.

ગર્ભનું મસ્તક આગમનદ્વારમાં અટકેલું છે. તેનાપર સોજો ચડ્યો છે. તેના પ્રસવ માટે લાંબો ચીમટો લગાડ્યો છે.



જ્યારે બસ્તિનો પૂર્વ પશ્ચિમ વ્યાસ ૪ થી ૩½ ઈંચ સુધી હોય તો ચીમટા વતી પ્રસવ થઇ શકેછે. વ્યાસ તેથી કમી હોય તો ચીમટાનો ઉપયોગ કરવો નહી.

અપૂર્ણ ગર્ભ પ્રસવ કરાવવાની રીત.

(ઈંડક્શન્ આફ પ્રીમેચર લેબર)

બાળક અને તેની માતા બંનેના જીવનો બચાવ કરવાના હેતુથી અપૂર્ણ ગર્ભ પ્રસવ કરાવવાની જરૂર પડેછે. માટે જ્યારે સજીવ ગર્ભ નીકળવા આશા રાખી શકાય ત્યારે આ પ્રસવ કરાવવામાં આવેછે. સાત માસની પહેલાં જન્મેલા બાળકની જીવવાની આશા ઘણીજ જુજ રહેછે તેથી સાત મહિના પુરા થયા બાદ ગર્ભ પ્રસવ કરાવવામાં આવેછે. જો સાતમહિના પહેલાં માના જાનને નુકશાનીનો ભય હોયતો બચ્ચાની દરકાર કર્યા શિવાય ગર્ભને ગમેતે વખતે પાડવામાં આવેછે. અપૂર્ણ મહિને ગર્ભાશય આદિ ભાગો સ્વભાવિક રીતે પ્રસવ માટે અનુકુળ હોતા નથી, માટે અધુરે મહિને જણાવવામાં કેટલોક ભય હોયછે. મોટો ભય એછે કે ઓર ગર્ભાશયથી બરાબર છુટી પડતી નથી, અને તેથી રક્તસ્રાવ થાયછે. નીચે લખેલા પ્રસંગમાં અધુરે મહિને જણાવવાની જરૂર પડેછે.

૧. બસ્તિ (પેલ્વીસ) વિકૃતાકૃતિ હોય અને તેમાંથી પુરા મહિનાનો ગર્ભ નીકળી શકે તેમ ન હોયતો અધુરે પ્રસવ કરાવવો. જો પેલ્વીસનો પૂર્વ પશ્ચિમ વ્યાસ ૩½ ઈંચ હોયતો તેમાંથી પૂર્ણમાસી ગર્ભ નીકળી નહિ શકે, માટે તેટલે અથવા તેથી કમી વ્યાસ જણાય તો અપૂર્ણ ગર્ભ કાઢવાની જરૂર પડેછે.

૨ બસ્તિની અંદર કોઈ ગ્રંથી થઈ માર્ગ રૂંધન કરે અથવા યોનિ કિંવા કમળમુખ કોઈ વ્યાધિને લીધે સંકુચિત થઈ ગયેલ હોય, તેને માટે પણ અધુરે જણાવવાની જરૂર પડે છે.

૩ ઓધાનના વખતમાં સ્ત્રીની તંદુરસ્તીમાં અસાધારણ બિગાડ થયો હોય; જેમ કે લાંબા વખત અનિર્વાય ઉલટી અથવા ઝાડો થતો હોય; અને તેને લીધે જીંદગીની દહેશત લાગે, અથવા ગર્ભાશયના મુખ ઉપર ઓર આવેલી હોય અને તેમાંથી ઘણો રક્ત પ્રવાહ થતો હોય, અથવા આંચકી, ફેફરૂં, શોથ, અને ફેફસાં અથવા રક્તાશયનો કાંઇ મોટો વ્યાધિ હોય,તેને માટે પણ અપૂર્ણમાસે ગર્ભ પ્રસવ કરાવવાનો કોઇવાર પ્રસંગ આવેછે.

ઉપર કહેલા કોઇ પણ કારણને લીધે જ્યારે ગર્ભ પતન કરવાનું અવશ્ય લાગે ત્યારે ઓધાનના કોઈ પણ કાળે તેમ કરવું પડેછે. પણ બની શકે ત્યાં સુધી સજીવ ગર્ભ નીકળી શકે તેટલા કાળ પર્યંત વાટ જોવી.

સજીવ ગર્ભ જન્મવાને માટે સાત મહિના પૂરા થવા જોઇએ. તેનાપર જેટલા વધારે દિવસ થાય તેટલી તેને જીવવાની વધારે આશા રાખી શકાયછે, અને તેથી દિવસ કમી હોયતો કમી આશા બાંધી શકાય છે.

ગર્ભ પાડવાને માટે ઓષધિ આપવામાં આવેછે તેમજ યોનિદ્વારે કેટલીક રીતથી

પતન કરવામાં આવેછે. મૂળ મુદ્દો એટલોજ છે કે કોઈ પણ સાધનથી વેણ લાવવી, એટલે ગર્ભાશય સંકોચાવા માંડે તેવી યોજના કરવી. ગર્ભપાત કરવાની મુખ્ય રીત નીચે આપવામાં આવીછે.

૧ ગર્ભના પડને ફોડી ગર્ભજળનો સ્રાવ થવા દેવો, કે જેથી ગર્ભાશય સંકોચાઈ વેણ શરૂ થશે. "ગમ ઈલાસ્ટીક કાથેટર" નામની મૂત્રશળી આ કામમાં વપરાયછે. તેનો છેડો થોડો કાપી નાંખી, તેને ગર્ભાશયમાં લઈ જઈ, તેની અંદરથી રૂપાનો વાળો નાખવો અને અંદરના પડનું ભેદન કરવું; એટલે ગર્ભજળ નીકળશે, અને દશથી ચાળીસ કલાકમાં વેણ શરૂ થશે.

સ્વભાવિક નિયમ પ્રમાણે ગર્ભ પ્રસવ થવામાં કમળ મુખ વિસ્તૃત થવાનો કેટલોક આધાર ગર્ભજળની થેલી ઉપરછે, અને તેનાથી ગર્ભનું રક્ષણ પણ થાયછે. પણ ઉપર પ્રમાણે પડ ફોડવાથી જળનો સ્રાવ અગાઉથી થઈ જાયછે અને વેણ પછી શરૂ થાયછે. તેથી કમળમુખ ઉપર ગર્ભનું દબાણ થવાથી કમળ અને ગર્ભ બંનેને ઈજા પહોચવાનો સંભવછે. તેમ થવાથી પીડ વધારે દુઃખદાયક થઈ પડેછે.

૨. બીજી રીત એવીછે કે પ્રથમ કમળમુખને વિસ્તૃત કરવાની યોજના કરવી. વાદળી અથવા "સીટેંગલ" ના કડકાને કમળમુખની અંદર મૂકવો, એટલે તેના ફુલવાથી કમળમુખ થોડું ઘણું પહોળું થશે. ત્યાર બાદ તે કાઢી લઈ તેને ઠેકાણે રબરની થેલી કમળમાં મૂકી તે હવા અથવા પાણીની પીચકારીથી ભરવું, એટલે કમળ જરૂર જેટલું વિસ્તૃત થઈ શકશે. રબરની થેલી નાની મોટી થાય છે તે એક પછી એક જોઇએ તેવડી વાપરવી. આ સાધનથી ત્રણ ચાર કલાકની અંદર ગર્ભ પ્રસવ થઈ શકેછે.

૩. ત્રીજી રીત એછે કે ગર્ભપડને ગર્ભાશયથી કમળમુખની આસપાસ બે ત્રણ ઇંચના પ્રદેશમાં છુટાં પાડવાં, એટલે દસથી વીસ કલાકમાં વેણ શરૂ થશે. પડ જુદાં પડવા માટે કમળમુખની અંદર ગરમ પાણીની પીચકારી મારવી, અથવા તેની અંદર સળી નાખીને ફેરવવી. જેમ વધારે પ્રદેશમાં અથવા ગર્ભાશયના ઉપરના ભાગ સુધી ગર્ભાશયથી પડ છુટાં પડે, તેમ વેણ જલદી અને જોરથી આવી વહેલો છુટકો થાય છે.

કેટલાંક ગર્ભાશયની અંદર પાંચ છ ઇંચની પોકળ સળી ઘાલી તે વાટે ચાર પાંચ આઊંસ પાણીની પીચકારી મારેછે એટલે વેણ તરત શરૂ થાયછે. સળી અંદર નાખતાં ગર્ભાશયને ઈજા પહોચવા સંભવછે.

૪. કોઈ ડાકતર યોનિની અંદર થોડા દિવસ ગરમ પાણીની પીચકારી દરરોજ બે ત્રણ વખત મારવા ભલામણ કરેછે. તેથી થોડા દિવસમાં વેણ આવેછે.

૫. કોઈ ગર્ભાશયની અંદર સળી અથવા તેના આકારનો બીજો કાંઈ પદાર્થ ઘાલી વેણ શરૂ થાય ત્યાંસુધી તેમાં રાખવાની ભલામણ કરેછે.

આપણા દેશી લોકોમાં લજ્જાસ્પદ વર્તણુક છુપાવવા માટે કેટલીકવાર ગર્ભપાત કરવાની કોશીશ કરવામાં આવેછે. તેમાં મુખ્યત્વે કરીને આ સાધનનો લાભ લેવામાં આવે


છે. કોઈ થોરની ડાળી ઘાલેછે, કોઈ વાંસની સોટી નાખેછે, કોઈ સળીને એળીયો ચોપડીને, અને કોઈ ચીત્રકની સળી નાખેછે.

૯. ગર્ભપતન કરવા સારૂ વીજળી લગાડવામાં આવેછે. સ્તન ઊપર કેટલાક પ્રકારનાં તેલ ચોપડવામાં આવે છે. અરગટ આપવામાં આવેછે, ટંકણખાર અપાય છે, અને કેટલાક સખ્ત જુલાબ આપવામાં આવે છે, પણ તેથી ફાયદાને બદલે ઘણું કરી નુકશાન થાયછે. સખ્ત જુલાબથી કેટલીકવાર જાન જાયછે. આ ઊપાયોમાં ફક્ત ભરોસે રાખવા લાયક અરગટ છે, પણ તેનાથી ગર્ભ મૂએલો આવેછે.

ગર્ભને ફેરવવાની રીત.

ગર્ભ આડો અથવા બીજી અયોગ્ય સ્થિતિમાં આવતો હોય તો તેને ફેરવીને યોગ્ય સ્થિતિમાં લાવવાની જરૂર પડેછે. ગર્ભને બે પ્રકારે ફેરવાયછે. એક તેને **મસ્તકથી** ફેરવવામાં આવેછે તથા બીજી તેને **પગથી** ફેરવીને બહાર કાઢવામાં આવેછે. જો ગર્ભ બસ્તિના આગમનદ્વારમાં દાખલ થતી વખત ગર્ભના અધોભાગમાં મસ્તકને બદલે ખભો, ડોક, અથવા ચહેરાનો ભાગ આવતો લાગે, ને પડ ન ફૂટયું હોય, ત્યાં લગી ગર્ભને ફેરવી તેને ઠેકાણે યોગ્ય સ્થિતિમાં મસ્તકને લાવી શકાયછે. એક હાથ યોનિની અંદર ગર્ભાશય મુખમાં રાખવો અને બીજો સ્ત્રીના પેટ ઉપર રાખવો. બંને હાથની યથાસ્થિત ચાળવણીથી મસ્તક બરાબર અધો ભાગમાં આવે તે પ્રમાણે ફેરવવું. મસ્તકની સાથે એકાદ હાથ અગર નાળ આવતો હોય તો, તેને ઊંચે ખસવી દઈ ગર્ભાશય ઉપર દબાણ કરી માથાને નીચે ખસેડવું. માથું બરાબર સ્થિતિમાં આવે એટલે પડ ન ફૂટયાં હોયતો ફોડી નાખવાં.

આકૃતિ ૧૦૭.
ચરણભ્રમણ. પ્રથમ ગર્ભના પગ પકડાયછે, બીજો હાથ પેટપરછે. તે ગર્ભને ફેરવવામાં મદદ કરેછે.




ચરણ ભ્રમણઃ—ચરણભ્રમણ એટલે પગથી ફેરવવાની રીત એવીછે કે ગર્ભાશયની અંદર હાથ નાખી એક અથવા બેઉ પગને પકડી ગર્ભને ફેરવીને બહાર કાઢવો. નીચે લખેલા પ્રસંગમાં એ પ્રમાણે ગર્ભને પગથી જણાવવાની જરૂર પડેછે.

૧. જ્યારે ગર્ભ આડો આવ્યો હોય એટલે તેનો હાથ બહાર આવ્યો હોય અથવા અધોભાગને ઠેકાણે તેનું ધડ આવ્યું હોય તો ચર્ણથી ફેરવવાને અગત્ય પડેછે.

૨. ચેહેરો અધોભાગને ઠેકાણે આવ્યો હોય અગર સ્ત્રીનું પેટ બહુ ઢીલું હોવાથી ગર્ભ આગળ આવી પડ્યો હોય તો કોઇવાર ગર્ભ પગથી ફેરવી કાઢવા જરૂર પડેછે.

૩. ઓર કમળમુખપર આવેલી હોય, આંચકી થઈ હોય, ગર્ભાશય વિદારણ થયું હોય, નાળ નીચેઉતરી આવ્યું હોય અથવા સ્ત્રીનું મૃત્યુ એકાએક થયું હોય તો તેને માટે પણ પગ ફેરવીને ગર્ભ પ્રસવ કરાવવામાં આવેછે.

આકૃતિ ૧૦૮.
ચરણભ્રમણ. ગર્ભાશયમાં હાથ ઘાલી પગપકડીને બહાર ખેંચવામાં આવેછે. બીજો હાથ પેટપર છે. તે ગર્ભની સદરહુ ગતિને મદદ કરેછે. આકૃતિ ૧૦૭માં આપેલ ચિતારથી ભ્રમણ જાસ્તિ થયુંછે.




૪. એકાદ વખત પેલ્વીસની વિકૃતાકૃતિને લીધે ગર્ભના મસ્તકથી પ્રસવ થવો મુશ્કિલ પડેછે પણ "ચર્ણભ્રમણ" કરવાથી મસ્તકની અડચણ કેટલેક દરજ્જે દૂર થાયછે. કેમકે મસ્તકનો નીચેનો ભાગ ઉપરના ભાગ કરતાં સુમારે અડધો અથવા પોણો ઇંચ વ્યાસમાં કમી હોયછે. તે પેલ્વીસમાં સેહેલાઇથી આવી શકેછે અને તેની પાછળ ઉપરનો રૂંદભાગ લાંબોને પાતળો થઇને નીકળી શકેછે.

હમેશાં કમળમુખ સારી પેઠે વિસ્તૃત થયા પછી ગર્ભને ફેરવવાની તૈયારી કરવી. કલોરોફાર્મ સુંઘાડીને એ કામ કરવું વધારે સુગમ પડેછે. ગર્ભજળ થેલી ફૂટવાની પેહેલાંનો કાળ ચર્ણભ્રમણ કરવા ઘણોજ અનુકુળ સમજવો. એ થેલી ફૂટ્યા પછી જેમ વધારેકાળ

જાય તેમ ગર્ભ ફેરવવાને જાસ્તિ મુશ્કેલી પડેછે. કમળ વિસ્તૃત થઇને થેલી ફૂટી હોયતો જેમ બને તેમ ગર્ભને જલદી ફેરવી કાઢવો. જ્યારે થેલી ફૂટયા.ને ઘણો કાળ વીતી ગયો હોય, બધુંએ જળ સ્રવી ગયું હોય, અને ગર્ભસ્થાન બાળકના ઉપર જોરથી સંકોચાઈ બેઠું હોય તથા યોનિની અંદરનો ભાગ સૂજી આવ્યો હોય તો ગર્ભને ફેરવી કાઢવાનું કામ ઘણુંજ મુશ્કેલ તથા જોખમ ભરેલું થઈ પડેછે.

ચર્ણભ્રમણ કરવાની રીતઃ—સ્ત્રીને ડાબી બાજુ બિછાના ઉપર કેડની પાછળનો ભાગ કોર ઉપર રાખી સૂવાડવી. મળમૂત્રનો ખુલાસો ન હોયતો કરાવવો. પછી ડાક્ટરને અનુકુળ આવતો હોય તે હાથ યોનિમાં દાખલ કરવાની તૈયારી કરવી.

બાળકનો જે હાથ બહાર આવ્યો હોય તેજ બાજુનો પોતાનો હાથ અંદર નાખ-વાથી ઠીક પડશે. જો બાળકની પીઠ માના પેટ તરફ હોય તો તેને ડાબા હાથથી ફેરવવું ઠીક પડશે, અને તેની પીઠ માની પીઠ તરફ હોયતો જમણા હાથથી ફાવશે. સારાંશ એ છે કે આપણો જે હાથ બાળકના પેટ ઉપર થઇને પગનું ગૃહણ કરવા સહેલાઇથી જઇ શકે એ હાથ વધારે ફાવશે. હમેશાં વેણ આવવી બંધ હોય તે દરમિયાન હાથનો પ્રવેશ કરવો. હાથનાં પાંચ આંગળાં ભેગાં કરી, ઉપરની બાજુ (હથેળીમાં ન લગાડવું) તેલ લગાડી, યોનિની અંદર આસ્તેથી હાથ દાખલ કરવો. પછી કમળમાં દાખલ થતાં બા-ળકના ખભા ઉપરથી છાતી અને પેટ તરફ હાથને આસ્તે આસ્તે લઈ જવો. તેમાં જ્યારે વેણ આવે ત્યારે હાથને સ્થિર રાખી દેવો અને બંધ થાય એટલે આગળ વધવું. આ પ્રમાણે હાથ અંદર નાખતી વખત ગર્ભાશયને પોતાના બીજા હાથથી નીચે દાબી રાખવું અથવા મદદગારને તે પ્રમાણે દાબી રાખવા કહેવું.




આકૃતિ ૧૦૯.
ગર્ભ આડો આવેલોછે. "બીજી સ્થીતિ." જમણો હાથ બહાર છે તે માટે ચરણ ભ્રમણ કરાવવામાં આવેછે. પગ પકડીને નીચે ખેંચેછે.

હાથ નાંખતી વખત પડની થેલી સાબિત હોયતો હાથને ગર્ભાશય તથા પડની વચ્ચે જવા દેવો, અને ઉપરના ભાગમાં ગયા પછી પડને આંગળીના નખ વડે ફાડીને પગને પકડવો અને નીચે લાવવો. આવો પ્રસંગ ક્વચિતજ આવેછે. ઘણું કરી પડ ફૂટી ગયા પછી કેટલોક કાળ ગયા બાદ ગર્ભ ફેરવવાનું કામ આપણા હાથમાં આવેછે.


હાથ અંદર પહોચ્યા પછી બાળકના પગ અને હાથ ઓળખવામાં ભ્રાંતિ થાયછે. ઘૂંટણ કોણીને મળતો આવેછે પણ તે જરા વધારે મોટો અને ગોળ હોયછે, અને કોણી વધારે અણીદાર હોય છે. કોણીનો ખુણો પગ ભણી હોયછે અને ઘૂંટણનો ખૂણો મસ્તક ભણી હોયછે. પગ અને હાથના ફણાઓની ભ્રાંતિ થાયછે, પણ પગનાં આંગળાં નાનાં અંગુઠો ભેગો, અને વાળવાં મુશ્કેલ એટલો તફાવત હોયછે.

આપણા હાથની અંદર બેઉ પગ બરાબર પકડી શકાય તો બેઉને ખેંચવા, અને તેમ નહી તો એક પગને બરાબર પકડી નીચે લાવવો. જાંગના મૂળમાંથી પગ પકડાય તો વધારે સ્હેલાઇથી નીચે લવાયછે. બનતા સુધી ગર્ભનો જે હાથ બહાર આવ્યો હોય તેની સામેનો પગ પકડવો અને હમેશાં ગર્ભના પેટની બાજુથી નીચે આણવો; કદી પછવાડેની બાજુએ લાવવો નહીં. એક તરફથી અંદરથી આ પ્રમાણે પગ ખેંચવામાં આવેછે, તેજ સમયે બીજી તરફથી બહારની બાજુ પેટ ઉપરથી એવી રીતે ચોળાવવું કે ગર્ભની અંદરની ગતિને મદદ થાય, અને તેનું મસ્તક તથા બહાર આવેલો હાથ અંદર ચઢતાં જાય.



આકૃતિ ૧૧૦.
ચરણ ભ્રમણમાં પુરૂ થવા આવ્યુંછે. બહાર કાઢેલા બેઉ પગ પકડી ખેંચાય છે.

એક પગ બહાર જાગ સુધી આવે એટલે બીજી જાંગના મૂળમાં આંગળી ભરાવી તેને નીચે તાણી લેવી, એટલે બાકીનો પેટનો ને છાતીનો ભાગ સહજ નીકળી આવશે. નાભીનો ભાગ બહાર આવે કે તરત નાળને થોડો નીચે ખેંચી લેવો, એટલે તે તણાય નહી અને નાભીને ઇજા પહોંચે નહીં. પેટનો અને છાતીનો ભાગ બહાર નીકળતી વખત બાળકને આસ્તેથી એવી રીતે ફેરવતાં જવું કે આગમનદ્વારના ઉત્તર દક્ષિણ વ્યાસમાં મસ્તકનો પૂર્વ પશ્ચિમ વ્યાસ આવે, અને મસ્તક બસ્તિની કક્ષામાં આવે ત્યારે ચહેરાનો ભાગ સેક્રમના અંતર ગોળમાં જાય. આ વખતે ગર્ભના બેઉ હાથ અંદર મસ્તકની સાથે હોય છે. તેમાંથી પ્રથમ એક ખભા ઉપર અને પછી બીજા ખભા ઉપર આંગળાં ચઢાવી હાથને બહાર ઉતારી લેવા, એટલે નિર્ગમનદ્વારમાં મસ્તકનો ભાગ આવશે. ઉપરથી ગર્ભાશયના દબાણને લીધે હડપચી છાતીની સાથે હશે તો જરા ખેંચવાથી મસ્તક સહજ બહાર નીકળી આવશે. પણ જો હડપચી છાતીથી જુદી પડી ગઈ હોય તો હડપચી અને મસ્તકના પશ્ચિમ ભાગ વચ્ચેના લાંબા વ્યાસમાં મસ્તક આવી પડેછે, તેથી ત્યાં અટકી પડેછે. માટે બે આંગળાં ગર્ભના ઉપલા જડબાપર રાખી હડપચી નીચે લાવવી. તેજ વખતે મસ્તકની પછવાડે આંગળાં ભરાવી મસ્તક ઊંચું કરવું એટલે ડોક વળીને તે બહાર નીકળી આવશે. તેમ ન આવે તો ચીમટા લગાડી મસ્તકને કાઢવું.



આકૃતિ ન.૧૧૧
ચર્ણભ્રમણ ચાલુ.મસ્તકની સાથે હાથ ઉપર રહી ગયેલ છે. તેના ખભાપર આંગળા ચડાવી નીચે ઉતારાયછે.

પ્રથમ કહ્યુંછે તે પ્રમાણે બધું ગર્ભ જળ નીકળી ગયું હોય, ગર્ભસ્થાન ઘણોકાળ ગયા પછી સંકોચાઇને અનાવકાશ થઈ ગયો હોય, તો અંદર જગા ન હોવાથી ગર્ભને ફેરવી કાઢવાનું કામ અતિ મુશ્કેલ થઈ પડેછે. ગર્ભ પણ ઘણું કરીને મૃત્યુ પામેલોહોય છે. તેમ હોય ત્યારે ગર્ભનું શીર અથવા છાતી ભેદન કરી કાઢવાની જરૂર પડેછે.

ઉદરવિદારણ ગર્ભપ્રસવ.

(સીઝેરીયન સેકશન.)

કેટલીક વખત એવા પ્રસંગ આવેછે કે ગર્ભનો સ્વભાવિક રસ્તે થઇને પ્રસવ થવો અશક્ય થઈ પડેછે. ત્યારે સ્ત્રીનું પેટ અને ગર્ભાશય ચીરીને ગર્ભને બહાર કાઢવાની જરૂર પડેછે. તેને **ઉદરવિદારણ** કહેછે. આ ભયંકર શસ્ત્રક્રિયામાં સ્ત્રીના જાનને ઘણું જોખમ રહેછે. પ્રસવ કરાવવા માટે જે કાંઈ ક્રિયાઓનો ઉપયોગ કરવામાં આવેછે,તેનો પ્રથમ હેતુ એવો હોયછે કે બાળક તથા તેની મા એ બંનેના જાનને બચાવવા. પણ બેઉના જાન બચી શકે તેમ ન હોય અને એકનો જાન જાય તોજ બીજાનો બચે એમ હોય તો બાકળનો જાન જતાં માનો જાન બચાવવો. કાંઈ ઇલાજથી માના જાનની આશા ન હોય તો બચ્ચાને બચાવવાની કોશીશ કરવી. નીચે આપેલા પ્રસંગમાં ઉદરવિદારણ ક્રિયા કરવાની જરૂર પડેછે.

૧ જ્યારે અસ્તિપિંજર એવી વિકૃતાકૃતિ થઈ જાય કે તેનો વ્યાસ બે ઈંચથી કમી હોય તો સજીવ ગર્ભ તેમાંથી નીકળી શકેજ નહી. પણ તેનું ભેદન કરવા છતાં પણ સ્ત્રીના અંગને અતિ ઇજા પહોચ્યા શિવાય નીકળી શકે તેમ હોતું નથી, માટે ઉદરવિદારણ કરવાની જરૂર પડેછે. અસ્થિ વિકૃતાકૃતિ સિવાય બીજી કોઈ વ્યાધિરૂપ ગ્રંથીને લીધે તેનો વ્યાસ બે ઈંચથી કમી થઈ જાય તો પણ ઉપર પ્રમાણે કરવાની જરૂરપડેછે.

૨ જ્યારે સ્ત્રી અકસ્માતથી, રક્ત પ્રવાહથી અથવા કોઈ વ્યાધિથી એકાએક મરણ પામેછે,ત્યારે તરતજ ઉદર વિદારણ કરવામાં આવે તો ગર્ભ સજીવ નીકળી શકે. પાંચ દશ મિનિટની અંદર ગર્ભ કાઢી લેવામાં આવે તોજ સજીવ નીકળેછે.

૩ કોઈ કારણને લીધે ગર્ભાશય ફૂટી ગયું હોય અને ગર્ભ પેટની અંદર આવી ગયો હોય તો અથવા ગર્ભ ઉત્પત્તિ ગર્ભાશયની બહાર થઈ હોય તો તેને માટે પણ ઉદર વિદારણ સિવાય બીજો ઇલાજ નથી.

૪ યોનિની અંદર કમળ આદિને અર્બુદ આદિ વ્યાધિ થઈ હોય અને તેને લીધે તે રસ્તેથી પ્રસવ ન થઈ શકતોહોય અને સ્ત્રીની ઘણો કાળ જીવવાની આશાન હોય તો આ ઉપાયથી પ્રસવ થઈ શકેછે.

ઉદર વિદારણ કરવાની રીતઃ—ઉદર વિદારણ કરવામાં સ્ત્રીને કલોરોફોર્મ આપી નાભીની નીચેથી મધ્ય રેખામાં છથી આઠ ઈંચ લાંબો છેદ મૂકવો, પેટની ત્વચા તથા અંતર પડ કાપી તેને અનુસરીને પાંચથી છ.ઈંચનો છેદ ગર્ભાશયને મૂકવો, અને ગ-

ર્ભને બહાર કાઢી લેવો. ગર્ભને કાઢ્યા પછી ઓર તથા પડ કાઢી લેવાં. ગર્ભાશયનો છેદ મૂકતાં અંદર બાળકને ઇજા ન પહોંચે તેવી સંભાળ રાખવી. મદદગારે પેટ અને ગર્ભાશયની દીવાલ બંને સાથે પકડવી એટલે રક્ત તથા ગર્ભજળ પેટની ખોમાં ન જાય. આવા પ્રસવમાં મોટો ભય રક્ત પ્રવાહનો હોયછે. ઘણો રક્ત પ્રવાહ થાય તો ગર્ભસ્થાનને મસળવું અથવા તેની અંદર બરફ લગાડવો અથવા વીજળી લગાડવી, જેથી ગર્ભસ્થાન સંકુચિત થઇ પ્રવાહ બંધ થશે. ગર્ભાશયમાંથી યોનિ વાટે એક શળી મૂકી રાખવી. ત્યાર પછી ગર્ભાશયને સીવી લેવા, ને પેટને ટાંકા મારવા, તેના ઉપર પટી મૂકીને યોગ્ય રીતે પેટ બાંધી લેવું. થોડા દિવસ હલકો ને થોડો પ્રવાહી ખોરાક આપવો અને અફીણ તથા યોગ્ય જણાય તેટલો બ્રાંડી આપવો.

શિરભેદન.

(ક્રેન્યૉટૉમી.)

જ્યારે બસ્તિનો વ્યાસ ગર્ભ અકબંધ મસ્તકથી નીકળી ન શકે એટલો ટૂંકો હોય, ત્યારે ગર્ભનું શિરભેદન કરવામાં આવેછે. મસ્તક ભેદન કરવાનો હેતુ એવો હોયછે કે ખોપરીની અંદરનો મગજનો ભાગ બહાર કાઢી નાખવાથી તેનું કદ નાનું થઈ, બસ્તિના ટૂંકા વ્યાસમાંથી નીકળવાને લાયક થાયછે. શિરભેદન કરવાને કાતરના આકારનું લાંબા હાથાવાળું શસ્ત્ર થાયછે. તેમાં મુખ્ય તફાવત એ છે કે તેની ધાર પાંખીઆની અંદરની બાજુએ નહોતાં બહારની બાજુએ હોયછે. તે વતે શિરભેદન કરી મગજનો ભાગ કાઢી નાંખી, ખોપરીના ભાગને મજબૂત ચીમટા વડે પકડી અથવા તેમાં આંકડીયો ભરાવી ગર્ભને બહાર ખેંચી કાઢવામાં આવેછે. નીચે લખેલા પ્રસંગમાં શિરભેદન કરવામાં આવેછે.


૧. જ્યારે ગ્રંથી અથવા બીજા કારણને લીધે બસ્તિનો કોઈ પણ વ્યાસ ત્રણ ઈંચથી કમી અને બે ઈંચની ઉપર હોય તો શિરભેદન કરવાથી ગર્ભને કાઢી શકાયછે. બસ્તિનો વ્યાસ ત્રણ ઈંચથી ઉપર હોય તો ચરણ ભ્રમણથી ગર્ભ પ્રસવ કરાવી શકાયછે, અને તે બે ઈંચથી કમી હોય તો શિરભેદન કરવાનો હેતુ રહેતો નથી, કેમકે તેટલા વ્યાસમાંથી શિરભેદન કરેલો ગર્ભ પણ સ્ત્રીને ભયંકર ઇજા પહોંચાડ્યા સિવાય કાઢી શકાતો નથી. તેથી ઉદરવિદારણ કરવાની જરૂર પડેછે.

૨. જ્યારે પેલ્વીસના વ્યાસ યથાસ્થિત હોય પણ મસ્તક ઘણું મોટું હોય અને તેમાંથી નીકળી શકે તેમ ન હોય તો શિરભેદન કરવું. જેમકે ગર્ભના મસ્તકના જળંદરને માટે શિરભેદન કરવું યોગ્ય છે.

૩. મસ્તક તથા હાથ બેઉ સાથે ઉતરી આવ્યા હોય અને હાથ પાછો ઉપર ચડે તેમ ન હોય, તેમજ મસ્તક નીચે ઉતરી શકે તેમ ન હોય તો શિરભેદન કરવું પડેછે.


૪. જ્યારે ગર્ભમૃત્યુ પામ્યો હોય અને પ્રસવ થતાં વિલંબ થતી હોય તો શિરભેદન કરી તેને જલદી કાઢી લેવો કે જેથી સ્ત્રીની પીડા દૂર થાય.

આકૃતિ ૧૧૨.



શીરભેદનકરનાર શસ્ત્ર અનેતેની બાંડલી ટોચ.

આકૃતિ ૧૧૩.



મસ્તક ભેદન કર્યા પછી ખોપરી પકડવાનો ચીમટો.

આકૃતિ ૧૧૪.



શીરમાં ભરાવીને ખેંચવાનો આંકડીયો.

૫. આંચકી, રક્ત પ્રવાહ ઇત્યાદિક પ્રસંગે તાત્કાળીક પ્રસવ કરાવવાની જરૂર પડે છે, જો ચીમટાનો ઉપયોગ થઇ શકતો ન હોય તો આ ઉપાયથી પ્રસવ કરાવવો.

હવે કોઇ પ્રસંગે શિર ભેદન કરવું એમ નિશ્ચય થાય તો પછી તેમ કરવાને વધારે વિલંબ કરવો નહી. કમળમુખ વિસ્તૃત થાય તો તરત શિર ભેદન કરવું. પ્રથમ કેટલાકનો એવો વિચાર હતો કે ગર્ભ મરી જાય ત્યાં સુધી વાટ જોવી પણ તેમ કરવામાં કાંઈ અર્થ નથી, કેમકે ગર્ભને તો વહેલું મોડું મરવુંજછે પણ જેમ વધારે વિલંબ થાય તેમ સ્ત્રીને નુકશાન પહોચવા દહેશત રહેછે.

શીરભેદન કરવાની રીતઃ—ટેબલ યા બિછાના ઉપર સ્ત્રીને ડાબે પડખે સુવાડી ડાબા હાથની બે આંગળીયો મસ્તકના અધો ભાગને લગાડવી અને તેને આધારે શિર-ભેદક શસ્ત્ર જમણે હાથે દાખલ કરવું. ઘણી સંભાળથી સ્ત્રીના ભાગને હરકત ન પહોચે તેમ ગર્ભના મસ્તકની અંદર ભોકવું, અને ભોકયા પછી તેને ઉઘાડવું એટલે એક દિશામાં ચીરો પડશે. પછી ફેરવીને બીજો ત્રિશૂળાકાર પડે તેવા છેદ કરવો. બાદ મગજને જરા છૂંદીને કાઢી નાખવું. ત્યારબાદ ખોપરીના કોઇ અનુકુળ ભાગમાં આંકડીયો ભરાવી અ-ગર ચીમટાથી પકડી ગર્ભ કાઢી લેવો.

છાતી ભેદન (એવીસરેશન)ઃ—શિરભેદન સિવાય છાતી ભેદન કરવાનો કોઇ કોઇવાર પ્રસંગ આવેછે. જ્યારે ગર્ભ આડો આવ્યો હોય, એક હાથ બહાર હોય અને ઘણોકાળ વીતી ગયો હોય તથા ગર્ભાશય સંકોચાવાથી ગર્ભ પેલ્વીસમાં સજ્જડ બેશી ગયો હોય તો

શિરભેદન અથવા ચર્ણ ભ્રમણની ક્રિયા બની શકતી નથી, તેથી છાતીનો ભાગ જે નીચે હોયછે તેનું ભેદન કરી ગર્ભને બહાર કાઢવામાં આવેછે.

શીરછેદન (ડીકાપીટ્રેશન)—આ સિવાય શિરછેદન કરવાની એક બીજી ક્રિયાછે. ચીમટાના આકારનું એક શસ્ત્ર થાયછે. તે મસ્તક ઉપર બરાબર આવે તેમ ચીમટાની માફક લગાડ્યા બાદ તેનો બહારનો સ્ક્રુ ફેરવવાથી મસ્તકનો ચૂરો થઇ જાયછે અને પછી તેને કાઢી લેવામાં આવેછે. ઉપર કહ્યુંછે કે બસ્તિનો વ્યાસ બે ઇંચનો હોય ત્યાં સુધી શિર ભેદનની ક્રિયા લાગુ કરી શકાયછે. પણ જો તે કરતાં પણ પાથી અરધો ઇંચ વ્યાસ કમી હોય તો તેને આ શિરછેદનની ક્રિયા લાગુ પાડવામાં આવેછે.

પ્રસવને લગતી કેટલીક ભાંજગડ.

(કાંમ્પ્લીકેટેડ લેબર)

પ્રસવ સંબંધી ભાંજગડમાં નીચેની બાબતોનો સમાવેશ થાયછે.

૧. **ઓરનું અંદર રહેવું.** ૨. **રક્ત પ્રવાહ.** ૩. **આંચકી** ૪. **ગર્ભાશયનું ફૂટવું** ૫. **ગર્ભાશયનુ અંદરથી બેવડ વળવું.**

૧. **ઓરનું અંદર રહેવુ** (રીટેન્શન આફ પ્લાસેંટા):—તેને આપણામાં સાધારણ રીતે ઓર ઊંચે ચઢી ગઈ એમ કહેછે. હમેશાં બાળક અવતર્યા પછી થોડી મિનિટમાં ઓર બહાર આવેછે. સુમારે અરધા કલાકથી એક કલાકમાં તે બહાર ન આવે તો તેનું કારણ શોધી કાઢવું. ઘણું કરી નીચે લખેલા ત્રણ કારણ માંહેલા કોઈ પણ કારણથી ઓર અંદર રહી જાયછે.

અ. ગર્ભાશય પૂર્ણ પણે સંકોચાય નહીતો ઓર અંદર રહી જાયછે.

આ. ઓર ઉપર હોય દરમીયાન ગર્ભાશયનો નીચેનો ભાગ સંકુચિત થઈ જાય તો તે બહાર આવી શકતી નથી.

ઈ. ઓર કાંઇ વ્યાધિને લીધે ગર્ભસ્થાનને ચોટી રહેછે. તેથી બહાર આવી શકતીનથી.

અ. પ્રસવ થઇ ઓર નીકળ્યા પછી ગર્ભાશય સંકુચીત થઈ એક કઠણ દડાની માફક પેડુમાં થઇ રહેછે. પણ જ્યારે ગર્ભાશય બરાબર સંકુચીત થતું નથી ત્યારે તે પેટની અંદર નરમ મોટું લોચા જેવું લાગેછે. ઓર તેની અંદર રહેછે. ઓર તેની સાથે તદન સંબંધમાં હોય તો રકત પ્રવાહ થતો નથી, પણ થોડી અથવા છેક જુદી પડી હોય તો લોહી વહેવા માંડેછે.

ઈલાજઃ—પેટ ઉપર ચોળીને ગર્ભાશયને દાબવો એટલે તે સંકુચીત થશે, અરગટ આપવું, ઓર ગર્ભાશયથી છુટેલી હોય તો અંદર હાથ નાખીને તેને કાઢી લેવી. અંદર હાથ જવાથી ઘણું કરી ગર્ભાશય સંકોચાયા વગર રહેતો નથી.

આ. ગર્ભસ્થાનનો નીચેનો ભાગ સંકોચાવાથી વખતે ઓર ઉપર રહી જાયછે. આ પ્રમાણે સંકોચાઇને કમળનો ભાગ બંધ થઈ જાય, અથવા ગર્ભાશયનો વચલો ભાગ સંકો-

ચાઈ તેની આકૃતિ રેતીની ઘડી જેવી થઈ જાયછે. યોનિમાં હાથવતે તપાસ કરવાથી ગર્ભાશયનો સંકોચાયલો ભાગ માલમ પડશે. ગર્ભાશય આવી રીતે અનિયમીત સંકોચાય છે. તેનાં ઘણાં કારણો હોયછે. નાળને તાણવાથી, એકાએક પ્રસવ થવાથી, અને પ્રસવ થવામાં ઘણો વિલંબ લાગવાથી અનિયમીત સંકોચ થાયછે. જોડલું, અથવા બહુ ગર્ભજળને લીધે ગર્ભાશય બહુ પહોળું હોવાથી, તેનો સંકોચ અનિયમીત થાયછે.

ઉપાયઃ—ઓર નહી પડવાનું આવું કારણ માલમ પડી આવેતો તરતજ હાથનાં પાંચે આંગળાં ભેગાં કરી, ગર્ભાશયની અંદર સંકુચીત ભાગમાં પ્રવેશ કરી ઓરને કાઢીલેવી.

ઇ. ઓર કાંઇ વ્યાધિને લીધે ગર્ભાશયને ચોટી રહી હોય અને તેથી બહાર ન આવે તો તેમાં કેટલુંક જોખમછે. ઓરજે ભાગમાં ચોટેલી હોય તેની આસપાસનો ગર્ભાશયનો ભાગ સંકોચાયછે. ગર્ભાશય સંકોચાવા છતાં પણ ઓર જુદી છૂટી પડતી નથી. ઓર આવી રીતે છુટેલી ન હોય તો તેને માટે હાથ અંદર નાખી આંગળી વતે સંભાળથી ખોતરીને તેને જુદી પાડીને કાઢી લેવી. જો કોઈ ભાગ બહુ ચોટેલો હોય તો તેને ઊખેડવા માટે બહુ બળ વાપરવું નહીં. કેમકે તેમ કરવાથી વખતે ગર્ભાશયને ઇજા પહોચવાનો સંભવ રહેછે. જો ઓરનો કાંઈ ભાગ ચોટેલો બાકી રહી જાયતો તેની નીચે દર્શાવેલા ત્રણ માહેની એક ગતિ થાયછે,

૧. કેટલાક વખત પછી તે ભાગ છૂટો પડી બહાર આવેછે.

૨. અથવા કેટલાક વખત પછી તે સડી જઇને બહાર નીકળી જાયછે.

૩. અથવા કેટલાક વખત પછી તેનું અંદરને અંદર શોષણ થઈ જાયછે.

જો તે ગર્ભાશયમાં રહીને સડવા માંડેતો તેથી સ્ત્રીને તાઢ આવી તાવ આવેછે. શરીર ગરમ થાયછે. જીભ સૂકી પડેછે. નાડી જલદ ચાલેછે. ધાવણ બંધ પડી જાયછે અને યોનિ સ્રાવ પણ વખતે બંધ થઈ જાયછે. પણ ઘણું કરી આથી સ્રાવ બંધ થવાને બદલે જાસ્તી આવેછે તથા વાસ મારેછે. તેને માટે ગરમ પાણીની પીચકારીથી યોનિનું પ્રક્ષાલન કરવું. ઓરતને કૌવત રહે અને તાવ ઉતરે એવી દવા આપવી.

૨. **રક્ત પ્રવાહઃ**—રક્ત પ્રવાહનો વિષય અતિ ઉપયોગી છે કેમકે સ્ત્રી તથા તેના બાળકના જાનનો આધાર તેના ઉપર રહેલોછે.

જે રક્ત પ્રવાહ બાળકનો પ્રસવ થયાની પૂર્વે થાયછે તેને **પ્રસવાપુર્વિપ્રવાહ** કહેછે અને બાળકનો પ્રસવ થયા પછી પણ થાયછે તેને **પ્રસવાનંતરપ્રવાહ** કહેછે.

પ્રસવાપુર્વિ પ્રવાહઃ—પ્રસવ થયા પહેલાં રક્ત વહેછે તે હમેશાં ઓરનો ગર્ભાશયથી થોડો ઘણો સંબંધ તૂટવાના કારણથી વહેછે. પ્રસવ થયાની પહેલાં રક્ત પ્રવાહ થાયછે તેના બે ભેદ કરવામા આવ્યા છે.

૧. આકસ્મિક રક્ત પ્રવાહ.

૨. અયોગત જરાને લીધે થનારો પ્રવાહ; **અચૂક પ્રવાહ.**

૧. **આકસ્મિક પ્રવાહ** (એક્ષીડેંટલ હેમરેજ):—સ્વાભાવિક નિયમ પ્રમાણે ઓર ગર્ભાશયના ઉર્ધ્વ અગર મધ્ય ભાગને વળગેલી હોયછે. ઓર આ પ્રમાણે પોતાને સ્વાભા-

વિક ઠેકાણે ગર્ભાશયમાં હોવાછતાં કાંઇ અકસ્માતને લીધે થોડી ઘણી તેનાથી છૂટી જાય અથવા તૂટી જાય તો રક્ત પ્રવાહ થાયછે, તેને આકસ્મિક પ્રવાહ કહેછે. રક્ત બહાર આવેછે; અથવા ક્વચિત અંતર્યામ ગર્ભાશયની અંદરજ પ્રવાહ થાયછે. જેમ ઓરનો વધારે ભાગ જુદો પડ્યો હોય તેમ જાસ્તી સ્રાવ થાય છે.

ઓર છૂટી પડવાનાં કારણ ઘણાં છે; જેમકે પછાડ લાગવાથી, ધક્કો અથવા મારને લીધે, ઇજા થવાથી, જોર કરવાથી, કોઇ પ્રકારનો અતિશ્રમ કરવાથી, ગાડીનો આચકો આવવાથી અથવા મનોવિકારને લીધે આવો રક્ત પ્રવાહ થાય છે.

ચિન્હઃ—રક્ત જાય તેના પ્રમાણમાં ચિન્હ થાયછે. થોડુંલોહી જાય તો વિશેષ જાણવા જેવાં ચિન્હ જણાતાં નથી. પણ ઘણું લોહી જાય તો નાડી તીવ્ર અને નબળી ચાલેછે, આંખે અંધારાં આવે, કાનમાં ઘોંઘાટ થાય, શરીર ટાઢું પડી જાય, ચહેરો ફીકો થઇ જાય, બેચેનપણું અને હાથ પગની તોડ થાય શ્વાસ થાય અને મૂર્છા આવે, અને પ્રવાહ બંધ ન થાય તો મૃત્યુ નીપજે છે. ઉપર કહ્યુંછે કે લોહી બહાર દેખાયછે અથવા અંદરજ રહેછે. જો બહાર આવતું હોય તો કેટલું જાયછે તે નજરે જોવાથી માલમ પડશે. વેણ આવતી હોયતો દરેક વેણની સાથે પ્રવાહ બંધ રહેછે, ને તે બંધ થાય છે એટલે પાછો પ્રવાહ શરૂ થાયછે. તેમજ મૂર્છા આવે ત્યારે પ્રવાહ બંધ રહેછે અને પાછું ચેતન આવે ત્યારે પ્રવાહ શરૂ થાયછે.

ઉપાયઃ—જો પ્રવાહ થોડો હોય અને પ્રસવકાળ દૂર હોય તો ઓરતનેસૂવાડી રાખી, ગ્રાહી ઔષધિ જેમકે શ્યુગરલેડ, ગ્યાલીકઆસિડ, સલ્ફ્યુરીકઆસિડ અને અફીણની દવા આપવાથી ફાયદો થશે. પ્રવાહ બંધ ન થાય તો યોનિમાં કુચો ભરવાથી પ્રસવ થવાને ઉત્તેજન મળેછે, અને પ્રવાહ વધારે હોયતો જેમ જલદી પ્રસવ થાય તેમ સારૂ, નહિ તો બચ્ચાના જીવને હરકત પહોચેછે. એક તરફથી ઠાંસીને યોનિમાં કુચો ભરી બીજી તરફથી પેટ ઉપર પટો બાંધવો. વળી લોહી જવાથી કમળમુખ નરમ થાયછે અને તેથી સહેલાઇથી પહોળું થાયછે. સારી પેઠે વેણ આવતી હોયતો પડને ફોડી નાખવું, પડ ફોડવાથી ગર્ભાશય વધારે સંકોચાશે અને રક્તપ્રવાહ કમી થશે. વળી ગર્ભાશયને સંકોચાવા માટે અરગટ આપવું. કુચાથી તથા આ ઉપાયથી પણ પ્રવાહ બંધ ન થાયતો કમળમુખને રબરની થેલીવડે જલદી વિસ્તૃત કરવું અને તે વિસ્તૃત હોયતો બાળકને ચણીપ્રમણથી અથવા ચીમટાથી કાઢી લેવું. જો ગર્ભ મૃત્યુ પામ્યો હોય તો તેનું શીરભેદન કરીને તાત્કાળ પ્રસવ કરાવવો. જો અતિ પ્રવાહથી ઓરતનો જીવ જોખમમાં આવી પડ્યો હોયતો બીજા આદમીનું લોહી તેણીના શરીરમાં નાખવાની જરૂર પડેછે. આ લોહી શી રીતે નાખવું તેની રીત આગળ આપેલી છે. (આકૃતિ ૪૨, પૃષ્ઠ ૫૩૨.)

અધોગતજરા (પ્લાસેંટા પ્રીવ્યા):—ઓરને સંસ્કૃતમાં જરા કહે છે, ઓર જ્યારે કમળમુખની આસપાસ આવેલી હોય તેને અધોગતજરા કહે છે. સ્વભાવિક રીતે ઓર ગર્ભાશયના ઉપરના ભાગમાં ઉત્પન્ન થાયછે. માનું લોહી ગર્ભાશયમાં થઇ ઓરમાં જાયછે અને તેમાંથી ગર્ભનું પોષણ થાયછે. હમેશાં બાળકનો પ્રસવ થયાં બાદ ઓર પડી જાયછે.

પણ જ્યારે ઓર અધોગત આવેલી હોય ત્યારે પ્રસવ થવાની પહેલાં તે છુટી પડવા લાગે છે, અને તેથી રક્તસ્રાવ થાયછે. અધોગતજરા હોય ત્યારે રક્તપ્રવાહ થયા વગર રહેતોજ નથી. તેટલા માટે તેને અમૂક પ્રવાહ કહેછે.

ચિન્હઃ—જરા અધોગત એટલે કમળની આસપાસ એક અપવાદ તરીકે કવચીતજ જોવામાં આવેછે. પણ જ્યારે ત્યાં હોય ત્યારે અતિ રક્તપ્રવાહ થાયછે. રક્ત ઘણું વહેછે એટલુંજ નહિ પણ તે એકાએકી ને કાંઈ કારણવિના વહેવા માંડેછે. પાછો પ્રવાહ આપોઆપ બંધ થઈ જાયછે અને વળી આઠપંદર દહાડે એકદમ દેખાયછે.ઘણું કરી આઠમો મહિનો અધુસારતાં અને કવચીત તેની પહેલાં આ પ્રમાણે પ્રથમ પ્રવાહ થાયછે અને પછી જેમ દિવસ પુરા થવા આવે તેમ જાદે લોહી વહેછે.

તપાસ કરતાં કમળનો ભાગ જાડો નરમ અને સ્નીગ્ધ લાગેછે અને તેમાં નાડી જેવો થડકો લાગેછે.

ઓર બરોબર કમળના મધ્યમાં આવી રહેછે અથવા તેના કિનારા ઉપર લાગેલી હોયછે. જો બરોબર મધ્યમાં લાગેલી હોય તો આંગળાને નરમ લોહીના લોચા જેવી તે આખા કમળમુખમાં આવેલી લાગેછે. જો કિનારા ઉપર હોયતો માત્ર તે એક બાજુ લાગેછે અને બીજી તરફ પડ તથા ગર્ભનો ભાગ લાગશે.

પ્રસૂતકાળ શરૂ થાય એટલે પ્રવાહપણ વધવા માંડેછે. જેમ જેમ ગર્ભાશય સંકોચાય અને કમળ વિસ્તૃત થાય તેમ તેમ ઓરના સંબંધની રક્તનળીયો તૂટી જઈ લોહીનું પૂર ચાલેછે. વેણ આવે ત્યારે લોહી વધારે નીકળેછે અને તે બંધ પડે ત્યારે લોહી કમી આવે છે. આ અધોગતજરા પ્રવાહ આકસ્મિક પ્રવાહથી જુદો નીચેનીનિશાનીથી ઓળખીશકાયછે.

આકસ્મિક પ્રવાહમાં વેણની સાથે લોહી બંધ થાયછે અને વચલા અંતરમાં વહેછે. પડની થેલી અથવા કાંઈ ગર્ભનો ભાગ આંગળીને જણાય છે. કમળનો ભાગ પાતળો હોય છે અને પ્રવાહ થવાનું કાંઈ પણ કારણ માલમ પડી આવેછે જેમકે કાંઈ જાતનો માર, પછાડ ઇત્યાદિ. અધોગતજરાના પ્રવાહમાં વેણ આવે ત્યારે રૂધિર જાસ્તી વહેછે અને વેણ બંધ થાય એટલે કમી પડેછે. કમળની અંદર નરમ ગાભા જેવી ઓર લાગે છે. કમળ જાડુ તથા તેની અંદર નાડીનો થડકો થાયછે. કાંઈપણ કારણ શિવાય વખતે ઓરત ભરઊંઘમાં હોય તે દરમિયાન પ્રવાહ એકદમ શરૂ થાયછે, અને પાછો એકદમ બંધ પડેછે. લોહી જાય તેને લીધે થતાં શારીરીક ચિન્હ આગળ દરશાવેલાંછે.

ઉપાયઃ—જો પ્રસવ કાળ દુર હોય ને રક્તસ્રાવ ઘણો ન હોય તો તેને બંધ કરવાને ઉપાય કરવા. ઓરતને શાંત રાખી સુવાડી રાખવી. સ્યુગરલેડના બે ગ્રેન, ડીલ્યુટ આસેટીક આસિડના અડધો દ્રામ સાથે પાણીમાં દર બે કલાકે આપવા; અથવા લાડેનમ ટીપાં ૧૫ તથા ગ્યાલિક આસિડ ગ્રેન ૧૫ આપવો. પણ જો લોહી ઘણું જતું હોય તો પ્રસવ જલદી થાય તેવી યોજના કરવી.કમળ વિસ્તૃત થાય એટલે બાળકને ચરણભ્રમણ કરી કાઢી લેવું. તે વિસ્તૃત થયાની પહેલાં રક્ત અટકાવવા સારૂ કમળ તથા યોનિમાં ડુચો ઘાલવો. તેનાથી રક્ત બંધ થશે ને દરમીયાન વેણ આવશે તેમ કમળ પહોળું થશે. વેણ

બરાબર ન આવતી હોય તો પડને ફેડવું તથા જરૂર લાગેતો અરગટ પણ આપવું અને પેટ ઉપર સખ્ત પટ્ટો બાંધવો. તેને લીધે મસ્તકનું કમળ અને ઓર ઉપર દબાણ થવાથી પ્રવાહ બંધ થશે, અને અધોગત ઓરને લીધે કમળ નરમ હોયછે તેથી તે જલદી વિસ્તૃત થાયછે. જો એટલા ઉપાય કરવા છતાં પણ પ્રવાહ જારી રહે અને કમળ વિસ્તૃત ન થાય તો રબરની થેલીની યોજનાથી કમળને પહોળું કરવું. કમળ ૨ થી ૩ પ્રમાણમાં વિસ્તૃત થયું હોય તો તે નરમ હોવાથી તેમાં હાથ જઈ શકેછે. માટે બાળકને ફેરવી કાઢવાને વિલંબ કરવો નહી.

અધોગત જરાને લીધે અતિ પ્રવાહ થાયછે. તે હદ બહાર થાય તો બાળક અને ઓરત બેઉના જાનની ખુવારી થાય. ઉપરના ઉપાયોમાં બેઉનો જાન બચાવવાનો હેતુ રહેલોછે. જ્યારે ઘણું રૂધિર જાય, ઓરતની નાડી અતી તીક્ષ્ણ પડી જાય, શરીર ટાઢું થઈ જાય, શ્વાસ તથા ઘભરાટ જેવાં ભયંકર ચિન્હ જણાય તો બાળકના જીવની દરકાર ન કરતાં ઓરતનો જીવ ઉગારવાને કાળજી રાખવી. આવે વખતે બાળકને ફેરવવાનો પ્રયત્ન કરવા જઇયે તો તે ક્રિયાના ધક્કાથી ઓરતના જાનને ધજા લાગી જાય છે. માટે આવે વખતે કમળમાં હાથ ઘાલી ઓરને ગર્ભાશયથી જુદી પાડવી તથા એકસ્ટ્રાકટ આફ અરગટનો ૧ ડ્રામ લાઉનમનાં ટીપાં ૨૦ થી ૩૦ અને બ્રાંડી એક ઓંસ પાણીની સાથે આપવું. ત્યારબાદ વેણ આવવાથી ગર્ભ અને ઓર બહાર આવશે. જો તે નહી આવે તો ઓરત કાંઈ સાવધ થયા પછી બાળકને ચીમટાથી અથવા પર્ણભ્રમણ કરીકાઢવું.

પ્રસવાનંતર પ્રવાહ (પોસ્ટ પારટમ્ હેમરેજ):—બાળકનો પ્રસવ થયા પછી પ્રવાહ થાયછે. તે ઓર બહાર નીકળ્યાની પહેલાં અથવા પછી થાયછે.

૧. ઓર અંદર રહી જાયછે, તેના કારણ વગેરેનું વર્ણન આગળ કહેવામાં આવ્યુંછે. ગર્ભાશય સંકોચાય નહી અને ઢીલું રહે તેથી, તે અનિયમીત રીતે સંકોચાય તેથી, અને ગર્ભાશયની સાથે સંલગ્ન હોય તેથી, ઓર અંદર રહી જાયછે.

ઉપાયઃ—સંલગ્નને લીધે અથવા અનિયમીત સંકોચને લીધે ઓર રહી ગઇ હોય તો તેને ગર્ભાશયમાં હાથ નાખી કાઢી લેવાથી રક્તપ્રવાહ બંધ થશે. જો ગર્ભાશય ઢીલો રહે તેને લીધેજ પ્રવાહ થતો હોય અથવા ઓર ન નીકળતી હોય તો અરગટ આપવું. ગર્ભાશયને પેટ ઉપરથી દાબવો. પેટ અને યોનિ ઉપર થંડા પાણીમાં ભીજવેલ કપડું મૂકવું અથવા બરફ લગાડવો. અથવા ઊંચેથી થંડા પાણીની ધાર કરવી. પાણી રેડવાથી ગર્ભાશય સંકોચાયા વગર રહેતોજ નથી. તેથી પણ જો ઓર બહાર ન આવે તો હાથ અંદર ઘાલીને કાઢી લેવી. હાથ અંદર ઘાલવાથી ગર્ભાશય બહુધા સંકોચાયછે. જ્યારે ઓર અંદર હોય તેને કાઢવા માટે એક હાથ ગર્ભાશયમાં નાખવામાં આવેછે ત્યારે હમેશાં તેને કાઢતી વખત બીજા હાથથી ગર્ભાશય ઉપર એટલે પેટ ઉપર દબાણ કરી રાખવું. તેથી ગર્ભાશય બરોબર સંકોચાશે.

૨. કોઇ કોઇવાર ઓર નીકળ્યા પછી રક્તપ્રવાહ થાયછે. આ પ્રવાહ ગર્ભાશય નીર્બળ તથા ઢીલો હોવાને લીધે થાયછે. પ્રવાહ બહુધા અતિશય થાયછે, અને તેને બંધ

કરવો ઘણીકવાર મુશ્કિલ થઇ પડેછે. આ પ્રવાહ ઓર નીકળ્યા પછી તરતજ થાયછે અથવા કાંઇ વખત વીત્યાબાદ થાયછે. અણચીંતયો એકદમ લોહીનો પ્રવાહ ચાલેછે. પેટ ઉપર હાથ મુકતાં ગર્ભાશયનો કઠણ ગોળો લાગતો નથી. યોનિની અંદર લોહીના ગાંઠા ભરાઇ રહેછે અને લોહી ગયું હોય તેના પ્રમાણમાં શારીરીક ચિન્હ થાયછે (પૃષ્ટ ૫૩૧)

ઉપાયઃ—આ રોગનો ઉપાય તત્કાળ કરવો જોઇએ. તરતજ બ્રાંડી તથા લાઉડનમ આપવાં અને જરૂર લાગે તેમ ફરીથી અવારનવાર આપતા રહેવું. અરગટ આપવું. ઉંચેથી પેટ ઉપર થંડા પાણીની ધાર કરવી અને બરફ મળી આવેતો ગર્ભાશયની અંદર લગાડવો. ગર્ભાશયની અંદર હાથ પ્રવેશ કરી રક્તના ગઠા કાઢી લેવા. તેથી પ્રવાહ બંધ ન થાય તો વીજળી લગાડવી. વીજળીની એક મૂઠ પેટ ઉપર રાખી બીજી યોનિદ્વારમાં રાખવી એટલે ગર્ભાશય સંકોચાશે અને પ્રવાહ બંધ હશે. એટલાથી પણ પ્રવાહ બંધ ન થાયતો પરકલોરાઇડ ઓફ આયર્નની ગર્ભાશયમાં પીચકારી મારવી. સ્ટ્રોંગ પરકલોરાઇડ ઓફ આયર્નના ચાર આઉંસમાં બાર આઉંસ પાણી મેળવી આસ્તેથી ગર્ભાશયના ઉપરના ભાગમાં પહોંચે તેમ પીચકારી મારવી. પીચકારી મારતાં અંદર હવા ન જાય એવી સાવચેતી રાખવી. આ દવાથી રક્ત થીજી જઈ રક્તનળીયોનાં મોઢાં તરત બંધ થઈ જશે અને પ્રવાહ લાગલોજ અટકી જશે. પીચકારી હાજર ન હોય તો ટિંકચર ઓફ સ્ટીલ એકથી બે આઉંસ વાદલીના કડકા ઉપર રેડી તે કડકો ગર્ભાશયની અંદર લોહી આવતું હોય ત્યાં દાબીને મૂકી દેવો એટલે લોહી બંધ થશે અને વાદળી બીજે ત્રીજે દીવસે નીકળી આવશે.

જ્યારે રક્ત પ્રવાહ ઘણો થયો હોય અને ઓરત મરણ તુલ્ય થઈ હોય ત્યારે તેણીના બચાવને માટે બીજા આદમીના શરીરનું લોહી તેના શરીરમાં નાંખવામાં આવેછે આ પ્રમાણે રક્ત નાંખવાની બે ત્રણરીત છે.

એક રીત એવી છેકે રક્ત દેનાર તથા લેનાર એ બેઉના હાથની ફસ ખોલીને એક નળી વાળું યંત્ર થાયછે તેનો એકેક છેડો બેઉની ફસમાં મૂકવો એટલે આદમીના હાથમાંથી ઓરતના હાથમાં લોહી જશે. (આકૃતિ ૪૨)

બીજી રીત એવીછે કે પ્રથમ લોહીને એક પ્યાલામાં લેવું. પછી તેની પીચકારી ઓરતના હાથની ફસમાં મારવી. સુમારે આઠ દસ આઉંસ લોહી કાઢવું, તથા તેની અંદર થોડાં આમોનીયાનાં ટીપાં નાખવાં, કે જેથી તે થીજી જાય નહીં. ત્યાર પછી તેને યોગ્ય પીચકારીમાં ભરી ઓરતની ફસમાં નાખવું,

ત્રીજી રીત એવી છે કે કાઢેલા લોહીમાંથી ફીબ્રીનને જુદુ પાડી તેને ગાળી લીધા પછી પીચકારી મારવી.

આંચકી.

(પ્યરપરલ કંવલ્ઝન્સ.)

આંચકીઃ—એને પ્રસુત આંચકી કહેછે. આ ઘણો ભયંકર વ્યાધિછે. આ આંચકી

ઓધાનના વખતમાં કોઇપણ કાળે પ્રસવ વખતે અને પ્રસવ થયા પછી પણ થાયછે.

ચિન્હઃ—કેટલાંક પૂર્વ ચિન્હ આંચકી શરૂ થયાની અગાઉ જણાયછે. આંખ તથા ચહેરો લાલ થઈ આવેછે. લમણામાં ચસકા તથા પીડા થાયછે. ફેર આવેછે, કાનમાં ઘોંઘાટ થાયછે. આંખે તમ્મર આવેછે. વખતે મસ્તકના પાછળના ભાગમાં પેટમાં, અથવા છાતીમાં અતી દુખાવો થાયછે. જરા બેભાન પણું માલમ પડેછે. આંખો ચકવક થઈ અ્રી છેક બેભાન થાયછે. આંચકીનો જોસ ઉપડેછે. કેટલીક વખત આવાં પૂર્વ ચિન્હ માલમ પડતાં નથી અને એકદમ આંચકી શરૂ થાયછે.

આંચકીની પહેલી ગતિ ચહેરા તથા ગરદનની સ્નાયુમાં શરૂ થાયછે. જીભ આગળ આવી જાયછે, અને દાંતથી કચરાઇને તેમાંથી લોહી નીકળેછે, મોંઢે ફીણ આવી જાયછે અને ચહેરો સૂજી આવેછે, ત્યારબાદ હાથ પગ અને આખું શરીર ખેંચાઈ જાયછે. શ્વાસોશ્વાસ મુસ્કેલીથી ચાલેછે ને તેની સાથે ચમત્કારીક ઘુર ઘુર અવાજ થાયછે. ઝાડો પેશાબ બિછાનામાં થઈ જાયછે. મસ્તકથી તે પગ સુધી આ પ્રમાણે કેટલોક વખત ખેંચાયા પછી ધીમે ધીમે શરીર સ્થીર થાયછે, ત્યારબાદ શરીર ઉપર પરસેવો નીકળી આવેછે. નાડી તીવ્રને કઠણ હોયછે તે શાંત અને નરમ પડેછે. ચહેરો સ્વભાવિક સ્થિતિ ધારણ કરેછે. ફીણ થતાં બંધ પડેછે, અને આંખો જે આંચકીના વખતમાં સ્થિર થઈ ગઈ હોયછે તે પાછી ફરવા માંડેછે અને ધીમે ધીમે ઓરત સાવધ થાયછે અથવા નિદ્રાવશ થાયછે. પાછી જાગૃત થાય ત્યારે શું થયું તે બાબતની તેણીને કાંઈ સ્મૃતી હોતી નથી. માત્ર તેનું શરીર દુખેછે અને ચીત વ્યગ્ર જેવું લાગેછે.

આ પ્રમાણે એકજ વખત આંચકી આવી, બંધ પડી જાયછે અથવા લાંબે અગર ટુંકે અંતરે ફરી ફરીને આવેછે. વચલા અંતરના વખતમાં ઓરત કોઇવાર તદન સાવધ થાયછે, અને કોઇવાર અસાવધ હોય તેટલામાંજ ફરી આંચકી આવેછે.

આંચકીના ચિન્હમાં કોઈવાર ઘણો અંતર માલમ પડેછે, એટલે કોઈવાર આંચકી આવી રહ્યા પછી ઓરત ઘણો લવારો તથા બકારો કરેછે. કોઈવાર કેટલાક કલાક સુધી બેભાન પડી રહેછે. ઘણુંકરી પ્રસુત આંચકી પ્રસવકાળને લગભગ અથવા પ્રેસવ શરૂથયા પછી થાયછે અને ત્યારબાદ જે બાળક અવતરેછે તે માંહેના $\frac{1}{2}$ મૂએલાં અવતરેછે. પ્રસવ થયાપછી આંચકી ક્વચીતજ જોવામાં આવે છે.

નિદાનઃ—ગર્ભિણી સ્રીને સોજા ચડ્યા હોય અથવા પેશાબમાં " આલ્બ્યુમીન " જતું હોય તેવી સ્રીને આંચકી થવા વિશેષ સંભવ રહેછે.જેટલી સ્રીઓને આંચકી થાયછે તેમાંનો સુમારે $\frac{1}{4}$ ભાગ મૃત્યુ શરણ જાયછે.આ આંચકી વાઇની આંચકીને ઘણી મળતી આવેછે, પણવાઇની આંચકી એ લાંબી મુકતની વ્યાધિછે તથા તેમાં ગળામાં ઘુરઘુર શબ્દ થતો નથી.

હીસ્ટીરીયાની આંચકી તથા,મગજપર,લોહી ચઢવાથી થતી આંચકીથી પણ આ આંચકી ભિન્ન છે. હીસ્ટીરીયાની આંચકીમાં મોંઢે ફીણ આવતું નથી, ચેહેરાની સ્નાયુ ખેંચાતી નથી. મોંઢા ઉપર પાણી છાંટવાથી ચૈતન્ય તથા શુદ્ધિ આવેછે, પણ આ આં-આંચકીમાં તેથી સાવધગીરી થતી નથી.

મસ્તક ઉપર લોહી ચઢી જવાથી થતી આંચકીમાં મોઢે ફીણ આવતું નથી, જીભ કચરાતી નથી, અને તે મટી જાય છે, ત્યારે ઘણું કરી શરીરનો કોઈ ભાગ રહી જાયછે.

ઈલાજ:—જો આંચકી થવાનાં પૂર્વ ચિન્હ માલમ પડી આવે તો વારંવાર જુલાબ આપવો. જ્યારે આંચકી શરૂ થાય ત્યારે તેના શરીરને કાંઈ ઈજા ન થાય એવી રીતે ઓરતને સુવાડી રાખવી. મોઢાની અંદર દાંતની વચમાં એક બુચ અથવા લાકડીનો કકડો રાખવો. જો સ્ત્રી લોહીયાળ હોય અને લમણા તથા ગરદનની નાડીયો ઉછળતી હોય તો ફસ ખોલીને લોહી કાઢવું. પણ જો તેવી સશક્ત ન હોય તો માત્ર જાલપ, સાલ્ટ ઇત્યાદિના જુલાબ આપવા; લોહી કાઢવાની જરૂર નથી. મસ્તક ઉપર બરફ અથવા થંડુ પાણી લગાડવું. અફીણ આંચકી ઉપર સારી અસર કરેછે. કલોરલ હાઈડ્રેટ ૨૦ થી ૩૦ ગ્રેન ત્રણ ત્રણ કલાકે આપવાથી આંચકી કેટલીકવાર મટી જાયછે. ઓરત ઘણો વખત બેશુદ્ધ રહે તો પેશાબ સળી વતે કાઢી લેવા ચુકવું નહી.

કલોરોફાર્મ સુંઘાડી સ્ત્રીને બેશુદ્ધ રાખવી એટલે આંચકી આવતી બંધ થશે. આ પ્રમાણે કેટલાક કલાક સુધી કલોરોફાર્મની અસર જારી રાખવાને કાંઈજ હરકત નથી. તે દરમીઆન વેણ આવી બાળકનો પ્રસવ થવામાં કાંઈ પણ બાધ આવતો નથી. આવે વખતે કલોરોફાર્મ આપનાર સખસે ઘણી ખબરદારી રાખવી. પ્રસવ સમયે આંચકી થઈ હોય તો બાળક અવતર્યાની પહેલાં તે બંધ થવાનો થોડો સંભવ હોયછે, પણ બાળક અવતર્યા પછી તે બહુધા બંધ થઈ જાયછે. માટે જેમ બને તેમ જલદી પ્રસવ કરાવવો. જો કમળમુખ ખુલ્લું થયું હોય તો ગર્ભને ચીમટા અથવા ચર્ણભ્રમણથી કાઢી લેવો, જો ચીમટો લાગુ પડે તેમ હોય તો ચર્ણભ્રમણ કરવું નહી. કમળમુખ ખુલ્લુ ન થયું હોય તો તે ખુલ્લુ થાય એવા ઉપાયો લેવા. પણ તે પૂર્ણ ખુલ્લુ થયા વિના ગર્ભને બહાર કાઢવાનો પ્રયત્ન હરગેજ કરવો નહી, કેમકે તેમ કરવાથી આંચકી વધારે થવાનો સંભવ રહેછે.

જો કદાચ આંચકી ઘણા જોરથી આવતી હોય, ગર્ભાશય સજ્જડ સંકોચાઈ રહ્યો હોય, ઓરતની શક્તિ ક્ષીણ થવા માંડે, અને ચીમટા અગર ચર્ણભ્રમણથી આંચકીમાં વધારો માલમ પડે તો ગર્ભનું શીર ભેદન કરી પ્રસવ કરાવવા સિવાય ઓરતનો જાન બચાવવાનો બીજો એકે ઈલાજ રહેતો નથી. આંચકી થયા પછી ઘણીવાર ગર્ભ મૂએલો અવતરે છે. માટે આવે પ્રસંગે ઓરતનો જાન બચાવવા બાળકના જીવની દરકાર કરવી નહી. આંચકી મટી ગયા પછી ઓરતને થોડી અજવાળા વાળી જગોમાં શાંત પણે રાખવી. હલકો ખોરાક આપવો. અફીણ તથા કલોરલ હાઈડ્રેટની થોડી માત્રા કાંઈ દિવસ જારી રાખવી, અને દસ્ત હમેશાં સાફ આવે તેવી તજવીજ રાખવી.

ગર્ભાશયનું ફાટવું.

(રપચર ઑફ યુટરસ).

ગર્ભાશયનું ફાટવું:—પ્રસવના સમયમાં વેણ આવતાં ગર્ભાશય કોઈવાર ફાટીજાયછે.

કેટલીકવાર આરપાર ફાટી જાય છે, અથવા તેનો અંતર અગર બાહ્ય પડ માત્ર ચીરાઈ જાયછે. ઘણુંકરી આ ફાટ નાની હોયછે, પણ કેટલીકવાર તે એવડી તો મોટી હોય છે કે તે માંહેથી ગર્ભ પેટમાં નીકળી પડેછે.

કારણ:—ગર્ભાશયને ફાટવાનાં ઘણાં કારણ હોયછે. પેડુમાં અથવા મૃદુ ભાગમાં ગર્ભને બહાર નીકળતાં અટકાવ થાય અગર બાળક આડું આવે અને તેની સાથે જોરથી વેણ આવતી હોય તો વખતે ગર્ભાશય ચીરાઇ જાયછે. ચર્ણભ્રમણ અને ચીમટા લગાડવાની ક્રિયાથો પણ ક્વચિત આવો બનાવ બનેછે. પેટ ઉપર લાત, ધક્કો વગેરે ઇજાથી કોઇવાર ગર્ભાશય ફાટી જાયછે.

ચિન્હ:—પ્રસવ વેણ આવતી હોય એવામાં એકાએકી અંદર કપાઇ જતું હોય એવી દુ:સહ પીડા થાયછે. ત્યારપછી તરતજ વેણ આવતી બંધથાયછે. ઓરતનું શરીર શીથળ થઇ જાયછે. પરસેવો નીકળી આવેછે. ચહેરો ફિકરમંદ થઇ જાય છે. ગર્ભ ઊંચો ચડી જાયછે અને વખતે તેના હાથ પગ પેટમાંથી વધારે સ્પષ્ટ જણાય છે. યોનિમાંથી થોડો ઘણો રકતસ્ત્રાવ થાયછે, ઉલટી થાયછે અને તેમાં છેવટ કાફી જેવું કાળું પાણી પડે છે. નાડી ક્ષીણ પડવા માંડેછે. શ્વાસ ઊત્પન્ન થાયછે, અને ઓરત મૃત્યુ પામેછે.

જો આ પહેલા ધક્કામાંથી ઓરત બચે તો પેટની અંદર વરમ થઈ તાવ આવેછે. તેને લીધે કોઇવાર મૃત્યુ થાય છે. આવા દુષ્ટ અને દુ:સહ બ્યાધિથી કોઈકજ બચે છે.

ઉપાય:—પ્રથમ ગર્ભને કાઢી લેવો. કમળ નરમ અને ખુલ્લું હોય તો ચીમટાવતે ગર્ભને કાઢવો. જો ગર્ભ એટલો ઊંચો હોય કે ચીમટો ન લાગી શકે તો ચર્ણભ્રમણ કરી કાઢવો. ચીમટા અગર ચર્ણભ્રમણથી ગર્ભ નીકળી શકે એમ ન હોય તો શીરભેદન કરી તેને કાઢવો. જો પેટની અંદર ગર્ભ ઊતરી ગયો હોય અને ગર્ભાશયમાંથી આવીશકે તેમ ન હોય તો ઉદરવિદારણ કરીને કાઢવો.

ઓરતના બચાવને માટે યોગ્ય લાગે તે પ્રમાણે બ્રાંડી આપવો, અને તેને શાંતરહેવા થોડું અફીણ આપવું. દુધ કાંજી વગરે પ્રવાહી ખોરાક આપવો. વરમ અને તાવ આવે ત્યારે ઉપરની દવાઓ યોગ્ય પ્રમાણમાં જારી રાખવી તથા પેટ ઉપર શેક અને પોટીસની યોજના કરવી.

ગર્ભાશયનું બેવડ થવું.

(ઇનવરઝન ઓફ યુટરસ.)

ગર્ભાશયનું બેવડ વળી જવું:—બાળકનો પ્રસવ થયા પછી ક્વચિત ગર્ભાશય બેવડ વળી જાયછે, એટલે "કાનટોપી"ની માફક ઉપરનો ભાગ અંદર વળી જાયછે. કોઇવાર ઉપરનો ભાગ અંદર થોડો બેશી જાય છે અને કોઇવાર અંદર વળી છેક યોનિદ્વારની બહાર દેખાય છે.

કારણ:—એકાએક જલદી પ્રસવ થવાથી, ઓરને કાઢવા સારૂ નાળ તાણવાથી,

તથા પ્રસવ થયા બાદ તરત ઉલટી ખાંસી ઈત્યાદિ જોર કરવાથી આ પ્રમાણે ગર્ભાશય અંદર વળી જાય છે.

ચિન્હઃ—ઓરતને મરડામાં જોર કરવું પડે તેની મીસાલે દરદથાયછે. વાંસો ફાટેછે, રક્તપ્રવાહ થાયછે, ઉલટી થાયછે. શરીરે પરસેવો વળેછે તથા જીવ ઉંડો ઉતરી જાયછે, પેટ ઉપર હાથ મૂકવાથી ગર્ભાશયનો ગોળો માલમ પડતોનથી અને તપાસકરતાં યોનિમાં લાલ લોહી જેવા રંગનો વળી ગયેલો ગર્ભાશય જણાશે અથવા દેખાશે.

ઉપાયઃ—જેમ બને તેમ જલદી ગર્ભાશયને દાબીને અંદર તેની મૂળ સ્થિતિમાં લાવવો. હાથવતી સમધારણ જોરથી ગર્ભાશયના ગોળાને દાબવો એટલે તે ઉપર ચડતો જશે; હાથ પણ છેક તેની સાથે અંદર લઇ જવો. જો ઓર ગર્ભાશયને ચોટેલી હોય તો તેને ઉખેડી લીધા પછી ગર્ભાશયને અંદર વાળવો. જો ગર્ભાશય ઘણો વખત બહાર રહે તો તેને સોજો ચઢી આવેછે અને પછી અંદર પેસાડવાને મુશ્કેલી પડેછે. પાણીનાં પોતાં મૂકી, જુલાબ આપી, અને જરૂર જણાય તો લોહી કાઢી સોજો ઉતર્યા પછી ગર્ભાશયને ઉપર ચઢાવવો.

ફ્લેગમેશ્યા ડૉલન્સ.

આ વ્યાધિ વિશેષે કરીને પ્રસુતા સ્ત્રીયોને થાયછે. પ્રસુત સમય સિવાય પણ થાય છે અને કોઈવાર પુરૂષને પણ થાયછે. ઘણું કરી તે ડાબા પગમાં થાયછે. કોઈ વાર જમણા પગમાં ને ક્વચિત બેઉ પગમાં સાથે થાયછે.

ચિન્હઃ—આ દરદ ટાઢ તથા તાવ આવીને શરૂ થાયછે. શરૂઆતથીજ પીડા થાય છે. પીડા પેડુની અને કમરની અંદર શરૂ થઇ જાંગમાંથી પગમાં ઉતરેછે અથવા પ્રથમ પીંડીમાં શરૂ થઇ જાંગ તરફ ચડેછે. ઓરત કોઇ કારણ સિવાય ઘણી મંદ તથા શીથળ માલમ પડેછે. ત્યારબાદ પગની પીંડીમાં વધારે પીડા થવા માંડેછે. તે સુજી આવેછે ને જાડી લાગેછે પરંતુ તેના રંગમાં કાંઈ ફેરફાર થતો નથી. માત્ર જરા સફેતાઈ પર લાગે છે. હાથ લગાડવાથી દુઃખેછે. આ દુખાવો મોટી શીરાને ઠેકાણે વિશેષ લાગેછે. ઘણું કરી જ્યાં પીડા પ્રથમ શરૂ થઇ હોય ત્યાંથી સોજો ચઢવા માંડેછે અને પછી નીચે અથવા ઉપર પીડાને અનુસરીને સોજો ચડેછે. ઉપરની ત્વચા તણાયેલી તથા ચળકતી જણાયછે. આ સોજો સાધારણ શોથના જેવો હોતો નથી—એટલે તેને દાબવાથી ખાડો પડતો નથી, માત્ર શરૂ થતી વખત અને મટતી વખત દાબવાથી જરા ખાડો પડેછે. પગને નીચે રાખવાથી આ સોજામાં વધારો થતો નથી, માત્ર દરદ જાસ્તી થાયછે. તે કઠણ હોયછે અને છેદ મૂકવાથી તેમાંથી પાણી વહેતું નથી. પ્રાયઃ (ઘણું કરી) સોજો ઘણો જલદી ચઢી આવેછે. થોડા કલાકમાં પગ બમણો જાડો થઇ જાયછે. જાંગ તથા પગની મોટી શીરા કઠણ દોરડા જેવી થઇ જાયછે; તથા જાંગ અને પગ ઉપર કોઈવાર કઠણ રાતી લીટીયો માલમ પડેછે. જાંગના મૂળમાં ગાંઠો બંધાયછે. તે કોઈ વાર પાકી આવેછે.

આ દરદની સાથે તાવ હોયછે. શરીર ગરમ, નાડી જલદ તથા જીભ મેલી હોયછે. આ પ્રમાણે થોડા દિવસ અગર બે ચાર અઠવાડિયાં રહેછે અને ત્યાર પછી તાવની પીડાઆદિ તીક્ષ્ણ ચિન્હ મટી જાયછે. પણ સોજો જારી રહેછે. છેવટ સોજો ઉતરવા માંડે ત્યારે પગને દાબીએતો શોથની માફક ખાડો પડેછે. ઘણા દિવસ અને મહિના પર્યંત આ પગ અક્કડ અને નબળો રહેછે. આ વ્યાધિને લીધે મૃત્યુ જવલેજ થાયછે. વખતે ઘણો તાવ આવેછે. પગ પાકી આવેછે અથવા પગની શીરાની અંદર થીજી ગએલ લોહીનો એકાદ કટકો લોહીમાં ફરવા જતો રહે તો તેને લીધે કોઇ વખત મૃત્યુ થાયછે.

આ વ્યાધિ પગની શીરા તથા રસનળીયોના વરમને લીધે થાયછે

ઉપાય:—પગને ટરપનટાઇન લગાડી ગરમ પાણીનો શેક કરવો અથવા વારંવાર અળશીની ગરમ પોટીસ લગાડવી અને તેને ફલાલીનથી લપેટી રાખવો. ઔષધમાં કાર્બોનેટ ઓફ આમોન્યા, કવીનાઇન અને મોરફીયા આપવાં. વિશેષ નબળાઈ માલમ પડતો થોડી બ્રાંડી આપવી, સૉલ્ટ વગેરેનો જુલાબ આપવો. જ્યારે સોજો ઉતરવા માંડે ત્યારે પીવાને આયોડાઇડ પોટાશ્યમ તથા લોખંડની દવા અને કવીનાઈન ઇત્યાદિ પૌષ્ટીક દવા આપવી તથા પગ ઉપર લગાડવાને લીનીમેન્ટ કયામ્ફર, બેલાડોના અથવા આયોડીન લગાડવા આપવું.

સુતિકા સન્નીપાત.

(પ્યરપરલ મેનીયા.)

કેટલીક ઓરત પ્રસવ થયા પછી થોડા ઘણા દિવસમાં ચિત્તભ્રમિ થઇ જાયછે, તેને સુતિકાસન્નીપાત કહેછે. સુતિકાસન્નીપાત બે પ્રકારનો થાય છે. એક પ્રકારનો સન્નીપાત ઘણું કરી પ્રસવ થયા પછી તરત થાયછે. તેની સાથે ઘણો તાવ આવેછે અને ઓરત ઘણી ઉન્મત્ત થઈ જાયછે તથા પરિણામે મૃત્યુ નીપજેછે. તેને **ઉન્મતસન્નિપાત** કહેછે. બીજા પ્રકારનો સન્નિપાત ઘણું કરી પ્રસવ થયા પછી કેટલેક દિવસે જણાયછે. તેની સાથે તાવ તથા ઉન્મતપણું હોતાં નથી. પણ ઓરતનું ચિત્ત મંદ તથા નિશ્ચેષ્ટ રહેછે અને આ વ્યાધિ લાંબો વખત ચાલેછે, તેને ફક્ત નિશ્ચેષ્ટ **સુતિકાસન્નિપાત** કહેછે.

ઉન્મતસન્નિપાતના લક્ષણ:—ઓરતને નીંદ્રા આવતી નથી. મસ્તક દુખેછે. બેચેનપણું તથા સ્વભાવ ચીરડાયેલ, ચહેરો ફિકરમંદ અને તે સ્મૃતિ તથા ભાન રહિત થાયછે. આંખો ચકરવકર થાયછે. ઓરત અતિ ઉન્મત થઈ તોફાન કરેછે. કેટલોક વખત મસ્તી કરેછે, કોઈવાર મંદ પડી રહેછે, અગર એક સરખી મસ્તી કરેછે અને આસપાસના આદમીયોને મારવા દોડેછે. દૂધ કમી થઇ જાયછે અથવા છેક બંધ પડી જાયછે. પોતાના પ્યારા બાળક, ધણી, અથવા સગાંનો જાન લેવા તૈયાર થાય છે અને ગાળો ભાંડેછે. સખત તાવ આવેછે. નાડી ઉછળતી તથા જલદ ચાલેછે. ઝાડો કબજ રહેછે, જીભ મેલી હોયછે. જેમ છેક અનિદ્ર હોય તેમ ઓરત અતિ ઉન્માદ કરેછે, તથા બીજા માણસથી

ઝાબી પણ રહેતી નથી. તે છેવટ અતિ શ્રમથી અશક્ત થઈ બેહોશ થાયછે અને છેવટે મૃત્યુ પામેછે. જો ઉન્માદ થોડો હોય, કાંઈક ઊંઘ આવે, અને શાંત પડે, તો તેની બચ વાની આશા રખાયછે.

કારણઃ—ઉન્મત સન્નિપાત કોઈ વાર મગજના વરમને લીધે થાયછે. કોઈવાર આં તરડાંના વરમને લીધે અથવા ગર્ભાશય અને ઓવરીના બાધિને લીધે થાયછે. ઘણીક વાર મનોવિકારને લીધે, જેમકે અતિ હર્ષ,શોક તથા ફિકર અને ઉન્માદને લીધે ઉત્પન્ન થાયછે.

ઉપાયઃ—પ્રથમ સખત જુલાબ આપવો, અરધો દ્રામ જાલપ અને ચાર પાંચ ગ્રેન કયાલોમલ આપવાથી સારો જુલાબ ઉતરશે. જુલાબ ઉતર્યા બાદ ઊંઘ આવે એવી અફીણની દવા આપવી. જો મગજનો વરમ હોય તો અફીણ અપકાર કરે છે. અફીણ કરતાં કલોરલ હાઈડ્રેટ વધારે ઉપયોગી થઇ પડેછે. તેના વીસથી ચાલીસ ગ્રેન આપવાથી નીદ્રા આવશે, અને તેને લીધે કોઇ પ્રકારનો અપકાર થવાની ધાસ્તી રહેતી નથી. કલોરો ફોર્મ સુંઘાડવાથી પણ તેવો ફાયદો થાયછે. જ્યારે ઓરતની શક્તિ ક્ષીણ પડવા માંડે ત્યારે થોડો દારૂ, આમોન્યા તથા તાકાત રહે તેવો ખોરાક આપવો.

મંદ સુતિકા સન્નિપાતનાં લક્ષણઃ—આ સન્નિપાતમાં ઓરત હમેશાં અશક્ત હોય છે. પ્રસવ સમયે ઘણો રક્તપ્રવાહ થયા પછી અગર બાળકને કેટલાક દિવસ ધવડાવી, તે ની શક્તિ કમી થયા પછી તે શરૂ થાયછે. તેમાં તાવ તથા ઉન્મતાઇ હોતાં નથી. ઓરત દીવાનાની મીસાલે મંદ બગ્ર રહેછે. આ બ્યાધિ લાંબોકાળ ચાલેછે, અને તેમાં મૃત્યુની ધાસ્તી ઘણી થોડી રહેછે.

ઉપાયઃ—શક્તિ આવે તેવો ખોરાક અને ઔષધિ આપવાં. ઔષધિમાં લોહ, ક્વી નાઈન, નાઇટ્રોહાઈડ્રોકલોરીક આસિડ ઇત્યાદિ આપવાં. ઝાડો સાફ આવે તેવો હલકો જુલાબ આપતાં રહેવું. નીદ્રા તથા મન શાંતિ માટે અફીણ, કલોરલહાઇડ્રેટ, હેનબેન, કપૂર અથવા ભાંગ આપવી.

સૂતિકાજવર.

(પ્યરપરલ ફીવર.)

સુવાવડી સ્ત્રીયોને કેટલીક પ્રકારના જ્વર આવેછે તેમાં કોઈ સાધારણ હલકો જ્વર હોયછે અને કેટલાક મહત જ્વર હોયછે. સાધારણ જ્વરને એક બાજુ મૂકી મહત જ્વ-રનો વિચાર કરતાં તેમના ત્રણ વર્ગ પાંડવામાં આવ્યાછે.

પહેલા વર્ગમાં ગર્ભાશયના સંબંધમાં વરમ થાયછે અને તેને લીધે જ્વરાદિ ચિન્હ ઉત્પન્ન થાયછે.

બીજા વર્ગમાં જ્વર થવાનું મૂળ કારણ કોઇ જાતનો ચેપ હોયછે. આ ચેપ ફેફસાં. અથવા ગર્ભાશયમાંથી રક્તમાં પ્રવેશ કરેછે. તેમાં મૂળ કોઈ પ્રકારનો વરમ હોતો નથી. પણ આ રક્ત વિકાર થયા પછી ઓરત પૂરતો વખત જીવે તો કેટલાક ભાગમાં વરમનાં ચિન્હ જણાયછે. આ જ્વરને ચેપીપો ગણવામાં આવેછે.

ત્રીજા વર્ગમાં ઉપરના બે સિવાય કોઇવાર પકવાશયના અવયવોના બિગાડમાંથી જ્વર પેદા થાય છે.

૧ વરમને લીધે થતો સુતિકા જ્વરઃ—આ જ્વર "પેરીટોનીયમ"ના, ગર્ભાશયના અથવા ગર્ભાશયની શીરા તથા તેના ઉપાંગના વરમને લીધે ઉત્પન્ન થાયછે.

ચિન્હઃ—પ્રસવ થયા પછી પેટની અંદર દુખવા માંડેછે તથા પેડુના ભાગમાં દાબવાથી દુખેછે. હળવે હળવે આ દરદ વધતું જાયછે તથા પેટમાં ફુલાતું જાયછે. પગ લાંબા રાખવાથી જાસ્તી દુખાયછે, તેને વાળી રાખવાથી કમી દુખેછે. માટે બહુધા સ્ત્રી પોતાના પગ વાળેલા રાખેછે. આ પીડા જેમ અધિક થતી જાય,તેમ જ્વર અધિક આવેછે. કોઈ કોઇવાર ટાઢના ઉકરાંટા આવેછે, નાડી ઝીણી તાર જેવી જલદ ચાલેછે, એક મિનિટમાં ૧૨૦થી ૧૬૦ થડકા થાયછે. ત્વચા ગરમ તથા રૂક્ષ હોયછે. શ્વાસ ટુંકો તથા ઉતાવળો ચાલેછે, તેમાં છાતીનો ભાગ વધારે હાલેછે તથા પેટનો ભાગ કમી હાલેછે, જીભ રૂક્ષ, છારી વાળી, અગ્ર ભાગેરાતી અને મધ્ય ભાગે ભૂખરી હોયછે. કેટલીક વખત થયા પછી પેટ ફૂલી જાયછે. પ્રથમ વાયુથી અને પાછળથી જળથી ફૂલી જાયછે. પેટમાં પીડા અથવા વાઢ અસહ્ય થાયછે. ઉબકા આવેછે, હેડકી આવેછે, અથવા ઉલટી થાયછે. ઉલટીમાં પીત્ત અગર કાફી જેવું કાળું પાણી પડેછે. પ્રસવસ્ત્રાવ તથા દૂધ ઘણું કરી બંધ થઈ જાયછે. ઝાડો કબજ રહેછે અને પેશાબ થોડો તથા લાલ રંગનો ઉતરેછે.

માઠાં પરિણામનો સમય નજીક આવે તેમ સૂક્ષ્મ લવારો, ચહેરો ફિકર મંદ, શરીર થંડુ તથા આર્દ્ર, નાડી અતિ જલદ તથા બારીક, દેહ ઘણો ક્ષીણ ઇત્યાદિ ચિન્હ થઈ દેહનો કાળ થાય છે.

ઉપર કહેલાં સર્વ ચિન્હ હમેશા જોવામાં આવતાં નથી. કોઇવાર દરદ કમી હોય, લવારો હોય નહીં, તાવ થોડો હોય, જેમ ઓરત સશક્ત હોય, તેમ જ્વરાદિ ચિન્હ જોરાવર હોયછે, અને જેમ તે અશક્ત હોય તેમ તે ચિન્હ હલકાં હોયછે.

જ્યારે ગર્ભાશયને પોતાને વરમ થયો હોય ત્યારે ગર્ભાશયનું કદ પેટમાં મોટું લાગેછે. પેડુમાં પીડા થાયછે અને સારી પેઠે પેડુપર દાબવાથી દરદ માલમ પડેછે. પેશાબ મુશ્કેલીથી ઉતરેછે. બાકીના ચિન્હ ઉપર આપેલાં "પેરીટોનીયમ"ના વરમના જેવાં હોયછે.

કોઇવાર ગર્ભાશયના ઉપાંગનો માત્ર વરમ થઈ આવેછે. તેનાં ચિન્હ હલકાં હોયછે અને પેડુની એક બાજુએ માત્ર દુખાવો માલમ પડેછે.

કોઇવાર ગર્ભાશયની શીરાનો વરમ થાયછે ત્યારે કમકમાટીની સાથે સખ્ત તાવ આવે છે. મસ્તક દુખેછે, પ્રસવસ્ત્રાવ તથા દૂધ બંધ થઈ જાયછે, તૃષા લાગેછે, ઉલટી થાયછે, પેટની અંદર ઘણું દરદ જણાતું નથી. થોડા વખત પછી ફેફસાં, કલેજું, સાંધા, ઇત્યાદિ ભાગોમાં પરનાં ગડ બંધાયછે. આ વ્યાધિને લીધે મૃત્યુ થાયછે, ત્યારે તે ઘણું કરી પહેલા દસઅગીઆર દિવસની અંદર જણાયછે.

ઉપાયઃ—પેટ ઉપર દુખાવાને ઠેકાણે ૬ થી ૧૨ જળો લગાડવી. ગરમ પાણીનો શેક કરવો. પાણીની અંદર અફીણનાં ડોડવાં નાખી તેનો શેક કરવો. પેટ ઉપર ગરમ

પોટીસ મૂકવી. અર્ધોગ્રેન અફીણની એક ગોળી કરી તે ચાર ચાર કલાકે આપવી. યોગ્ય લાગેતો દરેક ગોળી સાથે એક ગ્રેન ક્યાલોમેલ મેળવી આપવું. ઓરત બહુ લોહીયાળ હોય તો શીરાવેધ કરી ચારપાંચ આંઊંસ લોહી કાઢવું. આફરો ચઢી આવેતો એથી ચાર દ્રામ ટરપેનટાઇનનું તેલ એરંડીયેલતેલ ચાર દ્રામ સાથે મેળવી આપવું. ઝાડો લાવવાસારૂ ગરમ પાણીની પીચકારી મારવી, યોનિ તથા ગર્ભાશયમાં ગરમ પાણીની પીચકારી મારી તે ભાગ સાફ રાખવો. ઓરત શક્તિહીન થવા માંડેતો બ્રાંડી તથા આમોન્યાદિ ગરમ ઔષધિ આપવી.

૨. ચેપીઓ સુતિકા જ્વરઃ—આ ઘણો ભયંકર વ્યાધિછે, ને તેમાંથી ઓરત ભાગ્યેજ બચેછે. આ જ્વરની ઉત્પત્તિ કેટલાક બીજા રોગના ચેપને લીધે થાયછે. જણાવવાની ઇસ્પીતાળમાં એકને આ વ્યાધિ થાય તો ત્યાં જણનારી બીજી ઓરતોને પણ તે ઉડેછે. આવા જ્વરવાળી ઓરતની પાસે સુયાણી આવીને બીજી ઓરતને પ્રસવ કરાવવા જાય તો તેને પણ તેવો જ્વર થવા ઘણો સંભવ રહેછે. માટે એક સુતિકાજ્વરવાળી સ્ત્રીને જોઈ બીજી સૂતિકા સ્ત્રીને જોવા, શરીરને સાફ કર્યા તથા કપડાં ધોયા અગર બદલ્યા સિવાય જવું નહિ.

ચિન્હઃ—પ્રસવ થયા બાદ બે ત્રણ દિવસમાં ટાઢની કમકમાટી સાથે અતિ જ્વર આવેછે અને નાડી અતિ ક્ષીણ, નિર્બળ, શરીર ઘણું અશક્ત થઈ ઓરત બેભાન પડી રહેછે, અને છેવટ શરીર ઠંડુ પડી પરલોક પ્રાપ્ત થાયછે. જ્વર આવ્યા પછી ત્રણ ચાર દિવસમાં મૃત્યુ થાયછે. શરીર એકદમ એવું તો લેવાઈ જાયછે કે તે ઓરત તરફથી દરદની કાંઈ ફરીયાદ થતી નથી.

ઉપાયઃ—આ વ્યાધિમાં ઉપાય કરવાને ઘણો થોડો વખત મળેછે અને ઘણું કરી ઉપાયની ટાંકી લાગતી નથી. બ્રાંડી, સાલવોલાટાઇલ, ક્લોરેટ ઓફ પોટાસ યોગ્ય પ્રમાણમાં વારંવાર આપતાં રહેવું.

૩. પક્વાશયના વ્યાધિને લીધે થતો સુતિકા જ્વરઃ—આ જ્વર હોજરી તથા આંતરડાના બિગાડને લીધે થાયછે, તાવ આવેછે, મસ્તક દુઃખેછે, પેટમાં ચુંક આવેછે, વાયુનું પ્રબળ જણાય છે અને તેની સાથે દુર્ગંધી કાળારંગનો જુલાબ ઉતરેછે. નાડી જલદ, જીભ મેલી, તથા મોઢું વાસ મારેછે.

ઉપાયઃ—પ્રથમ ઝાડો સાફ ઉતારવા માટે એરંડીયેલ તેલની પીચકારી અથવા પીવાને આપવું. ત્યાર બાદ ૨૦ થી ૩૦ ટીપાં લાઉડેનમનાં પાણી સાથે આપવાં. શરીર પીળાશ મારે એટલે પીત્તનું જોર હોય તો ક્યાલોમેલ તથા કોલોસીંથ અગર પોડોફીલીનનો જુલાબ આપવો. પેટ ઉપર શેક કરવો. જુલાબ ઉતર્યા બાદ નાઇટ્રીક આસિડ, ટિંક્ચર હાયોસાયમસ, કરીઆતાની ચાહા સાથે આપવું.

सार्वजनिक आरोग्य.

भाग १० मो.

શરીર આરોગ્યતા.

(હાઇજીન.)

"પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવત પ્રમાણે જગતમાં પહેલા નંબરનું સુખ શરીરની આરોગ્યતામાં રહેલું છે. તે સિવાય બીજું સર્વ પ્રકારનું સુખ વૃથાછે. વૈદક વિદ્યાનો એક હેતુ એવોછે કે દુઃખ શાંશાં કારણોથી અને કઈ રીતે ઉત્પન્ન થાયછે, તેનો તપાસ કરી તે ઉત્પન્ન નહિ થાય તેવા ઉપાય યોજવા. અર્થાત્ શરીરને આરોગ્ય રાખવું; તથા બીજો હેતુ એવો છે કે શરીર દુઃખના પંઝામાં સપડાયા પછી તેને મુક્ત કરવા યત્ન કરવો. માણસની ઉત્પત્તિના પુરાતનકાળથી શરીર વ્યાધિ જેમ જેમ માલૂમ પડતા ગયા તેમ તેમ પૃથ્વીપર સર્વ દેશના લોકો પોતાની શકત્યાનુંસાર તેની ઔષધિ ઉપચારનો શોધ કરતા આવ્યાછે, પણ આરોગ્યતા કેમ સંભાળવી તેનો બહુ બારીકીથી શોધ અગર તપાસ થયો માલૂમ પડતો નથી. હાલ થોડા કાળથી આ મહત્વ વિષય ઉપર વધારે લક્ષ ખેંચાતું જાયછે.

વ્યાધિ ઉત્પન્ન થાય ત્યારબાદ તેનો ઇલાજ કરવો તે કરતાં તે ઉત્પન્નજ ન થાય તેવો ઉપાય કરવો એ વધારે ઉમદા તથા ડહાપણ ભરેલુંછે. તેમ શરીર આરોગ્યતામાં બિગાડ કયાં કયાં સાધનોવડે થાયછે તથા તેનો કેમ પ્રતિબંધ કરવો તેનો વિચાર કરવો જોઇએ.

પ્રથમ શરીર સુખ દરેક મનુષ્યને પ્રિયછે અને તે સંપાદન કરવાનું કામ ઘણે દરજે દરેક આદમીના હાથમાંછે. મિતાહાર પાન કરવું, નિયમસર વર્તવું, શરીર તેમજ મનને યોગ્ય શ્રમ આપવો, પોતાના બદન તથા ઘરની સ્વચ્છતા રાખવી એ દરેક માણસની ફરજછે; અને જે કોઈ તે ફરજ બરાબર રીતે બજાવેછે તે ક્વચિતજ વ્યાધિ ગ્રસ્ત થાયછે.

જેમ કેટલોક આધાર આ બાબતમાં પૃથક આદમીપર રહેલોછે તેમ કેટલોક સાર્વજનિક સમુદાય ઉપર પણ રહેલો છે, કેમકે એક માણસ ગમે તેવી કાળજીથી રહે, પણ જો તેનો પડોશી અગર તેની શેરી અથવા ગામના બીજા લોકો તેમ નહિ વર્તે; અને રોગોત્પાદક કારણોને ઉત્તેજન આપે તો તેનું જોખમ તે સારા આદમીને પણ સહન કરવું પડેછે. એક ઠેકાણે રોગનું મૂળ રોપાય તો પછી આસપાસના લોકમાં તે કેટલીકવાર પસરે છે અને એકની બુરાઇને લીધે વખતે ઘણાને ખમવું પડેછે. અર્થાત એકની પડછાયા બીજા ઉપર પડેછે. જેમકે એક આદમીને કોગળીઉં થાય તો બીજાઓને થવા સંભવ રહેછે. માટે સર્વ લોકોને સાર્વજનિક સુખ સંપન્ન કરવા સારૂ સ્વચ્છતા રાખવાની તથા

નિયમસર રહેવાની જરૂરછે. હવે જ્યાં સર્વ જન અથવા લોક સમુદાયને એક રીતે વર્તવાની જરૂરછે ત્યાં કાયદો અથવા નિયમ જોઇએ, અને એટલા માટે સરકારને વચ્ચે પડી કાયદા કરવાની જરૂર પડેછે.

એ રીતે સાર્વજનિક આરોગ્યતા રાખવા માટે પ્રત્યેક માણસે તેમજ સર્વ સમુદાયે ચોખાઈ અને સ્વચ્છતાના નિયમો પાળવા જોઇએ અને સરકારે તે પળાવવા જોઇએ. મ્યુનિસિપાલિટી સ્થાપવી, શીળી કઢાવવી, પાણીનું પૃથક્કરણ કરવું, સંસર્ગિક રોગોના ઉપદ્રવના વખતમાં વ્યાધિ ગ્રસ્ત લોકોની આવજાનો અટકાવ કરવો ઇત્યાદિ સાધનોવડે સરકાર પ્રજાનું શરીર રક્ષણ કરેછે. આવા કાયદાઓ સાર્વજનિકછે એટલે સમુદાયને લાગુ પડેછે. તેને પ્રત્યેક માણસે મદદ અને ઉત્તેજન આપવું અવશ્યછે. તેણે પોતાનું ઘરબાર, શરીર, કપડાં સ્વચ્છ રાખવાં, ચોખ્ખું પાણી વાપરવું, વગર બગડેલો ખોરાક લેવો, તાજખાનું (સંડાસ) અલગ રાખી તેમાં અણઘટતી ગંદકી થવા નહિ દેવી. ટુંકામાં રોગોત્પત્તિનાં અને તેટલાં કારણો દૂર કરવાં.

કોઇને સાધારણ સવાલ એવો ઉઠશે કે હવે હાલના વખતમાં મ્યુનિસિપાલિટી વિગરે શહેર સુધારા નીકળ્યા છે તેની પહેલાં આપણા બાપદાદાને ગંદકી કેમ નહિ નડી તથા તેઓને મ્યુનિસિપાલિટી વિગરેની ખામીઓ કેમ માલૂમ નહિ પડી?

ગંદકી નહિ નડે તેમતો બને નહિ. સારૂં નઠારૂં પોતાનો સ્વભાવ મૂકે નહિ. પણ ગંદકી ગંદકીના પરિણામમાં ઘણો ફેર હોયછે. માટીથી ડોહોળાયેલ પાણી પીવાથી બહુ નુકશાન નહિ થાય; પણ જે પાણીમાં મળ મૂત્રાદિકનો લેશ માત્ર પણ ભેગ હોય અગર ગટર વિગેરેનું નઠારૂં નરક મિશ્ર થયું હોય તેવું પાણી પીવાથી ઘણા માઠા પરિણામ નીપજેછે.

તેમજ હલકું અનાજ, જાર, બાજરી, નાગલી, કોદરા, માંસ ખાવાથી હાની નથી થતી, પણ જો તે સડેલું હોય તો તે વાપરનારના શરીરને નુકશાન થાય છે. તેમજ હવાની ગંદકી વિશે સમજવું. આ બાબતના ઘણા દાખલા વિચાર કરતાં માલુમ પડશે. થોડા વરસ ઉપર મુંબઇના હવા પાણી એવાં તો રોગિષ્ટ અને દોષિત ગણાતાં હતાં કે જે આદમી ત્યાં કાંઈ મુદત રહે તે ક્વચિત પાછો સારે શરીરે આવે. પણ વિહારના તળાવનું પાણી આવવાથી તેમજ બીજાં સુધરાઇનાં કામોથી હાલ ત્યાં લોકોની તબીયત ઘણી સારી રહેછે. વળી બીજાં ઘણાં ઠેકાણાં તંદુરસ્તીની બાબતમાં કનિષ્ટ ગણવામાં આવેછે તેનું કારણ કાંઈ એવુંજ હોયછે, એટલે ત્યાંનું પાણી ખરાબ હોયછે અગર ત્યાંની જમીનમાં ભેજ ઘણો રહેછે, વરસાદ ઘણો પડી ભાજી પાલો વગેરે ગંધાઈ ઉઠેછે, આસપાસ જંગલ ઘણું હોયછે ઇત્યાદિ કારણો જોવામાં આવેછે.

અગાઉના વખતમાં જન્મ મૃત્યુની નોંધ નહિ હતી તેથી પુરાતન કાળની સાથે આજના વખતનો તંદુરસ્તીની બાબતમાં મુકાબલો કરી નથી શકાતો. પણ અર્વાચીન કાળમાં કેટલેક ઠેકાણે તેવી નોંધ રાખવામાં આવેછે એટલે પાંચ પચાસ વરસનો મુકાબલો કરતાં માલૂમ પડેછે કે સ્વચ્છતાઇથી આરોગ્યતામાં વધારો થાયછે. અમુક વસ્તીમાં અગર અમુક શહેરમાં દરએક હજાર માણસમાં એક વરસમાં કેટલાં મનુષ્ય મરણ પામેછે તેની

સંખ્યા ઉપરથી તે વસ્તી અથવા શેહેરની આરોગ્યતા સારી અગર નઠારી તેનો વિચાર સહજ ખ્યાલમાં આવશે.

ઘણીજ સારી તંદુરસ્તીની જગાઓમાં દર હજારે દર વરસે ૧૫થી ૧૭ આદમીની મૃત્યુ સંખ્યા હોયછે. આ મૃત્યુસંખ્યામાં જેમ વધારો થાય તેમ ત્યાંના લોકની આરોગ્યતા ઉતરતી સમજવી. જેમ કેઃ—

મુંબઇમાં મૃત્યુ સંખ્યા......૨૪થી ૩૫ છે.	અમદાવાદમાં.....૩૫થી ૪૫ છે.
મદ્રાસ....................૩૦થી ૪૦ "	કલકત્તામાં.........૩૦થી ૪૦ "

મુંબઇની હાલની મૃત્યુ સંખ્યા ઘણી ઓછીછે. પણ થોડા વરસ ઉપર તે ઘણી હતી.

લંડનમાં સત્તરમા સૈકામાં એક હજારે ૮૦ આદમીની મૃત્યુ સંખ્યા હતી. અઢારમા સૈકામાં કમી થઈ ૫૦ સંખ્યા હતી, અને હાલના વખતમાં ૨૪ની સંખ્યાછે. આ પ્રમાણે મૃત્યુ સંખ્યાનું પ્રમાણ ઘણુંજ કમી થયુંછે, અને કમો થવાનાં કારણો કેટલાંક આરોગ્યતાવર્ધક કામોછેઃ—

પ્રથમ શીળીના ભયંકર રોગથી ઘણાલોક લૂલા, પાંગળા, થતા એટલુંજ નહિ, પણ હજારો લોક મૃત્યુ શરણ જતા. આ બાબતનો અનુભવ આપણા દેશમાં થોડો નથી. દાકટર જેનરે શીતળા કાઢવાનો ઇલાજ સને ૧૭૯૬માં શોધી કાઢ્યા પછી તેની સંખ્યા ઘણીજ કમી થઇ ગઇ, અને ખાત્રીછે કે જો સર્વ લોકો કાળજી રાખી નાની વયમાં બચ્ચાંને શીળી કઢાવે તો આ દુષ્ટ રોગ છેક નાબુદ થઈ જાય.

"સ્કર્વિ" (રક્તવિકાર) નામનો મરેજ લશ્કરમાં, વહાણોમાં તથા બીજા લોકોમાં બહુ પ્રબળ હતો. આતસન નામે શખ્સે ૯૦૦ આદમી સાથે આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી તેમાંથી ૬૦૦ તેની મુસાફરીમાં આ મરેજથી મરણ પામ્યા.

ત્યારબાદ કેપ્ટાન કુકે પૃથ્વીની પ્રદક્ષિણામાં ત્રણ વરસ કાઢ્યાં, તોપણ તેની સાથના ૧૧૮ માણસમાંથી એક પણ સ્કર્વિથી મરણ નહિ પામ્યો, કારણ સદરહુ કેપ્ટાનને માલુમ પડ્યું કે ખોરાકમાં વનસ્પતિ વાપરવાથી તથા લીંબુનો રસ લેવાથી આ રોગ થવો નથી. તેમજ ત્યારબાદ કાયદો થયોછે કે જેટલાં વહાણ મુસાફરીએ નીકળે તેમણે માણસની સંખ્યાના પ્રમાણમાં લીંબુનો રસ સાથે રાખવો. અને તે દરરોજ લેવો; ત્યારથી લશ્કરમાં, કેદખાનામાં, દરેક આદમીને શાક, ભાજી, બટાટા વિગેરે તાજી વનસ્પતિ ખોરાકની સાથે અવશ્ય આપવામાં આવેછે, તેથી સ્કર્વિથી થતા નાશમાં ઘણોજ ઘટાડો થઈ ગયોછે.

"જોન હાવર્ડ" નામે પ્રખ્યાત પરોપકારી પુરૂષ થયો તેની પહેલાં કેદખાનાં અતિશય ગંદી અવસ્થામાં રાખવામાં આવતાં હતાં, અને ઘણા લોકો મેલી અવસ્થામાં સાથે રહેવાથી "જેલફીવર" જેને હાલ "ટાઇફસ ફીવર કહેછે તે જાતનો સખ્ત તાવ પેદા થઇ ઘણા કેદીનો નાશ થતો. કેદી લોકો તેમજ બીજા કંગાલ લોકો જે હમેશાં ગંદકીમાં રહે તેવાને પણ આ તાવનો ઝપાટો વારંવાર લાગતો. હાવર્ડના પ્રયત્નથી જ્યારથી કેદખાનામાં સુધારો થયો ત્યારથી આ તાવ જવલેજ જોવામાં આવેછે.

આ સિવાય બીજા કેટલાક વ્યાધિ જેની ઉત્પત્તિનાં કારણ માલુમ પડી આવે તેનો યોગ્યરીતે પ્રતિબંધ કરવાનું બની આવેછે, તેટલા માટે જેટલા ચેપી રોગછે અને સંસર્ગથી ફેલાયછે તેને અટકાવવા માટે રોગીને જુદા રાખવા જોઇએ. તથા તેની આસપાસનો સામાન અને કપડાં યોગ્ય રીતે સાફ કરવાં જોઇએ. ગંદુ પાણી અને મળમૂત્ર જવાને ગટરો થાયછે, તે ગટર માંહેલા કચરાનો નીકાલ દરીયામાં અગર બીજી અનુકૂળ આવે તેવી યુક્તિથી થવો જોઇએ.

ખોરાકમાં દાણા, માંસ, ભાજીપાલો, મેવા વિગેરે સારો અને બીનસડેલો વેચવા માટે બંદોબસ્ત રાખવો અને પીવાનું પાણી તે પણ સ્વચ્છ રાખવાની જરૂરછે; અને શ્વાસ લેવાની હવા તે પણ સ્વચ્છ અને ચોખ્ખી લેવાની અગત્યછે.

આ સર્વ આરોગ્ય રક્ષણતાનાં સાધનોનો લાભ લેવાને લોકોએ ખરી રીતે સમજીને કોશીશ કરવી જોઇએ અને સરકારે તેનો બને તેટલે દરજ્જે બંદોબસ્ત કરવો જોઇએ.

અસલના કાળથી કોગળીઆ, શીળી, ઓરી, મરકી અને રંગીલું વિગેરે બીજા તાવ જે જથાબંધ ઘણા લોકોને એકજ વખતે થતા જોવામાં આવેછે તે, દેવીના કોપથી થાય છે એમ સર્વ દેશના લોક માનતા આવ્યાછે, અને એવા રોગ ઉત્પન્ન થાય એટલે તે દેવીનું શાંતવન કરવા, હોમહવન, અને ગરીબ જનાવરનો વધ કરતા આવ્યાછે. પરંતુ આ વહેમ આજના જમાનામાં ઘણે દરજ્જે નાબુદ થતો માલુમ પડેછે અને તેવા રોગ થવાનાં ખરાં કારણો સમજવામાં આવ્યાંછે. આવા તેમજ બીજા રોગ જેમ બને તેમ કમી કરવા માટે આરોગ્યતા વર્દ્ધક વિષય ઉપર દરેક મનુષ્યે પોતાની ફરજ સમજી લક્ષ આપવું જોઇયે.

માણસની જીંદગીનો આધાર મુખ્ય ત્રણ વસ્તુ ઉપરછે:—હવા, પાણી અને ખોરાક; અને તેઓનુ અગત્ય તેમના અનુક્રમ પ્રમાણે જોવામાં આવેછે. હવા સિવાય માણસ ફક્ત થોડી મિનિટ જીવી શકે, પાણી સિવાય કાંઇક કાળ કાઢી શકે અને ખોરાક સિવાય તેથી પણ વધારે મુદત ટકી શકે, પણ તેમનો તદન ત્યાગ કરવો અશક્યછે.

જીંદગીના ટકાવ અને પોષણ માટે તે પદાર્થ અવસ્યછે એટલુંજ નહિ, પણ શરીર તંદુરસ્ત રહેવા માટે તે પદાર્થો ચોખ્ખા અને સારા મળવા જોઇએ. હવા ખરાબ હોય, પાણી અસ્વચ્છ હોય, અગર ખોરાક બગડેલો હોય તો શરીર તંદુરસ્ત રહેવું મુશ્કેલછે. શરીરને થતા ઘણાખરા રોગ આ ત્રણ ચીજની સાથે સંબંધ ધરાવેછે. મૂળ વિચાર કરીશું તો તેમની સાથે સંબંધ નહિ હોય એવા કોઇકજ વ્યાધિ હશે. માટે ખાન, પાન અને વાયુની સ્વચ્છતા વિષે સૌ કોઇએ કાળજી રાખવી જોઇએ.

હવા—વાયુ.

હવા, વાયુ અથવા વાતાવરણ જે પૃથ્વીની આસપાસ કેટલાક માઇલ સુધી આચ્છાદન કરેછે અને જેની અંદર મનુષ્ય, જનાવર તથા પક્ષી, પાણીનાં જીવડાં તથા માછલાંની માફક ફરેછે અને તરેછે તેનો વિચાર આરોગ્યતાના સંબંધમાં મહત્વનો છે. વાતાવરણમાં

આક્ષીજન અને નાઇટ્રોજન એવી બે જાતની હવા છે અને પૃથ્વીના હરકોઈ ભાગ ઉપર તે બેઉ વાયુનું પ્રમાણ એક સરખું હોયછે. ૧૦૦ ભાગમાં આક્ષીજનના ૨૦ ભાગ તથા નાઇટ્રોજનના ૭૯ ભાગ ઉપર કાંઇકછે. દરિયા, ડુંગર, જંગલ અથવા શહેરની મધ્યમાં જોઇશું તોપણ આ પ્રમાણ બદલાતું નથી. આ બે વાયુ શિવાય કિંચિત ભાગ કાર્બોનિક આસિડ, પાણીની વરાળ તથા આમોન્યા હોયછે. તેઓનું પ્રમાણ નીચે પ્રમાણે હોયછે:—

હવાના　૧૦૦ ભાગમાં...૧ ભાગ પાણીની વરાળ.
,,　૨૫૦૦　,,　...૧　,,　કાર્બોનિક આસિડ.
,,　૧૦૦૦૦૦૦　,,　...૧　,,　આમોન્યા.

વરાળનો ભાગ હવાની ઉષ્ણતાના પ્રમાણમાં ઓછોવત્તો થાયછે, અને તેનું પ્રમાણ ઘણુંજ વધી જાય અગર ઘટીજાય તોજ તંદુરસ્તીને અડચણ કરેછે. આમોન્યાના પ્રમાણમાં વિશેષ ફેરફાર થતો નથી. પણ કાર્બોનિક આસિડના પ્રમાણમાં ફેરફાર થવાનાં કારણો નિરંતર ચાલેછે અને તે ઘણી ઝેરી હવાછે માટે તેનો વિચાર અવશ્યનો છે.

૧. હવા માંહેલા અશુદ્ધ પદાર્થ અને તંદુરસ્તી ઉપર તેમની અસરઃ—

હવાની અંદર અશુદ્ધ પદાર્થ મુખ્ય બે પ્રકારનાછે. એકતો ખરાબ વિષારી જાતના વાયુ તેની સાથે મિશ્ર થાય છે તે, જેમકે કારબાનિક આસિડ તથા બીજા ભિન્ન ભિન્ન જાતનાં બારીક પરમાણું હવામાં ઉડેછે તે. જેમકે ધૂળ, ધૂમાડો, રૂ, ધાતુઓ વનસ્પતિ તથા પ્રાણીજ પદાર્થના પરમાણું બેસુમાર હવામાં હોય છે. જેમ હવા આપણા દીઠામાં નથી આવતી તેમ આ પરમાણું પણ જોવામાં નથી આવતાં. પણ વીજળીના અજવાળામાં, અથવા સૂર્યનાં ચાંદરણાંમાં જોતાં ઉડતાં અગણિત રજકણની ખાત્રી થાય છે. જ્યારે ધૂળ, ધૂમાડો, બહુજ હોય ત્યારે માત્ર હવામાં અંધારી આવે છે. દુર્ગંધ અગર સુગંધવાળા પદાર્થની ખાત્રી નાસિકા ઇંદ્રીથી થાયછે. સડેલા પ્રાણી તથા વનસ્પતિના રજકણ પણ હવામાં તરેછે.

આ સર્વ અશુદ્ધ અને નઠારા પદાર્થનું નિવારણ કેટલેક દરજ્જે કુદરતી ઉપાયોથીજ થાયછે. કેટલાક ઉડતા રજકણ નીચે બેસેછે અથવા તેમને વરસાદ તાણી જાયછે, કેટલાંકનું રૂપાંતર થાયછે, કેટલાંક હવામાં પસરી જાયછે અને બાકીનાનું વનસ્પતિ શોષણ કરી લેછે. માણસ હવા સાફ કરવાને જે યત્ન કરેછે તે આ કુદરતી નિયમને અનુસરેછે.

શ્વાસોશ્વાસને લીધે હવા અશુદ્ધ થાયછે. તેને લીધે આક્ષીજન કમી થાયછે તથા બીજા ત્રણ અશુદ્ધ પદાર્થ ઉમેરાયછે—કાર્બોનિક આસિડ, વરાળ તથા પ્રાણીજ દ્રવ્ય.

એક કલાકમાં એક આદમીના શ્વાસમાંથી ૧૬૦ ગ્રેન કાર્બોન નીકળે છે, અથવા ચોવીસ કલાકમાં સોળ ઘનફુટ કાર્બોનિક આસિડ નીકળેછે.

ત્વચા અને શ્વાસ વાટે વરાળ નીકળેછે. તે એક આદમીના શરીરમાંથી ચોવીસ કલાકમાં સુમારે ૨૫થી૪૦ ઓંસ નીકળેછે. તેના પ્રમાણનો આધાર હવાની ગરમી ઉપર છે. ગરમી વિશેષ હોયતો જાસ્તિ વરાળ નીકળેછે, અને થંડી હોયતો કમી નીકળેછે.

શ્વાસમાં બહાર નીકળતી હવામાં પ્રાણીજ દ્રવ્ય હોયછે અને તે વાસ મારે છે. તે

હવાને પાણીમાંથી કાઢી હોયતો પાણી પણ વાસ મારેછે. થોડી જગોની અંદર ઘણા આદમી હોયતો આ વાસ જલદી માલૂમ પડેછે. મોઢામાં, નાક અથવા ફેફસામાં કંઈ રોગ હોય તો ઘણી ખરાબ ગંધ આવેછે. જેમ કાર્બાનિક આસિડ જાસ્તી તેમ પ્રાણીજ દ્રવ્ય પણ વિશેષ હોયછે.

શ્વાસ લીધેલી હવામાં જ્યારે કાર્બાનિક આસિડનું પ્રમાણ એક હજારમાં ૧૬ સુધી થાય ત્યારે તે હવા શ્વાસોશ્વાસને માટે તદન નાલાયક જાણવી. શ્વાસ લીધેલી હવા ઝેરી હોયછે તે સહજ માલૂમ પડેછે. એક બાટલીમાં ઊંદર અગર બીજું પ્રાણી મૂકી તેને બંધ કરીશું તો થોડા વખતમાં તે મૃત્યુ પામશે. કેમકે તેના શ્વાસથી બાટલી માંહેલો આક્ષીજન કમી થાયછે તથા કાર્બાનીક આસિડ વધી જાયછે.

જે ઠેકાણે હવાને જવા આવવાનો પ્રતિબંધ હોય તેવી થોડી જગ્યામાં માણસ પણ એજ રીતે રહેતો તેવુંજ માઠું પરિણામ થાય. "બ્લાક હૅાલ આવ કલકત્તા" નો દાખલો હિંદુસ્તાનની તવારીખ વાંચનારના લક્ષમાં હશે. એક નાની કોટડીમાં ૧૪૬ ઈંગ્રેજને ખીચોખીચ રાખેલા તે માંહેલા એક રાતની અંદર ૧૨૩ મરણ પામ્યા. અને બાકી રહ્યા તેમાંથી પણ કેટલાકને તાવ લાગુ થઈ ગુજરી ગયા. તેમજ એક વહાણની કોટડીમાં ૧૫૦ માણસ ભરાયાં હતાં તેમાં એક રાતમાં ૭૦ મરી ગયાં.

એ રીતે થોડી જગોમાં ઘણા આદમી રહે અને ત્યાં તાજી હવા આવી શકે નહિતો આક્ષીજન ખપી જાયછે, ઝેરી કાર્બાનિક આસિડ વધી જાયછે, લોહી સાફ થતું નથી. નાડી મંદ પડી શ્વાસ ઉત્પન્ન થઈ મૃત્યુ પ્રાપ્ત થાયછે. ઉપર લખેલા દાખલા પ્રમાણે કવચિતજ બનેછે કેમકે ઘણા લોકનો સમુદાય એવી થોડી જગોમાં હોતો નથી, તોપણ આપણે વિચાર કરીશું તો આપણી રીતભાત, ટેવ તથા ઘરની બાંધણી એવી હોયછે કે તાજી હવાનો ઘણે દરજે પ્રતિબંધ રહેછે. ઘર ઊંચાં તથા નાનાં, તેમાં નાના નાના ઘણા ખંડ હોયછે, બારી જાળીની ઘણી અછત હોયછે. સામસામે ઘણા નજીક ઘર હોય તો બારીમાંથી પણ હવા થોડીજ આવેછે. મુંબઇ જેવાં શહેરમાં નાની કોટડીઓમાં ઘણાં માણસ સાથે રહેછે. ને એકજ પથારી ઉપર જોડાજોડ સૂએછે. સૂવાવડમાં ઓરત તથા બચ્ચાને એક ખુણાંમાં અંધારી કોટડીની અંદર રાખેછે. બારી જાળી હોય તે પણ દિવસ રાત બંધ રહેછે, અને અંધારાને માટે દિવસ રાત કેટલેક ઠેકાણે દીવા રાખવાની જરૂર પડેછે. આવા ઠેકાણામાં માણસને કેટલી અકળામણ થાયછે તેનો ઘણાકને અનુભવ હશે. આવી રીતથી તંદુરસ્તીના હકમાં ઘણું નુકશાન થાયછે, જો કે મોટામાણસને જલદી અસર નથી થતી તોપણ નાનાં બચ્ચાંનો ઘણીવાર જાન જાયછે અને અજ્ઞાની લોક તેનું ખરૂં કારણ પણ નથી સમજતા. મોટાં આદમી પણ તેવી અશુદ્ધ હવાનેલીધે બીજા રોગના પંજામાં સહજ આવી પડેછે. આવા સ્થળોમાં કોગળીઊં, તાવ વગેરે ઉપદ્રવનું પ્રબળ વધારે જોવામાં આવે છે. ટુંક જગામાં ઘણા રહેનારાઓમાં ક્ષય રોગ વિશેષ થાયછે.

નાનાં બચ્ચાંઓને મોઢા ઉપર કપડું ઓઢાડી સૂવાડવાની રીત નિત્ય આપણા જો-

વામાં આવેછે. શિયાળાની થંડી ઋતુમાં તેમ કરવાને કંઈ કારણછે, પણ બીજી ઋતુમાં જરા નફો ન છતાં નુકશાન થાયછે. કોઈ કોઈવાર બચ્ચાને પૂરતી તાજી હવા નહિ મળવાથી ગુંગળાઈ મરેછે. માટે તે બાબતમાં સાવચેતીની જરૂરછે, આજારી આદમી રેહેતાં હોય ત્યાં વળી તાજી હવાની વિશેષ જરૂર હોયછે; કેમકે તેના શરીરમાંથી મળ પરૂ તથા બીજાં પ્રાણીજ દ્રવ્ય જાસ્તી નીકળેછે. તેને ખેંચી જવા માટે જાસ્તી હવા જોઈયે.

શ્વાસોશ્વાસ સિવાય હવાને અશુદ્ધ કરનાર બીજું મોટું કારણ અગ્નિછે. ગ્યાસ,તેલ, લાકડાં, છાણાં, કોલસા બળવાથી આક્ષીજન કમી થાયછે તથા કાર્બોનિક આસિડ પેદા થાયછે. એક શેર સૂકું લાકડું બાળવામાં ૧૨૦ ઘનફુટ હવાની જરૂર પડેછે. આક્ષીજન વિના અગ્નિ સળગેજ નહિ. જેમકે કોઈ બળતો પદાર્થ એક બાટલીમાં મૂકી તેને બંધ કરીએ તો તે તરત બુઝાઈ જશે, કેમકે બાટલી માંહેલો આક્ષીજન પૂરો થઈ જાય છે. માટે દીવા, બત્તી તથા બીજી જાતનો અગ્નિ જ્યાં હોય, ત્યાં તાજી હવાની વધારે જરૂર રેહેછે.

મળ મૂત્ર, તથા ગટરાદિનાં નર્કને લીધે હવા બગડેછે. તેમાંથી કેટલાક પ્રકારના દુર્ગંધી તથા ઝેરી વાયુ અને પ્રાણીજ તથા ઉદ્‌ભિજ પરમાણું નીકળેછે, તે માણસના શ્વાસમાં લેવામાં આવે તો ઝાડો, મરડો, મસ્તકશૂળ, તાવ તથા બીજા વ્યાધિ ઉત્પન્ન થાયછે. આપણા દેશમાં પેશાબ નહિ થઈ શકે તેવી થોડીજ જગા હોયછે અને તે સાફ થવાનો સંભવ પણ થોડો રેહેછે.

જાજરૂને માટે ઠેકાણે ઠેકાણે જુદી જુદી ગોઠવણ હોયછે. ગામડાંમાં છૂટી જગોહોયછે. ત્યાં જાજરૂની ગંદકી થોડી હોયછે,પણ શહેરની અંદર આ ગંદકીનું એક મોટું કારણ થઈ પડેછે. કેટલીક શેરી અને ગલીયોના જાજરૂ પાસે થઇને જતાં એટલી તો ગંધ મારેછે કે માથું ફરી જાયછે. તે દૂર કરવા સારૂ દિવસમાં ઓછામાં ઓછી બે વાર તો જાજરૂ સાફ કરવાંજ જોઈએ. જાજરૂના મળની ગંદકી દૂર કરવાની ઘણીજ સારી રીત એછે કે જેમ બને તેમ જલદી મળ સૂકાઈ જાય તેવી ગોઠવણ કરવી. મૂત્ર તથા પાણી જુદે રસ્તે જાય તેવી ગોઠવણ જોઇએ અને મળ ઉપર ધૂળ અથવા રાખ નાંખવી. પુષ્કળ ધૂળ અથવા રાખ હોય તો મળ જલદી સુકાઈ જાયછે તથા તેની ગંદકી દૂરથાયછે.

ગાંમડાંમાં જાજરૂની ગંદકી થોડી હોયછે. તેમ ઢોરઢાંખરની વિશેષ હોયછે. ઘરના મોખરામાંજ ગાય, ભેંસ અને ઘોડા રાખવાથી તેમના મળમૂત્રાદિ પડેછે તથા નાના પ્રકારના જંતુ પેદા થાય છે. ખાતર અથવા બળતણ સારૂ છાણ તથા લાદના ઢગલા કરી રાખવામાં આવેછે, અને તેમાં કેટલીકવાર જીવ પડેછે, અને ગંધાઈ ઉઠેછે. માટે જરૂરછે કે તેવા ઢગલા કરવાની જગો દુર જોઇયે તથા ઢોર ઘરના પાછળના ભાગમાં રાખવાં જોઇએ. અર્થાત જે તરફથી પવન આવતો હોય તે તરફ જાજરૂ રસોડું, ઢોરનો વાડો કે એવી હવાને બગાડનારી જગો નહિ જોઇએ.

જમીનમાં જ્યાં ખાડાખાબોચીયાં હોય, વિશેષ ઝાડપાલો હોય, ચોમાસાનું પાણી એકઠું થઇ જમીનમાં મરતું હોય, ત્યાંની હવામાં બગાડ થાયછે, તેવી જગોમાં "માલેરિયા"

નામનો ખરાબ વાયુ પેદા થાયછે અને હવામાં પસરેછે તેથી ટાઢીયાતાવનો ફેલાવો થાય છે. તેમજ જમીનમાં પાણીના ભેજને લીધે ઝાડા તથા મરડાનો મરજ તથા ખાંસીના દરદ થાયછે. ચોમાસા પછી આવા રોગોનું પ્રાબલ્ય વિશેષ હોયછે. આવી જગોમાં વસનાર માણસના શરીર હમેશાં ફીકાં તથા કમજોર હોયછે.

જનાવરોનાં મડદાં સડવાથી મોટી દુર્ગંધ ઉઠેછે, અને હવા બગડેછે. ગામના પાદરમાં ઢોર અથવા બીજા જનાવરોનાં મડદાં ઘણીવાર જોવામાં આવેછે.

માણસોને દાટવાની જગો એટલે કબરસ્થાનમાંથી ઘણી ખરાબ હવા નીકળેછે, તેને લીધે કોગળીઊં અને બીજા મરજ થાયછે. મુડદાં જમીનમાં હમેશાં છ ફુટની ઊંડાઇએ દાટવાં જોઇએ. અને દાટવાની જગો રેહેઠાણથી ઘણી દુર હોવી જોઇએ.

કેટલાંક કારખાનાં અને ધંધાને લીધે હવામાં બગાડ થાયછે અને રોગની ઉત્પત્તિ થાયછે. રૂ, લોખંડ તથા કોલસાના કારખાનામાં તે પદાર્થનાં પરમાણું શ્વાસમાં ફેફસામાં જવાથી ખાંસી અને ક્ષય રોગની ઉત્પત્તિ થાયછે. સોમલ, ફાસફરસ, જસત, સીસાના સંબંધમાં આવવાથી વાયુ, ચુંક, અસ્થિ રોગ, દમ, ખાંસી, તાવ, ઇત્યાદિ રોગ થાયછે. ખાટકી લોકના મકાનની આસપાસ મારેલા જનાવરોનાં નકામા ભાગો છુટા પડેલા હોય છે અને તેનું રેહેઠાણ બરાબર સાફપણ નથી રાખતા.

ઉપર કહેલાં તથા બીજાં કારણોથી હવામાં બગાડ થાયછે તેમાંનાં કેટલાંક સહેલાઇથી દુર થાયછે.

૧. ખાટકી લોકનાં મકાન વેગળાં જોઇએ તથા તે સાફ રખાવવાં અને તેમનો કચરો દુર લઈ જઈ દટાવવો.

૨. કારખાનામાં કામ કરનારાઓને માટે નાક તથા મોઢા આડી રાખવા જાળી થાયછે તે તેટલો વખત પહેરવી એટલે નઠારા પદાર્થ ફેફસાંમાં જતાં અટકેછે.

૩. પાણી ભરાઈ રહે તેવી ખાડાવાળી જગો પુરી નાંખવી. નહિતો ગટર ખોદી તે પાણી ઠેકાણાસર લઈ જવું.

૪. ઘરનું તળીયું જમીનની સપાટીથી સારી પેઠે ઊંચું રાખવું એટલે પાણીનો ભેજ આવશે નહિ.

૫. કેટલાંક મોટાં શહેરોમાં મળમૂત્ર, ઘરનું નાહાવાધોવાનું પાણી ઇત્યાદિ લઈ જવાને નળ હોયછે, અને આ નળ વાટે તે મોટી ગટરોમાં થઈ ગામની બહાર વહેછે. પાસે દરિયો હોયતો આ નર્ક તેમાં જવા દેછે અને દરિયો નહિ હોયતો તેને ખેતરોમાં લઈ જઈ ખાતરને ઠેકાણે ઉપયોગ કરેછે. તેથી બેવડો ફાયદો થાયછે. એકતો ગંદવાડનો નિકાલ થાયછે અને બીજો ખેતરમાં પાક સારો થાયછે. કેટલેક ઠેકાણે આ ખાતર મ્યુનિસિપાલિટી તરફથી વેચવામાં આવેછે અને તેની પેદાશ થાયછે.

૬. ગંધાતા વનસ્પતિ તથા પ્રાણી મુએલાં હોય તેનો બાળી અથવા દાટીને નિકાલ કરવો. દાટવા કરતાં બાળવાનો રસ્તો ઉત્તમછે. માણસને પણ દાટવા કરતાં બાળવું એ વધારે સારૂંછે આપણા શરીર તથા કપડાંને પણ નાઇધોઇને સાફ રાખવાં. આજારી માણસ પાસે ઘણા લોકોએ બેશી ભીડ કરવી નહિ.

આ પ્રમાણે કેટલાંક કારણો સહેલાઈથી દુર થાય એવાં છે, પણ બીજાં જેમકે આસોશ્વાસ, અગ્નિ હમેશાં જારી રહેછે, તેમને કેટલેક દરજ્જે કુદરત દુર કરેછે. હવા માત્ર સારી અગર નઠારીનો ધર્મ છે કે એક બીજા સાથે સરખું મિશ્રણ થઈ જાય. કાર્બોનિક આસિડ અગર બીજો કોઇ પણ વાયુ પેદા થાય તે વાતાવરણમાં આ નિયમ પ્રમાણે પસરી જાયછે. વળી સૂર્ય અને બીજા અગ્નિથી હવા ગરમ થઈ હલકી થાયછે તેથી તે ઉપર ચડેછે. તેમજ બીજાં કારણોથી પણ હવા હાલે છે, અને તેની ગતિના પ્રમાણમાં પવનનો સપાટો ચાલેછે. તેથી સારી નઠારી હવા એક ઠેકાણેજ નથી રહેતી, પણ વાતાવરણમાં પસરી જાયછે. વળી કાર્બોનિક આસિડ સરખી ઝેરી હમેશ પેદા થનારી હવાને લીલી વનસ્પતિ પોતાના પોષણને માટે સોશી લેછે. મુખ્ય આ ત્રણ કુદરતી ઉપાયથી હવા સાફ થાયછે. તે કારણોને માણસે ઉત્તેજન આપવું જોઇએ એટલે જ્યાં જ્યાં નઠારી હવા હશે તે દુર થશે.

હવે તેટલા માટે તંદુરસ્તી જાળવવા સારૂ દરેક આદમીને કેટલી ચોખી હવાની જરૂરછે તથા તેટલી ચોખી હવા મળવા સારૂ તેને રહેવાને કેટલી જગો અવશ્ય છે તેનો વિચાર કરીએ.

વાતાવરણ માંહેલાં અશુદ્ધ પદાર્થમાં કાર્બોનિક આસિડ મુખ્ય છે અને તેનાજ પ્રમાણ ઉપર તેની શુદ્ધ અશુદ્ધતાનો ક્યાસ કરવામાં આવેછે.

સ્વાભાવિક વાતાવરણના ૧૦૦૦ ભાગમાં કાર્બોનિક આસિડ $\frac{૪}{૧૦}$ હોયછે તે વધીને $\frac{૬}{૧૦}$ થાય ત્યાંસુધી તંદુરસ્તીને બાધ કરતા નથી. પણ તેથી વધીને એક પૂર્ણાંક સુધી થાય તો આરોગ્યતાને નુકશાન પહોચાડે, અને એકથી જાસ્તી પ્રમાણ થાય તો તે હવામાં વાસ મારેછે, માણસને અકળામણ થાયછે અને શરીરને નુકશાન પહોચેછે.

દર કલાકે પૂખ્ત આદમી $\frac{૬}{૧૦}$ ઘનફુટ કાર્બોનિક આસિડ શ્વાસમાં બહાર કાઢે છે. ઓરત તથા બચ્ચું તેથી કમી કાઢે છે, તેને વાતાવરણના સ્વાભાવિક પ્રમાણમાં લાવવા સારૂ ૩૦૦૦ ઘન ફુટ હવાની જરૂર રહેછે. માટે આદમીને માટે દર કલાકે ૩૦૦૦ ઘન ફુટ તાજી હવા જોઇએ. ઓરત તથા બચ્ચાંને તેથી કમી જોઇએ. ખુલ્લી જગોમાં નહિ રહેનાર માણસને તેટલી હવા મળવી મુસ્કેલ છે. તેમાં પણ હલકી પંક્તિના માણસ નાના છાપરાં અથવા બારી જાળી વિનાના ઘરમાં રહેનારને તો મળેજ નહિ. તો પણ આરોગ્યતા રહેવા માટે ઓછામાં ઓછી ૧૨૦૦ થી ૧૫૦૦ ઘન ફુટ હવાની તો અવશ્ય જરૂર છે.

હવે તેટલી તાજી હવા દર કલાકે મળવા સારૂ આદમીને રહેવાને કેટલી ઘનફુટ જગાની જરૂર છે? તેનો આધાર કેટલેક દરજ્જે વાયુની ગતિ ઉપર છે. જો પવન સપાટાથી ચાલતો હોયતો થોડી જગોમાં પણ પૂરતી તાજી હવા મળી શકેછે. પણ વાયુ તે પ્રમાણે દિવસ રાત્ર ચાલતો નથી, અને ચાલતો હોય તો પણ તે શરીરને હિતકારી નથી. મંદ અથવા મંજુલ વાયુ શરીરને પ્રિય તેમજ હિતકારી છે. શરીરને લાગે તેટલો પવન માણસે સદા લેવો નહિ જોઇએ, માટે મંદ ગતિથી ચાલનાર તાજો પવન કલાકમાં

૩૦૦૦ ઘનફુટ મળી શકે તેટલી જગોની દર માણસને જરૂર છે. જો દરેક આદમી માટે ૧૦૦૦ ઘનફુટ જગો હોયતો ઘણુંજ સારૂ. એક ઓરડો ૧૦ ફુટ લાંબો, ૧૦ ફુટ પહોળો અને ૧૦ ફુટ ઊંચો પુષ્કળ છે ઓછામાં ઓછી ૬૦૦ ઘનફુટ તો અવશ્ય છે. દરેક કેદીને ૬૪૮ ઘનફુટ જગો મળેછે. ઘનફુટનો વિચાર નહિકરતાં ચોરસ જગો લઇએ તોપણ સુમારે ૫૦ ચોરસ ફુટ જમીન દર આદમીને માટે જોઇએ. આજારી માણસને સાજા માણસ કરતાં થોડી જાસ્તી જગોની જરૂર રહેછે.

૧૦૦૦ ઘનફુટ જગો હોય તો તે માંહિલી હવા દર કલાકે ત્રણ વખત બદલાય તો બસ છે, પણ જો ૬૦૦ ઘન ફુટ હોયતો તે માંહિલી હવાને દર કલાકે પાંચ વખત બદલાવું જોઇએ. પાંચ છ વખત બદલાય ત્યાંસુધી શરીરને પવન લાગતો નથી, પણ વધારે વખત બદલાય તો તે શરીરને લાગે છે. માટે શરીરને ન લાગે તથા જોઇએ તેટલી તાજી હવા મળી શકે એટલી જગો જાઇએ.

——આગળ કહ્યું છે કે અસ્વચ્છ હવા દુર થવાનાં બે ત્રણ સ્વાભાવિક નિયમ છે. એક તો હવાનો પસરી જવાનો ગુણ છે એટલે ખરાબ હવા તે નિયમ પ્રમાણે વાતાવરણમાં ફેલાઇ જાયછે. ગરમીને લીધે વાયુ તપીને હલકો થાયછે, અને હલકો વાયુ ઉપર ચઢેછે તથા જમીનની સપાટી ઉપરનો વાયુ તાપ તથા અગ્નિને લીધે ઊંચે જાય છે અને બીજો તાજો પવન તેને ઠેકાણે આવે છે. આ પ્રમાણે પવનમાં હમેશ ઓછી અગર વત્તી ગતિ રહે છે.

ઘર તથા રહેવાનાં ઠેકાણાંમાં હવાની આવ જાનો આધાર ઘણે દરજ્જે બહારના પવન ઉપર રહેલોછે. તે માટે ઘરને બારી બારણાં પૂરતાં સામસામાં જોઇએ. બારી શિવાય પવનની આવ જા માટે "ચીમની" તથા "શાફ્ટ" હોય છે, તે વાટે ઘર માંહેલી ગરમ હવા ઊંચી ચઢી બાહેર જાયછે તથા બીજા રસ્તાઓથી તાજી હવા ઘરમાં દાખલ થાયછે. આ પ્રમાણે ઠંડા દેશમાં જ્યાં બારી બારણાં બંધ રાખવાં પડે છે. ત્યાં સગડી કે એવાં બીજાં સાધનથી હવા મુદ્દામ તપાવેછે અને તેથી ઘરમાં ગરમી રહેછે તેમજ પવનને ગતિ મળેછે. હવાની આવ જા માટે બારી જાળી તથા ભીંત અને છાપરામાં મુદ્દામ કેટલીક ગોઠવણ થાયછે.

સગડી અગર ગરમ પાણીની નળીઓ અને બાફથી પવન ગરમ કરવામાં આવે છે. હવાની આવજાને માટે પંખાઓ પણ મોટું સાધન છે અને ગરમીના દિવસમાં પવન નહિ હોય ત્યારે તેની વિશેષ જરૂર માલમ પડેછે. પંખો સંચાથી, જનાવરથી અગર માણસથી પણ ખેંચવામાં આવેછે.

અમુક જગામાં કેટલો વાયુ આવી શકેછે તેની ગણત્રી પવનની ગતિ તથા તેને આવવાના માર્ગની લંબાઈ પહોળાઈ ઉપરથી થઇ શકેછે, પવનની ગતિ માપવાને "એનીમોમીટર" નામે યંત્ર હોયછે. તેથી એક મિનિટ અથવા કલાકમાં પવન કેટલો ચાલેછે તે સમજાયછે. હવાની ગરમી ઉષ્ણતા માપક યંત્રથી માલૂમ પડેછે તથા તેમાં વરાળનું પ્રમાણ "હાઇગ્રોમીટર" યંત્રથી જણાયછે.

હવાની પરીક્ષાઃ—હવા સ્વચ્છ અગર અસ્વચ્છ છે તેનો તપાસ કેટલીક રીતે થાયછે. એકતો નાસિકેંદ્રીથી થઈ શકેછે, બહાર ખુલ્લી હવામાંથી તપાસવાની જગોમાં જતાં જો નાકને કોઈ પ્રકારની દુર્ગંધ લાગે તો તે જગાની હવા ખરાબ સમજવી, રસાયણ વિદ્યાના સાધનથી કાર્બાનિક આસિડ વગરે હવાના મેલના પ્રમાણની ગણત્રી થાયછે. ચૂનાના પાણીનો કાર્બાનીક આસિડને ચુસી લેવાનો ગુણછે. તેથી તપાસવાની જગોમાં ચુનાનુ પાણી મૂક્યા પછી તેમાં કેટલો કાર્બાનીક ગ્યાસ આવ્યો તે રસાયણી પ્રયોગથી સિદ્ધ થાયછે.

સૂક્ષ્મદર્શક યંત્રથી હવામાં ઉડતા પ્રથક પ્રથક પ્રકારના પરમાણું જોઇ શકાયછે. કાચ અગર નળીમાં ગ્લીસરીન રાખી તેમાં હવા જવા દેવી. એટલે હવા માંહેલા પરમાણુ તેમાં ચોટી રહેશે તેને યંત્રમાં મૂકી જોવાથી તે પરમાણુની જાત ઓળખાઈ આવશે.

પાણી.

આપણે ઉપર કહી ગયા કે હવા, પાણી અને ખોરાક એ ત્રણ પદાર્થ આદમીની જીંદગીને અવશ્યછે તેમાં પાણી બીજે નંબરે છે. પીવાનું પાણી મૂળ વરસાદમાંથી આવેછે. વરસાદનું પાણી જમીનપર પડ્યા પછી તેમાંનો કેટલોક ભાગ નદી નાળાં તરીકે સપાટી ઉપર વહેછે. કેટલોક ભાગ મોટા ખાડાઓમાં તળાવ તરીકે સ્થિર ભરાઈ રહેછે. કેટલોક જમીન તથા ખડકમાં ઉતરીને કૂવા તથા ઝરામાં જાયછે. કેટલોક ભાગ ખનીજ પદાર્થમાં તથા વનસ્પતિના પોષણમાં જાયછે અને કેટલોક ભાગ વરાળ થઈ ઉડી જાયછે.

માણસના ખોરાક તથા પીવા માટે સ્વચ્છ પાણીની જરૂરછે, ખરેખર સ્વચ્છ પાણી તો ભઠ્ઠી વડે પાણી ઉકાળી તેની વરાળનું પાણી ચોખ્ખા વાસણમાં કરીએ તોજ મળે. વરસાદ. વાવ, કૂવા, ટાંકાં, નદી તથા તળાવનું પાણી સારૂં હોય તો પણ ક્ષાર વગેરે બીજા મેલ તેમાં હોયછે. પણ આ મેલ થોડો હોય તો તે વાપરવામાં અડચણ નથી.

વરસાદનું પાણી ઘણું કરી સ્વચ્છ તથા વાપરવા લાયક હોયછે. તેમાં અશુદ્ધ પદાર્થ બે ઠેકાણેથી મળેછે. એક તો વાતાવરણમાં જે પદાર્થ ઉડતા હોય તે વરસાદના પાણીમાં આવેછે અને જે સ્થળે પાણી પડે તે ઠેકાણાનો મેલ પણ પાણીમાં ભળેછે, જો વાતાવરણ ચોખ્ખો તેમજ આ સ્થળ પણ ચોખ્ખું હોય તો વરસાદનું પાણી ઘણું સ્વચ્છ તથા ઉપયોગી હોયછે. જે મોટાં શહેરોમાં ઘણા પ્રકારના સંચા તથા કારખાનાં હોય અને ગાઢી વસ્તી હોય ત્યાં વાતાવરણમાં ઘણી જાતના પરમાણું ખનિજ તથા વનસ્પતિ, ધૂળ તથા ધૂમાડો ઉડેછે, તે વરસાદના પાણીમાં આવેછે.

આપણા દેશમાં વરસાદનું પાણી ટાંકામાં એકઠું કરી રાખવાનો ચાલછે. તેમાંથી સારૂં વાપરવા લાયક પાણી મળી શકેછે. વરસાદનું પાણી ઝીલવાની જગો, અગાશી વગેરે સાફ રાખવામાં જોઇએ, તેમજ ટાંકામાં જીવતાં માછલાં રાખવાં જોઇએ એટલે પાણી સારૂં રહેછે, દર એક બે વરસે ટાંકુ ગળાવવું જોઇએ.

ટાંકામાં કેટલું પાણી આવેછે તેની ગણત્રી સહેલાઇથી થશે. વરસાદ કેટલો પડેછે તે તથા જેટલી જગોનું પાણી ટાંકામાં આવતું હોય તેનું ચોરસ માપ જાણવાથી ગણત્રી થઈ શકશે.

વરસાદના પાણીમાં હવા માંહેલા મેલ સિવાય કાર્બાનિક આસિડ તથા આક્ષીજન પણ આવેછે.

નદી, કૂવા, ઝરા તથા તળાવના પાણીનું બંધારણ તરેહવાર હોયછે અને તેમાં ક્ષાર તથા બીજા મેલનું પ્રમાણ ત્યાંની જમીન તથા પૃથ્વીના જે થરમાં તે પાણી વહેતું હોય તેની ઉપર આધાર રાખેછે. ઠેકાણા ઠેકાણાની જમીનમાં જુદા જુદા ખનિજ પદાર્થ હોયછે. અને પૃથ્વીના ઉપર નીચેના થરના બાંધામાં ઘણો તફાવત હોયછે. નદીના પાણીમાં સપાટી ઉપરના ક્ષાર તથા મેલ મળેછે, અને કૂવા તથા ઝરાના પાણીમાં પૃથ્વી માંહેલા ક્ષાર મળેછે. વરસાદના પાણીમાં કાર્બાનિક આસિડ હોયછે, તે જેમ જમીનમાં ઉતરેછે તેમ કાર્બાનિક આસિડમાં વધારો થાયછે અને આવા કાર્બાનિકઆસિડ-વાળા પાણીમાં સાદા પાણી કરતાં બહુ ક્ષાર ઓગળી જાયછે, તેને લીધેજ ઊંડા કૂવા તથા ઝરાના પાણીમાં કેટલેક ઠેકાણે ઘણો ક્ષાર જોવામાં આવેછે. જે જમીનમાં ક્ષાર ન હોય ત્યાંનું પાણી મીઠું હોયછે.

કૂવાના બે ભેદછે, એક ઉતરા કૂવા તથા બીજા ઊંડા કૂવા. ઉતરા કૂવા પાંચ પચાસ હાથ ઊંડા હોયછે અને તે જમીનના ઉપલા નરમ ભાગમાં હોયછે સપાટી ઉપરનું જે પાણી જમીનમાં ઉતરેછે.તેમાંથી એક ભાગ પોચી જમીનમાં જે તરફ ઢાળ હોય તથા માર્ગ મળે તે તરફ વહેછે. સૂકાઇ ગયેલી નદીમાં પણ થોડું ખોદતાં આ પ્રમાણે પાણી નીકળશે. બીજો ભાગ પૃથ્વીના ઊંડા ભાગમાં ઉતરેછે અને કઠણ પથરના થરમાં થઈ નીચે ઉતરીને ત્યાં તેનો પ્રવાહ ચાલેછે. અર્થાત પૃથ્વીના સંબંધમાં ત્રણ પ્રકારના પ્રવાહ ચાલેછે. એક સપાટી ઉપર દૃષ્ટિગોચર નદીના રૂપમાં વહેછે. બીજો તેના ઉપલા પોચા થરમાં વહેછે તથા ત્રીજો વિશેષ ઊંડાઇએ તેના કઠણ થરમાં વહેછે. જે જમીન અને થરમાં પાણી વહેછે તેના મેલ અને ક્ષાર તે પાણીમાં આવેછે, તેથી કોઇ ઠેકાણે પાણી ખારૂં અને કોઈ ઠેકાણે મીઠું હોયછે. કોઈ ઠેકાણે હલકું અને કોઈ જગોએ ભારે હોયછે. જમીનમાં પાણી જેમ ઉતરેછે તેમ તે ગળાયછે.

છાછરા કૂવાનું પાણી કેટલેક ઠેકાણે ચોખ્ખું સ્વચ્છ હોયછે, પણ કેટલીક જગોએ તે ગંદુ તથા પીવાને અયોગ્ય હોયછે. પોચી જમીનમાંથી ઉતરતાં તે માંહેલા મેલ ગળાઈને બરાબર દુર થતા નથી. વળી પોચી જમીન માંહેલા ક્ષાર તથા બીજા પદાર્થ તેની સાથે મળેછે અને વનસ્પતિ તથા બીજા મળમૂત્રાદિ પદાર્થ સહેલાઇથી તેમાં દાખલ થાય છે. એક ગ્યાલનમાં દસથી એક સો ગ્રેન વનસ્પતિના હોયછે તેથી તેનું પાણી લીલાશપર હોયછે.

ઊંડા કૂવા તથા ઝરાનું પાણી કઠણ જમીનમાંથી ગળાઇને આવેછે, તેથી તેનું પાણી છાછરા કૂવા કરતાં વધારે સ્વચ્છ હોયછે, એટલે તેના પાણીમાં વનસ્પતિ, મળમૂત્રા

દિ સકળું પદાર્થ જઈ શકતાં નથી.પણ જમીનના થરની રચના પ્રમાણે તેમાં ક્ષાર હોયછે. જમીનમાં માટી હોય, ખડીહોય,ખડકના પથ્થર અથવા રાતો,કાળો અગર સફેત ચૂનાનો અગર માગનીશ્યાનો પથ્થર હોય,જમીનમાં લોખંડ, ગંધક, વગેરે પદાર્થ હોય તેનો કાંઇક અંશ તે પાણીમાં રહેછે. ખડીવાળી જમીનનું પાણી હલકું અને માગ્નીશ્યાવાળી જમીનનું પાણી ભારે હોયછે.

નદીનું પાણી કૂવા તથા ઝરાના પાણી કરતાં ઘણુંકરી હલકું હોયછે. ક્ષારાદિ પદાર્થ તેમાં થોડા હોયછે, પણ વનસ્પતિ તથા વિષ્ટાદિ પદાર્થનો ભેગ તેમાં વિશેષ થાયછે.

તળાવનું પાણી પણ ઘણે સ્થળે હલકું હોયછે. તેમાં ક્ષાર થોડા પણ વનસ્પતિ, વિષ્ટા તથા નહાવા ધોવાથી તેનું પાણી કેટલેક ઠેકાણે બગડી જાયછે.

પાણીના સ્થળ ઉપરથી તેમના ગુણનો નિયમ ચોકસ બાંધી નથી શકાતો, કેમકે એક નદીનું પાણી સારૂં તથા બીજીનું નઠારૂં હોય, તેમજ એક કૂવાનું મીઠું અને બીજાનું ખારૂં હોયછે, તથાપિ સામાન્ય રીતે એમ કહી શકાય કે ખાવા પીવા માટે ઝરા તથા ઊંડા કૂવાનું પાણી ઉત્તમ અને નદી, ટાંકું, તળાવ તથા છાછરા કૂવાનું પાણી અનુક્રમે ઉતરતું સમજવું.

દરેક આદમીને દરરોજ કેટલા પાણીની જરૂરછે? પાણી રાંધવા, પીવા,નહાવાધોવા, વાસણ માંજવા તથા શહેરસુધારા અને સંચા સારૂ જોઇએ છીએ, ડાક્ટર પાર્કસ તેને માટે નીચે પ્રમાણે આડસટ્ટો આપેછે.

	ગ્યાલન.	શેર
રાંધવા માટે	.૭૫	૭॥
પીવા માટે	.૩૩	૩॥
નહાવા માટે	૫.	૫૦
વાસણ તથા ઘરસાફ કરવા ...	૩.	૩૦
કપડાં ધોવા માટે	૩.	૩૦
	૧૨.૦૮	૧૨૧

આટલું પાણી માણસ દીઠ ઘરકામ સારૂ જોઇએ છીએ. દરેક સોલજરને પંદર ગ્યાલન પાણી આપવામાં આવેછે. કેટલેકઠેકાણે ગામડાંમાં પાણીની તંગાશ હોયછે. ત્યાં માણસદીઠ ચાર પાંચ ગ્યાલન પણ મુશ્કેલીથી મળેછે. મોટા શહેરમાં કારખાનામાં તથા શહેરસુધારા માટે પાણી જોઇએ છે. શહેરમાં રસ્તામાં છાંટવા, પાયખાનાં તથા પેશાબની જગો અને ગટરને સાફ રાખવા પાણીની જરૂર પડેછે. તે પરથી શહેરોમાં માણસ દીઠ ઘરકામ સારૂ દશગ્યાલન, શેહેર સુધારા માટે દશગ્યાલન તથા કારખાના માટે દશગ્યાલન એ પ્રમાણે ત્રીસગ્યાલનની જરૂરછે. દરેક આદમી માટે ગ્લાસગો શેહેરમાં પાંત્રીસગ્યાલન, પારિસમાં એકત્રીસ ગ્યાલન તથા લિવર્પુલમાં ત્રીસગ્યાલન વપરાયછે. આ દેશમાં કારખાનાં તથા શહેરસુધારા માટે કમી જોઇએ, તેથી સર્વ કામો માટે મળી ૧૫ થી ૨૦ ગ્યાલન પુષ્કળ થઇ રહેશે. મુંબઇમાં ૨૨ ગ્યાલન અપાયછે.

આ દેશમાં સર્વ ઠેકાણે નદી, ટાંકાં, તળાવ, અગર કુવાનું પાણી વપરાયછે. મુંબઈ જેવા કોઈ કોઈ શહેરમાં નળનું પાણી આવેછે. મુંબઈથી કેટલેક છેટે એક ડુંગર ઉપર મોટું તળાવછે તેમાંથી નળને રસ્તે પાણી આખા શહેરને પૂરૂં પડેછે. નદી અગર કૂવામાંથી નળસારૂ પાણી લેવું હોય તો પ્રથમ તેને માટે બાંધ કામ કરી પાણી કેટલીક ઉંચાઈ ઉપર લઈ જવું જોઇએ, કેમકે પાણી ઉંચેથી વહેતોજ નળમાં ઉંચે ચઢેછે. મોટા શહેરમાં નળને માટે નદી અગર તળાવ શિવાય પાણી પહોંચી શકતું નથી. છાછર કૂવામાંથી પાણી જલદી ખૂટી જાયછે. કોઈ કોઈ ઘણા ઉંડા કૂવામાંથી અતિશય પાણી નીકળી પડેછે તે એટલે સુધી કે પાણી મોઢાસુધી આવી છલકાઈ વહેછે.

પાણી ચોખ્ખું કરવાસારૂ ગાળવાની જરૂર પડેછે. જ્યારે ઘણું પાણીગાળવું હોય,જેમ કે નળમાં લઈ જવા માટે—ત્યારે તેને માટે બાંધકામ કરી જુદાજુદા ખંડ પાડેછે. પહેલાં ખંડમાં પાણીને સ્થિર રહેવા દેછે એટલે તે માંહેલો મેલ હોય તે તળીયે બેસે છે. બાદ પાણી ગાળવાના ખંડમાં તે પાણી વહેછે. ગાળવાના ખંડમાં છિદ્ર વાળી નળીઓ અને કાંકરી તથા રેતીના થર ચારપાંચ ફુટસુધી હોયછે. કોઈ ઠેકાણે તેના ઉપર કોયલાનો પણ એક થર રાખવામાં આવેછે, તેમાં થઇને હળવે હળવે ગળાઇને પાણી નળીઓમાં જાય છે. રેતી તથા કાંકરીમાં મેલ ભરાઈ રહેછે તેને વરસ છમહિને બદલવાં જોઇએ.

પાણી શુદ્ધ કરવાના બે ઉપાયછે. **પાણી ગાળ્યાથી શુદ્ધ થાયછે** તથા **ગાળ્યા વિના પણ શુદ્ધ થાયછે.**

ગાળ્યા શિવાય પાણી શુદ્ધ કરવાની કેટલીક રીતછે.

ચાળણીમાંથી પાણીને ઉંચેથી પડવા દઇએતો તેની જુદી જુદી ધાર હવામાં કેટલેક દરજ્જે શુદ્ધ થઈ નીચે પડેછે.

પાણી મોટા વાસણમાં ઉકાળવું એટલે ક્ષારાદિ પદાર્થ જુદા પડશે અને પ્રાણીજ તથા ઉદ્ભિજ પદાર્થ બળી જશે. પાણી સ્વચ્છ કરવાનો આ એક ઉત્તમ ઉપાયછે, કોગળીયાના વખતમાં મુસાફરીમાં તથા સ્વચ્છતાઈ વિષે શક રહેતો હોયતો તેને ઉકાળ્યા પછી થંડુ કરી પીવું.

ફટકડીથી પાણી શુદ્ધ થાયછે. દર ગ્યાલન પાણીમાં સુમારે ચાર રતીભાર ફટકડી નાખીએ તો તેનો મેલ તળીયે બેસશે.

નિર્મળીનું ફળ અગર બી ઘસીને પાણીના વાંળણની અંદર લગાડયું હોય તો પાણીનો મેલ જુદો પડેછે.

પાણીમાં ચૂનાનું પાણી નાખવાથી કાર્બોલિક આસિડ સાથે તે મળી જાયછે તથા તેમાં રહેલા ક્ષાર તળીયે બેસેછે.

લોખંડનો તાર અગર કોલસાનો કકડો પાણીમાં મૂકવાથી તે મેલને શોષી લેછે અને પાણી સાફ થાયછે. પાણીમાં માછલી રાખવાથી તે શુદ્ધ રહેછે.

ઉપર કહેલા ઉપાય કરતાં પાણી ગાળવું એ ઉત્તમ રસ્તોછે.

૧. જાડા કપડામાંથી પાણીને ગાળી લેવું.

૨. રેતી અથવા કાંકરીમાંથી પાણી ગાળવું.

૩. વાદળી અગર રૂમાંથી પાણી ગાળવું.

૪. પ્રાણીજ કોલસાના ભૂકામાંથી પાણી ગાળવું.

૫. પાણી ગાળવાની ગરણી ઘણા પ્રકારની વેચાતી મળેછે, તેમાં કોલસા, રેતી સિલિકા, લોખંડ વગેરે પદાર્થ હોયછે. તેમાં થઇને પાણી પીવા લાયક થાયછે. મુસાફરીમાં આવી ગરણીઓ બહુ ઉપયોગી થઈ પડેછે.

૬ માટીની અથવા પથ્થરની ગરણી પણ થાયછે. પોચા પથરમાંથી પાણી ગળાઇને નિકળેછે.

૭ પાણી ગાળવાનો સહેલો અને સોંઘો રસ્તો એ છે કેપાણીથી માટીનું એક માટલું ભરી તેને તળીયે એક છિદ્રમાંથી દોરો લટકતો રાખવો અને તે માટલાને એક લાકડાની ઘોડી ઉપર મૂકવું; એટલે તેમાંથી પાણી ટપકશે. તેની નીચે બીજુ માટલું મૂકવું. તેમાં અડધો ભાગ રેતી અને પ્રાણીજ કોલસાની ભૂકીથી ભરવો તથા. તળીયે પુષ્કળ બારીક છિદ્ર પાડવાં. તેમાં થઇને શુદ્ધ સ્વચ્છ પાણી એક ત્રીજું વાસણ નીચે મૂકવું તેમાં પડશે. તે પીવાને માટે શ્રેષ્ટ સમજવું.

પાણી અસ્વચ્છ થવાનાં કારણોઃ—મળ મૂત્ર, જનાવરની વિષ્ટા અને મૂત્ર, વનસ્પતિ, મુએલાં જનાવર તથા નાનાં પ્રાણી; ક્ષાર, ખડી, ચુનો, તથા માગનીશ્યા તથા મીઠું; માટી, રેતી, સૂક્ષ્મ પ્રાણીજ તથા ઉદ્ભિજ પદાર્થ તથા જંતુ; સીસુ, લોખંડ વગેરે ધાતુ ઇત્યાદિ ચીજો પાણીમાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રવેશ કરેછે અને પાણીમાં થઇને મનુષ્ય દેહમાં જઇ રોગનાં કારણ થઈ પડેછે.

તળાવ તથા નદીયોમાં ઉપર કહેલા ઘણા પદાર્થ ઉઘાડી રીતે પડેછે. તેને કિનારે ઝાડો હોયછે ત્યાંજ પેશાબ કરવાની ઘણે ઠેકાણે રશમછે. તેમાં નહાવા ધોવાની પણ રીત છે, જનાવરોને તેમાં પાણી પવાયછે તથા નહવડાવાયછે. વરસાદનું તેમજ ગટરેનું પાણી પણ તેમાં જાયછે. રંગવાના, કાગળના તથા બીજા કારખાનામાંથી મેલ નદીમાં જાયછે.

છાછરે કૂવામાં પણ ગંદા પદાર્થ સહેલાઈથી પ્રવેશ કરેછે. આસપાસની જમીનમાં જાજરૂ, ગટર, કચરો, ખાતર, ગંદવાડ વગેરે હોય તેમાંથી પાણી જમીનમાં ઉતરીને કૂવાના પાણી સાથે મળેછે.

નળમાં પાણી વહેછે, તેમાં ગટરનું પાણી તેમજ ખરાબ હવા જઈ શકેછે. નળ ફૂટેલો હોય અથવા-ઊઘાડો રહે ત્યારે ખરાબ હવા પ્રવેશ કરેછે અને તે પાણી સાથે મળેછે. છાછર કૂવા, ગટર તથા જમીનમાં ડટણ જાજરૂ એ ત્રણેને લીધે પાણી ખરાબ થવા બહુ સંભવ છે.

પાણીની અંદર અશુદ્ધ પદાર્થ બે પ્રકારના હોયછે. એકતો ક્ષાર વગેરે જે તેમાં ઓગળી ગયેલો હોય તે, તથા બીજા તેમાં ફક્ત મિશ્ર થઇને રહ્યા હોય તે;—જેમ કે રેતી, માટી, વનસ્પતિ ઇત્યાદિ પાણીને ગાળવાથી તેમાં મિશ્ર થયેલા પદાર્થ જુદા પડેછે, પણ ઓગળી ગયેલા પદાર્થ જુદા નથી પડતા.

જે વાસણ અગર ટાંકીમાં પાણી ભર્યું હોય તે વખતે વખતે સાફ ન થાયતો પાણી ખરાબ થાયછે તેટલા માટે ટાંકાં અને કુવા પણ ગળાવીને સાફ રાખવાની જરૂર છે.

પાણી લઈ જવા માટે નળ લોખંડ, માટી અગર સીસાના હોયછે. તે ધાતુનો કાટ પાણીમાં દાખલ થાયછે. સીસાની ધાતુ આ પ્રમાણે પાણી સાથે શરીરમાં જાયતો તેથી શરીરને બહુ નુકશાન પહોચેછે, માટે ચાલતા સુધી પાણીના સંબંધમાં સીસાનો ઉપયોગ કરવો નહિ. એક ગ્યાલનમાં ફક્ત એક ગ્રેન સીસાનો હોય તો પણ તેનું ઝેર ચડેછે.

પાણીની પરીક્ષા.

પાણી પીવાને યોગ્ય છે કે નહિ તે ઠરાવવા સારૂ પાણીની પરીક્ષા ત્રણ પ્રકારનીછે. ૧. સ્વાભાવિક પરીક્ષા, ૨. રસાયની પરીક્ષા, ૩. સુક્ષ્મદર્શક યંત્ર વડે પરીક્ષા.

૧. સ્વાભાવિક પરિક્ષામાં પાણીના રંગ, વાસ તથા સ્વાદનો તપાસ કરવો. સારૂં પીવાનું પાણી રંગ, વાસ તથા સ્વાદ રહિત હોવું જોઇએ અને સ્વચ્છ પારદર્શક હોવું જોઇએ. બોહોળા પાણીનો રંગ જરા આસમાની લાગેછે. લીલાશપર હોય તો જાણવું કે તેમાં શેવાળ તથા વનસ્પતિ પદાર્થ છે અને પીળાશપર હોય તો પ્રાણીજ પદાર્થનું અનુમાનછે. બીલોરી કાચના પ્યાલામાં પાણી ભરીતને અજવાળામાં મૂકી જોવાથી તેનો રંગ તથા તેમાં મેલ હશે તે બરાબર જણાશે.

પાણીમાં કાંઇ બુરો વાસ હોય તો તે પીવાને અયોગ્ય સમજવું. ઉકળાવાથી પાણીનો વાસ બરાબર જણાશે.

પીવાના પાણીમાં સ્વાદ હોવો ન જોઇએ. વનસ્પતિ અને પ્રાણીજ પદાર્થથી ખરાબ સ્વાદ લાગેછે. ક્ષાર જાસ્તી હોય તો તે ખારૂં અને કડવું લાગેછે.

૨. રસાયની પરીક્ષાથી પાણીમાં ક્ષારાદિ પદાર્થ તથા પ્રાણીજ અને વનસ્પતિ પદાર્થ છે કે નહીં અગર કેટલાં છે તેનો નિર્ણય થાયછે. પાણીમાં ઓગળી ગયેલ પદાર્થ કેટલા છે અને વગર ઓગળેલા કેટલા છે તેનો નિર્ણય એક કાચના પ્યાલામાં પાણી ભરીને કેટલોક વખત તેને સ્થિર રાખવાથી થશે. નહિ ઓગળનાર પદાર્થનો જમાવ તળીયે થશે.

પાણીમાં ક્ષારાદિ પદાર્થ કેટલો છે તે શોધી કાઢવા સારૂ થોડું પાણી લઇ તેને દેવતાની ધીમી આંચથી બાળી નાંખવું અને જે રાખ બાકી રહે તેનું વજન કરવું એટલે માલુમ પડશે. પાણી ઉડી ગયા પછી જે ભાગ રહેછે તેને વધારે બાળવાથી તેમાંનો કેટલોક અસ્થિર ભાગ ઉડી જાયછે અને સ્થિર ભાગ રહેછે. સ્થિર ભાગ તેજ ખરેખરો ક્ષાર અને અસ્થિર ભાગમાં વનસ્પતિ આદિ પદાર્થની રાખ હોયછે. **એક ગ્યાલન પાણીમાં આ ક્ષારાદિ ભાગ ૩૦ ગ્રેન હોય ત્યાંસુધી તે પાણી પીવાને યોગ્યછે એમ જાણવું. તેથી કમી હોયતો વધારે સારૂં.** ક્ષારનો ભાગ થોડો વધારે હોય તોપણ બહુ નુકશાનકારક નથી. નુકશાનનો આધાર ક્ષારની જાતિ ઉપરછે. કાર્બોનેટ આવલાઇમ બહુ નુકશાન કરતા નથી,

પણ સલ્ફેટ આવ લાઇમ અગર માગનીશ્યા હોય તો તંદુરસ્તીને માફક નથી આવતો. પાણીને ઉકાળવાથી કાર્બોનેટ આવ લાઇમ જુદો પડે છે, પણ માગનીશ્યા તથા લાઇમ સલ્ફેટ જુદો પડતો નથી, તેથી રાંધવા તથા ધોવાના કામને માટે તે ક્ષારવાળુ પાણી અ-યોગ્ય થઈ પડેછે.

ક્ષારના પ્રમાણમાં પાણી હલકું અગર ભારે કહેવાયછે. તેનો નિર્ણય સાબુથી થાય છે. સાબુ શુદ્ધ પાણી સાથે મળે તો તેનું તરત ફીણ બંધાયછે. પણ જો તે પાણીમાં ક્ષા-રના ભાગ હોય તો તે ક્ષાર સાબુ સાથે મળી ફીણને બદલે ચોથાપાણી થાય છે. સાબુ અને ક્ષારનો રસાયની સંયોગ થાય છે. ક્ષારના સર્વ ભાગ સાબુ સાથે મળી ગયા પછી વધારે સાબુ થાય તેનું ફીણ બંધાયછે.તેઉપરથી ફીણ થવા પહેલાં ક્ષારને ખાઈ જવામાં કેટલો સાબુ જોઇએ છે તે ઉપરથી ક્ષારના ભાગની ગણત્રી થાયછે.

પાણીમાં ક્ષાર સિવાય પ્રાણીજ તથા ઉદ્‌ભિજ પદાર્થ કેટલોછે તે જાણવું વધારે મહત્વનું છે કેમકે તેનાથી શરીર પ્રકૃતિને વધારે હાનિ પહોચે છે. આ વર્ગના પદાર્થમાં નાઇટ્રોજન વાયુનો ભાગ હોયછે, અને રસાયની દ્રવથી પાણીમાં "નાઇટ્રેટસ" નાઇટ્રાઇ-ટસ" તથા આમોન્યાનો અંશ કેટલો છે તે શોધી શકાય છે. તે ઉપરથી પાણીમાં ગટરા-દિ મળ, મૂત્ર, વિષ્ટા, વનસ્પતિ વગરે ગંદવાડનો કેટલો ભાગ છે તેનો ક્યાસ થઈ શકેછે. એ શોધી કાઢવાના પ્રયોગ અહી આપતાં ઘણું લંબાણ થાય અને તે તૈયાર કરવા તથા વાપરવામાં ઘણા અનુભવની જરૂરછે. પાણી પીવાને માટે યોગ્ય છે કે નહી તે ઠરાવવાનો મોટો આધાર આમોન્યા ઉપર છે. આમોન્યા બે પ્રકારનો છે:—"ફ્રીઆમોન્યા" તથા "આલબ્યુમીનોઇડ આમોન્યા". ફ્રીઆમોન્યા વનસ્પતિ વગરે પદાર્થમાંથી નીકળેછે, પણ આલબ્યુમીનોઇડ આમોન્યા વિશેષ ગંદકી વાળા પદાર્થ હોય તેમાંથી આવેછે માટે તેના પ્રમાણ ઉપર વધારે લક્ષ આપવામાં આવેછે. પાણીના દસલાખ ભાગમાં તેનું પ્ર-માણ $\frac{૧}{૧૦}$ અથવા તેથી કમી હોય તો તે પાણી વાપરવામાં બાધ સમજવો નહિ. તેટલા પાણીમાં $\frac{૧}{૧૦}$ "આમોન્યા" હોય તો તે વાપરવામાં દહેશત રહેછે અને $\frac{૧}{૧૦}$ થી વધારે હોય તો તે પાણી ખાવા પીવા માટે બિલકુલ વાપરવું નહી.

વનસ્પતિ પદાર્થ કરતાં પ્રાણીજ પદાર્થ તંદુરસ્તીમાં વિશેષ બગાડ કરનાર છે. જે પાણીમાં આમોન્યા વિશેષ હોય તે પાણી સાથે ગટર, વિષ્ટા, જાજરૂ અગર બીજી ગં-દકીને કાંઈક સંબંધ છે એમ નકી જાણવું.

૩. સુક્ષ્મદર્શક યંત્રથી પાણી માંહેલા પદાર્થના પરમાણું માલુમ પડેછે, જેમકે રેતી, માટી, કેશ, રૂ (કપાસ)નાં તંતુ, વનસ્પતિ ધુપ, મૂએલા કીડાના ભાગ, જીવતી વનસ્પતિ તથા સુક્ષ્મ પ્રાણી. ગંદા બંધાતા પાણીમાં આવા પદાર્થનો ઘણો ભાગ હોયછે. પાણી મારફત કમી તથા બીજાં જીવડાં, જેમકે ખુસ, વાળો ઈત્યાદિનાં ઇંડાં માણસના શરીર-માં પ્રવેશ કરેછે.

ખરાબ પાણીથી થતા રોગ:—માણસને જોઇએ તેટલું પાણી ન મળેતો ગદકીમાં વધારો થાયછે અને રોગની ઉત્પતિના કારણોમાં વધારો થાયછે. પીવાને માટે જેટલું

જોઇએ તેટલું ન મળેતો સ્નાયુ તથા મનનો વેગ કમી થાયછે અને બીલકુલ પાણી બંધ થાય, તો દુઃખદાયક મૃત્યુ નીપજે છે. શુધ પાણી શરીરને સુખ કરેછે અને અશુદ્ધ પાણી શરીરને બગાડેછે. પ્રથમ કેટલાક રોગનાં કારણ માલુમ નહોતાં પડતાં તેનું કારણ ખરાબ પાણીછે એમ હાલના કાળમાં સાબીત થયુંછે, અને આગળ ઉપર વિશેષ શોધથી પાણીની મારફત ધાર્યા કરતાં વિશેષ રોગ થાયછે તેમ સમજાશે. તેથી તેનો અટકાવ કરવાનું બની આવશે એમ અનુમાન થાયછે પાણીમાંહેલા પ્રત્યેક અશુદ્ધ પદાર્થથી શા શા રોગ થાયછે એ ખાત્રીથી કહી શકાતું નથી, તો પણ ઘણા રોગ પાણીથી થાયછે એવા ખાત્રી લાયક પુરાવા મળી આવેછે. કેટલીકવાર ખરાબ પાણીને લીધે ચોકસ રોગ ન થતાં ફક્ત શરીર નબળું અને અશક્ત થાયછે તથા હરકોઈ બ્યાધિ ગ્રહણ કરવાને લાયક થઇ પડેછે.

૧. **અજીર્ણ**:—પાણીમાં ક્ષારનો ભાગ વિશેષ હોયતો તેથી અજીર્ણ, મળાવરોધ, અરૂચિ, અગ્નિમાંદ્ય, વગેરે રોગ થાયછે.

૨. **અતિસાર** અથવા ઝાડો પાણીના દોષને લીધે થાયછે. પાણીમાં ક્ષારાદિ ખનિજ પદાર્થ, મળ મૂત્રાદિ વિષ્ટા, ગટર માંહેલા નર્ક તથા વનસ્પતિનો ભાગ હોય તો તે પાણીથી ઝાડો થાયછે.

૩. **મરડો** પણ તેવા પાણીના વિકારથી થાયછે. ઘણા લોકોને એકાએક ઝાડો અથવા મરડો થાય તો તે પાણીના દોષથી થાયછે. એમ અનુમાન થાય છે. કેટલેક ઠેકાણે દર વરસે આ રોગ ઉત્પન્ન થાય છે અને તે ઘણું કરી વરસાદનું નવું પાણી આવ્યા બાદ થાય છે.

૪. **કોગળીઆના** ભયંકર રોગની ઉત્પતીનું કારણ ખરાબ પાણી છે એમ ઘણી વખત નિઃશંશયપણે સિદ્ધ કરવામાં આવેલછે. આ રોગ ઘણુંકરી પ્રાણીજ દ્રવ્યથીથાયછે.

૫. "**ટાઇફાઇડ ફીવર**" નામે તાવ પણ પાણીની મારફત ઘણીવાર થાય છે. આ તાવ વિશેષ યૂરોપ ખંડમાં જોવામાં આવે છે. ઉપરના બેઉ રોગનો પ્રસાર વિષ્ટાને લીધે મુખ્યત્વે કરી થાયછે. જમીન અગર ગટરમાંથી તેનો કંઈપણ ભાગ પીવાના પાણી સાથે મળે તો તે પાણીથી એ રોગ અવશ્ય થાયછે. હજારો ગ્યાલન પાણીમાં તે રોગના વિષનો લેશ માત્ર મળ્યો હોય તો તે સર્વ પાણી ઝેરી થઈ જાય છે. માટે હમેશાં આવા રોગીની વિષ્ટા નદી, તળાવ, ટાંકાં અગર કૂવાના પાણીમાં ન જાય તેવી વિશેષ સાવચેતી રાખવી જોઇએ.

૬. **વિષમજ્વર** તથા **ટાઢીઆતાવ** પણ ખરાબ પાણીથી ઉત્પન્ન થાયછે. કેટલાક જંગલ અને ગામોમાં આવા તાવ હમેશાં રહે છે, અને તેમની ઉત્પત્તિનું મુખ્ય કારણ વનસ્પતિ છે. ઘણા લોકને એકજ વખતે તાવ આવે તો તેમાં પાણીનો સંબંધ છે એમ સમજવું.

૭. **ગલગંડ** નામે રોગ ખરાબ પાણીથી થાયછે. જે પાણીમાં "કાલસ્યમ" અને "માગનીસ્યમ સૉલ્ટ" વિશેષ હોય તે પાણીથી આ બ્યાધિ થાય છે.

૮. **પથરીનો રોગ** જ્યાંના પાણીમાં ક્ષારનો ભાગ વિશેષ હોય અને પાણી ભારે હોય ત્યાંના લોકમાં વિશેષ જોવામાં આવેછે.

૯. **ત્વચાના** પુષ્કળ રોગ પાણીને લીધે થાયછે જેમકે ખસ, દાદર, (દરાજ) વાળો ઇત્યાદિ.

૧૦. પાણીની મારફત **કૃમિ રોગ** થાયછે. આંતરડાંના કરમ કાળજાના કરમ તથા બીજા જંતુના સુક્ષ્મ ઇંડાં પાણી વાટે પેટમાં જઇને વૃદ્ધિ પામેછે.

૧૧. પાણીની મારફત **સીસું** અને ક્વચિત **પારો**, તાંબુ તથા **સોમલ** પણ શરીરમાં પ્રવેશ કરેછે અને તેમના ઝેરની અસર થાયછે. ટાંકી, નળ, વગેરેના કામમાં સીસું વપરાય છે તેથી તે ધાતુના ઝેરના ઘણાક ઉદાહરણ મળી આવેછે. સીસાને લીધે પેટમાં ચુંક તથા હાથનો વાયુ થાયછે.

૧૨. જે દેશનું પાણી ખરાબ હોય ત્યાંના લોક હમેશાં નબળા તથા કમજોર હોય છે. તેમનું લોહી ફીકું તથા શરીર કૃશ હોયછે.

પાણીનું પૃથકકરણ.

	એક ગ્યાલનમાં ગ્રેન.						દસલાખ ભાગમાં આમોન્યા.		
		મીઠું.	ગંધક.	ચૂનો.	માગનીશ્યા.	સિલિકા.	ફ્રી આમોન્યા.	આ. આમોન્યા.	નાઇટ્રેટસ અને નાઇટ્રાઇટસ.
અમદાવાદની સાબરમતીનું પાણી.	૩૫.૧૬	૯. ૭	૨. ૩	૬. ૫	૯. ૧	૨. ૮	.૦૯	.૧૩	૧. ૨
પંચકુવાનું પાણી.	૮૫. ૪	૧૯. ૫	૮. ૫	૧૭. ૨	૬	૨. ૫	.૧૭	.૧૭	૪. ૫
કાશીરામની પોળનો કુવો.	૧૧૧.૧૬	૨૭.૭૭	૧૨.૩૦	૧૫.૬૬	૪.૬૪	૩.૦૮	.૧૪	.૧૯	૫.૧૦

ખોરાક.

(કુ૦.)

શરીરનો ત્રીજો આધાર ખોરાકછે. સર્વ દેશના માણસોને હવા તથા પાણી એક સરખાં મળેછે અગર તેમાં કાંઈ જુજ તફાવત હોયછે, પણ ખોરાકની તરેહ ઘણી જોવામાં આવેછે. દેશ દેશમાં ખાવાની મોજો જુદી જુદી જણાયછે. એક ઠેકાણે લોક ફક્ત માંસ ખાઈ રહેછે તો બીજે ઠેકાણે માત્ર વનસ્પતિ ખાઈ રહેછે; કોઈ ફળ ઉપર રહેછે

તો કોઈ ચોખા ખાયછે. તે પ્રમાણે નાગલી, જાર, બાજરી, કોદરા, મકાઈ, બંટી, ચણા, તુવર, મસુર, વાલ, ચોળા, મઠ, કળથી, અડદ, ઇત્યાદિ વિષે સમજવું. આ પદાર્થના દેખાવમાં બહુ ફેર માલૂમ પડેછે તથાપિ તેમના તત્વનો વિચાર કરીશું તો સર્વનાં તત્વ ઓછા વત્તા પ્રમાણમાં એકજછે અને તેથીજ એક પદાર્થની જગો બીજા અનાજથી પૂરી પડી શકેછે.

અનાજથી શરીરનું પોષણ થાયછે. તેમાંથી શરીરની વૃદ્ધિ થાયછે. હાડકાં, માંસ, ત્વચા વગરે તેમાંથી બનેછે, એટલુંજ નહિ, પણ શરીરની ગરમી, ચૈતન્ય, તથા ગતિનો આધાર ખોરાક ઉપરછે, ગતિ, ગરમી તથા ચૈતન્યના પ્રમાણમાં શરીરને ખોરાકની જરૂર પડેછે.

ખોરાકના વિભાગ ચારછેઃ—૧. નાઇટ્રોજનવાળા પદાર્થ. ૨. કાર્બોનવાળા પદાર્થ. ૩. ક્ષાર. ૪. પાણી.

નાઇટ્રોજનવાળા પદાર્થઃ—એ પદાર્થ શરીરના, પોષણ તથા વૃદ્ધિને જરૂરનાછે. શરીર ક્રિયાનો આધાર તેમનાપરછે. શરીરને શ્રમ પડે તેના પ્રમાણમાં આ વર્ગના પદાર્થનો ખપ પડેછે. શરીરના સર્વ ભાગમાં નાઇટ્રોજન રહેલોછે ફક્ત ચરબીમાં નથી. માંસમાં નાઇટ્રોજનનો ઘણો ભાગછે. આલબ્યુમીનના વર્ગના સર્વ પદાર્થમાં નાઇટ્રોજન છે. આલબ્યુમીન, ફિબ્રિન, કેઝીન, ગ્લ્યુટીન, (ઘઉનું સત્વ) લેગ્યુમીન (ચણા, વાલ ઇત્યાદીનુ સત્વ) વગેરે આ વર્ગમાં આવેછે. જેમાં નાઇટ્રોજન બિલકુલ નહિ હોય એવાં અનાજ થોડાંજ હોયછે.

કાર્બોનવાળા પદાર્થઃ—એ પદાર્થ ખાવાની બે પ્રકારની ચીજોમાં આવેછે. એક તો ચરબી જેવી ચીજ, જેમકે ચરબી, ઘી, તેલ વગરે તથા બીજી સાકરને અનુસરતી ચીજો, જેમકે સાકર, ખાંડ, ગોળ, આરારોટ, સાબુચોખા, ચોખા વગેરે, ચોખા, આરારૂટ, બટાટા વગેરે ચીજના સત્વને "સ્ટાર્ચ" કહેછે. કાર્બોનવાળા પદાર્થનો મૂખ્ય હેતુ ગરમી પેદા કરવાનોછે. તેમજ શરીરમાં ચરબી પેદા થાયછે તેથી શરીરને સરખાઈ મળેછે.

પાણીને લીધે લોહી ફરી શકેછે, શરીર માંહેલા સર્વ ફેરફારો પાચન ક્રિયા વગેરે થાયછે તેમજ રસ પેદા થાયછે.

ક્ષારઃ—હાડકાંને ઉપયોગીછે. તેમજ તે શરીરના બીજા ભાગોમાં પણ હોયછે.

શરીર સુખ માટે આ ચારે વર્ગના પદાર્થની આવશ્યકતા છે. તેમાંથી હરકોઈ વર્ગનો ખોરાક બાદ કરવામાં આવે તો આદમી તંદુરસ્ત હાલતમાં લાંબો વખત જીવી શકે નહી. એક સારા તંદુરસ્ત આદમીને તે માંહેલા દરેક ખોરાકની દરરોજ કેટલી જરૂરછે તે નિચે પ્રમાણેઃ—

(પાણી વિના વજન)	ઔંસ.	પ્રમાણ.
નાઇટ્રોજનવાળા પદાર્થ.	૪.૫૮	૧
ચરબીવાળા.	૨.૯૬	.૬
સાકરાદિ ચીજો.	૧૪.૨૫	૩
ક્ષાર.	૧.૦૫	.૨
	૨૨.૮૪	૪.૮

આવજન પાણી વિના સૂકા ખોરાકનું છે. પણ હમેશાં ખોરાકની સાથે પાણી હોય છે.તે સુધાં ગણીએ તો સુમારે ચાળીશ ઔંસ ખોરાક જોઇએ. તે સિવાય પીવાને પાણી ૫૦ થી ૮૦ ઔંસ દર દિવાસમાં જોઇએછે. સર્વે માણસનો ખોરાક થોડો કમી જાસ્તી હોયછે. તેનું કારણ તેમના શરીરનો બાંધો, મહેનત તથા દેશની હવાછે. થંડા મૂલકમાં ગરમ દેશ કરતાં થોડો વધારે ખોરાક જોઇએ છે.

નીચેની ચીજોમાં કાર્બોન તથા નાઇટ્રોજન કેટલોછે તેનું કોષ્ટકઃ—

ખોરાકનું નામ.	દરેક પૌંડમાં ગ્રેન. કાર્બોન.	નાઇટ્રોજન.
ચોખા	૨૭૩૨	૬૮
સાકર	૨૬૫૫	......
ગોળ	૨૩૯૫	......
બટેટા	૭૬૯	૨૨
દૂધ	૫૦૯	૪૪
બકરાનું માંસ	૧૯૦૦	૧૮૯

ઉપરના કોષ્ટક ઉપરથી દરેક પદાર્થમાં નાઇટ્રોજન તથા કાર્બોનનું પ્રમાણ જણાયછે અને એ ઉપરથી દરેક ચીજનું વજન ખોરાકને માટે કાઢી શકાયછે. માણસને કેટલો ખોરાક જોઇએ તે જાણવામાં આવે એટલે તે ઉપરથી નીકળી શકે. વળી એક પદાર્થને ઠેકાણે બીજો પદાર્થ વાપરવો હોય તો તેનું પણ પ્રમાણ કાઢી શકાય.

આગળ કહ્યુંછે કે મહેનતના પ્રમાણમાં માણસને ખોરાકની જરૂર પડેછે. જે આદમી બેઠી રહેતો હોય તેના કરતાં એક મજુરને જાસ્તી ખોરાક ખાવા જોઇએ, કેમકે કામ કરવામાં જે જોર પડેછે તેના પ્રમાણમાં શરીરના સ્નાયુના પરમાણુનો નાશ થાયછે અને તેની જગો પૂરી પાડવાને પૂરતો ખોરાક લેવા જોઇએ. એક આળસુ, સાધારણ મહેનતુ તથા ઘણો મહેનતુ હોય તેને કેટલો ખોરાક દરરોજ જોઇએ તેનું પ્રમાણઃ—

	નાઇટ્રોજન. ઔંસ.	કાર્બોન. ઔંસ.	નાઇટ્રોજન. ગ્રેન.	કાર્બોન. ગ્રેન.
આળસુ આદમી	૨.૯૭	૧૯.૬૧	૧૮૦	૩૮૧૬
સાધારણ મહેનતુ	૪.૫૬	૨૯.૨૪	૩૦૭	૫૬૮૮
ઘણો મહેનતુ	૫.૮૧	૩૪.૯૭	૩૯૧	૬૮૨૩

મોટાં કારખાનાં, કેદખાનાં વગેરે ઠેકાણામાં ઘણા આદમી હોય છે. ત્યાંના અનુભવ ઉપરથી સરાસરી લઈ ઉપરનાં કોષ્ટક બનાવવામાં આવેલાં છે. જેટલી મહેનત તેટલો ખોરાક જોઇએ. એંજીન પાસે જેટલું કામ કરાવીયે તેના પ્રમાણમાં કોલસા જોઇએ છે. તેમ શરીરને જેટલી મહેનત પડે તે પ્રમાણે ખોરાકની જરૂર પડેછે.

મહેનતને લીધે જેટલા નાઇટ્રોજનનો નાશ થાયછે તે પેશાબમાં યુરીયા તરીકે જાયછે. તેની ગણત્રી કરતાં માલુમ પડેછે કે જેમ કામ થોડું હોય તેમ યુરીયા થોડો પેદા થાય છે અને જેમ વધારે કામ હોય તેમ યુરીયા વધારે નીકળે છે, અર્થાત ખોરાકની સાથે તે સરખું પ્રમાણ રાખેછે

પુરૂષને ખોરાક જોઇએ તે કરતાં સ્ત્રીને સુમારે $\frac{1}{10}$ ભાગ કમી જોઇએ છે.

છોકરાંને નવ વરસની ઉમર સુધી દુધ તથા "સ્ટાર્ચ"વાળો ખોરાક વિશેષ આપવો

જોઇએ. દશ વરસની ઉમરે સ્ત્રી કરતાં અર્ધું ખોરાકની તેને જરૂર પડેછે, અને ચઉદમે વરસે સ્ત્રી જેટલો ખોરાક જોઇએ છે.

ખોરાકમાં હમેશાં આગળ કહેલુંછે તે પ્રમાણમાં તત્વો હોવાં જોઇએ, એટલે એકસો ભાગમાં ૨૨ ભાગ નાઇટ્રોજન વાળો પદાર્થ, ૯ ભાગ ચરબી એટલે તેલાદિક ચીજ, અને ૬૯ ભાગ સાકર સ્ટાર્ચવાળી ચીજો હોયછે.

ખોરાક વનસ્પતિ પદાર્થનો હોય અગર માંસવાળો હોય તોપણ શરીરના પોષણને માટે તત્વોનું પ્રમાણ તેજ પ્રમાણમાં જોઇએ. જે તત્વો માંસમાં રહેલાંછે તેનેજ લગતા અન્યોઅન્ય તત્વો વનસ્પતિ પદાર્થમાં રહેલાંછે. માટે વનસ્પતિ ખાનારનું તેમજ માંસાહારીનું પોષણ એક સરખું થાયછે. એક ચીજમાં ચરબી વધારે, જેમકે ઘી અથવા માખણ; તો બીજામાં નાઇટ્રોજન વિશેષ જેમકે ઘઊં અગર માંસ. ચોખામાં સ્ટાર્ચનો ઘણો ભાગછે. પણ ખોરાકમાં સર્વ પદાર્થ મળી તત્વોનું જોઇએ તેવું સરખું પ્રમાણ થઈ રહે છે, અને થઈરહેવું જોઇએ. જોઇએ તેના કરતાં તત્વનું પ્રમાણ વિશેષ હોય તો તે વ્યર્થ જાયછે અગર તેનાથી વ્યાધિ થાયછે. ખોરાક વિશેષ હોય અને શ્રમ થોડો હોય તો મેદોવૃદ્ધિ થાયછે. તેથી પેટનો ફાંદો તથા અવયવો ફુલી આવેછે. ઘી તેમજ તેલાદિક પદાર્થ વિશેષ ખાવાથી ચરબીમાં વધારો થાયછે.

હમેશના ખાવાના ખોરાકમાં આ ચાર તત્વોના પદાર્થો હોવા જોઇએ, એટલુંજ નહિ પણ ખાવાની ચીજોમાં પણ ભિન્નતા જોઇએ. એકજ પદાર્થ હમેશા ખાવામાં આવે તો તેપર રૂચિ રહેતી નથી. માટે ભોજનના પદાર્થ હમેશાં જુદી જુદી જાતના જોઇએ. અને તેમ થવામાં મીઠું, મરચાં, મશાલાની મદદ ઉપયોગી થઈ પડેછે. જો લૂખું ખાવાનું હોય તો થોડું ખવાય છે, પણ તેની સાથે શામગ્રી હોય તો ખોરાક સારી પેઠે ખવાય છે. માટે ભોજનમાં ઉપપદાર્થની મદદ અવશ્ય છે. ખટાઇ, મરચું, ચટણી, મશાલો વગેરે કેવળ ધિક્કારવા લાયક નથી.

વળી ખોરાકની કેળવણી એટલે રાંધીને તૈયાર કરવાની રીત પણ ઉત્કૃષ્ટ હોવી જોઇએ. એકજ પદાર્થને બરોબર તૈયાર કરવામાં આવે તો તે બમણો ખવાય છે અને જો તે બરાબર રંધાય નહીં તો મોઢામાં ઘાલવો પણ ગમતો નથી. વળી ખોરાક બરાબર રંધાયો હોય તો તે સારી રીતે પાચન થાય છે અને ઠીક રાંધવામાં ન આવે તો પાચન થતો નથી.

આદમીને દરરોજ ત્રણ વખત ખોરાક મળે તો શરીરની પ્રકૃતિ સુખાકારી રહેછે. સવારમાં સાત આઠ વાગતાં, બપોરના અગિઆર બાર વાગતાં અને સાંજના સાત વાગતાં, એ પ્રમાણે ત્રણ વખત ભોજનની જરૂર છે. તથાપિ આ બાબતમાં ટેવ ઉપર આધાર વધારે છે. આ દેશમાં ઘણા આદમી બે વખત ભોજન લે છે. પણ મહેનતુને ત્રણ ટંક અવશ્ય છે. વખતને માટે પણ ટેવ ઉપર આધાર છે. માણસને જે વખત જમવાની ટેવ હોય તે વખત હમેશા સંભાળવો જોઇએ. જો આ વખતની બાબતમાં અનિયમિતપણું રહેતો વહેલી મોડી અપચાની શિક્ષા થયા વગર રહેતી નથી. માટે દરેક આદમીએ પોતાનો જમવાનો કાળ નહિ ચૂકવાની ફરજ સમજવી જોઇએ.

ખાવામાં હમેશાં તાજી શાક ભાજી—બટાટા, કાંદા, દૂધી, સૂરણ, ચીભડાં, ભીંડાં, ઇત્યાદિની અવશ્ય જરૂર છે. લીલોતરી ન ખવાય તો રક્તદોષ થાયછે.

કાર્બોનવાળા પદાર્થમાં ચરબી અને સ્ટાર્ચની ચીજો આવેછે. થંડા મૂલકમાં ચરબીના પદાર્થ વાપરવાની જરૂરછે. અને ગરમ દેશમાં સ્ટાર્ચની ચીજો વાપરવાની જરૂરછે. તેમજ વળી શીયાળામાં ઘી, માખણ અને તેલની જરૂરછે તથા ઊનાળામાં ચોખા જેવી સ્ટાર્ચની ચીજની વિશેષ જરૂર છે.

ખાવાની ચીજો પાચન થવામાં ભારે કે હલકી હોય છે. કેટલાક પદાર્થ પચવા બહુ મુશ્કેલ પડે છે અને કેટલાક સહેલાઇથી પચે છે. તેનો આધાર તે પદાર્થની જાતિ ઉપર, રાંધવા ઉપર તથા આદમીની જઠરાગ્નિ ઉપર છે.

કાચું અનાજ તથા ફળફળાદિ બરાબર પાચન થતાં નથી.મહેનતું માણસ ભારે ખોરાકને પણ ગટ કરી જાયછે.અને કેટલાક શ્રીમંતને દાળ ભાતનો પણ અપચો થાયછે. આજારી માણસનો જઠરાગ્નિ મંદ હોયછે,અને તેથી તેને હમેશાં તેની રૂચિ માફક હલકો ખોરાક આપવો.

નીચેના પદાર્થમાં નાઇટ્રોજન વગેરે કેટલું છે તેનું કોષ્ટક તેમની સ્વભાવિક સ્થિતીમાં.

	એકસો ભાગમાં					એક આંઉસમાં ગ્રેન			
	પાણી.	નાઇટ્રોજન પદાર્થ.	ચરબી.	સ્ટાર્ચાદિ.	ક્ષાર.	પાણી.	નાઇટ્રોજન.	કાર્બોન.	ક્ષાર.
ઘઉનો લોટ	૧૫	૧૧	૨	૭૦.૩	૧.૭	૬૫.૬	૭૬	૧૬૯	૭૪
ચોખા	૧૦	૫	૮	૮૩.૨	૦.૫	૪૩.૭	૩.૫	૧૭૬	૨.૨
મકાઈ	૧૩.૫	૧૦	૬.૭	૬૩.	૩	૫૯	૭	૧૭૬	૬
વાલ	૧૫	૨૨	૨	૫૩.	૨.૪	૬૫.૬	૧૫	૧૬૧	૧૦
બટેટા	૭૪	૧.૫	.૧	૨૩.૪	૧	૩૩૪	૧	૪૯	૪.૪
દુધ	૯૦	૩	૨.૫	૪	.૫	૩૯૦	૨.૭	૩૦.૮	૨.૬
સાકર	૩	...	...	૯૬.૫	.૫	૧૩	...	૧૮૭	૨
માંસ	૭૫	૧૫	૮.૪	...	૧.૬	૩૨૮	૧૧.૪	૬૪	૭
બાજરી	૧૧.૮	૧૦.૧૩	૪.૬૨	૭૧.૭૫	૨.૬				
જુવાર	૧૧.૯૫	૮.૬૪	૩.૯	૭૫. ૪	૧.૭				
ચણા	૧૧.૩૯	૨૨.૭૦	૩.૭૬	૬૩.૧૮	૨.૬૦				
અડદ	૧૨.૪૪	૨૪.૭૩	૧.૩૬	૫૮.૭૬	૩.૧૭				
તુવેરદાળ	૧૦.૬૩	૨૨.૧૮	૧.૯૫	૬૨.૧૩	૩.૧૧				

પાચન થવામાં ચોખા બહુ હલકાછે. કલાક દોઢ કલાકમાં તે હોજરીમાં પાચન થઇ શકેછે. પણ તેમાં શરીરને પોષણ કરતા ભાગ થોડોછે, ફકત સૈકડે પાંચ ભાગછે. તેથી જે લોક ફકત ભાત ઉપર નિર્વાહ કરેછે તેમને ઘણો ભાત ખાવો પડેછે. નવા ચોખા ખાવાથી અજીર્ણ તથા ચુંક થયછે, માટે બને ત્યાં સુધી જુના ચોખા ખાવા. ચોખા સફેદ કરવા સારૂ તેને ચુનો અથવા આટો લગાડવામાં આવેછે.

સાબુ ચોખા, ટાપીયોકા, તથા આરારૂટને પાચન થતાં ભાત કરતાં કાંઇક વધારે વખત લાગેછે. આ ત્રણે પદાર્થ કેટલાંક ઝાડમાંથી થાયછે. તેમાં કેવળ સ્ટાર્ચનો ભાગછે. પાચન થવામાં હલકાં તેથી આજારી તથા બચ્ચાંઓને આ ચીજો ઉપયોગી છે. તેમાં બટાટાનો ભેગ કરવામાં આવેછે.

બાજરી, જુવાર, જવ, મકાઇ અને ઘઊં અનુક્રમ પ્રમાણે પાચન થવામાં ભારેછે. ઘઊંની અંદર સૈકડે ૧૫-૨૦ ભાગ પૌષ્ટિકછે અને જુવાર બાજરીમાંથી દસથી બાર ભાગ પૌષ્ટિકછે.

ઘઉના લોટમાં બીજાં હલકાં ધાન્યના આટાનો ભેગ કરવામાં આવેછે; જેમકે બાજરી, મકાઇ, જવ, બટાટા, જુવાર, ચોખા, અળશી ઇત્યાદિ. તેમજ કાંકરી, ધૂળ, ફટકડી, વગેરેનો પણ ભેગ થાયછે,

ઘઊંના એક સો ભાગમાં ૮૦ ભાગ સારો આટો નીકળેછે અને સુમારે ૧૯ ભાગ થૂલી નીકળેછે. ઘઉં રાતા અને કઠણ હોયછે અથવા પોચા અને સફેદ હોયછે. કઠણ ઘઉમાં પૌષ્ટિક ભાગ વિશેષછે. ઘઉની થૂલીમાં પણ પૌષ્ટિક ભાગ ઘણોછે પણ તે પચવામાં મુશ્કિલછે અને તે આજારી આદમીને આપવી નહિ જોઇએ. ઘઊંનાં ઘણાં પકવાનો કરવામાં આવેછે. રાબ, રોટલી, પૂરી, શીરો, લાડુ કંસાર, પૂરણપોળી, ગોળપાપડી ઇત્યાદિ થાયછે, અને તે અનુક્રમ પ્રમાણે પચવામાં ભારેછે.

એક શેર લોટની રોટલી કરીએ તો વજનમાં ૧½ થી ¼ થાયછે. ઘઊંમાં ચરબી તથા ક્ષારનો ભાગ થોડોછે, તેથી જેને એકલા ઘઊં ઉપર રહેવું હોય તેને ઘી તથા ક્ષાર લેવાની જરૂરછે.

ઘઊંને ઠેકાણે જે મૂલકમાં ધાન્યની છત હોય તે પ્રમાણે બાજરી, જુવાર, જવ, મકાઇની રોટલી કરી ખાવામાં આવેછે, તેથી પણ શરીરનું પોષણ સારૂં થાયછે. આ દેશમાં ગરીબ લોક બાજરી, જુવાર, તથા મકાઇ ઉપર નિર્વાહ કરેછે. બાજરી પચવામાં ઘઊં કરતાં સહેલીછે.

તુવરની દાળ, ચણાનીદાળ, મગ, અડદ, વાલ, ચોળા, કળથી વગેરે રોટલા અથવા ચોખાની સાથે દાળને ઠેકાણે વપરાયછે. આ સર્વ ધાન્ય બહુ પૌષ્ટિક છે. તેમાં દરેકની અંદર વીસ ઉપરાંત પૌષ્ટિક ભાગછે.

દરેકનું પ્રમાણ કોષ્ટક જોવાથી માલુમ પડશે. તુવેર આખી અથવા તેની દાળ કરીને ખપમાં લેવાયછે. બીજી દાળ કરતાં તુવેરનીદાળ બહુ વપરાયછે. ખીચડીમાં પણ કેટલેક ઠેકાણે તુવરની દાળ વપરાયછે, અને ઘણે ઠેકાણે મગની દાળ વપરાયછે.

ચણા, તેની દાળ તથા તેનો લોટ વપરાયછે. તેમાં સેકડે ૨૨ ભાગ પૌષ્ટિકછે. શાક દાળ, કઢી, લાડુ, કંદોઇની દુકાનનું વસાણું તથા બીજાં પકવાનમાં ચણાનો ખપ પડેછે. ચણાની સાથે પણ ઘી અગર તેલનો ખપ વિશેષ પડેછે, કેમકે તેની અંદર ચરબીનો ભાગ ઘણો થોડોછે.

દૂધ બહુ ઉપયોગી છે. તેની અંદર પોષણ માટે ચારે પ્રકારનાં તત્વછે. સ્રીનું દૂધ, ગધેડીનું દૂધ, બકરીનું દૂધ, ગાયનું દૂધ અને ભેંશનું દૂધ, એ અનુક્રમ પ્રમાણે એકેકથી વધારે પૌષ્ટિક તેમ પચવામાં વધારે ભારેછે, ગાયનું દુધ મોટા આદમીના ઉપયોગમાં સાધારણ આવેછે. તેનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૦૩૦ ડીગ્રીનુંછે, દુધના એકસો ભાગમાં દશ ભાગ જડ પદાર્થના તથા ૯૦ ભાગ પાણીનાછે. જો કોઈ મોટા આદમીને ફક્ત દુધ ઉપરજ રહેવું હોય તો તેના પોષણ માટે ૧૨-૧૩ શેર દુધની જરૂરછે. બકરી તથા ગધેડીનું દુધ નાનાં બચ્ચાંને વિશેષ માફક આવેછે. તેમને માટે ગાયનું દુધ વાપરવું હોય તો થોડી સાકર તથા પાણી તેમાં ઉમેરવાં પડેછે.

દુધ કેટલોક વખત રહેવાથી બગડી જાયછે. આજારી અથવા તરત વીયાએલી ગાયનું દુધ જલદીથી બગડેછે.

દુધ રાખી મુકવું હોય તો તેને ગરમ કરીને રાખવું. ગરમ કરેલા દુધમાં થોડી સાકર અગર થોડો સોડા મેળવ્યો હોય તો દસ પંદર કે તેથી વધારે દીવસ દુધ રહેછે. તે પ્રમાણે દુધ વિલાયતથી અહી લાવી વેચાયછે. તેમાં હવાનો પ્રવેશ નહી થવો જોઇએ.

દુધમાં મૂખ્ય ભેગ પાણીનો થાયછે. વિશિષ્ટ ગુરૂત્વ માપવાના સાધનથી તે જણાયછે. પાણી મેળવ્યાથી વિશિષ્ટ ગુરૂત્વ કમી થાય છે.

સ્ટાર્ચ, ગુંદર, આટો, ચાક, ખડી, તથા સોડાનો ભેગ પણ થાયછે. પાણી ઉમેરવાથી દુધ પાતળુ થાય તે સંતાડવા સારૂ આવા પદાર્થનો ભેગ કરેછે; તે દુધને ઉકાળવાથી માલમ પડી આવશે

કેટલાક દુધની મલાઈ કાઢી લઇને વેચેછે. તેવા દુધમાં પૌષ્ટિક ભાગ ઓછો હોયછે ઘીમાં ચરબી અથવા ખોપરેલ તેલનો ભેગ થાયછે. બકરાં ઊંટ અથવા બીજાં હલકાં જનાવરનું ઘી તથા મહુડાંનું તેલ પણ સારા ઘીની સાથે મેળવવામાં આવેછે.

માખણમાં છાશ, પાણી, આટો, ચરબી, દહીં વગરે ચીજો ભેળવી દગો કરેછે.

તલનું ચોખ્ખુ તેલ હોય તેમાં બીજા હલકા સોંઘા તેલનો ભેગ કરેછે.

ચાની અંદર એક વખત ઉકાળેલાં પાંદડાં જેમાં કસ ન હોય તે અથવા તેવાજ બીજા ઝાડનાં પાંદડાં સુકવીને ભેળવેછે.

દારૂ ઘણા પ્રકારના થાયછે. તેમાં કેટલાક હલકાછે અને કેટલાક બહુ જલદ છે. દારૂનું સત્વ "આલ્કહોલ" છે. તે જેમાં વધારે તે દારૂ જલદ અને જેમાં થોડો તે હલકો દારૂ કહેવાયછે. તેમની અંદર પાણી,રંગ, આંમ્લપદાર્થ તથા હલકા દારૂનો ભેગ કરવામાં આવેછે. વિલાયતિ દારૂમાં દેશી દારૂનો ભેગ કરવામાં આવેછે. સાધારણ વપરાતા દારૂમાં દેશીદારૂ, બ્રાંડી, પોર્ટવાઇન, શેરી, શાંપેન, બીયર, જીન, વીસ્કી, રમ વગરેછે.

દારૂની જાત	તેમાં આલ્કોહોલનું પ્રમાણ દરેક સો ભાગમાં.	
બીયર	૫	
પોર્ટ	૧૯.૨૩	વાઈન
શેરી	૧૬.૨૫	વાઈન
શામ્પેન	૯.૧૩	વાઈન
બ્રાંડી	૫૦.૬૦	સ્પીરીટ
જીન	૪૯.૬૦	સ્પીરીટ
વાસ્કી	૫૦.૬૦	સ્પીરીટ
રમ	૬૦.૭૭	સ્પીરીટ

દારૂ પીવાથી પ્રથમ નાડી જલદી ચાલેછે, તથા શરીરને ગરમાવો અને હોંશીયારી લાગેછે. પણ થોડા વખતમાં તેથી ઉલટુંજ પરિણામ થાયછે એટલે નાડી મંદ તથા શરીરની ગરમી અને હોંશીઆરી કમી થઈ જાયછે. દારૂને ખોરાકના વર્ગમાં મૂકીએ તો કાર્બોનના વિભાગમાં તે ગણાય છે. તેમાં નાઇટ્રોજનનો પૌષ્ટીક ભાગ નથી.

તંદુરસ્ત હાલતમાં માણસને દારૂની જરૂરછે કે નહિ? આ એક અગતનો સવાલ છે. સારી હાલતમાં દારૂની બીલકુલ જરૂર નથી એવો દરેક દાક્તર તથા સુજ્ઞ પુરૂષનો મતછે. ગરમ દેશમાં જરૂર નથી એટલુંજ નહી પણ ઘણા થંડા મૂલકમાં પણ કાંઈ જરૂર નથી એમ જે પુરૂષો ધ્રુવ તરફના બરફવાળા દેશમાં જઈ આવેલા તેઓનો અભિપ્રાયછે. ડાક્તર હેઝ ઉત્તર ધ્રુવ તરફ શોધ કરનારે કાફલા સાથે ગયો હતો, તે કહેછે કે "હું દારૂ બીલકુલ પીવાનો નથી પણ જે કોઇ પીતો હશે તેને મારી સાથે રાખીશ નહિ."

ટૂંકામાં દારૂ પીવાની આવશ્યક્તા બીલકુલ નથી. જેમ સારા માણસને તમાકુ તથા અફીણ અભક્ષ્યછે. તેમજ દારૂ પણછે, તથાપિ મોજશોખને માટે જેઓ થોડો દારૂ નિયમસર ખાવાની વખતે વાપરેછે તેમને બહુ નુકશાન થતું જોવામાં આવતું નથી.

જેને દારૂ પીવો હોય તેણે ફક્ત જમવામાં હલકો દારૂ જેમ કે બીયર, શેરી, પોર્ટ-વાઇન થોડો પીવો. બ્રાન્ડી વગેરે જલદ દારૂ વાપરવો નહિ. દારૂથી ભૂખ લાગેછે ખરી, પણ જેને સ્વાભાવિક સારી ક્ષુધા લાગે તેણે દારૂ શું કરવા પીવો જોઇએ! વધારે દારૂ પીવાથી તેની કેફ ચડેછે અને એટલો વખત માણસ ખુશાલીમાં રહેછે તથા મનમાં દિલગીરી હોય તે ભૂલી જાયછે અને એવાજ કારણથી કેટલાકને દારૂ પીવાની ટેવ પડેછે. ઇંગ્લંડના લોકને હવે દારૂને માટે પશ્ચાતાપ થાયછે તથા તે કમી વપરાય તેને માટે પ્રયત્ન કરેછે, પણ આપણા દેશમાં તેનો ખપ વધતો જાયછે તે જોઇ કયા દેશાભિમાની માણસનું કલેજુ નહિ દાઝે!

માંસ જુદાં જુદાં જનાવરોનું થાયછે. માંસ બગડેલું હોયછે અથવા આજારી જનાવરનું હોયછે અથવા તેમાં કેટલીક પ્રકારના કૃમિ રહેછે.

ખોરાક ને લીધે થતા વ્યાધિ:—

ઘણા રોગનો આધાર ખોરાક પરછે, વિશેષ ખોરાક ખવાયતો તે પાચન થતો નથી અને અજીર્ણ થાયછે. કાચું અનાજ ખાવાથી અપચો, ઝાડો, ચુંક, તથા મરડો થાયછે. કાચાં ફળ ફળાદિ ખાવાથી અજીર્ણ થાયછે.

કયું ધાન્ય ખાવું તેનો એક નિયમ થઈ શકે નહિ. જેટલા પ્રકારનાં ધાન્ય થાયછે તે ખાવાને યોગ્ય લોક હોયછે. એક અનાજ એક દેશના લોક ખાયછે. બીજુ અનાજ બીજા દેશના લોક ખાયછે. પણ સડેલું અનાજ, બહુ જુનું ધાન્ય, બગડેલો ખોરાક ખાવો નહિ. રાંધેલુ વાશી રહેલ અનાજ નહિ ખાવામાં આવેતો સારૂં. એકજ વખતે ઘણો આહાર કરવો નહિ. ક્ષુધાના પ્રમાણમાં ખાવું. બહુ ખટાઈ ખાવી નહિ. તે ખાધાથી શરીર નિર્બળ રહેછે તથા સાંધાના વાયુનો ઉપદ્રવ થાયછે. બહુ મરચાં તથા ગરમ મશાલો ખાવાથી પેશાબ તથા ઝાડાને રસ્તે ગરમી થાયછે. એથી હરસ તથા પથરી જેવા રોગ થવાને ઉત્તેજન મળેછે. બહુ ગળપણ, ઘી તથા ચોખા ખાવાથી ચરબીમાં વધારો થાયછે અને તેની સાથે મહેનત ન હોય તો અવશ્ય પેટ મોટું થાયછે.

દારૂ પીવાથી હજારો ગેરફાયદા થાયછે. અનિયમિત દારૂ પીનાર પૈસાથી કંગાળ થાયછે, ગુનાહ કરેછે તથા શરીરે બીમાર થાયછે તેને ક્ષુધા લાગતી નથી, હોજરી, કલેજુ મૂત્રપિંડ તથા મગજના વ્યાધિ થાયછે. ક્ષય રોગ પણ તેથી થાયછે.

માંસની સાથે કેટલીક જાતીના કૃમિનાં ઈંડાં હોયછે. તે પેટમાં જવાથી કૃમિ પેદા થાયછે. સડેલું માંસ હોય તો તેથી ઝાડો, ઉલટી તથા અજીર્ણને તાવ આવેછે. "ટ્રાકાઈના" તથા "ટીનીયા" નામે કૃમિનો માણસમાં ફેલાવ માંસને લીધેજ થાયછે.

જેમ બહુ ખોરાક તથા અયોગ્ય ખોરાકને લીધે વ્યાધિયો થાયછે તેમ કમી ખોરાકથી પણ બેહદ ઉપાધિ થાયછે. તેના દાખલા ગરીબ લોકમાં અને દુકાળના વખતમાં ઘણા જોવામાં આવેછે. ખોરાકની તંગીની સાથે કપડાં લતાં તથા રહેઠાણનું પણ ઠેકાણું નથી હોતું, તેથી તેઓ સૂકાઇને હાડકાંના પિંજર જેવા થઈ રહેછે. તેની સાથે ઝાડો, મરડો, ગુમડાં, ચાંદાં, સોજા, પાઠાં, વગરે દરદ ઉત્પન્ન થાયછે; અને એક પ્રકારનો "ચેપી તાવ" થાયછે તેથી હજારો માણસ મરણ પામે છે.

ખોરાકની સાથે ઘણા રોગનો સંબંધછે એટલુંજ નહિ, પણ થયેલા રોગ મટવામાં પણ યોગ્ય ખોરાકથી ઘણીજ મદદ મળેછે. દૂધ જેવા સાદા પદાર્થથી પણ રોગનો પ્રસાર થાયછે. વાશી બગડેલું દૂધ અને રોગી ગાયનું દૂધ બગાડ કરેછે એટલુંજ નહિ પણ દૂધની મારફત "ટાઇફાઇડ ફીવર"નો ફેલાવો થવાના દાખલાઓ મળી આવેછે. માટે જેના ઘરમાં એવા ચેપી તાવથી માણસ પીડાતું હોય ત્યાંથી દૂધ લેવું નહિ.

યોગ્ય પ્રમાણમાં શાક ભાજી લેવામાં ન આવે તો "સ્કર્વિ" નામે મરજ પેદા થાય છે. પ્રથમ જે લોક લાંબો વખત વહાણમાં રહેતા તેમને આ રોગ વિશેષ થતો હતો, કેમકે ત્યાં તાજી શાકભાજી મળી શકતી નહિ. લીંબુનો રસ ખાવાથી આ રોગ થતો નથી તેથી હવે દરેક વહાણમાં લીંબુના રસનો જથો રાખેછે, અને ખારવાઓને આપવામાં આવેછે, તેથી "સ્કર્વિ" રોગ ઘણે દરજે નાબુદ થયેલછે. કેટલાક જૈન ધર્મવાળા શાક ભાજી બીલકુલ તજી દેછે તેને આ રોગ થાયછે. માટે હમેશાં તાજી શાક ભાજી લેતાં રહેવું. કાંદા (ડુંગળી), સુરણ, બટાટા, શકરીયાં, ચીભડાં, તડબુચ, લીંબુ, ભીંડા, તુરીયાં, શકરટેટી, વગેરે ખાવામાં લેવાં.

આજારી તેમજ સારા માણસને ખોરાક જોઈએ તેનું સાધારણ કોષ્ટક નિચે પ્રમાણે.

ઇસ્પીતાલમાં દરદીનો ખોરાક.

સવાર.	બપોર.	સાંઝ.
૪ ઔંસ ચોખા.	૮ ઔંસ ઘઉનો લોટ.	૬ ઔંસ ચોખા.
૪ ,, દુધ.	૨ ,, દાળ.	૨ ,, દાળ.
૧/૨ ,, સાકર.	૪ ,, શાક ભાજી.	૧ ,, ઘી.
ચોખાને પાણીમાં રાંધી તેમાં દુધ સાકર ઉમેરી એક પાઇન્ટ કાંજી (ક્ષીર) કરવી.	૧/૨ ,, ઘી.	ખીચડી કરવી.
	રોટલી, દાળ, શાક.	

દરેક આદમીને માટે મસાલો એક ઔંસ તથા મીઠું અડવો અથવા પોણો ઔંસ જોઇએ. મશાલામાં—મરચાં, કોકમ, ધાણા, જીરૂં, હળદર, કાળાંમરી, લસણ, રાઇ, મેથી તથા સુંઠ આવેછે.

દુધનો ખોરાક.

૧ (ભારે.)

સવાર.	બપોર.	સાંઝ.
૩ ઔંસ ચોખા.	૫ ઔંસ ચોખા.	૩ ઔંસ ચોખા.
૧૦ ,, દુધ.	૧૦ ,, દુધ.	૬ ,, દુધ.
૧/૨ ,, સાકર.	૧/૨ ,, સાકર.	૧/૨ ,, સાકર.
એક પાઇન્ટ કાંજી.	એક પાઇન્ટ કાંજી.	કાંજી સાર.

૨ (હલકો).

સવાર.	બપોર.	સાંઝ.
૩ ઔંસ ચોખા.	૪ ઔંસ ચોખા.	૩ ઔંસ ચોખા.
૨ ,, દુધ.	૪ ,, દુધ.	૧/૨ ,, સાકર.
૧/૨ ,, સાકર.	૧/૨ ,, સાકર.	
એક પાઇન્ટ કાંજી.	કાંજી કરવી.	દુધ વિના કાંજી.

સાધારણ હિંદુનો ખોરાક.

સવાર.	બપોર.	સાંઝ.
૪ ઔંસ ચોખા.	૬ ઔંસ ઘઉનો લોટ.	૬ ઔંસ ઘઉનો આટો.
૨ ,, દાળ.	૨ ,, દાળ.	૧૦ ,, દુધ.
૧ ,, ઘી.	૧/૨ ,, ઘી.	૧/૨ ,, સાકર.
ખીચડી.	૪ ,, શાકભાજી.	૧/૨ ,, ઘી.
	૨ ,, ચોખા.	
	૧/૨ ,, સાકર.	
	૪ ,, દુધ.	

ખીચડીમાં મગ તેમજ તુવરની દાળ ચાલેછે. રોટલીમાં લોટ ઘઉંનો લેવો. કોઇવાર બાજરી, જુવાર અથવા મકાઇનો ચાલશે, રોટલીમાં દાળ તુવરની, અડદની, મગની અથવા વાલની ચાલશે. મીઠું મશાલો ઉપર પ્રમાણે.

સવાર.	બપોર.	સાંઝ.
એક પાઈન્ટ ચા અથવા દુધ બે તોલા સાકર સાથે.	૮ ઔંસ ઘઉંનો આટો.	૪ ઔંસ ચોખા.
	૨ ,, દાળ.	૨ ,, દાળ.
	૪ ,, શાકભાજી.	૧ ,, ઘી.
	૮ ,, દુધ.	૮ ,, દુધ.
	૨ ,, ચોખા.	૪ ,, શાકભાજી.
	૧ ,, ઘી.	
	½ ,, સાકર.	

પરચુરણ સૂચનાઓ.

શહેરના રહેવાસી કરતાં ગામડાના રહીસો બળવાન તથા નિરોગી હોયછે, તેનાં ઘણાં કારણોછે. શહેરમાં ઘણી ધાડી વસ્તી હોવાથી હવા જોઇએ તેવી શુદ્ધ હોતી નથી. ચેપી રોગનો પ્રસાર જલદી થાયછે. જુદા જુદા ધંધાનાં કારખાનાં હોયછે તેને લીધે તંદુરસ્તીમાં બગાડ થાયછે તથા શહેરના લોકો ખાવા પીવામાં અનિયમિત હોયછે, અને ઘણા ગરીબ લોકો અતિશય દરિદ્ર અવસ્થામાં રહેછે.

ઘરઃ—તંદુરસ્તીનો આધાર રહેઠાણની જગો ઉપર ઘણો રહેલોછે. રહેવાનું ઘર હમેશાં ખુલ્લી તથા ઊંચી જગોપર હોવું જોઇએ. ઘરની આસપાસ ખાડા અથવા કેર કચરાના ઉકરડા નહિ જોઇએ. જમીન ઘરથી ઢળતી જોઇએ અથવા પાણી જવાને ગટર જોઇએ કે તેથી ચોમાસાની ૠતુમાં પણ પાણી સહેલાઇથી વહી જાય અને ઘરમાં પાણીનો ભેજ રહે નહિ. ઘરમાં પાણીનો ભેજ રહે તો શરદી અને કફનાં રોગની ઉત્પત્તિ થાયછે. ઘરનું આંગણું ફરસબંધીથી બાંધેલું હોય તો તેમાં પાણીનો ભાગ ઉતરતો નથી, તેમજ સફાઈ રહેછે. ઘરની આસપાસ ખાડા હોય તો તે કાંકરી અથવા પથ્થરથી પૂરાવી લેવા. પણ હરગીજ કેર કચરો ભરવો નહિ, કેમકે કેર કચરો ભરવાથી જ્યારે તેની સાથે પાણી ભળેછે અને તાપ પડેછે ત્યારે દુર્ગંધ નીકળેછે. ઘોરવાડો એટલે કબરસ્થાન પાસે રહેવું નહિ જોઇએ. કેમકે તે જગોમાંથી દુષ્ટ હવા પેદા થાયછે. ઉકરડા અથવા કબરસ્થાનવાળી જગોમાં મકાન બાંધવું હોય તો કેટલોક વખત વીતી ગયા પછી બાંધવું. કારણ તેટલા વખતમાં જમીન માંહેલી પ્રાણિજ તથા ઉદ્ભિજ ચીજોનું પૃથક્કરણ થઈ જાયછે.

ખાળઃ—ઘરમાંથી ખાળનું પાણી જવા સારૂ મજબૂત નળ બાંધવો અને પાણીને ગટરમાં જવા દેવું. જમીનમાં તેવું નાઠારૂં પાણી ઉતરવા દેવું નહિ. જે ઘરમાં પાણી પીવાનું ટાંકું અથવા કૂવો હોય ત્યાંઆ બાબતની સાવચેતી વિશેષ રાખવી. ઘરનું જાજરૂ આગલા ભાગમાં નહિ જોઇએ.તેમજ જે દિશામાંથી પવન આવતો હોય તે તરફ નહિ રાખવું.

ઘરની આગળનો તેમજ પાછળનો ભાગ મોકળો જોઇએ. હવાના વ્યાપારને પ્રતિબંધ થાય તેવી ઊંચી જગો અથવા ઘર૰ આસપાસ નહીં જોઇએ. ઘરના આગલા તથા પાછલા ભાગમાં નાના પ્રકારનાં ફૂલ ઝાડ તથા મનોરંજક દેખાવ હોય તો ફાયદા કારકછે. ઘરની પાસે આંબલીનું ઝાડ નહિ જોઇએ કેમકે તેને લીધે તંદુરસ્તીમાં ખલેલ પહોચેછે

ઢોર અગર ઘોડાં બાંધવાનો વાડો ઘરથી દુર અને પાછળના ભાગમાં જોઇએ. જે-

બાજુથી પવન આવતો હોય તે તરફ નહિ જોઇએ. છાણ, લાદ વગેરે કચરો એતરમાં ખાતર સારૂ એકઠો કરવામાં આવેછે તે ઘરથી દુર રાખવો. બનતા લગી ગામની બહાર તેને માટે જગો રાખી હોય તો વધારે સારૂ.

ઘરની ઉંચાઇ કેટલી જોઇએ તે વિશે પ્રમાણ નથી બંધાતું. તેનો આધાર સગવડતા ઉપરછે. પણ જેમ ઘર વધારે ઉંચાં તેમ ધોરી રસ્તા વધારે પહોળા જોઇએ. ધોરી રસ્તાઓની પહોળાઇ ઓછામાં ઓછી ઘરની ઉંચાઇ જેટલી તો જોઇએજ. ધોરી રસ્તા સારા બાંધેલા જોઇએ, એ રસ્તામાં ધૂળ હોવી નહિ જોઇએ, કેમકે તે ધૂળ ઉડેછે અને આદમીના ફેફસામાં જાયછે, તેમજ ચોમાસામાં કીચડ થાયછે. ઘરમાં અજવાળું તેમજ પવન આવવા સારૂ સામસામે બારીયોની જરૂરછે. ઘરના દરેક ઓરડાની લંબાઈ, પહોળાઇ તથા ઊંચાઈ કેટલી જોઇએ તેનો આધાર તેની અંદર રહેનારાની સંખ્યા ઉપરછે. લંબાઈ પહોળાઇ ઓછામાં ઓછી દસથી પંદર ફુટ તથા ઊંચાઈ કમીમાં કમી ૧૦ થી ૧૨ ફુટની જોઇએ તેથી જેમ વધારે પ્રમાણ હોય તેમ વધારે સારૂં.

મળમૂત્રાદિક દુર લઇ જવાં:—મળમૂત્ર તથા ઘરમાંથી બીજો કેર, કચરો, ગંદુ પાણી વગેરે નીકળેછે તેને ઘરથી દુર લઈ જવાં એટલુંજ નહિ, પણ ગામથી એ વેગળાં નાંખવાં જોઇએ. ગામડામાં જગોની મોકળાશ હોયછે ત્યાં પણ તે બાબત જોઇએ તેવી સ્વચ્છતા જોવામાં આવતી નથી, અને શેહેરમાં તો આ બાબત ઘણુંજ લક્ષ આપવું જોઇએ. આપણે જોઇએ છીએ કે ઘણા ખાળમાંથી નઠારૂં પાણી રસ્તા ઉપર વહેછે. એ ગંધ મારેછે અને તેમાં કીડા ખદબદેછે. કેટલીક પોળ એટલે શેરીમાં એટલી તો રસ્તાપર ગંદકી હોયછે કે તેમાં જતાં પણ માણસને કંટાળો આવેછે. કેર કચરો ઘરના આંગણામાં ભરી ઉકરડો થવા નહિ દેવો. શહેરમાં તેને માટે મ્યુનિસિપાલિટી તરફથી પેટીઓ રાખવામાં આવેછે અને તે દરરોજ ખાલી કરી લઈ જવામાં આવેછે.

દરેક ઘરમાંથી નઠારા પદાર્થ હમેશાં દુર કરવા લાયક નીકળેછે તેના ચાર વર્ગછે. ૧. **કેર કચરો.** ૨. **નહાવા ધોવા** તથા **રસોડાનું પાણી.** ૩. **મળમૂત્ર.** ૪. ઢોર અથવા જનાવરનું છાણ વગેરે.

૧. સૂકો કેર કચરો ઘરમાંથી નીકળેછે તેને ખાતરને ઠેકાણે વાપરી શકાયછે. તેનો ઘરમાં અથવા ઘરની આગળ ઢગલો રાખવો નહિ, તેમાં જીવજંત પેદા થવાનો તથા સંતાઈ રહેવાનો ભયછે એટલુંજ નહિ પણ, તેમાં પાણી ભળે તો ગંધાઈ ઉઠેછે. ગામડામાં તેને ગામ બહાર નાંખવો જોઇએ, અને શહેરમાં મ્યુનિસિપાલિટી તરફથી દરરોજ તેનો નિકાલ થાયછે.

૨. ઘરમાંથી નહાવા ધોવાનું પાણી તથા રસોડાનો મેલ તે સર્વે ગટરમાં જવાં જોઇએ. ઘરની આસપાસ બાગ બગીચો હોય તેમાં પણ આ પાણી જાય તો સારૂ કેમકે તે પાણીનો નિકાલ થાયછે અને ઝાડની તૃપ્તિ થાયછે. ગામડાંમાં છેટે છેટે ઘર હોય ત્યાં આ પાણી ઝટ સુકાઈ જાયછે, પણ શહેરમાં તો નળ બાંધી તેને ગટરમાં લઈ જવું જોઇએ.

૩. ઢોરનું છાણ તો આ મૂલકમાં બળતણને ઠેકાણે વપરાયછે. તેનો પેશાબ તથા

બીજો કચરો અને છાણ ખાતરના કામમાં બહુ ઉપયોગીછે. ગામડાંમાં તેને એકઠું કરી ખેતરમાં લઈ જાયછે. જમીન (રસાલ) સુપીક થવા સારૂ ગાડર અને બકરાંના ટોળાને કેટલાક દિવસ પોતાના ખેતરમાં લોક રાખેછે અને ત્યાં મૂત્ર તથા લીંડી થવા દેછે.

ઘર લીંપવાના કામમાં છાણ બહુ ઉપયોગી છે. જ્યાં તેનો કાંઈ ઉપયોગ નહિ હોય ત્યાંથી તેને દુર લઈ જઈ તડકામાં સૂકાવા દેવું.

૪. મળમૂત્રાદિનો નિકાલ કરવા વિશે વધારે વિચાર કરવા જોઇએ છે, કેમકે ગંદકીનો મોટો પાયો તેના ઉપરછે, અને આરોગ્યતાનો સંબંધ પણ તેની સાથે છે. મળમૂત્રાદિની ગંદકીથીજ ઘણા મરજ પેદા થાયછે. ગામડામાં જ્યાં જગોની મોકળાશ હોય અને ઝાડ, પાન, વાડી, હોય ત્યાં જાજરૂની જરૂર રહેતી નથી, અને જાજરૂ બાંધેલાં હોય તો પણ ખાતર તરીક તેનો સહજ નિકાલ થઈ શકેછે.

આદમીનાં મળમૂત્ર કોરી ધુળ અથવા રાખ સાથે મળી સુકાઇ જાયતો તેમાં બીલકુલ ગંધ અથવા ગંદકી ન હોવાથી આરોગ્યતામાં બીગાડ થતો નથી, પણ જો તે પાણીસાથે મળે, સુકાય નહિ અને ગંધાવા માંડે તો વ્યાધિયોને પેદા કરનાર થઈ પડે છે. શહેરમાં દરેક ઘરને જાજરૂની જરૂરછે. એક જાજરૂમાં કેટલાં આદમી વગર ગંદકી થયે જઇ શકે તેનો એક સરખો નિયમ બાંધી શકાય નહિ તથાપિ પાંચ છથી વધારે માણસ એકજ જાજરૂ વાપરેતો ગંદકી થયા વગર રહે નહિ.

જાજરૂમાંથી મળનો નિકાલ કરવાની કેટલીક રીતછે.

૧. જાજરૂના સંબંધમાં કૂવા રાખવામાં આવેછે, તેમાં મળ ભરાયછે. આવા ડટણ કૂવામાંથી કોઈ ઠેકાણે વરસ છમહિને મળ કાઢી બહાર લઈ જવામાં આવેછે અને કોઈ ઠેકાણે તેને મળથી પૂરાઈ જવા દેછે, માત્ર દર વરસે થોડું મીઠું અથવા ચુનો વગરે ગંદકી દુર કરનાર પદાર્થ તેમાં નાખવામાં આવેછે. આ ડટણ કુવાની રીત બહુ સારી નથી. એ કુવા જેમ ઊંડા હોય તથા બાંધ્યા વગરના હોય તેમ તે માંહેલું દુષ્ટ પદાર્થનું ઝરણ જમીનમાંથી આજુ બાજુના કુવા ટાંકામાં જવા ઘણો સંભવ રહે છે તથા તેમાં પાણી પડવાથી બહુ ગંધાઇ ઉઠેછે. માટે જ્યાં આવા કુવાની જરૂર હોય ત્યાં છાછરા તથા પહોળા રાખવા જોઈએ અને વખતે વખતે ખાલી કરી નાંખવા તથા તેમાં ઘણું પાણી જવા નહિ દેવું. તેનાપર સારૂં ઢાંકણ રાખવું.

૨. જાજરૂમાં કુંડાં રાખવામાં આવેછે તેની અંદર મળ પડેછે. દરેક જાજરૂમાં બે કુંડાં હોયછે. કુંડાં ખાલી હોય અથવા તેમાં રાખ ધુળ અથવા બીજો દુર્ગંધિ નાશક પદાર્થ હોયછે. ભંગી એક કુંડુ લઈ જાયછે અને તેને ઠેકાણે બીજું તૈયાર કુંડુ મૂકે છે.

૩. ત્રીજી રીત એછે કે મળની સાથે ધુળ અથવા રાખ તરતજ મેળવી દેવામાં આવેછે અને પેશાબ પાણી તેનાથી જુદાં પડેછે.

પહેલી રીત કરતાં બીજી સારીછે. અને ત્રીજી રીત ફાવી શકે ત્યાં ઘણીજ ઉત્તમ છે. એક તરફથી બીલકુલ ગંદકી દુર થાયછે, અને બીજી તરફથી ઘણુંજ કીમતી ખાતર તૈયાર થાયછે. પણ આ રીત મોટા શહેરમાં ચાલવી મુશ્કલ પડેછે કેમકે ત્યાં ધુળનો મોટો જથો પૂરો પડી શકે નહિ. એક વખતના ઝાડાપેશાબ માટે સુમારે શેર૧ ધુળ જોઇએ

તે ગામડામાં કદાચ મળે, પણ શહેરમાં મળેજ નહિ.

૪. મળમૂત્રને જાજરૂમાંથી નળની વાટે ગટરમાં જવા દેવા, એટલે તે પાણીથી ધોવાઇને ગટરમાંથી વહી જાયછે. આ પ્રમાણે પાણીથી મળ ધોવાઇ જવાસારૂ પુષ્કળ પાણી જોઇએ અને એ કારણથી પાણીના નળની જરૂર પડેછે. આ શિવાય બીજી કેટલીક રીત છે પણ તેનો મુદો આ માંહેલી હરકોઈ રીતે મળતો આવે છે, એક નવી રીત 'લરનરે' કાઢીછે તેમાંતો એનજીનથી મળને જાજરૂમાંથી ખેંચી લઈ જાયછે. ગટરમાંથી મળાદિ ગંદકી બહાર નીકળતી હોયતો ગટર સારા ચૂનાગચ્છીથી બાંધેલા જોઇએ. જે તરફ પ્રવાહ હોય તે તરફ એ ગટર ઢળતી જોઇએ. ગટર ઉપરથી બરાબર બંધ જોઇએ અને કેટલા-કનો મત એવોછે કે ગટરમાં થોડે થોડે છેટે છિદ્ર રાખવાં કે તેમાંથી ગંદી હવા બહાર નીકળી જાય. જો એ દુર્ગંધી હવા ત્યાં રસ્તા ઉપરથી નીકળી નહિ જાયતો તે ખાળના નળની વાટે ઘરમાં આવેછે. માટે રસ્તા ઉપર ગટરમાં થોડે થોડે છેટે બાકોરાં રાખવાં એ વધારે સારૂં. કે તેથી તે વાતાવરણ સાથે મળી જાય. એવી ખરાબ હવા ઘરમાં આવેતો તંદુરસ્તી ઉપર માઠી અસર કરેછે. ગટર વખતે વખતે ધોઇને સાફ રાખવી જોઇએ. ગટરની બાંધણી સારી હોય તથા સફાઈ રાખવાને સારો બંદોબસ્ત કર્યો હોય તો આરોગ્યતા જાળવવામાં ઘણો ફાયદો થાયછે, પણ જો ગટર બરાબર નહિ હોય, જ્યાં ત્યાં ફુટેલ હોય તથા તે માંહેલી ગંદકી જમીનમાં પ્રવેશ કરે, તેમજ મેલ તેમાં ભરાઈ રહીને સડે અને દુર્ગંધ મારે, તથા ખરાબ હવા નીકળે તો ગટરને લીધે ફાયદાને બદલે ગેરફાયદો થાયછે. તેવી ગટરના કરતાં બીલકુલ ગટર નહિ હોય તે વધારે સારૂં. મોટાં શહેરોમાં આ ગટરની મારફત પાણીથી મળને ખેંચી લઈ જવાની રીત સોંઘી, સહેલી, સ્વચ્છ તથા સારી પરવડેછે.

આ પ્રમાણે ગટરમાંથી જે મેલ નીકળેછે તેનો ઉપયોગ ખેતીવાડીમાં થાયછે. તે મેલમાં ખાતરને બહુ ઉપયોગી પદાર્થ માણસનો મળ તથા મૂત્રછે. દરે માણસના શરીરમાંથી ૪ ઔંસ મળ અને ૪૫ ઔંસ પેશાબ નીકળેછે. તેટલા મળ કરતાં પેશાબની કીમત ખાતરને માટે ઘણીજ વધારેછે. ગટરના મેલનો ખાતરમાં ઉપયોગ ત્રણ રીતે થાયછે. ૧. એકતો ગટરનો મેલ તથા પાણી પરબારા ખેતરમાં જવા દેછે અને જમીનને પાણી તથા ખાતર એકજ વખતે મળેછે. જ્યાં પુષ્કળ જમીન હોય ત્યાં આ રીત ચાલી શકે અને તેથી ઘણોજ ફાયદો થાયછે. પણ ઘણે ઠેકાણે તેટલી જમીનની સગવડ ગટરના સંબંધમાં હોતી નથી. તેથી ગટરના મેલનો ઘન ભાગ જુદો પાડી તેને સૂકવીને વેચવામાં આવેછે. ૨. ઘન ભાગ જુદો પાડવાસારૂ તે મેલને ગાળવામાં આવેછે. ૩. અથવા તેમાં ચુનો, ફટકડી, હીરાકસી વગેરે બીજા પદાર્થ મેળવવાથી પાણી માહેલા સર્વ પદાર્થ નીચે બેસેછે અને પછી ઉપરથી પાણીને જવા દેછે.

મળમૂત્રાદિને ખાતરતરીકે વેચવાથી હજારો રૂપિયા ઉપજેછે.

સાંસર્ગિકરોગ અથવા ચેપીરોગ અને તેનો પ્રતિબંધ.

ચેપીરોગઃ—જેમકે પ્રેગળીઓ, શીળી, ઓરી, અછબડા, ટાઇફસ, ટાઇફાઇડ, અને

સ્કાર્લેટફીવર. રતવા, મોટી ઉધરસ, પ્રમેહ, ઉપદંશ એક વખત ઉત્પન્ન થાય એટલે આસપાસના લોકમાં તે પ્રસરેછે. તેમની મૂળ ઉત્પત્તિનું કારણ મળવું મુશ્કેલ છે, પણ તેમની ઉત્પત્તિને સાહ્યકારક કારણો આપણે અનુભવથી જાણી શકીએ છીએ. દરેક ચેપી રોગનું ખાસ એક પ્રકારનું વિષ હોયછે, એમ માનવામાં આવ્યું છે. તેનો જેમ ફેલાવો થતો જાયછે તેમ તે રોગમાં વધારો થાયછે. ચેપી રોગનો પ્રતિબંધ કરવામાં બે પ્રકારના ઉપાય યોજવા. એકતો તે રોગના વિષનો બની શકેતો નાશ કરવો, અને બીજો તેનો ફેલાવો થતો અટકાવવો. ચેપીરોગ પ્રસરવાના ચાર સાધનોછે.

૧. હવા ૨. પાણી ૩. પદાર્થ અને ૪, સ્પર્શ. કેટલાક રોગનું વિષ અદૃશ્ય રીતે હવા મારફત ઉડીને એક રોગીથી બીજાને લાગેછે. તે વિષ પાણીમાં દાખલ થયું અને તે પાણી પીવામાં આવે તો તે રોગ પેદા થાયછે. દરદીનાં કપડાં બીછાનું તથા વાપરેલાં વાસણ તથા રહેવાના ઓરડા માહેલા બીજા પદાર્થની મારફત ચેપી રોગનું વિષ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાયછે. ચેપીરોગનો સ્પર્શ થવાથી પણ એકથી બીજા આદમીને તે રોગ વળગેછે.

ચેપી રોગમાં કેટલાક એવાછે કે તે આખી જીંદગીમાં માણસને એકજ વખત થાય છે. શીળી, ઓરી, વગેરે ફકત એકજ વખત દરેક મનુષ્યને થાયછે. બીજા કેટલાક રોગને વિષે તેવો નિયમ નથી. જેમકે એક વખત કોગળીઆ જેને થાય તેને બીજી વખત અથવા વધારે વારપણ થાય.

કોગળીઆનું ઝેર દરદીના ઝાડા તથા ઉલટીમાં રહેલુંછે, માટે તેના ઝાડા ઉલટીથી બહુ સાવચેત રહેવું જોઇએ. તે માણસને સ્પર્શ કરવાથી રોગ વળગતો નથી. કોગળીયાના વખતમાં નીચેના નિયમ પ્રમાણે વર્તવું:—

૧. જે ઠેકાણે આ રોગનું પ્રબળ હોય તે સ્થળ છોડીને જે આદમીથી જવાય તેમ હોય તેણે જવા ચૂકવું નહિ.

૨. જે આદમીને આ રોગ થયો હોય તેની પાસે ઘણા લોકને આવવા નહિ દેવા.

૩. જે માણસને આ રોગ થયો હોય તેને બનતાસુધી એક ઠેકાણેથી બીજે ઠેકાણે નહિ લઈ જવો. જે માણસ બીનવારસી હોય તેવાઓને માટે જુદું અલગ મકાન હોયતો તેને ત્યાં લઈ જવો.

૪. કોગળીઆના વખતમાં જુલાબ લેવો નહિ. વખતે જરાપણ ઝાડો થાયતો તેનો લાગલોજ ઇલાજ કરવો.

૫. કોગળીઆના વખતમાં પાણી સ્વચ્છ ઉકાળીને પીવું તથા હલકો ખોરાક ખાવો. અજીર્ણ થાય તેવું અથવા તેટલું ખાવું નહિ.

૬. કોગળીઆના વખતમાં લોકોનો જમાવ એક ઠેકાણે કરવો નહિ. ખાતવરા કરવા નહિ તથા વરઘોડા કાઢવા નહિ. જે પ્રદેશમાં કોગળીઆ ચાલતું હોય તે પ્રદેશમાંથી બને ત્યાંસુધી આપણા પ્રદેશમાં માણસને આવવાનો પ્રતિબંધ કરવો.

૭. કોગળીઆના દરદી પાસે રહેનાર માણસે પોતાના હાથ સાફ કર્યા શિવાય મોઢામાં ઘાલવા નહિ. તેને પાણી પીવાનાં તથા ખાવાનાં વાસણ જુદાં રાખવાં.

૮. દરદીનો ઝાડો તથા ઉલટી કોઈ ઠામમાં ઝીલવાં. ઠામની અંદર રાખ અથવા બીજો દુર્ગંધ નાશક પદાર્થ રાખવો. તેને કોરી જમીનમાં દાટી દેવાં. નદી, તળાવ તથા કૂવામાં તેનો પ્રવેશ થવો ન જોઇએ.

૯ દરદીનાં કપડાં, બીછાનું વગેરે ઝાડા અથવા ઉલટીથી બગડેલાં હોય તેને બાળી નાંખવાં અથવા ફાડી નાંખવાં, અગર ઘણી ગરમીમાં તપાવવાં અને ત્યાર પછી ઉપયોગમાં લેવાં.

૧૦ જે ઓરડામાં દરદી રહેલ હોય ત્યાં ફરીથી લીંપાવવું, ચૂનો દેવરાવવો, તથા ગંધક અને ડામર અથવા કોલસા બારણાં બંધ કરીને બાળવાં.

"ટાઇફૉઇડ ફીવર"નું ઝેર પણ દરદીના ઝાડામાં હોયછે. ઝાડાને દૂર એકાંત જગોમાં નાંખવો અને કોગળીયાના ઝાડા જેટલીજ તેની સંભાળ રાખવી.

શીળી, ઓરી, અછબડા એ રોગ ચેપીછે. તેમનું વિષ ત્વચામાંથી નીકળેછે. કોગળીયાનો રોગ કેવળ સ્પર્શથી નથી થતો. પણ આ વ્યાધિના સ્પર્શથી વિશેષ થાયછે. જે બચ્ચાંઓને આરોગ થયો ન હોય તેમને આવા રોગવાળા દરદી પાસે જવા દેવાં નહિ.

ચેપી રોગ વાળા આદમીને જેમ બને તેમ અલગ રાખવા. તેમને ઘરની બહાર કાઢવા નહિ. ઇસ્પીતાલ અથવા દવાખાનામાં લઈ જવા નહિ.

ચેપી રોગ વાળાને રહેવાને જુદાં મકાન હોય તો ત્યાં રાખવા. ઘરની અંદર રોગી પાસે ફક્ત એક અથવા બે માણસે ચાકરી અગર બરદાશ માટે રહેવું. તેના ઓરડામાં ફક્ત જરૂરની હોય તટલીજ ચીજો રાખવી, બાકીની બીજે ઠેકાણે રાખવી. તેનાં કપડાં, બીછાનાં, તથા ઓરડાને કોગળીઆ વિષે ઉપર જે નિયમ કહ્યાછે તે પ્રમાણે સાફ કરવાં.

આવા રોગના વખતમાં કેટલાંક દુર્ગંધનાશક સાધન વપરાયછે. ઘણી ગરમી તેમજ ઘણી ઠંડીથી તે રોગના વિષનો નાશ થાયછે. તેથી તેનાં કપડાં વગેરે સાફ કરવા સારૂ ઘણી ગરમીનો ઉપયોગ કરવામાં આવેછે.

કોલસા, કલોરીન, નાઇટ્રસ આસિડ, આયોડીન, બ્રોમીન, ગંધકનો ધુમાડો, કાર્બોલિક આસિડ, કલોરેલમ, કૉન્ડીસ ફ્લ્યુઇડ, મોરથુથુ, હીરાકસી કલોરાઇડ ઓફ ઝીંક, ચૂનો વગેરે પદાર્થનો ઉપયોગ ઉલટી, ઝાડો, અગર, દરદીના ઓરડામાં તથા બીજી દુર્ગંધને ઠેકાણે થાય છે.

મડદાની વ્યવસ્થા ત્રણ રીતે થાયછે. કેટલાક લોક મડદાંને બાળી નાંખેછે અને કેટલાક જમીનમાં દાટેછે. વળી પારસી લોકની ત્રીજી રીત એવી છેકે તે મડદાંને અમુક સ્થળમાં ખુલ્લાં મૂકેછે. ત્યાં ગીધ વગેરે પક્ષી આવી તેનું ભક્ષણ કરી જાયછે. આ ત્રણ રીતમાં ઉત્તમ બાળવાની રીતછે, કેમકે મડદું બાળ્યા પછી તેમાંથી કોઈ પ્રકારનો બગાડ થવાનો સંભવ નથી.

મડદાંને જમીનમાં દાટયા પછી કેટલેક કાળે તેની માટી થઇ જાયછે. તેની માટી થઇ કેવળ નાશ થવાને પાંચથી પચાસ વરસ લાગેછે. મડદાં જેમ વધારે ઉંડાં દાટવામાં આવે તેમ વધારે સારૂં સુમારે ચારથી છ ફુટથી ઓછી ઊંડાઇએ તો દાટવુંજ નહિ. જેમ ઓછું ઊંડું દાટવામાં આવે તેમ તે વહેલું સડવા માંડેછે અને દાટેલી જગામાંથી દુષ્ટ દુર્ગંધી વાયુ નીકળેછે. વળી જમીન જેમ ભીની હોય તેમ મડદું જલદી સડેછે. દાટવાની જમીન ભીની ન હોય તેમ સારૂં. જમીન કઠણ હોય તેમ તેની માટી થતાં વખત લાગેછે. મડદું જલદી સડે નહિ તેટલા માટે કેટલાક તેની સાથે મીઠું નાંખેછે. સ્મશાનની જગો ખુલ્લી હોય તથા પવન પુષ્કળ આવે તેમ સારૂ. ત્યાં ઝાડ પાન વાવવાં કે જમીનનો ખરાબ ભાગ તે ચૂસીલે. સ્મશાનથી પાંચસો ફુટથી ઓછે અંતરે રહેઠાણની જગો ન જોઇએ.

સૂચીપત્ર.

(કઠણ શબ્દના કોશ સુહિત.)

અ.

અકલકરો. ૨૩૬
અગથીઓ. ૨૩૬
અગ્નિદિપનવટી–ભૂખ લગાડનાર ગોળી૬૦૭
અગ્નિ કુમાર રસ. ૨૪૦,૨૫૦
અગસ્તિ સુતરાજ રસ. ૩૮૧
અગ્રાસન—આગલો ખંડ.
અગ્રવકૃતા—આગલા ભાગમાં વળવું. ૭૨૩
અગ્રાસ્થિ—આગલું હાડકુ.
અઘાડો—૨૩૭
અછપડા. ૩૨૭
અજમો. ૨૩૭
અજમોદ. ૨૩૭
અજીર્ણ. ૩૬૪
અડદિયો વા. ૪૮૧
અતિઆર્તવ—બહુ રૂતુસ્રાવ. ૭૧૪
અતિવિખની કળી. ૨૩૭
અતિસાર. ૩૭૫
અદ્રક—આદુ. ૨૪૧
અધુરો જન્મ. ૯૪૧
અધો હાંસડી પ્રદેશ. ૪૨૫
અધોગત જરા. ૭૬૫
અધોસ્તન પ્રદેશ. ૪૨૫
અધોકાખ પ્રદેશ. ૪૨૫
અનિયમિત તાવ. ૩૦૪,૩૧૨
અનિસુન. ૧૫૩,૨૩૮
અનુપાન—મુખ્ય દવાને બીજી ચીજો સાથે લેવામાં આવેછે તે.
અનંતમૂળ. ૨૩૦,૨૩૮
અપવાદ—હરકત
અપાનદ્વારે—મળદ્વાર.
અપાન માર્ગ—સફરો.
અપૂર્ણ ગર્ભ પ્રસવ કરાવવાની રીત. ૭૮૩
અપૂર્ણ ભગંદર. ૬૦૨
અપસ્માર—વાઇ, ફેફરૂ. ૪૮૯
અફીણ. ૧૪૯, ૨૩૮
અફીણનું ઝેર. ૬૯૬
અફીણનાં ડોડવાં. ૧૯૧
અબરખ. ૨૩૮
અમી—મોઢાની ભીનાશ.
અમીગડલા અમારા. ૧૩૧
,, ડલસીસ. ૧૩૧
અમૃત ભલ્લાતકી. ૨૭૮
અમૃતવલ્લી—ગળો. ૨૫૪
અમ્લ.—ખાટું.
અમ્લવિરૂધ.—આલ્કલી. ૪૧
અરગટ. ૧૩૨
અરડુસો. ૨૪૦
અરડુસી. ૨૪૦
અરણી. ૨૪૦
અરિષ્ટ-દારૂ. ૨૩૬
અરિઠા. ૨૪૦
અરૂચિ—મંદક્ષુધા.
અર્ક. ૧૨૩.
અર્દિતવાયુ–અડદીઓ વા. ૪૮૧
અર્ધાંગવાયુ–પક્ષાઘાત. ૪૭૫
અર્બુદ. ૫૫૨
અર્શ–હરસ. ૬૦૪
અલસર–ચાંદુ. ૫૪૧
અલસરઓફ કોર્નીયા–આંખનું ફૂલ.
અલ્ના-હાથનું એક અસ્થિ પૃષ્ટ ૧ અ.
અવર્ણનીય-જેનુ વર્ણન ન થઈ શકે તેવું.
અવલંબનસ્થાન-વળગવાની જગા. ૧૮
અવલેહ–ચાટણ. ૨૩૫
અવલોકન પરીક્ષા. ૪૨૬
અસાળીઓ. ૨૪૦
અશ્મરી–પથરી. ૬૪૭, ૭૦૬
,, છેદ. ૬૫૨.
,, ભંજન. ૬૫૫.
અશ્રુપેશી. ૯૬
અસ્થિ–હાડકું.
અસ્થિ વરણ. ૫૮૪
અસ્થિ અંતરાવરણ. ૩
અસ્થિ બાહ્યાવરણ. ૩
અસ્થિઘાત. ૫૮૫
અસ્થિભંગ. ૫૬૪
અસ્થિભસ્મ. ૧૬૫
અસ્થિ સંયોગ સજ્જડતા. ૫૯૨
અસ્થિની ગ્રંથી. ૫૫૨
અસ્વાભાવિક પ્રસવ. ૭૪૫–૭૬૬

અળશી. ૨૦૯, ૨૪૦
,, પોટીસ તથા ચા. ૨૧૦
અળાઈ. ૫૧૩

આ.

આઇરાઇટીઝ. ૬૭૧
આઇરીસ-કનીનીકા.
આકડો. ૨૪૧
આકસ્મીક ચમક. ૫૫૬
આકસ્મીક રતવા. ૩૪૭
,, પ્રવાહ. ૭૯૪
આકસીજન—એક જાતની હવા.
આક્સિપીટલ—પશ્ચિમાસ્થિ.
આક્સગાઈલ—બળદનું પિત્ત.
આગમન દ્વાર—અંદર જવાનો રસ્તો. ૭૩૦
આચ્છાદન—ઢાંકણ.
આટ્રોપીન. ૨૦૩
આતેસ—ગરમી.
આદુ. ૨૪૧
આધાશીશી. ૪૮૪, ૪૮૭
આનંદ ભૈરવ. ૨૮૭, ૩૭૭
આપથી—થુલીપો.
આપોપ્લેક્ષી. ૪૭૧
આફરો—પેટનું ચઢવું.
આબસેસ—ગડ. ૫૨૮
આમ—જળસ.
આમલસારો ગંધક. ૨૫૭
આમલી. ૨૪૧
આમણ. ૬૦૩
આમવાત—સંધિવા.
આમંડ ઓઇલ. ૧૩૧
આમંડ મિક્શ્ચર. ૧૩૧
આમોનાક્રમ. ૧૩૫
આમોનીયા. ૧૩૩
આમોનીયા ક્લોરીડમ. ૧૩૪
આમોની બ્રોમીડમ. ૧૩૪
આમોન્યા સાયટ્રેટ ઓફ આયર્ન. ૨૦૦
આમોનાયટેડ ટિંકચર ઓફ ગ્વાયકમ. ૧૮૦
,, ,, કવીનાઇન. ૧૭૧
,, મરક્યુરી. ૨૨૭
આયર્ન—લોખંડ. ૧૯૭
આયોડાઇડ ઓફ પોટાશ્યમ. ૧૯૩
,, ,, લેડ. ૧૮૯
,, ,, આર્યન. ૧૯૯
આયોડીન. ૧૩૭
,, પેન્ટ. ૩૩૨
આયોડોફોર્મ. ૧૩૮
આર અને નળી—એક હથીયાર થાયછે તેથી જળંદર વગેરે ફોડાયછે.
આરદ્રસ્ત્રાવ—રેસનું વહેવું.
આરદ્ર ત્વચા. ૧૧૨
આરકનોઆઇડ. ૨૩
આરીટિનાઇડ. ૧૨૦
આરોમેટીક સલ્ફ્યુરીક આસિડ. ૧૪૩
,, સ્પીરીટ ઓફ આમોન્યા. ૧૩૫
,, મિક્શ્ચરઓફઆયર્ન. ૧૯૪-૧૯૭
,, પાઉડર ઓફ ચાક. ૧૭૪.
,, ,, એન્ડ ઓપ્યમ. ૧૭૫
આર્સેનીયેટ ઓફ સોડા. ૨૨૩
આર્સેનીયેટ ઓફ આયર્ન. ૧૯૯
આર્સેનીકલસોલ્યુશન. ૧૪૦
આર્સેનીયસ આસિડ. ૧૪૦
આર્જેન્ટાઇનાઇટ્રસ-નાઇટ્રેટ આફ સીલવર.
આર્કસ સીનાઈલીસ. ૬૭૦
આર્તવ—રજ દર્શન.
આર્તવવિકાર—રતુના વ્યાધિ. ૭૧૧
આલમ—ફટકડી. ૧૩૬
આલ્કલાઇન—આમ્લ વિરૂદ્ધ.
આલબ્યુમીન. ૪૪
આલ્કહાલ. ૧૩૬
આલુબુખ્યાર. ૨૪૨
આલોઝ—એળીયો. ૧૩૮
આવળ. ૨૪૨
આસવ. ૧૨૩, ૨૩૬
આસ્થમા—દમ. ૪૬૩
આસેટાબ્યુલમ. ૭૨૯
આસેટમ સીલી. ૨૨૦
આસોદ. ૨૪૨
આસોદરો. ૨૪૩
આસાફેટીડા—હીંગ. ૧૪૧
આસ્પીરેટર—આકર્ષણ કરીને પ્રવાહી ખેંચવાનું યંત્ર.
આસીડ—આમ્લ.
,, આર્સેનીયસ ૧૪૦
,, આસેટીક. ૧૪૧
,, ,, ડીલ્યુટ. ૧૪૧
,, ઇન્ફ્યુઝમ ઓફ રોઝ. ૨૦૯
,, કાર્બોલીક. ૧૪૨
,, ગ્યાલીક. ૧૮૧
,, ટાર્ટરીક. ૧૪૨
,, ટાર્ટરેટ આવ પોટાશ. ૧૯૪

,, ટાની૬. ૧૮૧
,, નાઇટ્રીક. ૧૪૨
,, નાઇટ્રેટ આવ મરક્યુરી. ૧૨૬
,, નાઇટ્રોમ્યુરીઆટીક ડીલ્યુટ. ૧૪૩
,, ફોસફોરીક ડીલ્યુટ. ૧૪૩
,, બેનઝોઇક. ૨૦૨
,, મ્યુરીઆટીક. ૧૪૪
,, સલ્ફયુરસ. ૧૪૪
,, સલ્ફયુરીક. ૧૪૩
,, ,, ડીલ્યુટ. ૧૪૩
,, ,, આરોમેટીક. ૧૪૩
,, સાઇટ્રીક. ૧૪૪
,, હાઇડ્રોક્લોરીક. ૧૪૪
,, ,, ડીલ્યુટ. ૧૪૪
,, હાઇડ્રોસી યાનિક ડીલ્યુટ. ૧૪૪
આંઉસ. ૧૨૯
આંકડી—ચુંક. ૩૮૧
આંખ. ૯૨
આંખનીડઇઓ. ૬૭૧
આંખનું ચાંદું—ફૂલું. ૬૬૮
આંખ આવવી. ૬૬૨
આંખનાં ઘર. ૯
આંખનું કાણું. ૬૭૯
આંચકી. ૪૯૩, ૭૯૮
આંજણી. ૬૮૦
આંતરડાં. ૭૫
આંતરડાંમાં પાચન ક્રિયા. ૭૫
આંતરડાંની રચના. ૩૨
આંતરડાંની હીલચાલ. ૮૨
આંતર છેડો. ૩૧
આંતર ગમન. ૫૯૮
આંતર દ્વાર. ૩૧
આંતર પડદો. ૩૧
આંતર બંધન—આંતરડાનું બંધન. ૨૪૧
આંબલી. ૧૮૬
આંબાહળદર. ૨૪૨
આંબો. ૨૪૨
આંબોઈ. ૩૭૩
ઇકબેલી ફ્રુકટસ. ૧૪૫
ઇચ—ખસ.
ઇડ્યસી ગાંડાપણું. ૪૯૯
ઇથર. ૧૪૫
ઇથર કલોરીક. ૧૬૯
,, સલ્ફયુરીક. ૧૪૫
ઇથીરીયલ ટિંક્ચર આવ લોબીલીયા. ૨૧૧
ઇનફીરીયર ટરબીનેટેડ બોન. ૮
ઇનફ્યુઝન. ૧૨૪
,, અરગટ. ૧૩૨
,, એન્થીમીડીસ—ક્યામોમાઇલ. ૧૪૮
,, ઓરેન્સાઈ—ઓરેન્જપીલ. ૧૫૩
,, ક્યાટીકુ. ૧૫૮
,, કવાસ્યા. ૧૬૭
,, કાલંબા. ૧૭૩
,, કેરોફાઇલ. ૧૬૩
,, ક્યાસકરીલા. ૧૬૬
,, ક્રામીરી—હીટની. ૧૭૩
,, કુસો. ૧૭૫
,, ચોરેટા. ૧૮૩
,, જનશ્યન કોમ્પાઉન્ડ. ૧૮૩
,, ડીજીટેલીસ. ૧૮૭
,, માટીકો. ૨૦૬
,, રીહાઇ—રૂબાર્બ. ૨૦૭
,, રોઝી આસીડમ્. ૨૦૯
,, લીની—લીનસીડ. ૨૦૯
,, સરપન્ટરી. ૨૧૧
,, સીંકોના. ૨૧૭
,, સેની—સેના. ૨૨૧
,, સેનીગી. ૨૨૦
ઈનહેલેશન ઓફ કોનાયમ. ૧૭૬
,, ,, આયાડીન. ૧૩૭
,, ,, કલોરીન. ૧૬૫
,, ,, ક્રિયાસોટ. ૧૭૪
,, ,, કોલ્યા. ૧૭૬
ઈંગ્રેજી દવા અને તેના ગુણદોષ. ૧૨૩
,, ,, ઓની મુખ્ય બનાવટ. ૧૨૩
,, ,, તોલનું કોષ્ટક. ૧૨૯
ઇંગ્વાયનલ સારણ. ૫૯૩
ઈંડીયન હેમ્પ—ભાંગ. ૧૫૯
ઇંદ્રજવ. ૨૪૩
ઇંદ્ર વરણું. ૧૭૮, ૨૪૩.
,, નું સત્વ. ૧૭૮
ઈંદ્રવરણાદિ ગુટીકા. ૧૭૮
ઈંપીટાઈગો—વિસ્ફોટક. ૫૧૨
ઇપીકાકયુઆના. ૧૪૫
ઇલાટીરીયમ. ૧૪૫
ઇલીયમ—નિતંબાસ્થિ ૭૨૯, ૩૨
ઇસપગોળ. ૨૪૪
ઇસ્કીયમ. ૭૨૯
ઇસ્ટન સીરપ. ૩૪૧

ઉ.

ઉકાળો—કાઢો.
ઉત્કંટો. ૨૪૩
ઉત્તર દક્ષિણ વ્યાસ. ૭૩૦
ઉત્પત્ત્યવયવ. ૩૯
ઉત્પત્તિસ્થાન. ૧૮
ઉથમું જીરૂં. ૨૪૪
ઉદર વિદારણ ગર્ભ પ્રસવ. ૭૯૦
ઉદર રસપડ—પેરીટોન્યમ. ૨૯
ઉદર વિદારણ કરવાની રીત. ૭૯૦
ઉરૂદર પટલ (ડાયાફ્રામ). ૨૯
ઉદરાવરણ. ૬૧૪
ઉધરસ. ૪૪૨
ઉનવા—પેશાબે ગરમી.
ઉન્મત સાજપાતનાં લક્ષણ. ૮૦૩
ઉનાબ. ૨૪૩
ઉપચાર—ઇલાજ.
ઉપદંશ. ૬૨૦
ઉપપાગીરસ. ૧૧૦
ઉપલાજડબાના અસ્થિ. ૮
ઉપત્વચા (ક્યુટીકલ). ૧૧૩
ઉપવૃષણ (એપીડીડીમીસ). ૪૦
ઉપલસરી, ઉપલેટ. ૨૬૩
ઉપજીવીક અવયવો, ઉત્પત્યવયવ. ૧૪
ઉભી ભોંયરીંગણી. ૨૭૮
ઉમરાનું ઝાડ. ૨૪૩
ઉરૂસ્તંભ. ૩૩૩,૪૭૯
ઉરોદરપટલ (ડાયાફ્રામ). ૨૦
ઉરોનળ (થોરાડસીકડક્ટ). ૩૪
ઉરોસ્થિ. ૧૧
ઉર્ધ્વ હાંસડી પ્રદેશ. ૪૨૫
ઉર્ધ્વ મૂત્રપિન્ડ. ૧૧૭
ઉન્માદ. ૪૯૭
ઉલટી ૬૦, ૩૩૮
ઉલટતો તાવ. ૩૦૩
ઉટીંઙું જીરૂં. ૨૪૪
ઉષ્ણતા કર્તા ખોરાક. ૬૬
ઉંદરી. ૫૧૯

એ.

એકવીશ દાહાડાનો તાવ. ૨૯૯
એકલકંટો. ૨૪૩
એકેશ્યા ગમાઈ. ૧૪૬
એકોનાઈટ—વછનાગ. ૧૪૬,૨૮૭
એકાંગવાયુ—પક્ષાઘાત.૪૭૫
એકાંતરો તાવ. ૩૦૪
એક્રેઝર—છેદન કરવાનું એક શસ્ત્ર હોયછે.
એકવા (પાણી).૧૨૪
એકવા એનીથી. ૧૪૮
,, ક્યામ્ફર. ૧૬૩
,, ક્યાલસીસ. ૧૬૪
,, પીમેન્ટો.૧૯૨
,, ફીનીકયુલ. ૧૯૬
,, મેન્થી પીપરટી. ૧૫૬
,, રોઝી. ૨૦૯
,, સીનામોમી. ૨૧૮
એકસ્ટ્રાક્ટ (સત્વ). ૧૨૬
,, અરગટ. ૧૩૨
,, ઇન્ડીઅનહેમ્પ—ક્યાનાબીસ.૧૫૯
,, ઓપીયમ. ૧૪૯
,, કાલંબા. ૧૭૩
,, કોનાયમ—હેમલોક. ૧૭૫
,, કોલચીકમ. ૧૭૭
,, કેમોમાઇલ—એન્થીમીડીસ.૧૪૮
,, ક્યાલાબારબીન— ફાઇસોસ્ટીગમા. ૧૯૬
,, ક્રામેરી—હીંટની. ૧૭૩
,, કવાસ્યા. ૧૬૭
,, જનસ્યન. ૨૮૩
,, જાલપ. ૧૮૩
,, ડાંડીલીયન—ટારાક્ષ્સીકમ. ૧૮૭
,, નક્ષવોમીકા. ૧૮૮
,, પરેરા. ૧૮૯
,, પાપીઝ—પાપાવરીઝ. ૧૯૧
,, આલોઝ. ૧૩૮
,, બેલાડોના. ૨૦૨
,, બેલ—બેલી લીકવીડમ. ૨૦૪
,, રૂબાર્બ—રીહાઈ. ૨૦૭
,, લાગવુડ—હીમાટોક્ષ્સાલી. ૨૩૦
,, લીકરીસ—ગ્લીસરાઇઝા. ૧૮૯
,, સ્ટ્રામોન્યમ. ૨૧૨
,, સારસા પરીલા. ૨૧૫
,, સીંકોના. ૨૧૭
,, હાયોસાયમસ—હેનબેન. ૨૨૯
એક્સપ્રેસ્ડ ઓઇલઓફ નટમેગ. ૨૦૬
એખરો. ૨૪૩
એડ્સ પ્રીપેરેટસ. ૧૪૭
,, બેનઝોયેટસ. ૧૪૭
એડહીઝીવ પ્લાસ્ટર ૨૦૮
એથમોઇડ આસ્થ. ૭
એનીથી ફ્રુકટસ. ૧૪૮

એનીમલ ચારકોલ. ૧૬૨
એનીમલ હીટ. ૨૯૯
એન્ટીમનીનો આસવ. ૧૪૯
એન્ટીમોનીયલ પાઉડર. ૧૪૯
એન્ટીમની ટારટરેટ. ૧૪૮
એન્ટીમનીનું ઝેર. ૬૮૭
એન્ટેરીક ફીવર. ૨૯૯
એપ્સમ સાલ્ટ. ૨૦૫
એપીથીલ્યમ. ૧૧૨, ૪૧૪
,, નાહાળીયા. ૪૧૪
એપીલેપ્સી—વાઇ, ફેફરૂં. ૪૮૯
એબસોર્પશન. ૧૦૭
એમેનોરીયા—નષ્ટાર્તવ. ૭૧૧
એરંડીયેલ તેલ. ૧૫૭
એરંડ પાક. ૩૩૪
એરંડો. ૨૪૩
એલીફંટાયસીસ. ૬૩૫
એલચી. ૧૭૨
એસેટમ. ૧૪૭
એસેટીક આસિડ. ૧૪૧
,, એક્સ્ટ્રાક્ટ ઓફ કોલચીકમ. ૧૭૭
એસેટેટ ઓફ લેડ. ૧૮૯
,, ,, મોર્ફીયા. ૧૫૦
,, ,, પોટાસ. ૧૯૩
એસેન્સ ઓફ પીપરમીટ. ૧૫૬
,, ,, એનીસી. ૧૫૩
એળીયો. ૧૩૮
એળીયોને હીંગની ગોળી. ૧૩૯
,, ને લોહની ગોળી. ૧૩૯
,, ને હીરાબોળની ગોળી. ૧૪૦
એમ્પ્લાસ્ટ્રમ્ આમોનાયસીકમૂહાઇડ્રારજીરો ૧૩૫
,, ઓપીઆઈ. ૧૪૯
,, ક્યાન્થારીડીસ. ૧૬૦
,, રેઝીન. ૨૦:
,, પ્લંબી. ૧૯૦
,, બેલાડોના. ૨૦૨
,, સીનાપીસ. ૨૧૮
,, હાઈડ્રારજીરી. ૨૨૫

ઓ.

ઓઇન્ટમેન્ટ—મલમ.
ઓઇન્ટમેન્ટ ઓફ આયોડીન. ૧૩૭
,, ગૉલ. ૧૮૨
,, ગૉલ એન્ડ ઓપીયમ. ૧૮૨
,, આમોનાયટેડ મરક્યુરી. ૨૨૭
,, આયોડીડ આવ પોટાશ્યમ. ૧૯૩
,, એસેટેટ આફ લેડ. ૧૯૦
,, ક્રિયાસોટ. ૧૭૪
,, ઝીંક. ૧૮૬
,, ટેરપનટાઇન. ૧૫૫
,, ટાર. ૧૯૨
,, મરક્યુરી. ૨૨૬
,, ઓફ રેઝીન. ૨૦૯
,, રેડઆયોડીડ આવમરક્યુરી. ૨૨૭
,, સલ્ફર. ૨૧૨
,, સેવીન. ૨૨૧
ઓઇલ આવ એનીસી. ૧૫૩
,, ઓલીવ. ૧૫૩
,, કેમોમાઇલ. ૧૪૮
,, કોપેવા. ૧૭૬
,, કાડલીવર. ૧૫૬
,, કયારાવે ૧૫૪
,, કયાજુપુટી. ૧૫૪
,, કયુબેબ=ચીનીકબાલા. ૧૬૭
,, કયાસ્ટર સીડ—એરંડી. ૧૫૭
,, કલવઝ. ૧૬૩
,, ક્રોટન—નેપાળો. ૧૫૪
,, જુનીપર. ૧૫૪
,, ટરપન્ટાઇન. ૧૫૫
,, ડીલ. ૧૪૮
,, થીઓબ્રોમ. ૧૫૫
,, નટમેગ. ૨૦૬
,, પીપરમીટ. ૧૫૬
,, પીમેન્ટો. ૧૯૨
,, ફોસફરસ. ૧૫૫
,, મસ્ટર્ડ. ૨૧૮
,, રોઝમરી. ૧૫૭
,, લીનસીડ. ૨૧૦
,, લવાન્ડર. ૧૫૭
,, લેમન. ૧૫૮-૨૧૦
,, સીનામમ. ૨૧૮
,, સેવીન. ૨૧૮
ઓકસાઇડ ઓફ લેડ. ૧૯૦
,, ઝીંક. ૧૮૬
,, એન્ટીમની. ૧૪૯
,, આયર્ન. ૨૦૭
ઓકસીમલ સીલા—સ્કવીલ. ૧૫૮, ૨૨૦
ઓથમીજીર. ૨૪૪
ઓપીયમ. ૧૪૯.
ઓપાસીટી—આંખનું ફુલું.
ઓમેનટમ—પેટ માંહેલો પડદો.

ઓર. ૭૩૭, ૭૩૮
,, નો ધ્વનિ. ૭૩૭
ઓરબીટ—આંખનું ઘર.
ઓરનું અંદર રહેવું. ૭૯૩
ઓરકાઇટીસ—વૃષણનો વરમ. ૬૩૯
ઓરેન્શાઈ કાર્ટેક્સ. ૧૫૨
ઓરી. ૩૨૫
ઓર્પિમેન્ટ—હડતાલ
ઓલીવ ઓઇલ. ૧૫૩
ઓવરી—સ્ત્રીઅંડ. ૭૩૪
ઔંસ. ૧૨૯
અંગ્વેન્ટમ—મલમ. ૧૨૫
અંગુઠાનાં અસ્થિ. ૧૪
અંગુર—રૂઝાવું, ભીંગ આવવી
અંતર્ અર્શ. ૬૦૫
અંતરેછાલ—અંદરની છાલ.
અંતર્ યામ—અંદરની બાજુ.
અંતર્ પડ. ૨૩
અંતર્મુખ. ૭૩૩
અંતરાવરણ—અંદરનું પડ.
અંતરગોળ—અંદરથી બેઠેલું. બાહ્ય ગોળથી ઉલટું.
અંતઃકરણનો અવાજ. ૪૯
અંતઃફળ. ૭૩૪
અંતઃશ્વાસ. ૫૫
અંદરનો કાન. ૧૦૮
અંદરનું મળુ ૩૦
અંદરના ગળાની પોલ. ૩૦
અંનનળ. ૩૦
અંનાશય—હોજરી.
અંનાશયનું ક્ષત—ચાંદું. ૩૬૩
અંબર. ૨૪૦

ક.

કઆવા. ૪૪૮
કચૂરો } ૨૪૪
કચોરા }
કટકટ અવાજ. ૫૬૫
કઠણ સાબુ. ૨૧૫
કટિશુળ. ૩૩૩
કટુત્રયરસ. ૩૯૭
કડવી બદામ. ૧૩૧
,, જીરી ૨૪૯
,, નઈ. ૧૪૫
કડાછાલ. ૨૪૪
કડુ. ૨૪૫
કણો. ૪
કણેર. ૬૯૨
કનફેકશન આફ પીપર. ૧૯૨
,, ,, ઓપીયમ. ૧૫૨
,, ,, ટરપનટાઈન. ૧૫૫
,, ,, સલ્ફર. ૨૧૨
,, ,, સેના. ૨૨૧
કનીનીકા. ૯૩
કનીનીકાનો વરમ. ૬૭૧
કપડછાણ—કપડાથી ચાળેલું.
કપીલો. ૧૫૮, ૨૪૫
કપીત્થાષ્ટક ચૂર્ણ. ૨૫૧, ૩૮૧
કપૂર. ૧૬૩, ૨૪૫
કપૂરકાછલી. ૨૪૫
કફઘ્ન—કફ નાશ કરનાર દવા.
કબજીઅત. ૩૭૦
કબાબચીની. ૨૪૬
કમળ. ૭૩૩
કમળ મુખની સજ્જડતા. ૭૭૭
કમળ કાકડી. ૨૪૬
કમળ કંદના ક્ષત અને છાલાં. ૭૧૭
કમળો. ૪૦૫
કમાલા—કામેલા. ૧૫૮
કરમ. ૩૮૫
કરમાણી અજમો. ૨૩૭
કરોડ. ૪
કરોડ રજ્જુ. ૨૪
કરોળીયા. ૫૧૬
કરોઝીવ સબ્લીમેન્ટ—રસકપુર.
કરીઆતુ. ૧૮૩, ૨૪૬
કરંજ. ૨૪૬
કરંઢીઊં. ૧૮૯
કર્ણદર્શકયંત્ર.—(ઇઅર સ્પેક્યુલમ). કાન તપાસવાની નળી. ૬૮૨
કર્ણ પટલ—કાનનો પડદો. ૧૦૦
કર્ણ નળી. ૧૦૦
કર્ણિકા. ૨૬
કલઇ. ૨૪૭
કલેજું, ૩૯૭, ૩૪, ૭૮
કલેજાના રોગથી થતું જળદર. ૩૫૨
કલેજાનો દીર્ઘ વરમ. ૪૦૦
કલેજામાં થતો રક્તનો જમાવ. ૩૯૭
કલેજાનો તિક્ષ્ણ વરમ. ૩૯૮
કલંબો. ૨૪૭, ૧૭૩
કવચાં. ૨૪૭

કવચાનાં મૂળ. ૨૪૦
કસ્તુરી. ૨૦૬, ૨૪૮
કલ્ક. ૨૩૫
કળીચૂનો. ૧૬૪
કસાંજણ. ૨૪૮
કાઇનો—કાયનો. ૧૭૨
કાઇલિ ૧૦૮.
કાકચીયા ૨૪૮
કાકસીક્ષ—ગુદાસ્થિ. ૭૨૯
કાકડી. ૨૪૮
કાકડીનાં બી. ૨૪૮
કાકડા શીંગ. ૨૪૮
કાકમારીનાં બી. ૨૪૯, ૬૯૨
કાખ્ય પ્રદેશ. ૪૨૫
કાચરૂપરસ. ૯૫
કાજુ. ૨૪૯
કાજુપુટીનું તેલ. ૧૫૪
કાઢા—ઉકાળો.
કાથો. ૨૪૯, ૧૫૮
કાન. ૧૦૦
કાનના વ્યાધિ. ૬૮૧
કાન્ડુલા. ૩૫૭
કાપનારા દાંત. ૯
કાપસીકમ. ૧૬૧
કાપુસ—રૂ.
કાફી—બુંદદાણા.
કાયફળ ૨૫૦
કારપસ લુટયમ-પીળો ડાઘ. ૭૩૫
કારાવેનું તેલ. ૧૫૪
કાર્ટિલેજ. ૧૬
,, ની ગ્રંથી. ૧૫૧
કાર્ડામોમમ—કાર્ડામમ. ૧૭૨.
કાર્બો એનીમલીસ. ૧૬૨
કાર્બો લીગ્નાઈ. ૧૬૨
કાર્બોલીક આસિડ. ૧૪૨
,, લોશન. } ૫૬૨
,, તેલ. }
કાર્બોનવાળા પદાર્થ. ૬૭
કાર્બોનેટ આવ માગ્નીશીયા. ૨૦૫
,, આમોનીયા ૧૩૪
,, લીથીયા. ૨૧૦
,, સોડા. ૨૨૪
,, પોટાશ. ૧૯૫
,, બીઝમથ. ૨૧૧.
કાલાબારબીન. ૧૯૬
કાલંબા રેડીકસ. ૧૭૩
કાસ્ટીક—દંભીક ઔષધી.
,, સોડા. ૨૨૩
,, પોટાશ. ૧૯૩
કાળીજીરી. ૨૪૯
કાળાદાણા. ૨૪૯
કાળી પાટ. ૨૫૦
કાળીનસ. ૫૩
કાળાંમરી. ૧૯૨
કાંકચીયા. ૨૪૮
કાંજી. ૨૩૫
કાંટા સળીયો. ૨૪૯
કાંટાળુ માયુ. ૨૮૦
કાંડાનાં અસ્થિ. ૧૩
કીકી. ૯૩
કીડામારી. ૨૫૦
કીલ. ૧૯૨, ૨૫૦
કુકડીયા ખાંસી. ૪૬૭
કુરચાં. ૧૬
કુટજ ચૂરણ. ૩૭૬.
કુતરીયા દાંત. ૯
કુથવું—કરાંઝવું.
કુલીંજન. ૨૫૦
કુવાડીયો. ૨૫૧
કુસો. ૧૭૫
કુંવાર ૨૫૧
કેમીકલ ફૂડ. ૪૯૨
કેમોમાઈલ. ૧૪૮
કેરીઝ ઓફ બોન. ૫૮૪
કેવળીયો કાથો. ૧૫૮
કેશ. ૧૧૪
કેશ વાહીની. ૪૭, ૫૨
કેસર. ૧૭૭
કેસર ગુગળ. ૨૫૫
કેસરાદિ ગોળી. ૨૭૨, ૩૮૧
કેશપ્ર. ૧૧૫.
કોઈનન. ૧૭૦
કોકમનું તેલ. ૧૫૫, ૨૫૧
કોકલીયા. ૧૦૨
કોકસાલજ્યા. ૭૦૫
કોગળીઉ. ૬૯૦
કોઠ. ૨૫૧
કોણાકાર વકતા. ૫૮૮
કોણીનું ઉતરવું. ૫૭૭
કોણીને ચઢાવવાની રીત, ૫૭૭

ક્રોયળીમાં સારણ ઉતરવાથી થતી વૃષ-
ણ વૃદ્ધિ. ૬૩૫
ક્રોનાઈ ફ્રાલીયા. ૧૭૫
ક્રોન્સ્ટીપેશન—કબજીયત.
ક્રોપેવા. ૧૭૬
ક્રોયલા. ૧૬૨
ક્રોરીયાન્ડ્રી ફ્રુકટસ—ધાણા. ૧૭૭
ક્રોરીયા.. ૪૯૧
ક્રોરીયન. ૭૪૦
ક્રોરોઝીવ સબ્લીમેન્ટ—રસકપુર.
ક્રોરોઈડ. ૯૭–૯૩
ક્રોર્નિયા. ૯૮
ક્રોર્નીયાની સ્વેત પરીધી. ૬૭૦
કોલચીકમનું ફોર્મ. ૧૭૭
કોલેરા. ૩૯૦
કોલેરા મિક્ષ્ચર. ૩૯૩
કોલેરાની ગોળી. ૩૯૬
કોલન. ૩૩
કોલચીચ્યન. ૧૭૮
કોલ્ચીચ્યમ ફ્લકેસાઇલ. ૧૭૮.
કોલ ગાંઠ.૧૭૮
કોળુ (સુરૂ) ૨૫૧
કોમ્પાઉન્ડ આયર્ન મિક્ષ્ચર. ૧૯૮
,, આમન્ડ પાઉડર. ૧૩૧
,, ઇલેટેરીઅમ પાઉડર. ૧૪૫
,, ઇપીકાકયુઆના પાઉડર ૧૪૫
,, ઇનફ્યુઝન આવ ઓરેંજપીલ.૧૫૬
,, ,, આફ જનશ્યન. ૧૮૩
,, એકસ્ટ્રાક્ટ ઓફ કાલોસીંથમ ૧૭૮
,, ઓઇન્ટમેન્ટ ઓફ મર્ક્યુરી.
,, ઓપીયમ પાઉડર. ૧૫૧
,, ક્યાટેકુ પાઉડર. ૧૫૯
,, ક્યાલામલપીલ. ૨૨૮
,, ક્યામ્ફર ટિંક્ચર.
,, ક્યામ્ફર લીનીમેન્ટ. ૧૬૩
,, કાઇનો પાઉડર. ૧૭૨
,, ચાક પાઉડર. ૧૭૫
,, જાલપ પાઉડર. ૧૮૫
,, ટિંક્ચર ઓફ સીંકોના. ૨૧૭
,, ,, ,, કાર્ડામમ. ૧૭૨
,, ,, ,, ક્યામ્ફર. ૧૬૪
,, ,, ,, કલોરોફોર્મ. ૧૬૯
,, ,, ,, બેનઝોઇન.
,, ,, ઓફ જનશ્યન ૧૮૩
,, ,, ઓફ લવાન્ડર. ૧૫૭
,, ડિકોકશન ઓફ સારસાપરીલા ૨૧૬
,, ,, એલોઝ. ૧૩૮
,, પીલ ઓફ સ્કવીલ. ૨૨૦
,, ,, ગ્યાંબોજ. ૧૬૪
,, ,, હેમલોક. ૧૭૬
,, ,, કોલોસીંથ. ૧૭૮
,, ,, આસાફિટીડા. ૧૪૧
,, મિક્ષ્ચર ઓફ સેના. ૨૨૨
,, રૂબાર્બપીલ. ૨૦૮
,, ,, પાઉડર. ૨૦૭
,, લીનીમેન્ટ ઓફ મસ્ટર્ડ. ૨૧૮
,, લીકરીસ પાઉડર. ૧૮૦
,, લેડસપોઝીટરી. ૧૯૦
,, સીનેમમ પાઉડર. ૨૧૮
કંજંટીવાઇટીઝ. ૬૨૨
કંજેશન આફ લીવર. ૩૯૭
કંટ્યુઝન—મૂઢમાર.
કંઠ. ૧૧૯
કંઠદ્વાર. ૫૪,૫૯, ૧૧૯
કંકુ—ખરજ, ચૂંટ.
કંડેસ્ડ મીલ્ક. ઠારેલું દૂધ. ૭૬૨
કંપવા. ૪૮૩
ક્યાટાપ્લાઝમા પોટીસ. ૧૭૬
ક્યાટાપ્લાઝમા લીની. ૨૧૦
,, સીનાપીસ. ૨૧૮
,, કાર્બોનીસ. ૧૬૨
,, કોન્યાઈ. ૧૭૫
ક્યાટારાકટ—મોતીયો. ૬૭૩
ક્યાટેકુ. ૧૫૮
ક્યાટીકુ પાલીડમ. કાથો ૧૫૮
ક્યાટીકુ લોઝેન્જીસ. ૧૫૯
ક્યાનસર—અર્બુદ. ૫૫૨
ક્યાનાબીસઇંડિકા—ગાંજો. ૧૫૯, ૬૯૧
ક્યાન્થારીડીસ—એકજાતની ઝેરી માખી૧૬૦
ક્યુપરાઇ સલ્ફસ—મોરથુથુ. ૧૬૮
ક્યુબેબા—ચનકબાબ. ૧૬૭
ક્યામ્ફર – કપુર. ૧૬૩
ક્યામ્બોજ્યા. ૧૬૪
ક્યામોમાઇલ ફ્લાવર્સ. ૧૪૮
ક્યારન ઓઇલ–ચુનાનું તેલ. ૧૬૫
ક્યારોફાઇલમ—લવિંગ. ૧૬૨
ક્યારાવેનું તેલ. ૧૫૪
ક્યાલ્કસ–ચુનો. ૧૬૪
,, કલોરેટા. ૧૬૫
ક્યાલોમલ. ૨૨૮

ક્યાલસીસ હાઇપો ફાસફસ. ૧૬૬
,, ફાસફસ, ૧૬૫
,, ક્લોરીડમ. ૧૬૫
,, હાઇડ્રસ. ૧૬૪
ક્યાસકરીલા કોર્ટેકસ. ૧૬૬
ક્યાસ્ટર. ૧૬૬
,, ઓઇલ. ૧૫૭
કબ્બાદ. ૨૪૫
કૃમિ—જીવડા. ૩૮૪
ક્રામેરી રેડીકસ. ૧૭૩
ક્રિયાસોટ. ૧૭૪
ક્રીટા—ચાક. ૧૭૪
,, પ્રેપરેટા—શોધેલો ચાક. ૧૭૪
ક્રીમ આવ ટારટર. ૧૬૪
કૃત્રિમ મળદ્વાર. ૬૦૦
,, શ્વાસ. ૬૯૮
કુરુછાર્વેવ. ૭૧૩
કૃષ્ણાવળી-ડુંગળી.
કૃષ્ણમંડળનો વરમ. ૬૬૯
ક્રેપીટસ-પરપોટાવત્ ધ્વનિ. ૪૨૮
ક્રોટનઓઇલ. ૧૫૪
ક્રોનીક બ્રોંકાઈટીઝ. ૪૪૨
ક્લીટોરીસ—યોનિલિંગ. ૭૩૨
ક્લોરલ હાઇડ્રેટ. ૧૭૦
ક્લોરાઇડ આવ ઝીંક. ૧૮૬
,, આવ આમોન્યા. ૧૩૪
,, આવ સોડીયમ. ૨૨૫
,, આવ કાલશીયમ. ૧૬૫
ક્લોરીનેટેડ લાઇમ. ૧૬૫
ક્લોરેટ આવ પોટાસ. ૧૬૪
ક્લોરોફોર્મ. ૧૬૮
ક્લવ્ઝ—લવીંગ. ૧૬૨
ક્વાથ—ઉકાળો. ૧૨૩; ૨૩૫
ક્વાશ્યા પદ્મા. ૧૬૩
ક્વીનાઇન. ૧૭૦
ક્વીન્સ—મુગલાઇબેદાણા. ૨૮૧

ખ.

ખડસલીઓ પીતપાપડો. ૨૫૨
ખડી. ૨૫૨
ખડી જવું—સાંધાનું ઉતરી જવું.
ખભાનું ઉતરી જવું. ૫૭૬
ખભાની ઢાલનું હાડકું. ૧૨
ખભો ચઢાવવાની રીત. ૫૭૭
ખરજવી. ૫૨૦.
ખરપર. ૨૫૨
ખરીત્વચા. ૧૧૪
ખરી વેણ. ૭૫૨
ખરી કંઠતાર. ૧૧૯
ખરો બુરૂશીપ્રદેશ. ૭૩૦
ખસ—કોહ. ૫૨૧
ખસખસ. ૨૫૨
ખાખરાનાં ફૂલ. ૨૫૨
ખાપરીયો. ૨૫૩
ખાપટનાં બી. (બલા).
ખાર. ૬૯
ખાંડ પાક—મુરબ્બો. ૨૩૫
ખાંસી. ૬૦
ખાંસી સ્પર્શાઘાત. ૪૨૬
ખાંસી ધ્વની. ૪૨૭
ખીલ. ૫૧૬, ૬૬૬
ખુરાસાની અજમો. ૨૩૭, ૨૫૩
ખેરસાર. ૨૫૩
ખેરો—માથાનો મેલ.
ખોરાક માર્ગ. ૨૯
,, અને તેનો ઉપયોગ. ૬૫, ૮૨૫
ખોટો કંઠ તાર. ૧૧૯
ખોટી બસ્તિ. ૭૩૦
ખોપરી. ૧૧૯
ખોપરીના તંતુઓ. ૮૯
,, નું ભંજન. ૫૮૩

ગ.

ગજકરણ—દરાજ. ૫૧૯
ગજપીપર. ૨૫૩
ગજવેલ. ૨૫૩
ગટાપર્ચા. ૧૭૯
ગડ. ૫૨૮
ગઢુળ—ડોળાએલું
ગતિતંતુ. ૧૦૪
ગતિરહીત સાંધાનાં ઉદાહરણ. ૧૬
ગતિવાળા સાંધા. ૧૭
ગમ્પ્લાસ્ટર. ૨૦૮
ગમઇલાસ્ટીક કેથેટર—એક જાતના ગુંદરની સ્થિતિસ્થાપક શળી.
ગમ ઓફ એકેશ્યા. ૧૪૬
ગરમ પાણી. ૧૨૮
ગરમાળો. ૨૫૩, ૧૬૩
ગરમાળાનો અર્ક. ૫૨૦
ગરદનનું અસ્થિ. ૧૧
ગરણીનાં બી. ૨૫૩
ગરજણનું તેલ. ૨૫૮

ગરમી—ઉપદંશની વિક્રિયા. ૬૨૦
ગરમ પ્લાસ્ટર. ૧૬૦
ગર્ભપાત. ૭૪૧
ગર્ભનું ગેરશીરસ્તે આવવું. ૭૭૬
ગર્ભને ફેરવવાની રીત. ૭૮૫
ગર્ભાશય—ગર્ભસ્થાન. ૭૩૩
,, સંકોચ. ૭૫૨
,, શલાકા-ગર્ભાશયમાં નાંખવાનીસળી.
,, પ્રદર. ૭૧૫
,, અર્બુદ. ૭૧૮
,, ગ્રંથી ૭૧૯
,, અર્શ ૭૨૦
,, સ્થળાંતર. ૭૨૧
,, ભ્રંશ. ૭૨૧
,, વક્ર. ૭૯૨
,, વિવૃત. ૭૨૪
,, નીપુર્વાવસ્થા. ૭૫૭
ગર્ભના પડને લીધે થતી હરકત ૭૭૦
ગર્ભનું આડું આવવું. ૭૬૬
ગર્ભ માર્ગની અડચણ ૭૬૭
ગર્ભાશયનું ફાટવું. ૮૦૦
,, અવડ વળીજવું. ૮૦૧
ગર્ભનું નિતંબથી આવવું. ૭૪૪
ગર્ભાધાન પ્રકરણ. ૭૩૫
,, ની મુદત. ૭૩૯
ગલગંડ—ગળા ઉપરની ગાંઠ.
ગળાની બારી. ૩૦
ગળું આવીજવું. ૩૬૧
ગળો. ૨૫૩
ગળપુથી. ૭૬૪
ગળજીભી. ૨૫૫
ગળસુળાં. ૨૯, ૩૬૧
ગળાનો જખમ. ૬૧૦
ગળવું. ૭૧
ગાઉટ. ૩૩૫
,, ના ગુરદા. ૩૩૭
ગાજર. ૨૫૪
ગાજબાન. ૨૫૫
ગાયનું દૂધ. ૭૬૦
ગાલનાં અસ્થિ. ૮
ગાલપચોરીયાં, ૩૬૧
ગાલા ૧૮૧
ગાત્ર—શરીર.
ગાંજો. ૧૫૯, ૨૫૪
ગીનીવર્મ—વાળો.
ગુગલ. ૨૫૫
ગુદદ્વાર—મળદ્વાર.
ગુદાસ્થિ—કાકસીક્ષ. ૭૨૯
ગુદાસ્થિ શૂળ. ૭૦૫.
ગુંજ—ચણોઠી. ૨૫૬
ગુંદર. ૨૫૬, ૧૪૬
ગુમડું. ૫૪૪
ગુરદા. ૩૫, ૧૧૭
ગુરદાનો વરમ. ૪૧૪
,, ના રોગથી થતું જલોદર ૩૫૩
ગુલ્મ—પેટનો ગોળો.
ગુલનાર—દાડમના ફુલની કળી.
ગુલકંદ. ૨૫૬
ગુલાબજળ. ૨૦૯
ગુલાબનાં ફૂલ. ૨૦૯—૨૫૬
ગુહ્ય કેશભૂ. ૭૩૧
ગુહ્યાવયવ. ૭૨૯
ગુલાબની ખાટી ચા. ૨૦૯
ગોખરૂ. ૨૫૭
ગોરોચન. ૨૫૭
ગોલ્સ. ૧૮૧
ગોળી. ૨૩૫
ગોળકૃમિ. ૩૮૪
ગોળાકાર એપીથીલ્યમ. ૧૧૨
ગૌશીતળા. ૩૯૨
,, કાઢવાની રીત, ૩૨૩
ગંઠીઓ વા. ૩૩૫
ગંઠીઓ વાત રક્ત. ૩૪૫
ગંધક. ૨૫૭, ૨૧૨
,, નો તેજાબ, ૧૪૩
ગ્રધ્રસી. ૪૮૧
ગ્રાહી—કબજ કરનાર અથવા રોકનાર ઔષધ.
ગ્રીન આયોડાઇડ ઓફ મર્ક્યુરી. ૨૨૭
ગ્રીવા—ડોક.
ગ્રે પાઉડર. ૨૨૭
ગ્રેન—ઘઉંભાર. ૧૨૯
ગ્રેગરીઝ પાઉડર. ૨૦૭
ગ્રેપશુગર-દ્રાક્ષની સાકર.
ગ્રંથી—ગાંઠ. ૫૪૮
ગ્રંથી માળા. ૮૩
ગ્રંથી શામક—ગાંઠ મટાડનાર.
ગ્રામ. ૧૩૦
ગ્યામ્બોજ. ૧૬૪
ગ્યાલીક આસિડ. ૧૮૧

ગ્વાયેકમ રેઝીન. ૧૮૦
ગ્યાલન, ૧૨૯
ગ્લાટીશ, ૫૯
ગ્લીસરીન. ૧૭૯
ગ્લીસરીન ઓફ કારબોનીક આસીડ.૧૪૨
ગ્લીસરીન ઓફ બોરાક્ષ. ૨૭૪
ગ્લીસરીન ઓફ ગ્યાલીક આસિડ.૧૮૧
ગ્લીસરીન ઓફ ટાનીક આસિડ. ૧૮૧

ઘ.

ઘણું દૂધ. ૭૬૦
ઘર્ષણધ્વની. ૪૨૯
ઘર્ષણ સ્પર્શાઘાત. ૪૨૬
ઘાષણ —જેથી શરીર ગળીજતું હોય તેવું ૬૨૬.
ઘામ કાઢવાની રીત. ૩૫૭
ઘી. ૨૩૬
ઘુમટાનો સંકોચ. ૬૩૦
ઘુમટાનો ઉર્ધ્વ સંકોચ. ૬૩૦
ઘૂચ—જળોયાં. ૫૫૦
ઘૂરી—વાઇ.
ઘૂંટણની ઢાંકણી. ૧૫
ઘૂંટણનું હાડકું. ૫૭૨
ઘૂંટણી. ૧૬
ઘેરી—ચક્કર.
ઘોઘરો—બેશી ગએલો સ્વર.
ઘોડી—હાથપગ ટેકાવાનું હથિઆર.
ઘોડા આસોદ. ૨૪૨
ઘ્રાણ તંતુ. ૮૯
ઘ્રાણેંદ્રિ—નાક.૯૧

ચ.

ચણકબાબ. ૨૫૮,૧૬૭
ચણાનો ખાર. ૨૫૮
ચણોઠી. ૨૫૮
ચપટા કરમ. ૩૮૪
ચપટ એપીથીલ્યમ. ૧૧૨
ચમક. ૫૫૫
ચરબીવાળા પદાર્થ. ૬૭
ચરબીવાળા મૂત્ર પિંડ. ૪૧૮
ચરબી. ૨૧
ચરબીની ગ્રંથી. ૫૫૧
ચરબીમય ઢાળીઆ. ૪૧૪
ચરણ ભ્રમણ. ૭૮૬
„ „ કરવાની રીત. ૭૮૭
ચવક. ૨૫૯
ચસકા. ૪૮૭
ચા. ૧૨૪-૨૩૫
ચાક શુદ્ધ કરેલા. ૧૭૪
ચાક મિકશ્ચર. ૧૭૫
ચાકનું ચૂર્ણ. ૧૭૪
ચાકને અફીણનું ચૂર્ણ. ૧૭૫
ચાતુરજાત. ૨૫૯
ચાતુર ભદ્ર. ૩૧૧
ચામડી. ૧૧૩
ચારકોલ પોટીસ. ૧૬૨
ચારટા એપીસપાસ્ટીકા. ૧૬૧
ચારટા સીનાપીસ. ૨૧૯
ચાલમોગરાનું તેલ. ૨૬૦
ચાભાં. ૫૦૭
ચાંદાં. ૫૪૧
ચાંદી—ટાંકી. ૬૧૫
ચીનીકબાલા. ૨૫૮, ૧૬૭
ચિત્રક મૂળ. ૨૫૯
ચીમડ. ૨૬૦
ચીરાટા—કરીઆતુ. ૧૮૩
ચૂરણ. ૧૨૪, ૨૩૫
ચૂનો. ૧૬૪, ૨૬૦
ચૂક. ૩૮૧
ચૂનાનું પાણી. ૧૬૪
ચૂનાનું તેલ. ૧૬૫
ચેપીઓ સુતિકા જ્વર. ૮૦૬
ચેપી રોગ—ઉડતો રોગ.
ચેહેરો. ૬
ચેહેરાનાં અસ્થિ. ૮
„ નું પ્રથમ આવવું. ૭૭૩
ચોટ—માર. ૫૫૯
ચોથીઓ તાવ. ૩૦૪
ચોપચીની. ૨૬૦
ચોપડવાનાં તેલ. ૧૨૪
ચોરીઆ—ગળા માંહેની ગાંઠ.
ચોરીઆનો વરમ. ૩૬૧
ચૌદ દિવસનો તાવ. ૩૦૨
ચંચ્વાકૃતિ—ચાંચના જેવી આકૃતિ.
ચંદન. ૨૬૧.
ચંદનનું તેલ. ૨૬૧.

છ.

છાતી—પેટની ઉપરનો ભાગ.
છાતી ભેદન. ૭૯૨
છાતી ફોડવાની રીત. ૬૧૩
છાતીના જખ્મ. ૬૧૨
છાતીનો ધમકારો અથવા થડકો. ૪૩૫

છાતીની પરીક્ષા. ૪૨૪
છાતીની અવલોકન પરીક્ષા. ૪૨૬
છાતીની માપ પરીક્ષા. ૪૨૭
છાતીની શ્રવણ પરીક્ષા. ૪૨૭
છાતીને ઠોકવાથી પરીક્ષા. ૪૨૭
છાતીની સ્પર્શ પરીક્ષા. ૪૨૬
છાતીનું અસ્થિ. ૧૧
છાતીની બખોલ. ૨૫
છાતીના પ્રદેશ. ૪૨૪
છાતીનું પાંજરૂં. ૧૧
છાતીનું જળંદર. ૩૫૧
છાલાં—છોડાં.
છીંકવું. ૬૦
છુંદાએલા જખમ. ૫૬૨
છોડ. ૭૪૦
છૂટક શીતળા. ૩૨૧

ज.

જઈફ—ઘરડપણ.
જખમ. ૫૬૦
જખમ કેમ રૂઝાયછે. ૫૬૦
જટામાસી. ૨૬૧
જડબાના સ્નાયુ. ૧૮
જઠર. ૩૧-૩૩, ૭૨
જઠરસ. ૭૨
જનશ્યન મિક્ષ્ચર. ૧૮૪
જન્મેલું બાળક. ૭૬૩
જમણી કર્ણિકા. ૪૯
જમણી જવનિકા. ૪૬
જમાલગોટા. ૨૬૧
જમાલગોટાનું તેલ. ૧૫૪
જલદ—તિવ્ર.
જલદ પ્રસીવ. ૭૬૬
જવ. ૨૩૧
જવનીકા. ૨૬
જવખાર. ૨૩૧
જસત. ૨૬૨
જસતનાં ફૂલ. ૧૮૬
જસતની ભસ્મ. ૧૮૬
જળરૂપ રસ. ૯૫
જળવૃદ્ધિ અથવા વધરાવળ. ૬૩૨
જળંદર, જળોદર. ૩૫૦
જળો. ૨૨૯
જાથુના દાંત. ૯
જામેકા સારસાપારીલા. ૨૧૫
જાયફળ. ૨૦૬-૨૬૨
જારી તાવ. ૨૯૮
જાલપ. ૧૮૪
જાવંત્રી. ૨૬૨
જાંગના સાંધાનું ઉતરવું. ૫૭૮
જાંગ અસ્થિભંગ. ૫૭૧
જાંગનું અસ્થિ. ૧૫—૫૭૨
જાંબુ. ૨૬૨
જાંગ સારણ. ૫૯૩
જીર્ણ દાહ. ૫૨૭
જીંજર. ૧૮૫
જીભ. ૩૦-૧૯૩
જીભનો વરમ. ૩૫૮
જીભનાં ચાંદાં. ૩૫૯
જીભનું કાનસર. ૩૫૯
જીરૂં. ૨૬૨
જીવનગતિ. ૧૦૩
જીવતંતુ. ૧૧૮
જીર્ણજ્વર. ૩૧૨
જીવડા. ૩૮૪
જુ. ૫૨૩
જુથબંધ—સમુદાય.
જુનો સંધીવા. ૩૩૦
જુનો તાવ. ૩૧૨
જુનીપરનું તેલ. ૧૫૪
જુની ખાંસી, સસણી, દમ. ૪૪૨
જુનો ગાઉટ. ૩૩૬
જેઠીમધ. ૧૭૯-૨૬૨
જેજ્યુનમ. ૩૨
જેપાળ. ૨૭૦
જેમ્સ પાઉડર. ૧૪૯
જેલ ફીવર ટાઇફસ ફીવર. ૩૦૨
જોન્ડીસ—કમળો. ૪૦૫
જંગલી પીઆજ. ૨૬૩
જ્વર—તાવ. ૨૯૭
જ્વરભ્રમ—તાવમાં બકવું.
જ્યુસ ઓફ ડાંડીલીયમ. ૧૮૭
જ્યુસ ઓફ હેમલોક. ૧૭૬
જ્યુસ ઓફ ટારાક્ષકમ, ૧૮૭
ઝાડો. ૩૩૭
ઝામરો. ૫૧૨
ઝામર—(ઝામર વા). ૬૭૭
ઝીપટો. ૨૬૩
ઝીંક. ૧૮૬
ઝીંક ઓકસાઈડ ૧૮૬
ઝીંક ઓઇંટમેંટ. ૧૮૬

ઝીંક લોશન. ૧૮૬
ઝીંક સલ્ફસ. ૧૮૬
ઝેર. ૬૮૫
ઝેરકોચલાનું ઝેર. ૬૮૮
ઝેર ક્ચોલું. ૧૮૮, ૨૬૩
ટરપનટાઇન. ૧૫૫
ટાઇફસ ફીવર. ૩૦૨
ટાઇફાઇડ ફીવર. ૨૯૯
ટાઢીયો તાવ. ૩૦૪
ટાનીક આસિડ. ૧૮૧
ટાર. ૧૯૨
ટારટર ઓફ ઍન્ટીમની. ૧૪૮
ટારટરીક આસિડ. ૧૪૨
ટારટર ઇમેટીક. ૧૪૮
ટારટરેટેડ. ૧૯૮
ટારટરેટેડ સોડા. ૨૨૨
ટામારીન્ડ. ૧૮૬
ટારાક્ષકમ. ૧૮૭
ટાંકા. ૫૬૧
ટાંકી. ૬૧૫
ટિંક્ચર. ૧૨૩
ટિંક્ચર ઓફ અરગટ. ૧૩૨
,, આયોડીન, ૧૩૭
,, આલોઝ. ૧૩૯
,, આસાફિટીડા. ૧૪૧
,, ઇન્ડીઅન હેમ્પ. ૧૬૦
,, અકોનાઇટ. ૧૪૬
,, ઓપીયમ-લાડેનમ ૧૫૨
,, ઓરેન્થાઇ. ૧૫૩
,, ઓરેન્જપીલ. ૧૫૩
,, કામીરી—ધીંટની. ૧૭૪
,, કાલંબા. ૧૭૩
,, કાયનો. ૧૭૨
,, કાર્ડામોમાઇ કોમ્પાઉન્ડ. ૧૭૨
,, ક્યાન્થારીડીસ. ૧૬૧
,, ક્લોરોફોર્મ કોમ્પાઉન્ડ. ૧૬૯
,, ક્યામ્ફર કોમ્પાઉન્ડ. ૧૬૪
,, ક્યાટીકુ. ૧૫૯
,, ક્યાપસીસાઇ. ૧૬૧
,, ક્યાસકરીલા. ૧૯૬
,, ક્યુબેબા. ૧૫૭
,, ક્વીની આમોનાયેટા. ૧૭૧
,, ક્વીનાઇન. ૧૭૧
,, ક્વાસ્યા. ૧૬૭
ટિંક્ચર ઓફ ક્યાસ્ટર. ૧૬૬
ટિંક્ચર ગ્વાયેસી એમોનાયેટા. ૧૮૦
ટિંક્ચર આફ ગાલ્સ. ૧૮૨
,, એરેટા. ૮૩
,, જાલપ. ૧૮૪
,, જનસ્યાની કોમ્પાઝીટા. ૧૮૩
,, જીંજીર. ૧૮૫
,, ઝીંઝીબરીસ ફોર્સ્યોર. ૧૮૫
,, ટોલુ. ૨૦૧
,, ડીજીટેલીસ. ૧૮૭
,, નક્ષવોમીકા. ૧૮૮
,, પરકલોરીડ આફ આયર્ન. ૧૯૮
,, બુકુ. ૧૯૬
,, બેલાડોના. ૨૦૨
,, બેનઝોઇન કમ્પાઉન્ડ. ૨૦૨
,, મરહ. ૨૦૪
,, રૂબાર્બ–રીહાઇ. ૨૦૭
,, લેમન. ૨૧૦
,, લોબીલીયા. ૨૧૧
,, લોબીલીયા ઇથીરીયા. ૨૧૧
,, લવાન્ડર કોમ્પાઉન્ડ. ૧૫૭
,, સિનામન. ૨૧૮
,, સિંકોના. ૨૧૭
,, કોમ્પાઉન્ડ. ૨૧૭
,, સરપેનટરી. ૨૧૧
,, સમ્બલ. ૨૧૩
,, સ્કવીલ. ૨૨૦
,, સેનેગા. ૨૨૦
,, સેવીન. ૨૨૦
,, સેના. ૨૨૨
,, સ્ટ્રામોન્યમ. ૧૧૨
,, હીમામેલીસ. ૫૪૧, ૬૦૮
,, હાયોસાયમસ. ૨૨૯
,, હેમલોક. ૧૭૬
ટુકો આમટો નાંખવાની રીત. ૭૮૦
ટુટીઓ. ૩૯૦
ટુર્નીકેટ–રક્તબંધ કરવાનો પાટો.
ટેબા—ટાંકા. ૫૬૧
ટેમરીન્ડ—આંબલી. ૧૮૬
ટેરા—ઊંચવટો.
ટોબાકો—તમાકુ. ૨૬૪, ૧૮૬
ટ્રોકાર. ૪૫૭
ટ્રોકીસકાઈ ક્યાટીકુ. ૧૫૯
,, આસીડી ટાનીસી. ૧૮૨

ટ્રોકીસ્કાઇ પોટાસી ક્લોરેટીસ. ૧૯૪
,, ફેરી રીડાકટી.૧૯૯
,, બીસ્મથ. ૨૦૧
,, સોડી બાઇકાર્બોનિટીસ. ૨૩૪
ટંકણખાર. ૨૬૩, ૨૦૪

ડ.

ડાબુદ્વાર. ૩૧
ડાબીકર્ણિકા. ૪૬
ડાબીજવનીકા. ૪૬
ડાયરીઆ—ઝાડો.
ડાયાફોરેટીક—પરસેવો લાવનાર.
ડાંડીલીયનરૂટ. ૧૮૭
ડીકોકશન ઓફ આલોઝ. ૧૩૮
,, ,, ડાંડીલીયન-ટારાક્ષ્કમ. ૧૮૭
,, ,, પામિગ્રાનિટરૂટ. ૧૮૦
,, ,, બાર્લી. ૨૩૦
,, ,, પરેરા. ૧૮૯
,, ,, પાપીસ. ૧૯૧
,, ,, લાગવુડ—હીમાટોક્ષીલી. ૨૩૦
,, ,, સારસાપરીલા. ૨૧૬
,, ,, સીંકોના. ૨૧૬
ડીલ્યુટ એસેટીક આસિડ. ૧૪૧
,, નાઇટ્રીક આસિડ. ૧૪૨
,, નાઇટ્રોમ્યુરીઆટીક આસિડ. ૧૪૨
,, ફોસફોરીક આસિડ. ૧૪૩
,, સલ્ફ્યુરીક આસિડ. ૧૪૩
ડીલ્યુટ સોલ્યુશન ઓફ સબએસેટેટ ઓફ લેડ. ૧૯૦
,, હાઇડ્રોશ્યાનીક આસિડ. ૧૪૪
,, હાઇડ્રોકલોરીક આસિડ. ૧૪૪
ડીકામાળી. ૨૬૩
ડીજીટેલીસ. ૧૮૭, ૬૯૦
ડીમેનશ્યા. ૪૯૯
ડીસેંટરી—મરડો. ૩૭૭
ડીલ ફ્રુટ. ૧૪૮
ડીસમેનોરીયા. ૭૧૩
ડીસ્પેપશ્યા—અજીર્ણ. ૩૬૪
ડુંગળી. ૨૬૩
ડુઓડીનમ. ૩૨
ડુક્કરની સાફ કરેલી ચરબી. ૧૪૭
ડેંગ્યું. ૩૨૭
ડોડી. ૨૬૩
ડોવર્સપાઉડર. ૧૪૫
ડ્યુરામેટર. ૨૩
ડ્રામ. ૧૨૯

ઢ.

ઢીંઢુ—નીતંબ.

ત.

તજ. ૨૬૪—૨૧૭
તણખીઓ—પરમીઓ.
તમાલપત્ર. ૨૬૪
તમાકુ. ૨૬૪
તર્જની—અંગુઠાની પાસેની આંગળી.
તર્જની પ્રવેશ પરીક્ષા. ૭૦૧
તરીઓતાવ. ૩૦૪
તલ. ૨૩૬
તવખીર. ૨૬૪
તાઢીઓતાવ. ૩૦૪
તાપોડીઆં. ૬૬૬
તાપતલી. ૩૫
તાર. ૧૯૨
તાલીસપત્ર. ૨૬૪, ૩૮૭
તાલીમખાનાં. ૨૬૫
તાવ. ૨૯૭
તાળવું. ૩૦
તાળવાનાં અસ્થિ. ૮
તાંદળજો. ૨૬૫
તાંબુ. ૨૬૪
તાંબાનુંઝેર. ૬૮૮
તિરકસ બ્યાસ. ૭૩૦
તિક્ષ્ણ આંતરાવરોધ. ૫૯૮
,, તાપોડીઆં. ૬૬૭
,, મરડો. ૩૭૮
,, વરમ. ૫૨૫
તિક્ષ્ણ સંધિવા. ૩૨૮
,, સસણી. ૪૩૯
,, ગાઉટ. ૩૩૫
,, ક્ષય. ૪૫૪
,, ઝામર. ૬૭૭
તીર્યકછેદ. ૫૫૨
તુળશી. ૨૬૫
તેજબળ. ૨૬૫
તેલ. ૧૨૪
તેલીઓ દેવદાર. ૨૬૭
તોલનું કોષ્ટક. ૧૨૯
તંદુરસ્ત ચાંદુ. ૫૪૨
તંતુકરમ. ૩૮૪
તંતુનીગ્રંથી. ૨૫

તંતુસંબંધનીગ્રંથી. ૫૫૧
તંદુલ—પાણી પકવવાની કોઠી.
ત્ર્યંકુશ પડદા. ૨૬
ત્ર્યંકુશ દ્વાર. ૪૬
ત્ર્યંકુશ પટળ. ૪૬
ત્રાયમાણ. ૨૬૫
ત્રિક—સૅક્રમ. ૭૨૯, ૧૪
ત્રિકટુ. ૨૬૫
ત્રિજાતક. ૨૬૫
ત્રિજાતિકાદિગોળી. ૨૬૫
ત્રિફળા. ૨૬૫
ત્રિદોષ—કફ, વાત, પીતનો વીકોપ.
ત્રિધારો—ત્રણધારવાળો.
ત્વચા. ૧૧૩
ત્વચારોગ. ૫૦૬
ત્વચાના સંબંધની ગ્રંથી. ૫૫૦

થ.

થાઇમ્સ. ૨૫, ૧૧૬
થાઇરોઇડ. ૧૧૬
થાપાને ચઢાવવા. ૫૭૮
થુલીઓ. ૩૬૦
થોર. ૨૬૫
થુંક. અને તેનો ઉપયોગ ૭૦, ૭૧

દ.

દમ. ૪૬૩
દર્શનતંતુ. ૯૨
દરદાદિપૂટપાક. ૩૭૬
દશમૂળ. ૨૬૬
દશાંગ લેપ. ૨૬૬
દસ્તાન—રજસ્વળા, રતુ.
દહીના જાયુદાંત. ૯
દાડમ. ૨૬૭
દાડીમવટી. ૩૭૭
દાઢ. ૯
દાણાદાર ઢાળીયા. ૪૧૪
દાદર. ૫૧૯
દારૂ. ૨૩૬
દારૂથી દીવાનાપણું. ૫૦૪
દારૂનું સત્વ. ૧૩૬
દારૂ હળદર. ૨૬૬
દારૂથી થતાં દુઃખ. ૫૦૨
,, નું ઝેર. ૫૦૩, ૬૯૧
,, જન્યભ્રમ. ૫૦૪
દારૂ, ઇથર, કલોરોફોર્મનું ઝેર. ૬૯૧
દાહ. ૫૨૫
દાહકચાંદુ. ૫૪૩
દાંત. ૯, ૭૬૫
દાંતનાવ્યાધિ. ૧૫૮
દાંતને ધુમાડી લેવાની રીત. ૬૬૧
દાંતીમૂળ. ૨૬૭
દીવાનાપણું. ૪૯૭
દીર્ઘક્ષય. ૪૫૨
,, મરડો. ૩૭૮
,, વરમ. ૫૨૭
,, આંતરાવરોધ. ૫૯૮
,, સંધિવા. ૩૨૮
,, તાપોડીઆં. ૩૬૭
,, ગાઉટ. ૩૩૫
,, ઝામર. ૬૭૮
દિપન—ભુખ લગાડનાર. ઔષધ.
દિલનીક્રિયાનુંજોર તથા તેનીસંખ્યા. ૪૯
દીવેચી અજમો. ૨૩૭
દુંટો. ૭૬૩
દુઝતા હર્ષ. ૬૦૪
દુધીઆદાંત. ૯
દુધનીસાકર. ૭૬૪
દુષ્ટપાંડુરોગ—૩૪૧
દુષ્ટગ્રંથી. ૫૪૮, ૫૫૨
દેવદાર. ૨૬૭
દંતશુળ. ૪૮૭
દ્રઢ યોનિપટલ. ૭૦૬
દ્રષ્ટિતંતુ. ૮૯
દ્રવ—પ્રવાહી.
ડ્રાઇડ આલમ—ફૂલાવેલી ફટકડી. ૧૬૩
દ્રાક્ષ (ધરાખ). ૨૬૮
દ્રાક્ષા સાવ. ૩૬૮
દ્રોણ. ૩૭
દ્વારવાળી પિન્ડ. ૧૧૫
દ્વયંકુશ પડદા. ૨૬, ૪૬
દ્વયંકુશ દ્વાર. ૪૬

ધ.

ધક્કો. ૫૫૮
ધનુર્વાનાં ચિન્હ. ૫૫૫ ૬૮૯
ધપકારો. ૪૯
ધમનિ—નાડ. ૫૦
ધમનિ રૂધિર. ૪૫
ધમાસો. ૨૬૮
ધાણા. ૧૭૭, ૨૬૯
ધાત. ૪૨૦
ધાતુના ઝેરથી શરીર રહીજવું. ૪૮૩

ધાવણ કેમ છોડાવવું અને કયારે. ૭૬૨
ધાવડીનાં ફૂલ. ૨૬૯
ધોયેલી આંકડ ૨૧૪
ધોળી મુશળી. ૨૮૧
ધોળાં રજકણ. ૪૪
ધામઠાં—ઉપસેલાં ચળવાળાં ચકામા.
ધોરી નસ, ૫૦
ધંતુરો. ૨૬૮, ૬૯૫
ધંતુરાનાં પાંદડાં. ૨૧૨
ધ્વની. ૧૧૯

ન.

નક્કર ગ્રંથી. ૫૫૦
નખ. ૧૫૫
નગોડ. ૨૬૯
નટ મેગ.—જાયફળ. ૨૦૬
નબળું ચાંદું. ૫૪૨
નરસિંહ ચૂરણ. ૨૭૭
નરગોટો. ૫૪, ૧૧૯, ૧૨૦
નરમ ટાંકી. ૬૧૫
,, મોતીયો. ૬૭૩
નરમ સાપ્ત. ૨૧૫
નરમ અર્બુદ. ૫૫૩
નળી અથવા દ્વારવિનાની પિન્ડ. ૧૧૬
નવસાર. ૧૩૪, ૨૬૯
નષ્ટાર્તવ—કમી દસ્તાન. ૭૧૧
નસકોરી ફૂટવી. ૫૩૨
નસોતર. ૨૬૯
નક્ષવોમીકા. ૧૮૮, ૬૮૯
નાઇટ્રીક આસિડ. ૧૪૧
નાઇટ્રેટ ઓફ પોટાસ. ૧૯૪
,, ઓફ સીલ્વર. ૧૩૩
નાઇટર. ૧૯૪
નાઇટ્રોજનવાળા પદાર્થ. ૬૭
નાકની પોલ. ૯
,, નાં અસ્થિ. ૮
નાક છીંકણી. ૨૭૦
નાકમાં મસો. ૪૩૯
નાકેંદ્રિ. ૭૧
નાગ કેસર. ૨૭૦
નાગરમોથ. ૨૮૨
નાગરવેલ. ૨૭૦
નાડી. ૫૧
નાનું ભેજું. ૨૪
નાનાં આંતરડાંમાં થતો ખોરાક ઉપર ફેરફાર. ૮૧
નાભીસારણ. ૫૯૩
નારાચરસ. ૩૭૦
નારાં—છીદ્ર.
નારંગીની છાલ. ૧૫૨
નાકસુરે—અથવા નાસુરે ૬૮૦
નાળીએર. ૨૭૦
નાળનું નીકળી આવવું. ૭૭૮
નીચલા જડબાનું અસ્થિ. ૯
,, ,, ભાગવું. ૫૬૭
,, ,, ઉતરી જવું. ૫૭૫
નીચેનું ટરબીનેટેન અસ્થિ. ૮
નિતંબ—ફૂબા.
નિતંબાસ્થિ. ૧૪, ૭૨૯
નીદાન—ચોકસ તપાસ.
નિક્રોસીસ. ૫૮૫
નિત્યતાવ. ૩૦૪
નિર્ગમન દ્વાર. ૭૩૦
નિરિછક સ્નાયુ. ૧૮
નિર્છેદ સંધિ સ્થળાંતર. ૫૭૪
નિર્છેદ રમડી. ૫૨૭
નિર્દોષ ગ્રંથી. ૫૪૮
નિર્જખ્મ. અસ્થિ ભંગ. ૫૬૪
નિર્મળી. ૨૭૦
નેપાળો. ૨૭૦
નેત્ર. ૯૨
નેત્રરસ. ૯૧
નેત્ર વ્યાધિ. ૬૬૨
નેત્ર દર્પણ. ૯૭, ૯૪
નેત્રગૃહ. ૯૨
નેત્રપંડ. ૯૩

પ.

પક્વાશય—હોજરી.
પક્વાશય વ્યાધિને લીધે થતો સુતિકાજ્વર. ૮૦૬
પગના નળાનું ભાગવું. ૫૭૨
પગનો નળો. ૧૫
પગમો નળો, ૩૩૫
પગના પંજાનું ભાગવું. ૫૭૩
પગનાં અસ્થિ. ૧૪
પગની પાછલીનાં હાડકાં. ૧૬
પગના સ્નાયુ. ૧૮
પટલ—પડદો.
પટાવિનાના સ્નાયુ. ૧૦૪
પટાવાળા સ્નાયુ. ૧૦૪
પટોળ. ૨૭૧

પડછીભી. ૩૦
પથરી—પીત્તની. ૪૦૪
પથરી—પેશાબની. ૬૫૦
પથરી કાઢવામાં જોખમ. ૬૫૪
પથરીની ચૂંક. ૬૪૯
પથ્યાગુગળ. ૩૩૫
પથ્ય—કરી.
પત. ૩૪૪
પતંગ. ૨૭૧
પરસેવો. ૧૧૫
પરસેવાના પિન્ડ. ૧૧૪
પરપોટાવત્ ધ્વનિ. ૪૨૮
પરમો—પ્રમેહ. ૬૩૫
પરમાંગનેટ ઓફ પોટાસ. ૨૯૪
પરવાળાં. ૨૭૧
પરવાળાં (આંખના વિષયમાં.) ૬૭૯
પરકલોરાઇડ આાથ મર્ક્યુરી. ૨૨૮
પરાવર્તન—કિરણનુ પાછુ ફરવું.
પરેરા રૂટ. ૧૮૯
પરેજી—કરી, પથ્ય.
પલ્વીસ. ૧૨૪
,, અમીગડલી કંપોઝીટા. ૧૩૧
,, ઇપીકાક્યુઆના કંપોઝીટા. ૧૪૫
,, ઇલાટીરી કંપોઝીટા. ૧૪૫
,, ઓપીઆઈ કંપોઝીટા. ૧૫૧
,, ક્રીટાઆરોમેટીક. ૧૭૪
,, ,, કંપાઉન્ડ. ૧૭૪
,, ક્યાટિકુ કંપાન્ડ. ૧૫૯
,, કાઇનો કંપોઝીટા. ૧૭૨
,, જાલપી ,, ૧૮૫
,, ગ્લીસરાઇઝી ,, ૧૮૦
,, જેકોબી. ૧૪૯
પલ્વીસ સીનામમ કંપોઝીટા.
પશ્ચિમ બ્રહ્મરંધ્ર. ૭
પશ્ચિમાસ્થિ. ૭
પશ્ચાત વક્ર. ૭૨૩
,, વિવૃત. ૭૨૪
પશ્ચાદ્ આસન—પાછળનો ખંડ.
પશ્ચાદ્ વેણ. ૭૫૬
પક્ષઘાત. ૪૭૫
પાઇંટ. ૧૨૯
પાઇમીયા—સેપટીસીમ્યા. ૧૪૫
પાઉડર—ભુકો.
પાઉન્ડ. ૧૨૯
પાખાણભેદ. ૨૯૧
પાચનક્રિયા. ૭૦
પાટું. ૫૪૫
પાણી. ૬૮, ૧૨૪
પાણીમાં ડુબવું. ૬૯૮
પાદભંજન—પગનું ભાગવું. ૫૭૧
પાન્સવારોલી. ૨૪
પાપડખાર—૨૨૪, ૨૭૧
પાપીક્યાપશ્યુલ. ૧૯૧
પામેગ્રાનેટ રૂટ બાર્ક. ૧૮૦
પાયામીટર. ૨૩
પારો—દાંતનાં પેઢાં.
પારો. ૨૨૫, ૨૭૨
પારાની દવાઓ. ૨૨૫
પારાદિ મલમ. ૨૨૬, ૫૧૧
પારો આપવાની ત્રણ રીત. ૬૨૫
પારોટીડ ગ્લાંડ. ૨૯
પારાપ્લીઝીયા. ૪૭૯
પાર્શ્વ વક્રતા. ૫૮૭
પાર્શ્વ શૂળ. ૩૩૩
પાર્શ્વાસ્થિ. ૭
પાલસી. ૪૭૪
પાંક્રિયાઝ ૩૫, ૭૭
પાંડુરોગ. ૩૪૭
પાંપણ. ૯૫
પાંસળીનું ભાગવું. ૫૬૭
પીચોટી. ૩૭૨
પીડીત ચાંદુ. ૫૪૨
પિત્ત. ૭૮
પીડીતાર્તવ. ૭૧૩
પિત પાપડો. ૨૭૩
પિત્ત જ્વર. ૩૧૩
પિત્તશ્યામક—પિત્તને શાન્તિ પમાડનાર ઓષધ.
પિત્તાશય—પિત્તા. ૩૫
પિત્તની પથરી અથવા કાંકરી. ૪૦૪
પીત્તના જોરથી માથુ દુખવું. ૪૮૩
પિન્ડ—ગ્લાંડ, ગ્રંથી.
પીનસ. ૪૩૭
પીપર. ૨૭૨
પીપરીમુળ. ૨૭૨
પીપરમીંટનું પાણી. ૧૫૬
પીપડી—કાળજુ. ૪૨૫.
પીમેન્ટો. ૧૯૧
પીલ આફ બાર્બાડોઝ આલોઝ. ૧૩૯

પીલ ઓફ ઈપીકાક્યુઆના. ૧૪૯
,, ,, આયોડાઈડ ઓફ આયર્ન. ૧૯૯
,, ,, ક્વીનાઇન. ૧૭૧
,, ,, કોલોસીંથ. ૧૭૮
પીલઓફ કોલાસીંથ એન્ડ હાયોસાઈમ.૧૭૯
,, ,, ફાસફરસ. ૧૯૨
,, ,, મર્ક્યુરી—હાઇડ્રારજીરી. ૨૨૫
,, ,, રેબાબ. ૨૦૮
,, ,, લેડ એન્ડ ઓપીયમ. ૧૯૦
પીવાના બ્યસનથી વિવધ દરદ. ૫૦૪
પીળો સોમલ. ૬૮૫
પીળી સીંકોનાની છાલ. ૨૧૬
પુટ પાક. ૨૩૫
પુષ્કર મૂળ—એરંડાનું મૂળ. ૨૪૪.
પૂર્ણ ભગંદર. ૬૦૨
પૂર્વાસ્થિ—લલાટાસ્થિ. ૭
પૂર્વ પશ્ચિમ બ્યાસ. ૭૩૦
પૂર્વ વક્ર. ૭૨૩
,, વિવૃત. ૭૨૪
પૂર્વ બ્રહ્મરંધ્ર. ૭
પેડુ–પેઢુ. ૩૬
પેટ—ઉદર. ૨૮
પેટના જખમ. ૬૧૪
પેટ બેસાણું—ઝાડો.
પેટમાં દુખવું. ૩૮૧
પેટના અંતરાવરણનો વરમ. ૪૦૯
પેપસીન. ૧૯૩
પેરીટોનીમમ. ૨૯
પેલ્વીસ (પેડુ) ૭૦૬, ૭૨૯
પેલ્વીક સેલ્યુલાઇટીઝ ૭૦૯
પેલ્વીક—હીમાટોસીલ. ૭૧૦
પેશી—પિન્ડ, ગ્રંથી.
પેશાબ. ૧૧૭
,, તથા ઝાડાની ક્રિયા. ૯૦
,, માં ધાતનું જવું. ૪૨૦
,, માં ચરબીનું જવું. ૫૩૬
,, નું ગડ તથા નાસુર. ૬૪૫
પેસ્સરી—યોનિમાં પહેરવાની ઘોડી.
પોખરમુળ. ૨૪૪
પોટીસ. ૧૨૫
પોટાસીઆયોડાઇડ. ૧૯૩
,, એસેટસ. ૧૯૩
,, ક્લોરેસ. ૧૯૪
,, કાર્બોનસ. ૧૯૫
,, કાસ્ટીકા—ક્ષુઝા. ૧૯૩
પોટાસી ટાર્ટરેટ આસિડ ૧૯૪
,, નાઇટ્રસ. ૧૯૪
,, પરમાંગનેટ. ૧૯૪
,, બ્રોમીડ. ૧૯૫
,, બાઇકાર્બોનસ. ૧૯૫
,, સલ્ફસ. ૧૯૫
પોડોફીલીન ૧૯૫
પોત. ૫૨૮
પૌપેયું. ૨૭૩
પોપાર્ટ બંધન—પોપાર્ટ લીગામેન્ટ.
પોર્ટવાઇન–દારૂની જાત છે.
પોલ—પોકળ જગા.
પોલીપસ-શ્લેષ્માવરણની ગ્રંથી. ૭૨૦, ૭૫૦
પોષણ કરતા ખોરાક. ૬૬
પંચકોળ ૨૭૩, ૩૩૪
પંચમૂળ. ૨૭૩
પંચલવણ. ૨૭૩
પંચસમચુરણ. ૩૨૪
પૃથુ ઓષ્ટ. ૭૩૧
પૃથુ બંધન. ૭૩૩
પ્યુબીસ—વંક્ષણાસ્થિ. ૭૨૯
પ્રતિબંધ—અટકાવ.
પ્રત્યાઘાત—સામેનોધક્કો.
પ્રથમપ્રસુતા—એકબચ્ચું થએલી સ્ત્રી.
પ્રથમપડ. ૧૧૧, ૧૧૨
પ્રદર. ૭૦૪, ૭૦૮, ૭૧૫
પ્રમેહ. ૬૩૫
પ્રવાહી. ૧૨૪
પ્રવાહી ગ્રંથી. ૫૪૯
પ્રવાહી પ્રત્યાઘાત. ૩૫૧
પ્રવેશછિદ્ર—દાખલ થવાનો માર્ગ.
પ્રવાલભસ્મ. ૨૭૧
પ્રસવ. ૭૪૪
પ્રસવનો પ્રથમકાળ. ૭૪૬
,, નો બીજોકાળ. ૭૪૭
,, નો ત્રીજોકાળ. ૭૫૧
પ્રસવબાદ મા તથા બચ્ચાની માવજત.૭૫૫
પ્રસવઆમટા. ૭૭૯
પ્રસવને લગતી ભાંજગડ. ૭૯૩
,, ,, શસ્ત્રક્રિયા. ૭૭૮
પ્રસવયુક્તિ. ૭૪૫
પ્રસવાપૂર્વિપ્રવાહ. ૭૯૪
પ્રસવાન્તરપ્રવાહ. ૭૯૭
પ્રસરતીટાંકી. ૬૧૬
પ્રસિકઆસિડ. ૧૪૪

પ્રક્ષાલન.—ધોવું.
પ્રાણીની ગરમી. ૬૧
પ્રાણીજ કોલસા. ૧૬૨
પ્રાણાયામ—ઊંડોશ્વાસ લઈ રોકીને મૂકયા. કરવા
પ્રાથમીક ઉપદંશ. ૬૨૧
પ્રુફસ્પીરીટ. ૧૩૭, ૨૧૪
પ્રેસીપીટેટેડ સલ્ફર. ૨૧૨
પ્રોબ—શળી.
પ્રોમાંટરી=સેક્રમ જુવો.
પ્રોસ્ટેટની વૃદ્ધિ. ૬૪૬
,, ની ગ્લાન્ડ. ૩૮
પ્લંબી એસેટસ. ૧૮૯
,, ઓક્ષીડમ. ૧૯૦
પ્લીહા-બરોળની સ્વભાવિકગાંઠ. ૩૫,૧૯૬
પ્લીહોદર-બરોળની વધેલીગાંઠ.
પ્લાસ્ટર. ૧૨૫

ફ.

ફટકડી. ૧૩૬, ૨૭૩
ફરફોલ્લા—ફોલ્લા.
ફસ—શીરા. ૫૩
ફળવાહીની. ૭૩૪
ફાઈમોસીસ—ઘુમટાનો સંકોચ. ૬૩૦
ફાઉલર સોલ્યુશન—સોમલનું પ્રવાહી.
ફાલસા. ૨૭૩
ફાસફરસનો તેજાબ. ૧૪૩
,, વાળું તેલ. ૧૫૫
,, ની ગોળી. ૧૯૨
ફાસફોરીક આસિડ. ૧૪૩
ફાસ્ફેટ ઓફ લાઈમ. ૧૯૫
,, આયર્ન. ૨૦૦
ફાંસાનાં લક્ષણ. ૫૯૬
ફાંટ—૨૩૫
ફીબ્રીન. ૪૪
ફીવર—તાવ. ૨૯૭
ફીલીક્સ માસ. ૧૯૬
ફુક્કો—મૂત્રાશય. ૩૭
ફુટી નીકળતો તાવ. ૩૧૭
ફુદીનો. ૨૭૩
ફૂલુ. ૨૬૮, ૨૬૯
ફેટીડ સ્પીરીટ ઓફ આમોન્યા. ૧૩૫
ફેનલ ફ્રુટ. ૧૯૬
ફેફસુ. ૨૭
ફેફરૂ. ૪૮૯
ફેફસામાંથી લોહીનું નીકળવું. ૫૩૬
ફેફસાનો વરમ. ૪૪૫
,, ના પડનો વરમ. ૪૫૦
ફેરમ્ ટારટરેટમ્. ૧૯૯
ફેરમ—લોખંડ. ૧૯૭
ફેરમ્ રીડાક્ટમ. ૧૯૯
ફેરી આમોનીસ સાઈટ્રસ. ૨૦૦
ફેરી આર્સેનીયાસ. ૧૯૯
ફેરીંકસ—ગળાની અંદરનો ભાગ.
ફેલાપીઅન ટ્યુબ. ૭૩૪
ફોકસ—સંકર્ષ પ્રદેશ. ૯૮
ફોડકી—ફોલ્લી.
ફ્રાયર્સ બાલસમ. ૨૦૨
ફ્લેગમેશ્યા ડોલન્સ. ૮૦૨
ફ્લ્યુઈડ મેગ્નીશીયા. ૨૦૫

બ.

બદ. ૬૧૭
બદહજમી—અજીર્ણ.
બદામ. ૨૭૪, ૧૩૧
બદામપાક. ૨૭૪
બનફશા. ૨૭૬
બરડાની કરોડ અથવા કણાના બાધિ. ૫૮૭
બરડાના દોરડાની ઈજા. ૫૮૯
બરો મૂતરી ગયો. ૨૯૮
બરોળ. ૩૫
બરાસકપૂર. ૨૪૫
બરોળની વૃદ્ધિ. ૪૦૮
બલગમ—ગળફા.
બળદાણા. ૨૭૪
બળખો—ગળફો.
બળવું—દાઝવું. ૫૪૬
બસ્તી (પેલ્વીસ)-પેડાનું હાડપિંજર. ૩૫, ૭૨૯
બસ્તી ભંગ. ૫૭૧
બસ્તીપીંજર વિકૃતાકૃતિ. ૧૬૯
બસ્તીમાં ગ્રંથી આદિ અડચણ. ૭૬૯
બહુ ફળી. ૨૭૪
બહુ આર્તવ. ૭૧૧
બહુ પ્રસુતા-એકથી વિશેષ બાળકથએલસ્ત્રી.
બહુ ગર્ભ. ૭૭૧
બહુ મૂત્ર. ૪૨૪
બહારના કાન. ૧૦૦
બાઈ કાર્બોનેટ ઓફ સોડા. ૨૨૩
,, ,, પોટાસ. ૧૯૫
બાઈ ટાર્ટ્રેટ ઓફ પોટાશ. ૧૯૪
બાર્ક—છાલ. આ શબ્દ સિંકોનાની છાલને માટે વપરાયછે.

બારબાડોઝ આલોઝ. ૧૩૮
બાદીઆન. ૨૭૪
બાફ. ૧૨૭
બાવળ. ૨૭૫
બાવળનો ગુંદર. ૧૪૯
બાલસમ ઓફ પેરૂ. ૨૦૧
બાલસમ ઓફ ટોલુ. ૨૦૦
બાલસમ ઓફ કોપેબા. ૧૭૯
બાલાટમેન્ટ. ૭૩૭
બાવચી. ૨૭૪
બાળકનો નાળ. ૭૬૩
બાળક પ્રદર. ૭૦૪
બાળ ઉપદંશ. ૬૨૮
બાળા ગોળી. ૭૬૪
બાહ્યઅર્શ. ૬૦૫
બાહ્યપડ } બાહારનું અસ્તર,
બાહ્યપટલ. }
બાહ્યગત સારણ. ૫૯૪
બાહ્યશ્વાસ. ૫૬
બાહ્યછિદ્ર. ૫૯૩
બાહ્યગોળ (બહારથી ઉપસેલું) ૯૭
બાહ્યાયામ. ૫૯૭
બાહ્યાસ્થિઘાત. ૫૮૫
બીજક—બી.
બીજોરૂં. ૨૭૫
બીઝમથ સબ નાઇટ્રસ. ૨૦૧
બીઝમથ કાર્બોનસ. ૨૦૧
બીલી. ૨૦૪, ૨૭૫
બીસ્ચુરી—ચપુ જેવું કાપવાનું હથિયાર.
બુકુફોલીઆ. ૧૯૬
બુખાર—તાવ.
બુરટ—અળાઇ, શીળસ.
બેખુણીઆ દાંત. ૯
બેદાણા. ૨૭૬
બેનઝોઇન. ૨૦૧
બેન્ઝોઇક આસિડ. ૨૦૨
બેન્ઝોઇટેડ લાર્ડ. ૧૪૭
બેલફળાદિચુરણ. ૩૮૧
બેલાડોના અને તેની દવાઓ. ૨૦૨
બેવડોતાવ. ૩૦૬
બેસણી. ૭૩૨
બેહેડાં. ૨૭૬, ૬૯૨
બોદો અવાજ—નક્કર પદાર્થ ઉપર ઠોકવાથી જે અવાજ નીકળેછે તે.
બોદારકાંકરો—બોદારસીંગ. ૧૯૦, ૨૭૬
બોરાક્સ. ૨૦૪
બંગભસ્મ—કલાઇની રાખ.
બંડલ—બાંદડી.
બંદુકનીગોળી, છરા તથા દારૂથી થતા જખમ. ૫૬૨
બંધન—સાંધનારપટો.
બંધેજસારણ. ૫૯૪
બ્રહદપંચમૂળ. ૨૬૬
બ્રહ્મરંધ્ર. ૭
બ્રાઇટડીઝીસ—ગુરદાનોવરમ. ૪૧૪
બ્રાન્ડી. ૧૩૭, ૨૧૪
બ્રાહ્મી. ૨૭૬
બ્રોમાઇડ આવ પોટાશ્યમ. ૧૯૫
" " આમોનીઆ. ૧૩૪
બ્લ્યુપીલ. ૨૨૫
બ્લીસ્ટર. ૧૨૫
બ્લાકવૉસ. ૨૨૮
બ્લીસ્ટરીંગ ફલ્યુઇડ. ૧૬૧
" પેપર. ૧૬૧

ભ.

ભગદળ—ઊંડો ઘા.
ભગંદર—૬૦૨
ભડથું—બળીગએલ ભાગ.
ભમર. ૯૫
ભરોળ—સોળ.
ભાસ્કરલવણચુરણ. ૩૬૯
ભાંગ. ૧૫૯, ૨૭૭, ૬૯૧
ભાંગરો. ૨૭૮
ભીંગ-કાચ. ૯૭
ભીલામુ. ૨૭૭
ભુજાસ્થિ. ૧૩
" નું ભંજન. ૫૬૯
ભુજાના સ્નાયુ. ૧૮
ભુંભલીયો—થોરની જાતછે.
ભુંગળી—નળી.
ભેજુ—મગજ. ૬
ભેજાનું પ્રવાહી. ૨૩
ભેરવસીંગ. ૨૪૮
ભોકેલો જખમ. ૫૬૩
ભોપાથરી. ૨૭૮
ભોરીંગણી. ૨૭૮

મ.

મકૂલ. ૭૧૦
મગજ. ૬

મગજના વ્યાધિ. ૪૬૯
,, નો સનેપાત. ૪૬૯
,, નો વરમ ૪૬૯, ૫૮૨
,, ઉપર લોહીનું ચઢવું. ૪૭૧
,, તંતુ. ૮૯
મગજ તથા ખોપરીની જખ્મો. ૫૭૯
મગજનો ધક્કો. ૫૮૦
મગજ ઉપર દબાણ. ૫૮૦
મગજનો ક્ષોભ. ૫૮૧
મજ્જાતંતુ—મજ્જાસ્થળ. ૮૩
મજ્જાગ્રંથી માળા. ૮૩
મજીઠ. ૨૭૮
મડાગાંઠ. ૧૦૫
મણિબંધાસ્થિ. ૧૩
મધ. ૨૦૬, ૨૭૯
મધ્યકાન. ૧૦૧
મધ્યછેદ. ૬૫૫
મધ્યમાસન—વચમાંનું સ્થળ.
મધ્યાવરણ. ૨૩
મનશીળ. ૨૭૮
મનુષ્ય દમ લીધા વધર કેટલો વખત જીવી શકે. ૬૦
મત્યાસ્તંભ. ૩૩૩
મધુપ્રમેહ. ૪૨૨
મરચાં ૨૮૦, ૧૬૧
મરડો. ૩૭૭
મરી. ૨૮૦ ૧૬૨
મરકી. ૩૬૦
મર્ક્યુરી. ૨૨૫
મરડાશીંગી. ૨૭૯
મમીયો } ૨૭૯
મમઇ }
મલમ. ૫૨૫
મલ્બેરી જ્યુસ. ૨૦૬
મસલ્સ. ૧૭
મસા. ૫૧૭
મસ્ક—કતુરી. ૨૦૬, ૨૪૮
મસ્ટર્ડ. ૨૧૮
મસ્તકની તુંબડી. ૬
મસ્તક પ્રસવની પેહેલી સ્થિતિ. ૭૪૯
,, ,, બીજી સ્થિતિ. ૭૪૯
,, ,, ત્રીજી સ્થિતિ. ૭૫૦
,, ,, ચોથી સ્થિતિ. ૭૫૧
મહર. ૨૦૪
મહાજમ. ૧૫૯, ૨૭૭
મહામારી. ૩૬૦
મહાકુષ્માંડપાક. ૨૫૨
મહારાસ્નાદિક્વાથ. ૩૩૩
મહુડાં ૨૮૦
મળ—ઝાડો.
મળદ્વાર—ગુદદ્વાર
મળાવરોધ. ૩૭૦
માગ્નીશીયા } ૨૦૫
,, કાર્બોનસ
,, સલ્ફસ.
માટી. ૨૦૬
માથુ દુખવું. ૪૮૩
માના—શીરખેસ્ત. ૨૦૫
માયફળ. ૧૮૧, ૨૮૦
માયસોટોમા—રાફી.
માત્રા—દવા આપવાનું પ્રમાણ.
માલેરીયા—ટાઢીયા તાવની ઝેરી હવા.
માલકાંકણા. ૨૮૦
માંસાકુર (ગ્રાન્યુલેશન).
મીઝંટરી. ૩૩
મીટરનું કોષ્ટક. ૧૩૦
મીઠુ. ૨૨૫, ૨૮૦
મીઠી બદામ. ૧૩૧
મીઠાનો તેજાબ. ૧૪૪
મીઠો પરમીયો. ૪૨૨
મીનરલ આસિડ—ખનીજ પદાર્થમાંથી થતા આસિડ.
મીનીમ. ૧૨૯
મિક્ષ્ચુરા—મિશ્રણ. ૧૨૫
,, ક્રીટા. ૧૭૫
,, ફેરી કોમ્પાઉંડ. ૧૯૯
,, અમીગડલા. ૧૩૧
,, ક્રીયાસોટી. ૧૭૪
મુગલાઇ બેદાણા. ૨૮૧
મુત્રારાની ગાંઠ. ૩૯૮, ૪૦૦
મૂઢમાર—ચોટ. ૫૫૯
મૂત્ર—પેશાબ. ૧૧૭
મૂત્રમાં રેત. ૬૪૪
મૂત્રાશય. ૩૭
મૂત્રાશયનો વરમ. ૬૪૭
,, ની અશ્મરી. ૬૫૦
મૂત્રગાંઠ—મૂત્ર માર્ગનો સંકોચ. ૬૪૦
મૂત્રપિંડ. ૩૫, ૧૧૭
મૂત્ર માર્ગ. ૩૮, ૭૩૨
,, ની પથરી. ૬૫૭

મૂત્રમાર્ગના વ્યાધિ. ૭૦૫
મૂત્રાશ્મરી—પેશાબની પથરી. ૬૪૭
મૂત્રલ—મૂત્રવૃદ્ધિ કરનાર દવા.
મૂત્રનો અંતર્ધામ સ્રાવ. ૬૪૫
મૂત્રનળ. ૩૬
મૂત્રપિન્ડનો વરમ. ૪૧૪
,, અથવા ગુરદાની અશ્મરી. ૬૪૯
મૂત્રનળીના ઢાળીયા. ૪૧૪
મૂત્રનળી-શલાકા-નળીકા. ૬૪૧
મૂત્રપરીક્ષા. ૪૧૦
મૂત્રપિન્ડની ઉર્ધ્વ ગ્લાન્ડ. ૩૫
મૂત્રાવરોધ. ૬૪૩
મૂરદાલસિંગ. ૧૯૦
મુરબ્બા—આથો. ૧૨૫, ૨૩૫
મુશળી. ૨૮૧
મૂળા. ૨૮૧
મેડયુલા ઓબલોંગેટા. ૨૪, ૮૮
મેથી. ૨૮૨
મેદી. ૨૮૧
મેદુ—ભેજું.
મેનીયા—દીવાનાપણું. ૪૯૯
મેલફર્ન. ૧૯૬
મેલ—હની, મધ.
મોચરસ. ૨૮૧
મોટી ઉધરસ. ૪૬૭
મોટાં આંતરડાં. ૭૭
,, માં થતો ફેરફાર. ૮૨
મોઢું. ૨૯
મોઢામાં થતી ક્રિયા. ૭૦
મોઢાનાં દરદ. ૩૫૮
મોઢું આવવું. ૩૬૦
મોઢાનો સજો. ૩૬૦
મોઢામાંથી લોહીનું નીકળવું. ૫૩૪
મોતી. ૨૮૨
મોતીયો. ૨૯૯, ૬૭૩
મોતીઆ બંધ છોડ. ૭૪૧
મોથ. ૨૮૨
મોદક—લાડુ. ૨૩૫
મોમોમેનીયા. ૪૦૯
મોરથુથુ. ૨૮૨
મોર્ફીયા. ૧૫૦
મંડુર. ૨૮૬
મંદાગ્નિ—ભુખ નહી લાગવી.
મંદ સુતિકા સન્નિપાતનાં લક્ષણ. ૮૦૪
મ્યુકસમેમ્બ્રેન. ૨૧
મ્યુરિઆટિક આસિડ. ૧૧૪

य.

યકૃત. ૩૪
યકૃત સંકોચ. ૪૦૩
યકૃતોદર—કલેજાની વૃદ્ધિ.
યકૃતના વ્યાધિ. ૩૯૭
યકૃતનું પાકવું. ૪૦૦
યવ—જવ. ૨૬૧
યવક્ષાર. ૨૬૧
યલો વોશ. ૨૨૮
યલો સિંકોના બાર્ક. ૨૧૬
યાંત્રિક સંકોચ પ્રસારણ. ૬૪૩
યુરીયા. ૧૧૮
યુરીક આસિડ. ૩૩૭
યુરેટ ઓફ સોડા. ૩૩૬
યુસ્ટેકયન ટયુબ. ૧૦૧
યોગવાઈ—ઉપદવા, મુખ્ય દવાની સાથે બીજી મદદ કરનારી અથવા પીવાના સાધનતરીકેની દવા.
યોગરાજ ગુગળ. ૨૫૫, ૩૩૫
યોનિ. ૭૩૨
,, રોગ. ૭૩૨.
,, મુખગ્રંથી. ૭૦૩
,, મુખ વરમ. ૭૦૩
,, લિંગ. ૭૩૨
,, માર્ગના વ્યાધિ. ૭૦૬
,, હર્ષ—સ્પર્શાસહ્યયોનિ. ૭૦૭
,, પ્રદર. ૭૦૮
,, ભ્રંશ. ૭૦૯
,, નો તીક્ષ્ણ વરમ-દાહ. ૭૦૭
,, પટળ. ૭૩૨

ર.

રક્ત. ૪૧
રક્ત જળ. ૪૨
,, કણ. ૪૩ અ.
,, પ્રવાહ. ૭૯૪
,, નળી. ૫૧
,, ,, ના જખમથી રક્તસ્રાવ. ૫૩૮
,, સ્રાવ-લોહીનું નીકળવું. ૫૨૯
,, સંચય જન્યસંકોચ. ૬૪૦
,, સ્તંભક ઓષધિ. ૫૩૯
રક્ત જન્યવૃદ્ધિ. ૬૩૩
રક્ત નળીઓથી થતું શોષણ. ૧૦૯
રક્તાશય. ૨૬, ૪૬
,, ના રોગથી થતું જળોદર. ૩૫૨

રક્તાશયના વ્યાધિ. ૪૩૦
,, ના બાહ્યપડનો વરમ. ૪૩૦
,, વૃદ્ધિ અને વિસ્તૃત. ૪૩૧
,, ના ધ્વનિ. ૭૩૮
રગત રોહડો. ૨૮૨
રચનાવિકારી જન્યસંકોચ. ૬૪૦
રજસ્વળા—રજોદર્શન. ૭૧૧
રતલ. ૧૨૯
રતવા. ૩૪૭
રતાંજળી. ૨૮૨
રતી. ૧૨૯
રસપડ. ૨૧, ૧૧૧
રસકપૂર. ૨૨૮
રસકપૂરનું ઝેર. ૬૮૭
રસપેશી. ૧૦૭
રસાયનચુરણ. ૨૪૨
રસાંજન અથવા રસોટ. ૨૬૬
રસોત્પાદકક્રિયા. ૧૧૦
રસોળી. ૫૪૯
રસોળીયો વા. ૫૧૮
રહાટની. ૧૭૩
રાઈ. ૨૧૮
રાતાગુલાબનીકળી, ફુલ. ૨૦૯
રાતારજકણો. ૪૩
રાફી. ૫૫૨
રામબાણરસ. ૩૬૯
રાસ્ના. ૨૮૩
રાસ્નાષ્ટક. ૩૩૩
રાસ્નાદ્વાદશ. ૩૩૩
રાસ્નાપંચક. ૨૮૩
,, ગુગળ. ૨૫૬
રાળ. ૨૦૮, ૨૮૩
રાળાદિકચુરણ. ૨૮૪
રાક્ષસી ગર્ભ. ૭૭૧
રાંઝણ. ૪૮૮
રીડ્યુસ્ડ આયર્ન. ૧૯૯
રીફાઇન્ડ સ્યુગર. ૨૧૪
રીમીટંટ ફીવર. ૩૧૩
રીસામણી. ૨૮૪
રૂચકર—ભૂખ લગાડનાર.
રૂતુ—રજસ્વળા.
રૂધીરાભિસરણ. ૪૬
રૂધિર. ૪૧
રૂપુ. ૨૮૪
રૂબાર્બ રૂટ. ૨૦૭
રૂમડી. ૫૨૭
રૂમે મસ્તકી. ૨૦૫, ૨૮૪
રૂક્ષ—કોરૂં, સૂકું.
રેક્ટીફાઇડ સ્પીરીટ, ૨૧૩
રેક્ટમ—સફરો.
રેધા—લીટી.
રેચક—જુલાબ લાવનાર.
રેઝીન. ૨૦૮
રેઝીન ઓફ જાલપ. ૧૮૫
,, ,, પોડોફીલીન. ૧૯૫
રેડ ઓક્સાઇડ આવ મરક્યુરી. ૨૨૭
,, આયોડાઇડ આવ ,, ૨૨૭
,, રોઝ પેટલ્સ. ૨૦૯
રેડીઅસ. ૩
રેવડી. ૧૨૬
રેવંચીનો શીરો. ૧૬૪, ૧૮૦, ૨૮૪
રેવંચી. ૨૮૪
રોઝ વોટર. ૨૦૮
રોઝમરીનું તેલ. ૧૫૭
રોઠા—રૂઝ.
રોપણ—રૂઝ લાવનાર.
રંગીલું. ૩૨૭

ल

લંકવો. ૪૭૫.
લઘુ ઓષ્ટ. ૭૩૧
લઘુ સુદર્શન ચુરણ. ૨૪૬
,, મંજીષ્ટાદિ ચુરણ. ૫૦૭
,, પંચ મૂળ. ૨૬૬
,, સુરણમોદક ૨૯૩
,, કબ્યાદ ચુરણ. ૩૬૮
લચક. ૫૬૩
લમણાનાં અસ્થિ. ૭
લલાટ—કપાળ.
લલાટાસ્થિ. ૭
લવાન્ડરનું તેલ. ૧૫૭
લવિંગ. ૧૬૨, ૨૮૪
લસ—લીંફ અથવા રસ.
લસણ. ૨૮૫.
લસુનાદિ ચુરણ. ૩૬૯, ૩૯૭
લસણપાક. ૩૬૪
લાઈકર. ૧૨૪
લાઈકર આર્સેનીક. ૧૪૦
,, આટ્રોપીયા. ૨૦૩
,, આમોની ફાર્સ્યાર. ૧૩૩
,, ,, સાઇટ્રેટીસ. ૧૩૪
,, ,, એસેટેટાસ. ૧૩૩

લાઇકર એપીસ્પાસ્ટીક. ૧૩૪
,, આયોડાઇડ. ૧૩૭
,, ક્યુલસીસ. ૧૬૪
,, ,, સાકરેટસ. ૧૬૫
,, ક્લારેટી. ૧૬૫
,, ગટાપર્ચા. ૧૭૯
,, પ્લંબી સબ એસેટેટીસ. ૧૮૯
,, પોટાસી. ૧૯૩
,, પોટાસી પરમાંગનેટીસ. ૧૯૪
,, ફેરી પરક્લોરાઇડ. ૧૯૭
લાઇકર માગ્નેશીયા કાર્બોનેટસ. ૨૦૫
,, મોર્ફીયા એસેટેટીસ. ૧૫૦
,, ,, હાઇડ્રોકલોરેટીસ. ૧૫૦
,, સોડી. ૨૨૪
,, ,, ક્લોરેટી. ૨૨૪
,, સ્ટ્રીકનીયા. ૧૮૮
,, હાઇડ્રારજીરી પરક્લોરાઇડ. ૨૨૮
,, ઑક્સી ક્લોરીડ. ૧૮૬
લાઇટ માગ્નીશીયા. ૨૦૫
લાઇમ—ચૂનો. ૧૬૪
લાકટીક આસિડ. ૩૨૯
લાક્રીમલ અસ્થિ. ૮
લાકટીયલની નળી. ૧૦૭
લાડેનમ—અફીણનો અર્ક. ૧૫૨
લારીંક્સ. ૫૪
લાન્સેટ—ફોડવાનું શસ્ત્ર.
લાક્ષણિક તાવ. ૨૯૭.
લાર્ડ—ચરબી. ૧૪૭
લાંબા ચીમટો—પ્રવેશ કરવાનીરીત. ૭૮૨
લીકરીસ રૂટ—જેઠીમધ. ૧૭૯
લીક્વીડ એક્સ્ટ્રાક્ટ ઓફ અર્ગટ. ૧૩૨
,, ,, ,, ઓપ્યમ. ૧૪૯
,, ,, ,, બેલ. ૨૦૪
,, ,, ,, મેલફર્ન. ૧૯૭
,, ,, ,, સારસાપરિલા. ૨૧૫
લીચ. ૨૨૯
લીંડીપીપર—૨૭૨
લીથાર્જ. ૧૯૦
લીથીક આસિડ. ૩૩૭
લીથીઆ કાર્બોનસ. ૨૧૦
લીનસીડ. ૨૦૯
લીનીમેન્ટ. ૧૨૪
,, એકોનાઇટ. ૧૪૭
,, આયોડીન. ૧૩૭
,, ઓપીયમ. ૧૫૦
લીનીમેન્ટ આમોનીયા. ૧૩૩
,, કયામ્ફર. ૧૬૩
,, કલોરોફોર્મ. ૧૬૯
,, ક્યાલસીસ-લાઇમ. ૧૬૫
,, ક્રોટોનીસ. ૧૫૪
,, ટેરીબીન્થીની. ૧૫૫
લીનીમેન્ટ બેલાડોના. ૨૦૩
,, સાપોનીસ. ૨૧૫
,, સીનાપીસ કંપોઝીટા. ૨૧૮
,, હાઇડ્રારજીરી. ૨૨૬
લીન્ટ—જખમ રૂઝાવવાનું કપડું.
લીંફ—લસ, રસ. ૧૦૮
લીંફગ્લાન્ડ—રસપેશી. ૧૦૭
લીંફ નળીયો. ૧૦૭
લીંબુ. ૨૮૫, ૨૧૦
લીંબુની છાલનું તેલ. ૧૫૮
લીંબોટી. ૨૮૬
લીંબડો. ૨૮૫
લીવર. ૭૮
લીવર કંપલેટ ૩૯૭
લુ લાગવી. ૪૭૪
લુમ્બસ. ૫૧૪
લુવાબ—ચીકણોરસ.
લેન્સ—સ્ફાટીક રૂપરસ. ૬૦૩
લેડ ઓઇંટમેન્ટ. ૧૯૧
લેડ પ્લાસ્ટર. ૧૯૧
લેપ. ૧૨૫
લેમનપીલ. ૨૧૦
લોકવા. ૭૫૬
લોખંડ—જાહ, લોઢું. ૧૯૭, ૨૮૬
લૉગવુડ. ૨૩૦
લોઝેન્જીસ. ૧૨૬
લોદર. ૨૮૬
લોબાન. ૨૦૧
લોબીલીયા ૨૧૧
લોશન—લગાડવાનું દવાવાળુ પાણી,
લોશીયો હાઇડ્રારજીરી નાયગ્રા. ૨૨૮
,, ,, ફ્લેવા ૨૨૮
લોહી. ૪૧
લોહીનોરંગ. ૪૫
લોહીનું ફરવું. ૪૬
લોહી કેમ ફરેછે. ૪૭
લોહી ફરવાની ગતિ ૫૩
લોહીના જોસથી માથું દુખવું. ૪૮૪
લોહીવાળા ઝાળીયા. ૪૧૪

લંબગોળાકાર એપીથીલ્યમ. ૧૧૩
લ્યુનર કચાસ્ટીક. ૧૩૩

વ

વછમો—(અતિવિષનાં મૂળ).૨૩૮,૨૮૭
વગળ—બાવળ અને બોરડીની છાલ.
વછનાગ. ૧૪૬, ૨૮૭
વજ. ૨૮૭
વડવાનળ ચૂરણ. ૩૯૮
વધરાવળ ૬૩૧
વનસ્પતિ વિષ. ૬૮૮
વમન—ઉલટી કરાવનાર ઓષધ.
વરમને લીધે થતો સુતિકાજ્વર. ૮૭૫
વરમ—દાહ. ૫૨૫
વરાધ. ૪૩૯
વરીઆળી. ૧૯૬, ૨૮૭
વસંતમાલતિ. ૨૯૪
વા—વાયુ. ૪૮૭
વાઈ. ૪૮૯
વાઈન. ૧૨૩
,, ઓફ આયર્ન. ૧૯૯
,, ઓફ એન્ટીમની. ૧૪૯
,, ,, એલોઝ. ૧૪૦
,, ,, ઓપીઅમ. ૧૫૨
,, ,, એપીકાકયુઆના. ૧૪૬
,, ,, કોલચીકમ. ૧૭૭
,, ,, કવીનાઇન. ૧૭૧
,, ,, રૂબાર્બ. ૨૦૮
,, ,, સાઇટ્રેટ ઓફ આયર્ન. ૨૦૦
વાકધ્વનિ. ૪૨૭, ૪૪૮
વાક્સ્પર્શાઘાત. ૪૨૬
વાકસીનિચન. ૩૩૨
વાજીત્રધ્વનિ. ૪૨૮
વાતહર—વાયુ નાશ કરનાર ઓષધિ.
વાતરક્ત. ૩૪૪
વાપુંભા. ૨૮૮
વારબર્ગ ટિંકચર. ૨૧૧
વાવડીંગ. ૨૮૮
વાયુ માર્ગમાં બાહ્ય પદાર્થ. ૬૧૦
વાયુ કોશ. ૨૭
વાયુ નળી. ૫૪
,, નો છેદ. ૬૧૧
વાળો. ૨૮૮, ૫૨૪
વાર્મ પ્લાસ્ટર. ૧૯૦
વાલ. ૧૨૯
વાસ. ૯૧
વાસ તંતુ. ૯૧
વાંકો લાંબો ચીમટો. ૭૭૯
વાંતિહર—ઉલટી મટાડનાર દવા.
વાંસો. ૯૧
વાંસ કપૂર. ૨૮૮
વીનેગર. ૧૪૭
વીનેગર ઓફ સ્કવીલ. ૨૨૦
વિચર્ચીકા. ૫૧૫
વીયાવ ફાટવી—ટાઢથી હાથ પગની ત્વચાનું ફાટવું.
વિર્ય. ૧૧૮
વિર્ય નળ. ૧૮૮
વિર્ય સ્રાવ. ૪૨૧
વિર્યાશય. ૩૮
વિલંબી પ્રસવ. ૭૬૭
વિલાયતી મીઠું. ૨૦૫
વિલાય—લોમ. ૩૪
વિષમ જ્વર. ૩૧૨
વિષવાળા જખ્મ. ૬૯૬
વિસ્ફોટક. ૫૧૨
વુડ ચારકોલ. ૧૬૨
વેપર. ૧૨૫
વેપર આયોડાઇડ. ૧૩૭
,, કલોરાઈ. ૧૬૫
,, ક્રીયાસોટી. ૧૭૪
વેપર કોની. ૧૭૬
વેણ. ૭૫૨
વેલ. ૬૬૫
વેલેરીયેનેટ ઓફ સોડા. ૨૨૫
વેમર. ૯
વંગ ભસ્મ—કલાઇની ભસ્મ. ૨૪૭
વંશ લોચન. ૨૮૮
વંક્ષણાસ્થિ. ૭૨૯
વૃષણ. ૨૯, ૧૧૮
વૃષણનો વરમ. ૬૩૧
વૃષણ વૃદ્ધિ. ૬૩૧
વૃષણની ગ્રંથી. ૬૩૩
વૃષણ છેદન. ૬૩૪
વૃષણાશય. (સ્ક્રોટમ) ૪૦
વૃષણ રજ્જુ. (સ્પર્માટીક કોર્ડ) ૪૦
વ્હાઇટ પ્રેસીપીટેટ ઓઇંટમેંટ. ૨૨૭,૫૧૩

શ.

શતાબ. ૨૮૯
શતાવરી. ૨૯૦
શરબત. ૧૨૬, ૨૧૪

શરીર આરોગ્યતા. ૮૦૭
શરીરનું રહી જવું. ૪૭૪
શરીરની નબળાઈથી માથું દુખવું. ૪૮૩
શરીરની પોલ. ૨૨
શરપંખા. ૨૮૮
શસ્ત્રવિદ્યા. ૫૨૫
શળી પ્રોબ, કેથેટર
શારીર—શરીર. ૧
શારીરીક રક્તસ્ત્રાવ. ૫૨૭
શાલમ ૨૮૯
શાલમપાક. ૨૮૯
શાહાજીરે. ૨૬૨
શાંપેન—એકજાતનો દારૂ
શીતવિર્ય—ઠંડક ઉપજાવનાર
શીતળા—શીદ્દી. ૩૨૦
શીયલ—ઢીલુ.
શીરએસ્ત. ૨૦૫
શીરભેદન. ૭૯૧
,, કરવાની રીત. ૭૯૨
શીરાના ફુલવાથી થતી વૃષણ વૃદ્ધિ. ૬૨૩
શીરા રૂધીર. ૪૫
શીરાવેધ. ૫૨૭
શીલાજીત. ૨૯૨
શીળસ. ૫૦૮
શીવણી—બેસણીની મધ્ય રેષા.
શીઘ્ર. ૩૯
શુક્ર—વીર્ય.
શુદ્ધ ગંધક. ૨૧૨
શુન્યવાતરક્ત. ૩૪૫
શેતુર. ૨૯૦, ૨૦૬
શેરીવાઈન—એક જાતનો દારૂ.
શેષ ગુંદર. ૨૯૦
શેલારસ. ૨૧૩
શોથ—સોજો
શોધક—શુદ્ધ કરનાર દવા.
શોધેલું મધ. ૨૦૬
શોષણ ક્રિયા. ૧૦૭
શંખજીરૂ. ૨૯૦
શંખીઓ સોમલ. ૧૪૦
શંખભસ્મ—શંખની રાખ. ૨૬૦
શંઠીની—વાંઝણી.
શ્રવણતંતુ. ૧૦૨
શ્રવણેંદ્રિ. ૧૦૦
શ્રવણ પરીક્ષા. ૪૨૭
શ્રવણ નળી. ૪૨૭
શ્વાશોશ્વાશની ક્રિયા. ૫૫
શ્વાસ કુઠાર. ૪૬૬
શ્વાસ ધ્વનિ. ૪૨૭, ૪૪૮
શ્વાસનળી. ૨૭
શ્વાસ સારૂ કેટલી હવા જોઇએ. ૫૬
શ્વાસાવરોધ. ૬૭૮
શ્વાસોશ્વાસથી રક્ત ઉપર થતો ફેરફાર. ૫૭
,, થી થતા હવામાં ફેરફાર. ૫૮
,, બંધ પડવાથી થતા પરિણામ. ૬૦

સ.

સકસ. ૧૨૭
સકસફોન્યાઈ. ૧૭૬
સક્સ બેલાડોના. ૨૦૩
,, ટારાક્ષકમ. ૧૮૭
સડતું ચાંદુ. ૫૪૨
સતત્જ્વર. ૩૧૩
સત્વ. ૧૨૬
સન્સ્ટ્રોક—લૂ. ૪૭૪.
સનીપાત. ૪૬૯, ૮૦૩
સપોઝીટરી. ૧૨૬
સફરો—મળમાર્ગ
સફરાનાં દરદ. ૬૦૦
સફરાની અસ્વાભાવિક સ્થીતિ. ૬૦૦
સફેદ સોમલ. ૧૪૦
સફેદ મીણ. ૨૧૯
સબક્લોરાઇડ આવ મરક્યુરી. ૨૨૮
સબનાઇટ્રેટ ઓફ બીઝમથ. ૨૦૧
સરેકો. ૨૯૨
સરગવો. ૨૯૦
સરપેન્ટરી રૂટ. ૨૧૧
સલ્ફર. ૨૧૩, ૨૫૭
સલ્ફ્યુરસ આસિડ. ૧૪૩
સલ્ફ્યુરીક આસિડ. ૧૪૩
,, ઇથર. ૧૪૫
સલ્ફેટ ઓફ ક્વીનાઇન. ૧૭૭
,, ,, આયર્ન. ૨૦૦
,, ,, માગ્નીશીયા. ૨૦૫
,, ,, કોપર. ૧૯૮
,, ,, ઝીંક. ૧૮૬
,, ,, પોટાસ. ૧૯૫
,, આટ્રોપીયા. ૨૦૩
,, ઓફ સોડા. ૨૨૫
સસણી—વરાધ. ૪૩૯
સહજખમ—જખમ વાળા.
,, અસ્થિભંગ. ૫૬૪

સહછેદ ફ્મડી. ૫૨૭
સહજખમ સંધિ સ્થલાંતર. ૫૭૪
સળેખમ. ૪૩૬
સાઈટ્રીક આસિડ. ૧૪૪
સાઇટ્રેટ ઓફ આયર્નઅન્ડ કવિનાઇન.૨૦૦
,, ,, પોટાસ. ૧૯૫
,, ,, આમોન્યા એન્ડ આયર્ન.૨૦૦
સાકરેટેડ સોલ્યુશન ઓફ લાઇમ. ૧૬૫
,, કાર્બોનેટ ,, આયર્ન. ૨૦૦
સાકા—રેચા.
સાજીખાર. ૨૨૪, ૨૯૧
સાટોડી. ૨૯૧
સાદો મલમ. ૧૫૮
સાદો તાવ. ૨૯૮
સાફરન. ૧૧૭
સાબુનો લેપ. ૨૧૫
,, નું તેલ. ૨૧૫
સારણ ગાંઠ. ૫૯૩
,, અંતરાવરણ. ૫૯૪
,, નો ફાંસો. ૫૯૫
સાર્વજનીક આરોગ્ય. ૮૦૭
સારક—રેચક.
સારસાપરીલા. ૨૧૫
સાર્વદેહીક ચિન્હ. ૬૨૧
,, કારણ. ૭૦૮
સારકો મેટાની ગ્રંથી. ૫૫૧
સાલ આમોન્યાક. ૧૩૪
સાલીસીન. ૩૩૦
સાલીસિલીક આસિડ. ૩૩૦
સાલીસીલેટ. આવ સોડા. ૩૩૦
સાલીડ ઓઇલ. ૧૫૩
સાલવોલાટાઇલ. ૧૩૫
સાંટોનીન. ૨૧૫
સાંધા. ૧૬
સાંધાની સજ્જડતા. ૫૯૨
સાંધાનો વરમ. ૫૯૧
સાંધાના વ્યાધિ. ૫૯૦
સાંધાનું ખડીજવું. ૫૭૩
સીકેકાઈ ૨૯૧
સીટ્રીન ઓઇંટમેંટ. ૨૨૬
સીડલીઝ પાઉડર. ૨૨૩
સિંદુર (મિન્યમ) ૨૯૧
સીધો લાંબો સ્નાયુ. ૭૭૯
સીનાપીસ. ૨૧૮
સીનામમ. ૨૧૭
સીરપ. ૧૨૬, ૨૧૪
,, ફેરી આયોડાઇડ. ૧૯૯
,, ,, ફોસફ્સ. ૨૦૦
,, આવ ટોલુ. ૨૦૧
,, ઓફ ઓરેન્જ. ૧૫૩
,, ,, હેમીડેસ્મસ. ૨૩૧
,, ,, મલબેરી. ૨૦૬
,, ,, લેમન. ૨૧૦
,, ,, જીજીર. ૧૮૫
,, ,, કલોરલ. ૧૭૦
,, ,, રોઝ. ૨૦૯
,, ,, રૂબાર્બ. ૨૦૮
,, ,, સેના. ૨૨૨
,, ,, પાપીઝ. ૧૯૧
સીરા—આલ્બા—ફલેવા.૨૧૯
સીલા ૨૧૯
સીંકોનાની છાલ. ૨૧૬
સીટેંગલ-ગર્ભાશય મુખ પહોળું કરવાનીશળી.
સીલ્વર કાસ્ટીક-સીલ્વર નાઇટ્રૂટ. ૧૩૩
સિંધાલુણ. ૨૯૨
સીસુ. ૨૯૧
સીમ્પલ ઓઇંટમેન્ટ. ૧૫૮, ૨૧૯
સીતોપલાદિ ચુર્ણ. ૨૮૮
સીપીનું હાડકું. ૧૧
સીલ્યાવાળુ એપીથીલ્યમ. ૧૧૩
સુકોન્વની. ૪૨૮
સુંઘવાનું મીઠું. ૧૩૪
સુંઠ. ૧૮૫ ૨૯૩
સુતીકાજ્વર. ૮૦૪
સન્નીપાત. ૮૦૩
સુદર્શન ચૂર્ણ. ૩૧૩
સુપ્રારીનલ કાપસ્યુલ. ૧૧૬
સુરકો. ૧૪૭
સુરમો. ૨૯૧
સુરણ. ૨૯૩
સુરંજન. ૨૯૨
સુરાખારમાં તેજાબ. ૧૪૨
સુરેખ જખ્મ. ૫૬૦
સુરોખાર. ૧૯૪
સુવર્ણ વસંતમાલતી. ૨૯૪
સુવર્ણ માક્ષિક. ૨૮૬, ૨૯૩
સુવા. ૧૪૮, ૨૯૨
સુવાનું તેલ. ૧૪૮
સુવાવડ. ૭૫૫
સુવાવડમાં સ્વભાવિક પ્રવાહ. ૭૫૬

સુવાવડમાં ખોરાક. ૭૫૭
સુવાવડમાં સ્તન વ્યાધી. ૭૬૧
સુવાવડમાં ઔષધિ. ૭૫૮
સુવાવડમાં પેઠુ ઉપર પાટો. ૭૫૯
,, સ્ત્રીનું રેહેઠાણ. ૭૫૭
સેક્રમ. ૫
સેક્રમ ઇલ્યાક સંધિ. ૭૨૯
સેનેગા ૩૮. ૨૨૦
સેના, ૨૨૧
સેપટીસીમ્યા. ૫૪૫
સેરીબ્રમ. ૮૮
સેરીબેલમ. ૮૮
સેલારેસ. ૨૧૩
સેવીન ટોપ્સ. ૨૨૧
સોકોટ્રીન આલોઝ. ૧૩૮
સોગઠી, ૧૨૬
સોડા. ૨૨૩, ૨૨૪
,, ટાર્ટ્રેટા. ૨૨૩
સોડી આર્સેન્યાસ. ૨૨૩
,, કાર્બોનસ. ૨૨૪
,, ક્લોરીડમ. ૨૨૫
,, ફાસફસ. ૨૨૪
,, બાયકાર્બોનસ. ૨૨૩
,, વેલેરીયનસ. ૨૨૫
સોડી સલફસ. ૨૨૫
સોનાગેરૂ. ૨૯૩
સોનામુખી. ૨૨૧, ૨૯૩
સોનું. ૨૯૩
સોપ લીનીમેંટ. ૨૧૫
સોપ પ્લાસ્ટર. ૨૧૫
સોફ્ટ સાપ. ૨૧૫
સોમલ. ૧૪૦, ૨૯૪
,, અને હરતાલનુ ઝેર. ૬૮૫
સોમાગ્નીમુખ્ની ગોળી. ૩૮૩
સોલ્યુશન ઓફ આમોન્યા. ૧૩૩
,, ,, આર્સન્યેટ ઓફસોડા. ૨૨૩
,, ,, આટ્રોપીયા. ૨૦૩
,, ,, કાર્બોનેઓફમાગ્નીશીયા. ૨૦૫
,, ,, કલોરીનેટેડ લાઇમ. ૧૬૫
,, ,, ક્લોરાઇડ આવઝીંક. ૧૮૬
,, ,, ગટાપર્ચા. ૧૭૯
,, ,, પરકલોરાઇડઓફમર્ક્યુરી. ૨૨૮
,, ,, ,, ,, આયર્ન. ૧૯૭
,, ,, પરનાયટ્રેટ ઓફ આયર્ન. ૧૯૮
,, ,, પોટાસ. ૧૯૩
સોલ્યુશન પરમાંગનેટ ઓફ પોટાસ. ૧૯૪
,, ,, મોર્ફ્યા. ૧૫૦, ૧૫૧
,, ,, સ્ટ્રીક્ન્યા. ૧૮૮
,, ,, સેગએસેટેટ ઓફલેડ. ૧૮૯
,, ,, સાઇટ્રેટઓફ આમોન્યા. ૧૩૪
,, ,, આપોડાઇન. ૧૩૭
સંકર્ષ દેશ. ૯૮
સંકોચાવું. ૧૮
સંગ્રહણી. ૩૭૮
સંચય—એકઠું થવું.
સંચળ. ૨૯૪
સંધિવા. ૩૨૮
સંધિસ્થળાંતર. ૫૭૩
સંધિબંધન. ૧૭
સંભળ ૩૮. ૨૧૨
સંયોજક. ૨૦
સંયુક્ત શીતળા. ૩૨૧
સ્ક્રોફ્યુલા. ૩૪૩
સ્કર્વિ. ૩૪૧
સ્કયામની. ૨૧૨
સ્કવીલ. ૨૧૯
સ્ટીકીંગપ્લાસ્ટર. ૨૦૮
સ્ટ્રામોન્યમ. ૨૧૨
સ્ટ્રીક્યા. ૧૮૮
સ્ટમક પંપ. ૬૯૪
સ્ટાર્ચ. ૬૭
સ્ટ્રૉંગ સોલ્યુશન આવ આમોન્યા ૧૩૩
,, ટિંક્ચર આવ જીંજર. ૧૮૫
સ્તન. ૨૨
સ્તનપ્રદેશ. ૪૨૫
સ્થાનીક રક્તસ્ત્રાવ ૫૨૭
સ્થાનીક રોગ—એક સ્થળનુ ૬૨૬.
સ્થાનીક દવા—એક સ્થળે લગાડવાની દવા
સ્થાનીક મૃત્યુ—એક સ્થળનુ મૃત્યુ.
સ્થાનીક કારણ—એક ઠેકાણાના કારણ.
સ્નાન. ૧૨૭
સ્નાયુ. ૧૭
સ્નાયુના ગુણ. ૧૦૪
સ્નાયુ જન્ય સંકોચ. ૬૪૦
સ્નાયુ બંધન. ૧૮
સ્નાયુ અતિ. ૧૦૪
સ્નીગ્ધ—તેલ જેવું.
સ્નીગ્ધપિંડ ૧૧૪
સ્નીગ્ધ પડ ૧૧૧
સ્નીગ્ધપદાર્થ. ૧૧૫

સ્પીરીટ ઓફ ઈથર. ૧૪૫
,, ,, કયાજુ પુટી. ૧૫૪
,, ,, કયામફુર. ૧૬૩
,, ,, કલોરોફોર્મ. ૧૬૯
,, ,, આમોન્યા આરોમેટીક.૧૬૫
,, ,, જ્યુનીલર. ૧૫૪
,, ,, નાઇટ્રીક ઈથર. ૨૧૩
,, ,, પીપરમીટ. ૧૫૬
,, ,, રોઝમરી. ૧૫૭
,, ,, લવાન્ડર. ૧૫૮
,, ,, વાઈન ૧૬૯.
સ્પર્શ—અડવું.
સ્પર્શાસહ્ય યોનિ. ૭૦૭
સ્ફાટીક રૂપરસ. ૯૯
સ્ફેનોઇડઅસ્થિ. ૭
સ્મેલીંગસોલ્ટ. ૧૩૪
સ્વજન્ય ચમક. ૫૫૬
,, રતવા. ૩૪૭
સ્વભાવિક પિન્ડની ગ્રંથી. ૫૫૦
,, પ્રસવ. ૭૪૪
,, પ્રસવ કાર્યોપદેશ. ૭૫૨
,, ભ્રમણ. ૭૭૭
સ્વરસ. ૧૨૭
સ્વચ્છ ઢાળીઆ. ૪૧૪
સ્વર. ૧૧૯
સ્વતંત્ર તાવ. ૨૬૭
સ્વેદન—પરસેવો લાવનાર દવા.
સ્ત્રી રોગ. ૭૦૧
સ્ત્રીને પથરી. ૬૫૭
સ્ત્રીઅંડ. ૭૩૪
સ્ત્રીઅંડનું જળંદર. ૭૨૫
સ્ત્રીઅંડના વ્યાધિ. ૭૨૪
સ્ત્રીના ગુહ્ય અવયવ. ૭૩૨

હ.

હડકવા. ૫૫૩
હડતાલ. ૨૯૫
હથેલીમાં અસ્થિ. ૧૪
હનવટી=હડપચી.
હરસ. ૬૦૪
હરડે. ૨૯૫
હરપીઝ-કખવા. ૫૦૯
હળદર. ૨૯૫
હાઇપોફોસફેટ ઓફ સોડા. ૨૨૪
,, ઓફ લાઇમ. ૧૬૬
હાઇડ્રોશીલ. ૬૩૨
હાઇડ્રોકલોરીક આસિડ. ૧૪૪
હાઇડ્રોકલોરેટ ઓફ મોર્ફીઆ. ૧૫૦
હાઇડ્રારજીરં. ૨૨૫
હાઇડ્રોસ્યાનિકઆસિડ. ૧૪૪, ૬૯૦
હાડપિંજર. ૧, ૨, ૩
હાથ અને ખભાનાં અસ્થિ. ૧૨
હાથની કલાઇનું ભાગવું. ૫૭૦
હાથના પંજાનું ભાગવું. ૫૭૦
હાંફણ. ૪૬૩
હાંસડીનું ભાગવું. ૫૬૮
હાંસડીનું ખડવું. ૫૭૫
હાંસડીનું હાડકું. ૧૨
હીજડા–નપુષક.
હીમજ. ૨૯૫
હીમ. ૨૩૫
હીમાટોસીલ. ૬૩૨
હીરાદખણ. ૧૭૨, ૨૯૬
હીમાટોક્ષીલ લીગ્નમ. ૨૩૦
હીરાકસી. ૨૦૦–૨૯૬
હીરાબોળ. ૨૦૪–૨૯૬
હીસ્ટીરિયા. ૪૯૫
હીસ્ટીરિયામાં વાયુ. ૪૮૨

હીંગ. ૧૪૧, ૨૯૫
હીંગળોક. ૨૨૭, ૨૯૬
હીંગાષ્ટકચુરણુ. ૨૯૬
હીંગુપંચક. ૩૭૦
હેનબેન. ૨૨૫
હેડકી. ૬૦, ૩૮૯
હેમલૅાક. ૧૭૫
હેમીડસ્મીસ ૨૮. ૨૩૦
હોજરી. ૩૧-૭૨
, માંથી લોહી નીકળવું. ૫૩૪
,, માં ખોરાકઉપર થતા ફેરફાર. ૭૩
હંસરાજકાળો. ૨૯૬

ક્ષ.

ક્ષત—ચાંદુ.
ક્ષય—ખય. ૪૫૨
,, રોગને માટે દેશી દવા. ૪૬૧
ક્ષુલક—હલકુ.
ક્ષાર. ૨૩૬
ક્ષોભક—ચીડવનાર.

જ્ઞ.

જ્ઞાનતંતુ. ૮૯
જ્ઞાનેંદ્રિ. ૯૦

સમાપ્ત.